શારદા શિરોમણિ

પ્રવચનકાર પ્રખર વ્યાખ્યાતા

બા.બ્ર.પૂ.શ્રી શારદાબાઈ મહાસતીજી

શ્રી મહાવીરાય નમઃ

સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી ગુરૂદેવાય નમઃ

શ્રી ઉપાસકદશાંગસૂત્ર આનંદ શ્રાવક નો અધિકાર તથા પુણ્યસાર ચરિત્ર

શારદા શિરોમણિ

(સંવત ૨૦૪૧ ના કાંદાવાડી ચાતુર્માસના વ્યાખ્યાનો)

卐

: પ્રવચનકાર :

ખંભાત સંપ્રદાયના આત્મજ્ઞાનના દિવ્ય જ્યોતિર્ધર, શાસન શિરોમણિ,
આચાર્ય સ્વ. બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના
સુશિષ્યા, શાસનરત્ના, પ્રખર વ્યાખ્યાતા, બા. બ્ર. વિદુષી

પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી

卐

: સંપાદક :

બા. બ્ર. વિદુષી પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી ના સુશિષ્યાઓ
બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી તથા તપસ્વિની
બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી

卐

: પ્રકાશક :

શ્રી મનહરલાલ ચુનીલાલ શાહ વેકરીવાળા, શ્રી મણિલાલ શામજીભાઈ વિરાણી,
શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠ, શ્રી હિંમતલાલ તથા રસીકલાલ ન્યાલચંદ દોશી,
શ્રી નગીનદાસ જયસુખલાલ દોશી સીંગાપુરવાળા

卐

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ-કાંદાવાડી

મેઘજી થોભણ જૈન ધર્મસ્થાનક
૧૭૦, કાંદાવાડી,
ફોન : ૩૫૮૮૧૭ મુંબઈ-૪૦૦ ૦૦૪.

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્રહ

卐

વેચાણ કિંમત રૂા. ૧૫-૦૦

પુસ્તક :
સંવત ૨૦૪૧ – ઈ. સ. ૧૯૮૫ ઉદ્ઘાટન તા. ૬-૪-૮૬ ને રવિવાર

શારદા શિરોમણિ પ્રત : ૧૨૦૦૦ (બાર હજાર)

卐

પ્રવચનકાર :

પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી

પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી

卐

સંપાદક :

બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી
બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી

卐

પ્રકાશક :

શ્રી મનહરલાલ ચુનીલાલ શાહ વેકરીવાળા, શ્રી મણિલાલ શામજીભાઈ વિરાણી,
શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠ, શ્રી હિંમતલાલ તથા રસીકલાલ ન્યાલચંદ દોશી
શ્રી નગીનદાસ જયસુખલાલ દોશી સીંગાપુરવાળા

卐

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જન શ્રાવક સંઘ-કાંદાવાડી
મેઘજી થોભણ જૈન ધર્મસ્થાનક
૧૭૦, કાંદાવાડી,
મુંબઈ-૪૦૦ ૦૦૪
ફોન નં. : ૩૫૮૮૧૭

卐

મુદ્રક : નીતિન જે. બદાણી
નીતિન ટેડર્સ

૪૦૧, ખજૂરવાલા ચેમ્બર્સ,
૩૧૩/૩૧૫, નરશીનાથા સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૯.

ફોન : ઓફિસ : ૩૩૨૭૫૪ ઘર : ૫૧૩૯૧૫૨

"શારદા શિરોમણિ" પુસ્તકના સહયોગી પ્રકાશનાનુરાગી ઉદાર દિલદાતાઓ."

મુખ્ય સહાયક દાતાઓ

પ્રમુખશ્રી મનહરલાલ ચુનીલાલ શાહ વેકરીવાળા	મુંબઈ
શેઠશ્રી મણિલાલ શામજી વિરાણી	મુંબઈ
શેઠશ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠ	મુંબઈ
શેઠશ્રી હિંમતલાલ ન્યાલચંદ ઠોશી, રસીકલાલ ન્યાલચંદ ઠોશી વાંકાનેરવાળા	મુંબઈ
શેઠશ્રી નગીનદાસ જયસુખલાલ ઠોશી સિંગાપુરવાળા	સિંગાપુર

ઉપસહાયક દાતાઓ

શેઠશ્રી છગનલાલ શામજી વિરાણી	મુંબઈ
શેઠશ્રી ધીરજલાલ મોરારજી અજમેરા ચેરીટી ટ્રસ્ટ	
અ. સૌ. વેલબાઈ હીરજી સોજપાલ કચ્છ કપાયાવાલા	મુંબઈ
સમરતબેન તારાચંદ મહેતા રીલીજીયસ ટ્રસ્ટ	

માનદ્ સહાયક દાતાઓ

શ્રીમતી સમરતબેન ચત્રભૂજ શેઠ વેકરીવાળા	મુંબઈ
શેઠશ્રી ભાનુભાઈ કેશવલાલ ભણુશાળી પાલનપુરવાળા	મુંબઈ
શેઠશ્રી પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી મોરબીવાળા	મુંબઈ
શ્રીમતી સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી પાલનપુરવાળા	મુંબઈ
શ્રી ધાનેરા સ્થાનકવાસી જૈન સંઘ	ધાનેરા
શ્રી સ્વ. જયસુખલાલ રામજીભાઈ શેઠ વેકરીવાળા	મુંબઈ
સ્વ. ચુનીલાલ મૂળજી મોટાણી	મુંબઈ
શ્રી પ્રાણલા[illegible]ગનલાલ ગોડા	મુંબઈ
શ્રી કાન્તીલાલ કેશવલાલ શેઠ	મુંબઈ
શ્રી દલપતભાઈ હરીલાલ ઝવેરી પાલનપુરવાળા	મુંબઈ
શ્રી છોટાલાલ શામજી વોરા [illegible]	મુંબઈ
,, ચાંપશી પુરસી છેડા પરિવાર	મુંબઈ
,, કોરશી હીરજી શાહ	મુંબઈ
,, જયંતીલાલ એન્ડ બ્રધર્સ મૂળીવાળા	મુંબઈ
,, ખેરાજ હીરજી નિસર	મુંબઈ
,, અંબાલાલ બાપુલાલ કાપડીયા પરિવાર ખંભાતવાળા	મુંબઈ
સ્વ. કાન્તાબેન ચીમનલાલ કાપડીયા હ. ચીમનલાલ	ખંભાતવાળા
સ્વ. મોતીબેન ઠાકોરલાલ શાહ હ. ઠાકોરલાલ	ખંભાત
શ્રી જેઠાલાલ નેમચંદ શાહ	ખંભાત
,, કરસનભાઈ લધુભાઈ નિસર	દાદર, મુંબઈ
,, મેઘજી થોભણ ચેરીટેબલ ટ્રસ્ટ	મુંબઈ
,, પ્રવીણચંદ્ર ખીમચંદ મહેતા	મુંબઈ
,, કેશવજી ગાંગજી ગાલા હ. દામજીભાઈ	મુંબઈ

શ્રી મનસુખલાલ ડી. તુરખીયા	મુંબઈ
,, ગીરધરલાલ અમુલખ ટુવાવાળા	મુંબઇ
અ. સૌ. જસુબેન ગીરધરલાલ મંછાચંદ ઝવેરી ધાનેરાવાળા હાલ સમરતબેન નાગરદાસભાઈ લાખાણી	મુંબઈ
શ્રી રમણીકલાલ રેવચંદ શાહ ધાનેરાવાળા	ધાનેરા
,, જેઠાભાઈ પેઠાભાઈ ગડા લાકડીયાવાળા કચ્છ	મુંબઈ
અ. સૌ. ધનલક્ષ્મીબેન ચંપકલાલ શાહ	મુંબઈ
સવિતાબેન જયકીશનદાસ હ. કુસુમબેન નેમચંદ શાહ	મુંબઈ
શ્રી સતીષભાઈ નેમચંદ શાહ નવસારીવાળા	હાલ મુંબઈ
શ્રી આનંદજી પ્રેમજી એન્ડ કંપની	મુંબઈ
,, વાડીલાલ મોહનલાલ શાહ હ. ચંદ્રકાંતભાઈ	અંધેરી મુંબઈ
,, ધીરજલાલ મજલાલ મહેતા	મુંબઈ
સ્વ. પાનાચંદ સુખલાલ શાહ તથા ચીનુભાઈ જેઠાલાલ શાહ	બંભાતવાળા
શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ	વાલકેશ્વર
શ્રી વિનયચંદ મોહનલાલ દેસાઈ	ચીંચપોકલી મુંબઈ
સ્વ. ચંદુલાલ લક્ષ્મીચંદ હ. રંજનબેન ચંદુલાલ	માટુંગા મુંબઈ

સહાયક દાતાઓ

અ. સૌ. લીલાબેન રતીલાલ શાહ ધાનેરાવાળા	
શ્રી શીવુભાઈ વસનજી લાઠીયા	મુંબઇ
સ્વ. ગુલાબબેન મોહનલાલ ધાનેરાવાળા હ. નટવરભાઈ	ધાનેરા
પાનબાઈ ભવાનજી મેઘજી શેઠ	મુંબઈ
શ્રી રમેશચંદ્ર પી. દફતરી ચેરીટેબલ ટ્રસ્ટ	મુંબઈ
સ્વ. નાગરદાસ માણેકચંદ પરિવાર લખતરવાળા	લખતર
સુરજબેન માણેકચંદ શાહ હ. કિશોરભાઈ	શાંતાક્રુઝ મુંબઈ
અમૃતલાલ સૌભાગ્યચંદ હ. ગુણવંતભાઈ ઝવેરી	મુંબઈ
પ્રતાપભાઈ ભૂરાલાલ ગાંધી લીલાવંતીબેન રાયચંદ નાગરદાસ ગાંધી	મુંબઈ
સ્વ. બબુબેન ભીખાલાલ ગાંધી હ. વાડીભાઈ ધાનેરાવાળા	ધા.
અમીચંદ ઓઘડદાસ સંઘવી	મુંબઈ
અ. સૌ. જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ	મલાડ મુંબઈ
સ્વ. મણીબેન તલકચંદ શાહ	મલાડ મુંબઈ
ચંદ્રકાંતભાઈ ઘનશ્યામભાઈ પરીખ હ. ધીરૂભાઈ	મુંબઈ
હરકીશનદાસ શામળજી પારેખ	,,
વિનોદચંદ્ર રતીલાલ પારેખ	,,
નવીનચંદ્ર બચુભાઈ કોઠારી	,,
ચુનીલાલ વીરપાળ કામદ	,,

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, કાંદાવાડી (મુંબઈ)

નમ્ર–નિવેદન

ગુજરાત સંપ્રદાયના ખમીરવંતા, જૈન શાસનના શણગાર ગચ્છાધિપતિ સ્વ. આ. પ્ર. પૂ. ગુરૂદેવ **શ્રી રત્નચંદ્રજી** મહારાજ સાહેબના શિષ્યારત્ના સંપ્રદાયની શાન બઢાવનાર પ્રખર વ્યાખ્યાતા, મહાન વિદુષી આ.પ્ર. પૂ. શ્રી **શારદાબાઈ** મહાસતીજી જેમની વાણી અરેખર સચોટ અને હૃદયસ્પર્શી છે. જેમનો સંયમ પ્રભાવ મહાન તેજસ્વી અને ઓજસ્વી છે.

પૂ. શારદાબાઈ મહાસતીજીનું શ્રી કાંદાવાડી ધર્મસ્થાનકમાં સં. ૨૦૪૧ ની સાલનું આ ત્રીજું ચાતુર્માસ છે. પ્રથમ ચાતુર્માસ સં. ૨૦૧૮ માં કરેલું, બીજું ચાતુર્માસ સં. ૨૦૨૯ માં થયેલું. ત્યાર પછી પૂ. મહાસતીજી મુંબઇના ક્ષેત્રોને લાભ આપીને દેશમાં પધાર્યા છતાં તેમની વાણીનો દિવ્ય ધ્વનિ અમારા અંતરમાં ગુંજ્યા કરતો હતો અને મનમાં એક જ ભાવના હતી કે હવે તે ધ્વનિ ફરીને અમોને પ્રત્યક્ષ સાંભળવા કયારે મળશે ? અરેખર ! માનવીના મનની શુદ્ધ ભાવના કયારે પણ સાકાર બન્યા વિના રહેતી નથી. તે રીતે આપણા સંઘના ઉપપ્રમુખ તેમજ જૈન સમાજના અગ્રગણ્ય દાનવીર શેઠ શ્રી મણિલાલ શામજી વિરાણી તથા ઉદા દેલદા ધર્માનુરાગી શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠના અનન્ય ભક્તિભાવ અને પ્રબળ પ્રયાસોથી તેમજ બૃહદ મુંબઇના સર્વે સંઘોની આંતરિક ભાવના અને મુંબઈ નગરીના મહાન ભાગ્યોદયે પૂ. મહાસતીજીએ અમારી ભાવનાને હૃદયંગમ કરી અને મુંબઈ પધાર્યા, જેથી બૃહદ મુંબઈમાં અનહદ હર્ષ અને ઉલ્લાસ જાગેલ છે, તેમજ આગામી ચાતુર્માસ માટે જોરદાર વિનંતિઓ ચાલી રહી છે.

શ્રી કાંદાવાડી સંઘમાં ચાતુર્માસ દરમ્યાન પૂ. મહાસતીજીએ વ્યાખ્યાનમાં " **આનંદ શ્રાવક** "નો અધિકાર, અને " **પુણ્યસાર** " ચરિત્ર ખૂબ જ અસરકારક રસપ્રદ અને સચોટ શૈલીમાં ફરમાવ્યું. જે સાંભળતા ઘણા જીવો વ્રતધારી બન્યા. કંઈક જીવો પરચકખાણવાળામાં આવ્યા, પણ જીવનમાં કંઈકે ને કંઈક પામ્યા તો ખરા. અમને તો હજુ પણ આશા છે કે આ પુસ્તકના વાંચનથી કંઈક જીવો સાચા શ્રાવક બની જશે અને તેમનું જીવન ધન્ય બનાવશે. પૂ. મહાસતીજીના પ્રવચનોના ૧૩ પુસ્તકોનું પ્રકાશન અત્યાર સુધીમાં થયેલ છે. જેની દશદશ હજાર કોપીઓ છપાયેલી છે. આ પુસ્તકો માત્ર ભારતમાં જ નહિ પણ પરદેશમાં જૈનજૈનેતર સમાજમાં ખૂબ લોકપ્રિય, પ્રશંશનીય અને માર્ગદર્શક બન્યા છે. આ પુસ્તકોના વાંચનથી પરદેશમાં લોકો પર્યુષણ પર્વ ઉજવે છે તપત્યાગ અને ધર્મઆરાધનામાં પ્રવૃત્ત થાય છે. આ પુસ્તકોના વાંચનથી કંઈક જીવોના જીવનની દિશા અને દશા પણ બદલાઈ ગઈ છે. સારાયે ભારતમાં તેમજ દેશવિદેશમાં પૂ. મહા.ના પ્રવચનના પુસ્તકોની ખૂબ માંગ હોવા છતાં પુસ્તકની એક પણ પ્રત મળવી મુશ્કેલ છે તેથી ચાલુ વર્ષે શ્રી કાંદાવાડી સંઘે બાર હજાર પુસ્તકો છપાવવાનું નક્કી કરેલ છે. પુસ્તક તૈયાર થતાં પહેલા અગાઉથી ગ્રાહકોપણ નોંધાઈ ગયા છે. આ પૂ. મહાસતીજીની અમૃતમય અને અમૂલ્ય વાણીનો સચોટ પુરાવો છે પૂ. મહાસતીજીનું અનોખું વકતૃત્વ એ અરેખર એમની પૂર્વની મહાન પુણ્યવાનીની ફલશ્રુતિ છે, તેમજ પૂ. શ્રી રત્નચંદ્રજી ગુરૂદેવની અંતઃકરણની આશીષ છે.

આજે સારાયે ભારતભરમાં જૈનજૈનેતર સમાજ [illegible] બહુમાન છે, જ્યાં જ્યાં

એમના પુનિત પગલા થાય છે ત્યાં માનવમેદની એમના દર્શનાર્થે અને એમની અમૃતમય વાણી સાંભળવા ઉમટે છે. એમની ચમત્કારી વાણીના પ્રભાવથી કંઈકના જીવન પાવન બને છે. વ્રત-પચ્ચક્ખાણ અને તપત્યાગથી વાતાવરણ ગુંજી ઉઠે છે. પૂ. મહાસતીજીના આ ચાલુ ચાતુર્માસમાં તપ, ત્યાગ અને વ્રતપચ્ચક્ખાણના વિક્રમો સર્જાયા. સોળ સોળ માસખમણ અને કુલ મોટી તપસ્યા ૨૦૦ ઉપરાંત થઈ છે. પૂ. મહાસતીજીએ પાંચે પાંચ મહિના દેહની દરકાર કર્યા વિના અવિરતપણે વીતવાણીનો ધોધ વરસાવ્યો. તેમનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. આ સમયે આજ પૂ. મહાસતીજીના કાંદાવાડીમાં પ્રથમ ચાતુર્માસમાં થયેલ વિક્રમ યાદ આવે છે કે ૫૧ ભાગ્યવાન દંપતિઓએ એક સાથે સજોડે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ.

પૂ. મહાસતીજીના આ વર્ષના પ્રવચનના પુસ્તકનું નામ "**શારદા શિરોમણિ**" રાખેલ છે એટલે અત્યાર સુધીના બહાર પડેલા બધા પુસ્તકોમાં આ પુસ્તક મુગટ રત્ન બની રહે. મોંઘવારીના હિસાબે ૧૦૦૦ પાનાના પુસ્તકની પડતર કિંમત અંદાજે ૫૦ રૂા. થાય છે. પરંતુ પૂ. મહા.ના પ્રવચનપ્રેમી તથા સમાજના ઉદારદિલ દાતાઓની સહાયતાથી ધર્મના પ્રચારાર્થે સૌ કોઈ લાભ લઈ શકે એ ઉદ્દેશથી વેચાણ કિંમત ફક્ત રૂા. ૧૫-૦૦ રાખેલ છે વિશેષતા તો એ છે કે આ પુસ્તક પ્રકાશનની વાત જનતા સમક્ષ મૂકી કે તરત જ બધાએ તે વાતને સહર્ષ વધાવી લીધી, અને ઉદાર દિલે દાતાઓએ મોટી એવી માતબર રકમ લખાવી. માત્ર પાંચ મિનિટમાં અણધારી અણકલ્પી રકમ ભેગી થઈ. ખરેખર, આવા સહૃદયી દિલાવર દિલના દાતાઓથી જૈન સમાજ ઝળકી રહ્યો છે. આ ઉપરાંત બીજા દાતાઓએ પણ સારી એવી રકમ આપી છે. સર્વ દાતાઓની યાદી આ પુસ્તકમાં આપી છે. આ સર્વ દાતાઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ વ્યાખ્યાન સંગ્રહના પાંચ કે તેથી વધુ પુસ્તકોના અગાઉથી ગ્રાહકો થનાર સૌનો તેમજ આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર સૌનો અંતઃકરણપૂર્વક આભાર. આ પુસ્તક પ્રકાશનનું કાર્ય ખૂબ ખંતથી કાળજીપૂર્વક કરી આપવા માટે **શ્રી નીતિનભાઈ બદાણી** તથા પ્રેસ મેનેજર પ્રફુલ્લભાઈ અને પ્રેસના સૌ કાર્યકરોનો આભાર.

હૃદયના ઉમળકાથી વ્યાખ્યાન સંગ્રહ કરવામાં બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી તથા બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજીએ ખૂબ જહેમત ઉઠાવી છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

પૂ. મહાસતીજીએ દરરોજ વ્યાખ્યાન વિસ્તારપૂર્વક ફરમાવ્યા છે પણ પુસ્તક ઘણું મોટું થવાથી કેટલાક બબ્બે ત્રણ ત્રણ વ્યાખ્યાનોનો સાર ભેગો કર્યો છે. પ્રેસની કોઈ ભૂલ દેખાય તો શુદ્ધિપત્રકમાં જોવા વિનંતી. છતાં કોઈ ભૂલ રહી જવા પામી હોય તો સુધારીને વાંચવા વાંચકોને નમ્ર વિનંતી છે. ક્ષતિ ક્ષમ્ય કરશો.

અંતમાં મુંબઈ છોડતા પહેલા પૂ. મહાસતીજી એક ચાતુર્માસ શ્રી કેસરવાડી સંઘમાં કરે એવી અમારા શ્રી સકલ સંઘની તેમજ મુરબ્બી શ્રી મણિભાઈ તથા ગીજુભાઈની આંતરિક ભાવના પૂર્ણ કરશે એ જ અભ્યર્થના.

લિ. માનદ્‌મંત્રીઓ
શ્રી રમણીકલાલ કસ્તુરચંદ કોઠારી-શ્રી કાન્તીલાલ ચત્રભૂજ શેઠ વેકરીવાળા
& હરિલાલ મોહનલાલ વોરા

અંભાત સંપ્રદાયના પૂ. મહારાજ સાહેબો તથા પૂ. મહાસતીજીઓની યાદી

(૧) મહાન વૈરાગી પૂ. આચાર્ય શ્રી કાન્તિઋષિજી મહારાજ સાહેબ

(૨) સ્વ. બા બ્ર. પૂ. સૂર્યમુનિ મહારાજ સાહેબ
(૩) બા.બ્ર.પૂ. અરવિંદમુનિ મહારાજ સાહેબ
(૪) બા.બ્ર.પૂ. નવીનમુનિ મહારાજ સાહેબ
(૫) બા.બ્ર.પૂ. કમલેશમુનિ મહારાજ સાહેબ
(૬) બા બ્ર પૂ. પ્રકાશમુનિ મહારાજ સાહેબ
(૭) બા.બ્ર.પૂ ચેતનમુનિ મહારાજ સાહેબ
(૮) બા.બ્ર.પૂ. મહેન્દ્રમુનિ મહારાજ સાહેબ
(૯) સેવાભાવી પૂ. દર્શનમુનિ મહારાજ સાહેબ
(૧૦) બા.બ્ર પૂ. મૃગેન્દ્રમુનિ મહારાજ સાહેબ
(૧૧) બા.બ્ર.પૂ. મનોહરમુનિ મહારાજ સાહેબ
(૧૨) બા.બ્ર.પૂ. જ્યોતેન્દ્રમુનિ મહારાજ સાહેબ

(૧) મહાન વિદુષી બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી

(૨) પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી
(૩) પૂ. ઇન્દુબાઈ મહાસતીજી
(૪) બા.બ્ર.પૂ. વસુમતીબાઈ મહાસતીજી
(૫) બા.બ્ર.પૂ. કાન્તાબાઈ મહાસતીજી
(૬) પૂ. સદ્‌ગુણાબાઈ મહાસતીજી
(૭) બા.બ્ર.પૂ. ઇન્દીરાબાઈ મહાસતીજી
(૮) પૂ. શાન્તાબાઈ મહાસતીજી
(૯) પૂ. કમળાબાઇ મહાસતીજી
(૧૦) સ્વ. પૂ. તારાબાઇ મહાસતીજી
(૧૧) બા.બ્ર.પૂ. ચંદનબાઈ મહાસતીજી
(૧૨) બા.બ્ર.પૂ. રંજનબાઈ મહાસતીજી
(૧૩) બા.બ્ર.પૂ. નિર્મળાબાઈ મહાસતીજી
(૧૪) બા.બ્ર.પૂ. શોભનાબાઈ મહાસતીજી
(૧૫) પૂ. મંદાકિનીબાઈ મહાસતીજી
(૧૬) બા.બ્ર.પૂ. સંગીતાબાઈ મહાસતીજી
(૧૭) બા.બ્ર.પૂ. હર્ષિદાબાઈ મહાસતીજી
(૧૮) બા.બ્ર.પૂ. સાધનાબાઈ મહાસતીજી
(૧૯) બા.બ્ર.પૂ. ભાવનાબાઈ મહાસતીજી
(૨૦) બા.બ્ર.પૂ. પ્રફુલાબાઈ મહાસતીજી
(૨૧) બા.બ્ર.પૂ. સુજ્જતાબાઈ મહાસતીજી
(૨૨) બા.બ્ર.પૂ. પૂર્વીશાબાઈ મહાસતીજી
(૨૩) બા.બ્ર.પૂ. મનીષાબાઈ મહાસતીજી
(૨૪) બા.બ્ર.પૂ. ઉર્વીશાબાઈ મહાસતીજી
(૨૫) બા.બ્ર.પૂ. સુરેણાબાઈ મહાસતીજી
(૨૬) બા.બ્ર.પૂ. શ્વેતાબાઈ મહાસતીજી
(૨૭) બા.બ્ર.પૂ. નમ્રતાબાઈ મહાસતીજી
(૨૮) ન.દી. બા.બ્ર.પૂ. વિરતિબાઈ મહાસતીજી
(૨૯) ન.દી. બા.બ્ર.પૂ. રક્ષિતાબાઈ મહાસતીજી
(૩૦) ન.દી. બા.બ્ર.પૂ. હેતલબાઈ મહાસતીજી
(૩૧) ન.દી. બા.બ્ર.પૂ. રોશનીબાઈ મહાસતીજી
(૩૨) ન.દી. બા.બ્ર પૂ. ચાંદનીબાઈ મહાસતીજી
(૩૩) ન.દી. બા બ્ર.પૂ. અર્પિતાબાઈ મહાસતીજી
(૩૪) ન.દી. બા.બ્ર.પૂ. પૂર્ણિતાબાઈ મહાસતીજી
(૩૫) ન.દી. બા. બ્ર. પૂ. સુજ્ઞાબાઇ મહાસતીજી

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય, પૂ. ગુરૂદેવ બા. બ્ર. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની જન્મ શતાબ્દી પ્રસંગે ગવાયેલ ગીત

સુંદર સ્વપ્નાના ભાવ, સુંદર સ્વપ્ને તારક રત્નગુરૂજી જનમીયા,—
લાવ્યા છે જ્ઞાનનો માલ, સુંદર સ્વપ્ને તારક રત્નગુરૂજી જનમીયા.....

હે....કારતક સુદી અગિયારસે, ઉગ્યું સુવર્ણ પ્રભાત,
હે....ભવ્ય જીવોના તારણહારા, જન્મ ધર્યો સાક્ષાત્.
સૌને છે આનંદ અપાર, લાવ્યા છે સંયમનો માલ....સુંદર સ્વપ્ને.....(૧)

હે....જેતાભાઈના કુળમાં, ખીલ્યું કુલ મહાન,
હે....માતા જેના જયાબેને, કરાવ્યું અમૃતપાન,
બન્યા ગુણ ગુણભંડાર, ક્ષત્રિય કુળ ઉજવળ થાય....સુંદર સ્વપ્ને.....(૨)

હે....બાલપણામાં રવાભાઈને વૈરાગ્ય ભાવના જાગી,
હે....ચૌદ વર્ષે સંયમ લઈને આત્મસાધના સાધી,
રત્નચંદ્રજી શુભ નામ, વિનય વિવેકની ખાણ....સુંદર સ્વપ્ને.....(૩)

હે....ગુરૂજી આપના છગનલાલજી, મહાપ્રતાપી સંત,
હે....જ્ઞાન ધ્યાનમાં મસ્ત બનીને તોડયા કર્મનાતંત,
આચાર્ય પદવી સોહાય, બન્યા શાસન શિરતાજ....સુંદર સ્વપ્ને..... (૪)

હે....આગમ રત્નાકર બનીને સંયમ સૌરભ ફેલાવે
હે....દેશોદેશમાં ખ્યાતિ વધારી, વાણીથી સૌને જગાડે,
આપ્યા છે જ્ઞાનના દાન, બન્યો જગતમાં મહાન....સુંદર સ્વપ્ને.....(૫)

હે....આણંદ શહેરમાં આપ પધાર્યા ચાતુર્માસ કરવાને,
હે....બાલકુમારી શારદાબેનને સંયમ મૂલ્ય સમજાવે
આપ્યા છે વિરતિના ભાવ, આપ્યા સંયમના સાજ....સુંદર સ્વપ્ને.....(૬)

હે....ગુરૂજી આપનું નામ દીપાવ્યું, સંયમ લઈ અણમૂલ,
હે....ભારતભરમાં જૈનશાસનમાં, શારદાબાઈ સ્વામીના મૂલ,
સંભાળ્યું સંઘનું સુકાન, બઢાવી શાસનની શાન....સુંદર સ્વપ્ને.....(૭)

હે.... ૨૦૪૨ સાલે, મુંબઈ શહેર મોઝાર
હે....જન્મ શતાબ્દી ઉજવે આજે, સારો જૈન સમાજ,
તપ ત્યાગની ભરતી અપાર, વર્ત્યો છે જયજયકાર....સુંદર સ્વપ્ને.....(૮)

હે....કેસરવાડી સંઘમાં આજે, ઉત્સવ થાય મહાન,
હે....જન્મ શતાબ્દી ઉજવતા, આનંદ અનેરો થાય,
સુવર્ણ અક્ષરે લખાય, શિષ્યા મંડળ ગુણ ગાય....સુંદર સ્વપ્ને.....(૯)

ઉત્કૃષ્ટ વૈરાગી બાલકુમારી શારદાબેન (ઉં. વર્ષ-૧૬)

જન્મ : ૧૯૮૧
માગશર વદ નોમ
તા. ૧-૧-૧૯૨૪
મંગળવાર
સાણંદ

દીક્ષા : ૧૯૯૬
વૈશાખ સુદ ૬
તા. ૧૩-૫-૧૯૪૦
સોમવાર
સાણંદ

જેમણે માત્ર સોળ વર્ષની કુમળી વયમાં સંયમ લઈ ને રત્નત્રયની રોશની ઝળકાવી, વીરવાણીનો નાદ દેશોદેશમાં ગજાવી, શાસનની શાન બઢાવી છે એવા છે પુસ્તક પ્રવચનકર્તા, પ્રવચન પ્રભાવિકા, શાસનદીપિકા મહાન વિદુષી બા. બ્ર. પૂજ્ય **શ્રી શારદાબાઈ મહાસતીજી ના** ચરણ કમળમાં આપણા સૌના

કોટી કોટી વંદન હો.

સ્વ. શેઠશ્રી ચુનીલાલ નરભેરામ વેકરીવાલા

"પારબ્ધથી પામી શકયા ધન સંપતિ પરિવારને"
"પુરૂષાર્થથી સાધી શકયા હરિ ધર્મના શુભકાર્યને"

જેમણે જીવનમાં આત્મવિશ્વાસના દૃઢ બળથી આગળ વધી સાહસિક પ્રવૃતિઓમાં પ્રબળ પુરૂષાર્થ કરી જીવનનું એક અનોખુ અને અદ્‌ભૂત સર્જન કરેલ છે એમના જીવન વૃતાંત નો પરિચય બરેબર પ્રેરણા દાયક છે એમના ધર્મપત્નિ સ્વ શ્રી પ્રભાકુંવરબ્હેન સદ્‌ભાગ્યે એક કુશળ ગૃહિણી મળેલા જેમના સાથ અને સહકારથી ધાર્મિક પ્રવૃતિઓના શુભ કાર્યોમાં સદાએ સંપતિ અને શકિતનો ખુબજ સદ્‌વય કરેલ છે. ઘણા ધર્મસ્થાનકોમાં એમનું શુભ નામ જોડાયેલું છે. શૈક્ષણિક તેમજ સામાજીક ક્ષેત્રે પણ જેમણે સુંદર ફાળો આપી પરમાર્થના પાવન કાર્યો કરેલા છે. કુટુંબ પ્રત્યેની જેમની અનન્ય લાગણીથી સૌને આગળ લાવી હિલની વિશાળતા વર્ધાવી છે. પુત્ર પરિવારમાં ઉદ્યોગ ધંધાની વિકાસ યોજનાઓ ઉપરાંત ધાર્મિક સંસ્કારોનું સુંદર સિંચન કરી સન્માર્ગ બતાવેલ છે ઉપકારી માવિત્રનું સાચું કર્તવ્ય બજાવી આત્મ ઉન્નતિનો સાચો વારસો આપેલ છે. એમના સુપુત્ર શ્રી મનહરભાઈની ધર્મભાવના અને સમાજ ઉપયોગી સત્કાર્યોમાં ઉદાર સખાવતા એ જેનો સચોટ અને પ્રત્યક્ષ પુરાવો છે. એમના સત્કાર્યોની સુવાસ આજે સમાજમાં ચારો દિશે ફેલાયેલી છે.

સ્વ. માતુશ્રી પ્રભાકુંવર ચુનીલાલ નરભેરામ વેકરીવાલા

સ્વર્ગવાસ તા. ૩-૯-૧૯૮૫

"સુખમાં જે છલકે નહિ દુઃખમાં અને ન દીન"
"સુખદુઃખ સમજે જીવનમાં હરિ કર્મોને આધિન"

આપની ચિર વિદાયથી આપના પરિવારે તેમજ સમસ્ત કુટુંબે એક વાત્સલ્યભરી શીતલ છત્રછાયા ગુમાવી છે. સમસ્ત કુટુંબની ઉન્નતિમાં આપનું ઉદાર દિલ આપનો ઉંચ આદર્શ અને આંતરીક લાગણીનો અગ્ર હિસ્સો સદા રહ્યો છે. આપના જીવનમાં આપે અનેક પરિવર્તનો નિહાળ્યા છે. અનુભવ્યા છે. પરંતુ સમયને ઓળખવાની આપની કોઠાસુઝથી આપે વિકટ પ્રશ્નોને હલ કરી સદા સમભાવજ રાખ્યો છે. આ આપના જીવનની વિરલ વિશેષતા છે. આપનામાં રહેલી ધર્મ પ્રત્યેની અડગ અને સંપૂર્ણ શ્રધ્ધાનું જ આ ફળ છે. સંતસતીજીઓની મહાન સેવાનો લાભ તેમજ દયાદાનમાં પણ આપે અનેક દુઃખીયાઓના આંસુ ગુપ્તરીતે લુછ્યા છે. આંગણે આવેલો કોઈ નિરાશ થઈને ન જાય એ અનુકંપાનો અવિરત પ્રવાહ આપે નિત્ય વહેવડાવ્યો છે. આપનો આ ધર્મનો અમુલ્ય વારસો આપે આપના પરિવારને તેમજ સમસ્ત કુટુંબને આપીને ધર્મના સુસંસ્કારોનું સુંદર સિંચન કરેલ છે. આપનો આ મહાન ઉપકાર અમો જીવનભર કદી નહિ ભુલીએ એજ.

આપનો પૂર્ણ પરિવાર તથા કુટુંબીજનો

દાનેશ્વરી શેઠશ્રી શામજી વેલજી વીરાણી

"વહેતા જળ નીર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથુથીમાં પાયા, સંપત્તી અને સમૃદ્ધિ સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજ કલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાતસલ્યતાના કાર્યોમાં વાપરી. પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન કરવા માટે આપે અમારૂં જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વીરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લી.

મણિલાલ શામજી વીરાણી

અને પરિવાર

સ્વ. પૂ. માતુશ્રી કડવીબાઇ શામજીભાઈ વીરાણી

જેમણે પોતાના સંતાનોમાં, લક્ષ્મી એ તો સંધ્યાના રંગ જેવી, સવારના ઝાકળના બુંદ જેવી તથા વીજળીના ચમકારા જેવી ચંચળ છે. એવા સંસ્કારોનું નાનપણથી સિંચન કર્યું. તેમના સુપુત્રોએ આંબો જેમ ફળ આવે અને નમે તેવી રીતે લખલૂટ લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સંપત્તિનો સદ્‌ઉપયોગ સ્વધર્મીઓ અનેક જનકલ્યાણના કાર્યો માટે કર્યો.



શેઠશ્રી મણીલાલ શામજીભાઇ વીરાણી

"જનમ-મળે-જૈન કુળમાં–એ-પૂર્વની–પુનવાની છે"
"ભાવ જાગે ભકિતના એ ધર્મની કમાણી છે."
"અમિરાત જેના હૃદયમાં સત્કાર્યના જે રાગી છે."
"કૃપા મલે સતી 'શારદની' હરિ એજ ખરા સદ્‌ભાગી છે"

ભારત ભરના જૈનસમાજમાં ઉદારદિલ દાનવીરનું પ્રશંશનિય બિરૂદ. ધરાવનાર વીરાણી કુટુંબના પ્રતિષ્ઠીત ધર્માનુરાગી સુશ્રાવક શ્રી મણીલાલભાઇ વીરાણીના આદર્શ જીવનની ખાસ વિશેષતાઓ એ છે કે પૂર્વના મહાન પુન્યોદયે અઢળક ધન સંપતિ અને આધુનીક સુખ સુવિધાઓ હોવા છતાં જેના જીવનમાં સાદાઇ, સરલતા, નિરાભિમાન, અને નમ્રતાના મહાન સદ્‌ગુણો સહાય વસેલા છે. માતાપિતાના ધર્મના સુસંસ્કારોનો અણમોલ વારસો જેના આણું એ અણુંમાં વણાએલો છે. આંગણે આવેલો કોઇ દીન દુઃખીયો ખાલી હાથે ન જાય એ વીરાણી કુટુંબની વારસાગત પ્રણાલીઅ છે. સંતાનોમાં પણ ધર્મના સુસંસ્કારોનું સુંદર સિંચન કરેલ છે, જેથી પરદેશમાં વસવાટ છતા, વ્રતનિયમોનું બરાબર પાલન કરે છે અં.સં.ના મહાનવિદુષી બા. બ્ર.પૂ શ્રી શારદાબાઇ મ. સ. ના સમાગમ પછી તો સારાયે પરિવારમાં ધર્મનો રંગ ઓતપ્રોત થયેલ છે. નાદુરસ્ત તબીયત છતાં મુરબ્બી શ્રી મણીભાઇ શારદવાણી નો અનેરો આનંદ ઉત્સાહ પૂર્વક લે છે, તેમજ બીજા પણ લાભ લઇ શકે એ માટે પ્રવચનોના પુસ્તકોનું પ્રકાશન કરાવી તદન નજીવી કિંમતે આપવા માટે સંપૂર્ણ સાથ અને સહકાર આપે છે.

વાત્સલ્યમૂર્તિ – ધર્મપરાયણ

સ્વ. માતુશ્રી નવલબહેન મણિલાલ વીરાણી

"માતા તણો ઉપકાર જગમાં અજોડ સદા ગણાય છે."
"સંસ્કાર તણું સિંચન સદા વાત્સલ્ય ભાવે થાય છે."
"સો શિક્ષકોનું કામ એકજ માવડી કરી જાય છે."
"જીવન તણું ઘડતર હૃદિએ જનેતાથી થાય છે."

વાત્સલ્યમૂર્તિ જીવનશિલ્પી પૂજ્ય માતુશ્રી આપે અમારા જીવનના ચણતર અને ઘડતરમાં ધર્મરૂપી શિતલજલનું સિંચન કરી અમારી જીવન ઇમારતનો મુળ પાયો અતિ મજબુત કરેલ છે જેથી આજના વૈભવ વિલાસી યુગની અનેક ઝંઝાવાતોમાં પણ અમો અડગ અને અટલ રહી શકીએ છીયે. આપના આ મહાન ઉપકારનું ઋણ અમો કદી પણ ચુકવી શકીએ તેમ નથી છતાં આપે આપેલ આશિષ બળથી આપની આજ્ઞાઓનું પાલન કરી આપને સદા યાદ કરી અંતઃકરણના અહોભાવથી વંદન કરીએ છીએ અને આપની આ શુભાશિષ સદાકાળ ટકી રહે એવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. એજ,

અમો છીએ આપના સદાના ઋણી સંતાનો

અનીલ મણીલાલ વીરાણી	અ. સૌ. આરતી અનિલ વીરાણી
અરૂણ મણીલાલ વીરાણી	અ. સૌ. સુધા અરૂણ વીરાણી
અતુલ મણીલાલ વીરાણી	અ. સૌ. અવનિ અતુલ વીરાણી

બેન વાસંતી – કિશોરકુમાર મહેતા

સ્વ. છગનલાલ શામજીભાઈ વિરાણી

જેમના દાનઃવડેઃ જૈન તથા જૈનેત્તર સમાજની, જનકલ્યાણની તથા માનવતાની અનેકવિધ–પ્રવૃતિઓને નવજીવન મળ્યું છે તેઓ રાજકોટની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા ટ્રેઝરર હતા. તેમણે સૌરાષ્ટ્રના ઘણાં સ્થળોએ ઉપાશ્રય વિરાણી હાઇસ્કૂલ. વિરાણી કન્યા વિદ્યાલય, મુંગા–બહેરાની શાળા જેવી અનેક સંસ્થાઓમાં મોટું દાન આપ્યું છે. પોતે ઘણાં દયાળું, માર્મિક વૃત્તિવાળા અને પ્રેમાળ હતા.

માતુશ્રી વ્રજકુંવરબેન છગનલાલ ચિરાણી

આપે અમારામાં દાન, દયા, તપ અને અનુકમ્પાના સંસ્કાર રેડી અમારૂ અને સમગ્ર પરિવારનું જીવન ખુશ્બોથી મહેંકતુ કર્યું અને અમને સુખી જીવન જીવવાનો મંત્ર આપ્યો કે :-

સત્ કર્મ વગર સંપતિ વધતી નથી
સંયમ વગર સંપતિ ટકતી નથી
દાન વગર સંપતિ શોભતી નથી

હી.

જયંતીલાલ છગનલાલ
શશીકાન્ત છગનલાલ
ભુપતભાઇ છગનલાલ
ચંપકલાલ છગનલાલ
તથા પરિવાર

શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠ



દોઢ સૈકાથી અને છ–છ પેઢીથી ચાલ્યા આવતા સાધનસંપન સુખી કુટુંબમાં ઉછરેલા ને વારસાગત ધર્મના સુસંસ્કારો પામેલા એવા સરલ સ્વભાવી નિખાલસ હૃદયી ભદ્રિકભાવી ઉદાર-દિલ દાનવીર શેઠશ્રી ગિરજાશંકરભાઇ એમની પૂર્વની પુન્યવાનીનો સદ્ઉપયોગ કરી ભવિષ્યનું ભાથ્થુ બાંધી રહયા છે. પુન્યાનુબંધી પુન્યથી સંપતિનો સદ્વયય કરી પુન્ય કમાઇ રહયા છે, સદ્ભાગ્યે અને પૂર્વના પુન્યોદયે ખં. સં. ના મહાવિદુષી બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીનો સમાગમ થયા પછી ખરેખર એમનું જીવન ધર્મમય બની ગયું છે. એમની અનન્ય ભકિત ભાવથીજ મહાસતીજીએ મુંબઇ પધારવા મહેર કરેલ છે અને તેથીજ દેહની દરકાર છોડી ધન્ના ને શાલીભદ્રની જેડી મહાસતીજીની અમુલ્ય વાણીનો નિયમિત લાભ લે છે. (શ્રી ગીજુભાઇ અને શ્રી મણીભાઇ વીરાણી)

સરલ સ્વભાવી શાંતમૂર્તિ વાત્સલ્યવિભૂતિ

પરમ પૂજ્ય માતુશ્રી ઇચ્છાબહેન ગીરજાશંકર શેઠના

સુપુત્રો અને સહપરિવારના

અંતરંગ ના અહોભાવ

"જનની તણો ઉપકાર જગમાં મહાન સદા ગણાય છે."
"માત હૃદયનો પ્રેમ હરિ આ વિશ્વમાં વખણાય છે."

આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ કુટુંબ પ્રત્યેનો વાત્સલ્યભાવ તેમજ દેવ, ગુરૂ, અને ધર્મ પ્રત્યેની આપની અહંગ શ્રધ્ધાથી જીવનમાં સાદાઇ સાથે વ્રત પચ્ચખાણ અને તપ ત્યાગના મહાન ગુણોને ગ્રહણ કરી આપે આપનું જીવન ધન્ય બનાવ્યું છે તેમજ કંઇક દુઃખીયાઓના આંસુ લુછી કરૂણાનો ધોધ વર્ષાવ્યો છે અમોને પણ આવા શુભ કામોની પ્રેરણા આપી માનવતાનો સાચો માર્ગ બતાવ્યો છે. તેમજ સંત સમાગમ 'શારદાગુરૂણી' સંગ કરાવી અમારા જીવનમાં ધર્મના સુસંસ્કારોનું સુંદર સિચન કરી મહાન ઉપકાર કરેલ છે, આપના આ પરમ ઉપકારના અમો સદાના ઋણી છીએ.

લી. આશિર્વાદાભિલાષી

શ્રી મનહરલાલ
શ્રી હસમુખરાય

સ્નેહાધિન આપના પુત્ર પરિવાર

શ્રી ચંદુલાલ
તથા સહપરિવારના વંદન

શાન્તીલાલ મોહનલાલ શાહ
પાંજરા પોળ, કોટન ચાલ,
રૂમ નં. ૪૮. ટે.નં.
અમદાવાદ-૧.

શ્રી પોપટલાલ ખીમચંદ શેઠ

ખુબ સુખી કુટુંબમાં જન્મ્યા અને ઉછરેલા હતા, છતાં પોતાનું જીવન અત્યંત સાદાઇથી વીતાવતા હતા, અને ચાલી આવતી પ્રાણુકીકા એ જેવીકે વાત્સલ્યતા ઉદારતા ધર્મ પ્રત્યેની ઉચ્ચ ભાવના તેમજ માનવ અને જીવદયાના કાર્યો કરવાની તત્પરતા તેમના જીવનમાં વણાએલા હતા. તેઓ ખુબ લાગણીવાળા અને પ્રેમાળ હતા.

સ્વ. શ્રી જેસુખલાલ રેવાશંકર દોશી (સીંગાપુરવાલા)



આપનાં જીવનમાં સાદાય, સૌમ્યતા, સભ્યતા અને સદાચાર મહામંત્રો હતાં આપ માનવતાના ગુણોરૂપી ખુશ્બોથી કર્તવ્યપરાયણ, ધર્મપરાયણ, અને સેવાભાવી જીવન જીવી ગયા. આપે અમારા જીવનમાં પણ ધર્મનું બીજ વાવી સંસ્કારરૂપી જળનું સિંચન કરી અમને સાચે માર્ગે ચડાવ્યા ફુલ તો ખરી ગયુ પણ ફોરમ રહી ગઈ તેમ અમને આપનો પ્રેમ અને સદગુણ સદાય સાંભરે છે. આજે અમો જે કંઇ છીએ તે આપની ધર્મશ્રદ્ધા સેવાવૃત્તિ અને સંસ્કારોના સિંચનનું ફળ છે.

અમો આપ બન્નેના ભવોભવના ઋણી છીએ આપ બન્નેને અમારા કોટી કોટી વંદન

લિ.

નગીનદાસ જેસુખલાલ દોશી

માતુશ્રી નવલબેન જેસુખલાલ દોશી (સીંગાપુરવાલા)

પરમ પૂજ્ય માતુશ્રી નવલબેન ઘણાજ ધાર્મિક તથા માયાળુ સ્વભાવના છે દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેની અખૂટ શ્રદ્ધા, કુટુંબ પ્રત્યેની ભાવના અનુપમ છે. તેઓ આજે સકળ પરિવારને જીવનના દરેક કાર્યમાં પ્રેરણા અને માર્ગદર્શન આપી રહયા છે અને પરિવારને મળેલી સંપત્તિનો ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે સદ્‌ઉપયોગ કરી આત્મસંતોષ મેળવે છે કુટુંબના સુખ, શાંતિ, અને સંપ એમને જ આભારી છે વીર પ્રભુ પાસે માગીએ છીએ કે તમારી મીઠી શીળી છાયામાં અમે સહુ હંમેશ સંપથી અને આનંદથી જીવીએ અને તમારી ખૂબ ખૂબ સેવા કરી ધન્ય બનીએ. આપને આપના સકળ પરિવારના કોટી કોટી વંદન.

લી.

નગીનદાસ જેસુખલાલ દોશી

શ્રી નગીનદાસ જેસુખલાલ દોશી



શ્રી નગીનદાસ જેસુખલાલ દોશી ધર્મપ્રેમી લાગણીશીલ આત્મા છે. તેઓશ્રીએ નાની વયમાં વ્યવસાય શરૂ કર્યો અને આપ બળે કુનેહ અને દીર્ઘદૃષ્ટિથી શૂન્યમાંથી સર્જન કર્યું. ધંધાકીય તથા સામાજીક અને ધાર્મિક ક્ષેત્રે તેમણે મહત્વનો ફાળો આપ્યો. અખૂટ લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સ્વધર્મીઓના માટે અને અનેક જનકલ્યાણનાં કાર્યો માટે તેમણે સંપતિનો સદુપયોગ કર્યો છે અને કરતા આવે છે.

તેમના દાનથી સમાજની, માનવતાની અનેકવિવિધ પ્રવૃતિઓને નવજીવન મળ્યું છે તેમનું સમસ્ત જીવન દાન, દયા, નિખાલસતા, સંતો પ્રત્યેની અપૂર્વ ભક્તિભાવના આદિ ગુણોની સુવાસથી મઘમઘી રહ્યું છે. માતા-પિતાના આદર્શ અને સંસ્કારોને અપનાવીને તેમણે પોતાના જીવનને ઉજ્જવળ બનાવ્યું છે.

સ્વ. ન્યાલચંદભાઈ રાજપાળ દોશી



વિશાળ વૃક્ષની છાયામાં અનેક જીવો કોઇપણ જ્ઞાતી કે જાતીના ભેદભાવ વગર શાંતિ અને શીતળતા મેળવે છે, અબોલ અને મુંગા જીવો સાતા અને સુખ અનુભવે છે. તેમ આપની છત્રછાયા નીચે સમાજના ખાનદાન કુટુંબના ફરજંદો જરાપણ સંકોચ વગર પોતાની જરૂરિયાત આપની પાસે રજુ કરતા અને આપ "જમણો હાથ આપે પણ ડાબો હાથ જાણે નહિ" તેવા ગૌરવથી તેમનું સ્વમાન ઘવાયા વગર હસતા હસતા મોકલતા અને શાંત્વન આપના કે ફરીથી જ્યારે જરૂર પડે ત્યારે આ ઘર તમારું માની વિના સંકોચે આવશો. આવી આપની વિશાળ-દીલ ભાવનાઓને યાદ કરીને કહે છે. "લાખો મરજો પણ લાખોનો પાલણહાર ન મરશો."

પૂ. માતુશ્રી જેઠીબેન ન્યાલચંદ દોશી

અમારામાં આપે બાળપણમાં સંસ્કાર અને ચારિત્રનું ઘડતર કર્યું અને ગળથૂથીમાં ઘૂંટી ઘૂંટીને પાયું કે "જે દે તે દેવ અને રાખે તે રાક્ષસ" જેનામાં દેવાની વૃત્તિ છે તે દૈવી વૃત્તિ છે અને જેનામાં રાખવાની – સંઘરવાની વૃત્તિ છે તે રાક્ષસી વૃત્તિ છે. આપના સંસ્કારને જીવનમાં અમે વાણી અને પૂણ્યના યોગે જ્યારે સંપત્તિ મળી ત્યારે તેનો સદ્‌ઉપયોગ કરતા જ રહ્યા છીએ કારણ આપે દીધેલી શીખામણ :

વહેતા જળ નિર્મળ ભલા,
સાધુ વિચરતા ભલા
ધન દોલત દેતા ભલા

અમે બરાબર આચરણમાં મૂકી રહ્યા છીએ.

લિ.
આપના
જન્મોજન્મના ઋણી
નગીનદાસ, લીલાવતી
હિંમતલાલ, નિર્મળા
રસીકલાલ, ગુલાબ

ચુનીલાલ મુળજી મોટાણીના સ્મરણાર્થે



જન્મ
તા. ૧૦-૬-૧૯૦૫

સ્વર્ગવાસ
તા. ૬-૪-૧૯૮૫

આપનાં ધાર્મિક ભાવના, સરળતા, નિર્મળતા અને કોઇપણ દુઃખી પ્રત્યેની કરૂણા તથા હમદર્દીના સંસ્કારો અમારામાં વિકસિત બને તેવી ભાવના સાથે

મોટાણી પરિવાર

ખંભાત સંપ્રદાયના જૈન શાસનના સિતારા બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ
મહાસતીજીના સંસારી માતુશ્રી

સ્વ. સકરીબેન વાડીલાલ શાહ સાણંદ

હૈયું સુકોમળ અને સ્નેહભીનું છે
દિલ દયાભીનું અને દિલાવર છે એવા

પરમ ઉપકારી પૂ. બા. સંસ્કારી, સદાચારી અને ચારિત્રશીલ માતા સો શિક્ષકોનું કામ કરે છે. આપે અમોને બાલ્યાવસ્થામાં ધર્મભાવના, સચ્ચાઇ, શુભનિષ્ઠા, દયા, દાન, અને સરળતાના જે સંસ્કારોનું સિંચન કર્યું છે. તેને અમો આચરણમાં મૂકી આપનું ઋણ યત્કિંચિત અદા કરી જીવનમાં સંતોષ અનુભવીએ છીએ. સાધુ સંતોની સેવા એ તો આપના જીવનનો પ્રાણ હતો. આપના હૈયામાં દયા અને દાનનો દીપક સદાય ઝળહળતો હતો. આપે અમારા માટે ઘણું જ કર્યું છે. આપના શુભ આશીર્વાદ નિરંતર અમારા પર વરસી રહ્યા છે તેવા અનહદ ઉપકારી વહાલા અમારા પૂ. માતુશ્રીના ચરણોમાં લાખ લાખ વંદન.

વિશેષમાં આપે આપનું પુત્રીરત્ન જૈન શાસનને અર્પણ કરી મહાન ઉપકાર કર્યો છે. કે જેઓ આજે શાસન રત્ના બની જૈન શાસનનો ડંકો દેશોદેશમાં વગાડી રહ્યા છે. એવા છે ખંભાત સં. ના પ્રખર વ્યાખ્યાતા, આધ્યાત્મવેત્તા મહાન વિદુષી બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી.

આપના ભવોભવના ઋણી આપના પુત્રો તથા પરિવાર.

અ. સૌ. ગંગાબેન પરસોત્તમદાસ શાહ
અ. સૌ. શાન્તાબેન કાંતીલાલ સંઘવી
અ. સૌ. હસુમતીબેન વિનયચંદ્ર સંઘવી
નટવરલાલ વાડીલાલ શાહ
અ. સૌ. નારંગીબેન નટવરલાલ
પ્રાણલાલ વાડીલાલ શાહ
અ. સૌ. ઇન્દિરાબેન પ્રાણલાલ

હે વાત્સલ્ય મૂર્તિ-મા-જન્મદાત્રિ ને વંદન સદા

માતુશ્રી સમરતબ્હેન ચત્રભુજ નરભેરામ વેકરીવાલા

"સાદાઇ ને વળી-સરળતા-સમતાની-સુવાસ"

"ભગવાન પણ ભાંખી ગયા હરિ ધર્મ કરે ત્યાં વાસ"

જેમના સ્વભાવમાં સરળતા અને જીવનમાં સાદાઇ આ બે મહામુલા ગુણોથી જેઓ સંસારના ઘણા કર્મબંધનના કારણોથી અલિપ્ત રહી અનર્થાદંડથી ઉગરી શકે છે. ખરેખર આજના આ યુગમાં અને સંપૂર્ણ સુવિધાઓમાં અલિપ્ત રહેવું એજ એમના જીવનની મહાન વિશેષતા અને નમ્રતા છે. સંતસતીજીઓના સદાના સમાગમથી જેમનામાં શાંતી અને સમતાના સદ્‌ગુણોનું સિંચન થયેલું છે. તેમજ ધર્મપ્રત્યેની સંપૂર્ણ શ્રધ્ધા અને આત્મવિશ્વાસની અડગ ભાવના જાગેલી છે. જેના ફલસ્વરૂપે આંજ્ઞાકિત પુત્ર પરિવાર પણ ધર્મના સુસંસ્કારોથી સુખી અને સમૃધ્ધિવાન છે. આ એમની અંતઃકરણની શુભાશિષ છે.

ચિ. સતીષ એન. શાહ
અ. સૌ. સારીકા એસ. શાહ
ચિ. સિદ્ધાર્થ એસ. શાહ



નાનપણથીજ ધર્મના રાગી અને સંતોની સેવા કરનાર
બાળકોને માતા – પિતાના આશીષ.

સ્વ. મોહનભાઈ વર્ધમાન દેસાઈ સ્વ. લીલાવંતીબેન મોહનલાલ દેસાઇ
વવાણીયા (મોરબી) નિવાસી

મહાન વિભૂતિ શરદ્‌ગુરૂણી અદ્‌ભૂત છે જેમની વાણી,
દેશવિદેશમાં સુવાસ પ્રસરાવી ઘણી 'વિનય' છે ભવે ભવનો ઋણી.

મા બાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજુ બધું, મા બાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના, એને વિસરશો નહિ

ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારાના, કોડ પૂરવા ભૂલશો નહિ.

પુષ્પો બીછાવ્યા પ્રેમથી, જેણે તમારી રાહ પર
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ,

ધન બરચતાં મળશે બધું, (પણ) માતા પિતા મળશે નહિ
એના પુનિત ચરણો તણી, (કદી) ચાહના ભૂલશો નહિ.

લી. આપનો પરિવાર
વિનુ – નિલા – મયૂરી – વિપુલ – રાજલ
અ. સૌ. મિલન
ચીંચપોકલી મુંબઈ

ધર્માનુરાગી આદર્શ દંપતિ

શ્રી હીરજી સોજપાલ કચ્છ કપાયાવાલા

અ. સૌ. વેલબાઇ હીરજી

"સંસાર રથના ચક્ર બે સદ્‌ભાગ્યથી સરખા મળે"
"સંતાન સુખને સંપતિ હરિ સર્વ શુભ આશા ફળે"

કચ્છ કપાયા નિવાસી શ્રી હીરજી સોજપાલ તથા કરૂણામૂર્તિ અને જીવન સાથી એમના ધર્મપત્નિ અ. સૌ વેલબાઇ ખરેખર આજે જેમનો પુન્યાનુબંધી પુન્યનો શુભ ઉદય પ્રવર્તે છે. બની શકે તેટલો સત્કાર્યોમાં સંપતિનો મહાન સદવ્યય કરીને ભવિષ્યનું સાચું ભાથું બાંધી રહ્યા છે. સર્વ રીતે અનુકૂળ સંજોગોમાં પણ જીવનમાં સદા સાદાઇ અને નિરાભિમાની પ્રકૃતિ એ એમના જીવનની ખાસ વિશેષતા છે. સાધુ સંતોની અનન્ય ભકિત અને ધર્મ પ્રત્યેના સંપૂર્ણ અનુરાગથી એમના સંતાનોમાં પણ ધર્મના રૂડા સુસંસ્કારો ઉતર્યા છે. દૃઢ શ્રધ્ધાના પરમ પરિણામથી એમના હરેક શુભ અને સત્કાર્યોમાં સદા સફળતાજ સાંપડે છે. આ ધર્મનો પ્રત્યક્ષ પ્રભાવ છે.

સ્વ. શ્રી જયસુખલાલ રામજી શેઠ



જન્મ ૧૯૨૭ મરણ ૧૪-૧૨-૮૧

જેમણે મુંબઇમાં ૧૬ વર્ષની નાની ઉમરે કુટુંબ ખાતર અભ્યાસ છોડી નોકરીની શરૂઆત કુટુંબ માટે થઇને કરીને કુટુંબજનો ગામ અને ગુજરાતી ભાઇઓ માટે ઉત્કર્ષ કરવાનો એક પ્રયાગજ આદર્શ.

જ્યારે મારકેટમાં આપણા ભાઇઓને ૭૦ થી ૧૦૦ પણ મળતા નહોતા ત્યારે ગુજરાતી ભાઇઓને ત્યાંથી સમજાવીને પોતે નોકરી કરતા કરતા મીલમાં નોકરી રખાવતા જ્યાં અભણને રૂા. ૪૦૦ જેવી રકમ મળતી હતી. જે ઘણીજ તે ટાઇમમાં સારી ગણાઇ અને તેમ કરતા કરતા પોતાના કુટુંબીઓ ગામના તથા ગુજરાતી છોકરાઓને પોતાને ત્યાં રાખી સારી જગ્યાએ ગોઠવતા ગયા. આમ કરતા તેમણે ૧૧૦/૧૧૫ જણાને કામે લગાડેલ હતા નોકરી કરતા આટલાનો ઉદ્ધાર કરો તે ઘણોજ સારો પ્રયત્ન ગણાય તેમજ સાધના મીલના નાનામાં નાનાથી મોટા માણસો સુધી અભીપ્રાય ચાહના મેળવેલ. પોતાના વ્યવસાઇમાં જોડાવા માટે મીલની નોકરી છોડવાની તૈયારી કરી ત્યારે તેમને મીલ છોડવા તૈયાર નહોતી ત્યાંની સહકારી સોસાયટીઓમાં છેવટ સુધી ચેરમેન હતા છેલ્લે વાલકેશ્વર સંઘના પોતાની અનીચ્છા હોવા છતા શ્રી નગીનભાઇના આગ્રહથી મંત્રી તરીકે જોડાણા હતા ત્યાં પણ અતીશય ચાહના મેળવેલ હતી.

સ્વ. છોટાલાલ શામજી વોરા – સ્વ. શામજી પરશોતમ વોરા

તથા

સ્વ. નર્મદાબેન છોટાલાલ વોરા

શ્રીમતિ નર્મદાબેન છોટાલાલભાઇ વોરાએ તપમાંજ મોક્ષ રહેલો છે તેવું અંતર્જ્ઞાન થયું. તેમણે અઠ્ઠમના વરસીતપની આરાધના કરી. તેમને નૈતિક હિમ્મત આપી તેમના પતિ શ્રીમાન શેઠશ્રી છોટાલાલભાઇ શામજીભાઇ વોરાએ. દૃઢ મનોબળ, પૂરતો આત્મવિશ્વાસ અને અચલ શ્રધ્ધા. આ ત્રણે વસ્તુજ તેમનો ખોરાક હતો. આખો દિવસ ભગવાનનું નામ લેવું, સામાયિક કરવી, રોજ પ્રતિક્રમણ કરવું, ધર્મ ધ્યાન કરવું તેજ તેમની રોજનીશી. પણ પેલી કહેવત છે ને કે ભગવાન સારા માણસને પોતાની પાસેજ બોલાવી લે છે. તેમ અઠ્ઠમનો વરસીતપ કરતાં કરતાંજ સંવત ૨૦૧૮ ફાગણ વદ આઠમ ને રવિવારે અ. સૌ. નર્મદાબેન સ્વર્ગવાસ પામ્યા. છેલ્લે સુધી તેમની ધીરજ અખૂટ હતી. હિમ્મત અતૂટ હતી પરંતુ ભગવાનને બીજુજ કંઇ મંજૂર હતું. અ. સૌ. નર્મદાબેન પોતાની સુવાસ ફેલાવી ભગવાનને ધામ ગયા. તેમના પતિ શ્રી છોટાલાલ શામજીભાઇ વોરાને પણ ભગવાનમાં અતૂટ શ્રધ્ધા હતી. અને તેમને આ વારસો તેમના પિતાશ્રી શામજીભાઇ પરશોતમભાઇ વોરા તરફથી મળ્યો હતો. અને આ બાપદાદાનો વારસો તેઓ પણ તેમના સંતાનોને સોંપીને ૧૬-૧-૧૯૭૪ ને દિવસે સ્વર્ગવાસ પામ્યા.

લી. આપનો પરિવાર

માતુશ્રી લક્ષ્મીબેન વીરચંદ શાહ

આપ અમારા મહાન ઉપકારી પરમ પૂજ્ય માતુશ્રી ! આપ ખૂબજ સાત્ત્વિકને સરળ સ્વભાવી, એકદમ નિખાલસ હૃદય, નિર્મળ ગંગાના નીર જેવું પવિત્ર જીવન, અમારા કુટુંબમાં શીતળ વડલાની છાંય સમાન, અમારા બધામાં ખૂબજ આર્યત્વના સુસંસ્કાર રેડી, અમારા જીવન ખૂબ ઉન્નત બનાવ્યા. અને ખં. સં ના વિદુષી પૂ. બા. બ્ર. શારદાબાઈ મહાસતીજીના સાનિધ્યમાં આવ્યા પછી ધર્મનો રોગ અનોખો ચઢી ગયો તેથી આપ અમારામાં પણ ધર્મના અનુપમ સંસ્કાર દૃઢવત કરી રહ્યા છો તેથી આપના અમો ખૂબ આભારી છીએ. આપ દીર્ઘાયુ જીવી અમોને પ્રેરણા આપતા રહો !

લી.

આપણા સુપુત્રો

શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી

સ્વ. નિર્મળાબેન હિંમતલાલ દોશી

"કર્મણ્યેવ માધિકારસ્તે.." ભગવાન શ્રી કૃષ્ણનો ઉપદેશ હોય કે જૈન દર્શનનો "કર્મયોગ" હોય. આપે એ ઉપદેશને અક્ષરશઃ આપના જીવનમાં ઉતારી વતન વાંકાનેરથી મોહમયી : મુંબઇ નગરીમાં આવી અર્થ-ઉપાર્જનમાં કાર્યરત થયા.

આપની આર્થિક પ્રગતિની સાથે વારસાગત મળેલ દાન, દયા, અનુકંપા આદિ ધાર્મિક સંસ્કારોનું જે દૃઢ સીંચન આપનામાં થયેલ, અને આપના લઘુબંધુ શ્રી રસિકલાલ દોશી તથા અન્ય કુટુંબીજનોના યોગ્ય સહકારથી માદરે વતન વાંકાનેરમાં ગરીબ તથા જરૂરિયાતવાળા બંધુઓની પીડાને જાણી માનવતાના તેમજ સમાજકલ્યાણના સદ્કાર્યો સાર્વજનિક દવાખાનું અન્ય આર્થિક સહાય, મુંગા પશુઓની સારસંભાળ તથા ઘાસચારા અને ઘરઆંગણે ઉચ્ચ કેળવણી આપી શકાય માટે આર્ટ્સ અને કોમર્સ કોલેજની સ્થાપના અને વિકાસ માટે ભારે જહેમત ઉઠાવવી-તે ખરેખર પ્રશંસનીય છે.

પરમકૃપાળુ પરમાત્મા, આવા અનેક સેવાના કાર્યો કરવા, આપને સંપૂર્ણ તંદુરસ્તીભર્યુ દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

શ્રી રસિકલાલ ન્યાલચંદ દોશી તથા
અ. સૌ. ગુલાબબેન રસિકલાલ દોશી

હિંમતભાઇ અને રસિકભાઈ એટલે જાણે રામ લક્ષ્મણની જોડી.

પુરુષાર્થ પુરુષનો પણ લક્ષ્મી સ્ત્રીની. બન્નેના પગલે લક્ષ્મી અઢળક આવી પણ તેનો સદ્‌ઉપયોગ કરવામાં હંમેશ બન્નેએ પ્રોત્સાહન તથા પ્રેરણા આપી એટલું જ નહિ પણ સહયોગ આપ્યો.

રસિકભાઇએ પણ સંતોની વાણીને ગળથૂથીમાં ચૂંથી રાખી અને કમાણીમાં ભગવાનનો ભાગ રાખીને સંપત્તિનો સદ્‌ઉપયોગ વતનના વિકાસમાં, માનવતાના અને ધર્મ ઉત્થાનના અને જ્ઞાનપ્રચારના કામમાં કરીને બીજાને આદર્શ પૂરો પાડ્યો કે :—

મળી જે સંપત્તિ તમને
વાપરજે સત્ કાર્યમાં
નહિતર પછી પસ્તાવું પડશે
જ્યારે પૂણ્ય તમારું ખુટી જશે

ગં. સ્વ. સમરતબેન વ્રજલાલ મહેતા

લીલીયા મોટાનીવાસી સ્વ. વ્રજલાલ ડાહ્યાલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. સમરતબેન વ્રજલાલ મહેતા તે લીલીયા મોટાનીવાસી નગરશેઠ પાનાચંદ જાદવજી શેઠના પૌત્રી ઉ. વ. ૭૮ તા. ૪-૪-૭૮ ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયેલ છે.

સ્વર્ગસ્થ સ્વભાવે ધર્મનીષ્ઠ, માયાળુ સ્વભાવના, ભદ્રીક, કુટુંબ વાત્સલ્ય તેમજ આતિથ્યની ભાવના ધરાવતા હતા. તેઓ નીયમીત સામાયિક પ્રતીક્રમણ કરતા હતા. તેમજ તેમના જીવન દરમીયાન વર્ષીતપ વીગેરે નાની મોટી તપસ્યા કરેલ હતી.

ઈન્દુમતીબેન પાનાલાલ શાહ ખંભાતવાળા
હાલ દાદર

પરમ પૂજ્ય બા !

પુણ્યાનુ બંધી પુણ્ય ઉપાર્જન કરવા માટે તમોએ અમારામાં ધર્મના સંસ્કાર, સદાચાર, ચારિત્રનું ઘડતર કરી અમોને નિષ્કામ, નિ સ્વાર્થ ભાવે યથાશક્તિ ધર્મકાર્ય, સત્કાર્યો કરવાની જે પ્રેરણા આપી છે તેથી અમો સેવાના ક્ષેત્રે કે માનવતાના ક્ષેત્રે જે કાંઇ કરી શકીએ છીએ તે માટે અમે સૌ આપના જન્મો જન્મ ઋણી છીએ.

લી. આપનો આજ્ઞાંકિત પરિવાર
અકુલભાઇ – અ. સૌ. નલિની
હિમાંશુ – અ. સૌ. નૂતન
મૃદુલાબેન, અનસુયાબેન, જ્યોતિકાબેન

અ. સૌ. ધર્મીષ્ઠાબેન ચીનુભાઈ શાહ
ખંભાત

પરમ પૂજ્ય બા !

આપે અમારામાં દાન, દયા, ધર્મ, અનુકંપાના સુસંસ્કાર રેડી અમારું તથા સમગ્ર પરિવારનું જીવન સદાચાર રૂપી ખુશ્બોથી મહેંકતું બનાવી રહ્યા છો. આપની સાદાઈ સરળતાના ગુણો તથા ધર્મભાવના જોઈ અમને નવી પ્રેરણા મળે છે આપનું સ્વાસ્થ્ય સારું રહે અને આપ અમોને માર્ગદર્શન આપતા રહો એજ અંતરની શુભ ભાવના.

લી. આપનો આજ્ઞાંકિત પરિવાર
દિલીપકુમાર – અ. સૌ. કનકલત્તા
રવિન્દ્રકુમાર – અ સૌ. શોભના
હેમેન્દ્રકુમાર, રાજેન્દ્રકુમાર

સ્વ. માતુશ્રી અંજવાળીબેન પ્રાણલાલ ગોડા

સુસંસ્કારી, સદાચારી, ચારિત્રશીલ, માતુશ્રી આપે અમોને નાનપણમાંથી જ ધર્મ ભાવના, સત્ય, દયા, દાન, સરળતા, શુભનિષ્ઠા વિ. જે ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું છે. તેને અમો આચરણમાં મૂકી આપનું ઋણ અદા કરી જીવનમાં સંતોષ અનુભવિએ છીએ.

લી. આપનો ભવોભવનો ઋણી પરિવાર
અરવીંદભાઈ, લલીતભાઇ, મધુભાઈ

શાન્તીલાલ મોહનલાલ શાહ
પાંજરા પોળ, કોટન ચાલ,
રૂમ નં. ૪૮. ટે.નં.
અમદાવાદ-૧.

શુભેચ્છક :—

શ્રી ભાનુભાઇ ભણસાળી

તરફથી

શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ

કાંદાવાડીને

સપ્રેમ - સહાય

શ્રી રમણીકલાલ રેવચંદ શાહ ઘાનેરાવાળા અ. સૌ. મંજુલાબેન રમણીકલાલ

આપે અમારામાં દાન, દયા, ધર્મ અને અનુકંપાના સંસ્કાર રેડી અમારું જીવન સદાચાર રૂપી ખુશ્બોથી મ્હેંકતું બનાવી રહ્યા છો તે માટે અમે આપના ઋણી છીએ. આપ સાદાઇ, સરળતા તેમજ ધર્મમય જીવનથી સદાય આત્માને જાગૃત રાખો છો આપનામાં રહેલ દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેની અખુટ શ્રદ્ધાએ અમારા જીવનમાં સુસંસ્કારોનું સિચન કર્યું છે તે ઋણમાંથી મુકત થવા યતકિંચિત કુલ નહિને કુલની પાંખડી રૂપે આ જ્ઞાન પ્રચારમાં આપીને અમારું જીવન સદ્ભાગી બને છે.

લિ. આપનો પરિવાર

નવીન રમણીકલાલ શાહ અ. સૌ. જયોત્સના નવીનભાઈ શાહ
અરવિંદ રમણીકલાલ શાહ અ. સૌ. રંજન અરવિંદભાઈ શાહ
પરાગ, વિકી, રાહુલ, શ્વેતા, પીન્કી



સ્વર્ગસ્થ : સંવત ૨૦૩૮ મહાસુદ ૮ તા. ૧-૨-૮૨

ભૂલશો નહિ કદી મા-બાપને રે, એના અનંત છે ઉપકાર.
અડસઠ તીરથ ઘરના આંગણે રે, સેવા કરજો સદા અમાપ

પિતૃપ્રેમ એ સ્નેહની સરવાણી અને વાત્સલ્યનું વહેણ છે. જગતમાં બધુ મળશે પણ મા-બાપની જોડ મળવી મુશ્કેલ છે. એવા હે પિતાશ્રી! આપે અમારા જીવનમાં પરોપકારતા, કરૂણા અનુકંપા, માનવતા આદિ મહાન સદ્‌ગુણોના સંસ્કાર રેડીને આપે સારા કુટુંબને ગુણોની પરિમલથી મહેંકતું કર્યું છે. સાધુ-સંતોની સેવા એ તો આપના જીવનનો પ્રાણ હતો આપની સહનશકિત તથા ક્ષમા અજોડ હતી. આપ અમને આપના અખૂટ સંસ્કારનો અમૂલ્ય વારસો આપતા ગયા. આજે ધાર્મિક ક્ષેત્રમાં જે કંઇ પ્રગતિ કરી રહયા છીએ તે આપને આભારી છે. તે માટે અમે આપના ભવોભવના ઋણી છીએ.

લિ. આપનો પુત્ર

દામજીભાઈ તથા
પુત્ર નિકુંજકુમાર દામજીભાઈ
તથા આપનો સમગ્ર પરિવાર

જનતા ટિમ્બર એન્ડ હાર્ડવેઅર માર્ટ, ગીરગામ, મુંબઇ નં.-૪.

શ્રી કરશનભાઈ લધુભાઈ નીસર
S. E. M.

બારવ્રત ધારી શ્રાવક જેમનું નામ દાદર ધર્મસ્થાનકમાં જોડાયું છે. જેઓ અનેક ધાર્મિક સામાજીક શૈક્ષણિક. વૈધિક સંસ્થાઓમાં સક્રિયપણે સેવા આપી રહયા છે, દાદર સંઘના પ્રાણસમા અને મહાસંઘના આગેવાન કાર્યકર, પ્રગતિકારક વિચારો ધરાવનાર એક જાગૃત અને જૈન સમાજનાં ઉગતા સિતારા પ્રગટ કરતા અનેકગણું છુપુ દાન આપનાર દાતા, ૩૦ જેટલી સંસ્થાઓમાં જોડાયેલ, સ્ત્રી શિક્ષણના હિમાયતી આત્મ નિરિક્ષણ સાથે, નિખાલસપણું અને ખેલદિલીની સાથે વિનોદીપણું, માનવતાવાદી એવા લોકસેવકનાં સદ્‌ગુણો માટે ગૌરવ લઇએ છીએ.

હાલ તેઓ દાદર સંઘના પ્રમુખ છે, મહાસંઘ મુંબઇના મંત્રી, ટ્રસ્ટી તેમજ કોનફ્રન્સના મંત્રી, ટ્રસ્ટી છે.

ચીમનલાલ છોટાલાલ કાપડીયા ખંભાત સ્વ. અ. સૌ. કાન્તાબેન ચીમનલાલ કાપડીયા



જન્મ : તા. ૨૨–૫–૩૧ જેઠ સુદ ૭
મરણ : તા. ૨૧–૪–૮૫ વૈશાખ સુદ ૧

પરમ ઉપકારી પૂ. પિતાશ્રી! આપે કુટુંબના સુકાની બની અમારા જીવન બાગના માળી બની અમારામાં સંસ્કાર, સદાચાર, તપ, ત્યાગના સુમનો ખીલવીને અમારા જીવન બાગને સદ્‌ગુણરૂપી સૌરભથી મઘમઘતો બનાવ્યો છે. આપે નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે અમને ધર્મકાર્ય, સત્કાર્યો કરવાની પ્રેરણા ધાર્મિક ક્ષેત્રે આગળ વધારી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. એ ગુણોને અમારા જીવનમાં તાણાવાણાની જેમ વણીએ એ જ અંતરની અભ્યર્થના.

જનાર તો જતા રહ્યા, સદ્‌ગુણ એના સાંભળે હે માતુશ્રી! આપના જીવનમાં ધર્મના સંસ્કારો સાથે સ્વભાવની સરળતા અને નિખાલસતાનો સુંદર સુમેળ હતો. આપે અમારા જીવનમાં પરોપકારતા, કરૂણા, અનુકંપા, ઉદારતા, માનવતા આદિ મહાન સદ્‌ગુણોના સંસ્કાર રેડીને સારા કુટુંબને ગુણોની પરિમલથી મ્હેકતુ કર્યુ" છે. આપના હૈયામાં દયા અને દાનનો દીપક સદાય ઝળહળતો હતો આપે અમારા માટે ઘણું જ કર્યુ" છે, પણ ઋણ ચૂકવવાની તક આપ્યા વિના આપે ચીર વિદાય લીધી. જેમના નિરંતર શુભ આશીર્વાદ અમારા ઉપર વરસી રહ્યા છે તેવા અનહદ ઉપકારી વહાલા અમારા પૂ. માતુશ્રીના ચરણોમાં લાખ લાખ વંદન.

લિ. આપનો પરિવાર
રજની, કનક, શોભના, નૂતન બેલા.

સ્વ. શ્રી મોરારજી વિઠ્ઠલદાસ અજમેરા

અમારામાં સંસ્કાર, સદાચાર અને ચારિત્રનું સિંચન કરનાર પિતાશ્રી અમો આપના ઋણી છીએ.

અમારા કુટુંબના મુકાની બની અમારા કુટુંબમાં સત્ય, નિતિ અને સદાચારનું સીંચન કરી અમોને નિષ્કામ અને નિસ્વાર્થ ભાવે યથાશક્તિ ધર્મકાર્ય સત્કાર્ય કરવાની જે પ્રેરણા આપી તેથી અમો સેવાના ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે કે માનવતાના ક્ષેત્રે જે કંઇ કરી રહ્યા છીએ તે આપને જ આભારી છે.

લી. આપનો
સમસ્ત પરિવાર

પૂ. પિતાશ્રી રાજપાળ પરસોત્તમ શાહ

પૂ. માતુશ્રી ડાહીબેન રાજપાળ શાહ

ગામ મૂળી

અમારામાં સદાચાર અને ચારિત્રનું સિંચન
કરનારા એવા અમારા માતાપિતાના અમે
સદા ઋણી છીએ.

સમાજ સેવાના ક્ષેત્રે અમે જે કાંઇ કરી શકયા
છીએ તેની પાછળ તેઓની પ્રેરણા રહેલ છે.

લિ.

જયંતિલાલ રાજપાળ શાહ
અનુપચંદ રાજપાળ શાહ
પુનમચંદ રાજપાળ શાહ

"સંપત્તિ મલી સદ્‌ભાગ્યથી કરણી કરે સત્કાર્યની"
"એ સંપતિ હોય છે - પુન્યાનુ બંધી પુન્યની"

શ્રી પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી

અ. સૌ. કુસુમબેન પ્રીતમલાલ દફ્તરી

ભાઇશ્રી પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી કે જેઓએ આપ બળે આગળ વધીને શૂન્યમાંથી સર્જન કરેલ છે. આજથી ૨૦ વર્ષ પહેલાં જ્યારે ટેક્ષટાઇલ એકસસરીઝ સંપૂર્ણ પણે પરદેશથી આયાત થતી હતી ત્યારે તેઓશ્રીએ સાહસ કરી Heald & Reeds ભારતમાં બનાવીને ઝડપી પ્રગતિ કરી છે. દેશનું મહામુલુ હુંડીયામણ બચાવીને તેમને દેશની તેમજ કુટુંબની સેવા કરી છે. તેમના માતુશ્રીએ ભણુતર તથા ગણુતર આપીને તેમને સારા સંસ્કાર આપ્યા છે. અને એટલેજ આજે ભૌતીક સમૃધ્ધિ પામી લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી રહ્યા છે. ૧૯૭૫ માં પૂ શ્રી શારદાબાઇ મ. સ. નો વાલકેશ્વર ઉપાશ્રયમાં ભેટો થતાં વ્રત પચ્ચખાણ લઇ જીવનનુ જાગર કરી રહ્યા છે. મહાસતીજીનો ઉપકાર ભવોભવ ભૂલાય તેમ નથી. જૈનનાજ દેવ-ગુરૂ અને ધર્મ મળો તેવી તેમની શાસન દેવને હરહંમેશ પ્રાર્થના છે.

શ્રીમતી કુસુમબેન દફ્તરી ખુબજ માયાળુ અને લાગણીશીલ છે. શ્રી પ્રીતમભાઇના દરેક કાર્યમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપી રહ્યા છે. સદ્‌ભાવનાથી કુટુંબમાં બધાનો પ્રેમ સંપાદન કરી શકયા છે

લી. આપનો પરિવાર

સ્વ. હરીલાલ જશકરણ ઝવેરી

સરલતા સૌજન્યતા અને સેવાની મૂર્તિ સમા પૂ. સ્વ. પિતાશ્રી
આપે અમારા જીવનમાં જૈન ધર્મમાં સુસંસ્કાર રેડી જે
દેવ ગુરૂ ધર્મની શ્રદ્ધા જગાડી છે, અને અમને
સન્માર્ગે વાળ્યા છે તે માટે આપનો
અમારા ઉપર અસીમ ઉપકાર છે.

આપના પરમ ઉપકારમાંથી યત્કિંચિત ઋણમુક્ત
થવા આપના ચરણે કોટિશ નમન કરીએ છીએ.

અમે છીએ આપનો મહેકતો પરિવાર

શ્રી દલપતભાઈ હરિલાલ ઝવેરી
અ. સૌ. સુભદ્રાબેન દલપતભાઇ ઝવેરી

લાકડીયા નિવાસી પિતાશ્રી જેઠાભાઇ પેથાભાઈ ગડા
તથા અ. સૌ. માતુશ્રી લાખઇબેન જેઠાભાઈ ગડા

પરમ ઉપકારી પૂ. માતુશ્રી તથા પૂ. પિતાશ્રી આપ કુટુંબના સુકાની બની અમારા જીવનમાં સંસ્કાર સદાચાર તપ ત્યાગ દાન દયા તથા ધર્મભાવના આદિ સદ્‌ગુણોનું સિંચન કરો છો. આપનું જીવન સરળતા, ક્ષમા, નમ્રતા, સંતો પ્રત્યેની અપૂર્વ લાગણી, ધર્મ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા નિખાલસતા આદિ સદ્‌ગુણોથી શુશોભિત છે.

એજ લી. ભવોભવના ઋણી આપના આજ્ઞાંકિત પુત્રો
મોતીલાલ જેઠાલાલ ગડા
મગનભાઈ જેઠાભાઈ ગડા

સ્વ. રસીકલાલ હરીલાલ ઝવેરી (પાલનપુરવાળા)

જન્મ તારીખ : ૬-૪-૧૯૨૧ સ્વર્ગસ્થ : ૨૭-૯-૧૯૭૮ સંવત ૨૦૩૪ ભાદરવા વદ ૧૧ બુધવાર

મનોરમ્ય લીલાછમ ઉદ્યાનમાં ખીલેલા ગુલાબના ફુલ સારાયે ઉદ્યાનને સુગંધથી મઘ-મઘાયમાન બનાવી દે છે તેમ આપે ઝવેરી કુટુંબ રૂપી ઉદ્યાનમાં જન્મીને આખા કુટુંબમાં દાન, દયા, ક્ષમા, સરળતા, નમ્રતા, માતૃભક્તિ, સત્ય નીતિ, સદાચાર, વિનય, વિવેક, સંપ અને સમર્પણતા, આદિ અનેક ગુણ રૂપ પુષ્પોની પરિમલ પ્રસરાવી છે તેમજ માયાળુ સ્વભાવ, કુટુંબ અને ધર્મ પ્રત્યેની લાગણી આ બધા સંસ્કારોથી કુટુંબને અમૂલ્ય વારસો મળ્યો છે. ભલે આજે અમારા ઝવેરી કુટુંબમાં આપ દેહ રૂપે અમારી સમક્ષ નથી પણ આપના ગુણોની સુવાસ તો અમારા જીવનમાં મહેંકી રહી છે. આપે ઝવેરી કુટુંબના સુકાની બની અમારા જીવનબાગના માળી બનીને અમારામાં સંસ્કાર, સદાચાર તપ-ત્યાગ અને દાન-દયાના સુચનો ખીલવીને અમારા જીવન બાગને સદ્‌ગુણરૂપી સૌરભથી મઘમઘતો બનાવ્યો છે. આપે નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે અમને ધર્મકાર્ય સત્કાર્યો કરવાની પ્રેરણા આપી ધાર્મિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે તેમજ વહેપારના ક્ષેત્રે ખૂબ આગળ વધારી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપે આપેલા આ સંસ્કારના અમૂલ્ય વારસા બદલ અમે આપના ઋણી છીએ એ ગુણોને અમારા જીવનમાં તાણાવાણાની જેમ વણીને યત્કિંચિંત ઋણમાંથી મુક્ત થઇએ એ જ અંતરની આરઝુ.

એજ લિ. આપના ભવોભવના ઋણી

શ્રીમતી સુભદ્રા રસીકલાલ ઝવેરી

નરેન્દ્ર, ચંદ્રા, સતેન્દ્ર, ઈલા, મુકેશ, મીના, રાજેન્ત વિભા, માયા, બેલા.

શ્રી કોરસી હીરજી શાહના ધર્મપત્નિ

સ્વ. દેશરીબેન કોરસીભાઇ હીરજીભાઇ શાહ

પુરૂષાય' પુરૂષનો અને લક્ષ્મી સ્ત્રીની એ કહેવત પ્રમાણે દેશરીબાઇના પગલાંથી, કોરસીભાઇને લક્ષ્મી અને સંપત્તિ મળી જેનો સદ્‌ઉપયોગ સમાજ અને સહધર્મિઓના કલ્યાણ માટે કરવાની જેમણે પ્રેરણા આપી.

સ્વ. મોતીબેન ઠાકોરલાલ શાહ　　શા. ઠાકોરલાલ ગાડાભાઈ

જન્મસ્થળ : અંભાત સં. ૧૯૭૩　　જન્મસ્થળ : અંભાત સં. ૧૯૭૨
દેહવિલય સં ૨૦૩૯ ના ફાગણ સુદ ૧૫

દિક્ષા દિન બા. બ્ર. ઉર્વિંશાબાઇ મહાસતીજી સં. ૨૦૩૭ ના વૈશાખ સુદ ૫ તા. ૮-૫-૮૧

શ્રી શ્વે. સ્થા. જૈન અંભાત સંપ્રદાયના આચાર્ય ગચ્છાધીપતી મહાન વૈરાગી પુજ્ય કાંતીઋષીજી મહારાજ સાહેબ તથા ક્ષિતીજે સુર્યોદયના સૌહામણા તેજની જેમ ઝળહળતા મધુર વ્યાખ્યાતા બા. બ્ર. પુજ્યશ્રી શારદાબાઇ મહાસતીજીના શુશિષ્યા, તપશ્ચર્યાના તેજથી ઝળહળતા બા. બ્ર ઉર્વિંશાબાઇ મહાસતીજીના સંસારી પિતાશ્રી શા. ઠાકોરલાલ ગાડાભાઇ કાપડિયા તથા સંસારી માતુશ્રી સ્વ. મોતીબેનની સ્મૃતીમાં આપનો સરલ, ઉદાર અને સેવાભાવી સ્વભાવ નીતિમય અને પ્રમાણિક જીવન સમાજ પ્રત્યેની સેવાઓ, ઇશ્વર પ્રત્યેની અખુટ શ્રધ્ધા, ગરીબો પ્રત્યેની હમદર્દી, સાધુ સંતોનો સમાગમ અને સેવા આ બધાય આપના સદ્‌ગુણોને અમે અનુસરીયે એજ ઇશ્વર પ્રત્યે પ્રાર્થના આપનું અમારા ઉપરનું ઋણ હમો કદીયે વિસરી શકીયે તેમ નથી. આપનુ માર્ગદર્શન અમોને મળતુ રહે એજ અભ્યર્થના.

લિ. આપના સુપુત્રોના સંભાળણા
રજનીકાંત　　નરેશ
પુત્રવધુઓ : ધર્મિષ્ઠા　　પરેશા
પુત્રીઓ : પદ્મા, શારદા, કોકીલા
પૌત્ર : હેતુલ　　તેજસ
પૌત્રી : નિમિશા મિતા

વેલબાઈ જેશંગ તથા શ્રી વેલજીભાઇ જેશંગ

આપે અમારામાં દાન, દયા, તપ અને અનુકમ્પાના સંસ્કાર રેડી અમારૂ અને સમગ્ર પરિવારનું જીવન ખુશ્બોથી મહેકતુ કર્યું અને અમને સુખી જીવન જીવવાનો મંત્ર આપ્યો કે :-

સત્ કર્મ વગર સંપતિ વધતી નથી
સંયમ વગર સંપતિ ટકતી નથી
દાન વગર સંપતિ શોભતી નથી

લી.
આપનો પરિવાર

ગીરધરલાલ અમુલખ શાહ (ઢુવાવાળા)

(જન્મ સંવત ૧૯૬૪ પોષ સુદ ૧૫ તા. ૮-૧-૧૯૦૮)

હું ઢુવાથી વિદાય થતી વખતે મારી ઉંમર ૧૩ હતી તે વખતે ઢુવામાં ચોમાસુ પુ. મહારાજ શ્રી પોપટલાલજીનું હતુ. તેમણે મને માંગલીક કહી અને ધર્મ ઉપર શ્રધ્ધા ખાસ રાખશો, તે શ્રધ્ધા ઉપર સંપુર્ણ વિશ્વાસ રાખીને જાત મહેનતથી આગળ વધીને હાલ ૩૦ વરસથી શેર બજારનું કામ ચલાવી રહેલ છું.

કહેવત મુજબ વહેતા જળ નિર્મળા ભલા અને ધન દોલત દેતા ભલા આ ઉકાંત સાથે કરનાર જન્મગત ઉદાર શીલતાથી ચંચળ લક્ષ્મી અપરિગ્રહ ભાવનાથી મેળવી સદ્‌ઉપયોગ કરી સદાસર્વદા તત્પર સરળ સ્વભાવી શાહ સોદાગર અને માદરે વતન ઢુવા, સુરેન્દ્રનગર, અને મુંબઇ અને અન્ય સંસ્થાઓને હંમેશા મદદરૂપ થવા તત્પર છું.

લી.

ગીરધર બાપા.

સ્વ. સૌ. જસવંતીબેન ગીરધરલાલ વલાણી

ધાનેરાવાળા (હાલ મુંબઇ)

મમતાની મીઠી વીરડી સમા પૂ મા અમારાં જીવનમાં અપાર ઉપકાર છે. સુખ દુખના તડકાછાયા વેઠી આપે અમોને જીવન જીવવાની કળા આપી, અમારા અંતરઘટમાં સુસંસ્કારની વસંત વહાવી અમારા જીવનબાગને હર્યો ભર્યો સુવાસીત બનાવી વિકસાવ્યો છે, સાથ તમો પણ સાધુ સંતના સમાગમથી આત્મ ઉત્કર્ષના લક્ષે ધર્મમાર્ગે આગેકદમ બઢાવી દયા, દાન, સેવાને માર્ગે સંપત્તિનો સદ્‌ઉપયોગ કરી જીવનની વસંતને ખીલવી રહ્યા છો.

મા તારાં અથાગ ઉપકારનો બદલો અમોવાણી શકવા અસમર્થ છીએ.

તારા ઋણમાંથી યતકિંચિત મુકત થવા અમો વલાણી પરિવાર તવચરણે કોટિનમન કરીએ છીએ.

અમો છીએ આપનો વલાણી પરિવાર

શ્રી જેઠાલાલ નેમચંદ શાહ (ખંભાત) અ. સૌ. લીલાવંતીબેન જેઠાલાલ શાહ

અત્યંત હેતઆણી કરૂણા લાવી માતાતુલ્ય મેધાવી પૂજ્ય શારદાબાઈ મહાસતીજીના મુખારવિંદે
પ્રભુપ્રવચન પ્રસાદવારિધારે વાચન–પૃચ્છા–પુનરાવર્તન, ધર્મકથાના ચૌરંગી વૈજ્ઞાનિક
અભિગમથી વરસેલુ વીતરાગ વ્યાખ્યાન અમૃત ગ્રંથબદ્ધ કરવામાં ધર્મરાગી
વિશાળ જનસમુદાયમાં આ સુગમ સુરૂચિકર સુગ્રંથસ્ત શ્રી ઉપાસક દશાંગજી
સૂત્ર સિદ્ધાંતનો આનંદ શ્રાવકનો અધિકાર સુજ્ઞ વાંચકને બોધપ્રદ અને
રસપ્રદ થાઓ એ અભ્યર્થના.

લી.

દીપક જેઠાલાલ શાહ
અ. સૌ. ઈલા દીપકકુમાર શાહ
અ. સૌ. અંદ્રિકા વિનોદચંદ્ર શાહ

મહાન ઉપકારી માવિત્ર દાતાય નમઃ

પિતાશ્રી ચંપકલાલ ચિમનલાલ શાહ

માતુશ્રી ધનલક્ષ્મીબ્હેન ચંપકલાલ શાહ

"ધન દોલતના વારસા આપે સૌ માવિત્ર"
"સદ્‌ભાગી જે સાંપડે હરિ સંસ્કારો પવિત્ર"

આપે અમારા જીવનમાં ધર્મના સુસંસ્કારોનું જે સિંચન કરેલું છે એ આપનો મહાન ઉપકાર અમો જીવનભર કદી પણ નહિ ભુલીએ સૌરાષ્ટ્રમાં મુળી જેવા નાના ગામમાંથી પુરૂષાર્થ કરાન મુંબઇ જેવી મહાન નગરીમાં આપે વસવાટ કર્યો અમોને પણ સારી કેળવણી આપી પ્રેરણાના પિયુષ પાઇને અમારા જીવનનો સાચો વિકાસ કર્યો છે અને યોગ્ય પાત્ર શોધીને પરિણિત કર્યો છે. આપની છત્રછાયા અને વાત્સલ્ય ભાવ દીર્ઘકાળ ટકી રહે એજ પ્રભુને પ્રાર્થના.

આપના સંતાનો

નરેન્દ્રકુમાર ચંપકલાલ શાહ — અ. સૌ. જયશ્રી નરેન્દ્રકુમાર શાહ
વિરેન્દ્રકુમાર ચંપકલાલ શાહ — અ. સૌ. શ્રેયાં વિરેન્દ્રકુમાર શાહ

"આશીષ આપો આપ સરીખો ઉદારતાનો શ્રોત વહે"
"દાન પુન્યની ભલી ભાવના અમ અંતરગાં સદા રહે"

શુભેચ્છક :-

શ્રી ધાનેરા સ્થાનકવાસી જૈન સંઘ

ધા ને રા

જીલ્લો : બનારસકાંઠા

ઉ. ગુજરાત

સ્થા. જૈન સંઘના પ્રમુખ

શ્રી ગીરધરલાલ મંછાચંદ શાહ

વાડીલાલ મોહનલાલ શાહ (હારીજવાળા)

સ્વ. માતુશ્રી કાન્તાબેન વાડીલાલ શાહ

* સમર્પણ *

જેમણે અમો સૌને સમસ્ત પરિવારને નાનપણથીજ સ્નેહ વાત્સલ્ય પૂર્વક, ધર્મ સંસ્કારના અમૃત પાન કરાવ્યા.

જેમણે અમને સૌને આરાધના પ્રત્યે વાણી સર્વ દોષોથી મુકત થઇ સિધ્ધ થવાની કળા શિખવી.

જેમણે અન્નપુન્ને, પાણુપુન્ને, લયલપુન્ને, સયલપુન્ને, વન્યપુન્ને, મનપુન્ને, વચનપુન્ને, કાયપુન્ને અને નમસ્કાર પુન્નેના પાઠો, શ્રધ્ધા અને વિનયપૂર્વક આચરણમાં મુકવાની કળા શિખવી એવા મારા પૂ પિતાશ્રી તથા પૂ. માતુશ્રીને સહર્ષ સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

સમર્થક

શ્રી ચંદ્રકાંત વી. શાહ
અ. સૌ. શીલાબેન સી. શાહ
ચિતલકુમાર સી. શાહ
બેબી કૃતિ સી. શાહ
શ્રીપાળકુમાર સી. શાહ

સ્વ. જેકીશન મગનલાલ શાહ (નવસારીવાળા) સવીતાબેન જેકીશન શાહ



અમને ધર્મનો માર્ગ બતાવનાર અમારા તપસ્વી માતા પિતાને
કોટી કોટી વંદન

પુત્ર : જશવંતલાલ, શાંતીભાઇ,
પ્રતાપભાઈ તથા ભરતભાઈ

પુત્રી : ગં. સ્વ. રસવંતબેન
અ. સૌ. લીલાબેન
અ. સૌ. કુસુમબેન
અ. સૌ શુનંદાબેન

અ. સૌ. સમરતબેન નાગરદાસ લાખાણી (ચલાલાવાળા)

તેઓ આદર્શ ગૃહિણી છે તેનામાં કુંટબ વાત્સલ્યતા અને ત્યાગની ભાવના છે. સેવા સંસ્કાર અને સખાવતનો સુમેળ છે. તેઓ માયાળુ અને પ્રેમાળ સ્વભાવનાં સદાય હસમુખા ચહેરાવાળા છે. ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા છે.

ચાંપશી પુનશી છેડા

હરખુબેન ચાંપશી છેડા

(લાકડીયાવાળા) કચ્છ વાગડ

આપે કુટુંબના સુકાની બની અમારા જીવનબાગના માળી બનીને અમારા જીવનબાગમાં સંસ્કાર સદાચાર અને સંયમના સુત્રનો બીજવીને અમારા જીવનબાગને સદ્‌ગુણ રૂપી સુવાસથી મઘમઘતો બનાવ્યો છે.

આજે અમો સેવાના ક્ષેત્રે સામાજીક ક્ષેત્રે કે માનવતાના ક્ષેત્રે જે કાંઇ યત્‌ કિંચિત સેવા કરી રહ્યા છીએ તે પણ આપની પ્રેરણા તથા સંસ્કારનુજ બળ છે.

પૂ. સંત સતીજીઓના દર્શન કરી તેમના વ્યાખ્યાન વાણીનો લાભ લઇ રહ્યા છો, અને મળેલી લક્ષ્મીનો સદ્‌માર્ગે સદ્‌વ્યય આપ કરી રહ્યા છો, અમોને પણ તેજ માર્ગે દોરી રહ્યા છો, અને આજે અમારી થોડી ઘણી પણ પ્રગતિ દરેક ક્ષેત્રે થઈ છે તે આપના સંસ્કાર ને જ આભારી છે.

લી.

શુભેચ્છક :—

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ વાલકેશ્વર.

તરફથી

સપ્રેમ સહાય

સ્વ. પૂ. ચંદુલાલ લક્ષ્મીચંદ શાહ

આપના જીવનમાં સહાનુભુતિ અત્યતા સમતા અને અનુકંપાના સુસંસ્કારોની સુવાસ અમારા હૈયામાં પ્રસરી છે. આપના ધર્મ જપ જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ધગશ અને અનેરી શ્રદ્ધા પ્રગટી છે.

આજે અમો જે કંઇ છીએ તે આપને જ આભારી છે. આપની પ્રેરણાઓ અમે મુર્તિમંત બનાવીએ એજ અંતરની મહેચ્છા. પરમકૃપાળુ પરમાત્મા આપને પરમ શાંન્તી આપે એવી પ્રાર્થના.

લી.

રંજનબેન ચંદુલાલ શાહ અને પરીવાર

પુજનીય માતાપિતાને અમ વંદન હો !



શ્રી ખેમચંદભાઈ ઉજમચંદભાઇ મહેતા
દેહવિલય ૨૭-૪-૬૪
ઉમ્ર વર્ષ ૭૪

શ્રીમતી સુંદરબેન ખેમચંદભાઈ મહેતા
દેહવિલય ૫-૬-૮૨
ઉમ્ર વર્ષ ૬૦

આપે અમને ધર્મનો અમુલ્ય વારસો આપ્યો તથા નીતિમય જીવન જીવવા સંસ્કાર સિંચન કર્યુ".

આપ સરળ, સાદું, સ્વચ્છ, નિરાભિમાની જીવન જીવી ગયાં. સ્વજળે કુટુંબની રોનક વધારી.

આપનો વાત્સલ્ય ભાવ, સમાન ભાવ, સમતા ભાવ, લાગણીશીલ, સહનશીલ, શાંત અને સૌમ્ય સ્વભાવ નિરંતર યાદ કરીએ છીએ.

આપની નિર્દોષ, પ્રેમાળ અને કાર્યરત પ્રકૃતિ કદિ નહિ વિસરાય.

આપનાં

પ્રવીણ - સંયુકતા
કમળાબેન - સુશીલાબેન

પિતૃ દેવો ભવઃ

સ્વ. શ્રી આપુલાલ મોહનલાલ કાપડીયા (ખંભાતવાળા)

અમારામાં સંસ્કાર, સદાચાર અને ચારિત્રનું સિંચન કરનારા, અને આજે અમો
'જે કંઇ છીએ' તે આપના જ સીંચેલ ધર્મશ્રદ્ધા, સંતસતીઓની સેવા
અને ઉદાર દિલ, મુંગા પ્રાણીઓ પ્રત્યે દયા, કરૂણા જેવા ગુણોને
આભારી છીએ. સાહિત્યમાં ધાર્મિક અને સદ્વાચન પ્રત્યે
આપનો અનુરાગ અમને હજી પ્રેરણા આપે છે,
અને આપતા રહે એજ શાસનદેવને પ્રાર્થના.

લિ.
આપના સમસ્ત પરિવાર વતી
અંબાલાલ આપુલાલ કાપડીયા

શ્રી ખેરાજભાઇ હીરજી નીશર



જેઓનું જીવન પરોપકારમય હોવાની સાથે ધંધાની ઊંડી સૂઝ, ધાર્મિક કાર્યો માટે પોતાના અંતરમાં ખૂબજ કરુણાના ભાવો છે. અખૂટ લક્ષ્મી હોવા છતાં જેઓ હંમેશા નિસ્પૃહી રહ્યા છે. ધાર્મિક ભાવના ખૂબજપ્રસંશનીય છે. ઉદારતા, વિશાળતા. આદિ ગુણોથી અલંકૃતજીવન જીવી રહયા છે. આજે તેઓ અમારા સમસ્તપરિવારમાં પણ ધર્મના અનુપમ સંસ્કારોનું સીંચન કરે છે.

સ્વ. કેશવલાલ તલકચંદ શાહ



આપે અમને ધર્મનો અમુલ્ય વારસો આપ્યો તથા
નીતિમય જીવન જીવવા સંસ્કાર સિંચન કર્યું.

આપ સરળ, સાદું, સ્વચ્છ, નિરાભિમાની જીવન
જીવી ગયાં. સ્વર્ગે કુટુંબની રોનક વધારી.

આપનો વાત્સલ્ય ભાવ, સમાન ભાવ, સમતા ભાવ,
લાગણીશીલ, સહનશીલ, શાંત અને સૌમ્ય સ્વભાવ
નિરંતર યાદ કરીએ છીએ.

આપની નિર્દોષ, પ્રેમાળ અને કાર્યરત પ્રકૃતિ કાંઇ
નહિ વિસરાય.

લી. આપનો પરિવાર

શ્રી મહાવીરાય નમઃ

ફુલ ગયું અને ફોરમ રહી ગઈ

સ્વ. કુસુમબેન મનસુખલાલ તુરખીયા

જન્મ : સંવત ૧૯૮૮ શ્રાવણ સુદ ૧૫ સ્વર્ગવાસ : ૨૦૪૦ ફાગણ વદ-૧૨ તા. ૨૯-૩-૮૪

જેમણે મારા જીવનમાં દયા, દાન, તપ અને ત્યાગના ધર્મનું બીજ વાવી, મારા જીવનરૂપી ફુલવાડીને, ધર્મ સંસ્કાર રૂપી જળનું સિંચન કરી માનવતાના ગુણોરૂપી ખુશ્બોથી મહેકતો કર્યો તે પુણ્યાત્મા સ્વ. કુસુમબેનના આત્માને અંતરના ભાવભીના વંદન.

જેમ પારસમણીનો સ્પર્શ થતાં કથીર પણ કંચન બની જાય છે, તેમ જૈન શાસનના શણગાર પરમ પૂજ્ય બાળ બ્રહ્મચારી, વિદુષી, પ્રખર વકતા શ્રી શારદાબાઇ મહાસતીના સચોટ ઉપદેશથી જેમનો આત્મા જાગૃત થવાથી માસખમણ, આયંબીલ તપ, વરસીતપ, બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી આગાર ધર્મ અપનાવ્યો. ઉપદાન હતુ અને તેમાં ઉત્તમ નિમિત્ત મળતાં જેમ સાપ કાંચળી ઉતારે તેમ અસાર સંસારની માયા ઉતારી ધાર્મીકક્ષેત્રે પ્રવૃતી વધારી દીધી. દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધાથી જેમનું મૃત્યુ પણ ધન્ય બની ગયુ કેમકે કોઇપણ બીમારી વગર એકજ મીનીટમાં દેહરૂપી જીર્ણ વસ્ત્રને ફગાવી દીધું.

મનસુખલાલ ડુંગરશી તુરખીયા
પરિવાર, અને સ્નેહિઓ

પ્રખર વ્યાખ્યાતા, બાલ બ્રહ્મચારી, વિદુષી

"પૂ. શારદાબાઈ મહાસતીજીની જીવનરેખા"

"પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન

આ સૃષ્ટિના સૌંદર્યબાગમાં અનેક પુષ્પો ખીલે છે ને કરમાય છે પણ તે પુષ્પની કિંમત છે, તેની વિશેષતા છે કે જે પુષ્પ દૂર સુદૂર સુધી પોતાની સૌરભ પ્રસરાવી અનેક માનવીઓના મનને તાજગીથી ભરી દે છે અને હૃદયને પ્રફુલ્લિત બનાવે છે, તે પ્રમાણે આ વિશ્વમાં અનેક જીવો જન્મે છે પણ તે જીવનની કિંમત છે કે જેમનું સોહામણું વ્યક્તિત્વ સદાયે અનેક જીવોને જીવનનો નવો રાહ ચીંધે છે, સત્ય, અહિંસા, પ્રેમ, સદાચાર, ચારિત્ર જેવા ઉચ્ચતમ સંસ્કારોનો બગીચો જગત સમક્ષ ધરી તેનો અમૂલ્ય વારસો મુમુક્ષુ જીવોને આપવા એ પ્રચંડ પુરૂષાર્થ ખેડે છે, પ્રમાદની ઘેરી નિદ્રામાંથી જાગૃત કરી કર્તવ્યના પંથે દોરી જવા માર્ગદર્શન આપે છે અને જગતના જીવોને દિવ્ય જીવન જીવવાની કળાનો અપૂર્વ બોધપાઠ આપે છે. જે પોતાના જીવનની ઉજ્જવળતા સાથે બીજાના જીવનને પણ ઉજ્જવળ બનાવે છે. આવા એક શાસનરત્ના જેમનું નામ આજે દેશવિદેશમાં ગાજી રહ્યું છે, જેમણે જૈનશાસનમાં એક મહાન સાધ્વીરત્ન તરીકે રહીને પણ જૈનશાસનનો ડંકો દેશવિદેશમાં વગાડયો છે એવા છે બંભાત સંપ્રદાયના ગૌરવવંતી ગુજરાતની ભૂમિમાં જન્મેલા બમીરવંતા બંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા, અપ્રતિમ ઉદારતાની મૂર્તિ સમા, તપ, ત્યાગ અને સંયમ માર્ગના અઠંગ ઉપાસક, આર્જવતા અને માર્દવતાથી મુમુક્ષુઓના મન હરનાર બા. બ્ર વિદુષી પૂ. **શ્રી શારદાબાઇ મહાસતીજી.**

"સુમનોહર ભૂમિ સાણંદની, હેલી ચઢે જ્યાં સદા આનંદની,
મસ્તી માણવા નિજાનંદની, જન્મ્યા વિરલ વિભૂતિ શરદ ગુરૂણી."

પૂ. શારદાબાઈ મહાસતીજીનો જન્મ અમદાવાદ પાસે આવેલા સાણંદ શહેરમાં સં. ૧૯૮૧ ના માગસર વદ નોમ તા. ૧-૧-૧૯૨૪ ના રોજ થયો છે. ધન્ય છે તે ભૂમિને ! કોને બબર હતી કે સાણંદ શહેરમાં બીલેલું પુષ્પ તેના સદ્‌ગુણોની સૌરભ જગતના ખૂણે ખૂણે ફેલાવી આત્માનો અપૂર્વ આનંદ પ્રાપ્ત કરશે ! શાસનપ્રેમી, ધર્માનુરાગી પિતા વાડીભાઈ અને સદ્‌ગુણોથી શોભતા રત્નકુક્ષી માતા શકરીબેનને પણ ધન્ય છે કે જેમણે જૈનશાસનને ઉજ્જવળ કરનાર અને સંપ્રદાયની શાન વધારનાર, મહાન પ્રભાવશાળી એવા શારદાબેનના જીવનમાં એવા સુંદર સંસ્કારોના બીજની વાવણી કરી કે જે સંસ્કારો આજે મોટા વિશાળ વટવૃક્ષ રૂપે ફાલ્યા ફૂલ્યા અને તેની મ્હેંક આજે ચૌદિશામાં પ્રસરી રહી છે. બરેબર, જ્યારે શારદાબહેનનો જન્મ થયો ત્યારે શું બબર હતી કે આ નાનકડી બાળા ભવિષ્યમાં જૈનશાસનમાં ધર્મની ધુરાને વહન કરી માતાપિતાના નામને દુનિયામાં રોશન કરશે ! આ ગૌરવવંતી આદર્શ માતા શકરીબેને પાંચ પુત્રીઓ અને બે પુત્રોને જન્મ આપ્યો. તેમાં અત્યારે ચાર પુત્રીઓ અને બે પુત્રો

મોક્ષદ છે. આપણે તો અત્યારે મુખ્ય વાત જૈનશાસનની શાન બઢાવનાર, પ્રવજ્યાની પરિમલ પ્રસરાવનાર, રત્નત્રયીની રોશની રેલાવનાર, મહાન વિદુષી બા.બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીના તેજસ્વી જીવનનું આલેખન કરવું છે.

જેમનું જીવન સાકર જેવું મીઠું અને ગુણપુષ્પની સુવાસથી મઘમઘતું હતું એવા માતાપિતાએ પોતાની લાડીલી દીકરી શારદાબહેનને બાલ્યવયના પ્રાંગણમાં પગ મૂકતા સ્કૂલમાં ભણવા માટે મૂકયા. સાથે સાથે ધાર્મિક જ્ઞાન માટે જૈનશાળામાં મોકલતા. એક બાજુ સંસ્કારી માતાપિતાના સુસંસ્કારોનું સિંચન અને બીજી બાજુ પૂર્વના સંસ્કારોના કિરણો પુરૂષાર્થ દ્વારા પ્રકાશ પામતા ગયા. એ પ્રકાશે તેમના અંતર આભમાં એવા અજવાળા પાથર્યા કે બાલ્યવયમાં સ્કૂલમાં ભણવા છતાં, સખીઓ સાથે રમવા છતાં, ગરબા ગાવા છતાં તેમનું ચિત્ત કયાંય ચોંટતું ન હતું. દિલ કયાંય ઠરતું ન હતું. તે સમયે કોઈને કલ્પના પણ કયાંથી હોય કે આ સંસારથી વિરક્ત બાલિકાના હૃદય ઉદ્યાનમાં આધ્યાત્મિક જ્ઞાનનો અખૂટ બગીચો ભર્યો છે. તે પોતાના ભાવિ જીવનની સોનેરી ક્ષણ ક્ષણ આત્મસાધનાની મસ્તીમાં, પ્રવચન પ્રભાવનામાં અને જૈનશાસનની અજોડ સેવા કરવામાં સદુપયોગ કરવાના છે અને પોતાની ઉત્કૃષ્ટ પ્રજ્ઞાની તેજસ્વીતાથી જૈન જૈનેતર સમાજને દાન, દયા, શીલ, તપ અહિંસા, સત્ય, નીતિ, સદાચાર અને સદ્ગુણોના પાઠ પઢાવી શ્રેષ્ઠત્તમ જીવન જીવી પ્રેરણાના પાન કરાવવાના છે.

બાલ્યવયમાં પણ વૈરાગ્યસભર વિચારધારા : શારદાબેન જૈનશાળામાં અભ્યાસ કરવા જતાં ત્યાં મહાન વીર પુરૂષોની તથા ચંદનબાળા, રાજેમતી, મૃગાવતી, દમયંતી આદિ મહાન સતીઓની કથા સાંભળતાં તેમનું મન કોઈ અગમ્ય પ્રદેશમાં ખોવાઈ જતું અને મનમાં થતું કે શું આપણે પણ આ સતીઓ જેવું જીવન ન જીવી શકીએ ! આ વિચારને સખીઓ સમક્ષ રજૂ કરતા કહેતા કે હે સખીઓ ! આ સંસાર દુઃખોનો દાવાનળ છે અને સંયમ સુખનો સાગર છે. ચાલો, આપણે દીક્ષા લઈએ. આ ઉપરથી આપણે કહી શકીએ કે આવી શિશુવયમાં જેના વિચારો આટલા ઉત્તમ હોય તેનું ભાવિ જીવન કેવું ઉજ્જવળ બનશે ! શારદાબેનની વિચારધારા વૈરાગ્યરસથી ભરપૂર તો હતી. તેમાં તેમના વૈરાગ્યની જ્યોતને વધુ ને વધુ તેજસ્વી બનાવનાર એક પ્રસંગ બન્યો. તેમના મોટા બેન વિમળાબેન પ્રસૂતિ બાદ અચાનક નાની ઉંમરમાં સ્વર્ગવાસ થયાની અઘટિત ઘટના બની ગઈ. આ ઘટનાએ બાલકુમારી શારદાબેન ઉપર જીવનની ક્ષણિકતા અને સંસારની અસારતાએ ઘેરી અસર કરી. તેમના અંતરમાં ઝણઝણાટી પેદા થઈ કે શું જીવન આવું ક્ષણિક છે ? આવા ક્ષણિક જીવનમાં નશ્વરનો નેહ છોડી અવિનાશીની આરાધના કરવા માટે પ્રવજ્યા પંથે પ્રયાણ કરવું એ જ શ્રેયકર છે, એ જ હિતાવહ છે. આ પ્રસંગે શારદાબેનના જીવનમાં સંયમી જીવનનો આનંદ લૂંટવાની મસ્તી પેદા કરી, તેમનો વૈરાગ્ય વધુ દઢ બન્યો.

શારદાબેનના વૈરાગ્યસભર વિચાર, વાણી અને વર્તન પરથી માતાપિતાને લાગ્યું

કે અમારી વહાલસોયી લાડીલી દીકરી સંસારને ભડભડતો દાવાનળ માની આત્મિક આનંદની અનુભૂતિ કરવા મહાવીર મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી પાંસ મહાવ્રત રૂપી દિવ્ય અલંકારોથી સજ્જ બનવાના સોનેરી સોણલા સેવી રહી છે. વૈરાગ્ય ઝુલણે ઝુલતા સંયમના સુમધુર સ્વપ્ના સેવતા શારદાબેન જ્ઞાનધ્યાનમાં ખૂબ આગળ વધવા લાગ્યા.

રત્ન જેવા રત્નગુરૂદેવનો સમાગમ : જે આત્મા આધ્યાત્મ ભાવમાં રમતા હોય છે અને ઉચ્ચ ભાવનાઓ સેવતો હોય છે તેની ભાવનાને સાકાર બનાવવા માટે કોઈને કોઈ સહાયક મળી જાય છે. તે અનુસાર શારદાબહેનના દૃઢ વૈરાગ્યના હોંકચુંબકની આકર્ષાઈને ખંભાત સંપ્રદાયના ગચ્છાધિપતિ, કોહીનૂર રત્ન સમા તેજસ્વી, અધ્યાત્મ યોગી, મહાયશસ્વી બા. બ્ર. પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબનું સાણંદની પવિત્ર ભૂમિમાં પુનિત પદાર્પણ થયું. પૂ. ગુરૂદેવે કુમારી શારદાબેનને બોલાવીને કહ્યું–બહેન ! તારી સંયમની ભાવના ખૂબ શ્રેષ્ઠ અને બેસ્ટ છે પણ તને ખબર છે કે આત્મ કલ્યાણની કેડી કપરી છે. આટલી છોટી ઉંમરમાં માતાપિતાની શીતળ છાયા અને સંસારના રંગરાગ છોડી કષ્ટોના કંટકોથી ભરપૂર એવા સંયમ માર્ગને સ્વીકારવો એ સામાન્ય કામ નથી. આ સંયમ માર્ગના સંકટોનો તમે સહર્ષ સામનો કરી શકશો ? તમારા માતાપિતા તમને રજા આપશે ? ત્યારે શારદાબેને કહ્યું–ગુરૂદેવ ! મારી સંપૂર્ણ તૈયારી છે. આ વિષમય વિષમ સંસારમાં જ્યાં છકાય જીવોની હિંસાનું તાંડવ નૃત્ય કરી રહ્યું હોય, જ્યાં રાગ–દ્વેષની હોળી સતત જલ્યા કરતી હોય, જ્યાં પુણ્યને વેચીને પાપની કમાણી થતી હોય એવા સંસારમાં રહેવા જેવું શું છે ? માટે આ સંસારનો ત્યાગ કરી આત્મપ્રકાશ પામવા માટે સંયમ લેવાની મારી ઉત્કૃષ્ટ ભાવના છે. જુઓ ! શારદાબેનની ઉંમર નાની હોવા છતાં તેમના જવાબમાં કેટલો વૈરાગ્ય નીતરી રહ્યો છે !

ગુરૂદેવે ભાખેલું શારદાબેનનું ઉજ્જવળ ભાવિ : હજુ બાલ્યવયના પ્રાંગણમાં રમતી બાળાની સંયમ પંથે પ્રયાણ કરવાની કેટલી તીવ્ર ઉત્કંઠા છે ! તેનું અંતર સંયમના જીવનની મોજ માણવા ઝંખી રહ્યું છે જેથી હવે સંસારમાં વ્યતીત થતી ક્ષણો તો યુગો જેવી વસમી લાગે છે. પૂ. ગુરૂદેવને ખાત્રી થઈ કે આ કન્યારત્ન દીક્ષા લઈને જૈન શાસનને અજવાળશે, સંપ્રદાયની શાન વધારશે અને ખંભાત સંપ્રદાયમાં ભવિષ્યમાં એવો પ્રસંગ આવશે કે સંપ્રદાયનું સુકાન તે ચલાવશે અને શાસનને રોશન કરશે. એ ચાતુર્માસમાં વૈરાગી શારદાબેને પૂ. ગુરૂદેવની સાનિધ્યમાં ટૂંક સમયમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર અને થોકડા કંઠસ્થ કર્યા. તેમણે માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં ટ્રેઈનની મુસાફરી ન કરવી અને બસમાં અમદાવાદથી આગળ ન જવું તેવી મનથી દૃઢ પ્રતિજ્ઞા કરી. આ બતાવી આપે છે કે શારદાબહેનનો વૈરાગ્ય કેટલી ઉચ્ચ કોટીનો હશે !

વૈરાગ્યની કપરી કસોટીમાં પણ શારદાબેનની દૃઢતા : શારદાબેનના માતા-પિતાએ તેમના ભાઈઓ હીરાચંદભાઈ, સકરચંદભાઈ, ન્યાલચંદભાઈ, ખીમચંદભાઈ, ચીમનભાઈ, તેમના મામા નરસિંહભાઈ સંઘવી તેમજ કેશવલાલભાઈ આદિ બધાએ બહુ

શારદાને સમજાવવા ઘણાં પ્રયત્નો કર્યા અને ઘણી આકરી કસોટી કરી છતાં શારદાબેન પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. એકના બે ન થયા તેથી માતાપિતાને ઘણું દુઃખ થયું ને કહ્યું કે અમે અન્નજળનો ત્યાગ કરીશું પણ જેની રગેરગમાં વૈરાગ્યનો સ્રોત વહી રહ્યો છે, જેના ચિત્તડામાં ચારિત્રની ચટપટી લાગી છે ને સંસારરૂપી જ્વાળામુખીથી સુરક્ષિત રહેવા માટે જેમણે મેરૂ પર્વત જેવી અડોલ, અડગ દૃઢ શ્રદ્ધાને ધારણ કરી છે તે શું વૈરાગ્ય ભાવથી ચલિત થાય ખરા ? વિવિધ પ્રકારની આકરી કસોટી કર્યા બાદ તેમને ભાવનામાં અડગ, નિષ્કંપન જોઈને માતાપિતાએ કહ્યું કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા માટે રજા આપીશું, પરંતુ શારદાબેન તો ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં મક્કમ હતા. તેમણે કહ્યું કે સત્તર વર્ષના વિમળાબહેનના મૃત્યુને કોઇ રોકી શકયું નહિ તો મારી આ જિંદગીનો શો ભરોસો ? મારું મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે તેમાં પીછેહઠ થનાર નથી. અંતે શારદાબેનનો વિજય થયો ને માતાપિતાએ રાજીખુશીથી દીક્ષાની સંમતિ આપી.

ભાગ્યવાન શારદાબેન ભાગવતી દીક્ષાના પંથે : સંવત ૧૯૯૬ના વૈશાખ સુદ છઠ્ઠ તા. ૧૩-૫-૧૯૪૦ ને સોમવારે સાણંદમાં તેમના માતાપિતાના ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધૂમથી શારદાબેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. સાણંદ ગામમાં બાલકુમારી તરીકે આ પ્રથમ દીક્ષા શારદાબેનની થઈ તેથી આખું ગામ હર્ષના હિલોળે ચઢયું હતું. દીક્ષા વિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ, ગુરૂણી, પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા.સાથે સાણંદના બીજા બહેન જીવીબેન પણ તેમની સાથે દીક્ષિત થયા હતા અને તે પણ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા. જીવીબેનનું નામ પૂ. જશુબાઈ મહાસતીજી અને શારદાબેનનું નામ પૂ. શારદાબાઇ મહાસતીજી રાખવામાં આવ્યું. આ રીતે વૈરાગી વિજેતા બન્યા.

તેમના પૂ. પિતાશ્રી વાડીભાઈ અને માતુશ્રી સકરીબેન, ભાઇ શ્રી નટવરભાઇ તથા પ્રાણુલાલભાઇ, ભાભી અ. સૌ. નારંગીબેન અ. સૌ. ઇન્દીરાબેન, બહેનો અ.સૌ ગંગાબેન, અ. સૌ. શાન્તાબેન, અ. સૌ. હસુમતીબેન બધા ધર્મપ્રેમી છે અને સંસ્કારી છે. સાણંદમાં તેમને કાપડનો સારો વેપાર છે. શારદાબાઈ મહાસતીજીના સંસારી પિતા શ્રીયુત વાડીલાલ છગનલાલ શાહ સંવત ૨૦૨૧ ના વૈશાખ સુદ ૪ ને મંગળવાર તા. ૪-૫-૬૫ ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહેતું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો, પુત્રવધૂઓ અને પુત્રીઓ બધા મહાસતીજીની સાનિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે પૂ. મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપે.

આદર્શ માતાનું સમાધિમય મૃત્યુ : પૂ. શારદાબાઈ મહાસતીજી મુંબઇથી વિહાર કરી સંવત ૨૦૨૩ માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતાં કરતાં સં. ૨૦૨૫માં સાણંદ પધાર્યા. તે વખતે તેમના સંસારી માતુશ્રી સકરીબેનની તબિયત હાર્ટની ટ્રબલ

અને ડાયાબીટીશના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા ગજબ હતી. સકરીબેનના પુત્રો, પુત્રવધુઓએ તથા પુત્રીઓએ પ્રેમથી અને લાગણીથી તેમની જે સેવા કરી છે તે આજના સંતાનો ભાગ્યે કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે શકરીબેને કહ્યું કે મહાસતીજી ! આપ ભાવનગર ચાતુર્માસ પધારશો પછી હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના છેલ્લા દર્શન છે, ત્યારે મહાસતીજીએ કહ્યું–તમે આમ કેમ બોલો છો ? ત્યારે તેમણે કહ્યું, હવે આ નશ્વર દેહનો ભરોસો નથી માટે મને ધર્મારાધના કરાવો. પૂ. મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્રવાંચન સાંભળ્યું. ઘણા પચ્ચક્ખાણ લીધા અને પોતાની આત્મસાધનામાં જોડાવા લાગ્યા, પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. શકરીબેનની તબિયત વધુ બગડતા વી. એસ. હોસ્પિતાલમાં દાખલ કર્યા. ૧૦ દિવસો બાદ અષાડ સુદ ૧૧ના તબિયત વધુ બગડતા સાંજના પાંચ વાગે તેમણે કહ્યું કે મને સંથારો કરાવો. હવે મારી જીવનયાત્રા પૂર્ણ થાય છે આથી તેમનો પરિવાર વિચારમાં પડી ગયો ને બાજુના રૂમમાં દાખલ થયેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધ્વીજી મહારાજને બોલાવ્યા. તેમણે તરત સંથારો કરાવ્યો. બધા વ્રત પચ્ચક્ખાણ લીધા અને અડધા કલાક બાદ સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. ખરેખર જે માતાએ જૈનશાસનને આવું અણમોલું રત્ન અર્પણ કર્યું છે તે માતાના જીવનમાં ધર્મ ઓતપ્રોત હોય એ તો સહજ છે. તે તેમની અંતિમ ભાવના ઉપરથી જણાઈ આવે છે.

ગુરૂ ચરણ અને શરણમાં સમર્પણતા : આ વિરાટ સંસાર સાગરમાં જીવનનૈયાના કુશળ સુકાની માત્ર ગુરૂદેવ છે. તે પ્રમાણે પૂ. શારદાબાઈ મહાસતીજીએ પોતાની જીવનનૈયાને પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શરણે હંમેશને માટે તરતી મૂકી અને પોતાનું જીવન તેમની આજ્ઞામાં અર્પણ કરી દીધું. પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવ પાસે સંયમી જીવનની બધી કળા શીખી લીધી. છોટી ઉંમરમાં દીક્ષા લેવા છતાં સંયમ લઈને પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવની આજ્ઞામાં એવા સમાઈ ગયા કે પોતાના જીવનમાં કયારે પણ ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન તો શું પણ સામે દલીલ કે અપીલ પણ કરી નથી. ખરેખર મુક્તિનગરના પથિક બનનાર આત્માના ઉપવનમાં જ્યારે ગુરૂદેવની આજ્ઞા રૂપી સૂર્યલાઈટ પ્રકાશે છે ત્યારે તેમનું જીવન હજારો ટયુબલાઈટના પ્રકાશ કરતાં પણ વધુ પ્રકાશિત બને છે. તે આજે પણ આપ પ્રત્યક્ષ નિહાળી શકો છો. આ રીતે પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીની શીતળ છત્રછાયા–મેળવ્યા પછી પૂ. મહાસતીજીના ધાર્મિક અભ્યાસનો પુરૂષાર્થ ખૂબ પ્રબળ બન્યો અને ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું. સંસ્કૃત, પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો લાભ બીજાને આપતા અલ્પ સમયમાં પ્રતિભાશાળી અને પ્રખર વ્યાખ્યાતા તથા વિદુષી તરીકે પૂ. શારદાબાઈ મહાસતીજી ખ્યાતી પામ્યા, ખરેખર અંભાત સંપ્રદાયનું આ શાસનરત્ન પોતાના જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપની મઘમઘતી સુવાસથી સારા જૈનશાસનનું કોહીનૂર રત્ન બનીને પ્રકાશી રહ્યું છે.

જાદુઇ વીરવાણીની વીણા વગાડવાની અનોખી શક્તિ : પૂ. મહાસતીજી જ્યારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વતા નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રણકાર તેમના અંતરના ઊંડાણમાંથી આવે છે. ધર્મના તત્ત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થને એવી ગંભીર અને પ્રભાવક શૈલીમાં વિવિધ ન્યાય, દૃષ્ટાંત આપીને સમજાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય, ચિન્મય બની જાય છે અને અપૂર્વ શાંતિથી શારદા સુધાનું રસપાન કરે છે. તેમની વાણીમાં આત્માનો અંતરધ્વનિ આવે છે અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયા છે. સુષુપ્ત આત્માઓને ઢંઢોળીને સંયમ માર્ગે દોર્યા છે. તેમાં પૂ. મહાસતીજીના પ્રવચનોના પુસ્તકોએ તો લોકોમાં એવું જાદુ કર્યું છે કે જે પુસ્તકોનું વાંચન કરી જૈન જૈનેત્તર ઘણા ભાઈબેનોએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. કંઈક જીવોએ વ્યસનોનો ત્યાગ કર્યો. નાસ્તિકમાંથી આસ્તિક બન્યા, પાપીમાંથી પુનિત બન્યા ને ભોગીમાંથી ત્યાગી બન્યા. આવા તો કંઈક દાખલા છે, પણ અત્યારે લખવા માટે જગ્યા નથી. અરે ! વધુ શું લખું ! આ પુસ્તકો મીસાના કાયદામાં પકડાયેલા જૈન ભાઈઓ પાસે ગયા. તે પુસ્તકોનું વાંચન કરતાં તેઓ આર્તધ્યાન છોડીને ધર્મધ્યાનમાં જોડાવા લાગ્યા અને કર્મની ફિલોસોફી સમજતા શીખ્યા. પૂ. મહાસતીજીની અંતરવાણીનો નાદ તેમના દિલ સુધી પહોંચતા એક વખતની જેલ ધર્મસ્થાનક જેવી બની ગઈ, અને ત્યાં રહેલા ભાઈઓએ તપ ત્યાગની અને ધર્મારાધનાની મંગલ શરૂઆત કરી. ઘણાં ભાઈઓ મીસામાંથી મુક્ત થયા પછી પૂ. મહાસતીજી પાસે આવીને રડી પડયા ને કહેવા લાગ્યા કે મહાસતીજી ! આપના વ્યાખ્યાનો જે પુસ્તક રૂપે પ્રગટ થયા છે તે વાણીએ અમારા બળતાં દિલમાં શાંતિનું શીતળ જળ છાંટયું છે, પછી તેમણે ઘણાં વ્રત નિયમો અંગીકાર કર્યા. ટૂંકમાં પૂ. મહાસતીજીના બહાર પાડેલા વ્યાખ્યાનના પુસ્તકોએ માનવોનો કેટલો જીવનપલ્ટો કર્યો છે તે વાંચકો આ ઉપરથી વિચારી શકશો.

ગુણ ગુલાબથી મ્હેંકતો જીવન બાગ : પૂ. મહાસતીજીમાં માત્ર વિદ્વતા જ છે એમ નથી, સાથે તેમના જીવનમાં અનેક અજોડ મહાન ગુણો રહેલા છે. જે ગુણોનું વર્ણન કરવા આપણી શક્તિ નથી, છતાં તેમના જીવનમાં મુખ્ય ગુણો ગુરૂભક્તિ, સરળતા, નિરાભિમાનતા, નમ્રતા, લઘુતા, અપૂર્વ ક્ષમા, બીજા પ્રત્યે અપૂર્વ લાગણી, ગુણાનુરાગ, કરૂણા એ ગુણો તો જીવનમાં ઓતપ્રોત વણાઈ ગયા છે. તે ગુણોના પ્રભાવે જેમ ભ્રમર પુષ્પની સુગંધથી આકર્ષાય છે તેમ જગતના જીવો તેમની વાણી તથા ગુણોથી આકર્ષાઈને ધર્મના માર્ગે વળે છે, તેમજ પૂ. મહાસતીજીના અંતરમાં સતત એક મીઠું સંગીત ગુંજતું હોય છે કે સર્વ જીવો શાસનરસી કેમ બને." પ્રભુ મહાવીરના શાસનને પામેલા મારા વીરના સંતાનો વીરના માર્ગને પામ્યા વિના ન રહેવા જોઈએ. પૂ. મહાસતીજીની તબિયત ગમે તેવી નાદુરસ્ત હોય છતાં તેઓ પ્રવચનની પ્રભાવના કરવાનું તો કયારે પણ ચૂકતા નથી. અત્યાર સુધીના ૪૬ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. તેમના ઉપદેશથી અત્યાર સુધીમાં લગભગ એક હજાર આત્માઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ છે.

પૂ. મહાસતીજીના પ્રતિબોધથી ૩૪ બેનો વૈરાગ્ય પામીને તેમની પાસે દીક્ષા અંગીકાર

કરી તેમના સુશિષ્યાઓ થયેલ છે અને જૈનશાસનની અભિવૃદ્ધિ કરી રહેલ છે. જૈનશાસનમાં પૂ. મહાસતીજીએ એક જૈન સાધ્વી તરીકે રહી તેમણે પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને પૂ. ગુરૂદેવ શ્રી ગુલાબચંદ્રજી મહારાજ સાહેબના કાળધર્મ બાદ બંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે જે જૈનશાસનમાં વિરલ છે એટલું જ નહિ પણ બંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતીભાઇની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઇ છે. જે આજે મહાન વૈરાગી પૂ. ક્રાંતિઋષિજી મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આજે બંભાત સંપ્રદાયમાં પૂ. ક્રાંતિઋષિજી આદિ ઠાણા ૧૨ બિરાજમાન છે તેમાં પહેલા ચાર સંતોને દીક્ષાની પ્રેરણા આપનાર પૂ. વિદુષી મહાસતીજીની અદ્‌ભૂત વાણી છે.

પૂ. મહાસતીજી આ અગાઉ બે વખત તો મુંબઇ નગરીને પાવન કરી ચૂકયા છે. પૂ. મહાસતીજીની વાણી મુંબઈની જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઈ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઈની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી એટલે કાંદાવાડી આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ રહી હતી તેથી કાંદાવાડી મુંબઈ સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી છ વર્ષમાં પૂ. મહાસતીજીને આ ત્રીજી વાર મુંબઈ આવવાનું બન્યું અને જનતાના દિલ આનંદથી છલકાઈ ગયા. વાંચકો ! આપ આ ઉપરથી સમજી શકશો કે પૂ. શારદાબાઇ મહાસતીજીએ મુંબઈ નગરીની જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે !

સં. ૨૦૪૧ માં કાંદાવાડી શ્રી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજી કાંદાવાડી ચાતુર્માસ પધાર્યા. પૂ. મહાસતીજીના આત્મસ્પર્શી, ઓજસ્વી ને પ્રભાવશાળી પ્રવચનોથી જનતાના દિલમાં એવું અનોખું આકર્ષણ પેદા થયું કે ચાતુર્માસમાં વ્યાખ્યાન હોલ હંમેશા ચિક્કાર ભરાયેલો રહ્યો છે. પૂ. મહાસતીજીની દિવ્ય તેજસ્વી વાણીના પ્રભાવે પૂ. મહાસતીજી કાંદાવાડી ચાતુર્માસ પધાર્યા ત્યારથી તપનો એક ધારો પ્રવાહ વહી રહ્યો છે. કાંદાવાડી શ્રી સંઘમાં સોળ સોળ માસખમણ, બે સિદ્ધિતપ (ઉપવાસના) થયા. છ ઉપવાસથી લઈને ૩૧ ઉપવાસ સુધીની સંખ્યાનો આંક ૨૦૦ (બસો) ઉપર પહોંચ્યો હતો. શ્રી સંઘમાં દાન-શીલ-તપ-ભાવની ભરતી આવી હતી. આ ચાતુર્માસ શ્રી સંઘના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે તેવું સુંદર ભવ્ય ચાતુર્માસ થયું છે. આ બધો પ્રભાવ અને યશ પૂ. મહાસતીજીના ફાળે જાય છે.

વિશેષ આનંદની વાત એ છે કે આજ સુધીમાં પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો ઘણા બહાર પડયા છે. દશ દશ હજાર કોપીઓમાં બહાર પડવા છતાં તેમના એક પણ પુસ્તક આજે મળતા નથી. આ ઉપરથી વાંચકોને ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે. પૂ. મહાસતીજીના સંવત ૨૦૪૧ ના કાંદાવાડી ચાતુર્માસના વ્યાખ્યાનો "**શારદા શિરોમણિ**" નામથી ૧૨૦૦૦ (બારહજાર) નકલો પ્રકાશિત થતાં તેઓના વ્યાખ્યાનના પુસ્તકોમાં એક વધુ વ્યાખ્યાન સંગ્રહનો ઉમેરો થાય છે એ આપણા સમાજ માટે સદ્‌ભાગ્યનો વિષય છે. આ બધો પ્રભાવ પ્રખર વ્યાખ્યાતા બા-બ્ર-વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીનો છે. પૂ. મહાસતીજીના ચરણકમળમાં અમારા કોટી કોટી વંદન હો.

❁

શારદા શિરોમણિ

સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી ગુરવે નમઃ

સંવત ૨૦૪૧ના શ્રી કાંદાવાડી (મુંબઈ) સ્થા. જૈન સંઘના ઉપાશ્રયે ચાતુર્માસમાં આપેલા પ્રવચનો

અધિકાર : આનંદ શ્રાવક તથા પુણ્યસાર ચરિત્ર

અષાડ સુદ પૂનમ ને મંગળવાર — તા. ૨-૭-૮૫

વ્યાખ્યાન નં. ૧
વિષય : ભાવોની ભવ્યતા

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત અનંત ગુણોના સાગર, જ્ઞાનદિવાકર, સમતાના સુધાકર એવા કરૂણાસાગર ભગવાને ભવ્ય જીવોના શ્રેય માટે, હિત માટે, શ્રેયકારી, પાવનકારી, મંગલકારી શ્રુત-જ્ઞાનની ગંગા વહાવી. આ દ્વાદશાંગી વાણીમાં ૧૪ પૂર્વોનો સમાવેશ થઈ જાય છે. દ્વાદશાંગી અમાપ અને અગાધ જ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે. આત્માના પરમ ઐશ્વર્યને તથા તેજને પ્રગટાવવા માટે શાસ્ત્રો પરમ અવલંબનભૂત છે. શાસ્ત્ર એ મહાપુરુષોના, કેવળી ભગવંતોના વિચારોનો અક્ષયકોષ છે. સંસાર રૂપી રોગોનો નાશ કરવાવાળી તે એક ઔષધિ છે. સત્યના સૌંદર્યથી ભરેલી તે એક સ્ટીમર છે. યુવાનીમાં માર્ગદર્શક છે અને વૃદ્ધાવસ્થામાં આનંદદાયક છે. જડની દુનિયામાં અજબગજબનું પરિવર્તન લાવનાર આજે મહાન બુદ્ધિશાળી વ્યક્તિઓ મળી રહેશે પણ આધ્યાત્મિક દુનિયામાં અજબ ફેરફાર કરી હૃદયપલ્ટો કરાવનાર જો કોઈ શક્તિ હોય તો તે છે આગમ વચનની અલૌકિક શક્તિ.

આજનો અષાડ સુદ પૂનમનો મંગલકારી દિવસ છે. ચાતુર્માસનો મંગલ પ્રારંભ આજથી થાય છે. ચાતુર્માસ એટલે આત્મઘરમાં પ્રવેશ કરવાના દિવસો. ચાતુર્માસ એટલે જીવનપરિવર્તન માટેની તક તેમજ દરેક દૃષ્ટિએ આનંદ, પ્રફુલ્લિતા અને ઉત્સાહનું અમી સિંચન કરતી ધન્ય ઘડીઓ. ધર્મના બીજ રોપવાની સીઝન એટલે ચોમાસું. જૈનશાસનમાં ચાતુર્માસનું ખૂબ મહત્ત્વ છે. તારક તીર્થંકર ભગવંતોએ જૈન મુનિઓ માટે વિહારની આચારસંહિતા ગોઠવી છે. મુનિને નવકલ્પી વિહાર કરવાનું કહ્યું છે. શા માટે ? એક સ્થાને સ્થિર રહેવાથી અપ્રીતિ ઉત્પન્ન થાય. રાગ-મોહગ્રસ્ત થઈ જવાય. કયારેક રાગના પાપે ખતરા પણ સર્જાઈ જાય માટે આઠ મહિનામાં વિચરણ કરવાનું કહ્યું છે. ચાતુર્માસ કલ્પમાં ચાર મહિના એક સ્થળે રહેવાનું. આ દિવસોમાં જીવોની ઉત્પત્તિ ખૂબ થાય છે. જૈન સંત-સતીજીઓ આજે જ્યાં ચાતુર્માસ હશે ત્યાં સ્થિર થઈ જશે. ખાસ અહિંસાપાલન માટે ચાતુર્માસ કલ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ગૃહસ્થો માટે પણ ચાતુર્માસનો સમય ખૂબ લાભદાયક છે.

ચાતુર્માસમાં મુશળધાર વરસાદ વરસે છે ત્યારે ખેડૂતો ખૂબ આનંદભેર આળસ-પ્રમાદને દૂર ફેંકી દે છે. નવી ચેતના, ઉત્સાહ સાથે ખેતરમાં પહોંચી જાય છે. સતત પરિશ્રમ કરવામાં પરોવાઈ જાય છે. ખેડૂતને આ ચાર મહિના બહુ કિંમતી હોય છે. જો આ ચાર મહિના સખત મહેનત કરે તો આઠ મહિના એના સુખેથી પસાર થઈ શકે. વરસાદ વરસવા છતાં પ્રમાદને દૂર ન કરે, ખેતરમાં વાવણી-ન કરે ને કોઈ પાક ઉત્પન્ન ન થાય તો વાંક કોનો? ખેડૂતનો ને! ચાર મહિના બેકાર જાય તો આખું વર્ષ એના માટે બેકાર. ચાર મહિના નકામા કાઢે તો આખું વર્ષ નકામું. ખેતરને લીલુંછમ રાખવા માટે ખેડૂત બબરદાર થઈને રહે છે. આ રીતે જીવન પણ એક ખેતર છે. ધર્મના બીજ વાવવાનો સમય એટલે ચાતુર્માસ. સાધુ-સાધ્વીજીઓના ચાતુર્માસ મંગલ પ્રવેશ થતાં શ્રાવક-શ્રાવિકાઓના હૈયા થનગની ઊઠે છે. હૃદયરૂપી ક્ષેત્રમાં મંગલ ધર્મની સ્થાપના કરવા સંતો જિનવાણીનો વરસાદ વરસાવે છે. એ જિનવાણી રૂપી વરસાદ ફળદાયી કયારે નીવડે? શ્રાવકો એને બરાબર ઝીલે તો. તેનો સંપૂર્ણ લાભ ઉઠાવવા આળસ, પ્રમાદ, વિકથાઓનાં વાદળાંઓને વિખેરી નાંખવા પડશે. જો ધર્મના બીજ રોપવા હોય, જીવન રૂપી ખેતરને લીલુંછમ, હરિયાળું અને સુશોભનીય બનાવવું હોય તો ખૂબ સજાગ રહીને જાગૃત બનીને એ વાણીનો લાભ લેવો પડશે. ચોમાસાના ચાર મહિના જો જિનવાણીના શ્રવણ વિનાના, વ્રતનિયમ વિનાના જાય તો સમજવું કે આખું વર્ષ નકામું. આ ચાર મહિનાની કિંમત ન અંકાય તો આખું વર્ષ અકૂળ નીવડવાનું. ચોમાસામાં સંત-સતીજીઓ શાશ્વત ભાવસંપત્તિઓથી ધર્મોપદેશના હાટ માંડશે. આ શાશ્વત ભાવસંપત્તિમાં મુખ્ય દાન, શીયળ, તપ, ભાવનું આત્મ-ઉપદેશી જિનવાણી દ્વારા વેચાણ કરશે.

દેહના દર્દીને જેમ ડોકટર તપાસીને દર્દનું નિદાન કરી દવા આપે છે ત્યારે તે દર્દીને જો શાતાવેદનીયનો ઉદય થયો હોય તો તેનું દર્દ શમી જાય છે તેમ આત્માના દર્દીને ગુરુનો ઉપદેશ સાંભળવાથી તેના ભાવ દર્દ શમી જાય છે અને શાશ્વતા સુખોને પામે છે. આવી ભાવસંપત્તિને ગ્રહણ કરવા બાલ, યુવાન, પ્રૌઢ, વૃદ્ધ આદિ શ્રાવક-શ્રાવિકાઓ સહુ ઉત્સાહી બની પોતાની શક્તિ અનુસાર તન-મન-ધનથી દાન, શીયળ, તપ, સદાચારના ભાવો પ્રગટાવી લખલૂટ શાશ્વત ભાવસંપત્તિ ગ્રહણ કરી આત્મિક લાભ મેળવે છે. આવી મહાન શાશ્વતી સાચી ભાવસંપત્તિ લેશમાત્ર લય ન થાય, તેમાં ચોર-ડાકુનો ભય નહીં, અજંપો નહિ, કલેશ-ઝઘડા અંશ માત્ર નહીં, તંદુરસ્તી બગાડે નહિ, સરકારી ટેક્ષ લાગે નહિ, અને પરલોકમાં સાથે આવનારી આવી શાશ્વત ભાવસંપત્તિનો અખૂટ ખજાનો મેળવી આત્મિક લાભ મેળવવા માટે આ ચાતુર્માસના મંગલકારી દિવસો છે. ધર્મ આરાધનાથી સંવર અને નિર્જરા કરીને ભાવસંપત્તિ મેળવી આ ભવમાં એકાવતારી બનવાનો સુઅવસર મળ્યો છે. આ સુઅવસર પુદ્ગલાનંદમાં વેડફી નહીં નાંખતા આત્માનંદી બની ધર્મારાધના કરવા માટે ગુરૂ ભગવંતો ઉપદેશનો ધોધ વહાવે છે. આ અમૂલ્ય તક ચૂકયા તો પછી પસ્તાવો થશે.

આ મંગલકારી દિવસો ધર્મારાધના કરવા માટેની અમૂલ્ય તક છે. જિનેશ્વર ભગવાનના જૈનશાસનને આપણે પામ્યા છીએ. આ શાસનને પામીને આત્માના પ્રદેશે–પ્રદેશે આરાધનાનો આરાધક ભાવ લાવવાનો છે. આરાધક ભાવ શું કરે છે ? જીવને દુર્ગતિમાં જતા અટકાવે અને સદ્ગતિની પરંપરા ઊભી કરે. જ્યારે વિરાધક ભાવ આત્માની બરાબરીઓ ઊભી કરે છે, પરિણામે જીવને દુર્ગતિનાં બારણાં ખખડાવવાનો પ્રસંગ આવે છે. જીવનમાં આરાધક ભાવ જેટલો વધુને વધુ આવશે તેટલો કર્મનો ભાર ઓછો થશે અને નિર્જરા વધુ થશે. વિરાધક ભાવમાં કર્મનો ભાર વધતો જાય છે. એક ન્યાયથી સમજીએ. પાણીથી ભરેલું એક મોટું તપેલું છે. એ તપેલામાં કોઈએ એક નેપકીન નાંખ્યો. ૧૫ થી ૨૦ મિનિટ નેપકીન પાણીમાં રહ્યો પછી તેને બહાર કાઢ્યો. એ નેપકીન કોરો હતો, પાણીથી ભીંજાયો ન હતો ત્યારે હલકો હતો, પણ ૧૫–૨૦ મિનિટ પાણીમાં રહ્યા પછી બહાર કાઢયો તો એ વજનમાં થોડો ભારે થઈ ગયો. તે નેપકીન તપેલામાં નાંખીને તરત બહાર કાઢી લીધો હોત તો તે આટલો બધો ભારે ન થાત. તેના છેડેથી પાણી ટપકી રહ્યું હતું. નેપકીનના તાંતણે તાંતણે પાણી ભરાઈ ગયું હતું એટલે એ ભારે થઈ ગયો હતો. જો થોડી વાર રહ્યો હોત તો પાણી નેપકીનના તાંતણા સુધી ન પહોંચી શકત અને ભારે ન થઈ જાત.

આ તો સામાન્ય વાત છે. આ વાતથી જ્ઞાનીઓ આપણને સમજાવે છે કે પાણીના તપેલા સમાન જિનશાસન મળ્યું છે આપણો આ આત્મા નેપકીન સમાન છે. આ જિનશાસન રૂપ તપેલામાં આપણો આ આત્મા જેટલો સમય વધુ રહેશે અને એનાથી ભાવિત થશે તેટલા આત્મપ્રદેશ રૂપી તાંતણામાં તપ, ત્યાગ, સંયમ અને નિર્જરાના ભાવો વધુ થશે, પણ અનાદિકાળથી જીવ પાપની પ્રવૃત્તિઓમાં ગળાડૂબ ખૂંચેલો રહ્યો છે, તેથી આપણા જીવનની બધી પળો એ પાપમય પ્રવૃત્તિઓથી ખરડાઈ રહી છે, એટલે જીવ કર્મના ભારથી ભારે બની ગયો છે. અનાદિકાળથી જીવનો આ અભ્યાસ છે. તેના માટે મહેનત કરવી પડતી નથી. એ પાપ–પ્રવૃત્તિઓથી આત્માની ભારે બરાબી થઈ છે. તેના કારણે દુર્ગતિઓનાં જલીમ દુઃખો વેઠ્યાં છે. અશુભ કર્મોના ઢગેઢગ આત્મા પર ખડકાયા છે. આ બધું વિરાધનાથી વિરાધક થયેલા જીવનના કારણે બન્યું છે. એ વિરાધનાઓથી વીંટળાયેલા જીવનનું પરિવર્તન કરવા માટે આ આરાધનાના દિવસો આવ્યા છે. નેપકીનના તાંતણે તાંતણે પાણી પહોંચી ગયું તેમ આત્માના પ્રદેશે પ્રદેશે જો આરાધના ભાવને પહોંચાડી દઈએ તો દુર્ગતિ અટકે અને સદ્ગતિની પ્રાપ્તિ થાય. અનાદિકાળથી આ ઊંધા રાહે ચાલેલા જીવને રાહ બદલવો મુશ્કેલ છે છતાં શક્ય તો જરૂર છે. કંઈક આત્માઓ આ વિનાશક રસ્તેથી પાછા વળ્યા અને જીવનને આરાધનાના અદ્ભુત રાહે લઈ ગયા તો અદ્ભુત સાધના સાધી ગયા. આરાધના કરવા માટે ભગવાને દાન, શીયળ, તપ, ભાવ આદિ અનેક માર્ગો બતાવ્યા છે. એ માર્ગની તાકાત કાંઈ કમ ન સમજતા. હવે આ ભવમાં વિરાધનાથી, પાપમય પ્રવૃત્તિઓથી આત્માને મુક્ત કરવા

અડીખમ પુરૂષાર્થ કરવાનો છે. જો શુભ ધર્મમય પ્રવૃત્તિઓમાં આત્માને જોડીશું તો આત્મા આરાધના ભાવથી તરબોળ બની જશે. એના આત્મ પ્રદેશે પ્રદેશે નિર્જરાનું પાણી ભરાઈ જશે, માટે પાણીના તપેલા સમાન જયવંતુ જિનશાસન મળ્યું છે, એમાં નેપકીન સમાન આત્માને બોળી દઈએ તો સાચી આરાધના કરી કહેવાય. જીવને આ બધું રૂચે કયારે ? ગમે કયારે ? પાપની ભીતિ જાગે ત્યારે. પાપનો ડર લાગે ત્યારે. જેને પાપની ભીતિ લાગે એને આત્માની પ્રીતિ જાગે. જેને ભવની ભીતિ નથી ને આત્માની પ્રીતિ નથી તેના અંતરમાં હજુ આરાધનાનો રણકાર થયો નથી.

આ બધું સમજવા માટે જ્ઞાનીઓએ એક શબ્દ આપ્યો કે "**ભાવ તૂટ્યા**". આ શબ્દને ઊંડાણથી સમજવો છે. આ શબ્દના ગહન ભાવ સહેલાઈથી સમજાય માટે એક ન્યાયથી સમજીએ, જેથી બધાના મગજમાં એ વાત ઠસી જાય. એક માણસ મધ્યમ સુખી હતો, પણ વેપારીની લાઈનમાં આવે તેવો હતો. તે ભલે સંપત્તિમાન નહોતો પણ તેની બુદ્ધિ એવી તીવ્ર હતી કે ભલભલાને પાણી પીવડાવે. વેપારમાં પણ ખૂબ કાબેલ. એક વાર એ ભાઈ બજારમાંથી જઈ રહ્યા છે. તેની આગળ બે વેપારીઓ ધંધાની વાતો કરતા ચાલતા હતા. બે સંતો ભેગા થાય તો આત્માની વાતો કરે. તમે સાથે ચાલતા હો ત્યારે વેપારધંધાની વાતો કરો. બે બહેનો સાથે ચાલતી હોય ત્યારે આ સાડી કયાંથી લાવ્યા ? દાગીનો કયાં ઘડાવ્યો ? એ વાતો કરે. જેને જેનો રસ હોય તે વાતો કરે.

બંને વેપારી રસ્તામાં વાતો કરે છે કે હમણાં કપાસના ભાવ ખૂબ વધશે એવું લાગે છે. આ બંનેની પાછળ પેલો વેપારી હતો. તેણે આ વેપારીઓ જે વાત કરતા હતા તે સાંભળી. તેના મનમાં થયું કે આ બંને વેપારીઓ ખૂબ હોંશિયાર છે. તેઓ જે વાત કરે છે તે બરાબર હશે એમ સમજીને તેણે સાંભળવા કાન વધુ લંબાવ્યા. આ બંને તો વાત કરતા જાય છે ને પેલો વેપારી સાંભળે છે. તે વેપારી વાત સાંભળીને ઘેર જાય છે. ઘેર જઈને પોતાની પાસે જે મૂડી હતી તેમાંથી પોણા ભાગ જેટલી મૂડી લઈને નીકળ્યો ને ગયો બજારમાં કપાસ ખરીદવા. ગામમાંથી જેટલો મળે તેટલો કપાસ ખરીદવા માંડ્યો ને ગોડાઉન ભરી દીધાં. બધા લોકોને થયું કે આ ભાઈને તો કપાસનો ધંધો નથી ને એકાએક આટલો બધો કપાસ ખરીદે છે માટે કંઈક લાગે છે. પોતાની પોણા ભાગ ઉપરની મૂડી ખર્ચી નાખી. બીજા લોકોના મનમાં થયું આટલો બધો કપાસ શા માટે લેતો હશે ! ઘણી વાર વગર કારણે બીજા માણસો ચિંતા કરે છે. કપાસ લેનારે લીધો, રોકનારે પૈસા રોકયા, બીજાને ચિંતા કરવાની શી જરૂર !

કુદરતે તેનો પુણ્યોદય જાગ્યો. તેનું ભાગ્ય તેની તરફેણમાં આવ્યું. અઠવાડિયામાં એણે સાંભળેલી વાત સાચી પડી. અઠવાડિયામાં બજાર ભારે ઊંચકાયો. કપાસના ભાવો વધવા લાગ્યા. તે વેપારી ખૂબ ખુશી થયો. તે હરખાવા લાગ્યો કે પેલા વેપારીઓની

વાત સાચી પડી. તેણે રૂ. ૧૦૦ ના ભાવે માલનો સોદો કરેલો છે તેમાં ભાવ એકધારા વધવા લાગ્યા. ૧૦૦ રૂા. ના ૧૫૦ થયા, ૨૦૦ થયા. છેલ્લે ૧૦૦૦ રૂા થયા. તે વેપારીના મિત્રો, સગાંવહાલાં કહેવા લાગ્યા. ભાઈ! હવે તું માલનું વેચાણ કરી દે. તેં જે ભાવે લીધો છે તેના કરતાં દશગણા ભાવ વધ્યા છે. હવે માલ ફાઢી નાંખ. ના ... ના ... હજુ તો ભાવો વધુ ઊંચકાશે. વાણિયો લોભમાં લપટાયો. જેમ લાભ મળતો જાય તેમ લોભ વધતો જાય છે. તમારો દાખલો લો. તમે વેપાર કરો છો. તેમાં જો ભાવ વધતા જાય તો શું કરો ? (શ્રોતા–બીજો નવો માલ ભરી દઈએ.) આજે ચોમાસી પાખીનો દિવસ છે. અમે કહીએ શ્રાવકજી ! આજે ઉપવાસ કરો તો કહેશો કે મારાથી ન થાય, પણ જો ધંધામાં લાભ થતો હોય તો ભૂખ ભૂલી જાવ ને ! આ કપાસના ભાવ વધતા હોવાથી તે વેપારી તાનમાં આવી ગયો, અને હજુ પણ વધશે તે આશામાં માલ કાઢતો નથી.

એક વખતનો મધ્યમ કક્ષાનો ગણાતો વેપારી શ્રીમંત ગણાવા લાગ્યો. કરોડ-પતિમાં એની ગણના થવા લાગી. બધા કરોડપતિ શેઠ કહીને બોલાવવા લાગ્યા. ચાર જણામાં તેમના ભાવ પૂછાવા લાગ્યા. લોકો તેમને માન–સન્માન દેવા લાગ્યા. બધે આવકાર મળવા લાગ્યો. કપાસના વધી ગયેલા ભાવે આ વેપારીનું ભાગ્ય પલટી નાંખ્યું. હવે એની ગણતરી વાણિયામાં નહિ પણ કરોડપતિ શેઠમાં થવા લાગી.

મસ્કાનો છે મહિમા મોટા, લગાડતા રહેવાનું,
પૈસા હોય તો મગનાને પણ મગનલાલ કહેવાનું.
ફિલમ ઉતારી જાણે તે તો બીજાના કામ કઢાવે,
બાકી જે સતવાદી થાય તેની કોડીની કિંમત થાયે. અરે વાહ વાહ.

કવિઓ પણ બોલે છે અરે વાહ વાહ દુનિયાદારી, તારી કેવી છે બલિહારી. ધન વધે તો ગાંડા માણસને પણ ગાંડાલાલભાઈ કહેવાના. કદાચ બુદ્ધિનો ઓછો હોય તો પણ કહેશો કે ગાંડાભાઈ ! આગળ આવો. "**નાણાં વિનાનો નાથીયો, નાણે નાથાલાલ**" નાણાં ન હોય તો નાથીયો કહે અને નાણાં વધે એટલે કહો નાથાલાલભાઈ ! આજે દુનિયામાં બધે ધનની પૂજા થાય છે, ગુણની પૂજા થતી નથી. આ શેઠના તો બહુ માન વધ્યા. લોકો કરોડપતિ કહીને બોલાવવા લાગ્યા. શેઠ તો ખૂબ હરખાય છે. મેં મારી મૂડીનો માલ લીધો તે સારું થયું. હજુ શેઠને સંતોષ થતો નથી. લોભ વધતો જાય છે. ૨૦ ગણા ભાવ વધ્યા છતાં હજુ ભાવ વધશે એ ગણતરીથી શેઠે કપાસ રાખી મૂકયો ને વેચ્યો નહિ. કોઈ પણ વસ્તુ માપમાં સારી. અતિ સારું નહિ. તમને તમારું શર્ટ કે બમીસ માપસર અને બરાબર ફીટીંગ હોય તેવું ગમે છે. જો નાનું હોય તો સારું ન લાગે અને મોટું હોય તો ગાંડા જેવું લાગે. દરજીને પણ કહો કે હું સારો દેખાઉં તેવું કપડાનું ફીટીંગ કરજો. પહેરવાના બૂટ જો નાના હોય તો ડંખ પાડે અને મોટા હોય તો ચાલતા પાડી નાંખે. આ રીતે પરિગ્રહનું પણ માપ રાખો. અતિ પરિગ્રહ તમને

પાડયા વગર નહિ રહે. પરિગ્રહ મેળવતાં પાપ, ભોગવતાં પાપ અને છોડતા ન આવડે તો પણ પાપ. અતિ લોભ વિનાશને નોતરે છે.

રૂના ભાવ વધ્યા તો શેઠના પણ ભાવ વધવા લાગ્યા. એમના મૂલ્ય થયા, છતાં હજુ ભાવ વધશે એ આશામાં શેઠે કપાસ રાખી મૂકયો. એક દિવસ શેઠ ગોથું ખાઈ ગયા. એમનું નસીબ વાંકું પડયું. પાપનો જોરદાર ઉદય થયો. એ દિવસે પેપરમાં આવ્યું કે કપાસના ભાવ ઘટયા. એ હજારના સીધા ૧૨૦૦ થયા. એક હજાર, ૯૦૦, ૭૦૦ અને ૫૦૦ થયા. આટલા બધા ભાવ ઘટયા છતાં શેઠે કપાસ વેચવા ન કાઢયો. તેમને આશા હતી કે આજે બેસી ગયેલા ભાવો ફરી વાર ટૂંક સમયમાં ઊંચકાશે, પણ શેઠની એ આશા ઠગારી નીવડી કપાસના ભાવ વધવાની તો વાત બાજુમાં રહી પણ ભાવ તો એથીય વધુ તૂટવા લાગ્યા. ૫૦૦, ૪૦૦, ૨૫૦, ૧૫૦ થતાં છેક ૫૦ રૂ. સુધી આવી ગયા. આપણે શરૂઆતમાં કહ્યું હતું કે "ભાવ તૂટયા" એ શબ્દને સમજવો છે. અહીં શું થયું ? કપાસના ભાવ તૂટયા એટલે હવે શેઠના ભાવ પણ તૂટયા. કપાસના ભાવ વધ્યા ત્યારે બધા એમને આવો શેઠ સાહેબ ! એમ કહીને બોલાવતા હતા, અરે ! તેમની ગણના કરોડપતિમાં થતી તે શેઠ આજે દેવાદાર બન્યા. કરજદાર બન્યા. એક વખતના કરોડપતિ ગણાતા શેઠની ગણના હવે ગરીબમાં થવા લાગી ને લોકો તેને મૂર્ખ અને બેવકૂફ કહેવા લાગ્યા. કપાસના ભાવ તૂટયા તો શેઠના મૂલ્ય ઘટયા. હવે કોઈ તેમના સામું જોવા પણ તૈયાર નથી. કપાસ તો એનો એ જ હતો. જેટલો હતો તેટલો જ હતો. વખાર એની એ હતી. શેઠ પણ એના એ જ હતા, છતાં પહેલાં શેઠ કરોડપતિ ગણાતા હતા અને હવે શેઠની ગણના ગરીબમાં થવા લાગી. માન સન્માનને બદલે એમનો તિરસ્કાર થવા લાગ્યો એનું શું કારણ ? કપાસના ભાવ તૂટયા. કપાસનો સ્ટોક એટલો ને એટલો હોવા છતાં ભાવ તૂટવાને કારણે કરોડપતિ રોડપતિ બની ગયા.

આ તો તમારા વેપારની વાત થઈ. વેપાર સાથે આપણે નિસ્બત નથી. આ વાત આપણા આત્મા સાથે ઘટાવવી છે. શાસ્ત્રમાં વાત આવે છે કે ઇરિયાવહિયાની મંગલ ક્રિયા દ્વારા આત્માનું કામ કાઢી ગયા, એ કોણ ? ખબર છે ? અતિમુક્ત મુનિ. રૂના ભાવ વધ્યા તો શેઠના માન સન્માન વધ્યા. રૂના ભાવ તૂટયા તો ભિખારી જેવા થઈ ગયા. આ ન્યાયથી જ્ઞાની સમજાવે છે. અતિમુક્ત નાનો બાલુડો હતો. ગેડીદડે બાળકો સાથે રમતો હતો. એ સમયે ગૌતમસ્વામી ગૌચરી માટે નીકળેલા. ગૌતમસ્વામીએ દીક્ષા લીધી ત્યારે પચ્ચક્ખાણ કર્યા હતા કે મારે જાવજીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા. આજે છઠ્ઠના પારણાનો દિવસ હતો. પહેલા પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન કરી ત્રીજા પ્રહરે ગૌચરી માટે નીકળ્યા. ગૌતમસ્વામી ગૌચરી કરતાં એક ઘરમાંથી નીકળે છે ને બીજા ઘરમાં જાય છે. ગેડીદડે રમતો આ નાનો બાલુડો તેના સાથીઓને પૂછે છે આ કોણ છે ? છોકરાઓ કહે આ જૈનના સાધુ છે. ભગવાન ગૌતમસ્વામી છે.

ભગવાન મહાવીર સ્વામીના પટ્ટશિષ્ય છે. તેઓ આ શું કરે છે? એક ઘરમાંથી નીકળે છે ને બીજા ઘરમાં જાય છે! **"મહુકાર સમા બુદ્ધા"** સાધુ શું કરે? એક ઘરની ગોચરી ન લે. તે ઘરઘરમાં ગોચરી જાય છે.

નાનો બાલુડો ગૌતમ સ્વામીને ગોચરી કરતાં જોઈને તેમની પાસે ગયો. જઈને પૂછે છે હે ભદન્ત! આપ કોણ છો અને શા માટે ફરી રહ્યા છો? અતિમુક્તનો આ જાતનો પ્રશ્ન સાંભળી ગૌતમ સ્વામીએ કહ્યું–હે દેવાનુપ્રિય! હું શ્રમણ નિર્ગ્રંથ છું. અમે લોકો પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત એવા ગુપ્ત બ્રહ્મચારી છીએ. અમે ગોચરીને માટે ઉચ્ચ, નીચ અને મધ્યમ કુળોમાં જઈએ છીએ. આ સાંભળીને બાલુડો કહે ભગવાન! તો આપ મારા ઘેર પધારોને! હું પણ આપને ભિક્ષા આપીશ. એમ કહીને ગૌતમ સ્વામીની આંગળી પકડી લીધી. અતિમુક્તની માતા શ્રીદેવી જોઈ રહી છે કે મારો પુત્ર ગૌતમ સ્વામીની આંગળી પકડીને આવી રહ્યો છે. એ જોઈને તે ખૂબ હરખાઈ ગઈ. હું બડી ભાગ્યવાન છું, પુણ્યવાન છું કે મારા દીકરાને દેવ, ગુરૂ, ધર્મ ગમે છે. ગૌતમસ્વામી શ્રીદેવીના મહેલમાં આવ્યા, ત્યારે તેણે ખૂબ હૃષ્ટતુષ્ટ થઈને ગૌતમ સ્વામીને ત્રણ વાર વિધિ સહિત વંદન કર્યા, પછી ખૂબ ઉત્કૃષ્ટ ભાવથી આહારપાણી વહોરાવ્યા. ગૌતમ સ્વામી ગોચરી વહોરી પાછા વળ્યા, ત્યારે રાણી મહેલના દરવાજા સુધી ગયાં અને અતિમુક્ત કુમાર ગૌતમ સ્વામીની સાથે ચાલ્યા. ચાલતાં ચાલતાં પૂછે છે હે ભગવાન! આપ કયાં રહો છો? ગૌતમ સ્વામીએ કહ્યું–મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુ આ નગરની બહાર ઉદ્યાનમાં બિરાજે છે. તેઓ તપ, સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરે છે. હું ત્યાં તેમની પાસે રહું છું. ભગવંત! હું પણ આપની સાથે ભગવાનનાં દર્શન કરવા માટે આવું છું. અતિમુક્ત ગૌતમ સ્વામીની સાથે ભગવાનને વંદન કરવા જાય છે.

અહીં ગ્રંથકારો એ વાત બતાવે છે કે આ અતિમુક્ત કુમારે ગૌતમસ્વામીને કહ્યું, પ્રભુ! આપની ઝોળી મને પકડવા માટે આપો ને! કુમાર! તને આ ઝોળી ન અપાય. કેમ પ્રભુ? જે દીક્ષા લે, અમારા જેવા બને તેમને અપાય. સાધુ પોતાનો ભાર પોતે જાતે લે. તને ન અપાય. *તમે કોઈ દિવસ ભાર માંગ્યો છે ખરો? તમને કોઈ* આવું કહેનાર મળ્યું છે બરું? કોઈ દિવસ માંગ્યો જ નહિ હોય. કદાચ માંગ્યો હશે ને કોઈએ આવું કહ્યું પણ હશે–છતાં હજુ ઊભા થતા નથી. જાગતા નથી. આ અતિમુક્ત કુમાર ગૌતમ સ્વામીની સાથે જ્યાં ભગવાન મહાવીર પ્રભુ હતા ત્યાં ગયો. ભગવાન જોતાં જ તેનું મનડું ઠરી ગયું. અહો હે મારા ભગવાન! તમને એક વાર નિહાળ્યા પછી હવે મારી આંખડી, મારું દિલ બીજે કયાંય ઠરશે નહિ. જ્યાં સુધી તમને નહોતા જોયા ત્યાં સુધી હું ભટકયો, રખડયો, બસ હવે આપ જ મારા ઉદ્ધારક છો. હજુ માત્ર ભગવાનને જોયા, દર્શન કર્યાં છતાં આત્મામાં કેવો રંગ આવ્યો! કેવા ભક્તિભાવ આવ્યા! કેવો વેગ ઊપડયો!

તમે મારા જીવનના સર્વસ્વ છો આ વાત ભૂલાઈ ના જાયે....(૨)

ભક્ત પ્રભુની પ્રાર્થના કરતાં કહે છે પ્રભુ ! તમે મારા સર્વસ્વ છો. મારા જીવનના આધાર છો. આ રીતે અહીંયાં અતિમુક્તકુમાર પણ પ્રભુને કહે છે, હે પ્રભુ ! તને જોયા પછી મારી આંખડી બીજે ક્યાંય ફરતી નથી. જેણે આજે ભગવાનના પ્રથમ વાર દર્શન કર્યા છે, પહેલા કોઈ વાર જોયા નથી. ગેડીદડે રમતો ને ખેલતો આવ્યો છે, છતાં એની ભવ્ય ભાવના તો જુઓ. પ્રભુએ આ કુમારને ઉદ્દેશીને ધર્મકથા કહી. ધર્મકથા સાંભળીને એનું હૈયું હરખાઈ ગયું. આત્મામાં અપૂર્વ આનંદ આવ્યો અને દિલમાં દીક્ષાની ભાવના જાગી. ગેડીદડે રમતો આવેલો કુમાર કહે, પ્રભુ ! મારે દીક્ષા લેવી છે. તમે કેટલા વખતથી ભગવાન મહાવીરની નિશાળમાં આવો છો. છતાં ભાવ થાય છે !

અતિમુક્ત કુમાર ભગવાનને વંદન કરીને, આત્મામાં વૈરાગ્યરસનાં ઝરણાં વહાવીને ઘેર આવ્યો. ઘેર આવીને માતાપિતાને કહે છે હે મારા માતાપિતા ! મને દીક્ષાની આજ્ઞા આપો. માતાપિતા કહે, બેટા ! તું હજુ બાળક છે. હજુ તેં તત્ત્વોને જાણ્યાં નથી. તું દીક્ષામાં શું સમજે ? હે માતાપિતા ! **" जं चेव जाणामि तं चेव न जाणामि, जं चेव न जाणामि तं चेव जाणामि ।"** હું જે જાણું છું તે નથી જાણતો, જે નથી જાણતો તે જાણું છું. પુત્ર ! આ તું શું કહે છે ? હે માતાપિતા ! હું એટલું જાણું છું કે જેણે જન્મ લીધો તે અવશ્ય મરવાનો છે, પણ તે નથી જાણતો કે તે કયા કાળમાં, કયા સ્થાનકમાં, કયા પ્રકારે અને કેટલા સમય પછી મરશે. તેવી રીતે એ નથી જાણતો કે કયા કર્મો દ્વારા જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે મેં કહ્યું કે જે નથી જાણતો તે જાણું છું, જે જાણું છું તે નથી જાણતો, તેથી મારી ઇચ્છા છે કે આપ બંનેની આજ્ઞા લઈને ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા અંગીકાર કરું. માતાપિતાએ પુત્રને અનેક યુક્તિપ્રયુક્તિથી સમજાવ્યો પણ તે સંયમના ભાવથી જરા પણ ડગ્યો નહિ, છેવટે માતાપિતાએ દીક્ષાની આજ્ઞા આપી, અને ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી.

એક દિવસ તે અતિમુક્ત બાલશ્રમણ મુશળધાર વરસાદ પડી ગયા પછી એટલે બંધ થયા બાદ સ્થવિર મુનિઓ સાથે બહાર ઠંડીલ જવા માટે ગયા. જતાં જતાં રસ્તામાં તેમણે એક સ્થાને વરસાદના પાણીના પ્રવાહને વહેતો જોયો. વહેતા પાણીની ધારાને જોઈને તેમણે પાણી રોકવા માટે માટી વડે પાળ બાંધી. **" बंधिता णाविया मे णाविया मे ।"** પાણીના પ્રવાહ આડી પાળ બાંધીને પાણી રોકયું. એ પાણીમાં પોતાના પાત્રને તરતું મૂકયું. ખેલ ખેલતો, રમતો દીક્ષા લેવા આવ્યો છે. એટલે પાણી જોઈને રમવાનું મન થઈ ગયું, તેથી પાણી રોકીને પાત્રને તરતું મૂકીને બોલવા લાગ્યા.

નાવ તીરે મોરી નાવ તીરે, એમ મુખથી શબ્દ ઉચ્ચારે,
સાધુકે મન શંકા ઉપની, ક્રિયા લાગે ત્યાંય હો...અયવંતા મુનિવર નાવ.

આ મારી નાવ તીરે, નાવ તીરે એ રીતે બોલતાં નાવિક નાવડીને જલપ્રવાહમાં તરાવે છે એવી રીતે આ બાલમુનિ તે પાત્રને પાણીમાં તરાવવા લાગ્યા. આ પ્રમાણે રમતા મુનિને સ્થવિર મુનિઓ જોઈ ગયા, પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે જઈ ને અતિમુક્ત મુનિની ઠેકડી ઉડાવતા હોય તેમ પ્રભુને પ્રશ્ન કર્યો–હે પ્રભુ ! આપનો અતિમુક્ત નામનો બાલ મુનિ જે શિષ્ય છે તે અત્યારે બાળકો જેવી રમત રમે છે. ઠંડીલ ગયા હતા તો તેણે આ રીતે પાણીના પ્રવાહમાં પાત્ર તરવા મૂકયું. તો અમે આપની પાસે એ જાણવાની ઈચ્છા રાખીએ છીએ કે આ બાલમુનિ કેટલા ભવ કરીને મોક્ષે જશે ? ત્યારે ભગવાને કહ્યું, હે મારા શ્રમણો ! તમે તે બાલમુનિની ઘૃણા કરશો નહિ, નિંદા કરશો નહિ, તેનો અનાદર કે અપમાન કરશો નહિ, તેને ક્રોધિત કરશો નહિ, આ તો ચરમશરીરી જીવ છે. આ જ ભવમાં મોક્ષે જવાના છે. તમે એની અવહેલના, નિંદા કરીને કર્મો બાંધ્યા છે. હવે આપણી મૂળ વાત પર આવું. " ભાવ તૂટયા ".

કપાસના ભાવ વધ્યા તો શેઠને કરોડપતિ કહેવા લાગ્યા. માન–સન્માન મળવા લાગ્યા અને કપાસના ભાવ તૂટયા તો શેઠના ભાવ ઘટયા, પછી કોઈ એમને બોલાવતું નથી. અહીં એ જ વાત લાવવી છે. અતિમુક્ત મુનિ ભગવાન પાસે આવ્યા ને વંદન કર્યા, ત્યારે ભગવાને કહ્યું હે અણગાર ! તમે પાણીમાં નાવ તરાવી તેથી તમને પાપ લાગ્યું છે. અપકાયના જીવોની જબરજસ્ત ખૂબ હિંસા થઈ તેનું પ્રાયશ્ચિત કરો. તે માટે ઈરિયાવહિયાનો કાઉસગ્ગ કરો. અહો ભગવાન ! મને આટલું બધું પાપ લાગ્યું. ઈરિયાવહિયા પડિક્કમતા પોતાના પાપોની નિંદા કરી પાપનો એવો અંતરથી પશ્ચાતાપ કર્યો, કે તેમના પાપ ધોવાઈ ગયા. તેમના આત્મામાં પરિણામોની ધારા વિશુદ્ધ બનતી ગઈ. એ પરિણામો ધીમે ધીમે એવા વિશુદ્ધ નિર્મળ બનતા રહ્યા કે એ ભવમાં મોક્ષ-માર્ગના પથિક બની ગયા. એ અતિમુક્ત મુનિ શ્રમણમાંથી મોટા કરોડપતિ એટલે તે જ ભવમાં સિદ્ધ દશાને પામી ગયા. આ અતિમુક્ત મુનિના તો ભાવ વધ્યા તે આખી જિંદગી વધતા રહ્યા. પેલા વેપારીને તો પહેલાં કપાસના ભાવ વધતાં એમના ભાવ વધ્યા અને ભાવ તૂટતા એમના ભાવ તૂટયા, પણ અહીં તો આ મુનિના ભાવ વધ્યા તે વધ્યા. કયારે પણ એ ભાવ તૂટવાના નથી. અતિમુક્ત મુનિએ ઈરિયાવહિયા ક્રિયા કરીને પાપોના કચરા સાફ કર્યા ને એવી વિશુદ્ધિ કરી કે જીવનમાં પામી ગયા. તે જ ઈરિયાવહિયા ક્રિયા આપણે કેટલી વાર કરીએ છીએ ! છતાં હજુ આપણા ઠેકાણા નથી, કારણ કે આપણા ભાવ તૂટયા છે. આ પાઠ આપણે ઘણીવાર બોલી ગયા પણ એમાં ભાવ વધ્યા નથી. એ શબ્દોના ભાવ આપણામાં આવ્યા નથી. માત્ર બોલવા પૂરતા બોલી જઈએ છીએ. ભાવની કિંમત છે. ભાવ ઊંચકાયા તો કરોડપતિ બન્યા ને ભાવ તૂટયા તો રોડપતિ જેવી દશા થઈ તેમ આત્માના ભાવ ઊંચકાય તો આત્મા પામી જાય.

ભાવનાથી બંધન બંધે, ભાવનાથી તૂટે, ભાવના વગરની ક્રિયા જિંદગીને લૂંટે....

ભાવનાથી કર્મના બંધ બંધાય છે અને ભાવનાથી તૂટે છે. કૂરગડુ મુનિએ એકાસણું કર્યું ને કર્મના બંધ તોડયા. એકાસણામાં ભાવના કેટલી ઊંચી છે! ધન્ય છે ધન્ય છે આવા સંતોને! કે માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા કરે છે. હું કેવો અભાગીયો કે આવા મોટા દિવસે પણ હું બાધા વિના રહી શકતો નથી. કૂરગડુ મુનિ માત્ર રાંધેલા ચોખા લાવ્યા. લાવીને ગુરૂને બતાવ્યા. ગુરૂનો સ્વભાવ થોડો ક્રોધી હતો. તે બોલ્યા કે કેવો બાઉધરો છે કે આજે પણ તને બાવા જોઈએ છે! એમ કહીને ગુરૂ એ ભાતના પાત્રમાં થૂંકયા. મુનિ શું વિચારે છે! હું લુખો ભાત લાવ્યો હતો તો ગુરૂએ તેમાં ઘી પીરસ્યું. કેવી તેમની કરૂણા છે! જરાય કષાય ન આવી. ઉપરથી ગુરૂનો ઉપકાર માનવા લાગ્યા. તેમના આત્માના ભાવ વધ્યા તો એવા વધ્યા કે કેવળજ્ઞાન પામી ગયા. છ ખંડના માલિક ચક્રવર્તી ભરત મહારાજા કે જે અન્યત્વ ભાવના ભાવતા અરીસાભૂવનમાં કેવળજ્ઞાન પામ્યા. એ ભાવના આપણી પાસે હોવા છતાં આપણી દરિદ્રતા ટળતી નથી, કારણ કે આપણા દિલના ભાવો તૂટયા છે. ક્રિયાઓ એની એ હોવા છતાં આપણે દરિદ્રી છીએ. કપાસ એનો એ હોવા છતાં ભાવો તૂટયા તો શેઠ ભિખારી બની ગયા. આ જ દશા આપણી છે. છતાં જો ઊંડાણથી વિચાર કરીશું તો સમજાશે કે આ શેઠના રૂના બજારમાં ભાવો તૂટયા તો શેઠની એ તાકાત નહોતી કે ભાવોને ઊંચકાવી શકે. જયારે આધ્યાત્મિક દુનિયામાં આત્માના તૂટેલા ભાવોને ઊંચકાવા હોય તો કોઈ અટકાવનાર નથી. આ ભાવોને વધારવા કે ઘટાડવા એ આપણા હાથની વાત છે. કરોડપતિ બનવું કે રોડપતિ બનવું એનો નિર્ણય આત્માએ પોતાને કરવાનો છે.

અનંતકાળે દુર્લભ એવો માનવ જન્મ પામીને દિલની દરિદ્રતા રાખવી છે કે પછી દિલને શુભ ભાવોની મૂડીથી શ્રીમંત બનાવી લેવું છે? આવી સુંદર અનુપમ ક્રિયાઓ વારંવાર નથી મળવાની. તેલ મસાલાથી સ્વાદિષ્ટ શાક બનાવ્યું હોય પણ જો એમાં મીઠું ન હોય તો સ્વાદ ન લાગે. તેમાં જો થોડું મીઠું નાંખશો તો શાકનો સ્વાદ આખો બદલાઈ જશે. આ જ રીતે બધી ક્રિયાઓ તો આપણે કરીએ છીએ. જો તેમાં શુભ ભાવોનું મીઠું ભેળવી દઈએ તો આત્મા શ્રીમંત બની જાય. આજથી મંગલ ચાતુર્માસનો પ્રારંભ થાય છે. આ દિવસોમાં ધર્મ આરાધનાઓ કરવાની ને તેમાં ભાવ વધારવાનો છે. ચાતુર્માસમાં જીવનમાં કંઈક આરાધના કરજો જેથી જીવનની ઉન્નતિ થાય. રોજ એક સામાયિક કરવી, ચાર મહિના ચૌવિહાર કરવો. કંદમૂળનો ત્યાગ કરવો. જે બને તે કરજો. આરાધના કરવાનું ચૂકશો નહિ. કાળ કયારે આવશે તે ખબર નથી. ધંધામાં ભાવ ઘટે તે ગમતું નથી પણ ભાવ વધે તે ગમે છે. તો પછી આત્માના ભાવ ઘટે તો કેમ ગમે? ધોધમાર વરસાદ વરસે તો બધો કીચડ-કાદવ સાફ થઈ જાય છે તેમ જિનવાણી રૂપી વરસાદમાં એ શક્તિ છે કે જીવના ભવોભવના કચરા સાફ થઈ જાય, માટે

જિનવાણી સુણી સૌ આરાધના કરવા તૈયાર થજો. આજે બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને ૧૨મો ઉપવાસ છે. આ જોઈ આપ બધા પણ તપના ભાવ કરજો. વધુ અવસરે.

અષાડ વદ એકમ ને બુધવાર વ્યાખ્યાન નં-૨ તા. ૩-૭-૮૫

અનંતના આરાધક, સત્યના સાધક, પરમ પંથના પ્રકાશક એવા વીતરાગ ભગવંતે ભવ્ય જીવોના કલ્યાણ માટે આગમના જ્ઞાનની ગંગા વહાવી. જે આત્માઓએ આ ગંગા નદીમાં સ્નાન કર્યું તેમનો આત્મા નિર્મળ, વિશુદ્ધ બની ગયો.

જ્ઞાનરૂપ ભગવંત તણી છે વાણીની અમીધારા,
જ્યાં વરસી ત્યાં વિકાસ પામ્યા અમૃતના ઝરણાં,
ભાંખ્યું ભગવંતે જગમાં તે ન ભાખે કોઈ
પરમ જ્ઞાન અને અટલ સત્યના એમાં અજવાળા.

જિનેશ્વર ભગવંતની વાણીની અમીધારા જ્યાં વરસી છે, જે જીવોએ એને ઝીલી છે તેમના જીવનમાં પ્રકાશ થયો છે. તેમના જીવનમાંથી વિષયોના વિષ નીકળી ગયા છે અને ત્યાગ વૈરાગ્યના અમૃત ઝરણાં વહેવા લાગ્યા છે. ભગવાનની વાણીમાં સત્યના અને જ્ઞાનના અટલ અજવાળા છે. એવા કરૂણાસાગર ભગવંતે મોક્ષનો માર્ગ બતાવ્યો. આત્મા અનાદિકાળથી ચતુર્ગતિરૂપી ભવવનમાં રખડી રહ્યો છે. હવે જો થાક લાગ્યો હોય તો જ્ઞાનીએ વિસામો બતાવ્યો છે. વિસામાની જરૂર કોને હોય ? જેને થાક લાગે તે વિસામો શોધે. જીવને સંસારમાં કામ કરતાં થાક લાગ્યો છે, પણ હજુ આ પરિભ્રમણનો થાક નથી લાગ્યો. થાક લાગશે ત્યારે વિસામો શોધશે. તમને રોગ ખટકે તો ડોકટર કે વૈદને શોધો. કોઈ મૂંઝવણમાં આવી જાવ તો સારો અને સાચો સલાહકાર શોધો. આ રીતે આપણો આત્મા અનંતકાળથી ભવની ભૂલવણીમાં ભૂલો પડયો છે. તેને તીર્થંકર ભગવાન ભોમિયા મળી ગયા છે. આપણે નમોત્થુણં'માં ભગવાનની સ્તુતિ કરતાં બોલીએ છીએ કે 'ભગવાન કેવા છે ?' "**મગ્ગદયાણ**" ૮૪ લાખ જીવાયોનીમાં ભૂલા પડેલા જીવોને માર્ગ બતાવનાર છે. હવે શ્રદ્ધાથી તેમના બતાવેલા માર્ગે ચાલ્યો જા. ચાર કદમ ચાલો ને કહો હજુ માર્ગ દેખાતો નથી તો એમ નહિ દેખાય. કૂવામાંથી પાણી મેળવવું છે તે માટે કોઈ ચાર કોશ એક જગ્યાએ મારે, ચાર કોશ બીજી જગ્યાએ મારે તો એમ પાણી ન મળે. એક જ જગાએ કોશથી ખોદે જાય તો પાણી મળે, તેમ આપણો માર્ગ ઘણો દૂર છે. ચાર કદમ ચાલે કયાંથી દેખાશે ? એ માટે તો આગળ આગળ ગતિ કરવી પડશે. ત્યાં વિશ્વાસ રાખવો પડશે કે ભગવાન ! તમારો માર્ગ સત્ય છે. તેના પર મને શ્રદ્ધા છે.

હે પરમાત્મા ! તમે જે દીધી છે તે આજ્ઞા હંમેશા અમે પાળવાના.

જ્યારે જિનવચનમાં અનુરક્ત બનશું, તેમાં પુરા શ્રદ્ધાવાન બનશું, ત્યારે આત્મામાંથી આ ઉદ્‌ગાર નીકળશે હે પ્રભુ ! તમારી જે આજ્ઞા છે તે અમારા જીવ સાટે પણ પાળશું. કદાચ સંકટ આવે, દુઃખ આવે કે કસોટી આવે તો પણ તારા માર્ગથી, તારી આજ્ઞાથી ચલિત નહિ થઈએ. સેંકડો, લાખો માણસોને રમઝમ કરતી ટ્રેઈન જ્યાં જવું હોય ત્યાં પહોંચાડી દે છે, તે ગાડી જે બે પાટા પર ચાલે છે તે પાટા કેટલા નાના હોય છે. ગમે તેટલા ડબ્બા હોય છતાં ગાડી બે પાટા પર ધમધોકાર ચાલી જાય છે. એ ગાડી કદાચ વિચાર કરે કે આ પાટાની શી જરૂર છે ? એમ માનીને ગાડી પાટો ચૂકે તો ગાડી ગબડી જાય. તેમ તમે શું ચૂકી રહ્યા છો ? આ જૈન ધર્મ અને વીતરાગ શાસન આજે જ આપણને મળ્યું છે ? ના, ના....હોં વીતરાગ ભગવાનના સમોસરણમાં જઈ આવ્યા છીએ. તેમની વાણી પણ સાંભળી છે. તો થયું શું ? જીવે માન્યું કે મને આ આજ્ઞાનું બંધન શું ? ગાડી જરા પાટો છોડે તો ગબડી જાય. કદાચ પાટો ન છોડે ને સીધી ચાલે પણ રસ્તામાં પાટા પર જરા કાંકરો કે લાકડાનો નાનો ટુકડો આવી જાય તો પણ ગાડી ગબડ્યા વિના નહિ રહે. આ રીતે આપણો આત્મા એક પ્રવાસી છે. તેને જિનશાસન મળ્યું. જિનેશ્વર ભગવાનનો માર્ગ મળ્યો. હવે જો જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે ચાલશું તો મોક્ષ દૂર નથી, અને આજ્ઞાને છોડી દઈશું તો આપણી ગાડી પણ આ ભવસાગરમાં ગબડી પડશે.

ત્રણે લોકમાં ઉર્ધ્વલોક, અધોલોક અને ત્રિછલોકમાં વિના કોર્ટે, વિના કચેરીએ અને વિના વકીલ કે બેરીસ્ટરે એકધાર્યું અને ધમધોકાર કોઈનું રાજ્ય ચાલતું હોય તો તે એકમાત્ર કર્મસત્તાનું છે. ધર્મસત્તા અને રાજ્યસત્તાને પાણી પાનારા મહારથીઓ કર્મસત્તાની ગર્જના આગળ બકરી જેવા બની જઈ તેની આજ્ઞાને ચૂપચાપ વધાવી લે છે. બકરી જેવા બનીને વધાવવી તેનાં કરતાં સિંહ જેવાં શૂરવીર થઈને જિનેશ્વરની આજ્ઞાને હસતા મુખે વધાવવી એ ડહાપણ છે. સુગંધ વગરનું પુષ્પ, છાયા વગરનું વૃક્ષ, ચંદ્ર વિનાની રાત અને ધર્મ વિનાનો મનુષ્ય જેમ શોભાને પામતો નથી, તેમ જિનાજ્ઞા વગરનો ધર્મ પણ શોભાને પામતો નથી.

રૂપક—એક વિશાળ રાજમહેલ સંપૂર્ણ રીતે ખૂબ સુંદર તૈયાર થઈ ગયો. પૂનમની રાત્રે ચંદ્રના શીતલ પ્રકાશમાં નીરવ શાંતિમાં રાજમહેલના સ્તંભો નીચે પ્રમાણે ચર્ચા કરી રહ્યા હતા.

અમે જ આ મહેલના આધારસ્તંભો છીએ, તેથી મહેલના કારીગરોએ અમારા પર સુંદર કોતરણી કરી છે. અમે સીધા અને સરળ છીએ તેથી આ મહેલ ટકી રહ્યો છે. અમારા વિના બધું ચણતર નકામું છે. ત્યાં શિખરના કુંભ સમાન આકૃતિનો એક આરસ પથ્થર બોલ્યો, અમારું નામ શિખરનો કળશ છે. અમારા વિના ગમે તેવી આકર્ષક

કોતરણીવાળો મહેલ હોય તો પણ અધુરો ગણાય. માથા વિનાનું ધડ અને શિખર વિનાનો મહેલ નકામો છે. માટે ભાંભલાભાઈ ! બડાઈ ન હાંકશો. ખોટું અભિમાન ના કરશો. પછી ચારે બાજુની દિવાલો મીઠા અને ઝીણા સ્વરે બોલી કે તમે બધા કેવા બકવાટ કરો છો ! અમારા વિના તમારી હાજરી અસંભવિત છે. તમારાં બધાનું રક્ષણ અમે કરીએ છીએ. અમે ન હોઈએ તો ફાંકો ધરીને બોલતાં શિખરના પથ્થરનું સ્થાન કયાં હોત ! તમે બધા સમજ્યા વગર નકામી બડાઈ હાંકી રહ્યાં છો. તમારામાં દેખાવ હશે, ઉપરનો આડંબર હશે, પણ આખા રાજમહેલનો આધાર તો પાયામાં રહેલ પથ્થર પર છે. આખા મહેલમાં એમણે પ્રાણ પૂર્યા છે.

આ વાત માત્ર પથ્થરાઓની નથી. આ રૂપક દ્વારા જ્ઞાનીપુરૂષો આપણને એ સમજાવે છે કે મહેલની આખી ઈમારત ઉભી રાખવા માટે જેટલી જરૂર પાયાના પથ્થરની છે એનાં કરતાં પણ વધુ આ સંસાર સમુદ્રને પાર પામવા માટે વીતરાગ પરમાત્માની આજ્ઞાની જરૂર છે. જિનેશ્વર દેવની આજ્ઞાની આરાધના કરવી એ મોક્ષમાર્ગની સાધના છે પણ વિરાધના કરે તો ? સંસારના દુઃખરૂપ ફળને પામે છે. જિનેશ્વર દેવોની આજ્ઞા મોક્ષના ફળને આપનારી છે. તેમની આજ્ઞાનો ભંગ કરવો એ દોષનું કારણ છે.

रन्नो आणभंगे ईक्कुच्चिअ निग्गहो हवई लोअे ।
सव्व नाणाभंगे अणंतसो निग्गहं लहइ ।।

કદાચ રાજાની આજ્ઞાનો ભંગ કરવામાં આવે તો આલોકમાં એક વાર દુઃખ પામે છે, પણ સર્વજ્ઞ વીતરાગ દેવની આજ્ઞાનો ભંગ કરવાથી જીવ આ સંસારમાં અનંતીવાર પરિભ્રમણ કરે છે. જિનેશ્વર દેવોની આજ્ઞા એ જ એક મોક્ષની ચુવર્ણ ચાવી છે. જે એમની આજ્ઞા પ્રમાણે ચાલે છે તેને માટે મોક્ષ દૂર નથી, માટે જ્ઞાનીઓ કહે છે કે, તારા સ્વઘરમાં આવ. તૃષ્ણા અને મોહને છોડ. સ્વઘરમાં જતાં જીવને અનંતકાળથી રોકયો છે કોણે ? ભગવાન બોલ્યા છે.

जहाय अण्डप्पभवा बलागा, अंडं बलागप्पभवं जहाय ।
एमेव मोहाययणं खु तण्हा, मोहं च तण्हाययणं वयन्ति ।। उत्त. अ. ३२. गा. ६

જેવી રીતે પક્ષી ઈંડામાંથી ઉત્પન્ન થાય છે અને જે રીતે ઈંડું પક્ષીમાંથી ઉત્પન્ન થાય છે, આ રીતે તૃષ્ણા મોહમાંથી ઉત્પન્ન થાય છે, અને તૃષ્ણામાંથી મોહ ઉત્પન્ન થાય છે. કોઈ તમને પૂછે કે ઈંડું પહેલું કે પંખી પહેલું ? તમે એ નહિ કહી શકો કે ઈંડું પહેલું છે કે પંખી પહેલું છે, કારણ કે ઈંડામાંથી પંખી બન્યું છે અને પંખીમાંથી ઈંડું થાય છે, માટે કોણ પહેલું એ આપણે નહિ કહી શકીએ. એ પ્રમાણે મોહમાંથી તૃષ્ણા ઉત્પન્ન થાય છે અને તૃષ્ણામાંથી મોહ ઉત્પન્ન થાય છે. કોઈ કહે કે સંસાર કયારનો ? તો કહેશો કે અનાદિકાળનો. કર્મોને કારણે રખડતો જીવ કયારનો ?

અનાદિનો. કર્મો કયારના ? અનાદિકાળના. એનો અંત છે કે નહિ ? અનાદિના કર્મોનો અંત થઈ શકે છે. જ્યારે જીવ મોક્ષમાં જાય ત્યારે એના કર્મોનો સંપૂર્ણ અંત થઈ જાય છે. કર્મોનો અંત કરવા માટે તૃષ્ણાના બંધનને તોડો. માછલી જાળમાં ફસાઈ ગઈ છે. એને જાળમાંથી બહાર નીકળવું છે તો એ પોતાના દાંતથી ધીમે ધીમે મહેનત કરી જાળને કોતરી નાંખે છે ને બહાર નીકળી જાય છે. આ સંસાર પણ એક માયાવી જાળ છે. એ મોહનું પિંજર છે. આત્મા તેમાં પૂરાઈ ગયેા છે. હવે એ જાળમાંથી બહાર નીકળવાની અંદરથી જિજ્ઞાસા જાગી હશે તો બહાર નીકળી શકશેા, અને જિજ્ઞાસા નહિ જાગી હોય તો અમે પિંજરમાંથી ઉડાડીશું તો પણ તમે પાછા અંદર જઈને બેસવાના. અહીં તમે બે ઘડી માટે ઘર સંસાર બધું છોડીને આવેા છેા. સામાયિક કરેા, વ્યાખ્યાન સાંભળેા છતાં મનમાં તો ઘર ઊભું ને ઊભું છે. સંસારની આસક્તિ છોડો તો કામ થઈ જાય. જ્યાં સુધી આસક્તિ છૂટતી નથી ત્યાં સુધી મોહનું બંધન તૂટવાનું નથી. એ બંધન તૂટશે નહિ ત્યાં સુધી કર્મબંધન અટકવાનું નથી. આસક્તિ ગઈ એટલે સમજવું કે કર્મબંધન ગયા. હે આત્મા ! તું વિચાર કર કે હું કોઈનો નથી, ને કોઈ મારું નથી. કર્મોના કારણે હું આ સંસારના પિંજરમાં પૂરાયેા છું. લાખેા કે કરોડોની સંપત્તિ હોય છતાં મરતી વખતે શું સાથે લઈ જવાના ? અરે ! એક રાતી પાઈ પણ સાથે લઈ જવાની નથી, છતાં મમતા છૂટતી નથી. જ્યારે જીવ માને કે મારું કાંઈ નથી, હું તો એકલેા આવ્યેા છું અને એકલેા જવાનેા છું ત્યારે એને આસક્તિ છૂટી જાય છે.

સુવ્રત નામના શેઠ પોતાના મકાનમાં બનાવેલી પૌષધશાળામાં એક વાર પૌષધ લઈને બેઠા હતા. પૌષધમાં પોતાની આત્મસમાધિમાં, ધ્યાનમાં મસ્ત હતા. ભગવાને સાધકને પણ કહ્યું છે કે મારેા સાધક પહેલા પ્રહરે સ્વાધ્યાય, બીજા પ્રહરે ધ્યાન, ત્રીજા પ્રહરે ગૌચરી અને ચેાથા પ્રહરે સ્વાધ્યાય કરે. જો આ રીતે સાધુપણામાં રહીએ તો પછી પ્રમાદ આવે ખરેા ? સતત નવકારમંત્રનું સ્મરણ કરવું એ સ્વાધ્યાય છે. એના પર ચિંતન કરવું એ ધ્યાન છે. અરિહંત ભગવાન, સિદ્ધ ભગવાનના ગુણેાનું ચિંતન કરેા એ પણ ધ્યાન છે. જ્યારે એ લગની લાગશે ત્યારે નવકારમંત્રના ચિંતનમાં દિવસેા અને મહિનાઓ કયાં પસાર થઈ જશે એ પણ ખ્યાલ નહિ આવે. આ શેઠ શ્રમણેાપાસક હતાં. જિનાજ્ઞાનું જેના હૃદયમાં સ્થાન હતું. ૩૨ સિદ્ધાંતમાં શ્રમણેાપાસકેાનું એક આખું સિદ્ધાંત રચાયું છે. તે કેટલામું અંગ છે ? દ્વાદશાંગી પેટીનું તે સાતમું અંગ છે. તેનું નામ છે ઉપાસકદશાંગ. જેમાં શ્રાવકેાનેા અધિકાર આપ્યેા છે. તમે બધા કથા તો કરેા છેા પણ કઈ કથા ? સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા, રાજકથા. આ કથાઓ જીવનો સંસાર વધારે છે, જ્યારે ધર્મકથા જીવનો સંસાર ઘટાડે છે. જ્ઞાતાજી સૂત્રમાં જીવેાને સમજાવવા માટે કાચબાનેા ન્યાય આપ્યેા છે.

બે કાચબા સમુદ્ર કિનારે રમવા નીકળ્યા. તેમાં સામે એક શિયાળ જોયું.

કાચબાના મનમાં થયું કે આપણને પકડવા માટે આવતું લાગે છે, તેથી પોતાના અંગો સંકોચીને બેસી ગયા. શિયાળ ત્યાંથી જતું રહ્યું. અડધો કલાક થયો છતાં શિયાળ ન દેખાયું. ત્યારે એક કાચબાના મનમાં થયું કે હવે શિયાળ જતું રહ્યું છે. શિયાળ તો ખૂબ લુચ્ચું પ્રાણી છે. તે તો અંદર એક જગ્યાએ લપાઈને બેઠું હતું. જેવા એક કાચબાએ પોતાના અંગોપાંગ બહાર કાઢયા કે લાગ જોઈને શિયાળે તેને ઝડપી લીધો. બીજો કાચબો તો અંગોપાંગને ગોપવીને બેસી રહ્યો. મારે બહાર જવું નથી એમ વિચારી બેસી રહ્યો, તો શિયાળના પંજામાંથી બચી ગયો. આ ન્યાય આપીને ભગવાને જીવોને સમજાવ્યું છે કે જે આત્મા બીજા કાચબાની જેમ પોતાની ઇન્દ્રિયોનું ગોપન કરે છે તે શિયાળ રૂપી કર્મની દુર્ગતિના પંજામાંથી બચી જાય છે, અને જેના ઇન્દ્રિયોના ઘોડા છૂટા છે, જે ઇન્દ્રિયોને ગોપવતા નથી તે કર્મના ચક્કરમાં ફસાઈ જાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ માં અધ્યયનમાં ભગવાને એ જ વાત બતાવી છે કે જેની એકેક ઇન્દ્રિયો છૂટી હતી તે પણ મરણને શરણ થયા છે તો જેના પાંચે ઇન્દ્રિયોના ઘોડા છૂટા હોય તેની શી દશા થાય? માટે ગુરૂભગવંતો પણ પોકારી-પોકારીને કહે છે કે તમે તમારી ઇન્દ્રિયો પર બ્રેક રાખજો. ઇન્દ્રિયદમન અને કષાયશમન કરવાનો માર્ગ જે બતાવનાર કોઈ હોય તો તે ગુરૂદેવો છે. ન્યાય આપીને સમજાવું.

વાઈપર વિના ન ચાલે :

વર્ષાકાળના દિવસોમાં ઘરની ગાડીમાં બેસીને તમે બહાર જઈ રહ્યા છો. તેવામાં અચાનક વાદળમાં ગડગડાટ શરૂ થયા. વીજળીઓ ઝબકવા લાગી અને વરસાદ શરૂ થયો. વરસાદ પડે એટલે મોટરની આગળનો કાચ ભીંજાઈ જાય. એ કાચ આગળ તમે વાઈપર રાખો છો એ વાઈપર શું કરે? કાચને સાફ કરે. જો વાઈપર ન હોય તો વરસાદમાં ગાડી ચલાવી શકો નહિ. વાઈપર વિના મોટર ચલાવવામાં હોનારત થવાનો સંભવ રહે. તમે ગાડીમાં જઈ રહ્યા-છો. દીકરો ગાડી ચલાવે છે. તમે અડધે પહોંચ્યા અને ધોધમાર વરસાદ આવ્યો. તમારા દીકરાએ મોટરની ઝડપ ઘટાડી દીધી. ધીમે ધીમે તેણે બ્રેક મારી મોટરને અટકાવી દીધી. તમે દીકરાને કહ્યું, "કેમ બેટા! ગાડીને રોકી દીધી? અત્યારે વરસાદ આવે છે તેનું જોર વધ્યા પહેલાં ઘેર પહોંચી જઈએ. દીકરો કહે, બાપુજી! મોટરના કાચ ઉપર પડતાં પાણીને પળે પળે સાફ કરતું વાઈપર આપણી મોટરમાં નથી. વાઈપર વિના વરસતા વરસાદમાં ગાડી ચલાવાય કેવી રીતે? આંખનું તેજ ગમે તેટલું સારું હોય છતાં કાચ પર વરસાદ પડે અને કાચમાં જે ધૂંધળાશ આવી જાય તે વાઈપર વિના દૂર થાય નહિ. એ દૂર કર્યા વિના જો ગાડી ચલાવીએ તો અકસ્માતનો ભય રહે. ગાડી ઉભી રહી છે. વરસાદ ધીમો થવાને બદલે વધતો જાય છે. ઝાડ, થાંભલા બધું તૂટવા લાગ્યું. આ રીતે રસ્તામાં ઉભું રહેવું એ જોખમ હતું.

તે સમયે રસ્તા પરથી બીજી જે ગાડીઓ નીકળે તેને ઉભી રાખવા હાથ કરે ને કહે, ભાઈ! મને મદદ આપો ને! પણ કોઈ તેની વાત સાંભળે નહિ. તે તો સીધા ચાલ્યા જાય. બહુ રત્ના વસુંધરા, કોઈ એક રત્ન જેવો દયાળુ, હળુકર્મી માણસ ત્યાંથી નીકળ્યો. તેણે પોતાની ગાડી ઉભી રાખી. પેલા ભાઈના સદ્‌ભાગ્યે આ ભાઈ મળ્યો. ભાઈએ જોયું કે શું છે! વાત બધી જાણી. ચારે બાજુ પાણી છે. તેના ઘરનાં માણસો પણ બધા ઉભા રહ્યાં છે. તેનું નામ સાચો માનવ છે કે જે સામાના દુઃખમાં ભાગ પડાવે. પોતાનું સુખ જતું કરે પણ બીજાનું ભલું કરે. કોઈ જીવો એવા હોય છે કે કોઈએ તેનું અપમાન કર્યું હોય છતાં તે ભૂલી જઈને સામા પર ઉપકાર કરે. જેને કોઈ દિવસ જોયા નથી કે ઓળખતાં નથી છતાં એવી-ભાવના જેનામાં છે કે પોતાનું જે થવું હોય તે થાય પણ બીજાનું કેમ સારું થાય તે સાચો માનવ છે. આ ભાઈએ ઉતરીને જોયું તો ગાડીમાં વાઈપર નથી. બીજાને સહાય કરવાની ભાવનાથી આવા ધોધમાર વરસાદમાં તેણે પોતાની પાસે સ્ટોકમાં રહેલું વાઈપર મહેનત કરીને બેસાડી આપ્યું. વાઈપર કામ કરતું થઈ ગયું, પછી ગાડી સ્ટાર્ટ કરી. રસ્તો કાપતાં તેઓ ઘેર પહોંચી ગયા. વરસાદ, વીજળી, વંટોળીયા વગેરે બધું તોફાન હોવાં છતાં આ વાઈપરે એ તમામની તાકાત તોડી નાંખી, અને અલ્પ સમયમાં ગાડી સહીસલામત રીતે ઘેર પહોંચી ગઈ. રસ્તામાં વિઘ્નો આવ્યા, મૂંઝવણ ને મુશ્કેલીઓ આવી, છતાં જો વાઈપર મળી ગયું તો સહીસલામત રીતે ઘેર પહોંચી ગયા.

જીવનગાડીના વાઈપર કોણ?:

જે વાત ગાડીની બાબતમાં છે, તે જ વાત આધ્યાત્મિક જીવનની છે. આ સંસારમાં જીવન એ એક ગાડી છે. આ ગાડીને મોક્ષમાર્ગના રસ્તે લઈ જવી છે. આ જીવનની પ્રત્યેક પળ જોખમોથી ભરેલી છે. કઈ પળે હોનારત સર્જે દે એ કહી શકાય નહિ. આ માર્ગમાં પણ વાસનાઓના વાવાઝોડા થઈ રહ્યા છે. ભયના ગડગડાટ થાય છે. આશ્રવરૂપી પાણીનો વરસાદ વરસી રહ્યો છે. કષાયો રૂપી ધૂંધળાશ આત્મા પર લાગી રહી છે. આ કારણોથી જીવન રૂપી ગાડીને સાચો માર્ગ સૂઝતો નથી. આવા કપરા સંજોગોમાં જીવન રૂપી ગાડીમાં ઉપકારી ગુરૂભગવંતો રૂપી વાઈપર જો ન હોય તો ગાડી ખાડામાં પડીને હોનારત થયા વિના ન રહે. વિચાર કરો, આ જીવન રૂપી ગાડીનો કાચ તો સામાન્ય બાબતોમાં પણ ધૂંધળો બની જાય છે. કોઈ માન, સન્માન આપે તો આનંદ થાય છે, કોઈ ગાળ દે તો ક્રોધ આવે, મોટરનો કાચ તો વરસાદની સીઝનમાં ધૂંધળો બને. બાકી બારે માસ એ ધૂંધળો રહેતો નથી. જ્યારે જીવનરૂપી ગાડીનો કાચ તો અનુકૂળતા કે પ્રતિકૂળતાના સામાન્ય નિમિત્તોમાં પણ કષાયરૂપી વરસાદથી ધૂંધળો બને છે, અને આ કારણોથી હજુ જીવનગાડી આગળ વધી શકતી નથી. આવા ધૂંધળા કાચથી આગળ શી રીતે વધાય? મોટરમાં પૈડાં, બ્રેક, તથા તેના મશીનો અને બધા સાધનો બરાબર વ્યવસ્થિત હોવા છતાં વરસતા વરસાદે વાઈપર વિના મુસાફરી કરી શકાતી

નથી. તે રીતે પાંચે ઇન્દ્રિયો અનુકૂળ સામગ્રીઓ બધું મળ્યું છે છતાં ગુરૂદેવ રૂપી વાઈપર વિના આપણી જીવનગાડી મોક્ષમાર્ગમાં આગળ વધી શકે નહિ. આ જીવન-રૂપી ગાડીમાં ગુરૂદેવ રૂપી વાઈપર તો સાથે જ રાખજો. જીવનમાં બધું જાય તો ભલે જાય, પણ આ વાઈપર ન જવા દેશો. ગુરૂદેવના વચનામૃતો જીવનમાં વણી લેશો તો જીવનગાડી સંસારના પાટા પરથી ગબડી પડશે નહિ, અને મોક્ષમાર્ગમાં સારી રીતે આગળ વધી શકશે. ગાડીના માલિકને જેટલી વાઈપરની કિંમત સમજાઈ છે; તેટલી હજુ જીવનગાડીના વાઈપરની કિંમત સમજાઈ નથી.

ગુરૂ વિના કો નહિ મુક્તિદાતા, ગુરૂ વિના કો નહિ માર્ગજ્ઞાતા,
ગુરૂ વિના કો નહિ જાડ્ય હર્તા, ગુરૂ વિના કો નહિ સૌખ્યકર્તા.

મોક્ષનો માર્ગ બતાવનાર આ કાળમાં ગુરૂ ભગવંતો છે. અજ્ઞાનના અંધકાર ગુરૂ વિના કોણ દૂર કરે? જેનું વાઈપર સલામત તેની જીવનગાડી સલામત. સિધ્ધાંતમાં દૃષ્ટિ કરો. જ્યાં જ્યાં વાત ચાલે છે ત્યાં ડગલે ને પગલે બોલ્યા છે. આપણા ગુરૂભગવંત આપણને આ રીતે કહી ગયા છે. સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે ત્યારે એ પણ એમ જ બોલે છે કે આપણા ગુરૂભગવંત મહાવીર પ્રભુ પાસેથી જેવું સાંભળ્યું છે તેવું કહું છું દરેક વાતમાં ગુરૂને આગળ કર્યા છે. વાઈપર મોટરગાડીની અપેક્ષાએ તો કેટલું નાનું છે! છતાં એની તાકાત કેટલી છે એ મોટર ચલાવનાર સહુને બખર છે. અરે! એ વાઈપરના રક્ષણમાં તો મોટરનું રક્ષણ છે. એની ઉપેક્ષામાં મોટરનો નાશ છે. આ જ રીતે આધ્યાત્મિક જીવનમાં વાઈપર સમાન ગુરૂભગવંતોની જેણે ઉપેક્ષા કરી તેમણે આ ક્ષેત્રમાં માર ખાધો છે, એટલે કે સંસાર વધારી દીધો છે. એક વખતના મહાવૈરાગી જમાલિકુમાર, ગોશાલક જેમણે ગુરૂભગવંત એવા મહાવીર પ્રભુની ઉપેક્ષા કરી તો સંસાર પરિભ્રમણ કેટલું વધાર્યું! જેણે એ ગુરૂભગવાન રૂપી વાઈપરની કિંમત કરી, તેમના ચરણે જીવન અર્પણ કર્યું તે ન્યાલ થઈ ગયા. સંસાર સાગરથી તરી ગયા. ગજસુકુમાલ, અયવંતામુનિ. બીજી વાત એ છે કે મોટરને વાઈપરની જરૂર બાસ વરસાદ વરસતા હોય ત્યારે પડે છે, એટલે કે બારે માસ જોઈએ જ એવું નથી કારણ કે વરસાદ બારે માસ આવતો નથી. ચાતુર્માસમાં બે ત્રણ મહિના આવે છે. બાકીના મહિનામાં તો બહાર જાવ તો વાઈપર ન હોય તો પણ ચાલે. જ્યારે આપણા જીવનમાં તો એક પળ પણ વાઈપર વિના ચાલે તેમ નથી, કારણ કે અહીં તો સમયે સમયે આશ્રવનો વરસાદ ચાલુ જ છે. જીવનની એક પળ પણ આ વરસાદ વિનાની નથી તો પછી વાઈપર વિના ચાલે કેવી રીતે? આ વાઈપર સાથે હશે તો કષાયોથી ધૂંધળા બનેલા જીવનને સ્વચ્છ બનાવી દેશે. ઇન્દ્રભૂતિના જીવનગાડીનો કાચ મિથ્યાજ્ઞાનથી, અભિમાનથી ધૂંધળો બની ગયેલો હતો. વાઈપર જેવા વિભુ મળી ગયા. ઇન્દ્રભૂતિએ એમને કેટલા બહુમાન સાથે સ્વીકાર્યા. તો એ પ્રભુએ એમની બધી ધૂંધળાશ દૂર કરી અને મોક્ષના સુખનું કેટલું ઊંચું ઈનામ

આવ્યું ! આપણે પણ એ સ્થાનને પામવું છે, તો એ ગુરૂદેવ રૂપી વાઈપરને જીવનરૂપી ગાડીમાં ગોઠવી દઈએ તો એક દિવસ જરૂર એ પદને પામી જઈશું.

સાતમું અંગ છે ઉપાસકદશાંગ. જેમણે આત્માની ઉપાસના કરી એવા ૧૦ શ્રાવકોનો અધિકાર તેમાં આવે છે. તમે શાની ઉપાસના કરી રહ્યા છો? ધનની, વૈભવની, સંસારના સુખની. જેમણે ધનની ઉપાસના કરી તેમના નામ શાસ્ત્રના પાને આવ્યા નથી, પણ જેણે ધર્મની, આત્માની ઉપાસના કરી તેમના નામ સિધ્ધાંતમાં સુવર્ણાક્ષરે લખાયા. આવા એક શ્રાવકની વાત છે.

સુવ્રત નામના શેઠ. જેઓની પાસે ૯૯ લાખ રૂપિયાની મિલકત હતી. શેઠ તેમના બંગલામાં બનાવેલી પૌષધશાળામાં પૌષધ કરીને બેઠા છે. તેઓ ધ્યાનમાં મસ્ત છે તે સમયે રાતના તેમના ઘરમાં ચોરો ચોરી કરવા આવ્યા. શેઠને ખબર પડી કે ચોરો આવ્યા છે, છતાં દિલમાં હાય ન લાગી. કબાટો તોડવા માંડયાં છતાં શેઠ ધ્યાન દેતા નથી. શેઠ પોતાની નજર સામે બધું જુએ છે છતાં કાંઈ બોલતાં નથી. માની લો કે તમે ઘરમાં પૌષધ કર્યો હોય ને આવું બને તો શાંત બેસી રહો ખરા? મનમાં ઉકળાટ થાય કે નહિ? પૌષધ છે એટલે બીજું ન કરો પણ ત્યાં તમે શું કહો? પૌષધ છે એટલે ઉઠાય નહિ પણ બૂમ તો પડાયને! આ શેઠની દૃઢતા કેટલી છે! ઘર તોડીને અંદર આવ્યા. કબાટો તોડવા છતાં તે બાજુ દૃષ્ટિ પણ કરતાં નથી. એટલે ચોરોને તો ફાવતું મળી ગયું. શેઠ શું વિચારે છે! મેં પૌષધ લીધો છે. મારે બધા પાપના પચ્ચક્ખાણ છે. હું એ બધી પાપ ક્રિયાઓથી ૨૪ કલાક માટે નિવૃત્ત થયો છું, તેથી મારે એ તરફ દૃષ્ટિ કરવાની શી જરૂર! સંપત્તિ મારી છે કયાં? હું એકલો આવ્યો છું, ને એકલો જવાનો છું. જ્યારે અહીંથી જઈશ ત્યારે આ બધી સંપત્તિ, માલમિલકત મારી સાથે આવવાના નથી, પછી એની મમતા શી! પૌષધમાં તો મારે ને એને કાંઈ લાગતું વળગતું નથી. ચોરોએ બધી મિલકત ભેગી કરીને પોટલા બાંધ્યા છતાં શેઠને જરાપણ ઉત્પાત નથી. અરે, તેમનું રૂંવાડું પણ ફરકતું નથી. આ ચોરો મારી બધી મિલકત ચોરી જાય છે એટલા ભાવ પણ આવતા નથી. મેં પૌષધ લીધો ત્યારે બધા પચ્ચક્ખાણ લીધા છે, પછી મારી મિલકત છે જ કયાં! શેઠને ચિંતા નથી, ફિકર નથી. એ તો આત્મસ્વરૂપમાં મસ્ત છે. પૌષધના ભાવને બરાબર સમજેલા છે, નહિ તો આવા પ્રસંગે જીવને કેટલો ઉત્પાત વધી જાય! હજુ આ શેઠ આગળ શું વિચારણા કરશે અને પૌષધનો ચમત્કાર કેવો સર્જાશે તેના ભાવ અવસરે.

અષાડ વદ બીજ ને ગુરૂવાર વ્યાખ્યાન નં. ૩ તા. ૪-૭-૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત કરૂણાસાગર, ગુણોના રત્નાકર, દર્શનના દિવાકર ભગવંતે જગતના જીવોના આત્મશ્રેય માટે દ્વાદશાંગી રૂપ વાણીની પ્રરૂપણા કરી. તેમાં પહેલું અંગ આચારાંગ સૂત્ર. તેનું સ્થાન મહત્વપૂર્ણ છે. જેટલા તીર્થંકરો

થયા તે બધાએ સૌથી પ્રથમ આચારાંગનો ઉપદેશ આપ્યો છે. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં જે તીર્થંકરો વિદ્યમાન છે તેઓ પણ સર્વપ્રથમ આચારાંગનો ઉપદેશ આપે છે. આચારાંગના સૂત્રને સર્વપ્રથમ સ્થાન આપવાનું કારણ દર્શાવતા કહે છે કે મોક્ષના અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવા માટે આચારની જરૂર છે. આ સૂત્રમાં એટલા ગહન ભાવો ભર્યા છે કે જાણે ગાગરમાં સાગર ભરી દીધો ન હોય ! આચારંગ અધ્યાત્મની અમૂલ્ય નિધિ છે. જાગૃતિનું જીવનસૂત્ર છે. આભ્યંતર ગુણરત્નોનો રત્નાકર છે. આત્માના મૌલિક ગુણોને વિકસિત અને પલ્લવિત કરવાની એમાં વિપુલ સામગ્રી છે. આ સૂત્રમાં સાધુના આચાર શું છે ? તેમને કરવા જેવું શું છે આવા ભરપૂર ભાવોથી ભરેલું સંતોને સતત જાગૃત કરતુ એવું આ પહેલું આચારાંગ સૂત્ર છે. આ સૂત્ર માતા સમાન, છે. શરીરના જમણા પગની સમાન છે.

બીજું અંગ છે સૂયગડાયંગ સૂત્ર. જેમાં સાધુને શિક્ષા આપી છે. આ અંગ ડાબા અંગ સમાન છે. તેને પિતાની ઉપમા આપી છે. આ સૂત્રમાં સાધકને શિક્ષા આપતાં ન્યાય આપીને સમજાવ્યું છે.

तमेव अवियाणंता विसमंसि अकोविया ।
मच्छा वेसालिया चेव, उदगस्सभियागमे ॥ સૂ. અ. ૧. ઉ. ૩ ગાથા ૨.

વૈશાલિક માછલી પાણીમાં પૂર આવે ત્યારે તણાઈને કિનારે આવે છે. પાણીના જોશ ઘટી જવાથી તે સમુદ્રના પાણીમાં પાછી જઈ શકતી નથી. તેના રોમરાય ફાદવમાં ભરાઈ જાય છે અને ખેંચાય છે, પછી તે ત્યાં તરફડિયા મારે છે. ચીસો પાડે છે. તે સમયે માંસના અર્થી ઢંક અને કંક નામના પક્ષીઓ તે માછલીના શરીર પર ચાંચો મારે છે. તેની ચાંચો તલવારની ધાર જેવી હોય છે. તે તીક્ષ્ણ ચાંચોથી માછલીને વીંધી નાંખે છે. ત્યાં માછલી મૃત્યુને શરણ થાય છે. આ રીતે જે સાધક આધાકર્મી આહારને ભોગવે છે તેની દશા વૈશાલિક માછલી જેવી થાય છે. માછલીને ઢંક અને કંક નામના પક્ષીઓ વીંધી નાંખે છે તેમ આધાકર્મી દોષિત આહારથી બાંધેલા કર્મો જીવને વીંધી નાંખશે. આ રીતે સૂયગડાયંગ સૂત્રમાં સાધકને આત્મલક્ષી સુંદર શિખામણો આપી છે. ત્રીજું અંગ છે ઠાણાંગસૂત્ર. તે જમણી પીંડી સમાન છે. તેમાં ૧થી૧૦ બોલોનું વર્ણન આવે છે. ચોથું સમવાયંગ સૂત્ર પણ ભાવોથી ભરપુર છે તે ડાબી પીંડી સમાન છે. પંચમ અંગ છે મૈયા ભગવતી. તેને વિવાહપન્નત્તિ પણ કહેવાય છે. તે જમણી જાંઘ સમાન છે. તેમાં ૩૬૦૦૦ પ્રશ્નો ગૌતમ સ્વામીએ પૂછેલા છે. એ સૂત્ર વાંચતા મનમાં થાય કે ભગવાને ગૌતમ સ્વામીને કે ગોયમા ! કે મારા અંતેવાસી ! આ શબ્દોથી સંબોધ્યા છે. તે કેટલા ભાગ્યવાન કે પ્રભુના મુખેથી વારંવાર તેમનું નામ બોલાય. તેમનામાં વિનય-વિવેક કેટલો હશે ! ગુરૂભક્તિમાં કેવા તરબોળ હશે ! ગુણોથી ગુરૂના હૃદયમાં કેવું સ્થાન જમાવ્યું હશે ! મારા ભગવંતની આજ્ઞા એ જ મારું જીવન અને પ્રાણ છે. આવા ગુણોના પ્રભાવે અંતેવાસી શબ્દ વાપર્યો હશે. અર્પણતા વગર તર્પણતા ન મળે. આપણે ગુરૂને

અર્પણ તો થઈએ છીએ, પણ અર્પણતામાં ભેદ રાખીએ છીએ. પારસમણી લોઢાને સોનું બનાવે પણ જો પારસમણીને કાગળ વીંટેલો હોય તો લાખંડને સોનું ન બનાવે, તેમ આપણે પણ ગુરૂ પાસે જઇએ છીએ. ભક્તિથી મસ્તક નમાવીએ છીએ, છતાં ભક્તિમાં ભેદ હશે ત્યાં સુધી કલ્યાણ દૂર છે. છઠું અંગ જ્ઞાતાજીસૂત્ર. તે ડાબી જાંઘ સમાન છે. સાતમું અંગ છે ઉપાસકદશાંગ સૂત્ર. તે જમણા પડખા સમાન છે. (૮) અંતગડસૂત્ર ડાબા પડખા સમાન (૯) અનુત્તરોપપાતિક સૂત્ર જમણી ભૂજા સમાન (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર ડાબી ભૂજા સમાન (૧૧) વિપાક સૂત્ર ગરદન સમાન (૧૨) દૃષ્ટિવાદ સૂત્ર મસ્તક સમાન છે. આ રીતે ૧૨ અંગોને શરીરના અંગો સાથે સરખાવ્યા છે.

આપણે સાતમું અંગ ઉપાસકદશાંગ સૂત્રનો અધિકાર લેવો છે. આ સૂત્રમાં ધર્મ-કથાનુયોગનું વર્ણન કરેલ છે. સમસ્ત સૂત્રોને ચાર અનુયોગમાં વિભક્ત કરેલા છે. અર્થાત્ એમ કહીએ કે ચાર શૈલીઓમાં ભગવાને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે.

(૧) **ચરણ કરણાનુયોગ** : જેના વડે સંસારરૂપી સમુદ્રનો સામો કિનારો અર્થાત્ ચૌદમું ગુણસ્થાન પ્રાપ્ત થાય તેને ચરણ (મૂળગુણ) કહે છે. વ્રત આદિને પણ ચરણ કહે છે. તે ૭૦ પ્રકારનો છે. ૫ વ્રત, ૧૦ શ્રમણધર્મ, ૧૭ સંયમ, ૧૦ વૈયાવચ્ચ, ૯ બ્રહ્મચર્યવાડ, ૩ રત્નત્રય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, ૧૨ તપ, ૪ ક્રોધ, માન, માયા લોભનો નિગ્રહ આ ૭૦ ચરણના ભેદ. ચરણની જે પુષ્ટિ કરે તે કરણ કહેવાય. અર્થાત્ ઉત્તરગુણ કહેવાય છે. પિંડવિશુદ્ધિ આદિ કરણ કહેવાય છે. તેના પણ ૭૦ પ્રકાર. ૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પડિમા, ૫ ઇન્દ્રિયનિગ્રહ, ૨૫ પડિલેહણ, ૩ ગુપ્તિ ૪ અભિગ્રહ આ ૭૦ કરણનાભેદ. જેમાં ચરણ-કરણનું પ્રતિપાદન કરવામાં આવે છે તે ચરણ-કરણાનુયોગ છે. આ અનુયોગમાં આઠ સૂત્ર છે. આચારાંગસૂત્ર, પ્રશ્નવ્યાકરણ, દશવૈકાલિક, બૃહત્કલ્પ આદિ ચાર છેદ સૂત્ર અને આવશ્યકસૂત્ર.

(૨) **ધર્મકથાનુયોગ** : ધર્મનું કથન એવા ધર્મકથાના અનુયોગને ધર્મકથાનુયોગ કહે છે. જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અનુત્તરોવવાઈ, વિપાકસૂત્ર, ઔપપાતિક, રાયપ્રશ્નીય, નિરયાવલિકા આદિ પાંચ સૂત્ર, ઉત્તરાધ્યયન આ ધર્મકથાનુયોગ છે.

(૩) **ગણિતાનુયોગ** : ગણિતના વિષયમાં ભગવાને જે અર્થાગમનું પ્રતિપાદન કર્યું તેને ગણિતાનુયોગ કહે છે. જંબુદ્વીપપન્નતિ, ચંદ્રપન્નતિ, સૂર્યપન્નતિ આ ગણિતાનુયોગ છે.

(૪) **દ્રવ્યાનુયોગ** : જેમાં જીવ આદિ છ દ્રવ્યોનું, નવ પદાર્થોનું, તેના જ્ઞાનાદિ ગુણોનું વિવેચન અર્થાગમને અનુસાર છે તે દ્રવ્યાનુયોગમાં સૂત્રકૃતાંગ, સ્થાનાંગ સમવાયાંગ ભગવતી સૂત્ર, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદીસૂત્ર, અનુયોગ દ્વાર, આદિ સૂત્રો છે. આ ચાર અનુયોગમાં ભગવાને કયા ભાવો બતાવ્યા છે તે સમજીએ. દ્રવ્યાનુયોગમાં આત્માનું એટલે ચેતનનું તથા અચેતન દ્રવ્યોનું સ્વરૂપ બતાવ્યું છે. એના યોગે સમ્યક્ત્વ એવું નિર્મળ બને કે પરિણામે આત્મામાં સારા ભાવો પ્રગટ્યા વિના ન રહે. ગણિતાનુયોગ એવો છે

કે ઉર્ધ્વલોક, અધોલોક, ત્રિછાલોક એ ત્રણેય લોક જાણે આંખ સામે ખડા થઈ જાય. નરક કયાં છે? દ્વિપો કેટલા? સાગરો, નદીઓ, પર્વતો કેટલા? તેમની લંબાઈ, પહોળાઈ, કેટલી? આ બધું જ્ઞાન થાય. જે આત્મા ગણિતાનુયોગનો જ્ઞાતા હોય એની આંખ સામે આખા લોકનો નકશો ખડો થઈ જાય. ચરણકરણાનુયોગ જે શીખે, જાણે એ અવિરતીમાં ફસાયેલો ન રહે. અવિરતી ઉપર તેને નફરત આવે, અને આત્માને કેવા આચાર વિચાર રાખવા શ્રેયકારી છે એ વાત આ યોગથી સમજાઈ જાય.

ચોથો ધર્મકથાનુયોગ એટલે જગતના જીવોના ચરિત્રોના વર્ણનનો બગીચો. એમાં શું ન આવે? પાપીનું ચરિત્ર આવે અને પુણ્યશાળીના પણ ચરિત્રો આવે. સંસારને ખેડતા જીવોનું ચરિત્ર આવે અને સંસારનો ત્યાગ કરી મોક્ષમાર્ગની સાધનામાં જોડાઈ ગયેલા જીવોનું ચરિત્ર પણ આવે. આ બધું વાંચવામાં, સાંભળવામાં આવે ત્યારે જેને હેય, ઉપાદેયનો વિવેક હોય તે આત્મામાં અપૂર્વ આનંદ પ્રગટ્યા વિના ન રહે, કારણ કે એ વાંચવા, સાંભળવાથી સંવેગના રસરૂપી અમૃત પ્રગટે કે જે અમૃતથી મોહનું મહાવિષ મટે અને સંવેગના રસરૂપી અમૃતમાં આત્મા તરબોળ બને. ધર્મકથાનુયોગ એવો સુંદર, મીઠો અને સરળ છે કે જેને એ વાંચતા, સાંભળતા આવડે તેને સંસાર ભયંકર દેખાયા વિના ન રહે. જો આ શરીર ઉપર ચામડી ન હોય તો આ શરીર કેવું બિહામણું લાગે. તેમ આ સંસાર ઉપર પણ પુણ્યનો ઓછાડ ન હોય તો આ સંસાર એથીય વધુ બિહામણો લાગે એવો છે. પુણ્યનો ઓછાડ ખસી ગયા પછી સંસાર કેવો છે એની કલ્પના કરશો તો લાગશે કે સંસારમાં વસ્તુતઃ કાંઈ સારું નથી. આ સંસારમાં આચરવા લાયક જો કાંઈ હોય તો તે ધર્મ છે. સંસાર તો એવો છે, પત્ની દુશ્મન બને અને પતિ પણ દુશ્મન બને, પુત્રો પણ દુશ્મન બને, સ્નેહીઓ, સ્વજનો, સંબંધીઓ એ બધા કયારે ફરી જાય, વિપરીત કરનારા બને એ કહેવાય નહિ. પુણ્યનો યોગ હોય ત્યાં સુધી બધુ અનુકૂળ અને પાપનો યોગ પ્રગટે એટલે સંસારમાં બધા ફરી જાય. દેવ, ગુરૂ, ધર્મ અને સ્વધર્મી એવા છે કે એના સહવાસમાં, એની છાયામાં જે કોઈ રહે તેને એ ધક્કો તો ન મારે પણ એના કારણે એવી સ્થિતિ ઉભી થાય કે પ્રતિકૂળ વર્તનારા એને અનુકૂળ બની જાય. આ આખો ચિતાર ધર્મકથાનુયોગમાં જોવા મળે છે.

ધર્મકથાના શ્રવણથી દેવ, ગુરૂ, ધર્મ સિવાય કોઈનો રાગ કરવા જેવો નથી એમ લાગે. મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મ શરૂ કર્યો એટલે એ ભવમાં કેવળજ્ઞાન અને મોક્ષ મળે એવું તો અલ્પજીવોને માટે બને, કારણ કે કેવળજ્ઞાન પામવા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે. તે એક ભવમાં પૂરો થઈ શકે નહિ, પણ એટલું તો જરૂર બને કે મોક્ષને માટે ધર્મ કરવાનો શરૂ કર્યો ત્યારથી માંડીને જે ભવમાં કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થાય ત્યાં સુધી મોટા ભાગે એવું બને કે દેવભવ મળે અને મનુષ્યભવ મળે. એમ ચાલ્યા કરે. એમાં દેવભવમાં પણ જો ધર્મના ભાવ જળવાઈ જાય અને મનુષ્યભવ મળે ત્યારે ત્યાં એ

ધર્મનું આચરણ મોક્ષના લક્ષ્યથી કરે તો અલ્પભવમાં મોક્ષ મળી જાય. કોઈ વાર એવું પણ બની જાય કે તેવા પ્રકારના કર્મના ઉદયથી ધર્મના ભાવ બસી જાય, પણ એ પાછા આવ્યા વિના ન રહે. ધર્મકથામાં જ્યાં સારાપણું છે ત્યાં સારાપણું ટાંકીને તે બતાવ્યું છે અને જ્યાં બરાબી છે તે એવી રીતના બતાવી છે કે સંસાર ભૂંડો લાગ્યા વિના રહે નહિ. સંસાર પ્રત્યે ઉદ્વેગ આવી જાય. સાધુઓના વિરાગને પણ પુષ્ટ બનાવી દે. એવી વાતો ધર્મકથામાં છે. ધર્મકથા સારી રીતે વાંચવામાં આવે તો વાંચનારમાં વિરાગ ન હોય તો પેદા થાય, અને હોય તો તે એવો દૃઢ બને કે ગમે તેવા સંયોગોમાં એ ડગે નહિ. ધર્મકથામાં આવેલા મહાનપુરૂષોના ચરિત્રો તો આરાધના તથા સદ્‌ગુણોની પ્રેરણાની ખાણ છે. એ વાંચવા, સાંભળવાથી કાંઈ ને કાંઈ પ્રેરણા મળે છે. કદાચ જીવનમાં આરાધના ન કરી શકે તો પણ અંતરમાં બટકે તો બરું કે મને મહાન પુરૂષો જેવો માનવભવ મળ્યો છતાં હું આરાધના નથી કરી શકતો ? હું સદ્‌ગુણોને કેળવી શકતો નથી ! હું તો પાપમાં શૂરો છું. ધર્મકથાની એ એક વિશેષતા છે કે તે સરળ ભાષામાં વાતવાતમાં મનને પ્રમોદમાં લાવી આત્માને માટે કંઈક અવનવી પ્રેરણા પીરસી જાય છે. જેનાથી જીવનમાં વર્તનનું પરિવર્તન પણ થઈ શકે છે. ધર્મકથા એટલે દૂધમાંથી પ્રક્રિયા કરીને પીરસાતું, પૃષ્ટિ આપતું નવનીત. ધર્મકથા એટલે શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ભવના થાકને ઉતારનાર તથા તન, મન અને જીવનને હળવું ફુલ બનાવીને ઉચ્ચ આદર્શો દ્વારા ઉત્તમ જીવન જીવવાની પ્રેરણા આપતું પ્રેરક બળ. આ રીતે ધર્મકથા એટલે જીવનમાં ધર્મનો યોગ કરાવનાર કથા. ધર્મકથા માત્ર બાળકો માટે નથી, પણ જે મંદબુદ્ધિવાળા છે. જેમનો ક્ષયોપશમ તીવ્ર નથી તેવા જીવો પણ ધર્મથી વિમુખ ન રહી જાય અને આગમનું અમૃતપાન તેમને મળી રહે તે માટે ધર્મકથા મહત્ત્વનું સ્થાન ધરાવે છે. બારણાને સાંધ સાથે ફીટ કરવા માટે મિજાગરા, ખીલીની જરૂર છે તેમ બાલજીવોને સિદ્ધાંતના ભાવને સમજાવવા માટે ધર્મકથારૂપ મિજાગરાની જરૂર છે

આપણે જે અધિકાર લેવો છે તેનું નામ છે ઉપાસકદશાંગ. જે આત્માઓ સર્વ વિરતિરૂપ ચારિત્રધર્મની સાધના કરવામાં સમર્થ નથી અને સંસારરૂપી વિકટ વનમાં ભ્રમણ કરતાં વિવિધ દુઃખોથી તરફડી રહ્યાં છે એવા ભવ્ય જીવોના ઉપકાર માટે શ્રાવકધર્મ સમજાવવાના ઉદ્દેશથી અનેક શ્રાવકોના ચરિત્રોનું ચિત્રણ કરતાં ઉપાસકદશાંગ નામના સાતમા અંગનો પ્રારંભ કરીએ છીએ. **तेणं कालेणं तेणं समएणं चंपा नामं नयरी होत्था, वण्णओ । पुण्णभद्दे चेइए वण्णओ ।।** કોઈપણ વાત ચાલુ કરતા પહેલાં આગળની પૂર્વભૂમિકા પહેલા બતાવે છે તે કાળ અને તે સમયે ચંપા નામની નગરી હતી. તે કાળ અને તે સમય એટલા માટે કહ્યું કે ઔપપાતિક સૂત્રમાં ચંપા નામની નગરીની વાત આવે છે કે ચંપાનગરીમાં કોણિક રાજા રાજ્ય કરતા હતા. કોણિકે પોતાના પિતા શ્રેણિક રાજાને રાજ્યના લોભે જેલમાં પૂર્યા અને તે રાજગૃહીના રાજા બન્યા. જેલમાં શ્રેણિક રાજાનું મૃત્યુ થયું, તેથી નગરીની જનતા તેને ફિટકાર આપવા

લાગી અને શ્રેણિક રાજા મૃત્યુ પામ્યા ત્યારે કોણિકને પોતાની ભૂલ સમજાઈ હતી. તેથી પિતાના શોકથી અને લોકોના ફિટકારથી તેમણે રાજગૃહી નગરીનો ત્યાગ કર્યો અને ચંપાનગરીમાં જઈને તેણે પોતાની રાજધાની બનાવી તે ચંપાનગરીની વાત છે. તે ચંપાનગરીમાં બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીના પાંચે કલ્યાણક થયા હતા. જંબુદ્વિપના દક્ષિણ ભરતમાં અંગ નામના દેશમાં આ ચંપા નામની નગરી હતી. તે ખૂબ સુંદર અને સમૃદ્ધ હતી. તે ચંપાનગરીમાં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય હતું. પૂર્ણભદ્ર દક્ષિણ યક્ષનિકાયનો સ્વામી છે. તે આ ચૈત્યનો સ્વામી હતો, તેથી તે ચૈત્યનું નામ પૂર્ણભદ્ર પડયું હતું. તે કાળ અને તે સમયે આર્ય સુધર્માસ્વામી પરિવાર સહિત પધાર્યા. જંબુસ્વામીએ તેમની પર્યુપાસના કરી, પછી વિનયપૂર્વક વંદન કરીને પૂછયું; "હે ભગવંત! મુક્તિપ્રાપ્ત થયેલા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ છઠ્ઠા અંગ જ્ઞાતા ધર્મકથાનો એ અર્થ બતાવ્યો છે પરંતુ હે ભગવાન! તેમણે સાતમા અંગ ઉપાસકદશાંગ સૂત્રમાં શો અર્થ પ્રરૂપ્યો છે એટલે કે શું ભાવ પ્રરૂપ્યા છે? કહેવાની મજા કયારે આવે? કહેવાનો રંગ કયારે જામે? સામે સાંભળનાર સાંભળવામાં એકતાર બની જાય. જંબુસ્વામીએ સુધર્માસ્વામીને પૂછયું, કે શ્રમણ મહાવીર મહાવીરસ્વામીએ ઉપાસકદશાંગમાં કયા ભાવોનું નિરૂપણ કર્યું છે? ત્યારે સુધર્માસ્વામી કહે છે કે હે આયુષ્યમાન પ્રિય જંબુ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ ઉપાસકદશાંગમાં ૧૦ અધ્યયનની પ્રરૂપણા કરી છે. જેમ ચાતકપક્ષી પાણી માટે તલસે ને મેઘની રાહ જુએ છે કે કયારે વરસાદ વરસે અને હું તેનું પાણી પી લઉં તેમ જંબુસ્વામી પણ સાંભળવા માટે તલસી રહ્યા છે, અધીરા બન્યા છે. સુધર્માસ્વામીએ જંબુસ્વામીને કેવા સુંદર સંબોધનથી સંબોધ્યા છે! હે આયુષ્યમાન જંબુ! આ સંબોધન સાંભળીએ છીએ ત્યારે હૃદયમાં પ્રસન્નતા થાય છે. આયુષ્ય બધાને પ્રિય છે તેથી લોકમાં ચિરંજીવી, દીર્ઘાયુષી સંબોધનથી કહેવામાં આવે છે. આ સંબોધન એટલું મધુર અને પ્રિય છે કે એને સાંભળવા માત્રથી હૃદયકમળની એકેક કળી ખીલી ઉઠે છે. આ સાંભળતાં શિષ્યના મનમાં ઉલ્લાસ અને પ્રસન્નતાની લહેરો ઉઠવા લાગે છે. આ સંબોધનથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે ગુરૂના હૃદયમાં શિષ્ય પ્રત્યે કેટલો વાત્સલ્યભાવ છે! કેટલો સદ્ભાવ છે!

આપણે ગઈકાલે સુવ્રત શેઠની વાત કરી હતી. શેઠ પૌષધમાં મસ્ત છે. તેમનો પૌષધ તમારા જેવો ન હતો. આ સમયે ચોરો આવ્યા. બાતર પાડયું. ચોરી કરે છે. પોટલા બાંધે છે છતાં શેઠ એક-શબ્દ ઉચ્ચારતાં નથી. અરે! મારી બધી મિલકત ચોરાઈ જશે એવો મનમાં ભાવ પણ આવતો નથી. ચોરોના મનમાં થયું કે શેઠ કાંઈ બોલતા નથી માટે તેમનું ધ્યાન નથી. ચોરોએ અવાજ કર્યા વિના સાવધાનીથી કામ કર્યું. ઘરના બધાં ઉપર સૂતા છે. તમે પૌષધ કર્યો હોય ને કદાચ આવો પ્રસંગ બને તો? અરે, ઉપાશ્રયની સામે તમારું ઘર છે. ઉપાશ્રયમાં પૌષધ કર્યો છે. રાત્રે અમર પડી કે ચોરો આવ્યા છે. મને તો લાગે છે કે ભલું હોય તો રાત્રે ગુચ્છો લઈને ઘેર

પહોંચી જાવ. આ શેઠે તો નજરોનજર સગી આંખે મિલકતના પોટલા બાંધતા જોયા છતાં રૂવાડું ય ફરકતું નથી.

પૌષધનો ચમત્કાર :

ચોરો પોટલા બાંધીને જાય છે. જ્યાં ઘરના પગથિયાં ઉતરવા જાય છે ત્યાં બધાના પગ ચોંટી જાય છે. હવે હાલીચાલી શકતાં નથી. માથે હાથથી પોટલા પકડેલા હતા તે હાથ તેમને તેમ રહી ગયા. આ તો ભાર માથે ને માથે રહ્યો. હાથ છૂટા હોત તો માથેથી પોટલાનો ભાર તો ઉતરત ! નથી ચાલી શકતા, નથી માથેથી પોટલા ઉતરતા. બધાં ચોરો ખૂબ મૂંઝવણમાં પડયા. હવે કરવું શું ? શેઠ અત્યાર સુધી કાંઈ બોલ્યા નહિ, પણ નક્કી મંત્રજંત્ર કરવાવાળા હશે. નજરે લૂંટાવા દીધું, પોટલું બાંધવા દીધું અને ચાલવા ગયા ત્યાં ચીટકાવી દીધાં, સજ્જડ કરી દીધા. તેમની મુંઝવણનો તો પાર ન રહ્યો. શેઠના બંગલાના દરવાજે કોટવાળ ચોકી કરે છે. સવાર પડવાનો ટાઈમ થયો. કોટવાલે બંગલાના પગથિયામાં ચોરોને જોયાં. તેણે બૂમ પાડી, ચોરો આવ્યા છે દોડો....દોડો....દિવસ ઊગ્યો. શેઠે પૌષધ પાળ્યો. આવીને જુએ છે તો ચોરો હાલીચાલી શકતા નથી. પોટલા માથે પડયા છે. શેઠ પૂછે છે, "ભાઈઓ આ શું !" ચોરો શું બોલે ? આંખમાંથી દડદડ આંસુ પડે છે. શેઠ સાહેબ ! આપે અમને ચોરી કરતાં જોયા છતાં રોકયા નહિ ! અમે આપનો ભયંકર ગુનો કર્યો છે. અમારા ગુનાનું પ્રત્યક્ષ ફળ અત્યારે જ મળી ગયું છે. અમે આપની મિલકતના બધા પોટલાં પાછા આપી દઈએ છીએ. આપ અમને છોડાવો....છોડાવો શેઠજી ! બચાવો....બચાવો.... અમે તમારા શરણે છીએ. હવે શું વહાલું લાગે ? પોટલા કે છૂટવું ? બોલો તો ખરા ? (શ્રોતા–છૂટવું વહાલું લાગે.) આ ચોરોને જિંદગીની શિક્ષા મળી પણ તમે રાત–દિવસ ૧૮ પાપના પોટલા બાંધી અનર્થદંડે દંડાઈ રહ્યા છો. આ પાપને વોસરાવીને બહાર નીકળી જાવ. સંસારથી છૂટકો લીધા વિના કર્મથી છૂટકારો થવાનો નથી. તમને હજુ ચોર જેવી શિક્ષા મળી નથી. તેમની જેમ ચીટકી ગયા નથી. જો ચીટકી ગયા હોત તો તો કહેત કે મહાસતીજી ! હવે અમને જલ્દી છોડાવો.

ચોરો શેઠને કરગરે છે શેઠજી ! તમે અમને છોડાવો. અમે હવે આ જિંદગીમાં કયારે પણ ચોરી નહિ કરીએ. બરાબર કબૂલ છે ? બોલો છો તેવું પાળશો ને ? હા. આપ અમને ધંધો શીખવાડો. શેઠ તો કરૂણાવંત હતા. એમણે મંત્રજંત્ર કર્યાં ન હતા. તેમણે એટલું કહ્યું કે, ચાલો ચાલવા મંડો. તરત બધા ચાલવા લાગ્યા. ભાઈઓ ! હું મંત્રજંત્ર કાંઈ જાણતો નથી. આ તો મારા પૌષધવ્રતનો પ્રભાવ છે. શેઠ પૌષધમાં અડગ રહ્યા તો કેવો પ્રભાવ પડયો ! તેમની ચોરાયેલી મિલકત પાછી આવી ગઈ. તમારી સામાયિક કેવી ? બારણામાં તપેલી મૂકી રાખો, દૂધવાળો આવે એટલે કહો એ તપેલીમાં નાંખ. આવી ઘણી સામાયિકો કરી. વ્રત–નિયમો કર્યાં છતાં કલ્યાણ થતું

નથી. પુણીયા શ્રાવકની એક સામાયિક લેવા શ્રેણિક રાજા ગયા. જો તેની એક સામાયિકનું ફળ મળે તો નરકે જતાં અટકી જાય. કયાં સમરસના સ્વાદથી ભરપુર એની સામાયિક અને કયાં આપણી સામાયિક ! આપણા જેવા ભાવ વધવા જોઈએ તેવા હજુ વધ્યા નથી. આત્માનો વેગ ઉપડયો નથી તેથી આત્મા પામી શકાતો નથી.

શેઠના કહેવાથી ચોરો છૂટી ગયા, પણ કોટવાળે ચોર–ચોરની ધૂમ પાડી એટલે પોલીસ ત્યાં આવી પહોંચી. ચોરોને જોયા એટલે પકડીને લઈ ગયા. આ શેઠ ખૂબ સજ્જન હતા. તેઓ પણ સાથે ગયા. ન્યાયાધીશે પૂછયું–શેઠજી ! આ ચોરો છે ને ? આ ચોરો છે એ વાત સાચી. એ ચોરી કરવા આવ્યા હતા એ પણ સાચું છે, પણ તેમણે મારે ત્યાંથી કોઈ વસ્તુ લીધી નથી, અને હવે જિંદગીમાં કયારે પણ ચોરી ન કરવી તેવી પ્રતિજ્ઞા લીધી છે. હવે શું કહું ! ગુનો એમનો નથી પણ મારો છે. તેમને ચોરી કરવાની વૃત્તિ થઈ શા માટે ? હું મોટો કોડાધિપતિ શેઠ કહેવાઉં છતાં મેં તેમની ખબર ન લીધી, ત્યારે તેમને આવી પાપવૃત્તિ થઈ ને ! શેઠના વચનો સાંભળી ન્યાયાધીશ તો સજ્જડ થઈ ગયા. શેઠ કહે તેમને છોડી મૂકો. તરત ચોરોને છોડી મૂકયા. શેઠે તેમને ધંધો શીખવાડયો. તેમનું જીવન સુધરી ગયું.

જેણે જીવન જીવી જાણ્યું છે ને મૃત્યુને અમર બનાવ્યું છે એવા અમારા લાડીલા મહાન વૈરાગી પૂ. તારાબાઈ મહાસતીજીની પુણ્યતિથિનો દિવસ છે. પૂ. તારાબાઈ મહાસતીજી એક મહાન પવિત્ર સતી હતા. તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. માતાનું નામ સમરતબેન અને પિતાનું નામ ઉગરચંદભાઈ હતું. ચૌદ વર્ષે તેમના લગ્ન થયા હતા. તેમનું સંસારી જીવન સુખોથી છલકતું હતું. વૈભવોની છોળો ઉઠતી હતી. આવી સુખશય્યામાં રહેતાં તારાબેનને ૨૬ મા વર્ષે એવો જોરદાર ફટકો વાગ્યો કે તેમના સુખના ભંડાર લૂંટાઈ ગયા. પતિ સ્વર્ગવાસ થયા, ત્યારે ચારે દીકરાઓ નાના હતા. તેમનું કલ્પાંત, રૂદન ભલભલાને રડાવી દે એવું હતું. તેમને ખૂબ ઝૂરાપો કરતાં જોઈને એમના પાડોશી બહેને કહ્યું, તારાબહેન ! આપણા ઉપાશ્રયે પૂ. શારદાબાઈ મહાસતીજીનું ચાતુર્માસ છે. તમે ત્યાં ચાલો. તમારા મનને શાંતિ મળશે. આ રીતે કયાં સુધી ઝૂર્યા કરશો ? પાડોશીના કહેવાથી તેઓ ઉપાશ્રયે આવ્યા. હું પણ ગોચરી જાઉં ત્યારે હૃદયને શાંત કરવા આશ્વાસન આપું. તેઓ રોજ ઉપાશ્રયે આવવા લાગ્યા. બપોરે મહાબળ–મલયાસુંદરીનો રાસ સાંભળતાં મનમાં થયું કે રાજાની એક દીકરીને કેટલા દુઃખો પડયા ? તો મારી વાત કયાં ? કર્મના સ્વરૂપને સમજતાં આત્મામાં ઉર્યા. ચાર મહિનાના પરિચયમાં તેમનો આત્મા વૈરાગ્ય રંગમાં રંગાઈ ગયો. ચારે દીકરા નાના, એ જવાબદારીના કારણે ૧૨ વર્ષો સુધી સંસારમાં રોકાવું પડયું, પણ દઢ વૈરાગ્યથી રક્ત.

તારાબહેને માંગેલી દીક્ષાની આજ્ઞા : દીકરાઓમાં સુસંસ્કારોનું સિંચન કરતાં સંસારમાં રહીને પોતાની ફરજો અદા કરવા લાગ્યા. સૌથી મોટા પુત્રના લગ્ન કર્યાં. પુત્રવધૂના જીવનનું ઘડતર કર્યું, પછી કહ્યું, "મેં મારી ફરજ બરાબર બજાવી છે. હવે આપ આ બધી જવાબદારી સંભાળો અને મને સંયમના માર્ગે જવાની આજ્ઞા આપો." તારાબેને દીક્ષાની આજ્ઞા માંગી, ત્યારે દીકરાઓ કહે છે, "બા ! તેં અમને ભણાવ્યા, ગણાવ્યા, મોટા કર્યા. હવે તારી સેવા કરવાનો સમય આવ્યો ત્યારે તું અમને છોડીને જવાની વાત કરે છે. અમે દીક્ષાની આજ્ઞા નહિ આપીએ." તારાબેનના મનમાં થયું કે આ દીકરાઓ મને દીક્ષાની આજ્ઞા નહિ આપે, તેથી જેઠ મહિનામાં સખત ગરમીમાં ચૌવિહારા ઉપવાસ પર ઉતર્યા. કેટલો દૃઢ વૈરાગ્ય ! સંયમની કેવી તીવ્ર તમન્ના ! છેવટે બધાં સગાંસંબંધીઓએ પુત્રોને સમજાવ્યા ને દીક્ષાની આજ્ઞા અપાવી. તેમના મનમાં તો કોઈ અલૌકિક આનંદ થયો, પણ દીકરાઓના દીલમાં ખૂબ આઘાત લાગ્યો. અષાઢ સુદ બીજની દીક્ષા નક્કી થઈ. તેઓ કહે, "મારે સાદાઈથી દીક્ષા લેવી છે." દીક્ષા વખતે તેમના બાળકોનો જે કલ્પાંત કે ભડભડાતા હૃદય કંપી જાય. મંડપમાં દીક્ષાની આજ્ઞા આપતાં બે બાળકો બેભાન થઈ ગયા. તે સમયનું દૃશ્ય તો બધાના હૃદય ધ્રૂજાવી દે એવું હતું, છતાં આ દૃઢ વૈરાગીના મુખ પર અપૂર્વ આનંદ હતો. સંત સતીજીઓ, જનતા બધા બોલી ઉઠ્યા–ધન્ય છે તારાબેન તમને !

મહાભિનિષ્ક્રમણ બાદ તેમની મંગલ ભાવના : દીક્ષા લીધા પછી તેઓ એક જ વાત કહેતા મહાસતીજી ! મારે કોઈ વિદ્વાન, પંડિત કે વ્યાખ્યાતા નથી બનવું. મારે તો પંડિત મરણે મરવું છે ને જલ્દી ભવનો અંત લાવવો છે. દીક્ષા બાદ નવદીક્ષિત નાના મહાસતીજીઓને તથા વૈરાગી બેનોને ભણાવવા વગેરે બધી જવાબદારી તેઓ સંભાળતા. દીક્ષામાં આડમો નંબર આવ્યો પણ ગુણમાં મોટા અને ગંભીર હતા. તેમના ગુણોની ગૌરવગાથા ગાઈ શકાય તેમ નથી. દીક્ષા પછી દેશમાં ત્રણ ચાતુર્માસ કરીને મુંબઈ આવવાનું થયું. મુંબઈમાં અનુક્રમે કાંદાવાડી, માટુંગા, દાદર ચાતુર્માસ કરીને સંવત ૨૦૨૧ નું ચાતુર્માસ વિલેપાર્લા કર્યું. તે ચાતુર્માસમાં તેમને ગર્ભાશયનું કેન્સર થયું.

ભયંકર રોગમાં અપૂર્વ સમાધિ : કેન્સર નામ પડતાં માણસ ગભરાય પણ તારાબાઈ મહાસતીજીને તો જરા પણ નહોતો ગભરાટ કે નહોતો હાયકારો. એ તો સમતાભાવે સહન કરતા. તે કહેતાં મહાસતીજી ! આ દર્દ આવ્યું એમાં આપણે ગભરાવાની શી જરૂર છે ! આ કેન્સર તો કર્મોને કેન એટલે નાશ કરવા માટે આવ્યું છે. કર્મો ખપાવવાની ઉત્તમ ઘડી આવી છે. એમાં અફસોસ કે દુઃખ શા માટે ? આત્માની કેવી અપૂર્વ જાગૃતિ ! તે શૂરવીર ને ધીર થઈને કર્મો ખપાવતા હતા. ટ્રીટમેન્ટ આપવાથી દર્દ શાંત થયું. સં. ૨૦૨૨ માં ઘાટકોપર ચાતુર્માસ કર્યું. ચાતુર્માસ પૂર્ણ થતાં કારતક

વદ પૂનમના દિવસે બપોરના આલોચના કરતાં માથામાં જોરદાર ઝાટકો આવ્યો. ચોમાસા બાદ માટુંગા પધાર્યાં. માથાના દુખાવા માટે માટુંગા સંઘે મોટા મોટા ડોકટરોને બોલાવ્યા. મહાસતીજીની અજબગજબની સમતા જોઈને ડોકટરોના શીર ઝુકી ગયાં. ધન્ય છે સતીજી આપને ! માટુંગામાં મંદાકિનીબાઈની દીક્ષા થઈ. દીક્ષા પત્યા બાદ તેમણે કહ્યું કે હું વડી દીક્ષા જોવાની છું. મને અંતિમ આલોચના કરાવો.

અંતિમ સમયના ઉદ્‌ગારો : ત્રણ દિવસ બાકી હતા ત્યારે મને ખુલ્લા શબ્દોમાં કહી દીધું. મહાસતીજી હું અઢી દિવસ છું. મારો રાગ ન રાખશો. મારી મમતા ન રાખશો. મારે તો બે હાથમાં લાડવા છે. અહીં તમે છો અને હવે જ્યાં આપણા ગુરુદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ બિરાજે છે ત્યાં હું જાઉં છું. "મહા વદ એકમના દિવસે તેમણે ૧૦ને ૧૦ મિનિટે ધૂન શરૂ કરી **"દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું"** મેં કહ્યું, તારાબાઈ ! આ શું બોલો છો ? મહાસતીજી જે સત્ય છે તે બોલું છું. મારો દેહ મરે છે. હું તો અજર અમર છું. પછી પૂછે છે નવા સીવેલા કપડાં તૈયાર છે ને ! મેં કહ્યું ના. તો કહે, તરત સીવડાવી લો. હું હવે બંબાત આવવાની નથી, પણ ચંદ્રિકાની દીક્ષા સારી રીતે કરજો. છોકરાઓને ભલામણ કરી કે આપ સંપીને રહેજો. મને જેમ ગણો છો તેમ મહાસતીજીને માનજો. મેં તેમને આલોચના કરાવી ત્યારે તેમને સંતોષ થયો.

તા. ૨૫ મહા વદ બીજના શનિવારે ગૌચરી પત્યા બાદ કહે છે મહાસતીજી ! કાંઈ વધ્યું તો નથી ને ? થોડું વધ્યું છે તો આપ બધા વાપરી લો. બીજા કાળનું પાણી લાવતા નહિ, પછી કહે છે જે કપડા સીવડાવ્યાં છે તે પહેરવા માટે મને આપોને ! તેમ કહીને મરણ પછી જે કપડાં પહેરવાના હોય તે પહેરી લીધા. મને કહે તમે કોઈ દિવસ કોઈનું મરણ જોયું નથી, પણ મરણ પહેલા નખ કાળા થઈ જાય. આપ મારી ચિંતા કરશો નહિ. મારી પાછળ રડશો નહિ. હું તો સુખમાં જાઉં છું. આપને ખોળે માથું મૂકીને દેહ છોડવાની છું. આટલું બધું કહેવા છતાં મોહદશાએ મને ન સમજવા દીધું કે તારાબાઈ હવે જશે. હું તો વ્યાખ્યાનમાં જવા તૈયાર થઈ. દાદરે પહોંચી ત્યાં અવાજ આવ્યો કે જા મા. મને થયું કે ભ્રમણા છે. મને અહીં કોણ કહે ? પગથિયું ઉતરવા ગઈ ત્યાં ફરી અવાજ આવ્યો–જા મા, તેથી પાછી આવી. પાટે બેઠી. ત્યાં મારા ખોળામાં માથું મૂકી દીધું ને બોલ્યા–ગુરુણીદેવ ! આ દેહ તો નશ્વર છે. તમે મારો રાગ ન રાખશો. ગુણ હિંમત રાખજો એમ કહીને મસ્તકે હાથ મૂકીને ત્રણ વાર બોલ્યા હે આદેશ્વર દાદા ! ભવોભવ મને તમારું શરણું હોજો. ત્યાં મને થયું કે હવે તારાબાઈ ચાલ્યા. મેં તરત સંથારાના પચ્ચક્ખાણ આપ્યા તેમણે તો ત્રણ દિવસ અગાઉ મારી પાસે સંથારાના પચ્ચક્ખાણ માંગેલા, પણ મેં આપ્યા નહિ. સંથારાના પચ્ચક્ખાણ કરાવ્યા ત્યારે તેમના મુખ ઉપર અપૂર્વ આનંદ દેખાયો. તે તો તેમની ધૂનમાં મસ્ત હતા. હું તો વ્યાખ્યાનમાં

ન ગઈ એટલે બધાને થયું કે તારાબાઈ મહાસતીજીની તબિયત ઠીક નહિ હોય એટલે વ્યાખ્યાન પૂરું થતાં બધા ઉપર આવ્યાં. સકળ સંઘની હાજરીમાં દશને દસ મિનિટે દેહ મરે છે હું નથી મરતી અજર અમર પદ મારું. એ ધૂન બોલતાં સાડા આઠ વર્ષની દીક્ષા પાળી હસતા મુખે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. પોતે સાધી ગયા. ચમકતો તેજસ્વી તારો ખરી પડયો. ધન્ય છે તેમના આત્માને ! તેમના જીવનમાંથી કંઈક ગુણો અપનાવીએ, તેમની પુણ્યતિથિએ અઠ્ઠમ કરાવ્યા છે. ૭૦ થયા. તેમની પુણ્યતિથિએ જે બને તે પચ્ચખ્ખાણ લેજો તો જ શ્રદ્ધાંજલિ આપી કહેવાય.

અષાઢ વદ ત્રીજ ને શુક્રવાર **તા. ૫-૭-૮૫**

વ્યાખ્યાન નં. ૪

વિષય : બહારમાંથી અંદર આવો

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, રાગદ્વેષના વિનાશક, એવા જિનેશ્વર ભગવંતે ભવ્ય જીવોને ભવબંધનમાંથી મુક્ત કરવા માટે દ્વાદશાંગીની પ્રરૂપણા કરી દ્વાદશાંગીમાં આપણે સાતમાં અંગ ઉપાસકદશાંગ સૂત્રનો અધિકાર શરૂ કર્યો છે. જંબુસ્વામી જિજ્ઞાસુ બનીને સુધર્માસ્વામીને વિનયપૂર્વક પ્રશ્ન પૂછી રહ્યા છે હે ભગવાન ! શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ સાતમાં અંગમાં શો અર્થ પ્રરૂપ્યો છે ? જાણવાની જિજ્ઞાસા તમન્ના કેટલી છે ! જિજ્ઞાસા જાગે, ગુરૂ ભગવંતો પ્રત્યે વિનય ભાવ પ્રગટે તો કાંઈક પામી શકે. આ જીવનમાં જો કાંઈક પામવું છે તો બહારમાંથી અંદર આવો, જે ઘરમાં હોય તે બહાર ન હોય. આખો દિવસ કામકાજ કરો પણ રાત પડે એટલે ઘેર આવો છો. તમે શાંતિ મેળવવા માથેરાન, મહાબળેશ્વર જાવ ત્યાં ૮ દિવસ ૧૦ દિવસ રહો પણ અંતે ઘર વગર ઠેકાણું ન પડે. કોઈ ને ત્યાં મહેમાન થઈને ગયા. રોજ સારું સારું જમવાનું મળે. માન સન્માન મળે છતાં ઘેર આવો ત્યારે કહેશો કે હાશ ! શાંતિ વળી. આ તો દ્રવ્ય ઘર છે. તમારે અદ્‌ભૂત અપૂર્વ શાંતિ મેળવવી હોય તો આત્માના ઘરમાં આવો. ચાર દિવાલનું બનાવેલું ઘર એ સાચું ઘર નથી. મોક્ષ એ આપણું સાચું ઘર છે. તમારે એક પ્લોટ લેવો હોય તો ઓનરશીપ આપો. પાઘડી ભરો કે ભાડે લો, પણ પૈસા તો ભરવા પડે છે. તેના મૂલ્ય ચૂકવવા પડે છે, તો પછી શાશ્વત મોક્ષનું ઘર લેવા માટે ભગવાનના કાયદા અનુસાર કિંમત ચૂકવવી પડે, પૈસા ભરપાઈ કરવા પડે. ભગવાને કહ્યું તેમ કરવું પડશે. તે માટે શું કરવાનું છે ? અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની, સંજ્વલનની એ બધી ચોકડીઓ એટલે ૧૬ કષાયો છોડવી પડશે. સંજ્વલનનો ક્રોધ તો કેટલો અલ્પ ! પાણીમાં દોરેલી લીટી જેવો. આટલી કષાય પણ જીવને યથાખ્યાત ચારિત્ર અને કેવલજ્ઞાન પામવા ન દે. તો પછી બીજી ચોકડીઓને એટલે અપ્રત્યાખ્યાન આદિને રાખવાની વાત જ ક્યાં ? મોક્ષનું ઘર લેવું છે, તો કષાયોનો ત્યાગ કરો અને સમ્યક્ જ્ઞાન, દર્શન ચારિત્રનો માર્ગ અપનાવો. એ શાશ્વત ઘર મેળવવા માટે ચારિત્ર તો લેવું

જ પડશે. બેઠા બેઠા નહિ મળે. હવે આવતા ભવોમાં ગાય, બળદ કુક્કર થઈ કસાઈ-વાડે જવું પડે એવા દુઃખો ભોગવવા ન હોય તો જ્ઞાની જે માર્ગ બતાવે છે તે માર્ગે ચાલો.

આ ઉત્તમ માનવજન્મ બહારમાંથી અંદરમાં આવવા માટે છે. આજ દિન સુધી જીવ બાહ્ય પદાર્થોમાં ગૂંથાયેલો રહ્યો છે, હવે એ છોડીને આત્માની મસ્તીમાં ગૂંથાયેલા રહેવાનું છે. કોઈ કહે છે કે આ બધું અમે જીવનના છેલ્લા ભાગમાં કરીશું. તો તને ખબર છે કે કાળ આવીને કયારે કોળીયો કરી જશે ? ભવિષ્યના ભરોસે નહિ રહેતા જાગ્યા ત્યારથી આત્માનું કરો. કારણ કે "घोरा मुहुता अबलं शरीरं" કાળ ભયંકર છે અને શરીર દુર્બળ છે. કયારે રોગ આવે, કયારે અકસ્માત થાય, કયારે મૃત્યુ આવે, એ ભરોસો નથી. તેમજ એ આપત્તિમાંથી ક્ષેમકુશળ પાર ઉતારશે એવું નિશ્ચિત નથી. તો પછી શરીરની અંદર રહેનાર આત્માનું હિત સાધવાનો વાયદો રખાય ખરો ? કાળ એ પહેલાં ઉપાડી લે, અપંગ, અશક્ત, પરાધીન કરી નાંખે તો પછી આ ભવમાં આત્મહિત કરવાનું રહી જાય. જો આ ભવમાં આત્મહિત સાધ્યા વિના અહીંથી વિદાય લઈશું. તો દુર્ગતિની જેલો તૈયાર છે, માટે આ ભવમાં આવ્યા ત્યારથી આત્મહિત સાધવાનું લક્ષ્ય રાખવાનું. એ માટે યાદ રાખવું કે જીવે બહારનાનું ઘણું કર્યું. હવે અંદરવાળા મારા આત્માનું સાધી લઉં. ગ્રંથકારની વાત પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીએ પોતાના અંતિમ સમયે દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા મોકલ્યા હતા, ત્યારે ગૌતમસ્વામીએ તેમને ઉપદેશ આપતાં કહ્યું હતું કે, "હે દેવશર્મા ! તેં અત્યાર સુધી બહારની મોહમાયાનું તો ઘણું કર્યું પણ તારા અંદરવાળા આત્માનું ભલું કયારે કરીશ ?"

તમે ધંધો કરો, નોકરી કરો, બહેનો ઘરકામ કરે, ભોજન કરો, રંગરાગાદિની રમતા રમો, પુત્ર પરિવાર માટે કરો, આ બધું બહારનું કર્યું. તિર્યંચો પણ પોતાના સંતાનો માટે રહેવાનું સ્થાન બાંધે છે. બાવાનું લાવીને બબડાવે છે. બહારનું તો મનુષ્યો અને તિર્યંચો બધા કરે છે, પણ અંદરવાળા આત્માની સાધના માનવ કરી શકે છે. બહારનું જે કરો છો તેમાં એક બાજુ પુણ્ય ભોગવાઈને પૂરું થઈ રહ્યું છે. તો બીજી બાજુ રાગ, મોહ, આસક્તિ આદિથી પાપ એકઠું થઈ રહ્યું છે. આત્માનો વિચાર, આત્માની રક્ષા કરવાને બદલે સંસારની પ્રવૃત્તિઓમાં એટલે માત્ર બહારનું કરવામાં મસ્ત રહીએ અને આત્મહિતના કે ધર્મના વિચાર ન કરીએ તો આત્માનું હિત કયાંથી સાધી શકાય ? સંસારમાં સ્વજનોની, પરિવારની અને શરીરની સરભરા વખતે તો આત્માનો વિચાર નથી આવતો, પણ જયારે આત્મહિતની કે ધર્મની પ્રવૃત્તિઓ કરીએ ત્યારે પણ બાહ્યના વિચારો નથી છૂટતાં. મન પણ બાહ્ય પ્રવૃત્તિમાં રમતું હોય છે. જીવ ત્યારે પણ અંદરમાં ઠરતો નથી. એટલે આત્માની પ્રવૃત્તિ કરવા છતાં આત્મહિત સાધી શકતો નથી. એ વાત તો સ્પષ્ટ છે કે જે બહારમાં હોય એ ઘરમાં ન હોય. કોઈ તમારા ઘરમાં જઈને બૂમ પાડે, હરીભાઈ ! ત્યારે ઘેરથી કહ્યું કે, "હરીભાઈ ઘેર નથી એ તો ઉપાશ્રય ગયા છે."

તો જરૂર સમજશે કે એ ઉપાશ્રયે ગયા છે, બહાર ગયા છે, માટે ઘરમાં નથી. અનંતકાળથી ભટકતા જીવો માટે આ એક મોટું આશ્ચર્ય છે કે સંસારના કે બાહ્ય પ્રવૃત્તિના કામ વખતે મન આત્મહિતમાં જતું નથી, પણ ધર્મ કરતી વખતે મન બહાર ભટકે છે. આપણા આત્માનું હિત કરવાનું કોણ ભૂલાવે છે ? પ્રમાદ ભૂલાવે છે. પ્રમાદ એટલે શું ? પોતાના આત્માને ભૂલી બાહ્યમાં આનંદ માનવો, એમાં મસ્ત રહેવું, એ પ્રમાદ છે. આત્મા પ્રમાદમાં લીન રહેતો હોય ત્યારે એનું ધ્યાન બાહ્ય પદાર્થોમાં હોય છે. પછી એ વેપારમાં મસ્ત હોય કે મોજશોખનો શોખીન હોય અથવા મિત્રો સાથે હરવાફરવામાં રહેતો હોય કે વાતોડીયા માણસો સાથે ગપ્પા મારતો હોય એ બધો જ્ઞાનીની દૃષ્ટિમાં પ્રમાદ ગણાય છે. પ્રમાદમાં તત્પર જીવ આર્તધ્યાનમાં વર્તતો હોય છે. પ્રમાદ અશુભ ધ્યાનને સુલભ કરી આપે છે. પ્રમાદ સેવનની પાછળ ઇષ્ટ અનિષ્ટના સંયોગ વિયોગ ઉભા છે.

પ્રમાદથી પતન : નંદમણિયારની વાત તો ઘણીવાર સાંભળી. તેમને પૌષધમાં રાતના તરસ લાગી. એનું દુઃખ થયું, અને પાણીના રાગમાં પડયો. તો વાવડી બનાવવાનું મન થયું. એ આર્તધ્યાનમાં ચઢયા. વાવડી બનાવી. વાવડીના વિચારમાં રમતા હોવાથી ત્યાંથી મરીને એ જ વાવમાં દેડકારૂપે ઉત્પન્ન થયા. આર્તધ્યાનથી તિર્યંચ ગતિમાં ગયા. આજે કંઈક માણસો એવા હોય છે કે જેને સંપત્તિ અઢળક છે. પેઢી બે પેઢી સુધી ખૂટે એવી નથી. સાથે સામાયિક, પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કરે છે છતાં વેપાર ધંધાનો રસ બહુ હોય છે. આ વેપારની લીનતારૂપ પ્રમાદ એમને અશુભ ધ્યાન કરાવે છે. આ તો વેપારની લીનતા પર વાત કરી પણ આ દુનિયામાં કોઈને વાતોચીતોમાં રસ હોય, રાચરચીલું વસાવવાનો શોખ હોય, સંસારના પદાર્થોનો શોખ હોય, આ રીતે પદાર્થોની લીનતા, આ બધો પ્રમાદ છે. પ્રમાદ લીનતાના કારણે તો ચૌદપૂર્વમાં ઉણા મુનિઓ પણ સાધનાથી ચૂકયા અને નિગોદમાં ફેંકાઈ ગયા. નિગોદ એટલે તિર્યંચગતિ. તિર્યંચગતિ આર્તધ્યાન વિના ન મળે, માટે જ્ઞાની કહે છે કે દુર્ગતિ અટકાવવી હોય, સદ્‌ગતિ મેળવવી હોય તો પ્રમાદને ધક્કેરી નાંખો. પ્રમાદને હઠાવવા માટે બાહ્ય સંસારના મોહમાયાના વિચારો છોડીને આત્માના હિતાહિતનો વિચાર કરો. એટલે કે બહારથી અંદર આવો.

જે આત્માઓ બહારમાંથી અંદર આવ્યા તેમની વાતો શાસ્ત્રમાં આવે છે. આપણા આદ્ય તીર્થંકર ઋષભદેવ ભગવાનનું શાસન ૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી ચાલ્યું. કેટલો બધો કાળ ! ભગવાન મહાવીરસ્વામીનું શાસન એકવીસ હજાર વર્ષો સુધી ચાલવાનું. મારે કહેવું છે શું ? ઋષભદેવ ભગવાનનું શાસન આટલો બધો લાંબો સમય ચાલ્યું એનો પ્રભાવ તો જુઓ. ભગવાન ઋષભદેવે જે રાજગાદી છોડી અને એમની રાજગાદીએ જેટલા રાજા આવ્યા તે મોક્ષમાં ગયા. જે મોક્ષે ન ગયા તે અનુત્તરવિમાનમાં ગયા. મોક્ષ કયારે મળ્યો ? તેઓ બાહ્યને છોડીને અંદરમાં આવ્યા ત્યારે. તે રાજાઓ રાજગાદી ઉપર બેસે, રાજસુખ ભોગવે ને છેવટે સુખ, વૈભવ, રાજ્ય આદિ બહારનાને

છોડી દે. બહારનું સુખ ડાંગરના ફોતરા જેવું લાગે અને આત્માનું સુખ ડાંગર જેવું લાગે ત્યારે તે ભૌતિક સુખોને છોડી શકે. સાધના કરતાં થોડા કર્મો બાકી રહી ગયા તે અનુત્તર-વિમાનમાં ગયા. ભગવાન ઋષભદેવનું કુટુંબ કેટલું ઉજ્જવળ! ભાગ્યશાળી! એમનો પરિવાર પણ પુણ્યશાળી કે તેમના કુટુંબના ૧૦૮ જીવો તો મોક્ષે ગયા. તમારા પરિવારને તો ઉપાશ્રયે આવવું પણ ગમતું નથી. સામાયિક કરવી ગમતી નથી. એટલું તો ઠીક પણ હું જૈન છું. મારા જૈન ધર્મની સંસ્કૃતિ આ છે. એટલું પણ માનવા તૈયાર છે! પહેલાં તો બધા માનતા હતા કે જૈનકુળમાં જન્મ્યા એટલે બટેટા આદિ કંદમૂળ ન ખવાય, અને આજે તો? જૈનકુળ કોને કહેવું તે સમજાતું નથી. સબ સરખા થઈ ગયા છે. બહેનના કાનમાંથી હીરાની બુટ્ટી ખોવાઈ જાય તો આઘાત લાગે. તમે ૫૦ હજાર રૂપિયા લઈ ને જતાં હો, રસ્તામાં ગુંડા મળે ને તે લઈ લે તો અગર બીજું કપાઈ જાય ને પૈસા જાય તો આઘાત લાગે પણ તમારા સંતાનો ઉપાશ્રયે નથી આવતા તેના આઘાત લાગે છે? (શ્રોતા–નથી માનતા) દિકરો ધંધો ન કરે, બેઠો બેઠો ખાતો હોય, ચોરી કરતો હોય, તો તેને તમે ધમકાવો કે નહિ? ત્યાં કહેશો કે માનતા નથી? એટલી તમારા પુણ્યમાં ખામી. ભગવાન ઋષભદેવનું કુટુંબ કેટલું ભાગ્યવાન! પુણ્યવાન! આ જૈન શાસન, જૈન ધર્મ, આર્યસંસ્કૃતિ, માનવભવ બધા ભાગ્યે મળ્યા છે. તમે પાંચ રૂપિયાની ટિકિટ લીધી. લોટરીમાં તમારો નંબર લાગ્યો ને ૨૫ લાખ રૂ. મળ્યા તો છાતી કેવી ગજગજ ઉછળે! એ ૨૫ લાખ ભોગવશો કે નહિ તે ખબર નથી. અહીં પણ જૈનશાસન અને ધર્મ મળવો એ લોટરી લાગવા સમાન છે. એમાં છાતી ગજગજ ઉછળવી જોઈએ. આ મળેલા અવસરને ઓળખીને સાવધાન બનો. પાપભીરૂ અને ભવભીરૂ બનશો તો ભવકટી થશે. જો આ લોટરીની કિંમત નહિ સમજો તો આત્મા કયાંય રઝળતો થઈ જશે, તે ખબર નહિ પડે. એક ન્યાય આપીને સમજાવું.

એક સાવ નાનકડા ગામડામાં એક ગામડીયો રહેતો હતો. નાનું ગામ એટલે વેપાર પણ નાનો જ હોય ને! મોટું ગામ હોય તો વેપાર મોટો હોય. મુંબઈ જેવા મોટા શહેરમાં ચાર માળામાં વસ્તુઓ લઈને ફરે તો પણ ભૂખ્યો ન રહે. નાના ગામડામાં શું ધંધો ચાલે? જેમ તેમ કરીને પોતાની આજીવિકા ચલાવે છે. આ વણિકનું નામ તો જીવરાજભાઈ, પણ પાસે ધન નથી. એટલે બધા તેને જીવો કહીને બોલાવે. આ જીવાભાઈ નાની હાટડી ચલાવે. એમાં બબ્બે પૈસા ભેગા કરતાં કરતાં બાર વર્ષે પાંચ હજાર રૂ. ભેગા થયા. ગરીબને મન તો પાંચ હજાર રૂ. પાંચ લાખ જેટલા છે. તેને ખૂબ આનંદ થયો. તેને વિચાર થયો કે હવે હું આ ગામડું છોડી દઉં. ગામડામાં હું આગળ નહિ વધી શકું. આટલા વર્ષો ગામડામાં રહ્યો ત્યારે માંડ પાંચ હજાર કમાયો. હવે મોટા ગામમાં જાઉં. આવો વિચાર કરીને જીવાભાઈએ પાંચ હજારમાંથી થોડું સોનું, ચાંદી લીધા. તે સમયે સોનાના ભાવ ૨૫૦૦ રૂ. ન હતા. સોનું, ચાંદી અને રોકડ રૂપિયાની એક પોટલી બાંધી અને પોતાના ગામની બાજુમાં સ્ટેશનેથી

મોટા શહેરમાં જવા નીકળ્યો. રસ્તામાં એને ખૂબ કકડીને ભૂખ લાગી પણ નાના સ્ટેશનોમાં ખાવાપીવાનું કાંઈ મળે નહિ. આગળ જતાં મોટું જંકશન આવ્યું. જંકશનથી બધી દિશાની ગાડી મળે. જીવાભાઈ ને ખબર પડી કે આ જંકશનમાં એક કલાક ગાડી રોકાવાની છે. જીવરાજભાઈ નીચે ઉતર્યા.

નાટકના આનંદમાં ગુમાવેલ જિંદગીનો આનંદ : જીવાભાઈ ને ખૂબ ભૂખ લાગી છે. સામે ફ્રૂટની, મેવા મીઠાઈની ઘણી દુકાનો જોઈ. પાસે મિલ્કત પણ છે, તેથી લેવા જવા માટે પગ ઉપાડ્યો. રસ્તામાં એક નાટક ચાલતું હતું. તેના પર દૃષ્ટિ ગઈ. મનમાં વિચાર કર્યો. ગાડી ઉપડવાની કલાકની વાર છે. તો આ નાટક જોતો જાઉં. પા કલાક નાટક જોવામાં જતો રહ્યો, ખાધું નહિ. આગળ વધ્યો તો બીજું સરસ દૃશ્ય જોયું. મનમાં થયું કે હજુ ગાડી ઉપડવાની પોણા કલાકની વાર છે, માટે જોતો જાઉં. તમે પણ કહો છો ને ૭૫ વર્ષની જિંદગી ગઈ પણ ૨૫ તો બાકી છે ને! ૫૦ ગયા તો ૫૦ બાકી છે ને! શું સો વર્ષ જીવવાનું નક્કી છે? પહેલાં કરતાં બીજો ખેલ વધુ સારો આવ્યો. જીવાભાઈ ને ખૂબ મઝા આવી. ગાડી અને દુકાન ક્યાં ચાલ્યા જવાના છે! આવું જોવા ક્યાં મળવાનું છે? બીજો ખેલ જોઈને આગળ ગયો તો તેનાથી અધિક ચઢિયાતું ત્રીજું દૃશ્ય જોયું. એ જોવામાં જીવાભાઈ લલચાયા. છેવટે દુકાન પાસે જતા ચોથો ખેલ જોયો. જીવાભાઈ વિચાર કરે છે હજુ પા કલાકની વાર છે. દુકાન સામે છે. ગાડી સામે છે. દુકાનેથી બાવાનું લઈ ને ગાડીમાં બેસીને બાઈ લઈશું. આવું સુંદર જોવાનું જતું કેમ કરાય? જોવા કરતાં જોયું ભલું. કલાક પૂરો થયો. આ ખેલ એવો સુંદર આવ્યો કે હર્ષમાં આવીને બધા તાળીઓ પાડવા લાગ્યા. આ જીવાભાઈ પણ પોટલી ભોંય મૂકી તાળીઓ પાડવા લાગ્યા. એમાં જીવાભાઈ ને ટાઈમનો ખ્યાલ ન રહ્યો ને ગાડી ઉપડવાની સીટી વાગી. જીવાભાઈ તો ચમકયા. હજું મારે બાવાનું લેવાનું બાકી છે. મેં તો હજુ બાધું પણ નથી. એમ અફસોસ કરતાં નીચે મૂકેલી પોટલી લેવા ગયા તો પોટલી ગૂમ. હજારો માણસોની ભીડ જામી હોય ત્યાં પોટલી રહે ખરી? જીવાભાઈ પોટલી શોધવા લાગ્યા. શોધ કરવા જતાં ગાડી ઉપડી ગઈ. જીવાભાઈની ૧૨ વર્ષની મહેનત એક મિનિટમાં ધૂળ થઈ ગઈ. તેને કેવો આઘાત લાગ્યો હશે! તેમના પૈસા ગયા. હવે બાવાનું લાવવું ક્યાંથી? પૈસા વગર કોણ આપે? પૈસા વિના બીજી ગાડીમાં બેસવાનું પણ ન મળે. જીવાભાઈ પોક મૂકીને રડવા લાગ્યા. આ તો એક કલ્પિત વાત છે. આ વાતને આત્મા સાથે ઘટાવવી છે.

જીવાભાઈ તે આપણો આત્મા, નિગોદ તે ગામડું. આપણો આત્મા ગામડા સમાન નિગોદમાં અનંતો કાળ રહ્યો. જીવો માટે અનંતા શબ્દ ચાર જગાએ વપરાય (૧) અભવી જીવો અનંતા (૨) પડિવાઈ સમ્યક્ દૃષ્ટિ અનંતા (૩) સિદ્ધના જીવો અનંતા અને (૪) નિગોદમાં જીવો અનંતા. નારકી, દેવો અસંખ્યાતા, મનુષ્યોમાં ગર્ભજ મનુષ્યોની અપેક્ષાએ સંખ્યાતા અને સમુર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષાએ અસંખ્યાતા

વનસ્પતિ વર્જીને ૨૩ દંડક કરતાં સિદ્ધના જીવો અનંતા છે. આપણો આત્મા, અનંતા કાળ નિગોદમાં રહી આવ્યો. તે જીવોને જ્ઞાન નથી. એકેન્દ્રિય જીવોને મતિ અજ્ઞાન. શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શન એમ ત્રણ ઉપયોગ હોય છે. જ્ઞાન વિના ઉદ્ધાર નથી. જ્ઞાન અને ક્રિયા બંને હશે તો મોક્ષમાં જવાશે. તમારા વૈભવ, સંપત્તિ બધું અહીં રહી જશે, પણ જ્ઞાન તો પરભવમાં સાથે આવશે. ચારિત્ર આ ભવ પૂરતું છે. આયુષ્ય પૂરું થાય એટલે બીજા જન્મમાં ચારિત્ર મળે અરૂં અને ન પણ મળે. જ્ઞાન તો જીવની સાથે જાય છે. જ્ઞાન વિના જીવનમાં અંધારું છે. અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી, ને જ્ઞાન જેવું સુખ નથી. હું તમને પૂછું કે તમે દુઃખ કોને માનો છો ! કોઈ કહેશે પૈસાનું, કોઈ કહેશે પુત્રનું, કોઈ કહેશે કે પત્ની સારી નથી, પુત્ર છે તે આજ્ઞામાં રહેતા નથી. કોઈ દિવસ તમે કહ્યું કે અમને જ્ઞાન નથી. અજ્ઞાન મોટામાં મોટું દુઃખ છે.

નિગોદમાં રહેલો આત્મા એકેન્દ્રિયપણામાં શું વહેપાર કરી શકે ? ત્યાં એની પાસે મનબળ કે વચનબળ નથી. માત્ર એક કાયબળ છે. તે પણ અતિ સૂક્ષ્મ. તેનાથી શું બની શકે ? ત્યાં કંઈ વેપાર કે વકરો ન થાય પછી મૂડી કયાંથી ભેગી થાય ? નિગોદમાં અકામ નિર્જરા કરીને કંઈક પુણ્યરૂપી મૂડી ભેગી કરી તેનાથી બાદરપણું પામ્યો. ત્યાં અકામ નિર્જરા કરતાં ત્રસપણામાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયપણું પ્રાપ્ત કરીને આગળ વધ્યો. અસંજ્ઞી પંચેન્દ્રિય થયો. હવે કંઈક મૂડી થઈ એટલે વેપાર વધાર્યો.

એકેન્દ્રિયમેં ફિરતે ફિરતે, કુછ શુભ કર્મ ઉદય આયા,
તબ દો ઇન્દ્રિય, તેઇન્દ્રિય મેં, કાલ અનંત કષ્ટ પાયા.
ફિર ચૌઇન્દ્રિય મેં દુઃખ પાયા, પંચેન્દ્રિય ગતિ ફિર પાઈ,
વહાં નરક તિર્યંચ યોનિમેં, કષ્ટ સહા અતિ હે ભાઈ !

વિગલેન્દ્રિયમાં ને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં વચનબળ મળવાથી શક્તિ વધી. વેપાર વધ્યો તેથી મૂડી પણ વધી એટલે સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં આવ્યો. ત્યાં મનબળ વધ્યું, તેથી વિચાર કરવાની શક્તિ મળી. ત્યાં પરાધીનપણે કષ્ટ સહન કરતાં અકામ નિર્જરા કરી પોતાની પુણ્યરૂપી મૂડી ઘણી ભેગી કરીને સંજ્ઞી મનુષ્ય ગતિ રૂપી જંકશનમાં આવ્યો. સંજ્ઞી મનુષ્યમાં આવ્યો એટલે ૫૦૦૦ રૂ. ની મૂડી ભેગી થઈ ગઈ. આ મૂડી એકઠી કરીને મનુષ્ય ગતિ રૂપી શહેરના જંકશનમાં આવ્યો. તમારે પરદેશમાં ગમે ત્યાં જવું હોય પણ મુંબઈ આવવું પડે. મુંબઈથી બધા દેશના પ્લેનો મળે, તેમ મનુષ્ય ભવરૂપી જંકશનમાંથી પાંચે ગતિમાં જવાની ટિકિટ મળે છે. આ જંકશનમાં આવ્યો ત્યારે અનંતી લક્ષ્મીરૂપી મોક્ષલક્ષ્મી મેળવવાની કકડીને ભૂખ લાગી હતી, તેથી સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ બજારમાં જવા તૈયાર થયો. ત્યાં સામે પહેલું નાટક જોયું, મનમાં થયું કે આ નાટક જોઈને પછી જઈશ. આ ભવમાં જન્મ થયો. બાલપણામાં માતાપિતાના લાડકોડ, પ્રેમ અને વહાલ મળ્યા. એમાં પા જિંદગી તો ચાલી ગઈ.

માતાપિતાના લાડકોડમાં ઉછળતા જીવાભાઈએ બાલપણના નાટકનું દૃશ્ય જોઈને યુવાનીમાં પ્રવેશ કર્યો. યુવાનીના પગલે પગ મૂકતા લગ્નનું મન થયું. સારી કન્યા સાથે લગ્ન કર્યાં. આ બેલ આગળ પહેલો બેલ ઝાંખો લાગ્યો. પત્નીના પ્રેમમાં પડ્યો અને મનમાં બોલ્યો કે હજુ મારી અડધી જિંદગી બાકી છે. પુણ્યરૂપી મૂડી મારી પાસે છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી દુકાનો ચાલી જવાની નથી. આ બેલની મઝા તો ઓર છે એ કેમ જતી કરાય ? આ રીતે ભોજશોખમાં, પત્નીના નાટકના બેલની મઝા પૂરી થઈ. આગળ ગયો ત્યાં એકએકથી ચઢે એવો ત્રીજો બેલ જોયો. પત્ની અને બાળકોની મમતામાં, બાળકોને રમાડવા, બેલાવવામાં એવી મઝા આવી કે આ બેલ આગળ પહેલાના બે બેલ સાવ ઝાંખા દેખાયા. ત્રીજા બેલમાં ૭૫ વર્ષ વીતી ગયા. આટલી ઉંમર થઈ છતાં મનમાં માને છે કે મારું આયુષ્ય કયાં પૂરું થયું છે? ચારિત્રની દુકાનો ચાલી જવાની નથી. આ જીવડો મોહમાં એવો મુંઝાઈ ગયો છે કે એને ખબર નથી કે ગાડી કયારે ઊપડી જશે. જ્ઞાની ભગવંતો કહે છે કે સર્વ ગતિઓમાં શ્રેષ્ઠ માનવગતિ પામ્યા છો. નરક નિગોદમાં ઘણું રખડ્યા. હવે પુણ્યની મૂડી લઈને માનવભવમાં આવ્યા છો. અહીં માતા-પિતા, પત્ની, પૈસા અને પરિવારના મોહમાં પડી ગયા ને વિચારવા લાગ્યા કે આ સંસારના બધા બેલ જોઈ લેવા દો. હજુ આયુષ્ય ઘણું બાકી છે, પણ આ પામર આત્માને ખબર નથી પડતી કે મારી પુણ્યરૂપી મૂડી હવે બલાસ થઈ જવાની તૈયારીમાં છે. ચોથા બેલમાં દીકરાના દીકરા મોટા થયાં. તેમને પરણાવ્યા. તેમને ત્યાં દીકરા થયા. દીકરાઓ દાદા-દાદા કહીને બોળામાં રમવા લાગ્યા. આ બેલમાં તો જીવ હરખઘેલો બની ગયો. હરખમાં ને હરખમાં ન રહી પોટલીની ખબર કે ન રહી સમયની ખબર. મૃત્યુરૂપી ગાડીની સીટી વાગી ગઈ અને જીવાભાઈ રૂપી આત્મા ગભરાઈ ગયો.

આવશે એ કાળ કયારે કંઈ એ કહેવાય ના, દીપક બૂઝાશે કયારે સમજી શકાય ના.

જીવનરૂપી દીપક કયારે બુઝાઈ જશે એની ખબર નથી. સીટી વાગી ગઈ જીવાભાઈ મૂંઝાયા. અરરર.... આ શું થઈ ગયું ? આ મનુષ્યભવ પામીને મેં દાન, શીયળ, તપ, ભાવનામાંથી કાંઈ ન કર્યું. મોક્ષની અનંતી લક્ષ્મી મેળવવા આવેલો આત્મા મનુષ્ય ગતિના જંકશનમાં આવીને પાસે જે મૂડી હતી તે પણ ગુમાવી દીધી. આ સંસારના ચાર બેલ જોવામાં એવા ચોવાઈ ગયા કે મૂળગી મૂડી બોઈ નાંખી અને ઉપરથી માથે કરજ વધારી આ બોવાઈ લાગ જીવાયોનીના ચકરાવામાં ચક્કર લગાવવા આત્મા ચાલ્યો ગયો. સંતો તમને કહે છે કે આ ભવમાં કંઈક કરી લો. જીવાભાઈ આ બેલ જોઈ લઉં, આ બેલ જોઈ લઉં, એમાં રહી ગયા, તેમ તમે કહો છો કે આ કરી લઉં, આ કરી લઉં. હવે નિવૃત્ત થવાનો ટાઈમ આવ્યો છે. અમે તો એવા કંઈક જોયા, સાંભળ્યા કે નિવૃત્તિ લીધા પહેલાં સદાયની નિવૃત્તિ લઈને ચાલ્યા ગયા, માટે કાલની રાહ જોતાં આત્મસાધના કરવામાં જાગૃત બનો. આત્માને જગાડવા માટે તો

શ્રાવકોનો અધિકાર લીધો છે. તમને શ્રમણોપાસક કહ્યા છે. જે શ્રમણોની નજીક રહેનારા એવા શ્રાવકો ભગવાનની આજ્ઞામાં રહીને ગૃહસ્થ જીવન જીવવાની કળા શીખી ગયા. તે સંસારમાં રહ્યા પણ રમ્યા નહિ. એટલે સિદ્ધાંતમાં તેવા શ્રાવકોની વાત ચાલી.

જંબુસ્વામી સુધર્માસ્વામીને પૂછે છે હે મારા ભગવાન! તે સુધર્માસ્વામી કેવા હતા? **"જિન નહીં પણ જિન સરીખા એવા શ્રી સુધર્માસ્વામીને જાણીએ."** તે કેવળજ્ઞાન પામ્યા ન હતા, પણ જિનેશ્વર સમાન હતા. **"દેવતાને વલ્લભ લાગે એવા જંબુસ્વામીને જાણીએ."** અને જેના માતાપિતા કે જેમણે દીકરાની સાથે દીક્ષા લીધી છે એવા આદર્શ જીવન જીવનારા, ગુરૂભક્તિમાં તરબોળ, શાસ્ત્રના રહસ્યને જાણવામાં ચાતક પક્ષીની જેમ અધીરા બનેલા અને દેવોને પણ જે પ્રિય હતા એવા જંબુસ્વામી સુધર્માસ્વામીને પૂછી રહ્યા છે કે કાશ્યપ ગોત્રના ધણી ત્રિશલાનંદન ભગવાન મહાવીર સ્વામીએ સાતમા અંગમાં કયા ભાવો વર્ણવ્યા છે? દીકરા દીકરી પરદેશ રહેતા હોય, એમની ટપાલ આવે અગર તો દેશમાં આવવાના સમાચાર આવે તો કેટલો આનંદ થાય? તેટલો આનંદ શાસન પિતા પ્રભુ મહાવીરનું નામ સાંભળતા આવે છે? સુધર્માસ્વામીએ કહ્યું–હે મારા વહાલા જંબુ! સાતમા અંગ ઉપાસકદશાંગમાં ભગવાને ૧૦ અધ્યયનોનું નિરૂપણ કર્યું છે, ત્યારે જંબુસ્વામી કહે છે–તેમાં કોણ ભાગ્યશાળી આત્માઓના નામ આવ્યા છે? પ્રભુના શ્રીમુખે જેના નામ આવે તે કેટલા ભાગ્યશાળી! પાર્લામેન્ટની ચૂંટણી થતી હોય ત્યારે તમે બોલો ને કે કોણ ભાગ્યશાળી ખુરશી પર આવ્યા? એ સત્તા પર આવેલા જીવો તો પાપ કરવાના છે. તેમને વોટ આપો તો પણ તમે પાપના ભાગીદાર બનો છો, કારણ કે તેમાં તમારી અનુમોદના છે. કયાં ભૂલ્યા છો? કોઈએ મોટી ફેકટરી કરી. તેનું ઉદ્‌ઘાટન છે. તેમાં તમને આમંત્રણ મળ્યું. ત્યાં તમે ફૂલ્યાફાલ્યા ચાલો છો. કંઈક સમજો. આ આમંત્રણ એટલે નરકગતિમાં જવાનું આમંત્રણ. ફેકટરી ચાલે તેમાં જે પાપ થાય તેમાં અનુમોદનાનું પાપ તમને આવ્યું. સંસારમાં રહો છો. તમારા પરિવારનું કરવું પડે તો પણ આત્મા રડતો હોય, તો પછી બીજાની તો વાત જ કયાં! હજુ પાપનો ભય નથી લાગ્યો. અમારી તો એ જ ભાવના કે આ જીવો ભવથી, પાપથી ભય કેમ પામે? અહીં આવો છો. રોજ એકેક શબ્દ લઈ જાવ તો પણ કંઈક પામી જશો.

જંબુસ્વામી પૂછે છે કે કોણ ભાગ્યવાન આત્માઓ છે કે જેમના નામ ભગવાનના મુખે બોલાયા. **"જનની જણજે ભક્તજન કાં દાતા કાં શૂર, નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર"** ગુણ કોના ગવાય? જેમણે પરિગ્રહની મમતા છોડી, માયા મમતાના બંધન તોડયા અને સંસારમાં રહ્યા તો પણ નાવડીની જેમ રહ્યા. તેમના નામ તીર્થંકર ભગવાનના મુખે બોલાયા. તો દશ અધ્યયનોના નામ આ પ્રમાણે છે: (૧) આનંદ (૨) કામદેવ (૩) ગાથાપતિ ચુલની પિતા (૪) સુરાદેવ (૫) ક્ષુદ્ર-શતક (૬) ગાથાપતિ કુંડકૌલિક (૭) શકડાલપુત્ર (૮) મહાશતક (૯) નંદિની-

પિતા (૧૦) શાલોયિકા પિતા. આ દસમાંથી આપણે એકની વાત લેવાની છે. પહેલા અધ્યયનનું નામ છે આનંદશ્રાવક. જેમને દ્રવ્ય આનંદ અને ભાવ આનંદ બંને હતા. દ્રવ્યથી આનંદ તેમણે સંસારના સુખો મેળવ્યા અને ભાવઆનંદ આત્માથી મેળવ્યો. એ જીવો કેવું જીવન જીવી ગયા એ વાત લેવાની છે. તેમના જીવન સાથે આપણા જીવનને ઘટાવવું છે. તેમની સાથે આપણા આત્માની વાત કરવાની છે. તે શ્રાવકોમાં જૈન ધર્મના અને વીતરાગ માર્ગની ખુમારી કેટલી ફૂલપાવર હતી તેવી આપણામાં લાવવાની છે.

જ્યારે રામચંદ્રજી, લક્ષ્મણ અને હનુમાનજી રાવણને હરાવીને સીતાજીને લઈને પાછા વળે છે ત્યારે રસ્તામાં હનુમાનજી રામને કહે છે ભગવાન! મારી માતા અંજની અહીં ઝૂંપડીમાં બેઠી છે. આપ કૃપા કરીને આ ઝૂંપડીએ પધારો ને અંજના એવી માતાને દર્શન દેતા જાવ. હનુમાનને માતા પ્રત્યે પ્રેમ છે, એટલે આ વિનંતી કરી. રામના મનમાં થયું કે હનુમાને સીતાજીને લાવવા માટે મને કેટલો બધો સાથ સહકાર આપ્યો છે! મારે તેની વિનંતી સ્વીકારવી જોઈએ, ને તેની માતાને દર્શન આપવા જોઈએ. રામે હા પાડી એટલે હનુમાન ઉતરીને માતાને ખબર આપવા ગયા. માતા! ભગવાન રામ આપણી ઝૂંપડીએ પધારે છે. અંજના ધ્યાનમાં છે. હનુમાને ફરી વાર કહ્યું,–હે મોરી મૈયા! ભગવાન રામચંદ્રજી આપણી ઝૂંપડીએ પધારે છે. આજ આપણી ઝૂંપડી પાવન થશે. પ્રભુ તને દર્શન દેવા માટે આવે છે. માતા! તું ઊંચું તો જો. છતાં માતાએ સામું ન જોયું. હનુમાન માતાને લળીલળીને પગે લાગે છે હે માતા! તું મારી વાત તો સાંભળ. મારા સામું તો જો. આપણી ઝૂંપડીએ ખુદ રામચંદ્રજી પોતે આવે છે. હનુમાનજી આટલું બધું બોલ્યા ત્યારે અંજનાએ ધ્યાન પાળ્યું, છતાં પણ દીકરાના સામું ન જોયું. નીચું જોઈને બેસી રહી. ન પુત્રને આવકાર આપ્યો કે ન તો તેની વાતનો સ્વીકાર કર્યો. આથી હનુમાનના દિલમાં ખૂબ આઘાત લાગ્યો. મને આવકારની જરૂર નથી, પણ મારા ભગવાન રામ અહીં પધારે છે છતાં મારી માતા આવું કેમ કરે છે? તે કોઈ ઊંડા વિચારમા હશે એમ માનીને ત્યાંથી ઊઠીને રામ પાસે આવ્યા ને કહ્યું પધારો ભગવાન મારી ઝૂંપડીએ! રામચંદ્રજી આવ્યા એટલે અંતરના ઉમળકાથી સ્વાગત કર્યું. રામચંદ્રજી ઝૂંપડીમાં આવ્યા છતાં અંજનાજીએ આદર ન દીધો. સત્કાર ન કર્યો. આ જોતા હનુમાનના દિલમાં ખૂબ દુઃખ થયું. તે રડી પડ્યા. મારી માતા તો ગુણીયલ છે. ભગવાનનું નામ સાંભળીને ગાંડી બની જાય. તે આજે આમ કેમ કરે છે? હનુમાન કહે છે હે મારી માતા! આજે આપણે ઘેર રામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી આવ્યા છે. છતાં તું કેમ કાંઈ બોલતી નથી? છેવટે રામ કહે છે અંજનાજી! શું છે? તારા પુત્ર હનુમાનના આગ્રહને વશ થઈને તને દર્શન દેવા આવ્યો છું. તું ઊંચું તો જો, ત્યારે અંજનાએ ઊંચું જોયું. તેની આંખમાંથી દડદડ આંસુની ધારા વહી. રામચંદ્રજી કહે કેમ? શું છે? આટલું બધું રડો છો શા માટે? તારી આંખમાં આંસુ કેમ છે? ભગવાન!

મારા દિલમાં ભયંકર આઘાત છે. મારું દિલ તૂટી જાય છે. શેનો આઘાત છે ? હું આજે તારી ઝૂંપડીએ આવ્યો છું. તારા દિલની વરાળ કાઢી નાંખ ને હૈયાને શાંત બનાવ.

અંજના કહે છે હું મારા પુત્રનું મુખ જોવા માંગતી નથી. રામને આ શબ્દો ઝાટકા જેવા લાગ્યા. જેણે સીતાને લાવવા માટે આકાશપાતાળ એક કર્યા છે. જેના સહારે રાવણ પર વિજય મેળવ્યો છે. એવા હનુમાન માટે અંજનાના મુખે આ શબ્દો ! રામને ખૂબ લાગી આવ્યું. માતા ! તું કોના માટે આ શબ્દો બોલે છે ? હનુમાન માટે. ભગવાન ! એક રાવણ સાથે યુદ્ધ કરવું, રાવણના પંજામાંથી એક સીતાને છોડાવીને તેને અહીં લાવવી એટલી તાકાત, બળ, શક્તિ શું હનુમાનમાં નહોતી કે ભગવાન તમારે ત્યાં સુધી પહોંચવું પડયું ! યુદ્ધ કરવું પડયું ! સાથે લક્ષ્મણને જવું પડયું ! મારા હૈયામા આ બળતરા છે. આ દુઃખ છે. મેં કયાં આવા પુત્રને જન્મ આપ્યો ! આ દીકરાને મેં એવા દૂધ પીલાયા કે તે એક જ સીતાને લઈ આવવામાં બસ હતો. એવા દૂધ પીલાયા, આ શબ્દ બોલી ત્યાં દૂધની ધારા છૂટી ને સામા પડેલા પથ્થર પર છંટાતા પથ્થરના ચૂરેચૂરા થઈ ગયા. રામે પ્રત્યક્ષ જોયું કે પથ્થરના ટુકડા થઈ ગયા. મેંને એવા દૂધ પીલાયા છતાં મારો દીકરો નમાલો નીકળ્યો કે તે એકલો રાવણની સામે ઝઝૂમ્યો નહિ ! રામ સમજી ગયા કે અંજનાને દુઃખ કોનું છે ! એકલો હનુમાન રાવણ સામે જીત મેળવીને કેમ ન આવ્યો ! મારા ભગવાનને ત્યાં સુધી જવું પડયું ! એ જ એને મનમાં દુઃખ છે. ૧૨ વર્ષ અખંડ બ્રહ્મચર્ય પાળ્યા પછી આ પુત્રને જન્મ આપ્યો છે. એ પુત્ર એવો હોય કે રાવણને એકલા હાથે હરાવી ન શકે અને રામચંદ્રજીને જવું પડે ! રામ તો આ સાંભળીને છક્ થઈ ગયા. પોતાના સંતાન માટે કેટલું ગૌરવ છે, અને મારે જવું પડયું તેનો તેના દિલમાં આઘાત છે, પછી રામ બોલ્યા કે માતા ! હનુમાન એકલો સીતાને લઈ આવત પણ હનુમાનના ભાવ એ કે મારા રામની ઓળખાણ કરાવું, પછી અંજનાજીએ રામ, લક્ષ્મણ, સીતાની આગતાસ્વાગતા કરી. તમે કહો કે મારે ત્રણ દીકરા છે, ચાર દીકરા છે. પણ એમાંથી એક તો હનુમાન બતાવો. કયાં છે શક્તિ ! કયાં છે અંજના જેવું ઝનૂન ! અરે, જૈનશાસન માટે શીર દેવા પડે તો દઈ દે એવો એક સુપુત્ર પાકે તો સમજજો કે હું ભાગ્યવાન છું.

આજે બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને ૧૫ મો ઉપવાસ છે. વધુ ભાવ અવસરે.

અષાઢ વદ ચોથ ને શનિવાર : વ્યાખ્યાન નં. ૫ : તા. ૬-૭-'૮૫

ક્ષમાના સાગર, જ્ઞાન દિવાકર, કરૂણાના ભંડાર, એવા વીર ભગવંતે આપણા કલ્યાણ માટે આગમરૂપી વાણી પ્રકાશી. આચારંગ, સૂયગડાયંગ આદિ દ્વાદશાંગ રૂપી આગમ એ લોકોત્તર આગમ છે. લોકોત્તર આગમના પ્રણેતા સર્વજ્ઞ, સર્વદર્શી તીર્થંકર અર્થરૂપી આગમોનું પ્રવચન કરે છે, અને ચૌદ પૂર્વધારી ગણધર ભગવંતો તે વાણીને સૂત્રરૂપમાં ગૂંથણી કરે છે એટલે અર્થરૂપ આગમના પ્રણેતા શ્રી તીર્થંકર ભગવાન અને સૂત્રરૂપ આગમના પ્રણેતા ગણધરદેવ છે. આગમ એટલે આત્માનું દર્શન.

આગમમાં જ્ઞાની ભગવાન ફરમાવે છે કે આપણો આત્મા આ સંસારમાં માનવદેહનો મૂલ્યવાન પોષાક ધારણ કરીને આવ્યો છે, ને આ પૃથ્વીના પટ પર વિચરી રહ્યો છે. આવા દેહ એક બે વાર નહિ પણ અનેક વાર લઈ ચૂકયો છે, પરંતુ હજુ નાવિકને કિનારો દેખાતો નથી. મધદરિયે તે ઝોલા ખાય છે. કોઈ વમળમાં સપડાય તો મંઝીલ દૂર રહી જાય છે. કોઈ ડૂબે છે, કોઈ વમળમાં ધસડાય છે પણ હજુ ઉગરવાનો આરો દેખાતા નથી. શા માટે આમ બને છે? જ્ઞાની ભગવંત સમજાવે છે કે આ કિંમતી માનવજીવનમાં આવીને આત્માએ સ્વની સલામતીનો વિચાર કર્યો નથી. બસ પળે પળે પર વસ્તુના વિચાર બહુ આવે છે. સ્વ એટલે રત્નત્રયી. રત્નત્રયી એટલે સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, અને સમ્યક્ ચારિત્ર. રત્નત્રયી એ આત્માના ગુણ છે. એની સલામતીમાં આત્માની સલામતી છે. બાકીનું બધું પારકું અને પીડાકારી છે. કંચન, કામિની અને કાયાની સલામતીના વિચાર જીવ અનંતીવાર અનંતકાળથી કરતો આવ્યો છે. એની સલામતી જાળવતાં આત્માની સલામતી ખોવાઈ જાય છે. પરની સલામતીમાં પાપ છે. સ્વની સલામતીમાં સાધના છે. આત્માની સિદ્ધિ છે. આ માનવજીવનમાં આવીને રત્નત્રયીની સલામતીનો વિચાર કરવાનો છે. રત્નત્રયી શાશ્વત સુખને આપે છે. તમારી માનેલી રત્નત્રયી નાશવંત સુખ આપે છે. આત્માને સુખ શાંતિ રત્નત્રયીથી મળે છે. આ માનવજીવનમાં મહત્ત્વનું કોઈ કાર્ય કરવા જેવું હોય તો તે એક છે કે રત્નત્રયીને પ્રાપ્ત કરવી. સમ્યક્ દૃષ્ટિ આત્માને જ્યાં સુધી રત્નત્રયીની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેને ચૈન ન પડે.

નિર્ધન મનુષ્ય ધનની ઇચ્છા કરે, મયૂર જેમ મેઘને ચાહે છે તેમ સમ્યક્ દૃષ્ટિ આત્મા માત્ર રત્નત્રયીને ચાહે. તે સિવાય તેની બીજી કોઈ ચાહના ન હોય. ચાહના હોય પછી ચાન્સ લાગતા વાર નથી લાગતી, માટે સૌથી પ્રથમ રત્નત્રયીની ચાહના જગાડો. જ્યાં રત્નત્રયીનું દર્શન થાય ત્યાં ઝૂકી જાવ. રત્નત્રયી જેમણે પ્રાપ્ત કરી છે તેમને જોઈને ખુશ થાવ. તેમની ખૂબ પ્રશંસા કરો. સેવાભક્તિ કરો. રત્નત્રયીને પામવા માટે રત્નત્રયીના આરાધકોનું અંતરથી બહુમાન કરો. આ રત્નત્રયીની સલામતીમાં આત્માની સલામતી છે. રત્નત્રયી સલામત તો સબ સલામત. એમ સમકતી આત્મા માને. અત્યાર સુધી આત્માએ પર એવા શરીરને શું અનુકૂળ છે? શું પ્રતિકૂળ છે? તેનો વિચાર કર્યો છે. હવે મહાન ભાગ્યોદયે વીતરાગનું શાસન પામ્યા છો તો આત્માને શું અનુકૂળ અને શું પ્રતિકૂળ છે. તેનો વિચાર કરવાનો છે. આત્માને અનુકૂળ રત્નત્રયી છે, અને પ્રતિકૂળ મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમ છે આ મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમે આત્માને ચાર ગતિમાં રખડાવ્યો છે અને આત્માની સલામતી ગુમાવી દીધી છે. જ્યારે રત્નત્રયીએ આત્માની સલામતી વધારી છે અને સંસારનો અંત કરાવ્યો છે.

આપણો આત્મા કાંઈ જેવો તેવો નથી. તે અસંખ્યાત પ્રદેશવાળો છે. ચૌદ રાજલોકના જેટલા આકાશ પ્રદેશો છે તેટલા આત્માના પ્રદેશો છે. આત્મામાં સંકોચ, વિસ્તારનો

એક વિશિષ્ટ ગુણ છે. રબ્બરને જેમ ખેંચીએ તેમ લાંબુ થાય છે. લાંબુ થાય એટલી જગ્યા વધારે રોકશે પણ એના પ્રદેશો વધી જશે નહિ, પણ છે એટલા જ રહેશે. રબ્બરને તમે છોડી મૂકશો એટલે પાછું હતું એવું ને એવું જ. આ જ પ્રમાણે આત્મા પણ સંકોચ-વિસ્તાર ધારે એટલો કરી શકે છે. કેટલો સંકોચ અને વિકાસ કરવો તેનો આધાર જીવને મળેલા શરીર ઉપર છે. જો કીડી જેટલું નાનું શરીર મળે તો આત્મા સંકોચાઈ ને તેટલા નાના કીડીના શરીરમાં રહે અને કીડી કરતાં મોટું મંકોડાનું, વાંદાનુ, બકરીનું કે ઘોડાનું કે હાથી જેટલું શરીર મળે તો આત્મા એટલા શરીરમાં રહેશે. જે સમયે જીવને જેટલું શરીર મળ્યું તે સમયે જીવ તેટલા વિસ્તારમાં વિકાસીને રહે છે. એક નાનામાં નાનું શરીર જે સૂક્ષ્મ જીવાણુઓને મળે છે. તો જીવ તેટલા નાના શરીરમાં રહે છે. વિજ્ઞાને સૂક્ષ્મદર્શક યંત્રમાં જોઈ ને માપીને કહ્યું છે કે એક સ્ટેમ્પ અથવા પોસ્ટેજની ટિકિટ ઉપર ૨૫ કરોડ સૂક્ષ્મજીવો રહી શકે છે, અને એક નાની કેપ્સુલમાં ૧ કરોડ જીવાણુઓ પણ રહી શકે છે વિચાર કરો કે એક કેપ્સુલ અને એક ટિકિટ ઉપર ૨૫ કરોડ અને એક કરોડ જીવાણુઓ રહી શકે છે તો તે કેટલા સૂક્ષ્મ હશે ! કેટલા નાનામાં નાના હશે ! તેમનું શરીર કેટલું હશે ! અને તે દરેક શરીરમાં એકમાં એક જીવ એમ કેટલા જીવો !

આ પ્રશ્નના જવાબ આપતાં કહે છે કે જૈનદર્શનનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિજ્ઞાન જીવોનું સ્વરૂપ જણાવતાં કહે છે કે જીવો બે પ્રકારના છે : સૂક્ષ્મ જીવો અને બાદર જીવો. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના સર્વ સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે. એક પણ ખૂણો ખાલી નથી. તેમાં પણ વનસ્પતિ વિજ્ઞાનની અજાયબી તો જૈનદર્શનમાં સર્વજ્ઞ ભગવંતોએ અદ્‌ભૂત બતાવી છે. વનસ્પતિના ત્રણ ભેદ. સૂક્ષ્મ, પ્રત્યેક અને સાધારણ. સૂક્ષ્મ સાધારણને નિગોદ કહેવામાં આવે છે. અનંતા જીવો વચ્ચે શરીર એક મળે તે સાધારણ જીવ કહેવાય છે. એટલે કે એક શરીરમાં અનંતા જીવો હોય તે સાધારણ. તેને અનંતકાય જીવો પણ કહે છે. અનંતા નિગોદના જીવોને એક જ શરીરમાં સાથે રહેવાનું અને એકસાથે જન્મવાનું અને એકસાથે મરવાનું. એકસાથે શ્વાસોશ્વાસ લેવાના. એક શ્વાસોશ્વાસ લે તેટલા સમયમાં આ જીવો ૧૭ા વાર જન્મ-મરણ કરે છે. તે જીવોને માત્ર સ્પર્શેન્દ્રિય હોય છે. સૂક્ષ્મ જીવો સ્થૂલ આકાર ધારણ કરે છે, ત્યારે તે દેખાય તેટલા થાય છે. દા.ત., બટેટા, ગાજર, શક્કરિયા, ડુંગળી, લસણ આ બધાની જાતિ એ નિગોદની છે, પણ શરીરનો આકાર સ્થૂલ થયો છે. કેટલાય સૂક્ષ્મ ગોળાઓ એકત્ર થયા હશે ત્યારે સ્થૂલ આકાર પામ્યા. તેમાં પણ અનંતા જીવો છે. તે જીવોની હિંસા કરવી એ ભયંકર પાપ છે. હિંસા કરવામાં આત્માની સલામતી નથી, પણ બરબાદી છે. હિંસા કરવી એ આત્માને અનુકૂળ નથી પણ પ્રતિકૂળ છે. જીવોની દયા પાળવી, એમની રક્ષા કરવી એ આત્માને અનુકૂળ છે. તપ, ત્યાગ, અહિંસા અનુકૂળ છે અને ખાનપાન, હિંસા, ભોગ પ્રતિકૂળ છે.

રત્નત્રયીની સલામતી છે કષાયોથી બચવામાં. કષાયોથી બચવા માટે નોકષાયોથી દૂર રહેવું જોઈએ. કષાયોને ઉત્તેજિત કરનાર નોકષાયો છે. એ નોકષાયોની શક્તિ કમ નથી. વાતે વાતે હસવું, રડવું, આનંદ માનવો, દુગંચ્છા કરવી એ બધા નોકષાયના ભેદ છે. આપણે ક્રોધ, માન, માયા, લોભને બરાબ માનીએ છીએ પણ હાસ્યાદિ નોકષાયને એટલી બરાબ નથી માનતા. તેને બરાબ માનીએ તો તેનાથી બચવાનો પ્રયત્ન કરીએ. મોહરાજા આ હાસ્યાદિ દ્વારા જીવને પોતાને વશ કરે છે, માટે મોહથી બચવા માટે પહેલા નોકષાયથી બચવાની જરૂર છે. મનગમતું મળે તેમાં આનંદ થાય તે રતિ અને અનિષ્ટમાં ઉદ્વેગ તે અરતિ. આ રતિ અરતિની પજવણી જીવને ઘણી છે. ખરી રીતે ઈષ્ટ અનિષ્ટ જેવું છે નહિ છતાં મોહને વશ થયેલો જીવ પોતાને અનુકૂળ વસ્તુમાં ઈષ્ટની અને પ્રતિકૂળ વસ્તુમાં અનિષ્ટની કલ્પના કર્યા કરે છે. આ ભ્રમગ્રા જીવને અનાદિકાળથી ભવમાં ભમાવે છે. હવે આ ભવમાં તેને ભગાડવાની છે. તે માટે પદાર્થનું યથાર્થ જ્ઞાન અને આત્મ-જ્ઞાનની જરૂર છે. રત્નત્રયી એ જીવનનો સાચો પ્રકાશ છે, આત્માની સલામતી માટે, ભવ-સાગરથી તરવા માટે અને રત્નત્રયીના પ્રકાશની પ્રાપ્તિ માટે સદ્‌ગુરૂનું શરણ જરૂરી છે.

ઓ આતમ તારે તરવું છે તો સદ્‌ગુરૂ શરણ સ્વીકારી લે.
વીતરાગી પદને વરવું છે તો વીરનો માર્ગ વિચારી લે.

મહાપુરૂષો કહે છે હે આતમ! તારે સંસાર સાગરથી તરવું છે તો ગુરૂદેવનું શરણ સ્વીકારી લે. ગુરૂભગવંતોના શરણે જવાથી અને વીરના બતાવેલા માર્ગે ચાલવાથી આત્માની સલામતી જળવાઈ રહેશે. દેહની સલામતી માટે આત્મા કેટલો ટાઈમ વ્યય કરે છે. કેટલી શક્તિ ગુમાવે છે. તેને સારો રાખવા, તેની આણપાણમાં તન, મન, ધન આપી દે છે પણ યાદ રાખજો કે આ દેહને શોભાવનાર દેહી એવો આત્મા છે. હીરાના મૂલ્ય વધારે કે તેને પારખનાર ઝવેરીના મૂલ્ય વધારે? જો ઝવેરી હશે નહિ તો હીરાનું મૂલ્ય સમજાવશે કોણ? હીરાને હીરા તરીકે ઓળખાવશે કોણ? માટે મૂલ્ય ઝવેરીના વધારે તેમ આત્મા ઝવેરી છે. દેહનું મૂલ્યાંકન કરાવનાર હંસલો દેહ રૂપી દેવળમાંથી ઊડી જાય પછી તમે આ દેહ કોઈને મફતમાં દેવા તૈયાર થાવ તો પણ કોઈ લેશે નહિ. માટે આ ભવમાં તું આત્માની સલામતી માટે વીરનો માર્ગ સ્વીકારી લે. વીરનો માર્ગ તને વીતરાગી બનાવશે. આ માર્ગ ફરીફરીને નહિ મળે. જ્ઞાની તો કહે છે કે હે મારા સાધક! વીરનો માર્ગ સ્વીકાર્યા પછી તું ખૂબ સાવધાન રહેજે. જો એ માર્ગમાં સાવધાની નહિ રહે તો આત્માની સલામતી પણ ગુમાવી દઈશ. સાધક એ માર્ગને બરાબર વફાદાર ન રહે. જાગૃત ન રહે અને પ્રમાદમાં પડી જાય તો વેશ સાધુનો રહે પણ આચાર સાધુનો ન રહે. તેવો આત્મા પોતાનું ગુમાવી બેસે છે. આ વાત સમજાવવા માટે એક ન્યાય આપ્યો છે.

સવારમાં એક આત્મચિંતક માનવ ચાલ્યો જતો હતો. ડગલે ડગલે તેનું આત્મનુ-ચિંતન તો ચાલુ હતું. તત્ત્વચિંતક પગલે પગલે આત્માનું ચિંતન કર્યા કરે. વૈજ્ઞાનિકોને

પગલે પગલે વિજ્ઞાન દેખાય. આ તત્ત્વચિંતક માણસ રસ્તામાં ચાલ્યો જાય છે. રસ્તામાં તેણે એક ભૂંડણી જોઈ. છ. સાત બચ્ચા તેને ઘેરી વળ્યા હતા. આ તત્ત્વચિંતક વિચાર કરે છે. આ ભૂંડણીએ એવું શું કર્મ કર્યું હશે કે તેનો અહીં જન્મ થયો! આ તત્ત્વચિંતક એટલેથી અટકી ન ગયો. એ એની જીવનચર્યા જોવા ઊભો રહ્યો. આ ભૂંડણી વિષ્ટાના ઢગલા પાસે ગઈ. તેમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. નજરે જોવી પણ ન ગમે એવી વિષ્ટા હતી. એમાં આ ભૂંડણી કૂદી પડી. તેમાં આળોટવા લાગી. તેમાં મશગૂલ બની ગઈ, અને વિષ્ટા આરોગવા લાગી. બચ્ચાઓ પણ વિષ્ટા આરોગવા લાગ્યા. આરોગતા જાય, ચારે બાજુ ઉડાડતા જાય અને પોતાનું શરીર તેનાથી ખરડતા જાય. આ દૃશ્ય જોઈને તત્ત્વચિંતકના મનમાં ખૂબ દુઃખ થયું. શું આ ભૂંડણીનો અવતાર છે! શું તેની આ દશા! આપણને જે પદાર્થો સામું જોવું પણ ન ગમે તેવા ગંધાતા પદાર્થોમાં કાદવમાં પડ્યા રહે. તેમાં રચ્યાપચ્યા રહે. તે ગંધાતા પદાર્થો ખાય ને તેમાં આનંદ માને. તત્ત્વચિંતકને ખૂબ કરૂણા આવી. તે ત્યાંથી ચાલ્યો ગયો. ચાલતાં ચાલતાં પણ આ વિચારણા કરે છે.

ચાલતો ચાલતો તે તત્ત્વચિંતક એક ઉદ્યાનમાં પહોંચ્યો. ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાનના ધારક મહાત્મા બિરાજે છે. નીચે પર્ષદા બેઠી છે. મહાત્મા જોરશોરથી આત્માના રણકારથી ઉપદેશ આપી રહ્યા છે. હે દેવાનુપ્રિયો! હજુ સુધી આત્માએ ચેતન એવા આત્માને ઓળખ્યો નથી. પરવસ્તુની પીછાણમાં પાવરધો બન્યો છે પણ આત્માની પીછાણ કરી નથી. જ્યાં સુધી આત્માને નહિ પીછાણો, વિષયોથી વિરક્ત નહિ બનો, મમતાના બંધનથી મુક્તિ નહિ મેળવો ત્યાં સુધી આ સંસારના ચક્કરમાંથી મુક્ત થઈ શકશો નહિ. તત્ત્વચિંતક આ બધું સાંભળે છે. તેમના મનમાં થયું કે અહીં મારા પ્રશ્નનું સમાધાન થશે. જે વિચારક છે તે સાંભળીને કે જોઈને બેસી ન રહે. તેને સંતોષ કયારે થાય? મનનું સમાધાન થાય ત્યારે. વ્યાખ્યાન પૂરું થયું. સૌ પોતપોતાના ઘેર ગયા. તત્ત્વચિંતકને પેલી ભૂંડણીનું દૃશ્ય આંખ સામેથી ખસતું ન હતું, તેથી તે ત્રણ જ્ઞાનના ધારક મહર્ષિને પૂછે છે હે ગુરૂદેવ! આપને શાતા હોય તો મારે એક પ્રશ્ન પૂછવો છે. બોલવામાં કેટલો વિનય વિવેક! બોલ ભાઈ! તારે શું પૂછવું છે? ગુરૂભગવંત! અહીં આવતા રસ્તામાં મેં ભૂંડણીને જોઈ. તે ભૂંડણી અને તેનો પરિવાર વિષ્ટામાં એવો ગૃદ્ધ બન્યો હતો કે તે બધામાં મશગૂલ હતા. ખાતા જાય ને ઉડાડતા જાય. તો એ જીવોએ એવા શું કર્મો કર્યા હશે કે તેમને આવા અવતારમાં આવવું પડયું?

અવધિજ્ઞાની ગુરૂ ભગવંત પ્રશ્નનો ઉત્તર આપે છે. શાસ્ત્રની કોઈ વાત ગોપવીને કહેવાય નહિ, તેમજ વિપરીત પણ ન કહેવાય. જેમના મતિ–શ્રુતજ્ઞાન ખૂબ નિર્મળ હતા. અવધિજ્ઞાનના ધણી હતા તેવા ગુરૂદેવ બોલ્યા! દેવાનુપ્રિય! કર્મો કોઈને છોડતા નથી. અહીં તમારી પાસે પૈસા હશે તો બધે તમારી શરમ પડશે. પૈસાના બળે વકીલ,

બેરિસ્ટરો બધાને તમારા હાથમાં લઈ શકશો પણ કર્મને કોઈ હાથમાં લઈ શકતા નથી. કર્મરાજનો કાયદો અટલ છે. એ તો રાજાને રંક બનાવે અને નગરશેઠને નોકર બનાવે. કર્મ તો પૂરેપૂરો બદલો વાળે.

કહી કરમને શરમ આવે ના, ધર્મ વિના ભવ દુઃખ જાયે ના.

કર્મ કોઈની શરમ નહિ ધરે. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડાવ્યું હતું તો તે કર્મનો બદલો મહાવીર પ્રભુના ભવમાં મળી ગયો. ગોવાળીયાઓએ આવીને કાનમાં ખીલા નાંખ્યા. તીર્થંકર થનાર આત્માને પણ કર્મો ભોગવવા પડ્યા છે તો મારી ને તમારી તો વાત જ કયાં! જ્યારે કર્મો ઉદયમાં આવે ત્યારે તીર્થંકરના જીવનને સામે રાખજો, અને આત્માને કહેજો કે કર્મો ભોગવવામાં તો તીર્થંકર થનાર પણ બાકાત નથી તો તું કયાં! અવધિજ્ઞાની સંત કહે છે કે તે ભૂંડણી કોણ હતી? કયા કર્મે તેને આ અવતાર મળ્યો છે તે તું સાંભળ. સાંભળતા તને આશ્ચર્ય લાગશે.

આ ભૂંડણીનો આત્મા પૂર્વભવમાં આ નગરીના રાજાનો પુત્ર હતો. કોઈ સંત પાસેથી ઉપદેશ સાંભળતાં તેને વૈરાગ્ય આવ્યો. અઢળક સંપત્તિ, છલકતા વૈભવો છોડીને ઉત્કૃષ્ટ વૈરાગ્યે દીક્ષા લીધી. દીક્ષા લઈને જ્ઞાન-ધ્યાનમાં, ગુરૂભક્તિ, સ્વાધ્યાય, તપ આદિમાં મસ્ત રહીને વિશુદ્ધ સંયમ પાળતા હતા. તેમની વ્યાખ્યાન શૈલી એવી સુંદર હતી કે તે સાંભળવા હજારો લોકો ઉમટે. બહાર બધા બોલે કે વાહ.... વાહ.... શું આ મહાત્માનું વ્યાખ્યાન છે! તેમના વ્યાખ્યાનના અને સંયમના પ્રભાવે શિષ્યપરિવાર ઘણો વધ્યો. છેવટે આચાર્યપદે તેમને આરૂઢ કર્યા. આ મુનિનું વિશુદ્ધ ચારિત્ર સાથે તપશ્ચર્યા ખૂબ, આત્મસ્પર્શી પ્રભાવક દેશના અને વિશાળ પરિવાર, સ્વાધ્યાય પણ અથાગ. આ બધાના કારણે ચારે બાજુ તેમના યશોગાન ગવાવા લાગ્યા. તેમની કીર્તિ ખૂબ વધી. દિવસો જતાં ભક્તજનોનો સમૂહ પણ વધવા લાગ્યો. હવે આ મુનિને માન આવી ગયું. મારું કેટલું માન છે! કેટલું વર્ચસ્વ છે! જગત મારા કેટલા--ગુણ ગાય છે! સંયમના ભાવ ઓછા થવા લાગ્યા. આ પહેલો દોષ આવ્યો. ભક્તજનો રાગના કારણે મનગમતા આહાર બનાવતા ને આ કીર્તિધર મુનિના શિષ્યો લઈ આવતા. આરંભ સમારંભ કરીને બનાવેલા આધાકર્મી આહાર આવવા લાગ્યા. આ રીતે આવતી ગોચરીની અનુકૂળતા તેમણે સ્વીકારી લીધી. સ્વાદની આસક્તિએ દોષિત નિર્દોષની ભેદરેખા ભૂંસી નાંખી. આધાકર્મી આહાર વાપરવામાં સૂગ ઊડી ગઈ. જેવો આહાર તેવો ઓડકાર. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ માં અધ્યયનમાં બોલ્યા છે.

रसा पगामं ण निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।
दित्तं च कामा समभिद्दवंति, दुमं जहा साउ फलं व पक्खी ॥ १०

દૂધ, ઘી આદિ રસોનું અધિક પ્રમાણમાં સેવન ન કરવું જોઈએ. કારણ કે પ્રાયઃ કરીને તે રસો મનુષ્યોમાં કામાગ્નિને દીપ્ત કરે છે. જેવી રીતે સારા સ્વાદિષ્ટ ફળવાળું વૃક્ષ હોય

તો પક્ષીઓ દોડીદોડીને ત્યાં આવે છે તેવી રીતે કામવાસનાઓ દિપ્ત મનુષ્યોની તરફ દોડી જાય છે.

આ મુનિ સારા સારા આહારપાણી વાપરવા લાગ્યા. શરીરમાં ગયેલા આધાકર્મી ને ખૂબ જ રસવાળા આહારે સંયમી જીવનને દોષિત બનાવ્યું. ક્રિયાઓમાં હવે શિથિલતા આવી ગઈ. વિચારોમાં પરિવર્તન આવ્યું. પ્રમાદ વધ્યો. સ્વાધ્યાય ધ્યાન ચૂકવા લાગ્યા. સ્વાધ્યાયને બદલે વિકથા અને નિંદા કરવા લાગ્યા. પરિષહો આવે એવા નિમિત્તો દૂર કર્યા. સાધુ આહાર કરે તે જીભના સ્વાદ માટે નહિ પણ જે છ કારણો બતાવ્યા છે.

वेयण वेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए ।।

तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिंताए ।। ઉ. અ. ૨૬ ગા. ૩૩

ક્ષુધા વેદનીય શમાવવાને માટે, સેવા કરવાને માટે, ઈર્યાસમિતિના પાલન માટે, સંયમ પાળવાને માટે, જીવનનિર્વાહ માટે, ધર્મજાગ્રિકા કરવાને માટે આ છ કારણે સાધુ આહાર કરે. આ મુનિ આજ્ઞા ભૂલી ગયા. હવે જાણે ખાવા માટે જ જિંદગી ન હોય એવી રીતે ખાવાનું ચાલું રાખ્યું. અષ્ટ પ્રવચન માતા અને પાંચ મહાવ્રતનું પાલન ચૂકયા અને પ્રમાદમાં આગળ વધ્યા. પહેલા જિનાજ્ઞા એ જ મારું સર્વસ્વ માનતા હતા. તેના બદલે જિનાજ્ઞાને નેવે મૂકી દીધી અને સ્વચ્છંદ રીતે વર્તવા લાગ્યા. એક ભૂલે અનેક ભૂલોને આમંત્રણ આપ્યું. સારું સારું સ્વાદિષ્ટ ખાવાની વૃત્તિએ સંયમી જીવનને તો મલિન કર્યું. છેવટે પરિણામ એ આવ્યું કે અનંતાનુબંધી કષાય આવી. માન કષાય તો એવી આવી કે હું જે કરું તે જ સત્ય છે, તે જ સાચું છે. આ કષાયમાં સમકિત ગયું ને મિથ્યાત્વ આવ્યું. કેટલું બધું ગુમાવ્યું. વેશ સંયમીનો હોવા છતાં ભોગી બનાવી દીધા. સંયમી જીવનથી ભ્રષ્ટ કર્યા. ત્યાગ, વૈરાગ્યની સ્વાધ્યાયની, જીવદયાની આચાર પાલનની વાતો કરનાર મુનિને તે દુશ્મનની દૃષ્ટિથી જોવા લાગ્યા.

नत्थि चरित्तं सम्मनविहुणं, दंसणे उ भइयव्वं ।

सम्मत्तचरिताइं, जुगवं पुव्वं व सम्मत्तं ।। ઉત્ત. અ. ૨૮. ગા. ૨૯

સમ્યક્ત્વ વિના ચારિત્ર હોતું નથી. એટલે ચારિત્ર હોય ત્યાં સમકિત અવશ્ય હોય. પણ સમ્યક્ત્વ હોય ત્યાં ચારિત્રની ભજના. સમ્યક્ત્વ ચારિત્ર સાથે પણ હોઈ શકે છે. અથવા પહેલાં સમ્યક્ત્વ હોય અને પછી ચારિત્ર હોય છે. સમકિત હોય ત્યાં ચારિત્રની ભજના એટલે હોય પણ ખરું અને ન પણ હોય. બધા સમકતી જીવો દીક્ષા લે એવું હોતું નથી. એટલે સમકિત હોય ત્યાં ચારિત્રની ભજના પણ જ્યાં સમ્યક્ચારિત્ર હોય ત્યાં સમ્યક્ત્વ તો હોય. સમકિત ગયું તેના મહાવ્રત ગયા. મહાવ્રત લે એટલે સાધુ છઠ્ઠા, સાતમે ગુણસ્થાને હોય અને મિથ્યાત્વી તો પહેલા ગુણસ્થાને છે એટલે બધું ય ગયું. આ મુનિ રસના, કીર્તિના, કામના કીડા બન્યા તો મરીને તિર્યંચ ગતિમાં ગયા. તમે ભૂંડણી માટે જે પ્રશ્ન કરો છો તે ભૂંડણીનો જીવ આ સાધુ હતો. તે સાધુ મરીને અત્યારે ભૂંડણીના ખોળિયામાં આવ્યા છે. જેમ કુંડરિક મુનિએ કેટલા બધા વર્ષો સુધી ચારિત્ર

પાળ્યું પણ રસનાની તીવ્ર આસક્તિના કારણે સાધુપણું છોડ્યું અને મરીને નરકમાં ચાલ્યા ગયા. ત્યાંના દુઃખો કેવી રીતે સહન થશે! સંયમી જીવન લીધા પછી જવાબદારી વધે છે. નાનો બાળો પહેલા બીજા ધોરણમાં હોય ત્યારે ભણે ન ભણે તો નભી શકે. અત્યારે તેની જવાબદારી ઓછી છે, પણ એ બાળક આઠમા, નવમા ધોરણમાં જાય પછી તેની જવાબદારી વધે છે, તેમ તમારા કરતાં દીક્ષા લીધા પછી જવાબદારી વધે છે. આ સ્થાને આવીને બેસી રહેવાનું નથી, પણ આગળ વધવાનું છે. અમારું લક્ષ તેરમાં ગુણ-સ્થાને પહોંચવાનું છે. તે સાધક બેસી રહે અરે? ના તે સતત સાવધાન રહે.

હવે આપણી મૂળ વાત કરીએ. શ્રમણ ભગવાન મહાવીરે સાતમા અંગમાં ૧૦ અધ્યયનો કહ્યા છે તો તેમાંના પ્રથમ અધ્યયનનો કેવો અર્થ પ્રરૂપ્યો છે? સુધર્માસ્વામી તેનો ઉત્તર આપતાં કહે છે, **तेणं कालेणं तेणं समएणं वाणियगामे नामं नयरे होत्था।** તે કાળ અને તે સમયે વાણિજ્ય ગ્રામ નામે નગર હતું. તે કાળ અને તે સમયે એ શબ્દ અહીં કેમ વાપર્યો છે! આનંદશ્રાવક ભગવાન મહાવીરની હયાતીમાં થયા છે. જંબુસ્વામી જ્યારે આ વાત પૂછે છે ત્યારે ભગવાન મહાવીર સ્વામી મોક્ષે ગયા હતા. તેમની પાટાનુપાટે સુધર્માસ્વામી આવ્યા છે, તેથી સુધર્માસ્વામીએ કહ્યું તે કાળ અને તે સમયે એટલે ભગવાન મહાવીર સ્વામી વિચરતા હતા તે સમયની વાત છે. તમને કહીએ કે રાજગ્રહી નગરી આવી હતી કે જેમાં ભગવાનના ૧૪-૧૪ ચાતુર્માસ થયા છે. અત્યારે તમે કહેશો કે રાજગ્રહીમાં કાંકરા ઊડે છે. ભલે, અત્યારે આવી છે પણ ભગવાન વિચરતા હતા તે સમયે આવી હતી એમ કહેવાય ને! માટે ભૂતકાળ વાપર્યો છે આ નગરી હતી.

કાળ બે પ્રકારના. ઉત્સર્પિણીકાળ અને અવસર્પિણીકાળ. અત્યારે અવસર્પિણીકાળ ચાલે છે એટલે ઉતરતો કાળ. આ કાળમાં પહેલા આરા કરતાં બીજા આરામાં, બીજા કરતા ત્રીજા આરામાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અવગાહન, આયુષ્ય બધું ઓછું થતું જાય. પહેલો આરો ૪ કોડાકોડી સાગરોપમનો, બીજો આરો ૩ કોડાકોડી સાગરોપમનો, ત્રીજો આરો ૨ કોડાકોડી સાગરોપમનો. આ ત્રણ આરામાં તીર્થંકર નથી. બધા જુગલીયા હોય છે. એ જુગલીયા મરીને દેવગતિમાં જાય, કારણ કે તેઓ ખૂબ સરળ અને ભદ્રિક હોય છે. તિર્યંચ જુગલીયા પણ મરીને દેવ થાય. તે નરક તિર્યંચમા જાય નહિ. તેમની ગતિ માત્ર દેવની છે. ત્રીજો આરો ઉતરતાં ભગવાન ઋષભદેવ થયા. ઋષભદેવથી ધર્મની શરૂઆત થઈ. ચોથા આરામાં ૨૩ તીર્થંકર થયા. બીજા અજીતનાથ ભગવાન તીર્થંકર થયા. ત્યારે જગતમાં પુણ્યનો સિતારો એટલો બધો ચમકતો હતો કે તે સમયે પાંચ મહાવિદેહ ક્ષેત્રની ૩૨-૩૨ વિજયમાં તીર્થંકર દેવ બિરાજમાન હતા એટલે ૩૨ × ૫ = ૧૬૦ તીર્થંકર મહાવિદેહ ક્ષેત્રમાં થયા. ૫ ભરત, અને ૫ ઐરવત ક્ષેત્રમાં, ૧૦ કુલ ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર અજીતનાથના વારામાં હતા. તે વખતે નવ કોડ કેવળી ભગવાન અને નવ હજાર કોડ સાધુ-સાધ્વી બિરાજમાન હતા. એ કાળ બધી રીતે ઉત્કૃષ્ટ હતો. ચોથા આરામાં બીજાથી લઈને ચોવીસમાં કુલ ૨૩ તીર્થંકરો થયા. તમે

બધા કહેા છેા કે મહાવિદેહ ક્ષેત્રમાં સદા ચેાથેા આરેા હેાય છે, પણ ત્યાં તેા એકે કાળ નથી. નેાઉત્સર્પિણી, નેાઅવસર્પિણી. છતાં જે બેાલીએ છીએ કે ત્યાં સદાય ચેાથેા આરેા છે. તે એ દૃષ્ટિથી કે અહીં ચેાથા આરામાં તીર્થંકરેા થાય છે, અને એમનું શાસન પ્રવર્તે છે, તેમ ત્યાં તેા સદાય તીર્થંકર ભગવાનનેા યેાગ છે, માટે તેને ચેાથા આરાની ઉપમા અપાય છે. બાકી તે ક્ષેત્રમાંથી પણ જીવેા નરક તિર્યંચમાં જનારા હેાય છે. ભરત-ઐરવત ક્ષેત્રના ચેાથા આરામાં જન્મેલા પાંચમાં આરામાં મેાક્ષે જાય, પણ પાંચમા આરાના જન્મેલા પાંચમા આરામાં મેાક્ષ જાય નહિ, પણ કડવી લીંબડીમાં મીઠી એક ડાળ છે. જૈનશાસન અને જૈન ધર્મ મળ્યેા છે. અહીં સાધના કરીએ તેા એકાવતારી થવાની બારી ખુલ્લી છે. હજુ હાથમાં બાજી છે.

તે કાળ અને તે સમયમાં ભગવાન મહાવીર સ્વામી વિચરતા હતા ત્યારે વાણિજ્ય નામનું નગર હતું. તમને કેાઈ પૂછે ફલાણા મહાસતીજીનું ચાતુર્માસ કયાં છે ? ત્યાં માત્ર મુંબઈમાં છે એમ કહેવાથી બરાર ન પડે, પણ સાથે કહેવું પડે કે મુંબઈમાં કાંદાવાડી આદિ ક્ષેત્રમાં છે; તેમ આ નગર જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં છે. ભરતક્ષેત્રમાં પણ દક્ષિણ ભરતમાં આવેલું છે, તેને નગર શા માટે કહે છે ? જે નગરમાં અઢાર પ્રકારના કર અથવા ટેકસ પ્રજા પાસેથી લેવાતા ન હેાય તેને નગર કહેવાય છે. જે નગરમાં ચેાર-ડાકુનેા ભય ન હેાય, ચેાર કે ડાકુ હેાય છતાં પ્રમાણિક હેાય. વાણિજ્ય નગરનેા અર્થ એ છે કે જેમાં વેપારીઓનેા સમૂહ રહે તેને વાણિજ્ય કહે છે. તે નગર કેવું હતું ? ધન-ધાન્ય, ઋદ્ધિ-સમૃદ્ધિથી ભરપૂર હતું. તે દેવલેાક જેવું શેાભાયમાન હતું. ત્યાંના શ્રાવકેા જીવ, અજીવ આદિ નવ તત્ત્વેાના જ્ઞાતા હતા. દાન દેવાને માટે સદા પેાતાના બારણાં ખુલ્લા રાખતા હતા. ચેારી, લંપટતા, ચાડીયાપણું આદિ દુર્ગુણેાનેા તેમનામાં અભાવ હતેા. શૂરવીરતા, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણેાથી યુક્ત હતા. નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા, કાંક્ષા રહિત હતા. દેવેા તેમને ડગાવવા આવે તેા પણ નિર્ગ્રંથ પ્રવચનથી ચલાયમાન થાય તેવા ન હતા. એમની હાડહાડની મિજ્જામાં જિનેશ્વર ભગવાન પ્રત્યે અને ધર્મ પ્રત્યે પ્રેમ હતેા. પેાતાના પુત્ર પરિવારને પણ ધર્મનું સિંચન કરતા હતા. તેમને કહેતા હતા કે દેવાનુપ્રિયેા ! એ નિર્ગ્રંથ પ્રવચન જ પરમાર્થ છે. બાકી બધા અનર્થ છે. ધન-માલમિલ્કત આદિ બધું ક્ષણભંગુર છે. એ શ્રાવકેા અભયદાન, સુપાત્રદાનમાં ખૂબ તત્પર રહેતા હતા. શીલવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતથી યુક્ત હતા. આઠમ, ચૌદસ. પાખીના પૌષધ કરતા હતા. એવું એ વાણિજ્યનગર બધી રીતે ખૂબ સુશેાભિત હતું. તે નગર ખૂબ ભાગ્યવાન અને પુણ્યવાન હતું, કારણ કે જ્યાં ભગવાન મહાવીર સ્વામીનું આગમન થતું હતું. એમની ચરણરજથી એ નગર ધન્ય બન્યું હતું. ભગવાન મહાવીર સ્વામી આ પૃથ્વી પટ પર વિચરતા હતા ત્યારે વાણિજ્યનગર ધનધાન્યથી, ધર્મથી શેાભી રહ્યું હતું. એ નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશાના ભાગમાં ઈશાન ખૂણામાં દ્યુતિપલાશક નામનું ઉદ્યાન હતું. તે નગરમાં કેાણ રાજા રાજ્ય કરે છે તે વાત અવસરે.

હવે તપના દિવસો આવશે ઘડીઓ આવી કેવી સરસ તપ કરવા જગાડે છે અરે ! જાગો તમે....ઘડીઓ

માનવજીવનની ઘડી પળ સરસ આવી છે. દેવ, નારકી, તિર્યંચો આપણી જેમ તપ કરી શકતા નથી. આ જીવન સાધના માટે મળ્યું છે જો આ ભવમાં ચૂકયા તો ડૂબ્યા, માટે સૂતેલા ચેતનદેવને જગાડો. વધુ ભાવ અવસરે.

અષાડ વદ ૫ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૬ : તા ૭-૭-'૮૫

અનંત જ્ઞાની ભગવંત આત્મકલ્યાણનો માર્ગ બતાવતા કહે છે કે હે આત્મા ! જો તારે આ સંસારથી તરવું છે તો સંસારમાં જળકમળવત્ રહેતા શીખ. તેમાં મસ્ત બનવાનું નથી. આપણો આત્મા એક પ્રવાસી છે, પણ નિવાસી નથી. આ જીવનમાં ગમે તેટલી સંપત્તિ, સમૃદ્ધિ હશે તોય છેવટે તેનો ત્યાગ કરીને જવાનું એ નિશ્ચિત છે. પરલોકમાં જતી વખતે શુભાશુભ કર્મોનું ભાતુ લઈ ને જવાનું છે. શરીરની સગાઈ ખોટી છે. આત્માનું સગપણ સાચું છે, માટે જ્ઞાની પુરૂષો કહે છે કે જિંદગીને અમર બનાવી દો. પ્રમાદ ત્યજી દો, અને પુરૂષાર્થ પ્રારંભો, કારણ કે પ્રમાદી આત્માને બધે ભય ભયને ભય છે. આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે " **सव्वओ पमत्तस्स भयं** " પ્રમાદીને બધા પ્રકારનો ડર રહે છે. સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાને માટે આત્મદર્શન કરવું જરૂરી છે. પ્રમાદી પ્રાણી આત્મદર્શન કે સર્વજ્ઞતા પ્રાપ્ત કરી શકતો નથી. જ્યાં સુધી સર્વજ્ઞતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાધકે પોતાની સાધનામાં સતત સાવધાન રહેવું જોઇએ. યુદ્ધના મેદાનમાં ગયેલો લડવૈયો પ્રમાદ કરે, સાવધાની ન રાખે તો એ ન ચાલે, કારણ કે ચારે બાજુથી દુશ્મનોનો ભય છે. એ કયારે શસ્ત્રના ઘા કરે એની ખબર નથી. યુદ્ધમાં ઊભેલા લડવૈયાને મરણનો ભય ઝઝૂમી રહ્યો છે. એમાં એ થોડો પણ પ્રમાદનો ભોગ બની જાય તો મૃત્યુ આવીને એને ભરખી જાય. આ રીતે જિનેશ્વર ભગવાનનો જે અનુયાયી છે તે એક લડવૈયો છે. યુદ્ધભૂમિમાં સંગ્રામ થાય તો મહિના, બે મહિના, વર્ષ સુધી ચાલે જ્યારે અહીં તો કર્મશત્રુઓ સામે મરણની અંતિમ ઘડી સુધી લડવાનું છે. પેલું બાહ્ય યુદ્ધ છે આ આભ્યંતર યુદ્ધ છે. પ્રમાદ જો બાહ્ય યુદ્ધમાં મરણને નોતરે છે તો આભ્યંતર યુદ્ધમાં પ્રમાદ કરવાથી શી દશા થાય ? બાહ્ય યુદ્ધ કરતાં આભ્યંતર યુદ્ધમાં સાવધાનીની વધુ જરૂર છે, માટે આગમકાર બોલે છે કે હે સાધક ! તું પળનો પણ પ્રમાદ કરીશ નહિ, કારણ કે જે પ્રમાદી છે એને બધેથી ભય છે, **अपमत्तस्स नत्थि भयं** જ્યારે અપ્રમાદીને કોઈ ભય નથી.

ખૂબ વિચારવા જેવી અને વર્તનમાં મૂકવા જેવી વાત છે. ઊંધમાં પડેલો લડવૈયો હજુ શત્રુઓના ઘામાંથી બચી શકે પણ આધ્યાત્મિક આબાદી મેળવવા માટે જેણે કર્મના જંગમા ઝંપલાવ્યું છે એ સાધક જો પળનો પણ પ્રમાદ કરે તો કેટલાય આંતર શત્રુઓ તેને ઘેરી લે છે. જ્ઞાની પ્રમાદની વ્યાખ્યા કરતાં કહે છે કે મોહરાજાને ગીરવે મુકાયેલી બુદ્ધિને પૂછીને જે કોઈ ક્રિયા કરે તે પ્રમાદ અને મોક્ષના લક્ષે જે કોઈ ક્રિયા થાય એ અપ્રમાદ ગણાય. પૃથ્વીચંદ્ર લગ્નની ચોરીમાં બેઠા છે. લગ્નની ચોરી એ પાપનું સ્થાન છે.

છતાં સામે મોક્ષનું લક્ષ હતું. તો કેવળજ્ઞાન પામી ગયા. તે રીતે ગુણસાગર રાજગાદીએ કેવળજ્ઞાન પામ્યા. અરીસાભુવન એ આશ્રવનું સ્થાન છે, છતાં ત્યાં ભરત ચક્રવર્તી કૈવલ્ય લક્ષ્મીને પામ્યા. ટૂંકમાં મોહને આધીન બનેલી બુદ્ધિ જે કંઈ કરાવે એ પ્રમાદ અને મોક્ષાધીન બુદ્ધિથી જે કાંઈ થાય એ અપ્રમાદ. મોક્ષનો માર્ગ આપણે જાણીએ છીએ. એની વિગતવાર માહિતી આપણી પાસે છે છતાં એ માર્ગ દ્વારા મોક્ષને પામી શક્તા નથી. સંસાર દૂર થતો નથી. અને મોક્ષ નજીક આવતો નથી. એનું મૂળ કારણ આપણો પ્રમાદ છે, માટે શાસ્ત્રકાર પ્રમાદને મૃત્યુ સાથે સરખાવે છે. બરોબર મૃત્યુ કોઈ હોય તો એ પ્રમાદ છે. પ્રમાદ ઝેર છે અને અપ્રમાદ અમૃત છે.

આપણા જૈન શાસનમાં અપ્રમાદનું ઘણું મૂલ્ય અંકાયું છે. આપણા ટન બંધ વિચારોને કણ જેટલા પણ આચારમાં આવતા રોકનારી કોઈ તોતીંગ દીવાલ હોય તો એ પ્રમાદની છે. એક બાજુ સંસારનો સંગ્રામ છે. બીજી બાજુ સાધનાનો સંગ્રામ છે આ બે સંગ્રામમાં સાધનાનો સંગ્રામ ખૂબ કઠિન છે, મુશ્કેલ છે, કારણ કે પળે પળે પુરૂષાર્થી બનનાર અહીં વિજય પ્રાપ્ત કરી શકે છે. સાધકનો સંગ્રામ ૫-૨૫ વર્ષનો નથી પણ જીવનભરનો છે. કર્મની સામે સતત યુદ્ધ ખેલતો રહે અને ધર્મ કરતો રહે તો વિજય પ્રાપ્ત કરી શકે છે. આ સંગ્રામની સામે સંસારનો સંગ્રામ તો કોઈ હિસાબમાં નથી, કારણ કે એ સંગ્રામ તો થોડા પુરૂષાર્થમાં, થોડી જાગૃતિમાં અને થોડા સમયમાં જીતી શકાય છે.

સૂર સંગ્રામ હૈ પલક દો ચાર કા, હોત ઘમસાણ પણ એક લાગે,
સાધ સંગ્રામ હૈ હૈની દિન જુઝના, દેહ પર્જનના ખેલ ભાઈ!

જૈન એટલે રાગદ્વેષને જીતવા નીકળેલો શૂરવીર, રાગદ્વેષને જીતવા જતાં વચ્ચે ક્રોધ, માન, માયા, લોભ, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ આદિ અનેક શત્રુઓ એને પકડવા માટે તાકીને બેઠા છે. જો શત્રુઓને જીતીને મુક્તિ મંઝીલ પ્રાપ્ત કરવી છે તો એ માર્ગે સતત સાવધાનીથી આગળ વધતા રહેવું જોઈએ. તે સમયે જો આંખમાં જરાક ઝોકું આવ્યું એટલે પ્રમાદ આવ્યો તો એ વિજયયાત્રા પરાજયમાં ફેરવાઈ જશે તે સમયે આત્માની જરાસી અસાવધાની થોડો પ્રમાદ સારા કાર્યો પર પાણી ફેરવી દે છે, માટે હે સાધક! તું જાગતો રહેજે. જે સદા જાગૃત છે તેને કોઇના તરફથી ભય નથી. પ્રમાદી દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કર્મોને એકત્રિત કરે છે. દ્રવ્યથી તે બધા આત્મ-પ્રદેશોથી કર્મોના પુદ્ગલોનું ગ્રહણ કરે છે. ક્ષેત્રથી પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊંચી અને નીચી દિશામાં રહેલા કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. કાળથી પ્રતિસમય તે કર્મના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને ભાવથી હિંસાદિ દ્વારા કર્મોને એકત્રિત કરે છે. પ્રમાદીને આ લોક અને પરલોક બંનેમાં ભય છે. એનાથી વિપરીત અપ્રમાદીને કોઈ પ્રકારના કર્મોનો ભય નથી. તે આલોક અને પરલોક બંનેમાં ભયથી મુક્ત હોય છે. જ્યારે અંતરની આંખ ખુલ્લી રાખવાની કળા આવડશે ત્યારે આત્મા "अकुतो भयं" બંને કથાંયથી ભય ન હોય એવો બની શકશે.

અંતરની આંખ ખુલ્લી રાખવાની કળા જેને આવડી એમના નામ સિદ્ધાંતના પાને અંકિત થયા. આપણે ઉપાસકદશાંગ સૂત્રનો અધિકાર લીધો છે. ઉપાસકદશાંગ એટલે અણુવ્રત આદિ પ્રતિપાદન કરવાને માટે રચેલા શાસ્ત્રને ઉપાસકદશાંગ કહે છે, અને જે વિનય આદિના ક્રમથી ભણાય છે અથવા જેનાથી જીવાદિ પદાર્થોનું જ્ઞાન થાય છે અથવા તીર્થંકર ગણધર મહારાજ આદિ દ્વારા પ્રરૂપિત અર્થની જેનાથી પ્રાપ્તિ થાય છે અથવા જે ભવ્ય જીવો મુક્તિની કામનાથી ભણે છે તેને અધ્યયન કહેવાય છે. ઉપાસકદશાંગના ૧૦ અધ્યયનોમાં પુણ્યાત્માઓનું ભગવાને વર્ણન કર્યું છે. ભગવાને બે પ્રકારનો ધર્મ બતાવ્યો આગાર ધર્મ અને અણગાર ધર્મ. અણગાર કોને કહેવાય ? **संजोगा विप्प मुक्कस्स, अणगारस्स भिक्खुणो।** જે આત્માઓ સંયોગથી વિશેષ પ્રકારે મુકાયા છે તેને અણગાર કહેવાય છે. મૂકવા મૂકવામાં ફેર છે. કંઈક જીવો એવા છે કે સ્વેચ્છાએ મૂકે છે, ત્યાગ છે. જ્યારે કંઈક જીવોને મૂકવું પડે માટે મૂકે છે એવા જીવો પણ છે. સ્વેચ્છાએ વિગયનો ત્યાગ કરી આયંબીલ કરે તો ઘણો લાભ જ્યારે કંઈક જીવો રોગના કારણે એનો ત્યાગ કરે. એ ત્યાગમાં આત્માને લાભ ન થાય. ભગવાન કહે છે સાચો ત્યાગી કોણ છે ?

जे य कंते पिए भोए लद्धे विपिट्ठि कुव्वई ।
साहीणे चयइ भोए से हु चाइत्ति वुच्चइ ॥ દશ. અ. ૨ ગા. ૩

જેને ઈષ્ટ પ્રિય કામભોગો હજુરાહજુર છે. મંગાવા નથી પડતા પણ બધું તેની પાસે છે છતાં જે તેને છોડી દે તે સાચો ત્યાગી છે. એવા મુનિઓ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરે છે. ખેતર, વાડી, બંગલા, ધન, ધાન્ય, દાસદાસી નોકરચાકર પુત્રપત્ની આદિ સચેત અને અચેત બાહ્ય પરિગ્રહ છે. ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, નવ નોકષાય આદિ ૧૪ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે. એનો સ્વેચ્છાએ ત્યાગ કરે તે અણગાર અને જે સ્વેચ્છાએ સંપૂર્ણ છોડવા સમર્થ નથી થોડો આગાર-છૂટ રાખે છે તેને આગાર કહેવાય છે. આગાર ધર્મ પાળનારા શ્રમણોપાસક કહેવાય છે.

ત્રીજા આરામાં આનંદ શ્રાવક વાણિજ્ય નગરીમાં થયા તે નગરી એવી પુણ્યવંતી હતી કે તે નગરીના માણસો નીતિવાન, પ્રમાણિક, સત્યવાદી અને નિર્લોભી હતા. લાલચુ ન હતા. ક્રૂર સ્વભાવના કે ઝઘડાખોર ન હતા. એ વાણિજ્ય નગરમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. એ રાજાના નામ એવા ગુણ હતા. જેણે પોતાના પરાક્રમથી શત્રુઓને જીત્યા છે. ભગવાન બોલ્યા છે કે :

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥ ઉત્ત. અ. ૯ ગાથા ૩૪

જે પુરૂષ દુર્જય એવા સંગ્રામમાં પોતાની એક ભૂજાબળથી દશ લાખ યુભટોને જીતતો હોય પણ પાંચ ઇન્દ્રિય અને મનને જીતતો નથી અને એક મહાત્મા પોતાના આત્માને અને મનને જીતે છે. આ બંનેમાં તે મહાત્માનો વિજય શ્રેષ્ઠ છે, પણ રાજાનો

નહિ. રસ્તામાંથી જતા હો, વચ્ચે કંદોઈની દુકાનો આવી. મનભાવતી મીઠાઈ એ જોઈને જો જીભ લબકારા મારે તો સમજવું કે રસેન્દ્રિય જીતી નથી. કાન રેડિયાના સૂર સાંભળવામાં મસ્ત બનતા હોય, તેમજ નિંદા, વિકથા સાંભળવામાં આનંદ આવતો હોય તો શ્રોતેન્દ્રિય જીતી નથી. આ રીતે પુણ્યોદયે મળેલી પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં જો જીવ આસક્ત બને તો તેના આત્માનું અધઃપતન થાય છે. આ જગતમાં કંઈક જીવો એવા છે કે મનુષ્ય તરીકે જન્મ્યા હોવા છતાં પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા પામી શકતા નથી. તમને કયારે એવો પ્રશ્ન થયો છે કે જીવોને ઇન્દ્રિયોની અપૂર્ણતા અને ઇન્દ્રિયોમાં ખામી કેમ? જેમ કે બહેરા, આંધળા, મૂંગા, લૂલા, લંગડા કયા કર્મના ઉદયથી થતા હશે? પન્નવણા સૂત્રમાં જ્ઞાનીએ કહ્યું છે કે જ્ઞાનાવરણીય કર્મ છ પ્રકારે બાંધે છે: (૧) નાણ પડિણીયા–જ્ઞાનીનું બરાબર બોલે. (૨) નાણ નિન્હવણયાએ–જ્ઞાનીના ઉપકાર ઓળવે. (૩) નાણ આસાયણાએ–જ્ઞાનીની અશાતના કરે. (૪) નાણ અંતરાએણું–જ્ઞાનમાં અંતરાય પાડે. (૫) નાણ પઉસેણું–જ્ઞાન અને જ્ઞાની ઉપર દ્વેષ કરે. (૬) નાણ વિસંવાયણા જોગેણું–જ્ઞાની સાથે ખોટા તર્કવિતર્ક કરી ઝઘડા ઊભા કરે. અજ્ઞાન દશામાં બાંધેલા જ્ઞાનાવરણીય કર્મો જીવ ૧૦ પ્રકારે ભોગવે છે. (૧) સોયાવરણે–કાનમાં બહેરાશ હોય અગર કાન ન હોય. (૨) સોય વિન્નાણાવરણે–સાંભળવા છતાં સમજવાની શક્તિ ન હોય (૩) નેત્તાવરણે આંખ ન હોય અથવા આંખની તકલીફ હોય. (૪) નેત્તવિન્નાયા વરણે–આંખથી જોઈ શકે પણ પદાર્થનો નિર્ણય કરી શકે નહિ. (૫) ઘ્રાણાવરણે–નાક ન હોય. અથવા સૂંઘવાની શક્તિમાં ખામી હોય. (૬) ઘ્રાણા વિન્નાણાવરણે–સૂંઘવાની શક્તિ હોય છતાં પદાર્થની જાણકારી ન થઈ શકે. (૭) રસાવરણે–જીભ ન હોય અથવા જીભમાં ખામી હોય. સરખું બોલી ન શકે અથવા સ્વાદ માણી ન શકે. (૮) રસવિન્નાણાવરણે–રસ કેવો છે તે બરાબર સમજી શકે નહિ. (૯) ફાસાવરણે–સ્પર્શેન્દ્રિય એટલે ચામડી વગેરેમાં ખામી. (૧૦) ફાસવિન્નાણાવરણે સ્પર્શ કેવો છે તે નિર્ણય થઈ શકે નહિ. ભણેલું યાદ ન રહે અથવા તો જ્ઞાન ચઢે નહિ. સારી વાતો ગમે તેટલી વાર સાંભળે છતાં ભૂલી જવાય. એ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે. દર્શનાવરણીય કર્મ નવ પ્રકારે ભોગવે તેમાં ચક્ષુદર્શનાવરણીય તે ચક્ષુ હોય અથવા આંખમાં ખામી હોય, અને અચક્ષુદર્શનાવરણીય તે આંખ સિવાયની ચાર ઇન્દ્રિયો અને મનની શક્તિની ખામી હોય. આ રીતે ઇન્દ્રિયો મળવી અને મળે તેમાં પણ તે અપૂર્ણ હોય અથવા મળે નહિ તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ઉદયથી.

મહાન પુણ્યોદયે મનુષ્યભવ મળવા છતાં આ પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા મળવી બહુ દુર્લભ છે. ભગવાન ઉત્ત. સૂત્રમાં બોલ્યા છે.

लध्घुणऽवि आरियत्तणं, अहीण पंचेन्दियया हु दुल्लहा ।
विगलिंदियया हु दीसई, समयं गोयम मा पमायए ॥ અ. ૧૦. ગા. ૧૭

મનુષ્ય ભવ અને આર્યદેશમાં જન્મ થવા છતાં પણ પાંચ ઇન્દ્રિયો પરિપૂર્ણ મળવી તે નિશ્ચયથી દુર્લભ છે કારણ કે મનુષ્યોમાં પણ ઘણાંને ઇન્દ્રિયોની વિકલતા જોવામાં આવે છે, માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર. પ્રમાદથી જીવને કેટલું નુકસાન થાય છે અને અપ્રમાદથી જીવને કેટલો લાભ થાય છે. તે વિષય પર એક દૃષ્ટાંત યાદ આવે છે.

એથેન્સ નામના દેશમાં ૧૦૦ માણસોએ સરકારના કાયદા વિરુદ્ધ પ્રવૃત્તિઓ કરી તેથી તેમને ગુનેગાર ગણીને પકડી લીધા. બધાના હાથપગમાં લોખંડની બેડીઓ નાંખી દીધી, પછી તેમના માણસોને બોલાવીને કહે છે. આ ૧૦૦ માણસોને દૂર ગાઢ જંગલમાં મૂકી આવો. જંગલનાં વાઘ, સિંહ તેમને ફાડી ખાશે. રાજાના માણસો ૧૦૦ માણસોને લઈને જાય છે. જ્યાં ગાઢ જંગલ હતું, હિંસક પશુઓ હતા ત્યાં મૂકી આવ્યા. જંગલ ખૂબ ભયંકર હતું. અંધારી ઘમઘોર રાત હતી. હૃદયને ધ્રુજાવી દે તેવી વાઘ, સિંહની ગર્જનાઓ થતી હતી. આકાશમાં વીજળીના ઝબકારા થતા હતા. મેઘ ગર્જના સાથે મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો. આવી સ્થિતિમાં આ માણસોને ત્યાં મૂકી દીધા અને તેઓ ચાલ્યા ગયા. તેમના દિલ કેટલા નિર્દય બની ગયા હશે કે આ સ્થિતિમાં મૂકીને જતાં જરા પણ દયા ન આવી ! આવી ભયંકર સ્થિતિમાં પણ આ ૧૦૦ આત્માઓમાંથી કેટલાક તો ખૂબ મસ્ત હતાં.

દુઃખમાં મસ્તી : આ સમયે એક માણસ ત્યાંથી નીકળ્યો. પાછલી રાત્રે ચંદ્રના આછા પ્રકાશમાં આ ૧૦૦ માણસોને હસતા વાતો કરતાં જોયા. તેમના હાથ-પગમાં બેડીઓ હતી. ત્યાંથી ખસી શકે એવી સ્થિતિ ન હતી. છતાં આ સ્થિતિમાં હસતા જોઈને તે માણસને ખૂબ આશ્ચર્ય થયું ! આ સ્થિતિમાં દુઃખ થવાને બદલે આ બધા આટલી બધી મસ્તીમાં કેમ હશે ! તેમને પૂછે છે ભાઈઓ ! બધાના હાથપગમાં બેડીઓ છે છતાં તમને કાંઈ દુઃખ નથી થતું ? વાઘ–વરૂની ચિંચિયારીઓ સંભળાય છે છતાં આપ બધા આનંદથી બેઠા છો. સુખી હોય એવા દેખાવ છો તો આ શું ! ભાઈ ! અમને જરાય દુઃખ નથી. અમે બધા સ્વસ્થ છીએ અમને બધાને આનંદ છે, તેથી તો મસ્તી અનુભવી રહ્યા છીએ. ભાઈઓ ! કેવી રીતે ? સાંભળ અમારી મસ્તીનું, આનંદનું કારણ. દિવસ ઉગશે એટલે આપને પ્રત્યક્ષ બતાવી દઈશ.

બંધન તોડવાની કળા : અમે બધા નજીક ગામના પ્રતિષ્ઠિત લુહારો છીએ. અમારી બનાવેલી એકેક ચીજ ખૂબ પ્રશંસનીય છે. દેશપરદેશમાં અમારા નામ ગવાય છે. અમે બેડીઓ બનાવીએ છીએ. આ ગામમાં જેટલી બેડીઓ છે તે બધી અમારી બનાવેલી છે. સૌથી આનંદની વાત તો એ છે કે અમને ગુનેગાર ગણીને હાથપગમાં જે બેડીઓ નાંખી છે તે અમારી પોતાની બનાવેલી છે. અમે જે બેડીઓ બનાવી છે તે જ અમને પહેરાવી છે. બસ, આ જ અમારી મસ્તીનું કારણ છે. પેલો ભાઈ કહે ! ભલે

તમારી બનાવેલી બેડીઓ પહેરી હોય છતાં બેડી એ બેડી. બંધન એ બંધન. એમાં આનંદ કેવી રીતે આવે ? ભાઈ ! આ રાત પૂરી થઈ જશે અને દિવસ ઉગશે, અજવાળું થશે કે તરત અમે બેડીઓ તોડી નાંખીશું, કારણ કે અમારી બનાવટની બેડી કેવી રીતે તોડવી તેની કળા અમને આવડે છે; જો બીજાની બનાવટની બેડી અમારા હાથ-પગે નાંખી હોત તો તોડવી મુશ્કેલ થાત, કારણ કે એને તોડવાની કળા અમે જાણતા નથી, પણ તેવું તો છે નહિ, તેથી અમે ભારે મસ્તી અનુભવીએ છીએ. પેલો માણસ આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો.

પ્રમાદથી ભક્ષણ : સવાર પડી અજવાળું થયું. પેલા ૧૦૦ માણસોમાંથી ૧૦ માણસોએ પ્રમાદ બંધેરીને પોતાની બેડીઓ કળાથી ખોલી નાંખી. એટલે ૧૦ માણસ તો છૂટા થઈ ગયા. હવે જે ૯૦ માણસો રહ્યા તે પ્રમાદી હતા. બેડી ખોલવાની મહેનત કયાં કરવી ? તે બધા પોતાની આજુબાજુ રહેલા માણસોને કહેવા લાગ્યા કે તમે બેડીઓ તોડી આપોને ! છૂટા થયેલા માણસોએ તેમની બેડીઓ તોડવા ઘણાં પ્રયત્નો કર્યા છતાં તૂટતી નહોતી, કારણ કે એ બેડીઓ તેમની પોતાની બનાવેલી હતી. એટલે તેને તોડવાની કળા બીજાને કયાંથી આવડે ? દશ જણાએ મહેનત કરી છતાં છૂટી નહિ, એટલે એ તો ત્યાંથી ચાલ્યા ગયા. એ ૯૦ જણા હમણાં લોકો આવશે ને અમારી બેડીઓ ખોલી દેશે એ ભ્રમણામાં રહ્યા. ભૂખ્યા-તરસ્યા જંગલી પશુઓ આવીને તેમનું ભક્ષણ કરી ગયા. પ્રમાદને વશ થઈને બેડી ખોલી નહિ તો દશા કેવી થઈ ? આ જ દશા સંસારની કેદમાં ફસાયેલા જીવોની છે. કર્મોની બેડીમાં જીવો જકડાયા છે. આ બેડી તોડવાની કળા માનવભવ સિવાય કોઈ ભવમાં નથી. માનવજીવનને જ્ઞાનીઓએ શ્રેષ્ઠ શા માટે કહ્યું ? સારું સારું ખાવાપીવાનું બનાવી શકો છો માટે ? કપડાના, દાગીનાના ઠઠારા કરી શકો છો માટે ? એરંડા આદિ બજારમાં જઈ શકો છો માટે ? ના.

માનવભવ કિંમતી એટલા માટે કે બીજાને સુખ આપવાની ભાવના આપણા દિલમાં સદા જીવતી જાગતી રાખી શકાય છે માટે. પશુના દિલથી, નારકના હૃદયથી એ મુશ્કેલ. અરે, દેવના હૃદયથી પણ મુશ્કેલ. એ બધાની પાસે માનવ જેવું સુખદાન કરવાનું દિલ નથી. માનવને આ અનેરી બક્ષીસ મળી છે. આપણે સુખી થવું છે તો બીજાને સુખ આપવું પડશે. સુખ જોઈતું હોય તો સુખની પ્રભાવના કરવી જોઈએ. સુખના દાન માટે યોગ્ય હૃદય અહીં મળ્યું છે. નરકમાં એવા દિલ કેમ નહિ ? ત્યાં પરમાધામીના માર ખાધા પછી પણ બીજાને મારવાની વાત હોય છે. ત્યાં બીજાનું સુખ વિચારવાની વાત કયાં ! તિર્યંચોને એવા દિલ કેમ નહિ ? એને બાવાનું જીવહિંસા પર અથવા જીવવાનું મેલી લેશ્યા પર. દા. ત., માછલાને એક જ લેશ્યા નાના શિકારને કેમ ઝડપું ? —ધરતી પર ચાલતા કૂતરાઓ, કાગડાઓ, બિલાડી વગેરે શિકાર શોધતા ફરતા હોય છે. દેવોને દાનનું દિલ કેમ નહિ ? એને કોઈનો માર ખાવો ન પડે. ગુલામી નથી. નોકરી નથી. ભોજન બનાવવાની ખટપટ નથી છતાં એને દાનના દિલ કેમ નહિ ? ભોગ

વિલાસની અંજામણ, ગળાબૂડ મગ્નતા, સામગ્રી, સમૃદ્ધિ એટલી બધી છે કે એ એમાં જ એટલો મસ્ત છે કે એમાંથી ઊંચા ન આવે દેવલોકના નાટક ચેટક, ગીતો, વાજીંત્રોના સૂરો, સરોવરમાં દેવાંગનાઓ સાથે ક્રીડા વગેરેમાં મસ્ત રહે છે. એકાંત સુખમાં ડૂબેલાઓને શા માટે વિચારવાનું હોય કે મને સુખ કેમ મળ્યું ? બીજાઓને દુઃખ કેમ મળ્યું ? વિશ્વમાં અપાર દુઃખી જીવોની કરૂણાભરી દશા છે. દેવોને એ કાંઈ દેખાતું નથી. એ જોવાની કુરસદ નથી. દેવતાઈ રંગરાગમા એને સુખનો એવો ભારે નશો ચઢ્યો છે તેથી ત્યાં દાન દેવા માટેનું અને બીજાને સુખી કરવા માટેનું દિલ બનાવવાની વાત કયાં ! કદાચ દેવો સંતોને સુપાત્રદાન દેવા માટે આવે તો સંતો લે નહિ. સંતોને દેવોનો આહાર કલ્પતો નથી.

વજાસ્વામી મહારાજ જયારે બાળમુનિ હતા ત્યારની વાત છે. એક વખત તેઓ ગુરૂદેવ અને અન્ય મુનિવરો સાથે વિહાર કરી રહ્યા હતા. ભયંકર જંગલ વચ્ચે થઈને તેઓ જઈ રહ્યા છે. એ વખતે વજમુનિનો પૂર્વભવનો મિત્ર દેવ ત્યાં આવે છે. દેવતાઈ શક્તિથી તે એક છાવણી વિકુર્વે છે. કોઈ સાર્થવાહ જઈ રહ્યો હોય અને માર્ગમાં વિશ્રામ અને ભોજન માટે થોભ્યો હોય તેવો દેખાવ કર્યો છે. મુનિવરોનો સમૂહ આગળ આવ્યો અને તેણે તંબુઓના સમૂહને જોયો. તરત જ પેલો દેવ સોદાગરના વેષમાં આવ્યો. ભગવાન ! આજ તો મને અપૂર્વ લાભ મળી ગયો. આપના જેવા સદ્‌ગુરૂઓના દર્શન થયા. વંદન કરીને વિનંતી કરે છે. ગૌચરીનો લાભ દેવા કૃપા કરો. તમે પણ રોજ સંત-સતીજીને ગૌચરી પાણીનો લાભ દેવા વિનંતી કરતા હશો. કેમ બરાબર ને ! રોજ દર્શન કરવા આવો તો પણ ઘણું છે. મહામુનિઓના પ્રભાવે જંગલ પણ મંગલ લાગે. એક વૃક્ષ નીચે મુનિમંડળી બેઠી. આવશ્યક ક્રિયાઓ પતાવી બાળમુનિ વજાસ્વામીને ગૌચરી માટે જવાનું કહેવામાં આવ્યું. બાળમુનિ ગૌચરી માટે ગયા. છાવણીમાં ગયા પછી મુનિ-રાજ બાદ્યપદાર્થો તરફ અને વહોરાવનાર તરફ એક ઝીણી નજર નાંખે છે.

નિર્દોષ ભિક્ષા મેળવવા માટે આ બધું આવશ્યક છે. બાળમુનિરાજ વયથી નાના હતા. જ્ઞાનથી નહીં. વહોરાવનારાઓની આંખો સ્થિર જોઈ એ સમજી ગયા કે, કહો ન કહો આ દેવ છે ! અને દેવનો પિંડ સાધુને કલ્પે નહિ. દેવો તો આવું ભોજન કરતા જ નથી. બાળમુનિ વહોર્યા વગર ધીર ગંભીર પગલે પ્રસન્નતાપૂર્વક પાછા ફરી રહ્યા છે. ભયંકર જંગલમાં માંડ માંડ ગૌચરીનું ઠેકાણું પડ્યું હતું ત્યાં વળી આ શું થયું ? એવો કોઈ ભાવ એમના મનમાં ખૂણે-ખાંચરે પણ નહોતો. મુનિરાજની આવી અનુપમ દૃઢતા, આરાધક ભાવની સ્થિરતા જોઈ દેવ પ્રસન્ન પ્રસન્ન બની ગયો. ગુરૂદેવે પાછા આવેલા શિષ્યને પૂછ્યું શું થયું ? બધી વાત કરી. દેવ ત્યાં પ્રગટ થયો. મુનિના ચરણમાં નમી પડ્યો, અને કહે છે ધન્ય છે તમને ! તમે નાનપણમાં સાધુપણું લીધું. જયારે અમે મહાન સુખસંપત્તિના સ્વામી હોવા છતાં આપને દાન પણ દઈ શકતા નથી. દેવોને સુખનો નશો ચઢ્યો હોવાથી બીજાને સુખનું દાન કરવા માટેનું હૃદય કયાંથી હોય ?

તો શું તિર્યંચ દાન કરી શકશે? ના. માખી દાન કરે? માખી મધ બનાવીને તૈયાર કરે તે દાન કરવા માટે નથી કરતી. એ તો માણસો આવીને પડાવી લે છે. ઘર-માંથી અઢળક કીડીઓ ઊભરાય છે. ત્યાં કેટલુંય લેગું કર્યું હોય પણ દાન માટે નહિ. તમે ઘર આગળ આંબો ઉગાડ્યો. પછી આંબાએ કેરીનું દાન કર્યું ખરું? ના. ભૂખ લાગી છે તો આંબો કહેશે ખરો કે લો શેઠ કેરી ખાવ. ના. એ ન કહે. દાન દેવા માટે શ્રેષ્ઠ માનવભવ મળ્યો છે. સુખના દાન કરવાનું દિલ જેવું મનુષ્યપણામાં બનાવી શકાય છે એવું બીજા ભવમાં નહિ, માટે મનુષ્યભવ કિંમતી છે. સુખના દાન દીધા પછી સુખની વણઝાર આત્મામાં ઉતરી આવે છે. પુણ્ય જોરદાર બને એટલે સુખની પોઠોની પોઠો ઉતરે. સદાય મનમાં એ ભાવ રાખો કે મારે મારું નથી જોવું. મારે બીજાને સુખ આપવું છે. જગતમાં કેટલા જીવો બિચારા દુઃખી છે. દુઃખની કેટલી પોકો મૂકે છે! મારા દુઃખ માટે હું ઘણો રડ્યો. હવે પરના દુઃખ માટે રડીશ. આ માનવભવમાં કાન મળ્યા છે તો બીજાના દુઃખ સાંભળવાના છે. તેમના દુઃખના આર્તનાદ સાંભળી એના દુઃખ દૂર કરવા પ્રયત્ન કરીશ. જો આપણી સુખસગવડને ગૌણ કરી દઈએ ને બીજાના મુખ્ય કરીએ તો આપણા સુખના ભોગે બીજાને સુખી કરી શકીએ. જગતમાં જે મહાપુરૂષો થયા છે તેમણે પોતે દુઃખ વેઠીને બીજાને સુખના દાન કર્યા છે. સુદર્શન શેઠ પર રાણીએ ખોટું આળ ચઢાવ્યું. રાજાએ તેમને પૂછ્યું ત્યારે તે મૌન રહ્યા. સુદર્શન જાણે છે કે જો હું સત્ય હકીકત કહીશ તો રાણી પર ભયંકર આફત આવે તેમ છે, તેથી મૌન રહ્યા ને પોતાના પર શૂળીની સજા વહોરી લીધી આ કયારે બની શકે? જીવનમાં એ સમજાયું હોય કે બીજાને દુઃખના દાન નહિ કરવાનું અને સુખના દાન કરવાનું દિલ આ જન્મ જેવું બીજા જન્મોમાં નહિ મળે. સુખના દાનનું દિલ બનાવવા માટે શ્રેષ્ઠ ભવ માનવભવ છે. સુખ આપવાથી સુખ મળે. દુઃખ આપવાથી દુઃખ મળે છે.

આપણે વાત ચાલતી હતી કે દશ જણાએ પુરૂષાર્થથી બેડી તોડી અને ૯૦ જણાએ પુરૂષાર્થ ન કર્યો. તેઓ બીજાના ભરોસે રહ્યા તો અંતે જંગલી જાનવરોના પંજામાં કોળિયા બની ગયા. તેમણે સ્વદોષ ન જોયા. બીજાના દોષો જોયા. આપણા ભગવાન મહાવીર પ્રભુને ગાળો દેનાર, અપમાન કે તિરસ્કાર કરનાર કોઈ નહોતું મળ્યું? અરે મળ્યા હતા. કાનમાં ખીલા ઠોકનાર અને બે પગનો ચૂલો બનાવીને ખીર રાંધનાર પણ મળ્યા હતા, છતાં ભગવાને તેમના સામી કરડી દૃષ્ટિ પણ ન કરી, અને સામાને દુઃખ ન આપ્યું. એક કડવો શબ્દ પણ નથી કહ્યો. તેઓ એમ જ માનતા કે મારા બાંધેલાં કર્મો ઉદયમાં આવ્યા છે. હું કાંઈ દુઃખી નથી. જ્યારે અજ્ઞાની જીવોને કોઈ પ્રતિકૂળતા આવે, દુઃખ આવે ત્યારે તે માને છે કે આ સંસારમાં હું દુઃખી છું. આમ તો હું ગુસ્સો નથી કરતો, પરંતુ તેણે મને ગાળ દીધી તેથી મને ગુસ્સો આવી ગયો. ગાળો તો આપણા ભગવાન મહાવીર સ્વામીને ઘણાંએ દીધી હતી, છતાં દુઃખી નહોતા, ગાળો દેનાર પ્રત્યે જરા પણ ગુસ્સો નહોતો કર્યો. કોઈ કહે પૈસા નથી તેથી હું દુઃખી છું. તો પુણીયા શ્રાવક પાસે

પૈસા નહોતા છતાં એ દુઃખી નહોતા. કોઈ કહે મારું શરીર સારું નથી. શરીરમાં કોઈ રોગ થયો તો કહેશો કે હું દુઃખી છું. તો સનતકુમાર ચક્રવર્તીના શરીરમાં બે ચાર નહિ પણ એકસાથે ભયંકર મોટા સોળ રોગો ઉત્પન્ન થયા છતાં તે દુઃખી નહોતા, પણ એ દુઃખની મસ્તીમાં પેલા ૧૦૦ માણસોની જેમ આનંદમાં રહ્યા, કારણ કે તે કેદીઓને ખબર હતી કે આ બેડીઓ અમારી બનાવેલી છે. તે અમારાથી છૂટશે બીજાની છૂટવાની નથી, તેમ આ સાધકોએ પણ એ જ માન્યું કે અમે અમારી જાતે જ કર્મની બેડીમાં બંધાયા છીએ. તે અમારાથી છૂટશે. કર્મો અમે કર્યા તો અમારે ભોગવવાના એમાં બીજાનો શો દોષ? ૧૦ જણાએ પુરૂષાર્થ કર્યો ને બેડી તોડી તો બંધનમાંથી મુક્ત થઈ ગયા. તેમ આ આત્માઓએ જબ્બર પુરૂષાર્થ કરીને બેડીઓ તોડી તો કર્મના બંધનમાંથી મુક્ત થઈ ગયા.

કોઈ વ્યક્તિ પોતાને ગાળ દે, શરીરે રોગ આવ્યો કે પૈસા નથી તેથી પોતાને દુઃખી માને છે કારણકે તેમણે દુઃખમાં કારણ બીજાને માન્યા છે. ૯૦ માણસોએ બીજાનો દોષ જોયો, પ્રમાદમાં પડયા રહ્યા, પુરૂષાર્થ ન કર્યો ને માન્યું કે બીજા મારી બેડીઓ તોડશે તો કોઈ તેમની બેડી તોડી શકયું નહિ. એ તો જેણે બનાવી હોય તે તોડી શકે. પરિણામે બેડીઓ તૂટી નહિ ને જંગલી હિંસક પશુના મુખમાં સપડાઈ ગયા. જ્યારે આ ભ્રમણા તૂટશે કે દુઃખમાં કારણ બીજા છે, ત્યારે દુઃખથી મુક્ત થઈશું. જેને કયારેય ગાળ સાંભળવી પડી નથી, જેને કયારેય પૈસાનો અભાવ થયો નથી, શરીરમાં રોગ આવ્યો નથી, તેવા લોકો કયાં સુખી છે ? જેમ આત્મા દુઃખમાં બીજાને કારણ માને છે તેમ સુખમાં પણ બીજાને કારણ માને છે, મને સુખ બીજા પાસેથી મળશે. આ ભ્રમણાથી સુખની સામગ્રી મેળવવા ચારે બાજુ દોડી રહ્યો છે. તે માટે પુરૂષાર્થ કરી રહ્યો છે. કોઈના આધારે રહેવાથી દુઃખ ટળવાનું નથી ને સુખ મળવાનું નથી. મારું શરીર સારું રહે, દુબળું ન પડે તે માટે તપ કરતાં અટકી ગયા. મિષ્ટાન્ન આદિના ત્યાગ પણ ન કર્યો. પરિષહો સહવામાં કાયર બની ગયા. ત્યાં સુખનું કારણ શરીર માન્યું પણ શરીરના સુખ મેળવવા જતાં આત્મા કેટલી નુકસાનીમાં ઉતરી ગયો તે કયાં ખબર છે ? બેડીઓ તોડવાને બદલે વધુ ને વધુ મજબૂત બનતી ગઈ, માટે યાદ રાખો, ભગવાનના સિદ્ધાંતને હૃદયમાં અંકિત કરો. પેલી બેડીઓ બનાવનાર લુહારો પોતે હતા તેમ આત્મા પર પડેલી કર્મની બેડીઓના સર્જનહાર પણ આપણે છીએ. પોતાની બનાવેલી બેડીઓ પોતે તોડી શકયા અને તેમાંથી મુક્તિ મેળવી શકયા તેમ કર્મની બેડીઓને આપણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના પુરૂષાર્થથી તોડી શકીશું, અને તેમાંથી મુક્તિ મેળવી શકીશું. એ આપણા હાથની વાત છે. જ્ઞાનીના આ ક્રાંતિકારી સંદેશને આપણે બરાબર સમજી લઈએ તો પેલા ૧૦ લુહારો જેમ સવાર પડતાં બેડીઓ તોડીને મુક્ત બની ગયા તેમ આપણે પણ ધારીએ તો મુક્ત બની જઈએ. પોતાની બેડીઓ તોડવાનું બીજાને કહેનારા લુહારો જેમ મરણને શરણ થયા તેમ આપણે પણ આ ખોટી ભ્રમણાથી અનંતકાળ સુધી જન્મમરણની ચક્કીમાં પિસાયા કરશું.

કર્મની બેડીઓને તોડવાના મંગલ દિવસો આવી રહ્યા છે. ચાતુર્માસ કલ્પમાં સાધુ-સાધ્વી એક સ્થાને રહે છે. બાકી આઠ મહિના વિહાર કરે છે. એક સ્થાને રહેવાથી ગૃહસ્થોનો રાગ થાય તેથી કર્મબંધન થાય, માટે સાધુ વિચરતા ભલા. આ દિવસોમાં સંતો તમને બેડીઓમાંથી મુક્ત થવાની સુંદર કળા શીખવાડે છે. જો મુક્ત થવાની લગની લાગી હશે તો જીવનમાં એ કળા મેળવી લેશો. જીવનમાં જેણે એ કળા મેળવી છે તેવા આનંદ શ્રાવકનો અધિકાર આપણે શરૂ કર્યો છે. વાણિજ્ય ગામમાં જિતશત્રુ નામે રાજા હતા. તે ખૂબ પ્રમાણિક ને પ્રજાવત્સલ હતા. તેમના રાજ્યમાં કોઈ દુઃખી હોય તેની સંભાળ લેવા પોતે જાય. તેમના રાજ્યમાં રાત્રે બધા બારણા ખુલ્લા મૂકીને સૂઈ જાય છતાં કોઈ જાતનો ભય ન હતો. ચોરીની બીક નહોતી. લૂંટફાટનો ભય નહોતો. રાજ્યના દરેક માણસો પોતાનું જીવન આનંદથી નભાવી શકે. કોઈ દુઃખી ન હતું. રાજાએ પ્રજાની આબાદી માટે તે નગરમાં અનેક રીતે જાતજાતના ઉદ્યોગો ખોલ્યા છે. જેથી વિધવા બેનો, એવા અનેક જીવો પગભર ઊભા રહી શકે. પ્રજા પર કોઈ જાતના કરવેરા કે ટેકસવેરા નથી. પ્રજાને પોતાના પુત્ર સમાન ગણીને પાળે છે. એટલા પ્રજાના દિલમાં રાજા વસી ગયા છે. આ રીતે ન્યાયી, પ્રમાણિક રાજ્યથી રાજાની કીર્તિ દેશ-પરદેશમાં ફેલાઈ છે. ઠેર ઠેર તેમના ગુણ ગવાય છે. આવા જિતશત્રુ રાજા વાણિજ્ય ગામમાં વસે છે. તે ગામમાં આનંદ નામે ગાથાપતિ રહેતા હતા તે આનંદ કેવા હતા તેના ભાવ અવસરે.

અષાડ વદ ૬ ને સોમવાર : વ્યાખ્યાન નં. ૭ : તા. ૮-૭-૮૫

અનંત જ્ઞાની તીર્થંકર ભગવંતોના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ જિનવાણી. **"વાણી રે વાણી, વીતરાગ કેરી વાણી, છલ છલ વહેતી જાણે સરવાણી."** આ જિનવાણી ભાવનિદ્રામાં સૂતેલા જીવોને સાવધાન કરે છે, અને તે મુક્ત થવાનો ઉપાય પણ બતાવે છે. જેવી રીતે કુશલ હોશિયાર વૈદ્ય રોગને ઓળખીને તેનું સ્વરૂપ બતાવે છે, તેનાથી થતાં અનિષ્ટ પરિણામોને બતાવે છે અને સાથે સાથે તે રોગથી મુક્ત થવાનો ઉપાય બતાવે છે, અને રોગનો ઉપદ્રવ ફરીને ન થાય તે માટે પથ્ય પણ બતાવે છે. જો તે વૈદ્ય માત્ર રોગ અને તેના અનિષ્ટ પરિણામોને બતાવે અને તે રોગથી મુક્ત થવાના અને સ્વસ્થ રહેવાના ઉપાય ન બતાવે તો તે વૈદ્ય હિતકારી થઈ શકતો નથી, તેમ જિનેશ્વર ભગવંતો જગતના જીવોના પરમ હિતસ્વી છે, તેથી તેમણે ભાવનિદ્રા રૂપી રોગને, તેના અનિષ્ટ પરિણામોને બતાવીને આ રોગથી મુક્ત થવાને માટે ત્યાગ માર્ગ રૂપી ઔષધિ બતાવે છે, અને વ્રતનિયમાદિના પાલન રૂપ પથ્ય બતાવ્યું છે. જેથી આત્મા લાંબા કાળ સુધી સ્વસ્થ રહી શકે. એવા જિનેશ્વર ભગવંતે આગમમાં ભાવ નિદ્રામાંથી મુક્ત થવાને માટે ધર્મનું સ્વરૂપ સમજાવ્યું છે.

આજે ઘણા માણસો ધર્મક્રિયા કરે છે. સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, ઉપવાસ,

આદિ કરે છે પણ જો કોઈ એને પૂછે કે ધર્મ એટલે શું ? તો એ જવાબ નહિ આપી શકે. ધર્મ કોને કહેવાય ? ધર્મ શેમાં છે ? ધર્મ એ કોઈ બહારની ચીજ નથી. ધર્મ આત્મામાં છે. ગાંધીની કે કરિયાણાની દુકાને તે વેચાતો મળતો નથી. ધર્મ એટલે શું ? તો જ્ઞાની સમજાવે છે કે "वत्थु सहावो धम्मो" વસ્તુનો સ્વભાવ એનું નામ ધર્મ. જેમ સાકરમાં ગળપણ, મીઠામાં ખારાશ, મરચામાં તીખાશ એ એનો ધર્મ છે. પોતાનો સ્વભાવ પોતાનામાં રહે છે. બહારથી લાવવો પડતો નથી. સાકરમાં મીઠાશ, મરચામાં તીખાશ એ એના પોતાના ઘરની છે. અહીં ધર્મ શબ્દથી આત્માનો સ્વભાવ લેવાનો છે આત્માનો જે સ્વભાવ એનું નામ ધર્મ. આજે આપણે આપણા સ્વભાવમાં નથી. ઘડીમાં ક્રોધ, ઘડીમાં માન, ઘડીમાં માયા તો ઘડીમાં લોભ સતાવે છે. આત્મા પોતાનો સ્વભાવ ભૂલી ગયો છે, તેથી આ સંસારમાં રખડી રહ્યો છે. આત્મા જો પોતાના સ્વભાવમાં આવી જાય તો તેનું ખરું તેજ પ્રગટ થાય. અત્યારે આત્માની રમણતા પોતાના સ્વભાવમાં નથી, તેથી કયારેક રાગ થાય છે અને કયારેક દ્વેષ થાય છે. મનગમતા પદાર્થો મળે તો રાગ થાય અને અણગમતા પદાર્થો મળતા દ્વેષ ઉત્પન્ન થાય છે.

જ્યાં સુધી આત્માને પરનો એટલે કર્મનો સંયોગ છે. ત્યાં સુધી સંસાર છે કર્મ એ પરભાવ. પરભાવમાં આત્મા અનાદિ અનંતકાળથી રખડી રહ્યો છે. દુઃખી દુઃખી થઈ રહ્યો છે. નરક નિગોદની તીવ્ર યાતનાઓ અને ભયંકર વેદનાઓ ભોગવી રહ્યો છે. અનંત પુદ્ગલ પરાવર્તનમાં પરિભ્રમણ કર્યા. જન્મમરણ કર્યા તેનું મુખ્ય કારણ આત્માની વિભાવદશામાં રમણતા. આત્માના સ્વભાવને ઓળખવો બહુ મુશ્કેલ છે, કારણ કે અત્યારે આપણો આત્મા અનેક સ્વભાવથી ઘેરાયેલો છે, પણ જિનવાણી દ્વારા આત્મસ્વભાવની વાતો સાંભળતા સાંભળતા અને વિચાર કરતાં એ સ્વભાવને ઓળખી શકીશું. આત્માની કે તત્ત્વજ્ઞાનની વાતો સમજવા માટે અભ્યાસની જરૂર છે. એ માટે ઉપરછલ્લું જ્ઞાન કામ ન આવે. જેમ સમુદ્રમાંથી રત્નો મેળવવા માટે સમુદ્રના ઊંડા જળમાં ઉતરવું પડે છે. મરજીવા બનીને ડૂબકી મારે તો જ મોતી મેળવી શકે. શૂંખલા, છીપલા તો ઉપરથી મળી રહે છે. તે માટે ઊંડા જળમાં ઉતરવું પડતું નથી, તેમ આત્માનો વિષય ખૂબ ગહન અને કઠિન છે. એના ઊંડાણમાં ઉતરશું તો વાસ્તવિક તત્ત્વનું જ્ઞાન થશે. કર્મ એ આપણા કટ્ટર શત્રુઓ છે. અનાદિકાળથી આપણા ઘરમાં અડ્ડો જમાવીને બેઠા છે. ભાડૂત પાસેથી મકાનનો કબજો મેળવવો હોય તો કેટલી મુશ્કેલી પડે છે. એની પાસે ખાલી કરાવતાં નાકે દમ આવી જાય છે. આ બધા ભાડૂત બે વર્ષ, પાંચ વર્ષ કે પચ્ચીસ વર્ષના હશે છતાં ખાલી કરાવતા મુશ્કેલી પડે છે, પણ આ કર્મો તો અનંતકાળથી ઘર કરીને બેસી ગયા છે. એ સહેલાઈથી નીકળે તેવા નથી. જો આત્મામાં ધર્મ વસ્યો, ધર્મના સ્વરૂપને પામ્યો તો પછી એ કર્મો રૂપી ભાડૂતને ભાગ્યા વગર છૂટકો નહીં થાય. આત્મામાં ધર્મ વસે એટલે એના કર્મો ખસે ખસે ને ખસે. કર્મ ખસે એટલે આત્મા શુદ્ધ

બની જાય. છેવટે કર્મરહિત બનતા આત્મા પરમાત્મા બની જાય. ભૂતકાળમાં આ સંસાર ચક્રમાં વર્ષોના વર્ષો, યુગોના યુગો, પલ્યોપમો અને સાગરોપમોનો કાળ ચાલ્યો ગયો છતાં હજુ હાથમાં કાંઈ આવ્યું નથી. મેળવતા ગયા અને મૂકતા ગયા. મેળવવું અને મૂકવું આ ધંધો અનાદિકાળથી જીવ કરી રહ્યો છે. હજુ એનો અંત આવ્યો નથી, માટે જ્ઞાની કહે છે કે આ સંસારમાં કાંઈ સાર નથી. આત્માને સાચું જ્ઞાન થાય અને ધર્મની અસર થાય તો આત્મા કંઈક સમજે અને આગળ વધે. એમ પ્રગતિ સાધતા સાધતા અને વિકાસ કરતા કરતા ચરમસીમાએ પહોંચી શકાય અને ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી પરમાત્મ પદને પામી શકાય.

પરમાત્મદશાને પ્રાપ્ત કરવી છે તો સર્વપ્રથમ આપણા જીવનરૂપી ખેતરને ખેડીને એમાં સમકિતરૂપી બીજની વાવણી કરવાની છે. સંસારને લિમિટમાં લાવનાર કોઈ જડીબુટ્ટી હોય તો સમકિત છે. તમે જેની પાછળ દોડી રહ્યા છો, રાતદિવસ મહેનત કરો છો, અન્યાય, અનીતિથી લક્ષ્મી મેળવી પુણ્યોદયે કરોડપતિ કે અબજપતિ થઈ જાવ ત્યાં કોઈ સર્ટીફિકેટ આપી શકે છે કે તમે કરોડપતિ થયા માટે તમને જિંદગીમાં કેન્સર નહિ થાય. એકસીડન્ટથી મૃત્યુ નહિ થાય એવી ખાત્રી છે બરી ? ના....ના....એવું કંઈ નથી. જ્યારે સમકિત રૂપ રત્ન મળી ગયું પછી તો મહોર વાગી ગઈ કે જો જીવ સમકિત વમે નહિ તો તે જ ભવે, ત્રીજે ભવે, પાંચ ભવે કે ૧૫ ભવે મોક્ષે જાય, અને વમી જાય તો મોટામાં મોટો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળે તો અવશ્ય મોક્ષમાં જવાનો. સમકિત પામે એને સર્ટીફિકેટ મળી ગયું કે સમકિત પામ્યા પછી આયુષ્યનો બંધ પાડે તો ૭ બોલમાં ના પડે. નરક, તિર્યંચ. ભવનપતિ, વાણવ્યન્તર જ્યોતિષી. સ્ત્રીવેદ, નપુંસકવેદ. સમકિતી જીવ નરક, તિર્યંચમાં તો ન જાય. દેવમાં જાય તો પણ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષીમાં ન જાય પણ વૈમાનિક દેવમાં જાય. સમકિતની કેટલી બલિહારી છે ! છે તમારા રૂપિયામાં આ તાકાત ! આટલા પૈસા મળી ગયા એટલે નરક, તિર્યંચ-ગતિમાં નહિ જવાનું ? તમારું ઝવેરાત તો નાશવંત છે. ક્ષણિક છે. જ્યારે આ સમકિત રૂપી ઝવેરાત તો શાશ્વત છે. તમારા ઝવેરાત કરતાં એની કિંમત મહામૂલ્યવાન છે. જીવને જેટલો રસ નાશવંત પદાર્થો મેળવવાનો છે એટલો રસ સમકિત રૂપી ઝવેરાત મેળવવાનો નથી. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નો મેળવવાની તમન્ના જાગી છે ? એ મેળવવાનો રસ છે ? કોઈ પણ કામ અઘરું હોય પણ તે કાર્યમાં જો રસ હોય તો એ સહેલું ને સરળ બની જાય છે અને રસ ન હોય તો સહેલું કામ પણ અઘરું લાગે છે, માટે આ ભવમાં આવીને સમકિતરૂપી ઝવેરાત પ્રાપ્ત કરી લો જેથી સંસાર લિમિટમાં આવી જાય.

જેમનો સંસાર લિમિટમાં આવી ગયો છે તે આત્માનો અધિકાર ચાલે છે. વાણિજ્ય નગરીમાં જિતશત્રુ નામે રાજા હતા. તે શત્રુઓને જીતનાર હતા. યથા નામ તથા ગુણાઃ જેવું નામ તેવા તેમનામાં ગુણો હતા. આજે નામ તો ઘણા સરસ પાડવામાં આવે છે

પણ નામ તેવા ગુણો બહુ અલ્પ જીવોમાં હોય છે. નામ મગાનું શાન્તાબેન હોય, પણ જો જીવનમાં શાંતિ ન હોય, ક્રોધની આગ ભભૂકતી હોય તો તે નામ શા કામનું ? અહીં જિતશત્રુ રાજામાં નામ તેવા ગુણો છે. જેમણે દ્રવ્યથી બહારના શત્રુઓ પર વિજય મેળવ્યો છે, અને ભાવથી પાંચ ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવવા માટે પ્રયત્નશીલ છે. રાજા પ્રજાપાલક હતા. પ્રજા મારી અને હું પ્રજાનો છું એમ માનતા હતા. પ્રજા સુખી અને સંતોષી હતી. તે નગરીમાં કળા કૌશલ્યતાનો પાર નહોતો. રાજા અને પ્રજા વચ્ચે સુમેળ સારો હતો. પ્રજાને રાજા તરફથી કોઈ જાતનો ભય કે ત્રાસ નહોતો. પ્રજા નિર્ભય રીતે આનંદથી જીવન વીતાવે છે. આ રાજા ગરીબોના બેલી છે ગરીબ અને શ્રીમંત બંનેને સરખો ન્યાય આપે છે, તેથી પ્રજાના હૃદય સિંહાસન પર રાજાએ સારું સ્થાન મેળવ્યું હતું. આ રાજા જૈનધર્મી હતા. સંતોના પ્રેમી હતા, તેમનામાં સ્વ પરનો વિવેક હતો. તે સત્યવાદી અને ન્યાયપ્રિય હતા. વાણિજ્ય નગરમાં જિતશત્રુ રાજાના રાજ્યમાં આનંદ નામે ગાથાપતિ નિવાસ કરતા હતા.

આ આનંદને ગાથાપતિ શા માટે કહ્યા ? એક દીપક પ્રગટાવવો હોય તો કોડિયું જોઈએ. તેલ, વાટ બધું હોય તો દીપક પ્રગટે. આનંદ ગાથાપતિમાં ધનબળ હતું. બુદ્ધિબળ હતું ને સાથે આત્મિક બળ પણ હતું. શરીર પણ નિરોગી હતું. ધન, ધાન્ય સમૃદ્ધિથી યુક્ત હોવાના કારણે લોકો જેની પ્રશંસા કરે છે તેને ગાથાપતિ કહે છે. અથવા ધન, ધાન્ય તથા પશુ સંપત્તિથી 'આ ઘર સર્વ પ્રકારની સમૃદ્ધિથી ભરપુર છે.' એવી રીતે પ્રશંસા થવાના કારણે જે પ્રતિષ્ઠાયુક્ત હોય તે ગાથા અને તેનો જે પતિ તેને ગાથાપતિ કહેવાય છે આનંદ પાસે ક્ષેત્ર, ઘર, સોનું, પશુ, દાસ, નોકરો આદિ હતું, તેથી તેમને ગાથાપતિ કહ્યા છે. આનંદ શ્રાવકના ગુણ કેમ ગવાયા ? જૈનદર્શનમાં કોઈ વ્યક્તિની પૂજા નથી પણ ગુણની પૂજા થાય છે. જે અધર્મી, અનીતિવાન અને કષાયથી યુક્ત હોય છે તેના ગુણ નથી ગવાતા.

જૈનદર્શન તો કહે છે કે આત્મા સારું કાર્ય કરે કે ખોટું કાર્ય કરે પણ તે શુભાશુભ કર્મોનું વ્યાજ ચઢતું જાય છે. તે પ્રારંભમાં ભલે સાવ અલ્પ હોય પણ તેને અલ્પમાંથી અર્થાત્ અણુમાંથી વિરાટ થતાં વાર લાગતી નથી. જીવ સંસારમાં રચ્યો, પચ્યો રહે. વિષયભોગમાં ડૂબેલો રહે અને ૧૮ પાપનું સેવન કરે ત્યારે તેને ખ્યાલ નથી હોતો કે આ કર્મના ફળ કેવા ભોગવવા પડશે. ૧૮ પાપમાં પહેલા સત્તર પાપસ્થાનકો પ્રવૃત્તિરૂપ છે અને ૧૮મું પાપ મિચ્છાદંસણસલ્લ તે વિપરીત માન્યતારૂપ છે એટલે ૧૭ પાપને યથાર્થ રીતે નહિ સમજવા દેવાવાળું ૧૮મું પાપ છે. અઢાર પાપ ભયંકર છે. આ જીવને હેરાનપરેશાન કરે છે ને દુઃખી કરે છે. પરિણામે કર્મના બંધ બાંધે છે. કર્મ બાંધે ત્યારે વડના બીજ જેટલું હોય છે. સમય જતાં તે મોટા વિશાળ વડલા જેટલું થઈ જાય છે. એક ન્યાયથી સમજાવું.

એક નગરમાં રતનચંદ અને માણેકચંદ નામે બે મિત્રો હતા. બંને વચ્ચે ગાઢ દોસ્તી. સાથે ભણે, સાથે રમે અને સાથે ફરે. ભણી રહ્યા બાદ બંનેએ વિચાર કર્યો કે આપણે મા બાપને ભારરૂપ ન થવું પડે માટે કંઈક ધંધો કરીએ. ધંધો મૂડી હોય તો થાય. એટલી બધી મૂડી તો હતી નહિ. રતનચંદે એક નાની હાટડી માંડીને ધંધો શરૂ કર્યો, અને માણેકચંદે કોઈને ત્યાં નામું લખવાની નોકરી લીધી. હવે બંને પોતાના કામમાં પડી ગયા એટલે બહુ મળતા નહિ. મળે તો માત્ર ખુશીખબરના સમાચાર પૂછીને છૂટા પડી જાય. બંને પોતાના કામમાં પુરૂષાર્થ ઘણો કરે છે, પણ ભાગ્ય નબળું છે એટલે પરાણે પેટ પૂરતું મળે. છેવટે બંને મિત્રોએ ભેગા મળીને નિર્ણય કર્યો કે આપણે આ ગામ છોડી બીજે ગામ જઈએ. એમ વિચાર કરી બંને મિત્રો એક મોટા શહેરમાં ગયા. આપણો આત્મા પણ મનુષ્ય ભવરૂપી મોટા શહેરમાં કમાણી કરવા માટે આવ્યો છે. એકેન્દ્રિય, વિગલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયપણામાં જીવને કમાણી થતી ન હતી. હવે કમાણી થાય એવા સંજ્ઞી પંચેન્દ્રિય શહેરમાં આવ્યો છે.

બંને મિત્રો શહેરમાં નોકરી માટે ફરે છે. ફરતાં ફરતાં રતનચંદને તેના પુણ્યોદયે એક સારા શેઠ મળી ગયા. તે કહે છે ભાઈ! નોકરીમાં તારું શું પૂરું થાય? હું તને થોડો માલ આપું. તું એક નાની હાટડી લઈને ધંધો કર. કાલ સવારે તારા ચઢતા દિન થઈ જશે. શેઠે નાની હાટડી પણ આપી. બેસવા બાકડો આવ્યો. માણેકચંદને કોઈ માલ ધીરનાર ન મળ્યું. એ નોકરી કરવા લાગ્યો. નોકરીમાં માંડ તેનું પૂરું થાય એટલો પગાર મળે છે. દેશમાં તો મોકલી ન શકે. પુણ્ય પાપના ખેલ છે. બંને મિત્રો સાથે આવ્યા છે. છતાં એકને હાથ ઝાલનાર મળી ગયા, ને બીજાને કોઈ ન મળ્યું. રતનચંદનું તો ભાગ્ય ખીલ્યું. તેને આવક વધવા લાગી. બે ત્રણ વર્ષો વીત્યા ત્યારે રતનચંદભાઈ થોડા સુખી થયા. હવે તેમના માન વધ્યા. હવે તેમની કિંમત રત્નની જેમ આંકાવા લાગી. એક દિવસ માણેકચંદ રતનચંદની દુકાને આવ્યો. બંનેએ એકબીજાને ખબર પૂછી, પછી માણેકચંદ કહે છે કેમ મિત્ર! ધંધો બરાબર ચાલે છે ને! રતનચંદે હસતું મોઢું રાખીને કહ્યું, ભાઈ માણેકચંદ! ભગવાનની કૃપાથી ધર્મના પ્રતાપે ધંધામાં સારી કમાણી થવા લાગી છે નફાનું પલ્લું કેટલું નમતું છે તે જોવા માટે દર મહિને નફા-નુકસાનનો હિસાબ ગણું છું. તો દર વખતે મૂડી વધતી જાય છે. આથી વધુ શું જોઈએ? હું સંતોષથી જીવન વીતાવું છું, પણ તારી શી સ્થિતિ છે! ભાઈ! વેપાર એ વેપાર. વે + પાર એટલે જેનો પાર નહિ અને નોકરી એટલે નોકરી. તેમાં સરવાળે કાંઈ સાર નહિ. મને આજીવિકા પૂરતી રોટલી મળે છે. બચત છે નહિ. દેશમાં શું મોકલું? તું તો એક જગાએ સ્થિર થઈ બેસી ગયો પણ મેં તો ચાર જગાએ નોકરી બદલી, પણ કયાંય ફાવ્યું નહિ. હવે તો બીજા દેશ જવાનો નિર્ણય કર્યો છે! ફરે તે ચરે! હવે મારે પરદેશ ખેડવો છે પણ મિત્ર તને એક વાત પૂછું? મેં તારી દુકાને થાપણ મૂકી હોત તો તારા ભેગી મારી પણ ડબલ થવા લાગત. મિત્ર! હું

કોઈના પૈસા વ્યાજે લેતો નથી પણ તારે મૂકવા હોય તો તારી સ્થિતિ ઊંચી લાવવા માટે લઈશ. મિત્ર ! મારી પાસે છે જ નહિ. શું મૂકું ? અત્યારે મારી પાસે મૂડીમાં માત્ર એક આનો છે. તે તું થાપણ તરીકે રાખે તો તને આપું ? એક આનાની કાંઈ મૂડી કહેવાય ! આ તો પ્રેમના કારણે લઈ લીધો માણેકચંદ કહે મને શું વ્યાજ આપીશ ? ભાઈ ! તું મારો જાનજીગર મિત્ર છે. દર છ છ મહિને બમણું કરીશ.

માણેકચંદ તેના મિત્ર રતનચંદને ત્યાં એક આનાની થાપણ મૂકીને પરદેશ ગયો. ત્યાં મોટા વેપારીની પેઢીમાં સારા પગારથી મુનિમની નોકરી મળી ગઈ. અહીં રતનચંદના ભાગ્યોદયે વેપાર ખૂબ વધ્યો, જોતજોતામાં તો લાખોપતિ બની ગયો. હજુ વધુ કમાવા માટે તેણે ગામમાં બીજી ચાર પાંચ દુકાનો ખોલી. માણેકચંદ નોકરી કરે છે. છ મહિના થાય એટલે વિચાર કર્યો કે એક આનાના બે આના થયા હશે આ રીતે દર છ છ મહિને તે હિસાબ ગણતો જાય હવે વ્યાજ વધવા લાગ્યું, પણ વિચાર કરે છે કે હમણાં મારે જવું નથી. જવું તો લેવા જવાનું મન થાય ને ! માટે સુખદુઃખ વેઠીને પણ અહીં રહેવું છે. એ દર છ મહિને એનો હિસાબ ગણતો જાય છે અહીં આપણા આત્માએ પણ સમજવાનું છે એ રૂપિયા ગણતો હતો, આપણે શું ગણવું છે ? શુભાશુભ કર્મો તો આત્મા પર પડેલા છે. દિલાવર દિલથી, મનના મોકળા ભાવથી કોઈ જાતની આકાંક્ષા કે ઇચ્છા વગર તપ, જપ, દાન, ધર્મકરણી કરવાની છે. ભગવાન બોલ્યા છે કે મારો સાધક

नो इहलोगट्ठयाए तव महिट्ठिज्जा । नो परलोगट्ठयाए महिट्ठिज्जा, नो कित्तिवन्न सद्द सिलोगट्ठयाए तव महिट्ठिज्जा, नन्नत्थ निज्जरट्ठयाए तव महिट्ठिज्जा ।

આલોકના સુખોને માટે તપ ન કરે. પરલોકમાં મને સુખો મળે એ માટે તપ ન કરે. કીર્તિ, વર્ણ, શબ્દ અને શ્લાઘા (પ્રશંસા) ને માટે પણ તપ ન કરે. એકાંત કર્મોની નિર્જરા માટે તપ કરે. આલોકમાં મને સુખસંપત્તિ મળે, જગતમાં મારી વાહવાહ થાય. બધા મારા ગુણલા ગાય, મારી કીર્તિ વધે, પરલોકમાં મને દેવલોકના સુખો મળે. આ આકાંક્ષાથી તપ ન કરે. તે એકાંત કર્મ નિર્જરા માટે કરે.

આ આત્મા બે ચાર ભવનો મેલો નથી, પણ અનંત ભવોનો મેલો છે. તમે પંદર દિવસે કપડાં ધોવો તે રોજના મેલા કપડાં કરતાં વધુ મેલા હોય ને ! તે ધોતા વધુ મહેનત પડે ને ! તેમ અસંખ્યાત પ્રદેશી આત્મા છે. તેના ઉપર અનંતી કર્મવર્ગણાઓ ચોંટી છે. આ અનંતી કર્મવર્ગણાઓ ઉખેડવા માટે એક ઉપવાસ, એક આયંબીલ કરે ઉખડી જાય ખરી ? ના. તે માટે શું કરવું પડશે ? મહાપુરૂષોએ આ કર્મવર્ગણાઓને ઉખેડવા માટે માસખમણના પારણે માસખમણ કર્યા. ચક્રવર્તીઓએ છ ખંડની સાહ્યબી છોડીને દીક્ષા લીધી. તમે અબજોપતિ હો છતાં ચક્રવર્તીના વૈભવોની આગળ તણખલા જેટલાય નથી. સનતકુમાર ચક્રવર્તીએ દીક્ષા લીધી. મોટા સોળ રોગ થયા છે, છતાં મનમાં દુઃખ નથી. આનંદ છે કારણ કે દેહ પરનું મમત્વ ઉઠી ગયું છે. મારા બાંધેલાં

કર્મો ઉદયમાં આવ્યા છે. કર્મો ખપાવવાનો આ સુવર્ણ અવસર છે. સમભાવે ભોગવીને કર્મો ખપાવ્યા. ધન્ય છે એ આત્માઓને! પહેલા શ્રાવકો મહિનાના ૭ ૭ પૌષધ કરતા હતા. આજે પૌષધ કરનારા તો બહુ ઓછા હશે. તમે એટલું તો કરો, ચૌવિહાર કરવો, રાત્રી ભોજનનો ત્યાગ કરવો. ૧૦ તિથિ લીલોતરી ન આવી. એટલું તો કરો, અરે, આજે તો જૈનોના ઘરમાં આઠમ પાખીના દિવસે શાક ખાતા થઈ ગયા. રસેન્દ્રિયના સ્વાદ તો જુઓ. યાદ રાખજો કે " **જેમાં જેનો રસ તેમાં તેનો વાસ. જેમાં જેની પ્રીતિ તેમાં તેની ઉત્પતિ, જેમાં જેનું મન તેમાં તેનું તન.**

માણેકચંદને કમાવા ગયા પંદર વર્ષો થયા. હવે તેને થયું કે હું રતનચંદ પાસે જાઉં. રતનચંદ તો ખૂબ મોટો ધનાઢ્ય શેઠ બની ગયો હતો. માણેકચંદ તો બિચારો ગરીબ હતો. એના કપડાં થોડા મેલાઘેલા હતા. એટલે બરાબર ઓળખી ન શકયો. છતાં માનવતા હતી. એટલે પૂછયું. ભાઈ! તમે કોણ? માણેકચંદ! તમે મારા મિત્ર! તમારે જરૂર હોય તે કહો. આપની અમીદૃષ્ટિ છે કૃપાદૃષ્ટિ છે. તો બસ છે. મારે બીજું કાંઈ નથી જોઈતું. મિત્ર હું પરદેશ ગયો ત્યારે તમારી પેઢીમાં મારો એક આનો વ્યાજે થાપણ મૂકતો ગયો હતો. એક આનો ચોપડામાં કયાં લખ્યો હશે? ન લખ્યો હોય તો ભલે, મને કાંઈ વાંધો નથી. એક આનાના છ છ મહિને કલલ કરતાં જે વ્યાજ થાય તે ગણીને આપો. જેથી હિસાબ ચોકખો થઈ જાય. દરેક બાબતમાં ચોખવટ હોય તો કયારેય વાંધો આવતો નથી. રતનચંદ કહે માણેકચંદ! ભગવાનની કૃપાથી મારે કમાણી સારી છે. મારે હરામનો એક પૈસો ન જોઈએ. તમે એક આનો મૂકીને ગયા હતા તેનો હિસાબ કયાં કરીએ? તમારા એક આનાની રકમ વધી વધીને કેટલી થઈ હશે! બહુ બહુ તો પાંચ સાત હજાર થશે. હિસાબની કયાં માથાકૂટ કરવી? કદાચ ૨૫-૫૦ રૂ. વધારે આવી જશે તો તું કયાં પારકો છે? હું તમને હિસાબ કર્યા વગર રૂપિયા દશ હજાર આપું છું. કેમ બરાબર છે ને?

માણેકચંદ હિસાબકિતાબમાં બહુ પાકો હતો. તેની ગણત્રી મુજબ એક આનાની મૂડીની રકમ બહુ મોટી થતી હતી. એટલે તે નમ્રતાથી બોલ્યો મિત્ર રતનચંદ! તેં મારા માટે આટલી ઉદારતા રાખી તે માટે તને ધન્યવાદ છે! પણ મિત્ર! મારે એક પાઈ પણ વધારે નથી જોઈતી. બક્ષીસ તરીકે પણ નથી જોઈતી. એક આનાની થાપણમાંથી પંદર વર્ષના હિસાબે જેટલી રકમ થતી હોય તેટલી જોઈ એ છે. વધુ નથી જોઈતી. જીવ કર્મ બાંધે છે, ત્યારે ભાન નથી રાખતો કે એ કર્મના વ્યાજ કેટલા ચઢે છે! પણ ભોગવવાનો સમય આવે ત્યારે બાપલીયા બોલી જાય છે. માણેકચંદની વાત સાંભળીને તરત રતનચંદે પોતાના વિશ્વાસુ બે ત્રણ મુનિમોને બોલાવ્યા. બધી સમજણ પાડી અને કહ્યું કે માણેકચંદનો હિસાબ તૈયાર કરો. આંકડો તૈયાર થઈ જાય પછી કુલ આંકડો કેટલો થાય છે તે મને કહો. દશ હજારનો આંક આવ્યો ત્યાં સુધી તો વાંધો ન આવ્યો, પછી આખો હિસાબ થયો ત્યારે મુનિમજીના મનમાં થયું કે આટલી બધી મોટી રકમ બોલવી કેવી રીતે? શેઠ પ્રમાણિક છે. હવે કરવું શું? મુનિમજીને વિચાર કરતાં જોઈ ને શેઠ કહે છે જે

હોય તે બોલ. શેઠ સાંભળો, થાપણ એક આનો મુદ્દત ૧૫ વર્ષ. શરત એ છે કે દર છ મહિને બમણું કરવાના. સાંભળો એ હિસાબકિતાબ આ પ્રમાણે છે :

એક આનાનો જાદુ : આ આનાના પહેલા છ મહિનામાં બમણું થતા ૨ આના થયા. બીજા છ મહિનામાં બમણું થતા ૪ આના, ત્રીજા છ મહિનામાં બમણું થતાં ૮ આના. ચોથા છ મહિનામાં બમણું થતા ૧ રૂપિયો, પાંચમા છ મહિનામાં બમણું થતા ૨ રૂ. છઠ્ઠા છ મહિનામાં બમણું થતાં ૪ રૂપિયા, સાતમા છ મહિનામાં બમણા થતાં ૮ રૂ. આઠમા છ મહિનામાં બમણા થતા ૧૬ રૂ. નવમા છ મહિનામાં બમણું થતાં ૩૨ રૂ. દશમા છ મહિનામાં બમણું થતા ૬૪ રૂ. અગિયારમા છ મહિનામાં બમણું થતા ૧૨૮ રૂ. બારમા છ મહિનામાં બમણું થતાં ૨૫૬ રૂ. તેરમા છ મહિનામાં બમણું થતાં ૫૧૨ રૂ. ચૌદમા છ મહિનામાં બમણું થતા ૧૦૨૪ રૂ. પંદરમા છ મહિનામાં બમણું થતાં ૨૦૪૮ રૂ. સોળમા છ મહિનામાં બમણું થતાં ૪૦૯૬ રૂ. સત્તરમા છ મહિનામાં બમણું થતાં ૮૧૯૨ રૂ. અઢારમા છ મહિનામાં બમણું થતાં ૧૬૩૮૪ રૂ. ઓગણીશમા છ મહિનામાં બમણું થતાં ૩૨૭૬૮ રૂ. વીસમા છ મહિનામાં બમણું થતાં ૬૫૫૩૬ રૂ. એકવીશમાં છ મહિનામાં બમણું થતાં ૧૩૧૦૭૨ રૂ., બાવીસમા છ મહિનામા બમણું થતાં ૨૬૨૧૪૪ રૂ. ત્રેવીસમા છ મહિનામાં બમણું થતાં ૫૨૪૨૮૮ રૂ., ચોવીસમાં છ મહિનામાં બમણું થતાં ૧૦૪૮૫૭૬ રૂ. પચ્ચીસમા છ મહિનામાં બમણું થતાં ૨૦૯૭૧૫૨ રૂ. છવ્વીસમા છ મહિનામાં બમણું થતાં ૪૧૯૪૩૦૪ રૂ. સત્તાવીશમા છ મહિનામાં બમણું થતાં ૮૩૩૮૬૦૮ રૂ. અઠ્ઠાવીસમા છ મહિનામાં બમણું થતાં ૧૬૭૭૭૨૧૬ રૂ. ઓગણત્રીસમાં છ મહિનામાં બમણું થતાં ૩૩૫૫૪૪૩૨ રૂ. ત્રીસમા છ મહિનામાં બમણું થતાં ૬,૭૧૦૮૬૪ રૂ.

આમ રતનચંદ શેઠને તેમના મિત્ર માણેકચંદની એક આનાની થાપણમાંથી પંદર વર્ષના હિસાબે ઉભી થયેલી એકંદર રકમ છ કરોડ, એકોતેર લાખ, આઠ હજાર આઠસો ચોસઠ રૂપિયા થયા. મુનિમે બરાબર બારીકાઈથી હિસાબ ગણીને આંકડો મૂકયો હતો. તમે પણ ઘેર જઈને ગણજો. કરોડનો આંક સાંભળી રતનચંદ શેઠ ચમકયા. તેમની આંખે અંધારા આવવા લાગ્યા, જરા ઠીક થતાં મનમાં બોલવા લાગ્યા આ તે હિસાબ કે જાદુ ! શરૂઆતમાં મેં તેમનો એક આનો વ્યાજે લીધો, ત્યારે મને કાંઈ ખ્યાલ ન રહ્યો કે એક આના જેવી નાની રકમને દર છ મહિને બમણું થતાં આટલી મોટી રકમ થઈ જશે ! તે જીભાનથી બોલ્યા હતા એટલે ગમે તે રીતે આપ્યા.

આ દૃષ્ટાંતથી આપણે તો અહીં એ સમજવું છે કે મૂડી માત્ર એક આનો હતો. પણ વ્યાજ વધતાં કરોડો ગણી કિંમત વધી, તેમ કર્મ કરીએ ત્યારે વડના બીજ જેટલું હોય છે, પણ તેનું વ્યાજ ધડધડ કરતું વધતું જાય છે. અમે કહીએ દેવાનુપ્રિયો ! શરીરમાં હજુ રોગ નથી આવ્યો, ઇન્દ્રિયો હાની થઈ નથી ત્યાં સુધી કાંઈક કરી લો. ઓછામાં ઓછી એક સામાયિક તો કરો, પાપથી પીછેહઠ કરો, ભવભીરૂ બનો, ત્યારે કહે કે મહાસતીજી ! અમારી ઘણી જિંદગી બાકી છે. તમારે અમારી ચિંતા કરવી

નહિ, પણ ખબર નથી કે કર્મના વ્યાજ કેટલા ચઢે છે! નાનું પણ સત્કાર્ય વડના બીજની જેમ સમય પાકતાં અગણિત ફળને આપનારું બને છે. શાલિભદ્રના આત્માએ દાન કેટલું કર્યું? એનું ફળ કેટલા ગણા મળ્યું ને! અઢળક રિદ્ધિસિદ્ધિનો સ્વામી બન્યો. જેની રિદ્ધિ જોવા ખુદ શ્રેણિક રાજા તેના ઘેર આવ્યા. જેમ શુકલ પક્ષમાં દરિયાની ભરતી એક વાર આવ્યા પછી ભલે જતી રહે તો પણ ચંદ્રકળાની વૃદ્ધિ સાથે બીજે દિવસે પોતાની મેળે પહેલા કરતાં વધારે દૂર સુધી ફેલાય છે, તેમ ચિત્તમાં એક વાર શુભ ભાવની ભરતી આવ્યા પછી કદાચ તે ચાલી જાય તો પણ બીજી વાર પોતાની મેળે પહેલા કરતાં દૃઢ થઈ ને બહાર આવે છે. આ રીતે શરૂઆતમાં શુભ ભાવ ભલે અલ્પ હોય પણ રોજને રોજ તેની વૃદ્ધિ થતાં એક દિવસ તે આપણી કલ્પનામાં પણ ન આવે તેમ અણુમાંથી વિરાટ બની જાય છે.

શુભ ભાવની જેમ અશુભ ભાવોનું પણ સમજવું. જો અશુભ ભાવ પ્રત્યેનો આદર કેળવશો તો એ વડના બીજ જેટલા કર્મને વિરાટ વડલો થતાં વાર નહિ લાગે. માત્ર એક આના જેવી મામૂલી મૂડીને છ છ મહિને બમણી કરતાં પંદર વર્ષમાં તે ૬.૭૧૦૮૮૬૪ સુધી પહોંચે છે તેમ કર્મના વ્યાજ પણ એટલા વધે છે માટે કર્મ બાંધતા ખૂબ વિચાર કરજો. મોક્ષાર્થી જીવોએ જે કારણથી ચિત્તની શુદ્ધિ થાય તેવી શુભ ક્રિયાઓ કરવી. અહિંસા, સત્ય, દયા, દાન, પરોપકાર, બ્રહ્મચર્ય, તપ, જપ, ક્ષમા, સંતોષ આદિ ભાવો આપણા શુભ ભાવની વૃદ્ધિમાં ભરતી લાવે છે. હિંસા, અસત્ય, ચોરી, ઇન્દ્રિયોના વિષયો, કષાયો આદિ ભાવો અશુભ ભાવોમાં ભરતી લાવે છે. પ્રારંભમાં નાનું દેખાતું કાર્ય પરિણામે કેટલું વિશાળ બની જાય છે, માટે મને કર્મબંધન કેમ ઓછા થાય તે માટે સજાગ બનો. સંસારમાં રહેવું પડે તો અનાસક્ત ભાવથી રહો. આત્મામાં એ જ ઝંખના હોય કે આ પાપના પિંજરમાંથી હું કયારે છૂટું?

આનંદ ગાથાપતિ શરૂઆતમાં શ્રાવક નથી. તેને ત્યાં વૈભવ વિલાસની કમીના ન હતી. ધનધાન્ય આદિથી સમૃદ્ધ હોવાના કારણે તેને ગાથાપતિ કહ્યા છે. તે આનંદ ગાથાપતિ "अपरिभूए" કોઈથી પરાજય પામે એવા ન હતા. સત્યવાદી, પ્રમાણિક હતા. હજુ સમકિત પામ્યા નથી છતાં તેમનો આત્મા કેટલો ઉજ્જવળ છે! આજે તો બાળકોને જીવનના ઘડતરથી ખોટા સંસ્કારો અપાય છે. પરિણામે બાળકો હિંસા, અસત્ય શીખે છે. એક વાર કોઈ શેઠને ત્યાં મહેમાન આવ્યા. મહેમાન સોફા પર બેઠા છે. ત્યાં સ્કૂલેથી વિદ્યાર્થી બગલે પાકીટ લટકાવીને આવ્યો. તેનું ચાલવું, બોલવાની છટા જોઈને મહેમાન સમજી ગયા કે આ છોકરો ખૂબ ચાલાક અને હોંશિયાર લાગે છે. મહેમાને તેને પૂછયું છોકરા! તારી ઉંમર કેટલી છે? છોકરો કહે બાપુજી! તમે મારી કઈ ઉંમર પૂછો છો? મહેમાન વિચારમાં પડી ગયા. ઉંમર તો એક જ હોય છતાં આ છોકરો એમ કેમ કહે કે તમે મારી કઈ ઉંમર પૂછો છો! છોકરો કહે મારી ઉંમર ત્રણ પ્રકારની છે. તમે કયા પ્રકારની ઉંમર વિષે પૂછો છો? સાંભળો, મારા પિતાએ જ્યારે મને સ્કૂલમાં ભણવા બેસાડ્યો

ત્યારે હું પાંચ વર્ષનો હતો છતાં પિતાએ મને છ વર્ષનો કહ્યો અને સ્કૂલમાં દાખલ કર્યો. ત્યારની આ એક ઉંમર. જ્યારે ટ્રેઈનમાં મુસાફરી કરતો હતો ત્યારે હું ચૌદ વર્ષનો હતો છતાં મને ૧૧ વર્ષનો બનાવી દીધો. શાથી ? અડધી ટિકિટમાં જવાય માટે. અડધી ટિકિટના પૈસા ઓછા આપવા પડે. તે મારી બીજી ઉંમર અને અત્યારે હું જેટલા વર્ષનો છું તે મારી સાચી ઉંમર. તમે ત્રણ ઉંમરમાંથી કઈ ઉંમર પૂછો છો? આ સાંભળી મહેમાન તો છક્ક થઈ ગયા. છોકરાને એક વર્ષ સ્કૂલમાં મોડો બેસાડયો હોત તો કાંઈ વાંધો આવત ? ના. પાયામાં જ ખોટું બોલવાના સંસ્કાર પડે. ગાડીમાં પૈસાના લોભે અસત્ય બોલ્યાને ! વળી કહો કે સમય આવે અસત્ય બોલાય. તમે કેટલા પાપના ભાગીદાર થાવ છો. અહીં તમારો બચાવ થશે પણ કર્મરાજા આગળ તમારો બચાવ નહિ થાય. ત્યાં તો તે કર્મ વ્યાજ સહિત ભોગવવું પડશે, માટે કર્મ બાંધતા ખૂબ વિચાર કરજો. વધુ ભાવ અવસરે.

અષાડ વદ ૭ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૮ : તા. ૯-૭-'૮૫

શાસનના શણગાર, અવનીના અણગાર, દર્શનના દિવાકર એવા જિનેશ્વર ભગવંતોના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ જિનવાણી. આ જિનવાણી જનમાંથી જિન બનાવે છે, આત્મામાંથી પરમાત્મા અને જીવમાંથી શિવ બનાવે છે. ભગવાન ફરમાવે છે કે આ સંસારમાં નાના મોટા દરેક જીવો કોઈને કોઈ સંજ્ઞાથી વ્યાપ્ત છે. ચારે ગતિના જીવોને ચાર સંજ્ઞા હોય છે પણ ચાર સંજ્ઞામાંથી એકની પ્રધાનતા હોય છે તો બીજી ગૌણ હોય છે. નારકીના જીવોને ભય સંજ્ઞા વધારે. નારકીના જીવોને દશ પ્રકારની અનંતી વેદના ઠાણાંગ સૂત્રમાં બતાવી છે.

सीयं उसिणं, खुहं, पिवासं, कंडुं, परज्झ भयं सोगं, जरं व्याहिं ।

અનંતી ઠંડી, અનંતી ગરમી, અનંતી ક્ષુધા, અનંતી તૃષા, અનંતી પરજ, અનંતુ પરવશપણું, અનંતો ભય, અનંતો શોક, અનંતો જ્વર, વ્યાધિ.

આ દશ પ્રકારની વેદનામાં અનંતો ભય પણ બતાવ્યો છે. ત્રણ ગતિ કરતાં નારકીના જીવોને ભયસંજ્ઞા વધારે હોય છે તિર્યંચોમાં આહારસંજ્ઞા વધારે. મનુષ્યોમાં મૈથુનસંજ્ઞા વધારે અને દેવોમાં પરિગ્રહસંજ્ઞા વધારે છે. આ સંજ્ઞાઓ પાછળ પાપાચરણ કેવા થાય છે ? અરે, જીવનભર જોખમ હોય તો પણ પાપમય આચરણ નહિ છોડે અને મરણને શરણ થાય છે. શરીર પર મચ્છર બેઠો તેને ઉડાડ ઉડાડ કરીએ તો પણ તે શરીર પર આવીને કરડવા કરશે. એમાં હાથની ઝાપટ વાગી જાય તો શું થાય ? તેનું જીવન ખતમ થઈ જાય. ઘરમાં માંકડ ખૂબ થયા છે. રાત્રે સૂતા સૂતા પડખા ફરતાં એ દબાણમાં આવી જાય તો કંઈક વાર મરી જાય છે. તેને પોતાના જીવન પર જોખમ હોવા છતાં અજ્ઞાનતાના કારણે એને ભાન નથી અને આહાર સંજ્ઞાની વડવાઈ એવી ઊગી છે કે એના કારણે એ માણસનું લોહી પીવામાં મસ્ત બને છે. એ મસ્તીમાં મારું શું થશે. એનો એને ખ્યાલ

નથી. આપણને વિચાર થાય કે આ નાના જીવોમાં આટલો રસ, આટલા ભાવ અને આ લત આ બધું કયાંથી આવ્યું ? આ નાના જીવો કે પંચેન્દ્રિય પશુપક્ષીના જીવો પૂર્વે કોઈ ભવમાં મનુષ્ય થયેલા, ત્યાં આહાર સંજ્ઞામાં ખૂબ ગૃદ્ધ બન્યા હશે એટલે રસાળ બુદ્ધિક્ષેત્રમાં આહારાદિ સંજ્ઞાઓના અને કષાયોના વાવેતર કરેલા. એની વડવાઈ આ ભવમાં ઉગી ગઈ અને હવે ભરચક પાક ઊતરી રહ્યા છે.

મોટા કલ્પવૃક્ષ ઉગાડનારી રસાળ અને ફળદ્રુપ જમીન કરતાં પણ બુદ્ધિ રૂપી જમીન અનેક ગણી રસાળ છે. તો એમાં કલ્પવૃક્ષના બીજ જેવા ઉત્તમ વિચારો અને ઉત્તમ ભાવનાઓનું વાવેતર કરવું જોઈએ.

ભૂમિ તો ખૂબ રસાળ અને ફળદ્રુપ હોય પણ એમાં ઝેરી બીજનું વાવેતર થાય તો એમાંથી વિષવૃક્ષો ફાલે ફૂલે. આ રીતે આ માનવજન્મની ભૂમિ તો ખૂબ રસાળ અને ફળદ્રુપ છે એમાં ઝેરી બીજ વાવવા છે કે કલ્પવૃક્ષના બીજ વાવવા છે? જો આવી સુંદર ભૂમિમાં અધમ પાપી વિચારો અને અધમ ભાવનાઓનું વાવેતર થાય તો એના પર વિષમય અધમ વિચારો અને વૃત્તિઓની વડવાઈઓ થવાની ને ! પાંચ ઇન્દ્રિયોને ગમતા, અણગમતા વિષયો પ્રત્યેના રાગ-દ્વેષ ભર્યા વિચાર એ અધમ વિચાર છે, અને આત્માના હિતાહિતના વિચાર કરવા એ ઉત્તમ વિચાર છે. આ માનવ જન્મમાં બુદ્ધિક્ષેત્ર રસાળ મળ્યું છે. એમાં આત્માની પ્રગતિ થાય, પાપના બંધ ઓછા થાય. એવા ઉત્તમ વિચારો રૂપી બીજનું વાવેતર કરવાનું છે. વિષયોના વિચારને આત્મહિતની દૃષ્ટિના બનાવવાના છે. તમને બધાને કેરીનો રસ ખૂબ ભાવે. રસપૂરીનું સુંદર ભોજન મળ્યું ત્યાં તમને આનંદ થશે ને મનમાં થશે કે મને આજે સુંદર ભાવતું ભોજન મળ્યું છે. આ ભાવ આવ્યા એટલે રસપુરીના ભોજન પ્રત્યે રાગ થયો, તેથી જીવે કર્મ બાંધ્યા. આ વિચારની સાથે આત્માના હિતના વિચાર લાવો કે આ તો રસેન્દ્રિયના રસની ઉજાણી પણ આત્માને તો ખોટનો ધંધો, કારણ કે એક બાજુ સુંદર ભાવતું ભોજન જમવાનું જે પુણ્ય હતું તે ઓલાસ થઈ ગયું, અને બીજી બાજુ ભોજન પ્રત્યેના રાગના ઝેરી સંસ્કાર વધ્યા એટલે પાપની અને કર્મની આવક વધી. જો જમતાં આવડે તો કંઈક કર્મો ખપાવીને ઉઠે અને જમતા ન આવડે તો નવા કર્મો બાંધે.

સંસારમાં ધન, માલ, રાચરચીલું તથા વહેપાર રોજગાર, ધંધાના વિચારો એ અધમ વિચારો છે. અધમ વિચારો અધમગતિ અપાવે છે. દિવસ, રાત આ અધમ વિચારોનું સામ્રાજ્ય ચાલુ હોય છે. મન મળ્યું છે, બુદ્ધિ મળી છે તો એનો શું ઉપયોગ કરવાનો ? કચરાપટ્ટી જેવા વિચારો કરવાના ? એના સંસ્કાર ભવાંતરમાં કેવા પડે ! માટે જ્ઞાની કહે છે કે આ માનવજીવન એ તો તારા માટે સોનેરી સમય છે. આ ભવમાં સત્કાર્યો, ઉત્તમ વિચારો કરશો તો ભવના ભાગાકાર થશે અને અધમ વિચારો કરશો તો ભવના ગુણાકાર કપાળે લખાશે. આ ભવ ચૂકયા, એળે ગુમાવ્યો તો પછી આથી

બીજો કયો સારો ભવ આરાધના કરવા મળશે ? આ ભવમાં ઉત્તમ, ક્ષમા, મૈત્રી આદિ ભાવો નહિ કેળવો તો પછી એ ક્યારે કેળવશો ? વીતરાગ પદને પ્રાપ્ત કરવાની લગની લાગી છે ? જો વીતરાગ બનવું છે તો અંતરમાંથી ક્રોધાદિને કાઢ્યા વિના અને ક્ષમા, દયા, સમતા આદિ ગુણોથી જીવન શણગાર્યા વિના કેવી રીતે તે બની શકશે ? ભાલ પ્રદેશની રસાળ ભૂમિ જેવું માનવક્ષેત્ર, બુદ્ધિક્ષેત્ર મળ્યું છે. આ ભૂમિમાં ઘઉં, કપાસ, ડાંગર જેવા અનાસક્તિ, નિર્લોભતા, સહિષ્ણુતા, ક્ષમા આદિનું વાવેતર નહિ કરો તો શું ઉખર ભૂમિ જેવા પશુ તથા કીડા મંકોડાના ક્ષેત્રમાં કરશો ? ક્ષમાદિ ગુણોના વાવેતર માટે આ ભવનું બુદ્ધિક્ષેત્ર રસાળ છે. આ બુદ્ધિક્ષેત્રમાં કચરા, ભૂસા ભરવા હોય તો ભરી શકાય છે, અને સારો માલ ભરવો હોય તો તેમાં કોઈ અટકાવતું નથી, માટે બુદ્ધિ ક્ષેત્ર સુંદર મળ્યું છે તો એમાં ક્રોધાદિ કષાયના દુર્ગંધમય બીજ નહીં રોપતા, સમતા, ક્ષમાના સ્વચ્છ બીજ રોપો. જેથી ભવિષ્યમાં આ બુદ્ધિક્ષેત્રમાં એ સમતાની, ક્ષમાની મોટી વડવાઈઓ તૈયાર થશે. નહિતર ક્રોધાદિની વડવાઈઓ ઉગી નીકળશે પછી એ સહન કરવું ખૂબ કષ્ટમય બની જશે.

આપણા ચાલુ અધિકારમાં જંબુસ્વામી ખૂબ જિજ્ઞાસુ, ચાતક પક્ષીની જેમ અધીરા બનીને વિનયપૂર્વક સુધર્માસ્વામીને પૂછી રહ્યા છે. આપ મને સાતમા અંગના ભાવ સંભળાવો. જ્ઞાન પચે કોને ? જેનામાં વિનય હોય તેને. વિનય એ ધર્મરૂપી વૃક્ષનું મૂળ છે.

एवं धम्मस्स विणओ, मूलं परमो से मुक्खो ।
जेण कित्ति सुयं सिग्घं, नीसेसं चाभिगच्छइ ।। દશ. અ. ૯. ઉ. ૨.ગા. ૨

વૃક્ષના મૂળમાંથી સ્કન્ધ થડ ઉત્પન્ન થાય છે પછી એમાંથી શાખા, પ્રશાખાઓ, એટલે નાની નાની ડાળીઓ ઉત્પન્ન થાય છે. તેમાંથી પાંદડા નીકળે છે, ત્યાર પછી ફળ ફૂલ, અને રસ ઉત્પન્ન થાય છે. આ રીતે ધર્મરૂપી વૃક્ષનું મૂળ વિનય છે. તેનું અંતિમ સર્વોત્કૃષ્ટ ફળ મોક્ષ છે. વિનય રૂપી મૂળ દ્વારા વિનીત શિષ્ય આલોકમાં કીર્તિ અને દ્વાદશાંગ રૂપ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરે છે જેથી તે પ્રશંસાને પાત્ર બને છે. છેવટે તે મોક્ષને પ્રાપ્ત કરી લે છે. લૌકિક વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો પણ રાજકુમાર આદિ ગુરૂની વિનયભક્તિ કરે છે તો પછી જે મુનિ આગમોના ગૂઢ તત્ત્વોના જિજ્ઞાસુ છે તથા મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા છે તેમનું તો કહેવું જ શું ! તેમણે તો ગુરૂદેવની વિનયભક્તિ વિશેષ રૂપથી કરવી જોઈએ. સંસારમાં પણ જે સ્ત્રી-પુરૂષ વિનીત હોય છે. તેઓ સમૃદ્ધિને, પ્રેમને, કીર્તિને પ્રાપ્ત કરે છે. દુશ્મનો પણ તેના ચરણોમાં ઝૂકી જાય છે. વિનયવંત શિષ્ય જ્યાં જાય ત્યાં આદર સત્કારને પાત્ર બને છે. દરેકનો પ્રેમ સંપાદન કરી શકે છે. જેના જીવનમાં વિનય હોય છે તે આલોકમાં મહાન સુખી બને છે, અને પરલોકમાં મહાન રિદ્ધિવાળા દેવ બને છે.

જંબુસ્વામી સુધર્માસ્વામીને વિનયપૂર્વક પૂછી રહ્યા છે, અને સુધર્માસ્વામી તેમને ઉપાસક દશાંગના પહેલા અધ્યયનના ભાવ સમજાવી રહ્યા છે. એ ભાવ સાંભળતાં જંબુ

સ્વામીના રોમરોમમાં આનંદની ઊર્મિઓ ઉછળી રહી છે. તે વાણિજ્ય નગરમાં આનંદ નામે ગાથાપતિ હતા. તેમને ત્યાં પશુધન હતું. ખેતીવાડી અને વેપાર આદિ કાર્યો કરતા હતા એટલે ગાથાપતિ કહેવામાં આવ્યું છે. આનંદ ગાથાપતિ ભાગ્યવાન અને પુણ્યવાન છે. તે જન્મ્યા ત્યારથી સંપત્તિના ટેકરે બેઠેલા છે. જે જીવોને પાપનો ઉદય હોય તે જન્મે ત્યારે રહેવા માટે ઘર પણ સારું હોતું નથી. નોકરી કરીને જીવન ચલાવતા હોય છે. પુણ્યનો ઉદય થતાં નોકરીમાંથી ભાગીદારી થઈ. તેમાં સારુ કમાયા. ઝુંપડીમાંથી બંગલા વસાવી દીધા. તેમને ત્યાં પુત્રનો જન્મ થાય ત્યારે એ સુખની શય્યામાં રમતો હોય છે, કારણ કે એ જીવ પૂર્વે પુણ્ય કરીને આવ્યો છે, એટલે એને દુઃખ જોવાનું નથી. બાપદાદાની અઢળક સંપત્તિ છે. વિપુલ વૈભવો છે ત્યાં આનંદનો જન્મ થયો. જન્મ થતાંની સાથે કોઈ કમીના નહોતી. સિદ્ધાંતમાં ઘણી જગ્યાએ શ્રાવકોની, ચક્રવર્તીની કે રાજા મહારાજાની રિદ્ધિ-સિદ્ધિ અને તેમના વૈભવના વર્ણન આવે છે. તેમને ત્યાં આટલી સંપત્તિ હતી. આ વાત શાસ્ત્રમાં શા માટે આપી હશે ? તો શાસ્ત્રકાર સમજાવે છે કે આ સંપત્તિ વિનશ્વર, ક્ષણભંગુર અને દુઃખદાયક છે. જે મહાપુરૂષો થઈ ગયા તેમને લાગ્યું કે આ સુખમાં ખૂંચી જવું-મસ્ત બનવું એ તો દુઃખને આમંત્રણ આપવા જેવું છે. તેમાં કણ જેટલા સુખની પાછળ ટન જેટલા દુઃખો ઊભા છે. જો આ સુખોમાં આત્માનું સાચું સુખ આપવાની તાકાત હોત તો તીર્થંકર, ચક્રવર્તી જેવા પણ આ વૈભવનો ત્યાગ ન કરત. આ સુખનો રાગ આત્માના બાગમાં આગ લગાડે છે. જ્યારે ત્યાગનો રાગ આત્મબાગને લીલોછમ બનાવે છે. સંપત્તિનો રાગ કર્મબંધક છે જ્યારે ત્યાગ માર્ગનો રાગ કર્મબંધને તોડાવનાર છે, ધન વૈભવ રૂપ પરિગ્રહ પિતા-પુત્રના પ્રેમ તોડાવે છે. સ્વજનોના સ્નેહને ભૂલાવે છે અને દુર્ગતિમાં રખડાવે છે માટે એવી અનર્થકારી સંપત્તિનો મોહ છોડીને આત્માર્થી સાધકો વિરતીની વાટે નીકળી ગયા. રિદ્ધિનું વર્ણન કર્યું છે તેમાં આપણે એ સમજવાનું કે આવા વૈભવોમાં, રિદ્ધિ સિદ્ધિમાં જો સુખ હોત તો તેઓ તેનો ત્યાગ કરીને પ્રભુના પાવનકારી સંયમ માર્ગે પ્રયાણ ન કરત, માટે તેમાં સુખ નથી-નથી ને નથી. સુખ છે સંયમના સરોવરમાં.

આનંદ ગાથાપતિ સંપત્તિવાન અને ઋદ્ધિવાન છે. તેમને ક્ષેત્ર, ખેતર, બગીચા, મહેલ, સોનું, ચાંદી, દાસ-દાસી, પશુધન, મિત્રજનો, ઉચ્ચગોત્ર જ્ઞાતિજનો અને સુંદર નિરોગી શરીર આ દશ પ્રકારના સુખોની પ્રાપ્તિ થઈ છે. પુણ્યાનુબંધી પુણ્યવાળી સંપત્તિ મળી છે. આ પુણ્યવાળી સંપત્તિ મળી હોય તો તે સંપત્તિ તેને સંસારના કીચડમાં ફસાવી ન દે. તેમાં ખૂંચવી ન રાખે. મોહની વિટંબણામાં મૂંઝાવા ન દે. અભિમાનના શિખરે ચઢાવી ન દે પણ આંબા પર જેમ કેરી આવે તેમ આંબો નમતો જાય, ગરમી પડે ત્યારે ખટાશને છોડીને મીઠાશ પકડે તેમ પુણ્યાનુબંધી પુણ્યવાળા જીવો જેમ જેમ લક્ષ્મી વધતી જાય તેમ તેમ આંબાની માફક નમતા જાય. તેના જીવનમાં નમ્રતા આવે, સરળતા આવે, ધર્મ કરવાની ભાવના વધતી જાય. જ્યાં પાપાનુબંધી પુણ્યવાળી લક્ષ્મી છે એવા

જીવો ભયંકર વ્યસની બની જાય. ધર્મ, વિનય, નમ્રતા આદિ ગુણોનો તો નિકાલ થઈ જાય. સંસારના સુખોમાં ખૂંચ્યા રહે. પરિણામે અધોગતિમાં ચાલ્યા જાય. ભગવાને મોક્ષના ચાર દરવાજા બતાવ્યા. દાન, શીયળ, તપ અને ભાવ. તેમાં તપ આવ્યો અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તેમાં પણ તપ તો આવ્યો. તપની તો ખૂબ જરૂર છે. તીર્થંકર થનાર આત્માએ પણ છદ્મસ્થ અવસ્થામાં તપ કર્યા છે ને કર્મો ખપાવ્યા છે. અતિ મેલા કપડાને સ્વચ્છ કરવા માટે એને ભઠ્ઠા પર વાસણમાં બાફવા પડે છે. કપડાંને બાફે ત્યારે એનો મેલ છૂટો પડે છે, તેમ તપ એ બાફણું છે. તેમાં આત્માને તપાવવાથી આત્મા પરનો મેલ છૂટો પડી જાય છે. તપમાં અજબગજબની શક્તિ છે ગાડી ચલાવનાર જો બ્રેક ન રાખે તો એ ગાડી તેને કયાંય ખાડામાં પટકાવી દે છે તેમ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ઇન્દ્રિયોના ઘોડા દોડી રહ્યા છે. એમને દોડતા અટકાવવા માટે તપરૂપી બ્રેકની જરૂર છે. જો તપરૂપી બ્રેક રાખી હશે તો દુર્ગતિના ખાડામાં પડતા બચી જઈશું. અરે તમારા સંસારને સ્વર્ગ જેવો બનાવવા માટે પણ તપની જરૂર છે. એક ન્યાય આપીને સમજાવું.

એક વૈભવશાળી સમૃદ્ધ શેઠ હતા. તેમને એક દીકરો હતો. માતા તેને નાનપણમાં મૂકીને ગુજરી ગઈ. શેઠ વિચાર કરે છે મને રહેજે બ્રહ્મચર્ય પાળવાનો અવસર આવ્યો છે. હવે મારે ફરીવાર લગ્ન કરવા નથી. શેઠે લગ્ન ન કર્યા. દીકરો તે સમયે આઠ વર્ષનો હતો. ધીમે ધીમે મોટો થતો ગયો. તેને ભણાવી ગણાવી તૈયાર કર્યો. સુખી ઘર છે. છોકરો ભણેલો છે. એટલે શ્રીમંત ઘરની કન્યાના કહેણ આવવા લાગ્યા. શેઠ વિચાર કરે છે મારો છોકરો હોંશિયાર, બુદ્ધિશાળી છે. અમે પૈસે ટકે સુખી છીએ. અમારે કરિયાવરની જરૂર નથી. મને કરિયાવરનો મોહ નથી. ભલે સામાન્ય ઘરની દીકરી હોય પણ તે સંસ્કારી હોય. ધર્મીષ્ઠ હોય, મારું ઘર સારી રીતે સંભાળે તેવી હોય એવી કન્યારત્ન જોઈએ છે. સાસુ છે નહિ. છોકરી સારી આવે તો મારા છોકરાના સંસ્કાર પણ સારા રહે. તે માટે સારી છોકરીની શોધ કરે છે. શોધ કરતાં કરતાં ઘણી શોધને અંતે એક ઘર મળ્યું. તે શેઠની દીકરી ખૂબ ડાહી, ગુણીયલ, સમજણવાળી દરરોજ ચૌવિહાર કરે, સામાયિક પ્રતિક્રમણ કરે. ધર્મના રંગે રંગાયેલી અને સંસ્કારી હતી. આવી સુંદર કન્યા મળી અને તે વળી સારા સુખી ઘરની મળી. બંને શેઠ વૈભવશાળી હતા. ખૂબ ધામધૂમથી લગ્ન કર્યા.

દેવી સમાન વહુ : કન્યા પરણીને સાસરે આવી. સંસારનો વ્યવહાર બરાબર ચાલે છે. શેઠને થયું કે હવે મારી ચિંતા ઓછી થઈ. વહુ ખૂબ ડાહી અને ગુણીયલ છે. મને ખૂબ સંતોષ છે. ઘરની જવાબદારી ઓછી થઈ. આજે કંઈક ઘરમાં પોતાના દીકરાઓ જવાબદારી સંભાળે તેવા થઈ ગયા હોય. તેઓ કહે બાપુજી ! આપ હવે ભાર ન રાખશો. અત્યાર સુધી અમારા માટે ઘણું કર્યું. હવે અમે સંભાળી લઈશું. આપ આનંદથી ધર્મધ્યાન કરો. દીકરાઓ કહે તો પણ છૂટતું નથી. મારો હોદ્દો ન જવો જોઈએ. આ જીવ સંસારમાં પરને માટે બધા કર્મો કરે છે. બળળામાં માખીની માફક ખુંચેલો રહે છે. તે બહાર નીકળી શકતો નથી. તમે ઉપાશ્રયમાં બેઠા હો અને અચાનક મોટા

દીકરાએ નાના દીકરાનું સગપણ કર્યું ત્યારે એવું ન માનશો કે ઘરમાં મને કોઈ પૂછતા નથી. મારી તો કોઈ કિંમત નથી. મને પૂછ્યા વિના કર્યું ? ત્યાં માનજો કે સારું થયું કે હું ઉપાશ્રયમાં હતો. વ્રતમાં હતો તો અનુમોદનાના પાપથી બચી ગયો.

કર્મે મારેલો ભયંકર ફટકો : સારી કન્યા ઘરમાં આવી એટલે શેઠને થયું કે મારા માથેથી ઘરની જવાબદારી ઓછી થઈ. બધા આનંદથી રહે છે. આ છોકરી પોતાના સસરાને પણ સારી રીતે સાચવે છે શેઠ પણ તેને દીકરીની જેમ રાખે છે. પણ કહેવત છે ને **"ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે."** આવતી કાલ કેવી ઉગશે એ આપણને કયાં ખબર છે ? રાજગાદીના મનોરથો સેવતા રામચંદ્રજીને શું ખબર હતી કે કાલ સવારે મને રાજ્યને બદલે વનમાં જવાનું મળશે ? આપ બધા પણ આ વાકય તો ઘણી વાર બોલો છો ને માનો છો તો હવે ધર્મમાં વાયદા રખાય ખરા ? કાળ કોઈની રાહ જોતો નથી, માટે વાયદા પાપકામમાં કરો. ધર્મમાં ન કરો. જે સમયે ધર્મ આરાધના કરવાના, તપ કરવાના ઉત્કૃષ્ટ ભાવ આવે ત્યારે કરી લેજો. ઉત્કૃષ્ટ ભાવે કરવાથી કર્મોના ભુક્કા થઈ જશે. અહીં શેઠ, દીકરો, વહુ બધા શાંતિથી રહેતા હતા. તેમાં અચાનક દીકરાને પેટનો ભયંકર દુઃખાવો ઉપડયો. અને ઘડી બે ઘડીમાં કલૈયાકુંવર જેવો યુવાન દીકરો બધાને છોડીને ફાની દુનિયામાંથી ચાલ્યો ગયો. અહાહાહા.... કેવું દુઃખ આવ્યું ! છોકરાને તેની મા તો નાનો હતો ત્યારે મૂકીને ચાલી ગઈ હતી. આ શેઠે માતાની જેમ વાત્સલ્ય, સ્નેહ આપીને નોકરોની સહાયથી ઉછેર્યો. તેમણે મનમાં આશાના મિનારા કેટલા બાંધ્યા હશે ? બધા મનોરથો ધૂળમાં મળી ગયા. હજુ દીકરો કુંવારો મરી ગયો હોત તો આઘાત ઓછો લાગત પણ આ તો પાછળ રૂપ રૂપના અંબાર જેવી પુત્રવધૂને ઘરમાં સાચવવાની. સાસુજી છે નહિ એટલે કેટલું કઠીન કહેવાય. તે સમયે આજના જેવો જમાનો ન હતો. કે ફરીને લગ્ન કરી લે. એને તો જિંદગીભર બ્રહ્મચર્ય પાળવાનું. શેઠને ખૂબ આઘાત છે. ચોધાર આંસુએ રડે છે ઝૂરે છે, પછી મનમાં વિચાર કર્યો કે જીવ ! તારા કરેલા કર્મો તારે ભોગવવાના છે. તે કોઈને ત્યાંથી પૈસા પડાવ્યા હશે, તેનું લૂટયું હશે, કોઈની થાપણ ઓળવી હશે તો થાપણમાં આ કન્યા મૂકીને ગયો. પત્નીને તો આઘાતનું પૂછવું જ શું ! સંસારમાં પત્નીને મન પતિ એ પોતાનું સર્વસ્વ છે. શેઠે વિચાર કર્યો કે આ યુવાન પુત્રવધૂ છે. એને હવે મારે સાચવવાની છે. એને ઓછું આવે નહિ, અને સાસરા કે પિયર પક્ષમાં કલંક લાગે નહિ એ–રીતે રાખવાની છે. સસરા ખૂબ ગંભીર અને વિશાળ દિલના હતા. અમારી બેનોને સીતા જેવી વહુ જોઈએ છે તો તેમને કૌશલ્યા જેવું બનવું પડશે. કૌશલ્યા જેવા સાસુ જોઈએ છે તો વહુને પણ સીતા જેવું બનવું પડશે.

બિચારી છોકરીનું ભાગ્ય ફુટયું કે તેના ભાગ્યમાં પતિનું સુખ નહિ હોય. તેના દિલમાં તો જબ્બર આઘાત છે. આઘાતને શાંત કરવા તે થોડા દિવસો માટે પિયર ગઈ.

૭ મહિના પિયરમાં રહી. સંસ્કારી છોકરી છે. વિચાર કર્યો કે ગમે તે સ્થિતિ હોય પણ દીકરી તો સાસરે શોભે. "પિયરની પાલખી કરતા સાસરાની શૂળી સારી". એમ સમજીને તે સાસરે આવી. તે કહે છે બાપુજી ! હું અહીં રહીશ. ભલે બેટા ! શેઠે ઘરમાં યુવાન ઘાટી હતો તે કાઢી નાંખ્યો. વૃદ્ધ રસોઈયો છે. શેઠ ખૂબ વિવેકવાન અને ધર્મપરાયણ હતા. તેઓ પોતાની વિધવા પુત્રવધૂની સ્થિતિને સારી રીતે જાણતા હતા. શેઠે વિચાર કર્યો. આ વહુને જો હું સારી રીતે નહિ રાખું. જેમ તેમ વચનો સંભળાવીને એને દુઃખી કરીશ તો એ દુઃખના કારણે કદાચ આપઘાત કરી બેસે. એટલા માટે હું તેને એવી રીતે રાખું કે તેનું મન ઘરમાં રહે, અને તેનું ચિત્ત પણ ધર્મમાં રહે.

આ પ્રમાણે વિચાર કરીને શેઠ એક દિવસ પુત્રવધૂને કહે છે બેટા ! લો, આ બધી ચાવીઓ. ઘરની, ભંડારની બધી ચાવીઓ એમાં છે. હવે તમે આ ઘરના માલિક છો. ઘરમાં જેટલી વસ્તુઓ છે તે બધા પર તમારો અધિકાર છે. તમારી જે ઇચ્છા થાય એ પ્રમાણે ઉપયોગ કરજો. તમારે ખાવા, પીવા માટે, પહેરવા ઓઢવા માટે જે કાંઈ વસ્તુ જોઈએ તે તમે મંગાવી લેજો, પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખજો કે તમારા જીવનનું એવું આચરણ કયારે પણ ન થાય કે જેથી તમારા પિતૃકુળમાં કે શ્વસુર-કુળમાં કલંક લાગે, અને સમાજમાં નીચું જોવું પડે. સસરાની વાતને વહુએ સહર્ષ સ્વીકારી લીધી. હવે આખા ઘરની સત્તાધીશ તે બની ગઈ. આખા ઘરનો ભાર તેના માથે આવી પડવાથી તેનામાં ગંભીરતા પણ આવી ગઈ. તેના ઉદાર અને સારા સ્વભાવના કારણે પાડોશીઓમાં અને ઘરમાં બધાને પ્રિય થઈ ગઈ. નોકરોની સંભાળ પણ માતાની જેમ રાખતી હતી. સસરાજી તો બેટી બેટી કહીને બોલાવતા.

પુત્રવધૂના વિચારમાં આવેલું વિષ : ખાવા પીવાની ખૂબ સગવડતાઓ અને બધી આઝાદી તેને મળી ગઈ, એટલે તે ઉત્સાહથી ઘરના કાર્યો કરતી. ધીમે ધીમે તે પોતાનું દુઃખ ભૂલી ગઈ. રોજ સારા સારા ખાનપાન જમવા લાગી. સ્વાદિષ્ટ અને માદક ભોજનો જમે છે, તેથી ઇન્દ્રિયોના ઘોડા છૂટા થઈ ગયા. સારા સારા ભોજનની સાથે જીવનમાં જો સંયમ અને તપ ન હોય તો તેનું જીવન પતનની ખાઈમાં પટકાઈ જાય છે. ભલે આ વિધવા હતી. પણ યુવાની તો પુરજોશમાં ખીલેલી હતી. સારા સારા સ્વાદિષ્ટ ભોજન ખાય. સાથે કોઈ તપ તો હતો નહિ. એટલે તેની ઇન્દ્રિયોના વિષય-વાસનાના ઘોડા દોડવા લાગ્યા. ભગવાને સંતોને કહ્યું છે કે હે મારા સાધક ! તું રોજ રોજ સ્વાદિષ્ટ ભોજન જમીશ નહિ. નવવાડે શુદ્ધ બ્રહ્મચર્ય પાળવા માટે તું નીરસ, લુખો, સુકો આહાર કરજે. આ પુત્રવધૂના મનમાં તો અશુભ વિચારોએ અડ્ડો જમાવ્યો. તેના વિચારોમાં વિકૃતિ આવી. તેણે મનમાં ને મનમાં વિચાર્યું કે હું કોઈ એવો ઉપાય કરું કે જેથી મારી કામવાસના શાંત થાય પણ મારા સસરાજીએ મને કહ્યું છે કે તમે સાસરા પક્ષમાં અને પિયર પક્ષમાં કલંક લાગે તેવું કાર્ય કરશો નહિ. તો મારા

પિતા તુલ્ય સસરાજીનું વચન તો સાચવવું પડે. હવે મારું મન કંટ્રોલમાં રહેતું નથી. સંસારના સુખો જોઈએ છે. તો મારી વાત બહાર કોઈ જાણે નહિ અને એકે પક્ષમાં કલંક લાગે નહિ એવો કોઈ ઉપાય શોધી કાઢું.

સસરા પાસે કરેલી માંગણી : જ્યારે મનુષ્ય ખોટા રસ્તા ઉપર ચાલવાને તૈયાર થાય છે તો તેની બુદ્ધિ પણ કોઇને કોઈ ખોટો રસ્તો શોધી લે છે. આ પુત્રવધૂએ પોતાના વિચારોને વર્તનમાં લાવવા માટે એક કિમિયો શોધી લીધો. બીજે દિવસે તેણે સસરાજીને કહ્યું બાપુજી ! આપણો રસોઇયો ખૂબ વૃદ્ધ થઈ ગયો છે. આંખે બરાબર દેખતો નથી. આજે દૂધ-ભાત આતા તેમાંથી એક ઈયળ નીકળી. રસોઈ બનાવવામાં પણ તેને મુશ્કેલી પડે છે. કોઈ કામમાં જતના જળવાતી નથી, માટે આપ કોઈ નવ-યુવાન રસોઇયો લઈ આવો. તો તે રસોઈ સારી બનાવે. કોઈ પણ કામમાં અજતના ન થાય. હું આજથી તે વૃદ્ધ રસોઈયાને રજા આપવા ઇચ્છા રાખું છું. હવે તે ઘરડો રસોઈયો કોઈ કામનો નથી. પુત્રવધૂના આટલા શબ્દોમાં શેઠ સમજી ગયા. શેઠની બુદ્ધિ જીવનના ચઢાણ-ઉતરાણના પ્રસંગોમાં ખૂબ ગંભીર અને વિચિક્ષણ બની ગઈ હતી. તે પુત્રવધૂના આટલા શબ્દો સાંભળતા બધી વાત સમજી ગયા. હવે દૂધ ફાટવાની તૈયારી છે. દૂધમાં દહીં પડયું છે. હજુ ફાટયું નથી, માટે આ વાત વિચારવા જેવી છે. ત્યારે તો શેઠે કહ્યું ભલે બેટા ! હું નવો યુવાન રસોઈયો લઈ આવીશ. શેઠે પુત્રવધૂને બીજા કોઈ શબ્દ ન કહ્યા.

પુત્રવધૂને સુધારવા કરેલો કિમિયો : શેઠે પુત્રવધૂને ધમકાવવાના બદલે, મારવાના બદલે આત્મનિરિક્ષણ કર્યું. આમાં મોટી ભૂલ મારી જ છે. મેં એને બધી સુખ સુવિધાઓ આપી પણ તેની સાથે ઇન્દ્રિયો અને મન ઉપર અંકુશ રાખવા માટે તપની તાલીમ તો ન આપીને ! ત્યારે આ પરિણામ આવ્યું ને ! મારી ભૂલનું મારે પ્રાયશ્ચિત લેવું જોઈએ કે જેથી એને તપની તાલીમ મળે અને એનું મન દુર્વિચારોથી અટકે. દુષ્ટ ઘોડા જેવા મનને કાબુમાં રાખવા માટે ધર્મરૂપી શિક્ષાની લગામ જરૂરી છે. સસરા સમજે છે કે મારે એને એવી રીતે રાખવી છે કે બીજે જાય નહિ. મારી આબરૂના કાંકરા થાય નહિ. તેવી રીતે પ્રેમથી જીવાડવાની છે. આ માટે રસવંતા ભોજનો, વિગયનો ત્યાગ થાય તો બ્રહ્મચર્ય સારી રીતે પાળી શકાય. શેઠે પોતાની વણિક બુદ્ધિનો ઉપયોગ કર્યો. તેમણે કહ્યું બેટા ! કાલે અગીયારસ છે મારે તો ઉપવાસ કરવો છે તો તમે જમનારા એકલા છો તો વૃદ્ધ રસોઈયો રસોઈ બનાવી દેશે, પછી હું યુવાન રસોઈયો લાવી દઈશ. વહુએ પોતાની પ્રતિષ્ઠા જમાવવા માટે કહ્યું, બાપુજી ! તમને જમાડયા વિના હું નહિ જમું. આપ જો આટલી ઉંમરે ઉપવાસ કરશો તો હું પણ ઉપવાસ કરીશ. સસરાએ આનંદપૂર્વક કહ્યું-દીકરી ! તારી જેવી ઇચ્છા. સંસ્કારી પુત્ર-વધૂનો આ ધર્મ છે. સસરાને તો આ જોઈતું હતું. આ પુત્રવધૂએ કયારેય એકાસણાં જેટલું તપ નથી કર્યું તેના બદલે આજે ઉપવાસ કર્યો એટલે ઉપવાસ વસમો તો લાગે

ને ! ઉલટીઓ થાય છે, છતાં શેઠ તેની દયા ખાતા નથી, કારણ કે તેનું જીવન સુધારવું છે એટલે તે શરીર સામું નથી જોતા પણ તેના જીવન સામે જુએ છે. તેના આત્માનું બગડી ન જાય અને સાસરા–પિયર પક્ષને કલંકિત ન કરે.

બીજો દિવસ થયો. સવારે પુત્રવધૂ પૂછે છે બાપુજી ! આજે પારણું કરશો ને? શેઠ કહે બેટી ! આજે તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણિકનો દિન છે માટે આજે બીજો ઉપવાસ કરીશ. વહુ મનમાં વિચારે છે કે મારા સસરાજી મને દીકરી કરતાં સવાઈ સાચવે છે. બેટી બેટી કહીને બોલાવે છે ઘરની સારી મિલકતની ચાવીઓ મને સોંપી દીધી છે. પિતા તુલ્ય મારા સસરા આટલી ઉંમરે જો બીજો ઉપવાસ કરે તો મારાથી ખવાય ? ન ખવાય. એટલે તરત કહ્યું પિતાજી ! આપ બીજો ઉપવાસ કરશો તો હું પણ આજે બીજો ઉપવાસ કરીશ. તેને તો ઉપવાસ વસમો લાગે છે. છતાં કરવા તૈયાર થઈ. સસરા માને છે કે ઠીક થયું છે. ત્રીજા દિવસે પૂછે છે બાપુજી ! આજે પારણું કરશો ને ? ના બેટા. આજે તો ભગવાનનું નિર્વાણ કલ્યાણક છે, એટલે ત્રીજો ઉપવાસ કરીશ. તમારે કોઈ દિવસ આવા કલ્યાણકો આવે છે કે નહિ ? શેઠે ત્રણ ઉપવાસ કર્યા ત્યારે પુત્રવધૂએ પણ ઉત્સાહથી કહ્યું બાપુજી ! તમારી તો ઉંમર થઈ છે. આ ઉંમરે તમે અઠ્ઠમ કરો તો હું તો નાની બાળ છું. શરીર સશક્ત છે. હું પણ ત્રીજો ઉપવાસ કરીશ. શેઠ જુએ છે વહુ તો ત્રણ દિવસમાં નીતરી ગઈ છે. સાથે એ પણ જુએ છે કે તેના મન પર તપનો પ્રભાવ કેટલો પડયો છે! ત્રણ દિવસ પૂરા થયા. ચોથા દિવસે બાપુજી ! આજે તો પારણું કરશો ને ? ના બેટા. આજે તો મોટી ચૌદશ છે, માટે હું પારણું નહિ કરું. ચોથો ઉપવાસ કરીશ. વહુને વસમુ તો લાગે છે. ત્યારે તે પોતાના આત્માને કહે છે કે ધિક્કાર છે તને ! તારા ઘરડા સસરા બોલી શકતા નથી. બોલતા ફાંકા પડે છે છતાં એ કરે છે તો તારાથી કેમ ન થાય ? આજે તો ચૌદસ છે કર...કર....થશે. તેણે પણ ચોથો ઉપવાસ કર્યો. શેઠે પુત્રવધૂની ખૂબ પ્રશંસા કરતાં કહ્યું ! બેટા ! તમારા જેવી ધર્માત્મા સ્ત્રીઓના પ્રતાપથી આ ધરતી ટકી રહી છે. વહુના મનમાં છે કે બાપુજી કાલે તો પારણું કરશે ને ? પાંચમો દિવસ આવ્યો. બાપુજી આજે તો પારણું ને ? ના બેટા ! આજે તો મોટી પૂનમ છે. આપણાથી ખવાય નહિ. જેનોથી મોટી પૂનમે તો ન ખવાય. ત્રીજા દિવસથી પુત્રવધૂનું શરીર શિથિલ થવા લાગ્યું છે તેણે જીવનમાં કયારે પણ આટલો તપ કર્યો નથી, છતાં સાહસથી કર્યો. તે કહે છે પિતાજી ! તપશ્ચર્યા કરવાથી મારા મનમાં શાંતિ રહે છે. હું પણ પારણું નહિ કરું. પાંચમો ઉપવાસ કરીશ. તેને તો ખૂબ વસમું લાગ્યું છે. ખાટલામાં સૂતી છે.

તપે સર્જેલો ચમત્કાર : પાંચમા ઉપવાસે તો પુત્રવધૂના મનની ગુફામાં ક્રામવાસનાના જે મલિન વિચારોનું ઝેર હતું તે બધું નીકળી ગયુ. તેના મનમાં શુદ્ધ ભાવોની સરવાણી વહેવા લાગી. આંખમાંથી દડદડ આંસુની ધારા થઈ. ભગવાન ! ધિક્કાર છે મારા આત્માને ! હું કેટલી દુષ્ટા છું. પાપણી છું. આ અભાગણીને સુધારવા માટે

મારા સસરાએ ઉપવાસ કર્યા છે. મારા સસરાએ મને બધી સ્વતંત્રતા, સત્તા સોંપી દીધી પણ મેં મારા તન, મન પર અંકુશ ન રાખ્યો. એટલે કુળને કલંકિત કરે એવા વિચાર મારા મનમાં આવ્યા. ધિક્કાર છે મને! મને તપના અંકુશની તાલીમ આપવાને માટે સસરાજીને પાંચ ઉપવાસ કરવાનું કષ્ટ ઉઠાવવું પડ્યું ને! હવે સવાર થતાં મારું પાપ તેમની પાસે પ્રગટ કરી દઈશ, અને મારા અપરાધની માફી માગી લઈશ. હવે કાલે તો તેમને ઉપવાસ નહિ કરવા દઉં. સારા ખોટા વિચારોનું પ્રતિબિંબ પડ્યા વગર રહેતું નથી. વહુનું બોલવું, ચાલવું જોઈને શેઠ સમજી ગયા કે તેની દૃષ્ટિમાં ફરક છે. છઠ્ઠા દિવસે સવારે કહે છે વહુ બેટા! આજે હું પારણું કરીશ. પારણું કર્યા બાદ યુવાન રસોઈયાને બોલાવી લાવીશ. બાપુજી! હવે યુવાન રસોઈયો નથી જોઈતો. સસરાજીના પગમાં પડીને ચોધાર આંસુએ રડી. ધિક્કાર છે મને હજારો વાર. આપે મને કરોડોની સંપત્તિની મિલકતની ચાવીના ઝૂડા દઈ દીધા. તમે તમારા જીવનનો વિચાર નથી કર્યો કે મારું શું થશે? છતાં આ દુષ્ટા, અભાગણીએ આવા કુળને કલંકિત કરે તેવા વિચારો કર્યા! આપ મારા દુષ્ટ ભાવને સમજી ગયા અને સાચા ગારૂડી બનીને મારા ઝેર ઉતાર્યા છે. મારા માટે જ આપને પાંચ પાંચ ઉપવાસ કરવા પડ્યા. સસરાને ધર્મપિતા માનીને પોતાનું પાપ તેમની પાસે પ્રકાશી દીધું.

દિલનો પશ્ચાતાપ હશે તો પાપોને બાળી દેશે,
અગ્નિ પરીક્ષા દઈ અંતર શુદ્ધ બનાવી દેશે.

ભૂલ સમજતા વાર ન લાગી, રસ્તે આવી જાય છે....પાપ બધાથી થાય છે.

ભૂલને પાત્ર તો સૌ કોઈ છે. માનવ ભૂલ કરે, પાપ કરે પણ પાપાનો જો પશ્ચાતાપ થાય, સાચો કરાર કરીએ તો પાપ ધોવાયા વિના રહે નહિ. પુત્રવધૂએ પોતાના પાપનો કરાર કરી લીધો, ત્યારે સસરાજી કહે બેટા! એમાં સૌથી પહેલી ભૂલ તો મારી છે. મેં તમને સત્તા, સંપત્તિ બધું સોંપી દીધું ત્યારે આપને તપ કરવાનું કહ્યું હોત તો આપ જરૂર કરત. તમે ના ન પાડત. તમે તો અજ્ઞાન હતા મારી ભૂલ માટે મને ક્ષમા કરો. બાપુજી! મારે ક્ષમા આપવાની ન હોય. આ સસરાએ સ્વદોષ જોયા પણ પરાયા દોષ ન જોયા. જ્યાં સુધી પરના દોષ જોશું ત્યાં સુધી માર્ગાનુસારી પણ બની શકીશું નહિ. વહુએ જિંદગી સુધી ઉપવાસ, આયંબીલ આદિ તપ ચાલુ રાખ્યો. શેઠે સ્વદોષ જોયા તો વહુ સુધરી ગઈ, કહેવાનો આશય એ છે કે તપ માનવીના ઝેરી વિચારોને દૂર કરે છે. જીવનને ઉજ્જવળ બનાવે છે. વિકારોને જીતવા માટે રસવંતા ભોજનનો ત્યાગ કરો. વિકારો પર વિજય મેળવવાનો આ ભવ છે અને દિવસો પણ આવી રહ્યા છે. ધૂપસળી સળગીને બીજાને સુગંધ આપે છે. તપ રૂપી ધૂપસળી સારા વાતાવરણને સુગંધિત કરે છે. વધુ ભાવ અવસરે.

અષાડ વદ ૮ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૯ : તા. ૧૦-૭-'૮૫

કરૂણાસાગર એવા અનંત જ્ઞાનીઓની વાણી અદ્‌ભૂત હોય છે. એકેક શબ્દમાં ઘણા ગહન ભાવો ભરેલા છે. જ્ઞાની કહે છે હે જીવો! તમે સાર વસ્તુઓને છોડીને અસારને ગ્રહણ કરી રહ્યા છો. સાર વસ્તુઓ કઈ અને અસાર વસ્તુઓ કઈ? તે આપને ખબર છે? આત્મા સિવાયની બધી વસ્તુઓ અસાર છે. ધન, દૌલત, બાગ, બગીચા, બંગલા, મોટર, ગાડી, બધુંય અસાર છે. તેને અસાર શા માટે કહ્યું? તે આત્માને ઉપયોગી નથી. સંસારમાં રખડાવનાર છે. દુર્ગતિમાં માર ખવડાવનાર છે. દુઃખ પેદા કરનાર છે. તમને આ બધું અસાર લાગે છે કે સારભૂત લાગે છે? જ્ઞાનીની દૃષ્ટિએ જે અસાર છે. તેને તમે સારભૂત માનો છો. એમાંથી મને સુખ મળશે એ અભિલાષાથી એ મેળવવા પાછળ દોડાદોડી કરો છો, છતાં સુખ મળતું નથી. આ રીતે સુખ મેળવવા પાછળ જીવે અનંત પુદ્‌ગલ પરાવર્તન કાળ વીતાવ્યો, છતાં સુખ મળ્યું નહિ. કદાચ તમારું માનેલું સુખ મળી ગયું હોય, એ રીતે સંપૂર્ણ સુખી હો છતાં પૂછો કે શાંતિ છે? તો કહેશે ના. મને સુખ નથી. જે અસાર વસ્તુઓ છે તેમાં કયારે પણ સુખ મળવાનું નથી. અરે, આ શરીર પણ અસાર છે. યુવાનીનું વિકસેલું ગુલાબી બદન અસાર ન લાગતું હોય તો તેનો અનુભવ કરો. વિચાર કરો. અસાર વસ્તુઓ સાચવવા, મેળવવા કેટલા કાળથી મથી રહ્યા છો? છતાં એમાં સુખ શાંતિ મળ્યા ખરા? ના. તો તે વસ્તુઓ પછી સાર કેવી રીતે કહેવાય? અસાર વસ્તુઓ નાશવંત છે. એમાં પલટાવાપણું છે, ક્ષણભંગુર છે. જે પોતે ક્ષણિક છે તે શાશ્વત સુખ કયાંથી આપી શકે?

અસાર વસ્તુમાંથી મળતું સુખ અલ્પ છે અને તેની પાછળ ઘણા કાળનું દુઃખ ઊભું છે. "**खणमित सुक्खा बहु कालदुक्खा**" ક્ષણ માત્રના સુખની પાછળ ઘણા કાળનું દુઃખ રહેલું છે. તમે વેપારીના દીકરા છો થોડું લઈ ને વધારે આપો ખરા? ના. કોઈ માણસ તમને ૧૦ રૂપિયા આપી ગયો અને કહે મને ૧૦૦ રૂપિયા આપો. તો ૧૦ના બદલે ૧૦૦ આપો ખરા? ના. કોઈ આવો ધંધો કરે ખરા? ના...ના...ત્યાં તો તમે ખૂબ સમજણવાળા છો. અરે, પાંચ છ ચોપડી ભણતો બાળક પણ સમજે કે ૧૦ના બદલામાં ૧૦૦ રૂ. ન અપાય. તમારું સુખ આવું છે. ૧૦ રૂપિયા જેવા અલ્પ સુખની પાછળ સો ગણું દુઃખ મળવાનું છે, છતાં જીવ આશામાં ને તૃષ્ણામાં તણાઈને કર્મબંધન કરે છે. અનર્થદંડે દંડાય છે. અલ્પ સુખ માટે અનંતા દુઃખને આમંત્રે છે. અસાર વસ્તુમાંથી મળતું સુખ અલ્પ ને ક્ષણિક છે. સાર વસ્તુ શાશ્વત સુખ આપે છે. અસાર વસ્તુ નાશવંત સુખ આપે છે. સારભૂત વસ્તુઓ કઈ?

सारं दंसण, नाणं सारं तव नियम संजम सीलं ।
सारं जिणवर धम्मं, सारं संलेहणा पंडिय मरणं ॥

સાર વસ્તુ એક આત્મા છે, તેમજ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્ર, તપ, નિયમ, શીલ, જિનેશ્વર પ્રરૂપિત ધર્મ અને સમાધિ પંડિત મરણ સારરૂપ છે.

આપણો આત્મા સારભૂત છે. જ્ઞાન, દર્શન આદિ તેના ગુણો છે. ચૈતન્ય એવો આત્મા કેટલી શક્તિ ધરાવે છે. અત્યારે તેને ઓળખી લો. ચંદ્રના અજવાળા છે ત્યારે મોતી પરોવી લો, પછી અંધારું થઈ જશે. મોતી પરોવેલું હશે તો ખોવાશે નહિ. નહિતર ખોવાઈ જશે. આ જીવનમાં સારભૂત એવા આત્માને, અને અસાર એવા સંસારને ઓળખી લો. સત્ય, અસત્યને પીછાણી લો. અનાદિકાળથી આત્મા અસત્યને સત્ય, પરાયાને પોતાના, અશાશ્વતને શાશ્વત અને દુઃખના સાધનોને સુખના સાધનો માનીને બેઠો છે. આ ખોટી માન્યતાને જૈનપરિભાષામાં મિથ્યાત્વ કહેવાય છે. આ મિથ્યાત્વ અંધારાને દૂર કરી આંખ ખોલીને જુઓ તો દેખાશે કે કંઈક જીવોને કાન નથી, કંઈક જીવોને જીભ નથી તો કંઈક જીવોને મન નથી. અત્યારે તમને બધું મળ્યું છે તો પ્રકાશમાં કાર્ય કરી લો. આજે માનવીને જોઈએ છે શાંતિ પણ અશાંતિના કારણો સેવી રહ્યો છે. જગતના કાર્યો એટલા બધા છે કે તે પૂરા થતા નથી. જીવના અધ્યવસાયો, અભિલાષાઓ, આશાઓ, ઇચ્છાઓ અનેક છે. તે પણ જુદી જુદી જાતજાતની છે. તે પૂરી કેવી રીતે થાય ? ઇચ્છાઓ છે ત્યાં જન્મો છે અને વાસના છે ત્યાં બંધન છે.

એક છોકરો ૧૫ વર્ષનો થયો ત્યારે વહેપારમાં જોડાયો. કલ્પના કરીએ કે તેની ઉંમર ૧૦૦ વર્ષની છે. વેપારમાં જોડાયો ત્યારથી ધંધાની જમાવટ સારી થતી હોય, તેના બધા પાસા સવળા પડતા હોય, વેપાર ધમધોકાર ચાલતો હોય. બધી રીતે ધંધામાં અનુકૂળતા આવી હોય. આ સ્થિતિમાં તેના ૯૯ વર્ષ અને ૩૫૯ દિવસ પૂરા થયા. હવે ૧૦૦ વર્ષમાં માત્ર એક દિવસ બાકી છે, ત્યારે તેને પૂછીએ કે ભાઈ ! તારી બધી ઇચ્છાઓ પૂરી થઈ ગઈ ? તારી આશાઓ અધુરી રહી નથી ને ? ત્યારે તે શું કહેશે ? મારે હજુ આટલું કરવાનું બાકી છે. અમારી પાસે કંઈક ભાઈઓ આવીને કહે કે મહાસતીજી હું પુણ્યોદયે સુખી છું. હવે મારે કાંઈ બાકી નથી. મેં બધું વ્યવસ્થિત કરી લીધું છે, પણ આ બધું તો કહેવા પૂરતું છે કે બરોબર છે ? શું હવે તેને કોઈ ચીજની ઇચ્છા કે અભિલાષા નથી ? આ બધું તો મન મનાવવા પૂરતું છે. અંતરમાં તપાસો તો ખબર પડે કે હજુ કેટલી ઇચ્છાઓ પડી છે ! પહેલાના શ્રાવકો સુખસંપન્ન, ધનસંપન્ન હતા, પણ તેમને સંસારમાં રહેતા આવડતું હતું. સંસારમાં રહેવા છતાં અલિપ્ત રહેતા હતા. હોડી દરિયામાં તરે છે પણ હોડીમાં દરિયાને આવવા દેતી નથી. હોડીમાં જો સોય જેટલું કાણું પડયું હોય અને પૂરવામાં નહિ આવે તો તે ભવિષ્યમાં ડૂબાડી દેશે, તેમ આપણા જીવનમાં સોયના કાણા જેટલા દોષો રૂપી છિદ્રોનું સેવન કર્યું તો આપણી હોડી પણ સંસાર સાગરમાં ડૂબી જવાની. ભગવાન કહે છે કે આત્મામાં આશ્રવનું પાણી જોરદાર આવી રહ્યું છે. તેને સંવરરૂપી બંધ બાંધી રોકી દો તો દોષોથી આત્મા બચી જશે.

ઉપાસકદશાંગમાં આનંદ શ્રાવકની વાત ચાલે છે. તે કેવા હતા ? "अड्ढे जाव अपरिभुए." अड्ढे એટલે વિશાળ સમૃદ્ધિથી યુક્ત હતા, અને તેજસ્વી, વિસ્તૃત વિપુલ

(મોટા) ભવન, શયન, આસન, યાન (ગાડી) વાહન (ઘોડા) વગેરેથી યુક્ત હતા, ઘણા ધન (ગણિમ-રૂપિયા-પૈસા) વાળો, ઘણા રૂપાવાળો, ઘણા સોનાવાળો તથા નીતિયુક્ત વેપારથી ધન કમાનારો હતો. આ આનંદ ગાથાપતિ જન્મ્યા ત્યારથી જૈન નહોતા. પણ ભગવાન મહાવીર સ્વામી મળ્યા પછી શ્રાવક બન્યા છે. જેમ શ્રેણિક રાજા પહેલા જૈન ધર્મી ન હતા પણ બૌદ્ધ ધર્મી હતા. જૈન ધર્મની ઠેકડી ઉડાવતા હતા-એવા અનાડી હતા, પણ સતી ચેલણાના સંગથી ભગવાન મહાવીર જેવા ગુરૂ મળી ગયા. ભગવાનનો ભેટો થયા પછી સાચું સમજાણું. સમજ્યા તો એવું સમજ્યા કે પ્રાણ સાટે ધર્મ પાળતા. કસોટી આવી હશે ત્યારે પ્રાણને હોડમાં મૂકયા પણ ધર્મને હોડમાં ન મૂકયો. તમે બધા બૌદ્ધ ધર્મી તો નથી ને? કેટલા વર્ષોથી જૈન ધર્મ પાળો છો, છતાં શ્રદ્ધા થઈ છે? જૈન ધર્મની શ્રદ્ધા છે પણ ડોલતી ધજા જેવી છે. શ્રેણિક રાજા ભગવાનના સમાગમથી સમકિત પામી ગયા. સમકિતની લહેજત, એનો આનંદ કોઈ ઓર છે. સમકિત શું ચીજ છે? હું તો માનું છું કે છ ખંડના ભોક્તા ચક્રવર્તી ચક્રવર્તીપણામાં જે સુખ આનંદ નથી મેળવતા તેનાથી અધિક આનંદ સમકિતને હોય છે. એક તરફ સમકિતનો લાભ થતો હોય અને બીજી તરફ રાજય મળતું હોય, તો રાજયના લાભ કરતાં સમ્યકૃત્વનો લાભ શ્રેષ્ઠ છે, કારણ કે રાજય તો અલ્પ પરિમિત કાળ માટે છે, અને સમકિતનો લાભ થતાં તે જીવ અક્ષય મોક્ષ સુખને પામે છે. જે રીતે નગરની શોભા દરવાજાથી છે, અને વૃક્ષની સ્થિરતા મૂળથી છે તેમ જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યની શોભા સમ્યગ્ દર્શનથી છે.

સમકિતની વાતો સાંભળીએ ત્યારે મનમાં થાય કે સમકિતની શકિત, તાકાત કેટલી? તેનું જોમ-બળ કેટલું? સમકિત આત્મા જે આનંદ અનુભવતો હોય છે તે આનંદ સંપત્તિવાન નથી અનુભવતો, કારણ કે તેની તૃષ્ણાની આગ બુઝાતી નથી. સમકિતીનો સંસાર સ્વર્ગ જેવો બને છે. તેના ભવનો છેડો નીકળે છે. દુઃખમાંથી સુખ શોધવાની કળા એનામાં આવી જાય છે. સુખમાંથી સુખ તો બધા શોધે છે. તમારા માટે વિચાર કરીએ તો લાગે છે કે તમે સુખમાં પણ સુખ ભોગવી શકતા નથી. તમારા ઘેર ગાડી હોય, બંગલા હોય, વાડી, રસોઈયા, નોકરચાકર હોય છતાં મનમાં બળાપો હોય. સુખ હોવા છતાં વધુ મેળવવાની આશામાં સુખે ભોગવી શકતા નથી, પછી દુઃખમાં સુખ માનવાની વાત જ કયાં! મિથ્યાત્વ જાય એટલે સમકિત આવે. અંધારું જાય એટલે પ્રકાશ આવવાનો છે, તેમ મિથ્યાત્વરૂપ અંધકાર ગયો એટલે સમ્યકૃત્વનો પ્રકાશ આવવાનો છે. ભગવાને કર્મબંધનના પાંચ કારણો બતાવ્યા. મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, અશુભયોગ. મિથ્યાત્વ ગયું પણ હજુ અવિરતી ઉભી છે. કંઈક જીવો બોલે છે અમને સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ છે. હવે અમારે વ્રત પચ્ચકખાણની જરૂર નથી. તો ભગવાને "અવિરતિ" શબ્દ શા માટે આપ્યો? જો માત્ર સમકિતથીની મોક્ષની પ્રાપ્તિ થઈ જતી હોત તો અનુત્તર વિમાનના દેવો જે એકાંત સમકિત છે તેઓ તમારા કરતાં મોક્ષની નજીક

છે તો મોક્ષ જઈ શકત, પણ એવું થતું નથી. તે દેવોને પણ મનુષ્યભવમાં આવીને વિરતિપણાને અંગીકાર કરવું પડે છે. તેમણે મિથ્યાત્વની જડને ઉખેડી નાંખી છે પણ હજી અવિરતિ ઊભી છે અવિરતિ પણ કાંઈ જેવી તેવી નથી. અવિરતિ જીવને સંસારમાં રખડાવે છે. જ્યાં સુધી વિરતિમાં નહિ આવો ત્યાં સુધી આશ્રવનો પ્રવાહ તો ચાલુ રહેવાનો છે. કોઈ માણસ રોજ ૧૦ રૂપિયાનું કરજ કરતો જાય તો દિવસો અને મહિનાઓ જતાં દેવું કેટલું બધું વધી જશે ? તેમ અવિરતિનું દેવું જેવું તેવું નથી. સૌ પ્રથમ મિથ્યાત્વની જડને દૂર કરી સમકિત પામવાની જરૂર છે.

સમ્યક્ત્વનો અર્થ છે નિર્મળ દૃષ્ટિ, સાચી શ્રદ્ધા અને સાચું લક્ષ્ય. સમ્યક્ત્વ એ મુક્તિ મહેલનું પ્રથમ સોપાન છે.

तम्हा कम्मा बीअं जेउमणो दंसणम्भि पजइज्जा ।
दंसणावओ हि सफलाणि हुंति तवनाण चरणाइं ।।

કર્મ રૂપી સેનાને જીતવાની ઇચ્છા રાખતા આત્માએ સમ્યક્ દર્શનમાં પ્રયત્ન કરવો જોઈએ, કારણ કે સમકિત વિના અનંત કર્મોની નિર્જરા થઈ શકતી નથી. સમકિત સહિત કરેલા તપ, જ્ઞાન, ચારિત્ર સફળ થાય છે, માટે સમ્યક્ત્વને માટે પ્રયત્ન કરવો જોઈએ. સમકિત પામ્યા પછી આત્મામાં બળ, તાકાત, પરાક્રમ કેવું આવે છે ! પૂર્વના કર્મોદયથી કોણિક રાજાએ પોતાના પિતા શ્રેણિક રાજાને જેલમાં પૂર્યા. તમે થોડા અસ્વસ્થ થયા. તમારો દીકરો કે કોઈ સંભાળ લેતું નથી તો તમને શું થશે ? (શ્રોતા– અરે, ખેદ થઈ જાય.) દુઃખ થાય. ખેદ કે દુઃખ શા માટે થયું ? આત્માએ સ્વ તરફ દૃષ્ટિ કરી નથી. કર્મની ફિલોસોફી સમજ્યા નથી. જો કર્મનું સ્વરૂપ સમજ્યા હશો તો કર્મનું બાતું જુદું પાડશો, પછી દુઃખ કે ખેદ થશે નહિ, શ્રેણિક રાજાને કેદમાં પૂર્યા એટલે હદ આવી ગઈ. આજે કંઈક સંતાનો એવા જોવા મળે છે કે બાપની મિલકત પચાવીને બેઠા હોય પણ ઘરડા માબાપને બાવા આપતા ન હોય અને છેવટે વૃદ્ધાશ્રમમાં મૂકી આવે. દીકરાને પોતાની પત્ની, બાળકોનું પૂરું થાય છે, અને માબાપનું પૂરું થતું નથી. આ થવામાં દીકરાનો દોષ નહિ પણ કર્મનો દોષ. દીકરાને માબાપ પર આવું વર્તન કરવાની બુદ્ધિ સૂઝે નહિ અને સૂઝી તો કર્મનો દોષ. કોણિકે તો પિતાને જેલમાં પૂર્યા. તમારા સંતાનો જેલમાં તો ન પૂરાવે પણ કદાચ એવો પ્રસંગ બની જાય તો બાપને ગુનેગાર ઠરાવી જેલમાં પૂરાવે છતાં શ્રેણિકની જેમ ઉઘાડા બરડે મીઠાના પાણી છાંટીને ચાબખાના માર તો નહિ પડે ને !

દુઃખમાં પણ સુખ માનનાર રાજા શ્રેણિક : શ્રેણિક રાજાને જેલમાં પુરાવી ખુલ્લા બરડે મીઠાના પાણી છાંટી રોજ ૫૦૦ ચાબૂકના માર મરાવે. તેમાં પણ લંગડી પગે એટલે એક પગ અદ્ધર અને એક પગ નીચે ઊભા રહેવાનું. જો પગ બોંય પડી જાય તો ફરી એકડે એકથી ચાબખાના માર બાવાના. છતાં કષાયનું નામનિશાન નહિ.

કોઈ પર રાગ–દ્વેષ કે વિષમ ભાવ નહીં. કેવી અજબની સમતા, ત્યાં કેવી અતવણી કરી. હે આત્મા! ધન્ય ઘડી ને ધન્ય દિન છે. સત્તામાં પડેલા કર્મો મારે આજે સામેથી ઉદયમાં આવ્યા છે. જો કર્મો ઉદયમાં આવ્યા ન હોત તો મારા કર્મો કેવી રીતે ક્ષય થાત ? કર્મો ખપે નહિ તો ભવના ફેરા જાય નહિ. જન્મમરણ અટકે નહિ. કોણિકનો તો મારા પર કેટલો ઉપકાર છે!

મારે ખાતા ય મસ્તાન : આજે આપણી શી દશા છે? ઉદયમાં લાવવાનો પ્રયત્ન તો કરતા નથી. ઉદયમાં આવતા પહેલા એને અટકાવવાના પ્રયત્નો કરીએ છીએ. માનો કે શરદી થઈ તો તરત દવાખાને પહોંચી જશો. રખે ને મને તાવ ન આવે. તે માટે ઉપચાર કર્યા, પણ દર્દ આવે ત્યારે વિચાર કરો કે હે જીવ! તારા કોઈ પણ જન્મના કર્મો ઉદયમાં આવ્યા છે તો આનંદથી ભોગવી લે. તો તારા કરજમાંથી મુક્ત થઈશ. ઉપવાસ કર્યો ને ખૂબ વસમો લાગ્યો છતાં જો સમભાવ રહે તો એ કર્મો ઉદીરણા દ્વારા ખપી ગયા. પણ સમભાવ રહે તો. શ્રેણિક રાજાને પૂર્વ જન્મનું કર્મ ઉદયમાં આવ્યું. તેથી પુત્ર આ રીતે કષ્ટ આપે છે છતાં સમભાવ! અપૂર્વ આનંદ! આત્માની મસ્તીમાં રહેતા હતા. ભગવંતે સમજાવેલું કર્મના ગણિતનું ચિંતન મગધરાજને આશ્વાસન આપતું હતું. રોજ હંટરના માર મારતા એ મારનારના હાથ દુઃખવા આવ્યા. હાથે કળતર થવા લાગ્યું. તે બેઠા બેઠા પોતાના હાથ દબાવે છે. હવે આ વાત બરાબર સાંભળજો. માત્ર કાનને રંજન નહિ કરતાં હૈયાને રંજન કરજો. માર મારનાર સંત્રીની એ દશા જોઈને માર ખાતા મગધના નાથ ખડખડાટ હસવા લાગ્યા. કારાવાસની પથ્થરની દિવાલોમાં એ અટ્ટહાસના પડઘા પડ્યા. મગધરાજ માર ખાતા હતા તોય મસ્તાન હતા. તેમની નજર મારનાર પર પડી. તેમણે કહ્યું–અરે ભાઈ! મને મારતા તારા હાથ દુઃખવા આવ્યા ને! મહારાજા! તમને મારતા મારા હાથ દુઃખે છે, કળતર થાય છે અને તમને મારું છું ત્યારે તમારા શરીરમાંથી લોહીની ધાર થાય છે, છતાં તમારા મુખ પર આનંદ કેમ છે? આટલી મસ્તી કેમ છે? ભાઈ! તારી તાકાત કેટલી અને મારી તાકાત કેટલી? સાંભળ. તું કોનો સેવક છે? અને હું કોનો સેવક છું? ગમે તેમ તોય તું નાનકડા મગધના નાથ અજાતશત્રુ કોણિકનો સેવક છે. અને હું! **ત્રણ લોકના નાથ તીર્થંકર પરમાત્મા દેવાધિદેવ મહાવીર પ્રભુનો સેવક છું.** મારા ભગવાને મને સમજાવ્યું છે કે એકને એક બે જેવી વાત છે કે જેવું વાવશો તેવું લણવાનું છે. કોઈ પણ ભવમાં બાંધેલા કર્મો વ્યાજ સહિત ભોગવવા પડે છે તેમાં છટકબારી નથી. મારા મહાવીર કેવા બળવાન હતા! છદ્મસ્થ અવસ્થામાં ભરવાડે તેમના કાનમાં ખીલા માર્યા. સંગમે છ છ મહિના સુધી ભયંકર ઉપસર્ગો આપ્યા. તે સમયે ભગવાનની તો એટલી તાકાત હતી કે તેઓ ધારત તો મારનારના ચૂરેચૂરા કરી શકત. જેમણે એક અંગુઠે મેરૂ પર્વત ડોલાવ્યો તો તેમનું બળ કેટલું અજોડ હશે! તેમની શક્તિ તો અથાગ હતી. તે મારનારને શક્તિનો પરચો બતાવી શકત પણ તેમણે પોતાની શક્તિનો ઉપયોગ કર્મ ખપાવવામાં કર્યો પણ કોઈને દુઃખ દેવામાં ન કર્યો. સમતાભાવથી કર્મો ખપાવ્યા.

અંધારી રાતે ખીલા ઠોકાણા, બે પગ વચ્ચે ખીર રંધાણી,
એવા સમતાના ભંડાર પ્રભુ મારે તારા જેવું બનવું છે....

આવા સમતાના સાગર ભગવાને કોઈના દોષ ન જોયા પણ પોતાના કર્મોના દોષ જોયા. તમે કોના સંતાન છો? (શ્રોતા–ભગવાન મહાવીરના) મારા મહાવીરના સંતાન આવા માયકાંગલા કે રોતડીયા હોય? ના....ના વીરના પુત્ર વીર હોય. શિવાજી જ્યારે રાજસિંહાસને બેસતા ત્યારે માતા જીજાબાઈ પડદા પાછળ બેસતી. એક વાર શિવાજી સિંહાસને બેઠા છે, ત્યારે એક સૈનિક રૂપવંતી કન્યા લઈને ત્યાં આવ્યો. તેના મનમાં આનંદ છે, ઉમંગ છે કે આ સુંદર કન્યા રાજાને હરાવીને લઈ આવ્યો છું. તો શિવાજી તે લેશે અને મને કાંઈક બક્ષિસ આપશે. સૈનિક રાજાના ચરણમાં ધરે છે. જીજાબાઈ વિચાર કરે છે કે મારા શિવાજી શું કરશે? તેણે બધી વાત સાંભળી છે. કન્યાને અર્પણ કરે છે ત્યારે શિવાજી શું બોલે છે હે માતા! તું સ્વરૂપવાન અને રૂપવાન છે. તારા પેટે હું જન્મ્યો હોત તો તારા જેવો થાત! આ શબ્દો સાંભળી માતાની છાતી ગજગજ ઉછળવા લાગી. ખરેખર! વીર માતાનો પુત્ર વીર છે. કાયર નથી. સેવકને તો મોટી આશા હતી પણ શિવાજીએ તો હે માતા! કહીને બોલાવી.

શ્રેણિક રાજા મારનારને કહે છે હું ત્રિલોકીનાથ મહાવીરનો સેવક છું. મને માર પડે, લોહીની ધાર વહે, લોહીના બાબડા ભરાય છતાં મને દુઃખ નથી પણ આનંદ છે. કારણ કે મેં ભગવાન મહાવીરનું શરણું લીધું છે. જેના શરણા લઈએ એના જેવા થઈએ. તમે કોના શરણા લીધા છે? પત્નીના, પુત્રના, પૈસાના, પરિવારના ને! (હસાહસ) અહીં અમારી પાસે ચાર શરણા સાંભળો તો તેમાં પણ સંસારના જે કાર્ય કરવા જતા હોય એની સફળતાની આશા હોય. કેટલી તમારી ભૂખ છે? શ્રેણિક રાજા કહે છે મેં ભગવાનનું શરણું લીધું છે પછી મને દુઃખ ક્યાંથી હોય?

શરણું ગ્રહણ કર્યું મેં પ્રભુનું,
હવે મને આધિ અને વ્યાધિ કે ઉપાધિ કોઈ ચિંતા ના રહી (૨)....

ચિંતા કોને હોય? જેને ભગવાનનું શરણું નથી લીધું તેને. લીધું છે તો એમાં તન્મય બન્યો નથી તેને. તમે પણ ભગવાનના શરણાં લો છો ખરા પણ તમારા ભાવમાં સંસાર ભર્યો છે. હવે સંસારનો રાગ છોડો. સંસાર તો કીચડ છે. સંસારના સુખો, વૈભવો, સંપત્તિ બધું કીચડ લાગશે ત્યારે તેમાંથી બહાર નીકળીને શાંતિ મેળવી શકશો. શ્રેણિકે કહ્યું હે ભાઈ! તું કોણિકનો સેવક છે. એનો પગારદાર માણસ છે એટલે મને મારતા તારા હાથ દુઃખે પણ હું ભગવાન મહાવીરનો સેવક છું. મેં એમનું શરણું લીધું છે. એટલે મને મારવા છતાં જીવનમાં મસ્તી છે. "**તું માર મારતાં થાકે પણ હું માર ખાતા ય ન થાકું.**" છે આટલી શ્રદ્ધા તમારા જીવનમાં! આ વાત

હૃદયમાં કોતરી રાખજો. આપણે બધા એ જ ભગવાન મહાવીરના સેવક છીએ. આપણી પણ શ્રદ્ધા એવી હોવી જોઈએ.

આનંદ શ્રાવકને પ્રથમ આનંદ ગાથાપતિ કહ્યો. તેનું કારણ એ છે કે તે ખૂબ ધનાઢ્ય હતો. સ્થાવર અને જંગમ મિલ્કતથી શોભિત હતા. તેમને ત્યાં રસોડું એટલું મોટું ચાલતું હતું કે બધા જમી લે પછી પણ કેટલાય માણસો જમે એટલું બધું વધતું હતું. એટલી ઉદારતાથી રસોઈ કરવામાં આવતી હતી. નોકરચાકર જમે પછી ગરીબ માણસોનું પોષણ થતું, પછી વધે તો ઢોરોના મુખે જતું. આજના જમાનાની તો વાત જ શી કરવી? થોડી રસોઈ વધે એટલે ફ્રીજમાં. તમારી ઉદારતાના મારે શા વખાણ કરવા. કયાં એ જમાનાના ઉદાર દિલી માણસો! કયાં આજની તમારી સંકોચ-વૃત્તિ! તેમના ઘરમાં ઘણા દાસ, દાસી, ગાય, ભેંસ, બળદ, પાડા આદિ પશુધન પણ ઘણું હતું.

આનંદ ગાથાપતિને ત્રણ વિશેષણોથી સંબોધ્યા છે. તે **આઢય** હતા. એટલે મહાન સમૃદ્ધિ વૈભવોથી યુક્ત હતા. તે **દીપ્ત** એટલે દીપક જેવા હતા. આ પૃથ્વી વસુંધરા પૃથ્વી છે. "બહુ રત્ન વસુંધરા." આ વસુંધરા પૃથ્વીમાં રત્નો જેવા ઘણા જીવો પડેલા છે. કુટુંબમાં એક દીકરો હોય તે સારો પાકે તો જીવન ઉજ્જવળ કરે ને કુટુંબને પણ ઉજ્જવળ કરે. તેની પાસે સંપત્તિ ઘણી હોય છતાં જીવનમાં એકદમ સાદાઈ હોય. કુટુંબનું પાલનપોષણ કરતો હોય, છતાં નિરભિમાની હોય. આવા દીકરાને આપણે કુળદીપક કહીએ છીએ તેમ આનંદ ગાથાપતિ ગંભીરતા, ઉદારતા આદિ ગુણોથી સ્વ-પર જીવનમાં પ્રકાશ પાથરનારાં હતા. તેમજ **અપરિભૂત** તેઓ સંપત્તિથી કે માણસોથી કોઈનાથી પરાભવ પામે એવા નહોતા. આનંદ ગાથાપતિ તિલક સમાન હતા. જ્યાં જુઓ ત્યાં આનંદનું દાન તો હોય જ. તે યશોકીર્તિ માટે નહોતા કરતા, પણ એ સમજતા હતા કે પૂર્વના પુણ્યોદયે મળ્યું છે તો હું બીજાને કંઈક આપીને જીવનનું ભાથું બાંધુ. આવા દિલાવર દિલના હતા પણ સંકુચિત ભાવનાવાળા નહોતા. વાણિજ્ય નગરમાં જિતશત્રુ રાજાના રાજ્યમાં આ એક શોભાયમાન વ્યક્તિ હતા. આનંદ ગાથાપતિની વાત સાથે એક ચરિત્ર શરૂ કરવું છે. જેથી બાલજીવોને આનંદ આવે.

પુણ્યસાર ચરિત્ર : ઈંદ્રપુર સમ રળિયામણું ગોપાલપુર અતિસાર
મહેલ મંદિર ને માળિયા, ગઢ ગઢ પોળ પાગાર....

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં પાંચાલ દેશમાં ગોપાલપુર નામનું નગર હતું. આ નગર ઇંદ્રપુર જેવું રળિયામણું ને સોહામણું હતું. તે નગરમાં ચોરાશી ચૌટા અને બાવન બજાર હતા. ઉદ્યાનો, બગીચા લોકોને આનંદ કરવા માટે ક્રીડાંગણો, કૂવા, સરિતા અને મુસાફરોને રહેવા માટે પંથીશાલા આદિથી નગરની શોભા ખૂબ ખ્યાતિ પામેલી હતી. તે નગરના રાજા ખૂબ ન્યાયપ્રિય હતા. રાજા ન્યાયી હોય તો પ્રજા પણ ન્યાયવાન હોય. પહેલાના રાજાઓના ન્યાય એટલે ન્યાય. ન્યાય કરવામાં જરા પણ ઢીલા નહિ, પછી પોતાના માટે હોય કે બીજાને માટે પણ બધાને સરખો ન્યાય.

એક દેશમાં રાજા ખૂબ ન્યાયવાન અને નીતિવાન હતા. એકવાર તે શિકાર કરવા ગયા. સામે ગરીબ છોકરો બેઠો હતો. રાજા શિકાર કરવા ગયા હરણીનો અને થઈ ગયો ગરીબ નિર્દોષ છોકરાનો. ગોળી વાગતા તમરી બાઈને ભોંય પડયો ને મરી ગયો. ગરીબ માતાનો એકનો એક લાડકવાયો દીકરો હતો. આ તો એક દીકરો હતો, કદાચ માતાને પાંચ સાત દીકરા હોય તો પણ માને બધા વ્હાલા હોય છે. દીકરાની મા કાળા પાણીએ રડે છે. તે રસ્તામાંથી પ્રધાન જતો હતો. તેણે આ બાઈને રડતી જોઈ. પૂછે છે બહેન ! તને શું થયું છે ? ભાઈ ! તને શી વાત કરું ? આપણા ગામના રાજાએ મારા એકના એક દીકરાને ગોળીએથી વીંધી નાખ્યો છે.

આ વર્ષમાં અમદાવાદમાં ગોળીથી કેટલા વીંધાઈ ગયા છે ! કંઈક માબાપના લાડકવાયા ચાલ્યા ગયા છે. છતાં પ્રજાનો પોકાર સાંભળનાર કોઈ છે ? પ્રધાને આ બેનની વાત સાંભળી આશ્વાસન આપ્યું ને કહ્યું કે રાજાએ શિકાર કરતા તારા દીકરાને મારી નાંખ્યો છે. આ ન્યાય કચેરીમાં થશે. તું કાલે કચેરીમાં આવજે. હું તને ન્યાય અપાવીશ. બેનના દિલમાં દીકરાના આઘાતનું ભયંકર દુઃખ છે પણ પ્રધાનના શબ્દોથી તેનું દુઃખ હળવું થયું.

બીજે દિવસે રાજસભા ભરાઈ છે. પ્રજા હદ બહાર જામી છે ત્યાં પ્રધાને જાહેર કર્યું કે આજે રાજાએ જે ગુનો કર્યો છે તેનો ન્યાય આપવાનો છે. બધાના મનમાં થયું કે રાજાનો શો ગુનો ! રાજા રાજસભામાં આવ્યા. રાજાને ખબર પડી કે મારા માટે ફરિયાદ આવી છે. રાજા સમજી ગયા. પ્રધાન કહે–મહારાજા ! આપે આ બાઈના છોકરાને ગોળીથી વીંધી નાખ્યો છે ? હા, પ્રધાનજી, હરણીને વીંધતા તેને તીર વાગ્યું છે. તે મરી ગયો છે. તો આ બાઈ તેનો ન્યાય લેવા આવી છે. જે ન્યાય પ્રજાને માટે તે ન્યાય મારા માટે. પ્રજાને જે શિક્ષા તે મને શિક્ષા. આ શબ્દો સાંભળતા આખી સભાની આંખમાં આંસુ પડવા લાગ્યા. રાજા કહે ખરેખર હું ગુનેગાર છું. પ્રધાન ! તું કહે તે શિક્ષા લેવા તૈયાર છું. ફાંસીની કહે તો ફાંસી. આખી જિંદગીની જેલ કહે તો જેલ અને દેશનિકાલ કહે તો તે. તું કહે તે શિક્ષા સ્વીકારવા તૈયાર છું. ન્યાયમાં બે મત ન હોય. આખી સભા સ્થિર થઈ ગઈ. પ્રધાન તે બેનને કહે છે રાજા શિક્ષા માંગે છે. આ ત્રણમાંથી તું જે કહે તે સ્વીકારવા રાજા તૈયાર છે.

આ ન્યાય સાંભળી બેન સજ્જડ થઈ ગઈ. ખરેખર ન્યાય આનું નામ. રાજા બેનના ચરણમાં પડીને કહે છે કે તું કહે તે શિક્ષા ભોગવીશ. આ બાઈ રાજાના માથે હાથ મૂકીને કહે છે મેં મારો એક દીકરો ગુમાવ્યો છે પણ આજે મને બીજો દીકરો મળી ગયો છે. દીકરાના બદલે જે દીકરો મળ્યો તે હવે મારે ગુમાવવો નથી. રાજા કહે મને મારા ગુનાની શિક્ષા ભોગવવા દે. રાજા ! તમે શિક્ષા ભોગવવા તૈયાર થયા ત્યાં તમારી શિક્ષા થઈ ગઈ. હવે કોઈ શિક્ષા આપવી નથી. મને ન્યાય મળી ગયો. આપ

દીક્ષાંયુષી બનીને આ રીતે ન્યાયથી રાજ્ય ચલાવો. રાજા કહે હું શિકાર કરવા ગયો ત્યારે તારો દીકરો મરાયો ને? હવે આજથી પ્રતિજ્ઞા કરું છું કે જીવનમાં કયારે પણ શિકાર નહિ કરું. સર્વ જીવોને અભયદાન આપું છું. ગોપાળપુર નગરમાં આવા ન્યાયી રાજા રાજ્ય કરતા હતા, ત્યારે ગામની જાહોજહાલી ધીકતી હતી. દેશવિદેશના વહાણો તેના બંદરોએ લાંગરતા. આ નગરીના બજારો ખૂબ સમૃદ્ધ હતા, એટલે અનેક વિદેશીઓ અહીં આવીને વસ્તુઓ ખરીદતા, લાવેલી વસ્તુઓ વેચતા અને સારી કમાણી કરતાં. આ નગરમાં રહેનારાઓ તો પોતાની જાતને ધન્ય માનતા પણ વિદેશીઓ પણ આ નગરમાં સહેલ કરવામાં પોતાને ધન્ય માનતા. આવી ગોપાળપુરી નગરી હતી. હવે મુખ્ય પાત્ર કોણ છે તે વાત અવસરે.

અષાડ વદ ૯ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૧૦ : તા. ૧૧-૭-'૮૫

વિશ્વવંદનીય, ત્રૈલોક્ય પ્રકાશક, રાગદ્વેષના વિનાશક એવા ભગવંતના મુખ કમલમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. અનાદિ અનંત કાળથી આ આત્મા સંસારમાં અવિરત ગતિથી પરિભ્રમણ કરી રહ્યો છે. પ્રત્યેક ગતિના પ્રત્યેક ભવમાં જીવે સુખ મેળવવાના અને દુઃખને દૂર કરવાના પ્રયત્નો કર્યા છે, કારણ કે સર્વ જીવોને **सव्वे पाणा पियाउया सुहसाया, दुक्ख पडिकूला**। આયુષ્ય પ્રિય છે. સર્વ જીવો સુખ શાતાના ઇચ્છુક છે. દુઃખ બધાને પ્રતિકૂળ છે. આખું જગત સુખ માટે પ્રયત્ન કરે છે, છતાં જીવનમાં સુખ કે શાંતિ મળતા નથી અને દુઃખનો અંત આવતો નથી. સુખ મેળવવાના તનતોડ પ્રયત્નો કરવા છતાં પરિણામ દુઃખમાં આવીને ઊભું રહે છે. તેનું કારણ ભગવંતે બહુ સુંદર બતાવ્યું છે, જે જીવો માત્ર પોતાના સુખની ચિંતા કરે છે. તે જીવો સદા દુઃખને પામે છે, અને જે જીવો બીજાના સુખની ચિંતા કરે છે. તે જીવો સદા સુખ મેળવે છે.

આ વાત ઉપર આપણા જીવનનો વિચાર કરીએ. જીવ જ્યાં ગયો ત્યાં આપણા સુખને, આપણી અનુકૂળતાને આપણે મુખ્ય બનાવી છે. ગાડીમાં બેઠા ત્યાં તમારી પોતાની જગાનું રીઝર્વેશન કરી તેને મુખ્ય બનાવી. કોઈને ત્યાં જમવા ગયો તો ભોજનની ચિંતા પહેલી કરી. વ્યાખ્યાન સાંભળવા આવ્યા તોય તમને જગ્યા મળી જાય એટલે બસ, પછી બીજાનું જે થવું હોય તે થાય. તુચ્છ વિચારોએ સ્વાર્થ કેન્દ્રિત જીવન જીવવા પ્રેર્યા. આ જીવનપદ્ધતિ એ આપણા સમસ્ત દુઃખોનું મૂળ! અને સમસ્ત પાપોનું ઉદ્ગમસ્થાન! આવી જીવનપદ્ધતિ આપણા જીવનમાં પાપોને શી રીતે ખેંચી લાવે? જીવનને દુઃખમય શી રીતે બનાવે છે. તે સાંભળો. માની લો કે તમે રસ્તેથી ચાલ્યા જાવ છો. રસ્તામાં તમને કકડીને ભૂખ લાગી છે. લારીમાંથી ત્રણ ચાર કેળા લીધા. તેની છાલ ઉતારીને કેળા ખાધા અને છાલ રસ્તા પર ફેંકી દીધી. સાથે એ વિચાર કર્યો કે હું આ છાલ રસ્તામાં નાખું છું તો તેના પર કોઈ યુવાનનો પગ આવી જાય અને લપસી જવાથી ઊંધા પડે ત્યાં અચાનક મોટર આવી જાય અને એક્સિડન્ટ થઈ જાય. છેવટે તેના પ્રાણ

ચાલ્યા જાય તો તેના કુટુંબનું શું થશે? તે સાવ નિરાધાર બની જશે. મામૂલી ભૂલે પરિણામ ભયંકર. આવી બાબતમાં તમે બીજાની ચિંતા કરતા નથી. માત્ર પોતાની ચિંતા કરી છે. આવી માત્ર સ્વાર્થભરી વિચારણા જીવને સુખથી વધુ ને વધુ દૂર રાખે છે. જે જીવો બીજાની ચિંતા કરે છે એટલે બીજાનું અહિત ન થાય પણ બીજા જીવો પણ કેમ સુખ પામે તે પોતે પણ સુખ મેળવી શકે છે.

આનંદ ગાથાપતિનું જીવન એવું હતું. તે પોતાની સાથે પરની ચિંતા કરતા હતા. હું સુખી છું તો બીજા જીવોને પણ સુખ કેમ મળે તે તેમની ભાવના હતી. તે "અપરિભૂએ" કોઈનાથી પરાભવ પામે તેવા ન હતા, તેમજ તે મેઢીભૂત હતા. આનંદ ગાથાપતિને મેઢીભૂત શા માટે કહ્યા? તમારા આખા મકાનનો ભાર, આધાર પીઢીયા છે તે પીઢીયા આખા ઘરનો ભાર ઝીલે છે તેના આધારે ઘર ટકે છે તેમ આનંદ શ્રાવક મેઢીભૂત હતા. તેઓ કુટુંબના પરિવારના આધારભૂત હતા. બધાના સલાહકાર હતા. તેઓ સંપત્તિથી, બુદ્ધિથી, બળથી, કુટુંબથી કોઈનાથી પરાભવ પામે તેવા ન હતા. ભલે તેઓ શરૂઆતમાં હજુ સમકિત પામ્યા નથી, પણ તેમનું મિથ્યાત્વ મંદ પડી ગયું હતું, તેથી તેમનું જીવન ઉજ્જવળ અને નિર્મળ હતું. સમકિત પામતા પહેલા તેના ગુણો આવવા લાગે. આત્મા અનંતીકાળ અચરમાવર્તકાળમાં રહ્યો છે. અચરમાવર્તકાળ કોને કહેવાય? કયા જીવોને હોય? અચરમાવર્તકાળ એટલે અનાદિ અનંત પુદ્ગલ પરાવર્તનકાળ. એક પુદ્ગલપરાવર્તનમાં અનંતા કાળચક્ર વહી જાય. આવા અનંતા પુદ્ગલપરાવર્તનકાળ એટલે અચરમાવર્તકાળ. પહેલા ગુણઠાણે રહેલા અને નિગોદના જીવોને આ કાળ હોય. આ કાળમાં જીવ પર કર્મમેલનું જોર એટલું બધું હોય છે કે એને સમ્યક્ ધર્મરૂપી પથ્યની ઈચ્છા થતી નથી, અને પાપરૂપી કુપથ્ય ઉપર અરૂચી થતી નથી. બાહ્ય ભાવથી ભૌતિક લાલચોથી પ્રેરાઈને કોઈ કોઈ વાર ધર્મક્રિયાઓ કરે ખરા પણ તે મોક્ષના હેતુથી નહિ, કર્મક્ષય કરવા માટે નહિ, પણ ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે. મોક્ષનો શુદ્ધ આશય મૂળમાં ન હોવાથી એ ક્રિયાઓ મોહના ઉદયથી થતી હોવાથી એ ક્રિયાઓ મોક્ષ સાધક બનતી નથી.

આપણે ચરમાવર્તકાળ વિષે સમજવું છે. ચરમાવર્તકાળ એટલે ધર્મયૌવનકાળ. જીવ ચરમાવર્તકાળમાં આવ્યો એટલે ધર્મનો વેપારી બની ગયો. ચરમાવર્તકાળ એટલે આત્મ ઉત્થાનનો અપૂર્વ અવસર. જીવ આ કાળમાં આવ્યો એટલે એનો સંસારમાં ૧ કોડાકોડી સાગરોપમ કાળ બાકી રહ્યો. એક કોડાકોડ સાગરોપમથી વધુ કાળ બાકી હોય ત્યાં સુધી યથા પ્રવૃત્તિકરણ ન કરે ચરમાવર્તમાં આવેલા જીવને સંસારવર્ધક ક્રિયાઓ પ્રત્યે, આરંભ સમારંભ પ્રત્યે, વિષયભોગો પ્રત્યે થોડો અણગમો હોય છે. ધર્મ પ્રત્યેના રાગના કારણે ભોગો નિરસ લાગે છે. પાપક્રિયાઓ તરફ સહજ અણગમો હોય છે. આ કાળમાં આવ્યા પછી જીવને સંતોના સમાગમ વગેરે નિમિત્તોના બળે ઉત્તરોત્તર આત્મવિકાસ થતો રહે છે. ભવ અને ભોગો તરફ વધુ ને વધુ ઉદાસીન ભાવ

વધતો જાય છે. દેવ–ગુરૂ–ધર્મ તરફ રાગ વધતો જાય છે. જન્મ, જરા, મરણ, રોગાદિ દુઃખોથી નિરંતર સળગતા આ સંસાર દાવાનળમાંથી બહાર નીકળવાનું મન થાય છે. આ ચરમાવર્તમાં જીવને ધર્મરૂપી દવા લાગુ પડે છે અને પાપ રૂપી કુપથ્ય ત્યાગ કરવાનું મન થાય છે. આત્મા જડ તરફથી ચેતન બાજુ વળતો જાય છે જડ કરતાં ચેતનને વધુ મહત્ત્વ આપતો થાય છે.

જીવાત્માએ સંસારમાં ૮૪ લાખ જીવાયોનીઓમાં અનંતીવાર જન્મમરણ કરીને અનંતા પુદ્ગલ પરાવર્તનો પ્રસાર કર્યા છે. જ્યારે જીવને મોક્ષમાં જવા માટે ફક્ત છેલ્લો એક પુદ્ગલ પરાવર્તનનો કાળ બાકી રહે તેને ચરમાવર્ત કહેવાય છે. જો કે એક પુદ્ગલ પરાવર્તનનો કાળ એ કાંઈ નાનોસૂનો કાળ નથી. મોટો જંગી કાળ છે, પણ જીવાત્માએ અનંતા અનંતા પુદ્ગલ પરાવર્તનો કર્યા. તેની અપેક્ષાએ એક પુદ્ગલ પરાવર્તનનો કાળ એક સમય જેટલો કહેવાય. ભવ્ય આત્માને આ ચરમાવર્તકાળ પ્રાપ્ત થાય. એક પુદ્ગલ પરાવર્તનમાં જે જીવ અવશ્ય મોક્ષે જવાનો હોય તેને આ ચરમાવર્તકાળની પ્રાપ્તિ થાય. આ કાળ સ્થિતિ પાકયા સિવાય તો બીજા બધા સેંકડો કારણો કે પુરૂષાર્થ કામ લાગતા નથી. જીવ અને ઔદારિક વર્ગણાઓના સંબંધથી આ પુદ્ગલ પરાવર્તન બને છે. જીવને ગ્રહણ કરવા યોગ્ય આઠ વર્ગણાઓ આ ચૌદ રાજલોકમાં પડી છે તે આઠ વર્ગણા કઈ? બરાબર છે ? સાંભળો. ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, આહારક વર્ગણા, તેજસ વર્ગણા, શ્વાસોશ્વાસ વર્ગણા, ભાષા વર્ગણા, મનો વર્ગણા કાર્મણ વર્ગણા યાદ રાખજો. આપણે સંસાર કાપવો છે. આપ બધા બરાબર સમજજો. આપ બધા વ્યાખ્યાનમાં શા માટે આવો છો ? અત્યારે આ સંઘમાં જૈનોની સંખ્યા કેટલી હશે ? પણ જેને આત્માની ભૂખ લાગી છે, સંસાર કટ કરવાની ભાવના જાગી છે અને અનાદિ અનંત કાળનું રખડવાપણું છોડવું છે તે અહીં આવે છે. બીજા આવતા નથી. ધંધા, વેપાર, રોજગાર છોડી, વહેલા ઉઠીને પ્રમાદ છોડીને અહીં આવો છો તો કંઈક લઈને જાવ. કંઈક પામીને જાવ. ચરમાવર્તમાં આવેલો જીવ એક પુદ્ગલ પરાવર્તનકાળ રહે, તેથી વધુ કાળ ન રહે, પછી તો મોક્ષે જાય.

પુદ્ગલ પરાવર્તન બે પ્રકારના છે. સુક્ષ્મ પુદ્ગલ પરાવર્તન અને બાદર પુદ્ગલ પરાવર્તન. બંને પરાવર્તન દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ભાવથી આ ચાર પ્રકારે બતાવ્યા.

(૧) દ્રવ્યથી : જગતમાં જેટલા દ્રવ્યો છે તે બધા દ્રવ્ય પુદ્ગલ ઔદારિકપણે તથા વૈક્રિયપણે યાવત્ કાર્મણપણે અનુક્રમે પૂરા કરે તેને **દ્રવ્યથી સુક્ષ્મ પુદ્ગલ પરાવર્તન કહેવાય. (૨) ક્ષેત્રથી:** જે અનુક્રમે આકાશ પ્રદેશે મરીમરીને પૂરા કરે, ચૌદ રાજલોકમાં અનાનુપૂર્વીએ મરે તે લેખામાં ન ગણીએ અને પ્રથમ પ્રદેશને અડતો મરે તે લેખે ગણીએ એમ ત્રણ ચાર યાવત્ દશ આદિ લઈને આખો લોક પૂરો કરે તેને **ક્ષેત્રથી સુક્ષ્મ પુદ્ગલ પરાવર્તન કહીએ. (૩) કાળથી :** અનુક્રમે કાળચક્રને પહેલા સમયે મરે, તે લેખે ગણીએ અને કાળચક્રને બીજે, ત્રીજે, ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે તથા અનેરે કાળચક્રે મરે તે લેખે ન ગણીએ, એ રીતે અનુક્રમે કાળ-

ચક્રને બીજે સમયે એમ કાળચક્રને ત્રીજે સમયે એમ આખા કાળચક્રને સ્પર્શે, સમય સમય લગતો લગતો મરે તેને **કાળથી સુક્ષ્મ પુદ્ગલ પરાવર્તન કહીએ. (૪) ભાવથી :** જે લગતે લગતે પરિણામે મરે, તે એકથી બે યાવત્ દશ એમ અસંખ્યાતા પરિણામે મરે તે લેખે ગણીએ અને અનાનુપૂર્વીએ મરે તે લેખે ન ગણીએ, એમ અસંખ્યાતા પરિણામે કરી આખો લોક પૂરો સ્પર્શે તેને **ભાવથી સુક્ષ્મ પુદ્ગલ પરાવર્તન કહીએ.**

હવે બાદર પુદ્ગલ પરાવર્તન (૧) **દ્રવ્યથી :** જે સાત પ્રકારે પુદ્ગલ લઈ લઈને મૂકતા પૂરા કરે તેને **દ્રવ્યથી બાદર પુદ્ગલ પરાવર્તન** કહીએ. **(૨) ક્ષેત્રથી :** જે આકાશના પ્રથમ પ્રદેશે મરે તે લેખે ગણીએ, ત્યાર પછી ત્રીજે, પાંચમે, સાતમે, નવમે, અગિયારમે, તેરમે ઉપજે તથા ચવે એમ આખો લોક સમસ્ત પૂરે, આકાશ પ્રદેશે ભરે આગળપાછળ કરીને પૂરા કરે તેને **ક્ષેત્રથી બાદર પુદ્ગલ પરાવર્તન** કહીએ. **(૩) કાળથી :** જે કાળચક્રને પહેલા સમયે મરે તે લેખે ગણીએ તેથી બીજો કાળચક્ર તેના બીજે સમય તથા પાંચમા સમય પછી છઠ્ઠો યાવત્ અગિયારમા એમ અનુક્રમે કરી કાળચક્રના જેટલા સમય હોય તેટલા સમય મરણ કરી ફરસે તથા અનેરે કાળચક્રે મરે તેને **કાળથી બાદર પુદ્ગલ પરાવર્તન** કહીએ. **(૪) ભાવથી :** જે જીવના અસંખ્યાતા પરિણામ છે તે પરિણામે કરી મરે. આઘાપાછા થઈને અસંખ્યાતા પૂરા કરે તે કેમ ? કયારે પ્રથમ પરિણામે, ત્રીજે, પાંચમે, સાતમે એમ સઘળા પરિણામ પૂરા કરે તેને **ભાવથી બાદર પુદ્ગલ પરાવર્તન** કહેવાય.

આપણે જે આઠ વર્ગણાઓ બતાવી તેમાંથી આહારક વર્ગણાને છોડી દેવાની. કારણ કે આહારક શરીર તો આખા ભવચક્રમાં જીવ વધુમાં વધુ ચાર વાર કરે. તે કયારે કરે ? ચૌદ પૂર્વધારી સાધુને કોઈ શંકા થાય તો તેનું સમાધાન કરવા એક હાથ અથવા મૂઢા હાથનું પૂતળું બનાવીને મહાવિદેહમાં સીમંધરસ્વામી પાસે જાય. ત્યાં જઈને ભગવાન પાસે શંકાનું સમાધાન કરે ને પછી પાછો આવે. આ રીતે આહારક શરીર આખા સંસાર કાળમાં વધુમાં વધુ ચાર વાર કરે એટલે આહારક વર્ગણા પણ વધુમાં વધુ ચાર વાર ગ્રહણ થાય છે, તેથી આહારક વર્ગણાના સમસ્ત પુદ્ગલો જીવથી ગ્રહણ થતાં નથી. માટે એને વર્જી દીધી છે. આહારક વર્ગણાને છોડીને બાકીની સાતે વર્ગણાઓના ચૌદરાજવર્તી સમસ્ત પુદ્ગલોને જીવ જ્યારે ગ્રહણ કરે ને મૂકે ત્યારે સ્થૂલથી (બાદર) એક પુદ્ગલ પરાવર્તન કાળ થયો.

એક પુદ્ગલ પરાવર્તન કાળમાં તો અનંતા કાળચક્રો વીતી જાય. એક કાળચક્ર એટલે ૨૦ કોડાકોડી સાગરોપમ. દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ. એક પલ્યોપમના અસંખ્યાતા વર્ષો. અસંખ્યાતા વર્ષો એટલે મનુષ્યની ૧૦૦-૧૦૦ વર્ષની જિંદગીઓ તો કરોડો, અબજોથી પણ વધુ થાય. દેવાનુપ્રિયો ! સમજો. એક પુદ્ગલ

પરાવર્તનનો કાળ પણ કેટલો બધો જંગી છે! આપણો આત્મા ભૂતકાળમાં આવા ૧૦-૧૫ નહિ, સો-બસો નહિ, પાંચ-પચ્ચીસ હજાર નહિ, પચાસ લાખ નહિ..... સંખ્યાતા, અસંખ્યાતા નહિ પણ અનંતા પુદ્ગલ પરાવર્તનો આ સંસારમાં ભટકી-ભટકીને, અનંતા શારીરિક, માનસિક દુઃખો, ત્રાસો ભોગવી ભોગવીને આવ્યો છે. અનંતી વાર નરક નિગોદમાં, પશુપક્ષીમાં, ત્રસ, સ્થાવરમાં ભયંકર જન્મમરણના, ભૂખ, તરસના, ટાઢ-તડકાના છેદન-ભેદનના દુઃખો વેઠયા છે. હવે આ ચરમાવર્તકાળમાં આવ્યા પછી જો આત્મા ધર્મપુરૂષાર્થ માટે કટિબદ્ધ બને, વિષયો પ્રત્યે વિરાગ કેળવે, ક્રોધાદિ કષાયનો નિગ્રહ કરે, ધન-સંપત્તિ, પરિવારનો મોહ છોડે અને મહાન પુણ્યોદયે મળેલા ગુણોના સાગર, વીતરાગદેવ, પંચમહાવ્રતધારી ગુરૂદેવો અને સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મની આરાધના કરે તો આ ભવ સમુદ્રથી પાર ઉતરી જાય. આપણો આત્મા ચરમાવર્તકાળમાં આવ્યો છે કે નહિ? તે કેવી રીતે ખબર પડે? તેના નિશાન શું? જીવ ચરમાવર્તમાં આવ્યો છે તે સમજવા માટે ત્રણ નિશાનીઓ બતાવી છે. તાવ માપવા માટે થર્મોમીટર જોઈએ તેમ અહીં આપણે ચરમાવર્તકાળમાં આવ્યા છે કે નહિ તે માપવા માટે ત્રણ નિશાની બતાવી છે.

(૧) દુઃખી જીવો પ્રત્યે અનુકંપા (૨) ગુણવાન પ્રત્યે અદ્વેષ (૩) સર્વત્ર ઔચિત્યનું પાલન એટલે ઉચિત વ્યવહાર. જે આત્માઓ ચરમાવર્તમાં આવ્યા હોય તેઓને દુઃખી જીવોને જોઈને કરૂણા આવે. દયાથી તેમનું હૃદય દ્રવી જાય. તેઓ એવા સદ્ભાગી અને પુણ્યવાન હોય કે તેમના આંગણે આવેલો ભિખારી પણ પાછો ન જાય. તેમના હૃદયમાં કરૂણાના ઝરણા સદાને માટે વહેતા રહે. એ બંધ ન થાય. દા. ત. ગામમાં જાહેર થયું છે કે આ ભાઈના ઘેર જે જાય છે તે પાછો આવતો નથી. વાત ફેલાતાં તેના ઘેર ગરીબોના ટોળેટોળા ઉભરાવા લાગ્યા. ગરીબ ભિખારીનો પાર નહિ. એટલા બધા આવવા લાગ્યા. તે બધાને ખૂબ ભાવથી દેવા લાગ્યા. ઉચ્ચ ભાવનાથી આપી રહ્યા છે. કરૂણા એટલે સુધી કે દેતા દેતા વસ્તુ ખૂટી ગઈ. દાન દેતા પાછું વાળીને જોયું નહિ. અરે પૈસા-ઘરબાર દઈ દીધુ અને તદ્દન ખૂટી ગયું છતાં જરા પણ અકળાય નહિ. ખેદ કે કંટાળો નહિ. લોકોનો ધસારો વધતો જાય તો તેમનો તિરસ્કાર કે અપમાન નહિ. કોઈ ખરાબ કટુ શબ્દ બોલવાની વાત નહિ. તેમને બધાને હાથ જોડીને કહે – ભાઈઓ! માફ કરો. આજે મારી પાસે તમને આપવાની વસ્તુઓ નથી. મને મળશે ત્યારે આપીશ. આટલી તો નમ્રતા બતાવે. વિનય, વિવેક, કરૂણા, દયા બતાવે પણ તેમને હડધૂત ન કરે. આટલું દાન દે છતાં નામ માત્ર અભિમાન નહિ. દેતાં દેતાં ખૂટી ગયું તો ખેદ નહિ. કરૂણા તો કેટલી કરૂણા! ચરમાવર્તમાં આવેલા જીવોને દુઃખી જીવો પ્રત્યે હમદર્દી, દિલાસો હોય. બીજાના દુઃખ પ્રત્યે ઉપેક્ષા ન કરે. બીજાના દુઃખે દુઃખી રહે અને બને તો દુઃખ દૂર કરવાની ઇચ્છા રાખે.

દિલ્હી શહેરમાં હુમાયુ રાજા રાજ્ય કરતા હતા. એક વાર હુમાયુએ દુશ્મન રાજા

ઉપર આક્રમણ કર્યું. સામા રાજાનો પરાજય કર્યો, અને હુમાયુનો વિજય થયો. હુમાયુએ સામા રાજાના ૯૦૦૦ સૈનિકોને પકડી લીધા. એક તો તે રાજા હારી ગયા, તેના ઘરબાર લૂંટાઈ ગયા. બધું ફનાફના થઈ ગયું, અને ઉપરથી ૯૦૦૦ સૈનિકોને કેદ કર્યા. તે બધા કેદીઓને દૂર દૂર પરદેશમાં લઈ જઈ વેચવાના અથવા તો તેમને એવા જંગલમાં મૂકી દેવા કે જ્યાં વાઘ, વરૂ, સિંહ સિવાય કોઈ હોય નહિ. દાઢમ તોડીને ખાય તેમ આ કેદીઓ જીવતા જંગલી જનવરોના મુખમાં ચવાઈ જાય. શેરડી ચીચોડામાં પીલાય તેમ વાઘ-સિંહની દાઢમાં પીસાઈ જાય. કેટલી ક્રૂર પ્રકૃતિ! ધન અને સત્તાના લોભે માનવી કેટલા પાપ કરે છે! તેને એ વિચાર નથી આવતો કે આ પાપના કટુ ફળ મારે કેવા ભોગવવા પડશે! હુમાયુએ પોતાના અતિ વિશ્વાસુ માણસને આ કેદીઓને લઈ જવા માટે સોંપ્યા, અને તેમને રીબાવી રીબાવીને વેચવા માટે આજ્ઞા કરી.

પેલો માણસ તો રાજાની આજ્ઞા પ્રમાણે કેદીઓને લઈને જાય છે. પગે ચાલીને જવાનું હતું. ચાલતાં ચાલતાં કેદીઓને તરસ લાગી. પાણી માંગે છે તો પાણીના બદલે પ્રહાર પડે છે. ભૂખ લાગે તો ખાવાનું ન આપે, પણ ચાબુકના માર મારે. ચાલતાં થાકી જાય. ભૂખ્યા, તરસ્યા કેવી રીતે ચલાય? ચાલી ન શકે તો પીઠ પર કોરડા વડે માર મારે. ઉપાડી ન શકાય તેટલો ભાર તેમના પર નાંખે. માર સિવાય વાત નહિ. બિચારાના મનમાં થાય કે આ કરતાં તલવારના એક ઘાએ મારી નાંખ્યા હોત તો સારું. આ તો જીવતાં છતાં મરેલા જેવી દશા છે. બધાની આંખમાંથી ચોધારા આંસુ પડે છે, પણ ત્યાં કોણ તેમની દયા કરે? બધા રડતી આંખે લથડિયા ખાતા ખાતા ચાલતા હતા. મનુષ્યનું જીવન મળવા છતાં દશા પશુ જેવી થઈ છે.

એક દિવસ એક ગામમાં પડાવ નાંખ્યો. તે ગામમાં *ભેરૂશા નામનો જૈન મંત્રી* હતો. આ કેદીઓનો ત્રાસ ગામના લોકોએ જોયો. બધાના મનમાં અરેકાર થઈ ગયો. કેટલો જુલ્મ! કેટલો ત્રાસ! આ વાત ફેલાતાં ફેલાતાં એ ગામનો ભેરૂશા નામનો જૈન મંત્રી (પ્રમુખ) હતો તેને આ સમાચાર મળ્યા. સંઘના પ્રમુખ કોને કહેવાય? જેના રોમરોમમાં દયા હોય, કરૂણા હોય, અનુકંપા હોય, પોતાનું સર્વસ્વ લૂંટાઈ જાય તો લૂંટાઈ જવા દે પણ ધર્મમાં આંચ ન આવવા દે. તે પોતાની સામે અત્યાચાર, અનાચાર થતાં જોઈ ન શકે. આ ભેરૂશા મંત્રી ખૂબ દયાળુ અને કરૂણાવંત છે, તેમને આ વાતની ખબર પડી એટલે કેદીઓ જે છાવણીમાં હતા ત્યાં આવ્યા. હુમાયુના માણસને મળ્યો. તેમની સાથેની વાતચીત ઉપરથી ખબર પડી ગઈ. આ બિચારા કેદીઓ પરદેશમાં કમોતે મરશે? ના....ના.... મારા પ્રાણના ભોગે પણ આ બધાને બચાવવા જોઈએ.

કિમિયાગર ભેરૂશા : તરત એ હુમાયુના માણસને મળ્યો, અને કહ્યું તું ત્રણ દિવસ ધીરજ રાખજે. હું આવું પછી તારે અહીંથી રવાના થવું. તે પહેલા નહિ

જવાનું. તમારા બધાનો ત્રણ દિવસનો બાકીપીકીનો બધો બર્ચો હું આપીશ. હુમાયુના નોકરો કહે–ભલે. ભેરૂશા આટલી કબૂલાત કરાવી મારતે ઘોડે દિલ્હી પહોંચ્યા. તે સમયે પ્લેન કે ટ્રેઈન ન હતા. દિલ્હી જઈને હુમાયુને સલામ ભરી. નમસ્તે કરી તેમના ચરણમાં કિંમતી ઝવેરાતનો થાળ ધર્યો, રાજાને વશ કરવા નજરાણું ભેટ ધર્યું. હુમાયુએ આ કિંમતી રત્નો જોયા. ભેરૂશાની નમ્રતા, તેમનો વિનય, વિવેક, બોલવાની મીઠાશ બધું જોઈને રાજા પ્રસન્ન થયા, અને ભેરૂશાને કહ્યું માંગ, માંગ, માંગે તે આપું. માંગવાનો મોકો બરાબર મળ્યો છે. આવા સમયે તમને કોઈ કહે કે માંગ માંગ માંગે તે આપું. તો તમે શું માંગો ? રાજન્ ! આપ મને માંગવાનું કહો છો તો હું એટલું જ માંગુ છું કે આપ મને આ કોરા કાગળ પર સહી કરી આપો. આપ મારા પર વિશ્વાસ રાખજો કે તેનો ઉપયોગ એવો નહિ થાય કે તમારું નામ બદનામ થાય. તેવો દુરૂપયોગ નહિ થાય. હું વિશ્વાસઘાત નહિ કરું. આ સહીનો ઉપયોગ આપનું ગૌરવ વધારવામાં થશે. ભેરૂશાએ હુમાયુની પાસે જઈને કોરા કાગળમાં સહી કરાવી લીધી. શેઠની પ્રમાણિકતા, વિનય, નમ્રતા, જોઈને હુમાયુએ સહી કરી આપી, પછી પૂછતા નથી કે આ સહી તું શા માટે કરાવે છે ? શેની કરાવે છે ? ભેરૂશા પર કેટલો વિશ્વાસ હશે ! તમારા સંસારમાં આજે બાપને દીકરા પર અને દીકરાને બાપ પર વિશ્વાસ નથી. જેને તમે તમારી અર્ધાંગના કહો તે પત્ની પણ આ રીતે સહી કરી આપે ખરી ? ના. કરે તો તરત પૂછશે કે આ સહી શા માટે કરાવો છો ? તેને પણ તમારા પર વિશ્વાસ નથી. આ તમારો સળગતો સંસાર !

બંધનથી મુક્તિ : હુમાયુને ભેરૂશા પર કેટલો વિશ્વાસ હશે કે સહી કરી આપી. એટલું પૂછયું પણ નહિ તમે સહી શા માટે કરાવો છો ? ભેરૂશા એ કાગળ લઈને તરત રવાના થયા. મારતે ઘોડે પોતાના ગામમાં પહોંચી ગયા. સહી કરેલા કાગળ ઉપર લખી નાંખ્યું કે " ૯૦૦૦ કેદીઓને તાત્કાલિક છોડી દો. " હુમાયુની સહીના બરાબર ઉપરના ભાગમાં લખ્યું. ભેરૂશાએ જઈને એ કાગળ હુમાયુના માણસને બતાવ્યો, તે માણસે કહ્યું જો રાજાની સહી હોય તો મારે રાખવાની શી જરૂર ? ૯૦૦૦ કેદીઓને મુક્ત કરી દીધા. જે કેદીઓને ખાવાપીવા મળતું ન હતું, માર અને પ્રહારો મળતા હતા, પશુની જેમ બોજો ઉપડાવતા હતા. આ બધા ત્રાસમાંથી તે કેદીઓને દુઃખમુક્ત કર્યા ત્યારે તેઓએ આશીર્વાદની કેવી વર્ષા વહાવી હશે ! આશીર્વાદ માંગે ન મળે. બધા કેદીઓને છોડયા ત્યારે ભેરૂશા કહે છે મારા ભાઈઓ ! તમને અત્યારે છૂટકારો મળ્યો તે પ્રતાપ મહારાજા હુમાયુનો છે. આ કાગળમાં તેમની સહી છે. તેમને આપ બધા પર દયા આવી. કરૂણા આવી એટલે આપ બધાને છોડી દીધા છે. બધા કેદીઓ બંધનથી મુક્ત થયા એટલે નાચવા ને કૂદવા લાગ્યા, અને બોલ્યા–મહારાજા ! દીર્ઘાયુષી બનો. તેમના પર આશીર્વચનોનો વરસાદ વરસાવવા લાગ્યા. બધા કેદીઓ ખુશ થતાં પોતાના ઘેર ચાલ્યા ગયા.

પોતાના જાનને કુરબાન કરવા તૈયાર થયેલો ભેરૂશા : કેદીઓને મુક્ત કર્યા બાદ ભેરૂશા સહીવાળો કાગળ અને તલવાર લઈને ઘોડા પર બેસી દિલ્હી પહોંચ્યો. જઈને હુમાયુને કહે છે નામવર! આપ આ તલવાર મારા પર ચલાવો. તલવારના ઝાટકે મારું માથું ઉડાવી દો. કેમ ભાઈ! પણ છે શું? શા માટે તલવાર ડોક પર ચલાવવાની કહો છો? મેં આપનો ગુનો કર્યો છે. હું આપનો ગુનેગાર છું. માટે આપ મારા પર તલવાર ચલાવો. કોરા કાગળ પર મેં આપની સહી કરાવી. ૯૦૦૦ કેદીઓનો ત્રાસ હું જોઈ શકતો નહોતો. તેમનું દુઃખ મારાથી જોવાતું નહોતું. તમારી સહીનો ઉપયોગ મેં એ ૯૦૦૦ કેદીઓને મુક્ત કરવામાં કર્યો છે. મારા એકના જાનની કુરબાની પાછળ ૯૦૦૦ સૈનિકોના જીવન જો બચી જતાં હોય તો તેનાથી વધારે મારા જીવનનો સદુપયોગ શું હોઈ શકે! આનું નામ ધર્મ પામ્યા કહેવાય. આનું નામ કરૂણા! પણ રાજન્! મને એક વાત કહેવા દો. તે કેદીઓને મુક્ત કર્યા ત્યારે મેં આપનું નામ જાહેર કર્યું હતું કે આપ બધાને જો જીવતદાન મળતું હોય તો તે બધો પ્રતાપ હુમાયુનો છે. હુમાયુ રાજા તમને બધાને કાયમ માટે મુક્ત કરે છે. એમ કહી સહીવાળો પત્ર વાંચવા આપ્યો. તે સમયે તે કેદીઓ એવા હરખઘેલા બની ગયા. તમારું નામ લઈને આનંદથી નાચ્યા. તમારા ગુણગ્રામ ગાયા, અને આશીર્વાદ વરસાવ્યા. તે સમયે તેમનો જે આનંદ હતો તેનું વર્ણન મારાથી થાય તેમ નથી. એમ કહેતા તેમની આંખમાંથી આંસુ આવી ગયા.

આ સાંભળતા હુમાયુ તો સ્તબ્ધ બની ગયો. મંત્રીની કેટલી કરૂણા અને ભવ્ય ભાવના! પોતે કેદીઓને છોડાવ્યા છે અને તેનો યશ મને આપે છે. હું તો કાંઈ જાણતો નથી. મારા નામે બીજાઓને અભયદાન આપ્યું છે. ભેરૂશા! તમને મારા કોટી કોટી ધન્યવાદ છે. પોતાના હાથે પોતાના દેહને મૃત્યુના મુખમાં નાખી બીજાના જીવન બચાવવા નીકળેલા વણિકની ખુમારી જોતાં રાજા તેના પર આફરીન પોકારી ગયો. ધન્ય છે આ ભારતની ભૂમિને! ધન્ય છે તારી માતાને કે આવા સુપુત્રને જન્મ આપ્યો! હુમાયુ સિંહાસન પરથી ઉતરી ગયો અને ભેરૂશાને હર્ષાશ્રુ સાથે ભેટી પડયો. આનું નામ કરૂણા. દુઃખી જીવો પ્રત્યે અનુકંપા. ચરમાવર્તમાં આવેલા જીવોની અનુકંપા આવી હોય. દુઃખ આવે તો અકળાય નહિ. ગુસ્સો ન કરે. પોતાના દેહના ભોગે પણ બીજા જીવોની કરૂણા કરે. બીજે બોલ અવસરે વિચારીશું.

ચરિત્ર : પાંચાલ દેશમાં ગોપાલપુર નગરમાં રાજા ખૂબ ન્યાયી હતા. એ નગરમાં પુરંદર નામના ધનાઢય શેઠ હતા. વિદેશીઓને જોતાં આકર્ષણ થાય એવી પુરંદર શેઠની હવેલી હતી. પાંચાલ દેશમાં તેમની હવેલી ખૂબ પ્રખ્યાત હતી. તેની કારીગરી, કોતરણી, તેના ઝરૂખાઓ, તેની રચના, બાંધકામ, હવેલીની બહાર ઝૂલતા હાથી-ઘોડા એ બધું જોનારને આકર્ષણ કરે એવું હતું. હવેલી કરતાં હવેલીના માલિકનું આકર્ષણ પણ જેવું તેવું ન હતું. પુરંદર શેઠને મળવામાં, તેમની સાથે વહેપાર કરવામાં લોકો

પોતાનું અહોભાગ્ય માનતા. આ શેઠ પુણ્યાનુબંધી પુણ્ય લઈ ને આવ્યા છે એટલે આટલા છલકતા વૈભવમાં પણ તેમની ધર્મભાવના ખૂબ હતી. તેઓ જૈનધર્મી હતા. જૈન ધર્મનું જ્ઞાન પણ સારું પ્રાપ્ત કરેલું છે શ્રાવકના ૧૨ વ્રત અંગીકાર કર્યા છે. આવા પુરંદર શેઠનું ચારિત્ર ખૂબ ઉત્કૃષ્ટ હતું. લક્ષ્મીની છોળો ઉડતી હતી. છતાં તેમનું જીવન નિર્મળ શુદ્ધ હતું. તેમની પત્ની પુણ્યશ્રી પણ તેવી જ હતી. તે શીલવંતી, ગુણવંતી, સાદી, સરળ, નિરભિમાની અને ધર્મની અનુરાગી હતી. રથના બે પૈડા સરખા હતા. પતિ-પત્ની બંને ધર્મ કરતા હોય એવા જીવોને જોઈ એ તો આનંદ થાય. બંને સાથે સવાર-સાંજ પ્રતિક્રમણ કરે, ચૌવિહાર કરે. સુપાત્ર દાન દે. નિર્દોષ ગૌચરી વહોરાવે. આ રીતે બંનેનું સંસારી-જીવન ખૂબ આદર્શ હતું.

આ પુણ્યવંત શેઠ આ નગરીના શણગાર છે. નગરીની શોભા છે. પુરંદર શેઠના મહેલના દ્વાર સદા અભંગ રહેતા. તેમના આંગણે જે આવે તેને કોઈ જાતના ભેદભાવ વગર ખુલ્લા દિલે આપતાં. એક વાર શેઠના મુખ પર થોડી ઉદાસીનતા આવી. શેઠ ગમગીન બન્યા. જમવા બેઠા તો પૂરું જમ્યા નહિ. તેમને આવું ભાવ્યું નહિ. જે ગુણીયલ સ્ત્રી હોય છે તે પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી હોય છે. પુણ્યશ્રી પતિનું મુખ જોઈને સમજી ગઈ કે આજ મારા પતિ ઉદાસ લાગે છે. બરાબર જમ્યા પણ નથી. આથી પુણ્યશ્રીને પણ આવું ભાવ્યું નહિ, છતાં બપોરે ન પૂછયું. સાંજે જમવા આવ્યા તોપણ એ જ સ્થિતિ હતી. પછી શેઠ શેઠાણી બંનેએ પ્રતિક્રમણ કર્યું ત્યાર બાદ વિવેકી ગુણીયલ સ્ત્રી શેઠને વિનયથી પૂછે છે સ્વામીનાથ ! આપણે ત્યાં સુખની કાંઈ કમીના નથી. છતાં આપ આજે ઉદાસ, ગમગીન કેમ દેખાવો છો ? શું આપને માથે કોઈ ચિંતા આવી છે ? જે હોય તે સત્ય કહો. મને કોઈ ચિંતા નથી. એ તો તમને એવું લાગે છે. ના...આપના મુખ ઉપર દેખાઈ આવે છે કે આપ ગમગીન છો. મુખના ભાવ છાના નથી રહેતા. શેઠાણીએ ખૂબ આગ્રહ રાખ્યો ત્યારે શેઠ કહે શેઠાણી !

દો ગુંદક સૂરની પેરે સુખ ભોગવતા સંસાર,
અશુભ કર્મના ઉદયથી સંતતિ નહિ તસ એક.

મને એક વાતનો અફસોસ છે કે આપણે ત્યાં સંપત્તિ, વૈભવનો તો પાર નથી. દેવો જેવા સુખો ભોગવીએ છીએ; પણ હજુ આપણે ત્યાં સંતાન નથી. આ વૈભવો ભોગવનાર કોઈ નથી તેની મને ચિંતા નથી, પણ મારા ઘરના દ્વાર સદા અભંગ રહે છે જો સંતાન ન હોય તો મારા ઘરના દ્વાર બંધ થઈ જશે. સાધુ-સાધ્વી મારા આંગણે આવે નહિ. સાત પેઢીથી આ લક્ષ્મી અને ધર્મ ચાલ્યા આવ્યા છે તે કાયમ ચાલુ રહે અને સંતોનું આગમન રહે. આથી શેઠાણી સમજી ગયા. થોડી વાર તો મૌન રહ્યા. શેઠ કહે તું ચિંતા ન કરીશ. હું ચિંતા નથી કરતી. હું એ વિચારું છું કે આપણા મહેલમાં પારણું કેવી રીતે બંધાશે. શેઠ કહે એનો કોઈ ઉપાય તમને જડે છે બોલો ? સ્વામીનાથ ! હું એ જ વિચારી રહી છું. હું તમને સલાહ આપું, પણ તમે મને

વચન આપો કે હું સ્વીકારીશ. હું વાત જાણ્યા વિના કેવી રીતે વચન આપું ? છતાં આપ કહો તો ખરા. મારાથી બનશે તો હું કરીશ.

પુણ્યશ્રી અચકાતા અચકાતા ધીમેથી બોલી, આપ ફરી વાર લગ્ન કરી લો. બેનોને સ્વપ્નામાં શોકય આવે તો ગમતી નથી. આ સામેથી કહે છે નાથ ! આપ બીજી વાર લગ્ન કરો. દેવી ! આપ આ શું બોલો છો ? એક પુત્ર માટે હું બીજી વાર લગ્ન કરું ? હવે તમે ફરીથી આ શબ્દ કયારે પણ ઉચ્ચારતા નહિ. મારે તારા આ શબ્દો સાંભળવા નથી. મારું ને તારું રથનું પૈડું બરાબર ચાલે છે. તેમાં મારે વિઘ્ન નથી નાંખવું. હવે તું લગ્ન કરવાની વાત ન કરીશ, પણ તમને વાંધો શું છે ? શું પુરૂષો ફરી વાર લગ્ન નથી કરતા ? કરતા હશે પણ મારે નથી કરવા. શેઠાણીએ ઘણું સમજાવ્યા પણ શેઠ ન માન્યા. શેઠ--શેઠાણીની પ્રીતિ દૂધ-સાકર જેવી હતી. શેઠ કહે તારા જેવી ધર્માનુરાગી, સદ્‌ભાગીની પત્ની મારે છોડવી નથી. પુત્ર મળે કે ન મળે. બીજો કોઈ ઉપાય હોય તો આપ બતાવો. હવે શેઠાણી બીજો ઉપાય શું બતાવશે તે અવસરે.

અષાડ વદ ૧૦ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૧૧ : તા. ૧૨-૭-૮૫

અનંત ઉપકારી ભગવંતે ભવ્ય જીવોને ટકોર કરતાં કહ્યું કે આ આત્મા અનંતકાળથી સંસારમાં અવિરતપણે રખડી રહ્યો છે અનેક ભયવાળી ભવાટવીમાં ભમી રહ્યો છે. હવે ભમવાનો અંત લાવવો હોય તો સ્વઘર તરફ આવ. પરભાવથી પાછો વળ. એક શ્લોકમાં કહ્યું છે કે,

जे परभावे रत्ता मत्ता विसएसु पावबहुलेसु ।
आसपास निबद्ध ।, भमंति चउगइमहारन्ने ।

જે પરભાવોમાં રક્ત છે, ઘણા પાપવાળા વિષયોમાં મસ્ત છે તેમજ આશા રૂપ જાળમાં બંધાયેલા છે તેઓ ચારગતિ રૂપ મોટા અરણ્યમાં ભમે છે. પરભાવની વૃત્તિ એ વિભાવ છે અને તે આત્મશક્તિનો નાશ કરવામાં મુદ્‌ગર સમાન છે, તેથી નિર્ગ્રંથ મુનિઓ પારકી આશા રૂપ જાળને છેદીને સ્વરૂપનું ચિંતન, સ્વરૂપમાં રમણતા અને સ્વરૂપના અનુભવમાં લીન થાય છે, માટે જ્ઞાની કહે છે હવે તું પરભાવ છોડીને સ્વભાવમાં આવ. અનાદિકાળથી જીવની દોટ પર તરફ છે. હવે રસ્તો બદલવાની જરૂર છે. ધનને છોડીને ધર્મના રાહે આવવાનું છે. સંસારને છોડીને સંયમની કેડીએ ચાલવાનું છે. પર પુદ્‌ગલો પ્રત્યેનો રાગ છોડીને આત્માનો ને ધર્મનો રાગ કરવાનો છે. આ રીતે જો આપણે રસ્તો બદલી લેશું તો ભવાટવીમાં ભમવાનો અંત આવ્યા વિના નહિ રહે. ભવાટવીમાં ભમવાનો થાક લાગ્યો હોય અને હવે સાધનાના માર્ગે જવાની અભિલાષા જાગી હોય તો આપણે જીવન કેવું બનાવવું પડશે ? સાધનાનો માર્ગ આત્મા કયારે પ્રાપ્ત કરી શકશે ? જ્ઞાની ભગવંત ફરમાવે છે કે,

"सोही उज्जूय भूयस्स धम्मो सुद्धस्स चिट्ठइ" ।

જેનો આત્મા સરળ અને સોહિત હોય છે તેના અંતરમાં ધર્મ ટકી શકે છે, માટે જીવનને સરળ બનાવો, કોમળ બનાવો, પણ કઠોર ન બનાવશો. જિંદગીમાં કયારેય ઢાંત જેવા કઠોર ન બનતા, જીભ જેવા કોમળ બનજો. જો સરળતાને, કોમળતાને ટકાવી રાખીશું તો જિંદગી જીતી જશું, અને કઠોરતાની પરિણુતિવાળી જીવનપદ્ધતિ અપનાવીશું તો અણમોલા આ માનવજીવનને હારી જશું. જો જીવન જીતી જવું હોય તો કઠોરતાને છોડીને કોમળતા અપનાવવાની જરૂર છે. એક વાત યાદ રાખજો. તમને લાગતું હોય કે કઠોરતાથી જીત થાય છે. તો ભૂલ છે. આખરે વિજય તો કોમળતાનો થવાનો છે. પાણી કેટલું કોમળ છે! છતાં કઠોર ગણાતાં પથ્થરને તોડી નાંખવાની તેનામાં પ્રચંડ શક્તિ રહેલી છે.

ક્રોધ, માન, માયા, લોભ એ પથ્થર જેવા છે. ક્ષમા, સરળતા, નમ્રતા, અનાસક્તિ આદિ પાણી જેવા છે. એક વાર આ વાત મનમાં જો બરાબર ઠસી જાય તો આપણે સામાન્ય બાબતોમાં થતાં ક્રોધ, માન, માયા, લોભ ઓછા થયા વિના ન રહે. દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પનો ક્રોધ કેવો ભયંકર! માનવોને અને તિર્યંચોને તેણે જીવતા રાખ્યા ન હતા. એટલું જ નહિ પણ એકેન્દ્રિયમાં ગણાતી વનસ્પતિને પણ તેણે પોતાની દૃષ્ટિના ઝેરથી બાળીને ખતમ કરી નાખી હતી. એ જ્યાં રહેતો હતો ત્યાં કોઈની જવાની હિંમત ન હતી. ક્રોધના આવા અતિ ભયંકર આવેશને પણ વીર પ્રભુએ ક્ષમાના શીતળ જળથી નામશેષ કરી નાંખ્યો. ત્રણ કે પાંચ ભવોથી વધતા ક્રોધના સંસ્કારોને માત્ર ગણત્રીની પળોમાં પ્રભુએ ક્ષમા દ્વારા સળગાવી દીધા. હું તમને પૂછું કે તાકાત કોની વધુ? ક્રોધની કે ક્ષમાની? તમે કહેશો કે ક્ષમાની. જો જીવનમાં બરાબર સમજાયું કે ક્ષમાની તાકાત વધારે છે તો પછી જીવનમાં પગલે પગલે ક્રોધ થાય ખરો? છતાં વારંવાર ક્રોધ કેમ આવે છે? તો એના જવાબમાં પ્રભુ સમજાવે છે કે પથ્થરને તોડવા માટે પાણીની ધારને સતત પથ્થર પર પડવું પડે છે. પાણી સતત પડયા કરે તો પથ્થરને તોડી શકે છે તેમ આત્મા પર અનંત કાળના જામેલા ક્રોધના સંસ્કારોને તોડવા માટે ક્ષમાનું શીતળ જળ સતત નાંખવું પડશે તો જ ક્રોધ રૂપી પથ્થરને તોડી શકાશે. કઠોર વસ્તુ પોતાનામાં કઠોરને સમાવી શકતી નથી. જયારે કોમળ વસ્તુ કઠોરને પોતાનામાં આસાનીથી સમાવી લે છે. જેમ કે એક પથ્થર બીજા પથ્થરને પોતાનામાં સમાવી શકતો નથી. જયારે એ જ પથ્થરને પાણીમાં મૂકશો તો તે જલ્દી તેમાં સમાઈ જાય છે. ચંડકૌશિકના ક્રોધને પ્રભુ મહાવીરે પોતાનામાં સમાવી લીધો. પાપી પાલકની કઠોર મનોવૃત્તિને ખંધક મુનિના ૫૦૦ શિષ્યોએ પોતાના અંતરમાં સમાવી લીધી., પણ એ પાપી પાલક આ ૫૦૦ મુનિઓની કોમળતાને પોતાના અંતરમાં સમાવી શકયો નહિ. પથ્થર અને પાણીના આ યુદ્ધનો તથા તેના પરિણામનો ઈતિહાસ આપણી નજર સામે છે. પથ્થરો હાર્યા અને પાણી જીત્યું, માટે આપણું જીવન પથ્થર જેવું કઠોર નથી બનાવવું પણ પાણી જેવું

કોમળ બનાવવું છે. કોમળ જીવન કર્મ સામે કેશરીયા કરી શકે છે. કોમળ બનીશું તો જીવનના કર્મજંગમાં જીત મેળવી શકીશું.

જેમનું જીવન પથ્થર જેવું કઠોર નથી પણ પાણી જેવું કોમળ છે એવા આનંદ ગાથાપતિની વાત ચાલે છે. જેને દ્રવ્યથી આનંદ છે અને ભાવથી આત્માનો આનંદ મેળવવાનો છે. એવા આનંદ ગાથાપતિ મહાવૈભવશાળી અને ખૂબ સમૃદ્ધ હતા. વાણિજ્ય નગરમાં એક સુખી વ્યક્તિ તરીકે તેમની ગણના થતી હતી. આનંદ ગાથાપતિને ત્યાં સંપત્તિ કેટલી હતી તે બતાવતા શાસ્ત્રકાર કહે છે. "**तस्सणं आणंदस्स गाहावइस्स चत्तारि हिरण्णकोडीओ निहाण पउत्ताओ, चत्तारि हिरण्ण कोडीओ वुड्ढि पउत्ताओ, चत्तारि हिरण्णकोडीओ पवित्थर पउत्ताओ**"।

આ આનંદ ગાથાપતિને ત્યાં ચારકોડ સોનૈયા બંજનામાં હતાં એટલે જમીનમાં દાટેલા હતા. તે સમયે અત્યારની જેમ બેંકો નહોતી કે બેંકના બાનામાં મૂકી આવે. એટલે ઘરમાં રાખતા. તે આત્માઓ પુણ્યવાન હતા. તેમને ડાકુનો, ચોરનો કે લૂંટારાનો ભય ન હતો. કોઈની પણ લેવાની કે લૂંટવાની વૃત્તિ ન હતી. બે નંબર અને કાળાબજાર તો સમજતા જ નહોતા. આનંદ શ્રાવકને ત્યાં ચાર કોડ સોનૈયા જમીનમાં દાટેલા હતા. ચાર કોડ સોનૈયા તેમણે વેપારમાં રોકયા હતા અને ચાર કોડ સોનૈયા ઘર સામગ્રીમાં રોકયા હતા.

આનંદ ગાથાપતિની સંપત્તિ આજના જેવી ન હતી. આજે તો ૨૫ લાખ કે ૫૦ લાખનો વહેપાર કરતા હોય પણ મૂડીમાં તો ત્રીજા ભાગની પણ ન હોય. પારકે નાણે પતંગો ઊડે છે. બે નંબર અને કાળા બજારના ધંધા ચાલી રહ્યા છે.

રૂપક : એક વાર સાબરમતી નદી રડતી હતી. લેખકે પૂછયું તું શા માટે રડે છે? ત્યારે સાબરમતીએ કહ્યું કાળા બજારીયા બધા મારા પાણીમાં હાથ ધોઈ ગયા તેથી મારું પાણી કાળું થઈ ગયું છે. મારું પાણી તો નિર્મળ અને પવિત્ર છે પણ કાળું થઈ ગયું તેથી હું રડું છું. આજે જ્યાં જુઓ ત્યાં બધે બ્લેક-બ્લેક ને બ્લેક. આ બ્લેક કરીને આત્મા પણ બ્લેક બની ગયો છે.

આનંદ ગાથાપતિની સંપત્તિ બ્લેક ન હતી, પણ ન્યાય નીતિવાળી હતી. પ્રમાણિકતાવાળી હતી. નીતિવાળા એક રૂપિયાનું દાન અનીતિના હજાર રૂપિયા કરતાં ચઢી જાય છે. અન્યાયના હજાર રૂપિયા ન્યાયના એક રૂપિયાની તોલે ન આવે. આનંદ ગાથાપતિ ૧૨ કોડ સોનૈયાના સ્વામી હોવા છતાં પોતાના જીવનમાં જરા પણ અભિમાન ન હતું, પણ નમ્રતા હતી. આંબે મોર આવે ત્યારે નીચો નમે તેમ આનંદ ગાથાપતિ નમ્રતાવાળા હતા. તે ખૂબ સરળ અને ભદ્રિક હતા. જે આત્માઓ જીવનમાં કંઈક પામીને જવાના છે. તેમના લક્ષણ પહેલેથી દેખાય છે. આ હળુકર્મી જીવ હતા. તમે કહો છો ને કે "**પુત્રના લક્ષણ પારણામાં**" તેમ જે આત્મા ભાવિમાં આત્માની ઉજાગરતા

પ્રાપ્ત કરવાના છે તેમના લક્ષણો પહેલેથી જણાઈ આવે છે આનંદ ગાથાપતિ ૧૨ ક્રોડ સોનૈયાની મિલ્કતના ધણી હોવા છતાં ગુણવાન છે, એટલે જ્યાં જાય ત્યાં તેમના સત્કાર-સન્માન થાય છે. તે ખૂબ પ્રમાણિક હતા. ગુણના રાગી અને અવગુણના દ્વેષી હતા. ગુણીજનોને જોઈને તેમના અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળતી હતી.

ગઈ કાલે કહ્યું હતું કે ચરમાવર્તમાં આવેલો જીવ ગુણનો રાગી બને. તેનામાં દુઃખી જીવો પ્રત્યે અત્યંત કરૂણા હોય. ચરમાવર્તમાં આવેલા જીવની ત્રણ નિશાની બતાવી. તેમાં પહેલા બોલ દુઃખી જીવો પ્રત્યે કરૂણા. તે જીવોની કરૂણા બહારના દેખાવની ન હોય. જગતને બતાવવા માટે ન હોય, પણ અંતરથી હોય. પોતાની પાસે જ્યાં સુધી હોય ત્યાં સુધી આપતા અચકાય નહિ.

મહાભારતમાં વાત આવે છે. એક વાર કૃષ્ણજીએ કર્ણના દાનની ખૂબ પ્રશંસા કરી. દુનિયામાં સાચો દાનેશ્વરી તો કર્ણ છે. આ સાંભળી અર્જુનજી કહે—કૃષ્ણજી! દાન તો મોટાભાઈ કરે છે. છતાં તમે દાનેશ્વરી તરીકે કર્ણની પ્રશંસા કરો છો! આ દુનિયામા શું કર્ણ જેવો બીજો દાનેશ્વરી નથી! કૃષ્ણજી ખૂબ ધીર ગંભીર હતા. તે એક શબ્દ પણ બોલ્યા નહિ. ગંભીર માણસો કોઈ પણ વાતનો વિચાર કર્યા વગર તરત ન બોલે. સમય આવે સોગઠી મારે. એક વાર સમય જોઈને કૃષ્ણજી અર્જુનને લઈને વેશપલ્ટો કરીને કર્ણના મહેલે જાય છે. આ સમયે કર્ણ સૂતો હતો. બંને બ્રાહ્મણના વેશમાં કર્ણ પાસે ગયા. તેઓ પહોંચ્યાં ત્યારે સોનામહોરોનો ભંડાર ખાલી થઈ ગયો હતો. બ્રાહ્મણના વેશમાં ગયેલા કૃષ્ણજીએ કહ્યું—મારા બાપુજી મરણ પામ્યા છે. તેમણે મને અંતિમ સમયે કહ્યું છે કે આપણા કુળના રિવાજ પ્રમાણે મારો અગ્નિસંસ્કાર સુખડના લાકડાથી કરજો. અમારી સ્થિતિ સારી નથી, સુખડના લાકડા લાવવા અમારી પાસે પૈસા નથી. છતાં માણસોને તપાસ કરવા મોકલ્યા કે કયાંય થોડું લાકડું મળે છે! પણ કયાંય મળ્યું નહિ. મેં પિતાને વચન આપ્યું છે. આપનો અગ્નિસંસ્કાર સુખડના લાકડાથી કરીશ. હવે મારે શું કરવું? મેં આપના દાનની ખ્યાતિ ખૂબ સાંભળી છે. જ્યાં જુઓ ત્યાં આપના દાનના યશોગાન ગવાય છે માટે હું આપની પાસે આવ્યો છું, મને કંઈક આપો. હવે શી રીતે આપવું? છેવટે મહેલના થાંભલાઓ સુખડના લાકડાના બનાવેલા હતા. તે તરફ દૃષ્ટિ ગઈ. કર્ણે માણસોને બોલાવ્યા અને ઓર્ડર આપ્યો કે આપ કુહાડી હાથમાં પકડો. અને સુખડનો મહેલ તોડી નાખો, અને આ યાચકોને જોઈએ એટલા સુખડના લાકડા આપી દો. કર્ણની આ વાત સાંભળી કૃષ્ણજીએ અર્જુનજીને કહ્યું—સાંભળો અર્જુન! એક માણસની ઇચ્છા પૂરી કરવા તેને પાછો નહિ કાઢવા સુખડનો મહેલ તોડાવે છે. અર્જુન તો આ સાંભળી શરમિંદો બની ગયો. તેનું મસ્તક કર્ણના ચરણમાં ઝૂકી પડયું. આ બાજુ કર્ણના માણસોએ હાથમાં કુહાડી લીધી, અને બીજી બાજુ સુખડના લાકડાનો ઢગલો થઈ ગયો. અર્જુનના મુખમાંથી શબ્દો સરી પડયા. ખરેખર તું સાચો કોહીનૂર સમાન દાનવીર છે. દાનેશ્વરી તરીકે

આપના જે ગુણ ગવાય છે તે યથાતથ્ય છે. ચરમાવર્તમાં આવેલા જીવની પહેલી નિશાની છે આ છે દુઃખી જીવો પ્રત્યે અત્યંત દયા-કરૂણા. હવે બીજો બોલ છે.

ગુણવાન પ્રત્યે અદ્વેષ : ગુણવાન આત્માઓ પ્રત્યે દ્વેષ ન કરે. મત્સર ભાવ ન રાખે, પણ તેના વારંવાર ગુણ ગાય. ગુણાનુરાગી આત્મા ગુણવાન પ્રત્યે દ્વેષભાવ કદી ન રાખે. ગુણવાન પ્રત્યેનો દ્વેષ એટલે ગુણનો દ્વેષ. અને ગુણનો દ્વેષ એટલે પોતાના આત્માનો અને મોક્ષનો દ્વેષ. જે જીવોને ગુણીજનોને જોઈ ને આનંદ ન થાય અને તેમના ઉપર દ્વેષ થાય તેવા આત્માઓ ગુણીજનોમાં છિદ્ર-દોષ ન હોય તો પણ શોધી લાવે, અને ઉપરથી કહે, તમે વારંવાર શું એમના ગુણ ગાયા કરો છો. તે કેવા છે એ બધી અમને અબર પડે છે. અમે જાણીએ છીએ. આનું નામ ગુણી પ્રત્યે દ્વેષ. જ્ઞાની કહે છે કદાચ કોઈ ભૂલ કરે તો તે છદ્મસ્થ છે. તમે તેની ભૂલ સામું ન જોશો, કારણ કે તેનામાં પણ કંઈક કંઈક ગુણો પડેલા છે. અરે, છાણની રાખ છે તેમાં પણ ગુણ છે પહેલાના જમાનામાં અનાજ સડી જાય નહિ તે માટે તેમાં રાખ ભેળવતા હતા. જેથી અનાજ બગડી ન જાય કે સડી ન જાય. પહેલા તાપસો, સંન્યાસીઓ, ઉનાળામાં તડકામાં આતાપના લે. તાપમાં રહે એટલે પરસેવો ખૂબ થાય. માથામાં પરસેવો થાય તો એમાં જુ પડી જાય. એટલે માથામાં ને શરીરે બધે રાખ લગાડતા જેથી જુ ન થાય. ઘી તેલવાળા ચીકણા વાસણો હોય તેને રાખથી સાફ કરે તો ચોકખા થઈ જાય, એક રાખમાં પણ ગુણ છે. તો દુર્ગુણી કહેવાતા આત્મામાં પણ કોઈ ને કોઈ ગુણ તો હોય જ. ગુણવાન આત્માઓ તે કહેવાય કે તે સામાના દોષ કે અવગુણ ન દેખે પણ ગુણને દેખે.

શ્રેણિક રાજા પોતાના સૈન્ય, લશ્કર સહિત ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા જતા હતા. તેઓ અધવચ્ચ પહોંચ્યા ત્યાં કેટલે દૂરથી ખૂબ દુર્ગંધ આવવા લાગી. સૈનિકો કહે મહારાજા ! અહીં તો માથું ફાટી જાય તેવી અસહ્ય દુર્ગંધ આવે છે, માટે આપ પાછા વળો. રાજા કહે છે કે મારું કર્તવ્ય છે કે વાસ કયાંથી આવે છે અને શા કારણે આવે છે એ મારે તપાસ કરવી જોઈએ. તેમણે સૈનિકોને કહ્યું કે આપ તપાસ કરો કે આટલી બધી દુર્ગંધ કયાંથી આવે છે? શ્રેણિક રાજાએ બે ત્રણ સૈનિકોને તપાસ કરવા મોકલ્યા. સૈનિકો ચારે બાજુ તપાસ કરીને પાછા આવ્યા. શ્રેણિક રાજાને કહે-મહારાજા ! આપણી કલ્પનામાં ન આવે એવી ચીજ છે. એક નાની બાળકી આજની કે કાલની જન્મેલી ત્યાં પડેલી છે. દેખાવમાં રૂપરૂપનો અંબાર છે. તેનું રૂપ અલૌકિક છે. તેને જોતાં છક્ થઈ જવાય એવી રૂપવાન છોકરી છે, પણ એની પાસે એક મિનિટ પણ ઊભા ન રહી શકીએ એવી અસહ્ય દુર્ગંધ આવે છે. શ્રેણિક રાજા કહે ત્યાં કોઈ છે ? ના, મહારાજા. ત્યાં તો ઊભું રહેવાતું નથી. આપ ત્યાં જાવ. એ નાની માસુમ બાળકીનું ધ્યાન રાખજો. તેને કોઈ કૂતરા, કાગડા કોચી ન ખાય તે

રીતે તેનું રક્ષણ કરજો. હું ભગવાનના દર્શન કરીને આવું છું. રાજાની આજ્ઞા થાય એટલે ઇચ્છાએ કે અનિચ્છાએ પગ માનવી તો પડે જ. આ તો નોકરી કહેવાય. રાજાની આજ્ઞાથી નોકરો તે બાળકીનું ધ્યાન રહે તે રીતે ઊભા રહ્યા. રાજાની આજ્ઞા પાળ્યા વગર છૂટકો નથી આ રીતે જો ભગવાનની આજ્ઞા પાળીએ તો આપણો બેડો પાર થઈ જાય. પરાધીનપણે જીવ કેટલી વાર દબાયો, કચરાયો, કપાયો. ત્યાં બધું સહન કર્યું દુઃખો વેઠયા. હવે જીવ સ્વાધીનપણે સ્વલક્ષે જો સહન કરે તો અનંતા કર્મોની નિર્જરા થાય.

પ્રશ્ન પૂછતા શ્રેણિક રાજા : શ્રેણિક રાજા તો પોતાના સૈન્ય પરિવાર સહિત ભગવાનના દર્શન કરવા માટે ગયા. ભગવાને બધા શ્રોતાજનોને ઉપદેશ આપ્યો. દેશના પૂરી થયા બાદ શ્રેણિક રાજા કહે ભગવાન ! આપને શાતા છે ? મારે કાંઈક પૂછવું છે. દેવાનુપ્રિય ! પૂછો. ભગવાન તો જાણતા હતા કે શ્રેણિક રાજા મને શું પૂછવાના છે ? શ્રેણિક રાજા કહે, અહો ! મારા ગુરૂ ભગવંત ! હું આજે આપના દર્શન કરવા માટે આવતો હતો. ત્યારે રસ્તામાં એક સ્થાને અસહ્ય દુર્ગંધ આવવા લાગી. સૈનિકો દ્વારા તપાસ કરાવી કે આટલી બધી દુર્ગંધ કયાંથી આવી રહી છે ? તો ખબર પડી કે એક બે દિવસની જન્મેલી બાળા કે જેનું રૂપ તો અથાગ છે એવી રૂપરૂપના અવતાર સમી એક બાળા ત્યાં પડેલી હતી. તેના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી. કોઈ એક મિનિટ પણ ત્યાં ઊભા રહી શકે નહિ. તો આ છોકરીએ એવું કયું કર્મ બાંધ્યું હશે કે જન્મ થતાંની સાથે જ માતાપિતા તેને આ રીતે છોડી દે ? તેમજ તેના શરીરમાંથી આટલી બધી દુર્ગંધ કેમ આવે છે ?

વિચારધારામાં વળેલો વળાંક : ભગવાન કહે છે શ્રેણિક ! તું સાંભળ. કર્મ શુભ હોય કે અશુભ હોય પણ જીવને અવશ્ય ભોગવવા પડે છે. આ છોકરી પૂર્વજન્મમાં એક ધનાઢય શેઠની છોકરી હતી. તેનું રૂપ ખૂબ હતું. દિવસે દિવસે સમય જતાં તે મોટી થઈ. માતાપિતાએ તેને ભણાવી ગણાવીને તૈયાર કરી. તેનું રૂપ તો ખૂબ ખીલ્યું હતું. છોકરી મોટી થઈ એટલે માતાપિતાએ સારા સુખી ધર્મિષ્ઠ ઘરના છોકરા સાથે સગપણ કર્યું અને લગ્નનો દિવસ નક્કી થયો. જે દિવસે તે છોકરીના લગ્ન છે તે દિવસે સારા વસ્ત્રાલંકારોથી વિભૂષિત થઈ ને તે ઘરની બહાર જવાની તૈયારી કરતી હતી. પરણવાની થોડી વાર હતી. ત્યાં તેના ભાગ્યોદયે માસ-ખમણના અભિગ્રહધારી તપસ્વી સંત ગૌચરી કરતાં કરતાં તેના આંગણે જઈ ચઢયા. સંતને જોતાં તે છોકરી ગાંડીઘેલી થઈ ગઈ. મનમાં અત્યંત આનંદ થયો. અહો ! હું કેટલી ભાગ્યશાળી ! મારા લગ્નના દિવસે આજે આ મહાન તપસ્વી સંતના દર્શન થયા. આજે મને સુપાત્ર દાન દેવાનો કેવો મોટો અનુપમ લાભ મળ્યો ! સુપાત્ર દાન એ શ્રેષ્ઠ દાન છે. દાન દેતા ખૂબ હર્ષ છે. રોમેરોમમાં આનંદ છે. ઉત્કૃષ્ટ ભાવે ગૌચરી વહોરાવી. સંત તો ગૌચરી લઈ ને ચાલ્યા ગયા. સુપાત્ર દાન આપીને તેણે પુણ્ય બાંધ્યું.

સંતને ગયા થોડી વાર થઈ પછી છોકરીના વિચારો પલ્ટાયા. જે સંત ગૌચરી આવ્યા હતા તેમના કપડાં ખૂબ મેલા હતા. તેમના શરીર પર પણ મેલ જામેલો હતો. તે મેલનો પરિસહ જીતતા હતા. આ છોકરીની વિચારધારા બદલાઈ. અરે! આજે મારા લગ્નનો દિવસ હતો. આજના શુભ દિવસે આવા મેલાઘેલા ગંધાતા ગોબરા સંત કયાં આવ્યા? તેઓ કેટલા મેલા હતા? તેમના શરીરમાંથી તો વાસ આવતી હતી. શરીર પર મેલના થર જામ્યા હતા. આજે મને આવા સંતના કયાં દર્શન થયા! પડેલાં ખૂબ ઉત્કૃષ્ટ ભાવે દાન વહોરાવ્યું, પણ પાછળથી ખૂબ નિંદા-હેલણા કરી, અને તે પાપની આલોચના કરી નહિ. આ કર્મ તેને આજે ઉદયમાં આવ્યું છે. દાન દીધું તેના પુણ્યબળે સારા સુખી ઘરમાં જન્મ થયો. પણ સંતની નિંદા ખૂબ કરી તેના કારણે જન્મ થતાંની સાથે તેના શરીરમાંથી એટલી દુર્ગંધ આવવા લાગી કે તેની માતા તો બેભાન થઈ ગઈ. કોઈ તેની વાસને સહન કરી શકયું નહિ. છેવટે તે છોકરીને આ નાળા પાસે મૂકી ગયા.

ભગવાન કહે છે શ્રેણિક! હવે તેનું આ કર્મ પૂરું થવા આવ્યું છે. હે ભગવાન! હું અહીંથી પાછો જઈશ ત્યારે તે છોકરી હશે કે તેને કોઈ લઈ ગયું હશે? તું જઈશ ત્યારે તે છોકરીને કોઈ લઈ ગયું હશે. તેનું કર્મ પૂરું થયું છે, એટલે તેની દુર્ગંધ બંધ થઈ ગઈ છે. તેણે જે ભાવપૂર્વક સુપાત્રદાન દીધું છે તેના પ્રભાવે હવે સૌભાગી થશે. અને મોટી થશે ત્યારે તમારી રાણી બનશે. હેં! તેની ખાત્રી આ કે તમે એક વાર સોગઠાબાજી રમતા હશો ત્યારે શરત કરશો કે જે હારે તેના બાપા પર બેસી જવું. તેમાં તમે હારશો ને રાણી જીતશે, અને તે તમારા બાપા ઉપર બેસી જશે. આ છોકરીને એક ગોવાલણ લઈ ગઈ છે. તેને સંતાન નથી, તેથી ખૂબ લાડકોડથી ઉછેરીને મોટી થશે. સમય જતાં એક વખત કૌમુદી ઉત્સવમાં રાજાએ આ કન્યા જોઈ. જોતાની સાથે રાજા એના પર મુગ્ધ થયા. હવે તેનું રૂપ અને સૌંદર્ય ખૂબ ખીલ્યું છે. શ્રેણિક રાજાએ ચતુરાઈથી એ કન્યાની સાડીના છેડે પોતાના નામથી અંકિત વીંટી બાંધી દીધી, પછી રાજા કહે- મારી વીંટી કયાં ગઈ? આટલામાં પડી ગઈ લાગે છે. તેમણે અભયકુમારને કહ્યું- તમે બધા મારી વીંટીની શોધ કરો. શોધ કરતાં તે દુર્ગંધાની સાડીના છેડે બાંધેલી વીંટી પકડી. અભયકુમારે તેને પૂછયું-આ વીંટી તું કયાંથી લાવી? મને ખબર નથી. તેની નિખાલસતા ઉપરથી લાગ્યું કે આ નિર્દોષ છે. અભયકુમારના મનમાં થયું કે નક્કી પિતાજીએ આ કપટ કર્યું લાગે છે. અભયકુમારે રાજાને કહ્યું કે આ વીંટીનો ચોર પકડાયો છે. મને તો લાગે છે કે આ દુર્ગંધાએ તો વીંટી ચોરી નથી પણ તમે કંઈક ચોર્યું લાગે છે. રાજા કહે છે સાચી વાત છે, પછી તેના માતાપિતાની રજા લઈને શ્રેણિક રાજાએ તેની સાથે લગ્ન કર્યા. છેવટે તે દુર્ગંધા પણ ભગવાનની વાણી સાંભળીને દીક્ષા લે છે. અને પૂર્વકૃત કર્મની આલોચના કરે છે. તેણે પૂર્વજન્મમાં ગુણવાન સાધુ પ્રત્યે દ્વેષ કર્યો તો તેને તે કર્મો ભોગવવા પડયા.

આપણે વાત ચાલતી હતી કે ચરમાવર્તમાં આવેલા જીવો કેવા હોય ? તેની બીજી નિશાની એ કે ગુણવાન પ્રત્યે અદ્વેષ એટલે કે દ્વેષ ન હોય પણ તેનો રાગી હોય. ગુણના રાગથી ગુણરૂપી લક્ષ્મીનું આકર્ષણ થાય છે, માટે ગુણ અને ગુણીના રાગી બનવું.

આજે અમારા પરમ ઉપકારી ડૂબતી નૌયાના સુકાની સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબની પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે. છગનભાઈ જ્ઞાતિએ ક્ષત્રિય હતા. તેમના પિતા અવલસંગ અને માતા રેવાબાઈ હતા. છગનભાઈ નાનપણથી ખૂબ તેજસ્વી અને પ્રભાવશાળી હતા.

છગનભાઈને લાગેલો રંગ : એક જૈન વણિક મિત્રની દોસ્તી થતાં ઉપાશ્રયે આવવા લાગ્યા. જૈન સાધુના સમાગમથી તેમનો આત્મા વૈરાગ્યથી ઝળકી ઉઠ્યો. તેમને જ્ઞાનમાં ખૂબ રસ હતો, તેથી તેમણે જૈનશાળાઓ, શ્રાવિકાશાળાઓ શરૂ કરી. અનેક જીવોને જ્ઞાન આપ્યું. જ્ઞાન આપતાં તેમનો વૈરાગ્ય દૃઢ થયો, ને દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. પોતાના મનમાં લાગ્યું કે કાકા કાકી મને દીક્ષા આપશે નહિ. એટલે ત્યાંથી તે અને તેમના મિત્ર નાસી ગયા. ઘરના બધાએ ખૂબ શોધ કરી. છેવટે અમદાવાદમાં તેમનો પત્તો મળતાં તેમને ઘેર લઈ ગયા. ઘણું સમજાવ્યા. છગનભાઈનો મિત્ર ઢીલો પડી ગયો, પણ આ તો ક્ષત્રિયનું તેજ હતું. તે ઝાંખુ ન થયું. તેમણે તો કાકાને કહી દીધું કે હવે હું ઘડીવાર પણ રોકાવાનો નથી. મને જલ્દી દીક્ષાની આજ્ઞા આપો. છેવટે તેમના દૃઢ વૈરાગ્યની જીત થઈ ને દીક્ષાની આજ્ઞા મળી ગઈ.

સંયમના સાજ તથા જ્ઞાનના દાન : સંવત ૧૯૪૪ના પોષ સુદ દશમના દિવસે બંભાત સંપ્રદાયના આચાર્ય પૂ. હર્ષચંદ્રજી મહારાજ સાહેબ પાસે સુરત શહેરમાં ખૂબ ધામધૂમથી તેમની દીક્ષા થઈ. દીક્ષા લઈને ગુરૂઆજ્ઞામાં મસ્ત રહીને શાસ્ત્રનું ખૂબ જ્ઞાન મેળવ્યું, અને સારા વિખ્યાત વકતા બન્યા. તે જ્યારે વ્યાખ્યાન આપે ત્યારે જાણે સિંહની ગર્જના ન થતી હોય તેવી જોરદાર વ્યાખ્યાન શૈલી હતી. તેમનું ક્ષત્રિય બળ શૂરાતન અજોડ હતું. તેઓ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં હજારો લોકો તેમની હૃદયસ્પર્શી વાણી સાંભળવા આવતા. પાંચ વર્ષે ગુરૂદેવ કાળધર્મ પામતા તેમને આચાર્ય પદવી આપી. તેમણે શાસનને ખૂબ રોશન કર્યું છે અનેક જીવોને વૈરાગ્ય પમાડયો છે. તેમને શાસ્ત્રોનો ખૂબ શોખ હોવાથી કંઈક સૂત્રોના અર્થ વિવરણ સહિત બહાર પડાવ્યા. આવા શાસનના વીરલા અને હીરલા જેવા ગુરૂદેવે જૈન શાસન ઉપર ઘણા ઉપકારો કર્યા છે.

તેઓ સંવત ૧૯૭૫માં મુંબઈ પધાર્યા. તે સમયે આ કાંદાવાડી ધર્મસ્થાનક ન હતું. એટલે કચ્છીની વાડીમાં ચાતુર્માસ કર્યું. તે સમયે પૂ. મહારાજ સાહેબે ટકોર કરી કે તમારા મોજશોખ પાછળ સેંકડો રૂપિયા ખર્ચો છો. તો પછી ધર્મ આરાધના માટે સ્થાનક ન હોય એ કેટલું ખેદજનક કહેવાય ! પક્ષીઓને ચણ ચણવા પરબડીઓ હોય છે. જ્યારે તમારે ધર્મ કરવા માટે શું ? સાધુ-સાધ્વીને સ્થાન ભાડે રાખી ચોમાસા ન કરાવાય. આ ટકોરે દાનવીર શેઠ શ્રી મેઘજીભાઈ શોભણભાઈ આદિ ચકોર બની ગયા. ઉપાશ્રય

માટે ફાળો કર્યો, અને આ કાંદાવાડી ધર્મસ્થાનક ઉભું થયું. એ પ્રતાપ પૂ. ગુરૂદેવનો છે. ૧૯૮૯ માં અજમેરમાં સાધુસંમેલનમાં જઈને તેમણે નામ દીપાવ્યું હતું. સાધુ સમાજમાં તેમનું નામ મોખરે હતું. પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી, મ. પૂ. છોટાલાલજી મ. પૂ. કુલચંદજી, મ. આદિ શિષ્યો તથા પૂ. જડાવબાઈ, મહા. પૂ. પાર્વતીબાઈ, મહા. પૂ. પરસનબાઈ મહા. આદિ શિષ્યા વર્ગ હતો. તેમનું જીવન ખૂબ પ્રભાવશાળી હતું. તેમનું વર્ણન હું શબ્દોથી કરી શકું તેમ નથી. હાલ આચાર્ય ગચ્છાધિપતિ પૂ. મહાન વૈરાગી કાન્તિઋષિજી મ. આદિ ઠાણાઓ પૂ. છગનલાલજી મ. ના શિષ્ય પરિવાર છે.

આવા પ્રતિભાશાળી ગુરૂદેવને પોતાની અંતિમ ઘડી સૂઝી આવી. સં ૧૯૯૫ના વૈશાખ વદ દશમના દિવસે સવારથી કહી દીધું કે હું ઉપર જાઉં છું. વ્યાખ્યાન ૧૦ વાગે પૂરું કરી દેશો. ગૌચરી પાણી રાખશો નહિ. ઘણા સંકેતો કર્યા. છેલ્લે આત્મ-સાધનામાં જોડાઈ સંથારો કરી દસ વાગે જૈનશાસનનો ઝળહળતો દીવડો બૂઝાઈ ગયો. તેમને માટે કહું તેટલું ઓછું છે. છગનલાલજી મ. અને રત્નચંદ્રજી મ. જાણે મહાવીર ગૌતમની જોડલી. એવા ગુરૂ શિષ્યના પ્રેમ હતા. આજે તેમની પુણ્યતીથિએ અઠ્ઠમ કરાવ્યા છે. આજે તેમની પુણ્યતીથિના દિવસે તેમને યાદ કરી તેમના ગુણોનું સ્મરણ કરી સારા વ્રત પચ્ચખ્ખાણ કરીએ તો જ સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાય. આજે પૂ. કાન્તિઋષિજી મ. સા. તેમના નામને રોશન કરી રહ્યા છે. વધુ ભાવ અવસરે.

અષાડ વદ ૧૧ શનિવાર : વ્યાખ્યાન નં. ૧૨ : તા. ૧૩-૭-'૮૫

કરૂણાના કિમિયાગર, આગમના રત્નાકર, દર્શનના દિવાકર એવા વીતરાગ ભગવંતોએ દ્વાદશાંગ રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આગમ એ મહાન રત્નોનો ખજાનો છે. મિથ્યાત્વ, અજ્ઞાનના અંધકારને દૂર કરતો તેજસ્વી સૂર્ય છે. જેમાંથી સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપના સોનેરી કિરણો મળ્યા કરે છે અને એ કિરણો દ્વારા આત્મ પોતાને પ્રકાશિત કરી શકે છે, અને સંસાર સાગરથી તરી શકે છે. સંસાર રૂપી સાગરને પાર થવું ખૂબ મુશ્કેલ છે. આજે જગતમાં જે મોટામાં મોટા સાગર કહેવાય છતાં વૈજ્ઞાનિકોએ તેનું માપ કાઢયું છે. સાગરની લંબાઈ કેટલી, પહોળાઈ કેટલી, ઊંડાઈ કેટલી ? પણ ભવસાગરનું માપ નીકળી શકે તેમ નથી. તેનું માપ કાઢવું ખૂબ મુશ્કેલ છે. સાગર સારો પણ ભવસાગર નહિ સારો. ભવસાગરને તરવા માટે આત્મા સંસાર સુખ માટે જે દોટ મૂકી રહ્યો છે ત્યાંથી પાછું વળવું પડશે. સંસાર સુખના રસીક આત્માને રાતદિવસ એક જ રટણા છે, એક જ બળતરા છે ને એ જ અજંપો છે કે કયારે ને કયાંથી હું મેળવું ? જેણે એ સુખ મેળવ્યું છે તેને પૂછી જોજો તો ખરા કે મેળવ્યા પછી તમને સુખ મળ્યું ? શાંતિ મળી ? તો તે કહેશે કે ના. કેમ કે જેમ લાભ વધતો ગયો તેમ લોભ વધતો ગયો. તૃષ્ણાની આગ વધતી ગઈ. ઠાણાંગ સૂત્રમાં ભગવાને ચાર ખાડા બતાવ્યા છે. સમુદ્રનો, સ્મશાનનો, પેટનો અને તૃષ્ણાનો. ચાર ખાડામાંથી બે ખાડા તો તમારી પાસે છે. તમે લઈને બેસી ગયા છો તે બે ખાડા જીવને શું

બોધ આપે છે ? હે આત્મા ! તું ગમે તેટલી મહેનત કર, પુરૂષાર્થ કર, પણ તારા એ ખાડા પૂરાવાના નથી.

જ્યારે નદીમાં ભયંકર ઘોડાપુર આવે છે ત્યારે ભયંકર હોનારત સર્જે છે. એ પૂર તો ત્રણ દિવસ રહે છે, પણ એ ત્રણ દિવસમાં સર્જેલી હોનારત વર્ષો સુધી ભૂલાતી નથી. માનવી ઘરબાર વિનાના થઈ જાય છે, અને દુઃખી દુઃખી થઈ જાય છે. નદીની આ ભૂલ માનવી વર્ષો સુધી ભૂલી શકતો નથી. આ ન્યાયથી આપણે એ સમજવું છે કે આત્મામાં તૃષ્ણાની, આસક્તિની હોનારત આવે છે. નદીમાં જ્યારે પૂર આવે ત્યારે પાણી નદીની સપાટી છોડીને આગળ વધે તો હોનારત થાય છે. તેની એ ભૂલ ઇતિહાસમાં કાળા અક્ષરે લખાઈ જાય છે. આ જ રીતે જ્યારે આત્મામાં કષાયોની હોનારત આવે છે, કષાયોમાં પણ અનંતાનુબંધી કષાયની હોનારત થાય છે ત્યારે જીવાત્માની વર્ષોની સાધના સાફ થઈ જાય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ હોય ત્યાં સુધી જીવ સમકિત પામી શકતો નથી. હજુ આપણું તો કયાંય સ્થાન કે ઠેકાણું દેખાતું નથી.

કોઈ માનવી એક ગામથી બીજે ગામ ધંધા કે નોકરી માટે જાય તો તેને રહેવા કોઈ સ્થાન તો જોઈએ ને ? ભાડાનું ઘર લેવાની તેનામાં શક્તિ નથી અને ઘર વગર છૂટકો નથી તો તેવો માનવી શું કરે ? સેનેટરીઓમાં ફર્યા કરે. સેનેટરીઓમાં બે ત્રણ મહિનાનો જેટલો કાયદો હોય એટલો સમય રહે પછી તેને બદલવી પડે; પછી બીજી સેનેટરીમાં જાય. કોઈ એ એને પૂછયું--ભાઈ ! તારું ઠેકાણું પડયું ? તો કહેશે ના. સેનેટરીના કાયદા પ્રમાણે રહું છું, પછી ખાલી કરવી પડે. હવે હું તમને પૂછું છું કે તમારી સેનેટરી કેટલા સમયની ? પેલી સેનેટરી તો બે ત્રણ મહિના સુધી છોડવી નહિ પડે એવું નક્કી છે પણ આ કાયારૂપી સેનેટરી ત્રણ મહિના સુધી તો નહિ છોડવી પડે એવું નક્કી છે ખરું ? એવી પૂરી ખાત્રી છે ? અરે, એક ઘડીની પણ ખાત્રી નથી. છતાં આ સેનેટરી માટે, એને સારી ભભકાદાર બનાવવા જીવ ૧૮ પાપનું સેવન કરે છે. અધર્મ કરે છે ને નવા કર્મોનું બંધન કરે છે, માટે સંતો કહે છે કે આ તક મળી છે. તો ઓળખી લે, ત્યારે અજ્ઞાની, સંસાર સુખ પિપાસુ જીવડા બોલે છે હજુ વાર છે ઘડપણમાં કરશું, પણ જ્ઞાની કહે છે કે ઘડપણ આવશે કે નહિ તેની કાળ રાહ નહિ જુએ, માટે સમયને ઓળખીને સાધના કરી લો.

જ્ઞાની ગુરૂ ભગવંતો પડકાર કરીને જીવોને જગાડે છે છતાં હજુ જાગૃત બનતા નથી કારણ કે આત્માને હજુ રસ જાગ્યો નથી. કોઈ પણ કાર્ય કઠીન હોય કે સરળ હોય પણ કાર્ય કરવામાં રસ હોવો જોઈએ. જો કાર્યમાં રસ હોય તો કઠીન કાર્ય પણ સહેલું બની જાય છે. દિવાળી આવે ત્યારે બેનો ઘર સ્વચ્છ કરવા માટે કેટલો પુરૂષાર્થ શ્રમ કરે છે છતાં તેને થાક લાગતો નથી, કારણ કે તેમાં તેમને રસ છે. તમારે કમાવાની ક્રિઝન છે તો ધંધો કરતાં કેટલી વાર ઉઠ-બેસ કરો છો છતાં થાક લાગે

છે ? ના. કેમ કે રસ છે પણ ઉપાશ્રયે આવ્યા. સાધુ–સાધ્વીઓને વંદણા કરવી હોય તો થાક લાગે કેમ ખરું ને ! કંઈક આત્માઓ કહે છે કે માળા ગણતાં અમારું મન સ્થિર રહેતું નથી. જો મન સ્થિર રહી શકતું ન હોય તો રૂપિયા ગણવા બેસો તો મન આઘું–પાછું થાય ખરું ? ના ત્યાં રસ છે. રૂપિયાની નોટો ગણતાં ઝોકું ન આવે ને માળા ગણતાં ઝોકું આવે કારણ કે અનાદિકાળથી જીવને ધનનો, પૈસાનો રસ છે તેટલો નવકાર મંત્ર ગણતાં રસ નથી જાગ્યો, પણ યાદ રાખજો કે ધનથી બધું ખરીદી શકશો પણ ધનમાં એ તાકાત નથી કે નરકના બંધ પડ્યા હોય તે તોડી શકે. અબજોની મિલકત હોય પણ રોગ મટાડવાની પણ તેનામાં તાકાત નથી. કેન્સરની ભયંકર વ્યાધિ હોય તેવા માનવીને રત્નોની પથારી પર સૂવાડવામાં આવે તો એ રત્ન શું એને શાંતિ આપી શકશે ખરા ? ના નમો અરિહંતાણં બોલતા તો જીવને તીર્થંકર ભગવંતો અને કેવળી ભગવંતોનું સ્વરૂપ આંખ સામે દેખાય. નમો સિધ્ધાણં કહેતા અનંતા સિદ્ધ ભગવંતોના ગુણો દેખાય. મનમાં એ ભાવના થાય કે અહો પ્રભુ ! હું તારા પદને કયારે પામીશ ? નવકારમંત્રની માળા ગણતાં જો તેમાં રસ હશે તો આવા ભાવ જાગશે. આત્મા સ્વભાવને ભૂલી વિભાવમાં ગયો છે એટલે ધન એવા જડ પુદ્ગલોમાં રસ છે ને માળા ગણતાં રસ નથી આવતો. જ્યારે ભગવાનના વચનામૃતોમાં રસ જાગશે ત્યારે ધનમાં ધૂળના દર્શન થશે. સંયમ કયારે લઈ શકાય ? ધન ધૂળ સમાન લાગે ત્યારે. જ્યારે ધનમાં ધૂળ જેવા ભાવ આવશે ત્યારે મોક્ષના દરવાજા ખુલ્લા થઈ જશે, પછી તમારી પાસે ચાંદીની માળા હોય, સોનાની હોય કે લાકડાની હોય પણ તે માળા ગણતાં અરિહંત, સિદ્ધ, સાધુ–સાધ્વી બધા સામા દેખાશે.

નમાજનો અવાજ : ભૂલેશ્વર જેવા ભરચક એરિયામાં બે ફકીરો જતાં હતાં. એક ફકીર બીજા ફકીરને કહે જલ્દી પગ ઉપાડ. નમાજનો ટાઈમ થઈ ગયો છે. પેલો ફકીર પૂછે છે ભાઈ ! તારી પાસે ઘડિયાળ તો છે નહિ, તો તને કેવી રીતે ખબર પડી ? ભાઈ ! હમણાં ફકીરોનો નમાજનો બૂમરાટ સંભળાયો. ફકીર કહે અહીં આટલા બધા અવાજમાં તેં નમાજનો અવાજ કેવી રીતે સાંભળ્યો ? કેમ ન સંભળાય. એમ કહીને તેણે પોતાના બિસ્સામાં ૧૫–૨૦ રૂપિયા રોકડા હતા તે તેણે જોરથી જમીન પર નાંખ્યા. પૈસાનો ખનન..ન.. અવાજ થતાં આજુ માજુમાંથી લોકો દોડી આવ્યા. બધા ભેગા થઈ ગયા. આ સમયે આ ફકીરે પેલા ફકીરને કહ્યું–દેખ, અહીં તો શાકભાજીના, રેડીયાના, વેપારીના, ફેરીયાઓના કેટલા અવાજ છે ! આટલા બધા અવાજમાં પણ આ બધાના કાને રૂપિયાનો ખનનન... અવાજ આવ્યો ને બધા ભેગા થઈ ગયા. આટલા મોટા ભરચક એરિયામાં ને આટલા અવાજમાં પણ બધાને રૂપિયાનો અવાજ સંભળાયો કારણ કે એમને એમાં રસ છે તો પછી મને નમાજનો અવાજ કેમ ન સંભળાય ? તમને બધાને શેમાં રસ છે ? તમારે કામકાજ હોય, સગાવહાલા, બાળકો વીંટળાઈને બેઠા હોય છતાં નવ વાગે એટલે જિનવાણીનો અવાજ તમને પહોંચી જવો જોઈએ, તમે ઘરમાં હો કે

દુકાનમાં હો પણ જિનવાણીનું રટણ આત્મામાં સતત ચાલુ રહેશે તો આત્મા જનમાંથી જિન બની શકશે.

જનમાંથી જિન બનવાના જિજ્ઞાસુ છે એવા આનંદ ગાથાપતિની વાત ચાલે છે. તેમને ત્યાં ૧૨ ક્રોડ સોનૈયાની સંપત્તિ હતી. તેમની રિદ્ધિનું વર્ણન શાસ્ત્રમાં એટલા માટે ચાલે છે કે તે કોઈ સામાન્ય ન હતા. આટલી સંપત્તિના સ્વામી હોવા છતાં કુલાકુલા રહેતા ન હતા. આજે તો માનવીની પાસે થોડા પૈસા વધે એટલે ધરતીથી અદ્ધર ચાલે, ધર્મને ભૂલી જાય, પણ આનંદ ગાથાપતિ તો નિરાભિમાની, સરળ અને નમ્ર હતા. ભલે સમકિત પામ્યા નહોતા હજુ મિથ્યાત્વી છે પણ સાવ મંદ પડી ગયું છે. સમકિત પામવાની અણીએ પહોંચી ગયા છે. અચરમાવર્તમાંથી ચરમાવર્તકાળમાં આવી ગયા છે. કૃષ્ણપક્ષી મટીને શુકલપક્ષી બન્યા છે. જેને આટલી તૈયારી છે તેને આગળ વધતા વાર ન લાગે. જેમ બે ભાઈ એક સાથે મકાન બાંધે છે. ત્રણ માળનું મકાન બાંધવું છે. એક ભાઈએ મકાન બાંધવામાં સિમેન્ટ, રેતી, ઈંટો, ચુનો આદિ જે જોઈએ તે બધો સામાન લાવીને હાજર કર્યો છે, અને બીજો ભાઈ મકાન ચણાતું જાય ને લાવતો જાય. તો હવે તમે કહો કે કોનું મકાન જલ્દી તૈયાર થશે ? જેણે બધી સામગ્રીઓ ભેગી કરીને રાખી છે તેનું મકાન જલ્દી બંધાવાનું અને જે એકેક વસ્તુ લાવતો જાય તેનું મકાન જલ્દી તૈયાર નહિ થાય, તેમ આનંદ ગાથાપતિને સમકિત પામવા માટે અગાઉથી બધી તૈયારીઓ થઈ રહી છે. તે આનંદ ગાથાપતિનું વર્ણન કરતાં આગળ કહે છે.

चत्तारि वया दसगोसा हस्सिएणं वएणं होत्था ।

તે આનંદ ગાથાપતિને ત્યાં દશદશ હજાર ગાયોના ચાર ગોકુળો હતા. દશ હજાર ગાયોનું એક ગોકુળ, એવા ચાર ગોકુળ એટલે ૪૦ હજાર ગોવર્ગના પશુઓની સંખ્યા હતી. તમને શું ખાવું ગમે ? દૂધ, દહીં, છાસ, ચોકખું ઘી ખાવું ગમે પણ છાણવાસીદા પડે તે ન ગમે. આજે ગાયો પાળવી નથી ગમતી. એટલે ગાયો કતલખાનામાં કપાઈ રહી છે. પહેલાંના શ્રાવકો ગોકુળ રાખતા. આનંદ ગાથાપતિને ત્યાં ૪૦ હજાર ગાયો હતી. તે બધી ગાયોનું દૂધ, ઘી તેમને ખાવા હતા ? ના. ના. તો શા માટે રાખતા હતા ? ગાયોનું રક્ષણ થાય. ગાયોના દૂધમાંથી દહીં, છાસ થાય તો તે ગરીબોને આપી શકાય. ત્યારે વેચવાની વાત ન હતી. આજે તો બધો વહેપાર, વહેપાર ને વહેપાર. દૂધનો, ઘીનો વેપાર થાય તે તો ઠીક પણ છાશનોય વહેપાર થઈ ગયો, પહેલાં તો વિહાર કરીને ગામડામાં જઈએ તો નિર્દોષ છાશ મળી જાય. આજે જ્યાં જુઓ ત્યાં ધનની લોભવૃત્તિ વધી ગઈ. આનંદ ગાથાપતિને ત્યાં ૪૦ હજાર ગાયોનું રક્ષણ કરનારા રખેવાળો, ગોવાળો કેટલાં હશે ? ગાયોના રક્ષણમાં કેટલા માણસો હશે. આ બધાની આજીવિકા ચાલે, ગરીબોનું પોષણ થાય. આ હેતુથી આટલી ગોસંપત્તિ રાખતા હતા, ગામમાં કોઈને ભીખ માંગવાનો વખત ન આવે. ચાલીસ હજાર ગાયોની સંભાળ રાખવામાં કામ કરનારા માણસો તો જોઈએ. એટલા માણસો કામમાં જોડાય તો તેમના આજીવિકાના

સાધનમાં વાંધો ન આવે. આટલી સ્થાવર અને જંગમ મિલ્કત આનંદ પાસે હતી. તે ખૂબ પ્રતિભાશાળી અને બુદ્ધિશાળી હતા. પોતે ગુણવાન હતા અને બીજાના ગુણના પણ રાગી હતા.

ચરમાવર્તમાં આવેલા જીવમાં ત્રણ ગુણો હોય છે. (૧) દુઃખી પ્રત્યે અનુકંપા. (૨) ગુણીજનો પ્રત્યે અદ્વેષ, એટલે પોતે ગુણી હોય અને બીજા ગુણીજનો પ્રત્યે દ્વેષ ન હોય, પણ તેના વિષે કંઈ સાંભળે તો તેની વધુને વધુ પ્રશંસા કરે, માટે ગુણ અને ગુણના રાગી બનવું. આ જગતમાં ત્રણ પ્રકારના મનુષ્યો હોય છે. તેમાં (૧) **સ્વયં ગુણી અને ગુણરાગી.** પોતે ગુણનો પુંજ છે એટલે જેનામાં વિનય-વિવેક-સરળતા ક્ષમા-સૌમ્યતા-સહિષ્ણુતા, પાપ ભીરૂતા આદિ ગુણોનો ખજાનો ભર્યો છે. અવગુણ તો દેખાતો નથી. એવો ગુણી આત્મા પોતે ગુણવાન હોવા છતાં બીજાના ગુણ દેખે. ગુણીને જોઈને ગાંડોઘેલો બની જાય. એવો ગુણાનુરાગી આત્મા બીજાના રાઈ જેટલા ગુણને મેરૂ જેટલા બનાવે અને પોતાના રાઈ જેટલા દોષને મેરૂ જેટલા કહે. ગુણી આત્મા સ્વદોષ દર્શન કરે અને પરગુણ પ્રકાશનમાં આનંદ માને. બીજા પ્રકારના મનુષ્યો **સ્વયં ગુણી અને ગુણના દ્વેષી.** પોતે ગુણવાન છે પણ બીજાના કોઈ ગુણ ગાય કે પ્રશંસા કરે તો તે તેના પર દ્વેષ કરે. તેના વખાણ કેમ કર્યા ? મારા કેમ ન કર્યા ? બીજાની પ્રશંસા તો સાંભળી શકતો નથી. બીજાના ગુણ જોઈ શકતો નથી, કારણ કે તેનામાં અહંકારનો દોષ છે એટલે તેને એમ થાય કે મારા જેવું કોઈ નથી.

દોષ દેખું સદા હું અવરમાં, મારા દોષો ન આવે નજરમાં,
ગુણ બીજાના કહી ના નિહાળું, મારું ગુણ છે બધા મારા ઉરમાં,
આ બરાબી મને બરડચા કરે, એક અવગુણ મને કનડચા કરે....

બીજા પ્રકારના મનુષ્યો આવા હોય છે. પોતાને ગુણી માને અને બીજાના દોષો જોયા કરે. ત્રીજા પ્રકારના મનુષ્યો **સ્વયં અવગુણી અને ગુણદ્વેષી.** પોતે અવગુણનો ભંડાર છે. અને ગુણીજનો પ્રત્યે દ્વેષ રાખનારો છે. આ ત્રણ પ્રકારના મનુષ્યોમાં તમારો નંબર શામાં લગાડશો ? તમે કક્ષા નંબરમાં છો ? હું તમારો નંબર પહેલા પ્રકારમાં રાખું પણ તમારો આત્મા તો સાક્ષી પૂરે છે ને કે મારો નંબર શેમાં છે ? હું તમને કહું કે તમે પહેલા નંબરમાં છો. અથવા તમે મને પહેલો નંબર આપી દો તેમાં કોઈનું કલ્યાણ થવાનું નથી.

પહેલા નંબરના માણસો ગુણી અને ગુણના પ્રેમી હોય છે. સામી વ્યક્તિમાં કદાચ લાખો અવગુણો હોય તો તેના તરફ તેની દૃષ્ટિ જતી નથી, પણ તેના એકાદ ગુણ તેની સામે તરવરતો હોય છે. જો આપણી દૃષ્ટિ આવી હોય તો સમજવું કે મારો નંબર પહેલા પ્રકારના મનુષ્યોમાં છે. (શ્રોતા : મોટા ભાગે પોતાનું સારું અને બીજાનું સારું નહિ જોનારા હોય છે.) સ્વયંગુણી અને ગુણરાગી જીવો તો આ જગતમાં વિરલ છે. આપ એટલું યાદ રાખજો કે આ નંબરમાં આવ્યા વિના આપણો નંબર મોક્ષમાં લાગવાનો

નથી. ગુણીજનોને જોઈને આપણું હૃદય આનંદથી નાચી ઉઠવું જોઇએ. જીભ દ્વારા ગુણવાન આત્માના ગુણ ગાતા, કાનથી ગુણો સાંભળતા હર્ષ થવો જોઈએ. ગુણવાન આત્મા જ્યાં જાય ત્યાં ગુણીના ગુણ ગાયા વગર રહે નહિ. આ જીભની સફળતા ગુણીના ગુણ ગાવામાં છે. સંસારપ્રેમી જીવડા પોતાના ધંધાના, વહેપારના, માલ-મિલ્કતના, પત્નીના, પરિવારના ગુણ ગાયા કરે તેમ ગુણનો પ્રેમી આત્મા ગુણીના ગુણ ગાયા કરે. ગુણી હોવા છતાં તેના ગુણોને ઢાંકીને એકાદ અવગુણ-દોષ હોય તેને ખુલ્લા કરવા એ તો અધમકૃત્ય છે, માટે ગુણીના ગુણ ગાવા એ વ્યસન જીવનમાં લાવવાનું છે. જે ગુણીના ગુણ ગાય છે, ગુણી પ્રત્યે બહુમાન રાખે છે, ગુણીનો વિનય કરે છે એ આત્મા અનંત ગુણમય મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. ચરમાવર્તમાં આવેલા જીવોમાં ત્રણ ગુણો હોય છે. તેમાંથી દુઃખી પ્રત્યે અનુકંપા અને ગુણી પ્રત્યે અદ્વેષ આ બે બોલની વાત થઈ.

હવે **ત્રીજો ગુણ છે ઔચિત્યનું પાલન** એટલે **ઉચિત વ્યવહાર.** ચરમાવર્તમાં આવેલા ભવ્યાત્મામાં આ ઔચિત્યનું પાલન સહજ હોય છે. તમારા આંગણે સ્વધર્મીભાઈ આવે તેને આદરમાન આપવું, તેનો સત્કાર કરવો. ઉચિત વ્યવહાર કરવો એ માનવી તરીકેની ફરજ છે. તમારા આંગણે વેવાઈ આવે, જમાઈ આવે, મિત્રો આવે, સ્વજનો આવે ત્યારે ઉચિત વ્યવહાર કરવાનું શીખવાડવું પડતું નથી. એમની સાથે તો બધો વ્યવહાર કરવાના પણ સ્વધર્મી સાથે ઉચિત વ્યવહાર કરવો જરૂરી છે. જેમનું લક્ષ્ય આત્મા તરફ છે. તે તો સ્વધર્મીને જોતાં નાચી ઉઠશે. સ્વજનો કરતાં સ્વધર્મી પ્રિય લાગશે. ઘરમાં, દુકાન ઉપર, બજારમાં, બસ ટ્રેઈનમાં પણ ઉચિત વ્યવહાર જોઈએ. આ ઔચિત્યનો ગુણ જીવનના દરેક ક્ષેત્રોમાં હોવો જોઈએ.

ચરમાવર્તમાં આવેલા જીવોમાં આ ત્રણ ગુણો હોય છે. તો પછી તમે ચોથા, પાંચમા ગુણસ્થાનકે છો અને અમે છઠ્ઠા, સાતમા ગુણસ્થાનકે છીએ તો આપણામાં તો કેટલા ગુણો હોવા જોઈએ? અમે રોજ ભગવાનની વાણી સંભળાવીએ અને તમે કલાક સુધી સાંભળો છતાં આપણા જીવનમાં વિષયો પ્રત્યે વિરાગ ન આવે, કષાયોની મંદતા ન થાય, ગુણનો રાગ ન થાય તો પછી કાંઈ વિચાર કરવા જેવો ખરો કે નહિ? હું આટલું કરું છું છતાં મારા જીવનમાં પરિવર્તન કેમ નહિ? વ્યાખ્યાન સાંભળવાનો, સામાયિક કરવાનો મારો હેતુ શો? આપણને રોગ થયો. બીજે દિવસે ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે રોગનું નિદાન કરીને દવા આપી. દવા લીધા અઠવાડિયું થયું છતાં ફેરફાર ન થયો તો તમે તેનું કારણ શોધશો ને? દવા ખાવા છતાં મારો રોગ કેમ મટયો નહિ? હું દવા તો બરાબર લઉં છું ને? ના. મેં દવા ટાઈમસર પીધી નથી. દિવસમાં ત્રણ વાર પીવાની દવા હું ત્રણ દિવસે પીવું છું. પછી મારો રોગ ક્યાંથી જાય? પછી દવા બરાબર ત્રણ ટાઈમ પીધી છતાં દર્દ ન મટયું તો ત્યાં કારણ શોધશો. દવા લઉં છું પણ પરેજી પાળતો નથી. પરેજી પાળવા છતાં જો રોગ નહિ મટે તો ડોક્ટર પાસે

ફરિયાદ કરવા જશો ને ? ડૉક્ટર સાહેબ ! દવા બરાબર લઉં છું, પરેજી પાળું છું છતાં રોગ કેમ જતો નથી ? જૈનદર્શન પ્રમાણે અશાતાવેદનીય શાંત થાય ને શાતાવેદનીયનો ઉદય થાય તો રોગ મટે. તમારો રોગ ન મટે તો કારણ શોધો ને ? અહીં તમે રોજ ઉપાશ્રયે આવો છો. વીરવાણી સાંભળો છો. સંતોનો સમાગમ કરો છો છતાં વિકારો ગયા નહિ, રાગ–દ્વેષ મંદ પડ્યા નહિ, સંસારનો, પત્ની, પરિવારનો મોહ છૂટ્યો નહિ. ગુણી પ્રત્યે રાગ ન થયો પણ ગુણી પ્રત્યે દ્વેષ થયો તો ભવરોગ કયાંથી જાય ? કોઈ માણસને કેન્સર થયું. તમને ખબર પડી કે આ ભાઈને કેન્સર થયું છે. તો તમને થશે કે અરરર.... કેન્સર થયું ? કેન્સરનું નામ પડતાં ત્રાસ થાય છે. ધ્રુજારી છૂટે છે પણ આ ભવરોગ લાગુ પડ્યો છે તેના પર ધ્રુજારી છૂટે છે ? તેનો ત્રાસ થાય છે ? ભગવાન મહાવીરનો માર્ગ મળ્યો; ભગવાનની પેઢીના મેમ્બર બન્યા. જિનવાણી રૂપી અમૃતનું આસ્વાદન મળ્યું છતાં હજુ ભવભ્રમણનું કેન્સર કેમ મટતું નથી ? ગુણીજનો પ્રત્યે મને દ્વેષ કેમ આવે છે ? ધર્મની દુકાનો ખોલીને નુકશાની તો નથી કરી ને ?

ચરમાવર્તમાં આવ્યા પછી જીવમાં આ ત્રણ ગુણો આવે. આ ત્રણ ગુણો આવતા વિષયો પ્રત્યે વિરાગ, ભવનિર્વેદ અને કષાયોની ઉપશાંતતા થાય. આ બધા ગુણો આવશે કયારે ? ચરમાવર્તમાં આવ્યા પછી આગળ પ્રગતિ કરવા આગેકૂચ કરે. એક એક પગથિયે આગળ વધે. આગળ વધતાં જીવ પોતે ગુણી અને ગુણાનુરાગી બનશે. તેનામાં અવગુણ નહિ રહે. વિષયો પ્રત્યે વિરાગ આવશે, વિષયો અને કષાયો તો બે ભયંકર શત્રુઓ છે જીવને નરક નિગોદમાં લઈ જનાર છે. આત્માને સંસારમાં રખડાવનાર છે. આ વિષયો અને કષાયોને દૂર કરશું નહિ ત્યાં સુધી ગુણી બની શકીશું નહિ. આત્માને વિશુદ્ધ, નિર્મળ બનાવવા માટે વીરના માર્ગે આવ્યા વગર છૂટકો નથી. તે માટે આત્માને સારો બનાવવો પડશે. આજે માનવી પોતે સારો કેમ દેખાય તે માટે પ્રયત્ન કરે છે પણ સારા બનવા માટે પ્રયત્ન કરતો નથી.

એક ગામડીયો માણસ રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો. ગલીના નાકે રહેલા સ્ટુડિયોની દુકાન પર તેની દૃષ્ટિ પડી. એ દુકાન પર બોર્ડ મારેલું હતું કે તમે જેવા દેખાવા માંગો છો તેવો ફોટો પડાવવો હોય તો તેની કિંમત બે રૂપિયા છે. વર્તમાનમાં તમે જેવા દેખાઈ રહ્યા છો તેવો ફોટો પડાવવો હોય તો કિંમત ૧ રૂપિયો અને તમે જેવા છો તેવો ફોટો પડાવવો હોય તો કિંમત આઠ આના. દુનિયામાં આજે મોટા ભાગના જીવો એવા છે કે હું કેમ સારો દેખાઉં. તમે ફોટો પડાવવા જાવ ત્યારે ફોટોગ્રાફર જેમ કહે તેમ સરખા થઈને બેસો. ફોટો સારો પાડવો હોય તો મુખ હસતું રાખજો. મુખ હસતું રાખ્યું પણ જો દાંત દેખાતા હોય તો કહેશે કે મુખ સરખું રાખો ને ! તમારા દાંત દેખાય છે મુખ હસતું રાખવાનું ને દાંત દેખાય નહિ એ રીતે બેસો તો ફોટો સારો આવે. ત્યાં સરખા થઈને બેસો પણ અહીં બે ઘડીની સામાયિકમાં પણ કાયાની સ્થિરતા રહી શકતી નથી.

કેવો ફોટો પડાવવો છે ?: પેલો ગામડીયો માણસ તો સ્ટુડીયોમાં ગયો. ફોટા-ગ્રાફરે પૂછ્યું–ભાઈ ! તમારે કેવો ફોટો પડાવવો છે ? ગામડિયો કહે મારે આઠ આનાનો પડાવવો છે. ભાઈ ! આઠ આનાનો ફોટો પડાવનાર તું પહેલવહેલો આવ્યો છે બાકી બધા તો પોતે હોય એના કરતાં વધુ સારા દેખાવાના હેતુથી બે રૂપિયાનો ફોટો પડાવવા આવે છે. આપણા આત્માની પણ આ દશા છે. સારા–બનવા માટે જીવ પ્રયત્ન કરતો નથી, પણ કેમ સારો દેખાઉં તેના માટે તે ઉપાયો શોધે છે અને જીવનમાં સારો દેખાવ કરવા માટે થાય તેટલા અન્યાય, અનીતિ, અધર્મનું સેવન કરવા માટે પણ તૈયાર થઈ જાય છે, પણ ભગવંત કહે છે સારા દેખાવા કરતાં સારા બનવું એટલે સદ્‌ગુણી બનવું તેમાં આત્માનું શ્રેય છે. માત્ર અપ ટુ ડેટ કપડા પહેરવાથી કેન્સરની ભયાનકતા, ગુમડાની પીડા કે બ્લડ આદિ ઓછા થતા નથી. બહારનો દેખાવ ગમે તેટલો સારો કરો છતાં રોગ મટતો નથી. એ તો એના અશાતાવેદનીય શાંત થયા હોય તો મટે છે. જ્ઞાની કહે છે કે સારા દેખાવા માટે આત્માએ માયા–કપટ ઘણા કર્યા પણ આત્માને સારો અને સુંદર બનાવવો છે તો નિર્મળ–સરળ બનવું પડશે. ખેડૂતને જો અનાજનો પાક મેળવવો છે તો કાળી ભૂમિમાં બીજ વાવશે તો અઢળક પાક મળવાનો છે, તેમ સમકિતના બીજ વાવવા છે તો આત્મા રૂપી ધરતી સરળ–ભદ્રિક અને પવિત્ર બનાવવી પડશે. આનંદ ગાથાપતિને ત્યાં ૪૦ હજાર ગાયો હતી. તેના કારણે બીજા સેંકડો જીવોનુ ભરણપોષણ ત્યાં થાય છે. આનંદની બુદ્ધિ કેવી તીવ્ર છે અને તે કેવા પ્રભાવશાળી છે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પુરંદર શેઠ વૈભવશાળી અને ખૂબ સુખી છે, પણ પુત્રની ખોટ તેમને સાલે છે. તેમનામાં અને તમારામાં કયાં ફરક છે ? તમારે ત્યાં પુત્ર ન હોય તો એમ થાય કે મારા ધનનો વારસો કોણ ભોગવશે ? જ્યારે શેઠ સંસારના સુખો માટે કે લક્ષ્મી માટે સંતાનની ઈચ્છા નથી કરતા. તેમના મનમાં એ ભાવના છે કે મારા ધર્મનો વારસો પુત્ર વિના કોણ સાચવશે ? મારા અભંગ દ્વાર સદા ખુલ્લા રહે. સંતોને સુપાત્રદાન બંધ ન થાય અને ધર્મની પરંપરા ચાલુ રહે તે માટે પુત્રની ઈચ્છા કરે છે. પતિની ચિંતા દૂર કરવા પુણ્યશ્રીએ કહ્યું નાથ ! આપ ફરી વાર લગ્ન કરો. શેઠે કહ્યું કે તું આ વાત કયારે પણ કરતી નહિ. બે પત્નીનો પતિ કયારે પણ સુખી હોતો નથી. તે સિવાય બીજો કોઈ ઉપાય હોય તો તું બતાવ.

પુત્રની પ્રાપ્તિ માટે શેઠના પ્રયત્ન : પુણ્યશ્રી કહે છે નાથ ! કોઈ દેવ–દેવી દીકરા આપી શકતા નથી. ગજસુકુમાલ વખતે કૃષ્ણજીએ પોતાની માતાની ઈચ્છા પૂરી કરવા અઠ્ઠમ કરીને દેવની આરાધના કરી, પછી દેવ પ્રસન્ન થયા ત્યારે કહ્યું કે હવે મારી માતા દેવકીજીના ભાગ્યમાં સંતાન છે ? તે રીતે આપ અઠ્ઠમ કરીને દેવની આરાધના કરો અને પછી પૂછી જુઓ કે અમારા નસીબમાં સંતાન છે ? જો હશે તો હા પાડશે. નહિ હોય તો કાંઈ દેવ દીકરા દેતા નથી. શેઠ કહે દેવી ! તારી વાત સાચી

છે હું હવે તે પ્રમાણે કરીશ. બીજે દિવસે શેઠ નાહી ધોઈને પદ્માસન લગાવીને અઠ્ઠમના પચ્ચખ્ખાણ લઈને બેસી ગયા. એક રાત ગઈ, બીજી રાત ગઈ, ત્રીજી રાતે રાત્રીના પાછલા પ્રહરમાં એકદમ પ્રકાશ પ્રકાશ થયો. અઠ્ઠમના પ્રભાવે દેવનું આસન ડોલ્યું. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું કે મારો ભક્ત મને યાદ કરે છે. તો જઈને જોઉં કે તેણે મને શા માટે યાદ કર્યો છે? એટલે દેવ આવ્યા. આવીને પુરંદરને કહે છે ખોલ આંખો ખોલ. હું તારા પર પ્રસન્ન થયો છું. તું માંગ-માંગ, માંગે તે આપું. પુરંદર શેઠે આંખો ખોલીને તેમના દર્શન કર્યા. ભાવભીના શબ્દોથી સત્કાર્યા, પછી કહ્યું-અત્યારે અમારી પાસે બધું છે માત્ર એક કુળદીપક જોઈએ છે તે પણ ધનના વારસા માટે નહિ પણ મારો ધર્મનો વારસો સાચવે એવો કુળદીપક જોઈ એ છે. શેઠ! તમારા ભાગ્યમાં છે પણ હજુ તમારા કર્મોમાં અંતરાય નડે છે, માટે થોડી મુશ્કેલીઓ પણ છે. તે મુશ્કેલીઓને દૂર કરવા માટે આપ જે કહેશો તે બધું કરીશ. સંસારના સુખ માટે જીવ કેટલું કષ્ટ વેઠવા તૈયાર થાય છે, અને આત્મા માટે કેટલી પીછે હઠ કરે છે.

દેવ કહે છે શેઠ! તમે શુભ ભાવથી દાનનો પ્રવાહ વહાવો અને બધાની દુઆ લો. સુપાત્ર દાન, અનુકંપા દાન દો. સુપાત્ર દાન શ્રેષ્ઠ છે. ધર્મધ્યાન કરો. વ્રતનિયમ કરો. આઠમ પાખીના પૌષધ કરો. આ બધું કરવાથી તમારું કર્મ દૂર થશે ને તમારા ઘેર પારણું બંધાશે. તમારી ઈચ્છા જરૂર પૂરી થશે. ભલે. હું જરૂરથી આટલું કરીશ. એમ કહીને દેવ અદૃશ્ય થઈ ગયા. શેઠને તો આ વાત સાંભળતા ખૂબ આનંદ ને હર્ષ થયો. અઠ્ઠમ પૂરો થતાં શેઠ પૌષધ પાળીને ઘેર ગયા. પુણ્યશ્રી તો રાહ જોઈને બેઠી છે. આજ અઠ્ઠમ પૂરો થયો. હમણાં મારા પતિદેવ આવશે. તેમના પારણાની તૈયારીઓ કરી છે. ત્યાં શેઠને આવતા જોયા. તે ગાંડીઘેલી બની ગઈ તેનું અંતર આનંદથી ઉછળવા લાગ્યું. શેઠના સામા જઈને તેમનું સ્વાગત કર્યું. પુણ્યશ્રી કંઈ પૂછતી નથી. તે સમજે છે કે અઠ્ઠમ પૌષધ હતો એટલે પાણીનો શોષ પડયો હોય. શાંતિથી શેઠને પારણું કરાવ્યું. પારણું પતી ગયા બાદ શેઠની પાસે જઈને બેઠી અને પૂછયું-આપે અઠ્ઠમ તપ કર્યો તેનું પ્રમાણપત્ર મળ્યું કે નહિ? અઠ્ઠમ તપ સફળ થયો કે નહિ? દેવી! અઠ્ઠમ તો સફળ થયો છે પણ તેમાં થોડું અંતરાય કર્મ છે. તે કર્મને દૂર કરવા માટે તેમણે કહ્યું છે કે આપ સુપાત્રદાન આદિ કરજો. ગરીબોના આંસુ લૂછજો. તેમની દુઆ મેળવજો. લક્ષ્મી પરમાર્થમાં વાપરજો, અને આઠમ-પાખીના પૌષધ, ઉપવાસ, સામાયિક આદિ ધર્મધ્યાન કરજો. જેથી તમારું અંતરાય કર્મ ખપી જશે. મેં તેમને આ બધું કરવાનું વચન આપ્યું છે. પુણ્યશ્રી કહે-ભલે આપ જે કહેશો તે બધું કરવા હું તૈયાર છું. સંતાનની પ્રાપ્તિ માટે કેટલું કરવા તૈયાર થયા! શેઠ-શેઠાણી તે દિવસથી ધર્મઆરાધનામાં વધુ જોડાવા લાગ્યા. દાનપુણ્ય શરૂ કર્યું. સંતોની, ગુરૂ ભગવંતોની ખૂબ ભક્તિ કરવા લાગ્યા. આપણે ત્યાં પણ તપ ત્યાગના મંગલ દિવસો આવી રહ્યા છે. આપ આપની શક્તિને ગોપવશો નહિ. તપ વિના કર્મ ક્ષય થવાના નથી. આ શેઠ-શેઠાણી ધર્મ ક્રિયાઓ તથા દાન આદિ કરી રહ્યા છે હવે ત્યાં શું બનશે તે વાત અવસરે.

અષાડ વદ ૧૨ ને રવીવાર : વ્યાખ્યા નં. ૧૩ : તા. ૧૪-૭-'૮૫

કરૂણામૂર્તિ, શાંત રસના સ્વામી. જ્ઞાનના મહારથી એવા જિનેશ્વર ભગવાન આત્મશ્રેયનો માર્ગ સમજાવતાં કહે છે કે આ સંસારમાં દરેક જીવોને સુખની અંખના છે દુઃખ તો સ્વપ્નામાં પણ ગમતું નથી, પણ એ સુખો મેળવવા માટે અધમ પાપો આચરે છે ને દુઃખ ઉભું કરે છે સૂયગડાયંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે.

अप्पेण अप्पं इह वंचइत्ता, भवाहमे पुव्वसए सहस्से ।
चिट्ठंति तथा बहुकूरकम्मा, जहा कडंकम्म तहासिभारे ।। અ. ૫. ઉ. ૧ ગા. ૨૬

મનુષ્યભવમાં થોડા સુખના કારણે આસક્ત જીવો પોતે પોતાના આત્માને છેતરી *પૂર્વજન્મોમાં સેંકડો હજારો વાર અધમભવો પ્રાપ્ત કરી ઘણા ક્રૂર કર્મો કરીને એ ક્રૂરકર્મી* જીવો દુઃખમય નરકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પોતે તીવ્ર કે મંદ કર્મો કર્યા હોય તે પ્રમાણે લાંબા કાળ સુધી દુઃખ ભોગવે છે. ગાઢ કર્મો કરવાવાળા અતિ દુઃખ રૂપ નરકમાં ઉત્પન્ન થાય છે. પહેલી નરક કરતાં બીજી નરકમાં દુઃખો વધારે હોય છે. એ રીતે અનુક્રમે વધતા વધતા સાતમી નરકમાં દુઃખો વધારે હોય છે. આ દુઃખો ભોગવતાં જે મિથ્યાત્વી જીવો હોય છે. તે કલ્પાંત કરે છે. રડે છે, પણ કોઈ તેને દુઃખમાંથી મુક્ત કરી શકતું નથી. જ્યારે સમકતી આત્મા નરકમાં દુઃખો ભોગવવા છતાં એ દુઃખોને રડતા નથી, પણ પોતાના પૂર્વકૃત અશુભ કર્મોને યાદ કરી એનો પશ્ચાતાપ કરતા રડે છે. સમકતી આત્મા પાપને રડે છે જ્યારે મિથ્યાત્વી આત્મા દુઃખને રડે છે. આજ સુધી આપણો આત્મા પણ દુઃખ આવે ત્યારે રડયો છે, પણ જીવનમાં અગણિત પાપો કર્યા તે માટે આંખમાંથી આંસુ આવ્યા છે ખરા? અરે! મારાથી આવા પાપો થઈ ગયા. એવું દુઃખ જીવનમાં થાય તો સમજવું કે હવે મારી દિશા પ્રગતિ તરફની છે.

એક ભાઈને છાતીમાં જોરદાર ભયંકર દુઃખાવો થયો. તેને મટાડવા માટે તેણે પહેલા ઘરગથ્થુ ઉપચારો કર્યા છતાં દુઃખાવો મટયો નહિ. છેવટે ઘરના બધાના કહેવાથી તે ડૉકટર પાસે ગયો. ડૉકટરે ટેબલ પર સૂવાડી કાડયોગ્રામ લીધો. એક કલાક પછી ડૉકટરે કહ્યું કે અત્યારે કાડયોગ્રામ નોર્મલ છે. તમારા મગજ પર ચિંતાનું બોઘરેશન ખૂબ વધ્યું હશે એટલે આ દુઃખાવો થયો છે. હવે જો ચિંતા ઓછી નહિ કરો તો હાર્ટએટેક આવવાનો ભય છે. ડૉકટરની વાત સાંભળીને તે ભાઈ ઘેર ગયા. ઘેર ગયા ત્યાં સમાચાર મળ્યા કે પરદેશમાં જે પેઢી ચાલતી હતી તે ડૂલ થઈ છે. તેમાં ૧૨ લાખ રૂપિયાની ખોટ ગઈ છે. અહીંની પેઢીમાં પણ નુકશાની થઈ છે. વળી જેની પાસે તમે ત્રણ-ચાર લાખ માંગતા હતા તેમણે દેવાળું કાઢયું અને કોર્ટમાં નાદારી નોંધાવી છે. આવા આઘાત-જનક, ચિંતાજનક સમાચાર સાંભળતા તે ભાઈને છાતીમાં દુઃખાવો એકદમ વધી ગયો. ઘરના માણસોએ ડૉકટરને બોલાવ્યા. ડૉકટરે બરાબર તપાસ કરીને કહ્યું કે હાર્ટએટેકનો હુમલો આવ્યો છે.

એટેક આવ્યો છે ખરો પાપનો? : આ તો એક સામાન્ય વાત છે. તે ભાઈના માથે ચિંતાનો બોજો વધી ગયો તો ભાઈને એટેક આવી ગયો. આ વાત આપણા જીવન પર વિચારવી છે. આપણા જીવનની પ્રત્યેક પળો કેટલા પાપથી ખરડાઈ રહી છે? પેલા ભાઈના દુઃખ કરતા આપણા પાપો તો અનંતગણા છે. આત્મા પર અમાપ પાપોનો બોજો ખડકાઈ ગયો છે, છતાં હજુ સુધી જીવને કયારેય તેનો એટેક આવ્યો છે ખરો? આપણો આત્મા જીવનમાં કેટલા કેટલા અને કેવા કેવા પાપો કરી રહ્યો છે? આ પાપો શા માટે કરે છે? મનની આશાઓ પૂરી કરવા માટે. આપણું પુણ્ય મર્યાદિત છે અને આશાઓ અમર્યાદિત છે. પછી આ આશાઓ પૂરી થાય કયાંથી? એ આશાઓ, ઈચ્છાઓ પૂરી ન થાય તો જીવનમાં ક્રોધ આવી જાય. કયારેક વ્યક્ત ક્રોધ ન આવે તો અવ્યક્ત ક્રોધ પણ આવી જાય છે. કંઈક વાર ક્રોધ તો એટલી હદ વટાવી જાય કે એ ક્રોધ પાસે ચંડકૌશિક સર્પ પણ હારી જાય. ક્રોધને લાવનાર માન છે. બાહુબલીજીને માન આવ્યું કે હું મારા નાના દીક્ષિત ભાઈઓને વંદન કેમ કરું? એ માને તેમને કેવળ જ્ઞાન આવતા અટકાવ્યું. ઋષભદેવ ભગવાને બ્રાહ્મી સુંદરીને મોકલી. એમના શબ્દોએ "અભિમાન થયું ક્ષણમાં સાફ ને પામ્યા કેવળજ્ઞાન" આપણા માનની તો વાત જ શી કરવી! આ પાંચમા આરામાં આપણને એક માત્ર છેવટું સંઘયણ છે પણ અભિમાનનો થાંભલો તો જાણે વજઋષભનારાચ સંઘયણનો બન્યો હોય એવું લાગે છે. કોણ જાણે કયારે એ તૂટીને જમીનદોસ્ત થશે! ત્રીજો નંબર છે માયા. મનમાં દુષ્ટમાં દુષ્ટ અશુભ વિચારો કરીએ અને બહાર આપણી જાતને સજ્જન તરીકે ઓળખાવીએ છીએ. લોભની તો વાત શું કરવી! એક લાકડાના ટુકડા માટે અંધારી ઘનઘોર રાત્રીમાં મૂશળધાર વરસાદમાં જાનના જોખમે પાણીના પૂરમાં પડતો લોભી મમ્મણ શેઠ. શું એની તૃષ્ણા! કેટલો લોભ! આપણા જીવનમાં પણ લોભ કયાં ઓછો છે! કંઈક વાર માનવીના અસંતોષી જીવન તરફ દૃષ્ટિ કરીએ તો લાગે છે કે આ સંસારમાં અત્યારે મમ્મણની મિત્રાચારી કરે એવા આત્મા છે ખરા. આખી દુનિયાની સંપત્તિ તેને મળી જાય તો પણ તેને તૃપ્તિ થશે કે કેમ એ શંકા છે.

કામરાગ તો જીવ પર સવાર થઈને બેઠો છે. માનવીનું મન સતત વાસના ગ્રસ્ત રહ્યા કરે છે. વાસના તથા કષાયોના કારણે અઢળક પાપોના પૂંજ ઉભા કરે છે. આટલા અલક્ષ પાપોથી આપણું જીવન ખરડાઈ ગયું છે, છતાં એના કારણે હજુ કયારેય કોઈને એટેક આવ્યો છે ખરો? એ પાપના પ્રશ્ચાતાપ રૂપે આંખમાંથી આંસુના બે ટીપા પણ પડયા નથી. એ પાપો પ્રત્યે સુગ પણ આવી નથી. આવું સુંદર માનવજીવન અને અનંતકાળે દુર્લભ એવા વિતરાગ શાસનને પામીને આત્માએ દિલની એવી કોમળતા કેળવવાની છે કે પાપનો નાનો સરખો વિચાર પણ જીવનમાં ઝુંજારી પેદા કરે. આંખમાંથી આંસુ પાડે. જે આત્મા પાપોની પાછળ રડે છે તેને દુઃખોની પાછળ રડવાના દિવસો આવતા નથી. નરક ગતિના દુઃખો ભોગવવાનો સમય આવતો નથી. જો જીવનમાં પાપોના કારણે

જોરદાર ભયંકર એટેક આવે તો પાપોનો નાશ થયા વિના રહે નહિ. **"પાપોનો નાશ એટલે દુર્ગતિનો નાશ, દુર્ગતિનો નાશ એટલે દુઃખોનો નાશ"** આ જીવનની સફળતા પાપોના નાશમાં અને સદ્‌ગુણોના સ્વીકારમાં રહેલી છે.

જિંદગી જીવતા તું વિચારજે, એને સદ્‌ગુણથી શણગારજે.
માનવ જીવનના મૂલ્ય ન થાય....કે જિંદગી....

જ્ઞાનીએ આ જીવનની કિંમત માલમિલ્કતના મૂલ્યાંકનથી નથી કરી, પણ સદ્‌ગુણના શણગારથી કરી છે. સત્ય, સદાચાર, માનવતા, ન્યાયનીતિથી જીવનના મૂલ્યાંકન થાય છે. આનંદ શ્રાવક આદિ દશ શ્રાવકોના નામ આગમના પાને સુવર્ણાક્ષરે લખાયા તે તેમની સંપત્તિ, સત્તા, વૈભવ કે વિલાસથી નથી લખાયા. આપે સાંભળ્યું ને કે આનંદ ગાથાપતિની પાસે કેટલી રિદ્ધિ હતી ! ૧૨ ક્રોડ સોનામહોરો હતી. ૪૦ હજાર ગાયો હતી. આ ઉપરાંત બંગલા, હાટ, હવેલીઓ, દુકાનો આ બધી સંપત્તિ હતી. તેની પાસે આટલી બધી સંપત્તિ હતી માટે તેમનું નામ સિદ્ધાંતના પાને નથી આવ્યું. ગમે તેવા વૈભવશાળી કે સંપત્તિવાન હોય પણ જેના જીવનમાં સદ્‌ગુણોની સુવાસ નથી, માનવતાની મ્હેંક નથી તેમની જ્ઞાનીની દૃષ્ટિમાં કોઈ ગણત્રી નથી. ગુણવાનના નામ સિદ્ધાંતમાં આવે છે.

પુણ્યાનુબંધી પુણ્યવાળી લક્ષ્મી જેને મળી છે તેવા આત્માઓ આટલી બધી સંપત્તિ, વૈભવો મળવા છતાં તેમાં લેપાતા નથી. જેમ કમળ પાણીમાં જન્મે છે છતાં તે તેમાં લેપાતું નથી તેમ આ જીવો સંપત્તિમાં આસક્ત ન બને. તેના પ્રત્યે તેને મૂર્છા કે મમતા ન હોય. આનંદ ગાથાપતિને સંપત્તિ તો હતી પણ સાથે બુદ્ધિ તીવ્ર મળી છે. બેરીસ્ટર, વકીલની જરૂર ન પડે. એવી એમની બુદ્ધિ કામ કરે છે. રાજામહારાજાઓ પણ તેની સલાહ લેવા આવે. આનંદ ગાથાપતિની બુદ્ધિ કેટલી હતી, તેમનું વર્ચસ્વ કેટલું હતું એ બતાવતા શાસ્ત્રકાર બોલે છે : **से णं आणंदे गाहावइ बहुणं राइसर जाव सत्थवाहाणं बहूसु कज्जेसु य कारणेसु य मंतेसु य आयुच्छणिज्जे पडिपुच्छणिज्जे.** એ આનંદ ગાથાપતિને રાજા, ઈશ્વર યાવત સાર્થવાહો તરફથી ઘણાં કાર્યોમાં, કારણોમાં (ઉપાયોમાં), મંત્ર (સલાહમાં) એક વાર પૂછવામાં આવતું, વારંવાર પૂછવામાં આવતું હતું. રાઈસર એટલે રાજા, માંડલિક નરેશને રાજા કહેવાય છે. અને ઐશ્વર્ય (એટલે ધન, વૈભવ, સંપત્તિ) વાળાઓને ઈશ્વર કહે છે. રાજા સંતુષ્ટ થઈને ખુશ થઈને જેને પટ્ટબંધ આપે છે તે રાજાઓના જેવા પટ્ટ બંધથી વિભૂષિત લોકોને તલવર કહેવાય છે. જેની વસ્તી છિન્નભિન્ન હોય અથવા અઢી ગાઉના અંતર પછી બીજું કોઈ ગામ ન હોય તેને મંડબ કહેવાય છે. મંડબના અધિકારીને માંડવિક કહે છે જે કુટુંબનું પાલનપોષણ કરે છે અથવા જેના દ્વારા ઘણાં કુટુંબોનું પાલન થાય છે તેને કૌટુંબિક કહે છે. 'ઈભ'નો અર્થ છે હાથી. હાથીના જેટલું દ્રવ્ય જેની પાસે હોય તેને ઈભ્ય કહેવાય છે. ઈભ્યના ત્રણ પ્રકાર છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. હાથીની બરાબર મણી, મોતી, પરવાળા, સોનું, ચાંદી આદિ દ્રવ્યના ઢગલાના જે સ્વામી છે તેને જઘન્ય ઈભ્ય કહે છે. હાથીની બરાબર હીરા અને

માણેકના ઢગલાના જે સ્વામી હોય છે તેઓને મધ્યમ ઇભ્ય કહેવાય છે. હાથીની બરાબર કેવળ હીરાના ઢગલાના જે સ્વામી હોય તેને ઉત્કૃષ્ટ ઇભ્ય કહેવાય છે. ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્યરૂપ ખરીદવા યોગ્ય વેચવા યોગ્ય વસ્તુઓ લઈને કમાવા માટે દેશાંતર જનારાઓને જે સાથે લઈ જાય તેમને સાર્થવાહ કહે છે. સાર્થવાહ વાહનો દ્વારા અથવા પગપાળા કમાવા જવાના હોય ત્યારે આખા ગામમાં ઢંઢેરો પીટાવે. ગરીબોના ભલા માટે તેમને પુંજી આપી વહેપાર કરાવે, અને ગામમાંથી જેને આવવું હોય તેને સાથે લઈ જાય. કેટલી વિશાળતા ! કયાં તે સમયની ઉદાર ભાવના અને કયાં આજની સંકુચિત ભાવના ! ભાઈ ભાઈને પણ ધંધો બતાવવા તૈયાર નથી.

એક માતાની બે દીકરીઓ હોય. એક દીકરીને શ્રીમંત ઘરમાં પરણાવી છે અને બીજી સામાન્ય ઘરમાં પરણી છે. કુદરતને કરવું શ્રીમંત દીકરીનું ભાગ્ય વધુ ખીલતું ગયું ને ખૂબ સુખી બની અને બીજી દીકરીનું ભાગ્ય મંદ એટલે તે ગરીબ થઈ ગઈ. તો શ્રીમંત દીકરી પિયર આવે તો બધાને મન શી વાત ! તેનું ઘરમાં માન-સન્માન કરે, અને ગરીબ દીકરી આવે તો કોઈ સામું ન જુવે. આવે તો ભલે ને જાય તો ભલે. સગી માતા હોય છતાં દીકરી પ્રત્યે લાગણી ન હોય એવું કંઈક જગાએ જોવા મળે છે અને કંઈક જગાએ સાવકી માતા હોય તો જન્મદાતા માતા કરતાં પણ ચઢી જાય તેવી હોય છે. જન્મદાત્રી માતા પણ શ્રીમંતની-પૈસાની પૂજારી બની જાય છે. કર્મના ખેલ વિચિત્ર છે. હીરની ગાંઠ ઉકેલી શકાય પણ કર્મના કોયડાને ઉકેલવો બહુ મુશ્કેલ છે. જે કર્મ બાંધ્યા હોય તે ભોગવે જ છૂટકો. કર્મ બે રીતે ભોગવાય. પ્રદેશ ઉદય અને વિપાક ઉદય. પ્રદેશ ઉદયે તો સમયે સમયે કર્મ ભોગવાયા કરે છે. આપણને તેનો ખ્યાલ નથી આવતો. જો પ્રદેશ ઉદયે કર્મ ભોગવાતા ન હોત તો કર્મનો કેટલો મોટો ઢગ આત્મા ઉપર થઈ ગયો હોત ! જે કર્મ અજાણપણે, અજ્ઞાનપણે બંધાયું હોય તે તો સૂકી રેતીમાં નાંખેલા કપડા જેવું છે. તે કપડાને રેતી ચોંટે ખરી પણ એને બંખેરો એટલે ખરી જાય તેમ અજાણપણે બંધાયેલા કર્મ પ્રદેશ ઉદયે ભોગવાઈ જાય છે. જે કર્મ બાંધવામાં મન, વચન, કાયાના ત્રણે યોગ ભળ્યા હોય તે કર્મ વિપાક ઉદયે ભોગવવું પડે છે. તે રડી રડીને ભોગવતા પણ પૂરું થતું નથી. કર્મ બાંધીને ભોગવતા રડવાના દિવસો આવે તે કરતાં કર્મ બાંધતી વખતે ખૂબ સજાગ રહેવાની જરૂર છે, માટે પુણ્યના યોગે અનુકૂળ સંજોગો છે ત્યાં સુધી આત્માને ઓળખી લો. વીજળીનો ઝબકારો થયો છે તેમાં સોય પરોવી દો. માનવ-ભવ અને વીર શાસનરૂપી ઝબકારો થયો છે તેમાં આત્માને પિછાણી લો.

ધર્મદાસ નામના પુણ્યવાન શેઠ હતા. તેમનું નામ તેવા ગુણ. એ ખરેખર ધર્મના દાસ હતા. એમને એ સમજાઈ ગયું હતું કે બે આંખો બંધ થયા પછી આ જિંદગી એક સ્વપ્ન બની જશે. તેમની રગેરગમાં ધર્મ વણાયેલો હતો. શેઠાણી પણ ખૂબ ધર્માનુરાગી હતા. તેમને એક દીકરી હતી. તે પછી ઘણા વર્ષે શેઠાણીની કુક્ષીમાં કોઈ સારો જીવ આવીને ઉત્પન્ન થયો. શેઠાણીની ધર્મભાવના વધુ વધતી ગઈ. સમય જતાં

તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. શેઠ વિજાપુરના વતની હતા. તે ધંધા માટે મુંબઈ આવેલા. મુંબઈ આવ્યા બાદ તેમના ભાગ્યનો સિતારો એવો ચમકયો કે પાણીના પૂરની જેમ લક્ષ્મી આવવા લાગી. પછી તો શેઠે ચોપાટી કિનારે મોટો આલિશાન બંગલો બાંધ્યો. બંગલાનું નામ આપ્યુ "ધર્મપ્રેમ." સંપત્તિ આવે ત્યાં શું બાકી રહે ? ઘેર ગાડી આવી. સ્કૂટર વસાવ્યુ. વૈભવો ખૂબ છે. સંપત્તિ અઢળક છે પણ માત્ર એકલા પૈસા મળી ગયા તેથી શું તમે સુખી બની ગયા ! એકલો પૈસો સુખ આપી શકતો નથી. પૈસાવાળાને પૂછો તો ખરા કે તમે સુખી છો ? તે કહેશે ના. શેઠ, શેઠાણી અને દીકરો ત્રણેનું કુટુંબ આનંદથી રહે છે. દીકરીને તો પરણાવીને સાસરે મોકલી છે.

સુખમાં કર્મરાજાએ આપેલું દુઃખ : ત્રણે જણા સુખના હિંડોળે ઝુલી રહ્યા છે. આનંદની મસ્તી માણી રહ્યા છે; પણ જ્ઞાનીના સંદેશા પ્રમાણે કર્મરાજા સુખમાંથી કયારે દુઃખના દરિયામાં ડૂબતા કરી નાંખે છે તે ખબર નથી. પુત્ર ૧૬ વર્ષનો થયો ત્યાં માતા ૨૪ કલાકની બિમારીમાં આ ફાની દુનિયાને છોડીને ચાલી ગઈ. શેઠને તો ખૂબ આઘાત લાગ્યો. અરરર....કુદરત ! તેં આ શું કર્યું ? અમારું સુખ તને ન ગમ્યું ! અમને દુઃખના સાગરમાં નાંખી દીધા ! માનવી ગમે તેવો હોંશિયાર હોય, બળવાન હોય કે બુદ્ધિશાળી હોય પણ કાળનો પંજો પડે ત્યારે એક વાર તો માનવીના હાડ ભાંગી નાંખે. હવે મોટા બંગલામાં માત્ર બાપ દીકરો બે રહ્યા. ઘરમાં નોકરચાકરો હોય પણ ઘરના શણગાર સમાન સ્ત્રી ન હોય તો ઘર સૂનકાર લાગે. દીકરો પણ ખૂબ રડે છે અરરર....માતા ! તું મને મૂકીને કયાં ચાલી ગઈ ! હવે મારું ને મારા પિતાનું શું થશે ? શેઠ હયું કઠણ કરીને દીકરાને સમજાવે છે બેટા ! તું રડ નહિ. મેં ગત જન્મમાં પંખીના માળા તોડયા હશે તો આ ભવમાં આપણો માળો વીંખાઈ ગયો. ઘરની જ્યોત બૂઝાઈ જતાં ઘર સ્મશાન જેવું લાગે છે. શેઠ દીકરાને વ્હાલથી, પ્રેમથી, બોલાવે, ચલાવે, જમાડે, ભણાવે. સમય જતાં છોકરો બી. કોમ., પાસ થઈ ગયો ત્યારે તેની ઉંમર ૨૧ વર્ષની હતી.

શેઠ કહે દીકરા ! હવે તું ઉંમરલાયક થયો છું. ઘરની પરિસ્થિતિ જોતાં હવે તારી સગાઈ કરી જલ્દી લગ્ન કરવાનો વિચાર છે. ઘરમાં વહુ આવે તો ઘર થોડું હર્યું ભર્યું લાગે. છોકરો કાંઈ બોલ્યો નહિ. શેઠે ઘણું સમજાવ્યો ત્યારે કહ્યું—પિતાજી ! આપ જેમ કહેશો તેમ કરીશ. શેઠ કહે બેટા ! એક વાત યાદ રાખજે કે દુનિયા જે જોઈ રહી છે તે તું ન જોઈશ. આપણા કુળની આબરૂ—ઈજ્જત વધારે, કુટુંબને ઉજ્જવળ કરે તેવી સંસ્કારોથી શોભતી કન્યા જોજે. આપણા ઘરમાં કોઈ વડીલ નથી. એટલે ઘરની બધી જવાબદારી એને સંભાળવાની રહેશે. માટે ગંભીર, ગુણીયલ. વ્યવહાર કુશળ છોકરી તું જોજે. આજે સમાજ શું જુવે છે ? વડીલો રૂપ અને રૂપિયા જુવે છે અને છોકરો હાઈટ અને વ્હાઈટ જુવે છે. આ શેઠ રૂપ અને રૂપિયા જુવે તેવા ન હતા. તેમને હાઈટ અને વ્હાઈટ પણ નથી જોઈતા. તેમને જોઈ એ છે ગુણીયલ ગંભીર ધર્મના સંસ્કારવાળી

કન્યા, પિતાજી ! આપ જેમ કહેશો તેમ કરીશ. છોકરો ખૂબ ગુણિયલ છે. સંસ્કારથી કેળવણી પામેલો છે. આધુનિક જમાનાનો વાયરો તેનામાં ન હતો. સુપાત્ર દીકરા હોય તે માતાપિતાની આજ્ઞા કયારે પણ ન ઉથાપે.

સંસ્કારી કન્યાની શોધમાં : આ જ નગર મુંબઈમાં વસતા વિજાપુરના વતની બીજા શેઠનો આ શેઠને ત્યાં ફોન આવ્યો. શેઠ ! મેં સાંભળ્યું છે કે આપના પુત્રનું સગપણ કરવા માટે આપ સંસ્કારી કન્યાની શોધમાં છો તો મારે આપને થોડી વાત કરવી છે. આપ હમણાં ઉતાવળથી સગાઈ કરી લેતા નહિ. હું મારી દીકરીને લઈને સાંજે તમારી પાસે આવું છું. ત્યારે બધી વાત કરીશ. આ શેઠ સાંજે ધરમદાસ શેઠને ત્યાં આવ્યા. ધર્મદાસે તેમનું સ્વાગત સત્કાર કર્યું. પછી બંને શેઠ શાંતિથી બેઠા છે ત્યારે આ શેઠે વાત શરૂ કરી. શેઠ કહે, મેં સાંભળ્યું છે કે આપ આપના દીકરા માટે સંસ્કારી કન્યાની શોધમાં છો. માટે હું આ મારા ભાઈની દીકરી છે તેને લઈને આવ્યો છું. આ દીકરી ૧૦ વર્ષની હતી ત્યારે મારા ભાઈભાભી એકસીડન્ટમાં ગુજરી ગયા છે. પછી આ છોકરીને મેં મોટી કરી છે. તેને સ્કૂલમાં મેટ્રિક સુધી ભણાવી છે. ધર્મના સારા સંસ્કાર આપ્યા છે. ધાર્મિક જ્ઞાન સારું મેળવ્યું છે. જીવનમાં ધર્મનું સ્થાન કેવું હોવું જોઈએ એ માટે સુંદર વિચારો ધરાવે છે. તે માટે મને તેના પ્રત્યે અત્યંત માન છે. હું તેના માટે અતિ પ્રશંસા કરું તે સારું ન લાગે. બાકી આ દીકરી સંસ્કારી અને સદ્‌ગુણી છે. આપ વિચાર કરી જોજો. તમારું અને તમારા દીકરાનું મન સો ટકા માને તો આગળ વધજો. બંને શેઠ વાતો કરતા હતા ત્યારે દીકરાની નજર તેના પર ગઈ. છોકરીની આંખ જોતાં તેણે ઘણું જોઈ લીધું. શેઠે ઇશારાથી પૂછયું, દીકરા ! આ કન્યા તને ગમે તો આપણે સગાઈ કરીએ. પિતાજી ! આપને પાસ તે મને પાસ છે. ત્યાં બંનેનુ સગપણ નક્કી કર્યું. થોડા દિવસમાં ધામધૂમથી લગ્ન થઈ ગયા.

ઘરના શણગાર સમાન નીલા : નીલા પરણીને સાસરે આવી. ઘરમાં સાસુ છે નહિ. નીલા ખૂબ ડાહી છે તે સમજી ગઈ કે મારા સાસુજી છે નહિ એટલે ઘરની બધી જવાબદારી મારે સંભાળવાની છે. એ રીતે રહેવું એ મારો ધર્મ છે. નીલાના વિનય, વિવેક, સંસારના કામોમાં વ્યવહારીકપણું બધું જોઈને શેઠને ખૂબ સંતોષ થયો. આ વહુ મારા કુળની ઇજ્જત સાચવશે ને આબરૂ વધારશે. દીકરાના લગ્ન પછી પહેલી દિવાળી આવી. 'ધર્મપ્રેમ' બંગલો રોશનીથી ઝળહળી ઉઠયો હતો. બધાના ઉમંગનો પાર નથી. દીકરી–જમાઈ ને તથા સ્વજનોને બધાને ઉમંગથી બોલાવ્યા છે. જાતજાતના પકવાન અને ફરસાણો બધું બનાવ્યું છે. નીલા ખૂબ હર્ષભેર બધાને સત્કારી રહી છે. ઘરમાં આનંદની છોળો ઉડતી હતી. દિવાળીનો દિવસ હોવાથી શેઠનો દીકરો દુકાને શારદા પૂજન કરવા ગયો છે. નવા ચોપડાનું મુહૂર્ત કરવાનું હતું એટલે તે ઓફીસે ગયો

હતો. ચોપડાનું મુહૂર્ત થઈ ગયા બાદ તે સ્કૂટર પર બેસીને ઘેર આવતો હતો. દિવાળીના દિવસો છે. મનમાં કેવી મોટી આશાઓના મિનારા બાંધ્યા હશે. પાપનો ઉદય થાય ત્યારે ન ધાર્યું, ન કલ્પ્યું બની જાય છે.

દુઃખની વરસેલી ઝડી : છોકરો સ્કૂટર પર બેસીને આવતો હતો. વચ્ચે રસ્તામાં ચાર રસ્તા આવતા હતા ત્યાંથી તે છોકરો વળાંક લેવા ગયો ત્યાં જોરથી ટ્રેકીયર સાથે સ્કૂટર અથડાણું. છોકરો ક્યાંય ફેંકાઈ ગયો. ત્યાં એની ધોરી નશ તૂટી ગઈ; અને ત્યાં ને ત્યાં મૃત્યુ પામ્યો. આ સમાચાર સાંભળતાં પિતાને ખૂબ આઘાત લાગ્યો; જ્યાં ઘડી પહેલા આનંદની છોળો ઉડતી હતી ત્યાં અત્યારે રોકકળ મચી ગઈ.

નૃત્ય ગાન હોતા થા જિસ ઘર, હાય હાય હો રહી વહાં,
નહિ રોટીયાં ભી મિલતી, લગતા થા ષટરસ ભોગ જહાં.

જે ઘરમાં આનંદના ગીતો ગવાતા હતા તે ઘરમાં આજે ભારે રૂદનના શબ્દો સંભળાવા લાગ્યા. જેને માથે દુઃખ આવી પડે તેને ખબર પડે કે દુઃખ કેવું છે! શેઠનો એકનો એક લાડકવાયો ગુણિયલ દીકરો ચાલ્યો જાય એના કરતાં વધુ દુઃખ કયું હોય? બધાને ખબર પડતાં સૌ ભેગા થયા. આખા ગામમાં હાહાકાર મચી ગયો. બંગલાની ઝળહળતી રોશની એકાએક અંધારામાં પલટાઈ ગઈ. હર્ષ અને આનંદ-દુઃખ અને વિષાદના ઘેરા વાતવરણમાં પલટાઈ ગયા. પતિના અવસાનથી નીલા તો બેભાન થઈને પડી છે. ભાનમાં આવે ત્યારે હૈયાફાટ રૂદન કરે છે. માથા પટકાવે છે. કલાક પહેલા જ્યાં ફટાકડા ફૂટતા હતા ત્યાં છાતીઓ અને કપાળ ફૂટવાની અતિ કરૂણ કારમી ચીસો સંભળાવા લાગી. નીલા તો રડતી રડતી બોલે છે કુદરત આ તેં શું કર્યું? હજુ પરણ્યાને ત્રણ ચાર મહિના થયા ત્યાં તેં મારું સૌભાગ્ય કંકણ તોડી નાખ્યું! મારું સૌભાગ્ય તિલક સાવ ભૂંસી નાખ્યું! તને મારી જરા પણ દયા ન આવી? જ્ઞાની કહે છે કયા સમયે કયા દુઃખ આવી પડશે તેની ખબર નથી. સુખના, આનંદના, શાંતિના દિવસો છે ત્યાં સુધી થાય તેટલું ધર્મધ્યાન કરી લો. મનના મિનારા બધા મનમાં રહી જશે. નીલા બેભાન થઈને પડી છે. ધરમદાસ શેઠ સાવ સુનમુન થઈ ગયા છે. બે કલાક બાદ રડતી આંખે બાપે દીકરાની અંતિમ ક્રિયા કરી. પુત્રના મૃત્યુદેહની ભડભડતી આગમાં ધરમદાસે પોતાના જીવનના બધા સ્વપ્ના બાળીને ખાખ થતાં જોયાં.

દુઃખમાં દિલાસો દેનાર કોણ?: શેઠને આશ્વાસન આપવા અનેક લોકો તેમને ઘેર આવતાં ત્યારે કર્મની ફિલોસોફીને સમજેલા શેઠ વિચારતા હતા કે આ બધા કર્મના ખેલ છે. કર્મ જીવને નચાવે છે. આ સંસારમાં કોઈ કોઈનું નથી. સ્વાર્થની સગાઈ પ્રમાણે માનવી ભવાઈ કરે છે. આ કાયા પણ મારી નથી તો પછી છોકરો તો મારો હોય ક્યાંથી? આ બધું સમજવા છતાં જીવનમાં ઉતારી શકયો નથી. મારા મનમાં એક જ દુઃખ છે અને તે મારી યુવાન પુત્રવધૂનું છે. ખેર, જે સમયે જે બનવાનું હોય તે કોઈ

કાળે મિથ્યા થતું નથી. લેખ પર મેખ કોઈ મારી શકતું નથી. શેઠ પુત્રવધૂને પણ હિંમત આપે છે. વહુબેટા ! હવે તું રડીશ નહિ. આપણા પાપનો ઉદય છે માટે આવું બન્યું. નાનપણમાં તારા માબાપ ચાલ્યા ગયા, સાસુ પણ ચાલ્યા ગયા, છેવટે તારું જીવન જેને ચરણે ઝૂકાવ્યું તેવો પતિ પણ ચાલ્યો ગયો. હું સમજું છું કે તારા માટે આ આઘાત જેવો તેવો નથી પણ આપણું ભાગ્ય પરવારી ગયું. માટે હિંમત રાખ, કોઈને આજે તો કોઈને કાલે જવાનું છે. નીલા પણ ધર્મને પામેલી છે, પોતાના કર્મને દોષ દેતી મનમાં ધીરજ ધરવા લાગી. સંસારમાં માનવીના માથે કર્મસત્તાએ એવું એકેય દુઃખ નાંખ્યું નથી કે સમય જતાં એ વિસારે ન પડે. જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ નીલાનું દુઃખ અને આઘાત શમતા ગયા. ધર્મના રંગે રંગાયેલી નીલાએ તેના જીવનને ધર્મમાં જોડી દીધું.

શેઠના મનમાં એ વિચારો આવે છે કે શેઠાણી ગુજરી ગયા પછી હું દુઃખીયારો તો હતો. તેમાં આ પુત્રવધૂનું વિધવાપણાનું દુઃખ જોવાનું આવ્યું. કેવા મારા જબ્બર પાપનો ઉદય ? કર્મ વિના કાંઈ બનતું નથી. નીલા તો હવે સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર આદિ ધર્મક્રિયાઓ કરવા લાગી. તે સસરાને કહે છે. "બાપુજી ! હવે આપણે રસોઈ ઓ જોઈ તો નથી. ઘરમાં હું અને તમે બે જણા છીએ. હું જાતે રસોઈ કરીશ. આ નોકરો પણ જોઈતા નથી. એક કામ કરવા માટે બાઈ રાખો" કારણ કે તે સમજે છે કે મારું રૂપ અથાગ છે. યુવાની ખીલેલી છે. ભરયુવાનીમાં ચારિત્ર સાચવવા માટે ઘરમાં યુવાન રસોઈયો કે નોકર કયારેક બાધકરૂપ બની જાય, માટે તેણે રસોઈયા, નોકરોને રજા આપવાનું કહ્યું–સાથે કહ્યું કે આપણે તેમને અચાનક રજા આપીએ તો તેમને દુઃખ થાય. તેઓ કયાં જાય ? માટે આપ દરેકને એક બે વર્ષના પગાર આપીને છૂટા કરો જેથી તેમને દુઃખ ન થાય.

હવે નીલાનું કોણ ? : સસરા વહુને દીકરીની જેમ રાખે છે. નીલા પણ લાજ-મર્યાદામાં રહીને સસરાની સેવાભક્તિ કરે છે. સમય મળે તેમાં સારું વાંચન, ચિંતન કરે છે. આ રીતે દુઃખમાં પણ સુખ માનીને જીવન વીતાવે છે; પણ શેઠને મનમાં એક કીડો કોતરી ખાય છે હવે હું ઘરડો થયો છું. મારા માટે પણ કયારે ગોઝારો દિવસ આવી જશે એ ખબર નથી. મારા મરણ પછી નીલાનું કોણ ? આટલા મોટા આલિશાન બંગલામાં આ સુખ અને વૈભવમાં તે એકલી કેવી રીતે રહી શકશે ? શેઠના મનમાં આ મુંઝવણ છે છતાં કોઈ દિવસ કહેતા નથી. નીલાને પરણીને આવ્યા વર્ષો થયા છતાં નીલાએ નથી મુખ જોયું સસરાનું કે સસરાએ નથી મુખ જોયું નીલાનું. નીલા તેની મર્યાદામાં રહીને સેવાભક્તિ કરે છે. એક દિવસ સસરાથી ન રહેવાયું. તેમણે નીલાને બોલાવીને કહ્યું, વહુ બેટા ! મારે તમને એક વાત પૂછવી છે. મેં તમને મારા અંતરની વાત કરવા બોલાવ્યા છે. નીલા સફેદ સાડીમાં લાજ કાઢીને સસરાની પાસે આવી. ત્યારે સસરાએ નીલાનું મુખ જોયું. ચાંલ્લા વગરનું કપાળ અને વેદનાયુક્ત મુખ જોતાં

ધરમદાસ શેઠનું દિલ વલોવાઈ ગયું. શેઠ બેભાન થઈ ગયા. પાણીનો છંટકાવ કરતાં ભાનમાં આવ્યા ત્યારે બોલ્યા. આવી ફૂલ જેવી કોમળ વહુને આવા દુઃખ! નાનપણમાં માતાપિતા ચાલ્યા ગયા. પરણીને સાસરે આવી, સુખની ઘડી આવી ત્યારે તેનો પતિ ચાલ્યો ગયો. શું કર્મરાજા તારા ખેલ છે! નીલા કહે બાપુજી! રડશો નહિ, કર્મો કોઈને છોડતા નથી. આપને જે વાત પૂછવી હોય તે પૂછો.

તમારું ભાવિ શું ઘડ્યું છે? : શેઠ હૈયું કઠણ કરીને બોલ્યા, બેટા! મને એક મુંઝવણ છે દુઃખ છે. જે મુંઝવણ હોય તે ખુલ્લા દિલે કહો. હવે મને ઘડપણ આવ્યું છે. મૃત્યુ કયારે ભરખી જશે તેની મને ખબર નથી. મારા મરણ પછી તમારું શું થશે? આટલા મોટા બંગલામાં, તમે એકલા કેવી રીતે રહી શકશો? તમે તમારી જિંદગીનો વિચાર કર્યો છે? તે જાણવાની મને અધીરાઈ આવી છે. બાપુજી! તમને તો હમણાં આ પ્રશ્ન થયો હશે પણ મેં તો તમારો દીકરો ગુજરી ગયો ત્યારથી નિર્ણય કરી લીધો છે. આ સાંભળતા સસરાના મનમાં અનેક તર્ક-વિતર્કો થવા લાગ્યા. હજારો વિચારો આવવા લાગ્યા. આવી રૂપરૂપની અંબાર, નવયૌવના ના મનમાં વિચારના તરંગો તો હોય જ ને! બેટા! તમારું ભાવિ તમે શું ઘડ્યું છે? તે સંકોચ ન હોય તો મને કહો. પુત્રવધૂનો વિચાર સાંભળવા શેઠ ઉત્સુક બન્યા. એ જવાબમાં આગની ગરમી હશે કે બાગની ઠંડક હશે? એ કલ્પી શકાય તેમ ન હતું.

મારું ભાવિ ભાગવતી દીક્ષા : નીલાએ મક્કમ મને કહ્યું, બાપુજી! આપ દીર્ઘાયુષ બનો ને મને આપની સેવાનો લાભ મળે, મારા ભાગ્યમાં જ્યાં સુધી આપની સેવાનો લાભ મળશે ત્યાં સુધી લઈશ. જ્યારે આપની સેવાનો લાભ મળવાનું મારું સદ્‌ભાગ્ય નંદવાઈ જશે ત્યારે હું ભાગવતી દીક્ષા અંગીકાર કરીશ. આ શબ્દો સાંભળતા શેઠની છાતી ગજગજ ઉછળવા લાગી. બેટા! તું ખરેખર કુળદીપક છે! આટલી બધી બાનદાની તારામાં છે! તું સાચી વીરાંગના છે. મને તો આ સંકલ્પ પણ નહોતો કે તેં તારા જીવન માટે આવું નિર્માણ ઘડ્યું છે. ધન્ય છે બેટા ધન્ય છે તને! મારા માટે તેં તારું જીવન સેવામાં અર્પણ કર્યું. અને મારા મૃત્યુ બાદ તું સાચી વિરાંગના બનીને જૈન ધર્મની ભાગવતી દીક્ષા લઈને મારી સાત પેઢીને ઉજ્જવળ કરીશ. મારી સાત પેઢીનું નામ ઉજ્જવળ થવાનું હશે એટલે તમારા લગ્ન મારા દીકરા સાથે થયા. દીકરો તો મરી ગયો પણ પેઢીનું નામ રાખવા તમારા જેવા સ્ત્રીરત્નને મૂકતો ગયો. બાપુજી! આપના ઘરમાં આવ્યા પછી મેં જે સંસ્કારો મેળવ્યા છે તેનો આ બધો પ્રતાપ છે! હવે આપ મારી ચિંતા ન કરતાં જીવનના છેલ્લા વર્ષોમાં ધર્મસાધના કરો.

આપણે જીવન કેવું જીવવું છે? બરબાદ બનાવવું છે કે આબાદ બનાવવું છે? એ આપણા હાથની વાત છે. ભગવાનના સંતો શિલ્પી છે. તેમના ચરણે જીવન અર્પણ કરશું તો જીવનનું સાચું ઘડતર થશે. એક સારા પ્રસંગે રવિવારના દિવસે બહેન ભાઈના

ઘેર જમવા ગઈ. ભાઈને બહેન બહુ વહાલી હતી. ભાઈને ત્યા સંપત્તિ અઢળક હતી. બેન જમીને ઘેર જવા તૈયાર થાય છે ત્યારે ભાઈ બેનને એક નાનકડી પેટી ભેટ આપે છે. બેન ઊભી રહી છે. લેતી નથી. ભાઈ! તારે મને ભેટ આપવી છે? ભાઈના મનમાં થયું કે બેન સુખી ખૂબ છે. તેને મારી આ ભેટ ઓછી પડી લાગે છે. હું તો તેની આગળ સાવ અલ્પ છું. તેણે પેટીમાં ત્રણ તોલાનો સોનાનો ઢાગીનો મૂકીને પેટી ભેટ આપી છે. બેન કહે ભાઈ! મારે કંઈ જરૂર નથી. બેન! હું તો ફૂલ નહિ ને ફૂલની પાંખડી ભેટ આપું છું. ભાઈ! જો તારે આપવું છે તો હું માગું તે આપ. બહેન જમવા બેઠી ત્યારે તેની આંખમાં આંસુ હતા. તે જમતા રડી હતી અને જમીને ઉઠી ત્યારે પણ રડી. ભાઈના મનમાં થયું કે તેને માતા યાદ આવી હશે! અગર હું જે આપું છું તે ઓછું પડયું લાગે છે. ભાઈ કહે બેન! તારે જે માંગવું હોય તે માંગ, પણ મારા ઘેર આવી છે તો નિરાશ થઈને રડતી આંખે તને નહિ જવા દઉં. ભાઈ! હું જમવા બેઠી ત્યારે બટેટાનું શાક હતું. હું તને કહું છું કે બટેટા તો અનંત કાયના જીવો છે. તો તું અનંતકાયના જીવોને અભયદાન આપ. આ બેનના જીવનમાં ધર્મ કેટલો વસ્યો હશે! સોના કરતાં અનંતકાયના જીવોનું અભયદાન વહાલું લાગ્યું. ધર્મનો રંગ બહારથી ઉપરથી નહિ પણ હાડહાડની મીંજામાં હોવો જોઈએ. બેને ભાઈને કહ્યું–તું અનંતકાયના જીવોને અભયદાન આપ. એ જ માંગુ છું. "સહુ જીવો અને જીવવા દો." જીવ હિંસાથી બચવું હોય તો હોટલના ખાણા–પીણા બંધ કરજો. બેનના કહેવાથી ભાઈએ અનંતકાયના જીવોને અભયદાન આપવાની પ્રતિજ્ઞા કરી. કેટલા પુણ્યના ભાથા બાંધ્યા. ઘરના અગ્રેસરો જો આવી પ્રતિજ્ઞા લે તો સ્વાભાવિક રીતે ઘરના બધાને પણ લેવાનું મન થાય.

આનંદ ગાથાપતિના જીવનમાં ઘણાં ગુણો હતા. તે બુદ્ધિનો ઉપયોગ જ્યાં ઝઘડો હોય ત્યાં સંપ કરાવવામાં, અશાંત વાતાવરણને શાંત બનાવવામાં કોઈ પણ જાતના પક્ષપાત વગર ન્યાય કરવામાં અને બીજાના દુઃખ દૂર કરવામાં કરતા હતા. કયારે પણ ધનની લાલચે, યશ કીર્તિની લાલચે બુદ્ધિનો અવળો ઉપયોગ કરતા નહોતા. આથી વાણિજ્ય ગામમાં તેમનુ ખૂબ માન હતું. લોકો તેમની પ્રશંસા કરતા હતા. આવા બુદ્ધિશાળી આનંદ ગાથાપતિ આનંદથી રહે છે. આજે તપસ્વી બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને ૨૫ મો ઉપવાસ છે. આપ બધા હવે તપ કરવા જાગૃત બનજો. નીલાએ પોતાના પતિના અવસાન બાદ તરત નિર્ણય કર્યો હતો કે સસરાની સેવા કરવી અને પછી દીક્ષા લેવી તેમ આપ બધા તપ કરવાનો નિર્ણય કરજો. તપનો ભેરીનાદ વાગી રહ્યો છે. જોજો તમારો રંગ જાયના. વધુ ભાવ અવસરે.

અષાઢ વદ ૧૩ ને સોમવાર : વ્યાખ્યાન નં. ૧૪ : તા. ૧૫–૭–'૮૫

અનંત જ્ઞાની ભગવાને જગતના જીવોના ઉદ્ધાર માટે, કલ્યાણ માટે, ઉત્થાન માટે દ્વાદશાંગ રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આપણે સાતમું અંગ ઉપાસકદશાંગમાં આનંદ

ગાથાપતિની વાત ચાલે છે. આનંદ ગાથાપતિની બુદ્ધિ કેવી હતી ? તે બતાવતા શાસ્ત્રકાર કહે છે રાજ્યમાં કોઈ ગૂંચ પડે, કોઈ મુશ્કેલી આવે તો રાજાઓ પણ આનંદને બોલાવતા. આનંદ જે ચૂકાદો આપે, ન્યાય આપે તે રાજા માન્ય કરતા. રાજાઓ તેની વાત માન્ય કયારે કરે ? આનંદ ગાથાપતિ તટસ્થ, શુદ્ધ ભાવથી, પ્રમાણિક રીતે ન્યાય કરતા હોય ત્યારે ને ! રાજા મહારાજાના પણ વિશ્વાસપાત્ર બન્યા હતા. આનંદ ગાથાપતિને રાજા, ઈશ્વર, તલવર, માંડલિક, આદિ તરફથી ઘણાં કાર્યોમાં, કાર્યોને સિદ્ધ કરવા માટેના ઉપાયોમાં, બોલાવતા હતા. બધાને માટે સાચા સલાહકાર હતા. દેશ અથવા રાજ્યનું હિત વિચારવા માટે રાજા મહારાજા તેની સલાહ લેતા હતા. કુટુંબમાં કોઈ પણ કોયડો ગુંચવાય ત્યારે કોર્ટ કે કચેરીનો આશ્રય લેવો પડતો નહિ. પણ આનંદ તેની બુદ્ધિથી, ન્યાયથી કોયડા ઉકેલતા. આવી બુદ્ધિ મળવી એ પણ પૂર્વના પુણ્ય હોય તો મળે છે. આનંદ જ્યાં જાય ત્યાં આનંદ વર્તાવે છે. આનંદ ગાથાપતિને આદેય અને જશોકીર્તિ નામ પ્રકૃતિનો જબ્બર ઉદય છે. એટલે તેમની વાતનો બધા આદર કરે. બધા મંજૂર કરે અને સહર્ષ સ્વીકારી લે.

આનંદ ગાથાપતિમાં નિરાભિમાનતા છે. રંક હોય કે રાજા હોય પણ સર્વ જીવો પ્રત્યે તેને મૈત્રીભાવ છે. આવા આનંદ ગાથાપતિ વૈભવશાળી, સંપત્તિશાળી કુટુંબના, દેશના અને જનતાના પ્રેમને જીતનાર પુણ્યવંત આત્મા હતો. તેમને ત્યાં અઢળક સંપત્તિને પરિગ્રહ હતો. જ્ઞાનીએ છ પ્રકારનો પરિગ્રહ બતાવ્યો છે. " अप्पं वा, बहुं वा, अणुं वा, थुलं वा, चित्तमंतं वा, अचित्तमंत वा । " અલ્પ એટલે કોડી (જેની કિંમત મામૂલી હોય) ની હોય, બહું એટલે ચાહે ધન, ધાન્ય, હિરણ્ય આદિ હોય, ચાહે તે અણુ હોય અથવા સ્થૂલ હોય, અણુના બે પ્રકાર હોય છે. મૂલ્યથી અને પ્રમાણુથી. મૂલ્યથી અણુ તૃણ, લાકડા આદિ અને પ્રમાણુથી અણુ વજ્રમણિ આદિ. સ્થૂલ પણ બે પ્રકારના મૂલ્યથી અને પ્રમાણુથી. મૂલ્યથી અને પ્રમાણુથી બંને રીતે હાથી-ઘોડા આદિ. હવે સચેત તે પુત્ર, સ્ત્રી, દાસ, દાસી આભૂષણ, અને મકાન આદિ અચેત. આ છ પ્રકારનો પરિગ્રહ ભગવાને બતાવ્યો છે. જ્યાં પરિગ્રહ પ્રત્યેની મૂર્છા છે ત્યાં કર્મબંધન છે. જ્ઞાનીઓ તો કહે છે કે છ ખંડના અધિપતિ ચક્રવર્તી કે જેની પાસે લખલૂટ સંપત્તિ છે પણ તેના પ્રત્યે મૂર્છા ન રાખે તો તે પરિગ્રહવાન નથી, અને ભિખારી ભીખ માંગતો હોય પણ બંગલા આદિને જોઈને થાય કે હું કયારે વસાવીશ ? આ બધું સુખ મને કયારે મળશે ? ભલે અત્યારે તેની પાસે નથી પણ મેળવવાની તૃષ્ણા છે તેના પ્રત્યે મૂર્છા છે એટલે તે ભિખારી હોવા છતાં પરિગ્રહવાન છે. પરિગ્રહ પ્રત્યેની મૂર્છા જીવની ગતિ બગાડે છે. પાપાનુબંધી પુણ્યવાળો પૈસો આવ્યો હોય તો અન્યાય અનીતિ કરાવે, કષાયો, રાગદ્વેષ કરાવે, ધર્મથી વિમુખ કરાવે અને અધઃપતનની ખાઈમાં પટકાવી દે. ઘણી વાર લક્ષ્મીનો નશો અહંકારે ચઢાવી મોટો અનર્થ સર્જી દે છે.

અભિમાનના કારણે પોતાનું જરા પણ અપમાન કરે તો ક્રોધના આવેશમાં આવી જાય છે અને ભયંકર સ્વરૂપ સર્જી દે છે.

કાઠિયાવાડના એક ગામમા મેઘાશા નામના શેઠ હતા. તેમને રૂપાબા નામના પત્ની હતા. શેઠ ખૂબ વૈભવશાળી, સંપત્તિવાન હતા. આ શેઠ રૂપાબા પર એટલા આસકત હતા કે શેઠાણી કહે તેટલું શેઠને કરવું પડતું. એક દિવસ મહોલ્લાની બેનો બહાર જતી હતી. રૂપાબા પૂછે છે તમે બધા કયાં જાવ છો ? બેનો કહે–અમે કુંભારના ઘેર માટલા ખરીદવા જઈએ છીએ. અત્યારની જેમ પહેલા ગાડા ભરીને માટલા વેચવા આવતા નહોતા. શેઠાણી શ્રીમંત ઘરના હોવાથી તેમને આવા કાર્યમાં જવાનું ન બને તેથી તે દિવસે તેમને મન થયું કે બધા જાવ છે તો હું પણ જાઉં. રૂપાબા બધી બેનોની સાથે ગયા. જેને માટલા, ઘડા જે ખરીદવા હશે તે પસંદ કર્યા અને કુંભારને પૈસા ચૂકવીને લઈ લીધા. રૂપાબા પણ માટલા જોવા લાગ્યા. ચાર પાંચ માટલા પસંદ કર્યા પણ પાસે પૈસા હતા નહિ. એટલે કુંભારને કહે છે તારા ચાર માટલા લઉં છું પણ અત્યારે મારી પાસે પૈસા નથી. તું શેઠની દુકાને જઈ ને લઈ આવજે. શેઠનું નામ આપ્યું એટલે કુંભાર શેઠાણીને ઓળખી ગયો. અહો ! આ શેઠાણી આજે ભૂલા પડયા છે ! કુંભાર કહે માટલા લેવા હોય તો પૈસા આપીને જાવ. શેઠ કંજૂસ હોવાથી તેમની પાસે પૈસા લેવા હું નહિ જાઉં. તે તો પૈસાને બદલે એવી બટાયેલી બાજરી કે જુવાર આપે છે તે મારા ગધેડા પણ ન ખાય. એવા કંજૂસીયા છે. આઠ–દશ બેનોની સામે સાત આઠ આનાને કારણે, પોતાના ધણી માટે આવા અપમાનજનક શબ્દો સાંભળવા પડયા તેથી તેમની પારાશીશી ચઢી ગઈ. ક્રોધની આગ ભભૂકી ઊઠી.

શેઠાણીને પોતાના ધણીની ભૂલ ન સૂઝી કે આવી બાજરી આપતા હોય તો તેમની ભૂલ છે. સર્વ પાપનો બાપ લોભ છે. સર્વ ગુણનો નાશ કરનાર લોભ છે. શેઠાણીને સવળું કહ્યું ત્યારે અવળું લાગ્યું. આનું નામ મિથ્યાદૃષ્ટિ. સમકિત દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવોની કેવી દશા હોય છે તે બતાવતા જ્ઞાની પુરૂષો સમજાવે છે કે નવ ગ્રૈવયકના દેવો સ્વયં ઇન્દ્ર છે. ત્યાં લોકપાલ, ત્રાયસ્ત્રિંશ. સામાનિક આદી કોઈ જાતના ભેદ નથી, બાર દેવલોક સુધી આ બધા ભેદો છે નવ ગ્રૈવયકમા બધા દેવો એકાંત સમકતી નથી. ત્યાં મિથ્યાત્વી પણ હોય છે. અભવી જીવો સંયમની સાધના કરીને નવગ્રૈવયક સુધી તો જાય છે. જે જીવો મિથ્યાદૃષ્ટિ લઈ ને નવ ગ્રૈવયકમાં ગયા છે તેના કરતાં જે જીવો સમકિત લઈ ને નરકમાં ગયા છે તે જીવો વધુ સુખી છે જે જીવોને સમકિત પામ્યા પહેલા નરકના આયુષ્યનો બંધ પડયો હોય તે જીવો સમકિત પામ્યા પછી નરકમાં જાય. સમકિતની એટલી મહેરબાની છે કે સમકિત પામ્યા તેની મહોર વાગી ગઈ કે તે જીવ નરક, તિર્યંચ, આદિ સાત બોલમાં આયુષ્યનો બંધ પાડે નહિ. તમને કોઈ પૂછે કે શ્રેણિક રાજા સમકતી છતાં નરકે કેમ ગયા ? સમકિત પામ્યા પહેલા આયુષ્યનો બંધ પડી ગયો

હોય તો બંધ ન બદલાય. બંધ પ્રમાણે ગતિમાં જવું પડે. સમકિતની લહેજત કેવી છે સાંભળજો :

નરકમાં ગયેલો જીવ સમકતી છે અને ગ્રૈવયકમાં ગયેલો જીવ મિથ્યાત્વી છે. ગ્રૈવયકમાં મારો, કાપો, છેદો, ભેદો, કાંઈ નથી. ત્યાં તો સુખ છે. જ્યારે નરકમાં ત્રણ નરક સુધીતો પરમાધામી દુઃખ દે છે, પછી બીજી નરકોમાં પરસ્પર એકબીજા દુઃખ આપે છે. નરકમાં તો એકલો કાદવ, અંધકાર છે. અહીંયા થોડો કાદવ હોય તો ચાલવાનું મન ન થાય. ગભરાઈ જવાય. જ્યારે નરકમાં કેવી રીતે જીવો રહેતા હશે ! આવા ભયંકર દુઃખો ભોગવતો હોય છતાં ગ્રૈવયકમાં રહેલા મિથ્યાત્વી જીવો દુઃખી છે જ્યારે નરકમાં રહેલા સમકતી જીવો સુખી છે કારણ કે મિથ્યાત્વી જીવોને વધુ મેળવવાની તૃષ્ણા છે. સમકતી નેરઇયા વહેંચણી કરી શકે કે કોઈ મને દુઃખ આપતું નથી, મારતું નથી. કાપતું નથી. સમકિત છે એટલે અવધિજ્ઞાનથી જોઈ શકે કે મેં પૂર્વજન્મમાં આવા પાપકર્મો કર્યા છે તે કર્મો વ્યાજ સહિત ઉદયમાં આવ્યા છે. સારું થયું કે કર્મ ખપાવાની ઉત્તમ ઘડી આવી છે. અહીં ઉદયમાં આવેલા કર્મો ખપાવી દઈશ તો મારા માથેથી કર્મનું કરજ ઓછું થશે, જેટલા વધુ ભોગવાઈ જશે તેટલા મારા કર્મો વધુ ખપી જશે અને હું જલ્દીથી મારા કર્મોનો અંત કરીશ.

પોતે કરેલા ભોગવે પોતે દોષ બીજાના શું જુવે
દાટયા હતા તે દેખાયા, શોક કરીને શું રોવે !

સમકતી જીવ આ રીતે વહેંચણી કરે. નરકમાં રહેલા સમકતી જીવો જે શાંતિનો અનુભવ કરી શકે તે ગ્રૈવયકમાં રહેલા મિથ્યાત્વી દેવો કરી શકતા નથી કારણ કે તેની પાસે બાહ્ય સંપત્તિ છે પણ આત્માની સંપત્તિ સમકિત નથી. આત્મિક સંપત્તિ જે સુખ આપી શકે તે બાહ્ય સંપત્તિ આપી શકે નહિ. તે તો દુર્ગતિમાં લઈ જાય.

શેઠાણીનો કીમિયો : શેઠાણી પાસે આત્મિક સંપત્તિ ન હતી. એટલે કુંભારના શબ્દો સાંભળીને પારાશીશી ચઢી ગઈ. મારા ધણીનું આવું હડહડતું અપમાન ! ક્રોધના આવેશમાં આવી ગયા. ક્રોધને જીતે તે સાચો માનવ. ક્રોધ ગયો તો સમજવું કે બેડો પાર. તે તો ક્રોધમાં ને ક્રોધમાં ઘેર આવ્યા અને કોઈ શોધે તો જડે નહિ એવી બખારમાં જઈને સૂઈ ગયા. તેના મનમાં ફાંકો છે કે હું કહીશ તે પ્રમાણે શેઠ બધું કરશે. ૧૨ વાગે શેઠ ઘેર આવ્યા. શેઠાણી કયાંય દેખાયા નહિ. તેમણે આખા ઘરમાં રૂપાળાની તપાસ કરાવી. છતાં દેખાતા નથી. નોકરને પૂછે છે, તારા રૂપાળા કયાં ગયા છે તે દેખાતા નથી ? શોધતા કલાક થઈ ત્યારે બખારમાં તેમનો પત્તો પડયો. શેઠ પૂછે છે શેઠાણી ! શું થયું છે ? તાવ આવ્યો છે ? કોઈ તકલીફ થઈ છે ? પણ બોલે તે બીજા. શેઠે ઘણા કાલાવાલા કર્યા. શેઠનું પાણી બરાબર ઉતર્યું. છેવટે શેઠાણી ગુસ્સાથી બોલ્યા–મને શા માટે બોલાવો છો ? તમારા પૈસાને શું કરવાના છે ? તમારા પૈસા પડયા ખાડામા. ગામમાં તમારી કિંમત કોડીની પણ નથી. કોઈ તમને બે આનાની ચીજ પણ ઉધાર ન આપે.

ત્રણ કોડીનો કુંભાર કહેવાય. તે પણ મને કહી જાય કે રોકડા પૈસા આપીને માટલા લઈ જાવ. હું શેઠની પાસે પૈસા લેવા નહિ જાઉં, તે મને પૈસાના બદલામાં એવી સંડેલી બાજરી આપે કે મારા ગધેડા પણ નથી ખાતા. આવા શબ્દો કહીને પાડોશી બેનોની સામે મારી ઇજ્જત માટીમાં મેળવી દીધી.

વેર વાળવાની જાગેલી વૃત્તિ : શેઠ કહે, પણ એમાં શું થઈ ગયું ? હલકા માણસો બોલે એ ગણવાનું નહિ અને મન પર ધરવાનું નહિ. એવા માણસોની વાત સાંભળવી જ નહિ. જો સાંભળીએ તો મગજમાં રાખવી નહિ. આ સાંભળીને રૂપાબાનો ક્રોધ તો વિશેષ વધ્યો. તે ક્રોધના આવેશમાં બોલ્યા–બસ હવે રહેવા દો આપનું લેકચર. આપ જ એવા છો ! આપને કોઈ મારી જાય તો આપ કંઈ બોલો પણ નહિ. પણ....મારું આવું ઘોર અપમાન કરે તે હું સહન નહિ કરી શકું. તમને તો માત્ર પૈસો ભેગો કરતા આવડે છે પછી ભલે પ્રતિષ્ઠા આબરૂ ચાલી જાય. મારું આવું અપમાન કર્યું ! મારી ઇજ્જત ગઈ તેનું આપના મનમાં કોઈ દુઃખ નથી ? ક્રોધ કેટલો અનર્થ કરાવે છે. શેઠે ખૂબ સમજાવ્યા છતાં શાંત ન થયા. બસ, મારે તો એનો બદલો લેવો છે. શું બદલો લેવો છે ? તે કુંભાર મારા ઘેર જાર–બાજરી માંગવા આવે અને હું તેના માથામાં સાત જુત્તા મારું તો મને ઠંડક વળે. તો જ મારા વેરનો બદલો વળે. શેઠાણી ! આવું કામ ન કરો. શેઠાણીનો ક્રોધ તો એટલો વધી ગયો કે તે કુંભારને પોતાનો શત્રુ માનીને તેને પરાજિત કરીને અપમાનિત કરવા ઇચ્છે છે પણ તેમને એ ખબર નથી કે મારા આ દુર્વ્યવહારથી બીજાને જે નુકશાન થશે તેના કરતા વધુ નુકશાન મને થવાનું છે. તેણે તો કહી દીધું કે જ્યાં સુધી તેનો બદલો લેવાનો કોઈ ઉપાય નહિ વિચારો ત્યાં સુધી હું ખાઈશ નહિ ને તમને ખાવા દઈશ નહિ.

શેઠ વિચારે છે કે શેઠાણીએ તો ભારે કરી. ખાતી નથી અને મને ખાવા દેતી નથી. વળી શેઠાણી કહે – તમે જમો તો ખરા, હું જોઉં છું કે તમે કેવા ખાવ છો ? તેણે શેઠને ન ખાવા દીધું. શેઠને કોઈ રસ્તો જડતો નથી. રાત્રે ઉંઘ પણ ઉડી ગઈ. રાતમાં એક વિચાર આવ્યો કે મારી બાજુમાં રહેતા જે યતિ છે તે મંત્રતંત્ર જાણે છે. તો એ કોઈ ઉપાય બતાવશે. શેઠે તો રાતે ને રાતે ઉપડયા. જઈને એના બારણા ખખડાવ્યા. યતિએ બારણું ખોલ્યું. શેઠે પોતાના આગમનનું પ્રયોજન બતાવ્યું. કુંભારના મોણા પર એને પોણું મારવું છે. તો એ માટે રસ્તો બતાવો. યતિ કહે એ નહિ બને. કુંભાર તમારા આંગણે નહિ આવે. પણ એ ચાલે તેમ નથી. યતિ કહે એકને નમાવવા જતાં સેંકડોના મોત થઈ જાય એવું ઘોર પાપ ન કરો. હું તમને રસ્તો બતાવું તો હું પણ પાપનો ભાગીદાર થાઉં. મારી વિદ્યાનો દુરૂપયોગ થશે. શેઠ કહે યતિજી ! ગમે ત થાય પણ મારું આટલું કામ તો જરૂર કરવું પડશે નહિ તો અમે બંને મરી જઈશું. યતિ કહે તે માટે તો દુષ્કાળ પાડવો પડે. દુષ્કાળમાં હજારો મનુષ્યો અને પશુઓની દુર્દશા થાય. આ કલ્પના ભયંકર છે. કેટલી રૌદ્રલીલા ! શેઠ કહે – આપ દુષ્કાળની ચિંતા

ન કરશો. મારી પાસે પૈસાનો તૂટો નથી. હું અનાજ અને ઘાસનો સંગ્રહ કરી લઈશ. મારી પાસે જે આવશે તેમને આપીશ, પણ મારું કામ તો કરવું પડશે.

ગમે તેમ તોય આ યતિ ને ! શેઠે થોડી લાલચ આપી એટલે તે કામ કરવા તૈયાર થયા. આ પ્રયોગ માટે તેમણે એક કાલિયાર મૃગ મંગાવ્યો. તેના શીંગડામાં મેઘબંધનનો મંત્ર મૂકીને એક તાવીજ પહેરાવી પછી કહ્યું—આ મૃગને રખડતો ન મૂકતા. તેને સુરક્ષિત વાડામાં બાંધજો. તે રખડતો જો બીજે જશે તો ત્યાં પણ દુષ્કાળ પડશે અને એટલું ધ્યાન રાખજો કે તમારું કામ થઈ જાય એટલે આ તાવીજ તરત છોડી નાંખજો. જેથી સુકાળ થઈ જશે. મોહમાં ઘેલો બનેલો આત્મા કેવા પાપ કરવા તૈયાર થયો ! એક પાઈ નહિ ખર્ચનારો પૈસા ખરચવા તૈયાર થયો. શું આ શેઠ દયાળુ હતા ? ના. આ તો અભિમાન પોષવા તૈયાર થયા છે. શેઠ ઘેર આવ્યા. શેઠાણી પૂછે છે કામ થઈ ગયું ? હા. શેઠની વાત સાંભળતા પ્રસન્ન થયા. પાપના કાર્યમાં પ્રસન્નતા એ જોરદાર કર્મબંધનનું કારણ છે. તે યંત્રના કારણે વરસાદ ન થયો. અષાઢ ગયો, શ્રાવણ ગયો તો ય વરસાદનું એક ટીપું ન પડ્યું. દુષ્કાળ જાહેર થયો. એક માનને પોષવા કેટલા પાપ કરવા તૈયાર થયા. શેઠે પોતાની પાસે જેટલું ધન હતું તે ધનથી ઘાસની ગંજીઓ અને અનાજનો સંગ્રહ કરવા માંડ્યો. આમ તો શેઠ પાકા કંજુસ હતા પરંતુ આજે શેઠાણીના મોહમાં પાગલ બનીને ફરી રહ્યા છે. માનવો, પશુઓ ભૂખતરસથી મરવા લાગ્યા. શેઠે મફત અનાજ આપવાનું શરૂ કર્યું. ગામના બધા લોકો લેવા આવ્યા પણ જેની રાહ જોતા હતા તે કુંભાર ન આવ્યો. શેઠે મૃગના શીંગમાંથી તાવીજ છોડી નહિ. બીજે વર્ષે પણ દુષ્કાળ જાહેર થયો. કુંભારની દશા બહુ ખરાબ થઈ. એક વર્ષમાં તો કુંભારના ઘરબાર, વાસણો અને ગધેડા બધું વેચાઈ ગયું. છતાં કુંભાર શેઠની પાસે અન્ન માંગવા ન આવ્યો. તેનો પરિવાર ભૂખે મરવા લાગ્યો.

તે દિવસો જુદા અને આજના દિવસો જુદા : ગામના માણસો કુંભારને કહેવા લાગ્યા કે ભાઈ ! શેઠ અનાજ આપે છે તો તું લેવા જા. તેમાંથી જાડો પાતળો રોટલો બનાવીને ખાજે. તને કંઈક શાંતિ થશે. કુંભાર મનમાં સમજે છે કે હું જઈશ તો મને એમ કહેશે કે શેઠના ઘરની જાર તારો ગધેડો નથી ખાતો તો તું શા માટે લેવા આવ્યો ? આ તેને ભય હતો છતાં અતિ દુઃખના કારણે તે ગયો. "ભૂખ્યો ન જુવે એંઠો ભાત" એ રીતે ભૂખના કારણે પીડાતો હોવાથી તે ગયો. નીચું મુખ રાખીને કહે છે કૃપાળા ! મને કંઈક આપો. હું ગરીબ માણસ છું પણ કૃપાળાને આપવું હતું ક્યાં ? એમને તો તેને જુત્તા મારવા હતા. કૃપાળા રોષથી બોલ્યા, અમારી જાર તારો ગધેડો ન ખાય તો તું શા માટે લેવા આવ્યો છે ! બદમાશ ! અહીંથી ચાલ્યો જા. કુંભાર કહે બા ! તે દિવસો જુદા હતા અને અત્યારે દિવસો જુદા છે. ભયંકર દુષ્કાળ પડ્યો ને ભૂખ્યો પીડાતો હતો તેથી બધાના કહેવાથી આવ્યો છું. હું આપની માફી માંગું છું. મને ક્ષમા આપો. માફી માંગવા માથું નીચું નમાવ્યું તેવા માથામાં સાત વાર જુત્તા માર્યા.

ક્રોધમૂર્તિ શેઠાણીનું હૃદય હવે ઠંડુ થયું. કુંભાર કહે બા ! મેં આપને શત્રુભાવથી તે શબ્દો કહ્યા નહોતા. વ્યવહારની વાત કરી હતી, પણ આ તેની સત્ય વાત કોણ સાંભળે ? શેઠાણીએ માર માર્યો. અનાજનો એક દાણો પણ ન આપ્યો. તે નિરાશ થઈ ને ચાલ્યો ગયો. પથ્થર જેવા કઠોર હૃદય પર કુંભારના દીન વચનોની જરા પણ અસર ન થઈ.

શેઠાણીનું કામ પતી ગયું એટલે શેઠને કહે છે. મારા મનોરથ પૂર્ણ થઈ ગયા. હવે આપને જે કરવું હોય તે કરો. શેઠ કાલિયાર મૃગને બાંધેલી તાવીજ છોડવા ગયા. મૃગ તો ભાગીને કાઠિયાવાડમાં જતું રહ્યું હતું. ત્યાં પણ ભયંકર દુષ્કાળ પડયો હતો શેઠને તો હવે કોઈ ઉપાય ન રહ્યો. કર્મો કોઈ ને છોડતા નથી. થોડા સમયમાં તે કર્મો ઉદયમાં આવ્યા. ઘરમાં ચોરો આવ્યા. બધું ચોરી ગયા, આગ લાગી, પાણી આવ્યું. બધી રીતે શેઠ સાફ થઈ ગયા. દુષ્કાળ પડાવ્યો. તેમાં સેંકડો માનવો અને પ્રાણીઓ મરી ગયા. તે બધા પાપનો બદલો અહીં મળી ગયો. જે યતિએ મંત્ર જંત્ર કર્યા હતા, તેમના શરીરમાં, શેઠ અને શેઠાણીના શરીરમાં ભયંકર કોઢનો રોગ થયો. અંતે બધા રીબાઈ રીબાઈને મર્યા અને દુર્ગતિમાં ચાલ્યા ગયા. આ દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે શેઠાણીના માનને પોષવા ક્રોધ, માયા, લોભ બધું આવ્યું. કષાયો જીવને સંસારમાં રઝળાવે છે. આનંદ ગાથાપતિની પાસે આટલી સંપત્તિ હોવા છતાં નિરભિમાની હતા. હવે આગળ શું વાત ચાલશે તેના ભાવ અવસરે.

અષાડ વદ ૧૪ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૧૫ : તા. ૧૬-૭-'૮૫

અનંતજ્ઞાની, અનંત દર્શની જ્ઞાની ભગવંતે જગતના જીવો ઉપર મહાન કરૂણા કરી દ્વાદશાંગી રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આચારંગ સૂત્રમાં બતાવ્યું છે.

ओबुज्झमाणे ईह माणवेसु आघाइ से नरे । અ. ૬. ઉ. ૧.

જ્ઞાની પુરૂષ આ જગતના માનવોમાં સાચા નરરત્ન છે, કારણ કે માનવ હોવા છતાં તેમણે પ્રબળ પુરૂષાર્થથી સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું છે. તેઓ યથાર્થ તત્ત્વોને પોતાના કેવળજ્ઞાન દ્વારા જાણીને જીવોના કલ્યાણને માટે ઉપદેશ આપે છે. તેમણે સંસારી જીવોને અણમોલ, અજોડ, અનુપમ જ્ઞાન આપ્યું છે. આ જ્ઞાન આધ્યાત્મિક કલ્યાણ કરાવનાર છે. તેથી અનુપમ અને અજોડ છે. આ આગમ જ્ઞાનના સહારે કેટલાક આત્માઓએ આત્માની અદ્‌ભુત નિર્મળતા પ્રાપ્ત કરી, વર્તમાનકાળે કરે છે અને ભવિષ્યમાં અનંતા જીવો કરશે. એ નિર્મળતાને કયારે પ્રાપ્ત કરી ? સંસારના વિચારોથી, કષાયોની કાતીલતાથી, વિષયોની વિષમતાથી અને રાગ-દ્વેષની રમણાણથી મનને ફેરવી લીધું અને આધ્યાત્મ ક્ષેત્રમાં જોડી દીધું. આપણા મનને આ ભાવમાં સમજાવી શકાશે, કારણ કે આ ભવમાં સમજવાની સામગ્રી મળી છે, પછીના ભવમાં મળશે કે નહિ તેની શી ખબર ! માટે મનને સમજાવી દો. આજ સુધી જીવે મનની ચાલે ચાલી ઇન્દ્રિયોના અમનચમન કર્યા. તેના પરિણામે પૂર્વના પૂણ્યોદયે ભેળવેલી પુણ્યની મૂડી લૂંટાઈ ગઈ. પૂર્વનું એ ભરચક પુણ્ય તળિયાઝાટક કરી બેઠો. હવે પરભવમાં શું મળશે ? ભીખ જ માંગવાની ને ! અરે, આ

મનરાજાએ તો આ જીવને લોભ, મોહ, તૃષ્ણા અને મમતાની ઝોળી પકડાવીને ભીખ માંગતો ભટકાવ્યો છે. વીરનું આવું વિરાટ શાસન પામીને શું આ કરવાનું હોય ? ચક્રવર્તીનો દીકરો ભીખ માંગે ખરો ? ના....ના....ચક્રવર્તી સમાન વીતરાગ શાસન પામીને ભીખ માંગવાની હોય ? ના. અનંતકાળથી જીવ ભીખ માંગી રહ્યો છે. હવે તેની ઝોળી ભરાઈ ગઈ ખરી ? ના, માટે હવે એ દિશા તરફથી મનનો વળાંક લેવાનો છે. એક ન્યાયથી સમજીએ.

એક વાર દરિયાઈ મુસાફરીએ એક વહાણ નીકળ્યું. દરિયાઈ સફર શરૂ કરતા પહેલા ખલાસીઓએ પોતપોતાના ઈષ્ટદેવને નમસ્કાર કર્યા પછી વહાણ હાંકવાનું શરૂ કર્યું. બધા મુસાફરો આનંદ કિલ્લોલ કરી રહ્યા છે. વહાણ ઝડપથી દરિયાઈ મોજાઓને કાપતું આગળ વધી રહ્યું છે. દિવસ પૂરો થતાં સંધ્યાકાળ થયો. સંધ્યાના અવનવા રંગોમાં પાણી સુંદર દેખાતું હતું. એ કુદરતી દૃશ્ય સૌના મનમાં આનંદના તરંગો પેદા કરતું હતું. સંધ્યા અસ્ત થતાં રાત્રી શરૂ થઈ. ચારે બાજુ અંધકાર છવાઈ ગયો. રાત્રીના શાંત વાતાવરણમાં માત્ર પાણીના મોજાઓના અવાજ સિવાય કોઈ અવાજ સંભળાતો નથી ચારે બાજુ નીરવ શાંતિ હતી. બધા મુસાફરો નિદ્રાધીન થઈ ગયા. ત્યાં અચાનક બૂમો પડવા લાગી. બધા જાગી ગયા. શું થયું ? ભયંકર વાવાઝોડાનો પવન ફૂંકાવા લાગ્યો. ખૂબ ભયંકર પવન છે. બધા ભયભીત થઈ ગયા ને સહુ પોતાના ઈષ્ટદેવનું એકચિત્તે સ્મરણ કરવા લાગ્યા. આવા સમયે મન કયાંય જાય ખરું ? ના. પવનથી વહાણ હાલમડોલમ થવા લાગ્યું. બધાને લાગ્યું કે હવે આપણો જાન જોખમમાં છે છતાં ખલાસીઓ પ્રતિકૂળ પવનની સામે વારંવાર સઢ ફેરવીને વહાણને બચાવવાના પ્રયત્નો કરતા હતા. ખરેખર એમના પ્રચંડ પુરૂષાર્થે વહાણને બચાવી લીધું. બધા યાત્રિકો હવે નિર્ભય બન્યા, અને જોખમી વાતાવરણમાંથી વહાણ સર્વથા બચી ગયું. બધાને ખૂબ આનંદ થયો. ખરેખર સઢ ફેરવવાની કળા આવડતી હતી તો પ્રતિકૂળ જોખમી વાતાવરણમાંથી પણ વહાણને સલામત રીતે કિનારે લાવી શકયા. એ વાત ખલાસીઓએ સિદ્ધ કરી આપી.

મનના સઢને ફેરવવાની કળા : આ ન્યાય આપણા જીવન માટે ખૂબ ઉપયોગી છે. આ સંસાર સાગરથી પાર થવા અને મોક્ષના કિનારે પહોંચવા માટે આપણે સંસાર સાગરમાં આપણી નાવ તરતી મૂકી છે. એ નાવને તોડવા માટે અનેક પ્રતિકૂળતાઓ જીવનમાં આવે છે. કયારેક અચાનક રોગ હુમલો કરી જાય, કયારેક કષાયોના પ્રસંગો ઉભા થતા હોય, કયારેક અણગમતું કરવાનો પ્રસંગ આવે, કોઈ વાર ન ધાર્યા હોય એવા અશુભ અધ્યવસાયોની હારમાળા ખડી થઈ જાય. આવા ન ધાર્યા પ્રસંગો ઉભા થાય ત્યારે મનને સ્વસ્થ રાખવું ખૂબ કઠીન છે. આવા કસોટીના સમયમાં સાધકના જીવનની પરીક્ષા થાય છે. આ સમયે મનના સઢને ફેરવવાની કળા હસ્તગત કરી લઈએ તો ભયંકર પ્રતિકૂળતાઓ પણ આપણા સાધકના જીવનમાં કયાંય કાંણું પાડી શકે તેમ નથી. આ કળાઓને હસ્તગત કરી હોય એવા મહાપુરૂષોના ગૌરવવંતા

પરાક્રમોનો ભવ્ય ઇતિહાસ આપણી સામે છે. એ મહાપુરૂષોને માત્ર પગમાં કાંટા જ નહોતા વાગ્યા પણ મસ્તકે સગડી મૂકાણી, ઘાણીમાં પીલાણા. તડબૂચની જેમ જીવતા ચામડીઓ ઉતરી, કાયા ભયંકર સોળ સોળ રોગોથી ઘેરાઈ ગઈ. આવા ભયંકર ઝંઝાવાથી પ્રતિકૂળતાના પવન વચ્ચે પણ આ પવિત્ર પુરૂષોની સાધનાની નાવ અખંડ રહી હતી કારણ કે મનના સઢને ફેરવવાની કળા તેઓએ હસ્તગત કરી લીધી હતી. આપણે પણ એ પવિત્ર પુરૂષોના વારસદાર છીએ. તો શું એ કળાને હસ્તગત કરવી આપણા માટે કઠીન છે! જરાસી પ્રતિકૂળતા આવે અને ચિત્તમાં સંકલેશો પેદા થવા લાગે ત્યારે જેમના જીવનમાં ચારે બાજુ પ્રતિકૂળતા આવવા છતાં જેમણે સમાધિ અખંડ જાળવી રાખેલી છે તેવા મહાન સાધક આત્માઓને યાદ કરો, અને મનને સમજાવો કે આ મહાત્માઓ જો સમાધિ જાળવી શકયા છે તો તારે પણ સમાધિ રાખે છૂટકો છે. જો આવું થશે તો "**હાય**" ની જગાએ "**હાશ**" નો અનુભવ થશે. આ રીતે જો મનના સઢને ફેરવશું તો તે જીવન નાવ ડૂબી જશે નહિ પણ અવશ્ય તરશે. કૂવો ખોદનારને સીડી નીચે લઈ જાય અને મકાન બાંધનારને ઉપર લઈ જાય. બસ, આ રીતે મનનો ઉપયોગ નીચે જવામાં નહિ પણ ઉપર લઈ જવામાં કરીએ તો આ મનુષ્યભવ મળ્યાની સાચી સાર્થકતા છે.

જેને માનવજીવનની સાર્થકતા સમજાઈ છે એવા આનંદ ગાથાપતિ ન્યાયી, સૌના વિશ્વાસપાત્ર, સાચા સલાહકાર અને ધીરગંભીર હતા. એટલું જ નહિ પણ કુટુંબમાં **मेढी पमाणं आहारे आलंबणं चक्खु मेढीभुए** મેઢીભૂત હતા. ખેતરના બળામાં ઘઉં જવ વગેરે નાંખ્યા હોય તેમાંથી અનાજના દાણા છૂટા કરવાને માટે એક બાડો ખોદી તેમાં એક લાકડાનો થાંભો રોપે છે. તેની ચારે બાજુએ એકસાથે બળામાંથી દાણા છૂટા પાડવા માટે બળદ ફર્યા કરે છે એ થાંભાને 'મેઢી' કહે છે. બળદ વગેરે એ વખતે એ થાંભાને આધારે ફર્યા કરે છે. જો એ થાંભો ન હોય તો બળદ ગમે ત્યાં ચાલ્યો જાય. આનંદ ગાથાપતિ પોતાના કુટુંબના મેઢી–મધ્યસ્થ સ્થંભ જેવા હતા. અર્થાત્ કુટુંબના આધારભૂત હતા. અને વ્યવસ્થાપક તે જ હતા. લોકોના પણ આશ્રયરૂપ હતા. આ તો આનંદની વાત થઈ. આપણે પણ મેઢીભૂત બનવું છે. પુલ અને સોય જેવા બનવું છે પણ કાતર જેવા નથી બનવું. પુલ નદીના બે કિનારાને જોડે છે, સોય બે ટુકડાને સાંધે છે. એક વાર કાતર અને સોય વચ્ચે સંવાદ થયો. કાતર સોયને કહે છે તું બહુ નાની છે ને હું તો મોટી છું. (દરજીની કાતર તો ખૂબ મોટી હોય છે) છતાં તારું સ્થાન દરજીના માથે ટોપીમાં છે. દરજી સીવતો હોય ને કાંઈ કામ માટે ઉઠે તો સોય ટોપીમાં ભરાવી દે. તારું સ્થાન ઉંચું છે. માથે ટોપીમાં ભરાવે છે. અને મને તો પગ નીચે મૂકે છે. તું આટલી નાની છતાં તારું માન ને મારું માન કેમ નહીં! સોય કહે સાંભળ! તું જ્યાં જાય ત્યાં બે ભાગ કરે છે એટલે દરજી તને પગ નીચે દબાવીને રાખે છે કે રખે ને તે ન વેતરવાનું વેતરી નાંખશે. જ્યારે હું તો વેતરેલાને સરખું કરું છું સમજીને!

આનંદ ગાથાપતિ મેઢીભૂત હતા. કુટુંબને અને ગામની જનતાને આધારભૂત હતા. જ્યાં બે ફાંટા પડયા હોય ત્યાં એ સોયનું કામ કરીને સુલેહ કરાવતા. સંઘમાં, સમાજમાં, કે કુટુંબમાં જે બે ભાગ પાડવાનું કામ કરે તે સંસાર વધારે છે. અને સાંધવાનું કામ કરે છે તે પુણ્યના ભાથા બાંધે છે. આનંદ પૂર્વ જન્મમાં સુકૃત કરીને પુણ્ય લઈને આવ્યા છે અને આ ભવમાં પણ જબ્બર પુણ્યના ગંજ એકઠા કરે છે. દરેકને સુખ, સંપ શાતા ગમે છે પણ કાર્ય અશાતા મળે તેવા કરીએ છીએ. અશાતા વેદનીય કર્મ કેટલા પ્રકારે બાંધે છે? પરદુઃખણિયાએ–બીજાને દુઃખ આપવું, પરસોયણિયાએ-બીજાને શોક કરાવવો, પરજુરણિયાએ–બીજાને ઝુરણા કરાવવી. પરટીપ્પણિયાએ–પરને આંસુ પડાવવા, પરપીટ્ટણિયાએ બીજાને પીટાવવું–મારવું, પર પરિતાવણિયાએ–બીજાને પરિતાપના આપવી. બહુણું, પાણાણું, ભૂયાણું, જીવાણું, સત્તાણું દુઃકખણિયાએ–બહુ પ્રાણી–ભૂત, જીવ, સત્ત્વોને દુઃખ આપવું–સોયણિયાએ–શોક કરવો, ઝુરણિયાએ–ઝુરવું, ટીપ્પણિયાએ ટપક ટપક આંસુ પાડવા, પીટ્ટણિયાએ–પીટવું પરિતાવણિયાએ–પરિતાપના કરવી. આ બાર પ્રકારે જીવ અશાતા વેદનીય કર્મ બાંધે છે. બધાને ગમે શું? અશાતા કે શાતા? શાતા વેદનીય ગમે છે પણ કર્તવ્યો કેવા છે.? માનવી ઈચ્છે છે પુણ્યના ફળ અને રાત દિવસ દોટ છે પાપ તરફ. હિસાબ મૂકવાની જરૂર છે. મારું મન અન્ય જીવોના ભલાના, હિતના વિચાર કરે છે કે અહિતના વિચાર કરે છે? મારા વચનથી અને કાયાથી મેં શું કર્યું છે? વચનથી કટુ વચન બોલીને કોઈના પ્રાણ તો દુભવ્યા નથી ને! કાયાથી જીવોને શાતા ઉપજાવી છે કે અશાતા ઉપજાવી છે! જૈન દર્શને માત્ર કાયાથી જીવને મારવામાં હિંસા છે એટલું જ નહિ પણ તેના ૧૦ પ્રાણોમાંથી કોઈ પણ પ્રાણની હિંસા કરીએ તો પણ હિંસા માની છે. સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને ૧૦ પ્રાણ હોય છે તેમાંથી કોઈ પણ પ્રાણોની હિંસા કરી તો તે હિંસામાં ગણાય. માટે જ્ઞાની કહે છે કે ભાષા ઉપયોગ રાખીને બોલવી.

दिट्ठं मिअं असंदिद्ध, पडिपुण्णं वियं जियं ।
अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ॥ દશ. અ. ૮. ગા. ૪૯

આત્મજ્ઞાની સાધક સાક્ષાત્ દેખાતી, પરિમિત, સંદેહરહિત, પૂર્વાપર સંબંધ સહિત, સ્પષ્ટ અર્થવાળી, ચાલુ વિષયને પ્રતિપાદન કરવાવાળી, માધ્યસ્થ ભાવથી બોલાતી, કોઈને ઉદ્વેગ ન થાય તેવી ભાષા બોલે. વળી ભગવાને કહ્યું, હે સાધક! સત્ય ભાષા હોય છતાં અપ્રિય અને સામાને દુઃખ ઉત્પન્ન કરતી હોય તો તેવી સત્ય ભાષા પણ ન બોલીશ. ત્યાં મૌન રહેજે. તેમજ સોળ પ્રકારની સાવદ્યકારી ભાષા પણ બોલીશ નહિ. જે ભાષા બોલવાથી પાપનું આવગમન થતું હોય તે ભાષા બોલવી નહિ. અનેક પુણ્યના ફળસ્વરૂપ જીભ મળી છે. ભગવાને સાધકોને માટે ભાષા પર ખૂબ પ્રતિબંધ મૂકયો છે. બીજું મહાવ્રત–સત્ય બોલવું, ક્રોધથી, ભયથી, લોભથી, હાંસીથી અસત્ય બોલવું નહિ. આ સાધનાની દોરીમાં પહેલી ગાંઠ છે. પાંચ સમિતિમાં બીજી ભાષા સમિતિ છે.

આ બીજી ગાંઠ છે. અને ત્રણ ગુપ્તિમાં એક વચનગુપ્તિ એ ત્રીજી ગાંઠ છે. આપણે કોઈ પણ વસ્તુને દોરાથી બાંધીએ ત્યારે પહેલી ગાંઠ પર વિશ્વાસ ન રહે કે કદાચ ખુલી જાય તો તેથી બીજી ગાંઠ મારીએ છીએ. ત્યારે મનમાં ચોક્કસ થઈ જાય છે હવે દોરાની ગાંઠ ખુલી શકશે નહિ. આ રીતે ભગવાને સાધુની સાધનાને મજબૂત બનાવવા માટે બે ગાંઠો પર વિશ્વાસ ન રાખતા ત્રણ ત્રણ ગાંઠો મારી છે. સંતોને માટે અસત્ય તો શું, સત્ય પણ અપ્રિય, કઠોર, કડવી અને અહિતકારી હોય તેવી ભાષા તો ન બોલવી જોઈએ પણ નિશ્ચયકારક ભાષા પણ ન બોલવી જોઈએ. એવી ભાષા કયારેક ભયંકર અનર્થ સર્જી દે છે.

કોઈ ગામમાં એક સંતનું ચાતુર્માસ હતું. તે સંત ખૂબ વકતૃત્વ શક્તિ ધરાવતા હતા. તેમના પ્રવચનમાં જૈનો તો આવતા પણ એક જૈનેતર બાઈ રોજ આવતી. એક દિવસ સંતની દૃષ્ટિ તેમના પર પડી. તેમના મનમાં થયું કે આ બાઈ જૈન નથી લાગતી તેના વિધિ વિધાનમાં ફરક દેખાય છે તે રોજ આવે છે. એક ચિત્તે વ્યાખ્યાન સાંભળે છે, પણ તેનું મુખ ઉદાસ દેખાય છે, જરાય આનંદ દેખાતો નથી. એક દિવસ વ્યાખ્યાન બાદ બધા શ્રોતાઓ ગયા પછી સંતે તેને સહજ ભાવે પૂછ્યું–તું રોજ ઉદાસ કેમ લાગે છે? આ સાંભળતા તેની આંખમાં આંસુ આવી ગયા. બેનોનું હૃદય કોમળ હોય છે. તેનામાં દુઃખ સહન કરવાની શક્તિ અને હિંમત ઓછી હોય છે, એટલે જલ્દી આંસુ આવી જાય. સંત કહે–બેન! રડશો નહિ. આર્તધ્યાન કરવાથી પણ કર્મબંધન થાય તું આર્તધ્યાન ન કરીશ. તને દુઃખ શું છે? દુઃખ હોય તો સમજવું કે મારા કોઈપણ ભવમાં બાંધેલા કર્મો ઉદયમાં આવ્યા છે. બેન કહે ગુરૂદેવ! મારા પતિ પરદેશ ગયા છે મહિનામાં આવવાનું કહીને ગયા છે. તેમને ગયા બે–ચાર વર્ષો નહિ પણ ૧૨ વર્ષ પૂરા થવા આવ્યા છતાં હજુ સુધી આવ્યા નથી કે તેમના કોઈ સમાચાર પણ નથી. તેથી મારું મન ઉદાસ છે. સંત કંઈક જાણતા હશે તેથી બોલી ગયા કે તારો પતિ આવતી કાલે દશ વાગે આવશે. તેને સંતના વચન પર શ્રદ્ધા અને વિશ્વાસ ખૂબ, તે ઘેર જઈને પતિના સ્વાગતની તૈયારીઓ કરવા લાગી. ઘરને સાફસૂફ કરી ચાંદની જેવું ઝગમગતું બનાવી દીધું. પતિ આવવાના હતા તે દિવસે પોતે સારા વસ્ત્રાભૂષણોથી સજ્જ થઈને પતિના સ્વાગતમાં જવા તૈયાર થઈ. પતિને ઘર છોડયા ૧૨ વર્ષ થયા છે. બાર વર્ષમાં મારી પત્ની ચારિત્રમાં બરાબર રહી છે કે નહિ તેની તપાસ કરું. એમ વિચારી તેમણે ગામ બહાર ઉતારો કર્યો. સામાન બહાર મૂકીને છૂપી–રીતે તપાસવા ગામમાં આવ્યો. બેન ઘર બહાર પતિની રાહ જોતી ઊભી છે. સંતના કહેવા પ્રમાણે ૧૦ વાગે પતિને શેરીમાં આવતા જોયા એટલે તે સામે ગઈ. તેમનો સત્કાર કર્યો. પતિના મનમાં એમ હતું કે આટલા સમયથી હું તેને મૂકીને ગયો હતો તો તેની દશા કેવી હશે! દુઃખના કારણે તેનું મુખ કરમાયેલું અને અત્યંત ઉદાસ હશે. તેના બદલે સારા વસ્ત્રો દાગીનાથી શણગારેલી જોઈને તેના મનમાં શંકા થઈ. હું આવવાનો છું તે તો તેને ખબર નથી. છતાં શણગાર સર્જીને

હર્ષભેર કેમ આવી હશે ! નક્કી તે દુરાચારિણી છે. ઘરમાં દાખલ થતાં તેણે ગુસ્સાથી પૂછ્યું—આ બધા શણગાર અને સજાવટ કોના માટે છે ? દુર્ભાગી ! તેં તો સાસરા અને પિયર પક્ષને કલંક લગાડયું છે.

નિશ્ચયકારી ભાષાએ સર્જેલો અનર્થ : પતિ ઘરમાં ગયો. ઘર પણ સુંદર શણગાર્યું છે. આ જોઈને પતિ પૂછે છે આ બધું શું છે ? આ બધું આપના માટે છે. મને કાલે ખબર પડી કે આજે આપ આવવાના છો. તારી વાત બધી ખોટી છે. શું અહીં તને કોઈએ ભવિષ્યવાણી કહી ? તું તારા પાપને ઢાંકવા માટે બનાવટી વાતો કરી રહી છે. નાથ ! હું ખોટું બોલતી નથી. હું દરરોજ સંતના પ્રવચનમાં જાઉં છું. તેમણે મને ઉદાસ જોઈને સહજ ભાવે પૂછયું–મેં કહ્યું ૧૨ વર્ષથી મારા પતિ પરદેશ ગયા છે. તેમના કોઈ સમાચાર પણ નથી. સંત બોલી ગયા કે તારા પતિ કાલે ૧૦ વાગે આવશે. હું તો સાધુ ને માનતો નથી. આ રીતે પતિ–પત્ની વાતો કરી રહ્યા હતા. એટલામાં સાધુ ગૌચરી માટે ત્યાંથી નીકળ્યા. સંત બોલતા બોલી ગયા પણ પાછળથી તેમને પોતાની ભૂલ સમજાણી કે મેં બહુ મોટી ભૂલ કરી છે. હું નિશ્ચયકારી ભાષા બોલી ગયો. સંતને ગૌચરીએ આવતા જોઈને તે બાઈએ ભક્તિ ભાવથી ગૌચરી વહોરાવી. શેઠે સંતને પૂછયું— આપે મારી પત્નીને કહ્યું હતું કે તારો પતિ કાલે ૧૦ વાગે આવશે. શું આપ ભવિષ્યમાં થનારી વાતને બતાવી શકો છો ? હું આપની વાત કેવી રીતે માનું ! આપ મને એ કહો કે મારી ઘોડી ગર્ભવંતી છે તેને શું આવશે ? વછેરી કે વછેરો ? સંત બોલી ગયા કે વછેરો. સંતની વાત સાચી છે કે ખોટી તે જાણવા તેણે ઘોડીના પેટમાં તલવાર મારી અને પેટ ચીરી નાંખ્યું. તરત વછેરો બહાર પડયો, સાધુની વાત તો સાચી હતી. પણ સાચી વાત કહેવાથી કેવું ભયંકર પરિણામ આવ્યું !

સંતે પોતાના શબ્દોનું જ્યારે આ ભયંકર પરિણામ જાણ્યું ત્યારે ખૂબ પશ્ચાતાપ થયો. મારા શબ્દથી ઘોડીની અને તેના બચ્ચાની હત્યા થઈ ગઇ ! દિલમાં ભયંકર આઘાત લાગ્યો. પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા ચારે આહારનો ત્યાગ કરી સંથારો કરી લીધો. બાઈને ખબર પડી કે બે જીવોની હત્યા જોઈને સંતે સંથારો કર્યો. હું કેવી અભાગણી ! મૂળ મારા નિમિત્તે સંથારો કરવો પડયો ને ! તે પોતાના મકાનના ત્રીજા માળે જઈને દરવાજા બંધ કરી ગળામાં દોરડું પહેરીને ફાંસો ખાઈ મરી ગઈ. તેના પતિએ જોયું કે ઘોડી અને તેનું બચ્ચું મરી ગયું. સંતે સંથારો કરી લીધો. ઘરમાં મારી પત્ની કેમ દેખાતી નથી ? તપાસ કરતાં ત્રીજે માળે ગયા તો પત્નીનું મડદું લટકતું હતું. અરરર....કેટલો અનર્થ થઈ ગયો ! મારી પત્ની ચાલી ગઈ તો હવે મારા જીવનનું શું ? હવે મારે જીવીને શું કરવું છે ? એમ વિચારી પત્નીના ગળામાં જે દોરડું હતું તે પોતે પહેરી લીધું. તે પણ ત્યાં મરી ગયો. " તારા પતિ કાલે આવશે. " સંતના આ નિશ્ચયાત્મક શબ્દોથી પાંચ પાંચ જીવોની ઘાત થઈ ગઈ. માટે ભગવાને કહ્યું છે કે હે મારા

તો ન બોલવી. દરેક વ્યક્તિએ ભાષાનો ઘણી સાવધાનીથી પ્રયોગ કરવો જોઈએ. ચાહે સાધુ હો યા શ્રાવક હો. વિવેક રાખ્યા વિના બોલવાથી અપ્રિય પ્રસંગ ઉપસ્થિત થઈ જાય છે.

આનંદ ગાથાપતિ બુદ્ધિશાળી, પ્રભાવશાળી અને કુટુંબમાં મેઢીભૂત હતા. પોતાના કુટુંબના ચક્ષુરૂપ હતા. અર્થાત્ જેમ આંખ માર્ગને પ્રકાશિત કરે છે તેમ આનંદ ગાથાપતિ પોતાના કુટુંબીઓના પણ બધા અર્થોના પ્રકાશક હતા. સાચો માર્ગ બતાવનાર હતા અને બધે આનંદ વર્તાવનારા હતા. હવે થોડી વાર ચરિત્ર લઈએ.

ચરિત્ર : પુરંદર શેઠ અને પુણ્યશ્રી શેઠાણી બંને પુણ્યવાન ધર્મિષ્ઠ આત્માઓ છે. તેમને ત્યાં અઢલી લબ્ધલૂટ સંપત્તિ હોવા છતાં તેનો વારસદાર કોઈ ન હતું. અંતે દેવ આરાધનાથી દેવે કહ્યું કે અંતરાય કર્મ છે. તેને તોડવા દાનશાળા ચાલુ કરજો. ગરીબ, અપંગ, અનાથના આંસુ લૂછજો અને કોઈની દુઆ લેજો તો તમારું કર્મ હટી જશે અને તમારા ઘેર પારણું બંધાશે. "દુઆ" જીવનમાં શું કામ કરે છે?

એક રાજાને ભયંકર અસાધ્ય રોગ થયો. રાજા હોય એટલે દવા ઉપચારમાં શું બાકી હોય! ઘણા વૈદો, હકીમો અને મોટા મોટા ડોકટરોની દવા કરી પણ રાજાનો રોગ મટતો નથી. ગમે તેટલા ઉપચાર કરીએ પણ જ્યાં સુધી અશાતા વેદનીયનો ઉદય હોય ત્યાં સુધી રોગ મટે નહિ. રાજા રોગથી ખૂબ કંટાળી ગયા. છેવટે એક સંત મહાત્મા પાસે ગયા. સંત જૈન ન હતા. રાજા સંતના ચરણમાં પડીને કહે છે કે મહાત્મા! મને આ રોગ કોઈ હિસાબે મટતો નથી. આપ મને એવો ઉપાય બતાવો કે જેથી મારો રોગ શાંત થાય. સંત કહે–રાજન્! આજ દિન સુધી તમે કોઈની દુઆ લીધી નથી. તો કોઈની દુઆ લો તો તમારો રોગ મટે. અત્યાર સુધી રાજાએ દાન પુણ્ય કર્યા નથી કોઈના આંસુ લૂછ્યા નથી પણ હવે પોતાનો રોગ મટાડવો છે અને કોઈની દુઆ લેવી છે એટલે ઉદાર દિલે, ખુલ્લા હાથે દાન દેવા માંડયું. હજારો લાખો લોકો દાન લેવા માટે આવે છે. ઔષધ, અનાજ, પૈસા જે જરૂર હોય તે ખૂબ દિલાવર દિલથી આપે છે. દાન દેવામાં જો સંકુચિત ભાવના હોય તો તેનો લાભ તેવો મળે છે જે દાન લેવા આવે તે બધા સંતોષ પામીને જાય છે. આ રીતે રાજાએ ૧૨ મહિના સુધી દાનનો પ્રવાહ ચાલુ રાખ્યો. તેમાં એક ગરીબ પણ પુણ્યશાળી માણસ આવી ગયો. રાજાએ તેને જે જરૂર હતું તે આપ્યું. તે માણસના મુખમાંથી શબ્દો સરી પડયા કે "ભગવાન તમારું ભલું કરે" તમારી આશા પૂરી કરે. આ માણસની દુઆ મળી ગઈ. ત્યારથી રાજાનો રોગ શાંત થતો ગયો. ધીમે ધીમે રાજા નિરોગી બની ગયા. જ્ઞાની કહે છે કે જો સુખ જોઈએ છે તો બીજાને સુખ આપતા શીખો.

આ રાજાની જેમ શેઠ પણ ઉદાર દિલે છૂટા હાથે દાન દેવા લાગ્યા. દેશવિદેશોમાં પુરંદર શેઠનું નામ દાનેશ્વરી તરીકે ગણાવા લાગ્યું. અનેક આત્માઓની શેઠે દુઆ લીધી અને શેઠનું મંગલ ઇચ્છયું. દાનના પ્રભાવે શેઠનું અંતરાય કર્મ તૂટી ગયું!

એક દિન સૂતી સેજમાં રે પુણ્યશ્રી સતી સુખદાય,
સ્વપ્ને દેખી ચંદ્રમા રે જાગૃત થઈ તદાય રે....

એક દિન પુણ્યશ્રી રાત્રે પોતાની સુખશય્યામાં સૂતી હતી. રાત્રે કંઈક ઉંઘતા ને કંઈક જાગૃત અવસ્થામાં તેમણે સ્વપ્નમાં ચંદ્રમા જોયેા. સારું સ્વપ્ન જોઈ ને પુણ્યશ્રી તરત જાગૃત થઈ ગઇ. મનમાં ચિંતવવા લાગી કે મને આજે આ ચંદ્રનું સ્વપ્ન આવ્યું છે તેથી નક્કી મારી કુંખે પુત્ર આવશે. સારું સ્વપ્ન જોયા પછી પુણ્યશ્રી સૂતી નહિ પણ ધર્મજાગ્રિકા કરી. સવાર થતાં તેના પતિ પુરંદર શેઠ પાસે ગઈ. જઈને વંદન કરીને વિનય પૂર્વક કહે છે. સ્વામી ! આપ મારી એક વાત સાંભળેા. આજે રાત્રે અર્ધજાગૃત અવસ્થામાં મેં ચંદ્ર જોયેા છે તેા આ સ્વપ્નનું ફળ શું હશે ? તે આપ કૃપા કરીને મને કહેા. સ્વપ્નની વાત સાંભળતા શેઠને ખૂબ આનંદ થયેા. શેઠ કહે છે દેવી ! આ સ્વપ્ન તમારું ખૂબ સુંદર અને ઉત્તમ છે. આપે સ્વપ્નમાં ચંદ્ર જોયેા છે તેથી આપની કુંખે ચંદ્ર જેવા તેજસ્વી પુત્રરત્નનેા જન્મ થશે. શેઠના મુખે સ્વપ્નની વાત સાંભળી પુણ્યશ્રી પોતાના સ્થાનમાં આવી ધર્મ આરાધનામાં જોડાઈ ગઈ.

પુણ્યશ્રીની ફળેલી આશા : સારા દિવસે પહેલા સુધર્મા દેવલોકથી એક જીવ ચવીને પુણ્યશ્રીની કુક્ષીમાં આવ્યેા. ત્રણ માસ થયા ત્યારે શેઠાણીને સારા સારા દોહદ ઉત્પન્ન થવા લાગ્યા. પુણ્યશાળી જીવ માતાની કુંખે આવે ત્યારે એના વિચારેા, વર્તન બધું સારું થાય છે. તેમ અહીં પુણ્યશ્રીની કુંખે પુણ્યવાન જીવ આવતા સારા દોહદ ઉત્પન્ન થયા. શેઠ આ શેઠાણીના બધા દોહદ પૂરા કરે છે. માતૃત્વના બધા ચિન્હો પુણ્યશ્રીના શરીર ઉપર દેખાવા લાગ્યા. પુરંદર શેઠ અને શેઠાણી બંનેને ખૂબ આનંદ છે. સમય જતાં સવાનવ માસે બરાબર મધ્યરાત્રે પુણ્યશ્રીએ એક બાળકને જન્મ આપ્યેા. દાસીએ શેઠ પાસે જઈને પુત્ર જન્મની વધામણી આપી. આ સમાચાર સાંભળતા શેઠને તો આનંદનેા પાર ન રહ્યો. પુત્ર જન્મની વધામણી દેવા આવનાર દાસીને શેઠે ખૂબ સારું ઇનામ આપી તેનેા સત્કાર કર્યો. પુત્રનું રૂપ તેા એટલું બધું છે કે જાણે દેવકુમાર જોઈ લેા ! તેની નાની નાની આંખેામાં તેજસ્વીતા દેખાતી હતી. તેનું લલાટ પણ પુણ્ય પ્રભાવે ચમકતું હતું. જાણે શુલાબનું ફૂલ આ ધરતી ઉપર માનવના રૂપે આવ્યું ન હોય ! પુત્ર જન્મથી શેઠના મહેલમાં આનંદમંગલ વર્તાઈ રહ્યો છે. આખા ગામમાં આનંદ છે. શેઠે પુત્રનેા જન્મ મહેાત્સવ ઉજવ્યેા. એ દિવસથી દાનની ગંગા ઉમટી પડી. શેઠે ખૂબ દાન દેવાનું શરૂ કર્યું. બધાએ પુત્રને મંગલ આશીર્વાદ આપ્યા. પુણ્યશ્રી દીકરાને જુએ ને હરખાય. દીકરેા જરા રડે તેા એનું કાળજું કપાઈ જાય. પુરંદર શેઠે પણ આવા સુંદર તેજસ્વી દેવરૂપ જેવા બાળકને જોઈને ખૂબ આનંદ અનુભવે છે. હવે આ પુત્રનું નામ શું પાડશે તેના ભાવ અવસરે.

અષાડ વદ અમાસ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૧૬ : તા. ૧૭-૭-'૮૫

અનંતજ્ઞાની ભગવાન સમજાવે છે કે અનંતકાળથી આત્મા આ વિરાટ સંસારમાં રખડી રહ્યો છે છતાં હજુ તેના ભવના ફેરાનેા અંત કેમ આવતેા નથી ? આત્માની

ઉન્નતિ કેમ થતી નથી? તેનો વિચાર થાય છે ખરો? જીવને જેટલો જડ પદાર્થો પ્રત્યે રાગ છે તેટલો ચેતન પ્રત્યે નથી. નવ તત્ત્વમાં મુખ્ય બે તત્ત્વ. એક જીવતત્ત્વ અને બીજો અજીવ તત્ત્વ. અનંત કાળથી આત્મા જડની પાછળ પાગલ બન્યો છે. તે દેહને પૂજારી બન્યો છે. દેહદૃષ્ટિ કેળવી છે પણ અનંત શક્તિના સ્વામી એવા આત્મા તરફ દૃષ્ટિ કરી નથી. આખો દિવસ દેહની ચિંતવણા કરી છે પણ હું કોણ છું? કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? આવી આત્માની ચિંતવણા કરનાર બહુ ઓછા છે. આ જીવે દેહદૃષ્ટિ તો અનંત અનંત કાળથી રાખી છે. તેથી આ વિરાટ સંસારમાં ભટકતા રહ્યા છીએ. હવે આ જિનશાસનને પામીને એ દૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિ કેળવવાની છે. એકની એક ક્રિયા હોવા છતાં જો સમ્યક્ દૃષ્ટિ હોય તો આત્માનો વિચાર કરે અને મિથ્યા દૃષ્ટિ હોય તો જડનો વિચાર કરે. દા. ત. તમે જમવા બેઠા. જમવામાં તમને મનગમતી વસ્તુઓ બધા મળી ગઈ. જો એવો વિચાર કરે કે આજે મને કેવું સરસ જમવાનું મળ્યું! જમવામાં ખૂબ મજા આવી. બહુ આનંદ થયો એની પ્રશંસા કરી એ જડ દૃષ્ટિ થઈ. આત્મદૃષ્ટિ વાળો જીવ જ્યારે જમવા બેસે ત્યારે એ વિચાર કરે કે આજે પાખી જેવા પવિત્ર દિને હું ઉપવાસ, આયંબીલ ન કરી શકયો. અરે! મારે બાવું પડયું તો આમાંથી બે કોળીયા ઓછા જમીશ તો ઉણોદરી તપનો લાભ મળશે. વળી આ જગતના ગુણ શા ગાવા? એના પર મોહ શા માટે રાખવો? આ માલ અંતે તો મળ થઈ જવાનો છે. આવા ભાવ આવે તો સમજવું કે આત્મદૃષ્ટિ છે.

તમારા વહેપારની વાત કરું. તમે વહેપાર કરો છો. ત્યાં એમ વિચાર થાય કે ગમે તેમ કરીને કમાઈ લઉં, વધારે મેળવી લઉં. વધુ મેળવવા માટે અન્યાય, અનીતિ તથા અઢાર પાપનું સેવન કરવું પડે તો કરે અને પૈસા વધુ મળે તો હરખાય. બસ, હવે એના પર લટ્ટુ કરી શકાશે. આનું નામ જડદૃષ્ટિ પણ જો એમ વિચાર આવે કે હું સંસારમાં વસ્યો છું. સંસારમાં ડગલે ને પગલે પૈસાની જરૂર પડે છે પણ મારે અન્યાય, અનીતિથી ધન મેળવવું નથી. મારા પેટ પૂરતું તો મળે છે. કદાચ પુણ્યોદયે વધુ મેળવીશ તો ધર્મના ક્ષેત્રે હું વાપરીશ. જો આવા વિચાર આવે તો આત્મદૃષ્ટિ. જડની જાહોજલાલીની દૃષ્ટિથી અને દેહની સુખાકારિતાની દૃષ્ટિથી તો જીવન ઘણું જીવ્યા. તેથી સંસારની રખડપટ્ટી ચાલુ છે. હવે આત્મદૃષ્ટિએ જીવન જીવવાનો સોનેરી અવસર આવ્યો છે. જો આત્માની ઉન્નતિ કરવી છે તો જયાં ને ત્યાં જડદૃષ્ટિ કરી છે તે રોકીને આત્મદૃષ્ટિ કેળવવાની જરૂર છે. જો જડદૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિ ઉભી કરીએ તો એમાં ક્યાંય ખોવાનું નથી કે દુઃખી થવાનું નથી. અનંત અનંત કાળથી ચાલી આવતી મલિન જડદૃષ્ટિને મૂકીને પવિત્ર આત્મદૃષ્ટિ ઉભી કરવાથી મનને ખૂબ શાંતિ રહે છે. આ રીતે સંસારના કામોમાં પણ જડદૃષ્ટિને બદલે આત્મદૃષ્ટિ કેળવી શકાય છે. રાત્રે જાગી ગયા ત્યારે મનમાં એમ થાય કે હજુ રાત ઘણી બાકી છે. ઊંઘી જવા દે ને! તો એ જડદૃષ્ટિ, પણ જો એમ વિચાર આવે કે ઊંઘમાંથી જાગ્યા છે તો હવે સ્વાધ્યાય-ધ્યાન

આદિ કરવા દે. આ જીવન ધર્મસાધના માટે મળ્યું છે. તો સમજવું કે આત્મદૃષ્ટિ આવી છે.

વેપાર કરતાં જો ધંધામાં ખોટ આવે ત્યારે દુઃખ થાય, હાયવોય થાય. આર્તધ્યાન થાય તો તે જડદૃષ્ટિ છે પણ મનમાં એમ થાય કે ચક્રવર્તીને છ ખંડના રાજ્ય, ૧૪ રત્ન અને નવનિધાન હતા તે ગયા તો તેમની અપેક્ષાએ મારું તો કાંઈ જ ગયું નથી. આ તો કર્મના ખેલ છે. અશુભ કર્મોના કચરા ભોગવાઈને ખલાસ થયા. આ રીતે આત્મદૃષ્ટિ રાખવાથી આત્મામાં શાંતિ સમાધિ ટકી શકે છે. સ્ટવ પરથી ચા ઉતારી ત્યારે એ ભાવ થાય કે તપેલી ઢાંકો નહિ તો ચા ઠરી જશે તો જડદૃષ્ટિ પણ આત્મદૃષ્ટિ હોય તો એમ કહે કે તપેલી પર ઢાંકો. એ ખુલ્લી રહેશે તો એમાં ઉડતા જીવજંતુ પડશે ને મરી જશે. નાની નાની બાબતોમાં ગુસ્સો કે કલેશ કરવો એ જડ દૃષ્ટિ છે. આપણા જીવન તરફ દૃષ્ટિ કરીશું તો દેખાશે કે ઠેર ઠેર જડદૃષ્ટિના વ્યવહાર ચાલે છે પણ એમાં નુકશાન કેટલું છે એનું જીવને ભાન નથી. ચિંતા નથી. બાકી નુકશાન તો પાર વિનાના છે. જડદૃષ્ટિના કાર્યોમાં અઢળક પાપ બંધાય છે. જ્ઞાની કહે છે કે આત્મા સિવાયના બધા પદાર્થો જડ છે, નાશવંત છે છતાં તેના પ્રત્યે મમત્વ શા માટે રાખે છે? જે પદાર્થો પોતે નાશવંત છે એમાં આત્મદૃષ્ટિ કેળવો તો સંસારના બંધનમાંથી છૂટી શકશો. એક ન્યાય આપું!

એક પાંજરું, સિંહને પૂરાવાનું મોટું છે, અને ઉંદરને પૂરાવાનું પાંજરું નાનું છે. ઉંદર પાંજરામાં પૂરાય અને સિંહ પણ પાંજરામાં પૂરાય પણ બંનેમાં તફાવત છે. માનો કે ઉંદર પાંજરાની બહાર છે અને સિંહ પણ પાંજરાની બહાર છે. પાંજરામાં રોટલીનો ટુકડો જોશે તો ઉંદર પાંજરામાં પેસી જાય છે. બીજા પાંજરામાં સિંહનો શિકાર પૂરેલો છે. સિંહ પોતાની આંખ સામે શિકાર દેખે છે છતાં પાંજરામાં જવા તૈયાર નહિ થાય. કદાચ કોઈ કપટથી સિંહને પાંજરામાં પૂરી દે તો પણ તેમાં રહેવાનું પસંદ નથી કરતો. પ્રતિપળ એ પાંજરામાંથી મુક્ત થવાનો વિચાર અને પ્રવૃત્તિ કરે છે. જ્યારે ઉંદર પાંજરામાં પૂરાયા પછી જ્યાં સુધી એને આવાપીવાનું મળે છે ત્યાં સુધી તે તેમાંથી નીકળવાનો પ્રયત્ન નથી કરતો. હવે આ ન્યાય આપણે સમજવો છે.

આ સંસાર પણ એક પાંજરું છે. તેમાં કલ્પના કરો કે કોઈ જીવ સિંહ સમાન છે. તો કોઈ ઉંદર સમાન છે. ઉંદર રોટલીની લાલચથી પાંજરામાં પૂરાઈ જાય છે તેમ આ સંસારના પાંજરામાં મનગમતા ભોજનો, વસ્ત્રો, સંસારના વિષય સુખો, રસેન્દ્રિય આદિ પાંચે ઇન્દ્રિયોને ગમતા વિષયો, કામભોગો, બધું તેમાં મોજુદ છે છતાં જે સિંહ જેવા આત્માઓ છે તે તો પિંજરામાં શિકાર રૂપી સુખો દેખવા છતાં તેમાં જતા નથી. કદાચ કર્મસંયોગે પૂરાયા હોય તો પણ સિંહની જેમ તેને તોડીને બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. ચક્રવર્તીઓ, બળદેવો, રાજા-મહારાજાઓ બધાએ શું કર્યું? સંસાર રૂપ પિંજરામાં આવ્યા. મનગમતા સુખો મળ્યા છતાં એને તોડીફોડીને પ્રયત્ન કરીને બહાર નીકળી ગયા.

આ રે વૈભવના ભંડાર પાછળ દુઃખનો સાગર છલકે
સોનાના પિંજરમાં કેદ પૂરી તને દુનિયા જોને કેવી મલકે
જા છોડી આ જંજાળ....કે તારો પંથ નિરાળો છે....તું સોચ

જ્ઞાની પુરૂષો સમજાવે છે કે સંસાર એ સોનાનું પાંજરું છે પાંચ ઇન્દ્રિયોના વિષયો અને સુખો રોટલી જેવા છે. ઉંદર સમાન આત્માઓ એની લાલચમાં ફસાઈ ને એમાં પૂરાઈ જાય છે. જ્યાં સુધી તે સુખો મળે ત્યાં સુધી ઉંદરની જેમ તેમને નીકળવાનું મન થતું નથી. સિંહ સમાન શૌર્યવાન આત્માઓએ એ પિંજરાને તોડીને બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો. જે બહાર નીકળી ગયા તે પોતાનું કાર્ય સિદ્ધ કરી ગયા. તમે સંસારના પાંજરામાં પૂરાયેલા ઉંદર છો કે સિંહ ? સંસારના પાંજરામાંથી છટકવાની વૃત્તિ અને પ્રવૃત્તિ હોય તો સિંહ! અને પાંજરામાં વિષયો રહે ત્યાં સુધી નીકળવાનો વિચાર કે વર્તન ન થાય તો ઉંદર જેવા. આપણો આત્મા તીર્થંકર ભગવાનના સમવસરણમાં જઈ આવ્યો હશે છતાં હજુ ભવમાં ભમવાનું બંધ કેમ થતું નથી ? રોટલીના જેવા વિષયો વહાલા કર્યા પણ ત્યાગનો માર્ગ વ્હાલો ન કર્યો. બંધુઓ ! જીવે વૈભવો વ્હાલા કર્યા પણ વિરતિ વહાલી ન કરી, ધન વહાલું કર્યું પણ ધર્મ વહાલો ન કર્યો, સ્વજનો ગમ્યા પણ સર્વજ્ઞ ન ગમ્યા, પરિવાર ગમ્યો પણ પરમેશ્વર ન ગમ્યા. બધી જડ સંપત્તિ વહાલી લાગી પણ એને તોડવાનો પુરૂષાર્થ નથી ઉપાડ્યો, ધન, વૈભવ, સંપત્તિ બધું શાશ્વત નથી. શાશ્વત શું છે તેની શોધ કરો.

માની લો કે તમે જંગલમાં ભૂલા પડ્યા. રખડીને થાકી ગયા. સાચો માર્ગ દેખાતો નથી. ધગધગતો ઉનાળો છે. ધરતી ખૂબ તપી ગઈ છે. તાપના કારણે ગળું ખૂબ સૂકાઈ ગયું છે, પાણીનો શોષ પડયો છે. રસ્તે ચાલતા ચક્કર આવે છે. આવા સમયે દૂરથી એક વિશાળ ઊંચો મોટો વડલો જોયો. વડલો જોતાં તમને 'હાશ' થશે. ચાલતાં ચાલતાં વડલાની પાસે પહોંચ્યા. ત્યાં નજીકમાં પાણીની પરબ જોઈ. તરસથી આકુળ વ્યાકુળ થયા છો. પરસેવાથી રેબઝેબ થઈ ગયા છો. આ સમયે તમે વડલા નીચે ઉભા રહ્યા. વડલાની શીતળ છાયા મળી, પાણીની પરબમાંથી પાણી લાવીને પીધુ. ભૂખ કકડીને લાગી છે. થોડા દૂર ગયા તો સદાવ્રત દેખાયું. ત્યાં તમને ભોજન મળી ગયું. પછી વડલાની શીતળ છાંયડી મળી. ખાવાપીવાનું મળી ગયું. પછી વડલાની છાયામાં સૂતા. મઝાના શીતળ ઠંડા પવનમાં ઉંઘ આવી ગઈ. છતાં મનમાં તો એ વિચાર આવશે કે આ ભયંકર વગડો છે. મારું ગામ હજુ દૂર છે. રાત પડે એ પહેલા તો મારે મારા ગામે પહોંચી જવું જોઈએ. ખાવાપીવાનું મળી ગયું છતાં નિરાંતથી બેસો ખરા ? રાત પડે એ પહેલાં તમારા ગામે પહોંચવાનું ભૂલો ખરા ? ના. તે સમયે કોઈ વટેમાર્ગુ મળી ગયો. તેણે પૂછ્યું–તમે કયાં રહો છો ? ફલાણા ગામમાં. મારા ગામમાં જવાનો રસ્તો તમારા ગામ થઈને જાય છે. તમારે આવવું હોય તો ચાલો મારી સાથે. હજુ તડકો ઘણો છે. ધરતી ઠરી નથી છતાં વડલાની છાયા છોડીને સૂતેલા ઉભા થઈને ચાલો કે નહિ? પાણીની પરબ અને સદાવ્રત છોડીને જતાં દુઃખ થાય ખરું ? ના.

આપણે ભવના જંગલમાં ભૂલા પડ્યા છીએ. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ થઈ ગયા છીએ. એ તાપના કારણે પરસેવાથી રેબઝેબ થઈ ગયા છીએ. અનંત અનંત કાળથી રખડીને થાકી ગયા છીએ. આ મનુષ્ય ભવરૂપી વિસામાનો વડલો મળ્યો છે. ખાવાનું, પીવાનું અને સૂવાનું બધું મળી ગયું છે પણ યાદ રાખજો કે મૃત્યુની રાત આવી રહી છે. કોઈને આજ તો કોઈને કાલ. પાંચ, પચ્ચીસ કે પચાસ વર્ષે પણ જવાનું એ તો જવાનું. મૃત્યુની રાત આવતા પહેલા આપણે આપણા સ્થાને પહોંચી જવાનું છે. તમે મુંબઈમાં અમુક ભુવન કે બંગલામાં રહેતા હો એ ઘર તમારું નથી. આપણું ઘર કયાં છે? સિદ્ધ ક્ષેત્રમાં. જ્યાં અનંતા સિદ્ધો બિરાજે છે ત્યાં. તે ઘર પહોંચવાનું યાદ છે ને? તેમ મૃત્યુની રાત આવતા પહેલા ચાલવાનો પુરૂષાર્થ કરો. તડકો લાગે, તરસ લાગે છતાં રાત પડતા પહેલાં કર્મના કરજો ચૂકવી દો. મુસાફીર રસ્તો કાપે છે. આપણે કર્મોને કાપીને શાશ્વતા ઘરે પહોંચવું છે. અનંતકાળથી જીવ આ ભવવનની ભૂલવણીમાં ભૂલો પડ્યો છે. મૃત્યુની રાત નથી આવી ત્યાં સુધી કર્મોને કાપવાની તક છે. મૃત્યુ કયારે આવશે તેની ખબર નથી. માટે આત્મસાધના કરી લો. સામા ગામે જનાર કોઈ વિશ્વાસુ માણસ આવીને કહે – ચાલો, હું સમયસર તમને તમારા ગામે પહોંચાડી દઈશ. તો તમે તૈયાર થઈ જાઓ ને? પવિત્ર સંતો સિદ્ધ ક્ષેત્રના ભોમિયા મુસાફરો છે. એમની સાથે વિશ્રામસ્થાન છોડીને જતાં દુઃખ ન થાય ને? બોલો કેમ મૌન બધા!

જો શાશ્વતા ઘર સિદ્ધક્ષેત્રમાં પહોંચવું છે તો જડદૃષ્ટિ છોડીને આત્મદૃષ્ટિ કેળવવી પડશે. જડદૃષ્ટિના કાર્યોમાં અઢળક પાપો થાય છે. એ પાપોનું પોષણ થતાં એના કુસંસ્કારો દૃઢ થતાં પરલોકમાં પાપબુદ્ધિ કરાવી પાપ કરાવે છે. અતિ દુર્લભ જૈન ધર્મ મળવો દુર્લભ બને છે. સત્ત્વનો નાશ થાય છે અને પાપાનુબંધ મજબૂત બને છે. માટે જડદૃષ્ટિ પડતી મૂકી આ આત્મદૃષ્ટિ કેળવાતી હોય તો સમજવું કે મારો આત્મા ઉન્નતિના પંથે છે. જડના પૂજારી દેહની પૂજા કરે છે. અને ચેતનના પૂજારી આત્માની આરાધના કરે છે. આજે પાખીનો દિવસ છે. ઘણાં ભાઈ બહેનોએ પૌષધ કર્યો છે. જેમણે પૌષધ કર્યો તેમણે તો અનંતા કર્મોની નિર્જરા કરી છે. ઉપવાસ કરો પણ સંસારની માયાજાળમાં પડ્યા છો એટલે તમારા પોતાના માટે પાપ બંધ થયું પણ બીજા માટે તો કરવું પડે ને! ભગવાને શ્રાવકોને માટે ચાર વિસામા બતાવ્યા છે. પહેલો વિસામો – માથા પર વજનદાર પોટલો લીધો છે. થાકી જતાં ઘડી વાર પોટલો નીચે મૂકે. હજુ જ્યાં પહોંચવાનું છે તે ઘર આવ્યું નથી. એટલે ફરીવાર પોટલો તો ઉપાડવાનો છે તેમ ઉપવાસ કર્યો તે પોતાની જાત માટે આવાનું બંધ કર્યું અથવા પાપ બંધ કર્યું પણ બીજાને માટે કરવું પડે છે તેથી પહેલો વિસામો જાણવો. (૨) કોઈ જગ્યાએ એટલે કે ચોતરે ભાર મૂકીને લઘુનીતિ કે વડીનીતિ માટે જાય એટલે થોડી વાર બોજો ઉતર્યો તેમ શ્રાવક બેઘડી, ચારઘડીની સામાયિક અથવા દિશાવગાસિક કરે એટલે એટલો સમય સર્વથા પાપ

બંધ કર્યું. તે બીજો વિસામો. (૩) ગામ દૂર હોય, રસ્તામાં ધર્મશાળા કે યક્ષનું દેવળ આવે ત્યાં રાત રહે એટલે આખી રાત માટે તેનો ભાર ઉતર્યો તેમ શ્રાવક આઠમ પાખીના પૌષધ કરે એટલે ૨૪ કલાક માટે પાપ રોકવું તે ત્રીજો વિસામો. (૪) પોતાને ત્યાં કે ધણીને ત્યાં ભાર પહોંચાડી દે એટલે ભારથી સર્વથા મુક્ત થયો તેમ શ્રાવક આલોયણા કરીને સંથારો કરે ત્યારે તે સર્વ પાપથી નિવર્ત્યો એ ચોથો વિસામો.

આપણે તો વાત એ હતી કે જેની દેહદૃષ્ટિ છૂટી હોય અને આત્મદૃષ્ટિ આવી હોય તે પાખી જેવા દિવસે પૌષધ કરી શકે તેમજ તપશ્ચર્યા કરી શકે. આત્મદૃષ્ટિની જેમ જો આત્મામાં વૈરાગ્ય જાગતો રહે તો સમજવું કે આત્માની ઉન્નતિ થઈ છે, પછી આત્માને સંસારના સુખોમાં નિરાંત ન હોય પણ ચિન્તા હોય કે કયાં સુધી આ જન્મ-મરણના ચક્રાવામાં ફરવાનું ! જો એની અવધિ ન હોય તો મારું શું થાય ? આ ચિંતાનો પડઘો એના જીવનમાં એવો પડે કે એનું જીવન નજરકેદી રાજા જેવું હોય, યુદ્ધમાં વિજય પામેલો રાજા પરાજય પામેલા રાજાને પોતાની નજરકેદમાં રાખે. ત્યાં રાજાને પાંચ ઇન્દ્રિયોના ઊંચા સુખ મળે. રાજશાહી ભોજન મળે. મશરૂના ગાદલા, મહેલમાં નિવાસ, ગીત, નૃત્ય, બધું મળે છતાં એ રાજાની નજરકેદમાં હોવાથી એ સુખમાં પણ એનું દિલ ઉદ્વિગ્ન રહે છે. એ રીતે જે આત્મા સંસારના સુખોથી ગભરાયેલો હોય એ સંસારમાં રહે છતાં એનું દિલ ઉદ્વેગભર્યું હોય છે. બહારથી ધર્મ ઘણો કરે પણ દિલમાં જો વૈરાગ્યના ફાંફાં હોય તો આત્માની ઉન્નતિ થઈ શકે નહિ. જો વૈરાગ્ય ઝળહળતો હોય તો આત્મોન્નતિની ગાડી વેગબંધ આગળ વધે. વૈરાગ્યનો પ્રભાવ કેવો છે ? કદાચ ભવોની સંખ્યા વધારે હોય પણ વૈરાગ્યથી સંસારકાળ તો કપાઈ જાય અને કોઈ વાર સંસારમાં કદાચ ભવોની સંખ્યા ઓછી હોય પણ સંસારકાળ જંગી હોય એવું બને. એક વાત યાદ આવે છે.

બે સંતો વિહાર કરતાં કરતાં સર્વજ્ઞ કેવળી ભગવંત જ્યાં બિરાજતા હતા ત્યાં પહોંચ્યા. જઈને કેવળી ભગવાનને પ્રશ્ન કર્યો. ભગવાન ! અમારા ભવ કેટલા છે ? તમને પણ એ જિજ્ઞાસા છે ને કે અમારા ભવનો અંત કયારે થાય ? આ બંને મુનિઓએ પૂછયું–અમારા કેટલા ભવ બાકી છે ? પહેલા સંતને કેવળી ભગવંતે કહ્યું. તમારા સાત ભવ બાકી છે. પછી મોક્ષ થવાનો છે. આ સાંભળી સંતને ખૂબ આનંદ થયો. હવે મારા સાત ભવ બાકી રહ્યા છે. સર્વજ્ઞ કેવળી ભગવંતના વચન તો ત્રણ કાળમાં ખોટા ન પડે. મારું તો કામ થઈ ગયું. બીજા સંતે પૂછયું ભગવાન ! મારા કેટલા ભવ બાકી છે ? તારા ઘણા ભવો બાકી છે ઘણા ભવો પછી તારો મોક્ષ થશે. ભલે, તારા ભવો ઝાઝા છે પણ કર્મો થોડા છે. શેમાં રાજીપો થવાનો ? ભવ ઘણા ને કર્મો ઓછા છે તેમાં. કેવળી ભગવંત તો વિહાર કરી ગયા. જેના અસંખ્યાત ભવો છે તેણે મનમાં વિચાર કર્યો કે ભલે મારા ભવો વધારે છે. સર્વજ્ઞ ભગવંતના વચન છે એટલે ભવોમાં ઘટાડો ન કરી શકું પણ કર્મમાં ઘટાડો કરવો એ તો મારા હાથની વાત છે. સંસારથી ગભરાતો રહી આરાધના કરી સંસારનો કાળ ટૂંકાવી નાખું. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જોરદાર વૈરાગ્ય અને

સંયમની આરાધના, ચાર શરણુનો સ્વીકાર, દુષ્કૃત્યોની ગર્હા અને સુકૃતોના આચરણથી ઉત્તમ સાધના થાય છે અને એનાથી ભવસ્થિતિ કપાય છે તેથી એ જોરદાર સંયમની સાધનામાં ડૂબી ગયા. આરાધનામાં એકાકાર બની ગયા. પરિણામે ભવસ્થિતિ ઘટાડી દીધી. કર્મોમાં ઘટાડો કરી દીધો.

જે સંતને સાત ભવ કહ્યા હતા તેમના મનમાં થયું કે મારા તો સાત જ ભવ બાકી છે. હું હવે ગમે તેમ કરીશ તો પણ મારા ભવ વધવાના નથી. તો આ ચારિત્રના કષ્ટ શા માટે વેઠવા ? આ બધી સાધના કરવાની શી જરૂર છે ? સાત ભવે મારો મોક્ષ થવાનો છે. તો હવે મોજમજા કરવા દે. સંસારમાં લીલાલહેર કરી લેવા દે. એમ વિચારી સંયમથી અને વૈરાગ્યથી ભ્રષ્ટ થયા. સંસારના સુખમાં, ખાનપાનમાં, મોજમજામાં અને વિષય વિલાસમાં મસ્ત બની ગયા. છેવટે મરીને સાતમી નરકે ચાલ્યા ગયા. ત્યાં જ. ૨૨ સાગર ઉ. ૩૩ સાગરની સ્થિતિ છે. કેટલો જંગી કાળ ! અસંખ્યાતા ભવોવાળાનો જે પુરૂષાર્થ ઉપડે તો સાત ભવ કરીને મોક્ષ જનારની પહેલા આ જીવ મોક્ષમાં પહોંચી જાય. સાત ભવવાળા મુનિ સાતમી નરકે ગયા. જ્યાં દુઃખ દુઃખ ને દુઃખ છે. ક્ષણ માત્રનું સુખ નથી. સુખ કેટલો સમય ભોગવ્યું. તેની સામે દુઃખ કેટલો સમય ભોગવવાનું આવ્યું.

જે મુનિને ભગવંતે સાત ભવ કહ્યા તે સંયમથી પડિવાઈ થઈને સંસારના સુખોમાં આસક્ત બન્યા. પરિણામે મરીને સાતમી નરકે ગયા. બીજા મુનિને અસંખ્યાતા ભવ કહ્યા. તેમણે એ વિચાર કર્યો કે મારા ભવ ભલે વધારે છે પણ મારા કર્મો તો નહિ વધવા દઉં. તેમણે તો કર્મો ખપાવવા માંડ્યા. એક વાર કોઈક અશુભ અધ્યવસાય આવ્યા. એમાં નિગોદમાં ચાલ્યા ગયા. ત્યાં એક અંતઃમુહૂર્તમાં ઉ. ૬૫૫૩૬ ભવ કરે. તેને ઘણા ભવ કરવાના હતા. તે ઘણા ભવ થઈ ગયા. ત્યાંથી આગળ વધતાં મનુષ્યમાં આવ્યા. ત્યાં સુસંસ્કારોનો જાંગડ માલ પડેલો હતો તેથી નાની ઉંમરમાં વૈરાગ્ય પામી દીક્ષા લઈને પાપની આલોચના કરી સર્વ કર્મો ખપાવી મોક્ષમાં ગયા. પેલા મુનિનો આત્મા હજુ નરકમાં પોતે નેરઈયા રૂપે ભવ કરી રહ્યા છે. તે પણ એના આયુષ્યનો હજુ અસંખ્યાતમો ભાગ પસાર થયો છે ત્યાં બીજા મુનિ તો મોક્ષે ગયા. કહેવાનો આશય એ છે કે જીવ જડ પુદ્ગલો તરફ દોટ મૂકે છે ત્યારે એ વિચાર નથી કરતો કે હું પાપ કરીને નરકમાં ચાલ્યો જઈશ ત્યાં મારું શું થશે ? આત્મદૃષ્ટિ ઘટી અને જડદૃષ્ટિ, દેહદૃષ્ટિ આવી તો મુનિ નરકે ગયા; અને આત્મદૃષ્ટિ કેળવી તેવા આત્માઓ પોતાનું કામ કાઢી ગયા. માટે આ માનવભવમાં આવ્યા પછી આત્માએ એ જ લક્ષ રાખવાનું છે કે મારા કર્મો જલ્દી કેમ કપાય ! કર્મો કપાશે તેનો સંસારનો અંત આવવાનો છે.

આનંદ ગાથાપતિ મહાબુદ્ધિશાળી છે. બુદ્ધિનો ઉપયોગ સવળો કરે તો સુમતિ. ઝઘડા, વિગ્રહ કરાવે તો તે કુમતિ. આનંદની બુદ્ધિ સુમતિ છે. " तस्सणं आणंदस्स

गाहावईस्स सिवानंदा नामं भारिया होत्था !" તે આનંદ ગાથાપતિને શિવાનંદા નામની પત્ની હતી. શિવાનંદા પણ ખૂબ ગુણીયલ અને પતિને અનુકૂળ થઈને રહેનારી હતી. તે શાંત સ્વભાવવાળી અને આનંદી હતી. 'યથા નામ તથા ગુણા' હતી. પતિના દરેક કાર્યમાં સાથ અને સહકાર આપતી હતી. રથના બે પૈંડા બરાબર હોય તો સંસાર સ્વર્ગ જેવો બની જાય. આનંદ ગાથાપતિનું જીવન ખીલેલા ફૂલ જેવું છે. શિવાનંદા પત્ની પણ ડાહી અને અનુકૂળ છે. તે શિવાનંદના જીવનમાં કેવા ગુણો છે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પુત્રનું નામ પાડવામાં મીઠો વિવાદ : પુરંદર શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. પુત્રને જોતાં મન ઠરી જાય એવો રૂપ રૂપનો અંબાર છે. આ પુત્રનું નામ શું પાડવું તે માટે શેઠ શેઠાણી વિચાર કરે છે. શેઠ કહે, આ પુત્રના લક્ષણો ઘણા ઉત્તમ છે. આપે સ્વપ્નમાં ચંદ્રમા જોયો છે. એટલે પુત્ર ચંદ્ર જેવો તેજસ્વી અને અનેક ગુણોથી શોભિત બનવાનો છે માટે તેનું નામ નરોત્તમ પાડીએ. શેઠાણી કહે–નરોત્તમ નામ નથી પાડવું. એ તો બહુ જુનું નામ છે. આ પુત્ર ખૂબ રૂપાળો છે માટે તેનું નામ રૂપસુંદર પાડીએ. શેઠ કહે ના, એવું નામ નથી પાડવું. તો આપણને બંનેને ગમે તેવું નામ પાડીએ. ઘણાં દાનપુણ્ય કર્યા પછી આ બાળક આવ્યો છે માટે તેનું નામ 'પુણ્યસાર' રાખીએ. બંનેને આ નામ ગમી ગયું. વાહ! આ નામ ઘણું સુંદર છે. બધાએ એ પુણ્યસાર નામ વધાવી લીધું. આ પુત્ર માતાના ગર્ભમાં આવ્યા પછી શેઠ–શેઠાણી ધર્મિષ્ઠ તો હતા પણ ધર્મની ભાવના વધુ વધતી ગઈ. દાનના ભંડારો પણ ખુલ્લા મૂકી દીધા. જે આવે તેને ન્યાલ કરી દીધા. આટલું અઢળક દાન દેવા છતાં હું આટલું બધું કરું છું એવો વિચાર પણ નથી આવતો.

પુણ્યસાર બીજના ચંદ્રની જેમ દિનપ્રતિદિન વધતો જાય છે. તેને ઉછેરવા માટે પાંચ ધાવમાતાઓ રાખવામાં આવી. પાંચ ધાવમાતાઓ જુદા જુદા દેશની હોય એટલે છોકરો પાંચ વર્ષનો થાય ત્યારે એને પાંચ ભાષાનું જ્ઞાન થઈ જાય. પુણ્યશ્રીએ બાળકને જન્મ આપ્યો તે દિવસે શેઠે વાડીમાં ગુલાબનો છોડ વાવ્યો. વાડીમાં ગુલાબ ખીલી રહ્યું છે. શેઠની હવેલીમાં પુણ્યસાર ખીલી રહ્યો છે. ગુલાબને માળી સંભાળે. તેને પાણી પાય, તેની કળીઓને કોમળતાથી પંપાળે. તે રીતે પુણ્યસાર તેની માતા પાસે અને ધાવમાતા પાસે ઉછરે છે. તેને નવડાવે, દૂધપાન કરાવે અને હાલરડા ગાઈને સુવરાવે. સાતખોટનો દીકરો. એના ઉછેરમાં શું ખામી હોય! વળી તે જબ્બર પુણ્ય લઈને આવ્યો છે એટલે તો ધનના સાગર ઘુઘવે છે ત્યાં એનો જન્મ થયો છે. સોનાના પારણે ઝુલે અને ચાંદીના રમકડે રમે છે. મખમલ અને કિનખાબના ઝભલા પહેરાવે છે ધીમે ધીમે મોટો થાય છે. માતાપિતાની પાસે આવી તેમને પગે લાગે. શેઠાણી તેને ઉપાશ્રયે લઈ જાય તો વ્યાખ્યાન સાંભળવા કાન લાંબા કરતો. પુણ્યશ્રી પોતાના લાલને નવકારમંત્ર કહે. પ્રભુના મીઠામધુરા સ્તવન ગાય એ સાંભળે ને પુણ્યસાર ખીલખીલાટ હસે. માતાપિતા ખૂબ હરખાય છે. પુણ્યસારના જન્મ પછી શેઠ શેઠાણીની ધર્મની ભાવના વધી.

માતાપિતા તેને ૨૪ ભગવાનના નામ, ૧૬ સતીના નામ બોલાવે. રાત્રે સતીઓની વાર્તા કરે. આજના જમાનામાં તો ઘરઘરમાં રેડીયા, ટીવી, વિડિયો થઈ ગયા. કુમળા ફુલ જેવા બાળકને જેવું સિંચન કરીએ એવું થાય. દીકરાને માથે વહાલથી હાથ ફેરવે ને કહે બેટા, તું અમારો ધર્મનો વારસો બરાબર સાચવે એ માટે અમે તારી ઇચ્છા કરી છે. બાકી જન્મ છે ત્યાં કર્મબંધન છે. દીકરા તું ડાહ્યો થજે. સદાચારી બનજે. આ રીતે માતાપિતા ખૂબ સુંદર સંસ્કારોથી પુણ્યસારનું જીવન ઘડતર ઘડી રહ્યા છે. પુણ્યસાર મોટો થતો જાય છે. પુણ્યસાર પાંચ વર્ષનો થયો. હવે માતાપિતા તેના માટે શું વિચાર કરશે તેના ભાવ અવસરે. બા. બ્र. ચંદનબાઈ મહાસતીજીને આજે ૨૮ મો ઉપવાસ છે. કેવી અદ્‌ભૂત સાધના સહિત તપ કરી રહ્યા છે. આપ સહુ તપની સાધનામાં જોડાવ એ જ અભ્યર્થના.

શ્રાવણ સુદ એકમ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૧૭ : તા. ૧૮-૭-'૮૫

અનંત જ્ઞાની ભગવાને આગમના ગહન ભાવો આપણી સામે રજુ કર્યા છે. તેમાં આપણે આનંદ ગાથાપતિની વાત ચાલે છે. તેમના આદર્શો આપણા જીવનમાં અપનાવવાના છે. તેમના પવિત્ર જીવનનો ન્યાય લઈ આપણા પર લાગેલા દુર્ગુણોને, કર્મના કચરાને દૂર કરવાના છે. ઘર કે દુકાનમાં કચરો ભરાયો હોય તો આપણે તેને ફેંકી દઈએ. તેવા કચરાવાળા ઘરમાં કે દુકાનમાં રહેવું ગમતું નથી. મેલા કપડાં નથી ગમતા. મલીન વાસણ નથી ગમતા, તો આપણા આત્મા રૂપી ઘરમાં અનાદિ અનંતકાળથી કર્મના કચરાના ઢગલા થઈ ગયા છે. તેને કાઢવા માટે ચિંતા છે? તેને સાફ કરવા કોઈ સાધનો કામે લગાડ્યા છે? કે પછી રોજ રોજ નવા નવા કચરા અંદર નાંખતા જાવ છો? કચરાવાળા ઘરમાં કે દુકાનમાં રહેવાની મઝા ન આવે તો કચરાવાળા આત્મઘરમાં રહેવાની મઝા કયાંથી આવે? આ કર્મના ઢગલાને દૂર કેવી રીતે કરવા? આ કર્મનાં ઢગલાને સાફ કરવા માટે ઢગલા જેટલી સાધનાની જરૂર નથી. જેમ રસ્તા પર કચરાનો મોટો ઢગલો પડ્યો હોય, એમાંથી દુર્ગંધ આવતી હોય, આ ઢગલો એટલો મોટો છે કે ૧૦-૧૫ ગાડા આવે તો પણ ઓછા પડે. કેટલાય માણસોને એ ઢગલાને ઉપાડવા માટે કામે લગાડવા પડે. ત્યાં અચાનક એક માણસે બીડી સળગાવીને દિવાસળી એ ઢગલા પર નાંખી. દિવાસળી પડતાં કચરાનો એ ઢગલો ભડભડ કરતો સળગી ઉઠ્યો. જે ઢગલાને ઉપાડાવવામાં ચાર દિવસ જાત એ ઢગલો એક દીવાસળીની ચિનગારીથી થોડા સમયમાં સાફ થઈ ગયો. સરોવરના શાંત પાણીમાં કોઈ એક નાનીશી કાંકરી નાંખે તો તે કાંકરી પાણીમાં કેટલા તરંગો પેદા કરે છે તેમ આપણા આત્મા પર થયેલા કર્મના તોતીંગ કચરાના ઢગલાને સાફ કરવા માટે કોઈ મોટા દાવાનળની જરૂર નથી. તે માટે માત્ર એક ચિનગારી બસ છે. તે ચિનગારી કઈ? સમ્યક્‌ત્વની.

જીવનમાં એક સમ્યક્‌ત્વની ચિનગારી પ્રગટે તો કર્મના કચરા સાફ થવા લાગે. સમકિત આવ્યું એટલે વહેલો મોડો તેનો બેડો પાર થવાનો. મોડામાં મોડો તે

અર્ધપુદ્ગલ પરાવર્તન કાળે તો અવશ્ય મોક્ષમાં જવાનો. પ્રભુ પાસે હવે આપણી એક જ માંગણી છે કે હે પ્રભુજી ! હવે મારે કાંઈ જોઈતું નથી. મારા આત્માએ અજ્ઞાન દશામાં ઘણી ભીખ માંગી. તે સમયે મને સમજણ ન હતી. જ્ઞાન કે ભાન ન હતું. પૂર્વ ભવોમાં મારો આત્મા દેવોની સંપત્તિ ભોગવીને આવ્યો છે. માનવભવમાં કુબેર જેવા ભંડારો, વૈભવો પણ ભોગવ્યા છે. સંસારના સુખ ભોગવવામાં તો કાંઈ બાકી રાખી નથી. હવે મને કોઈ તૃષ્ણા રહી નથી. અજ્ઞાન દશાથી આજ સુધી મેં તારી પાસે ભૌતિક સુખોની ભીખ માંગી છે. હવે મારે એ કંઈ જોઈતું નથી. તારી પાસે માત્ર એક ભીખ માંગુ છું. **"सिद्धे सिद्धा मम दिसन्तु"**

હે પ્રભુજી અમને એવું દાન આપજો,
માંગવાનું રહે નહિ એવું જ્ઞાન આપજો;
માંગીએ તો એટલું કે મોક્ષને જ માગીએ....તમે

જ્યારે આત્માને કર્મનો ઢગલો ખૂંચશે અને તેને દૂર કરવાની લગની લાગશે ત્યારે આત્મા પોકારી ઉઠશે. હે પ્રભુ ! મને સમ્યક્ત્વની એક ચિનગારી આપ. પ્રેમાળ પિતા પોતાના પુત્રની નાની કે મોટી માંગણીઓને ઠુકરાવી શકતા નથી. તો આપ તો જગતના પિતા છો. મારી એટલી માંગણીનો સ્વીકાર કરો અને મને એવી ચિનગારી આપો કે મારા કર્મના ઢગલાને બાળીને ભસ્મીભૂત કરી દઉં અને આપ જે પદને પામ્યા છો તે પદને હું પામુ. હવે મારે મોક્ષ સિવાય બીજું કાંઈ જોઈતું નથી. મોક્ષ મેળવવા માટે સંસારનો ત્યાગ કરવો પડશે તો છોડવા તૈયાર છો ? બરાબર છે ? કબૂલાત છે? છોડ્યા વગર સિદ્ધિ મળવાની નથી. અત્યારે તમે ઘર છોડ્યું તો સ્થાનકમાં આવ્યા. દુકાને જવું હોય તો ઘર છોડો તો જઈ શકો. ઘર અને દુકાન આશ્રવની ભૂમિ છે. ઉપાશ્રય સંવરની ભૂમિ છે. એકને છોડો તો બીજું મળે. સંસાર છોડો તો મોક્ષ મળે. ભોગ છોડો તો ત્યાગ આવે પણ ભોગના ઘરમાં રહેવું અને ત્યાગી બનવું એ વાત ન બને. ભોગનો ભિખારી બની જીવ અનંત કાળથી ભટક્યો છે જીવ જે ગતિમાં ગયો ત્યાં ચારે સંજ્ઞા હતી. ભોગવે કે ન ભોગવી શકે, એ જુદી વાત છે. વિષય, કષાયો જીવને સંસારમાં રઝળાવનાર છે. એને છોડશો તો મોક્ષના સુખને પામશો.

આનંદ ગાથાપતિને શિવાનંદા નામની પત્ની હતી. "अहीण जाव सुरूवा" લક્ષણ અને સ્વરૂપથી પરિપૂર્ણ પાંચ ઇન્દ્રિયો સહિત શરીરવાળી હતી. એટલે કે એક પણ ઇન્દ્રિય તેની હીન ન હતી. તેનું મુખ ચંદ્ર જેવું તેજસ્વી હતું. તેને જોતાં જોનારના મનમાં આનંદ થતો હતો. સુરૂપા જેનું રૂપ અને લાવણ્ય શ્રેષ્ઠ હોય તેને સુરૂપા કહેવાય. જેમ કહ્યું છે ને "अहो वण्णो अहो रूवं अहो अज्जस्स सोमया ।" અનાથી મુનિને જોતાં શ્રેણિક રાજાનું મસ્તક ઝુકી ગયું. આજે માનવી પોતે સારો કેમ દેખાય, રૂપાળો કેમ દેખાઉં તે માટે કેટલા પ્રયત્ન કરે છે? જ્યારે રૂપનો મદ આવે, સંપત્તિનો કે વૈભવનો મદ આવે અને વિષયસુખોમાં મસ્ત બનો ત્યારે આ મુનિને યાદ કરજો. જીવને કહેજો કે હે જીવડા ! આ શું કરે છે ? અનાથી મુનિનું રૂપ, વર્ણ હોવા છતાં કેટલું

નિરાભિમાનીપણું ! ભરયૌવનમાં બધું છોડીને સંયમી બન્યા. શ્રેણિક રાજાએ જે રૂપને વખાણ્યું તો તેમનું રૂપ કેટલું હશે ? હે આર્ય ! શું તમારી સૌમ્ય પ્રકૃતિ છે ! ધન્ય છે આપને ! આપને સત્તા, સંપત્તિ, બળ, રૂપ, વૈભવ બધું મળ્યું છતાં બધું છોડીને નીકળી ગયા. તો હું શા માટે અભિમાન કરું છું ? જ્ઞાની કહે છે હું કંઈક છું એ વાત ભૂલી જા. સદાય નમ્ર બનજે. બીજા શું કરે છે તે તારે જોવાની જરૂર નથી. તું તારા આત્માને જો. કાગડા જેવી દૃષ્ટિ ન રાખીશ. આખું શરીર સારું હોય છતાં કાગડાની નજર સારા પર ન જાય પણ જ્યાં ચાંદુ હોય ત્યાં દૃષ્ટિ જાય, તેમ કોઈના હજારો ગુણ હોય અને એક અવગુણ હોય તો તેના તરફ દૃષ્ટિ ન કરીશ, પણ તેના ગુણ સામે દૃષ્ટિ કરજે.

આ સંસારને જ્ઞાનીઓએ જેલની ઉપમા આપી છે. એક જેલ એવી છે કે જ્યાં દુઃખ ત્રાસ ઘણાં હોય. બીજા નંબરની જેલમાં મજુરી કરાવે પણ ત્યાં મારકુટ ન હોય. ત્રીજા નંબરની જેલ એ સાદી જેલ છે તેમાં અતિ સુખસગવડ નહિ ને દુઃખ પણ નહિ. ચોથા નંબરની જેલમાં દુઃખ તો છે જ નહિ પણ સુખેથી રહી શકે છે. કહેવા પૂરતી જેલ છે. ત્યાં રેડીયો સાંભળવા મળે, આરામથી રહેવા મળે. ખાવાપીવાનું સારું મળે. તમે આ ચારમાંથી કઈ જેલમાં રહેવાનું પસંદ કરો ? (શ્રોતા : અરે એકેમાં નહીં) નરક એ પહેલા નંબરની જેલ છે. ત્યાં દુઃખ દુઃખ ને દુઃખ છે. તિર્યંચ ગતિ એ બીજા નંબરની જેલ છે. ત્યાં પરાધીનતાનું દુઃખ છે. મનુષ્ય ગતિ એ ત્રીજા નંબરની જેલ છે. અહીં નરક જેવું દુઃખ નથી ને દેવગતિ જેવું સુખ નથી. સુખ દુઃખ બંને છે. અને દેવલોક ચોથા નંબરની જેલ છે. જ્યાં સુખ છે. જીવને જો સુખ જોઈતું હોય તો જ્ઞાની કહે છે કે તું ગુણ જોજે. પણ કોઈના અવગુણ ન જોઈશ. અનાથી મુનિ કેવા હતા. તેમનું રૂપ, વર્ણ સૌમ્યપ્રકૃતિ અને ભરયુવાનીમાં સંસારનો ત્યાગ આ બધા ગુણો જોનારને આશ્ચર્ય પમાડે તેવા હતા. ધન્ય છે આવા ત્યાગી મુનિને.

આનંદની પત્ની શિવાનંદા ખૂબ રૂપવાન હતી. રૂપની સાથે વર્ણ પણ સારો હતો. તેથી સુશોભિત હતી. રૂપ, વર્ણ, સૌદર્ય બધું સારું હોય પણ પ્રકૃતિ સારી ન હોય તો સંસાર સળગી ઉઠે. શિવાનંદામાં બધા ગુણોનો સુમેળ છે. પતિને અનુકૂળ થઈને રહે છે. તેમની ભાવના શું છે. તેમના વિચારો શું છે તે બધું મુખની રેખા પરથી જાણી લે છે. શિવાનંદામાં વિનય, સૌમ્યતા, શિષ્ટતા, સુંદરતા આદિ ગુણો હતા. સંસારના કે ધર્મના દરેક કાર્યોમાં સાથ અને સહકાર આપનારી હતી. સાચી પત્ની તો એ છે કે પોતાનો પતિ કદાચ આડે રસ્તે ચાલતો હોય તો એને સમજાવીને સુધારીને ઠેકાણે લાવે. આજે તો તમે બધા કન્યામાં શું જોઈ રહ્યા છો. રૂપ અને રૂપીયા, હાઈટ અને વ્હાઈટ. કોઈ ગુણને જોતા નથી. જો પત્ની ગુણવાળી હશે તો તમારું ઉત્થાન કરાવશે. ધર્મથી વિમુખ હશે તો ધર્મ પમાડવા પ્રયત્ન કરશે. પાપના કાર્યોથી અટકાવશે દુર્ગતિ અટકાવી સુગતિમાં મોકલશે. પોતાનો પતિ યુગબાહુ મરણ પથારીએ પડયો છે.

ભાઈ તલવાર મારીને ચાલ્યો ગયો છે. તેની પીડા છે ને મનમાં ભાઈ પ્રત્યે વેર છે. આવા સમયે સતી મયણરેહાએ સાચી પત્ની બનીને પતિને સાચું સમજાવ્યું. ભાઈ પ્રત્યેથી વૈરભાવ દૂર કરાવ્યો. ક્રોધની આગ શાંત કરી અને સમતાના સરોવરમાં સ્નાન કરતા કર્યા. જો આ પત્ની ન મળી હોત તો યુગબાહુ દુર્ગતિમાં ચાલ્યો જાત પણ સાચી પત્નીના પ્રભાવે નરક અટકી ગઈ અને દેવલોકમાં ચાલ્યા ગયા. આવી પત્ની પતિને પાપ કરતાં રોકે છે. બધેથી છૂટી શકાય છે પણ કર્મના બંધનમાંથી છૂટી શકાતું નથી.

એક નાના કુટુંબમાં શેઠ શેઠાણી, દીકરો અને પુત્રવધૂ આ ચાર આનંદથી રહેતા હતા. તે અતિ સુખી નહિ ને ગરીબ નહિ એવી મધ્યમ સ્થિતિવાળા હતાં. શેઠ શેઠાણી સવારમાં ઓટલે બેસીને દાતણ કરતા હતા. તે સમયે પોલીસની એક જીપ આવી. પોતાના આંગણામાં આવીને ઉભી રહી એટલે શેઠ શેઠાણી ગભરાયાં. એકદમ સ્તબ્ધ થઈ ગયા. એક સેકંડ તો મનમાં થયું કે અમારો આટલો મોટો મહોલ્લો છે તો બીજા કોઈના ઘેર આવી હશે. મનમાં ફફડાટ થાય છે. શેઠ શેઠાણી હજુ વિચાર કરતા હતા ત્યાં તો જીપમાંથી બે પોલીસ ઉતરી. અને તેમના ઘરમાં દાખલ થઈ. શેઠ શેઠાણી ખૂબ ગભરાયા ને મૂંઝાઈ ગયા. આ સમયે દાતણ પૂરું કરવા રહેવા કે ઉભા થઈ જાવ? (શ્રોતામાંથી અવાજ–હોશકોશ ઉડી જાય) માબાપ ઉભા થઈ ગયા. જે પોલીસ ઘરમાં આવી છે એના હાથમાં એક કાગળ હતો. શેઠના દીકરાની ધરપકડનું વોરંટ હતું. વોરંટ લઈને શેઠના દીકરાની ધરપકડ કરવા માટે આવ્યા હતા. એક પોલીસે શેઠના દીકરાને પકડયો અને બીજા પોલીસે તેના હાથમાં હાથકડી પહેરાવી દીધી. માતાપિતા પૂછે છે–એકાએક કેમ મારા દીકરાને પકડયો? અને બેડી પહેરાવી. મારા દીકરાએ શું ગુનો કર્યો છે? પણ તેમની વાત કોણ સાંભળે? પોલીસો તો કાંઈ બોલ્યા નહિ અને એને પકડીને જીપમાં બેસાડીને રવાના થઈ ગયા. મા–બાપ બહુ રડવા લાગ્યા. માથા પછાડે છે. દીકરાની વહુ પણ ચોધાર આંસુએ રડે છે. તેમને સમજાતું નથી કે મારા દીકરાએ શું ગુનો કર્યો? કે તેને પકડીને લઈ ગયા. માબાપ, પુત્રવધૂ બધા રડતા રહ્યા. પોલીસે આ છોકરાને લઈ જઈને કોર્ટમાં ઉભો રાખ્યો. એક બાજુ સરકાર તરફના વકીલ હતા અને બીજી બાજુ છોકરા તરફના વકીલ રોકયા.

ગફલતમાં ગુનો અને કબૂલાતમાં કબૂલ નહિ : છોકરો કોર્ટમાં ઉભો છે. વકીલોએ તરત છોકરાને પૂછયું – બોલ ભાઈ! તેં ઢાણચોરીનો ગુનો કર્યો છે? છોકરો કહે મેં ઢાણચોરી કરી નથી. એણે તો ગુનાનો ઈન્કાર કરી દીધો. મેં ગુનો કર્યો નથી તો પછી સજા શેની? પણ એમ માની જાય તો સરકાર શાની! છેવટે ગુનાની કબૂલાત કરાવવા માટે સરકાર પક્ષના વકીલે જજ પાસે રીમાન્ડ માંગી. ન્યાયાધીશે ૮ દિવસ રીમાન્ડ પર મૂકવાની મંજુરી આપી. તેને જેલમાં લઈ ગયા. જે કોઇ દિવસ રીમાન્ડમાં ગયા નથી. તેને શું ખબર પડે કે રીમાન્ડ પર ગયેલા જીવોની દશા કેવી કરૂણ અને ભયંકર હોય છે. એ તો જેને રીમાન્ડ પર લીધો હોય છે એને જ એની ભયંકરતાનો ખ્યાલ આવે

છે. આ છોકરો તો ખૂબ પ્રમાણિક, સત્યવાદી, અને ડાહ્યો હતો. જ્ઞાની કહે છે કોઈ દિવસ કુસંગ કરશો નહિ. આ છોકરો સારો હતો પણ એક દિવસ તે બરાબ મિત્રોના સંગે ચઢી ગયો. તેમની સાથે મજુરીના પણ કામ કરવા લાગ્યો તે મિત્રોએ ચઢાવ્યો તું થોડું સાહસ કર તો પૈસાવાળો બની જઈશ. માલની હેરફેર કરવામાં દશ-વીસ હજાર રૂપિયા મળી જશે એ ગણતરીએ તે ઘાણચોરી કરવા તૈયાર થયો. તેમાં તે પકડાઈ ગયો. હું મારા ગુનાની કબૂલાત કરીશ ને સત્ય કહીશ તો મને ભયંકર સજા થશે. એ ભાવનાથી તેણે પોતાના ગુનાની કબૂલાત ન કરી અને મેં ગુનો કર્યો જ નથી એમ મક્કમ રહ્યો.

રીમાન્ડની રીબામણી : પહેલા દિવસે એને રીમાન્ડ પર રાખ્યો. પોલીસે એડીવાળા બૂટ કે જેમાં ખીલીઓ ભરાયેલી હતી. તે એડીઓ મારવા લાગ્યો. પગની લાતો અને હાથના મુક્કા મારવા લાગ્યો. છતાં છોકરો કહે છે મેં ગુનો કર્યો નથી. સત્ય બોલતો નથી. તે એક જ વાત કરે છે કે મેં ગુનો કર્યો નથી. જે છોકરાને માબાપે કોઈ દિવસ એક છણકો પણ કર્યો નથી. એક ટાપલી જેટલો માર ખાધો નથી તેને આજ લાતો, મુક્કા, લાકડીઓ અને એડીના માર પડવા લાગ્યા. કેવી રીતે સહન થાય? લાકડીઓ અને એડીના મારથી તે લોહીલુહાણ થઈ ગયો. આખો દિવસ ભૂખ્યો તરસ્યો રહ્યો. બીજે દિવસે પણ ખૂબ માર માર્યો છતાં કહે છે કે મેં ગુનો કર્યો નથી. હવે માર સહન થતો નથી. ભૂખ તરસ ખૂબ લાગી છે પાણી માંગે ત્યારે બધાના પેશાબ પીવડાવે અને ખાવાનું માંગે ત્યારે ચણાના લોટના ડબલ મીઠાવાળા ભજીયા ખવરાવે. ચણાના લોટના ભજીયા ખાય પછી તરસ વધુ લાગે. એ તરસ છીપાવવા પાણી તો મળતું નથી. ત્રીજે દિવસે પણ ખૂબ માર માર્યો શરીરમાંથી તો લોહીની ધારા થવા લાગી. બેભાન થઈ ગયો. પાણી છાંટીને ભાનમાં લાવે ને પછી માર મારે. માર ખાઈ ખાઈને તો એના ગાલ સુઝી ગયા. આંખના ડોળા ટગમગવા લાગ્યા. હોઠ લચી પડયા. ઉભા થવાની શક્તિ ન રહી. હાથ પગ પણ સુઝી ગયા છતાં પોતે ગુનો કર્યો છે એ કબૂલ ન કર્યું.

ગુનાનો કેર અને કબૂલાતની મહેર : ચાર દિવસ આ રીતે ગયા માતાપિતા રડે છે. પુત્રને કેવી રીતે છોડાવવો! કોર્ટમાં, જેલમાં જેની લાગવગ લાગતી હોય એવા ભાઈને ત્યાં ગયા. ભાઈ! મારા છોકરાને છોડાવો ને! લાગવગથી પિતા પોતાના પુત્ર પાસે પહોંચ્યા. ચાર દિવસમાં જાણે મોત નજીક આવ્યું હોય એવી સ્થિતિ થઈ છે. પુત્રની આવી ભયંકર દશા જોઈ પિતાની આંખમાં આંસુ આવી ગયા. દીકરા! તારી આ દશા! પિતાને બે મિનિટ માટે પુત્રને મળવાની રજા મળી છે. પિતા મળવા આવ્યા ત્યારે તેમની પાસે એ ડુસ્કે ડુસ્કે રડી પડયો. કોઈ પણ હિસાબે મને આ દુઃખમાંથી મુક્ત કરો. હવે મારાથી આ દુઃખ સહન થતું નથી. પિતાએ કહ્યું. બેટા! એક વાત સમજ. **"આ દુનિયામાં ગુનાને કબૂલ કરવાની શિક્ષા કરતાં ગુનાની કબૂલાત નહિ કરવાની શિક્ષા વધારે હોય છે."** માટે તને મારી એક જ સલાહ છે કે

તું ગુનાની કબૂલાત કરી લે. પિતા તો પછી ચાલ્યા ગયા. પોલીસ માર મારવા આવ્યો ત્યારે છોકરાએ કહ્યું કે મેં દશ હજાર રૂપિયાની ઘાણચોરી કરી છે. છોકરાએ આ ભયંકર દુઃખમાંથી છૂટવા માટે ગુનાની કબૂલાત કરી લીધી. છોકરાએ ગુનાની કબૂલાત કરી કે તરત તેને રીમાન્ડ પરથી છૂટો કર્યો અને ત્રણ મહિનાની સાદી જેલની સજા આપી, ત્યાં મજુરી, મારકુટ કાંઈ નહિ. હું તમને પૂછું કે જ્યાં લોહી નીતરે એટલા માર પડતા હતા, પાણી માગે ત્યારે પેશાબ આપતા હતા. એ જેલ આગળ તેને આ સાદી જેલ દુઃખરૂપ લાગે ખરી! ના લાગે. સાદી જેલમાં રહીને ત્રણ મહિને બહાર આવ્યો. એને હવે સમજાઈ ગયું કે જિંદગીમાં ગુનો કરવો સારો નથી. કયારેય ગુનો કરવો નહિ. કદાચ થઈ જાય તો કબૂલ કરવો સારો પણ એને છૂપાવવો તો નહિ જ, કારણ કે ગુનો કબૂલ કરતા જે દુઃખ પડયું છે તેના કરતાં ગુનાની કબૂલાત ન કરતાં જે દુઃખ ભોગવવું પડયું એ ખૂબ ભયંકર છે. રીમાન્ડના દુ ખ આગળ ૩ મહિનાની જેલનું દુઃખ તો અંશ માત્ર નથી. ગુનાની કબૂલાતની સજા હજુ સહન થઈ શકે છે પણ કબૂલાત ન કરવાની સજા સહન કરવી મુશ્કેલ છે.

ભૂલની કબૂલાત નહીં ત્યાં રીમાન્ડ : હવે આ ન્યાય આપણા જીવન સાથે ઘટાવવો છે. આપણો આત્મા આ સંસારમાં ભમી રહ્યો છે શા માટે? કોઈને કોઈ પાપક્રિયાઓ ચાલુ છે પાપ કરીએ એટલે કર્મ બંધાવાનું છે. કર્મમાં કોઈ કર્મ સામાન્ય હોય, કોઈ કર્મ ભયંકર હોય કે જેને સમાજ સાંભળે તો તેની નિંદા કરે, અવર્ણવાદ બોલે. કર્મ કર્યું એટલે ગુનો તો કર્યો. પછી કર્મસત્તાનું વોરંટ છૂટયું. કર્મના ગુનામાંથી તો તીર્થંકર ભગવંતો પણ નથી છૂટી શકયા, કર્મના ફળ તો તેમને પણ વ્યાજ સહિત ભોગવવા પડયા છે. કર્મ બાંધ્યા એટલે વોરંટ છૂટયું અને કર્મસત્તાએ પકડયા. કર્મ સત્તાના બંધનમાં આવી ગયા. હવે ગુરૂ ભગવંતો રૂપી ન્યાયાધીશ સામે તમારી ભૂલો ખુલ્લી કરી દો. જો ભૂલો ખુલ્લી નહિ કરો, ભૂલો કબૂલ નહિ કરો તો રીમાન્ડ પર લેશે. નરક ગતિ એ રીમાન્ડ છે. અહીં તો માર મારે, મારતાં થાક લાગે તો થોડી વાર વિસામો લે પણ નરક ગતિમાં તો મારકુટ મશીનની માફક એકધારી ચાલ્યા કરે. પાપ કર્યા છે, એ ભૂલોને ગુરૂ સમક્ષ પ્રગટ કરીને પાપની આલોચના કરી દઈએ કે હવે ફરીને હું આ પાપ નહિ કરું. આવો પાપનો કરાર કરી લઈએ તો નરક ગતિ રૂપ રીમાન્ડ પર જવાનો પ્રસંગ ન આવે. ભૂલને કબૂલ કરી લો તો નરકમાં નહિ જવું પડે. ભૂલનું પ્રાયશ્ચિત કરી લો અને ફરીને એવા પાપ ન કરવાની પ્રતિજ્ઞા લઈ લો.

અર્જુનમાળી રોજ સાત જીવોનું ખૂન કરે એટલે મોટો ભયંકર ગુનો કર્યો તો કહેવાય પણ સુદર્શન શેઠના સમાગમથી ભગવાન મહાવીર સ્વામી જેવા ન્યાયાધીશ મળી ગયા. પેલા ગુનેગાર છોકરાએ પોતાનો ગુનો કબૂલ ન કર્યો તો રીમાન્ડ પર લઈ ગયા. ચાર ચાર દિવસ ભયંકર માર પડયો. લોહીની ધારો થવા લાગી. બેભાન થઈ ગયો, પણ ગુનાની કબૂલાત કરી તો મારકુટ બંધ થઈ ગઈ અને માત્ર ૩ મહિનાની

સાદી જેલ ભોગવીને એમાંથી છૂટકારો થયો. આપણો આત્મા રોજ પાપ કરે છે ને કર્મ બાંધે છે. એ ગુનાને ગુરૂ ભગવંત પાસે રજુ કરી આલોચના રૂપે પ્રતિક્રમણ કરો. આવશ્યક સૂત્ર માત્ર સાધુઓ માટે નથી. અવશ્ય કરવા યોગ્ય એનું નામ આવશ્યક. ચારે તીર્થ માટે છે. શરીર પર મેલ લાગ્યો હોય તો સ્નાન કરીને વિશુદ્ધ બનો છો તેમ આત્મા પર લાગેલા કર્મના મેલને ધોવા માટે પ્રતિક્રમણ એ સ્નાન સમાન છે. જો ગુરૂ ભગવંત પાસે પાપની કબૂલાત કરીને આલોચના કરી લઈએ તો નરક ગતિમાં જવું ન પડે. દુઃખો ભોગવવા ન પડે. જેણે પોતાની ભૂલોનું પ્રકાશન ન કર્યું, અને આલોચના ન કરી તેવા જીવો નરક ગતિ રૂપી રીમાન્ડ પર અનંતા દુઃખો ભોગવે છે. **"પાપની સજા કરતાંય એક અપેક્ષાએ પાપનો સ્વીકાર ન કરવો, પોતાની ભૂલ કબૂલ ન કરવી એની સજા બહુ ભયંકર છે."** મહાનિશીથ સૂત્રમાં એવા મહાન આત્માઓના દૃષ્ટાંતો છે કે જેઓ પોતાના પાપની કબૂલાત કરવા માટે આસન ઉપરથી ઉભા થતા થતા કેવળજ્ઞાન પામી ગયા છે. છદ્મસ્થ અવસ્થાઓમાં ભયંકર પાપો કર્યા પણ પાપની કબૂલાત કરનાર આત્માઓ તો વંદન કરવાને યોગ્ય છે.

અર્જુનમાળીના પાપો તો એને નરકની રીમાન્ડ પર લઈ જાય એટલા બધા હતા. ભગવાને કહ્યું કે જીવ ચાર કારણોથી નરકના આયુષ્યનો બંધ કરે છે. મહાઆરંભ, મહાપરિગ્રહ, કુણીમાંસાહારેણું, પંચેન્દ્રિય વધ. અર્જુનમાળીએ કેટલા પંચેન્દ્રિય જીવોની હત્યા કરી? પણ નરકની ગતિનો બંધ પાડયો ન હતો. તો ભગવાન જેવા ન્યાયાધીશ મળી ગયા. પોતાના પાપોનું ખુલ્લા દિલે પ્રકાશન કરી દીધું. અને કહ્યું હે પ્રભુ !

મારા પોકળ બધા પ્રભુ જાણો તમે એક વાર તો બોલી દો
ભર્યા દરબારમાં મારા છાના ભરમ, એક વાર તો બોલી દો

મારા અગણિત પાપો છે. પ્રભુ આપ તો મારા બધા પાપોને જાણો છો. હવે મારા પાપો મને ડંખે છે. નરક ગતિના રીમાન્ડના દુઃખો હવે હું વેઠી શકું તેમ નથી. આપની પાસે પાપના કરાર કરું છું. પાપનું પ્રાયશ્ચિત કરું છું. તે માટે આપને જે શિક્ષા કરવી હોય તે કરો. હું સંયમ લેવા પણ તૈયાર છું. અર્જુનમાળીએ ત્યાં ને ત્યાં ભગવાનની પાસે દીક્ષા લઈ લીધી. કર્મો ભોગવવા માટે ગામના ચારે દરવાજે ઉભા રહીને ધ્યાન કરવા લાગ્યા. કોઈ કહે આણે મારા છોકરાને માર્યો છે ને આજે સાધુ થઈ ને ઉભો છે. એમ કહી કોઈ પથ્થર મારે, કોઈ લાકડી મારે, કોઈ ભાલા મારે, કોઈ એને ખૂંદી નાંખે, પાર વગરના દુઃખો પડયા છતાં એક હુંકારો કર્યો નહિ. પરિણામે છ મહિનામાં પોતાનું કામ કાઢી ગયા.

ચંડકૌશિક સર્પ જે પૂર્વના ભવમાં સાધુપણામાં ભૂલ્યો. ક્રોધ કષાયને વશ થયા પરિણામે ચંડકૌશિક થયો. જેણે માનવોને માર્યા, પશુઓને માર્યા, આકાશમાં ઉડતા પક્ષીઓને માર્યા અને વનના ઝાડના પાન પણ દૃષ્ટિ નાંખતા બાળી નાખ્યા. તેના

ભાગ્યોદયે ભગવાન તેને મળી ગયા. ભગવાનના માત્ર બે શબ્દોથી તેનું હૈયું પીગળી ગયું. ભગવાનને કહે છે પ્રભુ! હવે મારે નરકની રીમાન્ડ પર દુઃખો ભોગવવા નથી જવું. હું તમારા શરણે છું. મને જે શિક્ષા કરવી હોય તે કરો. તેણે પોતાનો ગુનો કબૂલ કરી લીધો. કર્મના ગંજેગજ સાફ થઈ ગયા. જેણે સેંકડો જીવોને માર્યા છે, નરકે જવું પડે તેવા કર્મો હતાં છતાં. ભગવાનની પાસે ભૂલો કબૂલ કરી લીધી એટલે અંતરથી પશ્ચાતાપ કરી લીધો તો બાંધેલા કર્મો ૧૫ દિવસમાં બતમ થઈ ગયા. નરકને બદલે આઠમા દેવલોકે પહોંચી ગયો. આ રીતે પાપની કબૂલાત કરનાર આત્માઓ જગતમાં વંદનીય બન્યા છે. આજે સૌ કોઈ તેમને યાદ કરે છે.

પાપની કબૂલાત કરવાને બદલે પોતાનો બચાવ કરવા ગયા તેઓ સંસારમાં કેવા ફેંકાણા એવા પણ કંઈક દાખલાઓ છે. જમાલીએ ભગવાનના વચન ઉથાપ્યા તો કિલ્વિષીમાં ફેંકાઈ ગયા. આપણે બધા છદ્મસ્થ છીએ. એટલે ભૂલો થવાની, છતાં જો જાગૃતિ હશે તો વધુ પાપો થતાં અટકશે. એની સજામાંથી મુક્ત થવું હોય તો એક ઉપાય છે. એનો બચાવ ન કરો પણ એની કબૂલાત કરી લો. કોઈની ભૂલો ન જોતાં આપણી ભૂલો જોતાં શીખો. તમે તમારું સંભાળો. પરનું સંભાળવામાં ન પડો. માત્ર એક આત્માનું લક્ષ રાખો. જન્મ મરણની પરંપરાને અટકાવવી હોય તો આત્માને નદીના પાણી જેવો નિર્મળ રાખો. હવે જીવનમાં પાપ કરો નહિ. કદાચ પાપ થઈ જાય તો પણ એને છૂપાવશો તો નહિ જ. મુખ પર કોઈ ડાઘ પડયો હોય તો તરત સાફ કરી નાંખો છો. સફેદ કપડાં પર શાહીનું એક ટીપું પડી જાય તો તરત ધોઈ નાંખો છો. આંખમાં તણખલું પડયું હોય તો એ તરત દૂર કરી દો છો. આ બધા કામમાં વિલંબ કે ઢીલ કરતા નથી. એ જ રીતે પાપ થયું કે તરત કબૂલાત કરી લો. રીમાન્ડ પર જવા કરતાં ભૂલ કબૂલ કરીને એનું પ્રાયશ્ચિત લઈ લેવું સારું છે. ભૂલ થઈ તેનો એકરાર કર્યા પછી ફરીવાર ન થાય તો સાચું પાપનું પ્રાયશ્ચિત કર્યું કહેવાય. આપણા જીવનને દુઃખમુક્ત. પાપમુક્ત અને કર્મમુક્ત બનાવવું છે તો આ સીધો ને સરળ ઉપાય છે કે ભૂલ થાય કે તરત કબૂલ કરતા શીખો.

આનંદ ગાથાપતિની પત્ની રૂપવાન છે, સૌંદર્યવાન છે અને સાથે ગુણવાન પણ છે. રૂપની સાથે ગુણ હોય તો તે રૂપ વધુ ખીલી ઉઠે છે. ભગવાને ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારના ફૂલ બતાવ્યા છે. (૧) રૂપસંપન્ન છે અને ગુણસંપન્ન છે. તે ગુલાબનું ફૂલ. (૨) રૂપસંપન્ન છે, પણ ગુણ સંપન્ન નથી તે આવળનું ફૂલ (૩) ગુણસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી તે બોરસલીનું ફૂલ. (૪) રૂપસંપન્ન નથી ને ગુણસંપન્ન પણ નથી તે આકડા ધંતુરાનું ફૂલ. આ રીતે ચાર પ્રકારના આત્માઓ છે. રૂપસંપન્ન છે અને ગુણસંપન્ન છે જેમ કે ભરત ચક્રવર્તી (૨) રૂપસંપન્ન છે, પણ ગુણસંપન્ન નથી જેમ કે બ્રહ્મદત્ત ચક્રવર્તી (૩) ગુણસંપન્ન છે પણ રૂપસંપન્ન નથી તે હરિકેશી મુનિ (૪) રૂપસંપન્ન નથી અને

ગુણસંપન્ન નથી તે કાળસૂરિ કસાઈ. આ આનંદ ગાથાપતિ અને શિવાનંદા બંનેમાં રૂપ અને ગુણ બંને છે. વધુ અવસરે.

ચરિત્ર : પુણ્યસાર બધા પુણ્યના નિશાન લઈને આવ્યો છે. તેની કાલી કાલી ભાષા બધાને ખૂબ ગમે છે. આમ કરતાં સાત વર્ષનો થતાં તો સંસ્કારના શણગારથી શોભી ઉઠયો. પિતાની સાથે દુકાને જાય. રસ્તે જતા આવતા લોકોને જુવે. ત્યાંથી કોઈ સાધુ સંત નીકળે તો ઉભો થઈને વિનયથી વંદન કરે. પુણ્યસાર એટલું બધું પુણ્ય લઇને આવ્યો છે કે નગરજનો તેને દેખે ને બમ્મા બમ્મા કરે. માથે હાથ ફેરવે ને મીઠા આશીર્વાદ આપે. દીકરાના લક્ષણો જોતાં બધાના મુખમાંથી સહેજે ઉદ્‌ગારો સરી પડે કે "દીકરો હો તો આવો હોજો" ઘરે કોઈ મહેમાનો આવે તો તેમને વંદન કરે. કોઈ કાંઈ પૂછે તો તેનો જવાબ વિનયથી આપે. નગરની બધી બેનો પુણ્યશ્રીને કહે, બહેન! તારું પુણ્ય ઘણું છે. તારો દીકરો તો બડો ભાગ્યવાન દેખાય છે. એ તમારું નામ દીપાવશે. આખા ગામમાં પુણ્યસારની પ્રશંસા થઈ રહી છે.

પુણ્યસાર સાત વર્ષનો થયો એટલે માબાપે વિચાર કર્યો કે હવે એને આપણે ભણવા મૂકીએ. તે સમયે આજની જેમ સ્કૂલો ન હતી. વિદ્યાપીઠો હતી. જ્ઞાન વેચાતું ન હતું. દીકરો ભણવા યોગ્ય ઉંમરનો થાય એટલે માતાપિતા પોતાના પુત્રને ગુરૂકુળમાં મૂકી આવે. ત્યાં તો ૧૨ વર્ષ રહેવાનું. ૧૨ વર્ષે ભણીને ઘેર આવે. સારા દિવસે પુત્રને ભણવા મૂકવો છે. શેઠ શેઠાણીને આનંદનો પાર નથી. એના આનંદમાં નગરમાં મોટો વરઘોડો કાઢયો. નાના બાળકોને પતાસા વહેંચ્યા. મીઠાઈ વહેંચી. ગરીબોને દાન આપ્યું. ભૂખ્યાને ભોજન આપ્યું. પછી હાથીની અંબાડીએ બેસાડીને વાજતે ગાજતે મૂકવા જાય છે. દૂરથી વિદ્યાપીઠ દેખાઈ એટલે તે અંબાડી પરથી નીચે ઉતરી ગયો અને ચાલતો મા-બાપની સાથે વિદ્યાપીઠમાં દાખલ થયો. જઈને ગુરૂના ચરણમાં પ્રણામ કર્યા અને લાવેલી ભેટો ગુરૂ ચરણમાં ધરી.

માતાપિતા પુણ્યસારને ગુરૂના ચરણે અર્પણ કરે છે પછી કહે છે ગુરૂદેવ! અમારો બાળક તમને સોંપીએ છીએ. આપ તેને જ્ઞાન આપજો. આપ જીવન ઘડતરના સાચા શીલ્પી છો. આપ તેના પર જ્ઞાનના ટાંકણા મારી મૂર્તિ સમાન બનાવજો. તેનું જીવન ઘડતર બરાબર ઘડજો. તેને સાચો માનવ બનાવજો. આ રીતે મા–બાપે ગુરૂને ખૂબ ભલામણ કરી પછી દીકરાને માથે હાથ મૂકી આશીર્વાદ આપતાં કહ્યું–બેટા! તું ગુરૂની આજ્ઞામાં રહેજે, કયારે પણ તેમના સામું બોલીશ નહિ. તેમની સેવા ભક્તિ કરજે. વિનય–વૈયાવચ્ચ કરજે. ખૂબ ખૂબ ભણજે. ભણી ગણીને વિદ્વાન થજે. શેઠ–શેઠાણીએ ગુરૂને સારી ભેટ આપી. તેમજ વિદ્યાપીઠમાં બધા બાળકોને સારી સારી વસ્તુઓ વહેંચી. બધા બાળકોને ખૂબ આનંદ થયો. બાળકો તો બિચારા નિર્દોષ હોય છે. તેમના મનમાં થાય છે કે આવા શ્રીમંતોના છોકરા રોજ ભણવા આવજો. પુણ્યસારને આશીર્વાદ આપી માતા-પિતા રડતી આંખે પાછા જતાં કહે છે ગુરૂદેવ! જે કાંઇ જોઈતું

હોય તે અમને આજ્ઞા કરજો. અમે જરૂરથી તેનું પાલન કરીશું. આપ અમારા આ લાલને સંભાળજો. પુણ્યસાર કહે – બા, બાપુજી ! આપ મારી ચિંતા ન કરશો. હું સારી રીતે ગુરૂકુળમાં રહીશ ને ભણીશ. માબાપ ઘેર ગયા. પુણ્યસાર ત્યાં રહે છે. હવે શું બનશે તે અવસરે.

શ્રાવણ સુદ ૨ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૧૮ : તા. ૧૯–૭–'૮૫

શાસનના શણગાર, અવનીના અણગાર, દર્શનના દિવાકર જિનેશ્વર ભગવંતે ભવ્ય જીવોના ઉદ્ધાર માટે આગમ રૂપ વાણીનું નિરૂપણ કર્યું. નંદી સૂત્રમાં બતાવ્યું છે.

इच्चेइयं दुवालसगं गणिपिडगं न कयाई नासी न कयाई नत्थि न कयाई न भविस्सइ भुविं च भवई य, भविस्सइ य धुवे नियए सासए, अक्खए, अव्वए अवट्ठिए निच्चे । આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક કયારે ન હતું એવું નથી. નહિ હોય એમ પણ નથી. અત્યારે પણ છે એટલે કે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. તે ધ્રુવ, નિત્ય, શાશ્વત, અક્ષય, અવસ્થિત અને નિત્ય છે. શાસ્ત્રમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે ' किं नाम होज्ज तं कम्मयं, जेणाहं दोग्गइं न गच्छेज्जा ।" હું એવું શું કાર્ય કરું, શો પુરૂષાર્થ કરું, કેવું જીવન જીવું કે જેથી મારો આત્મા દુર્ગતિમાં ન જાય ? આ પ્રશ્ન કયારે ઉઠે ? અંતરમાં આવા ભાવ કયારે જાગે ? જેને આંખ સામે દુર્ગતિના દુઃખો દેખાતા હોય તેને એમ થાય કે હવે મારે દુર્ગતિમાં જવું નથી. ભવની પરંપરા રાખવી નથી.

ચાર રે ગતિના ફેરા હવે નથી ફરવા મારે,
કરવો છે કાયમનો વસવાટ પંચમલોકમાં"

આત્માને ઉચકારો થાય કે હવે મારે ચાર ગતિના ફેરા ફરવા નથી. કયારે આ ચતુર્ગતિના બંધન તોડીને પંચમ ગતિમાં વાસ કરું ? આંખમાં તણખલું પડયું હોય તો તે ખટકે છે. પગમાં કાંટો વાગ્યો હોય તો તે ખટકે છે. દાંતમાં કે દાઢમાં કાંઈ ફસાઈ ગયું હોય તો ખટકે છે, અને આખો દિવસ જીભ ત્યાં ને ત્યાં જાય છે. આ બધો ખટકારો થયો છે પણ એ ખટકારો થયો છે કે હે પ્રભુ ! મારી દુર્ગતિ ન થાય તે માટે હું શું કરું ? આ પ્રશ્ન આત્મામાં કયારે ઉઠે ? ચૌગતિના ફેરા દુઃખમય દેખાય ત્યારે આ પ્રશ્ન થાય. ગતિ ચાર છે. નરકગતિ, તિર્યંચગતિ, મનુષ્ય ગતિ, દેવ ગતિ. એક અપેક્ષાએ બે ગતિ સારી છે. દેવગતિ અને મનુષ્યગતિ. નરકગતિ અને તિર્યંચગતિ ખરાબ છે. જ્ઞાનદૃષ્ટિથી જોશું તો ચારે ગતિ દુઃખમય છે. ઠાણાંગ સૂત્રમાં ચાર પ્રકારની દુર્ગતિઓ કહેલી છે. चत्तारि दुग्गईओ पण्णत्ताओ तंजहा नेरइय दुग्गई, तिरिक्ख जोणिय दुग्गई मणुस्स दुग्गइ, देव दुग्गई ।। નૈરયિક દુર્ગતિ, તિર્યંચ યોનિ દુર્ગતિ, મનુષ્ય દુર્ગતિ અને દેવ દુર્ગતિ. તમને થાય કે નરકગતિ અને તિર્યંચગતિ તો દુઃખરૂપ છે પણ દેવગતિ અને મનુષ્ય ગતિને દુર્ગતિ શા માટે કહી હશે ?

માની લ્યોકે તમે એક વેપારી છો. વધુ કમાવા માટે એક દેશ છોડી બીજા દેશમાં ગયા. ત્યાં તમારો ભાગ્યસિતારો ખૂબ ચમકયો અને ઘણું કમાયા પછી ત્યાંથી

સરકારે તમને તે દેશ છોડવા માટેનું ફરમાન કર્યું. થોડા વર્ષો પહેલાં રંગુન અને બર્મામાંથી સરકારે બધાને કાઢી મૂક્યા. પાકિસ્તાનના લોકો નાસી ભાગીને અહીં આવ્યા. જ્યારે રંગુનમાંથી બધાને કાઢયા ત્યારે સરકારે કોઈ ચીજ સાથે લેવા દીધી નહિ. પ્રજાને બધું મૂકીને આવવું પડયું. તમે કમાવા માટે બીજા દેશમાં ગયા. ત્યાં તમારી પણ આ દશા થઈ પણ એટલું સારું કે માલ મિલકત તમને સાથે લાવવા દીધી. તમને કાઢી મૂક્યા છતાં સંતોષ શું માનો? બર્મામાંથી ભાગેલાને કાંઈ સાથે લેવા દીધું ન હતું. ત્યારે અમને હાથે પગે તો નથી કાઢયા ને? સંપત્તિ તો સાથે લેવા દીધી છે ને? તેમજ પત્ની, પુત્ર, પરિવાર બધા ક્ષેમકુશળ તો આવ્યા ને? અહીં આવ્યા પછી હજુ વેપાર ધંધો કરવાનું કાંઈ ઠેકાણું પડયું નથી. આ દેશની ભાષા આવડતી નથી. ધંધો થઈ શકે એવું નથી. હવે શું કરવાનું? કમાઈને જે મૂડી લાવ્યા છો તેમાંથી બેઠા બેઠા આવાનું અને એમાં આનંદ માનવાનો, પણ મૂડી બલાસ થાય એટલે? બીજે જવું પડે.

આ ન્યાયથી આપણે સમજીએ આ મનુષ્ય ભવમાં કમાવા માટે આવ્યા. અહીં આવીને ધર્મારાધના, સત્ય, સદાચારની સારી કમાણી કરી, અનંતાનુબંધી ચોકડી અને દર્શન મોહનીયની ત્રણ–આ સાત પ્રકૃત્તિઓનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરી સમકિત-રત્નની પ્રાપ્તિ કરી. હજુ કર્મો ઘણાં બાકી છે. સંસારમાં ભમવાનો કાળ બાકી છે, તેથી આ ભવમાંથી સીધા મોક્ષમાં ન ગયા. મદ્રાસ, કલકત્તા આદિ દૂર દેશમાં જવું છે. ટ્રેઈનમાં બે ત્રણ દિવસનો રસ્તો છે. જ્યાં મોટા સ્ટેશન આવે ત્યાં ગાડી થોભાય. ત્યાં તમે બાવું પીવું, બીજી જે જરૂર હોય તે વસ્તુ લઈ લો પણ તમારું લક્ષ તો તમારે જે સ્થળે જવું છે તે હોય. તેમ આપણી ટ્રેઈન ઉપડી છે. આપણું લક્ષ મોક્ષમાં જવાનું છે. ત્યાં પહોંચતા પહેલા વચ્ચે દેવલોકનું સ્ટેશન આવ્યું. દેશમાં જતાં ગાડી બદલવાની થાય તો એક ગાડી બદલીને બીજી ગાડીમાં બેસો. ગાડી બદલી એટલે ત્યાં રહી જાવ નહિ તેમ મોક્ષ જતાં વચ્ચે દેવલોક આવ્યું. દેવલોકમાં ભૌતિક સંપત્તિ ઘણી મળે પણ સમકિતી જીવ તેમાં લલચાય નહિ. ત્યાંના વૈભવો એને આકર્ષી શકે નહિ. કારણ કે તે સમજે છે કે આ તો મોક્ષ જતા વચ્ચે વિસામો છે. મારું લક્ષ તો મોક્ષનું છે. તમને દેશમાંથી કાઢી મૂક્યા પછી બીજા દેશમાં જાવ ત્યારે મેળવેલી મૂડીથી જલસા ઉડાવો, નવી કમાણી કાંઈ કરો નહિ તો છેવટે એ મૂડી એક દિવસ બલાસ થઈ જવાની તેમ પુણ્યની મૂડી ભેગી કરીને દેવલોકમાં ગયા. ત્યાં સંપત્તિ, વૈભવો અને ભોગવિષયોના સુખમાં પડી ગયા તો મૂડી બધી બલાસ. પછી?

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને પહેલું બીજું દેવલોક એ ૫૧ જાતિના દેવતા ત્યાંથી ચ્યવીને પાંચ દંડકમાં જાય. પાંચ દંડક કયા? તમને ખબર છે? બોલો, તો બરા, ૫૧ જાતિના દેવો પૃથ્વી, પાણી, વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ આ પાંચ દંડકમાં જાય. જીવ દેવલોકમાં જાય એટલે પતી ગયું. દેવલોકને દુર્ગતિ કહેવાનું એક કારણ તો એ છે કે કિલ્વીષી, પરમાધામીમાં જન્મ થાય તે અપેક્ષાએ દેવગતિને દુર્ગતિ

કહી છે. બીજી રીતે સમજીએ. દેવલોકમાં આત્મકમાણીની નવી મૂડી ભેગી થતી નથી. તેમજ ત્યાંના સુખોમાં જીવ આસક્ત બને તો પહેલા બીજા દેવલોકના દેવો પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ફેંકાઈ જાય છે. તે સ્થાવર છે. જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર. જીવ ઘણાં પાપ કરે ત્યારે સ્થાવરમાં જાય. એકેન્દ્રિયના જીવોને ગમે તેટલું દુઃખ પડે, તેને કોઈ કાપે, છેદે, બાળે, મારે, છતાં તે જીવોને ત્યાંથી બસવાનો અધિકાર નથી. તમારે બધાને હવે સ્થાવરમાં જવું નથી ને? માટે જીવનમાં પ્રમાદ ન આવે તેની ખૂબ સાવધાની રાખો. પ્રમાદ એટલે પરમાં આનંદ માનવો. પરમાં જગતના તમામ પદાર્થો આવી ગયા. અરે, આ શરીર પણ પર છે. શરીર પર રાગ રાખવો તે પ્રમાદ. માસખમણનું ઘર આવી રહ્યું છે. અમે કહીએ કે ભાઈ! તપશ્ચર્યા કરવાના સુંદર દિવસો આવ્યા છે. તો કહે કે મારું શરીર સારું રહેતું નથી. આ કોનો રાગ થયો? શરીરનો. શરીર એ પર છે. કોઈ કહે માસખમણ તો ઝૂકાવી દઉં પણ પછી દોઢ મહિનો ધંધો ન કરી શકું. આ કોનો રાગ થયો? પરનો. ધંધાનો.

જ્ઞાની કહે છે હવે તું સમજ. પહેલા, બીજા દેવલોકના દેવ પૃથ્વી, પાણી, વનસ્પતિમાં જાય છે, શા માટે! ત્યાં હીરા, રત્નો, માણેક આદિમાં આસક્ત બને એટલે દેવ જેવા દેવ પૃથ્વીમાં, પાણીમાં અને વનસ્પતિમાં ચાલ્યા જાય છે. તિર્યંચમાં જાય તો પણ એવી છાપ મારી નથી કે હાથી ઘોડા જ થાય થાય. દેવલોક એટલે શું? કમાવા ગયેલા દેશમાંથી કાઢી મૂકે. બીજા દેશમાં આવીને મૂડીમાંથી જલસા ઉડાવે પણ કમાણી નવી કરી નથી તો પછી શું? શિષ્યે ગુરૂને પ્રશ્ન કર્યો કે અહો! ગુરૂ ભગવંત! હું એવું કયું કાર્ય કરું કે જેથી મારે દુર્ગતિમાં ન જવું પડે. તે માટે મને માર્ગ બતાવો. ગુરૂદેવ કહે છે હે શિષ્ય! તારે દુર્ગતિમાં ન જવું હોય તો તું પરમાંથી સ્વમાં આવ. પરભાવ અને પરદૃષ્ટિ છોડ. આ શરીર પણ પર છે. एगोऽहं नत्थि मे कोई। મારો આત્મા શાશ્વત છે. બાકી બીજું મારું કોઈ નથી. આ સૂત્ર ઘણીવાર બોલવા પૂરતું હોય છે. વાણીમાં શૂરા પણ વર્તનમાં નથી. મારો આત્મા દેહથી જુદો છે. શરીરને અને આત્માને કાંઈ લાગતું વળગતું નથી. કાઉસગ્ગ કર્યો હોય તે સમયે કીડી કે મંકોડો ચોંટે તો ઉંચાનીચા થઈ જાવ. જ્યારે અંતર્યામિ આત્માનું લક્ષ આવી જાય ત્યારે પરમાં પ્રીતિ નહિ રહે. પૈસા, પત્ની, પરિવાર કોઈ પ્રત્યે મારાપણું નહિ રહે. બંધુઓ! વિચારો કે આ બધું અહીં જ રહેવાનું છે. એક રૂપક કહું.

એક ભાઈનો આત્મા સંસારના પદાર્થો પ્રત્યે નિર્લેપ હતો. તેનો ચેતનદેવ જાગતો હતો. પૈસા, પરિવાર, પુત્ર, પત્ની મારા છે કે નહિ તેની ખાત્રી કરવાનું મન થયું. તેણે તિજોરીમાંથી પૈસાનો ઢગલો કર્યો. પછી તેને પૂછયું હે લક્ષ્મીદેવી! તમને મેળવવા મેં કેટલા કાવાદાવા, કૂડકપટ, અન્યાય, અનીતિ કર્યા! તારા માટે ભૂખ, તરસ, ઠંડી, ગરમી બધું વેઠયું! દાન કરતાં પણ સંકોચવૃત્તિ રાખી. લોકોની શરમે બે પૈસા વાપરવા પડયા હશે તો વાપર્યા. તો હે પૈસા! હું અહિંથી જ્યારે જાઉં ત્યારે તું મને સાથ-સહકાર

આપીશ ને ? આ સાંભળીને પૈસો હસી પડયો. તને ભાન નથી કે તું મને પૂછે છે ? તારા બાપદાદાઓ મૂકીને ગયા ને તારે મૂકીને જવાનું છે. હું કોઈની શરમ ધરું એવો નથી. કોઈની લાંચમાં ફસાઉં તેમ નથી. હું તારી સાથે આવવાનો નથી. તેં મને પૂછયું તો હું ખુલ્લા શબ્દોમાં કહી દઉં કે, તને બાળવા લાકડા લાવવા પડશે તે માટે તને મદદ કરીશ. તે લાકડાથી બધા તને બાળી મૂકશે. આ સાંભળીને શેઠ ગભરાયા. અહો ! મેં તને આટલી સાચવી, તને સાચવવા ચાવી સાથે લઈને ફર્યો, રોજ તને ગણગણ કરી, ઉપરથી તું એમ કહે છે કે તને બાળવા માટે જે લાકડા જોઈશે તે લાવવામાં હું મદદ કરીશ. ખેર, હવે લક્ષ્મીનો મોહ રાખવા જેવો નથી.

આ ભાઈને વિચાર થયો કે લક્ષ્મીએ તો મને સાફ ના પાડી દીધી કે હું તારી સાથે આવવાની નથી. તો હવે હું મારી પત્ની પાસે જાઉં. તે તો મારી અર્ધાંગના કહેવાય. પત્નીને કહે છે તારા માટે તો મેં આ સંસારમાં બધા નાટક કર્યા. હીરા, માણેક, મોતી, મીના, સોના, ચાંદીના દાગીનાથી તને શણગારી. તારી પાછળ ગાંડો બન્યો. હવે હું અહીંથી જઈશ ત્યારે મારી સાથે આવીશ ને ? પત્ની કાંઈ બોલી નહિ. તે મૌન રહી. પતિ કહે–તારા મનમાં જે હોય તે કહે. પત્ની કહે–આ સંસારમાં અનેકવાર આવા સગપણ કર્યા, ને મૂકયા. તમે બધાને મરતા તો જુઓ છો ને ? તમે મને પૂછો છો તો હું કહું છું કે તમે અહીંથી જશો ત્યારે હું શેરીના નાકા સુધી વળાવવા આવીશ. સ્મશાન સુધી નહિ આવું. અરે, ચોતરા સુધી પણ આવવાની નથી. ભાઈને થયું કે પત્ની પણ સાથે આવવાની ના પાડે છે. લક્ષ્મીએ ના પાડી; પત્નીએ ના પાડી. તો હવે મારા દીકરાને પૂછી જોઉં, દીકરો તો મારો છે ને ! દીકરાને પૂછયું. હે દીકરા ! તારા માટે સાચું-ખોટું કરી, અધર્મ, અન્યાય, અનીતિ કરી માલમિલ્કત ભેગી કરી. એ મેળવતાં કેટલાં પાપ બાંધ્યાં ? તારા માટે મેં ૫૦ લાખ રૂપિયા ભેગા કર્યા. બીજી સ્થાવર જંગમ મિલ્કત થઈને એક ક્રોડ રૂપિયાની થાય. એ બધું ભેગું કરવામાં મેં મારી કાયા નિચોવી નાંખી. લક્ષ્મી, પત્ની તો કોઈ મારું સગું થયું નહિ; મને સાથ સહકાર આપવાની ના પાડી. તો તું તો મારો સાથીદાર થઈશ ને ? પરલોકમાં પ્રયાણ કરતી વખતે મને સહાયક બનીશ ને ! દીકરો કહે પિતાજી ! આપ જાણો છો કે કોઈ કોઈની સાથે ગયું નથી ને જવાનું નથી. આપ મરી જશો ત્યારે કદાચ હું ગામમાં હાજર નહિ હોઉં તો તાર, કોલ કરીને મને બહારગામથી તેડાવશો. મારું મોટામાં મોટું કામ આપને અગ્નિદાહ આપવાનું. ભાઈને સમજાઈ ગયું કે હું બધાને મારા મારા માનું છું પણ આ દુનિયામાં મારું કોઈ નથી. ભગવંત બોલ્યા છે.

माया पिया न्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
नालं ते मम ताणाय, लुप्पंतस्स सकम्मुणा ॥ उ. अ. ६. गा. ३

સ્વકૃત કર્મોથી દુઃખી થતા જીવની રક્ષા કરવાને માટે માતાપિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની અને પુત્ર કોઈ સમર્થ નથી. અર્થાત્ કોઈ પણ તેને દુઃખથી છોડાવી શકતું નથી. કે શરણભૂત બનતું નથી.

કોને કોને પ્યાર કરું રે બોલો, કોને કાજે ખુવાર થવું રે બોલો,
સ્નેહી સંબંધી, કંચનકાયા, પદવી પ્રતિષ્ઠા મિલકત માયા....કોને....

મહાપુરૂષો કહે છે કે ચેતન ! સમજ. જે ઘડીયળ જાય છે તે પાછી નહિ આવે. જીવનની અંતિમ ઘડી હોય ત્યારે ડૉક્ટરોને બોલાવો. ૫૦૦ વિઝિટના દઈ દો. અને કહો કે મારા પુત્રને બચાવી દો; ત્યારે ડૉકટર પણ કહી દેશે કે હવે મારું પણ ચાલે તેમ નથી. મરવાના ભય કરતાં એ ભય રાખો કે મારે મરવું છે એવું કે ફરીને જન્મવું ન પડે. મૃત્યુના ભય કરતાં એ ભય રાખો કે હવે મારે દુર્ગતિ તો જોઈતી નથી. સદ્‌ગતિ થાય તે જોઈએ છે. આ માયાનો કીચડ, પૈસાનો રાગ અને મોહ જીવને બહાર નીકળવા દેતો નથી.

લોભી અને દંભીની ખોટી ભાવના : એક શેઠ દુકાનેથી ઘેર જમવા આવ્યા. એ સમયે દુકાને તાર આવ્યો. નોકર તાર લઈને શેઠના ઘેર આવ્યો. શેઠના હાથમાં તાર આપ્યો. નોકર તો આશાભેર ઉભો રહ્યો. જો સારા સમાચાર હશે તો વધુ નહિ પણ પાંચ રૂપિયા તો આપશે. શેઠે તાર ફોડીને વાંચ્યો. વાંચ્યા પછી શેઠાણીને કહે છે કે ઉનું પાણી મૂકજે. નોકર તો બિચારો ગભરાઈ ગયો. તેને થયું કે કોઈકના મૃત્યુના સમાચાર આવ્યા લાગે છે. શેઠ મને પાંચ રૂપિયા તો નહિ આપે પણ લાગ આવશે તો મને ધમધમાવશે. બક્ષિસને બદલે બે ચાર ગાળો મળશે. જવા દે જલ્દી નોકર તો પોબારા ગણી ગયો. નોકર તો સમજીને ઘર બહાર નીકળી ગયો પછી શેઠે કહ્યું કે શેઠાણી ! એ ઉના પાણીમાં દૂધ, સાકર, એલચી બધું નાંખજે. આ સાંભળી શેઠાણી ચમકયા. શેઠ આમ કેમ કહે છે ? પૂછે છે, શેનો તાર છે ? આપણો દીકરો અમેરીકામાં ભણે છે તે પરીક્ષામાં ફર્સ્ટક્લાસ પાસ થયો છે. આશાભેર આવેલા નોકરને બે પાંચ રૂપિયા આપવા પડે તે માટે કહ્યું–ઉનું પાણી મૂકો. ભલા, તમે આવા દંભી તો નથી ને ! કેવો સરસ તાર આવ્યો છે ! આ સમાચાર વાંચતા રોમરોમમાં શેઠને આનંદ થયો હતો, પણ પાંચ રૂપિયા આપવા પડે તે માટે આનંદ, હર્ષને દબાવી દીધો. લોભી માણસ ન કરે એટલું ઓછું. આવા આત્માઓનું સ્થાન સદ્‌ગતિમાં ન હોય. આટલો દંભ કરનારાને એ ખબર નથી કે આવું કરવા જતાં કદાચ ચાનો કપ બચી જશે પણ મહાકિંમતી આત્મા વેચાઈ જતો હોય છે. જો શેઠાણી સારા હોત તો ગાડું ચીલે ચડત, પણ અહીં તો બંને સરખા છે. આવા આત્માઓની ગતિ કયાંથી સુધરે ? પુણ્યોદય હોય ત્યારે સદ્‌ગુણી પત્ની મળે. ભલે રૂપમાં ન હોય પણ ધર્મીષ્ઠ અને સદ્‌ગુણી હોય, તેને અમે સુરૂપા કહીએ છીએ. સદ્‌ગુણી, સ્વમાં સ્થિર થયેલા અને આત્મ–મસ્તીમાં ઝુલતા હોય તેવા આત્માઓ દુર્ગતિમાં ન જાય. મનુષ્ય ગતિ મળી પણ મ્લેચ્છોમાં અને કસાઈને ઘેર જન્મ થયો તો આવા જન્મથી મનુષ્યગતિને દુર્ગતિ કહી છે અને કર્મભૂમિમાં આર્યદેશ, આર્યકુળમાં જન્મ થાય કે જ્યાંથી સાધના કરીને સિદ્ધિ મેળવી શકાય એવી મનુષ્યગતિને સુગતિ કહી છે. દેવોમાં પણ ઇન્દ્ર આદિની પદવી પામે છે. તે અપેક્ષાએ સુગતિ કહી

છે. મનુષ્ય અને દેવગતિને ઠાણાંગ સૂત્રમાં એક અપેક્ષાએ દુર્ગતિ અને એક અપેક્ષાએ સુગતિ કહી છે. આપણને મનુષ્યભવની સુગતિ મળી છે તો સારાં કાર્યો કરીએ, સાધના કરીએ તો ભવિષ્યમાં પણ આપણો આત્મા દુર્ગતિમાં ન જાય.

આનંદ ગાથાપતિને શિવાનંદા પત્ની છે. તે ખૂબ રૂપવાન અને ગુણવાન છે. રથના બે ઘોડા સરખા છે. પુણ્યનો ઉદય હોય તો બંનેના વિચારો સરખા આવે. મોટે ભાગે બેનો પતિને ધર્મ પમાડે. શ્રેણિક રાજાને ધર્મ પમાડનાર ચેલણા સતી છે. ધર્મ પમાડયો એટલું જ નહિ પણ તે પ્રભુનો પરમ ભક્ત બન્યો. એથી આગળ વધીને આવતી ચોવીસીમાં પહેલો નંબર લેશે. આનું નામ સાચી પત્ની. શિવાનંદા સાચી અર્ધાંગના હતી. અર્ધાંગના એટલે પતિનું અડધું અંગ. કોઈ માણસને લકવા થાય ત્યારે એક બાજુનું અડધું અંગ ખોટું પડી જાય, પછી બીજું અંગ કામ કરે? ના. તેમ પતિ કે પત્ની બેમાંથી એક અંગ બરાબર ન હોય, એકને ધર્મનો રંગ હોય ને એકને ન હોય તો સંસાર બરાબર ચાલી શકે નહિ. આ શિવાનંદા પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેનારી છે, તેમની ઈચ્છાને અનુકૂળ વર્તન કરનારી હતી તેથી તે આનંદ ગાથાપતિને ખૂબ પ્રિય હતી. આવી સદ્‌ગુણી સ્ત્રી પતિના છિદ્ર કે દુર્ગુણો ન જોવે, પણ ગુણને જોવે. પોતાના પતિની દુર્ગતિ ન થાય, તે આવું વીરનું વિરાટ શાસન પામ્યા પછી દુર્ગતિમાં તો ન જ જવા જોઈએ, એ તેની ભાવના હોય. અણુરત્તા શિવાનંદા અનુરક્તા હતી. જે સ્ત્રી બધાનો પ્રેમ સંપાદન કરતી હોય અને પડછાયાની માફક પતિની અનુગામિની હોય છે તેને અણુરત્તા કહેવાય છે. આવી સ્ત્રી પોતાના પતિને ધર્મવિહુણો દેખે તો એનું દિલ બળી જાય. કોઈ પણ હિસાબે તે પતિને ધર્મના રાહે લાવવા પ્રયત્ન કરે.

એક શેઠ—શેઠાણી હતા. શેઠાણીને ધર્મ ગમે અને શેઠને ધર્મ ન ગમે. શેઠ ધર્મને, ગુરૂને ન માને. શેઠાણીના મનમાં થાય કે હું તેમના પ્રતાપે સુખી છું. અમારી બેનો સારા દાગીના પહેરે, કપડાં પહેરે, મોજશોખ કરે, સ્ત્રીના આ બધા ઠાઠમારા લાવનારા તો પતિ છે. શેઠાણી વિચાર કરે છે. હું તેમના વડે આજે ઉજળી થઈને ફરું છું. મનગમતાં સુખો ભોગવું છું. આ બધો પ્રતાપ પતિનો છે. મારા ઠાઠમાઠ પૂરા કરવામાં તેમણે તેમની જાતને નીચોવી નાંખી છે. આ મારા પતિ જો ધર્મ નહિ પામે તો તેઓ મરીને દુર્ગતિમાં ચાલ્યા જશે. મારા પતિ મને સુખી બનાવવા કેટલું કરે છે! તો હવે મારી ફરજ છે કે મારા પતિનું સુખ મારે ઈચ્છવું જોઈએ. તેમને સુખી કરવા જોઈએ. હું તેમની અર્ધાંગના છું. મારા પતિ જો ધર્મ ન પામે તો આ બધા મારા શણગાર અંગારા જેવા છે. આ માટે પત્નીનું દિલ રાત દિવસ બળે છે.

એક દિવસ શેઠાણીને ઉદાસ જોઈને શેઠ પૂછે છે, તમે હમણાં ઉદાસ કેમ રહો છો? આપના તરફથી મને સંપૂર્ણ સુખ છે પણ મને એક વાતનું દુઃખ છે. આપ ધર્મને માનતા નથી. ધર્મસ્થાનકમાં આવતા નથી. આપનું પરલોકમાં શું થશે? શેઠાણીને લગ્ન થયા ૧૫ વર્ષ થયા. શેઠાણી ભોકો જોઈ રહ્યા છે પણ હજુ સમય આવતો નથી. એક

દિવસ શેઠાણી કહે – શેઠ ! મારી એક વાત સાંભળશો ? શેઠ કહે – હું સમજી ગયો કે તું મને ઉપાશ્રયે લઈ જવાની વાત કરવાની છે. તારો રોજનો કકળાટ છે. તારે મને ઉપાશ્રયે લઈ જવો છે. હું ઉપાશ્રયે આવું પણ મારી એક વાત સાંભળીશ ? શેઠાણી કહે–આપ મને કલબમાં લઈ જવાના છો. એ જ કહેવું છે ને ? ભલે હું આવીશ પણ પહેલા તમારે મારે ત્યાં, પછી તમારે ત્યાં આવીશ. શેઠ કહે હું આવીશ તો ખરો પણ છેલ્લો બેસીશ, બધા કહેશે શેઠ ! આગળ આવો. તેમને મારી પાસે બીજું બંબેરવું હોય એટલે આગળ બોલાવે પણ તું મને ના કહીશ. ભલે. આપને જ્યાં ગમે ત્યાં બેસજો.

બીજે દિવસે શેઠાણી શેઠને ઉપાશ્રયે લઈ ગયા. ઉપાશ્રય ભરચક ભર્યો છે. બધાની નજર શેઠ પર ગઈ. સંતના મનમાં થયું કે કોઈ નવો માણસ આવ્યો છે. શેઠ છેલ્લે બેઠા. સંતે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થ ઉપર સુંદર સમજાવ્યું. કામ-શત્રુ માનવીને ૨૪ કલાક પીડતો નથી. તે કોઠામાં પેઠો. તેની ઈચ્છા પૂરી થાય એટલે પતી જાય પણ અર્થ શત્રુ તો એવો છે કે તે જીવને એક સેકંડ પણ છોડતો નથી. અર્થ શત્રુ ખૂબ બરાબ છે. તે અનેક અનર્થ કરાવે છે. પૈસા વધે એટલે જીવનમાં વ્યસનો વધે. સંતે તો આ વિષય પર ખૂબ ઝપાટો લગાડયો. આ બધું શેઠને તો સીધું હૃદયમાં ઉતરવા લાગ્યું, ને મનમાં થયું કે મેં મોટી ભૂલ કરી છે. હું આટલા દિવસ નથી આવ્યો તેમાં મેં ઘણું ગુમાવ્યું છે. બરેબર ! દુનિયામાં મારું કોઈ નથી. શેઠના માટે એક વ્યાખ્યાન બસ થઈ ગયું અને તમે કેટલા વ્યાખ્યાન સાંભળ્યા ?

વ્યાખ્યાન પૂરું થયું. શેઠાણીએ જોયું કે શેઠના મુખની રેખા બદલાઈ ગઈ લાગે છે. તે કહે–રસ્તામાં હોસ્પિતાલ આવે છે તો આપણા સગા માંદા છે તેમની ખબર લેતા જઈએ. આ હોસ્પિતાલ કેન્સરની હતી. કોઈને દાંતના કેન્સર, કોઈને ગળાના, કોઈને જીભના કેન્સર થયા છે. એ દર્દમાં પીડાતા બધાને જોયા. શેઠાણી કહે છે આ ભાઈ દારૂ પીતો હતો એટલે એને ગળાનું કેન્સર થયું, જે પરસ્ત્રીગમન કરે, જુગાર રમે, તેમને આવા દુઃખો ભોગવવા પડે છે. એકેક પાપના ફળ કેવા ભયંકર ભોગવવા પડે છે ? આ જોઈને શેઠની આંખમાં તો આંસુની ધાર વહેવા લાગી. જે કોઈ દિવસ ઉપાશ્રયે આવતા ન હતા તે એક દિવસ આવ્યા, સંતનું વ્યાખ્યાન સાંભળ્યું, કર્મનાં ફળ ભોગવતા દર્દીઓ જોયા. ઘેર પહોંચતાં સુધીમાં તો શેઠ એકદમ પીગળી ગયા. શેઠનું પરિવર્તન થઈ ગયું. શેઠે નિર્ણય કર્યો કે હવે મારે કર્માદાનના વેપાર કરવા નહિ. શેઠ શેઠાણીના પગમાં પડીને કહે છે બરેબર તું મારો ગુરૂ છે. આનું નામ અર્ધાંગના. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહે. તેમને ધર્મ પમાડવો હોય તો પ્રેમથી પમાડાય પણ સત્તાથી નહિ. શિવાનંદા ખૂબ ગંભીર ગુણીયલ હતી. પતિની પાછળ અનુસરનારી હતી. તેનું જીવન ખૂબ આદર્શ હતું. વધુ અવસરે.

ચરિત્ર : ગુરૂકૂળમાં મેળવેલું જ્ઞાન : પુણ્યસાર ગુરૂકૂળમાં ભણે છે. ગુરૂની ખૂબ સેવા કરે છે. ગુરૂએ પહેલો પાઠ ભણાવ્યો સ્વાશ્રયનો. ગુરૂ કહે હે શિષ્યો ! સ્વાવલંબી

જીવન જીવો. પોતાનું કામ કરતાં પોતાને આનંદ આવવો જોઈએ. શિષ્યો ગુરૂ આજ્ઞાનું પાલન કરતા. બધું કામ જાતે કરતા. રોજ સવારે ઉઠીને ગુરૂને પગે લાગતા. ગુરૂએ બીજો પાઠ શીખવાડયો જીવદયાનો. આપણાથી કોઈ પણ જીવની હિંસા ન થાય. હિંસા કરવાથી પાપ લાગે. પુણ્યસાર ખૂબ વિનય-વિવેકપૂર્વક જ્ઞાન ભણે છે. વિનય-વિવેકપૂર્વક જ્ઞાન લીધું હોય તો તે ટકે છે. પુણ્યસારની બુદ્ધિ ખૂબ તીક્ષ્ણ છે. ગુરૂ એક વાર પાઠ આપે તો તેને તરત યાદ રહી જાય. થોડા સમયમાં તો તે ખૂબ કુશળ અને હોંશિયાર બની ગયો. ગુરૂએ ત્રીજો પાઠ શીખવાડયો સાદાઈનો! હે શિષ્યો! આ દેહને બહુ શણગારશો નહિ. આ દેહ તો અંતે બળીને ખાખ થઈ જવાનો છે. માટે દેહને સાદાઈથી શણગારજો. તમારા જીવનને સાદું બનાવજો. ચોથો પાઠ કરાવ્યો ચારિત્રનો. જીવનમાં બધું જાય તો જવા દેજો પણ ચારિત્રને જવા દેશો નહિ. ચારિત્ર વિનાનું જીવન સઢ વિનાના વહાણ જેવું છે. વિષય-વિકારોનો પવન ફૂંકાય અને ચારિત્ર રૂપી સઢ સલામત ન હોય તો જીવન નાવ ભાંગીને ભૂક્કો થઈ જાય.

પુણ્યસાર ગુરૂને સંપૂર્ણ અર્પણ થઈ ગયો. તેમની ભક્તિ કરે, તેમનું કામકાજ કરે. ગુરૂનું મન તેણે ખૂબ જીતી લીધું. ગુરૂને કાંઈક કામ માટે બહાર જવું હોય તો આ પુણ્યસારને બધું કામ સોંપીને જાય. તે બધા વિદ્યાર્થીઓને ભણાવે. પુણ્યસાર વ્યાકરણ, ન્યાય, તર્કશાસ્ત્ર બધામાં પારંગત થયો. તેનામાં વિનય વિવેક ખૂબ હતા તેનાથી જે મોટા વિદ્યાર્થીઓ હોય તેમનું પણ સન્માન કરે. તેમના પણ કામ કરે. સાહિત્ય અને સંગીતની કળા પણ હસ્તગત કરી લીધી. ગુરૂ અભ્યાસની કસોટી કરે તેમાં પણ પહેલો નંબર આવે. બધા તેની ખૂબ પ્રશંસા કરે છે તો પણ તે જરાય અભિમાન ન કરે. સદા નમ્ર રહે.

તે નગરી માંહે રત્નસાર શેઠ, રત્નમંજરી તસ નાર,
તેહની કુંખેથી ઉપની પુત્રી, રત્નસુંદરી સુખકાર...રે....

આ ગોપાલપુર નગરમાં રત્નસાર નામે શેઠ હતા. રત્નમંજરી શેઠાણી હતાં. તેમને રત્નસુંદરી નામની કન્યા હતી. તેનું રૂપ અથાગ હતું. કોયલ જેવો કંઠ હતો. ગર્ભ-શ્રીમંત શેઠની દીકરી છે. તેને સંગીત કળાનો ખૂબ શોખ. તે રોજ ગુરૂકુળમાં સંગીત શીખવા આવે. તેને રૂપનું, ધનનું અને પોતાની કંઠકળાનું ખૂબ અભિમાન હતું. વાતવાતમાં વિદ્યાર્થીઓને ઉતારી પાડે. બોલવામાં જરાય વિવેક ન રાખે. પુણ્યસારની વારેઘડીએ ઠેકડી કરે અને એના જ્ઞાનની મશ્કરી કરે. પુણ્યસાર તો ખૂબ સીધો, સરળ અને નમ્ર છે. આ બંને સંગીત શીખે. ગુરૂ પુણ્યસારને માન આપે તે તેનાથી સહન ન થાય. હું આવી સરસ અને હોંશિયાર છતાં ગુરૂ તે છોકરાને માન આપે ને મને કંઈ નહિ, તેનામાં માન ઘણું તેથી માને કે મારું વર્ચસ્વ તો હોવું જોઈએ. તે ખટપટ કર્યા કરે. પુણ્યસાર તો કોઈમાં માથું ન મારે. છતાં આ રત્નસુંદરી તેને નીચે પાડવા માટે કેવા પ્રયત્નો કરશે ને શું બનશે તે અવસરે.

શૂરાઓ હવે ! કર્મ સામે કેશરીયા કરવા તૈયાર થાવ. જુઓ ચંદનબાઈ મહાસતીજીની સાધના કેવી અદ્‌ભુત છે. તેમને આજે ૩૦મો ઉપવાસ આવી ગયો. તપના રણશીંગા ફૂંકાઈ રહ્યા છે, માટે તૈયાર થાને એ જ ભાવના. વધુ ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૩ ને શનિવાર : વ્યાખ્યાન નં. ૧૯ : તા. ૨૦-૭-'૮૫

અનંત અનંત ગુણોના ધારક, અનંત જ્ઞાન દર્શનના સાધક તીર્થંકર ભગવંતો એ જીવોના કલ્યાણ માટે અનંતકાળથી ચાલી આવતી જન્મ મરણની આપદામાંથી કેમ છૂટે અને મોક્ષને કેમ પામે તે માટે ભગવાને રાહદારી માર્ગો બતાવ્યા છે તે માર્ગો કયા ?

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
एस मग्गुत्ति पण्णतो, जिणेहिं वरदंसिहिं ॥ ઉ. અ. ૨૮ ગાથા. ૨

સંસારના સમસ્ત પદાર્થોને જોવાવાળા સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર દેવોએ સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર તપને મોક્ષમાર્ગ કહ્યો છે. મોક્ષ એટલે આત્મઘરમાં વાસ. અત્યારે આપણે શરીરમાં રહ્યા છીએ પણ ૨૫-૫૦ કે ૧૦૦ વર્ષે એમાંથી એક દિવસ ડીસમિસ થવાનું છે. આપણને આ શરીર મળ્યું તે કર્મથી મળ્યું છે. કર્મ છે ત્યાં શરીર છે. કર્મરાજાએ ભૂલોની શિક્ષામાં આ શરીર આપ્યું છે. હવે આ શરીરના બંધન ફગાવી દઈ એ અને આત્મઘરમાં રહીએ તો મોક્ષમાં વાસ મળે છે. ઘરમાં રહેવું હોય તો અંધારીયું ઘર ગમતું નથી. એ તો તમે હવા ઉજાશવાળું ઘર શોધો છો. તો આત્મઘરમાં રહેવા માટે પહેલાં એમાં અજવાળું કરવું જોઈ એ. જ્ઞાનથી આત્મઘરનો અજ્ઞાન-અંધકાર દૂર થાય અને પ્રકાશ થાય. એ પછી કર્મના કચરા સાફ કરવા તપરૂપી સાવરણાની જરૂર છે. સાથે નવા કર્મરૂપી કચરા ન આવે માટે સંવર-ચારિત્રની જરૂર છે. આ ત્રણનો સુમેળ મળે તો આત્મઘર રહેવા લાયક બની શકે.

આપણે સૌ પહેલા જ્ઞાનથી અજવાળું કરવું છે માટે વિશ્વદર્શન અને આત્મદર્શન કરવાનું છે. દર્શન એટલે ઓળખ, પરિચય. એને સ્વઘરમાં લાવવા માટે આત્માની ઓળખ કરવાની છે.

તારા આતમઘરમાં શોધ કરે તો, સફળ તારો અવતાર બને,
અજ્ઞાન અંધેરા દૂર હટે તો, જ્ઞાન પ્રકાશ બહાર ખીલે....

તમારા આત્માને પૂછો કે તમે શેમાં શોધ કરો છો ? આટલી જિન્દગી ગઈ, વર્ષો વીત્યા પણ આત્માની શોધ કરી છે ખરી ? જડના પૂજારીઓ જડની શોધ કરે ને ? જડની શોધ કરવાથી આત્મદર્શન નહિ થાય. આ વિશ્વનાં જીવો અનંતાનંત છે, અને પુદ્‌ગલો પણ અનંતાનંત છે. જીવો મિથ્યાત્વ અને અસત્ પુરૂષાર્થથી કર્મો ઉપાર્જે છે અને કર્મથી જુદી જુદી ગતિઓમાં શરીર ધારણ કરી એ કર્મો જીવને ભોગવવા પડે છે. આપણા આત્માની પણ આ જ દશા છે. જો સમ્યક્ જ્ઞાન-દર્શન ચારિત્ર અને તપ મળે તો કર્મ રૂપી બલામાંથી મુક્ત થવાય અને મોક્ષ મળે.

આનંદ ગાથાપતિ અને તેમની પત્ની શિવાનંદા બંનેનું જીવન ખૂબ આદર્શ હતું. તે પતિમાં અનુરક્ત હતી. પતિની આજ્ઞામાં રહેનારી હતી. કયારે પણ પતિના વચનનું તે ઉલ્લંઘન કરતી ન હતી. પોતાના પતિ સિવાય જગતના દરેક પુરૂષોને બાપ અને ભાઈ સમાન ગણતી. બંનેનું જીવન ખૂબ પવિત્ર છે. તેમને પાંચ ઈન્દ્રિયોના મનગમતાં સુખ બધા હાજર હતાં. આજના માનવીનું સુખ એક સાંધે ત્રણ તૂટે, ત્રણ સાંધે તેર તૂટે એવું છે. આનંદને ત્યાં આવું સુખ ન હતું, પણ તેમને જે જાતનું સુખ જોઈએ તેવું હતું.

શાલીભદ્રને ત્યાં રોજ ૯૯ દેવતાઈ પેટીઓ ઉતરતી હતી. આ વાત તો તમે કહેશો કે અમે બહુ સાંભળી છે. અહીં તો મારે આપની પાસે એ વાત કરવી છે કે શાલીભદ્રને ત્યાં ૯૯ પેટીઓ ઉતરતી અને પુણીયા શ્રાવકને ઘેર ઉતરતી ન હતી. પુણીયો શ્રાવક અને તેની પત્ની બે જણા હતા. પુણી કાંતીને જીવન નિભાવતા હતા. સંતોષથી જીવન ચલાવતા હતા. ગામમાં કોઈ સંત બિરાજતા હોય તે પોતાના આંગણે આવે, તેમને સુપાત્ર દાન દેવાય, સંતોનો અથવા સ્વધર્મીનો લાભ મળે તે માટે બંને અવારનવાર એકાંતર ઉપવાસ કરતા. રસોઈ બેની કરતાં પણ સુપાત્રદાન તથા સાધર્મિકના લાભ માટે એકાંતર ઉપવાસ કરીને ભક્તિ કરતા અને આનંદથી જીવન પસાર કરતા, ધર્મઆરાધના કરતા હતા.

સંપત્તિ જોઈએ છે કે સામાયિક : હું તમને પૂછું છું કે શાલીભદ્રને ત્યાં ૯૯ પેટીઓ રોજ ઉતરતી હતી તે જોઈ એ છે કે પુણીયા શ્રાવકની સામાયિક જોઈ એ છે ! (શ્રોતા–ચોપડામાં તો શાલીભદ્રની રિદ્ધિ માગીએ છીએ.) ચોપડામાં ગમે તે માંગો કે લખો પણ હું તમને પૂછું છું કે તમારે શું જોઈએ છે ? તમે બધા શાલીભદ્રની રિદ્ધિ માંગવાના. આખું જગત તેની પાછળ પાગલ છે. કદાચ દેવની આરાધનાથી ૯૯ પેટીઓ બક્ષીસ મળી જાય પણ સાથે એ નક્કી કરવું પડશે કે તેઓ આજે પહેરેલા કપડા, દાગીના બીજે દિવસે ઉતારી નાંખી, દાનમાં દઈ દેતા. કપડાં ઘસાઈ ગયા હોય, તેના કલર પણ ગમતા ન હોય, છતાં ગરીબને દેવાનું મન ન થાય. બોલો તમને કેવા દાનેશ્વરી કહેવા ? બરું ને ? શાલીભદ્રને ત્યાં સુખ–વૈભવ, સંપત્તિની કોઈ કમીના ન હતી છતાં એ બધાનો અને સમસ્ત સંસારનો એમણે ત્યાગ કર્યો.

શાલીભદ્ર હતો બડભાગી, રાત ને દિવસ રંગમાં રાજી,
પૂર્વના પુણ્યે જાહોજલાલી મળી હતી વણમાંગી,
કિન્તુ એક દિન બધું તજીને એણે દીક્ષા લીધી....તોય તારી

શાલીભદ્રની રિદ્ધિ માંગતા પહેલાં એ સમજી લેજો કે શાલીભદ્રને ત્યાં રોજ ૯૯ પેટીઓ ઉતરતી હતી. એવા છલકતા વૈભવો હતા. છતાં એક દિવસ બધું છોડીને એમણે દીક્ષા લીધી. તમે ચોપડામાં લખો છો કે શાલીભદ્રની રિદ્ધિ મળજો. રિદ્ધિ માંગો છો તેની સાથે તેનો ત્યાગ માંગો છો બરા ? ત્યાગ માંગશો તો સુખ મળશે. જગતના જીવોની દશા કેવી છે ! ફળ જોઈ એ છે પણ તેના મૂળની ઉપેક્ષા કરવી છે. સાધ્ય

જોઈએ છે અને સાધના પ્રત્યે આંખમીંચામણા કરવા છે. માલ જોઈએ છે પણ તેના મૂલ્ય ચૂકવવાની તૈયારી નથી. આરોગ્ય જોઈએ છે પણ પથ્યપાલન પ્રત્યે બેદરકાર રહેવું છે. પાસ થવું છે પણ પરીક્ષા મંજુર નથી. શુદ્ધ બનવું છે પણ સહન કરવું નથી. યાદ રાખજો, સુખ જોઈએ છે તો સુખ ધર્મથી મળે છે. આ વાકયને હ�ૃદયમાં કોતરી રાખજો અને જીવનમાં પળે પળે તમારી દૃષ્ટિ સામે રાખજો તો પાપથી નિવૃત કરાવશે ધર્મમાં એ પ્રવૃત કરાવશે અને છેવટે શાશ્વત સુખના સ્વામી બનાવશે. પુણીયા શ્રાવકની એક સામાયિક મોક્ષના દ્વારે લઈ જાય એવી હતી. છે તમને આવી શ્રદ્ધા ! વીર વચન તો ત્રણ કાળમાં શાશ્વત છે, છતાં તેમાં શંકા સંદેહ રાખો છો.

સંદેહ કયાં અને શ્રદ્ધા કયાં ! : સંદેહ અને શ્રદ્ધા આ બે શબ્દો છે. આધ્યાત્મિક જગતમાં પ્રવેશ કરનાર સાધક શ્રદ્ધાને બદલે તેમાં સંદેહ રાખે છે ત્યારે એની ઉંચામાં ઉંચી ધર્મસાધના પણ કોડીની કિંમતની થઈ જાય છે. તમને સંદેહ કયાં છે અને શ્રદ્ધા કયાં છે ? તમે જમવા બેઠા. તમારા ભાણામાં ભોજન પીરસાયું, ત્યાં તમને શ્રદ્ધા છે કે આ ભોજનમાં વિષ તો નથી જ એટલે પ્રેમથી જમી લીધું. ત્યાં સંદેહ થયો ? ના. બહાર જવું છે એટલે ટેકસીમાં બેઠા. ત્યાં સંદેહ થાય કે ડ્રાઇવર દારૂ પીને તો નહિ બેઠો હોય ને ? એકસીડન્ટ તો નહિ કરે ને ? ત્યાં વિશ્વાસથી બેસો છો. મુંબઈથી અમદાવાદ જવું છે. રાતની ટ્રેઈનમાં જવું છે ત્યાં સંદેહ થાય છે કે એન્જીનનો ડ્રાઇવર ઝોકું તો નહિ ખાય ને ? ગાડી ઉથલી તો નહિ પડે ને ? ત્યાં શ્રદ્ધા છે કે એન્જીનનો ડ્રાઈવર જાગતો રહેવાનો છે. કોઈએ તમને કેસરીયા દૂધનો ગ્લાસ આપ્યો. ત્યાં સંદેહ થાય કે આમાં વિષ તો નહિ હોય ને ? અથવા તો એમાં ગરોળીની લાળ તો નહિ પડી હોય ને ? ત્યાં શ્રદ્ધાથી પી જાવ છો. નવા મકાનમાં રહેવા ગયા ત્યાં સંદેહ થાય છે કે આ મકાનની ભીંત તૂટી પડશે તો નહિ ને ! ત્યાં શ્રદ્ધા છે કે મકાનની ભીંત તૂટવાની નથી. આ બધા કાર્યોમાં તો તમે સંદેહ વગરના છો. જગતના જીવો તરફ દૃષ્ટિ કરીએ તો લાગે છે કે ૧૦૦માંથી ૯૯ જેટલા માણસો તેમના વ્યવહારમાં શ્રદ્ધાથી આગળ વધતા હોય છે. ત્યાં સંદેહ નથી કરતા.

આ રીતે તમે ધંધા કરો, વેપાર કરો, દીકરીઓના સગપણ કરો ત્યાં સંદેહ નથી કરતા, પણ શ્રદ્ધાથી બધું કરો છો. ત્યાં પાકો આત્મવિશ્વાસ છે. આવા બીજા અનેક વ્યવહારોમાં બધે તમને શ્રદ્ધા. શ્રદ્ધા, ને શ્રદ્ધા દેખાશે. ત્યાં કયાંય સંદેહ કરવા તૈયાર નથી. સંદેહ કયાં કરો છો ? ધર્મના ક્ષેત્રમાં. ધર્મના ક્ષેત્રમાં દાખલ થતાની સાથે નાની નાની બાબતોમાં પણ સંદેહ કરવા માંડો છો. તપથી કાયાને સૂકવી નાંખું પણ એમાં મને નિર્જરા થશે કે નહિ ? કાંઈ લાભ થશે કે નહિ ? મહાસતીજી બરાડા-બૂમો પાડી પાડીને બોલે છે પણ કોણે તીર્થંકરને જોયા છે ? આ વાણી તીર્થંકરની હશે કે નહિ ? ધર્મ તો કરું છું પણ પરલોક હશે કે નહિ ? ધર્મના ક્ષેત્રમાં સંદેહ, સંદેહ ને સંદેહ ! આ સંદેહ રાખીને ધર્મસાધના કરીએ તો આત્માના આનંદની અનુભૂતિ કયાંથી

થઈ શકે ? જ્યાં સંદેહ કરવાનો છે ત્યાં સંદેહ વગરના છો અને જ્યાં સંદેહ નથી કરવાનો ત્યાં સંદેહ કરો છો. આત્માના વિકાસના જે પગથીયા છે ત્યાં સંદેહ છે. સંસારના કાર્યોમાં સંદેહ રાખવાનો છે ત્યાં સંદેહ નથી રાખતા. ત્યાં શ્રદ્ધા રાખો છો. કેટલી અવળી ઘોટ છે ! અમદાવાદ જવું છે ને દિલ્હીની-ગાડીમાં બેસો તો અમદાવાદ કયાંથી આવે ? સંસારમાં ડગલે ને પગલે આશ્રવ છે. પાપની ક્રિયા છે. કર્મબંધનના કારણ છે, ત્યાં સંદેહ નથી થતો, ત્યાં શ્રદ્ધા રાખો છો. જ્યાં અનંત કર્મોની ભેખડો તૂટી જાય અને અનંતી નિર્જરા થાય છે ત્યાં સંદેહ રાખો છો. પછી ભવના ભુક્કા કયાંથી થાય ? હવે જો ભવની ભીતિ લાગી હોય તો આ મંગલકારી દિવસો આવી રહ્યા છે. સાધનામાં, આરાધનામાં ઝૂકી જાવ.

આ જીવની દશા કેવી છે? ધર્મસાધના કરે, તપત્યાગ કરે પણ એમાં શ્રદ્ધાથી એકમેક નથી થતાં. આ માટે જ્ઞાનીએ **કહ્યું** છે કે "**મળો નહિ પણ ભળો**" ભળશો તો ભવના ભુક્કા. જ્યાં સંદેહનું સ્થાન છે ત્યાં શ્રદ્ધા રાખો છો અને જ્યાં શ્રદ્ધાનું સ્થાન છે ત્યાં સંદેહ રાખો છો. તો પછી ધર્મ સાધનામાં ભળશો કેવી રીતે? એ તો મળવા જેવું થાય છે. એક ન્યાયથી સમજીએ. તમારી સામે કાચના બે ગ્લાસ મૂકયા. એક ગ્લાસમાં દૂધ છે અને એક ગ્લાસમાં પાણી છે. દૂધના ગ્લાસમાં કોઈએ આવીને સાકરનો ગાંગડો નાંખ્યો અને પાણીના ગ્લાસમાં સાકરના ટુકડા જેવો સફેદ પથ્થરનો ટુકડો નાંખ્યો. આ બે ગ્લાસ તમારી સામે પડયા છે. અડધા કલાક પછી બંને ગ્લાસમાં તપાસ કરી. બંને ગ્લાસમાં નાંખેલા ટુકડાને બહાર કાઢવા ગયા તો દૂધમાં સાકરનો ગાંગડો નાંખ્યો છે તે બહાર ન નીકળ્યો. દૂધમાં કયાંય દેખાતો નથી. પાણીના ગ્લાસમાં હાથ નાંખ્યો તો પથ્થરનો ટુકડો જડયો. બંને ગ્લાસમાં પ્રવાહી હતું. સાકરનો ગાંગડો દૂધમાં નાંખ્યો તો ઓગળી ગયો. કદાચ તે પાણીમાં નાંખ્યો હોત તો પણ ઓગળી જાત. સાકરનો ગાંગડો દૂધમાં ભળી ગયો, દૂધના કણકણમાં સાકર ભળી ગઈ. તે દૂધ પીવો તો કેટલું મીઠું મધુર લાગે! પથ્થરનો ટુકડો પાણીમાં પડયો. પાણીને મળ્યો, પલળ્યો પણ તેમાં ભળ્યો નહિ. એટલે એવો ને એવો રહ્યો. સાકર દૂધને મળવા નહિ પણ ભળવા ગઈ. તે એવી ભળી ગઈ કે તેને કોઈ દૂધથી અલગ કરવા માંગે તો પણ થઈ શકે નહિ. મળવામાં અંતર ઉભું રહે જ્યારે ભળી જવામાં એકમેક થઈ જવાય. ત્યાં અંતર ઉભું ન રહે,

મળવું છે કે ભળવું છે ? : આ ન્યાયથી સાધક આત્માને સમજવાનું છે. તમે સામાયિક પ્રતિક્રમણ કરો, પૌષધ કરો, માળા ગણો. આ બધી સાધના કરો તો તેમાં મળો નહિ પણ ભળો. વ્યાખ્યાન સાંભળવા આવ્યા તો બે ઘડી માટે પણ સંસાર છૂટે છે ? ઘરબાર વેપાર બધું ભૂલો છો ? જો ભૂલાતું ન હોય તો સમજવું કે તમે અમને મળવા આવ્યા છો પણ ભળવા આવ્યા નથી. ધર્મક્રિયાઓમાં ભળવાનું છે જો તેમાં ભળશો નહિ ને મળશો તો અંતર ઉભું રહેશે. સાધનાના જીવનની મસ્તીનો જોઈએ તેવો અનુભવ નહિ થાય, જ્યારે મળ્યા પછી જો ભળી જશો તો સાધનાની સાથે એકમેક

થઈ જશો. તેમાં કલ્પના બહારનો આનંદ અનુભવી શકશો. તમે વ્યાખ્યાન સાંભળો, સાંભળીને ગ્રહણ કરો તો સંસાર કટ થઈ જાય. આ અમારી કોઈ શક્તિ નથી. જિનવાણીનો વીલપાવર છે. આ વાણીનું પાન કરીને શ્રદ્ધાપૂર્વક હૃદયમાં અવધારણ કરો તો એકાવતારી બની શકાય એવી આ વાણીમાં શક્તિ છે, પણ તમે અહીં મળવા આવો છો, ભળવા આવતા નથી. પછી કલ્યાણ કયાંથી થાય? આજે ઘણાં માણસો ફરીયાદ કરે છે કે અમે વર્ષોથી ધર્મસાધનાઓ કરીએ છીએ, કેટલી સામાયિકો કરી, વ્રતનિયમો કર્યા, છતાં અમને એનો જોઈએ એવો આનંદ નથી આવતો, તો એનું આ કારણ છે કે તમે ધર્મક્રિયાઓને માત્ર મળ્યા છો પણ તેમાં ભળ્યા નથી. માત્ર કાયાથી ધર્મક્રિયાઓ કરી છે પણ મન એમાં ભળ્યું નથી. મન, વચન, કાયાથી થતી ક્રિયાઓ ભળવા જેવી છે. સાકર જ્યારે દૂધમાં ભળે છે ત્યારે એ દૂધના અણુ અણુમાં પહોંચી જાય છે એટલે દૂધનું ટીપું ટીપું મીઠાશયુક્ત બની જાય છે. આ રીતે મન જ્યારે સાધનામાં ભળે છે ત્યારે સાધનાની મસ્તી કોઈ ઓર હોય છે.

ભળ્યા વિના ભવના ભૂક્કા ન થાય:- હવે નિર્ણય કરો. અત્યાર સુધી ભલે મળ્યા પણ હવે સાધનામાં ભળી જાવ. જે આત્માઓ મળવા નથી જતા પણ ભળવા જાય છે તેમનું જીવન ઉજ્જવળ બની જાય છે. જે જીવો ભળવા ગયા એ પાપીમાંથી પુનિત બની ગયા. શયતાનમાંથી સંત બની ગયા. પાપી આત્માઓ ભળવા ગયા તો તેમના જીવનની રોનક બદલાઈ ગઈ. અર્જુનમાળી, પરદેશી રાજા બધા ગુરૂ ભગવંતની સાથે ભળવા ગયા તો ભવના ભૂક્કા કરી દીધા. આપણે એવા પાપી તો નથી ને? તો પછી આપણું જીવન કેમ ન બદલી શકીએ! જિનવાણીમાં, વીતરાગના વચનામૃતોમાં, અને ધર્મસાધનામાં ભળી જઈશું તો ભવકટી થતાં વાર નહિ લાગે. સંસારમાં રહ્યા છો, બધું કરવું પડે છે તો કરો પણ તેમાં ભળશો નહિ. અત્યાર સુધી જેમાં ભળવાનું હતું ત્યાં મળ્યા છીએ અને જ્યાં મળવાનું હતું ત્યાં ભળી ગયા છીએ. સંસારમાં વહેપાર ધંધામાં મળવાનું છે ત્યાં ભળવાનું નથી. પત્ની, પરિવાર બધા ભેગા થઈને બેસો છો ત્યાં કેવા ઓતપ્રોત થઈ જાવ છો! મોહનીય કર્મના નાટકે બધાને ભેળવી દીધા છે. દીકરીના લગ્ન છે. જાન આવી છે ત્યાં કેવા ભળી ગયા છો! આ બધી પાપ ક્રિયાઓ છે તેમાં ભળવા જેવું નથી, તો પણ ભળી જાવ છો.

ભળવું જોઈએ કયાં ને ભળ્યા છો કયાં? : પરમ દિવસે માસખમણનું ઘર આવશે. કેટલાંય ભાઈ બેનો પૌષધ કરશે. પૌષધમાં કેવી મઝા આવી તેના ગાણાં બીજે દિવસે કોઈ ગાવ બરા! મેં પૌષધ કર્યો, તેમાં મેં જે આત્મચિંતન કર્યું, તેમાં જે આત્માની મસ્તી અનુભવી તે મને હજુ ભૂલાતી નથી. કોઈ દિવસ આવું બોલો છો? ના, સગા સંબંધીમાં કોઈ પ્રસંગે તમે જમવા ગયા. ત્યાં સુંદર ભોજન જમ્યા. પછી આવીને શું કહેશો? હું આજે જમવા ગયો ત્યાં એવું સુંદર ભોજન જમ્યો છું કે તેનો સ્વાદ હજુ મારી દાઢમાંથી જતો નથી. જમવાની વાત બાજુમાં રહી, કોઈ ને ત્યાં

ગયા. તેમણે તમને ટેસ્ટદાર ચા પીવડાવી, તો આવીને કહેશો કે શું ટેસ્ટદાર ચા હતી! મારા શરીરમાં સ્ફૂર્તિ આવી ગઇ. આ બધામાં કેટલા ભળી ગયા! ચાના, ભોજનના ગાણાં ગાયાં પણ કોઈ દિવસ જિનવાણીના ગુણ ગાયા? મેં સામાયિક કરી તેમાં સમભાવમાં રહ્યો, શાંતિ મળી. તેમાં મારો આત્મા કેટલો સ્વસ્થ રહ્યો તેવું કયારેય બોલ્યા છો? કયાંથી ગુણ ગાવ! તેમાં ભળ્યા નથી. આત્માની—શાંતિ, આનંદ અને અદ્‌ભૂત શક્તિના દર્શન કરવા—હોય તો એમાં મળો નહિ પણ ભળો. યાદ રાખજો કે સાધનાના જીવનમાં ભળી જવામાં મઝા છે અને પાપક્રિયાઓમાં ભળી જવાથી સજા છે.

જીવની દશા પણ આવી છે. ધર્મક્રિયામાં મન ભળતું નથી, પાપક્રિયાઓમાં મન ભળ્યા વિના રહેતું નથી. આપણે ધર્મક્રિયાને માત્ર મળીએ છીએ, જ્યારે સંસારની દરેક વસ્તુમાં જે પાપમય ક્રિયાઓ છે તેમાં ભળી જઇ એ છીએ. તેમાં ભળવાથી કેટલા કર્મના ગંજ એકઠા કરે છે. તેનું તેને ભાન નથી. મહાન પુણ્યોદયે જિનશાસન, જિનવાણી જૈન ધર્મ, ગુરૂદેવનો સંગ આદિ બધી સામગ્રીઓ આપણને મળી છે, છતાં તેમાં ભળી શકતા નથી અને સંસારની કંઈક પાપમય સામગ્રીઓનો અભાવ હોવા છતાં ત્યાં મન સતત પાપ વિચારોમાં રમતું રહે છે. તેનાથી સાવધાન બનવાની જરૂર છે. પાપક્રિયામાં એકાકાર થઇ જઇએ, તેમાં ભળી જઇએ તેનાથી આત્માને જે નુકશાન થાય તે નુકશાન જેવું તેવું નથી. પાપક્રિયામાં એકાકારતા પાપના સંસ્કારોને દૃઢ બનાવી દેશે અને દૃઢ બનેલા એ પાપમય સંસ્કારો બીજા ભવમાં કદાચ પુણ્યોદયે ધર્મ સામગ્રી મળી જાય તો એમાં મનને ભળવા નહિ દે. અત્યાર સુધી ભૂલ્યા તો ભૂલ્યા પણ હવે આપણા જીવનની દિશા બદલવી છે. કદાચ તમારે સંસારની ક્રિયાઓ કરવી પડે તો તેમાં મળો પણ ભળો નહિ અને ધર્મક્રિયા નાનામાં નાની હોય તો પણ એમાં ભળો તો આત્મ કલ્યાણ જલ્દી થશે. સાથે આપણો સ્વભાવ પણ સાકર જેવો બનાવવાની જરૂર છે. જેમના સંગમાં આવીએ, જેમની સાથે રહીએ તો સાકરની જેમ ભળીને રહેવું તો આપણી મધુરાશ તેના જીવન સુધી પહોંચી જશે. અત્યાર સુધી જિંદગીમાં ભૂતકાળમાં ઘણી ભૂલો કરી છે પણ હવે જાગ્યા ત્યારથી સવાર સમજીને નવો ચોપડો લખો. હવે શું કરવું છે? એક વેંત દોરડા જેટલી જિંદગી બાકી છે તો ધર્મસાધનામાં એવા ભળી જાવ કે ભવના ભુક્કા થઇ જાય. જે આત્મા ધર્મસાધનામાં ભળી જાય તે પોતે 'હાશ' પામે અને બીજાને 'હાશ' આપે.

બળબળતા બપોરે ધૂમ તાપમાં ગુરૂ શિષ્ય જઈ રહ્યા હતા. પવનનું નામનિશાન નહિ અને પગ ખુલ્લા હતા. ઉનાળાનો દિવસ એટલે ગરમીનું તો પૂછવું જ શું? ગરમીના કારણે તરસ ખૂબ લાગી છે. સાથે ભૂખ અને થાક પણ ખૂબ લાગ્યા છે. ચાલતાં ચાલતાં રસ્તાથી થોડે દૂર રહેલો એક મોટો વડલો જોયો. આ ગુરૂશિષ્ય બંને વડલા નીચે બેઠા. પવને પણ જાણે મહેરબાની કરી હોય તેમ મંદ મંદ પવન આવવા લાગ્યો. શીતળ પવન આવતાં બંને ઝાડ નીચે સૂઈ ગયા. થોડીવાર પછી ઊઠ્યા, જાગ્યા પછી ગુરૂ શિષ્યને

પૂછે છે બેટા ! અહીં આવ્યા પછી તને શો અનુભવ થયો ? ગુરૂદેવ ! શી વાત કરું ? જેવો અહીં આવીને બેઠો એવો મને 'હાશ'નો અનુભવ થયો. મને કકડીને ભૂખ લાગી હતી, તે પણ વિસરી ગયો. તરસથી આકુળવ્યાકુળ થયો હતો તે તરસ પણ ભૂલી ગયો. અને થાક પણ ભૂલી ગયો. વડલાની શીતળ છાયા અને મંદમંદ પવનથી મને ખૂબ શાંતિ વળી. મને હાશનો અનુભવ થયો. ગુરૂદેવ કહે–શિષ્ય ! હાય તો નથી થયું ને ? ના. હાશ અને હાયમાં ફરક ખરો ? હા ગુરૂદેવ ! ઘણો ફરક છે. વડલો એકેન્દ્રિય–સ્થાવર છે. તે એકેન્દ્રિય હોવા છતાં એની નીચે આવનારને 'હાય'ને બદલે 'હાશ' આપે છે. તેની નીચે બેસનારને શાંતિ આપે છે. હાશ એ શબ્દ સુખનો છે અને હાય શબ્દ દુઃખનો છે.

શું આપશો ? હાશ કે હાય ? : ગુરૂ કહે શિષ્ય ! તું વડલા જેવો થઈશ કે તાડ જેવો ? તાડ કોઈને છાંયડો આપતો નથી. વડલો બધાને વિસામો આપે છે. તું જીવનમાં સદાય આ મોટા વડલા જેવો થજે. તારી છાયામાં આવનાર દરેક આત્માને સદા તું 'હાશ'નો અનુભવ કરાવજે. તનબળ, મનબળ, વચનબળ મળ્યું છે તો તું વડલા જેવો બનજે, પણ તાડ જેવો ન બનીશ. કોઈને પણ હાયનો અનુભવ ન થાય તે સતત ખ્યાલ રાખજે. શિષ્ય તો આ વાત સાંભળી રહ્યો. વાત તો સામાન્ય છે, છતાં તેમાં આખા જીવનનું રહસ્ય આવી ગયું. આપણે આ વાત સદાય નજર સામે રાખવાની છે. વડલા કરતાં પણ આપણી જવાબદારી ઘણી મોટી છે. વડલો બહુ તો શરીરને ઠંડક આપશે જ્યારે આપણે તો સંસારના રાગ–દ્વેષની આગમાં સેકાઈ રહેલા આત્માઓની વિષય કષાયની આગને ઠારવાની છે. એ સામાન્ય કામ નથી. બળબળતા બપોરે વડલો પોતાની છાયામાં આવનારને ભલે હાશનો અનુભવ કરાવે પણ એ અનુભવ કરાવતા પહેલા વડલાને પોતાને કેટલી ગરમી વેઠવી પડે છે ! વડલો ઉપરથી તાપ સહન કરે અને તેની નીચે બેસનારને ઠંડક આપે. સામા જીવોની કષાયોની આગને ઠારવા માટે પહેલાં કેટલું બધું સહન કરવું પડે છે !

આપણી પાસે આવનારને 'હાશ'નો અનુભવ કરાવવા માટે જીવનમાંથી બને તેટલા વિષય કષાયોને ઓછા કરવા પડશે અને વડલા જેવું બનવું પડશે. તાપ સહન કરવા પડશે. ગમે તેવી આંધી અને તોફાનમાં પણ અડગ ઉભા રહેવું પડશે. અરે, કદાચ શરીરના ટુકડે ટુકડા થઈ જાય એવો પ્રસંગ આવે તો પણ ઉપકારો કરતા રહેવું પડશે. આવું જીવન હશે તો આપણી પાસે આવનારને 'હાશ'નો અનુભવ થશે. તાડનું ઝાડ ખૂબ મોટું હોય છે પણ ગરમીના દિવસોમાં એની નીચે જઈને ઉભા રહો તો શીતળતા આપે ખરું ? ના. ઉપરથી કદાચ એનું ફળ પડે તો માથું તોડી નાંખે. આપણું જીવન તાડ જેવું તો નથી ને ? દોષ ભરપુર જીવન તાડના ઝાડ જેવું હોય છે. એ કોઈને 'હાશ'નો અનુભવ તો ન કરાવે પણ 'હાય'નો અનુભવ કરાવ્યા વિના ન રહે. જ્યારે

ગુણયુક્ત જીવન વડલાના ઝાડ જેવું છે. એની છાયામાં આવનાર બધાને એ હાશનો અનુભવ જરૂર કરાવે અને હાયનો અનુભવ સ્વપ્ને પણ ન થવા દે. આપણું જીવન કેવું છે ? વડલાના ઝાડ જેવું કે તાડના ઝાડ જેવું ? હાશ કરાવે તેવું કે હાય કરાવે તેવું ! આજે વર્તમાનમાં બધાનું જીવન જોતાં એમ લાગે કે અનેક આત્માઓને ત્રાસરૂપ બની રહ્યું છે. માનવી પોતાના સુખની સલામતી માટે બીજા કેટલાય આત્માઓને દુઃખ પહોંચાડી રહ્યા છે. પોતાના જીવનને ટકાવવા ખાતર બીજા આત્માઓને મોતને ઘાટ ઉતારી રહ્યા છે. પોતાની શ્રીમંતાઈ સાચવવા બીજા ગરીબ બનતા હોય તો તેની જરાય ચિંતા નથી કે દુઃખ નથી. આપણા મુખ પરના હાસ્યને ટકાવવા બીજાની આંખમાં આંસુ આવે તો તેની પરવા નથી. ટુંકમાં કહેવાનો આશય એ છે કે બીજાના જીવનની હોળી થાય તો ભલે પણ પોતાના જીવનની દીવાળી ઉજવવી છે.

આવું જીવન જીવવાથી જીવન કેટલું ખતરનાક બનશે તેનો જીવને ખ્યાલ નથી. પોતાના સ્વાર્થ માટે જગતના અગણિત જીવો સાથે કેટલી દુશ્મનાવટ કરે છે. આ રીતે જીવન જીવવાથી આ લોકમાં સુખશાંતિ તો નહિ મળે પણ પરલોકમાં પણ સદ્ગતિની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. આવી દોષ ભરેલી જિંદગી બીજા જીવો પર કેવી ખરાબ અસર ઉભી કરે છે. એ જોવા કોઈ તૈયાર નથી. આ વાત ઘણી નાની છે, પણ તેમાંથી આપણને ઘણો બોધ મળે છે. આપણે કેવું જીવન જીવવું, તાડ જેવું કે વડલા જેવું ? હાશ આપવી છે કે હાય આપવી છે ? હાશ આપવી કે હાય આપવી તે વિચારશો.

સોમવારે માસખમણનું ઘર તો રૂમઝુમ કરતું આવી રહ્યું છે. એ આપણી સામે ચેલેન્જ ફેંકીને કહે છે તમે શૂરવીર બનીને કર્મ સામે કેશરીયા કરવા તપના હથિયાર લઈને ઝૂકી જાવ. અનંત ભવોના કર્મોને બાળવા માટે તપ રૂપી ભઠ્ઠી સળગાવજો. આજે આપણા ઉગ્ર તપસ્વી બા.બ્ર. ચંદનબાઈ મહાસતીજીને તેમની સાધનાનો છેલ્લો દિવસ આવી ગયો. તપમાં કેવી સાધના, શાંતિ અને સમાધિ છે ! ગુરૂકૃપાએ અને શાસનદેવની કૃપાએ નિર્વિઘ્નપણે તેમનો તપ પરિપૂર્ણ થયો છે. જેમણે આખો દિવસ સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન સહિત સાધના કરી છે તેમને આપણે કોટી કોટી અભિનંદન આપશું. આપણે તેમના જેવી સાધના કરીએ ને કર્મોના ગંજને બાળીએ તો સાધનામાં સાચા ભળ્યા કહેવાઈએ.

આજે મારા ગુરૂબેન વિદુષી પૂ. જસુબાઈ મહાસતીજીની પુણ્યતિથિ છે. તેઓ ખૂબ જ આદર્શ ઉચ્ચ ચારિત્ર પાળી છેલ્લે સંથારો કરી સંવત ૨૦૧૫ના કઠોર મુકામે સમાધિમય કાળધર્મ પામ્યા છે. તેમના બે શિષ્યાઓ છે. પૂ. ઈન્દુબાઈ મહાસતીજી તથા પૂ. શાન્તાબાઈ મહાસતીજી. બંને સતીઓ ખૂબ વિનયવાન છે. (પૂ. જશુબાઈ મહાસતીજીની જીવનવાહી વૈરાગ્યમય હતી તેની ખૂબ સુંદર રીતે રજુઆત કરી હતી.)

શ્રાવણ સુદ ૪ ને રવિવાર : વ્યાખ્યાન નં-૨૦ : તા. ૨૧-૭-૮૫

બા.બ્ર. ઉગ્ર તપસ્વી પૂ. ચંદનબાઈ મહાસતીજીના ૩૧ ઉપવાસના પારણાનો પ્રસંગ

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત જ્ઞાની ભગવંતો ભવ્ય જીવોને શ્રેયનો માર્ગ બતાવતા કહે છે કે હે આત્મા ! અનંતકાળથી આત્મા પાપકર્મોના પૂંજ એકઠા કરીને ચતુર્ગતિમાં રખડી રહ્યો છે. એ પાપકર્મોના કારણે આત્મા ઉપર હજુ વસંત-ઋતુ સમાન વીરવાણીનું પ્રતિબિંબ ઝળકયું નથી. હવે આ ભવમાં સુંદર શાસન અને પાપને પ્રલય કરે એવી જિનવાણી મળી છે. જો આત્મા એ વાણીને હૃદયંગમ કરે, આત્મઅવલોકન કરે તો વસંતઋતુમાં ખીલેલા વૃક્ષ સમાન એનો આત્મા પુરબહારમાં ખીલી ઉઠે. ભગવાન સૂયગડાંયંગ સૂત્રમાં બોલ્યા છે.

पुरिसो रम पावकम्मुणा, पलियंतं मणुयाण जीवियं ।
सन्ना इह काममुच्छिया, मोहं जन्ति नरा असंवुडा ॥ અ. ૨. ઉ. ૧. ગા. ૧૦

હે આત્મા ! તું પાપકર્મોથી લિપ્ત છે. તેનાથી નિવૃત્ત થઈ જા. મનુષ્યનું જીવન નાશવંત છે. આ સંસારમાં જે મનુષ્યો આસક્ત છે, તથા કામભોગોમાં મૂર્છિત છે તેઓ હિંસાદિ પાપોથી નિવૃત્ત થતા નથી. તેવા આત્મા, મોહના પંજામાં ફસાઈ જાય છે. ભગવાને આ ગાથામાં આત્મસાધનાની સુંદર ચાવી બતાવી છે. હે આત્મા ! જો તારે આત્માની વસંત ખીલવવી છે તો તું પાપકર્મોથી નિવૃત્ત થા. જ્યારે જીવનમાં પાપ અટકશે ત્યારે આત્માની સામે સંસારી ગુણના ગમે તેટલા આકર્ષણો આવશે છતાં આત્મા પર એની અસર નહિ થાય. જ્યારે પાનખર ઋતુ આવે છે ત્યારે લીલાછમ દેખાતાં વૃક્ષો સાવ સુકાઈ જાય છે. તે વૃક્ષ પર ડાળી, પાંદડાં, કાંઈ દેખાતું નથી. તાપથી આકુળવ્યાકુળ થયેલ માનવી તેવા ઝાડ નીચે આવીને બેસે તો તેને વૃક્ષની શીતળ છાયા પણ મળતી નથી. પાનખર ઋતુની વૃક્ષ પર આટલી બધી અસર થાય છે. જ્યારે વસંત ઋતુ આવે છે ત્યારે એ જ વૃક્ષો લીલાંછમ હરિયાળા બની જાય છે. તેની એકેક ડાળી, પાંદડાથી ભરચક બની જાય છે. તેની ડાળીએ કોયલ આદિ પંખીઓ બેસીને પોતાના મીઠા સૂરોથી બાગને ગુંજતો કરી દે છે. તે સમયનું વાતાવરણ ખૂબ તાજગીભર્યું અને આનંદદાયક લાગે છે. તે વૃક્ષ નીચે સેંકડો માણસો આવીને પોતાનો થાક ઉતારે છે. પાનખર ઋતુની કોઈ અસર વસંતઋતુમાં વૃક્ષો ઉપર રહેતી નથી. આપણને વિચાર થાય કે પાનખર ઋતુની અસર એ પડે કે ઝાડ પર એક પણ પાંદડું રહેવા ન દે. જ્યારે વસંતઋતુની કેટલી પ્રચંડ તાકાત, શક્તિ કે એ ડાળી પાંદડાં વિનાના સૂકાયેલા વૃક્ષને ડાળી, પાંદડા, ફળ, ફૂલથી, પૂરબહારમાં ખીલવી દે. પાનખરની કોઈ અસર ત્યારે દેખાતી નથી. વૃક્ષની શુષ્કતાને તોડી નાંખનારી વસંતઋતુ એક વર્ષમાં એક વાર તો આવે જ છે. તો આપણા જીવનમાં કયારેય એવી વસંત નહિ આવી હોય કે પાપ સમાન પાનખરથી શુષ્ક બનેલા જીવનને

ગુણોથી ખીલવી દે. અરે ! અનંતકાળમાં ભમતા આત્માના ગુણોને ખીલવવાની તાકાત ધરાવતી અનંત વસંતઋતુઓ આપણા જીવનમાં આવીને ગઈ હશે પણ એ વસંતઋતુઓની કોઈ અસર આપણા આત્મા પર થઈ નથી.

આપણો આત્મા ભગવાનના સમોસરણમાં પણ ગયો હશે. વસંતઋતુ કરતાં પણ અધિક ભગવાનની દિવ્યદેશના સાંભળી હશે, છતાં આત્મા પર તેની અસર થઈ નથી. એટલે આત્મા હજુ રખડી રહ્યો છે. કેવા કેવા શુષ્ક આત્માઓ આ વસંતના આગમને ખીલી ઉઠ્યા છે. રોહણીયા ચોરે અનિચ્છાએ પ્રભુના વચનો સાંભળ્યા અને તે ખીલી ઉઠ્યો. દૃષ્ટિવિષ ચંડકૌશિક પોતાની દૃષ્ટિના ઝેરથી જીવોને મારી નાખનારો, અરે ! ખુદ ભગવાન મહાવીરને પણ મારવા તૈયાર થયેલો એવો સર્પ વીરપ્રભુના માત્ર " બૂઝ ...બૂઝ ! " એ બે શબ્દોએ આત્માની રોનક બદલાવી દીધી. એક જ વખત પ્રભુ વીરની અમીધારાએ કાકંદીના ધન્નાને કેવો ખીલવી દીધો ! અનાથી મુનિએ માત્ર સંયમી જીવન લેવાનો સંકલ્પ કર્યો અને એ સંકલ્પે તેમને દ્રવ્યથી નિરોગી અને ભાવથી પણ નિરોગી બનાવી દીધા. પાપી પરદેશી રાજા કેશીસ્વામીના સંગથી પવિત્ર બની ગયા. અર્જુનમાળી ભગવાનને પામીને પાપીમાંથી પરમાત્મા બન્યો. આવા શુષ્ક આત્માઓ આ વસંતને પામીને ખીલી ઉઠ્યા. આપણે તો એવા પાપી નથી, છતાં હજુ એવા ને એવા રહી ગયા. અહીં એ વિચાર થાય છે કે આપણામાં શી ખામી છે કે એ આત્માને ખીલવા દેતી નથી.

વસંતઋતુને તો કોઈના પ્રત્યે પક્ષપાત નથી. એ તો નાના છોડવામાં ય તાજગી ભરે છે અને મોટા મોટા વૃક્ષોને પણ લીલાછમ બનાવે છે. છતાં કોઈક વૃક્ષ એવું હોય છે કે જેની બખોલમાં ધીમા તાપે આગ બળ્યા કરતી હોય છે. એ વૃક્ષ વસંતઋતુમાં પણ ઠુંઠા જેવું રહે છે. એના નસીબમાં ખીલવાનું નથી તેમ જે આત્મવૃક્ષના કોટરમાં ધીમી ધીમી ઈર્ષ્યા અને ક્રોધની આગ ભભૂકતી રહે છે, તેનું જીવન વસંત જેવા નિમિત્તો મળવા છતાં ખીલ્યા વિના કરમાઈ જાય છે. પછી ભલે ને હજારો વસંત આવીને જતી રહે. એ કષાય તથા નોકષાયની આગ જો ઉપશમરસના પાણીથી ઠરી જાય તો શુભ સંયોગોની વસંત એના પર પ્રભાવ પાડ્યા વિના રહેતી નથી. વસંતઋતુને જોવા છતાં જે આત્માઓ શુષ્ક, નિરસ અને ક્રોધાદિ જ્વાળામુખીથી બળતા રહેતા હોય તેમના પર વસંતઋતુ પોતાનો પ્રભાવ પાડી શકતી નથી. આપણા શાસનપતિ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી વિચરતા હતા, છતાં દુર્ભાગી આત્માઓ કાલસૂરી કસાઈ, કપીલા-દાસી, મમ્મણ શેઠ એવા ને એવા શુષ્ક રહ્યા. અરે આપણો આત્મા પણ કેટલીય વાર તીર્થંકર ભગવાનનું સાનિધ્ય પામ્યો હશે પણ એ સાનિધ્યને સફળ બનાવી શક્યો નથી. જ્યારે બીજી બાજુ ઘોર હત્યા કરનારા ભગવાનના સાનિધ્યને પામી અલ્પ સમયમાં જગતના વંદનીય, પૂજનીય બની ગયા. કંઈક ભારેકર્મી આત્માઓ ભગવાન જેવા વસંતના સાનિધ્યને પામીને પણ બિચારા સૂકાભઠ વૃક્ષ જેવા રહી ગયા. ચંડકૌશિક કરતા વધારે દયાપાત્ર તો જમાલી હતો. ધનવાન મમ્મણ શેઠ કરતા વધારે નસીબદાર

તો ગરીબ પુણીયો શ્રાવક હતો. વસંતના આગમન સમાન બધા સંયોગો મળ્યા છે. હવે આત્માના ગુણોને ખીલવવા છે કે પછી એવા ને એવા સૂકાભંઠ જેવા રહેવું છે? આ મનુષ્યનું જીવન નાશવંત અને ક્ષણિક છે....છતાં આત્માના ગુણોની ખીલવણી આ જીવનમાં થાય છે, પણ જે આ જીવનની સોનેરી ઘડીને ઓળખતા નથી, પાપોથી નિવૃત્ત થતા નથી, અને કામભોગોમાં આસક્ત રહીને જીવન વીતાવે છે તેનો આત્મા પાનખરમાં શુષ્ક બનેલા વૃક્ષો જેવો રહી જાય છે. આત્મા પર આ વસંતઋતુની કોઈ અસર થતી નથી. પરિણામે તે આત્મા મોહના પંજામાં ફસાઈ જાય છે અને ભવવનમાં ભટકે છે.

જે આત્માઓ વસંતના આગમનને ખીલી ઉઠયા છે તેમના નામ શાસ્ત્રના પાને સુવર્ણાક્ષરે અંકિત થયા છે. એવા આનંદ ગાથાપતિની વાત ચાલે છે તેમની પત્ની શિવાનંદા ખૂબ સદ્‌ગુણી અને સૌમ્ય પ્રકૃતિની હતી. આજે તમારા ધર્મપત્ની તમને લાવતા દેખે છે પણ આ શીવાનંદા લાવતા દેખતી ન હતી, પણ પામતા દેખતી હતી. તમારી પત્ની તમે શું કમાઈને લાવ્યા? મેં મંગાવ્યું હતું તે લાવ્યા કે નહિ? તે જુએ છે. જ્યારે સાચી ધર્મપત્ની તો એ કહેશે કે તમે કંઈ લાવ્યા નથી એમાં રાજી છું, પણ આપ બહારગામ ગયા ત્યારે ઉપાશ્રયે ગયા હતા? ગુરૂ ભગવંતની વાણી સાંભળી હતી! એમ પૂછશે. જો આ રીતે પૂછતી હોય તો સમજજો કે સાચી ધર્મપત્ની છે. બાકી અનંતા સંસારમાં આ સંબંધો બાંધ્યા અને છોડયા તેની કોઈ કિંમત નથી. હવે આત્મા તરફ વળો. તે માટે શું કરવું જોઈએ.

નાનો બાળક તેની માતાને પૂછે છે હે માતા! ત્રણ દિવસ પહેલાં મેં તને દૂધ મેળવતા જોઈ હતી. નાના બાળકો માતાપિતાને જે કરતાં દેખે તે કરવાનું મન થાય. માતા રોટલી વણતી હોય તો રોટલી વણવા બેસે. તમે સામયિક કરવા બેસો તો તમારી સાથે સામાયિક કરવા બેસે. મુહપત્તિ બાંધતા દેખે તો મુહપત્તિ બાંધવા માંગે અને બીડી પીતા દેખે તો બીડી પીતા શીખે. પછી તમે કહો દીકરા! બીડી ન પીશ, તો તે માને ખરો! બાળકો તો તમે જેવું કરતા હો તેવું અનુકરણ કરતા શીખે. નાના હોય ત્યારે ઉપાશ્રયે લાવો તો તમારું જોઈને વંદન કરતા શીખશે પણ સાધુને બદલે સિનેમા દેખાડી છે. પ્રભુની વાતો કરવાને બદલે પીકચરની વાતો કરી છે. ટી. વી. અને વિડિયા બતાવ્યા છે તો પછી તેને સાધુ કયાંથી ગમવાના છે? તેમાં જો છોકરાઓને પીકચરના ગીતો સરસ ગાતા આવડે તો તેની માતા મલકાય કે મારા દીકરાને કેવું સરસ ગાતા આવડે છે! આમાં તેની જિંદગી બરબાદ થઈ રહી છે. નવકારમંત્ર બોલવાનું કહીએ તો ન આવડે, છતાં માબાપને અફસોસ નથી. જે માતાપિતા પોતાના સંતાનોને ધર્મના સંસ્કાર આપતા નથી, ધર્મનું જ્ઞાન આપતા નથી, તે માતા શત્રુ અને પિતા વૈરી છે. ગળા પર છરી ફેરવનાર દુશ્મન જેટલું અહિત કરતો નથી તેના કરતાં અધિક સંતાનોને સંસ્કાર ન આપનાર માતાપિતા તેનું અહિત કરે છે.

નાનો બાળક કહે છે માતા! મેં તને દૂધ મેળવતા જોઈ, તેમાં તેં છાસ નાંખી. દહીં એવું સરસ જામી ગયું કે મને ખાવાની ખૂબ મઝા પડી. તને દહીં મેળવતા જોયા પછી બીજા દિવસે મેં દૂધ મેળવ્યું તો દહીં જામ્યું નહિ. મેં તારી માફક વાસણમાં દૂધ લીધું પછી તેમાં મેળવણ નાંખવા છાસ લઈ આવ્યો, તે છાસ દૂધમાં નાંખી. અને તે મેળવવા પ્રયત્ન કર્યો છતાં તારું મેળવેલું દૂધ દહીં બન્યું અને મારું મેળવેલું દૂધ કેમ દહીં ન થયું? છોકરાની માતા કહે બેટા! તેં મેળવણ નાંખ્યા પછી દૂધનું શું કર્યું હતું? એ તપેલીને સારી રીતે હલાવ હલાવ કરી, તપેલીને હલાવવાથી દૂધ મળે બરું? દૂધ ન મળે. તપેલીને એક જગાએ સ્થિર રાખે તો દહીં મળે.

મેળવણ શાનું નાંખશો? : આ તો દૂધ મેળવવાની વાત કરી. હવે આપણા દૂધની વાત કરીએ. આપણે પણ દૂધ મેળવવું છે. આપણું જીવન એ દૂધ છે. તેને આપણે મેળવવું છે. સમજો. જીવન રૂપી દૂધમાં આરાધના રૂપી મેળવણ નાંખવું છે. આપણા જીવનની કાર્યવાહી સારી હશે, ધર્મઆરાધનાઓથી જીવન ભરચક હશે તેમાં એવું મેળવણ નાંખશો તો સાધના રૂપી દહીં જામી જશે. તમે બધા આરાધના તો કરો છો. કોઈ એક વર્ષમાં સો, કોઈ બસો તો કોઈ રોજની પાંચ સામાયિકો કરતા હશો. પ્રતિક્રમણ, પૌષધ, ચૌવિહાર કરતા હશો. જેવું જોઈએ તેવું મેળવણ તો છે. આરાધનાનું મેળવણ તો બરાબર છે, છતાં દૂધ કેમ નથી જામતું? મેળવણ તો બરાબર નાંખ્યું છે પણ સાથે મનની સ્થિરતા હોવી જોઈએ, તો દહીં બરાબર જામે. દૂધમાં મેળવણ નાંખીને તપેલીને એક ખુણામાં મૂકી દો, ત્યાંથી ઉપાડ ઉપાડ ન કરો તો દહીં જામે છે તેમ જીવનરૂપી દૂધમાં સાધનાનું દહીં જમાવવા માટે મનની સ્થિરતા જોઈએ. પાંચ ઈન્દ્રિયો અને મનને જીતી લેવા જોઈએ. તેના પર બ્રેક લગાવવી જોઈએ. જેથી હલનચલન ન થાય. તમે બે ઘડીની સામાયિક લઈને બેઠા. છ કોટિએ પાપના પચ્ચક્ખાણ કર્યા છે છતાં મન સ્થિર રહી શકે છે બરું? મનના ઘોડાઓ તો કયાંય દોડતા હોય છે. દહીં મેળવવા તપેલીને સ્થિર રાખવી પડે છે તેમ આત્મામાં સ્થિરતા લાવવાની છે.

એક વાત યાદ રાખજો. જીવન રૂપી દૂધ મળ્યું છે પણ મેળવણ વારંવાર નહિ મળે. મન કોને હોય? સંજ્ઞી પંચેન્દ્રિયને. એકેન્દ્રિયમાંથી અકામ નિર્જરા કરતાં કરતાં આગળ વધતાં વધતાં સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવ્યા. અહીં મન મળ્યું. જ્યાં જ્યાં મન મળ્યું ત્યાં ત્યાં આરાધના મળી એવું નથી. જેટલી ગતિમાં ઉત્પન્ન થયા એ બધી ગતિમાં આરાધના, તપ, ધર્મ મળ્યા હતા? ના. આ મનુષ્યગતિ એવી છે કે મન મળ્યું છે, સાથે ભાગ્યોદયે આરાધના પણ મળી છે. ભાગ્યવાન! વિચાર કરો. હવે આત્મામાં ઝોક લગાવો. સંસારમાં કોઈ ને પાંચ લાખની લોટરી લાગે તો તમે તેને ભાગ્યવાન સમજો છો, પુણ્યવાન કહો છો એથી અધિક આ આરાધના તમને મળી એ લોટરી કરતાં પણ વધારે છે. સંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થયો ત્યાં મન મળ્યું પણ બધાને

ધર્મ મળ્યો નથી. અરે, આ મનુષ્ય ભવમાં આવવા છતાં કસાઈના ઘરમાં, જ્યાં ઘોર હિંસાના તાંડવ સર્જાતા હોય, જ્યાં પુણ્ય, પાપનું, ધર્મ-કર્મનું ભાન નથી ત્યાં જન્મ થયો તો આરાધનાનું મેળવણ કયાંથી મળે ? બધા ભવમાં આ મેળવણ નથી મળતું. આ ભવમાં મળ્યું છે તો અહીં આવીને સામાયિક કરવાની કે કોટ-બમીસ પહેરીને બેસવાનું ? આ જિંદગી તો પળ પળ કરતી ચાલી જાય છે માટે સમજીને જીવનની સાધના કરી લો.

ધર્મ આરાધના, જીવનની સાધના, માનવજીવનમાં ન કર વિરાધના,
હો આત્મા હો (૨) શ્રદ્ધાથી કરણી સકામ, મેળવજે મુક્તિનું ધામ....

મહાપુરૂષો કહે છે કે પૂર્વજન્મમાં ઘણા પુણ્ય કર્યા, જબ્બર સાધના કરી ત્યારે આ આરાધના રૂપી મેળવણ મળ્યું છે પણ સંસારના ભોગો. પાંચ ઈન્દ્રિયોના મનગમતા વિષયો પાછળ આ મેળવણને ઓળખી શકતા નથી. સમજો. આરાધનાનું મેળવણ જન્મોજન્મમાં નહિ મળે. આત્મા દેવગતિમાં ગયો ત્યાં વૈભવ, સંપત્તિ, સુખ બધું મળ્યું પણ આરાધનાનું મેળવણ ન મેળવી શકયો. જીવ નરક ગતિમાં ગયો તો ત્યાં તો ભયંકર વેદના છે. પરમાધામીના હાથે કપાયો, છેદાયો, ભેદાયો, અનંતી ભૂખ, તરસ વેઠી છતાં એ આરાધનાનું મેળવણ ન ગણાયું. પરાધીનપણે બધું વેઠયું છે. ત્યાં મન મળ્યું પણ આરાધનાનું મેળવણ ન મળ્યું. અનુત્તર વિમાનના દેવોને ૩૧ હજાર કે ૩૩ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છતાં એ આરાધનાનું મેળવણ ન ગણાય. તિર્યંચ ગતિમાં જીવો પરાધીનપણે દુઃખો વેઠે છે તેમાં કંઈક જીવોને અલ્પાંશે આરાધનાનું મેળવણ મળ્યું છે. અઢીદ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચ શ્રાવક શ્રાવિકાઓ છે પણ અઢીદ્વીપમાં એટલા નથી. તમે મનુષ્યભવમાં આવ્યા. સૂર્યવંશી—નવ વાગ્યા સુધી ઉઠો નહિ ને પચ્ચક્ખાણ પણ ન કરો તો લાભ ન મળે.

પૂ. તપસ્વી ચંદનબાઈ મહાસતીજીએ ૩૧ ઉપવાસની ઉગ્ર તપસ્યા સ્વેચ્છાએ કરી તો કેટલો લાભ મળે છે. સ્વઇચ્છાએ અઠ્ઠમ કરો તો ૨૫ ઉપવાસનો લાભ. અઠ્ઠાઈ કરો તો ૭૮૧૨૫ ઉપવાસનો લાભ. ૧૦ ઉપવાસ કરો તો ૧૯ લાખ, ૫૩ હજાર, ૧૨૫ ઉપવાસનો લાભ. ૧૧ ઉપવાસ કરો તો ૯૭ લાખ, ૬૫ હજાર, ૬૨૫, ઉપવાસનો લાભ. આ રીતે ૧૬ ઉપવાસ કરીએ તો ૩૦ અબજ, ૫૧ કોડ, ૭૫ લાખ, ૭૮ હજાર ૧૨૫ ઉપવાસનો લાભ. જેમ એક ઉપવાસ વધે તેમ પાંચ ગણા કરવાના. બતાવો તમારા વેપારમાં આટલો નફો છે ? કદાચ-નફો મળતો હોય પણ ત્યાં પાપના પોટલા બાંધવાના. ધનને સાચવ્યા કરો, ગણ્યા કરો, પછી કશા શી થશે ?

એક લોભી માણસ પાસે સોનું ઘણું. તેણે સોનાની ઈંટો બનાવી ઘરના ચોકમાં દાટી. તેના પ્રત્યે આસક્તિ, મમતા અને મોહ છે એટલે રોજ રાત્રે ૧૨ વાગે જમીન ખોદે. સોનાની ઈંટો જુવે અને દાટી દે. દરરોજ આમ કરે. એક દિવસ ઈંટોનો ખનખન અવાજ થવાથી પાડોશી જાગી ગયો. છાનામાના જઈને જોઈ લીધું. આખી વાત જાણી

ગયેા. પેલેા લેાભી માણસ દાટીને સૂઈ ગયેા કે તરત તેણે ત્યાં જઈ ને ખાડેા ખેાદીને સેાનાની ઈંટેા લઈ લીધી અને તે જગાએ માટીની ઇંટેા મૂકી દીધી. બીજે દિવસે જોયું તેા સેાનાના બદલે માટીની ઈંટેા જોઈ. પેાક મૂકીને રડવા લાગ્યેા. પાડેાશી કહે–રડીને શું કરવાનું ? તમારે વાપરવું હતું નહિ. રેાજ જોતાં ને રેાજ મૂકતાં હતા. તે ગયું તેા પણ શું ? તમારી મમતા પણ ઓછી નથી. રેાજ નેાટેાના બંડલ ગણેા. અમારી બેનેા પાસે ગમે તેટલા સેટ હેાય તેા પહેરશે તેા એક જ ને ! બાકીના મૂકી રાખવાના ને જોવાના. આસક્તિ જીવને કર્મ બંધાવે છે. સુભૂમ ચક્રવર્તીની તૃષ્ણા પૂરી ન થઈ. તેને મનમાં થયું કે બધા ચક્રવર્તીઓએ છ ખંડ સાધ્યા. હું સાતમેા ખંડ સાધું તેા વિશેષ કર્યું કહેવાય. તેને છ ખંડ ઓછા પડયા કે સાતમેા ખંડ મેળવવા ગયેા. મેળવવા જતાં જ સમુદ્રમાં વચ્ચે મેાતને ઘાટ ઉતરી ગયેા અને સાતમી નરકમાં રવાના થઈ ગયેા. ન છ ખંડની રિદ્ધિ ભેાગવી શકયેા કે ન તેા સાતમેા ખંડ મેળવી શકયેા. મમતા અને મૂર્છા તેમને નરકમાં લઈ ગઈ. પર પદાર્થોની મમતા ઘટાડેા અને આત્મા તરફ વળેા. આત્માની પિછાણ કરેા. આત્માને ઓળખવાની તક મળી છે.

જેઓ આત્માને ઓળખવાના છે એવા આનંદ ગાથાપતિની વાત ચાલે છે. જેમણે સંસાર છેાડયેા એવા ત્યાગી સંતેાના તેા સિદ્ધાંતમાં ગુણ ગવાયા છે પણ અહીં તેા આનંદ શ્રાવકના પણ ગુણ ગાયા છે. તેમને કુટુંબ, પત્ની, પુત્ર, પરિવાર માલ-મિલકત બધું હતું, છતાં સિદ્ધાંતમાં તેમનેા નંબર કેમ લાગ્યેા ? તેમને આરાધનાનું મેળવણ મળ્યું હતું એનેા ઉપયેાગ તેમણે કેવેા કર્યો ? પાંચ ઇન્દ્રિયેા અને મન ઉપર કેટલી બ્રેક મારી તેા આરાધનાના મેળવણથી સાધના રૂપી દહીં મેળવી લીધું. તે વાત પછી આવશે. પૂ. ચંદનબાઈ મ. એ ૩૬ ઉપવાસ કર્યા. તેમણે આહાર સંજ્ઞા ઉપર બ્રેક મારી, તેા આટલી મહાન સાધના કરી શકયા. કેાઈ પણ કાર્યમાં બ્રેક માર્યા સિવાય સિદ્ધિ ન થાય. એક ન્યાયથી સમજાવું.

તમારા ચાલુ જમાનાની વાત કરીએ. તમે ગાડી લઈ ને રસ્તા પરથી જઈ રહ્યા છેા. ગાડી પુર ઝડપે જઈ રહી છે. ઘરવાળા બધા તેમાં બેઠા છે. ગાડી ચલાવનાર ડ્રાઈવર ખૂબ કાબેલ અને હેાંશિયાર છે. ગમે તેટલા માણસેાની ભીડ હેાય છતાં તેમાંથી સાચવીને મેાટર લઈ જતેા કે જેથી અકસ્માત કે એકસીડન્ટ થવાનેા ભય ન રહે. ગાડી ઝડપથી જઈ રહી છે. આજે તમારું જીવન પણ ઝડપી થઈ ગયું છે. બધે ઝડપી, ઝડપી ને ઝડપી. જો તમારી પાસે ખનખનીયા હેાય તેા અમદાવાદ જવું હેાય તેા પણ પ્લેનમાં જાવ ગાડીમાં ન જાવ, કારણ કે જલ્દી જવું છે. ટાઈમ બચાવવેા છે. તમે ટાઈમ તેા ઓળખેા છેા પણ કયાં ? સંસારમાં. સંસારના ભેાગેામાં અને સંસારના કાર્યોમાં. મેાટરનેા ડ્રાઈવર ખૂબ કુશળતાથી ગાડી ચલાવી રહ્યો છે. ગાડી ફૂલ સ્પીડમાં જઈ રહી છે. ડ્રાઈવર બાજુમાં બેઠેલા મિત્ર સાથે વાતચીત કરી રહ્યો છે. ભલે વાત કરતેા હેાય પણ ગાડી ચલાવવામાં ખૂબ ચતુર છે એટલે વાંધેા ન આવે.

બ્રેક અને એક્સીલેટર શું કામ કરે છે ? : ગાડી સ્પીડમાં જઈ રહી છે. ત્યાં અચાનક દૂરથી ૧૦ થી ૧૫ છોકરાઓનું ટોળુ જોયું. તે છોકરાઓ ઝડપથી દોડીને રસ્તો ઓળંગતા હતા. ગાડીનું ઝડપી જવું છે ને છોકરાઓનું ઝડપી આવવું છે. તે ટોળું એકદમ નજીક આવી ગયું. જો મોટર અટકાવવામાં ન આવે તો તે પંદરે છોકરાઓનો કચ્ચરઘાણ વળી જાય તેમ હતું. છોકરાઓનું ટોળું નજીક આવી રહ્યું હતું એ જોઈને ડ્રાઈવર મોટર અટકાવવા બ્રેક દબાવવા ગયો. બ્રેક પર પગ મૂક્યો, પણ કોણ જાણે શું આશ્ચર્ય થયું કે મોટર અટકી તો નહિ પણ ડબલ સ્પીડમાં દોડવા લાગી. પરિણામ જે આવવાનું હતું તે આવ્યું. પંદર છોકરાઓના ટોળા પર મોટર ફરીવળી. ચાર પાંચ છોકરાઓ તો ત્યાં ને ત્યાં મરી ગયા અને બીજા છોકરાઓ ઘાયલ થયા. તે બધાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા. ડ્રાઈવરને પણ થોડું વાગ્યું. ડ્રાઈવર વિચારમાં પડી ગયો. હું પગથી બ્રેક મારવા ગયો ને આમ કેમ થયું ! એક્સીડન્ટ થતાં આજુબાજુના લોકો અને છોકરાઓના સગા બધા ભેગા થઈ ગયા. બધાએ ભેગા થઈ ને તેને ખૂબ માર માર્યો. તેની બેહાલ દશા કરી. તેને કહેવા લાગ્યા, હરામખોર ! મોટર ચલાવતા નહોતી આવડતી તો ઘરે બેસી રહેવું હતું ને ! આ રીતે ગાળો દેવા લાગ્યા ! ગાડીમાં બેઠેલા શેઠ પણ વિચાર કરવા લાગ્યા કે મારો ડ્રાઈવર તો ગાડી ચલાવવામાં ખૂબ કુશળ છે. તે કયારેય ભૂલ કરે નહિ ને આ શું બની ગયું ! ડ્રાઈવરના દિલમાં પણ ખૂબ આઘાત છે કે મારાથી આ પાપ કેમ થઈ ગયું ? બધાએ ડ્રાઈવરને પકડી લીધો અને પોલીસને સોંપી દીધો. કોર્ટમાં તેના પર કેસ ચાલ્યો. તેને પૂછયું કે તેં ગાડી કેવી રીતની ચલાવી કે એક્સીડન્ટ થઈ ગયો. તેમાં પાંચ છોકરા મરી ગયા છે. અમુક ઘાયલ થયા છે. તે સાચું છે ? ડ્રાઈવર કહે હા–હા, કહેતાં તેની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. તે નિર્દય ન હતો, તેનામાં દયા અને કરૂણા ભરેલા હતા. તેં ગાડી કેવી રીતે ચલાવી કે છોકરા બલાસ થઈ ગયા ને બીજા ઘાયલ થયા. સાહેબ ! આપની વાત બરાબર છે પણ મારી મોટી ભૂલ થઇ ગઈ છે. તે છોકરાઓને દોડતા આવતા જોયા એટલે તેમને બચાવવા માટે હું બ્રેક પર પગ મૂકવા ગયો પણ એ પગ બ્રેક પર મૂકવાને બદલે ભૂલમાં *બ્રેકની બાજુમાં રહેલા એક્સીલેટર પર પગ* મૂકાઈ ગયો હોવો જોઈએ, પછી ગાડી કંટ્રોલમાં આવે કયાંથી ? હું પગ મૂકવા ગયો બ્રેક પર અને ભૂલમાં ઉતાવળથી મૂકાઈ ગયો એક્સીલેટર પર. મારી આ ભયંકર ભૂલના કારણે મોટર રોકવાને બદલે મોટર ડબલ સ્પીડમાં દોડવા લાગી. પરિણામે આ છોકરાઓનો એક્સીડન્ટ થતાં તેમાં કચરાઈ ગયા. બસ આ એક નાની પણ ભયંકર ભૂલે આ ન ધારેલું પરિણામ આવ્યું. મેં ગૂનો કર્યો છે એ સાચું છે. આપને જે શિક્ષા કરવી હોય તે કરો. ડ્રાઈવરે રડતી આંખે પોતાની ભૂલ કબૂલી. આ વાત સાંભળનારા બધા છક થઈ ગયા. એક નાની ભૂલનું કેવું ભયંકર પરિણામ આવ્યું ?

અત્યારના જમાનામાં આવા કેટલાય કિસ્સાઓ બની રહ્યા છે. આપણે તો આ

વાત જીવન સાથે ઘટાવવી છે. તમારા જીવનની ગાડી પણ ઝડપી જઈ રહી છે, તમારી ઇચ્છાઓ, આશાઓ, તૃષ્ણાઓ કેટલી ઝડપથી આગળ વધી રહી છે. એક ઇચ્છા પૂરી ન થાય ત્યાં બીજી ઇચ્છા, અસંતોષની આગ લાગી રહી છે. તે મેળવવા માટે પાપનું સેવન થઈ રહ્યું છે. સદાચાર, માનવતા, ધર્મ બધું ભૂલી જાય છે. વિચાર કરો. જૈન તરીકે તમને આ બધું શોભી રહ્યું છે ? તમારી ઇચ્છાઓ એકસીલેટરની જેમ આગળ વધી રહી છે. હું પૈસાવાળો શ્રીમંત કેમ બનું ? જેમ લાભ મળતો ગયો તેમ લોભ વધતો ગયો. પહેલાં તમારું મુખ નાનું હતું હવે પહોળું થઈ ગયું છે. યાદ રાખો–ગમે તેટલું ભેગું કરશો પણ સાથે કેટલું લઈ જવાના ?

જવાના જવાના સૌએ જવાના, ભવની સફરમાં સાથે શું લઇ જવાના;
ગાડી ને વાડી, બંગલા મઝાના, મૂકીને જવાના માલ બજાના....

મહાપુરૂષો ટકોર કરે છે કે કોઈ આજ તો કોઈ કાલ, મોડું કે વહેલું બધાને જવાનું એ જવાનું છે. તો જશો ત્યારે ભવની સફરમાં સાથે શું લઈ જશો ? તમારા મેળવેલા પૈસા, સંપત્તિ, વૈભવો, બંગલા કોઈ સાથે આવવાના નથી પણ તેના પ્રત્યે રાગ રાખી મમતા કરી જે કર્મો બાંધ્યાં તે સાથે આવવાનાં. ત્યાં કોઈ ભેદભાવ નથી કે કોઈ ભાગીદારી નથી. પુત્ર માટે કે પત્ની માટે કર્મો કર્યા હોય પણ ભોગવવા તો તમારે પડશે.

એકસીલેટર કયાં લગાડવાની જરૂર છે ? : તમે શું કરી રહ્યા છો ? માસ-ક્ષમણનું ઘર દિવ્ય સંદેશો લઈ ને આવ્યું છે. પ્રમાદને દૂર કરી જાગ્રત બનો. માસ-ક્ષમણની ઉગ્ર સાધના કરવા તૈયાર થાઓ. દાન, શીયલ, તપ ને ભાવ. તેમાં તપ શબ્દ આવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમાં પણ તપ શબ્દ આવે છે. અને સાધુનો ૧૦ પ્રકારનો યતિધર્મ છે તેમાં પણ તપ આવે છે. આત્મકલ્યાણના માર્ગમાં એક એવો માર્ગ નથી કે જેમાં તપ શબ્દ ન આવતો હોય, માટે તપની અવશ્ય જરૂર છે. આહાર સંજ્ઞા પર બ્રેક મારો. તમને તપ કરવાનું કહીએ તો કહેશો કે મેં ગયા વર્ષે કરી લીધું. મેં આટલી આરાધના કરી. જ્યાં તપ કરવાની કે ધર્મ કરવાની વાત આવે ત્યાં બ્રેક મારો છો અને જ્યાં બ્રેક મારવાની છે ત્યાં એકસીલેટર લગાવો છો. તપ કરવામાં, સાધના, આરાધના કરવામાં બ્રેક ન મારો પણ એકસીલેટર લગાડો અને સંસારની પાપની ક્રિયા-ઓમાં બ્રેક મારો.

આરાધના કરવા માટે સાધનાના જીવનમાં પ્રત્યેક સાધકે આ વાત ખાસ યાદ રાખવા જેવી છે. મનનો ઉપયોગ બે રીતે થઈ શકે છે બ્રેક તરીકે તેનો ઉપયોગ થઈ શકે છે. અને એકસીલેટર તરીકે પણ તેને અપનાવી શકાય છે. જો યોગ્ય સમયે તેનો ઉપયોગ થાય તો જીવને તેના નિશ્ચિત સ્થાને પહોંચાડી દે અને જો તેનો ઉપયોગ કરવામાં જરા ભૂલ થઈ તો આ ડ્રાઈવરની જેમ ભયંકર હોનારત સર્જી દે છે, માટે જ્યારે જ્યારે સંસારની કોઈ ઇચ્છાઓ મનમાં ઉઠે ત્યારે એના ઉપર બ્રેક મારો પણ જીવની દશા અવળી છે. ત્યાં બ્રેક મારવાને બદલે એકસીલેટર

દબાવીએ છીએ અને આરાધના કરવાની વાત આવે ત્યારે એકસીલેટર દબાવવાના બદલે આપણે બ્રેક દબાવીએ છીએ. ડ્રાઈવરે તો એક વાર ભૂલ કરી તેનું પરિણામ કેવું ભયંકર આવ્યું ? આપણે તો જીવનમાં કેટલી વાર ભૂલો કરીએ છીએ. ડ્રાઈવરે બ્રેક મારવાના બદલે એકસીલેટર પર પગ મૂકી દીધો તો એકસીડન્ટ થઈ ગયો આપણે શું કરીએ છીએ ? તૃષ્ણાઓ, ચાર સંજ્ઞાઓ, કષાયો પર બ્રેક મારવાના બદલે એકસીલેટર લગાડીએ છીએ તેમાં આત્માને કેટલું નુકસાન થાય છે ! તેમાં આત્માના ગુણનો નાશ થાય છે અને કર્મની કોર્ટમાં દાખલ થવું પડે છે, પરિણામે નરકની અનંતી વેદના અને તિર્યંચોમાં દુઃખ ભોગવવા જવું પડે છે. અઢળક સંપત્તિ હોય, ધોમ સાહ્યબી હોય, સંપત્તિની છોળો ઉછળતી હોય છતાં મનમાં અશાંતિ, ઉકળાટ રહ્યા કરે છે. સંપત્તિના ઢગલામાં પણ શાંતિનો અનુભવ થતો નથી. તેનું કારણ એક જ છે કે ઇચ્છાઓ પર બ્રેક મારવાને બદલે એકસીલેટર દબાવીએ છીએ તેથી તે ઘટવાને બદલે વધતી જાય છે. વધતી જતી એ ઇચ્છાઓને પૂરી કરવા માટે અનેક પ્રયત્નો કરો છો તેથી આગ શાંત થવાને બદલે વધતી જાય છે.

આ મનુષ્યભવ આપણને આરાધના કરવા માટે મળ્યો છે. આ સંસાર તો વિષચક્ર છે. તેમાંથી બચવા માટે રોજરોજ આરાધના વધારતા જવાનું છે. તેમાં એકસીલેટર લગાડવાનું છે. એટલે આરાધના કરવામાં એકદમ ઝડપ વધે. એ ઝડપ જેટલી વધારતા જઈશું એટલા આ સંસારના વિષચક્રથી જલ્દી મુક્ત થઈ જશું. વાસના ઉપર બ્રેક મારતા રહેશો તો વિષચક્રમાં ફસાશો નહીં. સુભૂમ ચક્રવર્તી ઇચ્છાઓ પર બ્રેક મારવાને બદલે એકસીલેટર દબાવી બેઠો તો કેવી દશા થઈ ? નરકની ઘોર વેદનાઓ અને ત્રાસ ભોગવવા ચાલ્યો ગયો. આરાધના કરવા માટે આ મહામૂલ્યવાન જીવન મળ્યું છે. તેમાં જો આરાધનાનું મેળવણ નાંખશો તો સાધનારૂપી દહીં બરાબર જામી જશે. આરાધનાના મૂલ્યવંતા જીવન પર એકસીલેટર દબાવવાના બદલે બ્રેક લગાવી દેવાથી અને ઇચ્છાઓ પર બ્રેક મારવાને બદલે એકસીલેટર દબાવવાથી આત્માને ભયંકર નુકસાન થાય છે. મોટર ચલાવવામાં ડ્રાઈવર ભૂલ કરે તો એકાદ બે જીવોને ખતમ કરી દેશે પણ સાધનામાં જો ભૂલ થઈ તો આત્માનો અનંત સંસાર વધી જશે, માટે જ્ઞાની કહે છે કે સમજો. ઇચ્છાઓ પર બ્રેક લગાવતા જાઓ અને આરાધનાઓ પર એકસીલેટર દબાવતા જાઓ. આહારસંજ્ઞા પર બ્રેક મારો અને તપ કરવામાં એકસીલેટર લગાડો. સનતકુમાર ચક્રવર્તીને ભયંકર સોળ રોગ થયા. તપના પ્રભાવે એમને એવી લબ્ધિ પેદા થઇ હતી કે તેમનું થુંક જો શરીરે ચોપડે તો રોગ મટી જાય.

मलं स्वर्णगतं वन्हि, हंस क्षार गतं जलम् ।
यथा पृथक्क रोत्ये व, जन्तोः कर्म मलं तपः ।

જેમ સુવર્ણમાં રહેલ મેલને અગ્નિ દૂર કરે છે અથવા દૂધમાં રહેલ પાણીને હંસ જુદું પાડે છે તેમ તપ જીવોના કર્મરૂપી મેલને જુદો પાડે છે. ભવોના સંચિત કરેલાં

કર્મો તપથી નાશ થાય છે. તપ એ કલ્પવૃક્ષ સમાન છે. મોક્ષસુખ એ તેનું ફળ છે. અન્ય દર્શનોમાં પણ સાધકો વિદ્યાસિદ્ધિ માટે જંગલમાં જઈને તપ કરતા હોય છે. રાવણે વિદ્યાસિદ્ધ કરવા માટે કેટલા વર્ષો સુધી તપસાધના કરી ત્યારે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ, પણ તે તો સંસારના સુખો આપનારી અને શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવાની લૌકિક સાધના હતી. આત્મલક્ષે કરેલી સાધના કર્મોને બાળે છે. તપરૂપી દાવાનળથી કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય અને આત્મા નિર્મળ-પવિત્ર બને છે. ભયંકર રોગો પણ તપથી નાબૂદ થાય છે. આ જીભને રસના ચટકા બહુ ગમે છે, માટે રસેન્દ્રિય પર બ્રેક મારવાની છે. કહેવત છે કે જેણે જીભ જીતી તેણે જગત જીત્યું ! જે જીભને જીતે તે તપ કરી શકે. ભોગનો ત્યાગ કરી બ્રહ્મચર્યમાં આવો. વાસના પર બ્રેક મારો. આ ધર્મની આરાધનાનું મેળવણ જન્મોજન્મમાં વારંવાર નહીં મળે. આ ભવમાં મળ્યું છે તો એનાથી સાધનારૂપી દહીં બરાબર જમાવી લો. પૂ. ચંદનબાઈએ મેળવણ બરાબર મેળવ્યું તો ૩૧ ઉપવાસની સાધના રૂપી દહીં થયું. બીજા ચારેક બેનોને તપશ્ચર્યા ચાલુ છે. નિયમા તીર્થંકર બનનાર અને મોક્ષમાં જનાર આત્માએ પણ કર્મો ખપાવવા માટે ઉગ્ર તપશ્ચર્યાઓ કરી છે. તપમાં અપૂર્વ શક્તિ છે.

આ તપસ્યા ....રેઆત્માને હિતકારી (૨)
આનંદકારી, મંગલકારી, મુક્તિના સુખોને દેનારી...

મહાઠઠીન કાર્યો પણ તપ કરવાથી સિદ્ધ થાય છે. તપ એ આત્માને હિતકારી છે. અનંતા ભવોના કર્મોને એક ઝાટકે ખંખેરનાર તપ છે. તપ કરવાથી આત્મા નિર્મળ બને છે, ઇન્દ્રિયોનું દમન થાય છે. તપ કરો, કરાવો અને અનુમોદન આપો. આત્મસાધનાના કાર્યોમાં અનુમોદના આપવાથી ખૂબ લાભ થાય છે. સંસારના કાર્યોની અનુમોદના જીવને પાપના પુંજ એકઠા કરાવે છે. કૃષ્ણ વાસુદેવે કયાં સંયમ લીધો છે ! સંયમની દલાલી કરી છે. તેમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. તે ભગવાનના સમોસરણમાં જતાં ત્યારે નાના સંતોને જોઈને રડી પડતા. અહો ભગવાન ! મને આ અવસર કયારે આવશે કે હું સંસાર છોડીને દીક્ષા લઉં ! તમે કયારેય આવી ચિંતવણા કરી છે ખરી ? કયાંથી થાય ? રાત દિવસ વિચારો સંસારના, ધંધાના હોય પછી એ જ વિચારો આવે ને ! સ્વપ્ના પણ એના જ આવે.

કાલે માસખમણના પારણાનો પવિત્ર દિવસ છે. તપ કરવા માટે જગાડવાની સીટી વગાડે છે. હવે જાગૃત બનો. જીવનો મૂળ સ્વભાવ અણાહારકનો છે. એ પદને પામવા માટે તપની અવશ્ય જરૂર છે. તપ કરવાની તાલીમ લીધી હશે તો અંતિમ સમયે સંથારો કરી શકાય. જીવનરૂપી દૂધમાં આરાધનાનું મેળવણ નાંખશું અને તેમાં સ્થિરતા કેળવશું તો સાધનાનું દહીં બરાબર જામી જશે. તે માટે તૃષ્ણાઓ, ઇચ્છાઓ વાસનાઓ પર બ્રેક મારવી પડશે અને તૃપ્તિ, સંતોષ, નિર્વિકાર ભાવ પર એકસીલેટર દબાવશું તો જીવનની ગાડી સાધનાના ક્ષેત્રમાં પૂરઝડપે આગળ વધી શકશે. આજે પૂ. ચંદનબાઈ મહા-

સતીજીને ૩૧ ઉપવાસ પૂર્ણ થાય છે. તો આપ બધા ૩૧ દિવસના સારા સારા પ્રત્યાખ્યાન લેજો. ચંદનબાઈ મહાસતીજી ફરી ફરીને તેઓ આવી સાધના કરતા રહે, તપ ત્યાગથી તેમનું જીવન દેદીપ્યમાન બનાવે એ જ આપણા સહુના અંતરના આશીષ છે અને અભિનંદન છે.

શ્રાવણ સુદ ૫ ને સોમવાર : વ્યાખ્યાન નં-૨૧ : તા. ૨૨-૭-૮૫

આપણા શાસનપિતા પ્રભુ મહાવીરસ્વામીએ ઘાતીકર્મોને ખપાવવા માટે અદ્‌ભુત પુરૂષાર્થ ખેડયો, અઘોર તપ સાધના કરી, કેટલા પરિસહો અને કષ્ટો વેઠયા !

सूरो संगाम सीसे वा, संवुडा तत्थ से महावीरे।
पडिसेवमाणे फरुसाइ, अचले भगवं रीइत्था । આ. અ. ૯ ઉ. ૩, ગા. ૧૩

જેવી રીતે કવચથી સુસજ્જિત વીર સુભટ યુદ્ધના મોખરે રહેવા છતાં શસ્ત્રોથી છિન્નભિન્ન થતા નથી. એવી રીતે ધૈર્ય અને ક્ષમા રૂપી કવચથી સુરક્ષિત ભગવાન અનેક પરિસહો, ઉપસર્ગની સામે ઝઝૂમતા જરા પણ વિચલિત ન થયા. તો તે આત્મામાંથી પરમાત્મા બની ગયા. તમારી સામે એક વાત રજુ કરું. પરમાત્મા અને પારસમણી આ બંને એક રાશીના શબ્દો છે. એ બેમાં તમને કોણ વહાલું ? સાચું બોલજો. જો હોઠેથી બોલશો તો પરમાત્મા કહેવાના, પણ હૈયાથી કહો તો પારસમણિ. મને રાજી કરવા પરમાત્મા કહેશો પણ તમારે રાજી થવું હોય તો પારસમણિ કહેશો. બંનેમાં શું વહાલું તે સમજાવું. પારસમણિ માટે તો મારે સમજાવવું પડે તેમ નથી. તમે પારસમણિને જોયો નથી પણ સાંભળ્યું છે કે તેની શક્તિ આટલી છે ? લાખો મણ લોખંડ હોય તો પણ તેને સોનું બનાવવાની તાકાત તેનામાં છે. વિચારો, તમારી પાસે લોખંડની તલવાર છે. જે તલવાર બીજાના મસ્તક ઉડાડી દે છે. તે તલવારને પારસમણિનો સ્પર્શ કરાવવામાં આવે તો તલવાર સોનાની બની જાય. આ તો તલવાર હતી પણ ધારિયું કે ગમે તે લોખંડનું શસ્ત્ર હોય તો તે સોનું થઈ જાય. હું તમને પૂછું કે લોખંડની તલવાર પારસના સંગથી સોનાની બની પણ પારસમણિની એ તાકાત છે કે સોનાની તલવાર કોઈનું ગળું નહિ કાપે, હવે કોઇની હિંસા નહિ કરે, કોઈ જીવને મારશે નહિ કે મસ્તક ઉડાવશે નહિ ! એ તો કોઈ ને મારે તો તેના ધડ અને મસ્તક જુદા કરી નાંખે, પછી તે લોખંડની હોય કે સોનાની હોય ! જ્યારે પરમાત્મા પાસે જીવોની હિંસા કરનારા, ખૂન કરનારા પાપી જીવો ગયા તો તે જીવો પુનિત બની ગયા. હિંસક મટી અહિંસક બન્યા. ખૂનીમાંથી મુનિ બન્યા. શયતાનમાંથી સંત બન્યા, રાગીમાંથી વીતરાગી બની ગયા. પાપી ઉપર પરમાત્માની અમીદૃષ્ટિ પડી, તેમના વચનામૃતો હૃદયમાં આરપાર ઉતરી ગયા તો પાપી પવિત્ર બની ગયા. અરે, તેમના જેવા બની ગયા. તમારા પારસમણિમાં છે આ તાકાત ! બોલો, હવે કોણ વધારે સારું ? પરમાત્મા. જે આપણું ભવોભવમાં હિત કરાવે, પણ રાત દિવસ તમારી રટણા, ભૂખ, ઝંખના કોની છે ? પારસમણિની.

પથ્થર જેવા પૈસા અને પારસ જેવા પ્રભુ....બેમાં કોણ તમને વહાલું, બોલો પૈસા કે પ્રભુ ?

તમને એમ થાય કે સંતો પાટે બેસી ગયા એટલે તેમને પૈસાની કયાં જરૂર છે ! અમારે તો પૈસા વગર ચાલે કયાંથી ? તમને પૈસા ખૂબ વહાલા છે પણ એ પૈસાનું પોટલું બાંધીને ફરો તો એવું બરું કે રોગ નહિ આવે અથવા રોગ હશે તો મટી જશે ? હા, રોગ માટે દવાની સહાય લેવી પડે તો તેમાં પૈસા સહાયતા કરશે પણ પૈસા ન તો રોગ મટાડી શકે કે ન તો દુર્ગતિ અટકાવી શકે. સમજી લો. અંતરમાં દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યે અખૂટ શ્રદ્ધા જાગે તો પરમાત્માના સંગથી પાપી પુનિત બની જાય. પરમાત્માનો સ્પર્શ થવાથી આત્મા પરમાંથી સ્વમાં આવ્યો, તેમાં સંદેહ નહિ પણ શ્રદ્ધા થઈ છેવટે પ્રભુના વચનામૃતોને જીવનમાં અપનાવી આરાધનાનું મેળવણ નાંખ્યું તો બેડો પાર થઈ ગયો.

પ્રભુના વીર વચને જીવનમાં આરાધનાના મેળવણથી જેનો બેડો પાર થવાનો છે એવા આનંદ ગાથાપતિનો અધિકાર ચાલી રહ્યો છે. આનંદ ગાથાપતિને શિવાનંદા નામની ડાહી, ગુણીયલ, સદ્‌ગુણી પત્ની છે. તે પતિમાં અનુરક્ત છે. તેને પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ ભોગો મળ્યા છે, છતાં તેમાં આસક્ત નથી બનતી. તે સમજતી હતી કે આ જીવન પાણીના પરપોટા જેવું છે. આ દીપક કયારે બૂઝાઈ જશે એની ખબર નથી. માટે જીવનમાં સત્કાર્યો કરી લેવા જોઈએ. આ સંપત્તિ, ધન તો આજે છે ને કાલે નથી. ધન એ પીવાની દવા નથી પણ ચોપડવાની દવા છે. જ્યારે ધર્મ એ પીવાની દવા છે, પણ ચોપડવાની દવા નથી. તમે શું કરી રહ્યા છો ? આનાથી વિપરીત માની રહ્યા છો, યાદ રાખો. તમારે કોના જેવું થવું છે ?

સૂપડા જેવા બનશો કે ચાળણી જેવા ? : તમારી પાસે બે વસ્તુ મૂકું છું. એક સૂપડું અને બીજી ચાળણી. તમે કોના જેવા બનશો ? સૂપડા જેવા કે ચાળણી જેવા ? (શ્રોતા–સૂપડા જેવા) તમે સૂપડામાં શું જોઈ ગયા ? (શ્રોતા–તે નકામો કચરો કાઢી નાંખે અને રાખવા જેવું રાખે.) આ દુનિયામાં જીવો બે પ્રકારના છે. કેટલાક સૂપડા જેવા અને કેટલાક ચાળણી જેવા. આ બંનેના સ્વભાવમાં આકાશ પાતાળનું અંતર છે. તમે સૂપડામાં કોઈપણ વસ્તુ નાંખો તો સૂપડું એક બે ઝાટકે ફેંકી દેવા જેવા માલને ફેંકી દે છે અને રાખવા જેવા માલને પોતાની પાસે રાખે છે. જ્યારે ચાળણી રાખવા જેવા માલને ફેંકી દે છે અને કચરાને પોતાની પાસે અંદર રાખે છે. આ તો સૂપડું અને ચાળણીની વાત કરી. સૂપડું અને ચાળણી બંને જડ છે સૂપડાને એવું જ્ઞાન નથી કે હું સારું સારું ગ્રહણ કરું અને ફેંકી દેવા જેવું ફેંકી દઉં. એ તો એનું કર્તવ્ય કરે છે. ચાળણીને પણ એ જ્ઞાન નથી કે હું સારું સારું કાઢી નાંખું છું અને કચરો મારામાં રાખું છું. આપણું જીવન સૂપડા જેવું છે કે ચાળણી જેવું ?

જે જીવો સૂપડા જેવા છે તેની પાસે ગમે તેટલા માણસો આવે, સારા આવે અને બરાબ આવે, ધર્મીષ્ઠ આવે, દાનવીર આવે, ગુણવાન આવે તે શૂરવીર આવે, પણ તેની

એ વિશેષતા છે કે તેમનામાં જે ગુણો હોય તે ગુણોને જુવે પણ અવગુણને ન જુવે. તે સમજે છે કે છદ્મસ્થ જીવ ભૂલને પાત્ર છે. એટલે કોઈ અવગુણ તો હોય પણ મારે તેના દોષ તરફ દૃષ્ટિ કરવાની શી જરૂર ! ભલે એકાદ અવગુણ હોય પણ સાથે ગુણો કેટલા છે ! કદાચ કોઈનામાં હજારો અવગુણો હોય તો અવગુણો તરફ ન જોતાં તેનામાં રહેલા એકાદ ગુણને જુએ. દુર્ગુણ તરફ એની દૃષ્ટિ ન જાય. દરેક વ્યક્તિમાં કોઈ ને કોઈ ગુણ તો હોય જ. સૂપડા જેવા જીવો પોતાના સંપર્કમાં આવતા જીવોમાં કે પોતાના ઉપયોગમાં આવતી વસ્તુઓમાં જે દોષો હોય તેને બહાર કાઢી નાંખે છે અને જે સારા તત્ત્વો હોય છે તેને પોતાની પાસે રાખે છે. જે જીવો ચાળણી જેવા છે તે સામી વ્યક્તિમાં હજાર ગુણ હોય અને એક અવગુણ હોય તો અવગુણને જુવે અને ગુણો તરફ ઉપેક્ષા કરે. કોઈ ભાઈએ ચાલીસ પચાસ હજારનું દાન કર્યું તો જે જીવો ચાળણી જેવા છે તેઓ શું કહેશે ? તેના આ પૈસા બે નંબરના છે. બે નંબરના પૈસા વધી જાય તો પછી મૂકે ક્યાં ? દાન ન કરે તો શું કરે ? ભલા, તું તો દાન દઈ શકતો નથી. અને દાન દે તેના માટે આવું શા માટે બોલે છે ? તે ભોજશોખમાં લાખો રૂપિયા વાપરી શકે છે પણ ધન પ્રત્યેની મૂર્છા છૂટી તો દાન કર્યું ને ! ચાળણી જેવા જીવો આવું બોલે. ગુણીના ગુણ ન દેખે પણ અવગુણ તરફ જુવે. તે સામી વ્યક્તિમાં અને વસ્તુઓમાં રહેલા સારા સારા તત્ત્વોને બહાર ફેંકી દે અને ફેંકી દેવા જેવા તત્ત્વોને પોતાના મનમાં સંધરી રાખે. આવા જીવો પોતાનું કલ્યાણ કરી શકતા નથી.

સૂપડા જેવા જે ગુણવાન આત્માઓ છે તે દાતાર વ્યક્તિઓ માટે શું બોલે ? તેમને મળ્યું છે તો ઉદાર ભાવે ઉમળકાભેર વાપરી રહ્યા છે. ધન્ય છે તેમને ! પરિગ્રહની મમતા છોડી તો દાન કર્યું ને ! મને પણ એવો અવસર ક્યારે આવે કે હું દાન દઈને જીવનનું ભાથું બાંધું ! સૂપડા જેવો આત્મા ક્યારે પણ તેના અવગુણ નહિ બોલે, છતાં તેનો આત્મા પ્રભુ પાસે પોકાર કરે કે હે પ્રભુ !

જ્યારે જ્યારે મળું ગુણીજનને, વળગે અવગુણ આ મારા હૃદયને,
જોવા દે ના ગુણો એ ગુણીના, ઢાંકે પરદો એ મારા નયનનો,
આ પનોતી મને પજવ્યા કરે....હો એક અવગુણ.

સૂપડા જેવો આત્મા બધે ગુણ જોશે. અવગુણમાં પણ તે ગુણ જોશે. જો આપણી દૃષ્ટિ બીજાના દોષો તરફ જતી હોય, બીજાની ખામીઓ આપણને દેખાયા કરતી હોય તો સમજી લેવું કે આપણે ચાળણી જેવા છીએ. આવું જીવન આ લોક તો બગાડશે, પણ પરલોકને પણ બગાડયા વિના નહિ રહે. જો આપણી દૃષ્ટિ બીજાના ગુણો તરફ જતી હોય, તેની ખામીઓને બદલે ખૂબીઓ દેખાતી હોય તો સમજવું કે આપણે સૂપડા જેવા છીએ. આ ગુણદૃષ્ટિ હોય તો સમજવું કે માર્ગાનુસારી બનવાની લાયકાત મારામાં બીલી છે. જ્યારે માર્ગાનુસારીના ગુણો જીવનમાં આવે છે ત્યારે તેના જીવનના વર્તનનું પરિવર્તન થઈ જાય છે. તેનું આખું જીવન પલટાઈ જાય છે. માર્ગાનુસારીના ૩૫ ગુણ

છે તેમાં એક ગુણ છે પોષ્યપોષણ. પોષ્ય એટલે પોષણ કરવાનું. પોતાની પત્ની, પુત્ર, પુત્રી, પરિવારનું પોષણ કરો એમાં કાંઈ વિશેષતા નથી. કારણ કે એ બધા પ્રત્યે રાગ–ભાવ છે પણ તમારા સગામાં જેના કોઈ રખેવાળ નથી એવા જીવોને પોષણ આપો. એ આપણું કર્તવ્ય છે. સગાંસંબંધી, સ્વજનો, ભાઈ, બેન, કાકા, મામી, આદિ કુટુંબનું ન્યાયના માર્ગે રહીને પોષણ કરો તો સમજવું કે માર્ગાનુસારીનો ગુણ મારામાં આવ્યો છે. જેનામાં પોષ્ય પોષણ ગુણ હશે તે માત્ર પેટ ભરું નહિ હોય. તે જમતા એવો વિચાર કરશે કે મારી બાજુમાં વસતો કોઈ ભૂખ્યો તો નહિ હોય ને ! હું જમ્યો એટલે બધા જમ્યા એવું નથી. તેનું દિલ કોમળ હોય. તેના હૃદયમાં અનુકંપા હોય, તેમના ચિત્તની સમાધિ જળવાઈ રહે તે માટે આપઘાતના માર્ગે જવાનો કયારેય વિચાર ન જાગે તે માટે તેમનું પોષણ કરવું એ માર્ગાનુસારીનો પોષ્ય ગુણ છે. એક બનેલી કહાણી છે.

રમેશ અને અશોક બે જીગરજાન મિત્ર. રમેશ અમદાવાદમાં રહેતો હતો. અશોક રાજકોટમાં રહેતો હતો. અશોક કોઈ કોઈ વાર રમેશને મળવા જાય. જ્યારે અશોક આવે ત્યારે એની આગતા સ્વાગતા કરવામાં રમેશ અડધો અડધો થઈ જાય. રમેશ નાસ્તિક હતો, તે ધર્મને માનતો ન હતો. તે તો એમ જ કહેતો हत्थागया इमे कामा આ યુવાની શા માટે ? હાથમાં આવેલા કામભોગો ભોગવી લેવા દો. કોણ જાણે પરલોક છે કે નથી ? માટે જે સુખો, સંપત્તિ મળ્યાં છે તે ભોગવવામાં આ જીવનની કિંમત છે તે એમ માનતો. અશોક ધર્મિષ્ઠ હતો. તે માનવજીવનની કિંમત સમજતો હતો. તે સવાર સાંજ પ્રતિક્રમણ કરતો, ચૌવિહાર કરતો, સંતોની વાણી સાંભળતો. રમેશ ધર્મને માનતો ન હતો તે તેના મનમાં ખૂબ ખટકતું હતું. મારો જીગરજાન મિત્ર તે શું મરીને દુર્ગતિમાં જાય ? ન જવો જોઈએ. અશોક પત્રમાં પણ રમેશને શિખામણ આપતો. રમેશ પત્ર વાંચીને ફાડી નાંખતો. તે તેના પત્રનો જવાબ ન આપે. છેવટે પત્ર લખતો બંધ થઈ ગયો. અશોકના મનમાં થયું કે પાંચ પાંચ વર્ષ થયા છતાં રમેશ મળવા પણ નથી આવ્યો. કે તેનો પત્ર પણ નથી આવ્યો. લાવ, હવે હું જાતે જ તેને મળવા જાઉં. તે મને બોલાવતો નથી. તેનો પત્ર નથી તો એ જે સ્ટેઈજ પર હતો તેનાથી ઊતરે એવા સ્ટેઈજ પર ગયો હશે ! જઈને જોઉં તો ખરો ! તેથી તેને તાર કર્યો. હું રાજકોટથી આ ગાડીમાં નીકળીને આવું છું. રમેશે તાર વાંચ્યો. પત્નીને કહે છે ! પાંચ વર્ષે મારો મિત્ર અશોક આવે છે એટલે હું સ્ટેશને લેવા જઈશ.

રમેશ સ્ટેશને ગયો. અશોક ગાડીમાંથી નીચે ઊતર્યો. રમેશે તેને આવકાર્યો. કેમ દોસ્ત ! આવી ગયો ! મજામાં છે ને ! રમેશને સ્ટેશને આવેલો જોઈને આશ્ચર્ય પામી ગયો. બંને મિત્રો લાંબા સમયે ભેગા થયા એટલે બંનેને ખૂબ આનંદ થયો. અશોક રમેશને જોતાં થંભી ગયો. કયાં પાંચ વર્ષ પહેલાં જોયેલો રમેશ અને કયાં અત્યારનો રમેશ ! રમેશે તેની બેગ લઈ લીધી. અશોક મનમાં વિચાર કરે છે કે જે હંમેશા સૂટ, પેન્ટ, ટાઈ પહેરતો, સતત હાંસી મશ્કરી કરવાવાળો ! તેના બદલે આજે જુદું દેખાય

છે. શું આ રમેશનો અવાજ છે! તેના મનમાં શંકા થઈ. આ રમેશ હશે કે નહિ? અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. જે દરરોજ મોઢામાં પાનના બીડા ચાવતો; ફેશનેબલ કપડાં પહેરતો તેના બદલે આજે સાવ સાદો ડ્રેસ પહેર્યો છે. બમીશ અને લેંઘો તે પણ ઈસ્ત્રી વગરના છે, પગમાં બૂટ મોજાં નથી પહેર્યાં, ચંપલ પહેર્યાં છે, તે પણ સાવ હલકી કિંમતના છે, કપડા પણ સાદા અને હલકા છે. શું તેની સ્થિતિ સાવ ધસાઈ ગઇ હશે! શું એકાએક ધંધામાં ખોટ આવી હશે તેથી આવી સાદગી અપનાવવી પડી હશે! ગમે તે હોય પણ કંઈક છે.

અશોકની વધતી જતી શંકા : બંને મિત્રો ગાડીમાં બેસીને ઘેર આવ્યા. જોયું તો આલિશાન બંગલો છે. જાતજાતનું નવું ફર્નિચર છે. ઘરની રોનક તો ખૂબ દેખાય છે. મનમાં અશોકે જે વિચાર કર્યા હતા તે આ બંગલો જોતાં જતા રહ્યા. જો તેની સ્થિતિ ધસાઈ ગઈ હોય તો આ બંગલા ન હોય. અહીં તો કોઇ કમીના નથી. જો તે દેવાદાર હોય તો આવા ઠાઠમાઠ ન હોય. લક્ષ્મી તો છે, છતાં કેમ એ આવા સાદા વેશમાં ફરતો હશે? રમેશે અશોકને ચાપાણી કરાવ્યા. તેની સારી રીતે આગતા–સ્વાગતા કરી. બપોરે જમવાનો ટાઈમ થયો. અશોક માટે ચાંદીની થાળી, વાટકો, લોટો અને ગ્લાસ મૂક્યો અને પોતાના માટે પિત્તળની થાળી મૂકી. અશોક આ જોતાં સજ્જડ થઈ ગયો. રમેશની સ્થિતિ તો જેવી હતી તેવી સારી છે. તો જ ચાંદીની થાળી, વાટકા, હોય પણ તેણે પોતાના માટે પિત્તળની થાળી કેમ મૂકી? અશોકના ભાણામાં પાંચ પાંચ પકવાનો, ફરસાણ બધું પીરસાયું, જ્યારે રમેશના ભાણામાં રોટલી અને શાક, તે પણ મશાલા વગરના. અશોક આ બધું જોતાં ઓગળી ગયો. પૈસાનો તૂટો નથી પણ આમાં કાંઈ કારણ લાગે છે. સાંજે જમીને ઉઠયા પછી બંને મિત્રો ફરવા ગયા. અશોકની પૂછવાની હિંમત ચાલતી નથી કે આ બધું આમ કેમ? ફરીને ઘેર આવ્યા. રાત પડવા આવી. રમેશ કહે મિત્ર! હવે સામાયિક પ્રતિક્રમણ કરજે. તારે સૂવાનો આ રૂમ છે. તેમાં પલંગ ઢાળેલો પડયો છે. પ્રતિક્રમણના સાધનો પણ અહીં પડયા છે. હું બહાર જઈને આવું છું. ક્યારે આવીશ? આવીશ, અશોકની શંકા વધતી ગઈ. મને મૂકીને ક્યાંના કેમ થઈ ગયો?

તમારો મિત્ર તો દેવનો અવતાર છે : અશોકના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા. દશ વાગ્યા છતાં ન આવ્યો. રમેશ હજુ કેમ ન આવ્યો? તે બહાર જતો થઈ ગયો હશે. અશોક તો સૂઈ ગયો. સવારે સામાયિક પ્રતિક્રમણ કરીને નવકારશીનો ટાઈમ થયો ત્યાં રમેશ આવ્યો. રમેશ આવતાં પહેલા અશોકથી હવે રહી શકાયું નહિં એટલે રમેશની પત્નીને પૂછે છે ભાભી! રમેશ રાત્રે ક્યાં જાય છે? તે શું કયાંય કામ કરવા જાય છે? ના. તો તે રાત્રે ક્યાં રહે છે? તે આજે જ ગયો કે રોજ જાય છે? રમેશની પત્ની કહે, તેઓ રાત્રે ઘેર રહેતા નથી, તો ભાભી, તમે તેને કંઈ કહેતા

કેમ નથી ? પત્ની સમજી ગઈ કે મારા પતિ માટે મિત્રને શંકા-કુશંકા થઈ છે એટલે કહે છે-તમારો મિત્ર તો દેવનો અવતાર છે. તેમના માટે કોઈ જાતની શંકા ન કરતા. અશોક આ સાંભળતા સ્તબ્ધ થઈ ગયો. ભાભી ! રમેશને દેવનો અવતાર કેવી રીતે કહો છો ? રમેશની પત્નીએ કહ્યું, તમને તે માટે અનેક તર્ક વિતર્ક થાય છે પણ તમારા મિત્ર હવે નાસ્તિક નથી રહ્યા, તે ધર્મ પામી ગયા છે. તેમણે સત્સંગ કર્યો. ગુરૂદેવે માર્ગાનુસારીના ગુણો સમજાવ્યા. તેમાં પોષ્ય પોષક ગુણ વિશે સુંદર સમજાવ્યું. તેમણે બધું ગ્રહણ કર્યું. ગ્રહણ કર્યા પછી તે ગુણને અપનાવવાનો અવસર આવી ગયો.

પોષ્ય ગુણને આચરવાની તક : ૧૨ મહિના પહેલા મારા ડિયર હાર્ટએટેકમાં અચાનક ગુજરી ગયા. લગ્ન બાદ અઢી વર્ષમાં તે ગુજરી ગયા. તેમણે મને કહ્યું- આપણો ભાઈ તો ગયો પણ તેની ૨૧ વર્ષની નવયુવાન પત્નીને મૂકતો ગયો છે. કર્મના વિપાકો વિચિત્ર છે. આવા કરૂણ પ્રસંગ પછી પણ જો મારા અને તારા જીવનમાં મોજ-શોખો ચાલુ રહે તો તારી આ નાની દેરાણીના જીવન પર કેવી અસર થાય ? કદાચ આપઘાતનો રસ્તો પસંદ કરવાનું પણ તેને મન થાય ! આવું કાંઈ ન બને અને તેનુ ચારિત્ર સચવાઈ રહે, તે માટે જો તારી ઈચ્છા હોય તો આપણે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારી લઈ એ, સાથેસાથ નાટક સિનેમા, મેવા-મીઠાઈ-ફરસાણ બધું છોડી દઈએ. શ્વેત કપડાં પહેરવાના. મારા ખાતર નહિ પણ તારી સગી બેન સમાન દેરાણીના ચારિત્ર ખાતર પણ તું મારી વાતનો સ્વીકાર કરીશ એવો મને વિશ્વાસ છે. આપણા ત્યાગથી તેને પ્રેરણા મળશે. પોષ્ય ગુણને જીવનમાં આચરવાની આ તક આવી છે. તે દિવસથી અમે આ બધો ત્યાગ કર્યો છે. મારી દેરાણીને સહકાર રૂપ બનવા અમે પોષ્ય ગુણ અપનાવ્યો છે. આ સાંભળતા અશોકની આંખમાં આંસુ આવી ગયા. ધન્ય છે તમને ! હું ધર્મસ્થનો બિલ્લો લઈને ફરું છું, સામાયિક પ્રતિક્રમણ કરું છું, વ્યાખ્યાન સાંભળું છું, છતાં મારા જીવનમાં કાંઈ ગુણ નથી આવ્યા. ઉપલક ધર્મ કરું છું. વ્યાખ્યાન હું સાંભળું છું અને રમેશે પણ સાંભળ્યું. સ્વાતિનક્ષત્રનું પાણી કારેલા પર પડે તો કડવાશ વધે, મરચાં પર પડે તો તીખાશ વધે અને માછલીના પેટમાં પડે તો સાચું મોતી બને, તેમ વીરવાણીનું પાન અમારા બંનેના દિલમાં પડયું છે પણ રમેશે માછલીની જેમ ગ્રહણ કર્યું, તો રમેશ સાચો રમેશ બની ગયો. તેના અંતરમાં ગુણોના મોતી બની ગયા.

રમેશની પત્ની અશોકને કહે છે પછી તમારા મિત્રે મને કહ્યું-આપણે બંને યુવાન છીએ. હું ૩૮ વર્ષની છું. તું ૩૬ વર્ષનો છે. સાથે રહેતા કોઈ વાર મનમાં વિકાર જાગે, કારણ કે કહ્યું છે કે **"જેમ કુર્કટ બચ્ચાને બિલાડીનો સદા ભય; તેમ છે બ્રહ્મચારીને સ્ત્રીના સંસર્ગનો ભય,"** કુર્કટ બચ્ચાને બિલાડીનો સદા ભય રહે છે તેમ બ્રહ્મચારી આત્માઓને સ્ત્રીના સંસર્ગનો ભય રહે છે, તેથી ભગવાને સાધકને કહ્યું-હે મારા સાધક ! તું એકાંતમાં સ્ત્રીની સાથે બેસીશ નહિ તેથી એ દરરોજ

રાતના ઓફીસે સૂવા જાય છે અને હું અને મારી દેરાણી સાથે સૂઈ જઈએ છીએ. આ સાંભળતાં અશોકની આંખમાંથી દડદડ આંસુ પડયા. પોતાના મિત્ર અને મિત્ર પત્નીના આ અદ્‌ભૂત પરિવર્તનથી તેનું દિલ હચમચી ગયું. તે તરત રમેશ અને તેની પત્નીના પગમાં પડયો. ભાભી ! આપ મને એવા આશીર્વાદ આપો કે મારા જીવનમાં કર્તવ્ય-પાલનનો આવો પ્રસંગ આવે ત્યારે મારામાં આપના જેવું સત્ય પ્રગટે. તે દિવસથી અશોકનું જીવન પણ સુધરી ગયું. કેવી અદ્‌ભૂત બોધદાયક વાત છે ! બીજાની સમાધિ ખાતર પોતાના જીવનની તમામ વાસનાઓનું બલિદાન આપવા સુધીની તૈયારી રાખનારા વિરલાઓ આ જગતમાં હજુ છે.

સ્થિતિસંપન્ન માણસો જો આ પોષ્ય-પોષણના ગુણને જીવનમાં અપનાવે તો અત્યારે ચારે બાજુ દેખાતી અનેક પ્રકારની વિષમતાઓ સ્વાભાવિક રીતે દૂર થઈ જાય. આ ગુણને આત્મસાત્ કરવા માટેનો સરળ ઉપાય એ છે કે અત્યાર સુધી આપણી જીવન-પદ્ધતિ સ્વકેન્દ્રિત હતી. મને બીજા કેટલા ઉપયોગી થઈ શકે છે એ વિચાર હતા. તેના બદલે હું બીજાને કેટલો ઉપયોગી થઈ શકું છું ! આ વિચારને જીવનમાં અપનાવી લઈએ તો પરમાર્થના કાર્યો વધુ ને વધુ થતાં રહે. પોષ્ય પોષણ ગુણના પાલનમાં એક વાત ખાસ યાદ રાખજો કે જેના ભરણ-પોષણની જવાબદારી તમારા માથે છે ત્યારે હું આ લોકો પર અહેસાન કરી રહ્યો છું, તેવા ભાવ ન આવે તે લક્ષ રાખજો. પોષ્ય પોષણ ગુણને આત્મસાત્ કરવાની જનાવરના ભવમાં આવી કોઈ તક નથી. જનાવર પાસે આવો કોઈ વિવેક નથી. એટલે તેની પાસે કોઈ લાંબી અપેક્ષા રખાય નહિ. કીડી તેના મુખમાં સાકરનો કણિયો લઈને જતી હોય, રસ્તામાં તેને બીજી કીડીઓ મળે તો પોતે ભૂખી રહીને એમને પોતાનો સાકરનો કણીયો આપી દેતી નથી. જ્યારે માનવ પાસે તો વિવેક દૃષ્ટિ છે. પોતે જાતે ભૂખ્યા રહીને પણ બીજાને જમાડે. તેમાં તેને આનંદ હોય. જાતે પ્રતિકૂળતા વેઠીને પણ બીજાને અનુકૂળતા કરી આપે, સમાધિ દાન દ્વારા મને સમાધિ મળશે એમ તે જાણે છે. એટલા માટે તેના જીવનમાં રહેલી અનેક આત્માઓને સમાધિ આપવાની તાકાત આ પોષ્યપોષણ ગુણના પાલનમાં ખીલી ઉઠે છે. એક વાર જો પરમાર્થ કરવાની ટેવ પડી જાય, બીજાને સહાયક થવાની વૃત્તિ જો જીવનમાં પ્રગટી જાય તો પછી તેના જીવનમાં અસમાધિ થવાની શક્યતા ખાસ રહેતી નથી. જો મળેલી સંપત્તિને પોતાના માટે સલામત રાખવાની ભાવના હોય અને બીજાને સહાયક થવાની ભાવના ન હોય તો સમાધિ ટકવી મુશ્કેલ છે. અતિ સંગ્રહ કરવાના કુસંસ્કારો શારીરિક અશાતા થઈ હોય તો ત્યાં પણ અસમાધિ ઉભી કરી દે છે.

એક વખત એક વેપારીને તાવ આવ્યો. તાવ ઉતરતો નથી. એટલે તેની પત્ની ડોકટરને બોલાવી લાવી. ડોકટરે આવીને તાવ માપ્યો. ડોકટરના મુખ ઉપરથી તે ભાઈની પત્નીએ અનુમાન કર્યું કે તાવ વધારે હોય એવું લાગે છે. એટલે પત્ની પૂછે છે કેટલો તાવ છે ? ડોકટરે કહ્યું, ૧૦૪ ડીગ્રી તાવ છે. આ સાંભળતા પેલો વેપારી શું કહે છે

૧૦૫ થાય એટલે વેચી નાંખજો. જેવી રટણા હોય તેવું યાદ આવે છે. રાત્રે સૂતા હોય તો સ્વપ્ના પણ વેપારના આવે. એક વેપારીએ રાતમાં સ્વપ્નામાં સૂતા સૂતા કામળી ફાડી નાંખી. સ્વપ્નામાં એ જોયું કે વેપારી માલ લેવા આવ્યો છે. તેને કાપડ ફાડી આપું છું. એ રટણામાં પોતાની કામળી ફાડી નાંખી. સવારે ઉઠ્યા ત્યારે ખબર પડી. અરરર....આ શું કર્યું ? તમારા ધંધાના સંસ્કાર તો જુઓ ! પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રગટ થયા વિના રહેતા નથી. જીવનમાં પરમાર્થના કાર્યો શરૂ કર્યા પછી તો તેની પરંપરા એવી ચાલશે કે મૃત્યુની અનંતી વેદનામાં સૂતા હશો તો પણ બીજાને પરમાર્થના કાર્યો કરવાની ભલામણ કરશો. આ પોષ્ય પોષણનો ગુણ આવે તો સમજવું કે હું માર્ગાનુસારીના પગથીયે ચઢ્યો છું. આ ગુણ બીજાને પ્રિય બનાવશે અને આત્માની સમાધિ અપાવશે. આનંદ ગાથાપતિ અને શિવાનંદાનું જીવન ભગવાનનો ભેટો થતાં સ્ફટિક જેવું નિર્મળ બની જશે. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : "રત્નસુંદરીને રૂપનો ગર્વ" : પુણ્યસાર ગુરૂકૂળમાં ભણે છે. ત્યાં નગરશેઠની દીકરી રત્નસુંદરી પણ ભણવા આવે છે. તેને રૂપનું, ધનનું, જ્ઞાનનું ખૂબ અભિમાન હતું. પુણ્યસાર ખૂબ નમ્ર છે. પુણ્યસારને નીચો પાડવા માટે આ રત્નસુંદરી તેની પાસે આવીને ગમે તેમ બોલવા લાગી છતાં પુણ્યસાર કાંઈ ન બોલ્યો એક દિવસ રત્નસુંદરી પુણ્યસારની સાથે વાદે ચઢી તેણે પહેલો પ્રશ્ન એ કર્યો કે હે પુણ્યસાર ! રૂપ અને સૌંદર્યમાં તફાવત શો ? એ બંનેમાં મહત્ત્વ કોનું વધારે ? તેને રૂપનું અભિમાન છે. એટલે પ્રશ્ન કેવો કર્યો ? પુણ્યસારને થયું કે આની સાથે વાત કરવા જેવી નથી, પણ એ મને પૂછે છે એટલે જવાબ તો આપવો પડે ને ? પુણ્યસારે કહ્યું–રૂપ કરતાં સૌંદર્યનું મહત્વ વધારે છે. તો તમે રૂપ કોને કહો છો અને સૌંદર્ય કોને કહો છો ? જે મનમાં વિકાર પેદા કરાવે, દેહના રોમાંચને ભડકાવે અને આત્માને અધઃપતનના રસ્તે લઈ જાય તે રૂપ છે, અને જે આત્માનો વિકાસ કરાવે તે સૌંદર્ય. તમે મને શેમાં ગણો છો ? રૂપમાં કે સૌંદર્યમાં ? આગળ વાત થઈ ગઈ કે રૂપ વિકાર પેદા કરાવે અને અધઃપતનના રસ્તે લઈ જાય એટલે પૂછે છે. પુણ્યસાર કહે–તું રૂપમાં છે. તો મારું રૂપ જોઈને તમે ઉંચા નીચા થઈ જતા હશો ? ના....જરાય નહિ, હું કાંઈ પાગલ નથી કે તારા રૂપમાં ગાંડો બનું. તારા જેવા તો કંઈક રૂપને મેં પગ નીચે ચગદી નાંખ્યા છે. પુણ્યસારના આ શબ્દોથી રત્નસુંદરીને પોતાનું હડહડતું અપમાન થતું લાગ્યું. તે કહે છે તમે મને શું કહેવા માંગો છો ? પુણ્યસારે કહ્યું–તમારું અભિમાન કાઢી નાંખો. અભિમાન કોઈના ટક્યા નથી ને ટકવાના નથી. તે દિવસે તો રત્નસુંદરી કાંઈ બોલ્યા વગર ચાલી ગઈ પણ મનમાં ગાંઠ વાળી કે હવે પુણ્યસારને હરાવું ત્યારે મારું નામ રત્નસુંદરી. અઠવાડિયું ભણવા ન આવી; પછી આવી.

રત્નસુંદરી પુણ્યસારને કહે છે કે જગતમાં પહેલા પુરૂષ ઉત્પન્ન થયો કે સ્ત્રી ઉત્પન્ન થઈ ? આત્માની ઉત્પત્તિ કયારથી થઈ ? આવા ૧૦ પ્રશ્નો કર્યા. પુણ્યસાર કાંઈ બોલ્યો નહિ. તે સમજતો હતો કે આની સાથે વાદવિવાદ કરવામાં કાંઈ સાર નથી.

જ્ઞાનીએ કહ્યું છે ૨૨ જણા સાથે વાદ ન કરવો. (૧) ધનવંત સાથે (૨) બળવંત (૩) ઘણા પરિવાર (૪) તપસ્વી (૫) હલકા માણસ (૬) અહંકારી (૭) ગુરૂ (૮) સ્થિવર (૯) ચોર (૧૦) જુગારી (૧૧) ક્રોધી (૧૨) જુઠાબોલા (૧૩) કુસંગી (૧૪) રાજા (૧૫) શીત લેશ્યાવાળા (૧૬) તેજુ લેશ્યાવાળા (૧૭) મોઢે મીઠાબોલા (૧૮) દાનેશ્રી (૧૯) જ્ઞાની (૨૦) ગણીકા (૨૧) બાળક (૨૨) રોગી સાથે.

પુણ્યસારે કાંઈ જવાબ ન આપ્યો એટલે કહે છે તમને આટલું અભિમાન છે તો કેમ બોલતા નથી ? તમારી પંડીતાઈ આટલી જ ને ? જવાબ દેવાની તાકાત હોય તો મારા પ્રશ્નોના ઉત્તર આપો ને ! ત્યારે પુણ્યસારે કહ્યું–તમારી સાથે વાદવિવાદ કરવામાં શો સાર ? વાદ ડાહ્યા માણસો સાથે થાય, સરખે સરખા સાથે થાય. ગમે તેમ તોય સ્ત્રીની બુદ્ધિ તો પાનીએ ! આખર તો તમે એક પુરૂષની દાસી બનવાના ને ! દહીંનું વલોણું કરીએ તો માખણ નીકળે પણ પાણીના વલોણામાંથી શું મળે ? કાંઈ નહિ, માટે મારે તમારી સાથે વાદ કરવો નથી. રત્નસુંદરી તો બગડી. શું તું મને દાસી બનાવવા માગે છે ? તો તું એ વાતમાં બાંડ બાજે. અરે, સ્ત્રી ગમે તેવી હોંશિયાર હોય તો પણ એના લગ્ન થાય એટલે એ પતિની દાસી ગણાશે. તો યાદ રાખજે કે હું બીજાને પરણીશ પણ તને તો નહિ પરણું. રત્નસુંદરીએ ગમે તેમ બોલવા માંડયું. એટલે પુણ્યસારનો પિત્તો ગયો.

જો તુજ એવું અભિમાન છે, તો તુજને કરું મુજ રાણી,
લાલા જો હું નિશ્ચયે નર બરો, તો ઉતારું તુજ પાણી.

તને એટલું બધું અભિમાન છે તો હવે હું તને પરણીશ. તું મારી રાહ જોઈને બેસી રહેજે. તને પરણશે મારા પગની જુત્તી. જુત્તી શું પરણે ! હું તો તને જ પરણીશ અને તને મારી દાસી બનાવીશ, અને પાણી ઉતારીને બતાવી દઈશ. રત્નસુંદરી કહે–પ્રીત પરાણે થતી નથી; તો પછી પરણવાની વાત કયાં ? આ સુંદરી ગુસ્સામાં તુંકારા કરવા લાગી. પુણ્યસારે કહ્યું–તું જોઈ લેજે કે તું મને પરણે છે કે નહિ ? હું તને બતાવી દઈશ કે હું કંઈક છું. બંને વટમાં આવી ગયા. આ બંને વચ્ચે તો મોટો ઝગડો થઈ ગયો. એક ડાહ્યો છોકરો આવીને કહેવા લાગ્યો. પુણ્યસાર ! આવી ખોટી માથાકૂટ શા માટે કરો છો ? આપ છૂટા પડી જાવ. ગુરૂદેવ જાણશે તો શું કહેશે ? પુણ્યસાર ત્યાંથી છૂટો પડી ગયો. તેના મનમાં એ ખટકારો થયો કે બસ, હવે હું તેને પરણીને બતાવી દઉં ! હવે ત્યાં શું બનશે તે અવસરે.

શ્રાવણ સુદ ૬ ને મંગળવાર વ્યાખ્યાન નં-૨૨ તા. ૨૩-૭-૮૫

રાગદ્વેષના વિજેતા, મોક્ષમાર્ગના પ્રણેતા, જૈનશાસ્ત્રનના નેતા એવા ભગવાન ફરમાવે છે.

समावन्नाण संसारे, नाणागोत्तासु जाइसु ।
कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभया पया ॥ ઉત્ત. અ. ૩. ગા. ૨

અનાદિ અનંતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આ પરિભ્રમણ કરાવનાર કોણ છે ? આ સંસારમાં જીવ અનેક પ્રકારના કર્મો કરીને વિવિધ ગોત્રવાળી જાતિઓમાં જાય છે અને એક એક કરીને સારા સંસારમાં કયારેક અહીં તો કયારેક બીજે ઉત્પન્ન થઈને આખા લોકમાં જન્મ મરણ કરે છે. અનંતકાળના કુસંસ્કારોના કારણે અસંખ્ય કાળના કર્મોના ઢેરના ઢેર આત્મપ્રદેશો પર અડકાયા છે, તેના કારણે જીવ ચતુર્ગતિ સંસારમાં રખડી રહ્યો છે. જે ગતિમાં એ ગયો છે તે ગતિમાં મોટાભાગે તેણે પાપકર્મો કર્યા છે. કુસંસ્કારો અને કર્મોની વૃદ્ધિ થાય તેવા કાર્યો તેણે કર્યા છે કારણ કે તે ભવોમાં તેની પાસે આત્મકલ્યાણ કરાવે એવી બીજી સારી કોઈ મૂડી નહોતી. તેની નજર સામે માત્ર વર્તમાનકાળ હતો. સંજ્ઞી પંચેન્દ્રિયમાં ગયો ત્યાં પાંચ ઇન્દ્રિયો અને મનની અનુકૂળતા હતી. એ અનુકૂળતા મેળવવા માટે જે કાંઈ કરવું પડે તે બધું એણે કર્યું છે. કંઈક વાર તો સાવ નિર્દય અને ક્રૂર બની ગયો છે ! અરે, વિશ્વાસઘાતી પણ બન્યો છે. તો ભયંકર ક્રોધી પણ બન્યો છે. કષાયદુષ્ટ અને વિષયદુષ્ટ પણ બન્યો છે. આ સ્થિતિમાં અનંત ગુણના સ્વામી એવા આત્મા પાસે એક નાનામાં નાના ગુણની અપેક્ષા રાખવી કેટલી કઠીન કહેવાય ?

આ વર્તમાનકાળમાં અતિ દુર્લભ એવી ધર્મસામગ્રી આપણને મળી ગઈ છે. જો એનો યોગ્ય સદુપયોગ કરવામાં આવે તો સત્તામાં રહેલા અનેક ગુણો પ્રગટ થયા વિના ન રહે. એક પણ ગુણ આપણે નવા નથી મેળવવા જવાના. આત્મામાંથી પ્રગટ કરવાના છે, આત્માના ગુણોની આડે આવી ગયેલા દોષોને આપણે રવાના કરવાના છે. જેમ જમીનના અંદરના ભાગમાં વહેતા પાણીના ઝરણાં ઉપર પથ્થર આવી જાય તો એ ઝરણાંનું પાણી બહાર નીકળી શકતું નથી, પણ જેવો એ પથ્થરને દૂર કરીએ કે તરત પાણી બહાર આવે છે, તેમ આત્માના અનંત જ્ઞાનાદિ અનંત ગુણોની આડે આ દોષો આવી જવાથી એ ગુણો પ્રગટ રૂપે દેખાતા નથી, પણ જેવા એ દોષો દૂર થવા લાગશે કે તરત અપ્રગટ રૂપે રહેલા ગુણો પ્રગટ થવા માંડશે. એટલે એક અપેક્ષાએ એમ કહી શકાય કે આધ્યાત્મિક જગતમાં મેળવવા કરતાં છોડવા તરફ વધુ લક્ષ રાખવાનું છે, કારણ કે મેળવવા જેવા ગુણો તો સત્તામાં પડેલા છે. તેને પ્રગટ ન થવા દેનાર દોષોને છોડવાના છે. જેવા દોષો જશે એવા ગુણો પ્રગટ થવાના છે.

સંસારમાં જેમ કોઈની પાસેથી વસ્તુ છોડાવવી હોય તો જેમણે વસ્તુ પકડી છે તેની ભયંકરતા તેમને સમજાવવી પડે. એ રીતે જો છોડી ન શકે તો તેઓએ પકડેલી વસ્તુ કરતાં વધુ કિંમતની વસ્તુ તેમની સામે મૂકવી પડે. નાના બાળકના હાથમાંથી બરાબ પદાર્થો છોડાવવા હોય તો કાં તો એને એ પદાર્થોની ભયંકરતા સમજાવો. કદાચ નાનો બાળક એ ન સમજી શકે તો તેની સામે રમકડાં લાવીને મૂકી દો. રમકડાં આવતાં તેના હાથમાંથી તે બરાબ પદાર્થો છૂટી જશે. આધ્યાત્મિક જગતમાં પણ આ જ વાત લાગુ પડે છે. જો જીવોને દોષોથી છોડાવવા હોય તો કાં તો એને દોષોના સેવનથી

આત્માને થતા નુકશાનો બતાવો, એના કટુવિપાકો સમજાવો. જો એ ન થાય તો ગુણોના પાલનથી થતા અનેક લાભો બતાવો. તો જરૂરથી દોષમુક્ત બની શકાશે અને જીવનમાં ગુણોની ભરતી આવશે.

આનંદ ગાથાપતિની પત્ની શિવાનંદા ખૂબ ગુણવાન છે. તેમને ત્યાં સંપત્તિ, વૈભવો છે પણ સાથે એકતા છે. સંપત્તિ હોય પણ એકતા ન હોય તો તેના જીવનમાં શાંતિ નથી, કારણ કે તેને ઉકળાટ રહ્યા કરતો હોય. તેનું ખાધેલું પણ લોહી ન થાય. ઉકળાટના કારણે કર્મબંધન થયા કરે. ભલે રોટલી ને દાળ ખાતા હો પણ જો જીવનમાં એકતા છે, સંપ છે, શાંતિ છે, વિચારોમાં સુમેળ છે, તે ઘર પુણ્યવાન છે. આનંદને ત્યાં લાડી, વાડી, બંગલા, વૈભવો બધું છે પણ સાથે એકતા દૂધ સાકર જેવી છે. બડા ભાગ્યોદય હોય તેને ઘેર સંપત્તિ હોય ને સાથે સંપ હોય, ઐશ્વર્ય હોય ને સાથે એકતા હોય, વૈભવો હોય પણ સાથે વાત્સલ્ય ભાવ હોય, બાકી તમારી દૃષ્ટિએ ગણાતા ભૌતિક ભોગના સાધનો હોય, સંપત્તિની છોળો ઉડતી હોય, જેને તમે સુખના સાધનો માન્યા હોય તે બધું સુખ હોય પણ સંપ ન હોય તો એ સંસાર સોહામણો બની શકતો નથી. કંઈક જગ્યાએ જોવામાં આવે છે કે આટલી સંપત્તિ હોવા છતાં તેમના જીવનમાં શાંતિ હોતી નથી. દુનિયામાં સૌથી વધુ સમૃદ્ધ દેશ અમેરિકા કહેવાય છે, છતાં ત્યાં આપઘાતના કેટલા કિસ્સાઓ બને છે! જો સંપત્તિમાં સુખ હોય તો આપઘાત કરવાના પ્રસંગો ઉભા ન થાય. ત્યાં સંપત્તિ છે પણ આત્માની શાંતિ નથી. તમે ઉપાશ્રયમાં આવો છો પણ મનમાં જો ઉકળાટ હોય, કોઈક ચિંતાનો કીડો કોરી ખાતો હોય તો મારી સામે બેસો, મને લાગે કે એક ધ્યાનથી સાંભળે છે, છતાં પેલી ચિંતા શાંતિથી વ્યાખ્યાન સાંભળવા ન દે. સંપત્તિથી બહારથી સુખી દેખાતા હોય છતાં અંદરથી તેનું મન અશાંત રહ્યા કરે છે.

પૈસો જ્યાં રેલમછેલ વપરાય છે એવા અમેરિકાનો ઉદ્યોગપતિ એક મોટો કરોડપતિ હતો. લાખો ડોલરોની લેવડદેવડ તેની પેઢી પર થતી હતી. બંગલા, લાડી, વાડી, ગાડી. મહેલ મહેલાતો બધું હતું. તમારી દૃષ્ટિએ ગણાતાં સુખના બધા સાધનો તેને મળ્યા હતાં છતાં તે દુઃખી હતો. દુઃખનો કીડો તેને રાતદિવસ પજવતો હતો. હેરાન કરતો હતો. તેનું મન ભાંગી ગયું હતું. હતાશા–નિરાશાભર્યા જીવનથી તે કંટાળી ગયો હતો. તેના આંગણામાં બે ચાર કાર ઉભી રહેતી હતી. એવો સુખી સમૃદ્ધ દેશમાં જીવતો હોવા છતાં, આલિશાન બંગલામાં રહેવા છતાં તેનું મન અશાંત હતું. ઘરની ઘણી વસ્તુઓ ફ્રીજમાં પડી હોવા છતાં હૈયામાં ઉકળાટ હતો. સુંદરી, સંપત્તિ, સત્તા હોવા છતાં તે દુઃખી હતો બધાની વચ્ચે રહેવા છતાં હૈયામાં તો અશાંતિ હતી તેથી એના મનમાં થયું કે હું આપઘાત કરીને મરી જાઉં. અતિ મૂંઝાયેલો માનવી શું પગલું ભરે? આપઘાત. આપઘાત કરીને જીવનનો અંત લાવવાથી સુખ નહિ મળે. અકાળે મૃત્યુ થાય એટલે તેના અધ્યવસાયો સારા ન હોય. કષાયભાવ વર્તતો હોય તેથી દુર્ગતિ થાય. જે

કર્મો ઉદયમાં આવ્યા છે તે ભોગવી લેવાના. એમ સમજીને દુઃખમાં શાંતિ રાખવી.

મોત માટે મરામત : આ શ્રીમંત માણસે વિચાર કર્યો કે આપઘાત કરીને મરી જાઉં. મરવાની વાતો કરીએ પણ મરવું સહેલું નથી. કોઈને મરવું ગમતું નથી. તેણે વિચાર કર્યો કે મરતાં પહેલાં એક માનસ ચિકિત્સક પાસે જઈ આવું. અમેરિકામાં સંત તો મળે કયાંથી ? એટલે એણે ચિકિત્સક પાસે જવાનો નિર્ણય કર્યો. તે ડૉકટર પાસે આ જાતના ઘણાં દર્દીઓ આવતા હતા. આ માણસ તો ગયો તે ડૉકટર પાસે, જઈને રડી પડયો. ડૉકટરના મનમાં થયું કે આ માણસ તો બહુ સુખી દેખાય છે, છતાં શા માટે રડતો હશે ! ડૉકટર કહે ભાઈ ! તને શું દુઃખ છે ? તું શા માટે રડે છે ? "હું જીવનથી કંટાળી ગયો છું. જીવન જીવવાનો ઉત્સાહ ઓસરી ગયો છે. મને જીવનમાં આનંદ કે કોઈ રસ નથી. મોત સિવાય બીજો કોઈ રસ્તો નથી. આપઘાત કરીને મરી જવું છે." તેમની પાસે કેટલી સંપત્તિ છે ! એ પૈસો ભેગો કરવા કેટલા પાપ કર્યા હશે ! પાપ વગર પૈસો મેળવાતો નથી. અંતે એ પૈસાને મૂકી જવાનું છે. એ પૈસો મેળવતા જે પાપ કર્યા તે સાથે આવવાના.

શું છે પૈસામાં, પાછળ દોડો મા, પૈસા જેવું દુઃખદેનારું કોઇ નથી દુનિયામાં...
પૈસા જો આવે, વિચારો બદલાવે, અહમ્‌ને ઉશ્કેરાવે, સગામાં ઝગડાવે,
જે પૈસાની આવક થાતાં પાતક બંધાતા,
એ પૈસાની પછવાડે કોઈ લટુ થાશો મા....શું છે પૈસામાં.

જ્ઞાની કહે છે પૈસાની પાછળ દોડશો નહિ. એની પાછળ દોડવાથી પાપ પાછળ આવે છે. પૈસાને સંગ્રહ કરવાની ભાવના જીવને વધુ કર્મબંધન કરાવે છે. આ માણસ પાસે શું નહોતું ? બધું હતું. નહોતી કેવળ મનની શાંતિ. તે ચિકિત્સક પાસે ગયો. ચિકિત્સકે કહ્યું, શા માટે તારે મરવું છે. ? "જિંદગીમાં મને કોઇ આનંદ નથી." આ ચિકિત્સક ડૉકટર કહે, તારે મરી જવું પડે નહિ અને તને શાંતિ મળે તેવો એક ઉપાય બતાવું પણ હું કહું તેમ કરવું પડશે. આ શ્રીમંતના સ્થાને તમે હો તો પણ કબૂલ કરી લો ને ? પણ ગુરૂ ભગવંત કહે, ભાઈ ! જો હવે તારે ચતુર્ગતિના ફેરા ફરવા ન હોય તો જિનેશ્વર ભગવાનની જે આજ્ઞા છે તે તમારે પાળવી પડશે. અહીં કબૂલ કરો ખરા ? ના. અહીં તો વિચાર કરો. સંસારની વાતોમાં બધું જલ્દી કબૂલ કરી લો અને અહીં ? જિનાજ્ઞાને સહર્ષ સ્વીકારી લો. એનું પાલન કરતાં કદાચ શરૂઆતમાં કષ્ટ લાગશે પણ પછી તો આનંદ મળવાનો છે.

આત્મ હત્યામાંથી બચવાનો ઉપાય : ડૉકટરે પેલા ભાઈને કહ્યું, હું કહું તેમ કરવું પડશે. મારી એક વાત સાંભળો. સવારના સાત વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધી દરિયાકાંઠે જવાનું. જે કાંઠે કોઇ ફરવા આવતું નથી. ત્યાં તમારે એકલા જવાનું. ત્યાં સાથે નથી લઈ જવાના પુસ્તક, રેડીયો, મિત્રો, પ્યારી પત્ની કે ભોજશોખના સાધનો. કાંઈ લઈ જવાનું નહિ. ત્યાં ફકત એકલા જવાનું. સવારના સાતથી સાંજના

સાત વાગ્યા સુધી ૧૨ કલાક બેસવાનું. ડ્રાઈવર તમને મૂકવા આવે તેને પછી વિદાય કરી દેવાનો. આ માટે કાંઇ દવા નહી? ડૉકટર કહે જુઓ. આ ચાર પડીકી આપુ છું, દર ત્રણ કલાકે એક પડીકી લેવાની. આજે તે પડીકી ખોલવાની નહિ. તેના પર નંબર પાડેલા છે તે પ્રમાણે લેવાની. તે સિવાયની બીજી ખોલીને જોવાની પણ નહિ. આ માણસ ખૂબ કંટાળ્યો છે એટલે બધું કબૂલ કર્યું. તમે આ શ્રીમંત જેટલા કંટાળ્યા હો તો સીધા ચાલો. શેઠના મનમાં વિચાર થાય છે કે એકલા બેસવાનું. આથે નોકર-ચાકર કોઇ રાખવાનું નહિ. ખાવા-પીવાનું નહિ. ત્યાં હું એકલો શું કરીશ?

બીજે દિવસે કરોડપતિ શેઠ તો ગાડી લઇને ગયા દરિયાકિનારે. ત્યાં તો નીરવ શાંતિ હતી. કોઈ પણ ત્યાં ફરવા આવતા નહોતા. શેઠે ડ્રાઈવરને કહ્યું હતું, અત્યારે જા અને સાંજે સાત વાગ્યા સુધીમાં આવી જજે. ડ્રાઈવર તો ગયો. શેઠ એકલા રહ્યા. કોઇ વસ્તી ત્યાં દેખાતી નથી. શેઠ એકલા બેઠા. પત્ની, પુત્ર, રેડીયો, વૈભવો બધું યાદ આવે છે. ત્યાં સાવ સૂનકાર એકલવાયું લાગે છે. હું એકલો છું. ૧૨ કલાક કેવી રીતે જશે! દરિયાકાંઠેથી ગામ તો ૭ કિ. મી. દૂર છે. શેઠ ગભરાયા ત્યાં પેલી પડીકીઓ યાદ આવી. એક નંબરની પડીકી ખોલી. તેમાં દવા ન હતી પણ મોટા અક્ષરે લખ્યું હતું કે **"સાંભળ"** શેઠ વિચાર કરતા થઈ ગયા. વૈદરાજે પડીકી આપી છે પણ દવા તો કોઈ આપી નથી. હું અહીં શું સાંભળું? નથી અહીં બાળકો કે નોકર ચાકરનો અવાજ. નથી રેડિયાના સૂર. હું અહીં શું સાંભળું? ડૉકટરે મારી મશ્કરી તો નહિ કરી હોય ને? ના. ના....થોડો સમય થયો. શેઠ શાંત થયા. ત્યાં દરિયામાં એકદમ ભરતી આવી ને પાણીના મોજાં ઉછળવા લાગ્યા. નજર સમક્ષ ઘુઘવતો દરિયો, ઉછળતા મોજાં, પક્ષીઓના મીઠા મધુરા સંગીત, આવું બધું તેને આલિશાન મહેલમાં સાંભળવાનો સમય ક્યાં હતો, કે સંગીતમાંથી પણ શાંતિને શોધી શકે. કુદરતી સંગીતથી તાલબદ્ધ ગીતો સાંભળતા થોડી શાંતિ થઈ. આ દરિયો મને કહે છે તું સાંભળ. મારા કિનારે સેંકડો માણસો આવે છે. જે ખારવા આવે છે તે મીઠું દેખે છે. માછીમારો માછલાને દેખે છે અને કોઈ ભાગ્યવાનો આવે તો મરજીવા બનીને મૃત્યુનો ડર, ભય છોડીને દરિયાના પેટાળમાં જાય છે તો મહામૂલ્યવાન મોતી મેળવીને આવે છે. મારામાં મીઠું છે, મોતી છે, અને માછલા છે. હું બધાને મારામાં સમાવું છું. તારું જીવન પણ સમુદ્ર જેવું છે. તારી પાસે સંસારના વૈભવો, સંપત્તિ, પુત્ર-પત્ની બધું જ છે, છતાં તને શાંતિ મળી ખરી? તું સાંભળ. તારે શાંતિ જોઈતી હોય તો મારા પાણી જેવો નિર્મળ બન. સદાને માટે લક્ષ્મીથી વહ્યા કર. આત્મરમણતા કર. અનુકૂળ સંયોગોમાં આકર્ષાતો નહિ ને પ્રતિકૂળતામાં મુંઝાતો નહિ. સારા યા ખરાબ બધા પ્રસંગોમાં સમભાવ રાખી મારા જેવો ગંભીર બન.

દરિયામાં ડોલે, દરિયામાં ડોલે, દરિયામાં ડોલે મારી નૈયા, બચાવો સ્વામી.
દરિયાના પાણી છે ઘેરા ને ઊંડા, જોજો ડૂબે ના મારી નૈયા, બચાવો સ્વામી (૨)

ભક્ત પ્રભુને કહે છે હે પ્રભુ ! આ સંસારના દરિયામાં મારી નૈયા ડોલી રહી છે. તો મારી નૈયાને બચાવો. આ શેઠ એ વિચારે છે કે મને 'સાંભળ' કહ્યું છે તો આ દરિયો મને કહે છે તારે આત્માની શોધ કરવી હોય તો સંસારને ભૂલી જા. સંસારને ભૂલીશ નહિ ત્યાં સુધી આત્માની સંપત્તિ તને મળવાની નથી. આંતર વૈભવ તારા આત્મામાં પડયો છે. બહારના પદાર્થોમાંથી તને નહિ મળે.

એક સામાન્ય માનવીના કાંડે ઘડિયાળ બાંધેલું હતું. તેનું ડાયલ ખૂબ સુંદર અને આકર્ષક હતું. તમારા જેવા કોઈએ પૂછયું ભાઈ ! આ ઘડિયાળ કેટલામાં લાવ્યા ? તેની કિંમત કેટલી છે ? પેલો ભાઈ કહે–મને બહુ સસ્તામાં મળી ગઈ છે પણ લાવ્યા કેટલી કિંમતમાં ? ભાઈ ! બારસો રૂપિયાનું ઘડિયાળ મને માત્ર બસો રૂપિયામાં મળી ગયું ! તે ભાઈ ખૂબ હરખાય છે કે કેવું સરસ ઘડિયાળ ૧૨૦૦ રૂ. નું મને બસોમાં મળી ગયું. બીજે દિવસે તેને વિચાર થયો કે આ ઘડિયાળ હું ઘડિયાળીને બતાવી જોઉં તો ખરો, આટલું સસ્તું મળ્યું છે તો સારું તો છે ને ? તે ભાઈ ઘડિયાળીને ત્યાં બતાવવા ગયા. "આ ઘડિયાળ તમે કેટલામાં લીધું" છે ? તમે કેટલી કિંમત કહો છો ? માત્ર ૨૫ રૂપિયા. તમે ૨૫ રૂપિયા કેમ કહ્યા ? આ ઘડિયાળ ૧૨૦૦ની કિંમતનું હતું. તેને મેં બસો રૂપિયામાં ખરીદ્યું છે. તારી ઘડિયાળનું ડાયલ સરસ છે, પણ અંદરનું જે મશીન છે તે બનાવટી છે, ખોટું છે. બે ચાર દિવસ ચાલે તો તારા ભાગ્ય. ડાયલ ગમે તેવું સારું હોય પણ મશીન સારું ન હોય તો તે ઘડિયાળની કાંઈ કિંમત નથી. તમારા જીવનમાં પણ આવું જ છે ને ? બહારનું જીવન ડાયલ છે. આત્મા મશીન છે. તમે બહારથી સારા દેખાતા હો પણ અંદરનું મશીન બગડી ગયું હશે તો તે જીવનની કોઈ કિંમત નથી. આત્મા રૂપી મશીનને શુદ્ધ બનાવો. ઘડિયાળીએ પેલા ભાઈને કહ્યું–તારી ઘડિયાળના ૨૫ રૂ. પણ નહીં ઉપજે. બે ત્રણ દિવસ ચાલે તો પણ સારું. આ ભાઈને હવે પસ્તાવાનો પાર ન રહ્યો. જે ગાણસો ડાયલ ઉપર મોહી પડે છે અને મશીન સામે જોતા નથી, એમના હાથમાં ડાયલ રહે છે, પણ મશીન બદલાઈ ગયેલું હોય છે. સારી વસ્તુ વસાવવી હશે તો ડાયલની સાથે મશીનને જોતાં શીખવું પડશે. ડાયલ કદાચ ભભકાબંધ નહિ હોય પણ મશીન સારું હશે તો ઘડિયાળ બરાબર ચાલશે, માટે ડાયલને જોતો પહેલો તેના મશીનને જોવું જરૂરી છે. આ માનવ જીવનને સુંદર બનાવવું હોય તો ભૌતિક વસ્તુઓની જેમ પારખ અને કાળજી કરો છો તેમ આધ્યાત્મિક વસ્તુઓની પણ પારખ કરો. શરીર એ ડાયલ છે અને આત્મા એ મશીન છે. ઘણીવાર કંઈક જીવો ઉપરથી ધર્મિષ્ઠ, સારા દેખાતા હોય પણ એનું મશીન બગડી ગયું હોય છે. મશીન સારું હોય અને ડાયલ સારું ન હોય તો બહું વાંધો ન આવે, તેમ બહારથી દેખાવ સારો ન હોય, હરિકેશીમુનિનું બહારનું ડાયલ સારું ન હતું, તે નાના હતા ત્યારે છોકરાઓ તેમને ભેગા રમવા દે નહિ તેવું રૂપ હતું પણ અંદરનું મશીન સારું હતું તો તે જ ભવમાં મોક્ષે પહોંચી ગયા.

આજે બધા બહારના ડાયલને, બહારના ભભકાને જોવે છે પણ એ યાદ રાખજો કે આ ભવમાં ભૌતિક પદાર્થોના ઠઠારા ભેગા કરવા નથી આવ્યા, પણ આત્માનો વિકાસ સાધવા અને અનંતની યાત્રા પૂર્ણ કરવા આવ્યા છીએ. જો આત્મવિકાસનો વિચાર નહીં કરો અને માત્ર શરીર રૂપી ડાયલને સાચવશો તો જે મેળવવાનું છે તે રહી જશે અને અહીંથી વીલા મોઢે ચાલ્યા જઈ શું. સારા ઘડિયાળની કિંમત એના ડાયલ ઉપરથી નહિ પણ મશીન ઉપરથી, એના યંત્રોની રચના ઉપરથી, એની ઝીણવટ ઉપરથી થાય છે. એને બરાબર તપાસ્યા પછી એની પરીક્ષા કરીને બજારમાં મૂકવામાં આવે છે તેવી રીતે આત્માને જ્ઞાન દ્વારા, ક્રિયા, તપસ્યા અને સાધના દ્વારા તૈયાર કરીને આ વિશ્વમાં વિચરવાનું છે. લાલબહાદુર શાસ્ત્રી, ગાંધીજી એ બધાનું ડાયલ સામાન્ય દેખાતું હતું પણ એમના મશીન મજબૂત હતાં તો ભારતમાં નામ કાઢી ગયા.

પેલા કરોડપતિ શેઠ પડીકીમાં લખેલા ' સાંભળ ' શબ્દે સજાગ બન્યા. તેને શાંતિ કેમ ન હતી ? ડાયલ સારું હતું પણ મશીન સારું ન હતું. આ 'સાંભળ' શબ્દથી આત્મામાં અવલોકન કર્યું એટલે થોડી શાંતિ મળી. ત્રણ કલાક થયા એટલે બીજી પડીકી ખોલી તેમાં લખ્યું હતું કે " **આડે પડખે થા** " શેઠ ચમકયા, શું સૂઈ જવાનું લખ્યું છે ? હું ઘેર તો ગોળી આઉં ત્યારે સૂઈ જઉં છું. તે થોડી વાર વિમાસણમાં પડી ગયા, પછી વિચાર્યું કે " આડા પડખે થા " નો અર્થ સૂઈ જવું નથી પણ એનો અર્થ એવો છે કે દરિયામાં ભરતી આવે છે ને ઓટ આવે છે, છતાં દરિયો બંનેમાં સમાન ભાવ રાખે છે તેમ તું સમભાવમાં રમ. તારી દૃષ્ટિ બદલ. આ લક્ષ્મી મળવી એ પુણ્યને આધીન છે. પુણ્ય છે ત્યાં સુધી લક્ષ્મીની ભરતી આવ્યા કરશે અને પાપનો ઉદય થશે એટલે એમાં ઓટ આવી જશે. તેમાં તું હરખાઈશ નહિ કે મૂંઝાઈશ નહિ. બંનેમાં સમાનભાવ રાખજે. આ બીજી પડીકીના શબ્દો વાંચતા તેનું મન બધુ સ્વસ્થ બન્યું. ત્રીજી પડીકી ખોલી. તેમાં લખ્યું હતું કે " **જીવનના હેતુને શોધ** " આ શેઠ વિચારવા લાગ્યા કે મારા જીવનનો હેતુ શું છે ? જન્મ્યા, મોટા થયા, ઢસરડા કરી મજૂરી કરી યંત્રની જેમ જીવ્યા અને છેવટે લાંબા થઈ સૂઈ જવાનું. મારે જોઈતી હતી સલામતી, સુખ, સગવડતા અને સત્તા. શું માત્ર ભૌતિકતા મારો હેતુ છે ! આજ સુધી સ્વાર્થમાં જીવન જીવ્યો. કેટલા કાળા બજાર, દગા, પ્રપંચ, અન્યાય, અનીતિ કરી લક્ષ્મીના ભંડાર ભર્યા, એમાં તારી સાથે શું આવવાનું ? લક્ષ્મી મેળવતા પાપ કર્યા તે તારી સાથે આવશે. બાકી બધું અહીં છોડીને જવાનું. હવે સમજ ! તારા જીવનનો હેતુ શું છે ? ઘેર જઈને તારો હેતુ સંભાળ. મેં આજ સુધી ગરીબના આંસુ પડાવી ધન લૂંટયું. હવે મારે આવું જીવન નથી જીવવું. હવે મારો હેતુ એવો હોવો જોઈએ કે જેમાં ખોટ કે ઓટ ન આવે. જીવન જીવવાની જડીબુટ્ટી હાથમાં આવી. હવે મારે માત્ર સ્વ માટે નથી જીવવું પણ સર્વ હેતુક મારું જીવન બને તે જ મારો નિશ્ચય છે. આ લક્ષ્મી મારી નથી પણ સર્વની છે. હવે પરમાર્થમાં તેનો ઉપયોગ કરીશ. જેનો કોઈ આધાર નહિ

હોય તેનો આધાર બનીશ. મારા જીવનનો આ હેતુ છે. નવ કલાક પસાર થયા. શેઠ તો શાંત પ્રશાંત બની ગયા. જીવન જીવવાનું બળ મળી ગયું ! ' અહમ્ મમ્ 'નું વિસર્જન થાય તેવો વિરાટ હેતુ આંખ સામે પ્રત્યક્ષ થયો. તેની સમગ્રતાને તૃપ્ત કરે તેવો સર્વોદય થયો. તેનું અશાંત મન કાંઈક નવા જ આહ્લાદક તથા પ્રસન્નતામાં નિમગ્ન બન્યું. નવ કલાકમાં તો તેને જીવનનું નવું દર્શન મળ્યું હતું, જે મંગલમય હતું, તથા વ્યક્તિત્વને અખંડિત કરનાર હતું.

છેલ્લી ચોથી પડીકી ખોલી. તેમાં લખ્યું હતું કે " **તારી ચિંતાને રેતીમાં લખી નાંખ.** " તું જે રેતીના ઢગલા પર બેઠો છે તે રેતીમાં તારી ચિંતાને લખી નાંખ. રેતીમાં લખેલું થોડા સમય રહે. શેઠ તો રેતીમાં થોડું લખીને બેઠા. અડધી કલાક થઈ ત્યાં દરિયામાં ભરતી આવી અને રેતીમાં લખેલી ચિંતાની લીટી ભૂંસાઈ ગઈ. જેમ રેતીમાં લખેલાં ચિંતા ભૂંસાઈ ગઈ, તેમ તું બધી ચિંતાઓને ભૂંસી નાંખ. ભરતી આવી અને લખેલાં ચિંતાને લઈ ગઈ તેમ તું બધી ચિંતાઓને છોડી દે. હવે તું કોઈના પ્રત્યે મમતા કે આસક્તિ ન રાખીશ. જેથી મૂકીને જવાનું થાય તો પણ તું શાંતિ મેળવી શકીશ. શેઠ ત્યાંથી ઊઠવા ગયા પણ ઊઠી શકયા નહિ. અંતરમાંથી ઉભરાતા આનંદે તેમને ઊભા થવા દીધા નહિ. વિષાદના વંટોળને ભૂલી ગયા. હવે તેને ભૂત-ભવિષ્યની વ્યથા સ્પર્શી શકે તેમ ન હતી. અદ્વિતીય અપૂર્વ આનંદનો અનુભવ જીવનના આટલા વર્ષો પછી માત્ર ચાર પડીકીની સહાયે એકાંત ચિંતનના સહારે લૂંટી લીધો. સ્વ સ્વરૂપમાં સ્થિર થયા. તમે આટલા વર્ષોથી ઉપાશ્રયમાં આવો છો, છતાં તમારા જીવનમાં શાંતિ કેમ દેખાતી નથી ? ઉપાશ્રય એટલે શાંતિનું સ્થાન. અહીં નીરવ શાંતિ મળે છતાં મળતી નથી. તેનું એક જ કારણ છે. જેમ પેલા શેઠ દરિયે ગયા ત્યારે કોઈ વસ્તુઓ સાથે લઈ ગયા ન હતા. બધું મૂકીને ગયા હતા તેમ તમે અહીં બધું મૂકીને આવો તો અપૂર્વ શાંતિ મળે. પણ ઘરની ચિંતાનો કચરો સાથે લઈને આવો છો એટલે શાંતિ મળતી નથી. ડાયલ બરાબર છે પણ મશીન બગડી ગયું છે. અર્થાત્ મશીન સારું નથી. મશીન બરાબર હશે તો જીવનમાં કષ્ટ પડે, દુઃખ આવે કે આપત્તિ આવે તો પણ દુઃખ દુઃખરૂપે નહિ લાગે.

મસ્તરામની આત્મ મસ્તી : સૌરાષ્ટ્રમાં અન્યદર્શનમાં એક સંત થઈ ગયા. તેમનું નામ હતું મસ્તરામસંત. તેમના આખા શરીરે ગુમડા થઈ ગયા હતા. એ ગુમડામાં રસી થઈ ગઈ પછી તેમાં જીવાત થઈ ગઈ. કેટલી અતુલ વેદના થાય ! તેના પર એક ઝીણું કપડું ઢાંકેલું રાખે. જેથી બીજા કોઈને ખબર ન પડે. આ સંત દવા નહોતા કરતા. તે સમજતા હતા કે હું દવા કરું તો બધી જીવાત મરી જાય માટે મારે દવા કરવી નથી. મારા કર્મો અત્યારે ઉદયમાં આવ્યા છે તો મને ભોગવી લેવા દો. મારે શા માટે હસતા મુખે ન ભોગવવા ! આ ગૂમડાથી અસહ્ય પીડા થાય છે પણ એ ચિંતા કરવાને બદલે તેમને પીડા હતી પેલા અસંખ્ય કીડાઓની ! એ બિચારા ભૂખે મરી જશે !

એવી ચિંતાથી તેઓ ગૂમડામાં બધે ચણાનો લોટ ભરતા. આપણે જૈનદર્શનમાં ગજ-સુકુમાલને યાદ કરીએ છીએ. માથે સળગતા અંગારા મૂકયા. કેવી અનંતી વેદના ! તેની સામે સમતા પણ અનંતી. વેદનાને જે વહાલી કરે તે સાચા વીર બની શકે. અહીં આ સંતને વેદના અસહ્ય છે છતાં મુખ પર આનંદ....આનંદ. મુખ પર પણ એવી રેખા ન આવવા દે કે કોઈને થાય કે આ સંતને વેદના અનંતી છે ! બસ આત્માની મસ્તી ! તેમનું શરીર રૂપી ડાયલ ભલે બગડી ગયું હતું પણ મશીન સારું હતું. પોતાના કોઈ ભક્તને પણ આ વાત કરી ન હતી.

એક વાર તે સંત ફરતાં ફરતાં ભાવનગર પહોંચ્યા. ભાવનગરના રાજા તખ્તસિંહજી એમના પરમ ભક્ત હતા. એક વાર તેઓ આ સંત પાસે બેઠા હતા ત્યારે પવન આવવાથી ઢાંકેલું કપડું ઉડી ગયું. તખ્તસિંહજી જોઇ ગયા. અહો ! મારા ગુરૂદેવને આટલા ગુમડા થયા છે ! તેમાં વળી જીવાત પડી ગઇ છે ! કેટલી પીડા થતી હશે ! તે કહે. ગુરૂ-દેવ ! આપ કાંઈક દવા કરો. ના. હું તો દવા નહિ કરું. મારા કર્મોની નિર્જરા કરા-વવામાં સહાયભૂત થવા આવ્યા છે. તખ્તસિંહજી તો ગયા. આવી અસહ્ય વેદનામાં પણ સંત બે-ત્રણ કલાક ધ્યાન કરતા હતા. તે સમયે રાજા ડોકટરને લઈને આવ્યા, સંત ધ્યાનમાં હતા તે સમયે બેભાન થવાનું એક ઈંજેકશન માર્યું. થોડીવારમાં સંત બેભાન થઈ ગયા. તે સમયે ડોકટરે બધા ગૂમડા પર ડ્રેસીંગ કર્યું એટલે બધી જીવાત મરી ગઈ. સંત ભાનમાં આવ્યા. જોયું કે બધા ગુમડાનું આ રીતે કર્યું છે ને બધી જીવાત મરી ગઈ છે. એક જીવની રક્ષા ખાતર આટલા જીવોની કત્લેઆમ ! તેમને એટલો બધો આઘાત લાગ્યો કે તે ત્યાં ને ત્યાં ઢળી પડયા ને તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું. આનું નામ જીવદયા, બીજા જીવો પ્રત્યે કરૂણા ! આજે તમારી સામે દવાઓ ખડકાર પડી છે. અમુક ખાવાપીવાના પદાર્થો, કપડાં, આઈસ્ક્રીમો વગેરેમાં હિંસક પદાર્થોનો ઉપયોગ થયો હોય છે. આપ જાણો છતાં જો છોડી ન શકો તો તમને જૈન કેવી રીતે કહેવા ? પહેરવાના ચંપલો, બૂટો, પર્સ, કેટલી હિંસાથી બને છે ? કંદમૂળ ખાવાથી અનંત જીવોની હિંસા ! આ બધું જાણો છો છતાં જો વાપરો તો મારે તમને કેવા કહેવા ? આજનું જીવન-ડાયલ સરસ છે પણ અંદરનું મશીન બગડી ગયું છે. આવા જીવનની કોઈ કિંમત નથી.

આનંદ ગાથાપતિ અને શિવાનંદા બંનેના ડાયલ સરસ હતા અને અંદરના મશીન પણ સરસ હતા. તો તેમના નામ શાસ્ત્રના પાને લખાયા હજુ ભગવાનને જોયા નથી. તેમના દર્શન કર્યા નથી. છતાં જીવન કેવું સુંદર છે ! દીપક બળતો હોય તેમાં તેલ પૂરતા રહીએ તો વધુ ને વધુ પ્રકાશ આપતો રહે તેમ આનંદની ઉજ્જવળતા છે. હવે તેમાં વધુ પ્રકાશ આપનાર કયું નિમિત્ત મળી જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :-પુણ્યસાર અને રત્નસુંદરી બંને વચ્ચે ઝગડો થઈ ગયો. તેમાં વાત

ખૂબ વટ ઉપર આવી ગઈ. પુણ્યસારના મનમાં આ કાંટો અટકે છે. બસ, હવે હું તેને કરી બતાવું. આ તેના મનમાં વટ છે. વાત જ્યારે વટ ઉપર જાય છે ત્યારે જીવનમાં કેવી સ્થિતિ સર્જાઈ જાય છે. આવો વટ જો ધર્મમાં કરો તો આત્માનું કામ થઈ જાય.

અમે અમદાવાદમાં હતા ત્યારની અનેલી વાત છે. બે વરઘોડિયા લગ્ન કરીને મહારાજના દર્શન કરવા આવ્યા. બાજુમાં અમારો ઉપાશ્રય હતો. ત્યાં આવ્યા. સંતોના દર્શન કર્યા પછી સંત કહે છે હવે તમે બંને શું કરશો ? ત્યારે બે વર્ષે જે નાનું હતું તે વરઘોડિયું કહે છે, જો આ દીક્ષા લે તો અમે જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરીએ હજુ છેડાછેડી છોડી નથી. મીંઢળ છોડ્યા નથી, કોડભર્યા આવ્યા છે. જે મોટા હતા તે પતિ–તેની પત્નીને પૂછે છે બોલ, શું કરવું છે ? જો આપણે દીક્ષા લઈએ તો આ બંને જાવજીવ બ્રહ્મચર્યની બાધા લે. બોલ, તારી ઈચ્છા છે ? પત્નીએ તરત હા પાડી. તેઓ ગુરૂભગવંતને કહે છે અમને ૨૧ દિવસમાં જે મુહુર્ત આવે તે કાઢી આપો. ગુરૂ પણ આ જોઈને છક થઈ ગયા. કેવા હળુકર્મી આત્માઓ હશે ! એક ક્ષણે સંસારથી બંધાયા અને બીજી ક્ષણે તેનો ત્યાગ કરવા તૈયાર થયા ! ૨૧ દિવસે ગુરૂએ તેમને દીક્ષા આપી. તેમણે દીક્ષા લીધી કે તરત પેલા નવદંપતીએ આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી લીધું. "કર્મે શૂરા અને ધર્મે શૂરા." આ તો વટમાં ચઢ્યા તો કામ કરી ગયા. આ રીતે તમે પણ દાન, શિયળ અને તપનો વટ રાખશો તો આત્માને લાભ થશે.

અહીં પુણ્યસાર અને રત્નસુંદરી બંને વટમાં આવી ગયા. તે સમયે તો બંને ત્યાંથી છૂટા પડી ગયા. દિવસો જતાં વાર લાગતી નથી. દિવસો પછી મહિનાઓ અને મહિનાઓ પછી વર્ષો ચાલ્યા કરે છે. અહીં પુણ્યસારનો અભ્યાસ પૂરો થયો. પુણ્યસાર વિદ્યામાં ખૂબ હોંશિયાર છે એટલે ગુરૂને તેના પ્રત્યે સદ્‌ભાવ છે. તે જાય છે ત્યારે ગુરૂ એને ઘેર મૂકવા ગયા. શેઠે તેમને ગુરૂ દક્ષિણામાં ઘણું આપ્યું. પુણ્યસારને ત્યાં કોઈ કમીના ન હતી. તે પિતાની સાથે પેઢીએ જવા લાગ્યો. પિતાનો ધંધો ધમધોકાર ચાલતો હતો. પુણ્યસારની બુદ્ધિ તો ખૂબ છે. વેપારમાં કુશળ થઈ ગયો પણ તેના મનમાં એક લગન હતી કે કેમ કરીને રત્નસુંદરીને પરણું ? હું જે બોલ્યો છું તે કેવી રીતે સિદ્ધ કરું ? જે બોલેલા વચન પાળતા નથી તે કાંકરા સમાન છે. તેને રત્નસુંદરીનું અભિમાન ઉતારવું હતું. તે માટે મનમાં ઉપાયો શોધવા લાગ્યો. આ વિચાર ને ચિંતામાં તેની ઊંઘ અને ભૂખ ઉડી ગયા. પેટ ભરીને ખાય પણ નહિ. આ ચિંતાથી તેનું શરીર સૂકાવા લાગ્યું. મુખ પરનું તેજ ઓછું થવા લાગ્યું. એકનો એક દીકરો, માબાપ આ કેવી રીતે જોઈ શકે ? વૈદો હકીમોને બોલાવ્યા. દવાઓ કરાવી પણ રોગ હોય તો મટે ને ? તેનો રોગ તનનો ન હતો, પણ મનનો હતો.

પુણ્યસારે શોધેલો ઉપાય :– એક દિવસ પેઢી પરથી વહેલો આવીને શૂન્ય ઘરમાં જઈને સૂઈ ગયો. બપોરે પુરંદર શેઠ જમવા આવ્યા ત્યારે પુણ્યસારને ન જોયો. નોકરોને પૂછે છે, પુણ્યસાર કયાં ગયો ? એ પેઢી પર તો છે નહિ. તો કયાં ગયો ? ત્યારે

એક વૃદ્ધ દાસીએ કહ્યું, નાના શેઠ તો કયારનાય આવી ગયા છે. તો જલ્દી કહે કે, તે કયાં છે? મેં બારીમાં જતાં જોયા છે. શેઠે અંદર જઈને જોયું તો પુત્ર તો મોઢે-માથે ઓઢીને અંધારા રૂમમાં સૂઇ ગયો છે. શેઠ કહે, વત્સ! તું આમ કેમ સૂતો છે? જે કારણ હોય તે મને કહે પુત્રના મનમાં થયું કે જો હું જલ્દી વાત કરી દઈશ તો મારું કામ સફળ થશે નહિ. એટલે તે કાંઈ બોલ્યો નહિ. થોડી વાર થઈ ત્યાં શેઠાણી આવ્યા. બંને પૂછે છે દીકરા, તારું શરીર કેવું સૂકાઈ ગયું છે! અમને રોજ તારી ચિંતા થાય છે. તને શું થયું છે? જે હોય તે તું અમને કહે. તું અમારો કુળદીપક છે. તારા માટે તો અમે દેવની આરાધના કરી હતી. સંસારના સુખો માટે નહિ, ધનનો વારસો સાચવે તે માટે નહિ પણ અમારો ધર્મનો વારસો ચાલુ રહે તે માટે દેવ પાસે તારી માંગણી કરી હતી. તે રીતે તારો જન્મ થયો છે, માટે તું શરમ રાખ્યા વગર જે હોય તે કહે.

" પ્રીત ત્યાં પડદો નહિ, પડદો ત્યાં નહિ પ્રીત,
પડદો રાખી પ્રીત કરે, એ વૈરીની રીત. "

તું અમારી સાથે પડદો રાખીને વાત ન કરીશ. માબાપે ખૂબ કહ્યું ત્યારે પુણ્ય-સાર કહે છે કે આપ મારું વચન માનો તો હું અત્યારે જમીશ, નહિ તો મારે જમવું નથી. માબાપ કહે ભલે, તારી જે ઇચ્છા હશે તે પ્રમાણે કરીશું. હવે પુણ્યસાર તેના માબાપને શું કહેશે તે અવસરે.

શ્રાવણ સુદ ૮ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૨૩ : તા. ૨૪-૭-'૮૫

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે આત્માને અંધકારમાંથી પ્રકાશમાં, અસત્યમાંથી સત્યમાં, મંગલમાર્ગે લઈ જવા માટે પાથેયની જરૂર છે. તે પાથેય (ભાતું) કયું? ધર્મ. ધર્મના પાથેય વિનાનો માનવ સંસાર વનમાં ભૂલો પડી પ્રગાઢ અંધકારમાં ફેંકાઈ જાય છે. જ્યારે સ્થળ પર એટલે ગાડી કે ટ્રેઈનમાં, જળમાં એટલે સ્ટીમરમાં કે વહાણમાં અને આકાશમાં એટલે પ્લેનમાં મુસાફરી કરો છો ત્યારે સાથે ભાતું લેવું પડે છે. જો ભાતુ સાથે હોય તો તે રસ્તામાં ભૂખ અને તરસથી દુઃખી થતો નથી, પણ સુખી થાય છે, તેમ

एवं धम्मंऽपि काऊणं, जो गच्छइ परं भवं ।
गच्छन्तो सो सुही होइ, अप्पकम्मे अवेयणे ।। ઉત્ત; અ. ૧૯. ગા.૨૧

જીવનની મુસાફરી માટે, પરલોકમાં જતી વખતે, ધર્મનું ભાતું લેવું અવશ્ય જરૂરી છે. જે ધર્મનું ભાતું લઈને જાય છે તે પરલોકમાં વેદનાથી રહિત થઈને સુખી થાય છે. ધર્મનું ભાતું માનવીને તેના ઈષ્ટ સ્થાને પહોંચાડે છે. તમારી મુસાફરીમાં તમે વાટખર્ચી લો, કોઈ સથવારો સાથે રાખો, અજાણ્યા હો તો કોઈ જાણીતા માણસને સાથે લો, તેમ આ જીવનરૂપી મુસાફરીમાં જ્ઞાન એ માર્ગદર્શક છે. સાચો માર્ગ બતાવે છે. લજ્જા જેનો સથવારો છે, તપ રૂપી વાટખર્ચી છે. ચારિત્ર જેનું બેસવાનું સાધન છે, સમ્યક્ ગુણો જેના રક્ષક છે. ઉપશમ રૂપ પાણીના છંટકાવથી જેનો માર્ગ સ્વચ્છ

છે. આવી સર્વોત્તમ પ્રકારની સામગ્રી જેણે જીવનયાત્રામાં સાથે લીધી છે, તે વગર મુશ્કેલીએ પોતાના ઈષ્ટ સ્થાને પહોંચી જાય છે. ધર્મનું પાથેય એટલે ક્રોધાદિ કષાયો પર વિજય અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ વ્રતોનું નિર્મળપાલન. આ સંસાર રૂપી અટવીમાં મુસાફરે ધર્મરૂપી ભાતું લીધું હોય તો આગામી ભવમાં સુખશાંતિ મેળવી શકે છે. વૃદ્ધ માનવીના હાથમાં લાકડી આવી જાય, તો નિર્બળ શરીરમાં પણ હિંમત આવે છે તેમ નિર્બળ મનને સબળ બનાવનાર, આત્મ-શક્તિને ખીલવનાર ધર્મ છે. ધર્મ અંતિમ સમયે માનવીને હિંમત આપે છે. દિલ કે દોલતની આસક્તિ દૂર કરાવનાર કોઈ હોય તો ધર્મ છે. આવો ધર્મ જો જીવનમાં વણી જાણ્યો નહિ હોય અને ધન, વૈભવ, વિલાસ તેમજ માન, સન્માન જાણ્યા હશે તો અસંતોષ અને અનીતિઓ વધતી જશે.

યાદ રાખજો તન અને ધન સમૃદ્ધ અને સબળ હશે પણ જીવનમાં ધર્મનું પાથેય નહિ હોય તો મન નિર્બળ બની જશે. મહાન પુણ્યોદયે માનવજીવન મળ્યું. તેમાં પણ પાપકર્મો ક્ષીણ થયા હોય ત્યારે ધર્મને યોગ્ય સામગ્રી મળે છે. માનવ જીવનનું સફળ સાધન ધર્મ છે. પવિત્ર, અનુપમ, શ્રેષ્ઠ ધર્મને આત્મસાત્ કરી માનવજીવન મંગલમય બનાવી શકાય છે. જીવનમાં બધું મળવું સહેલું છે પણ ધર્મનું પાથેય મળવું અતિ મુશ્કેલ છે. ધર્મરૂપ મંગલમય તત્વને પામીને એટલું જોવાનું કે મારું જીવન કેટલું મંગલમય બન્યું ? એકવાર જીવનમાંથી મંગલ તત્વરૂપી ધર્મ ગુમાવી દેશો તો ફરીથી મળવું મુશ્કેલ છે. કોઈ પણ વસ્તુ મળી જાય તેની મહત્તા બહુ નથી પણ મેળવેલી વસ્તુ ચાલી ન જાય તેની કાળજી રાખવી જોઈએ. આપણને ધર્મતત્ત્વ તો મળી ગયું પણ સંસારના ચૌટે લૂંટાઈ તો નથી જતું ને ? જે જીવો ભોગમાં જીવન વીતાવી જાણે છે તે ધર્મને પામી શકતા નથી. આચારંગસૂત્રમાં ભગવાન બોલ્યા છે "सयंय मूढे धम्मं नाभिजाणइ" મોહથી મૂઢ બનેલો પ્રાણી ધર્મના સ્વરૂપને સમજવામાં અસમર્થ હોય છે. જ્યારે તેની મૂઢતા દૂર થાય છે ત્યારે ધર્મના સ્વરૂપને જાણી શકે છે. જે ધર્મના સ્વરૂપને જાણે એ ધર્મને પામી શકે. પાણીનો સ્વભાવ ઠંડક આપવાનો, તૃષા છીપાવવાનો, અને મલીન વસ્તુઓને સ્વચ્છ કરવાનો છે તેમ ધર્મનો સ્વભાવ આત્માને આનંદ આપવાનો છે. ધર્મ જીવને સત્ય, કલ્યાણ અને આત્માના સૌંદર્ય તરફ લઈ જાય છે. દરિયામાં મોટા મોટા ખડકો હોય છે. દરિયામાં મુસાફરી કરતા વહાણોને અને સ્ટીમરોને એ વસ્તુનો ખ્યાલ ન હોય તો એ ખડકો સાથે અથડાઈ પડે છે માટે દરિયામાં દીવા-દાંડી રાખવામાં આવે છે. દીવાદાંડી એ વહાણોને ભયસ્થાનનું સૂચન કરે છે, અને યોગ્ય માર્ગ બતાવે છે, તેમ સંસાર રૂપી મહાભવસાગરમાં ધર્મરૂપી દીવાદાંડી સાચું માર્ગદર્શન આપે છે. ધર્મ વગરના માનવીની સ્થિતિ દીવાદાંડીનું માર્ગદર્શન ન હોય તો સ્ટીમર ખડકો સાથે અથડાઈ જાય છે તેવી થાય છે. ધર્મની દીવાદાંડી વગર માનવી ભવસાગરના ખડકો સાથે અથડાઈ જાય છે અને વિનાશને આમંત્રણ આપે છે. ધર્મના માર્ગદર્શન સિવાય માનવીને કાયમી સુખના માર્ગની ઝાંખી થઈ શકતી નથી.

સુકાન વગરના વહાણની જે દશા થાય છે તેવી દશા ધર્મ વગરના માનવીની થાય છે. સુકાન વગરનું વહાણ ગમે તેમ ઝોલા ખાય છે, પણ ધાર્યા સ્થળે પહોંચી શકતું નથી તેમ ધર્મ ન કરનારો માનવી પૌદ્ગલિક સુખોમાં મસ્ત રહેવાથી શાશ્વત સુખ તરફ જઈ શકતો નથી. ધર્મ એ ધ્રુવના તારા સમાન છે. જેમ ધ્રુવનો તારો દિશાનું સૂચન કરે છે તેમ ધર્મ આત્માના શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિ માટે દિશા બતાવે છે અને તે તરફ લઈ જાય છે. વિદ્યાર્થીને ડોકટર થવું હોય, એન્જીનીયર થવું હોય કે વકીલ થવું હોય પણ એ થતાં પહેલા બધાને એસ. એસ. સી. ની પરીક્ષા આપવી પડે છે તેવી રીતે ધર્મમય જીવન ગાળવાની ઇચ્છા હોય તેને પહેલી માનવતાની પરીક્ષા આપવી પડે છે. આવું સુંદર માનવ જીવન પૌદ્ગલિક આનંદ-કરવા માટે કે ખાવા-પીવા માટે નથી મળ્યું પણ ધર્મમય જીવન ગાળવા માટે મળ્યું છે. ધર્મ જ સાચો રક્ષક અને શરણભૂત છે. બાકી કુટુંબ, કબીલા કોઈ રક્ષણ કરશે નહિ.

મેટ્રીક થયા, બી. એ. થયા, એમ. એ. થયા શા કામના ?
જીવનમાં જો ધર્મ નહિ તો, વિદ્યા નહિ પણ કાંકરા.

ભૌતિક ભણતરમાં ગમે તેટલા આગળ વધો પણ જો જીવનમાં ધર્મ નથી તો એ વિદ્યા કાંકરા સમાન છે. માનવ જીવનમાં ધર્મ એવી અમૂલ્ય ચીજ છે કે જેનું કોઈ મૂલ્ય આંકી શકતું નથી. માત્ર ધર્મ જીવનું કલ્યાણ કરવા સમર્થ છે, પણ આજનો માનવ કયાં તે માનવા તૈયાર છે! આજનો માનવ ખરેખર ધર્મ જાણતો નથી, અને પોતાના જીવનમાં ધર્મનો મર્મ, તેનું મહત્વ સમજતો નથી. આજનો માનવી મોહરાજાની જાળમાં એવો ફસાઈ ગયેા છે કે તેમાંથી બહાર નીકળવાને અસમર્થ છે. મોહરાજાએ માનવીના મનની ચારે બાજુ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે એવા આવરણો વીંટાળ્યા છે કે તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે તેથી તે ખરો ધર્મ પામી શકતો નથી. ધર્મનો મર્મ સમજવા જેવો છે. ધર્મનો મર્મ સમજ્યા પછી સ્વાધીન જીવન જીવવાની ભૂમિકા તૈયાર થાય. ધર્મ એ સાધનાની સંજીવની છે. ધર્મના રંગે રંગાયેલ આંતમાઓ સાધનામાં સ્થિર થાય છે. તેમાંથી પછી પીછેહઠ કરતા નથી, પછી દેવ ડગાવવા આવે તો પણ ડગે નહિ. જેમ જેમ ધર્મ આરાધના કરતા જઈએ તેમ તેમ કર્મનું દેવું ચૂકવાતું જાય. દેવું ચૂકવવા માટેની અમૂલ્ય ઘડી, અવસર હોય તો આ મનુષ્ય જન્મ છે. બીજો કોઈ જન્મ નથી. આ જન્મ વારંવાર નહિ મળે.

આપણા અધિકારમાં આનંદ ગાથાપતિ સંસારના સુખો અને આનંદ ભોગવતા રહ્યા છે. તેમના ભાગ્યોદયે શું બન્યું ? "तस्सणं वाणियगामस्स बहिया उत्तर पुरत्थिमे दिसी भाए एत्थणं कोल्लाए नाम सन्निवेसे होत्था ।" તે વાણિજ્ય ગ્રામ નગરની બહાર ઉત્તર-પૂર્વ દિશામાં એટલે ઈશાન ખૂણામાં કોલ્લાક નામે સંન્નિવેશ હતો.

આ કોલ્લાક સંનિવેશ વાણિજ્ય નગરની જેમ સુખી હતો. ત્યાં બધા પુણ્યવાન

જીવો વસતા હતા. આ નગરીની પ્રજા ખૂબ સુખી હતી. ભીખ માંગનારાં ભિખારી, ગરીબ કે કોઈ ચોરી કરનાર ન હતા. ડાકૂઓ કે લૂંટારાઓનો ભય ન હતો. નગરીના બધા જીવો સુખી હોય પછી ચોર, ડાકુ કે ભિખારી હોય જ કયાંથી ? પ્રજા નિર્ભયતાથી આનંદપૂર્વક રહેતી હતી. બધાના વિચારો શુદ્ધ અને વિશાળ હતા. બધા સંપથી રહેતા હતા. પ્રજા સુખી હતી. સાથે ધર્મિષ્ઠ હતી. હિંસાનું નામનિશાન નહીં. કયાં એ સમયની નગરી અને કયાં આધુનિક યુગની નગરીઓ ! આજે કેટલા કતલખાના વધી ગયા છે ! હિંસાના ભયંકર તાંડવ આ ભારતની ભૂમિ પર સર્જાઈ રહ્યા છે. જે ધર્મપ્રધાન દેશ કહેવાતો હતો તે આજે કર્મપ્રધાન બની ગયો છે એમ કહીએ તો કહી શકાય. છતાં એટલો ભાગ્યોદય છે કે ભગવાનના સંતો અહિંસાનો ઝંડો લઈને દેશવિદેશમાં વિચરી રહ્યા છે, અને જીવોને સાચા માર્ગે વાળી રહ્યા છે. તમારી ભવ્યતા જાગે તો સંતો હાલી-ચાલીને તમારા ગામમાં આવે અને તમને ટકોર કરીને જગાડે તો ટકોરે ચકોર બની જજો. તેમની ટકોરને સહર્ષ વધાવી લેજો અને ધર્મારાધનામાં જીવન ઝૂકાવી દેજો. ધર્મ વિના કયાંય શાંતિ મળવાની નથી. જ્યાં સુધી કર્મો સત્તામાં પડેલા છે તે વિપાક ઉદયમાં આવ્યા નથી ત્યાં સુધી જીવનની સાધના કરી લો.

કર્મો પ્રદેશઉદયે ભોગવાય તે તો આપણને ખબર પડતી નથી પણ જ્યારે વિપાક-ઉદયમાં આવે છે ત્યારે જો પૂર્વના વૈર હશે તો તમારી પત્ની પણ તમારી નહિ રહે. સમરાદિત્ય ચરિત્ર વાંચીએ ત્યારે થાય કે શું કર્મરાજા તમારી ભયંકરતા ! પતિ, પત્ની, મા, દીકરો એવા નજીકના સંબંધમાં વૈર લીધા ! મહાશતકજી ભગવાનના ધર્મધુરંધર શ્રાવક હતા છતાં તેમની પત્ની રેવતી કેવી નીકળી ! જે અર્ધાંગના કહેવાય. પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહે તેના બદલે મહાશતકજી પૌષધમાં ધ્યાનમાં મસ્ત હતા તે તક જોઈને ત્યાં ગઈ. તે સમજતી હતી કે એ ધ્યાનમાં ગમે તેવી કસોટી થશે તો પણ ચલિત નહીં થાય. પોતાના પતિ મહાશતકને જીવતા સળગાવી દીધા. શું પત્ની આવું કાર્ય કરી શકે ? સૂરિકંતાએ પોતાના પતિ પરદેશી રાજાને ઝેર આપ્યું અને છેવટે ગળે ડૂંપો દઈને મારી નાંખ્યા. પત્નીનું હૃદય આવું હોય ! પરદેશી રાજાએ સમતા રાખી. એ મરીને દેવલોકમાં ગયા અને સૂરિકંતા મરીને નરકમાં અનંતી વેદનાના સ્થાનમાં ચાલી ગઈ. અનંતો સંસાર વધાર્યો. પૂર્વભવોમાં એકબીજા સાથે મહાન વૈર બાંધેલા હોય ત્યારે આવું બને. જે દુઃખ દે છે તેને દુઃખ પડવાનું છે. કરેલાં કર્મો તો ભોગવ્યા વિના છૂટકારો નથી.

પાપ કરતાં બાપ રાખ્યું હોત જો, આજ મારી આ હાલત ના હોત તો....પાપ. કર્મરાજા કોઈને મૂકતા નથી, (૨) સત્ય એ મેં યાદ રાખ્યું હોત જો....

આજ મારી

જે પાપ કર્યા હોય તેની આલોચના કરીને પાપને દૂર કરો અને તથા પાપ

કરવાના બંધ કરો. પાપનો કચરો જીવનમાં રાખવા જેવો નથી. તે વાત સમજાવવા માટે મહાપુરૂષોએ એક ન્યાય આપ્યો છે.

એક ગર્ભશ્રીમંત શેઠ હતા. તેમના પત્ની પણ ખૂબ ગુણીયલ હતા. તેમને એક દીકરો હતો. તે રૂપરૂપનો અંબાર હતો. આ વાત ખૂબ ધ્યાનથી સાંભળજો. આપણે પાપ સાથે આ વાત ઘટાવવી છે. આ શેઠ શેઠાણીને એકના એક દીકરો એટલે ખૂબ વહાલો. એક કલાક સુધી તેનું મુખ જોવા ન મળે તો ઊંચાનીચા થઈ જાય. તેને ભણાવ્યો, ગણાવ્યો, ૨૨ વર્ષનો થયો એટલે પરણાવવાનો વિચાર કર્યો. સારી કન્યા સાથે લગ્ન કર્યા. બધા આનંદથી રહે છે. પરણ્યા પછી છ મહિને છોકરો માંદો પડયો. હસતો, ખીલતો, કમાતો, હરતો, ફરતો અને સાજો સારો, તેને અચાનક છાતીનો દુઃખાવો ઉપડયો. તેને કેમ સારું થાય તે માટે માબાપે ઈલાજો અને ઉપચારો ઘણાં કર્યા પણ એ બધા ઉપાયો નિષ્ફળ નીવડયા. તે ટૂંકું આયુષ્ય બાંધીને આવ્યો હશે એટલે કલાકમાં તો તેનું પ્રાણપંખેરું ઉડી ગયું. જ્યાં આયુષ્ય પૂરું થાય ત્યાં ગમે તેટલા ઉપચારો કરે તો પણ તે બધા નકામા છે. માતાપિતા, પત્ની બધાં કાળો કલ્પાંત કરવા લાગ્યા, માથા પછાડવા લાગ્યા. ઘરમાં શોકકળ મચી ગઈ. મૃત્યુ તો એનું એકનું થયું હતું પણ જાણે આખું ઘર સાફ ન થઇ ગયું હોય એવું ભયંકર શોકમય વાતાવરણ સર્જાઈ ગયું હતું. માતાપિતા અને પત્નીને તે એટલો બધો વહાલો હતો કે તે મરી ગયો છે એ વાત સાચી લાગતી ન હતી.

મોહરાજાએ પાથરેલી માયાજાળ :– આજુબાજુમાં બધાને ખબર પડી કે શેઠનો દીકરો અચાનક મરી ગયો એટલે બધા શેઠના ઘેર આવવા લાગ્યા. શેઠે બધાની સાથે એટલો પ્રેમ સંપાદન કરેલો છે કે આ સમાચાર મળતાં હજારો માણસો ચોકમાં ભરાઈ ગયા. બધા નનામી બાંધવાની તૈયારી કરવા લાગ્યા. શેઠ કહે, તમે બધા આ શું કરો છો ? મોહનીય કર્મ જીતવું સહેલ નથી. તે દારૂના નશા કરતાં પણ વધુ ભયંકર છે. બધા માણસો શેઠ પાસે બોલી ન શકયા; પણ બધા સમજે છે કે છોકરો મરી ગયો છે, એટલે એને નનામીમાં બાંધીને સ્મશાને લઈ જવાનો, પછી અગ્નિ સંસ્કાર કરવાનો. આ તો એક ને એક બે જેવી વાત છે. અભણ માણસ પણ આ સમજી શકે છે. શેઠ કંઈ બોલ્યા નહિ એટલે બધા ઘરમાં જવા તૈયાર થયા. શેઠ કહે, કોઈ મારા ઘરમાં ન આવશો. મેં મારા દીકરાને પલંગમાં મખમલની ગાદીમાં સૂવાડયો છે, તેના પર સફેદ ચાદર ઓઢાડી છે. મારો એકનો એક દીકરો છે. મારે તેને બાળી મૂકવો નથી. તમે બધા આવ્યા છો તો ભલે, તે બદલ આપનો ઉપકાર. હવે આપ બધા ખુશીથી ઘેર જાવ. હું મારા દીકરાને પલંગમાં સુવાડી રાખીશ. અમને એના પર એટલો બધો પ્રેમ છે કે અમે એને છોડી શકીએ તેમ નથી. આ શેઠ પોતે કંઈકને બાળી આવ્યા છે, છતાં આજે ભાન ભૂલ્યા. તે કહે–દીકરાને બાળવા માટે નહીં આપું. શેઠ ! આવી ઘેલછા કરવી તમને ન શોભે. હજુ દીકરાની વૈષ્ણુ ભિક્ષાદી સાજ જાની છે. એ હજી આવી ઘેલછા કરે મા તેને [illegible]

રખાય જ નહિ. ઘણાંએ શેઠને સમજાવ્યા છતાં શેઠ માન્યા નહિ. એ તો એમ જ કહે છે કે દીકરાને લઈ જવાનો નથી. નીકળો તમે બધા મારા ઘરમાંથી. જો આપ નહિ જાવ તો મુક્કા મારીને બહાર કાઢીશ. ભલે તે બોલતો ચાલતો નથી, ખાતો પીતો નથી, પણ તેને પલંગમાં સુવાડી રાખીશ, તો હું તેનું મુખ તો જોઈશને! મોહદશા કેટલી ભયંકર છે!

બધાએ સમજાવ્યા છતાં શેઠ કે તેના ઘરના કોઈ માન્યા નહિ એટલે બધા થાકીને પાછા ગયા. શેઠે દીકરાના શબને પલંગ ઉપર સૂવાડયું છે. આ ઔદારિક શરીરનો સ્વભાવ કેવો? સડન, પડન, વિધ્વંસન. જ્યાં સુધી અંદર આત્મા છે ત્યાં સુધી સારું. પછી તો આ શરીર દુર્ગંધનું ઘર છે. તેમાંથી દુર્ગંધ આવશે અને તેમાં કીડા ઉત્પન્ન થશે, પછી એક સેકંડ પણ ઘરમાં નહિ રાખી શકો. એક બે દિવસ થયા એટલે તેમાંથી દુર્ગંધ આવવા લાગી. ચાર પાંચ દિવસ થયા ત્યારે તો ગંધ ગંધના ગોટા ઉડવા લાગ્યા. અને કીડા બદબદવા લાગ્યા પણ શેઠને કે ઘરના કોઈને ગંધ આવતી નથી. રાગી માણસને દુર્ગંધ હોવા છતાં ગંધ નથી આવતી. આ કંઈ વાસુદેવનું શબ નહોતું કે છ મહિના રહે છતાં ગંધાય નહિ. એની દુર્ગંધ ધીમે ધીમે બહાર જવા લાગી. પાડોશીઓ અને શેરીના માણસો અકળાયા. શેઠની પાસે બધા આવીને કહેવા લાગ્યા, શેઠ! બહુ ગંધ આવે છે. ગંધ આવે તો તમારા ઘરે રહો, અહીં શા માટે આવો છો? આજે દુનિયામાં બધા નાનાને દબાવે, મોટાને કોઈ ન કહે. કહેવત છે કે "**મોટા જે કરે તે છાજે અને નાનાને ગડદા પાટૂ**" મોટા ભૂલ કરે તો વાંધો નહિ અને નાના ભૂલ કરે તો તેનું આવી બને.

આમ કરતાં સાત આઠ દિવસ થયા. મડદું તો ખૂબ ફૂલી ગયું. કીડા નીચે પડવા લાગ્યા. શેરીના બધા માણસો અકળાઈ ગયા. બધા ભેગા થઈને લાકડી લઈને શેઠની પાસે ગયા. શેઠ! હવે અમારે શું કરવું? આપે મડદું સંધર્યું છે. એની દુર્ગંધ એટલી બધી આવે છે કે અમે બધા માંદા પડીએ છીએ. અમને રોગ થાય છે. રોગ તમારા ઘરમાં થાય છે, મારા ઘરમાં તો નથી થતો ને! શબમાં તો ઢગલાબંધ કીડા ઉત્પન્ન થઈ ગયા છે. તે શબને અગ્નિદાહ દે એટલે બધા કીડા મરી જાય. કેટલી હિંસા થાય? તમે પાપના કેટલા ભાગીદાર થાવ! સંસારમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે કોઈ દૂર રહેતું હોય તો તેની રાહ જોવાય. તે આવે તો મોઢું જુવે, પણ ભલા, જીવ ગયો પછી સગપણ કયાં રહ્યું? આવો રાગ ન રાખશો. જેટલો સમય મડદું વધુ પડયું રહે એટલા જીવો વધુ ઉત્પન્ન થાય. જેટલા જીવો વધુ ઉત્પન્ન થાય એટલા અગ્નિસંસ્કાર કરતી વખતે વધુ જીવો મરવાના. કેટલી હિંસા થઈ જાય?

દિકરાના શબને ઘરમાં રાખ્યા ૧૦ દિવસ થઈ ગયા. શેઠે પલંગમાંથી કીડા નીચે પડતા જોયા. શેઠે ચાદર ખસેડી નાંખી તો તેમાં ઢગલાબંધ કીડા જોયા અને દુર્ગંધ તો એટલી બધી આવી કે શેઠને કંઇક થઈ ગયું. શેઠ કહે, હાય! હવે તો આ મડદાને

કાઢયે જ છૂટકો. સડી ગયેલા શબને હવે અગ્નિદાહ દેવા જાઉં. શેઠે આ નિર્ણય તો કર્યો પણ તેનો અમલ કરવો એ ઘણું કઠીન હતું કારણ કે એની પાસે ઉભા રહેવું મુશ્કેલ છે તો પછી એને ઉપાડવું તો કેવી રીતે ? તેમણે બધા માણસોને કહ્યું કે આપ બધા આવો તો આ શબને અગ્નિસંસ્કાર કરવા જઈ એ. બધા કહે, અમે નહીં આવીએ. હવે શું કરવું ? શેઠે એમ્બ્યુલન્સ બોલાવી. ડ્રાયવરને બધી વાતની ખબર પડી એટલે તેણે પણ પહેલા તો ના પાડી. હું નહીં લઈ જાઉં. જે શરીર આપણને વહાલું છે, રાતદિવસ તેની આળપંપાળ કરીએ છીએ પણ ચેતનદેવ ગયા પછી તેને ઉપાડવા કોઈ તૈયાર નથી. છેવટે શેઠે ડ્રાઈવરને અમુક રકમ આપી, પછી મડદાને સ્મશાને લઈ ગયા. તેને પેટ્રોલ છાંટીને બાળી મૂક્યું. આ યુવાન પુત્રનું મૃત્યું થયું ત્યારે જો લઈ જવા દીધું હોત તો આ દશા આવત !

આ તો મડદાની વાત કરી. શેઠે ૧૦ દિવસે પણ મડદાને આપ્યું તો ખરું ને ! અહીં જ્ઞાની શું સમજાવે છે કે " **જીવતા માણસને સ્મશાને મૂકવા જવાય નહિ અને મરેલ માણસને ઘરમાં રખાય નહિ.** " ગમે તેવા વહાલસોયા એકનો એક દીકરો હોય તો પણ મૃત્યુ બાદ તેને ઘરમાં રખાય નહિ, અને છોકરો કાફર હોય, ઘરમાંથી લૂંટી જતો હોય, સાતે વ્યસનમાં પૂરો હોય છતાં એવા દીકરાને સ્મશાને મૂકવા જવાય નહિ. આ ન્યાય સાથે આત્માની વાત કરવી છે.

મડદા સમાન પાપો છે. જીવનમાં કરેલી ભૂલો છે. અનંતકાળથી જીવ પાપ કરતો આવ્યો છે. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં પાપ કરવામાં બાકી રાખ્યું નથી. કૂતરાના ભવમાં ગયો તો બિલાડીને મારવાના પાપ કર્યા. બિલાડીના ભવમાં પારેવા અને ઉંદર આદિ મારવાના પાપ કર્યા. અરે, ચકલીના ભવમાં પણ જીવોની હિંસા કરી. એક ભવ તો એવો બતાવો કે જ્યાં પાપ ન કર્યા હોય. જીવ બધા ભવમાં પાપ કરતા આવ્યો છે. એકેન્દ્રિયમાંથી દુઃખો વેઠતો વેઠતો અકામનિર્જરા કરતા પુણ્યનો સ્ટોક ભેગો થયો ત્યારે આજે આ મનુષ્ય-ભવમાં આવ્યો છે. હવે આ ભવમાં કંઈક સમજો, ડાહ્યા થાવ. ઘરમાં, વેપારધંધામાં, પરિવારનું પાલન પોષણ કરવામાં, સંસાર ચલાવવામાં તો ડાહ્યા છો, આ ડહાપણ તો આ ભવ પૂરતું છે. હવે આત્મકલ્યાણના કાર્યો કરવામાં ડહાપણ લાવો. અનંતા ભવોથી જીવ પાપ કરતો આવ્યો છે. " **મરેલા માણસને ઘરમાં રખાય નહિ, તેમ પાપોને આપણા આત્મઘરમાં રખાય નહિ.** " જો છોકરાના મડદાને ઘરમાં વધુ દિવસ રાખ્યું તો દુર્ગંધ છૂટી ગઈ અને કલકલ કીડાઓ થઈ ગયા તેમ આપણા આત્માએ પણ પાપોને ભૂલોને, દોષોને આત્મઘરમાં પાળી – પોષીને સંઘરવા જેવા નથી. મડદાની હાજરી જેમ ઘરમાં શોકમય વાતાવરણ પેદા કરે છે તેમ પાપોની હાજરી આપણા જીવનમાં કલેશમય વાતાવરણ પેદા કરે છે, પછી પ્રસન્નતાભર્યું વાતાવરણ ઊભું થવું મુશ્કેલ બની જાય છે. મડદાને વધુ દિવસ રાખતાં ગંધાઈ ઉઠયું, એમાં કીડા બદબદવા લાગ્યા એટલે શેઠે પણ તેને ઘરમાં ન રાખ્યું, તેમ જો પાપોને આત્મામાંથી

કાઢીશું નહિ ને સંધરી રાખીશું તો મડદું ગંધાઈ ઊઠયું તેમ આત્માની પણ દુર્ગતિ થશે. પછી આત્માનું ઠેકાણું નહિ પડે. મડદાની દુર્ગંધ કરતાં પણ પાપોની દુર્ગંધ તો અનંત ગણી વધારે છે. શેઠને રાગના કારણે દુર્ગંધ હોવા છતાં પણ ગંધ આવતી ન હતી. ચમારવાડે કામ કરતા ચમારો જેમ ચામડાની દુર્ગંધથી ટેવાઇ ગયા હોય છે તેમ જીવો પાપની દુર્ગંધથી ટેવાઈ ગયા છે,–એટલે પાપોની વાસ આવતી નથી. જો પાપોની દુર્ગંધ આવે તો તેને એ રાખે નહિ. શેઠને દુર્ગંધ આવી તો મડદાને ઘરમાં રાખ્યું નહિ તેમ પાપોની દુર્ગંધ આવે તો તે પાપને વોસરાવી દે અને ફરીને એ પાપો જીવનમાં ન થાય તેવો નિર્ણય કરે.

જેનો જન્મ છે તેનું મૃત્યુ તો છે એમાં વિશેષતા નથી પણ મૃત્યુ બાદ તેના શરીરને ઘરમાં મૂકી રાખવું એ તો મોટી મૂર્ખાઈ છે. ઘરમાં કચરો પડયો હોય તો કાઢી નાંખો છો, એંઠવાડ પણ તરત કાઢો છો, તો પછી મડદાનો નિકાલ તો તરત જ કરો ને ! આપણે બધા છદ્મસ્થ છીએ, એટલે જીવનમાં ભૂલો, પાપો થઈ જાય એમાં આશ્ચર્ય નથી પણ એ પાપ થયા પછી આત્મઘરમાં રાખી મૂકીએ એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ? માટે પાપને સંધરશો નહિ, કચરાની જેમ તરત એને બહાર કાઢી નાંખો. મડદું ઘરમાં રાખ્યું ને ગંધાઈ ઊઠયું તો લોકો લાકડીઓ લઈને મારવા આવ્યા તેમ તમારે પરમાધામીના માર ખાવા જવું ન હોય તો પાપથી પાછા વળો. જે પાપ થઈ ગયા હોય તેની આલોચના કરો અને જતી જિંદગીનો છેડો સુધારી લો. જિંદગી ભૌતિક સુખ માટે ગુમાવી દીધી પણ તેમાં આત્માનું શું કર્યું ? કોઈ વાર તો આત્માને પૂછો કે આમાં મેં મારું શું કર્યું ? ચોપડામાં જમા ઉધારના ખાતા પાડો છો તેમ એક આત્માનું ખાતું પાડો. કોઈ વાર તો આત્માને પૂછો કે તેં, પત્ની માટે, પુત્ર પરિવાર માટે ઘણું કર્યું, પણ તારા માટે કેટલું કર્યું ? તેં બીજાને કેટલા લૂંટયા ? કેટલા વિશ્વાસઘાત કર્યા ? બીજાને કેટલા છેતર્યા ? તો આત્માના જમા ખાતામાં કંઈ દેખાશે નહિં. બધું ઉધાર દેખાશે, જિંદગી ફના કરી દેખાશે. જ્યારે આ વાંચશો ત્યારે આંસુ પડશે. કરેલાં પાપોનો પસ્તાવો થશે.

ટૂંકમાં એટલું યાદ રાખજો કે જીવતા માણસને સ્મશાને લઈ જવાતો નથી અને મરેલા માણસને ઘરમાં કોઈ રાખતું નથી, તેમ ગુણોને કયારેય બહાર કાઢશો નહિ અને પાપોને સંધરી રાખશો નહિ. જો પાપોને સંધરી રાખશો તો મડદામાં અસંખ્ય કીડાઓ પેદા થઈ ગયા તેમ આ પાપોમાં બીજા પાપો વધતા જશે, પછી એને બહાર કાઢવા ખૂબ મુશ્કેલ બની જશે માટે ભૂલના ભોગ બનો નહિ અને કદાચ ભૂલ થઈ ગઈ તો તેને સંધરી રાખવાની ભૂલ તો કયારે પણ કરતા નહિ. તો જીવનમાં શાંતિ મેળવી શકશો અને જીવનને ઉજ્જવળ બનાવી શકશો. તે માટે ભગવાને કહ્યું છે કે **એકાંત વાસઃ**– એનો અર્થ એવો નથી કે બધાને ઘરની બહાર કાઢી મૂક અને તું એકલો રહે. આ પદનો અર્થ એવો છે કે તું બધામાં રહેવા છતાં એક છે અને હું એકલો

છું. છતાં બધામાં છું. ભગવાને અમને પણ કહ્યું છે કે હે મારા સાધક ! તું ગામમાં હોય કે નગરમાં હોય, રણમાં હોય કે વનમાં હોય, ગમે ત્યાં હોય પરંતુ બધેય મહાવ્રતોનું પાલન એક સરખું કરવાનું. એકાંતવાસનો અર્થ એ છે કે તું મનન, ચિંતન કર કે "एगो मे सासओ अप्पा" શાશ્વત એવો આત્મા હું છું, બાકી બધું અનિત્ય છે. આ શરીર પણ મારું નથી. જે શરીર તદ્દન નજીકનું સગું છે. અહીં આવો ત્યારે ધન, માલ, મિલ્કત, પત્ની, બાળકો બધું મૂકીને આવો છો પણ શરીરને તો સાથે લઈ ને આવો છો. એ શરીરનો પણ રાગ રાખવાનો નથી. જ્યારે શરીરનો રાગ છૂટે પછી બીજો રાગ પણ રહે નહિ. છેલ્લે તો આ શરીરને પણ વોસરાવી દેવાનું છે. શાશ્વત એક મારો આત્મા છે. હું કોઇ ભૂલ કરું, મારાથી કોઈ પાપનું સેવન થઈ જાય ત્યારે સમજજો કે હું એકલો નથી, મને ઘણાં જુએ છે.

એક વખત ગુરૂકૂળમાં ત્યાંના ગુરૂને સ્વપ્ન આવ્યું કે અત્યારે તમારી પાસે જે ઊંચા વિદ્યાર્થી છે તેમાંથી એક દેવગતિમાં, એક મોક્ષમાં અને એક નરકગતિમાં જશે. ગુરૂને ચિંતા થઈ કે મારી પાસે ભણનારો શું નરકમાં જશે? અત્યારે ત્રણ ઉંચા વિદ્યાર્થીઓમાં એક રાજાનો પુત્ર છે, એક પ્રધાનનો પુત્ર છે અને એક નગરશેઠનો દીકરો છે. આ ત્રણમાં નરકમાં કોણ જશે? તેની ગુરૂને ચિંતા થઈ, એટલે તેમને પરીક્ષા કરવાનું મન થયું. ગુરૂએ ઘઉંના લોટનો પિંડ બનાવીને તેના ત્રણ કુકડા બનાવ્યા. આ ત્રણ વિદ્યાર્થીઓને આપ્યા અને કહ્યું કે દીકરાઓ! તમને આ કુકડા આપું છું, તે લઈને જંગલમાં જાઓ અને કોઈ પણ દેખે નહિ તેવી જગામાં જઈ ને કુકડાનું માથું કાપી નાખજો. ગુરૂની આજ્ઞા તહત્ કરીને ત્રણે ગયા. ખૂબ દૂર ગયા. નગરશેઠનો દીકરો એક જગાએ બેઠો. અહીં કોઇ નથી. મને અહીં કોઈ જોશે નહિ પણ તરત મનમાં વિચાર આવ્યો કે મેં જૈન ગુરૂ ભગવંતો પાસેથી સાંભળ્યું છે કે આપણે કોઈ પણ પાપ કરીએ તો જઘન્ય બે ક્રોડ કેવળી ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવળી તથા અનંતા સિદ્ધ ભગવંતો જુએ છે. પાતાળમાં પેસીને કર કે ભોંયમાં પેસીને કર પણ આ બધા તો સમયે સમયે જાણી રહ્યા છે, અને જોઈ રહ્યા છે. તો હું કયાં જઈ ને કુકડાનું માથું કાપું? મારે નથી કાપવું. તમે ધંધો કરતા હો, કાળા, ધોળા, માયા, કપટ, અનીતિ કરતા હો ત્યારે યાદ આવે છે કે હું આ પાપ કરું છું તે કેવળી ભગવંતો અને સિદ્ધ ભગવંતો જોઈ રહ્યા છે !

પ્રધાનપુત્ર થોડો આગળ ગયો. ત્યાં તેણે જોયું કે અહીં મનુષ્યો કોઈ દેખાતા નથી. તેઓ મને જોતા નથી પણ ઝાડે બેઠેલા પંખીઓ તો જુએ છે. હવે મારાથી કપાય નહિ. રાજાનો દીકરો થોડે વધારે દૂર ગયો. જોયું તો કોઈ દેખાતું નથી, તરત કુકડાનું માથું કાપી નાંખ્યું. ત્રણે પાછા આવ્યા. ગુરૂ રાજપુત્રને પહેલા પૂછે છે ભાઈ! તેં શું કર્યું? ગુરૂભગવંત! મને કોઈ જોતું નહોતું ત્યાં જઈ ને મેં કુકડાનું માથું કાપ્યું છે. મેં આપની આજ્ઞાનું પાલન બરાબર કર્યું છે. રાજપુત્ર વાત કરતાં હરખાય છે

પણ ગુરૂના તો હોશકોશ ઉડી ગયા. તેમને થયું કે આ મરીને નરકમાં જશે. ગુરૂ કાંઈ બોલ્યા નહિ. તેમનું મુખ પડી ગયેલું જોઈને રાજપુત્ર કહે છે ગુરૂદેવ! કેમ મુખ પડી ગયું? મેં આપની આજ્ઞા પ્રમાણે જ્યાં મને કોઈ જોતું નહોતું ત્યાં જઈને મેં કુકડાનું માથું કાપ્યું છે. શિષ્ય! તને વિચાર ન આવ્યો કે ભલે અહીં બીજું કોઇ જોતું નથી પણ ભગવાન તો મને દેખે છે ને! ગુરૂ ગંભીર હતા તે બોલ્યા નહિ કે તું નરકમાં જઇશ. પછી પ્રધાનપુત્રને બોલાવ્યો. તેણે કહ્યું, મને કોઈ માનવ તો જોતા નહોતા પણ ઝાડે બેઠેલા પંખીઓ મને જોતા હતા. એટલે કુકડાનું માથું કાપ્યા વગર પાછો આવ્યો છું. ગુરૂ સમજી ગયા કે આ દેવલોકમાં જશે. ત્રીજો નગરશેઠનો દીકરો આવ્યો–તેણે કહ્યું કે આપે મને કહ્યું હતું કે કોઈ દેખે નહિ ત્યાં કુકડાનું માથું ઉડાવજે, પણ મારા ગુરૂદેવ! બીજા કોઇ જુવે કે નહિ પણ જ૦ બે ક્રોડ કેવળી ઉ૦ નવ ક્રોડ કેવળી અને અનંતા સિદ્ધ ભગવંતો તો મને જોઈ રહ્યા છે. એટલે કુકડાનું માથું કાપ્યા વગર પાછો આવ્યો છું. ગુરૂ સમજી ગયા કે નગરશેઠનો મોક્ષમાં જશે પ્રધાનપુત્ર દેવલોકમાં અને રાજપુત્ર નરકમાં જશે. વેપાર ધંધા કરતા, પાપની ક્રિયા કરતા આટલું યાદ રાખજો કે કેવળી ભગવંતો તો મને જોઈ રહ્યા છે તો તમારો આત્મા પાપથી પાછો પડશે. જો શાંતિ જોઈતી હોય તો એકાંતમાં વાસ કરો ને પાપભીરૂ બનો. **વધુ આવતીકાલે.**

ચરિત્ર :–પુણ્યસારને તેના માતાપિતાએ ખૂબ પૂછ્યું ત્યારે શરમાતો શરમાતો બોલ્યો, બાપુજી! હું મોટો થયો છું. આપ મારા માટે સારી કન્યાની શોધ કરાવો છો, તો મારા માટે બીજી કોઈ કન્યા જોશો નહિ. મારે તો આ નગરમાં રત્નસાર શેઠની દીકરી રત્નસુંદરી છે તેની સાથે લગ્ન કરવા છે. મારા માટે કન્યા જુઓ તો એ કન્યા જોજો. જો તમે મારી ઇચ્છા પૂરી કરવા માંગતા હો તો આટલી ઇચ્છા પૂરી કરો. શેઠ કહે દીકરા, એમાં તે શી મોટી વાત! આ માટે તું સૂકાતો જાય છે? પિતા કયાં જાણે છે કે તે ગુરૂકુળમાં ભણતો હતો ત્યારે ચડસા ચડસી થઈ છે, અને તેઓ વટ પર ગયા છે. શેઠ કહે ભલે, તે શેઠ પણ આપણા જેવા શ્રીમંત, આબરૂદાર, માનદાન શેઠ છે. સંપત્તિમાં તે અડધો ઇંચ જેટલા નાના કહેવાય છતાં મારું મૂકીશ પણ દુઃખનો વિષય એ છે કે દીકરીવાળા સામેથી કહેણ લઈને આવે. છોકરાવાળા કહેવા ન જાય, છોકરાવાળા સામેથી કન્યાનું માંગુ લેવા જાય એ થોડી નાનપ લાગે. છતાં છોકરો હઠે ચડ્યો છે એટલે શેઠને હા પાડવી પડી. દીકરો કહે છે, જ્યાં સુધી આપ મને નક્કી ન કરી આપો ત્યાં સુધી મારે ખાવું પીવું નથી, દીકરા! તું શું બોલે છે? છોકરીવાળા આપણે ઘેર માંગુ લઈને આવે તેના બદલે તારું માંગુ લઇને જઈશ તો તારી કિંમત ઘટશે અને લગ્ન પછી ભવિષ્યમાં જો મન ઉંચું નીચું થશે તો તરત મેણું મારશે કે તમારે ગરજ હતી તો મને સામેથી લેવા આવ્યા હતા. શેઠ ગમે તેવું કહે છતાં પુણ્યસાર પોતાના પેટની ગુપ્ત વાત કોઇને કરતો નથી.

શેઠ કહે–દીકરા! ભલે, તારી ઈચ્છા પૂરી કરીશ. દીકરો કહે–જે થવું હોય તે થાય. આપ મને નક્કી કરી આપો. હા. તારું નક્કી કરી આપીશ. એમ નહિ, પણ આપ ક્યારે જશો? બે ચાર દિવસમાં. મને શેઠ વિષેની વાતો તો સાંભળવા દે. શેઠ કેવા છે, ધર્મીષ્ઠ છે? બાનદાન છે? બધો અભિપ્રાય મેળવી લઉં. કારણ કે આ તો કુંભારના ઘરનું હાંડલું નથી કે તે બદલાવી શકાય. દીકરાએ ચાર દિવસની મુદત માંગી. શેઠ ગંભીર છે. તે સમજે છે કે ઉતાવળા પગલા ન ભરાય. જે કાર્ય કરીએ તે ખૂબ વિચારીને કરવું જોઈએ. રત્નસાર શેઠ પ્રતિષ્ઠિત–આબરૂદાર છે. તેમને ત્યાં સામા પગલે દીકરા માટે જવું પડે છે તેમાં નાનપ લાગે છે, પણ છોકરો હઠે ચઢયો છે. માનતો નથી, છેવટે પુરંદર શેઠ તેમના સગાવહાલાને લઈને રત્નસાર શેઠને ત્યાં ગયા. દૂરથી પુરંદર શેઠને આવતા જોઈ રત્નસાર શેઠ સામા ગયા. પધારો...પધારો.

ભલે પધાર્યા શેઠજી! પાવન કર્યું અમ ગેહ;
જે આજ્ઞા હોય તુમ તણી, ફરમાવો ધરી નેહ.

આજે ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય, ધન્ય દિન, આપના પુનિત પગલાં મારે ઘેર થયા. આજે ગરીબની ઝૂંપડી પાવન કરી. મારા કેટલા સદ્‌ભાગ્ય, આજે મારે ત્યાં સોનેરી દિવસ ઉગ્યો છે. સુખી સમૃદ્ધ શેઠ હોવા છતાં કેટલો વિવેક, વિનય અને ડહાપણ છે! આ રીતે ભાવભર્યા હૈયાના ઉમળકાથી શેઠનું સ્વાગત કર્યું. જાણે પાંચ લાખની લોટરી લાગી હોય તેવો શેઠને હરખ થયો. ચાપાણી કરાવ્યા પછી રત્નસાર પૂછે છે, આપ મારે ઘેર કૃપા કરી પધાર્યા છો તો આપ કોઈ કામે આવ્યા હશો. એમ ન પૂછયું કે તમે કેમ આવ્યા છો? બોલવામાં કેટલો ઉપયોગ અને વિવેક છે! પુરંદર શેઠ મનમાં વિચાર કરે છે. હું આવ્યો છું તો કામે, પણ હવે મારે વાત કરવી કેવી રીતે? શેઠ કેવી રીતે વાત કરશે તે અવસરે.

શ્રાવણ સુદ ૯ ને ગુરુવાર : વ્યાખ્યાન નં. ૨૪ : તા. ૨૫-૭-'૮૫

અનંતજ્ઞાની મહાપુરૂષોએ કહ્યું છે કે આત્મા ઉર્ધ્વગતિમાં જાય કે અધોગતિમાં જાય એ પોતાના કર્મોથી જાય છે. વૈમાનિક દેવો ઉર્ધ્વગતિમાં ગણાય. નારકી અને પરમાધામી છે તે અધોગતિ. આપણે વસીએ છીએ એ ત્રિછોલોક. ત્રિછાલોકમાં મનુષ્ય, તિર્યંચ, વાણવ્યંતર, જ્યોતિષી અને જંભકા દેવો એ બધા છે. હવે ઉર્ધ્વગામી બનવું છે કે અધોગામી બનવું છે? એનો આધાર આપણા કર્મો પર છે. મનુષ્યનું શરીર એ માત્ર હાડ, ચામ અને લોહીનું બોખું નથી પણ એની પાસે કોઈ દિવ્ય વસ્તુ છે. આંતર વૈભવ ભરપુર રહેલો છે. એ વૈભવ તરફ માણસની દૃષ્ટિ જાય, એ વૈભવને પિછાણે તો એ પોતાના જીવનને સમૃદ્ધ, સુંદર અને આશાવંત બનાવી શકે છે. આજે મોટા ભાગના માનવીઓ પછી એ ઉદ્યોગપતિઓ હોય, મોટા વહેપારીઓ હોય કે મિલમાલિક હોય એ બધા પોતે જે કાર્ય કરે છે તેને વૈતરું સમજે છે. વેઠ

માને છે. એ એમ સમજે છે કે આ જીવન મળ્યું છે તો પૂરું કરવાનું છે. જો કાંઈ પ્રવૃત્તિ ન કરીએ તો જીવન કેવી રીતે જાય? એમ સમજી પોતાના જીવનકાર્યને સામાન્ય અને તુચ્છ બનાવી બેઠા છે. આત્માના આંતર વૈભવની ઓળખાણ બરાબર થાય તો પછી સંસારની દરેક ક્રિયા ખાવાની હોય કે સૂવાની હોય, પરિભ્રમણની હોય કે પ્રવાસની હોય તો એમ લાગશે કે આ બધી ક્રિયાઓ મારા દેહને ટકાવવા માટે છે. દેહના રક્ષણ માટે છે. પણ દેહ દ્વારા જો હું સાધના કરું તો આત્માના પ્રકાશને પામી શકું છું. આ દેહની અંદર બેઠેલો આત્મા પ્રકાશનો પુંજ છે. તે આત્મામાંથી પરમાત્મા બની શકવાનો છે.

ઈતિહાસમાં વાત આવે છે. દીનબંધુ એન્ડ્રયુઝ ખૂબ સેવાભાવી અને દેશભક્ત હતા. તે ઈંગ્લેન્ડમાં શેરીએ શેરીએ ફરતા અને જે દારૂ પીતા હોય, જુગાર રમતા હોય એમને દારૂના અને જુગારના ભયંકર પરિણામો સમજાવતા અને એમને સુધારવા માટે પ્રયત્ન કરતા હતા. એક ગલીમાં એક જુગારી દારૂડિયો હતો. એને સમજાવવા માટે દીનબંધુ રોજ ટકોર કરે તે આ દારૂડિયાને ગમતું નહિ. એક દિવસ તે ગુસ્સે થઈ ગયો અને કહ્યું--હું તમને બે હાથ જોડીને વિનંતી કરું છું કે હવે તમારો ઉપદેશ બંધ કરો. મારે તમારો ઉપદેશ સાંભળવો નથી. મને તમારા ભગવાનમાં જરાય વિશ્વાસ નથી, તો પછી રોજ ને રોજ આ એક જ વાત શા માટે કરો છો? દીનબંધુએ એટલી શ્રદ્ધાથી ને શાંતિથી કહ્યું-તારી વાત સાચી છે. તને ભગવાનમાં વિશ્વાસ નથી પણ ભગવાનને તારામાં વિશ્વાસ છે. તેં ભગવાનમાંથી વિશ્વાસ ગુમાવ્યો પણ ભગવાને હજુ તારામાંથી વિશ્વાસ ગુમાવ્યો નથી. પેલો માણસ આ સાંભળી વિચારમાં પડી ગયો. આ શું કહે છે? આપે શું કહ્યું? ફરીવાર બોલોને! મેં તને કહ્યું કે તને ભગવાનમાં વિશ્વાસ નથી પણ ભગવાનને તારામાં વિશ્વાસ છે. હું આવો જુગારી, દારૂડિયો છતાં મારામાં હજુ વિશ્વાસ છે! હા. પ્રભુ જાણે છે કે હજારો વર્ષોનો જુનો ગાઢ અંધકાર હોય પણ ત્યાં પ્રકાશનો સંભવ છે. ગુફામાં ભલે હજારો વર્ષોનો જુનો અંધકાર હોય પણ પ્રકાશ કદી હારતો નથી, પ્રકાશ થતાં એમાં અજવાળું ફેલાઈ જાય છે.

માનવીના હૃદયમાં ગમે તેટલું અંધારું હોય, જીવનમાં ગમે તેટલા વ્યસનો કે બરાબીઓ ભરેલા હોવા છતાં કોઈ નિમિત્ત મળતાં એક દિવસ સાચા રસ્તે આવી જાય છે. અર્જુનમાળી કેવો પાપી હતો. તેના જીવનમાં કેવો ગાઢ અંધકાર હતો પણ ભગવાનનો સંગ થતાં તેના જીવનનો અંધકાર દૂર થયો ને પ્રકાશ પથરાઈ ગયો. માનવી બહારથી ગમે તેવો બરાબ દેખાતો હોય પણ તેના આત્મામાં આંતરવૈભવ તો છૂપાયેલો પડ્યો છે, તે નિમિત્ત મળતાં પ્રગટ થઈ જાય છે. દુનિયામાં કોઈ એવો માણસ નહિ મળે કે જેના જીવનમાં આંતરવૈભવના અનુભવની ઈચ્છા ન જાગી હોય! આ ઈચ્છાને જેમ જેમ ખાતર મળતું જાય, સિંચન મળતું જાય તેમ તેમ એ વધારે પ્રજ્વલિત બને છે. જીવનનું ધ્યેય જડી જાય તો આત્મામાં છૂપાયેલો આંતરવૈભવ પ્રગટ કરવાની

આકાંક્ષા વધુ ને વધુ વધતી જાય. આજે માનવી એ આંતરવૈભવને ભૂલી ગયેા છે અને દુનિયાની તુચ્છ વસ્તુઓ સાથે જોડાઈ ગયેા છે. એ જોડાણના કારણે તે આત્માના વૈભવને પ્રાપ્ત કરી શકતેા નથી.

પ્લગનું જોડાણ વિદ્યુતપ્રવાહથી જુદું પડી જાય તેા બલ્બ હોવા છતાં ત્યાં પ્રકાશ થતેા નથી. પ્લગ જ્યારે મહાન વિદ્યુતપ્રવાહ સાથે જોડાય છે ત્યારે એ નાનકડો બલ્બ પ્રકાશથી ઝગમગી ઉઠે છે. બલ્બ નાનકડો છે, એમાં માત્ર સામાન્ય તાંબાના તાર હોય છે પણ જ્યારે એનું જોડાણ વીજળી સાથે થાય છે ત્યારે તરત એનામાં તેજનેા સંચાર થાય છે. જે તાર સામે તમે જોઈ શકતા હતા તેની સામે હવે મીટ પણ માંડી શકતા નથી. એ પ્રકાશથી તમારી આંખ અંજાઈ જશે. બલ્બ અહીં છે પણ એનું જોડાણ મેાટા પાવર હાઉસ સાથે થયું અને પાવરહાઉસનું તેજ આ બલ્બ આવી ગયું. આપણું જીવન બલ્બ જેવું છે. એનું જોડાણ પ્રકાશમય આત્મા સાથે થાય તેા પ્રકાશથી સભર બની જાય. માણસ જ્યારે આત્મા સાથેનું જોડાણ ગુમાવી દે છે અને દુનિયાની તુચ્છ વસ્તુઓ સાથે જોડાણ કરે છે ત્યારે તે એક સામાન્ય માણસની કક્ષામાં ગણાય છે, પછી તેા આહાર, નિદ્રા, ભેાગ અને પરિગ્રહનેા ઢગલેા વધારી પ્રસિદ્ધિ મેળવવાની દોડાદોડમાં એનું જીવન પૂરું કરે છે.

આપણી આ જીવનયાત્રા ૨૫-૫૦ કે ૧૦૦ વર્ષની નથી પણ અનંતકાળથી શરૂ થયેલી છે. આ મનુષ્યભવ તેા એક વિસામેા છે. અહીંથી આપણે પ્રયાણ પણ અનંત તરફ કરવાનું છે. આપણું જીવન ૭૦ વર્ષનું હોય કે સેા વર્ષનું હોય પણ એ એક આરામ લેવાનું સ્થાન છે. આપણી યાત્રાનેા અંત નથી. આ શરીર તો પંચભૂતમાંથી ઉત્પન્ન થયું છે ને એમાં મળી જવાનું છે, પણ આત્માને તો સતત આગળ વધવાનું છે. આત્મા એ યાત્રિક છે. જ્યાં સુધી આપણા આત્માની જ્યેાતિ નિર્મળ અને ઉજ્જવળ ન બને ત્યાં સુધી આ યાત્રા ચાલુ રહેવાની. તે માટે સાધનાની જરૂર છે.

જેમનું જીવન ગુણેાથી પ્રકાશિત છે એવા આનંદ શ્રાવકના વાણિજ્ય ગામની બહાર કેાલ્લાક નામનેા સંનિવેશ છે. કેાલ્લાક સંનિવેશની વિશેષતા એટલા માટે બતાવી છે કે આપણા શાસનનાયક ભગવાન મહાવીર સ્વામીને પહેલી ગેાચરી બહુલ બ્રાહ્મણના ઘેરથી આ નગરીમાંથી મળી હતી તેમ જ ભગવાન મહાવીરસ્વામીના પંચમ ગણધર સુધર્મા સ્વામીની આ જન્મભૂમિ હતી. આ નગરના લેાકેા સુખી, સરળ અને ભદ્રિક હતા. આ નગર કેવું હતું ? "रिद्धित्थिमिय जाव पासादीए दरिसणिज्जे अभिरुवे पडिरुवे" ઋદ્ધ એટલે જ્યાં ધન, જન, ભવન આદિ ખૂબ વૃદ્ધિ પામેલા હોય તે ઋધ્ધ-રિદ્ધિવાન કહેવાય છે. **સ્તિમિત** એટલે કપટી, ચેાર, દુરાચારી, આદિના ભયેાથી જે સર્વથા રહિત હોય તેને સ્તિમિત કહે છે એટલે આ નગરમાં કેાઈ જાતનેા ભય નહેાતેા. વળી આ સંનિવેસ કેવેા હતેા ? **પ્રાસાદીય**-જે નગરમાં જતાં મનને પ્રસન્નતા પ્રાપ્ત થાય, અશાંત મન શાંત બની જાય તેને પ્રાસાદીય કહે છે. **દર્શનીય**-જેનું દર્શન આનંદકારક છે, જેને

જોતાં આનંદ મળે અને જે જોવા યોગ્ય હોય તેને દર્શનીય કહે છે. જે મનને ગમે તેવો હોય તે અભિરૂપ અને એકદમ અનુપમ સુંદર હોય તેને પ્રતિરૂપ કહે છે. આ શબ્દો દ્વારા શાસ્ત્રકાર એ બતાવે છે કે આ કોલ્લાક સંનિવેશ એ સમયમાં ધનમાં, માણસોમાં, સદાચારમાં અને સુંદરતામાં ખૂબ આગળ વધેલો હતો.

વાણિજ્ય નગરીના એવા ભાગ્યોદય છે કે તેમની આજુબાજુના નગરોની વસ્તી પણ સારી હતી. આનંદ ગાથાપતિ જેવા સુખી, સમૃદ્ધ, ઈજ્જતવાન અને આબરૂદાર હતા તેવા તેમના મિત્રો, જ્ઞાતિજનો, સ્નેહીઓ, સંબંધીઓ કોલ્લાક સંનિવેશમાં વસેલા છે. આનંદ ગાથાપતિના સગાસંબંધી, મિત્રો બધા કોલ્લાક સંનિવેશમાં રહેતા હતા. કોલ્લાક પુણ્યવાન નગર છે. જે નગરની ચઢતી થવાની હોય તે નગરમાં લોકોને રાગ–દ્વેષ ઓછા હોય, કોઈની ચઢતી જોઈને ઈર્ષા ન કરે.

એક કૂવાના કાંઠે ખેડૂત બળદ સાથે હળ જોડીને ખેતર ખેડી રહ્યો હતો. કૂવામાંથી પાણી કાઢીને બળદને પાણી પીવડાવતો હતો. તે સમયે એક ભાઈ દોડતો આવ્યો અને ઘૂમો પાડવા લાગ્યો. હે ખેડૂત! ખેડૂત સમજી ગયો કે આ ભાઈ કાંઇ પૂછવા માગતો હોય એવું લાગે છે. તેણે બળદને ઉભા રાખ્યા. ખેડૂત આવનાર ભાઈના મુખના હાવ–ભાવ અને રેખા જોઈને સમજી ગયો કે આ માણસ કેવો છે? આવનાર માણસ પૂછે છે ભાઈ! આ ગામની વસ્તી કેવી છે? ચકોર માણસ સામા માણસની રહેણી કહેણી, બોલવું, ચાલવું, જોઈને પારખી જાય કે આ માણસ કેવો છે? ખેડૂતે પેલા ભાઈને પૂછ્યું–ભાઈ! તમારું નામ શું? તમે કયાંથી આવ્યા છો? આવનાર માણસે કહ્યું–હું મારા ગામથી કંટાળીને આવ્યો છું. મારા ગામમાં એક પણ માણસ સારો કે સદ્‌ગુણી નથી. જ્યાં સારા માણસો વસ્યા હોય ત્યાં મારે રહેવું છે. હું તમારી સલાહ લઉં છું, કે તમે વસ્યા છો તે ગામ કેવું છે! હું સારા ગામની શોધમાં છું. ખેડૂત સમજી ગયો કે પાંચ પચ્ચીસ માણસને બરાબ કહે તો ઠીક પણ આ કહે છે કે ગામમાં એક માણસ પણ સારો નથી માટે એ જ સારો નથી. કોઈ કહે–મારા સાસુ–સસરા, જેઠ—જેઠાણી, નણંદ બધા બરાબ છે. જે આખા ઘરનાને બરાબ કહે એ પોતે જ બરાબ હોય. ખેડૂતે વિચાર કર્યો કે મારું ગામ તો સરસ છે પણ તેમાં જો એક અંગારો આવી જશે તો ગામના બધાને બરાબ કરશે. ખેડૂતે કહ્યું ભાઈ! આ ગામ બરાબ છે, એમ કહ્યું એટલે પેલો ચાલ્યો ગયો.

સ્વદોષદર્શનનો પ્રભાવ:–આ ખેડૂતની સાથે તેનો યુવાન દીકરો ઉભો હતો. તેને ક્રોધ આવ્યો. મારા પિતા આપણા ગામનું વાંકું કેમ બોલે છે? તે કહે છે ગામના માણસો સારા નથી તો શું બધા બરાબ છે? તેને ખૂબ ગુસ્સો આવ્યો. કુહાડી લઈને મારા બાપને મારું, પણ થોડીવાર તે બની ગયો. ત્યાં થોડી વારે બીજો માણસ ત્યાંથી નીકળ્યો. તેણે પૂછ્યું ભાઈ! આ નગરમાં કેવા માણસો વસે છે? ભાઈ! તમારે શું

કામ છે? ભાઈ! મારો સ્વભાવ, મારી પ્રકૃતિ સારી નથી. તમારું ગામ સારું હોય ને હું વસવાટ કરું તો બીજાને પણ બરાબર કરું. બેડૂત કહે ભાઈ! આપ સુખેથી મારા ગામમાં વસો. આપ આવો. અમે આપનું હાર્દિક સ્વાગત કરીએ છીએ. તમે કહો છો કે હું સારો નથી, માટે આપ સારા છો. તમારા મુખ પર સરળતા, સૌમ્યતા, ગંભીરતા દેખાઈ આવે છે. કદાચ ક્રોધ આવી ગયો હશે પણ તેનો આપને પશ્ચાતાપ છે. આપ કહો છો કે મારામાં અવગુણનો પાર નથી માટે આપ ગુણવાન છો. આપ અમારા ગામમાં વસો. આપના સંગમાં રહેવાથી લોકો પોતાના દોષ જોવાની કળા શીખશે. આ બધી વાત યુવાન પુત્રે સાંભળી. તેણે કહ્યું પિતાજી! આપે એકને વિદાય કર્યો અને એકને વસવાનું કહો છો. આમ કેમ? દીકરા! પહેલો માણસ આવ્યો તે ઝગડાખોર હતો. હું સત્ય વાત કહું તો એ આ ગામમાં રહે. તેના રહેવાથી ઝગડા વધે, માટે મેં અસત્ય બોલીને તેને વિદાય કર્યો. આ માણસ ખૂબ સરળ અને ભદ્રિક છે. તે બીજાના દોષને જોતો નથી અને પોતાની નાની ભૂલને મોટા રૂપમાં લાવીને તેનો એકરાર કરે છે. કેવી રીતે? ન્યાયથી સમજીએ.

આપણી આંખ છે એ શું કામ કરે છે? જોવાનું, પણ સાંભળવાનું કે સુંઘવાનું કામ કરતી નથી. રસ્તામાં કચરાના ઢગલા પડ્યા હોય તો એ ઢગલાને આંખ જોશે ખરી પણ એ કચરાને ગ્રહણ કરશે નહિ. તેને પોતાનામાં પ્રવેશવા નહિ દે. ગ્રહણ કરશે નહિ, એટલું જ નહિ પણ મનમાં તેના વિચારોને પણ રાખશે નહિ. આ વિશેષતાને કારણે આંખ પોતાના અસ્તિત્વને સુરક્ષિત રાખી શકે છે. આંખે જોવાનું કામ કર્યું પણ તે કહે, મારે મનમાં રાખવાની શી જરૂર? કચરાના ઢગલા સમાન આઠ કર્મના મોટા ઢગલા પડ્યા છે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, એ બધા કચરાના ઢગલા છે. કચરાના ઢગલા તો ત્યાં ને ત્યાં પડ્યા રહેશે. તમે જોયાં એટલે તમારી સાથે નહિ આવે, ત્યારે આ કચરાના ઢગલા તો આત્માની સાથે ભેગા જાય છે. આ કચરાને કચરા તરીકે નિહાળો જરૂર, પણ તેને આત્મામાં પ્રવેશવા દેશો નહિ. આપણો આત્મા તો સ્વતંત્ર છે. એ સ્વભાવમાં હોય ત્યારે કોઈમાં જોડાતો નથી. સંસારમાં અનેક જીવોની સાથે વસતા અનેક પ્રકારના પ્રસંગો બનતા હોય છે. એમાંથી કેટલાય પ્રસંગોમાં આપણી ઇચ્છા ન હોય છતાં ભાગ લેવો પડે છે. આવા સંયોગોમાં એ પ્રસંગોથી રાગ-દ્વેષનો કચરો આત્મામાં ન પેસી જાય એની તકેદારી રાખવાની છે. આત્મા પોતાના-સ્વઘરમાં રહે ત્યારે આ કચરો એમાં પેસી શકતો નથી. આંખ દ્વારા જોવું, કાન દ્વારા સાંભળવું, નાકથી સુંઘવું, જીભથી ખાવું, એમાં પાપ નથી પણ એ ઇન્દ્રિયોના વિષયોમાં વિકાર આવ્યો તો સમજવું કે પાપ આવ્યું. જમવા બેઠા, દાળભાત, રોટલી, શાક, પાપડ-મધુ ખાધું પણ જો તેના સ્વાદમાં આસક્ત બન્યા તો કર્મબંધન થયું પણ ખાતાં એ વિચાર કર્યો કે હે આત્મા! તારો સ્વભાવ અણાહારક છે. એ પદને હું ક્યારે મેળવીશ? કયાં સુધી મારે ખાવું પડશે? આવા ભાવ આવે તો કર્મબંધ ઓછા થાય.

આંખ કચરાને દેખે છે છતાં પોતાનામાં દાખલ થવા દેતી નથી તેમ ક્રોધાદિ કષાયોના, તથા રાગ દ્વેષના કચરાના ઢગલા પડ્યા છે તેને આત્મઘરમાં પ્રવેશવા દેશો નહિ. જો એમાં આત્માનું જોડાણ નહિ કરીએ તો કર્મબંધન નહિ થાય. નહિ તો ડગલે ને પગલે મને એણે આમ કર્યું અને આમ કહ્યું એમને મારી ભૂલ દેખાય છે, પોતાની ભૂલ દેખાતી નથી. આ રીતે કષાયને વશ થઈને કર્મ બાંધ્યા કરશે.

દોષો તું તારા નિયમિત જોજે, જાગૃત રહી તારા મનડાને ધોજે,
જોજે અને ના તારી જિંદગી નકામી, ગમતી નથી આ ઉજળી ગુલામી

કર્મના, કષાયોના ઢગલા તારી સામે આવે ત્યારે તું જાગૃત રહેજે. તારામાં તેને આવવા દઈશ નહિ. જો આ કળામાં આપણે સફળ થઈ જઈએ તો વિના કારણે લાગતા અઢળક પાપોથી જરૂર બચી જઈએ. હવે બીજી વાત કરું. આંખ કચરાને પ્રવેશવા દેતી નથી પણ આંખમાં આંજવા જેવું અંજન, સુરમો હોય તો આંજે છે. કારણ કે એમાં એની રક્ષા રહેલી છે. ક્ષમા, દયા, નિર્લોભતા, સમતા આદિ ગુણો સુરક્ષા જેવા છે. એ ગુણોને આત્મામાં ગ્રહણ કરો. આંખ લેવા જેવું લે છે અને છોડવા જેવું છોડી દે છે. તેમ બરાબ પ્રસંગો આવે તો મન પર તેની અસર ન થવા દેવી, અને સારા પ્રસંગો જોવાની તક મળતી હોય તો એની મન પર અસર થવા દેવી તેથી આત્મા પવિત્ર રહેશે. પેલો કચરો જો પડયો રહે અને તેમાંય વરસાદ પડે તો એમાંથી દુર્ગંધ આવશે, તેમ જો કર્મ કચરો આત્મા પર ભેગો થશે તો દુર્ગંધ મારશે અને એ કર્મો જીવને દુર્ગતિમાં ધકેલી દેશે. ભવભીરૂ બનવા માટે કષાયોને જીતવાની જરૂર છે. અઘોર સાધના કરતા હોય પણ જો કષાય જીતી ન શકયા હોય તો સાધનામાં સફળતા મળતી નથી. માટે કષાયોને જીતવાની જરૂર છે. મોહનીય કર્મના બે ભેદ. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ–મિથ્યાત્વ મોહનીય, સમકિત મોહનીય અને મિશ્ર મોહનીય અને ચારિત્ર મોહનીયની અનંતાનુબંધીની ચોકડી; આ દર્શન સપ્તક ચોથે ગુણસ્થાનકે જીતાય એટલે સમકિત પામ્યો, પણ ચારિત્ર તો દેશથી પાંચમે ગુણ સ્થાનકે અને સર્વથી છઠ્ઠે ગુણસ્થાનકે પામે. સમકિત છે ત્યાં ચારિત્ર હોય અરુ અને ન પણ હોય. ચારિત્ર હોય ત્યાં સમકિત અવશ્ય હોય. આ વેશધારી ચારિત્રની વાત નથી પણ ભગવાને જે ચારિત્રની વાતો કરી છે તે ચારિત્રની વાત છે. એવું ચારિત્ર હોય ત્યાં સમકિત હોય. "जं मोणं ति पासहा तं सम्मंति पासहा" આચારાંગસૂત્રમાં પણ ભગવાન બોલ્યા છે કે જ્યાં મુનિધર્મ (સંયમ) છે ત્યાં સમકિત છે. અપ્રમત્ત સંયતિ બન્યા પછી જીવ આઠમું ગુણસ્થાનક સ્પર્શે, ત્યાં જીવ બે શ્રેણી માંડે છે. ઉપશમ અને ક્ષપક. ઉપશમ શ્રેણીવાળો જીવ ચઢતાં ચઢતાં નવમે, દશમે થઈ અગીયારમે આવે, ત્યાં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય અને સ્થિતિ પૂર્ણ થાય તો ત્યાંથી પડીવાઈ થાય અને ભાવોની વૃદ્ધિ ન થાય તો પડેલા ગુણઠાણા સુધી પડીને જાય. ક્ષપક શ્રેણીવાળો જીવ [illegible]

મોહનીય કર્મનો સર્વથા નાશ કરીને આવ્યો હોવાથી વીતરાગ હોય છે, છતાં તે છદ્મસ્થ હોય છે. કારણ કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ કર્મોનો નાશ કરવાનો બાકી હોય છે. બારમા ગુણસ્થાનને સ્પર્શતા નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને થિણદ્ધિનિદ્રા આ ત્રણ પ્રકૃતિ બંધે. પછી તેની સ્થિતિના બે સમય બાકી રહે છે ત્યારે પહેલા સમયે નિદ્રા અને પ્રચલા આ બે દર્શનાવરણીયની પ્રકૃતિઓ નાશ થાય છે. મોહનીયનો ક્ષય તો થયો છે. હવે જ્ઞાનાવરણીયની દર્શનાવરણીયની ૪ બાકી રહી તે અને પાંચ અંતરાયની આ ૧૪ પ્રકૃતિઓનો ક્ષય બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે થતાં સર્વજ્ઞ સર્વદર્શી બની જાય છે. આ પદને પ્રાપ્ત કરવા માટે કોઈ અણમૂલી તક હોય તો આ માનવ જીવન છે. આ મળેલા અવસરને ચૂકશો નહિ.

અવસર તરી જવાનો ફરીને નહિ મળે,
અવતાર માનવીનો ફરીને નહિ મળે....

મહાપુરૂષો ટકોર કરે છે કે આત્માઓ! ભવસાગરને તરી જવાનો અવસર તને ફરી ફરીને નહિ મળે. સમજુ આત્મા તો એક ટકોરે ચકોર બની જાય છે. પાપી આત્માઓ પણ એક ટકોરે ચકોર બની ગયા છે.

શેઠને એક દીકરો હતો. ખૂબ લાડકોડમાં ઉછેરીને મોટો કર્યો. શેઠ શેઠાણીએ દીકરાને ભણાવી ગણાવી હોંશિયાર કર્યો, પણ તે છોકરો કુસંગે ચઢી ગયો. સંગ કરો તો સારાનો કરજો, ખોટાનો કરશો નહિ. બરાબ માણસની સોબત જીવને પતનના રસ્તે લઈ જાય છે. આ છોકરો કુસંગથી દારૂ પીતો થઈ ગયો, જુગાર રમતો થઈ ગયો, અરે! સાતે વ્યસનમાં પૂરો થઇ ગયો, દારૂ પીવો, જુગાર રમવો, હોટલના બાણુપીણું બાવા માટે પૈસાની તો જરૂર પડે. એટલે ઘરમાંથી પૈસા ઉપાડી જાય, ન મળે તો ચોરીનો ધંધો કરે, આખો દિવસ બહાર ફરે, પૈસાની જરૂર પડે ત્યારે ઘેર આવે, માતાપિતા ઘણી શિખામણ આપે, દીકરા! આપણું કુળ કયું? જાતિ કઈ? તને આ ધંધો શોભે? તું કંઈક તો સમજ પણ દીકરો માનતો નથી. સમય જતાં શેઠે માંદા પડયા. તેમનો અંતિમ સમય હતો ત્યારે છોકરાને કહેવડાવ્યું કે દીકરા! એક વાર તો ઘેર આવ. તારા પિતાનો અંતિમ સમય છે. તેઓ તને બહુ ઝંખે છે. બધાએ બહુ કહ્યું એટલે ઘેર તો આવ્યો. અંતિમ સમયે પણ પિતાને એ ભાવના હતી કે મારા દીકરાનું જીવન સુધરે તો સારું. શેઠ કહે દીકરા! મારી એક વાત સાંભળીશ? છોકરો કહે, હું કાંઈ સાંભળવાનો નથી. શેઠાણી કહે, દીકરા! તારા બાપનો છેલ્લો શ્વાસ છે, અત્યારે તો તેમને સંતોષ આપ. મારે કોઈ વાત સાંભળવી નથી. ન સાંભળે તો કાંઇ નહિ, હું તને એક વાત કરું. મારે તને કોઈ નિયમ આપવો નથી કે ઉપદેશ દેવો નથી. માત્ર મારી એક વાત સાંભળ **હું મરી જાઉં પછી બીજે દિવસે તમારી કંપનીમાં જુગાર રમતા હોય તે બધાને ભેગા ગામમાં ઢોલ જુગારીઓ હોય તે બધાને આપણે ઘેર મોસાળું લાવજે અને બધાંને**

મોટી પાર્ટી આપજે. જમાડજે. છોકરાને વિચાર થયો કે આ મારા બાપુજી બોલે છે. તેઓ આમ કેમ કહેતા હશે ? તેઓ તો જુગારના કટ્ટર વિરોધી છે. દીકરા ! તને સત્ય વાત કહું છું. દીકરાને વાત કરી ને પછી બીજી ભલામણ પત્નીને કરી.

પુત્રને સુધારવા પિતાનો કીમિયો : શેઠ તો ફાની દુનિયા છોડીને ચાલ્યા. બધા અગ્નિસંસ્કારની ક્રિયા પતાવી ઘેર આવ્યા. બીજે દિવસે ગામમાં જેટલા જુગારીઓ હતા તે બધાને શેઠને ઘેર આવવા આમંત્રણ આપ્યું ! બધાના મનમાં થાય કે આપણા શેઠે આવું શા માટે કર્યું હશે ? જે જુગારના સખત વિરોધી હતા. છતાં બધાને આમંત્રણ આપ્યું. ઘેર બધાને માટે તૈયારીઓ થઈ. શેઠાણીએ શું કર્યું ? બધા જુગારીઓને જ્યાં જમવા બેસાડવાના હતા તે રૂમમાં શેા કબાટમાં બધા દાગીના ગોઠવી દીધા. બધા જુગારીઓ જમવા બેઠા. જમતાં જમતાં તેમની નજર શેા કબાટમાં પડી. બધા શો કબાટમાં જોતા જાય અને રડતાં જાય. પોતાની જાતને ધિક્કારતા જાય. અહાહા....આ પાપીના પાપને પોષવા દાગીના ગીરવે મૂકયા હતા ! બે ચાર નહિ પણ બધાય જુગારીયાની આંખમાં આંસુ હતા, ત્યારે આ છોકરાએ પૂછયું–આપ આવ્યા છેા એમાંથી કોઈ મારા બાપુજીના સગાવહાલા તેા નથી છતાં બધા રડેા છેા શા માટે ? ભાઈ ! અમે આ શેા કબાટને જોઈને રડીએ છીએ. આ પાપીઓએ પાપને પોષવા અમારા દાગીના ગીરવે મૂકયા છે. કોઈએ ૧૦ વર્ષથી, કોઈએ ૧૫ તેા કોઈએ ૨૫ વર્ષથી મૂકયા છે. છતાં હજુ અમે છોડાવી શકતાં નથી. અમારી બેન–દીકરીઓ બધા રોતા રહી ગયા. જો તું પેલા દાગીના પર નામ વાંચ. મારું નામ લખેલું છે. એમ કહીને બધા બતાવવા લાગ્યા. બધાને પોતાનો પૂર્વ ભૂતકાળ યાદ આવ્યેા. કયાં અમારા તે સમયના સુખ ! કયાં અત્યારના દુઃખ !

આજ્ઞાની અવગણના છતાં પિતાનું વાત્સલ્ય : મારા પિતાએ મને સુધરવા માટે ઘણી શિખામણ આપી છતાં મેં તેમની શિખામણ માની નહિ. તેમની આજ્ઞાની સદા અવગણના કરી. છેવટે અંતિમ સમયે મને સુધારવા માટે પાસે બોલાવ્યેા, ત્યારે પણ મેં તેમની વાત સાંભળી નહિ અને પિતાને અંતિમ સમયે પણ હું સંતોષ આપી શકયો નહિ. મને સુધારવા માટે આ ગુપ્ત કિમિયેા ગોઠવ્યેા લાગે છે. શું મારા પ્રત્યે પિતાનો પ્રેમ ! શું પિતાનું વાત્સલ્ય ! તેઓ મને સમજાવી ગયા કે જે મારું હતું તે બધું તેા તેં ફના કરી નાખ્યું. હવે ફક્ત રહેવા માટે આ એક ઘર રહ્યું છે તે સાચવજે. તેને વ્યસનોની લતમાં ગીરવે મૂકી આવીશ નહિ, તેા તું સુખી થઈશ. છોકરાની આંખ ઊઘડી ગઈ. તે ઠેકાણે આવી ગયેા. આ બધા રડે છે એવા દિવસેા મારે નથી લાવવા. મને સુધારવા માટેની આ મૂંગી શિખામણ છે. છોકરેા સુધરી ગયેા. એક ટકોરે ચકોર બની ગયેા.

આપણેા આત્મા અનંતકાળથી રખડતેા આવ્યેા છે. તેને ગુરૂ ભગવંતેા ઘણું સમજાવે છે છતાં આત્મા સમજતેા નથી. ત્યારે તેની સામે નરકના દુઃખેાનું વર્ણન કર્યું. તિર્યંચ

જીવોની પરાધીનતાનું વર્ણન કર્યું. બધા દુઃખો રજૂ કર્યા. હે આત્મા! હવે તારે એવા દુઃખો ભોગવવા જવું ન હોય તો સમયને ઓળખી લે, અને સાધના કરી લે.

આ કોલ્લાક સંનિવેશ એટલું રળિયામણું શહેર હતું કે જેને જોતાં બધાના મનમાં અપૂર્વ શાંતિ થતી. ત્યાં આનંદ ગાથાપતિ જેવા સુખી, સમૃદ્ધ મિત્રો, જ્ઞાતિજનો વસે છે. હવે તેમનો ભાગ્યસિતારો ચમકવાનો છે તેથી ત્યાં કોણ પધારશે તે ભાવ અવસરે.

ચરિત્ર :- રત્નસાર શેઠે કહ્યું, શેઠજી! આપ કોઈ કામે આવ્યા હશો. વગર કામે તો આપના પુનિત પગલા હોય નહિ, તો આપ વિના સંકોચે જે કામે આવ્યા હો તે ફરમાવો. આપના મુખ પરથી એવું લાગે છે કે આપ મનમાં સંકોચ રાખો છો. આપ જરા પણ સંકોચ ન રાખશો. જે હોય તે આપ ખુશીથી કહો. આ સેવકને એ કામનો લાભ આપવા કૃપા કરો. રત્નસાર શેઠે ખૂબ કહ્યું એટલે શેઠ ઉલ્લાસમાં આવી ગયા. મનમાં થયું કે સત્ય વાત પ્રગટ કર્યા વિના કામ નહિ થાય. છાશ લેવી અને દોણી સંતાડવી એ કેવી રીતે બને? છેવટે શેઠ કહે છે કે હું શુભ કામે આવ્યો છું, મને શ્રદ્ધા છે કે આપ જરૂરથી મને એ માટે હા પાડશો. હું ને તમે કેટલા વર્ષોથી મિત્રો તો છીએ. એ મિત્રાચારીનો સંબંધ કાયમ જાળવી રાખવા માટે એક વાત કરવા આવ્યો છું.

તમને મારા વેવાઈ બનાવવા છે :- આપ જાણો છો કે મારે એકનો એક દીકરો છે. તે ભણીગણીને ૭૨ કળામાં હોંશિયાર થયો છે. તે હવે યુવાન થયો છે. તેના માટે ઘણી કન્યાઓ આવે છે. ઘણા કાલાવાલા કરે છે પણ મને એમ થયું કે તમે મારા જૂના મિત્ર છો તો તમારી દીકરી સાથે મારા દીકરાનું સગપણ કરીએ તો સોનામાં સુગંધ ભળે. તમારી દીકરી ડાહી, ગુણીયલ અને હોંશિયાર છે. જો તેનું સગપણ મારા દીકરા સાથે થાય તો તેમની સંસારની ગાડી બરાબર ચાલે. આજ સુધી આપ મારા મિત્ર હતા, હવે મારે તમને મારા વેવાઈ બનાવવા છે. બોલો, શુભ કામમાં આપ મને સાથ આપશો ને? રત્નસાર તો આ સાંભળી હેબતાઈ ગયા. આ શેઠ શું બોલે છે? તેમના પગમાં પડી એમને કાલાવાલા કરીએ તો પણ મારી દીકરી તેમના ઘેર ન હોય. જેમનું દેશમાં નામ હોય, રાજા પણ જેને માન આપે તેવા શેઠ હાલીચાલીને મારા ઘેર આવીને મારી દીકરીનું માંગુ કરે! મારી દીકરી કેટલી ભાગ્યશાળી ને પુણ્યશાળી કહેવાય! મારે ત્યાં પૈસો તો ઘણો છે. મને ધનની ભૂખ નથી પણ આ શેઠને ત્યાં દીકરી દેવામાં એ આનંદ છે કે શેઠ-શેઠાણી ખૂબ ધર્મિષ્ઠ છે. ૩૬૦ દિવસ સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર તો હોય જ. મહિનામાં છ છ પૌષધ કરે. તેમની લક્ષ્મી સંસારના કાર્યમાં બહુ જુજ વપરાય છે. ઝાઝી લક્ષ્મી દાનમાં વપરાય છે. દાનની સરિતા તો તેમના આંગણે વહ્યા કરે છે. આવા ધર્મધુરંધર, સદાચારી, દાનવીર પુણ્યવાન શેઠને ઘેર મારી દીકરી હોય?

રત્નસાર શેઠને તો ખૂબ આનંદ થયો. મારી દીકરી નગરશેઠની પુત્રવધૂ બનશે! પુરંદર શેઠ કહે, એક વાર તમારી દીકરી જોવાની મારી ઈચ્છા છે. રત્નસાર શેઠના હૈયામાં આનંદ અને હર્ષના ભાવો એટલા ઉછળતા હતા કે બોલવા માટે તેમની પાસે કોઈ શબ્દો નહોતા. પુરંદર શેઠ કહે, કેમ શેઠ! કાંઈ બોલ્યા નહિ? મારી વાત તમને ન ગમી? અરે શેઠ! એ શું બોલ્યા? કયાં તમે ને કયાં હું! તમારી એ માંગણી કેવી રીતે ના પાડી શકું! આ તો મારે આવવું જોઈએ તેના બદલે તમે આવ્યા છો. મારું આવું સૌભાગ્ય કયાંથી! તો તમે હા પાડી છે એમ માનું ને! હા, આજથી મારી દીકરી તમારી. આ બધી વાત રત્નસુંદરી અંદર રૂમમાં ઊભી ઊભી સાંભળતી હતી. તેને પુણ્યસાર જેવો પતિ મળે તો તેમાં ભાગ્યવાન માનત, પણ આંટી પડી ગઈ છે. બધું ઉકેલવું સહેલ છે પણ આંટી ઉકેલવી મુશ્કેલ છે. તેણે જોયું કે મારા પિતા તો ખૂબ આનંદમાં આવી ગયા છે, એટલે હજુ તેને બોલાવી નથી તે પહેલાં તો તે બહાર આવી તેના મનમાં તો ઝાળ ઊઠી છે, આવીને તે જુસ્સામાં બોલવા લાગી :–

મુજ સગપણ જો થાએ એહથી, તો ચડે મુજને આળ,
કદી હું નહિ પરણું પુણ્યસારને, એ મુજ મનડાની હામ.

રત્નસાર કહે બેટા! તું આ શું બોલે છે? અત્યાર સુધી મેં તને કદી ઊંચા સાદે બોલતી સાંભળી નથી અને આજે આ શેઠ બેઠા છે છતાં તું આ રીતે બોલે છે તેમાં મારું ગૌરવ હણાય છે. દીકરી! કંઈક વિચાર કર. તારા બહા ભાગ્ય હોય ત્યારે આવું ઘર ને વર મળે. બાપુજી! હું સમજી-વિચારીને બોલું છું. શેઠને માટે મને ખૂબ માન છે. તેમને હું મારા પિતા સમાન માનું છું, પણ હું તેમના દીકરા સાથે લગ્ન કરવા જરાય તૈયાર નથી. દીકરી! તને બોલતાં જરાય શરમ નથી આવતી? આમાં આ શેઠનું અને તેના દીકરાનું હડહડતું અપમાન થાય છે. દીકરીનો બાપ ઝંખવાણો પડી ગયો. તે રડી પડયા. શેઠ! મારી દીકરી નાલાયક નીકળી. આપ સામે બેઠા છો છતાં આવું બોલે છે? સર્પને દૂધ પાય તો ઝેર થાય તેમ આ દીકરીને કેટલા લાડકોડમાં ઉછેરી, સંસ્કાર આપ્યા, કેળવણી આપી, તોય આવી નીકળી! શેઠ વિચારમાં પડયા છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૧૦ ને શુક્રવાર : વ્યાખ્યાન નં.–૨૫ : તા. ૨૬-૭-૮૫

સમતાના સાધક, મમતાના મારક, અનંતગુણોના ધારક એવા ભગવાને ભવ્ય જીવોને ઉપદેશ આપતા સમજાવ્યું કે આ માનવ જીવન અણમોલ ધનનો ખજાનો છે. તમારા માનેલા ધનની વાત નથી આ તો આધ્યાત્મિક ધનની વાત છે. તમારો ખજાનો હીરા, માણેક, નીલમ, મોતી, સોનું, પન્ના આદિથી ભરપુર હોય છે, તેમ આ જીવન રૂપી ખજાનામાં સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષમા, સરળતા, નિર્લોભતા આદિ અમૂલ્ય

સંપત્તિ ભરેલી છે. આવો સુંદર મનનો બનનો હાથમાં આવ્યા પછી આ બનનાની સંભાળ ન રાખીએ અને જેમ તેમ વેડફી દઈએ તો આ જીવનધન હારી જઈશું. આધ્યાત્મિક ધનના બનનાને સાચવવા માટે જ્ઞાનીઓએ ઉપાય બતાવ્યા છે.

शान्ति तुल्यं तपो नास्ति, न संतोषान्तरं सुखम् ।
न तृष्णायाः परो व्याधिः, न च धर्मो दया परः ॥

સંસ્કૃત સુભાષિતકારે પણ કહ્યું છે કે આ જગતમાં ઉત્તમ તપ હોય તો 'શાંતિ' છે. કોઈપણ તપ શાંતિની તુલનામાં આવી શકતો નથી. શાન્તિ સમભાવમાંથી ઉત્પન્ન થાય છે. શાંતિ હોય ત્યાં સ્વાર્થનું નામનિશાન રહેતું નથી. અશાંતિને ઉભી કરનાર સ્વાર્થ છે. સ્વાર્થભાવના જાય અને નિઃસ્વાર્થ ભાવના આવે એટલે આપોઆપ જીવનમાં શાંતિ આવી જાય છે, અને તે જીવનને ધન્ય બનાવી દે છે. અઘોર તપ સાધના કરનાર તપસ્વી પણ જો અશાન્તિની આગમાં બળતો હોય તો એના ભવોની પરંપરા વધતી જાય છે માટે કહ્યું છે કે શાંતિ સમાન કોઈ તપ નથી. આત્માને પરમ શાંતિ તો સર્વકર્મનો ક્ષય થયા પછી મળે છે. આ સ્થિતિ મોક્ષમાં હોય છે. આ શાંતિ મેળવવા માટે અપ્રમત્તદશા કેળવવી પડે છે.

બીજા પદમાં કહ્યું છે કે સંતોષ સમાન સુખ નથી. તમે બધા શું ઈચ્છો છો ? ચાહે ગરીબ હોય, મધ્યમ હોય કે શ્રીમંત હોય, બધા સુખને ઈચ્છે છે. તે સુખ માટે આત્મા જગતના ભૌતિક સાધનોમાં ફાંફાં મારે છે પણ જ્ઞાની કહે છે કે ભૌતિક સાધનોમાં સુખની શોધ કરનાર માનવી માર્ગ ભૂલેલા મુસાફરની જેમ સુખને બદલે દુઃખ મેળવે છે. જો તમને સુખની આકાંક્ષા હોય, સુખ મેળવવાની તમન્ના જાગી હોય તો જગતના પદાર્થો પરથી તમારી દૃષ્ટિને દૂર કરી દો. મળે તેટલામાં સંતોષ માનવાની મનોવૃત્તિ કેળવી લો. આ જગતમાં સંતોષથી આગળ વધીને બીજું કોઈ સુખ નથી. પુણીયા શ્રાવક પાસે કેટલી સંપત્તિ હતી ? છતાં તે સુખી હતો. અને મમ્મણ શેઠ પાસે ઘણું ધન હોવા છતાં તે દુઃખી હતો, કારણ કે તેના જીવનમાં સંતોષ ન હતો. જ્યારે પુણીયો શ્રાવક ખૂબ સંતોષી હતો. કદાચ પુણ્યોદયે બંગલો, ટી. વી. ફ્રીજ, વીડીયો, બધું મળી જાય અને આધુનિક જમાનાની નવીનવી સામગ્રીઓથી તમારો રૂમ ભરાઈ જાય, છતાં તેનાથી તમે સુખી બની શકશો નહિ. જેમ જેમ પદાર્થો મળતા જશે તેમ તેમ તમારી ભૌતિક ભૂખ ભડકે બળતી જશે, માટે સંતોષને તમારા જીવનનો મુદ્રાલેખ બનાવી લો અને વધુ ને વધુ મેળવવાની આંધળી દોટ ઓછી કરો; પછી તમને લાગશે કે હું મહાન સુખી છું.

ત્રીજા પદમાં કહ્યું છે કે તૃષ્ણા જેવી વ્યાધિ નથી. જગતમાં મોટામાં મોટા રોગો કયા ? તમે કહેશો કે કેન્સર, ટી.બી., ભગંદર, આ સિવાય બીજા અસાધ્ય રોગોના નામ તમે આપશો, પણ એ અસાધ્ય રોગો જો અશાતા વેદનીય શાંત થશે તો કદાચ મટી જશે પણ એક એવો ભયંકર અસાધ્ય રોગ છે કે જેનો કોઈ ઉપાય નથી. એનું નામ

છે તૃષ્ણા. આત્માના દ્વારે તૃષ્ણાના તોરણો લટકતા હોય ત્યાં માનવીના મનને શાંતિ કયાંથી મળે ? મમ્મણ પાસે કેટલી સંપત્તિ હતી ! કરોડો સોનૈયાની પૂંજી હોવા છતાં મૂશળધાર વરસાદમાં નદીના પૂરમાં લાકડા વીણતો હતો. અરે ! સંપત્તિના સાગરમાં રાચનારાઓની પણ તૃષ્ણાએ આવી અવદશા કરી છે. તૃષ્ણા તો આકાશ જેવી અનંત છે. આવા અસાધ્ય તૃષ્ણાના રોગનો કોઈ ઉપાય નથી. જ્ઞાનીએ તેનો ઉપાય બતાવ્યો છે. તૃષ્ણાને છોડીને તૃપ્તિના ઘરમાં આવો તો અસાધ્ય રોગ સાધ્ય બની જશે.

જગતમાં સૌથી ઉત્તમ ધર્મ કયો છે ? **"दया धर्मका मूल है"** ધર્મનું મૂળ દયા છે. સર્વ જીવો ઉપર કરૂણાભાવ રાખવો. જેવો મારો આત્મા છે તેવો જગતના દરેકનો આત્મા છે. જે પોતાના આત્મા સમાન સર્વ જીવોને ગણે છે અને જીવોની હિંસા કરતો નથી તે આત્મા સમાધિનો સાચો અધિકારી બની શકે છે. અહિંસા વિનાનો ધર્મ એ ધર્મ નથી. અશાંતિથી બચવાને માટે જ્ઞાની પુરૂષોએ અહિંસા ધર્મનો નિર્દેશ કર્યો છે. અહિંસા એક સંજીવની છે. દુઃખોથી બેભાન થયેલા જીવોને નવજીવન આપે છે. અહિંસા એ રામબાણ ઔષધિ છે. જેનું પાન કરવાથી અશાંતિ રૂપી રોગ નાશ પામે છે. અહિંસા સુખનો રાજમાર્ગ છે અને હિંસા એ દુઃખનો માર્ગ છે. અહિંસા અમૃત છે અને હિંસા વિષ છે. જીવો ઉપર દયા, કરૂણા, પ્રેમ, બીજા જીવોને પોતાના પ્રાણના ભોગે પણ બચાવી લેવાની ભાવના આ ઉત્તમ ધર્મ છે. જીવનને ઉજ્જવળ બનાવવામાં આટલું યાદ રાખજો. દિલની દિવાલ પર કોતરી રાખજો કે "શાંતિ સમાન કોઈ તપ નથી, સંતોષ જેવું કોઈ સુખ નથી, તૃષ્ણા જેવો કોઈ રોગ નથી અને દયા જેવો કોઈ ધર્મ નથી. આ ચાર વાકયોનું મનન, ચિંતન કરીશું તો શાંતિ, સંતોષ અને દયાને અપનાવી શકશું અને તૃષ્ણાને દૂર કરી શકશું. તો આપણા જીવન ધનને સારી રીતે સાચવી શકશું.

જેમના જીવનમાં દયા છે, સંતોષ છે, શાંતિ છે, એવા આનંદ ગાથાપતિના ગામની બાજુમાં કોલ્લાક સંનિવેશ છે. તે નગરમાં વસનારા બધામાં એકતા હતી. દરેકને પોતાનો ધર્મ પ્રિય હતો. સૌ પોતપોતાનો ધંધો કરતા હતા. એટલે તે નગરની જનતા ધર્મપ્રેમી હતી. તેમજ તે સમયમાં આટલા હિંસાના તાંડવ ન હતા. સર્વજીવો પ્રત્યે દયા ભાવ હતો, કરૂણા હતી. ત્યાંની પ્રજા અહિંસાની પ્રેમી હતી. કોઈ જીવોની હિંસા થતી ન હતી. જુના જમાનાના માણસો કીડીયારા ઉભરાય તો ચોખાનો લોટ લઈને પૂરતા હતા. દયા ધર્મ દિલમાં વસેલો હતો. દરેક ધર્મોમાં બતાવ્યું છે 'દયા એ ધર્મનું મૂળ' છે. આજે તો દયાને દેશવટો આપી દીધો છે. હૃદયમાંથી દયા વિદાય થઈ ગઈ છે. રોજના હજારો જીવોની કતલ થઈ રહી છે. કયાં પહેલાનું દયામય જીવન અને કયાં આજનું હિંસામય જીવન ! પોતાના પ્રાણના ભોગે પણ બીજાના પ્રાણને બચાવતા હતા.

અડગ ધ્યાની સંત : એક માછીમાર માછલા પકડવાનો ધંધો કરતો. તે સમયે આજના જેટલો મત્સ્ય ઉદ્યોગ ન હતો. આજે તો મત્સ્ય ઉદ્યોગને વિકસાવવા સરકાર

નાણાં ધીરે છે અને તેને ઉત્તેજન આપે છે. આ પાપો કયાં લઈ જશે ? આ માછીમારે નદીમાંથી માછલા પકડવા પાણીમાં જાળ નાંખી. આ સમયે તે પાણીમાં અન્ય ધર્મના સંત ધ્યાન લગાવીને બેઠા હતા. આ સંત નદી કિનારે આશ્રમમાં રહેતા. રોજ સવારમાં નદીમાં સ્નાન કરવા જાય અને કોઈ કોઈવાર પાણીમાં ધ્યાન કરીને બેસી જાય. માછીમારે પાણીમાં જાળ નાંખી. તેમાં નાની મોટી માછલીઓ આવી. સાથે સંત પણ તેમાં આવી ગયા. સંત તો ધ્યાનમાં એવા મસ્ત હતા કે માછીમારે જાળ નાંખી તો પણ તેમને ખબર ન પડી. માછીમાર જાળ ખેંચે છે, તેમાં પેલા સંત પણ ખેંચાઈ રહ્યા છે. માછીમારને જાળ ખૂબ વજનદાર લાગી. તેના મનમાં એમ કે આજે આ જાળમાં માછલાં વધુ પકડાયા હશે. સારું થયું. તે હરખાઈ ગયો. માછીમારે જાળ બહાર કાઢી. તેમાંથી માછલા બહાર કાઢી લીધા, ત્યારે જોયું તો સંત પણ જાળમાં ફસાઈ ગયા હતા. સંતને પણ જાળમાંથી મુક્ત કર્યા. માછલાં પાણી વગર તરફડી રહ્યા હતા. કિનારે આવ્યા ત્યારે સંત ધ્યાનમાંથી મુક્ત થયા. તેમનું ધ્યાન કેવું હશે ? જાળમાં ફસાયા, ખેંચાયા, છતાં ખબર પડી નહિ. સંતે આંખ ખોલીને જોયું તો સામે માછીમાર ઉભો હતો અને તેની બાજુમાં પાણી વગર માછલીઓ તરફડીયા મારી રહી હતી.

માછીમાર તો સંતને જોઈને ધ્રુજવા લાગ્યો. એ જમાનામાં પાપી આત્માઓ સંતને જોઈને ધ્રુજતા હતા. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૮મા અધ્યયનમાં ગર્દભાલી મુનિ અને સંયતિ રાજાની વાત આવે છે. સંયતિ રાજા શિકાર કરવા ગયા હતા, રાજાથી ભયભીત બનેલું મૃગલું દોડીને મુનિ પાસે આવ્યું પણ રાજાએ દૂરથી તે મૃગ પર બાણ ચલાવ્યું અને મૃગ મરી ગયો. તે મૃગ ગર્દભાળીના ચરણમાં આવીને પડયો છે. પોતાનો શિકાર કયાં પડયો તે જોવા માટે રાજા ઉદ્યાનમાં આવ્યા. તો મુનિની પાસે પડેલો જોયો– ગર્દભાળી મુનિ તો ધ્યાનમાં હતાં. એમને કંઈ ખબર હતી નહિ પણ તેમની પાસે મૃગને પડેલો જોઈને રાજા ધ્રુજવા લાગ્યા. તેમના મનમાં થયું કે આ મૃગ આ મુનિનો હશે ! રાજાને ખબર નથી કે જૈનના સંતો કોઈ પશુ–પક્ષીને રાખે નહિ. એટલે રાજા ધ્રુજવા લાગ્યા. હવે મારું આવી બન્યું. હવે હું મરી જઈશ. આ સંત એક આંખ ફેંકે તો પણ કેટલાય માણસો બળી જાય એવી આ સંતમાં શક્તિ લાગે છે. પહેલા સંયમનો પ્રભાવ એટલો પડતો હતો કે લોકોને તેમનો ડર લાગતો હતો. આજે તો જમાનો જ જુદો આવ્યો છે.

સંયતિ રાજા મુનિના ચરણમાં પડીને માફી માંગે છે. મુનિએ તે સમયે ધ્યાન પાળ્યું. રાજા કહે છે મારી ભૂલ થઈ ગઈ છે. મને ખબર નહિ કે આ મૃગ આપનો હશે ! શિકાર કરવા જતાં તે મારાથી મરી ગયું છે. રાજા તો મુનિને લળી લળીને પગે લાગે છે ને માફી માંગે છે, ધ્રુજે છે. મુનિ બધું સાંભળે છે. ભગવાને કહ્યું છે કે હે મારા સાધક ! તું ભાષા બોલે તો નિર્દોષ અને નિરવદ્ય ભાષા બોલજે પણ સાવદ્ય–પાપકારી ભાષા ન બોલીશ. કોઈને દુઃખ થાય, આઘાત લાગે તેવી ભાષા ન બોલીશ. ભાષાનો ઉપયોગ ન રાખે તો ભાષા કેવી બોલાઈ જાય છે !

એક યુવાન દીકરો મરી ગયો. ઘરડા માબાપને ખૂબ આઘાત લાગ્યો. તે છોકરાને બાળવા લઈ જાય છે. ત્યારે બાજુમાં પાડોશી હતા, તેનો નાનો દીકરો પણ સ્મશાને ગયો. ચોમાસાના દિવસો એટલે લાકડા ભીના હતા, અને જે છોકરો મરી ગયો તેને સોજા ખૂબ આવી ગયા હતા. એટલે તેના શરીરમાંથી પાણી છૂટતું હતું. એટલે બળતાં વાર લાગે ને! ત્યારે આ નાનો છોકરો શું બોલ્યો? મરી ગયો પણ જલ્દી બળતો ય નથી. આ શબ્દો તેની બાજુમાં બેઠેલા છોકરાના બાપે સાંભળ્યા. આ શબ્દો તેને બાણ જેવા લાગે ને! બાપને ખૂબ લાગી આવ્યું. તેની આંખમાં આંસુ આવી ગયા. મનમાં થયું કે તને અહીં કોણે નોતર્યો હતો તે તું આવ્યો? છોકરાનો બાપ તો કાંઈ બોલ્યો નહિ. એક તો યુવાન દીકરો ચાલ્યો ગયો તેનો આઘાત છે અને ઉપરથી આવા શબ્દો બોલે એટલે કેવો આઘાત લાગે! થોડા દિવસ થયા એટલે મોટોભાઈ આવ્યો. તેને ખબર પડી કે પાડોશીનો યુવાન દીકરો મરી ગયો છે, એટલે તેમની પાસે ગયો. તેમને શાંતિ આપી, પછી વાતવાતમાં છોકરાના બાપે કહ્યું કે મોજવાળા લાકડા હતા એટલે બળતાં વાર લાગી ત્યારે તારો નાનો ભાઈ કેવા કઠણ બોલ બોલ્યો. મરી તો ગયો પણ જલ્દી બળતો ય નથી. આ સાંભળી મોટો ભાઈ કહે, હવે તમારો બીજો દીકરો મરી જશે ત્યારે તેને નહિ મોકલું પણ હું આવીશ. કેવી ભાષા બોલ્યો! આઘાત વધે કે ઘટે? આ ભાઈ ને તો ભયંકર આઘાત લાગ્યો. ભાષા બોલો તો ખૂબ વિચારીને બોલો. તલવારના ઘા વાગે તો રૂઝાય, છાતીમાં ગોળી વાગે તેની પીડા થાય પણ ગોળી કાઢી નાંખો એટલે પીડા ઓછી થઈ જાય, પણ કટુવચનના ઘા ભયંકર છે દશવૈકાલિકમાં ભગવંતે ફરમાવ્યું છે.

मुहुत्त दुक्खा उ हवंति कंटया, अओमया तेऽवि तओ सुउद्धरा ।
वाया दुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महब्भयाणि ॥ અ. ૯. ઉ.૩.ગા. ૭

લોખંડના કાંટા વાગે અથવા બાણ વાગે તો એ થોડા સમય સુધી દુઃખ આપે છે અને તે જે અંગમાં વાગ્યા હોય તે અંગમાંથી હોંશિયાર વૈદ્ય કે ડોકટર દ્વારા સહેલાઈથી નીકળી જાય છે પણ કટુ વચનરૂપી બાણોને કાઢવા બહુ મુશ્કેલ છે. અર્થાત્ તે હૃદયમાં વાગ્યા પછી નીકળવા અશક્ય છે, કારણ કે કઠોર વચનોનાં પ્રહાર હૃદયને વીંધીને આરપાર થઈ જાય છે. તે આલોક અને પરલોકમાં વૈરભાવની પરંપરા વધારે છે. તથા તે નરકાદિ ગતિઓમાં લઈ જવાવાળા હોવાથી તે મહા ભયને ઉત્પન્ન કરવા-વાળા છે માટે જીભ પર બ્રેક રાખવાની જરૂર છે.

સંયતિ રાજા ગર્દભાળી મુનિના ચરણમાં પડીને માફી માંગે છે. ત્યારે મુનિ કેવા ઉપયોગથી બોલે છે! જો મુનિ કહે કે, મૃગ મારો નથી તો રાજાનો ભય જતો રહે અને જો એમ કહે કે, મૃગ મારો છે તો અસત્ય ભાષા બોલાય. મુનિએ શું કહ્યું-હે રાજન્! "अभओ पत्थिवा तुब्भं अभयदाया भवाहिय ।" મારા તરફથી તને અભય છે. તમે પણ બીજા જીવોને અભય આપજો. દરેક જીવોને જીવવું ગમે છે, માટે તમે જીવો અને બીજાને જીવવા

દો. તમે શિકારના શોખીન બનીને આ મૃગલાને વીંધી નાખ્યું, તેને કેવું થયું હશે! સંયતિ રાજાએ તો મુનિના ઉપદેશથી દીક્ષા લીધી અને આત્મકલ્યાણ કર્યું.

પાપથી મુક્તિ માટેની યુક્તિ : માછલાને પકડવા નાંખેલી જાળમાં સંત આવી ગયા. સંતને જોઈને માછીમાર મુંજવા લાગ્યો. સંત કહે છે ભાઈ! દરેક જીવોને જીવવું ગમે છે. આ માછલીઓ પાણી વિના તરફડીને મરી જશે, માટે પહેલાં એને પાણીમાં મૂકી દે. જો આ માછલા જીવતા રહેશે તો જ હું પણ જીવી શકીશ, નહિ તો માછલાની સાથે મારા પ્રાણ ચાલ્યા જશે. તું માછલાને મારીશ તો મારાથી ઘડી પણ જીવી શકાશે નહિ. માછીમાર કહે–મારી આજીવિકામાં વાંધો આવશે. મારે આ પાપી પેટ માટે બધું જ કરવું પડે છે. એ બધું થઈ પડશે. તું એ માટે ચિંતા ન કરીશ. આપ મને એ માટે શું કરશો? ભાઈ! માછલા પાણીમાં નાંખી દે, પછી તું મને ગામના રાજા પાસે લઇ જા. આ જૈનના સંત ન હતા. માછીમાર સંતને રાજા પાસે લઈ ગયો. રાજા ન્યાયસંપન્ન હતા. માછીમાર કહે છે બાપુ! મેં માછલા પકડવા માટે જાળ નાંખી તેમાં આ સંત પણ આવી ગયા. એ મેં મોટો ગુનો કર્યો છે. આવું કરીને મેં મહાત્માની અશાતના કરી છે. મારો ગુનો માફ કરો, પછી સંતે કહ્યું રાજન્! આ માછીમાર પોતાની આજીવિકા માટે જાળ નાંખીને માછલા પકડે છે. હું ત્યાં પાણીમાં ધ્યાનમાં બેઠો હતો એ તેને ખબર નહિ એટલે તેણે જાળ નાંખી, તેથી માછલાની સાથે હું પણ જાળમાં ફસાઈ ગયો. જે માછલા જાળમાં આવ્યા હતા તેને બચાવવા માટે મારા કહેવાથી તેણે પાણીમાં નાંખી દીધા છે. તેથી માછલાની સાથે મને પણ જીવતદાન આપ્યું છે. હવે એને આ પાપ કરવા ન પડે અને એની આજીવિકા બરાબર ચાલે તે માટે મારી તથા માછલાની જે કિંમત થાય તે એને આપો.

આ સાંભળી રાજા વિચારમાં પડી ગયા કે આ સંતનું શું મૂલ્ય આંકવું? રાજાએ એક હજાર રૂપિયા આપ્યા. માછીમાર તો ખુશ થયો, કારણ કે તેના ધંધામાં તો તેને આટલું બધું મળતું ન હોય. સંત કહે, મારી કિંમત એક હજાર રૂપિયા જ? રાજા કહે, ના, તમારી કિંમત તો અમૂલ્ય છે. તેને એક લાખ રૂપિયા આપું તો આ મહાત્મા ખુશી થશે. સંતનું મુખ જોતાં લાગ્યું કે તેમને સંતોષ થયો નથી એટલે રાજા કહે, પાંચ લાખ. માછીમાર તો વિચારમાં પડી ગયો કે આ સંતે તો મારા ઉપર કેટલી કૃપા કરી! સંતે કહ્યું–પાંચ લાખ પણ બરાબર નથી. પહેલાના રાજા સંતને ક્યારેય નાખુશ ન કરે. તે સમજતા કે તેમના સંતોષમાં અમારું જીવન છે. મહારાજા કહે અડધું રાજ્ય આપી દઉં! તો પણ સંતના મુખ પર આનંદની રેખા ન ફરકી. છેવટે આખું રાજ્ય તેને આપીને હું હાથે પગે નીકળી જાઉં! આટલું કહ્યું છતાં સંત ખુશી ન થયા. તો હવે હું શું આપું? આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. આ શું? પણ સંત ખુશી થતા નથી. બધા વિચારમાં પડી ગયા કે આ સંતને પોતાની કિંમત કેવી રીતે કરવી છે તે સમજતું નથી. બધા મુંઝવણમાં મૂકાઈ ગયા. ત્યાં એક ચતુર બુદ્ધિશાળી મહંત આવી પહોંચ્યા.

રાજાએ તેમનો આદર સત્કાર કર્યો, પછી કહ્યું–મારા માથે એક ધર્મસંકટ આવ્યું છે, આપ મને માર્ગ બતાવો.

શિકારનો બંધ કરાવેલ ધંધો : રાજાએ તેમને બધી વાત કરીને કહ્યું કે સંત નારાજ થાય નહિ, તેમને મારા તરફથી સંતોષ થાય અને મારું કામ થાય તેવો રસ્તો બતાવો. મારા પ્રાણના ભોગે પણ સંતને પ્રસન્ન કરવા હું તૈયાર છું. રાજન્! આ તો સામાન્ય વાત છે. હમણાં તેની ગૂંચ ઉકેલી આપું, જેથી સંતને અસંતોષ નહિ થાય. તમારી ગૌશાળામાંથી એક કામધેનું જેવી ગાય આ માછીમારને આપી દો. તે ગાયનું તેમને ખૂબ દૂધ મળે. તે બધા દૂધ ખાય અને બીજું દૂધ વેચીને તેમાંથી આજીવિકા ચલાવે. આ વાત કહી ત્યારે સંતના મુખ પર સંતોષ અને પ્રસન્નતા દેખાયા. રાજા કહે, એક શું (!) હું ૧૦૦ ગાયો આપું. સંત ખૂબ ખુશી થયા, પછી સંતે કહ્યું–રાજન્! તમે એને આખું રાજ્ય આપવા તૈયાર થયા પણ એને રાજ્ય ચલાવવાનું શું જ્ઞાન! રાજ્ય માટેની તેનામાં લાયકાત નથી કે રાજ્ય કરવાની તેનામાં આવડત નથી. આપે તેને પાંચ લાખ આપવાના કહ્યા તો એટલા પૈસા આપવાથી પણ કાંઈ સારું કામ ન થાત. એ પૈસાને ગમે તેમ ઉડાવી દેત અથવા એ પૈસામાંથી બીજી નવી જાળ લાવીને વધુ માછલાને પકડત. આપણે તો એને એવું આપવું કે જેથી એ પાપનો ધંધો બંધ કરે અને તેની આજીવિકા સારી રીતે ચાલે. આપે તેને સો ગાયો આપી. હવે તે તેના કામકાજમાં રહેશે. હવે તે માછલા પકડવા નહિ જાય. સંતે માછીમારને નિયમ આપ્યો કે હવે તારે જિંદગીમાં માછલા પકડવાના નહિ. તેના કુળમાંથી હવે માછલા પકડવાનો ધંધો બંધ થઈ ગયો. માંસાહાર બંધ થઈ ગયો. કેટલા કર્મબંધમાંથી એ અટકશે! તમે રાજ્ય આપ્યું હોત કે પૈસા આપ્યા હોત તો આ ધંધો બંધ ન થાત, માટે દાન કરીએ ત્યારે ખૂબ ઉપયોગ રાખવાનો. તમારા પૈસાથી એ જીવો વધુ પકડત તો તમે પણ પાપના ભાગીદાર થાત.

હવે મને સાચું સમજાણું રે સંતોની વાણીથી, કર્મો ભમાવે મને ભવભવમાં....

ગુરુદેવ! આપના ઉપદેશથી આજે મને સાચું સમજાયું છે. સંતે માછીમારને કહ્યું–તારા પુણ્યનો સિતારો હવે ચમકી રહ્યો છે. તારા મહાન ભાગ્યોદયે તને ગાયોની સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. આ ગાયોની સેવા કરજે. તેને બરાબર સાચવજે. આ ગાયો તને તથા તારા કુટુંબને દૂધ આપશે. તેનાથી તારી આજીવિકા ચલાવજે. રાજાએ માછીમારને ૧૦૦ ગાયો આપીને વિદાય કર્યો. રાજાના જીવનનો પણ પલટો થયો. તેને સંતના ઉપદેશથી સમજાયું કે પૈસા અને રાજ્ય આપ્યા કરતા સારું અને સાત્ત્વિક કામ આપી નીતિ અને પ્રમાણિકતાથી તે જીવન ચલાવે એ જ છે. સત્સંગ શું નથી કરતો? પારસમણી લોઢાની તલવારને સોનાની બનાવે પણ એનો સ્વભાવ (કાપવાનો) બદલી શકતો નથી. જ્યારે સત્સંગ તો માનવીનો સ્વભાવ, અરે આખું જીવન બદલી નાંખે છે. સત્સંગથી પાપી પુનિત બની ગયા

છે. સત્સંગથી અર્જુનમાળી, ચંડકૌશિક, અંગુલીમાલના જીવન પલટાઈ ગયા. અરે ! તેમની ગતિ પણ બદલાઈ ગઈ. જો તેમને ભગવાન મળ્યા ન હોત તો દુર્ગતિમાં જાત. તેના બદલે સત્સંગે સદ્ગતિ અપાવી. આપણે તેમના જેવા પાપી નથી, છતાં આપણો ઉદ્ધાર કેમ થતો નથી ? પાપ રૂપી મડદાને સંધરી રાખ્યા છે અને ધર્મારાધના, તપ, ત્યાગ રૂપી ગુણોને પ્રદર્શનમાં મૂકયા છે.

હૃદય કેવું ? બાળક જેવું ! : જ્ઞાની કહે છે તમારા હૃદયને જ્યાં ત્યાં રમતું ન મૂકશો. આ હૃદય નાના બાળક જેવું છે. બેનો ભૂલેશ્વર જેવા ભરચક એરીયામાંથી રવાના થતી હોય ત્યારે તેની સાથે ત્રણ-ચાર વર્ષનો છોકરો હોય તો એને રેઢો ન મૂકે પણ આંગળીએ વળગાડી રાખે, કારણ કે આવા ભરચક રસ્તામાં જો એક મિનિટ માટે પણ છૂટો પડી જાય તો ખોવાઈ જાય. પછી એને શોધવા જવું પડે. આપણું આ હૃદય નાના બાળક જેવું છે. બાળક નાનો હોય ત્યારે એ નિર્દોષ, નાજુક અને સુકોમળ હોય છે તેમ હૃદય પણ કોમળ, નિર્દોષ અને નાજુક છે. આ હૃદય જ્યાં ત્યાં ખોવાઈ જાય છે. કંદોઈની દુકાન પાસેથી નીકળ્યા. ત્યાં ઉના ઉના બટાટાવડા થતાં જોયા. ત્યાં હૃદય રમવા મંડી પડે છે અને મનને કહે છે લઈ લે આ બટાટાવડા. આગળ જતાં નટડી જોઈ તો ત્યાં હૃદય રમવા મંડી પડે છે. તે પોતાની માલિકી ભૂલી જાય છે. અને ન છાજે તેવું કાર્ય કરવા તૈયાર થાય છે. આ હૃદયને જ્યાં ત્યાં રમતું મૂકવા જેવું નથી પણ તેને આંગળીએ વળગાડવા જેવું છે એટલે પચ્ચક્ખાણ કરવાના છે. તમે એકાસણાના પચ્ચક્ખાણ કર્યા, રાત્રી ભોજનના પચ્ચક્ખાણ કર્યા હશે તો આંગળીએ વળગાડેલું છોકરું ખોવાય નહિ તેમ ગમે તેવા પ્રસંગ આવશે તો પણ હૃદય ત્યાં રમવા નહિ જાય. આ જગતમાં અનેક પ્રકારના પ્રસંગોમાંથી એને પસાર થવાનું હોય છે. અનેક માણસોના પરિચયમાં આવવાનું બને છે. જો એની બરાબર કાળજી રાખવામાં ન આવે તો એ ગમે ત્યાં ખોવાઈ જાય તેવું છે.

તમે કાળાધોળા કરી, અનેક પાપો કરી મૂડી ભેગી કરી. તમારે બાવા કેટલું જોઈએ ? સવાશેર બાજરી. તમારે દાગીના પહેરવા નથી. બેનો પાંચ પાંચ હજારના શેલા પહેરે એટલા ભારે કપડાં તમારે પહેરવા નથી. ચાર પાંચ લાખના દાગીના બેનો પહેરશે. ઝાઝું ભોગવે છે એ ને કર્મ કરો છો તમે. હવે ત્યાં હૃદય રમતું ન રાખો. એને આંગળીએ વળગાડો. એટલે મર્યાદામાં આવો. પરિગ્રહની મર્યાદા કરો. જરૂરિયાત કરતાં અધિક ભેળવવું એ પાપ છે. જેટલો પરિગ્રહ વધે એટલો ચોરડાકૂનો ભય વધારે, માટે અહીં હૃદયને રમતું ન રાખો. જેટલું એને આંગળીએ વળગાડશું એટલે પરિગ્રહની મર્યાદા કરશું એટલો આત્મા ભવોભવમાં ખોવાઈ નહિ જાય. જો આપણા જીવન તરફ દૃષ્ટિ કરીશું તો લાગશે કે આપણું હૃદય ખોવાઈ ગયું છે. દુઃખીઓના દુઃખ જોઈને આંખમાં આંસુ આવતા ન હોય, અઢળક સંપત્તિ હોવા છતાં દાન દેવાનું કે ગરીબોને સહાય કરવાનું મન ન થતું હોય, પશુઓને કતલખાનામાં જતાં જોઈને

કરૂણા આવતી ન હોય તો સમજવું કે હૃદય ખોવાઈ ગયું છે. બાળક જેવા હૃદયને સંભાળજો. વધુ અવસરે.

ચરિત્ર :— પિતા સામે પડકાર કરતી રત્નસુંદરી : રત્નસાર શેઠે રત્નસુંદરીનું પુણ્યસાર સાથે સગપણ કરવાનો નિર્ણય કર્યો. આ વાત સાંભળતા રત્નસુંદરી બહાર આવીને ગુસ્સામાં બોલી—હું કોઈ પણ હિસાબે શેઠના દીકરા સાથે લગ્ન કરવાની નથી. શા માટે ? એમના દીકરામાં શું ખામી છે? મારે એ કાંઈ કહેવું નથી. તેની સાથે લગ્ન કરવામાં તને શી હરકત છે? હરકત છે કે નહિ તે હું નહિ કહું. આ સાંભળતાં રત્નસાર શેઠને ગુસ્સો આવી ગયો. તેમણે કહ્યું— તારું ધાર્યું જરાય નહિ થાય. કેવું ખાનદાન ધર્મિષ્ઠ કુટુંબ! આ શેઠની નામના કેટલી અને તેમનો દીકરો પણ ભણેલો અને સંસ્કારી છે. તારા લગ્ન હું ત્યાં કરીશ. તને શેઠના દીકરા સાથે પરણાવવાનો મેં દૃઢ નિર્ણય કર્યો છે. રત્નસુંદરી કહે—તમે મને નહિ પરણાવી શકો. તમે મારા મડદાને પરણાવજો. આટલું બોલીને તે તો ચાલી ગઈ. રત્નસુંદરીના આ શબ્દો સાંભળતા શેઠ તો અવાચક થઈ ગયા. જાણે વીજળી તૂટી પડી. પુરંદર શેઠ પણ ઝાંખા પડી ગયા. આવી નફ્ફટ છોકરી સાથે મારો પુરંદર પરણવા ઈચ્છે છે? ના....ના....હવે તો એ નહિ બને. મામલો સાવ બગડી ગયો છે. મારો છોકરો કયાં કુંવારો રહેવાનો છે કે આવી અભિમાની અને ઉદ્ધત છોકરી સાથે લગ્ન કરું !

એમ વિચારી પુરંદર શેઠ ત્યાંથી ઊભા થયા અને ઘેર જવા તૈયાર થયા. રત્નસાર શેઠ પુરંદર શેઠના ખભા પર માથું નાંખીને ચોધાર આંસુએ રડ્યા. શેઠ ! મારી દીકરીએ મારું અને આપનું બંનેનું હડહડતું અપમાન કર્યું છે. શું મારી દીકરી આવી નીકળી ! પુરંદર શેઠ કહે—આ બંનેના પૂર્વના કોઈ એવા વૈરભાવ હશે તેથી આમ થયું છે. આપ ચિંતા કરશો નહિ. મારા અને તમારા વચ્ચે જે મિત્રતાનો સંબંધ છે તેમાં તડ પડવાનો નથી. આપણો મિત્રપણાનો સંબંધ તો છે તેવો જ રહેશે. એમ કહીને તે ઘેર ગયા.

વટ માટેની ઈતેજારી : પુણ્યસાર તો ઘેર રાહ જોઈને બેઠો છે. તેને પરણવાના કોડ નથી પણ આ બધું વટના કારણે કરવા તૈયાર થયો છે. આવો વટ ધર્મમાં નથી આવતો. પુરંદર શેઠ ઘેર આવ્યા. તેમના મુખ પર આનંદ કે હર્ષ નથી તેમનું મુખ જોઈને સમજાઈ જાય કે હવે પિતાને પૂછવાની જરૂર નથી. છતાં વટનો કીડો સતાવે છે. તે પિતાની પાસે આવીને પૂછે છે બાપુજી ! શું કરી આવ્યા ? બેટા ! તું રત્નસુંદરીને પડતી મૂક. એનાથી સવાઈ, ડાહી, ગુણીયલ કન્યા સાથે તને પરણાવીશ. એ તો કેવી અભિમાની અને ઉદ્ધત છે ! તેણે મારું હડહડતું અપમાન કર્યું છે. આ વાત સાંભળીને શેઠાણી કહે છે—સારું થયું. આપ એવી ઉદ્ધત છોકરીનું કંઈ પાકું ન કરી આવ્યા. આવી ઉદ્ધત છોકરી આપણા ઘરમાં આવે તો મારા દિવસો સુખમાં કેવી રીતે જાય ? જે થયું તે સારું થયું. પુણ્યસાર જાણતો તો હતો જ કે એ ઉદ્ધત છે, અભિમાની

છે, પોતાના માટે બરાબર નથી પણ આ તો વટનો સવાલ હતો. વટની વાત કોઈને કહેતો નથી. તેણે તો બોલેલું કરી બતાવવું હતું કે "જો તું મારી દાસી બની કે નહિ?" પણ હવે કરવું શું? રત્નસુંદરીને પરણવું એ નક્કી છે, પણ કેવી રીતે બને? પિતાએ તો ચોખ્ખી ના પાડી દીધી. તે તો ભારે મુંઝવણમાં પડી ગયો. હવે એવો કયો રસ્તો શોધું, કેવી કળા કરું કે જેથી રત્નસુંદરી મારા હાથમાં આવે! સમય જતાં એક વર્ષ વીતી ગયું પણ રસ્તો જડતો નથી.

પુણ્યસાર મન ચિંતવે, હવે કરવો શો ઉપાય!
જો નવિ પરણું એ સુંદરી, તો મુજ વચન જાય. હો....

પુણ્યસાર વિચારે છે કે જો હું રત્નસુંદરીને ન પરણું તો મારું વચન જાય, માટે એને પરણવી એ સાચી. આ પુરંદર શેઠનો વહેપાર ખૂબ મોટો છે. દેશપરદેશમાં એમના વહાણો જાય છે. એક દિવસ સમાચાર આવ્યા કે તેમના વહાણ નજીકના બંદર પાસે અટકી ગયા છે. તે માટે શેઠને જવાનું છે. પુણ્યસાર તો આ તકની રાહ જોતો હતો. શેઠ પુણ્યસારને કહે છે–દીકરા! તું વેપારમાં બરાબર ચિત્ત રાખજે. બધું તને સોંપીને જાઉં છું. રત્નસુંદરીને મનમાંથી કાઢી નાંખજે. તું બીજું કોઈ પગલું ભરતો નહિ. આટલી ભલામણ કરીને શેઠ તો ગયા. પુણ્યસાર વિચાર કરે છે હવે મારે શું કરવું? જો હું આપઘાત કરું તો મારો વટ રહે નહિ, એનો વટ રહે. મારે એનો વટ ઉતારવો સાચો. પછી યાદ આવ્યું કે હું નાનો હતો ત્યારે માતાપિતા કહેતા હતા કે તને મેળવવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા. તે બધા નિષ્ફળ ગયા. છેવટે અઠ્ઠમ કરી અખંડ જાપ કર્યા હતા અને દેવ પાસે વચન માંગ્યું. દેવે કહ્યું–તમારા નસીબમાં દીકરો છે પણ તે પહેલાં જે વિઘ્નો છે તે દૂર કરવાં પડશે. એ રીતે મારો જન્મ થયો હતો. તો હું પણ અઠ્ઠમ કરીને એ દેવની આરાધના કરું. પિતાજીનું કામ તેમણે કરી દીધું તો મારું કામ એ નહિ કરે? જરૂર કરી દેશે. માટે હું પણ અઠ્ઠમ કરું. આ અઠ્ઠમ કોના માટે કરે છે? રત્નસુંદરી મેળવવા માટે! કેટલી ગુલામી!

દેવની પ્રસન્નતા માટે પ્રયત્ન : પુણ્યસાર એની માતાને કહે છે બા! મારે અઠ્ઠમ કરવો છે. માતા કહે શા માટે તારે અઠ્ઠમ કરવો છે? હું સંત પાસે ગયો હતો, તેમણે મને અઠ્ઠમનો લાભ સમજાવ્યો એટલે મને અઠ્ઠમ કરવાનું મન થયું છે. દીકરા! દુકાન અને પેઢી કોણ સંભાળશે. બા! મેં એ સંભાળવાની બીજાને ભલામણ કરી દીધી છે. એની ચિંતા ન કરીશ. હું તો પૌષધશાળામાં જઈને ચૌવિહારો અઠ્ઠમ કરીને બેસી જાઉં છું. જેણે કોઈ દિવસ એક એકાસણું સરખું કર્યું નથી પણ આજે સ્વાર્થ માટે ચૌવિહારો અઠ્ઠમ કર્યો, અને અખંડ જાપ શરૂ કર્યા. એક રાત ગઈ, બે રાત ગઈ, ત્રીજી રાત્રે પરોઢિયે ઝબકારો થયો. દેવ પ્રસન્ન થયો ને કહ્યું, બોલ બેટા! શું કામ છે? આપે મારા પિતાના વિઘ્નો દૂર કર્યા હતા તો હું પણ આપની પાસે એ માગું છું કે

આપ મારું એક કામ કરો. દેવ કહે બેટા ! તું તો સોનાની ગાદીએ બેઠો છે. તને પાણી માંગતાં દૂધ હાજર થાય છે.

તને શું દુઃખ છે ? આપ મને વચન આપો. મારી આશા પૂરી કરો. બોલ તારે શું જોઈએ છે ? મારે રત્નસુંદરી સાથે પરણવું છે. મારા પિતાજી તો ના પાડે છે. હવે કોઈ બીજો ઉપાય નથી. આપ એ કામ કરી શકો તેમ છો. જો તેની સાથે મારા લગ્ન નહિ થાય તો હું મારો દેહ છોડી દઈશ.

દેવોને અવધિજ્ઞાન હોય છે. દેવે ઉપયોગ મૂકીને જોયું કે રત્નસુંદરી પુણ્યસારને પરણશે. એટલે પુણ્યસારને કહ્યું કે તારી આશા પૂરી થશે. રત્નસુંદરી તને પરણશે પણ તે માટે સમય લાગશે. તારે ધીરજ રાખવી પડશે. તે માટે વર્ષો જશે. તારી લત છોડી દેજે. એ માટે તારા મા-બાપને મુશ્કેલીમાં મૂકતો નહિ. એ ચિંતા તું મારા પર છોડી દે. રત્નસુંદરી તને પરણશે. બીજા કોઈને નહિ. તું ધીરજ રાખજે. હું તારું એ કામ કરી દઈશ. જા, હવે સુખેથી ઘેર જા, અને અઠ્ઠમનું પારણું કર. આટલું કહીને દેવ અદૃશ્ય થઈ ગયો. પુણ્યસારને શ્રદ્ધા છે કે દેવના વચન કદી ખોટા ન પડે એટલે તેને સંતોષ થયો. તે ઘેર ગયો. આજ સુધી પુણ્યસાર થોડો આડો ચાલતો હતો તે સીધો ચાલવા લાગ્યો. પહેલા બરાબર ખાતોપીતો ન હતો. તે હવે બરાબર ખાવાપીવા લાગ્યો. માતા એમ માને છે કે અઠ્ઠમ કર્યો તે ધર્મપ્રતાપે બધું સારું થયું. પુણ્યસાર તેની માતાને કંઈ વાત કરતો નથી. તે આનંદથી રહે છે. ત્યાં શું બનશે તે અવસરે.

શ્રાવણ સુદ ૧૧ ને શનિવાર વ્યાખ્યાન નં-૨૬ તા.-૨૭-૭-૮૫

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે હે આત્મા ! સંસારના વારંવાર જન્મ-મરણની વિટંબણાઓથી જીવ કંટાળે ત્યારે સાચો મોક્ષાર્થી બની શકે છે પણ મોક્ષ મળે કયારે ? "कृत्सन् कर्मक्षयो मोक्ष :" આઠે કર્મોથી રહિત થવાય ત્યારે. જે કર્મોને દૂર કરે તે મોક્ષને પ્રાપ્ત કરે. આચારંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે. जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । જે કર્મોને દૂર કરવાવાળા છે તે મોક્ષને પ્રાપ્ત કરવાવાળા છે અને જે મોક્ષને પ્રાપ્ત કરવાવાળા છે તે કર્મોને દૂર કરવાવાળા છે. જે પુરૂષાર્થ દ્વારા કર્મોને દૂર કરે છે તે મોક્ષનો અધિકારી છે અને જે મોક્ષનો અધિકારી છે તે કર્મોને દૂર કરે છે. કર્મોને સર્વથા દૂર કયારે કરાય ? તો કર્મરહિત બનવા માટે પહેલા રાગાદિથી સર્વથારહિત અથવા વીતરાગી બનવું પડે- વીતરાગ દશા આવે એટલે ઘાતી કર્મો ખપે ને કેવળજ્ઞાન આવે; પછી બાકીના ચાર અઘાતી કર્મો-આયુષ્ય આદિ ભોગવાઈ જાય એટલે સર્વથા કર્મરહિત બનાય, સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બનાય એટલે મોક્ષ મેળવવા માટે પહેલા વીતરાગ બનવું પડે.

વીતરાગ થવાય તો મોક્ષ મળે પણ હવે એ સમજીએ કે વીતરાગ કેવી રીતે બનાય ? વીતરાગ દશા કેવી રીતે પ્રાપ્ત થાય ? વીતરાગ એટલે વીતી ગયો છે રાગ

જેનો. વીતરાગ બનવા માટે રાગને દબાવતા જઇએ, મારતા જઇએ તો છેવટે એ ઘસારે પડતાં સર્વથા નાશ થઈ જાય. અનાદિકાળથી જીવને-જડ વિષયોનો-જડ પુદ્ગલોનો રાગ છે. જ્યારે તે પોતાને મનગમતા જડ પુદ્ગલોને જુએ છે ત્યારે એના પ્રત્યે રાગ કરીને જુએ છે. જેમ કે કોઈનો આધુનિક ઢબનો નવી ફેશનનો બંગલો જોયો, સારી મોટર જોઈ, સારું ફરનીચર જોયું તો એને દિલમાં આનંદ થાય છે, કારણ કે એ વસ્તુઓ પ્રત્યે એનું આકર્ષણ થયું છે. તે રીતે રાગી જીવો કોઈ પણ વસ્તુને જોશે તો એમાં એ રાગ મિશ્રિત દૃષ્ટિથી જુએ છે. ત્યારે વીતરાગી આત્મા કોઈ પણ વસ્તુને જુએ તો તેમાં તેમનો રાગભાવ હોતો નથી. તેમનું વસ્તુ દર્શન રાગના આશય વિનાનું હોય છે. અથવા ઉદાસીન ભાવથી જુવે છે, તે ગમે તેવી સારી વસ્તુ જુએ કે ખરાબ વસ્તુ જુએ તો એમને રાગ આકર્ષી શકે નહિ અને દ્વેષ પણ થાય નહિ. એટલે તેમનું દર્શન રાગાદિથી રહિત વિશુદ્ધ દર્શન છે. વિશુદ્ધ ઉપયોગ છે.

જીવની પાસે બે વસ્તુ છે યોગ અને ઉપયોગ, જડની પાસે એ નથી. યોગ-ઉપયોગ એ જીવની વિશેષતા છે. મન, વચન, કાયાની પ્રવૃત્તિ એ યોગ છે. અંતરમાં સારા ખોટા ભાવ થાય એ ઉપયોગ છે. યોગ અને ઉપયોગ વચ્ચે આ તફાવત છે. કોઈ પણ વસ્તુ પ્રત્યે રાગભાવ થાય એ મલિન-અશુભ ભાવ છે. અશુભ ઉપયોગ છે. એ વસ્તુ પર રાગભર્યા વિચારો કર્યા કરીએ એ માનસિક અશુભ યોગ છે. રાગભરી ભાષા બોલીએ એ વાચિક અને રાગભરી પ્રવૃત્તિ કરીએ એ અશુભ કાયયોગ છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ આવે એ શુભ યોગ છે. તેમાં "સર્વ જીવો સુખી થાઓ" આ ભાવના છે. આ મનની શુભ પ્રવૃત્તિ છે. શુભ ચિંતન છે. શુભ મનોયોગ છે. સર્વ જીવો પ્રત્યે દિલમાં મૈત્રીભાવ-સ્નેહભાવ રહે એ શુભ ભાવ છે. શુભ ઉપયોગ છે. મનમાં અનેક પ્રકારના શુભ, અશુભ વિચારો આવે એ શુભ-અશુભ યોગ કહેવાય. જ્યારે શુભ, અશુભ, સારા-ખોટા અધ્યવસાયો થાય એ ઉપયોગ છે. જેમ કે ક્ષમા, સરળતા, નમ્રતા, નિર્લોભતા, વૈરાગ્ય આદિ શુભ ઉપયોગ છે અને ક્રોધાદિ કષાય, રાગદ્વેષ એ અશુભ ઉપયોગ છે. યોગમાં માત્ર મનની વિચારણા ન હોય પણ વચનથી બોલવું, કાયાથી પ્રવૃત્તિ કરવી આ બધું હોય, જ્યારે ઉપયોગમાં અંતરના ભાવ, અધ્યવસાય હોય છે. આપણા જીવન તરફ દૃષ્ટિ કરીશું તો લાગશે કે આ જીવન યોગ અને ઉપયોગથી ચાલે છે. જેનામાં યોગ શુભ હોય અને ઉપયોગ શુભ હોય એનું જીવન ધર્મી કહેવાય છે અને અશુભ યોગ અને અશુભ ઉપયોગ હોય એ અધર્મી-પાપી જીવન કહેવાય છે. સામાન્ય રીતે આ નિયમ છે, પણ કોઈવાર એવું બને કે કાયિક પ્રવૃત્તિ અશુભ દેખાતી હોય પણ ઉપયોગ શુભ હોય, મનમાં અધ્યવસાય શુભ હોય, એવા આત્માને પાપી ન કહેવાય. એને ધર્મી કહેવાય. દા. ત. પૃથ્વીચંદ્ર રાજસિંહાસને બેઠા હતા એ અશુભ કાયયોગ કહેવાય. ગુણચંદ્ર લગ્નની ચોરીમાં આઠ આઠ કન્યાઓ સાથે હસ્તમેળાપ કરી રહ્યા હતા, એ અશુભ કાયયોગ કહેવાય પણ તેમનો ઉપયોગ, મનના અધ્યવસાય ખૂબ વૈરાગ્યભર્યા અને જ્ઞાનમય હતા;

તો એ ધર્માત્મા બન્યા, છેવટે મનના શુભ અધ્યવસાયો વધારતા ગયા તો ક્ષપક શ્રેણીએ ચઢ્યા; ત્યાં વીતરાગ બની કેવળ જ્ઞાન પામ્યા. આવું બહુ અલ્પ જીવોમાં બને કે કાયયોગ અશુભ હોય અને મનની વિચારણા શુભ હોય. બાકી તો અશુભ યોગમાં અશુભ પરિણામ (ઉપયોગ) અને શુભ યોગમાં શુભ ઉપયોગ આવે. જો ઉપયોગ શુભ-પવિત્ર બનાવવો હોય તો શુભ યોગ પ્રવર્તાવો.

એટલા માટે જ્ઞાની ભગવંતે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ માટે શુભકરણી બતાવી છે. આરાધનાના ભરચક શુભયોગો બતાવ્યા. મહાપુણ્યશાળી આત્મા શુભ અધ્યવસાયને પવિત્ર, અધિક શુભ કરતો કરતો ગુણસ્થાનની પાયરીએ ચઢે છે તેમાં સમકિત, દેશવિરતિ અને સર્વવિરતિના શુભ ભાવો પ્રગટે છે. એમાં પરાકાષ્ઠાએ વીતરાગ-ભાવ આવે છે અને કેવળજ્ઞાન પ્રગટે છે. કેવળીને વિહાર, ગૌચરી, ઉપદેશ વગેરે શુભ યોગો ચાલુ છે. એની પરાકાષ્ઠાએ શૈલેષીકરણનો શુભ યોગ કરે છે. જેમાં સમસ્ત યોગોનો નિરોધ થાય છે, પછી તરત મોક્ષગતિને પામે છે. આ ચરમ અને પરમ ગતિને પામવા માટે જિનવચન, શાસ્ત્રશ્રવણ એ ઉત્તમ સાધન છે.

જેમના જીવનમાં શુભ ભાવો ભરપૂર પડેલા છે એવા પવિત્ર, ધર્મી જીવો કોલ્લાક સંનિવેશમાં રહેતા હતા. ભૌતિક રિદ્ધિથી લોકો શોભતા હતા. હવે આત્માની રિદ્ધિ પ્રાપ્ત કરાવનાર તે નગરમાં કોણ પધાર્યા તે વાત બતાવે છે.

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे जाव समोसरिए। परिसा निग्गया। તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ (સભા) નીકળી. અહીં કાળ અને સમય એ બે શબ્દ મૂકવાનો હેતુ એ છે કે કાળથી ઉત્સર્પિણી કે અવસર્પિણી કાળમાં કયો કાળ અને સમય કહેતાં ૬ આરામાંથી કયા આરાની વાત છે? માટે કાળ અને સમય શબ્દ મૂક્યા છે. અહીં ચોથા અવસર્પિણી કાળમાં ચોથા આરાના સમયની વાત છે.

જે નગરીના જબ્બર પુણ્ય હોય તે નગરીમાં તીર્થંકર ભગવંતોના પુનિત પગલા થાય. તમે પ્રતિક્રમણમાં બોલો છો ને ધન્ય છે તે ગામ, નગર, પુર, પાટણને કે જ્યાં ભગવાન વિચરી રહ્યા છે. જે નગરના બડા ભાગ્ય હોય ત્યાં સંત પધારે. સંતના પુનિત પગલા થાય એટલે બધાને આનંદ થાય, બધાને ઉત્સાહ હોય. સંત ગામમાં પધારે ત્યારે તેમના દર્શનનો, તેમના મુખેથી વહેતી વાણી સાંભળવાનો, સુપાત્ર દાન દેવાનો, ચર્ચા-વિચારણા કરવાનો, કોઈ શંકા હોય તો તેનું સમાધાન કરવાનો આદિ અનેક લાભો થાય છે. સંતો તો કલ્પવૃક્ષ સમાન છે. અરે, કલ્પવૃક્ષ કરતાં ચઢિયાતા છે. કલ્પવૃક્ષ તમારા માનેલા ભૌતિક સુખો આપશે પણ મોક્ષના સુખો નહિ આપે. કોઈને મનમાં *વિચાર થયો કે કલ્પવૃક્ષ બધું આપે છે એની ખાત્રી શી? હું પરીક્ષા કરું.* તેણે કલ્પવૃક્ષના ઝાડ નીચે બેસીને ચિંતવણા કરી કે સિંહ આવે, તરત સિંહ થઈ ગયો અને તેને ભક્ષી બાધો. તેનું મૃત્યુ થઈ ગયું. જ્યારે ભગવાનના સંતો રૂપી કલ્પવૃક્ષની નીચે

જઈને બેસશો તો કયારેય મરવાનો સમય નહિ આવે. આ કલ્પવૃક્ષ તો તમને મોક્ષનું સુખ બતાવશે.

ભગવાન પધાર્યાની ખબર પડી એટલે ગામમાંથી પરિષદ ભગવાનના દર્શન માટે ગઈ. નંદી સૂત્રમાં ભગવાને પરિષદના ત્રણ પ્રકાર બતાવ્યા છે. "जाणिया, अजाणिया, दुव्विअड्ढा" શ્રોતાઓના સમૂહને પરિષદ કહેવાય છે. તે ત્રણ પ્રકારની છે. જાણિયા–જ્ઞાયિકા, અજાણિયા–અજ્ઞાયિકા અને દુર્વિદગ્ધા–અર્ધદગ્ધ.

(૧) જાણિયા પરિષદ : જે ખૂબ હોંશિયાર, બુદ્ધિશાળી હોય, ખોટા તર્ક–વિતર્ક કરનારી ન હોય, થોડામાં ઘણું સમજી જાય. ગુણદોષનો વિચાર કરવામાં હંસ જેવી ઉત્તમ હોય. હંસ પાણીને છોડીને દૂધ પીવે છે તેમ આ પરિષદ ગુણોને ગ્રહણ કરે અને દોષોને છોડી દે. એક શબ્દ સાંભળે પણ તેનો અર્થ, ભાવ બધું સમજી જાય. આવી જાણકાર પરિષદ હોય છે. પરિષદ જાણકાર હોય અને વક્તા જાણકાર હોય તો જ્ઞાનનું ખૂબ મંથન થાય. મજા આવે. તેમાં કલાકોના કલાકો પસાર થઈ જાય તો પણ ખબર ન પડે. આ પરિષદ નિષ્કપટી હોય છે.

(૨) અજાણિયા પરિષદ : આ પરિષદ જ્ઞાનથી અજાણ હોય છે. તેને શાસ્ત્ર–સિદ્ધાંતનું જ્ઞાન નથી હોતું. આ પરિષદ ભલે જ્ઞાનથી અજાણ છે, પણ તે સરળ અને ભદ્રિક હોય છે. જે મૃગલા સમાન પ્રકૃતિથી કોમળ હોય છે. મૃગના બચ્ચાને જેવી રીતે કોમળ કે ક્રૂર જેવા બનાવવા ઈચ્છીએ તેવા બનાવી શકીએ છીએ તેવી રીતે આ પરિષદને જે માર્ગ પર લઈ જવી હોય તે માર્ગે લઈ જઈ શકાય છે. આ પરિષદ કુમાર્ગમાં જોડાયેલી નથી અને સન્માર્ગથી અજાણ છે. આ પરિષદને સહેલાઈથી સમજાવી શકાય છે. તે સરળ અને ભદ્રિક હોવાથી જ્ઞાની જે સમજાવે તે સમજી જાય છે. તે કોઈ વાતને પકડી રાખતી નથી, કદાચ કોઈ વાતની પકડ પકડી હોય પણ તેને સાચું સમજાવનાર મળે એટલે તે પકડ છોડી દે છે. જે સરળ અને ભદ્રિક છે. તેઓ પોતાની પરંપરા ચાલી આવતી હોય તેનાથી જો લોકોમાં વાદવિવાદ થતાં હોય તો એ પરંપરાને છોડી દે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩મા અધ્યયનમાં કેશીસ્વામી અને ગૌતમસ્વામીનો સંવાદ ચાલે છે. કેશીસ્વામી પાર્શ્વનાથ પ્રભુના સંતાનીયા છે, અને ગૌતમસ્વામી મહાવીર પ્રભુના શિષ્ય છે. કેશીસ્વામી ચાર મહાવ્રતોની વાત કરે છે, અને ગૌતમ સ્વામી પાંચ મહાવ્રતની વાત કરે છે. આથી જનતામાં ભ્રમ પેદા થયો કે શું સાચું માનવું ? તેથી ગૌતમસ્વામી કેશીસ્વામીની પાસે ગયા. બંને મહર્ષિઓએ ભેગા થઈને ઘણાં પ્રશ્ન–ઉત્તર કર્યા. છેવટે કેશીસ્વામીને થયું કે અત્યારે કાળ બદલાયો, છે, તેથી હું હવે ભગવાન મહાવીરના શાસનમાં દાખલ થઈ જાઉં. અત્યારે પાંચ મહાવ્રતની વાત સ્વીકારવા જેવી છે. એટલે તેઓ ભગવાનના શાસનમાં દાખલ થઈ ગયા. પોતે ચાર મહાવ્રતનો ઉપદેશ આપતા હતા. તેમની રીતે તે સાચા હતા, છતાં ગૌતમસ્વામી પાસેથી વિશેષ

સમજ્યા તો પોતાની પકડ છોડી દીધી. જે અભિમાની હોય છે તે પકડેલું મૂકતા નથી. પણ સરળ અને ભદ્રિક હોય તે પકડને છોડી દે છે. પકડ કયાં રાખો? ગમે તેવા પ્રસંગો આવે, કષ્ટો આવે, તો પણ મારા દેવ અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ અને કેવળી પ્રરૂપિત ધર્મ એને તો નહિ છોડું. મારું સર્વસ્વ જાય તો ભલે જાય, કાયા કુરબાન કરવી પડે તો ભલે, પણ મારી શ્રદ્ધાથી તો નહિં બદલાઉં. શ્રદ્ધા મજબૂત અને આચરણ પણ મજબૂત કરો તો બેડો પાર. આ અવસર ફરી ફરીને નહિ મળે. કેશીસ્વામી પોતે ત્રણ જ્ઞાનના ધણી હતા. પંડિત હતા, છતાં પોતાનું અભિમાન છોડીને ભગવાન મહાવીરના શાસનમાં ભળી ગયા. અજાણિયા પરિષદને સમજાવનાર મળે તો સમજી જાય. તેનો સ્વીકાર કરી લે. જે જાણિયા છે તે તરવાના. અજાણિયા પણ પોતાની પકડ છોડી દઈને સાચું સ્વીકારે તો તે પણ તરી જશે, પણ દુવ્વિયડ્ઢાનું કલ્યાણ થવું મુશ્કેલ છે.

(૩) **દુવ્વિયડ્ઢા ! (દુર્વિદગ્ધા)** :- આ પરિષદ અભિમાની હોય છે. તે પૂરી જાણકાર નથી ને અજાણકાર પણ નથી. કહેવત છે કે અધૂરો ઘડો છલકાય, તેમ આ સભાને થોડું જ્ઞાન હોય પણ ઘમંડ એટલો હોય કે બીજા તેને હિતકારી ઉપદેશ આપે તો પણ તેને ગ્રહણ ન કરે. તેને કોઈ ગમે તેટલું સમજાવે પણ પોતાનું પકડેલું છોડે નહિ. તે ખોટા તર્કવિતર્ક કર્યા કરે. એક છોકરાએ તેના પિતાને પૂછયું, બાપુજી ! કોઈ કહે છે પૃથ્વી ગોળ છે, કોઈ કહે ચપટી છે, કોઈ કહે લંબચોરસ છે. તો મારે શું સમજવું ? છોકરાના પિતા કહે, પૃથ્વી ગોળ નથી, લંબચોરસ નથી, ચપટી નથી, પણ કપટી છે તેમ આ દુર્વિદગ્ધ પરિષદ સરળ નથી પણ કપટી છે. આ સભાને સિદ્ધાંતને સમજવા નથી, આત્માને જાણવો નથી ને ખોટા તર્ક વિતર્ક કરવા છે. આવા આત્માઓનો ઉદ્ધાર કેવી રીતે થાય ?

કાં તો પૂરું જ્ઞાન ભલું અથવા તો અજ્ઞાન ભલું,
અહો....અડધોપડધો જ્ઞાની અંતે નૈયા ડૂબાડે....મારી નૈયા માગે સહારો.

જાણિયા, અજાણિયા સારા તે તરી જશે પણ દુવ્વિયડ્ઢાને તરવાની બારી નથી, કારણ કે તેનામાં સરળતા નથી. જેના જીવનમાં સરળતા છે તે સિદ્ધિને વરી શકે છે.

ઠાણાંગ સૂત્રમાં ભગવાને ચાર પ્રકારના ફળ બતાવ્યા (૧) અંદરથી પોચું અને બહારથી પોચું તે લીલી દ્રાક્ષ (૨) અંદરથી પોચું અને બહારથી કઠણ. તે નાળીયેર (૩) અંદરથી કઠણ અને બહારથી પોચું તે ચણીબોર, તે બહારથી પોચું હોય છે પણ અંદરનો ઠળીયો કઠણ હોય. (૪) અંદરથી કઠણ અને બહારથી કઠણ તે સોપારી. આ ચાર પ્રકારના ફળ સાથે ભગવાને આત્માઓને સરખાવ્યા છે. (૧) એક ઉપરથી સરળ અને અંદરથી સરળ. તે ઉપરથી મીઠું બોલે છે અને મનમાં પણ હિતની ભાવના છે તે સાધુ મુનિરાજો (૨) ઉપરથી કઠોર પણ મનમાં પરિણામ ઘણાં નરમ તે માતાપિતા (૩) ઉપરથી સરળ પણ અંદરથી કઠણ તે કપટી માણસ, દુશ્મન (૪) ઉપરથી કડવા બોલો અને પેટમાં પણ ખોટો તે પાપી જીવ. આ ચારમાં તમારો નંબર કયાં છે ? (શ્રોતા–પહેલાં નંબરમાં. દ્રાક્ષ જેવા તમારા આત્માને પૂછી જો જો કે મારો નંબર શેમાં છે ? તમે દ્રાક્ષ જેવા

છો, નાળીયેર જેવા છો કે બોર જેવા છો તે હું કહી શકું નહિ, હું તેનું સર્ટીફિકેટ આપી શકું નહિ, એ તો જ્ઞાની કહી શકે.

એક વાર બનાવટી ગુરૂએ પરદેશમાં એવી જાહેરાત કરી કે પાપી હોય, ખૂની હોય, ચોર ડાકુ હોય, ગુંડો હોય, ગમે તેવો પાપી હોય તે અહીં મારી પાસે આવીને ચિઠ્ઠી લખાવી જાય. તે ચિઠ્ઠી લખવાની રૂા. પાંચ હજાર ફી ભરવાની, પછી તેને નરક-તિર્યંચ-ગતિમાં નહીં જવું પડે. તેનું બધું પાપ માફ. પછી તો મનુષ્ય અને દેવગતિ એ બે સારી ગતિ રહી. તમને આવી ખબર પડે તો તમે બધા પણ ઉપડી જાવ. પછી ગમે તેટલા પાપ કરીએ તો ફીકર નહિ. આ જાહેરાત સાંભળીને લોકોના ટોળે-ટોળાં ઉમટયા. પાંચ હજાર રૂા. તો કાલે મળી જશે પણ નરક, તિર્યંચમાં તો નહિ જવું પડે ને? બધા ચિઠ્ઠી લખાવી આવ્યા. બધાએ પાંચ પાંચ હજાર ભરીને ચિઠ્ઠીઓ લખાવી લીધી. એક વાર ત્યાં ચાર માણસો આવ્યા. તેમણે જોયું કે અહો! અહીં તો કેટલી મોટી લાઈનો થઈ છે. તેઓ લાઈનમાં ઊભા રહ્યા છે. તેમનો નંબર આવ્યો ત્યારે ગયા. તેમણે જોયું તો કરોડો રૂપિયાનો ઢગલો થયો છે. પૈસાથી કોથળા ભરાય છે. તે ચાર જણાએ પણ પાંચ પાંચ હજાર આપ્યા અને ચિઠ્ઠી લખાવી દીધી પણ તેમના મનમાં થયું કે આ તો પૈસા ભેગા કરવાનો ધંધો છે. પાપ કરે અને નરક-તિર્યંચમાં ન જાય, આ કેવી મોટી વાત! હવે તેમને એક વાર બતાવી દઈએ. આ ચાર માણસો ગુંડાઓ હતા.

એક વાર બનાવટી ગુરૂ રસ્તા પરથી જતા હતા ત્યારે આ ચાર ગુંડાઓ બંદુકો અને તોપો લઈને તેમની સામે ગયા અને કહ્યું, તમે અહીં ઊભા રહો. તમને બંદૂકથી આજે મારી નાંખવાના છે. ભાઈઓ! હું કોણ છું તે તમને ખબર છે? હા. તમે ધર્મગુરૂ છો. તમને ઓળખીએ છીએ. તમારી પાસે જે પૈસા મિલ્કત હોય તે આપી દો. તમે મને મારશો તો નરકે જશો. અમે ચિઠ્ઠી લખાવી લીધી છે, લો દેખો, આ આપના હસ્તાક્ષરની ચિઠ્ઠી. હવે અમે તમને મારીએ તો પણ અમે નરકે નથી જવાના. અમને પાકું સર્ટીફિકેટ મળી ગયું છે. ભાઈઓ! તમારે જીવવું હોય તો મને છોડી દો. નહિ તો તમારા માટે નરક તૈયાર છે. અમારે નરકમાં કે બળદ, ગધેડા આદિ તિર્યંચ ગતિમાં જવાનું નથી, પછી ભય શેનો? આ ચાર જણા માથાના મળ્યા. છેવટે કહ્યું કે તમે ચિઠ્ઠી લખી આપી છે પણ જેણે પાપ કર્યા છે, એને તો પાપના ફળ ભોગવવા દુર્ગતિમાં જવું પડશે. ત્યાં તમારી લાગવગ નહિ ચાલે. છેવટે બનાવટ ખુલ્લી પડી ગઈ.

ભગવાન મહાવીરનો શિષ્ય અને ખુદ પોતાનો સંસારી જમાઈ અને ભાણેજ એવા જમાલી અણગારે ભગવાનનું એક વચન ઉથાપ્યું તો કિલ્વિષીમાં ચાલ્યા ગયા. ત્યાં જતાં ભગવાન એને બચાવી શકયા? ના. કર્મનો કાયદો અટલ છે. ત્યાં કોઈની લાગવગ નહિ ચાલે. યાદ રાખજો. કરેલાં કર્મો તો જીવને ભોગવવા પડશે. માટે ભવભીરૂ બનો. ભવભીરૂ બનશો તો પાપભીરૂ બનવાના છો. તમારે દ્રાક્ષ જેવા બનવું છે, તો અંદરથી

સરળ અને બહારથી પણ સરળ બનો, પછી કોઈ સર્ટીફિકેટ આપે કે ન આપે તો પણ કલ્યાણ થવાનું છે. બહારથી કઠણ અને અંદરથી સરળ. કર્મ સામે કેશરીયા કરવા જાવ ત્યારે કઠણ બનજો. ત્યાં ઢીલા ન બનશો પણ અંદરથી તો સરળ રહેજો. આવા જીવો પણ તરી શકે. બહારથી ધર્મીનો દેખાવ કરતા હોય પણ હૃદય સરળ ન હોય, માયાકપટ ભર્યા હોય તો તે જલ્દી તરી શકતા નથી. સોપારી-જેવા તો કયારેય ન બનશો.

શ્રમણ ભગવાન મહાવીર પધાર્યાના સમાચાર મળતાં લોકોના ટોળેટોળાં ભગવાનના દર્શન કરવા જઈ રહ્યા છે. તે નગરના જિતશત્રુ રાજાને પણ વધામણી દેવા ગયા કે ભગવાન મહાવીર સ્વામી આપણા ઉદ્યાનમાં પધાર્યા છે. આ વધામણી મળતાં રાજાને ખૂબ આનંદ થયો. વધામણી દેનારનું દારિદ્ર ટળી જાય તેટલી રકમની ભેટ આપી. તમને કોઈ સંત પધાર્યાની વધામણી આપે તેને શું આપો ? બોલો બોલો, કાંઈ નહિ. જિતશત્રુ રાજા કહે છે ધન્ય ઘડી ધન્ય ભાગ્ય મારા કે મારી નગરીમાં તીર્થંકર પ્રભુના પુનિત પગલા થયા ! અત્યારે આપણા એટલા કમભાગ્ય છે કે આપણી પાસે તીર્થંકર પ્રભુ નથી. આ પાંચમા આરામાં તો દશ બોલ વિચ્છેદ ગયા છે. પરમ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, પરિહાર વિશુદ્ધ ચારિત્ર, સુક્ષ્મસંપરાય ચારિત્ર, યથાખ્યાત-ચારિત્ર, પુલાક લબ્ધિ, આહારક શરીર, ક્ષાયક સમકિત, જિનકલ્પી સાધુ છતાં એટલા ભાગ્યશાળી છીએ કે જિનશાસન અને વીરની વાણી મળી છે. જો સમજીને જીવનમાં ઉતારીએ તો એકાવતારી બની શકીએ. માટે મળેલી તકને ચૂકશો નહિ.

આ પાંચમા આરા પછી છઠ્ઠો આરો આવશે એ આરામાં તો માત્ર દુઃખ દુઃખ ને દુઃખ. જ્યાં ધર્મનું નામનિશાન નથી. એ આરાના દુઃખ સાંભળતા આપણા હૈયા કંપી ઊઠે, એવું ભયંકર દુઃખ છે. છઠ્ઠા આરા પછી પહેલો આરો આવશે, તે પણ છઠ્ઠા આરા જેવો, બીજો આરો પાંચમા આરા જેવો આવશે. ત્યાં માંગશો તો પણ ધર્મ નહિ મળે, ધર્મ ઘણો દૂર પડી જશે. ઉત્સર્પિણી કાળનો ત્રીજો આરો આવશે ત્યારે તીર્થંકર ભગવંતો થશે. તેઓ તીર્થની સ્થાપના કરશે અને ધર્મશાસન ચાલુ થશે. ત્યાં સુધી આ ક્ષેત્રમાં ધર્મ મળશે નહિ. માટે જો છઠ્ઠા આરાના દુઃખો ભોગવવા જવું ન હોય તો એવી સાધના કરી લો કે જેથી આ દુઃખમય આરામાં જન્મ લેવો ન પડે. અહીંથી દેવલોકમાં જાવ તો પછી દુઃખમય કાળમાં આવવું ન પડે માટે તપ, જપ, વ્રત, નિયમ કરો. કષાયોને છોડો અને સાધના કરી લો. જિતશત્રુ રાજાને ખબર પડી કે ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. હવે તે કેવી રીતે વંદન કરવા જશે તે અવસરે.

ચરિત્ર : દેવે પુણ્યસારને વચન આપ્યું છે કે રત્નસુંદરી તને જ પરણશે. એટલે તેનો ઉકળાટ શાંત થઈ ગયો. હવે ખેલવું, કૂદવું ગમે છે પણ વેપાર ગમતો નથી. પેઢીએ જવું ગમતું નથી. એક દિવસ જાય તો બે દિવસ ન જાય. છેવટે શેઠ કહે–દીકરા ! તું પેઢી પર બરાબર કેમ નથી આવતો ? તું આટલો ભણેલો, હોંશિયાર, વેપારમાં પણ કુશળ, તારે તારા બાપદાદાનો ધંધો તો સંભાળવો જોઈએ ને ! તું દુકાન ઉપર ન આવે

અને બહાર રખડતો ફરે છે એ તને શોભે છે ખરું ? પુણ્યસારને તો વચન મળી ગયું છે એટલે અંતરમાં આનંદ છે. તે માને છે કે મારા પિતાને ત્યાં અઢળક સંપત્તિ છે. હવે મારે કમાવાની કે પેઢી પર જવાની શી જરૂર ? તેને ખરાબ મિત્રોનો સંગ થઈ ગયો. એ મિત્રો બધા જુગારીયા હતા. એટલે આ ભાઈ પણ તેમના સંગથી જુગાર રમવાનું શીખ્યો. જુગારમાં નાની–મોટી હાર થતી. પૈસા આવતા ને જતા. મિત્રો તેને કહે–જા પૈસા લઈ આવ. આ ભાઈ ઘેરથી પૈસા લઈ જાય.

જુગારની લતે ચઢેલો પુણ્યસાર : હવે તો દુકાને બિલકુલ જતો નથી. શેઠ જમવા આવે ત્યારે થોડો ધમકાવે. દમદાટી આપે ત્યારે શેઠાણી ઉપરાણું લેતા. તમે મારા દીકરાને રોજ ધમકાવ ધમકાવ કરો છો. હજુ એની કઈ ઉંમર વીતી ગઈ છે ? હજુ તો રમવા, ખેલવા, કૂદવા જેવો છે. અત્યારથી શું દુકાન દુકાન કરો છો ? મોટો થશે ત્યારે એની મેળે સમજીને વેપાર કરશે. આ રીતે માતા ઉપરાણું લે, પછી દીકરો સુધરે ખરો ? સોનાની કટાર કેડે રાખવાની હોય, મારવાની ન હોય. સંતાનોને ગમે તેવું સારું ખવડાવો ભલે; પણ તેના સંસ્કાર ખરાબ ન થવા જોઈએ. આ ભાઈ તો મિત્રોની સાથે વધુ જુગાર રમતા શીખ્યો. તેને તો હવે ચસ્કો લાગ્યો. હાર્યો જુગારી બમણું રમે. તેના મિત્રો તેને ચાવી ચઢાવે પણ તે માટે પૈસા લાવવા કયાંથી ? ધીમે ધીમે એ બંગલામાંથી નાની–મોટી વસ્તુઓ ચોરવા લાગ્યો. બિચારા પિતા, દીકરાના આ લક્ષણ કયાંથી જાણે ? પણ તે પેઢી પર જતો નથી એટલે શેઠના મનમાં દુઃખ છે. મારે એકનો એક દીકરો, પેઢી પર ન આવે અને ભટકતો ફરે. તેને કાંઈ કહેવા જાય તો મા તેને લાડ લડાવે એટલે તેને તો ફાવતું મળી જાય. હવે તો પાકો જુગારી થઈ ગયો. આ તો જુગાર. જુગારના કારણે ધર્મરાજા જેવા ભાન ભૂલ્યા અને ભૂલ્યા તો એટલે સુધી ભૂલ્યા કે દ્રૌપદીને હોડમાં મૂકી દીધી. આખું મહાભારત ખેલાયું એના પાપે જ ને ! પુણ્યસાર જુગારમાં દાવ હારતો જતો હતો. પણ જીતવાની આશાથી તે ડબલ રમવા લાગ્યો. પરિણામે દેવું વધતા એક લાખ રૂ. નું કરજ થઈ ગયું. આ તો જુગારની હાર, તરત ચૂકવવા પડે. જુગારીયાઓ કહે–આજે લાખ રૂપિયા ચૂકવ. જો નહિ ચૂકવે તો અમારા પગના જુત્તા ને તારો બરડો પણ એક લાખ રૂપિયા લાવવા કયાંથી ? તે ગભરાઈ ગયો. દુકાને જાય તો હાથ લાગે તેમ નથી. પિતાજીને તો કહેવું કેવી રીતે ? આજ સુધી ઘરમાં ખૂણે ખાંચે પડયું હતું તે બધું લઈ લીધું, છતાં આ ભોળા શેઠાણીને ખબર પડી નથી. ઘરમાં ચારે બાજુ શોધે છે પણ કાંઈ મળતું નથી. એકાદ ડબ્બામાં સોનાની ઝીણી ઝીણી વસ્તુઓ હશે તે લઈ ગયો અને થોડા પૈસા ચૂકવ્યા. બીજા પૈસા લાવવા કયાંથી ? મૂંઝાયો છે ખૂબ. હવે ત્યાં બનાવ શું બન્યો ?

એક દિવસ હાર તૂટ્યો, રાણી ગળાનો જેહ,
નૃપે શેઠને બોલાવીયો, ચર મૂકીને રેહ

આ ગામના મહારાણીના ડોકનો કિંમતી હાર તૂટી ગયો. રાજાએ વિચાર કર્યો કે આ હાર કોની પાસે સરખો કરાવીએ ? આ હાર કિંમતી સાચા મોતીનો છે. પ્રધાન કહે–મહારાજ ! આપણા ગામમાં પુરંદર શેઠ ખૂબ નીતિવાન, સત્યવાદી અને પ્રમાણિક છે તેને આપો. તેઓ તેને સારી રીતે વ્યવસ્થિત કરી આપશે. તેમાંથી એક પણ મોતી બદલાશે નહિ. શેઠ પર રાજાને કેટલો વિશ્વાસ છે ! ગામમાં આટલા બધા વેપારીઓ હતા, છતાં કોઈને ન આપતા આ શેઠને આપવાનો નિર્ણય કર્યો. તેમણે નોકરને બોલાવીને કહ્યું–જા પુરંદર શેઠને બોલાવી આવ. નોકરે શેઠને ઘેર આવીને કહ્યું–શેઠજી ! આપને મહારાજા બોલાવે છે. શેઠના મનમાં થયું કે મારો શું વાંક ગુનો આવ્યો હશે ? શેઠને તો ફફડાટ થવા લાગ્યો. મેં તો કોઈ ગુનો કર્યો નથી પણ આ મારો દીકરો રખડતો થઈ ગયો છે તેણે તો કોઈ ગુનો કર્યો નહિ હોય ને ! શેઠ તો ભયભીત બની ગયા. તેમના હોશકોશ ઊડી ગયા. આ તો રાજાના તેડા છે એટલે જવું તો પડે. શેઠે ઘેર જઈને નાહી-ધોઈને ૨૭ વાર નવકાર મંત્રનું સ્મરણ કર્યું. ધર્મ પર શ્રદ્ધા ખૂબ છે. એટલે માને છે કે હું નવકાર મંત્રનું સ્મરણ કરીને જઈશ તો જરૂર મારું દુઃખ દૂર થશે. તેમણે પ્રભુને પ્રાર્થના કરી. અહો પ્રભુ ! મેં આ જન્મમાં કોઈને વિશ્વાસઘાત કર્યો નથી. દગા, પ્રપંચ, અનીતિ કરી નથી. એવાં કોઈ પાપ કર્યા નથી. છતાં રાજાનો ગુનેગાર બન્યો છું. તો આપ મારી લાજ રાખશો. મારી ઈજ્જત સાચવજો. જો વગર ગુને મને શિક્ષા થશે તો મારો ધર્મ નિંદાશે; માટે ધર્મની લાજ રાખજો. એમ અંતરથી પ્રાર્થના કરી. હવે શેઠ રાજદરબારમાં જશે તેમના મનમાં તો ખૂબ ફફડાટ છે. હવે શું બનશે તે ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૧૨ ને રવિવાર વ્યાખ્યાન નં. ૨૭ તા. ૨૮-૭-૮૫

અનંત જ્ઞાની, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાને જીવોને અનંત દુઃખ-પરંપરાથી મુક્ત થવા માટે નિવૃત્તિ માર્ગનો ઉપદેશ આપ્યો. તે માટે નંદી સૂત્રમાં બતાવ્યું છે કે **निव्वुइ पह सासणयं....जिणिंद वर वीर सासणयं** । નિવૃત્તિ પથ એ મોક્ષમાર્ગ છે. જે નિવૃત્ત થાય છે તે મુક્ત થાય છે. નિવૃત્તિનો અર્થ છૂટકારો, અલગ થવું, પ્રવૃત્તિ રોકવી, પ્રમાદ તથા કષાયનો ત્યાગ કરવો. આત્મા પર મોટા મોહનું ગહન આવરણ આવી ગયું છે તેથી એ પોતાને ભૂલી ગયો છે. જેમ ભૂગર્ભમાં ચારે બાજુ માટી અને પથ્થરોના મોટા ઢગમાં રત્ન દબાઈ ગયું હોય તેમ ગાઢતમ મોહનીય કર્મના થરમાં આત્મા દબાઈ ગયો છે. મિથ્યાત્વ મોહનીયના નશાએ તેને એટલો બધો દબાવ્યો કે તે જડ જેવો રહ્યો છે. તે વિસ્તાર પામ્યો, સંકોચાયો અને અણુ જેવો બનીને એક સૂક્ષ્મ શરીરમાં અનંત જીવોની સાથે રહ્યો. કયાં લોકવ્યાપી પ્રદેશોનો સ્વામી વિરાટ આત્મા અને કયાં સૂક્ષ્મ શરીરમાં અનંત આત્માઓની સાથે ભીંસાઈ ભીંસાઈને રહેલો ક્ષુદ્રતમ જીવ ! ઊંટ અને હાથીના મોટા શરીરમાં રહેવાવાળો જીવ કયારેક દૃષ્ટિમાં પણ ન

આવી શકે એવી ક્ષુદ્ર દશાને પ્રાપ્ત કરે છે. પરમાત્મા સમાન આત્મા પામરતામાં કેમ પડયો છે ? તેની આવી અધમ દશા શા માટે થઈ છે ?

આ પ્રશ્નના જવાબ આપતા જિનેશ્વર ભગવાન કહે છે કે–આત્માએ નિવૃત્તિ-માર્ગનું દર્શન કર્યું નથી. તે પ્રવૃત્તિમાં પડયો રહે છે. તે પણ અશુભ પ્રવૃત્તિ કરી છે. ચોર, ડાકુ અને ખૂનીને પોતાના જ અપરાધો પોતાને કેદી બનાવે છે, તેમ પોતાની અશુભ પ્રવૃત્તિ આત્માની દુર્દશા કરે છે. પ્રવૃત્તિ માર્ગ બંધનકર્તા છે અને નિવૃત્તિ માર્ગ બંધનથી મુક્તિનો માર્ગ છે. રેશમના કીડા પોતાની કાઢેલી લાળથી બંધાય છે અને અંતે મરી જાય છે. તેમ પોતાની સારી કે ખરાબ પ્રવૃત્તિથી જીવ શુભાશુભ કર્મોના બંધનમાં બંધાય છે અને જન્મ મરણની પરંપરા કરી ભવ વધારતો જાય છે. ભવપરંપરાને ઘટાડવા અને આત્માની સુખ સંપત્તિને પ્રગટ કરવા માટે નિવૃત્તિ-માર્ગને અપનાવવો જરૂરી છે.

જેવી રીતે કુશળ વૈદ્ય રોગીને નિરોગી બનાવવા માટે રોગના કારણને રોકે છે, રોગની ઉત્પત્તિના માર્ગને બંધ કરે છે. તે પછી થએલા રોગને મટાડવાનો પ્રયત્ન કરે છે, તેવી રીતે જિનેશ્વર ભગવંત આત્માના જન્મમરણાદિ દુઃખોની પરંપરાને વધારનારી પ્રવૃત્તિને રોકવાનો ઉપદેશ આપે છે. તેમનો ઉપદેશ નિવૃત્તિમય છે. જે આત્માઓ આ માર્ગને ગ્રહણ કરે છે તે પ્રવૃત્તિથી થએલા બંધનોને તોડીને મુક્ત થઈ જાય છે. સર્વથા મુક્ત થઈને સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે. આ માર્ગને સાંભળી, સમજી પછી શ્રદ્ધા કરવાથી જીવનો દૃષ્ટિ વિકાર ચાલ્યો જાય છે. દૃષ્ટિ વિકાર જતાં અનંત સંસારની નિવૃત્તિ થઈ જાય છે. મિથ્યાત્વ જતાં અનંતાનુબંધી કષાય જાય છે. આ મિથ્યાત્વનું ઝેર, દૃષ્ટિ વિકાર એવું ભયંકર પાપ છે કે જે આત્માને અનાદિકાળથી ભવભ્રમણના ચક્કરમાં ભટકાવે છે. આવી વ્યક્તિ સન્માર્ગને કુમાર્ગ માને છે અને કુમાર્ગને સન્માર્ગ માને છે. મિથ્યાત્વ મોહનો મિત્ર અનંતાનુબંધી કષાય છે. આ બંનેની ગાંઠ બંધાએલી હોય છે. જ્યારે આ ગાંઠનું બંધન ઉગ્ર રૂપમાં હોય છે ત્યારે આત્મા ક્ષુદ્રતમ અવસ્થાને પ્રાપ્ત કરી લોકમાં ભટકયા કરે છે. અનંત ભવભ્રમણનું મૂળ આ છે. તેનો ઉદય સમાપ્ત થઈ જાય છે ત્યારે આત્માના ભવ ઓછા થઈ જાય છે અને જે ભવ રહે છે તે પ્રાયઃ મનુષ્ય અને દેવના રહે છે.

મિથ્યાત્વની નિવૃત્તિ થાય એટલે આત્માનું પરિભ્રમણ પરિમિત થઈ જાય છે. અપ્રત્યાખ્યાની કષાયનો ઉદય બંધ થતાં દેશવિરતિ પ્રાપ્ત થાય છે. પ્રત્યાખ્યાની કષાયની નિવૃત્તિ થાય છે ત્યારે આત્મા સર્વવિરતિ બને છે. તેની પ્રવૃત્તિનો ઘણો ભાગ અટકી જાય છે. તેથી નિવૃત્તિ ખૂબ વધી જાય છે. જ્યારે આત્મામાં કંઈક વિશેષતા આવે છે અને પ્રમાદથી નિવૃત્ત થાય છે ત્યારે તે અપ્રમત્ત થઈ જાય છે. તેની પ્રવૃત્તિ વિશેષ અટકે છે. આવો ઉર્ધ્વગામી બનેલો આત્મા સંજ્વલન કષાય અને યોગથી નિવૃત્ત બની વીતરાગ બની જાય છે ત્યારે માત્ર શુભ યોગ રહે છે. અરિહંત પ્રભુના, કેવળીના જીવનમાં

પણ શુભયોગ પ્રવૃત્તિપણે રહે છે જ્યારે મોક્ષે જવાનો અંતિમ સમય રહે ત્યારે તે યોગપ્રવૃત્તિ પણ અટકી જાય છે અને નિવૃત્તિ પરિપૂર્ણ થઈ જાય છે. ચોથા ગુણસ્થાનકથી શરૂ કરેલી નિવૃત્તિ ચૌદમા ગુણસ્થાનમાં પહોંચીને પૂર્ણ થઈ જાય છે. જ્યારે નિવૃત્તિ પૂર્ણ થઈ ત્યારે આત્મા મુકત થઈ સિદ્ધ પરમાત્મા બની જાય છે.

ટૂંકમાં અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીયનો ત્યાગ કરી જીવ અનંત સંસારવર્ધક પરિણતિથી નિવૃત્ત થઈ જાય છે એટલે જીવ સમકિત પામે પછી એને અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધુ કાળ ભમવાનું રહેતું નથી. દેશવિરતિ થાય એટલે અવિરતિ જાય, સર્વવિરતિ થાય એટલે આરંભ પરિગ્રહથી નિવૃત્ત થાય. પ્રમાદથી નિવૃત્ત થાય એટલે અપ્રમત્તદશા આવે. કષાયથી નિવૃત્ત થાય ત્યારે વીતરાગ સર્વજ્ઞ બને અને યોગથી નિવૃત્ત થાય એટલે સિદ્ધ, બુદ્ધ, મુકત બને છે. જેમ જેમ નિવૃત્તિ વધે તેમ તેમ ઉત્થાન થાય છે. ગુણસ્થાનની શ્રેણી વધતી રહે છે. ગુણસ્થાનમાં વૃદ્ધિ નિવૃત્તિથી થાય છે. અહીં કદાચ કોઈ શંકા કરે કે તો પછી ચારિત્રમાં પ્રવૃત્ત થવાનો ઉપદેશ શા માટે આપ્યો ? સાધક સાધનાના પ્રારંભથી પૂર્ણ રૂપથી નિવૃત્ત થઈ શકતો નથી. જેવી રીતે સર્વવિરતિ બનવાની શકિત ન હોય તો દેશવિરતિ બને છે, તે રીતે પૂર્ણ વીતરાગ બનવાની યોગ્યતા અહીં ન હોવાથી સરાગસંયતિ બને છે. રાગસહિત ચારિત્રથી યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થઈ શકતી નથી. કષાયની સંપૂર્ણ નિવૃત્તિ થતી નથી. કંઈક પ્રવૃત્તિ શેષ રહે છે. આ શેષ રહેલી પ્રવૃત્તિ અશુભ ન બને તે માટે **चरणस्स य पवत्तणे** ચારિત્રમાં પ્રવૃત્ત થવાનું કહ્યું.

કષાયથી સર્વથા નિવૃત્તિ લઈને જેઓ સર્વજ્ઞ બની ગયા છે એવા ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કોલ્લાક સંનિવેશમાં પધાર્યા. તે સમાચાર સાંભળતા જેમને જીવન ધન્ય બનાવવાની ભાવના છે એવા લોકો તરત જ જરાપણ પ્રમાદ કર્યા વગર ભગવાનના દર્શને ગયા. જેમ તમે દૂધપાક પૂરી જમવા બેઠા હો, હજુ પહેલું બટકું હાથમાં લીધું છે તે સમયે સમાચાર આવ્યા કે તમારે પાંચ લાખ રૂપિયાની લોટરી લાગી તે નંબર લઈને જાવ. તે સમયે મનમાં વિચાર આવે કે આટલું જમીને જાઉં. બેઠો છું તો જમી લેવા દેને ! (શ્રોતા–એક મિનિટ ઊભા ન રહે.) દૂધપાક પૂરી જેવું ભાવતું ભોજન પણ મૂકી દો, કારણ કે ત્યાં પૈસા પ્રત્યે પ્રેમ છે તેમ કોલ્લાક સંનિવેશની જનતા સમજે છે કે ભગવાન પધાર્યા છે. તેમના દર્શન કરવાનો, તેમની વાણી સાંભળવાનો અમૂલ્ય અવસર મળ્યો છે. પ્રમાદ કરીને બેસી રહેવાય ? એટલે બધા તરત ગયા. જિતશત્રુ રાજાને પણ વનપાલકે વધામણી આપી. પહેલાના રાજાઓ ધર્મિષ્ઠ હતા. જ્યારે ભગવાન પધારવાના હોય ત્યારે રાજા વનપાલકને કહી દેતા કે ભગવાનને ઉતરવાની આજ્ઞા આપજો. પાટ, પાટલા, બાજોઠ જે જોઈએ તે આપજો.

જિતશત્રુ રાજા પણ સમાચાર સાંભળીને ભગવાનના દર્શને જવા તૈયાર થયા. તે

ભગવાનના દર્શન કરવા કેવી રીતે ગયા? શાસ્ત્રકાર બતાવે છે કે "कोणिए राया जहा तहा जियसत्तू निगच्छई ।। કોણિક રાજા જેવા ઠાઠમાઠથી, જેવા ઉલ્લાસથી, અંતરના આનંદથી ભગવાન મહાવીર સ્વામીને વાંદવા ગયા હતા, તેવા ઠાઠમાઠથી જિતશત્રુ રાજા ભગવાનને વાંદવા નિકળ્યા. જેમ કોણિક કુટુંબ પરિવાર, સગા સ્નેહીઓ લઇને ગયા હતા, તેમ જિતશત્રુ રાજા ભગવાનને વંદન કરવા જાય છે. તેમણે આખા ગામમાં ભગવાન પધાર્યાની જાણ કરી. સપરિવાર ઠાઠમાઠથી ભગવાનના દર્શને ગયા. ભગવાનનું સમોસરણ દેખાયું ત્યારે તેઓ હાથી પરથી નીચે ઉતરી ગયા. સામે ભગવાન બિરાજતા હોય તો હાથી પર કેમ બેસી રહેવાય? આ તો તીર્થંકર ભગવાન હતા પણ કોઈ સંતો હોય તો પણ તેમની પાસે જઈએ ત્યારે આટલા વાના સાચવવા જોઈએ. ભગવાનની પાસે જવું છે તો માન છોડીને નમ્ર બનીને જવાય. જીવનમાં નમ્રતા, સરળતા હોય તો કલ્યાણ થવું સહેલું છે. બેનો રોટલી માટે લોટ બાંધે ત્યારે પહેલા કઠણ બાંધે છે પણ પછી તેને કેળવીને ઢીલો બનાવે, નરમ બનાવે તો રોટલી સારી થાય. કુવામાંથી પાણી કાઢવું હોય તો ઘડો નાંખે ત્યારે છતો હોય પણ પાણી કાઢવું છે તો પછી ઘડાને અને પાણી કાઢનાર બંનેને વાંકું વળવું પડે છે. જ્યારે અહીં તો તીર્થંકર ભગવાનની વાણી સાંભળવી છે, તેને અંતરમાં અવધારવી છે. અનંત સંસારને ભૂલવો છે. કષાયોને જીતવી છે અને કર્મની જંજીરમાંથી મુક્ત થવું છે તો કેટલા નમ્ર બનવું પડશે! સોનું નરમ બને છે તો તેના જાતજાતના ઘાટ ઘડાય છે. માટે ભગવાન કહે છે, તમે નમ્ર બનો. "**लघुता से प्रभुता मिले प्रभुतासे प्रभु दूर**". જેટલી લઘુતા, સરળતા, નમ્રતા હશે તેટલો આપણા માટે મોક્ષ નજીક છે અને જેટલી અકડાઈ, વકતા હશે તેટલું મોક્ષ આપણાથી દૂર છે. બાહુબલીજીની સાધના કેટલી જબ્બર હતી છતાં પણ એક અહંકારનો કાંટો ન ગયો તો કેવળજ્ઞાન નજીક હોવા છતાં દૂર થઈ ગયું. જેવો અહંકાર ગયો એવું કેવળજ્ઞાન પામી ગયા. આ વાત આપણે જીવનમાં ઉતારવાની છે. આપણા જીવનમાં જ્યાં જ્યાં ખામીઓ છે તેને દૂર કરવાની છે. વર્ષાઋતુનો સમય આવે ત્યારે ધાબાવાળું મકાન હોય છતાં તપાસ કરો છો કે કયાંય પાણી તો પડતું નથી ને? જો પડતું હોય તો કારીગરને બોલાવી સાંધ પૂરાવી દો છો. ચુઆ થતા હોય તો ત્યાં રીપેરીંગ કરાવી દો છો તેમ આપણા જીવનમાં પણ તપાસ કરો કે દોષના કે અવગુણના ચુઆ દેખાતા નથી ને! જ્યારે ચુઆ ચુઆ તરીકે ઓળખાશે તો એને દૂર કરવા ગુરૂ ચરણોમાં પહોંચી જશો.

મકાનની છત કેવી છે? : તમારા મકાનની છત મજબૂત છે કે ઢીલી છે? કાચી છે કે પાકી છે? તેને એક ન્યાયથી સમજીએ. એક સારું મોટું વિશાળ મકાન હતું. તેમાં સારા સુખી માણસો વસેલા હતા. મકાન વિશાળ હતું તેવા માણસોના દિલ પણ વિશાળ હતા. એક વાર તેમનો મિત્ર બહારગામથી આવ્યો, તે સ્ટેશને ઊતર્યો ત્યાંથી તેમનું મકાન ઘણું દૂર હતું. રસ્તામાં વચ્ચે આ મિત્રનું ઘર આવતું હતું. રાતના નવ

વાગી ગયા હતા. કોઈ વાહન મળતું ન હતું, એટલે મનમાં થયું કે આજની રાત મારા મિત્રના ઘેર રહી જાઉં, એમ વિચારી આ મિત્ર તેના મિત્રના ઘેર ગયા. મિત્રે તેને સારો આવકાર આપ્યો. વસ્તુના મૂલ્ય નથી પણ નમ્રતા, સરળતા, મીઠાશભર્યા બે શબ્દો આવકાર માટે બસ છે. મિત્રે તેને મીઠો આવકાર આપ્યો. ૧૦ વાગ્યા હતા એટલે જમવાનું નહોતું. માત્ર સૂવાનું કામ હતું. મિત્રે કહ્યું ભાઈ! આગલા રૂમમાં પલંગ છે, ત્યાં આપ સૂઈ જજો. થોડી વાર બંને મિત્રોએ વાતો કરી. પછી આવનાર મિત્ર સૂઈ ગયો. કારણકે અઢી દિવસની ટ્રેઈનની મુસાફરી હતી એટલે થાક ખૂબ લાગ્યો હતો તેથી સુતો એવો તરત ઉંઘી ગયો. એક બે કલાક થયા ત્યાં તેમના શરીર પર પાણીના છાંટા પડવા લાગ્યા. તે એકદમ જાગી ગયો. તેને વિચાર થયો કે આ બોકસીંગવાળું નવું મકાન ફર્સ્ટકલાસ ધાબાવાળું છે, છતાં છાંટા કેમ પડે છે? તેમણે બહાર જોયું તો ઘોધમાર વરસાદ વરસતો નહોતો પણ ઝરમર ઝરમર વરસાદ આવતો હતો. આટલો ધીમો વરસાદ પડે છે છતાં પાણી અંદર કેમ આવ્યું? એ વિચાર કરવા લાગ્યો.

થોડી વાર થઈ ત્યાં તેનો મિત્ર જાગી ગયો ને આ મિત્રની પાસે આવ્યો. તેણે કહ્યું, ભાઇ! આ મકાન તો ધાબાવાળું છે છતાં પાણી કેમ પડે છે? મિત્ર કહે, બીજા રૂમમાં પલંગ તૈયાર છે ત્યાં આપ સૂઈ જાવ. આ ભાઈ જેવા સૂતા તેવા તરત ઉંઘી ગયા. સવારે જાગ્યા ત્યારે તેમણે જોયું તો ઘોધમાર વરસાદ વરસતો હતો. વાદળાનો ગડગડાટ અવાજ આવતો હતો, છતાં એક ટીપું પાણી પડતું ન હતું. તે મિત્ર વિચાર કરવા લાગ્યો કે ઘોધમાર વરસાદ આવે છે છતાં આ રૂમમાં એક ટીપું પણ પાણી નથી પડતું અને ઝરમર વરસાદમાં બાજુના રૂમમાં પાણી પડતું હતું. આમ કેમ બન્યું? તેણે મિત્રને પૂછયું–ત્યારે તે ભાઇએ જવાબ આપ્યો કે આપ જે આગલા રૂમમાં સૂતા હતા તેની છત એકદમ કાચી છે એટલે ઝરમર વરસાદમાં પણ એમાંથી પાણી પડે છે. જ્યારે આ રૂમની છત એકદમ પાકી અને મજબૂત છે એટલે મૂશળધાર વરસાદ આવે છતાં આ છતમાંથી એક પણ ટીપું અંદર આવતું નથી.

આપણી છત કેવી છે? :– આ વાત આપણે સમજવાની છે. પાકી છતે ૧૫–૨૦ ઇંચ પાણી પડયું છતાં અંદર આવવા દીધું નહિ અને કાચી છતે પાણી અંદર આવવા દીધું. આ મકાનની છતની વાત કરી. આ વાત આત્મા માટે વિચારવી છે. હું તમને પૂછું છું કે તમારી છત કેવી છે? કાચી છે કે પાકી? સમજીને જવાબ આપજો. (શ્રોતા–કાચી પાકી) આપ બધાની વધિક બુદ્ધિ છે એટલે કાચી ન કહો. પાકી ન કહો. પણ દ્વિભાષી બોલ્યા. મકાનની છત કાચી હોય તો દિવસે કે રાત્રે ગમે ત્યારે પાણી પડે અને મુશ્કેલીમાં મૂકાઈ જવાય. સામાન બધો ઉપાડવો પડે. તેમ જો આપણા આત્માની છત કાચી હશે તો કેટલી મુશ્કેલીઓ આવશે? મામૂલી નિમિત્તથી પણ જીવનમાં પાપો, કષાયો પ્રવેશી જશે. કોઇએ આપણું અપમાન કર્યું તો ક્રોધ આવી જાય. નારાજી થઈ જાય. કોઇ માણસે આવીને ઉંધ બગાડી તો ઉકળાટ આવી જાય. કોઈ સન્માન કરે તો

ખુશ થઈ જઈએ. સામાન્ય પ્રસંગમાં પણ જો ક્રોધ આવી જાય, ઉકળાટ થઈ જાય તો આત્મ ઘરમાં પાપના પાણી પ્રવેશી જશે. જો આત્માની છત મજબૂત હશે તો ગમે તેવા ભયંકર નિમિત્તો આવશે તો પણ જીવનમાં પાપના ટીપાં રૂપ પાણીને આવવા નહિ દે. જો આપણે આ બધામાંથી બચવું છે તો તે માટે એક ઉપાય છે કે આત્માની છતને મજબૂત બનાવી દેવી. જેમણે આત્માની છત મજબૂત કરી છે એવા સ્થુલીભદ્ર દીક્ષા લઈને ગુરૂની આજ્ઞાથી રૂપકોશાને ત્યાં ચાતુર્માસ કરવા ગયા. રૂપકોશાએ દૂરથી મુનિને જોયા. એ ગાંડીતુર–પાગલ બની ગઈ. મુનિને જોતાં નાચવા લાગી. આ તો મારો ધણી આવ્યો ! એમ માનીને સારો આવકાર આપ્યો. પછી તેમની સામે નાચગાન હાવભાવ કરવા લાગી. ત્યારે મુનિએ શું કહ્યું. ખબરદાર ! જો મારી પાસે આવી તો ! જે સ્થુલીભદ્ર તારી સાથે ૧૨ વર્ષ રહ્યો હતો એ સ્થુલીભદ્ર હું નથી રહ્યો. મારી પાસે હાવભાવ કરીશ નહિ. જો તારે જીવવું હોય તો મારાથી દૂર હટી જા. નહિતર તું મરી જઈશ. આનું નામ કહેવાય કે છત મજબૂત. આ રીતે શ્રાવકોના ચારિત્રની છત પણ મજબૂત જોઈએ. તમારા ચારિત્રની, શ્રદ્ધાની છત મજબૂત હશે તો ગમે ત્યાં જશો, ગમે તેવા પ્રસંગો આવશે પણ તમારી શ્રદ્ધા ચલિત નહિ થાય પણ તમારી છતના ઠેકાણા નથી. માટે અમારે તમને વારંવાર કહેવું પડે છે. પાટા પરથી ગાડી કયારે ગબડી પડશે તે ખબર નથી. સ્થુલીભદ્ર મુનિની છત મજબૂત હતી. સિંહ ગુફાવાસી મુનિ ચાતુર્માસ કરીને આવ્યા. નાગના રાફડા પર એક મુનિ ચોમાસું કરીને આવ્યા. એક મુનિ કૂવા કાંઠે ચાતુર્માસ કરીને આવ્યા. આ ત્રણે મુનિને તો ચાર મહિના સુધી આહાર પાણી મળ્યા ન હતા. ચૌવિહારા ઉપવાસ થયા હતા. સ્થુલીભદ્ર મુનિ રૂપકોશાને ત્યાં ચાતુર્માસ રહ્યા. તે સંયમમાં ખૂબ પાવરફુલ હતા, તેથી રૂપકોશા વેશ્યાને સાચી શ્રાવિકા બનાવી દીધી. એટલે તેમને આહાર–પાણીમાં બહુ વાંધો ન આવ્યો. આપણે બોલીએ છીએ.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ,
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ !

મહાવીર પ્રભુ મંગલ છે. ગૌતમ સ્વામી મંગલ છે,સ્થૂલિભદ્ર મંગલ છે અને જૈનધર્મ પણ મંગલ છે. સ્થૂલિભદ્રને આજે સૌ કોઈ યાદ કરે છે કેટલીય ચોવીશી સુધી તમનું નામ અમર રહેવાનું છે. કારણ કે વેશ્યાને ત્યાં રહેવા છતાં જેણે ચારિત્રની જ્યોત અખંડ ઝળહળતી રાખી હતી.

સ્થુલિભદ્ર ને નંદિષેણે, ગણિકાના સંગ કીધા,
રંગવિલાસમાં રંગાઈને, ઝેર વિષય પીધા,
કિન્તુ પશ્ચાતાપ કરીને રસ્તે આવી જાય છે....પાપ બધાથી થાય છે : (૨)

છદ્મસ્થ જીવો ભૂલને પાત્ર છે. બધા પાપ તો કરે છે. સંસાર એ પાપનું પિંજર છે. કોઈ કોઈ વિરલ આત્મા જ પાપનો પશ્ચાત્તાપ કરનારા હોય છે. આ પશ્ચાત્તાપ એવો

કે જે ભૂલ કરી એ ભૂલ ફરીવાર કયારેય જીવનમાં ન થાય તેવો કરાર કરે છે. સ્થુલિભદ્ર ૧૨ વર્ષ રૂપકોશાને ત્યાં રહ્યા. એ ભૂલ તો કરી. ખુદ તેમના પિતા મરી ગયા ત્યારે બોલાવ્યા તો પણ આવ્યા નહિ, એ ભૂલનો કરાર કર્યો પછી દીક્ષા લઈને ગુરૂદેવે ત્યાં ચાતુર્માસ મોકલ્યા તો ત્યાં ચારિત્રમાં–બ્રહ્મચર્યમાં એવા અડગ રહ્યા, એની સામે એવી ટક્કર ઝીલી કે તેમના પ્રભાવે કોશા સાચી શ્રાવિકા બની ગઈ. તેમની છત ખૂબ મજબૂત ને પાકી બની ગઈ હતી. કદાચ તમે ઉપાશ્રયમાં ઓછા આવી શકો પણ તમારી છત મજબૂત રાખજો. તમારી છત મજબૂત હશે તો કોઈ તમને ધર્મથી ડગાવી શકશે નહિ. ધર્મશ્રદ્ધાથી ડગાવવા માટે કોઈ પ્રલોભનો આપે, લાલચો આપે કે ભય બતાવે ત્યાં જો તમારી છત પાકી હશે તો તમે કહી દેશો કે મારું ધન રહે તો ભલે ને જાય તો ય ભલે પણ મારા દેવ તો અરિહંત ભગવાન છે. ગુરૂ તો મારા નિર્ગ્રન્થ ગુરૂ છે અને કેવલી પ્રરૂપિત ધર્મ એ મારો ધર્મ છે.

સ્થૂલિભદ્રે મનની છત કેટલી પાકી કરી હશે કે ગણિકાના સંગમાં રહેવા છતાં તેના રંગમાં તો ન રંગાયા પણ રૂપકોશાને ધર્મના રંગે રંગી દીધી અને સાચી શ્રાવિકા બનાવી. તમે શું કરશો? તમારા મિત્રને જૈન બનાવો અને તમારા દીકરા દીકરીઓને એવા સંસ્કાર આપો કે ઉપાશ્રયે આવતા થાય અને જૈન ધર્મમાં શ્રદ્ધાવાન બને તો હું સમજીશ કે તમારી છત મજબૂત છે. સ્થૂલિભદ્ર રૂપકોશાને ત્યાં ચાતુર્માસ કરીને આવ્યા, સિંહગુફાવાસી મુનિ સિંહની ગુફામાં ચાતુર્માસ રહ્યા. કેટલું કઠણ! આ મુનિ ચોમાસું કરીને આવ્યા ત્યારે ગુરૂએ કહ્યું : દુષ્કર. નાગના રાફડે કરીને આવ્યા તેને કહ્યું, દુષ્કર અને કૂવાના કાંઠે કરીને આવ્યા તેને કહ્યું દુષ્કર. પણ જે રૂપકોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરીને આવ્યા, એવા સ્થૂલિભદ્રને ત્રણ વાર કહ્યું દુષ્કર....દુષ્કર....દુષ્કર. આ સાંભળીને સિંહગુફાવાસી મુનિને સ્થૂલિભદ્ર પ્રત્યે ઈર્ષા આવી. તેથી તે રૂપકોશાના બંગલે જવા તૈયાર થયા. રૂપકોશાએ તેમને આવતા જોયા. રૂપકોશા તો હવે સાચી શ્રાવિકા બની ગઈ છે. તેને થયું કે લાવ, તેમની પરીક્ષા તો કરું. મુનિની પરીક્ષા કરવા નાચગાન, હાવભાવ કરવા લાગી. સહજ નિમિત્તમાં આ મુનિ ગુલાંટ ખાઈ ગયા. કારણ કે તેમની છત મજબુત ન હતી, પણ તકલાદી હતી. તકલાદી તો કેવી કે એક જ વખતના વેશ્યાના હાવભાવ ભર્યા દર્શને પણ તે ગોથાં ખાઈ ગયા. જો ચારિત્રની છત મજબૂત હોય તો ઉપરથી દેવાંગના નીચે ઉતરે તો પણ ડગે નહિ. મનની છત મજબૂત બનાવી દો. અત્યારે મનની છત કાચી છે પણ મજબૂત બનાવ્યા વિના છૂટકો નથી. ચારિત્રમાં, તપમાં ભોગના ત્યાગમાં, સહનશીલતા આદિમાં છત મજબૂત જોઈશે. અત્યારે જે ભાઈ બેનો તપ સાધનામાં જોડાઈ ગયા છે તેમની મનની છત જો મજબૂત હશે તો ધ્યેયને સિદ્ધ કરી શકશે.

એક વાત યાદ રાખજો કે વરસાદને વરસતો અટકાવવાની આપણી તાકાત નથી વરસવું એ તો એનો સ્વભાવ છે કયારેક એ ધીમે વરસે તો કયારેક બેસીતમ વરસે.

એને વરસતો અટકાવી શકાય નહિ, પણ જો એને રૂમમાં આવતો અટકાવવો હોય તો માત્ર એક ઉપાય છે. **"છતને પાકી મજબૂત કરી દો"** આપણી સામે પણ સારા ખોટા નિમિત્તો આવે તેને અટકાવી શકાય નહિ. એમાંથી બચવાનો ઉપાય એ છે કે તમારી મનની છતને મજબૂત બનાવી દો. મનની છતને મજબૂત કરનાર કોઈ હોય તો જિનવાણી છે. એની શક્તિ કેવી અલૌકિક છે તે સાંભળો.

એક માતાને બે દીકરા હતા. માતા તો આ બંને દીકરાઓને નાનપણમાં મૂકીને ચાલી ગઇ હતી.. બંને ભાઇઓમાં સંપ, પ્રેમ ખૂબ હતો. મોટાભાઇના લગ્ન થઇ ગયા હતા. તેમને બે બાળકો હતા. તે પતિ, પત્ની અને બે બાળકો ચાર માણસનું કુટુંબ હતું. નાનોભાઈ મોટો થયો એટલે તેના પણ લગ્ન થઈ ગયા. કુલ છ માણસનું કુટુંબ આનંદથી રહેતું હતું. જે ઘરમાં તેઓ રહેતા હતા એ ઘર નાનું હતું એટલે રહેવામાં, સૂવા બેસવામાં ઘણી અગવડ હતી. એક દિવસ નાનો ભાઈ મોટાભાઈને કહે છે ભાઇ! ઘરમાં તકલીફ, અગવડ ખૂબ પડે છે. શું કરીશું? ત્યારે મોટાભાઈ એ. નાનાભાઈને કહ્યું કે બાજુનું જે મકાન છે તે મારું છે. તું ત્યાં રહેવા જા અને મહિને મને ૧૫૦ રૂપિયા ભાડું આપજે. નાનો ભાઈ કહે, મોટાભાઈ! આપણા પિતાજીનો જ્યારે અંતિમ સમય હતો ત્યારે હું અને તમે બંને સાથે ઊભા હતા. ત્યારે તો મારા લગ્ન પણ થયા ન હોતા. તે સમયે પિતાજીએ આપને કહ્યું હતું કે દીકરા, હું જઉં છું. તું મોટો ભાઈ પિતા જેવો છે. એટલે એને દીકરાની જેમ રાખજે. બંને સંપીને રહેજો. ભવિષ્યમાં કદાચ જુદા થવાનો પ્રસંગ આવે તો આપણી બાજુનું ઘર તું નાનાને આપી દેજે. પિતાજીએ આપને આ વાત કરી હતી, ને આપે આ વાતનો સહર્ષ સ્વીકાર કર્યો હતો. તો પછી આજે આપ આમ કેમ કહો છો? જે મારી માલિકીનું મકાન છે તેનું આપ ભાડું લેવા માગો છો? આ સાંભળીને મોટાભાઈનો પારવર ગયો. તેમણે કહ્યું, હું કાંઈ જાણતો નથી. ઘર શું ને વાત શું? તારે રહેવા જવું હોય તો જા, પણ મને ૧૫૦ રૂ. ભાડું આપી જજે. બે ભાઈનો દૂધ સાકર જેવો પ્રેમ હતો પણ ખટપટ વધી ગઈ. બંને ભાઈ એ બહાર બોલે અને દેરાણી-જેઠાણી ઘરમાં ઝઘડે. નાનાભાઈને માત્ર ૫૦૦ રૂ. પગાર છે, અને મોટાભાઈનો પુણ્યનો ઉદય છે. એટલે ધંધો ધમધોકાર ચાલે છે. નાનો ભાઈ કહે, બાપુજી મને કહીને ગયા છે માટે મને એ ઘર આપો. મોટાભાઈ કહે, પિતાજી! તને શું રાખ એ ઘેર સોંપીને ગયા છે? એ ઘર તો નહિ આપું પણ અત્યારે મારી પાસે સ્થાવર અને જંગમ મિલકત છે તે બધા પર મારો અધિકાર છે. તેમાંથી તને કાંઈ પણ નહીં આપું. રહેવું હોય તો રહે, નહિતર ઘરના દરવાજા ખુલ્લા છે. નાનો ભાઈ કહે કે હું કોર્ટે ચઢીને પણ ઘર લેવાનો. નાનાભાઈને તેના મિત્રોએ પણ કહ્યું કે તું તારા મોટાભાઈ સામે કેસ કર. અમે તારા પડખે ઊભા છીએ. લડવા માટે પૈસા લઈ જજે. બીજી બાજુ ઝઘડાનું સમાધાન કરાવવા ઘણા સજ્જનો અને ડાહ્યા માણસો વચ્ચે પડ્યા હતા પણ ઝઘડો શાંત થતો ન હતો. નાનો ભાઈ હઠ છોડતો નહોતો. મિત્રોની સાચી કે ખોટી સલાહથી તેણે કોર્ટમાં કેસ કર્યો. ૧૦૦-૧૦૦ રૂપિયાના હપ્તા પડતા

ગયા. એમ કરતાં દસ હજાર રૂા.નું દેવું થઈ ગયું છતાં કેસનો ચૂકાદો ન આવ્યો. વકીલ કહ્યા કરે કે કેસ તમારી ફેવરમાં છે, પણ ચૂકાદો ન લાવે. દસ હજારનું દેવું થયું છતાં નાનાભાઈને સૂઝતું નથી. મામલો વધુ તંગ બનતો ગયો. ડાહ્યા માણસો કહે ભાઇ! તારા માથે આટલું કરજ થઈ ગયું છતાં તારો કેયડો તો ઉકલતો નથી. આથી નાનો ભાઈ ખૂબ મૂંઝાયો.

ત્યાં અચાનક ખબર પડી કે ગામમાં જૈન સાધુ પધાર્યા છે તો લાવ હું આજે તેમના વ્યાખ્યાનમાં જાઉં. વ્યાખ્યાનમાં ગુરૂદેવે શરૂઆત કરી કે ભૂલી જાવ. તમે સારા કે ખોટા પણ ભૂતકાળને ભૂલી જાવ. વડીલોનો વિનય ચૂકશો નહિ. વડીલો જે કહે તે આપણા હિત માટે કહે છે. નમ્ર બનો. વસ્તુની સાચી માલિકી વસ્તુને પકડી રાખવામાં નથી પણ છોડી દેવામાં છે. ગુરૂદેવે તો સહજભાવે ઉપદેશ આપ્યો, પણ નાનાને બરાબર બંધબેસતો આવી ગયો. તેના હૃદયમાં તડ પડી ગઈ. તેના મનની છત કાચી હતી તેને પાકી કરવામાં આ જિનવાણીનો સહારો મળી ગયો. ત્યાં ને ત્યાં તેના આત્માએ પલ્ટો ખાધો. અહાહા! કેવું સરસ સમજાવ્યું. તે વિચાર કરવા લાગ્યો કે ગુરૂદેવે કહ્યું–નમ્ર બનો, વડીલોનો વિનય ચૂકતા નહિ. મારા મોટાભાઈ તો વડીલ છે. તે મારા પિતાતુલ્ય છે. તેમનો વિનય હું ચૂકી ગયો. તેમની આજ્ઞાને તોડી છે. મેં કયાં તેમની આમન્યા જાળવી છે? ભૂલ તો આપણે બધા કરીએ છીએ પણ તેનો એકરાર કરતા નથી. જીવનમાં સરળતા, ભદ્રિકતા, કોમળતા હશે તે તરી જવાના. ગુરૂદેવનું વ્યાખ્યાન નાના ભાઈને બરાબર લાગુ પડતું આવી ગયું. તેણે પોતાની ભૂલો જોવા માંડી. વ્યાખ્યાન પૂરું થયું પણ ગુરૂદેવે કહેલા શબ્દોનું મંથન તો ચાલુ રહ્યું.

હું કેવો અભાગીયો! કોઈ નહિ ને મારા ભાઈની સામે પડયો!! અત્યારે હું જ્યાં નોકરી કરું છું એ જગાએ નોકરી પણ મને મોટાભાઈએ અપાવી છે. કાલે કદાચ શેઠને જઈને આ બધી વાતો કરે ને શેઠ મને કાઢી મૂકે તો પછી હું કયાં જઈને ઊભો રહું? આ રીતે પોતાની ભૂલો જોતો જોતો ઘેર આવ્યો. ઘેર આવીને જમી–પરવારીને તેની પત્નીને પાસે બેસાડીને કહે છે, મારી ઘણી ભૂલો થઈ છે. મેં ઘણી અજ્ઞાનતા કરી છે. પત્ની પૂછે છે પણ છે શું? તેણે વાત કરી. આજે ગુરૂભગવંતની વાણીનો પાવર મને મળ્યો છે. તેમની વાણી સાંભળીને મને મારી ભૂલોનું દર્શન થયું છે. ખરેખર હું પાપી છું. જે ભાઈએ મને મોટો કર્યો. મોટાભાઈ મારા બાપ સમાન ગણાય, તેમની સામે કોર્ટમાં કેસ કર્યો. પાસે પૈસા નથી છતાં દશ હજારનું દેવું કર્યું ને લડયો પણ જીત્યો નથી. હવે મારી આંખ ખુલી ગઈ છે. ગુરૂભગવંત પાસે જવાથી સાચી દૃષ્ટિ મને મળી ગઈ છે. મારા પિતાજી ગુજરી ગયા ત્યારે હું કુંવારો હતો. મારા ભાઇએ મારા લગ્નમાં રૂપિયા ૩૫ હજારનો અર્ચો કર્યો છે, છતાં આજ દિન સુધી કોઈ દિવસ મારી પાસે એક પૈસો માંગ્યો નથી. તે સમયે એ ના પાડીને ઊભા રહ્યા હોત તો! હું કેવો દુર્ભાગી! મેં તેમની સામે કેસ માંડયો. કોર્ટમાં સામાસામી ઉભા

રહીએ છતાં તેમણે મને આ ઘરની બહાર કાઢયો નથી. તેમણે મને ઘરની બહાર કાઢયો હોત તો આપણે ક્યાં જઇને ઊભા રહેત ? પાસે મૂડી તો છે નહિ. મને નોકરી મળી છે તે પણ ભાઇની શરમે. જો મોટાભાઇ શેઠને વાત કરે તો શેઠ મને નોકરીમાંથી છૂટો કરી દે. હું નોકરી વગરનો થઈ જાઉં. ઘરમાં રાખીને મને તેમના જેવું ખાવા પણ આપે છે. આ ભાઇના મારા પર કેટલા ઉપકારો છે ! છતાં હું દુષ્ટ, પાપી, તેમના ઉપકારોને ભૂલી ગયો છું. તેમના ઉપકાર જીવનમાં કયારે પણ ભૂલાય તેમ નથી. હવે કોર્ટમાંથી તેમની સામે કેસ માંડયો છે તે કાઢી નાંખવો છે, અરે ઘર માટે ઝઘડો છે એ ઘર મોટાભાઇને સોંપી દેવું છે. હવે સામા પગલે જઇને તેમની માફી માંગી લેવી છે. નાનાભાઈની છત કાચી હતી તે જિનવાણીના પાવરથી મજબૂત બની ગઈ છે.

પત્ની કહે, નાથ ! કાલ સવારની હવે રાહ જોવી નથી. કોને ખબર કાલ કેવી ઉગશે ? આપણે અત્યારે જ જઈએ. આજે તેઓ વહેલા સૂઈ ગયા છે, આપ અત્યારે ને અત્યારે તેમને ઉઠાડો. સાપને જોયા પછી કોઈ તેને ઘરમાં ન રાખે તો પાપ પણ આત્મઘરમાં કેમ રખાય ? અત્યારે જ જઈને તેમના પગમાં પડીને માફી માંગી લઈએ. બંને માણસ ત્યાંથી ઉઠયા. જઈને મોટાભાઇની રૂમનું બારણું ખખડાવ્યું, ઊંઘમાં ખલેલ પડવાથી આવેશ આવી ગયો. બારણું ખોલ્યું તો નાનાભાઈ અને તેની પત્નીને જોયા. તેમને જોતાં ખૂબ ક્રોધ આવી ગયો. રાત્રે શાંતિથી સૂવા દેતા નથી. નાલાયક ! મારું લોહી પીવા આ ઘરમાં રહ્યો છે. સામે ગાડીના પાટા દેખાય છે, ત્યાં જઈને સૂતા આવડે છે કે નહિ ? સૂઈ જા ત્યાં જઇને એટલે મારે તારા નામનો બળાપો બંધ થાય. ગુરૂદેવ પાસે ગયા પહેલાં આ શબ્દો સાંભળ્યા હોત તો મોટો અનર્થ સર્જાઈ જાત પણ હવે જિનવાણીનો પાવર મળ્યો છે એટલે એની છત મજબૂત બની ગઈ છે. તેણે માત્ર એક જ વ્યાખ્યાન સાંભળ્યું અને આપે કેટલા વ્યાખ્યાનો સાંભળ્યા ! છતાં હજુ છત પાકી થઈ છે ખરી ?

મોટાભાઈએ આવા શબ્દો કહ્યા છતાં મન પર અસર ન થઈ. તેને અપમાન એ અપમાન ન લાગ્યું. ઉપરથી મનમાં એ વિચાર કરવા લાગ્યો કે મારા ભાઈ તો કેટલા ભલા છે. હું તેમને કોઈ વાર તુંકારા કરું છું, મરું કે મારું એવો ક્રોધ આવી જાય છે, છતાં ભાઈ બધું પચાવીને મને ભેગો રાખે છે. જિનવાણીએ શું કર્યું ? તેના મનમાં વેરના કાંટા હતા ત્યાં પ્રેમનો-પ્રવાહ વહાવ્યો. આ બંને દોડીને મોટાભાઇના પગમાં પડી ગયા. મોટાભાઇ ! મને માફ કરો. હું અધમ છું. પાપી છું. ભાઇ હોવા છતાં કોર્ટમાં કેસ ચલાવ્યા, તમને ખૂબ દુઃખી કર્યા. કાલથી એ કેસ હું પાછો ખેંચી લઉં છું. હવે આ ઘર–માલમિલ્કત મારે કાંઇ નથી જોઈતું. એ ઘર પરનો મારો અધિકાર પણ ઉઠાવી લઉં છું, હવે આ બધું તમારું છે. આપ આપના બાળકોને જે રીતે સાચવો છો તે રીતે મને સાચવી લેજો. મારે તો માત્ર તમારો પ્રેમ જોઈએ છે. એટલું બોલતાં તો

નાનો ભાઇ રડી પડયો, આંખ કરતાં આંસુ મોટા. આ આંસુ આંસુ નથી પણ કષાયની કાલીમાને અને પાપને ધોવાના આંસુ છે.

નાનાભાઈની પત્ની પણ જેઠાણીના ચરણમાં પડી ગઈ. ભાભી ! આપ તો મારી માતાના સ્થાને છો. મેં આપને દુઃખી કરવામાં બાકી નથી રાખ્યું, હવે મને ક્ષમા આપો. અને ગમે તેમ કરીને હવે આ ઘરમાંથી ઝઘડાને વિદાય કરી દો. આપણે બંને હવે બેનો છીએ. મને આપનો પ્રેમ જોઈએ છે. આપ બંને અમને માફી આપો. અમારી ભૂલોને ભૂલી જજો. આ પશ્ચાતાપ અંતરનો હતો. મોટાભાઈ અને ભાભી તો જોઈ જ રહ્યા. તેઓ આભા બની ગયા. તેમની કલ્પનામાં ન આવે એવું દૃશ્ય બડું થયું હતું. મોટાભાઈ એ નાનાભાઈને અને જેઠાણીએ દેરાણીને બાથમાં લઇ લીધા. તે બંને રડવા લાગ્યા. ભાઈ! ભૂલ તારી નથી પણ મારી છે. પિતાજીના વચનનો મેં ભયંકર વિશ્વાસઘાત કર્યો છે. પિતાજીએ એ ઘર તને આપવાનું કહ્યું હતું, પણ સંપત્તિના નશામાં મેં તારી પાસે એ ઘરનું ભાડું માંગ્યું. મારે તને પિતાનો પ્રેમ આપવો જોઇએ એના બદલે તિરસ્કાર કર્યો. ભાઇ! હું તને શું માફ કરું ! તું મને માફ કર. હવે આજથી એ ઘર તારું છે અને તને સોંપી દઉં છું. તેમજ તેં મારા પર કેસ કર્યો અને તેમાં જેટલું દેવું થયું હોય એ બધું હું ચૂકવી દઇશ. બીજે કયાંય પૈસા લેવા જઇશ નહિ. જેઠાણી કહે, દીકરી ! હવે રડીશ નહિ. તારા કરતાં મેં ભૂલો વધારે કરી છે. ખેર. જે થયું તે થયું. હવે બધું ભૂલી જઈને ઘરમાં સંપમય વાતાવરણ કરવું છે. હવે હું તને જુદી નહિ પડવા દઉં. સાંભળ્યું ને જિનવાણીનો પ્રભાવ કેવો અને કેટલો પડયો ! જે ઝઘડો વડીલો, મિત્રો કે સંપત્તિથી ન મટયો તે જિનવાણીના શ્રવણથી પતી ગયો. તે નિવેડો એવો આવ્યો કે દુશ્મનાવટને ખતમ કરી નાંખે અને મૈત્રીને છલોછલ ભરી દે. જિનવાણીના શ્રવણથી બંને ભાઈઓની છત મજબૂત થઈ ગઇ. જો જીવનને પાપમુક્ત બનાવવું છે તો ગમે તેવા પ્રયત્નો દ્વારા પણ છતને મજબૂત બનાવી દો. એને મજબૂત બનાવ્યા વિના છૂટકો નથી. આ રીતે કોઈ કસોટી કે કષ્ટ આવે પણ સહનશીલતાની છત મજબૂત હશે તો એ દુઃખદ પ્રસંગોમાં પણ અડીખમ ઉભા રહેશે, અને છત કાચી હશે તો મામૂલી દુઃખમાં પણ તે હેરાન પરેશાન થઇ જવાના. મજબૂત છતવાળા કયારેય પણ હાર્યા નથી–અને કાચી છતવાળા કયારે ય જીત્યા નથી.

જિનવાણીનો પ્રભાવ અલૌકિક છે. જ્યાં વૈરની આગ સળગી રહી હતી ત્યાં વાત્સલ્યનાં વહેણ વહાવ્યાં. મૈત્રી ભાવનાના સૂર રેલાવ્યા. સ્નેહની સરિતા વહાવી. આપણે પણ જિનવાણી સાંભળી, વાંચી, મનન કરી જીવનમાં ઉતારીએ ને આત્માને પવિત્ર બનાવીએ. વિશેષ અવસરે.

ચરિત્ર : રાજાને આખા ગામમાં પુરંદર શેઠ પર વિશ્વાસ હોવાથી મોતીનો હાર વ્યવસ્થિત કરવા માટે નોકરોને શેઠને લેવા માટે મોકલ્યા. શેઠ તો બિચારા ગભરાય છે. પ્રભુને પ્રાર્થના કરીને રાજાના નોકરની સાથે ધ્રુજતા પગે આવી, શેઠે રાજા પાસે ભેટણું ધર્યું. રાજાનું હસતું મુખ જોઈને શેઠ સમજી ગયા કે મારો ગુનો નથી લાગતો. રાજાએ કહ્યું,

શેઠજી ! આવો આવો. રાજાના આ શબ્દો સાંભળતા શેઠનો ફફડાટ મટી ગયો. શેઠ કહે, આપ આજ્ઞા ફરમાવો. રાજા કહે, શેઠજી ! અમારા પટરાણીના ગળાનો કિંમતી હાર તૂટી ગયો છે, તો આપ તેને બરાબર કરી આપશો ? આપના ઉપર મને વિશ્વાસ છે માટે આ કામ આપને સોંપું છું. આ કારણે મેં આપને અહીં બોલાવ્યા છે. મહારાજા ! આપે કૃપા કરીને સેવકને કામ સોંપ્યું તેથી મને આનંદ છે. શેઠ રાજાને નમન કરીને હાર લઈ ઘેર આવ્યા.

ભૂલનો ભોગ બનેલા શેઠ : શેઠને અચાનક કોઈ કામ માટે બહાર જવાનું થયું. શેઠાણીને કહે છે આ હાર મહારાણીનો છે. એને સાચવીને મૂકો. હું બહાર જાઉં છું. શેઠાણીએ બહાર પેટી પડી હતી તેમાં મૂકયો. પુણ્યસારે હાર મૂકતાં જોયો. એટલે લાગ જોઈને હાર લઈ લીધો. એ હાર વેચીને તેણે મિત્રોને એક લાખ રૂા. ચૂકતે કરી દીધા. એટલે તેને શાંતિ થઈ. બીજે દિવસે શેઠ ખૂબ કામમાં પડી ગયા એટલે હારની વાત ભૂલી ગયા. સાત આઠ દિવસ ગયા છતાં હાર સાંધવાનું યાદ ન આવ્યું. ત્યાં રાણી રાજાને પૂછે છે મહારાજા ! મારો હાર થઈ ગયો ? ના. હજુ નગરશેઠના ઘેરથી આવ્યો નથી. રાજાએ તરત નોકરને હાર લેવા મોકલ્યો. શેઠ સાહેબ ! અમારા મહારાણીનો હાર આપો ને !

હારે મચ વેલો ઉત્પાત : આ સમયે પુણ્યસાર ત્યાં બેઠેલો. તેનું હૃયું ધડકવા લાગ્યું. હવે શું થશે ? પિતાજી શું કરશે ? એ હાર કયાંથી લાવી આપશે ? રાજાને શો જવાબ આપશે ? અને મને પૂછશે તો ? આ બધા વિચારોથી તેનું પાપી મન મુંજવા લાગ્યું. શેઠના મનમાં એમ કે બે ચાર કારીગરોને બેસાડી દઇશ એટલે થોડીવારમાં હાર તૈયાર થઈ જશે. શેઠ કહે, શેઠાણી ! પેલો મૂકવા આપેલો હાર આપો. હું તો સમો કરાવવો ભૂલી ગયો. રાજાએ હાર લેવા માણસને મોકલ્યો છે. શેઠાણી પેટીમાં હાર લેવા ગયા તો હાર ગુમ. હાર ન મળે. શેઠ કહે, જલ્દી હાર આપોને. શેઠાણીએ હાર ન જોયો એટલે એમને તો પરસેવો વળી ગયો. મુંજતા સ્વરે બોલ્યા. હાર દેખાતો નથી. તું શું કહે છે ! હાર નથી ! શેઠ શેઠાણીએ ઘરમાં બધી જગાએ જોઈ લીધું, પણ હાર જડતો નથી. શેઠ પણ પરસેવાથી રેબઝેબ થઈ ગયા. રાજાને જવાબ શું આપીશ ? હારની કિંમત સવા લાખની છે તેના બદલામાં હું પાંચ લાખ આપી દઉં પણ મારી ઈજ્જત શી ? આબરૂ શી ? જો હાર જડે નહિ ને રાણીને આપું નહિ તો ઝેર પીવા સિવાય બીજો રસ્તો શું છે ? હાર કોણે લીધો હશે ? શા માટે લીધો હશે ? કોણ મારો દુશ્મન છે ? શેઠે નોકરને પૂછયું, તેં હાર જોયો છે ? ના. મેં નથી જોયો. શેઠ વિચાર કરે છે કે આટલા વર્ષોથી આ નોકરો, માણસો, બધા કામ કરે છે. કયારેય હજુ સુધી એક પૈસાની ચોરી થઈ નથી. મને દીકરા પર શંકા જાય છે. શેઠે તેને પૂછયું, તેણે કહ્યું : હાર કેવો ને વાત કેવી ! તે નાકબુલ થયો. હવે શેઠ શું કરશે તેના ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૧૩ ને સોમવાર વ્યાખ્યાન નં. ૨૮ તા. ૨૯-૭-૮૫

અનંત જ્ઞાની ભગવંતે ભવ્ય જીવોના આત્મ-ઉત્થાનને માટે આગમ રૂપી વાણી પ્રકાશી. અનંતા અનંતા કાળથી આ મહાન પુણ્યોદયે મળેલું મન પૈસા, પરિવાર અને ઇંદ્રિયોના વિષયોનાં સુખમાં લીન બનવા ટેવાયેલું છે. એ મનને હવે એમાં લીન ન બનવા દેવું, એવું આચરણ કરવું ઘણું મુશ્કેલ છે, છતાં જ્ઞાનીપુરૂષોએ એ માટે પણ સીધો, સાદો અને સરળ ઉપાય બતાવ્યો છે.

જ્ઞાની કહે છે કે હે આત્મા! તું રોહિત મત્સ્ય જેવો બન. સૌથી પ્રથમ એ રસ્તો છે કે તું માયાજાળમાંથી બહાર નીકળી જા. કદાચ એ માયાજાળ છોડી ન શકે તો તું રોહિત મત્સ્યની જેમ રહે. રોહિત મત્સ્ય ખૂબ ચાલાક હોય છે. બીજા બધા મત્સ્ય કરતાં એની એક ખૂબી છે. દરિયામાં બીજા મત્સ્ય તો ઘણાં હોય છે. માનવી માછલીને પકડવા માટે અણીદાર તીક્ષ્ણ લોખંડના કાંટામાં માંસપેશી ભરાવીને પાણીમાં દોરીથી બાંધેલો એ કાંટો તરતો મૂકે છે. પોતાના શોખ અને સ્વાદ ખાતર સામા જીવોની કેવી કરૂણ હાલત થશે એ વિચાર કરવાનો એને અવકાશ નથી. રસેન્દ્રિયના સ્વાદમાં આસક્ત બનેલી માછલી એ માંસપેશીને તરતી જુએ છે પણ એની અંદર છૂપાયેલા લોખંડના કાંટાને એ જોતી નથી તેથી એ માંસપેશી ખાવાની લાલચે જેવી એ જલ્દી ખાવામાં મોં દબાવે છે તેવો એ પેશીમાં રહેલો તીક્ષ્ણ લોખંડનો કાંટો એના તાળવામાં પેસી જઈ તાળવાને વીંધી નાંખે છે. માછલી કાંટામાં પરોવાઇ જાય છે. માંસપેશી તો મળી પણ તાળવાને આરપાર વીંધી તેમાં ફીટોફીટ થઇ ગયેલો કાંટો કોઈ પણ રીતે માછલીથી કાઢી શકાતો નથી. એ કાંટો કાઢવા એની પાસે હાથ કે આંગળી નથી કે એને પકડીને બહાર ખેંચી કાઢે. માછલી સંજ્ઞીપંચેન્દ્રિય પ્રાણી છે છતાં એ મનુષ્યની અપેક્ષાએ કેટલી પુણ્યહીન છે. બધી માછલીઓ કરતાં રોહિત મત્સ્યની એક વિશેષતા છે. એ મત્સ્ય માંસપેશીની ગંધથી આકર્ષાઇને એની પાસે આવે ખરો પણ તે કાંટા સાથેનો ટુકડો ન લેતાં આજુબાજુથી માંસને કોચીને ખાય છે. આ રીતે ચારે બાજુથી કોચી લઈ કાંટાને મોંથી આડો પકડી એવો ભાર આપે છે કે મત્સ્ય પકડવા આવેલાને તેના ભારથી એમ લાગે કે આ માછલો કાંટામાં ફસાઈ ગયો છે. એમ માની તે જ્યાં દોરી ખેંચે કે તરત આ માછલું એને છોડીને રવાના થઈ જાય છે. પકડવા આવનાર બિચારો ભોંઠો પડી જાય છે કે હાય! માંસ ગયું ને માછલું પણ ગયું. રોહિત મત્સ્યની આ ખૂબી છે કે પંજામાં ન ફસાય.

બસ, આ રીતે પાંચ ઈન્દ્રિયોના વિષયો એ માંસપેશી જેવા છે. એ વિષયો પ્રત્યેની આસક્તિ એ લોખંડના તીક્ષ્ણ કાંટા જેવી છે. જો જીવ આસક્તિ રૂપી કાંટા સાથે વિષયોનો ઉપભોગ કરે તો એના બાર વાગી જાય. માછલીનું તાળવું એકવાર કાંટાથી વીંધાઈ જાય તો એકવાર મૃત્યુ થાય પણ આસક્તિ સહિત વિષયોમાં જીવ મસ્ત બને

તો નરક ગતિમાં ભયંકર વેદના, ત્યાં અસંખ્ય વાર મૃત્યુ જેવી દશા થાય ! જો એવા દુઃખો ભોગવવા જવું ન હોય તો રોહિત મત્સ્યની જેમ આસક્તિના કાંટાથી દૂર રહીને એનાથી વીંધાઓ નહીં, એટલે કે વિષયોમાં આસક્ત ન બનો પણ અનાસક્ત બનો, તો નરકાદિ ગતિના દુઃખો વેઠવા ન પડે. માટે હે આત્મા ! ભવવનમાં વસવા છતાં સામાન્ય મત્સ્ય જેવો ન બનતાં રોહિત મત્સ્ય જેવો બનજે.

જ્ઞાની ભગવંત કહે છે કે પરિગ્રહમાં આસક્ત બનેલો જીવ પૈસા વધારવા માટે કેટલાય પાપ કરે છે. માનવીની જીવનચર્યામાં આજે આડંબર કેટલા વધી ગયા છે ! જેટલા આડંબર વધ્યા એ વસાવવા માટે પૈસા વધુ મેળવવા પડે અને પાપ વધુ કરવા પડે. એક શ્લોકમાં કહ્યું છે કે

न परावर्तते राशेचक्रतां जातु नोऽश्नति ।
परिग्रहग्रहः कोऽयं विडम्बितः जगत्त्रयः ॥

જે રાશિથી પાછો ફરતો નથી અને વક્રતાનો ત્યાગ કરતો નથી, જેણે ત્રણે જગતને વિટંબણા કરી છે એવો આ પરિગ્રહ રૂપી કયો ગ્રહ છે ? સર્વ ગ્રહો કરતાં પરિગ્રહ રૂપી ગ્રહ બળવાન છે. ચારે બાજુથી ગ્રહણ કરવાની બુદ્ધિ તે પરિગ્રહ કહેવાય છે. પરિગ્રહ રૂપી ગ્રહ ત્રણ જગતના લોકની વિટંબનાનું કારણ છે. પરિગ્રહનો દૃઢ અનુરાગ ત્રણે જગતના પ્રાણીઓને પરમ કલેશનું કારણ બને છે.

આ સંસારમાં જીવો કંચન, કામિની, કાયા, કુટુંબ આ ચાર કક્ષાની સાથે રાત ને દિવસ રમત રમ્યા કરે છે. જ્ઞાનીની દૃષ્ટિએ તો એ સાવ બિચારો છે. સાવ મૂર્ખ છે. અરે ! નાદાન બાળક જેવો છે. આ ચાર કક્ષાની રમતે સર્વ જીવોનો સંસાર સળગાવી દીધો છે. એણે આત્માના અનંત સુખને લૂંટી લીધું છે. ચાર કક્ષા ઉપરના રાગ અને દ્વેષે જીવના અનંત ગુણોને દબાવી દીધા છે. આ ચારેય કક્ષા બારે ખતરનાક છે. તમારામાં જો બળ, બુદ્ધિ, સુંદર તન, ધન હોય, શારીરિક શક્તિ હોય તો મારી તમને સલાહ છે કે આ ચાર કક્ષાના રાગ-દ્વેષને ખતમ કરી દેવા માટે જ એ બધી સામગ્રીને કામે લગાડજો. મોટા મોટા રૂસ્તમોને આ કક્ષાએ રમાડીને રણમાં રગદોળી નાંખ્યા છે. આ કક્ષાની રમતથી સાવધાન રહેવા જેવું છે. એમાં પણ કંચન કક્ષાને (પરિગ્રહ) મેળવવા જીવ કેવી ક્રૂરતા કરે છે, કેવા પાપ કરે છે તે તમને સમજાવું.

એક વાર પેપરમાં વાંચ્યું કે ડૉકટર વિશેષ અભ્યાસ માટે પરદેશ જવાના છે. માટે ચાર દિવસમાં જેને આવવું હોય તે આવી જાય. પરદેશ જઈને આવ્યા પછી પણ જાહેરાત આવી કે ડૉકટર પરદેશ જઈને વધુ ભણીને આવી ગયા છે. આજે તમને બધાને વધારે શું ગમે છે ? રહેવું છે હિન્દુસ્તાનમાં અને વસ્તુઓ ગમે છે પરદેશની. અરે દીકરી માટે મુરતીયો પણ ફોરેન રીટર્ન મળી જાય તો કુલાકુલા થઈને ફરે. મને તો લાગે છે કે તમારું પુદ્ગલ પણ ફોરેનનું થઈ જતું હોય તો તૈયાર (હસાહસ).

ડૉકટર પરદેશ જઈને આવ્યા છે એટલે દર્દીઓ ત્યાં વધુ જાય. કેમ? એ પરદેશ ભણીને આવ્યા છે પણ આ ડૉકટરોની લોભવૃત્તિ કેટલી હોય છે! દવાઓ બનાવનાર ફાર્મસીઓ એમની નબળી બનાવટોમાં ડૉકટરોને વધુમાં વધુ કમિશન આપી દર્દીઓને દવા આપવા માટે અંગત પરિપત્રો કાઢે છે. દર્દીની લાશ રોકવામાં પણ ડૉકટરો પૈસા લેતા થઈ ગયા છે. કેટલી અધમવૃત્તિ!

ડૉકટરોનો ધંધો હરિફાઈમાં થઈ ગયો છે. પેલા ફોરેન રીટર્ન ડૉકટરને ત્યાં એક દર્દી ગયો. ડૉકટર પાસે જાય એટલે યુરીન ટેસ્ટ, બ્લડ ટેસ્ટ, સ્ટુલ ટેસ્ટ, બધું ટેસ્ટ કરાવવાનું કહે. ટેસ્ટ, ટેસ્ટ ને ટેસ્ટ. ડૉકટરોને સલામ ભરવાની અને ગાંઠના નાણાં દેવાના. બધું ટેસ્ટ કરીને ડૉકટરે કહ્યું–આ ભાઈનું પેટ ચીરવું પડશે. આજે ડૉકટરોની ઝાઝી કમાણી ઓપરેશનમાં થઈ ગઈ છે. અડધું પેટ ચીર્યા પછી બહાર આવીને કહ્યું કે પેટનું તો ઓપરેશન કર્યું છે પણ તેની બાજુમાં બીજી ગાંઠ છે. તેનું પણ ઓપરેશન કરવું પડશે. આપે ઓપરેશનનો જે રૂલ નક્કી કર્યો છે તેના કરતાં ૪૦૦૦ રૂા વધુ થશે. છ–બાર મહિને કરાવવું તો પડશે ત્યારે આઠ–દશ હજાર રૂપિયા થશે ને અત્યારે કરાવવું હોય તો ૪૦૦૦ રૂા. વધુ દઈ દો. મને તો કંઈ નથી પણ નહીં કરાવો તો પાછળથી તમારે પસ્તાવું પડશે. છેવટે કરવાની હા પાડી ત્યારે ડૉકટરે ગાંઠ કાઢી. હજુ દર્દી ટેબલ પર સૂતો છે, ટાંકા લેવાના બાકી છે, ત્યારે ડૉકટર બહાર આવીને કહે, હવે બીજા પાંચ હજાર અત્યારે લાવીને મૂકો પછી ટાંકા લઈશ. દર્દી જીવે કે મરે પણ ગમે તે રીતે પૈસા ચૂકવી દેવા પડે. આ ડૉકટરો જ્યારે ભણતા હતા ત્યારે કહેતા હતા કે અમે સેવા કરીશું. આજે તો સેવા ગઈ અને રૂપિયા આવી ગયા. સેવા કરવાની ભાવના અને ધગશ હોય તો વધુમાં વધુ ૮–૧૦ વર્ષ ટકે. પછી તો માત્ર કમાવાની ભાવના સિવાય કાંઈ નહિ. એક ડૉકટરને સાથે લઈને બીજા ડૉકટરને બતાવવા જવું હોય તો પણ આવનાર ડૉકટરને ચાર્જ આપવા પડે. એ બધા ડૉકટર કરતાં આ ડૉકટરના દવાખાનામાં આવો ને! બીલકુલ ફી નહિ. લાચારી બતાવવાની નહિ અને જન્મ મરણના રોગને મટાડે એવા સંતો વીતરાગના ડૉકટરો છે. આજના ડૉકટરો પૈસા મેળવવા માટે માનવતાને ગુમાવી બેઠા છે.

કંઈક ડૉકટરો એવા સારા જોવા મળે છે કે દર્દીની સ્થિતિ જો સારી ન હોય તો તપાસવાનો કે ઓપરેશનનો એક પણ પૈસો લીધા વિના દર્દીને દવાખાનામાં પોતાના ખર્ચે પંદર દિવસ રાખી તેમની ગાડીમાં ઘેર પહોંચાડી દે પણ એવા ડૉકટરો કેટલા? બહુ ઓછા. બાકી બીજા ડૉકટરોની દર્દીઓ પર એવી છાપ પડી ગઈ હોય છે કે ડૉકટરો દેહ ચીરે અને પૈસે ટકેય ચીરે. પૈસાની પાછળ પાગલ બનેલા ડૉકટરો ગૌરવ ન મેળવી શકે. જે ડૉકટરો દવાથી અને દુઆથી દર્દીને જીતે એ દેવની જેમ પૂજાય છે. એની કીર્તિ પણ ખૂબ વધે છે. દર્દીના દુઃખની વાતો ડૉકટરો સમજી શકે તો દુઃખ વિશ્વમાં ટકે નહિ. તેમાં ડૉકટરોની પ્રેકટીશ ખૂબ જામી ગઈ હોય તો પછી

પૂછવું જ શું ! તેવા ડૉકટરો દવાખાનામાં આવતા માણસને દર્દી તરીકે નહિ જોતાં ગ્રાહક દેખે છે. એટલે તેને લૂંટાય તેટલો લૂંટે છે, પણ એને ખ્યાલ નથી કે બધાને લૂંટતા મારો આત્મા લૂંટાઈ રહ્યો છે. મારી માનવતા લૂંટાઈ રહી છે. આવી ક્રૂરતા માત્ર ડૉકટરોમાં હોય છે એવું નથી. વકીલાતના કે અન્ય ધંધાના ક્ષેત્રમાં પણ આવી ક્રૂરતા પ્રવેશી ગઈ છે. આ તો ડૉકટરની વાત કરી. હવે વેપારીની વાત કરું. વેપારીઓ ડૉકટરથી ઊતરે એવા નથી.

એક જાણીતી ધમધોકાર પેઢી કેટલાય વર્ષોથી ચાલતી હતી. આ શેઠની દુકાને બહારગામથી તેમના મિત્ર મળવા માટે આવેલા. આ શેઠની એક ખૂબી હતી. તે કોઈ સમજી શકે નહિ. શેઠની દુકાને કેટલાક ઘરાક આવે ત્યારે શેઠ રામ....રામ બોલે. થોડી વાર પછી બીજા ઘરાકો આવે ત્યારે શેઠ હરે....હરે....બોલે. શેઠના મિત્રના મનમાં થયું કે શેઠ કેમ આવું બોલે છે ? કેટલાક ઘરાકો આવે ત્યારે રામ....રામ અને કેટલાક ઘરાકો આવે ત્યારે હરે....હરે....બોલે છે. હું કેટલાય વેપારીની દુકાને જઉં છું ત્યાં ઘરાકો પણ ઘણાં આવતા હોય છે છતાં આવું કોઈ દિવસ મેં સાંભળ્યું નથી પણ અત્યારે આ વાત પૂછવામાં મઝા નથી. રાત તો આપણી છે ને ! શેઠના આ શબ્દોનો મર્મ મિત્ર સમજી શકયો નહિ. સાંજે શેઠ, મિત્ર બધા ઘેર ગયા. ખાધું પીધું પછી શેઠ અને મિત્ર બેઠા છે. મિત્ર કહે શેઠ ! આપને હું એક વાત પૂછું ? પૂછો ને ખુશીથી. કેટલાક ઘરાકો આવે ત્યારે આપ રામ રામ બોલો છો અને કેટલાક ઘરાકો આવે ત્યારે આપ હરે....હરે બોલો છો. આપ કેમ આવું બોલો છો ? એ શબ્દો બોલવાનું રહસ્ય શું ? રામ....રામ....કે હરે ...હરે....બોલવામાં જો કલ્યાણનું કારણ હોય તો હું પણ એવું કરું ? શેઠ કહે–મિત્ર ! જાણવાની જરૂર નથી. વાતનું કારણ દર્શાવવામાં વાંધો ન હોય તો કહો. વાંધો તો કાંઈ નથી પણ હું શું કહું ?

મિત્ર ! મારી વર્ષોની જૂની પેઢી છે. ખૂબ ધીકતો ધંધો ચાલે છે. પૈસાની ટંકશાળ પડતી તો તમે જોઈને ! હા. અમારી દુકાનનો સ્ટાફ આ બે શબ્દોથી તૈયાર થયો છે. દુકાનમાં આવનારા ઘરાકો બે પ્રકારના હોય છે. કેટલાક ઘરાકો એવા આવે કે માલ બધો જુવે બરા પણ બરીદી બાસ ન કરે. જે ઘરાકો કસ વિનાના હોય તેને હું સમજી જાઉં છું. ત્યારે રામ....રામ.... બોલું છું. આ શબ્દોથી સ્ટાફના માણસો સમજી જાય કે ઘરાક કસ વિનાના આવ્યા છે. રામ....રામ કરવા જેવા આ ઘરાક છે. માલબરીદી કરે એવા નથી માટે ઘરાકને વધુ માલ બતાવવામાં મઝા નથી, એટલે તેઓ જૂનો માલ લઈ આવે. નવો માલ દુકાનમાં પડયો હોય તો પણ તે ન બતાવે. કેટલાક ઘરાકો એવા આવે કે તે માલ જોયા પછી અવશ્ય બરીદી તો કરે. આવા કસવાળા ઘરાકો આવે ત્યારે હું હરે....હરે...બોલું છું. આ શબ્દો બોલું એટલે મારા માણસો સમજી જાય કે કસવાળા ઘરાક આવ્યા છે. હરે....હરે....નો અર્થ લૂંટવા જેવો થાય છે. જેટલું લૂંટાય તેટલું લૂંટજો. આ ઘરાકો એવા છે કે જેટલા પૈસા ઝડપવા હોય તેટલા ઝડપી લેવાય

એવા છે..... એટલે માણસો બધો સારો માલ લઈ આવે. કદાચ ઘરાક માંગે તે માલ મારી દુકાનમાં ન હોય તો બીજી દુકાનમાંથી પણ લાવીને આપે અને ઘરાકને સાચવી લે. મારી આ રીતથી મને એ લાભ થાય છે કે કસ વિનાના ઘરાક પાછળ ખોટો સમય બગડતો નથી અને કસવાળા ઘરાક આવે ત્યારે થોડો સમય ખરચાય પણ તેનું વળતર પૂરેપૂરું મળી રહે છે.

પેલો મિત્ર તો શેઠની આ વાત સાંભળીને સન્નજડ થઈ ગયો. આ તો બહાર ધર્મી દેખાવાની વાત છે. રામ રામ અને હરે હરે બોલે છે પણ અંદરથી લૂંટવા ઝૂંટવાની વાત છે. સ્વાર્થની કળા આ જગતના જીવોને સમજાવવી પડતી નથી. એ તો જેમ જેમ ઉંમર થતી જાય તેમ સમજતી જાય છે, પણ યાદ રાખજો કે આ કળામાં ગમે તેટલા હોંશિયાર થાશો તો એ હોંશિયારીથી આ જન્મમાં અશાંતિ, કલેશો ઊભા થાય છે અને બીજા જન્મોમાં દુઃખમય દુર્ગતિઓ મળે છે. જ્યાં સુધી આસક્તિ ઓછી થઈ નથી, મમતાના મોજાં ઊતર્યા નથી ત્યાં સુધી આત્માના સ્વરૂપને સમજી શકવાના નથી. હરે....હરે....કે રામ....રામ કરીને ગમે તેટલા પૈસા ભેગા કરો, ખાનારા ખાશે, ભોગવનારા ભોગવશે પણ તે મેળવતાં જે પાપ કર્યા છે તે પાપના ભાગીદાર કોઈ નહિ થાય. "अप्पा कत्ता विकत्ता य" કર્મનો કરનાર આત્મા છે અને ભોગવનાર પણ આત્મા છે. આજે બધે છેતરપિંડી થઈ રહી છે પણ ધર્મમાં પણ હવે છેતરપિંડી આવી છે. આવું બધું કરીને કયાં જશો ? જીવના ઉતારા કયાં થશે ? મને યશ મળે, મારી વાહ વાહ થાય તે માટે કેટલા દંભ કરે છે ? કેટલી માયા કપટ કરે છે ?

એક શેઠ મરવા પડયા. પિતાને કેમ સારું થાય તે માટે પુત્રોએ ઘણા ઉપાયો કર્યા પણ સારું થતું નથી. શેઠને લાગ્યું કે હવે હું જીવવાનો નથી. મારો અંતિમ સમય છે. શેઠે ચાર માણસોને બોલાવ્યા ને કહ્યું કે હું લખાવું તેટલું લખો. મારી પેઢીમાં જે નોકરો અને માણસો છે તેમાંથી જેને દશ દશ વર્ષની નોકરી પૂરી થઈ હોય તે બધાને મારા મૃત્યુ બાદ પાંચ પાંચ હજાર રૂપિયા આપજો. મારા તરફથી તેમને બક્ષિસમાં આપવામાં આવે છે. માણસો તો વિચારમાં પડી ગયા કે આ શું ! આ શેઠ તો પાકા કંજુસ છે. મખ્ખીચૂસ છે. જિંદગીમાં કોઈ દિવસ પૈસાનું દાન કર્યું નથી. પોતે પેટ ભરીને ખાધું નથી ને કોઈને ખાવા દીધું નથી. જેણે આખી જિંદગીમાં બીજાને તો શું પોતાના દીકરાને પણ ૧૦૦ રૂ. કોઈ દિવસ આપ્યા નથી તે માણસ વીલમાં લખાવે છે કે જે નોકરોને ૧૦ વર્ષની નોકરી પૂરી થઈ હોય તેને પાંચ પાંચ હજાર આપજો. બધાને આ વાત માનવામાં આવતી નથી. તેમને થયું કે શેઠ ગાંડા થઈ ગયા લાગે છે. શેઠની પાસે ૯૦ લાખની મૂડી હતી પણ કોઈ દિવસ ઘી ચોપડેલી રોટલી પણ ખાધી નથી. એ શેઠ બોલે છે ! મીંડું તો વધી જતું નથી ને ! શેઠ, ૫૦૦ કે ૫૦૦૦ ? અરે ૫૦૦૦ શેઠ, અમને શંકા થાય છે. જો નોકરો બધા જાણશે તો માથે ચઢી જશે. શેઠ કહે હું કહું છું તો ય લખતાં નથી. એક ભાઈએ શેઠના કાનમાં કહ્યું–શેઠ ! પાછળથી પસ્તાવું ન પડે. શોષાવાનો સમય ન આવે. અત્યાર સુધીનો આપનો અનુભવ આ વાત માનવાની

ના પાડે છે. શેઠ કહે–તમારો અનુભવ સાચો છે. તો પછી આટલી મોટી રકમ કેમ બ્રિસમાં આપો છો ?

ભાઈઓ ! હું મૂર્ખ નથી. સમજીને લખાવું છું. તમે બધા મૂરખ છો. મારી વાતને સમજી શકતા નથી. આપ વીલ વાંચો. મેં શું લખાવ્યું છે ? દશ દશ વર્ષની નોકરી જેને પૂરી થઈ હોય તેને આપવાના લખ્યા છે. મારા સ્ટાફના નોકરોમાં કોઈને હજુ દશ વર્ષ થયા જ નથી. છેલ્લા ૪૦ વર્ષથી મારી દુકાન ચાલે છે, પણ અત્યાર સુધીમાં એકેય નોકર એવો નથી આવ્યો કે જે ત્રણ વર્ષથી વધુ ટકી શકયો હોય ! તો પછી આવું લખાવવાની શી જરૂર ? આમાં મારે માત્ર જશ ખાટવાનો છે. બધા કહે કે શેઠ કેવા દાનવીર કે નોકરોને પાંચ પાંચ હજાર રૂપિયા આપી ગયા ! હું કોઈને ત્રણ વર્ષથી વધુ ટકવા દેતો નથી. તમે શા માટે ચિંતા કરો છો ? આવા દંભી માણસોનું કયાં કલ્યાણ થાય ! જેનું અંતરંગ જીવન સાવ સડી ગયેલું છે, છતાં એ સડાને છુપાવવા દંભ પ્રપંચ કરે છે, તેવા જીવો સંસારમાં રખડે છે.

હું ઢોંગ કરું છું ધર્મીનો, પણ ધર્મ વસ્યો ના હૈયામાં,
બેહાલ ભલે ફરતી દુનિયા, મારે સૂવું સુખની શૈયામાં....

જે જીવો દંભી છે, પાપી છે, છતાં ધર્મીનો ઢોંગ કરે છે એવા જીવો તરવાના નથી. જે જીવો ભલે બહારથી ધર્મી દેખાતા ન હોય પણ જેનો આત્મા સરળ છે, જેના ભાવો શુભ છે તે આત્મા જલ્દી તરી જાય છે. યાદ રાખજો, બીજું બધું બગડે તો બગડવા દેજો પણ દિલના શુભ ભાવોને કયારેય બગડવા ન દેશો. બગડેલી વસ્તુઓ કદાચ નવી મળી શકશે પણ બગડેલા શુભ ભાવો જલ્દી નવા નહીં આવે. બગડેલી વસ્તુઓના નુકશાન ભરપાઈ કરી શકાશે પણ શુભ ભાવોના બગાડથી જે નુકશાનો થશે તે ભરપાઈ કરતાં આંખોમાં પાણી આવશે. પાપ ભરપૂર, દુઃખભરપૂર દુર્ગતિઓની હારમાળા ઊભી કરવાનું કામ આ દુષ્ટ ભાવોનું છે. જન્મોજન્મ સુધી મન શુભ ભાવોમાં રમતું ન રહે એવી ભયંકર સજા આપવાનું કામ આ બગડેલા ભાવોનું છે. મહાન ભાગ્યોદયે વીરનું વિરાટ શાસન મળ્યું છે, જૈન ધર્મ મળ્યો છે તો આ અણમોલા અવસરમાં ભાવોને બગડવા નહિ દેતા શુભ ભાવોની વૃદ્ધિ કરશો.

જેમના અંતરમાં શુભ ભાવોનો વેગ ઉછળી રહ્યો છે એવા જિતશત્રુ રાજા ભગવાનના દર્શને ગયા. ભગવાનનું સમોસરણ દેખાયું એટલે હાથી પરથી નીચે ઉતરી ગયા. ભગવાન મહાવીર સ્વામી પાસે જતાં પહેલાં પાંચ અભિગમ કરીને ગયા. (૧) તેમનીપાસે સચેત વસ્તુઓ જેવી કે પાન, ઇલાયચી, માળા, લવીંગ, સોપારી આદિ સચેત ચીજો બહાર મૂકીને ગયા. અહીં સંતના દર્શન કરવા આવો ત્યારે પણ કોઈ સચેત ચીજને લઈને ન અવાય, કારણ કે તમારા ખિસ્સામાં સચેત વસ્તુ પડી હોય, અમને તો ખબર ન હોય એટલે તમારી સાથે વાત કરીએ તો બંને જણા દોષના ભાગીદાર થઈએ. તમારા ઘેર ગૌચરી આવીએ ત્યારે તમારા હાથમાં દાતણ પાણી હોય ને પધારો બોલો તો ઘર અસૂઝતું થઈ જાય, તો પછી અહીં લઈને

આવો તો તમે અસૂઝતા છો. તમારી સાથે વાત કેવી રીતે થાય ? માટે અહીં આવો ત્યારે કોઇ પણ સચેત વસ્તુને સાથે લઇને અવાય નહિ. અત્યારે સેલના ઘડિયાળનો ઉપયોગ બહુ વધ્યો છે. ઉપાશ્રયમાં પણ આજે એ ઘડિયાળો બાંધીને આવે છે. એ તો સેલ છે એટલે ઇલેકટ્રીક છે તે પણ સચેત કહેવાય માટે આપ આસ ધ્યાન રાખજો કે સેલના ઘડિયાળ પહેરીને ન આવતા. જિતશત્રુ રાજાએ સચેત વસ્તુનો ત્યાગ કર્યો. (૨) મોઢે ઉત્તરાસંગ કપડું બાંધ્યું. આ વસ્ત્ર સાંધા વગરનું હોવું જોઇએ. ભગવાનની સામે કે સંત સતીજી સામે ઉઘાડા મુખે ન બોલાય. એક વાર ઉઘાડા મુખે બોલવાથી વાઉકાયના અસંખ્ય જીવોની હિંસા થાય છે, માટે ઉત્તરાસંગ કપડું બાંધ્યું. (૩) જેવા દૂરથી ભગવાન દેખાયા કે તરત બે હાથ જોડીને અંજલી કરી વિનયપૂર્વક ઊભા રહ્યા. તે સમજે છે કે ભગવાન તો મારાથી અનંત ગણા ગુણોમાં મોટા છે ને હું નાનો છું. ભગવાનને વંદન કરવા જવું છે તો નમ્રતા, સરળતા જોઇશે. તમે બધા વંદન કરો છો પણ વંદન એટલે શું ? તે હજૂ આપ સમજ્યા નથી. વંદન કરવાથી કેટલા લાભ થાય છે ? તે વાત અવસરે.

ચરિત્ર :– રાણીનો હાર જડ્યો નહિ એટલે નોકરોને પૂછ્યું, બધાએ કહ્યું, અમે હાર જોયો નથી. છેવટે પુરૂષસારને બોલાવ્યો. તેને પૂછ્યું, તેં હાર લીધો છે ? પહેલા તો નામક્કમ ગયો, પછી શેઠ ગુસ્સે થયા. સાચું બોલ, તેં હાર લીધો છે ? શેઠે ખૂબ માર માર્યો એટલે તે સાચું બોલી ગયો. હા પિતાજી ! મેં હાર લીધો છે. શા માટે તેં હાર લીધો છે ? હું જુગારીયાઓ સાથે જુગાર રમતો હતો. તેમાં હારતા મારા માથે એક લાખ રૂપિયાનું કરજ થઈ ગયું. તેઓ પૈસા લેવા માટે મારી પાછળ પડ્યા છે. પૈસા કયાંથી લાવવા ? હું ખૂબ મૂંઝાયો. છેવટે મેં આ હારની ચોરી કરી છે. તે સત્ય વાત બોલી ગયો. હવે તે હાર કયાં ગયો ? પિતાજી ! લાખ રૂપિયાનું કરજ ચૂકવવા માટે એ હાર મેં જુગારીયાઓને આપી દીધો છે. તેઓ લઈ ને ચાલ્યા ગયા. જા. તું તેમની પાસેથી હાર લઈ આવ પિતાજી ! હું હાર શોધવા કયાં જાઉં ? તને ખબર છે ને કે આ હાર મારો નથી, પણ રાજરાણીનો છે. હું આવા બીજા દશ હાર ઘડાવી શકું એમ છું, પણ આ રાજરાણી માને નહિ, તે એમ જ કહે મને મારો હાર આપો કારણ કે આ તો સ્ત્રી હઠ છે. સ્ત્રી હઠ, બાલ હઠ અને જોગી હઠ. આ ત્રણ હઠો પોતાનું ધાર્યું કરે ત્યારે જંપે. તમે નાના બાળકોને લઈ ને ભૂલેશ્વર જેવા રસ્તેથી જતા હો, ત્યાં બધું નવું નવું જુએ ને છોકરા માંગે. તમે ગમે તેટલું સમજાવો પણ એને જે જોઈ તું હોય તે લીધે જ છૂટકો કરે.

આ તો રાજાનો હાર છે. હવે લાવવો કયાંથી ? એટલે શેઠને ગુસ્સો આવી ગયો. દીકરા ! દીકરા ! મેં તને દેવ પાસે વચન માંગીને લીધો છે. તે ધર્મની પરંપરા સાચવવા માટે, તેના બદલે તું જુગારી બન્યો, ચોરી કરતાં શીખ્યો, દારૂ પીતા શીખ્યો. હવે શું બાકી રહ્યું ! વેશ્યાગમન બાકી છે તે પણ હવે જો કંટ્રોલ નહીં રાખીએ તો તે પણ શીખી

જશે. મારી જિંદગી બરબાદ થઈ ગઈ. તેમને ખૂબ ગુસ્સો આવી ગયો. નાલાયક ! પાપી ! તું અમારા ઘેર જન્મ્યો ન હોત તો સારું હતું. દીકરા આવા નાલાયક થાય તેના કરતાં બહેતર વાંઝીયા રહેવું સારું. પુણ્યસાર ઊભો ઊભો રડે છે. મનમાં વિચારે છે કે આમાં દોષ પિતાજીનો નથી, પણ મારો છે. તે ભલે અત્યારે ભૂલ્યો છે પણ માતાપિતાના સંસ્કાર છે. તેનામાં કુસંગરૂપી મેળવણ પડયું છે એટલે બગડયો છે. હવે તેને પશ્ચાતાપ થાય છે. અહો ! મારા પિતાનું નામ આખા ગામમાં બોલાય છે. જેમની દેશોદેશમાં નામના છે. આવા ધર્મિષ્ઠ પિતાના નામને મેં બદનામ કર્યું છે. મારી ભૂલની માફી માંગી લઉં. અત્યારે માફી માંગવાનો સમય નથી. આ બધું બન્યું ત્યારે તેની માતા બહાર ગઈ હતી. શેઠને તો ખૂબ ગુસ્સો આવ્યો છે. હવે રાજાને જવાબ શું આપીશ ? હું સાચી વાત કહીશ તો રાજા મારી વાત માનશે કે નહિ માને ? રાજા મને શું કરશે ? મારી આબરૂ, ઈજ્જત શું રહેશે ? છેવટે બોચી પકડીને કહે છે કે, દુષ્ટ ! તું બહાર જા. જ્યારે હાર લઈને આવે ત્યારે મારા ઘરમાં પગ મૂકજે. ત્યાં સુધી આ ઘરમાં આવવાનો તારો અધિકાર નથી. ગોળીના ઘા સારા પણ વચનના ઘા બહુ ખરાબ. અભાગીયા મરી ફીટ, પણ આ ઘરમાં પગ મૂકીશ નહિ. નિર્લજ્જ ! આટલી હદે તું નીચે ઊતરી ગયો ? આ માટે તને ભણાવ્યો હતો ? તારા જેવા અસંસ્કારી, ચોર અને જુગારીનું મુખ જોવા માંગતો નથી. એમ કહીને ધક્કો મારીને બહાર કાઢી મૂકયો.

પુણ્યસારના મનમાં થાય છે કે હું કહી દઉં કે પિતાજી ! ફરીવાર આવી ભૂલ નહિ કરું. વિચાર કરે છે પણ બોલી શકતો નથી. માફી માંગી લઉં. માનવીના હજારો ગુના હોય પણ જો તેનામાં નમ્રતાનો ગુણ હશે તો તેના ગુના માફ થયા વિના નહિ રહે. શેઠે તો પુત્રને ધક્કો મારીને ઘરની બહાર કાઢી મૂકયો. તેની માતા આ સમયે હાજર હોત તો આ સ્થિતિ ન આવત. પુણ્યસારને થયું કે હવે હું શું કરીશ ?

કયાં જાઉં કોને કહું, જનકે કાઢયો બહાર;
કર્મ ઉદયમાં આવ્યા, કોને કહું આ વાર.

હે ભગવાન ! હવે હું કયાં જાઉં ? હું કુમિત્રોની સંગે ચઢયો. હવે આ મિત્રો મને રાખવાના છે ! અત્યારે જાઉં તો કોઈ મારા સામું પણ ન જુએ. જ્યાં સુધી ખિસ્સા ભરપૂર ત્યાં સુધી મિત્રો, ખિસ્સા ખાલી થયા પછી મિત્રો કે કોઈ મારું નથી. પૈસા હોય ત્યાં સુધી સગપણ પછી કોઈ કોઈનું સગું નથી. પુણ્યસાર વિચાર કરે છે કે કયાં જાઉં ? આ ગામમાં તો કોઈ સ્થાન નથી. કોઈને ઘેર રહેવા જાઉં ને ખબર પડી જાય કે આ તો પુરંદર શેઠનો દીકરો છે. શેઠે તેને કાઢી મૂકયો છે. તો મારા પિતાની ને મારી પોણા સોળ આની બોલાય એવું મારે કરવું નથી. આ ગામમાં મારે રહેવું નથી.

કયાં જઈશ ? શું કરીશ ? એ કાંઈ તે વિચારી ન શકયો. માત્ર મારે અહીંથી જતા રહેવું એમ નક્કી કરીને તે ચાલી નીકળ્યો. જેને પાણી માંગે દૂધ મળતું હતું,

ખમ્મા ખમ્મા થતી હતી, તે આજે ભૂખ્યો, તરસ્યો પહેરેલાં કપડે ચાલ્યો જાય છે. પહેલા તો તે જ્યારે બહાર જાય ત્યારે કોઈને કોઈ સાથે હોય. આજે તો એકલો-અટૂલો ચાલ્યો જાય છે. ગામ પૂરું થયું ને વગડો શરૂ થયો. થોડું ચાલ્યો ત્યાં રાત પડી ગઈ. સાત માળના મહેલમાં સુખ શય્યામાં પોઢનારને આજે વગડામાં વિસામો આવી ગયો. ભયંકર વગડો છે. અંધારી ઘનઘોર રાત છે. અંધારીરાત્રે ગામમાં પણ બીક લાગે ત્યારે આ તો વગડો! વાઘ, વરૂ, સિંહની ભયંકર ગર્જનાઓ સંભળાય છે. મનમાં ભય લાગે છે. હવે હું શું કરીશ? મારા મા-બાપે કહ્યું. મને સમજાવ્યો છતાં ન માન્યો, બધા વ્યસનોમાં ચઢી ગયો. ચોરી કરતાં શીખ્યો ત્યારે મને કાઢી મૂક્યો ને! મને ભલે તેમણે કાઢી મૂક્યો પણ હવે તે મારા માટે રડતા હશે પણ હવે જવાય કેવી રીતે?

પુણ્યસારને અંધારી રાત્રે ભયંકર વગડામાં ભય લાગવા માંડયો. તેને યાદ આવ્યું કે હું નાનો હતો ત્યારે મારા માતાપિતા કહેતા હતા કે નવકારમંત્ર જેવું કોઈ શરણું નથી. નવકારમંત્રના પ્રભાવે વિઘ્નો પણ દૂર થઈ જાય છે. બધા વિચારો અને ચિંતા છોડીને મનમાં નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. આવા દુઃખના સમયમાં નવકાર ગણતાં મન બીજે જાય ખરું? તેણે સામે મોટું ઝાડ જોયું. વિચાર થયો કે ત્યાં ચઢી જાઉં તો વાઘ-વરૂથી મારું રક્ષણ થાય પણ ત્યાં કદાચ ઝોકું આવી જાય તો હું પડી જાઉં, શું કરું? તે ખૂબ રડવા લાગ્યો. પણ અહીં તેને કોણ કહે કે બેટા! રડીશ નહિ. ત્યાં ઝાડમાં બખોલ જોઈ. હું એમાં પેસી જાઉં તો વાઘ સિંહ મને કંઈ કરી શકે નહિ ને ઝોકું આવે તો પડી પણ જાઉં નહિ. પુણ્યસાર કેટલા સુખમાં હતો ને કેવા દુઃખમાં આવી પડયો! હવે ખૂબ પસ્તાવો થાય છે કે હું જુગાર ન રમ્યો હોત, ચોરી ન કરી હોત તો મારી આ દશા ન થાત! એમ પશ્ચાતાપ કરતો બખોલમાં બેઠો. આ બાજુ શેઠ ઉદાસ થઈને બેઠા છે. હજુ તેમનો ગુસ્સો જતો નથી. હું રાજાને શો જવાબ આપીશ? ત્યાં શેઠાણી બહારથી આવશે. શેઠને બધી વાત પૂછશે, ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૧૪ ને મંગળવાર વ્યાખ્યાન નં. ૨૯ તા. ૩૦-૭-૮૫

વિશ્વવંદનીય, ત્રૈલોક્ય પ્રકાશક, રાગદ્વેષના વિનાશક, એવા ભગવંતે દ્વાદશાંગી રૂપી વાણીનું નિરૂપણ કર્યું. આપણા ચાલુ અધિકારમાં જિતશત્રુ રાજા ભગવાનના દર્શને ગયા ત્યાં પાંચ અભિગમ સાચવ્યા. ભગવાનના દર્શને જતાં નમ્ર બનીને ગયા. તે સમજે છે કે આ દુનિયામાં મારા પ્રભુથી મોટું કોઈ નથી. ભગવાનના દર્શન કરવા જવાની ભાવના ક્યારે થાય? સંસારનો રાગ છૂટે ત્યારે. એકને છોડીએ તો બીજું મેળવીએ. જિતશત્રુ રાજાએ પાંચ અભિગમ સાચવ્યા. બે હાથ જોડીને અંજલી કરીને શ્રમણ ભગવાન જે બાજુ બિરાજતા હતા તે બાજુમાં ગયા. ત્યાં જઈને ત્રણવાર અતિ દૂર નહિ અને અતિ નજીક નહિ એ રીતે ઊભા રહીને ખૂબ ઉત્સાહપૂર્વક ભક્તિભાવપૂર્વક વંદન કર્યા. વંદન

કરતાં એવા ઉત્કૃષ્ટભાવ છે અહો પ્રભુ ! ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય, કે આજે મને આપના દર્શન થયા. આજે મારું જીવન ધન્ય બની ગયું છે. પાવન બની ગયું છે. વંદન કરવાથી જીવને કેટલો મહાન લાભ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ગૌતમ સ્વામીએ વીર ભગવાનને પ્રશ્ન કર્યો કે મારા પ્રભુ ! **वंदणएणं भन्ते जीवे किं जणयइ?** ગુરૂ ભગવંતોને વંદન કરવાથી જીવને શું લાભ થાય ? પ્રભુએ કહ્યું– **वंदणएणं नीयागोयं कम्मं खवेइ उच्चागोयं कम्मं णिबंधइ, सोहग्गं च णं अपडिहयं आणाफलं णिव्वत्तेइ, दाहिणभावं च णं जणयइ ।।** ઉત્કૃષ્ટભાવે વંદન કરવાથી નીચગોત્ર કર્મનો ક્ષય કરે છે અને ઉચ્ચગોત્ર કર્મને બાંધે છે. અખંડ સૌભાગ્ય અને સફળ આજ્ઞાના ફળને પ્રાપ્ત કરે છે અને દાક્ષિણ્યભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ તે લોકોને પ્રીતિપાત્ર બને છે.

વંદન કરવાથી જીવને પાંચ બોલની પ્રાપ્તિ થાય છે. (૧) નીચ ગોત્ર કર્મને ખપાવે છે. (૨) ઉચ્ચ ગોત્રને બાંધે છે. અહીં ભગવંતે કેવી સરસ વાત સમજાવી છે. તમે કોઈ વેપારી પાસે દશ હજાર રૂા. માંગો છો. ત્રણ વર્ષ થયા છતાં તમે એની પાસેથી ઉઘરાણી કરી નથી. હવે તે વ્યક્તિ તમારા દશહજાર રૂા. વ્યાજ સહિત સામા પગલે આવીને તમને આપી ગઈ. હું તમને પૂછું છું કે ઉઘરાણી કર્યા વગર સામેથી તમને તે ભાઈ દશહજાર રૂા. વ્યાજ સહિત ગણીને આપી ગયા તો તેના બદલામાં તમે ખુશી થઈને તેને ૧૦૦ રૂ. કે ૫૦ રૂ. પાછા આપો ખરા ? (શ્રોતા : ના, ના. વગર માંગ્યે વ્યાજ સહિત પાછા આપી ગયા છતાં ખુશાલીમાં કાંઈ ન આપીએ, અહીં ગુરૂ ભગવંતોને ઉત્કૃષ્ટભાવે વંદન કરવાથી કેટલો લાભ થયો ? સમજ્યો. પહેલો લાભ તો એ થાય કે નીચગોત્ર કર્મને ખપાવે. એટલે જે દેવું હતું તે ચુકતે થઈ ગયું. રૂપિયા ભરી દો એટલે કરજમાંથી મુક્ત થયા તેમ અહીં નીચગોત્ર કર્મ બાંધ્યું હતું તેને ખપાવી દીધું ને ઉચ્ચગોત્ર કર્મ બાંધ્યું.

મનુષ્ય ભવ અને આર્યક્ષેત્ર મળવા છતાં તેમાં ઉચ્ચગોત્રની પ્રાપ્તિ થવી એ ધર્માराધનાની પ્રાપ્તિનું ઉત્તમ સાધન છે. ધર્મસાધના ઉચ્ચ સંસ્કારી જીવો કરી શકે અને ઉચ્ચગોત્રમાં તે સંભવી શકે છે. ઉચ્ચગોત્રની પ્રાપ્તિ પુણ્યથી થાય છે. આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે " **से असइं उच्चागोए, असइं नीआगोए** " આ જીવ પુણ્યના ઉદયથી કંઈક વાર ઉચ્ચગોત્રમાં ઉત્પન્ન થયો અને પાપના ઉદયથી અનેકવાર નીચગોત્રમાં ઉત્પન્ન થયો. જેમ ફજેત ફાળકામાં બેઠેલ વ્યક્તિ ઊંચેથી નીચે અને નીચેથી ઊંચે આવે છે તેમ ઝુલાની માફક જીવ કર્માનુસાર ઉચ્ચ નીચગોત્રમાં વારંવાર ઉત્પન્ન થાય છે. નીચગોત્રનો ઉદય અનંતકાળ સુધી તિર્યંચગતિમાં નિગોદઆશ્રી હોય છે. તિર્યંચગતિમાં ઉચ્ચગોત્રનો ઉદય હોતો નથી. ઉચ્ચગોત્રકર્મના ઉદયથી જીવ ઉચ્ચ કુળમાં જન્મે છે અને જગતમાં સન્માન વગેરે પામે છે. ઉચ્ચગોત્ર એ પુણ્યપ્રકૃતિ છે અને નીચગોત્ર એ પાપપ્રકૃતિ છે. નીચગોત્રના ઉદયે જીવ નીચકુળમાં જન્મે છે, અને અનાદર પામે છે. જૈનદર્શને કર્મથી જેમ ઉચ્ચ નીચ ના ભેદ સ્વીકાર્યા છે તેમ કુળ અને જાતિની અપેક્ષાએ પણ

ઉચ્ચ–નીચપણું સ્વીકાર્યું છે. કર્મનો આધાર પ્રાયઃ જાતિ પર છે. વ્યવહારમાં પણ કહેવાય છે કે "**જાત એવી ભાત.**" સુકૃત્યો પ્રાયઃ ઉચ્ચકુળમાં સંભવે છે. એટલે સુકૃત્યો કે સુસંસ્કારની પ્રાપ્તિનું સ્થાન ઉચ્ચગોત્ર કહેવાય છે.

ઉચ્ચગોત્ર એટલે ફેશનેબલ પહેરવેશ, એટીકેટવાળું કુટુંબ એમ નહિ પણ જ્યાં આત્માની શ્રદ્ધાના સંસ્કાર હોય, જ્યાં કર્મવાદનું જાણપણું હોય તે ગોત્રને ઉચ્ચગોત્ર કહેવામાં આવે છે. ઉચ્ચગોત્રમાં ધર્મની સાધન સામગ્રીઓ, સંસ્કારો જન્મથી પ્રાપ્ત થાય છે. જેમ રાજાને ઘેર જન્મેલો પુત્ર રાજ્યને અને શ્રીમંતને ઘેર જન્મેલો પુત્ર પૈસાને મેળવવા ગયો નથી. રાજ્યનો તથા ધનનો વારસો વિના મહેનતે તેમને જન્મ થતાં મળી ગયો છે તે રીતે શુદ્ધ સંસ્કારનો વારસો જન્મથી ઉચ્ચગોત્રમાં મળે છે. અજ્ઞાન દશામાં પણ સદાચાર પ્રાપ્ત થાય છે. રાત્રિભોજન તથા કંદમૂળ આદિ અભક્ષ્ય વસ્તુના ભક્ષણથી શો દોષ છે તેનું જ્ઞાન નાના બાળકોને નહિ હોવા છતાં તેનાથી દૂર રહે છે. ઘેર આવેલ અતિથિને (સંતને) દાન દેવાથી શો લાભ થાય છે તે સમજતા નથી છતાં ઘર આંગણે સંતના પગલાં જોઈને તેમને વંદન કરે. તે ઉત્તમ કુળના સંસ્કારો છે. અજ્ઞાન દશામાં પણ ઉત્તમ આચારોમાં ટકાવનાર કે વધારનાર ઉત્તમ કુળ છે. તેથી શાસ્ત્રકારે ઉત્તમ કુળ અને ઉચ્ચગોત્રને પુણ્યપ્રકૃતિમાં ગણ્યું છે. ઉચ્ચ કુળના સંસ્કારો ધર્મમાં સહાયક થાય છે. ઉચ્ચગોત્ર મળવા છતાં કોઈવાર અધર્મીના સંગથી સારા સંસ્કારનો લોપ થાય તો પણ ઉત્તમકુળની છાયાનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. કુળના સંસ્કારો છાના રહેતા નથી. નટડીની પાછળ પાગલ બનેલો ઈલાચીકુમાર દોર ઉપર નાચતા નાચતા એક દૃશ્ય જોતાં પામી ગયા. ઉચ્ચગોત્રવાળાના સંસર્ગમાં આવનારના સંસ્કાર પણ ઉત્તમ પડે છે. ચોર–લૂંટારાના ઘેર રહેતો પોપટ મારો–મારો–લૂંટો એમ બોલે છે. જ્યારે સજ્જનના ઘેર રહેતો પોપટ" રામ....રામ....સીતારામ વગેરે સારું બોલતા શીખે છે.

સોનામાં સુવર્ણપણું સ્વાભાવિક છે તેમ ઉચ્ચગોત્રમાં ઉચ્ચ સંસ્કારો સ્વભાવથી મળે છે. ત્યાં તો ધર્મના સંસ્કારો જન્મથી સિદ્ધ છે. ધર્મ કરવા માટેની અનુકૂળતાઓ ત્યાં સંકળાયેલી છે. ધર્મ બહારથી લાવવો પડતો નથી. ગરીબ, ભિખારી જેવા તુચ્છને ત્યાં જન્મેલો લાખોપતિ થાય ખરો પણ તે બહારથી લાવે ત્યારે થાય. તેવી રીતે અન્યકુળમાં જન્મેલા જીવોને ધર્મના સંસ્કારો મહેનત કરીને બીજાના સંસર્ગથી મેળવવા પડે. ઊચ્ચ-કુળમાં બધા સારી પરિણતિવાળા હોય એવું નથી. બરાબ પરિણતિવાળા પણ હોઇ શકે. એવા જીવો ઓછા હોય. હીરાની ખાણમાં બધા હીરા હોતા નથી, પથ્થરો પણ હોય છે છતાં તે ખાણ તો હીરાની કહેવાય છે. તેવી રીતે ઉચ્ચગોત્રમાં સમજી લેવું. ઉચ્ચ–કુળના સંસ્કારવાળાને ઉપદેશ આત્મામાં ઉતરતા વાર લાગતી નથી. નીચગોત્રવાળાને ઉપદેશની અસર ન થાય એવું તો ન કહેવાય પણ અસર થતાં વાર તો જરૂર લાગે. હરિબળ મચ્છી પ્રત્યાખ્યાનમાં પહેલો મત્સ્ય છોડી મૂકવાનો નિયમ કરે છે પણ જીવદયાનું સ્વરૂપ સમજવા છતાં સર્વથા મત્સ્યને નહિ પકડવાનો નિયમ તે ગ્રહણ કરી શકતો

નથી એટલે નીચકુળમાં એટલી બધી મુશ્કેલીઓ હોય છે કે ધાર્યું કરી શકાતું નથી.

શ્રી સુધર્માસ્વામી, જંબુસ્વામી અને કેશીસ્વામીને દુનિયાદારીના કોઈ પણ વ્યવહારનું કામ ન હતું છતાં તેમને 'जातिसंपन्न अने कुलसंपन्न' કહેવામાં આવે છે. તેઓ ગણધર છે. ચૌદપૂર્વી છે એ વાત સાચી છે, છતાં તેમને જાતિસંપન્ન કહેવામાં આવે છે એ ઉચ્ચગોત્રનું મહત્ત્વ સૂચવે છે. નીચગોત્રવાળા આત્માઓને પાપના સંતાપનો ખ્યાલ હોતો નથી. હિંસા કરવી, અસત્ય બોલવું, ચોરી કરવી એ તો એમને મન રમત થઈ ગઈ હોય છે. કોઈક વાર એવું બને કે ઉચ્ચગોત્રમાં જન્મ પામવા છતાં તેને નીચગોત્ર ગમતું હોય એટલે નીચગોત્ર જેવું જીવન જીવવું સારું લાગતું હોય તો તે જીવોની દશા કેવી થાય છે? અમૃતના ભરેલા ઘડાને છોડીને વિષથી ભરેલા ઘડામાં મોં નાંખવાનું અકાર્ય કરી રહ્યા છે. ઉચ્ચગોત્ર મળ્યા છતાં જો અભિમાન કરે તો ભવાંતરમાં હલકી સ્થિતિમાં ઉતરી જાય છે. જાતિમદ આદિ આઠ મદ દ્વારા અભિમાન કરી બીજાને હલકો પાડનાર આત્મા જે જે દ્વારા અભિમાન કર્યું હોય તે તે દ્વારા તેમાં હલકી સ્થિતિવાળા થાય છે. જાતિનો મદ કરનાર નીચ જાતિમાં જાય માટે ઉચ્ચગોત્રનું અભિમાન કરવું નહિ અને નીચગોત્રમાં દીનતા લાવવી નહિ. ઉચ્ચગોત્રનું અભિમાન કરવાથી ભવિષ્યમાં તે નીચગોત્રમાં ઉત્પન્ન થાય છે એટલે "तम्हा पंडिए नो हरिसे नो कुप्पे ॥ પંડિત પુરૂષ ઉચ્ચગોત્ર પામવાથી હર્ષ ન કરે અને નીચગોત્ર પામવાથી ખેદ ન કરે પણ બંનેમાં સમાન ભાવથી રહે પણ એટલું તો જરૂર કહી શકાય કે ઉચ્ચગોત્ર ધર્મસાધનામાં સહાયક જરૂર બને છે. તીર્થંકર પ્રભુને કે ગુરૂદેવોને ઉત્કૃષ્ટ ભાવે વંદન કરવાથી આવા ઉચ્ચગોત્રની પ્રાપ્તિ થાય છે અને નીચગોત્ર કર્મને ખપાવે છે.

જિતશત્રુ રાજા પ્રભુને ઉત્કૃષ્ટ ભાવે વંદન કરે છે. વંદન કરતાં કરતાં પણ મનમાં શુભ વિચારોનું આંદોલન ચાલે છે. અહો હે મારા ત્રિલોકીનાથ પ્રભુ! તારા દર્શનમાં પણ એટલી શક્તિ છે કે જીવનના દેદાર બદલાઈ જાય. શું તમારું સૌમ્યમુખ છે! આપની આંખમાંથી તો અમી વરસી રહી છે. ભક્તામર સ્તોત્રમાં પ્રભુની ભક્તિ કરતાં બોલ્યા.

यैः शांतराग रुचिभिः परमाणुभिस्त्वं,
निर्मापितस्त्रिभुवनैकललामभूत !
तावन्त एव खलु ते ऽप्यणुवः पृथिव्यां,
यत्तो समान मपरं नहि रूपमस्ति ॥ १२ ॥

ત્રણે ભુવનમાં આભૂષણ રૂપ હે પ્રભુ! શાંતરસની પ્રભાવાળા જે ઉજ્જવળ પરમાણુઓ વડે આપનું શરીર બનેલું છે તેવા પરમાણુઓ પૃથ્વીને વિષે બરોબર તેટલા જ હતા, તેથી આપના જેવા તેજસ્વી બીજા કોઈ નથી.

તીર્થંકર ભગવંતોનું ઔદારિક શરીર અતિશય કાન્તિવાળું અને તેમની મુખમુદ્રા સંપૂર્ણ રાગ-દ્વેષ રહિત બનેલ હોવાથી અત્યંત પ્રશાંત હોય છે. આવું અદ્ભુત કાંતિ-

વાળું અને પ્રસન્ન મુખમુદ્રાવાળું શરીર ત્રણે લોકમાં બીજા કોઈનું નથી. તેનું કારણ પૂર્વભવમાં તેમના જીવે કરેલી વીસ સ્થાનકની આરાધના અને 'સવી જીવ કરું શાસનરસી' એવી રૂડી ભાવના છે. શાંતરસવાળા પરમાણુ કહેવાનો આશય એ છે કે કેવળજ્ઞાન પ્રગટ્યા પછી તીર્થંકર ભગવંતોને મુખ્યત્વે શાતાવેદનીયનો ઉદય વર્તે છે. તીર્થંકર ભગવાનને જન્મથી ચાર અતિશય હોય છે અને કેવળજ્ઞાન થયા પછી બીજા ત્રીસ અતિશયો પ્રગટે છે. તેમાંનો એક અતિશય એવો હોય છે કે જેના પ્રભાવથી તીર્થંકર ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં સર્વત્ર શાંતિ વર્તતી હોય છે. મરકી આદિ રોગો તો સંપૂર્ણ નાશ પામી જાય છે. જીવો જન્મજાત વૈર પણ ભૂલી જાય છે. વળી તીર્થંકર ભગવંતોના જન્મ સમયે નારકીના જીવોને પણ ભયંકર વેદનામાં પણ શાતા ઉપજે છે. તો પછી ત્રણે લોકના બીજા જીવોની શાંતિની વાત જ શી કરવી! જિતશત્રુ રાજા પણ કહે છે હે પ્રભુ! આપનું શરીર શાંતરસના પરમાણુઓથી શોભી રહ્યું છે!

આપણે વાત એ ચાલતી હતી કે પ્રભુને વંદન કરવાથી નીચગોત્રકર્મનો ક્ષય થાય અને ઉચ્ચગોત્ર કર્મ બાંધે. નીચગોત્રમાં જીવ ઉત્પન્ન થાય ત્યાં તેને પુણ્યપાપનું ભાન હોતું નથી. એ ભાન ન હોય એટલે અધર્મ કરવામાં બાકી ન રાખે. તેની મન, વચન, કાયાની બધી પ્રવૃત્તિ અશુભ હોય, કાયાથી પાપમય કાર્યો કર્યા કરે. વચનથી ઉપયોગ વિના બોલે. ઉપયોગ શૂન્ય ભાષા બોલવાથી પણ જીવને કેવા કર્મ બંધાય છે!

બે દીકરા બે જણા હતા. સ્થિતિ સાવ ગરીબ હતી. ગરીબાઈ બહુ બૂરી ચીજ છે. છોકરો નોકરી કરવા જાય, આખો દિવસ કાળી મજૂરી કરે. માતા પણ જંગલમાં જાય, છાણાં-લાકડાં લઈ આવે. એ રીતે તેમનું જીવન નભતું હતું. એક દિવસ છોકરો એક વાગે ઘેર આવ્યો ને માતા પણ લાકડા વીણીને આવી. છોકરો કહે, બા! મને કકડીને ભૂખ લાગી છે. તેં આજે રોટલા બનાવ્યા નથી? દીકરા! રોટલા તો કરીને મૂકયા છે. મા! મેં શોધ્યા પણ જડયા નહિ. રોજ જે પેટીમાં મૂકતા હશો તેમાં આજે નહિ મૂકયા હોય એટલે જડયા નહિ. મા કહે, મેં આજે શીકામાં (છીકામાં) મૂકયા છે. છોકરો ખૂબ થાકી ગયો છે, એટલે કહે બા! મને આપને? મા પણ ખૂબ થાકી ગઈ હોવાથી કહે છે દીકરા, લઈ લે ને! ત્યારે છોકરો શું બોલ્યો, મા! તું અહીં તો બેઠી છે. તો શું તને શૂળીએ ચઢાવવાની છે? ત્યારે મા કહે, તું મને કહે છે શું તને શૂળીએ ચઢાવવાની છે? તો શું તારા કાંડા કપાઈ ગયા છે? તું લઈ લે ને. કેવી વાણી બોલ્યા! ઉચ્ચગોત્રમાં જન્મેલા જીવો આવી ભાષા પ્રાયઃ ન બોલે. આ નીચગોત્રના સંસ્કાર છે. આવી પાપમય ભાષા બોલવાથી જીવ કેટલા કર્મ બાંધે છે! આ બંને જે અશુભ ભાષા બોલ્યા તેનું કર્મ તો બંધાઈ ગયું. આ કર્મ કેવી રીતે ઉદયમાં આવ્યું.

જે છોકરો શૂળીએ ચઢાવવાનું બોલ્યો હતો તેને શૂળીએ ચઢવાનો પ્રસંગ આવ્યો અને માતાએ કહ્યું હતું કે તારા કાંડા કપાઈ ગયા છે તો તેના પોતાના કાંડા કપાયા. આ કેવી રીતે બન્યું? આ છોકરો આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યભવમાં ઉત્પન્ન થયો

પણ હલકા કુળમાં જન્મ થયો. એટલે જુગાર, ચોરી, દારૂ બધા વ્યસનોમાં તે રંગાઇ ગયો. એક દિવસ ચોરી કરીને દાગીનાની પોટલી લઈ ને જઈ રહ્યો હતો. રસ્તામાં તેને ચોરો મળ્યા. ને તેનું બધું ધન લૂંટી લીધું. આ ભાઈ તો સાવ ખાલી થઈ ગયા. રસ્તામાં મંદિર આવ્યું તેના ઓટલા પર જઈને સૂઈ ગયો. આ બાજુ આ ચોરોએ ધન તો લૂંટી લીધું પણ જેને ત્યાં ચોરી થઈ હતી તેમણે ચોરની શોધ માટે પોલીસો દોડાવી. આગળ ચોરો ને પાછળ પોલીસો. છેવટે પકડાઈ જવાના ભયથી પેલો છોકરો જ્યાં સૂતો હતો ત્યાં આવીને દાગીનાની પોટલી મૂકી દીધી અને ચોરો ભાગી ગયા. પાછળથી પોલીસોએ આવીને જોયું તો આ છોકરા પાસે દાગીનાની પોટલી પડી હતી. બધા સમજી ગયા કે આ ગુનેગાર છે. તેને પકડી લીધો. કોર્ટમાં લઈ ગયા ને તેને શૂળીની શિક્ષા મળી. આગલા ભવમાં બોલ્યો હતો. તેની માતાને કહ્યું હતું કે તું શૂળીએ ચઢવા ગઈ હતી. તો આ ભવમાં તેને શૂળી મળી.

પેલી મા હતી તે બીજા જન્મમાં સ્ત્રી બની. તે દાગીના પહેરીને જતી હતી. રસ્તામાં ચોર મળ્યા. તેણે કહ્યું, મને બધા દાગીના આપી દે. ચોરે તેના દાગીના લૂંટી લીધા પણ હાથમાંથી પહેરેલ બંગડી નીકળી નહિ એટલે તેના કાંડા કાપીને તે લઈ ગયો. આ રીતે તેના કાંડા કપાઇ ગયા. જૈન દર્શન કહે છે કે જીવ મનથી, વચનથી અને કાયાથી ત્રણે પ્રકારે કર્મ બાંધે છે. ભાષા બોલતા ખૂબ ઉપયોગ રાખજો. ભાષા એક જ હોય, ભાવ એક જ હોય છતાં જો ઉપયોગથી બોલાય તો બીજામાં આદર પામે છે. અને વગર વિચાર્યું બોલે તો આદરને બદલે માર મળે છે.

એક વખત અકબર બાદશાહના દરબારમાં ઢાકાનો વેપારી મલમલ લઈ ને આવ્યો. મલમલ ખૂબ મુલાયમ અને સરસ હતી. રાજાએ તે તાકો હાથમાં લીધો ને પછી પૂછયું, ભાઈ ! આ મલમલ કેટલી છે ? મહારાજા ! ૫૦ વાર છે. મલમલનો તાકો ખૂબ બારીક અને મુલાયમ છે. એટલે જણાતો નથી. રાજાને વેપારીની વાત ગળે ન ઉતરી. ફરીને પૂછયું, આ મલમલ કેટલી છે ? સાહેબ ! ૫૦ વાર છે. છતાં રાજાને આ વાત હૈયે ઉતરતી નથી. એટલે ત્રીજી વાર પૂછયું, મલમલ કેટલી છે ? એટલે વેપારીને ક્રોધ ચઢયો, તેના મનમાં ઉકળાટ આવી ગયો કે મેં બે વાર કહ્યું કે ૫૦ વારનો તાકો છે છતાં પૂછ-પૂછ કરે છે. ક્રોધ જીતવો બહુ મુશ્કેલ છે. વેપારીએ કહ્યું, તમારી સાત પેઢી સુધી જેટલા મૃત્યુ પામે તે બધાને ઓઢાડવા કફન થાય તેટલું છે.

આ વાત સાંભળવી રાજાને ગમે ખરી ? તેના અંગેઅંગમાં ક્રોધ વ્યાપી ગયો. રાજા બીજાય એટલે પૂછવાનું શું ? રાજાએ હુકમ કર્યો કે આ માણસનું તલવારથી માથું ઉડાડી દો. બોલવામાં ઉપયોગ ન રાખ્યો તો પોતાના પ્રાણ જવાનો પ્રસંગ આવ્યો. રાજાએ તો શિરચ્છેદની આજ્ઞા કરી ત્યાં બુદ્ધિશાળી બિરબલ આવી પહોંચ્યો. બિરબલ કહે સાહેબ ! આપ ગુસ્સો ન કરો. આ માણસ એમ કહેવા માંગે છે કે આ મલમલ એટલું છે કે આપની સાત પેઢી સુધીના માણસો આ કાપડની કફની પહેરી શકશે તે

કફનીને બદલે કફન બોલી ગયો. તેના બોલવામાં ગલતી થઈ ગઈ છે. આ તો બિરબલ બુદ્ધિશાળી હતો તો વાત શાંત પાડી અને મૃત્યુદંડની શિક્ષામાંથી બચાવ્યો. જો તેણે આ રીતે કહ્યું ન હોત તો વેપારી મરી જાત ને ! આનું નામ બુદ્ધિનો સદુપયોગ. વેપારીએ વચનનો દુરૂપયોગ કર્યો અને બિરબલે તેની ભાષાને સુધારીને સદુપયોગ કર્યો. વચનનો સદુપયોગ સ્વર્ગનો આસ્વાદ ચખાડે છે અને વચનનો દુરુપયોગ નરકની દુર્ગંધથી ગૂંગળાવે છે. આ જીભથી સંસારમાં શાંતિ ફેલાય છે અને લોહીની નદીઓ પણ વહે છે. એક શબ્દ સારો બોલશો તો બધાને આનંદ થશે અને બરાબ બોલશો તો દુઃખ થશે. આપે સાંભળ્યું ને વેપારી બરાબ શબ્દ બોલ્યો તો પરિણામ શું આવ્યું ? અને બિરબલ સારી ભાષા બોલ્યા તો વેપારી મૃત્યુની શિક્ષામાંથી બચી ગયો. એક શબ્દ બોલે તો જનતામાં હાસ્ય પ્રગટે અને એક શબ્દથી આંસુ પડે. એક શબ્દથી પ્રેરણા મળશે તો એક શબ્દથી પતન થશે. સુવાણી દ્વારા માણસનું ઉર્ધ્વગમન થાય છે અને કુવાણી દ્વારા અધઃપતન થાય છે.

જિતશત્રુ રાજા ઉત્કૃષ્ટ ભાવે પ્રભુને વંદન કરીને અંતરના ઉલ્લાસથી, મીઠી મધુર ભાષાથી પ્રભુની સ્તુતિ કરી રહ્યા છે. આપણે એ વાત ચાલતી હતી કે ભગવાનને કે સંતોને વંદન કરવાથી પાંચ લાભ થાય છે. (૧) **नीया गोयं कम्मं खवेइ** આત્મા સમયે-સમયે સાત કર્મોનો બંધ કરે છે. આયુષ્યનો બંધ કરે તો આઠ કર્મોનો, નહિતર સાત કર્મોનો કરે. કોઈ વાર કષાયના આવેશમાં આવી દુર્ગતિમાં જવાના દલિકો એકઠા કર્યા હોય તે વંદન કરવાથી ક્ષય થઈ જાય. પ્રભુએ ચારે ગતિને દુર્ગતિ કહી છે. તેમાં નારકી, તિર્યંચ તો દુર્ગતિ છે પણ મનુષ્ય અને દેવ ગતિને દુર્ગતિ કહેવાનું કારણ એ કે મનુષ્યોમાં જ્યારે અનાર્યક્ષેત્રમાં, મ્લેચ્છોમાં જન્મ થાય અગર કસાઈના ઘેર જન્મ થાય કે જ્યાં પાપ....પાપ ને પાપની પ્રવૃત્તિ છે માટે એ દુર્ગતિ અને દેવોમાં કિલ્વિષી દેવોમાં જન્મ થાય અગર પરમાધામી દેવો બને તો તે દેવગતિ દુર્ગતિ છે. આ ચારે દુર્ગતિમાં જવાના દલિકો એકઠા કર્યા હોય એટલે કે દુર્ગતિરૂપ નીચગોત્રના જે કર્મો બાંધ્યાં હોય તેને ખપાવે છે. (૨) **उच्चागोयं कम्मं निबन्धइ** બીજો લાભ એ થાય કે તે ઉચ્ચગોત્રનો બંધ કરે એટલે કે મનુષ્યપણામાં શ્રુતનું શ્રવણ સહેલાઈથી પ્રાપ્ત થાય ત્યાં જન્મ થાય. દેવમાં એવો દેવ બને કે જિનેશ્વર ભગવંતો અને એમની વાણીનું શ્રવણ સહેલાઈથી પ્રાપ્ત થાય. (૩) **सोहग्गं च** સૌભાગ્ય કર્મની પ્રાપ્તિ થાય. અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય, તેનું સૌભાગ્ય દીપતું રહે. તે જ્યાં જાય ત્યાં માન, સન્માન મળે. પાંચ ઈન્દ્રિયોના સુખોની પ્રાપ્તિ થાય. સુખો મળે એટલું નહિ પણ ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મના ઉદયથી ન ભોગવી શકે તેવું ન બને. ભોગવી પણ શકે. (૪) **आणाफलं निव्वत्तेइ** આજ્ઞાના ફળની પ્રાપ્તિ થાય. અર્થાત્ તેની આજ્ઞાને કોઈ ઉથાપે નહીં. સાચી આજ્ઞા કરે કે ખોટી કરે પણ તેનું વચન તહત્તી થાય. અર્થાત્ એમનો આદેય-નામકર્મનો ઉદય થાય એટલે એમનું વચન આદરણીય બને. એ માણસની

બોલવાની સૌ રાહ જુએ. એ બોલે તો જાણે અમી ઝરે. (૫) दाहिणभावं च णं जणयइ દાક્ષિણ્યભાવ પ્રાપ્ત થાય. બુદ્ધિની એવી દાક્ષિણ્યતા પ્રાપ્ત થાય કે કોઈ પ્રશ્ન પૂછે તેનો જવાબ ન આવડતો હોય પણ પ્રશ્ન પૂરો થાય ત્યાં તેને જવાબ સુઝી આવે. તે જવાબ સાચો હોય તેવી બુદ્ધિની દાક્ષિણ્યતા પ્રાપ્ત થાય છે. આ રીતે વંદન કરવાથી આ પાંચ લાભ પ્રાપ્ત થાય છે.

જિતશત્રુ રાજાએ (૧) સચેત વસ્તુનો ત્યાગ કર્યો. (૨) ઉત્તરાસંગ કપડું રાખ્યું. (૩) બે હાથ જોડીને અંજલી કરી. (૪) મસ્તક નમાવી વંદણા કરી. (૫) અચેત (વસ્ત્રાભૂષણો) સહિત આ પાંચ અભિગમ સાચવ્યા. પછી ભગવાનની સ્તુતિ કરી નમસ્કાર કર્યા. વધુ અવસરે.

ચરિત્ર : પુણ્યસારના પાપનો ઉદય થયો એટલે સુખની શય્યામાં રહેનારો આજે દુઃખની શય્યામાં આવી પડયો. આ બાજુ પુણ્યશ્રી ઘેર આવી ત્યારે સાંજનો સમય થવા આવ્યો હતો. શેઠ પલંગમાં એકદમ ઉદાસ થઈને બેઠા હતા. પુણ્યસાર દેખાતો નહોતો. એટલે શેઠાણી પૂછે છે આટલા બધા ગમગીન કેમ છો ? પુણ્યસાર કેમ દેખાતો નથી ? શેઠ ગુસ્સામાં ને ગુસ્સામાં બોલ્યા, શું દીકરો દીકરો કરે છે ? જોયા તારા લાલના લક્ષણ. પુણ્યશ્રીને બની ગયેલા બનાવની કંઈ ખબર ન હતી. એ તો અજાણી છે. એટલે કહ્યું, શું કર્યું મારા દીકરાએ ! તારા દીકરાએ શું નથી કર્યું એ પૂછ. એ તો સાવ રખડતો થઈ ગયો. હું જે રાજાની રાણીનો હાર સાંધવા માટે લાવ્યો હતો તે હાર ચોરી કરીને લઈ ગયો ને જુગારીયાઓને આપી દીધો, એણે તો મારી પ્રતિષ્ઠા પર પાણી ફેરવ્યું છે. મારી આબરુને લીલામ કરી છે. શેઠ ! તમે મારા દીકરાને વગોવશો નહિ. શેઠના દિલમાં ખૂબ આઘાત છે કે હું રાજાને મારું મોઢું શું બતાવીશ ! હું તેમને શો જવાબ આપીશ પણ માતાને મોહ છે એટલે દીકરાનો વાંક દેખાતો નથી. તે કહે છે કે એમાં શું થઈ ગયું ? હજુ છોકરો નાનો છે. બાળક બુદ્ધિ છે. ભૂલ કરી બેસે, એટલે શું થઈ ગયું ? શેઠ કહે તને એમ લાગે છે કે એમાં શું થઈ ગયું ? પણ રાજાને જવાબ શું આપવો ? મને તો એવો ગુસ્સો આવ્યો કે મેં એને ધક્કો મારીને ઘરની બહાર કાઢી મૂક્યો છે.

માની મમતા :- આ સાંભળી શેઠાણી ફ્રસ્કે ફ્રસ્કે રડવા લાગ્યા. શેઠના શબ્દો સાંભળતા શેઠાણીને ગુસ્સો આવી ગયો. તમે બાપ છો કે કોણ છો ? એકના એક દીકરાને ધક્કો મારીને કાઢી મૂકતા જરાય દયા ન આવી ? યુવાન દીકરો છે. યુવાનીનું જોમ છે, એ ન કરવાનું કંઈ કરી બેસશે તો શું કરશો ? બળ્યો તમારો હાર ! હવે મારો દીકરો કયાંથી લાવીશ ? મારે તો છોકરો ગુમાવવાનો ને ! હાર...હાર...શું કરો છો ? અત્યારે શું બેસી રહ્યાં છો ? ઊઠો, અત્યારે ને અત્યારે દીકરાની શોધ કરી આવો. ગમે તેટલો વાંક ગુનો દીકરાનો હોય છતાં મા એની ભૂલોને સદાને માટે ભૂલી જાય છે. એ તો હંમેશાં તેનું ભલું ઇચ્છે છે. કોઈ વાર મા આવેશમાં આવીને કહી જાય કે દીકરા ! મરી જા ને ! ગુસ્સામાં એ શબ્દો બોલી જાય પણ દીકરા પ્રત્યેનું વાત્સલ્ય ઓછું થતું

નથી. સ્કૂલેથી જો છોકરો મોડો આવે તો એ જ મા તરત તેને શોધવા બહાર નીકળશે. માતાની સંતાનો પ્રત્યેની લાગણી કોઈ અજબ હોય છે પણ એ જ સંતાનો મોટા થતાં માબાપને ભૂલી જાય છે. પુણ્યસાર બગડ્યો. તેના સંસ્કારો કુસંગમાં નષ્ટ થઈ ગયા. જુગાર-ચોરી કરતો થયો. પિતા તેને ઘણીવાર ઠપકો આપતા પણ શેઠાણી તેનું ઉપરાણું લેતા હતા. તેને કંઈ કહેવાનું નહિ. પરિણામે આજ એ રાણીનો હાર ચોરી ગયો. શેઠ તેનું ભવિષ્ય જોતા હતા. જ્યારે શેઠાણી તેના વર્તમાન સમયને જોઈ રહ્યા હતા.

હાર મચાવેલો ઉત્પાત :- શેઠના મનમાં એક તો હાર ખોવાઇ ગયો તેનો આઘાત છે. 'હું રાજાને મારું મુખ શું બતાવીશ ?' રાત પડી તોય દીકરો આવ્યો નહિ એટલે મનમાં ચિંતા થઈ. મારો દીકરો હજુ ન આવ્યો. એ કયાં ગયો હશે ? મિત્રોને ત્યાં ગયો હશે ? મારા આવા વર્તનથી એનું હૈયું તૂટી તો નહિ ગયું હોય ને ! એણે ખાધું પીધું નથી. કોણ એના ભાવ પૂછશે ? આ દુનિયામાં અત્યારે એના માબાપ સિવાય કોણ છે ? કદાચ તે ન કરવાનું કંઈ કરી બેસશે તો શું કરીશ ? મેં તેને ધક્કામુક્કા મારીને બહાર કાઢી મૂક્યો છે અને કહ્યું છે કે જ્યારે હાર લઈને આવે ત્યારે આ ઘરમાં પગ મૂકજે. ત્યાં સુધી આ ઘરમાં આવીશ નહિ. મેં ભૂલ તો મોટી કરી છે ! મેં ના પાડી છે, એટલે તે ઘરમાં કેવી રીતે આવે ? એક બાજુ આ ચિંતા છે, બીજી બાજુ હારની ચિંતા કોરી ખાય છે. શેઠાણીના વચનો તેમનું હૃદય વીંધી નાંખે છે. શેઠ કહે શેઠાણી ! મારી ભૂલ થઈ ગઈ છે એ કબૂલ છે. પણ રાજા મને પૂછે ત્યારે શું જવાબ આપવો ? રાજા કદાચ લૂંટી જશે તો આપણા ઘરબાર લઈ જશે પણ હવે છોકરો કયાં મળશે ? આપ અત્યારે ને અત્યારે તેની શોધ કરવા જાવ. બંનેની આંખમાં આંસુ છે. છેવટે શેઠાણીના કહેવાથી શેઠ શોધવા નીકળ્યા. શેઠાણી કહે. કદાચ કયાંય મળી જાય તો હમણાં તેના પર ગુસ્સો ન કરતાં કે ઠપકો ન આપતા. આપ તેને સીધો ઘેર લઈ આવજો.

દીકરાની શોધમાં : શેઠ દીકરાની શોધ માટે ઘરથી બહાર નીકળ્યા. તેમના મનમાં થાય છે કે મેં ભૂલ કરી છે. મારો દીકરો તો ગુણીયલ અને ડાહ્યો હતો પણ કુસંગે ચઢી ગયો એટલે તેણે આવું કર્યું હશે ! શેઠ તેમના સગાવહાલાંને પૂછે છે મારો પુણ્યસાર અહીં આવ્યો છે ? બધા કહે ના. અમે જોયો નથી. શેઠ શોધવા નીકળ્યા એટલે બધાને ખબર પડી ગઈ. પછી થયું કે લાવ, હું તેના મિત્રોને ત્યાં તપાસ કરું. જુગારીયા મિત્રોના આજે પગથીયા ચઢવા પડ્યા. દીકરો એવો પાકયો ત્યારે ત્યાં જવાનો સમય આવ્યો ને ! દીકરો મિત્રોને ત્યાં પણ નથી. શેઠ ઘણું રખડ્યા. છેવટે રાત પડી એટલે શેઠ ઘેર પાછા આવ્યા. શેઠાણી પૂછે છે મારો લાલ લઈ આવ્યા ? ના. કયાંય પત્તો પડતો નથી. શેઠાણી તો બેભાન થઈ પડી ગયા. પિતૃવત્સલ શેઠનું હૃદય દીકરાની લાગણીથી રડતું હતું. અત્યારે એ કયાં હશે ? શું કરતો હશે ? રાત્રીમાં સલામત તો હશે ને ! એ ચિંતાથી તેમનું દિલ રડી રહ્યું હતું. પુણ્યશ્રી તો રડી રડીને અડધી થઈ

ગઈ. અરે ! મારા દીકરા ! તું ક્યાં ગયો છે ? જ્યાં હોય ત્યાંથી જલ્દી આવી જા. એમ બોલતા બેભાન થઈ ગયા. દાંત ફીટ થઈ ગયા. શેઠ પણ હવે હિંમત ગુમાવી બેઠા. એમનું અંતર પણ રડી રહ્યું હતું. હવે સાત માળનો મહેલ સ્મશાન જેવો લાગે છે. સંપત્તિ, અંગારા જેવી લાગે છે. આખો મહેલ શૂનકાર બની ગયો છે. આ વાત ત્યાં રહી. હવે પુણ્યસારનું શું બન્યું તે જોઈએ.

શરણું તો નવકારમંત્રનું : પુણ્યસાર વાઘવરૂના ભયથી ઝાડની બખોલમાં પેસી ગયો. નવકારમંત્રના સ્મરણથી તેનાં મનમાં સ્ફૂર્તિ આવી. ઝાડની બખોલમાં તે બંગલાનો અનુભવ કરવા લાગ્યો. આ શું બન્યું ? થોડીવાર થઇ ત્યાં એકદમ ઝબકારો થયો અને અજવાળા (૨) થઇ ગયા. ઘૂઘરા વાગવા લાગ્યા. છોકરાના મનમાં થયું કે બધા કહે છે કે જંગલમાં ભૂત-પ્રેત, ડાકણ હોય છે તે આ જ હશે ! ભલે ને એ ગમે તે હોય પણ મારી પાસે નવકારમંત્રનું મોટું શરણું છે; પછી ગમે તે હોય, મને શી ચિંતા ? તેણે આંખો ખોલીને જોયું તો બે સાક્ષાત્ દેવીઓ આવીને ઊભી છે. એકને દેખો અને બીજીને ભૂલો એવા એમના સૌંદર્ય હતાં. એકે શ્વેતવસ્ત્રો પહેર્યાં હતા અને બીજીએ પીળા વસ્ત્રો પહેર્યાં હતા. બંને એકબીજાના સામું જોઈ ખડખડાટ હસી રહી હતી. પુણ્યસારના મનમાં થયું કે કોણ હશે આ ? ભૂત-પ્રેત ! ચૂડેલ કે દેવાંગનાઓ ! શા માટે આવી હશે ? શું તે પૃથ્વી પર ફરવા આવી હશે ? થોડી વાર તો ડર પણ લાગ્યો. ભૂત-પ્રેત હશે તો ! મનમાં હિંમત રાખીને નવકારમંત્ર બોલવા લાગ્યો. આ દેવીઓ શું કરે છે તે જોવા લાગ્યો. આ બંને દેવીઓ તો ગરબા ગાવા લાગી, સંતાકૂકડીના દાવ રમવા લાગી. ખૂબ મધુર સ્વરે ગાવા લાગી. એ દેવભાષામાં ગીત ગાતી હતી એટલે પુણ્યસાર કંઈ સમજી શકયો નહિ. માત્ર મીઠો મધુરો અવાજ સંભળાયો. તેમના ગરબા, રમત બધું પૂરું કરી બંને દેવીઓ વાતો કરવા લાગી. પછી એક દેવી બીજી દેવીને કહે છે, અહીં કોઈ મનુષ્ય સંતાયો હોય એવું મને લાગે છે. મને માનવીની દુર્ગંધ આવે છે. બીજી દેવી કહે, અહીં કોણ આવે ? કોઈ ન આવે પણ કોઈક છે બરું, હોય તો ભલે ને. તેમાં તારૂં શું જાય છે ? આ વંડલામાં કોઈક સંતાઈને બેઠું હોય એવું લાગે છે. બેઠો હોય તો ભલે બેઠો. પુણ્યસારના મનમાં થયું, હું અહીં બેઠો છું એ એને ખબર પડી ગઈ. પિતાએ મને ઘરમાંથી કાઢી મૂકયો, આ દેવીઓ મને અહીંથી કાઢી મૂકશે. હું કેવો સપડાઈ ગયો છું ? હવે મારું શું થશે ? આ રીતે તે ગભરાયો છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

શ્રાવણ સુદ ૧૫ બુધવાર વ્યાખ્યાન નં. ૩૦ તા. ૩૧-૭-૮૫

અનંત જ્ઞાની, અનંત દર્શની પ્રભુએ જગતના જીવો સમક્ષ બે માર્ગ રજૂ કર્યા. એક છે શ્રેયનો અને બીજો છે પ્રેયનો. શ્રેયનો માર્ગ કાંટાળો ને કઠીન છે. જ્યારે પ્રેયનો માર્ગ

સુંવાળો છે. પ્રેયનો માર્ગ રેતીના ઢગલા જેવો મુલાયમ ખરો પણ તેમાં વિકાસની કોઈ શક્યતા નથી. શ્રેયનો માર્ગ ખડકાળ ટેકરી જેવો ભારે, કઠોર છે છતાં તેનો સ્વીકાર કરવામાં કલ્પના બહારનો વિકાસ થાય છે. મુલાયમ રેતીના ઢગલા પર ચઢવા માટે રેતી પર પગ મૂકશો તો કેમે ય કરી એ રેતીના ઢગલા ઉપર ચઢી શકાશે નહિ કારણ કે રેતી એટલી બધી મુલાયમ હોય છે કે તેના પર પગ મૂકતા અંદર ખૂંચી જાય. તે રેતીનો સુંવાળો સ્પર્શ ગમે ખરો પણ તે રેતી પર પગ ટકાવવા મુશ્કેલ પડે છે. એટલે એ ઢગલા પર ચઢવાનો પ્રયત્ન કોઈ ન કરે. બીજી બાજુ એક ખડકાળ ટેકરી કે જેના પર ઢંગધડા વિનાના પથરાઓ છે. કોઈ પથ્થરો તો એવા ધારદાર હોય કે પગ મૂકવામાં જરા પણ ગફલત થાય તો લોહીની ધારા થાય. આવા માર્ગ ઉપર ચઢવાની કોઈ શરૂઆત કરે તો પથ્થરાઓ વિચિત્ર પ્રકારના ને અણીદાર હોવાથી મુશ્કેલી તો ઘણી પડે, છતાં એ પથરાઓ કડક છે એટલે મૂકેલા પગ તેના ઉપર ટકી શકે. આ રીતે ધીમે ધીમે સાવધાનીપૂર્વક પગ મૂકતા ટેકરીના શિખર ઉપર પહોંચી જાય. ટેકરી ઉપર પહોંચ્યા પછી ત્યાંનું જે સુંદર દૃશ્ય જોવા મળે એ ભૂખ અને થાક બધાને ભૂલાવી દે અને આત્મા આનંદની મસ્તીમાં ઝૂલવા લાગે.

આ જ વાત આધ્યાત્મિક ક્ષેત્રમાં છે. આ ક્ષેત્રમાં પ્રવેશ કરતાં રેતી જેવા સુંવાળા રસ્તા આવશે અને ખડકાળ ટેકરી જેવા કઠોર રસ્તાઓ પણ સામા આવશે. બેમાંથી કયો રસ્તો પસંદ કરવો તે આત્માએ પોતાને વિચારવાનું છે. જેમ સ્વયંવરમંડપમાં કોને વરવું તે કન્યા પોતે પસંદ કરે છે તેમ આ સંસાર એક સ્વયંવરમંડપ છે. તેમાં શ્રેયના માર્ગે જવું કે પ્રેયના માર્ગે જવું તે પોતાની ઈચ્છા ઉપર આધાર રાખે છે. દીર્ઘદૃષ્ટિવાળો માણસ શ્રેય અને પ્રેય પર યથાયોગ્ય વિચાર કરી શ્રેય માર્ગને શ્રેષ્ઠ સમજી તેને ગ્રહણ કરે છે. એક વાત યાદ રાખજો કે આ જીવ અનાદિકાળથી અનુકૂળતાઓનો રાગી બન્યો છે. જ્યાં અનુકૂળતા દેખાય ત્યાં એ ખેંચાઈ ગયો છે અને પ્રતિકૂળતાઓથી ભાગતો ફર્યો છે. પ્રતિકૂળતા આવવાની વાત તો બાજુમાં રહી પણ તેની કલ્પનાઓથી પણ તે ભયભીત બન્યો છે. એટલે કે રેતીના ઢગલા તરફ તેણે કદમ ભર્યા છે અને ખડકાળ ટેકરી જોઈને તેણે પીછેહઠ કરી છે. રેતીનો સ્પર્શ સુંવાળો, તેમાં પગને તકલીફ નથી પડતી, એટલે રેતીના ઢગલા તરફ પગ ભરવા એ સહજ છે. ખડકાળ ટેકરી પર ત્રાસનો પાર નથી. પગ લોહી લુહાણ થાય છે તેથી તે માર્ગને તો દૂરથી નવગજના નમસ્કાર કરે છે, પણ તેમાં નુકશાન કેટલું ? રેતીના ઢગલાએ મુલાયમ સ્પર્શ કરાવ્યો પણ ઉપર ચઢવા ન દીધા. એટલે ટેકરી પર રહેલા કુદરતી સૌંદર્યને નીરખવાનો આનંદ પણ ન મળ્યો. જ્યારે ખડકાળ ટેકરીએ પગમાંથી લોહી કાઢ્યા, ત્રાસ આપ્યો છતાં ઠેઠ ટેકરી ઉપર પહોંચાડ્યા. તેણે સૌંદર્યને નીરખવાનો આનંદ આપ્યો અને ઠંડક આપી. ભલભલા આત્માઓ આ માર્ગની પસંદગી કરવામાં ગોથા ખાઈ ગયા છે.

પૌદ્ગલિક સુખ એટલે પ્રેય અને આત્મિક સુખ એટલે શ્રેય. જે શ્રેયનો માર્ગ

સ્વીકારે છે તે વિકાસ કરે છે અને પ્રેયને સ્વીકારે છે તે અવનતિ તરફ પ્રયાણ કરે છે. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, ન્યાય નીતિ અને સદાચાર એ આત્માનું હિત કરે છે તે શ્રેય છે અને અહિત કરે તે પ્રેય. અનંતકાળથી આત્મા પ્રેય તરફ દોડ્યો છે. શ્રેય તરફ લક્ષ કર્યું નથી. સંસારનો માર્ગ એ પ્રેયનો માર્ગ છે. ભલે તેનો સ્પર્શ તમને રેતી જેવો સુંવાળો લાગે પણ મોક્ષની ટેકરી સુધી ચડવા નહિ દે, કદમ ભરવા નહિ દે. ત્યાગનો માર્ગ ખડકાળ ટેકરી જેવો કઠીન છે. એ માર્ગે ચઢતા મુશ્કેલીઓ જરૂર પડશે પણ એ માર્ગ મોક્ષની ટેકરીએ પહોંચાડશે. ત્યાં ગયા પછી આત્માનો એવો અનુપમ આનંદ મળશે કે જેનું વર્ણન થઇ શકે નહિ. છતાં જીવ પ્રેયને મેળવવા જેટલો પુરૂષાર્થ કરે છે તેટલો શ્રેયને મેળવવા નથી કરતો. પ્રેયને મેળવવા જીવ ભૂખ તરસ વેઠે છે, કષ્ટો વેઠે છે, દેશ છોડી પરદેશમાં જાય છે.

माता पिता प्रियजन को तजकर, प्यारी जन्मभूमि को छोड,
सागर लांघ कठोर वचन सुन, रखता है जिस धनको जोड.

પોતાના વહાલસોયા માતાપિતા, પ્યારી જન્મભૂમિ, પ્રેમાળ પત્નીને છોડીને, સાગરને ઓળંગી પેલે પાર જાય છે. આટલા કષ્ટો જીવ પ્રેયને માટે વેઠે છે પણ પ્રેયથી મળતું સુખ વિનાશી, નાશવંત, પરાધીન, દુઃખમિશ્રિત અને બંધનના કારણભૂત છે. ધન વૈભવ મેળવવા એ સ્વાધીન નથી. તેના પુણ્યનો ઉદય હોય તો લક્ષ્મીની રેલમછેલ થઈ જાય. કંઈક જીવો આખો દિવસ કાળી મહેનત કરે છતાં તેને લક્ષ્મી મળતી નથી. એટલે પ્રેય તત્ત્વ પરાધીન છે જ્યારે ક્ષમા, સમતા, સરળતા, શાંતિ, મૃદુતા, આદિ ગુણો મેળવવા એ સ્વાધીન છે. તમે ધારો કે આજે મારે ક્રોધ નથી કરવો ને ક્ષમા રાખવી છે તો રાખી શકો છો એટલે શ્રેય સ્વાધીન છે. ધન વૈભવ આદિનું સુખ વિનાશી છે, જ્યારે આત્મિક સુખ અવિનાશી છે. પ્રેયનું સુખ બાધાવાળું છે જ્યારે શ્રેયનું સુખ નિરાબાધ છે. પ્રેયની પ્રાપ્તિ કર્મબંધનનો હેતુ છે. જ્યારે શ્રેયની પ્રાપ્તિ મુક્તિનો હેતુ છે. પ્રેયની સાધના એટલે અર્થ કામની સાધના અને શ્રેયની સાધના એટલે ધર્મ અને મોક્ષની સાધના. કંઈક આત્માઓએ ઇન્દ્રિયોના વિષયોના ક્ષણિક આનંદ મેળવવા માટે શાશ્વત સુખની પ્રાપ્તિની શક્યતાને ઠુકરાવી દીધી છે. જ્યારે કેટલાક વિરલ બડભાગી આત્માઓ ખડકાળ ટેકરી સમાન શ્રેયના માર્ગે વળી ગયા છે, તેઓની નજરમાં તળેટી નહીં પણ શિખર હતું. એ શિખરે પહોંચવા માટે તેઓએ તળેટીના કે માર્ગના પથરાઓની કોઇ ચિંતા કરી નથી, તો જ તેઓ ટોચે પહોંચી શક્યા છે.

એ માર્ગે કષ્ટો તો ઘણા આવે, ભગવાન મહાવીરના કાનમાં ખીલા ઠોકાયા, સંગમે છ છ માસ સુધી ઉપસર્ગો આપ્યા. ગજસુકુમાલના માથે અંગારા મૂકાયા. મેતારજમુનિ, ખંધકમુનિ બધાને શ્રેયના માર્ગે જતાં મારણાંતિક કષ્ટો આવ્યાં છતાં તેમાં ટકી રહ્યા તો શાશ્વત સુખને પામી ગયા. તેમની સામે સુભૂમ ચક્રવર્તી, મમ્મણ શેઠ, અરે સંયમી જીવનનો સ્વીકાર કર્યા પછી શ્રેયના માર્ગેથી પીછેહઠ કરનારા કુંડરિક મુનિ પ્રેયના

(સંસારના) રવાડે ચડી ગયા તો પરિણામ શું આવ્યું ? નરકમાં ગયા. શ્રેયના માર્ગે કષ્ટો વેઠવા પાછળ સુખ રહેલું છે. પ્રેયના પંથે વિઘ્નો તો આવે છે. રાવણ અને કંસને પ્રેયની સાધના કરવા જતાં જિંદગી ગુમાવવી પડી. કષ્ટ તો બંને માર્ગમાં આવે છે પણ પ્રેયના માર્ગે કષ્ટ વેઠતા દુઃખ છે જ્યારે શ્રેયના માર્ગે અનંતુ સુખ છે. શ્રેય સાધક કષ્ટ સહન કરીને કંઈક મેળવે છે જ્યારે પ્રેય સાધક ગુમાવે છે. ચિત્ત મુનિએ શ્રેયની સાધના દ્વારા શાશ્વત સુખ મેળવ્યું. જ્યારે બ્રહ્મદત્તે પ્રેયની સાધના પાછળ નરકનું અનંતુ દુઃખ ઊભું કર્યું !! માટે મુલાયમ-સુંવાળા દેખાતા પ્રેય માર્ગને છોડીને કઠોર, કાંટાળા શ્રેય માર્ગને ગ્રહણ કરો, તો તેમાં આત્મકલ્યાણનો માર્ગ મળવાનો છે.

જેમણે શ્રેયનો માર્ગ સ્વીકાર્યો છે એવા ભગવાન મહાવીર સ્વામી દ્યુતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા છે. જિતશત્રુ રાજા ઠાઠમાઠ સહિત ભગવાનના દર્શને ગયા. વંદના કરતાં અત્યંત ઉલ્લાસ અને ઉમંગ છે. વંદન કરી ભગવાનની સ્તુતિ (પર્યુપાસના) કરી. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી વાણિજ્ય નગરની બહાર ઈશાન ખૂણામાં અને કોલ્લાક સંનિવેશની બાજુમાં દ્યુતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા છે. આ સમાચાર ચારે બાજુ ફેલાઈ ગયા. નગરની જનતા પોતાના કામકાજ, ધંધા રોજગાર છોડીને ઉલ્લાસપૂર્વક ઉમંગથી ભગવાનના દર્શન કરવા જતી હતી, તેનો શોરબકોર થતો હતો તે સાંભળ્યો અને લોકોના મુખ ઉપર અવર્ણનીય-અકથનીય આનંદ જોયો. આ બધા સમાચાર ગામના ધનાઢ્ય, ધનકુબેર જેવા મહાવૈભવશાળી, સંપત્તિશાળી એવા આનંદ ગાથાપતિને જાણવા મળ્યા. તેમના મનમાં થયું કે સારા નગરની જનતા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના દર્શને જઈ રહી છે. બધા બોલે છે કે આપણા ત્રિલોકીનાથ ભગવાન પધાર્યા છે. તો તે ત્રિલોકીનાથ કેવા હશે ? હજુ આનંદ ગાથાપતિને ભગવાનનો ભેટો થયો નથી. કોરા છે. જનતા જતા જતા બોલે છે કે ભગવાન ત્રણે લોકના અને ત્રણે કાળના જાણકાર છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાન એ ત્રણે કાળના અને ઉર્ધ્વ, અધો ને ત્રિચ્છો એ ત્રણે લોકના જાણકાર છે. એમની પાસે જઈએ એટલે આપણે પાવન થઈએ. એમના દર્શન કરતાં આપણાં પાપો ધોવાઈ જાય. એમનું સ્તવન કરતાં કર્મોના કચરા સાફ થઈ જાય. આ રીતે ઉલ્લાસભેર આનંદપૂર્વક વાતો કરતા જઈ રહ્યા છે, તો હું પણ જાઉં. આનંદ ગાથાપતિને આ સમાચાર મળતાં ખૂબ આનંદ, ઉલ્લાસ અને હર્ષ થયો.

નંદ મણીયાર શ્રાવક હતો. પૌષધ કર્યો હતો છતાં ભાવ બદલાઈ ગયા. પોતાની બંધાવેલી વાવમાં આસક્ત બનવાથી તે વાવમાં દેડકો થયો. તે ગામમાં ભગવાન મહાવીરસ્વામી પધાર્યા ત્યારે જનતા ટોળે મળીને ભગવાનના દર્શન કરવા જઈ રહી હતી. બધા બોલતા હતા કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. આ શબ્દો કાને પડતાં દેડકાને ભગવાનના દર્શન કરવા જવાનું મન થયું, તેમ અહીં લોકોનો શોરબકોર, તેમનો અપૂર્વ ઉલ્લાસ જોઈને આનંદના મનમાં થયું કે હું પણ પ્રભુના દર્શન કરવા

જાઉં. લોકો બોલે છે કે આપણા ભગવાન અનેક પ્રકારના અર્થની સમજુતી આપે છે. કોઈ ગમે તે પ્રશ્ન કરે તો તેનું સમાધાન કરે છે. ભગવાન મહાવીરસ્વામી બધાના મન મનની અને ઘટ ઘટની વાતો જાણે છે. મન મનની એટલે સંજ્ઞીપંચેન્દ્રિય જીવો છે તેમના મનની અને જેમને મન નથી તે બધાના ઘટ ઘટની વાતો જાણે છે. આનંદ ગાથાપતિને એવો ઉલ્લાસ અને ઉમંગ આવ્યો કે જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી મારા નગરમાં પધાર્યા છે તો હું પણ દર્શન કરવા જાઉં. આ ઉલ્લાસ અનંતા કર્મોની નિર્જરા કરે છે. આધ્યાત્મિક ક્ષેત્રના કોઈ પણ કાર્યમાં આવેલા ઉલ્લાસમાં એવી અજોડ તાકાત છે કે એ આત્માના પ્રદેશ પર ડેરા નાંખીને પડેલા જુગ જુગના પાપ, વાસનાના કચરાને અલ્પ સમયમાં સાફ કરી નાંખે છે. ધર્મકાર્યમાં ઉલ્લાસ એ કર્મના દળિયા સાફ કરવા માટેની એક સંજીવની છે. ઉલ્લાસ પર મને એક વાત યાદ આવે છે.

વસ્તુપાળ અને તેજપાળ ભગવાનના પરમભક્ત હતા. જૈન ધર્મની યથાર્થ શ્રદ્ધાવાળા હતા. તેમની શ્રદ્ધા ડોલતી ધજા જેવી ન હતી પણ મેરૂ જેવી અડોલ હતી. પ્રાણ જાય તો ફરમાન પણ શ્રદ્ધાથી ચલિત ન થાય એવા દૃઢ શ્રદ્ધાવાન હતા. એ સમજજો કે સારા સામે ખોટા, પંડિત સામે મૂર્ખ હોય પણ બધામાં સમતોલપણું ન ગુમાવવું, તેને સાચું સમજ્યા કહેવાય. આ બંને ભાઈ ઓ વીરધવલ રાજાને ત્યાં નોકરી કરે છે. રાજાને કોઈ ઈર્ષાળુ માણસોએ કાનભંભેરણી કરી. ઈર્ષાળુ માણસ બીજાનું બરાબ ન કરે એટલું ઓછું. વસ્તુપાળ તેજપાળ વિચાર કરે છે કે આપણા જીવનમાં જરૂરિયાત કેટલી ? આપણો પગાર મોટો છે. મિલકત ઘણી છે. રાજાની કૃપાદૃષ્ટિ છે તો આટલું બધું ધન શું કરવું છે ? તમને એવો વિચાર થાય કે મારે આટલું બધું શું કરવું છે ? તમને તો વધુ ને વધુ મેળવવાની ઝંખના છે. તમારે પેટ ભરવું નથી પણ પટારા ભરવા છે. પટારાના તળિયા પણ તૂટી ગયા છે, એટલે એ કયારે પણ ભરાય નહિ. તૃષ્ણા જીવનમાં આગ લગાડે છે. વસ્તુપાળ તેજપાળે નિર્ણય કર્યો કે આપણી આજીવિકા ચાલે તેટલા પૈસા રાખીને બીજા સ્વધર્મીની સેવામાં વાપરીએ. રસોડે સ્વધર્મી જમી જાય, કોઈ અતિથિ આવે તો પણ જમી જાય. પચાસ સો માણસોનું રસોડું ચાલતું હોય ત્યાં સંતની ગોચરીનો પણ લાભ મળી જાય. સાધુ આવે કે સંન્યાસી કોઈ જાતના ભેદભાવ નહિ.

આ રીતે દાન દેવાથી તેમના ગુણ ખૂબ ગવાવા લાગ્યા. તેમનો યશ બધે ફેલાઇ ગયો. ઈર્ષાળુ માણસોથી આ સહન ન થયું. તેમણે વીરધવલ રાજાના કાન ભંભેર્યા. આપ શું ઊંઘો છો ? તમારા ભંડારના તો તળિયા દેખાય છે. મિલકત તમારી, તમારા પૈસાથી રસોડા ચલાવે છતાં ગુણ તેમના ગવાય. અમને તો કાંઈ નથી પણ તમારા ભલા માટે કહીએ છીએ. રાજાને આ વાત ગળે ઉતરી ગઈ. તેમને એવો ક્રોધ આવ્યો કે આ બંનેને મારી નાંખુ. ક્રોધ તો આત્માનો મોટામાં મોટો શત્રુ છે. ક્રોધને કંટ્રોલમાં લાવવાની જરૂર છે. વીરધવલ રાજાને ક્રોધ આવ્યો. વસ્તુપાળ અને તેજપાળને મારવા

માટે સંન્યાસીનો વેશ લીધો. ભગવા કપડા પહેર્યા. છૂપી રીતે છરી સંતાડીને વસ્તુપાળ-તેજપાળના રસોડે આવ્યા. આ બંને ભાઈઓ તો ઉદાર દિલે દાન દે છે. દાન દેવામાં જરા પણ પાછી પાની કરતા નથી. ધન્ના સાર્થવાહને ત્યાં સાધુ ગૌચરી આવ્યા ત્યારે તેમણે ઘીનો ભરેલો ગાડવો ઉપાડયો. ચમચી કે વાટકી ન લીધી. આ સમયે દેવ તેની પરીક્ષા કરવા આવ્યા. સંતની દૃષ્ટિ બંધ કરી દીધી. ધન્ના સાર્થવાહ મુનિના પાતરામાં ઘી વહોરાવે છે. પાતરું ભરાઈ ગયું પણ મુનિની દૃષ્ટિ બંધ કરી છે, એટલે એમને દેખાતું નથી. પાતરામાંથી ઘી બહાર જવા લાગ્યું. તેની નીક વહેવા લાગી. શેઠના મનમાં એમ નથી થતું કે મુનિ 'બસ' બોલતા નથી. તે તો એમ સમજે છે કે ઘીની ધાર પાતરામાં પડે છે ને! તેના ઉત્કૃષ્ટ ભાવ જોઈને દેવે દૃષ્ટિ પાછી ખેંચી લીધી. પછી ઘીની ધાર બહાર જોઈ સંત બોલ્યા, અરે ભાઈ! આ તેં શું કર્યું? તેં ઘીના ડબ્બા ઠાલવી દીધા. ઘી તો પાતરાની બહાર ગયું. ગુરૂદેવ! મારું કાંઈ ગયું નથી. મેં તો બધું પાતરામાં નાંખ્યું છે. આપે ઉદાર દિલે મને લાભ આપ્યો તો હું શા માટે લાભ ન લઉં?

વસ્તુપાળના રસોડામાં બધા જમવા બેઠા. ભગવા વેશમાં આવેલ રાજા પણ જમવા બેઠા. આ સમયે અનુપમા દેવી ભારે કિંમતી સાડી પહેરીને કોઇ પ્રસંગમાં જતી હતી, તેણે સામેથી સંતને આવતા જોયા. હું મારી બેનોને પૂછું છું કે તમે લગ્નના પ્રસંગમાં જતા હો, રસ્તામાં તમને સંત સતીજી મળે તો તમે પાછા વળશો કે જશો? સત્ય બોલજો. બનાવટ ન કરશો. મહાસતીજીની ને તમારી નજર એક થઇ જાય તો કહેશો કે મહાસતીજી! દીકરા, વહુ ઘેર છે. આપ લાભ આપજો. આ અનુપમાને ત્યાં નોકર ચાકર બધા હતા છતાં પાછા વળી ગયા સંતને ખૂબ ભાવ અને આગ્રહપૂર્વક ઘી વહોરાવે છે. ઘી વહોરાવતા પાત્રાની બહારની બાજુ ઘીથી ખરડાઇ ગઈ. તરત અનુપમા દેવી પોતાની કિમતી સાડીના પાલવથી એ ઘીવાળા પાત્રાની બહારની બાજુ લૂછવા જાય છે ત્યાં રસોઈયો કહે–બાઇ....બાઇ....! આ શું કરો છો? કિંમતી સાડીથી આ લૂછાય? લો આ મસોતું લૂછવા તૈયાર છે. ભાઈ? શું આ મસોતાથી લૂંછવાનું સાધન છે? જેના બડાભાગ્ય હોય તેને આવો દાન દેવાનો, ભક્તિ કરવાનો લાભ મળે. મારો આત્મા તો કેવી કેવી ગતિઓમાં જઈ આવ્યો છે! વનસ્પતિમાં ગયો તો છરીથી કપાયો; ભાડ-ભૂંજાને ત્યાં ચણા બનીને શેકાયો. ત્યાં કોઈ કિંમત ન હતી. અરે મૂર્ખ! પૂર્વજન્મોમાં હું કેટલીય વાર ઘાંચીની પત્ની બનેલી. ત્યારે આખી સાડીઓ ઘી તેલવાળી કરેલી પણ એમાં મારૂં કાંઈ સર્યું નહિ. આ તો મારા અહોભાગ્ય છે કે મારી સાડી સંયમનું પાત્ર લૂછવામાં ઉપયોગી થાય છે. આ સાડીથી પાત્ર લૂછતા તો મારા આત્માના કંઈક કર્મો લૂછાઈ જશે ને મારો આત્મા ઉજ્જવળ બનશે. તેના વચનો કેવા ધર્મસુવાસિત છે! તેની આત્મદૃષ્ટિ કેટલી જાગતી છે? સાડી બગડતા કર્મ લૂછાતા, આત્માનું સુધરે છે એટલે દેવી સાડી બગડવાનું માનતી નથી.

અનુપમા દેવી મોટા મંત્રીની પત્ની છે, એટલે સાડી કેવી કિંમતી પહેરી હશે ! પોતાના હાથે મુનિનું પાત્ર ખરડાતા એ કિંમતી સાડીથી જાતે લૂછી નાંખવા તૈયાર થાય છે. નોકર પાસે લૂછવા રૂમાલ નથી માંગતા. કેમ ? એ માને છે કે મેં મુનિનું પાત્ર બહારથી બગાડયું એ મેં ગુનો કર્યો તો ગુનાની સજા તરત ભોગવી લઉં તો આત્મા ભારે ન થાય. ગુરૂ ભગવંતની ભક્તિનો મને લાભ મળ્યો. તેની પાસે આ ડુચાની શી કિંમત ! ગુરૂ ભક્તિમાં કેટલો ઉલ્લાસ હશે ત્યારે આ શબ્દો બોલાય ! ગુરૂદેવ કહે છે બેન ! આપ સારી સાડી ન બગાડો. આ સાડીથી શા માટે લૂછો છો ? ગુરૂ ભગવંત ! આપ એ ચિંતા ન કરો. જ્યાં અરિહંત પ્રભુ જેવા દેવાધિદેવ મળ્યા, આપ જેવા તારક ગુરૂદેવ મળ્યા અને જ્યાં રાજા વીરધવલ જેવા ઉદાર અન્નદાતા મળ્યા હોય ત્યાં શી વાતની કમીના હોય ! આ સાડી મારી નથી. આ દાન મારું નથી આ રસોડું પણ અમારું નથી. આ બધી કૃપા રાજા વીરધવલની છે. આ સાડી તો કાંઈ વિસાતમાં નથી. આજ મારા ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે સંયમનું પાત્ર સાડીથી લૂછવાનું ભાગ્ય મળ્યું. આવી શુભ વિચારણા કયાંથી આવી ? શ્રાવિકાપણું રોમરોમમાં વસી ગયેલું હતું કે હું પહેલા નંબરે પ્રભુની શ્રાવિકા છું પછી બીજા નંબરે કોઈની પત્ની છું, ભાભી છું, પુત્રી છું. અનુપમાદેવીએ સાડીની કિંમત ન કરતાં ગુરૂભક્તિની કિંમત વધુ આંકી.

અનુપમા દેવીની વાત સાંભળતા વીરધવલ રાજાના મનમાં થયું કે હું કોઈની ચઢવણીથી ચઢયો ને આવા પવિત્ર આત્માઓની ઘાત કરવા તૈયાર થયો ! આ બંને પોતાની સંપત્તિથી આટલું દાન કરે છે, છતાં દેવી કહે છે આમાં અમારું કાંઇ નથી. તેમાં મારી કૃપા માને છે. ક્રોધથી ધમધમતા રાજા શાંત થઈ ગયા. આ દૃષ્ટાંતથી ત્રણ વાત સમજવા મળે છે. પોતાની સંપત્તિ ઉદાર દિલે વાપરે છે, છતાં જશ રાજાને આપે છે, કિંમતી સાડી કરતાં ગુરૂભક્તિની કિંમત વધુ આંકી. પોતાના કાર્યમાં કૃપા વડીલોની માની. રાજા તરત ઉભા થઇ ગયા અને અનુપમા દેવીના ચરણમાં નમી પડી બોલ્યા : માતા ! ધન્ય છે તને ! તેં આજે મને ઘોર પાપમાંથી બચાવ્યો છે આ બે ભાઈઓ આજે જીવતા રહ્યા ન હોત ! હું કોઇની ચઢવણીથી ચઢી ગયો ને અહીં બે ભાઈઓને મારવા આવ્યો હતો. રૂડો પ્રતાપ તારો ! અનુપમા દેવીના મીઠા મધુર વચનોથી જ્યાં લોહીની નીકો વહે એવું હતું ત્યાં પ્રેમનું વાતાવરણ સર્જાઈ ગયું. વીરધવલ રાજા જૈનધર્મી બની ગયા. અનુપમા દેવીની મધુર ભાષાથી મોટો અનર્થ થતો અટકી ગયો. જો દેવીએ એમ કહ્યું હોત કે મારો ધણી કમાય છે તો અનર્થ થઇ જાત પણ તેણે કહ્યું કે આ બધી કૃપા રાજાની છે તો અનર્થ ન થયો. ભાષાની મીઠાશ કેટલું કામ કરી જાય છે ! ઘણી વાર દિલમાં કાંઇ ન હોય પણ ભાષા કડવી હોય તો અર્થનો અનર્થ થાય છે. જો સમજણ-પૂર્વકની ભાષા હોય તો અનર્થને અર્થના રૂપમાં લઇ જાય. બીજા સાથે સંબંધ બાંધવામાં કે બંધાયેલા સંબંધ તોડવામાં વાણી ખૂબ મહત્વનું કાર્ય કરે છે. વાણીના સદુપયોગમાં અગણિત લાભો રહેલા છે અને એના દુરૂપયોગમાં ભયંકર નુકશાનો રહેલા છે.

કોઈ સારું સુખી વૈભવશાળી કુટુંબ છે. માબાપને એક દીકરો અને વહુ છે. એક વાર બાપ દીકરા વચ્ચે ૫૦૦રૂા. ની ભાંજગડ પડી. મોટા ઘરમાં જ્યાં પાંચ લાખની મૂડી હોય ત્યાં ૫૦૦ રૂા. શા હિસાબમાં? સામાન્ય વાતમાં મતભેદ પડી ગયો. ગુસ્સામાં છોકરો ઊભો થઈ ગયો. તેની પત્નીને કહે છે ઉઠ ઉભી થા. હવે અહીં રહેવું નથી. દીકરો વહુ ઊભા થઈ ગયા અને એક મકાન લઈને ત્યાં રહેવા લાગ્યા. ક્રોધ બહુ બૂરી ચીજ છે. આવેશમાં માબાપે પણ દીકરાને ન કહ્યું કે તમે જુદા રહેવા ન જાવ. ડાહ્યા માણસો વચ્ચે પડયા અને દીકરા વહુને કહ્યું. વાતમાં કંઈ નથી. આપ જુદા રહો તે સારું નહિ, તમે માબાપના એક દીકરા વહુ છો. તું જુદો રહે તે સારું ન લાગે. તું કંઈક સમજ. નમતું મૂકી દે, છતાં દીકરો ન માન્યો. પછી માબાપને કહ્યું કે તમે સમજી જાવ. છોકરો નમતું ન મૂકે તો તમે નમતું મૂકી દો. ગમે તેમ તોય એ દીકરો છે. એ ભૂલ કરે પણ માવતર કમાવતર ન થાય. તેમણે પણ નમતું ન મૂક્યું. બંને સામસામા ઉગ્ર ક્રોધમાં આવી ગયા. એક બીજા વચ્ચે બોલવાના પણ સંબંધ ન રહ્યા. છોકરો વહુ જુદા થયા પછી એક દીકરો અને દીકરી થયા. દીકરાના દીકરા પણ દશ વર્ષના થયા, છતાં માબાપની સામે જોતા નથી, બાપને ઘેર આવતા નથી. દિવસે દિવસે વેર ઘટવાને બદલે વધતા ગયા.

એક વાર પિતા માંદા પડયા. સીરીયસ થઈ ગયા. બચવાની કોઈ બારી ન હતી. ડૉકટરોએ હાથ ખંખેરી નાંખ્યા. તમારા સગાવહાલા જેને બોલાવવા હોય તેને બોલાવી લો. આ શેઠ કહે–આપ મારા છોકરાને બોલાવી લાવો. મારી અંતિમ ઇચ્છા છે કે હું છોકરાને ખમાવી લઉં. એક ભાઈ છોકરાને બોલાવવા ગયા. દીકરા! તારા બાપુજીની તબિયત સીરીયસ થઈ ગઈ છે. ડૉકટરોએ હાથ ખંખેરી નાંખ્યા છે. બધા સગાવહાલાને બોલાવી લીધા છે, તારા પિતાજીની એ ઇચ્છા છે કે હું મારા દીકરાની સાથે ક્ષમાપના કરી લઉં. મારે કોઈની સાથે વેર બાંધીને જવું નથી. હું આટલા સમાચાર દેવા તને આવ્યો છું. છોકરો કહે–મહેરબાનો! તેમના સમાચાર મને આપશો નહિ. આપ જઈને તેમને એટલું કહેજો કે તમે મરી જશો તો હું તમને અગ્નિ સંસ્કાર કરવા આવીશ. આપ તેની ચિંતા ન કરશો. હું જીવતા મોઢું જોવા આવવાનો નથી. ડાહ્યા માણસો ગયા હતા છતાં તેમનું ડહાપણ પણ ન ચાલ્યું. કોઇની શિખામણ તેના ગળે ઉતરતી નથી. છોકરાને સમજાવવા ગયેલા માણસો પાછા આવ્યા. શેઠ કહે–છોકરાએ શું કહ્યું? આપ શાંતિ રાખો. તેની તંદુરસ્તી સારી નથી. તનની તંદુરસ્તી સારી છે પણ મનની તંદુરસ્તી સારી નથી. શાંતિ રાખો, હમણાં આવશે. ડાહ્યા માણસોએ ગોઠવીને વાત કરી. સત્ય વાત તો કહેવી કેવી રીતે? શેઠનું આયુષ્ય બળવાન એટલે ઉપચારો કરતાં શેઠને ધીમે ધીમે સારું થયું ને તબિયત સારી થઈ ગઈ; પણ છોકરો તો ન જ આવ્યો. શેઠ બચી ગયા. હાલતા ચાલતા થઈ ગયા પણ છોકરો તો ન જ આવ્યો.

બે ચાર વર્ષ વીતી ગયા. એક દિવસે શેઠને વિચાર આવ્યો કે આજનો દિવસ સારા પ્રસંગનો છે, અને મારા દીકરાનો જન્મ દિવસ છે. સંતાનો માતાપિતાને ભૂલે

પણ માતા પિતાને તો સંતાનો વહાલા હોય છે. દીકરાનો જન્મ દિવસ યાદ આવતા પિતા ઊભા થયા. આ શેઠ તો મોટા નામાંકિત વેપારી હતા. કોઈ પ્રસંગ હોય ત્યારે તેમને ત્યાં મિઠાઈના પેકેટો બહુ આવતા. શેઠના મનમાં થયું કે ૧૨ વર્ષથી મારો દીકરો ઘેર આવ્યો નથી. ભલે આજે હું તેના ઘેર જાઉં. શેઠનું હૃદય પલટાઈ ગયું. મિઠાઈના બે પેકેટો લઈને વગર બોલાવે લાકડીના ટેકે ધ્રુજતા ધ્રુજતા દીકરાના ઘેર જાય છે. શેઠના દિલમાં આનંદ છે, હૈયામાં હર્ષ છે, ઉરમાં ઉમળકો છે. અરરર....દીકરા સાથે ૧૨-૧૨ વર્ષથી વેર રાખ્યું છે. હું કંઈ ગતિમાં જઈશ ? ભૂતકાળની ભૂલોને ભૂલી જા. પિતા દીકરાના ઘેર જાય છે. આ સમયે દીકરો-વહુ બંને હીંચકા ખાતા હતા. એક હાથમાં બે પેકેટ હતા. એક હાથમાં લાકડી હતી. ચાલતાં ચાલતાં તેમનું શરીર ધ્રુજે છે. દીકરો-વહુ બધા સ્તબ્ધ થઈ ગયા. આ શું ? પણ પિતાને જોતાં દીકરાના મનમાં પ્રેમ ઉભરાઈ આવ્યો. છોકરો હીંચકેથી ઊઠીને પિતાની સામે ગયો. બાપ દીકરો ત્યાં ભેટી પડયા. છોકરાના મનમાં થયું કે મારા પિતાજી કેટલા પવિત્ર છે ! વગર બોલાવ્યે વગર આમંત્રણે તે મારા ઘેર આવ્યા ! વહુ પણ તરત ઊઠીને સસરાના ચરણમાં પડી. બધાએ આંસુથી પોતાનાં પાપો ધોઈ નાંખ્યાં. વહુ કહે-બાપુજી આવ્યા ! હા બેટા ! આનંદ છે. દીકરો કહે બાપુજી ! આપ આજે આટલા વર્ષે વગર બોલાવે હાલીચાલીને મારે ત્યાં આવ્યા. હું કેવી રીતે આપનું સ્વાગત કરું ? એટલે તે બજારમાં મિઠાઈ લેવા ગયો.

બાપુજીએ પુત્રવધૂને મિઠાઈના બે પેકેટ આપ્યા. લે બેટી લે ! આજે મારા દીકરાનો જન્મ દિવસ છે. તેની ખુશાલીમાં આ લાવ્યો છું. આપ બધા ગળ્યું મોઢું કરો. વહુ કહે બાપુજી ! આપની ઉંમર થઈ છે. ચાલતાં ધ્રુજો છો તો પેકેટ લેવા જવાની તકલીફ શા માટે લીધી ? એક તો લાવવાની તકલીફ અને બીજો ખર્ચો થયો. સસરો કહે-બેટી ! મને આમાં શી તકલીફ પડી ? મેં મોટો ખર્ચ કર્યો નથી. આપણે મોટા વેપારી કહેવાઈએ. આજે શુભ પ્રસંગનો દિવસ છે. આવા વાર તહેવારે આપણે ત્યાં ઓછામાં ઓછા ૮-૧૦ પેકેટો તો આવે જ છે. હું આટલા બધા પેકેટોને શું કરું ? કોણ ખાય ? તેમાંથી બે પેકેટ અહીં લાવ્યો. મારા દીકરા-વહુ છોકરા બધા ખાશે. અમે તો બે માણસ, વળી ઉંમર લાયક, વળી મિઠાઈ પચવામાં ભારે, ખાઈ ખાઈને કેટલી ખવાય ? પેકેટો વધારે હોય તો હું દુકાનના નોકરોને આપી દઉં છું. અહીં આવતો હતો એટલે મને ઉમંગ આવ્યો. તમારા બધા પ્રત્યે પ્રેમ થયો એટલે બે પેકેટ લઈ આવ્યો છું.

આ સાંભળી પુત્રવધૂનો પિત્તો ગયો. મિઠાઈના બે પેકેટ સસરા સામે ફેંકયા. લઈ જાવ આ તમારા પેકેટ. તમે શું સમજો છો અમને ? તમારા મગજમાં શી ખુમારી ભરી છે ? બાનામાં કોઈ ન હોય એટલે અહીં લાવ્યા ! તમે જે મિઠાઈઓ નોકરોને આપતા હતા એ મિઠાઈઓ આજે અમને આપવા આવ્યા છો ? શું અમારી કિંમત નોકરો જેટલી ! તમારા દીકરાને નોકર જેવો ગણ્યો ! શેઠ બિચારા નિખાલસ ભાવે સત્યવાત બોલ્યા

હતા. વહુ કહે ડોકરા! ઊભો થા અહીંથી. એક સેકન્ડ પણ અહીં બેસીશ નહિ. ખબરદાર! લાકડામાં જાવ ત્યાં સુધી મારા ઘેર પગ મૂકવા આવશો નહિ. પુત્રવધૂના આ વચનબાણ શેઠના દિલમાં સીધા ભોંકાઈ ગયા. તે ત્યાંથી ઊભા થઈ ગયા. તેમને આઘાતથી એકદમ છાતીમાં દુઃખાવો ઉપડ્યો. ચક્કર આવ્યા. સીડી નીચે ઉતર્યા અને ભોંય પડતાં પ્રાણપંખેરુ ઉડી ગયું. દીકરો તો મિઠાઈ લેવા ગયો હતો, તે આવ્યો. જોયું તો પિતાજીમાં પ્રાણ ન હતો. અરરર....૧૨ વર્ષે પિતાજી મને મળવા આવ્યા. હજુ શાંતિથી બે શબ્દ પણ તેમની સાથે બોલ્યો નથી ને પિતાજી ચાલ્યા ગયા. હે કાળરાજા! તેં મારા પિતાને નશ્વર દેહ છોડવા માટે મારે ઘેર મોકલ્યા? દીકરો બાપની પાસે બેસીને ફ્રુસ્કે ફ્રુસ્કે રડે છે. પત્ની કહે છે–આપ શું રડો છો? માયકાંગલા હોય તે રડે. તું આવું ન બોલ. બિચારા પ્રેમથી દેવા આવ્યા હતા. શું પ્રેમથી દેવા આવ્યા કહો છો? તે તો જે પેકેટ નોકરને આપતા હતા તેના બદલે તમને આપવા આવ્યા હતા. શું તમારી કિંમત નોકર જેટલી ગણી!

પત્નીના શબ્દો સાંભળીને પતિ સમજી ગયો કે નક્કી મારી પત્ની એલફેલ શબ્દો બોલી હશે! તેના આઘાતમાં પિતાજીનું પ્રાણપંખેરું ઉડી ગયું હશે. ગોળીના ઘા સારા પણ કટુવચનના ઘા તો બહુ ભયંકર છે. દ્રૌપદીના માત્ર બે શબ્દો **"અંધાના જાયા અંધા"** આટલા શબ્દોએ આખું મહાભારત ઊભું થઇ ગયું. શેઠના સ્વર્ગવાસના સમાચાર ઘેર પત્નીને મળ્યા. શેઠના મૃત્યુના આઘાતમાં એ પણ ત્યાં ઢળી પડ્યા ને પ્રાણપંખેરું ઉડી ગયું. કવેણે કેવો મોટો અનર્થ ઊભો કરી દીધો! માટે ભાષા બોલતાં ખૂબ ઉપયોગ રાખવો જોઈએ. બીન ઉપયોગે ભાષા બોલવાથી કર્મના ઢગલે ઢગલા જમા થાય છે. જો વાણીના ઉપયોગની કળા ગઈ તો આ મોટી હોનારત સર્જાઈને! શાંત સરોવરમાં નાંખેલી નાનામાં નાની કાંકરી પણ આખા સરોવરના પાણીને તરંગિત કરી દે છે, તેમ મુખમાંથી નીકળેલું નાનામાં નાનું કટુવચન સ્વ-પરના ચિત્તને સળગાવી દે છે. માનવીનું હૈયું તો કાચના વાસણ જેવું છે. જરાક નાનો સરખો ધક્કો લાગે તો પણ એ તૂટી જાય, માટે વાણીનો ઉપયોગ કરતાં ખૂબ કાળજી રાખવાની છે. આ દૃષ્ટાંતમાં બંને પક્ષમાં વાણીનો દુરૂપયોગ થયો છે. બાપને એવું બોલવાની જરૂર ન હતી કે જે મીઠાઇના પેકેટો નોકરોને આપું છું એ પેકેટ લાવ્યો છું. આ શબ્દોએ પુત્રવધૂને ઉશ્કેરી દીધી અને પુત્રવધૂએ પણ વાણીનો સંયમ ગુમાવ્યો. "ખબરદાર! આ ઘરમાં ફરી વાર પગ મૂક્યો છે તો!" આવા ધમધમતા શબ્દો દીકરાને ઘેર આવેલાં બાપ માટે અસહ્ય હતા, અને એ અસહ્ય શબ્દોએ બાપને પરલોક રવાના કરી દીધા, માટે ભાષા મીઠી મધુરી બોલતાં શીખજો.

આપણે વાત ચાલતી હતી કે ભગવાન પધાર્યાના સમાચાર સાંભળીને આનંદને અપૂર્વ ઉલ્લાસ આવ્યો. અહો! હું પણ પ્રભુના દર્શન કરીને મારું જીવન ધન્ય બનાવીશ. સાધનાના કાર્યમાં ઉલ્લાસ એ ખૂબ મહત્વની ચીજ છે. આ જિનવાણી સાંભળતાં જો ઉલ્લાસ આવી જાય તો અનંતા કર્મોની કોડો ખપાવે. આધ્યાત્મિક ક્ષેત્રમાં

અપૂર્વ ઉલ્લાસ જીવનમાં શું કામ કરે છે, તેથી જીવનમાં કેટલા લાભ થાય છે તે અવસરે.

ચરિત્ર : દેવીઓની વાત સાંભળતો પુણ્યસાર : પુણ્યસાર વૃક્ષની બખોલમાં બેઠો છે. બંને દેવીઓ ત્યાં ખૂબ રમી, નાચી અને ગીતો ગાયા પછી વાતો કરવા લાગી. એક દેવી બીજી દેવીને કહે છે. આ મૃત્યુ લોકની ધરતી પર ખૂબ મઝા આવે છે, બહુ આનંદ થયો. બીજી કહે, અરે બહેન ! આ ધરતીની તો વાત જ પૂછીશ નહિ. સ્વર્ગના જેવું એકધારું જીવન નહિ. આ મૃત્યુલોકમાં કંઈક જોવા મળે તો મને આનંદ આવે. બોલ તારી શી ઈચ્છા છે ? તારે શું જોવું છે ? મને કોઈ કૌતુક જોવા મળે તો ઓર મજા આવે. જો મારી વાત સાંભળ. વલ્લભીપુરમાં નવું કૌતુક થવાનું છે. જો તારી ઈચ્છા હોય તો ત્યાં જોવા જઈએ. દેવીના આ વચનો સાંભળીને બીજી દેવી કહે છે ત્યાં એવું શું છે ? સખી ! તે નગરમાં શું થવાનું છે તે વાત હું તને કહું છું તે તું સાંભળ.

કૌતુક કહેતી દેવી : તે વલ્લભીપુર નગરમાં ધન્ના નામે એક મહા ધનાઢ્ય, સુખી, અને વૈભવશાળી શેઠ રહે છે. તેને મળેલી સંપત્તિ ઉદાર દિલે સ્વધર્મીની સેવામાં-અનાથ અપંગોની સેવામાં વાપરે છે. તેના આંગણે રડતો આવેલો માણસ હસતો થઈને જાય છે તેથી તેમની ઉદારતાના ગુણ ખૂબ ગવાય છે. દાનવીર શેઠ તરીકે તેણે નામના મેળવી છે. આ ધન્ના શેઠને ધનવંતી નામે પત્ની છે. તે ખૂબ સુશીલ, સંસ્કારી અને ધર્મના રંગે રંગાયેલી છે. આ શેઠને સાત દીકરીઓ છે. ધર્મસુંદરી, ધનસુંદરી, કામસુંદરી, મુક્તિસુંદરી, ભાગ્યસુંદરી, સૌભાગ્યસુંદરી અને સાતમી ગુણસુંદરી. આ સાતે દીકરીઓનું રૂપ, સૌન્દર્ય અલૌકિક છે. તે સાતેને માબાપે ભણવા મૂકી. સાતે દીકરીઓની બુદ્ધિ અને હોંશિયારી ખૂબ તેજ હતી. થોડા સમયમાં તે ભણીગણીને હોંશિયાર થઈ. સ્ત્રીઓની ૬૪ કળામાં નિપુણ બની. જ્ઞાન સાથે વિનય-વિવેક ખૂબ હતા. જ્ઞાનનું અભિમાન ન હતું. માતા-પિતા તથા વડીલોનો વિનય-વિવેક ખૂબ સાચવતી હતી. કયારે પણ તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી નહીં. આ સાતે બેનો ખૂબ પ્રેમ અને સંપથી રહે. એક સાથે રમે, આનંદ કરે. બધાના વિચારો એક સરખા, અને ભાવના પણ એક સરખી. હવે ત્યાં શું બન્યું છે ? તે હું તને કહું છું તે ખાસ એક ચિત્તે સાંભળજે. આ વાત રસથી ભરપુર છે.

સાતેનો અફર નિર્ણય : સમય જતાં તે છોકરીઓ યુવાન બની. છોકરીઓને મોટી થયેલી જોઈને માબાપને ચિંતા થવા લાગી. એક દિવસ શેઠ શેઠાણી બંને વાતો કરે છે. હવે આપણી દીકરીઓ મોટી થઈ છે. તેમના માટે સારા છોકરાની તપાસ કરીએ. તે માટે સારો વર, સારું ઘર અને ખાનદાન કુટુંબ બધું જોવું જોઈએ. સાત દીકરીઓ છે એટલે સાત મુરતીયા શોધવા પડશે. આપણી દીકરીઓ ભણેલી, ગણેલી અને ગુણવાન છે તે રીતે તેમને યોગ્ય છોકરાની તપાસ કરીએ. આ બંને વાતો કરે છે તે વાતો છોકરીઓએ સાંભળી. આ સાંભળ્યા પછી શું કરવું ? તેઓ મુંઝવણમાં પડી ગઈ.

સાતે બેનોએ ભેગા થઈને નિર્ણય કર્યો છે કે આપણે સાતે બેનોએ એક જ પતિ કરવો. માબાપની વાત સાંભળીને તેમને મુંઝવણ થઇ કે આપણે જે નિર્ણય કર્યો છે તે હવે માતાપિતાને જણાવવો પડશે. જો તેમને નહિ જણાવીએ તો આપણી ટેક ટકશે કેવી રીતે ? સાતે બેનોમાં સૌથી નાની બેન ગુણસુંદરી છે તે ગુણ ગુણનો ભંડાર છે. છ એ બેનોએ કહ્યું, આ કારભાર નાનીને સોંપો. તે ખૂબ ડાહી, ગુણીયલ અને ગંભીર છે. સાતે બેનો ભેગી થઈને માતા-પિતા પાસે આવી. આવીને વિનયથી કહે છે કે અમે આપની પાસે કોઈ દિવસ બોલ્યા નથી. આપની સામે કોઈ દલીલ કે અપીલ કરી નથી. આપની મર્યાદા અમારે જાળવવી જોઈએ. આપ અમારા માટે સગપણની વાત કરો છો. સાત દિકરીઓ છે માટે સાત મુરતીયા શોધીએ. તો અમે આપને એક વિનંતી કરીએ છીએ કે આપ અમારી ચિંતા ન કરશો. અમે સાતે બેનોએ ભેગા મળીને નિર્ણય કર્યો છે કે-

અમે નિશ્ચય કર્યો એહવો, જુદા ન પરણવું કેહ,
એક જ પતિને પરણવું રે, પણ છે અમચું એહ,

માતાપિતા પાસે શરમ છોડીને દીકરીઓએ કહ્યું-હે પિતાજી ! અમે સાતે બેનોએ પ્રતિજ્ઞા કરી છે કે આપણે સાતે બેનોએ એક પતિને પરણવું. માટે અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ અમારું કયાંય સગપણ કરશો નહિ. છોકરીઓની વાત સાંભળીને પિતાને આશ્ચર્ય લાગ્યું અને હાય લાગી. સાતને એકી સાથે પરણવા કોણ આવશે ? કોઈ ન આવે. રાજાને વધારે રાણીઓ હોય પણ આ તો વણિકની દીકરીઓ છે. આ મારી છોકરીઓ શું બોલે છે ? સાતને એક પતિ કેવી રીતે મળશે ? છોકરીઓ કહે છે કે અમારો આ દૃઢ નિર્ણય છે. જો આ રીતે મળશે તો પરણીશું, નહિ તો કુંવારા રહીશું. પિતા ખૂબ મુંઝાયા. આ સાતે દીકરીઓને એક છોકરા સાથે પરણાવવી કેવી રીતે ? કદાચ કોઈ છોકરો મળી જાય પણ એનો કંઈ ઢંગધડો ન હોય તો ? દીકરીઓ ! તમે તમારો વિચાર બદલો. એમાં ફેરફાર કરો. પિતાજી ! કોઈ પણ સંયોગોમાં અમારો નિર્ણય ફરી શકે એમ નથી. માતાપિતા ખૂબ ચિંતામાં પડી ગયા. હવે ચિંતાને દૂર કરવા માટે તેઓ શું કરશે તેના ભાવ અવસરે.

શ્રાવણ વદ ૨ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૩૧ : તા. ૨-૮-૮૫

વાત્સલ્ય વારિધિ, પ્રેમના પયોદધિ, સિદ્ધાંત માહોદધિ એવા વીર જિનેશ્વર ભગવંતે આગમના મહાન ભાવો આપણી સામે રજૂ કર્યા. આપણા અધિકારના નાયક આનંદ ગાથાપતિએ ભગવાનના દર્શને જતી જનતાના મુખ પર અપૂર્વ ઉલ્લાસ જોઈને અને તેમની પરસ્પર થતી વાતો પરથી જાણી લીધું કે ભગવાન પધાર્યા છે. તેમના દિલમાં પણ અપૂર્વ ઉલ્લાસ, ઉમંગ આવ્યો કે હું પણ ભગવાનના દર્શને જાઉં ને મારું જીવન ધન્ય બનાવું. સાધનાના માર્ગે સૌથી પ્રથમ મહત્ત્વની ચીજ હોય તો તે છે અપૂર્વ ઉલ્લાસ. આનંદ ગાથાપતિને ભગવાનના દર્શન કરવા જવા માટે અંતરમાં અદ્‌ભુત ઉલ્લાસ આવ્યો.

શંખરાજા અને જશોમતી રાણીએ મુનિને ઉલ્લાસ ભાવે દ્રાક્ષ ધોયાનું પાણી વહોરાવ્યું. દાન દેવાની વસ્તુ તો મામૂલી હતી પણ દાન દેવામાં એવો અપૂર્વ ઉલ્લાસ આવ્યો. કે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. જૈનશાસનના પ્રત્યેક અનુષ્ઠાન જો ઉલ્લાસથી કરવામાં આવે તો આત્માના જ્ઞાનાદિ અનંત ચતુષ્ટયને પ્રાપ્ત કરાવી દેવાની તાકાત તેમાં પડી છે. બાળમુનિ અઈમુત્તાને ઈરિયાવહિયા પડિક્કમતાં આત્મામાં કેવો અંતરંગ ઉલ્લાસ આવ્યો હશે કે એ ભવમાં આત્મશ્રેય સાધી ગયા. જો આત્મ સાધનાની તીવ્ર ભૂખ જાગી હોય તો અનુષ્ઠાનોમાં ઉલ્લાસ આવ્યા વગર ન રહે. એ તો સ્વતઃ પ્રગટી જાય અને આ પ્રગટી ગયેલો ઉત્સાહ જિનશાસનના પ્રત્યેક અનુષ્ઠાનમાં કર્મક્ષયનો માર્ગ બતાવશે.

દિલના તલસાટ વિનાની આરાધના ચિત્તને આનંદિત કરીને ડોલાવી શકતી નથી. ભૂખ વિનાનું મળેલું ઊંચામાં ઊંચું ભોજન જેમ મનને આનંદિત કરતું નથી તેમ ઉત્સાહ વિના કરેલી ઊંચામાં ઊંચી ક્રિયા દિલને બહેકાવી દેતી નથી. યુદ્ધના મેદાનમાં હથિયારોથી સજ્જ બનીને લડવા જતાં સૈનિકના મુખ પર જોજો કે દુશ્મનને પરાજિત કરી દેવાનો તલસાટ–ઉત્સાહ કેટલો જોરદાર હોય છે. યુદ્ધના મેદાનમાં શત્રુઓના સેંકડો ઘા ખાવાથી લોહીલુહાણ થઈ જાય છે, છતાં એ સૈનિકો હતાશ ન થતાં વિજય મેળવવાની આશાથી ઉત્સાહથી લડતા જાય છે. પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થવાની આશાથી પરીક્ષા-ખંડમાં પ્રવેશતા વિદ્યાર્થીના મુખ પર કેટલી પ્રસન્નતા ઉલ્લાસ હોય છે. પેપર લખતી વખતે અઘરા પ્રશ્નો આવવા છતાં એ વિદ્યાર્થી પ્રસન્નચિત્તે એકાગ્રતાપૂર્વક એ પ્રશ્નોના ઉત્તર લખતો જાય છે. વહેપારી બજારમાં જાય ત્યારે મનમાં હજારો લાખો રૂપિયા મેળવી લઈશું એ ધ્યેયથી બજારમાં જતા વહેપારીના મુખ પર કેટલો ઉત્સાહ હોય છે ! બજારમાં ગયા પછી ભરચક કમાણીની આશાથી તાપમાં, ઠંડીમાં રઘડપટ્ટી કરવા છતાં ઉલ્લાસથી વેપાર કરતો જાય છે. સંસારમાં વ્યાવહારિક ક્ષેત્રોમાં સફળતા મેળવવા માટે પ્રારંભમાં અને પછી પણ ઉત્સાહની આવશ્યકતા જોઈએ છે, તો પછી આધ્યાત્મિક જગતના ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે તો આત્માના કેટલા ઉત્સાહની આવશ્યકતા જોઈએ.

કર્મો સામે થતા આ ખૂનખાર સંગ્રામમાં જો આત્માના ઉલ્લાસથી કર્મના જંગ ખેલશું તો જરૂર વિજયનો વાવટો ફરકાવી શકીશું. કર્મ મેદાનમાં ઝઝૂમતા ગમે તેવા ખાડા ટેકરા આવે, કર્મસત્તા ગમે તેવા અનુકૂળ પ્રતિકૂળ સંયોગો ખડા કરી દે, તો પણ આપણે અનુપમ ઉત્સાહથી તે બધાની સામે અડીખમ ઊભા રહીએ તો આપણું જીવન સાધનાના માર્ગે આગળ પ્રગતિ કરશે. આપણું જીવન અતિ અલ્પ છે. જુગજુગના અને ભવો-ભવના પાપ–વાસનાના સંસ્કારોને ઉખેડી નાખવાનું ભગીરથ કાર્ય આપણે આ જન્મમાં કરવાનું છે. અનંતાનંત તીર્થંકરોએ અનંતાનંત જીવોના કલ્યાણ માટે બતાવેલી કેડી આપણી પાસે છે. પંચ પરમેષ્ઠિ ભગવંતોની અસીમ કૃપા છે. પુણ્યનો ચમકારો જીવનમાં પ્રકાશી રહ્યો છે, હવે જરૂર છે નિત્ય ચઢતા પરિણામે ઉલ્લાસથી આરાધનાના માર્ગે કદમ ભરવાની. એ રીતે કદમ ભરવાથી સિદ્ધિ આપણી સામે છે, માટે જ્ઞાની કહે છે કે સાધનાના માર્ગમાં તમારો ઉલ્લાસ પ્રગટાવો. પાપના માર્ગમાં ઉલ્લાસ ઘટાડો

જેથી કર્મ બંધન ઓછા થાય. સાધનાની તીવ્ર ભૂખ આત્મામાં ઉત્સાહ પ્રગટાવશે. એ ઉત્સાહથી જીવ સાધનાનો માર્ગ અપનાવી શાશ્વત સુખના સ્થાનને પ્રાપ્ત કરશે.

આનંદ ગાથાપતિને ભગવાનના દર્શન કરવાનો તલસાટ જાગ્યો, ઉલ્લાસ આવ્યો, તેમની પાસે જવાથી ભગવાનના દર્શનનો લાભ મળશે. તેમની વાણી સાંભળવા મળશે. અનેક લાભ થશે.

જો એક વેળા દર્શન પામું, જન્મ સફળ બની જાયે,
જુગ જુગથી જે પાતક બાંધ્યાં, ક્ષણ ભરમાં છૂટી જાયે,
આતમ હળવો થાયે, અદ્ધર ઉડવા જાયે,
ફરી કદી ન નીચે આવું, એવી પદવી ધોને-ધોને ધોને....ભક્તિ.

ભક્ત, પ્રભુની પ્રાર્થના કરતાં કહે છે કે હે પ્રભુ! મને એક વાર તારા દર્શન થાય તો મારો જન્મ સફળ બની જાય, પાપકર્મોની શંખલા તૂટી જાય, હું તારી પાસે વૈભવ-વિલાસ નથી માગતો. મારે જોઈએ છે માત્ર આપના દર્શન, જે દર્શનથી મારો આત્મા દિવ્યતાને પામી જાય.

આનંદ ગાથાપતિને લગની લાગી "**तं महप्फलं, गच्छामि णं जाव पज्जुवासामि**" શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમોસર્યા છે એ મહાન ફળપ્રદ છે, માટે હું જાઉં, યાવત્ પર્યુપાસના કરું. જે ભગવાનના નામગોત્ર સાંભળવાથી પણ મહાફળ મહા-લાભ થાય છે તો પછી તેમની સમક્ષ જવાથી, વંદન કરવાથી અને તેમની સેવા કરવાથી તો કેટલો બધો લાભ થાય! માટે હું પણ ત્યાં જાઉં. તેમને વંદન નમસ્કાર કરું યાવત્ તેમની પર્યુપાસના કરું. તેમના દર્શન મહાફળનું કારણ બને છે. આ પ્રમાણે વિચારીને તેઓ જ્યાં બેઠા હતા ત્યાંથી ઊભા થયા. પછી સ્નાન કર્યું. દેહને સ્વચ્છ નિર્મળ બનાવ્યો. સાથે અંતરને પણ નિર્મળ અને વિશુદ્ધ બનાવ્યું. ભગવાનની વાણીને ઝીલવા માટે અંતર નિર્મળ જોઈશે. કાળી માટીની જમીનમાં પાણી પડે તો તે ઘણું ગ્રહણ કરે છે. રેતાળ જમીનમાં પાણી પડે તો બે ચાર કલાક ભીની રહે અને પથ્થર પર કે ડામર રોડ પર પડે તો તરત કોરો થઈ જાય. આનંદ ગાથાપતિએ શરીરની શુદ્ધિ સાથે અંતરને શુદ્ધ બનાવ્યું. જેથી ભગવાનની વાણી હૃદયમાં જલ્દી ઉતરી જાય.

સ્નાન કરીને સારા, શુદ્ધ, પહેરવા યોગ્ય કપડાં પહેર્યા. વજનમાં હલકા અને મૂલ્યમાં વધારે એવા કિંમતી આભૂષણો પહેર્યા. તેમણે એ વિચાર કર્યો કે હું રાજસભામાં જાઉં છું તો ઠાઠમાઠથી જાઉં છું. સારા પ્રસંગમાં જાઉં છું તો ઠાઠમાઠથી જાઉં છું, તો પછી આ તો ભગવાન પાસે જવું છે તો ભગવાનના દર્શને સારી રીતે વ્યવસ્થિત થઈને જાઉં. પ્રભુના દર્શને જવાનો અપૂર્વ ઉલ્લાસ છે. પ્રભુના દર્શન કરવા જવું છે તો વાહનમાં બેસીને નથી જવું. જેને ત્યાં ૧૨ ક્રોડ સોનામહોરો હોય એમને ત્યાં વાહનનો શું તૂટો હોય? વાહનો તો હતા છતાં પોતે વિચાર કર્યો કે ભગવાનને વાંદવા તો હું પગે ચાલીને જ જઈશ. હું દર્શને જાઉં છું તો મારા સગાંસંબંધી કુટુંબીજનો, સ્વજનો આદિ જેને આવવું હોય તેને લેતો જાઉં. આ રીતે આનંદ પોતાના ભોળા પ્રમાણે

હાઠમાઠથી, સાથે માણસોને લઈને ભગવાનના દર્શન કરવા જાય છે. બહેનો કૂવે પાણી ભરવા જાય ત્યારે ઘડો ખાલી લઈને જાય છે પણ આવે ત્યારે પાણી ભરીને આવે છે તેમ આનંદ ગાથાપતિ અત્યારે ભગવાન પાસે જાય છે ત્યારે ખાલી જાય છે, પણ આવશે ત્યારે ધર્મનો માલ ભરીને આવશે. દેવ, ગુરૂ, ધર્મનું શરણ જીવને સુખદાયી છે. બાકી સંસારના બધા સંબંધો, સગાઈ, ધન સંપત્તિ વગેરે દુઃખદાયી છે. તે બધા સ્વાર્થમય છે. તે બધું હેય છે પણ ઉપાદેય નથી.

એક લાલાજી નામના શેઠ ખૂબ સુખી, સમૃદ્ધ, વૈભવશાળી હતા. તેમને એક પત્ની હતી. બંને ધર્મિષ્ઠ આત્માઓ હતા. ધર્મધ્યાન બધી ક્રિયાઓ સાથે કરતા. તેમને સંતાનનો વળગાડ હતો નહિ પણ ધર્મને સમજેલા હોવાથી શેઠ-શેઠાણીને તેનું બહુ દુઃખ ન હતું. આ દંપતી ધર્મમાં ખૂબ રૂચી ધરાવતા. તેઓ મહિનામાં છ છ પૌષધ કરતા હતા. દાનનો પ્રવાહ પણ ખૂબ વહાવતા હતા. પરિણામે શેઠને ત્યાં સંપત્તિ વધતી જતી હતી. શેઠનો સંસાર સ્વર્ગ સમાન બની ગયો હતો. સ્વર્ગ જેવા સંસારને કર્મરાજા ક્યારે વેરાન કરી નાખશે એ ખબર નથી. લાલાજીના પત્ની માંદા પડયા. બે દિવસની ટૂંકી માંદગીમાં તેઓ ગુજરી ગયા. શેઠની આંખમાં આંસુ આવ્યા. તે આંસુ એટલા માટે આવ્યા કે મારા ધર્મના સાથીદાર ચાલ્યા ગયા. ધર્મધ્યાન કરવામાં એક મિત્ર સમાન હતા, તે ચાલ્યા ગયા. આ દૃષ્ટિથી તેમની આંખમાંથી આંસુ સરી પડયા. થોડા દિવસો ગયા પછી બધા કહેવા લાગ્યા કે તમારી પાસે આટલો બધો પૈસો છે. તમે શું કરશો ? કેમ એમ પૂછો છો શું કરશો ? **"ભલુ થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી મહાવીર"** હવે સુખેથી ભગવાનનું નામ લેશું. નાના ભાઈને ત્યાં જમીશ. આ બધી મિલકત તો તેની છે ને ! શેઠે ધંધાને સરખો કરી સમેટી લીધો. હવે તે એકલા ધર્મધ્યાનમાં મસ્ત રહેવા લાગ્યા. નાના ભાઈને ત્યાં જમી આવે, ખાય-પીવે ને ધર્મધ્યાન કરે છે. તે સમયે સંત ચાતુર્માસ આવ્યા. શેઠ ખૂબ ભક્તિથી તેમની સેવા કરે છે અને આખો દિવસ ધર્મની પ્રવૃત્તિ કરે છે. તે સંતના પરમ ભક્ત બની ગયા.

જેઠની સેવા બંધનરૂપ લાગી : શેઠ નાના ભાભીને ઘેર જમવા જાય છે. બે ત્રણ વર્ષ થયા એટલે ભાભીના મનમાં થયું કે હજુ મારા જેઠની ઉંમર મોટી નથી. આ વેઠ મારે ક્યાં સુધી સંભાળવાની ! શેઠ રોજ ચૌવિહાર કરે એટલે મારે રોજ સાંજે તેમની તકે બરાબર સાચવવી પડે. એ મારા માટે બંધનરૂપ છે. પૈસા ભાગ્યમાં હશે ત્યારે મળશે. શેઠ ક્યારે મરી જાય અને ક્યારે તેમના પૈસા મળે ! ત્યાં સુધી આ વેઠ સંભાળવાની. શેઠ પાસેથી કરોડોની સંપત્તિ મળવાની છે, છતાં આ વિચાર આવ્યો તો જેની પાસે સંપત્તિ ન હોય તેને શું સાચવે ! આ તમારો સળગતો સંસાર. ભાભી કેવી રીતે જેઠનું બંધન છૂટે એ વિચારો કરવા લાગી. શેઠ માટેની રસોઈમાં ક્યાં તો ડબલ મીઠું નાંખે ક્યાં તો નાંખે નહિ. શેઠ સમજે કે આજે મારે રહેજે મીઠાનો

ત્યાગ કર્યો. ગમે તેવી વસ્તુ બનાવીને આપે છતાં શેઠ એક અક્ષર ન બોલે. આ રીતે બે મહિના નભાવ્યું. એક દિવસે તેણે કહી દીધું કે હું તમારા આ વૈતરા કરવા માંગતી નથી. મારાથી આ બની શકતું નથી. શેઠ કહે, ભલે, તેઓ અડધો શેર દૂધ મંગાવીને પી લેતા. ભાભીને થયું કે હજુ આ બળતરા તો ખસી નહિ. ભાઈને ખબર પડી કે મારા ભાઈ માટે મારી પત્ની આમ બોલી એટલે કહે છે કે તારે મારા ભાઈના શું વૈતરા કરવા પડે છે! તે આપણી રસોઇ જોગી રસોઇ જમી લે છે, એમાં તને શું વૈતરા લાગ્યા! તે આપણને લાભોની સંપત્તિ આપે છે. તે આપણે ત્યાં જમે છે ત્યારથી આખા ઘરના રસોડાનો ખર્ચ તેઓ આપે છે. ત્યારે તેમની પત્નીએ કહ્યું કે મારે આ વૈતરા કરવા નથી ને પૈસા જોઈતા નથી. એક દિવસ તો તેણે શેઠને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું. આપ હવે આપની જમવાની વ્યવસ્થા બીજે કરી લેજો. મારાથી કાંઇ બનતું નથી.

શેઠે બીજે દિવસે બહેનને બોલાવી. આ બહેન વિધવા હતી. એટલે શેઠના મનમાં થયું કે તે રસોઈ કરીને મને જમાડશે ને અહીં રહેશે. થોડા દિવસ થયા એટલે તેને પણ એમ થયું કે આ ભાઈની વેઠ કયાં સુધી કરતા રહેવાનું? આમ વિચારી તેણે ભાઇને કહ્યું, ભાઇ! આપને એક વાત કરું. જો આપ મારી સલાહ માનતા હો તો ફરી વાર લગ્ન કરી લો. બેન! લગ્ન કરવાથી અનંતો સંસાર વધે છે. મારે હવે લગ્ન કરવાની શી જરૂર? ભાઈ! ભાભી આવશે તો આપના સુખ દુઃખના સાથીદાર બનશે. તમે બિમાર હશો તો તમારી સેવા કરશે. તમારી ખાવાપીવાની સગવડ સાચવશે અને માલ-મિલકતનો વારસદાર પણ મળશે. હું બે પાંચ વર્ષ રહું પણ જિંદગી તો ન રહી શકું. બધાના ઠેબા ખાવા કરતાં લગ્ન કરવા સારા. બેનના ખૂબ કહેવાથી શેઠે લગ્ન કરવાનો વિચાર કર્યો. લક્ષ્મી ખૂબ છે. તે સમયે મોટા ઉદ્યોગપતિની દીકરીના લગ્ન માટેની છાપામાં જાહેરાત આવી. શેઠે તેમને વાત કરી અને તેમાં સફળ થયા.

નવા શેઠાણીના રાગમાં ફસાતા શેઠ: આવનારી છોકરી ખૂબ ઠાઠમાઠવાળી, ચટકમટક ફરનારી, રૂપ રમણી હતી. પફ પાવડર આદિથી શરીરનું સૌંદર્ય વધારવા પ્રયત્ન કરતી હતી. તે પોતાના નાટકીય પ્રેમથી પતિને દબાવવા પ્રયત્નો કરતી હતી. પોતાનો પતિ ધર્મધ્યાન કરે તે તેને ગમતું નહિ. તે કહે, તમે ધર્મના ઢીંગલા થઇને ફરો છો, મારા સામું તો જુઓ, આપ મને મોજશોખમાં, નાટક સિનેમા જોવામાં, હરવા ફરવામાં, થોડો સાથ તો આપો. પતિને ધર્મથી વિમુખ કરવા માટે તેણે માયાજાળ ફેલાવવા માંડી. છેવટે શેઠ તેની માયાજાળમાં ફસાઈ ગયા. નવા શેઠાણી કહે તેમ કરવા તૈયાર થયા. પરિણામે શેઠ મોહમાં એવા ફસાઇ ગયા કે સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓથી દૂર થતા ગયા. ધર્મ હવે તેમનાથી દૂર ભાગી ગયો. શેઠ ભોગના કીડા બની ગયા. શેઠાણી શું બોલ્યા ને શું બોલશે? શેઠાણી કહે નાથ! આપ વિના હું ક્ષણ પણ એકલી રહી શકું તેમ નથી. શેઠ દુકાનમાં બેઠા હોય, તો પણ એમનું મુખ જોઇ શકાય એ માટે ઘર અને દુકાનની વચ્ચે એક બારિયું મૂકાવ્યું. લાલાજીને થયું

કે અહો ! મારા પ્રત્યે મારી પત્નીનો કેટલો બધો પ્રેમ છે ! આવી પ્રેમાળ પત્ની કોઇને મળી હશે કે કેમ તે શંકાની વાત છે. આવી પત્ની પાછળ મારું આખું જીવન ન્યોચ્છાવર કરું તો પણ ઓછું છે. લાલાજીના જીવનમાં જેટલો ત્યાગ હતો એટલું જ એનું જીવન ભોગમય બની ગયું. પત્ની પાછળ લાલાજી તો પાગલ થઇ ગયા. ધર્મને તો સાવ ભૂલી ગયા.

ધર્મ ભૂલેલાને સાચા રાહે વાળવા સંતનો પ્રયત્ન : ચાર પાંચ વર્ષે લાલાજીના ગુરૂ તે ગામમાં પધાર્યા. બધા જીવો તેમના દર્શન કરવા ગયા પણ લાલાજી ન ગયા. સંત કહે પેલા ધર્મિષ્ઠ શેઠ લાલાજી કેમ દેખાતા નથી ? સંતને ખબર નથી કે લાલાજી નવી નારી પરણ્યા છે અને તેના મોહમાં પડી ગયા છે. સંતના મનમાં થયું કે લાખો રૂપિયાના ધનના ઢગલામાં અને પત્નીના હાવભાવમાં મોહનો કીડો બનીને તેના આત્માનું બગાડવા ઊઠયો છે ! ભલે તે નથી આવતા પણ હું સામેથી જાઉં ને તેનું જીવન સુધારૂં. સંત તો ઝોળીમાં પાતરા લઈ ને ઉપડયા ને આવ્યા લાલાજી પાસે. ત્યારે લાલાજી દુકાને બેઠા હતા. સંત કહે કેમ લાલાજી ! ઉપાશ્રયે બિલકુલ આવતા નથી ! શેઠ તો જાણે કંઈ સાંભળતા નથી તેમની દૃષ્ટિ તો ઊંચે રૂપરાણીને જોવામાં છે. સંતના મનમાં થયું કે લાલાજી તો મોહમાં એવા અટવાઈ ગયા છે કે તેને મારા સામું જોવાની પણ ફુરસદ નથી. સંત બે મિનિટ ઊભા રહ્યા. ફરીવાર બોલ્યા. લાલાજી ! ધર્મકરણી કરે છે કે કર્મકરણી કરે છે ? ગુરૂદેવ ! મારા પુણ્યોદયે મને એવી સુંદર પતિવ્રતા પત્ની મળી છે, કે જે મારા વિના એક ક્ષણ પણ રહી શકતી નથી. જો હું તેનાથી દૂર જાઉં તો મારા વિના પ્રાણ કાઢી નાંખે એવું કરે છે. હું એની સાથે જિંદગીનો આનંદ માણી રહ્યો છું. મને તો ધર્મ કરવાનો કે જિનવાણી સાંભળવાનો જરાય ટાઈમ મળતો નથી. સંતના મનમાં થયું કે લાલાજી જો આ ભોગમાં ખૂંચ્યા રહેશે તો એની દુર્ગતિ થશે. માટે એક વાર તેમને સત્ય સમજાવું. એમ વિચારી સંતે કહ્યું, તું કહે છે કે તારી પત્ની તારા વિના એક ક્ષણ પણ રહી શકતી નથી પણ હું તે વાત કેવી રીતે માનું ? હું તને એક રસ્તો બતાવું. તે પ્રમાણે તું કર. તેમાં જો તું સફળ થાય તો તું પત્નીનો અને સફળ ન થાય તો તું મારો. બોલ, કબૂલ છે ? એમ કહી મહારાજ તો ગયા. સંતને શેઠની પાસે ઊભેલા જોઈ ને તે ધમપછાડા કરવા લાગી. કોણ સાધુડો મળ્યો છે ? તે સાધુ તો નહિ થઈ જાય ને ? શેઠ ઉપર આવ્યા. પછી શેઠાણી સાથે જે વ્યવહાર હતો તે બધું કર્યું. એટલે નવા રાણી બધું સમજી ગયા કે સંતના સંગની કોઈ અસર થઈ નથી તેથી તેના હૈયામાં ટાઢક વળી. શેઠે ખાધું, પીધું, પછી ઉપર જઈ ને સૂઈ ગયા. બે ત્રણ કલાક થયા છતાં ઊઠયા નહિ. શેઠાણી ઉપર આવીને જુએ છે તો તેમની આંખો ચઢી ગઈ છે. શેઠાણી ગભરાયા. નક્કી શેઠને કંઈ થયું લાગે છે. તે હાલતા ચાલતા નથી ને શ્વાસ પણ ચાલતો નથી. શેઠ મરી ગયા લાગે છે. હવે શું કરવું ?

દાંત ખોલવા કે સોનાના દાંત કાઢવા ? : જો અત્યારે હું રડવામાં પડી જઇશ તો મારા ભંડારો બધું લૂંટાઈ જશે, માટે કઠણ બનીને મને મારું કરી લેવા દે. બધી તિજોરીને, કબાટને તાળા મારી એક જગાએ બધી ચાવીઓ મૂકી દીધી. પછી રસોડામાં જઈને ભાખરા બનાવી તેને ભાંગીને ઘી ખાંડ નાંખીને લાડવા બનાવ્યા. ઘરમાં દહીં તો પડયું હતું. લાડવા અને દહીં ટેસ્ટથી ખાઈ લીધા. પછી પલંગ પાસે જઈને બેસી ગયા. વીંટી, કંદોરો, સોનાનો ચેઈન બધું કાઢી લીધું. શેઠના પાંચ દાંત પડી ગયા હતા તેની જગાએ સોનાની બોલીવાળા પાંચ દાંત બેસાડયા હતા. તે કેવી રીતે કાઢવા ? તે રહી જાય તો શા કામનું ! માટે તે કાઢી લઉં. તે કાઢવા માટે હાથમાં હથોડી લઈને આવી. શેઠ ચુપચુપ બધું જોયા કરે છે. એક ઉંહકારો પણ કરતા નથી. શેઠાણી શેઠનું મુખ ફાડી હથોડી મારવા જાય છે ત્યાં શેઠે રાડ પાડી, હે રંડી ! હે દુષ્ટા ! તું આ શું કરે છે ? તમારા વિના એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી એવું કહેનારી તું હથોડીથી મારા દાંત પાડવા માંગે છે ! લાલાજીએ જોરથી ચીસ પાડી એટલે શેઠાણી ગભરાઈ ગયા. પણ ચકોર બુદ્ધિશાળી હતી. બુદ્ધિનો બરાબર ઉપયોગ કરીને કહે છે કે તમે બે ત્રણ કલાકથી બેભાનમાં હતા, ભાન આવતું ન હતું, એટલે હથોડી મારીને દાંત બોલાવું છું. શેઠ કહે, હું તને બરાબર ઓળખું છું, તું મારા દાંત બોલાવતી હતી, કે સોનાના દાંત કાઢતી હતી ! એ બધી મને બરાબર ખબર છે.

મોહની વિટંબણામાં તારી પાછળ પાગલ બન્યો. મને એમ હતું કે મારા વિના તું જીવી શકે નહિ, પણ હવે મને ચિંતા નથી. હવે તો ગુરૂદેવના શરણે જઈને દીક્ષા લેવાનો મક્કમ નિર્ણય કર્યો છે. હવે તારા ઉપર વિશ્વાસ રાખી શકાય તેમ નથી. આ સંસારના પિંજરામાં પૂરાયો, ત્યારે મારી આ દશા થઈને ! તારા મોહમાં પડીને મેં અનંતો સંસાર વધાર્યો છે. ઘોર પાપ બાંધ્યાં છે. ગુરૂદેવ પાસે મારી હાર છે અને તેમની જીત છે. હવે હું તારો મટી ગયો છું. શેઠાણી કહે, પણ હું તો તમારી છું. ઓ દુષ્ટા ! તારું સ્વાર્થી સગપણ મેં જોઈ લીધું છે. તેં શું કર્યું તે બધી મને ખબર છે. તેં રસોડામાં જઈને લાડવો બનાવ્યો અને દહીં સાથે ટેસ્ટથી ખાધો. હવે આજથી તને અને તમામ માલ મિલકતને તજી દઉં છું. શેઠ સજ્જન, ખાનદાન હતા. એટલે તેની બહાર ફજેતી ન કરી કે તેને વગોવી નહિ. શેઠે કહ્યું, મારે તને દુઃખ દેવું નથી કે બહાર ફજેત કરવી નથી પણ તું મને લેખિત સહી કરી આપ. હું કાલે સવારે ગુરૂ ચરણમાં જઈને દીક્ષા લઈ લઈશ. હવે મને સમજાયું કે આ સંસાર કેવો છે !

આ સંસાર કેવો છે, એ તો દુઃખનો દરિયો છે,
ઉપરથી મોહક છે, ભીતર ભૂંડો છે,
તાગ મળે ના જેનો એવો ઊંડો ઊંડો છે,...સંસાર.

આ સંસાર સ્વાર્થનો સીમાડો છે. સગા સંબંધી સહુ સ્વાર્થના સગા છે. શેઠાણીએ

દીક્ષા નહિ લેવા માટે કાલાવાલા કર્યા પણ હવે શેઠ રોકાય ખરા ? છેવટે શેઠ ઘર છોડીને ગુરૂની શોધમાં ચાલી નીકળ્યા. ગુરૂદેવ મળતાં તેમના ચરણમાં જીવનનૈયા ઝુકાવી દીધી. સંયમનો માર્ગ એ સાધનાનું સોપાન છે. જ્ઞાની ભગવંત એ જ સમજાવે છે કે તમે સંયમ ન લઈ શકો અને સંસારમાં રહો તો તેમાં રમો નહિ.

લાલાજીએ સંતની પાસે જઈ દીક્ષા લઈ લીધી. તેમ આનંદ ગાથાપતિ પણ ભગવાનના દર્શને જવા તૈયાર થયા છે. તે સારા સારા કપડાં, કિંમતી દાગીના પહેરીને તૈયાર થયા. ગામનો સમૃદ્ધ, સુખી, પ્રતિષ્ઠિત માણસ જો ઠાઠમાઠથી જાય તો જનતા ઉપર તેનો પ્રભાવ પડે. આનંદ ગાથાપતિ ભગવાનના દર્શને જાય છે એ સમાચાર કુટુંબીજનો, સ્વજનો, નોકરો બધાને મળ્યા. એટલે તેઓ પણ આનંદની સાથે ભગવાનના દર્શને જવા તૈયાર થયા. આપણા કેટલા પુણ્યોદય હોય ત્યારે તીર્થંકર ભગવાનના પવિત્ર દર્શનનો લાભ મળે. મને ઘણી વાર વિચાર આવે કે જીવે કેટલાં પુણ્ય કર્યા હશે કે આવો ઉત્તમ મનુષ્ય જન્મ અને ઉત્તમ કુળ મળ્યું છે. એટલે જન્મથી સંસ્કાર સારા હોય. જ્યારે જીવ બિલાડીના ભવમાં ગયો ત્યારે બિલાડી પોતાના બચ્ચાને જન્મ થતાં શું શીખવાડે છે ? ઉંદરને દેખ અને ઝપટ મારજે. માર....માર....ને માર. હિંસા, હિંસા ને હિંસા. બિલાડી પોતાના બચ્ચાને જન્મ થતાં આ સંસ્કાર આપે છે. બિલાડીના ભવમાં ચોવીસે કલાક ઉંદરો મારવાની સતત વિચારણા ચાલતી હોય છે. કૂતરાના અવતારમાં પણ ચકલી આદિને મારવાની હિંસક વૃત્તિ પડેલી છે. આ અધમ પાપોથી કદાચ વાઘ-વરૂના અવતારમાં જાય ત્યાં કેટલાય નિર્દોષ જીવોનો શિકાર કરે. ચકલીના ભવમાં પણ નાના જીવજંતુઓને મારવાની પ્રવૃત્તિ હોય છે. આ બધા કર્મો બાંધવાના કેવા અવતાર ! જ્યાં ઘોર પાપના પોટલા બાંધવાના. આ પાપો પછી જીવને નરક ગતિમાં ફેંકી દે. ત્યાં અનંતી વેદના જીવ ભોગવે, નરકમાં થતી ભયંકર કષાયો એવી કોઈક કષાય-ભરપૂર ગતિની ભેટ આપી દે. આ રીતે સતત દુઃખ ભરપૂર ...પાપભરપૂર દુર્ગતિઓની પરંપરા ચાલ્યા કરે. આમાંથી છૂટવું મુશ્કેલ છે.

બિલાડી, વાઘ, સિંહ આદિ ભવો કે જે ભવોમાં પાપ આચરણ સિવાય બીજી પ્રવૃત્તિ નહિ એવા ભવોમાંથી આજે આરાધનાને યોગ્ય એવા માનવભવમાં આવ્યા છીએ. બધાના માતાપિતાએ સંતાનોને કેવા સંસ્કાર આપ્યા હશે ? બેટા ! આપણાથી કીડી, માંકડ, મચ્છર આદિ નાના મોટા જીવોને મરાય નહિ. એમને મારીએ તો આપણને પાપ લાગે. સંતાનો થોડા સમજણા થાય ત્યારે સંસ્કારી માતાપિતા કહે છે. આપણાથી રાત્રિભોજન ન થાય. રાત્રિભોજન કરતા કેટલાય જીવોની હિંસા થઈ જાય છે, તેથી આપણને ખૂબ પાપ લાગે છે. આ રીતે રાત્રિભોજન કરતા અટકાવે છે. જેમાં અનંતકાય જીવોની હિંસા છે એવા કંદમૂળ ખાતા અટકાવે છે. આ રીતે આપણા માતાપિતા પાપ કરતા રોકે છે. જે જીવોને આપણે મારીએ તે બીજા ભવમાં આપણને મારશે. આપણને જન્મથી આ સંસ્કાર મળ્યા છે, એટલે પાપ કરતાં હયું અચકાશે. જેવાં પાપ કર્મો કરીશું એવાં

ફળ ભોગવવા પડશે. અહીં કોઈ ગુનામાં પકડાઈ જશો તો લાંચ આપીને જામીન પર છૂટી શકશો પણ કર્મરાજાની કોર્ટમાં કોઈ વકીલ કે બેરીસ્ટર કોઇનું નહિ ચાલે. ત્યાં લાંચ રૂશ્વત પણ નહિ ચાલે. પોતે કરેલાં પાપ પોતાને ભોગવ્યા વિના છૂટકો નથી.

આનંદ ગાથાપતિ ભગવાનના દર્શન કરવા જવા તૈયાર થયા. દર્શન કરવા જતાં ઉરમાં ઉલ્લાસ છે, અંતરમાં આનંદ છે, ભાવનાની ભરતી છે અને હૈયાનો હર્ષ છે. હવે કેવી રીતે તે દર્શન કરવા જશે તેના ભાવ અવસરે.

જૈનશાસનના જ્યોતિર્ધર એવા પૂ. અજરામરજી મહારાજ સાહેબની પુણ્યતિથિનો પવિત્ર દિવસ છે. તેમનો જન્મ સૌરાષ્ટ્રમાં જામનગર પાસે પહાણા ગામમાં પિતા માણેકચંદ અને માતા કંકુબાઈના ઘેર સંવત ૧૮૦૯ માં થયો હતો. માતાપિતાને આ એક જ દીકરો હતો. તેઓ પાંચ વર્ષના થયા ત્યારે તેમના પિતા સ્વર્ગવાસ પામ્યા. માતાએ આ દીકરાને ધર્મના ખૂબ સંસ્કાર આપ્યા. એક વાર આ અજરામર કહે છે બા! મારા બાપુજી કયાં ગયા? ત્યારે માતાએ કહ્યું, તારા પિતા તો સ્વર્ગે ગયા છે, પણ હવે આપણા જગતપિતા પ્રભુ મહાવીર સ્વામી છે. એમને પિતા કરવાથી કયારે આપણને એમનો વિયોગ ન થાય. આ રીતે માતા પુત્રને વૈરાગ્યના સંસ્કાર રેડે છે. માતાના મનમાં એમ કે જો આ બાળકને દીક્ષાના ભાવ થાય તો હું પણ એની સાથે સંસાર છોડી દઉં. નવ વર્ષની ઉંમરમાં તે સંસ્કાર ખીલી ઊઠ્યા. તે સમયે ગોંડલમાં પૂ. કાનજી મહારાજ તથા પૂ. હીરાજી મહારાજ વિચરી રહ્યા હતા. તેમની પાસે આવીને માતાએ પોતાના મનના મનોરથો જણાવ્યા. ગુરૂજીએ અજરામરની પરીક્ષા કરી, તેમાં તે ઉત્તીર્ણ થયા. એટલે મહારાજે આગાહી કરી કે તે જૈનશાસનને દીપાવશે. સંપ્રદાયના દિવાકર બનશે. તે દિવસે માતાએ કહ્યું, ગુરૂદેવ! મારા પુત્રને હું આજથી આપના શરણે સોંપું છું. આપ એનો ઉદ્ધાર કરજો. પછી આ છોકરો ત્યાં રહીને ગુરૂદેવની પાસે અભ્યાસ કરવા લાગ્યો. રોજ તેઓ એકએક શ્રાવકના ઘેર વારાફરતી જમે છે.

તેઓશ્રી એક વાર જમવા જતા હતા ત્યારે હવેલીમાં બેઠેલા ગોંસાઈજીની દૃષ્ટિ તેમના પર પડી. સુક્ષ્મદૃષ્ટિએ તેમના ઉત્તમ ગુણો અને બુદ્ધિની ચાલાકી પિછાણી લીધી. તેમને પોતાની પાસે બોલાવ્યા અને પૂછયું–તમે કયાંના છો? કેમ આવ્યા છો? કયાં જઈ રહ્યા છો? ત્યારે અજરામરે કહ્યું, હું અહીં જૈન મહાત્મા પાસે અભ્યાસ કરું છું. આ રીતે બે ત્રણ વાર બોલાવ્યા ને પછી કહ્યું : છોકરા! જૈનની દીક્ષા તો બહુ કઠણ છે. ખુલ્લા પગે ચાલવાનું, ટાઢ તડકામાં ફરવાનું, આહાર પાણી માટે ભીખ માંગતા ફરવાનું, એક પાઈ પણ પાસે રાખવાની નહિ. તેના કરતાં તું અહીં દીક્ષા લે તો હું તને ભણાવીશ, ગણાવીશ અને મારી ગાદીએ બેસાડીશ. આ બધી સંપત્તિ, તમામ વૈભવ, લાખોની સંપત્તિ પણ તારી થશે. ત્યારે આ બાળકે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે લાખો, કરોડો રૂપિયા હોય કે ચક્રવર્તીની રાજધાની હોય તો પણ મારા મનને લલચાવી શકશે નહિ. રત્નચિંતામણી જેવો સંયમ ધર્મ મળ્યા પછી હવે મને બીજી કોઈ ઈચ્છા નથી. મારા

ગુરૂ કંચન, કામિનીના ત્યાગી છે. હું તો તેમની સેવા કરવાનો છું. આ પાગલખાનામાં આવવાનો નથી. નવ વર્ષના બાળકમાં કેટલો વૈરાગ્ય છે! એકવાર તેઓ ભરૂચથી વિહાર કરી એક ઝાડ નીચે આરામ લેવા બેઠા. ત્યાંથી જ્યોતિષીના જાણકાર એક યતિ નીકળ્યા. તેમણે આ સ્વામીના પગલાં પડેલાં જોયાં. તે પરથી ચાલનારની ઉત્તમતા પિછાણી. તેઓ તેમની પાછળ ગયા, અને મુનિને જોઈને પૂછયું–આ લઘુમુનિ શો અભ્યાસ કરે છે? શાસ્ત્રનો અભ્યાસ કર્યો, હવે સંસ્કૃતનો અભ્યાસ કરવા ઈચ્છે છે. હું તેમને ભણાવવા આવીશ. આ શિષ્ય ભવિષ્યમાં મહાપુરૂષ થશે. તેમણે ન્યાય, સંસ્કૃત, પ્રાકૃતનું સુંદર જ્ઞાન મેળવ્યું. તેઓ જૈનશાસનમાં સૂર્યની માફક ઝળકી ઊઠયા. તેમણે જૈનશાસનને ખૂબ રોશન કર્યું છે. તેમના જીવનમાં સમતા, નિરભિમાનતા અને નિર્મમત્વપણું આ ત્રણ ગુણો મહાન હતા. છેલ્લે ત્રણ દિવસનો સંથારો કરી ૧૯૭૦ ના શ્રાવણ વદ એકમના દિવસે રાત્રે તેમનો જીવન દીપક બૂઝાઈ ગયો. તેમની આજે જૈનશાસનમાં મોટી ખોટ પડી છે. આવા હીરલા ને વીરલા જેવા આત્માઓ જૈનશાસનમાં બહુ વિરલ હોય છે. આજે પુણ્યતિથિના દિવસે સૌ કોઈ સારા વ્રતપ્રત્યાખ્યાન કરશો તો સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય. વધુ અવસરે.

શ્રાવણ વદ ૩ ને શનિવાર : વ્યાખ્યાન નં. ૩૨ : તા. ૩–૮–૮૫

અનંત જ્ઞાની, જિનેશ્વર ભગવંતોએ આપણી સામે આગમના ગહન ભાવો રજૂ કર્યા છે. આપણા ચાલુ અધિકારમાં આનંદ ગાથાપતિ પોતાના મોભા પ્રમાણે બરાબર વ્યવસ્થિત રીતે તૈયાર થઈને ભગવાનના દર્શને જવા તૈયાર થયા. દર્શન કરવા જવું છે પણ તેમનો ઉલ્લાસ, અવર્ણનીય–અકથનીય હતો. પુણીયા શ્રાવકે સામાયિક કરી અને તમે પણ સામાયિક કરો છો, છતાં ફરક કયાં છે? ભાવમાં, ઉલ્લાસમાં. મગધના અધિપતિ હાલીચાલીને તેની પાસે એક સામાયિકનું ફળ લેવા ગયા. એ સામાન્ય કહેવાય! પુણીયાની રોજની આવક માત્ર આઠ આના હતી. મગધ નરેશે એક સામાયિકનું ફળ માંગ્યું ત્યારે પુણીયો શ્રાવક કહે છે અહો! હે, મગધાધિપતિ! આજે મારા મહાન અહોભાગ્ય છે કે આજે મારા જેવા ગરીબની ઝૂંપડીએ આપ પધાર્યા! આપ જે વસ્તુની માંગણી કરો છો તે હું કેવી રીતે આપી શકું? સાંભળો. આપ અમારા રાજા છો. અમે તમારી પ્રજા છીએ. આપ ગામના માલિક છો. ધારો તે કરી શકો છો. આપ સત્તાધીશ છો. આપ ધારો તો અમને જેલમાં પૂરી શકો, ધારો તો દેશની હદ બહાર કાઢી શકો. અમને ગુનેગાર ગણીને જેલમાં પૂરી શકો અને વેચવા હોય તો વેચી શકો અને ધારો તો રાજ્ય પણ આપી શકો. આ બધી તમારી સત્તા શરીર પર, પુદ્ગલ પર ચાલી શકે પણ આત્મા ઉપર ચાલી ન શકે. આપ જે સામાયિકની માંગણી કરવા આવ્યા છો તે સામાયિક આત્માના ઘરની છે. પુદ્ગલના ઘરની નથી. જે આત્માના ઘરની ચીજ હોય તેને હું કેવી રીતે આપી શકું? એનાં મૂલ્ય ના થાય, પછી મૂલ્ય લઉં કેવી રીતે?

તેમની સામાયિક સમજણ સહિત આત્માના ઉલ્લાસથી કરેલી હતી. તેમની એક સામાયિક અનંતા કર્મોની ભેગડો તોડી નાંખે. તમે બધા રોજ સામાયિક કરો છો, છે આવો ઉલ્લાસ ?

ભાવનામાં ભરતી લાવો, જાગૃતિ જીવનમાં લાવો,
અવસર આ અણમોલો છે, વધાવી લો (૨) રીઝાવો (૨) તમે તમાર
ચૈતન્ય દેવને.

સંસારમાં પત્નીને, પરિવારને, વેપારીને, કુટુંબી–સ્વજનો બધાને રીઝવ્યા. બધાને રીઝવતા પાપના પોટલા બાંધ્યા. હવે એક આતમદેવને રીઝવો. આતમદેવને રીઝવવા આનંદ ગાથાપતિ કુટુંબ પરિવારને સાથે લઈ ને ભગવાનના દર્શને જાય છે. હવે તેમનું લક્ષ્યબિંદુ, તેમનો ઉદ્દેશ એક જ છે, જલ્દી મારે ભગવાનના દર્શન કરવાં છે. કયારે ભગવાન પાસે પહોંચું અને ભગવાનના દર્શન કરું. દર્શનના ઉદ્દેશથી તેઓ ઘરની બહાર નીકળ્યા.

અહીં જ્ઞાની ભગવંત આપણને એ સમજાવે છે કે આ સુંદર માનવજીવન મળ્યા પછી જીવનનો ઉદ્દેશ શો છે તેનો વિચાર કરજો. જેણે જીવનનો ઉદ્દેશ નક્કી કર્યો તેના જીવનમાં જાગૃતિ આવી જાય છે. દુકાન પર કે પેઢી પર બેઠેલા વેપારીનો ઉદ્દેશ શો હોય છે ? કમાવાનો. તે દુકાને કોઈની સાથે વાતો કરવા, ગપ્પા મારવા કે બાજી રમવા નથી બેસતા. કદાચ તેવો કોઈક ઘરાક આવે તો તેને રવાના કરી દે. મોટી સંશોધનશાળાઓમાં અભ્યાસ કરનારનો ઉદ્દેશ નક્કી છે. તે ભારે ખંતથી સંશોધનમાં રચ્યોપચ્યો રહે છે. રોગી માણસનો ઉદ્દેશ નિરોગી થવાનો છે તેથી દવા, ઉપચાર, પથ્યાપથ્ય વિગેરેની વિચારણામાં મશગુલ રહે છે. કોર્ટમાં કેસ લડનારને ઉદ્દેશનો પાકો ખ્યાલ છે. તે ચારે બાજુથી સાક્ષી–પૂરાવા ભેગા કરવા અને ન્યાયાધીશને ખાત્રી થાય એ માટે શું શું કહેવું એ વિચારમાં મસ્ત હોય છે. સ્કૂલમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી પ્રથમ નંબરે પાસ થવાના ઉદ્દેશથી તનતોડ મહેનત કરે છે. દુનિયામાં આવા તો કાંઈક દાખલા છે. એક પાળેલા કૂતરાને પણ માલિકને ખુશ કરવાનો ઉદ્દેશ હોય છે, તો એ માટે એ બરાબર ખબરદાર રહે છે.

એક લેખકે એક પુસ્તકમાં લખ્યું છે કે કુદરત તમને દર નવી પ્રભાતે ૨૪ કલાકની ભેટ ધરે છે. એમાં એ પૂછતી પણ નથી કે અત્યાર સુધીમાં ભેટ કરેલા કલાકોનો તમે સદુપયોગ કર્યો કે દુરૂપયોગ કર્યો ? દુરૂપયોગ કર્યો હોય કે વ્યર્થ જ વેડફી નાંખ્યા હોય તો હવે તમને નવી ભેટ નહિ મળે એવું પણ કહેતી નથી. એ તો એટલી બધી ઉદાર છે કે રોજ નવા ૨૪ કલાકની ભેટ આપવા તૈયાર રહે છે, પણ અફસોસ એટલો છે કે માનવીએ પોતાના જીવનનો કોઈ ઉદ્દેશ હજુ નક્કી કર્યો નથી. તેથી એ ૨૪ કલાકમાંથી કેટલાયે કલાક એમ જ વેડફી નાંખે છે. દુકાનેથી જમવા ઘેર આવ્યા, રસોઈ થવાની કલાકની વાર છે તો એ કલાકમાં શું કરશો ? એ કલાક એમ જ જવાનો ને ? તમે સ્ટેશને ગયા. ગાડી ઉપડવાની કલાકની વાર છે અથવા ગાડી

કલાક લેઈટ પડી તો તે સમયમાં શું કરશો? આંટાફેરા ને આશીર્વાદ કે બીજું કાંઈ? ગાડીમાં બેઠા પછી કોઈ સારો સાથ મળે તો વાતોના ગપ્પા મારો અને સાથ ન મળે તો ગાડીમાંથી બહાર આડું અવળું જોવામાં સમય પસાર કરો. આ સમયને લેખે લગાડવા કોઈ સારા પુસ્તકનું વાંચન કરો કે જે વાંચનથી આત્મા પાપભીરૂ બને, તેને ભવનો ભય લાગે. અધ્યાત્મ ભાવમાં ભરતી આવે. જીવનની બરબાદી થતી અટકે ને આબાદી થાય.

આપણા જીવનનો ઉદ્દેશ એવો નક્કી કરો કે આ જીવન મને ધર્મસાધના માટે મળ્યું છે, નહિ કે ભોગસાધના માટે. ધર્મ કરનારો સાચો ધનાઢય છે, અને ધર્મ વિહોણો ધનાઢય હોવા છતાં રંક છે, રાંકડો છે. તેમને રંક એટલા માટે કહું છું કે પરલોકની લાંબીયાત્રા માટે તે પુણ્યની કોઈ મૂડી ભેગી કરતો નથી રાંકડો એટલા માટે કે મોહ મદારીના હાથમાં રાંકડા સર્પની જેમ રમી રહ્યો છે, પરિણામે પરભવમાં દુષ્ટોના હાથે માર ખાય છે. આવા જીવોની દયા આવે છે કે બિચારો ધર્મકરણી કર્યા વિના ગયો. મોટી સંસારયાત્રામાં એનું શું થશે? ધર્મ પામેલો આત્મા પૈસાથી ગરીબ હોવા છતાં મહાતવંગર છે. કારણ કે તેણે ધર્મસાધનાનું મહાન ધન ભેગું કર્યું છે. તેથી તે આત્મા આવા વિષમકાળમાં પણ આત્માની મસ્તી અનુભવતો હોય છે. આત્માને શ્રીમંત બનાવવો હોય, પવિત્ર બનાવવો હોય તો રોજીંદા જીવનમાં પણ ભરચક ધર્મસાધનાની જરૂર છે, તેમજ અન્યાય, અનીતિ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ આદિ દુર્ગુણોને ધીમે ધીમે ઓછા કરવા પડશે. આ સંસારમાં ધર્મની ઊંચી સામગ્રી અહીં મળી છે તો એનો ઊંચો વેપાર નહિ કરો તો પછી બીજે કયાં ને કયારે કરશો?

જે આત્માનો ઉંચો વહેપાર કરવા ભગવાનના દર્શન કરવાના ઉદ્દેશથી ઘરેથી પરિવાર સહિત નીકળ્યા. ગળામાં કોરંટના પુષ્પોની માળા પહેરી છે. નોકરોએ તેમના માથે છત્ર ધર્યું છે, એવો આનંદ ગાથાપતિ અત્યંત ઉલ્લાસથી પોતાના પરિવારથી ઘેરાયેલો પગે ચાલીને वाणियगामं नयरं मज्झंमज्झेणं निगच्छई, વાણિજ્ય ગામ-નગરની વચ્ચોવચ્ચ થઈ ને નીકળ્યા. અત્યારે તેમનું તન મન બધું દર્શન કરવાના ઉમંગમાં જોડાઈ ગયું છે. ભગવાનના દર્શન કરવા જતાં પગલે પગલે પાપ ધોવાય છે અને કદમે કદમે કર્મની નિર્જરા થાય છે. આનંદ ગાથાપતિ ઉત્કૃષ્ટ ઉલ્લાસ ભાવે જઈ રહ્યા છે અને મનમાં એવા ઉત્કૃષ્ટ ભાવ આવે છે.

સોનેરી આ જીવનની કિંમતી ઘડી પળ જાય છે,
દિવસ ઉગે ને આથમે, આયુષ્ય ઘટતું જાય છે.

આજે મારા મહાન ભાગ્યોદયે ત્રિલોકીનાથ પ્રભુ મારા ગામમાં પધાર્યા છે. મને આ સોનેરી જીવન મળ્યું છે. આ જીવનની જે ઘડી પળ જાય છે તે લાખોની કિંમત દેવા છતાં પાછી મળતી નથી, માટે આ ઘડી-પળને ધન્ય બનાવી દઉં. આત્મસાધના વગરની ઘડી-પળ

જાય ને તેનો અફસોસ થાય તો સમજવું કે હવે હું કંઈક સમજ્યો છું. જ્ઞાનીપુરૂષો આપણને ટકોર કરીને જગાડે છે કે આત્મા ! હવે તું મોહ નિંદ્રામાંથી જાગ. પ્રમાદની પથારી કરી, રાગ, દ્વેષની ગાડીમાં બેસીને જિંદગી બરબાદ કરી. તમે દિલની દિવાલમાં એક વાત કોતરી રાખો કે " **લવસત્તમાવા** " ભગવાનને પૂછવામાં આવ્યું કે હે ભગવાન ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિશ્ચય એકાવતારી છે તો મનુષ્ય ભવમાંથી સીધા મોક્ષમાં કેમ ન ગયા ? ભગવાને કહ્યું, માત્ર સાત લવનું (૪૯ શ્વાસોશ્વાસ) આયુષ્ય વધારે હોત તો સીધા મોક્ષમાં જાત એટલું આયુષ્ય ઓછું પડયું. આપણી તો કેટલી ઘડીઓ અને કલાકો નકામા જાય છે ! આપણું શું થશે ?

એક બહેન મારી પાસે આવીને ખૂબ રડે. તે કહે કે મહાસતીજી, મારો દીકરો ખૂબ માંદો છે. આપ માંગલિક કહેવા આવો ને ! અમને કાલે રસ્તામાં સામો મળ્યો હતો ને તું કહે છે કે માંદો છે. કેવી રીતે માંદો છે ? તેને તમે અહીં લઈ આવજો. મહાસતીજી ! તેને અહીં લાવી શકાય તેવો નથી. આપ કૃપા કરીને કાલે સવારે સાત વાગે પધારજો. બીજે દિવસે ગયા. ત્યારે તે છોકરો ચા–ગાંડીયા ખાતો હતો. તે બહેને અંતરનો બળાપો કાઢયો. મારો દિકરો જો દેહુથી માંદો હોત તો અમારી પાસે કરોડોની સંપત્તિ છે. દુનિયામાંથી ગમે ત્યાંથી ડોકટરને બોલાવી શકત અને તેને સાજો કરત, પણ આ દીકરાનો આત્મા માંદો છે. તે એવો છે કે નરકે જાય એવો છે. તે કોઈ રીતે સમજતો નથી. તે ખૂબ નાસ્તિક છે. આપ તેને એવી દવા આપો કે તેનો ભાવ રોગ મટી જાય. આવી ચિંતા અહીં બેઠેલામાંથી કેટલાને છે ? તમારા દીકરા સાજા છે કે માંદા ? (શ્રોતા, માંદા છે પણ અમારું માનતા નથી !) જો તમે સંસ્કાર આપો છો છતાં ન માને તો તમે પાપના ભાગીદાર નથી. ભગવાન દ્યુતિપલાશ ઉદ્યાનમાં બિરાજે છે. ત્યાં આનંદ ગાથાપતિ પહોંચી ગયા અને ભગવાનના સમોસરણમાં દાખલ થયા ત્યારે શું જોયું !

अशोकवृक्ष सुरपुष्पवृष्टि, दिव्य ध्वनिश्चामरमासनं च ।
भामंडल दुंदुभिरातपत्रं, अष्ट प्रातिहार्याणि जिनेश्वराणाम् ।।

(૧) આનંદે ભગવાનના સમોસરણમાં દાખલ થતાં અશોકવૃક્ષ જોયું. આ અશોકવૃક્ષ દેવોનું બનાવેલું હોય છે. તે અચેત હોય છે. અશોકવૃક્ષ નીચે સિંહાસન પર પ્રભુ બિરાજે છે. (૨) અચેત સુગંધિત જળબિંદુઓ અને મંદમંદ વાતી પવનની લહરીઓ સાથે શ્રેષ્ઠ, સુંદર અને દિવ્ય પુષ્પોની વૃષ્ટિ થઈ રહી છે. તે ફૂલો અચેત હોય છે. (૩) તેમના મસ્તક પાછળ એક અદ્‌ભુત તેજનું વર્તુળ રચાય છે તેને ભામંડળ કહે છે. તેનાં કારણે ચારે બાજુ બેઠેલા જીવો ભગવાનનું મુખ જોઈ શકે. બધાને એમ લાગે કે ભગવાન અમારા સામું જોઈને કહે છે. (૪) આકાશમાં દેવ દુંદુભી વાગે. આ દેવ દુંદુભી વાગવાથી જગતના જીવોને પ્રભુના સમોસરણ રચાયાની અને દેશનાના સમયની જાણ થાય છે. (૫) પ્રભુનો દિવ્ય ધ્વનિ હોય છે. આ દિવ્ય ધ્વનિના પ્રભાવે પ્રભુના સમવસરણમાં આવેલા બધા જીવો પ્રભુની દેશનાને પોતપોતાની ભાષામાં સમજી શકે છે. (૬) પ્રભુને બેસવા માટે

મણિમય સિંહાસન બનાવે, જેના પર પ્રભુ બિરાજમાન થઈને ઉપદેશ આપે છે. (૭) પ્રભુની બંને બાજુએ દેવો ઊભા રહીને ચામર વીંઝે છે. (૮) પ્રભુના મસ્તક ઉપર ત્રણ છત્રો હોય છે. આ આઠ પ્રતિહાર્યોથી યુક્ત પ્રભુ શોભી રહ્યા છે. તીર્થંકર નામકર્મ બાંધવું એ સહેલું કામ નથી. કેટલાય ભવોની સાધના જોઈએ. તેમાં તીર્થંકર થવાના આગલા ત્રીજા ભવમાં એવું જબ્બર આંદોલન ઉપડે કે "**સવી જીવ કરું શાસનરસી**" બધા જીવો શાસનરસી કેમ બને, ત્યારે તીર્થંકર થવાય છે. આપણે કુટુંબને પણ શાસનરસી કરી શકતા નથી, પછી બીજાની વાત કયાં કરવી ! પ્રભુને જોઈને આનંદને અપૂર્વ હર્ષ, આનંદ આવ્યો. અહાહા ! પ્રભુ ! આજે તમારા દર્શન કરવાથી હું પાવન બની ગયો. મારું જીવન સફળ બની ગયું. પ્રભુ ! આપની સેવામાં આટલા દેવો હોય, આપ અનંત જ્ઞાનનો ખજાનો છો, છતાં જરા પણ અભિમાન નહીં.

એક વાદી હતો, તેને પોતાના જ્ઞાનનું ખૂબ ઘમંડ હતું. તે એક વાર રાજસભામાં આવીને ઊભો રહ્યો. તેણે કહ્યું, મેં આજ સુધી ઘણા વાદીઓને જીત્યા છે, તેમાં વિજેતા બનીને મને ઇનામમાં ૫૦૦ ઘોડાઓ અને સોનાચાંદીના દાગીનાઓ મળ્યા છે. આ રાજસભામાં જેને મારી સાથે વાદમાં ઉતરવું હોય તે ખુશીથી આવી શકે છે. રાજાએ ઢંઢેરો પીટાવ્યો. વાદીની સામે પડકાર ઝીલવો હોય તે આવો. તે સમયે પડકાર ઝીલનાર કોઈ હાજર ન હતા. થોડા ઘણા હતા પણ બધા આ વાદી સામે આવવા તૈયાર ન હતા. આ તો રાજાની આબરૂનો પ્રશ્ન હતો. રાજાએ ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે બહારગામથી આવેલા મહાવાદીને રાજસભામાં જે કોઈ જીતશે તેનું રાજ્ય તરફથી બહુમાન કરવામાં આવશે.

મૂંગી સમસ્યામાં પ્રશ્ન ઉત્તર : આ ગામમાં રહેતા એક તેલીએ આ ઢંઢેરો સાંભળ્યો. તેને થયું કે હું જાઉં પણ ત્યાં કાંઈ તલ પીલવાના ન હતા. જ્ઞાનગોષ્ઠી કરવાની હતી પણ તેલીએ પડહ ઝીલ્યો. ગામનો ધાંચી પડહ ઝીલે એટલે બધાને આશ્ચર્ય થયું, છતાં રાજા માને છે કે તેણે પડહ ઝીલ્યો છે તો તેનામાં કાંઈક હશે. તેલીને એક આંખ હતી. તેલી તો મેલાં કપડાં પહેરીને રાજસભામાં આવ્યો. સભા ઠઠ ભરાણી છે. તેલીને જોતાં કંઈક માણસો બોલવા લાગ્યા કે આજે તેના બારે વહાણ ડૂબી જવાના છે. રાજાએ તેલીનું સ્વાગત કરીને તેને ચાંદીના સિંહાસન પર બેસાડ્યો. વાદીને પણ ચાંદીના સિંહાસને બેસાડ્યો અને રાજા પોતે સોનાના સિંહાસન પર બેઠા. રાજાએ જાહેર કર્યું કે અમારા તરફથી તમારા પ્રશ્નનો જવાબ આપનાર વાદી આવી ગયા છે. આપને જે પ્રશ્નો કરવા હોય તે કરો. જે પૂછવું હોય તે પૂછો. આવનાર વાદીના મનમાં ફાંકો છે કે આવા કંઈક વાદીઓને હરાવ્યા. આ શું જવાબ આપશે ? રાજાનો હુકમ થતાં વાદીએ એક આંગળી ઊંચી કરી. તેની સામે તેલીએ બે આંગળી ઊંચી કરી. મૂંગી સમસ્યાઓથી પ્રશ્ન ઉત્તર કરવા લાગ્યા. વાદીનો આ એક પ્રશ્ન પતી ગયો. પછી તેણે પાંચ આંગળા બતાવ્યા, તેલીએ દાંત કચકચાવીને તેની સામે મુઠ્ઠી બતાવી.

રાજા અને પ્રજા આશ્ચર્યમાં : મહાવાદી પંડિત વિચાર કરવા લાગ્યો કે આ મારાથી જબરો વિદ્વાન છે. તેણે મારું પાણી ઉતારી નાંખ્યું. તે સિંહાસનથી નીચે ઊતરી ગયો અને તેલીના પગમાં પડયો. પછી કહ્યું, મહારાજા ! તમારો વાદી જીત્યો ને હું હાર્યો. આજ સુધી મને કોઈ જીતી શકયું નથી પણ આ વિદ્વાને મારી ગુઢ સમસ્યાઓનો સામનો કરી મને હરાવ્યો છે. હું આ પંડિતને મારા ૫૦૦ ઘોડા અને સોનાચાંદીની જે વસ્તુઓ છે તે બધી તેને અર્પણ કરું છું. આ સાંભળતા અને નજરે જોતાં રાજા અને પ્રજા તો આશ્ચર્ય પામી ગયા. શું તેલીની જીત થઈ ? સામા વાદીએ પોતાની હાર કબૂલ કરી અને પોતાના ગામનો તેલી જીતી ગયો એટલે રાજા તો કુલા કુલા થઈ ગયા, પણ કંઈક માણસોને ઈર્ષા આવી ગઈ. તેમણે કહ્યું, મહારાજા ! આ વાદીએ હાર કબૂલ કરી અને તેલી જીતી ગયો એ બધું સાચું પણ એમની મૂંગી સમસ્યા અમે સમજી શકયા નથી. માટે આપ તેમને પૂછો કે કયા પ્રશ્નો કર્યા અને તેલીએ કયા જવાબો આપ્યા ?

ગૂઢ સમસ્યાનો જવાબ : રાજાએ પહેલા વાદીને પૂછયું, તમે એક આંગળી ઊંચી કરી અને અમારા વાદીએ તેની સામે બે આંગળી ઊંચી કરી એનો અર્થ શો ? વાદીએ કહ્યું, મહારાજા ! મેં એક આંગળી ઊંચી કરીને કહ્યું કે જગતમાં ઈશ્વર એક છે. આપના વાદી-પંડિતે બે આંગળી ઊંચી કરીને કહ્યું, આપની વાત ખોટી છે. ઈશ્વર છે અને એક બીજી શક્તિ છે. એમ બે તત્ત્વો જગતમાં છે. મેં પાંચ આંગળી બતાવીને કહ્યું કે માનવના શરીરમાં પાંચ ઇન્દ્રિઓ હોય છે, તે જીતવી કઠીન છે. ત્યારે તમારા પંડિતજીએ મારી સામે મુઠ્ઠી બતાવીને મને કહ્યું કે આત્મા અનંત શક્તિવાળો છે. પાંચ ઇન્દ્રિયોનું દમન કરવા માટે મેં વ્રત નિયમ રૂપી ખ્રેક લગાવી છે. ગુઢ સમસ્યાનો આવો સરસ જવાબ આપનાર આજ સુધી કોઈ વિદ્વાન મને મળ્યો નથી. તમારા પંડિતે થોડીવારમાં મને હરાવી દીધો છે. હું હાર્યો છું ને આપના પંડિત જીત્યા છે. આટલું કહીને તે વાદી તો ત્યાંથી ચાલ્યો ગયો

આડંબરી તેલીએ કરેલી બનાવટ: સભાએ તેલીને જવા ન દીધો. વાદીના ગયા પછી રાજાએ તેલીને પૂછયું, વાદીએ એક આંગળી ઊંચી કરી અને તમે બે બતાવી તો તેમાં વાદીએ તમને શું કહ્યું હતું, અને તમે તેનો શો જવાબ આપ્યો હતો ? તેલીને તો તત્ત્વનું જ્ઞાન હતું નહિ. તે તત્ત્વની વાતમાં સમજતો ન હતો. તેણે તેની રીતે જવાબ આપ્યો મહારાજા ! હું એક આંખવાળો છું. તે પંડિતે એક આંગળી ઊંચી કરીને મને કહ્યું કે હું તારી એક આંખ ફોડી નાંખીશ. ત્યારે મેં તેની સામે બે આંગળી ઊંચી કરીને કહ્યું-હું તારી બે આંખો ફોડી નાંખીશ. તેની વાત સાંભળીને બધા ખડખડ હસી પડયા. તેણે પંજો બતાવીને મને એમ કહ્યું કે હું તારી બત્રીસી તોડી નાંખીશ. ત્યારે મેં ગુસ્સામાં આવીને દાંત કચકચાવીને એમ કહ્યું-આ મુઠ્ઠીના પ્રહારથી તારો બરડો બરાબર કરી દઈશ. મારા આ સણસણતા જવાબથી પોતાને મહાપંડિત

માનનારો મારાથી ડરી જઈ મારા પગમાં પડી ગયો. રાજા અને પ્રજા આ વાત સાંભળીને ખડખડાટ હસવા લાગ્યા. અહો! આડંબર ધરીને ફરનારા તેલીએ વાદમાં કેવી બનાવટ કરી! જ્ઞાન હતું નહિ છતાં પંડિત બનીને વાદ કરવા આવ્યો. આવા અર્ધજ્ઞાની જીવોની શી દશા થશે?

અર્ધજ્ઞાની આ જીવોનું શું થશે?....ભવભ્રમણમાં એનું ભાવિ શું હશે....અર્ધ જે ઉડાડે ઠેકડી આ જ્ઞાનીની (૨) આ ઘમંડી માનવોનું શું થશે...અર્ધ.

આવા અર્ધજ્ઞાની ઘમંડી જીવોનું કલ્યાણ થવું મુશ્કેલ છે. જ્યાં સુધી અહમ્ છે ત્યાં સુધી અરિહંત થવાતું નથી.

આનંદ ગાથાપતિએ સમવસરણમાં ભગવાનને જોયા. અહાહા! શું પ્રભુ! તમારી શાંત મુખમુદ્રા! કેવી તમારી સૌમ્યમૂર્તિ! શાંત રસના પરમાણુઓથી શોભતી કેવી તમારી મુખાકૃતિ! પ્રભુને જોતાં, તેમના દર્શન કરતાં તેનો ઉલ્લાસ સમાતો નથી. ભગવાન! જ્યાં આપ બિરાજો ત્યાં બધા રોગીઓના રોગો શાંત થઈ જાય. વૈરીઓ વેર ભૂલી જાય. માનવી ભૂખ અને થાક ભૂલી જાય. ભગવાન વાણીની વર્ષા વરસાવે ત્યારે ચારે દિશામાં ચારગાઉ (એક યોજન) સુધી તેમની વાણી સાંભળી શકે. ભગવાનની વાણીનો પ્રભાવ અલૌકિક છે. ભગવાન તો અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપે પણ સૌ પોતપોતાની ભાષામાં સમજી જાય. આવા પ્રભુને આનંદ ગાથાપતિએ આત્માના ઉલ્લાસથી ઉત્કૃષ્ટ ભાવે વંદન નમસ્કાર કર્યા. વંદન કરતાં પણ કેવા શુદ્ધ ભાવ છે. હે પ્રભુ! આપ અમને સંસાર-સાગરથી પાર કરાવી મોક્ષને દેનારા છો, માટે આપ કલ્યાણ-સ્વરૂપ છો. આ રીતે મનમાં શુદ્ધ ભાવના ભાવતાં ત્રણ વાર તિકખુત્તોનો પાઠ બોલી વંદન નમસ્કાર કર્યા. વધુ અવસરે.

ચરિત્ર: ચિંતાને દૂર કરવા શોધેલો ઉપાય: વલ્લભીપુર નગરમાં ધન્ના શેઠની સાતે દીકરીઓએ અડગ નિર્ણય કર્યો છે કે આપણે સાતે બેનોએ એક પતિને પરણવું. આ સાત બેનો એકને જુએ ને બીજીને ભૂલો, એવી એ બધી રૂપાળી હતી. બુદ્ધિમાં પણ એક બીજાથી ચઢે તેવી છે અને ૬૪ કળામાં પ્રવીણ છે. પિતા તો ખૂબ ચિંતામાં પડી ગયા છે. એકેક વર તો દરેક કન્યા માટે મળી રહે પણ આ તો સાતે છોકરીઓ માટે એક વર પસંદ કરવાનો. એકને પસંદ પડે તો બીજીને પસંદ ન પડે. છોકરો કન્યા જોવા આવે તો સાતમાંથી તેને પાંચ પસંદ પડે ને બે પસંદ ન પડે. કોઇને આગળ પાછળની ચાર ગમે તો વચલી ત્રણ ન ગમે. કોઈ વાર છોકરો સાતે છોકરીઓથી કોઈ કોઈ બાબતમાં ઉતરતો હોય. આ રીતે સાતે છોકરીઓનું બંધ બેસતું થતું નથી. છોકરાને છોકરીઓ ગમે તો છોકરીઓને છોકરો ન ગમે. સાતે બેનોએ એવો નિર્ણય કર્યો છે કે એક પતિ કરવો પણ તે સાથે એવું નક્કી નથી કર્યું કે કોઈ છોકરો જોવા આવે ત્યારે પાંચની ઈચ્છા હોય ને બેની ઈચ્છા ન હોય તો બહુમતીથી પાસ કરી દેવું. શેઠ તો ચિંતામાં ને ચિંતામાં અડધા થઈ ગયા. શેઠાણી કહે, આપ તેમને કહી દો કે

આપ સાતે ભેગી થઈ ને તમારા માટે ધણીને શોધી લેા. શેઠ કહે–ના. તેા હું કાયર કહેવાઉં. મારાથી દીકરીઓને એવું ન કહેવાય. જો હું એવું કહું તેા તેનેા બાપ કહેવાને લાયક નથી. છેવટે વિચાર કર્યો કે આ પ્રશ્ન મારાથી ઉકલે તેવેા નથી. અઠ્ઠમ કરીને દેવને પૂછી જોઈ એ. તે ઉકેલ કાઢી આપે, તેા છે. બાકી બીજો કેાઈ રસ્તેા નથી. શેઠ અઠ્ઠમ કરવા તૈયાર થયા. શેના માટે? પેાતાની ચિંતા દૂર કરવા. મેં એક પુસ્તકમાં વાંચ્યું હતું કે પર્યુષણમાં ઓછામાં ઓછેા એક અઠ્ઠમ તેા કરવેા જોઈ એ. અઠ્ઠમ ન થાય તેા ૬ આયંબીલ, નહિતર ૧૨ નીવી, નહિતર ૨૪ એકાસણા કરેા, પણ કંઇક કરેા તેા ખરા, કર્મને ખપાવવાનેા આ અનુમેાલેા અવસર છે. કેાઈ કાલની કે આવતા વર્ષની રાહ ન જોશેા, કારણ કે કાલ કરતાં કાળ કયારે આવીને ઝડપી લેશે એ ખબર નથી. એક સત્ય ઘટના કહું.

અમલદારની માનવતા :–કુંભાર જાતિમાં મા દીકરો બે હતા. બંને માટી ખેાદવા જાય. ને એ રીતે પેાતાનું જીવન નભાવતા. આ બાઈ તેા રોજ માટી ખેાદે અને દીકરો જ્યાં માટી ખેાદવા જાય ત્યાં નાગ દરમાંથી બહાર ડેાકીયું કાઢે. છેાકરેા તેા બિચારેા ડરીને ભાગી જાય. બીજે દિવસે છેાકરાને બીજી જગાએ ખેાદવાનું કહ્યું તેા પણ એમ જ થયું. જ્યાં માટી ખેાદવા જાય ત્યાં નાગ ડેાકીયું કરે. ત્રણ ચાર દિવસ આ રીતે બન્યું. છેાકરાએ તેની માને વાત કરી. માતાએ કહ્યું. તું મારે એકનેા એક દીકરેા છે. તારે હવે માટી ખેાદવી નથી. માતાએ અમલદારને વાત કરી. ભાઈ! રોજ આ રીતે બને છે. મારે એકજ દીકરો છે, કંઈ થાય તેા હું શું કરું? અમલદાર કહે, હું આપને બીજી જગાએ કામ માટે મેાકલીશ. આપ ચિંતા ન કરશેા. આ મા દીકરેા બીજી જગાએ કામ સેાંપ્યું ત્યાં જાય છે પણ ભાગ્ય શું કરે છે? ચાલતા જતાં કેવી દશા થાય છે?

કાળ આવવાનેા એ આવવાનેા : જેવેા નાગ બહાર નીકળ્યેા એવી સમડી આવી ચઢી. તેણે તેા નાગને મેામાં લઇ લીધેા. તે તેા ઉડતી ઉડતી મા દીકરેા જ્યાં ચાલ્યા જાય છે ત્યાં સમડીએ જોરથી નાગ પછાડયેા. તે નાગ છેાકરાના પગ ઉપર પડયેા. નાગ સમડીના મુખમાં પકડાયેલેા એટલે ક્રોધિત તેા હતેા એટલે જેવેા છેાકરાના પગ પર પડયેા તેવેા જ તેને જોરથી ડંખ માર્યેા. આજુબાજુના લેાકેાને ખબર પડતાં બધા ભેગા થઈ ગયા પણ છેાકરાને તેા ઝેર ચઢવા લાગ્યું. થેાડીવારમાં તેનું પ્રાણપંખેરું ઉડી ગયું. અમલદારે છેાકરાને નાગથી બચાવવા મા દીકરાની બીજી જગાએ બદલી કરી દીધી પણ નાગને છેાકરા સાથે પૂર્વનું કેાઈ વૈર હશે. કયાં સમડીનું નાગને પકડવું અને કયાં ઉડતાં (૨) છેાકરાના પગ પર પછાડવેા? મૃત્યુથી બચવા માતાએ સ્થાન બદલ્યું, પણ કાળ આગળ તેા સ્થાન બદલેા કે ગમે ત્યાં જાવ પણ એ આવવાનેા એ આવવાનેા. માટે જ્ઞાની કહે છે કે કાળ કયારે અને કઈ મિનિટે આવશે એની કેાઈ ને ખબર નથી, માટે જે સેાનેરી તક મળી છે, તેનેા સદુપયેાગ કરી લેા.

આ શેઠે સંસારના સુખ માટે અઠ્ઠમ કર્યો. ત્રીજી રાત્રે પાછલા પ્રહરે એકદમ અજવાળું થયું. દેવ પૂછે છે બોલો, શેઠ! આપે મને કેમ યાદ કર્યો ? હું અત્યારે ખૂબ મુંઝવણમાં છું. તારે શી મુંઝવણ છે ? તારી ચિંતા હોય તે કહે. દેવો તો અવધિજ્ઞાનના ઉપયોગથી જોઈ શકે છે કે આ શેઠને શી મુંઝવણ છે ? છતાં દેવે તેમને પૂછયું. શેઠ કહે હે દેવ! મારે સાત દીકરીઓ છે. તેમણે એવો અડગ નિર્ણય કર્યો છે કે અમે પરણીશું તો સાતે એક વરને પરણીશું. આ માટે હું આખા દેશમાં ફરી વળ્યો. કંઈક છોકરાઓને જોયા પણ કોઈ હિસાબે મેળ બેસતો નથી. મારે હવે શું કરવું ? આપ મને દુઃખમાંથી છોડાવો. અત્યારે તો આપ મારા આધારભૂત છો. શેઠ હવે દેવને ખૂબ કરગરશે ને શું બનશે તે અવસરે.

શ્રાવણ વદ ૪ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૩૩ : તા. ૪-૮-૮૫

અનંત જ્ઞાની ભગવાન ફરમાવે છે કે જગતના દરેક જીવો સુખને ઈચ્છે છે, દુઃખ સ્વપ્નમાં પણ ઈચ્છતા નથી. સુખ મેળવવાની અને દુઃખ દૂર કરવાની ઈચ્છા હોવા છતાં પ્રમાદને કારણે સુખ મળતું નથી અને અજ્ઞાનના કારણે દુઃખ ટળતું નથી. પુણ્યથી સુખ અને પાપથી દુઃખ પરંતુ બંનેના સર્વથા ક્ષય પછી શાશ્વત એવા આત્મિક સુખની પ્રાપ્તિ થશે અને દુઃખનો સદા માટે અંત આવશે. પરમ શાંતિ ને સુખના અનુભવી અને આત્મ સ્વરૂપના માર્ગે ચાલનાર સંત મહાત્માઓના સમાગમ વિના જીવ સુખના સાચા માર્ગને પામી શકતો નથી. પુણ્ય અને પાપ એટલે શુભ અશુભ કર્મો. તે બંને બેડી સમાન છે. પુણ્ય ઉત્તમ હોવા છતાં પણ સોનાની બેડી સમાન છે. પાપ તે લોખંડની બેડી સમાન છે. શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટે છેવટે તો પુણ્ય પણ હોય છે. પુણ્યથી મળતું સુખ સંસારી જીવોની દૃષ્ટિએ ગમે તેટલું ઉત્તમ હોય પણ તે નશ્વર છે. સ્થાયી નથી, માટે એવા સુખોને પણ જ્ઞાનીઓએ દુઃખરૂપ કહ્યા છે. સાંસારિક સુખ અને દુઃખ બંને ત્યાજ્ય હોવાથી બંનેની પ્રાપ્તિમાં કારણભૂત પુણ્ય અને પાપ બંને ત્યાજ્ય છે. એ બંનેની મુક્તિથી જીવ શાશ્વત સુખનો ભોક્તા બની શકે છે, પણ અમુક સમય સુધી પુણ્યની પણ આવશ્યકતા રહે છે. તે પુણ્ય પણ માત્ર પુણ્યાનુબંધી પુણ્ય.

પુણ્યાનુબંધી પુણ્યથી જીવને અનુકૂળ સામગ્રી મળે છતાં તે સામગ્રી પર તેને રાગ ન થાય કે સામગ્રી મળ્યાનું અભિમાન પણ ન હોય. તે સામગ્રીમાં મારાપણાની બુદ્ધિ હોતી નથી. ભોગ ઉપભોગની અનુકૂળ વિશિષ્ટ સામગ્રીઓ મળવા છતાં તેમાં આસક્ત નથી બનતા પણ તેના પ્રત્યે અનાસક્ત ભાવથી રહે છે. પુણ્યાનુબંધી પુણ્ય આત્મ ગુણોની ખીલવણી કરાવે છે. આત્મા ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળ-દર્શન ન પામે ત્યાં સુધી આ પુણ્યાનુબંધી પુણ્ય ભોમિયા જેવું કામ કરે છે. વિકટ રસ્તાનો ભોમિયો માનવીને તેના ઈચ્છિત સ્થાને પહોંચાડયા પછી જેમ પાછો વળી જાય છે તેમ તેરમા ગુણસ્થાને પહોંચાડીને તે પુણ્યાનુબંધી પુણ્ય રૂપી ભોમિયો આપો-

આપ જીવના સંબંધથી મુક્ત બની જાય છે. અર્થાત્ પાછો વળી જાય છે. જે જીવો પુણ્યાનુબંધી પુણ્યના સહારાથી આત્મ કલ્યાણના માર્ગમાં આગળ વધવાનું લક્ષ રાખે છે તે જીવોને આત્મશ્રેયના માર્ગમાં આડખીલ્લ કરનારા દુઃખદાયી પ્રસંગો આવી જાય તો પણ તે પોતાની ધીરજને છોડતા નથી અને આર્તધ્યાની કે રૌદ્રધ્યાની ન બની જવાય તેની સાવચેતી રાખે છે. શુભ અધ્યવસાય દ્વારા વિષમ પ્રસંગને સમરૂપે પરિણમાવે છે. દુઃખમાંથી પણ સુખ શોધી કાઢે છે. આવેલાં કષ્ટોને પોતાના પૂર્વકૃત કર્મોનું કારણ સમજી આકુળ વ્યાકુળ થયા વિના શાંત ચિત્તે અને સમભાવે તે દુઃખોને ભોગવે છે. આ રીતે જે પ્રતિકૂળતા આવે તેમાં આત્મા પોતાની સાવધાની રાખે છે. પરિણામે તે પાપથી મુક્ત બની જાય છે. પાપોદયના કારણે આત્મસાધનામાં કોઈ વિઘ્નો આવે તો પુણ્યાનુબંધી પુણ્યોદય તે વિઘ્નોને હટાવવામાં મદદરૂપ બને છે, જ્યારે જીવના સ્વગુણો સંપૂર્ણ પ્રગટ થાય ત્યારે તે પોતે ત્યાંથી વિદાય લે છે. આ રીતે છેવટે પુણ્ય પાપના સંયોગથી જીવ સદાને માટે મુક્ત બની પરમ અને શાશ્વત શાંતિનો ભોક્તા બને છે.

પુણ્યોદયે અનુકૂળ સંયોગો મળે અને પાપના ઉદયે પ્રતિકૂળ સંયોગો મળે. આ સંયોગો જીવને સંસારના વિકટ દુઃખોથી પરેશાન કરનારા નથી પણ અનુકૂળતા કે પ્રતિકૂળતામાં થતી રાગ દ્વેષની વૃત્તિ જીવને સંસાર ચક્રમાં રખડાવી દુઃખ આપનારી બને છે. રાગ દ્વેષથી સંસાર છે. સંસારથી જન્મ મરણ છે અને જન્મ મરણથી દુઃખ છે માટે દુઃખનું મૂળ કારણ રાગ–દ્વેષ હોવાથી રાગ-દ્વેષને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આચારાંગ સૂત્રમાં કહ્યું છે **कम्मं च पडिलेहाए, कम्ममूलं च जं छणं पडिलेहिय सव्वं समायाय दोहिं अंतेहिं अदिस्समाणे तं परिन्नाय मेहावी ।।** અ. ૩. ઉ. ૧.

બુદ્ધિમાન સાધક કર્મના સ્વરૂપને જાણીને કર્મથી દૂર થવાના ઉપાયોને ગ્રહણ કરીને રાગ અને દ્વેષનો મૂળમાંથી ત્યાગ કરે. બુદ્ધિમાન સાધક રાગ અને દ્વેષને અહિતકર જાણે છે.

આ સૂત્રમાં રાગ–દ્વેષને દૂર કરવાનો ઉપદેશ આપ્યો છે. સંસારી માણસના જીવનની કદાચ એવી એક પણ પળ નહિ હોય કે જે રાગના રંગે કે દ્વેષના ધુમાડે ખરડાઈ ન હોય. ખેર, એટલું જ હોય તો હજુ એને સામાન્ય ગણી શકાય પણ એ રાગ–દ્વેષના જે પળેપળના ત્રાસ છે, એમની જે સતામણી છે એ માનવી જોઈ શકતો નથી. જ્યાં કયાંક રાગ થયો ત્યાં સતામણી ચાલુ થઈ ગઈ. પછી એ રાગ કોઈ પદાર્થનો હોય કે ઈન્દ્રિયોના વિષયો પ્રત્યેનો હોય. ગમે તે હોય. એ સાધન ન મળે ત્યાં સુધી પગમાં જોર ન આવે. મગજ ગૂમ થઈ જાય. મન બેચેન થઈ જાય. અહીં એક વાત યાદ આવે છે.

પિતાની ચિંતા દૂર કરવા દીકરીનો સાથ : એક વખત શેઠ દુકાનેથી ઘેર આવ્યા ત્યારે ખૂબ જ ઉદાસ જોઈને મા–દીકરીને થયું કે આજે શેઠ કેમ ઉદાસ છે ? છેવટે દીકરી પૂછે છે પિતાજી ! શું છે ? પણ કહેતા નથી અને આંખમાં આંસુ આવી ગયા. ત્યારે દીકરી વિચાર કરે છે કે મારા પિતાશ્રી કયારે પણ રડયા નથી.

તેમની જિંદગીમાં એક જ વાર રડયા છે. તે પણ રડવા જેવું હતું માટે પિતાજી ! આપની આંખોના આંસુનું કારણ જે હોય તે કહો. પિતાજીએ કહ્યું, દીકરી !....આટલું બોલતા બોલતા શેઠ ઢીલા થઈ ગયા. હું કંટાળી ગયો છું. કેમ કંટાળ્યા છો ? ભલે, આપને દીકરો નથી પણ હું દીકરી તો છું ને! બેટા ! તને કહીને હું શું કરું ! તું પરઘરની વસ્તી ! બાપુજી ! જે હોય તે કહો. આપણી દુકાનમાં, પેઢીમાં કેટલા બધા માણસો કામ કરે છે. જો હું દુકાનમાં હાજરી ન આપું, તેમની તકેદારી ન રાખું તો નોકરો ગોટો વાળે માટે તકેદારી રાખવી પડે છે. આપણું ઘર પણ મોટું, તેની સાફ-સૂફી માટે, કામકાજ માટે નોકરો તો ઘણાં છે. તેમની પણ તકેદારી રાખવી પડે. ન રાખીએ તો ગોટાળો વળી જાય. મારું આ દુઃખ મારે કોને કહેવું ? મારું મગજ કામ કરતું નથી. પિતાજી ! આ વાતમાં આટલા બધા ઢીલા થઇ ગયા ! બીજું કાંઇ નથી ને ? હવે આપ ઘરની ચિંતા ન કરશો. ઘરની તમામ જવાબદારી આજથી હું સંભાળીશ. ઘરના બધા નોકરો પર દેખરેખ હું રાખીશ. આપે મને પાળીપોષીને મોટી કરી તેનું ઋણ હું કાંઇ ન વાળું ? શેઠે નોકરોને બોલાવીને બધાને કહ્યું, આજથી ચાવીનો ઝુડો હું મારી દીકરીને-સોંપું છું. આજથી ઘરનો બધો કારભાર તેને સોંપું છું.. રસોઈયાએ જે ઘી, ગોળ, સાકર, લોટ, અનાજ, મસાલા જે જોઇએ તે બેન પાસે માંગાવવાના. કપડાં ધોનારે સાબુ, ભૂકી જે જોઇએ તે બેન પાસેથી માંગી લેવાના, આખા દિવસમાં કેટલું વપરાયું તેનો હિસાબ સાંજે બહેનને આપવાનો. એમાં જો જરા પણ ગરબડ થશે તો બધાની ખબર લઇ નાંખીશ. છોકરીએ તો બધે તાળા મારી દીધા.

વિધવા દીકરીને પિતાએ આપેલ આશ્વાસન : હવે બેનનો દરજ્જો વધી ગયો. કમ્મરે ચાવીનો ઝુડો લગાડી ઘરમાં ફરે છે. સવારના પાંચ વાગે ઊઠે ત્યારથી કોઇ આ માંગે, કોઇ તે માંગે. આખો દિવસ નોકરોને વસ્તુઓ આપવામાં જાય. સાંજે ડાયરીમાં બધો હિસાબ કરવા બેસે. રાતે નવ વાગે સૂવા પામે. આખા દિવસની થાકી પાકી હોય એટલે ઉંઘ તરત આવી જાય. સવારે પાંચ વાગે એટલે બેનના નામની બૂમ પડે. તે ઊઠીને કામે લાગે. આ રીતે આખો દિવસ કામમાં જાય. જરાય નવરી ન પડે. આ રીતે ૧૫ દિવસ ગયા. ૧૫ દિવસ પછી શેઠાણીએ દીકરીની જે વિશ્વાસુ દાસી હતી તેને બોલાવીને કહ્યું, તું દીકરીની જડતી લેજે. દીકરીના વિચારો જાણી લે. દાસી કહે, ભલે. વાત એમ બની છે કે આ શેઠની દીકરી પરણીને ૩ મહિનામાં વિધવા થઈ છે. માતાપિતાને તેથી ખૂબ આઘાત લાગ્યો. છેવટે શેઠે દીકરીને ખૂબ આશ્વાસન આપ્યું અને કહ્યું, તું ચિંતા ન કરીશ. આપણા ઘેર રહેજે ને ધર્મધ્યાનમાં મનને પરોવી દેજે તે જમાનામાં છોકરીઓ ફરી વાર પરણતી ન હતી. છોકરીને સાસરીમાં પૈસો ખૂબ અને પિયરમાં પણ પૈસો ઘણો. એટલે કામ કાંઈ કરવાનું નહિ.

બાળ વિધવાનું પતન : શેઠ શેઠાણીએ દીકરીને પોતાને ઘેર રાખી. દીકરીની માતા એને આરામમાં ને આનંદમાં રાખે છે. ત્યારે પિતા ઘણીવાર કહેતા–તમે દીકરીની

ખોટી દયા ન કરો. એને કોઇ ને કોઈ કામમાં રાખો. નહિતર " નવરું મન નખ્ખોદ વાળે. " પણ માતાને દીકરીની ખૂબ દયા આવતી. એટલે એને કોઈ કામ બતાવે નહિ. છોકરીને કોઇ કામ કરવાનું નહિ એટલે ઘરની બારીએ ઊભી ઊભી બહારનું દશ્ય જોયા કરે. બહારના દશ્ય જોવા મળ્યાં, ખાનપાન રોજ સારા મળે, આખો દિવસ કોઈ પ્રવૃત્તિ નહિ. એટલે તેના નવરા મનમાં વિચારનો સડો પેઠો. જ્ઞાની કહે છે કે જેને બ્રહ્મચર્ય વિશુદ્ધ પાળવું હોય તેને રોજ સારા સારા ભોજનનો, મોજશોખનો ત્યાગ કરવો પડે. તેણે કાંઇ ને કાંઈ પ્રવૃત્તિ કરતા રહેવું, પણ મનને નવરું ન પડવા દેવું. શ્રમજીવી જીવન જીવવું જેથી તેનું મન કોઇ ને કોઈ પ્રવૃત્તિમાં પરોવાયેલું રહે એટલે મનમાં ખોટા વિચારો આવે નહિ. આગળ સાંભળજો કે તે છોકરીનું પોતાનું જીવન સ્વાવલંબી ન હોવાના કારણે સુખ સંપત્તિમાં, મોજશોખમાં અને વૈભવવિલાસમાં ગળાડૂબ રહેવાને કારણે તેનું મન કેવું બગડે છે ?

નવરું મન નખ્ખોદ વાળે : કામરાગ તેને સતાવવા લાગ્યો. તેના ઈન્દ્રિયોના ઘોડા દોડવા લાગ્યા. હવે તેનું મન કાબુ બહાર ગયું. છેવટે તેણે પોતાની દાસીને બોલાવીને કહ્યું, હવે મારું મન કંટ્રોલમાં રહી શકતું નથી, માટે તું એક સારો છોકરો શોધી લાવ. દાસી આ શબ્દો સાંભળતાં ધ્રુજી ઊઠી, આ છોકરી શું બોલે છે ? મારા શેઠની આબરૂ શી ! ઇજ્જત શી ! ખાનદાન ઘરની છોકરીમાં આ વિચાર હોય ! એ વખતે તો એને શાંત પાડવા દાસીએ કહ્યું, ભલે હું શોધ કરીશ, પછી દાસીએ આ વાત શેઠાણીને કરી. શેઠાણી પણ આ વાત સાંભળતા ધ્રુજી ઊઠયા. અરે, મારી કુંખે જન્મેલી છોકરીમાં આવા ભાવ કયાંથી આવ્યા ? શેઠાણીએ શેઠને વાત કરી. શેઠ કહે, આનું કારણ તમે છો. મેં તમને પહેલેથી કહ્યું હતું કે એને નવરી ન બેસવા દો. એને કામમાં રોકો. તમે મારી વાત ન માની, તેથી વાતાવરણ બગડયું. ખેર, હવે તમે ચિંતા ન કરશો. તે માટે હું એક ફિમિયો શોધી કાઢીશ. આ છોકરીને સુધારવા માટે શેઠે પોતાથી બુદ્ધિથી ઉપાય ઘડયો હતો. હવે દીકરી આખો દીવસ કામમાં રહેતી. જરાય નવરી પડતી નહિ. એટલે શેઠાણીએ તેની દાસીને કહ્યું, હવે તું દીકરીના વિચારો જાણી લાવજે. દાસી બેન પાસે ગઈ. જઇને કહે છે બેન ! તમે થોડા દિવસ પહેલા મને કહેતા હતા તો સારો છોકરો લઈ આવું ? આ શબ્દો સાંભળતા બેનને ક્રોધ આવ્યો. અરે દાસી ! તને આ શબ્દો બોલતાં શરમ નથી આવતી ? આપણા ખાનદાન ઘરમાં આવી વાત કરતાં તને લજ્જા નથી આવતી ? મારા માતાપિતાનું કુળ કોણ ? સંસ્કારી ઘરમાં આવું છાજે ? દાસી સમજી ગઈ કે બેન ઠેકાણે આવી ગઇ છે. બ્રહ્મચર્યની રક્ષા માટે કોઈ વ્યવસાય જોઈએ.

ભગવાને એટલા માટે સંતોને સ્વાવલંબી બનાવ્યા છે. છ ખંડના સ્વામી ચક્રવર્તી પણ દીક્ષા લઈને નીકળ્યા ત્યારે પોતાનો બોજો પોતે જાતે ઉપાડતા. કેવી છે પ્રભુના શાસનની બલિહારી ! છોકરી બેશઆરામી ને પરાવલંબી બનવાથી વિષયોના રાગે તેને કેવી સતાવણી કરી ! માટે જ્ઞાનીપુરૂષોએ રાગ–દ્વેષને ત્યાજ્ય–હેય કહ્યા છે. રાગ બે પ્રકારનો. પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગ. જગતની તમામ વસ્તુઓ જડ અને ચેતન પ્રત્યે જે

રાગ વર્તે છે તે અપ્રશસ્ત રાગ છે. અપ્રશસ્ત રાગથી પાપ બંધાય છે અને પ્રશસ્ત રાગથી પુણ્ય બંધાય છે. દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો રાગ પ્રશસ્ત રાગ છે. કોઇ પણ જાતની આકાંક્ષા, દોષ રહિત દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો રાગ તે પુણ્યાનુબંધી પુણ્યનું કારણ બને છે. અનાદિકાળથી જીવનો સ્વભાવ રાગદ્વેષમાં એટલો બધો સુદૃઢ બની ગયો છે કે તે રાગ-દ્વેષને હેય માનવા છતાં પણ ત્યાગ કરી શકતો નથી, માટે રાગદ્વેષથી મુક્ત થવાને માટે સર્વપ્રથમ અપ્રશસ્ત રાગને હટાવી પ્રશસ્ત રાગનો આશ્રય લેવો જરૂરી છે. જીવને અપ્રશસ્ત રાગમાં લીન બનાવી રાખનાર મિથ્યાત્વના સંબંધને પ્રશસ્ત રાગથી તોડી શકાય છે. જે આત્મા રાગને એકાંત ત્યાગ માની રાગના ત્યાગની અવસ્થામાં પ્રશસ્ત રાગનો આશ્રય લેતો નથી તે જીવ દિનપ્રતિદિન અપ્રશસ્ત રાગની જાળમાં ફસાતો રહીને દુર્ગતિનો લોકતા બને છે. પ્રશસ્ત રાગથી જીવ કૃતજ્ઞ અને ગુણાનુરાગી બને છે. ગુણાનુરાગથી આત્માના ગુણોનું ભાન થાય છે. આત્માના ગુણોનું ભાન થવાથી તે ગુણોના રોધક તત્ત્વો પ્રત્યે તિરસ્કાર ભાવ જાગે છે. તિરસ્કાર ભાવ જાગે એટલે ગુણોના રોધક તત્ત્વોને હટાવવાનો પ્રયત્ન થાય. જેમ જેમ પ્રયત્ન કરીએ તેમ તેમ તે રોધક તત્ત્વોનો નાશ થાય અને સ્વગુણો પ્રગટ થતાં જાય. એ રીતે અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય ગુણોની પૂર્ણતા પ્રગટ થતાં આત્મા કૃતકૃત્ય બની જાય છે.

પ્રશસ્ત રાગથી બંધાતું પુણ્યાનુબંધી પુણ્ય જીવને ભવાંતરમાં મોક્ષસાધક સાધનોને પ્રાપ્ત કરાવી તે સાધનો દ્વારા સાધ્ય સિદ્ધ થાય છે. રાગ-દ્વેષનો નાશ કરવાની આજ્ઞા ફરમાવનારા ભગવંતે આપણને કહ્યું છે કે રાગ દ્વેષના નામ માત્રથી ડરવાનું નથી પણ એ જોવાનું છે કે એ રાગ પ્રશસ્ત છે કે અપ્રશસ્ત ? પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલીએ તો જીવનો બેડો પાર થઈ જાય અને આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ તો કેટલું નુકશાન થાય છે તે એક ન્યાયથી સમજાવું.

એક મોટા કરોડપતિ શેઠ હતા. એમને રહેવાનો બંગલો ખૂબ મોટો. જાણે આલેશાન ભવન જોઈ લો ! બંગલાને ફરતો વિશાળ બગીચો હતો. આ બંગલો અને બગીચાનું ધ્યાન રાખવા માણીઓ, નોકરો અને બે ચોકીયાતો રાખ્યા હતા. એક રાતનો અને બીજો દિવસનો. બંને ચોકીયાતો શેઠના બંગલાને ફરતા આંટા મારતા ને બંગલાનું બરાબર ધ્યાન રાખતા. એક વખત શેઠને લંડન જવાનું નક્કી થયું. એમની ટિકિટ પણ આવી ગઈ. એક દિવસ સવારમાં ચાપાણી પીતા હતા ત્યારે રાતનો ચોકીયાત દોડતો આવ્યો. આવીને શેઠના પગ પકડીને કહે છે શેઠજી ! આપ ત્રણ દિવસ પછી લંડન જવાના છો પણ હું આપને નહિ જવા દઉં. ચોકીયાતની વાત સાંભળીને શેઠને ગુસ્સો આવ્યો. મૂરખા...ગયા વિના ન ચાલે. અરે બેવકૂફ ! મારે લંડન જવાનું છે ને તું અપશુકન કરવા કયાં આવ્યો ? તારા જેવા અભણ માણસે મારા કાર્યમાં ડખલગીરી કરવી નહિ. ઓ મૂર્ખ ! 'ગેટઆઉટ.' તું બહાર ચાલ્યો જા.

તે સમયે તો તે જતો રહ્યો. સાંજ પડી એટલે ફરી વાર આવ્યો. શેઠના પગમાં પડીને કહે છે કે હું આપના રોટલા ખાઉં છું. આપનું લૂણ મારા પેટમાં પડયું છે. આપ મને ગેટ આઉટ કરો કે મારી નાંખો. જે કરવું હોય તે કરો પણ આપને નહિ જવા દઉં. છતાં શેઠે ચોકિયાતની વાત ન માની.

ચોકિયાત શેઠાણી પાસે ગયો. જઈને કહ્યું–બા ! આપ શેઠને ગમે તે રીતે સમજાવો. જે પ્લેનમાં જવાના છે તે પ્લેનમાં લંડન ન જવા દેશો. ભાઈ ! તું શા માટે જવાની ના પાડે છે ? એ વાત પછી તમને કહીશ. ના....એનું કારણ કહો. બા ! આજે રાત્રે મને એવું સ્વપ્ન આવ્યું છે કે શેઠ જે પ્લેનમાં જવાના છે તે પ્લેન અહીંથી થોડે દૂર ગયું ને સળગ્યું અને ધરતી ઉપર તૂટી પડયું, માટે આપ શેઠને એ પ્લેનમાં ન જવા દેશો. તો તો હું પણ કેમ જવા દઉં ? શેઠાણી આવ્યા શેઠ પાસે અને વિનંતી કરીને કહે છે, આપ પરમ દિવસે જે પ્લેનમાં જવાના છો તે પ્લેનમાં આપને જવાનું નથી. શેઠાણી ! તે દિવસે તો ત્યાં કેટલીય મિટીંગો છે. તે સિવાય ઘણું કામ છે. મારે ગયા વિના ન ચાલે. હું આપને નહિ જવા દઉં. ટિકિટ કેન્સલ કરાવી દો. ન કરે નારાયણ અને એનું સ્વપ્ન સાચું પડી જાય તો ? ત્યારે શેઠ તાડૂકીને કહે છે કે એ તો મૂર્ખ છે. તું પણ એના જેવી મૂર્ખી કયાં બને છે ? એના સ્વપ્ના કાંઈ સાચા પડતાં હશે ! હું તો જવાનો છું. તને કાંઈ ભાન છે કે નહિ ? મારા વિના ત્યાં કેટલું કામ અટકી જશે ? તમે બધા મારી મુસાફરીને શું ત્રણ પત્તાની રમત સમજો છો ? શેઠ તો ખૂબ ગરમ થઈ ગયા પણ શેઠાણીએ હઠ પકડી કે ગમે તેટલું નુકશાન થાય તો ભલે થાય. જે થવું હોય તે ભલે થાય.... પણ હું તમને નહિ જવા દઉં; છતાં જો આપ જશો તો હું અન્ન પાણીનો ત્યાગ કરીશ. હવે શેઠ શું કરે ? પેલા ચોકિયાતને ગેટ આઉટ કર્યો પણ શ્રીમતીજીને કંઈ ગેટઆઉટ કરાય ? (હસાહસ) ચોકિયાતનું કહ્યું ન માન્યું પણ શ્રીમતીજીનું કહ્યું તો માનવું પડે ને ! એમની આજ્ઞાનો સ્વીકાર કરવો પડે ને ! શેઠાણીના હઠાગ્રહની પાસે શેઠને નમતું મૂકવું પડયું, છેવટે શેઠને ટિકિટ કેન્સલ કરાવવી પડી.

ત્રીજે દિવસે પ્લેન ઉપડયું. થોડે દૂર ગયું ત્યાં ટાંકી ફાટી જવાથી પ્લેન જમીન પર પડયું. પ્લેનમાં બેઠેલા બધા માણસો મરી ગયા. રેડિયા પર સમાચાર આવી ગયા. ત્યાં તો બીજે દિવસે પેપરમાં સમાચાર ઝળકયાં ! આ સમાચાર વાંચતા શેઠનું આખું કુટુંબ આનંદમાં આવી ગયું. શેઠના દીકરાઓ કહે છે ભાઈ ચોકિયાત ! તેં તો અમારા પિતાજીની જિંદગી બચાવી લીધી. શેઠાણી કહે ભાઈ ! તેં તો મારા પતિને બચાવીને મારો સૌભાગ્યનો ચાંદલો અમર રખાવ્યો છે. આખા કુટુંબને, સગાસ્નેહીઓને ખૂબ આનંદ થયો પણ જે પ્લેનમાં બિચારા મરી ગયા એમના પત્ની, પરિવારનું શું થશે ? એનું કોઇના દિલમાં દુઃખ થયું ? ના, ના. આખો સંસાર સ્વાર્થનો સીમાડો છે.

શું રાતનો ચોકિયાત રાતે ઊંઘે ? : શેઠ મોટા મિલમાલિક હતા. બીજે દિવસે પોતાના દુકાનના, મિલના, ઘરના બધા માણસોને અને પોતાના સગાં-સ્નેહીઓને બોલાવ્યા. બધાને ભેગા કરીને ચોકીયાતે પોતાના પ્રાણ બચાવ્યા તે બદલ ખૂબ પ્રશંસા કરી. બીજા લોકોએ પણ એની પ્રશંસા કરી. શેઠે તેને ફૂલહાર પહેરાવી ૫૦૦૦ રૂપિયાનો ચેક તેના હાથમાં મૂકયો. સાથે સાથે એને નોકરીમાંથી કાયમ માટે ડિસમીસ કરવામાં આવે છે એમ જાહેર કર્યું. ત્યાં બધા એક સાથે બોલી ઊઠયા કે આ શું ? આમ કેમ ? જેણે શેઠને બચાવ્યા તેનો ઉપકાર તો જિંદગીમાં ન ભૂલવો જોઈએ. ચોકિયાત તો આ સાંભળીને રડવા લાગ્યો. મારો શું વાંક ગૂનો ? વાંક ગૂનો કાંઈ નહિ. આ તમારો ચેક ને ફૂલહાર પાછા લઈ લો. મારે નોકરીમાંથી છૂટા થવું નથી. આપ મને કાયમ માટે પાછો નોકરીમાં સ્વીકારી લો, એવી મારી નમ્ર વિનંતી છે; ત્યારે શેઠે કહ્યું– ભાઈ ! તેં મારા પ્રાણ બચાવ્યા તે બદલ તારો ઉપકાર માનીને તારો સત્કાર કરીને રૂા. ૫૦૦૦ નો ચેક લખી આપ્યો, પણ મારી તને આજ્ઞા શી હતી ને તેં શું કર્યું ? મારી આજ્ઞા એ હતી કે આખી રાત એક પણ ઝોકું ખાધા વગર ખડે પગે ચોકી કરવાની. ત્યારે તું કહે છે કે મને આવું સ્વપ્ન આવ્યું ? તો તું કહે કે સ્વપ્ન કયારે આવે ? તું ઊંઘ્યો હોય તો સ્વપ્ન આવે ને ! રાતના ચોકિયાતથી ઊંઘાય ખરૂં ? આ રીતે આખી રાત જાગવાની મારી આજ્ઞાનો તેં ભંગ કર્યો છે. આજ્ઞાનો ભંગ કરીને થતો કોઈપણ લાભ મારા માટે નકામો છે. ભલે, તેં મારા પ્રાણ બચાવ્યા, એ બદલ મેં તારો ઉપકાર માનીને તારો સત્કાર કર્યો પણ મારી આજ્ઞાનો ભંગ કર્યો એના દંડરૂપે હું તને નોકરીમાંથી કાયમ માટે રજા આપું છું.

દેવાનુપ્રિયો ! આજ્ઞાપાલનનું કેટલું મહત્વ છે એ તમે સમજ્યા ને ? ચોકિયાતે શેઠની આજ્ઞાનો ભંગ કર્યો તો શેઠે એને કાયમ માટે નોકરીમાંથી રદ્દ કર્યો. આ વાત આપણે પણ સમજવાની છે. શેઠ તે આપણા તીર્થંકર પ્રભુ અને ચોકિયાત સમાન આત્મા. જયારે અમે દીક્ષા લઈએ ત્યારે પ્રભુને કોલ આપીએ છીએ કે હે પ્રભુ ! હું આપની આજ્ઞા પ્રમાણે ચાલીશ. વીતરાગ આજ્ઞા એ જ અમારું જીવન છે. એ જ અમારો શ્વાસ અને પ્રાણ છે. જમાલીએ ભગવાનની આજ્ઞા ન માની ને તેમનાથી અલગ થયા અને ભગવાનના વચન ઉથલાવ્યા તો મરીને કિલ્વિષી દેવ થયા. જે ભગવાનની આજ્ઞાનું પાલન કરતા નથી તેનો અનંતો સંસાર વધે છે. પ્રભુની આજ્ઞાનું પાલન કરવામાં જીવને મહાન ફળની પ્રાપ્તિ થાય છે.

દરિયાના પેટાળમાં પડેલા રત્નો લેવા માટે મરજીવાઓ જયારે દરિયામાં ઉતરે છે ત્યારે તેઓને પ્રાણવાયુ લેવામાં તકલીફ ન પડે તે માટે એક ચોક્કસ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે છે. ઉપર રહેલા વહાણમાંથી એક લાંબી નળી મરજીવાના શરીર સાથે જોડવામાં આવે છે. તેનો એક છેડો વહાણમાં રહેલા પંપયંત્ર સાથે જોડાયેલો હોય છે. આ પંપયંત્ર પાસે એક માણસને બેસાડવામાં આવે છે. તે માણસ આ પંપ-

યંત્ર દ્વારા મરજીવાને પ્રાણવાયુ પહોંચાડતો રહે છે. એક દિવસ એક મરજીવાને દરિયામાં ઉતરવાનો પ્રસંગ આવ્યો. બધી તૈયારી કરી લીધી પણ પંપયંત્ર પાસે જે માણસ બેઠો હતો તેને જોઈને મરજીવાએ દરિયામાં ઉતરવાનો ઇન્કાર કરી દીધો. કેપ્ટન કહે– કેમ ભાઈ ? હવે ના પાડો છો ? જુઓ સાહેબ ! પંપયંત્ર પાસે આ જે માણસ બેઠો છે તેની સાથે મારે થોડા દિવસ પહેલા અણબનાવ થયો છે. હું દરિયામાં ઉતરું અને આ માણસ પંપયંત્ર બંધ કરી દે તો તો મારું મોત જ થઈ જાય, માટે હું આવું જોખમ ખેડવા તૈયાર નથી. એ માણસને તે સ્થાનેથી ઉઠાડી મૂકો તો હું નીચે ઉતરું. જેના હાથમાં આપણી જીવનદોરી હોય તેની સાથે આપણો સંબંધ તો સારો હોવો જોઈએ.

આ કેવી સરસ મજાની બોધપ્રદ વાત છે. આપણા જીવનના તમામ સુખ, શાંતિ, સમાધિ વગેરેનો મુખ્ય આધાર હોય તો તે છે જિનાજ્ઞા. શ્રી જિનેશ્વર ભગવંતો, ઉપકારી ગુરૂદેવો અને આરાધનામાં સહાયક બનતા સ્વધર્મીઓ આ બધાની સાથે આપણો સંબંધ કેવો હોવો જોઇએ ? આપણે અનંતકાળથી રખડી રહ્યા છીએ તેનું મૂળ કારણ આ છે કે આપણા તારક જિનેશ્વરની જિનાજ્ઞા સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. દુર્ગતિમાં વેઠેલા તમામ દુઃખો અને જીવનમાં ફાલીફુલીને તગડા બનેલા અગણિત પાપો એ બધાનું મુખ્ય કારણ આ જ હતું.

નિગોદમાં અનંતા જીવોની સાથે જ્યારે આપણે કેદ પૂરાયા હતા ત્યારે પણ તારક તીર્થંકર પ્રભુએ આપણી વાસ્તવિક હિત ચિંતા કરેલી. આપણા આત્માએ મનુષ્ય ભવમાં આવીને ભોગમાં ભાન ભૂલી અને મોહમાં મસ્ત બનીને ન કરી પરલોકની ચિંતા ! ન નજરમાં આવ્યા દુર્ગતિનાં દુઃખો, ન વિચાર્યા પાપ કર્મના કટુ વિપાકો, જગતને ખુશ કરવા જગતપતિની સામે પડયા. રાગીઓની આજ્ઞા ખાતર વીતરાગની આજ્ઞાને નેવે મૂકી. પાપક્રિયાઓનો ક્ષણિક આનંદ મેળવવા ખાતર તારક ધર્મક્રિયાઓની ઠેકડી ઉડાવી ! ઇન્દ્રિયોના વિષયો પાછળની આંધળી દોટથી સંયમી જીવનની ઉપેક્ષા કરી. આ રીતે જીવે ભગવાનની આજ્ઞાનો અનાદર કર્યો છે.

આપણે વાત ચાલતી હતી કે પ્રશસ્ત રાગ અને અપ્રશસ્ત રાગની. દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો રાગ પ્રશસ્ત છે, એવા દેવ અરિહંત ભગવાનની આજ્ઞામાં આપણું શ્રેય રહેલું છે. પ્રશસ્ત રાગ એ વીતરાગી દશા પામવાનો ઉપાય છે. એનાથી નિર્જરા પણ થાય, નિર્જરા ન થાય તો વીતરાગ દશા શી રીતે પમાય ? વીતરાગ દશા પામ્યા વિના મુક્તિ નથી. **" જો વીતરાગને રાગ થાય તો વીતરાગ નહિ અને આપણને પ્રશસ્ત રાગ ન થાય તો ધર્મી નહિ. "** માટે જે અપ્રશસ્ત રાગ–દ્વેષ છે તેને પ્રશસ્ત બનાવવાની મહેનત કરવાની છે. અપ્રશસ્ત રાગદ્વેષવાળા જીવની દશા એ આત્માની બિમારી રૂપ છે. તેની જડ આ આત્મામાં એટલી બધી દૃઢ બની ગઈ છે કે તેનો જડમૂળથી નાશ કરવો અશકય નથી પણ અત્યંત મુશ્કેલીનું કામ તો છે જ. તે માટેનો પ્રયત્ન શરૂ કર્યો કે તરત તે નાશ થઈ જતા નથી. તે માટે તો કેટલા દીર્ઘકાળ સુધી પુરૂષાર્થ ચાલુ

રાખવો પડે છે. આ માટે એક ભવમાં પુરૂષાર્થ કરવાથી સફળતા મળી જતી નથી. તે માટે બીજા ભવોમાં પણ પુરૂષાર્થ કરવો પડે છે. કઠીન લોખંડના ટુકડાને કાપવા માટે મજબૂત ઘણના કેટલાય ઘા મારવા પડે છે ત્યારે તે કપાય છે. કોઇ વ્યક્તિ બે ચાર ઘણના ઘા મારે અને પછી કહે કે કપાતું નથી, તો લોખંડના ટુકડાને કાપવા માટે બે ચાર ઘા કામ નહિ આવે. ત્યાં નિરાશ થઈને બેસી જવાથી તે લોખંડના ટુકડા થઈ શકતા નથી. તે માટે તો ઘા મારવાનો પુરૂષાર્થ ચાલુ રાખવો પડે છે, તેવી રીતે રાગ–દ્વેષની વૃત્તિઓને હટાવવા માટે લાંબા સમય સુધી આત્માએ પ્રયત્ન ચાલુ રાખવો પડે છે. પાછળથી થતાં ઘણના ઘાથી લોખંડના ટુકડા થઈ ગયા પણ તેથી એમ ન માની શકાય કે પહેલાં કરેલા ઘણના ઘા નકામા છે. લોખંડના ટુકડા કરવામાં પહેલા કરેલા ઘા નો હિસ્સો રહેલો છે. તે રીતે છેલ્લા ભવમાં રાગ-દ્વેષને હટાવવાના જે પ્રયત્નો કર્યા તેનાથી રાગ–દ્વેષ નાશ થયા પણ તે રાગ–દ્વેષ ક્ષય થવામાં આગળના ભવમાં કરાયેલા પ્રયત્નોનો પણ હિસ્સો હોય છે. તે પ્રયત્ન કાંઈ નિષ્ફળ જતા નથી.

જ્યાં સુધી આત્મા પર મિથ્યાત્વ અને અજ્ઞાનનો ગાઢ અંધકાર છવાયેલો છે ત્યાં સુધી આત્માને રાગ–દ્વેષ હોય છે, ત્યાજ્ય છે, એ સમજાતું નથી, પરિણામે તે આત્માનું પરિભ્રમણ અટકતું નથી.

राग दोसे य दो पावे, पापकम्म पवत्तणे ।
जे भिक्खू रुंभइ निच्चं, से न अच्छइ मंडले ॥ ઉત્ત. અ. ૩૧. ગા. ૩

પાપકર્મમાં પ્રવૃત્તિ કરાવવાવાળા રાગ–દ્વેષ એ બે પાપ છે તેને જે સાધુ હંમેશા રોકે છે. તે આત્મા સંસારમાં પરિભ્રમણ કરતા નથી. અપ્રશસ્ત રાગ- દ્વેષ એ પાપની પ્રવૃત્તિ કરાવે છે માટે હેય છે, પ્રશસ્ત રાગ–દ્વેષથી પાપ બંધાતું નથી, પણ કર્મની નિર્જરા થાય છે. આવો રૂડો મનુષ્ય ભવ અને વીતરાગનું વિરાટ શાસન પામીને અપ્રશસ્ત રાગ-દ્વેષને દૂર કરી તેને પ્રશસ્ત બનાવવાનો પુરૂષાર્થ કરવાનો છે. વીતરાગી બનવા માટે તો છેલ્લે એ રાગ પણ છોડવાનો છે-પણ જ્યાં સુધી એ કક્ષાએ પહોંચ્યા નથી ત્યાં સુધી પ્રશસ્ત રાગ જરૂરી છે. એ રાગ વીતરાગી પદ સુધી પહોંચાડે છે. આત્માનું શ્રેય કરાવનાર સારી વસ્તુ તરફ રાગ થાય એટલે આત્માનું ખરાબ કરાવનાર સામગ્રી તરફ અણુ-ગમો પેદા થયા વિના ન રહે. સાધક વસ્તુ ઉપર રાગ થાય એટલું એનું આચરણ કરવાનું મન થાય અને બાધક વસ્તુઓ ઉપર અણુગમો થાય એટલે એનાથી દૂર થવાય. એ રીતે કરતા સાધ્યની સિદ્ધિ થાય. પ્રશસ્ત રાગ નહિ કેળવાય તો અપ્રશસ્ત રાગ તો મા૨ મારી રહ્યો છે. અપ્રશસ્ત રાગ તો બધી ગતિઓમાં છે, અપ્રશસ્તમાંથી પ્રશસ્ત રાગ કેળવવાનું અમૂલ્ય કામ આ માનવભવ સિવાય બીજે કયાંય નહિ થાય. અનાદિ અનંત કાળથી જીવ સંસારમાં ભટકી રહ્યો છે તેનું કારણ એ છે કે, અપ્રશસ્તરાગને છોડીને પ્રશસ્ત રાગને પકડ્યો નથી માટે જે વસ્તુઓ તરફ અણુગમો પેદા થવો જોઇએ તે વસ્તુઓ તરફ

અણુગમો પેદા થયો નથી, માટે સંસારમાં રખડપટ્ટી ચાલુ છે. પ્રશસ્ત રાગ શું કરે ? સંસારમાં રખડાવનાર વસ્તુઓને છોડીને જે આદરવા યોગ્ય આચરણ હોય તે કરાવે. તેથી સંસારમાં ભમવાપણું બંધ થાય. પરદેશી રાજાને પહેલાં સૂરીકંતાનો, રાજયનો કેટલો રાગ હતો. એ રાગ અપ્રશસ્ત હતો પણ કેશી સ્વામીનો સમાગમ થયો દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે રાગ થયો. અપ્રશસ્ત રાગને છોડીને પ્રશસ્ત રાગ દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે જગાડયો તો તેના પ્રભાવે એકાવતારી બની ગયા. જો પ્રશસ્ત રાગ દેવ, ગુરૂ, ધર્મનો ન થયો હોત તો સંસારનો અપ્રશસ્ત રાગ તેને દુર્ગતિમાં લઇ જાત. પ્રશસ્ત રાગે દુર્ગતિ અટકાવી, ભવકટ્ટી કરાવી અને સુગતિ-દેવગતિમાં મોકલી એકાવતારી બનવાની ટિકિટ ખરીદી આપી. તેમની રખડપટ્ટી બંધ થઇ ગઈ. પ્રશસ્ત રાગ-દ્વેષ જો બરાબર કેળવાય તો સંસારનો અંત હાથ વેંતમાં છે ને તેનો મોક્ષ નજીક છે. પ્રશસ્ત રાગ એ રાગીમાંથી વીતરાગી બનવાનો માર્ગ છે.

પ્રશસ્ત રાગ-દ્વેષ એ અપ્રશસ્ત રાગ-દ્વેષ રૂપ બિમારીના ઔષધ રૂપ છે. શ્રી જિનેશ્વર ભગવંતે જેને હેય કહી તે વસ્તુઓ તરફ અણુગમો (દ્વેષ) અને ઉપાદેય વસ્તુઓ તરફ રાગ કેળવાશે એટલે અપ્રશસ્ત રાગ-દ્વેષ ભાગવા લાગશે, જેમ કે સંસાર હેય લાગે, તેના પ્રત્યે દ્વેષ થાય તો સંયમ ઉપાદેય લાગે, તેના પ્રત્યે રાગ થાય. એ રીતે ધન હેય લાગે તો ધર્મ ઉપાદેય લાગે. ક્રોધ, માન, માયા, લોભ તરફ અણુગમો થાય તો ક્ષમા, વિનય, સરળતા, નિર્લોભતા, સંતોષ તરફ રાગ થાય. તે જીવનમાં ઉપાદેય લાગે. પ્રશસ્ત રાગ-દ્વેષ એ અપ્રશસ્ત રાગ-દ્વેષના ઔષધ સમાન છે. આપણને તાવ, શરદી આદિ કોઈ બિમારી આવી, તે માટે દવા (ઔષધ) કરી તો શાતાવેદનીયનો ઉદય હોય તો બિમારી મટી જાય, અને બળ, શક્તિ આવી જાય; પછી ઔષધની જરૂર ન રહે, ઔષધની જરૂર કયાં સુધી ? બિમારી જાય અને શક્તિ આવે ત્યાં સુધી. પ્રશસ્ત રાગ-દ્વેષના યોગે જે આરોગ્ય અને બળ પ્રાપ્ત થાય તે એવું પ્રાપ્ત થાય કે જે કદી પણ જાય નહિ. જેમાં કદી ઉણપ આવે નહિ. ફરી બિમારી આવે જ નહિ કે જેથી ઔષધ લેવાનું રહે. સંસારના પરિભ્રમણ રૂપ બિમારી કાઢવા માટે અને આત્માના બળને પ્રગટાવવા માટે આ પ્રશસ્ત રાગ-દ્વેષ રૂપ ઔષધ લેવાની જરૂર છે. કહ્યું છે કે—

जं बद्धमिंदिएहिं चउहिं कसाएहिं अप्प सत्थेहिं ।
रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि ।।

આ ગાથા દ્વારા કેટલી વાતો સ્પષ્ટ થાય છે. ઇન્દ્રિયો, કષાયો, યોગો અને રાગ-દ્વેષ સામાન્ય રીતે સંસારના કારણો હોવા છતાં પણ જો તેનો ઉપયોગ કરતા આવડે તો ઉપકારક પણ બને છે. અર્થાત્ મોક્ષના કારણો પણ બની શકે છે. અપ્રશસ્ત ઇન્દ્રિયોથી, અપ્રશસ્ત કષાયોથી, અપ્રશસ્ત યોગોથી અને અપ્રશસ્ત રાગ-દ્વેષથી અશુભ કર્મો બંધાય છે. જ્યારે પ્રશસ્ત ઇન્દ્રિયો, કષાયો, યોગો અને રાગ-દ્વેષથી અશુભ કર્મોનો બંધ થતો નથી, પણ અનંતા કર્મોની નિર્જરા થાય છે. કાં તો કર્મોની નિર્જરા સાથે શુભ બંધ

થાય છે માટે જો વીતરાગ બનવું છે તો અપ્રશસ્ત રાગ-દ્વેષને છોડીને પ્રશસ્ત રાગ કેળવો.

આ માનવ જીવન પામીને જો રાગાદિ મળોને મોળા પાડ્યા વિના મરણને શરણ થઈ એ તો એના જેવી અફસોસની વાત બીજી કઈ હોઈ શકે? રાગાદિ ભાવોને માંદા પાડવાના બે રસ્તા છે. એક રસ્તો એ છે કે જગતપતિને ઓળખી લે અને બીજો રસ્તો જગતને એના સાચા સ્વરૂપમાં ઓળખી લો. જગતપિતા પરમાત્મા પ્રભુનું વીતરાગ-સ્વરૂપ જો બરાબર સમજાઈ જાય તો એ વીતરાગતા પ્રાપ્ત કરવાની તીવ્ર તાલાવેલી જાગશે. એ તમન્ના જાગી એટલે રાગાદિ ભાવોને પ્રચંડ ધક્કો વાગી જશે. પ્રભુના ગુણો તરફ દૃષ્ટિ કરીશું તો આપણા અવગુણો બધા દેખાવા લાગશે. કયાં પ્રભુની અનોખ ક્ષમા અને કયાં મારા જીવનમાં ભરેલો ક્રોધ! કયાં પ્રભુની સમતા અને કયાં મારી મમતા! આ રીતે સરખામણી કરતાં તેમના ગુણો પ્રત્યે રાગ થશે.

બીજો માર્ગ છે જગતના વિનાશી સ્વરૂપને વિચારો. આ આખું જગત પરિવર્તનશીલ છે. તેમાં પળે પળે પલ્ટાવાપણું છે. જ્યાં બંગલા દેખાતા હતા ત્યાં થોડીવારમાં ખંડિયેર મકાનનું દર્શન થશે. અરે, આજે શરીરની જે શોભા દેખાય છે તે બીજે દિવસે નથી દેખાતી. સનતકુમાર ચક્રવર્તીનું શરીર કેવું સુંદર હતું કે જેના રૂપની દેવલોકમાં પ્રશંસા થઈ, તે શરીર બીજે દિવસે સોળ રોગોથી ઘેરાઈ ગયું. આ રીતે જો જગત પ્રત્યે વિનાશી, વિનશ્વરતાના ભાવ આવે તો એના પ્રત્યેનો રાગ સહજ રીતે ઓછો થઈ જશે. આ રીતે તેના રાગાદિ ભાવો માંદા પડશે તો તે જગતથી વધુને વધુ દૂર જતો થશે અને જગતપિતાની નજીક થશે. એક દિવસ એ આત્મા પોતે જગદીશ્વર બની શકશે. એ પદને પામવા માટે પંદરનું ઘર રૂમઝૂમ કરતું આવી રહ્યું છે. તે એલાન આપીને જગાડે છે કે હે જીવો! હવે જાગો. સોળભથ્થુ કરવા માટે આવતી કાલથી મંગલ શરૂઆત કરો. અનંત કાળથી આપણા માથે કર્મનું કરજ પડેલું છે. એ કરજને ચૂકવવા, એમાંથી મુક્ત થવા માટે તપ એ રામબાણ ઔષધિ છે. આ તક ફરી ફરીને નહિ મળે. આપ હૈયામાં ઉલ્લાસ-ઉર્મિ જગાડો અને તપ સાધનામાં ઝૂકી જાવ. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

શ્રાવણ વદ ૫ ને સોમવાર : વ્યાખ્યાન નં-૩૪ : તા. ૫-૮-૮૫

અનંત કરૂણાસાગર ભગવંતે ઉપાસકદશાંગના ભાવો આપણી સામે રજૂ કર્યા. આનંદ ગાથાપતિ ઉલ્લાસભેર ભગવાનને વિધિપૂર્વક વંદન કરે છે. દરેક ક્રિયા જો વિધિપૂર્વક હોય તો એનાથી લાભ મળે અને અવિધિથી થાય તો દુઃખ ઊભું થાય. પાણી જો વિધિથી પીવાય તો તરસ શાંત થાય અને કોઈ એમ વિચાર કરે કે વારે ઘડીએ પીવું એના કરતાં નદીમાં જઈને ઝાઝું પાણી પી લઉં; તો તે જીવે કે મરી જાય? વિધિથી પાણી પીવાય તો માનવી જીવી શકે અને અવિધિથી પીવે તો ડૂબી

જાય. તમે દવા લાવ્યા. ડૉક્ટરે કહ્યું કે તમે ચાર કલાકે એક ડોઝ લેજો. એ રીતે દિવસમાં ત્રણ વાર દવા પીવાની. ત્રણ વાર પીવાને બદલે એક વાર પી જાવ તો સુખને બદલે દુઃખ વધે; દવા વિધિથી પીવાય તો રોગ મટે.

આનંદ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને તિક્ખુત્તોનો પાઠ ભણીને વંદન કરે છે. તિક્ખુત્તો એટલે ત્રણ વાર, આયાહિણં–બે હાથ જોડી ડાબા કાનથી જમણા કાન સુધી–આવર્તન, પયાહિણં–પ્રદક્ષિણા કરીને, વંદામિ–હે પ્રભુ ! હું આપને વંદન કરું છું. આપના ગુણોનું સ્તવન કીર્તન કરું છું. નમંસામિ–બે હાથ, બે પગ અને મસ્તક એ પાંચ અંગ નમાવીને નમસ્કાર કરું છું. સક્કારેમિ–સત્કાર કરું છું. સમ્માણેમિ–સન્માન કરું છું. સક્કારેમિ અને સમ્માણેમિ આ બે શબ્દો દેખાવમાં, અર્થમાં સરખા દેખાય છે, પણ બંનેમાં ફરક છે. શો ફરક છે ? આપને ખબર છે ? દેખાવમાં સરખા લાગે પણ ભાવમાં તફાવત ઘણો છે. સક્કારેમિ ગુરૂ પધારે ત્યારે આપ ઉભા થઈ સાત આઠ પગલા તેમના સામા જઈ પધારો ગુરૂદેવ પધારો. આજે મારું જીવન ધન્ય બન્યું છે, હું કૃતાર્થ થયો છું. આ રીતે આદર, સત્કાર આપવો એનું નામ સક્કારેમિ–સત્કાર કરવો. સમ્માણેમિ આપના ઘેર ગુરૂ ભગવાન પધાર્યા. તેમને ૪૨, ૪૭, તથા ૯૬ દોષરહિત નિર્દોષ આહાર પાણી વહોરાવો, તે તેમનું સન્માન કર્યું કહેવાય. બાર વ્રતમાં ૧૧ વ્રત સ્વતંત્ર છે. ૧૨ મું વ્રત પરતંત્ર છે.'' અતિથિ સંવિભાગ.'' જેની આવવાની કોઈ તિથિ ન હોય તેનું નામ અતિથિ. ૧૧ વ્રત ધારો ત્યારે કરી શકો, પણ બારમું વ્રત ધાર્યું ન થાય. તમારી ભાવના વહોરાવવાની હોય પણ અંતરાય તૂટી હોય તો લાભ મળે. આ રીતે નિર્દોષ આહાર પાણી ઉત્કૃષ્ટ ભાવે વહોરાવવા તેનું નામ સન્માન. ભગવાન કહે છે કે જેના મહાન ભાગ્યોદય હોય, તેને સુપાત્રદાન દેવાનો અવસર મળે. ઉત્કૃષ્ટ ભાવે દાન દેવાથી અનંતા કર્મોની નિર્જરા થાય છે. કલ્લાણં–આપ કલ્યાણ રૂપ છો. મોક્ષનો માર્ગ બતાવનાર હોવાથી કલ્યાણ રૂપ છો. મંગલમ્–આપ મંગલ રૂપ છો. દેવયં–આપ દેવ સ્વરૂપ છો. ચેઈયં–આપ વિશિષ્ટ જ્ઞાનવાન છો. પજ્જુવાસામિ–હું વિનયપૂર્વક આપની સેવા કરું છું.

આનંદ ગાથાપતિ આ રીતે ભગવાનને ત્રણ વાર વંદન નમસ્કાર કરી ભગવાનની દેશના સાંભળવા બેઠા. જિતશત્રુ રાજા પણ ત્યાં બેઠા છે. આનંદ ગાથાપતિ તો હજુ પહેલી વાર ભગવાનની દેશના સાંભળવા આવ્યા છે. જ્યાં તીર્થંકર ભગવાનના મુખમાંથી અમીધારા વરસતી હોય ત્યાં શી ખામી હોય ! ભગવાનની દેશના સર્વ જીવો પર સમાન ભાવથી વરસતી હોય છે. આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે કે **''जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ ।''** સાચા ઉપદેશક જેવો ઉપદેશ ઐશ્વર્યસંપન્ન વ્યક્તિને આપે છે તેવો ઉપદેશ સામાન્ય રંકજનોને આપે છે. જેવા ભાવથી તે નિર્ધનને આપે તેવા ભાવથી ઐશ્વર્યવાનને આપે છે. તેમની દૃષ્ટિમાં અમીર, ગરીબ, ઊંચ, નીચ, રાજા, રંક, ધની, નિર્ધન, છૂત, અછૂત, પાપી કે ધર્મી કોઈ

ભેદભાવ નથી હોતો. તેમનો ઉપદેશ આપવાનો ઉદ્દેશ જનકલ્યાણ કરવાનો હોય છે. જેને કોઈ જાતની ઈચ્છા નથી તેમને મન રાજા અને રંક બંને સમાન છે. સાચા સાધુ રાજા-રંક, અમીર-ગરીબના ભેદોથી પર હોય છે. આગમમાં અનાથી મુનિની વાત આવે છે. તે યુગના એક મહાન ઐશ્વર્યસંપન્ન, શક્તિશાળી સમ્રાટ શ્રેણિક રાજાને પણ અનાથ કહેતા અનાથી મુનિ જરા પણ અચકાયા નહિ અને નિર્ભયતાથી શ્રેણિક રાજાની અનાથતાને સિદ્ધ કરી બતાવી.

આનંદ ગાથાપતિને ભગવાનની વાણી સાંભળવાનો તલસાટ જાગ્યો છે. જ્યારે કકડીને ભૂખ લાગી હોય ત્યારે કોઇ રોટલો ને છાશ આપે તો પણ મીઠા લાગે. આનંદને વાણી સાંભળવાની ભૂખ લાગી છે. તેમના હૈયામાં સાંભળવાનો ઉલ્લાસ છે. ભગવાનની દેશના સાંભળવા ૧૨ પ્રકારની પર્ષદા આવી છે. દેવદેવીઓ ત્યાંના નાટયારંભ-આનંદ પ્રમોદ છોડીને ભગવાનની દેશના સાંભળવા આવ્યા. તેમને નાટકો કરતાં ભગવાનની વાણીની વિશેષતા વધારે લાગે છે. આનંદ ગાથાપતિના મનમાં અપૂર્વ આનંદ છે. આજે ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે મને ભગવાનની વાણી સાંભળવા મળશે. ભગવાને વિશાળ પરિષદમાં ધર્મકથા કહી. ધર્મ કોને કહેવાય ? "वत्थु सहावो धम्मो" વસ્તુનો સ્વભાવ તેનું નામ ધર્મ. પોતાના સ્વભાવમાં રહે તે ધર્મ. ધર્માસ્તિકાયનો ધર્મ ચલણ સહાયનો, અધર્માસ્તિકાયનો ધર્મ સ્થિર સહાયનો, આકાશાસ્તિકાયનો ધર્મ અવગાહનદાનનો, પુદ્ગલાસ્તિકાયનો ધર્મ સડન પડન વિધ્વંસનનો, કાળનો ધર્મ વર્તનાલક્ષણ અને જીવાસ્તિકાયનો ધર્મ ઉપયોગ.

આનંદ ગાથાપતિ વિવેકપૂર્વક વાણી સાંભળી રહ્યા છે. જિનવાણી સાંભળવી હોય તો સૌ પ્રથમ વિવેક જોઇએ. વિવેક એટલે વહેંચણી. આમાં મારું હિત છે ને આમાં અહિત છે. સાચા-ખોટાના, હિત અહિતના વિભાગ કરાય તેનું નામ વિવેક. જેમ હંસ દૂધપાણી ભેગા હોય તો પણ અલગ કરી દૂધનો ભાગ લઈ લે ને પાણીને છોડી દે. આ રીતે આત્માના હિત અને અહિતને અલગ પાડી હિત ગ્રહણ કરે અને અહિતને છોડી દે. આવો વિવેક આવે એટલે હિતકારી કાર્યનો રસ અને પ્રવૃત્તિ તથા અહિતકારી કાર્યો પ્રત્યે ઘૃણા અને ત્યાગ લાવવો કઠીન નથી. વિવેક એ દશમો નિધિ છે. ગમે તેવો કોયડો હોય પણ તેનામાં વિવેકબુદ્ધિ હોય તો કોયડો સહેલાઇથી ઉકેલી શકાય છે. જેનામાં વિવેક નથી તે આત્મા દુઃખી થાય છે અને વિવેક છે તે આત્મા ગમે ત્યાં જાય પણ બધે પૂજાય છે.

જડ ચૈતન્યનું ભેદવિજ્ઞાન કરે તેનું નામ વિવેક. હિતાહિતની વહેંચણી કરવી તેનું નામ વિવેક. દયા, દાન, શીલ, સદાચાર, સંતસેવા વગેરે આત્માને હિતકારી તત્ત્વો છે. એટલે એના પ્રત્યે હૈયાનું આકર્ષણ થાય, એમાં રસ હોય, આ તત્ત્વોની સાધનામાં મારા ભાવિ જીવનની સલામતી છે એવો અખૂટ વિશ્વાસ હોય. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય, પરિગ્રહ એ પાંચ મોટા પાપ, બીજા કષાયોના પાપ, રાગ દ્વેષ, ક્લેશ,

ઇર્ષ્યા, દુન્યવી પદાર્થોની તૃષ્ણા, મમતા, આસક્તિના પાપ આ બધા આત્માને અહિતકારી છે, એટલે એના પ્રત્યે નફરત થાય, મનમાં આકુળતા–વ્યાકુળતા થાય. આ દોષોના સેવનથી પરલોકનો ભય રહે. આત્માના હિત અહિતનો અંતરમાં સાચો વિવેક જાગે તો શક્ય એટલી હિતની પ્રવૃત્તિ હોંશથી અને રસથી કરે અને શક્ય એટલા અહિતનો ત્યાગ થાય.

ધર્મ સાધના અને ત્યાગ નિયમનો મૂળ પાયો હિતાહિતનો વિવેક છે

વિવેકથી આ સાધના મારા માટે હિતકર છે, મને તારણહાર છે, એવો હિતનો ખ્યાલ આવે તો એ સાધના કરવાનો રસ જાગે. આહ્લાદ–ભાવ જાગે અને એ સાધના કરવાનું મન થાય. તમારા સંસારમાં પણ દરેક કાર્યમાં વિવેકની જરૂર છે. સંસારમાં એવો વિવેક છે કે પૈસા હોય તો ઘર ચાલે. જો પૈસા ન હોય તો ભીખ માંગવી પડે. આવો વિવેક જાગ્યો તો પૈસા મેળવવા ધંધો કરવાનો કેટલો રસ આવે ! કેટલો બધો આહ્લાદ–ભાવ આવે. એ ધંધો પણ કેટલી હોંશથી ને ઉમંગથી કરો. આત્મહિતના કાર્યોમાં આટલો રસ કે આહ્લાદ–ભાવ કયારે પણ આવ્યો છે ખરો ? પૈસા અને વહેપારમાં હિત જાણ્યા પછી પૈસા અને વહેપાર પ્રત્યે જે વલણ છે એવું આત્મહિત માટે છે ખરું ? ના....ના....માત્ર જ્ઞાનની જાણકારી ન ચાલે પણ સાથે વિવેક તો જોઇએ. મિષ્ટાન્ન અને વિષ્ટા પ્રત્યે કેટલો બધો વિવેક છે ! મિષ્ટાન્નનું નામ સાંભળતા મુખમાં પાણી આવે. એના પ્રત્યે આકર્ષણ થાય છે જ્યારે વિષ્ટાને દૂરથી જોતાં તેના પ્રત્યે ઘૃણા થાય છે. મુખ ત્યાંથી દૂર ખસી જાય છે. ત્યાં દૃષ્ટિ કરવી પણ ગમતી નથી. આ રીતે હિત પ્રત્યે આહ્લાદ, આકર્ષણ અને અહિત પ્રત્યે ઘૃણા થાય છે એ વિવેક કહેવાય છે.

યાદ રાખજો કે અહિં જૈનશાસન સાથે મનુષ્યભવ મળ્યો છે. આ ભવમાં વિવેક અને અવિવેકને અનુરૂપ પ્રવૃત્તિ થઈ શકશે. બીજા કોઈ ભવમાં થઈ શકશે નહિ. દેવોને જ્ઞાન કેટલું ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન. આપણાં કરતાં જ્ઞાન વધારે છે, પણ એ બિચારા શું કરે ? મિથ્યાદૃષ્ટિ દેવને વિવેક નથી. સમકિતી દેવને વિવેક છે, છતાં એને અનુરૂપ પ્રવૃત્તિ ન કરી શકે. અરે, એક નવકારશી પચ્ચક્ખાણ પણ ન કરી શકે. તિર્યંચ જીવોને તો વિવેક છે જ નહિ. કીડી, મંકોડાના જીવન ગણાય પણ વિવેકની તો વાત જ કેવી ! નરકગતિમાં મિથ્યાદૃષ્ટિ નારકીને વિવેક છે જ નહિ. કદાચ સમકિતી નારકીને થોડો વિવેક હોય પણ આચરણ કયાં કરવાનું છે ? મનુષ્યભવમાં પણ જે અનાર્ય મનુષ્યો છે તેને આત્માના હિતાહિતનો વિવેક નથી. જૈન મનુષ્યને વિવેકનું વરદાન મળ્યું છે, છતાં એ વિવેકનો ઉપયોગ ન કરે તો તેને કેવો કહેવો ?

સંતો તમને કોઈ વાર ટકોર કરે કે દેવાનુપ્રિયો ! તમે ધર્મ કેમ નથી કરતા ? તો કોઈ કહેશે કે મને ટાઈમ નથી. કોઈ કહેશે કે મને ટાઈમ છે પણ મારો પ્રમાદ છે. પ્રમાદ કરવા જેવો છે ત્યાં નથી કરતા અને નથી કરવા જેવો ત્યાં કરીએ છીએ. માનો કે તમે ગામ બહાર ઉજાણી રાખી છે. તમે બધા જમવા બેઠા. ટેસ્ટથી જમી રહ્યા છો. ત્યાં ખૂમ પડે કે આપણી બાજુ ગુંડાઓનું મોટું ટોળું આવી રહ્યું છે તે

આપણાથી હવે માત્ર એક માઈલ દૂર છે. બોલો, આ સમયે પ્રમાદનું બહાનું કાઢીને બેસી રહો ખરા કે તરત ભાગો ? એક માઈલ દૂર છે તો પણ ભાગવા લાગ્યા. ત્યાં જરા પણ પ્રમાદ કરો ખરા ! ના, હું તમને પૂછું છું કે તમારાથી મૃત્યુ કેટલું દૂર છે ? અરે દૂર શું ! માથે લટકતી તલવારની જેમ ઝઝૂમી રહ્યું છે, છતાં પાપ રૂપી ગુંડાઓથી ભાગવાનું મન થાય છે ખરું ? અહીં જો પ્રમાદ કરીશ તો મારા આત્માનું અહિત થશે એવું લાગ્યું છે ખરું ? પ્રમાદ પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા પેદા થઈ છે ખરી ? આત્મામાં ચોટ લાગી છે ખરી ? અહો ! મને આ ભવમાં કેવી ધન્ય ઘડી ને કેવા ધન્ય ભાગ્ય કે વિવેકનો સુંદર કેવો અવસર મળ્યો છે.

વિવેક જગાડો : આ વિરાટ વિશાળ સંસાર સાગરમાં ભમતા જીવને પરંપરાથી આચરતા આવ્યા હોય એવો ધર્મ મળે છે પણ એ ધર્મમાં હેય-ઉપાદેયની બુદ્ધિ હોતી નથી. ત્યાં વિવેક જાગ્યો નથી હોતો. હેય-ઉપાદેયનો વિવેક તો જૈન દર્શનમાં હાંસોહાંસ ભર્યો છે. કાળના કાળ વીતે પછી વિવેક જાગે છે એટલે જૈનદર્શન મળે છે ત્યાં આ વિવેક જાગે છે. અતિ દુર્લભ હિતાહિતનો ને હેય ઉપાદેયનો વિવેક કરવાની અદ્‌ભૂત તક મળી છે. તમને એની કિંમત સમજાણી છે ? એની કદર કેટલી કરી છે ? હીરાની, સોનાની કિંમત સમજાણી છે, પણ આ મળેલી સુવર્ણ તકની કિંમત સમજાણી નથી. હવે આ વિવેક જગાડવાની ભાવના થઈ છે ? આ ભવમાં હું મારા આત્માના હિતાહિતનો વિવેક કરી લઉં. જ્ઞાની કહે છે જો તમારે આત્મામાં વિવેક જગાડવો છે, વિવેક જગાડવાની લગની લાગી છે તો તેનો રસ્તો જ્ઞાનીએ બતાવ્યો છે. જો આત્મામાં વિવેક જગાડવો છે તો મનનું સંશોધન કરો. તેની અવળી ચાલને બદલો.

અવળા હિસાબને સવળા કરો : અનાદિકાળથી મન બગડેલું અવળી ચાલે ચાલે છે. માનો કે કોઈ તમારું વાંકું બોલ્યું, કોઈએ તમારા અવગુણ ગાયા, તો તમારા મનમાં શું થશે ? હવે તેને બરાબર સંભળાવી દઈશ. 'થાય તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ' આવું જ થાય ને ! આવા જ વિચારો આવે ને ! આ બધા વિચારો અવળી ચાલના છે. ઉત્તમ માનવ-ભવમાં પણ જો આ ક્રોધ, કલેશ, કંકાસના હિસાબ ગણીશું તો પછી ક્ષમા, ત્યાગ, સરળતા, સંતોષ વગેરેના સુંદર હિસાબ કયા ભવમાં કરી શકાશે ? આત્માનો વિવેક જગાડવા મહાપુરૂષોને તમારી નજર સામે રાખો. આપણા ત્રિલોકીનાથ શાસનપિતા પ્રભુ મહાવીર પાસે શું શક્તિ ઓછી હતી ? જેણે એક અંગુઠે આખો મેરૂપર્વત ખળભળાવી મૂકયો એમની તાકાત કમ હોય ? ના....ના.... અનંતી શક્તિ હતી. અનાડીનો સામનો કરી એને દબાવી દેવાની અનંતી શક્તિ હતી, છતાં પ્રભુએ હાલીમવાલી જેવાનું ય સહન કર્યું છે. પોતાના કાન ફાડી નાંખે એવા ખીલા ગોવાળિયાને નાંખવા દીધાં. આ કયા હિસાબ પર ? થાય તેવા થઈએ એવા તમારા જેવાના વિચાર પર ? ના....ના.... હોં, પ્રભુએ તો અનાદિના અવળા હિસાબને સવળા કર્યા. એ હિસાબ પર પ્રભુએ બધાનું સહન કર્યું. મારા અંતરશત્રુઓ રાગ-દ્વેષ, તૃષ્ણા

આદિ જેમણે મારા આત્માને સંસારમાં રખડાવ્યો છે ! તેમને મારું તો આ સંસારનો અંત આવી જાય. જો કર્મો ઉદયમાં આવ્યા છે તો ખપે તેટલા ખપાવી લઉં.

જેને કડવા ઘુંટડા પચાવતાં આવડે એને ક્ષમાદિ સવળી ચાલ સહેલી થઇ પડે. ડૉક્ટરની દવા કડવી હોય છે, છતાં કેમ પી જાવો છો ? આરોગ્ય માટે. તો આત્માના આરોગ્ય માટે બીજાના ગુસ્સાભર્યા, પ્રતિકૂળ વચન, વર્તનના કડવા ઘુંટડા પણ હસતા મુખે પી જવાના. જીવનમાં વિવેક જગાડવા મહાપુરૂષોના જીવનનો વિચાર કરવોઃ વિવેક એટલે મનમાં હિતાહિતનું **વસવું ઠસવું ને રસવું**. વિવેક આવ્યો એટલે હિતાહિત મનમાં વસી ગયું, મનમાં ઠસી ગયું અને રસી ગયું. એટલે મન, હિતના આદરનું અને અહિતના ત્યાગનું રસિયું બની ગયું.

વસવું : જેના મનમાં હિતાહિતના અને હેય-ઉપાદેયના વિચાર આવે પણ બીજા આલતુ ફાલતુ વિચારો ન આવે તેનો આત્મા જાગતો કહેવાય. હિતાહિતને છોડીને જે આડાઅવળા વિચારો કર્યા કરે તેનો આત્મા અવ્યક્ત ચૈતન્યવાળો ગણાય. વેપારધંધામાં મોટા માણસોને વેપાર કેમ કરવો ? એમાં નફો કેમ થાય ? નુકશાન કેમ ન થાય ? વગેરે હિતાહિતની તેમને ખબર પડે છે. તેમના મનમાં એ એવું વસી ગયું હોય છે કે એમને બસ એના વિચારો આવ્યા કરે. જેમ નાના બાળકને દુકાને બેસાડો તો એ વેપાર કરવામાં શું સમજે ? નફાતોટાનો વિવેક કરવાનો ખ્યાલ એને કયાંથી આવે ? એ વિવેક નથી તો એના મનમાં નફાતોટાના વિચાર આવે જ કયાંથી ! કારણ કે એના મનમાં હજુ એ વસી ગયું નથી. તેમ આત્માના હિતાહિત-હેય, ઉપાદેય જેના મનમાં વસી ગયા નથી તેને એના વિચાર આવતા નથી. જેમ કે અચરમાવર્તી જીવ.

ઠસવું : આત્માના હિતાહિતને, હેય-ઉપાદેયને મનમાં વસાવી દીધા પણ સાથે ઠસાવવાની જરૂર છે. ઠસાવવા એટલે શ્રદ્ધા સાથેનો એનો દૃઢ સચોટ નિરધાર-નિર્ણય. આ નિર્ણય એવો કે ગમે તેવા સંયોગો આવે કે ઉપસર્ગો આવે તો પણ એ બદલાય નહિ. એને ક્ષમા હિતરૂપ લાગે, ક્ષમા તારણહાર લાગે, પછી કદાચ સામેથી માથાવાઢ ઘા આવે તો પણ તેને ક્રોધ ન આવે પણ ક્ષમા રાખવી એ તેનું કર્તવ્ય લાગે. ક્ષમાને એવી ઠસાવી દીધી કે ગમે તેવા કપરા પ્રસંગોમાં પણ ક્ષમા જ હિતકારી લાગે.

રસવું : આત્માના હિતાહિતને દિલમાં વસાવવા, ઠસાવવા ઉપરાંત રસાવવાની જરૂર છે. રસાવવું એટલે દિલ એનું રસિયું બનાવવું. જે બીડીઓ પીતો હોય એવા બીડીના વ્યસનીનું દિલ એવું રસીયું બની ગયું હોય છે એટલે આઘોપાછો જાય, બીડી પીવાનો રસ એવો કે ઝટ બીડી ફૂંકવા માંડે. બીડી ન મળે ત્યાં સુધી એને બેચેની લાગે. એ મળે ત્યારે એ ફૂંકતા ખૂબ આનંદ અનુભવે છે તેમ ભગવાનની વાણી જેના દિલમાં વસી ગઈ, દિલને ઠસી ગઈ પછી તેનું દિલ વીર વાણી સાંભળવાનું રસીયું બની જવાનું. જ્યારે વીરવાણી સાંભળવાનો રસીયો બને પછી એને જ્યાં સુધી વીરવાણી ન સાંભળે ત્યાં સુધી ચેન ન પડે. એને એક જ ઝંખના હોય કે મને જિનવાણી

સાંભળવા ક્યાં અને ક્યારે મળે? જ્યારે સાંભળવા મળે ત્યારે એને અવર્ણનીય આનંદ થાય છે.

આ બધાનો સાર એ છે કે આત્માના હિતાહિતનો વિવેક લાવવા માટે હિતાહિતને દિલમાં વસાવી, ઠસાવી, રસાવી લેવાના. આનંદ ગાથાપતિ ભગવાનની વાણીને દિલમાં વસાવી દેશે, ઠસાવી દેશે અને રસાવી દેશે. એ વાત આપ આગળ સાંભળજો. તે અત્યારે ભગવાનની સન્મુખ બેસીને વિવેકપૂર્વક વાણી સાંભળી રહ્યા છે. જેનામાં વિવેક હોય તે તર્યા વગર રહે નહિ. જ્ઞાની ભગવંતે સંતોને પણ વિવેક કરવાનો બતાવ્યો છે. ગુરૂ ભગવંત શિષ્યને કાંઈ કામ હોય ને અવાજ કરે ત્યારે અવાજ સાંભળતાં કહે ગુરૂદેવ! શું કહો છો? હું આવું છું. ગુરૂ બૂમ પાડે. શિષ્ય સાંભળે છતાં જવાબ ન આપે તો તે પાપનો અધિકારી થાય છે, કારણ કે તે ગુરૂ ભગવંતનો વિનય વિવેક ચૂકયો છે. ઉપાધ્યાય ગુરૂ બોલાવે ને જવાબ ન આપે તો પહેલા કરતા વિશેષ પાપ લાગે. આચાર્ય બોલાવે ને જવાબ ન આપે તો એથી વિશેષ પાપના ભાગીદાર થાય છે. તેવો શિષ્ય સ્વચ્છંદી બની જાય છે. સંસારમાં પણ વિનય વિવેક તો જોઈશે. જેનામાં આ ગુણ છે તે આત્મા કદાચ પાપના ઉદયે પતનના રસ્તે ગયો હશે તો પણ ઠેકાણે આવી જશે.

સંગનો રંગ : એક ધનાઢય શ્રીમંત શેઠનો દીકરો ખરાબ મિત્રોના સંગે ચઢી ગયો. સંગ તેવો રંગ આવ્યા વિના રહે નહિ. તે ખરાબ મિત્રોના સંગથી સાતે વ્યસનોમાં પૂરો થઈ ગયો. દારૂ, જુગાર, ચોરી, વેશ્યાગમન બધા વ્યસનો તેનામાં આવી ગયા. આ વ્યસનોમાં બાપના પૈસા પૂરા કર્યા. ભંડારોના તળિયા દેખાવા લાગ્યા. પિતાની આબરૂ, ઈજ્જત પર કલંક લગાડયું. એક સમયે તેના પિતા બિમાર પડયા. પોતાની અંતિમ ઘડીઓ નજીક દેખાણી. દીકરાને સમાચાર મોકલ્યા કે તારા પિતા સિરીયસ છે. તેમને મૃત્યું નજીક દેખાય છે માટે એકવાર તું ઘેર આવી જા. પિતાના વચન ખાતર ઘેર આવ્યો તો ખરો. પિતા કહે બેટા! મારી એક વાત સાંભળીશ? મારે તમારો ઉપદેશ સાંભળવો નથી. દીકરા! મારે તને ઉપદેશ આપવો નથી. તારો જે રસ્તો છે તે એમ જ રહેશે. એમાં કોઈ બાધા-પીડા નહિ આવે તેવી વાત મારે કરવી છે. બોલ. તો તું સાંભળીશ ને? ભલે, પિતાજી! મારા રસ્તામાં વાંધો આવતો ન હોય તો આપ જે કહેવું હોય તે ખુશીથી કહો. હું તે સાંભળીશ.

દીકરાને સુધારવા પિતાજીએ આપેલી પ્રતિજ્ઞા : પિતા કહે, બેટા! મારી ત્રણ વાત યાદ રાખજે. તને જુગાર છૂટે નહિ અને જુગાર રમવાનું મન થાય તો તારે જુગારીયાઓને ઘેર બપોરે ૧૨ થી ૧૨॥ વાગ્યા સુધીમાં જવું. તે પછી જુગાર રમવો. બોલ આમાં તને વાંધો છે? ના. આમાં મને કાંઇ વાંધો નથી. ભલે હું તેમ કરીશ. (૨) તારું મન વિકારોથી કોઈ હિસાબે જીતાય નહિ અને વેશ્યાને ત્યાં જવાનું મન થાય તો સવારમાં ઉઠીને તરત ત્યાં જજે. (૩) મિઠાઇ ખાવાનું મન થાય તો કંદોઇની દુકાને બે વાગે જજે. છોકરાને થયું કે આ ત્રણ વાતમાં મને કોઈ વાંધો આવે તેમ નથી. એટલે તેણે પિતાની ત્રણે વાતનો સ્વીકાર કર્યો. પિતાના દિલમાં ઠંડક થઈ.

આવી પ્રતિજ્ઞા લીધી છે તો તે એક વાર જરૂર ઠેકાણે આવી જશે. પિતાજી તો ગુજરી ગયા. તેમની બધી અંતિમ ક્રિયા કરી. લોક લાજે ૧૫ દિવસ તો ઘરમાં રહ્યો. જુગાર, દારૂ બધું ૧૫ દિવસનો બંધ કર્યું, પછી તેને થયું કે શું આ નાની ઓરડીમાં પડયા રહેવાનું ? અહીં તો કાંઈ મઝા આવતી નથી. ઘરમાં બધું સૂનકાર દેખાય છે. લાવ જવા દે મઝા માણવા.

પોતાની ભૂલને ભૂલ માનતા કરેલો પશ્ચાત્તાપ : એમ વિચાર કરી પગ ઉપાડયો ને ઘરની બહાર ગયો, ત્યાં યાદ આવ્યું કે પિતાજીએ કહ્યું છે કે જો તને જુગાર છૂટે નહિ ને રમવાનું મન થાય તો ૧૨ થી ૧૨॥ વાગે જુગારીયાને ઘેર જજે પછી આવીને જુગાર રમજે. તે તો ૧૨ વાગે જુગારીયાને ત્યાં ગયો. તો ત્યાં તેની પત્ની રડે. બાળકો રડે. પત્ની કહે છે–મારા પિયરનો કરિયાવર અને સાસરાના દાગીના બધું આપે જુગાર પાછળ સાફ કરી નાંખ્યું. અત્યારે ઘરનું પુરૂ કરવા ઘંટીના પૈડા ચલાવી મજૂરી કરી માંડ બે પૈસા મેળવું છું તે પણ આપ લઇ જાવ છો. આ કરતાં મને રંડાપો આવ્યો હોત તો સારું હતું કે હું મજૂરી કરીને મારા બાળકોનું ભરણપોષણ તો કરત ને! આ રીતે પત્ની પોતાનો બળાપો કાઢતી. આ દૃશ્ય જોઈને, સાંભળીને આ છોકરાના મનમાં થયું કે મેં પણ શું કર્યું છે? મારા પિતાની બધી મિલ્કત મેં સાફ કરી નાખી. ઘરબાર વેચી નાંખ્યા છતાં મારા મા–બાપ સારા કે મને ઘરમાં રાખ્યો. મને ધક્કો મારીને ઘરની બહાર તો નથી કાઢયો ને ? તેમની પણ આવી દશા થઈ હશે ને! મારી પત્ની પણ આ રીતે રડતી હશે ને! તે બધા કાળો કલ્પાંત કરતા હશે. હવે મારે આજથી જુગાર રમવો નથી. તે તો તેના ઘરના પગથીયા ઉતરી ગયો. માનવ માત્ર ભૂલને પાત્ર છે પણ જે ભૂલને કબૂલ કરી ભૂલ સુધારે તે સાચો માનવ. ભૂલને ભૂલ માને નહિ તે દાનવ. છોકરાને ખૂબ પશ્ચાત્તાપ થયો. મારા કારણે માતાપિતા કેટલા દુઃખી થયા. પિતા તો મરી ગયા. હું સીધી રીતે સુધર્યો નહિ એટલે પિતાએ મને સુધારવા માટે આ રસ્તો શોધ્યો લાગે છે. તેનામાં માનવતા પ્રગટી ગઈ. હવે જુગાર નહિ રમવાનો દૃઢ નિર્ણય કરી લીધો.

બીજે દિવસે મિઠાઈ ખાવાનું મન થયું ત્યાં પિતાના શબ્દો યાદ આવ્યા કે તારે મીઠાઈ ખાવા જવું હોય તો કંદોઈની દુકાને બે વાગે જજે. ધોમધખતો ઉનાળો. તે બે વાગે કંદોઈની દુકાને ગયો. કંદોઈ પરસેવાથી રેબઝેબ થઈ ગયો હતો. તેના કપડાં તો ગંધાતા મેલા હતા. તેના પરસેવાના ટીપા તેમાં પડતાં હતાં. ઘરમાં જરા અસ્વચ્છતા દેખાય તો થાળી પછાડીને ઊભા થઈ જાય. છોકરાએ આ બધું જોયું. એટલે તેણે નિર્ણય કર્યો કે કંદોઇની દુકાનની મિઠાઈ મારે ખાવી નહિ. બે વાતમાં તો સુધરી ગયો. થોડા દિવસ થયા એટલે તેના મનમાં થયું કે મને કાંઈ મઝા કે આનંદ આવતો નથી. મનમાંથી કામનો કીડો હજુ ગયો નથી એટલે વેશ્યાને ઘેર જવા તૈયાર થયો. થોડો આનંદ કરી આવું. ત્યાં પિતાના શબ્દો યાદ આવ્યા કે તારે વેશ્યાને ઘેર જવું હોય તો સવારે ઊઠીને તરત જજે. તે બીજે દિવસે સવારે ઊઠીને તરત ગયો.

જઈને વેશ્યાના બારણાં ખખડાવ્યા. દાસીએ બારણું ખોલીને જોયું. આ તો મોટા શેઠ છે. દાસીએ જઈને વેશ્યાને વાત કરી કે જે આપણે ત્યાં ધનના ઢગલા કરી ગયા છે તે શેઠ આવ્યા છે. વેશ્યા એકદમ મેભાકળી જાગી ગઈ. છોકરાએ તેને જોઈ. અહો ! આ શું ! હું જેને રૂપરંભા માનતો હતો તે આવી છે ! તેને જોઈને તે ગભરાઈ ગયો. શું આ વેશ્યા છે ! તે તો ઝડપથી તેની સીડી ઉતરી ગયો.

તેના મનમાં થયું કે મારા પિતાએ મને સુધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા હતા છતાં હું માન્યો નહિ. છતાં પિતાની કેટલી લાગણી ! કેવું વાત્સલ્ય કે મરતાં મરતાં પણ મને સુધારવા માટે આ રસ્તો બતાવીને ગયા. તેને ખૂબ પશ્ચાતાપ થયો. અહો પિતાજી ! આપ સ્વર્ગમાં હો કે ગમે ત્યાં હો પણ આપ મારા ગુનાને માફ કરજો. આ પાપી દીકરાએ આપની સેવા તો કરી નથી પણ આપને શાંતિ પણ આપી શક્યો નથી. આપ તો જતાં જતાં પણ મારું ભલુ કરી ગયા છો. આપે આપેલી પ્રતિજ્ઞાએ મારા જીવનનું પરિવર્તન કર્યું છે.

મનને મનાવી લે આવતા દિન સુધારી લે,
બગડયા તે ભલે બગડયા, આવતા દિન સુધારી લે.

ભૂતકાળનાં દિવસો જે બગડયા તે બગડયા. જે ભૂલો કરી તે કરી પણ હવે જીવન સુધારી લઉં. છોકરામાં વિવેક જાગ્યો. પિતાના વચનો સાચા લાગ્યા ને પોતાની કાર્યવાહી ખોટી લાગી તો તે સુધરી ગયો. આનંદ ગાથાપતિ વિવેકપૂર્વક ભગવાનની વાણી સાંભળી રહ્યા છે. વધુ અવસરે.

ચરિત્ર : દેવની આરાધના : શેઠે પોતાની મુંઝવણ દૂર કરવા દેવની આરાધના કરી. દેવ તેના પર પ્રસન્ન થયા. શેઠે તેમની પાસે પોતાની મુંઝવણ કહી. સાતે દીકરીઓએ એક જ પતિને પરણવાનો દૃઢ નિશ્ચય કર્યો છે તો આપ કૃપા કરીને મને એ કહો કે હું મારી દીકરીઓને કયા ગામમાં પરણાવું ? તેમનો પતિ કોણ થશે ? આપના ઉપર મને પૂર્ણ શ્રદ્ધા છે કે આપના શરણે આવ્યો છું એટલે મારું કામ થઈ જશે. આપ હવે જલ્દી માર્ગ બતાવો. દેવ પાસે શેઠ કેટલી લાચારી બતાવે છે. જે ધર્મિષ્ઠ હોય તેને દેવ પાસે આવું કહેવું પડે કે હું તારા શરણે છું ! પણ આ સાતે છોકરીઓ એવી હઠાગ્રહી નીકળી ત્યારે લાચારી બતાવવી પડે ને !

દેવે દૂર કરેલી શેઠની મુંઝવણ : દેવ કહે–તમે ચિંતા ન કરશો. જાવ, આજથી તમારી સાતે પુત્રીઓના લગ્નની તૈયારી કરો. આજથી બરાબર સાત દિવસ પછી તમને તમારો જમાઈ મળી જશે. તારે સાત દીકરીઓનો એક જ પ્રસંગ છે. બધી એક સાથે પરણવાની છે એટલે હવે ફરીવાર પ્રસંગ આવવાનો નથી માટે તારે જે તૈયારીઓ કરવી હોય તે કરી લે. હું લગ્નની તૈયારીઓ કરીશ એટલે બધા મને પૂછપૂછ કરશે કે તમારો જમાઈ કોણ છે ? કયા ગામનો છે ? કયા ગામથી જાન આવવાની છે ? એ બધી ચિંતા

તું ન કરીશ. ભલે, પણ એ છોકરો આવશે કયાંથી ? મારે એમને ઓળખવા કેવી રીતે ? સાંભળો. આપણા નગરની પૂર્વ દિશાએ જે દરવાજો છે તે દરવાજે સાતમે દિવસે પરોઢિયે ચાર વાગે તારા બે ચાર માણસોને મોકલજે. તે દરવાજામાં પડેલા બે બકોનો દાખલ થશે અને એમની પાછળ એક છોકરો આવતો હશે. એ તમારો જમાઈ થશે. આપ એટલું ધ્યાન રાખજો કે તમારા માણસો તે બે સ્ત્રીઓને દેખાય નહિ એ રીતે સંતાઈને ઊભા રહે. શેઠ કહે એ છોકરો કયા ગામનો છે? કયા કૂળનો છે ? બધા મને પૂછે તો હું શું કહીશ ? દેવ કહે, આપને એ બધી વાત જાણવાની જરૂર નથી. હવે દેવના કહેવાથી શેઠ કેવી કેવી તૈયારીઓ કરશે તે ભાવ અવસરે.

શ્રાવણ વદ ૬ ને મંગળવાર વ્યાખ્યાન ન. ૩૫ તા ૬-૮-૮૫

ત્રિલોકીનાથ શાસનપતિ ચરમ તીર્થંકર શ્રમણભગવાન મહાવીર સ્વામી ફરમાવે છે કે અનાદિકાળથી રાગ-દ્વેષને વશ થયેલા અનંતાનંત આત્માઓ આ સંસારમાં અવિરતપણે પરિભ્રમણ કરી રહ્યા છે. તે કર્મોના અને કુસંસ્કારોના કાતિલ બંધનો આત્માને એવા લાગ્યા છે કે પહેલા તો તે બંધન તરીકે દેખાતા નથી. કયારેક એ બંધન દેખાય તો તેનાથી છૂટવાના સચોટ ઉપાયો તેને મળતા નથી. તેના કારણે જીવ ચારે બાજુ ઇન્દ્રિયોના વિષયસુખોની ભીખ માંગતો ભટકયા કરે છે. જ્ઞાનીની દૃષ્ટિએ જીવ જેટલી બહારમાં દોટ વધુ કરે તેટલું તેનું ભિખારીપણું વધારે અને આત્મા તરફની દોટ વધુ તેટલું આત્માનું શ્રીમંતપણું વધારે. જ્યાં સુધી આત્મા શ્રીમંત નથી બન્યો પણ અંદરથી ગરીબ છે તેટલું તેને બહારના વિષયો મેળવવાનું મન વધારે થાય. વીતરાગી સંતો પાસે દુનિયાની કોઈ સુખની સામગ્રી નથી છતાં તેઓ વધુ સુખી છે કારણ કે તેઓ સદા આત્મ ગુણોમાં મસ્ત હોય છે. બહારના સાધનોની ભૂખ એ આત્માની નિર્ધનતા છે, વાસનાની કારમી ગુલામી છે.

આ વાસનાના બંધનોમાંથી આત્માને શાશ્વત કાળ માટે મુકત કરાવનાર જૈનશાસન આપણને મહાન પુણ્યોદયે મળ્યું છે. આ શાસન મળ્યાની સફળતા ત્યારે કહેવાય કે આ બંધનોમાંથી મુકત થવાના આપણે પ્રયત્નો કરીએ. જગતના દરેક જીવોને બંધન છે. ચાર પગવાળા પશુઓને બંધન દેખાય છે. જ્યારે મનુષ્યોનું બંધન અદૃશ્ય છે. આત્માને બંધન બંધન રૂપે દેખાય તો તેમાંથી છૂટવાનું મન થાય. દુનિયામાં ચારે બાજુ દૃષ્ટિ કરીશું તો દરેક જીવો બંધનમાં પડેલા દેખાશે. હાથીને સાંકળનું બંધન છે, સાપને કરંડિયાનું બંધન છે, વાઘને પાંજરાનું બંધન છે, ઝવેરાતને તિજોરીનું બંધન છે, નદીને કિનારાનું બંધન છે, નાના ગામડામાં ઢોરો ખેતરમાં ચરવા જાય, ચરીને સાંજે માલિકના ઘેર આવે. માલિક જો અંદર હોય તો બહાર ઊભા ઊભા ભાંભરે એટલે તેના માલિકને ખબર પડી જાય કે ચરવા ગયેલા પશુ આવી ગયા છે. પછી

માલિક તેને ખીલે બાંધી દે છે. ઢોર પોતાની જાતે ખીલે બંધાવા તૈયાર થાય છે, કારણ કે તે સમજે છે કે મને બંધનમાં રાખનાર માલિક મારું રક્ષણ કરે છે. મારું પાલન-પોષણ કરે છે, જંગલી જાનવરોથી મારું રક્ષણ કરે છે. જે ઢોર ખીલે બંધાવા તૈયાર ન હોય તેને ખાવાનું તો મળે નહિ પણ વધારામાં બીજાનો માર ખાવા મળે.

આ ઉત્તમ જીવનમાં તમારો નંબર શેમાં લગાડવો છે? હરાયા ઢોર જેવા તો બનવું નથી ને? જો સંસારના રાગ-દ્વેષના બંધનમાંથી મુક્તિ મેળવવી છે તો જિનેશ્વર ભગવાનની આજ્ઞાના ખીલે બંધાઈ જાવ. તીર્થંકર પ્રભુને આપણે મહાગોપ કહીએ છીએ. શા માટે? ગોવાળો જેમ ગાયનું પાલન કરે છે અને રક્ષણ કરે છે તેમ જે જીવો પ્રભુના શરણે ગયા તે જીવોનું વિષય કષાયો રૂપી લુંટારાઓથી આત્મગુણોનું રક્ષણ કરે છે અને દુર્ગતિમાં પડતા આત્માને બચાવે છે. જો તમારે વાસનાના બંધનમાંથી છૂટવું છે તો જિનેશ્વરની આજ્ઞાનું બંધન સ્વીકારવું પડશે. જિનાજ્ઞાનું બંધન એ બંધન નથી પણ બંધનમાંથી સદાને માટે મુક્ત કરાવનાર અણમોલ સાધન છે. આધ્યાત્મિક જગતમાં જિનાજ્ઞાનું મૂલ્ય ઘણું છે. જિનાજ્ઞા જેના જીવનમાં રોમેરોમમાં અણુઅણુમાં વસી છે તેવા જીવોના જીવનમાં અનેક જાતના પરિવર્તનો આવે છે. તેનું જીવન જાગૃતિની જ્યોતથી ઝળહળી ઊઠે છે. અત્યારે આપણને જે ભવ મળ્યો છે તે ખૂબ વિશિષ્ટ કોટિનો છે. દેવ કરતાં મનુષ્યનો અવતાર અતિ મહત્વનો છે, સાથે તે જોખમવાળો પણ બહુ છે.

કીડી, કીડી તરીકે જન્મીને કીડી તરીકે મરે છે. સિંહ, સિંહ તરીકે જન્મીને સિંહપણે મરે છે. દેવ, દેવ તરીકે જન્મીને દેવપણે મરે છે. ગાય, ગાય તરીકે જન્મીને ગાયપણે મરે છે, આપણે કયારેય કૂતરાને એમ નથી કહેતા કે તું દેવ જેવો છે કે ગધેડા જેવો છે પણ માનવી માટે એ શબ્દોનો પ્રયોગ થાય છે. માનવીનું વર્તન બરાબ હોય ત્યારે ઘણાં એમ કહે કે તું તો સાવ ગધેડા જેવો છે. કોઈ માણસની કાર્યવાહી સારી હોય, તેનું જીવન સદ્ગુણોથી સુવાસિત હોય તેને વ્યવહારથી કહેવાય કે તું દેવ જેવો છે. આ બતાવે છે કે માણસ માણસ તરીકે જન્મીને માણસ તરીકે મરે એવું નથી. એ પોતાના સારા કૃત્યોથી ઉપર જઈ શકે છે અને બરાબ અધમ કૃત્યોથી નીચે પણ જઈ શકે છે. જો આત્મા જિનાજ્ઞાના ખીલે બંધાય તો તે એવા કાર્ય નહિ કરે કે જેથી તેની દુર્ગતિ થાય. જિનાજ્ઞાના પાલનથી સંસારની વાસનાના બંધન તૂટે. એ બંધન તૂટે એટલે કર્મ તૂટે અને કર્મ તૂટે તેથી તેનો સંસાર અટકે. સંસાર અટકે એટલે તેને મોક્ષ મળે, મળે ને મળે. આ માટે જિનવાણી એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અમોઘ ઔષધિ છે.

જિનવાણી સાંભળવા માટે પિપાસુ અને જિજ્ઞાસુ બનેલ રાજા, મહારાજાઓ, શેઠ, નગરશેઠ બધા ભગવાનના દર્શને આવ્યા છે. તેમાં આનંદ પણ આવ્યો છે. વાણી વરસાવનાર મહાન છે, સામે પાત્ર પણ ઝીલનાર બરાબર છે. સિંહણનું દૂધ સાચવવા માટે સોનાનું પાત્ર જોઈએ, તેમ ભગવાનની વાણીને હૃદયમાં ઝીલવા માટે યોગ્યતા

પ્રાપ્ત કરવી જોઈએ. આપણો આત્મા અનંતકાળમાં કેટલીય વાર ભગવાન પાસે જઈ આવ્યો, તેમની વાણી પણ સાંભળી છે; છતાં હજુ આત્મા પાપભીરૂ બન્યો નથી. તેને ભવની ભીતિ લાગી નથી તેથી સંસારમાં રખડવાપણું ચાલુ છે.

જિનવાણી સાંભળ્યા પછી આત્મામાં એ ચોટ લાગવી જોઈએ કે હવે મારી ભવ-કટ્ટી કેમ થાય? આ માનવ ભવ પામીને જો મારી ભવપરંપરા ઘટે નહિ તો આ માનવ-જન્મ નિરર્થક છે. **હૃદયમાં જો ચોટ લાગે તો ખોટ પૂરાય. વીરવાણી સાંભળતાં હૈયામાં ચોટ લાગવી જોઈએ. ચોટ લાગે તો સમ્યક્ત્વ મેળવવા દોટ મૂકાય. દોટ મૂકાય તો આત્માની ખોટ પૂરાય, પણ ભોટ આત્મા આ બધું સમજે ત્યારે ને?** આત્મા સમજે નહિ એટલે ચોટ લાગે નહિ ચોટ લાગે નહિ. એટલે આત્મકલ્યાણ તરફ દોટ મૂકાય નહિ એટલે આત્માની ખોટ પૂરાય નહિ. ચોટ એટલે શું? એક જ વાર સાંભળી કામ કરવાનો નિર્ણય કરીએ તેવી અસર થાય તેનું નામ ચોટ. સંસારમાં કોઈ તમને કંઈ કહે તો કેવી ચોટ લાગી જાય છે? તે કામ કરે છૂટકો કરે, શાલિભદ્રે એક શબ્દ સાંભળ્યો કે મારા માથે ધણી છે. ચોટ લાગી તો શાલિભદ્રને ઉપદેશની પણ જરૂર ન રહી, આ ચોટ કેવી લાગી કે દોટ મૂકી ને સંયમ માર્ગ તરફ પ્રયાણ કરી ગયા. દશાર્ણભદ્રને ભૌતિક ઠાઠમાઠમાં ઈન્દ્ર મહારાજાએ હરાવ્યો એટલે ચોટ લાગી તો ત્યાં ને ત્યાં દીક્ષા લીધી અને ઈન્દ્રો બધા તેમના ચરણમાં પડી ગયા. તમને એકવાર આવી ચોટ લાગે તો કામ થઈ જાય. પ્રભુ પાસે કયારેય આવી માંગણી કરો છો કે મને આવી ચોટ કયારે લાગશે? તમે જેનો દિલથી ત્યાગ કર્યો હતો તેવું દિલ મને આપજો. તમારી માંગણી કેવી હોય? શાલીભદ્ર જેવી રિદ્ધિ આપો. અભયકુમાર જેવી બુદ્ધિ આપો. માંગણી કરો તો એવી કરો કે શાલિભદ્ર, ધન્યકુમાર, મેઘકુમાર આ બધા સમકિત પામી ચારિત્ર ધર્મ સુધી પહોંચી ગયા. મને આવો અવસર જલ્દી આવો. જો પ્રભુના વચનની અસર થઈ જાય તો જીવનમાં જે જે કસરો (દોષો) હોય તે નીકળી જાય. જિનવાણી મહારત્નોની ખાણ છે અને આત્મિય સુખોની ઉજાણી છે. ભગવાનની વાણી તો અલૌકિક અદ્‌ભૂત છે.

તારી વાણી રસાળ શું અમૃત ભર્યું, તારા નયનોમાં જાણે શું જાદુ ભર્યું,
જોતાં લાગે ભર્યો જાણે માતાનો પ્યાર....કોઈ પામે છે

હે પ્રભુ! તારા દર્શનથી દેહના દર્દો તો જાય પણ આત્માના જન્મ, જરા, મરણના દર્દ પણ જાય. આનંદ ગાથાપતિ વિવેકપૂર્વક ભગવાનની વાણી ઝીલી રહ્યા છે. જેનામાં વિવેક આવે તેનામાં ઉપશમ આવે. ઉપશમ એટલે ઉપશમાવવું. કષાયોને ઉપશમાવે. જો કષાયોનો સર્વથા ક્ષય થાય તો બેડો પાર થઈ જાય. ૧૧ મા ગુણસ્થાને ૨૮ પ્રકૃતિનો ઉપશમ કરેલો છે. તે ગુણઠાણાની સ્થિતિ અંતર્મુહુર્તની છે. એ સ્થિતિ પૂરી થાય એટલે દશમા ગુણઠાણે આવે. ત્યાં સજાગ ન બને તો ગબડતો ગબડતો પહેલે સુધી પહોંચી જાય, માટે જ્ઞાની કહે છે કે કષાયોને દૂર કરવા ઉપશમ ભાવ કેળવો.

બે મિત્રો હતા. એક મિત્રે પોતાના આંગણામાં આંબો વાવ્યો અને બીજા મિત્રે તેના આંગણામાં બાવળીયો વાવ્યો....જેણે આંબો વાવ્યો છે તેને દર વર્ષે સારી કેરી મળે છે. આંબાને મોર આવે ત્યારે કાચી કેરી ખાય અને પાકી જાય ત્યારે પાકી કેરી ખાય. આ રીતે ટેસ્ટથી કેરીઓ ખાય અને જલસા કરે છે. બે ત્રણ વર્ષ સુધી કેરી આવી, પછી એક વર્ષ ન આવી. આંબા પર મોર ન આવ્યો પછી કેરી મળવાની તો આશા કયાં રાખવી? કેરી ન આવવાથી તે ઉદાસ–ગમગીન બની ગયો. તે સમયે એક તત્ત્વ-ચિંતક ત્યાંથી નીકળ્યો. આ ભાઈને ઉદાસ જોઈને પૂછ્યું, તમે આટલા બધા ઉદાસ કેમ છો? ભાઈ! ચાલુ વર્ષે આંબાના ઝાડ પર મોર આવ્યો નથી, તો પછી કેરી આવશે કયાંથી? તત્ત્વચિંતક કહે-ભાઈ! તું કેટલા વર્ષોથી કેરી ખાય છે? ચાર વર્ષથી. તું એને પોષણ આપે છે ખરો? ના. તો તું વિચાર કર. કેરી ખાઈએ અને તેને પોષણ ન આપીએ તો કેરી કયાંથી આવે? એને પોષણ આપવાની જરૂર છે.

જેણે આંગણામાં બાવળ વાવ્યો હતો ત્યાંથી આ તત્ત્વચિંતક પસાર થયો ત્યારે તે ભાઈ બેઠો બેઠો કાંટા વીણતો હતો. રાત્રે સાફ કરે. સવારે તો પડ્યા હોય તે રોજ કાંટા વીણીવીણીને કંટાળી ગયો. તત્ત્વચિંતક પૂછે છે ભાઈ! આ શું કરે છે! બાવળીયાના કાંટા વીણું છું. હવે તો હું વીણતાં વીણતાં કંટાળી ગયો છું. ચિંતક કહે, તું આ વેડ કયાં સુધી કરીશ? બાવળીયા વાવ્યા છે તો કાંટા આવવાના તું આ રીતે કાંટા વીણ-વીણ કરે તો કાંટા જાય ખરા? જો તારે કાંટાને દૂર કરવા છે તો બાવળીયાનું મૂળ ઉખેડવાની જરૂર છે. જેથી એ ઝાડ ઉગે નહિ. તત્ત્વચિંતકે એક ઝાડને મૂળમાંથી ઉખેડવાનું કહ્યું અને એક ઝાડને પોષણ આપવાનું કહ્યું. આ જ રીતે ક્ષમા, સમતા, શાંતિ, આદિ ગુણો આંબા સમાન છે. તેને જેમ પોષણ મળતું રહેશે તેમ તેમ તે ગુણો વધતા રહેશે. બાવળીયાનું મૂળ ઉખેડવા સમાન ક્રોધાદિ કષાયો છે. તેને મૂળમાંથી ઉખેડવાની જરૂર છે. જ્યાં સુધી કષાયોની જડ ઊભી છે ત્યાં સુધી સંસારમાં કાંટા વાગવાના છે, માટે કષાયોનો ઉપશમ કરવાની જરૂર છે. પ્રતિકૂળ સંયોગો આવે તો પણ ક્રોધ નહિ કરતાં શાંતિ રાખવી તેનું નામ ઉપશમ.

હવે જેનામાં ઉપશમ આવ્યો તેનામાં સંવેગ આવે. સંવેગ એટલે સમ્યક્ પ્રકારનો પુરૂષાર્થ. આ જીવે સંસાર તરફ પુરૂષાર્થ ઘણો કર્યો છે. વેપાર ધંધામાં લાખોના કરોડોના વેપાર ખેડો છો તે પુરૂષાર્થથી કરી શકો છો. એન્જીનીયરની મોટી ડીગ્રીઓ મેળવવી હોય તો તે પુરૂષાર્થથી મેળવી શકો છો.

આ બધો વેગ સંસાર તરફનો છે. કર્મ બંધાવનાર છે. સંસારમાં પુરૂષાર્થ કરીને લક્ષ્મી મેળવશો પણ એ બધું પુણ્યનો સિતારો ઝળકે છે ત્યાં સુધી. આ પુણ્યનો વિશ્વાસ કરવા જેવો નથી. વર્તમાનમાં મળેલા સુખોમાં અંજાઈ ન જતા. ગઈ કાલે એ વૈભવ કયાં હતો? કદાચ આવતી કાલે પણ નહિ હોય તો શી નવાઈ? આજની સંપત્તિ આવતી કાલે તિજોરીમાંથી પગ કરીને ચાલી પણ જાય. આજનું અલમસ્ત શરીર કયારે

ભયંકર રોગમાં સપડાઈ જાય એ ખબર નથી. તમારો વફાદાર નોકર કયારે બેવફા બની જશે એ ખબર નથી. જે દીકરા આજે પપ્પા પપ્પા કરે છે એ જ દીકરા પૈસા ખાતર મારી નાંખતા અચકાતા નથી. પુણ્યના ગાઢબાળને જો તમારું જીવન સોંપી દેશો, એની હૂંફમાં જો તમારી સલામતી માની લેશો તો જ્યારે દુઃખના દિવસો આવશે ત્યારે તેમાં હિંમત રાખી શકશો નહિ, માટે કયાંય વિશ્વાસ મૂકશો નહિ. તમારા જીવનની તિજોરી કોઈના ભરોસે સોંપી દેશો નહિ. જ્ઞાનીપુરૂષોએ પુણ્યને વંઠેલી બૈરીની ઉપમા આપી છે. વંઠેલી બૈરી ધણીના કાબૂમાં ન રહી શકે. પુણ્યના ઉદયે પાંચ ઈન્દ્રિયોનાં અનુકૂળ સુખો મળ્યા હોય તો એમાં ફસાઈ જશો નહિ. એ સુખો દગાબાજ છે. ગમે ત્યારે દગો દઈ દેશે, માટે પુણ્યના ઉદયમાં સાવધાન રહેજો અને બને તેટલી આરાધના કરી લેજો.

પુણ્ય કેવું : પુણ્ય વંઠેલી બૈરી જેવું છે. તે એક ન્યાયથી સમજાવું. એક શેઠ મોટા એંજીનિયર હતા. તેમનો પ્રભાવ, માન, સન્માન સમાજમાં ખૂબ. સૌથી મોટો ગુણ તો ચારિત્રનો હતો. તે ગમે ત્યાં જાય તો પણ કોઈને શંકા કુશંકા ન થાય. મકાન ગમે તેટલું મોટું ને સુંદર હોય પણ જો તેને બારણું ન હોય તો તે મકાનની કોઈ કિંમત નથી, તેમ ચરિત્ર એ મકાનના બારણા સમાન છે. જો ચારિત્ર ન હોય તો જીવનની કોઈ કિંમત નથી. આ શેઠને ૨૪ મિત્રો હતા. મિત્રાચારી જળવાઈ રહે તે માટે દર રવિવારે બધા એક બીજાને જમવાનું કહેતા. આ શેઠ સૌથી મોટા હતા. તે કોઈ દિવસ પોતાને ત્યાં જમવાનું કહેતા નથી. બધા વિચાર કરે છે કે આપણા મોટા મિત્ર શેઠ તો સજ્જન છે, ધનાઢ્ય છે, ને નિર્લોભી છે. કંજુસીયા નથી પણ ઉદાર છે. તેમના આંગણે જે રડતા જાય તે હસતા થઈ ને આવે છે. તેને પાંચ પચ્ચીસ રૂપિયા દઈ દે છે. આપણા કરતાં પણ વધુ દાનમાં પૈસા વાપરે છે. છતાં કોઈ દિવસ મિત્રોને પોતાને ત્યાં જમવા કેમ બોલાવતા નથી ? બધા સરખા સ્વભાવના નથી હોતા. બે ચાર મિત્રો કહે, શેઠ બોલે કે ન બોલે પણ આપણે તેમને સામેથી કહી દઈએ. ૨૪ રવિવાર પતી ગયા છે. માત્ર એક રવિવારનો વારો બાકી છે. તો આપણા મોટા શેઠને ત્યાં રાખી દઈએ. શેઠને આ સાંભળીને ખૂબ આનંદ થયો. તેની આંખમાંથી હર્ષના આંસુ આવી ગયા. આપ બધાની સેવાનો લાભ મને મળશે, આપના પુનિત પગલા મારા ઘેર થશે. આપ બધા રવિવારે સાંજે છ વાગે આવી જજો.

કેટલા હુકમ છોડશો ? : શેઠ ઘેર આવ્યા. આજે તેમના મુખ ઉપર અપૂર્વ આનંદ દેખાતો હતો. શેઠાણી કહે, આજે આપના મુખ ઉપર અપૂર્વ ઉલ્લાસ દેખાય છે. તો આ આનંદ શેનો છે તે મને કહો. શેઠ કહે–શેઠાણી ! આજે આનંદની રંગોળી પૂરવાની છે. મારો આ આનંદ કયારે ટકે ? આપ તેમાં રંગ પૂરો તો. શેઠાણીએ કહ્યું ભલે, આપના આનંદને ટકાવી રાખવા માટે હું અવનવી રંગોળી પૂરીશ. જો, વાત એમ છે કે મારા ૨૪ મિત્રો છે. તને ખબર છે ને ? હું દર રવિવારે તેમને બધાને ત્યાં

જમવા જાઉં છું. હવે આ રવિવારે તેઓ બધા આપણે ત્યાં જમવા આવવાનાં છે. આ બધું કામ તારા હાથમાં સોંપું છું. પત્ની કહે આપ ગભરાશો નહિ. હું બધું કરીશ. શેઠ વિચારે છે કે આજે શેઠાણી ખૂબ ખુશમાં છે. આનંદથી હસતા (૨) કહે છે કે આપ ચિંતા ન કરશો, હું બધું બનાવી દઈશ. શેઠ કહે–આટઆટલી વસ્તુઓ બનાવજો. ભલે, તેમાં કાંઈ વાંધો નહિ આવે. આપ કહો તેટલું બધું કરીશ. પણ તમે પહેલા એ કહો કે આપ કેટલા હુકમ છોડશો? તમે કહો તેટલા પાળીશ પણ કહ્યા ઉપરાંત એક હુકમ પણ જો વધારે થશે તો પછી મારો પિત્તો જશે. શેઠ વિચાર કરે છે કે હું કેટલા ઓર્ડર છોડીશ. ૨૫ કે ૫૦. શેઠાણી કહે તમારે જેટલા કહેવા હોય એટલા કહો, પછી તેમાં ફેરફાર કાંઈ નહિ થાય. કુલ કહો કેટલા? ભલે, હું ૧૦૧ હુકમ છોડીશ. આથી એક પણ વધારે ન થવો જોઈએ. ભલે.

હુકમથી હર્ષના સ્થાને હમદર્દી : રવિવારના દિવસે બધા મિત્રો જમવા આવવાના તેથી શેઠને હર્ષ સમાતો નથી. શેઠને એવી ખબર નથી, કે હું જે કાંઈ કહેવા જઈશ તો મારા હુકમ ગણાતા જશે. શેઠ તો હરખમાં ને હરખમાં આટલા ફરસાણ, શાક, મિઠાઈ, આ બધું બનાવજો. એમ સહજ ભાવે કહ્યા કરે છે. આ બાજુ શેઠાણી ઓર્ડર ગણ્યા કરે છે. એમ કરતાં મિત્રો જમવા આવ્યા. સાણુ, પાણી, રૂમાલ આપ્યા. પાટલા ઢાળ્યા. બધું પીરસવા માંડ્યા. આ લાવો, આ લાવો. હર્ષમાં ને હર્ષમાં શેઠ તો કહ્યા કરે છે. મિત્રો વિચારે છે કે શેઠાણી તો કામકાજમાં ઘણું બાહોશ અને હોંશિયાર છે. શેઠની જીભ ફરે છે અને શેઠાણીના પગ ફરે છે. શેઠ આટલા સમય સુધી આપણને જમવાનું આમંત્રણ કેમ આપતા નહિ હોય? તે નવાઈ લાગે છે. શેઠ હરખભેર બધા–મિત્રો સાથે મિજબાની ઉડાવે છે. બધા શાંતિથી જમી રહ્યા. જમીને ઊભા થયા. શેઠ અરે! શેઠાણી! મુખવાસ આપોને! આ જ્યાં કહ્યું ત્યાં શેઠના ૧૦૧ હુકમ પૂરા થઈ ગયા. શેઠને કોઈ આશંકા નહોતી આવી કે આ શેઠાણી મારા હુકમ ગણે છે. શેઠાણી તો વાઘણ વીફરે એમ બરાબર વીફર્યા. શું હું તમારી નોકરડી છું? પગની જુત્તી છું? હું કાંઈ નવરી નથી કે તમો બોલ્યા કરો ને હું કામ કર્યા કરું. શેઠના મિત્રો તો આ બધું જોઈને છક થઈ ગયા. શેઠના પ્રત્યે હમદર્દી થઈ ગઈ. અરરર....આવા છે શેઠાણી! બધા મિત્રો ત્યાંથી ઊઠીને ચાલતા થઈ ગયા. શેઠાણી! શેઠ કહે અરે કેટલું સરસ કર્યું! બધા ભાઈઓને પ્રેમથી જમાડ્યા, અને થોડીવારમાં એક નજીવી બાબતમાં તમે આવું કર્યું? ફરી ફરીને કર્યું ને થોડી વારમાં તેના પર પાણી ફેરવી દીધું. મારી તો આબરૂ ગઈ. સાંભળ્યું ને વંઠેલી ગૌરી કેવી હોય? પુણ્ય પણ એનાં જેવું છે. તેનો જરાય વિશ્વાસ કરાય? ના.

આપણે વાત ચાલતી હતી સંવેગની. સંસારના દરેક કાર્યોમાં સંવેગ છે. તમારું પુણ્ય હશે ત્યાં સુધી તમારા કાર્યોમાં સફળતા મળશે પણ એ પુણ્યના વિશ્વાસે કદી રહેશો નહિ. સંવેગ એટલે આત્મા તરફનો વેગ, મોક્ષ તરફનો વેગ. માત્ર મોક્ષની અભિલાષા. મોક્ષની તીવ્ર રૂચી જાગે તેનું નામ સંવેગ. સંસાર તરફથી વેગ બદલીને

મોક્ષ તરફનો વેગ કરવો તેનું નામ સંવેગ. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે संवेगेणं भंते जीवे किं जणयइ ? સમ્યક્ પ્રકારના વેગથી જીવને શો લાભ થાય ? संवेगेणं अणुत्तरं धम्म सध्धं जणयइ । अणुत्तराए धम्मसध्धाए संवेगं हव्वमागच्छइ । अणंतानुबंधी कोह, माण, माया, लोहं खवेइ नवं च कम्मं ण बंधइ । જ્યારે આત્મામાં સંવેગ આવે છે ત્યારે અનુત્તર ધર્મશ્રદ્ધાની પ્રાપ્તિ થાય. તે અનુત્તર ધર્મશ્રદ્ધા થાય એટલે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભને ખપાવે છે. અને નવા કર્મોનો બંધ કરતો નથી. કર્મબંધના નિમિત્ત કારણ મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને ક્ષાયિક સમ્યકત્વનો આરાધક થાય છે. સમ્યકત્વની વિશુદ્ધિથી વિશુદ્ધ બનેલા કોઈ જીવો તે ભવમાં સિદ્ધ થાય છે અને જે તે ભવમાં મોક્ષ નથી જતા તે ત્રણ ભવમાં મોક્ષે જાય છે. ક્ષાયિક સમકિતી જીવો ત્રણ ભવથી વધુ ભવ નથી કરતા. આત્મા સ્વને ઓળખે તો તેનો વેગ સાચો ઉપડે. આજે જગતના જીવો વિષયભોગ પાછળ ખુવાર થઇ ગયા છે અને અનંતો સંસાર વધારી રહ્યા છે. કારણ કે તેમનો વેગ સંસાર તરફનો છે. વિષયભોગ તરફથી વેગ ઘટાડો અને શુદ્ધ બ્રહ્મચર્યમાં આવો. માટીના ટોપલા ઉપાડતી જશમા ઓડણ પર સિદ્ધરાજ મોહિત થયો. તેને કહ્યું, તારા ટોપલા ઉપાડવાના મૂકી દે. હું તને મારી પટ્ટરાણી બનાવીશ. જશમા સિદ્ધરાજની વાત માને તો સતી શાની ? તેણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે–હે સિદ્ધરાજ ! આ મારી કાયા મૃત્યુને ભેટશે પણ તારા હાથમાં તો નહિ જ આવે. જશમાએ સિદ્ધરાજની વાત ન માની, ત્યારે સિદ્ધરાજે શું કહ્યું ? તારા દેખતા તારા પુત્રોની ઘાત કરી નાંખીશ. માટે તું મારી વાત માની જા અને પટ્ટરાણી–પદ નો સ્વીકાર કર. છતાં જશમા ન માની. તેની નજર સામે સિદ્ધરાજે તેના પુત્રોને તલવારથી માર્યા. શીલ પ્રત્યેનો કેટલો વેગ ! તે જરા પણ શીલથી ચલિત ન થઈ. આજે પંદરનું ઘર છે. તે ટકોર કરીને જગાડે છે. હે આત્માઓ ! તમે ચાર સંજ્ઞા તરફનો વેગ ઘટાડો અને દાન, શીયળ, તપ, ભાવ તરફ વેગ વધારો. આહારસંજ્ઞાને તોડવા માટે આ મહામંગલકારી તપના દિવસો આવ્યા છે. બની શકે તો તપ કરશો, અને આપ ન કરી શકો તો અનુમોદન આપજો. તપ કરવાથી આત્મા વિશુદ્ધ બને છે અને વિશુદ્ધ બનેલો આત્મા ધીરે ધીરે મુક્તિને પામે છે. તેના સંસારનો અંત આવી જાય છે. આનંદ ગાથાપતિને ભગવાનની વાણી સાંભળતા સંવેગના ભાવો આત્મામાં રમતા થઇ ગયા છે. હજુ આગળ શું ચાલશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર : દેવના કહેવાથી ધન શ્રેષ્ઠિએ ગામમાં દીકરીઓના લગ્નની તૈયારીઓ કરવાનું શરૂ કર્યું. આ તો વર વગરની જાન છે. તમાશાને તેડું હોય ! શેઠે મંડપ નાંખી દીધા. ઠેર ઠેર તોરણો બાંધી દીધા. આખું ગામ રોશનીથી ઝળહળી ઊઠયું. મંડપ પર રેશમી કીનખાબના પડદા શોભી રહ્યા હતા અને મખમલની જાજમ પાથરેલી હતી. ઢોલ, નગારા અને શરણાઇઓ વાગી રહી હતી. આ રીતે લગ્નની કુલ તૈયારીઓ થઈ રહી છે. બધાના મનમાં થાય છે કે આ લગ્નની તૈયારીઓ તો થઈ ગઈ છે, પણ સાત દીકરીઓને પરણનાર કોણ આવશે ? આ બધી વાત એક દેવી બીજી દેવીને કહી રહી છે,

આજે સાતમો દિવસ છે. ત્યાં એ કૌતુક થશે કે સાતેને પરણવા કોણ આવશે ? ખૂબ આશ્ચર્ય જેવી વાત છે. જો તારી ઇચ્છા હોય તો આપણે ત્યાં જોવા જઈએ. તેં મને પૂછ્યું કે કોઈ કૌતુક જોવા જેવું છે. તેથી મેં તને કહ્યું બીજી દેવી કહે, તમે જે વાત કરી તે મને ખૂબ ગમી ગઇ. આપણે કેવી રીતે જઈશું ? પહેલી દેવી કહે–આપણે આ ઝાડ પર બેસી જઈએ ને ઝાડને જ ઉડાડીએ. ત્યાં કૌતુક જોવામાં ખૂબ રંગ જામશે.

આ બંને દેવીઓ વચ્ચે થયેલી વાતો પુણ્યસારે સાંભળી. તેના મનમાં થયું કે અત્યારે મારા પુણ્યનો ઉદય છે. તો મારા મનની બધી ચિંતાઓ છોડીને હવે આ દેવીઓની સાથે ઝાડમાં બેસીને કૌતુક જોવા જાઉં. આવો અવસર મને ફરી ફરીને નહિ મળે. એમ વિચાર કરી તે ઝાડની બખોલમાં બેસી ગયો. ઝાડ તો આકાશમાં ઉડવા લાગ્યું. પુણ્યસારને તો દેવવિમાનમાં ઉડતો હોય એવું લાગ્યું. તેને તો ખૂબ મઝા આવી ગઈ. અંધારી રાત હતી, એટલે બધે કાળું કાળું દેખાતું હતું, ઉંચે તો તારા હતા. આ તો દેવની શક્તિથી ઝાડ ઉડી રહ્યું છે. દેવોની શક્તિ તો અલૌકિક છે. આકાશમાં પક્ષી ઉડે તેમ ઝાડ ઉડી રહ્યું છે.

વલ્લભીપુરમાં આગમન : આ ઝાડ ઉડતું ઉડતું થોડી વારમાં તો વલ્લભીપુર આવી ગયું. તે નગરની બહાર ઉદ્યાનમાં ઉતર્યું, પછી બંને દેવીઓએ મનુષ્યાણીનું રૂપ લીધું. જાણે ગુજરાતણો જોઇ લો. દેવના વચનથી ધન્ના શેઠે ચાર માણસોને આ દરવાજે મોકલ્યા હતા. તેમને ખાસ ભલામણ કરી હતી કે આ નગરના દરવાજામાં સવારમાં પ્રથમ બે સ્ત્રીઓ દાખલ થશે. તે સ્ત્રીઓની પાછળ એક યુવાન છોકરો આવતો હશે. તે યુવાનને આપ હાથ પકડીને અહીં લઈ આવજો. તેમાં વિલંબ કરશો નહિ. આ બંને દેવીઓ ઝાડ પરથી ઉતરીને નગર તરફ જાય છે. પુણ્યસારના મનમાં થયું કે હું આ બખોલમાંથી બહાર નીકળીને દેવીઓ જે તરફ જાય છે ત્યાં હું પણ તેમની પાછળ પાછળ જાઉં. એમ વિચાર કરીને તે બંને દેવીઓની પાછળ ચાલ્યો. દેવીઓને ખબર નથી કે અમારી પાછળ યુવાન છોકરો આવી રહ્યો છે. બંને દેવીઓ આગળ અને પુણ્યસાર પાછળ, તેઓ તો કૌતુક જોવા આવી રહી છે. નગરના દરવાજે પુણ્યસાર આવ્યો એટલે શેઠના માણસો તેની પાસે આવ્યા. તેને પકડયો, પુણ્યસાર તો બિચારો ગભરાવા લાગ્યો, મને શા માટે પકડતા હશે ? શું મને હોમ હવનમાં હોમવા લઈ જતા હશે ? મારો શું ગુનો હશે ? શેઠના માણસો કહે, ભાઈ ! આપ ગભરાશો નહિ. આપ અહીં ભલે પધાર્યા. અમે તો કયારના તમારી રાહ જોતા હતા. આ સાંભળીને પુણ્યસારના મનમાં થયું કે આ લોકો આમ શા માટે કહેતા હશે ? હું તો પરદેશી મુસાફર છું. મારી રાહ શા માટે જોતા હશે ? હું તો આ દેશનો સાવ અજાણ્યો છું. કોઈને ઓળખતો નથી. તમે કોની વાટ જોતા હતા ? જે કારણ હોય તે આપ મને કહો, મારે તો આ ગામમાં થઈને બીજા ગામમાં જવું છે, મારો હાથ શા માટે પકડો છો ?

મન મૂંઝવણમાં ને ચિત્ત ચિંતામાં : શેઠના માણસો કહે, ભાઈ ! આપ ચિંતા ન કરો. આપનો કોઈ વાંક ગુનો નથી. અમે આપને હાથ જોડીને વિનંતી કરીએ છીએ કે અમે તો ચિઠ્ઠીના ચાકર છીએ. આ નગરીમાં મોટા ધનાઢય ધન નામે શેઠ રહે છે. તેમણે આપને તેડાવ્યા છે. તે આપની રાહ જુવે છે. માટે આપ અમારી સાથે ચાલો. ભાઈ ! હું તો આ ગામ જોવા માટે આવ્યો છું. સેવકો કહે, આપ જોવા માટે નહિ પણ માણવા આવ્યા છો. તમે કહો છો કે અમારા શેઠ આપને બોલાવે છે, પણ તમે ભૂલ્યા લાગો છો. તમારા શેઠ જેને બોલાવતા હશે તે બીજો હશે. હું તો પરદેશી છું. મને તો તે ઓળખતા-પીછાણતા નથી. તો શા માટે મને બોલાવે ? તમને બીજા કોઈને તેડવા મોકલ્યા હશે ? તેને શોધીને આપ લઈ જાવ, તમે ભ્રમમાં ભૂલી ગયા છો. એમ કહીને તે સેવકોનો હાથ છોડાવીને ભાગવા જાય છે. માણસો કહે આપ ક્યાં ભાગો છો ? અમે તમને નહીં છોડીએ. ભાઇઓ ! આપ ભૂલમાં મને લઈ જશો તો હું માર ખાઈશ ને તમે પણ માર ખાશો માટે મારે આવવું નથી. સેવકો કહે, અમને અમારા શેઠે કહ્યું હતું કે આ દિવસે આપણા નગરની આ દિશામાં આવેલા દરવાજેથી સવારમાં પહેલી બે સ્ત્રીઓ દાખલ થશે ને તેની પાછળ એક યુવાન હશે. એ બધા નિશાન અમને બરાબર મળી ગયા છે, માટે આપ અમારી પાસેથી છટકવા માંગશો તો પણ છૂટી શકવાના નથી. પુણ્યસારનું મન મૂંઝવણમાં છે. ચિત્ત ચિંતામાં છે. તે સેવકોની સાથે નહિ જવા માટે આનાકાની કરે છે. હવે ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

શ્રાવણ વદ ૭ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૩૬ : તા. ૭-૮-૮૫

કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામ્યા પછી ભગવંતે વાણીના અમૃતરસના ઝરણાં વહાવ્યાં. તેમની વાણીમાં પરમજ્ઞાન અને સત્યનો પ્રકાશ રહેલો છે. જ્યારે બીજા જીવોની વાણીમાં દોષ, સંશય કે અસત્ય હોઈ શકે, કારણ કે તે છદ્મસ્થની વાણી છે. કેવળીના જ્ઞાનમાં અને છદ્મસ્થ જીવોના જ્ઞાનમાં કેટલું અંતર છે તે બતાવતા ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ !
તેજઃસ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં, નૈવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ ॥૨૦॥

પ્રભુ પાસે કેવળજ્ઞાન છે કે જેના બળથી એક સમય, એક પ્રદેશ, એક પરમાણુનું જ્ઞાન થાય છે. બીજા કોઈ જીવ આટલી સૂક્ષ્મતાથી જ્ઞાન કરી શકતો નથી. કોઈ પણ જીવ કર્મથી લેપાયેલો હોય ત્યાં સુધી આટલી સૂક્ષ્મતાથી જ્ઞાન થઈ શકતું નથી. એટલા માટે ભક્ત પ્રભુને કહે છે હે પ્રભુ ! તમારું સંપૂર્ણ, ગાંભીર્યવાળું જ્ઞાન જેવું શોભાયમાન લાગે છે તેવું ઈન્દ્ર, દેવેન્દ્ર, નાગેન્દ્ર કે કોઈ પણ વ્યક્તિમાં શોભાયમાન લાગતું નથી. દેવલોકના ઇન્દ્રને તથા બીજા દેવોને અવધિજ્ઞાન હોય છે પણ તેને મર્યાદા છે, જ્યારે

પ્રભુના જ્ઞાનની સૂક્ષ્મતા કે સચોટતાને મર્યાદા નથી. જેને પ્રભુના જ્ઞાનનો પરિચય થાય તેને ઇન્દ્રાદિના જ્ઞાનથી સંતોષ થતો નથી. પ્રભુના જ્ઞાનની સરખામણીમાં ઇન્દ્રાદિનું જ્ઞાન સાગરમાં બિંદુ જેટલું પણ નથી.

કેવળી ભગવંતોની વાણીનું પાન કરવાનો સોનેરી અવસર મળ્યો છે. આ જગતમાં શ્રવણ કરવા જેવું કંઈ હોય તો શ્રુતવાણી છે.

રવિથી ટળે રાત્રિનું તિમિર, જ્ઞાનથી ટળે અજ્ઞાન અંધકાર,
જ્ઞાન તણો જ્યાં હોય સમીર, તે તો ભાવે બન્યા અમીર.

અમાસની રાત્રિનો ઘનઘોર અંધકાર હોય છતાં સૂર્યનું એક કિરણ બહાર નીકળે એટલે અંધકારનો અસ્ત થઈ જાય અને પ્રકાશનો પુંજ પથરાઈ જાય, તેમ આત્મા પર લાગેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે જ્ઞાન રૂપી સૂર્યની જરૂર છે. જેના જીવનમાં જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશી ગયો છે તે સાચા અમીર બની ગયા છે. જ્ઞાનથી આપણા જીવનમાં કેટલા ગુણો આવે છે? જ્ઞાન આપણને શું આપે છે તે સમજવા માટે એક ન્યાય આપું.

એક વ્યક્તિએ ડોલને દોરડાથી બાંધીને કૂવામાં નાંખી. કૂવો પાણીથી ભરપૂર ભરેલો હતો. તે માણસ કૂવામાં ડોલ નાંખીને વાંકો વળ્યો અને ડોલને પણ વાંકી વાળી, એટલે ડોલમાં પાણી ભરાઈ ગયું. પછી તે ડોલને બહાર કાઢી લીધી. બીજા દિવસે એ જ ભાઇએ ડોલને દોરડા સાથે બાંધી પાણી ભરવા માટે બીજા કૂવામાં નાંખી. એ ડોલને કૂવામાં નાંખીને પાણી ભરવા માટે બે ચાર વાર હલાવી તો ખનણન અવાજ આવ્યો, પણ ડોલમાં ટીપું પાણી પણ બહાર આવ્યું નહિ, પણ ખાલી પાછી આવી. આનું શું કારણ? કૂવામાં પાણી જ ન હતું. એક કૂવામાં પાણી હતું ને બીજો કૂવો ખાલી હતો. પહેલા કૂવામાં ડોલ નાંખી, તેને બહાર કાઢતાં પાણી લઈને તે બહાર આવી, જ્યારે બીજા કૂવામાં ડોલ નાંખી તો તે પથરા સાથે અથડાઈને બહાર ખાલી પાછી આવી. જે કૂવામાં પાણી ન હોય તે કૂવામાં પચાસ વાર કે સો વાર ડોલ નાંખો તો પણ ડોલમાં પાણી નહિ આવે અને જે કૂવામાં પાણી છે તેમાં એક વાર ડોલ નાખશો તો પણ પાણી લઈને બહાર આવશે. દોરડું, ડોલ, ખેંચનાર વ્યક્તિ તો એની એ જ છે પણ કૂવામાં પાણી છે કે નહિ તે જોવાનું છે. એકમાં પાણી છે, બીજામાં નથી.

જૈનદર્શને આત્મા માટે આ ન્યાય આપ્યો છે. હે આત્મા! તું સમજ. પાણી સમાન ક્રોધાદિ કષાયો છે. નિમિત્તો બધા ડોલ જેવા છે. કૂવા સમાન સંસાર છે. આ આત્મા સંસારમાં રહ્યો છે. તેને સેંકડો નિમિત્તો મળે છે. સંસાર રૂપી કૂવામાં કષાયો રૂપી પાણી ભરેલું છે. ડોલ સમાન નિમિત્તો મળી જાય છે ત્યારે આત્મામાં કષાયો રૂપી પાણી ભરાઈ જાય છે. કારણ કે તેનું અંતર રાગ-દ્વેષના કીચડિયા પાણીથી ભરેલું છે. જે કૂવામાં પાણી છે તેમાં ડોલ નાંખી કે તરત પાણી આવી ગયું, તેમ સહજ નિમિત્ત મળે કે, આત્મામાં કષાયનું પાણી ભરાઈ જાય. જે ખાલી કૂવો છે તેમાં ડોલ ગમે

તેટલી પછાડો છતાં પાણી આવવાનું નથી કારણ કે તેમાં પાણી છે જ નહિ તેમ જે આત્માઓ કેવળજ્ઞાની છે તેમની સામે આત્મા ભાન ભૂલી જાય, આત્મા ધમધમી ઊઠે એવા નિમિત્તો આવે છતાં તેમનામાં કષાયો રૂપી પાણી ભરાતું નથી; કારણ કે તેમના અંતરમાં ક્રોધ આદિ કષાયો તથા રાગ-દ્વેષ છે નહિ. તેમણે ૧૬ કષાય ૯ નોકષાય એ ૨૫ ચારિત્ર મોહનીયની અને ૩ દર્શન મોહનીયની એ ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિઓને જડમૂળમાંથી ઉખેડી નાંખી છે. ખાલી કૂવામાં ડોલ પછાડો તો પણ પાણી ન આવે તેમ કેવલી ભગવંતની સામે ડોલ સમાન ગમે તેવા નિમિત્તો આવીને ધમપછાડા કરે છતાં કષાયો રૂપી પાણી ન આવે. આપણને કોઈ સહજ ગાળ દે, અપમાન કરે તો પણ ક્રોધ આવી જાય છે. સમજજો. આપણી અધોગતિ કરાવનાર કોણ છે? કષાયો. આપણે બધા અહીં ભેગા થઈ એ છીએ, શા માટે? ભવના ફેરા મટાડવા. જો અંતર કષાયો રૂપી પાણીથી ભરેલું નહિ હોય તો સમજવું કે મારો મોક્ષ વહેલો છે.

આત્માનું અહિત કરનાર આંતર શત્રુઓ છે. શત્રુ એ નામ પણ સાંભળવું આપણને ગમતું નથી, છતાં આપણું જીવન જોતાં જણાશે કે શત્રુતા ફાલીફુલી રહે એવા આપણા કર્તવ્યો છે. જ્ઞાની કહે છે કે જેના અંતરના શત્રુઓ જીવતા જાગતા હોય છે તેને બહારના શત્રુઓ હોય છે. જેના આભ્યંતર શત્રુઓ જીતાઈ ગયા છે તેમને માટે તો આ દુનિયામાં કોઈ શત્રુ નથી. જ્ઞાની કહે છે કે આંતરશત્રુઓ કયા છે. કામ, ક્રોધ, માન એટલે મદ અને લોભ. આ આંતરશત્રુઓ પર વિજય મેળવવો એ સાચો વિજેતા છે.

જલતી આગ બુઝા ન પાએ, વહ નીર હી કયા?
અપને લક્ષ્યકો ભેદ ન પાએ, વહ તીર હી કયા?
સંગ્રામમેં લાખોંકો મારનેવાલા ભી અગર,
અપને આપ પર વિજય ન પાએ તો વહ વીર હી કયા?

જે સળગતી આગને બુઝાવી ન શકે તેવા પાણીથી શું? સંગ્રામમાં લાખોને મારનારો પોતાના પર વિજય ન મેળવે તો તે વીરથી શું?

બાહ્ય શત્રુ તો આ એક ભવ બગાડે છે પણ આંતર શત્રુ તો આ ભવનું બગાડે ને પરભવનું પણ બગાડે. અરે, ભવોભવ બગાડે. અહીં જ્ઞાની એ સમજાવે છે કે દુનિયામાં બહારના શત્રુ હોય છે તેને કોઈ પણ રીતે કેમ પછાડવા તે માટે માનવી પ્રયત્ન કરે છે જ્યારે આ અંતરંગ શત્રુઓ છે તેને પછાડવાની વાત તો બાજુમાં રહી પણ ઉપરથી તેને થાબડયા કરીએ છીએ, કારણ કે આ અંતરંગ શત્રુઓ આપણને હજુ સુધી શત્રુ તરીકે લાગ્યા નથી. એ તો શત્રુને બદલે મિત્ર જેવા લાગે છે. એટલા માટે તો એને સાચવવા જીવનનો કેટલો સમય તેમાં વેડફી નાંખીએ છીએ. તમે બહારના

શત્રુ કોને માનો ? જે તમારાથી પ્રતિકૂળ વર્તતા હોય, તમારી વાતનો સ્વીકાર ન કરતા હોય, જેને તમારું નુકશાન કેમ વધુ થાય એવા ભાવ હોય તેને શત્રૂ માનો છો. તો આ કામ ક્રોધ આદિ જે અંતરંગ શત્રુઓ છે તે સદાય આત્માનું બગાડી રહ્યા છે, તેમને આત્માનું બગાડવામાં રસ છે. તે આત્માના સ્વભાવથી બિલકુલ વિરૂદ્ધ સ્વભાવવાળા છે. અનંતકાળથી આત્માને દુર્ગતિઓમાં રખડાવનાર આ આંતર શત્રુઓ છે. શત્રુઓ કેટલા ખતરનાક છે તેનો આપણે વિચાર કરીએ.

સૌથી પ્રથમ છે કામ. આ શત્રુ જીવનને ફના ફના કરી નાંખે છે. આત્માનું બળ, વીર્ય, શક્તિને ખતમ કરી દેનાર અને મનને માંયકાંગલું બનાવનાર આ કામશત્રુ છે. જો આત્માની બધી શક્તિ આ શત્રુને પોષણ આપવામાં વાપરશો તો પછી આંતર-શત્રુઓ સામે વિજય કેવી રીતે મેળવી શકશો ? તેમાં તાકાત, વીર્ય તો જોઈશે. લાકડાની ગુંદની ગાંઠને ચીરવા માટે તીક્ષ્ણ કુહાડો અને શક્તિશાળી યુવાન હશે તો તે ચીરી શકશે. કર્મો ગુંદની ગાંઠ જેવા મજબૂત છે. તે ગાંઠને ચીરવા માટે વીર્ય જોઈશે. શરીરનો રાજા વીર્ય–શક્તિ છે. તે શક્તિને જો વેડફી નાંખશો તો પછી જીવતાં છતાં મરેલા જેવી દશા છે. કામ શત્રને જીતવો બહુ મુશ્કેલ છે. દૃષ્ટિથી જોવામાં, કાનથી સાંભળવામાં પણ શક્તિ ફના થઇ જાય છે. માટે પહેલી બ્રેક કામ શત્ર પર મારવાની છે. તેના પર વિજય મેળવવાનો છે. અતિકામી માણસનું કૌટુંબિક જીવન પણ વેરવિખેર થયા વિના રહેતું નથી. જેના પર કામ શત્રુ ચઢી બેઠો છે તેનું જીવન આલોકમાં અને પરલોકમાં ફના થઈ જાય છે. આ કામ શત્રુએ આત્માનું કેટલું અહિત કર્યું છે, કેટલું બૂરું કર્યું છે, તે શત્રુ આત્માને કેટલું નુકશાન કરે છે તે આપણે ઘણીવાર સાંભળીએ છીએ ને નજર સામે પણ દેખાય છે.

હોંશિયારીથી કોર્ટમાં જીત : એક માણસ સવારમાં દોડતો દોડતો વકીલ પાસે ગયો. જઈને ફૂસકે (૨) રડવા લાગ્યો ને કહે છે મને બચાવો....બચાવો. વકીલ કહે–ભાઈ ! પણ છે શું ? તો કહે, મારી પત્નીએ પોતાની જાતે બાસલેટ છાંટીને આપઘાત કર્યો છે. તે આજે મરી ગઈ છે. મારા સસરાએ મારા પર એવો કેસ કર્યો છે કે મેં તેને બાળીને મારી નાંખી છે. હવે મારી બૂરી દશા થશે. હું નિર્દોષ હોવા છતાં દોષિત ઠરીશ. આપ ગમે તેમ કરીને મને બચાવી લો. હું સાચું કહું છું કે મેં તેને બાળી નથી, પણ તેણે જાતે આપઘાત કર્યો છે. વકીલ કહે–તું થોડીવાર બેસ. મને બધી વાત કર. તેણે આપઘાત કર્યો શા માટે ? આપઘાત કરવાનું પ્રયોજન શું ? તેને દુઃખ શું હતું ? સાહેબ ! અમે પ્રેમ લગ્ન કર્યા હતા. હવે તમે વિચાર કરો કે જેણે પ્રેમ લગ્ન કર્યા હોય તેને દુઃખ પડે ખરું ? તે માણસે પોતાની હોંશિયારીથી એવી વાત કરી કે વકીલને ગળે ઉતરી ગઈ. વકીલે કહ્યું. જા, તું નિર્દોષ છે. તારા સસરા કેસ કરશે તો હું વકીલ તરીકે તારા પક્ષમાં રહીશ. આ બાજુ છોકરીના પિતાશ્રી પૈસાવાળા હતા. એ કહે, ગમે તેટલા પૈસા થશે પણ મારી દીકરીને જમાઈએ મારી નાખી છે, એ માટે હું કોર્ટમાં

બરાબર લડીશ. બંને સામાસામા લડ્યા. લડતાં લડતાં છોકરાની જીત થઈ. એ પૂરવાર થયું કે તેની પત્ની ઘાસલેટ છાંટીને આપઘાત કરીને મરી ગઈ છે. તેના સસરાની હાર થઈ. તે નિર્દોષ છૂટી ગયો. સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા.

આ બનાવ બન્યા એક બે વર્ષ ગયા પછી વકીલ રસ્તેથી ચાલ્યા જતા હતા, ત્યાં આ યુવાન તેમને મળ્યો. વકીલ તેને ઓળખી ગયા. બે વર્ષ પહેલાં તું રડતો રડતો મારા ઘેર આવ્યો હતો તે ને ? કેમ મઝામાં છે ને ? તારા ફરીવાર લગ્ન થઈ ગયા ? વકીલના મનમાં એમ કે યુવાનની ઉંમર નાની છે. પત્ની કમોતે મરી ગઈ છે, તે કુંવારો થોડો રહે ? માટે વકીલે પૂછયું. તે યુવાન કહે–એ બધી વાત પછી કરીશ. આપ ચેમ્બરમાં આવો ને ! મારે અત્યારે આપને મળવું છે. ભાઇ ! શી વાત છે બોલને ? બહારનો શત્રુ તો કોઈ જોઈ શકે પણ આંતર શત્રુ કામને કેવળી સિવાય કોણ જોઈ શકે ? વકીલ અને યુવાન બંને ચેમ્બરમાં ગયા. યુવાન વકીલના પગમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તું રડે છે શા માટે ? જે હોય તે કહે. આપે મને પૂછયું કે તારા બીજી વાર લગ્ન થયા ? લગ્ન ક્યાંથી થાય ? મારા લગ્ન નથી થયા. આપે મને લગ્નનું પૂછયું તો હવે આપની પાસે સત્ય વાત રજૂ કરી દઉં.

સત્ય વાતની રજુઆત : વાત એમ બની છે કે વિદ્યાર્થી જીવનમાં ભણતાં ભણતાં એક છોકરી સાથે પ્રેમ થયો. મેં મારા પિતાને વાત કરી કે હું લગ્ન કરીશ તો આ છોકરી સાથે કરીશ. મારા માતાપિતાએ કોઈ હિસાબે હા ન પાડી. છેવટે તેમની ઇચ્છા વિરૂદ્ધમાં જઈ ને છોકરી સાથે પ્રેમ લગ્ન કરી લીધા. મારા માબાપે ના પાડી છતાં તેમની વાતની અવગણના કરીને લગ્ન કર્યા એ પહેલો મારો ગુનો છે. લગ્ન કર્યા એટલું નહિ પણ એમની સાથે લડાઈ ઝઘડા કરીને બાપની સંપત્તિમાંથી મારા ભાગની સંપત્તિ લઈ ને જુદો થયો ને ઘર વસાવીને રહ્યો. પ્રેમ લગ્ન કર્યા હતા. આનંદથી રહેતા હતા. આ રીતે રહેતા પાંચ સાત વર્ષો વીતી ગયા. હું ભણીગણીને પ્રોફેસર થયો. સાથે ટ્યુશન કરતો હતો. તેમાં એક છોકરી બી. એ. માં ભણતી, મારી પાસે ક્લાસ કરતી હતી. તે છોકરી રૂપરૂપનો અંબાર હતી. જાણે એક પરી જોઈ લો. એ છોકરી સાથે હું પ્રેમમાં પડ્યો. એ મારા પ્રેમમાં પડી. જુઓ. કામ શત્રુ શું કરે છે ? હું લગ્ન કરવા ઉતાવળો થયો પણ એને ખબર પડી કે હું પરણેલો છું. આવી સ્થિતમાં એ લગ્ન કરવા કેવી રીતે તૈયાર થાય ? તેણે સ્પષ્ટ કહી દીધું કે તમારી પત્ની સાથે છૂટાછેડા લઈ લો, પછી મારી સાથે લગ્ન કરજો. એ ઘરમાં બેઠી હોય ત્યાં સુધી હું કેવી રીતે આવી શકું ? મારા માબાપની વિરૂદ્ધ જઈને મેં તેની સાથે પ્રેમ લગ્ન કર્યા હતા એટલે છૂટાછેડા લેવા મુશ્કેલ હતા.

પાપનું પ્રકાશન : યુવક વકીલની પાસે પોતાનું પાપ પ્રગટ કરે છે. તે કહે છે સાહેબ ! કામશત્રુએ મારા પર અડ્ડો જમાવ્યો. જે દિવસે હું તમારી પાસે આવ્યો ત્યારે રાતમાં તે ભર ઉંઘમાં સૂતી હતી. તેના મોંમાં ડૂચો મારીને તેને પલંગ સાથે

બાંધી દઈને ઘાસલેટ છાંટીને મેં તેને જીવતી સળગાવી મૂકી. નિર્દોષ એવી પત્નીની મેં હત્યા કરી નાંખી. મેં કેવું અધમ પાપ કર્યું ! આનાથી ઘોર પાપ બીજું કયું હોઈ શકે ? પાપ તો કર્યું ને ઉપરથી પાપનો બચાવ કરવા તમારી પાસે આવ્યો ચાલાકીથી તમને પણ છેતરી ગયો. તમે મારી ફેવરમાં આવ્યા. કેસ મજબૂત થયો. હું જીતી ગયો. અને મારા સસરા હારી ગયા. વકીલ કહે, હવે તમે પેલી છોકરી સાથે લગ્ન કરી લીધા કે નહિ ? સાહેબ ! જ્યારે હું એ છોકરી પાસે ગયો ને લગ્નની વાત કરી ત્યારે તેણે મને કહ્યું કે તમે લગ્ન કરવા તૈયાર થયા છો પણ તમે છૂટાછેડા લઈ લીધા ? અરે ! મેં તો તેને સંપૂર્ણ રીતે છૂટી કરી દીધી. કેવી રીતે ? મેં તેને બધી વાત કરી. મારી વાત સાંભળીને તે છોકરીએ મને કહ્યું કે તમારા જેવા ખૂની પર હું જરાય વિશ્વાસ રાખતી નથી. હવે કયારે પણ મારા ઘરનો ઓટલો ચઢશો નહિ. કદાચ આવશો તો ધક્કામુક્કા કરીને કાઢી મૂકીશ. જેની સાથે પ્રેમ લગ્ન કર્યા હતા, એવી નિર્દોષ પત્નીને તમે મારા પ્રેમમાં પડીને જીવતી સળગાવીને મને પરણવા તૈયાર થયા છો તો કાલે મારાથી અધિક રૂપાળી કન્યા તમને મળે તો મને પણ સળગાવી નહિ મૂકો એની શી ખાત્રી ? આજે મેં આપની પાસે મારું પાપ પ્રગટ કર્યું છે. હું આપને એક વાત પૂછું છું કે મેં સ્ત્રી હત્યા કરી તે ગુનાની શિક્ષા તરીકે હવે મને ફાંસી અપાય કે ન અપાય ? વકીલ કહે, હું ફાંસી આપું કે ન આપું પણ કર્મની ફાંસી તો મળવાની છે. એમાંથી છૂટકારો થવાનો નથી. કામશત્રુનું જોર વધે છે, તે મન પર સવાર થઈ જાય છે, ત્યારે કેવા ભયંકર અનર્થો ઊભા થાય છે ! યુવક તેની હોંશિયારીથી આ ભવમાં ફાંસીની શિક્ષામાંથી બચી ગયો પણ બીજા ભવમાં તો તે કર્મો ભોગવ્યા વિના છૂટકારો થવાનો નથી.

આ આંતરશત્રુ કામને જીતવા સતત પ્રયત્ન કરો, સતત જાગૃતિ રાખો. આ વાત સાંભળીને આપ એટલો નિર્ણય કરજો કે કયારેક જીવનમાં પતનની આવી કાતિલ પળો આવીને ઉભી રહે તો હું ખૂબ સજાગ રહીશ. રોમેરોમમાં, અણુઅણુમાં કામશત્રુના બહિષ્કારની ભાવના રાખજો. વિજય શેઠ અને વિજયા શેઠાણીની જેમ આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકારો તો તે ઉત્તમમાં ઉત્તમ છે પણ એટલું સ્વીકારી ન શકો તો પોતાની પત્ની સિવાય જગતની તમામ સ્ત્રીઓને માતા અને બહેન સમાન ગણો. સ્ત્રીને જોઈને કયારે પણ વિકાર ઊભો થવો ન જોઈએ. માટે કામ શત્રુ પર વિજય મેળવો. એટલી વાત યાદ રાખજો કે **આગને અડનારને આગ બાળ્યા વિના રહેતી નથી અને આગની સાથે અડપલા ન કરનારને આગ કયારેય બાળતી નથી. એવી રીતે કુનિમિત્તોને સેવનારાને એ કુનિમિત્તો પછાડયા વિના રહેતા નથી અને કુનિમિત્તોથી સો ગાઉ દુર રહેનારાઓને કુનિમિત્તો કયારે ય પછાડતા નથી.** આ કામશત્રુ પર વિજય મેળવવા માટે કામને ઉત્તેજિત કરે તેવા ભોજનનો, પહેરવેશનો અને તેવા વાંચનનો સર્વથા ત્યાગ કરી દો અને તેનાથી વિપરીત વિકારોને ઊઠવા ન દે તેવા ધર્મસ્થાનકોમાં, સત્સંગમાં જતા રહો અને ધાર્મિક વાંચન કરો તો કામશત્રુ પર વિજય મેળવી શકશો.

પહેલો છે કામશત્રુ અને બીજો છે ક્રોધ. ક્રોધ શત્રુ પણ જેવો તેવો નથી. ક્રોધ એ આત્માનો ભયંકર શત્રુ છે. ક્રોધ એ કાતિલ ઝેરવત છે. તે દ્વારા પોતે મરે છે, બીજાને મારે છે ને આત્માને દુર્ગતિના દ્વારે ધકેલી દે છે. જીવનને દુઃખી કરે છે, મનને કલુષિત કરે છે ને શરીરની બરબાદી કરે છે. ક્રોધના ગણ્યા ન ગણાય તેટલા કટુ વિપાકો છે. કેવો છે કાતિલ ક્રોધ ! સજ્જનને શાંતિથી જંપવા ન દે. અરે ! એ ક્રોધની કાલિમા તો સાધુને શયતાન બનાવે. તમારું ધાર્યું બધું ધૂળમાં મેળવી દેનાર, મૂળમાંથી શૂળ જેવો સાલતો ક્રોધ, ફૂલમાં ય કાંટા ઊભા કરીને જીવનને પાયમાલ બનાવી દે છે. એક એવો દાખલો બતાવો કે ક્રોધ કરવાથી તમારું કંઈ કામ થઈ ગયું હોય. ક્રોધ સર્વ સુકૃતોનો નાશ કરી જીવનને દુર્ગતિમાં પાડે છે એક-વખત ક્રોધ જો તમારા કાળજાનો કબજો કરી લેશે તો પછી એને દૂર કાઢવો મુશ્કેલ બની જશે. ક્રોધ કરનાર પર કોઈ ને સદ્‌ભાવ રહેતો નથી. તેની હાજરી કોઈ ને ગમતી નથી. તેની સાચી સલાહ સ્વીકારવા પણ કોઈ તૈયાર થતું નથી.

સામાન્ય રીતે જોઈશું તો પોતાનું ધાર્યું ન થતાં જીવ ગુસ્સે થઈ જાય છે. ક્રોધ કરી બેસે છે. ક્રોધનું મોટામાં મોટું નુકશાન કોઈ હોય તો તે છે સર્વત્ર થતી અપ્રીતિ. "कोहो पीइं पणासेइ" ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. ક્રોધ તો જીવને એવો હેરાન-પરેશાન કરે છે કે ન પૂછો વાત. કદાચ સમકિત પામ્યા હોય તો અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ ન હોય પણ અપ્રત્યાખ્યાની આદિ કષાયો તો પડેલી છે. અપ્રત્યાખ્યાની ગઈ હોય તો પ્રત્યાખ્યાની આદિ પડેલી છે. પ્રત્યાખ્યાની ગઈ હોય તો સંજ્વલનની ચોકડી એટલે કુલ ૧૬ અને દર્શન મોહનીયની ૩ એટલી જતી રહે તો આપણે આ સ્થાને બેઠા ન હોત. આપણા જીવનમાં કષાયો રૂપી પાણી ભરેલું છે એટલે સહેજ નિમિત્ત મળે કે ભડકો થતાં વાર ન લાગે. તેમાં મગજ પરથી જો કંટ્રોલ ગુમાવી દે તો તો કેવા ભયંકર અનર્થો સર્જાઈ જાય છે.

ક્રોધનું ભયંકર પરિણામ :– એક ભાઈ આખો દિવસ મજૂરી કરીને સાંજે ઘેર આવ્યો. ખૂબ કકડીને ભૂખ લાગી હતી. આવીને જમવા બેઠો. રોટલો, ખીચડી ને શાક થાળીમાં પીરસાયું છે. હજુ જમ્યો નથી, ત્યાં પત્ની કહે છે કે હું તમને ત્રણ દિવસથી કહું છું કે ઘાસલેટ થઈ રહ્યું છે, છતાં સાંભળતા નથી અને લાવતા નથી. કેટલી વાર કહું તમને ! આમ તેનો કકળાટ શરૂ થયો. ભાઈ એક તો થાકયો પાકયો આવેલો, તેમાં આ કકળાટ શરૂ થયો. આથી તેને ગુસ્સો આવી ગયો. મને શાંતિથી ખાવા તો દે. એમ કહીને પત્નીના ગાલ પર જોરથી તમાચો માર્યો એટલે પત્નીને પણ ગુસ્સો આવ્યો. તેને ૭ મહિનાના બાળકથી લઈ ને આઠ વર્ષ સુધીના ચાર બાળકો હતાં, તેને લઈ ને ઘરની બહાર નીકળી ગઈ. પતિ ગુસ્સામાં હતો એટલે તે કહેવા ન ગયો કે તું બહાર ન જઈશ. તેના મનમાં એમ કે ક્યાં જવાની છે ? હમણાં આવશે. એટલે તે તેને પાછી વાળવા ન ગયો. પત્ની પણ ગુસ્સાના આવેશમાં બહાર નીકળી ગઈ. તે તો

ગામના પાદરે પહોંચી. ત્યાં એક કૂવો હતો તે કૂવામાં પોતાના નાના નાના ચાર ફૂલ જેવા બાળકોને નાંખી દીધા અને પછી પોતે પણ પડી. થોડા શા ક્રોધના કારણે પાંચ પાંચ જીવોની ઘાત થઈ ગઈ ! પતિ પત્ની વચ્ચે ગુસ્સો થયો, તેમાં નિર્દોષ બાળકોએ શો ગુનો કર્યો કે તેમને પણ કૂવામાં નાંખી દીધા. ક્રોધનું કેવું ભયંકર પરિણામ આવ્યું ! ક્રોધ આવે ત્યારે તે ભવિષ્યના પરિણામનો વિચાર નથી કરતો. આપણે નમો અરિહંતાણંના, નમો સિદ્ધાણંના ભાવો જો સમજ્યા હોઈએ તો કષાય કરવી જોઈએ નહિ. ક્રોધી માણસ કુટુંબનો સદ્‌ભાવ ગુમાવે એટલું નહિ પણ કલ્યાણ મિત્રો પણ ગુમાવે. શરીરથી તો ઘસાતો જાય, સાથે વેપાર ધંધામાં પણ મોટા ભાગે ખોટ આવે. ડગલે ને પગલે ઠોકરો ખાવાનું તેના નસીબમાં લખાયેલું હોય ! આવી ને આવી સંક્લેશ-વાળી સ્થિતિમાં જીવન પૂરું કરીને તે જાય પરલોકમાં, ત્યાંની રિબામણીનું, વેદનાઓના ગુણાકારોનું તો પૂછવું જ શું ?

આંતરશત્રુ ક્રોધ બહુ ખરાબ છે. આ પત્નીને કેવો તીવ્ર ભયંકર ક્રોધ આવ્યો હશે કે જે બાળકોને પોતાનાથી ઘડી પણ દૂર નહિ કરનાર એવા નાના ફૂલ જેવા નિર્દોષ બાળકોને કૂવામાં નાંખી દીધા ! તીવ્રક્રોધ આ ભવમાં આપણું અહિત કરે છે અને પરલોકમાં પણ તેના કટુ વિપાક ફળો ભોગવવા પડે છે. બાહ્ય શત્રુઓ જેટલું નુકશાન નથી કરતાં એટલા આંતરશત્રુઓ કરે છે. આજે આપણા અંતરંગ શત્રુઓ કામ-ક્રોધ એ બે જીવનું કેટલું અહિત કરે છે તે વાત સમજ્યા. હવે માન અને લોભની વાત અવસરે.

આપણા અધિકારમાં આનંદ ગાથાપતિ ભગવાનની અમૃતમય વાણીનું પાન કરી રહ્યા છે. જિનવાણી સાંભળતા વિવેક, ઉપશમ અને સંવેગ જોઈએ. ચોથો બોલ છે નિર્વેદ. નિર્વેદ એટલે ભવ પ્રત્યે ખેદ. સંસાર પ્રત્યે અરૂચી. નિર્વેદ આવે એટલે સંસાર પ્રત્યે અને સંસારના તમામ પદાર્થો પ્રત્યે અરૂચી પેદા થાય. એ બધું તેને હેય લાગે. નિર્વેદ આવે એટલે તો આત્મા **दिव्व माणुस्स तिरिच्छएसु कामभोएसु णिव्वेयं हव्वमागच्छइ** " દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી જે કામભોગો છે તેનાથી નિવૃત્ત થાય. સંવેગથી મોક્ષ તરફનો વેગ ઉપડે અને નિર્વેદથી સંસાર પ્રત્યે અરૂચી થાય અને બધા વિષયોથી વિરક્ત થઈ જાય. બધા વિષયોથી વિરક્ત થયેલો જીવ આરંભ પરિગ્રહનો ત્યાગ કરે. આરંભ પરિગ્રહનો ત્યાગ કરીને સંસારના માર્ગનો નાશ કરી દે અને મોક્ષમાર્ગનો પથિક બની જાય. આનંદ ગાથાપતિ ભગવાનની વાણી સાંભળી રહ્યા છે. હવે શું બનશે તે ભાવ અવસરે.

ચરિત્ર :–પુણ્યસારને લેવા માટે દરવાજે બે માણસો આવ્યા છે. પુણ્યસાર કહે, મને શા માટે લઈ જાવ છો ? તો લેવા આવનાર કહે, અમારા શેઠ મોટા ઝવેરી છે. તેમને સાત દીકરીઓ છે. તેમના લગ્ન લીધા છે. લગ્નની કુલ તૈયારીઓ થઈ ગઈ છે. તે દીકરીઓના વર કોણ થશે ? તે માટે મુંઝવણમાં છે. અમારા શેઠને હવે કહ્યું છે કે

આ દિશામાંથી આવી રીતે બે સ્ત્રીઓની પાછળ જે છોકરો આવે તેમને લઈ આવજો. ભાઈ! તમે મને કોઈકને બદલે કોઈને લઈ જતા નથી ને? એ લગ્નમાં અત્યારે તમારી ખાસ જરૂર છે. લગ્નનું મુહુર્ત નજીક આવી રહ્યું છે. એ બધી વાતો રસ્તામાં કરીશું. આપ અત્યારે અમારી સાથે ચાલો. પુણ્યસાર વિચારે છે કે મારા ભાવિમાં જે થવાનું હશે તે થશે.

ભાવિના લખ્યા લેખ લલાટે ઠોકર ખાય ખાય ખાય....
જુગટું રમતાં હારી ગયો છું, માબાપે તો કાઢી મૂક્યો છે,
આવ્યો જંગલ કેરી વાટે, ઠોકર ખાય ખાય ખાય.... ભાવિના.

મારું ભાવિ દુઃખમય હશે એટલે આ બધું બની ગયું. હું મારા માબાપને દેવ પાસે માંગીને લીધેલો એકનો એક દીકરો હતો. ત્યાં કેવા સુખો ભોગવતો હતો. હું કુળદીપકને બદલે કુલાંગાર નીકળ્યો! હું જુગાર રમ્યો ત્યારે મારી આ દશા થઈને? ક્યાં મારા માતાપિતા અને ક્યાં હું! ક્યાં મારું ગોપાલપુર અને ક્યાં આ વલ્લભીપુર! આ રીતે ઝાડ પર બેસીને આવવું! તેણે ભૂલ કરતા કરી છે પણ હવે તેના પશ્ચાતાપનો પાર નથી. મને આટલા બધા કાલાવાલા કરીને શા માટે લઈ જતા હશે? શું કરવું? જવું કે ન જવું? આ બે માણસો કોણ હશે? જો વધુ બોલવાનો અવાજ થશે તો આગળ દેવી જાણી જશે. માટે હવે બોલવું નથી. મને લઈ જવામાં તેમનું કોઈ કાવત્રું તો નહિ હોય ને! આ રીતે મનમાં વિચાર કરતો (૨) તે બે માણસોની સાથે ચાલવા લાગ્યો. થોડા આગળ ચાલ્યા ત્યાં બીજા માણસો ઘોડા પર બેસીને આવ્યા. એકના માથે પાઘડી હતી. હાથમાં હીરાની વીંટી શોભી રહી હતી. તે ખૂબ સુખી હોય તેવું લાગતું હતું. બીજો માણસ સાવ સાધારણ હતો. તેણે ઝભ્ભો ને ટોપી પહેરી હતી. તેઓ એક વધારાનો ઘોડો સાથે લાવ્યા હતા. તેમણે પુણ્યસારને કહ્યું, આપ ઘોડા પર બેસી જાવ.

દેવના વચનથી દીધેલી દીકરીઓ :– પુણ્યસાર વિચારે છે કે આ લોકો મને ઓળખતા પારખતા નથી અને ઘોડે બેસાડવાની વાત કરે છે, ઠીક જે થાય તે જોવા દે. તે ઘોડા પર બેસી ગયો. રસ્તામાં ઘોડા પર બેઠેલા સુખી દેખાતા માણસને કહ્યું આપનું નામ શું? મારું નામ ધનપાળ. પુણ્યસારને તો એ વાત જાણવી હતી કે પોતે અહીં આવવાનો છે એ તો પોતાને પણ ખબર ન હતી તો આ લોકોને કયાંથી ખબર પડી ગઈ હશે? મારું તો અહીં કોઇ ઓળખીતું નથી. પુણ્યસારને લઈને ગયા. શેઠને ખબર આપી કે આપ જેની રાહ જોતા હતા તે આવી ગયા. આ સમાચાર સાંભળતાં શેઠને તો હર્ષ સમાતો નથી. દૂરથી જમાઈને જોયા. અહો! શું મારા જમાઈ છે! હજુ બરાબર જોયા નથી. દેવે કહ્યા પ્રમાણે બધું માને છે. શેઠ કુંવરને હાથ ઝાલીને પોતાના મહેલે લઈ આવ્યા. સારા આસન પર બેસાડયા અને પછી હાથ જોડીને કહ્યું કે, મારે સાત દીકરીઓ છે તેમને આપની સાથે પરણાવવાની છે. આપ

એમની સાથે લગ્ન કરીને મારી ચિંતા ઓછી કરો. પુણ્યસાર કહે–સાવ અજાણ્યા, અણઓળખીતાને આપની દીકરીઓ શા માટે આપો છો ? આપ મને પૂછો તો ખરા કે કંઈ નાતજાતના છો ? મારી પાસે બીસામાં સવા રૂપિયો પણ નથી. આ પહેરેલા કપડે હું અહીં આવ્યો છું. એક પત્નીને સાચવવી ભારે પડે તેમ છે, તો સાતને હું કેવી રીતે સાચવીશ ? આપ એ બાબતની ચિંતા કરશો નહિ. ગભરાશો નહિ. હું દેવના વચનથી આપની સાથે મારી દીકરીઓને પરણાવવા તૈયાર થયો છું. પુણ્યસાર કહે, તમારા દેવ પડો દરિયામાં ને તમે પડો ખાડામાં. મને કયાં આ વળગાડો છો ?

પુણ્યસાર મનમાં વિચારે છે કે મારે આ છોકરીઓને કયાં પરણવાની હતી ? મારે તો રત્નસુંદરી પરણવાની છે. હવે જો આ સાત મને પરણશે તો તો કોઇ હિસાબે રત્નસુંદરી આવશે નહિ. મેં તો રત્નસુંદરી સાથે પરણવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. એ મને પરણે નહિ તો મારો વટ રહે નહિ. સાત સાતને પરણવાનો પ્રસંગ આવ્યો છે છતાં મનમાં આનંદ નથી, ઉલ્લાસ નથી, તેનું મન ઠરતું નથી. આ બાજુ સાતે છોકરીઓને ખબર પડી ગઈ કે આપણને પરણનાર આવી ગયો. તે બધાના મનમાં થયું કે પરણવા આવ્યા છે ખરા પણ આપણને બધાને તે ગમશે કે નહીં ? અથવા તો આપણે તેને ગમીશું કે નહિ ? આમ વિચાર કરી રહી છે, અહીં પુણ્યસારનું મન ઠરતું નથી છતાં લગ્ન કર્યા વિના બધા છોડે તેમ નથી. હવે ત્યાં શું બનશે તે અવસરે.

શ્રાવણ વદ ૮ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૩૭ : તા. ૮–૮–૮૫

જ્ઞાની ભગવંત ફરમાવે છે કે આ વિરાટ સંસારમાં ભમતાં જીવોને મહાન પુણ્યોદયે ઉત્તમ માનવ જન્મ મળ્યો છે. જ્ઞાની ભગવંતે આ જીવનના મૂલ્યાંકન કર્યા છે. આપણે એ વિચારવાનું છે કે કેવળી ભગવંતે જેના મૂલ્યાંકન કર્યા તે જન્મ આપણને મળી ગયો છે. તો તેની કિંમત કેવી રીતે કરવી તે આપણે સમજવું છે. શાસ્ત્રકાર ભગવંતે આ મનુષ્ય જન્મને સુવર્ણપાત્ર સાથે સરખાવ્યો છે. એક ભિખારી કે જેને કાંઇ જ્ઞાન નથી, સાવ અજ્ઞાન છે, તેની એક જ વૃત્તિ છે કે ભીખ માંગવી, તેમાં જે મળે તે ખાવું. આવા ચપ્પણિયામાં ભીખ માંગતા ભિખારીને સુવર્ણપાત્રની પ્રાપ્તિ થાય કયાંથી ? કદાચ કોઇની તેના પર રહેમ દૃષ્ટિ થઇ જાય અને તેને સોનાનું પાત્ર ભેટ આપી દે, તો એ ભિખારી એ પાત્રનો સારો ઉપયોગ કરશે કે કેમ એ શંકા છે. એ સોનાનું પાત્ર લઈને ભીખ માંગવા જશે. એ ભિખારીએ અત્યાર સુધીની પોતાની જિંદગીમાં પોતાની પાસે રહેલા ચપ્પણિયામાં હલકી ચીજો ભરી છે. કયારેક કોઇ તેને સારી વસ્તુ આપે, તો કયારેક બાધા પછી વધેલો એંઠવાડો આપે. એ બધું ચપ્પણિયામાં ભરે છે. હવે ચપ્પણિયાને બદલે તેને સોનાનું પાત્ર મળી ગયું, પણ તેને આ પાત્રની કિંમત સમજાણી નથી, એટલે તેમાં એ એંઠવાડો ભરવાનો. કોઈ કદાચ સારી વસ્તુ

આપે તો પણ તે સોનાના પાત્ર આગળ તો સાવ તુચ્છ છે. ભીખ માંગતો કોઈ વાર દારૂડીયાઓ પાસે ગયો. તેમને કહ્યું–મને કંઈક આપો. દારૂડિયાઓ તો શું આપવાના ? દારૂ. તો તે ભિખારી એ દારૂ પણ સોનાના પાત્રમાં ભરવાનો. તેને જ્ઞાન નથી કે આવા કિંમતી સોનાના પાત્રમાં દારૂ ભરાય ખરો ? આ ભિખારી ફરતો ફરતો બજારમાં તમારી દુકાન પાસે આવ્યો. તમે તેને સોનાના પાત્રમાં એંઠવાડો ભરતો જોયો. દારૂ ભરતો જોયો. તો તમારા મુખમાંથી એવા ઉદ્ગારો સરી પડશે કે આ કેવો મૂર્ખ છે કે સોનાના પાત્રમાં દારૂ અને એંઠવાડો ભરે છે !

બસ, આ સ્થિતિ જગતના જીવોની છે. સોનાના પાત્ર કરતાં અધિક મૂલ્યવાન માનવજીવન મળ્યું છે. સોનાના પાત્રની કિંમત કેટલી ? ૨૫ હજાર, ૫૦ હજાર, અરે એક લાખ. તેનાં મૂલ્ય તો અંકાય છે ને ! જ્યારે આ જીવનની કિંમત કેટલી ! એનાં મૂલ્ય થાય છે ખરા ? ના, આ માનવજીવન તો અમૂલ્ય મળ્યું છે. દરેક ગતિના દરેક ભવમાં તેણે ઇન્દ્રિય રૂપી ચપ્પણિયામાં ભીખ માંગી છે. તે ભીખ શેની ? ઇન્દ્રિયોના વિષયોની. મને પાંચે ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો કેમ મળે એ તેના જીવનનું લક્ષ્ય રહ્યું છે. કૂતરાના ભવમાં ગયો તો રોટલાના ટુકડા ખાતર બીજા કૂતરાઓ સાથે લડ્યો છે. મંકોડો બનીને ગોળના રવા પાછળ દોટ મૂકી છે, કીડી બનીને સાકર પાછળ દોટ મૂકી છે અને ભૂંડના ભવમાં ગયો તો વિષ્ટા ચૂંથવામાં જિંદગી પૂરી કરી છે. નરકગતિમાં તો ઇન્દ્રિયોને અનુકૂળ વિષયો મળવા મુશ્કેલ છે, છતાં ત્યાંય જીવનો તલસાટ ઓછો નથી હોતો. પોતાના શરીર પ્રત્યેના રાગે ત્યાં રહેલા બીજા નારક જીવોને ખૂબ દુઃખ આપ્યા છે. પોતે તો માર ખાય છે, દુઃખ ભોગવે છે, પણ બીજાને મારવાની એકેય તક તેણે ગુમાવી નથી. દેવગતિમાં આવા દુઃખો નથી. ત્યાં દેવતાઈ રિદ્ધિવૈભવો ઘણા છે, તેમાં દેવો મૂર્છિત બની ગયા છે. આ રીતે ત્રણે ગતિઓમાં કુસંસ્કારોના જથ્થા પડેલા છે. તેમાં પુણ્યોદય જાગ્યો ત્યારે સુવર્ણપાત્ર સમાન મનુષ્ય ભવની પ્રાપ્તિ થાય છે, આ ભવમાં પણ એ ભૂતકાલીન ચેષ્ટાઓ કરે છે. એટલે ઇન્દ્રિયોના વિષયોની ભીખ માંગી રહ્યો છે, દરેક ભવમાં સામગ્રીની પસંદગી કરે છે પણ મૂળ ભૂલ તો કાયમ રહે છે.

સુવર્ણપાત્રમાં દારૂ ભરનાર ભિખારીને આપણે મૂર્ખ કહેશું પણ આ માનવજીવન રૂપી સુવર્ણપાત્રમાં જીવ શું ભરી રહ્યો છે ? પાંચ ઇન્દ્રિયોના વિષયોના ભિખારીપણા સિવાય છે શું ? લાખો રૂપિયા મળી જાય છતાં ભિખારીપણું ગયું નથી. આ જીવન સુવર્ણપાત્ર નહિ પણ રત્નપાત્ર છે, એમ કહું તો પણ ઓછું છે. કેટલા પુણ્યનો રાશિ ભેગો થયો હશે ત્યારે આ માનવજીવન રૂપી રત્નપાત્ર મળ્યું છે. તેમાં શું ભરી રહ્યા છો ? આવું સુંદર જીવન પામ્યા પછી પણ આ જીવ પાપકર્મો કરતો રહ્યો છે. આ રીતે જિંદગી બરબાદ કરી રહ્યો છે. આપ જો શાંતચિત્તે જીવનનો વિચાર કરશો તો આંખમાંથી આંસુ આવ્યા વિના નહિ રહે. અંતરમાં પશ્ચાતાપ થશે કે આ રત્નપાત્ર સમાન જિંદગી પામીને મેં કર્યું છે શું ? મારી જિંદગીને બરબાદ કરી નાંખી છે.

જ્ઞાની કહે છે વિચાર કર. અજ્ઞાન દશામાં જીવે ભૂલો ઘણી કરી છે. હવે આ સમજણવાળો ભવ મળ્યો છે. આ ભવમાં જો ભૂલો કરીશું તો તે ભૂલો કયાં જઈને સુધારીશું ? આપણા ભવોભવને બગાડનાર આંતર શત્રુઓ છે. આપણે ગઈ કાલે કામ અને ક્રોધ એ બે આંતર શત્રુઓની વાત કરી હતી. કામે કેટલો અનર્થ કર્યો અને ક્રોધે તો પાંચ પાંચ જીવોની ઘાત કરી. આગ કરતાંય ક્રોધ ભયંકર છે. જેના જીવનમાં ક્રોધે અડ્ડો જમાવ્યો છે એ બધાના જીવનને તેણે સળગાવી દીધા છે. તેણે સંયમીને સંયમી નથી રહેવા દીધા. સજ્જનોને સજ્જન નથી રહેવા દીધા. માણસને હેવાન બનાવ્યો છે. તો ચોરને મોટો ડાકુ બનાવ્યો છે. આ દુનિયાનો ભયંકરમાં ભયંકર મોટામાં મોટો ડાકુ પણ કદાચ તમારું ધન લૂંટી લે તો કરોડો, અબજો રૂપિયા લૂંટી જાય, પણ આ ક્રોધ તો પૂર્વકોડના ચારિત્રના મહામૂલા ધનને લૂંટી જનારો સૌથી વધારે ખૂનખાર ડાકુ છે. તેને આપણા જીવનમાં પેસવા કેમ દેવાય ?

આત્માનો ત્રીજો શત્રુ છે માન-મદ. આ શત્રુ પણ જીતવા જેવો છે. જેના આત્મા પર આ શત્રુએ અડ્ડો જમાવ્યો છે તેવા ભલભલા આત્માઓ ધર્મથી ચ્યુત થઈ ગયા છે. તેનું પતન થઈ ગયું છે. બાહ્ય શત્રુને તો બીજા જોઈ શકે પણ આ તો મિત્રના લેબાશમાં રહેલો કટ્ટર શત્રુ છે. માન એટલે અભિમાન. અભિમાની માણસ પોતાની જાતને બીજાથી ઊંચો સમજે છે, અને પોતાનું જરા પણ નીચું દેખાય એ સ્થિતિ સહન કરવા એ તૈયાર નથી. પોતાનું ઊંચું રાખવા જે કંઈ કરવું પડે એ કરવા તે સદા તૈયાર હોય છે. આનું કારણ શું ? પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન એ નોકર છે અને આત્મા તેનો માલિક છે. આત્માની દુર્દશા શાથી થઈ છે ! જે નોકરો છે તે માલિક થઈને બેઠા છે અને માલિક નોકર જેવો બની ગયો છે તેથી પાંચ ઇન્દ્રિયો અને મન રૂપી નોકરોએ આત્મા પર એવું માલિકપણું જમાવ્યું છે કે તેણે આત્માની દુર્દશા કરી છે. વર્તમાનકાળે જીવાતા જીવન પાછળ માલિક એવા આત્માનો ફાળો નથી પણ નોકર એવા પાંચ ઇન્દ્રિયો અને મનનો ફાળો મોટો છે. આ પાંચે ઇન્દ્રિયોએ પોતાના માલિકપણાને મજબૂત કરવા માટે જે પોતે માલિક છે એવા આત્માનું શું થશે તેની કોઈ પરવા કરી નથી.

જેમ કે આંખને સારું રૂપ જોવા મળ્યું. ત્યાં એને થયું કે કેવું સરસ રૂપ છે ! આંખે રૂપ જોઈ લીધું એટલે પતી ગયું, ભલે ને પછી તેના પ્રત્યેના વિકારી ભાવના કારણે તેનો માલિક દુર્ગતિમાં ચ્યવાના થાય. રસેન્દ્રિયને મનગમતા ભોજનો મળ્યા. ખૂબ ટેસ્ટથી ખાધા. ભલે પછી એ આસક્તિ આત્માને ડુક્કરના ભવમાં લઈ જાય ! સ્પર્શેન્દ્રિયને અનુકૂળ મુલાયમ પદાર્થોનો સ્પર્શ મળ્યો એટલે તે ખુશ થઈ જાય, ભલે પછી તેના પ્રત્યેનો રાગ માલિકને નરકાદિ દુર્ગતિઓનો મહેમાન બનાવે ! શ્રોતેન્દ્રિયને સારું સાંભળવા મળે, ઘ્રાણેન્દ્રિયને ગુલાબ આદિ સુગંધી પદાર્થોની સારી સુગંધ મળે. ભલે ને પછી તેની આસક્તિના કારણે માલિકની દુર્દશા થાય ! કારણ કે દરેક ઇન્દ્રિયો પોતાના

વિષયોને ગ્રહણ કરતાં થાકે છે. આંખની સામે અવનવા રૂપો આવ્યા કરે. પીકચરો જુઓ. એ જોઈ જોઈને કેટલું જુઓ, પછી છેવટે એ થાકે. ૧૨ કલાક, ૨૪ કલાક જુવો પછી કંટાળો આવે. તમને મીઠા ભોજન જમવાનું મન થયું, આવા માટે જીભ લળકારા મારે છે. કોઈ વખત ફરસાણ જોયું તો આવા માટે લૂલી લળકારા મારે છે પણ કયાં સુધી ? જ્યાં સુધી ખાધું નથી ત્યાં સુધી. ખાઈ લે પછી થાકી જાય. તમે જમવા બેઠા. શીખંડ એક વાટકો ખાધો. બે વાટકા ભરીને આપ્યા. પછી ? કોઈ પરાણે એક ચમચી જેટલો ખવડાવવા આવે તો પણ ન ગમે. કેરીનો રસ તો બધાને બહુ ભાવે. એક બે ચાર પાંચ વાડકા ખાવ પછી કોઈ પરાણે આપે તો જોવો પણ ન ગમે; કારણ કે ત્યાં રસેન્દ્રિય થાકી ગઈ. આવામાં તૃપ્તિ આવી ગઈ. આજે તમે બધા ડનલોપની પોચી સુંવાળી ગાદીમાં સૂવો છો. તમને તેમાં સૂવું ગમે છે. તમે સૂઈ ગયા. છેવટે તેમાં પણ કંટાળો આવશે કે હવે નથી સૂવું. મને ઊઠવા દે. સંગીત સાંભળવા બેઠા. પીકચરના, રેડિયાના, ગીતો સાંભળો છો તે બે ચાર કલાક ગમે પછી તો કંટાળો આવે ને ! તે રીતે નાકને સારું સારું સુંઘવાનું મળે તે પણ બે ચાર કલાક પછી તો કંટાળો આવે ને ! મનમોહક સુગંધ માણતાં નાક પણ છેવટે થાકે. પાંચે ઇન્દ્રિયો થાકે છે પણ મન થાકતું નથી. આ ઇન્દ્રિયો થાકી ન જાય તે માટે એ ખૂબ કાળજી રાખે છે. જીભ થાકે તો એ આંખને રૂપ જોવા તૈયાર કરે. આંખ થાકે તો કાનને સંગીત સાંભળવા તૈયાર કરે. નાક થાકે તો સ્પર્શેન્દ્રિયને તૈયાર કરે. સ્પર્શેન્દ્રિય થાકે તો સારા સારા ભોજન જમવા જીભને તૈયાર કરે. આ રીતે આત્મા પોતે માલિક હોવા છતાં તેને નોકર જેવો બનાવી દીધો છે તેથી પાંચે ઇન્દ્રિયો પણ મનની આજ્ઞા માને આત્મા એવા માલિકની નહિ. નોકર જો માલિક બની જાય તો આત્માની કેવી દુર્દશા થાય એક ન્યાયથી સમજીએ.

રાજસિંહાસને બેસવાની માંગણી કરતો નોકર : એક રાજાને ત્યાં કેટલાય વર્ષોથી એક નોકર નોકરી કરતો હતો. તેની સેવાથી, તેના વર્તનથી રાજા તેના પર પ્રસન્ન થયા. એક વાર રાજાએ રાજસભા બોલાવીને તે નોકરને ઊભો કર્યો. રાજાએ સભા સમક્ષ જાહેર કર્યું કે આ નોકર મારો ખૂબ અજાંકિત છે. તેણે મારી ખૂબ સેવા કરી છે. અત્યાર સુધી કામકાજની બાબતમાં તેના માટેની કોઈ ફરિયાદ આવી નથી. ગમે તેવા નાના મોટા કાર્યો કરવાનો જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો હશે ત્યારે તેણે ખૂબ પ્રમાણિકતાથી વફાદારીપૂર્વક તેણે બધા કામો કર્યા છે. આથી હું તેના પર પ્રસન્ન થયો છું. તે જે માંગે તે આપવા હું તૈયાર છું. નોકરને કહે-માંગ માંગ, જે માંગે તે આપીશ. નોકર કહે-આપની મારા પર કૃપાદૃષ્ટિ છે. આપ મને કંઈક આપવા તૈયાર થયા છો તો આપની પાસે માંગવા જેવું શું છે ? હે મહારાજા ! હું આપને ત્યાં કેટલાય વર્ષોથી નોકરી કરું છું. આપને વર્ષોથી રાજસિંહાસને બેઠેલા જોઉં છું. આપને સિંહાસને બેઠેલા જોઈને મને પણ એ સિંહાસન પર બેસવાનું મન થઈ જાય છે પણ મારી આ ભાવના તો આકાશમાં ફૂલ ઉગાડવા જેવી છે. અગ્નિમાંથી ઠંડક મેળવવા જેવી છે, ગમે તેમ તો ય હું તો નોકર !

હું મનસુબા મોટા મોટા ઘડું પણ એ પાર પડવા અશક્ય; છતાં આપ આજે મારા પર પ્રસન્ન થયા છો અને મને માંગવાનું કહો છો તો હું આપની પાસે એ માંગુ છું કે મને માત્ર એક દિવસ માટે રાજા બનાવો.

રાજા ખૂબ ભલા ભોળા હતા. તેમણે કહ્યું–એમાં શી મોટી વાત છે ? આવતી કાલે સવારના છ વાગ્યાથી પરમ દિવસના છ વાગ્યા સુધી ૨૪ કલાક માટે તને રાજા બનાવું છું. રાજાએ સભામાં જાહેર કર્યું કે આવતી કાલે સવારથી ૨૪ કલાક સુધી સર્વોપરિ સત્તા આ રાજાની છે. હું પણ એનો ગુલામ. તે મને જે આજ્ઞા કરે તે મારે પાળવાની. તેમાં બે મત નહિ. રાજ્યના માણસોને, નોકરોને, મંત્રીઓ, સામંતો, લશ્કર, સૈન્ય બધાને બોલાવીને કહ્યું કે આવતી કાલે ૨૪ કલાક માટે આ રાજા થવાના છે તો તમારે બધાને એ જે આજ્ઞા કરે તે પાળવાની. બધાએ તેમાં મંજુરી આપી. બીજે દિવસે તે નોકર રાજાનો પોશાક પહેરીને સિંહાસને બેઠો. બેસીને તરત એ આજ્ઞા ફરમાવી કે આ જૂના રાજાને અત્યારે જ ફાંસીએ ચઢાવી દો. ૨૪ કલાક પણ રાહ જોવાની નથી. તેમાં વિલંબ કર્યા વિના આજે ફાંસી આપી દો.

નોકરમાંથી બન્યો રાજા–અને લીધા પ્રાણ : નવા રાજાની આવી આજ્ઞા સાંભળતા બધા વિસ્મય પામી ગયા. આ શું ? બધાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. અમારા ભલા ભોળા, પ્રજાનું સદા હિત ઇચ્છનારા, ન્યાયી, પ્રમાણિક રાજાને આ આજ્ઞા! હવે અમારા પાલક રાજા શું ચાલ્યા જશે ! આ રાજાએ પ્રજાનો પ્રેમ ખૂબ સંપાદન કર્યો હતો એટલે તેમના માટે આ શિક્ષા સાંભળીને પ્રજાને ખૂબ આઘાત લાગ્યો. ગામમાં હાહાકાર મચી ગયો. પ્રજા કહે–મહારાજ ! અમે આ આજ્ઞા માનવા તૈયાર નથી. અમે આપને ફાંસી નહિ આપવા દઈએ. રાજા કહે મેં તેને લેખિત સંપૂર્ણ સત્તા દઈ દીધી છે. તેમની આજ્ઞાનું પાલન કરવા બંધાયેલો છું. એટલે હવે કાંઈ ચાલે નહિ. તેમની આજ્ઞા સ્વીકારવી જ પડે. ગણતરીની પળોમાં જૂના રાજાને ફાંસી અપાઈ ગઇ. નવા રાજાએ બધી જગાએ પોતાના માણસોની નિમણુંક કરી દીધી. એક દિવસ માટે રાજા બનેલો નોકર કાયમનો રાજા બની ગયો. નોકરને જો એક દિવસ માટે રાજ્ય આપ્યું તો રાજ્યના જૂના માલિક રાજાના પ્રાણ લીધા. આ નોકર એવા રાજાએ જૂના રાજાને એક વાર મૃત્યુ આપ્યું પણ જો પાંચ ઇન્દ્રિયો અને મન એ આત્માના માલિક બની જશે, એની સત્તા નીચે જો આત્મા આવી જશે તો અનંતી વાર મૃત્યુના ભોગ બનવું પડશે. જો આત્મા માલિક રહે અને પાંચ ઇન્દ્રિયો અને મન તેની સત્તામાં રહે તો આત્મા પોતાની સર્વોપરિ સત્તા ચલાવી શકશે.

આજે સંસારમાં જોઈએ છીએ કે મોટી મોટી પેઢીઓ દેવાળું કાઢે છે. તેનું કારણ એ છે કે શેઠ મોજશોખમાં પડી જાય અને પેઢી નોકરને સોંપી દે પછી પેઢી ડૂલ જ થાય ને ! તેમ અહીં પણ આત્મા ભાન ભૂલે અને ઇન્દ્રિયોને આધીન બની જાય તો

આત્માની પેઢી પણ ડૂલ થાય ને ! માટે ઇન્દ્રિયોના ઘોડા જે દોડી રહ્યા છે તેના પર બ્રેક લગાવો. જો માલિક એવો આત્મા જાગી જાય તો ઇન્દ્રિયો રૂપી જે નોકરોએ આજ સુધી માલિકને પછાડવાના કર્મો કર્યા છે તે જ ઇન્દ્રિયો આત્માને પ્રગતિ કરવામાં સહાયક બની જાય પણ એક વાર આત્માને ખ્યાલ આવે કે હું માલિક છું. ઇન્દ્રિયો રૂપી નોકરો પર મારી સર્વોપરી સત્તા છે. સિંહ એક ગર્જના કરે ત્યાં બિચારા શિયાળિયાઓ ભાગાભાગ કરવા લાગી જાય, તેમ આત્મા રૂપી સિંહની એક જ ગર્જના થાય તો ઇન્દ્રિયો અને મન તેની શરણાગતિ સ્વીકારી લે. તેના તાબે થઇ જાય. નવા રાજાના જીવનમાં સત્તાનો મદ આવી ગયો, તેથી સત્તાનો દુરૂપયોગ કર્યો અને જૂના રાજાને ફાંસીની શિક્ષા અપાવી. ઇન્દ્રિયો અને મન તેના આત્મા પર સવાર થઇ ગયા ત્યારે આ પરિણામ આવ્યું.

મદ કેટલા પ્રકારના છે ? બોલો. ખબર છે આપને ? આઠ પ્રકારના. જાતિમદ, કુળમદ, બળમદ, રૂપમદ, તપમદ, સૂત્રમદ, લાભમદ, ઐશ્વર્યમદ. મદ એટલે અભિમાન. આ મદ પણ જીવનને ખુવાર કરી નાંખે છે. જ્ઞાની કહે છે કે તમે જે બાબતનો મદ કરશો તે બાબતથી કર્મસત્તા તમને ભ્રષ્ટ કરી દેશે. નીચ-ક્ષુદ્ર જાતિમાં જન્મવું હોય તો જાતિનો મદ કરજો, જો કુબડા, કદરૂપા બનવું હોય તો રૂપનો મદ કરજો. જો ભિખારી બનવું હોય તો સંપત્તિનો મદ કરજો. જો મૂર્ખ બનવું હોય તો જ્ઞાનનો મદ કરજો. આત્મા જો એક વાર પોતાની પરાધીનતાને યાદ કરે તો તેને મદ આવે નહિ. આપણું આ શરીર પણ આપણને સ્વાધીન છે ? રોગો કઈ ઘડી ને પળે ઉત્પન્ન થઈ જશે એ ખબર છે ? ઘડીકમાં સાજા દેખાતા શરીરમાં ઘડી પછી રોગ ઉત્પન્ન થઈ જાય છે.

આ સંસારના પરિભ્રમણ કાળમાં આ જીવને પ્રત્યેક ગતિની પ્રત્યેક યોનિમાં કોઈ નિશ્ચિત વસ્તુની ભેટ મળી હોય તો તે છે શરીર. કારણ કે જીવ સિદ્ધગતિને પામ્યો નથી ત્યાં સુધી સશરીરી છે. મોક્ષમાં ગયા પછી જીવ અશરીરી બની જાય છે. સિદ્ધ સિવાયના સર્વ જીવો શરીરવાળા છે. ધનસંપત્તિ, પુત્રપરિવાર, ઘરબાર વગેરે વસ્તુઓનો વિરહ અનંતકાળમાં અનંતીવાર થયો હશે. જીવ નરકગતિમાં ગયો તો ત્યાં આ કોઈ વસ્તુ તેમને મળી ન હતી. નારકી જીવો નપુંસક હોય છે. જીવ તિર્યંચમાં ગયો ત્યારે ધન, સંપત્તિ નહોતા મળ્યા. આપણા જેવા ઘરબાર નહોતા મળ્યા. દેવગતિમાં ગયા તો ત્યાં સંપત્તિ અઢળક હતી. રહેવા માટે મનુષ્ય કરતાં અનેક ગણું ચઢીયાતા રત્નજડિત મહેલો છે. ત્યાં પુત્રપરિવાર નથી. જ્યારે જીવ સંજ્ઞી મનુષ્યમાં આવે ત્યારે આ બધી ચીજો મળે છે; એટલે આ બધી વસ્તુઓનો વિરહ તો ઘણીવાર પડયો છે પણ શરીરનો વિરહ તો ક્યારેય પડયો નથી. એટલા માટે આપણને શરીર જેટલું વહાલું છે તેટલું બીજું કોઈ વહાલું નથી. છતાં દરેક વસ્તુ પ્રત્યે મમતા તો છે. દરેક ચીજોમાં મારાપણાની મમતા કરીને જીવ કર્મ બાંધે છે. જ્યાં મારાપણું છે ત્યાં માર છે દુઃખ છે.

દુઃખનું મૂળ મમતા : તમે જે બંગલામાં કે મકાનમાં રહો છો તે મકાનના ચૂનાના કણેકણમાં મારાપણું ભરેલું છે, પછી એ મકાનને વેચી દીધું. ચેક હાથમાં આવ્યા પછી એ મકાનમાં આગ લાગી. તમને દુઃખ થશે ખરું ? ના. કારણ કે હવે એ મકાન મારું નથી. મારાપણું મટી ગયું એટલે મકાન બળી ગયાનું દુઃખ પણ મટી ગયું. હવે એ ચેકના કાગળમાં મારાપણું છે. મોટા મકાનમાંથી મારાપણું ઉઠી ગયું અને ચેકના નાના કાગળમાં આવી ગયું. એ ચેક વટાવીને રૂપિયા લીધા પછી ચેકનો કાગળ ફાટી જાય તો કોઈ ચિંતા ખરી ? ના. ના..બધી મમતા રૂપિયાની થેલીમાં આવી ગઈ. હવે એને સંભાળવાની ચિંતા. પછી એ રૂપિયા કોઈ મહાજનને આપી દીધા. હવે એ રૂપિયા ચોરાઈ જાય તો પણ એની ચિંતા નથી. એના ખાતામાં રૂપિયા જમા હોવા જોઈએ. હવે ચિંતા એટલી કે એ પેઢી કયાંક દેવાળું ફૂંકી ન બેસે. આ પ્રમાણે જેમાં મમતા હોય છે એની ચિંતા રહે છે મમતા દુઃખનું મૂળ છે. વાસ્તવમાં કોઈ પદાર્થ આપણો નથી. જે મારું હોય તે મારી સાથે આવે. ખુદ શરીર પણ સાથે આવતું નથી. જગતના તમામ પદાર્થોમાંથી મારાપણું હઠાવી લઈને માત્ર વીતરાગ ભગવંતને દિલમાં વસાવી લો; પછી દુઃખો આપમેળે દૂર થવા લાગશે. આ સંસારમાં બધા ધર્મશાળાના મુસાફર છે. થોડા સમય માટે અહીં રહેવાનું છે. આયુષ્ય પૂરું થતાં સૌને છોડીને જવાનું છે

આપણે વાત એ ચાલતી હતી કે આ જીવને ધન, સંપત્તિ, પુત્ર, પરિવાર આદિનો વિરહ તો ઘણીવાર પડયો છે પણ શરીરનો વિરહ પડયો નથી. તેજસ-કાર્મણ શરીર તો જીવની સાથે ને સાથે છે. મનુષ્ય, તિર્યંચોને ઔદારિક, તેજસ-કાર્મણ અને નારકી તથા દેવોને વૈક્રિય, તેજસ-કાર્મણ છે. આપણે અહીં એ વિચાર કરવાનો છે કે પોતાનું શરીર પણ જો આપણા તાબામાં રહેતું ન હોય તો પછી શરીરથી ઘણા દૂર રહેલા જાતિમદ, કુળમદ આદિ કરવા જેવા ખરા ? શરીર પણ આપણા તાબામાં નથી તો બીજાનું તો પૂછવું શું ? સનતકુમાર ચક્રવર્તીના રૂપની પ્રશંસા દેવલોકમાં થઈ. મિથ્યાત્વી દેવોથી આ પ્રશંસા સહન ન થઈ એટલે બે દેવો પરીક્ષા કરવા મનુષ્યનું રૂપ લઈ ને પૃથ્વી પર આવ્યા. સનતકુમાર ચક્રી શું કહે છે-અત્યારે તો હું પરસેવાથી રેબઝેબ થઇ ગયો છું. તમારે મારું ખરું રૂપ જોવું હોય તો હું રાજસભામાં બરાબર સજ્જ થઈને બેઠો હોઉં ત્યારે આવજો. ચક્રીને પોતાના રૂપનો મદ આવ્યો. આ મદ કયાં ટકે ? બીજે દિવસે સવારે દેવો રાજસભામાં આવ્યા. સનતકુમારનું રૂપ જોતાં ઝાંખા પડી ગયા. તેમનું ડોકું જરા હાલી ગયું. સનતકુમાર પૂછે છે કેમ ! કાલ કરતાં સવાયું રૂપ લાગે છે ને ? દેવો કહે-સવાયું કયાં પૂછો છો ? તારા શરીરમાં તો એક સાથે મોટા સોળ રોગ ઉત્પન્ન થઈ ગયા છે. આ સાંભળતા તે ચેતી ગયા. એ તો નસીબદાર કે આવા સંયોગો ઉત્પન્ન થયા છતાં ચારિત્રના માર્ગે ચાલી નીકળ્યા, જો તેમના બદલે બીજા કોઈ હોત તો આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને બીજા કર્મો બાંધત. તમને ગળામાં દુખ્યું. ડોકટરને બતાવ્યું. ડોકટરે તપાસીને કહ્યું કે કેન્સર છે તો આર્તધ્યાન

રૌદ્રધ્યાન થાય ને ? જો જૈનદર્શનની શ્રદ્ધા હોય કે આયુષ્ય જ્યારે પૂરું થવાનું છે ત્યારે થવાનું છે. અશાતા વેદનીય બાંધ્યા છે તે ગમે ત્યારે ઉદયમાં આવવાના છે પણ હજુ શ્રદ્ધાના પાયા કાચા છે. મજબૂત નથી. ધન્ય છે સનતકુમાર ચક્રવર્તિને કે રોગ આવ્યા ત્યારે હાયવોય ન કરી પણ સમાધિ રાખી શકવા માટે મદ છોડવા જેવો છે.

પુણ્ય પરવારે છે ત્યારે.... : મહારાણા પ્રતાપને વનવગડામાં ફરતા (૨) પેટની ભૂખ તેમને ખૂબ સતાવતી હતી તે સમયે એક ભિક્ષુક પાસે બટકું રોટલો માંગવાનો પ્રસંગ આવ્યો. ત્યારે મહારાણા પ્રતાપે કહ્યું હે ભિક્ષુક ! તું એકલો જ રોટલો કેમ ખાય છે ? હું ખૂબ ભૂખ્યો છું. મને થોડું બટકું તો દે. ભગવાન તારું કલ્યાણ કરશે. ઝાડ નીચે બેસીને ભીખ માંગેલા બે રોટલાની પોટલી છોડીને ખાવાની તૈયારી કરતા ભિક્ષુકને મેવાડના મહારાણા પ્રતાપ આજીજીભર્યા શબ્દો કહી રહ્યા હતા. એક હાકે ધરતી ધ્રુજાવતા અને દિલ્હીના બાદશાહની નીંદ હરામ કરી દેતા મહારાણા પ્રતાપની એક દિવસ આ દશા થઈ હતી. આ બતાવે છે કે કોઈએ મદ કરવો નહિ. પેટની આગ સાથે પર્વતોમાં ભમતા પ્રતાપને ઘેાળે દિવસે આસમાનના તારા દેખાયા હતા. ભિક્ષુકને દયા આવી. ચીંથરે વીંટાળેલો એક આખો રોટલો પ્રતાપને દેવા તૈયાર થયો. પ્રતાપને ખૂબ આનંદ થયો, પણ અફસોસ ! એ રોટલાનો ટુકડો રાણા પ્રતાપના ભાગ્યમાં ખાવાનો ન હતો. ભિક્ષુક અને રાણા પ્રતાપ બે જ ભૂખ્યા ન હતા. વૃક્ષ ઉપર એક ભૂખ્યું ગીધ આવીને બેઠું હતું. ભિક્ષુકે જેવો રોટલો પ્રતાપના હાથમાં મૂકયો કે તરત પૂરઝડપે આવીને તે ગીધ રોટલો ખેંચીને ચાલ્યું ગયું. મહારાણા પ્રતાપની આંખમાંથી આંસુની ધાર છૂટી. એના મુખમાંથી શબ્દો સરી પડયા. પુણ્ય પરવારે છે ત્યારે....

મોટા મોટા મહારથીના માન ઉતરતા જોયા,
માન ઉતરતા જોયા અરે સ્થાન ઉતરતા જોયા
બધાના અભિમાન ઉતરતા જોયા.

મોટા મોટા મહારથીઓના માન ઉતરતા જોયા, માનની સાથે સ્થાન પણ ઉતરી ગયા. નેપોલિયને કેટલા દેશોને જીત્યા અને તે મોટો વિજેતા બની ગયો. અબજોની સંપત્તિઓ મેળવી પણ આખર સેંટ હેલીનાના ટાપુમાં રિબાઈ રિબાઈને મરવું પડયું હતું અને દુર્ગતિમાં ગયા હશે ત્યાં પણ રૌ રૌ વેદના ભોગવવી પડશે. કયાં રહ્યા તેમના મદ ! કોઈના મદ ટકયા નથી ને ટકવાના નથી માટે મદ કરવા જેવો નથી. મદ-માન કષાય જીવને કેટલી સતાવે છે !

એક વાર સાસુજી ઉપાશ્રયેથી સામાયિક કરીને ઘેર જતા હતા. પહેલાના જૂના જમાનામાં માણસો ભેંસો રાખતા હતા. દૂધ વધે તો દહીં જમાવી તેની છાશ બનાવી ગરીબોને મફત છાશ આપતા હતા. રસ્તામાં એક બહેન છાશની દોણી લઈને પાછી વળી. સાસુજીએ પૂછયું-કેમ બેન ? છાશની દોણી લઈને પાછા આવ્યા ? પેલી બેને

કહ્યું; હું તમારા ઘેર છાશ લેવા ગઈ હતી પણ તમારી વહુએ કહ્યું કે ઘરમાં છાશ નથી તેથી હવે બીજાના ઘેર જાઉં છું. પેલા સાસુજી કહે બહેન! તમે ચાલો મારે ઘેર. આ બેનના મનમાં એમ કે વહુ નાની છે એટલે તેને ખબર નહિ હોય અથવા અસત્ય બોલી હશે. આ સાસુ ખૂબ દયાળુ લાગે છે. કદાચ તેણે થોડી છાશ છાની ઘરમાં મૂકી રાખી હોય! માટે લાવને ત્યાં જાઉં તો ખરી! મારે બીજાના ઘેર ધક્કા ખાવા મટે. એમ સમજી આ બેન સાસુની સાથે તેના ઘેર આવી. ઘરમાં પગ મૂકતાની સાથે સાસુએ આ બહેનને કહ્યું બેન! ઘરમાં છાશ નથી. પેલી બેન તો સાંભળતા ભડકી. આ જવાબ તો તમારી વહુએ આપ્યો હતો. જો છાશ હતી જ નહિ તો મને અહીંયા પાછી શા માટે બોલાવી? મને આટલી લાંબી કરવાની શી જરૂર? સાસુજીના મનમાં અભિમાન હતું કે હજુ હું જીવતી જાગતી બેઠી છું ત્યાં સુધી મારી વહુ કહી શકે જ કેમ કે ઘરમાં છાશ નથી. પેલી બેન તો શું બોલે? બિચારી પાછી જતી રહી. સાસુજીને કેવો મદ હતો! આવા વર્તનથી વહુના દિલમાંથી સાસુ સ્થાન ગુમાવી બેસે છે. મદથી વિનયનો નાશ થાય છે. જીવનમાંથી વિનય ગયો એટલે બધું ગયું. ધર્મનું પ્રવેશ દ્વાર વિનય છે. એ પ્રવેશ દ્વાર બંધ થઈ ગયું એટલે ધર્મ અટકી ગયો. આવા ગોઝારા શત્રુને જીવનમાં સ્થાન આપશો નહિ. અભિમાની જીવ બીજાની સાથે મિત્રતા લાંબા સમય સુધી ટકાવી શકતો નથી. આજે માન મદની વાત કરી. આ શત્રુ આત્માનું કેટલું અહિત કરે છે તે વાત સમજ્યા. હવે લોભની વાત અવસરે વિચારશુ..

ચરિત્ર : પુણ્યસારને સાત સાત કન્યાઓ સાથે પરણવાનું છે છતાં તેના મનમાં જરા પણ આનંદ નથી પણ હવે તો કર્યા વિના ચાલે તેમ નથી. શેઠે પુણ્યસારને પીઠી ચોળાવીને સ્નાન કરાવ્યું. તેના જૂના કપડાં કાઢી નંખાવ્યા અને સારા કિંમતી લગ્નનો પોશાક પહેરાવ્યો. જરકસી જામા પહેરાવ્યા. માથે સાફો બાંધ્યો. સાફામાં કલગી બાંધી. આંગળીઓમાં હીરાની વીંટીઓ પહેરાવી અને ડોકમાં પણ કિંમતી રત્નનો હાર પહેરાવ્યો. હીરાથી ઝાકઝમાળ કરી દીધો. કપાળે ચાંદલો કરી ઘોડે બેસાડયો. વન વગડામાં ફરતો છોકરો ઘડીકમાં તો વરરાજા બની ગયો. કર્મરાજા! તારી તો કેવી બલિહારી છે! પુણ્યસારને ઘોડે બેસાડયો. પણ જાન તો જોઈએ ને! પુણ્યસારના પક્ષમાં તો કોઈ છે નહિ. શેઠે પોતાના પક્ષમાંથી થોડા માણસોને વરઘોડામાં મોકલ્યા. પુણ્યસાર ઘોડે ચઢીને વાજતે ગાજતે મંડપમાં આવ્યા. વરરાજાને જોઈને ગામના બધા માણસો બોલે છે કે શું જમાઇ છે? બધાને આનંદ છે પણ પુણ્યસારને આનંદ નથી. મનમાં વિચાર કરે છે કે સાત સાત છોકરીઓને પરણીશ તો ખરો પણ પછી શું? પણ હવે બધું ચીતરીને મૂકયું છે એટલે કર્યા વિના છૂટકો નથી. વરરાજા માંડવે આવ્યા એટલે સાસુજીએ પોંખ્યા પછી બાજોઠ પર બેસાડયા. શેઠના થોડા માણસોને જમાઈના પક્ષમાં બેસાડયા હતા. થોડીવાર થઈ એટલે ગોર મહારાજ બોલ્યા–કન્યા પધરાવો; સાવધાન. સાવધાન શબ્દ સાંભળતાં કોણ સાવધાન બની ગયું હતું? સ્વામી રામદાસે ત્રણ વાર

સાવધાન શબ્દ સાંભળ્યો અહો ! આ મને શું કહે છે સાવધાન. તરત ત્યાંથી ઊઠી ગયા અને સંન્યાસપણું લઈ લીધું. તમે સાવધાન શબ્દ કેટલી વાર સાંભળ્યો ? છતાં હજુ આત્મા સાવધાન બને છે ખરો ?

લગ્ન મંડપમાં પણ ઉદાસીનતા : સાતે કન્યાઓ સાથે હસ્તમેળાપ કરાવ્યો. સાત ફેરા ફર્યા. માતાપિતાએ કન્યાદાનમાં દીકરીઓને ઘણું ઘણું આપ્યું. લગ્ન તો ધામધૂમથી પતી ગયા. બધા હરખાય છે પણ જમાઈના મુખ પર હરખ દેખાતો નથી. તેના મનમાં તેણે જે ભૂલ કરી છે તેનો હવે ખૂબ પશ્ચાતાપ છે. તેના માતાપિતા તેને યાદ આવે છે. અહો ! મારા માતાપિતા શું કરતા હશે ! મારી માતા તો મારા વિના કેવી રડતી હશે ! ઝુરતી હશે ! તેણે તો સાંજના મને જોયો નથી. ક્યાં મારા માતાપિતા અને ક્યાં હું ! મારા માતાપિતાએ મને શોધવા માણસો મોકલ્યા હશે પણ મારો પત્તો ક્યાંથી પડે ! ક્યાં ગોપાલપુર અને ક્યાં વલ્લભીપુર ! હું અહીં સુધી આવ્યો છું એ તો એમને કલ્પના પણ ક્યાંથી આવે ! મારા પિતાએ ગુસ્સામાં આવીને મને ધક્કો મારીને બહાર કાઢી મૂક્યો તો પણ તેમનું હૈયું રડતું હશે ! મેં બહુ ખોટું કર્યું. કેવા વિચારો આવતા હશે ? તેઓ તો જાતે મારી શોધ કરવા નીકળ્યા હશે અને મારા સમાચાર નહિ મળ્યા હોય કે હું નહિ મળ્યો હોઉં એટલે એ પણ કેવા દુઃખી થયા હશે ! મારા કોઇ ખબર નહિ મળ્યા હોય ત્યારે મારી માતાએ કેવો ઝુરાપો કર્યો હશે ! એ ઊંઘી પણ નહિ હોય ને ખાધું પણ નહિ હોય. તે રડીરડીને થાકી ગઈ હશે. તેના મનમાં રાત દિવસ એક જ રટણ હશે કે મારો લાલ ક્યાં હશે ? મારો પુણ્યસાર અત્યારે શું કરતો હશે ?

આ બધું થવામાં મારા કર્મો ભાગ ભજવે છે. મેં હારની ચોરી કરી ત્યારે મને પિતાએ ઘર બહાર કાઢી મૂક્યો ને ! હું જૈનનો દીકરો. મારા માબાપ કેવા આદર્શ, સંસ્કારી છતાં એ ભૂલી જઈને હું કુસંસ્કારી બની ગયો ! બધા વ્યસનોનો ગુલામ બની ગયો. ચોરી જુગાર બધું મારા જીવનમાં આવ્યું ! મારા પિતાજી મને ઠપકો આપતા હતા પણ હું કોઈ વાત કાને ધરતો ન હતો. નાની ચોરી કરતાં રાણીનો હાર ચોર્યો ત્યારે મારી આ દશા થઈ ને ! ધિક્કાર છે મને ! આ પાપોમાંથી હું ક્યારે છૂટીશ ? આ વિચારો આવતાં તેના મુખ ઉપરનો આનંદ ઓસરી જતો. આ વિચારોની સાથે એ વિચાર પણ આવ્યો કે જો પેલી દેવીઓ ઝાડ લઈને ચાલી જશે તો પછી હું ગોપાલપુર પહોંચીશ કેવી રીતે ? છોકરાના મુખ પર આનંદ નથી, એટલે શેઠના મનમાં પણ થાય છે કે જો પરણનાર છોકરો અત્યારથી ઉદાસ છે તો પછી મારી છોકરીઓની જિંદગીનું શું ? તેમની જિંદગી પણ બગડી જાય. શેઠ આ રીતે વિચાર કરે છે. પુણ્યસારના મનમાં તો વિચારોના અવનવા તરંગો ઊઠી રહ્યા છે. ઘડીકમાં માબાપ યાદ આવે છે, ઘડીકમાં ગામ યાદ આવે છે, તો ઘડીકમાં રત્નસુંદરી યાદ આવે છે. પાછો વિચાર કરે છે કે

વિધિના લખ્યા લેખ લલાટે ઠોકર ખાય ખાય ખાય.
પરણું તો રત્નસુંદરીને પરણું, કયાં આવી આ સાત નાર....ઠોકર

રત્નસુંદરીને પરણવી એ તો સાચી. જ્યાં સુધી એને નહિ પરણું ત્યાં સુધી મને ઠંડક નહિ થાય. લગ્ન તો ખૂબ ધામધૂમથી પતી ગયા. હવે સાતે દીકરીઓને સાસરે વળાવવાની છે પણ એમનું સાસરું કયાં છે એ ખબર નથી. આ છોકરાને કોઈ એ પૂછયું નથી કે તારું ગામ કયું ? તારો દેશ કયો ? તારા માતાપિતા કોણ ? તારું કુળ કોણ ? કાંઈ પૂચ્છા કરી નથી. એટલે વળાવીને મોકલવી કયાં ? પુણ્યસાર માટે શેઠે એક સુંદર મહેલ રાખ્યો છે ત્યાં મોકલવાની. દેવના વચન પ્રમાણે આ છોકરા સાથે સાતેને પરણાવી. સાતે દીકરીઓના લગ્ન પતી ગયા. શેઠે પોતાની દીકરીઓને દાયજો આપવામાં કંઈ બાકી રાખ્યું નથી. હીરા, માણેક, સોના, મોતી, ચાંદી ભરપૂર દાયજો આપ્યો. હવે સાતે દીકરીઓને વળાવવાની તૈયારી કરે છે. માતાપિતા બધા ઉદાસ થઈ ગયા. તેઓ રડવા લાગ્યા. ત્યાં કેવું કરૂણ વાતાવરણ સર્જાશે તેના ભાવ અવસરે.

શ્રાવણ વદ ૯ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૩૮ : તા. ૯-૮-૮૫

અનંત જ્ઞાનીઓએ આ સંસારને અતિ ભયંકર કહ્યો છે. શા માટે સંસાર ભયંકર ? સંસારમાં હમણાં જીવ સુખી હોય ને સુખ ટકવાના ભરોસે બેઠો અને એકાએક તે સુખ લુંટાઈ જાય. તે એવું લુંટાય કે એને પોક મૂકાવે. તો જે સંસારમાં કાળ જીવને આવું વારંવાર ઠગ્યા કરે ને રડાવ્યા કરે એ સંસાર શું મહા ભયંકર નહિ ? એક શ્લોકમાં કહ્યું છે કે

दर्शयन् किमपि सुख वैभवम्, संहरंस्तदपि सहसैव रे ।
विप्रलम्भयति शिशुमिव जनम, कम्बलबटुकोऽयमत्रैवरे ॥

આ કાળ એવો માયાવી ખેલાડી છે કે હમણાં કાંઈક સુખ વૈભવ બતાવે અને એ જ એકાએક સંહરી લે છે, ઝૂંટવી લે છે. આ વસ્તુ સંસારમાં છે. મોક્ષમાં નથી. મોક્ષમાં ગયેલા જીવને કાળ ઠગી શકતો નથી. સંસારમાં જીવને કાળ ઠગે છે માટે સંસાર અતિ ભયંકર છે. આ ભયંકરતા સમજીને મોટા ચક્રવર્તીઓ પણ સંસારનો ત્યાગ કરીને ચારિત્રમાર્ગનો સ્વીકાર કરે છે અને ક્રમે ક્રમે જ્યાં કાળની ઠગાઈ પહોંચતી નથી એવા મોક્ષના મેળવીને જંપે છે. જે ચક્રવર્તીઓ આ કાળની ઠગાઈને સમજતા નથી અને જિંદગીના છેડા સુધી ચક્રવર્તીપણાના ઠાઠને વળગ્યા રહે છે એને શું કાળ છોડે છે ખરો ? ના. છેવટે આયુષ્ય પુરૂં થતાં તો એ સુખને ઝૂંટવે છે. સંસારમાં ઠગારા કાળનું કામ આ કે જીવને ઘડીક સુખ દેખાડવું ને ઘડીકમાં જીવની ધારણા બહાર એ લૂંટી લેવું પછી ચાહે એ જીવ નાની કીડીનો હોય કે મોટો ઈન્દ્ર હોય. આખા સંસારમા દૃષ્ટિ કરો કે કયાંય કોઈ જીવને કાળ ઠગતો ન હોય અને જે સુખ હોય તે

શાશ્વત કાળને માટે કાયમ રહે. આવો કોઈ જીવ હોય તો શોધી લાવો. મળે જ નહિ. માત્ર મોક્ષનો કાળ પ્રવાહ એવો છે કે કાળનું ત્યાં કાંઈ ચાલી શકે નહિ. ત્યાંના સુખને લૂંટી શકે નહિ.

અનંતાનંત કાળ વીતશે પણ કાળની ફલાંગ ત્યાં કાંઈ કરી શકે નહિ. બાકી જો સંસારમાં રહેવું છે તો સમજી લેવું કે જીવ ઠગારાના ગામમાં વસ્યો છે. **" સંસાર એટલે ઠગારાનું ગામ. "** તેમાં જીવ આજે નહિ તો કાલે પણ લુંટાવાનો, માટે મોટા મોટા ચક્રવર્તીઓ પણ ઠગાઈવાળા સંસારને બદલે બિનઠગાઈવાળા મોક્ષનો આદર કરે છે. એ મોક્ષ માટે સંસારના સુખોનો ત્યાગ કરે છે. **જો ઠગાઈ વિનાનાં મોક્ષના સુખો જોઈએ છે તો ઠગાઈવાળા સંસારના સુખોને છોડો.** કોઈ કહે કે નરકના જીવોને સુખ નથી. એમને સંસારના સુખો ભોગવવાના નથી તો તેમનો મોક્ષ કેમ થતો નથી? ભાઈ! એમણે હૃદયથી સંસારના સુખો છોડયા નથી. હજુ તે સુખની લાલસા છૂટી નથી. એક પરમાધામી નારકીને ઘા કરીને ગયો. ત્યાં બીજો આવે. હજુ અડધી સેકંડ પણ ઘા બંધ પડયો છે. એને એટલી અડધી સેકંડ શાતા વળી ત્યાં તેને હાશ થાય છે. મારકુટમાંથી છૂટવા માટે દોડધામ કરે છે. આ હાશ શરીરના સુખની લાલસા છે. એટલું પણ છે ત્યાં સુધી મોક્ષના સુખ કેવી રીતે મળે? ઘાણીમાં પીલાતા મુનિને સંસાર સુખની કે શરીર સુખની લાલસા ન હતી. એટલે મનમાં એમ ન થયું કે કયારે આ પિલામણમાંથી છૂટું! માટે એમને તરત મોક્ષના સુખો મળ્યા. બંધક મુનિની ચામડી ઉતારી પણ મનમાં એમ ન થયું કે હાય! આ ચામડી ઉતારવાની પીડા કયારે મટે? શરીરના એક સ્થાને ચામડી ઉતરવાની પૂરી થઈ, ક્ષણ પછી બીજે શરૂ થાય. એટલે વચલી ક્ષણમાં પણ એમ નહિ કે હાશ! રહેજ સારું લાગ્યું. ના.... હોં... જરાય એવા ભાવ નહિ! 'હાશ' એ શરીર સુખની લાલસાના ઘરની છે. એમને એ લાલસા ન હતી. ઇન્દ્રિય સુખશાતાની જરૂર ન હતી. એવા સુખો પ્રત્યે જ્વલંત વૈરાગ્ય હતો. કાળ એલાડી જે ઇન્દ્રિય સુખને અવશ્ય ઝૂંટવે એવા સુખને શું મહત્ત્વ આપવું? એનો રાગ શા માટે કરવો? એ ન જોઈએ માટે એમને તરત મોક્ષ સુખ મળ્યા. એ સુખ મેળવવા માટે સંસાર સુખની માયા મૂકવી પડે કારણ કે સંસારના સુખ રાગ કરાવે છે. **એ રાગ હોય ત્યાં સુધી વૈરાગ્ય ન આવે. વૈરાગ્ય વિના વીતરાગભાવ ન આવે અને વીતરાગભાવ વિના મોક્ષ ન મળે.**

સંસાર સુખનો રાગ જીવને મારનારો છે. એ અપ્રશસ્ત રાગ છે. મોક્ષ સુખનો રાગ એ પ્રશસ્ત રાગ છે. એ રાગ સંસાર સુખને મારનારો છે. વીતરાગ બનાવનારો ને મોક્ષ અપાવનારો છે. સંસાર સુખોનો રાગ સમસ્ત દોષો, દુર્ગુણો, અને દુષ્કૃત્યોને પોષે છે. મોક્ષ સુખના રાગમાં એવું નથી. મોક્ષ સુખનો રાગ એટલે મોક્ષની ઇચ્છા. જેને મોક્ષની ઇચ્છા થઈ એ શું ઇચ્છે? મારી બધી ઇચ્છાઓ નાશ પામે. મારા સંસારનો અંત આવે કારણ કે આ સંસાર અનેક વાતની ઇચ્છાઓ કરાવે છે. આ ઇચ્છાઓ પૂરી

કરવા કેટલા દોષો અને દુષ્કૃત્યો આચરવા પડે છે. સંસાર સુખની ઇચ્છા એ પાપોની માતા છે. એક ઇચ્છા પૂરી કરવા ગયા ત્યાં બીજી અનેક ઇચ્છાઓની ફોજ ઉતરી પડે છે. જેમ કે કોઈ માને કે હું પત્ની લાવું એટલે મને સુખ મળે, આ ઇચ્છા પૂરી થઈ. પત્ની પરણ્યા પછી ઘર વસાવવાથી લઈને કેટલી ઇચ્છાઓ જાગે ? સંસાર સુખની ઇચ્છા કયારેય કાયમ માટે શમતી નથી. આજે તમને પેંડા ખાવાનું મન થાય. પેંડા ખાધા એટલે એ ઇચ્છા શમી ગઈ પણ બીજે દિવસે પાછી એવી ઇચ્છા થાય છે. સંસાર સુખની ઇચ્છાઓ દેવ–ગુરૂ–ધર્મને ભૂલાવે, પુણ્યના માર્ગને ભૂલાવે અને બીજી બાજુ અઢળક પાપો કરાવી જીવને દુર્ગતિના દુઃખમાં ધકેલે; માટે યાદ રાખજો કે **"સંસાર સુખની ઇચ્છા મારનારી છે અને મોક્ષ સુખની જવલંત ઇચ્છા તારનારી છે."** સંસારી સુખો મૂકાય તો મોક્ષ મળે. ચક્રવર્તીઓએ પણ મૂકયા તો મોક્ષ સુખને પામ્યા, અથવા મોક્ષ સુખની નિકટ થયા. જે ચક્રવર્તીઓએ એ સુખને જાતે ન છોડયા એમને રૌ રૌ દુઃખભરી નરકમાં પૂરાઈ જવું પડયું. જે સુખની મમતા ચક્રવર્તી જેવાને પણ ડૂબાડે તો પછી આપણું તો પૂછવું શું ? જો એમનાથ સુખને કાળ ઝૂંટવી લે તો આપણી તો વાત જ શી કરવી ! માટે સંસાર સુખની મમતા છોડવા જેવી છે. એ છોડીશું તો મોક્ષ સુખ નજીક થશે.

મોક્ષના સુખો મેળવવા છે તો આંતર શત્રુઓ પર વિજય મેળવવો પડશે. આપણે બે દિવસથી વાત ચાલે છે. કામ, ક્રોધ, માન–મદ એ શત્રુઓ આત્માને કેવા અહિતકર્તા છે. એ વાત સમજ્યા. હવે લોભ શત્રુ કેવો છે તે સમજીએ. બધા શત્રુઓમાં સૌથી વધુમાં વધુ ભયંકર હોય તો તે છે લોભ. લોભ જન્મે છે ઇચ્છામાંથી. આ વસ્તુ હું કેવી રીતે મેળવું ? આ જાગેલી ઇચ્છા એ વસ્તુ મેળવવા માટે જીવ પાસે પ્રવૃત્તિ કરાવે, તેનો પુણ્યોદય હોય તો પ્રવૃત્તિ સફળ બને છે. તેને ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય પછી જીવને તૃપ્તિ થતી નથી. એક વસ્તુની પ્રાપ્તિ થઈ તો બીજી વસ્તુની ઇચ્છા થાય છે. પહેલી ઇચ્છા થાય તેની પૂર્તિ કરવા પ્રવૃત્તિ કરાય. પુણ્યોદય હોય તો પ્રવૃત્તિથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ–પછી અતૃપ્તિ જ્ઞાની ભગવંત ફરમાવે છે કે " जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढई " જેમ જેમ લોભ થાય તેમ લોભ વધે. એક ઇચ્છા પૂરી ન થાય ત્યાં ૧૦ ઇચ્છાઓ ઊભી થઈ જાય. એ ૧૦ ઇચ્છાઓ બીજી અનેક ઇચ્છાઓને ઊભી કરે. આ રીતે જીવનની સમાપ્તિ થાય પણ ઇચ્છાઓની સમાપ્તિ થતી નથી. આ રીતે જીવન અશાંતિમાં પસાર થઈ જાય છે. પોતાની પાસે છે તેના કરતાં વધુ કેવી રીતે મળે ? લોભી આત્મા સદાય આ વિચારો ઘડતો હોય છે. તેની દૃષ્ટિમાં પોતાની પાસે ગમે તેટલું છે તે નજરમાં નથી આવતું પણ ' નથી ' તેની સામે દૃષ્ટિ વધુ દોડે છે. આથી તેનું મન અશાંત રહ્યા કરે છે.

જ્ઞાનીની દૃષ્ટિએ તો સુક્ષ્મમાં સુક્ષ્મ લોભ પણ જીવને સર્વજ્ઞ સર્વદર્શી બનતા અટકાવે છે. " विणावि लोभं निक्खम्म एस अकम्मे जाणांति पासति । " આચારંગ સૂત્રમાં ભગવાન સમજાવે છે કે જે નિર્લોભ વૃત્તિથી લોભને જીતે છે અને પ્રથમ લોભનો ત્યાગ

કરીને જે ત્યાગી બને છે તે આત્મા કર્મરહિત થઈને સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. સંજ્વલનનો લોભ સર્વથા જાય ત્યારે મોહનીય કર્મ ક્ષીણ થાય છે. મોહનીયના ક્ષય થવા પર ઘાતી કર્મોનો ક્ષય થાય છે પછી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થઈ જાય છે. માટે લોભને જીતવાની જરૂર છે. લોભ તો સર્વ ગુણોનો નાશ કરે છે.

હેત પ્રીત હણે ક્રોધ, માન વિનયને હણે,
મિત્રતાને હણે માયા, લોભ તો સર્વને હણે.

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રતાનો નાશ કરે છે અને લોભ તો સર્વગુણોનો નાશ કરે છે. લોભી માણસ પૈસા ખાતર કેટલો ક્રૂર બની જાય છે અને કેવો ભયંકર અનર્થ કરી બેસે છે. કંઈક વાર સામાન્ય બાબતમાં પણ તે ઘોર પાપ કરતાં પાછું વાળીને જોતો નથી.

લોભે સર્જેલો અનર્થ : એક સામાન્ય માણસ નોકરીએથી છૂટીને સાંજે ઘર તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં દારૂડિયાઓનું ટોળું બેઠેલું જોયું. તે બધા ભેગા થઈને દારૂ પીતા હતા. તે દારૂડિયાઓએ આ માણસને રસ્તામાંથી જતો જોયો. તેમને થયું કે આ માણસનું ખિસ્સું ભારે લાગે છે. નક્કી તેમાં સારી રકમ હશે. એટલે તેઓએ તેને બોલાવ્યો. તેને કહ્યું આટલી નાની બાટલી તો પી. આ માણસ કહે મેં કોઈ દિવસ દારૂ પીધો નથી એટલે મારે પીવો નથી. તેં ભલે નથી પીધો પણ ટેસ્ટ તો કરી જો. ખૂબ મઝા આવશે. તે માણસ ઘણી ના પાડે છે; છતાં દારૂડિયાઓએ તેને પરાણે નાની બોટલ પીવડાવી. તે થોડું ગલ્લાતલ્લા કરવા લાગ્યો પછી પરાણે બીજી પીવરાવી દીધી. એટલે તે બેહોશ જેવો બની ગયો. તેનું ખિસ્સું ભારે દેખાતું હતું એટલે તેમની દાનત બગડી. તેણે પહેરેલું બમીસ કાઢી લીધું જ્યાં દારૂનો ભઠ્ઠો સળગતો હતો તેમાં બે જણાએ ઊંચકીને તેને નાંખી દીધો. તે માણસ તો તેમાં બળી ગયો. આ પાપ કરાવ્યું કોણે ? લોભે. તે માણસના ખિસ્સામાંથી પૈસા કાઢ્યા. પૈસા ગણ્યા તો હતા માત્ર ૨૫૦ રૂપિયા. આટલા પૈસાના લોભે માણસને જીવતો સળગાવી મૂક્યો. આટલી મામુલી રકમ ખાતર કેવી ભયંકર હત્યા ! લોભ જીવનમાં ક્રૂરતા લાવે છે, ઈર્ષા લાવે છે, માયાવી બનાવે છે અને ક્રોધ પણ કરાવે છે, ઢંભી બનાવે છે અને હિંસક પણ બનાવે છે. એકની પાછળ અનેક અવગુણો આવે છે. દુનિયાના ઈતિહાસો નજર સામે લાવો તો જણાશે કે ધરતીના એક ટુકડા ખાતર લાખો–કરોડો માણસોની કત્લેઆમ થઈ ગઇ છે. તેમને એ ખ્યાલ નથી કે જે ધરતીના ટુકડા માટે આટલા જીવોનો કચ્ચરઘાણ વળી ગયો, લોહીની નદીઓ વહાવી તે ધરતીનો ટુકડો પોતાનો બનાવી શક્યા નથી ને આ દુનિયામાંથી વિદાય લઈને ચાલ્યા ગયા છે.

સમ્ભણ શેઠ પાસે કેટલી અઢળક સંપત્તિ હતી ! પણ લોભે તેના પર એવો અહો જમાવ્યો હતો કે લાકડાના ટુકડા ખાતર મુશળધાર વરસાદમાં નદીના પૂરમાં પડનારા

મમ્મણ શેઠની કેટલી લાચારી ! પરિગ્રહની તીવ્ર મૂર્છાથી તે સાતમી નરકમાં ભયંકર દુઃખ ભોગવવા ચાલ્યો ગયો. આઠ આનામાં સંતોષથી જીવન જીવનારા પુણીયા શ્રાવકની કેટલી અમીરાઈ ! તે ભગવાનનો પરમ શ્રાવક બની ગયો. આ લોભને જીતવા માટે અનંત જ્ઞાનીઓના ટંકશાળી વચનો આત્મસાત્ કરવા પડે તેમ છે. જ્યારે એ વચનો આત્મસાત્ થશે ત્યારે એનો આત્મા પોકારી ઉઠશે.

લોભને કહેજો કે તું સૌનો સરદાર, મારે પણ સંતોષ તણો સહકાર
તું ઘા કરે તૃષ્ણા તણો, હું સાથ લઉં તૃપ્તિ તણો
પણ લોભી મારે થવું નથી ને દુર્ગતિમાં હવે જવું નથી...દુર્ગુણને કોઈ

લોભને કહી દેજો કે તારે આવવું હોય તો આવ પણ મેં સંતોષનો સહકાર લીધો છે. હવે હું તારી ચાલબાજીમાં ફસાવાનો નથી. તું તૃષ્ણાનો ઘા કરે પણ મારે તૃપ્તિનો સાથ છે. હવે મારે લોભી બનવું નથી અને દુર્ગતિમાં જવું નથી. મને દુર્ગતિનો ભય લાગ્યો છે. હવે તો તારી હાર છે. તારા ઉપર વિજય મેળવીને જંપીશ. આ લોભની વાત થઇ.

હવે છેલ્લો આંતરશત્ર છે હર્ષ. પૂર્વના પુણ્યોદયે સંપત્તિ સારી મળે, લોકોમાં માન-સન્માન મળે, બધે તમારી વાહ વાહ બોલાય, ભણવામાં પણ ખૂબ આગળ વધ્યા હો, કોઇ સારી પદવી મળી ગઇ, આ બધું મળવા પર અતિ હર્ષઘેલા થવું એ પણ નુકશાનકર્તા છે. અતિ હર્ષમાં માનવી સારાસારનો વિવેક ભૂલી જાય છે. પોતે શું બોલે છે એનું પણ એને ભાન નથી રહેતું. કોઈ વાર તો હર્ષમાં આવી જઈને એવા વચનો આપી દે છે કે એનું પાલન કરવું તેને દુઃખરૂપ બની જાય છે. કોઇ વાર વધુ ધન મેળવવાના હર્ષમાં પોતાની સ્થિતિ જોયા વિના ધંધામાં ઝૂકાવી દે છે પરિણામે જે મૂડી હતી તે ગુમાવાનો વખત આવે છે. આ રીતે સંસારની કોઈ પણ બાબતમાં હર્ષ ઘેલા થઇ જવાથી અનર્થોની પરંપરા ઊભી થઈ જાય છે. આજે જગતના મોટા ભાગના જીવો બીજાને દુઃખી થતાં જોઈને હર્ષ મનાવે છે.

એક વાર શ્રીમંતોના બંગલામાં કોઇકે દ્વેષ બુદ્ધિથી દિવાસળી સળગાવીને નાંખી. તે દિવાસળી બંગલામાં કપડાના ઢગલા પર પડી. તેમાં ભારે આગ લાગી ગઈ. બંબાવાળાને ફોન કરીને બોલાવ્યા પણ તેમને આવતા વાર લાગી. આગ તો ભડકે વધતી જતી હતી. આગ જેવું કોઈ શત્ર નથી.

विसप्पे सव्वओ धारे, बहुपाणि विणासणे ।
णत्थिजोइं समेसत्थे, तम्हा जोइं ण दीवए ॥ ઉત.અ.૩૫.ગા.૧૨

ભગવાન બોલ્યા છે કે બધી દિશાઓમાં શત્રની ધારા સમાન ફેલાનારી ઘણાં જીવોને નાશ કરનારી અગ્નિ સમાન બીજું કોઈ શત્ર નથી. એટલા માટે સાધુ કયારે

પણ અગ્નિ સળગાવે નહિ, બીજા પાસે સળગાવે નહિ અને સળગાવે તેને અનુમોદના પણ ન આપે.

બંગલામાં લાગેલી આગ તો પવનવેગે વધવા લાગી. બંગલાની બાજુમાં બેચાર મકાનો અને ૧૫ થી ૨૦ ગરીબોના ઝૂંપડા હતા. આ બધું સળગવા લાગ્યું. મકાનો બળવા લાગ્યા ને ઝૂંપડા તો બળીને ખાખ થઇ ગયા, પણ એટલું સારું થયું કે કોઈ માણસો તેમાં ઝડપાયા નહિ. બધા સાવચેત બની ગયા એટલે બચી ગયા. જેના ઝૂંપડા બળી ગયા છે એવો એક માણસ ઊભો ઊભો બીડી પીતો હતો. રસ્તે જતાં એક માણસે પૂછ્યું, ભાઈ ! તમારા બધાના ઝૂંપડા બળી ગયા તેથી તને ખૂબ દુઃખ થતું હશે ? આ માણસ શું કહે છે–ના....ભાઈ....ના....એમાં દુઃખ શું ? મને તો આનંદ છે. પેલા માણસને આનંદ શબ્દ સાંભળી આશ્ચર્ય થયું કે પોતાના રહેવાના ઝૂંપડા બળી ગયા છતાં કહે છે મને આનંદ છે. ભાઈ ! આ સ્થિતિમાં દુઃખ થવું જોઇએ તેને બદલે તને આનંદ કેમ થાય છે ?

ભાઈ ! મને આનંદ એટલા માટે છે કે મારું તો એક નાનું ઝૂંપડું બળી ગયું છે પણ આ શ્રીમંતોના તો બંગલા બળીને ભસ્મીભૂત થઈ ગયા છે. બંગલાની સાથે બીજી કંઈક વસ્તુઓ સાફ થઇ ગઈ હશે. મેં તો કાંઈ ગુમાવ્યું નથી. જ્યારે આ શ્રીમંતોએ તો લાખો રૂપિયાની મૂડી ગુમાવી છે. મારા મનમાં ઘણી વાર થતું કે આ શ્રીમંતોને કેવી રીતે મુશ્કેલીમાં મૂકવા ? કેવી રીતે દુઃખી કરવા ? મેં તો કાંઇ કર્યું નથી પણ કુદરતે તેને બધું બરાબર બતાવી દીધું છે. એ બધા આ જ દાવના હતા. બીજાને દુઃખી જોઈને આનંદ મનાવનારા જીવો દુનિયામાં ઘણાં છે. પણ તેમને ખબર નથી કે આ મારો અલ્પ સમયનો આનંદ કેટલા લાંબા સમયની આપત્તિમાં ધકેલી દેશે. ત્યાં કેવા દુઃખો ભોગવવા પડશે. બીજાને દુઃખી જોઈને હર્ષ મનાવવો એ માનવતાનું લક્ષણ નથી. એવા માનવને દાનવ કહીએ તો કહી શકાય. ભગવાને ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિ બતાવી છે તેમાં ૧૬ કષાય અને નવ નોકષાય. તેમાં હર્ષ એ રતિ નોકષાય છે. કષાયને ઉત્તેજિત કરે તેનું નામ નોકષાય, માટે આ બધી કષાયો છે તેને છોડવા જેવી છે. કામ, ક્રોધ, માન–મદ–લોભ અને હર્ષ આ આંતર શત્રુઓ છે. તેમના પર વિજય મેળવવા માટે સંસારની નશ્વરતા અને કર્મના વિપાકોની વિચિત્રતા હંમેશા દૃષ્ટિ પથ પર રાખવા.

જેણે આંતર શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે એવા શ્રમણ ભગવાન મહાવીરના શ્રીમુખેથી જ્ઞાનગંગા વહી રહી છે. તૃષાતુર બનેલા જીવો ઉલ્લાસથી એનું પાન કરી રહ્યા છે. આનંદ ગાથાપતિ પણ એ જ્ઞાનગંગાનું આસ્વાદન કરી રહ્યા છે. ભગવાનની દેશના પૂર્ણ થયા બાદ પરિષદ પાછી ગઇ. જિતશત્રુ રાજા પણ પાછા ગયા. આનંદ ગાથાપતિ રવાના ન થયા. જેને બરાબર ભૂખ લાગી છે તેવા આનંદ ગાથાપતિ બેસી રહ્યા. આનંદ ગાથાપતિને ભગવાનની દેશના સાંભળી ખૂબ હર્ષ–ઉલ્લાસ આવ્યો. કાનેથી સાંભળતા

ગયા ને વાણી સીધી હૃદયમાં ઉતરતી ગઈ. તમે બધા કાનથી સાંભળો છો પણ જ્યાં સુધી હૃદયમાં ઉતરી નથી ત્યાં સુધી માત્ર કાનને રાજી કર્યા છે. જ્યારે વીસ્વાણીનો નાદ અંતર સુધી પહોંચશે ત્યારે એ વિચાર કરશે કે મારે છોડવા જેવું શું છે ? જાણવા જેવું શું છે ? અને ગ્રહણ કરવા જેવું શું છે ? તે આત્મામાં હેય-જ્ઞેય અને ઉપાદેયનો વિવેક જાગશે. પુણ્ય પાપનું ભાન થશે. જિનવાણી સાંભળ્યા પછી આ વિવેક ન આવે તો સમજવું કે મેં માત્ર મારા કાનને રાજી કર્યા છે પણ આત્માને રાજી કર્યો નથી.

કોણ પ્રધાન ? પુણ્ય કે પુરૂષાર્થ ? : એક વાર બે મિત્રો વચ્ચે વાદાવાદી થઈ. એક કહે આ દુનિયામાં પુરૂષાર્થ જીતે. બીજો મિત્ર કહે પુણ્ય જીતે. એક કહે પુરૂષાર્થ પ્રધાન છે. બીજો કહે પુણ્ય પ્રધાન છે. સંસારમાં પુણ્ય પ્રધાન છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ પુરૂષાર્થ પ્રધાન છે. આ બંને વાદાવાદી કર્યા કરે. એક દિવસ તેઓ વાત કરતા ફરતા ફરતા ધર્મશાળામાં ગયા. ધર્મશાળામાં જઈને તેણે ઓરડી ખોલી. ઓરડીમાં એક પલંગ પડયો હતો. તેના પર સૂઈ ગયો. જે પુરૂષાર્થને પ્રધાન માને છે તે પુરૂષાર્થ કરવા ત્રણ માળ ચડયો. ત્યાં રૂમમાં કોઈ હતું નહિ. રૂમ ખુલ્લી હતી. ત્યાં મિઠાઈનું પેકેટ પડેલું જોયું. પેકેટ ખોલ્યું તો તેમાં ૩૨ પેંડા હતા. તે તો પેંડા જોઈને ખૂબ ખુશ થઇ ગયો. ખૂબ કકડીને ભૂખ લાગી હતી એટલે એક સાથે ૧૦-૧૨ પેંડા તો ખાઈ ગયો પછી તેના મનમાં થયું કે મારો મિત્ર ભૂખ્યો-તરસ્યો નીચે સૂતો છે તો તેના માટે આ પેંડા લઈ જાઉં. તેને ખવડાવીશ. પુરૂષાર્થને માનનારો મિત્ર ત્રીજે માળથી નીચે આવ્યો. ઓરડામાં જઈને જોયું તો પેલો પુણ્યવાદી પલંગમાં ઘસઘસાટ ઊંઘતો હતો. તેને જગાડતા કહે છે કે હે અભાગીયા ! શું હજુ ઊંઘે છે ! ઉઠ, ઊભો થા. પેલો તો એકદમ આંખો ચોળતો ચોળતો ઊભો થયો. મિત્ર ! શું છે ? અરે પાગલ ! તું પુણ્ય પુણ્ય કહીને સૂઈ ગયો પણ મેં ત્રણ માળ ચઢવાનો પુરૂષાર્થ કર્યો. ત્યાં એક ડબ્બો જોયો. તેમાંથી પેંડા મળ્યા. મેં ૧૬ પેંડા ખાધા છે ને ૧૬ તારા માટે રાખ્યા છે. હવે તું જ કહે કે મેં પુરૂષાર્થ ન કર્યો હોત તો આ પેંડા કોણ લાવત ? હવે તું કબૂલ કરીશ ને કે પુણ્ય કરતાં પુરૂષાર્થ વધુ ચઢે.

પુરૂષાર્થની પ્રાબલ્યતા : આ સાંભળીને પુણ્યવાદીને હસવું આવ્યું. તેણે પેંડા હાથમાં લીધા પછી કહ્યું-મિત્ર ! તને ભાન નથી કે આ પેંડા મને કોણે આપ્યા. હું તો અહીં સૂતો છું. મેં ઉપર આવવાનો પુરૂષાર્થ કર્યો નથી. હું ત્રણ માળ ચઢયો નથી. પેંડા લાવવાની મહેનત તેં કરી. પેકેટમાંથી પેંડા તું લઈ આવ્યો. હું તો સૂતેલો હતો. સૂતેલો જગાડીને મને સામેથી પેંડા આપવા તું આવ્યો, માટે સમજ તને અડી સુધી ઊંઘતા જગાડીને આપવાની પ્રેરણા કોણે આપી ? મારા પુણ્યે. નહિતર મેં કયાં પેંડા જોયા હતા ! મને કયાં ખબર હતી કે તને પેંડા મળ્યા છે ? તેં ધાર્યું હોત તો તું એકલો બધા પેંડા ખાઈ શકત પણ મારું પુણ્ય હતું એટલે તેં મને જગાડીને

પેંડા આવ્યા. હવે તું જ કહે કે પુણ્ય જીતે કે પુરૂષાર્થ. પુરૂષાર્થવાદીને થયું કે વાત તો સાચી છે. અહીં જ્ઞાની આપણને એ સમજાવે છે કે સંસારમાં પુણ્યના આધારે જીત મળે છે જ્યારે આધ્યાત્મિક જગતમાં પુરૂષાર્થને આધારે વિજય મળે છે. આજે કંઈક વાર પાપી આત્માઓ પૂજાતા લાગે છે, કારણ કે તેમના પક્ષમાં પૂર્વનું પુણ્ય છે. કંઈક વાર ધર્મી સજ્જન આત્માઓ સંસારમાં દુઃખી થતાં હોય છે કારણ કે તેમના પક્ષમાં પૂર્વના પુણ્યની ખામી છે. બીજી વાત સાધનાના માર્ગે પ્રયાણ કર્યા પછી પાપી આત્માઓ પણ થોડા સમયમાં પોતાનું શ્રેય સાધી ગયા છે કારણ કે આ માર્ગમાં તેમનો પુરૂષાર્થ જોરદાર હતો. દા. ત. અર્જુનમાળી, પરદેશી રાજા. કંઈક વાર ધર્મી આત્માઓ સાધનાના જીવનને પામ્યા પછી હારી ગયા છે કારણ કે તેમના પુરૂષાર્થમાં ખામી છે. દુનિયામાં સફળતા મેળવવા માટે પુણ્ય જોઈએ છે અને સાધનાના ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે પુરૂષાર્થની જરૂર છે.

જ્ઞાની આપણને સમજાવે છે કે આ દુનિયાની તમારી બધી અનુકૂળતાઓ પુણ્યને આધીન છે. જ્યાં સુધી પુણ્ય સલામત ત્યાં સુધી તમે સલામત. જે દિવસે જે ઘડીએ એ પરવારે તે દિવસે તમે પણ પરવારી ગયા. **જ્યાં સુધી પુણ્ય અનુકૂળ ત્યાં સુધી લીલાલહેર અને જ્યાં એ પ્રતિકૂળ થયું ત્યાં કાળો કેર.** જીવનમાં કોઈ પણ સાધના આરાધના કરીએ તેમાં સફળતા મેળવવી સહેલી છે કારણ કે તેની ચાવી તમારા પોતાના પુરૂષાર્થમાં છે. જેટલો પુરૂષાર્થ પ્રચંડ તેટલી સફળતા જલ્દી. શ્રીમંત, સુખી, ધનાઢ્ય બનવું એ પુણ્યને આધીન છે જ્યારે ગરીબાઈમાં દિલની અમીરી જાળવવી એ પોતાને આધીન છે. માન-સન્માન મળે, સત્કાર મળે એ પુણ્યના કારણે મળે જ્યારે કોઈ અપમાન કરે કે તિરસ્કાર કરે એમાં મનની મસ્તી ટકાવી રાખવી એ કામ આપણું પોતાનું છે. પુણ્ય ચક્રવર્તી બનાવે જ્યાર પુરૂષાર્થ કેવળજ્ઞાની બનાવે, માટે સમજો. આ ઉત્તમ જીવનમાં પરાધીન વસ્તુઓ મેળવવા પાછળ શક્તિઓનો વ્યય ન કરતાં સ્વાધીન એવા આત્મગુણને પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થ કરો તો જરૂર એક વાર સફળતા મેળવી શકશો.

આનંદ ગાથાપતિએ ભગવાનની વાણી સાંભળી. વાણી સાંભળતા તેમના રોમરોમમાં ઉલ્લાસ આવ્યો. તેમના સાડા ત્રણ કોઠ રોમરાય ઊંચા થઈ ગયા. ભગવાન! આપની શી વાત કરું! શું આપની તેજસ્વી વાણી છે. આપની વાણીના અક્ષર અક્ષરમાં આત્માનો આનંદ છે. તેના શબ્દે શબ્દમાં શાંતિના ઝરણા વહે છે. તેના વાકયે વાકયમાં વીતરાગતાનો વીલપાવર ભર્યો છે અને પદેપદમાં પરમ પદની પ્રાપ્તિના સોપાન રહેલા છે. ભગવાનની વાણીનું પાન કરતાં તેમનું હૈયું એટલું બધું ઉલસી ગયું છે કે વાત પૂછો મા. માણસના મુખ પર આટલો ઉલ્લાસ હોય એ મુખ કાંઈ છાનું રહે ખરું! તમારા ઘેર કોઈ મહેમાન આવ્યા. તે જો તમને ગમતા હશે તો ફેઈસ સારો રહેશે અને નહિ ગમતા હોય તો પણ મુખ છાનું નહિ રહે. તમે કદાચ વાતને ગોપવવા જાવ તો પણ મુખનો કેમેરો તો જેવું હોય તેવું બતાવી દે. આનંદ કહે છે પ્રભુ! મારો

જન્મારો સફળ બની ગયો. મારું જીવન ધન્ય બની ગયું. મારા મહાન ભાગ્યોદયે મને આપની વાણી સાંભળવા મળી. આ જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં ગયો ત્યાં કાન મળ્યા ન હતાં. આજે પંચેન્દ્રિયપણામાં આવ્યો તો કાન મળ્યા. કાન મળ્યા તો હું આપની વાણી સાંભળી શકયો. આનંદ પોતાનો હર્ષ વ્યકત કરે છે. હે ભગવાન ! આપના વચનોની હું યથાર્થ શ્રદ્ધા કરું છું. તેની શ્રદ્ધા ડોલતી ધજા જેવી ન હતી પણ મેરૂ જેવી અડોલ હતી. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : વસમી વિદાય : શેઠની સાતે દીકરીઓના લગ્ન થઈ ગયા, માતાપિતા તેમની વહાલસોયી દીકરીઓને વળાવી રહ્યા છે. ઘડી પહેલા આનંદ અને ઉમંગમાં નાચતી આંખો આંસુથી છલકાઈ રહી છે. સાતે દીકરીઓ માતાના ખોળામાં માથું મૂકીને છાતીફાટ રડી રહી છે. માતાપિતા પણ હૈયાફાટ રડે છે. સગાસંબંધી બધાની આંખોમાં આંસુ છે. આટલા વર્ષોથી જે દીકરીઓ પોતાના ખોળામાં રમીને મોટી થઈ હતી, માતાપિતાને ખૂબ આનંદ આપતી હતી. એ દીકરીઓ આજે બીજા ઘેર જઈ રહી હતી. આ વિદાય માબાપને માટે ખૂબ વસમી હતી છતાં વિદાય આપ્યા વિના છૂટકો ન હતો. અરે, એક દીકરી સાસરે જાય તો પણ માતાપિતાને દુઃખ થાય છે. તેના બદલે આજે સાત સાત દીકરીઓને એક સાથે વળાવવી પડે એટલે દુઃખ થાય એ તો સહજ છે. પિતાજી કહે–હે દીકરીઓ ! આજ સુધી મારો મહેલ આનંદથી ખીલખીલાટ રહેતો હતો. આજે મારો મહેલ સાવ ખાલી ખાલી થઈ ગયો. આ મહેલમાં અમને ગમશે પણ નહિ પણ શું થાય ? દીકરી પારકા ઘરની વસ્તી કહેવાય. એ મોટી થાય એટલે સાસરે ચાલી જાય. પોતાના માબાપને મૂકીને નવા માબાપના ઘરે જાય. પોતાનું આખું જીવન પતિને અર્પણ કરી દે. આંસુથી છલકાતી આંખોએ માતાપિતાએ સાતે દીકરીઓને વિદાય આપી અને મંગલ આશીર્વાદ આપ્યા. સાતે દીકરીઓ પુણ્યસાર સાથે પોતાના સાસરે આવી. સાસરું તો હતું જ કયાં ! દેવના વચન ઉપર શ્રદ્ધા રાખીને પતિ મેળવ્યો હતો તેથી એક મહેલમાં જયાં પુણ્યસારનો ઉતારો હતો તે મહેલે ગયા.

પુણ્યસાર એક નહિ પણ સાત સાત કન્યાઓનો પતિ બન્યો. તેનું પુણ્ય ખૂબ તપતું હતું પણ તે તો મનમાં કંઈક જુદું જ વિચારતો હતો. ઘડીકમાં માબાપની મીઠી યાદ આવે છે તો ઘડીકમાં વિચાર કરે છે કે

મુજ પિતા જો તે સમયે ઘરથી ન કાઢત બહાર;
સપ્ત વનિતા સુંદર મને, મળત કેમ આ વાર

મારા પિતાએ જો મને ધક્કો મારીને ઘરની બહાર કાઢયો ન હોત તો આ બધું બનત કેવી રીતે ? આગલા દિવસે તો કાઢી મૂકયો છે. હજુ ૨૪ કલાક માંડ થયા હશે ત્યાં ધનાઢય શેઠનો જમાઈ બની ગયો. કયાં પિતાનું કાઢી મૂકવું ને કયાં આ સાત સાત કન્યાઓ પરણવી ! મારા માતાપિતા મને શોધશે. અહીં સુધી તો શોધવા આવે કેવી રીતે ! જો મારો પત્તો નહિ પડે તો મારા મા–બાપ મારા વિના ઝુરશે. કદાચ

આપઘાત તો નહિ કરે ને ! અત્યારે પુણ્યસારને તો આનંદની ઘડીઓ છે છતાં તેના મુખ પર આ બધા વિચારોના કારણે ઉદાસીનતા છે. પેલી બંને દેવીઓ લગ્નમંડપમાં જોવા માટે ઊભી હતી. તે એકબીજાને કહેતી હતી કે આ છોકરો કેવો ભાગ્યશાળી છે કે તે એક સાથે સાત કન્યાઓને પરણ્યો. જો આપણે અહીં આવ્યા ન હોત તો આ બધું કયાંથી જોવા મળત. લગ્ન પછી તે ત્યાંથી રવાના થઈ ગઈ.

પુણ્યસારની ઉદાસીનતાનું કારણ પૂછતી પત્નીઓ : પુણ્યસાર પલંગ પર ઉદાસ થઈને બેઠો છે. તે કોઈના સામું ઊંચું જોતો નથી. સાતે કન્યાઓ વિચાર કરે છે કે હજુ તો પરણીને આવ્યા છે ને એકદમ શું થઈ ગયું ? આપણા સામું ય જોતાં નથી. આપણી જિંદગી કેવી રીતે વીતાવીશું ! તે કંઈ બોલતા નથી. ઊંચું જોતાં નથી માટે કંઈક વિચારમાં હશે. એકબીજી એકબીજીને કહે છે તું પૂછ તો બરી. સૌથી મોટીબેનને કહે–આપ સૌથી મોટા છો, માટે આપ પૂછો ને. મોટીએ બીજા નંબરને કહ્યું, એમ એક પછી એક બીજીને કહે છે છેવટે સૌથી નાની ગુણસુંદરીને કહે છે બેન ! તું પૂછી જો. પરણીને પગ મૂકતાં જો બોલતાં નથી તો આપણું શું થશે ? છેવટે ગુણસુંદરી ચરણમાં પડીને કહે છે કે આપ ઉદાસ કેમ છો ! આપને શું ચિંતા છે ? અમે તો આપના પગની મોજડીઓ સમાન છે. આપને જે હોય તે કહો. કદાચ અમારા પિતાએ આપને બળાત્કારથી અમારી સાથે પરણાવ્યા હોય તેથી આપને અમારા પ્રત્યે અણગમો છે ? શું અમે આપને ગમતા નથી ? આ લગ્નથી તમને દુઃખ થયું છે ? જે હોય તે આપ કહો. તમે અમને બોલાવશો તો ભલે, ત્યજશો તો ભલે પણ અમે હવે આપના સિવાય કોઈ પુરૂષને મનથી પણ ઇચ્છવાના નથી. આપ અમારું સર્વસ્વ છો. સુખ આપશો તોય તમે અને દુઃખ આપશો તોય તમે. ગુણસુંદરી ખૂબ ડાહી અને ચતુર છે. તેનો કોયલના ટહુકાર જેવો અવાજ સાંભળીને પુણ્યસાર ચમકયો, તેમને શું જવાબ આપવો ? તમે મને નથી ગમતાં એમ કહેવું ? લગ્નથી મને દુઃખ થયું છે એમ કહેવું ? ના.... ના....એવું તો છે નહિ. આ લગ્નથી તો મને આનંદ થયો છે. આ સાતે કન્યાઓ મને ગમી ગઈ છે તો કહેવું શું ? તે મુંઝવણમાં પડયો. પુણ્યસારના મનમાં ચિંતા જુદી છે. તે વિચારે છે કે પેલી બે દેવીઓ જતી રહેશે તો હું મારા માતાપિતા પાસે કેવી રીતે જઇશ ? આ રીતે સાતે કન્યાઓ ખૂબ ખૂબ પૂછશે ત્યારે પુણ્યસાર કેવું જુદું કારણ બતાવશે તેના ભાવ અવસરે.

શ્રાવણ વદ ૧૦ ને શનીવાર : વ્યાખ્યાન નં. ૩૯ : તા. ૧૦-૮-૮૫

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે આત્મા આજ દિન સુધી જડનો પુજારી બન્યો છે. જડની સારસંભાળમાં સારું જીવન પસાર કર્યું છે. જડના રાગ ખાતર ચૈતન્યને વિસરી ગયો છે. ભૌતિક પદાર્થોનો મોહ આત્માને સ્વગુણોનું જ્ઞાન થવા દેતો નથી. પરિણામે ભવનો અંત નજીકમાં દેખાતો નથી. ભવનો અંત કયારે દેખાય ? જ્યારે મોહના

મહેલને જમીનદોસ્ત કરવાનું સામર્થ્ય ધરાવનાર જિનાજ્ઞા તરફ તેની દૃષ્ટિ જાય ત્યારે. મોહના ઝેરને હટાવવા માટે કિંમતી જડીબુટ્ટી સમાન જિનાજ્ઞા આપણી પાસે છે. તે જિનાજ્ઞા મળ્યાનું આત્મામાં ગૌરવ છે ? જીવનમાં જિનાજ્ઞા પાલનનો જ્યારે ભારેમાં ભારે આનંદ હોય છે ત્યારે આ સંસારમાં બનતા ગમે તેવા સારા કે ખોટા પ્રસંગો આત્મામાં જરાય રાગ–દ્વેષની પરિણતિ ઊભી કરી શકતા નથી. અરે, એટલું જ નહિ. પોતાના શરીર માટે કોઈ ખરાબ પરિણતિ ઊભી થતી નથી.

મોહના વિષને મારનાર જડીબુટ્ટી જિનાજ્ઞા : કુમારપાળ રાજાને તેમના શત્રુઓ તરફથી ઝેર આપવામાં આવ્યું. થોડી વારમાં તેમની રગેરગમાં વિષ પ્રસરી ગયું, રાજવૈદ્યોને બોલાવ્યા. તેઓ સમજી ગયા કે આ શરીરમાં તો વિષનો પ્રયોગ થયેલો છે. આ વિષને સંહરી લેનાર કોઈ જડીબુટ્ટી મળે તો રાજા વિષમુક્ત બને. મહારાજાએ ભંડારીને કહ્યું, રાજભંડારમાંથી જડીબુટ્ટી લઈ આવો પણ ભંડારમાં જડીબુટ્ટી મળે જ ક્યાંથી ! રાજાને વિષપ્રયોગ કરતાં પહેલાં વિષહર જડીબુટ્ટી શત્રુઓએ લઈ લીધી હતી. ભંડારીને જડીબુટ્ટી ન મળવાથી બિચારો ધ્રુજતા પગે મહારાજા પાસે પાછો આવ્યો. જો તે લઈને આવ્યો હોત તો મુખ પર હર્ષ હોત પણ નહિ મળવાથી મુખ પર નિરાશા છે રાજા તેનું મુખ જોઈને સમજી ગયા કે જડીબુટ્ટી ગુમ થઈ ગઈ લાગે છે. રાજા કહે ભંડારીજી ! આપ ચિંતા ન કરો, જડીબુટ્ટી હોત તો ઉપયોગ કરત. તેનાથી સારું થાત તો આ શરીર ધર્મઆરાધનામાં કામ લાગત. જડીબુટ્ટી નથી મળી તો ચિંતા નથી. મને મૃત્યુનો ભય નથી. જીવનમાં અને મરણમાં બંનેમાં કુમારપાળ મહારાજાની સમદૃષ્ટિ રાખવાની વાત આપણા હૈયામાં નવો પ્રકાશ પાથરે છે. આ સાથે એક બીજી વાત વિચારવી છે. વિષને ઉતારનાર જડીબુટ્ટીને તો દુશ્મનોએ ગુમ કરી દીધી હતી પણ મોહના ભયંકર વિષને ઉતારનાર જડીબુટ્ટી તો સહીસલામત છે ને ! કોઈ દુશ્મનોએ તેને ગુમ તો કરી નથી ને !

પરમાર્હત કુમારપાળ રાજાને તો એક વાર વિષ પીવાનો પ્રસંગ આવ્યો પણ સંસારી જીવો તો કેટલીય વાર મોહના વિષને પીધે રાખે છે. આવા સમયે જડીબુટ્ટી વિના કેમ ચાલે ? મોહના વિષને ઉતારનાર કોઇ જડીબુટ્ટી છે ? તેને મારવા માટે કયો મંત્ર છે ? મોહરૂપી વિષને મારનાર કોઈ જડીબુટ્ટી કહો કે મંત્ર કહો તો તે છે જિનાજ્ઞા. જિનાજ્ઞાનું પાલન મોહના વિષને ખતમ કરે છે. સંસારી જીવો રાગ અને દ્વેષ, અહંકાર અને મમતાના પ્રવાહમાં તણાઈ રહ્યા છે. મોહનો ભયંકર મંત્ર છે હું અને મારું. શરીરમાં હું પણાની બુદ્ધિ અને દુન્યવી પદાર્થોમાં મારાપણાની બુદ્ધિ એ મોહનો મંત્ર છે. આ મંત્રનો જાપ જીવને સંસારમાં ભમાવે છે. આત્માએ વિચારવાનું એ છે કે હું કોણ ? કોડહું આ વિનશ્વર શરીર તે હું છું ? ના...ના...હું તો નાશવંત શરીરમાં વસવાટ કરીને રહેલો આનંદઘન. અનંત સુખનો ખજાનો એવો આત્મા છું. આત્માનું જ્ઞાન દુઃખમાં દુઃખનો અનુભવ ન થવા દે. જ્યાં સુધી આત્મ તત્ત્વ પર દૃષ્ટિ ગઈ નથી ત્યાં સુધી સુખ દુઃખ છે.

કાઠિયાવાડમાં એક રજવાડાના ઠાકોરને અફીણ ખાવાની ખૂબ ટેવ. સાથે હોકો પણ ગગડાવે. એક વાર ઠાકોર ઓટલા પર બેસીને હોકો પી રહ્યા હતા. અફીણનો અમલ હજુ ઉતર્યો ન હતો. ત્યાં હોકો પીવા માંડયો. તેમાં બાપુને ઝોકું આવી ગયું એટલે ધડાક દઈને ઓટલા પરથી નીચે પડયા. અવાજ સાંભળી બધા નોકરો દોડતા આવ્યા. જોયું તો ઠાકોર બાપુ નીચે પડેલા જોયા, પણ બાપુ તો અફીણની દુનિયામાં એવા મસ્ત હતા કે પોતે પડી ગયા છતાં પોતાને ખબર નથી. તેમણે નોકરોને પૂછયું–કોણ પડયું ? આ ધબાકો શાનો થયો ? આપણા કુંવર પડી ગયા કે શું ? તમે લોકો કુંવરનું જરા પણ ધ્યાન રાખતા નથી કે કુંવર પડી ગયો ? નોકરો બિચારા શું જવાબ આપે કે બાપુ તમે પડયા છો, કુંવર નથી પડયા. ઠાકોરને પોતાના શરીરનું હું પણું ભૂલાઈ ગયું છે તે આત્મદૃષ્ટિથી નહીં પણ અફીણના વ્યસનના કારણે. તેમના આત્મા પર તે અજ્ઞાન છવાયેલું છે. હું એટલે આત્મા. તે ભાન ભૂલી ગયો છે. જ્યાં સુધી નાશવંત શરીરમાં બિરાજી રહેલ અનાશવંત એવા આત્માના દર્શન થયા નથી ત્યાં સુધી મૃત્યુનો ભય છે. શરીરમાં હું પણાની દૃષ્ટિ આત્મઘાતક છે. જ્યારે આત્મામાં હું પણાની બુદ્ધિ મોહનો ઘાત કરનારી છે આ બેમાંથી આપણે કોનો ઘાત કરવો છે? મોહનો નાશ કરવો હોય તો જિનેશ્વરની આજ્ઞાને હૈયામાં વસાવવી પડશે.

જેને જિનેશ્વરની આજ્ઞા પ્રત્યે બહુમાન જાગ્યું છે એવા આનંદ ગાથાપતિને ભગવાનની વાણી સાંભળતા જે આનંદ આવ્યો તે અવર્ણનીય, અકથનીય હતો. તેમનો આ આનંદ ભૌતિક આનંદ ન હતો પણ આધ્યાત્મિક આનંદ હતો. જ્ઞાનીએ બે પ્રકારના ધનવાન કહ્યા છે. એક તો તમે જેને સુખી માનો છો, તમારા કહેવા પ્રમાણે જેને ત્યાં વૈભવ, વિલાસ, ગાડી, મોટર, લાડી, વાડી, સંપત્તિ હોય તેને ધનવાન કહો છો. ભાગ્યવાન, પુણ્યવાન કહો છો. આ ભૌતિક સંપત્તિ તો જીવે અકામ નિર્જરા કરી હોય તો પણ મળે છે. આ સંપત્તિમાં જો લપટાઈ ગયા, આસક્ત બન્યા તો નરક નિગોદમાં ફેંકી દેશે. જેની પાસે આ ભૌતિક વૈભવ નથી પણ આત્મિક સંપત્તિ છે તે ગરીબ હોવા છતાં અમીર છે. આજના જમાનામાં આંકડા મોટા મૂકાય છે. તમે મૂલ્ય કોના આંકો છો ? પૈસાના. જેની પાસે ધન છે તેની કિંમત છે અને ધન નથી તેની કાંઈ કિંમત નથી. જૈનદર્શનની દૃષ્ટિએ ધનની કિંમત નથી પણ ધર્મની કિંમત છે. મમ્મણ શેઠ પાસે કેટલી મિલ્કત હતી ! પણ તેની પાસે આત્મિક સંપત્તિ ન હતી તો મરીને નરકે ગયો. પુણીયો શ્રાવક કેવો ગરીબ હતો. તેની પાસે ભૌતિક સંપત્તિ ન હતી. સમાજમાં કદાચ તેના સત્કાર સન્માન નહિ હોય પણ આત્મિક સંપત્તિ હતી તો તે સદ્ગતિ પામ્યો. ભૌતિક સંપત્તિ પ્રત્યેના ભાવ ભવ વધારશે અને આત્મિક સંપત્તિનો આનંદ ભવ ઘટાડશે. જો તમારે ભવ ઘટાડવા છે તો પહેલા આરંભ પરિગ્રહ ઘટાડો. આરંભ પરિગ્રહ ઘટશે એટલે પાપ ઘટશે અને પાપ ઘટશે એટલે ભવ ઘટશે.

જાગૃત બનેલા આત્માને હૃદયમાં આ ખેદ થાય છે કે " दुःख रुपो भवः सर्वः

उच्छेदोस्य कृतः कथम् " । આખો સંસાર (ભવ) દુઃખરૂપ છે કારણ કે તેમાં અનેક વિટંબણાઓ રહેલી છે, તેમાં વારંવાર જન્મ મરણની ઘટમાળ ચાલુ છે. જો સંસાર છે તો તેમાં જન્માદિની અને વિરાધનાઓની વિટંબણા ઊભી છે. આ સંસારનો ઉચ્છેદ શેનાથી અને કેવી રીતે થાય ? જ્ઞાની ભગવંતે સંસારમાં બે જાતના દુઃખની વિટંબણા બતાવી છે. એક દ્રવ્ય દુઃખની અને ભાવ દુઃખની. દ્રવ્ય દુઃખોમાં ખાવા ન મળે, સંપત્તિ વૈભવ ન મળે, માન સન્માનને બદલે અપમાન મળે. શરીરમાં રોગ આવે, ગુલામી વગેરે હોય. આ તો બધા દ્રવ્ય દુઃખો છે. સંસારમાં આ દ્રવ્ય દુઃખોની વિટંબણાઓ તો છે પણ તેના કરતાં ભાવ દુઃખોની વિટંબણા મોટી છે. જીવને ધર્મ ન ગમે. દેવ, ગુરૂ, ધર્મનો રાગ ન હોય. રાત દિવસ કષાયોના ઉકળાટ હોય, વિષયોની લંપટતા રહે, પ્રમાદ ગમે, આ બધા ભાવ દુઃખો છે. કાયા, કંચન, કુટુંબ, કામિની બધું સંસાર જ છે. આ સંસાર પણ કેવો ? તમે સંતોનો સંગ કર્યો. તેમની પાસેથી ધર્મ સાંભળી દાન કરવાનું મન થયું. તમે દાન કરવા તૈયાર થયા તો ત્યાં તરત કુટુંબીજનો બધા કહેશે કે જોજે હમણાં ન ખર્ચી નાંખીશ. તું આમાં બહુ પહોળો ન થઈશ. તારા આણા કુટુંબને તારે સાંભળવાનું છે, આ રીતે કુટુંબીજનો દાન કરતાં બ્રેક મારે. મંગલકારી પર્યુષણના દિવસો આવી રહ્યા છે. તમને અઠ્ઠાઈ કરવાનું મન થયું તો ત્યાં કાયા તપ કરવામાં બ્રેક મારશે કે તું તપ કરીશ નહિ. તપથી કાયા સૂકાઈ જશે તો આગળ તારી કાયા કામ નહિ કરી શકે. ધર્મના ક્ષેત્રમાં આવા નમાલા વિચાર એ ભાવ દુઃખ છે. નમાલા વિચાર એ મનની બરાથી છે. ધર્મના કાર્યમાં નમાલા વિચાર આવે છે સંસારના કાર્યોમાં કયારેય આવા નમાલા વિચાર આવે છે ? ત્યાં તો શૂરવીર ધીર બની જાવ છો.

પુણ્યોદયે સંપત્તિ મળી. તેમાં અભિમાન આવ્યો, કર્મોદયે રોગ આવે ત્યારે હાય.... રોગ આવ્યો; એવું આર્તધ્યાન થાય, રોગ મટી ગયા પછી સારું સારું ખાવાની ઇચ્છા થાય આ બધા ભાવ દુઃખો છે. કોઈ પ્રત્યે રાગ થાય, દ્વેષ થાય એ ભાવ દુઃખ. આખો સંસાર આવા દુઃખોથી ભરેલો છે. વેપાર ધંધા માટે ભૂલેશ્વર જેવા એરીયામાં બે ચાર આંટા ખાવા પડે તો થાક ન લાગે પણ તારણહાર ગુરૂ ભગવંતોની સાથે એક બે કિલોમીટર ચાલવાનું થાય તો કહેશો કે અમને થાક લાગે. કેવી ભયંકર વિષમતા છે ! જે કાયા ધર્મના સાધન તરીકે મળી છે એને સાધ્ય બનાવી દેવાય ? બસ, મન કહે તેમ કરવાનું. મન કહે, તપ, વ્રત નિયમ કરે તો કાયા સૂકાઈ જાય તો તપ નહીં કરવાનો ? ધર્મની માવજત ન થાય તો વાંધો નહિ પણ કાયાની માવજત તો બરાબર કરવાની ! આ જીવની કેટલી અજ્ઞાન દશા છે ! યાદ રાખજો. જીવનમાં સાધ્ય ધર્મ છે અને તન, મન, ધન એના સાધન તરીકે મળ્યા છે. જો સાધ્ય સિદ્ધ કરતાં કદાચ કાયાદિ સાધન ઘસાય તો એની શી ચિંતા કરવાની ? માનો કે તમે વેપારના સોદા કરવા બધી મિલોમાં, દુકાનોમાં ફરવા માટે મોટર રાખી છે. વેપારના સોદા માટે મોટરમાં ફરવું પડે તો મોટરને ઘસારો પડે કે નહિ ? પેટ્રોલ બળે કે નહિ ? ત્યાં વિચાર કરો છો કે મારી મોટર

ઘસાય છે ? મારે ધંધા માટે પણ મોટરમાં ફરવું નથી. ત્યાં તો શું વિચાર કરો કે ભલે ને મોટરને ઘસારો પડે પણ વેપારના સોદા થાય છે ને ? ત્યાં તો મોટર ઘસાવા છતાં આનંદ થાય છે. આ દૃષ્ટિ આધ્યાત્મિક ક્ષેત્રમાં લાવો. તપ કરતાં કાયા સૂકાય તો માનજો કે મારી કાયા સૂકાતી નથી પણ મારા કર્મો સૂકાય છે. જ્યાં કર્મો સૂકાતા હોય, અનંતી કર્મ નિર્જરાનો લાભ થતો હોય તો મારી કાયાને ભલે ને ઘસારો પડે ! દાન દેતાં ભલે મનનો વ્યય થાય પણ એ દાનમાં પરિગ્રહ પ્રત્યેનો મોહ છૂટે છે. દાન દેતાં મને એથી અધિક મળવાનું છે તો પછી દાન શા માટે ન દેવું ? આ કાયા તો મને સાધના માટે મળી છે. એક દિવસ તો એની રાખ થઇ જવાની છે; પછી ફરીથી આવી કાયા મળવી મુશ્કેલ છે. તો શા માટે હું ધર્મની આરાધના ન કરી લઉં ?

આ ભયંકર ભાવ દુઃખોથી ભરપુર ભરેલા સંસારનો ઉચ્છેદ કરવા માટે આત્મદૃષ્ટિ કેળવવાની જરૂર છે. બાકી આ સંસાર ભાવ દુઃખોથી ભરેલો છે. આ સંસારમાં જ્યાં નજર નાંખો ત્યાં ભાવ દુઃખોની હોળી છે. અસત્ ભાવોની આગ સળગતી રહે છે. ડગલે ને પગલે રાગ–દ્વેષના સંક્લેશો થયા કરે છે. તમને મનગમતું મળ્યું ત્યાં આનંદ અને અણગમતું મળ્યું ત્યારે ખેદ થાય એ સંક્લેશો છે. આ સંસારમાં વાતે વાતે રાગ–દ્વેષથી મન બગડે છે. પાર વિનાના અશુભ ભાવો અને સંક્લેશો કરાવનાર આ સંસાર છે. એનાથી જન્મ મરણની પરંપરા વધે છે. આ પરંપરાને તોડવા માટે જિનેશ્વર ભગવાનની આજ્ઞાને આત્મસાત્ કરી લો તો ભાવદુઃખો દૂર થયા વિના રહેશે નહિ.

ભગવાનની વાણી સાભળીને આનંદના આત્મામાં રણકાર થયો. જિનાજ્ઞા પ્રત્યે બહુમાન થયું.

સુણી વીતરાગનું કથન, કરે દિલમાં મંથન,
ભાવે કરે જતન, તો સાધે પોતાનું વતન.

આનંદ ગાથાપતિએ પ્રભુની વાણીને તેમના રોમરોમમાં અણુ અણુમાં ગૂંથી લીધી. પ્રભુએ દેશનામાં લોક, અલોક, જીવાદિ નવ તત્ત્વો, નય, નિક્ષેપા, સપ્તભંગી, ચાર, કષાય, ચાર ગતિ, ચાર સંજ્ઞા, ચાર વિકથા આદિનું ખૂબ વિસ્તારપૂર્વક નિરૂપણ કર્યું. લોક કોને કહેવાય ?

धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जन्तवो ।
एस लोगेत्ति पण्णत्तो, जिणेहिं वरदंसिहिं ॥ ઉ.અ.૨૮.ગા.૭

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ આ છ દ્રવ્યો જેટલા ક્ષેત્રમાં છે તેટલા ક્ષેત્રને લોક કહેવાય છે. જ્યાં આકાશ સિવાય બીજું કોઇ દ્રવ્ય નથી તેને અલોક કહેવાય છે. આ છ દ્રવ્યોમાં જડ કેટલા અને ચેતન કેટલા ? જીવાસ્તિકાય એક ચેતન છે બાકીના પાંચ દ્રવ્યો જડ છે. છ દ્રવ્યો પર થોડી વાત વિચારીએ. આ છ દ્રવ્યોમાંથી જીવદ્રવ્યને છોડીને બીજા પાંચ દ્રવ્યો પોતપોતાના સ્વભાવને છોડતા

નથી. ધર્માસ્તિકાયનો સ્વભાવ ચલણ સહાય, અધર્માસ્તિકાય–સ્થિર સહાય, આકાશાસ્તિકાયનો અવગાહનાદાન, કાળ–વર્તનાં લક્ષણ, જીવ–ઉપયોગ, પુદ્ગલ સડન–પડન આદિ. તમારા ઘરની ભીંત ગમે તેટલી મજબૂત હોય છતાં ખીલી મારો તો અંદર જાય છે તે આકાશાસ્તિકાય, બીજા દ્રવ્યને જગા આપે છે. પુદ્ગલનો સ્વભાવ સડનપડન. મોટા શ્રીમંતોને ઘેર તો શરીરે રોજ સવારે માલિશ કરનારા રાખે. અરે ! ઊઠ્યા ત્યારથી એની આળપંપાળ ચાલુ હોય છે. એને ગમે તેટલી સાચવો છતાં ઘડપણ આવવાનું. તમારો બાલપણનો ફોટો જુઓ, યુવાનીનો ને હવે ઘડપણનો ફોટો જુઓ. ત્રણે ફોટામાં કેટલો ફરક પડે છે ? બાલપણનો ફોટો તો ઓળખી શકાય નહિ. કારણ કે પુદ્ગલનો સ્વભાવ પલટાવાનો છે. એટલે પર્યાયો પલટાયા વગર ન રહે. આ પુદ્ગલને સાચવવા જીવ કેટલા કર્મો બાંધે છે !

પ્યારી આ કાયાને લાડ હું લડાવું, પ્રભુ તારી વાણી ક્યારે સૂણું,
સવારે ઊઠીને નહાવાધોવા લાગું, ટાપટીપ કરવામાં બે કલાક બગાડું,
સારી રીતે નાસ્તો કરી....હો (૨) દુકાને હું જાઉં....પ્રભુ તારી,

કેવી સરસ વાત કરી ! આ કાયાને લાડ લડાવવા કેટલું કરો છો ? પણ યાદ રાખજો કે પાંચ દ્રવ્યો પોતાના સ્વભાવને છોડતા નથી. શરીરને ગમે તેટલું શણગારો પણ અંતે એ પુદ્ગલનો સ્વભાવ નાશ થવાનો છે, માટે નાશ થઈ જવાનું છે. તમે ઘડિયાળ બંધ કરી દો, છતાં સાંજ પડવાની તે કાળનું લક્ષણ છે. પાંચે દ્રવ્યો પોતાના સ્વભાવમાં બરાબર રહે છે. ભાન ભૂલ્યો છે એક માત્ર જીવ, જીવનો સ્વભાવ જ્ઞાતા અને દ્રષ્ટા છે. એ સ્વભાવમાં બરાબર રહે તો તેને માટે મોક્ષ દૂર નથી. મોક્ષ માટે કાંઈ લટકવાની જરૂર નથી. તે માટે પ્રકૃતિઓને બદલાવવાની જરૂર છે. પોતાના સ્થાનમાં, સ્વભાવમાં આવવાની જરૂર છે. સ્વભાવમાં આવવા માટે જિનાજ્ઞાના ખીલડે વળગી જાવ. ભલે, બધા સાધુ નથી બની શકતા. આપ ગૃહસ્થપણામાં રહો પણ જિનેશ્વરની આજ્ઞાને ન છોડશો. પ્રભુ ચાર સંજ્ઞાને છોડવાનું ફરમાવે છે. ચાર સંજ્ઞાનું જોર ખૂબ છે. તેમાં મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા તો જીવને ખૂબ પજવે છે. ચાર પુરૂષાર્થમાં જેટલો કામ પજવે છે તેટલો અર્થ પરિગ્રહ પજવે છે. પરિગ્રહ એટલે જે જીવને ચાર ગતિમાં જકડી રાખે અને પાંચમી ગતિના દર્શન ન થવા દે તેનું નામ પરિગ્રહ આજે કંઈક જીવો કહે મને તો પનોતી નડે છે, મંગળ નડે છે, શનિ નડે છે, તેથી હાથમાં મંગળની, શનીની વીંટીઓ પહેરે છે પણ હું તો કહું છું કે શની કે મંગળ કંઈ પહેરવાની જરૂર નથી. મોટામાં મોટી પનોતી પરિગ્રહની છે આ પનોતી જીવને જેટલી પજવે છે તેટલી બીજી કોઈ પજવતી નથી. સંજ્ઞી મનુષ્યને ૧૦ પ્રાણ છે પણ પરિગ્રહમાં લોલુપતાવાળા જીવો પરિગ્રહને ૧૧ મો પ્રાણ માને છે. આ પરિગ્રહ મેળવવા ૧૦ પ્રાણનો નાશ કરવા તૈયાર થઈ જાય છે. આ પરિગ્રહની પનોતી જીવને કેવી પજવે છે ?

એક સોની દાગીના ઘડવામાં ખૂબ નિપુણ હતો અને ચૌર્ય કલામાં તો મહાનિપુણ. સોની હવે ઉંમરલાયક થયો. તેણે પોતાના દીકરાને ધંધામાં પાવરફુલ બનાવી દીધો. કહેવાય છે કે **"સોની વાણિયો ને સઈ તેનો વિશ્વાસ ન કરશો કોઈ."**

સોની ગમે તેવો સારો હોય પણ તેનો વિશ્વાસ કરવો નહિ. આ સોનીને પણ પોતાને ત્યાં દાગીના ઘડવા આવે એમાંથી થોડું'ક સોનું અવશ્ય ચોરવું એવી તેને ટેવ હતી. આ નિયમ તો ઠેઠ સુધી પાળેલો. પોતાની સગી બેન હોય કે કોઈ હોય, બધામાં સરખો કાયદો. દીકરાને પણ આ કળામાં ખૂબ હોંશિયાર બનાવ્યો હતો. સોની ઘરડો થયો એટલે દીકરાએ ધંધો બરાબર સંભાળી લીધો. એક બે વર્ષ વીત્યા હશે ત્યાં સોનીની દીકરી પોતાના ભાઈ પાસે દાગીના ઘડાવવા આવી. તેનો વર સોનીનું કામ કરતો ન હતો. ભાઈ પાસે કરાવવાથી સોનું ચોરાય નહિ. ભાઈ બેનને ખૂબ પ્રેમ હતો. ભાઈ દાગીના ઘડે છે. બેન સામે બેઠી વાતો કરે છે, ભાઈબહેનના બાલપણના સ્મરણો યાદ કરે છે.

ડોસો બહાર એટલે બેઠો બેઠો માળા ગણે છે. માળા ગણતાં તેના મનમાં થયું કે બીજું બધું તો ઠીક. અત્યાર સુધી દીકરાએ ધંધામાં વાંધો આવવા દીધો નથી. કોઈ ઘરાકના માલમાંથી ચોરી કરવાનું ચૂકયો નથી પણ આજે તેની બહેન આવી છે. ભાઈ બહેનના પ્રેમ દૂધસાકર જેવા છે, તેથી કદાચ ફેરફાર કરે તો ? ડોસા માળા ગણતાં (૨) ચિંતા કરે છે. પોતાની દીકરી છે છતાં એને લૂંટવાનો વિચાર કરે છે. વિચારો, પરિગ્રહ શું કરે છે ! શું મારો છોકરો સોનું કાઢવું ભૂલી જશે તો ? આ ચિંતામાં ડોસો મુંઝાય છે. પણ કહેવું કેવી રીતે ? પોતાની દીકરી પાસે બેઠી છે. ડોસો ખૂબ અકળાઈ ગયો. તેનાથી ન રહેવાયું એટલે બોલે છે. **"હે રામ ! તારા દરબારમાં તો બધાને સરખો ન્યાય છે."** એક વાર બોલ્યા ત્યારે છોકરાએ બરાબર સાંભળ્યું નહિ એટલે ત્રણ વાર બોલ્યા. હે રામ ! તારે તો બધા સરખા છે. ડોસાના શબ્દો પાછળ રહેલી ચિંતા છોકરો સમજી ગયો કે મારો બાપ શું કહેવા માંગે છે ? પોતે બહેનના દાગીનામાંથી કયારનુંય સોનું કાઢી લીધું છે અને ડોસા ખોટી ચિંતા કર્યા કરે છે પણ આ વાત સીધી રીતે કેમ કહેવાય ? એટલે છોકરો બોલ્યો **રામ રામ શું કરો છો ? રામે તો સોનાની લંકા કયારની લૂંટી લીધી છે !** બસ પતી ગયું. પિતા સમજી ગયા કે હવે રામ રામ કરવાની જરૂર નથી. મારા દીકરાએ કામ કરી લીધું છે, દીકરીને પણ લૂંટવાની ભાવના કોણે કરી ? પરિગ્રહની મમતાએ.

કોઈ માણસને નાગ ડંખ દે અને એનું ઝેર ચઢે ત્યારે **જો** તે નોરવેલ સૂંઘી લે તો ઝેર ઉતરી જાય, તેમ આ સંસારમાં પરિગ્રહની માયા એ નાગણ સમાન છે. તે ડંખ મારી રહી છે. તેનું ઝેર જગતના લગભગ જીવોને ચઢયું છે. હવે **જો** એ ઝેરથી બચવું છે તો તમે જિનવાણી રૂપી નોરવેલ સૂંઘી લો તો આ માયાના ઝેર ઉતરી જશે પણ જિનવાણી ઉપર શ્રદ્ધા હોવી જોઈએ, માટે ભગવાન પડકાર કરીને કહે છે પરિગ્રહ છોડો.

આનંદ ગાથાપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ધર્મને સાંભળીને તેને

હૃદયમાં અવધારણા કરી ખૂબ હૃષ્ટતુષ્ટ થઈને અત્યંત પ્રસન્ન, પ્રમુદિત થઈને આ પ્રમાણે બોલ્યા "सद्दहामिणं भन्ते. હે ભંતે ! હે પૂજ્ય ! હું આપના નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું. આ શબ્દો બોલતાં હયું થનથન નાચી ઊઠે છે पतियामिणं भन्ते. निग्गंथं पावयणं ! હે ભગવાન ! આપના પ્રવચન પર હું પ્રતીતિ કરું છું. વિશ્વાસ કરું છું. रोएमिणं भन्ते । હે પૂજ્ય ! હું આપના પ્રવચનની રૂચી કરું છું એટલે મને સારું લાગ્યું છે. બહુ ગમી ગયું છે. અહો પ્રભુ ! હવે મને સાચા બોટાનું ભાન થયું. હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક આવ્યો, આજ દિન સુધી મારો આત્મા જડનો પૂજારી બન્યો હતો. જડની પૂજામાં ચેતન એવા આત્માને ભૂલી ગયો હતો. મારા મહાન ભાગ્યોદય જાગ્યા કે ભૂલેલાને સાચું ભાન કરાવવા પ્રભુ આપ અહીં પધાર્યા ! આજે મારા જીવનની ઘડી-પળ ધન્ય બની ગયા. મારા પ્રભુ ! આપને પામીને, આપને સાંભળીને મારું જીવન પણ ધન્ય બન્યું. મને અત્યાર સુધી આવું કોઈ મળ્યું ન હતું. આજે આપ મળ્યા છો. આટલું બોલતાં આનંદનો હર્ષ સમાતો નથી. તેમનો આત્મા કાળી માટી જેવો હતો એટલે પ્રભુની વાણીનું પાણી પડતાં તેમના હૃદયમાં આરપાર ઉતરી ગયું. વીતરાગ વાણીના રંગથી તેમનો આત્મા રંગાઈ ગયો. પ્રવચનમાં અપૂર્વ શ્રદ્ધા થઈ છે. શ્રદ્ધાનો એકડો જીવનમાં આવી ગયો. એકડો થયા પછી તેના પર મીંડા વધારતા જશો તેમ તેની કિંમત વધતી જશે. આનંદને પ્રભુની વાણી પર શ્રદ્ધા થઈ, વિશ્વાસ થયો, રૂચી થઈ.

દેવાનુપ્રિયો ! બે દિવસ પછી પર્વાધિરાજ પર્યુષણ પર્વ આપણા અંતરના આંગણે પધારશે દેશના કોઈ મોટા પ્રધાન તમારે ત્યાં આવવાના હોય તો અગાઉથી કેટલી તૈયારી કરો છો ? જ્યારે આ તો રાજાના પણ રાજા એવા પર્વાધિરાજ પધારવાના હોય ત્યારે કેટલી તૈયારી કરવી પડશે ? અંતરમાં જે કષાયોના કચરા પડ્યા છે તેને વાળીઝૂડીને અંતર આંગણું સ્વચ્છ અને નિર્મળ બનાવી દો. આપની શુષ્કતાને તોડીને જીવનબાગને નવપલ્લવિત બનાવો. અનંતકાળના કર્મની ભેખડોને તોડવા તપ રૂપી હથિયાર ઉપાડો. તપથી આત્મા વિશુદ્ધ બને છે. ઉજ્જવળ બને છે. દાન, શિયળ, તપ, ભાવનાના જીવનમાં પુષ્પો ઉગાડો જેથી આત્મબાગ સુગંધથી મ્હેંકી ઊઠે. વિશેષ ભાવ અવસરે.

ચરિત્ર : ગોપાલપુરને યાદ કરતો પુણ્યસાર : પુણ્યસાર ઉદાસ થઈને બેઠો છે. તેની સાત પત્નીઓ કોઈ સંગીત ગાય, કોઈ ગીતો ગાય, કોઈ નૃત્યકળા કરે છતાં તેનું મન તેમાં લાગતું નથી, છેવટે કંસાર લાવીને તેમને કહ્યું-આપ કંસાર તો જમો. પુણ્યસારના મનમાં થયું કે હું કયા ગામનો છું ? મારો દેશ કયો છે ? મારું નામઠામ શું છે ? તેની કોઈ ખબર આ બધાને નથી. જો મારે જવું છે તો હું મારી કંઈક ઓળખાણ આપું. મારી ઓળખાણ આપવી કેવી રીતે ? એમ વિચારી મૌન તોડ્યું.

જો ગોપાલકપુર તણું પાણી હોવે જો અહીં,
તો સંતોષ થાયે ખરો, તે તો લાવવું કયાંહિ.

પત્નીઓ સામે જોઈને કહે છે કે આજે કંસાર તો બહુ મઝાનો સરસ છે પણ પીવાનું પાણી બરાબર નથી. જો ગોપાલપુરનું પાણી આવી જાય તો ઓર મઝા આવે. ગોપાલપુર શબ્દ સાંભળીને સાતે ચમકી. ગોપાલપુર નામ કેમ બોલ્યા હશે? આપણે તો ગોપાલપુર નામ કોઇ દિવસ સાંભળ્યું પણ નથી. તેમનું ત્યાં મોસાળ હશે એટલે યાદ કર્યું હશે પણ આપણે ત્યાંનું પાણી તો કેવી રીતે લાવી આપીએ? આટલું બોલીને પુણ્યસાર પાછો ઉદાસ બની ગયો. સાતે કન્યાઓના મનમાં થયું કે જો આવું કરશે તો આપણી જિંદગી કેવી રીતે જશે? સાતે વાર વાર પૂછે છે છતાં કાંઈ બોલતો નથી. ધુંધવાયેલું લાકડું નહિ સારું, જે બોલી જાય તેનો કંઈ ઉપાય થાય.

પુણ્યસાર મનમાં વિચાર કરે છે કે આ રીતે મારો સમય પસાર થઈ રહ્યો છે. જો હું અહીં વધુ સમય બગાડીશ તો ત્યાં પેલી બે દેવીઓ કદાચ ચાલી જશે તો! હું ગોપાલપુર પહોંચીશ કેવી રીતે? જો ત્યાં ન જાઉં અને કદાચ મારા માતાપિતા આપઘાત કરી બેસે તો! મારે માબાપને ત્યાં જવું છે. એ વાત પણ સાચી છે. હવે મારે જલ્દી જવું જોઈએ. બીજો વિચાર એ આવે છે કે હું જાઉં પછી આ બિચારી સાતે કન્યાઓનું શું! તેમને મારી ઓળખ કેવી રીતે આપવી? તેમને છેતરીને ચાલ્યા જવું એ તો દગો કર્યો કહેવાય. આટલા થોડા સમયના અનુભવ પરથી મેં જાણી લીધું છે કે આ સાતે કન્યાઓ સતીઓ છે. હું રત્નસુંદરીને બોટી મોહી પડયો છું. આ સાતે કન્યાઓ મારી પાછળ જાન દે તેવી છે. સતી સ્ત્રીઓ જિંદગીમાં એક વાર પરણે છે તે સ્વપ્નમાં પણ પરપુરૂષને ઈચ્છતી નથી. હું એમને મૂકીને ચાલ્યો જઈશ તો કોના ભરોસે એમની જીવનનૈયા ચલાવશે. તો એમને સાથે લઈને જાઉં? પણ એ તો બને કેવી રીતે? વડ ઉપર કેવી રીતે જવાય? જો દેવીઓને જાણ થઈ જાય તો! સાતેને સુખી કરવી છે અને માબાપને બચાવવા છે, તેમની પાસે વહેલી તકે જવું છે. આ કેવી રીતે બને? આ પ્રશ્ન તેના મનમાં મુંઝવી રહ્યો છે. એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી. ક્યાં જવું? એવી સ્થિતિ પુણ્યસારની થઇ છે. આ કારણે ઉદાસ થઈને બેઠો છે પણ હવે જવું છે તો તે માટે કોઈ ઉપાય તો શોધવો પડશે ને?

પેટમાં દુઃખાવાની કરેલી બનાવટ : આ રીતે વિચાર કરી સાતે પત્નીઓએ ખૂબ પૂછ્યું ત્યારે જરા હસી પડયો પછી પેટમાં ખૂબ દુઃખતું હોય તેમ વાંકો વળી ગયો. એટલે કન્યાઓ કહે છે તમને પેટમાં દુઃખે છે? હા, મને ખૂબ દુઃખાવો થાય છે. આપ સૂઈ જાવ. અમે પિતાને ખબર આપીએ ને વૈદ બોલાવીએ. ના. એવું કાંઈ કરવું નથી. તો અમારી પાસે એક ચૂર્ણ છે તે ફાકી જાવ તો પણ આરામ થઇ જશે. પુણ્યસારે ચૂર્ણ ફાકયું પછી કહે આપ સૂઇ જાવ. પુણ્યસાર સુખશય્યામાં સૂતો પણ એનું દુઃખ બીજું જ હતું. સત્ય હકીકત કહેવાય તેમ નથી અને સમયનો વિલંબ કરવો પોષાય તેમ નથી. પહેલાના સમયમાં સંડાસ જવા માટે બહાર જવું પડે. આ પુણ્યસાર તો એકદમ પેટ દબાવીને બેઠો છે. ગુણસુંદરી પૂછે છે આપને જંગલ જવું છે? હા.

એમાં તો કઈ વળી મોટી ચિંતા છે! ચાલો હું આપની સાથે આવું છું. મને શરમ ન આવે? હું તમારા ભેગી નહિ આવું. આ તો આપ આ ગામના અજાણ છો માટે આપને પાદર બતાવી દઈશ ને પછી પાછી વળીશ. ગુણસુંદરી પાણીનો લોટો લઈને સાથે ગઈ. પુણ્યસાર જે રસ્તે આવ્યો હતો તે તરફ જાય છે. ગુણસુંદરી કહે આ રસ્તો લાંબો છે ને બીજો થોડો ટૂંકો રસ્તો છે છતાં તે તો ચાલ્યો જાય છે કારણ કે તેને તો પેલા વડ પાસે જવું છે.

જ્યાં પાદર આવ્યું ત્યાં પુણ્યસાર કહે–હવે તું ઘેર જા. હું એકલો આવીશ. ગુણસુંદરીએ લોટો તેને આપી દીધો, પછી કહ્યું–હું અહીં દૂર ઊભી રહું? ના મને શરમ આવે. બીજું મને પેટમાં દુઃખાવો ખૂબ થાય છે. એટલે કદાચ સમય પણ થોડો વધારે લાગે માટે તું જા. તેના કહેવાથી સુંદરી પાછી વળી ઘેર આવી. પુણ્યસાર વિચાર કરે છે કે હું સાતેને પરણીને તેમને છોડીને જાઉં છું. તેમને શું ખબર કે મને પરણનાર કોણ કયા ગામના હશે? કંઈક નિશાની કરીને જાઉં તો એ કદાચ શોધતા શોધતા ત્યાં આવે. નહિ તો બિચારીઓ મારી શોધ કયાં કરશે? આ સાતેને જીવાડવી છે એ સાચી. જો હું તેમને કંઇ કહીને ન જાઉં અને તેઓ આત્મહત્યા કરી બેસે તો મને પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગે. તો મારે કરવું શું? હું તેમને કંઈક નિશાની બતાવતો જાઉં. તો મને શોધતી શોધતી તે ત્યાં આવે. તેણે ચારે બાજુ તપાસ કરી. કોઈ દેખાય છે? કોઇ દેખાયું નહિ એટલે તે પાછો વળ્યો. છેક ઘર સુધી પાછો આવ્યો. ગુણસુંદરી તો ઘરમાં પેસી ગઈ છે તેને ખબર નથી કે પોતાનો પતિ પાછો આવ્યો છે. રસ્તામાં ચોક પડેલો હતો તે લઈ લીધો. તે ચોકથી તેના ઘરની દિવાલ પર એક શ્લોક લખ્યો.

यतः गोपालक पुरायागां, वल्लभ्यां दैवयोगतः
परिणाय वधूः सप्त, पुन स्तत्रगतो स्म्यहम् ।
क्यां गोवालो क्यां वल्ल ही ? क्यां लंबोदर देव,
आया बेटा, शेठका, परण गया, तत्काल ॥

આ રીતે શ્લોક લખીને ત્યાંથી પાછો વળી ગયો. હવે તો તે ખૂબ ઝડપથી ચાલવા લાગ્યો. જે રસ્તે તે આવ્યો હતો તે રસ્તે ગયો. તેને ફફડાટ છે કે કદાચ દેવીઓ ઝાડ લઈને ચાલી જાય તો! પછી હું શું કરું? હવે તે જલ્દી વડ પાસે પહોંચી જશે ને શું બનશે તે અવસરે.

શ્રાવણ વદ ૧૧ને રવિવાર : વ્યાખ્યાન નં. ૪૦ : તા. ૧૧-૮-૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અવનીના અણગાર, શાસનના શણગાર એવા કરૂણાસાગર ભગવંત ફરમાવે છે કે ચોરાસી લાખના ચક્કરમાં રઝળતા રઝળતા આત્માને અતિ દુર્લભ એવા માનવભવની

પ્રાપ્તિ થઇ છે. બીજા બધા ભવો ઘનઘોર રાત્રી જેવા હતા. એવા ભવો કરતા કરતા અત્યારે માનવ જન્મની વીજળી ઝબૂકી છે તો એના પ્રકાશમાં અંતરની સોયમાં ધર્મનો દોરો પરોવી લો. આ ભવચક્રમાં જ્ઞાનીએ માનવ જન્મને દુર્લભ કેમ કહ્યો ? જો વિચાર કરીશું તો માનવ જન્મ જેવો ઉપાધિભર્યો એકે જન્મ નથી. જન્મથી લઇને મૃત્યુ સુધીના માનવજીવનનું અવલોકન કરીશું તો ડગલે ને પગલે પરાધીનતા, પુણ્યની પરમ આવશ્યકતા, ઢગલાબંધ ચીજોની અપેક્ષા જોવા મળશે.

જો ભૌતિક સુખોની નજરે જોઈશું તો માનવ કરતાં પશુપંખીઓની દુનિયા વધુ સુખી દેખાશે. તમને થશે કે કેવી રીતે ? દેવલોકની વાત બાજુ પર રાખો. પશુપંખીઓની દુનિયા તરફ નજર કરીશું તો લાગશે કે પશુપંખીઓની દુનિયા કેટલી બધી મસ્ત છે ! માનવને તો વાતે વાતે દુકાન ને ઘર, હોટલ ને હોસ્પિટલ, ગુલામી ને ગુંડાગીરી તેમજ અનેકની પગચંપી કરી મજૂરી, નોકરીની અપેક્ષા રહે છે. એ અપેક્ષા પૂરી થાય પછી કહેવાતું સુખ એ મેળવી શકતો હોય છે. એ સુખ મળતાં દુઃખની માત્રા વધતી જતી હોય છે. આમાંના કોઈ પણ જાતના તત્ત્વની અપેક્ષા રાખ્યા સિવાય કહેવાતા સુખની મસ્તી માણી શકતી જો કોઈ દુનિયા હોય તો એ પશુપંખીની છે. પશુપંખીઓને પેટ ભરવા માટે ખેતર ખેડવાની, અનાજ ઉગાડવાની કે સગડી સળગાવવાની કોઈ જરૂર પડતી નથી. ગરમી, ઠંડી કે વરસાદથી બચવા વસ્ત્રની એમને જરૂર પડતી નથી. ઈંટ, ચૂનો, માટી, પથ્થરને અડ્યા વિના ઘરની જરૂરિયાત પૂરી થઇ જતી હોય છે. તેમને પોતાના જીવનનિર્વાહ માટે કોઈ દિવસ, દુકાન, દવા કે દવાખાનાની જરૂર પડતી નથી. આમ છતાં માનવનું જીવન મહિમાવંતુ મૂલ્યવાન ગણાયું છે. દેવનું ગણાયું નથી. તો એની પાછળ એવું કયું કારણ છે ?

ભૌતિકતાને ત્રાજવે જેનું મૂલ્ય ફૂટી કોડીનું ય નથી એ માનવજીવન આધ્યાત્મિકતાના ત્રાજવે જેનું મૂલ્ય ન આંકી શકાય એવું મહત્ત્વપૂર્ણ છે એનું કારણ એક જ છે કે " माणुष्यं हि मुक्तिद्वारं, तेनैवात्यन्त दुर्लभम् । " માનવીનો ભવ મુક્તિના દ્વારમાં પ્રવેશ અપાવી શકે છે. માનવજીવન મુક્તિનું દ્વાર છે, તેથી એ અત્યંત દુર્લભ છે. ભગવાન ફરમાવે છે.

अंतं करन्ति दुक्खाणं, इहमेगेसिं आहियं ।
आघायं पुण एगेसिं, दुल्लभेयं समुस्सए ।। સૂય.અ. ૧૫.ગા.૧૭

જીવાત્મા મનુષ્ય ભવમાં સમસ્ત દુઃખોનો નાશ કરી શકે છે. બીજી કોઈ ગતિવાળા જીવો સર્વ દુઃખોનો અંત કરવા સમર્થ નથી કારણ કે જ્ઞાનાદિ સહિત યથાતથ્ય ચારિત્રનું પાલન મનુષ્ય શરીરથી થઈ શકે છે, પણ મનુષ્ય ભવની પ્રાપ્તિ અતિ દુર્લભ છે જેમ સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરીવાર પ્રાપ્ત થવું દુર્લભ છે તેમ મનુષ્ય જીવન પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે. સામાન્ય ન્યાયથી સમજીએ. તમે જે ચેક લખો તે આમ તો કાગળ જ છે પણ રકમ અપાવવા દ્વારા એ કિંમતી બની જાય છે. એક

ખીલીની કિંમત આમ તો સાવ મામૂલી છે પણ પાટિયાને જોડી આપીને તેમાં તારક શક્તિ ઊભી કરી પાટિયા સાથે જોડાયા પછી એની કિંમત અનેક ગણી વધી જાય છે. તમારા ગોદરેજના કબાટની ચાવીની કિંમત બહુ બહુ તો ૫૦ રૂા. ની હશે પણ એનાથી રત્નોનો ખજાનો ખુલી જાય તો એ ચાવીથી કરોડપતિ પણ બની શકાય. આ માનવજીવનનું આમ જ છે. ખીલીને લાકડાના પાટિયા સાથે જોડીએ તો એ પાટિયા દ્વારા સમુદ્ર તરી શકાય તેમ ખીલીની જેમ આ માનવજીવનનો ભવસાગર તરવા માટે સદુપયોગ ન કરાય કે ચાવીની જેમ એનાથી આત્માનો ગુણખજાનો ખોલવાની મહેનત ન થાય તો માનવજીવન ફળ્યું તો ન ગણાય પણ ઉપરથી ફૂટી નીકળ્યું ગણાય.

ઘોડો ગમે તેટલો રૂડો રૂપાળો દેખાતો હોય, ખૂબ વેગવાન હોય પણ જ્યારે રેતીનું રણ ઓળંગવું પડે ત્યારે એ ઘોડો કામ નથી આવતો. રેતીના રણને ઓળંગવા માટે તો જેના અઢારે અંગ વાંકા હોય એવા ઊંટ પર બેસવું પડે. દેવ ભવ એ ઘોડા જેવો છે. ભલે દેવો માનવ કરતાં શારીરિક શક્તિમાં, સંપત્તિમાં ચઢિયાતા હોય પણ એ દેવભવ દ્વારા સંસારરૂપી સહરાના રણને ઓળંગી શકાતું નથી. તે રણને ઓળંગવા માટે તો માનવશરીર ધારણ કરવું પડે. રણને ઓળંગવાની તાકાત માનવ પાસે છે. શક્તિથી માનવ કરતાં હજાર ગણા ઊંચા દેવો સાધનાના ક્ષેત્રે માનવની રજ પણ બની શકે એમ નથી. દેવો સર્વવિરતિધારકોનું માત્ર બહુમાન કરી શકે, એના ગુણ ગાઈ શકે પણ એ બનવાને માટે સમર્થ નથી. જ્યારે માનવ પોતે સર્વવિરતિનો ધારક બની શકે અને આઠ કર્મોના બંધનોને તોડીને મુક્તિના દ્વારમાં પ્રવેશી શકે. આથી માનવ ભવની મહત્તા છે. માનવભવ મુક્તિનું મંગલદ્વાર છે. આ દ્વારના આંગણે આવ્યા પછી ચારિત્રની ચાવીથી એનું ઉદ્‌ઘાટન કરવાની મહેનત થાય કે એ દ્વારે પહોંચવાના મનોરથો ઘડાય તો મોંઘેરા માનવજીવનની મહત્તા જાણી અને માણી ગણાય. માનવભવ એટલે અસંખ્યાતા યોજનો દૂર મોક્ષનગરમાં પહોંચાડનાર એક જંબોજેટ વિમાન.

જેને માનવજીવનની કિંમત સમજાણી છે એવા આનંદ ગાથાપતિએ ભગવાનની અમૃત સરખી મીઠી મધુરી વાણી સાંભળી. સંસારથી પાર કરાવનાર પ્રભુ મળ્યા તેનો તેમના દિલમાં અપૂર્વ આનંદ હતો. આપણો આત્મા આ સંસાર સાગરને કેમ તરી શકતો નથી ? આ સંસાર તરવો કેમ મોંઘો થઈ પડયો છે ? સંસાર પાર કરી ગયેલા અને ભવ્ય જીવોને પાર કરાવનારા એવા પ્રભુ મળ્યાનો જીવને આનંદ આવ્યો નથી. પ્રભુ મળ્યાનો અપૂર્વ આનંદ જીવને સંસારથી પાર કરી દે છે પણ આજે જીવને સદ્‌ગુણી સુશીલ પત્ની મળ્યાનો જેટલો આનંદ છે તેટલો આનંદ પ્રભુ મળ્યાનો નથી. એટલે સંસાર તરવાનો મોંઘો થઈ પડયો છે. સંસારી મનગમતી ચીજ મળ્યાનો જે આનંદ થાય તેટલો ય આનંદ પ્રભુની વાણી મળ્યાનો તમને નથી થતો પછી એથી અધિક

આનંદની તો વાત જ કયાં ? કદાચ મનથી માનો કે મને પ્રભુની વાણી સાંભળવામાં ખૂબ આનંદ છે પણ તમારા અંતરને તપાસો કે આ આનંદ આગળ સંસારની વસ્તુઓ મળ્યાનો આનંદ ફિક્કો લાગે છે ખરો ? સંસારમાં ભાઈ ને મનગમતી પત્ની મળ્યાનો આનંદ હોય છે તેથી પૈસા, મોટરો, બંગલા, માલમિલકત, કિંમતી દાગીના એને કામ આવશે એમ માનીને વસાવે છે. આ બધા વૈભવો પોતાના કરતાં પત્નીને વધુ ઉપયોગી થશે એમ માને છે. જો વીતરાગવાણી સાંભળવાનો રોમરોમમાં આનંદ હોય તો પોતાની માલમિલકત પોતાના કરતાં પરમાર્થની સેવામાં વધુ ઉપયોગી થવાનું લાગે.

મહારાજા શ્રેણિક જયારે મિથ્યાત્વી હતા ત્યારે ચેલ્લણા તેમને ખૂબ પ્રિય હતી. પોતાના માલમિલકત પોતાના માટે ઉપયોગી થાય તે કરતાં ચેલ્લણાને વધુ ઉપયોગી થાય એમ માનતા હતા. તે કહેતા હતા કે તારા માટે મારું બધું સર્વસ્વ કુરબાન છે પણ જ્યારે ભગવાન મહાવીર સ્વામી અત્યંત પ્રિય લાગ્યા ને ભગવાનના પરમ ભક્ત બન્યા ત્યારે ચેલ્લણા માટે ઉપયોગી નહિ એટલું બધું ઉપયોગી ભગવાન માટે માન્યું. ચેલ્લણા માટે સવા લાખ રૂપિયા ખર્ચીને રત્નકંબલ લેવા તૈયાર ન થયા પણ પ્રભુની સુખશાતાના સમાચાર મળ્યાની વધામણીમાં જરૂર પડયે હીરાનો હાર પણ દઈ દેવામાં દિલને જરા પણ આંચકો ન આવ્યો; કારણ કે તેમણે પ્રભુને સર્વસ્વ માન્યા. શ્રેણિક મહારાજાને પ્રભુ પર અથાગ પ્રેમ જાગ્યો. ભક્તિ જાગી તો પરિણામે એમની મોક્ષની ટિકિટ ફાટી ગઈ. હવે નરકમાંથી નીકળીને તીર્થંકર બનીને સંસારને તરી જશે. ભલે અત્યારે પ્રભુ આપણી પાસે નથી પણ તેમના રાહે ચાલનારા ગુરૂ ભગવંતો તો છે ને ! તે મળ્યાનો આનંદ છે ખરો ?

આનંદ ગાથાપતિને પ્રભુ મળ્યાનો જે આનંદ આવ્યો તે અત્યાર સુધી કોઈ કાર્યમાં નથી આવ્યો. જેમ જેમ ભગવાનની વાણી સાંભળતા ગયા તેમ તેમ હૃદયમાં ધારણ કરતા ગયા.

વાણી સાંભળતા આત્મા ધરાય ના, ગાગર હૈયાની કોઇ દિ ભરાય ના
વીર વચનોનાં મૂલ્ય ન થાય... કે વાણી સાંભળતા
ભવોભવના પાપ બળે, તન મનના તાપ ટળે,
વાણી જે સાંભળે તે સૌના સંતાપ ટળે
સાહ્યબા....હો....(૨) મનના મંદિરીએ તો ઝળહળતો દીપ જલે...કે વાણી

ભગવાનની વાણીના અમૃત ઘુંટડા પીતા આત્માને કયારેય તૃપ્તિ ન થાય. આનંદને વાણીનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. તેના આત્મામાં રણકાર થયો છે. તમને રણકાર નથી થતો એવું નથી. જ્યાં રાગ છે, ત્યાં તરત રણકાર થાય છે. રાત્રે ભર ઊંઘમાં સૂતા છો ત્યાં કાને કાંઇક રણકાર થયો એ રણકારમાં જો તમને લાભદાયી વાત

આવી તો હર્ષભેર ઊંઘમાંથી ઊભા થઇ જાવ. કહેશો શું બોલ્યા ? આ બધું તો અનંત કાળથી જીવ કરતો આવ્યો છે. આ સંસાર તરફના સંસ્કાર તો અનાદિ કાળથી છે. એ કુસંસ્કારોને મૂળમાંથી કાઢવા માટે આ ભવમાં પુરૂષાર્થ કરવાનો છે. તે માટે તમે બે ઘડીની સામયિક કરી લ્યો એટલેથી પતી જશે નહીં. બે ઘડીની સામયિક પણ પુણીયા શ્રાવક જેવી થતી હોય તો તો બેડો પાર થઈ જાય પણ તે બે ઘડીમાં પણ મન તો કયાં ને કયાં ફરી આવે છે ? મન તો વગર ચાવીના રમકડા જેવું છે, માટે તેના પર બ્રેક મારવાની જરૂર છે. જે આ કિંમતી ઘડી-પળ મળી છે તેને વેડફી ન નાંખશો. પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવે છે. તેના માટે કેટલી તૈયારીઓ કરી છે ?

તમારે વેપારની કુલ સીઝન હોય, બહારગામથી ટપાલ આવી કે ત્રણ ચાર વેપારીઓ સોદો કરવા આવવાના છે. તો તમે દુકાનમાં બધી તપાસ કરશો કે માલ છે કે નહિ ? ન હોય તો ભૂખ-તરસ વેઠીને પણ માલ લાવીને હાજર કરી દો. અરે, તે વેપારીઓ આવે તો ગાડી લઈને સામા તેડવા જાવ. ત્યાં શું વિચાર કરો ? અત્યારે સીઝન છે તો કમાઈ લેવા દે ને ! ત્યાં સામો નફો દેખાય છે. આ રીતે પર્વાધિરાજ આવતા પહેલા સાધનાની તૈયારી કરી છે ? સાધના-તપ કરતા મને નફો જ છે. છે તમને આવી શ્રદ્ધા ?

આનંદ કહે છે હે પ્રભુ ! આપના નિર્ગ્રંથ પ્રવચનની મને શ્રદ્ધા થઇ છે. જ્યારે આ શબ્દો બોલે છે ત્યારે તેના હૃદયના કબાટ ખુલી ગયા છે. આ પર્વાધિરાજ પર્વ એ મોટા વેપારી છે. તે સોદો કરવા માટે આવે છે. સ્ટોકમાં રહેલી કામવાસનાઓને છોડીને બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરો. જો સંપત્તિ મળી છે તો આ પર્વના દિવસોમાં ઉદાર હાથે દાન આપો. જો ધનની મમતા છૂટી ન હોય તો ભગવાન કહે છે કે " **જે હોય લક્ષ્મીના દાસ, એમના હૈયામાં ન હોય ધર્મનો વાસ.** "

રામપુરના શેઠ લક્ષ્મીના દાસ હતા. સવારથી સાંજ સુધી ધંધો ધંધો ને ધંધો અને વિચારો પણ પૈસા કમાવા સિવાય બીજા કોઇ નહિ. શેઠાણી ઘણી વાર કહેતા, આપ કોઈક દિવસ તો ધર્મઆરાધના કરો. વ્યાખ્યાનમાં આવો. આ બધા ધનવૈભવ તો અહીં મૂકીને જવું પડશે. સાથે શું આવશે ? ત્યારે શેઠ કહેતા કે એ ધરમ બરમ બધું બૈરાઓને સોંપ્યું. અમારે તો અમે ભલા ને ધંધો ભલો. મને તો ધંધામાં જરાય ટાઈમ મળે છે બરો ? અરે ખુદ યમરાજ આવે તો ય ના પાડી દઉં કે મને અત્યારે મરવાની પણ ફુરસદ નથી.

એક વખત ગામમાં મહાન જ્ઞાની સંત પધાર્યા. તેમના દર્શન માટે અને વાણીનું શ્રવણ કરવા માટે ગામ ઉમટયું. તેમની વાણી ભલભલાને હચમચાવી દે એવી કુલપાવર હતી. તૃષાતુર ચાતકને જાણે મેઘનું પાણી મળ્યું. વાણીમાં ચતુર વકતૃત્વ શક્તિ ધરાવતા તો આ દુનિયામાં ઘણાં મળે. તમને ડોલાવી નાંખે. અરે, તમે ગાંડાતુર બની જાવ પણ વાણીની સાથે આચાર હોય એવા બહુ ઓછા મળે. વાણીની સાથે આચાર

હોય એવા જ્ઞાની બહુ મળતા નથી. આ મહાત્મા તો જ્ઞાની છે અને વાણી, આચારમાં પણ એવા છે તે જે સમજાવે તેની લોકોમાં ખૂબ અસર થતી. રોજ વ્યાખ્યાનમાં આખું ગામ ઉમટવા લાગ્યું. ગામમાં ચારે બાજુ આ વાતો થવા લાગી. અરે, ઘરઘરમાં આ વાતનું ગુંજન થવા લાગ્યું. આખું ગામ ગાંડું થયું છે ગામમાં બધે વાત થાય એટલે શેઠના કાને તો વાત આવે ને ! શેઠાણી કહે–શેઠ ! એક દિવસ તો આવો. ગુરૂ ભગવંત કેવું સરસ સમજાવે છે ? આપણે આંગણે તો હાલીચાલીને ગંગા આવી છે. દીપક લઈને શોધવા જઈએ તો ય ન જડે. એમની વાણી રૂપી પાણી પીતા લોકો ધરાતા નથી. આવો લાભ ફરી ફરીને કયારે મળશે ?

શેઠાણીનું મન રજાના દિવસે રાજી કરી દઉં : શેઠના મનમાં થયું કે આખું ગામ રોજ જાય ને આપણે એક વાર પણ ન જઈએ તો સારું ન લાગે. વળી શેઠાણી રોજ ટકટક કરે છે તો એક વાર જઈ આવું, પણ દોઢ બે કલાક વ્યાખ્યાનમાં ટાઈમ બગાડું તો તો મારા કેટલાય ઘરાકો પાછા જાય. મારો ધંધો પણ ઓછો થઈ જાય. ત્યાં અચાનક શેઠને યાદ આવ્યું કે કાલે પાખીનો દિવસ છે. દુકાન બંધ છે. તમે આગો દિવસ કહ્યા કરો છો માટે કાલે વ્યાખ્યાનમાં જઈશ. મારે રજાનો દિવસ અને તમે રાજી રહેશો. રજા છે એટલે મોડું થાય તો પણ ચિંતા નહિ. શેઠાણીના મનમાં થયું ભલે અનિચ્છાએ જશે તો પણ સંતની વાણી તો સાંભળશે ને ! એમાંથી એકાદ વાત શેઠના હૈયામાં ઉતરી જશે તો પણ શેઠનું કલ્યાણ થશે. આ તો અમૃતવાણી છે કદી નિષ્ફળ ન જાય.

આ શેઠને ત્યાં એક પોપટ પાળેલો હતો. શેઠાણી એને રોજ રોજ પાંજરામાં સારું સારું ખાવાનું આપે. શેઠાણીના સંગથી તે પણ ભગવાનનું નામ લેતો હતો. હમણાં તો ચોરે ચૌટે, બજારમાં, ઘરમાં બધે સંતના પ્રવચનની વાતો થતી. શેઠાણી વાતો કરે ત્યારે આ પોપટ રોજ સાંભળતો. તેના મનમાં થાય કે મારા શેઠાણી કેવા ભાગ્યવાન છે કે રોજ વ્યાખ્યાન સાંભળે છે. હું કેવો અભાગી કે મને જવા મળતું નથી. શેઠાણી વ્યાખ્યાનમાં જઈને આવે એટલે રોજ તેમની પાસે સાંભળે. તેને ખૂબ આનંદ થાય. તેના મનમાં થયું કે હું નિયમ લઉં કે સંતના દર્શન ન કરું ત્યાં સુધી ખાવું પીવું નહિ. શેઠાણી પાસેથી સાંભળતા મને આટલો આનંદ થાય છે તો પ્રત્યક્ષ જઈને સાંભળું તો કેવી મઝા આવે ! કોઈ અનેરો આનંદ આવે.

બંધનમાંથી મુક્તિ કેમ મળે ? : શેઠ સંતના પ્રવચનમાં જવાની તૈયારી કરે છે. પોપટના મનમાં થયું કે આ નાસ્તિક શેઠ કોટ પહેરીને તૈયાર થયા છે તો તે ક્યાં જાય છે ? પોપટે તેની ભાષામાં કહ્યું--શેઠજી આપ કયાં જાવ છો ? શેઠ કહે–તને શેઠાણી રોજ ધર્મની વાતો કરે છે ત્યાં હું જાઉં છું. શેઠજી ! તમે જાવ છો ? વાહ....વાહ....તો તો હું એકલો જ રહી ગયો. શું તારે આવવું છે ? તમે મને લઇ જશો ? તને ક્યાં લઈને જાઉં ? પિંજરું લઈને કેવી રીતે જાઉં ? હું તો મારી ઇચ્છાથી જતો નથી.

શેઠાણીને રાજી કરવા જઉં છું, સંતના પ્રવચનમાં આખું ગામ ગાંડુ થયું છે. મને તો લાગે છે કે તારા શેઠાણી સાધ્વી ન થઈ જાય તો સારું ! તું પિંજરામાં રહે. હું હમણાં જઈને આવું છું. શેઠજી ! આપ મારો એક પ્રશ્ન પૂછી લાવશો ! તારે વળી શું પૂછવું છે ? બોલ. બંધનથી મુક્તિ કેવી રીતે મળે ? વાહ, તને વળી કયું બંધન છે ! પિંજરામાં પૂરાયેલાં પોપટને મુક્તિની કેવી ઝંખના છે ! શેઠ કહે–ભલે, હું તારો પ્રશ્ન પૂછીશ અને તેનો જે ઉત્તર આપે તે લેતો આવીશ.

શેઠજી તો ઉપડ્યા વ્યાખ્યાનમાં. જે રોજ આવતા ન હોય અને કોઈક દિવસ આવે તો બધા તેના સામું જુવે કે આ ભાઈ આજે ભૂલો પડ્યો લાગે છે! સંતે તો જ્ઞાનગંગા વહાવી. આપ યાદ રાખજો કે અધર્મ, પાપ કરીને બધું ભેગું કરો છો પણ તેમાંથી સાથે શું લઈ જવાનું છે ? એક રાતી પાઈ પણ સાથે આવવાની નથી. અરે, આ શરીર પણ અહીં પડ્યું રહેવાનું છે. વક્તા તે કહેવાય કે શ્રોતાને જોઈને ઉપદેશ આપે. સંતે તો નિર્ભયતાથી ખૂબ સુંદર પ્રવચન ફરમાવ્યું કે પાપ કરીને લક્ષ્મી ભેગી કરશો તે ભોગવશે બીજા પણ મેળવતા જે પાપ કર્યાં તે તો તમારે ભોગવવા પડશે. કોઈ તેમાં ભાગ પડાવવા નહિ આવે. બરાબર બે કલાક સુધી સંતે ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળતા શેઠના હોશકોશ ઉડી ગયા. જો ચાર દિવસ આવીએ તો જીવન બદલાઈ જાય. ખરેખર આ તો સાચા જાદુગર લાગે છે. શેઠ રોજ આવતા ન હતા પણ આવ્યા ત્યારે બરાબર એક ચિત્તે સાંભળ્યું. સંતનું પ્રવચન પૂરું થયું. પરિષદ જે રસ્તે આવી હતી તે રસ્તે પાછી ગઈ. એક શેઠ બેસી રહ્યા. સંતના મનમાં થયું કે આ ભાઈ ને કોઈ દિવસ જોયા નથી. આજ પહેલવહેલા આવ્યા લાગે છે.

આ પ્રશ્ન કોનો છે ? : શેઠ કહે મહાત્માજી ! આપને શાતા હોય તો એક પ્રશ્ન પૂછું. સંત કહે ખુશીથી પૂછો. ગુરૂદેવ ! બંધનથી મુક્તિ કેવી રીતે મળે ? મુક્તિ મેળવવાનો માર્ગ શું ? સંત શેઠના સામું જોવા લાગ્યા. જ્ઞાનીપુરૂષોની નજર હીરા પારખું ઝવેરી કરતાં ય વધુ વેધક હોય છે. એ નજર પારખુ હોય છે. સંતના મનમાં થયું આ માણસ મુક્તિનો ઉપાય પૂછી રહ્યો છે પણ એના મનમાં ઊંડે ઊંડે પણ કયાંય મુક્તિ મેળવવાની ઝંખનાની ઝાંખી થતી નથી. ધંધામાં ગળાબૂડ ખૂંચેલા જીવોના મનમાં આવો પ્રશ્ન ઊભો ન થાય. સંત કહે–શેઠ ! આ પ્રશ્ન તમારો છે કે બીજા કોઈનો ? જેને સંસારથી અકળામણ થઈ હોય અને જન્મ મરણનો ત્રાસ છૂટવો હોય તે આવો પ્રશ્ન કરે. શેઠ કહે આ પ્રશ્ન મારો નથી. તો કોનો છે ? અમારે ત્યાં એક પોપટ પાળેલો છે. અમારા શેઠાણી ધર્મિષ્ઠ છે. તેમના સહવાસથી પોપટમાં પણ ધર્મના સંસ્કાર પડ્યા છે. સંત સમજી ગયા કે શેઠ નાસ્તિક છે. ભાઈ ! તમે આજે આવ્યા લાગો છો ? ગુરૂદેવ ! આપના વ્યાખ્યાનમાં આખું ગામ ગાંડું થયું છે. મારી ઘરવાળી પણ ગાંડી થઈ છે. મારું ઘર ન ભાંગે તો સારું (હસાહસ). શેઠ ! યાદ રાખજો. આ બધું એક દિવસ તો છોડવાનું છે. અમારા છોડાવ્યા નહીં છોડો તો કાળ આવીને છોડાવશે. શેઠ કહે–આપનો

લાંબો ઉપદેશ મારે સાંભળવો નથી આપ મને એ બતાવો કે બંધનથી મુક્તિ કેવી રીતે મળે ? પછી હું ઘર ભેગો થઈ જાઉં. મારે કેટલાયને મળવા જવું છે. આજે રવિવારનો દિવસ હોવા છતાં પુણ્યવાન, ભાગ્યવાન આત્માઓ અહીં આવીને બેઠા છે કંઈક એવા જીવો છે કે ટી.વી. જોવા બેસી ગયા હશે. સમય મળ્યો છે છતાં જાગતા નથી. જૈનકુળ તો ઘણું સારું મળ્યું પણ કિસ્મત સારું નથી એટલે બેકાર બનીને બેસી રહેશે પણ આત્માનો નાદ જગાડશે નહિ. જે તકને ઓળખે છે તે તરે છે.

આ માનવ જન્મ પામીને એક માતાનાં બે દીકરા હોવા છતાં એક સુખી અને એક દુઃખી કેમ છે? એક શેઠ હોય છે તો એક નોકર હોય છે. એક મીલમાલિક હોય છે તો એક મીલમજૂર હોય છે. એક જ માતાના બે સંતાન હોવા છતાં તેમના પુણ્યમાં તફાવત છે. પૂર્વ જન્મમાં જેણે કંઈક સુકૃત્યો કર્યા છે તેને આ જન્મમાં મળ્યું છે, અને કાંઈ નથી કર્યું તેને નથી મળ્યું. અરે કંઈક જીવો તો એવા પણ જોવા મળે છે કે કરોડોની સંપત્તિ મેળવે પણ કર્મોદયે ગળામાં એવો રોગ આવ્યો કે કાંઈ ખાઈ પી શકે નહિ. બધાને ખાતા દેખે ત્યારે અફસોસ થાય. પરાધીનપણે જીવ ઘણું સહન કરે છે.

શેઠે સંતને કહ્યું કે બંધનથી મુક્તિ કેવી રીતે મળે ? તેનો જવાબ આપો. શેઠ તો પ્રશ્નના જવાબની રાહ જુવે છે ત્યાં તો જુદું જ બની ગયું. જવાબ આપવાને બદલે સંત તો ઢળી પડ્યા. શેઠ તો ગભરાયા. મેં પ્રશ્ન પૂછ્યો ને મહારાજને આ શું થઈ ગયું ? ન બોલે, ન ચાલે, ન હાલે, શેઠ તો ગભરાઈ ગયા અને એ તો ઝટપટ ભાગી ગયા ને ઘર ભેગા થઈ ગયા; શેઠ શા માટે ઊભા ન રહ્યા ? ત્યાં ઊભા રહે તો વૈદ્ય કે ડૉકટર લાવવા પડે અને ૨૫-૫૦ રૂ. ના ખાડામાં ઉતરવું પડે. આ તો પાકો લોભી વાણિયો છે. મહાત્માનું જે થવાનું હશે તે થશે ! કદાચ કંઈ બન્યું હોય તો ય એમને કોણ રોનાર છે ? શેઠ તો જલ્દી જલ્દી ઘરે પહોંચી ગયા. પોપટ તો કયારનો ય રાહ જોઈ ને બેઠો હતો. કયારે મારા શેઠ આવે ને મારા પ્રશ્નનો ઉત્તર આપે. શેઠ આવ્યા એટલે પોપટ કહે છે શેઠ સાહેબ ! આજે આપ ભાગ્યશાળી બની ગયા. આપને મહાત્માના પવિત્ર દર્શન થયા અને અમૃતવાણી સાંભળવા મળી. આજે આપનું જીવન ધન્ય બની ગયું. મારા પ્રશ્નનો જવાબ લાવ્યા ખરા ? અરે પોપટ ! તારા પ્રશ્ને ગજબ કર્યો. તેં કેવો પ્રશ્ન પૂછ્યો કે તારો પ્રશ્ન સાંભળીને મહાત્મા બેભાન થઈને ઢળી પડ્યા. હું તો આ જોઈ ને ગભરાઈ ગયો એટલે પ્રશ્નનો જવાબ લીધા વિના સીધો ઘર તરફ આવ્યો. પોપટના મનમાં થયું કે ભલે સંત બોલ્યા નથી પણ મને જવાબ મળી ગયો. તે હોઠ દ્વારા નહિ પણ આચરણ દ્વારા, તેમનો જવાબ એ છે કે તારે બંધનમાંથી મુક્તિ જોઈતી હોય તો બેશુદ્ધ બનીને ઢળી પડ. મરી જવાનો ઢોંગ કરી લે. મરેલા પોપટને કોણ પાંજરામાં રાખે ? તું જ્યાં સુધી મીઠું મીઠું બોલતો હોઈશ ત્યાં સુધી તને કોઈ છોડશે નહિ. આ જવાબ મળતાં પોપટ આનંદથી નાચી ઉઠ્યો. મહાત્માએ મને કેવો સરસ રસ્તો બતાવ્યો ! બીલકુલ સીધો, સાદો, સરળ ને જોખમ વિનાનો. આશ્ચર્ય એ છે કે સંતે શેઠની સાથે જવાબ મોકલ્યો છતાં શેઠને પણ ખબર ન પડે એ રીતે જવાબ મોકલ્યો.

બીજે દિવસે સવારે શેઠાણી પોપટ માટે મરચા અને પાણી લઈને આવ્યા પણ આશ્ચર્ય ! હસતો રમતો ખીલતો પોપટ આજે ઉંધો પડયો છે. તે બોલતો કેમ નથી ? શેઠાણીએ પોપટને પંપાળ્યો, હલાવ્યો પણ પોપટ તો જરાય હાલ્યો નહિ. બલાસ. પોપટ મરી ગયો લાગે છે. શેઠાણીએ પોપટને પાંજરામાંથી બહાર કાઢીને છાપરા પર મૂકયો. શેઠને બોલાવીને કહ્યું, જુઓ આપણો પોપટ મરી ગયો લાગે છે. શેઠ પોપટને જોઈ રહ્યા છે ત્યાં તો પોપટ ફર....ર....ર....ર કરતો ઉડી ગયો ને સામેના ઝાડ પર બેસી ગયો. પછી પોપટ કહે છે શેઠ–હું મરી ગયો ન હતો પણ મુક્ત બન્યો છું. ઘણાં વર્ષોથી બંધનમાં પડયો હતો. કાલે તમે સંત પાસેથી મુક્તિનો માર્ગ શોધી લાવ્યા અને એ માર્ગથી મને મુક્તિ મળી ગઈ. શેઠજી ! તમને પણ આ સંસાર બંધનરૂપ લાગ્યો હોય અને તેમાંથી મુક્તિ જોઇતી હોય તો આ સંત પાસે જઈને મુક્તિનો માર્ગ પૂછો. આટલું બોલીને પોપટ તો ત્યાંથી ઉડી ગયો.

તિર્યંચ જેવા પ્રાણીને બંધનમાંથી મુક્ત થવાનું મન થયું પણ મારા આ પોપટોને (શ્રાવકોને) બંધનમાંથી છૂટવાનું મન થતું નથી. પોપટને પિંજર બંધન લાગ્યું તો તેમાંથી મુક્ત થવાનો ઉપાય શોધ્યો પણ તમને તો સંસાર બંધનરૂપ લાગતો નથી એટલે છૂટવાનું મન કયાંથી થાય ? પોપટ ઉડી ગયો પણ શેઠના હૈયાને હચમચાવતો ગયો. ખરેખર પોપટ જે સમજી શકયો તે હું સમજવામાં નિષ્ફળ ગયો ! હું આટલા વર્ષોથી સંસારમાં બંધાયો છું, છતાં કદી આત્માનો વિચાર નથી આવ્યો ! બંધનથી છૂટવાને બદલે હું બંધનને મજબૂત કરતો જાઉં છું. જેને બંધન ન ખટકે એને મુક્તિ કયાંથી મળે ? હાય....હાય....હું જિંદગી હારી ગયો. સંતના સંગથી અને પોપટના નિમિત્તથી શેઠના વર્તનમાં પરિવર્તન થઈ ગયું. આથી શેઠાણીને ખૂબ આનંદ થયો. શેઠને કહે છે– જે થઈ ગયું તે થઈ ગયું; હવે એનો અફસોસ કરવાથી શું વળે ? " જાગ્યા ત્યારથી સવાર " જે વર્ષો ગયા તે ગયા પણ હજુ હાથમાં જે સમય છે તે સુધારી લો.

મનને મનાવી લે આવતા દિન સુધારી લે,
બગડયા તે ભલે બગડયા આવતા દિન સુધારી લે
સારી કરણી આજલગી થઇ ના તારા હાથે,
શું થશે મારું ? તું ચિંતા એની રાખે,
એ ચિંતા, દૂર હટાવી લે, આવતા દિન સુધારી લે...મનને

જીવનનો છેડો પણ જો આરાધના દ્વારા સુધારી લેવામાં આવે તો બગડેલી બાજી સુધરતા વાર લાગતી નથી. અર્જુનમાળી, ચિલાતીપુત્ર જેવા આત્માઓનો પણ આ શાસનમાં ઉદ્ધાર થયો છે. એ શાસનને ચરણે આપણું જીવન સોંપી દઈએ તો આપણો પણ ઉદ્ધાર થઈ જશે, પછી તો શેઠે લક્ષ્મીને ખૂબ દાનમાં વાપરવા માંડી. ખુલ્લા હાથે દાન દેવા લાગ્યા. શેઠના જીવનની આખી રોનક બદલાઈ ગઇ. તેમને વીતરાગ વચનોમાં અપૂર્વ શ્રદ્ધા થઈ.

જેને ભગવાનના વચનોમાં અપૂર્વ શ્રદ્ધા થઈ છે એવા આનંદ ગાથાપતિ ભગવાનને કહે છે મને આપના વચનોમાં શ્રદ્ધા, પ્રતીતિ, રૂચી થઈ છે. સ્પર્શના કરીશ. પાલન કરીશ અને વિશેષ પ્રકારે પાલન કરીશ. આ બધા શબ્દો દેખાવમાં એક જેવા લાગે છે પણ અર્થમાં તફાવત છે તેને એક ન્યાયથી સમજીએ.

માની લો કે આપણે બધા દર્દી છીએ. ચાહે હાડકાના, ગળાના, આંખના ગમે તે રોગના દર્દી છીએ. એ દર્દથી ખૂબ હેરાન થયા છીએ. હાડકાનો દુઃખાવો છે અથવા હાથપગમાં ફેકચર થયું છે ત્યારે કોઈ કહે કે ભાઈ ! હાડકા માટે ફલાણા ડૉકટર સારા છે. ડૉ. ધોળકીયા હાડકાના સ્પેશ્યાલીસ્ટ છે. તેમનાથી ઘણાંને સારું થયું છે. આ વાત પર તમને શ્રદ્ધા થઈ તેનું નામ સદ્દહામિ, પછી મનમાં વિચાર આવ્યો કે જો ડૉકટર સારા છે તો હું પણ ત્યાં જાઉં. દર્દથી કંટાળી ગયા છો એટલે ત્યાં જવા માટે પગલું ભર્યું પણ દવાખાનું ક્યાં છે તે ખબર નથી. તપાસ કરતાં બોર્ડ વાંચ્યું કે અહીંયા ધોળકીયા ડૉકટરનું દવાખાનું છે. બોર્ડ વાંચી પ્રતીતિ થઈ તેનું નામ પતિયામિ. બોર્ડ વાંચ્યા પછી થયું કે આ ગલીમાં દવાખાનું છે તો ત્યાં જાઉં ને હું ડૉકટરને મળું અને તેમનો અભિપ્રાય લઉં તેનું નામ રોચેમિ. પછી ડૉકટર કહે કે તમારે આટલા પાટા બંધાવવા પડશે, કસરત કરવી પડશે તો તમને સારું થશે તેનું નામ ફાસિયામિ. ડૉકટરે કહ્યું કે તમને મણકાની તકલીફ છે એટલે ડનલોપની ગાદીમાં નહિ સૂવાય, પાટે સૂઈ જજો. ડૉકટરના કહ્યા પ્રમાણે જે ટ્રીટમેન્ટ કરો તે પાલેમિ અને વિશેષ પ્રમાણે પરેજી પાળો તે અણુપાલેમિ.

દેહના દર્દ મટાડવા છે તો આટલી શ્રદ્ધા, પ્રતીતિ, રૂચી કરવી પડે છે, તો આપણે તો આત્માના ભવરોગ મટાડવા છે, તે રોગ મટાડવા માટે આપણા સર્જન ડોકટર જિનેશ્વર ભગવાન છે. તેમણે ભવરોગોને દૂર કરવાની ચાવી બતાવી છે. જન્મ છે ત્યાં શરીર છે. શરીર છે ત્યાં રોગ છે. શરીર છે ત્યાં બધી ઉપાધિ છે. સિદ્ધ ભગવાનને શરીર નથી તો જન્મ, મરણ, રોગ, ઉપાધિ કાંઈ નથી. આ જન્મ, જરા, મરણના રોગને નાબૂદ કરવા માટે કર્મોને દૂર હઠાવો. જે ચાર ઘાતી કર્મો છે તે આત્માના ગુણોનો નાશ કરે છે. ઘાતી કર્મોને દૂર કરવા માટે જિનેશ્વર ભગવાનના શરણે જઈ તેમની વાણીમાં યથાર્થ શ્રદ્ધા કરી શકય એટલું આચરણ કરીએ તો રોગ ગયા વિના રહે નહિ. ભગવાન કહે તેમ કરીએ નહિ તો આપણા રોગ જાય કયાંથી ? માટે જ મળેલી તકને ઓળખો.

આનંદ ગાથાપતિને ભગવાનના વચનોમાં શ્રદ્ધા થઈ. તે કહે છે

तत्त्वने पामी तृप्त बनी, विषयोथी विरक्त बनी,
सत्यने पामी स्वस्थ बनी, दृश्य जोई साचो दृष्टा बनी.

આપની પાસેથી તત્ત્વોનું જ્ઞાન પામી હું તૃપ્ત બન્યો છું. વિષયોથી વિરક્ત બન્યો છું. સત્યજ્ઞાનને પામી મારો આત્મા સ્વસ્થ બન્યો અને સાચો દ્રષ્ટા બન્યો છે. હવે આનંદ પોતે શું કરવા માંગે છે તેની રજૂઆત ભગવાન પાસે કરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પુણ્યસાર શ્લોક લખીને ચાલ્યો ગયો. તેને ગયા થોડી વાર થઈ. છતાં પુણ્યસાર ન આવ્યો. અડધો કલાક થયો, કલાક થયો છતાં ન આવ્યો એટલે ગુણસુંદરી મનમાં ચિંતા કરવા લાગી કે તેઓ હજુ સુધી કેમ ન આવ્યા ? શું તેઓ રાગ્રે ભૂલી ગયા હશે ! ગુણસુંદરી ઘરની બહાર નીકળી ચારે બાજુ જોવા લાગી. રાતનું ઘમઘોર અંધારું છે. અંધારી રાતમાં એકલી હિંમત કરીને થોડે દૂર સુધી ગઈ પણ કયાંય તેનો પતિ દેખાતો નથી. પાદર બાજુ જોયું તો ત્યાં પણ ન દેખાયા. અમને નિરાધાર મૂકીને કયાં ગયા હશે ? તેમને શું થયું હશે ? રાતમાં એકલી પોતે કયાં જાય ? તે ચોધાર આંસુએ રડવા લાગી, છેવટે તે ઘેર પાછી આવી. બધાને ખબર પડતાં બધી કન્યાઓ રડવા લાગી.

પુણ્યસાર વડની બખોલમાં : આ બાજુ પુણ્યસાર ઝડપથી વડ પાસે પહોંચી ગયો. હજુ દેવીઓ આવી ન હતી એટલે રાજી થયો. પુણ્યસાર રાજી થાય છે અને સાતે કન્યાઓ રડી રહી છે. તે તો વડની બખોલમાં પેસી ગયો. થોડી વાર થઈ ત્યાં તો રૂમઝુમ કરતી પેલી બે દેવીઓ આવી ગઈ. પુણ્યસારના મનમાં થયું કે જો હું થોડો મોડો પડયો હોત તો મારું શું થાત ? તે તો મનમાં નવકારમંત્રનું સ્મરણ કરે છે. રખે ને આ દેવીઓ બીજા ઝાડ પર બેસી ન જાય. દેવીઓ તે ઝાડ પર બેસી ગઈ. પુણ્યસાર વિચાર કરે છે કે મને ઘરેથી નીકળ્યા હજુ ૨૪ કલાક થયા નથી ત્યાં તો કેટલું બધું બની ગયું ! હજુ આગલા દિવસે તો પિતાએ ધક્કો મારીને બહાર કાઢયો, કયાં વડની બખોલમાં બેસવું અને વલ્લભીપુર આવવું ! આવ્યો તો આવ્યો પણ સાત સાત કન્યાઓ પરણ્યો. આ વિચારમાં તેની બુદ્ધિ કામ કરતી ન હતી. રાતનો ઉજાગરો, લગ્નની ધમાલ, માબાપને મળવાની ચિંતા, સાતે કન્યાઓની ચિંતા આ બધાને કારણે તે ખૂબ થાકી ગયો હતો. થોડી વાર બેઠો પછી એ બખોલમાં સૂઈ ગયો. સૂતા સૂતા પણ માબાપના વિચાર આવે છે. જો ત્રણ દિવસ જશે ને મારો પત્તો નહિ પડે તો તેઓ જીવશે નહિ, એટલે પ્રભુને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! આ ઝાડ તૂટી ન પડે તેનું ધ્યાન રાખજો. જો તૂટે ને ઢરિયામાં પડે તો ખેલ ખલાસ.

વડનું ઝાડ જમીનથી ઘણે ઊંચું ઉડી રહ્યું છે. મઝાનો ઠંડો પવન આવતો હતો. પુણ્યસાર થોડી વારમાં ઊંઘી ગયો. વડ ઉડતું ઉડતું ગોપાલપુરના પાદરમાં આવી પડોંચ્યું. બંને દેવીઓ તો પોતાના સ્થાને ચાલી ગઈ. વડનું ઝાડ જાણે કયાંય ગયું નથી. હતું તેવું ને તેવું ધરતી પર જડાઈ ગયું. રાત પૂરી થવા આવી. કુકડાએ અવાજ કર્યો છતાં પુણ્યસારને એવી ઊંઘ આવી ગઈ છે કે કાંઈ ખબર પડી નહિ. છેવટે સૂર્યના કિરણો તેના પર પડયા ત્યારે તે જાગી ગયો. જાગતાં અરિહંતનું સ્મરણ કર્યું. બહાર દૃષ્ટિ કરી તો થયું અરે ! આ તો મારું ગોપાલપુર ગામ છે, મારી જન્મભૂમિ છે. તેના મનમાં વિચાર થયો કે ૨૪ કલાકમાં તો કેવા ખેલ ભજવાઈ ગયા. આનું નામ કર્મની કિતાબ. તે એકદમ બેઠો થઈ ગયો, અને વડની બખોલમાં બહાર નીકળ્યો. તેને થયું કે હું મારા માબાપને મળી આવું.

પુણ્યસારની પાછળ અન્નપાણીનો ત્યાગ : આ બાજુ પુણ્યસારને ધક્કો મારીને બહાર કાઢી મૂકયો, પછી માબાપ બંને રડે છે અને ચારે બાજુ શોધ કરાવે છે. ગામમાં તો વાત એમ બહાર પડી ગઈ છે કે પુણ્યસારને પિતાએ જરા ઠપકો આપ્યો તેથી એ ઘરની બહાર ગયો છે. તેની શોધ ચાલે છે પણ તે જડતો નથી. શેઠાણી તો નિયમ લઈને બેઠા છે કે મારો દીકરો ન મળે ત્યાં સુધી મારે ખાવું પીવું નહીં. દીકરો ગયો ત્યારથી પાણી પણ પીધું નથી. શેઠને પણ હવે ખૂબ પસ્તાવો થાય છે. ક્રોધ મારા કોઠામાં પેઠો ત્યારે હું ભાન ભૂલ્યો ને મેં આવી ભૂલ કરીને ! આવેશ બહુ ખરાબ ચીજ છે. ક્રોધમાં માનવી વિવેક અને ભાન ગુમાવી બેસે છે અને ગમે તેવું બોલી નાંખે છે પણ જ્યારે મન શાંત થાય ત્યારે એને ખ્યાલ આવે છે કે પોતે તે પળોમાં કેવું ખરાબ કર્યું હતું ? શેઠના મનમાં ખૂબ પસ્તાવો થાય છે. પુણ્યસારે રાણીનો હાર ચોર્યો હતો તે પણ એવા સમયે એણે ચોર્યો હતો કે જ્યારે રાણીએ તે હાર પાછો મંગાવ્યો હતો અને તે હાર પાછો જુગારનું દેવું ચૂકવવા આપી આવ્યો હતો. શેઠ માટે એ પ્રતિષ્ઠાનો, આબરૂનો પ્રશ્ન હતો. પોતાની પ્રમાણિકતાને કલંક લાગે તેનો સવાલ હતો. તેમને ત્યાં ધનની કે રત્નોની કયાં કમીના હતી ! શેઠ એવા એક નહિ પણ હજાર હાર રાણીને આપી શકે એવી સ્થિતિ હતી પણ શેઠને ધન કરતાં ધર્મ વહાલો હતો. પુત્ર કરતાં ય પ્રમાણિકતા વધુ પ્રિય હતી. પ્રમાણિકતાને ભોગે એ પુત્રને લાડ લડાવવાનું પસંદ કરે એવા ન હતા. આ કારણે તેમણે છોકરાને આવી શિક્ષા કરી હતી પણ ગમે તેમ તો ય પિતૃહૃદય છે ને ! એટલે દુઃખ થયા વિના રહે નહિ. શેઠ દીકરાની શોધ કરી રહ્યા છે. હવે પિતા પુત્રનું મિલન કેવી રીતે થશે તે અવસરે.

શ્રાવણ વદ ૧૨ ને સોમવાર : વ્યાખ્યાન નં. ૪૧ : તા. ૧૨-૮-૮૫

જિનેશ્વર ભગવંતના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણી દુઃખહરણી, સુખકરણી, હિતાનુસારીણિ છે. તે ભાવોને વાંચતા વિચારતા નિત નિત નવીન નવનીત નીતર્યા વિના રહે નહિ. હે પ્રભુ ! તારી વાણીને કોની સાથે સરખાવું ? વીતરાગ વાણી પ્રશમ રસથી ભરપુર છે. જેનો આસ્વાદ માણવા જેવો છે. જે સ્વાદને વર્ણવી શકાય તેમ નથી. તેમાં ચૈતન્યથી ભરેલા ભીતરને ભીંજવી દે તેવા અસીમ અગાધ ભાવો ભરેલા છે. વીતરાગ તત્ત્વને પ્રગટ કરવાનો તેમાં અદ્‌ભુત વીલપાવર પડેલો છે. કર્મની ફીલોસોફીને સમજાવતા, સંસારના સંબંધોની નશ્વરતા બતાવતા, કર્મઉદયની સ્વતંત્ર સત્તાને સાબિત કરતા ભગવાન તેમની વાણીમાં બોલ્યા છે.

संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइकम्मं ।
कम्मस्स ते तस्स उकेयकाले, न बंधवा बंधवयं उवेन्ति ॥ ઉત્ત.અ.૪.ગા.૪

જ્યારે સિદ્ધાંતના આ શબ્દો નજર સમક્ષ આવે છે ત્યારે હૃદય ઝુકી પડે છે. અહો

ભગવાન ! તારી કેવી અપાર કરૂણા ! આ ગાથામાં આત્મઉત્થાનનું નવીન નવનીત ભર્યું છે. પુણ્ય પાપનું પાથેય લઈને આવેલો માનવી બાલપણમાં તો નિર્દોષ જીવન હોવાથી સંસાર ભાવથી નિસ્પૃહ હોય છે, પણ જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ સ્વાર્થના તંતુથી સંધાયેલો તેનો રાગ વિસ્તાર પામે છે, ત્યારે તે પોતાની જાતને ભૂલીને બીજા માટે ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. એ જ ભાવ જ્ઞાની ભગવંત આ ગાથામાં બતાવે છે. **સંસારભાવન્ન** : સંસારમાં આવેલો જીવ, સંસાર એટલે જુદી જુદી ગતિમાં પરિભ્રમણ કરવું તેનું નામ સંસાર છે. ઠાણાંગ સૂત્રમાં ભગવાને સંસારના ચાર પ્રકાર બતાવ્યા છે. **(૧) નૈરયિક સંસાર (૨) તિર્યંચ સંસાર (૩) મનુષ્ય સંસાર (૪) દેવસંસાર.**

સંસારમાં આવીને જીવ મોટા ભાગે પરને માટે પાપ કરે છે. બધું મેળવી લેવાની જે તીવ્ર લાલસા છે તે તેને પ્રપંચ અને માયાની ઘેરી ગર્તામાં ધકેલી દે છે. આચાર્યો સંસારની વ્યાખ્યા કરતા કહે છે કે **"સંસાર એટલે જ્યાં છએ જીવનિકાયની હિંસાનું તાંડવ રચાતું હોય, જ્યાં રાગ-દ્વેષની હોળી સળગતી હોય, જ્યાં નિરંતર પુદ્ગલની સેવા થતી હોય, જ્યાં અનિત્ય પદાર્થોની ભીખ માંગવાની હોય, જ્યાં સ્વભાવ દશા છોડી વિભાવ દશામાં રખડવું પડે, જ્યાં પાંચે ઇન્દ્રિયોના વિષયોની ધમાધમ ચાલતી હોય એનું નામ સંસાર," સંસાર એટલે પુણ્ય વેચીને પાપ ખરીદવાની ફેકટરી.** પૂર્વ પુણ્યના યોગે અનુકૂળ સામગ્રી મળવાથી એક બાજુ પુણ્યની હુંડી વટાવાઈ જાય છે, વેચાઈ જાય છે અને બીજી બાજુ એ અનુકૂળ સામગ્રી મેળવીને જીવ વિષયકષાયમાં ચકચૂર બની દુષ્કૃત્યો આચરે છે તેથી અઢળક પાપની મૂડી ભેગી થાય છે. આવા સંસારમાં આવેલો જીવ બીજા સ્વજનો, સ્નેહી, કુટુંબીજનો માટે સ્વાભાવિક રીતે પાપકર્મો કરતો રહે છે. શ્લેષ્મમાં ચોંટેલી માખીની જેમ તેમના પ્રત્યેનો રાગ તેમને આવા કાર્યો કરવાની ફરજ પાડે છે પણ મોહભાવની આડી ભીંત તેને પાછળનું દર્શન કરવા દેતી નથી. અંધ બનેલાને જેમ માર્ગ સૂઝતો નથી તેમ મોહાંધ વ્યક્તિ મોહના નશામાં ફળનો વિચાર કર્યા વિના આગળ ધપે જાય છે. ભગવાન કહે છે કે તું તારા માટે, બીજાના માટે કે ઉભયના માટે જે કાંઈ કર્મો કરે છે તે કર્મોનો બંધ દેખાતો નથી, પણ જ્યારે અબાધાકાળ પૂરો થશે અને કર્મોનો ઉદય આવશે ત્યારે તારા કોઈ બાંધવ, સ્નેહી, સંબંધી કે સ્વજનો તારી સાથે બાંધવપણું રાખવા તયાર નહિ થાય. તે કર્મો તારે એકલાને ભોગવવા પડશે.

માની લો કોઈ એમ કહે કે હું તીખું મરચું ખાઉં ને મારું મોઢું બળે નહિ. ગ્રીષ્મ ઋતુમાં બપોરે બાર વાગે ખુલ્લા પગે ડામર રોડ પર ચાલું અને મને તાપ લાગે નહિ તો તે કદી બનવાનું નથી તેમ, જીવ શુભાશુભ કર્મો પોતે કરે અને ફળ કોઈક ભોગવી દે તે કેમ બને ? " अवश्यं कर्त्ता विकर्त्ताय " જે કર્મ કરે તે કર્મ ભોગવે. જેવા કર્મ કરે તેવું ફળ મળે. જેવા રસે કર્મ બાંધે તેવા પ્રકારના તીવ્ર મંદ ઉદય આવે. આ બંધ ઉદયની મહાનતા સમજવા જેવી છે. એક ન્યાયથી સમજીએ.

એક વેપારીને પૈસાનો લોભ જાગ્યો. અંતરમાં લોભનો લાવારસ ઉછળી રહ્યો હતો. ત્યાં તેની પાસે એક ગ્રાહક આવ્યો. ગ્રાહક હતો ભોલોભોળો. જેને કોઈ ભાવતાલની ગમ ન હતી. વેપારીએ મીઠા શબ્દોથી તેને ભોળવ્યો અને ફસાવ્યો. તેને છેતરીને જોઈતો નફો મેળવી લીધો. અન્યાય, અનીતિથી નફો મેળવ્યો તેથી ઘડીભર આનંદ થયો. તેનો અંતરાત્મા કબૂલ કરે છે કે મેં ખોટું કર્યું છે છતાં બહિરાત્મભાવે પીળું દેખીને મન શીળું થયું. તે સમયે ઓટોમેટિક યંત્રની જેમ તે તે પ્રકારના કર્મ પુદ્ગલો આવીને આત્મા સાથે બંધાઈ ગયા પછી તેમાં રેડયો રસ કે મારા જેવું ગ્રાહકને સમજાવતાં કોઈને ન આવડે તેથી હીરની દોરી અને તેલનું ટીપું એવી ગાંઠ બંધાઈ ગઈ કે પછી તે છૂટે કેવી રીતે ? કર્મની અદાલત ન્યાયી છે. તેનો અટલ ઇન્સાફ છે. ત્યાં નથી ચાલતું શ્રીમંતોનું કે નથી નજર થતી ગરીબ ભણી.

ત્યાં નથી રહેતો કોઈ પર પ્રેમ, કર્મતંત્ર નથી ચાલતું જેમ તેમ,
રાખશો નહિ કોઈ તેમાં વહેમ, કરવી રહી આપ આપકી રહેમ.

રૂમઝુમ કરતો પૈસો ઘરમાં આવ્યો. તેનાથી મનગમતી વસ્તુઓ ખરીદી. તેનો ભોગવટો હોંશે હોંશે કુટુંબના સભ્યોએ કર્યો. વેપારીએ બાંધેલું કર્મ તે ભવમાં ઉદયમાં આવ્યું. તીવ્ર અશાતાના ઉદયે રોગે ચારે બાજુથી ઘેરો નાંખ્યો, અસહ્ય પીડા ! અકથ્ય વેદના ! હવે કોણ તેને સહન કરી દે ? પથારીમાં રહ્યો કાળી ચીસો પાડે છે. તેમની આજુબાજુ વીંટળાયેલું સ્વાર્થી વર્તુળ આંખથી જુવે છે. કાનથી ચીસો સાંભળે છે ત્યારે તેઓ બહુ તો લાગણીથી આંસુ સારે પણ શું વેદનામાં ભાગ પડાવી શકે ? અરે, આંખની કીકી સમાન, આંધળાની લાકડી સમાન અને જીવનનો આધાર માન્યો હોય તેવો દીકરો પણ વેદના ઓછી કરાવે ખરો ! અરે, અર્ધાંગના માનેલી પ્રિય પત્ની ઘડીભર આંસુ સારે પણ વેદનાનો અંશ પણ ન લઈ શકે. વિચારો, કોણ કર્મ ભોગવી દે ? અકારા ઉદયમાં કોણ સહાયક બને ? પરની પીડાને કોણ પોતાની બનાવી દે. કોણ કોનું દુઃખ ભોગવી દે ! લાખ લાખ લાગણી રાખતા હોય, દેહ જુદા પણ દિલ એક સમજીને જીવતા હોય તો ય કર્મના ફળ ભોગવવામાં સૌ સ્વતંત્ર છે. ત્યાં નથી ચાલતી કોઈની લાગવગ કે નથી ચાલતી લાંચ રૂશ્વત. નથી જોઈતી કોઈની ઓળખાણ કે પેપરવેઈટ. કોઈ પણ વસ્તુ કર્મના કાયદાને લલચાવી શકે તેમ નથી. કાર્ય કરતા પહેલા વિચાર કરો. નહિતર તો પરિણામ જે આવે તે ભોગવવું પડશે. કાં તો અકાર્ય કરતાં અટકો અથવા તો જે પરિણામ આવે તે ભોગવવા તૈયાર રહો. ભૂલ કરો તો શૂલ ભોગવવી પડે ને ! માટે સમજી લેજો કે એક માઠો કે સારો વિચાર કર્મની કિતાબમાં લખાયા વિના રહેતો નથી.

આનંદ ગાથાપતિના અંતરના દરવાજા ઉઘડી ગયા. સુલભબોધી જીવને એક વારની દેશના તેનો બેડો પાર કરાવે છે. જૈનશાસનમાં કંઇક જીવો એવા થયા છે કે એક વાર ભગવાનની વાણી સાંભળીને કામ કાઢી ગયા. પરદેશી રાજાએ કેશી સ્વામીની એક વાર

વાણી સાંભળી. હિંસકમાંથી અહિંસક, પાપીમાંથી પુનિત બની ગયા અને પરદેશી સ્વદેશી બની ગયેા. પરદેશી પાપી તેા હતા પણ કેશી સ્વામીના સંગથી પેાતે કરેલા પાપેા પ્રત્યે ઘૃણા થઈ. **પાપી તરે કે પાપની ઘૃણાવાળેા તરે ?** પેાતે કરેલા પાપની ઘૃણા કરીએ પાપ તેાડવાનેા પુરૂષાર્થ કરે એ તરી જાય. જો આપણે તરવું છે તેા બીજાના પાપેા તરફ ઘૃણા નહિ કરતા પેાતાના કરેલા પાપેાની ભારેાભાર ઘૃણા કરી એ પાપને તેાડનારા તપ-સંયમ ધર્મનેા પુરૂષાર્થ કરેા.

બીજાને પાપથી મુક્ત કરવાનેા પુરૂષાર્થ કરતા વિશેષ પુરૂષાર્થ પેાતાની જાતને પાપથી મુક્ત કરવા માટે કરેા. ચંદનબાળા, મૃગાવતીજી વિગેરે ભગવાનની દેશના સાંભળવા ગયા હતા. દેશના પૂરી થઈ એટલે ચંદનબાળા આદિ સાધ્વીઓ પાછા ફર્યા અને તે દિવસે ચંદ્ર-સૂર્ય મૂળ રૂપે આવ્યા હતા એટલે પ્રકાશમાં મૃગાવતીજીને સમયનેા ખ્યાલ ન રહ્યો. તેથી ઉપાશ્રયે પહેાંચતા મેાડું થયું. એ પાપ પ્રત્યે ચંદનબાળા ગુરૂણીએ ઘૃણા રાખીને મૃગાવતીને એ પાપથી બચાવવા ઠપકેા, શિખામણ આપી. તેઓ હજુ પેાતાના સમસ્ત પાપેા પ્રત્યે ઘૃણા કરી એને તેાડવાના પુરૂષાર્થમાં ન હતા. તે છઠ્ઠા સાતમા ગુણસ્થાનની પાયરી પર ઊભા છે ત્યારે મૃગાવતીજી ગુરૂણીના ઠપકા પર પેાતાના જાતના પાપની અતિ તીવ્ર ઘૃણા કરનાર બન્યા અને સર્વપાપનાશક ધર્મધ્યાન શુકલધ્યાનના ભગીરથ પુરૂષાર્થમાં લાગી ગયા તેા ઠપકેા દેનાર ગુરૂણી સૂતા રહી ગયા અને ઠપકેા ખાનાર પેાતે ૮-૯-૧૦-૧૨ મા ગુણસ્થાનની પાયરીએ ચઢી સમસ્ત ઘાતી કર્મોનેા નાશ કરનારા અને તેરમા ગુણસ્થાનકે ચઢી કેવળજ્ઞાન પામનારા બની ગયા. પેાતાની જાતના પાપેાની ઘૃણા અને પાપ ત્યાગના પ્રખર પુરૂષાર્થનું કેટલું ઊંચુ અને કિંમતી ફળ મળ્યું ! ગુરૂણી કરતાં શિષ્યા વધી ગઈ, પછી તેા ચંદનબાળાને પણ મૃગાવતીજીને કેવળજ્ઞાન પામ્યાની જાણ થતાં પેાતાના પાપ પ્રત્યે તીવ્ર ઘૃણા આવી અને પાપનાશક શુકલધ્યાનના ભગીરથ પુરૂષાર્થમાં ચઢયા. એ પણ ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પામ્યા. જ્ઞાની કહે છે કે જો તમારે તરવું છે તેા પેાતાના કરેલા પાપની ઘૃણા કરેા અને પાપ ત્યાગ કરવા માટે ભગીરથ પુરૂષાર્થ શરૂ કરેા. **પાપેાને માર્યા વિના મરનારના પરલેાકમાં બેહાલ થાય છે જ્યારે પાપેાને મારીને મરનાર ન્યાલ થઈ જાય છે. માનવજીવન પાપેાના નાશ અને સુકૃતેાની સાધના માટે શ્રેષ્ઠ જીવન છે.**

કેશીસ્વામીના સંગથી પરદેશી રાજાએ પાપેા પ્રત્યે ઘૃણા કરી તેા પવિત્ર બની ગયા. ત્યાંથી મરીને સૂર્યાભદેવ થયા. તરત ભગવાનની વાણી સાંભળવા ગયા પછી ભગવાનને પ્રશ્ન કર્યો હે મારા ત્રિલેાકીનાથ ! હું ભવી છું કે અભવી ? સમકિતી છું કે મિથ્યાત્વી ? પરિતસંસારી છું કે અપરિત સંસારી ? આવા પ્રશ્નો કેાને ઉઠે ? જેને હવે મેાક્ષમાં જલ્દી જગ્યા મળવાની છે, જેને મેાક્ષનેા તલસાટ જાગ્યેા છે તેને આવા પ્રશ્નો થાય. તમારેા તલસાટ શેના માટે છે ? પૈસા કમાવા માટે. જો મેાક્ષનેા તલસાટ જાગ્યેા હેાય તેા હવે પરિગ્રહની મર્યાદામાં આવેા. ધન કરતાં ધર્મ પ્રત્યેનેા રાગ વધારેા.

શાસ્ત્રમાં કહ્યું છે કે મૈથુન અને પરિગ્રહ એ બધા પાપોનું મૂળ છે. એ બે પાપ જે છોડી દે તેને હિંસા, ચોરી, જૂઠની જરૂર પડે નહિ. આ બે પાપ જીવતા છે માટે ક્રોધ માન, માયા, લોભ જીવતા છે, તેથી રાગ-દ્વેષ પણ બળવાન છે એટલે બધા પાપો લહેર કરે છે; માટે એ બે પાપોને પ્રથમ દૂર કરવાની જરૂર છે. મથુનનો ત્યાગ કરી શીલધર્મને અપનાવો. શીલ એ આત્માનો શણગાર છે. જેના જીવનમાં શીલ એ જ એનું સર્વસ્વ છે એવા જીવો બધું જાય તો ભલે પણ શીલધર્મને ન જવા દે.

બે જિગરજાન મિત્રો હતા. બંને વચ્ચે ખૂબ પ્રેમ અને એકતા. એકબીજાને ઘેર તેઓ અવારનવાર આવે ને જાય. બે મિત્રમાં એકનું નામ હતું ઉદેચંદ અને બીજાનું નામ હતું રમેશચંદ્ર. એક દિવસ ઉદેચંદને ૮ દિવસ માટે બહારગામ જવાનું થયું. એક વાર ઉદેચંદની પત્ની ઘરકામથી પરવારીને માથું ઓળી રહી હતી. આ સમયે ઉદેચંદનો મિત્ર ત્યાં આવતો હતો. તેણે દૂરથી ઉદેચંદની પત્નીનું મુખ જોયું. જેવી ઉદેચંદની પત્નીને ખબર પડી કે તરત તેણે સાડીથી પોતાનું મોઢું ઢાંકી દીધું. બંને મિત્રો વચ્ચે બધો વ્યવહાર, કામકાજ ચાલતું પણ કયારેય બે મિત્રોની પત્નીઓને તે વચ્ચે આવવા દેતા નહિ એટલે કોઈ દિવસ એકબીજાએ એકબીજાની પત્નીનું મુખ જોયું ન હતું. આજે રમેશચંદ્ર ઉદેચંદની પત્નીનું મુખ જોઈ ગયો. આ સ્ત્રીને કાંઈ ખબર ન હતી કે આ સમયે તે આવવાના છે. રમેશચંદ્રે ઉદેચંદની પત્નીને જોઈ અને મનમાં થયું કે અહો ! ઉદેચંદની પત્ની આવી રૂપવંતી અને સૌંદર્યવાન છે ! ઉદેચંદની પત્નીનું નામ સુશીલા હતું. સુશીલા તો મુખ ઢાંકીને અંદર પેસી ગઈ, પણ રમેશચંદ્ર તો તેનું મુખ જોઈ ગયો.

સુશીલાએ રૂમમાં જઈને કહ્યું-ભાઈ ! આપ આજે આવ્યા છો પણ આપના મિત્ર ઘેર નથી. તેઓ બહારગામ ગયા છે. રમેશચંદ્ર કહે- મને ખબર ન હતી એટલે આવ્યો. સુશીલાએ પોતાના પતિના મિત્ર આવ્યા એટલે તેમની મહેમાનગીરી કરવી પડે એમ માનીને ચા-નાસ્તો આપ્યો. ચા પીને રમેશચંદ્ર જતો રહ્યો પણ તેના મનમાં ખટકારો રહી ગયો. ભ્રમર કમળમાં આકર્ષાય, પતંગિયું અગ્નિની જ્વાળામાં ગાંડું થાય, સાપ ગમે તેવો ઊંડા દરમાં હોય પણ જ્યાં મોરલીના સૂર સાંભળે ત્યાં ગાંડો થાય તેમ રમેશચંદ્ર સુશીલામાં ગાંડો બન્યો. તેણે સુશીલા માટે કંઈ કંઈ ચીજો મોકલવા માંડી. સુશીલા ખૂબ ચકોર હતી. તે વિચાર કરવા લાગી કદાચ તેમના મનમાં એમ હોય કે મારા મિત્ર બહારગામ ગયા છે તો તેને કોણ લાવી આપે ? બીજું તે દૂરથી મારું રૂપ જોઈ ગયા છે એટલે કદાચ તેના મનમાં મલીનવૃત્તિ પેદા થઈ હોય તો તે વૃત્તિને પૂરી કરવા મોકલતા હોય ! જે હોય તે ભલે. તેણે તો કહેવડાવી દીધું કે ભાઈ ! આપના મિત્ર બધી ચીજો મૂકીને ગયા છે માટે આપ મહેરબાની કરીને મોકલતા નહિ. સુશીલાએ ના પાડી છતાં તેણે મોકલવાનું ચાલુ રાખ્યું. સુશીલા સમજી ગઈ કે નક્કી તેના મનમાં ઝેર ભર્યું છે.

વિષયોના વિષ ઉતારવા કરેલી યુક્તિ : બે ચાર દિવસ ગયા. એક દિવસ રમેશચંદ્ર ઉદેચંદના ઘેર આવ્યો. સુશીલા કહે–આપ અત્યારે શા માટે આવ્યા ? રમેશચંદ્રે કહ્યું–હમણાં તમે ઘરમાં એકલા છો, આપના ઘરમાં કોઈ નથી. હમણાં ચોર, ડાકુનો ભય બહુ રહે છે માટે આપ કહો તો હું એક રૂમમાં સૂઈ જાઉં. સુશીલા સમજી ગઈ કે, પાપીએ પોતાની જાળ પાથરવા માંડી છે. તો હું પણ તેને બતાવી દઉં. તેણે કહ્યું–તમારે સૂવું હોય તો મને હરકત નથી. હું એક છું પણ હજાર જેવી છું. હું કોઇથી ડરું તેમ નથી. તમે મારી ચિંતા કરશો નહિ. સુશીલા વિચારે હવે હું પણ રસ્તો શોધી લઉં. તેને સુધારવો કેવી રીતે ? કરવું શું ? વિચાર કરતાં એક યુક્તિ જડી. રમેશચંદ્ર જે રસ્તે આવવાના હતા તે રસ્તે પહેલાં એણે ખૂબ કાદવ નંખાવ્યો પછી આગળ આવતાં પોતાની સાડીઓ પાથરી અને ઘર નજીક ગાલીચા પાથર્યા. ભાઈ સાહેબ સાંજે આવ્યા, કીચડથી તેના પગ ખરડાઈ ગયા. એવા ગંધાતા પગ સાડીમાં મૂકવા કેવી રીતે ? સુશીલા બહાર ઊભી રહી છે. પેલો મિત્ર સાડી પર પગ મૂકતો નથી. સુશીલાને કહે છે આપે આવી કિંમતી સાડીઓ શા માટે પાથરી છે ? આપના સ્વાગત માટે, આપ લઈ લો. મારા કીચડવાળા ગંધાતા પગ સાડીઓ પર મૂકું તો આવી કિંમતી સાડીઓ બગડી જાય માટે સાડીઓ ઉપાડી લો.

બરાબર સમય જોઈને સુશીલાએ કહ્યું–હે નરાધમ ! ધિક્કાર છે તમને ! તમે શું જોઈને અહીં આવ્યા છો ? મારી સાડી ભલે કિંમતી હોય. સાડી બગડે તેની ચિંતા નથી પણ તમારી ચારિત્ર રૂપી સાડી વિષયવાસનાના કાદવથી ખરડાઈ રહી છે. તેનું તમને ભાન છે કે નહિ ? આ પાપ તમને અધોગતિમાં ધકેલી દેશે. તમે મારા પતિના મિત્ર થઈને તમારું જીવન બરબાદ કરી રહ્યા છો, અને મારું જીવન પણ બરબાદ કરવા ઉઠ્યા છો ? શરમ નથી આવતી ! સતીના જડબાતોડ જવાબથી રમેશચંદ્રની આંખ ઉઘડી ગઈ. હું કેવો અધમ ! કેવો પાપી ! મારા જેવો પાપી કોઈ નથી. મારો મિત્ર આવશે. સુશીલા તેને વાત કરશે. મારું કાળું મોઢું તેને શું બતાવીશ ? તેને થયું કે ધરતી ફાટે તો હું સમાઈ જાઉં. ! મેં આ શું કર્યું ? પોતાના પાપનો પસ્તાવો થયો. જે દિવસે તે ઘર છોડીને ગયો તે ગયો, પછી તેનો પત્તો પડ્યો નહિ. તેના જીવનમાં લજ્જા, શરમ હતી કે મારો મિત્ર આવશે ત્યારે મારું મોઢું શું બતાવીશ ? મિત્ર થઈને આવું કાર્ય કરવા ઉઠ્યો ! લજ્જા હતી તો સુધરી ગયો, સુશીલાના શીલમાં મક્કમતા હતી. ગમે તેમ થાય પણ શીલ સાચવવું એ સાચું. આત્મા આત્માના સ્વભાવમાં રમે તેનું નામ શીલ. ચિંતામણી, કામધેનુ અને કલ્પતરુના મહિમાને જેણે જીતી લીધો છે તેવો શીલધર્મ જગતમાં સદાય જયવંતો વર્તે છે. શીલની સાધના વિના કોઈ પણ ધર્મનો ચોમ્ર દીપતો નથી માટે શીલ એ ધર્મનો સાચો શણગાર છે. એ શણગારને ધારણ કરનાર પુણ્યાત્મા, એ શાસનના શણગાર છે. સ્પર્શાદિ પાંચે ઇન્દ્રિયોને જીતનાર શીલવાન કહેવાય છે. બાહ્ય શત્રુઓ જીતવા સહેલ છે પણ ઇન્દ્રિયોને જીતવી મુશ્કેલ છે. વાસુદેવ જેવા રાજાઓ ત્રણ ખંડના રાજાઓને જીતી શકે છે પણ ઇન્દ્રિયોને જીતી

શકતા નથી. જે ઇન્દ્રિયોને જીતે છે તેણે જગતને જીત્યું છે જે ઇન્દ્રિયોથી જીતાયેા છે. તે જગતથી જીતાયેા છે ઇન્દ્રિયોને જીતનાર આ લેાક અને પરલેાકમાં સુખી છે અને ઇન્દ્રિયોથી જીતાયેલ આ લેાક અને પરલેાકમાં પણ દુઃખી છે. આનંદ ગાથાપતિ ભગવાનને કહે છે આપની વાણીમાં મને યથાર્થ શ્રદ્ધા થઈ છે, રૂચી થઈ છે, મને ખૂબ ગમી ગઈ છે. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

આવતી કાલે પર્વાધિરાજ પર્વની પધરામણી થવાની છે. આ પર્વ દાન, શીલ, તપ, ભાવનેા મંગલમય સંદેશેા લઈને આપણા અંતરના આંગણે આવી રહ્યું છે. તેનું સ્વાગત કેવી રીતે કરશેા ? આપ અંતરને વિશુદ્ધ, નિર્મળ બનાવજો. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : પુરંદર શેઠનેા પશ્ચાતાપ : આ બાજુ પુરંદર શેઠને પેાતાની ભૂલનેા પસ્તાવેા થાય છે. જે દીકરાને સારા સંસ્કાર આપી મેાટી આશાએ મેાટેા કર્યો હતેા તે દીકરેા આવેા વ્યસની બની ગયેા તેનેા તેમના દિલમાં આઘાત હતેા. શું મારેા દીકરેા આવેા હેાય ? મારે હવે આવેા દીકરેા ન જોઈએ. આ ગુસ્સામાં શેઠ ભાન ગુમાવી બેઠા અને ધક્કો મારીને બહાર કાઢી મૂકયેા. તે સમયે એમને એવેા ખ્યાલ ન હતેા કે પુણ્યસાર આમ ભાગી જશે. ગુસ્સેા શાંત થયેા ત્યારે તેમના મનમાં ખૂબ પસ્તાવેા થયેા. મેં ઘણી મેાટી ભૂલ કરી છે. ધક્કો મારીને બહાર કાઢયેા પણ ઉપરથી મેં કહ્યું કે ખબરદાર ! જો મારા ઘરમાં પગ મૂકયેા તેા ! હાર મળે ત્યારે લઈને મારા ઘરમાં આવજે. એકનેા એક દીકરેા છે. ઘણી જગાએ શેાધ કરાવી પણ પત્તેા પડતેા નથી. જો છેકરેા નહિ જડે તેા દુનિયા દીકરાનેા વાંક નહિ જુએ પણ તેના માબાપનેા વાંક જોશે. આજે પેપરમાં ઘણી વાર આવે છે ને કે દીકરા ! તું જ્યાં હેાય ત્યાંથી પાછેા આવજે. તારા વિના ઘરના બધા ઝૂરે છે. પુત્રના વિરહથી શેઠ રડે છે અને શેઠાણી પણ રડે છે. આંખેા રડી રડીને લાલ થઇ ગઈ છે. માતા તેા ગાંડા જેવી થઈ ગઈ છે. થેાડા સમયમાં તેા માબાપના નૂર ઉડી ગયા. બંનેને એક વિચાર આવે છે કે અમારેા લાલ કયાં હશે ? શું કરતેા હશે ? માતાની મમતા અને પિતાનેા પ્રેમ અલૌકિક હેાય છે. તેમાંય આ તેા સાત બેાટનેા દીકરેા ! શેઠ કહે અરે વિધાતા ! મને એવી કુબુદ્ધિ કયાંથી સૂઝી ? હું કેવું ભાન ભૂલ્યેા કે મેં તેને ઘરમાંથી બહાર કાઢી મૂકયેા ! મારી ભૂલ મને નડી છે. આખી રાત ચિંતામાં ને ચિંતામાં કાઢી. વળી પાછું મન વાળે કે આપણા કરેલા કર્મો આપણે ભેાગવવાના છે. દીકરા સાથે આવી અંતરાય બાંધી હશે તે ભેાગવે છૂટકેા છે.

શેઠ શેઠાણી ખૂબ રડે છે. બંનેએ બાધું નથી. શેઠ જાતે જ દીકરાની તપાસ કરવા નીકળ્યા. ગામ બહાર કૂવા, તળાવેા બધું તપાસ કરાવી શેઠ રેાતા કકળતા ગામની બહાર શેાધવા આવ્યા. તે ચારે બાજુ શેાધે છે. આ બાજુ પુણ્યસારને પણ પેાતાની ભૂલનેા ખૂબ પસ્તાવેા થાય છે. મેં નાહક મારા પિતાને દુઃખી કર્યા પણ જે થયું તે સારા માટે. તેમણે મને ઘર બહાર કાઢયેા ન હેાત તેા સાત કન્યાઓની સાથે મારા લગ્ન કેવી રીતે થાત ! પિતાએ તેા મારી બગડેલી બુદ્ધિને સુધારી છે. હવે

જિંદગીમાં કદી જુગાર નહિ રમું. હું અહીંથી સીધો ઘેર જઈને પિતાજીના ચરણમાં પડી માફી માંગી લઉં.

પિતા પુત્રનું મંગલ મિલન : આ વિચારમાં ને વિચારમાં તે તો ચાલ્યો જાય છે. ત્યાં સામેથી પોતાના વૃદ્ધ પિતા લાકડીના ટેકે આવતા જોયા. તેના મનમાં થયું કે અત્યારે મારી ફરજ છે કે મારા પિતા લથડતા પગે જો મને શોધવા નીકળ્યા છે તો મારે સામું જવું જોઈએ. તરત તેણે દોટ મૂકી, અને જઈને પિતાના ચરણમાં નમી પડ્યો. કોણ ? બેટા પુણ્યસાર.... પુણ્યસાર ! પિતા શોધ કરી રહ્યા છે. ક્ષણ પહેલા કોઈ દેખાતું ન હતું અને આ રીતે અણધાર્યો દીકરો આવીને પિતાના પગમાં પડે ત્યારે માતાપિતાને કેટલો આનંદ થાય ! તે તો અનુભવે ખબર પડે. પુણ્યસાર તો પિતાને એવો વળગી પડ્યો અને બોલવા લાગ્યો. મને ક્ષમા આપો....પિતાજી !....મને માફ કરો. દીકરાને રડતો જોઈને પિતાની આંખમાં આંસુ આવી ગયા. આવી ગયો બેટા ! મને માફ કર. મેં તને ઘણું દુઃખ આપ્યું છે. પિતાજી ! માફી તો મારે માંગવાની છે. મેં તમને ઘણો આઘાત લગાડ્યો છે. દીકરાની દશે આંગળીઓમાં હીરાની વીંટી પહેરેલી છે અને પોશાક પણ લગ્નનો પહેરેલો છે. પિતા વિચારમાં પડી ગયા કે આ શું ! આ તો કોઈ વરરાજાના રૂપમાં આવ્યો લાગે છે. ૨૪ કલાકમાં આ બધું શું બની ગયું હશે ! ખેર ! જે હશે તે ભલે હોય. રસ્તામાં પૂછવાની જરૂર નથી. હાથમાં મીંઢળ બાંધ્યું છે. તો કોને પરણીને આવ્યો હશે !

પિતા પુત્ર દોનુ મળી આવ્યા નિજઘર ચાલ,
પુણ્યશ્રી સાત આઠ પગલા ગઈ, ધવપુત્ર આવતા ભાલ.

શેઠાણી તો રાહ જોઈને ઊભા છે. તેમાં દૂરથી પિતા અને પુત્રને આવતા જોયા. તે તેમના સામે ગઈ અને પુણ્યસારને પોતાની છાતી સાથે બાથમાં લઈ લીધો. તેનું હૃદય નાચી ઉઠ્યું. તેના સાડા ત્રણ કોડ રોમરાય ઉલસી ગયા. દીકરાની દશે આંગળીઓમાં વીંટી જોઈ તથા પહેરેલો પોશાક જોઈને માતાના મનમાં પણ આશ્ચર્ય થયું. અહો ! આ તો પુણ્યસાર છે કે તેના રૂપમાં બીજું કોઈ આવ્યું છે ? તે પરણીને આવ્યો લાગે છે. હજુ તેને ગયા તો ૨૪ કલાક થયા છે, તેમાં તેના લગ્ન ક્યારે થયા હશે ? કોણ પરણાવનાર મળ્યું હશે ? કારણ કે તેની પાસે તો સવા રૂપિયો પણ હતો નહિ. પરણાવનાર તો મળ્યા પણ તે ખૂબ શ્રીમંત હશે. તો જ દીકરાની દશે આંગળીઓ પર હીરાની વીંટી છે. આખા ગામમાં ખબર પડી ગઈ કે પુણ્યસાર આવી ગયો છે. આવ્યો તો ખરો પણ નવો થઈને આવ્યો છે બધાને કૌતુક થયું છે. કોઈ કહે–મેં તેને પિતાની સાથે જતો જોયો હતો. તેનો પોશાક રાજકુમાર જેવો હતો. બધા ઘેર આવવા લાગ્યા. શેઠને થયું કે મને દુકાને જવા દે. જો હું દુકાને નહિ જાઉં તો પૂછનાર મળશે કે શેઠ કેમ દુકાને નથી આવ્યા ? રાતે આવીને દીકરાને બધું પૂછીશ.

પુરૂષો ગંભીર હોય પણ અમારી બેનોને જાણવાનો ખૂબ રસ હોય. શેઠ દુકાને ગયા પછી શેઠાણી પૂછે છે દીકરા ! આ બધું શું ? તારા હાથમાં મીંઢળ બાંધ્યા છે તો શું તું પરણીને આવ્યો છે ? આ બધું શું ? જો લગ્ન કર્યાં હોય તો તારી વહુ કયાં છે ? પુણ્યસાર મજાકમાં કહે છે બા ! તમે બધા જાનમાં આવ્યા હતા ? બેટા ! તારી પાસે તો સવા રૂપિયો ય ન હતો. તને દીકરી દેનાર કોણ મળ્યું ? તારા હાથે જે વીંટીઓ છે તે દશ લાખની હશે ! તને આટલું આપ્યું તો તેની દીકરીઓને કેટલું બધું આપ્યું હશે ? અથવા તો તું ભાડે પરણીને નથી આવ્યો ને ? તેં કર્યું શું ? જે હોય તે સત્ય કહે. માતાપિતા આશ્ચર્યમાં પડયા છે હવે શું કહેશે તે ભાવ અવસરે.

શ્રાવણ વદ ૧૩ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૪૨ : તા. ૧૩-૮-૮૫

અઠ્ઠાઇ ઘર વિષય : "મહાપર્વનું એલાન"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

કરૂણાના સાગર, શાંત રસના સુધાકર, જ્ઞાન દિવાકર એવા જિનેશ્વર ભગવંતે સિદ્ધાંતમાં પર્વનું મહત્ત્વ સમજાવ્યું છે. પર્વો તો અનેક છે પણ સર્વ પર્વોમાં શિરોમણી પર્વ કોઈ હોય તો પર્વાધિરાજ પર્યુષણ પર્વ છે. મહામૂલ્ય માનવજીવનની મધમધતી મોસમ એટલે પર્યુષણ પર્વ. આ પર્વના આગમનથી સૌના હૈયા નાચી રહ્યા છે; હૃદયના ભાવો ઉલસી રહ્યા છે. વર્ષમાં એક જ વાર અનુપમ પગલા પાડતું આ અજબ પર્વ ભાવિકજનોના હૈયામાં આરાધનાની દીવાદાંડી પ્રગટાવે છે. તો આ સોનેરી પર્વને અંતરના આંગણે આરાધનાની દિવ્ય વિવિધ રંગોળી પૂરી અંતરના પ્રેમથી વધાવો. વોટર વર્કસના નીરમાં સ્નાન કરતાં ફક્ત દેહ પવિત્ર થાય છે તેથી કાંઈ કલ્યાણ માર્ગના સોપાન પર ચઢી શકાતું નથી. જો કલ્યાણ માર્ગના સોપાન પર ચઢવું હોય તો ક્ષમા રૂપી નીરના ઝરણામાં સ્નાન કરી અતિ પવિત્ર બનો. આ પર્વાધિરાજ પર્વ અધ્યાત્મ દશા ઉત્પન્ન કરવાનું કારખાનું છે. જીવનને નિર્મળ બનાવવા માટે નિર્મળ વહેતી ગંગા છે. સંસારિક સુખોની વાસનાનો ભુક્કો કરનાર વજ્ર સમાન છે.

આધુનિક ભૌતિક વિજ્ઞાનનું એક સુંદર સંશોધન છે કે સાગરના તળિયે એટલો વિપુલ ખજાનો છે કે જો એને બહાર કાઢવામાં આવે તો દુનિયામાં કોઈ ગરીબ ન રહે. આધ્યાત્મિક સાયન્સનું એક શાશ્વત સંશોધન છે કે આત્મામાં શક્તિનો અક્ષય ભંડાર છુપાયેલો છે. જો તેને પ્રાપ્ત કરવામાં આવે તો દુનિયામાં કોઈ પણ ભાવ દરિદ્ર રહે નહિ. તે શહેનશાહનો ય શહેનશાહ બની જશે. આ ખજાનાની ખોજ કરવાની એષણા અને ખુમારી પેદા કરાવનારું, મુક્તિની મોજ માણવાનો મક્કમ મનોરથ પેદા કરનારું, કર્મની ફોજને હરાવવાની હિંમત અને હોંશ પ્રદાન કરનારું કોઈ પર્વ હોય તો પર્યુષણ પર્વ છે. ભવમાં ભમાડનારી, સંસારમાં સંસ્કરણ કરાવનારી ચાર સંજ્ઞા અને

ચાર કષાયોને કાપનારી ચાર પ્રકારની આરાધનાને (દાન, શીયળ, તપ, ભાવ) આરાધવાનું અને આરાધનામાં શક્તિ પેદા કરવાનું સામર્થ્ય આ પર્વમાં છે. પર્વાધિરાજ એટલે જાણે પ્રેરણાનો ધુધવાટ રેલાવતો એક મહાસાગર. પારસમણિનો સ્પર્શ લોખંડને સુવર્ણ બનાવી શકે પણ એ કયારે ? એના પર કાટ ન હોય ત્યારે; તેમ આ પર્વાને આપણે હૈયાથી સ્પર્શીએ તો આત્મા પરમાત્મા બન્યા વિના રહે નહિ.

પર્યુષણ પર્વને કલ્પવૃક્ષની ઉપમા આપી છે. સર્વ વૃક્ષોમાં કલ્પવૃક્ષ જેમ સુવિખ્યાત છે, શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વો રૂપ વૃક્ષમાં મુકટ સમાન આ પર્યુષણ પર્વ રૂપી કલ્પવૃક્ષ શ્રેષ્ઠ અને વિખ્યાત છે. કલ્પવૃક્ષ જગતની દરિદ્રતા દૂર કરે છે તેમ આ પર્વ કલ્પવૃક્ષ આત્માની ભાવ દરિદ્રતા દૂર કરે છે માટે હે આત્માઓ ! આ કલ્પવૃક્ષના હિંડોળે ઝૂલી નિજાનંદની મસ્તીમાં મસ્ત બનો. આજનો આપણો વિષય છે **"મહાપર્વનું એલાર્મ."** આ પર્વ આપણને એલાર્મ આપીને જગાડે છે કે તું જાગૃત બન. અનાદિ અનંતકાળથી મોહનિંદ્રામાં પોઢીને જીવનની બરબાદી કરી છે. હવે તું એ નિંદ્રામાંથી જાગ. યુગયુગથી જેમ દુર્જનો વડે દેશ અને નગરજનો દુઃખી થાય છે તેમ આ કળિયુગમાં લોકો વિશેષ પ્રકારે ક્રોધ, માન, માયા, લોભ આદિ રૂપી ભયંકર ફુંફાડા મારતા સર્પો વડે દુઃખી થાય છે તો તે સર્પોને હટાવવા પર્યુષણ પર્વ રૂપી ગરૂડનો આશ્રય લઈ આત્માને તે દુઃખથી મુક્ત કરો. છ ખંડના અધિપતિ ભરત ચક્રવર્તી પૂર્વ સમુદ્રના કિનારે જેમ દિગ્વિજય કરવા ગયા હતા તેમ હે અનંત સુખના અભિલાષી આત્મા ! અષ્ટકર્મ પર ચોંટેલી અનંતી કર્મરજ અણુઓ પર દિગ્વિજય કરવા આ પર્વનું શરણ સ્વીકારી વિજય ડંકા વગડાવ. પ્રેરણાનો પવિત્ર પયગામ લઈને આવતું આ પાવનકારી પર્વ છે. જેના પગલે માનવીમાં પડેલી અનંત સુષુપ્ત શક્તિઓ જાગૃત બને છે. સૂના સૂના દેખાતા ઉપાશ્રયો આ મહાન પર્વના આગમનના પગલેથી ધમધમી ઊઠે છે. બાળકો, યુવાનો અને વૃધ્ધો ત્રણેને આનંદના હિંચોળે હિંચતું આ શિરોમણી પર્વ છે. આ પર્વનો પવન વાતા, પ્રેમનું અને મૈત્રીનું ખીલખીલાટભર્યું સુંદર વાતાવરણ ઊભું થાય છે. ક્રોધના સળગતા દાવાનળોએ આ માનવજીવનમાં સર્જેલી અનંતી હોનારતોનો અંત આ પર્વના શરણે ગયા વિના આવવાનો નથી.

દિવાળીમાં માનવી નફાતોટાનો હિસાબ કાઢે છે તેમ આ પર્વના દિવસો ગયા વર્ષથી આ વર્ષ દરમ્યાન ધર્મરૂપી ધન કેટલું મેળવ્યું કે ગુમાવ્યું તેનો હિસાબ કાઢવાનું એલાર્મ આપે છે તેથી આ પર્વ આત્માની દિવાળી જેવું છે. દિવાળી આવે ત્યારે બહેનો વાસણને સ્વચ્છ કરે છે, ઘરને વાળીઝુડી શુદ્ધ બનાવે અને વસ્ત્રો ધોઈને શુદ્ધ કરે તેમ આ પર્વ આપણને એલાર્મ કરીને કહે છે કે આ પર્વના દિવસોમાં તમારા તન, મન અને ધનને વિશુદ્ધ બનાવો. વસ્તુ જો શુદ્ધ ન હોય તો તેનો ઉપયોગ કે ઉપભોગમાં હર્ષ કે ઉલ્લાસ નથી આવતો તેમ જીવનની શુદ્ધિ વગર કાર્યમાં આનંદ

કે સ્ફૂર્તિ ન આવે. આવા આત્મશુદ્ધિના મંગલ દિવસો જીવનમાં વારંવાર નથી આવતા. ભાગ્યશાળી આત્માઓ આ અવસરનો સારો ઉપયોગ કરી આત્માને શુદ્ધ બનાવો. આવા પર્વાધિરાજને પામ્યા પછી પણ જો આત્મા આત્મભાવની આરાધનાનો આશક ન બને, પરમપદની પ્રાપ્તિનો પ્યાસી ન બને, બાહ્ય સમૃદ્ધિને છોડીને આત્મ સમૃદ્ધિનો આકાંક્ષી ન બને તો આ પર્વ આપણા માટે એક આત્મવંચનાનો અવસર બની જશે.

આ મહાન પર્વ આપણને એલાર્મ કરે છે કે આ પર્વના દિવસોમાં ઓછામાં ઓછા પાંચ કર્તવ્યો કરવા જોઈએ. પહેલું કર્તવ્ય છે અમારી પ્રવર્તન એટલે અહિંસાની ઉદ્‌ઘોષણા. બીજું કર્તવ્ય અઠ્ઠમ કરવો. (૩) સાધર્મિક ભક્તિ (૪) ક્ષમાપના (૫) પ્રતિક્રમણ.

પહેલું કર્તવ્ય છે અહિંસાની ઉદ્‌ઘોષણા : અનાદિકાળથી આપણો આત્મા પર જીવોની હિંસા કરતો આવ્યો છે. એણે પોતાના સુખ ખાતર પ્રભુની આજ્ઞાને ઉલ્લંઘીને બીજા આત્માઓની હિંસા કરી પરલોકની ચિંતા ન કરતા પાપ કરવામાં પાછું વાળીને જોયું નથી. આચારંગ સૂત્ર બોલે છે કે આ આત્માએ **इमस्स चेव जीवियस्स परिवंदण माणण पूयणाए, जाइमरण मोयणाए दुक्खपडिघायहेएं**. અ. ૧. ઉ. ૨. પોતાના જીવનનિર્વાહને માટે, કીર્તિ પ્રાપ્ત કરવાને માટે, માનપૂજા પ્રાપ્ત કરવાને માટે અને પોતાની બુદ્ધિથી માનેલા જન્મ મરણથી છૂટવાના ઉપાયને માટે તથા દુઃખ દૂર કરવાને માટે છકાય જીવોની હિંસા કરે છે પણ આ હિંસા " **एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णिरए ,**" કર્મબંધનનું કારણ છે. મોહનું અને મરણનું કારણ છે તેમજ નરક ગતિમાં લઈ જવામાં કારણભૂત છે. માનવી પોતાની જાતની જતના કાજે જગતના જીવોને જમદૂતોના હવાલે સોંપી દેતા જરા પણ કમકમ્યો નથી. **જીવવા જેવી છે માત્ર મારી જાત, બાકી બધા છે કમજાત, માટે કરી નાંખો એનો ઘાત.** " આ એનો ક્રુર અને ઘાતિલ જીવનમંત્ર બન્યો છે. આત્માના પ્રદેશે પ્રદેશે તંબુ તાણી બેઠેલા આ દુર્ગુણને અરિહંત ભગવંતોએ પિછાણી લીધો અને તેથી એમણે પર્યુષણ પર્વમાં સૌથી પ્રથમ કર્તવ્ય બતાવ્યું. અમારી પ્રવર્તન ! આ અહિંસાની આરાધના આત્મામાં અનાદિના જામેલા આ હિંસા ભાવને જોવાનો અવસર આપે છે. જોયા પછી એની ભયાનકતા બતાવી અહિંસાની આરાધના કરવાનું આપણને એલાર્મ કરે છે. અમારી પ્રવર્તન આત્માના હિંસક ભાવરૂપ દુર્ગુણને ઓળખાવી અહિંસા રૂપ આત્મ સમૃદ્ધિની દિવ્ય ખીલવણી કરે છે.

આત્મશુદ્ધિનું શ્રેષ્ઠ સાધન અહિંસા છે. હિંસા પાપનું મૂળ છે. અહિંસા પુણ્યનું મૂળ છે. અહિંસા આપણા રોમેરોમમાં, લોહીના અણુઅણુમાં હોવી જોઈએ. જીવો અને જીવવા દો. એટલું બોલવા માત્રથી અહિંસા આવી જતી નથી. પોતાના જીવનના ભોગે બીજાને જીવવા દેવાની ભાવનામાં અહિંસાની ભવ્યતા રહેલી છે એ તો નાનામાં નાના જીવને પણ કોઈ રીતે દુઃખ ન થવું જોઈએ તેનો વિચાર કરવાનું બતાવે છે. જો બીજા જીવો દુઃખી છે તો હું પણ દુઃખી છું. અનુકંપા, દયા, કરૂણા આ બધા અહિંસાના

સ્વરૂપો છે. જ્યાં દયા નથી ત્યાં અહિંસા નથી. નિષ્ઠુર હૃદયના બાદશાહ કરતાં દયાળુ હૃદયનો કંગાલ માનવી ઉત્તમ છે. જો દુઃખી જીવોને જોઈને દિલ દ્રવી જતું હોય તો સમજી લેજો કે તમારું દુઃખ હશે તો પણ ગયા વિના રહેશે નહિ. ધર્મના મૂળમાં દયા રહેલી છે. નદીના નીર સૂકાઈ જતાં કિનારા પરની હરિયાળી સૂકાઈ જાય છે તેમ જીવનમાંથી જો દયાનો ઝરો સૂકાઈ ગયો તો ધર્મનો મહિમા સમજ્યા નથી. ગમે તેટલો ધર્મ કરીએ પણ જો તેમાં દયા નથી, અહિંસા નથી તો આપણે ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા નથી. ત્યાં હિંસાના ભયંકર તાંડવ સર્જાય છે. દયાને તો જગતના દરેક ધર્મે અપનાવી છે. જેમ માળાના મણકા જુદા જુદા છે છતાં અંદર દોરો એક અને સળંગ છે તેમ વિશ્વના દરેક ધર્મોમાં દયાનો દોરો તો એક સરખો છે. દયા બને ત્યાં સુધી એકતા સાધવાની વાતો કરે પણ તોડવાની વાતો ન કરે. જેમ પુલ છે તે બે કિનારાને જોડવાનું કામ કરે છે, પણ જુદુ પાડવાનું કામ ન કરે. જ્યારે દિવાલ છે તે બે ભાગલા પાડવાનું કામ કરે છે.

પ્રજાના હૃદય સિંહાસને રાજ્ય કરતા રાજા : એક રાજા ખૂબ દયાળુ, પ્રેમાળ અને સૌમ્ય પ્રકૃતિના હતા. વિશાળ મોટા દરિયામાં વચ્ચે એક બેટ હતો. તે બેટ નાનો સૂનો નહિ પણ એક સુંદર નાનું ગામ વસાવી શકાય એવો બેટ હતો. આ રાજા તે બેટ પર રહેતા. ત્યાં હજાર, દોઢ હજાર જેટલી માણસોની વસ્તી હતી. ત્યાંની પ્રજાના દિલમાં રાજાનું સ્થાન અનોખું હતું. રાજા, પરિવાર પ્રજા બધા આનંદથી રહેતા હતા. આ રાજાનો જનતાને એક સંદેશો હતો કે મારા ગામમાં કયાંય હિંસા ન હોવી જોઈએ. વૈરભાવ, ઝઘડો કે કલેશ ન જોઈએ પણ મૈત્રીભાવ હોવો જોઈએ. મૈત્રીભાવ સાથે પ્રમોદ ભાવ, માધ્યસ્થ ભાવ અને કરૂણા ભાવ હોય તો તે મૈત્રી ટકી શકે.

આ રાજા દરિયામાં બેટ પર જે ગામમાં વસે છે તેને ફરતો ચારે બાજુ દરિયો છે. આ દરિયા કિનારાના ચારે બાજુના દેશોની સાથે સંબંધ રાખવા માટે આ દરિયાની વચ્ચે રાજાએ મોટો પુલ બાંધ્યો હતો. આ કાર્યથી તો તે બધામાં ખૂબ લોકપ્રિય બની ગયો હતો. એક દિવસ અચાનક રાજાની તબિયત બગડી. ઘણાં ઉપચારો કરવા છતાં રાજાને સારું ન થયું અને તેઓ મરણને શરણ બની ગયા. તેમણે પ્રજાને એટલો પ્રેમ આપ્યો હતો કે તેમના વિયોગમાં આખું ગામ રડવા લાગ્યું.

સૌનો પ્રેમ તોડતો કુમાર : પછી તો આ રાજાનો દીકરો રાજગાદીએ બેઠો. તે કહે–મારે આ પુલ ન જોઈએ. બીજા રાજ્યો સાથે સારી રીતે સંબંધ જળવાઈ રહે અને એકબીજા સાથે જવા આવવાનું સરળ બને તે માટે લાખો રૂપિયા ખર્ચીને પિતાએ પુલ બનાવ્યો હતો તેથી કેટલાય રાજા સાથે પ્રેમ બાંધ્યો હતો. પ્રેમ અને મોહ જુદા છે. મોહ કર્મબંધન કરાવે છે જ્યારે પ્રેમ મૈત્રીભાવ લાવે છે. માતા કહે દીકરા! તારા પિતાએ બધા રાજ્યો સાથે સંબંધો જાળવ્યા છે હવે તું આ શું કરે છે? તારે પુલ તોડવાની શી જરૂર? મારે પુલોની જરૂર નથી. દિવાલની જરૂર છે. શા માટે?

જો પુલ હોય અને દિવાલ ન હોય તો અચાનક કોઈ રાજા ચઢી આવે. હું એક બાજુ પુલ તોડાવી નાંખવા માંગુ છું. જ્યારે બીજી બાજુ નગરની ચારે બાજુ કોટ ઊભો કરી દેવો છે. જેથી આપણા નગર પર કયારેય કોઈ ચઢી ન આવે. દીકરા ! અત્યાર સુધી આપણા પર કોઈ ચઢી આવ્યું નથી, પછી આવું કરવાની શી જરૂર ? દીકરો કહે–મારે એ કાંઈ સાંભળવું નથી હું તો પુલ તોડાવી નાંખવાનો અને દિવાલ (કોટ) ઊભી કરવાનો.

પુલ જેવા બનો, દિવાલ જેવા ન બનો : આ નવા રાજાએ તો સેંકડો કારીગરોને અને નોકરોને કામમાં લગાડી દીધા. બીજા રાજ્યો સાથે જે પુલોનું જોડાણ હતું તે બધા પુલો તોડાવી નાંખ્યા અને પોતાના ગામમાં રક્ષા માટે ચારે બાજુ દિવાલ બનાવી દીધી. પુલો તૂટી જવાથી અત્યાર સુધી જે રાજાઓ મિત્ર તરીકે રહેતા હતા તે બધા શત્રુ બની ગયા અને તે રાજાઓ નૌકા રસ્તે પોતપોતાના સૈન્ય લઈને આ રાજા પર ચઢી આવ્યા. આ રાજાઓ પાસે સૈન્ય ઘણું હતું. આ નવો રાજા તો એકલો હતો તેથી તેમની સામે ટકી શકયો નહિ, તેનું મૃત્યુ થઈ ગયું. જેણે સુરક્ષા ખાતર પુલો તોડાવી દિવાલો બનાવી, એ દિવાલો એના મૃત્યુનું કારણ બની ગઈ. અહીં સમજવાનું એ કે પિતાએ બધા રાજા સાથે પ્રેમ રાખવા પુલ બાંધ્યો ત્યારે દીકરાએ દ્વેષ કરીને પુલ તોડી દિવાલો ઊભી કરી તો ત્યાં હિંસાનું તાંડવ સર્જાયું અને પોતે મૃત્યુ પામ્યો.

અહીં જૈનદર્શન સમજાવે છે કે પ્રેમ પુલ જેવો છે અને અહંકાર દિવાલ જેવો છે. પ્રેમ બધાની સાથે સંબંધો જાળવી રાખે છે જ્યારે અહંકાર સંબંધોને તોડી નાંખે છે. પ્રેમ પર કયારેય આક્રમણ થતું નથી જ્યારે અહંકાર પર આક્રમણ થયા વિના રહેતું નથી. પ્રેમ કયારેય તૂટતો નથી જ્યારે અહંકાર તૂટયા વિના રહેતો નથી. આપણે આપણું જીવન તપાસવાનું છે કે આપણને પુલ બાંધવામાં રસ છે કે પછી દિવાલ ઊભી કરવામાં રસ છે. પુલની એક મુખ્ય વિશેષતા એ છે કે તે બે દેશને જોડે છે. બંને દેશના લોકો એકબીજાના દેશમાં નિર્ભયતાથી પુલના માર્ગે જઈ શકે છે. પુલના માર્ગે કોઇ ભય નથી. તે રીતે પ્રેમ એ બે વ્યક્તિના દિલને જોડે છે. એકબીજાની વધુ નજીક લઈ આવે છે. જ્યાં દયા છે ત્યાં પ્રેમ છે. દિવાલમાં રહેનારો બીજે જઈ શકતો નથી અને બીજો એ દિવાલની અંદર આવી શકતો નથી. એ રીતે અહંકારી, અભિમાની સામી વ્યક્તિને પોતાના કરતાં નીચા માને છે. એ રીતે બીજાને પોતાનામાં સમાવવા તૈયાર નથી. તે એમ માને છે કે હું અભિમાનની દિવાલ ઊભી કરી દઈશ તો મારા પર કોઈ શત્રુ આક્રમણ નહિ કરે અને હું સુરક્ષિત રહી શકીશ પણ એને ભાન નથી કે અહંકાર કોઈનો ય કયાં ટકયો છે ?

એક લંકાનો ધણી, પૂતળું અભિમાનનું, હું જ છું સર્વોપરિ. રૂપ છું ભગવાનનું. સીતાની શીખામણ ના ગ્રહી, સુધરવાની આશા ના રહી, વાનર, સેના ટપકી, રાવણસેના ભડકી, હાલહવાલ બગડતા જોયાં... મોટા મોટા

લંકાનો ધણી રાજા રાવણ અભિમાનના માંચડે ચઢયો તો તે અભિમાન તેનું ટકયું ? અરે, 'અભિમાન તો ટકયું નહિ પણ ઘડીમાં રોળાઈ ગયો અને કેવી સ્થિતિ થઈ ? અત્યારે કોઈ રાવણ નામ પણ રાખતા નથી. સુભૂમ ચક્રવર્તીને અહંકાર આવ્યો ને બધા કરતા વિશેષ સાતમો ખંડ સાધવા ગયા, તો તે સાતમો ખંડ સાધી શકયા નહિ અને મૃત્યુને ભેટી ગયા. ભલભલા ચક્રવર્તીઓને પણ આ અભિમાને ધૂળ ચાટતા કરી દીધા છે. જેણે જીવનમાં અહંકારની દિવાલો ઊભી કરી છે તેઓ કયારે પણ ફાવ્યા નથી અને પ્રેમના પુલ બાંધનારાઓ કયારે પણ હાર્યા નથી.

અહંકારી માનવ પોતાનું જુવે છે જ્યારે પ્રેમ છે તે બીજાનું જુવે છે. અહંકારી સ્વાર્થી છે જ્યારે પ્રેમ આપનારનું જીવન પરમાર્થી છે. એક પોતાના રક્ષણ માટે બીજા જીવોની હિંસા કરવી પડે તો કરવા તૈયાર છે જ્યારે બીજો બીજાને બચાવવા ખાતર પોતાની જાત પણ હોમી દેવા તૈયાર છે. આજે મોટા ભાગના જીવો શાંતિનાથ ભગવાનની માળા ગણે છે. કોઈ ઋષભદેવની, પારસનાથની ગણતા હોય છે પણ અજિતનાથ, સંભવનાથ આદિ તીર્થંકરોની ગણતા નથી. શાંતિનાથની માળા ગણવામાં પણ તમારો સ્વાર્થ છે. મને શાંતિ કેમ મળે ? તે શાંતિ પણ આત્માની નથી ઇચ્છતા પણ દેહની શાંતિ ઇચ્છો છો. પુત્ર પરિવાર, વૈભવ, લાડી–ગાડી, સુખ; શાંતિ જોઈએ છે. તમે કોઈ દિવસ વિચાર કર્યો છે કે શાંતિનાથની માળા વધારે કેમ ગણાય છે ?

શાંતિનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં એમણે જીવદયા પાળી હતી. તેમણે પહેલું અહિંસાવ્રત સ્વીકાર્યું હતું. મારે કોઈ જીવની હિંસા કરવી નહીં, જે મારા શરણે આવે તેનું રક્ષણ કરવું. તેને અભયદાન આપવું. ભલે તેમણે એક વ્રત આદર્યું હતું અને તમે ૧૨ વ્રત આદર્યા હોય છતાં તેમની તોલે ન આવી શકો. તમે બધા વ્રત આદર્યા છે પણ એવું વ્રત નથી કે કસોટી આવે અને જાન જોખમમાં મૂકાય તેવો પ્રસંગ આવે તો શીર સાટે પણ હું તેનું પાલન કરીશ. જ્યારે શાંતિનાથના આત્માએ મેઘરથ રાજાના ભવમાં એક વ્રત લીધું હતું પણ જાનના જોખમે તે વ્રત પાળ્યું હતું. પારેવું તેમના શરણે આવ્યું. શિકારીએ પારેવાની માંગણી કરી. મેઘરથ રાજા કહે - હું મારા શરણે આવેલાને નહિ આપું. શરણાગતનું રક્ષણ કરવા પારેવાની બરાબર પોતાના શરીરનું માંસ કાપીને ત્રાજવામાં મૂકવા માંડયું, છેવટે પોતે આખા ત્રાજવામાં બેસી ગયા. પારેવું બચાવવા પોતાની જાતને કુરબાન કરવા તૈયાર થયા. ત્યાંથી મરીને દેવ થયા. દેવમાંથી ચ્યવીને શાંતિનાથ બન્યા. એ જીવદયાનો પ્રભાવ તો જુઓ ! તે માતાના ગર્ભમાં આવ્યાં. માતા જ્યાં દૃષ્ટિ કરે ત્યાં બધે મરકીનો રોગ શાંત થઈ જાય. ગર્ભના જીવની કેટલી શક્તિ છે ! વધુ શું કહું ? જેવા આપણા વિચારો હોય તેવો સામા ઉપર પ્રભાવ પડે. તમારું જેવું આંદોલન હશે તેવો પડઘો સામા ઉપર પડશે. તમારા દિલમાં અહિંસાનું આંદોલન હશે તો જરૂર તમે બીજા જીવોને અહિંસક બનાવી શકશો. તમારી પાસે એક સત્ય બનેલી બીના રજૂ કરું.

એક રાજાને રંગ લાગ્યો કે મારે સિંહ પાળવો છે. તેમના મનમાં અહંકારની દિવાલ ખડી થઈ. હું કેવો મોટો શહેનશાહ સમ્રાટ ! મારું રાજ્ય કેટલું વિશાળ ! મારી સત્તા કેટલી મોટી ! મારા દરબારમાં શું સામાન્ય પ્રાણી શોભે ? ના. ના. મારા દરબારમાં તો સિંહ શોભે. જંગલમાં જઈ ને સારો સિંહ લઈ આવવો. લાવવો એટલું નહિ પણ મારે તેની સાથે ગોષ્ઠી કરવી છે. મનમાં કોયડો જાગ્યો. કોઈ પણ વસ્તુ મેળવવાની ઇચ્છા થાય એટલે એને મેળવવા માટે જીવ પુરૂષાર્થ કરે. રાજાને ખબર પડી કે અમુક વનમાં સારા સિંહ હોય છે. સિંહ મેળવવો એ અઘરું કામ છે પણ જ્યારે મેળવવા માટે મન ઉપડે ત્યારે અઘરું કાર્ય પણ સહેલું લાગે. તે માટે કદાચ ત્રણ દિવસ ભૂખ્યા રહેવું પડે, ટાઢ તડકા વેઠવા પડે તો બધું વેઠવા તૈયાર. આ પર્વાધિરાજ પર્વ પધાર્યા છે. તમારા મનમાં ભાવ ઉપડે, એ રંગ લાગે કે અનાદિકાળના કર્મોને બાળવા માટે, કર્મો સામે કેસરીયા કરવા માટે મારે અઠ્ઠાઈ તપ કરવો છે. સાધના આરાધના કરવી છે તો શું તમે ન કરી શકો ? જરૂર કરી શકો પણ હજુ સુધી આધ્યાત્મિક ક્ષેત્રમાં વેગ ઉપડ્યો નથી, બધો વેગ સંસાર તરફનો છે.

રાજાનું મન ઉપડ્યું છે સિંહ લાવવા માટે. રાજા પોતાના માણસોને તથા સિંહને પકડનારા માણસોને અને પાંજરું લઈ ને જંગલમાં ગયા. સિંહને પકડવા માટે તેને આપવા માટે ખોરાક તો જોઈ એ ને ! શોખીન જીવડા પોતાના શોખ ખાતર કેટલા કર્મ બાંધવા તૈયાર થાય છે ! સિંહ દરબારમાં રાખવો છે તે માટે જે પાપ કરવા પડે તે કરવા તૈયાર થઈ જાય છે. રાજાએ વનમાં જઈને એક જગ્યાએ પાંજરું મૂક્યું. પાંજરામાં લાવવા માટે સિંહનો ખોરાક મૂક્યો. પાંજરું મૂકી મહારાજા પોતાના માણસો સાથે એક બાજુ છુપાઈ ગયા. સમય થતાં સિંહની ગર્જનાથી આખું વન ગાજી ઊઠ્યું. ધીમે ધીમે મસ્ત ચાલથી ચાલતો સિંહ પાંજરાની નજીક આવી ગયો. તેણે નજર કરી તો પાંજરામાં પોતાનો ખોરાક જોયો. ભૂખ્યો સિંહ છલાંગ મારતો પાંજરામાં પેસી ગયો. તે સમયે એને વિચાર ન આવ્યો કે આ શિકાર લેવા જતાં હું પાંજરામાં પૂરાઈ જઈશ. જેવો સિંહ દાખલ થયો કે તરત કળ વાસી દીધી, ઢાંકણું બંધ થઈ ગયું. સિંહ આબાદ રીતે એ પાંજરામાં પૂરાઈ ગયો. સિંહને સાચવવા રાજા કેવા પાપ કરવા તૈયાર થયા !

સિંહને પણ સ્નેહી બનાવ્યો : રાજાના માણસો પાંજરું દરબાર ગઢમાં લઈ આવ્યા. એક જગાએ પાંજરું ગોઠવાઈ ગયું. રાજા મનમાં હરખાય છે કે હું કેવો સિંહ લઈ આવ્યો ! જંગલમાં આઝાદીથી ફરતો સિંહ એક નાના પિંજરામાં પૂરાઈ ગયો. આથી એ ખૂબ અકળાવા લાગ્યો. તમને કોઈ દિવસ આ સંસારના પાંજરામાં અકળામણ થઈ છે ? સિંહે શરૂઆતમાં તો ધમપછાડા કર્યા પણ છુટાય એવું હતું જ કયાં ! તે ધીરે ધીરે શાંત થઈ ગયો, છેવટે પાંજરું એનું જીવન ક્ષેત્ર બની ગયું. રાજા રોજ આ પાંજરા પાસે આવતા. સિંહને તેનો ખોરાક પણ પોતે જાતે આપતા. બહાર ઊભા રહીને રાજા જોયા કરતા. અહાહા ! એક સિંહ પાળવાના શોખ ખાતર રોજ જીવોની હત્યા !

સિંહ પાસે રોજ એક શિકાર મૂકે. સિંહ પોતાનું પેટ ભરાઇ જાય પછી બીજો શિકાર ન કરે. કેટલાક દિવસ સુધી રાજા આ રીતે ગયા. રાજાને સિંહ પ્રત્યે મમતા અને પ્રેમ હતો. દિવસો જતાં રાજાને સિંહનો ડર ચાલ્યો ગયો. સિંહ રાજા પ્રત્યે અક્રૂર બની ગયો. હવે તો રાજા પાંજરામાં જતા સિંહ મહારાજા સાથે ગેલ કરવા લાગ્યો. દરરોજ સમય થતાં રાજા આવતા સિંહ રાજાને ભેટી પડતો. બંને વચ્ચે ગાઢ મિત્રાચારી થઈ ગઈ. દુશ્મન હતા તે દોસ્ત બની ગયા. હવે તો બંને વચ્ચે એટલો પ્રેમ થઈ ગયો કે એક દિવસ પણ તેને મૂકીને જવાનું ગમે નહિ. સિંહને મૂકીને રાજા કયાંય બહારગામ જતાં નહિ. મંત્રીઓથી તે કામ પતાવી દેતા, પણ ગમે તેમ તો ય આ તો રાજરમત ! આખા વિશાળ રાજ્યની જવાબદારી તેમના માથે હતી.

વહાલા સિંહની ભલામણ : એક વાર એવો પ્રસંગ ઊભો થયો. એક બળવાન રાજા પોતાના રાજ્ય પર ચડાઈ કરવા આવે છે તેવા સમાચાર ગુપ્તચરો પાસેથી મળ્યા. આ રાજાનો સામનો કરવામાં પોતાના સિવાય બીજો કોઈ સૈનિક બળવાન દેખાયો નહિ, તેથી પોતાને ગયા વિના છૂટકો નથી. રાજાને સિંહને છોડીને જવું ગમતું નથી, પણ ન છૂટકે પોતાના પ્યારા સિંહને છોડીને જવું પડશે. છેવટે નક્કી કરેલા દિવસે રાજા સૈન્યથી સજ્જ થઈને શત્રની સામે ઝઝૂમવા નીકળ્યા. જતાં જતાં પણ રાજા સિંહની પાસે જઈ તેને પ્રેમથી ભે ! પડયા; છેવટે આંસુભરી આંખે ત્યાંથી બહાર નીકળ્યા. પ્રધાન, પ્રજા બધા રાજાને વળાવવા ગયા. બધા કહે આપ શાંતિથી સમાધાન કરીને વિજય મેળવીને જલ્દી આવજો. છેલ્લે રાજાને એક વાત યાદ આવી. તેણે પ્રધાનને કહ્યું– પ્રધાનજી ! મારી એક વાત સાંભળો. મારો વહાલામાં વહાલો મિત્ર સિંહ છે તેની તમે બરાબર બબર રાખજો. આટલા બધામાંથી રાજાએ કોઈની ભલામણ ન કરી પણ તેમના વહાલા સિંહની કરી. પ્રધાન કહે–ભલે મહારાજા ! આપ ચિંતા ન કરશો. મહારાજા યુદ્ધમાં ગયા અને પ્રધાનજી બધા પાછા આવ્યા.

પ્રધાનની મૂંઝવણ : બીજે દિવસે પ્રધાનજી પાંજરા પાસે આવ્યા. તેના રક્ષક પાસેથી માહિતી મેળવી. તેમાં બબર પડી કે સિંહ માંસભક્ષી છે. દરરોજ તેને આ ખોરાક આપવાનો. પ્રધાન જૈન ધર્મના દૃઢ શ્રાવક હતા આ સાંભળીને તેમનું મન વિચારમાં ડૂબી ગયું. મહારાજાની આજ્ઞા પાળવાની મેં હા પાડી ત્યારે મને આ વાતનો ખ્યાલ ન રહ્યો. સિંહ માંસભક્ષી છે એને મારાથી માંસ કેવી રીતે અપાય ? મારાથી આ હિંસા તો ન થાય. મેં પહેલું વ્રત લીધું છે. લીધેલા વ્રતનો ભંગ તો કોઈ પણ હિસાબે મારાથી ન થાય. સિંહના ભોજન માટે બિચારા નિર્દોષ નિરપરાધી પંચેન્દ્રિય જીવનું ખૂન ! તે પણ મારા હાથે ? ના....ના....એ તો કદાપિ નહિ બને. પ્રધાનની તો બરોબર કસોટી આવી. એક બાજુ રાજાની આજ્ઞાનું પાલન કરવાનું, બીજી બાજુ કોઈ પણ જીવને નહિ મારવાની પ્રતિજ્ઞા છે. ભારે મુંઝવણ આવી. જાન જોખમે પણ પ્રતિજ્ઞાનો ભંગ તો કરવો નથી. પ્રધાન રાજાની નોકરી કરે છે પણ પ્રતિજ્ઞાથી ચલિત થતા નથી. તેમની

હાડહાડની મિજ્જામાં ધર્મનો રંગ લાગેલો છે. રાજાની આજ્ઞા પાળવી છે ને પ્રતિજ્ઞા પણ પાળવી છે, આખરે તેમણે એક નિર્ણય કર્યો.

પ્રતિજ્ઞાની કસોટી : પ્રધાને ઘેર જઈ ને મોટો કડાયો ભરીને ખીર બનાવડાવી. પોતાના માણસો પાસે કડાયો ઉપડાવીને પાંજરાની બારીમાંથી તપેલું પાંજરામાં મૂકાવ્યું. પ્રધાન બહાર ઊભા રહ્યા. ટાઈમ થયો એટલે સિંહ ઊભો થયો. તે કડાયા પાસે આવ્યો ખીર સુંઘીને પાછો ફર્યો. સિંહ માંસભક્ષી હોય, તે ખીર ખાય નહિ. આજે તેને ખીર મળી એમાં તેને પોતાનું અપમાન લાગ્યું; તેથી તે આવેશમાં આવી ગયો. જોરથી પોતાનું પૂંછડું પછાડવા લાગ્યો. પૂંછડાને જોરથી એવું પછાડયું કે ખીરનું ભરેલું કડાયું ઉંધું વાળી દીધું. તેના મનમાં એ ગુસ્સો આવ્યો કે મને મારું ભોજન કેમ ન આપ્યું ? બધી ખીર ઢોળાઈ ગઈ. સિંહનો રક્ષણ કરનાર નોકર કહે પ્રધાનજી ! આ મનુષ્ય નથી કે ખીર ખાય ? પ્રધાનજી કહે–ભાઈ ! મારે પણ પ્રતિજ્ઞા છે કે હિંસા કરવી નહિ ને કરાવવી નહિ. માંસાહાર કરવો નહિ અને કરાવવો નહિ. પ્રધાનજી ! આવા સમયે પ્રતિજ્ઞા છોડવી પડે. એ તો કોઇ પણ રીતે ન બને. જો સિંહ ભોજન નહિ કરે તો મારે પણ ભોજનનો ત્યાગ. હું ઉપવાસ કરીશ. નોકર કહે–તમારે ખૂબ કસોટી આવશે. ભલે, મારું જે થવું હોય તે થાય. મૃત્યુ આવે ને દેહ છૂટી જાય તો પણ હું પ્રતિજ્ઞાથી ચલિત નહિ થાઉં. સિંહ ભોજન કરશે ત્યારે હું જમીશ. સિંહની સાથે મારે પણ ભોજનનો ત્યાગ.

પ્રધાને બીજે દિવસે પણ ખીર બનાવી કડાયું સિંહની સામે મોકલાવ્યું. તો પહેલા દિવસની જેમ બીજે દિવસે પણ ખીરનું તપેલું ઉંધું વાળી દીધું. ખીર ન ખાધી. બધા લોકો પ્રધાનને કહેવા લાગ્યા પ્રધાનજી ! આ રાજાનો માનીતો વહાલો સિંહ છે. જો તેને કંઇક થશે તો રાજા આવશે ત્યારે લાગ આવે તો તમારા સહિત આખા કુટુંબને ક્રુર શિક્ષા કરશે. જે શિક્ષા થવી હોય તે થાય પણ હું મારી પ્રતિજ્ઞા તો છોડીશ જ નહિ. પ્રધાનજી તેમની શ્રદ્ધામાં મજબૂત રહ્યા. સિંહની જેમ પ્રધાનને પણ બે ઉપવાસ થયા. ત્રીજે દિવસે પણ ખીર મોકલાવી. તો સિંહને ખીર જોઈ ને ડબલ ક્રોધ આવ્યો ને ઉંધી વાળી દીધી. બધા પ્રધાનની ઝાટકણી કાઢવા લાગ્યા. પ્રધાનજી ! માની જાવ. સિંહનું શરીર શિથિલ થઈ ગયું છે.

સિંહની જીવનરક્ષા માટે પોતાનું બલિદાન : ત્રણ દિવસથી સિંહ ભૂખ્યો છે. પ્રધાનના મનમાં થયું કે હવે જો સિંહને ભોજન નહિ મળે તો મરી જાય એવો થઈ ગયો છે. કદાચ સિંહ મરી જાય તો મને પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગે. હવે શું કરવું ? આ ચિંતામાં પ્રધાનને ઉંઘ આવતી નથી. પંચેન્દ્રિય હત્યા કરાય નહિ ને સિંહને મરવા દેવાય નહિ તો શું કરું ? મારી પ્રતિજ્ઞાના પાલન માટે હું મારી જાતનો ભોગ આપું એ બરાબર છે પણ અબોલ પ્રાણી ભોગ બને એ તદ્દન અયોગ્ય વાત કહેવાય. આ રીતે જો દિવસો ખેંચવામાં આવે તો પ્રાણી રીબાઈ રીબાઈને મરી જશે. મારી પ્રતિજ્ઞા માટે એક અબોલ પ્રાણીની હિંસા ! શું એને એનું ભોજન આપવું ?

હા... પણ બીજા કોઈનું નહિ પોતાનું જ આપવું. મારું બલિદાન દઈ દઉં. મક્કમ નિર્ણય લઈ લીધો. ચોથા દિવસે કઢીયલ દૂધની ખીર લઈને પોતે સિંહના પાંજરા તરફ જવા માટે નીકળ્યા. સિંહના રક્ષક માણસે કહ્યું પ્રધાનજી! સિંહને હવે ભોજન નહિ મળે તો મરી જશે. મહારાજા જાણશે તો શું થશે ? ભાઈ! આજે સિંહને ભોજન દેવા જ આવ્યો છું. પાંજરાનું બારણું પોતે ખોલ્યું અને કઢેલા દૂધની ખીરના તપેલા સાથે પોતે પાંજરામાં ઘૂસી ગયા. સિંહને કહેવા લાગ્યા કે " **પીવાની ઇચ્છા હોય તો દૂધ પીવા માંડ અને એ ન જ પીવું હોય અને જો માંસ જ આવું હોય તો હું તને બીજા કોઇનું માંસ આપી શકું તેમ નથી છતાં તારી ઇચ્છા હોય તો મને જ મારી નાંખ. મારા શરીરના માંસથી તારી ક્ષુધાને સમાવી દે.**" આટલું કહી નવકારમંત્ર ગણી સાગારી સંથારો કરી ધ્યાનમાં ઊભા રહ્યા. લોકો ચિચિયારીઓ પાડવા લાગ્યા.

અહિંસક ભાવનાનો અદ્‌ભૂત પ્રભાવ : 'અહિંસા પરમો ધર્મ' એ સૂત્રને પ્રધાનજીએ જીવનના અણુઅણુમાં વણી લીધું છે. ત્રણ ત્રણ દિવસનો ભૂખ્યો સિંહ ધીમેથી ઊભો થયો. ત્યાં ઊભેલા પ્રધાનજી પાસે એકદમ છલાંગ મારતો ધસમસતો આવ્યો. લોકો ચીસાચીસ કરવા લાગ્યા પણ આશ્ચર્ય... મંત્રીના પગ નજીક આવતા સિંહ સજ્જડ થઈ ગયો. ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. જોનારા બધા સ્થિર થઈ ગયા. આ શું ? સિંહે પોતાની ક્રુરતા તજી દીધી. પ્રધાન તો ધ્યાનમાં સ્થિર છે. સામે મૃત્યુ છે છતાં પ્રધાન પોતાનું ધ્યાન છોડતા નથી. થોડી વાર થઈ ત્યાં તો સિંહે પ્રધાનના ચરણમાં મસ્તક નમાવ્યું અને તપેલામાં મોઢું નાંખી ખીર ખાવા લાગ્યો. " **જન્મજાત એવા માંસાહારી સિંહને પણ પ્રધાને દુગ્ધાહારી કરી દીધો. ક્રુરતા હારી અને દયા જીતી.**" અહો ! આ શું ? આજે સિંહે ખોરાક બદલ્યો. ત્રણ દિવસના ભૂખ્યા સિંહે ધરાઈને ખીર ખાધી, પછી તે પ્રધાન પાસે બેઠો. સિંહ પ્રધાનના પગ ચાટવા લાગ્યો. પગ ચાટે ને વારંવાર તેના સામું જુવે. છેલ્લે માથું તેના પગમાં મૂકીને જાણે વંદન ન કરતો હોય ! એમ કર્યું. સર્વ જીવો સાથે મૈત્રીભાવના તાર બાંધી સ્નેહની સિતાર બજાવતાં મંત્રીએ કાઉસગ્ગ પાળ્યો. સિંહને માથે હાથ મૂક્યો ને તેના કાનમાં નવકારમંત્ર સંભળાવ્યા. જોનારા તો બધા છક્ક થઈ ગયા. મંત્રીજીની અડગ પ્રતિજ્ઞાનો પ્રભાવ લોકો પર ખૂબ પડ્યો અને જૈન ધર્મનો જયનાદ ગાજી ઊઠ્યો.

થોડી વાર પછી પ્રધાને પણ ઘેર જઈને પારણું કર્યું. હવે તો પ્રધાન રોજ સિંહ પાસે જતો અને અને દરરોજ ખીરનું ભોજન આપતા. સિંહ ખૂબ પ્રેમથી ખાતો. સિંહ જાણે પોતાનો ઉપકારી હોય તેમ માની તેને ભેટતો. બંનેની મૈત્રી ખૂબ ગાઢ બની ગઈ. પ્રધાન રોજ રોજ સિંહને ધર્મનો ઉપદેશ આપતા. એની હિંસક વૃત્તિએ દેશવટો લીધો. યુદ્ધનું કામ પતાવીને રાજા વિજય મેળવીને નગરમાં આવ્યા. પ્રજાજનોએ તથા પ્રધાનજી બધાએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. રાજા પોતાનું કામ પતાવી સિંહ મિત્ર પાસે આવ્યા.

પ્રધાનજી પણ સાથે હતા. બધાએ રાજાને વાત કરી કે સિંહ હવે સિંહ નથી રહ્યો. તેની ક્રુરતા ચાલી ગઈ છે તે હવે માંસભોજન નથી કરતો પણ ખીરભોજની થઈ ગયો છે. રાજા કહે એ બને કેવી રીતે ? બધી વાત કરી. સિંહની પરીક્ષા કરવા માટે બીજે દિવસે રાજાએ સિંહની સામે માંસ અને ખીર મૂકયા. સિંહે માંસ તરફ દૃષ્ટિ પણ ન કરી, ખીરથી પોતે પેટ ભરી લીધું. સિંહ જેવા ક્રુર પ્રાણીનું આવું જબ્બર પરિવર્તન લાવવામાં પ્રધાનજીની નિઃસ્વાર્થ અહિંસક ભાવના હતી. રાજાને ખૂબ આનંદ થયો. રાજા પણ પ્રધાનના સંગથી જૈન ધર્મના અનુરાગી બન્યા.

આજનો દિવસ એલાર્મ આપીને કહે છે કે પહેલું કર્તવ્ય છે અમારી પ્રવર્તન અહિંસાનું પાલન કરો. પ્રધાનજીની અહિંસક ભાવનાના આંદોલનથી સિંહ જેવો ક્રુર હિંસક પ્રાણી પણ અહિંસક બની ગયો. ભગવાનના સમોસરણમાં નાગ અને મોર, બિલાડી અને ઉંદર, નોળિયો અને સાપ બધા સાથે બેસે છે. તે સમયે તે પોતાના વૈરભાવને ભૂલી જાય છે તેનું કારણ ભગવાનના લોહીના અણુઅણુમાં સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવ છે અને 'સવી જીવ કરું શાસનરસી' ની ભાવનાના ઝરણા વહી રહ્યા છે. તેમણે સર્વ જીવો સાથે પ્રેમનો મજબૂત પુલ બાંધ્યો છે, પણ અહંકારની દિવાલ ઊભી કરી નથી. આજે તમે જગત તરફ દૃષ્ટિ કરો તો ચારે બાજુ તમને દિવાલ દેખાશે. પૈસાને પાકીટની દિવાલ, ઝવેરાતને તિજોરીની, તિજોરીને કબાટની અને કબાટને ભીંતની દિવાલ છે. જ્યાં જુઓ ત્યાં દિવાલ, દિવાલ અને દિવાલ. કયાંય પુલનું તો નામ દેખાતું નથી તેથી એકબીજાને લૂંટી લેવાના કાર્યો થઈ રહ્યા છે. પોતાની જાતની પણ સલામતી નથી. જ્યારે જેમણે જીવનમાં પ્રેમના પુલો બાંધ્યા છે તેમને કોઈ ભય નથી. તેમણે કાંઈ ગુમાવ્યું નથી, પણ જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. આપણા આત્માએ જ્યાં ગયો ત્યાં દિવાલ ઊભી કરવાના પાપો કર્યા છે. હવે આ જન્મમાં દિવાલ ઊભી કરવી નથી, પણ પ્રેમનો પુલ બાંધવો છે. આપણા પરમપિતા પ્રભુએ પ્રેમનો મજબૂત પુલ બાંધી જગતના જીવોને પોતાના બનાવ્યા છે. તો આપણે એ પિતાના પુત્ર છીએ. પેલા રાજાના પુત્રની જેમ આપણે એ પુલ તોડીને દિવાલ ઊભી કરવાના પાપો કરવા નથી. એ પુલોને ટકાવી રાખીશું તો કયારેક પ્રભુના પંથને પામી શકીશું.

પ્રધાને જીવનમાં પ્રેમનો પુલ બાંધ્યો હતો તો હિંસક સિંહને અહિંસક બનાવ્યો. આ આપણા આર્યદેશની ભૂમિની ખુમારી છે. આર્યદેશના માનવમાં તો આર્યભાવના હોય પણ પશુપંખીમાં પણ પહેલા આર્યભાવના જોવા મળતી હતી. એક વાર ઝાડ પર બેઠેલા પંખીને કોઈ શિકારી વીંધવા જાય છે. દરેક જીવોને જીવવું ગમે છે. "सव्वेसिं जीवियं पियं ।" સર્વ જીવોને જીવન પ્રિય છે, મરણ કોઈને પ્રિય નથી. આ પંખી કહે છે ભાઈ ! તું મને વીંધવા આવ્યો છે તો ખુશીથી વીંધજે પણ થોડી વાર સબૂર કર. મારી એક વાત સાંભળ. હું મારા બચ્ચા માટે ચણ લેવા આવ્યો છું. તેઓ મારી રાહ જોતા હશે. જો ઘેર નહિ જાઉં તો બચ્ચાં તરફડીયા મારશે માટે ઘેર જઈ તેમને

ચણ આપીને આવું છું. તું મારી રાહ જોજે. તું પાછું આવીશ એની મને શી ખાત્રી ? જરૂર આવીશ. મારામાં આર્યભૂમિના સંસ્કાર છે. બોલેલું વચન બરાબર પાળીશ. આ જગ્યાએ તમે હો તો પાછા આવો ખરા ? ના. શિકારી કહે– ભલે. પંખી પોતાના વહાલા બચ્ચાં માટે ચણ લઇને ગયું. માને જોઈને બચ્ચાં હરખાઈ ગયા. તેમને પ્રેમથી ચણ ખવડાવ્યું પછી કહે છે કે હવે હું જાઉં છું. આવું કે ન આવું પણ એટલું ધ્યાન રાખજો કે તમે સ્વાવલંબી બનજો. તમે જાતે ચણ લાવીને ખાજો. મા ! તું એમ કેમ કહે છે કે હું આવું ખરી અને ન પણ આવું ? દીકરા ! કોને ખબર છે આપણે ઉડતા હોઇએ ને પડી જવાથી મરી જવાય. તેણે શિકારની વાત ન કરી.

પંખી પાછું આવીને ઝાડ પર બેસી ગયું. શિકારીને કહે છે હું આવી ગયો છુ તું તારું કામ કર. શિકારીને એ વિચાર નથી આવતો કે પંખીએ તેનું વચન બરાબર પાળ્યું. શિકારી બાણ ઉપાડવા જાય છે ત્યારે પંખી કહે છે હું આપને એક વાત પૂછું ? પૂછને ભાઈ ! તમે બાણ મારશો તો તમે મારા જે પગ પર નિશાન તાકયું હશે ત્યાં વાગશે પણ પછી એક પગ તો હશે ને ! તો મને એ રસ્તો બતાવી દો કે આપ બાણ મારો પછી હું ઉડી શકું એવો કયો રસ્તો છે ? શિકારી વિચાર કરે છે તેને બાણ મારીશ પછી તે ઉડી જ શકે કયાંથી ? તેના હાથ જોડા પડી ગયા. તેણે વચન બરાબર પાળ્યું છે માટે તેને મારવું નથી. શિકારી કહે શું તારી કળા છે ! તારી બુદ્ધિએ મને પાપથી છોડાવ્યો છે. જા ખુશીથી ઉડી જા.

જ્ઞાની સમજાવે છે કે દરેક જીવોને જીવવું ગમે છે. આ પર્વાધિરાજ એલાર્ન આપીને કહે છે કે તમે જીવનમાં અહિંસા અપનાવો. વિચારજો કે મારે મારું જીવન નીતિથી, પ્રમાણિકતાથી જ જીવવું છે. લાખો મેળવ્યા ને લાખો ગુમાવ્યા. હવે આ દિવસોમાં પરિગ્રહનો મોહ છોડો. તેની મમતા ઓછી કરો. જેટલું અંતરથી છોડશો એટલું તમારું છે. જે દેશે એને મળશે. એટલું યાદ રાખજો કે જે ખુલ્લા દિલે આપે છે તેને અધિક મળી રહે છે.

આજે કંઇક જીવો ધર્મ કરવા છતાં દુઃખી દેખાય છે તેવા જીવોને જોઈને ધર્મની શ્રદ્ધા છોડશો નહિ. ધર્મ માનવીને કયારે પણ દુઃખી બનાવતો નથી. જો જૈનદર્શનની શ્રદ્ધા હશે તો જમા ઉધાર કરી શકશો. તેના પૂર્વજન્મના અશુભ કર્મો વિપાક ઉદયમાં આવ્યા છે માટે તે દુઃખી છે એ છે પુણ્યાનુબંધી પાપ. તે ભોગવે છે પાપ પણ સમભાવે ભોગવે છે એટલે અનુબંધ પુણ્યનો કરે છે. પૂર્વે કરેલા કર્મો તો જીવને ભોગવ્યા વિના છૂટકો નથી. ધર્મી જીવો જે દુઃખી દેખાતા હોય તેનું આ કારણ છે પણ એવું ન માનશો કે ધર્મ કર્યો માટે દુઃખી થયા.

એક શેઠને ચાર દિકરા હતા. તેમને ત્યાં સંપત્તિ અઢળક હતી. શેઠ દાન ખૂબ કરતા હતા. તેમના દ્વાર સદાને માટે ખુલ્લા હતા. તેમના આંગણે રડતો આવ્યો હોય તે હસતો જાય. કેટલાય જીવોની દુઆ તેમણે મેળવી હતી. આવા પુણ્યાત્માઓ આ

પૃથ્વી પર વસ્યા છે. ' બહુરત્ના વસુંધરા ! શેઠ તો દાન દેવામાં પાછું વાળીને જોતા નથી. શેઠને પોતાની પત્ની, ચાર પુત્રો અને ચાર પુત્રવધુઓ એમ ૧૦ માણસનું કુટુંબ હતું. શેઠ દાન ખૂબ કરે છે. સાથે સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મ પણ ખૂબ કરે છે પણ આ પુણ્યનો વિશ્વાસ કરવા જેવો નથી. કઈ ઘડીએ ને કઈ પળે રાજાને રંક અને નગરશેઠને નોકર બનાવી દેશે એ ખબર નથી, તેમ અહીં શેઠના પાપનો ઉદય થયો. પૂર્વે બાંધેલું અશુભ કર્મ વિપાક ઉદયમાં આવ્યું. શેઠની પેઢી પર આગ લાગી. જે વહાણ આવવાના હતા તે ગુમ થયા. જેને ત્યાં મોટી રકમો ધીરેલી હતી તે પેઢીઓ પડી ભાંગી. શેઠ પૈસાથી સાવ બલાસ થઈ ગયા. ધીમે ધીમે ઘરબાર બધું વેચી દેવું પડયું. શેઠની વિરૂદ્ધમાં કોઈએ રાજાને ભંભેર્યા અને વગર વાંકે હદ બહાર કરી દીધા. કર્મરાજાએ બરાબર કોરડો વીંઝયો. તેણે કાંઈ બાકી રાખ્યું ! પૈસા ગયા, ઘરબાર ગયા અને હવે ગામમાંથી પણ દેશનિકાલ થયો. શેઠ દુઃખી દુઃખી થઈ ગયા.

શેઠ પોતાના કુટુંબ સહિત ગામની બહાર નીકળી ગયા. બાવા માટે પૈસા તો જોઈએ ને ! એક તળાવ ખોદાતું હતું ત્યાં ચાર દિકરાઓ માટીના તબડકા ઉપાડવા ગયા. જેણે કોઈ દિવસ ધરતી પર પગ મૂકયો ન હતો, પાણી માંગતા દૂધ હાજર થતું હતું. એવા છોકરાઓને માટી ઉપાડવાનો સમય આવ્યો તે કાંઈ ઓછું કહેવાય ! કર્મરાજા કયારે ચમરબંધીને ચાકર બનાવી દે છે તે ખબર નથી પડતી. ચારે પુત્રવધુઓ લોકોના ઘરના ઓંઠવાડ કાઢવા, પાણી ભરવા અને કપડાં ધોવા જાય છે. જેમ તેમ કરીને પોતાનું જીવન નભાવે છે. આવા દુઃખના સમયમાં પણ શેઠ સંતને ભૂલતા નથી. ભલે અત્યારે રોટલો ને દાળ ખાઈએ છીએ છતાં કોઈ સંત કે અતિથિ મળે તો તેમને આપીને જમું. છ મહિનાથી કોઈ સાધુ મળ્યા નથી એટલે સુપાત્રદાન દેવાનો લાભ કયાંથી મળે ? ગરીબીમાં પણ શેઠ ધર્મને કે સંતને ભૂલ્યા નથી. જેના અંતરના ભાવ હોય એની ભાવના ફળ્યા વિના રહેતી હતી.

બરાબર છ મહિને તે ગામમાં સાધુ પધાર્યા. શેઠને ખબર પડતાં શેઠ તેમના દર્શન કરવા ગયા. પર્યુષણના દિવસો એટલે માણસોની ઠઠ ભરાઈ છે. આ ગરીબ શેઠ વ્યાખ્યાનમાં જઈને બેઠા. તેમના ફાટેલાતૂટેલા કપડા છે, દાઢી વધી ગઈ છે. આજે જગતમાં ગરીબનું કોઈ સ્થાન નથી. શેઠ જયાં બેઠા છે ત્યાં બીજા કહે આઘા બેસો. એમ શેઠ આઘા ખસતા ખસતા સાવ છેવટે જઈને બેઠા. આવા ગરીબને આગળ તો બોલાવે જ કયાંથી ? શેઠ ઘણા દૂર પડી ગયા એટલે વ્યાખ્યાન સંભળાતું નથી છતાં માને છે કે કાંઈ નહિ. મને મુખ જોવા તો મળે છે ને ! તેમના હાવભાવ જોવા મળે છે એ શ્રદ્ધાથી બેસી રહ્યા. અચાનક સંતની નજર એ શેઠ પર પડી ગઈ. સંત શેઠને ઓળખી ગયા. સંત તો સરોવર સમાન છે. સરોવરમાં શ્રીમંત આવે કે ગરીબ આવે કોઈના પણ ચાર્જ લીધા વિના પાણીનું દાન કરે છે. વહેલો કોઈની પણ અપેક્ષા રાખ્યા વિના બધાને શીતળ છાયા આપે છે. તેને કોઈ ભેદભાવ નથી તેમ સંતને મન બધા સમાન છે.

આપે વડલો બધાને વિસામો, આવે થાકીને જે જે મુસાફર,
પાણી પીવા દે સૌને સરિતા, એને મન તો બધાએ બરાબર.
મારા તારાના ભેદો ભૂલીને પ્રભુ, સાચી બોટી શંકાને તજીને બધું....મારી

આવો ગુણ આપણામાં પણ હોજો. સંતે કહ્યું–ભાઈ! આગળ આવો. બધા જોવા લાગ્યા કે આવા ભાઈને મહારાજે આગળ કેમ બોલાવ્યો? હું આવી રીતે કોઈને કહું તો તમને શું થાય? સાચું બોલજો. આજે આટલા બધા માણસો બેઠા છે તે કોઈ નજરમાં નથી આવતા અને આ માણસ નજરમાં આવ્યો? (શ્રોતા :– તે પુણ્યવાન કોણ છે?) એવા ભાવ આવે તો સારી વાત છે.

સંતે શેઠને કહ્યું–આગળ આવો. સંતને ખબર છે કે આ એક વખતના મહાન સુખી દાનવીર ધર્મિષ્ઠ પુણ્યાત્મા હતા. તેના કર્મોએ તેને પછાડયો છે તેથી આવા ગરીબ થઇ ગયા લાગે છે, કર્મે તેમને બેહાલ બનાવ્યા છે. સંતે બે ત્રણ વાર શેઠને કહ્યું કે ભાઈ! આગળ આવો. બધા લોકોના મનમાં થયું કે આવા ફાટલા તૂટલા કપડા પહેરેલા છે. તેના કાંઈ ઠેકાણા દેખાતા નથી છતાં મહારાજ તેને કેમ આગળ બોલાવે છે? બધાને ગમ્યું નહિ પણ મહારાજે બે ત્રણ વાર કહ્યું એટલે શેઠ આગળ આવ્યા. વ્યાખ્યાન પૂરું થયું. બધા ઘેર ગયા પછી સંતે પૂછયું–દેવાનુપ્રિય! શું થયું? ગુરૂદેવ! કર્મની બલીહારી છે. આપ ગભરાશો નહિ. આપની શી ઇચ્છા છે? તમને કોઈ સંત આવું કહે તો તમે માંગતા ભૂલો ખરા? અરે, ભરેલા હોય તો ય ન ભૂલો તો અધૂરા તો ભૂલે શાના? ગુરૂદેવ! મારું ધર્મધ્યાન થાય અને ધર્મની હેલના, નિંદા, બંધ થાય એટલે બસ. મારે બીજું કાંઈ જોઈતું નથી. આપ ગભરાશો નહિ. પર્યુષણ પર્વ આવ્યા છે તો આપ પહેલો અઠ્ઠમ કરજો. ભલે.

શેઠે તો પર્યુષણનો અઠ્ઠમ કર્યો. ત્રીજા દિવસની રાતે છોકરાઓ કહે છે કે તપ કરીને મરી જશો. આપે ઘણું કર્યું છતાં દુઃખી દુઃખી થઈ ગયા છીએ. બેટા! ધર્મ કોઈ દિવસ કોઈને દુઃખી કરતો નથી. તે રાત્રે પ્રકાશ થયો. શેઠ ઊભા થઇ ગયા. શેઠને કહે છે કે તું મૂળ સ્થાને જા. હું કયાં જાઉં? રાજાએ મને હદ બહાર કાઢયો છે. હવે કેવી રીતે જઇએ? તમે જાવ. ગામના પાદરમાં પહોંચશો, રાજાને ખબર પડશે તે તમારું ભવ્ય સ્વાગત કરશે. રાજા કોઈના ચઢાવ્યાથી ચઢી ગયા છે પણ હવે તેમને પસ્તાવાનો પાર નથી. તું તારા ઘેર જજે. તારા ઘરના ડાબા ખૂણે ત્રણ ફૂટ ઊંડું ખોદજે તો ત્યાંથી ચરૂ નીકળશે. તારું ભાગ્ય ખુલી જશે. ધર્મ કરેલો નિષ્ફળ જતો નથી. સવાર થઇ. ઘરના કોઈને વાત કરી નહિ. તેમણે એક વાત કરી. દીકરાઓ! આપણે દેશમાં જવું છે. શું કામ? બધું સારું થશે. શેઠ બધાને પરાણે લઇ ગયા. પાદરમાં પહોંચ્યા. રાજાને ખબર પડતાં ભવ્ય સ્વાગત કર્યું. શેઠ ઘરમાં ગયા. બધાને કહ્યું–આપ બધા પહેલા સામાયિક કરો. છોકરાઓ કહે–તમારી સામાયિકે તો દી ઉઠાડી દીધો છે. રોટલા વિનાના થઈ ગયા. તમે એવું બોલો મા. શેઠને તો પાંચ ઉપવાસ

થઈ ગયા. સામાયિક થઈ ગઈ પછી શેઠ કહે છે કે આપ ઘરના ડાબા ખૂણે ત્રણ ફૂટ ઊંડું ખોદો. છોકરાએ ખોધ્યું તો ચરૂ નીકળ્યો. બોલો હવે શેઠ અને ધર્મ કેવા વહાલા લાગે ? શેઠ ધર્મપ્રતાપે સુખી થઈ ગયા. બધાને ધર્મ પર શ્રદ્ધા થઈ. પર્વાધિરાજનું એલાર્મ છે કે બીજું કર્તવ્ય છે કે તમે અઠ્ઠમ કરો. સંસારમાં લાગેલા પાપની આલોચના માટે પણ અઠ્ઠમની જરૂર છે. તપનો મહિમા કેવો છે ? આપણે આ પર્વના દિવસોમાં શું કરવાનું છે ? ટાઈમ થઈ ગયો છે. આવા દિવસમાં અહિંસક ભાવ, અઠ્ઠમ, સાધર્મિક ભક્તિ, ક્ષમાપના, પ્રતિક્રમણ આ પાંચ કર્તવ્યોનું પાલન બરાબર કરવું. વધુ ભાવ અવસરે. આજે બા. બ્ર. હર્ષિદાબાઈ મહા. બા. બ્ર. ઉર્વીશાબાઈ મહા. બા. બ્ર. નવદીક્ષિત હેતલબાઈ મહા. ત્રણે ઠાણાને ૧૨ મો ઉપવાસ છે. આપ બધા સારી રીતે તપ આરાધનામાં જોડાઈ જજો. વધુ અવસરે.

શ્રાવણ વદ ૧૪ને બુધવાર : વ્યાખ્યાન નં. ૪૩ : તા. ૧૪-૮-૮૫

વિષય : જીવતા આવડે તો જિંદગી

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્વાધિરાજ પર્યુષણ પર્વનો બીજો દિવસે તો આવી ગયો. આ પર્વ દર વર્ષે આવે છે અને પોતાની ખુશ્બો મહેંકાવતું જાય છે. આ પર્વ પ્રતિવર્ષ આવતું હોવા છતાં પર્વના દિવસો જેમ જેમ નજીક આવતા જાય છે તેમ તેમ તે પર્વના સત્કાર સન્માન કરવાની ભાવના વધતી હોય છે. પ્રતિવર્ષે પનોતા પગલે પધારતા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ મહાક્રાન્તિકારી આત્મિક આંદોલનના આહલેક પોકારીને આ વિશ્વના વિષય કષાયાધીન આત્માઓને ઢંઢોળી જાય છે. રાગ-દ્વેષ વૈરઝેરની યુગોની જૂની ઘરેડોની સામે મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ, ક્ષમા, પ્રેમના ક્રાન્તિકારી આદેશો આપીને પવિત્ર આત્મિક આંદોલન જગાવી જાય છે. ખરેખર ! જેને સંસારના ત્રિવિધ તાપોની પીડા વસમી લાગી હોય, જે અનાદિની વિષયકષાયોની આગથી સંતૃપ્ત હોય તેને પર્યુષણ પર્વનું આ ક્રાન્તિકારી આંદોલન હાર્દિક આહવાન કરે છે કે એક વાર તમે તમારા નિર્ણયો, વિચારો, ખેંચતાણોને આઠ દિવસ માટે એક બાજુ મૂકીને આ આત્મશુદ્ધિના આંદોલનમાં જોડાઈ જાઓ. તમને અવર્ણનીય આનંદ, અદ્‌ભુત સુખ અને અપૂર્વ શાંતિનો અનુભવ અવશ્ય થશે.

આ પર્યુષણ પર્વ જીવોને પવિત્ર આશ્રય રૂપ છે. આ સુંદર આશ્રય ભવમાં મુસાફરી કરતાં જીવોને મહાસુખદાયી બને છે. સંસાર રૂપી સમુદ્રમાં રાગ-દ્વેષાદિથી ડૂબતા જીવોને તરવા માટે જાણે નાવડી ન હોય ! આ પર્વમાં આરાધનાનું સોહામણું ખાસ અનોખું અંગ છે. ક્ષમા. અનાદિથી આત્મા પર ચોંટીને રહેલા વેરઝેર, ઈર્ષ્યા; અસૂયા આદિ જે ભયંકર શત્રુઓ છે તેના દ્વારા જે કોઈની સાથે વૈર વિરોધ થયા હોય તેને અંતરથી ખમાવ; તો તારો આરાધનાનો અરૂણોદય પ્રગટયો ગણાશે. નિર્મળ તપજપનું સેવન કરી અનાદિના મળને સાફ કરી નાંખો. આ દિવસોમાં આત્મા રૂપી

મયુર ભાવનાના વનમાં કેકારવ કરી ઊઠે છે. ઉર્મિઓ હિલોળા મારે છે. સ્નેહ, લાગણીના પૂર ઉમટે છે અને તપશ્ચર્યાની હોડીની લહેરોમાં કર્મોના ભૂક્કા ઉડે છે. આ પર્વ રવિના કિરણોની જેમ આત્મામાં દિવ્ય પ્રકાશ પાથરે છે. રગરગમાં વ્યાપી રહેલા વેરભાવને તોડાવે છે. આ પર્વ અહંમાંથી અર્હ તરફ પ્રસ્થાન કરવા, જીવમાંથી શીવ બનવાની પ્રેરણા આપે છે. દીપાવલીમાં લોકો વાસણના કાટ ઉતારે છે પણ પર્યુષણમાં વાસનાનો કાટ ઉતારવાનો છે. હવાના પ્રદુષણને, પાણીના પ્રદુષણને અટકાવવાનો ચારે બાજુ પ્રચાર થઈ રહ્યો છે પરંતુ અફસોસ છે કે આત્માના દૂષણને અટકાવવાનું કોઈને યાદ પણ આવતું નથી. આ પર્વ આત્માના દૂષણોને અટકાવવાનો શંખનાદ ફૂંકી રહ્યું છે.

આજે બીજા દિવસે આપણા વ્યાખ્યાનનો વિષય છે. **"જીવતા આવડે તો જિંદગી"**. અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે આ પૃથ્વીના પટ ઉપર એક મિનિટ એવી નથી કે જન્મ મરણ ન થતાં હોય. આ ચકાવામાં આપણે પણ આવ્યા છીએ. અહીં એ વિચારવાનું છે કે આપણે જન્મ્યા અને બીજા જીવો પણ જન્મ્યા છે. તેમાં તમને કાંઈ ફરક દેખાય છે? તમે જે ફરક માનો છો તે હું પૂછતી નથી. તમે તો એ જવાબ આપશો કે જેની પાસે ધનારામા છે, ખનખનીયા ખખડે છે તેના મૂલ્ય થાય છે, તેની કિંમત અંકાય છે. જૈન પરિભાષામાં કહું તો જૈનદર્શને તેની કિંમત આંકી નથી; છતાં થોડી ઘણી કિંમત અંકાય છે તે કઈ અપેક્ષાએ? તે માટે આજનો વિષય છે. "જીવતા આવડે તો જિંદગી" નહિ તો બરબાદી. આપણે જીવન કેવી રીતે જીવવું છે? સુખે જીવવું છે કે દુઃખે જીવવું છે? જીવન જીવીને જવું છે કે જીવતા છતાં મરેલા જેવું જીવન જીવવું છે? એ સ્વતંત્ર માલિકના હાથની વાત છે. ઘરમાં દશ સભ્યો હોય, દરેકે કેવું જીવન જીવવું એ પોતાના હાથની વાત છે. કોઇ કોઇનો માલિક નથી. આપણો અનંતો કાળ તો ભૂલભરેલો હતો. તેને ભૂલી જઇને વર્તમાનકાળની જિંદગી સુધારીશું તો ભવિષ્યકાળ તો સુધરી જશે ને ભૂતકાળ પણ સુધરી જશે. જે આજે સુધરેલો છે તે કાલે સુધરેલો રહેશે. વર્તમાનમાં જેના આચારવિચાર વર્તન સુધર્યા તેની ભવિષ્યની જિંદગી સુધરેલી રહેવાની અને ભૂતકાળ પણ કંઇક ધોવાઈ જશે.

જિંદગી જીવવા માટે જ્ઞાનીએ ત્રણ શબ્દો બતાવ્યા. **"સાધના, વંદના અને વેદના"**. પહેલો શબ્દ છે સાધના. સાધના એટલે આત્મા તરફનું લક્ષ આવે અને દેહ તરફનું લક્ષ છૂટે. આત્મલક્ષે જે ક્રિયાઓ કરવામાં આવે અને તે ક્રિયાઓ કરતાં ઉપસર્ગ આવી જાય તો તેને સમભાવે સહન કરવામાં આવે તેને સાધના કહેવાય. જેણે જીવનમાં સાધના કરી તેને આપણે વંદણા કરીએ છીએ. આપણે બોલીએ છીએ કે ધન્ય છે ધન્ય છે એ મહાન આત્માર્થી સાધકોને! કે જેમને જિંદગી જીવતા આવડી. સાધના કરી જેણે આત્માને સાધ્યો તેણે જગતને સાધ્યુ. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે **"एगे जिए जिया पंच, पंच जिए जिया दस."**

दसहा उ जिणित्ताणं, सव्वसत्तू जिणामहं ।। उ-सू अ-२३ गा-३६

એક નિરંકુશ આત્માને જેણે જીત્યો તેણે પાંચને જીત્યા અને જેણે પાંચને જીત્યા તેણે દસને જીત્યા અને દશ પ્રકારના શત્રુઓને જીત્યા તેણે બધા શત્રુઓને જીતી લીધા.

જેણે સાધના દ્વારા આત્માને સાધ્યો એને આપણે વંદન કરીએ છીએ. તે સાધના કરતા તેમના પર ઉપસર્ગોના કેવા ભયંકર ઉલ્કાપાત મચ્યા, છતાં જરા પણ ઉકળાટ ન આવ્યો. આપણા શાસનપિતા પ્રભુ મહાવીર સ્વામીના ઘોર સાધના કરતા જીવન તરફ દૃષ્ટિ કરીએ તો શરીરે ધ્રુજારી છૂટી જાય છે. પ્રભુ જ્યારે સાધના કરવા ધ્યાનાવસ્થામાં ઊભા હતા ત્યારે ગોવાળીયો કાનમાં ખીલા મારવા આવ્યો. તે સમયે કેવા અદ્‌ભુત વિચારો કર્યા. મેં પૂર્વભવોમાં એને માર્યું છે માટે મને મારવા આવ્યો છે. તેના પર કરૂણા કરી. સાધના કરનાર સાધક પરદોષ ન દેખે પણ સ્વદોષદર્શન કરે. કોઈ ભવમાં તેની સાથે વૈર બાંધ્યું હશે, એ કર્મો આજે ઉદયમાં આવ્યા છે. કાનમાં ખીલા માર્યા ત્યારે કેવી અસહ્ય વેદના! છતાં સમાધિ ન ચૂકયા. મેતારજમુનિના માથે વાધરી વીંટી. કેટલું કષ્ટ પડયું છતાં જરા પણ ડગ્યા નહિ. આનું નામ સાધના. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને પાપી પાલકે ઘાણીમાં પીલ્યા, લોહીના કુવારા ઉડયા છતાં સમતાસાગર મુનિઓ કેવી આત્મમસ્તીમાં ઝૂલ્યા! તેમને વેદના નહીં થઈ હોય! વેદના તો અનંતી હતી પણ સાધનામા જોડાઈ ગયા. આત્મમસ્તીમાં ઝૂકી ગયા તો તેમને કષ્ટનો અનુભવ ન થઈ શકયો. આપણો કોઈ અંગુઠો દબાવે તો પણ ક્રોધ આવી જાય છે જ્યારે આવા પરિષહોમાં સમતા સાધક મુનિઓએ કેવી સ્થિરતા કેળવી!

ખંધક મુનિની ચામડી ચડચડ ઉતારે છે છતાં કેવી પ્રસન્નતા! કેટલી સમતા! નાના બાળમુનિ ગજસુકુમારના માથે ધગધગતા અંગારા મૂકયા. કેવી ભયંકર વેદના થઈ હશે! પગ નીચે એક બીડી ચંપાઈ જાય તો અરે થઇ જાય છે જ્યારે આ તો માથે અંગારા! કેવી અસહ્ય બળતરા! છતાં અંશ માત્ર ચિત્તની સ્વસ્થતા ન ગુમાવી. ભગવાન મહાવીર સ્વામી પર અભવી સંગમે તો ઉપસર્ગોની ઝડી વરસાવી જે સાંભળતા કાળજુ કંપી જાય. સિદ્ધાંતમાં આવા અનેક દાખલાઓ છે જેમણે કષ્ટ સહન કરતાં સિદ્ધિ સાધી એનું નામ સાચા સાધક. એ જ સાચી જિંદગી.

સાધક રે... પ્રભુના શાસનમાં જોજે કર્મ ના બંધાય, સાધના કરવાથી સિદ્ધિ સંધાય. (૨)

જૈન શાસનમાં જાગ્યા નહિ તો લૂંટાયા પળવારમાં (૨)
કર્મબંધનથી હટયા નહિ તો ફસાયા ભવવનમાં (૨)
સાધક રે....જાગૃતિની જ્યોતિ જોજે ના બુઝાય....સાધના કરવાથી....

સાધનાનો માર્ગ સરળ નથી. એ માર્ગ પર ચાલતા અનેક પ્રકારના સંકટો ઉપસ્થિત થાય છે તો સાધક આત્મા સમ્યક્ પ્રકારથી સમભાવથી તેને સહન કરે છે. સાચા સાધકને કષ્ટો કે પરિષહો કષ્ટરૂપ નથી લાગતા. તે પોતાની દૃષ્ટિને એવી રીતે કેળવે છે કે તેને પરિષહ કે ઉપસર્ગ બાધકરૂપ ન બને પણ સાધકરૂપ બને. પરિષહોને

તે આત્મબલની કસોટી સમજે છે **समुप्पेहमाणस्स इक्कायय्यण-रहस्स इह विप्पमुक्कस्स नत्थि मग्गे विरयस्स** । આચારાંગ અ. ૫. ઉ. ૨.

જે સાધક દેહના દ્રષ્ટા અને અવસરના વિચારક છે, જે આત્માના ગુણોમાં રમણતા કરવાવાળા છે, જે શરીર આદિમાં નિરાસક્ત અને ત્યાગી છે તે આવેલા કષ્ટોને હસતા મુખે વધાવી શકે છે એવા આત્મા અનંત સંસારમાં પરિભ્રમણ કરતા નથી પણ મુક્ત બની જાય છે. તે મૃત્યુંજય બની જાય છે. કયારેક આપણા જીવનમાં સંકટો આવે, દુઃખ આવે ત્યારે ક્ષમાસાગર સાધકોને દૃષ્ટિ સામે રાખવા. કયાં એ સાધકોના સાગર સમાન દુઃખ ! કયાં મારું અલ્પ દુઃખ ! એ કેવા સમતાના સાગર ! અને કયાં હું ! એમની સાથે આપણા દુઃખોની સરખામણી કરીએ તો દુઃખ છતાં દુઃખ દેખાશે નહિ અને દુઃખમાં સુખનો અનુભવ કરીશું. કર્મો તો કોઈને છોડતા નથી. ચાહે સંયમી સાધક હોય કે સંસારી હોય ! બધાને ભોગવવા પડે છે.

એક મહાન આત્માર્થી સંત હતા. તેમને બરડામાં કેન્સર થયું. કેન્સરની પીડા ભયંકર. તે વળી પાછળના ભાગમાં એટલે ચત્તા સૂઈ શકાય નહિ. કેન્સર ખૂબ વ્યાપી ગયું છે. અસહ્ય વેદના છે. આવી અસહ્ય વેદના છતાં મસ્તીનો પાર નહિ એક વાર કોઈએ તેમને પૂછયું–તમને વેદના ખૂબ થાય છે ? ત્યારે તે સંતે શું કહ્યું–ભાઈ ! મને ખૂબ શાતા છે. અપૂર્વ આનંદ છે. મનગમતી આત્મમસ્તી છે. મારા આત્માએ પૂર્વજન્મોમાં એવા ભયંકર કર્મો કર્યા હશે તો આ કેન્સર જેવો રોગ આવે ને ! આજે સૌથી વધુમાં વધુ ભયંકર રોગ તમે કોને કહો છો ? (શ્રોતા–કેન્સરને.) બધા રોગોની શોધ નીકળી છે પણ હજુ કેન્સરનો રોગ મટે એવી કોઈ શોધ નીકળી નથી. સંતને કેન્સરની પીડા ખૂબ છે. કોઈ કહે આ રોગ માટે કોઈ ઉપચાર તો કરો; ત્યારે સંતે શું જવાબ આપ્યો ? તમને લાગે છે કે મને પીઠ પાછળ કેન્સર થયું છે પણ ભાઈ ! **"આ કેન્સર નથી, સદાવ્રત ખોલ્યું છે."** જિંદગીમાં મેં કોઈ દિવસ કોઈને જમાડયા નથી. આ તો કુદરતે મને બધું અનુકૂળ કરી આપ્યું છે. સદાવ્રતમાં રોજ અતિથિઓ, ગરીબ આદિ માણસો જમતા હોય તેમ આ સદાવ્રતમાં કેન્સરના જે જીવાણુઓ છે તે ચોવીસે કલાક એમાં ભોજન કરી રહ્યા છે. મારા બરડાનું માંસ ભલે ધરાઈ ધરાઈને ખાય. મારે તેમને મારવાની કે દુઃખ દેવાની કોઈ ક્રિયા કરવી નથી. કોઈ પણ ભવમાં ભયંકર પાપો કર્યા હશે તે આજે ઉદયમાં આવ્યા છે.

કોઈ ભવમાં બાંધેલા મારા કર્મો જાગ્યા છે, કાયાના દર્દ રૂપે મને પીડવા લાગ્યા છે

આ જ્ઞાન રહે તાજું એવું સીંચન જળ દેજો.
સમતાથી દર્દ સહુ પ્રભુ એવું બળ દેજો,
મારી ભક્તિ સાચી હો તો આટલું ફળ દેજો.

સંત શું બોલે છે–કોઈ ભવમાં બાંધેલા કર્મો મને આ ભવમાં ઉદયમાં આવ્યા છે અને કાયાના દર્દરૂપે પીડા કરી રહ્યા છે. આવેલા આ દર્દને હું સમભાવથી સહન કરું એવી મને પ્રભુ શક્તિ આપે એ ભાવના છે. આવેલા ભયંકર દર્દને, ઉપસર્ગને સમભાવે સહન કરવું તેનું નામ સાધના. પેલો પૂછનારો ભાઈ સંતનો જવાબ સાંભળી સ્તબ્ધ થઈ ગયો. આટલી ભયંકર માંદગીમાં આવી સાત્ત્વિક મનોવૃત્તિ કેળવનારના મનમાં જીવદયાની ભાવના કેટલી હશે ? જિંદગી એટલે શું ?

"થીજવી દે હાડ એવી આફતોની ટાઢમાં,
હુંફ દેવા અન્યને જે ધગધગે એ જિંદગી."

આફતો રૂપી ટાઢ–ઠંડી એવી પડે કે જે હાડને થીજવી નાંખે એવી ઠંડીમાં બીજાને હૂંફ દેવા પોતે અગ્નિની જેમ બળે એનું નામ જિંદગી. આ સંતે બીજા જીવોની દયા ખાતર કેવું દર્દ વેઠયું ! આવી સાધના જે કરે છે તેમને આપણી વંદણા છે.

સાધના અને વંદણાની વાત સમજ્યા. હવે વેદનાની વાત વિચારીએ. અનેક પ્રકારના મરણાંત કષ્ટોમાં પણ સાધકોની મેરૂ જેવી અડોલ ધૈર્યતા દેખાડતી સાધના દેખાય છે ત્યારે બીજી બાજુ અત્યારે અનંતી વેદના ભોગવતા તિર્યંચો દેખાય છે. આજના જમાનામાં ડુક્કરોને જીવતા પકડી જાય છે પછી તેને અદ્ધર લટકાવી નીચે અગ્નિ સળગાવે છે. જીવતા ડુક્કરો બિચારા અગ્નિમાં શેકાઈ જાય છે. બિચારા ગરીબ બકરાંઓ જોતજોતામાં કસાઈની છરીથી કપાઈ જાય છે. કૂતરાંઓને મારવા માટે ઝેરી લાડવા મૂકે છે. તે લાડવા ખાય પછી શરીરમાં ઝેર પરિણમે ત્યારે તેની નસેનસો કેવી રીતે ખેંચાતી હશે ! તે તરફડી તરફડીને મરે છે. જીવતા માછલાને અગ્નિમાં ફેંકી દે છે. બળદો બિચારા માલિકના કેટલા માર ખાય છે ! તિર્યંચમાં જીવો કેવી કાતિલ વેદનાઓ ભોગવી રહ્યા છે. માનવમાં પણ બિચારા મજૂરો પોતાના ગજા ઉપરાંત કેટલો ભાર ખેંચે છે ? કેન્સર વગેરે ભયંકર રોગોથી ઘેરાયેલા રોગીઓ કેટલી પીડા ભોગવી રહ્યા છે. આ બધા ય માનવો અને તિર્યંચો મરણાંત વેદના ભોગવતા નજરે પડે છે.

નરકમાં દુઃખ ભોગવતા નારકીના જીવો કેવી વેદના ભોગવી રહ્યા છે. કાપો-મારોની બૂમો સંભળાતી હોય છે. પરમાધામી તે નારકીના જીવોના મુખમાં ધગધગતા સીસાનો રસ રેડે છે ત્યારે તે જીવો ચીસાચીસ કરી મૂકે છે. પાણી પીવા જતાં તેના અંગો છેદાઈ જાય. તે જીવોને તો એક ઘડી પણ સુખનો વિસામો મળતો નથી.

णिमेसंतरमित्तं पि जं साया णत्थि वेदणा ।

આંખ બંધ કરીને ખોલવામાં જેટલો સમય લાગે છે તેટલો સમય પણ તેમને શાતા વેદનીય નથી. માત્ર તીર્થંકર ભગવંતોના પાંચ કલ્યાણકો ઉજવાય ત્યારે અંતર્મુહૂર્ત શાંતિ મળે છે બાકી એક ક્ષણ પણ સુખ નથી. મનુષ્ય લોકમાં જેવી વેદના છે તેનાથી અનંતગણી દુઃખરૂપ અશાતા વેદના છે. આવી ભયંકર અશાતા વેદના તે જીવો ભોગવે છે. દેવલોકમાં ભૌતિક સંપત્તિ તો લખલૂટ છે પણ અતૃપ્તિ અને ઈર્ષ્યાની આગમાં

પળે પળે માનસિક રીતે દેવો બળી રહ્યા છે. આ રીતે ચારે ગતિમાં જીવો વેદના ભોગવી રહ્યા છે અને આત્માર્થી સાધકોએ પણ ઉપસર્ગોમાં અનંતી વેદના ભોગવી છે પણ બંનેના ભોગવવામાં ફરક છે. એ મહાપુરૂષો મોતને હાથમાં રાખીને કર્મસત્તાની સામે સમતા, ક્ષમાના હથિયારો લઈ શૂરવીરતાથી ઝઝૂમ્યા તેથી એ સાધકોને આપણે વંદણા કરીએ છીએ. જ્યારે બીજી બાજુ કર્મસત્તાના ગુલામ બનેલા મરવાના વાંકે જીવી રહેલા જીવોની વેદના ભયંકર છે તે જીવોને સમજણ નથી, જ્ઞાન નથી એટલે એ વેદનાઓ ભોગવતા હાયવોય કરે છે. પરિણામે અશુભ કર્મનો બંધ કરે છે, તેથી તેને વંદણા કરતા નથી. જ્યારે સાધક આત્મા સમભાવે વેદના ભોગવતાં નવા કર્મનો બંધ કરતા નથી અને જૂના કર્મોને ખપાવી સિદ્ધિ મેળવી શકે છે એટલે તેમને વંદન કરીએ છીએ. આપણને આ સમજણવાળો માનવ અવતાર મળ્યો છે માટે સમજી લો. જો નહિ સમજ્યા તો શી દશા થશે ?

આ માનવજીવનને એક સ્કૂલની ઉપમા આપવામાં આવી છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓ ભણવા જાય છે ત્યાં ઘણા વિદ્યાર્થીઓ હોય છે. સ્કૂલમાં બધા વિદ્યાર્થીઓ એકસરખા હોતા નથી. ઘણા એવા હોંશિયાર વિદ્યાર્થી હોય કે દર વર્ષે ફર્સ્ટ નંબરે પાસ થાય. આ તો તમારા અનુભવની વાત છે ને ? એવા હોંશિયાર વિદ્યાર્થીઓને ટ્યુશન રાખવું પડતું નથી. કંઈક વિદ્યાર્થીઓ તો લાયબ્રેરીમાં પુસ્તકો વાંચીને ફર્સ્ટ નંબરે આવે છે. સ્કૂલમાં દાખલ થનારા બધા વિદ્યાર્થીઓ કાંઈ એવા તેજસ્વી કે હોંશિયાર હોતા નથી કે દરેક વર્ષે સારા માર્કે પાસ થઈ જાય અને આગળના કલાસમાં જાય. કેટલાક વિદ્યાર્થીઓ દર વર્ષે પાસ થતા હોય છે અરે ! કેટલાક એવા તેજસ્વી હોય છે કે એક વર્ષમાં બબ્બે ધોરણ પણ પાસ કરે છે ને આગળ વધે છે. જ્યારે કેટલાક એવા ઠોઠ વિદ્યાર્થીઓ હોય છે કે જેઓ એક જ ધોરણમાં બે ત્રણ વર્ષ પસાર કરે છે. આ રીતે સ્કૂલમાં કોઈ ફર્સ્ટ કલાસ, કોઈ સેકંડ તો કોઈ થર્ડ કલાસમાં પાસ થાય છે, કોઈ નપાસ થાય તો કોઈ બબ્બે ધોરણ સાથે કરે.

માનવજીવન એટલે મહાવીરની સ્કૂલના વિદ્યાર્થી : સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે આપણું જીવન સરખાવવાનું છે. આપણે બધા મહાવીરની સ્કૂલના વિદ્યાર્થીઓ છીએ. કોઈ ફર્સ્ટ કલાસ જેવા છે. જે આત્મા આ માનવજીવનમાં પોતાને મળેલી શક્તિઓનો સદુપયોગ કરે છે, જીવનમાં સાધના–આરાધના કરે છે. તે ત્રણ ભવ–પાંચ ભવોમાં પોતાના સંસારને સીમિત કરી દે છે એટલે કે ત્રણ ભવે કે પાંચ ભવે સર્વથા કર્મબંધનથી મુક્ત થઈ મોક્ષમાં પહોંચી જાય છે. આ વિદ્યાર્થી ફર્સ્ટકલાસ પાસ થનારા જેવા છે. આ સ્કૂલમાં પણ બધા વિદ્યાર્થીઓ સરખા હોતા નથી–કોઈ હોંશિયાર વિદ્યાર્થી બે ધોરણ એક વર્ષમાં સાથે કરે તેમ કોઈ જીવ પોતાનો આત્મસાધનાનો પ્રચંડ પુરૂષાર્થ કરે, પુરૂષાર્થના બળે ગુણસ્થાનની શ્રેણીએ આગળ વધતાં મોહનીય કર્મની

૨૮ પ્રકૃતિઓને સર્વથા ક્ષય કરે, પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયને ખપાવે. છેલ્લે ૧૨ મા ગુણસ્થાનના છેલ્લા સમયે અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે કેવળજ્ઞાન, કેવળદર્શન પામી જાય. તેરમા ગુણસ્થાને ગયેલો જીવ કયારેય પણ નીચે પડવાનો નથી. જે તેરમે ગયો તે અવશ્ય ચૌદમે જઈને મોક્ષમાં જવાનો. પડે તો ૧૧મા ગુણસ્થાનકેથી પડે. ત્યાં બે વાત છે. જો ત્યાં કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય, પછી મનુષ્ય થઈને મોક્ષે જાય કાં તો પડવાઈ થાય. વિદ્યાર્થી એસ. એસ. સી.માં એક વિષયમાં નાપાસ થયો. તેણે મહેનત કરી તો ફરી વાર પાસ થઈ ગયો; તેમ ૧૧મા ગુણસ્થાનકેથી જીવ પડયો. પડતાં પડતાં આઠમે આવ્યો. ત્યાં આત્મા સજાગ બન્યો તો ક્ષપક શ્રેણી માંડે, પછી દશમે થઈ સીધો બારમે, તેરમે, ચૌદમે થઈને મોક્ષમાં પહોંચી જાય. જે ત્રીજે કે પાંચમે ભવે મોક્ષમાં જનારા છે તે ફર્સ્ટ કલાસના વિદ્યાર્થીઓ છે. જે જીવો એ જ ભવમાં મોક્ષે જાય છે તે ડબલ ધોરણ એક વર્ષમાં કરનાર જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ છે. જે થર્ડ કલાસ પાસ થાય છે તે ૧૫ ભવે મોક્ષમાં જનાર વિદ્યાર્થીઓ છે.

તમારી સ્કૂલમાં અને આપણી મહાવીર પ્રભુની સ્કૂલમાં કયાં વિશેષતા છે? એ વાત સમજવી છે. જે ઠોઠ વિદ્યાર્થી હોય છે તે એક ધોરણમાં બે ત્રણ વર્ષ પસાર કરે છે આવા વિદ્યાર્થીઓ ભણવામાં ગમે તેટલા બેદરકાર હોય છતાં સ્કૂલનો એવો કાયદો નથી કે એને એ ધોરણમાંથી નીચે ઉતારી દે. પાંચમા ધોરણમાં બે ત્રણ વર્ષ રહ્યો તો કોઈ એને ચોથા ધોરણમાં મૂકે એવું બનતું નથી, પણ જો તમે ચૂકયા તો તમને કયાંયના કયાંય મૂકી દેશે. તમારી શી દશા થશે? તમારી સ્કૂલ કેવી છે? કેટલા પુણ્યનો પુંજ એકઠો કર્યો હશે ત્યારે આ માનવભવ મળ્યો. સાથે આત્મસાધનાના અદ્‌ભુત સાધનો મળ્યા. યાદ રાખજો સ્કૂલમાં એક જ ધોરણમાં ત્રણ વાર નાપાસ થયો કે દશ વાર થયો પણ એને પાંચમા ધોરણમાંથી ચોથા ધોરણમા કોઈ નહિ ઉતારે પણ આ માનવજન્મ કેવો છે! અનાર્ય ભૂમિમાં જન્મ મળ્યો હોત તો કાપો-મારો એવા કાર્યમાં જીવ રચ્યો રહેત. જ્યાં કર્મબંધ સિવાય બીજી વાત નહિ આજે તમને માનવ જન્મ, આર્યભૂમિ, જૈનધર્મ, ઉચ્ચકુળ અને મહાવીરનો માર્ગ મળ્યો. આ મળેલા અદ્‌ભુત સાધનોની અને શક્તિઓની કિંમત ન સમજ્યા અથવા એનો દુરૂપયોગ કર્યો, ઇન્દ્રિયોના વિષયસુખોમાં મસ્ત બન્યા તો મેળવતા કાંઇ નથી પણ કલ્પના બહારનું ગુમાવી બેસો છો. હવે તો એ વિષયસુખોથી નિવૃત્તિ લો. કયાં સુધી કામના વિષયના ભિખારી રહેશો? તમે તમારા આત્માને કહો-હે વિષયસુખના ભિખારી! હજુ કયાં સુધી ભટકીશ? હવે તો તારા સ્વઘરમાં આવ. યાદ રાખજો. **પાંચમા ધોરણમાં દશ વાર નાપાસ થનારો પાંચમા ધોરણમાં જ રહે. ચોથા ધોરણમાં ન જાય પણ માનવજીવનમાં જો બેદરકાર રહ્યા અને નાપાસ થયા તો તમને નરક-નિગોદ કે તિર્યંચમાં કયાંય ફેંકી દેશે.** મનુષ્ય ભવ મળ્યો એટલે એવું નિર્માણ નથી

થયું કે નરક નિગોદમાં નહિ જવાનું. આ ભવમાં જો ભૂલ્યા તો અનંતકાળે મળેલો આ જન્મ પળવારમાં ગુમાવી દેશો. નરકમાં જીવ જશે તો કેવા જાલિમ દુઃખો ભોગવવા પડશે ! નિગોદમાં તો નરક કરતાં અનંતુ દુઃખ છે. અનંતકાળે તેમાંથી છૂટકારો નહિ થાય માટે હવે સમજો. અહીં બેઠેલા કેટલાય જીવો વનમાં આવી ગયા છે. હુવે તો આત્માને જાણો. હજુ એમ નથી થતું કે હવે આ અજંપો છોડીએ ને આત્માનું શોધીએ. ગાડાના બેલ બનીને કયાં સુધી સંસારના ભાર ખેંચ્યા કરશો ? મને તો થાય છે કે તમારી શું સ્થિતિ થશે ?

આ ભવમાં જો આરાધના–સાધના કરશો તો તમને વંદના થશે. પ્રતિક્રમણ સૂત્રમાં રોજ બોલીએ છીએ **"નમો ચઉવીસાએ તિત્થયરાણું ઉસભાઇ મહાવીર."** ઋષભદેવથી લઈને મહાવીર સ્વામી સુધીના ૨૪ તીર્થંકરોને હું વંદના કરું છું. જે ત્યાગી આત્માઓ સાધના દ્વારા કર્મો ખપાવીને મોક્ષમાં ગયા તે બધાને આપણે વંદન કરીએ છીએ. કતલખાનામાં જીવતા પશુઓ કપાય, મરાય, શેકાય તેના ટુકડા થાય તે જીવો અનંતી વેદના ભોગવે છતાં તેમને કોઈ છોડાવનાર કે બચાવનાર નથી. આ જીવો વેદના ભોગવે છે અને ગજસુકુમારે પણ મસ્તક પર સળગતા અંગારાની બે ઘડી જેટલી વેદના ભોગવી પણ ગજસુકુમાર મુનિની વેદનાએ મોક્ષ અપાવ્યો કારણ કે સમજણપૂર્વક સમભાવે વેદના ભોગવી. જ્યારે પશુઓની વેદના મોક્ષ નહિ અપાવે કારણ કે ત્યાં આર્તધ્યાન–રૌદ્રધ્યાન છે. પરાધીનપણે, અજ્ઞાનપણે વેદના ભોગવે છે, માટે સમતાના ઘરમાં આવો. જો સમતાના ઘરમાં નહિ આવો, આસક્તિ, મમતા, કષાયો નહિ ઘટાડો તો વેદનામાં ઉતરી જશો. એટલે જ્યાં વેદના ભોગવવી પડે એવા ભવમાં જશો અને સાધના નહિ કરો તો કોઈની વંદનાને પાત્ર તો નહિ રહો પણ વેદનામાં એટલે નરક–નિગોદ આદિમાં કયાંય ફેંકાઇ જશો. નિગોદમાં એક શરીરે અનંતા જીવો. ત્યાં જીવ ગયો તો શરીરમાં પણ ભાગીદારી કરી. તે જીવો અવ્યક્ત વેદના ભોગવે છે એ દશા ઉપર ન જવું હોય તો સાધના કરો. પૌદ્ગલિક સુખ માટે જીવો સાધના તો ઘણી કરતા હોય છે હવે આત્મા માટે સાધના કરો. જ્યાં સુધી હાથમાં બાજી છે ત્યાં સુધી સાધના કરી લો. પૌદ્ગલિક સુખ ગમે તેટલું હોય પણ જ્યાં આત્માનું સુખ નથી તો એ સુખ શા કામનું ? માટે સમજીને વિચારીને ઊભા થાવ. સ્વલક્ષે સાધના કરો.

પરાધીનપણે જીવ પશુયોનિમાં કપાયો, છેદાયો, શેકાયો, ભેદાયો, નરકગતિમાં પરમાધામીના હાથે કપાયો. તે સમયે અનંતી વેદના ભોગવી છતાં જીવને જરા પણ લાભ થયો નહિ. એક બાજુ ઘોર સાધનાનો માર્ગ છે તો બીજી બાજુ દુર્ગતિઓમાં કાતિલ વેદનાઓને સહન કરવાનો માર્ગ છે. જીવનમાં ફરીને વેદનાઓ ભોગવવી ન પડે અને સાધનાના માર્ગે બહાદુરીપૂર્વક પ્રયાણ કરી શકાય તેવો એક ઉપાય છે વંદનાનો. સાધનાના માર્ગે જઈ રહેલા મહાન ગુણસાગર આત્માઓને વંદના કરવાનો વિશુદ્ધભાવ

જો એક વાર દિલમાં આવી જાય તો કામ થઈ જાય. વંદના વેદનામય જીવનને ખતમ કરી નાંખશે અને સાધના માટેના સત્ત્વને પ્રકટ કરશે. મહાન આત્માર્થી સાધકોએ પોતાના બળનો ઉપયોગ કર્મ ખપાવવામાં કર્યો પણ કર્મ બંધાય તેવા કાર્યોમાં ન કર્યો. આપણા ભગવાન મહાવીર સ્વામીનું બળ કેટલું ? જેમણે એક અંગૂઠે ડુંગર ડોલાવ્યો. એ ભગવાન ધારત તો કાનમાં ખીલા નાંખવા આવનાર ગોવાળને એક ધક્કો ન મારી શકત ! તેમના એક ધક્કામાં તો તે ભોંય ભેગો થઈ જાત પણ ના....ના.... એમાં ઉપયોગ ન કર્યો; પણ કર્મ ખપાવવામાં કર્યો તો તેમને આપણે વંદણા કરીએ છીએ. સ્કૂલમાં પાંચ વાર સાત વાર કે દશ વાર એક જ ધોરણમાં નાપાસ થનાર વિદ્યાર્થી નીચેના ધોરણમાં જતો નથી પણ તમે અહીં નાપાસ થયા તો નરક–નિગોદમાં કયાંય નીચે જતા રહેશો. સંયમી સાધક પણ પોતાના સાધક જીવનમાં નાપાસ થાય એટલે કે બેદરકાર રહે તો તે પણ પછાડ ખાઈ જાય છે.

મહામુનિ અષાઢાભૂતિએ સંયમી જીવનમાં કેટલી અઘોર સાધના કરી. એ તપના પ્રભાવે એમને લબ્ધિઓ પેદા થઈ હતી. ટોચે ચઢેલા સાધકને પણ પતન થતા વાર લાગતી નથી માટે જ્ઞાનીએ કહ્યું છે કે હે સાધક ! સાધુપણું લીધા પછી પાંચે ઇન્દ્રિયો પર બ્રેક મારવી પડશે. એકે ઇન્દ્રિયના ઘોડા છૂટા નહિ મૂકાય. સંસારમાં પણ પગલે પગલે સાવધાન રહેવાનું કહ્યું છે તો પછી તપોધારી, ચારિત્રવાન, બ્રહ્મચારીઓને તો કેટલી સાવધાનીની જરૂર છે ! અષાઢાભૂતિ મુનિ ગૌચરી ગયા, તેમને ખબર નહિ કે આ ઘર કોનું છે ? આ મુનિ દેખાવમાં રાજકુમાર જેવા આકર્ષણ કરે એવા છે. સંત ગૌચરી જતા હતા ત્યાં ઘરમાં એક નટકન્યા ઊભી હતી. તેણે કહ્યું–પધારો ગુરૂ મહારાજ ! સંતને ખબર ન હતી તેથી તે ઘરમાં ગૌચરી ગયા. તે કન્યાએ સંતને લાડવા વહોરાવ્યા. સંતે લાડવા લીધા. આ મુનિ ખૂબ ચારિત્રવાન, તપોધની સંયમી સાધુ છે પણ જ્ઞાની કહે છે જીવતા આવડે તો જિંદગી.

જીવતા જો આવડે તો જીવનમાં લહેર છે,
ના જીવતાં આવડે તો ચારે બાજુ ઝેર છે.

જો જીવન જીવતા આવડે તો લીલાલહેર અને ન આવડે તો ચારે બાજુ ઝેર. જીવન કેમ જીવવું અને કેમ ન જીવવું તેનો દોર આપણા હાથમાં છે.

આ ચારિત્રસંપન્ન મુનિ ગોથું ખાઈ ગયા. કેવી સ્થિતિ થઈ ? આ મુનિએ સંસારની આગને ઓલવી નાંખી હતી પણ સત્તામાં પડેલા અગ્નિના તણખાએ સાધુને રસેન્દ્રિયનો લોલુપ્ત બનાવી દીધો તેમણે રસેન્દ્રિય પરનો કાબુ ગુમાવ્યો અને ગોથું ખાધું. ગૌચરીમાં આવેલ લાડવામાં ખૂબ વસાણા નાંખેલા હતા એટલે તેમાંથી સુગંધ આવી. મુનિના મનમાં વિચાર થયો કે આટલો લાડવો લઈને જઈશ. અમારો પરિવાર મોટો છે તો મારા ભાગે શું આવશે ? તપ કરવા છતાં રસેન્દ્રિયની લોલુપતા છૂટી નથી; તો જે કર્મોની નિર્જરા થવી જોઈએ તે થતી નથી. તપ અનંત ભવના આત્મા

પર લાગેલા કર્મોને ઉખેડીને ફેંકી દેવા માટે છે. અનંતકાળથી જીવે ઇન્દ્રિયો પર બ્રેક મારી નથી, વિજય મેળવ્યો નથી. જીવનમાં નિર્મળતા આવી નથી એટલે તપ કરવા છતાં રસના રાણી તો દોડ્યા કરે છે. માસખમણનું કે બીજી તપશ્ચર્યાનું પારણું હોય ત્યારે જો તેને અનુકૂળ સામગ્રી પ્રાપ્ત ન થઈ; ત્યાં તેને કષાય આવી જાય તો સમજવું કે એણે તપ કર્યો પણ આત્મભાન થયું નથી માટે તાપ થયો. તાપ આત્માનું નુકશાન કરશે.

આ પર્વના દિવસોમાં કંઈક હળુકર્મી આત્માઓ અઠ્ઠાઈ કરશે. તમે માનો કે તેને અંતરાય તૂટી છે. પુણ્યવાન આત્માઓ આઠ-સોળ કરે તો ખ્યાલ પણ ન આવે કે આ ભાઈ કે બહેને ઉપવાસ કર્યા છે. બીજા એક ભાઈએ મનની મક્કમતાથી, મનની દૃઢતાથી અઠ્ઠાઈ કરી. તેને વસમું ખૂબ લાગે છે. તકલીફો થાય છે, અશક્તિ લાગે છે છતાં દૃઢ નિર્ણય કર્યો છે કે મારે અઠ્ઠાઈ કરવી તે સાચી. તે તપનો તાપ કે ઉકળાટ થવા દેતો નથી. તેનું લક્ષ્ય એક જ છે કે મને કર્મોની ઉદીરણા કરવાનો અવસર આવ્યો. તો ઉદીરણા દ્વારા કર્મો ઉદયમાં લાવીને કર્મોને અપાવવાની મને આ તક મળી છે. આજે દિવસ ધન્ય બની ગયો છે. તેણે ખૂબ સમતાપૂર્વક અઠ્ઠાઈ કરી. બેમાં તમે કોને પુણ્યવાન કહેશો ? (શ્રોતા :- સમતાથી સહન કરીને કરે તે). આ તો માત્ર વાતો કરવાની છે. એકે અંતરાય તોડી છે તો તેને સરળતાથી થઈ શકે છે. તેને કસોટી આવતી નથી. તેને ધન્યવાદ તો છે પણ જેને વસમું પડ્યું, કષ્ટ આવ્યું છતાં સમતા રાખી અને દૃઢતા છોડી નહિ તો અનંતા કર્મોના ભુક્કા થઈ જાય છે. કર્મના ગંજના ગંજ બાળી નાંખે છે અને બાંધેલી અંતરાય પણ તૂટી જાય છે; માટે ઉપવાસમાં કદાચ આકરું પડે તો પણ પીછેહઠ ન કરશો. પાછી પાની ન કરશો. શૂરવીર ને ધીર બનજો.

પૂર્વના પુણ્યોદયે સુખ, સંપત્તિ, વૈભવો, પત્ની, બાળકો બધું અનુકૂળ મળ્યું છે તેની મૂર્છામાં જીવનની બરબાદી થાય છે પછી કહેો કે અમારાથી ન થાય. પેલા પૈસાની ખુમારી બોલાવે છે કે મારાથી નહિ થાય. તમે પૂર્વ જન્મમાં તપ કર્યા હશે, દાનપુણ્ય કર્યા હશે, દુઃખીના આંસુ લૂછ્યા હશે, ધર્મ કર્યો હશે તો આ ભવમાં નિરાંતે ખાવપીવો છો. માંદા પડો તો તરત ડોકટર હાજર થાય છે. સૂવા માટે ડનલોપની ગાદી મળે છે. આ બધું પૂર્વનું પુણ્ય ભોગવો છો પણ આ ભવમાં જો કાંઈ કરતા નથી- ધંટડી વગાડો છો તો પછી શું થશે ? ઉપવાસ, એકાસણું કાંઈ થતું નથી, ધંટડી વગાડ્યા કરો છો તો મને ચિંતા થાય છે કે પરભવમાં થશે શું તમારું ? પુણ્યોદયે સંપત્તિ મળી, મહારાજ-રસોઈયો રસોઇ કરતો હોય અને સંત આંગણે પધારે તો બેનને તપેલાને અડવાનો હક પણ નહિ. રસોઈયો વહોરાવે, આટલી અનુકૂળતા મળી છતાં તમારો દાન દેવાનો અધિકાર નહિ ! શું આ તમારી જિંદગી ! પૂર્વના પુણ્યના ફળ ખાઈ રહ્યા છો પણ પછી શું કરશો ? વ્યવહારમાં તમે સમજો છો કે યુવાનીમાં જો વેપાર ધંધો નહિ કરીએ તો ઘડપણમાં શું આશું ? તમે કહેો છો કે બેઠા બેઠા ખાવાથી

તો રાજ્યના ભંડાર પણ ખલાસ થઈ જાય તો આ ભવમાં બેઠા બેઠા ખાવ છો તો તમારા પુણ્યના ભંડાર પણ ખલાસ નહિ થઈ જાય ! પછી પરભવમાં શું કરશો ? હવે સમજો. નહિ થાય એ ભૂલી જાવ. તમારો એકડો ફેરવો. થશે, થશે ને થશે. તો જિંદગી જીવતા આવડી કહેવાય.

સંયમીના વેશમાં આહારસંજ્ઞાએ કરેલું જોર :-અષાઢાભૂતિ ભાન ભૂલ્યા. લાડવાની સુગંધમાં આસક્ત બન્યા. મારા ભાગે કેટલો લાડવો આવશે ? રસેન્દ્રિય તેમના પર સવાર થઇ ગઈ. ફરી વાર તો જવાય કેવી રીતે ? સંયમીના વેષમાં આહારસંજ્ઞાની ગુલામીના કુસંસ્કારોએ જોર કર્યું. થોડે દૂર જઈને તેમણે લબ્ધિના પ્રયોગથી પોતાનું રૂપ બદલ્યું. વેશ સાધુનો રાખ્યો પણ મુખનો ફેઈસ બદલી નાંખ્યો અને બીજી વાર નટકન્યાને ત્યાં વહોરવા ગયા. લબ્ધિના પ્રયોગે તેમને વધુ લાડવા તો અપાવ્યા પણ તેમના સાધક જીવનમાં એક નાની ચિનગારી ચાંપી દીધી અને એ ચિનગારીએ ટૂંક સમયમાં ભયંકર દાવાનળનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું. આહાર સંજ્ઞાની ગુલામીએ મુનિને નટકન્યાને ત્યાં વારંવાર જતા કર્યા. લબ્ધિના પ્રયોગથી રૂપ બદલીને જતા.

આ નટકન્યાના પિતા ગેલેરીમાં ઊભા ઊભા બધું જોતા હતા. આ મહારાજ તો એના એ જ છે. તે શેરીના નાકે જઈને રૂપ બદલીને પાછા આવે છે. આ મહાન શક્તિધારી લબ્ધિધારી સંત છે. એ પોતાના ફેઈસને બદલી શકે છે. ઉંચાઈ નાની મોટી કરી શકે છે. જો આ સંતને આપણા ઘરમાં બેસાડી દઈએ તો આપણું કામ થઈ જાય. નટકન્યાના બાપે વિચાર કર્યો કે કોઈ ઉપાયે એને માયાજાળમાં ફસાવી દઈએ. લાડવાના સ્વાદમાં મુનિ અતિ લોલુપ બન્યા ત્યારે આ સ્થિતિ આવી ને ! કોઇ પણ કાર્યમાં અતિ સારું નહિ, બધું માપમાં સારું.

તમે સુખેથી રહો એટલો પૈસો હોય ત્યાં સુધી વાંધો નહિ પણ જો અતિ વધ્યો તો ચિંતા વધશે. અતિ ભેગું કરવા માટે અન્યાય, અનીતિ, અનાચાર કરવા પડે પરિણામે અનર્થ સર્જાય છે. જરૂરિયાતથી અતિ પૈસો આવ્યો ત્યાં વાંધો છે. જ્યાં મર્યાદા તૂટે અને 'અતિ' થાય ત્યાં પ્રાયઃ કરીને વિનાશ થયા વિના ન રહે. અતિ પૈસો આવ્યો ત્યાં અહંકાર આવ્યો, વ્યસનો આવ્યા. અતિ સંપત્તિના વધુ પડતા સંગ્રહનું પરિણામ છે. વધુ પડતા ભોગવિલાસો સંકલેશો, સરકારનો, ચોર-ડાકુનો વધુ ભય અને છેવટે વધુ પડતું પરિભ્રમણ. 'અતિ'ના આકર્ષણે આપણા જીવનને પાયમાલ કરી નાંખ્યું છે. જીવનમાં મળેલી મહામૂલી શક્તિઓના સદુપયોગ દ્વારા આપણે કાંઈ વિકાસ તો કરી શકયા નથી પણ એ જ શક્તિઓના દુરૂપયોગે આપણે ભયંકર વિનાશના માર્ગે જઈ ચઢયા છીએ. 'અતિ' ની પ્રાપ્તિ કરવા પુરૂષાર્થ કરો છો પણ 'અતિ' ની પ્રાપ્તિ થાય એવું તમારું પુણ્ય તો છે નહિ. 'અતિ' ની પ્રાપ્તિ માટે જીવની દોડધામ જોઈએ તો ગલીએ ગલીએ રોટલાના ટુકડા માટે ભટકતા ભિખારી જેવી છે. જીવ ભટકે છે ખૂબ પણ રોટલાના ટુકડાને બદલે મોટે ભાગે તો બધેથી

અપમાન અને તિરસ્કાર મળે છે તેવી રીતે 'અતિ' પાછળની આંધળી દોટે જીવને અતિની પ્રાપ્તિ તો થવા દીધી નથી પણ ચિત્તમાં ભયંકર સંકલેશો પેદા કર્યા છે. જગતના નિર્દોષ જીવો સાથે દુશ્મનાવટો ઊભી કરાવી છે અને દીર્ઘકાલીન સંસારમાં રખડવાનું નિશ્ચિત કરી દીધું છે માટે 'અતિ' છોડવા જેવું છે.

રસનાના સ્વાદે કરેલું પતન : અષાઢાભૂતિ મુનિને અતિ રસનાની આસક્તિએ નટકન્યાને ત્યાં વારંવાર જતા કર્યા. નટકન્યાના બાપે દીકરીને કહ્યું–આપણે ત્યાં જે સંત ત્રણ ચાર વાર આવ્યા તે મુનિ તો એકના એક છે, પણ એમનામાં રૂપ બદલવાની અદ્‌ભૂત શક્તિ લાગે છે. તે જો આપણા ઘરમાં રહી જાય તો આપણું કામ થઈ જાય. વારંવાર ત્યાં જવાથી મુનિ તે નટકન્યાનું મુખ જોતાં તેમાં આકર્ષાયા. રૂપના રાગે સ્પર્શની ઇચ્છા જગાડી. મુનિ લાડવો વહોરવા જાય છે ત્યાં પેલી સ્ત્રીનો સ્પર્શ થઈ ગયો. સ્પર્શની તાકાત કેટલી છે ! પુરૂષને કામને વશ બનાવી દે. સંતે અતિ પડતું પગલું ભર્યું. નટકન્યા કહે છે તમારે કોઈના ઘેર વારંવાર લાડવા લેવા જવું એના કરતાં અહીં રહી જાવ. આ પ્રજ્વલિત બની ચૂકેલા દાવાનળે તેમને અણમોલ સંયમ જીવનથી ભ્રષ્ટ કર્યા. આ મુનિને પડવાઈ થવાનું કારણ હોય તો અતિ રસનાનો સ્વાદ. આ સ્વાદે તેને પતન થવાનો રસ્તો બતાવ્યો. નટકન્યા કહે છે હવે આપ આ વેશ છોડી દો. લાડવાના ચટકાએ અને આંખના મટકાએ મુનિ પડવાઈ થઈ ગયા.

હે રસના તમે રાણી, પણ લંપટ લાડુ પર
આવાની હજુ તૃષ્ણા, જે બાંધ્યું છે જીવનભર
મુક્તિના મધુરસનું ટીપું તો ચાખ્યું ના....ફોગટની કુદરડીમાં આ....

રસેન્દ્રિયની અતિ લોલુપતાએ મુનિને પતનની ખાઈમાં ધકેલ્યા. જીવનની બરબાદી કરી. મુનિને સંયમથી છોડાવ્યા અને એક વખતના લબ્ધિધારી અષાઢાભૂતિ મુનિવરને નટકન્યાને ત્યાં બેસાડી દીધા. અતિ શબ્દ બધે લાગુ પડે છે. મમ્મણ શેઠને ત્યાં અતિ લક્ષ્મી વધી ગઈ. લક્ષ્મી અતિ અને લોભ પણ અતિ હતો. શ્રેણિક રાજા તેની સંપત્તિ જોઈને કાન પકડી ગયા. આટલી લક્ષ્મી તો મારા રાજભંડારમાં નથી. મમ્મણને બે બળદની જોડી બનાવવી હતી. તે બળદો કયા ? હીરા, માણેક, મોતી, પન્નાના. બે બળદની જોડી કરવાનો અતિ લોભ જાગ્યો, લગની લાગી. શ્રેણિક રાજા પોતાનું રાજ્ય આપી દે તો પણ એ બનાવી શકે તેમ નથી. મમ્મણ જિંદગી જીવવાનું ભૂલ્યો. જો તે સંતોષના ઘરમાં આવ્યો હોત તો આ દશા ન થાત. આટલી સંપત્તિ હતી છતાં એક પૈસાનું દાન ન કર્યું, ન કોઈને સુપાત્રે દાન દીધું, ન જીવદયામાં વાપર્યા, ન પાંજરાપોળમાં કે અનાથ અપંગ પશુના રક્ષણમાં વાપર્યા, ન તો દુઃખીયારા ગરીબ માણસોના આંસુ લૂંછ્યા, ન નિરાધાર બાળકોને આશ્રય આપવામાં વાપર્યા. આટલી સંપત્તિ હોવા છતાં અતિ લોભના કારણે, ભિખારી વૃત્તિથી સાતમી નરકના દ્વાર ખોલી દીધા અને નરકની રૌરવ વેદના ભોગવવા ચાલ્યો ગયો તેનું મૂળ કારણ "**અતિ**" મમતા; માટે આપ "**અતિ**" પર જશો નહિ.

ગરીબ પુણિયો સાવ સામાન્ય હતો. તેની પાસે અતિ ન હતું, પણ તેને જીવન જીવતા બરાબર આવડયું તો મરીને સદ્‌ગતિ પામ્યો. મમતા વિનાના છ ખંડના અધિપતિ ભરત ચક્રવર્તી અરિસા ભવનમાં કેવળજ્ઞાન પામી ગયા. એક વાત ખાસ યાદ રાખજો કે 'અતિ' ની પ્રાપ્તિ તો દુર્ગતિનું કારણ બને પણ ખરી અને ન પણ બને પણ 'અતિ' નું આકર્ષણ, મમતા તો દુર્ગતિનું કારણ બન્યા વિના રહેતું નથી. અતિ મમતા એ દુર્ગતિનું અસાધારણ કારણ છે. જેમકે 'મમ્મણ શેઠ'. 'અતિ' ની પ્રાપ્તિનો આધાર મમતા નથી પણ પુણ્ય છે. જો પુણ્યનો ઉદય જોરદાર હોય તો વગર પ્રયત્ને કે અલ્પ પ્રયત્ને પણ 'અતિ' ની પ્રાપ્તિ થઈ જાય. પ્રાપ્તિ થયા પછી એના પ્રત્યે મમતા કે આકર્ષણ થાય એવો નિયમ નથી. જો થાય તો દુર્ગતિ થાય.

આપણે જિંદગી કેવી રીતે જીવવી છે? ઘણી વાર એકનું એક સાધન માણસને જીવાડે છે અને તે સાધન મારે છે. આપણે પાણી વગર રહી શકતા નથી. આજે ઘણા માણસો ૩૦-૪૦-૬૦ ઉપવાસ કરે છે પણ ચૌવિહારા ન થઈ શકે કારણ કે એટલા દિવસ પાણી વિના નભતું નથી. તેવિહારા ઉપવાસ કરી શકે છે. પાણી માણસને જીવાડે છે પણ કોઈ એમ વિચાર કરે કે હું નદીમાં બેસી જાઉં અને પીવાય તેટલું પાણી પી લઉં તો અતિ પાણી પીવાથી જીવવાને બદલે મરી જવાય; માટે અતિ સારું નથી. ભોજનથી શરીરને પુષ્ટિ મળે, શક્તિ મળે પણ તે માપમાં ખવાય તો સારું પણ જો અતિ પડતું ખાધું તો અજીર્ણ થાય, રોગની ઉત્પત્તિ થાય અને મરી પણ જવાય. મર્યાદા વિનાના વિષયો પાછળની આંધળી દોટનું પરિણામ પણ સારું નથી. ભાષા પણ મર્યાદામાં બોલીએ તો સારી લાગે. બીજાને પ્રિય લાગે પણ જો અતિ બોલબોલ કરીએ તો અસત્ય બોલાઈ જાય ન બોલવાનું બોલાઈ જાય પછી પશ્ચાતાપનો પાર ન રહે માટે અતિ બોલવું એ દુઃખદાયી છે. આ બધું જાણવા સમજવા છતાં બધાને 'અતિ' માં આનંદ છે, રસ છે. સંપત્તિ ઓછી હોય તો ગમતી નથી. અતિ જોઈએ છે. વિષયોની સામગ્રીઓ ઓછી ચાલતી નથી. ઢગલાબંધ જોઈએ છે. જમવામાં પણ ઓછી વસ્તુઓ ફાવતી નથી. ત્યાં વધુ ચીજો જોઈએ છે પણ યાદ રાખજો કે 'અતિ' ની મમતા હોય તો દુર્ગતિ છે માટે કોઈ પણ સ્થાને 'અતિ' સારું નથી.

વહેલા સવારના એક ભાઈ તેના મિત્રના ઘેર ગયા. મિત્રના બારણા બંધ હતા. ભાઈએ બેલ મારી. કોણ આવ્યું હશે? દરવાજો ખોલ્યો. જોયું તો પોતાનો મિત્ર. કેમ અત્યારમાં! ભાઈ તો ડુસ્કે ડુસ્કે રડવા લાગ્યો. શા માટે રડે છે? ભાઈ! મારા માથે વીજળી તૂટી પડી છે. શું થયું? મારા પિતાજી આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા. એકદમ શું થઈ ગયું? પિતાજી સાવ સાજા હતા. સાંજે સાથે બધા જમ્યા. કેટલી વાતો કરી. ઘંઘાની સૂચનાઓ કરી પછી એકદમ અતિશ્વાસ ચઢયો, ડૉકટરને બોલાવ્યા. ઘણા ઉપચારો કર્યા. ચાલુ થઈ ગયેલા વધુ પડતા શ્વાસે તેમની જિંદગી સમાપ્ત કરી. અમારા શિરછત્ર પિતા બધાને રડતા કકળતા મૂકીને ચાલ્યા ગયા.

મિત્રે તે ભાઈને આશ્વાસન આપ્યું. આ મિત્ર વિચારવા લાગ્યો કે શ્વાસ તો જીવન ટકાવે. શ્વાસ વગર જીવન ચાલે નહિ. શ્વાસ બંધ થઈ જાય તો મરી જવાય. પણ આજે તો અહીં જુદું બન્યું. શ્વાસે તેમના પ્રાણ લીધા. જો શ્વાસ પ્રમાણસર ચાલે તો જીવન ટકાવે પણ વધી જાય (અતિ થાય) તો જીવન સમાપ્ત કરી દે, માટે ધ્યાન રાખજો કે જીવનમાં 'અતિ' આવવા ન દેવું. 'अति सर्वत्र वर्जयेत ।' અતિ સર્વત્ર વર્જવા યોગ્ય છે. આપણા જીવનને તપાસવાનું છે. 'અતિ' ની મમતા, આકર્ષણ દુર્ગતિમાં લઈ જાશે ત્યારે લઈ જશે પણ આ લોકને ય બગાડયા વિના નહિ રહે. તે 'અતિ' ની પ્રાપ્તિનો આનંદ અનુભવવા નહિ દે અને અતૃપ્તિની આગ ચિત્તમાં સળગતી રાખશે. પુણ્યોદયે સંપત્તિ, ધન, વૈભવ મળ્યું હોય તો તેને સદ્વ્યય કરજો. આ ભવમાં પુણ્યની હુંડી વટાવીને જવું નથી ને પાપને ખરીદવું નથી એટલો જરૂર નિર્ણય કરજો. અતિનું આકર્ષણ, મમતા જે તોડી શકે છે તે આ સંસારમાં અનાસક્ત રહેવાની કળા આત્મસાત્ કરી શકે છે. પૂર્વજન્મનું પુણ્ય અહીં ભોગવો છો અને આ ભવમાં બેસી રહેશો તો પરલોકમાં શું થશે ? પરલોકમાં તમારા દીકરા–પત્ની બધા પાપમાંથી છોડાવવા નહિ આવે એ માટે આજનો વિષય છે જીવતા આવડે તો જિંદગી.

જેમ કોઈ માનવી પોતાનો કિંમતીમાં કિંમતી માલ લઈને દરિયાની મુસાફરી કરતો હતો. અચાનક દરિયામાં પ્રચંડ પવન ફૂંકાયો અને ભયંકર તોફાન થયું. આ સમયે વહાણની સલામતી ભયમાં લાગે અને જાન પણ જોખમમાં હોય તેવું લાગે. કપ્તાન કહે જેની પાસે જે વજન હોય તે બધું દરિયામાં ફેંકી દો. તો તે સમયે કિંમતીમાં કિંમતી માલ પણ દરિયામાં ફેંકી દેતા અચકાવ ખરા ? ના....ના...શા માટે ? કારણ કે તમે સમજો છો કે માલ કરતાં જાન વધુ કિંમતી છે. જાનની સલામતી માટે માલ પણ દરિયામાં ફેંકી દો છો.

બસ આ જ વાત આપણા જીવનમાં લાગુ પડે છે. જ્યારે જીવને સંસારના સુખો ભોગવતા તેને દુર્ગતિના ભયંકર દુઃખો નજર સામે દેખાય, અનંતા જન્મ મરણની હારમાળા ઉભી થતી દેખાય અને વિષયોના સુખોથી આત્મગુણોની કતલ થતી દેખાય ત્યારે આ જગતની કિંમતી ચીજો પણ છોડી દેતાં ધર્માત્મા અચકાતો નથી. અરે! અચકાવાને બદલે વધુ આનંદિત બને છે તેને જિંદગી જીવતા આવડી કહેવાય.

જીવતા જો આવડે તો જાહોજલાલીની જિંદગી,
જીવતાં ન આવડે તો પાયમાલીની જિંદગી.
આવડે તો શોધ એમાંથી મળશે ઘણું,
છે ઘણાં જન્મોથી આ તો ગોઠવી છે જિંદગી.

જેને જિંદગી જીવતા આવડે છે તે જિંદગીની જાહોજલાલી કરી શકે છે. જે મળેલી વસ્તુઓ પ્રત્યે મમતા રાખતા નથી પણ જે છોડી શકે છે એ જાહોજલાલી ભરી જિંદગી જીવી શકે છે અને જે મળેલું છોડતા નથી તેના પર મમતા વધારતા જાય છે.

એની જિંદગી પાયમાલ બન્યા વિના રહેતી નથી. જો સાધનાના નંદનવનને રમણીય અને સુશોભિત રાખવું હોય તો એક વાત યાદ રાખજો કે આ નંદનવનને બાળી નાંખનારી કુસંસ્કારોની આગ અને એ આગને ઉત્તેજિત કરનાર બરાબ નિમિત્તોનો વંટોળ તમારી ચારે બાજુ ફેલાયેલો છે; ત્યાં જોરદાર આરાધના રૂપી પાણીનો ફોર્સ માર્યા વિના છૂટકો નથી. આ માટે ખૂબ સાવધાન, જાગૃત બનવાની જરૂર છે! જીવતાં આવડે એનું નામ છે ક્ષણે ક્ષણે 'આત્માની જાગૃતિ'. જો જીવનમાં જાગૃત રહેશો તો ભવનો છેડો આવી જશે. સાધના આરાધનાનો એવો જોરદાર ફોર્સ કરીએ કે આત્મા પર રહેલા કર્મો બળીને ભસ્મીભૂત થઇ જાય.

આ પર્વાધિરાજનો દિવ્ય સંદેશો છે કે તમે દાન, શીયળ, તપ, ભાવના ચાર પુણ્યોથી તમારું જીવન સૌરભવંતુ બનાવો. સંપત્તિ મળી હોય તો દાન કરો. જીવનને શીલના શણગારથી શણગારો. અનંતાભવોના કર્મોને બાળવા માટે તપ એ અમૂલ્ય ઔષધિ છે. આ દિવસોમાં ભાવનાની ભરતી તો ખૂબ આવે છે. સાધનાના આ દિવસો જે જશે તે ફરીફરીને મળવાના નથી માટે જે સમય અને તક મળ્યા છે તેમાં સાધના આરાધના કરી લો આજનો વિષય **"જીવતા આવડે તો જિંદગી," માટે જ્ઞાની ભગવંત કહે છે કે જીવન મળ્યું જિન બનવા, તક મળી તરી જવા, મોકો મળ્યો મોક્ષ મેળવવા, ભવ મળ્યો ભગવંત થવા, શરીર મળ્યું સર્વજ્ઞ બનવા માટે આ ભવમાં ઘંટડી વગાડીને જવું નથી પણ હતા તેના કરતાં સવાયા બનીને જવું છે."** સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે

શ્રાવણ વદ અમાસ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૪૪ : તા. ૧૫-૮-૮૫

વિષય : "લગની આત્મદર્શનની"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! જેમના દર્શનથી દુઃખોનો નાશ થાય, વંદનથી વાંછિત વસ્તુઓની પ્રાપ્તિ થાય, જેમના સ્મરણથી શાશ્વત સુખ મળે એવા જિનેશ્વર ભગવાન સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ એટલે શું ? કલ્પવૃક્ષની પાસે જઇને તમે જે ઇચ્છા કરો તે વસ્તુ મળી જાય પણ તે તો ભૌતિક સુખો આપશે, જ્યારે જિનેશ્વર પ્રભુના શરણે જવાથી આત્માના સુખો પ્રાપ્ત થશે. ભલે, વર્તમાનમાં અત્યારે જિનેશ્વર ભગવાન હાજર નથી પણ તેમની આજ્ઞા પ્રમાણે તેમના રાહે ચાલશું તો શાશ્વતા સુખો મળશે. આજનો આપણો વિષય છે **"લગની આત્મદર્શનની"**.

માનવીને પુણ્યોદય હોય તો દુનિયાના સુખો મળી શકે છે, અરે! ઇન્દ્રલોકનું શાસન પણ કરી શકે છે પણ સરળતાથી આત્મદર્શન નથી થતું. વીતરાગના દર્શનથી અથવા તેમની આજ્ઞા પ્રમાણે ચાલવાથી આત્મદર્શન થાય છે. આત્માને પૌદ્ગિલક સુખ મળે એ સાચું દર્શન નથી. દર્શન એટલે તેનો સામાન્ય અર્થ છે જોવું. આંખોને સારું રૂપ જોવા મળે, થિયેટરમાં એક સરખા બેસીને ત્રણ કલાક પિકચર જુઓ તે સાચું

દર્શન નથી. આ દર્શનથી આત્માનું દર્શન થતું નથી સાચું દર્શન તો તે છે કે જે દર્શન કરતાં આત્માના રોમેરોમમાં ઉલ્લાસ જાગે, જે દર્શન કરતાં આત્માના અણુઅણુમાં તન્મયતા આવે, જે દર્શન કરતાં આત્મા એ પરમાત્મા છે એવો ભાવ જાગે. જેના દર્શનથી ભવ સુધરી જાય, કર્મો ટળી જાય અને સિદ્ધિ મળી જાય એ સાચા દર્શન છે. અર્જુનમાળીએ ભગવાનના પ્રથમ વાર દર્શન કર્યા. એ દર્શન કરતા અંતરમાં અપૂર્વ આનંદ થયો. એમના આત્માના દેદાર ફરી ગયા. પાપી મટી પુનિત બન્યા. સંસારી મટી સંયમી બન્યા અને જબ્બર પુરૂષાર્થ ઉપડતા એમના કર્મો ચકચુર બની ગયા અને આત્મામાંથી પરમાત્મા બની ગયા.

દર્શન એટલે જોવું. તમારી દૃષ્ટિમાં અને જ્ઞાનીની દૃષ્ટિમાં જોવામાં ફેર છે. તમે બધી બાહ્ય વસ્તુઓના દર્શન કરો છો જ્યારે જ્ઞાની કહે છે તારે જોવું હોય તો આત્માના ગુણ-દોષ જો. આત્માના ગુણોને જોવા એટલે આત્માને જોવો. જેને માત્ર આત્માના ગુણો દેખાય તેને આત્મદર્શન થાય. પરના દોષો જોનારને આત્મદર્શન થતું નથી આત્મદર્શન માટે ગુણદર્શન કરવું જોઇએ. ગુણદર્શન વિના આત્માનું ભાન થઇ શકે નહિ. જો આત્મદર્શન કરવું છે તો બીજાના ગુણો જોવાની ટેવ પાડો. એ માટે બીજાના ગુણો જોવાનો વિચાર કરો. દરેક જીવમાં કોઇને કોઇ વિશિષ્ટ ગુણ તો રહેલો છે કદાચ બીજા કોઇ તમારા દોષો દેખે તો પણ તમે તેના દોષો ન જોશો. જો બીજાના દોષો દેખાય તો તરત તેને મનમાંથી ફેંકી દેજો.

અનંત દોષોના ડુંગર નીચે અનંત ગુણમય આત્મા દબાઈ ગયો છે. વિષય કષાયથી અલિપ્ત આત્મા આજે વિષય કષાયની આંધીમાં અટવાઈ ગયો છે. દોષોની ગંધાતી ગટરોમાં આત્મા આળોટી રહ્યો છે. આ બધાથી મુક્ત થવા માટે આત્મદર્શનની જરૂર છે. જીવન વિકાસનું પહેલું પગથિયું છે આત્મદર્શન. આત્મદર્શનથી વિનાશ તરફ જતો આત્મા વિકાસ તરફ જઈ શકે છે, તેને આત્માની સાચી દશાનું દર્શન થાય છે. સાચું આત્મદર્શન આત્માનું અસલી સ્વરૂપ પ્રગટાવવા માટે સમર્થ બની શકે છે. આત્મગુણોના વિકાસ માટે અને દોષોના નાશ માટે આત્મદર્શન અતિ જરૂરી છે. વિષયકષાયમાં અંધ બનેલા આત્માને વિષયોથી મુક્ત કરનાર આત્મદર્શન છે. ચાર ગતિ અને ચોરાશી લાખ જીવાયોનિમાં આપણો આત્મા અનંત અનંત કાળથી ભટકી રહ્યો છે. ચોરાશી લાખના ચક્કરમાં ભૂલા પડેલા આત્માને સત્ય રાહ બતાવનાર આત્મદર્શન છે. કર્મોથી ઘેરાયેલા આત્માને કર્મોથી મુક્ત થવાનો ઉપાય આત્મદર્શનથી મળશે.

આપણો વિષય છે **'લગની આત્મદર્શનની'**. સંસારના દરેક પદાર્થો મેળવવાની લગની લાગી છે. ભણતા હોય ત્યારે મોટી ડીગ્રી મેળવવાની લગની હોય છે. ધંધો કરતા હો તો સારા સુખી બનવાની લગની હોય છે. કોઈ પાસે સારી વસ્તુ જોઈ તે તમને ખૂબ ગમી ગઈ તો એ મેળવવાની લગની લાગે છે અને એ મેળવે છૂટકો કરો છો. યુવાન થયા ત્યારે સારી સંસ્કારી પત્ની મેળવવાની લગની લાગે છે. જે કાર્યમાં

રસ હોય એ પદાર્થો મેળવવાની લગની લાગે છે આ બધી લગની તો અનંતા ભવોથી જીવે લગાડી છે. નથી લગની લાગી આત્મદર્શનની તેથી આત્મા ભટકી રહ્યો છે. આ મનુષ્ય ભવમાં આત્મદર્શન થઈ શકશે પણ આત્મા હજુ આ સમયની કિંમત સમજ્યો નથી. હીરો ઝવેરીના હાથમાં જાય અને અજ્ઞાન ગોવાળના હાથમાં જાય તો હીરાની કિંમત કોણ આંકી શકે? જો હીરાને કાચનો ટુકડો ગણી જેમ-તેમ વેડફી દે તો એને સાચો ઝવેરી ન કહેવાય પણ જે હીરાની પરીક્ષા કરી, તિજોરીમાં સાચવીને મૂકી દે એનું નામ સાચો ઝવેરી. ગોવાળિયાને હીરાનું જ્ઞાન નથી. તે તો તેને કાચ જાણીને ફેંકી દે છે. તેને મન તો કાચનો ટુકડો છે. તમે બધા કોના જેવા છો? ઝવેરી જેવા કે ગોવાળિયા જેવા? જો ઝવેરી જેવા હશો તો એક દિવસ આત્માના સાચા ઝવેરી બની શકશો. તમારી દશા તો ગોવાળિયા જેવી છે; ગોવાળે હીરાને પથ્થર માનીને ફેંકી દીધો અને તમે બધા રત્ન ચિંતામણીથી અધિક કિંમતી મળેલા મનુષ્યભવને ગુમાવી રહ્યા છો. આત્મદર્શન આ ભવ સિવાય બીજા ભવમાં થવું મુશ્કેલ છે.

આત્મદર્શનનો ઉપાય : જો આત્મદર્શન કરવું છે તો આત્મામાં જે દુર્ગુણો રહેલા છે તેને દૂર કરવા પડશે. હું એક વાર કહી ગઈ હતી કે જીવતાને સ્મશાને મૂકવા જવાય નહિ અને મડદાને ઘરમાં રખાય નહિ. કદાચ કોઈ મડદાને ઘરમાં રાખે તો તેને તમે શું કહેશો? (શ્રોતા-મૂર્ખ) માત્ર મૂર્ખ કહો તો સારા પણ એમ કહો કે બેવકૂફ તું શું સમજે છે? મડદાને કોઈ દિવસ ઘરમાં રખાય ખરા? જ્ઞાની અહીં આપણને પડકાર કરીને કહે છે કે આત્માના જે ગુણો છે તેને બહાર કઢાય નહિ અને દુર્ગુણોને આત્મઘરમાં રખાય નહિ. જો આત્મદર્શન કરવું છે તો જે દુર્ગુણોનું આવરણ છે તેને દૂર કરશો તો આત્મદર્શન કરી શકશો. આ ધરતીના પેટાળમાં હીરા છે, સોનું છે, રૂપું છે, કોલસા છે અને માટી પણ છે. જમીનને પારખનાર હોંશિયાર વૈજ્ઞાનિક હોય તે કહી શકે છે કે તમે આ જગ્યાએ ખોદો તો હીરા મળશે. આ જગ્યાએ સોનું-ચાંદી મળશે. આ જગ્યાએ કોલસા, માટી મળશે. તેના કહ્યા પ્રમાણે ખોદયું તો ત્યાંથી હીરા નીકળ્યા. તેના પર વિધિવિધાન કર્યા પછી ઝવેરીના હાથમાં ગયો. ઝવેરીએ તેને સારી રીતે ઘસાવીને તૈયાર કર્યો પછી તે હીરાના મૂલ્ય અંકાયા. આ રીતે સમજી લો. આપણે આત્મદર્શન કરવું છે. આ દેહમંદિરમાં આત્મા બેઠેલો છે. પરમાત્મા બનનાર આ આત્મા છે. માટીના પેટાળમાં પડેલા હીરા પર વિધિવિધાન થયા તો તેના મૂલ્ય અંકાયા તેમ આપણો આત્મા કર્મના આવરણથી ઢંકાઈ ગયો છે તેમાંથી તેને બહાર કાઢવો છે.

જો પાટીમાં અક્ષર પાડવા છે તો પાટી સ્વચ્છ જોઈશે. જો પાટી ચીકણી હશે તો અક્ષર બરાબર નહિ પડે, તેમ જો આત્મદર્શન કરવું છે તો અંતર શુદ્ધ અને સ્વચ્છ જોઈશે. દુર્ગુણોનો, દોષોનો કચરો અંદર ભરેલો હશે ત્યાં સુધી આત્મદર્શન નહિ થાય. આત્મદર્શન કરવાની લગની લાગે, રૂચી જાગે તો તે એમ થાય કે હું બહારનું ઘણું પામ્યો હવે મારે દેહમંદિરમાં રહેલા આત્માને પામવો છે એટલે ઓળખવો છે.

જ્યાં સુધી આત્માને નહિ ઓળખું ત્યાં સુધી બધું ઓળખવા છતાં આ જન્મ નકામો. દર્શન એટલે બીજો અર્થ છે રૂચી. દર્શનની પ્રાપ્તિ વિના જીવન ફેચેનીભર્યું લાગે. અંતરમાં ખોવાઈ ગયા સિવાય ભક્ત પણ ભગવાન નથી બની શકતા. ભગવાન કંઈ એમ નથી થવાતું. અંદર તમન્ના જાગવી જોઈએ, લગની લાગવી જોઈએ.તમે બજારમાં ફરવા નીકળ્યા. રસ્તામાં કોઈ સુંદર ચીજ જોઇ. જોતા તમને ખૂબ ગમી ગઇ. પછી એ લેવા તમારા દિલમાં લગની લાગે કે બસ ગમે તે રીતે આ ચીજ લેવી છે ચીજ લેવા પાકીટ ખોલ્યું પણ તેટલા પૈસા નથી તો તમે શું કરો ? દુકાનદારને કહો કે ભાઈ ! આ ચીજ મારા માટે રહેવા દેજો. હું પછી લઈ જઈશ. વસ્તુ પ્રત્યે રૂચી થઈ પછી મેળવવાની કેવી તાલાવેલી લાગી !

આધ્યાત્મિક જીવનમાં આત્મદર્શન કરવું છે તો આવી તાલાવેલી જોઈએ. વસ્તુ ગમી ગઈ પછી દુનિયા એની પાછળ દોલત અને દેહ બધું'ય કુરબાન કરે છે. તે વસ્તુ મેળવવા માટે ગમે તેટલો ત્યાગ કરવો પડે તો ત્યાગ નથી લાગતો કારણ કે ત્યાં સમજે છે કે છોડ્યું છે ખરું પણ મેળવ્યું બહુ ને ? વસ્તુ ગમી ગયા પછી તેના માટે ગમે તેટલું કરો તો પણ કંઈ જ નથી કર્યું એમ લાગે છે. ઉપરથી એમ થાય કે હજુ ઘણું કરવાનું બાકી છે. માતા પોતાની દીકરીને કરિયાવરમાં ગમે તેટલું આપે તો પણ તેને ઓછું લાગે છે. પોતાની મનગમતી વસ્તુ હોય તો પણ તેને આપી દેવા તૈયાર છે. દીકરી પ્રત્યે વાત્સલ્ય છે, મમતા છે તો ગમે તેટલું છોડવા છતાં એને આનંદ હોય છે. બસ, આ જ વાત આત્મા માટે છે. જો આત્મદર્શનની લગની લાગી છે, આત્મદર્શન કરવાની ઝંખના જાગી છે તો આત્મામાં રહેલા મડદા સમાન દુગુણોને છોડી દો. તેને બહાર કાઢી નાંખો. દુર્ગુણો, દોષો કયા રહેલા છે ?

कोहं माणं च मायं च, लोभं च पाववड्ढणं ।
वमे चतारि दोसोड, इच्छन्तो हियमप्पणो ।। दश.अ.८.गा.३७

ક્રોધ, માન, માયા, લોભ એ ચાર મુખ્ય દોષો છે. જો આત્માનું હિત ઇચ્છતા હો અને આત્મદર્શન કરવું હોય તો આ ચાર દોષોને બહાર કાઢી નાંખો. આ કષાયો આત્માના ભવોભવ બગાડે છે. જેના આત્મા પર આ કષાયોએ સામ્રાજ્ય જમાવ્યું છે તેવા જીવોનું જીવન કેવું હોય છે ? સામાન્ય ન્યાયથી સમજીએ.

મધ્યાહ્ન કાળનો સૂર્ય બપોરે બરોબર તપતો હોય છે ત્યારે રસ્તા પર લોકોની અવરજવર બહુ ઓછી થઈ જાય છે. ખાસ કારણ હોય તો જ કોઈ એવા સમયે બહાર નીકળે અને કામ પૂરું થતાં પોતાના ઘેર પાછા ચાલ્યા જાય. પશુપક્ષીઓ પણ પોતાના માળામાં ચાલ્યા જાય છે. તે સમયે અજાણતાં જો એ સૂર્યની સામે દૃષ્ટિ પડી જાય તો તરત જ દૃષ્ટિ પાછી ખેંચી લે છે. બસ આ રીતે જેનું જીવન કષાયોથી ભરપૂર છે તેવા જીવો મધ્યાહ્ન કાળના પ્રચંડ તાપ જેવા છે તેવા ક્રોધી, લોભી, માની,

માયાવી જીવો પાસે કોઈ આવતું નથી. કદાચ અનિવાર્ય કામે કોઈ આવી જાય તો કામ પતે એટલે તરત રવાના થઈ જાય છે. અરે! તેની નજીકના સગાઓ હોય તો તે પણ આવી વ્યક્તિ સાથે સંબંધ રાખવા તૈયાર થતા નથી. તેમના સંપર્કમાં જનારને તેવા જીવો પ્રસન્નતાનો અનુભવ કરાવી શકતા નથી. સૂર્ય આવો પ્રચંડ તાપ ફેલાવે તેમાં તેનું કાંઈ મેળવ્યું ખરું? અરે! મેળવવાની વાત તો બાજુમાં રહી પણ તે વખતે અપ્રિય થઈ પડયો. કોઈને તેના સામું જોવાનું ય મન ન થાય. આ રીતે કષાયોના પ્રચંડ તાપવાળા માણસો બધાને અપ્રિય થઈ પડે છે. મૈત્રીભાવને ગુમાવી દે છે. બીજાની સાથે શત્રુતા ઊભી કરે છે. કોઇ તેના આગમનને ઇચ્છતું નથી. આ બધા નુકશાનો તો આલોકમાં થાય છે. પરલોકના અનર્થોનું તો પૂછવું શું? દુઃખ ભરપૂર દુર્ગતિઓની પરંપરા ઊભી કરે છે.

એક લોભી શેઠ ચાતુર્માસમાં બહાર દર્શન કરવા નીકળ્યા. શેઠ જ્યાં ગુરૂભગવંત હતા ત્યાં ગયા. તેમને વંદણા કરી સુખશાતા પૂછી. પર્યુષણપર્વ બીજે દિવસથી શરૂ થતાં હતા. સંત કહે–શેઠ! આવ્યા છો તો પર્યુષણ કરીને જાવ. ભલે મહારાજ! શેઠે ત્યાં પર્યુષણ તો કર્યા. વાત એમ બની કે સંવત્સરીના દિવસે સાંજે પ્રતિક્રમણના ચઢાવા શરૂ થયા. કાઉસગ્ગનો ચઢાવો બોલતા હતા. આ શેઠ તો ખૂબ લોભી હતા, પણ તે સમયે તેમનું દિલ પીગળી ગયું અને કાઉસગ્ગ ૩૦૦૦ રૂપિયાના ચઢાવે બોલ્યા. તે દિવસે તો સંવત્સરી પ્રતિક્રમણ પતી ગયું પણ બીજે દિવસે મહારાજને વાત કરી ગુરૂદેવ! મેં ગઇ કાલે ૩૦૦૦ રૂ. માં કાઉસગ્ગનો ચઢાવો લીધો. મહારાજ તેને સારી રીતે ઓળખતા હતા. આ શેઠ ક્રોધી અને લોભી છે. તેમણે સમય જોઈને સોગઠી મારી. ભાઈ! તમે ત્રણ હજાર રૂ. માં ચઢાવો બોલ્યા એ તો ઠીક કર્યું છે. એટલા પૈસા તમારી તિજોરીમાંથી ઓછા થયા પણ તમે શું ઓછું કર્યું? તમે શું છોડયું? શેઠ વિચારમાં પડી ગયા કે ગુરૂદેવ આમ કેમ કહે છે? સંતે ફરી વાર કહ્યું–ભાઈ! ૩૦૦૦ રૂ. તો તિજોરીમાંથી ઓછા થયા પણ તમારી જિંદગીમાં શું ઓછું કર્યું? સંતે આ ગૂઢ હિતભર્યો પ્રશ્ન કર્યો. ગુરૂદેવ! હું બીજું તો શું છોડું? જે છોડવાની તાકાત હતી તે છોડયું. બીજું તો હું શું કરું?

ગરમી બીજાને પણ બાળે અને પોતાને પણ બાળે : સંત પૂછે છે શેઠ! તમારા ઘરમાં તમારા દીકરા, વહુઓ, દીકરાના દીકરા નાના બાળકો બધા તમારી સાથે કેવો વ્યવહાર રાખે છે? ગુરૂદેવ! કોઈ વાત જ ન કરો. તમે ઘરમાં જાવ ત્યારે વાતાવરણ કેવું હોય છે? સંતોની ભાષામાં મીઠાશ હોય છે, અમૃતના ઝરણાં વહેતા હોય છે. તેમની ભાષા એવી મધુર હોય કે કોઈને દુઃખ લાગે નહિ અને તેના દુર્ગુણ રહેવા દે નહિ. જે સંતના શરણે જાય તેના દુર્ગુણનું ઓપરેશન થયા વિના રહે નહિ. આ સંત ખૂબ સૌમ્ય સ્વભાવી હતા. સૌમ્ય સ્વભાવની વ્યક્તિની મોટામાં મોટી વિશેષતા એ હોય છે કે તેમની મુખાકૃતિ પણ સૌમ્ય હોય છે. આ સૌમ્ય મુખાકૃતિ અનેક

આત્માઓને ધર્મમાં જોડવા માટે ખૂબ ઉપકારક બની રહે છે. સાચો માણસ એની મુખાકૃતિ જોઈને એના તરફ આકર્ષાય છે અને આ આકર્ષણ મોટા ભાગે તેને ધર્મમાં જોડ્યા વિના રહેતું નથી. સંતે શેઠને પૂછયું–ઘરમાં તમારો સ્વભાવ કેવો છે? સાહેબ ! મારા પત્ની ગુજરી ગયા છે. પુત્રો, પુત્રવધૂઓ અને નાના બાળકો છે. હું ઘેર જાઉં તે પહેલાં બધા આનંદ કિલ્લોલ કરતા હોય અને જ્યાં મને દેખે ને હું ઘરમાં પગ મૂકું ત્યાં બધો આનંદકિલ્લોલ બંધ થઈ જાય. મને દેખે એટલે તેમને એમ થાય કે આ ડોસા ક્યાંથી આવ્યા ? શેઠ ! આમ થવાનું કોઈ કારણ તમને સમજાય છે ખરું ? શેઠની વાત પરથી આપણે સમજી શકીએ કે તેમનામાં કયો દોષ છે. કોઈ કોઇ વાત આપણે અનુમાનથી સમજી શકીએ છીએ કે આમ બન્યું, માટે આમ હશે ? સંત શેઠની વાત પરથી સમજી શક્યા કે શેઠનો સ્વભાવ ગરમ છે. શેઠ ! આ તમારી ગરમી બીજાને બાળે છે ને તમને પણ બાળશે; માટે છોડવી જોઇએ.

આ પર્યુષણ પર્વમાં આપ રોજ વ્યાખ્યાનમાં આવો છો તો આઠ દિવસ માટે તો એટલી પ્રતિજ્ઞા કરજો કે મારે ક્રોધ ન કરવો, આઠ દિવસ બ્રહ્મચર્ય પાળવું, રાત્રી ભોજન ન કરવું, ચૌવિહાર કરવો. કોઈ અઠ્ઠાઇ કરશે, સોળભથ્થુ કરશે, માસખમણ કરશે, ગમે તે વ્રત કરો, સાધના આરાધના કરો તેનો જે રસ આવ્યો, આનંદ આવ્યો તે ભાવના આઠ દિવસ પછી વિલય થવી ન જોઈએ. ક્રોધાદિ બૂરાઈઓ દૂર થાય તો સમજવું કે સાચી આરાધના કરી છે; નહિતર આત્માને છેતર્યો છે. બહારના ધર્મી બન્યા છો પણ આત્માના ધર્મી બન્યા નથી. આપણો આત્મા અનંત શક્તિનો સ્વામી છે. એ આત્માના દર્શનની લગની લાગી હોય તો એના આડા આવતા આવરણોને દૂર કરી દો.

પુણ્ય અને પ્રેમમાં પાવરફુલ કોણ ? સંત કહે – શેઠ ! તમે પ્રતિજ્ઞા કરો કે મારે ક્રોધ કરવો નહિ. આપ એટલું સમજી લેજો કે આપ ચઢાવાના ૩ હજાર રૂા. બોલ્યા છો, કદાચ દશ હજાર બોલો તો પણ નકામા છે. ક્રોધ એ આંતરશત્રુ છે. ગુરૂદેવ ! મારે ખાધા વિના ચાલે છે પણ ક્રોધ કર્યા વિના ચાલતું નથી. જો હું ગુસ્સો ન કરું તો ઘરમાં બધું અવ્યવસ્થિત થઈ જાય. બંધુઓ ! ઘરના મોટા માણસો ઘણીવાર આવું માનતા હોય છે પણ તેમને એ ખબર નથી કે કષાયના કારણે ઘર વ્યવસ્થિત નથી ચાલતું પણ પુણ્યના આધારે ઘર વ્યવસ્થિત ચાલે છે. જે દિવસે પુણ્ય પરવારશે ત્યારે તમારી સામાન્ય કષાય પણ તમને નુકશાનમાં ઉતાર્યા વિના નહિ રહે. કષાયના આધારે જો આ દુનિયાની વ્યવસ્થા સચવાતી હોત તો ક્ષમા કરતા ક્રોધ, સરળતા કરતા માયા વધુ તાકાતવાન ગણાયા હોત. યાદ રાખજો કે ક્રોધ જે અવ્યવસ્થા સર્જે છે તેના કરતા કરોડો ગણી શાંતિ અને સુવ્યવસ્થા પ્રેમ સર્જી શકે છે. તમારો જબ્બર પુણ્યોદય હોય તો તાત્કાલિક પરિણામ તમારા ધાર્યા મુજબનું આવે તેથી એમ માનવાની જરૂર નથી કે મારા કષાયના કારણે સારું પરિણામ આવ્યું છે. પુણ્ય સામાને દબાવી શકશે પણ પ્રેમ તો સામાને વશ કરી દેશે. પુણ્ય કરતાં પ્રેમની તાકાત જુદી છે.

સંતે શેઠની બદલેલી જીવનની ડાયરી : પેલા શેઠ કહે ગુરૂદેવ ! મારો તાપ તો ઘરમાં એટલો બધો છે કે બધા મારાથી થરથરે. એટલે એક દિવસ તો શું એક કલાક પણ મારે ગુસ્સો કર્યા વિના ચાલે નહિ. તમારું આ ગણિત સાવ ખોટું છે. તમે તમારા સ્વભાવની વાત કરી. તો હું તમને એક વાત પૂછું કે તમારા આવા ક્રોધી સ્વભાવના કારણે તમારા પ્રત્યે ઘરના બધાનો આદરભાવ કેવો છે ? ગુરૂદેવ ! સાચું કહું તો મારી હાજરી ઘરમાં કોઈને ગમતી નથી. હું ઘરમાં રહું ત્યાં સુધી કોઈ એકબીજાની સાથે આનંદથી વાત પણ ન કરે. ભગવાને પણ કહ્યું છે કે "कोहो पीइं पणासेइ." ક્રોધથી પ્રેમનો નાશ થાય છે. ગુરૂદેવે શેઠને ક્રોધના કટુ ફળ સમજાવ્યા. સાથે સાથે કહ્યું કે આપણી નાની જિંદગીમાં બધા તરફથી અસદ્‌ભાવ લઈ જવાની શી જરૂર છે ? માટે આપ થોડા દિવસની પ્રતિજ્ઞા કરો. ગુરૂદેવના કહેવાથી શેઠે એક વર્ષની પ્રતિજ્ઞા લીધી કે મારે ક્રોધ ન કરવો. કદાચ ક્રોધ થઈ જાય તો બીજે દિવસે ઉપવાસ કરવો. જો ક્રોધને કાઢવો હોય તો આવી કડક શિક્ષા કર્યા વિના છુટકો નથી. ઘણી વાર બહારથી ક્રોધ આવતો ન હોય પણ અંતરમાં ક્રોધની છુપી છુપી આગ સળગતી હોય છે. લોહીના અણુઅણુમાં ક્રોધ ન આવવા દેવો એ સહેલ કામ નથી. મહાપુરૂષો કહે છે કે કોઈ ઘણું જ માસખમણ કરે અને કોઈ જિંદગીભર લોહીના અણુમાં પણ ક્રોધ ન આવવા દે તો તે માસખમણ કરનાર કરતા ક્રોધને જીતનારો ચઢી જાય છે.

પ્રતિજ્ઞાનો પડેલો પ્રભાવ : શેઠે એક વર્ષની પ્રતિજ્ઞા કરી કે મારે ક્રોધ ન કરવો. પછી શેઠ ઘેર ગયા. દૂરથી ગાડી આવતી જોઈ. ઘરમાં દીકરા, વહુ, બાળકો બધા આનંદકિલ્લોલ કરતા હતા. શેઠને આવતા જોયા એટલે બોલ્યા–હાય ! આ ડોસલો પાછો આવ્યો. આટલા દિવસ માંડ ગયો હતો. આટલા દિવસ જોતા તો શાંતિ હતી. શેઠે દૂરથી જોયું કે બધા કેવા હસતા હતા. ખિલખિલાટ કરતા હતા. મને જોઈને ઉદાસ થઈ ગયા. બધાના મોઢા બગડી ગયા. શેઠ ઘરમાં ગયા. બધાયની સાથે હસીને વાત કરવાનું શરૂ કર્યું. નાના બાળકોને કહે છે કેમ બેટા ! તમે બધા મઝામાં છો ને ! છોકરાઓ ચમકયા. આજ બાપાએ અમને બેટા કહ્યા ! આ શું ! વહુને કહે છે વહુ બેટા ! મને થોડું પાણી આપો ને ! છોકરાઓને કહે છે બેટા ! ચિંતા ન કરવી. શાંતિથી મળે તેટલું કમાવું. આપણે શું સાથે બાંધીને જવાનું છે ? ગમે તેટલું ભેગું કરીશું પણ તેમાંથી એક પાઇ પણ સાથે લઈ જવાની નથી. બધા ભડકયા. આ પિતા બોલે છે કે બીજા કોઇ બોલે છે ! બધા આશ્ચર્યમાં પડી ગયા. આખો દિવસ મોઢું ચઢાવીને બેસનાર બાપુજી આજે આટલા બધા પ્રસન્ન કેમ છે ? રૂના પુમડાને બદલે જો ચમચીથી ઘી લીધું હોય તો ઝૂંટવી લેનાર પિતા આજે બોલે છે કે શું બાંધીને જવાનું છે ? માટે સત્કાર્યોમાં વાપરો. બધાને ખૂબ આનંદ થયો. શેઠ કહે–વહુ બેટા ! તમારે ઘરમાં જે જરૂર હોય તે યોગ્ય લાગે તેમ વાપરજો. સંકોચ રાખશો નહિ. આ બધી ચાવીનો ઝુડો તમને સોંપું છું. શેઠે ઝુડો સોંપી દીધો. વહુ પરણીને આવે ને સાસુજીના પગમાં

પડે ત્યારે કહે–બેટા! આ ઘર બધું તારું છે પણ એ કહેવાનું જ હોય. ઘર તારું ને ચાવી મારી. (હસાહસ) વહુ મૂર્ખ નથી કે તે ન સમજી જાય.

કષાયથી સજા અને ક્ષમાથી મજા : આ શેઠે તો સાચા ભાવથી ચાવીઓનો ઝુડો વહુને દઈ દીધો. ઘરના બધા સમજી ગયા કે આજે બાપાના બોલવામાં, ચાલવામાં બધું પરિવર્તન દેખાય છે. થોડી વાર થઇ ત્યાં તો શેઠના માટે ઉની ઉની ચા આવી. પહેલા શેઠ ૧૦ વાર માંગે ત્યારે ચા આવે અને આજે ઉની ઉની ચા અને સાથે ગરમ પુરી આવી. રોજ તો બાખરો પણ લૂખો આવતો હતો. આજે આ શું ? બીજો દિવસ થયો. વહુના મનમાં થયું કે આજે શું બનાવું ? વિચાર કરીને મગની દાળનો શીરો બનાવ્યો. શેઠ સવારના ચા પાણી પીવા બેઠા ત્યારે નાસ્તામાં મગની દાળનો ઘીથી લસલસતો શીરો આવ્યો. શેઠ વિચારમાં પડી ગયા. આટલો બધો ફેરફાર કેમ ? શેઠે વહુને પૂછયું, અત્યારમાં મગની દાળનો ઘીથી તરબોળ શીરો કેમ? વહુ કહે–બાપુજી! આપના દાંત દ્રઢ પડી ગયા છે, કાલે પુરી ચાવતા વસમી પડી હતી; એટલે મને થયું કે શીરો બનાવું. શેઠ વિચાર કરે છે કે હું તો છું નેનો તે જ છું. માત્ર બદલાણી છે મારી પ્રકૃતિ. ધન્ય છે મારા ગુરૂ ભગવંતને! એક દિવસ બપોરે શેઠ જમવા બેઠા છે તે સમયે વહુના હાથમાંથી ઘીની વાટકી પડી ગઈ અને ઘી ઢોળાઇ ગયું. તેના મનમાં થયું કે હમણાં મારા સસરા ગુસ્સે થશે પણ ધાર્યું હતું શું ને બન્યું શું ? સસરા કહે બેટા! તું ચિંતા ન કરીશ. ઘી ઢોળાયું છે તો નવું આવશે. આપ સાચવીને તે જગ્યા સાફ કરી નાખો. કોઈનો પગ તેના પર પડે ને ખસી જાય તો કંઇક વાગી જાય. સસરાના આ શબ્દોથી બધાને ખૂબ આશ્ચર્ય થયું. સસરાજી આ શબ્દ બોલે છે ? હવે તો શેઠ પર બધાનો સદ્‌ભાવ વધી ગયો. શેઠ વિચાર કરે છે મેં કોઇને કાંઈ દીધું નથી, માત્ર બધાની સાથે પ્રેમથી વર્ત્યો છું, છતાં મારી બમ્મા બમ્મા થઇ. ધન્ય છે ગુરૂ ભગવંતને ! જેમણે મને કષાયો રૂપી શત્રુઓથી બચાવ્યો છે અને સાચો માનવ બનાવ્યો છે. કયાં ક્રોધાદિ કષાયોના સેવનથી મળતી સજા અને કયાં ક્ષમાદિ ગુણોના સેવનથી મળતી મજા ! શેઠનું જીવન અત્યાર સુધી અસ્તાચલ તરફ જઈ રહ્યું હતું. તેને હવે ઉદયાચલની બાજુમાં લઇ ગયા. આજ સુધી આત્મદર્શનની લગની લાગી ન હતી. હવે શેઠને આત્મદર્શન કરવાની લગની લાગી.

અનાદિકાળની અવળી પરિણતિમાંથી સવળી લાવવી, વિભાવને છોડીને સ્વભાવમાં આવવું તેનું નામ આત્મદર્શન. આત્મદર્શન થાય ત્યારે તેને જડ ચેતનનું ભાન થાય. હું એટલે અનંત શક્તિનો સ્વામી આત્મા; છતાં આ નાની કોટડીમાં શા માટે બેસી રહ્યો છું ? હું મરી જવાનો નથી. હું અજર અમર છું. મૃત્યુ મારા દેહનું છે. **"દેહ મરે છે આત્મા તરે છે, દેહ પડે છે આત્મા ચઢે છે.** આત્મદર્શનની દૃષ્ટિવાળો માનવ દેહ અને આત્માને જુદા સમજે છે. આ દેહ એક કવર છે અને આત્મા ચેક છે. શરીરની મહત્તા એટલા માટે કે આત્માને મોક્ષપુરી પહોંચાડે છે. જેમ કવર ચેકને એક

ગામથી બીજે ગામ પહોંચાડવાનું કામ કરે છે, તેમ આ દેહ આત્માને મોક્ષપુરી પહોંચાડવાનું કામ કરે છે. તમે બધા આ દેહ રૂપી કવરને ઓળખો છો ને ? જોને આત્મા રૂપી ચેકને રખે ને ભૂલતા ! આત્માની ઓળખાણ ન થાય ત્યાં સુધી કાંઈ નથી. જે પોતાને નથી ઓળખતો તે બીજાને કયાંથી ઓળખી શકે ? આત્મદર્શન થાય તેને દેહ અને આત્માનું ભેદ જ્ઞાન થાય. કર્મયોગે કદાચ દુઃખ આવે છતાં તેને સ્પર્શી શકતું નથી. તે એમ સમજે છે કે પૈસા–પદવી પ્રતિષ્ઠા એ બધા ભૌતિક સાધનો છે. બહારનું છે એ બધું કદાચ રહે કે ચાલ્યું જાય છતાં આત્માનું અંશ માત્ર ઓછું થવાનું નથી.

દુન્યવી સાધનો છોડીને જ્યારે પ્રભુ મહાવીર જઈ રહ્યા છે, ત્યારે નંદીવર્ધને કહ્યું–ભાઈ ! આવા સુંદર રાજ્યાદિ સુખના સાધનો છોડીને જંગલમાં કેમ જાવ છો ? આવો વૈભવ ત્યાગીને વનમાં શા માટે જાઓ છો ? ત્યારે પ્રભુએ શું કહ્યું ? જે દુનિયાનું રાજ્ય ચલાવે છે તે આત્માનું રાજ્ય મેળવી શકતા નથી. આ રાજ્ય સામે પીઠ કરીશ તો આત્માનું રાજ્ય મળશે. ભૌતિક પદાર્થોને વળગવા જતાં આત્માનું દર્શન થતું નથી. જ્યાં સુધી આત્મદર્શન નથી થયું ત્યાં સુધી માનવ પરને જુવે છે. આત્મદર્શન થાય એટલે સ્વને જુવે છે. દેહને નહિ પણ આત્માને જુવે છે. તેને જગતના તમામ પદાર્થો પ્રત્યેથી મારાપણું ઉઠી જાય છે પછી કદાચ દુઃખ આવે તો પણ એને સ્પર્શી શકે કયાંથી ?

આત્મદર્શન કરવું છે તો આત્મદર્શનની વાતો કરવાથી થઇ જશે ? અમે તમારી પાસે આત્માની કંઇક વાતો કરીએ તો તમે કહેશો કે મહાસતીજી ! કાળ બદલાઈ ગયો છે, આ તમારો ખોટો બચાવ છે. જો કાળ પલટાયો હોત તો શેઠ સુધરત નહિ. વિચાર કરો. ભલે પાંચમાં આરાનો કાળ છે પણ આ કાળમાં એકાવતારી બનવાની શક્તિ છે. જો કાળ બદલાયો હોત તો મુનિઓ પણ એ પ્રવાહમાં તણાયા હોત પણ મુનિઓના આચાર, વિચારો તો એ જ છે, માટે કાળ પલટાયો છે એ તો એક બહાનું છે. આત્મદર્શનની માત્ર વાતો કરવાથી આત્મદર્શન નહીં થાય.

એક વાર ગુરૂ શિષ્યને સાધનાનો માર્ગ સમજાવતા કહી રહ્યા છે હે શિષ્ય ! જો તમારે આ જીવનમાં આત્મદર્શન કરવું છે તો પરની પંચાત છોડી દો. એક ગામના પાદરમાં સવારે એક છોકરો રોજ આવીને બેસે. એ રસ્તેથી ગાય ? ભેંસ, બકરા જેટલા ખેતરમાં ચરવા જાય એ ગણે અને સાંજે ચરીને એ જાનવરો જ્યારે ગામમાં પાછા જાય ત્યારે ગણે. કેટલા ઓછા થયા ? બરાબર થયા ? તે છોકરો આખો દિવસ આટલી મહેનત કરે, જાનવરોને ગણ ગણ કરે છતાં એમાં એને તો શું પાશેર દૂધ પણ મળવાનું છે ? ના. જાનવરોને ગણવા માત્રથી દૂધ મળવાનું નથી. તે રીતે હે શિષ્ય ! તમે પણ આ જગતમાં કોણ આવ્યું ? કોણ ગયું ? કોણે શું કાર્ય કર્યા ? એ વાતો જાણવામાં જો જિંદગી પૂરી કરી દેશો તો ઉત્તમ એવી આ જિંદગી હારી જશો અને આત્મદર્શન નહીં થાય માટે બાહ્ય જોવા કરતાં આત્મામાં વધુ ને વધુ

ઊંડા ઉતરતા જાઓ તો આત્માનું કાંઈક નવનીત મેળવીને જશો. જો આત્મદર્શન કરવું હોય તો બહારની દોટ ઓછી કરો.

આત્મદર્શન એવી ચીજ છે કે આત્મદર્શન થાય એટલે માનવ સમભાવી બને છે. તેને મન સંપત્તિ અને આપત્તિ બંને સમાન લાગે છે. સમુદ્રમાં તરંગો ગમે તેટલા આવે છતાં નૌકા તરવા તૈયાર રહે છે તેમ જીવનમાં સંપત્તિની ભરતી કે વિપત્તિની ઓટ આવે છતાં એની જીવનનૌકા તરવાની. જીવન છે ત્યાં સુખ દુઃખ આવવાના પણ આત્મદર્શની બંનેમાં સમાન રહે છે. સંપત્તિમાં કુલાકુલા ન રહે અને વિપત્તિમાં દીન ન બને. આત્મદર્શન થતાં સંસાર અનાસક્તિવાળો અને ઉચ્ચ વિચારણાનું ધામ બને છે. જીવનમાં જો આવું દર્શન પામી જઈએ, આત્માની ઓળખ થઈ જાય તો સંસાર કોઈ જુદો જ દેખાય માટે જ્ઞાની કહે છે આ તક મળી છે તેને ઓળખીને આત્માનું દર્શન કરી લે.

આ માનવજન્મ દોષોને દૂર કરવા અને સત્કાર્યો કરવા માટે મળ્યો છે બીજાના સુખોને લૂંટવા માટે નહિ. બીજાના સુખ માટે પોતાના સુખો જતા કરી દેવા અને પ્રાણના ભોગે પોતાનું કર્તવ્ય અદા કરવા માટે મળ્યો છે.

"કર્તવ્ય કરવા આ જન્મ, દિન રાત તેમાં રહી,
ઋણમુક્ત વિશ્વથી થવા, કર્તવ્ય કરવું છે અહીં."

બીજાનું દુઃખ જોઈને જો અંતર કરૂણાથી ભીંજાય નહિ, પોતાનું કર્તવ્ય શું છે એ ભૂલી જાય તો સમજવું કે હજુ તેનામાં માનવતા આવી નથી. જેનામાં કરૂણા છે તેનામાં માનવતાનો દીપક પ્રગટે છે. જેની પાસે સંપત્તિ છે તે દુઃખીઓના દુઃખ દૂર કરવામાં વાપરતા નથી તેની દશા મધમાખીઓ જેવી થાય છે. મધમાખી પોતે ખાતી નથી અને બીજાને ખાવા દેતી નથી, છેવટે લૂંટારાઓ તેમનું ધન લૂંટી જાય છે તેમ જે જીવો ધનમાં આસક્ત બને છે અને જિંદગીના અંત સુધી તેની મૂર્છા છોડતા નથી. તે મરીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે.તો મહાન કિંમતી તન, મન અને ધન મળ્યા છે તેનો સદુપયોગ કરીને જીવનને સફળ બનાવી દો. પરદેશમાં એક બનેલી કહાની છે. જેનામાં માનવતા પ્રગટી ચૂકી છે, માનવતાનો પ્રકાશ થયો છે. જેને યાદ કરીને આજે હજારો લોકો આંસુ સારે છે. મૃત્યુ પામવા છતાં આજે જગત જેને યાદ કરે છે તેવી એક કહાની છે.

બીજાના સુખ માટે કાંઈક કરી છૂટવાની ભાવના તીવ્ર બને છે ત્યારે વ્યક્તિ પોતાના સુખોને તિલાંજલી આપવાનું કેટલી ઉચ્ચ ભૂમિકાનું કર્તવ્ય કરી શકે છે. પરદેશમાં એક નામાંકિત અને યશસ્વી ડૉકટર થઈ ગયા. એમનું નામ હતું ડૉકટર બ્રેકેટ. તેમની પ્રેકટીશ બહુ સારી ચાલતી હતી. તે ખૂબ હોંશિયાર, દયાળુ અને યશનામી ડૉકટર હતા. જૈન પરિભાષામાં જીવ નવ પ્રકારે પુણ્ય બાંધે તેના ફળ ૪૨ પ્રકારે ભોગવે છે. યશ મેળવવો, વાહ વાહ થવી અને પોતે બોલેલા વચનને સહુ હર્ષથી

તહત્ કરીને વધાવે એ બધા પુણ્યના ફળ છે. બધાને આ ફળ જોઈએ છે પણ મૂળમાં આંબો હોય તો કેરી મળે. રોટલી બનાવવી છે તો મૂળમાં ઘઉં જોઈએ તેમ મૂળમાં પુણ્ય હોય તો તેના મીઠા ફળ મળે; પણ વાવ્યું નથી તો ક્યાંથી મળવાનું છે? આ ડૉકટરની યશોગાથા ચારે બાજુ ખૂબ ગવાતી હતી. દર્દીઓ તો એમને ભગવાન સમાન માનતા. તેમનો પુણ્યનો સિતારો ખૂબ ચમકતો હતો. નવ પ્રકાર પુણ્ય બાંધવાના છે તેમાં પહેલા પાંચ અન્ન પુન્ને આદિ તો પૈસો હોય તો કરી શકાય છે પણ જૈનદર્શનની ખૂબી તો દેખો; જેની પાસે ધન નથી તે પણ મનથી, વચનથી અને કાયાથી પુણ્ય ઉપાર્જન કરી શકે છે. દાતાઓ ઉદાર દિલે દાન દેતા હોય, દુઃખીઓને સહાયક બનતા હોય તેમને જોઇને મનમાં એ ભાવ આવે કે ધન્ય છે આ દાતાઓને ! જે ધનની મૂર્છા છોડીને દાન દે છે. મને આવો અવસર ક્યારે આવશે? લાખો વાર ધન્યવાદ છે તેને ! આ રીતે મનથી શુભ ભાવના ભાવે, વચનથી મીઠી મધુરી ભાષા બોલે, આંગણે ગરીબ આવી ચઢે તો કહે ભાઈ ! ગભરાઈશ નહિ. તારા દુઃખના દિવસો કાલે ચાલ્યા જશે તો તેને કેવો ઠંડક વળે. આ રીતે મનથી, વચનથી જીવ પુણ્ય બાંધી શકે છે અને કાયાથી પરમાર્થ કરવો. બીજાની સેવા કરવી.

ડૉકટર પાસે કરૂણ રૂદન કરતી હબસી બાઇ : આ ડૉકટર બ્રેકેટ ખૂબ ન્યાયસંપન્ન હતા. તે યુવાન હતા. તે એક કુમારી ક્રોમવેલ છોકરીના પરિચયમાં આવેલા, બંનેનો પરિચય વધતાં ક્રોમવેલે નિર્ણય કર્યો કે હું લગ્ન તો તમારી સાથે કરીશ. ડૉકટરે એ વાતનો સ્વીકાર કર્યો. હજુ લગ્નના દિવસની વાર હતી. એક દિવસ રાતે નવ વાગે ક્રોમવેલ ડૉકટર બ્રેકેટને મળવા આવી. ડૉકટર અને ક્રોમવેલ બેઠા છે. આનંદથી વાતો કરી રહ્યા છે. એક કલાક વાતો કરી. ત્યાં ડૉકટરના બારણે બેલ વાગ્યો. ડૉકટર વિચાર કરે છે અત્યારે દસ વાગે કોણ આવ્યું હશે? કોઈક દર્દી આવ્યો હશે. ડૉકટર ઊભા થયા. ક્રોમવેલ કહે ઊભા થવાની શી જરૂર છે? ડૉકટરે બારણું ખોલ્યું. એક હબસી બાઇ ઊભી હતી. ડૉકટરને જોતાં ચોધારા આંસુએ રડવા લાગી. બેન શું છે ? તે ડૉકટરના પગમાં પડીને કહે છે ડૉકટર સાહેબ ! આપ હમણાં ને હમણાં મારી સાથે જલ્દી ચાલો. મારા એકના એક દીકરાને બચાવી લો. બહેન ! શું થયું છે ? સાહેબ ! આંધળાની લાકડી સમાન એક દીકરો છે. તેની ઉંમર હજુ આઠ વર્ષની છે. તેનું આખું શરીર ખુજી રહ્યું છે તે વારે ઘડીએ બેભાન થઈ જાય છે. તેને જીવાડનાર ભગવાન આપ છો. ઘેર બધા કલ્પાંત કરે છે, ઝૂરે છે. આપ જલ્દી ચાલો. જેને વીતે તેને ખબર પડે. તમે રોજ સવારે ઊઠીને સાટા ને ગાંઠીયા ખાતા હો ત્યાં દુઃખીના દુઃખની શી ખબર પડે? જેમને બિચારાને દૂધ પણ નથી મળતું છતાં ગરીબીમાં અમીરી હોય છે. કંઈક વાર ધનવાન કરતાં પણ ગરીબીની અમીરી વધુ ચઢી જાય તેવી હોય છે. એક લીટર દૂધમાં ૧૦-૧૨ માણસો નભતા હોય છે તેમના ઘરમાં ઘી નથી હોતું. રોટલા પણ પૂરા મળતા નથી.

આજે ગરીબ મનુષ્યની કિંમત નથી. સાયકલ ભાડે લેવા જાવ તો ચારપાંચ રૂપિયાથી ભાડે મળી જશે. જ્યારે માણસ જોઇતો હોય તો ત્રણ રૂપિયામાં ભાડે મળી જશે. તમારી મોટર બગડી તો એક દિવસમાં એક બે હજાર રૂપિયા થઈ જશે જ્યારે એ ગરીબ માણસનો મહિનાનો પગાર પણ માત્ર ૩૦૦ રૂા. હોય છે. તેમાં તે કેવી રીતે પૂરું કરતો હશે ? બીજી વાત એક માણસ મહિને ૧૨૫ રૂા. કમાય છે તેની કમાણી એક વર્ષની ૧૫૦૦ રૂા. ની થઈ. તેની ઉંમર સો વર્ષની ગણીએ તો કુલ કમાણી દોઢ લાખ રૂા.ની થઈ. જ્યારે બીજી બાજુ એક હીરાની કિંમત બે ચાર લાખ સુધીની હોય છે. હવે તમે વિચાર કરો કે કોની કિંમત વધી ? માનવની કે જડ હીરાની ? પણ યાદ રાખો. હીરાની કિંમત બે લાખને બદલે કદાચ બાર લાખની પણ હોઈ શકે પણ હીરાની કિંમત કરનાર તો અંતે માનવ છે ને ! માનવમાં ગરીબ માનવની તો કિંમત નથી.

સમાજનું ઋણ ચૂકવવા કર્તવ્ય અદા કરતો ડૉકટર : હબસીબાઈનું રૂદન જોયું જતું નથી. તે કહે છે સાહેબ ! મારા દીકરાને હમણાં સારવાર નહિ મળે તો કદાચ મારો એકનો એક દીકરો ગુમાવી બેસીશ. મારા જીવનનો આધાર તૂટી જશે. તમે મારા ભગવાન છો. બાઈની વાત સાંભળી ડૉકટર અંદર ગયા. તે જેના પ્રેમમાં પડેલા છે એવી પ્રેયસી કોમવેલને કહે છે મારે એક ઇમરજન્સીનો કેસ આવ્યો છે. તે બાઈનું રૂદન ખૂબ છે, ત્યાં તાત્કાલિક જવું પડે એમ છે. મારું કર્તવ્ય છે કે અત્યારે મારે જવું જોઈએ. હું જાઉં છું, તારે બેસવું હોય તો બેસજે અને ઘેર જવું હોય તો ઘેર જજે. ત્યાં કેટલો ટાઈમ લાગશે તે મને ખબર નથી. કોમવેલ મગજની ફાટેલી હતી. તે કહે છે કે તમને મારા પ્રેમની કિંમત છે કે નહિ ? હું તમને કેટલા પ્રેમથી મળવા આવી છું. તમારે તો એવા કંઈક આવે ને જાય. તમને મારી કોઈ કિંમત નથી ? તમે નહિ જઇ શકો. તમે તેને ના પાડી દો. તેની પારાશીશી તો ખૂબ ચઢી ગઈ. તમને મારી કોઈ કદર નથી. ડૉકટર બ્રેકેટ કહે છે કે હું ડૉકટરનું ભણતો હતો ત્યારે લોકોએ મારી પાસેથી કેટલી આશાઓ રાખી હતી. આપ ડૉકટર બનીને કંઈક દર્દીની આંતરડી ઠારજો. એ બધાના આશીર્વાદ લઈને હું ભણ્યો છું. એ સમાજનું ઘણું ઋણ મારા માથે ચઢયું છે. મને સમાજે એટલા માટે ડૉકટર બનાવ્યો છે કે કંઈક દર્દીઓના દર્દ આ દૂર કરશે. કંઈકની આંતરડીઓ ઠારશે, કંઈકની આંખના આંસુ લૂછશે. આ વિશ્વાસથી જે સમાજે મને આ ભૂમિકા ઉપર પહોંચાડયો છે એ સમાજને અડધી રાત્રે પણ જો મારી જરૂર પડે તો ત્યાં દોડી જવું એ મારી ફરજ છે સહુના સુખમાં હું મારું સુખ સમજું છું. આપણું કંઈક બગડી જવાનું નથી. આજે નહિ ને કાલે ય મળી શકીશું; પણ ત્યાં જો ન જાઉં તો કદાચ તે બાળકની જિંદગીની રમત રમાઈ જાય માટે આજે મારે જવું પડશે. માફ કરજો મને.

ડૉકટર બ્રેકેટની કરૂણા અને ક્રોમવેલની ક્રૂરતા : ડૉકટર તો પેલી બાઈને ગાડીમાં લઈ ને રવાના થઈ ગયા. ત્યાં જઈને જોયું તો છોકરો તરફડીયા મારતો હતો. મોઢામાં ફીણ આવતા હતા અને બેભાન હતો. ઘરના બધા અનરાધાર રડી રહ્યા છે. માબાપ કહે–તમે મારા દીકરાને જીવાડજો. આપ તો ભગવાન સમાન છો. ડૉકટરે ઉપચાર શરૂ કર્યા છતાં છોકરો ભાનમાં આવતો નથી. હબસીબાઈ પૂછે છે ડૉકટર સાહેબ! મારો દીકરો જીવશે કે નહિ? આપ ગભરાશો નહિ. જ્યાં સુધી એ ભાનમાં આવશે નહિ અને જવાબ આપશે નહિ ત્યાં સુધી હું જવાનો નથી. હું મારાથી બનતા બધા પ્રયત્નો કરું છું. આપ પ્રભુ પર શ્રદ્ધા રાખો. આખી રાત ડૉકટરે તન, મનથી સેવા કરી પણ પૂછતા નથી કે તમે કેટલા પૈસા આપશો? સવાર થતાં છોકરો ભાનમાં આવ્યો અને બોલ્યો. ડૉકટર કહે–હવે આપના દીકરાને સારું થઈ જશે. હું મારું કાર્ડ આપું છું. જરૂર પડે તો મને બોલાવજો. ડૉકટર ઘેર ગયા. જરા વાર સૂઈ ગયા, પછી ઊઠીને નાહીધોઈને પરવારીને દવાખાને જવાની તૈયારી કરે છે. ત્યાં ટેલીફોનની ઘંટડી વાગી. ડૉકટરે રીસીવર ઉપાડયું. ઘમઘમાટ અવાજ આવ્યો. ધૂંઆપૂંઆ થતી ક્રોમવેલ બોલે છે ડૉકટર બ્રેકેટ! તમને કહી દઉં છું કે તમે મારા પ્રેમની કદર કે કિંમત કરી નથી. હું તમને મળવા આવી ત્યારે તમે મને મૂકીને ચાલ્યા ગયા. હું હવે તમારી સાથે લગ્ન કરવા માંગતી નથી. આજથી હું છૂટી થઈ જાઉં છું, મારી આશા રાખશો નહિ. આ ડૉકટર તેનો ગુલામ ન હતો. તેણે કહી દીધું– તારે લગ્ન કરવા કે ન કરવા એ તારી મરજીની વાત છે પણ એક વાત યાદ રાખજે કે મેં તારું જરા પણ અપમાન કર્યું નથી. તારા પ્રેમની ખાતર એક માતૃહૃદયના વાત્સલ્યનું અપમાન કરી શકું એવું મારું હૃદય નથી આમાં તારું અપમાન કરવાનો મારો કોઈ ઈરાદો નહોતો, છતાં તને એવું લાગતું હોય તો મારો કોઇ આગ્રહ નથી. હું પણ તને મુક્ત કરું છું.

સેવા માટે જીવનની સમર્પણતા : થોડા દિવસ પછી ડૉકટરને વિચાર થયો કે હવે મારે શું કરવું? એકના પ્રેમમાં પડયો તો તે મને બંધનથી બાંધવા તૈયાર થઈ. ને બીજી સાથે સંબંધ બાંધુ તે મને આવું નહિ કરે તેની શી ખાત્રી? ધન્ય ઘડી મને આવી છે. આવી સેવા કરવાની તક મળી છે તો એને સહર્ષ વધાવી લઉં. હવે મારે લગ્ન કરવા નથી. મારે એકનો બનીને સર્વના મટી જવું નથી. નિષ્કામ ભાવે સહુની સેવા કરવી છે. લગ્નનો વિચાર માંડી વાળ્યો. જિંદગીભર બ્રહ્મચારી રહ્યા. જીવનની છેલ્લી ઘડી સુધી જેઓ સેવા કરતા રહ્યા. આ રીતે સેવા કરતાં ૭૦ વર્ષની ઉંમરે જ્યારે તેમનું મૃત્યુ થયું ત્યારે આખું શહેર એમની સ્મશાનયાત્રામાં જોડાયું. કોઇને બોલાવવા જવા ન પડયા કારણ કે સહુના હૃદયમાં તે વસી ગયા હતા. સારું ગામ, સારો સમાજ તેની પાછળ રડવા લાગ્યો. પ્રભુના અવતાર સમાન, દુઃખીઓનો બેલી, પીડિતોના આંસુ લૂંછનાર એક વિભૂતિ ચાલી ગઇ. તેનું મનમાં બધાને ખૂબ દુઃખ હતું.

ડૉ. બ્રેકેટનું દવાખાનું ઉપર છે : બ્રેકેટને જ્યાં દફનાવવામાં આવ્યા ત્યાં એમના સમાધિ સ્થાન ઉપર એક સ્મારક કરવાનો વિચાર કર્યો અને એક સુંદર કબર ત્યાં બનાવવામાં આવી. કબર બનાવ્યા પછી વિચાર થયો કે એની ઉપર કોઈ સુવાક્ય લખવું. જે ડૉકટરને સાચી શ્રદ્ધાંજલી આપતું હોય પણ કયું વાકય લખવું ? આ ડૉકટરનું વ્યક્તિત્વ એટલું બધું તેજસ્વી હતું કે સમાજની સેવા ખાતર પોતાની જાતનું બલિદાન આપનાર એ મહાન વિભૂતિને શ્રદ્ધાંજલી કયા શબ્દોથી આપવી ? તે મોટો પ્રશ્ન ઊભો થયો. એક દિવસ એવું બન્યું કે જે હબસી છોકરાના પ્રાણ આ ડૉકટરે બચાવ્યા હતા તે છોકરો પણ હવે તો મોટો થઈ ગયો હતો. તે ડૉકટર બ્રેકેટના દવાખાના પાસેથી નીકળ્યો. ત્યાં એણે બોર્ડ વાંચ્યું કે " ડૉકટર બ્રેકેટનું દવાખાનું ઉપર છે. " તેણે તે બોર્ડ ઉતારી લીધું અને જ્યાં ડૉકટર બ્રેકેટની કબર હતી ત્યાં જઈને મૂકી દીધું. ડૉ. બ્રેકેટની સમાધિ પર આ વાકય લખેલું છે. " ડૉકટર બ્રેકેટનું દવાખાનું ઉપર છે. ' એટલે ડૉકટરનું જીવન એવું હતું કે તે મૃત્યુ પછી ઉપર ગયા હોય. ડૉકટર હવે ઉપર ગયા છે. ત્યાં પણ અનેકના આંસુ લૂછતા હશે અને કંઈકના બળતા હૃદયને ઠંડક આપતા હશે. આવા ભાવ પ્રદર્શિત કરતું પાટીયું તે કબર પર લાગી ગયું. આ પાટિયું વાંચીને બધા લોકો ખુશ થતા. ભલે, દેહથી ડૉ. બ્રેકેટ હાજર નથી પણ તેના ગુણની સુવાસથી આજે સૌ તેમને યાદ કરે છે.

ભગવાનનો દિવ્ય સંદેશો છે કે લગની આત્મદર્શનની. આત્મદર્શન થશે કયારે ? આત્માની આડે આવતા આવરણોને દૂર કરશું ત્યારે. તે આવરણો ક્રોધાદિ કષાયો છે. તેને જેમ જેમ ઘટાડતા જશું તેમ આત્મદર્શન જલ્દી થશે. જેમ જેમ આત્મદર્શન થશે તેમ તેમ આ દુનિયા પરથી, સગાસંબંધીઓ પરથી આસકિત ઘટતી જશે. દુનિયાનો વિચાર પણ પછી અંતરમાં નહિ આવે. આંતરદૃષ્ટિ ઉઘડશે તો બાહ્યદૃષ્ટિ બંધ થશે. બાહ્યદૃષ્ટિ બંધ કરવી એટલે જગતનું બધું જોવાનું અને સાંભળવાનું બંધ કરવું. બાહ્યદૃષ્ટિ છે ત્યાં સુધી જગતના પદાર્થોને જોવામાં, સાંભળવામાં રસ આવે છે. ભૌતિક જગતના આનંદ કરતા આંતર જગતના આનંદની અનુભૂતિ અપૂર્વ છે માટે જડ પદાર્થો પ્રત્યેની લગની ઘટાડી આત્માની લગની લગાડો તો મુકિતના દ્વારમાં પ્રવેશ કરી શકાશે. વધુ ભાવ અવસરે.

દ્વિ. શ્રાવણ સુદ એકમ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૪૫ : તા-૧૬-૮-૮૫

—વિષય : લોકપ્રિયતા

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પનોતા પર્વાધિરાજ પર્યુષણ પર્વના ત્રણ દિવસો તો ચાલ્યા ગયા. ચોથો દિવસ આવી ગયો. પર્યુષણ પર્વ એ દુઃખ દાવાનળને શાંત કરનાર અમોઘ શસ્ત્ર છે. જીવન સમૃદ્ધિ પ્રાપ્ત કરાવનાર અપૂર્વ પુરૂષાર્થ છે. જીવનમાં છવાયેલા ઘોર અંધકાર અને કષાયોની ગીચ ઝાડી વચ્ચે પણ મોક્ષ માર્ગની

પગદંડી બતાવી એના પર ચઢાવવાની તાકાત આ તેજસ્વી પર્વમાં છે. આ પર્વ આપણને સંદેશો આપે છે કે તમે કર્મના રસિક બનીને કલ્યાણ રસિક બનો. ધનના રસિક બનીને ધર્મના રસિક બનો.

આજે આપણો વિષય છે " **લોકપ્રિયતા** " માર્ગાનુસારીના ૩૫ બોલ છે તેમાંનો આ એક બોલ છે. લોકપ્રિયતા એટલે લોકોના હૃદયમાં આપણા પ્રત્યે સદ્‌ભાવ હોવો, પ્રેમ હોવો. સમકિત પામવું છે તો પહેલા માર્ગાનુસારીના ગુણો તો જીવનમાં અપનાવવા પડશે. ખેતરમાં ઘઉં, બાજરો વાવવો છે તો પહેલા બીજની વાવણી તો કરવી પડશે. વાવણી કરતાં પહેલા ખેતર ખેડીને તયાર કરવું પડે તેમ આપણા હૃદયરૂપી ખેતરમાં સમકિત રૂપી બીજની વાવણી કરવી છે તો વાવણી કરતાં પહેલા ખેતર ખેડીને તૈયાર કરવું જોઈએ. જીવનને નિર્મળ અને વિશુદ્ધ બનાવવું પડે. પાટી જેટલી સ્વચ્છ હોય તેટલા અક્ષર સારા પડે. ચિત્રકારને ભીંત પર ચિત્ર દોરવું છે તો દિવાલ જેટલી વધુ સ્વચ્છ અને પોલીસ કરીને આરસ જેવી બનાવી હશે તેટલું ચિત્ર સારું દોરી શકાશે. અહીં સમજવાનું એ છે કે જો લોકપ્રિય બનવું છે તો વિચાર શુદ્ધિ કરવી પડશે. આ લોકપ્રિયતા એ ગુણને આત્મસાત્ કરતાં પહેલાં, એ ધ્યાન રાખજો કે આપણું જીવન અનેક લોકોની વચ્ચે પસાર થઈ રહ્યું છે અને લોકોની જુદી જુદી સહાયથી ચાલી રહ્યું છે. આવા જીવનમાં આપણી જીવનપદ્ધતિ એવા પ્રકારની હોવી જોઈએ કે જેમની વચ્ચે આપણે રહીએ છીએ, જેમની સહાયથી જીવન ચાલે છે તેઓને આપણા પ્રત્યે પ્રેમ હોય, માન હોય, આદરભાવ હોય. આ રીતનું જો આપણું જીવન ન હોય એટલે લોકોને આપણા પ્રત્યે પ્રેમ કે માન ન હોય તો જીવન સારી રીતે પસાર ન કરી શકાય.

આજે બધાને લોકપ્રિય થવું તો ગમે છે પણ બદનામ થવું કોઈને ગમતું નથી. કોઇ કહે કે તમે બહુ સારા છો તો આપણને ગમે. એ શબ્દ આપણને પ્રિય લાગે પણ ભૂલેચૂકે એમ કહે કે બેસોને તમને જોયા છે કે તમે કેવા છો ? ધર્મધ્યાન કરો છો પણ વગર ઉઘાડ્યા સારા છો. તમારી પોલ ખુલ્લી કરીશ તો તમે ઊભા નહિ રહી શકો. તમારો આત્મા કબૂલ કરે છે કે મારું વર્તન, વ્યવહાર એવા નથી, આપણી આપણને તો ખબર હોય ને ! ભલે ને મારી નિંદા કરે, અવર્ણવાદ બોલે પણ મેં આવું વર્તન કયારે પણ કર્યું નથી. તમારો આત્મા ખાત્રી આપતો હોય પછી દુઃખ ધરવાની શી જરૂર. ભલે ને તે બોલે. જેની પાસે જે માલ હોય તે ઠાઠે તેમાં તને શું ? આ જીવને શું ગમે છે ? લોકપ્રિય બનવું ગમે છે. આ શબ્દ નાના, મોટા, બાલ યુવાન, વૃધ્ધ, રાય, રંક બધાને ગમે છે. પાંચ વર્ષના નાના બાળકમાં પણ આ સદ્‌ગુણની મહત્ત્વાકાંક્ષા પડેલી હોય છે એવો નાનો બાલુડો સ્કૂલેથી ભણીને આવ્યો. પુસ્તકોની થેલી ઉપાડીને થાકી ગયો છે. ઘેર આવ્યો ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગયો છે તે સમયે તમે કહો-બેટા ! તું આવ્યો ? તું ખૂબ થાકી ગયો લાગે છે, હું તો તારી રાહ જોતી હતી. કંદોઇની દુકાનેથી અમુક વસ્તુ લાવવી છે. તમે તેને પ્રેમથી, આદરથી બોલાવ્યો તો

તે તરત કહેશે કે બા! હું લઈ આવું છું. તે લઈ આવશે. બધાને લોકપ્રિય થવું ગમે છે. બાળકની સાથે પ્રેમથી વાત કરશો તો તે તમારું કામ કરશે. કોઇ દલીલ કે અપીલ નહિ કરે.

ઉપાશ્રયથી અઠ્ઠમ પોષો પાળીને સાસુજી ઘેર ગયા. જઈને વહુને કહે–વહુ બેટા! મને તો બબર હતી કે દીકરી જેવી મારી વહુએ મારા માટે બધી તૈયારી કરી રાખી હશે. વહુએ તો કાંઇ કર્યું નથી, તેથી તે શરમાઈ ગઇ. સાસુજી સમજી ગયા કે વહુએ કાંઈ કર્યું નથી; તેથી ધીમેથી કહ્યું–બેટા! ગભરાઈશ નહિ, મારે કાંઈ ઉતાવળ નથી. આ શબ્દો વહુને કેટલા પ્રિય લાગે! તૈયારી ન કરી હોય તો પછી બધી તૈયારી કરી દે. આવું કહેવાને બદલે સાસુજી ઘેર જઈને જો ધમધમાટી બોલાવી દે. કંઈ બબર પડતી નથી. તેં ત્રણ વાર ખાધું છે પણ મારે તો અઠ્ઠમ હતો. તને કંઈ ગતાગમ પડે છે? આ શબ્દોથી વહુ કરતી હોય તો પણ ન કરે. મીઠી ભાષા બોલવાથી આલોકમાં બધાને પ્રિય થવાય અને કર્મબંધન ન થાય. લોકપ્રિયતા પ્રાપ્ત કરવા માટે પાંચ ગુણો કેળવવા ખૂબ જરૂરી છે. તેમાં પહેલો ગુણ છે.

આલોક વિરૂદ્ધ નિંદાદિ પ્રવૃત્તિનો ત્યાગ : લોકપ્રિય થવા ઇચ્છનાર માટે સૌથી પ્રથમ એ ગુણ કેળવવાનો છે કે એણે કોઈની નિંદા ન કરવી. જીવનમાં કલેશ અને કંકાસની હોળી સળગાવનારું કોઈ ભયંકરમાં ભયંકર પાપ હોય તો તે નિંદાનું છે. એક વખત નિંદા કરવાની ટેવ પડશે પછી એ જવાની અસંભવ છે. નિંદા કરવાથી બીજા જીવો સાથેનો મૈત્રીભાવ તૂટી જાય છે. ગુણવાન આત્માઓ પ્રત્યે પણ દ્વેષ કરાવે. નિંદા કરનારને ગુણવાનના ગુણો ન દેખાય પણ તેનો એકાદ અવગુણ તેના દૃષ્ટિપથ પર પહેલા આવે પછી તે તેમની નિંદા કરે, નિંદા જીવનમાં અગણિત દોષોને ખેંચી લાવે છે અને બધાને અપ્રિય બનાવે છે. **"સંપૂર્ણ જગતમાં ઈશ્વર એક, માણસ માત્ર અધુરા."** કેવળી સિવાય માણસ માત્રમાં દોષ હોય છે પણ બીજાના દોષોની નિંદા કરવી એ પાપ છે. આપણાથી કોઇની નિંદા થાય નહિ. તેમાં પણ જેઓમાં ગુણોનો વૈભવ ભરપુર છે તેની નિંદા તો બિલકુલ ન કરાય. જે ગુણદ્વેષી નિંદાખોર માણસો છે તેમને તો ભોજનના રસ કરતાં ય વધુ મીઠો નિંદાનો રસ લાગે છે. ત્રણ દિવસના ઉપવાસ કરવા સહેલ છે પણ ત્રણ દિવસ સુધી કોઈની નિંદા ન કરવી એ અતિ અઘરું છે. નિંદાનો ત્યાગ કરવો એ સામાન્ય કામ નથી. આજના યુગમાં પોતાના ઘરમાં પણ બધાનો પ્રેમ મેળવી શકાતો નથી તો પછી સમાજનો, લોકોનો પ્રેમ કયાંથી મેળવી શકાય! લોકપ્રિય કેવી રીતે થઈ શકાય? જીવને નિંદાનો આટલો બધો રસ શાથી છે? તે માનવી પોતાની જાતને કંઈક માને છે. બધા કરતાં મારી પ્રતિભા કંઈક જુદી છે એ વાતને સાબિત કરવા માટે બીજાની નિંદા કરે છે.

લોકપ્રિયતાનો કીમિયો : છદ્મસ્થ માણસમાં કોઈ ને કોઈ ભૂલ હોય એ સ્વભાવિક છે તો એની ભૂલ સુધારવાની જરૂર છે. એને ઉતારી પાડવો એ ખોટું છે.

બીજાની હલકી વાતો કરવાનો અને હલકી વાતો સાંભળવાનો જો આપણને રસ હોય તો સમજવું કે આપણે લોકપ્રિય બની શકવાના નથી. જો લોકપ્રિય બનવું છે તો તમારું એક પણ કામ, વ્યવહાર કે વર્તન એવા ન હોવા જોઈએ કે જેથી તમારી નિંદા થાય. કોઇ એમ બોલે કે ફલાણાના દીકરા દીકરીને શું આ શોભે છે ? જો તેનું કામ સારું ન હોય તો લોકો એમ બોલે ને ! લોકપ્રિયતા મેળવવી છે–તો લોકોના હૃદય સુધી પહોંચાય એવો પ્રેમ સંપાદન કરવો જોઈએ. સમાજમાં રૂપિયાની પ્રભાવના કરવી સહેલી છે પણ બધાનો પ્રેમ મેળવવો સહેલો નથી. બીજાને પ્રેમ કયારે આપી શકીએ ? એના હૃદય સુધી પહોંચીએ ત્યારે. તે માટે પહેલો બોલ છે નિંદાદિ પ્રવૃત્તિનો ત્યાગ. નિંદા થાય કયારે ? સામા જીવો પ્રત્યેની ઇર્ષા.. પોતાના કરતાં ગુણમાં કે સંપત્તિમાં આગળ વધી ગયેલા આત્માઓ પ્રત્યે ઇર્ષા થાય એટલે તે નિંદા રૂપે બહાર નીકળ્યા વગર રહે નહિ. આવા નિંદાખોર માણસોની સોબત કયારે પણ કરવી નહિ. નહિતર તમે પણ એની સાથે નિંદાને પાત્ર બનશો. આવા માણસોનો સંગ જીવને અનેક પ્રકારની બદીઓમાં ફસાવ્યા વિના નહિ રહે. જે નિંદા કરે છે તે, તે વ્યક્તિની સામે બેસીને નહિ કરી શકે. કારણ કે તેને અંદર ભય છે કે તેની સામે હું બરાબ બોલીશ અને તે મને ખોટો ઠરાવે અગર મને મારી બેસે તો ! તેથી તે કયારે પણ વ્યક્તિની હાજરીમાં નિંદા કરી શકતો નથી. નિંદાથી બધાને અપ્રિય બને છે. તેને તે વાતનો ખ્યાલ નથી કે હું લાખના ઘરમાં રહીને બીજાના લાખના ઘરને અગ્નિથી સળગાવી રહ્યો છું; પણ આવતી કાલે એ જ અગ્નિ મારા ઘર પર આવશે તો મારું શું થશે ? માટે જો લોકપ્રિય બનવું છે તો નિંદાનો ત્યાગ કરો.

લોકપ્રિય બનવા માટે જીવન નિર્મળ અને પવિત્ર હોવું જોઈએ. મહાપુરૂષો સમજાવે છે કે જો તારે જગતને પ્રેમપાત્ર બનવું છે તો જગતને તારું બનાવી દે. લોક વિરૂદ્ધ પ્રવૃત્તિનો ત્યાગ કર કે જેથી કોઈ તારી નિંદા ન કરે. તારાથી શું કરાય અને શું ન કરાય ? તેનો વિચાર કર. નિંદા આદિ પ્રવૃત્તિ તથા ક્રોધ, માન, માયા, લોભ મારાથી ન કરાય. ઘણી વાર વાતમાં કાંઈ માલ ન હોય છતાં કષાયના આવેશમાં આવીને ન કરવાનું કરી બેસે છે. એક બાપને ચાર દીકરા. ચારે દીકરાની ગાડીઓ સ્વતંત્ર સહુ પોતાની સ્વતંત્ર ગાડી લઈને ફરે. એક વાર મોટાભાઇના દીકરાનો દીકરો નાનાભાઈની ગાડી લઇને ગયો. નાનો ભાઈ બહાર નીકળ્યો. તેણે તેની ગાડી ન જોઇ. મનમાં થયું કે મારી ગાડી કોઈ લઈ ગયું લાગે છે. તેણે મોટાભાઈને પૂછયું–મારી ગાડી કયાં ? મહેમાન આવ્યા હતા તેમને લઈને આપણો દીકરો ગયો છે. આ બીજી ગાડીઓ પડી છે અથવા તું ટેકસી કરીને જા. *ટેકસીનો કયાં તૂટો છે? મહેમાનને ના પાડી શકયા* નહિ એટલે લઈ જવા દેવી પડી. તેના મનમાં માન આવ્યું કે મારી ગાડી લઈ જનાર કોણ ? તપશ્ચર્યા કરવી સહેલી છે, દાન દેવું સહેલું છે પણ માન છોડવું મુશ્કેલ છે. નાનોભાઈ કહે મોટાભાઈ ! આટલી દાદાગીરી શેની કરો છો ? આમાં મોટાભાઇની દાદાગીરી કહેવાય ખરી ? મોટાભાઇએ એટલું કહ્યું–ગાડી લઈ ગયા એમાં શું થઈ ગયું !

ટેકસીઓ કયાં નથી મળતી ? નાનાભાઇના કોઠામાં ક્રોધ શત્રુ પેઠો. સામે ગાડીના પાટા હતા ત્યાં જઈ ને સૂઈ ગયેા. સામેથી આવતા મેઈલે તેને ઝડપી લીધેા. એન્જિનના મુખમાં તેનું બલિદાન દઈ દીધું. શા માટે પાટામાં હોમાઈ ગયેા. મૃત્યુને શા માટે ભેટી ગયેા ? કષાયના કારણે. જ્ઞાની કહે છે કે તપસ્વી મળશે, દાનેશ્વરી મળશે પણ કષાય વિજેતા નથી મળતા.

એ કષાયના કરનારા એના પરિણામમાં કાંઇ સાર નથી.
એ દુર્ગતિના દેનારા એના પરિણામમાં કાંઇ સાર નથી.

કષાયેાનેા આવેશ બહુ બૂરી ચીજ છે. તેમાં તે ન કરવાનું કરી બેસે છે. તેનું આ લેાકમાં અહિત થાય છે અને પરલેાકમાં પણ તેનું બગડી જાય છે. જો લેાકપ્રિય બનવું છે તેા નિંદા આદિ પ્રવૃત્તિનેા ત્યાગ કરેા. નિંદા કરવી અને નિંદા સાંભળવી એ ભયંકર પાપ છે. જો નિંદા સાંભળનારા ન હેાય તેા નિંદા કરનારા નિંદા કરે કેાની પાસે ? બીજાની નિંદા કરવાથી લેાકમાં અપ્રિય થવાય છે આવી હલકી મનેાવૃત્તિ આત્મવિકાસ તેા ન થવા દે પણ લેાકપ્રિય પણ ન બનવા દે. જો લેાકપ્રિય થવું છે તેા ભાષા વિવેકપૂર્વક બેાલેા. જાણે અજાણે બીજાની હલકી વાત ન થઈ જાય એની કાળજી રાખેા. આટલું કરશેા તેા લેાકપ્રિયતા આવ્યા વિના નહિ રહે. તે માટે પહેલેા ગુણ છે લેાક વિરુદ્ધ નિંદા, કષાય આદિનેા ત્યાગ કરેા. તમારેા વ્યવહાર, વર્તન એવા ન હેાય કે કેાઈ તમારી સામે આંગળી ચીંધે.

બીજો ગુણ-હિંસા, અસત્ય, જુગારાદિ નિંદ્ય પ્રવૃત્તિનેા ત્યાગ : લેાકપ્રિય બનવામાં જેમ નિંદા આદિ બાધકરૂપ છે તેમ હિંસા જુગારાદિ નિંદ્ય પ્રવૃત્તિઓ પણ બાધકરૂપ છે. જે પરલેાક બગાડે, આપણી ગતિ બગાડે તેવા કાર્યો ન કરવા. હિંસા છે ત્યાં પાપ છે માટે હિંસા ન કરવી જોઇએ. જુગાર લેાકમાં નિંદનીય છે. જો લેાકપ્રિયતા મેળવવી છે તેા જુગારાદિનેા ત્યાગ કરવેા પડશે. જુગાર રમતા હેાય તેના તરફ લેાકેા આંગળી ચીંધે છે. તે બહાર નીકળે ત્યારે જગત કહેશે કે આ જુગારીયેા નીકળ્યેા. પાંચ પાંડવેાને થયા આજે કેટલાય વર્ષો વીતી ગયા. તેઓ ભગવાન નેમનાથના શાસનમાં થયા. તે પછી પારસનાથ ભગવાનનું શાસન ચાલ્યું પછી ભગવાન મહાવીર સ્વામી થયા. છતાં પાંડવેા જે જુગાર રમ્યા તે વાત હજુ ભૂલાતી નથી. નિંદનીય વાતેા જલ્દી ભૂંસાતી નથી. કુરૂક્ષેત્રના મેદાનમાં કૌરવેા અને પાંડવેા વચ્ચે ચાલેલા ભીષણ યુદ્ધમાં લાખેાની થયેલી કત્લેઆમના મૂળમાં આ જુગારનું જ પાપ હતું ને ! જુગારના આ પાપે આજે ઘણાંય યુવાનેાના જીવન છિન્નભિન્ન થઈ ગયા છે. જુગારમાં જીતનારેા ફુલાફુલા થઈ ને ફરે છે, પણ હારનારેા કાં તેા આપઘાત કરે છે અને કાં તેા ખૂણે બેસીને આંસુ પાડે છે.

પહેલા માણસ જુગાર તરીકે જુગાર રમતેા નથી. આ પાપ માનવી પહેલા પેાતાની જાતે કરવા તૈયાર થતેા નથી પણ બીજાની સલાહથી કરવા તૈયાર થાય છે. જુગારીયાની જે

ટોળી હોય તે એને પહેલા આનંદ ખાતર રમવા બેસાડે. જાણીપીછીને એને જીતાડી દે. બીજી વાર પણ એને જીતાડે. જે જીત્યો એના હાથમાં બે દિવસ ૫૦૦–૬૦૦ રૂપિયા આવી જાય એટલે એને રમવાનો ચસ્કો લાગે. શરૂઆતમાં ચાર પાંચ દિવસ તો ટોળી એને જીતવા દે, પછી એમ લાગે કે આ શિકાર બરાબર જાળમાં ફસાઈ ગયો છે એટલે પછી એને જીતવા ન દે. પાંચ સાત વાર હાર થાય ત્યારે એકાદ વાર જીતે. છેવટે આ હારજીતથી એ ભાઈ પાયમાલ થઈ જાય. મેળવ્યા કરતાં અનેકગણું ગુમાવી દે અને તેના બૂરા હવાલ થાય છે. જીવનને જો ગુણોથી મઘમઘાયમાન બનાવવું હોય, મેળવેલા ગુણોને ટકાવી રાખવા હોય અને લોકપ્રિય બનવું હોય તો તાલકૂટ વિષ કરતાં ભયંકર એવી આ નિંદ્ય પ્રવૃત્તિઓથી સદા માટે દૂર રહેજો. ઝેર ખાનારો હજુ જીવી જાય, આગમાં પડનારો હજી કદાચ સહીસલામત બચી જાય પણ આવી નિંદ્ય પ્રવૃત્તિઓ આચરનારો પોતાના આત્મગુણોને ટકાવી શકે એ વાત શકય નથી.

કોઇ માણસ લોકપ્રિય હોય તો તેની નિંદા ન કરશો. એમાં ય વિશિષ્ટતાવાળા માણસોની નિંદા તો કદી ન કરશો. નાનો માણસ મોટાની નિંદા કરે તો એ પોતાની જાતને હલકો પાડે છે એનાથી એનું પુણ્ય સાફ થઈ જાય છે. કોઈ માણસ અભ્યાસમાં કે ક્રિયામાં ઓછો હોંશિયાર હોય તો એની ટીકા કે મશ્કરી કરવી એ મહાપાપ છે કારણ કે આજે જે આડાઅવળા લીંટા કરે છે તે આવતી કાલે એકડો ઘુંટતો થઈ જશે પણ જે માણસ લીંટા નથી કરતો, શરૂઆત નથી કરતો તેને સુધારવાનો કે શીખવાનો અવકાશ કયાંથી મળવાનો છે ? આપણે જાણીએ છીએ કે જગતમાં કોઈ માણસને અપમાન સહન કરવું ગમતું નથી કારણ કે દરેક માણસને સ્વમાન વહાલું હોય છે. અપમાન બધાને અસહ્ય થઈ પડે છે. સ્વમાન સૌને પ્રિય લાગે છે, માટે નાના નોકર જેવા માણસનું પણ અપમાન ન કરાય.

એક શેઠ ખૂબ સુખી સમૃદ્ધ. તેમની પાસે અઢળક સંપત્તિ હતી. તેમના દીકરાની વર્ષગાંઠનો પવિત્ર દિવસે આવ્યો. તે દિવસ વકીલે પોતાના સગાસંબંધી તથા સ્વજનોને ખૂબ મોટી સંખ્યામાં પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. શેઠે ભવ્ય જમણવાર યોજ્યો હતો. શેઠની સ્થિતિ ખૂબ સારી હતી એટલે જે બધા જમવા આવ્યા તેમને શેઠે ચાંદીના થાળી વાટકામાં જમાડયા. જમવા માટે જેણે ચાંદીના થાળી વાટકા આપ્યા તેમને ત્યાં જમણવારનું તો પૂછવું શું ! પાંચ જાતની મિઠાઈ, બે ત્રણ ફરસાણ, ચટણી, રાઇતા, શાક આદિ બધું હતું. મહેમાનો પ્રેમથી જમ્યા. જમીને સૌ પોતપોતાના ઘેર ગયા. જમ્યા પછી થાળી વાટકા ગણ્યા તો ચાંદીની એક થાળી ઓછી થઈ. ઘરમાં બધે તપાસ કરી પણ થાળી ન જડી ત્યારે શેઠાણીએ નોકરાણીને પૂછયું તેં થાળી લીધી છે ? નોકરાણીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું–મેં લીધી જ નથી. ખૂબ પૂછયું છતાં જેણે લીધી ન હોય તે હા કેવી રીતે કહી શકે ?

સત્ય માટે શેઠાણીની સામે પડેલા શેઠ : શેઠાણી માને છે કે નોકરાણીએ

લીધી છે પણ તે સત્ય બોલતી નથી તેથી એને ધમકાવે છે. કોઈ હિસાબે નોકરાણી ન માની ત્યારે શેઠાણીએ ગરીબ નોકરાણી પર કોર્ટમાં ચોરીના ગુનાસર કેસ માંડ્યો. નોકરાણી તો બિચારી ગભરાઈ ગઈ. એના હાજા ગગડી ગયા. તે શેઠના પગમાં પડીને ફ્રસ્કે ફ્રસ્કે રડવા લાગી. શેઠને નોકરાણી પર ખૂબ શ્રદ્ધા કે આ બાઈ પ્રમાણિક છે નીતિવાન છે એટલે તેમણે પોતાની પત્નીને કહ્યું કે આ બાઈએ કયારે પણ આપણા ઘરમાં ચોરી કરી નથી. તે સાવ નિર્દોષ છે માટે તમે તેના પર જે કેસ ચલાવ્યો છે તે કેસ પાછો ખેંચી લો. શેઠે ખૂબ સમજાવી પણ પત્ની માને શાની ? કારણ કે તે કોર્ટના કાયદા શાસ્ત્રથી ખૂબ જાણકાર હતી. જે દિવસે કેસ ચાલવાનો હતો તે દિવસે શેઠાણી સારા કપડાં પહેરીને કોર્ટમાં જવા નીકળ્યા. એ વખતે શેઠે પણ કોર્ટમાં જવા માટે કપડાં પહેર્યાં. શેઠાણી આ જોઈને આશ્ચર્યચકિત થઇ ગઇ. તે કહે છે હે પતિદેવ ! તમારું કોર્ટમાં કાંઇ કામ નથી. પણ મારે આવવું છે. મારા કેસ માટે મને બોલતા આવડે છે. તને આવડે છે પણ આપણી નોકરાણીને બોલતા નથી આવડતું તેનું શું ? એટલે કે નોકરાણી વતી કોર્ટમાં હું બોલવાનો છું. તમે ? હા. મારી સામે ? હા. શું કરું ? નિર્દોષ નોકરાણી પર કેસ કરતાં તને શરમ નથી આવતી ? એ નિર્દોષ નોકરાણીને બચાવવા ખાતર તારી સામે પડવામાં મને જરા પણ શરમ નથી આવવાની. શેઠે ખૂબ સ્વસ્થતાથી કહ્યું–હવે પત્ની શું બોલે ? કોર્ટમાં કેસ દાખલ થઈ ગયેા. કેસ બરાબર ચાલ્યેા, પતિ–પત્ની સામસામાં પક્ષમાં હોય એટલે લોકોને ખૂબ આશ્ચર્ય થયું. ચિક્કાર ભેદની વચ્ચે કેસ લગભગ બરાબર સત્તર દિવસ ચાલ્યેા. છેવટે ન્યાયાધીશે ચૂકાદો આપતા નોકરાણીને નિર્દોષ જાહેર કરી, ત્યારે કોર્ટના એ વિશાળ રૂમમાં બેઠેલા ભાઇબેનોએ શેઠને તાળીઓના અવાજથી વધાવ્યા.

આ દૃષ્ટાંત પરથી એ સમજવાનું છે કે શેઠની કેટલી સાત્વિકતા હશે કે આ એક ગરીબ નોકરાણીને બચાવવા ખાતર પોતે ખુદ પોતાની પત્નીની સામે પડ્યા અને નોકરાણીને બચાવી લીધી. કોઈક વિરલ આત્મા આવા સત્ત્વને ફોરવી શકે છે અને સત્યના પક્ષે રહી શકે છે. બાકી સત્ત્વહીન લાલચુ જીવો આવા કસોટીના સમયમાં મોટે ભાગે અન્યાયના પક્ષમાં રહે છે. હું તમને પૂછું છું કે તમારા ઘરમાં આવો પ્રસંગ બન્યો હોય તો ? ચોરાયેલો માલ પૂરતી તપાસ કરવા છતાં ન પકડાય તો તમારી નજર કોના પર જાય ? નોકરો પર. નોકરો કાંઇ બધા ચોર હોતા નથી. એમનામાંથી શું પ્રમાણિકતા મરી પરવારી છે ? તમારા માનસપટ પર એ સંસ્કાર છે કે નોકરો તો હલકા લોહીના માટે ચોર હોય. આ માન્યતાને કારણે નોકરો સાથે રહેવા છતાં નોકરોનો પ્રેમ જીતી શકતા નથી તેથી ઘરમાં પણ લોકપ્રિય બની શકતા નથી.

દુનિયામાં બધાને લોકપ્રિય થવું ગમે છે પણ લોકપ્રિય સહજ બનાતું નથી. એના માટે મનુષ્યે પ્રથમ લાયકાત કેળવવાની છે. જેનામાં લાયકાત છે તે બધાને લોકપ્રિય

બની શકશે. ત્યાગ અને બલિદાનના કારણે વ્યક્તિ લોકપ્રિય બની શકે છે. વ્યક્તિઓને લીધે સંસ્થાઓ જીવતી બને છે. ધર્મ મહાપુરૂષોથી ચાલે છે માટે એ ક્ષેત્રમાં કામ કરતા પુરૂષોના જીવનમાં લોકપ્રિયતા અનિવાર્ય ગણાય છે. પોતાના આત્મબલિદાનના કારણે આવી વ્યક્તિ આદરણીય બને છે.

ત્રીજો બોલ છે દાનરૂચિ : દરેક માણસે પોતાના કુટુંબની સ્થિતિને અનુકૂળ કાંઇક દાન કરવું જોઇએ. જીવનમાં ઉદારતા હોય તો દાન દેવાય. ઉદારતાનો ગુણ જીવનમાં મૈત્રી વધારે, શીલવાન બનાવે, દુશ્મનાવટ તોડી નાંખે અને લોકપ્રિય બનાવે. લોકપ્રિય બનવા માટે અતિ મહત્વનો ગુણ દાન ત્યારે બીજે કે જ્યારે બીજાના દુઃખે દુઃખી થવા જેટલું આપણું દિલ કોમળ હોય. એ કોમળતા ઉભી થયા વિના દાનરૂચી ઊભી થવી મુશ્કેલ છે માટે દાનગુણને તમામ ક્ષેત્રમાં અમલી બનાવી દો. યાદ રાખો કોઈને આવતી કાલ કેવી ઉગશે તે ખબર નથી. આત્માની સાથે લઇ જવાનું ભાતું આપણે અત્યારથી તૈયાર કરવાનું છે. મરાઠીમાં દાનને 'દેવ' કહે છે એટલે જેના અંતરમાં દેવ વસ્યો હોય એને દાનનો વિચાર આવે છે. જેનામાં લેવાની અને લૂંટવાની ઇચ્છા છે તેનામાં દેવત્વનો અંશ હોતો નથી. અનાદિકાળથી માનવી લેવાનું કાર્ય કરતો આવ્યો છે. હવે દેવાનો સમય આવ્યો છે. છતી શક્તિએ દાન ન દેવું એ મોટો અપરાધ છે. જે જીવ મળવા છતાં દેતો નથી તે જાય ત્યારે તેની પાછળ એમ બોલાય છે કે બિચારો આપી શક્યો નહિ. તમારે બહાદુર બનવું છે કે બિચારા ! એ તમારા હાથની વાત છે. યાદ રાખજો જેટલું દિલાવર દિલથી દેશો તેટલું મળવાનું છે. હિન્દુ ધર્મમાં પણ કહ્યું છે કે જે દે છે તે દેવ છે અને લીધે જ રાખે છે તે દાનવ છે. આ જીવે પૃથ્વી, પાણી, વનસ્પતિ, વાયરો બધા પાસેથી લે લે જ કર્યું છે પણ હજુ દેતા શીખ્યો નથી. કરોડોની સંપત્તિ હશે પણ સાથે તો કંઇ જવાનું નથી. જેટલા વાપરશો તેટલા પરલોકની સદ્ધર બેંકમાં નાણાં જમા થવાના છે.

ધર્મનું આદિ પદ દાન છે. દાન આપવામાં આનંદ છે. લેવામાં લાચારી છે. **"જેના જીવનમાં દાન નહિ તે ના-દાન"** લેવાનું બધેથી, આપવાનું કોઇને નહિ આ તે કેવો ન્યાય ! દાનની પાછળ તો આત્માનો આનંદ વહેવો જોઇએ. દિલની આવી ઉદારતા એનું નામ સાચું દાન. આજે જેમની પાસે ધન છે તે તેમના પાછલા ભવોના દાનાદિ સુકૃત્યોનું ફળ છે. શાસ્ત્રકારોએ દાનધર્મનો મહિમા બતાવતા કહ્યું છે કે શીલ, તપ અને ભાવધર્મનું પાલન કરવાથી માત્ર પોતે સંસારસમુદ્ર તરી શકે છે જ્યારે દાનધર્મથી દાન આપનાર અને લેનાર બંને સંસારસમુદ્ર તરી શકે છે. દાનધર્મથી વિપત્તિઓ દૂર ચાલી જાય છે અને સંપત્તિ પગલે પગલે પ્રાપ્ત થાય છે. દુશ્મન દોસ્ત બને છે અને દુર્જન માણસ પણ સજ્જન બને છે તેની યશકીર્તિ ફેલાય છે.

શ્રી તીર્થંકર ભગવંતો પોતે દીક્ષા ગ્રહણ કરતાં પહેલાં એક વર્ષ સુધી દાન કરે છે. તે દાન કેટલું કરે છે તે તમે જાણો છો ? સૂર્યોદયથી માંડીને બપોરના ભોજન સુધી

રોજ એક કોડ આઠ લાખ સોનૈયાનું દાન કરે છે. એક સોનૈયાનું વજન ૮૦ રતિ પ્રમાણ હોય છે. સોનૈયામાં છાપ શ્રી જિનેશ્વરદેવની અને તેમના પિતાશ્રીની હોય છે. એક દિવસના દાનમાં આપેલા સોનૈયાનું વજન નવહજાર મણ થાય છે. એક દિવસમાં દાનમાં આપેલા સોનૈયાથી સવાબસો ગાડા ભરાય. એક વરસમાં દાનમાં આપેલા સોનયાનું વજન ૩૨ લાખ ૪૦ હજાર મણ થાય છે અને એક વર્ષમાં ત્રણ અબજ અઠયાસી કોડ એંસી લાખ સોનૈયા દાનમાં આપે છે. એક વર્ષમાં દાનમાં આપેલા સોનૈયાથી એકાશી હજાર ગાડા ભરાય. તીર્થંકર ભગવાનના વરસીદાનના ચૌદ અતિશયો હોય છે. સૌ ધર્મેન્દ્ર ભંડારમાંથી દાન આપવા માટે સોનૈયા કાઢી આપે છે. ઈશાનેન્દ્ર રત્નજડિત લાકડીથી વિઘ્ન કરનારાઓને હાંકી કાઢે છે, ચમરેન્દ્ર લેનારના ભાગ્ય કરતા પ્રભુના હાથમાં સોનૈયા વધારે હોય તો ઓછા કરે. બલીન્દ્ર લેનારના ભાગ્ય કરતા પ્રભુના હાથમાં સોનૈયા ઓછા હોય તો તે બીજા સોનૈયા ઉમેરે છે. ભવનપતિ દેવો ભરતક્ષેત્રના મનુષ્યોને દાન લેવા માટે તેડી આવે છે. વ્યંતરદેવ દાન લેવા આવનારને તેમના સ્થાને પહોંચાડે છે. જ્યોતિષી દેવો વિદ્યાધર મનુષ્યોને દાન લેવા માટેની ખબર આપે છે. દાનના પ્રભાવે તે ખંડમાં બાર વર્ષ સુધી શાંતિ રહે છે. ભંડારમાં સોનૈયા રાખ્યા હોય તો બાર વર્ષ સુધી ધન ખૂટે નહિ. બાર વર્ષ સુધી યશોગાન થાય છે. બાર વર્ષ સુધી નવા રોગો થાય નહિ. મંદબુદ્ધિવાળાની તીવ્ર બુદ્ધિ બને. આ છે તીર્થંકર ભગવાનના દાનનો મહિમા.

લોકપ્રિય બનવા માટે 'દાનરૂચી' ગુણ હોવો આવશ્યક છે. જે મનનો ઉદાર છે તે દુનિયામાં પ્રિય થઇ શકે છે. એ પોતાની વહાલામાં વહાલી ચીજ પણ બીજાનું કલ્યાણ થતું હોય તો આપી દેતા અચકાતા નથી. કંઈક માણસો દાન કર્યા પછી પશ્ચાતાપ કરે છે એવા લોકો પુણ્યના દાણાને બાળી નાંખે છે. દાનનું કામ તો ખૂબ ઉલ્લાસથી ને અંતરના આનંદથી કરો. મનના નિસાસા સાથે દીધેલું દાન એ દાન શબ્દને યોગ્ય નથી, માટે જો લોકપ્રિયતા મેળવવી છે તો અંતરના ઉલ્લાસથી દાન કરો. આ પર્યુષણ પર્વના દિવસોમાં દાન દેવાનું, તપ કરવાનું સહેજે મન થાય. મોટા મોટા ઉપવાસ તો કરે પણ નાના નાના બાળકો તો આનંદથી કૂદતા હોય છે ને બોલતા હોય છે હું ઉપવાસ કરીશ. તેને કરવાનો કેટલો ઉમંગ હોય છે. નાનો બાળક ભલે એક ઉપવાસ કરે પણ તેનો પ્રભાવ કેટલો પડે છે. તપની શક્તિ કેવી અલૌકિક છે.

નાના આઠ વર્ષની ઉંમરના બાળકને ઉપવાસ કરવાનું મન થયું અને કર્યો પણ ખરો. માએ ઘણું સમજાવ્યો પણ તે તો મક્કમ રહ્યો. સાંજે પ્રતિક્રમણ કરી ઘેર જઈને રાતના સૂઈ ગયો. ભૂખને કારણે ઊંઘ આવતી નથી. તેના મુખ પર ઉપવાસની રેખા દેખાવા લાગી. તેનો જીવ ગભરાવા લાગ્યો. પથારીમાં પડયો પડયો આળોટે છે. માતા તેની પાસે બેસીને તેને હાથ ફેરવે છે. જેના ત્રણ દિવસથી ઘરમાં પગલા થયા નથી

એવા દીકરાનો બાપ દારૂમાં ચકચૂર રહેતો હતો. તેની આ કુટેવ ખૂબ વધી ગઈ હતી. પરિણામે તેની અસર ઘરના બધા સભ્યો પર થવા લાગી વિના કારણે તે પત્નીને અને પુત્રને મારપીટ કરતો. તેનું કૌટુંબિક વાતાવરણ બગડ્યું. તેના શરીરમાં રોગો થયા. તેનો મિત્રવર્ગ તૂટી ગયો ને ધંધામાં ખોટ આવવા લાગી. આવો દીકરાનો બાપ હતો. જ્યારે છોકરાએ ઉપવાસ કર્યો હતો સંવત્સરીનો દિવસ હોવાથી સાંજે દારૂ પીધો ન હતો. તે બાપ રાત્રે ઘેર આવ્યો. દારૂ પીવો અને જુગાર રમવો એ બે મોટા વ્યસનો બાપમાં ઘર કરી ગયા હતા. તેના કારણે પૈસાથી તે ફનાફના થઈ ગયો.

પુત્રના ઉપવાસે પિતાનો જીવનપલટો : બાપ ઘેર આવ્યો ત્યારે છોકરો પથારીમાં આળોટતો હતો. માતા વહાલસોયો હાથ ફેરવતી આંસુ સારતી હતી. ક્યાં આ દીકરો અને ક્યાં તેનો બાપ! હે ભગવાન! તું એને સુધાર. મારા દીકરાને કંઈ થાય નહિ. મારૂં ફૂલ કરમાઈ ગયું છે. બાપ ઘરમાં આવ્યો. માતાને દીકરાને પંપાળતી જોઈ. આજે સાંજે દારૂ પીધો નથી એટલે ભાનમાં હતો. બાપ દીકરા પાસે બેઠો. બેટા! તને શું થાય છે? આજે ઘણા દિવસે બાપના મુખે બેટા શબ્દ સાંભળ્યો. પિતાજી! આજે મેં ઉપવાસ કર્યો છે. શું વાત કરે છે? ઉપવાસ કર્યો છે? તેં તો કમાલ કરી! તને બહુ વસમું લાગે છે? ઉપવાસ છોડી દે ને! પપ્પા! હું ઉપવાસ નહિ છોડું. નહિ છોડું. મરી જાઉં તો પણ રાત્રે ખવાય નહિ ને પાણી પણ પીવાય નહિ. નાના દીકરાની મક્કમતા જોઈ બાપ સ્તબ્ધ થઈ ગયો. તેનું નિષ્ઠુર હૃદય પીગળી ગયું. તે કહે છે બેટા! તને શું આપું? તારે જે જોઈએ તે માંગ. બાપુજી! તમે મને કાંઈ આપવા ઈચ્છો છો ને? હા બેટા. તો હું આપની પાસે એ માંગું છું કે આપ જીવનભર જુગાર બંધ કરો અને કલબમાં જવાનું બંધ કરો. આ બાળકે કેવું માંગ્યું? આટલો બાળક તો કહે મને સાયકલ અપાવો. ઘડિયાળ અપાવો પણ આ બાળકે તો એમાંનું કાંઈ ન માંગ્યું. પિતાના મનમાં થયું કે ફૂલ જેવા બાળકે ઉપવાસ કર્યો. તેને આટલું વસમું પડે છે છતાં તેની મક્કમતા છોડતો નથી. માંગવાનું કહ્યું તો બીજું કાંઈ માંગ્યું નહિ. માંગ્યું તો એ માંગ્યું કે આપ જુગારથી–દારૂથી અટકી જાવ. બાપનું હૃદય પીગળી ગયું. ધિક્કાર છે મારા આત્માને! ત્યાં એક ક્ષણમાં નિર્ણય કર્યો જા બેટા! આજથી કાયમ માટે જુગાર દારૂ બધું બંધ. હવે તું રાજી ને? પત્ની પતિને સુધારવા ઘણાં પ્રયત્નો કરતી હતી પણ તેનું સાંભળતા ન હતા. આજે દીકરાના એક ઉપવાસના નિમિત્તે આખું જીવન સુધરી ગયું.

આજે ઘણાં કહે છે કે ઉપવાસ કરીને શું કરવું છે? સામાયિક કરીને શું કરવું છે? તમારે જીવન સુધારવું હોય, સુખની ઘડી અને શાંતિ જોઈતી હોય તો તે માથેરાન, મહાબળેશ્વર કે બીજા કોઈ હવા ખાવાના સ્થળમાં નહિ મળે. આત્માની શાંતિ, આત્માનો આનંદ મહેલમાં કે બંગલામાં નહિ મળે. શાંતિ મેળવવા તો ધર્મના શરણે જવું પડશે. બાપના દુર્વ્યસનોના કારણે વાતાવરણ કેવું ઉકળાટભર્યું હતું પણ તેને

શાંત કરનાર ધર્મનું શરણું તપ હતો. જો આત્મશાંતિ જોઈતી હોય તો સંતના શરણે જાવ. તેમના મુખેથી નીકળતા અમૃત ઘુંટડાનું પાન કરો તો શાંતિ મળશે. વીરવાણી તો કેવી છે?

સઘળી શંકા દૂર ટળે છે પ્રભુની વાણી સુણવાથી
હો....બંધ હૃદયના દ્વાર ખુલે છે સંત સમાગમ કરવાથી....

પ્રભુની વાણી આપણી શંકા, કુશંકાઓ દૂર કરે છે અને સંત સમાગમ કરવાથી બંધ હૃદયના દ્વાર ખુલી જાય છે. પથ્થર જેવા હૃદય પણ પીગળી જાય છે અને સાચા પારસ જેવા બની જાય છે. આ દુનિયામાં ઉકરડો જેમ ઘણે દૂર સુધી દુર્ગંધ ફેલાવે છે તેમ બગીચો દૂર દૂર સુધી પોતાની સુગંધ ફેલાવે છે. ફરક એટલો કે બગીચાને સાચવવો પડે છે. ઉકરડાને સાચવવો પડતો નથી; તેમ સંતોનો સંગ એ બગીચા જેવો છે. જો એમની સાથે રહેવામાં આવે, તેમનો પરિચય થાય અને સંતોની યોગ્ય સેવાભક્તિ કરતા રહો તો તમારું જીવન સુગંધમય બની જશે અને જો તેમની ઉપેક્ષા કરી તો સુગંધ તો નહિ મળે પણ નુકશાનીમાં ઉતરી જશો. સુગંધમય જીવન તમને લોકપ્રિય બનાવશે.

લોકપ્રિય બનવામાં ચોથો ગુણ છે "વિનય" : જ્યાં વિનય નથી ત્યાં લોકપ્રિયતા નથી. વેરીને વશ કરવાની જડીબુટ્ટી વિનય છે. વિનયથી વેરી વેરને ભૂલી જાય છે. સર્વ આરાધનાઓનું મૂળ વિનય છે. જ્યાં સુધી અહંકાર હોય છે ત્યાં સુધી વિનય ગુણ આવી શકતો નથી. "माणो विणय नासणो" માનથી વિનયનો નાશ થાય છે. મોર એના પીંછાથી રળીયામણો લાગે છે. એ બીજી રીતે ગમે તેવો સારો હોય છતાં પીંછા વગર શોભતો નથી; તેમ જીવનમાં ખૂબ જ્ઞાન મેળવ્યું હોય; કદાચ કોઈ સત્તા મળી ગઈ હોય, પણ સાથે જો વિનય ન હોય તો એ શોભતા નથી માટે ભગવાન મહાવીરે કહ્યું છે

संजोगा विप्पमुक्कस्स अणगारस्स भिक्खुणो ।
विणयं पाउकरिस्सामि, आणुपुव्वि सुणेह मे ।। उ.११.गा.१

બાહ્ય અને આભ્યંતર સંયોગોથી મુક્ત થયેલા હે ભિક્ષુઓ! સર્વ પ્રથમ હું વિનય અંગે કહીશ; પછી અનુક્રમે બીજી વાત જણાવીશ. તમને કોઈ વંદન કરે, સત્કાર સન્માન આપે ત્યારે જો જાગ્રત નહિ રહો તો ગર્વરૂપી સર્પ તમને પછાડી નાંખશે માટે ભગવાને સૌથી પ્રથમ વિનય શીખવ્યો છે. વિનય વિના તો ભલભલાના પતન થઈ ગયા છે. કણિકને જેમ કેળવો તેમ રોટલી સુંદર થાય છે તે રીતે માણસ વિનયથી કેળવાય તો એ સુંદર સર્જન કરી શકે છે. ચંડાળ પાસેથી જ્ઞાન મેળવવા બિંબિસાર રાજાએ ઘણા પ્રયત્નો કર્યા છતાં એમને જ્ઞાન ન મળ્યું, ત્યારે અભયકુમારને કારણ પૂછ્યું. અભયકુમારે કહ્યું–મહારાજા! ઘડાને પાણીથી ભરવો હોય તો કૂવામાં નાંખવો

પડે છે. કૂવામાં ગયા પછી પાણી મેળવવા માટે ઘડાને વાંકુ વળવું પડે છે ત્યારે પાણી અંદર ભરાય છે આ રીતે આત્મામાં જ્ઞાનરૂપી પાણી ભરવું છે તો વિનયથી વાંકા વળવું જોઈએ માટે આપ જગા બદલો. આપના સ્થાને ચંડાળને બેસાડો અને આપ તેની જગાએ બેસો. જ્યાં સુધી આપણે વિનયથી નાના નથી બનતા ત્યાં સુધી કદાચ વસ્તુની માહિતી મળશે પણ અંતરનું જ્ઞાન નહિ મળે. આ જ્ઞાન વિનય વગર નહિ મળે. મગધના મહાન સમ્રાટ હોવા છતાં પોતે ચંડાળના સ્થાને બેઠા તો વિદ્યા મેળવી શકયા. આ રીતે જ્યારે વિનયથી વાંકા વળીશું ત્યારે આત્મામાં જ્ઞાન ભરાવાનું છે. વિનયથી મનુષ્ય શોભે છે. સુરભી અને શીતળતાથી જેમ ચંદન શોભે છે, સુધાની સૌમ્યતાથી જેમ ચંદ્ર શોભે છે, માધુર્યથી જેમ અમૃત શોભે છે, તેમ વિનયથી, નમ્રતાથી મનુષ્યનું જીવન શોભી ઊઠે છે. વિનયથી બીજાના હૈયાને જીતી શકીએ છીએ. "सर्वेषां कल्याणानां भाजनं विनयः" જગતના સર્વ કલ્યાણોનું જો કોઈ ભાજન હોય તો વિનય છે. ઉદારતા આદિ ગુણો હોવા છતાં જો વિનય ગુણ ન હોય તો એ ગુણો આંતર બાહ્ય બંને ક્ષેત્રોમાં જોઈએ તેવું પરિણામ લાવી શકતા નથી. ઉદારતાથી સામાનું દિલ જીત્યું પછી જો નમ્રતાને બદલે અહંકાર બતાવવા જાવ તો સામાના મનમાં થશે કે તારી ઉદારતા રાખ તારી પાસે. દુનિયામાં દાનેશ્વરી તું કાંઈ એકલો નથી. દરેક ગુણના પાલનમાં વિનય તો વણાયેલો હોવો જોઈએ. સર્વત્ર પ્રસન્નતાભર્યું વાતાવરણ સર્જવાની તાકાત વિનયમાં છે અને સર્વત્ર લોકપ્રિય બનાવવાની તાકાત પણ વિનયમાં પડેલી છે.

પાંચમો ગુણ છે શીલવાન : માનવી ઉદાર હોય, કરોડો રૂપિયાનું દાન દેતો હોય, વિનયવાન હોય પણ જો તેનામાં શીલ નથી, ચારિત્ર નથી તો તે આત્મા લોકપ્રિય બની શકતો નથી. સુગંધ વિનાના પુષ્પની જેમ કોઈ કિંમત નથી તેમ શીલ વિનાના જીવનની પણ કોઈ કિંમત નથી. જ્યાં શીલ નથી ત્યાં જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે. શાસ્ત્રના પાને, ઇતિહાસના પાને કંઈક દાખલા આવે છે કે શીલની રક્ષા માટે તેમણે કેટલા કેટલા કષ્ટો વેઠયા છે. અરે ! પ્રાણ કુરબાન કર્યા છે પણ શીલથી ભ્રષ્ટ થયા નથી. કહેવાય છે કે **"સારું વિચારવું એ સારું છે પણ તેના કરતાં સારું કરવું એ વધુ શ્રેષ્ઠ છે અને એના કરતાં ય સારા થવું એ વધુ શ્રેષ્ઠ છે."** મહાપુરૂષો કહે છે કે આત્માએ આત્માના સ્વભાવમાં રમવું તેનું નામ શીલ. દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં હોય તો સારી લાગે. કોઈ પણ વસ્તુ પોતાનો સ્વભાવ મૂકી બીજામાં ભળે તો સારી ન લાગે. સાકર મીઠી હોય, મીઠું ખારું હોય, અફીણ કડવું હોય તેમ આત્મા પોતાના સ્વભાવમાં રહે તો શીલસંપન્ન ગણાય. જે આત્મા સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળે છે તે તો પ્રશંસાપાત્ર છે પણ જેની તેટલી તાકાત ન હોય તે પોતાની પત્નીમાં સંતોષ માને અને પરસ્ત્રીનો ત્યાગ કરે તે ય સારો છે. જેનામાં દાનનો ગુણ હોય તેના માટે આ ગુણ તો સહજ રીતે આવી જાય. આ શીલ ગુણ આવે એટલે તેની બોલચાલ, રીતભાત સુધરી જાય. તે ધન અને ભોગને ભૂંડા માને. તેનું જીવન અનેક ગુણોથી

મહેકતું હોય. તે આલોકમાં ને પરલોકમાં પ્રસંશાને પાત્ર બને. શીલસંપન્ન શ્રાવકોના નામ શાસ્ત્રના પાને લખ્યા છે કારણ કે આ ગુણનું પાલન કરવું સહજ કામ નથી. આગમમાં બતાવ્યું છે કે શીલ પાળવા સત્ત્વ જોઈએ. અબળાઓ પણ શીલ સાચવવા માટે સબળા બની છે અને મોટા મોટા રાજાઓને સમજાવીને ઠેકાણે લાવી છે.

એ મહાન સતીઓએ બધું છોડયું છે. અરે, જાન છોડયા છે પણ શીલ છોડયું નથી. તેનાથી આ દેશનો ઇતિહાસ ઉજ્જવળ છે. જેનામાં શીલ ગુણ જીવતો જાગતો છે તેનામાં એવી શક્તિ છે કે તે ગુણના પ્રભાવે અગ્નિ પાણી થઈ જાય. સાગર ખાબોચિયું થઈ જાય. ભયંકર ફણીધર પણ નિર્વિષ થઈ જાય. શૂળીનું સિંહાસન થાય. ચિંતામણી કલ્પવૃક્ષ તો માંગ્યું ભૌતિક સુખ આપે છે જ્યારે આ શીલગુણ તો ન કલ્પ્યું, ન ઇચ્છયું હોય તેવું અપૂર્વ સુખ આપે છે. તે આત્માને પરમાત્મા બનાવી સ્વભાવમાં રમતો કરે છે. શીલ એ આત્માનો સ્વભાવ છે. તે સ્વભાવને પ્રગટ કરવા માટે ઇન્દ્રિયો પર વિજય લાવવો પડશે. સ્પર્શાદિ પાંચે ઇન્દ્રિયોને જીતનાર શીલવાન કહેવાય છે. બાહ્ય શત્રુઓને જીતવા સહેલ છે પણ ઇન્દ્રિયોને જીતવી મુશ્કેલ છે. વાસુદેવ જેવા રાજાઓ ત્રણ ખંડના રાજાઓને જીતી શકે છે પણ ઇન્દ્રિયોને જીતી શકતા નથી. જે ઇન્દ્રિયોને જીતી શકે છે તેણે જગતને જીત્યું છે અને જે ઇન્દ્રિયોથી જીતાયો છે તે જગતથી જીતાયો છે. ઇન્દ્રિયોને જીતનાર આલોકમાં સુખી છે ને પરલોકમાં પણ સુખી છે. રાવણ જેવો ૧૬ હજાર સ્ત્રીઓનો પતિ હોવા છતાં મનને વશ ન કરી શકયો તો તેનો આલોક ખરાબ થયો અને પરલોક પણ ખરાબ થયો. આલોકમાં અપયશ, કુટુંબનો નાશ, રાજ્યનો નાશ, શરીરનો નાશ અને મરણ પછી નરક ગતિ.

શીલના પ્રભાવે કલાવતીના કપાયેલા કાંડા ઉત્પન્ન થયા. શીલના પ્રભાવે સુભદ્રાએ કાચા તાંતણે ચારણીથી કૂવામાંથી પાણી કાઢયું. મનુષ્ય જીવનમાં શીલનું જેટલું મૂલ્ય આંકીએ એટલું ઓછું છે. શીલવંત મનુષ્યને જગતમાં આદર સત્કાર મળે છે તે લોકપ્રિયતા પામી શકે છે. આજનો વિષય છે લોકપ્રિયતા. જો લોકપ્રિય બનવું છે તો નિંદાનો અને નિંદ્યપ્રવૃત્તિનો ત્યાગ કરો. દાનરૂચી, વિનય અને શીલ આ ગુણોને જીવનમાં આત્મસાત્ કરશો તો લોકપ્રિય બની શકશો. ટાઈમ થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

દ્વિ. શ્રાવણ સુદ ૨ને શનીવાર : વ્યાખ્યાન નં. ૪૬ : તા. ૧૭-૮-૮૫
મહાવીર જયંતી વિષય : "શાસનના શિરતાજ"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આજે પર્યુષણ પર્વના પાંચમા દિવસનું સુવર્ણ પ્રભાત પ્રગટયું છે. અહિંસા અને મૈત્રી એ આ પર્વની એક મહાનમાં મહાન ભેટ છે. આજે મહાવીર પ્રભુનો જન્મ વાંચવાનો મંગલકારી દિન છે. આત્મ સ્વભાવની સ્મૃતિ કરાવવા માટે જ્ઞાનીઓએ આપણા માટે આઠ દિવસનો કાર્યક્રમ ઘડયો છે. આજના

દિવસે પરમ તારક ચરમ તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જેમનું ચરિત્ર આપણે આ પર્વમાં સાંભળીએ છીએ. એ મહાપુરૂષની જીવન કિતાબ તો સાંભળો. એમનું જીવન પણ આપણને જીવન જીવવાની એક નવીન કળા શીખવાડે છે. એ મહાપુરૂષનું આપણે રોજ સ્મરણ કરીએ છીએ. તેમના નામનું અંતરમાં ગુંજન કરીએ છીએ. માતાપિતાને યાદ નહિ કરતાં એ પ્રભુને શા માટે યાદ કરીએ છીએ. એ મહાપુરૂષોના જીવનમાં ઘોર ભયંકર ઉપસર્ગો આવ્યા નિષ્કલંક જીવન જીવનારા આ મહાન આત્માઓને સાવ ક્ષુદ્ર-તુચ્છ ગણાતા માણસોએ હેરાનપરેશાન કરી નાંખ્યા. માસક્ષમણને પારણે વહોરવા ગયેલા ધર્મરૂચી અણગારને નાગેશ્રી બ્રાહ્મણીએ કડવી તુંબીનું શાક વહોરાવી દીધું. ઝાંઝરીયા મુનિને રાજાએ તલવારથી મારી નાંખ્યા. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને પાલક પાપીએ ઘાણીમાં પીલી નાંખ્યા. અરે ! આપણા શાસન પિતા પ્રભુ મહાવીરને શૂલપાણી યક્ષે એક રાતમાં હેરાન કરવામાં બાકી નથી રાખ્યા. સંગમે તો છ છ મહિના સુધી ઉપસર્ગો આપ્યા. આવા મહાત્માઓની યશોગાથા શાસ્ત્રના પાને અંકાઈ ગઇ. તેઓ મહાપરાક્રમી, સમતાના સાગર તરીકે જાહેર થયા તો આપણને એમ થાય કે આ બધા મહાત્માઓની પ્રશંસા શા માટે થઇ ? આજે વર્ષો વીતવા છતાં બધા તેમને યાદ કેમ કરે છે ? શું તેમના પર ઉપસર્ગો આવ્યા માટે ? મરણાંતિક કષ્ટો આવ્યા માટે ? ના....ના....એવા દુઃખો તો અનંતકાળથી ભવોમાં ભમતાં આપણા પર એક બે વાર નહિ પણ અનંતી વાર આવ્યા હશે !

આપણો આત્મા નરકગતિમાં ગયો ત્યાં પરમાધામી દ્વારા શું ઘાણીમાં પીલાયો નહિ હોય ! કોઈએ આપણા મસ્તક પર અંગારા નહિ મૂકયા હોય ! વાઘણના જડબામાં જીવતા ચવાયા નહિ હોય ! કોઈ ક્રુર આત્માઓએ આપણી હત્યા નહિ કરી હોય ! અરે ! આવું તો અનંતી વાર બન્યું હશે ! તો પછી આપણો મોક્ષ કેમ ન થયો ? અને એ બધા સાધકો સંસાર સમાપ્ત કરી ચૂકયા. એવું કેમ બન્યું ? આનું શું કારણ ? એ બધા પુણ્યાત્માઓએ ઉપસર્ગો કરનાર પ્રત્યે હૈયાના હેત વરસાવ્યા જ્યારે આપણે તિરસ્કાર્યા. તેમણે કષ્ટ દેનારને મિત્રો માન્યા જ્યારે આપણે દુશ્મન માન્યા. દુઃખો પ્રત્યે આપણને તિરસ્કાર છે પણ મહાવીર સ્વામી, રામચંદ્રજી આદિ જગતના મહાન આત્માઓએ દુઃખનું ઘણાં પ્રેમથી સ્વાગત કર્યું. આપણે ચિત્તની એકાગ્રતાથી વિચાર કરીશું તો લાગશે કે દુઃખનો આપણા ઉપર મહાન ઉપકાર છે અવ્યવહાર રાશીથી જીવનની શરૂઆત થાય છે. તે સમયે દિલ અને દિમાગ ન હતું કારણ કે અનંતા જીવો વચ્ચે એક શરીર એટલે સ્વતંત્ર શરીર પણ મળ્યું ન હતું. ત્યાંથી જીવ એકેન્દ્રિયમાં આવ્યો ત્યાં અનંતા કષ્ટો સહન કર્યા. ત્યાં અકામ નિર્જરા કરતાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં આવ્યો. ત્યાં મન ન હતું. વિચાર કરવાની કોઈ શક્તિ ન હતી. ત્યાંથી સંજ્ઞી પંચેન્દ્રિયમાં આવ્યો. મનુષ્યભવ સુધી પહોંચાડવાનું કામ દુઃખે કર્યું છે દુઃખને પરાધીનપણે સહન કર્યું તો અકામ નિર્જરા થઇ. અકામ નિર્જરાથી જીવ આટલે સુધી પહોંચ્યો.

ભગવાન મહાવીરે દુઃખને પોતાનો મિત્ર બનાવ્યો. તેમણે વિચાર્યું કે હું મગધ દેશમાં મારી રાજધાનીમાં રહીશ, વિહાર કરીશ તો લોકો મારા સત્કાર સન્માન કરશે. તો મારી સાધના સિદ્ધ નહિ થાય. પરિચય અને પ્રસિદ્ધિ તે પતનનું કારણ છે એટલા માટે ભગવાન અનાર્યદેશમાં ગયા જ્યાં કોઈ પરિચિત ન હોય. કેટલાક અનાર્ય લોકો કુતૂહલ માટે કૂતરાઓને છૂ છૂ કરી પ્રભુની પાછળ દોડાવતા અને ભગવંતને કરડવા માટે પ્રેરતા હતા. ત્યાં લોકોએ અસહ્ય વર્તન કર્યું. આહારને બદલે માર અને પાણીના બદલે પ્રહાર પડયા છતાં ભગવાનના અંતરમાં પ્રસન્નતા હતી. ધૈર્ય અને સહનશીલતાની પૂરી કસોટી હતી. ભગવાન મહાવીર સ્વામીને શ્રદ્ધા હતી કે મારી સાધના અહીં પૂરી થશે. અવિવેક દશામાં જે મેં કર્મોના બંધ કર્યા છે તે કર્મોનો મારે નાશ કરવો છે. ભગવાને એ બધા કષ્ટોને પોતાના મિત્રો માન્યા. અપમાનનું પણ હસતા મુખે સ્વાગત કર્યું. તેમણે દુઃખોનો સ્વીકાર કર્યો અને આપણે રોજ તેનો તિરસ્કાર કરીએ છીએ.

પોસ્ટમેન તાર લઈને આવે છે. આપ સહી કરીને તાર લઈ લો છો પછી તાર ખોલીને વાંચો છો. કદાચ એ તારમાં ભયંકર દુઃખમય સમાચાર હોય તો તમે પોસ્ટમેનને ગાળો દેશો ખરા? ના. ત્યાં તો સમજો છો કે પોસ્ટમેન તો માત્ર નિમિત્ત છે. અશુભ કર્મો આપણા છે તો ભોગવવા પડે. બસ, આપણા ભગવાને આ વાત બતાવી છે. પોસ્ટમેનની સાથે આપ જેવો વ્યવહાર કરો છો તેવો સંસારમાં કરશો તો આત્મામાંથી પરમાત્મા બની જશો. આપની સાથે કોઈ એ ખરાબ વર્તન કર્યું. આપને દુઃખ આપ્યું તો એને કર્મરાજાનો પોસ્ટમેન માની લો. **"પોસ્ટમેન સરકારનો પ્રતિનિધિ છે અને દુઃખ કર્મરાજાનો પ્રતિનિધિ છે."** અજ્ઞાન દશામાં ભૂતકાળમાં જે કર્મો કર્યા છે તેનું કારણ આપણે પોતે છીએ. કર્મબંધનથી મુક્ત થવાને માટે દુઃખ આશીર્વાદ રૂપ બને છે માટે પ્રસન્નતાપૂર્વક દુઃખનું સ્વાગત કરો. જે જે મહાન સાધકો થઈ ગયા તે બધાએ દુઃખનું પ્રેમથી સ્વાગત કર્યું. કષ્ટો આપનારને પરમ ઉપકારી માન્યા. આપણે એ બધાને ઘોર અપકારી માન્યા. આપણે બધા એવા પ્રસંગો આવે કર્મ બાંધીએ છીએ. વેદનાઓ એક સરખી, કષ્ટો, ઉપસર્ગો એક સરખા છતાં પરિણામમાં આસમાન જમીનનું અંતર. તેઓ સંસારથી મુક્ત બની ગયા જ્યારે આપણે બાંધતા ગયા. તેઓ મૈત્રીનો આદર્શ મૂકતા ગયા. આપણે શત્રુતા વધારતા ગયા. હવે જીવનને સંસારથી મુક્ત બનાવવું છે તે માટે આપણું વર્તન આપણે સુધારવાનું છે. કોઈ આપણને હેરાન કરવા આવે તો તેને હેરાન કરવાનો વિચાર નહિ કરતા તેમના પ્રત્યે હૈયાના હેત વરસાવવા. તેને શત્રુ નહિ પણ મિત્ર માનવા અને કર્મ ખપાવવામાં ઉપકારી માનવા તો સાધના સફળ બને. પહેલા મહાપુરૂષોને જે ઉપસર્ગો આવ્યા છે તેવા અત્યારે નથી આવવાના. અત્યારે કોઈ ગાળ દે, કટુવચન કહે અગર કોઈના તરફથી પ્રતિકૂળતાઓ ઊભી થાય તે બધાને જો આપણે હસતા મુખે વેડી લઈએ તો શું કર્મોને હટાવી ન શકીએ? જરૂર હટાવી શકીએ. જો હસતા મુખે કષ્ટોને વધાવીશું તો જરૂરથી

આત્માના ગુણો ખીલવી શકીશું. અરે ! તમારે એક ગુલાબનું ફૂલ મેળવવું છે પણ તે ગુલાબના ફૂલને ફરતા કેટલા કાંટા હોય છે ? ગુલાબ મેળવવા માટે સારી રસાળ ભૂમિમાં ગુલાબની કલમોને રોપો તો એમાંથી સમય થતાં ગુલાબના પુષ્પો ઉગશે. એક એક છોડવા પર ૧૦-૧૦ જેટલા ગુલાબના પુષ્પો હોય છે પણ એકેક ગુલાબના ફૂલની આસપાસ કેટલા કાંટા હોય છે ? રોપ્યા હતા તો ગુલાબ પણ તેની સાથે કાંટા આવ્યા કયાંથી ? ગુલાબની સાથે કાંટાઓ તો સહજભાવે આવે ને એને સ્વીકારવા પણ પડે. કાંટાઓને ઉગાડવા મહેનત નથી કરવી પડતી. મહેનત તો ગુલાબને ઉગાડવા કરવી પડે છે છતાં ગુલાબની સાથે આવેલા કાંટાઓનો સ્વીકાર તો કરવો પડે છે. જો ગુલાબ મેળવવા છે તો કાંટાઓનો ત્રાસ વેઠવો પડશે તો સુગંધ મેળવી શકીશું.

બસ આ જ રીતે જો ગુણોની સુવાસ મેળવવી છે, ગુણોની પરિપૂર્ણતા પામવી છે તો એ મેળવવા જતાં કષ્ટો રૂપી કંટકો તો આવવાના. આપણા પ્રયત્નો ગુણો મેળવવાના હોય પણ એ ગુણોની સાથે અનિવાર્ય રૂપે કષ્ટો તો આવવાના. સમતા ભાવે જેટલો એ દુઃખોનો સ્વીકાર કરીશું એટલી ગુણોની સૌરભ વધુ મેળવી શકીશું. ગુલાબને મેળવવા જો કંટકોના ત્રાસ સહન કરવા પડતા હોય તો સંપૂર્ણ ગુણોની ખીલવટ માટે તો દુઃખને હસતા મુખે વધાવીએ એમાં આશ્ચર્ય શું છે ! જો આવેલા **દુઃખને હસી હસીને ભોગવીએ તો પાપ સળગી જાય.** તેમાં બધા પાપો બળીને ભસ્મ થઇ જાય. ગુલાબને ફરતાં કાંટા છે પણ તે એના શત્રુ નથી પણ મિત્ર છે. ગુલાબને પોતાની રીતે ખીલવવામાં એ કાંટાઓ કયારે ય અંતરાય કરતા નથી. આ જ રીતે સાધકના જીવનમાં આવતા કષ્ટો એ આત્માને નુકશાનકર્તા નથી પણ હિતકર્તા છે. શત્રુ નથી પણ મિત્ર છે. આત્માની અનેક પ્રકારની અશુદ્ધિઓને એ દુઃખો દૂર કરે છે. ખુદ ભગવાન મહાવીર સ્વામીના છદ્મસ્થ જીવનના ૧૨॥ વર્ષ અને એક પખવાડિયામાં આવેલા ઘોર પરિષહો અને ઉપસર્ગોના ત્રાસે તેમનું શું બગાડયું ? અરે બગાડવાની વાત કયાં કરવી ? એ કષ્ટો એ તો તેમના આત્માને વિશુદ્ધ બનાવ્યો અને કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિ કરાવી ભગવાન બનાવ્યા. આપણા પરમ પિતા શાસનના ઝળહળતા સિતારા પ્રભુ મહાવીર સ્વામીએ ભગવાન બનતા પહેલા પૂર્વભવમાં કેવી આરાધના કરીને તીર્થંકર પદની પ્રાપ્તિ કરી તે આપણે જાણવું જોઈએ.

કળી ખીલીને કમળ બને છે તેમ આત્માની પૂર્ણતા ખીલતા પરમાત્મભાવ પ્રગટ થાય છે. ભગવાન મહાવીર સ્વામી પરમાત્મા-પૂર્ણ બન્યા. આ પૂર્ણતાનું બીજ નયસારના ભવમાં વવાયું. આગળ જતાં એ બીજ પર વિકાસની તેજીમંદીઓ આવતી ગઈ. નયસારના ભવથી સત્તાવીસમા ભવે એ બીજ વિકસીને વિરાટ વડલામાં પલટાઈ ગયું અને નયસાર શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામી બન્યા. આ અવસર્પિણી કાળના આદ્યપિતા ઋષભદેવ સ્વામીથી પણ પહેલા કેટલાય સમય પૂર્વે નયસારના જીવનમાં આત્મવિકાસનું એક દ્વાર એવી અણધારી રીતે ખુલી ગયું કે એમના અંતરના ઓરડામાં

સમ્યગ્ દર્શનને પ્રવેશ મળી ગયો અને મોહની ગ્રંથિ ભેદાઇ ગઇ. એ નયસાર કોણ હતો ? તેણે કેવી રીતે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું તે આપણે વિચારીએ.

નયસારની આતિથ્ય ભાવના : ભગવાન મહાવીર સ્વામીના જીવે મહાવિદેહ ક્ષેત્રમાં સુથાર જ્ઞાતિમાં જન્મ લીધો હતો. તેમનું નામ ત્યાં નયસાર હતું. તે શત્રુમર્દન રાજાના રાજ્યનો ગ્રામમુખી હતો. તેમની લાકડા પારખવાની શક્તિ અજબ હતી. એક વખત રાજાએ નયસારને કહ્યું કે મારે એક ભવ્ય મહેલ બનાવવો છે તે માટે ઊંચા પ્રકારના મજબૂત લાકડા લાવવા છે. એ જમાનામાં અત્યારની જેમ સીમેન્ટ અને કોંક્રેટના બોકસીંગ ભરીને મકાન બનતા ન હતા; ત્યારે મકાનમાં લાકડું વધારે વપરાતું. નયસાર બધા સુથારોના નેતા હતા. તે વિશાળ કાફલા સાથે એ જંગલમાં લાકડા લેવા ગયા. યોગ્ય સ્થાને તંબુઓ તણાયા અને બધા પોતાનું કામ કરવા લાગ્યા. લાકડા ઘણા કાપવાના હતા એટલે રસોઇપાણીની સામગ્રી ભેગી હતી. બપોરે જમવાના સમયે આવા ભરજંગલમાં એના હ્યામાં એક શુભ ભાવના જાગૃત થઇ કે મને કોઇ સંત કે અતિથિ મળી જાય તો સારું. એ ન મળે તો કોઈ સ્વધર્મી ભાઈ મળી જાય તો એમનો લાભ લઈને પછી ભોજન કરું તો મારું અન્ન પવિત્ર થાય. તે જૈન ન હતો પણ એની ભાવના કેટલી પવિત્ર હતી ! તમે આટલા બધા બેઠા છો તેમાંથી કેટલા શ્રાવકો ભાવના ભાવતા હશે કે સંતસતીજી પધારે તો વહોરાવવાનો લાભ લઇને જમું.! આ તો સુથાર હતા છતાં અતિથિને જમાડવાની ભાવના જાગી. જ્યારે પોતાનું ઉપાદાન જાગવાનું હોય ત્યારે નિમિત્તના સંયોગો પણ કુદરતી રીતે મળી રહે છે. નયસાર ચારે બાજુ દૃષ્ટિ કરવા લાગ્યો. જેને ભાવના હોય તેને મળી જાય છે. શોધતા શોધતા નયસાર ટેકરી પર ચઢયા તો થોડે દૂર મુનિને જોયા. તેને ખૂબ આનંદ થયો.

માર્ગ ભૂલેલાને મળેલા માર્ગદર્શક : તે હર્ષભેર દોડતા સંત પાસે ગયા. આ સંત શારીરિક કારણે તેમના પરિવારમાંથી છૂટા પડી ગયા હતા. તે પાછળ રહી ગયા હતા. જંગલમાં તો કેડીના ઘણા રસ્તા નીકળતા હોય. આ સંત કેડીના માર્ગે એકલા ચઢી જતાં તે માર્ગ ભૂલી ગયા. તે ચારે બાજુ માર્ગ શોધતા હતા પણ સાચો માર્ગ જડતો ન હતો. બરાબર ચૈત્ર વૈશાખના ધોમધખતા તડકા અને બપોરનો સમય હતો તેથી તેમનો કંઠ સૂકાવા લાગ્યો. ભૂખતરસથી આકુળવ્યાકુળ થઇ ગયા. તેમને આંખે અંધારા આવવા લાગ્યા. ચાલવાની શક્તિ રહી નહિ તેથી મુનિએ વિચાર કર્યો કે ખરેખર હું ભૂલો પડયો છું. સાચો માર્ગ બતાવનાર કોઇ માણસ દેખાતો નથી. તેમજ નજીકમાં કોઇ ગામ પણ દેખાતું નથી તો હવે હું સાગારી સંથારો કરી લઉં. તે સંથારો કરવાની તૈયારીમાં હતા ત્યાં નયસાર પહોંચી ગયો અને વંદન કરીને કહ્યું– અહો ગુરૂદેવ ! આપ આવા ભયંકર જંગલમાં એકલા કેમ છો ! સંતે કહ્યું–દેવાનુપ્રિય ! અમારો સાધુસમુદાય ખૂબ વિશાળ છે પણ હું શારીરિક કારણે પાછળ રહી ગયો અને માર્ગ ભૂલી ગયો. ભૂખ તરસથી આકુળવ્યાકુળ થઇ ગયો છું પણ એનું મને દુઃખ નથી

પણ મારો સાધુ સમુદાય મારી ચિંતા કરતો હશે તેનું મને દુઃખ થાય છે માટે ભાઇ ! તું મને માર્ગ બતાવ.

આનંદવિભોર બનેલો નયસાર : જેના દિલમાં સંતની સેવા ભક્તિ કરવાનો અપૂર્વ આનંદ છે તેવો નયસાર કહે છે ગુરૂદેવ ! આપનું મુખ જોતાં તો એમ લાગે છે કે આપ ખૂબ થાકી ગયા છો. હવે આપનામાં ચાલવાની શક્તિ રહી નથી. ભૂખ તરસથી આકુળ વ્યાકુળ થયા છો અત્યારે ધરતી પર પગ મૂકાતો નથી; માટે આપ અમારા તંબુમાં પધારો. તંબુ નજીકમાં છે. અમારા માટે રસોઇપાણી તૈયાર છે નહાવા માટે ગરમ પાણી કર્યું છે. બધું નિર્દોષ છે. આપ પધારો અને મને લાભ આપીને પાવન કરો. નયસારની ઉચ્ચ ભાવના જોઈ મુનિ તેમની સાથે ગયા. દાન લેનાર પવિત્ર હતા. નયસારે મુનિને નિર્દોષ આહારપાણી વહોરાવ્યા. જંગલમાં મંગલ રચાઈ ગયું. નયસારનું મન આનંદવિભોર બની ગયું. આહારપાણી કર્યા બાદ થોડી વાર વિસામો ખાઈને થાક ઉતાર્યો પછી મુનિએ કહ્યું-ભાઈ ! હવે હું જાઉં છું. નયસાર કહે-હું આપને માર્ગ બતાવવા આવું છું. નયસાર મુનિને ટૂંકા રસ્તેથી લઈ ગયા અને તેમના સમુદાય ભેગા કરી દીધા, પછી નયસાર જવાની તૈયારી કરે છે ત્યારે સંતે કહ્યું-ભાઈ ! માર્ગ ભૂલેલા મને તેં દ્રવ્ય માર્ગ બતાવ્યો છે. હું તને ભાવમાર્ગ બતાવું. ભવ વનની ભૂલવણીમાં ભૂલા પડેલા નયસારને સંતે ભાવમાર્ગ બતાવ્યો. સર્વ પાપનો અને દુઃખનો નાશ કરીને સદ્‌ગતિ આપનાર ધર્મ અને નવકારમંત્રને હૈયાથી ગ્રહણ કર્યો.

અંતર આકાશમાં પ્રગટેલી ઉષા : સંસાર પ્રત્યેના નિર્વેદભાવ અને મોક્ષ પરના સંવેગ ભાવના પ્રભાવે પરિણામની વિશુદ્ધિ થઈ. મિથ્યાત્વની ગ્રંથી ભેદાઈ. ૬૯ ક્રોડાકોડ સાગરોપમ ઝાઝેરા કર્મો ક્ષય થયા અને સમ્યગ્‌દર્શનનો સૂર્ય ઉદયમાન થયો. સમ્યગ્ દર્શનના સૂર્યોદયથી મિથ્યાત્વના અંધકારથી ભરેલા નયસારના જીવનમાં પ્રકાશ પથરાયો. શ્રી મહાવીર સ્વામીના ભવમાં તીર્થંકરપણાના જે તેજ ઝળહળી ઉઠવાના હતા તેની ઉષા નયસારના અંતરના આકાશમાં અણધારી રીતે પ્રગટી ઉઠી. બસ હવે સાચું દર્શન મળી ગયું. દૃષ્ટિ સમ્યક્ બની ગઈ. સ્વસંવેદનથી અને જડ-ચેતનનું સ્વરૂપ સમજાતાં નયસારના આત્મામાં અપૂર્વ આનંદ થયો. તેમની બહિરાત્મ દશા ટળી ગઇ અને અંતરાત્મ દશા આવી ગઈ. નયસારના જીવનમાં સમ્યક્ત્વનો સૂર્ય ઉદયમાન થયો. તે ભવમાં આયુષ્ય પૂર્ણ થતાં નવકારમંત્રના સ્મરણપૂર્વક દેહનો ત્યાગ કરી પહેલા દેવલોકમાં દેવ થયા. દેવલોકની આયુષ્યસ્થિતિ પૂર્ણ થતાં એ દેવ વિશાળ વૈભવથી છલકાતા ઋષભદેવ ભગવાનના સંસારી પુત્ર ભરત ચક્રવર્તીને ત્યાં પુત્ર રૂપે જન્મ પામ્યા. પિતાની રિદ્ધિસિદ્ધિ ચક્રવર્તીની હતી. એક દિવસ ભરત મહારાજા પ્રભુને વંદન કરવા ગયા. તેમની સાથે તેમના પુત્ર મરીચિ પણ સાથે હતા. પ્રભુની મીઠી મધુરી દેશના સાંભળતાં એમને સંયમની લગની લાગી. પિતા ભરત મહારાજાની આજ્ઞા મેળવીને સંસારની દોમદોમ ઋદ્ધિને ત્યજી દઈને મરીચિએ ઋષભદેવ ભગવાન પાસે દીક્ષા લીધી.

ભગવાનના પગલે ચાલતા મરીચિ મુનિ ચારિત્ર ધર્મની પગથાર પર આગળ વધ્યા પણ એક એવી પ્રમાદની પળ આવી ગઇ કે મુનિ મોહમાં મૂંઝાયા. ગરમીના દિવસો હતા. ખુલ્લા પગે ચાલતાં કાંટા કાંકરા વાગે તે સહન ન થયા. ભગવાનનો ચારિત્ર ધર્મ છત્રની છાયામાં માને નહિ. પગમાં પગરખા પહેરવાની ભગવાનની આજ્ઞા ન હતી. સંયમી જીવનમાં જીવનભર સ્નાન કરાય નહિ. લોચ હાથે કરવો પડે આ બધું તેને ખૂબ કઠીન લાગ્યું. ભગવાનના મુનિધર્મને તો સ્નાન સાથે સ્નેહ ન હતો. વિલેપનની તો વાત જ શી ! મરીચિ મુનિ આ પરિસહ સામે ટક્કર ઝીલી ન શકયા. ચારિત્રને આવરતી કર્મની ફોજ પ્રબળ બની અને મુનિએ નવો વેશ સર્જયો. દિલમાં રહેલી દાક્ષિણ્યતા ઘર ભણી પીછેહઠનું પગલું ભરવા સાફ ના કહી રહી હતી તેથી મરીચિ મુનિએ ત્રિદંડી સંન્યાસીનો વેશ ધારણ કર્યો. માથે શિખા રાખી, હાથમાં દંડ ! ભગવા કપડા ! છાયા માટે છત્ર ! અલ્પ જળથી સ્નાન અને પગમાં પગરખા રાખ્યા. પ્રમાદની પળે મરીચિ મુનિને મૂંઝવ્યા અને તેમણે આ રીતનો નવો વેશ સર્જયો પણ એમની શ્રદ્ધા મજબૂત હતી તેથી તે કહેતા ભગવાનનો માર્ગ સાચો છે પણ હું આવું કઠણ સહન કરી શકતો નથી તેથી ત્રિદંડીનો વેશ રાખીને ભગવાનની સાથે ફરતા અને ભગવાન જ્યાં બિરાજે ત્યાં તે તેમના સમોસરણની બહાર બેસતા.

ભગવાનથી જુદા થયેલા મરીચિનો નવો વેશ જોઈને લોકો એમને ધર્મ પૂછતા તો તેઓ કહેતા કે સાચો સંયમ ધર્મ ભગવાન ઋષભદેવ પાસે છે. તે પોતાની ત્રુટીઓ કબૂલતા. અરે ! એમની આંખમાં કયારેક આંસુ પણ આવી જતા. અનેક આત્માઓને સાચો ધર્મ સમજાવીને પ્રભુના શ્રમણ સંઘમાં મોકલતા. વિહાર તેઓ ભગવાનની સાથે કરતા. આચારથી અલગ થયેલા મુનિ હજુ વિચારથી વેગળા થયા ન હતા. કંઈક આત્માઓને એમણે પ્રભુનો સંયમ માર્ગ બતાવ્યો. આ પ્રમાણે કેટલાય વર્ષો વીત્યા. ભગવાન ઋષભદેવ વિચરતા વિચરતા વિનીતા નગરીમાં પધાર્યા. પ્રભુની પધરામણીથી નગરીનું ઉદ્યાન ખીલી ઉઠયું. ભરત મહારાજા પરિવાર સાથે પ્રભુની દેશના સાંભળવા આવ્યા. તીર્થંકર પ્રભુની વાણી એટલે જાણે વરસ્યા બારે મેહ ! સાંભળ્યા જ કરીએ, ઉઠવાનું મન ન થાય. ભગવાનની દેશના પૂરી થયા પછી ભગવાનને વંદન કરીને ભરત મહારાજાએ પૂછયું હે મારા ત્રિલોકીનાથ ભગવાન ! આ સમવસરણમાં કોઈ એવો જીવ છે ખરો કે જેના લલાટે તીર્થંકર પદના લેખ લખાયા હોય ! ભગવાને મરીચિ તરફ આંગળી ચીંધીને કહ્યું કે હે ભરત ! આ સમવસરણની બહાર તારો પુત્ર મરીચિકુમાર અત્યારે જે ત્રિદંડીના વેશમાં છે તે આ ચોવીસીમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામી નામે થશે. આ સાંભળી ભરત મહારાજાને ખૂબ આનંદ થયો.

પ્રભુએ ફરીને કહ્યું-ભરત ! મરીચિ મહાવીર થશે એ પહેલા વચ્ચે વચ્ચે ઘણી મહાન ઋદ્ધિઓનું એ સ્વામીત્વ પામશે. પોતનપુર નગરમાં ત્રિપૃષ્ઠ નામના પ્રથમ વાસુદેવ થશે અને મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં ચક્રવર્તી થવાના લેખ પણ મરીચિના લલાટે

લખાયેલા છે. આ વાત સાંભળીને ભરત મહારાજાનું દિલ મરીચિમાં છૂપાયેલા ભવિષ્યના ચરમ તીર્થંકર મહાવીરને વંદન કરવા માટે ઉત્સુક બન્યું. તેઓ ભગવાનને વંદન કરીને મરીચિની પાસે આવીને વંદન કરતા બોલ્યા–હે મરીચિ! તમે સંન્યાસી છો. તમારો વેશ ભગવો છે. તમે ભાવિમાં ચક્રવર્તી અને વાસુદેવ થવાના છો એટલે તમને વંદન કરતો નથી પણ તમે આ ચોવીસમાં ચરમ તીર્થંકર મહાવીર સ્વામી થવાના છો માટે હું તમને વંદન કરું છું. ત્રિપૃષ્ઠ વાસુદેવ અને ચક્રવર્તીપણું તમારા ચરણમાં આળોટવાનું છે માટે વંદન નથી કરતો; પણ મારી વંદણા તો તમારામાં છુપાયેલા મહાવીરને છે!

ભરત મહારાજા તો આમ કહીને ઘેર ગયા. મરીચિ ભાવિની ઋદ્ધિની કલ્પના દર્શનને પણ પચાવી ન શક્યા. એમના હૈયામાં અભિમાનની આંધી આવી. હું વાસુદેવ! હું ચક્રવર્તી! હું તીર્થંકર! મરીચિ ઊભો થઈ ગયો. આનંદથી ચપટીઓ વગાડતા, હર્ષને વ્યક્ત કરતા નાચવા લાગ્યા અને બોલ્યા–" आद्योऽहं वासुदेवानाम् " વાસુદેવોમાં હું પહેલો વાસુદેવ થઈશ. पिता मे चक्रवर्तीनाम् ચક્રવર્તીઓમાં મારા પિતા પ્રથમ ચક્રવર્તી થયા. पितामहो जिनेन्द्राणाम् તીર્થંકરોમાં મારા દાદા ઋષભદેવ પહેલા તીર્થંકર થયા. ममाहो उत्तमं कुलम् અહો! મારું કુળ કેવું ઉત્તમ! વળી હું ચક્રવર્તી થઈશ અને તીર્થંકર પણ થઈશ. ગર્વમાં આવીને નાચતા કૂદતા મરીચિ ભાન ભૂલ્યો. કુળનો મદ કરવાથી એમણે નીચગોત્ર નામકર્મ બાંધ્યું. માનકષાય સ્વાર થઈ ગઈ. બાહુબલીજીની કેવી ઘોર સાધના હતી! પશુપંખીઓએ માળા નાંખ્યા. કેવી જબ્બર સાધના! છતાં માનના એક અંકુરે કેવળજ્ઞાન અટકાવી દીધું.

ભગવાન ઋષભદેવ મોક્ષમાં પધાર્યા. આજ સુધી તેની વિચારધારા અને શ્રદ્ધા બદલાયા ન હતા પણ હવે એક ઘડી પળ એવી આવી ગઈ કે એક દિવસ મરીચિ બિમાર પડયો. શિષ્ય તો તેમની પાસે હતો નહિ. સેવા કોણ કરે? ભગવાનના સંતો તો અવતીની સેવા કરે નહિ. અત્યાર સુધી સ્થિર રહેલી એની વિચાર જ્યોત ડગમગી ઉઠી. તેમના મનમાં થયું કે આ મુનિઓ કેવા છે? આંખની શરમ પણ તેમણે અભરાઈએ ચઢાવી દીધી. મેં કેટલા કુમારોને પ્રતિબોધીને એમના સંઘમાં મોકલ્યા છે. આજે હું બિમાર પડયો છું છતાં મારી સામે કોઈ નજર પણ કરે છે? હવે કોઈ આવે તો તેને મારો શિષ્ય બનાવવો.

એક વખત કપિલ નામે માણસ મરીચિ પાસે આવ્યો. પહેલાં તો એણે ઋષભદેવના સંઘમાં ધર્મ બતાવ્યો. તેમની ડગમગેલી વિચાર જ્યોત હજુ સાવ બૂઝાઈ ગઈ ન હતી. કપિલે તેમને પૂછયું કે તમે બધાને ઋષભદેવની પાસે મોકલો છો તો શું આપની પાસે ધર્મ નથી? મરીચિની આંખ આગળ પોતાની માંદગી તાજી થઈ ત્યારે મુનિઓએ કરેલી બેદરકારી તરવરી ઉઠી. કપિલમાં એને શિષ્ય થવાની યોગ્યતા દેખાઈ. પતનની પળે સાવધાની ગુમાવી દીધી. મરીચિએ કહ્યું–કપિલ! અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે. નાનકડા લોભે મિથ્યાત્વના ઉદયને જગાડીને આત્માને અંધકારમાં મૂકી દીધો. ધર્મ ત્યાં પણ છે ને અહીં પણ છે. આટલું વચન ભગવાનના માર્ગથી વિપરીત બોલ્યા

તો ત્યાં કેટલોય સંસાર વધારી દીધો! જીવનની છેલ્લી પળ સુધી પણ મરીચિએ આ ભૂલનું પ્રાયશ્ચિત કર્યું નહિ. ઋષભદેવ જેવા દાદા મળ્યા! ભરત જેવા પિતા મળ્યા અને અનુપમ સંયમ માર્ગ મળી ગયો છતાં મરીચિનું ઉર્ધ્વપ્રયાણ પાંચમા દેવલોક આગળ આવીને અટકી ગયું. તેમની આચાર વિચારની જ્યોત બુઝાઈ ગઈ અને પાપની આલોચના ન કરી. મરીચિના ભવમાં થઈ ગયેલી નાની ભૂલોનો ગુણાકાર થતો ગયો. મરીચિને હવે પછી કેટલાય ભવોમાં સમ્યગ્દર્શન ન મળ્યું અને જૈનધર્મ પણ ન મળ્યો.

દેવનું આયુષ્ય પૂર્ણ કરીને તે પાંચમા ભવે કોલ્લાક સંનિવેશમાં ૮૦ લાખ પૂર્વના આયુષ્યવાળા કૌશિક નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. છઠ્ઠા ભવમાં થુણા નગરીમાં પુષ્પ મિત્ર નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. સાતમા ભવમાં સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિના દેવ થયા. આઠમા ભવે અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. નવમા ભવે ઈશાન દેવલોકમાં મધ્યમ સ્થિતિના દેવ થયા. દશમા ભવે મંદર નામના સંનિવેશમાં અગ્નિદ્યોત નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. અગીયારમાં ભવે સનતકુમાર દેવલોકમાં દેવ થયા. બારમા ભવે શ્વેતાંબિકા નગરીમાં ભારદ્વાજ નામે બ્રાહ્મણ થયા ત્યાં ત્રિદંડી વેશ લીધો. તેરમા ભવે માહેન્દ્ર દેવલોકમાં દેવ થયા. ચૌદમા ભવમાં રાજગૃહી નગરીમાં સ્થાવર વિપ્ર નામે બ્રાહ્મણ થયા. ત્યાં ત્રિદંડી વેશ લીધો. પંદરમા ભવે બ્રહ્મ દેવલોકમાં દેવ થયા.

મરીચિના ભવમાં થયેલી ભૂલોનો ગુણાકાર એટલો મોટો આવ્યો કે મરીચિના ત્રીજા ભવથી સ્થાવર બ્રાહ્મણના ચૌદમા ભવ સુધી એ જીવને ક્રમશઃ બ્રાહ્મણ કુળમાં ત્રિદંડી વેશ અને દેવલોક મળતો રહ્યો. આટલા કાળ સુધી જૈનધર્મનું સાધુપણું અને જૈનધર્મ કેટલો દૂર પડી ગયો. કુળમદનું કર્મ કંઈક ક્ષીણ થયું. સોળમા ભવે રાજગૃહ નગરમાં વિશ્વભૂતિ નામના રાજકુમાર તરીકે ઉત્પન્ન થયા. આ ભવમાં જૈનધર્મની ભાગવતી દીક્ષા અંગીકાર કરી. અમુક પ્રસંગો ઊભા થતાં તેમણે ત્યાં નિયાણું કર્યું કે મારા તપ સંયમનું ફળ હોય તો હું અપૂર્વ બળનો સ્વામી બનું. ત્યાંથી કાળ કરીને સત્તરમા ભવે સાતમા દેવલોકે ગયા. અઢારમા ભવે પોતનપુરના પ્રજાપતિ નામે રાજાની પ્રભાવતી રાણીની કુક્ષીએ ત્રિપૃષ્ઠકુમાર તરીકે જન્મ લીધો. વાસુદેવની માતા સાત સ્વપ્ના દેખે છે તે રીતે પ્રભાવતી રાણીએ સાત સ્વપ્ના જોયા અને ત્રિપૃષ્ઠ વાસુદેવ બન્યા.

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શું બન્યું? એક વાર યુવાન સિંહ બધાને હેરાનપરેશાન ખૂબ કરતો હતો. બેડૂતોએ ઘણા પ્રયાસો કર્યા હતા છતાં તેમાં તે ફાવ્યા નહિ, છેવટે ત્રિપૃષ્ઠ વાસુદેવે સિંહની સામે યુદ્ધનો પડકાર ફેંકયો. સિંહ એકદમ જાગી ગયો. શસ્ત્રને ફગાવી દઈને એ સિંહ તરફ ધસ્યા. સિંહ સાબદો બની ગયો. તેના મનમાં થયું કે મારું નામ પડે ને લોકો ભાગી જાય એના બદલે આ વીરપુરૂષ તો સામે આવ્યો. સિંહે રાડ પાડી તો વાસુદેવે સામી રાડ કરી. હે વનરાજ! બળનો નિર્ણય કરવો હોય તો તું મેદાનમાં ઝંપલાવ. આ રીતે રાડો પાડવાથી શું વળવાનું છે? આ સાંભળી સિંહ

ચાર પગે કૂદયો. ત્રિપૃષ્ઠે પણ ફાળ ભરી. વાસુદેવ અને સિંહ વચ્ચેનો સંગ્રામ અજબનો હતો પણ આ તો છે વાસુદેવનું બળ! તેની આગળ કોણ જીતી શકે? ત્રિપૃષ્ઠના હાથમાં સિંહનું જડબું આવી ગયું અને સિંહને ઊભો ચીરી નાખ્યો. સિંહના મનમાં અફસોસ થયો કે શું હું એક સામાન્ય માનવીથી મરાયો? તેને મૃત્યુનો દુઃખ કરતાં આ મોટો આઘાત હતો. રથના સારથીએ કહ્યું કે સિંહ! તું જો વનનો રાજા છે તો આ ત્રિપૃષ્ઠકુમાર ત્રણ ખંડના રાજા છે. તું ખેદ ન કર. તું તો મહાન ભડવીરના હાથે મરાયો છે પણ જેવા તેવાને હાથે મરાયો નથી. થોડી વારમાં તો સિંહે પ્રાણ છોડી દીધા. ત્રિપૃષ્ઠ વાસુદેવ મરીને સાતમી નરકે ગયા.

વીસમા ભવે સિંહ થયા. એકવીસમા ભવે ચોથી નરકમાં ગયા. બાવીસમા ભવે વિમલ નામે રાજા થયા. ત્રેવીસમા ભવે મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી બન્યા. ત્યાં ચક્રવર્તીના છ ખંડ સાધ્યા પણ છેવટે ચક્રવર્તીના એ મહાન સુખોને છોડી દીધા. સંયમના સુખો આગળ ચક્રવર્તીના સુખો સાવ તુચ્છ લાગ્યા. જ્યારે ધર્મ રગરગમાં વસી જાય છે ત્યારે ચક્રવર્તી જેવા સુખો છોડવામાં પણ લેશમાત્ર રંજ નથી થતો. સંયમની આરાધના કરીને તેઓ ચોવીસમા ભવે સાતમા દેવલોકે ગયા. પચ્ચીસમા ભવે નંદ નામે રાજકુમાર થયા. એ ભવમાં તેમણે સંયમ લઈને ૧૧ લાખ ૮૦ હજાર માસખમણ કર્યા અને અંતરમાં એવું જોરદાર આંદોલન ઉપાડયું કે **"જો મુજ શક્તિ હોવે એસી તો સવિ જીવ કરું શાસનરસી"** આ ભાવ કરૂણા ઉછાળા પર ઉછાળા મારી રહી હતી. આ ભાવના નંદમુનિએ એવી જોરદાર ભાવી કે એ ભાવના ભવનાશિની બનીને તીર્થંકર પદ અપાવનારી બની. એ ભવમાં ભગવાનના આત્માએ ૨૦ બોલનું આરાધન કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. સમાધિ મરણે મરીને દશમા પ્રાણત દેવલોકમાં પુષ્પોત્તરાવતંસક નામના વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

દેવભવનો વિરાટ આયુષ્ય કાળ પૂર્ણ થયો. તીર્થંકરપણાની ઋદ્ધિ હવે બારણે ઊભી હતી. મરીચિના ભવમાં કરેલો કુળમદ અને એનાથી બંધાયેલા નીચગોત્ર કર્મનું ખાતું કર્મરાજાના ચોપડે હજુ ચોકખુ થયું ન હતું. ભોગવી ભોગવીને પ્રાયઃ ક્ષીણ થયેલા આ કર્મોએ પાછો પીછો પકડયો અને તે પ્રભુનો જીવ માહણકુંડ ગામમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદાની કુક્ષીમાં આવીને ઉત્પન્ન થયો. દેવાનંદાએ ચૌદ સ્વપ્ના જોયા પછી પતિને વાત કરી. ઋષભદત્ત બ્રાહ્મણે કહ્યું–દેવી! તું મહા ભાગ્યવાન અને મહાપુણ્યવાન છે. તમે તીર્થંકર પ્રભુની માતા બનશો. આ સાંભળતા કઈ માતાને આનંદ ન થાય? તે પ્રેમથી, આનંદથી ગર્ભનું પાલન કરવા લાગ્યા પણ એમને કયાં ખબર છે કે મારો આનંદ કયાં સુધી ટકવાનો છે? ભગવાન ૮૨॥ રાત્રી દેવાનંદાના ગર્ભમાં રહ્યા. તીર્થંકર જેવા તીર્થંકર એક બ્રાહ્મણ જાતિમાં અવતરે? કુદરતના કાનૂનને આ માન્ય ન હતું. કર્મરાજાની સામે પડવા જાણે એણે ઈન્દ્રરાજાની મદદ યાચી. ઈન્દ્રનું

સિંહાસન ડોલાયમાન થયું. એમણે અવધિજ્ઞાનના અજવાળામાં જોયું તો ન બનવાનું બની રહ્યું છે. એમણે મનમાં આશ્ચર્ય અનુભવ્યું કે શું તીર્થંકર બ્રાહ્મણકુળમાં જન્મે? ના. એવું તો ન જ બને. હરિણગમેષી દેવ હાજર થયો.

કર્મની પાસે અન્યાય નથી તેમજ અનુકંપા પણ નથી. મરીચિના ભવમાં ઉપાર્જેલું કર્મ છેલ્લા ભવમાં ઉદયમાં આવ્યું. ત્રણ અનુપમ જ્ઞાનની સાથે ભગવાન આ દેવાનંદાની કુંખે આવ્યા. તીર્થંકર ભગવાન ભિક્ષુક કુળમાં કયારે પણ ઉત્પન્ન ન થાય અને થયા એ એક અચ્છેરું બન્યું છે. શક્રેન્દ્રે હરિણગમેષી દેવને કહ્યું–દેવાનંદા માતાની કુંખમાંથી તીર્થંકર ભગવાનને ત્રિશલા રાણીની કુક્ષીમાં મૂકો. હરિણગમેષી દેવે દેવાનંદાને અવસ્વાપિની નિદ્રા મૂકીને તેના ગર્ભનું સાહરણ કરીને ભગવાનને ત્રિશલારાણીના ગર્ભમાં મૂકયા અને ત્રિશલાના ગર્ભને દેવાનંદાના ગર્ભમાં મૂકયો. પૂર્વજન્મમાં દેવાનંદાએ ત્રિશલાનો ઘરેણાંનો ડબ્બો ચોરી લીધો હતો. તે કર્મ અત્યારે ઉદયમાં આવ્યું અને રત્નના ડબ્બા કરતા અધિક કિંમતી તીર્થંકર પ્રભુનો ગર્ભ ચોરાઈ ગયો. દેવાનંદાના મુખમાંથી સ્વપ્ના નીકળીને જવા લાગ્યા. આ જોઈને દેવાનંદા રડવા લાગી.

દેવે આવી ગર્ભ હર્યો ને બદલે કન્યા દીધી
દુઃખના ઉંડા સાગરે હાથ ઝબોળી દીધી
કોમળ એનું કાળજું કોરાયું (૨) સ્વપ્ન ભયંકર આવ્યું એમાં
સુખનું સ્વપ્ન ભૂલાણું, એનું નાજુક હૈયું નંદવાણું (૨) એક દેવાનંદા

દેવાનંદાનું નાજુક હૈયું નંદવાણું. આ બાજુ ત્રિશલા રાણીએ એક પછી એક ચૌદ સ્વપ્ના જોયા. ત્રિશલાદેવી જાગૃત બન્યા. સવાર પડતાં ત્રિશલા રાણી સિદ્ધાર્થ રાજા પાસે આવ્યા ને સ્વપ્નાની વાત કરી. રાજાએ ત્રિશલા રાણીને કહ્યું–તમે મહાભાગ્યવાન છો, પુણ્યવાન છો. તમારા સ્વપ્નના ફળ રૂપે તમારી કુક્ષીએ તીર્થંકર પ્રભુ જન્મશે. સિદ્ધાર્થ રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવીને સ્વપ્નનું ફળ પૂછયું. તેમણે કહ્યું–મહારાજા! આપને ત્યાં ત્રણ જગતના ઉદ્ધારક તીર્થંકર પ્રભુનો જન્મ થશે. આ સાંભળતા સૌના આનંદનો પાર ન રહ્યો. રાજાએ પંડિતોને ખૂબ દાન આપીને વિદાય કર્યા. રાજાને ત્યાં ઢોલનગારા ને શરણાઈઓ વાગવા લાગી. રાજાએ ખૂબ દાન દેવા માંડયું. ત્રિશલામાતાને પણ સારી સારી ભાવનાઓ થવા લાગી. પ્રભુએ ગર્ભમાંથી માતાની દયા કરી છે. પ્રભુએ માતાની કુશલતા માટે હલનચલન બંધ કર્યું પણ એની અસર ઉલ્ટી થઈ. ત્રિશલા માતા રડવા લાગ્યા. ઢોલનગારા બંધ થયા. પ્રભુએ જ્ઞાનથી જોયું ને હલનચલન શરૂ કર્યું. પ્રભુએ જ્ઞાન દ્વારા જોયું કે મારું આયુષ્ય કેટલું છે ને માતાપિતાનું આયુષ્ય કેટલું છે? ત્યાં એમણે સંકલ્પ કર્યો કે માતાપિતાની હયાતીમાં મારે દીક્ષા લેવી નહિ. આ રીતે બરાબર સવા નવ માસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરસની મધ્યરાત્રે સારા નક્ષત્ર અને શુભ યોગે આપણા શાસનના નાયક ઝળહળતા તેજસ્વી સિતારા, શાસનના શિરતાજ એવા પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ થયો.

પ્રભુના જન્મથી ત્રણે લોકમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો. નરકમાં રહેલા નારકીઓએ શાંતિનો અનુભવ કર્યો. ચોસઠ ઈન્દ્રો અને ૫૬ દિક્કુમારીઓ બધા ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા આવ્યા. સિદ્ધાર્થ રાજાએ પણ સારી રીતે ભગવાનનો જન્મ મહોત્સવ ખૂબ ભવ્ય રીતે ઉજવ્યો અને તેમનું ગુણ નિષ્પન્ન નામ વર્ધમાનકુમાર રાખ્યું. ભગવાન મહાવીર સ્વામીને આપણે એક વર્ષમાં સમુહમાં ત્રણ વાર આ રીતે યાદ કરીએ છીએ. ચૈત્ર સુદ તેરસે તેમની જન્મજયંતી ઉજવીએ છીએ. આજે ભગવાન મહાવીર સ્વામીના જન્મનું વાંચન થાય છે અને દિવાળીને દિવસે ભગવાનનો નિર્વાણ દિવસ ઉજવીએ છીએ. જન્મ્યા પછી ભગવાન કેવું જીવન જીવ્યા, કેવા ભગીરથ કાર્યો કર્યા એ બધું કહેવા બેસું તો ઘણો સમય જોઈએ.

ટૂંકમાં ભગવાન ૩૦ વર્ષની ઉંમરે પ્રવજ્યાના પંથે વિરાટ સાધનાના સ્વામી બન્યા. સંયમ લઈને મહાસાધનાના પુરૂષાર્થ વડે ક્ષમાના હથિયાર લઈને ઘાતી કર્મોને પલાયન કર્યા, અને કેવળજ્ઞાન અને કેવળદર્શનનો દીપ પ્રગટાવ્યો. આત્માના અસંખ્ય પ્રદેશે પ્રદેશે ચૈતન્ય રોશની પ્રગટી ચૂકી. સર્વ પ્રદેશે અનંત જ્ઞાન નિધાન પ્રગટ્યાનો ટંકારવ થયો. કેવળજ્ઞાન થયા પછી પ્રભુએ તેમના મુખેથી અમૃત વાણીનો ધોધ વહાવ્યો. ભગવાને પાંચ ક્રાંતિ કરી. (૧) **હિંસાવાદ સામે અહિંસાવાદ ઉભો કર્યો (૨) લોકો ઈશ્વર પર નિર્ભર રહેતા હતા, ઈશ્વરને સુખ દુઃખના કર્તા માનતા હતા તેની સામે કર્મવાદની સ્થાપના કરી. (૩) પરિગ્રહવાદ સામે અપરિગ્રહવાદની સ્થાપના કરી. (૪) એકાંતવાદથી વિરૂધ્ધ અનેકાંતવાદની સ્થાપના કરી. (૫) જાતિવાદ અર્થાત્ બ્રાહ્મણો સમજે કે અમે ઉંચા છીએ અને શુદ્ર નીચ છે તેની સામે ભગવાને કહ્યું કે જન્મથી કોઇ બ્રાહ્મણ કે વૈશ્ય નથી પણ કર્મથી બ્રાહ્મણ અને કર્મથી શુદ્ર છે. સ્પૃશ્યવાદ સામે અસ્પૃશ્યવાદની સ્થાપના કરી** ભગવાનના શાસનમાં કોઈ જાતિભેદ નથી. ભગવાને ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય, શુદ્ર બધાને અપનાવ્યા છે. ભગવાનના શાસનમાં બધાએ દીક્ષા લીધી છે. ભગવાન મહાવીરે આપેલો અહિંસાનો ઉપદેશ, સત્ય અને શાંતિનો સંદેશ અને મૈત્રીભાવનો પરમમંત્ર આજે અનેક આત્માઓના જીવનમાં પ્રકાશ પાથરી રહ્યો છે. તેમના જીવનમાં તો અનંત ગુણો રહેલા છે. આપણે તેમનામાંથી પ્રેરણા લઈ, તેમના ચીંધેલા રાહે ચાલીને આપણું જીવન ઉજ્જવળ બનાવીએ. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

કોટિ કોટિ વંદન હો શાસન શિરતાજ શાસનપતિ પ્રભુ મહાવીરને.

દ્વિ શ્રાવણ સુદ ૩ને રવિવાર : વ્યાખ્યાન નં. ૪૭ : તા. ૧૮-૮-૮૫

વિષય : "કર્મની કરામત"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! જ્ઞાની ભગવંતે મંગલકારી, કર્મની બેડીઓ તોડાવનાર, આત્માની આરાધના, ઉપાસના કરાવનાર પર્વાધિરાજ પર્યુષણ પર્વની

મહત્તા સમજાવી. જ્યારે વિભાવ જશે અને આત્મા સ્વભાવમાં આવશે ત્યારે આ પર્વની ઓળખાણ થશે. આજે પર્યુષણ પર્વનો છઠ્ઠો દિવસ આવી ગયો. આજથી ત્રીજે દિવસે મહાન સંવત્સરી પર્વ આવશે. બાર મહિનામાં કેટલી આરાધના કરી તેનું સરવૈયું કાઢવાનો દિવસ તેનું નામ સંવત્સરી. તમે વેપાર ધંધા કરો તો તેમાં સરવૈયું કાઢો છો તેમ સંવત્સરીના દિવસે આત્માના વહેપારનું સરવૈયું કાઢવાનું છે. મેં નફો કેટલો મેળવ્યો ? મારા આત્મામાં મેં ગુણો કેટલા કેળવ્યા છે? અને કર્મની આવક વધારી છે કે ઘટાડી છે ? આજનો આપણા વ્યાખ્યાનનો વિષય છે " **કર્મની કરામત**".

આજે આપણે એ સમજવું છે કે આત્મા ચૌગતિમાં કેમ ભટકી રહ્યો છે ? આત્માને કોણ રમાડી જાય છે ? બધામાં સૌથી બળવાન કોઈ હોય તો કર્મ છે. આ કર્મરાજાએ એવી કરામત કરી છે કે માનવી તેમાંથી છટકી શકતો નથી. ચોર્યાશી લાખ જીવાયોનિમાંથી એક પણ જીવ એવો નથી કે જે કર્મની માયાજાળમાં ફસાયો ન હોય ! જે સૌની જાળમાં ફસાયા છે એ સંસારમાં રહ્યા છે. જે કર્મની માયાજાળમાંથી છૂટી ગયા એ સંસારમાંથી સર્વથા છૂટી ગયા છે.

માનવજન્મ એ આધ્યાત્મિક અમીરીનું એક નવલું નજરાણું છે. પુણ્યનો બૂબ પૈસો ભેગો થયા પછી આપણને માનવ જન્મ મળ્યો છે એટલે આધ્યાત્મિક દૃષ્ટિએ માનવ શ્રીમંત છે. જીવને માનવતાની શ્રીમંતાઈ તો મળી પણ આ શ્રીમંતાઈના સોનામાં શાહુકારીની સુગંધ મેળવવી હોય તો સૌથી પ્રથમ દેણું ચૂકતે કરીને ચોપડા ચોખ્ખા કરી લેવા જોઈએ અને લેણાને ઉદારતાથી માફ કરી દેવું જોઈએ. સાચો શાહુકાર પહેલા દેણું ચૂકવવાની વાતને વધુ મહત્ત્વ આપે પછી એ લેણું ઉઘરાવવાની પહેલ કરે છે તો એની શાહુકારી શોભે છે. એથી આગળ વધીને શાહુકારીને વધુ શોભાવવા એ લેણું માફ કરી દે છે. આ જ વાત આધ્યાત્મિક જગતમાં સમજવાની છે. માનવ મઝાથી અહીં સુખ ભોગવે છે, તો કર્મરાજના ચોપડે એના ઉધાર ખાતામાં દુઃખ જમા થાય છે અને માનવી હસતા મુખે આનંદથી દુઃખ સહન કરે છે તો કર્મરાજના ચોપડે એના જમા ખાતે સુખનું ખાતું સદ્ધર બને છે. એટલે દુઃખ આપણું દેણું છે અને સુખ આપણું લેણું છે. આ ભવચક્રમાં ભટકતા આપણા આત્માએ દુઃખને તો ઘણી વાર સહન કર્યું છે પણ હસતા મુખે હર્ષ સાથે દુઃખને સહી લેવાની સમજણ માનવમાં છે. આધ્યાત્મિક અમીરીથી શ્રીમંત ગણાતા માનવના અંતરના ચોપડામાં જમા ઉધારના બે ખાતા છે. જમા ખાતે સુખ છે એટલે કર્મરાજ પાસેથી લેણા રૂપે વસુલ કરવાના છે અને ઉધાર ખાતે દુઃખ છે જે એણે કર્મરાજને દૂધે ધોઈને ચૂકવવાના છે. હવે પહેલા શું કરવા જેવું છે ? દેવાની ચૂકવણી કે લેણાની વસુલાત ? જે માણસ પહેલા લેણાની વસુલાત કરવા કરતાં દેવાની ચૂકવણી કરી દે તે પોતાની આધ્યાત્મિક શ્રીમંતાઈ પર

ચાર ચાંદ ચમકાવી શકે છે. કર્મનું દેણું ચૂકવવામાં તો જરા પણ વિલંબ કરવા જેવો નથી કારણ કે એનું વ્યાજ તો પઠાણી છે.

આ રીતે આપણે દેણું ચૂકવી દઈએ એટલેથી કામ પતી જતું નથી. ચોપડા ચોખ્ખા કરીને કર્મરાજા સાથેનો છેડો જો ફાડી નાંખવો હોય તો એના લેણાંને માફ કરી દેવું જરૂરી છે. જો એનું લેણું માફ ન કરીએ અને સુખોને જતા ન કરીએ એટલે કે ભોગવીએ તો એ સુખો ભોગવતા કષાય થાય. રાગદ્વેષ થાય તો કર્મરાજાનું કરજ થવાની શક્યતા ઊભી રહે છે. કર્મરાજાનો એ ચોપડો પાછો ઉધારના ખાતે બતવે છે. એટલે પાછું દેણું શરૂ થઈ જાય છે, માટે ચોપડા ચોખ્ખા કરીને શાહુકારીની શાન વધુ વધારવી હોય તો દેણું ચૂકવી દો અને લેણાને સહર્ષ માફ કરી દો. જ્ઞાની સમજાવે છે **"દેણાની ચૂકવણી એટલે સહર્ષ દુઃખાનુભૂતિ અને લેણાની માંડવાળ એટલે સુખને સહર્ષ સલામી."** આ રીતે દુઃખને અપાતો આવકાર અને સુખ પ્રત્યેનો તિરસ્કાર કર્મરાજની પકડમાંથી છટકવાનો ઉપાય છે. ચોપડો પૂરો ચોખ્ખો ન થઈ જાય ત્યાં સુધી જંપીને બેસવા જેવું નથી કારણ કે કર્મરાજના કાયદા સદા માટે સાબદા છે. એના દેણામાંથી છૂટીને જે લેણું વસુલ કરે અને પછી મસ્તીથી સુખ ભોગવે તો એ પાછો દેવાદાર બની જાય છે; માટે દેવામાંથી મુક્ત થયા પછી ફરી પાછા દેવાદાર ન બનવું હોય તો કર્મના લેણાને ઉદારતાથી જતું કર્યા સિવાય છૂટકો નથી.

આ કર્મરાજ ખૂબ કુરતાથી ભરેલ મેલી મુત્સદ્દીથી પોતાનો વહીવટ ચલાવે છે. કર્મની ચાલબાજી ભયંકર કુટીલ છે. જગતના જીવોને હેરાન પરેશાન કરવા ચાલબાજીથી પોતાને તાબે રાખ્યા છે. કર્મરાજાએ એવી માયાજાળ પાથરી છે કે તેની ભયંકરતાને સમજવી ખૂબ મુશ્કેલ છે. વીર ભગવાનના શાસનને પામેલો આત્મા આ કર્મની ભયંકરતાને સમજી શકે છે. આ બિછાવેલી જાળને પકડવાનું ઢીલાપોચા અશક્ત માણસનું કામ નથી. પછી એ જાળને તોડી ફોડીને નાશ કરવાનું ગજુ તો હોય જ કયાંથી? કર્મરાજાએ જીવને તેની ફસામગુમાં કેવી રીતે નાંખ્યા? એણે ચાલબાજી કેવી કરી છે? તે સમજવા માટે આપણો વિષય છે "કર્મની કરામત." કર્મની કરામત અલૌકિક છે. કર્મની કરામત તો અનેક છે પણ તેમાંથી ચાર કરામત મુખ્ય છે. કરામત એટલે હોંશિયારી, ચતુરાઇ.

"કર્મની પહેલી કરામત એ છે કે સંસારમાં વિવેકવાળા સમજણવાળા કોઇ પણ જીવને કાયમ માટે દુઃખ નથી આપ્યું" જીવે અધમ પાપકૃત્યો કર્યા હોય હિંસાના તાંડવો રચ્યા હોય, ક્રુર કર્મો કર્યા હોય તેવા જીવને કર્મરાજાએ સાતમી નરકમાં મોકલ્યા. સાતમાંથી કદાચ બીજી ગમે તે નરક હોય, સાતમી નરકની જઘન્ય સ્થિતિ ૨૨ સાગરોપમની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની. જ્યાં સૂર્ય ચંદ્ર નથી, ટ્યુબલાઇટો નથી, અહીં ગીચ જંગલમાં જેવો અંધકાર હોય, અમાસની રાતનો ઘનઘોર અંધકાર હોય આ બધા કરતાં અંધકાર ભયંકર અંધકાર સાતમી નરકમાં હોય કે જેનું વર્ણન કરવું અશક્ય છે. તે અંધકાર

આગળ અહીંનો અંધકાર તો કાંઈ નથી. એ અંધકાર નારકીના જીવોને ત્રાસરૂપ બને છે. અરસપરસ બધા નારકીઓ ભયંકર દુઃખ ભોગવે છે. આવી રીબામણમાં ૩૩ સાગરોપમનો કાળ વીતાવવાનો. ૩૩ સાગરોપમ એ કાંઇ નાનો સૂનો કાળ નથી પણ જંગી કાળ છે. માની લો કે તમારી સો વર્ષની જિંદગીમાં એક દશકો દુઃખનો આવી જાય. વેપાર ધંધામાં ખોટ આવે તે એટલે સુધી ખોટ આવી જાય કે અઠવાડિયાનું રેશનીંગ લાવવું ભારે પડી જાય, છોકરાઓને ભણાવવા ભારે પડે, ખાવાપીવાના સાંસા પડી જાય. ત્યારે જીવને કેટલો ત્રાસ ત્રાસ થઈ જાય. શું કરું ? કયાં જવું ? એમ મનમાં થયા કરે. આટલા દિવસમાં જો આપણને ત્રાસ થઈ જાય તો સાતમી નરકના ૩૩ સાગર સુધી દુઃખ કેવી રીતે ભોગવ્યા હશે ! એવા દુઃખો પણ જીવે ભોગવ્યા છે.

કર્મરાજાએ જીવને સાતમી નરકમાં ધકેલ્યો પણ સાથે કરામત કેવી કરે છે ? જીવને ત્યાં કાયમ માટે રાખી ન મૂકયો પણ ત્યાંથી ઉપાડીને સીધો મૂકયો તિર્યંચ ગતિમાં. મનુષ્યમાં કેમ ન મૂકયો ? સાતમી નરકનો નીકળેલો જીવ તિર્યંચ થાય, તે મનુષ્ય થતો નથી. તિર્યંચ ગતિમાં ધકેલ્યો એટલું તો નહિ પણ તે ગતિમાં ગયા પછી નરક ગતિમાં જીવે કેવી રૌરવ વેદના ભોગવી, કેવા દુઃખો વેઠયા, કેવા ભયંકર ત્રાસો વેઠયા, એ બધું જીવને ભૂલવાડી દીધું. દુઃખોની આછી પાતળી સી રેખા પણ યાદ ન આવે. કર્મરાજાએ ભવો તો પલ્ટાવી નાંખ્યા પણ સાથે સાથે તે ભવોની વિસ્મૃતિ એવી કરાવી દીધી કે પેલા જીવો નરકના દુઃખોમાંથી કાયમને માટે મુકત થવાના પ્રયત્નો ન કરી શકે. તિર્યંચના ભવમાં સાતમી નરકમાં જે દુઃખો વેઠયા છે તેની જરાસી યાદ આવતી હોત તો એ આત્મા જરૂર એ પાપથી પાછો ફરી ગયો હોત પણ કર્મે જીવને એ બધું ભૂલવાડી દીધું. તેને નરકની રૌરવ વેદના, ત્રાસ, મારકૂટ, છેદન ભેદન બધું તેને નજર સામે દેખાય તો નરકમાં લઈ જાય એવા પાપો જીવ ગમે ત્યારે ગમે તે સ્થિતિમાં પણ ન આચરે, પણ એ પાપો દેખાતા નથી કે યાદ આવતા નથી માટે ફરી વાર નરકમાં જવા યોગ્ય કર્મો જીવ કરે છે અને નરકમાં ફેંકાઈ જાય છે. ચાર ગતિમાં જીવને ચક્કરની માફક ફેરવવા અને પાંચમી ગતિમાં જવા ન દેવા અને તેના પંજામાંથી નહિ છટકવા દેવા માટે જીવને બધું ભૂલવાડી દે છે.

જ્યાં જીવોને સમજણ નથી, જ્ઞાન નથી, વિવેક નથી એવા પાંચ સ્થાવરમાં જીવ ગયો, નિગોદમાં ગયો જ્યાં જીવોને અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન ઉઘાડું છે અક્ષર એટલે બારાખડીનો ક–ખ–ગ નહિ પણ અ+ક્ષર એટલે કયારે પણ ક્ષય ન થાય તેવું કેવળજ્ઞાન. તેનો અનંતમો ભાગ જ્ઞાન ખુલ્લું છે. નરક કરતાં નિગોદમાં દુઃખ વધારે છે. એક શ્વાસોચ્છવાસ જેટલા સમયમાં જીવ ૧૭॥ ભવ કરે છે અને એક અંતઃમુહુર્તમાં ઉત્કૃષ્ટ ૬૫,૫૩૬ ભવ કરે છે એટલે એટલી વાર જન્મે છે અને એટલી વાર મરે છે. આ જીવોની કેવી કરૂણતા ! કર્મરાજાએ આ જીવોને અનંત કાળના દુઃખો આપ્યા. નરકના અને નિગોદના દુઃખોની સરખામણી કરીએ તો અમુક બાબતમાં નિગોદનું દુઃખ

વધી જાય છે. (૧) નારકીમાં જીવ વધુમાં વધુ રહે તો સાતમી નરકે ૩૩ સાગરોપમ સુધી (અસંખ્યાતો કાળ), જ્યારે નિગોદમાં જીવ અનંતકાળ સુધી રહે છે. (૨) નરકમાં શરીર અલગ અલગ હોય છે ત્યાં સંકડાશ નથી જ્યારે નિગોદમાં એક શરીરમાં અનંતા જીવો છે એટલે ત્યાં બહુ સંકડાશ હોય છે. (૩) નારકીને પાંચ ઇન્દ્રિય હોય છે અને નિગોદને એક સ્પર્શેન્દ્રિય હોય છે. (૪) નારકી સંજ્ઞી છે તેને મન હોય છે જ્યારે નિગોદ અસંજ્ઞી છે. તેને મન હોતું નથી. (૫) નારકીના જીવો સમકિત પણ હોઈ શકે. ત્યાં સમકિત પામવાના સંયોગો પણ છે જ્યારે નિગોદના જીવો એકાંત મિથ્યાત્વી હોય છે. સમકિત પ્રાપ્ત થવાના કોઈ સંયોગો ત્યાં નથી. (૬) નરકના જીવોને દેવ મદદ કરે છે, નિગોદના જીવોને મદદ કરનારા કોઈ નથી. કર્મરાજાની ક્રુરમાં ક્રુર મશ્કરીનો અનુભવ એ નિગોદમાં થાય છે. આવા નિગોદમાં અનંતો કાળ રાખ્યા.

એકેન્દ્રિયમાં પણ કર્મોએ જીવની કેવી રિબામણ કરી છે ? પૃથ્વીકાયમાં ગયો તો કયારેક પથ્થરથી મરાયા તો કયારેક આગથી બળ્યા, કયારેક વાયુએ માર્યા તો કયારેક જલદ પાણીએ ખતમ કર્યા. કેરી તરીકે જન્મ્યા તો નીચોવાયા, બાવળીયા તરીકે જન્મ્યા તો દાતરડાથી કપાયા, લીલોતરી શાક તરીકે જન્મ્યા તો છરીથી કપાયા, મોસંબી તરીકે જન્મ્યા તો સંચાથી પીલાયા, સક્કરજન થયા તો ચપ્પુથી કપાયા. આ રીતે પૃથ્વી, પાણી, તેઉ, વાઉ, વનસ્પતિમાં અસંખ્યાતા કાળ સુધી રાખ્યા પછી જીવ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયમાં ગયો. મંકોડા માંકડ થયા તો તમારા ગાદલા નીચે ચગદાઇને મરી ગયા. મંકોડો તમારા પગ પર ચોંટયો. તે મરી ન જાય તે રીતે ઉખાડવા પ્રયત્નો કર્યા છતાં ન ઉખડે તો તમે એને લોહી પીવા દો ખરા ? તમારા જાનના ભોગે એને બચાવો ખરા ? આપણે કુમારપાળ રાજા જેવા નથી. તેમને પગે મંકોડો ચઢયો. કોઈ રીતે ન ઉખડયો તો આજુબાજુની ચામડી કાપી નાંખી. ચામડી સહિત મંકોડાને સાચવીને ભોંય મૂકી દીધો. આનું નામ ધર્મ સમજ્યા કહેવાય. મંકોડો બન્યો તો આવી રીતે મર્યો. કયાંય ગોળના રવા નીચે ચગદાઈ ગયો. તિર્યંચ પંચેન્દ્રિયમાં ગયો તો ત્યાં કેટલા ફટકા ખાધા ! ભૂંડના અવતારમાં ગયા તો કાદવ કીચડમાં આળોટયા અને વિષ્ટાઓ ખાધી. કસાઈખાનામાં ગયો તો ત્યાં શેકાયો, કપાયો. કબૂતર બન્યો તો બિલાડીના મુખમાં ચવાઈ ગયો. બિલાડી બન્યા તો વરૂઓએ ફાડી ખાધા, શિયાળ બન્યા તો વાઘસિંહના જડબામાં ચવાઈ ગયા. બળદ બન્યા તો આરડીના માર ખાધા. આ રીતે તિર્યંચ ગતિમાં જીવે કેટલા દુઃખો વેઠયા ?

"કેવા કેવા જુલ્મો વેઠયા, જનાવર બનીને, એક રે જાણે છે મારો આત્મા
(૨) બોજો અળખામણો ને લાકડીના માર ખાતા, વહેતી'તી આસુંડાની
ધાર આંખમાં"

તિર્યંચ ગતિમાં કર્મોએ જીવને કેવા રીબાવ્યા ! છતાં બીજા ભવમાં જાય ત્યારે

દુઃખોનું જરા પણ સ્મરણ થતું નથી. ત્યાંથી દેવગતિમાં ગયો. તમને લાગે કે દેવગતિ એટલે સુખની ગતિ. આપ એટલું યાદ રાખજો કે દેવ મરીને દેવ ન થાય અને દેવ મરીને નારકી ન થાય તે રીતે નારકી મરીને નારકી ન થાય અને નારકી મરીને દેવ ન થાય. નારકી અને દેવ બંનેને ત્રિછંલોકમાં આવવું પડે. તેમને આ સ્ટેશન તો લેવું પડે. દેવો અસંતોષ અને ઈર્ષ્યાની આગમાં શેકાઇ રહ્યા છે. મળ્યું છે તેમાં સંતોષ નથી અને નથી મળ્યું તે મેળવવાની ઝંખનાનો પાર નથી. દેવગતિમાંથી કર્મે મનુષ્ય ગતિમાં મૂકયો. મનુષ્યમાં કોઈ લંગડા થયા, કોઈ આંધળા, બહેરા, બોબડા થયા; આ બધું કયા કર્મથી મળ્યું ? હું આટલી મહેનત મજૂરી કરું છું છતાં મને પૈસા કેમ નથી મળતા ? હું ગરીબ કેમ રહું છું ? કંઈક બિચારા બટકું રોટલા માટે ઘેર ઘેર ભીખ માંગે છે. આ બધું શાથી બને છે ? જો તેને ભૂતકાળમાં કરેલા કર્મોની યાદ આવે કે મેં આવા કર્મો કર્યા માટે હું લંગડો, આંધળો, ગરીબ થયો તો ફરી વાર જીવ એ કર્મો ન કરે. કર્મની એ કરામત છે કે મારા પંજામાંથી શિકાર છૂટી જશે તો ? તેથી એણે ગત જન્મની બધી વાત ભૂલવાડી દીધી. આ કર્મોએ આત્માની બાનાખરાબી કરવામાં બાકી રાખી નથી. આ કર્મની કરામત કયાં સુધી ? જ્યાં સુધી જીવ દેવાધિદેવ ભગવાનના શરણે ગયો નથી, જૈન ધર્મની શ્રદ્ધા થઈ નથી, તપ જપ કર્યા નથી ત્યાં સુધી કર્મો એના પર ત્રાટકવાના પણ ભગવાનના શરણે ગયો, જીવનમાં ધર્મ આવ્યો પછી એ આત્મા કર્મો સામે ત્રાટકશે. કર્મરાજાની આ પહેલી કરામત કે કોઈ સ્થાનમાં તે જીવને કાયમ રાખતા નથી અને તેના પછીના ભવમાં પોતે ભોગવેલા દુઃખોને સાવ ભૂલવાડી દે છે.

(૨) "કર્મની બીજી કરામત એ છે કે કર્મે આ જગતના જીવોને દુઃખ તો આપ્યું પણ સાથે કરામત એ કરી કે એ દુઃખોની વચ્ચે એવું અલ્પ સુખ આપ્યું કે જીવો એ દુઃખને ભૂલી જાય પણ સુખને એ ન ભૂલે."

જેમ કે મનુષ્ય ભવમાં જન્મ થયો પણ જન્મ થતાંની સાથે રોગી થયો અથવા જન્મથી રોગ લઈને આવ્યો પણ તે શ્રીમંતને ઘેર જન્મ્યો એટલે માને કે ભલે રોગી છું પણ પૈસા તો છે ને ? કર્મે કોઈને ભિખારી બનાવ્યો પણ સાથે તેને કંઠકળા એવી સુંદર આપી કે તે એવું મધુર ગાય કે લોકો સાંભળ્યા કરે, તેથી તે મનથી માને કે ભલે હું ભિખારી છું પણ મને કંઠ તો સરસ મળ્યો છે ને ? કોઇ માણસને કર્મે કુબડો બનાવ્યો, દેખાવમાં જરાય શોભતો નથી છતાં તેને બુદ્ધિ આપી એટલે એ સંતોષ અનુભવે કે ભલે કુબડો છું પણ મને બુદ્ધિ તો મળી છે ને ! અષ્ટાવક્રજીના આઠે અંગ બાંકા હતા છતાં જ્ઞાન કેટલું હતું ? કોઇને કર્મે કદરૂપો બનાવ્યો છતાં કામ કરવાની કળા અદ્‌ભુત આપી. કોઈને રહેવા માટે સાવ ઝૂપડું આપ્યું પણ સાથે હાથમાં તાકાત જોરદાર આપી એટલે માને કે ભલે મને ઝૂપડું મળ્યું પણ મારા બાવડામાં રળવાની તાકાત છે તે શક્તિથી કાલે હું કમાઇશ અને ઊંચો આવીશ. આ રીતે દુઃખમાં પણ સુખનો છાંટો મૂકયો એટલે એ દુઃખને ભૂલી જાય. આ રીતે સુખની ચિનગારીમાં જીવ ફસાઈ

જાય પછી બહાર નીકળી શકતો નથી. કર્મની આ ચાલબાજીને જીવો પકડી શકતા નથી. જેમ કૂતરું બટકું રોટલાની લાલચથી જાય છે, ત્યાં તેને ડંડાના માર પડે છે પણ જો રોટલાનો ટુકડો મળી જાય તો એ મારને ભૂલી જાય છે તેમ આ સંસારમાં જીવો પણ કર્મે ફેંકેલા અલ્પ સુખના રોટલાના ટુકડાને જોઈ ને લાકડીના માર જેવા દુઃખોને ભૂલી જાય છે, તેથી કર્મોના વિજય ડંકા વાગે છે.

(૩) "કર્મની ત્રીજી કરામત એ છે કે સંસારના કોઇ પણ જીવને કયાંય ઠરીને બેસવા દેતા નથી." કર્મરાજા જીવોને કોઈપણ સ્થાનમાં સ્થિર રાખતા નથી. સિદ્ધ ગતિના જીવો આગળ તેની કરામત ચાલતી નથી. બાકી કર્મજીવને ચાર ગતિમાં ફેરવ્યા કરે છે પણ કોઈ સ્થાને સ્થિર રહેવા દેતા નથી. ભગવાન સૂયગડાયંત્ર સૂત્રમાં બોલ્યા છે કે

ઠાણી વિવિહઠાણાણિ, चइस्संति ण संसओ ।
अणियते अयं वासे, णायएहि सुही दिय ॥ અ. ૮ ગાથા ૧૨

દેવલોકના ઇન્દ્રો તથા સામાનિક દેવો આદિ ઉચ્ચ સ્થાનવાળા તથા મનુષ્યોમાં ચક્રવર્તી તથા બળદેવ, વાસુદેવ, મહામાંડલિક રાજા આદિ ઉચ્ચપદ પર રહેલા, ભોગભૂમિમાં રહેલા યુગલો તથા સાધારણ મનુષ્યો, તિર્યંચો વગેરેને પોતપોતાના સ્થાન એક દિવસ છોડવા પડે છે એટલે મૃત્યુ પામી પરલોકમાં જવું પડે છે તેમાં લેશ માત્ર સંશય નથી, તેમજ સાંસારિક સુખો તથા સ્વજનોનો સહવાસ પણ અનિત્ય છે.

કર્મની ત્રીજી કરામત એ છે કે ચાહે અનુત્તર વિમાનના દેવ હોય કે સાતમી નરકના નારકી હોય, નિગોદની અનંતકાળની કોટડી હોય કે પછી વિકલેન્દ્રિયના ભવ હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, કોઈ પણ જીવને કયાંય સ્થિર બેસવા દેતા નથી. દરેકને પોતાના સ્થાન છોડાવે છૂટકો કરે છે. પરિણામે જીવ બીજી ગતિમાં જાય પછી પોતાનું જીવન નભાવવા નવેસરથી બધી મહેનત કરવી પડે છે. શુભ કર્મે તે ભવમાં તેને સંસારના અલ્પ સુખો આપ્યા તો અશુભ કર્મે સર્જેલી ઘોર ભયંકર નાલેશીને એ ભૂલી જાય છે.

(૪) કર્મની ચોથી કરામત એ છે કે જેણે તેનું શરણું સ્વીકાર્યું તેને કાયમ માટે દબાયેલા રાખ્યા અને તેની સામે માથું ઊંચકનારાને કાયમ માટે મુક્ત કરી દીધા.

ચાર ગતિમાંથી કોઈપણ ગતિના જીવોએ જો કર્મરાજાનું શરણું સ્વીકાર્યું, એને આધીન રહ્યા તે જીવોને કર્મોએ કાયમ માટે દબાયેલા રાખ્યા છે અને જે જીવોએ તેનું શરણ સ્વીકાર્યું નહિ, તેને તાબે થયા નહિ અને તેની સામે માથું ઊંચું કર્યું તે બધા તેના પંજામાંથી સદાને માટે મુક્ત બની ગયા. આ છે કર્મની ચોથી કરામત. કર્મની કરામતમાંથી છૂટવું કઠીન છે.

કોઈ રે ઉકેલો આંટી...જેની પડે ન પાઈ રાતી
હે...એવી રે માટી જેવી ચડે રે ચાકડે, માટી કાં મટી જાતી....કોઈ રે

સહુની સરજત કર્મ ચાકડે. નાંખી ગોળ સરજતી
કોઇ બને રાય, કોઇ બને રંક, કોઇ છુત અછુતની જાતી
હે....નામ-કામને ગામને વારી ને, સહુની સુરત રંગાતી....કોઈ રે

મહાપુરૂષો કહે છે કે બધી આંટીઓ ઉકેલી શકાય છે પણ કર્મની આંટીઓ ઉકેલવી મુશ્કેલ છે. કર્મરાજા લેણું આપી જાય અને સુખોને લાત મારીને ફેંકી દઈએ તો એના પાસા પોબાર ન પડી શકે. એ સુખોમાં જો લપટાઈ ગયા તો એના દેવાદાર બનવું પડે. આ કર્મોએ અત્યાર સુધી જીવની ખાનાખરાબી કરી છે. અનાદિ અનંત કાળથી આ સંસારની દુર્ગતિરૂપી શેરીઓમાં જીવને રખડાવ્યો છે અને અનેક દુઃખો આપ્યા છે પણ હવે તેના નાશ થવાના દિવસો ભરાઈ ગયા છે. કયા દિવસો? વીર પ્રભુનું વિરાટ શાસન અને સત્ય માર્ગ સમજાવનારા વીતરાગી સંતો મળી ગયા છે તેમના શરણે જઇને કર્મોનો નાશ કરે છૂટકો. ભલે, અત્યારે સાગર જેટલા દુઃખોમાં સુખનું એક ટીપું આપીને દુઃખ તરફ દૃષ્ટિ કરવા દીધી નથી પણ હવે આ શાસનને પામીને દૃષ્ટિ બદલવાની છે. મહાપુરૂષોએ એ કર્મસત્તાને મૂળમાંથી ઉખાડવા જે પરાક્રમો કર્યા છે તેવા પરાક્રમો કરીને કર્મસત્તા સામે માથું ઉંચકીને તેનો નાશ કરવો છે. અરે! ચરમ શરીરી મોક્ષગામી જીવોને તેમજ બીજા મહાપુરૂષોને પણ હેરાન કરવા માટે કર્મસત્તાએ પ્રયત્નો કરવામાં પાછી પાની કરી નથી.

સનત્કુમાર ચક્રવર્તીને કર્મે રૂપ તો અદ્‌ભુત આપ્યું કે જેના રૂપની પ્રશંસા દેવલોકમાં થઈ પણ કર્મ સાથે એ કરામત કરી કે આવી સુંદર કાયામાં મહાભયંકર સોળ રોગો પેદા કરી દીધા, પણ સનત્કુમાર ચક્રી કર્મની કરામતમાં ફસાયા નહિ. એ રોગો થતાં ચક્રવર્તી શરીરની અનિત્યતા સમજતા તેમનો આત્મા જાગી ઊઠ્યો. તેમણે વિચાર કર્યો કે આ કર્મસત્તાએ તેના પંજામાં ફસાવવા મારી સામે જાળ ફેંકી છે પણ હું તેના પંજામાં ફસાઉં તેવો નથી. તમને ગળામાં સામાન્ય દુખ્યું. ડૉકટરને બતાવ્યું ને ડૉકટરે કહ્યું આપ ટાટામાં બતાવો તો તમારા પગ ભાંગી જાય. અહીં તો ચક્રવર્તીને સોળ મોટા રોગો થયા. કર્મે બરાબર જાળ ફેંકી પણ હે કર્મસત્તા! હું તારી પકડમાં આવું એવો નથી. એ જાળને ફગાવીને તેમણે સાધુપણું લઈ લીધું અને ૭૦૦ વર્ષો સુધી માસખમણને પારણે માસખમણ કરી કર્મના દેવા ચૂકવવા માંડ્યા. કર્મરાજાના કાળજે ફાળ પડી શું હવે આનું ખાતું બતમ થઈ જશે! સનત્કુમારને રોગ મટાડવા દેવોને વૈદના રૂપ લઈને નીચે ઉતરવું પડ્યું. તમે દેવને પ્રસન્ન કરવા કેટલી માળા ગણો. જો એક વાર દેવ પ્રસન્ન થઈ જાય ને મને કહે તારું ઘર અબરે ભરાશે એટલે બસ. શું જીવોની ભિખારીવૃત્તિ!

તૃષ્ણાનો તરંગ અને સોનાનો રંગ : તમારા જેવો એક વાણિયો હતો. તેને પૈસાની ભૂખ મટતી ન હતી. તે ભૂખ મટાડવા સંતો પાસે જાય. સંતો સમજી જાય

કે આ અસંતોષનો રોગી આવ્યો છે. સાચા સંત તો કયારે પણ આવી વાત સાંભળે નહિ. સંતે તેને કહી દીધું કે તું મારી પાસે કોઈ આશાથી બેસીશ નહિ. આ સંતોનું કામ નથી. તે વાણિયો ફરતો ફરતો જંગલમાં ગયો. ત્યાં ઝાડ નીચે એક મસ્તરામ સંન્યાસી ધ્યાનમાં બેઠા હતા. સંતે જોયું કે આ ભિખારી આવ્યો છે. થોડી વાર થઈ પછી સંતે આંખ ખોલી. વાણિયો લળી લળીને પગે લાગ્યો. સંતે કહ્યું–ભાઈ તું ભૂખ્યો લાગે છે. તને શેની ભૂખ છે ? તું માંગે તે આપું. વાણિયો કહે જો આપ મને કંઈક આપવા ઈચ્છતા હો તો એટલું માગું છું કે જ્યાં મારો હાથ અડે તે બધું સોનું થઈ જાય. સંન્યાસી કહે–તથાસ્તુ. વાણિયો તો ખુશ ખુશ થઈ ગયો. સંત પણ ત્યાંથી ચાલ્યા ગયા.

સોનું શું સાચું સુખ આપે ? : આ વણિક તો હરખલેર ઘેર ગયો. તે તો આજે ફુલાકુલા થઈ ગયો છે. ઘેર જઈને બારણાને અડયો તો બારણા સોનાના થઈ ગયા. બધા સોફાસેટને અડયો તો એ પણ સોનાના. વાણિયાના મનમાં થયું કે સંતની શક્તિ અલૌકિક છે. તેમનું વચન બરાબર ફળ્યું છે. તે જમવા બેઠો. ભાણામાં દાળ–ભાત, રોટલી, શાક બધું પીરસાયું. જમવા રોટલી હાથમાં લીધી તો તે સોનાની. દાળ–ભાત, શાક બધું સોનાનું થઈ ગયું. હવે ભૂખ મટાડવી કેવી રીતે ? હવે શું કરવું ? પાણીનો ગ્લાસ હાથમાં લીધો તો તે પણ સોનાનો. વણિક પત્નીને કહે છે તું મને ગ્લાસમાં દૂધ આપ. હું દૂધને હાથ નહિ અડાડું પણ દૂધ પીતા જીભને તો અડે ને ? દૂધનો ગ્લાસ લીધો તે પણ સોનાનો. કોલેજથી દીકરો ભણીને આવ્યો. વહાલથી તેના માથે હાથ ફેરવવા ગયા તો છોકરો પણ ઢીમ થઈ ને પડી ગયો. પત્ની કહે–તમે કયાં ગયા હતા તે આવું માંગી આવ્યા ? હવે વાણિયાને સોનું સારું લાગે કે ખોટું ? છોકરો ઢીમ થઈને પડયો એટલે મા–બાપ રડવા લાગ્યા. હવે શું કરવું ? પત્ની શેઠને કંઈક વસ્તુ આપવા ગયા એટલે સ્પર્શ તો થઈ જાય ને ? પત્ની પણ સોનાની. હવે શેઠ એકલા પડી ગયા. હવે સોનું મળ્યાનો આનંદ થાય ખરો ? શેઠ તો મૂઝાયા. મારે કરવું શું ? હું ખાઈ પી શકું નહિ ? કપડા પણ બીજા બદલાવાય નહિ. આખરે થાકીને વાણિયો સંત પાસે ગયો. સંત જ્યાં બેઠા હતાં ત્યાં ન હતા. તે ત્યાંથી થોડા આગળ બેઠા હતા. તે સમજતા હતા કે આ માણસ માંગીને ગયો છે પણ પાછો આવવાનો છે. વણિક સંતને શોધતો ત્યાં પહોંચી ગયો. પગમાં પડીને કહે છે બાપજી–આપ આપની શક્તિ પાછી લઈ લો. પાછી ન લેવાય. ગુરૂદેવ ! હું તો દુઃખી દુઃખી થઈ ગયો, છેવટે સંતે શક્તિ પાછી ખેંચી લીધી ને કહ્યું–જા, હવે તારા ઘેર હતું તેવું બધું થઈ ગયું છે. લોભી માણસની તૃષ્ણા કેટલી હોય છે ?

सुवण्ण रुप्पस्स उ पव्वया भवे, सिया हु केलास समा असंखया ।
नरस्स लुद्धस्स न तेहिं किंचि, ईच्छा उ आगाससमा अणंतिया ॥ ઉ.અ.૯.ગા ૪૮

લોભીને મેરૂ પર્વત જેટલા સોના રૂપાના ઢગલા આપવામાં આવે તો પણ લોભીની

તૃષ્ણા શાંત થતી નથી કારણ કે ઈચ્છા આકાશ જેટલી અનંત છે. હવે પેલો લોભી સોનું માંગે ખરો ?

સનત્કુમાર મહર્ષિનો રોગ મટાડવા દેવો વૃદ્ધનું રૂપ લઈને આવ્યા છતાં રોગ ન મટાડયો. હસતા મુખે સહન કર્યું તો એકાવતારી બની ગયા. કર્મો એમના ઉપર ત્રાટકયા ખરા પણ એ મહર્ષિ કર્મો ઉપર ત્રાટકયા તો કર્મ પોતાની જાળમાં તેમને ફસાવી શકયા નહિ.

જ્ઞાની સમજાવે છે કે કર્મની કરામત ! જીવને પોતાની પૂર્વની વાતો યાદ આવવા ન દે. માની લો કે પુણ્યોદયે જીવને અઢળક સંપત્તિ મળી પણ તેને ગત જન્મના સુકૃતો દેખાતા હોય કે મેં આવા સારા કર્મો કર્યા છે તો મને લક્ષ્મી મળી છે, હવે આ જન્મમાં દાન પુણ્ય નહિ કરું તો પછી મારું શું ? તો તેને અભિમાન ન આવે, વ્યસનો ન આવે, ગરીબો પ્રત્યે હમદર્દી રહે, ઘરના નોકરો પ્રત્યે વાત્સલ્યભાવ રહે.

એક વાર એક ભાઈ આવીને ખૂબ રડયો. સંતે પૂછયું કે ભાઈ ! શું થયું છે ? ગુરૂજી ! હું શું વાત કરું ? તેણે પોતાના જીવનની કહાની કહી. હું એક શેઠને ત્યાં નોકરી કરું છું. એ શેઠના જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા એવા ગુણવાન શેઠ છે. ગુણ કયારે ગવાય ? સર્વને પોતાના સમાન ગણે. આ શેઠને ચાર દીકરા હતા. બધા ધંધામાં સાથે. ધંધો ખૂબ ધમધોકાર ચાલતો હતો અને બધામાં સંપ, પ્રેમ પણ ખૂબ હતા. શેઠને સાડીની દુકાન હતી. એક દિવસ મેં સાડીની ચોરી કરી તે મોટા શેઠના દીકરાઓ જોઈ ગયા. તેમણે મને ખૂબ ધમકાવ્યો. તે ચારે ભાઈઓએ નિર્ણય કર્યો કે આ નોકરે સાડી ચોરી છે માટે સાંજે તેની બરાબર જડતી લેવી છે. આ વાતની બધા નોકરોને જાણ થઈ ગઈ કે આ નોકરે એક સાડી ચોરી છે. ચારે ભાઈઓ, તેમના પિતા બપોરે બધા જમવા બેઠા છે. જમતાં જમતાં ચારે ભાઈઓ આ વાત કરતા હતા કે નોકરે આવું કર્યું. આજે સાંજે જડતી લેવાની છે. મોટા શેઠે એટલે આ છોકરાઓના પિતાએ આ વાત સાંભળી. તેમણે પૂછયું–બેટા ! શું થયું છે ? બાપુજી ! આ નોકરે એક સાડી ચોરી છે માટે અમે બધા સાંજે તેની જડતી લેવાના છીએ. શેઠ કહે–તમે જડતી લેશો નહિ. પિતાજી ! અમે તેને બરાબર કરીશું. શેઠ કહે, હું મોટો બેઠો છું. સાંજે દુકાને આવીશ. પિતાજી ! આપ ન આવતા. આપ સમજો નહિ. શેઠ–કહે તમે બધું સમજો એમ ને ! તમે તો ૩૦–૪૦ વર્ષના છો પણ હું તો ૮૦ વર્ષનો થયો છું. હું કંઈ નહિ સમજતો હોઉં ! હું દુકાને આવવાનો છું તે પહેલા આપ કંઈ કરતા નહિ.

તમારે જોઈએ ચાર આંકડા ને નોકરને ત્રણ આંકડા ? : નોકરને ખબર પડી ગઈ કે મેં સાડીની ચોરી કરી છે એટલે મારી જડતી લેવાના છે. તે બિચારો ખૂબ ગભરાયો. મને છૂટો તો નહિ કરે ને ? સાંજના શેઠ તથા ચારે દીકરાઓ ભેગા થયા. શેઠે મોટા દીકરાને પૂછયું કે તું એક મહિનાનો ઉપાડ કેટલો કરે છે ? ૨૫૦૦ રૂા. બીજા દીકરાને પૂછયું, તેણે કહ્યું–૨૨૦૦ રૂા. ત્રીજા દીકરાને પૂછયું, તો ૨૦૦૦ રૂા. અને

ચોથાને પૂછયું તો ૧૫૦૦ રૂા. આ નોકરોના કેટલા પગાર છે ? કોઇના ૪૦૦, કોઇના ૩૦૦ તો કોઈના ૨૦૦ છે. શેઠ કહે દીકરાઓ ! વિચાર કરો. તમારામાં એકેય ભાઇનો ઉપાડ ચાર આંકડાથી ઓછો નથી અને આ નોકરોમાંથી એકેય નોકરનો પગાર ત્રણ આંકડાથી વધારે નથી ! તમારે દૂધ પીવા જોઈએ તો એના છોકરાઓને દૂધ ન જોઈએ ! તમારે છોકરાઓને ભણાવવા માટે પૈસા જોઇએ-ફી ભરવી પડે તો એના છોકરાઓને પૈસા નહિ જોઈતા હોય ! તમે મિષ્ટાન્ન જમો તો એને રોટલી ને દાળ ખાવા ન જોઈએ ? તમારું ૨૫૦૦ રૂા. માં પૂરું થતું નથી તો ૨૫૦ રૂા. માં એમનું પૂરું કેવી રીતે થતું હશે ? શું એ લોકોને પેટ નથી ? કુટુંબ નથી ? બાંધવારી નથી ? માંદગી નથી ? તમારા જેવી બધી સમસ્યાઓ એમને છે તો પછી પગારના ધોરણ આટલા નીચા કેમ રાખ્યા છે ? શું ધંધામા નફો ઓછો થાય છે ? ના....ના. એક વર્ષમાં ચાર પાંચ લાખ રૂપિયાનો નફો થાય છે; છતાં નોકરોને પૂરતો પગાર આપતા નથી તો પછી આ નોકરો ચોરી ન કરે તો કરે શું ? આટલા ઓછા પગાર આપો ને પછી ચોરી કરતા પકડાઈ જાય તો જડતી લેવી છે. તમને શરમ નથી આવતી ? ગુનેગાર નોકર નથી પણ તમે છો.

શેઠની ઉદારતા ને નોકરની સત્યતા : શેઠની વાત સાંભળી બધા સ્તબ્ધ થઈ ગયા. કોઈ કાંઈ બોલી શકયા નહિ, છેવટે મોટા દીકરાએ કહ્યું-પિતાજી ! આપની વાત સાચી છે. અમે અમારા સુખનો વિચાર કરીએ છીએ પણ બીજાના સુખનો વિચાર કયારે ય કર્યો નથી. આપ અત્યારે જ આ બધા નોકરોને બબ્બે મહિનાની બોનસ આપી દો અને દરેક નોકરોનો ૫૦-૧૦૦ જેટલો પગાર વધારી દો. સાથે એ નક્કી કરો કે દુકાનના કોઈ પણ નોકરોના ઘરમાં કોઈ પણ માંદગી આવે તો એનો તમામ ખર્ચો આ દુકાન ભોગવશે. આ બધી વાત પેલા નોકરે સાંભળી. દોડતો આવીને શેઠના ચરણમાં પડીને ડુસકે ડુસકે રડવા લાગ્યો. આપ મને માફ કરો. હું મારી ભૂલ કબૂલ કરું છું. મેં આ સહિત ત્રણ સાડી ચોરી છે. આ ચોરી શા માટે કરી ? ઘેર મારી પત્ની માંદી છે, દવા કરાવવા પૈસા છે નહિ, પૈસા વગર ડોકટર વીઝીટ આવતા નહોતા. હું શું કરું ? કયાં જાઉં ? ખૂબ મૂંઝાઈ ગયો એટલે મારે ચોરી કરવી પડી છે. શેઠ કહે જો દીકરા ! સાંભળ્યું ને ! આપણે ત્યાં કામ કરનારના પેટ ભરાશે તો પછી એ ચોરી નહિ કરે. પેટ ન ભરાય માટે ચોરી કરવી પડે છે. હવે તેં પગાર વધાર્યો એ બધું બરાબર કર્યું છે. તમે બધા અહીં પર્યુષણ પર્વ ઉજવવા ભેગા થયા છો. આપ આ દિવસોમાં ખુલ્લા દિલે દાનનો પ્રવાહ વહાવો. તપ કરો, શીલ પાળો. કાંઈ ન કરી શકો તો ખેર, પણ તમારા દિલમાં અનુકંપા તો હોવી જોઈએ ને ! બધા નોકરોને મોટાભાઈની આજ્ઞા પ્રમાણે બબ્બે મહિનાની બોનસ ત્યાં ચૂકવાઈ ગઈ. પગાર વધારવાની જાહેરાત થઈ ગઈ. ત્યારથી આજ સુધીમાં એ દુકાનમાં ફરી કયારેય ચોરી થઈ નથી. આ વાતમાંથી સાર એ લેવાનો છે કે સારા માણસે ચોરી કરી છે પણ એ ચોરી એણે

કઈ સ્થિતિમાં કરી છે એ વિચારવું ખૂબ જરૂરી છે. જે નોકરો સાથે તમારે કામ પડે છે એવા નોકરોના દિલ જો તમે જીતી શકતા ન હો તો બીજે તમે લોકપ્રિય કેવી રીતે બની શકવાના છો?

ચંદનાનો ચમકાર : આપણો વિષય છે કર્મની કરામત. આપણી નજર સામે તમામ કરામતો છે તો બીજી બાજુ એ કરામતોને ઊંધી કરી નાંખનારા મહાપુરૂષોના પરાક્રમી જીવનો છે. કર્મસત્તાને એ ખબર નથી કે હું જેમને હેરાન પરેશાન કરું છું; દુઃખ આપવાના પ્રયત્નો કરું છું પણ તે પ્રયત્નોમાં કર્મોને નાશ કરવાના બીજ તેમાં પડેલા છે. સનત્‌કુમારને કર્મે રોગ આપ્યા અને તેમને હેરાન કરવાના પ્રયત્નો કર્યા પણ તેમણે એ રોગ દ્વારા સમભાવમાં રહીને હેરાન કરવા આવેલા કર્મોને નાશ કરી નાંખ્યા. સતી ચંદનબાળાને કર્મે એવી કરામત કરી કે રાજકુમારી હતી છતાં ચૌટે વેચાણી. શેઠ લઈ ગયા. મૂળા શેઠાણીએ આવું દુઃખ આપ્યું છતાં ચંદનાએ કર્મ સામે પડકાર કર્યો. હે કર્મરાજા! તેં મને ચૌટે વેચી. જો વેચાણી ન હોત તો હું અહીં કયાંથી આવત! જો અહીં આવી તો મૂળા શેઠાણીએ હાથપગમાં બેડી નાંખી. ભોંયરામાં પૂરી વગેરે કષ્ટો આપ્યા. આ બધું બન્યું તો શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામી મારા આંગણે પધાર્યા અને મારા હાથે દાન દેવાનો અવસર આવ્યો ને! આ રીતે તેણે કર્મની ઝાટકણી કાઢી પણ તેની જાળમાં ફસાઈ નહિ તો ભગવાનની સૌથી પ્રથમ શિષ્યા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું અને આવા ઉગ્ર તપસ્વી ભગવાનને દાન વહોરાવવાની ધન્ય ઘડી ધન્ય પળ મળી. એ તો ભોંયરામાં બેઠી હતી. મનમાં નવકારમંત્રનું સ્મરણ હતું. માતા મૂળા શેઠાણીનો ઉપકાર માનતી હતી. હે માતા! તારી મારા પર કેટલી કરૂણા છે! જો તેં મને આ સ્થિતિમાં રાખી ન હોત તો ભગવાનને દાન દેવાનો લાભ મળત કેવી રીતે? તેણે અવળામાંથી બધું સવળું જોયું તો પ્રભુનો અભિગ્રહ તેના હાથે પૂરો થયો અને ૩૬૦૦૦ સાધ્વીઓમાં સૌથી વડેરા પદ્ધ શિષ્યા તરીકે તેમનો નંબર લાગ્યો. જે કર્મો તેને હેરાન કરવા આવ્યા હતા તેને પુરૂષાર્થ દ્વારા તે કર્મોને ખપાવી દીધા. તેણે કર્મોનું સંપૂર્ણ લેણું ચૂકવી દીધું પણ લેણું લીધું નહિ.

તમારા વ્યવહારમાં જો કોઈ દેણું ચૂકવી દે અને લેણું લે નહિ તો ભવિષ્યમાં આ પેઢી ઉઠી જાય. જ્ઞાની કહે છે–તારી આ સંસાર પેઢીને ઉઠાડી મૂકવા માટે માનવ જન્મ મળ્યો છે. જો અહીં ચોપડા ચોખ્ખા થઈ જાય અને લેવડ–દેવડ બંધ થઈ જાય તો આ પેઢીનું ઉઠમણું થઈ જાય. ભૌતિક ક્ષેત્રમાં તો લેણદાર–દેણદાર બંને પોતપોતાનો હિસાબ સમજી લઈ ને ચોખ્ખા થવામાં આનંદ માનતા હોય છે કારણ કે શાહુકારની આ શાન છે. સાવ ધરાઠ બંધ થઈ જાય એ કર્મરાજાને પાલવતું નથી એટલે કર્મરાજાની મુત્સદ્દીગીરી ઓળખી જઈને કોઈ એના દેવામાંથી છૂટવા મથે છે તો કર્મરાજ એનું લેણું ભરપાઈ કરીને દેવાદાર બનાવતો રહે છે; માટે કર્મરાજા તરફથી ચૂકવાતા લેણાથી મળતા સુખથી સાવધ રહેવાની જરૂર છે. આજે દરેક માનવી પોતાનું જીવન આકાશ વિપત્તિઓના

વાદળથી રહિત હોય એવું દેખાય છે પણ ઝંઝાવાત જાગે છે ત્યારે એ ડરી જાય છે; પણ ઝંઝાવાત વિના વાદળ વિખરાય કેવી રીતે ? જીવનનું આંગણું કર્મના કચરાથી ઢંકાઈ ને બદસૂરત બની ગયું **હવે જો કર્મરાજાની જાળમાંથી છૂટવું હોય તો સુખને સલામ ભરો અને દુઃખમાં દિલ જોડી દો.**

કર્મરાજાએ તો મોક્ષગામી જીવોને પણ હેરાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી છ ખંડના માલિક ભરત ચક્રવર્તીને ઋષભકૂટ પર પોતાનું નામ લખી શકે એટલી જગ્યા કર્મે બાકી ન રાખી પણ એ પ્રસંગે ભરત ચક્રવર્તીને કર્મ પ્રત્યે નફરત જગાડી. કર્મો તો કોઈને છોડતા નથી. જેવા કર્યા હશે તેવા ભોગવવા પડશે.

કર્મે નચાવેલો નાચ : એક વૃદ્ધ ડોશીમા ધ્રુજતી ધ્રુજતી બુમો પાડી રહી હતી. બા–બાપ મને એક રોટલો આપો ને ! હું ત્રણ દિવસથી ભૂખી છું. મને કંઈક આપો ના મારા પેટની આગ બુઝાવું. એ રીતે કરૂણ સ્વરે બૂમો પાડતી કલ્પાંત કરતી એક હોટલ પાસે આવી. હોટલમાં એક યુગલ બેઠું હતું. તેમણે આ ડોશીને જોયા. તેઓ હોટલમાં બેઠા બેઠા ગરમ ગરમ વાનગીઓ ખાઈ રહ્યા હતા. તેમણે આ ડોશીનો અવાજ સાંભળ્યો. ડોશી કહે-આપ મને એક બટકું તો આપો. ભગવાન તમારું ભલું કરશે. આ ડોશીમા તો ખૂબ કરગરે છે, પણ કોઇ તેના સામું જોતા નથી. આ યુવાન દંપતીને આ ડોશીનો અવાજ ડખલરૂપ લાગ્યો. તેમના અંતરમાં સંધરેલી આગ ભડકો થઈને બહાર નીકળી. ગરમાગરમ ચા ભરેલા કપરકાબી તેના પર ફેંકયા. ગરમ ચા પડતા હાથે ફોલ્લા થઈ ગયા અને કાચ કપાણમાં જોરથી વાગી ગયો. હાય ભગવાન ! એમ કહીને ડોશીમા બેશુદ્ધ બનીને જમીન ઉપર પછડાઈ ગયા. પેલા દંપતિ તો ગાડી લઈને ચાલ્યા ગયા. જુઓ કર્મરાજાએ ડોશીને કેવી શિક્ષા ફટકારી !

કરમ છોડશે ના તને કોઇ કાળે, જનમ જ્યાં ધરે તું, તને ત્યાં સંભાળે....
થશે આ મૂકીને અચાનક જવાનું, સ્વજન કોઈ સાથે નહિ આવવાનું,
જશે જીવ તારો કરમના સહારે, કર્યા જે પ્રમાણે, ફળે તે પ્રકારે ...કરમ

આ કર્મરાજાની ક્રુરતા ! ડોશીની આ સ્થિતિ જોઈને એક યુવાન ભાઈ ત્યાં આવ્યો. આ ભાઈ જૈન ન હતો પણ સિંધી હતો. તેમને ગાડીમાં બેસાડીને દવાખાને લઈ ગયા. તે ભાઈ ડૉકટરને કહે છે, આપ આ માજીને ટ્રીટમેન્ટ આપો. તેને જલ્દી સારું થઈ જાય તેમ કરો. ડૉકટરે ડોશીને પાટાપિંડી કરી. ડોશીમા ખૂબ રડે છે, કલ્પાંત કરે છે. સિંધી ભાઈ કહે માજી ! તમે રડશો નહિ. તમને મટી જશે. તમારો દીકરો કે કોઈ શોધવા ન આવે, તેને સમાચાર ન પહોંચે ત્યાં સુધી હું તમારો દીકરો બનીને રહીશ. આપ ગભરાશો નહિ. ડૉકટરે અને તે ભાઈએ ખૂબ સેવા કરી. મોસંબીનો રસ આદિ લાવીને પીવડાવ્યું. મા ! તમારું રહેઠાણ કયાં છે ? તમારા કોઈ સગાસંબંધી હોય તો તેને હું જાણ કરું. આપ મને સરનામું આપો. ડોશી રડતા રડતા કહે છે

દીકરા ! મારું રહેઠાણ ઉપર આભ ને નીચે ધરતી છે. મારા સગાસંબંધીની તો કોઈ વાત કરવા જેવી નથી. તમારે દીકરો નથી ? તમે આવું કેમ બોલો છો ? વીરા ! મને કર્મે નચાવી છે. મારી શી વાત કરું ?

કલ્પેશમાં કલ્પતી કલ્પના : નાની ઉંમરમાં મારા લગ્ન થયા હતા. લગ્ન થયા ત્રણ વર્ષ થયા હશે ત્યાં મારા પતિ કાળનો કોળીયો બની ગયા. મારે એક પુત્ર છે. એનું નામ છે કલ્પેશ. મારા માટે કોઈ આશરો નહોતો. પિયરમાં ભાઈ સુખી હતા પણ ભાભીનું ચલણ વધારે હતું છતાં ભાઈ મને છાની રીતે મદદ કરતો હતો. મારો કલ્પેશ તો છ મહિનાનો હતો. કાળી મજૂરી કરી, પેટે પાટા બાંધીને કલ્પેશને ઉછેર્યો. મોટો કર્યો અને મેટ્રીક સુધી ભણાવ્યો. મેટ્રીકમાં સારા માર્કે પાસ થયો. તે ભણવામાં લગભગ પહેલો નંબર રાખતો. તેની કોલેજ કરવાની ઈચ્છા ખૂબ હતી. મારી સ્થિતિ ન હતી. માંડ માંડ પૂરું થતું હતું. થોડું ઘણું ઘરેણું હતું તે વેચીને કલ્પેશને કોલેજમાં મોકલ્યો. તેને સ્કોલરશીપ મળવા લાગી. હું મેટ્રીક ભણેલી છું. મને છોકરાને ભણાવવાની ખૂબ હોંશ હતી. કલ્પેશ બી.કોમ. થઈ ગયો. અમારા ભાગ્યોદયે તેને બેંકમાં સારી નોકરી મળી ગઈ. પગાર પણ સારો હતો. તે મને તો તીર્થ સમાન માનતો હતો. મને પૂછીને પાણી પીતો. હું જેમ કહું તેમ તે કરતો હતો. મારા મનમાં થયું કે હાશ ! હવે મારી બધી આશા ફળી. દુઃખના દિવસો ગયા ને સુખના દિવસો આવ્યા. કર્મરાજાની અમારા પર મહેર થઈ.

કરૂણ કહાની કહેતા વૃદ્ધા : બેંકમાં સર્વીસ કરતાં કરતાં મારો કલ્પેશ એક છોકરીના પ્રેમમાં પડી ગયો. મેં તેને સમજાવ્યો. બેટા ! તારા માટે ઘણી સારી સારી કન્યાઓ આવે છે છતાં તે ન માન્યો અને એક શીખ કન્યા સાથે લગ્ન કરી લીધા. અમે જૈન વણિક હતા. મારી ઈચ્છા કુલવાન કન્યા લાવવાની હતી પણ આજના ભણેલા યુવાનો કયાંય લપસી પડે છે પછી તે કુળ કે જાત જોતા નથી. શીખ કન્યા કુલવધૂ બનીને ઘરમાં આવી. મને ઘણું ગમતું ન હતું છતાં મેં કયારે પણ એને રોકટોક ન કરી. હું કાંઈ બોલતી નહિ. આચાર વિચારનું આસમાન જમીન જેટલું અંતર. છેવટે ઘરમાં માછલી આવવા લાગી. તે મારાથી સહન ન થયું. એક દિવસ મેં કહ્યું બેટા કલ્પેશ ! હું બધું નભાવી લઈશ પણ ઘરમાં માછલી આવી તે નહિ નભાવી શકું. કલ્પેશ મારી વાત સાંભળે જ નહિ. તે પત્નીનો ચઢાવ્યો ચઢી ગયો થોડા દિવસ તો નભાવ્યું. મેં કહ્યું– બેટા ! જૈન મા–બાપનો દીકરો થઈને તું આ શું કરી રહ્યો છે ? આ મારાથી નહિ નભાવી લેવાય. મમ્મી ! તમારાથી સહન ન થાય તો તમે બીજે ચાલ્યા જાવ. જેના ખાતર મેં મારી જાત ઘસી નાંખી, જેના સુખ ખાતર મેં મારી આખી જિંદગી હોડમાં મૂકતા પાછું વાળીને જોયું નથી; એ મારો દીકરો મને આજે આ શબ્દો કહી રહ્યો હતો. કલ્પેશની પત્ની રોજ કાન ભંભેરતી. પેટનો દીકરો જ્યાં પારકો થયો, અંગ અંગાર જેવું બન્યું ત્યાં રોદણા રોવાનો શો અર્થ ? સુખ તો જિંદગીમાં જોયું ન

હતું, અને હવે તો આશા પણ ન હતી. એ બંને બેંકમાં નોકરી કરતા અને હું રાત દિવસ ઘરના ઢસરડા કરતી.

એક દિવસ બંને બેંકમાંથી ઘેર આવ્યા. વહુએ કાનભંભેરણી કરી હશે એટલે સામાન્ય વાતમાં તે ઉશ્કેરાઈ ગયો અને મને ચોટલો ઝાલીને બહાર કાઢી અને કહ્યું– ચાલી જા તને જ્યાં રસ્તો મળે ત્યાં. કર્મે મને ઘરની બહાર ફેંકી. ભાઈ ! હવે મારા માટે શું બાકી રહ્યું છે ? એમ બોલતા ચોધાર આંસુએ રડવા લાગી. ડોશીની કરૂણ કહાની સાંભળીને સિંધીભાઈનું હૈયું પણ કંપી ઊઠયું. એ પણ રડી પડયો. હું ત્રણ દિવસની ભૂખી હતી. મને ખબર નહિ કે હોટલમાં કોણ બેઠા છે તેથી ભીખ માંગવા આવી. તો તેણે મને ખાવા તો કાંઈ આપ્યું નહિ પણ મારા ઉપર કપરકાબીનો ઘા કર્યો. મા ! શું એ તમારા દીકરા વહુ હતા ! ના. તે કોણ હતું ? તે મારો ભત્રીજો હતો. નાનપણમાં તેની મા મરી ગઈ હતી. મેં તેને ઉછેરીને મોટો કર્યો છે. મારા દીકરાની માફક સાચવતી હતી. એ મોટો થયો. એણે પણ કલ્પેશની જેમ લગ્ન કર્યા. ત્યારે મેં ખૂબ વિરોધ કરેલો. આજે મને ખબર નહિ કે હોટલમાં એ બેઠા હશે ! નહિ તો હું માંગત જ નહિ. ત્રણ દિવસથી ઘરની બહાર નીકળી છું, કંઈ કામ મળતું નથી. ભૂખનું દુઃખ સહેવાતું ન હતું. પેટને ખાતર મેં ભીખ માંગવાનું સ્વીકાર્યું. એ ભીખનું પરિણામ આ આવ્યું; કપાળમાં કપ રકાબીનો ઘા અને શરીર પર ચાની વર્ષાથી ચામડી ઉતરી ગઈ.

સિંધીભાઇની સહાનુભૂતિ : મા ! હું તમારા ઘેર જઈને સમાચાર આપું ? દીકરાને મળવા જાઉં ? ના દીકરા નથી જાવું. મારા કર્મો એવા છે. મેં ભગવાન મહાવીર સ્વામીની વાણી સાંભળી છે. હવે એ દુઃખ પચી ગયું છે. કોઈ વાર રડવું આવી જાય; બાકી દુઃખને પચાવતા શીખવાનું છે. મા ! હું તમારા ઘેર જઈને દીકરાને સમજાવીશ અને તેને માતાની સેવાનો પાઠ ભણાવીશ. બેટા ! એની પત્નીએ પૂરેપૂરો પાઠ ભણાવી દીધો છે. કદાચ એ પુત્ર માને તો પણ મારે હવે ઓશિયાળું જીવન જીવવું નથી. હવે ડોશીને થોડું સારું થયું એટલે રજા આપવાની હતી. આ ભાઈના મનમાં થયું કે ડોશીને ઘેર તો જવું નથી તો તેમના માટે એક નાની રૂમ શોધી લાવું કે જેથી તે એમાં રહી શકે. મારું માનવ તરીકે કર્તવ્ય છે કે આવા દુઃખી જીવોને મદદ કરવી જોઈએ. એક નાની રૂમ ભાડે રાખીને બીજે દિવસે તે ભાઈ દવાખાને ગયા તો ડોશીમા ગુમ. કયાંય ન મળે. ડોશીમાના મનમાં થયું કે કદાચ તે દીકરા પાસે જાય અને દીકરો આવે તો તે કહેશે કે તેં મને વગોવી છે. કદાચ મને મારશે તો ? એમ ભયના માર્યા ડોશી રવાના થઈ ગયા. પેલો ભાઇ સમજી ગયો કે તેમનો પેટનો દીકરો છે તે સંભાળતો નથી તો હવે હું કયાં જાઉં ? મારા કર્મો મને જ્યાં લઇ જશે ત્યાં જઈશ એમ માનીને ચાલ્યા ગયા હશે. આ છે કર્મની કિતાબ. મહાપુરૂષો કહે છે કે કર્મ બાંધીને પસ્તાવા કરતાં કર્મના બંધ સમયે જો જીવ ચેતી જાય તો ઉદયે શા ઉચાટ ! આ ડોશીમા ગામ બહાર ગયા. ત્યાં એક સંત જોયા. સંતના ચરણમાં પડી

તેમની પાસે ખૂબ રડયા. સંત પૂછે છે બેન શું છે? ગુરૂદેવ! હું બહુ દુઃખીયારી છું. ક્યાં જાઉં ને શું કરું તે મને રસ્તો સૂઝતો નથી. હવે આપઘાત કરીને મરી જવું છે. સંતે તેને કર્મની ફીલોસોફી સમજાવી. તેં પૂર્વ જન્મમાં કોઈ મા દીકરાને વિખુટા પડાવ્યા હશે, કોઇને અંતરાય પાડી હશે તેના ફળ આ ભવમાં ભોગવી રહ્યા છો. કર્મને લીધે દુઃખી થવાય છે.

" કર્મની કરામત " એ વિષય ઉપર આજે ઘણું કહેવાયું છે. કર્મની કરામતોને ઊંધી કરી નાંખનારા મહાપુરૂષોના સાહસિક જીવનોને યાદ કરી આપણે કર્મની કરામતમાંથી મુક્ત બનવું છે તે માટે કર્મ અલ્પ સુખ આપે તો તેમાં નહિ ફસાતા આવેલા દુઃખોમાં નહિ અકળાતા કર્મોને દુશ્મન માનીને તેનો નાશ કરીને અત્યાર સુધી દબાવી રાખેલા અનંત જ્ઞાનાદિ ગુણોને મેળવવાના છે. જ્યારે કર્મોનો નાશ થશે ત્યારે કર્મે બિછાવેલી જાળને તોડી શકીશું વધુ ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૪ ને સોમવાર : વ્યાખ્યાન નં. ૪૮ : તા. ૧૯-૮-૮૫

વિષય : " સુખી શાથી થવાય ? "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! મંગલ આરાધનાના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. આ પર્વના દિવસોમાં શુભભાવપૂર્વક કરેલી આરાધના જીવને મોક્ષની સન્મુખ લઈ જાય છે. પર્યુષણ પર્વ એટલે દિલના દિવાલખાનામાંથી વેરઝેર અને ક્રોધાદિ કષાયોના કચરાને દૂર કરવાની સોનેરી તક. સમતાને જોડવી અને મમતાને તોડવી એ આ પવિત્ર પર્વનો અર્ક છે. આ પર્વ પામરને પરમ બનાવે છે. પરાજિતને વિજયી બનાવે, રાગીને વિરાગી બનાવે, ક્રોધીને શાંત બનાવે, લોભીને નિઃસ્પૃહી બનાવે, અધર્મીને ધર્મી બનાવે, અજ્ઞાનીને જ્ઞાની બનાવે, કઠોરને દયાળુ બનાવે, વૈરીને નિર્વૈર બનાવે, કુશીલને સુશીલ બનાવે, ભોગીને ત્યાગી બનાવે, બાઉઘરાને તપસ્વી બનાવે, દુર્જનને સજ્જન બનાવે, વિરાધકને આરાધક બનાવે અને ભવોભવના દુઃખીને શાશ્વત સુખી બનાવે છે.

આજના દિવસનો આપણો વિષય છે **" સુખી શાથી થવાય ? "** સુખ શબ્દ બધા જીવોને ગમે છે. સુખી શાથી થવાય આ રસ્તો તો દરેકને ગમે છે. આ વિષયનું નામ સાંભળીને તમને બધાને થશે કે મહાસતીજી આજે સુખી થવાની ચાવી બતાવશે. સુખ શબ્દ સાંભળતા તમારા હૈયા થનગની ઉઠશે પણ તમે જેને સુખ માનો છો, જે સુખની મનમાં આશા લઈને આવ્યા છો તે સુખની અહીં વાત નથી. તમે સુખ શબ્દનો સાચો અર્થ સમજ્યા નથી. સુખ માટે માણસ આમ તેમ દોડી રહ્યો છે. અનેક પ્રકારના પદાર્થો ભેગા કરી રહ્યો છે. તેને એ વિશ્વાસ છે કે મને ક્યાંકથી તો સુખ મળી જશે. કદાચ ધનથી, કદાચ પ્રિયતમાથી, કદાચ કીર્તિથી, કદાચ સત્તાથી, ક્યાંકથી તો સુખ મળશે પણ સુખ ક્યાંયથી મળતું નથી પણ આશા બળવાન છે. મૃગતૃષ્ણા જેવા સુખની આશા

પાછળ તે દોટ લગાવ્યે જ જાય છે; કારણ કે એનામાં પૂરી શ્રદ્ધા છે કે કયારેક તો સુખ મળશે જ. આજે મારી પાસે ભલે હજાર રૂપિયા છે પણ આવતી કાલે લાખ રૂપિયા થઈ જશે ને હું સુખી બની જઈશ. જીવો કરોડપતિ, અબજોપતિ બનવામાં સુખ માને છે પણ વસ્તુતઃ કોઈના હૃદયમાં ન તો શાંતિ છે ન તો સુખ છે.

આજે જગતમાં દરેક જીવો સુખના અભિલાષી છે. સુખ માટે ઝંખે છે અને તેને મેળવવા માટે તનતોડ પુરૂષાર્થ કરે છે છતાં જીવને સુખ મળતું નથી. શાથી ? તેનો પ્રયત્ન કાંકરા પીલીને તેલ કાઢવા જેવો છે, પાણી વલોવીને માખણ મેળવવા જેવો છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ શોધવા આત્મા પ્રયત્ન કરે છે. જે સુખ અશાશ્વત, ક્ષણભંગુર છે, જેની પાછળ દુઃખના ઢેર ખડકાયેલા છે એમાંથી આત્મા સુખ શોધવા મથે તો કેવી રીતે મળે ? એ આત્માને ખબર નથી કે હું જે સુખ શોધવા મથી રહ્યો છું તે સુખ નથી પણ સુખાભાસ છે. **"નાશવંત પદાર્થોમાંથી મળતું સુખ કણભરનું, તેની પાછળ થતું પાપ મણ જેટલું, અને દુઃખ ટન જેટલું હોય છે."** આ સુખ શું સાચું સુખ કહેવાય ? ના.... ના.... એ સુખ કેવું છે ? ક્ષણિક સુખની પાછળ દુઃખનો સાગર છલોછલ ભરેલો પડયો છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે

इहलोग दुहावहं विऊ, परलोगे य दुहं दुहावहं ।
विद्धंसणध म्मंमेव तं इति विज्जंकोऽगारमावसे ॥ અ.૨.ઉ.૨.ગા.૧૦

જેના ઉપર મમત્વ છે એવા સજીવ અને નિર્જીવ પદાર્થ તથા સ્વજનવર્ગ રૂપ પરિગ્રહ આલોકમાં દુઃખપ્રદ છે અને પરલોકમાં અત્યંત દુઃખદાયક છે એમ સમજો. પરિગ્રહજન્ય પદાર્થો નશ્વર સ્વભાવવાળા છે એવું જાણવાવાળા કોણ ડાહ્યા પુરૂષ પરિગ્રહના ભંડાર ગૃહવાસમાં નિવાસ કરી શકે ? સાંસારિક પદાર્થો ધન, સોનું, ચાંદી આલોકમાં દુઃખપ્રદ શા માટે કહ્યા ? એક શ્લોકમાં કહ્યું છે કે

अर्थानामर्जने दुःखमर्जितानां च रक्षणे ।
आये दुःखं व्यये दुःखं, धिगर्था दुःख भाजनम् ॥

ધન અથવા સાંસારિક પદાર્થોને પ્રાપ્ત કરવામાં દુઃખ હોય છે. પ્રાપ્ત કરેલા ધન અને પદાર્થોની રક્ષા કરવામાં દુઃખ હોય છે. ધન આવવા પર અનેક ચિંતાઓ અને ભય હોય છે. જ્ઞાની કહે છે કે **"દુનિયામાં સુખની ઇચ્છા એ પાપ, એને મેળવવાની મહેનત એ પાપ, એ મેળવ્યા પછી રાજી થવું એ પાપ, એને આનંદપૂર્વક ભોગવવું એ પાપ, એને સાચવવા મહેનત કરવી એ પાપ, એ જાય ત્યારે રડવું એ પાપ અને એને મૂકીને જતાં મૂંઝવણ થાય એ પાપ."**

જેમ આકાશમાં પક્ષીઓ, પૃથ્વી પર સિંહાદિ હિંસક પ્રાણી અને પાણીમાં મગરમચ્છ આદિ જીવો પ્રાણીઓના મુખમાં માંસનો ટુકડો દેખતાં તૂટી પડે છે તેમ આ પૃથ્વી પર ધનવાનોને રાજાનો, પાણીનો, અગ્નિનો, ચોરનો અને સ્વજનોનો હંમેશા

ભય રહે છે. પરિગ્રહી મનુષ્યને સુખે ઉંઘ પણ આવતી નથી. જે પદાર્થોને લઈને તે પોતાના મનમાં સુખની કલ્પના કરે છે તે પદાર્થો તેના માટે અતિ દુઃખદાયી અને ચિંતાનું કારણ બની જાય છે. આ રીતે માતા પિતા આદિ જેટલા સ્વજન સંબંધીઓ છે. તેમના પ્રત્યેનું મમત્વ પણ ભયંકર દુઃખદાયક છે. માનવી પોતાના સ્વજનો માટે આશા રાખતો હોય છે કે દુઃખ, આફત, રોગ, નિર્ધનતામાં મને સહાય કરશે, મારી સેવા કરશે, મને મૃત્યુથી બચાવશે, મારા ધનમાલની રક્ષા કરશે પણ સમય આવવા પર સ્વજનો પણ આંખ ફેરવી લે છે. ધન હોય ત્યાં સુધી બધા મીઠું મીઠું બોલે પણ ધન ચાલ્યું ગયું અને તેમનો સ્વાર્થ સરતો બંધ થયો ત્યારે સ્વજનો પણ છોડીને ચાલ્યા જાય છે માટે આ ગાથામાં કહ્યું છે કે સજીવ અને નિર્જીવ પરિગ્રહ આ લોકમાં દુઃખપ્રદ છે અને તેના પ્રત્યેની મમતા, આસક્તિ જીવને પરલોકમાં પણ દુઃખકારક બને છે. મમ્મણ શેઠ ધન પ્રત્યેની આસક્તિના કારણે નરકમાં દુઃખ ભોગવવા ચાલ્યા ગયા, માટે જ્ઞાની કહે છે કે આ સંસારના ક્ષણિક સુખ પાછળ દુઃખના ડુંગર ખડકાયેલા છે.

સુખ છોડવાઓ જેવું અને દુઃખ ડુંગરા જેવું : જેમ મોટા પર્વત ઉપર ચારે બાજુ લીલાછમ ઘટાદાર વૃક્ષો હોય છે, પર્વત ઉપર ઊભા રહીને માનવી નજર કરે તો તળેટીના માણસો તો સાવ કીડી જેટલા દેખાય છે. એ પર્વતની તળેટી પાસે નાના નાના છોડવાઓ પણ ઉગેલા હોય છે પણ એ છોડવાઓ લાંબો સમય ટકી શકતા નથી. કયારેક કોઈ ગાય, પશુ આદિ આવે તો એને ખાઈ જાય છે, વળી પાછા બીજા ૧૦-૧૫ દિવસે નવા છોડવાઓ ઉગેલા જોવા મળે છે. સંસારમાં મળતા જીવોના સુખો આવા છે. આ જીવને સંસારમાં અનેક જાતના સુખો મળે છે. તે ડુંગરની આડે અવારનવાર ઉગી જતા અને નાશ પામતા છોડવા જેવા છે. એ સુખના છોડવાઓની પાછળ દુઃખનો ડુંગર તો અડીખમ ઊભો છે. છોડવાઓ ઉગે છે ને નાશ પામે છે પણ ડુંગર તો એવો ને એવો ઊભો રહે છે તેમ આત્માને આ જીવનમાં અનેક વાર જુદા જુદા પ્રકારના સુખના અનુભવો થાય છે, પણ એકેય સુખનો અનુભવ લાંબા સમય સુધી ટકતો નથી. ઘડીકમાં મનગમતા ભોજનનો આનંદ તો ઘડીકમાં સુમધુર સંગીતનો આનંદ, ઘડીકમાં ઇષ્ટ સ્વજનોના સંયોગનો આનંદ તો ઘડીકમાં મનગમતા ફર્નીચરો વગેરે મેળવ્યાનો આનંદ ! કોઈ વાર સત્તા મેળવ્યાનો આનંદ તો કોઈ વાર મોટી પદવી મેળવ્યાનો આનંદ ! જીવ આ બધું મેળવીને આનંદ માને છે, સુખ માને છે પણ તે આનંદ ક્ષણજીવી છે. કંઈક વાર તો એવું બને છે કે એ આનંદનો હજુ અનુભવ કર્યો ન હોય ને તે રવાના થઈ જાય. પર્વતની તળેટીએ રહેલા છોડવાઓને જેમ ગાય આદિ ચાવી જાય તેમ સુખના આ છોડવાઓને કોઈ વ્યક્તિ કે કોઈ પ્રતિકૂળ નિમિત્ત ઉખેડીને ફેંકી દે છે અને દુઃખનો ડુંગર ઊભો રહે છે છતાં સંસારી સુખમાં મસ્ત બનેલા જીવની એ

મોટી ખૂબી છે કે તેને ક્ષણિક સુખના અનુભવો યાદ આવે છે, પણ દુઃખનો ડુંગર તો તેની નજરમાં આવતો નથી.

બ્રહ્મદત્ત ચક્રવર્તીને ચિત્ત મુનિએ ઘણું સમજાવ્યા. ભાઈ ! તારા આ સુખની પાછળ દુઃખનો અડીખમ મોટો પર્વત ઉભો છે, માટે તું આ સુખને છોડી દે છતાં તેમણે વર્તમાનમાં મળેલા ચક્રવર્તીના સુખનો અનુભવ ન છોડયો તો પરિણામે તેમનો આત્મા સાતમી નરકમાં ૩૩ સાગરનું ભયંકર દુઃખ ભોગવવા ચાલ્યો ગયો. તેમનું આયુષ્ય માત્ર ૭૦૦ વર્ષોનું હતું. તેમાં કેટલા વર્ષો બાલપણમાં ગયા; યુવાનીમાં પણ ચક્રવર્તી બનવા છ ખંડ સાધવામાં કેટલાય વર્ષો ગયા પછી ચક્રવર્તી બન્યા એટલે ચક્રવર્તીપણાનું સુખ તો અલ્પવર્ષોનું અને તેની પાછળ દુઃખ લાંબા કાળનું ક્યાં આડના છોડવા જેવા અલ્પસુખો અને ક્યાં ડુંગર જેટલા નરકના દુઃખો ! નાના છોડવાઓ ગમે તેવા આકર્ષક અને લીલાછમ દેખાતા હોય પણ એ લાંબો સમય ટકવાના નથી; અને પર્વત દેખાવમાં કદાચ કઢંગો લાગતો હોય, જોવો ગમતો ન હોય છતાં એ ત્યાંથી દૂર ખસવાનો નથી, તેમ જીવે માનેલા સંસારી સુખો ભલે ઘડીભર જીવને આનંદ આપે પણ એ સુખ લાંબો સમય ટકવાનું નથી. અને તે સુખ મેળવવા જે પાપ ઉપાર્જન કર્યું એ દુઃખ ભોગવવાનું ત્યાંથી ખસવાનું નથી. જે આત્મા આ સુખના છોડવાઓની ઉપેક્ષા કરે છે અને સામા પગલે જઈને એને હોંશથી છોડી દે છે તે આત્મા અલ્પ પ્રયત્ને દુઃખના ડુંગરાને જમીનદોસ્ત કરી શકે છે માટે આ ગાથામાં સમજાવ્યું છે કે આ બધા પરિગ્રહથી મળેલા સુખ નશ્વર સ્વભાવવાળા છે. તેવો પ્રજ્ઞાવાન ડાહ્યો આત્મા આવા સંસારમાં શું રહે ખરો ? ન રહે. પણ તેને છોડીને સાચું સુખ મેળવવા માટે પ્રયત્નશીલ બને. દશ ચક્રવર્તીઓ કે જેમણે છ ખંડની સાહ્યબી અને ચક્રવર્તીપણાના મળેલા સુખોની ઉપેક્ષા કરી, કારણ કે તેમને લાગ્યું કે આ સુખ ડુંગરની પાસે રહેલા નાના છોડવાઓ જેવું છે અને તેની પાછળ દુઃખ ડુંગર જેવું છે. એવું સમજાયું તો એ છોડવા જેવા સુખોને ફગાવી દઈને સંયમની કેડીએ ચાલી નીકળ્યા, તો નરકના ડુંગર જેટલા દુઃખોને જમીનદોસ્ત કરવામાં સફળ બની શકયા. ચક્રવર્તી ચક્રવર્તીપણાના સુખોને છોડે ને સંયમ લે તો દેવલોક કે મોક્ષ અને ન છોડે તો એમના માટે નિયમા નરક.

તમારું સુખ કેવું છે ? પહેલા એને મેળવવાની ઈચ્છા થાય અને મળી ગયું તો અંતે એને મૂકીને જવું પડે છે. આ રીતે જીવને એક પછી એક મેળવવાની ઈચ્છા વધતી જાય છે. જીવ જ્યાં ગયો ત્યાં એ મેળવ્યું ને પાછું મૂકીને આવ્યો. **" સંસાર એટલે કંઈને કંઈ મેળવવાનું બાકી. "** દા. ત. છોકરો ભણીગણીને હોંશિયાર થયો એટલે માતાપિતા કહેશે કે હવે પત્ની મેળવો, પત્ની મળી પછી ઘર વસાવો; પછી ઉપભોગના સાધનો વસાવો. આ રીતે એક પછી એક મેળવવાની ઈચ્છા વધતી જાય છે. આ સંસારમાં કંઈક મેળવવું ને કંઈક મૂકવું, કંઈક પ્રાપ્ત કરવું ને કંઈક ત્યાગવું. માનવી કાંઈક છોડી દે છે તે કંઈક પામવા માટે. માનવીના મનની આ આદત થઈ

ગઈ છે કે કંઈક મૂકવું ને કંઈક મેળવવું. જીવન એટલે જાણે મેળવવા મૂકવાની સંતાકૂકડી. એક દિવસ જેને મેળવવા મથતો હતો તે આજે એને મૂકવા માટે વલખા મારે છે. એક દિવસ જેને છોડવા માગતો હતો તે આજે મેળવવા માટે ફાંફા મારે છે. કેવું છે આ મન !

સોના માટે સર્વસંપત્તિનો કરેલો સોદો : કોલરેડોમાં જ્યારે સૌથી પ્રથમ સોનાની ખાણો મળી આવી ત્યારે આખું અમેરિકા પાગલ બનીને ત્યાં દોડી ગયું હતું. દરેકના હૈયા નાચી ઊઠયા. મન પ્રફુલ્લિત બની ગયું. લોકોએ કોલરેડોમાં મોં માંગ્યા પૈસા આપીને જમીનો લેવા માંડી. હવે બધાને મેળવવાની તમન્ના જાગી. ચટપટી લાગી. એક અબજોપતિ કરતાં પણ વધારે શ્રીમંત એવા માણસે પોતાની બધી સંપત્તિનો સોદો કરીને જમીન ખરીદી લીધી. મનમાં આશા છે કે હું આટલી સંપત્તિ મૂકું છું. (છોડું છું) પણ મને એના કરતાં અધિક મળવાનું છે એ મોટી આશાથી ખાણ ખરીદી લીધી. એ ખાણને ખોદવા માટે મોટા મોટા યંત્રો અને ઓજારોના ઢગલા કર્યા. શા માટે ? સોનું કાઢવા. નાના સામાન્ય સ્થિતિના માણસો બિચારા નાના ખેતરોમાં સોનું શોધી રહ્યા હતા. આ તો મોટો શ્રીમંત માણસ હતો. તે તો મશીનો મૂકીને સોનું શોધી રહ્યો હતો. ઘણું ખોદયું. પાર વગરનું ખોદકામ કર્યું પણ સોનું નીકળતું નથી. લોકોમાં વાત થવા લાગી કે પેલા કરોડપતિએ તો પોતાની બધી સંપત્તિ દાવ પર લગાડી હતી. એના માટે તો રોડપતિ થવાનો વારો આવ્યો. એની ભૂખ અને ઉંઘ હરામ થઈ ગઈ. તે પોતાના સંબંધીઓ અને સ્વજનોને કહે છે કે **"આપણાં તો બારે વહાણ તળિયામાં."** આપણે તો મરી ગયા; છતાં આશામાં ને આશામાં વધુ ઉંડે સુધી ખોદયું પણ પથરાને પથરા જ નીકળ્યા. તેની આશા નિરાશામાં ફેરવાઇ ગઈ.

મેળવવાની તમન્નાને બદલે મૂકવાની લાગેલી લગની : આ કરોડપતિએ સુખી થવા માટે પોતાની મિલકત વેચીને સોનાની ખાણ ખરીદી. તેની સાત પેઢી બાય એટલો પૈસો હતો. છતાં વધુ મેળવવાની આશાથી ખાણ લીધી. પહેલા મેળવવાની તમન્ના હતી. હવે સોનું નીકળ્યું નહિ ને પથરા નીકળ્યા એટલે વેચી દેવાની ચટપટી જાગી. મેળવેલું મૂકવાની લગની લાગી. હવે ખાણને વેચી દઉં તો કંઈક મારા હાથમાં આવે. આટલી અબજોની સંપત્તિ હોવા છતાં લોભ લાગ્યો કે હું સોનાની ખાણ મેળવું. અતૃપ્ત માણસ ધન માટે, સત્તા માટે, કીર્તિ માટે, પ્રતિષ્ઠા માટે દોડતો રહે છે. નાનો સત્તાધારી મોટો સત્તાધારી બનવા ઈચ્છે છે અને મોટા સત્તાધારી એથી પણ મોટી સત્તા મેળવવા ધમપછાડા કરે છે પણ તેઓ જાણતા નથી કે મોટા મોટા સત્તાધારીઓ પણ અહીંથી ઉપડી ગયા છે. સિકંદર, સીઝર અને નેપોલિયન જેવા મહાન વિજેતાઓ પણ રોતા રોતા રવાના થઈ ગયા છે. આજ સુધીનો ઇતિહાસ એ બતાવે છે કે સત્તામાં કાંઈ પામવાનું નથી, બધું ખોવાનું છે.

મારું ભાગ્ય સ્વતંત્ર છે : આ શ્રીમંત શેઠે ખાણ ખરીદી. સોનું ન નીકળ્યું એટલે તેને વેચવાની ભાવના થઈ. એણે જાહેર ખબર આપી કે હું ખાણ વેચી દેવા માગું છું. ખોદકામના બધા સાધનો પણ સાથે આપી દેવાના છે. તેના ઘરના માણસો કહે પણ ખરીદશે કોણ આ તમારી ખાણને ? કારણ કે બધાને ખબર પડી ગઈ છે કે ખાણમાં પથરા સિવાય કાંઈ નથી. એમાં તમારા તો લાખો રૂપિયા બરબાદ થઈ ગયા. હવે કોણ એવો મૂર્ખ મળે કે જે આને ખરીદે ? એક માણસ તે ખાણ લેવા તૈયાર થયો. શેઠ ! એ ખાણને હું ખરીદી લઉં છું. શેઠ કહે–તું પાગલ તો નથી ને ! ના. મને પૈસા તો આપીશ ને ? અરે, હું પાગલ નથી. તમને બધા પૈસા ગણીને ચૂકતે કરી દઈશ. શેઠના મનમાં થયું કે–હું આને ના પાડી દઉં કે આવું પાગલપણું ના કરે. હું તો મરી ગયો છું. શેઠ કહે, ભાઈ ! તને ખબર છે ને કે આ ખાણમાંથી પથરા સિવાય કાંઈ નીકળ્યું નથી. ! હા. તો તું શું કરીશ ? મારું ભાગ્ય સ્વતંત્ર છે. તમને સોનું ન મળ્યું એટલે મને નહિ મળે એવું કેમ કહી શકાય ? આપ ચિંતા ન કરશો. શેઠને તો એ ખાણ છોડવાની તાલાવેલી હતી. ખાણ વેચવી જ હતી એટલે વેચી દીધી. વેચ્યા પછી પણ પેલા માણસને કહે છે ભાઈ ! તું ગજબનો માણસ લાગે છે. તારામાં ગાંડપણ તો નથી ને ! ના શેઠ. હું વિચારીને ખરીદું છું. તમે જ્યાં સુધી ખોદ્યું ત્યાં સુધી સોનું ન હોય પણ વધારે ઉંડે હોઈ શકે પણ ખરું.

ખણણણ....કરતા સોનું નીકળ્યું : અરેખર ,આશ્ચર્ય થયું. તે ભાઈએ ખાણની સાઈડમાં ખોદવા માંડયું. હજુ તો થોડું ખોદ્યું ત્યાં ઝગમગ ઝગમગ થવા લાગ્યું. સોનાના ટુકડા ખણણ ખણણ કરીને ઉછળવા લાગ્યા. ખૂબ સોનું નીકળ્યું. આ સાંભળીને તમારા મુખ મલકાઈ ગયા કારણ કે સોનું તો જગતના દરેક જીવોને ગમે છે. તેમાં સુખ માને છે. તમે સોનાના ટુકડે ટુકડા કરી નાંખો પણ સોનામાં કયાંય સુખ નામની વસ્તુ છુપાયેલી નથી. સંસાર અને સુખ ? આ બની ન શકે. સંસારમાંથી સુખ કદાપિ મળી શકે નહિ. પુદ્ગલના ગુણો છે સ્પર્શ, રૂપ, ગંધ, વર્ણ અને રસ. આમાં કયાંય 'સુખ' નામનો ગુણ નથી. પુદ્ગલમાં સુખ છે નહિ પછી મળે કયાંથી ? તમે બતાવો તો ખરા કે કોઈ પૌદ્ગલિક ચીજમાં સુખ છે ? સુખની ઠગારી આશામાં ને આશામાં મૂઢ જીવ જીવન પૂરું કરી નાંખે છે. મરણશય્યા સુધી પહોંચવા છતાં તે સુખના એક ટુકડાને પણ પામી શકતો નથી. એવા મૂઢ જીવને કોણ સમજાવે કે તું ધન સંગ્રહથી અટક. ભોગથી અટક. તું નક્કી માની લે કે જગતના કોઈ પણ પદાર્થમાં સુખ હોઈ શકે નહિ. સંસારી જીવોની પ્રવૃત્તિ પદાર્થો એકઠા કરવાની છે. તેણે જાણે પ્રતિજ્ઞા કરી લીધી છે કે સાંસારિક પદાર્થોમાંથી હું સુખ મેળવીને રહીશ.

મારે પથરા અને એને સોનાની ખાણ : પેલા ભાઈએ ખાણ ખોદી. તેના ભાગ્યોદયે સોનું નીકળ્યું. હવે પેલા શેઠને શું થયું હશે ? તેણે ખાણ ખરીદી ત્યારે તો ખૂબ આનંદ ને ઉમંગ હતો; પણ તેમાંથી સોનું ન નીકળ્યું અને પથરા નીકળ્યા

તેથી દુઃખ થયું. તે એટલે સુધી કે કોઇ ઝટ લેનાર મળે તો ઝટ કાઢી નાંખું આ ભાઈના પુણ્યોદયે સાઈડમાં ખોદતાં ખૂબ સોનું નીકળ્યું એટલે શેઠ છાતી અને માથું કૂટવા લાગ્યા અને જોરજોરથી રડવા લાગ્યા. પાગલ જેવા થઈ ગયા. બધા કહે–શેઠ ! આમ કેમ ? મેં વેચાતી ખાણ લઈને ખોદાવી તો પથરા નીકળ્યા અને આ ભાઇને તો સોનાની ખાણ નીકળી. આ મારાથી કેમ જોવાય ! મારાથી કેમ સહન થાય ? જીવની અનાદિકાળની આ જ કુટેવ છે. આજનો આપણો વિષય છે સુખી શાથી થવાય ? તમે સુખી થવાનો રસ્તો શોધો છો ને ? જો સુખી થવું છે તો બીજા પર ઇર્ષ્યા, અદેખાઈ, દ્વેષ છોડી દો. સંતોષના ઘરમાં આવો. શેઠના જીવનમાં સંતોષ ન હતો તેથી આ દશા થઈ.

આ મનુષ્યનું જીવન શું મેળવવા અને મૂકવા માટે છે ? મેળવવા અને મૂકવામાં અનંતા જન્મો વીતી ગયા. હવે તો કંઇક સમજો. હવે એવું મેળવી લો કે બીજું કાંઈ મેળવવાની ઇચ્છા ન જાગે; તે માટે એક વાર છોડવું પડે તો છોડી દઈએ પછી વારે વારે છોડવાની માથાકૂટ ન રહે. એ માટે બધું દાવ પર લગાવી દેવું પડશે અને સર્વસ્વનો દાવ રમવો પડશે. તેમાં કોઈ ગભરામણ કે વ્યાકુળતા ન જોઈએ; બહારથી કદાચ બરબાદ થઈ જવું પડે તો કબૂલ પણ અંતરનો આનંદ તો વધવાનો ને ! હવે મન, વચન, કાયા બધું દાવ પર લગાડીને મુક્તિપુરીની યાત્રામાં નીકળવું છે. ત્યાં પહોંચ્યા પછી મેળવવાની, મૂકવાની, પામવાની, છોડવાની રમત ખતમ થઈ જાય, માટે એવું મેળવી લો, એવું પ્રાપ્ત કરી લો કે જે મેળવ્યા પછી કયારેય મૂકવું ન પડે. જે મેળવ્યા પછી સદા સુખ, સુખ ને સુખ.

જગતના દરેક જીવોને સુખી થવું ગમે છે. કોઈને દુઃખ ગમતું નથી પણ તેની પ્રવૃત્તિ કેવી છે ?

" सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति, दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुखं न विनाशमेति, सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥"

જગતના તમામ જીવોની પ્રતિદિનની પ્રવૃત્તિ દુઃખનો નાશ કરવાની અને સુખને મેળવવાની હોય છે, પણ અત્યાર સુધી દુઃખનો નાશ થયો નથી અને કોઈનું સુખ કદી સ્થિર રહ્યું પણ નથી.

જગતમાં કોઈને ધાર્યા પ્રમાણે સુખ મળતું નથી. સ્વેચ્છાપૂર્વક સુખ ભોગવી શકાતું નથી. પુરૂષાર્થ કરીને તમે માનેલું સુખ મેળવ્યું પણ એ સુખોને છોડીને એક દિવસ તો આ દુનિયામાંથી વિદાય લેવાની છે. તમારી કલ્પનાથી માની લીધેલ સુખો નશ્વર છે. એ સુખો મળવા છતાં જીવનમાં શાંતિ મળતી નથી. આવું સમજવા છતાં આજનો માનવી ભૌતિકવાદમાં ભાન ભૂલી ભૌતિક પદાર્થોમાં સુખ શોધે છે. આજે જગતના જીવો તરફ દૃષ્ટિ કરીએ તો દેખાય છે કે દરેક જીવ સુખની ઝંખના કરે છે. મારું દુઃખ કેમ જાય અને સુખ કેમ મળે તેના સરવૈયા કાઢે છે. સુખાભિલાષી જીવ સુખ માટે

ઘણાં પ્રયત્નો કરે છે છતાં સુખી જીવો અલ્પ છે અને દુઃખી જીવો ઘણાં છે. જીવોના સુખ મેળવવાના પ્રયત્નોમાં તો જરાય કમીના નથી છતાં ધાર્યું સુખ મળતું નથી. જે મળે છે તે પણ થોડું મળે છે; તે પણ ચાલ્યા જવાનો ભય હોય છે. કોઈ ધનવાન શ્રીમંતને પૂછીએ કે તમે સુખી છો? તો તે કહેશે કે અમે પણ દુઃખી છીએ. એ વાત તો કબૂલ કર્યા વિના છૂટકો નથી. સુખ મેળવવા આટલા પ્રયત્નો કરવા છતાં સુખી કેમ બનાતું નથી તેનો કોઈ દિવસ વિચાર કર્યો છે ખરો?

જ્ઞાની સમજાવે છે કે જીવે જડ પદાર્થો પર સુખની છાપ પાડી છે તેથી તેને મેળવવા મથે છે પરિણામે સુખ મેળવવા જતાં દુઃખની હારમાળા ખડી થાય છે અને જીવન અસ્વસ્થ, અસંતોષી અને અનીતિમય બની જાય છે. માનવ પાસે સત્તા, સંપત્તિ અને સુંદરી હશે પણ જો આત્મિક ગુણો નહિ હોય તો બહારથી સુખી દેખાતું જીવન અંદરથી દુઃખી હશે. દાગીનાની પેટી પટારામાં મૂકી હોય અને લાકડા છાણાની ઓરડીમાં ગોતવા જઈએ તો મળે ખરી? ના. તેમ જ્યાં સુખ છે જ નહિ ત્યાં સુખ શોધવા જઈએ તો કયાંથી મળે? ધનવાન માને કે વિદ્વાન સુખી છે, સત્તાધીશ માને કે બલવાન સુખી છે, સૌંદર્યવાન માને કે ધનવાન સુખી છે. આ રીતે ધન, વિદ્વત્તા, સત્તા, બળ પાછળ સુખની કલ્પના કરી માનવ દોડી રહ્યો છે પણ તેમની મહેનત નિષ્ફળ જાય છે.

એક વાર એક શેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. ખૂબ જોરદાર થાળી વાગવા લાગી. ગોળ ધાણા વહેંચાયા આખા કુટુંબમાં બધાને આનંદ આનંદ થઈ ગયો. કોઈ અજાણી વ્યક્તિ ત્યાંથી નીકળી. તેણે કોઈને પૂછ્યું–આ થાળી શાની વાગે છે? બધાના મુખ પર આનંદનો સાગર હિલોળા કેમ મારે છે? તેમના ઘેર દીકરાનો જન્મ થયો છે તેથી આ આનંદની, સુખની લહરીઓ ઊઠી રહી છે. આ બધું શા માટે? માત્ર દીકરાના જન્મથી થયેલા આનંદ માટે જ ને! પણ હું તમને પૂછું છું કે આ સુખ, આ આનંદ જિંદગી સુધી ટકી રહેશે ખરો? દીકરાનો જન્મ થયો એ આનંદની ઘડી પળ હતી. કદાચ પાપના ઉદયે આ દીકરો સાવ ટૂંકું આયુષ્ય લઈને આવ્યો તો! આનંદને બદલે દુઃખ; સુખના બદલે ખેદ થયા વિના રહેશે? ના. આ આનંદ આ સુખ કૃત્રિમ છે. કૃત્રિમ હોય એ કાયમ રહે નહિ. આ રીતે કોઈ સારી સત્તાની ખુરશી મળી ગઈ તો ત્યાં કેટલો આનંદ? કયારે એ સત્તા ખુરશી પરથી ફેંકી દેશે એની કયાં ખબર છે! સત્તા, સંપત્તિ, સંતાનના સંયોગો સદાકાળ સુખ આપી શકતા નથી. જે પોતે નાશવંત છે, નશ્વર છે તે આપણને શાશ્વત સુખ કયાંથી આપી શકે? એ નશ્વર પદાર્થોમાં સુખ માનીને એ મેળવવા માટે માનવી દોટ ચાલુ રાખે છે પણ પરિણામમાં સુખ મળતું નથી પણ દુઃખ મળે છે.

જ્ઞાની કહે છે જ્યાં આખો સંસાર જ દુઃખનો છલકતો સાગર છે તેમાં સુખની આશા રાખવા જઈએ તો સુખ કયાંથી મળે? આ સંસારમાં એવો કોઈ માણસ હશે ખરો કે જે વેપાર કરવા નીકળ્યો હોય ને તેને વિશેષ કમાવાની ઈચ્છા ન હોય? સ્કૂલમાં જતો

કોઇ વિદ્યાર્થી એવો હશે કે જેને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ઉત્કંઠા ન હોય ! એવી કોઈ સુશીલ કન્યા હશે કે જે પોતાના પતિનો પ્રેમ અને પોતાનું અખંડ સૌભાગ્ય ઇચ્છતી ન હોય ! એવી કોઇ રૂપવંતી કન્યા હશે કે જેને પોતાનું રૂપ ગમતું ન હોય ! એવા કોઈ માતાપિતા હશે કે પુત્ર પાસેથી ઘડપણમાં કોઈ અપેક્ષા નહિ રાખતા હોય ! આ બધાનો જવાબ તમે નકારમાં આપશો. મતલબ કે વેપાર કરવા નીકળેલા વેપારીને વિશેષ કમાવાની ઇચ્છા ન હોય એવું ન બને. કોઈ સુશીલ કન્યા પોતાનું સૌભાગ્ય અને પતિનો પ્રેમ ઇચ્છતી ન હોય એવું નથી પણ દરેક ઇચ્છે જ, છતાંય આ સંસાર કેટલો ભયાનક છે ! કેટલો નિર્દય છે ! તે તો જુવો.

વેપાર કરવા નીકળેલા કેટલાય કરોડપતિ થવાની ભાવના રાખતા હોય પણ કરોડપતિ બનવાને બદલે કર્મોથી રોડ ઉપર રઝળતા રોડપતિ થઈ ગયા. કેટલાય વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થતાં આપઘાત કરીને જીવનનો અંત આણી ગયા. કેટલીય સૌભાગ્યવાન કન્યાઓના સૌભાગ્ય ભરયૌવનમાં લૂંટાઈ ગયા. કેટલાય માતાપિતાના ઘડપણને દીકરાઓએ બરબાદ કરી નાંખ્યા. કંઇક રૂપવંતી કન્યાઓના દેહ કુષ્ઠ રોગોથી ઘેરાઈ ગયા. ભલભલાના અરમાનોને ચકચૂર કરી દેનાર આ સંસાર સાથે સંબંધ રાખવો એ પાપ નથી તો બીજું છે શું ? ધાર્યું ન થવા દેનાર અને અણધાર્યું ઘણું કરવાની ફરજ પાડનાર આ સંસાર છે. આ સંસારમાં સુખનો ભંગાર પણ નહિ મળતા સંસાર પાસે કંસારની અપેક્ષા રાખવી એ મૂર્ખાઈ નહિ તો બીજું શું ? ગાંડો માણસ હોય તો રસ્તામાં પડેલા ડબલા, કાગળ, કપડાના ડૂચા ભેગા કરે છે અને તેમાં એ સુખ માને છે; તેમ માનવી દુનિયાની નાશવંત, વિનશ્વર વસ્તુઓ ભેગી કરવામાં સુખ માને છે. આવા ડબલા જેવા, કાગળ જેવા સુખો જેની પાસે વધારે હોય તેને દુનિયા સુખી અને ભાગ્યશાળી કહેશે. જેની પાસે આવા સુખો નથી તેને જગત દુઃખી માને છે.

આજે આપણો વિષય છે સુખી શાથી થવાય ? જ્ઞાનીએ તેનો જવાબ માત્ર બે શબ્દોમાં આપ્યો છે "दुःखं पापात्, सुखं धर्मात्" પાપથી દુઃખ મળે છે ધર્મથી સુખ મળે છે. નશ્વર પદાર્થોથી મળતું સુખ અંતે દુઃખ આપે છે જ્યારે ધર્મથી મળતું સુખ આ લોક અને પરલોક બંને લોકમાં સુખ આપે છે. માનો કે તમારી પાસે ચાંદીની પાટો છે. શિયાળાની કડકડતી ઠંડીમાં શરીર ધ્રુજી રહ્યું છે. તમારી પાસે તે સમયે ઓઢવા માટે કાંઈ નથી તો તે ચાંદીની પાટો ઓઢવા માટે કામમાં આવશે ખરી ? ના. તે ધાબળાનું કામ નહિ કરે. ચાંદીની પાટો હોવા છતાં તે પાટો પર સૂઇ જશો ખરા ? ના. તે પાટો ગાદલાના બદલે પાથરીને સૂવાના બધમાં પણ આવતી નથી. માત્ર મારી પાસે ચાંદીની પાટો છે એમ માની મેળવ્યાનું સુખ થશે પણ તેને સાચવવાની ચિંતામાં ઊંઘ પણ ઉડી જાય છે. જ્યાં નિર્ભય, કોઈ જાતની ચિંતા વગરનું સુખ જોઈતું હોય તો તે ધર્મથી મળે છે. જે મહાપુરૂષો શાશ્વત સુખને પામ્યા તે ધર્મથી પામ્યા છે. ધર્મથી સાચા સુખી બની શકાય છે. જેઓ દુર્ગતિમાં ગયા તે પાપના કારણોથી ગયા છે. કાળસુરી

કસાઈ વગેરે. તેઓ આ ભવમાં દુઃખી અને બીજા ભવોમાં પણ દુઃખી થવા છતાં માનવી જેટલો દુઃખ જોઈને ડરે છે તેટલો પાપ જોઈને ડરતો નથી. માનવીને સુખ, સંપત્તિ જોઈએ છે પણ ધર્મ કરવો નથી, પાપને છોડવું નથી તો સુખ કયાંથી મળવાનું છે?

આદર્શ જીવન : એક વખતના પ્રસંગમાં એક નાનકડા ગામમાં પટેલોની વસ્તી હતી. એક વણિયાનું ઘર હતું. તે જૈન ધર્મી હતા ઘણી વાર અમે ગામડામાં વિહાર કરીને જઈએ. ત્યાં એકાદ જૈનનું ઘર હોય પણ તેમનું જીવન જોતા લાગે કે આ જૈનનું ઘર નહિ હોય; પણ આ વણિક તો ચુસ્ત જૈન ધર્મી હતો. ઘરમાં પતિ-પત્ની બે માણસ હતા. બંને જૈન ધર્મના રાગી હતા. જૈન એટલે વિવેક, વિનય, દયા, ક્ષમા આદિ ગુણોમાં આગળ વધેલા હોય. આ દંપતિની ભક્તિભાવના, ધર્મ પ્રત્યેની શ્રદ્ધા અને લાગણી ખૂબ હતી. જીવનમાં બને તેટલી ધર્મસાધના કરતા. તેઓ ગામમાં ઘણાંને આધારભૂત હતા. વળી ખૂબ સંતોષી હતા. તેમણે વ્રત આદર્યા ન હતા પણ મર્યાદામાં આવી ગયા હતા. ગામડામાં તો આગળ દુકાન અને પાછળ ઘર હોય. તે રીતે દંપતિ રહેતા હતા. નીતિ અને પ્રમાણિકતાથી ધંધો કરતા અને તે રીતે આદર્શ જીવન જીવતા હતા. ગામના માણસોને કોઈ પણ કાર્યમાં સાચી સલાહ અને માર્ગદર્શન આપતા. તેમને આંગણે આવેલું કોઈ ખાલી હાથે પાછું ન જાય. કોઈને કાચું સીધું જોઈએ તો કાચું આપે. રાંધેલું જોઈએ તો રાંધેલું આપે. લોટ જોઈએ તો લોટ આપે. જેને જે જોઈએ તે આપે. તે અતિથિ સત્કારને સારી રીતે સમજતા હતા. કોઈને માથું દુઃખે પેટમાં દુઃખે તો ઘરગથ્થુ દવા પણ આપતા. આ રીતે એ ગામમાં વણિકની નામના ખૂબ હતી.

આ વણિક મોટો શ્રીમંત ધનાઢ્ય નથી. તેમની સ્થિતિ તો સાધારણ છે પણ દિલના શ્રીમંત હતા. કરિયાણાની દુકાન છે. ઘેર ગાય ભેંસ છે. તે સમજતા હતા કે ગાય ભેંસ ઘેર હોય તો તેમનું રક્ષણ થાય. સમય કામમાં પસાર થઈ જાય અને ચોખ્ખું ઘી દૂધ આવા મળે. આજે તો પરાધીનતા વધી ગઈ છે. જાતમહેનત કરવી ગમતી નથી ને ખાવા છે ચોકખા ઘી દૂધ ! તો કયાંથી મળે ? આ દંપતિનું જીવન ખૂબ સુખી છે. જીવનમાં શાંતિ છે. કોઈનું અણહક્કનું લેતા નથી. ઘર મોટું છે પણ તમારા જેવું ફર્નીચર કે રાચરચીલું વસાવ્યું નથી. તદ્દન સાદું પણ ખૂબ સ્વચ્છ ઘર છે. ઘર ભલે સાદું હોય, રોટલી, દાળ, ભાત, શાક ખાતા હોય પણ જીવનમાં ગુણો હોય, આનંદમય, પરોપકારી જીવન હોય તે જીવનની સફળતા છે બાકી જેના આંગણે કોઈને આશ્રય ન મળતો હોય, નીતિ, પ્રમાણિકતા ગુણોની મહેંક ન હોય તે જીવન સાચું જીવન નથી.

બેનની આતિથ્ય ભાવના : એક વાર તેમના આંગણે ફરતા ફરતા કોઈ સંન્યાસી સંત આવ્યા. જેમનું નામ ગિરનારી સંત હતું. આ સંત તીર્થયાત્રાએ નીકળ્યા છે. રસ્તામાં આ ગામ આવ્યું. થાક ખૂબ લાગ્યો છે. ભૂખ પણ લાગી છે. બેને તેમની

આગતાસ્વાગતા કરી, પછી તેમણે કહ્યું– 'બેન ! મને ભૂખ ખૂબ લાગી છે.' ત્યારે બેને કહ્યું–આપને કાચું સીધું આપું કે પાકું ભોજન આપું ? આપને ત્યાં રસોઈ તૈયાર હોય તો મને તે પણ ચાલશે. બેને ખૂબ આદરભાવથી જમાડ્યા. સગા કરતા વિશેષ સાચવ્યા. સંત જમીને આટલી પર સૂઈ ગયા પછી સંત કહે–હું ખૂબ થાકી ગયો છું. લાંબી મજલે જવાનું છે; જો આપને કોઇ વાંધો ન હોય તો હું ત્રણ દિવસ અહીં રહી જાઉં. બેને કહ્યું–હું મારા પતિને પૂછી જોઉં. તેનો પતિ કહે–ભલે રહે. તે સમજે છે કે આ ઘરમાં કોઈ ને આશ્રય મળે તો સારું. ઘર એ ધર્મશાળા સમાન છે. ધર્મશાળામાં લોકો આવે ને જાય. કોઈ કાયમ રહેતું નથી.

સંતની સેવાનું ફળ : ભાઈના કહેવાથી સંન્યાસી ત્યાં ત્રણ દિવસ રહ્યા. બાઈ એ તેમની ખૂબ સેવાભક્તિ કરી. તેની લાગણી, ભાવભક્તિ, બોલવાની મીઠાશ, ઉદારતા જોઈને સંત ખૂબ પ્રસન્ન થયા. તેમને સંતોષ થયો. સંત જુએ છે કે આ બાઈના ઘરમાં ચારે ખૂણા સરખા દેખાય છે. બાતાપીતા મહિને વધારે વધતો હોય એવું દેખાતું નથી, છતાં તેની ભક્તિ ભાવના, પ્રેમ કેટલો બધો છે ! હું આટલું બધું ફર્યો, ઘણાંએ મને પ્રેમથી જમાડયો હશે, ભક્તિ કરી હશે પણ આ બાઈની તોલે કોઈ નહિ આવે. પ્રસન્ન થવાને કારણે સંતે કહ્યું–બેન ! મારી પાસે એક વસ્તુ છે જે મને મારા ગુરૂદેવે આપી છે. ગુફામાં જઈને કેટલી સાધના કરી છે ત્યારે તે વસ્તુ મળી છે. એનો એવો પ્રભાવ છે કે તે જેને ત્યાં હોય તેને ત્યાં હાથી ઝૂલે. આ ચીજ હું તમને પ્રસન્નતાથી આપું છું. તમે તમારે ત્યાં રાખો. હું છ મહિને યાત્રા કરીને પાછો આવીશ ત્યારે પાછી લઈ જઈશ. જેને ત્યાં હાથી ઝૂલે ત્યાં સંપત્તિની, વૈભવની શી કમીના હોય ! બધું અભરે ભરાઈ જાય. સંન્યાસીના મનમાં એમ થયું કે આ દંપતિ સાધારણ છે છતાં તેમની આટલી ઉદારતા છે તો તેમની પાસે જો સંપત્તિ વધુ હોય તો એ કેટલા બધાને આશ્રય આપે ? કેટલું દાન પુણ્ય કરી શકે ? એ વિચારથી તેમણે આપવાનો વિચાર કર્યો.

સામેથી સુખ મળવા છતાં ત્યાગ : બાઇ કહે છે અમારે એની કાંઇ જરૂર નથી. અમે સુખી છીએ. અમારે ત્યાં બધું છે. આપ લઈ જાઓ. સંન્યાસી કહે બેન ! મને તારા પ્રત્યે દીકરી જેવો પ્રેમ આવે છે માટે હું તને દીકરી માનીને આપું છું. પણ અમારે જરૂર જ નથી, અમારે જોઇતી નથી. આજે દુનિયા જે મેળવવા દોડધામ કરે છે તે વસ્તુ બાઇને સામેથી વગર મહેનતે મળે છે છતાં કહે છે અમારે જરૂર નથી. કેટલી નિર્લોભવૃત્તિ ! બાઇએ ચોખ્ખી ના પાડી છતાં સંન્યાસી તો તે વસ્તુ મૂકીને ચાલતા થઇ ગયા. બાઇએ પોતાના પતિને વાત કરી. પતિ કહે–તારે ના પાડવી હતી ને ! બાઈ કહે–મેં ઘણું કહ્યું, અમારે કાંઈ જરૂર નથી. બધી વાત કરી. પતિ કહે–આપણે તે જડીબુટ્ટીનું શું કામ છે ? જેટલું વધુ ભેગું કરીએ એટલું વધુ પાપ છે. આ માનવજીવન જડીબુટ્ટી જેવું છે. આપણે તે જડીબુટ્ટીનું કામ નથી પણ તે પરાણે

મૂકીને ચાલ્યા ગયા. બાઇના પતિએ તે જડીબુટ્ટી હાથમાં લીધી અને જેમ કાંકરો ફેંકી દે તેમ તે કચરામાં ફેંકી દીધી. તે જડીબુટ્ટીને જોવા ન રહ્યા. કબાટમાં કે તિજોરીમાં ન મૂકી પણ કચરાપેટીમાં ફેંકી દીધી.

આ બાઈએ પતિને જડીબુટ્ટી ફેંકતા જોયા છતાં તેના પણ મનમાં એટલો વિચાર સરખો નથી આવતો કે આ જડીબુટ્ટીથી તો મારી સોનાની બંગડી થાત. મારી બંગડીને સોનાની ચીપ સરખીય નથી તો એટલું તો કરાવત ને! આપણે ત્યાં મોટા મહેલો ઊભા થાત ને ઘર અભરે ભરાઈ જાત. સામેથી લક્ષ્મી આવતી હોય તો તેને શા માટે પાછી કાઢવી? અરે, સંન્યાસીએ આપ્યું છે. સારી રીતે રહીશું; પહેરીશું, ઓઢીશું અને દાન પુણ્ય કરીશું, એમાં વાંધો શું છે? પણ બાઇ સમજુ છે. તે પતિના વિચારને અનુસરનારી છે. સોના, ચાંદીના કે હીરા, મોતીના દાગીના પહેરવાનો શોખ નથી. તે તો ન્યાય નીતિથી જે મળે તેમાં સંતોષ અને આનંદ માનનારી છે એટલે આવો કંઈ વિચાર ન આવ્યો પણ મનમાં એમ થયું કે મારા પતિએ આ જડીબુટ્ટી ફેંકી દીધી. હવે છ મહિને તે સંત પાછા આવશે અને તેમની વસ્તુ માંગશે તો શું કરીશું? તેમને શું જવાબ આપીશું?

દિવસો જતા વાર લાગતી નથી. જિંદગી પણ એ રીતે પૂરી થઇ જશે ને આરાધના અધૂરી રહી જશે. યાદ રાખો. ત્રસકાયમાં જીવ વધુમાં વધુ બે હજાર સાગરોપમ કાળ રહે. ત્રસકાયમાં બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયના જીવોનો સમાવેશ થઈ જાય. જો આટલા કાળમાં સાધના ન કરી તો જીવ સ્થાવરમાં ફેંકાઈ જશે. ત્યાં કોઈની લાગવગ કે સિફારસ નહિ ચાલે. દગા-પ્રપંચ નહિ ચાલે. ત્યાં કોઇ તમારી શરમ નહિ ધરે. કર્મરાજનો કાયદો તો અટલ છે. તમે વગડે જશો તો વોરંટ તમારી પાછળ આવશે. ત્યાં પોપાબાઈનું રાજ્ય નથી. ત્યાં તો પાઈ પાઈનો હિસાબ લેવાશે.

કર્મની કિતાબ જાણીને કર્તવ્ય સુધારી લે,
વિરાધનાના વિષને વમીને વીરઆજ્ઞા સ્વીકારી લે.

કર્મની કિતાબ જાણીને હે માનવ! તારું કર્તવ્ય સુધારી લે. આ દંપતિ તો આનંદથી રહે છે. કાળ તો ચાલ્યો જાય છે. કાળની ગાડીને કોઈ રોકી શકતું નથી. બીજા બધા વાહનો અટકી પડે, થંભી જાય પણ કાળની ગાડી તો એવી છે કે જેમાં પંચર પડતું નથી. દોડયે જ જાય છે. એમાં આપણું કિંમતીમાં કિંમતી આયુષ્ય ચાલ્યું જાય છે. છ મહિને પેલા સંન્યાસી પાછા આવ્યા. સંન્યાસીના મનમાં એમ છે કે મેં જડીબુટ્ટી આપી છે તેના પ્રભાવે તેને ત્યાં બંગલા થઈ ગયા હશે અને ખૂબ ધનવાન બન્યા હશે. તે તો આવીને જુવે છે તો અસલ જે ઘર હતું તે દેખાયું. સંન્યાસીના મનમાં થયું કે હું ઘર ભૂલતો તો નથી ને! ત્યાં તો તેમણે જે બાઈએ ભક્તિભાવના કરી હતી તે બાઈ જોઈ. એટલે માન્યું કે નક્કી આ ઘર છે. ઘરમાં અંદર કે બહાર કાંઈ ફેરફાર દેખાતો નથી. તેમને શંકા થઈ કે મારા ગુરૂદેવે આપેલી ચીજનો પ્રભાવ કેમ નહિ

પડયો હોય ? શું એની શક્તિ ખલાસ થઈ ગઈ હશે ? ના....ના....એવું તો બને નહિ. તો પછી આ છે તેવા ને તેવા કેમ રહ્યા ?

સંત થવા છતાં આવેલો મનમાં તંત : સંન્યાસી ઘરમાં ગયા. બાઈનો આદર સત્કાર તો જેવો હતો તેવો જ હતો. તેમણે પૂછયું–બેન ! તમે મને ઓળખ્યો ? છ મહિના પહેલા આવ્યો હતો તે. મેં આપને ત્યાં થાપણ મૂકી છે તે લેવા આવ્યો છું. આપ મને મારી થાપણ આપી દો. સંન્યાસી માને છે કે હું આમ કહીશ એટલે બબર પડશે કે બંગલા તેને ઘેર કેમ નથી ? બાઈ કહે–આપ થાકીને આવ્યા છો તો થોડી વાર બેસો, જમો, આરામ કરો પછી વાત કરીએ. સંન્યાસીના મનમાં શંકા થઈ કે આમ કેમ કહે છે ? એક વસ્તુ આપવામાં કેટલી વાર લાગવાની છે ? નક્કી તેની દાનત બગડી લાગે છે. ધર્મિષ્ઠનું નામ ધરવીને ઢોંગી નીકળ્યા. તેમની તો અધીરાઇ વધી ગઇ. તે કહે હું બાઇશ પીશ પછી પહેલા મારી વસ્તુ આપી દો ને ! મારા ગુરૂએ કેટલી મહેનતે તે મેળવી છે. મેં તમને છ મહિના માટે આપી છે. વધારે સમય માટે નથી આપી, માટે પહેલા તે આપી દો. બાઈ કહે અમારે તેની જરૂર ન હતી તેથી મારા પતિએ તેને કચરાપેટીમાં ફેંકી દીધી છે.

બેમાં કોણ ચઢે ? : આ સાંભળતા સંન્યાસીને ખૂબ ક્રોધ આવી ગયો. મારી જડીબુટ્ટી મને શોધી આપો. બાઇને ખૂબ મૂંઝવણ થવા લાગી. હવે કયાંથી મળે ? કચરામાં કયાંય જતી રહી હશે ? આપ થાકયાપાકયા જમો. હમણાં મારા પતિ આવશે એટલે તમને જડીબુટ્ટીના બદલામાં જે જોઇએ તે લાવી આપશે. આ સંત કહે છે–મારે બીજું કાંઈ ન જોઈએ. મારે તો મારી જડીબુટ્ટી જોઇએ. જો આપ નહિ આપો તો તમારા આંગણામાં માથું પટકાવીને મરી જઈશ. આ બેમાં કોણ ચઢે ? સંન્યાસી કે સંસારી ? બધું ત્યાગીને નીકળ્યા છતાં મમતા કેટલી છે ? સંસાર છૂટયો પણ હજુ આસક્તિ ગઇ નથી. જ્યારે આ દંપતિ સંસારમાં રહે છે છતાં મમતા કેટલી છૂટી ગઈ છે ! સંન્યાસી ગુસ્સામાં બોલતા હતા તે વાત ભાઈએ દુકાનમાં સાંભળી. તે બહાર આવ્યા. ભાઈને બબર નહિ કે આ સંતને આ ચીજની આટલી બધી મમતા છે. સંન્યાસીની લાલચોળ આંખો જોઈને સમજી ગયા. તેમને સમજાવવા પ્રયત્નો કર્યા પણ સંન્યાસી તો કોઈ રીતે ન સમજ્યા. મુંઝવણનો પ્રશ્ન આવ્યો. જડીબુટ્ટીને ફેંકી દીધા છ મહિના થઈ ગયા. હવે તો કયાંથી મળે ? જો તે વસ્તુ ન આપે તો પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગે. સંન્યાસીનું રૂપ એવું દેખાય છે કે તે એક ચીજ પાછળ મરી પણ જાય. હવે કરવું શું ? ભાઈ તેનો ઉપાય શોધવા લાગ્યા.

ધર્મે ધર્મસંકટને મારેલો ધક્કો : ભાઈ કહે છે આપ અહીં બેસો. હું બહાર જઈને આવું છું. હું પાછો આવું ત્યાં સુધી મારી રાહ જોજો. ભાઈ તો ગામ બહાર એક ઝાડ નીચે જઈને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા; અને શાસનના રક્ષક દેવોને પ્રાર્થના કરી કે મારા માથે ધર્મસંકટ આવ્યું છે. સંન્યાસી અમને જડીબુટ્ટી

આપીને ગયા. અમે કહ્યું–અમારે જરૂર નથી, છતાં મૂકીને ગયા. અમારે જરૂર ન હતી એટલે મેં કચરાપેટીમાં તેને ફેંકી દીધી. મને ખબર નહિ કે સંન્યાસીને તેની આટલી બધી મમતા છે. નહિ તો હું ઘરના એક ખૂણામાં મૂકી રાખત. હવે જો તેને અમે નથી આપતા તો મારા આંગણામાં માથું પટકાઈને મરી જવા તૈયાર થયા છે. આ રીતે થવાથી પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગે અને મારા ધર્મને કલંક લાગે. આવા ધર્મિષ્ઠ કહેવાતા આત્માએ વિશ્વાસઘાત કર્યો ને સંન્યાસીની વસ્તુ પચાવી લીધી ! માટે હે શાસનના રક્ષક દેવો ! આપ મારી લાજ રાખો. મને આ સંકટમાંથી બચાવો, હું તમારા શરણે છું. તેણે એકચિત્તે ૨૭ વાર નવકારમંત્ર ગણ્યા. દેવોનું આસન ડોલાયમાન થયું. તેમણે અવાજ આપ્યો–ભાઈ ! તું ગભરાઈશ નહિ. તારા બેસનો છેડો ઘર. તને જે જોઈએ છે તે આપું છું. એક નહિ પણ અનેક જડીબુટ્ટીનો ઢગલો થઈ ગયો. શ્રેષ્ઠ પોટલી બાંધીને ઘેર આવ્યા. જઈને પોટલી સંન્યાસીના ચરણમાં અર્પણ કરી. આપને જેટલી જોઈએ તેટલી લઈ જાવ. સંન્યાસીએ પોટલી ખોલીને જોયું તો પોતાના જેવી હતી તેવી કોપીએ કોપી.

સંસારી છતાં સંતોષી અને ત્યાગી છતાં તૃષ્ણાવંત : સંન્યાસી આશ્ચર્યમાં પડી ગયો કે મારા ગુરૂએ કેટલી સાધના કરી ત્યારે મળી હતી અને આ ભાઈને આટલી બધી અને તે પણ સહેજમાં કેવી રીતે મળી ગઈ ? હું એક જડીબુટ્ટી માટે માથું પટકાઈને મરવા તયાર થયો છું. જ્યારે આને તો કાંઈ પડી નથી ! આ સંસારી છે, હું ત્યાગી છું ! છતાં મારામાં તૃષ્ણા કેટલી છે ! અને એના જીવનમાં સંતોષ કેટલો છે ! જડીબુટ્ટીને કાંકરા સમાન માનીને ફેંકી દીધી. મારામાં મમતા કેટલી છે ! હું ત્યાગીનું બિરૂદ ધરાવીને ફરું છું છતાં મારામાં ત્યાગ નથી. હું આટલું બધું બોલ્યો છતાં આ જીવોએ જરા પણ ક્રોધ કર્યો નથી. મેં નજીવી ચીજ માટે કેટલો ક્રોધ કર્યો ? ખરેખર મારા કરતાં એમનું જીવન મહાન છે. તેમણે પૂછયું– આપ આટલી બધી જડીબુટ્ટીઓ કયાંથી લાવ્યા ? ભાઈએ નવકારમંત્ર પ્રત્યેની શ્રદ્ધાની વાત કરી. જૈનધર્મનું મહત્વ સમજાવ્યું, છેવટે તે સંન્યાસીએ જૈન સંતનો ભેટો થતાં જૈનધર્મની દીક્ષા અંગીકાર કરી.

આપ સાંભળી ગયા કે દંપત્તિના જીવનમાં સંતોષ હતો તો તેઓ કેટલા સુખી હતા, માટે જ્ઞાની પુરૂષ કહે છે કે સુખી થવાનો મોટામાં મોટો ઉપાય હોય તો સંતોષ છે. જેના જીવનમાં સંતોષ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અપરિગ્રહ રૂપ ધર્મ હશે તે મહાન સુખી બની શકશે; માટે જીવનમાં સુખી થવું હોય તો સંતોષ આદિ સદ્‌ગુણોની સુવાસ જીવનમાં પ્રસરાવો તો જીવન સુખી બની શકશે. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૫ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૪૯ : તા. ૨૦-૮-૮૫

સંવત્સરી મહાપર્વ વિષય : "વેરી રહેવું છે કે ઝવેરી થવું છે"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પર્વાધિરાજ પર્યુષણનો પ્રાણ છે ક્ષમાપના પર્વ. પર્યુષણ પર્વના આઠ દિવસમાં સર્વોત્કૃષ્ટ દિન છે ક્ષમાપનાનો દિન. સંવત્સરીનો દિન. સંવત્સરી પર્વ એટલે મૈત્રીનો મંત્ર લેવાનો પરમ દિવસ. વૈરની આગ ઓલવનાર બંબો. આત્મશુદ્ધિ કરવા માટેની પવિત્ર ગંગા અને પાપોને ધોવાનો સ્પેશ્યલ સાબુ. આ પર્વના સ્વાગતમાં આત્માનું સ્વાગત સમાયેલું છે. આ સ્વાગતમાં આત્માની સાધના છે. સાત સાત દિવસ સુધી સાધના કર્યા બાદ આજે ક્ષમાના નીરમાં સ્નાન કરીને આત્માને પવિત્ર બનાવવાનો છે. ક્ષમા મનુષ્યને શાંત અને સહનશીલ બનાવે છે, તે આપણા જીવનમાં સત્યની સુવાસ પ્રસરાવે છે. જ્યાં કલેશ કંકાસના કાંટા, કાંકરા અને રાગદ્વેષના ઝાંખરા ઉગ્યા છે ત્યાં ક્ષમા નવો ઉજાશ, નવું જીવન અને નવો પ્રકાશ પાથરે છે. આજના મહાન પર્વના દિવસે જે આપણી પાસે ક્ષમા લેવા આવે તેને પ્રેમથી ક્ષમા આપવાની છે અને જેની સાથે વેરઝેર થયા હોય તેમની પાસે અંતરથી ક્ષમા માંગવાની છે. ફેફસાનો રોગ શોધવા એક્સ-રેની જરૂર છે, હૃદયના રોગને જોવા કાર્ડિયોગ્રામની આવશ્યકતા છે, શરીરમાં કેન્સર ક્યાં છે તે જોવા માટે થર્મોગ્રાફની આવશ્યકતા છે તેમ આત્માના રોગોને શોધવા પર્યુષણ પર્વ; સંવત્સરી પર્વની આવશ્યકતા છે. સંવત્સરી એટલે વર્ષમાં એક વાર આવતું મહાન પર્વ.

આજના સંવત્સરી મહાન પર્વનો દિવ્ય સંદેશો એ છે કે "**અવેરે શમે વેર, શમે ના વેર વેરથી.**" આ મંગલ સૂત્રને અનંતાનંત મહાપુરૂષોએ અંતરથી આવકાર્યું છે. વાત્સલ્ય વેણુને વેરતું અને પ્રેમના પુલને દૃઢ કરતું ક્ષમાનું મોંઘેરું નૂર એવું આ પર્વ આપણને એ સમજાવે છે કે વેરની વસુલાત વેરથી નહિ પણ વાત્સલ્યથી થઈ શકે છે, પાશવતાથી નહિ પણ પવિત્રતાથી, દૈત્યવૃત્તિથી નહિ પણ દિવ્યતાથી, શત્રુતાથી નહિ પણ સ્નેહાળ હૃદયથી થઇ શકે છે. વેર અને વાત્સલ્યના સંઘર્ષણમાં આખરે વહાલનો વિજય થાય છે. ઇતિહાસમાં જળ અને જ્વાળાના જેટલા સંઘર્ષો થયા છે તેમાં વિજય જળને મળ્યો છે અને પરાજય જ્વાળાને મળ્યો છે. ક્યાં પરમાર્થમૂર્તિ ભગવાન પારસનાથ અને ક્યાં ક્રૂરતાને વેરતો ક્રૂર કમઠ ! ક્યાં ક્ષમામૂર્તિ ભગવાન મહાવીર અને ક્યાં તેજુલેશ્યાને છોડતો અજ્ઞ ગોશાલક ! ક્યાં ગુણમૂર્તિ ગુણસેન અને ક્યાં અગનઝાળને વેરતો અધમ અગ્નિશર્મા ! તે બધા પરમ સામર્થ્યના ધારક હોવા છતાં વેરી પ્રત્યે આંખનો ચમકારો પણ નથી કર્યો. ઝેરીલા હૈયાના નખશીખ સુધી વ્યાપેલા પ્રચંડ ઝેરને તે ક્ષમામૂર્તિ અમૃતના ઘુંટડા સમજી હોંશે હોંશે ગટગટાવી ગયા. ધન્ય છે તેમની ક્ષમાની સાધનાને ! ક્ષમાની અગોચર ધરતીને ઢૂંઢવાનો કોઈ મહામંત્ર હોય તો તે મિચ્છામિ દુક્કડં છે. ક્ષમાના પ્રયોગ કેન્દ્રમાં પ્રવેશ કરવા માટે મિચ્છામિ દુક્કડં એ

પાસપોર્ટ છે. આ પાસપોર્ટ વગર જો ભૂલથી ક્ષમાના મહેલમાં પ્રવેશ કરીશું તો કદાચ ક્રોધ રૂપી દ્વારપાળ પાછા કાઢશે પણ જો આ પાસપોર્ટ સાથે રાખ્યો હશે તો ક્રોધ આપણને હેરાન નહિ કરે.

આ પર્વને અનુલક્ષીને આજના દિવસનો આપણો વિષય છે "**વેરી રહેવું છે કે ઝવેરી થવું છે**"? વેરી થવું કે ઝવેરી બનવું એ આપણા હાથની વાત છે. આ વિષય પર આપણે છણાવટ કરવી છે. તેનું પહેલું પગથિયું એ છે કે આદાન-પ્રદાન કરો. જગતનો તમામ વ્યવહાર, ધંધાનો વ્યવહાર, બજારનો વ્યવહાર, ઘરનો વ્યવહાર બધો આદાન પ્રદાનથી ચાલે છે. તમારી પેઢી ઘણી ધમધોકાર ચાલતી હોય, છતાં તમે જે વેપાર કરો છો, ઘરાકને માલ આપો છો તો બીજો નવો માલ લાવવો પડે છે. એક બાજુથી લાવો છો અને બીજી બાજુ આપો છો. તમારી વહાલસોયી દીકરીને બીજાને ઘેર આપો છો અને તમારે દીકરો હોય તો બીજાની લાડીલી દીકરીને તમારે ઘેર લઇ આવો છો. આપ લે વિના દુનિયાનો વ્યવહાર નથી ચાલતો, તે રીતે આજે જે ક્ષમા માંગવા આવે તેને ક્ષમા દેવાની છે અને બીજાની પાસેથી આપણે ક્ષમા લેવાની છે. અનંતકાળથી કષાયોની કાલીમા આત્મા પર લાગેલી છે અને વેરની વણઝારો વર્ષોથી ઉતરી છે તેને જડ મૂળમાંથી ઉખેડીને નાશ કરવાની છે. જન્મોજન્મથી આ જીવડો વેરી બનીને સ્વપરના આધ્યાત્મિક જીવનમાં દિલની દિવાલો પર ચીરાડ પાડીને જીવો પર જુલ્મ ગુજારી રહ્યો છે. પામર જીવને પેલે પાર પહોંચાડનાર પતિત પાવન પર્વાધિરાજની ઉપાસના વેરીમાંથી ઝવેરી બનવા માટે છે. આ પનોતા પવિત્રતમ દિવસોમાં જો વેરનું શમન નહિ કરીએ અને ક્ષમાપનાના મંગલ દિવસે પણ અંતરમાંથી ક્રોધાદિ કષાયોને દૂર નહિ કરીએ તો વેરીમાંથી ઝવેરી કેવી રીતે બનીશકાશે?

વેરઝેરના ભાવોથી ભરેલું હૃદય સ્વચ્છ ન હોઈ શકે. જેના જીવનમાંથી એ કચરા નીકળી ગયા છે તેવા સ્વચ્છ, વિશુદ્ધ, નિર્મળ હૃદયવાળાની નસેનસમાંથી નેહ નીતરે છે, અણુઅણુમાંથી આત્માનો આનંદ ટપકે છે. ત્યાં વેરઝેરનું વિષવૃક્ષ ટકી શકતું નથી. જો વેરી નથી રહેવું અને ઝવેરી બનવું છે તો ક્રોધના ઝેરને દૂર કરવા જેવું છે. ક્રોધ એ આત્માનો ભયંકર શત્રુ છે. ક્રોધ એ કાતિલ કરવત છે તે દ્વારા પોતે મરે છે અને બીજાને મારે છે. આત્માને દુર્ગતિના દ્વારે ધકેલી દે છે. ક્રોધ સજ્જનને શાંતિથી જંપવા ન દે. અરે! એ ક્રોધની કાલિમા તો સાધુને શયતાન બનાવે. અનંતકાળથી આત્મામાં ઘર કરી ગયેલા ભયંકર રોગનું નિદાન આપણે શાસ્ત્રોમાંથી જાણી શકીએ છીએ. એ રોગનું નામ છે કષાય. તમામ ભવરોગોનું મૂળ કષાય છે. ભવરોગ હઠાવીને ભાવ આરોગ્ય પામવું હોય તો પહેલા કષાયોને બરાબર પીછાણી લો. કષાયોની કાળી કથાથી સર્જાતી વસમી વ્યથાથી કોણ અજાણ હશે? નરકથી લઇને સ્વર્ગ સુધી સર્જાયેલી, સર્જાતી અને સર્જાનારી બધી ખાના ખરાબીનું મૂળ કષાયો છે. કષાય એટલે સળગતો સંસાર.

કષાયોને કાબૂમાં લેવા માટે શું કરશો? "**ખામેમિ સવ્વેજીવા, સવ્વે જીવા**

ખિ ખમંતુ મે" હું સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો, આ મંત્રથી ક્રોધ અને માન બે કાબૂમાં આવી જાય છે. આપણા હૈયામાં રહેલો ક્રોધ વેર વિરોધ કરાવે છે ને એમાં શત્રુઓ સર્જાય છે. શત્રુતાને ઉત્પન્ન કરવામાં મૂળ કારણ ક્રોધ છે અને વેરની ઢીલી પડતી પકડને મજબૂત રાખવાનું કામ માન કરે છે. ક્રોધ આવે ત્યારે માણસ ગમે તેમ બોલી નાંખે છે પણ ક્રોધનો આવેશ શાંત થાય ત્યારે ઘણી વાર હૈયામાં પશ્ચાતાપ થાય છે. " ખામેમિ સવ્વે જીવા " નો એકરાર કરવા મન પોકાર પણ કરે છે છતાં હૈયામાં રહેલો માનનો પહાડ તેને નમવા દેતો નથી. હું સર્વ જીવોને ક્ષમા આપું છું. આ કરાર કરતાં ક્રોધની સાથે માનને પણ કાબૂમાં લેવો પડે છે. ક્રોધ અને માન કાબૂમાં આવે પછી ક્ષમા માંગવા જેવી નમ્રતા આવે છે. ક્ષમા આપવી સહેલ છે કારણ કે એમાં એટલું ગૌરવ હણાતું નથી પણ ક્ષમા માંગવામાં તો ક્રોધ અને માન બંનેને દબાવવા પડે છે. આ મંત્રની સાધના માટે ક્ષમાપના પર્વ એક સુંદર અવસર છે. આ મહાપર્વ આપણને કહે છે કે ક્રોધ ગમે તેટલો બળવાન હોય તો ગભરાવાની જરૂર નથી. એની સામે જીત મેળવવા ક્ષમા નામનું શસ્ત્ર જો આપણી પાસે છે તો ક્રોધની તાકાત **નથી** કે એ ધાર્યું જોર આપણા પર ચલાવી શકે. પાંચસો પાંચસો મુનિઓને પાલકે ઘાણીમાં પીલાવી નાંખ્યા. મુનિઓએ ક્ષમાનો સહારો લીધો તો ક્ષમાએ ૪૯૯ મુનિઓને કેવળજ્ઞાન અપાવી દીધું. પીલનાર પ્રત્યે જરાય ક્રોધ ન આવવા દીધો. ૪૯૯ મુનિઓ મોક્ષે પહોંચી ગયા પણ ૪૯૯ના ગુરૂને બાળ શિષ્યના મોહે ક્રોધના પનારે પાડી દીધા. શિષ્યો આરાધક બની ગયા અને ગુરૂ વિરાધક બની ગયા. ક્ષમાનો સહારો છૂટી ગયો ને ક્રોધના પનારે પડેલા ગુરૂ દુર્ગતિની સફરે ઉપડી ગયા. સિદ્ધાંતમાં તો આવા કંઈક દાખલા છે કે ઉપસર્ગો આવવા છતાં મોક્ષાર્થી સાધકોએ દુઃખ દેનાર શત્રુ પ્રત્યે ક્રોધ નહિ કરતાં સ્નેહ વરસાવ્યો છે. દુશ્મનને દોસ્ત માન્યા છે અને વેરીને વહાલા માન્યા છે. સંસારમાં પણ આવા કંઈક પ્રસંગો બને છે કે દુઃખની ઝડીઓ વરસે, ક્રોધ આવી જાય તેવી સમસ્યા ખડી થાય છતાં એ જીવોએ કેવી અપૂર્વ ક્ષમા રાખી છે. હું તમને એક બનેલી કહાની કહું.

એક વખતના પ્રસંગમાં એક માળી પોતાના બગીચાની સંભાળ રાખતો બગીચામાં કામ કરતો હતો, આ બગીચા પર એને ખૂબ પ્રેમ હતો. એક દિવસની વાત છે. સાંજે સૂર્યે અલવિદા લઈ લીધા હતી. સંધ્યા ખૂબ ખીલી હતી. રાત પડવાની તૈયારી હતી. માળીને ઘેર જવું હતું એટલે બગીચાના દરવાજે તાળું મારતો હતો. બરાબર તે સમયે એક માણસ હાંફતો-હાંફતો, ધ્રુજતો ધ્રુજતો ત્યાં આવી પહોંચ્યો. તેના મુખ પર ગભરાટ હતો, એનું હૈયું થડકતું હતું. તેણે રડતા રડતા કહ્યું-ભાઈ ! તમે મને શરણ આપશો ? હું તમારા શરણે છું. હું જીવનભર તમારો ઉપકાર નહિ ભૂલું. તે રડતો માળીના પગમાં પડ્યો. મને બચાવો, ભાઈ ! તું આટલો ધ્રુજે છે, રડે છે, મુખ પર ગભરાટ છે તો તને શું થયું છે ? તેં કોઈનો અપરાધ કર્યો છે ? ભાઇ ! હું અત્યારે મોતના પંજામાં ફસાયો છું. શા માટે ? તેં ચોરી કરી છે ? ખૂન કર્યું છે ? હા, મેં

એક બાળકનું ખૂન કર્યું છે. હજુ તો મારા હાથ લોહીથી ખરડાયેલા છે. મને પકડવા લોકો મારી પાછળ પડયા છે, જો હું પકડાઈ જઇશ તો મને જીવતો નહિ મૂકે. માળીના મનમાં વિચાર આવ્યો કે આ ભાઇને મૃત્યુનો કેટલો ભય છે ? મૃત્યુથી બચવા મારા શરણે આવ્યો છે પણ આણે જેને મારી નાંખ્યો હશે તેના દિલમાં કેવું થયું હશે ? તે કરેલા ખૂનનો બદલો લેવા તેની પાછળ માણસો પડયા છે. વેર લેવાથી કાંઇ મરનાર તો પાછો જીવવાનો નથી. તો આ મારા શરણે આવ્યો છે, મારી પાસે રડતા રડતા જીવનની ભીખ માંગી રહ્યો છે તો મારે શરણ આપવું જોઇએ.

"**શરણાગતને શરણ**" : માળી ગમે તેમ તો ય માનવ હતો. માનવતાનું સંગીત એના દિલમાં ગુંજ્યા કરતું હતું. ખૂનીની વાત સાંભળીને એનું દિલ ક્ષુબ્ધ ઊઠયું અને શરણાગતને શરણ આપવાનું નક્કી કર્યું. માળીએ કહ્યું–અહીં બગીચામાં મારી એક નાની રૂમ છે. તેમાં તું સંતાઈ જા. હું બહારથી તાળું વાસી દઉં છું એટલે તું પકડાઈશ નહિ. હું રાત્રે બાર વાગે આવીને તાળું ખોલી દઈશ, પછી તું તારા રસ્તે ચાલ્યો જજે. તારા કર્મ તું ભોગવી લેજે. તું મારા શરણે આવ્યો છે એટલે તને જીવતદાન આપવું એ મારી ફરજ છે. માળી તો ખૂનીને રૂમમાં પૂરીને તાળું વાસીને ચાલ્યો ગયો. માળી ઘેર આવ્યો. આ માળીને ત્યાં ઘણાં વર્ષે પારણું બંધાયું હતું. એકનો એક દીકરો હતો. માળીએ ઘરમાં દીકરાને ન જોયો એટલે માલણને કહે છે આપણો બાબો કયાં ગયો ? તે છોકરાઓની સાથે સાંજે બહાર રમવા ગયો છે; હજુ આવ્યો નથી. હું પણ તેની રાહ જોઇને બેઠી છું. કયારની આંટાફેરા મારું છું. મને પણ થાય છે કે તે હજુ કેમ ન આવ્યો ? નાકા સુધી જોઇ આવી છતાં દેખાયો નહિ. કહેવાય છે કે "**મા તે મા, બીજા વગડાના વા.**" કોઈ વાર માતા ગુસ્સામાં આવીને બોલી જાય તું મરી જા ને ! પણ એ દીકરો જો થોડો મોડો ઘેર આવે તો માતા એના માટે રડતી હોય છે. માલણ માળીને કહે છે આપ ગલીના નાકા સુધી જાવ. માળી ગલીની બહાર ગયો. દૂરથી એક મોટું ટોળું આવતું જોયું. બધા ચીચીયારીઓ પાડી રહ્યા છે. એક યુવાનના હાથમાં બાળક છે. જેમ જેમ નજીક આવતા ગયા તેમ ખબર પડી કે યુવાનના હાથમાં જે છોકરો છે તે મરી ગયો છે.

"**ફુલ કરમાઇ ગયું**" : બધા એકદમ નજીક આવ્યા ત્યારે માળીએ પાસે જઈને જોયું તો ખબર પડી કે પોતાનો દીકરો મૃત્યુ પામ્યો છે. માળીના મુખમાંથી એક કારમી ચીસ નીકળી ગઇ, તે તમરી ખાઈને પડયો. કેટલાય વર્ષે પુત્રનું મુખ જોયું હતું. એકનો એક દીકરો હતો. તે ફૂલ કરમાઇ ગયું. આ ખીલતી કુમળી કળીને કોણે વીંખી નાંખી ? ઉગીને ઊભા થતાં આ પંખીને કોણે પીંખી નાંખ્યું હશે ? આ માસુમ બાળકની લાશ લઈને ટોળું માળીના ઘેર આવ્યું. લાશ ઓટલે મૂકી. પતિનું કરૂણ રૂદન સાંભળીને માલણ બહાર આવી. પત્થર દિલને પણ પીગળવા દે એવું દૃશ્ય જોઇ તે ચોધાર આંસુએ છાતી ફાટ રડવા લાગી. તે તમરી ખાઈને પડી, છાતી ને માથું કૂટવા લાગી.

મા-બાપ છાતી ફાટ રડે છે. એકનો એક દીકરો ચાલ્યો જાય ત્યારે કયા મા-બાપનું હૈયું હાથમાં રહે ? લોકોએ તેમને ખૂબ આશ્વાસન આપ્યું; પણ તેમનું આક્રન્દ ન અટકયું, તેમનું રૂદન રોકાયું નહિ અને કલ્પાંત કાબૂમાં આવ્યો નહિ. પોતાના બાળક તરફ દૃષ્ટિ કરી તો શરીર પર એકે ઘા દેખાતા નથી. તો પછી થયું શું ? કેવી રીતે મરી ગયો ? કોણે માર્યો ? ત્યારે એક ભાઈ કહે શું બન્યું છે તે સાંભળો.

જે રક્ષણકર્તા તે જ ભક્ષણકર્તા : હું રસ્તામાંથી ઘેર જતો હતો ત્યારે આ ફૂલ જેવા બાળક પર જે સિતમ ગુજર્યો છે તે મેં મારી સગી આંખે જોયો છે. આ બાળક તો ત્યાં રમતો હતો ત્યાં અચાનક એક યુવાન આવ્યો. તેની છાતી પર ચઢી બેઠો અને ગળે ડૂંપો દેવા જતો હતો ત્યાં હું દોડયો. મારાથી ચીસ પડી ગઈ, પણ હું ત્યાં પહોંચું તે પહેલાં તો ડૂંપો દઈ દીધો હતો અને તેના પ્રાણ ચાલ્યા ગયા હતા. આટલું બોલતાં બોલતાં તે યુવાન પણ રડવા લાગ્યો. રડતા રડતા કહ્યું-તે ખૂની બાળકના પ્રાણ લઈને નાસી ગયો. હું તેને પકડવા તેની પાછળ ઘણું દોડયો પણ તે મારા હાથમાં આવ્યો નહિ. ભાઈ ! તમે એનો ચહેરો અને પહેરવેશ જોયો હતો ! હા. તે એકદમ ઊંચો, શરીરમાં શ્યામ, માથું ખુલ્લું અને કોટ પહેરેલો હતો. તેની આંખો લાલ હતી. તે ખૂન કરીને બગીચા તરફ દોડયો હતો. આ સાંભળી માળી અવાક્ બની ગયો. એની આંખ સામે સાંજનું દૃશ્ય ખડું થઈ ગયું. જીવનની ભીખ માંગતો ખૂની ! રડતી આંખોએ જે મારી પાસે શરણ માંગી રહ્યો હતો, જેને મેં જીવતદાન આપ્યું તે જ મારા દીકરાનો ખૂની ! મેં જે ખૂનીથી પ્યાર કર્યો છે એણે જ જીવનની જીવાદોરી સમાન બાળકને ખુવાર કર્યો ! મારા ફૂલ જેવા નિર્દોષ બાળકના પ્રાણ લેવાની એને શી જરૂર ? નાના બાળકે એનો શું ગુનો કર્યો છે કે એના પ્રાણ લીધા ?

"ખૂનીનું ખૂન કરવા ઉછળેલું લોહી" : માળીના મનમાં આવેશ આવી ગયો. તેનું ખૂન ઉછળી આવ્યું. તેના લોહીમાં ગરમી આવી ગઈ. બસ, એ ખૂનીને ગિરફતાર કરાવી દઉં. જેલના સળિયા ગણવા મોકલી દઉં. અરે ! એ વેરનો બદલો લેવા ખૂનીને ખુવાર કરી દઉં. મેં તેને તાળું મારીને પૂર્યો છે. એ કયાં જવાનો છે ? એક વાર છોકરાની અંતિમ ક્રિયા પતાવી દઉં પછી બધી વાત. બધાએ ભેગા થઈને રડતી આંખે બાળકની અંતિમ ક્રિયા કરી. બધા આશ્વાસન આપીને ઘેર ગયા. પતિ-પત્ની ખૂબ રડે છે. ખિલખિલાટ રહેતું ઘર આજે દીકરા વિના વેરાન વન જેવું લાગવા માંડયું, ઘર તો જાણે સ્મશાન જેવું દેખાવા લાગ્યું. બંને બેઠા છે પણ તેમનું હૈયું આજે ઠરતું નથી. આ તો અંતરના ઘા છે. કેવી રીતે પૂરાય ? માલણ ખૂબ રડે છે. તેનું હૈયું શાંત થતું નથી. આવા ફૂલ જેવા બાળકને મારવાની એને શી જરૂર ? ખૂનીનું ખૂન કરવા માળીનું લોહી ઉછળી રહ્યું છે. બસ, તેને મારીને હું વેરની વસૂલાત કરું. વેરની વસૂલાત કરવી એ શું મારી ફરજ નથી ?

થોડી પળમાં માળીના મનમાં વિચારો આવ્યા કે મને એક વાર સંત મળ્યા હતા. તેમણે મને કહ્યું હતું કે વેરનો બદલો વેરથી ન લેવો પણ પ્રેમથી લેવો. વેરનો બદલો વેરથી લેવામાં ભવની પરંપરા વધે છે.

વૈર વિરોધથી કદી સુખ મળે નહિ,
દુર્ગતિ કેરા મહાદુઃખો ટળે નહિ.

જે મારા શરણે આવ્યો તેનું રક્ષણ કરવું જોઈએ. મારાથી તેને મરાય નહિ. શરણે આવેલા શરણાગતને મૃત્યુના મુખમાં ધકેલવાથી મારી માનવતા નંદવાઈ જાય. જેને પ્યાર કર્યો એને ખુવાર કરવાથી તારી નીતિને લાંછન નહિ લાગે ! માળીમાં માનવતાનો દિપક પ્રગટી ઉઠયો. ખૂનીને ખુવાર કરવાની ખ્વાહિશ (ઇચ્છા) ખતમ થઈ ગઇ. હવે હું એને કદાચ મારું તો પણ મને મારો દીકરો તો મળવાનો નથી, તો પછી શા માટે એને મારીને મારે વેરની પરંપરા વધારવી ? જે બનવાનું હતું તે બની ગયું, મેં તેને વચન આપ્યું છે કે હું બાર વાગે આવીને તાળું ખોલીશ. તું તારા રસ્તે ચાલ્યો જજે. વહાલસોયો દીકરો મરી ગયો છે, તેનું આટલું લોહી ઉછળી રહ્યું છે, પુત્રના વિયોગનો હૈયામાં કારમો ઘા છે, છતાં આપેલું વચન યાદ આવ્યું.

સો ગણો બદલો મળે છે એ પાપનો, એ વચનને માન્ય રાખ્યું હોત જો,
પાપ કરતાં માપ રાખ્યું હોત જો, આજ મારી આ હાલત ના હોત જો.

માળીના દિલમાં ખૂની પર ક્રોધની આગ ભભૂકી રહી હતી પણ ક્રોધ પર કંટ્રોલ લાવ્યો. મારા કોઈ ભવમાં કરેલા પાપ આજે મને ઉદયમાં આવ્યા છે. મેં પાપ કરતાં પાછું વળીને જોયું નહિ હોય ત્યારે મારી આ દશા થઇને ? આનું નામ સાચી સમજ. ધર્મ સમજ્યા કયારે કહેવાય ? સમય આવે ત્યારે કેટલી ક્ષમા રહે છે તે ખબર પડે. જીવ ગમે તેટલી તપશ્ચર્યા કરે, દાન દે, ધર્મધ્યાન કરે, ભાવનાઓ ભાવે પણ જો કષાયની કાલિમા અંતરમાંથી ગઈ નથી તો સાધના દ્વારા જે લાભ થવો જોઈએ તે લાભ મળતો નથી. આરાધના સફળ કયારે બને ? કષાય જાય અને ક્ષમાનો એકડો આવે ત્યારે, સંવત્સરી પર્વની આરાધના ત્યારે સફળ બને કે એ સમ્યકૂદર્શનના પ્રકાશને પ્રાપ્ત કરે.

લેણદાર તથા દેણદારના ઝઘડામાં ન્યાયાધીશ દેણદારની સ્થિતિ નબળી હોય તો તે પ્રમાણે હુકમનામું બજાવે છે. તેમાં અમુક દિવસના કાંધા કરી આપે છે. દેણદાર તે સમયે નક્કી કરેલા પૈસા ભરી આવે છે. આ રીતે વાયદા પૂરા થતાં દેણદાર દેવામાંથી છૂટો થાય છે પણ દેણદાર જો વાયદે પૈસા ન ચૂકવે તો ? દેવાળીયા તરીકે નામ નોંધાવે તથા મફતની કોટડીમાં લહેર કરે. આ રીતે જ્ઞાની રૂપ ન્યાયાધીશ આત્મા રૂપી દેણદારને કર્મ રૂપી લેણદારને દેવું ચૂકવવા ભલામણ કરે છે, હે આત્મા ! તું કર્મનું દેણું ચૂકવીને ચોખ્ખો થઈ જા પણ આત્મા તરત ભરપાઈ કરે તેવી શક્તિ નથી ત્યારે ન્યાયાધીશે હુકમનામું કરી વાયદા કરી આપ્યા કે રોજના પાપનું રોજ પ્રાયશ્ચિત કરી શુદ્ધ ન

થવાય તો પંદર દિવસે, એમ બાર માસના ૨૪ કાંધા કરી આવ્યા. જેને આપણે પાખી પ્રતિક્રમણ કહીએ છીએ. પ્રમાદ તથા કાયરતાથી આ વાયદા ન ભરાય તો અષાડ ચોમાસી પાખી, કારતકી પૂનમ અને ફાગણ પૂનમ એમ ચાર ચાર માસના ત્રણ કાંધા કર્યા. ઘોર નિદ્રામાં પડેલો આત્મા આ કાંધા ન ચૂકવી શકે તો બાર માસનું એક છેલ્લું કાંધુ બતાવ્યું તે છે સંવત્સરી પર્વ. આ મહાપર્વના દિવસે તમે દેણું ચૂકવી દો. જો આજે પણ કષાય છોડીને એકબીજાની સાથે ક્ષમાપના કરશો નહિ અને બાર માસથી જો વધુ કષાયો રહ્યા તો તે અનંતાનુબંધીના થઈ ગયા કહેવાય. જ્યાં અનંતાનુબંધી કષાય હોય ત્યાં મિથ્યાત્વનો ઉદય આવ્યા વગર રહે નહિ. જ્યાં મિથ્યાત્વ આવ્યું ત્યાં સમકિત ગયું. જો મળેલા અમૂલ્ય સમ્યક્ત્વ રૂપી રત્નને ગુમાવવું ન હોય તો આજના દિવસે કષાયની આગ બુઝાવીને સર્વની સાથે અંતરથી ક્ષમાપના કરો.

સંત વચને શાંત કરેલી આગ : માળીના મનમાં કષાયની આગ તો ભડકે ઊઠી હતી પણ સંતના વચને તેની આગ શાંત કરી નાંખી. તે દુશ્મનને દોસ્ત રૂપે જોવા લાગ્યો. માળીએ આ કોઈ વાત પત્નીને કરી નથી. તે માલણને કહે છે કે આજે મને ઘરમાં ગમતું નથી, ચેન પડતું નથી તેથી બગીચામાં જાઉં તો મને શાંતિ મળે. આજની રાત ત્યાં વીતાવીશ. પત્ની કહે આવી મધરાતે! જો આપ જશો તો હું પણ સાથે આવીશ. અહીં હું એકલી નહિ રહું. મને દીકરાના ભણકારા વાગ્યા કરે છે. માળી કહે તારે આવવું હોય તો આવ, એક શરતે. બગીચામાં હું જે કંઈ કરું તે તારે જોયા કરવાનું, તારે કાંઈ બોલવાનું નહિ. આ શરત કબૂલ હોય તો તું આવ. પત્ની સમજી ગઈ કે મને આવું કહે છે માટે એમાં કાંઈ રહસ્ય હશે. નક્કી તેમાં કોઈ ભેદ લાગે છે. માળી વિચાર કરે છે કે જો ૧૨ વાગે હું નહિ જાઉં અને તેને નહિ છોડું તો સવારે છોડવો ભારે પડશે. એમ માનીને પત્ની પાસે સત્ય વાત ન કરી; પણ પત્નીને દીકરા વગર ઘર બિહામણું લાગે છે. દીકરો આંખ સામે તરવરે છે એટલે તે સાથે જવા તૈયાર થઈ. માળી અને તેની પત્ની બંને બગીચામાં ગયા.

વેરનો બદલો વહાલથી : બગીચામાં જઈને ઓરડાનું તાળું ખોલ્યું. ખૂની બહાર નીકળ્યો અને માળીના ચરણમાં ઢળી પડયો. તેને ઊભો કર્યો પછી કહ્યું—અરે ખૂની ! તેં જેની હત્યા કરી તે બીજો કોઈ ન હતો પણ મારું કોમળ પુષ્પ જેવું બાળ હતું. હે અભાગીયા ! તે મારા નાના બાળકે તારો શો ગુનો કર્યો હતો કે તેં મારા એકના એક દીકરાને મારી નાંખ્યો ! છોકરાને મારવાની શી જરૂર હતી ? તને મરણનો ભય લાગ્યો તો તું દોડીને મારી પાસે બચવા માટે આવ્યો તો મારા નાના ફૂલને વગર વાંકે તેં મારી નાંખ્યો તો તેને કેવું થયું હશે ? અમારા હૃદય ચીરાઈ જાય છે. આ જાણતાં ખૂની તો ધ્રુજવા લાગ્યો. હવે તો મારું આવી બન્યું. બારે વહાણ તળિયામાં. માળી કહે તું ધ્રુજીશ નહિ. તું મારા શરણે આવ્યો છે અને મેં તને શરણ આપ્યું છે એટલે હું તને કાંઇ કરવાનો નથી. તું તારા રસ્તે ચાલ્યો જજે,

પછી તારા કર્મના ફળ ભોગવજે. પતિના આ શબ્દો સાંભળતા માલણ સમજી ગઈ કે નક્કી મારા દીકરાને મારનાર ગુનેગાર સપડાઇ ગયેા છે પણ મેં પતિને વચન આપ્યું છે કે હું કાંઈ બોલીશ નહિ એટલે મારાથી બોલાય નહિ. મારી નસેનસમાં વેરનેા બદલેા લેવાનું ખુન્નસ ઉછાળા મારી રહ્યું છે. માળી કહે–" **ખૂનથી ખરડાયેલા હાથ ખૂનથી નહિ પણ પાણીથી ધોવાય છે. વેરની આગ વેરથી નહિ પણ પ્રેમના પાણીથી ઠારી શકાય છે.**" પૂર્વ જન્મમાં આપણે તેનેા બાળક ઝૂંટવ્યેા હશે તેા અત્યારે આપણેા ઝૂંટવાયેા છે, માટે હવે તેને જવા દઇએ; છેવટે બંનેએ તેને છેાડી દીધેા. વેરનેા બદલેા પ્રેમથી લીધેા. તેને ક્ષમા આપી.

આપણા ભગવાને પણ ક્ષમાનેા ઉપદેશ આપ્યેા છે. આપણા શાસનપિતાને સંગમદેવે કેટલા ઉપસર્ગો આપ્યા છતાં ભગવાને તેા ક્ષમા રાખી. એના પર કરૂણા વરસાવી. આ દિવસેામાં આપણે ગજસુકુમાલને યાદ કરીએ છીએ. શા માટે ? સેામિલે માથે ધગધગતા અંગારા મૂકયા છતાં કેવી ક્ષમા ! કેવી સમતા ! સેામિલ પર જરા પણ ક્રોધન કર્યો પણ તેને મહા ઉપકારી માન્યા. મારા સસરાની મારા પર કેટલી કરૂણા છે કે તેમણે મને મોક્ષની પાઘડી બંધાવી. તેમના માથે અંગારા મૂકયા. તાજો લેાચ કરેલેા હતેા. તે સમયે તેમને કેવી ભયંકર વેદના થઈ હશે ! છતાં એવી અસહ્ય વેદનામાં તેમણે ક્ષમા રાખી. અરે ! માથું પણ જરાય હલાવ્યું નથી. એમને આટલી સમતા રહી અને આપણને કેમ નથી રહેતી ! આજે મારું કે તમારું કોઈ અપમાન કરે તેા પણ સમતા રહેતી નથી તેા પછી એમણે અંગારા કેવી રીતે સહન કર્યા હશે ? શું તેમને વેદના નહિ થઈ હેાય ? શું એમની કાયા કષ્ટ સહન કરવા ઘડાયેલી હતી ? ના....ના....એ તેા ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવના લઘુબંધવા હતા. એ તેા આપણા કરતાં વધુ કોમળ હતા. આપણું તેા હજુ થેાડા ઘડાયેલા અને કસાયેલા છીએ છતાં કેમ સહન કરી શકતા નથી ? આ વાત પર કદી વિચાર કર્યો છે ખરેા ? આ વાત ખૂબ સરસ વિચારવા જેવી છે.

તમારે આધુનિક નવી ઢબનેા એક સુંદર બંગલેા છે. તે બંગલાના ઓટલા પર એક મંદ બુદ્ધિવાળેા થેાડેા અટકચાળેા માણસ ઓટલે આવીને બેઠેા. તેના હાથમાં એક ખીલેા છે. તે ખીલાથી એ માણસ ઓટલાની ટાઇલ્સ કે આરસને કોચે છે, અથવા મકાનની દિવાલને ખીલાથી કોચે છે. અટકચાળા માણસ નવરા બેસી ન રહે. કાંઈ ને કાંઈ આધુંપાછું કર્યા કરે. એ સમયે તમે બહાર નીકળ્યા. તે માણસને ઓટલેા કે દિવાલ કોચતા જોયેા. હવે તમે શું કરેા ? તમે તેને ભાઈલેા કહેશેા કે આંખ લાલચોળ કરશેા ? (શ્રોતા : ગુસ્સેા આવી જાય.) તમે અહીં વ્યાખ્યાન સાંભળીને શું શીખીને ગયા છેા ? તમારી પારાશીશી કેમ ચઢે ? ત્યાં માન્યું કે આ બંગલેા મારેા છે. આ ઘર મારું છે. કદાચ બે ચાર તમાચા પણ લગાવી દેા. અરે ! ધેાધમાર વરસાદ વરસતેા હેાય તેા પણ ધક્કામુક્કા કરીને ઓટલા ઉપરથી ઉઠાડે છૂટકેા કરેા. તે ઊઠે નહિ ત્યાં સુધી શાંતિ ન થાય. આ સમયે તમારી દયા–કરૂણા કયાં ગઈ ? તમારા ઘરની એક

ટાઈલ્સ કે દિવાલ જરા તોડી ત્યાં તમે કેટલા ગુસ્સે થયા ? તેને ગાળો દીધી. અપમાન-તિરસ્કાર કર્યા અને ધક્કા મારીને ઉઠાડી મૂકયા.

બીજી વાત કરું. તમારા ઘરની અભરાઈમાં કેટલા વર્ષોના જૂના ચોપડા પડયા હતા. એક દિવસ તે ચોપડા ઉતાર્યા અને તપાસ્યા. તપાસતા એક ચોપડામાં લેણમાં લખ્યું કે આપણા મકાનના અમુક દિશાના અમુક ખૂણામાં ધનનો ચરૂ દાટેલો છે તેમાં આટલી મિલકત છે. હવે તમે આ વાંચીને શું કરો ? આ તો લખેલો લેખ છે. હજુ પ્રત્યક્ષ નથી જોયું, માત્ર વાંચ્યું છે છતાં તેના પર કેટલી શ્રદ્ધા અને વિશ્વાસ છે ! હવે એક ઘડીની ઢીલ કરો ? ના. કોઈ જોઈ ન જાય માટે ઘરના બધા બારીબારણા બંધ કરી દો. કારીગરને કે મજૂરને પણ ન બોલાવો, કેમ કે તે જાણી જાય. ત્યાં તો જાતે જ કોશ લઈને ખોદવા મંડી પડો. (શ્રોતા : આરસની લાદી હોય તો પણ ખોદી નાંખીએ) કેમ વારું ? પેલા માણસે જરા ટાઈલ્સ કે દિવાલ કોચી હતી ત્યારે પારો આસમાને ચઢી ગયો, ગાળો દીધી, માર માર્યો ને મુશળધાર વરસાદમાં કાઢી મૂકયો. ત્યાં ટાઈલ્સ તોડી કે દિવાલ કોચી તો હાય લાગી અને હવે ? ચોપડામાં લેખ બોલે છે કે ધન દાટયું છે. મળશે કે નહિ મળે છતાં શ્રદ્ધા છે એટલે ખોદવા માંડયું.

ચરૂની મમતાએ બંગલાની તોડાવેલી મમતા : આ તો ટાઈલ્સ કે આરસ તોડો છો પણ કદાચ લખ્યું હોત કે ભીંતમાં દાટયું છે તો ભીંત તોડતા પણ પાછા પડત ખરા ? ના....ના....કોઈ દિવસ કોશ હાથમાં લીધી નથી છતાં કોશ લીધી ને મંડી પડયા ખોદવા. ખોદતા થાકી જાવ, પરસેવે રેબઝેબ થઈ જાવ તો પત્ની, પુત્ર જે હોય તે બધાને બોલાવો. આ આરસ તોડતા દિલમાં હાયકારો થાય ખરો ? ના. તોડવામાં તો ઉમંગ હોય. ખોદતા હાથ સૂઝી જાવ, થાકી જાય તો માણસોની અદલાબદલી કરો, કોઈ ધીમેથી ખોદતું હોય તો કહેશો કે ખોદ...ખોદ. અહીં ખોદવાનું કહેવામાં પણ આનંદ ને ઉમંગ છે. જેની એક ઈંટ ખસે કે આરસ તૂટે તો ય હૈયામાં અરેરાટી થતી હતી એ જ બંગલાની ભીંત તોડતા કે આરસ તોડતા જરા પણ અચકાય નહિ ને ઉપરથી વધુ ખોદવાનું કહો એનું શું કારણ ? સામે ધનનો ચરૂ દેખાય છે. આ બંગલા પરનું મમત્વ કોણે તોડયું ? એ તોડવાથી ધનનો ચરૂ મળશે, એ વિચારે બંગલાના મમત્વને છેદી નાંખ્યું અને કોશથી ભીંત ખોદી નાંખી કે આરસ તોડી નાંખ્યા. ખોદતાં ખોદતાં ધનનો ચરૂ નીકળ્યો. તમને કેવો અદ્ભુત આનંદ થાય ?

મોક્ષ માટે અસહ્ય વેદનામાં રાખેલી સમાધિ : બસ, આ જ વાત ગજસુકુમાલના જીવનમાં લાગુ પડે છે. તેમના માથે ધગધગતા અંગારા મૂકાયા, કેવી અસહ્ય ભયંકર વેદના થઈ હશે ? ખોપરી ખદખદવા લાગી ત્યારે તો અનંતી વેદના થાય છતાં ગજસુકુમાલ મુનિને ઉપસર્ગ કે પરિસહ ન દેખાયો કારણ કે તમને સામે ચરૂ દેખાયો, ઝવેરાતનો બજનો દેખાયો તો બંગલાના આરસ ખોદતા દુઃખ ન થયું, હાય ન લાગી. અરેકાર ન થયો તેમ મોક્ષગામી ચરમશરીરી જીવને ઉપસર્ગો આવ્યા. કેરીની

છાલ ઉતારે તેમ ખંધક મુનિની ચડચડ ચામડી ઉતરી. ગરમ તપેલીને સ્હેજ હાથ અડી જાય કે પગમાં બીડી ચંપાઇ જાય તો બાપલીયા બોલી જવાય. જ્યારે આ મહાત્માઓના માથે અંગારા મૂકયા, ચડચડ ચામડી ઉતરી ત્યારે ખંધક મુનિ સેવકોને શું કહે છે.

સેવકને ઇમ કહે મુનિવર, કઠિન કરસ મુજ કાયા રે,
રખે બાધા તુમ હાથે હોવે, કહો તિમ રહીએ ભાયા રે.

હે મારા ઉપકારી ભાઈઓ ! ચડચડ ચામડી ઉતરે છે છતાં તેમની ભવ્ય ભાવના તો જુઓ. કોઇ ઇંજેકશન નથી માર્યું કે ચામડી બહેરી નથી કરી, આ તો સીધી ચામડી ઉતારે છે. આપણે એક દાઢ પડાવી હોય તો પહેલા ઇંજેકશન મારે પછી દાઢ પાડે. દાઢ પડાવીને આવ્યા પછી પણ અડધો કલાક સૂઈ જઈએ અહીં તો ચામડી ઉતરે છે છતાં કહે છે ભાઇઓ ! તમે કહો તેમ ઊભો રહું. બેસું કે સૂઈ જાઉં ? મારા કારણે તમને હથિયાર વાગવા ન જોઇએ. મેં સંયમી જીવનમાં વિહાર ખૂબ કર્યા છે. તડકા ખૂબ વેઠયા છે અને લુખા સુકા આહાર કર્યા છે એટલે મારી ચામડી કઠણ થઈ ગઇ છે, માટે તમને ફાવે તેમ બેસું, સૂઇ જાઉં કે ઊભો રહું ! તમને ચામડી ઉતારતા જરા પણ ઇજા થવી ન જોઈએ. કયાં એ આત્માર્થી ક્ષમાના સાગર ! કયાં આપણે મમતાથી ભરેલા ! પૌષધ કર્યો ને કસોટી આવી ગઈ ત્યારે શું ભાવ આવે ? "કયારે ઉગે મારો દીનાનાથ અને ન કાઢું મોઢામાંથી હાથ." આ રીતે મોક્ષ મળી જશે ? જ્ઞાની કહે છે જ્યાં સુધી તું સંસારથી મૂકાઇશ નહિ; શરીરનો રાગ છોડીશ નહિ ત્યાં સુધી સંસાર ઊભો છે.

ગજસુકુમાલના માથે અંગારા મૂકયા, ખંધક મુનિની ચામડી ઉતરી છતાં તેમણે એક ઉકારો નથી કર્યો કારણ કે બંગલાના નુકશાને સામો ચરૂ મળવાનો છે તેથી બંગલાનું નુકશાન એ નુકશાન ન લાગ્યું, તેમ આ ક્ષમાસાગર મુનિઓને શરીરના નાશે મોક્ષ મેળવવાની વાત કરી. તેઓ એમ સમજતા હતા કે આ ઉપસર્ગથી ભલે ને શરીરનો નાશ થાય પણ મોક્ષ રૂપી ચરૂ સામે દેખાય છે. આત્માનો શાશ્વત બ્રહ્મનો મળવાનો છે તેથી એમના હૈયામાં અદ્‌ભુત આનંદ હતો. ભયંકર ઉપસર્ગ કરનારને પણ આવા મહામુનિઓ જ મિત્ર માની શકે. તેમની પાસે ખંતી, મુત્તી, અજ્જવે, મદ્દવે, લાઘવે, સચ્ચે, સંજમે, તવે, ચેઇએ, બંભચેરવાસિએણું આ દશ હથિયાર હતા. તમારી પાસે એક હથિયાર હોય, તે વળી હિંસક હોય જ્યારે આ સંતોની પાસે દસ અડીબમ હથિયારો હતા. તે અહિંસક હતા. જેણે આ બખ્તર પહેર્યા હોય તેને શું વાંધો આવે ? ઘરમાં બાડો બોહતાં હાથ દુખ્યા, થાક લાગ્યો પસીનાથી રેબઝેબ થયા એ બધું દુઃખ તો પડયું તેમ આ મુનિઓએ એ જ વિચાર્યું કે અમને આ જે ઉપસર્ગો આવ્યા છે તેમાં દુઃખ કેટલું ભોગવવાનું ! અડધો કલાક કે એક કલાક, પછી આ શરીરનો તો નાશ થવાનો છે; અને મોક્ષનું અવ્યાબાધ સુખ મળવાનું છે–સિદ્ધ સ્વરૂપને પામવાનું છે, માટે અત્યારે શરીરનું જે થવું હોય તે થાય. તમને શ્રદ્ધા છે કે ધનનો ચરૂ મળવાનો છે. તો દિવાલ તૂટે તો ભલે તૂટે પછી સરખી કરાવી લઈશ પણ દિવાલ તોડતા

જરા પણ રંજ ન થયો તેમ આ મુનિઓને ઉપસર્ગો સહન કરતાં રંજ ન થયો પણ કેટલી સ્વસ્થતા રાખી ! કડવી દવા પીવાના સમયે લોકો જે સ્વસ્થતા રાખી ન શકે તેથી અનંતગણી સ્વસ્થતા ચામડી બળતા અને ચામડી ઉતારવાના સમયે રાખી, કારણ કે એમને મોક્ષના દ્વાર એ સમયે ખુલી રહેલા દેખાતા હતા. મોક્ષ સામે દેખાતો હતો એટલે એ આવા ભયંકર ઉપસર્ગોને સમતા ભાવે હસતા મુખે સહન કરી શકયા.

આજનો દિન ક્ષમાપનાનો. આ ક્ષમાપના કયારે થાય ? ભૂતકાળને ભૂલી જઈએ અને પ્રેમભર્યો વર્તમાનકાળ ઘડો કરો. શત્રુની શત્રુતાને ભૂલી જઈએ અને એને મિત્ર માની પ્રેમથી વધાવી લો. આપણા શાસનપિતા ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોને માર્ગ બતાવતા કહ્યું છે કે હે ભવ્ય માનવ ! જો તારે તારા જીવનને દિવ્ય અને ભવ્ય બનાવવું હોય તો ભૂલવાની અને ભૂંસવાની બે ક્રિયાઓ કરવી પડશે. **"ભૂલે ને ભૂંસે તો ભવ ટળે."** જો સામાની ભૂતકાળની ભૂલોને ભૂલી જઈશું તો ક્ષમાપના કરી શકીશું. તે માટે એક ન્યાય આપું. તમે અરીસા જેવા બનો પણ કેમેરા જેવા નહિ.

હવે એવા કેમેરા નીકળ્યા છે કે જ્યાં ચાંપ દાબી કે તરત ફોટો બહાર નીકળી જાય. બીજો છે અરીસો. અરીસામાં તમે તેની સામે ઉભા રહેશો તો તરત તમારું પ્રતિબિંબ પડશે. કેમેરામાં ફોટો પડશે અને અરીસામાં પ્રતિબિંબ પડશે. આમ તો તમારી દૃષ્ટિથી બંને સમાન દેખાશે, પણ વિચાર કરશો તો લાગશે કે બંનેમાં આસમાન જમીન જેટલું અંતર છે. કેમેરાએ સામી વ્યક્તિનો ફોટો ઝીલ્યો પણ તેના બદલામાં પોતાની પ્રિન્ટ ગુમાવી. એણે એવી પ્રીન્ટ પર ફોટો પાડયો કે જે પ્રીન્ટ લાંબા સમય સુધી તમારા પ્રતિબિંબને પકડી રાખે. અરીસામાં તમારું પ્રતિબિંબ પડશે પણ તેણે તેમાં કાંઇ ગુમાવ્યું ખરું ? ના. એટલું જ નહિ પણ જેવા તમે અરીસા પાસેથી ખસી ગયા કે અરીસાએ તરત તમારા પ્રતિબિંબને ઉઠાવી લીધું. કેમેરાની પ્રીન્ટે પ્રતિબિંબની અસર પકડી રાખી ત્યારે અરીસાએ તરત દૂર કરી દીધી. ઘણાં વર્ષો બાદ તમારા ફોટાને જોશો. યુવાનીના ફોટાને ઘડપણમાં જોશો તો મનમાં જરા ગ્લાની થશે કે આ ફોટામાં મારું શરીર કેવું તંદુરસ્ત અને નિરોગી દેખાય છે અને અત્યારે શરીરમાં કેટલો ફેરફાર થઇ ગયો છે ! અરીસાના પ્રતિબિંબમાં તો આવો કોઈ પ્રશ્ન નથી રહેતો કારણ કે આ પ્રતિબિંબની અસર લાંબા સમય સુધી રહેતી નથી.

કોના જેવા બનશો ? અરીસા કે કેમેરા જેવા ? : આ ન્યાય આપણા જીવન પર ઉતારવો છે. આપણા જીવનમાં બનતા પ્રસંગોને કે થઈ ગયેલી ભૂલોને જો કેમેરાની માફક પકડી રાખીશું તો ક્ષમાપના કરી શકીશું નહિ અને ભવિષ્યમાં દુઃખી થયા વિના નહિ રહીએ અને અરીસાની માફક એ પ્રસંગોને દૂર કરીશું, ભૂલી જઈશું તો કયારેય દુઃખી થવાનો પ્રસંગ નહિ આવે. આજનું સંવત્સરી પર્વ આપણને એ સૂચન કરે છે કે ભૂતકાળમાં જે ભૂલો થઈ હોય, કોઈની સાથે વેર થયા હોય, કોઈ એ અપમાન–તિરસ્કાર કર્યા હોય ને તેના કારણે વેર ઊભા થયા હોય તો એ ભૂલોને

અરીસાની જેમ તમારા અંતરપટમાંથી દૂર કરો તો તમારું અંતર વિશુદ્ધ બનશે અને સાચી ક્ષમાપના થશે. જો કેમેરાની માફક ભૂલોને પકડી રાખીશું, એ ભૂલોને ભૂલીશું નહિ તો; ભલે બહારથી ક્ષમાપના કરશો પણ એ સાચી ક્ષમાપના કરી ન કહેવાય, માટે કેમેરા જેવા નહિ પણ અરીસા જેવા બનો. અરીસામાં પ્રતિબિંબ ઝળકે છે અરું તેમ કદાચ ભૂલો થઈ હોય તો ભલે પણ તેને તરત ભૂંસી નાંખો. હૃદયપટ પર સંઘરશો નહિ. જો ભૂંસી નાંખવાને બદલે પકડીને બેસી ગયા તો સાધનાના ક્ષેત્રમાં તો હારશો પણ સંસારના ક્ષેત્રમાંય માર ખાશો.

ઘાણીમાં પીલાઈ રહેલા ખંધક મુનિ પોતાની અવગણના કરનાર પાલક પાપીની ભૂલને ભૂલ્યા નહિ અને એ યાદ રાખી તો તેને પાલક પર કષાય થઈ; અને અંતરમાં પ્રગટેલા કષાયના એ દાવાનળે સંયમી જીવનના નંદનવનને સળગાવી દીધું. જો મનને સદા પ્રફુલ્લિત રાખવું છે તો ભૂતકાળમાં કોઈના તરફથી થયેલી પ્રતિકૂળતાઓને સદંતર ભૂલી જાઓ. એ ભૂલ્યા વિના મનની મસ્તી મળવી મુશ્કેલ છે. યાદ કરો મહાપુરૂષોના જીવનને ! તેઓએ ભૂતકાળની પ્રતિકૂળતાઓને તો યાદ કરી નથી પણ વર્તમાનમાં ય પ્રતિકૂળતા ઊભી કરનારાઓને પરમ ઉપકારી માન્યા. ગજસુકુમાલની અને ખંધક મુનિની વાત આપ સાંભળી ગયા ને ! માથે ખેરના અંગારા મૂકનાર સસરા સોમિલને મોક્ષની પાઘડી બંધાવનાર માન્યા. જીવતા શરીરની ખાલ ઉતારવા આવેલા હત્યારાઓને ખંધક મુનિએ ભાઈ કરતાં ય ભલેરા માન્યા. તો એ આત્માર્થી સાધકો હંમેશને માટે દુઃખમુક્ત થઈ ગયા. **"જે ભૂલોને ભૂલી ગયા એમના ભવ ટળી ગયા, અને જે ભૂલોને ભૂલ્યા નહિ એ ભવપરંપરાને વધારી ગયા."** માટે જ્ઞાની કહે છે કે ભૂતકાળની ભૂલોને ભૂલતા શીખો. જે ભૂતકાળની ભૂલોને ભૂલે છે એ જ આત્મા સામાને ક્ષમા આપી શકે છે.

એક મોટો શ્રીમંત જાગીરદાર હતો. એમનું મકાન તો જાણે આલિશાન ભવન ! તેમને વાડી તેમજ ફળદ્રુપ જમીન ઘણી હતી. તેમાં ખેતીનો ધંધો ખૂબ મોટો વિકસેલો હતો. તેમના પુણ્યનો સિતારો ખૂબ ચમકતો હતો એટલે જાગીરદારને ત્યાં વૈભવ ખૂબ વધતો હતો. ધંધો મોટો હોય એટલે નોકરો પણ ઘણાં હોય. જાગીરદાર નોકરોનું ખૂબ ધ્યાન રાખે. કામ બરાબર લે અને પગાર પણ સારો આપે. તે સમજતા હતા કે મારે આટલો ખર્ચો ખાવાપીવામાં થાય છે તો નોકરોને ભલે થોડા ઓછા પણ જોઈએ ને ? નોકરોની આજીવિકા બરાબર ચાલી રહે તે રીતે પગાર આપતા. ઘણાં દાનદાન માણસો હોય છે કે નોકરોને પોતાના માને અને તે દુઃખી ન થાય તેનું ધ્યાન રાખે. જાગીરદારના ન્યાયી અને પ્રમાણિક વર્તનથી તેમની કીર્તિ ખૂબ ફેલાઈ હતી. તેમના ગુણ ઠેરઠેર ગવાતા હતા. જાગીરદાર પોતે જાતમહેનતુ ખૂબ હતા. બીજા પાસેથી કામ લેવાની તેમનામાં કળા હતી. તેમના આટલા બધા નોકરોમાં એક નોકર એવો હતો કે તે કામ કરવામાં આળસ કરે. બેઠો બેઠો ખાય અને જો શેઠનું ધ્યાન ન હોય તો કામ કરવાને બદલે ઊંઘી જતો. શેઠને છેતરવામાં એને ખૂબ આનંદ આવતો. તે બીજા નોકરોની પાસે શેઠની અને તેમના કુટુંબની જુઠી જુઠી ચાડીઓ ખૂબ ખાતો.

વેર વાળવા લાગ જોતો નોકર : એક દિવસ શેઠે આ નોકરને કંઈક કામ સોંપેલું. તે કામ કરવાને બદલે નિરાંતે સૂઈ ગયો, આથી શેઠને ગુસ્સો આવ્યો. તેને ઉઠાડીને ઠપકો આપ્યો. આખો દિવસ ઉંઘ્યા કરે છે. કામ કરતો નથી અને મફતનો પગાર ખાય છે. વાંક પોતાનો હતો. કામમાં હરામીપણું પોતે કર્યું છે. એને પોતાનો વાંક ન દેખાયો અને શેઠને ખૂબ કડવા શબ્દો કહ્યા ને શેઠનું હડહડતું અપમાન કર્યું ને કહ્યું– જાવ થાય તે કરી લો. આથી શેઠે તેને પગાર આપી છૂટો કર્યો. આંખમાંથી ખૂન વરસાવતો અને દાંત કચકચાવતો આંખો ચઢાવીને બોલ્યો શેઠ ! યાદ રાખજો. મને નોકરીમાંથી છૂટો કર્યો છે તેનો બદલો લીધા વિના નહિ રહું. શેઠને એ ખ્યાલ નહિ કે આ નોકર કહેલું કરી બતાવશે. જાગીરદારના ગામની બહાર એક મોટું જંગલ હતું. એ જંગલમાં પેલો નોકર પડયો રહેતો. લાગ મળે તો કોઈ વાર ચોરી કરી આવતો. જંગલના ફળફૂલ ખાઈને પોતાનું જીવન પસાર કરતો. એના મનમાં એક ઈચ્છા હતી કે મને શેઠે નોકરીમાંથી છૂટો કર્યો છે તો મારે તેમનું વેર લેવું છે એ માટે રોજ લાગ શોધ્યા કરતો હતો. એક વાર તેની ઈચ્છા ફળીભૂત થઈ.

ફુલ પર ચલાવેલી કટાર : આ શેઠને આઠ વર્ષની એકની એક દીકરી હતી. તે રૂપરૂપનો અવતાર. જાણે દેવકન્યા ન હોય ! વેરીના હૈયામાં પણ વહાલ જગાડે એવી મીઠાબોલી ભલીભોળી આ છોકરી હતી. તેની સંભાળ રાખનાર એક આયા હતી. છોકરીનું બધું કામ તે કરતી. એક વાર આ આયા છોકરીને લઈને બગીચામાં ફરવા ગઈ. નિર્દોષ બાળા રમી રહી છે. આયાનો પતિ ખૂબ બિમાર હતો. તેનું ઘર બગીચાની નજીક હતું તેથી તે ખબર લેવા ગઈ. તે સમયે ફુદરતે પેલો નોકર આ ફૂલ જેવી રૂપા પાસે આવ્યો. વેરનો બદલો લેવો છે એટલે કમ્મરે ખોસેલી તીક્ષ્ણ ધારવાળી તલવારથી નાની બાળા રૂપાનો એક હાથ કાપી નાંખ્યો. છોકરીએ કારમી ચીસ પાડી. દડદડ લોહી વહેવા લાગ્યું. રૂપા બેભાન થઈને પડી. નોકર તો ભાગી ગયો. ચીસ સાંભળીને આયા અને આજુબાજુથી લોકો દોડી આવ્યા. આયા તો મનમાં ફફડતી ધ્રુજતી ધ્રુજતી રૂપાને લઈને ઘેર આવી. શેઠ કહે–અરે આયા ! આ કર્યું કોણે ? શેઠ ! મને ખબર નથી. તે રમતી હતી, હું મારા બિમાર પતિની ખબર લેવા ગઈ ત્યાં કોણ આવ્યું ને શું કર્યું તે કાંઈ ખબર ન પડી. શેઠ પવિત્ર હતા. તે સમજતા હતા કે આ બધા કર્મના ખેલ છે. જેણે આ કાર્ય કર્યું હશે તેનો બદલો કર્મ તો તેને આપવાનો છે, પણ મારે બદલો લેવો નથી ને વેર બાંધવું નથી. શેઠે રૂપા માટે ખૂબ ટ્રીટમેન્ટ કરી. ઘણા ઉપચારો કર્યા તેથી તે બચી ગઈ. સારું થયું પણ હાથ તો ગયો તે ગયો ને ! હવે નવો હાથ કંઈ આવી શકવાનો છે !

અરિને ઓળખવા છતાં આદર : હાથ કપાયેલી રૂપા ધીમે ધીમે મોટી થઈ. તે ૨૦ વર્ષની થઈ. તેણે કહ્યું–પિતાજી ! મારો હાથ કપાયેલો છે એટલે મને અનુકૂળ પતિ મળશે નહિ, માટે હું જિંદગીભર બ્રહ્મચર્યનું પાલન કરી કુંવારી રહીશ. આપનું

કામ સંભાળીશ. પ્રભુ ભજનમાં મારું જીવન વીતાવીશ. આપ મને દીકરા સમાન માનજો. શેઠની બધી જવાબદારી તેણે ઉપાડી લીધી. નોકરોને પણ તેના તરફથી સંતોષ થયો. બધાની સાથે ખૂબ પ્રેમથી રહેતી. રૂપા ૨૫ વર્ષની થઈ ત્યાં તેના પિતા પરલોકવાસી થયા. હવે તો તમામ જવાબદારી રૂપાને માથે આવી. શેઠને દીકરો તો છે નહિ. રૂપા બરાબર કામ કરે છે. એક દિવસ આ છોકરી પાસે એક માણસ આવ્યો. તેણે કહ્યું– બેન ! મને નોકર તરીકે રાખો ને ! હું કેટલાય દિવસથી ભૂખ્યો મરું છું. એનું મુખ જોતાં રૂપા ઓળખી ગઈ કે આ બીજો કોઈ નહિ પણ મારો હાથ કાપનાર છે. મનમાં જરા વાર થયું કે આને ના પાડી દઉં પણ પછી તરત કહ્યું–હા ભાઈ ! હું તને નોકરીમાં રાખીશ. હમણાં તું અશક્ત ખૂબ દેખાય છે; બરાબર ખા પી. તારા કપડાં બદલી નાંખ. આ સારા પહેરી લે. ૧૫ દિવસમાં નોકર સારો થઈ ગયો અને બધું કામ કરવા લાગ્યો.

વેરી સાથે વાત્સલ્ય વહાવતી રૂપા : આ નોકર રોજ રૂપાને જુવે ને તેની આંખમાં આંસુ આવે. તેના મનમાં એમ કે આ બેન મને નહિ ઓળખતા હોય પણ હું તો તેમને ઓળખું છું. મેં તેમની જિંદગી હાથ વગર બરબાદ કરી નાંખી ને ! છતાં તે મારું કેટલું ધ્યાન રાખે છે. એક દિવસ રૂપા આ નોકરને રડતો જોઈ ગઈ. પૂછે છે ભાઈ ! શા માટે રડે છે ? શા માટે આટલો દુઃખી છે ? તું આનંદથી રહે. નોકર ગોઠાણીના પગમાં પડીને ખૂબ રડયો. તેમના પગમાં ચકચકતી તલવાર મૂકીને કહ્યું– બા ! આપ આ તલવાર મારી ડોક ઉપર ફેરવી દો. શા માટે ? આપે મને ઓળખ્યો નહિ હોય કે આપનો હાથ કાપી આપની જિંદગી બરબાદ કરનાર એ નિમકહરામ પાપી હું છું. આ તલવાર મારી ડોક ઉપર મારો તો મને સંતોષ થશે. તો જ મારા પાપોનું પ્રાયશ્ચિત થશે. રૂપા કહે–તું આવ્યો ત્યારે જ હું તને ઓળખી ગઈ હતી. તારી એ ભૂલોને હું સાવ ભૂલી ગઈ છું. ભૂલી છું એટલું જ નહિ પણ મારા અંતરમાંથી એ ભૂલોને ભૂંસી નાંખી છે. રૂપા કહે વેર કોની સાથે લેવાનું હોય ? શત્રુ સાથે. પણ મેં તને શત્રુ માન્યો જ નથી. મિત્ર માન્યો છે પછી વેર લેવાની વાત જ ક્યાં ? હવે તું આ વાત યાદ કરીશ નહિ. પોતાનો હાથ કાપીને જિંદગી બરબાદ કરનાર નોકરને આ રીતે ક્ષમા આપવી એ વાત સહેલ નથી. નોકર રૂપાના ચરણોમાં પડી ખૂબ રડયો. માતા ! તમે તો દયાની દેવી છો. તમે મને માફ કર્યો છે પણ મારા કર્મો મને કેવી રીતે માફ કરશે ? ભાઇ ! કરેલા પાપોનો શુદ્ધ હૃદયથી પશ્ચાતાપ કરવાથી તારા બધા પાપ માફ થઈ જશે. હવે ફરી આવા પાપો નહિ કરવાની પ્રતિજ્ઞા કર તો તારું દિલ હળવું બની જશે. નોકરે પ્રતિજ્ઞા કરી અને જિંદગીના અંત સુધી શેઠાણીની સેવા કરી.

" હા પસ્તાવો વિપુલ ઝરણું; સ્વર્ગથી ઉતર્યું જે,
પાપી તેમાં ડૂબકી દઇને પુણ્યશાળી બને છે. "

આજનો દિવસ એ સંદેશો આપે છે કે ભૂલોને ભૂલી જાવ તો વેરનું વિસર્જન થશે. તો જ વેરી મટી સાચા ઝવેરી બની શકશો. આજે બપોરે બધા આલોચના કરશો ને

સાંજે પ્રતિક્રમણ કરશો. પ્રતિક્રમણ વખતે જ્યારે હેતના હાથ લંબાવીએ ને બધાને ખમાવીએ ત્યારે જગતના સર્વ જીવોમાંથી એક પણ જીવ બકાત ન રહી જવો જોઇએ. કોઈ પ્રસંગવશ ભૂલ થઈ ગઈ હોય અને વેરની ગાંઠ બંધાઈ ગઈ હોય તો સંવત્સરી પ્રતિક્રમણ વખતે ક્ષમાનો છંટકાવ કરી એ વેરની આગને ઠારી દેજો. જો પાપોનો ઇરાર કરી સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવનાના ઝરણા વહાવશો તો સાચા આરાધક બની શકશો. તો જ સાચા ઝવેરી બની શકશો. વેરનું વિસર્જન કરી સર્વ જીવો પ્રત્યે સ્નેહની સરવાણી વહાવીશું તો સાચા ઝવેરી બની શકીશું.

આજે અમારા મહાસતીજીઓમાં બા. બ્ર. હર્ષિદાબાઈ મ. બા. બ્ર. ઉર્વીશાબાઈ મ. બા. બ્ર. નવદીક્ષિતા હેતલબાઈ મ. ત્રણે સતીજીઓને આજે ૧૯ મો ઉપવાસ છે. આગળ વધવાના ભાવ છે. બા. બ્ર. ભાવનાબાઈ મ. અને બા. બ્ર. નવદીક્ષિતા પૂર્ણિતાબાઈ મ. ને આઠમો ઉપવાસ છે.

આજે ક્ષમાપના ઉપર ઘણું જ કહ્યું છે. હું માનું છું કે આપ બધા એકબીજા સાથે જે વેર ઝેર હશે, અણબોલા હશે તે બધા આજે છોડી દેશો. તમારા બધા વેર ઝેર મારી ઝોળીમાં મૂકી દો પણ તમે બધા આનંદથી ક્ષમાપના કરો તે જ શુભેચ્છા.

દ્વિ શ્રાવણ સુદ ૮ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૫૦ : તા. ૨૩-૮-૮૫

અનંત જ્ઞાન દર્શનના ધારક, ભવ્ય જીવોના ઉદ્ધારક, મોહના મારક, સમતાના સાધક એવા જિનેશ્વર ભગવંતે આગમ રૂપ જિનવાણીનું નિરૂપણ કર્યું. જિનવાણી સિવાય બીજી કોઈ વાણી હોય તો તે મોહવર્ધક છે, પાપવર્ધક છે અને સંસાર વધારનાર છે. જ્યારે જિનવાણી મોહના ઝેર ઉતારનારી અને કર્મબંધનને કાપનારી છે. જ્ઞાની ભગવંત સમજાવે છે કે અનંતકાળથી આત્માએ જડ પદાર્થોને મહત્ત્વ આપ્યું છે. ચૈતન્ય એવા જ્ઞાનવાન આત્માને ભૂલી ગયો છે તેથી આત્મા ભવવનમાં ભમી રહ્યો છે. સારી સૃષ્ટિ તરફ નજર નાંખીશું તો દેખાશે કે આ સૃષ્ટિમાં બે તત્ત્વોની રમણાણ ચાલી રહી છે. એક છે અનંત શક્તિનો પૂંજ એવું જીવ દ્રવ્ય અને બીજું છે અકલ્પનીય શક્તિનો ધારક પુદ્ગલ જડ દ્રવ્ય. જે કાંઈ દુનિયા દેખાય છે તે બસ મુખ્યત્વે આ બે તત્ત્વોની બનેલી છે. હવે અહીં એ સમજવું છે કે બેમાં કોની શક્તિ વધારે ? જડની કે જીવની ? આ પ્રશ્ન આજકાલનો નથી પણ કેટલાય યુગો પસાર થઈ ગયા છતાં આ બે શક્તિ વચ્ચે ઘર્ષણ ચાલ્યા કરે છે.

સ્થૂલ દૃષ્ટિથી વિચાર કરીશું તો લાગશે કે જડ એવા પરમાણુની તાકાત કેટલી છે ? આજનું વિજ્ઞાન તથા સંશોધનો અણુની અવનવી શોધ જગત સમક્ષ ધરીને ઘડીભર તો જીવને આશ્ચર્યથી વિમુઢ બનાવી દે છે. વર્ષો પહેલાં કોઈએ વાત કરી હોત કે માનવી આકાશમાં ઉડી શકે તો તે વાત હંબક લાગત પણ આજે પૃથ્વીના પેટાળમાં, સમુદ્રના તળિયે કે આકાશમાં ઉડવું તે તો સહજ બની ગયું છે. એ બતાવે

છે વિજ્ઞાનની અણુશક્તિની પ્રચંડ તાકાત પણ આ વિજ્ઞાનનું સંશોધન કરી અવનવી શોધો કરનાર જડની તાકાત બતાવતા વર્તમાનના સાધનો ભલે અત્યારે તમારા ઘરમાં આવી ગયા હોય પણ તેની શોધ કરનાર કોણ છે ? તેની શોધ કરી કોણે ? ત્યાં બુદ્ધિ તો માનવની વપરાઈ કે બીજા કોઈની ? તે વિચારની સ્ફુરણા માનવના હૃદયમાંથી થઈ કે પત્થરમાંથી ? ત્યાં શક્તિ ચેતનની વપરાઈ કે જડની ? જો ચેતન તત્ત્વની આ વિશ્વમાંથી બાદબાકી કરવામાં આવે તો પાછળ વધે શું ? કદાચ ન કલ્પી શકાય, ન વિચારી શકાય તેવા અદ્‌ભુત સાધનો બનાવીને આજનું વિજ્ઞાન લોકોને ખુશ કરી દેશે. સોનાની લગડીમાંથી મનગમતો હાર કે રત્નજડિત વીંટી સોની બનાવી આપે પણ આખરે શક્તિ તો કોની વપરાઈ છે ? સોનાને ખબર નથી કે હું સોનું છું. ખાણમાંથી નીકળેલા હીરાને ખબર નથી કે મારી કીંમત આટલી છે ? તેની કિંમત આંકનાર આખરે તો ચેતન એવો આત્મા જ છે ને ! જો આત્મા ન હોય તો તેની કિંમત કોણ આંકી શકે ?

જડની દુનિયામાં અજબગજબનું પરિવર્તન લાવનાર મહાન બુદ્ધિશાળી વ્યક્તિઓ મળી રહેશે પણ હૃદયની દુનિયામાં ધરખમ ફેરફાર કરી અજબ હૃદયપલટો કરાવનાર જો કોઈ શક્તિ હોય તો તે છે આગમ વચનની અલૌકિક શક્તિ. તેમજ આગમના ખજાનામાંથી તત્ત્વનું પાન કરીને શાસ્ત્ર સુભાષિતોને પોતાની ભાષામાં ગુંથીને સામેની વ્યક્તિના હૃદયનું પરિવર્તન કરવાની તાકાત ધરાવનાર જો કોઈ હોય તો આ પૃથ્વી પર વિચરતા અવનીતલને શોભાવતા વીતરાગી સંતો છે. તીર્થંકર ભગવાનની ઉપદેશ ધારાના અમૂલ્ય વચનોએ આનંદનું જીવન બદલી નાંખ્યું. તે આનંદને આજ સુધી આપણે ગાથાપતિ કહેતા હતા પણ હવે શ્રાવક બનવા તૈયાર થયા. શ્રાવક કોને કહેવાય ? વ્યવહારથી જૈન કુળમાં જન્મ્યા એટલે શ્રાવક કહેવાઈએ બાકી સાચા શ્રાવક તો તે છે કે જે સમકિત સહિત વ્રત ધારણ કરે તે. સાચા સાધુ પણ તે છે કે જે સમકિત સહિત મહાવ્રત ધારણ કરે તે. અભવીજીવો સાધુપણું તો લે પણ તેનામાં સમકિત નથી એટલે તે સાચા સાધુ નથી. આનંદ ગાથાપતિને પ્રભુની વાણી સાંભળતા એવો ઉલ્લાસ આવ્યો, એવી અપૂર્વ શ્રદ્ધા થઈ કે બસ, પ્રભુના મુખેથી વહેતી અમૃતધારાને જાણે સાંભળ્યા કરું !

તારું અમૃત પીતાં પીતાં, મારી ગાગર કદી ના ભરાયે,
તારી કાંતિ જોતાં જોતાં, મારી આંખો કદી ના ધરાયે.
તારી ધારાને મેં ઝીલી જ્યારે જ્યારે, મારા રોમે રોમે કૃષ્ણ ખીલ્યા ત્યારે....

તીર્થંકર ભગવાનની વાણીનો તો એવો અદ્‌ભુત પ્રભાવ છે કે તે ગમે તેટલી વાર સાંભળીએ છતાં તૃપ્તિ થાય નહિ. આનંદ ગાથાપતિને ભગવાનની વાણી ખૂબ ગમી ગઈ. તેના પર શ્રદ્ધા, પ્રતીતિ થઈ, પછી ઊભા થઈને કહે છે एवं मेयं भन्ते । "तहमेयं भंते अवितहमेयं भन्ते । " અહો હે ભન્તે ! હે પૂજ્ય ! આપની વાણી આપ જેમ કહો તેમ છે. આપે છ દ્રવ્યોનું, નવ તત્ત્વોનું, નય-નિક્ષેપાનું, સપ્તભંગીનું જે સ્વરૂપ સમજાવ્યું

છે તે યથાર્થ છે; સત્ય છે એમાં શંકાને સ્થાન નથી. तमेव सच्च निस्संकं આપની વાણી સત્ય અને નિશંક છે. તે સાંભળતા મારા રોમેરોમમાં આનંદ થયો છે. આપની વાણી સાંભળ્યા પછી હવે મને બીજા કોઈ ધર્મની રૂચી નથી. માત્ર તમારા માર્ગની શ્રદ્ધા કરું છું; હું તેને હૃદયમાં ધારણ કરું છું. આપે જે સમજાવ્યું તે વાત મારા મનમાં જચી ગઈ છે. એકદમ અંતરમાં ઉતરી ગઈ છે. આપના માર્ગ પ્રત્યે પ્રેમ જાગ્યો છે. સાચા માર્ગની મને પીછાણ થઈ છે. કલ્યાણનો માર્ગ કયો અને પાપનો માર્ગ કયો તેનું મને ભાન થયું છે. જ્યાં સુધી નાના બાળકને ભણવાની લગની નથી ત્યાં સુધી તે સ્કૂલમાં રડતો રડતો જશે પણ જ્યારે એને ભણવા પ્રત્યે પ્રેમ જાગશે ત્યારે રસોઇ નહિ થઈ હોય તો ભૂખ્યો જતો રહેશે. આ રીતે આનંદ ગાથાપતિને હવે રંગ લાગ્યો, તેનું અંતર ઉલસી ગયું છે. આપણને પણ ભગવાનની વાણી સાંભળતા હૈયું ઉલસવું જોઈએ.

આજના દિવસનું નામ છે દુબળી આઠમ- તમે દુબળી આઠમનો અર્થ શું કર્યો છે. તમે માનો છો કે પર્યુષણ ગયા એટલે પરિણામ દુબળા પડયા તેવો અર્થ કરો છે પણ જ્ઞાનીએ તો એનો સુંદર અર્થ કર્યો છે. પર્યુષણ પર્વના આઠ દિવસોમાં કષાયોના કાટ ઉખેડયા. તે કાટ કાઢતાં કાઢતાં ચૂણે ખાંચે જે થોડો ઘણો રહી ગયો હોય તેને આજે દૂર કરવાનો દિવસ છે. કષાયો આત્માનું કેટલું અહિત કરે છે! પબ્લીક કેરીયર સાથે એક ગાડું અથડાય તો એક બળદ કયાં, બીજો બળદ કયાં અને ગાડું પણ કયાંય ફેંકાઈ જાય છે; તેવી રીતે ક્રોધ રૂપી પબ્લિક કેરીયર સાથે જો આત્મા અથડાઈ જાય તો આત્મા કયાંય ને કયાંય ફેંકાઈ જાય છે. ક્રોધથી તો જ્ઞાની પણ નરક અને નિગોદમાં ફેંકાઈ જાય છે. ચાર ચાર માસના ઉપવાસી કુરૂડ અને ઉત્કુરૂડ મુનિવરો નરકના અધિકારી બની ગયા. ક્રોધ તપને પણ ખતમ કરે છે. એક ચિત્રકારે બાર બાર વર્ષની મહેનત પછી આબેહૂબ, સાક્ષાત્ મૂર્તિવંત ચિત્ર દોર્યું હોય ને તે ચિત્ર પર કોઈ શાહીનો બડિયો ઢોળી નાંખે તો ક્ષણ વારમાં નાશ પામે છે તેવી રીતે ક્ષણવારમાં ક્રોધથી ક્રોડ વર્ષનો સંયમ પણ નાશ પામે છે. ક્ષમા વિના માનવનું જીવન જીવન નહિ પણ કુરૂક્ષેત્રનું મેદાન બની જાય છે. ઘણી વાર એવું બને છે કે માનવીનો સ્વભાવ ગરમ હોય છે પણ કંઈક નિમિત્ત મળતાં તે શાંત પડી જાય છે.

આપણા જૈનદર્શનમાં તો ક્રોધને જીતવાની વાત કરી છે પણ વૈષ્ણવ ધર્મમાં પણ ક્રોધને જીતવાનું કહ્યું છે. વૈષ્ણવ ધર્મની એક વાત છે. કાકા ભત્રીજા તીર્થોની યાત્રા કરવા નીકળ્યા. અનેક તીર્થોની યાત્રા કરી. કાકાના મનમાં થયું કે મારી યાત્રા સફળ કયારે બને? હું ક્રોધી બહુ છું. મારો એ ક્રોધી સ્વભાવ છોડું અને ક્ષમાને અપનાવું તો મારી યાત્રા સફળ થાય. એક વાર પાંડવો યાત્રા કરવા જતા હતા ત્યારે કૃષ્ણજીને કહ્યું અમે યાત્રા કરવા જઈએ છીએ. આપ અમારી સાથે આવો. કૃષ્ણજી કહે મને ટાઈમ નથી પણ આપ જો યાત્રા કરવા જાવ છો તો મારી આ તુંબડી લઈને જાવ. આપ જેવી રીતે યાત્રા કરો તેવી રીતે તુંબડીને કરાવજો. ભલે, પાંડવો તુંબડીને લઈ ગયા.

તેઓ સ્નાન કરે તો તુંબડીને કરાવે. તેઓ જે વિધિ પાઠ કરે તે તુંબડીને કરાવે. પાંડવો યાત્રા કરીને પાછા આવ્યા ને તુંબડી કૃષ્ણજીને આપી દીધી. કૃષ્ણજીએ કહ્યું– પાંડવો ! તમે યાત્રા કરીને પાવન થયા તો મારી તુંબડી પણ પવિત્ર થઇ ગઈ હશે ને ! કૃષ્ણજીએ તુંબડીના સોપારી જેટલા ટુકડા કર્યા અને રાજસભામાં જે ઠઠ ભરાઈ હતી તે બધાને એકેક નાની કણી આપી. બધા થૂ થૂ કરવા લાગ્યા. કૃષ્ણજીએ પૂછયું– આપ બધા કેમ થૂ થૂ કરો છો ? મહારાજા ! આ તો કડવી વખ જેવી છે. અરે, એ આટલી યાત્રા કરીને આવી છતાં તેનામાંથી કડવાશ ધોવાઈ ન ગઈ ? ના. કૃષ્ણજીએ કહ્યું–બહાર યાત્રા ગમે તેટલી કરો છતાં અંતરના કષાયો જાય નહિ ત્યાં સુધી તે સાચી યાત્રા નથી.

પ્રતિજ્ઞાની પરીક્ષા : આ શેઠે વિચાર્યું કે હું ક્રોધ ન કરવાનો નિર્ણય લઉં તો મારી યાત્રા સફળ થાય. તેમના ધર્મમાં પચ્ચખ્ખાણ ન હોય એટલે હાથમાં જળ મૂકે. એ રીતે અઠવાડિયું ક્રોધ નહિ કરવાનો નિયમ લીધો. ભત્રીજાના મનમાં થયું કે કાકાનો સ્વભાવ ખૂબ તેજ છે તે આ પ્રતિજ્ઞા કેવી રીતે પાળી શકશે ? બધા યાત્રા કરીને ઘેર આવ્યા. ભત્રીજાના મનમાં થાય છે કે કાકા આ પ્રતિજ્ઞા પાળી શકવાના નથી. હું તેમની પરીક્ષા કરું તો મને ખબર પડે. જુઓ, ઈર્ષા શું કરે છે ? ભત્રીજો મનમાં વિચાર કરે છે કે શું કરું ? મારે કેવી રીતે પરીક્ષા કરવી. છેવટે એક વિચાર સૂઝયો. મારા કાકા યાત્રા કરીને આવ્યા છે તો તેની ખુશાલીમાં એમણે જ્ઞાતિભોજન કરાવવું જોઈએ તે કરાવ્યું નથી તો હું ગમે તેમ કરીને જ્ઞાતિભોજન કરાવું. આ કરાવવા પાછળ તેનો ઉદ્દેશ કાકાની પરીક્ષા કરવાનો છે. કાકાને ઉતારી પાડવા છે. ઈર્ષ્યા બહુ બૂરી ચીજ છે. જ્ઞાતિભોજન કરવામાં પૈસા ઘટે તો કરજ કરીને, દેવાદાર બનીને પણ કરાવીશ. તેણે બે પાંચ ડાહ્યા માણસોની સલાહ લીધી કે હું જ્ઞાતિભોજન કરાવું તો સારું લાગે ને ? માણસોએ કહ્યું કે તારી પાસે સગવડ હોય તો કર, બાકી દેવું કરીને જ્ઞાતિભોજન કરાવવાની જરૂર નથી પણ ભત્રીજાને તો જમણના બહાને કાકાની પરીક્ષા લેવી છે એટલે એણે તો જ્ઞાતિભોજન નક્કી કર્યું. ભત્રીજાએ બધાને પૂછયું પણ કાકાને ન પૂછયું. વાત તો ધીમે ધીમે કાકા, કાકી પાસે પહોંચી ગઈ. કાકા તો કાંઈ ન બોલ્યા. પણ કાકી તો કાકા કરતાં વધુ ક્રોધી હતા. તેમને તો આ વાત સાંભળતા ગુસ્સો આવી ગયો. અમારો ભત્રીજો ને અમને કાંઈ પૂછવાનું નહિ ?

અવળામાંથી સવળું : કાકા દુકાનેથી ઘેર આવ્યા, તરત કાકી તાડૂકયા. તમારા ભત્રીજાએ જ્ઞાતિભોજન માટે કાંઈ પૂછયું છે કે નહિ ? કાકાના મનમાં તો કાંઈ નથી એટલે કહે છે ના. એમાં શું પૂછવું હતું ? ગામમાં બધાને પૂછયું તો તમે પૂછવા લાયક નથી ? આપણે જમવા નથી જવું. કાકા કહે–ના. મારાથી એવું ન થાય. મારો ભત્રીજો જ્ઞાતિ જમાડે ને હું ન જમું ? કાકી કહે–ભલે તમે જજો. હું નહિ આવું. ભત્રીજો કાકાને ઘણી વાર મળતો પણ આ બાબતમાં તે કાકાને કાંઈ પૂછતો નહિ અને

કાકા સામેથી બોલતા નહિ. જમવાનો દિવસ આવી ગયો. ભત્રીજાએ બધાને નોતર્યા પણ કાકાને નોતરું ન આપ્યું. તેણે નોતરું દેવાવાળાને જાણી જોઈને કહ્યું હતું કે તેમને ઘેર નોતરું નહિ દેવાનું; તે તો ઘરના કહેવાય. ઘરનાને નોતરું ન હોય. કાકાનું દિલ તો શાંત હતું પણ કાકીનો તો ગુસ્સો ગજબનો હતો. તેણે કહ્યું–જુઓ. ભત્રીજાએ ગામમાં બધાને નોતરું આપ્યું અને આપણને ન આપ્યું. કાકાનો સ્વભાવ તો તદ્દન બદલાઈ ગયો છે. તે અવળામાંથી સવળું શોધે છે. તેમણે ભત્રીજાનો દોષ ન જોયો. તેમણે કહ્યું–તું કેવી વાત કરે છે ? ઘરનાને આમંત્રણ હોય ? આપણે તો ઘરના કહેવાઇએ. આપણે આમંત્રણની શી જરૂર ? ભલે, તો તમારે જવું હોય તો જજો પણ હું તો આવવાની નથી. હું એવું માન–સન્માન વિનાનું ન જમું.

ક્રોધના નિમિત્ત મળવા છતાં કાકાની અપૂર્વ ક્ષમા : કાકાના મનમાં તો જરા પણ ગુસ્સો નથી આવતો. તે કહે હું તો જમવા જઈશ. જમવાનો સમય થયો એટલે કાકા તો ગયા. કાકા પીરસવાના કામમાં જોડાયા. ભત્રીજાએ કાકાને આવો, બેસો, જમો કાંઈ ન કહ્યું, કોઈ જાતનો આવકાર ન આપ્યો. આ જગ્યાએ આપણે હોઈએ તો મનમાં શું થાય ? ગુસ્સો આવી જાય. કાકી જમવા આવ્યા નથી. તે ઘરમાં બેઠા બેઠા બધું જોયા કરે છે. ભત્રીજાએ આદર સત્કાર ન આપ્યો છતાં શેઠ જમવા બેઠા. ભત્રીજો બધું જોયા કરે છે. કાકા આદર સત્કારની પરવા કર્યા વિના જમવા બેસી ગયા. કાકી નથી આવ્યા. તેમનું ધ્યાન આ બાજુ છે. ભત્રીજો વિચાર કરે છે કે અત્યારે બરાબર પરીક્ષાનો સમય છે. બધાના ભાણામાં મિઠાઈઓ પીરસાણી ત્યારે શેઠના ભાણામાં ભત્રીજાએ રેતી નાંખી. બધા કહેવા લાગ્યા કે તું આ શું કરે છે ? તમે કોઈ બોલશો નહિ. મેં કાકાને કયાં નોતરું આપ્યું છે તે જમવા આવ્યા ? હું તેમને નહિ જમવા દઉં. આટલું કરવા છતાં મુખની રેખા ન બદલાઈ. તેમણે શાંતિથી મીઠાશથી કહ્યું મારા ભત્રીજાનું જમણ છે તો હું શા માટે ન આવું ? ગુસ્સો થાય તેવા નિમિત્તો ભત્રીજાએ ઊભા કર્યા છતાં કાકાએ ગુસ્સો ન કર્યો. કહેવાય છે કે દોડનારો થાકે પણ ઊભો રહેનારો ન થાકે તેમ ભત્રીજો થાકી ગયો. કાકાના ચરણમાં પડીને માફી માંગી. ધન્ય છે કાકા આપને ! આપે લીધેલી પ્રતિજ્ઞા બરાબર પાળી છે. આપની યાત્રા સફળ બની છે. આ દૃશ્ય જોતાં લોકોના મનમાં આશ્ચર્ય થયું. આ શું ? ભત્રીજાએ બધાની શંકાનું સમાધાન કર્યું. શેઠે ક્રોધ નહિ કરવાની પ્રતિજ્ઞા કરી તો દુઃખ આપનાર પ્રત્યે પણ દ્વેષ બુદ્ધિ ન થઈ. આ રીતે જીવનમાં ક્ષમા રાખવાથી-મૈત્રીભાવ જાગે છે. વેરી વહાલો બની જાય છે અને જીવનમાં અગણિત વિકલ્પો સંકલેશો ઓછા થાય છે.

એક વાર ૫૦૦ માણસોનું ટોળું નીકળ્યું. તેનો નાયક સાવ ગમાર, ઓછી બુદ્ધિવાળો હતો. બધાના હાથમાં ધારિયા હતા. તે મોટેથી બરાડા પાડતા હતા. તે શું સમજે છે એના મનમાં ? હવે તો એને બરાબર બતાવી દઈશું. એક ડાહ્યા વણિકે આ બધાને જોયા. તે સમજી ગયો કે બધાનો નાયક ગમાર લાગે છે. તેણે પૂછ્યું–

તમે બધા કયાં જાવ છો ? જરા ઊભા તો રહો. આ ધારિયા લઇને કોની સામે લડવા જાવ છો? પેલા સૂર્યની સામે. એણે તમારું શું બગાડયું છે? ભાઈ ! તેની તો વાત જ ન પૂછશો. અમે સવારના દુકાને જઈએ ત્યારે તે અમારી સામે આવે છે અને અમને હેરાન કરે છે. સાંજે ઘેર જઈ એ ત્યારે પણ તે અમારી સામે આવીને હેરાન પરેશાન કરે છે. ઘણા દિવસો સુધી સહન કર્યું. હવે તો તેને તોડી પાડવા જઈ એ છીએ. વણિકના મનમાં થયું કે આ બધા ગાંડાઓ ભેગા થયા છે તો હું એમને બરાબર ફસાવું. એટલે તેણે વણિક બુદ્ધિ વાપરીને કહ્યું, તમારી વાત બરાબર છે. આપણે કાંઈ નમાલા છીએ તે એનો ત્રાસ સહન કરીએ પણ આપ એક વાત સમજો.

સૂર્યની સાથે તો મારે કેટલાય વર્ષોથી ગાઢ પરિચય છે. સૂર્યની શક્તિ કાંઈ કમ નથી. કોઈ સૂર્યને જીતી શકયા નથી. ભલભલા ભડવીરો પણ તેની સામે હારી ગયા છે. જો તમે કહો તો તમે ઘેરથી નીકળો ત્યારે અને જાવ ત્યારે તમને તે હેરાન ન કરે એવું કંઈક કરી આપું. તે માટે પ્રયત્નો કરું પણ તેને સમજાવવા માટે કે તેની સાથે લડવા માટે વકીલ રોકવા પડે તે બધા પૈસા તો જોઇએ ને ? આપ મને શું આપશો ? તમે કહો તે. આપ મને બે હજાર રૂા. આપો. વણિકે બે હજાર લઈ લીધા અને કહ્યું કે તેને સમજાવવા માટે મારે એક મહિનો જોઇશે. ટોળું તો વિખેરાઈ ગયું. વાણિયો મનમાં હરખાતો ઘેર ગયો. થોડા દિવસ બાદ પેલો ગમાર વણિકને મળ્યો. તેણે પૂછયું– ભાઈ ! આપ સમજાવવા ગયા હતા ? પાસા બરાબર પડે તેમ છે ને ? હા....હા....તે થોડા ઢીલો પડી ગયો છે. હજુ તો આપણી પાસે દિવસો છે. બધું બરાબર કરી દઈશ. ૨૯ દિવસ પૂરા થયા એટલે ગમાર વણિકને પૂછે છે ભાઈ ! શું થયું ? તે માની ગયો ખરો ? હા. પણ તેણે એક શરત કરી છે તે કબૂલ કરવી પડશે. બોલો ભાઈ, કઈ શરત છે ? તમે જ્યાં દુકાન રાખી છે ત્યાં ઘર કરી દો અને જ્યાં તમારું ઘર છે ત્યાં દુકાન કરો. બસ, આટલી વાત તમે સ્વીકારતા હો તો એ તમને જિંદગીમાં હેરાન નહિ કરે. બોલો આ વાત મંજૂર છે? હા. બીજે દિવસે દુકાન થઈ ગઈ પશ્ચિમ દિશામાં અને ઘર થઈ ગયું પૂર્વ દિશામાં. એટલે હવે ઘેરથી દુકાને જાય તો ય સૂર્ય પાછળ રહ્યો અને દુકાનેથી ઘેર આવે તો પણ સૂર્ય પાછળ રહે. બધાની મુશ્કેલી મટી ગઈ; અને વાણિયો મફતમાં ૨૦૦૦ રૂા. કમાઈ ગયો.

આપણા આત્માએ પણ આવા ગમારવેડા નથી કર્યા ! બધાનું મુખ સુખ સામે છે અને પીઠ દુઃખ સામે છે. ચાર ગતિમાં ગમે ત્યાં જીવ ગયો ત્યાં દૃષ્ટિ સુખની સામે રહી છે. આ સુખ તરફની દોટે જીવને બધુ દુઃખી કર્યો છે. આ દૃષ્ટિ બદલવાની જરૂર છે. જો સુખ તરફ પીઠ કરીએ અને દુઃખ તરફ મુખ કરીએ તો પછી જુઓ જીવન જીવવાની મઝા કેવી આવે છે ? મોક્ષ ગતિને પામેલા અનંત આત્માઓએ દુઃખ તરફ મુખ કર્યું છે અને સુખ તરફ પીઠ કરી છે. અરે, તેઓએ તો સામેથી દુઃખોને બોલાવ્યા છે અને વગર બોલાવ્યે આવેલા સુખોનો જરાય આદર નથી કર્યો તો તેઓ કાયમી દુઃખ મુક્ત

બની ગયા છે અને શાશ્વત સુખના ભોક્તા બની ગયા છે. આજ સુધી જીવે સુખ પાછળ દોટ મૂકી છે. એ ભૌતિક સુખ ભોગવતા તેના પરિણામે દુઃખો ઊભા કર્યા છે એ જીવન દૃષ્ટિને બદલવાની છે.

પ્રભુની વાણી સાંભળ્યા પછી આનંદ ગાથાપતિની દૃષ્ટિ બદલાઇ ગઈ. અત્યાર સુધી તેમની દૃષ્ટિ પૌદ્ગલિક સુખો ઉપર હતી હવે આત્મિક સુખો તરફ દૃષ્ટિ આવી ગઈ. તેમણે ભગવંતને કહ્યું–હે ભગવંત ! આપે જે નિર્ગ્રંથ પ્રવચન ફરમાવ્યું તે યથાતથ્ય છે. તેમાં જરાય ભેદભાવ નથી. હે પ્રભુ ! આપની તો શી વાત કરું ! આપના સમવસરણમા સંતોને જોઉં છું ત્યારે મારા રોમેરોમ પ્રફુલ્લિત થઈ જાય છે. આપની પાસે રાજા, મહારાજાઓ, તલવરો, રાજકુમારો, યુવરાજો, મોટા શેઠ સેનાપતિઓ, સાર્થવાહો મુંડિત થઇને ઘર છોડીને સાધુ બન્યા છે. ધન્ય છે તેમને ! પણ મારા આત્મામાં એવો ઉલ્લાસ નથી ઉપડતો, એવી ઉર્મીઓ નથી ઉછળતી કે હું પણ આ બધાની જેમ સંસાર છોડીને સાધુ બની જાઉં. હું સંયમ લેવા માટે સમર્થ નથી એ મારી કાયરતા છે. સંયમી જીવન જીવું એટલી મારી તૈયારી નથી. આપે બે ધર્મની પ્રરૂપણા કરી છે " अगार्यनगारश्च. " આગાર ધર્મ અને અણગાર ધર્મ. આનંદે મનમાં નક્કી કર્યું કે હું તો સંયમ લઈ શકું એટલી મારી શક્તિ નથી. હજુ આનંદ પ્રભુને શું કહેશે તે ભાવ અવસરે.

ચરિત્ર :– દીકરા માટે માતાને થયેલી શંકા : પર્યુષણ હોવાથી ચરિત્ર બંધ હતું હવે આપણું ચાલુ ચરિત્ર પુણ્યસાર ચરિત્ર વિચારીએ. પુણ્યસારને તેના પિતાએ ધક્કો મારીને બહાર કાઢી મૂકયો. હજુ ૨૪ કલાક નથી થયા ત્યાં તેના જીવનમાં કેટલી નવાજૂની બની ગઈ ! છેવટે તે ઘેર આવ્યો, આવીને માતાના ચરણમાં પડયો. તેનો પોશાક, તેના શરીર પર દાગીનાનો શણગાર આ બધું જોઈને માતાના મનમાં શંકા થઇ કે અમે તેને કાઢી મૂકયો ત્યારે તેની પાસે રાતી પાઈ પણ હતી નહિ. પોશાક સામાન્ય હતો અને આ બધું શું ? માતાએ પુણ્યસારને ખોળામાં બેસાડયો ને માથે વહાલસોયો હાથ ફેરવ્યો. તેના ખબર અંતર પૂછયા. ગમે તેમ તો ય માતાનું હૃદય છે ને ! એ દીકરાઓ મોટા થાય ત્યારે માતાને ભૂલી જતય છે અને લાત મારે છે તો ય માતા કહેશે કે મારો દીકરો. માતાના મનમાં શંકા થાય છે કે આ કોઈ પુણ્યસારનું રૂપ લઈને તો નહિ આવ્યો હોય ને ? તેના મુખ સામું વારંવાર જોયા કરે છે. આ આંગળીઓ પરની ૧૦ હીરાની વીંટીઓ કયાંથી લાવ્યો હશે ? કોઈ જાદુગર રૂપ લઇને તો નહિ આવ્યો હોય ને ? એટલે માતા પૂછે છે દીકરા ! તારું નામ શું ? માતા ! તું મને ઓળખતી નથી. હું તારો પુણીયો છું પુણીયો. તારો તોફાની દીકરો. નામ તો બીજાને ય બોલતા આવડે એટલે કેવી રીતે માની લેવાય ? સારું દીકરા ! અહીંથી ગયા પછી શું બન્યું તે બધી હકીકત મને કહે ને !

શંકાનું સમાધાન કરવા કહેલી સત્ય કહાણી : આ ! હું જુગાર રમતો હતો, મેં હારની ચોરી કરી અને મારા બાપુજીએ મને કાઢી મૂકયો હતો. તે તો બરાબર છે ને ? હા. માતાના મનમાં તો હજુ એમ થયા કરે છે કે આ સાચું બોલતો હશે ? કોઈ બનાવટી તો નહિ બોલતો હોય ને ! પુણ્યસાર કહે મારા પિતાએ મને બહાર ધક્કો માર્યો ત્યારે કહ્યું હતું કે તું હાર લઈને આવે ત્યારે મારા ઘરમાં પગ મૂકજે. જો તમે મને ખોટો માનતા હો તો મેં જેમને હાર આપ્યો છે તેમને સવા લાખ રૂા. આપી આવું અને હાર પાછો લઈ આવું. ના દીકરા ! તું ૨૪ કલાકમાં કોને પરણીને આવ્યો છે ? કારણ કે તારો પોશાક લગ્નનો છે. તું પરણ્યો તો વહુ કેમ નથી ? તે તું મને કહે. માતા ! મારી વાત સાંભળો, મારા પિતાએ મને કાઢી મૂકયો અને હાર લઈને આવે ત્યારે ઘરમાં આવવાનું કહ્યું હતું, પછી હું કયાં જાઉં ? શું કરું ? તે વિચાર કરતો કરતો ચાલ્યો જતો હતો. ચાલતાં ચાલતાં જંગલમાં પહોંચ્યો. ત્યાં તો વાઘસિંહની ભયંકર ગર્જનાઓ સંભળાતી હતી. મારા તો હાજા ગગડી ગયા. હું ઝાડ પર ચડી ગયો. હમણાં વાઘસિંહ આવશે તો હું મરી જઈશ. મને તો ખૂબ ભય લાગવા માંડયો. ત્યારે આપે મને નવકારમંત્ર શીખવાડયા હતા તેનું સ્મરણ કર્યું. તેના પ્રભાવે મને વિચાર આવ્યો કે આ ઝાડ પર હું બેઠો છું, એમાં મને જો ઝોકું આવશે તો પડી જઈશ અને વાઘ સિંહ મને મારી નાંખશે. આમ ભય લાગવાથી નીચે ઉતર્યો અને ઝાડની બખોલ હતી તેમાં પેસી ગયો. બખોલમાં બેઠા બેઠા નવકારમંત્રનું સ્મરણ કરતો હતો ત્યાં શું બન્યું તે સાંભળો.

ઝમઝુમ કરતી દેવીઓ આવી; અલકમલક વાતો કરતી,
વલ્લભીપુરમાં કૌતુક થાયે (૨) જોવા જઈએ ત્યાંય હો.....

તે વનમાં ઝમઝુમ કરતી બે દેવીઓ આવી. તેમણે આવીને પહેલા ચોક સ્વચ્છ કર્યો. પાણીનો છંટકાવ કર્યો. મને તો થડકારો થતો હતો કે કદાચ આ દેવીઓ મને ઉપાડી જશે તો ? માતાના મનમાં થાય છે કે દેવીઓ ત્યાં કયાં ઉતરી પડી ? તેને વાત ગળે ઉતરતી નથી. બેટા ! પછી શું થયું ? ત્યાં બે દેવીઓ આવી અને આનંદથી ગરબા ગાવા લાગી. રમતો રમવા લાગી. બધું પતી ગયા પછી બંને વાતો કરવા લાગી. એક દેવીએ બીજી દેવીને પૂછયું– આ મૃત્યુલોકમાં કાંઈ જોવા જેવું છે ? બીજી દેવી કહે– જો તારે જોવા જવું હોય તો વલ્લભીપુરમાં આજે રાતે એક કૌતુક થવાનું છે. ત્યાં જોવા જઈએ. હું બખોલમાં બેઠો બેઠો બધું સાંભળતો હતો. દેવી કહે છે કેવી રીતે જઈશું ? ઝાડ પર બેસીને ! આપણે ઝાડ પર બેસી જઈશું ને પછી ઝાડ ઉડાડી દઈશું. હું તો મનમાં પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે દેવીઓ આ ઝાડ પર ન બેસે તો સારું પણ તે તો હું જે ઝાડની બખોલમાં બેઠો હતો ત્યાં બે દેવીઓ બેઠી. તેમણે ઝાડને હલકારો કર્યો એટલે ઝાડ તો ઉડયું. ભેગો હું પણ ઉડયો. રસ્તામાં મોટા મોટા દરિયા આવતા, મને ભય લાગ્યો કે આ દેવીઓ કદાચ ઝાડને દરિયામાં ફેંકી દે તો હું પડી

જઈશ ને મરી જઇશ. માતા ! હું તારો પુણીયો છું, બીજો કોઈ નથી. આ તારો સાચો દીકરો જ આવ્યો છે. માતા પૂછે છે બેટા ! ઝાડ કયાં ગયું ? ત્યાં બધા ગામના લોકો આવવા લાગ્યા તેથી પુણ્યસારે ટૂંકમાં જલ્દી જલ્દી વાત કરી કે મા પછીથી હું બધું કહીશ. ટૂંકમાં એ ઝાડ વલ્લભીપુર પહોંચ્યું અને ત્યાં સાત કન્યાઓ સાથે લગ્ન થયા. મારા મનમાં થયું કે મારા વિયોગે મારા માબાપ કેવા ઝુરતા હશે માટે હું જલ્દી અહીં આવ્યો. મા તો આશ્ચર્યમાં પડી ગઈ. હવે ગામના બધા પુણ્યસારને મળવા માટે આવવા લાગ્યા. હવે ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૯ને શનિવાર : વ્યાખ્યાન નં. ૫૧ : તા. ૨૪-૮-૮૫

પામરમાંથી પરમાત્મા બનાવનાર, જનમાંથી જિન બનાવનાર, એવા વીતરાગી પ્રભુએ જગતના જીવોને આત્માની ઉત્ક્રાંતિનો માર્ગ બતાવ્યો. એ માર્ગ બતાવનાર આપણા પ્રભુ કે જેમનું જ્ઞાન અનંત અને બુદ્ધિ અપાર હતી તેથી ભગવાનને માટે " मतिमया " શબ્દનો શાસ્ત્રમાં ઉલ્લેખ કર્યો છે. મતિમયા એટલે મતિમાન, પ્રજ્ઞાવાન, બુદ્ધિવાન. ભગવાનની પ્રજ્ઞા કેવી હતી તે બતાવતા શાસ્ત્રમાં કહ્યું છે કે

से पन्नया अक्खय सागरे वा, महोदहि वा वि अणंतपारे ।
अणाइले या अकसाइ भिक्खु, सक्के व देवाहिवई जुईमं ॥ સૂર્ય.અ.૬.ગા.૮

ભગવાન મહાવીર સ્વામી પ્રજ્ઞાથી, બુદ્ધિથી સમુદ્રના સમાન અક્ષય હતા. એટલે કે સ્વયંભૂરમણ સમુદ્રના સમાન, અપ્રતિહત જ્ઞાનથી સંપન્ન હતા અથવા જેમ મહાસાગર અપાર જળથી યુક્ત હોય છે એ પ્રમાણે તેઓ અનંત જ્ઞાનથી યુક્ત હતા. તેઓ નિર્મળ નિષ્કષાય જ્ઞાનાવરણીય આદિ કર્મોથી રહિત તથા દેવોના અધિપતિ ઇન્દ્રની જેમ અત્યંત તેજસ્વી હતા.

ભગવાન મહાવીર સ્વામીની પ્રજ્ઞા સાગર સમાન હતી. ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણે ચાર પ્રકારની બુદ્ધિનું વર્ણન આવે છે. " चउव्विहा मइ पण्णता तंजहा (१) अरंजरोदग समाणा (२) वियरोदग समाणा (३) सरोदग समाणा (४) सागरोदग समाणा " હવે પ્રથમ **અરંજરોદક સમાન :** અરંજર એટલે ઘડો. ઘડાના પાણી જેવી જે બુદ્ધિ હોય છે તેને અરંજરોદક સમાન બુદ્ધિ કહે છે. ઘડામાં પાણી સાગરની અપેક્ષાએ સાવ અલ્પ હોય છે તેમ તીર્થંકરની અપેક્ષાએ સામાન્ય સાધુની બુદ્ધિ સાવ અલ્પ હોય છે. તે બુદ્ધિ બહુ અર્થને ગ્રહણ કરી શકતી નથી. તેમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અલ્પ પ્રમાણમાં થયો હોય છે.

(૨) વિદરોદક સમાન : વિદર એટલે નદીના પટમાં ગાળેલો વીરડો (ખાડો) અથવા કૂવો. નદીમાં અથવા નદીના કિનારે ગાળેલો ખાડો નદીની સાથે ઘસડાઈને આવતી રેતીને લીધે પૂરાઈ પૂરાઈને નાનો બનતો જાય છે પણ તેમાં પાણીની આવક ચાલુ રહે છે. તે જલ્દી નાશ થઈ જતો નથી. એ પ્રમાણે જેની મતિ અલ્પ હોય છે પણ

બીજા અર્થના તર્કથી તે વિશેષ વધતી જાય છે પણ જલ્દી નાશ પામતી નથી, એવી મતિને વિદરોદક સમાન કહી છે. ઉત્તમ સાધુની બુદ્ધિ કૂવા જેવી હોય છે. આ બુદ્ધિમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધુ થયેલો હોય છે.

(૩) સરોદક સમાન : સરોવર અથવા તળાવ જેમ પૂર્ણ પાણીથી યુક્ત હોય છે. તેનું પાણી અનેક જીવોને ઉપકારક બને છે. તેનો જલ્દી નાશ થતો નથી. આ પ્રમાણે જેની મતિ-બુદ્ધિ ઘણી હોય છે. આ બુદ્ધિ અનેકને ઉપકારક બને છે અને જલ્દી નાશ થતી નથી. આ બુદ્ધિને સરોદક સમાન કહી છે. આ બુદ્ધિમાં જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ અધિકતર હોય છે.

(૪) સાગરોદક સમાન : આ બુદ્ધિમાં જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થયેલો હોય છે. જેમ સાગરનું પાણી વિપુલ, અગાધ, ક્ષયરહિત અને સમસ્ત રત્નોથી યુક્ત હોય છે એ પ્રમાણે જે બુદ્ધિ સમસ્ત પદાર્થોમાં અવગાહિની હોય છે તેમને જાણનારી હોય છે, વિપુલતમ હોય છે, અક્ષીણ અને અગાધ હોય છે. આ રીતે અનેક પદાર્થોનો બોધ કરાવનારી તે બુદ્ધિ અનેક અતિશયોવાળી અક્ષય અને અગાધ હોવાથી એવી બુદ્ધિને સાગરોદક સમાન કહી છે. તીર્થંકર મહારાજાની બુદ્ધિ સાગર જેવી હોય છે.

આ ગાથામાં એ સમજાવે છે કે ભગવાનની પ્રજ્ઞા સાગર સમાન છે. બધા સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર સૌથી વિશાળ અને મોટો છે, તેમ જગતના સર્વ જીવોમાં ભગવાનની બુદ્ધિ સર્વશ્રેષ્ઠ છે. વળી તે અક્ષય છે. એટલે કયારે પણ ક્ષય પામવાની નથી કે ઓછી થવાની નથી ભગવાનની પ્રજ્ઞા કેવળજ્ઞાન રૂપ છે. તે કાળથી સાદિ એટલે આદિ સહિત અને અંતરહિત છે. સ્વયંભૂરમણ સમુદ્ર " अणंतपारे " જળથી પાર ન પામી શકાય તેવો હોવા છતાં તેનો અંત પણ છે પણ ભગવાનની પ્રજ્ઞાનો અંત નથી એટલે ભગવાનની પ્રજ્ઞા ' અનંતપાર ' છે. તથા ' અનાવિલ ' એટલે નિર્મળ, સમુદ્રનું જળ અત્યંત નિર્મળ અને મેલથી રહિત હોય છે. એ પ્રમાણે ભગવાનનું જ્ઞાન નિર્મળ અને કષાય તથા રાગ-દ્વેષના દોષોથી સર્વથા રહિત હોવાથી અકસાઈ છે. ૪૨ તથા ૯૬ દોષો રહિત નિરવદ્ય ભિક્ષાથી સંયમનું પાલન કરનારા હોવાથી ભિક્ષુ કહેવાય છે. દેવોના અધિપતિ શકેન્દ્રની જેમ તે દેદિપ્યમાન તેજસ્વી છે. કુલ ઇન્દ્રો ૬૪ છે. ૧૦ ભવનપતિના ૨૦, ૧૬ વાણવ્યંતરના ૩૨, જ્યોતિષીના ૨ અને ૧૨, દેવલોકના ૧૦, કુલ ૬૪ ઇન્દ્રા. તીર્થંકર ભગવંતોના કલ્યાણક વખતે બધા ઇન્દ્રો વતી શકેન્દ્ર નમોત્થુણંનો પાઠ બોલીને સ્તુતિ કરે છે તેથી નમોત્થુણંને ' શકસ્તવ ' કહે છે. મહાતેજસ્વી પ્રજ્ઞાવાન ભગવાને પોતાની પ્રજ્ઞાનો ઉપયોગ એકાંત કર્મબંધન તોડવામાં કર્યો છે. કર્મની નિર્જરા કરવામાં કર્યો છે. આપણને પણ બુદ્ધિ તો મળી છે. તે બુદ્ધિ જો બીજાના હિતના કાર્યમાં વપરાતી હોય અને ધર્મક્ષેત્રમાં, આધ્યાત્મિક ક્ષેત્રમાં જો તેનો ઉપયોગ થતો હોય તો તે બુદ્ધિ સ્વપરહિત સાધી શકશે.

અનુભવીઓ પણ કહે છે કે " बुद्धेः फले तत्त्व विचारणा " બુદ્ધિનું ફળ શું ? તત્ત્વવિચારણા. જીવાજીવ, પુણ્ય-પાપ આદિ નવ તત્ત્વોની વિચારણા કરવી. એ વિચારણા

કર્યા બાદ જીવનમાં પાપ કેમ ઓછા થાય, આશ્રવનો પ્રવાહ આવતો કેમ અટકે ? કર્મબંધના કારણો વિચારવા ને કર્મબંધ જીવને કેમ ઓછા થાય ? જીવનમાં સંવર કેમ આવે ? કર્મની નિર્જરા કેમ થાય ? અંતે સર્વ કર્મ ખપાવીને મોક્ષ કેવી રીતે મળે ? જો બુદ્ધિથી આવી રીતે તત્ત્વવિચારણા જીવ કરે તો જરૂર એ બુદ્ધિ દ્વારા એના કર્મબંધ તૂટે.

આપણા ચાલુ અધિકારમાં પણ મહાપ્રજ્ઞાવંત ભગવાન મહાવીર સ્વામીની વાણીથી જેની બુદ્ધિમાં વિવેક આવ્યો; હેય, જ્ઞેય અને ઉપાદેયનું ભાન થયું; સમ્યક્ત્વનો ઝળહળતો પ્રકાશ થયો એવા આનંદ ગાથાપતિએ ભગવાનને ત્રણ વાર વંદણા નમસ્કાર કરી પોતાના અંતરના ભાવ પ્રદર્શિત કર્યા. આપે મારા અંતરના દ્વાર ખોલી દીધા છે, મિથ્યાત્વના ઝેર દૂર કર્યા છે. અનંતકાળથી ભવમાં ભમતા આ જીવને સંસારના સુખો તો મળ્યા હતા અને ભોગવ્યા હતા પણ મળેલા સુખોને સમજીને ત્યાગ કરવાની, મર્યાદામાં આવવાની સમજ બધા ભવમાં નથી મળતી. આપે ત્યાગ માર્ગનું રહસ્ય ખૂબ સુંદર સમજાવ્યું છે. જ્યાં ત્યાગ છે ત્યાં કર્મબંધન નથી. ચારિત્ર નવા આવતા કર્મોને રોકે છે. સંયમ માર્ગમાં પાંચ ઇન્દ્રિયો પર કંટ્રોલ હોય છે; મન પર કાબૂ રાખવાનો હોય છે તેથી સંયમની સાથે તપ પણ આવ્યો. અણગાર ધર્મને જીવ અપનાવે ત્યારે કર્મ આવવાના દ્વાર પર તાળા વસાઈ જાય છે. જે ચારિત્ર માર્ગને ગ્રહણ કરવામાં અસમર્થ છે તેને માટે પણ ભગવાને માર્ગ બતાવ્યો છે. તે છે આગાર ધર્મ.

આનંદ શ્રાવકે ભગવાનને કહ્યું કે પ્રભુ ! ધન્ય છે રાજા મહારાજાઓને ! ધન્ય છે શેઠ સેનાપતિને ! ધન્ય છે રાજકુમારોને ! તેઓ આપની પાસે સંસાર છોડીને મુનિ બન્યા છે પણ હું એ રીતે સંસાર છોડીને મુંડિત થઈને સંયમ લેવામાં અસમર્થ છું, તેથી હે ભગવાન ! पंचाणुव्वयाइं सत्त सिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जिसामि । હું આપની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ દ્વાદશવિધ ગૃહસ્થ ધર્મને–આગાર ધર્મને અંગીકાર કરવાની ઇચ્છા રાખું છું. ભગવાને અહીં એક ન્યાય આપીને સમજાવ્યું.

મોટા વિશાળ દરિયામાં કે સાગરમાં સ્ટીમરો છેક કાંઠા સુધી નથી આવતી. તે તો અમુક સ્થાને આવીને ઊભી રહે પછી ત્યાંથી કિનારે આવવા માટે નાના હોડકામાં બેસવું પડે. પહેલા જૂના જમાનામાં મોટા તુંબડાને પણ વળગીને માણસો તરતા પણ આજના જમાનામાં હોડકા અને સ્ટીમરો છે પણ મોટો દરિયો પાર કરવામાં હોડકા કામ ન આવે. મોટો દરિયો પાર કરવો હોય અને લાંબો પ્રવાસ કરવો હોય તો મોટી સ્ટીમરો જોઈએ. નાના હોડકા દરિયો તરવામાં સહાયક તો ખરા પણ તે સ્ટીમર સુધી પહોંચાડવામાં લઈ જવામાં ઉપયોગી છે, તેમ મહાવ્રતો સ્ટીમર જેવા છે. મહાવ્રતોને સૂત્રકારે महाजाणं કહ્યા છે, જેના દ્વારા મોક્ષમાં જવાય છે તેને યાન કહે છે તે યાન ' સંયમ ' છે. અણુવ્રતો હોડકા જેવા કે તરાપા જેવા છે. હોડકા જેમ દરિયો તરવાનું સાધન છે તેમ અણુવ્રતો પણ સંસાર તરવાનું સાધન છે પણ અધરું સાધન છે. સ્ટીમરથી જલ્દી સાગર પાર કરી શકાય તેમ મહાવ્રતો રૂપી સંયમથી સંસાર સાગર જલ્દી તરી શકાય. અણુવ્રતોથી સાગર તરવામાં સમય વધુ લાગે પણ એટલું સમજી લેજો કે અણુવ્રતો

રૂપી નાવડામાં બેસશો તો કોઇ વાર મહાવ્રતો રૂપી સ્ટીમર સુધી પહોંચી શકશો. આજે અણુવ્રતો આદરશો તો કોઈ વાર મહાવ્રતમાં આવી શકશો પણ જે એક પણ વ્રત આદરતા નથી, મર્યાદામાં આવતા નથી, તે મહાવ્રત સુધી કેવી રીતે પહોંચી શકવાના છે ? માટે જેની જરૂર નથી તે તો બંધ કરો.

આજે જગતમાં મોટા ભાગના જીવો તો અધમી મળવાના. તે જડ પુદ્ગલોની બોલબાલામાં પોતાનું જીવન પૂરું કરી દે છે. તેમની આત્મા તરફ તો દૃષ્ટિ જ નથી. એ જીવોને નજર સામે રાખીને જો જીવન જીવવા જશો તો અમૂલ્ય આ માનવજીવન હારી જશો અને જન્મોજન્મની બરબાદી નોતરશો. પુણ્યના ઉદયે તમને સામગ્રીઓ મળી છે તો તેના પર મમતા કરીને કર્મો ન બાંધશો, નહિતર સાધન સામગ્રીઓ અહીં રહી જશે પણ એ સામગ્રીઓ પ્રત્યેનો મમત્વભાવ જીવને કેટલી હદ સુધી ક્રૂર બનાવી દેશે. તે સામગ્રી પ્રત્યેની મમતા જીવને કેટલી દુઃખદાયી બનાવે છે !

એક વણિક ભાઇને અચાનક કોઈ કામે બહાર જવાનું થયું. રાતની બે વાગ્યાની ગાડી હતી. તે એક વાગે સ્ટેશને પહોંચી ગયો. ગામ સાવ નાનું હતું એટલે વસ્તી તો સહજ રીતે ઓછી હોય. સ્ટેશન પર કોઈ વસ્તી દેખાતી ન હતી. ગાડી આવવાની એક કલાકની વાર હતી એટલે વાણિયો એક બાકડા પર બેઠો. તે સમયે બાજુના બાકડા પર એક બેગ પડી હતી. તે બેગ પર આ વણિકની નજર પડી. નાની શૂટકેશ જેવી બેગ હતી. વાણિયાના મનમાં થયું કે આ બેગ કોની હશે ? આજુબાજુમાં કોઈ માણસ તો દેખાતો નથી. કોઇ આ બેગ લેવા પણ આવતું નથી. બેગ દેખાવમાં ખૂબ સુંદર છે. વાણિયાની દૃષ્ટિ બગડી. એટલે હવે પળે પળે તેની નજર તે તરફ જવા લાગી. તેના મનમાં થયું કે કોઇ બેગ લેવા આવતું નથી માટે કોઈ ભૂલી ગયું લાગે છે. હવે એ બેગ જવા દેવા જેવી તો નથી જ. પરિગ્રહ પ્રત્યેની મમતા મફતનો માલ લઈ લેવાની ભાવના જગાડે છે. રસ્તામાં આવી ઘણી ચીજો પડી હોય, જો એ દરેક ચીજોને લઈ લેવાની ભાવના કરશો અને તેને તમારી માલિકીની કરવા જશો તો એના પરિણામો બહુ ભયંકર આવશે.

પરાઈ વસ્તુ લેવાની જાગેલી લાલસા : પેલા વાણિયાને પરાઈ બેગ લઈ લેવાની વૃત્તિ થઈ પણ એ લઈ શકે કેવી રીતે? લેવા જાય અને કદાચ તેનો માલિક આવી ચઢે તો! અથવા કોઈ જોઈ જાય તો! હવે કરવું શું ! છેવટે વિચાર કર્યો કે આ બે વાગ્યાની ગાડી જવા દેવી. જો બેગનો કોઇ માલિક હશે તો ત્યાં સુધીમાં આવીને લઈ જશે અને કોઇ લેવા ન આવે તો સમજવું કે આ બેગનો ધણી અહીં નથી, પછી બેગ લેવામાં કોઈ મુશ્કેલી નહિ પડે. વાણિયાએ બે વાગ્યા પછી કઈ ગાડી છે તે તપાસ કરી. બે વાગ્યાની ગાડી જતી રહી છતાં કોઈ બેગ લેવા આવ્યો નહિ તેથી વણિક બેગ પાસે ગયો. ચારે બાજુ નજર કરી પછી બેગ હાથમાં ઉપાડી. બેગ ખૂબ વજનદાર હતી. વાણિયો સમજ્યો કે આ બેગમાં માલમત્તા સારી લાગે છે. આ બેગમાં રહેલી બધી મિલકત હવે મારી. હવે દુઃખના દિવસો ગયા. આ ભીષણ

મોંઘવારીમાં ઘરખર્ચ પૂરો થતો નથી. આ બૅગ હાથમાં આવી ગઈ એટલે હવે ગરીબાઇ રહેશે નહિ. પરિગ્રહ સંજ્ઞા શું કરાવે છે? પરિગ્રહ એ માંસના લોચા સમાન છે. સમડીના મુખમાં માંસનો લોચો હોય તો બીજી સમડી એ લેવા માટે એના પર ત્રાટકે પણ સમડી છોડી દે તો તકરાર પતી જાય, તેમ પરિગ્રહ છે ત્યાં ચોર, ડાકુ, લૂંટારા, રેડવાળા બધાનો ભય છે. પરિગ્રહ છે ત્યાં મારામારી છે. પરિગ્રહ મેળવનાર જીવની કેટલી કંગાળ દશા છે! આ વાણિયો માત્ર પોતાની કલ્પનાના આધારે પોતાના ભાવિનો નિર્ણય કરવા જાય છે. બીજાની વસ્તુ પોતાની બનાવવાની ઘેલછા લાગી છે. જો તેણે શાંતિથી વિચાર કર્યો હોત તો એને જરૂર સમજાઈ જાત કે આવા નાના સ્ટેશને આવી કિંમતી બૅગ કોઈ ભૂલી જાય ખરું? કદાચ એ ભૂલી ગયા હોય તોય મારે શું? બૅગમાં પડેલા માલની મારે શી જરૂર? પણ લોભ સંજ્ઞા સાચું સૂઝવા દેતી નથી. વાણિયાની બુદ્ધિ કુંઠિત બની ગઈ છે.

આ ભાઈ તો બાકડા પર બેઠા છે. તેની નજર તો પેલી બૅગ પર છે. તે તો બૅગ લેવાના વિચારમાં ઝુલતો હતો. ત્યાં ગાડી આવી. દશ-બાર મુસાફરો ગાડીમાંથી ઉતર્યા. વાણિયો તો નિરાંતે બાકડા પર બેસી રહ્યો છે. મુસાફરો ઉતરે કે ચઢે એની સાથે વાણિયાને કાંઈ નિસ્બત નથી. નિસ્બત છે એને બૅગ સાથે. ગાડીમાંથી ઉતરેલા મુસાફરોમાંથી બે ત્રણ મુસાફરો આ વાણિયાની બાજુમાં આવીને બેઠા. વાણિયાના મનમાં થયું કે આ લોકોની નજર બાજુના બાકડા પર રહેલી બૅગ પર પડશે તો! જેના અંતરમાં પાપ છે એના મનના વિચારો પણ કેવા હોય છે! પેલા મુસાફરો તો વાણિયાની સાથે ખૂબ વાતો કરવા લાગ્યા પણ આ ભાઈ સાહેબનું મન તો બૅગમાં રમે છે. તેના મનમાં થયું કે આ બૅગ જોઇને કદાચ તેઓ કંઈ પૂછશે તો હું સ્પષ્ટ કહી દઈશ કે બૅગ મારી છે. જુઓ, પરિગ્રહની મમતા શું નથી કરતી? અસત્ય બોલાવે, ચોરી કરાવે, કેટલા પાપ કરાવે! પેલા મુસાફરો તો થોડી વાતચીત કરીને ત્યાંથી રવાના થઈ ગયા પછી પેલો વાણિયો બૅગ લઈ આવ્યો. બૅગ ખૂબ વજનદાર છે. વાણિયો તો મનમાં હરખાય છે. આ બૅગમાં માલ તો પુષ્કળ લાગે છે. આજે મારું ભાગ્ય ઉઘડી ગયું.

લોભ કષાયની ભયંકરતા : વાણિયો તો બૅગ લઇને ગાડીની રાહ જોતો ઊભો છે. ત્યાં એક પોલીસ આવી ચઢયો. તેણે પૂછયું આ બૅગ કોની છે? મારી છે. પોલીસે કહ્યું-બૅગ તારી નથી લાગતી. આ બૅગ તો મારી જ છે. પોલીસને જોઇને વાણિયો થોડી વાર તો ડ્રુજી ગયો પણ હવે હિંમત હારી જાય તો ચાલે તેમ નથી, એટલે હિંમતથી કહ્યું-બૅગ મારી છે. જો બૅગ તારી છે તો ચાવી લાવ. ચાવી બોલીને બતાવ કે તેમાં શું છે? ચાવી હોય તો બતાવે ને! છતાં બિસ્સામાં હાથ નાંખ્યો પછી કહ્યું કે ચાવી ખોવાઈ ગઈ લાગે છે. વળિકે આમ કહ્યું એટલે પોલીસને વધુ વહેમ આવ્યો. તે કહે-બોલ, તારી પેટીમાં શું છે? તમારે એ જાણવાની શી જરૂર છે? આ વાણિયાના મનમાં ખુમારી છે એ એમ માને છે કે હું જરાય આડું અવળું બોલીશ તો પોલીસ

સમજી જશે પણ વાણિયાનું આ ગણિત નિષ્ફળ ગયું. પોલીસોની સાથે ખૂબ આડીઅવળી વાતો કરી પણ એમ સમજી જાય તો પોલીસ શાની ? પોલીસ કહે છે કે બોલ, ચાવી તેં કયાં સંતાડી છે ? ખોવાઈ ગઈ છે. આ તારી બનાવટી વાત છે. ચાલ, પેટી લઇ લે પોલીસ સ્ટેશને. વાણિયો તો બરાબર ધ્રુજવા લાગ્યો, પણ હવે તો બીજો કોઇ ઉપાય ન હતો. પોલીસ કહે છે હજુ તારી બેગ ન હોય તો ના પાડી દે નહિ તો જેલના સળીયા ગણવા પડશે પણ પેટી પરની મમતા સત્ય બોલવા દેતી નથી. તેણે તો એક જ વાત કરી કે આ પેટી મારી છે. લોભકષાયની ભયંકરતા તો જુઓ ? વાણિયાએ તો આશાના હવાઈ મહેલ ચણ્યા છે. પેટીમાંથી જે નીકળશે તેમાંથી પોલીસને થોડું આપી દઇશ અને બીજું બધું ઘર ભેગું કરીશ. આજના જીવોની પણ આ જ દશા છે ને ! વાણિયાને ખબર નથી કે એ પોતે કેટલું જોખમ ઉઠાવી રહ્યો છે. પેટીમાં વજન બહુ છે પણ કદાચ બીજું કાંઇ નીકળી જશે તો ? જે થશે તે જોયું જશે. પોલીસ સ્ટેશને વાણિયો બેગ લઇને આવ્યો. પોલીસે વાણિયાની ફરી વાર ખૂબ ઉલટસૂલટ તપાસ કરી પણ તેનો તો એક જવાબ હતો કે પેટી મારી છે પણ તેની ચાવી કયાંક ખોવાઇ ગઈ છે.

ધાર્યું હતું શું ને નીકળ્યું શું ? : આ વાણિયાના મનમાં વિચાર થયો કે જો આ લોકો કદાચ બેગ તોડશે તો બધી માલમિલકત લઇ જશે. એના કરતાં હું પોલીસને થોડી રકમ આપીને પતે તો પતાવી દઉં. એમ માનીને પોલીસને કહે છે કદાચ આ પેટીમાંથી બહુ માલ ન નીકળે તો તમને શું મળશે ? તેના કરતાં તમે મને આ બેગ લઇને જવા દો. હું તમને ૧૦૦૦ રૂા. બક્ષીસ આપું. વાણિયાના મનમાં એમ કે આ નાના ગામનો પોલીસ છે. તેને એક હજાર આપી દઇશ તો જલ્દીથી માની જશે, પણ તેની ધારણા ધૂળમાં મળી ગઈ. પોલીસ કહે–શું તું મને એક હજારમાં ખરીદવા માંગે છે. શું હું એક હજારનો છું ? મારે નથી જોઇતા તારા પૈસા. વાણિયાને થયું કે તેને કદાચ એક હજાર ઓછા પડયા હશે તેમ માનીને કહે છે હું બે હજાર આપીશ. શું હું બે હજારનો છું ? તું પાંચ હજાર કે દશ હજાર આપે તોય નથી જોઈતા. આ બેગ તારી નથી એ પુરવાર થાય છે. તું સત્ય બોલ નહિ તો હવે રીમાન્ડ પર લઉં છું. વાણિયાના હાજા ગગડી ગયા. પોલીસે તો છેવટે બેગનું તાળું તોડાવી નાંખ્યું. બધા જોવા ઉત્સુક બન્યા છે. આતુર બન્યા છે કે આ બેગમાં શું હશે ? જ્યાં બેગ ખોલી ત્યાં તો વાણિયાના હોશકોશ ઉડી ગયા. કોઈનું ખૂન કરીને એના શરીરના ટુકડા–હાડકા આ બેગમાં ભર્યા હતા. આ જોતાં બધાના મુખમાંથી ચીસ નીકળી ગઈ. બાપરે....આવી હત્યા કરનારો આ ! આ ખૂની કેસ ગણાયો હવે પોલીસ બાકી રાખે ?

મમતાએ મરાવેલો માર : પોલીસે વાણિયાને બોચીમાંથી પકડીને જોરથી પછાડયો. હરામખોર ! આવા અધમ ધંધા કરે છે ! પૈસા દબાવીને તારા બાપને છુપાવવા માંગતો હતો ? હવે તો રીમાન્ડ પર લેવાનો છે, પછી ખબર પડશે કે બીજાનું ખૂન કેવી રીતે થાય છે ? વાણિયાને તો ખબર ન હતી કે પેટીમાંથી આવું કંઇક નીકળશે ?

બીજાની બેગ હોવા છતાં માલિકીનો દાવો રાખવા ગયો તો કેવી કરૂણ વ્યથા સર્જાઈ ગઈ ! વાણિયો તો પોલીસના પગમાં પડીને માફી માંગવા લાગ્યો. મને માફ કરો. આ પેટી મારી નથી. મને બચાવો. હું તમારો ઉપકાર કયારે પણ નહિ ભૂલું. તું તો છાતી ઠોકીને કહેતો હતો કે બેગ મારી છે. હવે તારું કાંઇ સાંભળવું નથી. હવે તો રીમાન્ડ પર લેવાનો છે. ભાઇ ! મેં ખૂન કર્યું નથી. મેં કોઇને માર્યો નથી. હવે ગમે તેટલું કહે તો કોણ સાંભળે. તેને તો પોલીસ રીમાન્ડ પર લઈ ગયો. વાણિયાને મારી મારીને અધમૂઓ કરી નાંખ્યો પણ ખૂનની કબુલાત તો કરે કેવી રીતે ? એણે ખૂન કર્યું નથી એ વાત તો સાચી હતી. વાણિયો તો દુઃખથી ત્રાસી ગયો. રડીરડીને આંખો સૂઝી ગઈ. આ ભવના કરેલા કર્મો આ ભવમાં ઉદય આવી ગયા. બીજી ગતિમાં ભોગવવાના આવશે એ જુદા પણ જીવને ભાન નથી એટલે કર્મો કર્યે જાય છે.

આ વણિકના કોઈ ભાગ્યોદયે તેનો કોઈ ઓળખીતો માણસ ત્યાં આવી ચઢયો. તેની બધે લાગવગ ખૂબ હતી. વણિકના નસીબયોગે પેલા ભાઈની લાગવગ લાગી ગઈ ને વાણિયો નિર્દોષ છૂટી ગયો પછી પેલા ભાઈએ વણિકને પૂછયું–ભાઈ ! તું આમાં કયાં સપડાઈ ગયો ? વણિકની આંખમાં આંસુ આવી ગયા. પોતાની બધી વાત કહી. હવે તો રસ્તામાં લાખ રૂા. ની ચીજ પડી હોય તો કયારે પણ એનો સ્પર્શ પણ ન કરું. પારકાની બેગે મારું સત્યાનાશ વાળ્યું. બીજાની વસ્તુને પોતાની માલિકીની કરવા જઇએ તો પરિણામ કેવું ભયંકર આવે છે ! આ તો વાણિયાનો કંઇક પુણ્યોદય કે તેને છોડાવનાર મળી ગયો પણ કોઈ ન મળ્યું હોત તો કદાચ મૃત્યુદંડની શિક્ષા થાત. જો પારકી વસ્તુને ધણીયાતી ન માની હોત તો આ દશા થાત ? ના. માટે જ્ઞાની કહે છે કે પરાઈ વસ્તુ ન લેવી તેવા પચ્ચક્ખાણ કરો ને વ્રતમાં આવો. જો નાવડા સમાન અણુવ્રતો લેશો તો કયારેક મહાવ્રતો રૂપી સ્ટીમર સુધી પહોંચી શકશો. બ્રાહ્મણોમાં જનોઇ ન પહેરે ત્યાં સુધી તે બ્રાહ્મણ ન કહેવાય તેમ તમે વ્રત ધારણ ન કરો તો શ્રાવક ન કહેવાઓ.

સાધુના પાંચ મહાવ્રત છે અને શ્રાવકના પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત એમ ૧૨ વ્રતો છે. મહાવ્રતોમાં કોઇ આગાર નથી. છૂટછાટ નથી જ્યારે અણુવ્રતોમાં આગાર છે. તમે ૧૨ વ્રત આદરશો તો કયારેક સંથારા સુધી પહોંચી શકશો. આનંદ શ્રાવકે કહ્યું–ભગવાન ! હું સંયમ લઇ શકું એટલી મારામાં શક્તિ નથી; તેથી મારી શક્તિ પ્રમાણે આગાર ધર્મને હું ગ્રહણ કરી શકીશ. તમને એમ થાય કે ભગવાને તેને દીક્ષા લેવાનું કેમ ન કહ્યું. ભગવાન તો કેવળજ્ઞાની છે. તે તેમના જ્ઞાનમાં જાણે છે કે આ જીવોની શક્તિ આટલી છે. એટલે કોઇના પર ફોર્સ ન કરે. કે તમે આમ કરો. ભગવાન તો તેમનું ભાવિ જાણતા હોય છે તેથી ભગવાને કહ્યું " अहासुयं देवाणुप्पिया, मा पडिबंध करेह " હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ કરશો નહિ. આનંદ શ્રાવકનો અધિકાર સાંભળતા તમારે આનંદ બનવાનું છે. આનંદ શ્રાવક તો એકાવતારી થયા પણ તમારે હવે તેના જેવા બનવાનું છે. આ અધિકાર

સાંભળતા મનમાં એ ચોટ લાગવી જોઇએ કે હું સંયમ લઈ શકતો નથી પણ સંસારમાં રહીને કેમ આદર્શ જીવન જીવું ! જેથી મારે સંસારમાં ભટકવાનું ઓછું થઈ જાય અને મારા ભવના ફેરા કેમ ટળે ! આનંદ શ્રાવક આગાર ધર્મ અપનાવવા તૈયાર થયા છે. હવે ભગવાન આગાર ધર્મનું સ્વરૂપ સમજાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પુણ્યસાર તેની માતાને પોતાની બધી વાત કહી રહ્યો છે. ગામમાં બધાને ખબર પડી ગઈ કે પુરંદર શેઠનો દીકરો ખોવાઈ ગયો હતો તે ઘેર આવી ગયો છે. આવ્યો છે એટલું નહિ પણ તે જુદા રૂપમાં આવ્યો છે. તેની સિક્કલ બદલાઈ ગઈ છે એટલે લોકોને કૌતુક થયું. ચાલો, આપણે જોવા જઇએ. બધાને ખબર પડી એટલે એક પછી એક શેઠની હવેલીએ આવવા લાગ્યા. બધા પૂછવા લાગ્યા, તું આવી ગયો ? તું આખી રાત કયાં ગયો હતો ? તારા વિના તો તારી માતા પાણી વિનાની માછલીની જેમ તરફડતી હતી અને ચોધાર આંસુએ રડતી હતી. તું ગયો ત્યારથી એની આંખના આંસુ સૂકાયા નથી. અવરજવર ખૂબ વધવા લાગી. આવનાર બધા એકના એક પ્રશ્ન કરે. પુણ્યસાર જવાબ આપીને કંટાળી ગયો. એટલે પુણ્યશ્રી કહે દીકરા ! તારી બધી વાત પછી કરજે. જા, તું ઉપર જઇને સૂઈ જા. એટલે જવાબ દેવા ન પડે. થોડી વાર આરામ કર. આખી રાતનો તારે ઉજાગરો છે. માતાના કહેવાથી પુણ્યસાર ઉપર જઇને સૂઇ ગયો. શેઠ દુકાને ગયા અને શેઠાણી કામમાં જોડાઈ ગયા. બપોર સુધી બધાની અવરજવર ચાલુ રહી. પુણ્યસારને તો રાતનો ઉજાગરો હતો એટલે ઊંઘી ગયો.

ભૂલનું ભાન થતાં જુગારી મિત્રોનો કરેલો ઇન્કાર : સાંજ પડી ત્યારે પુણ્યસારના જુગારી મિત્રોનું ટોળું તેને મળવા આવ્યું. તે બધા વિચારે છે કે આપણે તેને હાથમાં લઈશું; પણ પુણ્યસાર તો તેમના સામું જોતો નથી. ઊંચી દૃષ્ટિ કરતો નથી. એક વાર ઠોકર ખાધી. ઠોકર ખાતાં ઠેકાણે આવી ગયો. કોઇક એવા અભાગી હોય કે ઠોકર ખાતા ન સુધરે. જુગારી મિત્રો પૂછે છે કેમ મિત્ર ! મઝામાં છે ને ! બરાબર રંગમાં છે ને ! શું નવાજૂની કરી આવ્યો છે ? પુણ્યસાર તો તેમના સામું જોતો નથી. બીજો મિત્ર કહે છે શું તું તારા મિત્રને ભૂલી ગયો છે ? અમારાથી રિસાયો છે કે શું ? તું અમારી સાથે બોલતો નથી ? રંગબાજી રમવા આવવું છે ને ? ત્યાં ત્રીજો મિત્ર કહે શેઠ અત્યારે કંઈક મોટી રકમ રમવાના વિચારમાં હોય તેવું લાગે છે. શેઠ, કાં તો લાખ લઈ જાવ કાં મૂકી જાવ. આ સાંભળતા પુણ્યસારને ગુસ્સો આવી ગયો. ક્રોધના આવેશમાં આવીને કહ્યું–આ તમારો બકવાદ બંધ કરો. મારે નથી સાંભળવો. હું તમને સાફ શબ્દોમાં કહી દઉં છું કે જો તમારે આ વાત કરવી હોય તો મારે બારણે આવશો નહિ. તમારા સંગે હું ઘણું પછડાયો. તમે મારા ખાનપાન બદલાવ્યા. વ્યસનોના સંગમાં ચઢાવી દીધો. તમારા સંગથી મારા પિતાએ મને ધક્કો મારીને બહાર કાઢયો. મારા માતાપિતા સારા કે મને ઘરમાં રાખ્યો. આ તો રાજાનો હાર ચોર્યો એટલે મને બહાર કાઢયો. બીજા માબાપ હોય તો ઘરમાં ન રાખે. એક

મિત્ર કહે–આ તો બે ઘડી ગમ્મત. જરા દિલ બહેલાવવા રમવાનું છે. પુણ્યસાર તો વધુ ગુસ્સે થઇ ગયો. હવે નથી જોઈતી એ ગમ્મત. આત્માને છેતરી હવે મારે દિલ રાજી કરવું નથી. હવે ભૂલેચૂકે જુગારનું નામ ન દેશો. જુગારથી પાંડવોને વનવાસ મળ્યો. આ જુગારે કંઈકને રડાવ્યા છે. ઘરબાર વિનાના કર્યા છે; અને દુઃખી દુઃખી થઈ ગયા છે.

જુગારીયા મિત્રોનું પરિવર્તન : આ જુગારે મને જૂઠું બોલતા શીખવાડયું. ચોરી કરતાં શીખવાડી. મને ધક્કો મારી ઘરની બહાર કઢાવ્યો અને એક ભિખારી જેવી દશા થઈ. હું ગઈકાલના દિવસો ભૂલી ગયો નથી. બબરદાર ! જો હવે ફરી વાર મારી પાસે આ વાત કરી છે તો ! હવે મારે તમારા સંગે આવવું નથી. તમારી મૈત્રી જોઈતી નથી. ચાલ્યા જાવ આપ બધા અહીંથી. ફરીથી કયારેય આ ઘરના ચોકઠે આવશો નહિ. આ રીતે પુણ્યસાર અને મિત્રો બોલી રહ્યા છે ત્યાં શેઠ આવી ચડયા. શું છે દીકરા ! કેમ મોટા અવાજે બોલે છે ? બાપુજી ! આ જુગારી મિત્રોને જોઉં છું ને મને ક્રોધ આવે છે. આ મિત્રોએ મારું જીવન બગાડયું. શેઠ કહે એમનો કોઈ વાંક નથી. તેમનો વાંક પછી પહેલો વાંક આપણો. તને ચઢાવનારાં મળ્યા પણ તું એમની સંગે ચઢયો શા માટે ? ઉંચે ચઢવું કે નીચે પડવું એ માનવીના પોતાના હાથની વાત છે. તેં મનને મક્કમ કરી તે સમયે મિત્રોને ના પાડી હોત તો આવો બનાવ બન્યો હોત ખરો ? વાંક તારો છે. તું મનને વશમાં ન રાખી શકયો ત્યારે આ બધું બન્યું ને ! શેઠની વાત સાંભળીને જુગારી મિત્રોના મનમાં થયું કે શેઠ કેટલા પ્રમાણિક છે ! તે આપણો તો દોષ જોતા નથી. કેટલી શાંતિથી વાત કરે છે ! શેઠના વચનોની અસર તેમના જીવન સુધી પહોંચવા લાગી. એક મિત્ર કહે પિતાજી ! આપની વાત સાચી છે. અમે લાલચમાં ને લોભમાં પડી ગયા ત્યારે અમારું જીવન બગડયું ને ! અમે જાતે જ અમારા જીવનની બરબાદી કરી છે. હવે આજથી તમારી સમક્ષ જુગાર નહિ રમવાની પ્રતિજ્ઞા કરીએ છીએ. બધા જુગારીયાઓએ ત્યાં ને ત્યાં જુગારની પ્રતિજ્ઞા કરી. આ બધાનું પરિવર્તન જોઇ પુણ્યસારને ખૂબ આનંદ થયો. પિતાજીના વચનથી આખું વાતાવરણ બદલાઈ ગયું. જુગારને કાયમની વિદાય દઇ દીધી. હવે હારવાનું જ નહિ. માતાપિતાને ખાત્રી થઇ ગઈ કે સાચે જ આપણો દીકરો આવ્યો છે. કોઈ બનાવટી જાદુગર નથી. હવે શું બનશે તે ભાવ અવસરે.

વદિ શ્રાવણ સુદ ૧૦ને રવિવાર : વ્યાખ્યાન નં. ૫૨ : તા–૨૫–૮–૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતજ્ઞાની, અનંતદર્શની જિનેશ્વર ભગવંતે જીવોના ઉત્થાન માટે આગમના સુંદર ભાવો રજૂ કર્યા. આપણે આનંદ શ્રાવકની વાત ચાલે છે. તીર્થંકર ભગવંતની અમૃતવર્ષાએ આનંદ શ્રાવકના જીવનમાંથી મિથ્યાત્વના ઝેર કાઢી નાંખ્યા અને સમ્યક્ત્વનો ઝળહળતો પ્રકાશ પાથર્યો. આત્માનો ભયંકરમાં ભયંકર કોઈ રોગ હોય તો મિથ્યાત્વ છે. આજે કોઇ કહે કે મને પનોતી નડે છે, મંગળ, શનિ,

રાહુ નડે છે પણ હું તો માનું છું કે મિથ્યાત્વ જેવું કોઇ નડતર નથી. જેનું મિથ્યાત્વ ગયું તેનું બધું ગયું. મિથ્યાત્વ જીવને બધી મુંઝવણ કરાવે છે. કોઇને કેન્સરનું દર્દ થાય અને ન મટે તો તે આ ભવ પૂરતું છે. દેહના નાશે એનો નાશ થવાનો છે પણ મિથ્યાત્વનો સડો તો બીજા ભવોમાં સાથે રહે છે. તે અનંતકાળથી ભવોભવથી ભેગું આવ્યું છે. કેન્સરના દર્દને નાબૂદ કરવાની જડીબુટ્ટી હજુ સુધી કોઇ શોધી શક્યું નથી પણ મિથ્યાત્વના મહારોગને નાશ કરવાની જડીબુટ્ટી મહાપુરૂષોએ શોધી છે. તમારે દર્દ મટાડવું હોય તો ડૉકટરને પૈસા આપો તો દવા વગેરે ટ્રીટમેન્ટ કરે, તેમ મહામિથ્યાત્વનું જો ઓપરેશન કરવું છે, એ દર્દને મૂળમાંથી નાબૂદ કરવું છે તો તું સાત પ્રકૃત્તિઓ ઉપર વિજય મેળવ. પેટમાં ગાંઠ થઇ છે તે ખૂંચે છે તો ઓપરેશન કરાવે છૂટકો કરશો તેમ મિથ્યાત્વની ગાંઠ ખૂંચે તો તે કાઢવા પ્રયત્ન કરશો.

"જે ભણે આત્માનું ભણતર, તેને નથી નડતું સંસારનું નડતર,
જેણે કર્યું શ્રદ્ધાનું ચણતર, તેણે કર્યું જીવનનું સાચું ઘડતર."

જે આત્મજ્ઞાનનું ભણતર ભણે છે અને જીવનમાં સાચી શ્રદ્ધાનું ચણતર કરે છે તેને પછી મિથ્યાત્વનું નડતર નડતું નથી. તે જીવનનું સાચું ઘડતર કરી શકે છે પણ હજુ શ્રદ્ધાના ઠેકાણા કયાં છે? શ્રદ્ધામાં ડગમગ છો. તમારે ઘરનું ઘર ન હોય, ઓફીસ પોતાની ન હોય તો મનમાં ડંખે છે. કયારે હું મારું કરીશ? આજે મુંબઇમાં ૨૫-૩૦ લાખના ફલેટ થઇ ગયા. કંઇક વાર એવું બને છે કે કેટલી હોંશે, ઉમંગે ફલેટ લીધા. લઇને હજુ રહેવા ગયા નથી ત્યાં રવાના થઇ જાય છે.

મહેલ ચણાવ્યા સાત માળના, મુહુર્ત લીધું વાસ્તુ તણું,
મુહુર્ત પહેલા મોત આવે, હવેલીઓ શા કામની...

ફલેટમાં રહેવા જતાં પહેલા કાળરાજા રવાના કરી દે પછી આ બંગલા અને ઓફીસો શા કામની? માટે સમજો. જીવનમાં એટલો નિર્ણય કરો કે આ ભવમાં સમકિત પામ્યા વિના તો જવું નથી. સમકિત આવે નહિ અને મિથ્યાત્વ જાય નહિ ત્યાં સુધી મોક્ષ મળે નહિ.

विरया सावज्जाओ, कसाय हीणा महव्वयधरावि ।
सम्मदिट्ठी विहोणा, कयावि मुक्खं न पावंति ॥

સર્વ સાવદ્યથી વિરમ્યો હોય, ક્રોધાદિ કષાયો મંદ હોય, પંચ મહાવ્રત રૂપ બાહ્ય ચારિત્રથી સહિત હોય તો પણ સમકિત રહિત એટલે મિથ્યાત્વી કોઈ કાળે પણ મોક્ષ પામે નહિ.

જેમ નિષ્ણાત વૈદની આજ્ઞાથી વિપરીત રીતે સ્વેચ્છાએ લીધેલું ઊંચામાં ઊંચું રસાયણ પણ બિમારી હટાવવામાં લાભદાયક થતું નથી. તેમ ૧૮ દોષ રહિત અરિહંત પ્રભુ રૂપી ભાવ વૈદે ફરમાવેલ આજ્ઞાથી વિપરીત રીતે કરાતી પાપ પ્રવૃત્તિનો ત્યાગ, બાહ્ય ચારિત્રવાળી આત્મદશા તે મિથ્યાત્વ રૂપ હોવાથી અઢાર દોષ રૂપ ભાવ

બિમારીનો નાશ કરી શકતા નથી. અંધકાર, રોગ, વિષ અને શત્રુ આ જગતમાં દુઃખના કારણો મનાય છે પણ તે બધાથી ચઢી જાય એવું દુઃખનું કારણ હોય તો તે મિથ્યાત્વ છે. રોગ, શત્રુ તો એક જન્મમાં દુઃખદાયક છે જ્યારે મિથ્યાત્વનો પ્રતિકાર કરવામાં ન આવે તો તે અનેક જન્મોમાં દુઃખદાયક બને છે. જ્યાં સુધી આત્મા પર મિથ્યાત્વનો ગાઢ અંધકાર છવાયેલો છે ત્યાં સુધી સમ્યક્ત્વ રૂપી સૂર્ય ઉદયમાન થતો નથી. સમ્યક્ત્વ એ પ્રકાશ છે અને મિથ્યાત્વ એ અંધકાર છે, આ મિથ્યાત્વનું સ્વરૂપ સમજવા જેવું છે.

મિથ્યાત્વ ૨૫ પ્રકારના છે. તેમાં આભિનિવેશિક મિથ્યાત્વ છોડવું કઠીન છે. આભિનિવેશિક એટલે ખોટો દુરાગ્રહ, ખોટી પકડ. જ્યાં આ મિથ્યાત્વ હોય છે ત્યાં સંઘર્ષો ઊભા થયા વિના રહેતા નથી. આ હઠાગ્રહ જન્મે છે અભિમાનમાંથી. અભિમાનના કારણે તે પોતાની સાચી વાત ઠરાવવા પ્રયત્ન કરે. તે એમ માને કે મને જે ગમે છે તે તમને ગમવું જોઇએ. મને જે સાચું લાગે છે તે તમને પણ સાચું લાગવું જોઈએ. ઘણી વાર પોતાની વાત ખોટી હોવા છતાં પણ સાચી ઠસાવવા મહેનત કરે પણ એટલું સમજવું જોઈએ કે દરેક વ્યક્તિની જરૂરિયાતો અને પસંદગીઓ અલગ અલગ હોય છે. મને જે ગમે તે બધાને ગમે એવું ન હોય. ભેંસને માટે ઘાસ એ જીવન છે તો ભૂંડને માટે વિષ્ટા એ જીવન છે. નાના બાળકને માટે દૂધ એ જીવન છે તો યુવાનો માટે રૂપિયા એ જીવન છે. આ તો અલગ અલગ વ્યક્તિની વાતો કરી પણ એક જ વ્યક્તિમાં પણ એવું જોવા મળે છે કે સમય સંયોગો બદલાતાં તેની પસંદગી પણ બદલાઈ જાય છે. બાળક નાનો હોય ત્યારે તેને રમકડા બહુ ગમતા હોય છે. કોઈ એની પાસેથી લઈ જાય તો રડે છે. એ જ બાળક ભણીગણીને તૈયાર થયા પછી એ રમકડા સામે દૃષ્ટિ પણ કરતો નથી. સ્કૂલની શરૂઆતમાં રડતો જતો બાળક થોડા સમય પછી એક દિવસ કે એક પીરિયડ પણ રજા પાડવા ઈચ્છતો નથી. આ વાતને જો દૃષ્ટિ સામે રાખવામાં આવે તો સંઘર્ષો પેદા થવાનો સંભવ રહે નહિ.

આજે સંસારના વ્યવહારમાં જોઇશું તો દેખાય છે કે પિતા સમજે છે કે હું ઘરનો, દુકાનનો માલિક છું. આખા ઘરની, ધંધાની સત્તા મારા હાથમાં છે તો હું કહું તેમ થવું જોઈએ. દીકરો માને કે હું યુવાન થયો, ધંધામાં બરાબર તૈયાર થઈ ગયો છું તો ધંધામાં મારા પિતાએ આડું ન આવવું જોઈએ. પતિ માને કે હું કહું તેમજ મારી આજ્ઞા પ્રમાણે પત્નીએ રહેવું જોઇએ. પત્ની માને કે મને પરણ્યા આટલા વર્ષો થયા તો થોડી સ્વતંત્રતા તો મને હોવી જોઇએ ને ? સાસુ માને કે મારી ઇચ્છા પ્રમાણે હું કહું તે રીતે વહુએ રહેવું જોઇએ. વહુ માને કે હું ઘરની બધી જવાબદારી સંભાળું છું તો સાસુએ મારા કાર્યમાં વચ્ચે દખલગીરી ન કરવી જોઇએ. આ રીતે સૌ પોતપોતાની લીધેલી પકડને છોડતા નથી, પરિણામે ઘરમાં કલેશ ઊભા થાય છે. આભિનિવેશિક

મિથ્યાત્વ હોય ત્યાં આવી નાની નાની બાબતોમાં પણ પકડ પકડાઇ જાય છે તે છૂટતી નથી. ઘણી વાર તો વાત સાવ સામાન્ય હોય છે છતાં એવી પકડ પકડાઈ જાય છે કે તે મોતને નોતરે છે અને ન ધારેલી હોનારત જીવનમાં સર્જી દે છે.

ખોટી પકડે લીધા પ્રાણ : એક વાર પતિ પત્ની બહાર ફરવા જવા તૈયાર થયા. સુખી કુટુંબ હતું. પતિએ પત્ની માટે ૨૦ થી ૨૫ નવી ડીઝાઇનની સાડીઓ ખરીદી હતી. પત્નીએ ફરવા જવા માટે જે સાડી પહેરી તે પતિને ન ગમી. પતિએ પત્નીને કહ્યું–તને આ સાડી સારી નથી લાગતી માટે તું આ સાડી બદલીને બીજી સાડી પહેરી લે. પત્ની કહે–સાડી તમારે તો પહેરવી નથી ને ? સાડી મારે પહેરવી છે. મારે કઇ સાડી પહેરવી એ તમારે નક્કી કરવાનું ? તમને ગમે તે સાડી મારે પહેરવી એવી કંઇ છાપ મારી છે ? એ તો જરાય નહિ બને. હું તો મને ગમતી સાડી પહેરવાની, મને આ સાડી બહુ ગમે છે માટે હું એ બદલવાની નથી. પતિ કહે–તને જરાય આ સાડી શોભતી નથી. મને ગમે તે સાડી પહેરીશ તો હું તને સાથે લઇ જઇશ. આ સાડી પહેરીને ફરવા લઇ જઇશ નહિ. સામાન્ય વાતમાં બંને પકડ પર આવી ગયા. પત્ની કહે હું તમારી સાથે નહિ આવું. તમે એકલા જાવ પણ સાડી તો બદલવાની નથી. બીજી કોઈ પણ સાડી પહેરીને હું તમારી સાથે આવવાની નથી. ગુસ્સામાં પતિ તો એકલા ફરવા ગયા. ઘેર પત્નીના મનમાં પણ ગુસ્સો આવ્યો. એ શું સમજે છે એમના મનમાં ? મને રોજ સતાવે કે આ સાડી પહેર. મારી પસંદગીની પહેરી હોય તો કઢાવે છૂટકો કરે. શું એમને ગમતી અને એમના કહ્યા પ્રમાણે સાડી પહેરવાની ? આ કેટલી ગુલામી ! ગુસ્સામાં ને ગુસ્સામાં રૂમના બારણાં બંધ કરીને શરીર પર કેરોસીન છાંટીને દિવાસળી ચાંપી દીધી; અગ્નિમાં ખૂબ બળી ગઈ. બે દિવસ સીબાઇને તે મરી ગઈ મરી ગયા પછી તેને ગમતી સાડી ય પહેરવાની છે ? કેટલી નાની વાત પણ પકડ મજબૂત હતી. જો એકે પકડ ઢીલી કરી હોત તો આવું ભયંકર પરિણામ ન આવત. પત્નીએ પતિને ગમતી સાડી પહેરી લીધી હોત અથવા પતિએ એ સાડી ચલાવી લીધી હોત તો આ અનર્થ ઊભો ન થાત ને ?

આ આભિનિવેશિક મિથ્યાત્વમાં અહંકારનું જોર વધારે હોય છે. પત્નીને એ અહંકાર આવ્યો કે તમે કહો તે જ સાડી હું પહેરું ? તમે કહ્યું માટે બદલાવાની નથી. આ ફાંકામાં તેણે અકાળે મૃત્યુને નોતર્યું. અકામ મૃત્યુ થઇ ગયું. આ રીતે મરવાથી ભવના ફેરા વધે છે કારણ કે આપઘાત કરવા તૈયાર થાય ત્યારે કષાયનો ઉદય જોરદાર હોય. આર્તધ્યાન રૌદ્રધ્યાન હોય. આ સ્થિતિમાં મરે એટલે સંસાર વધે. અહીં એ સમજવું જરૂરી છે કે જગતના દરેક જીવોની પસંદગી સમાન હોતી નથી. તમને જે ચીજ ગમે તે બીજાને ન પણ ગમે. તમને કોઈ ચીજ ખૂબ ભાવતી હોય, ગમતી હોય પણ બીજાને તે ચીજ ન પણ ભાવતી હોય. દરેકનું મન સ્વતંત્ર છે તેની પોતાની આકાંક્ષા અલગ હોય છે. એ બધી બાબતોમા બીજાની સાથે સંમત કેવી રીતે થાય ?

આ મન પ્રવાહી જેવું નથી કે બીજાની પસંદગીમાં તે ઢળી પડે. જો આ વાત ધ્યાનમાં રાખશો તો તમે જોજો કે પછી પરિણામ કેવું સુંદર આવે છે ! ઘણી વાર એવું પણ બને કે ખોટી પકડ પકડી રાખ પણ જો કોઈ સત્ય સમજાવનાર મળી જાય તો એ પકડને છોડી દે છે. પોતાની ભૂલ કબૂલ કરી લે છે. કરેલી ભૂલને એ ગોપવતો નથી.

ભૂલની કબૂલાતે નિંદકોએ માંગેલી માફી : આજ સ્કૂલોમાં તથા રાષ્ટ્ર-દિનોની ઉજવણીમાં "વંદે માતરમ્" રાષ્ટ્રગીત બોલાય છે. સ્વતંત્રદિન હોય, પ્રજાસત્તાક દિન હોય ત્યારે સ્કૂલોમાં, કોર્ટમાં, કચેરીઓમાં બધે ધ્વજવંદન કરીને આ ગીત બોલાય છે. આ ગીતના રચયિતા બંકિમચંદ્ર હતા. તેમણે એક વિષય પર પોતાનો અભિપ્રાય પ્રગટ કરેલો. તેની જાહેરાત ખૂબ થઇ ગઇ હતી. અભિપ્રાય પ્રગટ કર્યા પછી બીજે દિવસે તેમને ખ્યાલ આવ્યો કે મારી ભૂલ થઇ છે. જેના જીવનમાં આભિનિવેશિક મિથ્યાત્વનું જોર નથી તે આત્માને કોઈ કડવા શબ્દો કહે, બેવકુફ કહે તે સાંભળવા તૈયાર થશે પણ પોતાની ભૂલને અંતરમાં રાખવા તૈયાર નહિ થાય, આ બંકિમચંદ્રને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો એટલે બીજે દિવસે જાહેર લેખ આપી દીધો કે મારી આ ભૂલ થઈ ગઇ છે. આ લેખ બધાએ વાંચ્યો. કંઇક અજ્ઞાની એમ બોલવા લાગ્યા કે આનું ચસકી ગયું લાગે છે. પહેલા દિવસે ભૂલ કરી અને બીજે દિવસે સુધારવા આવ્યો. જો તેમને આવડતું ન હતું તો જાહેરાતમાં લેખ આપ્યો શા માટે ? આ રીતે બધા ટીકા કરવા લાગ્યા અને મનફાવે તેમ બોલવા લાગ્યા. ડાહ્યા માણસોથી આ સહન ન થયું. તેઓ અકળાઇ ગયા. તેમણે કહ્યું બધા તમારા અવર્ણવાદ બોલે છે. નિંદા કરે છે ને ખોટું થૂંક ઉડાડે છે. તે અમારાથી સહન થતું નથી; માટે આપ કોઈ રસ્તો કરો. બંકિમચંદ્રે બીજે દિવસે જાહેરાત આપી કે જે મહાપુરૂષો છે તે તો ભૂલ કરતા નથી. તેમને પોતાનો લેખ બદલવાની કયારે ય જરૂર પડતી નથી, પણ જે પોતાના લેખમાં ભૂલ કરી છે. એવું જાણવા છતાં તે ભૂલને ગોપવે છે, ભૂલની કબૂલાત કરતા નથી તે કપટી છે. માનવ માત્ર ભૂલને પાત્ર છે. હું મહાપુરૂષ તો નથી પણ સાથે કપટી બનવાની પણ મારી તૈયારી નથી. ભૂલને છૂપાવીને મારે કપટી બનવું નથી, એટલે મેં મારી થયેલી ભૂલને રજુ કરી છે.

આ લેખ વાંચીને થૂંક ઉડાડનારા, નિંદા કરનારા શાંત થઈ ગયા, અને તેમની પાસે આવીને તેમના ચરણમાં પડીને માફી માંગી. સજ્જન માણસો સમજે છે કે એક વાર ખોટું બોલીએ તો એ પાપ ગોપવવા બીજા ૧૭ પાપ કરવા પડે છે, માટે સત્ય રજુ કરી દેવું શું ખોટું ? સાચી વાત જાણ્યા પછી પણ પોતાની ખોટી પકડને છોડવા જે તૈયાર નથી તેવા માણસો ધર્મ પામી શકતા નથી. જમાલિ અણગાર જે ભગવાનના શિષ્ય અને સંસાર પક્ષે જમાઇ તથા ભાણેજ હતા. તેમણે ભગવાનના એક વચનને ઉથલાવ્યું. ભગવાને તેમને ઘણું સમજાવ્યા છતાં પોતાની પકડ ન છોડી તો કિલ્વિષીમાં ફેંકાઇ ગયા, માટે કદાચ ભૂલ થઈ જાય તો તેને હૃદયમાં સંઘરી ન રાખવી.

જે ભૂલોને ગોપવે છે તે સંસારમાં ગબડી પડે છે, માટે સમજવાની જરૂર છે. મારું તે સાચું નહિ પણ સાચું તે મારું. આ દૃષ્ટિ કેળવવાની જરૂર છે. મિથ્યાત્વ જાય અને સમ્યક્‌ત્વનો દીપક પ્રગટે તો મોક્ષનું સર્ટીફિકેટ મળી જાય. મિથ્યાત્વ જીવને ભવમાં ભમાવે છે અને સમ્યક્‌ત્વ સંસારને મર્યાદિત કરે છે. સમ્યક્‌ત્વ એટલે સાચી અતૂટ શ્રધ્ધા. જ્યારે ધર્મ પ્રત્યે આવી શ્રધ્ધા આવશે ત્યારે શીર જાય તો કુરબાન પણ શ્રધ્ધાથી ચલિત નહિ થાય.

કુમારપાળ રાજા પહેલા જૈન ધર્મી ન હતા. એક વાર તેમને હેમચંદ્રાચાર્ય ગુરૂનો ભેટો થયો. તે સાચા જૈન ધર્મી બની ગયા. એસા ગુરૂ ને એસા શિષ્ય મળે તો કેવી મઝા આવે ? તમને ધર્મના માર્ગે આગળ પ્રગતિ કરતા દેખે, શ્રધ્ધામાં દૃઢ દેખે ત્યારે ગુરૂને આનંદ થાય. તમારે ત્યાં સંપત્તિ કે વૈભવો ગમે તેટલા વધે તેથી ગુરૂને આનંદ ન થાય પણ તમને ધર્મના સાચા રસ્તે ચાલતા જુવે તો એમના રોમરાય પ્રફુલ્લિત થઈ જાય. અમારી તો એ જ ભાવના છે કે મારા મહાવીરના શાસનને પામેલો આત્મા નરક, તિર્યંચમાં તો ન જ જવો જોઈએ. હેમચંદ્રાચાર્ય ગુરૂના સમાગમથી કુમારપાળ રાજા સાચા અહિંસક બની ગયા. તેમના જીવનમાં એક પ્રસંગ બન્યો.

કુમારપાળ રાજાની અડગ ટેક : કુમારપાળ રાજાના રાજ્યમાં કંટકેશ્વરી દેવીને જીવોનો ભોગ અપાતો હતો. બલી દેવાતી હતી. હવે મહારાજા ધર્મ પામ્યા હતા. તે જીવોનો ભોગ આપવા દે ખરા ? સાચો ધર્મ પામ્યા કયારે કહેવાય ? કુમારપાળ રાજાએ રાજ્યમાં ઉદ્‌ઘોષણા કરાવી કે આ વર્ષે દેવીને કોઇ પણ જીવનો ભોગ આપવામાં નહિ આવે. આ ઉદ્‌ઘોષણા સાંભળતા નગરજનોને તો જાણે વીજળી પડી ન હોય એવો આંચકો લાગ્યો. પૂજારી તો ક્રોધથી ધમધમી ઉઠયો આ રાજા શું સમજે ? મહારાજાને આ તે શી અવળી મતિ સૂઝી છે ? જો દેવીને ભોગ નહિ આપીએ તો દેવી આપણા પર કોપશે. રાજાને અને પ્રજાને બધાને ભરખી ખાશે. રાજા જેવા રાજાને આટલીય ગમ નથી પડતી ! બીજો પૂજારી કહે–મહારાજા હવે હેમચંદ્રાચાર્યના પરમ ભક્ત બન્યા છે પણ ભોગ તો પરંપરાથી ચાલ્યો આવે છે. એ તો બંધ થતો હશે ? કોઈ ગમે તેમ બોલે પણ કુમારપાળ તો પોતાની શ્રદ્ધામાં દૃઢ છે. કોઈ તો કહે છે કે એમના શરીરે કોઢ તો નીકળ્યો છે. જો હવે ભોગ નહિ આપે તો રક્તપિત્ત નીકળશે. દુર્ગંધના ગોટેગોટા ઉઠશે. મહારાજા કહે છે મને કોઇ ચિંતા નથી. કાલે થતું હોય તો આજે થાય. આજે થતું હોય તો અત્યારે થાય. મને જરાય ચિંતા કે ગભરાટ નથી. માતા પોતાના દીકરાને ભૂખ્યા રહેવા ન દે તો પછી ભોગ લે ખરી ? છોકરા માને પાળે કે ન પાળે પણ માને તો તેની લાગણી થાય. તો આ તો જગતની મા કહેવાય. તે કોઇનો ભોગ લે ખરી ?

જીવોને નહિ વધેરવાની શરતે ભોગ આપવા તૈયાર થયેલા રાજા : એક બે દિવસમાં તો આ વાત વાયુ વેગે આખા ગામમાં પ્રસરી ગઈ. નગરજનો, શ્રેષ્ઠીઓ,

બધા ચિંતાના સાગરમાં ડૂબી ગયા. હવે કરવું શું ? છેવટે મહાજન મહારાજાને સમજાવવા ગયું. મહારાજાએ બધાને શાંતિથી સાંભળ્યા પછી કહ્યું– હે નગરજનો ! તમે બધા એમ માનો છો કે મૂંગા નિર્દોષ પશુઓને મા પાસે વધેરવાથી મા રાજી થશે પણ તમારી આ સમજ ભૂલભરેલી છે. દયા ધર્મ જેવો બીજો એકેય ધર્મ નથી. મા બાળકોને મારીને કદી ખુશ ન થાય. માની આંખ તો ત્યારે હરખે કે નિર્દોષ પશુઓ એની પાસે જેલ કરતા હોય. હા, એક વાત છે; માને જો ભોગ જોઈતો હોય તો હું આપવા તૈયાર છું. એને જેટલા ભોગ જોઈતા હોય એટલા એની શક્તિથી લઇ લે. કોઇ જીવને નહિ વધેરવાની શરતે એ માંગે એટલા ભોગ આપવા હું તૈયાર છું. એ કેવી રીતે ? પરાપૂર્વથી જેટલા પશુઓનો ભોગ અપાય છે એટલા જીવો લાવો, પછી તમે જે પૂજાપાઠ આદિ કરતા હો તે કરો પછી એ બધા જીવોને માને ખોળે રમતા મૂકી દો. મંદિરની બહાર તાળું વાસી દો. આખી રાતમાં માને જેટલા જીવોનો ભોગ લેવો હોય એટલો લઈ લે.

અહિંસાનો અદ્‌ભૂત પ્રભાવ : મહારાજાની વાત બધાને બરાબર લાગી. જીવતા પશુઓને લઇ આવ્યા. પૂજાપાઠ આદિ વિધિ કરીને માના ખોળામાં રમતા મૂકી દીધા ને બહાર તાળું વાસી દીધું. રાજાએ ત્યાં ઉઘાડી બંદુકે ચોકી મૂકી દીધી. બીજે દિવસે સવારે સાત વાગે બારણું ખોલવાનું કહ્યું. બધાના મનમાં એમ છે કે એક પણ જીવ જીવતો નહિ હોય. બીજા દિવસનું પુણ્યવંતુ પ્રભાત પ્રગટ્યું. સાત વાગે હજારો લોકો મંદિર પાસે ભેગા થઈ ગયા. આવા પ્રસંગે કોઇને કહેવા જવું પડે ખરું ? ના. મહાજન આવ્યું. ખુદ કુમારપાળ મહારાજા પણ આવ્યા. પશુઓના ભોગનું શું થયું એ જોવાની અધીરાઈ બધાની આંખમાં તરી રહી હતી. બધાની વચ્ચે રાજાએ તાળું ખોલ્યું ત્યાં તો ક...ડ....ડ....ડ કરતો મંદિરનો દરવાજો ખુલ્યો. સેંકડોની સંખ્યામાં પૂરાઈ રહેલા નિર્દોષ પશુઓ હસતા રમતા બહાર દોડી આવ્યા. રાજાએ નગરજનોને કહ્યું–તમે જોયું ને ? માતાએ કોઈના ભોગ ન લીધા. કોઇને ભરખી ન ખાધા, એમને તો કોઈના ભોગ જોઈતા નથી. એને તો નિર્દોષ પશુઓના હર્ષનો ધ્વનિ ગમે છે. એવી તે કઈ મા હશે કે જે પોતાના બાળકોનો ભોગ લઇને રાજી થાય ? મા લોહીતરસી નથી. કરૂણામૂર્તિ છે. તમે બિચારા નિર્દોષ પશુઓને મારો છો તો તમારું લોહી આપો ને ! બધા સીધા દોર થઈ ગયા. બધાએ બુલંદ અવાજથી મહારાજા કુમારપાળનો જયજયકાર બોલાવ્યો. ધન્ય છે હેમચંદ્રાચાર્ય ગુરૂ ભગવંતને ! ધન્ય છે અહિંસાના અવતારી મહારાજા કુમારપાળને ! ધન્ય છે તેમની દૃઢ શ્રદ્ધાને !

મહારાજા કુમારપાળને રક્તપિંડ રોગ થવાની વાત કરી, છતાં એક શ્રદ્ધા જે થવું હોય તે થાય પણ પાપ તો હું નહિ થવા દઉં. તે શ્રદ્ધામાં દૃઢ રહ્યા તો જીવોને અભયદાન આપી શકયા. આનંદ ગાથાપતિ હવે તો શ્રાવક બન્યા. તેમને ભગવાનના વચનોમાં

યથાર્થ દૃઢ શ્રદ્ધા પ્રતીતિ થઈ એટલે મિથ્યાત્વનું મહાવિષ ચાલ્યું ગયું અને સમકિત રૂપી રત્ન પ્રાપ્ત કર્યું. સમકિત દૃષ્ટિ એનું નામ કે જેને સંસારનો ભય લાગ્યો હોય. શ્રદ્ધાળુ શ્રાવક એને કહેવાય કે જેને સંસાર કડવો ઝેર જેવો લાગે. તેને **"સંસાર સોહામણો નહિ પણ બિહામણો લાગે."** તમને સંસાર સોહામણો લાગે છે કે બિહામણો ? જો હજુ સંસાર સોહામણો લાગતો હોય તો સમજવું કે આ જીવ હજુ સુધી વીતરાગનો ધર્મ પામ્યો નથી અને સમકિત પણ પામ્યો નથી. સમકિતની વિશેષતા બતાવતા કહ્યું છે કે

न दुःखबीज शुभदर्शन क्षित्रौ कदाचन क्षिप्रमपि प्ररोहति ।

सदाप्युप्तं सुखबीज मुत्तमं, कुदर्शने तद् विपरीत मिष्यते ॥

સમ્યગ્દર્શન રૂપી ભૂમિમાં કદાચિત્ દુઃખના બીજ પડી જાય તો પણ તે પવિત્ર ભૂમિમાં તે બીજ કદી પણ જલ્દી અંકુરિત થતા નથી. તેના અંકુર ઉત્પન્ન થયા પહેલા તે પવિત્ર ભૂમિનો (સમ્યગ્દર્શનનો) પ્રતાપ તેને બાળી નાંખે છે અને તે પાવન ભૂમિમાં સુખના બીજ તો વાવ્યા વગર પણ સદા ઉત્પન્ન થયા કરે છે પણ મિથ્યાત્વની ભૂમિમાં કદાચિત્ સુખના બીજ વાવવામાં આવે તો પણ તે અંકુરિત થતા નથી પણ બળી જાય છે, અને દુઃખના બીજ તો વાવ્યા વિના પણ ઉત્પન્ન થાય છે માટે સુખ મેળવવા સમ્યક્ત્વ રૂપી ભૂમિનું સેવન કરવું.

સમકિતના લક્ષણોમાં પહેલું છે **"સમ"**. સમ એટલે સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ. તેને મન શત્રુ અને મિત્ર બરાબર. પોતાના આત્મા સમાન સર્વ જીવોને ગણવા. બીજું છે. **"સંવેગ"** એટલે સારો વેગ. તે વેગ સંસાર તરફનો નહિ પણ મોક્ષ તરફનો આત્માનો વેગ. **"નિર્વેદ"** એટલે સંસાર પ્રત્યે ઉદ્વેગ થવો, કંટાળો જાગવો, સંસાર છોડવા જેવો છે એવું લાગવું. સમકિત આત્માને **"સંસાર ભૂંડો લાગે અને મોક્ષ રૂડો લાગે. સંસાર છોડવા જેવો અને મોક્ષ મેળવવા જેવો લાગે"**. આ ભાવના જેના મનમાં દૃઢ થાય તે સાચો શ્રાવક કહેવાય. આગમમાં શ્રાવકોને "શ્રમણોપાસક" નામ આપવામાં આવ્યું છે. શ્રમણ એટલે સાધુ અને ઉપાસક એટલે ઉપાસના કરનાર. સાધુતાનો જે ઉપાસક છે તે શ્રાવક અર્થાત્ શ્રાવકના મનમાં સતત સાધુ થવાની ઝંખના હોય છે. આ સંસાર છોડી કયારે હું સાધુપણું લઉં ? આગાર ધર્મમાંથી અણગાર ધર્મને કયારે પ્રાપ્ત કરું ?

તમે વનમાં કે પાંજરામાં કયારેક સિંહ તો જોયો હશે ! શું સિંહ પાંજરામાં હંમેશાં સૂતેલો હોય છે ? ના... ના... મોટા ભાગે સિંહ પાંજરામાં ચારે બાજુ ગોળ ગોળ આંટા મારતો હોય છે. લોખંડના સળિયામાંથી મોઢું બહાર કાઢવાના પ્રયત્નો કરીને જુએ છે કે કયાંથી નીકળી શકાય તેમ છે ? ૫-૨૫ વાર નહિ પણ ૫૦-૧૦૦ વાર આંટા મારીને જોઈ લીધું કે કયાંયથી બહાર જવાય તેમ નથી, તો

પછી શાંતિથી બેસી રહેવું જોઇએ ને ? બોટા આંટા મારવાનો શો અર્થ ? તેના આંટા બોટા નથી. સતત આંટા મારે છે તે એ બતાવે છે કે પાંજરાના બંધનમાંથી છૂટવાની સિંહની ભાવના કેટલી પ્રબળ છે ! છૂટવા માટેની તેની સતત ઝંખના છે. શું માનવીને આ દુઃખમય સંસારથી છૂટવાની એટલી ઝંખના છે ? સતત ભાવના છે ? જો સિંહ જેવી છૂટવાની ભાવના તીવ્ર થાય તો કેવું સરસ ! તો સંસાર કયારનો છોડી શકયા હોત પણ ભાવના કાંઈ એમ જ પૂરી થતી નથી. તે માટે શું કરવું પડશે.

હે ભાગ્યશાળી ! જો તું આ સંસારથી ડરતો હોય, તને સંસારનો ભય લાગ્યો હોય અને મોક્ષ પ્રાપ્ત કરવાની તું સતત ઝંખના કરતો હોય તો ઇન્દ્રિયો પર વિજય મેળવી જિતેન્દ્રિય થવા માટે તારું વીર્ય ફોરવ, તારી શક્તિનો સદુપયોગ કર.

જેના દિલમાં ત્યાગ વૈરાગ્યની ભાવના વસી ગઇ હોય તો છ ખંડના માલિક ચક્રવર્તી માટે પણ આખો સંસાર છોડવો સહેલો છે પણ જો જીવનમાં ત્યાગ વૈરાગ્યની ભાવના જરા પણ ન હોય તો ભિખારી માટે એક ફૂટલું શકોરું છોડવું પણ સહેલું નથી. ધનસંપત્તિ વધારે હોય કે ઓછી હોય એની સાથે ત્યાગ માર્ગને નિસ્બત નથી. નિસ્બત છે ત્યાગ વૈરાગ્યની ભાવના ઉપર. ધનસંપત્તિ અઢળક હોય તો તેને ક્ષણભરમાં છોડી દેનારના દૃષ્ટાંતો શાસ્ત્રોમાં ઘણા મોજુદ છે. શાલીભદ્રને ત્યાં કેટલી સંપત્તિ હતી ! છતાં ક્ષણવારમાં છોડીને ત્યાગની કેડીએ ચાલ્યા ગયા. કાંઈ ન હોય તો છોડી શકાય છે એવું નથી. ઘણું હોય તો છોડી શકાય છે અને ન હોય તો પણ છોડી શકાય છે. માત્ર ત્યાગની ભાવના તીવ્ર હોવી જોઇએ.

આત્મશ્રેયનો માર્ગ જેને સમજાઈ ગયો છે, જેના રોમેરોમમાં વૈરાગ્યની જ્યોત ઝળહળી ઊઠી છે એવા અનેક આત્માઓએ સુખથી છલોછલ ભરેલો સંસાર છોડયો છે. આજે પરણીને બીજે દિવસે દીક્ષા લેનારા જંબુસ્વામીને ધન્ય છે. અરે ! પરણીને તરત આવેલા મિત્રોથી મશ્કરી કરાતા ચંડરૂદ્રાચાર્ય પાસે દીક્ષા લેનારા વરરાજા હજુ હાથમાં મીંઢળ બાંધેલા છે છતાં એ રાત્રે વિહાર કરતા કેવળલક્ષ્મી પામી ગયા. એવા તો અનેક રાજા મહારાજાઓ, રાજકુમારો, રાજકુમારીઓ, શ્રીમંત લક્ષાધિપતિઓએ ક્ષણભરમાં સંસાર છોડી આત્મકલ્યાણ કર્યું છે. **"સંસાર એટલે સંસાર, પછી ભલે એ સુખથી ભરેલો સુખી સંસાર હોય કે દુઃખનો ભરેલો સંસાર હોય પણ સંસાર તો છે ને ?** સંસાર અસાર અને છોડવા જેવો છે.

આનંદ શ્રાવકના દિલમાં લાગી ગયું કે બરેબર તો સંસાર છોડી સંયમ જ લેવા જેવો છે, પણ મારી એટલી શક્તિ નથી એટલે તે દેશવિરતિ બનવા તૈયાર થયા. હું તમને પણ કહું છું કે તમે બાર વ્રત આદરો. તમારા સંસારમાં કોઈ વાંધો નહિ આવે ને પાપથી અટકશો. વ્રતમાં આવ્યા વિના સાચો આનંદ નહિ મળે. આનંદ શ્રાવકને ભગવાન હવે બાર વ્રતનું સ્વરૂપ સમજાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પિતાના ચરણમાં નમતો પુણ્યસાર : પુણ્યસારના જુગારીયા મિત્રોએ પણ જુગારની પ્રતિજ્ઞા લીધી પછી સૌ પોતાના ઘેર ગયા. પુણ્યસાર ઘણા

ઉમળકા ને ભાવથી પિતાના ચરણમાં પડીને કહે છે પિતાજી ! શું આપની ઉદારતા ને વિશાળતા ! આપણા ગુણો હું કયારે પણ નહિ ભૂલું. મારી ભૂલને માફ કરો. આજથી આપ કહેશો તેમ હું કરીશ. શેઠ કહે–મેં વગર વિચાર્યે તને ઘરની બહાર કાઢી મૂકયો. તને સુધારવા માટે મેં આ શિક્ષા કરી હતી. મારા એ અપરાધને માફ કર. પિતાજી ! તમે મને એમ કાઢી મૂકયો ન હોત તો મારામાં આ જ્ઞાન કયારે આવત ! તાવ આવ્યો હોય તો કડવી કવીનાઈન ખાય તો તાવ મટી જાય તેમ હે પિતાજી ! મને આ દુર્વ્યસનોથી બચાવવા માટે આપે ઔષધિ આપી.

પુણ્યસાર કહે બાપુજી ! હું આપને એક વાત કરું ? કર. આપ મને એક છૂટ આપો. શું ? હું રાજાની રાણીનો હાર જેને ત્યાં વેચી આવ્યો છું તે લઈ આવું. સવા લાખ રૂા–આપીને હાર છુટો કરાવી આવું. શેઠ કહે–તું લઇ જા સવા લાખ. ના. હું મારી પાસેથી લઈ જઇશ. હવે તો પુણ્યસાર પાસે મુડી હાથમાં આવી છે એટલે સવા લાખ લઇને ગયો. જઈને કહે છે મેં ભૂલ કરી હતી. તે ભૂલના ભોગવટામાં આપને જે હાર આપી ગયો છું તેના બદલામાં હું સવા લાખ રૂા. આપને આપું છું. આપ મને હાર પાછો આપો. હવે તો જુગારીયાઓ સુધરી ગયા હતા. તેમણે પણ જુગારની પ્રતિજ્ઞા કરી છે એટલે હાર પાછો આપી દીધો. તે હાર લઇને પુણ્યસાર ઘેર આવ્યો. રાણીને હાર આપવાનો ચાર દિવસનો વાયદો કર્યો હતો, તેમાં હજુ બે દિવસ બાકી હતા તે પહેલા હાર આવી ગયો શેઠ શેઠાણી બધાને ખૂબ શાંતિ થઇ, આનંદ થયો.

શેઠ કહે દીકરા ! હવે તું મોટો થયો છે. તારો અભ્યાસ પૂરો થઈ ગયો છે, હવે મારી સાથે ધંધામાં જોડાઈ જા. પિતાજી ! આપની આજ્ઞા માથે ધરું છું. હવે આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું. તું કાલ સવારથી મારી સાથે પેઢી પર આવજે. તું ખૂબ ભણેલો છે, હોંશિયાર છે એટલે થોડા સમયમાં આપણા ઝવેરાતના તથા બીજા ધંધામાં કુશળ થઈ જઈશ. સાથે મારી એક વાત યાદ રાખજે કે ધંધો ખૂબ પ્રમાણિકતાથી કરજે. અનીતિનું ગંદુ ધન આપણાં ઘરમાં ન આવે તે ખાસ ધ્યાન રાખજે. અન્યાયથી, અણહક્કનું કે અપ્રમાણિકતાથી આવેલું ધન ધંધામાં ન ચાલે. એવું ધન ધંધાને મારી નાંખે માટે ધંધો કરતા આ વાત ખાસ નજર સમક્ષ રાખજે. આ રીતે પિતાએ પુત્રને ધંધા સંબંધી ઘણી વાતો કરી પછી પુણ્યસાર રોજ દુકાને જવા લાગ્યો. થોડા દિવસમાં તો વેપારમાં હોંશિયાર થઇ ગયો. આથી માતાપિતાને ખૂબ સંતોષ થયો. અહીં તો બધું બરાબર થઈ ગયું. હવે જેને પરણીને તરત છોડીને આવ્યો છે, તે વલ્લભીપુરમાં શું થયું તે જોઇએ.

ગુણસુંદરી એમ ચિંતવે, બહુ વેળા થઇ આંહી,
મુજ વલ્લભ કેમ નાવીયા, શું ભૂલ્યા હશે કયાંહી.

ગોપાલપુરમાં તો બધાને આનંદ આનંદ થયો પણ વલ્લભીપુરમાં તો રોકકળ મચી

ગઈ છે. પુણ્યસાર જંગલ જવાના બહાને ઘરથી નીકળ્યો. ગુણસુંદરી થોડે સુધી તો આગળ ગઈ પણ પછી તેને પુણ્યસારે ના પાડી અને કહ્યું-અંધારી રાતમાં તમારે એકલા ઊભા રહેવું તે સારું નહિ માટે આપ ઘેર જાવ. મેં રસ્તો જોયો છે. હું એકલો આવી શકીશ તેથી ગુણસુંદરી પાછી આવી. આજે બધી બેનોને આનંદનો પાર ન હતો. પોતાનું વચન આજે પૂરું થયું. દેવનો દીધેલ વર મળી ગયો પણ બધાના મનમાં ઘો તરંગો ઉઠતા હતા. કોણ હશે એ ? કયાંનો હશે ? શું નામ હશે ? એમના માબાપ કોણ હશે ? આવા અનેક પ્રશ્નો મનમાં ઉઠયા કરે છે. પુણ્યસારને ગયા કલાક થયો છતાં તે ન આવ્યો એટલે ગુણસુંદરીને ઉત્પાત થવા લાગ્યો. મન બેચેન બની ગયું. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૧૧ને સોમવાર : વ્યાખ્યાન નં. ૫૩ : તા. ૨૬-૮-૮૫

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે અનંતકાળથી જીવને સંસારમાં રખડાવનાર અને આ સંસાર વૃક્ષને ફાલ્યું ફુલ્યું રાખનાર જો કોઈ હોય તો મિથ્યાત્વ છે. જે જીવોમાં મહામિથ્યાત્વ વર્તતું હોય તેના ભાવો કેવા હોય ? આ જીવોને **સંસાર જ ગમતો હોય** તેને સંસાર અને સંસારના દરેક પદાર્થો વહાલા લાગે. સંસારની દોડધામ અને સંસારની દરેક ક્રિયા વહાલી લાગે. તે તો માને કે સંસાર એ સુખની ખાણ છે, આવો સંસાર તેને ગમે. મોક્ષની વાતો સાંભળતા દ્વેષ થાય. આવા જીવો મહામિથ્યાત્વી છે. મહામિથ્યાત્વ ભાવના ખડકોની સાથે જેની જીવન નાવડી અથડાઈને ખોખરી થઈ ગઈ છે એવા જીવોને પૂછો કે સંસાર કેવો ? મોક્ષ કેવો ? તો એ બેધડક કહેશે કે સંસાર ખૂબ સારો અને મોક્ષ તો એક નંબરનું ધતીંગ. કંચન, કામિની સારા પણ ઉપાશ્રયો વગેરે નકામા. આ જીવોને તગડા મિથ્યાત્વના રોગી કહી શકાય. જ્ઞાની કહે છે કે મિથ્યાત્વ એ આત્માનો ભયાનક રોગ છે. આ રોગની ત્રણ અવસ્થાઓ છે. જે સંસાર સુખના જ અતિપ્રેમી છે તેને તગડા મિથ્યાત્વના રોગી કહી શકાય. જેમ કોઈ છોકરો ખાઈપીને હૃષ્ટપૃષ્ટ થયો હોય અને શરીર સારું જામ્યું હોય તો કહેશે કે આ ખાઈપીને તગડા જેવો થયો છે તેમ જેનું મિથ્યાત્વ ખૂબ ગાઢ છે તેને તગડું મિથ્યાત્વ કહી શકાય. (૨) માદું પડેલું મિથ્યાત્વ અને (૩) મરેલું મિથ્યાત્વ. મહા મિથ્યાત્વી જીવો હજુ સુધી ચરમાવર્તકાળમાં આવ્યા નથી.

જીવોનું મિથ્યાત્વ માંદુ પડે એટલે તેની શક્તિ ઘટે. કોઇ માનવીને એવો રોગ લાગુ પડી જાય છે કે ધીરે ધીરે તેની શક્તિ હીન થતી જાય એટલે પહેલા જેવું કામકાજ ન કરી શકે, તેમ જે જીવોનું મિથ્યાત્વ માંદુ પડયું છે તે જીવો ચરમાવર્તમાં આવી ગયા છે, જેણે ચરમાવર્તમાં પ્રવેશ કર્યો એનું આત્મા રૂપી રોકેટ મોક્ષ તરફ વણથંભી કૂચ કરતું રહે છે—આ જીવોને **"સંસાર જ ગમે"** એવા ભાવ નથી રહેતા, પણ એમને **"સંસાર પણ ગમે અને મોક્ષ પણ ગમે"** એવા ભાવ હોય છે.

સંસારના સુખો પ્રત્યે પ્રેમ હોય અને મોક્ષ પ્રત્યે પણ પ્રેમ હોય તેનું મિથ્યાત્વ સંપૂર્ણ ગયું નથી પણ સાવ મંદ પડી ગયું છે. આવા જીવોને માંદા પડેલા મિથ્યાત્વના રોગી કહી શકાય. જ્યારે જીવોનો વિકાસ આગળ વધે છે, ગ્રંથીભેદ કરે છે ત્યારે સંસારના સુખો પ્રત્યેનો ભારે પ્રેમ મરી પરવારે અને માત્ર મોક્ષની ઈચ્છા ચિત્તમાં રહ્યા કરે ત્યારે મિથ્યાત્વ રોગની મૃત્યુદશા આવી ગણાય. મિથ્યાત્વ મરી પરવાર્યું એટલે જીવનમાં સમકિત આવી ગયું. આ જીવોને "**સંસાર ન જ ગમે, મોક્ષ જ ગમે.**" બધું કરવું સહેલું છે પણ મિથ્યાત્વની ગાંઠને તોડવી એ સહજ કામ નથી. ઘણું કપરું કામ છે.

મિથ્યાત્વની ગાંઠ ભેદાઈ ગઈ એટલે આત્મામાં સમકિતનો રણકાર થઈ જાય. બધા સમકતી આત્માઓ દીક્ષા લે એવું નથી. સમકિત છે ત્યાં ચારિત્રની ભજના છે. કોઈ સમકતી સંયમ લે અને કોઈ ન પણ લે. કદાચ તે સંસારમાં રહે પણ રમે નહિ. "**સમકતી આત્માનું તન સંસારમાં પડેલું હોય પણ મન તો મોક્ષમાં રમતું હોય.**" કયારે કોઇ પણ પાપ કરવું પડે ત્યારે એને ખૂબ બળાપો થાય. તેને સંસાર ગમે નહિ. રાતદિવસ તેની એક જ ઝંખના હોય કે કયારે હું આ પાપમાંથી છૂટું ! ભોગાવલી કર્મના ઉદયથી ભોગો ભોગવતો હોય પણ એને અંતરથી એ ભૂંડા માને. પહેલા જ્યારે ગટર સંડાસ નહોતા ત્યારે પેલા સંડાસો સાફ કરતા હોય તે સમયે તેની નજીકમાં બેઠા હો તો એની એવી દુર્ગંધ આવે કે ખાધેલું ઉછળી જાય તેમ સમકતી જીવોને સંસારના કોઈ પણ પદાર્થો પ્રત્યે આસક્તિ કે મૂર્છા ન હોય. તેને સંસારના સુખોની દુર્ગંધ આવે. જેના જીવનમાં સમ્યક્ત્વનો પ્રકાશ થયો તે મિથ્યાત્વના ઘોર અંધકારમાં અટકાય નહિ. તે આત્માની મસ્તી માણતો હોય. જેને આત્માની મસ્તીનો અનુભવ થયો નથી તે સંસારના સુખોમાં આનંદ માને. જ્યારે આત્માની મસ્તીનો અનુભવ થાય ત્યારે આ બધા સુખો તુચ્છ સ્વાદ વગરના લાગે.

આત્મામાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટયો છે કે નહિ તે જાણવા માટે ત્રણ લક્ષણો છે : (૧) દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે ખૂબ ભક્તિભાવ. દેવ દેવાધિદેવ અરિહંત ભગવાન, ગુરૂ મારા પંચમહાવ્રતધારી નિર્ગ્રંથમુનિ અને કેવળી પ્રરૂપિત ધર્મ. આ ત્રણ તત્ત્વો પર અખૂટ શ્રદ્ધા અને ભક્તિભાવ હોય. (૨) જિનવાણી શ્રવણનો અતિરસ. (૩) ચારિત્ર ધર્મ પ્રત્યે અત્યંત અહોભાવ. મિથ્યાત્વની ગ્રંથી ભેદાય પછી સમ્યગ્દર્શનનો ગુણ પ્રગટ થાય છે. આ ગ્રંથી ભેદાઇ ન હોય તો એ આત્મામાં ત્રણ બાહ્યવિકારો જોવા મળે.

(૧) સુખ પ્રત્યે અતિરાગ. સંસારના દરેક સુખો પર ખૂબ પ્રેમ હોય. (૨) દુઃખ પ્રત્યે અતિદ્વેષ. કયારેક દુઃખ આવી જાય તો એ દુઃખ પર દ્વેષભાવ થાય. અણગમો થાય. (૩) પોતાની વાત ખોટી હોવા છતાં તેને સત્ય માનીને પકડી રાખે. જો આ ત્રણ લક્ષણો હોય તો સમજવું કે હજુ મિથ્યાત્વની ગ્રંથી ભેદાઈ નથી. મિથ્યાત્વની ગ્રંથીનો ભેદ કરવા માટે જેટલી કઠીન સાધના જરૂરી છે તેટલી કદાચ બીજી કોઈ પણ સાધના નહિ હોય. આ ગ્રંથીનો ભેદ થઈ ગયા પછી મુક્તિ ઝાઝી દૂર રહેતી નથી. બાકીના

વિકાસના સોપાનો ઉપર આરોહણ ઝડપી થઈ શકે છે. મુશ્કેલ છે ગ્રંથીભેદ કરવાનો. કઠીન છે સુખ પ્રત્યેના રાગને દૂર કરવાનું; અને દુઃખ પ્રત્યે દ્વેષને દૂર કરવાનું. અતિ મુશ્કેલ છે કદાગ્રહને છોડવાનું.

ગઈકાલે આપણે વાત કરી હતી કે ૨૫ પ્રકારના મિથ્યાત્વમાં અભિનિવેશિક મિથ્યાત્વ છે એ આત્માને ખૂબ હેરાન કરે છે. ગૂંડો કહો, લૂંટારો કહો કે શત્રુ કહો તો તે અભિનિવેશિક મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ જીવની મતિ અવળી કરાવે, રાગ–દ્વેષ કરાવે અને ડગલે ને પગલે જીવને કર્મો બંધાવે છે. આ મિથ્યાત્વ મોટા ભાગે સામી વ્યક્તિઓને આપણા પ્રત્યે દુર્ભાવ કરાવે છે અને તેના કારણે પરિણામ એ આવે છે કે સામી વ્યક્તિ આપણી સાચી વાત સ્વીકારવા પણ તૈયાર થતી નથી. બીજાને સન્માર્ગે લાવવા હોય તો પહેલા તેને આપણા પ્રત્યે સદ્‌ભાવ હોવો જોઈએ. વાતચીત રજૂ કરવાની કળા જોઈએ. ઘણી વાર એવું બને છે કે જે કામ બળથી ન થાય તે કળથી થાય છે.

કામ કેવી રીતે લેશો ? બળથી કે કળથી : એક છોકરાને બીડીનું ખૂબ વ્યસન. રોજની ૨૦ થી ૨૫ બીડી પીવે. તેના પિતાને ખબર પડી કે મારો દીકરો બીડી પીવે છે પણ તેને જો ધમકાવીશ તો એ બીડી છોડશે નહિ ને પરિણામ સારું નહિ આવે. તે માટે મારે કળથી કામ લેવું પડશે. એક વાર પિતા દુકાને બેઠા હતા ત્યાં છોકરો હરખાતો હરખાતો પિતા પાસે આવ્યો ને કહ્યું–બાપુજી ! ટેબલ ટેનિસની રમતમાં આખી સ્કૂલમાં મારો પહેલો નંબર આવ્યો. બાપે બરાબર સમય જોઈને સોગઠી મારી. તું શું વાત કરે છે ? આખી સ્કૂલમાં તારો પહેલો નંબર ! મને તો લાગે છે કે ક્રિકેટમાં, વોલીબોલમાં બધામાં તું પહેલો નંબર લાવે તેવો છે પણ બેટા ! તને એક વાતની ખબર છે ને કે રમતગમતમાં જેને આગળ આવવું હોય તેની છાતી મજબૂત જોઇએ. જેને છાતી મજબૂત બનાવવી હોય તેણે પોતાના જીવનમા એક પણ વ્યસન આવવા દેવું જોઇએ નહિ. મને એક વાતનો આનંદ છે કે હજુ સુધી તારા જીવનમાં કોઇ વ્યસન આવ્યું નથી, પણ ભવિષ્યમાં તારા જીવનમાં કોઈ વ્યસન આવી ન જાય તે માટે મારી તને આટલી સલાહ છે. પિતાના પ્રેરણાદાયક પ્રેમભર્યા શબ્દો સાંભળતા પુત્ર પિતાના ચરણમાં નમી પડ્યો. પિતાજી ! મને માફ કરો. મેં ઘણી મોટી ભૂલ કરી છે. હું બીડીના રવાડે ચઢી ગયો છું પણ આજથી પ્રતિજ્ઞા કરું છું કે જિંદગીમાં કયારે પણ બીડી કે કોઈ વ્યસનને નહિ અડું. આ સાંભળતા પિતાને ખૂબ આનંદ થયો. જો ધાકધમકીથી પિતા પુત્રને બીડી છોડાવવા ગયા હોત તો આવું સુંદર પરિણામ ન આવત.

જો સુંદર રીતે વાતની રજુઆત કરી તો છોકરાએ તેની પકડને છોડી દીધી. સામી વ્યક્તિને સન્માર્ગે લાવવી છે પણ જો તેને તમારા પ્રત્યે સદ્‌ભાવ હશે તો તમારા પ્રયત્નો સફળ બનશે. અભિનિવેશિક મિથ્યાત્વ આ સદ્‌ભાવને તોડે છે સદ્‌ભાવ તૂટયો પછી સામી વ્યક્તિને સન્માર્ગે લાવવા પ્રયત્નો કરો તો બધા નિષ્ફળ જવાના. આ કદાગ્રહનું મોટામાં મોટું નુકશાન કોઇ હોય તો તે છે અભિમાનની પુષ્ટિ અને બીજાના દિલમાં થતાં દુર્ભાવો,

માટે આ અભિનિવેશિક મિથ્યાત્વ છોડવા જેવું છે. એને છોડવા માટે આટલી વાતો યાદ રાખો કે (૧) મારી બધી માન્યતાઓ સાચી હોય તેવું ન પણ બને. કેટલીક માન્યતા સાચી હોય પણ સામી વ્યક્તિને સાચી લાગે એવું નિશ્ચિત નથી. (૨) કોઈના મનના માલિક કોઇ નથી. (૩) વાતની રજૂઆત કરવી પણ તે વાત સામાએ સ્વીકારવી જોઇએ. એવો આગ્રહ ન રાખવો. (૪) કોઈ વાર વાતથી સામાને લાભ થાય તેવું હોય છતાં જો પુણ્ય ઓછું હોય તો લાભદાયી વાત પણ સામાને ન ગમે. માનવીનો કદાગ્રહ જ્યારે સફળ થતો નથી ત્યારે બીજા માટે આપણા મનમાં પૂર્વગ્રહ બંધાઇ જાય છે. એ પૂર્વગ્રહના કારણે સામી વ્યક્તિના સદ્‌ગુણો પણ ગુણો રૂપે નહિ દેખાતા અવગુણો રૂપે દેખાય છે.

એક જ ક્રિયા છતાં દીકરી અને વહુમાં અંતર : એક માજી ઉપાશ્રયથી ઘેર જતા હતા. રસ્તામાં તમારા જેવા એક સજ્જન શ્રાવક મળ્યા. તેમણે પૂછયું, માજી ! ક્યાં જઇ આવ્યા ? ઉપાશ્રયે ગઇ હતી. એક સામાયિક કરીને આવી. ૧૨ વ્રતમાં સામાયિકનો નંબર કેટલામો છે ? નવમો. પહેલા આઠ વ્રત ઓળંગ્યા પછી નવમું સામાયિક વ્રત લીધું છે. માજી દેખાવમાં સામાયિક કરતા હતા પણ તેમનામાં મિથ્યાત્વની સત્તા ખૂબ પ્રબળ હતી. ભાઇએ માજીને પૂછયું અને માજીએ જવાબ આપ્યો કે ઉપાશ્રયે સામાયિક કરીને આવી પછી તે ભાઇએ પૂછયું તમે હમણાં તમારી દીકરીના લગ્ન કર્યા તો તે સુખી છે ને ? તમારો સંસાર વ્યવહાર આવો છે. તમે ઘરની બહાર નીકળો એટલે આ ઘટમાળ ચાલુ થઈ જાય છે. કંઇ ને કંઈ પ્રશ્નો પૂછાયા કરે પણ તમને કોઈ એમ નહિ પૂછતું હોય કે આજે હું વ્યાખ્યાનમાં આવી શકી નથી તો અધિકારમાં શું આવ્યું હતું ? આવું પૂછનાર તો કોઇક જ મળે.

માજી કહે ભાઇ ! મારી દીકરીની તો શી વાત કરું ! એ તો ઘણી સુખી છે. એને ઘેર લાડી, વાડી, ગાડી, બંગલા, નોકર, ચાકર, રસોઇયો બધું છે. તે સવારે સાડાસાત વાગે ઊઠે. નાહીધોઇને સ્વચ્છ કપડા પહેરી દાતણ કરી ચાપાણી પીવે, નાસ્તો તો રોજ ગરમ કરે પછી ઉપાશ્રયે જાય. ગુરૂદેવના વ્યાખ્યાન સાંભળે. એક બે સામાયિક કરી ૧૧ વાગે ઘેર આવે. રસોઇ તો તૈયાર હોય. એ રસોઇ પણ સાદી નહિ. રોજ મિષ્ટાન્ન, ફરસાણ હોય, જમીને બપોરે બે કલાક આરામ કરે, સાંજે બજારમાં ખરીદી કરવા જાય, આવીને તૈયાર રસોઈ જમી લે. પતિ આવે તેને પ્રેમથી જમાડે પછી ફરવા જાય અને આવીને સૂઈ જાય. આખા દિવસમાં કાંઇ કામ કરવાનું નહિ. મારી દીકરીને તો જાણે સ્વર્ગનું સુખ છે. આ વાત કરતાં કરતાં માજીની છાતી ગજ ગજ ઉછળતી હતી. એના મુખ પર આનંદ સમાતો ન હતો.

છ મહિના બાદ ફરી વાર તે ભાઈ માજીને મળ્યા. ભાઈ કહે માજી, મઝામાં છો ને ? હા. હમણાં તમારા દીકરાના લગ્ન થયા. વહુ ઘરે આવી. તો તમારી વહુ મઝામાં છે ને ? આ પ્રશ્ન સાંભળતા માજીને ગુસ્સો આવ્યો. તે કહેવા લાગ્યા, ભાઇ ! તેની તો હું શું વાત કરું ? એવી કપાતર વહુ આવી છે તેના પરાક્રમોની તો વાત જ

કરવા જેવી નથી. તે તો શેઠાણી બની ગઈ છે. સવારે સાડાસાત વાગે ઊઠે. નાહીધોઈને નોકરે ચાપાણી અને ગરમ નાસ્તો તૈયાર રાખ્યો હોય તે કરે પછી ઉપાશ્રયે જાય. તે ઘરમની ઢીંગલી અને પુણ્યની પૂંછડી થઈ ગઈ છે. આ શબ્દો કોણ બોલે છે? સાસુજી. તે ઉપાશ્રયે જાય, બે સામાયિક કરે. વ્યાખ્યાન સાંભળે પછી બેનોની સાથે છ કાયના બોલ, નવ તત્ત્વ આદિની ચર્ચા કરે એટલે બધાને એમ થાય કે આ વહુ કેટલી ભણેલી છે ! બે સામાયિક કરી ૧૧ વાગે ઘેર આવે. રસોઈ તૈયાર હોય એટલે આવીને જમવા બેસે. રોટલી, દાળ, ભાત, શાક તો ભાવે નહિ. રોજ મિષ્ટાન્ન અને ફરસાણ જોઈએ. એ કામની તો સાવ હરામી છે; એને કામ કરવું તો ગમતું જ નથી. જમીને બપોરે બે કલાક સૂઈ જાય પછી સાંજે સખીઓને સાથે લઈને ખરીદી કરવા જાય. સાડીઓના તો કબાટ ભર્યા છે. તો ય રોજ એક બે નવી સાડી ખરીદી લાવે. આવીને તરત જમવા બેસે. રાતે મારો છોકરો આવે તેને જમાડે; પછી બંને બગીચામાં ફરવા જાય ને રાત્રે આવીને સૂઇ જાય. ઘરનું એક કામ કરવાની વાત નહિ અને પહોળી થઈને ફરે. એવી કપાતર વહુ આવી છે કે મારું તો સાંભળતી નથી. કયા ભવના પાપ ઉદયમાં આવ્યા છે કે મને આવી વહુ મળી ?

આપે માજીની વાત સાંભળી ને ! પોતાની પુત્રી અને પોતાની વહુ બંનેની ઘરની સ્થિતિ સમાન છે. બંને સુખી ઘર છે છતાં દીકરી માટે કેવું બોલી અને વહુ માટે કેવું બોલી ? સુખી છે તે કહેતા છાતી ગજગજ ઉછળતી હતી. તેમની વહુ સારા ઘરની તો દીકરી છે ને? છતાં વહુને પારકી માની અને દીકરીને પોતાની માની, તેથી દીકરીની એક પણ ભૂલ દેખાતી નથી અને વહુનો એક પણ ગુણ દેખાતો નથી. માજી આવું વર્તન રાખે તો વહુ પાસેથી સુખ પામી શકે ખરા ? આખી જિંદગી વહુની સાથે રહેવાનું છે છતાં તેનું કેટલું વાંકું બોલે છે? આવી દુષ્ટ બુદ્ધિવાળા જીવો ગમે તેટલું ધર્મધ્યાન કરે છતાં એમની નાવડી તરવી મુશ્કેલ છે. આવા પૂર્વગ્રહથી અનેકના જીવનમાં સંઘર્ષો ઊભા થાય છે પરિણામે કયાંય સુખ કે શાંતિ દેખાતા નથી. આ ભયંકર હોનારતથી બચવું હોય તો અભિનિવેશિક મિથ્યાત્વના પાપને તિલાંજલી આપી દો તો શાંતિનો અનુભવ કરી શકશો. આ પાપને મજબૂત કરનાર કોઈ હોય તો તે અહંકાર છે. અહંકાર જશે એટલે આ પાપને જતા વાર નહિ લાગે માટે જૈનદર્શન કહે છે કે તમારી પ્રકૃતિ સુધારો. જો પ્રકૃતિ નહિ સુધારો તો તમારું આત્મધન લૂંટાઈ જશે. કષાયો, રાગ, દ્વેષ, અહંકાર, એ બધા આપણા આત્મધનને લૂંટી રહ્યા છે માટે એ ધન લૂંટાઈ ન જાય તેની ખૂબ કાળજી, તકેદારી રાખવાની જરૂર છે.

સત્યને સદ્ગુણનો કરી સરવાળો, મિથ્યાભાવથી રહેજે નિરાળો,
જોજે બને ના તારી.... હો (૨) જિંદગી નકામી.... ગમતી નથી આ.

આત્માની સંપત્તિ સાચવવા માટે સદ્ગુણોનો સંગ્રહ કરજે અને ખૂબ જાગૃતિ રાખજે. તમે રૂપિયાની નોટો કેટલી કાળજીથી સાચવો છો ? નોટો કરતાં સોનાના દાગીનાનું જતન વધારે કરો અને હીરાના દાગીના હોય તો તો ખૂબ ચોકસાઈવાળી

જગ્યાએ મૂકો. ચીજ જેટલી વધુ કિંમતી તેટલી તેની વધુ કાળજી. માત્ર આ ભવમાં કામ લાગતી ચીજોમાં જો આટલી કાળજી રાખો છો તો પછી ભવોભવમાં જે કામ લાગે એવી ચીજ પાછળ કેટલી કાળજી જોઈએ ?

એક રાજા રોજ રાત્રે વેશપરિવર્તન કરીને ગામમાં નગરજનોની શી સ્થિતિ છે, મારી નગરીમાં કોઈ દુઃખી તો નથી ને ? તે જોવા માટે નીકળતાં. રાજા ગલીએ, ગલીએ, શેરીએ, શેરીએ ફરે છે. ફરતા ફરતા એક ઝાડ નીચે એક ફકીરને ધ્યાનાવસ્થામાં બેઠેલા જોયા. આખી રાત આખા ગામમાં ફરીને રાજા જ્યારે પોતાના રાજમહેલ તરફ પાછા વળ્યા ત્યારે પણ ફકીર એમ ને એમ જાગતો બેઠેલો હતો. આ રીતે એક અઠવાડિયા સુધી તો રાજાએ ફકીરને આખી રાત જાગતા જોયા. સૂતેલા ન જોયા. રાજાના મનમાં વિચાર થયો કે મારે તો અંતેઉરની ચિંતા, ભંડારો કોઈ લૂંટી ન જાય તેની ચિંતા, પ્રજાના સુખદુઃખની ચિંતા એટલે મારે રાત્રે જાગવું પડે પણ આ ફકીર પાસે તો એક ભિક્ષાપાત્ર છે, શરીર પર નાનું કપડું છે અને બેસવા કપડાનો એક ટુકડો છે. એમનું શું લૂંટાઈ જવાનું છે કે તે એક પણ ઝોકું ખાધા વિના આખી રાત જાગે છે ? રાજાના મનમાં આ પ્રશ્ન ઉઠયો.

એ પ્રશ્નનું સમાધાન કરવા જ્યાં ફકીર બેઠા હતા ત્યાં રાજા ગયા. ફકીરે ધ્યાન પાળ્યું પછી રાજાએ પૂછ્યું–મહાત્માજી ! હું આપને એક પ્રશ્ન પૂછી શકું ? ખુશીથી પૂછો. તમારી પાસે નથી પૈસા, નથી લશ્કર, નથી ઘર કે ઘરવાળી, નથી નોકર ચાકર કે નથી ભંડાર, આપની પાસે શરીર પર એક કપડું છે અને ભિક્ષાપાત્ર છે. તમારું શું લૂંટાઈ જવાનું છે ? શું ચોરાઈ જવાનું છે ? ચોરડાકુ શું તમારું લઈ જવાના છે કે તમે આખી રાત જાગો છો ? હું અઠવાડિયાથી આપને જોઉ છું કે આપ રાત્રે સૂતા નથી. આપ સૂઈ જાઓ તો ય આપને ગુમાવવાનું શું છે ? અને જાગતા રહો તો ય કમાવવાનું શું છે ? મારી પાસે લાખો કરોડોની સંપત્તિ છે. તેની ચિંતા, અંતેઉરની ચિંતા, પ્રજાના રક્ષણની ચિંતા છે. એ બધાની રક્ષા ખાતર મારે આખી રાત જાગવું પડે પણ આપને તો કોઈ ચિંતા નથી છતાં શા માટે આખી રાત જાગવું પડે છે ? મારે આ વાતનું રહસ્ય જાણવું છે.

જાગૃતિથી જીવન સલામત : રાજાની આ વાત સાંભળીને ફકીર ખડખડાટ હસી પડયા. રાજા કહે મહાત્મા ! આપ કેમ હસો છો ? રાજન્ ! તારી મૂર્ખાઈ પર મને હસવું આવે છે. તું જેને સંપત્તિ માને છે ખરેખર તો એ સંપત્તિ નથી પણ વિપત્તિ છે. તારી સંપત્તિ કદાચ લૂંટાશે તો આ ભવ પૂરતી લૂંટાશે, એને સાચવવા તું આખી રાત જાગે, ગમે તેટલા પ્રયત્નો કરે છતાં ય એ સંપત્તિ તારી પાસે ટકવાની નથી. કદાચ ટકી રહેશે તો પચ્ચુ કૂટી કોડી જેટલીય તારા મર્યા પછી સાથે આવવાની નથી. ત્યારે મારું જે લૂંટાય છે તે જન્મોજન્મ નુકશાન કરે છે. મેં મારા આખા જીવનમાં સાધના કરીને જે ગુણોની મૂડી એકઠી કરી છે એ મૂડી એક ક્ષણના પ્રમાદમાં સાફ થઇ જાય એવી છે. જો જાગૃત રહીને એ મૂડી સાચવીએ તો મર્યા પછી પરલોકમાં સાથે

આવે એવી છે. હે રાજન્ ! તમે આજે જે સંપત્તિ, રાજસત્તા મેળવી છે તે પુણ્યથી મેળવ્યા છે. ધન, વૈભવ બધું પુણ્યથી મળે છે, પુણ્ય છે ત્યાં સુધી લહેર કરી લો. પુણ્ય બલાસ એટલે બધું બલાસ. મેં જે સુખ મેળવ્યું છે, આત્મસંપત્તિ પ્રાપ્ત કરી છે તે પુરૂષાર્થથી કરી છે. તારી સંપત્તિ કોઈ ચોરી જાય કે લૂંટી જાય તો એક ભવ પૂરતું નુકશાન છે જ્યારે મારી સાધનામાં જો હું ઝોકું ખાઇ જાઉં, પ્રમાદ કરું તો પતન થયા વિના રહે નહિ; તેથી હું આખી રાત જાગૃત રહું છું. રાજન્ ! તમારે જાગવામાં કંઈ મેળવવાનું નથી જ્યારે મારે ઉંઘવામાં બધું ય ગુમાવવાનું છે.

ફકીર કહે રાજા ! તમારી સંપત્તિને સાચવવા માટે સતત જાગતા રહેનારાઓ બિચારા આ દુનિયામાંથી રડતા રડતા ગયા છે. જ્યારે આધ્યાત્મિક સંપત્તિને સાચવવા માટે જાગૃત રહેનારા આ દુનિયામાંથી હસતા હસતા ગયા છે, તું આખી રાત જાગે તેમાં કમાવાનું કાંઇ નથી જ્યારે અમારી એક ક્ષણ પ્રમાદમા (ઉંઘમાં) ગઈ તો બધું ય ગુમાવવાનું છે. જેની પાસે બાહ્ય સંપત્તિ છે પણ આધ્યાત્મિક સંપત્તિ, વૈભવ નથી તેને કયારેક દુઃખી થવાનો પ્રસંગ આવે છે પણ જેની પાસે બહારનો ખજાનો ન હોય, બાહ્ય દૃષ્ટિથી તે ગરીબ દેખાતો હોય પણ આત્મિક વૈભવોનો ખજાનો છે તે આત્માને દુઃખી થવાનો વખત નહિ આવે. સોનાની પરીક્ષા કસોટીના પથ્થર પર થાય છે તેમ સંપત્તિની પરીક્ષા મૃત્યુના પથ્થર પર થાય છે. જીવનની કિંમતી અમૂલ્ય ક્ષણો ગુમાવીને તમે જે કાંઈ ભેગું કર્યું છે તેને એક વાર મોતના પથ્થર પર કસી જુઓ કે મૃત્યુ પછી આમાંની કઇ ચીજો તમારી સાથે આવવાની ? જો એક પણ ચીજ તમારી સાથે આવવાની ન હોય તો તમારી ભેગી કરેલી સંપત્તિ તમારી શી રીતે કહેવાય ? તમારી સંપત્તિ તો એ કહેવાય કે જે મૃત્યુ બાદ તમારી સાથે આવે. અજ્ઞાની આત્મા અહીં મૂકીને જવાની સામગ્રીઓ મેળવવા પાછળ દુર્લભ માનવ જીવનની કિંમતી ક્ષણોને વેડફી રહ્યો છે. આ સામગ્રીઓ તો જીવને અનંતકાળમાં અનંતીવાર મળી છે પણ આ જિનશાસન, અદ્‌ભુત ધર્મ સામગ્રીઓ તો અનંતકાળે મહા પુણ્યોદયે મળી છે. તો એનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિચારવાની જરૂર છે. ફકીરની વાત સાંભળી રાજાની આંખ ઉઘડી ગઈ.

આનંદ શ્રાવક ભગવાનને એ જ કહી રહ્યા છે કે આજ સુધી હું મોહની નિદ્રામાં ખૂબ ઊંઘ્યો. આપની વાણી સાંભળીને હવે મારી આંખ ખુલી ગઈ છે. હવે મને સમજાયું છે કે આ સંસારમાં રહેવા જેવું તો છે જ નહિ પણ હું સંસારના બંધનોથી સર્વથા છૂટીને સંયમ અંગીકાર કરું એટલી મારી શક્તિ નથી. મારી કાયરતા છે. જો સંસારમાં રહેવા જેવું હોત તો તીર્થંકરો, મહાપુરૂષો આ સંસારને છોડત નહિ માટે છોડવા જેવો તો સંસાર છે. જેના આત્મામાં સમ્યક્‌ત્વનો પ્રકાશ થઈ ગયો છે તે આત્મા શ્રાવકના વ્રતો અંગીકાર કરવા તૈયાર થયા. ૧૨ વ્રતમાં પહેલા વ્રતનું નામ છે "પાણાઈવાયાઓ વેરમણં" સાધુના પહેલા મહાવ્રતમાં સર્વથા દયા પાળવાની કહી છે. તેમાં

જરાય છૂટછાટ નથી. નવકોટીએ હિંસા કરવાના પચ્ચક્ખાણ કરાય છે. પહેલા વ્રતમાં જીવોની દયા પાળવાનું કહ્યું છે. જ્ઞાનીએ સાથે એ વાત સમજાવી છે કે શ્રાવકો સંસારમાં બેઠા છે એટલે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય આદી છકાય જીવોની હિંસા થાય છે. પણ તેમાં તમે ઉપયોગ રાખો. તમને ૧૨ વ્રતોમાં કયાં આગાર આપ્યા છે ને કયાં બંધી કરાવી છે તે વાત હવે સમજવા મળશે. બધા વ્રતો તમે લઈ શકો એવા છે. તમારે જેટલો આગાર રાખવો હોય તેટલો રાખી શકો છો પણ એક વાર વ્રતમાં આવો તો જબ્બર પાપનો પ્રવાહ આવતો અટકી જાય. હવે ભગવાન પહેલા અણુવ્રતના શું ભાવ સમજાવ્યો તે વાત અવસરે.

ચરિત્ર : પુણ્યસારને ગયા ઘણો સમય થયો છતાં તે આવ્યો નહિ એટલે સાતે બેનો ચિંતા કરવા લાગી. હજુ આપણા પતિ કેમ ન આવ્યા ? શું તે રસ્તો ભૂલી ગયા હશે ? ગુણસુંદરી સાથે ગઈ હતી એટલે એને તો ખૂબ ઉત્પાત થવા લાગ્યો. શું થયું હશે ? શું તે ખૂબ આગળ નીકળી ગયા હશે ? ગુણસુંદરી જે જગ્યાએ લઈ ગઈ હતી. તે બધો રસ્તો જોઈ આવી પણ કયાંય પતિ દેખાયા નહિ. શું તે દૂર ગયા હશે ? અહીં તો વગડો છે એટલે દૂર સુધી જવાની શી જરૂર ! રાતે હિંમત કરીને સાહસ બેડીને ગુણસુંદરી એકલી રસ્તો જોવા ગઈ. પતિને કરી બૂમો પાડીને બોલાવે છે પણ પતિ હોય તો જવાબ આપે ને ? ઘણી વાર થઇ છતાં પતિને જોયો નહિ એટલે મનમાં શંકા થઈ કે જંગલ જવામાં આટલી વાર લાગે નહિ. નક્કી અમને સાતેને મૂકીને ચાલ્યા ગયા લાગે છે. અમને છેતરપીંડી કરી છે. તેમને જંગલ જવું જ નહિ હોય પણ જંગલના બહાના નીચે આપણને છેતરીને ચાલ્યા ગયા લાગે છે. તેમની કઈ નગરી હશે ? તે કયા ગામના છે ? કોણ માતાપિતા છે કંઈ જાણકારી નથી ને એકાએક કેમ ચાલ્યા ગયા ?

સાતે બેનોનો કાળો કલ્પાંત : જ્યારે પોતાના પતિનો કંઈ અણસાર ન મળ્યો ત્યારે ગુણસુંદરી ભાંગેલા પગે નિરાશ વદને પાછી વળી. એનું હૈયું તૂટી ગયું હતું. એની આંખોમાં આંસુ હતા. મહામહેનતે એ મહેલમાં પાછી આવી. તેને આવેલી જોઈ ને બધી બેનો ઘેરાઈ વળી ને પૂછવા લાગી બેન ! તું કેમ એકલી આવી ? પતિ ન મળ્યા ? તે કયાં ગયા ? બેનોને જોતાં ગુણસુંદરીનું હૈયું એકદમ ભરાઈ ગયું. તે ડુસ્કે ને ડુસ્કે રડવા લાગી ને કહેવા લાગી. બહેનો ! દેહચિંતાના બહાને એ કયાંક ચાલ્યા ગયા. હું ઘણે લાંબે સુધી જોઈ આવી પણ તે કયાંય દેખાયા નહિ. અરેરે કર્મ ! તને આ શું સૂઝયું ? અમે એવા શા પાપ કર્યા હશે કે તેં અમારા પતિને ગુમ કરી દીધા ! આટલું બોલતા તે ભોંય પર પડી ગઈ. જે સતી સ્ત્રીઓ છે તેને મન તો પતિ એ પરમેશ્વર. તેનું સર્વસ્વ. તેમાં હજુ રાત્રે લગ્ન થયા, મધરાતે વળાવ્યા અને સવારમાં આ દશા ! આ તો સાતે છોકરીઓને દુઃખના દિવસો આવ્યા. તેનું નામઠામ જાણતાં નથી. હવે તેમને શોધવા કઈ રીતે ? ગુણસુંદરીની આ સ્થિતિ જોઈ બધી બેનો રડવા લાગી. તેમના

મુખમાંથી કારમી ચીસો નીકળી ગઈ. થોડી વારમાં તો મહેલમાં રોકકળ મચી ગઈ.

ઘડીભર પહેલા જ્યાં મંગલ વાજિંત્રો વાગતા હતા. શરણાઈઓ વાગતી હતી. ત્યાં આજે પરોઢિયાના સમયે તો કરૂણ વિલાપ થવા લાગ્યો. આ તો સ્ત્રીઓનું રૂદન! તેમાંય નવપરણીત સ્ત્રીઓનું રૂદન! એક સાથે સાત સાત બેનોનો કલ્પાંત! શાંત વાતાવરણમાં બીજા કંઈક જીવો આ રૂદન સાંભળીને જાગી ગયા. નક્કી કાંઈક કરૂણ બનાવ બન્યો લાગે છે. સાતે છોકરીઓ ખૂબ રડે છે. એકબીજાને કહે છે, આપણો કોઈ વાંક ગુનો નથી. હજુ તો પરણીને આવ્યા છે. તેમણે પાછું વાળીને જોયું જ નહિ કે કંઈ વિચાર ન કર્યો કે હું આ રીતે ચાલ્યો જઈશ તો આ કોમળ હૈયાઓ ઉપર કેવો વજાઘાત થશે! બસ, આ રીતે રાહ જોવડાવીને ચાલ્યા ગયા! શું પુરૂષોના હૈયા આટલા મજબૂત–કઠોર હોય છે! જો કઠણ ન હોય તો અઘોર જંગલમાં દમયંતીને એકલી મૂકીને નળરાજા ચાલ્યા જાય ખરા?

વિમાસણમાં પડેલો પુણ્યસાર : ખરેખર પુણ્યસાર આવો કઠોર ન હતો. જતાં જતાં તેનું હૈયું પણ ભાંગી ગયું હતું. ઘણી વાર એ શૂન્ય બની ગયો, હું જાઉં કે ન જાઉં? આ વિચારો કેટલીય વાર સુધી કર્યા હતા પણ છેવટે ગયા વિના ચાલે એમ ન હતું એટલે તે ચાલ્યો ગયો. એક બાજુ જન્મ દેનારા ઉપકારી માતા પિતા હતા. બીજી તરફ નવપરણીત પત્નીઓ હતી. જેની કોઈ ઓળખ ન હતી. નામઠામની કોઈ ખબર ન હતી. ભાગ્યોદયે એકબીજાનો ભેટો થઈ ગયો. પુણ્યસાર બાપના ગુરસાથી ઓઢું લગાડીને ભાગી નીકળ્યો હતો. નીકળતા નીકળી ગયો હતો પણ જેમ જેમ રાત વધતી જતી હતી તેમ તેમ તેના હૈયામાં માતાપિતાના વિચારો વધુ આવતા હતા. જો હું બે દિવસમાં મારા માતાપિતા પાસે નહિ પહોંચું તો શું ખબર કે એ શું કરશે? અને જો કોઇ અમંગળ બને તો? ના.. ના....એવું તો નહિ બને. મારા લીધે હું એવું તો નહિ બનવા દઉં; માટે જલ્દી ત્યાં જઇને પત્નીઓને બોલાવી લઇશ. મારા માબાપને દુઃખી તો ન કરાય. હું તો ત્યાં જઈશ જ. હે પ્રભુ! મારી પત્નીઓને મારો વિયોગ સહન કરવાની તું શક્તિ આપજે. આવો વિચાર કરીને પુણ્યસાર ગયો છે પણ તેના મનના આ મંથનને કોણ જાણે? જે બધા આંખે જુએ તેજ સાચું માને ને! બધા એમ જ માને છે આપણા પતિ આપણને મૂકીને ચાલ્યા ગયા છે. એમ સમજીને સાતે કન્યાઓ કરૂણ સ્વરે રડી રહી છે. શું દેવે તેમના જ્ઞાનમાં એ નહિ જોયું હોય કે આ છોકરો રાતે પરણીને સવારે તેમને મૂકીને ભાગી જશે!

તેમના રૂદનનો અવાજ શેઠના બંગલા સુધી પહોંચી ગયો. શેઠ–શેઠાણી જાગી ગયા. અરે, અત્યારમાં આવું કરૂણ રૂદન કોણ કરતું હશે? ધ્યાન દઈને અવાજ સાંભળ્યો તો પોતાની દીકરીઓનો અવાજ લાગ્યો. અરેરે....આ તો આપણી દીકરીઓ રડે છે. શું થયું હશે? હજુ રાત્રે તો લગ્ન થયા છે ને અત્યારે શા માટે રડતા હશે? શેઠના હૈયામાં ફાળ પડી. શું બની ગયું હશે? મારી દીકરીઓ ઉપર શું વીજળી તૂટી પડી? એવો

વિચાર કરતાં એ સીધા દીકરીઓના મહેલે આવ્યા. હવે શેઠ તેમની વહાલસોયી દીકરીઓને વાત પૂછશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આપણે ત્યાં સતીજીઓના મહાન તપ ચાલી રહ્યા છે. આજે બા. બ્ર. હર્ષિદાબાઇ મ. બા. બ્ર. ઉર્વીશાબાઇ મ. અને બા. બ્ર. હેતલબાઈ મ. ત્રણ ઠાણાને ૨૫મો ઉપવાસ છે. બા. બ્ર. ભાવનાબાઇ મ. ને ૧૪મો ઉપવાસ છે.

દ્વિ શ્રાવણ સુદ ૧૨ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૫૪ : તા. ૨૭-૮-૮૫

અનંત કરૂણાસાગર, જ્ઞાન દિવાકર, શાંતરસના સુધાકર જિનેશ્વર ભગવંતે ભવ્ય જીવોને સંસારનું સ્વરૂપ સમજાવ્યું. ભૂતકાળમાં જેટલા તીર્થંકરો થયા, વર્તમાનકાળમાં મહાવિદેહમાં વિચરે છે અને ભવિષ્યકાળમાં પદ્મનાભ આદિ તીર્થંકરો થશે તે બધા તીર્થંકરોની દેશનાનો સાર કોઇ હોય તો તે સંસાર અસાર છે.

"संसारम्मि असारे नत्थि दुहं वाहि वेउणा पउरे ।
जाणंतो इह जीवो न कुणइ जिण देासज्ज धम्मं ॥"

આ સંસાર અસાર છે. અસાર સંસારમાં કંઈ સુખ નથી કારણ કે આ સંસાર વ્યાધિ અને વેદનાથી ગ્રસ્ત છે. આટલું જાણતો હોવા છતાં જીવ સંસાર છોડતો નથી અને જિનેશ્વર પ્રભુએ કહેલો ધર્મ કરતો નથી. આજે તમને ધનસંપત્તિ; પુત્ર પરિવાર લાડી-વાડી આદિ સંસારના બધા સુખો મળ્યા હોય તો તમે કહેશો કે સંસાર કંસાર જેવો છે પણ જ્ઞાની તો કહે છે કે સંસાર અસાર, અસાર ને અસાર છે. કોઈ પણ તીર્થંકર કયારે પણ નહિ કહે કે સંસાર સારભૂત છે. સંસાર તો અસાર છે.

" સંસાર દુઃખમય હોય તો ય અસાર અને સુખમય હોય તો પણ અસાર " કારણ કે સુખની સામગ્રીઓનો સ્વભાવ તો આત્મા પાસે પાપો કરાવવાનો છે. સંપત્તિ, સ્ત્રી, કુટુંબ, વહેપાર આદિ તમામ પદાર્થો પ્રત્યેની મમતા જીવનને પાપમય બનાવ્યા વિના રહેતી નથી. સંસારની સુખદ સામગ્રીથી પણ ગુણસાગર, પૃથ્વીચંદ્ર કે ભરત ચક્રવર્તી કેવળજ્ઞાન પામી ગયા. એમાં એ સામગ્રી તો નિમિત્ત માત્ર છે. આ બધા એ સામગ્રીમાં ખૂબ સાવધાન રહ્યા માટે એનું નિમિત્ત પામી કેવળજ્ઞાન પામ્યા. અગ્નિનો સ્વભાવ તો દઝાડવાનો અને બાળવાનો છે છતાં એ અગ્નિથી કોઈની ટાઢ ઉડે છે અને સ્ફૂર્તિ મળે છે પણ તેમાં અગ્નિની શાબાશી ન કહેવાય પણ એ વ્યક્તિની સાવધાનીની શાબાશી છે. ઝેરનો સ્વભાવ મારવાનો છે પણ હોંશિયાર ડૉકટર એના દ્વારા દમના દર્દીને જીવન આપે છે તેથી ઝેરથી જીવ્યા એમ કદી પણ ન કહેવાય એ સમયે ડૉકટરે જીવાડયા કહેવાય. તે રીતે સંસાર સુખની સામગ્રીનો સ્વભાવ તો પાપમય બનાવવાનો છે છતાં એ સામગ્રીના નિમિત્તથી કોઈ પાપમુક્ત બની જાય તેમાં પદાર્થોની શાબાશી ન કહેવાય. પદાર્થોએ પાપમુક્ત કર્યા ન કહેવાય પણ તેમાં આત્માની સાવધાનીની શાબાશી છે.

જૈનદર્શન આપણને એ સમજાવે છે કે જે જૈન નથી, અજૈન છે તે દુઃખથી ડરે પણ જૈન તો સુખથી પણ એટલો ડરે કારણ કે પાપ કરાવનાર સુખો છે. આવા દુઃખમય અને પાપમય સંસારમાં રહેવાનું કોણ પ્રજ્ઞાવંત પસંદ કરે ? દુઃખ તો ખરાબ છે પણ પાપ તો એથીય વધુ ખરાબ, માટે જ્ઞાનીઓએ તો સંસારને અસાર, દુઃખમય અને પાપમય કહ્યો છે પણ સુખમય તો કયારે પણ કહ્યો નથી. અસાર સંસારમાંથી સાર શોધવો એ તો પાણી વલોવીને માખણ કાઢવા જેવી વાત છે. સંસારમાં સુખ તો છે નહિ. સુખ તો છે સંસાર છોડવામાં. જેમણે સંસાર છોડયો તે ખરેખર સુખી થયા અને ન છોડી શકયા તે દુઃખી થયા. જ્યારે સંસાર છોડવાની વાત આવે ત્યારે સંસાર અને સંસારી બંને છોડવા પડશે. સંસાર તો છોડયો પણ સંસારીનો સંબંધ ન છોડયો તો શું કામનું ? સંસાર છોડયા પછી પણ જો સંબંધ ન છોડયો તો તે વ્યર્થ છે. ભગવાન બોલ્યા છે;

विज्जहित्तु पुव्वसंजोगं, ण सिणेहं कहिंचि कुवेज्जा ।
असिणेह सिणेह करेहिं, दोस पओसेहिं, मुच्चए भिक्खू ।। ઉત્તરા.૮ગાથા૨

માતાપિતા આદિ પૂર્વ સંબંધોને છોડીને જેણે દીક્ષા લીધી છે તે કોઈ પણ વસ્તુમાં સ્નેહ ન કરે, સ્નેહ કરવાવાળા પુત્ર, પત્ની આદિમાં પણ સ્નેહ ન રાખે તેવો સાધક દ્વેષ અને પ્રદ્વેષ (દુર્ગતિ ગમન) આદિથી છૂટી જાય છે માટે સંસારની સાથે સંસારના સંબંધો પણ છોડવા જોઈએ. કોઈ કાળે એવું નહિ બને કે કોઈ પણ તીર્થંકરને સંસાર છોડયા વિના ઘેર બેઠા કેવળજ્ઞાન થયું હોય. તીર્થંકર પ્રભુ તો નિયમા સંસારનો ત્યાગ કરી દીક્ષા લઈ ઉપસર્ગો સહન કરવા વગેરેની સાધના સાધી, ઘાતી કર્મોને ખપાવી કેવળજ્ઞાન પામે. પ્રભુએ પોતે સંસાર છોડયો અને સર્વને સંસાર છોડવાનો ઉપદેશ આપ્યો. આ સંસાર અનાદિ અનંત છે અને મોક્ષ સાદિ અનંત છે. અંત કોનો થાય ? સંસારનો કે સંસારીનો ?

અંત કોનો ? સંસારનો કે સંસારીનો ? એક આત્માના સંસારનો કયારેક અંત આવી જશે અને એ મોક્ષે ચાલ્યો જશે. મોક્ષમાં પ્રવેશ થયો તે સાદિ અને પછી ત્યાંની સ્થિતિ પણ અનંત. જ્યાં ગયા પછી કયારે પણ સંસારમાં પાછા આવવાનું નથી તેનું નામ મોક્ષ. જ્યારે સંસાર તો અનાદિ અનંત છે. જેનો પહેલો છેડો નથી અને બીજો છેડો પણ નથી. જેની આદિ નથી ને અંત પણ નથી માટે સંસાર અનાદિ અનંત છે. અનંતકાળ સુધી સંસાર જેવો છે તેવો રહેશે. ભૂતકાળમાં પણ એવો હતો, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યમાં પણ એવો રહેશે. આ સંસારનો નથી પ્રલય કે નથી વિનાશ, નથી ઉત્પત્તિ કે વિલય, કોઈ સંસારનો સર્જક નથી કે કોઈ નાશ કરનાર પણ નથી માટે સંસાર પ્રવાહની દૃષ્ટિએ સતત ગતિશીલ રહેશે. કોઈ સંસારી જીવોના સંસારનો અંત આવશે પણ સંસારનો અંત નહિ આવે કારણ કે કયારેય મોક્ષમાં નહિ જનારા અભવી જીવો અને દુર્ભવ્ય જીવો તો કાયમ સંસારમાં રહેવાના છે માટે

સંસારનો અંત નથી આવવાનો. સંસારીનો અંત આવશે. ભવ્ય જીવો મોક્ષે જશે.

સંસાર કોઈ વસ્તુનું નામ નથી, તો સંસાર શું છે ? રસાયણશાસ્ત્રના વિજ્ઞાનમાં જેમ કહે છે કે હાઇડ્રોજનના બે ભાગ અને એક ભાગ ઓકસીજનનો મળીને પાણી બને છે તેમ વિષયો+કષાયો આ બે ભેગા મળીને સંસાર બન્યો છે. સંસારમાં જ્યાં જોશો ત્યાં વિષય કષાયો જોવા મળશે. આ બંને ન હોય તો સંસાર નથી અને છે તો સંસાર છે. ભગવાન આચારાંગ સૂત્રમાં બોલ્યા છે "जे गुणे से मूलठाणे, जे मूलठाणे से गुणे ।" જે શબ્દાદિ વિષયો છે તે સંસારનું મૂળ કારણ છે અને જે મૂળસ્થાન છે તે ગુણ (વિષયો) છે. આવા વિષય કષાયથી ભરેલા સંસારમાં આપણે વસ્યા છીએ પણ આપણામાં સંસાર ન હોવો જોઇએ. **"આપણે સંસારમાં રહીએ છીએ કે સંસાર આપણામાં રહે છે ?"** આ પ્રશ્ન ખૂબ વિચારવા જેવો છે. આપણે સંસારમાં રહીએ છીએ તે તો સામાન્ય વાત છે પણ જો સંસાર આપણામાં રહે તો નૌકા ડૂબી જાય. જેમ સમુદ્રમાં વહાણ રહે ત્યાં સુધી વાંધો ન આવે પણ વહાણમાં સમુદ્ર (પાણી) આવી ગયો તો વહાણ સમુદ્રમાં ડૂબી જવાનું. તે રીતે જો આપણામાં સંસાર આવી ગયો તો સમજવું કે સંસાર સાગરમાં ડૂબી જવાના. જો આપણામાં સંસાર ભાવ, વિષય કષાય ન હોય તો સાગર તરી જવાના.

તનથી રહેનારો તરે, મનથી રહેનારો ડૂબે : જેમ ખાલી ઘડો કૂવામાં નાંખ્યો અને ઘડામાં પાણી ભરાઇ ગયું તો ઘડો પાણીમાં અને પાણી પણ ઘડામાં છે તે રીતે જો તમે સંસારમાં ગળાબૂડ ડૂબેલા રહેશો તો તમે સંસારમાં અને સંસાર તમારામાં પણ જો ઘડો ઊંધો પાણીમાં નાંખો તો ઘડામાં પાણી ભરાતું નથી. ઘડો પાણીમાં હોવા છતાં ઘડામાં પાણી નથી. આ રીતે સંસારમાં રહેવા છતાં જો તમારામાં સંસાર ન રાખો, નિર્લેપ ભાવે જો સંસારમાં રહેતા આવડી જાય તો બેડો પાર થઈ જાય, તનથી સંસારમાં રહેવું એ જુદી વાત છે અને મનથી રહેવું એ જુદી વાત છે. તનથી સંસારમાં રહેનારો તરી જશે પણ મનથી રહેનારો ડૂબી જશે. પુણીયો શ્રાવક સંસારમા તનથી રહ્યો હતો તો તરી ગયો અને મનથી રહેનારો મમ્મણ ડૂબી ગયો.

જેમનું મન સંસાર પ્રત્યેથી ઊઠી ગયું છે એવા આનંદ ગાથાપતિના જીવનમાં સમ્યક્ત્વની લહેજત આવી ગઈ. તેમની દૃષ્ટિ નિર્મળ બની. જેની દૃષ્ટિમાં નિર્મળતા આવે તે આત્મા ગુણોનો ગ્રાહક હોય પણ અવગુણનો ગ્રાહક ન હોય. સમકિત આવે એટલે જ્ઞાન પણ સમ્યક્ બની જાય. સમ્યક્ જ્ઞાનના પ્રકાશમાં હેય-જ્ઞેય અને ઉપાદેયનું ભાન થયું. તેઓ વ્રત અંગીકાર કરવા તૈયાર થયા. ડાહ્યો માણસ ઘરમાં કચરો રાખે ખરો ? ના. તમે સાપને ઘરમાં જતો જોયો પછી તેને રાખો ખરા ? ના. કાઢે છૂટકો કરો, તેમ આનંદ ગાથાપતિની જ્ઞાન દૃષ્ટિ ખુલી ગઇ. તેમને પાપનો ભય લાગ્યો છે. સમકતી આત્માને સાપ કરતાં પાપનો ભય વધારે હોય. સાપ તો કદાચ કરડે તો એક ભવ બગાડે પણ પાપ તો આપણા ભવોભવ બગાડે, આનંદને પાપનો ભય લાગ્યો

એટલે ત્યાં ને ત્યાં શ્રાવકધર્મ અપનાવવા તૈયાર થયા. શાસ્ત્રોમાં વાંચીએ ત્યારે થાય કે કેવા હળુકર્મી આત્માઓ કે ભગવાનની વાણી સાંભળીને ત્યાં ને ત્યાં ઊભા થઈ જાય અને પ્રભુને કહે કે હવે મારે દીક્ષા લેવી છે. હું ઘેર જઈને માતાની આજ્ઞા લઈ ને આવું છું. આગમકાર તો કહે છે કે જે સમયે તને ઉત્કૃષ્ટ ભાવ આવે ત્યારે તું કાર્ય કરી લેજે. તેમાં વિલંબ કરીશ નહિ.

આનંદ ગાથાપતિ કેવા બડભાગી, કેવા ભાગ્યશાળી કે ભગવાનના શ્રીમુખેથી વ્રત આદરવાનો લાભ મળશે. ૧૨ વ્રતમાં પહેલું વ્રત છે અહિંસાનું ! પ્રાણાતિપાતથી અટકવું. બીજું, ત્રીજું વ્રત લો પણ જીવનમાં અહિંસા નથી; દયા નથી તો વ્રતો છાપરા વગરના મકાન જેવા છે. ધર્મનું મૂળ દયા છે **तएणं से आणंदे गाहावई समणस्स भगवओ महावीरस्स अंतिए, "तप्पढमयाए थूलगं पाणाइवायं पच्चक्खामि"** તે આનંદ ગાથાપતિએ શ્રમણ ભગવાન મહાવીરસ્વામીની પાસે સર્વ પ્રધાન સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યા.

બાર વ્રતમાં પહેલા વ્રતને સૌથી શ્રેષ્ઠ ગણ્યું છે. શા માટે ? જો જીવનમાં અહિંસા નથી તો પછી બીજા ગુણો કેવી રીતે ટકી શકવાના છે ? જૈનદર્શનની મોટી ઈમારત અહિંસાના પાયા પર ખડી થઇ છે આનંદ ગાથાપતિ કહે છે હે ભગવાન ! હું સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કરું છું ગૃહસ્થાશ્રમમાં રહેતા શ્રાવકો એકેન્દ્રિય જીવોની સર્વથા દયા પાળી ન શકે. સંયમી સાધક એ જીવોની સર્વથા દયા પાળી શકે. ભલે, તમે પાળી ન શકો પણ કંટ્રોલ તો લાવી શકો. તે જીવો પ્રત્યે અનુકંપા તો હોવી જોઈએ. બિનજરૂરના પાણી કેટલા રેલમછેલ વપરાય છે ? ત્યાં તે જીવોની અનુકંપા આવે છે ? ઘરમાં પંખો ફૂલ ફરતો હોય ત્યાં વાઉકાયના જીવોની દયા આવે છે ? તે જીવોના રક્ષણ માટે પંખા બંધ ન કરો પણ જો મહિને ઇલેકટ્રીકનું બીલમોટું આવ્યું તો કહેશો કે વિના કારણે પંખા ન ચલાવો, લાઇટ ન ચલાવો. ત્યાં શું તે જીવોની દયા આવી ? ના....ના.... ત્યાં પૈસા હૈયે લાગ્યા. જીવને જેટલા પૈસા ખટક્યા તેટલું પાપ ખટકતું નથી. હજુ પાપનો ભય લાગ્યો નથી. તે જીવો પ્રત્યે દયા, અનુકંપા, કરૂણાના ભાવ જાગે તો પાપથી અટકે.

આ જગતમાં ત્રણ પ્રકારના જીવો છે : **(૧) બીજાને મારીને જીવે. (૨) પોતે જીવતા રહીને બીજાને જીવાડે. (૩) પોતાના પ્રાણના બલિદાને બીજાને જીવાડે.** આ ત્રણ પ્રકારમાંથી સૌથી શ્રેષ્ઠ ત્રીજા નંબરના જીવો છે. પોતાના પ્રાણનું બલિદાન દઈ દે પણ બીજાને જીવાડે. શાંતિનાથ ભગવાનના આત્માએ મેઘરથ રાજાના ભવમાં પારેવાની રક્ષા ખાતર પોતાના પ્રાણનું બલિદાન દઈ દીધું. આજે જગતના મોટા ભાગના જીવો પહેલા પ્રકારના હોય છે. પોતાનું જીવન ટકાવવા બીજાને મારી નાંખવા પડે તો તેમ કરતા જરાય અચકાતા નથી, બસ તેમનું એક જ લક્ષ્ય છે કે ગમે તેમ કરીને આપણું જીવન ટકાવો. આવા

જીવોની આત્મ પરિણતિ ખૂબ કઠોર હોય છે. તેમના જીવનમાં કરૂણા હોતી નથી. આવા જીવોમાં ધર્મ પ્રવેશી શકતો નથી. જ્ઞાની પુરૂષોએ દયાને ધર્મની જનેતા કહી છે. જેનું હૃદય કોમળ અને કરૂણા સભર હોય તેવા આત્મક્ષેત્રમાં ધર્મનો પાક થાય છે. દયા વિનાની કઠોર ખીડના જેવી ભૂમિમાં ગુણોનો પાક થઇ શકે નહિ.

એક વાસણમાં પથ્થર પડયો હોય ને બીજો કોઈ પથ્થર નાંખે તો પહેલો પથ્થર બીજા પથ્થરને પોતાનામાં સમાવી શકે નહિ. તે જ વાસણમાં પથ્થરને બદલે ઘટ્ટ ઘી હોય ને પથ્થર નાંખે તો ધીમે ધીમે એમાં પ્રવેશી શકે છે. ઘીને બદલે જો પાણી હોય તો ખૂબ ઝડપથી પથ્થરને પોતાનામાં પ્રવેશવા દે. આ ન્યાયથી આપણે એ સમજવાનું છે કે બીજાનું સ્થાન તમારા હૃદયમાં મેળવવું હોય તો કઠોરતા છોડીને કોમળતા અપનાવવી પડશે. જો હૃદય પથ્થર જેવું કઠોર હશે તો એ બીજાને પોતાનામાં કેવી રીતે સમાવી શકશે ? માટે હૃદયને કોમળ બનાવો અને દયાથી છલકતું કરી દો. જો દિલમાં દયા ભરપુર ભરી હશે તો પોતાને ગમે તેવા ભયંકર દુઃખો આવે તો તેને આનંદપૂર્વક સહન કરી લે છે, પણ બીજાને દુઃખી કરવા ઈચ્છતા નથી. બીજાનું દુઃખ જોઈ ને એનું દિલ દ્રવી જાય છે. પોતાના સુખ માટે બીજાને દુઃખી કરવા એની તયારી હોતી નથી.

સિકંદર બાદશાહે જગત વિજેતા બનવા કેટલી લડાઈઓ કરી ? લાખો લોકોની યુદ્ધમાં કતલ કરી અને લોહીની નદીઓ વહાવી. અરે, કબ્રસ્તાનમાં મૂકેલા પૈસા કઢાવી લીધા છતાં જીવનમાં સંતોષ ન આવ્યો. આવા સિકંદરને એક વાર આંખમાં ભયંકર દુઃખાવો ઉપડયો અને ખૂબ બળતરા થવા લાગી. એવો અસહ્ય દુઃખાવો છે કે સિકંદર માથા પટકાવી દે. આ તો મોટો સમ્રાટ છે. ઉપચારો કરવામાં શું બાકી રાખે ? ઘણાં ઘણાં ઉપાયો કર્યા, વૈદો, હકીમો બોલાવ્યા છતાં દુઃખાવામાં રાહત ન થઈ. કોઈ ને દર્દ આવે તો ગમતું નથી પણ કયા કર્મથી મને દર્દ આવ્યું છે તે કર્મ અટકાવવું ગમતું નથી. જો કર્મ અટકાવીશું તો દર્દ અટકવાનું છે પણ આજે જીવના પ્રયત્ન દર્દ અટકાવવાના છે પરંતુ કર્મ અટકાવવાના નથી. દર્દ કેમ મટે તે માટે રસ્તા શોધે છે પણ કર્મ કેમ અટકે તે કોઈ શોધતું નથી. સિકંદરને દર્દ મટાડવા વૈદો હકીમો આવ્યા પણ કોઈ મટાડી શકયું નહિ, છેવટે તેમની સાથે રહેલા વૈદે એક દવા તૈયાર કરી. સિકંદરથી વેદના સહન થતી નથી એટલે વૈદને કહે છે, આપે જે દવા તૈયાર કરી છે તે મારી આંખમાં નાંખો.

શું અતરાનો અખતરો હોય ?: વૈદ કહે મહારાજા ! થોડી વાર સબુર કરો. એક નોકરનું કામ છે. વૈદે નોકરને બોલાવ્યો. સિકંદર વૈદરાજને પૂછે છે તમે નોકરને શા માટે બોલાવ્યો ? વૈદ કહે–મહારાજા ! મેં મારી આટલી જિંદગીમાં આ દવા પહેલી વાર બનાવી છે. આ દવા છે સારી. આપને દુઃખાવો મટી જશે પણ કદાચ આ દવા ઊંધી પડે તો ? આપ તો મહારાજા ! માટે આ દવાનો અખતરો કરવા મેં આ નોકરને બોલાવ્યો છે. પહેલો અજમાશ આ નોકરની આંખમાં નાંખીને કરું. જો એની આંખમાં

કાંઈ તકલીફ નહિ થાય તો પછી આપની આંખમાં આ દવા નાખીશું, નહિતર નહિ નાંખીએ. જેના દિલમાં કરૂણા છે એવા રાજા કહે છે સબુર કરો. ખબરદાર! આવો કોઈ અખતરો જો આ માણસ પર કર્યો છે તો મારા જેવો કોઈ ભૂંડો નથી. કોઈને ખતરામાં નાંખવા અખતરા ન કરાય. મારી આંખોને બચાવવા ખાતર હું પોતે જ જો આવી વાતમાં સંમત થઈશ તો પછી બીજાનું રક્ષણ હું શી રીતે કરી શકીશ? દવા મારા માટે બનાવી છે માટે પહેલી વાર દવા મારી આંખમાં નાખો. આ નોકર બિચારો નિર્દોષ છે. એની આંખમાં કોઈ તકલીફ નથી. મારું દર્દ મટાડવા બીજાને આંધળો કરવો! મારા કર્મના ઉદયે મારી આંખમાં વેદના થઈ છે. એ વેદના મટાડવા જો બીજાને દુઃખી કરું તો મારી વેદના મટવાને બદલે વધી જાય. મારા સુખ ખાતર બીજા જીવોને મારે દુઃખી કરવા નથી. બરોબર સિકંદરના કહ્યા પ્રમાણે તેમણે પોતાની આંખમાં પહેલી દવા નંખાવી. બે દિવસ સુધી એ દવાની વેદના હસતા મુખે સહન કરી અને તેમની આંખે સારું થઈ ગયું. ક્યાં જગતવિજેતા ગણાતા સિકંદરની આ પ્રસંગમાં દેખાતી કોમળતા! કરૂણતા! અને ક્યાં માત્ર અખતરાઓ કરવા માટે લાખો કરોડો નિર્દોષ પશુઓને રીબાવી રીબાવીને મોતને ઘાટ ઉતારી નાંખતા આજના જીવોની નિર્દયતા!

ભગવાને પહેલા વ્રતમાં કહ્યું તમે દયાવાન બનો, તમે પાંચ સ્થાવરની સંપૂર્ણ દયા ન પાળી શકો પણ સંસારના આરંભથી થતી હિંસાના પાપો તમને ખટકવા જોઈએ અને થવું જોઈએ કે ક્યારે હું આ સંસાર છોડી સાધુપણું લઉં? દરેક જીવોને જીવવું ગમે છે. મરવું કોઈને ગમતું નથી પછી સ્થાવર જીવો હોય કે ત્રસ જીવો. દરેકને જીવન પ્રિય છે મરણ અપ્રિય છે. શ્રાવકોને પૃથ્વી આદિ પાંચે સ્થાવરની હિંસા ન છૂટકે કરવી પડે પણ બને તેટલો કંટ્રોલ લાવો. દાતણ કરતાં કોઈ ગ્લાસ પાણી ઢોળે અને કોઈ મોટો લોટો પાણી ઢોળે. સ્નાન કરતાં બે ચારડોલો પાણી ઢોળો છો. કેટલા અપકાય જીવોની હિંસા! આ સમયે સાધુ જીવનને યાદ કરો. જેને જિંદગીભર સ્નાન કરવાનું નહિ, છતાં કેવા સ્વસ્થ રહે છે.

જંબુકુમાર દીક્ષા લેવા તૈયાર થયા. તેમની આઠ આઠ કન્યાઓ સાથે સગાઈ થયેલી છે, પછી સુધર્માસ્વામીની વાણી સાંભળતા વૈરાગ્ય આવ્યો. તેમણે માતાપિતાને તો સમજાવીને લગ્નની ના પાડી દીધી. જંબુકુમારના માબાપે આઠે આઠ કન્યાઓના માબાપને કહેવડાવી દીધું કે અમારો પુત્ર રાત્રે પરણશે ને સવારે સંયમ લેવાનો છે; આ શરત મંજુર હોય તો તમારી કન્યા પરણાવજો. કન્યાઓના માબાપ તો આ વાત સાંભળતા ચમકયા પણ છોકરીઓએ કહી દીધું પિતાજી! એ દીક્ષા લે તો ભલે અને કદાચ સંસારમાં રહે તોય ભલે. આપે જ્યારથી સગપણ કર્યું ત્યારથી તે અમારા પતિ થઈ ચૂકયા. આપ અમને ખુશીથી પરણાવો. તેઓ જે રસ્તો લેશે તે રસ્તે અમે જઈશું; છેવટે છોકરીઓને પરણાવી અને કરોડોના દાયજા આપ્યા. હું તમને પૂછું છું કે તમને ખબર પડે કે તમારો જમાઈ પરણીને બીજે દિવસે દીક્ષા લેવાનો છે તો તમે તમારી દીકરીને પરણાવો ખરા?

આટલો દાયજો કરો ખરા ? (શ્રોતા—ના. ના. હાથે કરીને દીકરીને કૂવામાં કોણ નાંખે ?) શું સંયમ એ કૂવો છે ? શું અહીં સંયમ લેનારા ત્રાસી ગયા ? દુઃખી થઈ ગયા ? સંયમી જીવનના આનંદની તમને ખબર નથી. સંયમીના જીવન સાથે તમારા જીવનની એક વાર તો સરખામણી કરી જુઓ. સ્નાન કર્યા વિના તમારે એક દિવસ ચાલે નહિ. સાધુ જીવનભર સ્નાન કરે નહિ, છતાં મુખ પર જરાય ગ્લાનિ નહિ. તમારી પાસે વિભૂષાના સાધનો હોવા છતાં દુઃખી, જ્યારે સાધુ પાસે એકેય ચીજનો ઉપયોગ નહિ છતાં તેમની મસ્તી અનેરી. ગરમીના દિવસોમાં થોડી વાર પંખો બંધ થઈ જાય તો ગરમી ચઢી જાય જ્યારે સાધુ જિંદગીભર ગમે તેવી ગરમીમાં પુંઠાથી પણ હવા ખાવાનો વિચાર ન કરે. તમને મેવા, મિષ્ટાન મળવા છતાં બેચેન અને સાધુ લૂખા સૂકા રોટલા વાપરે તોય સ્વસ્થ. સુખની સામગ્રીઓ વચ્ચે પણ તમે અશાંત. એક પણ સામગ્રી વિના સાધુ સદા પ્રશાંત. લાખોની સંપત્તિ છતાં તમારું દિલ ગરીબ અને એક પણ પૈસાની સંપત્તિ વિના સાધુ અમીર. એક કપ ચા બનાવતા કેટલા જીવોની તમારે કરવી પડતી કતલ અને એક પણ જીવની વિરાધના વિના પસાર થતું સાધુનું નિષ્પાપ જીવન ! આવું નિષ્કલંક, નિષ્પાપ જીવનને તમે કૂવો માનો છો ? કૂવો તો છે તમારો સળગતો સંસાર. તેમાં જે પડ્યો, તે દુર્ગતિઓના જ્વલિત દુઃખોનો ભોગ થઈ બેઠો છે.

આઠે કન્યાઓ પરણીને આવી. આઠે કન્યાઓ પતિને ખૂબ સમજાવે છે જંબુકુમારે કહ્યું – આ સંસારનું સુખ કણ જેટલું અને દુઃખ મણ જેટલું. સુખ તરણા જેટલું દુઃખ ડુંગર જેટલું. જંબુકુમારની કેવી વૈરાગ્યભરી રજુઆત હશે કે આઠે ય દીક્ષા લેવા તૈયાર થઈ ગઇ. તે રાત્રે તેમને ત્યાં ચોરી કરવા આવેલા ૫૦૦ ચોરો અને જંબુકુમારના માતાપિતા દીક્ષા લેવા તૈયાર થયા. કન્યાઓના માબાપને કહેવડાવ્યું. તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા. જંબુકુમાર સહિત ૫૨૭ આત્માઓ સંયમની કેડીએ ચાલી નીકળ્યા. આપણા માટે એક અદ્‌ભુત આદર્શ રજુ કરતા ગયા. આપણે તો વાત એ લેવી છે કે તમે સંસારમાં રહો પણ વ્રતમાં વફાદાર રહો. તમે કહો કે સ્નાન કર્યા વિના ચાલે નહિ. સાધુ જિંદગીભર ક્યાં સ્નાન કરે છે ? છતાં તેમના ચારિત્રના પ્રભાવે ગંધ કે વાસ ન આવે. ત્રણ નંબરના મનુષ્યોમાં બીજો નંબર તો રાખો કે હું જીવું અને બીજાને જીવાડું. બીજાને મારીને તો મારે જીવવું નથી. બીજાને મારીને જો જીવશો તો ક્યાં ફેંકાઈ જશો તમે ? શું થશે તમારું ? ત્યાં કોઈ બચાવનાર નહિ મળે. પેપરમાં બે દિવસ પહેલાં વાંચ્યું હતું કે ૪૨ હજાર ઘેટા બકરાં દેવનારના કતલખાનામાં મોકલ્યા. અરરર...આ કેટલા ઘોર પાપ ! ઘોર હિંસા ! આ દેશ ક્યાં જઈને અટકશે ?

એક સમય એવો હતો કે નવાબી મુસલમાન રાજ્ય હતું ત્યારે એ રાજાઓ એમ સમજતા કે મારું વર્તન એવું ન હોવું જોઈએ કે પ્રજાનું દિલ દુભાય. પ્રજાના હિતમાં મારું હિત, પ્રજાના સુખમાં મારું સુખ સમાયેલું છે. એક વાર નવાબ પોતાના દીકરા સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યા હતા. વચ્ચેના ગામના એક મહાજનને ખબર

પડી. આપણે જે રાજાના છત્ર નીચે રહીએ છીએ તે શિરછત્ર રાજા આપણે ત્યાંથી પસાર થવાના છે તો આપણે તેમને રોકીએ અને ગમે તેમ કરીને જમાડવા લઈ જઈએ. મહાજન રસ્તામાં ઊભું રહ્યું અને નવાબની ગાડી રોકી. આપ અમારે ત્યાં પધારો. અમને લાભ આપો. મહાજનના ખૂબ આગ્રહથી નવાબે તેમની વાત સ્વીકારી ખૂબ સદાચારી, ધર્મીષ્ઠ શેઠને ત્યાં જમવાનું રાખ્યું. શેઠે બે ત્રણ મિષ્ટાન્ન, ફરસાણ બધું બનાવ્યું; નવાબ અને તેનો દીકરો જમવા બેઠા. શેઠ ખૂબ પ્રેમપૂર્વક આગ્રહથી બધું પીરસે છે. નવાબ સમજે છે કે આ હિન્દુનું ઘર છે. તે મને કેટલા પ્રેમથી જમાડે છે!

બધી ચીજો ભાણામાં પીરસાઈ ગઈ. ત્યાં નવાબનો દીકરો કહે–મટન લાવો ને! આ સાંભળતા નવાબે દીકરાને ત્રણ તમાચા ચઢાવી દીધા. નાલાયક! તને ભાન છે કે આ કોનું ઘર છે? લાજ વગરના! જે વનસ્પતિ ખાવામાં ય પાપ માને છે, જે કીડી, મંકોડાને ય કદી ન મારે, બારણું વાસતા ભૂલથી ઉંદરડી મરી જાય તો તેની આંખમાં આંસુ પડે. એ પાપ કયારેય કરે નહિ એવા દયાળુ શેઠના ઘરે તને મટન માંગતા શરમ નથી આવતી? દીકરો નીચું મોઢું કરીને જમવા લાગ્યો. તે રાજા સમજતા હતા કે મારી પ્રજા ધર્મી છે. મારાથી તેમનું રૂંવાડું ય દુભાવાય નહિ અને આજે તો કેટલા ઘોર અત્યાચાર થઈ રહ્યા છે. હિંસાના તાંડવ સર્જાઈ રહ્યા છે. પહેલા વ્રતમાં આનંદ ગાથાપતિ કહે છે કે હું સ્થૂલ હિંસા કરીશ નહિ એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોને જાણીપીછીને મારવા નહિ, તેમને ત્રાસ થાય તેવું વર્તન કરવું નહિ. હજુ ભગવાન પહેલા વ્રતની શું સમજુતી આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- પિતાનું ચીરાઇ જતું કાળજું : સાતે દીકરીઓનું કરૂણ રૂદન સાંભળીને શેઠ તેમના અંગલે આવ્યા. પિતાને જોઈને છોકરીઓ વધુ રડવા લાગી. પિતાનું હૃદય છે ને! દીકરીઓનું રૂદન જોઇ શકાતું નથી. હજુ તો હાથમાં મીંઢળ બાંધેલા છે. પાનેતર પણ હજુ શરીર પરથી ઉતર્યું નથી. ત્યાં આ શું થઈ ગયું? સાતે દીકરીઓનું રૂદન સાંભળીને પિતાનું કાળજું ચીરાઇ જાય છે. ઘડી ભર તો બાપ પણ સ્તબ્ધ થઈ ગયા. કેવી રીતે આશ્વાસન આપવું! પછી મનને મજબૂત કરીને પૂછે છે દીકરીઓ! શું થયું છે? તમે આટલું બધુ રડો છો શા માટે? પિતાજી! અમારું સર્વસ્વ ખોવાઇ ગયું. આ સાંભળતાં પિતાને ધારકો પડયો કે શું થયું? તમારા જમાઇનો પત્તો નથી. શું કહ્યું? કોનો? શું જમાઇનો પત્તો નથી? આપ મને બધી વાત કહો.

અમે પરણીને આવ્યા; પછી અમે તેમને બોલાવ્યા તો તેઓ કાંઈ બોલ્યા નહિ. તેમનું મુખ ખૂબ ઉદાસ દેખાતું હતું. અમે પૂછયું કે તમે ઉદાસ કેમ છો? ગમગીન કેમ છો? પણ તેઓ કાંઈ બોલ્યા નહિ અને પેટ દાબવા લાગ્યા. અમે પૂછયું પેટમાં દુઃખે છે? તો કહે હા–આપને હાજતે જવું છે? હા. ઓહો! એમાં શી મોટી વાત છે! હું આપને રસ્તો બતાવવા આવું છું. પાણીની ઝારી લઈને હું તેમની સાથે ગઈ.

ગામ બહાર ગયા પછી મને કહે તું અંધારામાં એકલી ઊભી ન રહીશ. તુ ઘેર જા. હું આવું છું. એમ કહીને મને મોકલી દીધી. તેમને ગયા બે ત્રણ કલાક થયા છતાં આવ્યા નથી. હવે અમારું શું થશે ? શેઠ વિચાર કરે છે કે આ વાત લોકો જાણશે ત્યારે દુનિયા મને ડફણાં મારશે કે નાત જાત જોયા વગર અચાનક આવેલા છોકરા સાથે પોતાની દીકરીઓ પરણાવી દીધી તો બીજું શું થાય ! છોકરીઓ કહે છે કે અમને દગો દઈ ને ચાલ્યા ગયા.

હસ્તરેખા પરથી પતિનું ભાવિ પારખતી પત્નીઓ : બીજી છોકરી કહે-બહેન ! તું એવું ન બોલ. તે આપણને દગો દે તેવો આત્મા ન હતો પણ કંઈક સંકટમાં હશે એટલે મૂકીને ચાલ્યા ગયા લાગે છે. બાપ પૂછે છે દીકરી ! છોકરો તમને કેવો લાગ્યો ? બાપુજી ! તેની પાણીદાર આંખો અને ઝગારા મારતું લલાટ જોતાં મને લાગ્યું કે એ ખૂબ સુખી અને સૌભાગી હશે ! બીજી કહે સૌભાગી હતો તો આપણને પરણ્યો ને ! એને તો સ્વપ્નામાં ય ખ્યાલ નહિ હોય કે આજે હું સાત સાત કન્યાઓનો સ્વામી બનવાનો છું. ત્યાં સૌભાગ્ય સુંદરી કહે-પિતાજી ! અમારા હસ્તમેળાપ વખતે મેં તેમની રેખા જોઈ હતી. એ રેખા તો એવી સરસ હતી કે ચક્રવર્તી જેવા રાજા મહારાજાઓને કે મહાન પુણ્યાત્માઓને આવી રેખા હોય. તેમજ તેમના અંગના લક્ષણો જોતાં મને લાગ્યું કે તે સ્વભાવે નિખાલસ અને આનંદી હશે. તે સામાન્ય ઘરનો દીકરો નથી પણ મોટા સુખી શ્રીમંત ઘરનો દીકરો હશે ! તે આપણને દગો દે તેવા નથી. તેમજ તેના ચંદ્રનો પર્વત એટલો બધો ઊંચો હતો કે એ આપણને સુખ અને આનંદ આપવામાં પાછું વાળીને નહિ જુએ. એક કહે દેવે તમને મુરતીયો બતાવ્યો ત્યારે એ સૂઝ નહિ પડી હોય કે આ પરણીને ચાલ્યો જવાનો છે. શેઠ કહે બેટા ! દેવની અશાતના ન કરો. દેવના અવર્ણવાદ ન બોલો. જમાઈ ચાલ્યો જશે એ જોયું હશે પણ સાથે તમારું ભાવિ પણ જોયું હશે. પિતાજી ! તે અચાનક આવીને પરણી ગયા પછી જવું પડે એવું હશે એટલે ગયા લાગે છે.

આ બધી વાતો ચાલતી હતી ત્યાં ગુણસુંદરી બોલી, બેન ! એ આપણને સુખી જરૂર કરશે એમાં મને શંકા નથી પણ ગમે તેમ હોય મારું હૈયું ફફડે છે, જાણે કંઈક બનવાનું હોય એવું મને લાગે છે. શું દેવ આપણા પતિને પાછો છીનવી લેશે ! તેનાથી આપણો વિયોગ કરાવશે ? ના....ના....દેવ એવું તો કરે જ નહિ. એણે તો આપણને પતિ આપ્યો છે, એવું નિષ્ઠુર કામ એ કરે નહિ. ત્યાં બીજી કહે બેન ! જુઓ, મારી જમણી આંખ ફરકે છે. નક્કી કંઈ અમંગળ થવાનું. ત્યાં દૂરથી શીયાળવાનો અવાજ આવ્યો. સાથે ચીબરી બોલતી સંભળાઈ. આ બધા અપશુકનોથી આનંદથી ઉછળતા હૈયા સ્તબ્ધ બની ગયા. બધા ચિંતા કરવા લાગ્યા. શું આપણો પતિ આપણને મૂકીને ચાલ્યો તો નહિ જાય ને ? તો શું થશે ? આપણે કેવી રીતે તેમને પાછા મેળવીશું ? આપણને નામઠામની ખબર નથી. શેઠ પૂછે છે તેના હાથની ૧૦ આંગળીઓમાં હીરાની વીંટીઓ પહેરાવી છે તો તે કોઈ જુગારીયા જેવો તો નથી લાગ્યો ને ?

આ કોઇ વ્યસની જુગારીયો, ભૂષણ લઇ ગયો આમ,
અચરજ અહીં દીસે, દેવે આપેલ જેહ....હો.

તે કોઇ વ્યસની કે જુગારીયો તો નહોતો ને ? કે આ હીરાની વીંટીઓ તથા બીજા દાગીના લઈને ચાલ્યો જાય ! ના પિતાજી. એવું તો કાંઈ હતું નહિ. એ હતા તો પુણ્યાત્મા. બેટા ! તમે એમનું કંઇ નામઠામ વગેરે પૂછયું હતું કે નહિ ? પિતાજી ! અમે કોઇ પૂછપરછ કરી નથી પણ જ્યારે તેઓ કંસાર જમવા બેઠા ત્યારે એમ બોલ્યા હતા કે કંસાર તો ઘણો મીઠો છે પણ ગોપાલપુરનું પાણી હોય તો ટેસ્ટ પડે. અમે એમ સમજ્યા કે એ ગોપાલપુરમાં ભણતા હશે, કાં તો એમનું મોસાળ હશે ! પછી કંઈ વાત થઈ નથી, પછી તેઓ સંડાસ જવા ગયા. હું તેમની સાથે ગઈ. તારે રસ્તામાં કોઈ વાતચીત થઈ હતી ! ના. થોડે દૂર ગયા પછી મને તો પાછી વાળી હતી. હું પાછી વળી. એ ખૂબ પ્રમાણિક અને પરાક્રમી પુરૂષ છે અને આપણા કુળદેવે શોધી આપ્યા હતા એથી એ છેતરી જવાનું પાપ તો ન કરે, આથી એ જરૂર પોતાની ઓળખ આપીને ગયા હશે. ચાલો, આપણે બધા બહાર જઇને તપાસ કરીએ. કદાચ તેમણે કાંઈ લખ્યું પણ હોય. હા....ચાલો આપણે બધા સાથે જઈએ. હવે બધા ત્યાં જશે ને પુણ્યસારની ઓળખ કેવી રીતે મેળવશે તેના ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૧૩ને બુધવાર : વ્યાખ્યાન નં. ૫૫ : તા. ૨૮-૮-૮૫

અનંત જ્ઞાન દર્શનના ધારક એવા વીર ભગવંતે આગમ રૂપ વાણીનું પ્રકાશન કર્યું. વીર ભગવાનની દેશના સાંભળતા આનંદ ગાથાપતિના દેદાર ફરી ગયા. જિનવાણી શ્રવણથી કેટલો લાભ થાય છે ? 'सवणे नाणेय विन्नाणे' શ્રવણથી જ્ઞાન થયું. "ज्ञानस्य फलं विरति" જ્ઞાનનું ફળ વિરતિ છે. આત્મજ્ઞાન થતાં અવિરતિ જાય અને વિરતિના ભાવ થાય. કર્મબંધનના પાંચ કારણમાં પહેલું મિથ્યાત્વ છે અને બીજું અવિરતિ છે. અવિરતિ સંસારમાં રખડાવે છે. મિથ્યાત્વ ગયું એટલે સમ્યક્ત્વનો પ્રકાશ થયો પણ અવિરતિ ઊભી છે. ત્યાં સુધી કર્મ પ્રવાહ ચાલુ ને ચાલુ રહેવાનો. ચોથા ગુણસ્થાને સમકિત છે પણ વિરતિ નથી એટલે તેને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે. આ જીવો વિરતિમાં આવી શકતા નથી. દેવલોકમાં રહેલા દેવોને જેટલા સાગરની સ્થિતિ હોય તેટલા હજાર વર્ષે આહારની ઈચ્છા થાય. ૨૨ સાગરની સ્થિતિ હોય તો બાવીસ હજાર વર્ષે આહારની ઈચ્છા થાય છતાં એક નવકારશી જેટલો લાભ પણ મેળવી શકતા નથી કારણ કે ત્યાં અવિરતિ છે. હિંસાદિ પાપોથી નહિ વિરમવું તેને અવિરતિ કહેવાય છે. તમે ભલે હિંસાદિ પાપો કરતા ન હો છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા લેતા નથી તો અવિરતિ છે, તેથી કર્મ બંધાય છે.

અવિરતિ એ મોટું પાપ છે કારણ કે એમાં દુનિયાભરના પાપારંભો, પરિગ્રહ વગેરેની છૂટ છે એટલે અઢળક કર્મ બંધાવે. અહીં એક સમજવા જેવી વાત છે.

નિગોદના જીવ તંદુરસ્ત માણસના એક શ્વાસોચ્છવાસમાં ૧૭ વાર જન્મે અને ૧૮ વાર મરે. આ રીતે એક શ્વાસોચ્છવાસમાં ૧૭॥ ભવ કરે. સાતમી નરકના ભયંકર દુઃખોની પીડાને ય વામણી બનાવી દે તેટલી ભયંકર પીડા આ જન્મમરણમાં હોય છે. અનંત કાળ સુધી એ પીડા અનુભવે છે. આપણો આત્મા પણ આ સ્થાનમાં અનંતકાળ વસવાટ કરી આવ્યો છે. તીર્થંકર પ્રભુના આત્માઓ પણ આમાંથી બકાત રહ્યા નથી. આ જીવોને તથા પૃથ્વી, પાણી, તેઉ, વાઉ પ્રત્યેક વનસ્પતિ વગેરે જીવોને કાયા સિવાય કોઈ ઇન્દ્રિય નથી. હાથ, પગ, મુખ, માથા વગરના આ જીવો છે. એ જીવો હિંસા કરતા નથી. મૃષાવાદ, ચોરી આદિ કાંઈ કરી શકે તેમ નથી. તેમની કષાયો જોરદાર નથી શું ગાઢ કોઈની હિંસા કરે ? અસત્ય બોલે ? ચોરી કરે ? સ્ત્રી રાખે ? પરિગ્રહ રાખે ? ના. તેમ છતાંય કેટલું સીતમગાર દુઃખ ! તો આપણને એ પ્રશ્ન થાય છે કે એ જીવોનો શું વાંક, ગુન્હો કે અપરાધ કે જેથી અસંખ્યાતા અને અનંતા કાળ સુધી આ જન્મ મરણનું ભયંકર દુઃખ વેઠવું પડે? **"પાપ કર્મ બાંધ્યા વિના તો પાપનો ઉદય થાય નહિ અને પાપકર્મના ઉદય વિના નાનકડું ય દુઃખ આવે નહિ."** તો એ બિચારા જીવોએ એવું તે શું પાપ બાંધ્યું કે એમને અનંતકાળ સુધી આ ભયંકર સજા થઈ ?

શાસ્ત્રકાર ભગવંતે ધર્મ અને પાપની તદ્દન જુદી પરિભાષા નક્કી કરી છે. પાપ કરવા છતાં જેનું મન દુભાતું હોય અને રાત દિવસ પાપથી છૂટવાની ઝંખના હોય તેને પાપી કહેવાની જ્ઞાનીની તૈયારી નથી. સમકિતી આત્માને સંસારમાં રહેવું પડે, પાપ કરવું પડે પણ તેનું મન ખૂબ દુભાતું હોય છે. ધર્મ કરનારા જો મોક્ષને બદલે અર્થ અને કામ માટે ધર્મ કરતાં હોય તો તે સાચા ધર્મી નથી. મોક્ષ પ્રાપ્તિના લક્ષે જે ધર્મ કરતા હોય તે ધર્મી છે. પાપ ન કરવા છતાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા ન લે તો તેને પાપનો પ્રવાહ આવ્યા કરે છે. બટાટા ખાતા નથી છતાં પ્રતિજ્ઞા ન કરો તો બટાટા ખાવાનું જે પાપ હોય તે લાગે છે. જેમ રેડિયો વસાવ્યો, તેને વાપરતા નથી છતાં જો તેનું લાયસન્સ રદ કરાવ્યું ન હોય તો વર્ષે અમુક રૂપિયા ભરવા પડે છે ને ? ઘરમાં વીજળી રાખનાર આખો માસ વીજળીનો ઉપયોગ ન કરે છતાં કનેક્શન ચાલુ રાખે ત્યાં સુધી મીનીમમ ચાર્જ તો વીજળી કંપનીને ભરવો પડે છે. ભાડાના મકાનને તાળું વાસીને બધા ઉનાળાની રજામાં કોઈ હવા ખાવાના સ્થળે કે તીર્થયાત્રા કરવા જાય તો ભાડૂતીને ભાડું તો ભરવું પડે છે. આ રીતે નિગોદના કે પૃથ્વી, પાણી આદિ સ્થાવરના જીવો ઘણાં પાપો દેખીતી રીતે કરતા નથી છતાં તે પાપો કરવા નહિ તેવી પ્રતિજ્ઞા તેમને ન હોવાથી બધા પાપો તેમના માથે ઝીંકાતા રહે છે અને એ પાપના કારણે જન્મ મરણના ભયંકર દુઃખો ભોગવે છે.

આ રીતે પૂર્વભવોમાં મનથી નહિ વોસરાવેલ શસ્ત્રો આદિ સામગ્રીથી જગતમાં જે પાપો થાય તે પાપથી આ જીવોને કર્મોનો આશ્રવ ચાલુ રહે છે. વર્તમાન કાળે પાપની પ્રવૃત્તિ થાય તેવા કેટલાક કાર્યોથી નિવૃત્ત હોવા છતાં તે કાર્યોને અનુકૂળ સામગ્રીના

પચ્ચકખાણુ નહિ કરનાર જીવોનું અવિરતિપણું તો ચાલુ છે જ્યારે દેવ-ગુરૂની સાક્ષીએ વિરતિપણાને વફાદાર રહેવાની જે જે વસ્તુની સોગંદવિધિ (પચ્ચકખાણુ) કરાય ત્યારે તે તે વસ્તુની અવિરતિનો અસ્ત થયો કહેવાય. અવિરતિથી સંપૂર્ણપણે વિરામ પામનાર સર્વવિરતિ કહેવાય છે. વિરતિ પાપને પેલે પાર ઉતારી દે છે. ગંગા નદી પગેથી ચાલીને પાર ન ઉતરાય પણ નૌકા દ્વારા થોડી વારમાં પેલે પાર ઉતરી જવાય એમ વિરતિની અથવા પાપ ત્યાગની પ્રતિજ્ઞા કરવાથી પાપનો બંધ થતો અટકી જાય. સંપૂર્ણ હિંસાથી વિરામ પામવા રૂપ મહાવ્રતોને ગ્રહણ કરવાથી જગતની જે કોઈ ચીજના વપરાશ દ્વારા હિંસા થતી હોય તે તમામ ચીજના વપરાશના પ્રત્યાખ્યાન આવી જાય છે અને સાથે સાથે ભૂતકાળમાં તેવી જે કોઈ ચીજો છોડીને આવ્યો હોય તેના પણ પચ્ચકખાણુ થઈ જાય છે. દેશવિરતિમાં અવિરતિ સંપૂર્ણપણે અટકતી નથી પણ જેટલા પ્રત્યાખ્યાન થાય તેટલી અવિરતિ અટકે.

આનંદ ગાથાપતિ પહેલા અણુવ્રતને અંગીકાર કરે છે. સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચાખ્યાન કર્યા. ત્રસ જીવોની જાણી પીછીને હિંસા કરવી નહિ. જૈનદર્શન તો કહે છે કે દશ પ્રાણમાંથી કોઈ પણ પ્રાણને દુભાવવા તેનું નામ હિંસા. તમને કોઈ કડુ વચન કહે તો ગમતું નથી તેમ સામા જીવોને આઘાત લાગે, દુઃખ લાગે તેવું વચન બોલીએ તો શ્રોતેન્દ્રિય બલપ્રાણ હણાય છે. તમારું વચન, વર્તન કે વ્યવહાર એવા ન હોવા જોઈએ કે બીજા જીવોને દુઃખ થાય માટે જ્ઞાની કહે છે "તમે જીવો અને જીવવા દો." જગતના દરેક જીવોને તમારા આત્મા સમાન ગણો તો બીજા જીવોની દયા પાળી શકશો. ઘણી વાર માણસ માનમાં ચઢીને બીજા જીવો પ્રત્યે તિરસ્કાર કરે છે પણ તેને એ ખ્યાલ નથી હોતો કે એક દિવસ મારી પણ આ દશા થશે.

પિતાને ધંધાથી નિવૃત્ત કરવા પુત્રે કરેલી યુક્તિ : એક દીકરાને પોતાના બાપા ધંધાની બાબતમાં વારંવાર ટકોર કરતા હતા. પહેલાના માણસો કસીને રહેવાવાળા હોય. બાપ દીકરાને ટકોર કરે તે દીકરાને ગમે નહિ એટલે પિતાને બોલતા બંધ કરી દેવા માટે દીકરાએ એક યુક્તિ અજમાવી. દીકરો ૫૦ વારનો ભગવા કલરનો તાકો ઘેર લઈ આવ્યો. લાવીને તેના પિતાને આપ્યો. લો પિતાજી આ તાકો. બેટા ! આ તાકાને શું કરું ? પિતાજી ! આપ સમજી જાવ ને. ભગવા રંગનો તાકો જોઈને પિતા સમજી ગયા કે હવે દીકરો મને સંસારથી છૂટવાની નોટીસ આપે છે. હવે તમે ધંધાથી નિવૃત્ત થઈ જાવ. હવે આ સંસારમાં રહેવા જેવું નથી. પિતાજી તો આ વાતથી સ્તબ્ધ બની ગયા. તેમણે કહ્યું દીકરા ! મને કાતર આપને. આપને કાતરનું શું કામ છે ? કામ છે. દીકરો કાતર લઈ આવ્યો.

તે વખતે દીકરાનો દીકરો નવ વર્ષનો ત્યાં ઊભો હતો. તે કહે-દાદા ! શું કરો છો ? પિતાજીએ તાકો ખોલીને બરાબર અડધેથી ફાડયો. ૨૫ ૨૫ વારના બે ટુકડા કર્યા. એક ટુકડો દીકરાને આપ્યો બેટા ! તું આટલું કપડું રાખ. પિતાજી ! મારે જરૂર

નથી. ભલે રહ્યો આટલો ટુકડો. મેં તો તારા જીવનમાં બાળપણથી સુંદર સંસ્કારોનું સિંચન કર્યું છે, તને સુંદર કેળવણી આપી છે અને શિખામણ આપીને તારા જીવનનું ઘડતર કર્યું છે. એ સંસ્કારોનું ફળ હું અત્યારે મેળવી રહ્યો છું. વૃદ્ધ થયેલા આ તારા પિતા પાછલી ઉંમરે સંસાર છોડીને સંન્યાસ સ્વીકારે તે હેતુથી તું આજે મને આ વસ્ત્ર આપી રહ્યો છે પણ આ તારા પુત્રને તેં સંસ્કાર આપ્યા નથી, કેળવણી આપી નથી. તું જ્યારે મારા જેટલી ઉંમરે પહોંચીશ ત્યારે આ તારો દીકરો તને કપડા નહિ આપે એવી વસ્ત્રો વિનાની જિંદગી તારે રડતા રડતા પૂરી ન કરવી પડે તેથી તને આ ૨૫ વાર કાપડ આપું છું.

પિતાના આ શબ્દો સાંભળતા દીકરાની આંખ ઉઘડી ગઈ. જઈને પિતાજીના પગમાં પડયો ને કહ્યું પિતાજી! મને ક્ષમા આપો. હવે મારા જીવનમાં કયારેય આવી ભૂલ નહિ કરું. આપના ૬૦ વર્ષોનો અનુભવોનો નિચોડ મને આપની સલાહ દ્વારા મળતો હતો પણ હું અબૂઝ એની કિંમત સમજ્યો નહિ. પિતાજી! હવે કયારેય આપનો તિરસ્કાર નહિ કરું. આપ મને શિખામણ આપતા રહેજો. જો દીકરાએ પિતાને પોતાના આત્મા સમાન ગણ્યા હોત તો આવી દશા કરવા તૈયાર ન થાત! માટે જ્ઞાની કહે છે કે "आत्मवत् सर्व भूतेषु." તારા આત્મા સમાન સર્વ જીવોને ગણ. તો પહેલા વ્રતનું પાલન થઈ શકશે. જ્યારે જીવનમાં અહિંસા આવશે, કરૂણા આવશે ત્યારે પોતાનું સર્વસ્વ જતું કરવું પડશે. તો જતું કરવા તૈયાર થજો પણ હિંસાને તો નહિ અપનાવો. પોતાના સુખ ખાતર બીજા જીવોની હિંસા નહિ કરો. આજે મોજશોખના સાધનો અને ફર્નીચરો એટલા વધ્યા છે કે પરિણામે તેમાં વાંદા, મંકોડા આદિ જીવોની ઉત્પત્તિ પણ વધુ થાય પછી તેને દૂર કરવા છંટાવો દવા, અહાહા....કેટલા જીવોની હિંસા! જો દિલમાં અનુકંપા દયા હશે તો દવા છંટાવવાનું મન નહિ થાય. ભગવાનનો સિદ્ધાંત છે કે તમે જીવો અને બીજાને સુખે જીવવા દો.

કોશલનરેશ અને કાશીનરેશ બંને એક રાશીના હતા. કોશલનરેશનું રાજ્ય મોટું હતું અને કાશીનરેશનું રાજ્ય નાનું હતું. કાશીનરેશની ભાવના ખૂબ ભવ્ય હતી. પોતે જન્મતા પહેલા દુઃખી જીવોને યાદ કરતાં, કોઈ જીવને ત્રાસ આપતા નહિ કે કોઈ સારા કાર્યમાં અંતરાય પાડતા નહિ, તેથી તેમના ગુણ ખૂબ ગવાતા. કોઈને કહેવા જવું પડે કે તમે મારા ગુણ ગાવ. એ તો તેના ગુણોથી પૂજાવાનો છે. કોશલનરેશના દરબારમાં પણ કાશીનરેશના ગુણ ગવાતા. એક વાર કાશી નરેશની જન્મજયંતી આવી ત્યારે કોશલ નરેશના રાજ્યના લોકોએ આખા ગામમાં તોરણો બાંધ્યા. ધ્વજાપતાકાઓ ફરકાવી અને આખું ગામ ઉત્સવ ઉજવવા તૈયાર થયું. ઝેર પચાવવા સહેલા છે પણ બીજાના ગુણ સાંભળવા અને ઈર્ષા ન કરવી તે મુશ્કેલ છે સમકિતી આત્મા ગુણીજનોના ગુણો સાંભળીને રાજી થાય. તેને કોઈ પ્રત્યે દ્વેષ ભાવ ન આવે. મિથ્યાત્વી જીવો બીજાના ગુણો સાંભળીને રાજી તો ન થાય પણ ઈર્ષ્યા, દ્વેષભાવ આવે. કોશલનરેશની પ્રજાએ

કાશીનરેશની જયંતી ઉજવી એટલે કોશલ નરેશને ખૂબ ઈર્ષ્યા આવી. રાજસત્તા મારી અને ગુણ ગવાય કાશી નરેશના ! હવે તેનું મૂળ ઉખાડી નાંખું. લડાઈ કરી તેને રાજભ્રષ્ટ કરું તો પછી એના ગુણ ગવાતા બંધ થઈ જાય.

અહિંસાના પાલન માટે રાજ્યની કુરબાની : કોશલનરેશ પોતાનું લશ્કર લઈને કાશી નરેશને હરાવવા માટે ઉપડયા. કાશી રાજ્યના સીમાડામાં આવ્યો એટલે સરહદ રક્ષક સિપાઈ ઓએ કાશી નરેશને સમાચાર આપ્યા. આપ લડાઈ કરવા સાબદા બનો. કાશીનરેશે પ્રધાનને પૂછયું–શું કરીશું ? આપણા કરતાં કોશલ નરેશનું સૈન્ય મોટું છે. પ્રધાનો કહે-ભલે ને સૈન્ય મોટું હોય. આપણને શી ચિંતા ? આપણા સૈનિકો યુદ્ધમાં ખૂબ પાવરફુલ છે. બરાબર લડી લઈશું. કાશીનરેશ કહે મારે લડાઇ કરવી નથી. લડાઈમાં સેંકડો માણસો કપાઈ જાય, લોહીની નદીઓ વહે એવું પાપ મારે કરવું નથી. કોશલનરેશને આ રાજગાદી જોઈ એ છે ને ? તો હું સામેથી સોંપી દેવા તૈયાર છું; પણ લોહીની નદીઓ વહાવવા તૈયાર નથી. રાજ્ય જતું કરવા તૈયાર થયા પણ જીવોની હિંસા ન થવા દીધી. કયાં એ અહિંસક રાજાઓ ને કયાં આજની સરકાર ! આજે તો નિર્દોષ પશુઓની કેટલી કરપીણ હત્યાઓ થઈ રહી છે ! હુંડીયામણનો હડકવા લાગ્યો છે. આ તંત્ર કયાં જઈ ને ઊભું રહેશે ? અહિંસાની પવિત્ર ભૂમિ આજે હિંસાના કાજળથી ખરડાઈ રહી છે. શું થશે આ જીવોનું !

પ્રજાના હિત માટે રાજ્ય ત્યાગ : કાશીનરેશ કહે હું જંગલમાં ચાલ્યો જાઉં છું. આપ કોશલનરેશની પાસે જઈ ને કહો કે યુદ્ધમાં નિર્દોષ જીવોનો કચ્ચરઘાણ વળી જાય અને લોહીની નદીઓ વહે. માટે પ્રજાના રક્ષણ માટે અમારા રાજા તમને કાશીનું રાજ્ય સોંપી દે છે અને તે પોતે જંગલમાં ચાલ્યા જાય છે. આપ હવે ખુશીથી કાશીની રાજગાદી સંભાળો. કાશીનરેશ જંગલમાં જાય છે એ વાત સાંભળીને પ્રજા રડવા લાગી. આ મહારાજા તો અમારા પ્રાણ સમાન છે. અમે તેમને નહિ જવા દઈ એ પ્રજાના હૃદય સિંહાસન પર કાશીનરેશે કેટલું સ્થાન મેળવ્યું હશે કે જેના જવાથી પ્રજાની આંખોમાં આંસુ વહેવા લાગ્યા. બીજાના દિલ સત્તાથી કે પૈસાથી નથી જીતી શકાતા પણ પ્રેમથી જીતી શકાય છે. મંત્રીઓ પણ કાશીનરેશની આ વાત સ્વીકારવા તૈયાર થતા નથી, છેવટે કાશીનરેશે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે હું તો વનમાં ચાલ્યો જવાનો છું અને તમને આજ્ઞા કરું છું કે તમારે આમ જ કરવાનું છે.

મંત્રીઓ કાશીનરેશની પ્રજાવત્સલતા અને ભારે ભોગ આપવાની ઉદારતા પર ઓવારી જાય છે. જીવોની દયા ખાતર રાજ્ય છોડવા તૈયાર થયા. આનું નામ સાચું અહિંસાવ્રત. અહો ! ભગવાનના અવતાર જેવા અમારા રાજાને આ દુઃખ ! બધાની આંખમાં આસુ છે. આવા પ્રજાવત્સલ, દયાના અવતાર જેવા શિરછત્ર રાજાને ગુમાવવાના ? કેવા અમારા કમભાગ્ય ! કાશી નરેશ જંગલમાં ચાલ્યા ગયા. મંત્રીઓએ કોશલનરેશને આદર સત્કાર સહિત ગામમાં લાવી કાશીની ગાદી પર રાજા તરીકે સ્થાપિત કર્યા.

કાશીનરેશના દિલમાં કેટલા ઊંચા ઉત્તમ ભાવ ! મારા રાજ્યના લોભ ખાતર બિચારી પ્રજાને ખેદાનમેદાન થવા દઉં ? ના. મારું રાજ્ય જાય તો ભલે જાય પણ મારી વહાલી પ્રજાને કંઈ નુકશાન ન થવું જોઈએ. પોતાનો કેટલો ભોગ ! પરદુઃખભંજનનો કેટલો અદ્‌ભુત શુભ ભાવ ! એમનું હૃદય તો આપણા જેવું જ હતું છતાં આપણા કરતાં કેટલા ઊંચા શુભ ભાવ લાવ્યા ! પ્રજાના રક્ષણ માટે બધો ભોગ આપનારા આવા નરરત્નો ભારતની ભૂમિ પર પાકયા છે. આજે માતાપિતાની સુખ શાંતિ માટે દીકરો થોડો પણ ભોગ આપવા તૈયાર થતો નથી. કાશીનરેશે આટલા શુભ ભાવથી સંતોષ ન માન્યો. હજુ મોકો મળે તો એથી પણ ઉંચા શુભ ભાવ લાવવાની ભાવના છે.

કાશીનરેશનું મૃત્યુ ઈચ્છતા કોશલનરેશ : કાશીની રાજગાદી પર કોશલ નરેશ રાજ્ય કરે છે છતાં હજુ પ્રજા કાશીનરેશના ગુણ ગાય છે. લોકો બોલે છે કે શું આપણા કાશીનરેશની પ્રજાહિત વત્સલતા ! શું લોકોના રક્ષણની ભાવના ! રાજપાટ જતા કર્યા પણ પ્રજાને જીવતદાન આપ્યા. કેટલી તેમની ઉદારતા ! તેમના અણુઅણુમાં અહિંસાનું કેવું અદ્‌ભુત ગુંજન ! પ્રજા કાશીનરેશની ખૂબ પ્રશંસા કરે છે તે કોશલ નરેશથી સહન ન થઈ. તે જંગલમાં ગયો તો બધા તેના ગુણ ગાય છે. એ જીવતો રહેશે ત્યાં સુધી તેના જ ગુણો ગાશે માટે જો એને મરાવી નાંખું તો પ્રજા ગુણ ગાતી અટકી જશે. કેવા અધમ વિચાર ! કાશીનરેશના ગુણ ગવાય છે એમના સારા કાર્યોથી, ગુણોથી અને પુણ્યથી. એમાં ઈર્ષા શા માટે કરવી ? કોશલનરેશના દિલમાં આવા અધમ વિચાર આવ્યા અને તે વિચારને વર્તનમાં મૂકવા તૈયાર થયા. તેમણે ફરમાન બહાર પાડયું કે જે કાશીનરેશનું માથું લાવી આપશે તેને સવામણ સોનું આપવામાં આવશે. તે સમયે સોનું ઘણું સસ્તું હતું. આવા લોકપ્રિય રાજાને મારવા કોણ તૈયાર થાય ? ઈર્ષાને વશ થઈને રાજાએ જાહેરાત કરી છે, છતાં કાશીનરેશના વિચારો કેટલા પવિત્ર છે ! કાશીનરેશે પોતાનું માથું લેવાના સમાચાર સાંભળ્યા છે છતાં જરા પણ અશુભ ભાવ ન લાવ્યા ! તે વિચારે છે કે કોશલનરેશ ગમે તેવો દ્વેષી કે વેરી બને અને મને મારી નંખાવવાની અશુભ પ્રવૃત્તિ કરે પણ એ એમ કરવા સ્વતંત્ર છે આ સમયે મારે મારું દિલ કેવું બનાવવું અને કેવા ભાવ લાવવા એમાં હું પણ સ્વતંત્ર છું. એ એની લાયકાત પ્રમાણે કરે. મારે મારી લાયકાત પ્રમાણે કરવાનું. હું એક ધર્મી માતાનો પુત્ર છું. આર્યભૂમિ અને આર્ય ધર્મમાં જન્મ્યો છું તો મારા દિલમાં એક પણ મલિન ભાવ આવવા ન દેવાય. કોશલનરેશ પ્રત્યે પણ મૈત્રી ભાવ રાખવાનો અને સદાય એનું ભલું થાય એ ભાવના રાખવાની.

આ કાશીનરેશ જંગલમાં ફરે છે તે સમયે એક બ્રાહ્મણને ત્યાંથી પસાર થતો જોયો. રાજા કહે–ભાઈ ! તું કયાં જાય છે ? હું કાશીનરેશને શોધું છું. તારે એમનું શું કામ છે ? મારી દીકરી મોટી થઈ છે, એને પરણાવવાની છે પણ પાસે પૈસા નથી. કાશીનરેશ બહુ ઉદાર છે એટલે એમની પાસે જાઉં તો કામ થઈ જાય. કોશલનરેશે

ફરમાન બહાર પાડ્યું છે કે જે કાશીનરેશનું માથું મને લાવી આપશે તેને સવામણ સોનું આપીશ. આ બ્રાહ્મણ જાણતો નથી કે આ કાશીનરેશ પોતે છે. કાશીનરેશ કહે તારે પૈસા જોઇએ છે ને ? ચાલ, તને અપાવી દઉં. આ સાંભળી બ્રાહ્મણને ખૂબ આનંદ થયો. કાશીનરેશ એને સાથે લઇને રાજદરબારમાં ગયો. જઇને કોશલનરેશને કહે છે કે આપે જાહેરાત કરી છે કે જે કાશીનરેશનું માથું લાવે તેને સવામણ સોનું આપીશ. આ બ્રાહ્મણ સાવ ગરીબ છે તેને દીકરી પરણાવવી છે એટલે પૈસાની જરૂર છે, હું બીજો કોઈ નથી પણ કાશીનરેશ છું; આપ મારું માથું લઇ લો અને મને અહીં લાવનાર બ્રાહ્મણને તમારા ઢંઢેરા પ્રમાણે સોનું આપી દો. આમ કહીને કાશીનરેશ માથું નમાવીને ઊભા રહ્યા. હવે કોશલનરેશની એ તાકાત છે કે આ સાંભળીને હજુ પણ દ્વેષ રાખી શકે ? હવે તો તેમને ખૂબ પસ્તાવો થવા લાગ્યો.

કોશલનરેશનો પશ્ચાતાપ : કોશલનરેશ સિંહાસન ઉપરથી ઊભા થઈ ગયા અને કાશીનરેશના પગમાં પડી ગયા. તેમની આંખમાંથી તો દડદડ આંસુ વહેવા લાગ્યા ને કહેવા લાગ્યા હે કાશીનરેશ ! તમે તો ગજબ કર્યો ! હું તો મહાપાપી છું. આપ મને માફ કરો. મારા કારણે આપે રાજ્યનો ત્યાગ કર્યો અને જંગલમાં ગયા. મેં આપના પર ઇર્ષ્યાનો વરસાદ વરસાવ્યો ને કેવું ઘોર પાપ કર્યું છે ? શું તમારી પરદુઃખ-ભંજનની ભાવના ! એક ગરીબ બ્રાહ્મણનું દરિદ્ર ટાળવા આપ આપનું માથું દેવા તૈયાર થયા ! ધન્ય છે ધન્ય છે આપને ! હું તો તમારો ઘોર અપરાધી છું. પ્રજા તમારા ગુણોની પ્રશંસા કરે છે એ બરાબર છે.

કોશલનરેશ ને કાશીનરેશ એક રાશીના, કાશીરાજ કોને કહીએ,
કાશીરાજને જાણવો હોય તો, અહિંસાની વાતો કરીએ...આપણે.

કાશીનરેશ અને કોશલનરેશ બંને એક રાશીના હતા છતાં તેમના જીવનમાં કેટલું અંતર હતું ? કાશીરાજાનું જીવન જોતા કોશલનરેશનો જીવન પલ્ટો થઈ ગયો. કાશીનરેશના પગમા પડીને કહે છે કે હું આપનો ઘોર અપરાધી છું. આપ આપનું રાજ્ય સંભાળો. સાથે કોશલ દેશનું રાજ્ય પણ તમે સ્વીકારી લો ને બંને રાજ્ય આપ ચલાવો. હું તમારો હવાલદાર થઇને રહીશ તો મારા પાપનું પ્રાયશ્ચિત થશે. મારી મનોવૃત્તિ પણ સુધરી જાય. કાશીનરેશે દિલમાં કેવા શુભ અને ઊંચા ભાવ વિકસાવ્યા હશે ? તેમના અંતરમાં જીવો પ્રત્યે કરૂણા અને પરદુઃખભંજનની ભાવના કેટલી હતી ! આનંદગાથાપતિ ભગવાનની પાસે વ્રત અંગીકાર કરે છે વધુ ભાવ અવસરે.

ચરિત્ર : પિતા અને પુત્રીઓ બહાર તપાસ કરવા ગયા. ઘરની આજુબાજુ સૌ ઉંચે નીચે જોવા લાગ્યા. જોતાં જોતાં ગુણસુંદરીની નજર દિવાલ પર પડી. ત્યાં સુંદર અક્ષરોમાં શ્લોક લખ્યો હતો—

કયાં ગોવાલો કયાં વલ્લહી ? કયાં લંબોદર દેવ !
આવ્યો બેટો શેઠનો, પરણી ગયો તત્ખેવ.

કયાં ગોપાલપુર ને કયાં વલ્લભીપુર ! શેઠનો દીકરો આવ્યો. સાત કન્યાઓને પરણીને તરત ચાલ્યો ગયો છે. તે કયા ગામના છે તે પત્તો મળ્યો પણ તેમનું નામ ઠામ કયાંય લખ્યું નથી. વાત એટલી પકઠાઈ કે તે ગોપાલપુર નગરના છે. ધર્મસુંદરી ઉતાવળી થઇને કહે છે કે માત્ર ગામનું નામ લખ્યું છે. એટલા મોટા ગોપાલપુરમાં આપણે તેમને કેવી રીતે શોધવા ? શું જાણે તે ત્યાંના પાટવી કુંવર ન હોય કે તરત પત્તો મળી જાય. ગુણસુંદરી કહે બેન ! ગમે તેમ તો ય આપણા શીરછત્ર છે માટે ગમે તેમ ન બોલ. તેમને ગમે તે સંયોગોમાં જવું પડયું હશે માટે ગયા હશે. તેઓ વિશ્વાસઘાત કરે એવા કે દગો દે એવા નથી. તેઓ ગમે તે સંકટમાં આવેલા હશે એમ મને લાગે છે. કાંઇ નહિ ગામનું નામ મળ્યું છે તો તેમનો પત્તો મળી આવશે. ત્યારે બીજી કહે– ગોપાલપુર એ ચાર ઘરની વસ્તીવાળું ગામ છે ? ત્યાં તો લાખો માણસો રહે છે. તેનું નામ કે કુળ જાણતા હોઇએ તો કંઈ બબર પડે બાકી માત્ર ગામનું નામ જાણવાથી શું બબર પડે ? અરેરે....આપણા કુળદેવને આ તે શું સૂઝયું કે લગ્નની રાત્રે પતિને ભગાડી મૂકયો ? શેઠ કહે બેટા ! એમ ન બોલ. એમાં દેવનો શો વાંક ? એણે તો મારી સાધનાથી ખુશ થઇને તમને આ વર મેળવી આપ્યો. તે એવું કામ કરે બરા ? કદાચ એમાં પણ ભાવિના શુભ સંકેત હશે. જે થાય તે સારા માટે એમ તું માન.

સાતે દીકરીઓ કહે–બાપુજી ! એમ બેસી રહે કામ નહિ થાય. તે માટે કોઇ રસ્તો તો લેવો પડશે. છોકરો પાણીદાર છે દગો દે તેવો નથી. દગો દેવો હોય તો આ રીતે લખીને જાય શા માટે ? શેઠ કહે આપણે ત્યાં એક માણસ મોકલીએ ને શોધ કરાવીએ. ગુણસુંદરી કહે પિતાજી ! આપની વાત સાચી છે પણ એ માણસ તેમને ઓળખશે કેવી રીતે ? તો શું કરવું ? શેઠ ગભરાઈ ગયા. ગોપાલપુર જવાય કેવી રીતે ? સૌએ પોતપોતાના વિચારો દર્શાવ્યા. બધા બોલ્યા પણ નાની ગુણસુંદરી કંઇ ન બોલી. શેઠ કહે બેટા ! તું કેમ કાંઈ બોલતી નથી. ? પિતાજી ! મને એક ઉપાય જડયો છે. તો જલ્દી બતાવને. ઉપાય વિચારવો અને સાંભળવો સહેલો છે પણ અમલમાં મૂકી પાર ઉતારવો કઠીન છે. આ વાત એવી છે કે તમે સંમતિ ન આપો. શેઠ કહે બેટા ! બોલ તો ખરી. મને યોગ્ય લાગશે તો હું જરૂર હા પાડીશ. એ માટે મારાથી બનતી મદદ તને કરીશ. પિતાજી ! હું જ ગોપાલપુર જઈશ ને તેમની શોધ કરીશ. તું છોકરી છે, તને ગોપાલપુર મોકલવી કેવી રીતે ? એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. હું જ તેમને શોધી શકીશ, કારણ કે મેં જેટલા નજીકથી જોયા છે એટલા કોઇએ જોયા નથી.....પણ, બેટા ! કયાં ગોપાલપુર ને કયાં વલ્લભીપુર ! ત્યાં જઇને તું શોધીશ કેવી રીતે ? પિતાજી ! હું છોકરીના વેશમાં નહિ જાઉં.

વણજારાના વેશથી રે, પરદેશ જવું સજી સાજ,
જઇશ ગોપાલપુર ભણી, ત્યાં સાધીશ મુજ કાજ.

હું એક સ્ત્રી છું એ વાત ભૂલી જઇશ. વણઝારાનો પુરૂષવેશ પહેરીને ત્યાં જઇશ.

ગંભીર અને ડાહ્યા કે જેના મુખમાંથી વાત બહાર ન જાય એવા બે ચાર માણસો પેઢીમાંથી મને સાથે આપજો તેમને લઇને સાથે હું ગોપાલપુર જઇશ. ત્યાં છ મહિના રહીશ, અને વેપારી બનીને ધંધો કરીશ. મોટા મોટા વેપારીઓ સાથે, શ્રીમંતો, કરોડપતિઓ અને રાજા સાથે હું સંપર્ક સાધીશ, તેમનો પરિચય કરીશ એ મોટા શ્રીમંત ઘરનો દીકરો છે એટલે ગમે તે રીતે હું તેમને ઓળખી કાઢીશ. છ મહિનામાં પત્તો મેળવીશ. મારા હાથેથી ગયા છે માટે મારે જ આ કામ કરવું છે. શાબાશ બેટા શાબાશ ! ધન્ય છે તારી બુદ્ધિને અને ધન્ય છે તારી હિંમતને !

ગુણસુંદરીની વાત બધી બેનોના ગળે ઉતરી ગઈ. બેન ! ધન્ય છે ધન્ય છે ! તારા અજોડ સાહસને ! બે બેનો કહે–બેન ! અમે તારી સાથે આવીશું. ના બેન ! હું તમને કોઇને સાથે નહિ લઈ જાઉં. બધાને પુરૂષનો પોશાક પહેરવો પડે. ઝાઝો સમય પુરૂષવેશે રહેતા વેપાર ધંધા કરતાં જો કોઈક દિવસે આપણું પોકળ ખુલ્લું થઇ જાય તો આપણે પકડાઈ જઇએ. માટે હું એકલી જઇશ. જો વેપાર ધંધો કરતા આપણા પતિનો પત્તો પડશે, તેમને ઓળખીશ તો હું તમને બધાને બોલાવી લઇશ અથવા તેમને લઇને હું અહીં પાછી આવીશ. જો છ મહિના પૂરા થઈ જશે અને ઉપર ૨૪ કલાક સુધીમાં નહિ મળે તો હું અગ્નિનું શરણું સ્વીકારી લઇશ. હું જીવતી બળી મરીશ. આ શબ્દો સાભળતાં પિતાજી, ઘરના બધાને ખૂબ આઘાત લાગ્યો. હવે ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૧૪ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૫૬ : તા. ૨૯–૮–૮૫

આપણે આનંદ શ્રાવકનો અધિકાર ચાલી રહ્યો છે. આનંદ શ્રાવક ભગવાનના સમોસરણમાં ગયા તો પામીને આવ્યા. આનું નામ ગયા કહેવાય. આનંદ શ્રાવકે પહેલું વ્રત અહિંસાનું લીધું. હું જીવોની હિંસા કરવાથી વિરમું છું. સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિ પાંચ અણુવ્રતો છે અને સાત શિક્ષાવ્રતો છે. શ્રાવક ધર્મના પાલનમાં મહાનતા મુખ્ય પાંચ અણુવ્રતોની છે. બાકીના સાતે વ્રતો એ આ મૂળ અણુવ્રતો દ્વારા પેદા થાય છે. સાત શિક્ષાવ્રત અથવા ઉત્તર વ્રતો તે પાંચ મૂળ વ્રતોની સૃષ્ટિ છે. વૃક્ષની સૃષ્ટિ કરનાર મૂળ છે અને પુષ્ટ કરનાર તેની શાખા–પ્રશાખા છે. મૂળ ન હોય તો વૃક્ષ ઉગી ન શકે અને વૃક્ષ પર ડાળીઓ, શાખા, પ્રશાખા ન હોય તો વૃક્ષ ઠૂંઠું લાગે છે, તેમ શ્રાવક ધર્મ રૂપ વૃક્ષના મૂળ તરીકે પાંચ અણુવ્રતો છે અને સાત શિક્ષાવ્રતો એ મૂળને પુષ્ટ કરનાર શાખા–પ્રશાખા જેવા છે.

અણુવ્રતના બે અર્થ થાય છે. અણુ એટલે નાના. જે મહાવ્રતો કરતાં નાના અને બીજો અર્થ 'અનુવ્રત'. અનુ એટલે પાછળ. મહાવ્રતની પાછળ જેની પ્રરૂપણા કરવામાં આવે છે તેનું નામ અનુ, તેથી અનુવ્રત એટલે પાછળ કહેવામાં આવતા વ્રતો. તમે જો તો સમજો છો કે ભગવાનના સંતોને મહાવ્રતો હોય અને અણુવ્રતધારીઓને બધા

ઓછા પ્રમાણમાં વ્રતની મર્યાદા છે. મહાવ્રતોનો વિષય તો વિસ્તૃત હોય છે અને તેનું પાલન પણ વિસ્તૃત રીતે કરવાનું છે. શ્રાવકના વ્રતો 'न करेमि न कारवेमि' એટલે હું પાપ કરીશ નહિ અને બીજાની પાસે કરાવીશ નહિ એટલા પૂરતા મર્યાદિત છે ત્યારે સંતોના વ્રતો "न करेमि न कारवेमि, करंतंपि अन्नं न समणुजाणामि". હું પાપ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ અને કરતાને અનુમોદન આપીશ નહિ. મહાવ્રતમાં કરતાને અનુમોદનાનો ત્યાગ હોય છે. શ્રાવક જીવનમાં અનુમોદનાનો ત્યાગ થઈ શકે નહિ. **પાપની અનુમોદનાના દોષથી છૂટવું હોય તો મહાવ્રતો અપનાવે છૂટકો.** તેથી શ્રાવકના વ્રતો મહાવ્રતો નહિ પણ અણુ એટલે નાના કહ્યા છે. અન્ય દર્શનોના ગૃહસ્થોની અપેક્ષાએ તો શ્રાવકના વ્રતો મહાન છે. આગમમાં તો ત્યાં સુધી બતાવ્યું છે કે અન્ય દર્શનના સાધુઓ કરતાં પણ જૈન શ્રાવકોના વ્રતો ઊંચા છે. ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા અધ્યયનમાં ભગવાન બોલ્યા છે

"संति एगेखूहिं भिक्खूहिं, गारत्था संजमुत्तरा"

કેટલાક અન્ય નામધારી સાધુઓની અપેક્ષાએ શ્રાવકો શ્રાવકપણામાં ઉત્તમ છે માટે દુનિયાના બધા વ્રતોની અપેક્ષાએ શ્રાવકના વ્રતો અણુવ્રતો (નાના) નથી પણ જિન શાસનના મહાવ્રત ધારી સાધુઓની અપેક્ષાએ શ્રાવકના અણુવ્રતો નાના છે. આ અણુવ્રતો પામવા અને પાળવા તે કાંઈ નાની સૂની વાત નથી.

કઈ કવોલીટીનો માલ લેશો : તમને એમ પ્રશ્ન થાય કે મહાવ્રત પહેલા કેમ અને અણુવ્રતો પછી કેમ ? જો પહેલા આત્માને અણુવ્રતો પ્રાપ્ત થતાં હોય તો પહેલાં અણુવ્રતોની પ્રરૂપણા થાય ને ? તમને કોઇ દિવસ આ પ્રશ્ન ઉઠયો છે અરે ? સાચા શ્રોતામાં આવું સમજવાની, જાણવાની જિજ્ઞાસા થાય. સાચા શ્રોતાને સાચા વક્તા પર પૂર્ણ શ્રદ્ધા હોય પણ કંઈ ન સમજાય તો સમજવા માટે પ્રશ્નો કરતાં ગભરાય નહિ. અમારી પાસે કોઈ માલ લેવા આવે તો પહેલા મહાવ્રતનો માલ બતાવીએ પછી અણુવ્રતનો માલ બતાવીએ. અહીં બેઠેલા મોટા ભાગના તમે વેપારી છો. કોઈ બેન કે ભાઈ ગાડીમાંથી ઉતર્યા. તમે જોઇને અનુમાન કરી શકો કે આ સુખી વ્યક્તિ દેખાય છે. માલ ખરીદે તેવો રોકડ ઘરાક છે. તો તમે તેને કેવો માલ બતાવો ? ઊંચામાં ઊંચી કવોલીટીનો માલ બતાવો ને ? હા. ગ્રાહકને માલ બહુ ગમી ગયો. તે તમને કહે માલ તો બહુ સારો છે, ખરીદવો પણ છે પણ તેની કિંમત કેટલી ? તમે તે માલની કિંમત કહી. ગ્રાહક પાસે તેટલા પૈસા નથી. આટલો ઊંચો માલ લઈ શકે તેમ નથી તો પછી તમે તેનાથી ઉતરતી કક્ષાનો માલ બતાવશો. ગ્રાહક પાસે તેટલા પૈસા હશે તો તે માલ ખરીદશે, તેમ તમે અમારી પાસે આવો ત્યારે અમે પહેલો ઊંચામાં ઊંચો સારામાં સારો માલ મહાવ્રતનો છે તે અમે તમને બતાવીએ પણ તે માલ લેવા તમે શક્તિમાન ન હો તો તેનાથી ઉતરતી કક્ષાનો માલ શ્રાવકના ૧૨ વ્રત બતાવીએ અને તેટલી પણ શક્તિ ન હોય તો

બાર વ્રતમાંથી કોઈ પણ એક વ્રત અંગીકાર કરવાનું બતાવીએ. તમે ગમે તેટલું ઊંચું શ્રાવકપણું પાળો તો સાધુપણાનો અંશ પણ ન આવે.

મહાવ્રતોની મહાનતા : મહાવ્રતોની મહાનતા કોઇ ગજબની છે. જેને મોક્ષની શ્રદ્ધા નથી, રૂચી નથી, મોક્ષ તત્ત્વ પર વિશ્વાસ નથી એવા અભવી જીવ ચારિત્ર લે, તે દ્રવ્યથી ચારિત્ર પાળે, તેનામાં ભાવ ચારિત્ર તો છે નહિ છતાં તે આત્મા ચારિત્રના બળે નવ ગ્રૈવેયક સુધી જઇ શકે છે. સંયમનું કેટલું બળ છે ! જ્યારે શ્રાવક સમકિત સહિત ભાવથી શ્રાવકપણું શુદ્ધ પાળતો હોય તો વધુમાં વધુ ૧૨ દેવલોક સુધી જ જઈ શકે છે; તેથી આગળ જઇ શકતો નથી. અભવી હોવા છતાં ચારિત્રના બળે નવ ગ્રૈવેયક સુધી જાય અને સમકિત સહિત વ્રતો પાળનાર ૧૨ દેવલોક સુધી જાય; માટે સાધુપણું વિશેષ છે, મહાવ્રતો આત્મશુદ્ધિમાં પણ મહાન છે, સાથે સાથે પુણ્યાઈના બંધમાં પણ મહાવ્રતો આગળ છે. મહાવ્રતોની મહાનતા કેટલી છે ? સમજો.

કોઈ આત્મા ભગવાનના માર્ગને બરાબર સમજીને સંયમ લે. તે સંયમમાં ખૂબ વફાદાર રહે પણ તેના જ્ઞાનાવરણીય કર્મનો એવો જબ્બર ઉદય છે કે તેને જ્ઞાન ચઢતું નથી. વ્યાખ્યાન વાંચી શકે તેટલો તેનો ક્ષયોપશમ નથી. તે વિદ્વાન કે વક્તા બની શકતો નથી; તપ કરી શકતો નથી પણ તેના પાંચ મહાવ્રતો ખૂબ નિર્મળ છે. તેમાં કોઇ દોષ લગાડતા નથી. તેમનું સમકિત પણ ખૂબ નિર્મળ છે તો તે આત્મા અનુત્તર વિમાન સુધી જઈ શકે છે. અનુત્તર વિમાનના દેવો એકાંત સમકિત છે. અહીં સુધી પહોંચાડનાર સ્ટીમર સમાન મહાવ્રતો છે. તમારા રોકેટ, પ્લેનો ઘણા ઊંચા ઉડી શકે, અરે, વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે ચંદ્રલોક સુધી પહોંચનારની એ તાકાત નથી કે અનુત્તર વિમાન સુધી પહોંચાડી શકે. દ્રવ્યથી અને ભાવથી મહાવ્રત પાળનાર ત્યાં ઉત્પન્ન થઈ શકે છે. તીર્થંકર અને ગણધરાદિને છોડીને સૌથી વધુ પુણ્યાઈના માલિકો અનુત્તરવાસી દેવો છે. અનુત્તર વિમાનમાં સમકિતધારીની દુનિયા છે તે દેવો ત્યાં બેઠા શું ઝંખે છે ?

આવો અવસર અમને ક્યારે આવશે ? ક્યારે પામીશું આર્યનર અવતાર જો,
સર્વ દુઃખોનું અંત કરવાનું સ્થાન જ્યાં, જૈનશાસનમાં લઇશું સંયમ ભાર જો...

અનુત્તર વિમાનના દેવોમાં તમે જેને સુખ માનો તે સંપૂર્ણ સુખ ત્યાં છે. તેમના શરીરમાં રોગ ન થાય, ઘડપણ ન આવે, પુત્ર પરિવારની પળોજણ નહિ. એવું કોઈ દુઃખ ત્યાં છે જ નહિ. તમે જે ઈચ્છો-છો તે બધું સુખ ત્યાં છે. પણ આત્મકલ્યાણ સાધક વિરતિ ધર્મ નથી. તે દેવો આત્માર્થી સંતોને, ઉગ્ર તપસ્વીઓને દેખે ત્યારે મનમાં થાય કે હે પ્રભુ ! અમને ક્યારે એવો અવસર આવે કે મનુષ્ય જન્મ પામીને દીક્ષા લઈએ ? તે દેવોને ચર્ચા વિચારણા કરતાં કોઈ શંકા થાય તો ભગવાનના સમવસરણ સુધી તેમને જવું પડતું નથી. ત્યાં બેઠા તેઓ ભગવાનને મનથી પ્રશ્ન પૂછે અને ભગવાન મનથી

તેનું સમાધાન કરે. તેઓ કેટલા સુખમાં છે! છતાં તેઓ કહે છે અમારી પાસે સંયમ નથી, વ્રત પચ્ચખ્ખાણ નથી, માટે અનુત્તરવાસી દેવો સંયમને ઝંખે છે. અભવીની અને દ્રવ્યસંયમવાળાની ગાડીનું છેલ્લું સ્ટેશન નવગ્રૈવેયક છે તેનાથી આગળ તો દ્રવ્ય અને ભાવથી મહાવ્રત પાળેલ આત્મા પહોંચી શકે છે. આ રીતે દ્રવ્ય અને ભાવથી ચારિત્ર પાલનના મહાન ફળવાળા મહાવ્રતોની અપેક્ષાએ શ્રાવકના અણુવ્રતો નાના છે પણ અજ્ઞાની, મિથ્યાત્વી આત્માના કષ્ટમય તપ અને વ્રતોની અપેક્ષાએ તો આ વ્રતો ખૂબ મોટા છે. જૈનદર્શન સ્યાદ્વાદ અપેક્ષાવાદ દર્શન છે. અપેક્ષાથી નહિ સમજનારને મોટો ગોટાળો થાય છે અને અપેક્ષાથી સમજનારના તમામ વાદવિવાદો શાંત થઈ જાય છે માટે જ્ઞાની કહે છે વ્રતમાં આવો.

આનંદ ગાથાપતિ ભગવાનને કહે છે હે પ્રભુ! આપે મહાવ્રત રૂપી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઊંચી ક્વોલીટીનો માલ બતાવ્યો પણ તે લેવા માટે મારી શક્તિ નથી. એટલે તેનાથી થોડી ઉતરતી કક્ષા સમાન અણુવ્રતોને હું ગ્રહણ કરવાની ઇચ્છા રાખું છું માટે તે માલ ખરીદવો છે. એટલે પહેલું અણુવ્રત અંગીકાર કરે છે. હું જાણી પીછીને સ્થૂલ-બાદર જીવોની હિંસા નહિ કરું. જેટલા વ્રતમાં આવશો એટલા પાપથી અટકશો. અમે વ્રત લેવાનું કહીએ તો તમે આનાકાની કરો પણ કોઈ એવો ઉપાટો બતાવે તો સીધાદોર થઈ જાવ.

એક દરજીની વાત આવે છે. આ દરજી ખૂબ ઉસ્તાદ, કોઈ દરજીનો વિશ્વાસ ન કરે. તે ગમે તેના કપડા સીવે પણ તેમાંથી થોડું ચોર્યા વગર રહે નહિ. આ દરજી તો ખરેખરો ઉસ્તાદ હતો. એક વાર દરજી રાત્રે સૂતો હતો. તેણે ઉંઘમાં એક સ્વપ્ન જોયું. સ્વપ્નામાં તેણે શું જોયું? એક મોટો ઊંચો ઝંડો જોયો. ઝંડામાં જે વાવટો હતો તે નાના નાના કપડાને સાંધા કરીને બનાવ્યો હતો તેવો ઝંડો જોયો, પછી સ્વપ્નામાં નરકગતિ જોઇ. ત્યાં પરમાધામી જીવો પોતાને દુઃખ આપે છે, મારે છે, કાપે છે અને ઝંડાથી ખૂબ ઝૂડી નાંખે છે. આ બધું જોયું. દરજી પૂછે છે મને શા માટે મારો છો? મેં શું કર્યું છે કે આપ મને આટલો બધો મારો છો? મારાથી આ દુઃખ સહન નથી થતું. આપ મને છોડી દો. પરમાધામીના હાથમાં મોટો ઝંડો છે, જેને જોતા ય આંખ થાકી જાય એવો મોટો ઝંડો છે. પરમાધામી કહે છે હું તને છોડીશ નહિ. દેખ આ વાવટો. આખી જિંદગી તેં કાપડમાંથી કાપડ ચોર્યું છે. સવા વારની જરૂર હોય ત્યાં દોઢ વાર અને એક વારની જરૂર હોય ત્યાં દોઢ વાર મંગાવીને અડધો અડધો વાર ચોરી લીધું છે. આ રીતે ચોરી કરીને જે કાપલા ચોર્યા છે તેનો આ વાવટો બનાવેલો છે. આ સાંભળીને દરજી તો ગભરાઈ ગયો. પરમાધામીઓ આ ઝંડાથી તેના કુકૃત્યોને યાદ કરાવી માર મારી રહ્યા છે. દરજી બચાવો....બચાવોની બૂમો પાડે છે. તેની સામે માતા પિતા, પત્ની, પુત્ર બધા ઊભા છે પણ કોઈ બચાવવા આવતું નથી. બધા ત્યાંથી ઊઠીને રવાના થઇ ગયા, ત્યાં તેની આંખ ખુલી ગઇ.

આત્માને જગાડતું સ્વપ્ન : દરજી સવારમાં ઊઠયો. તેની આંખ સામે પોતે નરકમાં ગયો છે. પરમાધામીઓ મારવા આવ્યા છે. બહુ દીકરા બધા સામા ઊભા છે પણ કોઇ બચાવવા ન આવ્યું. તેનું હૈયું ભરાઇ આવ્યું. તે ખૂબ રડવા લાગ્યો. બધા પૂછે છે આપ શા માટે રડો છો ? દરજી કહે મેં આજે રાત્રે ઉંઘમાં આવું ભયંકર સ્વપ્ન જોયું. હું નરકમાં ગયો છું, પરમાધામીઓ મને મારે છે, તમે બધા સામે ઊભા હતા, મેં બચાવો બચાવોની બૂમો મારી પણ તમે કોઇ મને બચાવવા ન આવ્યા ને ! મેં તમને બધાને બરાબર જોઈ લીધા. હવે મારે આજથી ચોરી કરવી નથી. ચોરી આદિ પાપો કરવાથી જીવને નરકગતિમાં આવા દુઃખો ભોગવવા જવું પડે છે. કપડા વેતરતા એમાંથી ટુકડા ટુકડા કાઢી લેતો. હવે મારે એ પાપ કરવું નથી. પાપ કરીને પૈસા ભેગા હું કરું. ભોગવો તમે અને માર બાવાનો મારે; માટે હવે તો કપડા વેતરતાં જે નાનો મોટો ટુકડો વધે તે તેના માલિકને પાછો દઇ દઇશ પણ મારે ચોરી કરવી નથી. કદાચ હું ભાન ભૂલું અને હું લોભમાં તણાઇને લેવા જાઉં તો આપ મને કહેજો કે " **દેખો ઉસ્તાદજી વહ ઝંડા.** " એટલે મને નરકના દુઃખો યાદ આવી જશે અને ચોરી કરતો હું અટકી જઇશ.

હવે આ દરજી ખૂબ નીતિથી ધંધો કરે છે. કપડું વેતરતા જે કટકા પડે તે પાછા આપી દે છે. આથી લોકોમાં તેની પ્રશંસા થવા લાગી કે આ દરજી તો ખૂબ પ્રમાણિક છે. કપડું સીવતા જે વધે તે આપણને પાછું આપી દે છે. થોડા દિવસ તો આ વાત એવી યાદ રહી કે એક ઇંચ કપડું પણ પોતાને ત્યાં રાખે નહિ, પણ જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ પેલી વાતની અસર ઓછી થતી ગઇ અને વધેલું કપડું પાછું આપતા દિલમાં સંકોચ થવા લાગ્યો. બાર મહિના થયા ત્યાં તો પેલી વાત જાણે સાવ વીસરાઇ ગઇ તેના મનમાં એ વિચારો આવવા લાગ્યા કે ઘરમાં રહેવું ને આ રીતે રહીએ તો કેવી રીતે ચાલે ? હવે તેને દબાવી દેવાનું, અને ચોરી લેવાનું મન થવા લાગ્યું. ઘરના માણસો આ ઉસ્તાદની સ્વપ્નાની વાત સાંભળીને એવા હોંશિયાર થઇ ગયા હતા કે જ્યાં એ જરા ચોરી કરવા જાય ત્યાં તરત કહેતા " **દેખો ઉસ્તાદજી વહ ઝંડા.** " આ સાંભળીને તે ડરી જતો. થોડા દિવસ તો આમ ચાલ્યું પણ પછી તો દરજી સાંભળે જ નહિ. ' **દેખે પીળું ને મન થઈ જાય શીળું.** ' તેમ પહેલાની રીત પ્રમાણે માયા, પ્રપંચ, દગા કરવા લાગ્યો. એક વાર છોકરાથી ન રહેવાયું. કપડું ચોરતી વખતે જોરથી બૂમ પાડી. ઉસ્તાદજી ! ' **વહ ઝંડા ભૂલ ગયે કયા ? જરા ધ્યાન દો કયા હોગા ?** ' છોકરાની વાત સાંભળીને ઉસ્તાદજી તાડૂકયા. " **રોજ કયા ઝંડા ઝંડા કરતે હૈ ? ગયા વહ ઝંડા જહન્નમમેં. કયા એક દિનકે ડરસે રોજ કપડા છોડ દૂં ?** " આ દરજી પાછો પોતાની જાત પર આવી ગયો અને જે પ્રમાણે પહેલા ચોરી, દગા કરતો હતો તે કરવા લાગ્યો.

આ દરજી પછી એ વાત ભૂલી ગયો કે કર્મો બધા માટે કરું છું પણ આ પાપ ભોગવવાનો સમય આવશે ત્યારે કોઈ ભાગ પડાવવા નહિ આવે. મારે એકલાને દુઃખો ભોગવવા

પડશે માટે વ્રતમાં આવો. તમે બધા વ્રત આદરી શકો તેમ છો. આપને જેટલી જરૂર હોય તેટલો આગાર રાખો અને બીનજરૂરના પચ્ચક્ખાણ કરો. દુનિયામાં એવી કેટલીય ચીજો છે કે જે તમે જાણતા નથી, વાપરતા નથી છતાં પચ્ચક્ખાણ નથી એટલે તેનું પાપ આવ્યા કરે છે. આત્માને હવે પાપથી ભયભીત બનાવો. આ જીવ અનંતકાળથી સંસારમાં રખડયો છે, ભટકયો છે તે અવિરતિના કારણે. મિથ્યાત્વ પછી બીજો નંબર છે અવિરતિનો. અવિરતિ જેવું કોઈ પાપ નથી. પાણીના પ્રવાહને રોકવા માટે બંધ બાંધવામા આવે છે. જો બંધ તૂટી જાય તો પાણીનો પ્રવાહ જોરથી ગામમાં ઘસી જાય ને ગામના ગામ તણાઈ જાય તેમ પાપના પ્રવાહને રોકવા માટે જો વિરતિનો બંધ બાંધ્યો નહિ હોય તો આશ્રવનું પાણી આત્મામાં પેસી જશે. અરે, તમે રોજરોજના પચ્ચક્ખાણ લો તો પણ કેટલા પાપથી અટકશો. જેટલી લીલોતરી છે તે બધી તમે ખાતા નથી, રોજ પચ્ચક્ખાણ લો કે મારે બે ત્રણ આ લીલોતરી બપે અને તે ૧૦૦ ગ્રામ ૨૦૦ ગ્રામ. તો બીજી લીલોતરીની પાપની ક્રિયા તો નહિ આવે ને ! માટે પચ્ચક્ખાણમાં આવો. ૧૨ વ્રત આદરવાની સંપૂર્ણ તૈયારી ન હોય તો એક વ્રતમાં આવો પણ વ્રત તો આદરો.

જે આત્મા મહાવ્રતનો ઊંચામાં ઊંચો માલ લેવાને શક્તિમાન ન હોય તે અણુવ્રતો શ્રાવકના ૧૨ વ્રતનો માલ લે. એટલે મહાવ્રતોનો ઉપદેશ પહેલા થયો અને અણુવ્રતોનો ઉપદેશ પછી થયો. સામાન્ય રીતે જોઈશું તો જણાશે કે અણુવ્રતો પછી મહાવ્રતોની પ્રાપ્તિ થાય પણ મહાવ્રતોના લક્ષ્ય વિના અણુવ્રતો હોઇ શકતા નથી. સમર્થ શક્તિમાન માણસ દેવું ચૂકવવામાં ઢાંઢા કરે નહિ, હપ્તા પાડે નહિ તેવી રીતે જે આત્મા સમર્થ શક્તિમાન હોય તે વ્રતો લેવામાં ઢાંઢા ન કરે. સીધા મહાવ્રતો ગ્રહણ કરે. જંબુકુમાર, મેઘકુમાર જેવા મહાપુરૂષોએ કયાં પહેલા અણુવ્રતો લીધા હતા ? સીધા મહાવ્રતો લીધા હતા. ચક્રવર્તીઓ, તીર્થંકરો તે કદી શ્રાવકના વ્રતો લેતા નથી. તેમને પાંચમું ગુણસ્થાન સ્પર્શે જ નહિ. કયાં તો તે અવિરતિ રહે અને લે તો સર્વવિરતિને જ ધારણ કરે. ૬૩ શલાકાપુરૂષો પણ કદી પાંચમું દેશવિરતિ ગુણસ્થાન સ્પર્શે નહિ. અવિરતિમાંથી દેશવિરતિ બન્યા પહેલા સીધા સર્વવિરતિ બને. સામાન્ય નિયમ છે કે પાંચમું ગુણસ્થાન પછી છઠું ગુણ સ્થાનક એમ ભલે ક્રમ હોય પણ સમ્યક્ત્વ પામ્યા બાદ સીધા મહાવ્રતો ધારણ કરનાર આત્માઓ હોય છે.

સમ્યક્ત્વ અને ચારિત્રને પેદા કરનારાના પરિણામો જુદા જુદા છે. દર્શન મોહનીયનો ક્ષયોપશમ થાય ત્યારે સમકિતની પ્રાપ્તિ થાય અને ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થાય ત્યારે વ્રતોની પ્રાપ્તિ થાય. સમકિત વખતે આત્માના તેવા જોરદાર પરિણામ નિયમા નથી હોતા કે જેથી દર્શન મોહનીયની સાથે ચારિત્ર મોહનીયનો પણ ક્ષયોપશમ થઈ જાય અને અણુવ્રતોની પ્રાપ્તિ પણ થઇ જાય. કોઈ જીવો સમકિત પામતાની સાથે વ્રતો પામી પણ જાય. જીવ કયારે દેશવિરતિ પામે ? તો પ્રથમ જીવ સમકિત ત્યારે પામે કે જયારે આયુષ્ય વર્જીને સાત કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ રહે ત્યારે. ત્યાર બાદ

જે સ્થિતિ બાકી રહી તેમાંથી પ્રત્યેક પલ્યોપમ સ્થિતિ ઓછી થાય ત્યારે જીવ શ્રાવકપણું પામે. અત્યારે તમને શ્રાવકપણું પામી શકો તેવા સંયોગો અનુકૂળ છે તો બને તેટલા વિરતિના ઘરમાં આવો વધુ ભાવ અવસરે.

ચરિત્ર : પુણ્યસારની શોધમાં હું જઇશ : પુણ્યસાર સાતેને છોડીને ચાલ્યો ગયો છે. તેનો પત્તો મેળવવા માટે ગુણસુંદરી તૈયાર થઇ. તે કહે પિતાજી ! અમારા ભાવિમાં આમ બનવાનું હશે માટે બન્યું છે. અમે પૂર્વ જન્મમાં કોઈને વિયોગ પડાવ્યા હશે, અંતરાય પડાવી હશે તેથી આજે અમારે લગ્ન થતાંની સાથે તરત પતિનો વિયોગ પડયો છે પણ હું ગોપાલપુર જઇશ અને તેમના સમાચાર મેળવીશ. ઘણી વાર માબાપને દીકરા ન હોય અને દીકરીઓ હોય પણ તે દીકરીઓ એવી હોય કે દીકરા કરતાં ચઢી જાય. કહેવત છે કે " **દીકરીએ દીવો, ઘણું ઘણું જીવો.**" ગુણસુંદરી દીકરી છે છતાં દીકરા જેવું કામ કરવા તૈયાર થઈ. તેણે કહ્યું–હું વણઝારાનો વેશ પહેરી ગોપાલપુર જઈશ. ત્યાં મોટો વેપારી બનીને ધંધો કરીશ. બેટા ! તું કોઈ દિવસ દુકાને આવી નથી, વેપાર કર્યો નથી, તને વેપાર કરતા કેવી રીતે આવડશે ? પિતાજી ! કર્મ એવા સંયોગો ઊભા કરી દે ત્યારે બુદ્ધિ પણ આપે છે અને દુઃખ સહન કરવાની શક્તિ પણ આપે છે માટે આપ મારી ચિંતા ન કરશો. મને કોઈને કોઈ રખેવાળ મળી જશે. હું ગોપાલપુર જઈ ને વેપારી બનીને રહીશ. તેમને શોધી લાવીશ અને જો છ મહિનામાં તેમના સમાચાર કે પત્તો નહિ મળે તો હું અગ્નિસ્નાન કરીશ. આ સમયે શેઠાણી એટલે સાતે દીકરીઓની માતા પણ ત્યાં આવી ગઈ. ગુણસુંદરીના શબ્દો સાંભળતા તે કાળો કલ્પાંત કરવા લાગી. 'અગ્નિસ્નાન' આ શબ્દ સાંભળતા માતાપિતા બન્ને પછાડ ખાઈને પડયા, માતાપિતાને સંતાનો કેટલા વહાલા હોય છે ! પાણી છાંટીને માબાપને ભાનમાં લાવ્યા. પછી કહે–દીકરી ! તું આ શું શબ્દો બોલે છે ? પિતાજી ! એ દિવસ તો આવવાના નથી. હું જરૂરથી પતિનો પત્તો મેળવીશ. જેવો પત્તા પડશે એવા હું તમને બોલાવવા મોકલીશ અગર તો તેમને લઈને અહીં આવીશ. પિતા કહે–દીકરી ! તું આવા અમંગળ શબ્દો ન બોલીશ, સૌ સારા વાના થશે. તું હિંમત રાખ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખ. નવકારમંત્રનું સતત સ્મરણ કરજે. તારી ઇચ્છા પૂરી થશે અને જમાઈરાજનો પત્તો લાગી જશે. શું કર્મરાજા એવા નિષ્ઠુર બનશે કે તમારી મનોકામનાને આમ ને આમ અધૂરી મૂકી દેશે ? ના....ના.... કર્મ એવું નહિ કરે.

શેઠાણીને આશ્વાસન આપતા શેઠ : આ વાત સાંભળતા માતા ફરી બેભાન થઇને ઢળી પડી. ભાનમાં આવતા ખૂબ રડવા ઝૂરવા લાગી. તે કહે છે કે હું મારી દીકરીને તો નહિ જવા દઉં. મારી ગુણસુંદરીને આટલે દૂર એકલી મોકલતા મારું મન માનતું નથી. સાતે દીકરીઓને ઘેર રાખવા તૈયાર છું. તે તો કાળો કલ્પાંત કરે છે, રડે છે, ઝુરે છે. શેઠ ઘણું સમજાવે છે તું કંઈક સમજ. આપણી દીકરીઓ હવે આ જીવનમાં બીજો પતિ તો કરવાની નથી. શેઠે શેઠાણીને ઘણું સમજાવ્યા. શેઠના દિલમાં

પણ આઘાત છે પણ આ સાહસ ખેડ્યા વગર તો છૂટકો નથી. શેઠ કહે ગુણસુંદરી ! મારું મન મુંઝાય છે. હું શું કરું ? ક્યાં વલભીપુર ! ને ક્યાં ગોપાલપુર ! એટલે દૂર સુધી તને મોકલતા મન માનતું નથી. ગુણસુંદરી કહે–પિતાજી ! આ સિવાય બીજો કોઈ ઉપાય નથી. આખરે તો તમારે વિદાય આપવાની હતી ને ! આપ એમ સમજો કે હું હમણાં સાસરે ગઈ છું. બેટા ! તારી વાત સત્ય છે. સાસરે વળાવવાની તો હતી પણ અત્યારે થોડી તારા પતિની સાથે જાય છે ? તારે એકલા અજાણ્યા પ્રદેશમાં જવાનું છે. અપરિચિત માણસો સાથે સંબંધ બાંધવાનો છે. જેની માત્ર તેં થોડી વાર મુખાકૃતિ જોઈ છે એવા એક માણસને લાખો કરોડોમાંથી તારે શોધી કાઢવાનો છે. આ કામ ખૂબ કઠીન અને મુશ્કેલીભર્યું છે.

પિતાજી ! આપે તથા મારી માતાએ અમારા જીવનમાં સુંદર સંસ્કારોનું સિંચન કરી અમારા જીવનનું ઘડતર કર્યું છે. આ ઘડતર જો જીવનની કસોટીમાં કામ નહિ આવે તો કયારે કામ આવશે ? એક દિવસ તો અજાણ્યા સાથે જિંદગી કાઢવાની છે. અમને અમારા પતિનો સ્વભાવ કે પરિચય નથી પછી તેમના માબાપના સ્વભાવની તો જાણ ક્યાંથી હોય ! પિતાજી ! અમારા પ્રત્યેની અતિ મમતા નકામી છે. જે થવાનું છે તે થવાનું છે. તેમાં આપણા કોઈ પ્રયત્ન કામમાં આવવાના નથી. અંતે કહ્યું, જા દીકરી જા. આનંદથી જા. અંતરના આશીર્વાદ છે. તારા કામમાં તને જરૂર સફળતા મળશે. એટલું બોલતા પિતાની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. માતાની આંખમાંથી તો જાણે શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો.

માતાનું કરૂણ રૂદન : માતા તો ડુસકા ભરીને રડવા લાગી. આ ડુસકાનો અવાજ સાંભળીને બધા ચમકયા. અહો શું થયું ? બધા ત્યાં દોડી આવ્યા. તો માતા રડી રહી છે. ગુણસુંદરી માતાની પાસે તેના બોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. મા દીકરીના કરૂણ વિલાપથી આખું વાતાવરણ ગમગીન બની ગયું. નોકરચાકરો બધાની આંખો આંસુ ભીની બની ગઈ. પિતા કહે બેટા ! ઊઠ હવે. શાંત થા. હવે વિચાર કરો કે શું કરવું છે ? કયારે જવું છે ? તારે શું શું સાથે લઇ જવું છે ? પણ આ તો માનું કોમળ હૈયું ! કેવી રીતે શાંત થાય ? જેણે કેટલા કષ્ટો વેઠીને દીકરીને મોટી કરી, ભણાવી ગણાવી સંસ્કાર આપ્યા એવી દીકરીઓને પરણ્યાની રાતે પતિ મૂકીને ચાલ્યો જાય ત્યાં માતાનું હૈયું કેવી રીતે છાનું રહે ? માતા તો ખૂબ રડી. ગુણસુંદરીને વળગી પડીને છાતીફાટ રડવા લાગી. હવે ત્યાં શું બનશે તે અવસરે.

દ્વિ શ્રાવણ સુદ ૧૫ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૫૭ : તા. ૩૦-૮-૮૫

"રક્ષાબંધન"

જગત ઉધ્ધારક જિનેશ્વર ભગવંતે જિનવાણી પ્રકાશી. જિનવાણી કોહીનૂર રત્નો કરતાં વધુ મૂલ્યવાન છે. સંસાર પરિભ્રમણથી થાકેલા અને જલ્દી મોક્ષ પામવાની ઇચ્છાવાળા

ભવ્યાત્માને એક માત્ર સહારો છે શ્રી જિનવાણીનો. કારણ કે જિનવાણી યથાર્થ તત્ત્વનું નિરૂપણ કરે છે. મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરે છે. જિનવચન ત્રિકાલ સત્ય છે. પંચેન્દ્રિયથી એકેન્દ્રિય સુક્ષ્મ જીવો સુધીનો એ વિસ્તૃત ખ્યાલ આપે છે. જ્ઞાનાવરણીયાદિ ૮ કર્મોનો વિસ્તાર, એના બંધ, ઉદય, સંક્રમણ વગેરે તથા ૧૪ ગુણસ્થાનકનું, જીવસ્થાનકનું સ્વરૂપ બતાવે છે. નયવાદ, અનેકાંતવાદ, સપ્તભંગી, નયનિક્ષેપ આદિ એની અનન્ય ભેટ છે. જિનવાણીનો મહાન ઉપયોગ આત્માનો–મોક્ષ સિદ્ધ કરવામાં છે. મોક્ષમાં જીવોને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય હોય છે. આત્મા પરના કર્મના આવરણ દૂર થવાથી તે પ્રગટ થાય છે. એ પ્રગટ કરાવવાની તાકાત જિનવાણીમાં છે. જિનવચનના જ્ઞાનથી અનંતજ્ઞાન પ્રગટે. જિનવચનના પાલનથી અનંત વીર્ય પ્રગટે અને જિનવચનના પાલનમાં સુખ માનવાથી અનંત સુખ પ્રગટ થાય. જિનવાણીનું જ્ઞાન જેમ જેમ વધારતા જઈએ તેમ તેમ જીવાદિ તત્ત્વોનું, સમ્યગ્ મોક્ષમાર્ગનું, સમ્યગ્ હેય–ઉપાદેયનું જ્ઞાન થાય છે. સમ્યગ્ જ્ઞાનના સંસ્કારો વધતા જાય તેથી સરવાળે અનંતજ્ઞાન પ્રગટ થાય. જિનાજ્ઞાનું પાલન એ જબરજસ્ત ઉન્નતિનું સાધન છે એનાથી કર્મની ભેખડો તૂટે છે.

एवं अणोरपारे संसारे, सायरंमि मिमंमि ।
अमयमयं जिणवयणं, सुदुल्लहं माणुसेविभवे ॥

અસંખ્ય અને અનંતા કાલચક્રોની કાયસ્થિતિથી અપાર ભયંકર સંસાર સમુદ્રમાં મનુષ્ય ભવમાં પણ અમૃતમય જિનવચન મળવું અત્યંત દુર્લભ છે.

અહીં અસંખ્ય અને અનંતકાળચક્રોની કાયસ્થિતિ કહ્યું છે તેનો અર્થ એ છે કે જીવ આ સંસારમાં જન્મ મરણ કરતો કરતો જો એકેન્દ્રિયમાં પૃથ્વી, પાણી, તેઉ, વાઉમાં ગયા પછી એમાં ને એમાં મરીને જન્મે, એ રીતે વારંવાર મરીને એક જ સ્થાવરકાયમાં જન્મ્યા કરે અર્થાત્ એની એ જ કાયસ્થિતિમાં જન્મ પરંપરા કરે તો એ ઉત્કૃષ્ટ કેટલો કાળ ચાલે ? તો અસંખ્ય ઉત્સર્પિણી, અવસર્પિણી એટલે કે અસંખ્ય કાળચક્ર, ઉત્સર્પિણીના ૬ ચઢતા આરા અને અવસર્પિણીના ૬ ઉતરતા આરા એમ કુલ ૧૨ આરાનું એક કાળચક્ર. એક કાળચક્રમાં ૨૦ કોડાકોડી સાગરોપમ વર્ષો પસાર થાય. ૧૦ કોડાકોડી પલ્યોપમ થાય ત્યારે એક સાગરોપમ થાય. એક પલ્યોપમમાં અસંખ્ય વર્ષો થાય તો એક કાળચક્રના વર્ષોની સંખ્યા કેટલી ? એવા અસંખ્ય કાળચક્રની સ્થાવરમાં કાયસ્થિતિ છે. એટલે એકેન્દ્રિય પ્રત્યેક સ્થાવરમાં જન્મ મૃત્યુ કરતાં વધુમાં વધુ અસંખ્યાતા કાળચક્ર સુધી રહેવાનું બને. જો નિગોદમાં અનંતકાયમાં પૂરાયો તો ઉત્કૃષ્ટ અનંતા કાળચક્રની કાયસ્થિતિ છે. અહીં એ સમજવા જેવું છે કે જો આપણો જીવ અહીં કોઈ ગાઢ મૂર્છા અથવા પ્રમાદના પાપમાં પડી એકેન્દ્રિયપણામાં ચાલ્યો ગયો અને ત્યાં અસંખ્ય કે અનંત કાળચક્રોની મોટી કાયસ્થિતિમાં ફસાઈ જાય તો એની શી દશા ? પછી જિનવચન મળવું મહામુશ્કેલ છે. જિનવચન મળવું મુશ્કેલ એટલે મોક્ષથી પણ કેટલો કાળ દૂર રહેવાનું.

અતિ સુક્ષ્મ અનંતકાય એકેન્દ્રિય જીવો સુધીની ઓળખાણ કરાવી એની દયા પાળવાનું બતાવનાર માત્ર જિનવચન છે. આવા અતિ દુર્લભ જિનવચન મળ્યા પછી મુખ્ય બે કાર્ય કરવાના. પ્રમાદવશ શસ્ત્રોથી બીજા જીવોની હિંસા ન થાય અને વિષય વિકારોથી આત્માની હિંસા ન થાય એ ખાસ લક્ષ્ય રાખવાનું છે. જિનવાણી મળવા છતાં આ ભવમાં જો એ બે હિંસાથી નહિ બચાય તો પછી કયા ભવે બચી શકાશે ? શ્લોકમાં સંસારને 'अणोरपारे' વિશેષણ આપ્યું છે એનો અર્થ એ છે કે જીવ સંસારમાં ભટકતો (૨) ઊંચે ચઢયો હોય પણ પાછો છેક નીચે એકેન્દ્રિયપણામાં પટકાઈ જવા સંભવ છે. એ ઉત્કૃષ્ટ કાયસ્થિતિમાં જો જીવ ફસાઈ ગયો તો તે સ્થિતિ પૂરી કરતાં દમ નીકળી જશે. એમાંથી માંડ નીકળીને ઊંચે ચઢયો તો ત્રસપણામાં આવ્યો. ત્રસપણામાં વધુમાં વધુ માત્ર બે હજાર સાગરોપમ વર્ષો સુધી રહી શકે. એટલામાં જો મોક્ષ પામી ગયા તો સારું નહિતર વધુમાં વધુ એટલો કાળ રહીને પાછો એકેન્દ્રિયમાં ચાલ્યો જાય. ત્યાં વળી જો ઉત્કૃષ્ટ કાયસ્થિતિમાં ફસાયો તો અનંતા કાળચક્ર ફાઢવાના. આ રીતે સંસાર પરિભ્રમણ પાર વિનાનું એટલે કે અણોરપાર ચાલે છે. આવા અણોરપાર સંસારમાં જીવ ભમીને આવ્યો છે. હવે એનો થાક લાગ્યો છે ? કંટાળો આવ્યો છે ? જો થાક લાગ્યો હોય તો તે ઉતારવાનો ઉપાય છે જિનવાણી.

આ સંસારમાં દેવતાઈ ઋદ્ધિ મળવી સહેલ છે પણ જિનવાણી મળવી અતિ મુશ્કેલ છે. એવી દુર્લભ જિનવાણી અહીં મળી ગઈ છે. એની કદર કરો. અણોરપાર સંસાર ઉપર છીણી મૂકનાર જિનવચન છે. પાપથી ભરપુર પૃથ્વી પર મહાપવિત્ર જિનવચન મળ્યા. એ આપણા કેટલા મહાન ભાગ્યોદય કહેવાય ! પૂર્વે અનંત ભવોમાં માણેકના, રત્નના ઢગલા મળ્યા હશે, સત્તા, ઠકુરાઈ, મોટી મહેલાતો, મિલ્કત મળી હશે પણ જિનવચન નહિ મળ્યા હોય ! આ ભવમાં મહાશાંતિદાયક, મહાન પ્રકાશ અને મહાન સ્ફુર્તિ આપી જીવનને ધન્ય બનાવનાર તથા પરલોકે ઉચ્ચ સદ્ગતિ આપી ભવ્ય ઉન્નતિના રાહે ચઢાવનાર જિનવચન મળ્યા છે. એની આગળ હીરા માણેકના ભંડારો શું વિસાતમાં ! જિનવચન એ અર્થ અને પરમાર્થ છે. એ પરમ ઇષ્ટ ને પરમ હિતકારી છે બાકી બધું અનિષ્ટ અને અહિતકારી છે. જિનવચનનો પ્રભાવ કેવો અલૌકિક છે !

ઇન્દ્રભૂતિ બ્રાહ્મણ વૈદિક યજ્ઞ કરતા હતા. તે જ્ઞાનનો ઘમંડ લઈને ફરતા હતા પણ પ્રભુ મહાવીર સ્વામીએ જ્યાં એમના મનની શંકાનું સમાધાન કર્યું ત્યાં એમને પ્રભુ સાચા સર્વજ્ઞ લાગ્યા. જિનવચન પર એમને શ્રદ્ધા થઈ. એમને જિનવચનનો સંપૂર્ણ રીતે સ્વીકાર કર્યો. ત્યાં સમકિત પામ્યા ને ચારિત્રમાં ઝૂકી પડયા. તેમને જો જિનવચન સ્વીકારવા યોગ્ય ન લાગ્યા હોત તો પ્રખર પંડિત, વિદ્વાનોના નેતા એવા ઇન્દ્રભૂતિ સંસારને એકાએક શા માટે છોડત ? પણ એમને જિનવચન પ્રત્યે અપાર રાગ થયો અને એ જાણવા મળ્યું કે મનુષ્યભવમાં સંસારમાં રખડાવનાર સર્વ સંગનો ત્યાગ કરી ચારિત્ર લેવા જેવું છે. આવું સુંદર સત્ય સમજાવનાર જિનવચન મળવું અત્યંત દુષ્કર છે તો

અહીં જો જિનેશ્વર ભગવાન અને એમના વચન મળ્યા છે તો શા માટે જીવનભર એ જિનવચનની સંપૂર્ણ આરાધના ન કરી લેવી ? શા માટે જિનેશ્વર પ્રભુનું શરણ ન સ્વીકારવું ? આ વિચારથી તેમણે ચારિત્ર લીધું. દીક્ષા પછી પોતે ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારક બન્યા છતાં ભગવાન પાસે સાંભળતા ત્યારે કેટલા હર્ષ અને ઉલ્લાસથી સાંભળતા. જાણે પોતાને અપૂર્વ નિધાન ન મળ્યા હોય તેટલા આનંદથી સાંભળતા. કારણ કે એમને જિનવચનની આરાધના કરી જીવનને ધન્ય બનાવવું હતું. જિનવચન પર અથાગ રાગ હોય, એની દુર્લભતા સમજાઈ હોય અને એ સંસારતારક લાગતા હોય પછી મનમાં એમ કે જિનવચન ક્યાં મળે છે ? મારું ગમે તેટલું પણ વિશાળ જ્ઞાન તો જિનવચનના આધારે છે, એના પ્રતાપે છે, માટે જિનવચન તો મારો પ્રાણ છે, સર્વસ્વ છે. જિનવચનની સતત આરાધનાથી સતત પાપકર્મોની ભેખડો તૂટતી રહે છે. રગેરગમાં વ્યાપી ગયેલો જિનવચનનો રંગ આત્માના નૂરને ફેરવી નાખે છે. મહાતેજસ્વીતા અને તત્ત્વદર્શિતાને ઝગમગાવે છે.

જેની રગેરગમાં જિનવાણી રૂચી ગઈ છે, જેના અણુઅણુમાં જિનવાણી પ્રત્યે આસ્થા થઈ છે એવા આનંદ ગાથાપતિ પહેલું અણુવ્રત આદરી રહ્યા છે. ભગવાન તેને અણુવ્રતનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. ગઈકાલે આપણે એ વાત કરી હતી કે મહાવ્રત પહેલા અને અણુવ્રત પછી કેમ ? હવે આપણને પ્રશ્ન થાય કે અણુવ્રતો પાંચ જ શા માટે કહ્યા ? મહાવ્રતો તો દરેક કાળમાં સરખી સંખ્યાવાળા હોતા નથી. ઋષભદેવ ભગવાન અને મહાવીર સ્વામીના શાસનને છોડીને વચ્ચેના બાવીસ તીર્થંકરોના શાસનકાળમાં ચાર મહાવ્રત હોય છે. અને પહેલા અને છેલ્લા તીર્થંકરના વારામાં પાંચ મહાવ્રત હોય છે. આમ મહાવ્રતોની સંખ્યામાં ફેરફાર થાય છે તેથી કોઈને એમ શંકા થાય છે જે કાળમાં મહાવ્રતો ચાર હોય તે કાળમાં અણુવ્રતો પણ ચાર હોવા જોઈએ. જ્ઞાની સમજાવે છે કે અણુવ્રતો તો દરેક કાળમાં એક સરખા હોય છે અને તે પણ પાંચ જ હોય છે. જૈનશાસનમાં પદાર્થોની સંખ્યાનું પણ મહત્ત્વ છે. જૈનશાસનમાં પરમેષ્ઠી પાંચ જ. ઇન્દ્રિયો પાંચ, જવાની ગતિ પાંચ, કર્મબંધના કારણ પાંચ આ રીતે ઘણી વસ્તુઓ પાંચ પાંચની સંખ્યામાં છે અને અણુવ્રતો પણ કોઈ પણ સ્થળે અને કોઈ પણ કાળે પાંચ જ હોય છે.

શાસ્ત્રમાં શૈલકજીની વાત આવે છે. તેમનું જીવન વાંચતા જાણવા મળે છે કે શૈલકજીએ ભગવાન નેમનાથ પાસે પાંચ અણુવ્રત અને ચાર શિક્ષાવ્રતવાળો શ્રાવક ધર્મ ગ્રહણ કર્યો હતો. એટલે એ નક્કી થાય છે કે નેમનાથ ભગવાનના સમયમાં ભલે મહાવ્રત ચાર હતા પણ અણુવ્રતો તો પાંચ જ હતા. આપણે પહેલા અણુવ્રતની વાત ચાલે છે. આ પહેલું વ્રત બધા વ્રતોનો આધાર છે. બાકીના વ્રતો પ્રથમ વ્રતની વાડ જેવા છે. આપણે કહીએ છીએ કે ૧૨ વ્રતમાં ચોથું વ્રત શ્રેષ્ઠ છે. ૧૧ વ્રતો નદી જેવા છે અને ચોથું વ્રત સાગર જેવું છે, પણ જો જીવો પહેલાં અહિંસા વ્રતને બરાબર સમજ્યા ન

હોય તો ચોથું વ્રત કેવી રીતે પાળી શકે? કારણ કે એક વારના અબ્રહ્મચર્યના સેવનમાં કેટલા જીવોની હિંસા થાય છે; એટલે જો અહિંસાને બરાબર સમજ્યા હોય તો ચોથું વ્રત લઈ શકાય, માટે બાર વ્રતોમાં પહેલું વ્રત સૌથી મોટું છે. તમે પ્રતિક્રમણ રોજ કરો છો. બાર વ્રતમાં 'પાયાલા' શબ્દ કેટલા વ્રતમાં આવે છે? માત્ર પહેલાં વ્રતમાં. પાયાલા એટલે મોટા; તેથી પહેલાં વ્રતને સૌથી શ્રેષ્ઠ અને મોટું ગણવામાં આવ્યું છે. જિનશાસન અહિંસા માટે સમસ્ત વિશ્વમાં પ્રખ્યાત છે.

શ્રાવકના ૧૨ વ્રતો છે. તેમાં પાંચ અણુવ્રતો, ૩ ગુણવ્રતો અને ૪ શિક્ષાવ્રતો છે. ગુણવ્રતો આત્મામાં નિર્મળત્વ, અહિંસા આદિ સદ્‌ગુણો ખીલવે છે અને શિક્ષાવ્રત સર્વ વિરતિની શિક્ષા આપી સંયમનું બહુમાન વધારી આત્માને સાધુ જીવનને યોગ્ય બનાવે છે. નવમું, દશમું, અગીયારમું એ ત્રણ શિક્ષાવ્રતો સાધુપણાની સાચી સુવાસ આપનારા વ્રતો છે.

પહેલાં વ્રતનું નામ છે "થુલાઓ પાણાઈવાયાઓ વેરમણં." પ્રાણાતિપાત એટલે હિંસા વધ. સ્થૂલ જીવોની હિંસાથી વિરતિ તે પહેલું અણુવ્રત છે. આ જીવન એવું વિચિત્ર છે કે તેને ટકાવી રાખવા માનવી અનેક પ્રકારના પાપ કરે છે તમે વિચાર કરશો તો જણાશે કે એક દિવસમાં તમારા દ્વારા નાના મોટા જીવોને જે દુઃખ થાય છે તે દુઃખના સો મા (૧૦૦મા) ભાગ જેટલું દુઃખ તમને પડે તો તમે ત્રાસી જાવ. **"સંસારી જીવોને પગલે પગલે પાપ છે, ડગલે ડગલે દોષ છે, અને કદમે કદમે કર્મ-બંધન છે".** ખાવામાં, પીવામાં, કમાવામાં, ભોગવવામાં, મેળવવામાં અને માણવામાં દરેક પ્રવૃત્તિઓમાં પાપ લાગે છે, તેથી આગમમાં અવિરતિ જીવનને તપાવેલા લોઢાના ગોળાની ઉપમા આપી છે. જેમ તપાવેલો ગોળો જ્યાં જાય ત્યાં બધું સળગાવે તેમ પચ્ચક્ખાણ વગરનો અવિરતિ આત્મા જ્યાં જાય ત્યાં જીવોનો સંહાર કરતો જાય. સાચા શ્રાવકને પ્રતિક્રમણ કરતાં આ બધું યાદ આવે. ૮૪ લાખ જીવાયોનીને ખમાવતા અંતર રડી ઊઠે. સંયમ લેવાની દિલમાં તમન્ના વધતી જાય. તેમના મનમાં થાય કે ધન્ય છે મારા વીતરાગી ગુરૂ ભગવંતોને કે જેમણે આ છ એ જીવનીકાયના અને ૮૪ લાખ યોનીના તમામ જીવોની હિંસા ન કરવાના નવ કોટીએ પચ્ચક્ખાણ કર્યા છે. આ મારું શ્રાવક જીવન કયારે છૂટે? અને કયારે હું મહાવ્રતોને ધારણ કરું! આ રીતે શ્રાવક જીવનમાં સંપૂર્ણ અહિંસાનું પાલન થતું નથી. સંપૂર્ણ અહિંસાની માત્ર ભાવના ભાવવાની હોય છે તેનું પાલન શકય નથી. કદાચ તમને એમ થાય કે હું શ્રાવક જીવનમાં રહીને કંઇ પાપ નહિ કરું તો એ કયારે પણ બનવાનું નથી.

"શ્રાવક એટલે સમારંભી". શ્રાવકપણામાં રહેવું અને સંપૂર્ણ અહિંસાનું પાલન કરવું એ બે વિરોધાભાસ જેવું છે. શ્રાવક બીજું કાંઈ ન કરે પણ પેટ ભરવા માટે તો કમાવું પડે ને! કારણ કે ભિક્ષા–ગૌચરી કરવાનો અધિકાર મહાવ્રતોનો ધારક સાધુ ભગવંતોને છે, તેથી ગૃહસ્થ ભિક્ષા માંગી શકે નહિ. ગૃહસ્થ માંગે તો શરમ અને મુનિ આપ્યા વિના મેળવે તો શરમ. છ ખંડના ભોક્તા ચક્રવર્તી દીક્ષા લે તેમને પણ

ભિક્ષા માગતા શરમાવાનું ન હોય. આગમકાર તો કહે છે કે પોતાના કુળની પૂર્વ અવસ્થાથી એટલે શ્રીમંતાઈથી ન માંગે તો લજ્જા પરિષહ જીત્યો ન કહેવાય. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે "सव्वं से जाइयं होइ, नत्थि किंचि अजाईयं ।।" સાધુ જીવનમાં કોઈ પણ ચીજ એવી નહિ હોય કે જે તેણે કોઈની પાસેથી માંગીને મેળવી ન હોય. અરે, પાણી કે માત્રુ પરઠવાની જગ્યા પણ શકેન્દ્ર મહારાજની આજ્ઞા વિના વાપરવાની મનાઈ છે, માટે એ નક્કી છે કે સાધુ જીવનમાં જે હોય તે તમારા માંગેલુ હોય. શ્રાવકે તો આજીવિકા માટે અલ્પ પણ સમારંભ કરવો પડે, તેથી જ્ઞાની કહે છે કે શ્રાવક સમારંભી છે માટે તે સમારંભથી થતી હિંસાના સર્વથા પચ્ચખ્ખાણના અધિકારી બની શકતા નથી માટે શ્રાવકનું જીવન એટલે સમારંભી જીવન અને સમારંભ વિનાનું જીવન એટલે સાધુજીવન. સમારંભ એટલે હિંસામય પ્રવૃત્તિ. તેમાંથી બચવાનો રસ્તો કયો છે તે વાત આપણે અવસરે વિચારીશું.

આજના દિવસના પર્વનું નામ છે **રક્ષાબંધન.** આપણો ભારત દેશ પર્વપ્રધાન દેશ છે. સમસ્ત દેશોની અપેક્ષાએ અહીંયા અધિક પર્વ, અધિક તહેવાર મનાવવામાં આવે છે. રક્ષાબંધનનો દિન પણ એમાંનું એક પર્વ છે. આજનો દિવસ ત્રણ નામથી ઓળખાય છે. કોઈ નાળિયેરી પૂનમ કહે છે, કોઈ રક્ષાબંધન કહે છે, કોઈ બળેવ કહે છે. આજે બ્રાહ્મણો તેમની જનોઇ બદલાવે છે. આ જનોઈમાં ત્રણ તાર હોય છે તે એમ સૂચન કરે છે કે માનવના માથે ત્રણ પ્રકારના ઋણ રહેલા છે. ઠાણાંગજીના ત્રીજે ઠાણે પણ કહ્યું છે કે ત્રણના ઉપકારનો બદલો વાળવો મુશ્કેલ છે. "तिण्हं दुप्पडियारं समणा एसो तंजहा–अम्मापिउणं, भट्टिस्स, धम्मायरियस्स" માતાપિતાનો, ઉપકારી શેઠનો અને ગુરૂદેવનો, કોઈ દીકરો માતાપિતાને રોજ સારી રીતે જમાડે. તેની ખૂબ સેવા કરે. અરે, કાવડમાં બેસાડી કાંધ પર લઇને ફરતો રહે તો પણ તેમના ઉપકારનો બદલો વાળી શકાતો નથી પણ તે માતાપિતાને કેવળી પ્રરૂપિત ધર્મ સમજાવીને તેમને ધર્મના માર્ગે વાળે અને છેવટે તેમનો અંતિમ સમય સુધારે તો માબાપના ઉપકારનો બદલો વાળી શકે છે. તે રીતે ઉપકારી શેઠ પાપોદયથી ગરીબ બની જાય અને જેને સહકાર આપ્યો હતો તેવો ગરીબ માણસ પુણ્યોદયે શ્રીમંત બની જાય. તે પોતાના શેઠને પોતાનું સર્વસ્વ દઈ દે. તેમની ખૂબ સેવા કરે તો પણ ઋણ મુક્ત થઈ શકે નહિ પણ તેમને ધર્મના માર્ગે વાળે તો તેમના ઋણમાંથી મુક્ત થઈ શકે છે. ત્રીજું ઋણ છે ધર્મગુરૂનું.

જેમણે આપણને ધર્મ સમજાવ્યો છે, સંસારમાંથી બહાર કાઢયા છે એવા ગુરૂદેવના ઉપકારનો બદલો શિષ્ય કોઈ પણ રીતે વાળી શકતો નથી. કદાચ ગુરૂ ઉંમરમાં નાના હોય અને શિષ્ય ઉંમરમાં મોટો હોય છતાં ગુરૂ એ ગુરૂ. એવા ગુરૂના ઉપકારને જે ઓળવે તે મહાપાપી છે. સાત પ્રકારના મહાપાપી બનાવ્યા છે. તેમાં જ્ઞાનદાતા, ચારિત્રદાતા ગુરૂના ઉપકાર ઓળવે તો મહાપાપી. અરે, ગુરૂ ભગવંતોનું તો શિષ્ય પર એટલું ઋણ છે કે શિષ્ય ગુરૂ માટે પોતાની કાયા કુરબાન કરે તો પણ ઓછું છે કારણ કે માતાપિતા

તો એક ભવના હિતસ્વી છે. જ્યારે ગુરૂભગવંતો તો આપણા ભવોભવના થાક ઉતારનાર મહાન હિતસ્વી છે. તેમના ઉપકારનો બદલો કોઈ રીતે વાળી શકાતો નથી. દરેક જીવોને માથે આ ત્રણ ઋણ રહેલા છે.

આજના દિવસને નાળિયેરી પૂનમ પણ કહે છે. આ પર્વ લૌકિક છે છતાં સમજીએ તો તેમાંથી આત્માને ઘણો બોધ મળે છે. નાળિયેર બહારથી કઠણ અને અંદરથી પોચું હોય છે. તે આપણને સૂચન કરે છે કે કર્મના મેદાનમાં કેસરીયા કરવા જાવ ત્યારે કઠણ બનજો, ત્યાં કષ્ટોથી કંટાળશો નહિ, આપત્તિથી અકળાશો નહિ, પરિષહોથી પાછી પાની કરશો નહિ પણ શૂરવીરને ધીર બનીને તેની સામે બરાબર ઝઝૂમજો. જો બહારથી કઠણ અને હૃદય કોમળ હશે તો કલ્યાણની કેડી નજીક છે. સમકિત પામવા માટે હૃદયની ભૂમિ પોચી જોઈશે. ટોપરું નાળિયેરમાં રહેવા છતાં તે તેનાથી ભિન્ન છે તેમ આત્મા દેહથી ભિન્ન છે. જો ટોપરું મેળવવું છે તો કાચલીને તોડશો તો ટોપરું મેળવી શકશો, તેમ મોક્ષરૂપી ટોપરું મેળવવું છે તો આ ઔદારિક, તેજસ, કાર્મણરૂપી શરીર કાચલીમાંથી સંપૂર્ણ મુક્ત થઈશું તો મોક્ષનું ટોપરું મેળવી શકીશું.

રક્ષાબંધનનો દિવસ બહેનોને ખૂબ પ્રિય છે. આજના દિવસે કંઈક બહેનોના હૈયા હરખાય છે અને કંઈક બહેનો ઘરમાં બેસીને રડે છે કારણ કે જેને ભાઈ છે તે બહેન હસતી હસતી ભાઈના હાથે રાખડી બાંધવા જાય છે. કોઈ સૂતરની રાખડી બાંધે, કોઈ મોતીની, કોઈ ચાંદીની બાંધે. ભાઈ રાખડી બંધાવીને પોતાની શક્તિ પ્રમાણે સાડી, પાંચ, પચ્ચીસ કે પચાસ રૂપિયા આપે છે પણ જેને ભાઇ નથી એવી બેનો આજે આંખમાંથી આંસુડા સારે છે કે જો મારે ભાઈ હોત તો હું પણ આજે આ બધી બેનોની માફક રાખડી બાંધવા જાત ને ? તેના સંતાનો પણ એમ કહે છે કે બા ! બધા છોકરાઓ મામાને ઘેર જાય છે ને આપણે નહિ જવાનું ? બેટા ! તારે મામા નથી. એટલું કહેતાં તેનું હૈયું ભરાઈ જાય છે. જે બહેનને ભાઇ નથી તેને તો આટલું દુઃખ થાય પણ કંઈક બેનો એવી છે કે જેને ભાઇ હોવા છતાં એ બહેનને પોતાને ઘેર બોલાવતો નથી. આવી બેનો ભાઈ હોવા છતાં ભાઈ વગરની છે. એમના દિલમાં આજે આઘાત લાગે છે.

રક્ષાબંધન એટલે ભગિનીના હૈયાને ભઈલાની પુનિત સ્મૃતિથી છલકાતું પાવન પર્વ. વર્ષાઋતુના આગમનથી કુદરત નવપલ્લવિત બને છે. બેડૂતોના હૈયા નાચી ઊઠે છે તેમ રક્ષાબંધન પર્વના શુભ આગમનથી બેનનો મનમયૂર હર્ષના હિલોળે ચઢે છે. બાંધવ બેનીના હૃદયરૂપી બગીચામાં સ્નેહની ઉર્મિઓ નાચી ઊઠે છે. રક્ષાબંધન એટલે ભાઈબહેનના વિશુદ્ધ પ્રેમનું અસ્ખલિત વહેતું ઝરણું.

ભાઇ ભગિનીના સ્નેહ સજાવી, શ્રાવણ પૂર્ણિમા આવે,
હૈયા કેરી ભીતિ હરવા, બહેની પવિત્ર રક્ષા બનાવે,
ભવ્ય ભાવના હૃદયે ધરતી, બહેની દિવ્ય જ્યોતિ,
અંતરના અંધારા ઉલેચી, પ્રેમની જ્યોતિ ધરતી.

રક્ષાબંધન એટલે દૃષ્ટિ પરિવર્તનનો પવિત્ર દિન. આ દિવસે ભગિનીના હૃદયની ઉર્મિઓ ભાઈ પ્રત્યે ઉછળી રહી હોય છે. જગતના સર્વ સંબંધોમાં નિઃસ્વાર્થ અને પવિત્ર સંબંધ હોય તો ભાઈબહેનના નિર્મળ પ્રેમનો. આજે બેન ભાઈને રાખડી બાંધીને એ ભાવના ભાવે છે કે હે વીરા ! અનેક તાણાવાણાઓથી બનેલી આ રાખડી અતૂટ છે. તેમ વીરા આપણો સ્નેહ અતૂટ છે. મુજ વીરાનું જીવન સ્નેહ રૂપી પુષ્પની સૌરભથી મહેંકયા કરે તેમજ પ્રેમ જ્યોતિનો પ્રકાશ જીવનમાર્ગમાં ભોમિયો બની રહે. તેના દરેક કાર્યમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત થાય. બેન હર્ષઘેલી બની ભૈયાને હાથે રક્ષા બાંધીને જીવનનો અમૂલ્ય લહાવો માણે છે. માત્ર રક્ષાબંધન બાંધીને સમાપ્તિ નથી કરતી પણ ભાઈના કાનમાં કંઈક સંદેશો પાઠવી જાય છે. મારા વહાલા ભૈયા ! આ રક્ષાના દરેક તંતુમાં બેનના હૃદયનો નિર્વ્યાજ અખૂટ પ્રેમ ભરેલો છે. જેના પ્રત્યેક તારમાં બહેનના દિલની લાગણી જોડાયેલી છે. આ રક્ષા માત્ર સૂતરનો દોરો નથી. તે તો શીલ તથા સ્નેહનું રક્ષણ કરવાની તારી પવિત્ર ફરજની યાદી અપાવતું પવિત્ર બંધન છે. બેનની આંખો હંમેશા અમી વર્ષા વરસાવતી હોય છે. એની વાણી દિલમાં રહેલા કામનાના અંધકારને ઉલેચી ભાઈને કર્તવ્યની કેડીએ આગળ ધપતો કરી દે છે. બેનની રક્ષા હાથ પર બંધાતા ભાઈની દૃષ્ટિનું પરિવર્તન થાય છે એટલું જ નહિ પણ બેનીના રક્ષણની જવાબદારી વીર પોતે લે છે. ભાઈ હંમેશા બેન પાસે રાખડીની આશા કરે છે કે બેન ! ભલે તું સોના, ચાંદીની કે કિંમતી રાખડી ન લાવ પણ પ્રેમની રાખડી તો સદાને માટે બાંધવા આવજે. આજના દિવસે જે ભાઈ બહેનને ન બોલાવતો હોય તે વેરઝેર છોડી દઈને દિલને પવિત્ર બનાવજો કારણ કે આ દિવસે ભાઈ હોવા છતાં ન બોલાવે ત્યારે બેનનું હૈયું કેટલું તૂટી પડે છે ! ઇતિહાસમાં પણ એવા કંઈક પ્રસંગો વાંચવા મળે છે કે જે બેનને ભાઈ ન હોય તે ધર્મના ભાઈ બનીને બેનની રક્ષા કરે છે. મને એક વાત અહીં યાદ આવે છે.

એક સાવ નાનું ગામ હતું. જેમાં ૨૫-૩૦ ઘર હતા. નાના ગામડામાં એક નાના ઓરડામાં ગંગા અને ગણેશ રહેતા હતા. તેમને એક દીકરી હતી. તેનું નામ પારૂલ હતું. પારૂ તે પારૂ જ હતી. રૂપ-રૂપનો ભંડાર. જાણે સાક્ષાત્ દેવી જોઈલો. એના રૂપ સામે ઘણાં નવયુવાનો દૃષ્ટિ કરતા પણ એની સામે આંગળી ચીંધવાની કોઈની તાકાત ન હતી. નાના ગામડામાં રહે એટલે માબાપે પારૂને આસ ભણાવી ન હતી. ભલે તેનું ભણતર ઓછું હતું પણ એની કોઠાસૂઝ જબરી હતી. આ પારૂ ત્રણ વર્ષની હતી ત્યારે તેના માતાપિતાએ બાજુના ગામમાં શંકર નામના છોકરા સાથે સગપણ કરેલું. જૂના જમાનામાં નાની ઉંમરમાં સગપણ કરતા. આ પારૂ હવે ૧૬ વર્ષની થઈ એટલે ખૂબ સમજણી થઈ. રૂપ તો જાણે સ્વર્ગની અપ્સરા ! એવું રૂપ ખીલ્યું હતું. રૂપની સાથે ગુણોનો સુમેળ સારો હતો. ખૂબ ડાહી, સમજુ અને ગંભીર હતી. પારૂનું જે છોકરા સાથે સગપણ કર્યું હતું તેનામાં તો બે પૈસાની ય બુદ્ધિ ન હતી. પારૂ જેટલી રૂપાળી એટલો એ ફાળો ઠીબડા જેવો. પારૂની બુદ્ધિ ખૂબ તો એ સાવ બુધ્ધુ. એકે વાતમાં

એકડો મૂકી શકાય એવો ન હતો. રૂપ-બળ-બુદ્ધિ બધામાં બાદબાકી થાય એવું જ હતું. તેનામાં કાંઈ જ ન હતું.

એક ભવમાં બે પતિ તો નહિ જ : એક વાર પારૂના માતાપિતા પારૂને બોલાવીને કહે છે કે બેટા! તારું જ્યાં સગપણ કર્યું છે તે છોકરામાં તો કાંઈ જ નથી. નાનપણમાં સગપણ કર્યું એટલે પહેલાં શું ખબર પડે કે છોકરો કેવો છે? તેથી સગપણ કર્યું પણ હવે તેનામાં કાંઇ દેખાતું નથી. નથી બુદ્ધિમાં કે નથી રૂપમાં, માટે અમે વિચાર કરીએ છીએ કે તારું સગપણ ત્યાંથી તોડી નાંખીએ. આપણી ન્યાતના બંધારણ પ્રમાણે ૫૧ રૂા. ભરી દઇએ એટલે ત્યાંથી છૂટા થઈ જઈ એ, પછી બીજે જ્યાં ઠરવું હોય ત્યાં કરી શકીએ. પારૂ હવે ખૂબ સમજણી થઈ ગઈ છે. તેણે હજુ છોકરાને જોયો નથી, છતાં કહે છે કે હે માતા! માટીનું વાસણ બદલાવી શકાય પણ મારાથી એક ભવમાં બે પતિ તો ન જ થાય. મારા કર્મે મને જે મળ્યું છે તે બરાબર છે. માતા! હવે મારા માટે તું બીજો કોઇ વિચાર ન કરીશ. પારૂ! જમાઇ સાવ પાણી વગરનો છે. તારામાં જેટલા ગુણ છે તેટલા તેનામાં અવગુણ છે. તું રૂપાળી છે તો તે સાવ કાળો છે. તું બુદ્ધિશાળી છે તો તે બુધ્ધુ છે. તેનામાં કાંઈ જ નથી એવું કહીએ તો ચાલે. તું એને કેવી રીતે પરણીશ? આવા છોકરા સાથે અમે તને પરણાવીએ તો લોકો અમને પણ મૂર્ખ કહે. નપાણીયાને પરણીને તું પસ્તાઇશ.

શીલની સુવાસ : પારૂ કહે માતા! તમે મારું સગપણ કેટલા વર્ષે કર્યું હતું. ત્રણ વર્ષે. આજે હું સોળ વર્ષની થઈ. સગપણ કર્યા ૧૩ વર્ષ થયા. લોકોમાં બધે તે મારો પતિ અને તમારો જમાઈ તો કહેવાઇ ગયો ને! મારા ભાગ્યમાં જે હશે તે મળ્યું. મારા નસીબમાં હશે તો આપે તે દીકરા સાથે સગપણ કર્યું ને? અમે સગપણ કર્યું ત્યારે અમને ખબર ન હતી. તે બુદ્ધિવાળો છે એમ માનીને કર્યું, પણ હવે બધી ખબર પડી. માતા! હું નાની હતી ત્યારે મેં સતી સીતાની, દમયંતીની, સાવિત્રીની ઘણી વાતો સાંભળી છે. તેમના જીવનમાં કેટલા કષ્ટો પડયા? દુઃખની ઝડીઓ વરસી છતાં તેમણે બીજો પતિ કર્યો નથી માટે મારે પણ આ જીવનમાં બીજો પતિ કરીને મારો ભવ બગાડવો નથી. પારૂ સાવ નાના ગામડામાં ઉછરેલી છે. તે તમારા જેવી કેળવણી પામી નથી છતાં તેના જીવનમાં શીલની સુવાસ કેટલી છે! આર્યદેશની અમીરાત કદી અછતી રહી નથી. પારૂ કહે-મને જે મળ્યું છે તે બરાબર છે. હવે બીજો પતિ તો કરવો જ નથી. માતાપિતાની ઇચ્છા નહિ હોવા છતાં છોકરીના દૃઢ નિશ્ચયથી પારૂના લગ્ન શંકર સાથે થયા. બધા લોકો કહેવા લાગ્યા કે કાગડો દહીં થરું લઈ ગયો. કાગડાના કંઠમાં મુકતાની માળા બંધાણી, શંકરનું મોઢું જોતાં દેખાઈ આવે કે તેનામાં કાંઈ પાણી નથી. પારૂ તો હસતી હસતી સાસરે ગઇ.

પારૂના રૂપ માટે ઈર્ષ્યાળુ માણસોએ કરેલી કાન ભંભેરણી : પારૂને કાંઈ ચિંતા ન હતી. સતીત્વના પાઠ તેના હૃદયમાં વસેલા છે. તેની યુવાની તો પૂર બહારમાં

ખીલેલી હતી. તેનું બાહ્યરૂપ ઝગારા મારી રહ્યું હતું. તેના રૂપમાં કંઈક યુવાનો પાગલ બન્યા હતા. તેના લગ્ન પહેલા તે બધાએ પારૂના માતાપિતા પાસે પારૂની માંગણી કરી હતી પણ કોઇને દીકરી ન આપતા શંકર સાથે પરણાવી, એટલે હજુ કંઈક પાગલો સતીને લલચાવવા પ્રયત્નો કરતા પણ પારૂ કોઈને દાદ દેતી નહિ. એ ભલી ને એનું કામ ભલું. પારૂએ જોયું કે પતિમાં તો કાંઇ આવડત છે નહિ. તે ખેતરમાં જતી, કામ કરતી અને આજીવિકા નભાવતી. આ સ્થિતિમાં પણ આનંદથી રહે છે. પારૂને મેળવવા ઘણાંએ મહેનત કરી હતી પણ તેમાં કોઇ ફાવ્યું નહિ એટલે ઈર્ષ્યાળુ માણસોએ રાજાને કાન ભંભેરણી કરી. મહારાજા ! શંકરને ત્યાં જે સ્ત્રી છે તે તો આપના અંતેઉરમાં શોભે એવી છે. રાજાઓના દિલમાં તો વિકારોની આગ ભભૂકતી હોય તે એમ વિચાર ન કરે કે મારા અંતેઉરમાં આટલી બધી રાણીઓ છે. કોઈની પત્ની મારે શા માટે ઝૂંટવી લેવી જોઈએ.

ચુરા અને સુંદરીમાં મસ્ત બનેલા રાજાએ બે હજુરિયાને બોલાવ્યા ને કહ્યું—આપ હમણાં ને હમણાં જાઓ અને શંકરની વહુ પારૂને અંતેઉરમાં લઇ આવો. હજુરિયાઓ પણ રાજા જેવા. જો તે સારા હોત તો તેમને સુધારત પણ આ તો રાજાના કહ્યા પ્રમાણે કરવા તૈયાર થયા. બે હજુરિયાઓ પાણીદાર ઘોડા લઇને ઉપડ્યા. શંકરના ખેતર આગળ આવીને ઊભા રહ્યા. શંકર એ વખતે અનાજનું રક્ષણ કરવા પક્ષીઓને ઉડાડી રહ્યો હતો અને પારૂ જુવારને કાપીને બાંધી રહી હતી. હજુરીયાઓએ કહ્યું—શંકર ! બોલ, પારૂલ ક્યાં ગઈ ? શું કામ છે ? અમારા રાજાનો હુકમ છે, તેને મહેલમાં લઈ જવાની છે. શંકર જો પાણીદાર, બુદ્ધિશાળી, હોંશિયાર હોત તો પાણી બતાવી દેત. શંકર કહે અમારો શું વાંક ગુનો છે ! પારૂનું શું કામ છે ? એ તો રાજાસાહેબ જાણે. અમે તો એના હુકમથી પારૂને લેવા આવ્યા છીએ. એને બોલાવ, નહિ તો કોરડાના માર ખાવા તૈયાર થઈ જા. આજુબાજુના માણસોને ખબર પડી કે રાજાના હજુરિયા આવ્યા છે એટલે બધા દોડી આવ્યા. થોડો અવાજ થયો. પારૂના કાને અવાજ અથડાયો અને બધાને ભેગા થયેલા જોયા એટલે પારૂ ત્યાં આવી.

ચારિત્રશીલ નારીનું ઝનૂન : શંકર તો થરથર ધ્રુજતો હતો. બધાના જીવ અધ્ધર થઈ ગયા હતા. બધા ઊભા છે પણ માથું દેવા કોણ આવે ? પારૂએ શંકરને પૂછ્યું. આ બધું શું છે ? શંકર એક શબ્દ બોલી શકયો નહિ. ત્યાં હજુરિયાઓ બોલ્યા. રાજા સાહેબે ખાસ તને બોલાવવા મોકલ્યા છે. તારું ભાગ્યનું પાંદડું ખસી ગયું છે. રાજમહેલમાં શોભે તેવું આ રૂપ આ રીતે ગરીબાઈમાં મૂરઝાઈ જાય તે બરાબર નથી. આ સાંભળતાં પારૂની આંખો લાલઘૂમ બની ગઈ. તે ક્રોધથી ધમધમી ઊઠી. સાંભળે છે શંકર ! આ લોકો શું બોલી રહ્યા છે ? શંકર કહે હું શું કરું ? રાજાની ઈચ્છા હોય તો તારે જવું પડે. તું આ શું શબ્દો બોલે છે ? તારા મુખમાં આ શબ્દો શોભે છે ? તારામાં શક્તિ ન હોય તો પહેરી લે આ ચૂડીઓ ! મારો દેહ કુરબાન થશે પણ હું મારા ચારિત્રથી

જરા પણ ચલિત નહિ થાઉં. પોતાની પત્નીને બીજાને સોંપતા કાંઈ શરમ આવે છે કે નહિ ? નમાલા ! મરી ફીટ ! પત્નીનું રક્ષણ કરવાની આટલી ત્રેવડ નથી ! રાજાના માણસો કહે-આપ માથાકૂટ ન કરો. જલ્દી ચાલો. પારૂ તો બરાબર રૂપમાં આવી ગઈ. જાણે વીફરેલી વાઘણ જોઈ લો. તેને તો એવું જનૂન આવ્યું કે તમે સમજો છો શું ? તમે મારા આ દેહને લઈ જઈ શકશો તો નહિ પણ તેનો સ્પર્શ પણ કરી શકો તેમ નથી. એમ કહીને દાતરડું લઈને ઘા કરવા જાય છે ત્યાં એક નવયુવાન ભાઈ આવી પહોંચ્યો.

ભાઈએ કરેલું રક્ષણ : પારૂ નાની હતી ત્યારે તેના માબાપ સાથે બહાર જતી હતી, તે સમયે આ નવયુવાન ભાઈ રસ્તામાં મળેલો. તે દિવસ રક્ષાબંધનનો દિવસ હતો. પારૂને જોતાં તેને તેના પ્રત્યે બેન જેટલો સદ્‌ભાવ જાગ્યો હતો. પારૂએ તેને પાણી પીવા આપ્યું હતું, ત્યારે આ ભાઈએ કહ્યું હતું કે આજથી તું મારી બેન. તારે ભાઈ નથી ને ! હું તારો ભાઈ ને તું મારી બેન. કામ હોય ત્યારે મને યાદ કરજે. તારો ભાઈ તરત હાજર થશે પછી આટલા વર્ષોમાં કોઈ દિવસ મળવાનું બન્યું ન હતું. આજે તે હજુ લગ્ન કરીને આવ્યો છે, હાથમાં મીંઢળ બાંધેલા છે. તેને ખબર પડી કે હજુરિયા પારૂને લેવા ગયા છે ત્યાં મારામારી થાય એવો પ્રસંગ ઊભો થયો છે તરત તેની પત્નીને કહે છે કે તું આ બેતરમાં ઊભી રહે. મારી ધર્મની બેન સંકટમાં છે; તેને બચાવવા જાઉં છું. બેન પારૂ પાસે આવીને કહે છે બેન ! આ શું ? તમારું રક્ષણ કરવા તમારો ભાઈ તૈયાર છે. તેણે તો મ્યાનમાંથી તલવાર કાઢી. ખબરદાર ! જો મારી બેનને આંગળી અડાડી છે તો.

હજુરીયાઓએ કહ્યું-હે નવયુવાન ! તું મીંઢળબંધો તારા દેહને ખતમ કરવા શા માટે વચ્ચે આવ્યો ? અમે રાજાના હુકમથી પારૂને અંતેઉરમાં લઈ જવા આવ્યા છીએ. બેન, દીકરીઓ અને વહુઓની આબરૂ લૂંટીને રાજા કહેવડાવે છે ? હું મારા જીવતા આ મારી બેનને અડવા પણ નહિ દઉં. બંને વચ્ચે મારામારી થઈ. બંને હજુરીયા મરણને શરણ થયા. આ નવયુવાનને પણ બંજરોના ઘા વાગ્યા હતા. એના શરીરમાંથી લોહી નીતરતું હતું. બેશુદ્ધ થઈ ગયો. ભાનમાં આવ્યો. પારૂને કહે છે બેન ! તારું રક્ષણ કરતાં મારા પ્રાણ ચાલ્યા જશે તો પણ માનીશ કે મારું જીવન ધન્ય બન્યું છે. રક્ષાબંધનના દિવસે મને તેં ધર્મનો ભાઈ માન્યો હતો. મેં તને બેન માની હતી. તારા શીલની રક્ષા ખાતર પ્રાણ જશે તો જીવનને સદ્‌ભાગી માનીશ. તારા ભાભી બાજુના બેતરમાં છે. હું ત્યાં નહિ જાઉં તો અહીં આવશે તો તેને એટલો સંદેશો આપજે કે બેનની રક્ષા ખાતર ભાઈએ પ્રાણ આપ્યા છે. તારા પતિ શૂરવીરતાથી મર્યા છે. આટલું બોલતાં તેનું પ્રાણપંખેરૂ ઉડી ગયું. પારૂને ખૂબ આઘાત લાગ્યો. ભાઈ મળો તો આવા મળજો.

નમાલો શંકર તો જોયા જ કરે છે. પારૂના મનમાં થયું કે આવા નમાલા પતિથી મારા શીલનું રક્ષણ થવું અસંભવ છે. એમ વિચારી પોતાના ભાઈની તલવાર હાથમાં

લીધી ને બોલી વીરા ! હજુ તો પરણીને મીંઢળબંધો આવ્યો છે છતાં બેનના શીલરક્ષણ માટે તેં તારી કાયા કુરબાન કરી છે. હવે હું તને શું આપું ? **"મારા પ્રાણના પુષ્પો તારા માર્ગમાં પાથરું છું. વીરા ! તું જ્યાં હોય ત્યાં સ્વીકારજે."** આટલું બોલતા તલવાર પેટમાં ભોંસી દીધી ને પ્રાણનું બલિદાન દઈ દીધું. ધન્ય છે બેનની શીલરક્ષા ખાતર પોતાના પ્રાણની આહુતિ આપનાર નવયુવાનને ! ધન્ય છે શીલની રક્ષા કરનાર નારીને ! આનું નામ સાચી **"રક્ષાબંધન."** પોતાના પ્રાણનું બલિદાન દીધું પણ બેનનું રક્ષણ કર્યું.

અમે પણ તમારી ધર્મની બેનો છીએ. અમે તમને રાખડી બાંધવા આવ્યા છીએ. તમારી રાખડી તૂટી જશે પણ અમારી તો અમર રાખડી છે. તે જીવનમાં કયારેય તૂટશે નહિ અમારી પાસે સોના, ચાંદી કે સૂતરની નથી પણ બ્રહ્મચર્ય, સત્ય, ન્યાય, નીતિ, સદાચારની અનુપમ રાખડીઓ છે. ધર્મની અમર રાખડી તમને ભવોભવના આશીર્વાદરૂપ બનશે. છેલ્લે આટલું તો યાદ રાખજો કે

રહેજે તું અંધના લોચન બનીને, જીવન વીતાવજે સજ્જન બનીને,
જગત ને જિંદગી છે ચાર દિનની, ન રહેજે કોઈનો દુશ્મન બનીને.

દ્વિ. શ્રાવણ વદ ૧ને શનિવાર : વ્યાખ્યાન નં. ૫૮ : તા. ૩૧-૮-૮૫

અનંતજ્ઞાની ભગવંતે સ્યાદ્વાદ દર્શનની પ્રરૂપણા કરી. જૈનદર્શન એ અનેકાંત દર્શન છે. જૈનદર્શન સિવાયના બધા દર્શનો મોટા ભાગે એકાંતવાદને માનતા હોય છે. ભગવાનનું સ્યાદ્વાદ દર્શન એવું વિરાટ દર્શન છે કે એ બધા દર્શનનો કોઈ કોઈ રીતે સ્વીકાર કરીને અનેકાંતવાદની સ્થાપના કરી છે. અનેકાંતવાદના પ્રકાશમાં અહિંસાના રાજમાર્ગ ઉપર અગ્રેસર થયેલ સાધક જે સાધના કરે છે તે જૈન ધર્મ અને જૈન સંસ્કૃતિને અનુકૂળ હોય છે. જ્યાં સુધી સાધનાનો મર્મ ન સમજીએ ત્યાં સુધી સાધનાનો આનંદ આવતો નથી. આધ્યાત્મિક સાધના ભલે ગૃહસ્થની હોય કે સાધુની હોય પણ તે બંનેનું ધ્યેય કે લક્ષ્ય તો સરખું હોય છે તેમાં ફરક નથી. હા, સાધનામાં પાત્રની શક્તિ અનુસાર તીવ્રતા કે મંદતા હોઈ શકે. તેમાં આત્મા સાધક છે, સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ સાધન છે, મોક્ષ એ તેનું સાધ્ય છે. મોક્ષ એટલે આત્માના સંપૂર્ણ ગુણોની પરિપૂર્ણતા. બંધનોથી સર્વથા છૂટવું તેનું નામ મોક્ષ. જેટલાં બંધન વધારે તેટલો સંસાર વધારે. જેમ જેમ બંધનોનો અભાવ થતો જાય તેમ તેમ તેને મુક્તિ પ્રાપ્ત થતી જાય છે. બંધનોનો સર્વથા અભાવ તેનું નામ મોક્ષ. સમ્યક્ દર્શનથી મિથ્યાત્વનું બંધન તૂટી જાય છે. સમ્યક્ જ્ઞાનથી અજ્ઞાનનું અને સમ્યક્ ચારિત્રથી રાગદ્વેષનું બંધન તૂટી જાય છે. સાધક જેમ જેમ પોતાની સાધનામાં વિકાસ કરે છે તેમ તેમ તે બંધનોથી મુક્ત થતો જાય છે. એકેક પગથિયા ચઢતા મકાનના ઉપરના મજલે

પહોંચી શકાય છે, તેમ જો આપણે એકેક પગથિયું ચઢીશું તો એક દિવસ એવો આવશે કે મોક્ષમાં પહોંચી શકીશું.

એક વિદ્યાર્થી ભણવા માટે ગયો. પહેલા ધોરણમાંથી બીજા ધોરણમાં, બીજામાંથી ત્રીજામાં એ રીતે આગળ વધતા વધતા મેટ્રીક સુધી પહોંચ્યો. ત્યાંથી કોલેજમાં ગયો. તો કોઈ પ્રોફેસર બને, કોઈ ડોકટર બને, કોઈ એંજિનિયર બને. વિદ્યાર્થી જીવનમાં આગળ વધતા વધતા તે આટલી કક્ષાએ પહોંચ્યા. તેમાં જે પ્રોફેસર બન્યા, શિક્ષક બન્યા તે બીજાને ભણાવવા યોગ્ય બની ગયા. એક વાર જે પોતે ભણતો હતો તે હવે બીજાને ભણાવતો થઈ ગયો. જ્યાં સુધી તે અલ્પજ્ઞ હતો ત્યાં સુધી તે પોતે વિદ્યાર્થી હતો. જેમ જેમ તે પ્રગતિ કરતો ગયો તેમ તેમ તેનું જ્ઞાન વધતું ગયું. આગળ વધતા તે પ્રોફેસર બની ગયો. આ રીતે આરાધનાના ક્ષેત્રમાં આગેકૂચ કરવાની છે. રોજ માળા ગણતા હતા તો હવે સામાયિકમાં આવો. સામાયિક કરતા થયા તો દશમાં વ્રત, પૌષધમાં આવો. જેટલી સંસારના કાર્યોથી નિવૃત્તિ લેશો એટલી આત્માના ક્ષેત્રમાં વધુ પ્રગતિ કરી શકશો. સાધનાનો પ્રારંભ કરનારો સાધક એક દિવસ સાધનાના માર્ગે ધીમે ધીમે આગળ વધતો એક દિવસ સ્વરૂપની પૂર્ણ સાધના કરી લે છે.

ચોથા ગુણસ્થાનકે જીવ સમકિત પામે છે. પાંચમાં ગુણસ્થાને દેશવિરતિ, છઠ્ઠા ગુણસ્થાનકે સર્વવિરતિ અને સાતમા ગુણસ્થાને અપ્રમત્ત થઈ ત્વરિત ગતિએ આગળ વધીને તેરમા ગુણસ્થાને પહોંચી તે સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે. સાધનામાં આ રીતે ક્રમ છે. આધ્યાત્મ સાધનાના ક્ષેત્રમાં કેટલાય સાધકો એવા હોય છે કે જે એક મુહૂર્તમાં પૂર્ણતા પ્રાપ્ત કરી લે છે. તેમનું જીવનચરિત્ર વાંચતા આપણને ખૂબ આશ્ચર્ય થાય છે. આત્મા અનંતશક્તિનો ભંડાર છે. એક દિવસ સાધકે તેનો સંપૂર્ણ વિકાસ કરવો પડશે. અનંતશક્તિસંપન્ન આત્મા શું નથી કરી શકતો ? બધું કરી શકે છે. જે સાધકે આત્મશક્તિનો જેટલો વિકાસ કર્યો હોય તેટલો તે પોતાના વિકાસ માર્ગમાં આગળ વધી શકે છે. વિદ્યાર્થી આગળ વધતો વધતો પ્રોફેસર બની જાય છે તેમ આત્મા પોતાની સાધનામાં આગળ વધતાં આત્મામાંથી પરમાત્મા બની જાય છે. લૌકિક ક્ષેત્રમાં પણ માનવી જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ તેનો વિકાસ થતો રહે છે અને કંઈક પ્રાપ્ત કરે છે.

आगे कदम बढाओ : એક ગરીબ કઠિયારો જંગલમાં લાકડા કાપે અને તેને વેચીને પોતાની આજીવિકા ચલાવે. પાપનો ઉદય હોય ત્યારે મજૂરી ઘણી કરે, દુઃખ ઘણું વેઠે છતાં ખાસ મળે નહિ. પુણ્યનો ઉદય હોય ત્યારે ઓછી મહેનતે ઘણું મળે. એક દિવસ તે જંગલમાંથી લાકડા કાપીને ભારો લઈને આવતો હતો ત્યારે એક સજ્જન માણસ તેને સામે મળ્યો. તેણે કહ્યું-ભાઈ ! તું લાકડા કાપવા જાય છે પણ ત્યાંથી આગળ આગળ જજે. કઠિયારાના મનમાં થયું કે સજ્જન પુરૂષને શું સ્વાર્થ હતો ! તેમને કાંઈ લાગતું વળગતું ન હતું, છતાં અંતરની લાગણીથી કહ્યું તો મારે

તેમની વાત માનવી જોઈએ. એમ વિચારી બીજે દિવસે તે કઠિયારો થોડો આગળ ગયો. ત્યાં જાડા થડીયા લાકડા મળ્યા. રોજ લાકડાની પાતળી સોટીઓ જેવું મળતું તેના બદલે આજે જાડા લાકડા મળ્યા. એ લાકડાનો ભારો વેચ્યો તો એને રોજ કરતા વધારે પૈસા મળ્યા. ત્રીજે દિવસે કઠિયારાને થયું કે તે સજ્જન પુરૂષે મને એક જ દિવસ આગળ જજે એવું કહ્યું નથી, તેમણે તો આગળ જજે એવું કહ્યું છે માટે મારે આગળ જવું જોઈએ. આમ વિચારીને એ જંગલમાં વધુ આગળ ગયો તો એને ચંદનનું વન મળ્યું. ચંદનના લાકડા કાપીને વેચ્યા. એમાંથી તો એને ઘણા પૈસા મળ્યા. મનમાં થયું કે સારું થજો એ સજ્જન પુરૂષનું કે તેમણે મને આગળ જવાનું કહ્યું તો મને આટલો લાભ થયો. તેને લાભ થતો ગયો એટલે સજ્જન પુરૂષના વચન પર શ્રદ્ધા વધતી ગઈ.

ચોથે દિવસે તેના મનમાં થયું કે મને તો આગળ આગળ જવાનું કહ્યું છે તો મારે આગળ જવું જોઈએ. એ દિવસે એ જંગલમાં વધારે ઊંડે ગયો તો તાંબાની ખાણ મળી. હવે તો લાભ મળતો ગયો તેમ લોભ વધતો ગયો. પાંચમાં દિવસે વધુ આગળ ગયો તો રૂપાની ખાણ મળી. છઠ્ઠા દિવસે આગળ ગયો તો સોનાની ખાણો મળી, સોનાની ખાણો જોઈને તે આભો બની ગયો. સોનાની ખાણ મળી હવે શું બાકી રહે ? સજ્જન પુરૂષની સલાહ યાદ કરીને તે સાતમા દિવસે આગળ ગયો તો હીરાની ખાણ મળી અને આઠમા દિવસે તો કોહીનૂર હીરો મળી ગયો. હવે તે ગરીબ રહે ખરો ? મોટો ધનાઢય શ્રીમંત બની ગયો. હવે તો તેના આનંદની અવધિ ન રહી. આ કઠિયારાએ જો પુરૂષાર્થ ચાલુ રાખ્યો, કયાંય અટકયો નહિ, એમાં આળસ કે પ્રમાદ કર્યા નહિ તો હીરાની ખાણ મળી ગઇ. કરોડપતિ મોટો કરોડપતિ બની ગયો. આ વાતમાં એ સમજવાનું છે કે તે આટલો બધો વૈભવશાળી ધનાઢય બન્યો કયારે ? એક તો એણે સજ્જન પુરૂષની શિખામણ માની. તેના પર અવિશ્વાસ ન કર્યો પણ શ્રદ્ધા રાખી. સજ્જન પુરૂષને શું સ્વાર્થ હતો ? છતાં તેમણે મને કહ્યું માટે મારે આગળ જવું જોઇએ. શ્રદ્ધા રાખીને આગળ વધ્યો. થોડે આગળ જઈને અટકયો નહિ પણ પુરૂષાર્થથી આગળ જતો ગયો તો એવો સોનેરી દિવસ આવી ગયો કે તે ગરીબમાંથી મોટો ધનાઢય શ્રીમંત બની ગયો

આત્માનો ક્રમિક વિકાસ : આ ન્યાય આત્મા પર ઘટાવવો છે. આપણો આત્મા કઠિયારા સમાન છે. સજ્જન પુરૂષ સમાન ગુરૂ ભગવંતો છે. મિથ્યાત્વનું ગાઢ જંગલ છે. એવો કોઈ આત્મા નથી કે જેણે મિથ્યાત્વ ગુણસ્થાનનો સ્પર્શ કર્યો ન હોય. પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકેથી પુરૂષાર્થ કરતા જીવ આગળ વધે છે. આપણો આત્મા મિથ્યાત્વના ગાઢ જંગલમાં ઘૂમી રહ્યો હતો. પ્રબળ પુણ્યોદયે ગુરૂ ભગવંતનો ભેટો થઈ ગયો. તેમણે મહાન કરૂણા કરીને કહ્યું કે દેવાનુપ્રિય ! તું આ જંગલમાં કયાં સુધી ઘૂમ્યા કરીશ ? આ જંગલમાં તને આત્માનો કાંઈ લાભ નહિ થાય. જો તારે લાભ મેળવવો છે તો હવે તું

ત્યાંથી આગળ આગળ વધતો જા. તીર્થંકરો કે ગુરૂ ભગવંતના વચનામૃતોને કઠિયારાની જેમ શ્રદ્ધાથી હૃદયંગમ કરીને જીવ આગળ વધે તો મિથ્યાત્વ ગુણસ્થાનેથી જીવ ત્રીજા ગુણસ્થાને જાય છે. જ્યાં ગાઢ મિથ્યાત્વ ગયું. થોડી સમકિતની સ્પર્શના થઈ. થોડું મિથ્યાત્વ છે એટલે આ સાચું કે તે સાચું ? તેનો નિર્ણય કરી શકતો નથી. જેમ શીખંડ ખાટો ને મીઠો તેમ મીઠાશ સમાન સમકિત અને ખટાશ સમાન મિથ્યાત્વ. તે જૈન ધર્મને સારો માને ને બીજાને પણ સારા માને. આ ગુણસ્થાને થોડી સમકિતની ઝાંખી થઈ. જાડા થડીયા મળવાથી તેને રોજ કરતાં વધુ લાભ થયો તેમ આ ગુણસ્થાને થોડો વધુ લાભ થયો. ત્રીજે ગુણસ્થાનેથી જીવ આગળ વધે તો ચોથા ગુણસ્થાને જાય. જ્યાં મિથ્યાત્વ ગયું અને ચંદનના વન સમાન સમકિતની પ્રાપ્તિ થઈ. ચંદનના લાકડામાંથી ઘણા પૈસા મળ્યા. તેનું દરિદ્ર ઓછું થઈ ગયું તેમ સમકિત રત્ન મળતાં જીવનું અનંતકાળનું જે ભવભ્રમણ હતું તે ઓછું થઈ ગયું. તેના માટે એ નક્કી થઈ ગયું કે આ જીવ મોડામાં મોડો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળે મોક્ષમાં જશે, છતાં ચોથા ગુણસ્થાને અવિરતિ છે. ચોથાથી આગળ વધતાં પાંચમા ગુણસ્થાને આવ્યો. અવિરતિમાંથી દેશવિરતિમાં આવ્યો. તાંબાની ખાણ સમાન દેશવિરતિ આવી એટલે તેનો આશ્રવનો પ્રવાહ અંશે અટકયો, શ્રાવકપણું પામ્યો. એટલે ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાને વધુ લાભ થયો તેથી આગળ વધતાં છઠ્ઠા ગુણસ્થાને આવ્યો. દેશવિરતિમાંથી સર્વવિરતિમાં આવ્યો. દેશવિરતિમાં અંશ ભાગે વિરતિ એટલે થોડી વાર વિરતિ અને થોડી વાર અવિરતિ. એમાં સર્વથા પાપનો પ્રવાહ રોકાતો નથી. સર્વવિરતિમાં આવ્યો એટલે સર્વથા પાપ રોકાયું. એના પાપના દ્વાર સર્વથા બંધ થઈ ગયા. સોના ચાંદીની ખાણ મળતાં એ ધનવાન થયો તેમ આ આત્મા આત્માના ગુણોનો વિકાસ થતાં ધનવાન બન્યો.

કઠિયારાને ઊંડે જતાં હીરાની ખાણ મળી, તેમ છઠ્ઠા ગુણસ્થાને આગળ વધતાં આઠમા ગુણસ્થાને હીરાની ખાણ સમાન કેવળજ્ઞાન અને કેવળદર્શન મેળવવાનો માર્ગ મળી ગયો ત્યાં ક્ષપક શ્રેણી શરૂ કરી. એ શ્રેણીએ આગળ વધતાં વધતાં નવમે, દશમે, બારમા ગુણસ્થાને પહોંચ્યો. બારમાનો છેલ્લો સમય અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે કોહીનૂર હીરા સમાન કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઈ ગઈ. કોહીનૂર હીરો મળતાં કઠિયારો મોટો શ્રીમંત બની ગયો. તેની દરિદ્રતા સાવ દૂર થઈ ગઈ. તેને અલૌકિક આનંદ થયો તેમ આત્માને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે ભવોભવમાં ભટકવાની તેની દરિદ્રતા સંપૂર્ણ દૂર થઈ ગઈ. તે શ્રીમંતનો પણ શ્રીમંત બની ગયો અને આત્માનો અલૌકિક શાશ્વત આનંદ મેળવ્યો. કઠિયારાનો આનંદ તો થોડા સમય માટે. કયારે એ ચાલ્યો જશે તે કહી ન શકાય પણ આત્માનો તો જે આનંદ મળ્યો તે એવો મળ્યો કે હવે એમાં કયારે પણ ઓટ ન આવે, જાય નહિ અને સદાને માટે ટકી રહે. આત્માએ જો આવો આનંદ મેળવવો છે તો કઠિયારાની જેમ આત્માએ આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ ને આગળ વધવાનું છે. કઠિયારાએ પ્રમાદ ન કર્યો પણ પુરૂષાર્થ કર્યો તો કિંમતી હીરો

મેળવી શકયો તેમ આત્મા અપ્રમાદી બનીને જબ્બર પુરૂષાર્થ કરશે તો ભવિષ્યમાં મોક્ષના સુખના સમાન કોહીનુર હીરો મેળવી શકશે. સાધકનું જે ધ્યેય-લક્ષ્ય હતું તે લક્ષ્યને પામી શકશે, તેની સાધના સફળ બની શકશે. હા, એટલું જરૂર છે કે તે ધ્યેયને પહોંચતા સાધનાના માર્ગમાં વિઘ્નો પણ આવી જાય પણ તેને સહન કરીને જે આગળ વધે તે પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકે. એક નદીના ન્યાયથી સમજીએ.

નદીનું ઉદ્ગમસ્થાન પર્વત છે. તેમાંથી નીકળેલી વહેતી નદીનું ધ્યેય છે સાગરને મળવાનું. નદી જ્યારે તેના ઉદ્ગમસ્થાનથી નીકળીને સાગરને મળવા જાય છે ત્યારે કયા રસ્તે થઈને જવું તેનો કોઈ નકશો તૈયાર કર્યો હોતો નથી. તે તો વગર નકશાએ રસ્તામાં આવનારા વિઘ્નોની કલ્પનાથી જરાય ડર્યા વગર પોતાની યાત્રા ચાલુ કરે છે. માર્ગમાં કયારેક કાંટાઓની ઝાડીઓમાંથી પસાર થવાનો વખત આવે તો કયારેક પથરાઓ સાથે ટકરાવાનો અવસર પણ આવે, છતાં જરા પણ ભયભીત થયા વગર તે પ્રયાણ તો ચાલુ રાખે છે. પર્વતનો રસ્તો પૂરો થયા પછી રેતાળ રેતીનો માર્ગ આવ્યો. તેમાં પાણી ચૂસાઈ જાય અને વળી ઉપરથી સૂર્ય તપતો હોય તો તેની ગરમીથી પાણીનું શોષણ થવા લાગે છતાં પણ તે ડરે નહિ. રેતાળ રસ્તા પછી પથરાળ રસ્તો ચાલુ થયો, અનેક પ્રકારના નાના મોટા ખાડાઓમાં વારંવાર પટકાયા કરે. તેના શરીર પર આ બધા કષ્ટોની અસર તો ઘણી થાય. કેમ કે અપકાયના જીવો તો છે ને ? છતાં દૃઢ નિર્ધાર છે કે સાગરને મળ્યા વિના રહેવું નથી. પથરાળ રસ્તા પછી સરળ રસ્તો આવ્યો. તેના માર્ગમાં અનેક ગામો પણ આવે. જે જે ગામોમાંથી પસાર થાય ત્યાં તે મુખ્ય બે કાર્યો કરે. એક તો માનવોની અને અબોલ પશુઓની તૃષા શાંત કરે, માનવીના મેલા કપડાને ઉજળવળ કરે, તેમાં બધા કપડા ધોવા જાય. તેમજ સેંકડો એકર જમીનમાં ફેલાઈને જગતનાં જીવોના પેટ ભરવા માટે અનાજ ઉગાડવામાં સહાયક બને. એક બાજુ લોકો પર આટલો ઉપકાર, પરોપકાર કરે અને બીજી બાજુ ગામોની ગંદી ગટરોના અને દુર્ગંધ મારતા પાણીનો પોતાનામાં સમાવેશ કરી એ ગંદા પાણીની દુર્ગંધ દૂર કરી પાણીને નિર્મળ અને સ્વચ્છ બનાવે છે. આ રીતે અનેક સંઘર્ષોને પસાર કરતી અને બીજા અનેક જીવોને સહાયક બનતી પોતાના ધ્યેયને જે સાગરને મળવું છે ત્યાં સુધી પહોંચી જાય છે.

સાધનાની સફળતાની ચાવી : આ ન્યાય સાધકના જીવનમાં લાગુ પડે છે. સાધનાની શરૂઆત કર્યા પછી સાધ્યની પ્રાપ્તિ થતાં સુધીમાં વચ્ચે અનેક વિઘ્નોની વણઝાર આવે છે છતાં નદીની જેમ મનની પ્રસન્નતાને ઠેઠ સુધી ટકાવી રાખવાની છે. કાંટાઓ, પથરાઓ, ખાડા ટેકરા સમાન કયારેક કોઈના કટુ વેણ સાંભળવાના પ્રસંગો પણ આવે, પરિષહ ઉપસર્ગોના ખાડા ટેકરા આવે છતાં જે પોતાના જીવનને તેમાંથી બચાવી લે છે એટલે સમભાવે સહી લે છે તે અચૂક સાધ્યની પ્રાપ્તિ કરી શકે છે. દરેક નદીનો રસ્તો અલગ છે. નદી કોઈ પણ રસ્તે સાગરને મળે તો તેના રસ્તામાં વિઘ્નો તો આવવાના. કોઈ રસ્તો એવો નથી કે જે રસ્તે વિઘ્નો ન હોય પણ સાગરને મળવા માટે નદી પાસે

એક ઉપાય છે તે વિઘ્નોને જીતવાનો. આ વાત સાધકના માર્ગ માટે છે, એક બાજુ પુણ્ય મર્યાદિત છે તો બીજી બાજુ અનંતકાળના કર્મો ચોંટેલા છે. જેને અભૂતપૂર્વ મર્દાનગી સાથે કર્મો સામે મોરચો માંડયો છે તેવા આત્માઓને કદાચ મસ્તકે સગડી મૂકાતી હોય, જીવતા ચામડી ઉતરતી હોય, જંગલી પશુઓના મુખમાં જામફળની જેમ ચવાઈ જતા હોય. ચામડાના વાઘર વીંટાતા હોય કે રોગો તંબૂ નાંખીને પડયા હોય આવી વિકટ પરિસ્થિતિમાં પણ દૃઢ મનોબળવાળો સાધક પોતાના ચિત્તની પ્રસન્નતાપૂર્વક સાધનામાં સફળતા મેળવીને જંપે છે. નદી જેમ ગામોગામની ગંદી ગટરોના પાણીને સ્વીકારીને નિર્મળ બનાવે છે અને છેવટે સાથે સાગરમાં લઈ જાય છે એ જ રીતે સાધક પોતાના સંપર્કમાં આવતા જીવોના અનેકવિધ મલિન આચાર વિચારો પ્રત્યે નફરત નહિ બતાવતા પ્રેમ અને વાત્સલ્યથી તેમના દિલ જીતી લે છે. તેમના દોષોને પોતાનામાં સમાવી લે છે. છેવટે તેમના મલિન ભાવોને શુદ્ધ કરી સાગર સમાન પરમાત્મા પ્રભુનો તેમને મેળાપ કરાવે છે. સાધક આત્મા નદી જેવો છે. તે ગંદકી સ્વીકારે પણ પોતાની જાતને નિર્મળ રાખે. તે વિઘ્નોથી ભાગે નહિ પણ તેના સામે પડે. સતત ઉપકારો કરતો રહે. સાધ્ય ન મળે ત્યાં સુધી અટકે નહિ. સાધ્ય મેળવીને જ જંપે. પોતાના જીવન દ્વારા અનેકને પ્રેરણા આપતો રહે.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. જેમ સજ્જન માણસે કઠિયારાને કહ્યું–તું આગળ આગળ જજે. તેમની શિખામણ માની તે દિવસે દિવસે આગળ ગયો. આગળ વધતાં હીરાની ખાણ સુધી પહોંચ્યો અને ઘણો સુખી થયો, તેમ આત્મા પણ આઠમા ગુણસ્થાને પહોંચ્યો ત્યાં હીરાની ખાણ સમાન કેવળજ્ઞાન કેવળદર્શન પામવાનો માર્ગ તેમને મળી ગયો. ત્યાં ક્ષપક શ્રેણી શરૂ કરી તો બારમાના છેલ્લા સમયે અને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે કોહીનૂર હીરા સમાન કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. બોલો, તમારે શું મેળવવું છે ? જ્યારે આપણો આત્મા પોતાના સ્વરૂપમાં ઠરશે અને સ્વસ્વરૂપનું ભાન થશે ત્યારે તેને બાહ્ય પદાર્થો પ્રત્યે રૂચી રહેશે નહિ. અરે ! આત્માના સુખ આગળ તમારા સંસારના પૌદ્ગલિક સુખો ડાંગરના ફોતરા જેવા તુચ્છ લાગશે. જ્યારે આત્માની મસ્તી માણશો ત્યારે સંસારના સુખો પસ્તી જેવા દેખાશે. અહીં એક વાત યાદ આવે છે.

એક ગામડીયો માણસ ગામડામાં રહે. સામાન્ય ધંધો કરે ને પોતાની આજીવિકા ચલાવે. રોટલા ને છાશ તેમનો ખોરાક. પકવાન કેવા હોય; મિઠાઈ કેવી હોય, તેના સ્વાદ કેવા હોય તે તેને ખબર ન હોય કારણ કે કોઈ દિવસ તેણે તેનો સ્વાદ ચાખ્યો નથી, બહુ થાય તો ગોળની રાબ બનાવે. તેમને મન તે જમણ. એક વાર તે ગામડીયો પહેલી વાર શહેરમાં આવ્યો. તેના શેઠના ઘેર ઉતર્યો. તેના શેઠ શા માટે કહું છું ? જ્યારે શેઠ ગામડામાં ઉઘરાણી કરવા જાય ત્યારે આ ગામડીયાને ઘેર ઉતરતા. આ ગામડીયો શેઠને રોટલો ને ગોળની રાબ બનાવીને જમાડતો. તેમને મન આ જમણ

કહેવાય એટલે શેઠ આવે ત્યારે એ બનાવતા. તે ગામડીયો કોઈ દિવસ આ શેઠને ઘેર આવ્યો ન હતો. આજે પહેલવહેલો આવ્યો છે એટલે શેઠ તેની કદર તો કરે ને ? શેઠ કહે–ભાઈ ! આજે તું મારે ત્યાં પહેલવહેલો આવ્યો છે માટે રોકાજે. જવાની ઉતાવળ કરતો નહિ. વળી મારે ત્યાં આવતી કાલે લગ્નપ્રસંગ છે તેથી મોટો જમણવાર કરવાનો છે માટે રોકાઈ જજે. શેઠના આગ્રહથી ગામડીયો રોકાઈ ગયો.

મારે તો ગોળની રાબ જોઈએ : બીજા દિવસે જમણવાર છે. બધા જમવા બેઠા છે. શેઠ કહે–ભાઈ ! મારે ત્યાં કોઈ જાતિભેદ નથી. તું પટેલ છે. આ બધાની સાથે જમવા બેસી જા. આ ગામડીયો બધાની સાથે જમવા બેઠો. થાળી વાડકા મૂકાઈ ગયા. પીરસનારાઓ એક પછી એક સારી વાનગીઓ લઈને આવ્યા. બરફી, પેંડા, ગુલાબજાંબુ આદિ અનેક જાતની મિઠાઈઓ બધાના ભાણામાં પીરસાણી, પણ આ ગામડીયા પાસે જે મિઠાઈ પીરસવા આવે તે બધાને કહે–આ મને ન આપશો. પેંડા ? તો કહે ના. રસગુલ્લા ? ગુલાબજાંબુ ? બરફી ? ના. બધામાં ના પાડયા કરે. જેણે પેંડા–બરફી કે રસગુલ્લા કોઈ દિવસ જોયા નથી, એનો મીઠો મધુરો સ્વાદ માણ્યો નથી એટલે એ બધાને ના પાડી દે. તે પીરસનારને કહે છે ભાઈ ! મને તો ગોળની રાબ હોય તો આપો. આવા મોટા જમણવારમાં ગોળની રાબ કોણે બનાવી હોય ? પણ આ ગામડીયો તો એક કક્કો ભણે છે કે મને પેંડા બરફી કાંઈ ન જોઈએ, મારે તો ગોળની રાબ જોઈએ છે. આ ગામડીયાએ ગોળની રાબ સિવાય એના કરતાં ચઢિયાતી બીજી કોઈ વાનગી આખી જિંદગીમાં ચાખી નથી એટલે ગોળની રાબ કરતાં બીજી સ્વાદિષ્ટ વાનગીઓ હોય એવું એ માનવા કયાંથી તૈયાર હોય !

હવે ગોળની રાબ કોણ પીવે ? : તમારે શું જોઈએ છે ? ગોળની રાબ કે પેંડા બરફી ? ગોળની રાબ જેવા પૈસા, સંસાર. જો પૈસા મળતા હોય તો સાધના કરવા તૈયાર. કદાચ કોઈ એવા સંતનો ભેટો થઈ ગયો, તેમને કહેશો ગુરૂ ભગવંત ! આપ અમને કોઈ એવી પડીકી હોય તો બતાવો કે જેથી સાધના કરવાથી પૈસો મળે. તે માટે સંત જેટલું કહે તેટલું કરવા તૈયાર. જેટલું ધન વહાલું છે તેટલો ધર્મ વહાલો નથી. પેલો ગામડીયો કહે છે બસ, મારે તો ગોળની રાબ જોઈએ છે. ગામડીયાની બાજુમાં એક ભાઈ બેઠા હતા. તેમણે તેને ઘણું સમજાવ્યો કે આ ગુલાબજાંબુ એક વાર તો તું ચાખી જો. એનો સ્વાદ એવો છે કે એક વાર ચાખ્યા પછી તું ફરીવાર જિંદગીમાં ગોળની રાબ કયારેય યાદ નહિ કરે. ખૂબ સમજાવ્યો છતાં ન માન્યો ત્યારે તે ભાઈએ ગામડીયાની બોચી પકડી તેનું મોઢું ખોલી બેત્રણ ગુલાબજાંબુ ખવડાવી દીધા. ગુલાબજાંબુ મોઢામાં ગયું ત્યાં ગામડીયો છક થઈ ગયો. તેનો સ્વાદ તો એવો લાગ્યો કે આવી સ્વાદિષ્ટ મીઠી વાનગી સિવાય બીજી કોઈ સ્વાદિષ્ટ વાનગી નહિ હોય. તેની જીભમાં સ્વાદ રહી ગયો. હવે પીરસવા આવનારને કહે ભાઈ ! અહીં આવ. મને આઠ દશ ગુલાબજાંબુ આપ. હવે તો ઝટપટ ગુલાબજાંબુ ખાવા લાગ્યો. પછી પેલા ભાઈ

કહે–કેમ ભાઈ ! હવે ગોળની રાબ પીવી છે ? ના....ના.... હવે મારે ગોળની રાબ નથી જોઇતી. આપ કહો તો ગોળની રાબ બનાવી આપું. અરે ! ખાડામાં પડી તારી ગોળની રાબ, આવી સ્વાદિષ્ટ વાનગીઓ ચાખ્યા પછી ગોળની રાબ કોણ પીવે ?

બસ, આવી દશા સંસારી જીવોની છે. સંસારના સુખો ગોળની રાબ જેવા છે. એ સુખો ક્ષણિક, નાશવંત, ઘડીકમાં હસાવે અને ઘડીકમાં રડાવે એવા છે. તપ ત્યાગના, સંયમના સુખો ગુલાબજાંબુ જેવા છે. એ સુખોના આનંદનો અનુભવ હજુ જીવે કર્યો નથી, તેનો સ્વાદ ચાખ્યો નથી. એ સુખોના આનંદની કોઈ કલ્પના ય નથી. અમે એ સુખોનો સ્વાદ ચાખ્યો છે માટે અમે આપની પાસે સંયમના સોહામણા સુખોની વાતો કરીએ છીએ પણ તેના પર હજુ તમને શ્રદ્ધા નથી એટલે તે લેવાનું મન થાય કેવી રીતે ?

બહાર ભટકયો સુખને માટે, ક્ષણિક સુખ પામ્યો,
તૃપ્તી મળી ના ચેતન તરસ્યો, સદ્‌ગુરૂ શરણે આવ્યો.

જીવને સાચા સુખનું ભાન નથી એટલે બહાર ભટકયા કરે છે. સ્વાદિષ્ટ વાનગીઓ કે ફરસાણ ખાવાના આનંદ કરતાં એનો ત્યાગ કરવાનો આનંદ વધી જાય. એ વાત મનમાં બેસે છે ખરી ? વાસનાના આનંદ કરતા ઉપાસનાનો આનંદ ઘણો છે. ભોગ કરતાં ત્યાગની મસ્તી અલૌકિક અદ્‌ભૂત છે. આ બધી વાત તમને હૃદયમાં જચે છે ખરી ? જેમ પેલા ભાઈએ ગામડીયાનું મોઢું ખોલીને પરાણે ગુલાબજાંબુ ખવડાવી દીધા એનો સ્વાદ ચખાડયો તેમ સંતો પણ તમને સમજાવે છે કે એક વાર આ સુખનો આનંદ લૂંટો. આ સુખની મસ્તી માણો પણ તમે ગામડીયાની જેમ ગળે ઉતારો તો સ્વાદ આવે ને ? જો ઊલ્ટી કરી નાંખો તો સ્વાદ ન આવે. એક વાર અમારા ગુલાબજાંબુ ખાઈ જુઓ, પછી ગોળની રાબ જેવા સંસારના સુખો યાદ નહિ આવે. ચિત્તમુનિને સંસારના સુખો ગોળની રાબ જેવા લાગ્યા અને સંયમના સુખો ગુલાબજાંબુ જેવા લાગ્યા તો સંસારના સુખોને છોડી દીધા. તેનો આનંદ અનુભવી લીધો, તે સુખની મસ્તી માણી લીધી પછી બ્રહ્મદત્ત ચિત્તમુનિને સંસારના સુખોમાં ગમે તેવા લલચાવે, તે સુખોનું ગમે તેવું વર્ણન કરે તો પણ હવે એમાં ફસાય ખરા ? ના. કદાપિ નહિ. જેણે ગુલાબજાંબુનો સ્વાદ ચાખ્યો નથી તે ગોળની રાબ માંગ્યા કરે પણ એક વાર સ્વાદ ચાખ્યો પછી તે ગોળની રાબ માંગે નહિ.

આપણા ચાલુ અધિકારમાં આનંદ ગાથાપતિ પ્રભુ પાસે પહેલું વ્રત આદરે છે. શ્રાવક સંપૂર્ણ અહિંસાનું પાલન કરી શકે નહિ. પહેલા વ્રતમાં શ્રાવકને નિરપરાધી જીવોને હણવાના, મારવાના પચ્ચખાણ હોય છે. ભગવાન ફરમાવે છે કે

"एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचणं ।"

જ્ઞાનનો સાર હોય તો એ જ છે કે કોઈ જીવની હિંસા કરવી નહિ, આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે.

"सेबेमि जे अईया, जे य पडुपन्ना, जे आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे एवं आइक्खंति, एवं भासन्ति, एवं पण्णविंति, एवं परुविंति, सव्वे पाणा, सव्वे भूया, खव्वे जीवा, सव्वे सत्ता न हंतव्वा, न अज्जावेयव्वा न परिधित्तव्वा, न परियावेयव्वा, न उदवेयव्वा, एसधम्मे सुध्धे, निइए सासए।"

ભૂતકાળમાં જે તીર્થંકરો થયા છે, વર્તમાનકાળમાં મહાવિદેહ ક્ષેત્રમાં છે અને ભવિષ્યકાળમાં થશે, તે બધા તીર્થંકરોનો એક જ ઉપદેશ છે કે કોઈ પણ પ્રાણી એટલે વિકલેન્દ્રિ જીવો, ભૂત એટલે વનસ્પતિ, સત્ત્વ એટલે પૃથ્વી, પાણી, તેઉ, વાઉ અને જીવ એટલે પંચેન્દ્રિય નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા આ બધા જીવોને મારવા નહિ, મરાવવા નહિ, બળાત્કારથી પકડવા જોઈએ નહિ, તેમને દુઃખ આપવું જોઈએ નહિ. તેમને કોઈ જાતનો ઉપદ્રવ કરવો જોઈએ નહિ. આ અહિંસામય ધર્મ, શુદ્ધ, શાશ્વત અને નિત્ય છે. અહિંસાના આચરણથી જીવ દુર્ગતિના દ્વાર બંધ કરીને મોક્ષ માર્ગ પર આગળ વધે છે. આ અહિંસા ધર્મ સર્વ જીવોને માટે હિતકર છે, કલ્યાણ રૂપ છે એનાથી બધા જીવોને શાંતિ મળે છે.

આ સંસાર એવો જટિલ છે કે શ્રાવક માટે હિંસાનો સર્વથા ત્યાગ થઈ શકતો નથી કારણ કે શ્રાવક એટલે અગારી. અગારી એટલે ઘરવાળો. ઘરવાળો હોય એટલે પત્ની હોય. સાથે પુત્ર પરિવારની પળોજણ પણ હોય. પુત્ર, પરિવાર, પત્ની અને પૈસો હોય એટલે બીજા તરફથી આક્રમણ પણ થાય. ચોર ચોરવા આવે, લૂંટારા લૂંટવા આવે. આવા સમયે જો શ્રાવક પુત્ર–પરિવાર, પૈસાને બચાવવા ન જાય તો ચોર ડાકુ છીનવી લે અને બચાવવા જાય તો સામી વ્યક્તિ પ્રત્યે આક્રમણરૂપે હિંસા કરવી પડે. જો શ્રાવકમાં રક્ષણ કરવાની તાકાત ન હોય તો પોતાની પત્નીના શીલની પણ રક્ષા ન કરી શકે. પહેલા અણુવ્રતમાં ભલે સંપૂર્ણ હિંસાનો ત્યાગ ન હોય પણ સંપૂર્ણ વેરભાવનો ત્યાગ તો અવશ્ય થાય છે. પહેલું અણુવ્રત એટલે સ્યાદ્વાદ. યુદ્ધો કરવા પડતા હોય, પોતાના હાથે તલવાર દુશ્મનોના ગળા પર ચલાવવી પડતી હોય છતાંય તે જીવો પ્રત્યે તેઓનો તિરસ્કાર ન હતો, તેથી તેઓ જ્યારે યુદ્ધમાં જવા માટે ઘોડા પર બેસતા ત્યારે કોઈ નિરપરાધી જીવો મરી ન જાય તે માટે પૂંજણીથી ઘોડાની પ્રમાર્જના કરી લેતા. તમે કહેશો કે એક તરફ તો યુદ્ધથી થતી ઘોર હિંસા અને એક તરફ આટલી અહિંસા! આ બંને વાત સાચી છે. શ્રાવક જીવનનું પહેલું અણુવ્રત સ્યાદ્વાદ જેવું છે. અણુવ્રતો સાધુ પાસે ગ્રહણ કરાય. શ્રાવક પહેલું વ્રત લે તેમાં નિરપરાધી ત્રસ જીવોને હણવાના પચ્ચખાણ લે છે.

બાર વ્રતમાંથી કોઈ પણ વ્રત લો કે બારે બાર વ્રત લો તો ગુરૂ પાસેથી લેવા જોઈએ. આરાધના કરનારને ગુરૂ તો હોવા જોઈએ. વ્રતો તો ગુરૂની પાસે લેવાય. રસોઈ તૈયાર હોય. પોતે જાતે લઈને ખાવું હોય તો ખાઈ શકે, ન ખાઈ શકે તેવું નથી, છતાં

મા પીરસનારી હોય ત્યારે જમવામાં વધુ આનંદ આવે, તેમ તમે ગમે તેટલા સમજદાર હો પણ શાસ્ત્રને સમજેલો હોય તો ગુરૂની પાસે વ્રત ગ્રહણ કરે. ગુરૂની પાસેથી વ્રત ગ્રહણ કરવાનો આનંદ જુદો હોય. ગુરૂના સુંદર આશીર્વાદ મળે. જ્ઞાની ગુરૂ હોય તો ખૂબ વિચાર કરીને પચ્ચખાણ આપે. સુંદર ભાવોથી સદ્‌ગુરૂ પાસે લીધેલો નિયમ તૂટે એવું ભાગ્યે બને. વ્રતનું પાલન કરતાં વિઘ્નો આવે છતાંય આત્મા વ્રતમાં મક્કમ રહે અને શૌર્યતાથી શુદ્ધ ભાવે વ્રતનું પાલન કરે. જેને વિરતિ પ્રત્યે બહુમાન છે, ઝનૂન છે તેવા વિરતિધરોનો પ્રભાવ કેવો પડે છે તે આપને સમજાવું.

રાજાને વિજય નામનો હાથી ખૂબ વહાલો. યુદ્ધસંગ્રામ થાય ત્યારે તે મોખરે રહીને રાજાને વિજય અપાવે. શત્રુઓ સામે ખૂબ ઝનૂનથી ઝઝૂમે. એક વાર રાજાને યુદ્ધમાં જવાનું થયું ત્યારે તે હાથીને તૈયાર કરીને લાવ્યા પણ કોણ જાણે શું થયું ? તે યુદ્ધમાં ઉતરતો નથી. તેનું ઝનૂન ઉછળતું નથી. તે શૂરાતન બતાવતો નથી અને તેનું શૌર્ય પણ ઉછળતું નથી. રાજાને વિચાર થયો કે આજે આ હાથી આમ કેમ કરે છે ? રાજાએ પ્રધાનને પૂછયું–પ્રધાનજી ! તમે આ હાથીને કયાં રાખ્યો હતો ? કયાં બાંધ્યો હતો ? રાજાને શંકા થઇ કે આ હાથીને બીજા કોઈ સારા સ્થાનમાં બાંધ્યો હશે તેથી તેનો જીવનપલ્ટો થયો લાગે છે. પ્રધાનજી કહે–મહારાજા ! આપણો જૈન ઉપાશ્રય છે તેની સામે બાંધ્યો હતો. ત્યાં ત્રણ મહિના રહ્યો. ત્રણ મહિનામાં ઉપાશ્રયમાં સંતોને જતનાથી ચાલતા, જતનાથી બેસતા, જતનાથી કામકાજ કરતા જુએ, જતનાથી પરઠવે આ બધું જોયું એટલે તે હિંસાની લડાઈમાં ઉતરી શકતો નથી. તે યુદ્ધમાં ઝઝૂમી શકતો નથી અને તેનું શૌર્ય ઉછળતું નથી. હવે બે દિવસ જ્યાં રણસંગ્રામ ખેલાતા હોય, યુદ્ધની ભેરીઓ વાગતી હોય ત્યાં લઈ જઈને બાંધો એટલે ઠેકાણે આવી જશે. હાથીને ત્યાં યુદ્ધમાં લઈ ગયા. યુદ્ધ થતા જોયા, ભેરી નાદ વાગતા જોયા, રણશીંગા ફૂંકાતા જોયા એટલે તેને પોતાનું ભાન આવી ગયું. વિરતિ ધર્મનો પ્રભાવ કેટલો અદ્‌ભૂત છે. કોઈ સંતોએ હાથીને બોધ દીધો ન હતો છતાં તેમની અહિંસક પ્રવૃત્તિ જોતાં હાથીમાં પણ અહિંસક ભાવના આવી, પછી રાજા ઉપાશ્રયની સામે હાથીને બાંધતા ભૂલી ગયા. યુદ્ધમાં લડવાનું શૌર્ય ઉછળ્યું અને રાજાને વિજય અપાવ્યો.

આવું શૌર્ય, આવું ઝનૂન આત્માના ક્ષેત્રે લાવવાનું છે. આજે આપણે ત્યાં ત્રણ ત્રણ મહાસતીજીઓના દિલમાં તપ કરવાનું શૌર્ય પ્રગટયું, ઝનૂન આવ્યું તો માસ ખમણની ઉગ્ર સાધના કરી શકયા. બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને આ ૧૩ મું માસખમણ છે. બા. બ્ર. ઉર્વીશાબાઈ મહાસતીજીને છઠું માસખમણ છે અને ચાલુ વર્ષે દીક્ષિત થયેલા નવદીક્ષિતા બા. બ્ર. હેતલબાઈ મહાસતીજીને પહેલું માસખમણ છે. તે બધાની સાધના શાસનદેવ અને ગુરૂદેવની કૃપાએ પરિપૂર્ણ થવા આવી. તેમની મનોભાવના સાકાર બની અને સાધનાનો છેલ્લો દિવસ ૩૦ મો ઉપવાસ આવી ગયો. તેઓએ આવી ઉગ્ર તપશ્ચર્યા સ્વાધ્યાય, ધ્યાન સહિત કરીને અનંતા અનંતા કર્મોની ભેળડો તોડી

છે. ભવોભવના ભાવરોગોને દૂર કરવા માટે તપ એ મહાન જડીબુટ્ટી છે. રામબાણ ઔષધિ છે. અનાદિકાળથી આત્માને કાયાનો સંગ લાગ્યો છે. કાયાના પાલનપોષણમાં આત્માએ અનંત ભવો બરબાદ કર્યા છે. કર્મના કઠીન પર્વતોને ભેદવા માટે તપશ્ચર્યાએ વજ્ર સમાન છે. કાયાની માયા ઉતારનાર પુણ્યાત્માઓ તપના સોપાન સર કરી શકે છે. આ ત્રણે મહાસતીજીઓએ કાયાની મમતા છોડી તો આવી માસખમણની તપશ્ચર્યા કરી શક્યા. તેમને કોટી કોટી ધન્યવાદ છે. કોટી કોટી વંદન છે. ક્રોડો ભવોના સંચિત કરેલા કર્મોને બાળવા માટે તપ એ અગ્નિ સમાન છે.

તપ અગ્નિમાં કર્મ ઈંધન, ભસ્મીભૂત થઈ જાયે,
અનાદિ કાળની આહાર સંજ્ઞા, તપથી શમી જાયે,
જાગ્યો રે આતમ જેનો તપ કરવામાં લાગ્યો રે....જાગ્યો રે....

આ ત્રણે મહાસતીજીઓને તપ કરવાનું શૂરાતન જાગ્યું છે. આનંદ ગાથાપતિને હવે દેશવિરતિ ધર્મ સ્વીકારવાનું શૌર્ય ઉછળી રહ્યું છે. તેથી ભગવાન મહાવીર સ્વામી તેમને આગાર ધર્મનું રહસ્ય સમજાવી રહ્યા છે. બાર વ્રતો જીવનભર માટે લઈ શકાય છે, બારે વ્રતો ન લઈ શકાય તો બારમાંથી કોઈ પણ એક, બે અથવા જેટલા પાળી શકાય તેટલા વ્રતો જાવજીવ સુધી લઈ શકાય છે. એટલું જ નહિ પણ બારમાંથી ગમે તેટલા વ્રતો થોડા સમય માટે પણ ગ્રહણ કરી શકાય છે. તમારા અણુવ્રતોમાં બધી સગવડ અને વિવિધતા છે. જ્ઞાની ભગવંતના તો એ ભાવ છે કે બાર વ્રતો અથવા બારમાંથી કોઈ પણ વ્રતો ગ્રહણ કરીને ગમે તે રીતે પણ અવિરતિના કિલ્લામાં ગાબડું પાડે તો સારું, તેથી આ ગાબડું કેટલું અને કેટલા સમય પૂરતું પાડવું તે માટે જ્ઞાનીએ ભાર મૂક્યો નથી. એક વાર જે વ્રત લઈને વિરતિના આનંદનો અનુભવ કરશે તે પછી બાર વ્રત અને એથી આગળ વધતાં સર્વવિરતિ લેવાના. મહાવ્રતો લેવામાં કોઈ વિવિધતા કે સમયની મર્યાદા નથી. તેમાં તો પાંચે પાંચ મહાવ્રતો સાથે લેવા પડે છે અને તે પણ જાવજીવ સુધીના લેવા પડે.

તીર્થંકર ભગવંતોએ તો કેટલી કરૂણા કરી છે ! તેમણે દેશવિરતિ ગ્રહણ કરવા રૂપ વિરતિ રૂપી નિશાળના નવા નિશાળીયા માટે તમામ સગવડ રાખી છે. કેટલી છૂટ આપી છે છતાં કંઈક આત્માઓ એવા હશે કે ચાતુર્માસમાં પણ આ વ્રતો લઈ શકતા નથી. જ્ઞાની ભગવંતોનો તો એ પ્રયત્ન છે કે ગમે તેમ કરીને વ્રતમાં આવે તો સારું. વિચાર કરશો તો સમજાશે કે ભગવંતે જીવોને ધર્મ પામવા માટે કેટલા સુંદર સગવડવાળા માર્ગ બતાવ્યા છે. આ ભાવ મનમાં આવશે ત્યારે પ્રભુના ચરણમાં ઝૂકી પડવાનું મન થશે. તમારો આત્મા તમને કહેશે કે આવું માનવજીવન અને અનુપમ શાસન મળ્યા પછી જો ચાર મહિના પણ વ્રતો ન લઈ શકીએ તો અમારા જીવનની સફળતા શી ? બસ, હવે તો ગમે તેમ થાય પણ મારે સંસાર સાગરથી પાર ઉતરવું છે અને તે માટે દેશવિરતિના નાવડામાં બેસવું છે. આ નાવડામાં બેસીશ તો મહાવ્રતો રૂપી સ્ટીમર સુધી

પહોંચી શકીશ. અનાદિકાળથી ભવમાં ભટકતો મારો આત્મા મોહથી ખૂબ ખુવાર થયો, અવિરતિ પર સ્વાર થયો પણ હવે તો વિવેકનું પરોઢ ઉગ્યું છે માટે અંધકારમાં રહેવું નથી. જો આવા ભાવ આવે તો વ્રત લીધા વિના રહી શકો નહિ. જેટલા જેટલા વ્રતમાં આવશો એટલી અવિરતિ ભાગશે. અવિરતિ ભાગે એટલે પાપ ભાગે, પાપ ભાગે એટલા ભવ ભાગે અને ભવ ભાગે એટલો મોક્ષ નજીક થાય. હવે આગળ શું ભાવ ચાલશે તે વાત અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૨ને રવિવાર : વ્યાખ્યાન ન. ૫૯ : તા. ૧-૯-૮૫

"માસખમણના ઉગ્ર તપસ્વીઓ બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ, મહાસતીજી, બા. બ્ર. પૂ. ઉર્વીશાબાઇ મહાસતીજી, બા. બ્ર. પૂ. હેતલબાઇ મહાસતીજીઓના ૩૦ ઉપવાસના પારણાનો પ્રસંગ.

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આજે શ્રી કાંદાવાડી સંઘના આંગણે એક પવિત્ર, પાવનકારી, મંગલકારી દિવસ છે. આપણે ત્યાં પર્યુષણ પર્વની પધરામણી થતાં પહેલા ચાતુર્માસ પ્રારંભથી આરાધનાના ઉદ્યાનમાં મુક્તિનો મંગલ મંડપ બાંધવામાં આવ્યો છે. કર્મક્ષય કરવા માટે તપના તેજસ્વી તોરણો બાંધ્યા છે. તેના ઉપર ધર્મની ધજા ફરકે છે. આ મંડપમાં આપણે ત્યાં ત્રણ ત્રણ બાલ બ્રહ્મચારી સતીજીઓના ઉગ્ર તપ ચાલી રહ્યા હતા. તેમાં બા. બ્ર. હર્ષિદાબાઈ મ. બા. બ્ર. ઉર્વીશાબાઈ મ. નવદીક્ષિતા બા. બ્ર. હેતલબાઈ મ. આ ત્રણે સતીજીઓને માસખમણની ઉગ્ર સાધના નિર્વિઘ્નપણે પરિપૂર્ણ થઈ છે. આવી ઉગ્ર સાધના જીવે મહાન અંતરાય કર્મ તોડ્યાં હોય તો કરી શકે છે. તેમનું શરીર સૂકાયું છે પણ આત્મા ઉર્જાવળ બન્યો છે. મહાસતીજીઓના તપ ગમજણ સહિતના છે. તેમના તપ આ લોકના સુખની ઇચ્છા માટે નથી, પરલોકના સુખના અર્થે નથી, કીર્તિના સ્તંભ રોપાવા માટે કે વાહ વાહ માટે નથી પણ એકાંત કર્મ નિર્જરાના અર્થે છે. કોઈ પણ જાતના સુખની આકાંક્ષા રહિત કરાતો તપ આત્મકલ્યાણની અનેરી આભા પ્રસરાવી શકે છે.

જૈનશાસનમાં તપના તેજ અનેરો ઝળકાટ પાથરી શાસનને દેદીપ્યમાન બનાવી રહ્યા છે. તપ એ અનેક ગુણોની ખાણ છે. આવો મહાન તપ માનવભવ સિવાય કોઈ ભવમાં થઈ શકતો નથી. નરક ગતિમાં અત્યંત મારકૂટ અને દુઃખના કારણે તપની આરાધના થઈ શકતી નથી. દેવભવમાં સુખ તો ઘણું છે પણ ત્યાં વ્રત પચ્ચક્ખાણ નથી. દેવોને અવિરતિનો ઉદય હોય છે તેથી તેઓ નવકારશી જેટલું પચ્ચક્ખાણ કરી શકતા નથી. તિર્યંચ ગતિમાં કોઈ કોઈ જીવો દેશવિરતિ બને છે પણ આટલી અઘોર તપ સાધના કરી શકતા નથી. ચાર ગતિમાં માત્ર મનુષ્ય ગતિમાં તપ કરી શકાય છે. જૈન શાસનની ઈમારત તપ ત્યાગના મજબૂત પાયા પર ચણાયેલી છે. અનાદિકાળથી લાગેલ આહાર સંજ્ઞાની જબ્બર પકડમાંથી મુક્તિ પામવા માટે તપ એ અપૂર્વ સબળ સાધન છે. તપ સંયમની આરાધનાના બળે અનંત આત્માઓ શાશ્વત સુખના ભાગીદાર બન્યા

છે. અમારા સતીજીઓએ આ જે તપ કર્યો છે તે સ્વાધ્યાય, ધ્યાન સહિત કર્યો છે. તેમનું તન તપમાં તપી રહ્યું છે, વચન વીરના વચનામૃતોમાં, સ્વાધ્યાયમાં કે ભગવાનના ગુણ સ્તવનમાં જોડાયું છે અને મન મહાવીરના માર્ગમાં મસ્ત છે. જેમના તન, મન અને વચન તપમાં, સ્વાધ્યાયમાં અને મનન ચિંતનમાં લીન બની જાય તે આત્મા ઉત્તરોત્તર નિર્મળ પરિણામવાળો બનતો જાય. આત્માના અતિ નિર્મળ પરિણામનું કાર્ય ઘાતી કર્મોને ઉખેડવાનું છે. ઘાતી કર્મો દૂર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. આત્માના નિર્મળ પરિણામના બાધક મિથ્યાત્વ, વિષયાસક્તિ, કષાયોના કકળાટ આદિ દોષો છે. જિનવચનના શ્રવણ, મનન અને મંથનથી તત્ત્વ શ્રદ્ધાના પ્રકાશે મિથ્યાત્વ દૂર થાય છે. બાહ્ય તપથી વિષયાસક્તિ દૂર થાય છે. આભ્યંતર તપથી કષાયોના કકળાટ શમી જાય છે. અનંત ગુણમય શાશ્વત સામ્રાજ્ય પ્રાપ્ત કરવા માટે કરૂણાસાગર જ્ઞાનીએ પામરને પરમ બનાવે, પરાજિતને વિજયી બનાવે, રાગીને વિરાગી બનાવે, ક્રોધીને શાંત બનાવે, લોભીને નિઃસ્પૃહી બનાવે, અધર્મીને ધર્મી બનાવે અને ભવોભવના પીડિતને પરમ સુખી બનાવે એવો આત્મહિતકર તપ ત્યાગનો ઉપદેશ ભવ્ય જીવોના કલ્યાણ માટે આપ્યો છે.

શાસ્ત્રકાર ભગવાને તપને મહામંગલકારી કહ્યો છે કારણ કે બાહ્ય અને આભ્યંતર ઋધ્ધિ સિધ્ધિ તપથી પ્રાપ્ત થાય છે. ભવરોગ અને ભાવરોગ રૂપ કર્મનો જડમૂળથી નાશ કરવામાં તપ એ અપૂર્વ ઔષધ છે. અસાધ્યમાં અસાધ્ય રોગો તપથી નાશ થાય છે. તપના તેજ નિરાળા છે. અર્જુનમાળી, દૃઢપ્રહારી જેવા મહાહિંસક ક્રૂર આત્માઓએ પણ તે જન્મમાં મુક્તિ મેળવી છે. એ પ્રભાવ સંયમ અને તપનો છે. પ્રાચીન ઇતિહાસમાં તથા સિદ્ધાંતમાં અગણિત તપસ્વી સાધકોના ચરિત્રો આપણી નજરે પડે છે. જેઓ નિયમા એ જ ભવે મોક્ષમાં જવાના હોય છે છતાં કર્મનું નિકંદન કરવા માટે ચારિત્ર લઈને તપશ્ચર્યા કરે છે અને જગતને એ સુંદર બોધપાઠ આપે છે કે મુક્તિ ત્યાગમાં છે, તપમાં છે, ઇન્દ્રિય દમનમાં છે પણ ખાવાપીવામાં કે એશઆરામમાં નથી. તપ દ્વારા દેહની શુદ્ધિ થાય છે. દેહશુદ્ધિ થતાં મનની શુદ્ધિ થાય છે અને મન શુદ્ધિ થતાં વાસનાઓ દૂર થાય છે. તપથી આત્મશુદ્ધિ અને આત્મવિકાસ થઈ શકે છે. કોટી ભવોના સંચિત કર્મપુંજો તપ દ્વારા ક્ષીણ થઈ જાય છે.

सउणी जह पंसुगुंडिया, विहुणिय धंसयई सियं रयं ।
एवं दवि ओवहाणवं कम्मं, खवइ तवस्सी माहणे ॥ સૂર્ય.અ.૨.ઉ.૧ગા.૧૫

જેવી રીતે પક્ષિણી પોતાના શરીર પર લાગેલી ધૂળને શરીરને હલાવીને ખંખેરી નાંખે છે તેવી રીતે અણસણ આદિ તપ કરવાવાળા તપસ્વી કર્મોનો ક્ષય કરી દે છે. સુવર્ણના મેલને દૂર કરવા માટે તેને અગ્નિમાં નાંખે છે તેમ આત્માની શુદ્ધિ માટે આત્માને તપ રૂપી અગ્નિમાં નાંખવો જોઈએ. " जहा जुन्नाइं कट्ठाइं हव्ववाहो पमत्थइ एवं अत्तसमाहिए अणिहे " આચારાંગ. અ. ૪. જેવી રીતે જીર્ણ થયેલા લાકડાને અગ્નિ જલ્દી ભસ્મીભૂત કરી દે છે તે રીતે તપ દ્વારા જીર્ણ થયેલા કર્મો જલ્દીથી બળી જાય છે.

આવો મહાન સુંદર તપ આપણા ત્રણ મહાસતીજીઓએ ખૂબ સુખશાતાપૂર્વક વાંચન, મનન સહિત કર્યો છે. આરાધના કરતા આત્મા આત્મસ્વરૂપમાં મસ્ત રીતે ઝુલતો હોય છે. સાચી આરાધના તે છે કે જે અહંકારને ઓગાળી દે. જ્યાં સુધી અહંકાર ઓગળતો નથી ત્યાં સુધી આરાધના સફળ બનતી નથી. અહંકાર આત્માનો શત્રુ છે. તે ભારે ખતરનાક છે, અહંકારના કારણે બીજા અધિક ગુણવાન હોવા છતાં તેને ગુણવાન દેખાતા નથી. અહંકારી જીવમાં પરદોષદર્શન અને સ્વગુણદર્શન એ બે દોષો હોય છે, આથી તેને પોતાના ઘણાં દોષો પણ દોષરૂપે દેખાતા નથી અને બીજાના અલ્પદોષ પણ દોષરૂપે દેખાય છે. જ્યારે ગુણાનુરાગી જીવમાં પરગુણદર્શન અને સ્વદોષદર્શન એ બે ગુણ હોય છે. આથી તે બીજાના મોટા પણ દોષોની ઉપેક્ષા કરીને નાના પણ ગુણને જુએ અને પોતાના મોટા પણ ગુણોને ન જોતાં નાના પણ દોષોને જુએ. ગુણાનુરાગી જીવ બીજાના અણુ જેટલા નાના ગુણને પણ મેરૂ જેટલા મોટા જુએ અને પોતાના અણુ જેટલા નાના દોષને મેરૂ જેટલા જુએ.

રૂપક : ચારણીએ દરજીની સોયને કહ્યું–તારા પેટમાં કાણું છે તેથી તું સારી દેખાતી નથી. સોયે કહ્યું–મારા પેટમાં એક કાણું છે પણ તારા પેટમાં કેટલાય કાણા છે તે તું જો. તને મારા પેટમાં એક કાણું છે તે દેખાય છે અને તારા પેટમાં ઘણા કાણા છે તો પણ દેખાતા નથી. જેની આંખ સારી ન હોય તેને બીજાનું મુખ સારું ન દેખાય, તેમ જેનું અંતર ખરાબ હોય તેને બીજા સારા ન દેખાય. જેને પોતાનું જીવન સુધારવું હોય તેણે બીજાના ગુણો અને પોતાના દોષો જોવાની ટેવ પાડવી. જો પોતાના દોષો દેખાશે તો બીજા સારા ગુણવાન દેખાશે. અહીં મને એક વાત યાદ આવે છે.

સ્વદોષદર્શન અને પરગુણ પ્રકાશન કરો : એક સંતને એક અદ્‌ભુત સિદ્ધિ મળી તેનાથી તે સ્વ પરના અંતરના ગુણ દોષો જોઈ શકતા હતા. તેમના એક શિષ્યને આ વાતની ખબર પડી ગઈ એટલે તે ગુરૂ પાસેથી આ સિદ્ધિ મેળવવા ગુરૂની ખૂબ સેવાભક્તિ કરવા લાગ્યો. જેમ સાધક વિદ્યા સાધે તેમ આ શિષ્ય અપ્રમત્તપણે ગુરૂની ભક્તિ કરવા લાગ્યો. તેની ભક્તિથી ગુરૂ પ્રસન્ન થયા ને કહ્યું–તું માંગ....માંગ. શિષ્ય તો આ શબ્દોની રાહ જોઈને બેઠો હતો. તેણે કહ્યું–અંતરના ગુણદોષો જોવાની સિદ્ધિ આપો. આ શબ્દોથી ગુરૂદેવ તો ચમકયા. આ સિદ્ધિને આ શિષ્ય નહિ પચાવી શકે. શિષ્ય આવી માંગણી કરશે એવી તો ગુરૂને કલ્પના પણ ન હતી, પણ વચન આપ્યું છે એટલે આપ્યા વિના છૂટકો નથી. આમ વિચારીને ગુરૂએ એ સિદ્ધિ શિષ્યને આપી હવે આ શિષ્યે તો બધાના અંતર તપાસવા માંડયા. સંસારી જીવોના અંતર તપાસતા બધાના અંતર દોષથી ભરેલા દેખાયા. પછી સંતોના અંતર તપાસ્યા. તો એ પણ દોષથી ભરેલા દેખાયા. અરે, જે ગુરૂએ આ સિદ્ધિ આપી તેમના ઉપકારને નહિ જોતાં તેમના અંતરની તપાસ કરી તો શું જોયું ? તેના મનમાં થયું કે અહો ! જે ગુરૂ છે, અનેક લોકોના વંદનીય, પૂજનીય છે તેમનામાં પણ આટલા બધા દોષો ?

દોષોથી ભરેલા આવા ગુરૂની સેવા કરવાથી શું થાય ? સેવા તો ગુણની કરવી જોઈએ. શિષ્યે ગુરૂના ગુણ ન જોયા ને દોષો જોયા. જેમનો અનંત ઉપકાર છે એવા ગુરૂના ગુણ તરફ શિષ્યની દૃષ્ટિ હોય, આ શિષ્ય તો ગુરૂને કહ્યા વિના તેમને છોડીને ત્યાંથી નીકળી ગયો.

જે શિષ્ય પહેલા ગુરૂની ભક્તિ કરતો હતો, જેને પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું તે ગુરૂને હવે છોડી દીધા. તેનું શું કારણ ? પરદોષદર્શન. ગુરૂના દોષો જોયા પણ પોતાના દોષો ન જોયા. એક વખત રસ્તામાં ગુરૂને તે શિષ્યનો ભેટો થયો. ગુરૂએ તેને કહ્યા વિના ચાલ્યા જવાનું કારણ પૂછયું. શિષ્યે સત્ય વાત કહી દીધી. પછી ગુરુએ તેને 'જરા આ બાજુ જો' એમ કહી એના અંતરના દોષો એને બતાવ્યા. પોતાનાં અંતરના દોષો જોઈને એ તો આભો બની ગયો. અહો ! મારા અંતરમાં આટલા બધા દોષો પડયા છે ? હવે તું તારા અને મારા દોષોની સરખામણી કર. ગુરૂના કહ્યા પ્રમાણે શિષ્યે કર્યું તો પોતાના દોષો મેરૂ જેટલા લાગ્યા અને ગુરૂના દોષો અણુ જેટલા પણ ન લાગ્યા. અરરર....મેં કેવી મોટી ભૂલ કરી. ગુરૂકૃપાથી મળેલી સિદ્ધિથી મેં બધાના અંતર જોયા પણ મારું અંતર ન જોયું. ગુરુએ મારું અંતર બતાવીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. હું આ સિદ્ધિને લાયક નથી. આમ વિચારીને તેણે તે સિદ્ધિ ગુરૂને પાછી સોંપી દીધી. આ ન્યાયથી એ સમજવાનું છે કે જ્યાં સુધી આપણે સ્વદોષ તરફ દૃષ્ટિ નહિ કરીએ ત્યાં સુધી આપણને આપણી જાત સારી દેખાશે ને બીજા બરાબ દેખાશે. જો શિષ્યે પોતાના દોષો જોયા તો ગુરૂ બરાબ ન લાગ્યા પણ પોતાનો આત્મા જ બરાબ દેખાયો, તેમ આપણે જો આપણા દોષો જોઈ શું તો બીજા સારા ગુણવાન દેખાશે. જ્યાં સુધી હું ઘણા દોષોથી ભરેલો છું એમ નહિ લાગે ત્યાં સુધી આપણામાં ગુણો આવશે નહિ. જો ગુણો મેળવવા હોય તો સ્વદોષો જોવાનો અભ્યાસ કરવો જોઈએ. પરદોષ જોવાનો જેટલો રસ છે તેટલો સ્વદોષો જોવામાં આવે તો ગુણોને આવતા વાર નહિ લાગે. એક શ્લોકમાં કહ્યું છે કે

यथा निपुणः सम्यक्, परदोष क्षणे रत : ।
तथा चन्निपुणेः स्वेषु को न मुच्येत् बन्धनात् ॥

જીવ પરના દોષો જોવામાં જેટલો હોંશિયાર અને મશગુલ છે તેટલો હોંશિયાર અને મશગુલ પોતાના દોષો જોવામાં બને તો કર્મબંધનમાંથી કોણ મુક્ત ન થાય ? સ્વદોષ દેખાય કયારે ? અહંકાર તૂટે ત્યારે. અહંકાર એક જ શત્રુ છે એવું નહિ પણ ક્રોધ માન માયા, લોભ બધા આત્માના શત્રુઓ છે. કોઈ વાર ક્રોધની આગેવાની હોય, તો કોઈ વાર માનની, તો કોઈ વાર લોભની આગેવાની હોય છે. આગેવાની એકની હોય પણ તે સાથે બીજાને લઈ આવે છે.

લોભ હોય ત્યાં ક્રોધ આવે, માન આવે, બધી કષાયો આવશે. લોભી માણસને ત્યાં થોડું પણ નુકશાન થાય તો તેને તરત ક્રોધ આવી જશે. સર્વ ગુણનો નાશ કરનાર

લોભ છે. અતિ લોભના કારણે કંઈક જીવોએ દુર્ગતિના દ્વાર ખખડાવ્યા છે. મમ્મણ શેઠ, સુભૂમ ચક્રવર્તીના મનમાં એટલો વિચાર આવ્યો હોત કે પાપના પૂંજ એકઠા કરી હું ગમે તેટલું મેળવીશ તો પણ જ્યારે મૃત્યુ આવશે ત્યારે પોતાના ધન, માલમિલ્કત, કુટુંબ પરિવાર આદિને ન છોડવું હોય તો પણ ફરજિયાત છોડીને જવું પડશે. ત્યારે એક પાઈ જેટલું પણ સાથે આવતું નથી.–પોતે કરેલા શુભાશુભ કર્મો જીવની સાથે આવે છે અને તે જ્યાં ઉત્પન્ન થાય ત્યાં તે સંસ્કારોનો પ્રભાવ કામ કરતો હોય છે. સંપત્તિ ખરાબ છે એવું નથી પણ એના પ્રત્યેની જે મમતા, આસક્તિ, મૂર્છા છે તે જીવને દુર્ગતિમાં લઇ જાય છે. "मुच्छा परिग्गहो वुत्तो" જ્ઞાનીએ મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. જ્યાં આસક્તિ છે ત્યાં કર્મબંધન છે. આ સંપત્તિનો રાગ છૂટે તો એનાથી કેટલા પરોપકારના કાર્યો થઈ શકે છે, ગરીબોના આંસુ લૂછી શકાય છે. અનેક રોગીઓને નિરોગી બનાવી શકાય છે અને અનેક અભણોને જ્ઞાનચક્ષુ આપી શકાય છે પણ તેના પ્રત્યેની મૂર્છા ગઈ નથી તો એ લોભી પોતાના સુખ માટે એક પાઈ વાપરી શકતો નથી પછી બીજા પરોપકારના અર્થે તો વાપરવાની વાત જ ક્યાં !

જૂના જમાનાના લાખોપતિ અને અત્યારના કરોડપતિ એક શેઠ હતા. તેમને પોતાની પત્ની અને ચાર ચાર પુત્રો છે. લક્ષ્મીદેવીની કૃપા તેમના પર અજબ ઉતરી હતી. આ શેઠ કોઈ દિવસ ઉપાશ્રયે આવે નહિ. તેમની પત્ની, પુત્રો બધા ઘણું સમજાવે. આપણા પુણ્યોદયે અઢળક લક્ષ્મી મળી છે તો આપ તેનો કાંઈક તો સદુપયોગ કરો, કંઈક દાન પુણ્ય કરો. પૂર્વભવમાં દાન–પુણ્ય કર્યા હશે તો આ ભવમાં મળ્યું છે. હવે આ ભવમાં કાંઈ કરશો નહિ તો પછીના ભવમાં શું મળશે ?

अणागयमपस्संता, पच्चुपन्न गवेसगा ।
ते पच्छा परितप्पंति, खीणे आउम्मि जोव्वणे ॥ સૂય.અ.૩ઉ.૪ગા.૧૪.

જે ભવિષ્યકાળમાં ઉત્પન્ન થવાના દુઃખોને નહિ જોતાં, જાણતાં, વર્તમાનકાળના સુખો પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં રહે છે તેને યૌવન અને આયુષ્ય ક્ષીણ થતાં પશ્ચાત્તાપ કરવો પડે છે અને કહે છે કે મનુષ્ય જન્મ પામી મેં શુભ અનુષ્ઠાનો કર્યા નહિ.

શેઠને બધા સમજાવે છે પણ શેઠના હૈયે આ વાત ઉતરતી નથી. તેને મન તો "પૈસો એ મારો પરમેશ્વર અને પૈસો મારો પ્રાણ." શેઠાણીને બધાએ ખૂબ કહ્યું એટલે એક દિવસ ઉપાશ્રયે આવ્યા. શેઠનું નામ હતું કરમચંદ શેઠ. નામ તેવા ગુણ. કરમ કર્યા કરે પણ ધર્મ કરવો ગમે નહિ. શેઠ ઉપાશ્રયે ગયા તે દિવસે સંઘના માણસો ટીપ કરવા ઊભા થયા. આ લોભી શેઠના મનમાં થયું કે હાય ! આજે હું અહીં ક્યાં આવ્યો ? જો લોભ સંજ્ઞાનું જોર ન હોત તો મનમાં એમ વિચારત કે હું આજે આવ્યો હતો એક લાભ લેવા અને મને બે લાભ મળી જશે. મારો પરિગ્રહનો મોહ છૂટશે. જો આ લોકો ઊભા થયા ન હોત તો મને સંઘના કાર્યોમાં પૈસા વાપરવાનો લાભ ક્યાંથી મળત !

એ એવો અર્થ કરશે ત્યારે લોભી માણસ એમ કહે કે આજે હું ક્યાં આવી ચઢ્યો ! આ કરમચંદ શેઠ તો ખૂબ લોભી. અરે, એટલા કંજુસ કે તેનો પરિવાર પણ ત્રાસી જાય. તે ખાય નહિ ને બીજાને ખાવા દે નહિ. બધા તે ઘરમાંથી બહાર જાય તેની રાહ જુએ. તે બહાર જાય તો સુખે ખવાય. આવા જીવો ઘરમાં પણ પોતાનું સ્થાન જમાવી શકતા નથી.

આ શેઠ લોભી તો કેવા લોભી ! સાંજે બાળકોને કહે કે આજે સાંજે તમે નહિ જમો તો હું તમને બધાને એકેક રૂપિયો આપીશ. બીજે દિવસે કહે છોકરાઓ ! મેં તમને રૂપિયો આપ્યો હતો તો મને તે આપો ને ! આજે દૂધ સાથે ખાવા માટે ગાંઠીયા લઈ આવું. એમ કહીને રૂપિયો પાછો લઈ લે. જે પોતાના પરિવારને સુખે ખાવા ન દે તે બીજાને તો શું આપે ? આવા કંજુસ જીવોને તરવાની કોઇ બારી નથી. ચાર કષાયમાં લોભ બૂરામાં બૂરો શત્રુ છે. લોભ શબ્દને ઉલટાવીએ તો શું થાય ? ભલો. જો લોભને છોડે તો તેનું જીવન ભલું-સારું બની શકે. આ શેઠે સંતનો ઉપદેશ સાંભળ્યો; પણ અસર કોને થાય ? શેઠ તો મનમાં વિચારે કે સંતને તો બોલવું છે પણ તેમને શી ખબર કે પૈસા કેવી રીતે મેળવાય છે ? આખો દિવસ મહેનત કરીને મરી જાઉં ત્યારે લક્ષ્મીના દર્શન થાય છે. ઠીક છે તે તો છોડીને નીકળી ગયા, પણ અમે તો હજુ સંસારી છીએ એટલે ડગલે ને પગલે પૈસાની જરૂર પડે. પૈસા વિના એક પગલું આગળ ભરાય નહિ. આજે એક વાર આપું તો સંઘવાળા ફરીવાર મારા ઘેર લેવા આવે માટે ગમે આપવું નથી. એક પણ પૈસો ટીપમાં લખાવ્યો નહિ ને શેઠ ઘેર ગયા.

વગર પૈસે ગુણ ગવરાવતો કરમચંદ શેઠ : એક દિવસ કરમચંદ શેઠ પોતાની દુકાન પર બેઠા હતા. ત્યાં એક ગઢવી આવ્યો. ગઢવી એટલે ચારણ. તે પાંચ છ શ્લોક બોલ્યો. જેમાં શેઠની ભારોભાર પ્રશંસા કરી હતી. પોતાની પ્રશંસા સાંભળવી કોને ન ગમે ? શેઠ તો ખૂબ ખુશી થઈ ગયા. તે તો ખૂબ ફુલાયા. ગઢવી તો માને કે હમણાં શેઠ મને કંઈક આપશે, મને રાજી કરશે પણ શેઠે કંઈ આપ્યું નહિ એટલે ગઢવી કહે છે શેઠ સાહેબ ! આપ મારા શ્લોકની બદલીમાં મને કંઈક તો આપો. શેઠ કહે–ભાઈ ! તું કાલે આવજે. હું તને કાલે રાજી કરીશ. ગઢવી તો બીજે દિવસે આવ્યો. તેણે તો તેની પ્રશસ્તિમાં શેઠની ખૂબ પ્રશંસા કરી. શેઠના ખૂબ ગુણ ગાયા. જીવ ધન માટે કેવું કરે છે ! અછતીને છતી ઉપમા આપે છે. શેઠ જરાય ઉદાર નથી છતાં ગીત ગાયા કે શેઠ ખૂબ ઉદાર છે. શેઠ ઉદાર નહિ હોવા છતાં શેઠને ઉદાર ચીતર્યા. બીજે દિવસે પણ શેઠે કંઈ આપ્યું નહિ. તેને કહ્યું કાલે આવજે કાલે આવજે, કાલે આવજે કહીને કાઢી મૂકે. આ રીતે આઠ દશ આંટા ખવડાવ્યા એટલે ગઢવી તો ચીઢાઈ ગયો. શેઠ ! તમારે દેવું છે કે નહિ ? મને આંટા શા માટે ખવડાવો છો ? શેઠે ગુસ્સે થઈને કહ્યું કે હું દેવાનો નથી. મેં તને કયાં કહ્યું હતું કે તું મારા ગુણ ગા. હું

તને નથી આપવાનો. ચાલ્યો જા અહીંથી. જો આપવું ન હતું તો આંટા શા માટે ખવડાવ્યા? પહેલેથી ના પાડવી હતી ને! શેઠ કહે–શું કાંઈ મારી પાસે તારું લેણું છે તે આમ રૂઆબ કરે છે? આ તો મારી મરજીની વાત છે. ગમે તેટલા આંટા ખવડાવું, તારે લેવાની ગરજ હોય તો આંટા આવા પડે. સમજ્યો ને!

શેઠ જરા વિચારીને બોલો. હું જેવો તેવો રસ્તે રખડતો ભિખારી નથી કે તમે જેમ તેમ બોલો છો. કોઈને ખુશ કરી બક્ષીસ લેવી એ તો અમારો ધંધો છે. મેં પ્રશસ્તિ ગાઈને તમને પ્રસન્ન કર્યા. તમે આપવાની હા પાડી છે એટલે હું લેવા આવ્યો છું. મેં તને હા પાડી એટલે આટલી દાદાગીરી કરે છે? મારે તારી કોઈ વાત સાંભળવી નથી. ચાલ્યો જા અહીંથી. ગઢવી તો ચારણની જાત. તેણે કહ્યું–હું પૈસા લીધા વિના નહિ છોડું. તમારે આપવા પડશે. આપ સમજી જાવ. શેઠ કહે–તારે જે થાય તે કરજે પણ હું તને પૈસા નહિ આપું. તો હવે હું તમને બરાબર બતાવી દઈશ. શેઠ માને છે કે આ મને શું બતાવવાનો છે? એટલે કહે બતાવજે.

શેઠને ગઢવીએ આપેલી ધમકી : ગઢવી તો દાંત કચકચાવતો, હોઠ ભીંસતો ચાલ્યો ગયો. મનમાં થયું કે કોઇ પણ રીતે શેઠનો પાવર તો ઉતારવો, પણ તે દૈવી શક્તિની મદદ વિના થઈ શકે નહિ, માટે દેવીની સાધના કરું. આ શેઠના મનમાં ફાંકો છે કે મારી પાસે સત્તા, સંપત્તિ અને કુટુંબનું બળ છે એટલે ગઢવી મને શું બતાવી શકવાનો છે? આમ ફાંકો રાખીને ફરે છે. આ ગઢવીના મનમાં એ પાવર છે કે હવે હું તેને બરાબર બતાવી દઉં એટલે તે તેની દેવીની પાસે જઇને બેસી ગયો. દેવીને કહે છે હું તારી પાસે એક વરદાન માંગું છું. જો તું નહિ આપે તો હું અન્નજળનો ત્યાગ કરીશ. તારા ચરણમાં મારો દેહ પાડીશ. તેને એક દિવસ, બે દિવસ, એમ ૮ દિવસના ચૌવિહારા ઉપવાસ થયા. અજ્ઞાનપણે જીવ કેટલા કષ્ટ વેઠે છે! એકતાર બની સ્મરણ, ચિંતન કરતાં ગઢવીના મનનું આંદોલન દેવીને પહોંચી ગયું. નવમે દિવસે સવારે દેવીએ તેને સાક્ષાત્ દર્શન આપ્યા અને કહ્યું–કે શું છે બેટા! મારી સામે આઠ દિવસથી સત્યાગ્રહ કરીને કેમ બેઠો છે? હું તારા પર પ્રસન્ન થઈ છું. માંગ માંગ જે જોઈએ તે આપું. હું આપની પાસે એક માંગણી કરું છું. હું ધારું તે વ્યક્તિનું રૂપ લઈ શકું. એવી રૂપ પરિવર્તનની વિદ્યા મને આપો તેમજ તે વ્યક્તિનું પૂર્વજીવન અને તેના વિચારોની જાણકારી પણ મને મળી જાય એવી વિદ્યા આપો. દેવી તથાસ્તુ કહીને અદૃશ્ય થઈ ગઈ, પછી ગઢવી પોતાના ઘેર ગયો અને પારણું કર્યું.

ગઢવીએ કરેલી ચતુરાઇ : આ ગઢવી ગામમાં ફરવા લાગ્યો. શેઠને ફસાવવા માટે લાગ જોઈ રહ્યો છે. ફરતા ફરતા ખબર પડી કે શેઠ ઘોડાગાડી લઈ મુનીમને સાથે લઈને ઉઘરાણી કરવા માટે ગામડામાં ગયા છે. તે ત્રણ ચાર દિવસ સુધી આવવાના નથી એટલે ગઢવીએ રૂપ પરિવર્તનની વિદ્યાથી આબેહૂબ શેઠનું રૂપ લીધું. નામ, રૂપ, ઘાટ, પહેરવેશ બધું તે શેઠના જેવું. શેઠનું રૂપ લઈને તે કરમચંદ શેઠના ઘેર ગયો.

છોકરાઓ કહે–બાપુજી તમે ગામડે ઉઘરાણી કરવા ગયા હતા અને બે કલાકમાં કેમ પાછા આવ્યા ? દીકરા ! હું ઉઘરાણી જતો હતો. હજુ ગામથી એક બે માઈલ દૂર ગયો. ઝાડ નીચે નાસ્તા પાણી કરવા બેઠા. ત્યાં એક મહાન સંત નીકળ્યા. કોણ જાણે સંત મને ઓળખી ગયા હોય તેમ મને ટકોર કરી. સંત તો એક દિવ્ય વિભૂતિ હતા. તેમના મુખ પર ચારિત્રના તેજ ઝળહળી રહ્યા હતા. તેમની આંખોમાંથી તો કરૂણા વરસતી હતી. મેં તેમને વંદન કર્યા. તેમણે મને કહ્યું–શેઠ ! આપ સંપત્તિમાં મસ્ત બની ગયા છો, એક પૈસો પણ દાનમાં વાપરતા નથી. આંગણે આવેલાને કોઈ દિવસ આપતા નથી, પણ હું આપને પૂછુ છું કે તમે જ્યારે અહીંથી જશો ત્યારે તમારી સાથે શું આવશે ? એક પાઈ પણ તમારી સાથે આવવાની નથી. કદાચ દેવ નીચે ઉતરે તો પણ હું પલળું નહિ તેવો હતો પણ મારું હૃદય પરિવર્તન થવાનું હશે એટલે મને મીઠી ભાષામાં એવી સુંદર ટકોર કરી.

આવ્યો ખાલી જાશે ખાલી, સાથે કંઇએ આવે નહિ,
એ અભાગી જોને જાગી, તારું ધન રહેશે અહીં.... આવ્યો ખાલી...

એ અભાગી શેઠ ! તમે એકલા આવ્યા છો ને એકલા જવાના છો. ધન, માલમિલ્કત બધું અહીં રહી જશે માટે એની મમતા છોડો. અરે, આ શરીરની પણ મમતા રાખવા જેવી નથી. શું સંતની અમૃતધારા ! એનું પાન કરતાં મારા જીવનનું પરિવર્તન થઈ ગયું. આજ સુધીની મારી જિંદગી મેં વ્યર્થ ગુમાવી, હવે મને ખૂબ પસ્તાવો થાય છે. આ લક્ષ્મીનો કે જિંદગીનો મને કોઈ ભરોસો નથી. મનમાં એવી લગની લાગી કે હવે ઉઘરાણી જવું નથી. અહીંથી સીધો જાઉં અને લક્ષ્મીનો સદુપયોગ કરવા માંડું. આવો નિશ્ચય કરી મુનિમજીને મેં ઉઘરાણીએ મોકલ્યા અને હું ઘેર પાછો આવ્યો. આજ સુધી મેં તમને બધાને ખૂબ દુઃખ આપ્યું છે. તમને કોઇને સારું ખાવા પીવા દીધું નથી. સારા કપડા પણ પહેરવા દીધા નથી. બધાયમાં તમને મેં અંતરાય આપી છે તે માટે આપ બધાની હું ખૂબ ક્ષમા માંગુ છું.

શેઠની વાત સાંભળીને પુત્રોને ખૂબ આનંદ થયો. પાછલી ઉંમરે પણ પિતાજીની દૃષ્ટિ સુધરી ખરી. ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે પિતાજીનું પરિવર્તન થયું. પિતાજી ! આપ સન્માર્ગે લક્ષ્મી વાપરો. એમાં અમે ખૂબ રાજી છીએ. શેઠે પુત્રવધૂઓને બોલાવીને કહ્યું–વહુ બેટાઓ ! મેં તમને કોઈ દિવસ સુખે ખાવા દીધું નથી. કોઇ દિવસ સારા કપડા પણ પહેરવા દીધા નથી–પણ આજે મારા ભાગ્યોદયે મને મારા ઉદ્ધારક સંત મળી ગયા. મને તેમણે જીવનનું સાચું ભાન કરાવ્યું. મારા અજ્ઞાનના પડળ દૂર કર્યા. મારા જ્ઞાનચક્ષુ ખૂલી ગયા. આજ સુધી આપને મારા તરફથી જે દુઃખ થયું છે તે બદલ હું આપ સર્વેની ક્ષમા માંગુ છું. પિતાજી ! આપ તો અમારા વડીલ છો. આપને ક્ષમા માંગવાની ન હોય. બેટા ! હું ચારે વહુઓને દરેકને ૨૫ હજાર રૂા. આપું છું અને મારા દીકરાઓને બબ્બે લાખ આપું છું. છોકરાઓને ૫૦૦–૫૦૦ આપું છું અને ઘરના

તથા દુકાનના દરેક માણસોને એક એક હજાર રૂા. આપું છું. વહુ દીકરાઓ બધા કહેવા લાગ્યા કે સારું થયું કે ગુરૂ ભેટી ગયા તો પિતાજીનું જીવન સુધરી ગયું અને આપણને આટલા રૂા. મળ્યા. નોકરો કહેવા લાગ્યા કે આપણા શેઠ તો ભગવાન બની ગયા.

શેઠની ઉદારતાથી થયેલી પ્રશંસા : શેઠે જ્યાં જ્યાં પૈસા મૂકયા હતા ત્યાંથી બધા મંગાવી લીધા. ગામમાં જે જે સંસ્થાઓ ચાલતી હતી તેમાં અમુક રકમ આપી. જેને કોઈ પાળનાર ન હોય એવા અનાથ, અપંગોની જે સંસ્થાઓ ચાલતી હતી તેમાં પૈસા આપ્યા. ગામમાં સાદ પડાવ્યો કે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને નાણાંકીય મદદ જોઈતી હોય તે શેઠ પાસે આવીને રજૂ કરે. શેઠ તેને બનતી સહાય આપશે. બીજે દિવસે અનેક દુઃખી અને સંસ્થાના સંચાલકો શેઠના ઘેર આવવા લાગ્યા. બધાયને જરૂર જેટલા પૈસા આપીને ખૂબ સંતોષ્યા. શેઠના આવા અદ્‌ભૂત પરિવર્તનથી બધાને ખૂબ આશ્ચર્ય થયું. આ વાત વાયુવેગે બધે ફેલાઈ ગઈ. ખબર પડતા અનેક દીનદુઃખીઓના ટોળા ઉમટી પડયા. કોઈને ધન આપ્યું. જેને ગાય, ભેંસની જરૂર હતી તેને તે આપ્યું. આ રીતે ત્રણ ચાર દિવસમાં શેઠે એક કરોડની મિલકતમાંથી ૮૦ ટકા રકમ વાપરી નાંખી. ૨૦ ટકા બાકી રહી. ચોરે ને ચૌટે હવે તો શેઠના ખૂબ ગુણ ગવાવા લાગ્યા. કયાં પહેલાના શેઠ ને કયાં આજના શેઠ ! ગુરૂ ભગવંતના સમાગમે કેટલું પરિવર્તન થઈ ગયું ? જ્યાં જુઓ ત્યાં શેઠના ગુણો ગવાય છે. જે ચારણો ભાટો આવ્યા તે પ્રસન્ન થઈને ગામેગામ કરમચંદની બિરદાવલી ગાય છે.

આ બાજુ શેઠ ઉઘરાણી કરીને પાછા આવ્યા. ગામના પાદરમાં એક ઘરાકની દુકાન હતી. શેઠના મનમાં થયું કે આ ઘરાકને ત્યાંથી ઉઘરાણી કરતો જાઉં. શેઠ તેની દુકાને બેઠા છે. ઉઘરાણીનું કામ ચાલે છે. હિસાબ કિતાબ મેળવાય છે. બરાબર હિસાબ મળતો નથી. ત્યાં એક માણસ આવ્યો. આ દુકાનદાર પૂછે છે ભાઈ ! કેમ હમણાં દેખાતો નહોતો ? તું કયાં ગયો હતો ? ભાઈ ! આ નગરમાં કરમચંદ શેઠની શું ઉદારતા છે ! જાણે કર્ણનો અવતાર ન હોય ! તેમણે ગરીબોને તો ન્યાલ કરી દીધા. હું ત્યાં ગયો હતો. મને પણ તેમણે ૫૦૦ રૂા. આપ્યા. શું તેમના ગુણ ગાઉં ! આ શેઠ તો નામ સાંભળતાં ચમકયા. ઘડીભર થયું કે ગામમાં બીજા કરમચંદ ન હોય ! પણ પછી પૂછપરછ કરી. તેમના પિતાનું નામ શું ? તે તમે જાણો છો ? હા. તે માણેકચંદ શેઠનો દીકરો. તેમને દીકરા કેટલા છે ? ચાર. તેમની દુકાન કયાં છે ? માણેકચોકમાં. શેઠ સમજી ગયા કે આ બધું તો મને મળતું આવે છે, પણ હું તો અહીં આવ્યો છું; ત્યાં બીજો કોણ કરમચંદ નીકળ્યો કે મારું ઉઠમણું કરી નાંખ્યું. ભાઈ ! તે શેઠ જાડા પાતળા દેખાવમાં કેવા છે ? આબેહુબ તમારા જેવા. તેમનું બોલવું, ચાલવું બધું કોપી ટુ કોપી છે.

બે કરમચંદમાં સાચો કયો : આ વાત સાંભળીને શેઠના હાજા ગગડી ગયા. હિસાબ ચોખ્ખો કરવા ન રહ્યા અને ઉતાવળા ઉતાવળા દુકાને આવ્યા. ગામમાં દાખલ

થતાં જ શેઠને સમાચાર મળી ગયા હતા કે કરમચંદે પોતાની મોટા ભાગની મૂડી દાનમાં વાપરી નાંખી છે. શેઠ દુકાને ગયા ત્યાં તો પોતાના જેવો માણસ બેઠેલો જોયો. શેઠના મોટા દીકરાનું નામ ભૂપેન્દ્ર હતું. શેઠે દૂરથી બૂમ પાડી અરે ભૂપા ! આ દુકાનમાં તારો બાપ કોણ આવી ગયો છે ? નકલી કરમચંદના રૂપમાં બેઠેલો ગઢવી સમજી ગયો કે શેઠ આવી ગયા છે એટલે મોટા દીકરા ભૂપેન્દ્રને કહે છે, જો આ માણસ અહીં આવીને શું બોલે છે ? મારા દીકરાને એનો દીકરો કહેનાર કોણ છે ? ધક્કો મારીને કાઢી મૂક. (હસાહસ.) છોકરો પણ મૂંઝવણમાં પડી ગયો. આ બંને એક સરખા છે. આમાં મારો સાચો બાપ કોણ સમજવો ? અસલી શેઠ કહે દીકરા ! તમે આ શું કર્યું ? કોને પૂછીને મૂડી બધી વાપરી નાંખી ? દીકરા કહે–તમે કોણ છો ? શું પૂછે છે ? હું તારો બાપ. ઘરમાં બેઠો તે મારો બાપ કે આ બાપ ? છોકરો વિચાર કરે છે કે આ કોઈ બનાવટી જાદુગર બાપ બનીને આવ્યો છે. આપ મારા બાપની સાત પેઢીના નામ બોલો. અસલી ને નકલી બંને બાપ સાત પેઢીના નામ તો બરાબર બોલ્યા. ગઢવી પાસે દૈવી શક્તિ હતી એટલે એને બધું આવડે. છોકરાના મનમાં થયું કે દુકાને બેઠો છે તે મારો સાચો બાપ છે અને આ કોઈ બનાવટી રૂપ લઈને આવ્યો લાગે છે માટે એને બહાર કાઢો. એટલે છોકરા કહે મારો સાચો બાપ તો દુકાને બેઠો છે તમે મારા સાચા બાપ નથી. આપ ચાલ્યા જાવ અહીંથી નહિતર ધક્કા મારીને બહાર કાઢીશ. જુઓ અસલી બાપની દશા કેવી થઈ !

વાતવાતમાં નકલી અને અસલી કરમચંદ ઝઘડી પડ્યા. ઝઘડતા સાચો કરમચંદ ઘડપણના કારણે શક્તિહીન હોવાથી પડી ગયો. નકલી કરમચંદ તો ખૂબ સશક્ત હતો. સાચો બાપ કોણ છે તે પરીક્ષા કરવા પ્રશ્નો પૂછ્યા તો જેટલા જવાબો શેઠ આપે એટલા જ ગઢવી આપે. જરાય ફરક પડે નહિ. દીકરા-દીકરીઓના નામ, વેવાઈના નામ શેઠ બોલે એટલા ગઢવી બોલે. આથી નકલી બાપને બાપ માન્યો અને અસલી બાપને બહાર કાઢવા તૈયાર થયા. હવે કરવું શું ? ખૂબ મૂંઝવણનો પ્રશ્ન ઊભો થયો. સાચો બાપ તો બહાર ઊભો છે. છેવટે આ વાત રાજા પાસે ગઈ. પ્રધાનજી ઘેર આવ્યા બંનેને બધી પૂછપરછ કરી. બંનેના જવાબો સરખા આવ્યા, તેથી પ્રધાનને થયું કે આમાં કોઈ ભેદ નક્કી છે; પણ પારખવો કેવી રીતે ? એક વાત નક્કી છે કે એક બાપ સાચો છે અને એક ખોટો છે. એકમાં કોઈ દૈવીશક્તિ હોવી જોઈએ કે જેથી શેઠના બરાબર રૂપ, રંગ, આકૃતિ બનાવી શકે અને બધા જવાબો પણ આપી શકે. આનો ચુકાદો લાવવો કેવી રીતે ?

નકલી અસલી શેઠની પરીક્ષા : છેવટે બુદ્ધિશાળી પ્રધાનને એક કિમીયો જડી આવ્યો. તેમણે કહ્યું કે હે શેઠીયાઓ ! આ એક આશ્ચર્યકારી વાત બની છે. તમે બંને બરાબર દરેક રીતે ટીપટોપ એક સરખા દેખાવ છો. હવે આમાં અસલી કોણ અને નકલી કોણ છે તે મારે જાણવું છે. તે માટે મેં એક રસ્તો શોધ્યો છે. એક સાંકડા

મોઢાવાળી લાંબી ગારી મંગાવી છે. આ ગારી પર ઢાંકણું છે તે હું ખોલી દઉં છું. હવે જે સાચો કરમચંદ હશે તે આ ગારીમાં પ્રવેશ કરી બહાર નીકળી જશે. બોલો કોણ તૈયાર છો ? આટલું મોટું પુદ્‌ગલ સાંકડા મોઢાવાળી ગારીમાં જાય કેવી રીતે ? શેઠ તો ખૂબ ગભરાયા. આ કામ માનવશક્તિનું નહોતું. નકલી કરમચંદ તેમાંથી બહાર નીકળવા તૈયાર થયા. તેની પાસે દૈવીશક્તિ હતી. રૂપપરિવર્તનની શક્તિ હતી તેથી નાનું સૂક્ષ્મ રૂપ બનાવી દીધું અને ગારીમાં પ્રવેશીને બહાર નીકળી ગયો. તરત પ્રધાનજીએ તેમને પકડયા. હરામખોર ! તું જ નકલી બનાવટી છે. તેં દૈવી શક્તિથી આ બનાવટી રૂપ લીધું છે. આ ગારીમાંથી જેની પાસે દૈવીશક્તિ હોય તે બહાર નીકળી શકે. બીજા કોઇનું આ કામ નથી. તું સત્ય બોલી જા. તું કોણ છે ? નહિતર તારો ઘાટ બરાબર ઘડાઈ જશે.

પ્રગટ થયેલું સત્ય : પ્રધાનજીએ બધા માણસોને કહ્યું કે હે સજ્જનો ! જે ગારીમાં પ્રવેશી શકયો નથી તે સાચો કરમચંદ છે અને જે ગારીમાંથી નીકળી શકયો તે ખોટો નકલી કરમચંદ છે. તે કોઇ દેવની સહાયથી આ કામ કરી શકયો છે. પ્રધાને ખોટા શેઠને બે તમાચા ચઢાવી દીધા. બોલ, જે વાત હોય તે સત્ય કહી દે અને તારું સાચું રૂપ પ્રગટ કર. નકલી શેઠે કહ્યું–પ્રધાનજી ! હું ગઢવી છું. તેણે પોતાનું અસલ રૂપ ધારણ કર્યું, પછી પ્રધાનના પગમાં પડી ગયો. બાપુ ! મને માફ કરો. પ્રધાન કહે તારે આવું કરવાનું કારણ શું ? આપ મારી વાત સાંભળો.

એક દિવસ હું આ શેઠની દુકાને ગયો. મેં સારા શ્લોકમાં શેઠની ખૂબ પ્રશંસા કરી. તેમના ખૂબ ગુણ ગાયા; પછી મેં શેઠને કહ્યું–આપ મને કંઇક બક્ષીસ આપો, પણ આ શેઠ લોભી ખૂબ. કોઈ દિવસ ભિખારીને એક પૈસો ન આપે તે મને કેવી રીતે આપે ? મને કહે–જા. તને કાલે આપીશ. બીજે દિવસે આવ્યો તો પણ એ જ જવાબ. મને અઠવાડિયા સુધી ધક્કા અવડાવ્યા, પણ કાંઇ આપ્યું નહિ, છેવટે તેણે સ્પષ્ટ શબ્દોમાં આપવાની ના પાડી ત્યારે મેં તેમને કહ્યું–તમારે આપવું જ ન હતું તો મને આંટા શા માટે ખવડાવ્યા. ત્યારે કહ્યું–તું ચાલ્યો જા અહીંથી. તારાથી થાય તે કરી લેજે. મેં કહ્યું–તમે કહો છો કે થાય તે કરી લેજે, તો હવે હું તમને બરાબર બતાવી દઈશ. શેઠ કહે–બતાવી દેજે. શેઠના ઘરમાં અઢળક લક્ષ્મી હતી. તે તિજોરીમાં પડી પડી અકળાતી હતી. મેં તેને મુક્ત કરી છે. ગામના ગરીબ, અનાથ, અપંગોને અને ઉપયોગી સંસ્થાઓમાં તે મેં વહેંચી દીધી છે. ખૂબ ધમાંદો કર્યો છે પણ બધું શેઠના નામથી કર્યું છે. મેં મારું નામ કયાંય આપ્યું નથી. મેં મારા માટે એક પાઇ પણ લીધી નથી. મને હવે તેમની દયા આવે છે. મારે તેમને ઘરબાર કાઢવા નથી.

ગઢવીના મુખેથી બધી વિગતવાર વાત સાંભળી પ્રધાનજી સમજી ગયા કે આમાં ગઢવીનો બીજો કોઈ સ્વાર્થ ન હતો. તેણે તો એક પાઈ પણ લીધી નથી, તેથી ગઢવીને છોડી મૂકયો. કરમચંદ શેઠની આંખ ઉઘડી ગઇ. મારી લક્ષ્મીનો ઉપયોગ હું કરીશ કે

બીજા કરશે તેની ખબર નથી. લક્ષ્મી ગમે તેટલી ભેગી કરીશ પણ કયારે દગો દઈને ચાલી જશે તે ખબર નથી માટે મળેલી લક્ષ્મીનો સદ્વ્યય કરવામાં સંપત્તિની સાર્થકતા છે. સંપત્તિનો જેટલો સદુપયોગ કરીશ તેટલી મારી સાચી સંપત્તિ છે. બાકી અહીંથી જતી વખતે એક દોકડો પણ સાથે આવવાનો નથી. આ ફટકો વાગતાં લોભી શેઠ ઉદાર બની ગયા.

આજે આપણે ત્યાં ૩૦-૩૦ દિવસથી તપના ઝૂલણે ઝૂલતા મહાન ઉગ્ર તપસ્વી સાધકો બા.બ્ર.પૂ. ત્રણેય સતીજીઓના તપ પરિપૂર્ણ થયા છે. તેમને આપણા લાખ લાખ વંદન. કોટીકોટી અભિનંદન. આપણા અંતરના અભિનંદન પાઠવીએ કે આ તપસાધકો તેમના જીવનમાં હજુ વિશેષ અને વિશિષ્ટ તપ કરે; અને એ તપ દ્વારા અનંત ભવરાશીનો ક્ષય કરી અનંતા શાશ્વત સુખને પામે. આજે સોનામાં સુગંધ ભળે તેમ બે દંપત્તિઓ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાના છે. આપ બધા આજે ઓછામાં ઓછા ૩૦ ઉપવાસ, ૩૦ આયંબીલ, એકાસણા, ચૌવિહાર આદિ પચ્ચકખાણ કરશો.

દ્વિ શ્રાવણ વદ ૫ને બુધવાર : વ્યાખ્યાન નં. ૬૦ : તા. ૪-૯-૮૫

અનંત ગુણોના સાગર, એવા વીતરાગ ભગવંતે જીવોના શ્રેય માટે, ઉત્થાન માટે જિનવાણી રૂપી નૌકા આ સંસાર સમુદ્રમાં તરતી મૂકી છે. દરિયો કે નદીને પાર થવા માટે જો નૌકાનો સહારો હોય તો સહીસલામત રીતે સામે પાર પહોંચી જાય છે તેમ જિનવાણી રૂપી નૌકાના સહારે આત્મા સંસાર સાગરને પાર પામી શકે છે. સંસાર સાગરને પાર થવા માટે રાગાદિ દોષોને દૂર કરવા પડે. રાગ-દ્વેષાદિ દોષો પરઘરમાં લઇ જાય છે. પરઘર એટલે પુદ્ગલનું સ્વરૂપ. કોઇના નવી ફેશનના દાગીના જોયા તો ત્યાં આત્મા બોલી ઉઠશે કે દાગીના કેવા સરસ છે ? આધુનિક ઢબનો બંગલો જોશે તો ત્યાં થશે કે બંગલો કેવો સરસ છે ! નવી કવોલીટીની નવી આકર્ષક ડીઝાઈનવાળી સાડી જોશે તો થશે કે સાડી કેવી સરસ છે. બંગલા, દાગીના, સાડી બધું શું છે ? પુદ્ગલ. પુદ્ગલના સ્વરૂપને સરસ કર્યું એ રાગ જીવને પરઘરમાં લઈ ગયો. આત્માનું સ્વરૂપ એ સ્વઘર. મારો આત્મા અનંત ગુણનો સ્વામી, અનંત શક્તિનો પુંજ, હું કેવો સરસ ! એવા ભાવ આવ્યા છે ? ના. અનંત કાળથી જીવ પરઘરમાં રખડતો રહ્યો, છતાં હજુ એને કંટાળો નથી આવતો કે પરઘરમાં કયાં સુધી મારે રખડવાનું ? હું મારા ઘરમાં કયારે આવીશ ? એ વિચાર નથી આવતો. રાગાદિ દોષોને દફનાવીએ તો સ્વઘરમાં અવાય.

જેમ કોઈ માબાપનો એક દીકરો હરામી હોય, કામધંધો કરતો ન હોય અને જુગાર રમતો હોય તો માતાપિતા શું કરે ? તેને ઘરમાં આવવા ન દે. ભલે તે બહાર ભટકતો ફરે તેમ રાગાદિ દોષ એ જુગાર છે. એ શુદ્ધ જ્ઞાન-દર્શન-ક્ષમા-નિર્લોભતા આદિને આત્માના સ્વઘરમાં આવવા ન દે. જુગારી છોકરાને સીધા રસ્તે લાવવા તેના પિતાએ તેને ઘણું સમજાવ્યો. દીકરા ! આવું આપણને ન શોભે. ઘણું સમજાવવા છતાં

છોકરો સમજ્યો નહિ ત્યારે છેવટે પિતાએ કહી દીધું કે તું હવે મારા ઘરમાં આવીશ નહિ. બહાર ભટકતો ફર. એ છોકરો બહાર ભટકયા કરે. એક વાર જુગારીઓના હાથે માર બાપો બેહાલ થઈ ગયો, છેવટે માબાપને બબર પડતાં તે પુત્રને ઘેર લઇ આવ્યા; પછી તે જુગાર રમવાનું ભૂલી ગયો. તે છોકરો તો સારો કે માર બાપો ને સુધર્યો અને પોતાના ઘેર આવ્યો પણ આપણે તો ! કર્મનો ઘણો માર બાપો છતાં સુધર્યા નહિ તેથી રાગાદિ જુગાર રમતા પરઘરમાં રખડી રહ્યા છીએ.

રાગાદિની આગ અનાદિથી આત્મામાં ધખી રહી છે. રાગે અનેક જીવોના જીવન રગદોળ્યા. તેની જીવનલીલામાં આગ લગાડી. રાગના ધખારામાં જીવ બળીને ખાખ થઈ જાય. હવામાં ઉડવાની તૈયારી હોય છતાં પોતાની સાંખ રાખવા લાખ પ્રયત્નો કરે. એને સત્ય કોણ સમજાવે ? આ સંસાર ધીકતી ધરા જેવો છે. આ સંસારમાં આજ સુધી જીવોએ મેળવ્યું શું ? સંસારની રસમસ્તીમાં મહાલવાનું. એ રસમસ્તીમાં એવો ખૂંચી ગયો છે કે ધર્મ તો એણે સાવ સસ્તા રમકડા જેવો માન્યો. એવા જીવોને કોણ સાચું સમજાવે કે દેવાનુપ્રિય ! સંસારના રસમાં તમે કસ વગરના બની ગયા છો છતાં આકાંક્ષાઓ કેમ ઓછી થતી નથી ? તૃષ્ણાના ઝંઝાવાત મચાવતાં સંસાર સમુદ્રને પેલે પાર પહોંચવા માટે ભાવોની ભરતી સાથે વૈરાગ્યના વહાણમાં જે બેસે છે એ સંસાર સાગરને પાર થઈ જાય છે.

આ સંસારને જ્ઞાની પુરૂષોએ "एगंतदुक्खे" એકાંત દુઃખમય કહ્યો છે. દેખાતા સગાં સ્નેહીઓ, પુત્ર, પત્ની, પરિવારનું તો કાંઇ કહેવા જેવું નથી. જ્યાં સુધી એ બધાનો સ્વાર્થ સરે છે ત્યાં સુધી તમારી સાથેનો મીઠો સંબંધ ચાલુ રહે. સ્વાર્થ બંધ થતાં સ્નેહના દરવાજા બંધ થઈ જવાના; માટે જ્ઞાનીઓએ સંસારને દુઃખમય કહ્યો છે. સુખની આશાઓ સેવતા જીવો અહીં ભૂલા પડે છે. જેને તે સુખના સાધનો માનીને સ્વીકાર કરે છે તેમાં એમને માટે દુઃખના દાવાનળમાં બળીને ખાખ થવા સિવાય બીજું કાંઇ નથી. જે પુત્રની પાછળ માતાપિતાએ પોતાની જાત નીચોવી નાંખી, પોતાની જિંદગી ન્યોછાવર કરી દીધી, જે પુત્રો માટે મનસુબાના મિનારા ચણ્યા હતા એ પુત્રે માતાપિતાને એવા દૂર કાઢ્યા કે રડવા સિવાય તેમનો કોઈ ઉપાય ન રહ્યો. જે ભાઇબેનના સુખ માટે ખૂબ પ્રયત્નો કર્યા એ જ ભાઈ બેન દગો દેનાર નીકળ્યા. જે પ્રાણ પ્યારી પત્ની ઉપર પ્રેમનો ધોધ વરસાવ્યો એ જ પત્ની પોતાના સ્વાર્થને પોષવા માટે પતિનું ગળું દબાવવા તૈયાર થઈ. કેવો વિચિત્ર સંસાર છે ! આ દુઃખમય ભયંકર વિચિત્રતાઓથી ભરેલા સંસારની ધીખતી ધરામાંથી આપણા આત્માને કયારે બચાવીશું ? આ વિચાર અંતરમાં સતત વસાવવાનો છે. સંસારના બિહામણા સ્વરૂપને સમજીને સંસાર પ્રત્યે વિરાગ પેદા કરવાનો છે. વિરાગના સુગંધી ઉપવનોમાં રમતા જીવોથી રાગના કાળોતરા નાગ દૂર ભાગે છે. સંસારનો ત્યાગ કર્યો પણ વૈરાગ્ય ન હોય તો ત્યાગ લાંબો સમય ટકી શકતો નથી. ત્યાગ ચણતર છે અને વૈરાગ્ય એ પાયો છે. પાયા વિનાના

મહેલમાં રહેનારની શી દશા થાય ? મહેલ પડે ને ભવોભવમાં ભટકવાનું, માટે ભવોની ભવાઇનો ખૂબ વિચાર કરી દુઃખરૂપ સંસારથી બચવા પુરૂષાર્થ કરવાની જરૂર છે. જો સંસારનું સાચું સ્વરૂપ સમજાઈ જાય તો પછી એમાં મહાલવાનું મન કયારે પણ નહિ થાય, પછી એને અહિંસા, સત્ય આદિ અપનાવવાનું મન થાય.

આનંદ ગાથાપતિએ સમજણપૂર્વક, ભગવાનની પાસે પહેલું અણુવ્રત અંગીકાર કર્યું. હવે બીજું અણુવ્રત સત્યનું આદરવા તૈયાર થયા. બીજા વ્રતમાં શું બતાવે છે ? "तयाणंतरं च णं थूलगं मुसावायं पच्चक्खाइ, जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि, न कारवेमि, मणसा, वयसा, कायसा।"

પહેલું વ્રત લીધા પછી આનંદ ગાથાપતિએ સ્થૂલ મૃષાવાદના પ્રત્યાખ્યાન કર્યા કે જાવજીવ સુધી બે કરણ અને ત્રણ યોગથી અર્થાત્ મન-વચન-કાયાથી સ્થૂલ મૃષાવાદ બોલીશ નહિ અને બીજા પાસે બોલાવીશ નહિ. તમારા અણુવ્રતમાં સર્વથા જૂઠું બોલવાના પચ્ચક્ખાણ નથી. મોટું જૂઠું બોલવાના પચ્ચક્ખાણ છે. તમે વ્રતો આદરતા નથી. વ્રતોથી ભાગતા ફરો છો પણ તમારા વ્રતમાં તો તમને કેટલી છૂટ આપી છે છતાં તમને હજુ મન થતું નથી. હજુ જીવનમાં પાપ ખૂંચ્યું નથી. આંખમાં કોઈ તણખલું કે નાની કણી પડે તો આંખમાં ખૂંચે છે તેમ જીવનમાં પાપ ખૂંચશે, પાપ ખટકશે ત્યારે આત્મા ભવભીરૂ, પાપભીરૂ બનશે. પાપભીરૂ બનેલો આત્મા વ્રતમાં આવવાનો છે, પછી કદાચ કોઈ કહે કે હાંસી, મજાક કે ભયથી જૂઠું બોલવામાં પાપ નથી લાગતું તો તમે તેની વાત માનવા તૈયાર નહિ થાવ કારણ કે જીવનમાં પાપ ખૂંચ્યું છે. બીજા વ્રતમાં મોટું જૂઠું બોલવાના પચ્ચક્ખાણ છે. આટલું પણ જીવનમાં આવી જાય તો આત્મા કેટલાય પાપોથી અટકશે.

જૈનદર્શને તો સત્યની ખૂબ પ્રશંસા કરી છે પણ અન્ય દર્શનમાં પણ કહ્યું છે કે "सच्चं खलु भगवं।" સત્ય એ ભગવાન છે. સત્ય એ પરમેશ્વર છે. સત્યનો હંમેશા જય થાય છે. આત્માને લોકપ્રિય, વિશ્વાસનીય અને અનેક ગુણોનું ભાજન બનાવનાર સૌથી મહત્ત્વનું કોઇ તત્ત્વ હોય તો તે છે સત્ય. આજે ઘણી જગ્યાએ દુકાનો પર બોર્ડ માર્યા હોય છે કે **"બધાને એક જ ભાવ"**. આ પ્રમાણે આચરણ થતું હોય છે ખરું ? જો એ પ્રમાણે વર્તન થતું હોય તો તો આનંદ, પણ બધાને એક ભાવ હોતા નથી. **"જેવા ઘરાક એવા ભાવ"** આ સૂત્ર આજે ઠેર ઠેર ચાલી રહ્યું છે. વાતો મોટી મોટી સત્યની કરવી છે પણ આચરણ કરવું નથી. જ્યાં સુધી આચરણ નથી ત્યાં સુધી શાંતિ મળવાની નથી. આચારાંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે

"पुरिसा सच्चमेव समभिजाणाहि सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ।"

હે આત્મા, જો તારે સંસારને તરવો છે તો તું સત્યનું સેવન કર; કારણ કે સત્યની આજ્ઞામાં ઉપસ્થિત થયેલ બુદ્ધિમાન સાધક સંસારને તરી જાય છે માટે સત્ય એ સાધકનું ધ્યેય હોવું જોઇએ. સમદૃષ્ટિ અને મોક્ષાર્થી સાધક સત્યને લક્ષ્ય બનાવીને

પૂર્ણ બની જાય છે. જે વ્યક્તિના મન-વચન-કાયા, બુદ્ધિ આદિ સત્યની સેવામાં સ્થિત છે તે બધા પ્રકારની લક્ષ્મી પ્રાપ્ત કરી શકે છે. લક્ષ્મી એક પ્રકારની નથી હોતી. આપ બધા જેને ઈચ્છો છો, જેની પાછળ રાત-દિવસ મહેનત કરો છો તે ભૌતિક લક્ષ્મી છે. તમે બધા તેને મહત્ત્વ આપો છો પણ વીતરાગના ઉપાસક શ્રમણો ભૌતિક લક્ષ્મીને મહત્ત્વ આપતા નથી. તેઓ આધ્યાત્મિક લક્ષ્મીને મહત્ત્વ આપે છે. જ્યારે તેઓ આધ્યાત્મિક લક્ષ્મીને પ્રાપ્ત કરી વિચરે છે તો ભૌતિક લક્ષ્મી તો તેની પાછળ આવવાની છે. ભૌતિક લક્ષ્મી માટે આમ મહેનત કરવી પડતી નથી. તીર્થંકરોને જે આઠ પ્રતિહાર્ય મળે છે તે પણ ભૌતિક લક્ષ્મીના પ્રતીક છે. વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ દ્વારા અથવા સત્યાદિ ધર્મના પાલનથી પ્રાપ્ત થવાવાળી લબ્ધિઓ- ભૌતિક લક્ષ્મીનું પ્રતીક છે.

સત્યમાં સ્થિત આત્માને સત્યના આચરણથી ભૌતિક અને આત્મિક બંને લાભ થાય છે. એવી કઈ સિદ્ધિ છે કે જે સત્યની સાધનાથી પ્રાપ્ત ન થાય? આ સંસાર એક સંઘર્ષભૂમિ છે. અહીં મનુષ્યને પોતાની ઉન્નતિ માટે, પ્રગતિ માટે તથા સમાજમાં પ્રતિષ્ઠા મેળવવા માટે ડગલે ડગલે સંઘર્ષો કરવા પડે છે. આ બધા સંઘર્ષોમાં વિજય તો તેને મળે છે કે જે સત્યના માર્ગ પર દૃઢ રહે છે. જે સત્યને જીવનના અંત સુધી ટકાવી શકે છે તે જીવનના સંઘર્ષોમાં હંમેશા સફળતા મેળવે છે. જે સત્યનો આશ્રય લઈને ચાલે છે તેને શરૂઆતમાં કેટલીક મુશ્કેલીઓ આવે છે પણ ધૈર્યતાપૂર્વક, હિંમતથી જે તેમાં સ્થિર રહે છે તેને કલ્પના બહારનો લાભ મળે છે. સત્ય એ પુણ્યની ખેતી છે. જેવી રીતે અનાજની ખેતી કરવી હોય તો શરૂઆતમાં થોડી મુશ્કેલીઓ ઉઠાવવી પડે છે, શ્રમ કરવો પડે છે, તેના પાક માટે થોડી પ્રતીક્ષા પણ કરવી પડે છે પણ જ્યારે પાક તૈયાર થઈ જાય છે ત્યારે તેનું ઘર ધાન્યથી ભરાઈ જાય છે. આ રીતે સત્યની ખેતી માટે શરૂઆતમાં થોડો ત્યાગ, ધૈર્ય, દુઃખસહન, તપશ્ચર્યાની જરૂર પડે છે પણ જ્યારે પાક તૈયાર થઈ જાય છે ત્યારે તે સત્યનિષ્ઠ આત્માના જીવનને આ લોકથી લઈને પરલોક સુધી પુણ્યથી ભરી દે છે, તેને કૃતાર્થ બનાવી દે છે.

સત્યવાદી આત્માની સમાજમાં બધે પ્રતિષ્ઠા થાય છે. જનતા તેમનું હૃદયથી સ્વાગત કરે છે. અંતરથી અભિનંદન આપે છે અને તેને ઉચ્ચ આસન પર સ્થાન આપે છે. તેની કીર્તિની સૌરભ ચારે બાજુ પ્રસરે છે. મૃત્યુ બાદ પણ તે તેના ગુણોથી અમર બની જાય છે. જેણે સત્ય રૂપી કવચ ધારણ કર્યું તેને માટે અપમાન, નિંદા, અપવાદનું કોઈ કારણ રહેતું નથી. સત્યનિષ્ઠ આત્માનો સમાજમાં ખૂબ પ્રભાવ પડે છે જેથી સારો સમાજ તેમને શ્રદ્ધા, સન્માન અને ભક્તિના ફૂલ ચઢાવે છે. શરીરનું ઉત્તમ અંગ મગજ કહેવાય છે, તે ન હોય તો શરીર જ નથી, તેમ સત્ય જીવનનું ઉત્તમ અંગ છે. તેના અભાવમાં જીવન એ સાચું જીવન નથી. જે વ્યક્તિ સત્યમાં દૃઢ રહે છે, કસોટી આવે તો પણ સત્યને છોડતા નથી તેને ભૌતિક લક્ષ્મી અને માનસન્માન મળે છે.

સત્યનિષ્ઠ શેઠ માટે ખોટી ભંભેરણા : દિલ્હીના રાજ સિંહાસન પર

ફિરોજશાહ રાજ્ય કરતા હતા. તે શહેરમાં એક નગરશેઠ રહેતા હતા. તે સત્યનિષ્ઠ હતા. જીવનમાં કયારે પણ અસત્ય બોલતા ન હતા. અસત્ય વિચાર કે આચરણ પણ કરતા ન હતા. પ્રબળ પુણ્યોદયે તેમની પાસે સંપત્તિ ખૂબ હતી. દિલ્હીમાં આવીને તેમણે ધંધો ખૂબ વિકસાવ્યો હતો. સત્યના પ્રભાવથી તેમનો ધંધો સારો ચાલ્યો. કીર્તિ ખૂબ વધી. થોડા સમયમાં તે શેઠ એટલું કમાયા કે તેમની ગણના લક્ષાધિપતિઓમાં થવા લાગી. આ શેઠની પ્રશંસા ખૂબ થવા લાગી તેથી કેટલાક ઈર્ષ્યાળુ માણસોએ રાજાના કાન ભંભેર્યા. મહારાજા ! પેલા નગરશેઠને બધા સત્યના અવતાર કહે છે, તે સત્યાવતારનો બિલ્લો લઈને ફરે છે પણ અમને તો સાચું લાગતું નથી. રાજા કહે પણ આપ શું કહેવા માંગો છો ? મહારાજા ! તે શેઠ આપની નગરીમાં આવ્યા બાદ ખૂબ ધન કમાયા છે. ઘણા ધનાઢય થઈ ગયા છે પણ આપના રાજભંડારમાં તે ઘાસ આપતા નથી. રાજા કહે–તો તેમની પાસે કેટલું ધન હશે ? અરે મહારાજા ! આઠથી નવ લાખ. નવ લાખ સાંભળતાં રાજા ચમકયા. તે જમાનામાં આઠથી નવ લાખ તો ઘણા હતા. અત્યારે તો ૨૫ થી ૩૦ લાખના મકાન લેવાય છે. ત્યાં આઠ લાખની શી કિંમત ? ઈર્ષ્યાળુ માણસો કહે છે આપે તેમનું ધ્યાન રાખવું જોઈએ. એ વાણિયો ખોટું અભિમાન લઈને ફરે છે.

ઇર્ષાળુઓની ઉશ્કેરણીથી ઉશ્કેરાયેલા રાજા : રાજા કહે હું હમણાં જ શેઠને બોલાવું છું. તરત રાજાએ પોતાના વિશ્વાસુ સેવકને હુકમ કર્યો કે જાઓ, જઈને નગરશેઠને કહો કે મહારાજા આપને બોલાવે છે. સેવકે શેઠ પાસે જઈ ને કહ્યું– શેઠજી ! મહારાજા આપને બોલાવે છે. શેઠ કહે– ભલે, હું આવું છું. હું રાજાની પ્રજાનો માણસ છું. રાજા બોલાવે ત્યારે મારે હાજર થવું જોઈએ. શેઠ તરત રાજદરબારમાં પહોંચી ગયા. વિનયપૂર્વક રાજાને પ્રણામ કરીને ઊભા રહ્યા. મહારાજા ! આપે મને કેમ બોલાવ્યો ? આ સેવકનું જે કામ હોય તે ફરમાવો. રાજાએ પૂછયું– મારા દેશમાં આપના વેપાર ધંધા કેવા ચાલે છે ? મહારાજા આપની અસીમ કૃપા છે. મારો ધંધો બીકતો ચાલે છે. હું જ્યાં હાથ નાંખું છું ત્યાં મારા પ્રયત્નો સફળ થાય છે. આપની દયાથી ખૂબ કમાયો છું. અત્યારે દિલ્હીમાં મોટામાં મોટો ધનવાન હું છું. તો શેઠ ! તમારી પાસે મિલકત કેટલી હશે ? તમે કેટલું કમાયા ? આઠ લાખ કે દશ લાખ ? રાજન્ ! હું અનુમાનથી કેવી રીતે કહી શકું ? શેઠને થયું કે જો હું અનુમાનથી કહી દઉં ને ખોટું બોલાઈ જાય તો મારું વ્રત ભાંગે; માટે હું હિસાબ કરીને કહીશ. આપ મને ૨૪ કલાકની મુદત આપો. તે સમયમાં મારી મિલકત કેટલી છે તે ગણીને કહીશ. જેથી મને અસત્ય બોલ્યાનો દોષ ન લાગે. રાજા કહે–શેઠ ! ભલે, પણ એમાં જો જરા પણ છુપાવ્યું કે જૂઠું બોલ્યા તો દંડ થશે. મહારાજા આ જન્મ ધારણ કરીને આજ દિન સુધી હું અસત્ય બોલ્યો નથી. હવે અસત્ય શા માટે બોલું ?

આખરે સત્યનો વિજય : .... શેઠે ઘેર જઈને પોતાના વિશ્વાસુ માણસોને મિલકત ગણવા માટે બેસાડયા. સ્થાવર મિલકત, જંગમ મિલકત, લેણું દેણું બધાનો

પાઈપાઇનો હિસાબ કર્યો. બીજે દિવસે રાજસભા ઠઠ ભરાઈ છે. ઈર્ષ્યાળુ માણસો બોલે છે આ શેઠ સત્યવાદી, પ્રમાણિકનો બિરુદો લઈને ફરે છે. આજે બધી ખબર પડી જશે. કૂતુહલ વશ સેંકડો માણસો શેઠની સત્યપ્રિયતાનું નાટક જોવા આવ્યા છે. બધાના મનમાં એમ છે કે આજે શેઠને સજા મળશે. કોઈ અંદરોઅંદર કહે છે આખરે તો વહેપારીનો દીકરો છે ને? જરૂર બે ચાર લાખ ઓછા બતાવશે. રાજા કહે–કેમ શેઠ! હિસાબ કરી લાવ્યા? હા, મહારાજા. કુલ કેટલી રકમ થઇ? સાહેબ! મેં સ્થાવર મિલકત, જંગમ મિલકત, રોકડ રકમ, લેણું દેણું બધો હિસાબ કર્યો તો મારી મૂડી ૮૪ લાખની થઇ. બધાએ ૧૦–૧૨ લાખ માન્યા હતા પણ ૮૪ લાખ કહ્યા ત્યાં રાજા અને આખી સભાના માણસો ચમકયા. શું ૮૪ લાખ! ઈર્ષ્યાળુઓ આ સાંભળતા રાજી થયા. તે બોલવા લાગ્યા હવે તો શેઠનું આવી બન્યું. રાજા તેમને ગુનેગાર ગણશે ને ભારે શિક્ષા કરશે, પણ અહીં તો જુદું જ બન્યું.

બધાના આશ્ચર્ય વચ્ચે રાજાએ પોતાના ભંડારીને બોલાવ્યો ને કહ્યું– શેઠની પાસે ૮૪ લાખ રૂપિયા છે. તમે ભંડારમાંથી બીજા ૧૬ લાખ રૂપિયા ગણીને લાવો. આ સાંભળતા બધાને આશ્ચર્ય થયું. બધાને તર્કવિતર્ક થવા લાગ્યા કે ૧૬ લાખ મંગાવીને રાજા શું કરશે? એટલામાં ખજાનચી ૧૬ લાખ રૂ. ની થેલી લઇને આવ્યા. રાજાએ કહ્યું. આ સોળ લાખ હું નગરશેઠને બક્ષીસ કરું છું. મારે તમને કરોડપતિ બનાવવા છે. આજથી મારા પ્રજાજનોમાં સત્યનિષ્ઠ શેઠ કરોડપતિ કહેવાશે. સત્યના પૂજારી શેઠને તેમની સત્યતા માટે મારા તરફથી આ ભેટ છે. ધન્ય છે શેઠ તમારી સત્યતાને! આખી સભા એક અવાજથી બોલી ઊઠી. ધન્ય છે શેઠને! ધન્ય છે સત્યનું સન્માન કરવાવાળા રાજાને! ઈર્ષ્યાળુ માણસો આ જોઈને પેટ ફૂટવા લાગ્યા. તેમના મનસુબા બધાં ધૂળમાં મળી ગયા. રાજાની બાજુમાં શેઠની બુરશી પડવા લાગી. રાજાએ શેઠનું સન્માન કર્યું અને તેમને ભેટ આપી તે માત્ર ધનના કારણે નહિ પણ તેમની સત્યતાને કારણે. જે સત્યના પૂજારી હોય છે તેને પ્રતિષ્ઠા, સન્માન, યશ કીર્તિ આદિ પ્રાપ્ત થાય છે. અનુભવીઓ પણ કહે છે કે સત્ય એક વિશાળ વૃક્ષ છે. તેની જેમ જેમ સેવા કરાય છે તેમ તેમ તેને અનેક ફળો આવે છે. તેનો કયારે પણ અંત આવતો નથી. સત્યના પૂજારીનું નૈતિક બળ ખૂબ વધે છે. મહાત્મા ગાંધીજીની સત્યાગ્રહિતા પાસે બ્રિટીશ જેવા શક્તિશાળી રાજાને પણ હથિયારો નીચે મૂકી દેવા પડયા, મનુષ્યની શક્તિ, તેનું વ્યક્તિત્વ અને તેની મહાનતા બધું સત્યતામાં છૂપાયેલું છે. સત્યતાની સામે મોટા સત્તાધારીઓને પણ ઝૂકવું પડે છે. શેઠની સત્યતાના કારણે રાજા તેમની પાસે ઝૂકી ગયા ને તેમનું સન્માન કર્યું. પહેલાના મહારાજાઓ પણ કેવા ઉદાર અને વિશાળદિલી હતા! તે પ્રજાની સંપત્તિમાં કયારે પણ આડખીલ બનતા ન હતા છતાં એવી સંપત્તિને પણ ઠોકર મારીને સાધુપણું લઈ લેતા આજે તો તમે સંસારમાં ચારે બાજુથી વીંધાઈ રહ્યા છો છતાં છોડવાનું મન થતું નથી. આજે સેલટેક્ષ, ઈન્કમટેક્ષ આદિ કેટલા લફરા

છે ? દાન દેવું હોય તો પણ સુખેથી દઇ ન શકો. દાન આપો અને કહો, ભાઇ ! પૈસા લઈ જાવ પણ મારું નામ લખતા નહિ. શા માટે ?

આ નાણું કયાંથી આવે છે ? ને સાથે શું શું લાવે છે ?
અન્યાય, અનીતિ, કરચોરી ને કાળાં કામ કરાવે છે,
જે નાણાંમાં નિર્ધનની 'હાય', મહિમા એનો વધતો જાય- અરે વાહ રે વાહ....

આજનું નાણું અનીતિ, અન્યાયનું છે. શેઠનું નાણું નીતિનું ને સત્યનું હતું. શેઠ સત્ય બોલ્યા તો રાજાએ તેમનું માન વધાર્યું. તેમણે એ ચિંતા ન કરી કે હું સત્ય બોલીને મારી મિલકતનો આંક કહી દઇશ તો રાજા મને શું કરશે ? આજે મોટા ભાગે અસત્ય ચાલી રહ્યું છે. ઘરમાં, ધંધામાં બધે અસત્યથી વ્યવહાર ચાલી રહ્યો છે. ધન મેળવવા સત્યનો તો દેશનિકાલ કર્યો છે પણ વિચાર કરજો કે અસત્યથી કેટલા કર્મો બંધાશે. ?

ઘણી દુકાનો પર "**सत्य मेव जयते**" ના બોર્ડ ભીંત પર લટકાયેલા હોય છે પણ તેમના જીવનને તપાસીશું તો લાગશે કે આ બોર્ડ માત્ર ભીંત પર લટકાવવા પૂરતા હોય છે. બોર્ડ સત્યના હોવા છતાં કેટલાય ઘરાકો સાથે અસત્ય વ્યવહાર થતો હોય છે. ભોળા ઘરાકો સાથે બેઈમાની કરીને ધંધામાં ફાવી જતા દેખાય છે. મિત્રો સાથે દગા કરતાં પણ અચકાતો નથી અને તેમાં સફળ બનતા હોય તેવા દેખાય છે. કેટલાય જીવોની સાથે માયા કરી, દગા પ્રપંચો ખેલીને તેમાં માને છે કે મેં જીત મેળવી છે. અસત્ય બોલીને ધંધામાં આગળ પ્રગતિ કરી છે. હું ઘણું કમાયો છું. 'सत्यमेव जयते' ના બોર્ડની કોઇ અંશ માત્ર અસર તેમના જીવનમાં દેખાતી નથી. ત્યાં તો ઉપરથી એમ કહે કે અમે જો સત્યથી ધંધો કરીએ, સત્યથી જીવન જીવીએ તો અમારે જીવવું ખૂબ મુશ્કેલ બની જાય. અમારો બેઈમાની ભરેલો ધંધો તો ચાલી શકે નહિ. તમે બધા પણ કહો છો ને કે મહાસતીજી ! આજે દુનિયા સત્યની નથી અસત્યની છે. અમે જો સત્યથી ધંધો કરીએ તો અમારું જીવન ચાલી શકે નહિ પણ હું તો કહું છું કે આપ ખૂબ ઊંડાણથી તપાસ કરશો તો તમને જરૂર સમજાશે કે જેટલો વ્યવહાર સત્યથી ચાલે છે એટલો અસત્યથી નથી ચાલતો. તમે અસત્ય કરતા સત્ય વધુ બોલો છો.

તમે દુકાનેથી બપોરે ઘેર ગયા. તમને કકડીને ભૂખ લાગી છે. ત્યાં જો તમે એમ કહો કે મને ભૂખ લાગી નથી તો જમવા મળે ખરું ? ત્યાં તો સાચું બોલવું પડે છે કે મને ભૂખ લાગી છે. ત્યાં જૂઠું બોલતા નથી. તમારે બહારગામ જવું છે. તમે સ્ટેશને ગયા. ત્યાં ટિકિટ લેતી વખતે સાચું બોલો છો કે મને આ ગામની ટિકિટ આપો. અમદાવાદ જવું હોય તો દિલ્હીની ટિકિટ માંગો ખરા ? ત્યાં ખોટું બોલો ને બીજા ગામની ટિકિટ લો તો શું થાય ? એ તો તમે જાણો છો. ત્યાં સત્ય બોલવું પડે છે. ડૉકટર પાસે જાવ તો જે દર્દ થયું હોય તે સત્ય કહેવું પડે છે. ત્યાં અસત્ય બોલો તો

દર્દની દવા બરાબર થાય નહિ, અને દર્દ મટે નહિ. કોઈ ઠેકાણે સર્વીસ મેળવવી છે તે માટે ઈન્ટરવ્યુ આપવા જાવ તો ત્યાં પણ સત્ય બોલવું પડે છે. પરીક્ષામાં પ્રશ્નોના જવાબ પણ સત્ય લખવા પડે છે. જો અસત્ય લખો તો પરીક્ષામાં ફેલ થાવ ને આખું વર્ષ બગડે. તમારા વ્યવહાર સંબંધમાં જે સગાઈ હોય તે બોલવી પડે છે. મમ્મીને મમ્મી અને પપ્પાને પપ્પા કહો છો. કોઈ મમ્મીને પપ્પા અને પપ્પાને મમ્મી કહેતું નથી. તમારે પાણી પીવું છે ને દૂધ માંગો તો પાણી નહિ મળે ત્યાં પાણી માંગવું પડે છે. આ રીતે સંસારના દરેક વ્યવહાર સત્યથી ચાલે છે, અસત્યથી નથી ચાલતા. અસત્ય, અનીતિથી મેળવેલું ધન લાંબા સમય સુધી ટકી શકતું નથી. વધુમાં વધુ ૧૦ વર્ષ ટકે છે. આજે દુનિયામાં સર્વત્ર જૂઠનું વલણ ચાલી રહ્યું છે. ઈંડા સજીવ છે, છતાં આજે સ્કૂલોમાં બધે એ અસત્યનો પ્રચાર થઈ રહ્યો છે કે ઈંડા નિર્જીવ છે, શાકાહાર છે. આ વાતનો પડઘો કેવો ભયંકર પડશે તેની પ્રચાર કરનારને કયાં ખબર છે? કેટલી હિંસા થશે તેનો તેને કયાં ખ્યાલ છે? સમાજનો મોટા ભાગનો વર્ગ અસત્યથી જીવી રહ્યો છે. જૂઠ બોલનાર માનવનો કોઈ વિશ્વાસ નહિ કરે. માનવી પોતાનો સ્વાર્થ સાધવા પણ અસત્યનો ઉપયોગ કરતો થઈ ગયો છે.

એક વાર એક શેઠને ત્યાં સવારમાં કોઈએ બારણું ખખડાવ્યું. નોકરે બારણું ખોલીને જોયું તો એક ભાઈ ઊભા હતા. નોકરે પૂછયું–આપ અત્યારમાં કયાંથી આવ્યા છો? આપને કોનું કામ છે? પેલો ભાઈ કહે–મારે શેઠનું કામ છે. શેઠ ઘરમાં છે? નોકરના મનમાં થયું કે આ સવારના પ્રહરમાં આવ્યો છે એટલે નક્કી કાંઈ લેવા આવ્યો હશે. એમ સમજીને શેઠ ઘરમાં હતા છતાં નોકરે કહ્યું–ભાઈ! શેઠ ઘેર નથી. તે બે દિવસ પહેલા બહારગામ ગયા છે. ભલે, હું કોઈ વાર આવીશ. આ શેઠના મેં ૫૦ હજાર રૂપિયા લીધા છે, મને એમ થયું કે ચાલ, આજે શેઠનો હિસાબ ચૂકતે કરી આવું એટલે હું આવ્યો હતો પણ તું કહે છે કે શેઠ બહારગામ ગયા છે તો હવે પછી બે ત્રણ દિવસે ફરીને આવી જઈશ. નોકરના મનમાં થયું કે આ તો ભારે થયું. આ તો રૂપિયા આપવા આવ્યો છે. હવે શું કરવું? નોકર એક વાર અસત્ય બોલ્યો. હવે તે વાતને સુધારવા માટે ફરી વાર અસત્ય બોલવું પડે. નોકરે તરત વાત ફેરવી દીધી. આ તો એમ છે ને કે બે દિવસ પહેલા શેઠ બહારગામ ગયા હતા પણ તેમનું કામ પતી ગયું એટલે રાત્રે પાછા આવી ગયા છે, તમારે હિસાબ ચૂકતે કરવો હોય તો આપ અંદર આવો. શેઠ હમણાં ઊઠયા છે. આવનાર ભાઈને નોકરની વાતમાં વિશ્વાસ બેસે ખરો? જૂઠું બોલનારનો કોઈ વિશ્વાસ ન કરે.

સત્ય બોલનારને કોઈ મોટામાં મોટો લાભ હોય તો એ છે કે તેને કયારેય પોતે શું બોલ્યો હતો તે યાદ કરવું પડતું નથી અને અસત્ય બોલનારને એ યાદ રાખ્યા વિના ચાલતું નથી. સત્યવાદીને પકડાઈ જવાનો ભય હોતો નથી જ્યારે અસત્યવાદીને ડગલે ને પગલે પકડાઈ જવાનો ભય સતાવતો હોય છે એટલે અસત્યાવાદીના જીવનમાં

જેટલી વિસંવાદિતા જોવા મળે છે તેટલી વિસંવાદિતા સત્યવાદીના જીવનમાં હોતી નથી. જ્ઞાનીએ સત્ય બોલવાનો ઉપદેશ આપ્યો છે પણ સાથે એ વાત પણ કરી છે કે તું સત્ય બોલે તો પણ એવું બોલજે કે બધાને પ્રિય લાગે. ભાષા સત્ય હોવા છતાં જો પાપનું આગમન કરતી હોય તો તે ભાષા ન બોલવી.

तहेव सावज्जणुमोयणि गिरा, ओहारिणी जा य परोवघाइणी ।
से कोह लोह भयहास माणवो, न हासमाणोवि गिरं वइज्जा ॥ અ.૭.ગાથા.૫૪

જે ભાષા સાવદ્ય પાપ કર્મનું અનુમોદન કરનારી હોય, જીવોને ઉપઘાત પહોંચાડે એવી હોય, જીવોને પીડા પહોંચાડે એવી હોય તો એવી ભાષા ક્રોધ, લોભ, ભય અને હાસ્યને વશ થઈને હાંસી મજાકમાં પણ ન બોલે માટે સત્ય પણ પ્રિયકારી ભાષા બોલવી. "सत्यं ब्रूयात्. प्रियं ब्रूयात्" સત્ય બોલો પણ પ્રિય અને મીઠું બોલો. હજુ બીજા વ્રતમાં શું વાત ચાલશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ગુણસુંદરીને માતાપિતાએ શિખામણ આપી. ત્યાર બાદ પિતાએ કહ્યું– દીકરી ! તેં કયારે જવાનો વિચાર કર્યો છે ? જેમ બને તેમ જલ્દી જવું છે. જે સારો દિવસ હોય તે દિવસે હું અહીંથી જઈશ. જ્યોતિષી પાસે સારો દિવસ જોવડાવ્યો. શેઠ કહે– બેટા ! તું જઇશ ત્યારે તારી સાથે શું શું લઈ જવા માંગે છે ? કેટલા માણસો તારી સાથે રાખવા છે ? તું કહે તે રીતે વ્યવસ્થા કરું.

અવલતો નરવેશ મુજ દીયો, જેમ સરે મુજ કામ,
ભૃત્યો પણ મુજ દીજીએ રે, વળી કરિયાણાંને દામ.

સૌ પ્રથમ મને વણઝારાનો વેશ આપો. જેથી મારું કાર્ય હું બરાબર કરી શકું. એક ગાડામાં ઘરવખરીનો સામાન આપો. બે ગાડા ભરીને કરિયાણું આપો. બે સાંઢણી આપો. વેપારમાં કુશળ એવા પાંચ માણસો, બે ત્રણ નોકરો અને સશસ્ત્ર રખેવાળો આપો. પિતાજી ! આપ મને જે માણસો આપો તે ખૂબ અનુભવી, ગંભીર, બુદ્ધિશાળી અને શીલમાં સો ટકા શુદ્ધ હોય એવા માણસો આપજો. જેથી આપણી વાત બહાર જાય નહિ. હું સ્ત્રી હોવા છતાં પુરૂષનો પોશાક પહેરીશ તેથી મારે ગુપ્ત રહેવાય. રાજા–મહારાજાઓ, શ્રીમંતો અને મોટા મોટા વહેપારીઓના પરિચયમાં જવાનું તેમાં મારો પુરૂષવેશ પકડાઇ જવો ન જોઇએ. જો એક વાર વાત ફૂટી જાય તો બધો મામલો ખતમ થઇ જાય માટે આપ મને એવા ગંભીર, ડાહ્યા માણસો આપજો. બીજું આપ મને માલ આપો તે માલ ઊંચી કોટિનો આપજો. તે માલ લઇને હું જાઉં જેથી જતાં વેંત તરત વેપાર કરી શકું.

છએ બેનો કહે–બેન ગુણસુંદરી ! તારા સાહસને ધન્ય છે ! તું નાની હોવા છતાં મોટી છે. પિતાજી ! અમારા પતિ ચાલ્યા ગયા તેમાં અમારી કચાશ તો ખરી ને ! અમે સાત સાત હોવા છતાં એક પતિને ન સાચવી શકયા ત્યારે તે છટકી ગયા ને ! ગોપાલપુરનું પાણી માંગ્યું ત્યારે અમે કંઇ પૃચ્છા ન કરી કે આપ ગોપાલપુરના છો ?

આપનું નામ શું ? આપના માતાપિતાનું નામ શું ? અમે મોટી થાપ ખાઇ ગયા છીએ. શેઠ કહે-ગુણસુંદરી ! તું કેટલી શૌર્યવાન અને બહાદુર છે ! જમાઇની શોધ કરવા તો અમારે જવું જોઇએ. અમારી જવાબદારી તેં ઉપાડી લીધી છે. તું દીકરી હોવા છતાં દીકરા કરતાં ય વધુ હોંશિયાર છે.

હવે શેઠે ગુણસુંદરીના કહ્યા મુજબ બધી તૈયારી કરી. શેઠે જેટલા ગામ સુધી પોતાની ઓળખાણ હતી એ બધા ગામોમાં અગાઉથી સાંઢણી પર માણસ મોકલીને બધી વ્યવસ્થા કરી લીધી. ગુણસુંદરીએ વણઝારાનો વેશ પહેર્યો. જાણે આબેહૂબ છોકરો ન હોય ! તેવી તે વેશમાં શોભવા લાગી. નવકારમંત્ર ગણ્યા અને શાસનદેવને પ્રાર્થના કરી કે અમે અમારા પરણેત પતિ સિવાય જગતના બધા પુરૂષો ભાઇ અને બાપ સમાન માન્યા હોય તો મને સહાય કરજો. હું સ્ત્રી હોવા છતાં પતિની શોધ માટે પુરૂષનો વેશ પહેરું છું તો ખુલ્લી ન પડું. ગુણસુંદરીને જોઇ માબાપનું હૈયું ઠરી ગયું. માતા ખૂબ રડે છે. હવે માબાપના આશીર્વાદ લઇ પ્રયાણ કેવી રીતે કરશે તે અવસરે.

દ્વિ શ્રાવણ વદ ૬ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૬૧ : તા. ૫-૯-૮૫

અનંતજ્ઞાની ભગવાને જગતના જીવોને પાપથી પાછા વળવા, અનંત સંસારના ભવ ભ્રમણથી અટકવા, અવિરતિના ભયંકર પાપથી બચવા, અને વિરતિ ભાવમાં ઝૂલવા માટે બે પ્રકારના ધર્મ બતાવ્યા.

આપણે આગાર ધર્મની વાત ચાલી રહી છે. તેમાં ૧૨ વ્રતોનું સુંદર સ્વરૂપ સમજાવ્યું છે. અનંત ભવોના રોગો દૂર કરવા માટે ૧૨ વ્રતો એ અમૂલ્ય જડીબુટ્ટી છે માટે વિરતિમાં આવો. તે માટે પ્રબળ પુરૂષાર્થની જરૂર છે. જેમ એક મકાન દશ વર્ષથી બંધ છે. એક મકાન બાર મહિનાથી બંધ છે અને એક મકાન રોજ સાફસૂફ થાય છે. જે મકાન ૧૦ વર્ષોથી બંધ છે તેને સાફ કરતા પરસેવાથી રેબઝેબ થઇ જશો. ઘણી મહેનતે એ મકાન સ્વચ્છ થશે. જે બાર મહિનાથી બંધ છે તેને ઓછી મહેનત જોઇશે અને જે રોજ સાફસૂફ થાય છે તેને સાફ કરવા માટે સાવ અલ્પ મહેનતની જરૂર છે, તેમ આપણા આત્મા રૂપી મકાનમાં ૧૦-૧૨ વર્ષોનો નહિ, ૨૫-૫૦ ભવોનો નહિ પણ અનંતા ભવોમાં એણે કર્મોનો સંગ્રહ કર્યો છે, તે કર્મોનો પૂંજ આત્મામાં જમા થયો છે. પાપનો પ્રવાહ તો આત્મામાં અવિરતપણે આવ્યા કરે છે. આ પ્રવાહને અટકાવવા માટે વિરતિની જરૂર છે.

આનંદ ગાથાપતિ બીજું વ્રત લેવા તૈયાર થયા છે. તેમાં જૂઠું બોલવાના પચ્ચકખાણ કરાય છે. જ્ઞાની ભગવંતે જૂઠું બોલવાના ચાર કારણો બતાવ્યા છે. કોહા વા લોહા વા, ભયા વા, હાસા વા'' ક્રોધથી, લોભથી, ભયથી અને હાંસીથી, આ ચારમાંથી કોઇ પણ કારણને આધીન થઇને જીવ જૂઠું બોલવા પ્રેરાય છે. કયારેક પોતાનું ધાર્યું ન થતાં આવેશમાં આવીને અસત્ય બોલવા પ્રેરાય છે. કયારેક ભૌતિક લાભ મળવાની

આશાથી, કયારેક માનસન્માન મળવાની આશાથી અસત્ય બોલે છે. કયારેક ગુનામાં સરકાર તરફથી પકડાઇ જવાના ભયથી તો કયારેક હાંસી મશ્કરીમાં જૂઠું બોલાય છે. કોઇ પણ કારણસર બોલાતું જૂઠું આત્માને ભારે નુકશાનીમાં ઉતારી દે છે જ્યારે સત્ય જીવને સિદ્ધિના સોપાન સર કરાવે છે.

તમે બધા કહો છો કે અમે સત્યથી, નીતિથી વેપાર ધંધા કરીએ તો જીવવું મુશ્કેલ બની જાય. તે ખોટી ભ્રમણા છે. જો એવું હોય તો મહાપુરૂષોએ 'સત્યમેવ જયતે' આ પવિત્ર વાણી શા માટે પ્રકાશી ? સત્યને માટે પોતાની જાતના બલિદાન શા માટે આપ્યા ? સત્યને જીવંત રાખવા હસતા મુખડે લાખોની સંપત્તિ છોડી દેવાનું પરાક્રમ શા માટે દાખવ્યું ? આપણે પ્રાર્થનામાં ઘણી વાર બોલીએ છીએ.

"અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઇ જા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઇ જા."

હે પ્રભુ ! મને અસત્યના માર્ગેથી પરમ સત્યના માર્ગે તું લઇ જા. આ વાકય બોલવાનું પ્રયોજન શું ? અનંતજ્ઞાની પુરૂષોની વાણી દ્વારા કાંઇક રહસ્ય જાણવા મળે છે, અને એ પ્રતીતિ થાય છે કે 'સત્યમેવ જયતે' એ વાણી પરમ સત્ય છે. જીત ઇમાનદારીની થાય છે, બેઇમાનીની થતી નથી. વિજય ક્ષમાનો છે, પરાજય ક્રોધનો છે. જીત સત્યની છે, હાર અસત્યની છે. તમે માનો છો કે અમે અસત્યથી ધંધામાં વધુ કમાઇએ છીએ. ત્યાં જ્ઞાની સમજાવે છે કે તમને લાગે કે અમે અસત્યથી જીત્યા પણ અસત્ય જીત્યું નથી પણ ત્યાં પુણ્ય જીત્યું હતું. બેઇમાની કરવા છતાં વધુ પૈસા મળ્યા તે બેઇમાનીના કારણથી નહિ પણ પુણ્યના કારણથી. આગ જેવા ભયંકર પાપના સ્થાનમાં પ્રવેશ કરવા છતાં જરાય દાઝયા નહિ ને બચી ગયા એ તમારી બુદ્ધિ કે હોંશિયારીથી નહિ પણ પુણ્યના પ્રભાવથી. પૂર્વના પુણ્યનો ઉદય જોરદાર હોય ત્યારે અસત્ય બોલનાર માનવી આ બધી ચીજો મેળવવામાં સફળ બની જાય એવું બને અને જોરદાર પાપનો ઉદય હોય ત્યારે સત્ય બોલનારો માણસ પણ આ બધી ચીજો મેળવવામાં નિષ્ફળ બને એવું બને. બાહ્યક્ષેત્ર અને આભ્યંતર ક્ષેત્રના વિજયના કારણો જુદા છે.

બાહ્યક્ષેત્રમાં સફળતાનું સૂત્ર છે **"પુણ્યમેવ જયતે"** અને આભ્યંતર ક્ષેત્રમાં સફળતાનું સૂત્ર છે **"સત્યમેવ જયતે."** લાખો જીવોના સંહાર કરી લોહીની નદી વહાવનાર હીટલર તેના પુણ્યના કારણે મોટો સત્તાધીશ બની શકયો. એક વખતનો સારા દેશોને જીતી જગત વિજેતા ગણાતા નેપોલિયનનું પુણ્ય પરવારતા પાપનો ઉદય થયો ત્યારે ટાપુ પર રીબાઈ રીબાઈને મર્યો. સત્યનો હંમેશા જય થાય છે, આનો અર્થ ઘણાં એમ સમજે છે કે સત્ય બોલવાથી આપણને પૈસા, પદવી, પ્રતિષ્ઠા બધું મળી જશે. આપણને કયારેય દુઃખો કે અગવડ નહિ આવે. જયાં જઈશું ત્યાં બધે માનસન્માન

મળશે પણ તેમનો આ અર્થ બરાબર નથી કારણ કે પૈસા, પદવી, માન, સન્માન મળવું એ બધું પુણ્યને આધીન છે. એનો સંબંધ સત્ય સાથે નથી પણ પુણ્ય સાથે છે. પુણીયો શ્રાવક ગરીબ હતો પણ સત્યથી, નીતિથી જીવન જીવતો હતો તો ભગવાને તેની પ્રસંશા કરી, જ્યારે કુંડરિક સત્યના રાહેથી ભ્રષ્ટ થયા તો સાતમી નરકમાં ગયા.

હજારો સૂર્યના પ્રકાશ કરતાં સત્યનો પ્રકાશ વિશેષ છે. અને લાખો રાહુઓ કરતાં અસત્યનો અંધકાર વિશેષ છે. સત્ય જીવને પ્રકાશ તરફ લઈ જાય છે જ્યારે અસત્ય અંધકાર તરફ લઈ જાય છે. સર્વ સદ્‌ગુણોનો સમાવેશ સત્યમાં અને સર્વ દોષોનો સમાવેશ અસત્યમાં થાય છે. સત્યનો આરાધક દિવસે દિવસે નમ્ર બનતો જાય છે. તે પોતાની ખામીઓ જોતો રહે છે ને તેને સુધારતો રહે છે. તે ખામીઓ પોતાની જુએ છે ને ખૂબીઓ બીજાની જુએ છે. સત્યના પાલનથી બે પ્રકારના લાભ થાય છે. તેની વાણીમાં તેજસ્વીતા આવે છે. તેની વાણીનો સર્વત્ર પ્રભાવ પડે છે. બીજું દરેક વસ્તુનું રહસ્ય તેને આપોઆપ સમજવા લાગે છે. પુણ્ય બાહ્યક્ષેત્રનો રાજા છે અને સત્ય આભ્યંતર ક્ષેત્રનો રાજા છે. જો પુણ્યના સહારે જીવનનૈયા હંકારશો તો એ કયારે અડધે રસ્તે દગો દેશે એની ખબર નથી. જો સત્યના સહારે જીવનનૈયા હંકારશો તો એ તમને કાયમ માટે સલામત બનાવી દેશે. પુણ્ય પણ સત્યને આધીન છે એટલે સત્યને પકડતા રહો. સત્ય હશે તો પુણ્ય આવવાનું છે. આજે સૂર્ય ઉગ્યો છે તો કાલે ઉગશે કે નહિ તેની કોઇને શંકા થતી નથી. બધા નિશ્ચયથી માને છે કે સૂર્ય ઉગવાનો છે; તેમ સત્યનો હંમેશા વિજય થવાનો છે. સત્ય વ્રતના પાલનથી અંતઃકરણ ઉજ્જવળ રહે છે. માનસિક આરોગ્ય સારું રહે છે. સત્યવાન હંમેશા નિર્ભય હોય છે. સત્યનું પાલન કરતાં કષ્ટો આવે, દુઃખો આવે પણ અંતે તો સત્યનો જય થાય છે. સત્યવાદી સત્યના પ્રભાવથી સમુદ્રમાં અથવા પાણીના પ્રવાહમાં ડૂબી શકતો નથી. ઉકળતું તેલ, ખૂબ તપેલું લોઢું કે અગ્નિ હાથમાં લે તો આગ તેનો હાથ બાળી શકતી નથી.

કચ્છના વાંકી ગામની એક વાત છે. રાપર, માંડવી, ભચાઉ બધા મોટા ગામ કહેવાય પણ વાંકી તો સાવ નાનું ગામ છે. સત્યની હવા ત્યાં સુધી પહોંચી છે. જે કચ્છની ભૂમિમાં દાનવીર જગડુશાહ, શીલવાન વિજયશેઠ અને વિજ્યા શેઠાણી થયા તે ભૂમિની આ વાત છે. વાંકીમાં એક પતિ પત્ની અને એક દીકરી એમ ત્રણ માણસનું કુટુંબ હતું. એક વાર મા-દીકરી નદીએ કપડાં ધોવા ગયા. માતા કપડાં ધુએ છે અને નાની છોકરી રેતીમાં કપડાં સૂકવે છે. કપડા સૂકવતા સૂકવતા રેતીમાં રમતી હતી. આંગળીથી માટી ખોદતી હતી. ખોદતાં ખોદતાં તેને કાંઇક દેખાયું એટલે તેણે વધારે ખોદ્યું તો તેમાંથી એક ઘડો નીકળ્યો. ઘડામાં કેરીઓ (એક જાતનું નાણું) હતી. દીકરીએ તેની માતાને વાત કરી. બંનેને ખૂબ આનંદ થયો. હરખાતાં હરખાતા મા દીકરી બંને ઘેર ગયા. ઘેર જઇને તે ઘડો સાચવીને મૂકી દીધો.

ભારત દેશની સંસ્કૃતિ : સાંજે તેનો પતિ ઘેર આવ્યો ત્યારે બધી વાત કરી.

અમે મા દીકરી કપડા ધોવા ગયા હતા. ત્યાં રેતી ખોદતા આ કોરીઓ નીકળી છે. તેનો પતિ કહે કે આપણે ના રખાય. **"પરધન પત્થર સમાન"** અને આજે આવી રીતે મળી જાય તો **"પરધન ઘર સમાન"**. ભાગ્યશાળીને દેવાની ભાવના થાય બાકી તો બીજાનું પચાવી પાડવાની વૃત્તિ હોય છે. પતિ પત્નીને કહે છે કે આ કોરીઓ આપણાથી ન રખાય. આપણે રાજદરબારમાં સોંપી દઇએ. તેનો સાચો માલિક હશે તો લેવા આવશે. કોઈ લેનાર ન નીકળે તો રાજાથી તે રાખી શકાય પણ આપણાથી તો ન રખાય. આ કોરીઓ કેવી રીતે મળી તે બધી વાત રાજાને જણાવી. આ હતી આપણા ભારત દેશની સંસ્કૃતિ. આ ભારત ભૂમિમાં આવા પ્રમાણિક, પાપભીરૂ અને સત્યનિષ્ઠ માણસો હતા. આપણા દેશની પ્રતિવ્રતા સ્ત્રીઓ પણ આવી જ હતી. રાજા આ ભાઇની પ્રમાણિકતા, સત્યતા પર ખૂબ પ્રસન્ન થયા. મારા દેશમાં આવા સત્યવાદી માણસો વસે છે. આ કળિયુગમાં પણ સત્ય અને નીતિથી જીવન જીવનારા જીવો વસે છે. આવા મહાન આત્માઓથી મારા દેશનું ગૌરવ વધે છે. રાજા તો તેમના બે મોઢે ગુણ ગાવા લાગ્યા.

જ્યાં જુઓ ત્યાં આ સત્યવાદી ભાઇની પ્રશંસા થવા લાગી. ઈર્ષ્યાળુ માણસોથી આ પ્રશંસા સહન ન થઈ. એવો વિચાર ન કર્યો કે ધન્ય છે તેની સત્યતાને ! ગરીબાઇ હોવા છતાં કોરીઓ રાખવાનું મન ન થયું. ખુદ પ્રધાનને પણ આ પ્રશંસા સહન ન થઈ. બે ચાર દિવસ ગયા એટલે પ્રધાને રાજાને ચઢાવ્યા અને કહ્યું કે એ ભાઈ ગમે તેમ તો ય વણિક છે. તેની વણિક બુદ્ધિની આપને શી ખબર પડે ? તમે જેના ગુણ ગાવ છો, પ્રશંસા કરો છો એવા વણિકે આપને એક માટલી નીકળ્યાની વાત કરી છે પણ બે માટલી નીકળી હશે. એણે મોટા ભાગની કોરીઓ પોતાને ત્યાં રાખી હશે. પોતે પ્રમાણિક છે, સત્યવાદી છે એ બતાવવા માટે થોડીક કોરીઓ આપને આપી હશે. તે બધી તો આપે નહિ. રાજા પ્રધાનની ચઢવણીથી ચઢી ગયા. તેમણે એ વિચાર ન કર્યો કે આ બિચારાને કયાં સત્યવાદીનો શીરપાવ લેવો હતો તે આવું કરે ?

"ઇર્ષ્યાથી પ્રધાને રાજાને કરેલી ભંભેરણી" : રાજાએ વાણિયાની પત્નીને બોલાવીને કહ્યું–તેં તારી પાસે કેટલી કોરીઓ રાખી છે ? મહારાજ ! અમને જે મળી હતી તે બધી આપી દીધી છે. પરધન અમારે પત્થર સમાન છે. જો ૨૪ કલાક રાખીએ તો પણ તેનું વ્યાજ દેવું પડે. અમે એક પણ કોરી રાખી નથી. સત્ય બોલનારને જવાબ આપવા માટે કોઈ ગોઠવણ કરવી પડતી નથી. તે હંમેશા નિર્ભય હોય છે. રાજાએ કહ્યું–તમે બધી કોરીઓ આપી હોય એમ હું માનવા તૈયાર નથી. સાહેબ ! હું અહીં ઊભી છું. આપ મારું ઘર જોઈ લો. પ્રધાન કહે, એ તો બીજાના ઘેર મૂકી આવ્યા હોય ! તમને શું ખબર પડે ? ખૂબ રકઝક ચાલી પણ જેની પાસે છે જ નહિ તે હા કેવી રીતે કહે ? છેવટે રાજાએ ધીજ દેવાનું નક્કી કર્યું. આ બાઈ કહે, મહારાજા ! અત્યારે કયાં આ સત્યુગ છે કે આવી કસોટીમાંથી પાર ઉતરાય ? અત્યારે તો હડહડતો

કળિયુગ છે પણ રાજાએ તો કાંઈ સાંભળ્યું નહિ. તેમણે તે બાઈના હાથમાં પીપળાનું પાન મૂક્યું અને તેના પર સળગતા કોલસા હાથમાં મૂક્યા. જો એ સાચી હશે તો ફોલ્લા નહિ પડે. એ રીતે ૧૦ મિનિટ રાખ્યું. હથેળીની ચામડી લાલ ન થઈ કારણ કે પોતે સત્યના પક્ષમાં હતી. તે બાઈ પરીક્ષામાં પાસ થઈ ગઈ.

સત્યનો ચમત્કાર : આ સત્ય પ્રગટ થયું એટલે પ્રધાન ભોંઠો પડી ગયો. હવે એની દુર્જનતાએ હદ વટાવી. તેણે કહ્યું– રાજા સાહેબ ! આપ ભૂલો છો. એના હાથમાં નીચે પીપળાનું પાન હતું એટલે હાથ બળ્યો નહિ. હવે એ પાન લઇ લો અને ફરી વાર ધીજ અપાવો. હૈયા ફૂટલા રાજાને એ વિચાર નથી આવતો કે પાદડું બળી ગયું પછી હથેળીને અંગારાની કાંઇ અસર ન થાય ? રાજા તો પ્રધાન કહે તેમ કરે. ફરી વાર તે બાઈના હોથમાં અંગારા મૂક્યા. બાઈ પ્રભુને પ્રાર્થના કરે છે. અમે આ જિંદગીમાં કયારેય ચોરી કરી ન હોય, અસત્ય બોલ્યા ન હોઈ એ તો મારી લાજ રાખજો. ફરી વાર ધીજ દેવાની છે એ વાત બાઈનો પતિ બેતરમાં હતો ત્યાં પહોંચી ગઇ. તે દોડતો ત્યાં આવ્યો. તેના દિલમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠી. તે સમજે છે શું તેના મનમાં ? ૨૦ મિનિટ હથેળીમાં અંગારા રખાવ્યા છતાં બાઈ બિલકુલ દાઝી નહિ. આ જોઈને રાજા સજ્જડ થઇ ગયા. ખરેખર આ સત્યવાદી છે. બાઈનો પતિ કહે છે કે તારા હાથમાં જે અંગારા છે તે હવે આ બધાના હાથમાં આપ. હવે કોઇ ઊભું રહે ખરું ? બધા ય ઊભી પૂંછડીએ ભાગ્યા.

સત્યનું પાલન કરતાં કષ્ટ તો આવે પણ તે કષ્ટમાં જે કાયર નથી બનતો અને સહર્ષ તે કષ્ટને વધાવી લે છે તેનો આખરે વિજય થાય છે. કળિયુગમાં પણ સત્યનો આવો અલૌકિક પ્રભાવ છે. સત્યની આરાધના એ શીર સાટાના ખેલ છે. મરીને જીવવાનો મંત્ર છે. જેણે પોતાનું જીવન સત્યમાં સમર્પિત કરી દીધું છે તેને દુનિયા ઓળખે છે. સત્યના કિરણો સૂર્યના કિરણોની જેમ સર્વત્ર પહોંચી જાય છે. જે આત્મા સત્યમાં ઓતપ્રોત છે, જેની રગેરગમાં સત્યનો રણકાર છે તેનો પ્રભાવ મનુષ્યોમાં, તિર્યંચોમાં તો પડે છે પણ દેવલોકમાં ય તેનો પ્રભાવ પડે ! દેવો તેના સત્યની કસોટી કરે છે. જો કસોટીમાં પાર ઉતરી જાય તો દેવો તેના ચરણમાં ઝૂકી જાય છે અને તેને સહાય કરવા આવે છે,

રાજાને એક દીકરો હતો. તેનું નામ હતું મકરધ્વજ. તે ખૂબ દયાળુ, વિનીત, ઉદાર, ગંભીર અને સત્યનિષ્ઠ હતો. તે કોઈ દિવસ અસત્ય ન બોલે. એક વાર નગરની બહાર વસંતોત્સવ ઉજવવાનો હતો. તે પ્રસંગમાં લોકો ભેગા થઈને ઉજાણી કરે અને આનંદ કિલ્લોલ કરે. રાજા પોતે ઉંમરલાયક હતા એટલે તેઓ આ મહોત્સવમાં જઈ શકે તેમ ન હતા એટલે મકરધ્વજને મોકલ્યો. આ મકરધ્વજ બધા રાજકુમારોની સાથે વસંતોત્સવ જોવા ગયો. તેમાં ગરીબ, શ્રીમંતો બધા જોવા આવ્યા હતા. આ મકરધ્વજ ખૂબ દયાળુ હતો. ગરીબોને જોઈને તેના મનમાં થયું કે મારી પ્રજામાં આવા દુઃખી

ગરીબો વસે છે ! મારા ભંડારના પૈસા શું કરવાના છે ? જે મળ્યા છે તેનો જો દીન દુઃખીમાં ઉપયોગ ન થાય તો એ લક્ષ્મી શા કામની ? વસંતોત્સવ પતી ગયા બાદ બીજા રાજકુમારોમાંથી કોઈએ લાખ, કોઈએ બે લાખ, કોઈ એ ત્રણ તો કોઇએ ચાર લાખ રૂપિયા યાચકોને દાનમાં આપ્યા. આ મકરધ્વજે કોઈને પાંચ લાખ, કોઈને ૧૦ લાખ એ રીતે એક કોડ રૂપિયા તેણે ગરીબોને દાનમાં દઈ દીધા. દાન દેનારા દાન દે પણ ભંડારી પેટ ફૂટે તેમ મકરધ્વજે દાન કર્યું પણ તે ઈર્ષ્યાળુ માણસોથી સહન ન થયું. ભંડારીએ રાજા પાસે આવીને ફરિયાદ કરી કે આપના પુત્ર મકરધ્વજે એક દિવસમાં એક કોડ રૂપિયા દાનમાં દઈ દીધા છે. રાજાએ મકરધ્વજને બોલાવીને કહ્યું– બેટા ! પૈસા સાચવવાના હોય, તેને વાપરી ન નંખાય. ભંડારમાં દર વર્ષે ખર્ચ કાઢતા ત્રણ કોડ રૂપિયા બચે છે. કોઈવાર દુશ્મન રાજા ચઢી આવે તો યુદ્ધ કરવું પડે તો ખર્ચ થાય ને? અથવા કોઈવાર દુકાળ પડે તો ! તું એક દિવસમાં કોડ દઈ દે તો ભંડાર ખાલી થઈ જાય, માટે ખૂબ વિચાર કરીને ખર્ચો કરવો જોઈએ.

દાન ઉપરની શ્રદ્ધાથી પુત્રે આપેલ જવાબ : મકરધ્વજે કહ્યું, પિતાજી ! આપની વાત સાચી છે પણ જે લક્ષ્મી દાનપુણ્યમાં વપરાય છે તે કયારેય ખૂટતી નથી પણ વધે છે. જો આપણું પુણ્ય પ્રબળ હશે તો લડાઈ આવવાની નથી અને ધન ખૂટવાનું નથી અને જો પાપનો ઉદય હશે તો લડાઈ આવશે અને ધન પણ ખૂટશે. રાજા કહે– જો તું પુણ્યની અને ભાગ્યની વાત કરે છે તો તું ઘરની બહાર નીકળી જા. તારા પુણ્યબળે તું એક કોડ રૂપિયા મેળવે ત્યારે પાછો આવજે. આ સાંભળતા મકરધ્વજને જરા પણ અફસોસ ન થયો. તેણે કહ્યું– પિતાજી ! આપની આજ્ઞા શિરોમાન્ય છે. તેણે પોતાના શરીર પરથી બધા દાગીના ઉતારીને આપી દીધા. માત્ર પહેરેલા કપડે ઘરથી રવાના થયો. પ્રજાજનો કહે છે બાપુ ! આવું ન કરો. પાટવીપુત્રને કાઢી ન મૂકો. રાજા તો કોઇનું સાંભળતા નથી. તે તો એક જ વાત કરે છે કે કોડ રૂપિયા કમાઈને લાવે.

સત્યને ખાતર રાજકુમારે કરેલો રાજમહેલનો ત્યાગ : મકરધ્વજ ઘરથી રવાના થયો. ચાર પાંચ ગાઉ દૂર ગયો. રાત પડવા આવી છે એટલે ઝાડ નીચે રહેવાનો વિચાર કર્યો. ત્યાં એક શિયાળનો અવાજ આવ્યો. આ કુંવર શિયાળની ભાષા સમજતો હતો. શિયાળ કુંવરને કહી રહ્યું હતું કે હે રાજકુમાર ! તું સારા શુકને ઘરથી નીકળ્યો છે. તારું કાર્ય સિદ્ધ થશે. તું અહીંથી પૂર્વ દિશામાં જા. ત્યાં અમુક જગ્યાએ મોટો વાંસ દાટેલો પડયો છે, તે વાંસને તું ત્યાંથી લઈ લેજે અને તેને ફાડી નાંખજે. તો તેમાંથી કિંમતી ચાર રત્નો નીકળશે. તેની કિંમત એક કોડ રૂપિયાની છે. તેનો માલિક કોઈ નથી માટે તું લઈ લેજે. મકરધ્વજ શિયાળની ભાષા બરાબર સમજી ગયો. તેના કહ્યા પ્રમાણે પૂર્વ દિશામાં ગયો. ત્યાં દાટેલો મોટો વાંસ પડયો હતો, તે ઉખાડયો ને તેને તોડી નાંખ્યો, તો તેમાંથી ચાર રત્નો નીકળ્યા. કુમારે જોયું તો ચાર રત્નોની કિંમત કોડ રૂપિયાની થઈ. આ બધું પુણ્ય પ્રભાવથી મળી ગયું. તે ઘર તરફ પાછો વળ્યો.

સત્યનો જય અને સંતનું દર્શન : મકરધ્વજ ઘર બાજુ જઈ રહ્યો છે. ત્યાં રસ્તામાં ખબર પડી કે અહીં સંત મુનિરાજ બિરાજે છે. તેના મનમાં થયું કે હું કેવો ભાગ્યશાળી ! અહીં તો કોઈના દર્શન ન મળે તેના બદલે મને સંતના દર્શન થયા. તેના દિલમાં તો આનંદ સમાતો નથી. તે દર્શન કરવા ગયો ત્યારે ત્યાં કોઈ દેવ આવ્યો હતો. તેણે પોતાની ઋધ્ધિ બતાવવા મુનિ પાસે એક નાટક કરેલું. નાટક પૂરું થયું ત્યારે બીજા સાધુએ વડીલ સાધુને પૂછયું–આ દેવ, દેવની પદવી કેવી રીતે પામ્યો ? મોટા સંતે કહ્યું–તેણે પૂર્વજન્મમાં બીજું સત્યનું વ્રત અંગીકાર કર્યું હતું. તે વ્રત લીધા પછી તેના જીવનમાં કષ્ટ આવ્યું, દુઃખ આવ્યું પણ તે ડગ્યા નહિ અને પોતાના પ્રાણની આહૂતિ આપી દીધી, તેથી તે મરીને દેવ થયા છે. આ વાત બધાએ સાંભળી. બધાના મનમાં થયું કે એક વ્રતના પાલનથી જો દેવ બન્યો તો ૧૨ વ્રતના પાલનથી કેટલો બધો લાભ મળે ? મહાવ્રતના પાલનની તો વાત જ કયાં ? આ સાંભળતાં જે સંતો પોતાના મહાવ્રતમાં જરા ઢીલા હતા તે બધા મક્કમ થયા, છેવટે સંતે રાજકુમારને કહ્યું– તારામાં જે સત્ય પાલનનો ગુણ છે તેમાં પ્રાણાંત સુધી દૃઢ રહેજે. ભલે, ગુરૂદેવ. એમ કહીને રાજકુમાર ત્યાંથી ઘર બાજુ રવાના થયો; ત્યાર બાદ દેવે મુનિને પ્રશ્ન કર્યો કે આ છોકરો સત્યવાદી છે. તેના પર દુઃખ કે આફત આવે તો તે કયારે પણ ચલિત નહિ થાય ને ? ના. તેના માથે ગમે તેવા વિપત્તિના વાદળા ઉતરશે તો પણ તે ચલિત નહિ થાય. સત્યને તે છોડશે નહિ, તો હું તેની પરીક્ષા કરું.

દેવે રાજકુમારની કરેલી પરીક્ષા : મકરધ્વજ ઘેર ગયો. જઈને પિતાના હાથમાં ચાર રત્નો સોંપી દીધા. રાજા કહે બેટા ! તું થોડી વારમાં કયાંથી આ ચાર રત્નો લઇ આવ્યો ? આ બાજુ પેલો દેવ મકરધ્વજની પરીક્ષા કરવા એક વેપારીનો વેશ લઈને રાજસભામાં આવીને બોલવા લાગ્યો. મેં એક વાંસમાં ચાર રત્નો રાખ્યા હતા. તે કોઈ ચોરીને લઈ ગયું છે. આપ ચોરને પકડીને મને મારા રત્નો પાછા અપાવો. આ મકરધ્વજને તેના સાગરીતો કહે છે કે તને રત્નો લેતા કયાં કોઇએ જોયા છે ? માટે તું નામક્કમ જજે પણ આ તો સત્યવાદી હતો. તેણે કહ્યું કે મારે ચાર રત્નો આપવા છે. હું તો કયારે પણ અસત્ય બોલીશ નહિ. તેણે પિતાને કહ્યું–પેલા ચાર રત્નો હમણાં મને આપોને ! બધી વાત પછી આપને કરીશ. પિતા પાસેથી ચાર રત્નો લઈને વેપારીને આપી દીધા. લોકો તો જેમ તેમ બોલવા લાગ્યા. જોયો ને મોટો સત્યવાદી. વેપારીએ કહ્યું કે તારે તો અસત્ય બોલવાની, ચોરી ન કરવાની પ્રતિજ્ઞા છે તો આપે ચોરી શા માટે કરી ? કુમારે બધાની વચ્ચે સત્ય વાત જે બની હતી તે પ્રગટ કરી. દેવ તરત હાજર થઈ ગયો ને તેના ચરણમાં પડયો. પોતાના અપરાધની ક્ષમા માંગી અને કહ્યું કે આ કુમાર ચોર નથી. સાચો સત્યવાદી છે. તેની પરીક્ષા કરવા માટે મેં આ વેશ લીધો હતો. તેણે મારા રત્નો લીધા નથી. તેણે સત્ય વાત પ્રગટ કરી. રાજાને પણ ભાન થઈ ગયું કે પુણ્ય આગળ બધું નકામું છે. તેના સત્ય માટે ખૂબ પ્રશંસા

કરી, છેવટે મકરધ્વજને રાજ્ય આપીને રાજાએ દીક્ષા લઈ લીધી. સત્યનો પ્રભાવ અલૌકિક છે, યોગશાસ્ત્રમાં બતાવ્યું છે કે

अलिकं ये न भाषन्ते, सत्यव्रत महाधनः

જેની પાસે સત્યવ્રત રૂપી મહાધન છે, જે કયારે પણ અસત્ય બોલતા નથી તેને ભૂત, પ્રેત, સિંહ, સાપ આદિ કોઈ નુકશાન કરી શકતા નથી. સત્યવાદીને કેટલીક ભૌતિક શક્તિઓ પ્રાપ્ત થાય છે પણ તેનો ઉપયોગ તો તે ભાગ્યે જ કરે છે. સિદ્ધિઓ અને લબ્ધિઓ તેને આંટા મારે છે. આનંદ ગાથાપતિ આવું બીજું વ્રત લેવા તૈયાર થયા. તેમણે પ્રતિજ્ઞા કરી કે જિંદગીમાં હુ જૂઠું બોલીશ નહિ, બોલાવડાવીશ નહિ. હવે કેવી રીતે પચ્ચકખાણ લેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ગુણસુંદરી વણઝારાનો પોશાક પહેરીને બરાબર તૈયાર થઈ ગઇ. તેને જોતાં મા-બાપનું હૈયું ઠરી ગયું કે મારી દીકરી આ વેશથી કેવી પ્રભાવશાળી લાગે છે! કોઈ ન જાણે કે આ છોકરી છે. ધન્ય છે બેટા ધન્ય છે તને! તારું આ અજોડ સાહસ તને સિદ્ધિ અપાવશે. માતાપિતા ખૂબ રડે છે કારણ કે ઘણે દૂર સુધી મોકલવાની છે, વળી તેણે કહ્યું છે કે ૭ મહિનામાં પતિનો પત્તો નહિ પડે તો અગ્નિસ્નાન કરીશ. આ બધા સંયોગો માતાપિતાને ખૂબ રડાવી રહ્યા છે. વિદાયના વસમા દિવસનું પ્રભાત ઉગી ગયું. જોષીઓએ વૈશાખ સુદ તેરસનો દિવસ આપ્યો હતો તે આવી ગયો. વૈશાખ સુદ ત્રીજના લગ્ન થયા અને તેરસના દિવસે તો પતિને શોધવા માટે પ્રસ્થાનની તૈયારીઓ થઈ. જવાની થોડી વાર હતી ત્યારે ગુણસુંદરી માતાપિતાને પગે લાગી અને નમ્રતાથી બોલી કે આપ મને આશીર્વાદ આપો કે મારું કામ જલ્દી સિદ્ધ થાય.

આંસુ ભીની આંખે, માથે ફેરવે હાથ
શુભ આશીર્વાદ આપે બેટા, કરજે તારું કામ હો....

રડતી આંખે માબાપે ગુણસુંદરીના માથે હાથ ફેરવ્યો અને અંતરના શુભ આશીર્વાદ આપ્યા. બેટા! તારું કામ કરીને તું જલ્દી આવજે. તારી તબિયત સાચવજે. અમારે તને કાંઇ કહેવાનું નથી પણ બેટા! તું સત્ય અને શીલની પ્રાણની જેમ રક્ષા કરજે. તેમાં આંચ આવવા દઇશ નહિ. સતી સ્ત્રીઓ માટે શીલ એ મોટામાં મોટું આભૂષણ છે. તેને ખૂબ સાચવજે. હોંશિયારીથી કામ કરજે. તારા શ્વસુરકુળ અને પિતૃકુળની મર્યાદા સાચવીને કાર્ય કરજે. બંને કુળને દીપાવજે.

પરદેશમાં જાતા થકા, રહેજે હુશિયારી માંય,
પંથે કલ્યાણ તુમને હોજો, વહેલી મળજે તું આંય હો....

દીકરી! તું પરદેશમાં જાય છે. તારે ઘણાંના પરિચયમાં આવવાનું બનશે, ત્યારે બધાની સાથે ખૂબ હોંશિયારીથી રહેજે. તું જે માર્ગે જાય છે તે માર્ગ તને કલ્યાણ રૂપ બને. તું તારું કાર્ય કરીને જલ્દી જલ્દી આવજે. હે કૃપાનિધાન પિતાજી! સદાય

આપની કૃપા દૃષ્ટિ રાખજો. મને વિશ્વાસ છે કે આપની કૃપાથી મારા કાર્યમાં હું જરૂર સફળતા મેળવીશ. આ રીતે માતાપિતાએ સુંદર આશીર્વાદ આપ્યા પછી તેની છ એ બેનો તેના કોટે વળગી પડી અને કહ્યું–બેન ! તું સૌથી નાની છે પણ તારું પરાક્રમ અજોડ છે. તું ખૂબ હિંમત રાખજે અને જલ્દી જલ્દી પતિની ભાળ મેળવીને સમાચાર મોકલાવજે. તું અમને ભૂલતી નહિ.

" ગોપાલપુરના માર્ગે પ્રયાણ " : આ રીતે માતાપિતાના, બેનોના આશીર્વચનો હૃદયમાં ધરી ઘરની બહાર નીકળીને સાંઢણી ઉપર બેઠી. તેની સાથે ઘણું જૂના અનુભવી માણસને બેસાડયો. બેટા ! હવે આપ સુખેથી પ્રયાણ કરો. ગુણસુંદરીએ અનેક જાતના કરિયાણાના ગાડાઓ, માલસામાન લઈને ગોપાલપુર તરફ પ્રયાણ કર્યું. ગુણસુંદરીએ વેશ બદલ્યો, સાથે નામ પણ બદલ્યું. તેણે પોતાનું નામ હવે ગુણસુંદર રાખ્યું. છોકરાનો વેશ પહેર્યો છે. તેના મુખ પર દેખાય છે કે આ કેટલો શૌર્યવાન છે ! પોતે એક સ્ત્રી છે, અબળા છે એ વાત ભૂલી ગઈ. પોતે એક વિરાટ અને સબળ આત્મા છે. એમ માનીને સ્ત્રીની તમામ કોમળતાને થોડા સમય માટે ફગાવી દીધી, અને દુનિયાની તમામ મુશીબતોનો સામનો કરવા માટે તૈયાર થઇ. એણે ઘર છોડયું, ગામ છોડયું. મા–બાપ અને બેનોનો વિયોગ વધાવી લીધો અને અજાણ્યા પંથે એકલી નીકળી પડી. તેણે ન ભયને જોયો, ન મુશીબતોનો હિસાબ કાઢયો. સ્ત્રી સમય આવે ત્યારે સબળા બની શકે છે.

ગુણસુંદર સાંઢણી પર સવાર થયો અને હવે ગોપાલપુર તરફ આગળ વધવા લાગ્યો. આખો દિવસ મુસાફરી કરવાની અને સાંજ પડતા પહેલાં થોડી વારે ગામના પાદરમાં કોઈ ધર્મશાળા હોય ત્યાં રાતવાસો રહેવાનો. સૂર્યાસ્ત પહેલા એક વાર પેટ ભરીને જમતો. ગુણસુંદર ઘરથી નીકળ્યો ત્યારે તેણે પ્રતિજ્ઞા કરી છે કે જ્યાં સુધી મને મારા પતિ ન મળે ત્યાં સુધી રોજ એકાસણા કરવા. ગરમ પાણી પીવું. સવાર સાંજ બે ટાઇમ પ્રતિક્રમણ કરવું, સ્વાધ્યાય કરવી, રસ્તામાં કોઈ ગુરૂ ભગવંતનો ભેટો થઈ જાય તો તેમનું વ્યાખ્યાન સાંભળવું, તેમની સેવા શુશ્રષા કરવી. ધર્મમાં કેટલી દૃઢતા કહેવાય ! ગામમાં હોય તો પણ આટલું કરી શકતા નથી. જ્યારે આ તો જંગલ છે. જંગલમાં આત્માનું મંગલ કરવાની ભાવના કયારે થાય ? રગરગમાં ધર્મ વસ્યો હોય ત્યારે ને ? ગુણસુંદર કોઈ દિવસ ઘરની બહાર નીકળ્યો નથી. તેણે પોતાની જિંદગીમાં પહેલી વાર ઘરની બહાર પગ મૂકયો. આ રીતે આ સ્થિતિમાં સાંઢણી ઉપર મુસાફરી કરવાની આવશે એવી તો કલ્પના ય ન હોય ને ! છતાંય જાણે કેટલા વર્ષોનો અનુભવી હોય તે રીતે સફર કરી રહ્યો હતો. આ ગુણસુંદરે પતિને શોધવા માટે પ્રયાણ શરૂ કરી દીધું. હવે તેને રસ્તામાં કેવા કેવા અનુભવો થશે તે વાત અવસરે.

દ્વિ શ્રાવણ વદ ૭ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૬૨ : તા. ૬-૯-૮૫

અનંતજ્ઞાની ફરમાવે છે કે અથાગ પુણ્યના ઉદયે તને મનુષ્યભવ, પાંચ ઇન્દ્રિયો, મન આ બધું મળ્યું પણ આ મળ્યાની સાર્થકતા કયારે ? આ બધી ચીજોને જિનશાસન

સાથે જોડી દઈએ અને ડગલે ને પગલે જિનાજ્ઞાને પ્રધાન બનાવીને જીવન જીવીએ ત્યારે. આ વાત એક ન્યાયથી સમજીએ.

એક માણસ નદી કિનારેથી પસાર થઈ રહ્યો હતો. નદી કિનારે નાના બાળકો રેતીના ઘર બનાવીને રમત રમતા હતા. તેમાં એક છોકરાના હાથમાં લોખંડની નાની ખીલી આવી. તે છોકરાએ તે ખીલીને નદીમાં નાંખી દીધી. ખીલી તો પાણીમાં ડૂબી ગઈ. આ દૃશ્ય પેલા ભાઈએ જોયું. બે ચાર દિવસ પછી એ જ માણસને નદીના સામા કિનારે જવું હતું, તેથી તે ભાઈ હોડકામાં બેઠો હોડકામાં બેસતા તેણે અનેક જગ્યાએ લોખંડના ખીલાઓ જોયા. ખીલાઓ જોતાં તેને ચાર દિવસ પહેલાની વાત યાદ આવી. પેલા છોકરાએ લોખંડની ખીલીને નદીમાં નાંખી હતી તો તે ખીલી પાણીમાં ડૂબી ગઈ હતી. આ વહાણમાં તો લાકડા સાથે મોટા મોટા ખીલાઓ જોઈન્ટ કરેલા છે તો તે ડૂબી નહિ જાય ને ? એટલે તે ભાઈએ ખલાસીને પૂછયું– ભાઈ ! નાની ખીલી પાણીમાં ડૂબી ગઈ. તો આ વહાણમાં ઘણાં ખીલાઓ છે તો તે ડૂબી નહિ જાય ને ?

ખલાસીએ કહ્યું– ભાઈ ! આમ તો લોખંડ પાણીમાં ડૂબી જાય પણ જો તેને લાકડાં સાથે જડી દેવામાં આવે અને તેના દ્વારા નાવડી બનાવવામાં આવે તો એ લોખંડ ડૂબી નહિ જાય પણ લાકડાની સાથે સારી રીતે જડાઈ જવાથી પાણીમાં સારી રીતે તરી શકે. તે નાવડીમાં બેસનારને પણ તારે. તમે કોઈ જાતનો ભય રાખશો નહિ. આપ નિર્ભય રીતે આ નાવડીમાં બેસો. નાવડી પાણીમાં સડસડાટ ચાલી અને ભાઈને સામા કિનારે પહોંચાડી દીધા. પાણીમાં ડૂબી જવાના સ્વભાવવાળું લોખંડ લાકડાની સાથે જોડાતા ડૂબ્યું નહિ પણ તે પોતે તર્યું અને તેમાં બેસનારને પણ સામે કિનારે પહોંચાડી દીધા.

આધ્યાત્મિક ક્ષેત્રમાં આપણા જીવનમાં આ વાત સરસ લાગુ પડે છે. અપાર પુણ્યરાશી એકત્ર થઈ ત્યારે માનવદેહ મળ્યો, ભૌતિક સંપત્તિના ચમકારા મળ્યા, પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ મળી, શરીર નિરોગી મળ્યું. આ બધી ચીજોને જો જિનશાસન સાથે જોડી દેવામાં આવે તો સંસાર સાગરને સામે કિનારે પહોંચી શકીએ. મમ્મણ શેઠને સંપત્તિનો કયાં તૂટો હતો ? મહારાજા શ્રેણિક પણ તેની સંપત્તિ પાસે ઝાંખા પડી જાય એટલી સંપત્તિ હતી. શરીર પણ નિરોગી મળ્યું હતું. કુંડરિકને પાંચે ઇન્દ્રિયો પરિપૂર્ણ અને સતેજ હતી. સુભૂમ ચક્રવર્તીને આરોગ્ય સારું મળ્યું હતું. આ બધી ચીજો સારી મળવા છતાં તે દુર્ગતિના રવાડે ચઢી ગયા. તેનું કારણ એક જ છે કે આ ચીજોને તે જિનશાસન સાથે જોડી શકયા નહિ. મારક ચીજોને તારક બનાવી દેવાની બુદ્ધિનો તેમની પાસે અભાવ હતો. તેમની સામે બીજા મહાપુરૂષોને યાદ કરો. જેની પાસે સંપત્તિ ન હતી તે પુણીયો તરી ગયો. સનત્કુમાર ચક્રવર્તિનું આરોગ્ય સારું ન હતું. મોટા સોળ સોળ રોગો ઉત્પન્ન થયા હતા, છતાં તે પણ તરી ગયા. રોહણીયો ચોર, ખૂની ચિલાતીપુત્ર, હત્યારો અર્જુનમાળી, ક્રોધી ચંડકૌશિક, અભિમાની ઇન્દ્રભૂતિ આ બધા તરી ગયા. આનું કારણ એ છે કે પોતાને મળેલી તમામ શકિતઓને એમણે જિનશાસન સાથે જોડી દીધી અને પોતાનું જીવન જિનાજ્ઞા

પ્રધાન બનાવી દીધું તો તરી ગયા. આ કળા જેને આવડી નહિ તે બધાને આ ચીજો ડૂબાડનારી બની. આપણે શું કરવું છે તે આપણે વિચારવાનું છે. લોઢંડની બીલ્લીની જેમ ડૂબવું છે કે લાકડા સાથે જોડાયેલા બીલ્લાની જેમ તરવું છે ?

આનંદ ગાથાપતિ પોતાની શક્તિઓને જિનશાસનની સાથે જોડવા તૈયાર થયા. તેમણે બીજું અણુવ્રત અંગીકાર કર્યું. મારે મોટકું જૂઠું બોલવું નહિ. મૃષાવાદ બે પ્રકારનો છે. સૂક્ષ્મ અને સ્થૂલ. હાંસી મજાકથી કે આનંદ પ્રમોદમાં જરા જૂઠું બોલ્યા કે જૂઠું બોલવાની અનુમોદના આપી એ સૂક્ષ્મ મૃષાવાદ છે. આ મૃષાવાદથી પાપ લાગે પણ વ્રત તૂટે નહિ કારણ કે શ્રાવકને સ્થૂલ મૃષાવાદના પચ્ચક્ખાણ છે. સ્થૂલ વસ્તુમાં ખોટા પરિણામોથી અસત્ય બોલવું એ સ્થૂલ મૃષાવાદ છે. એ પાંચ પ્રકારનું છે.

(૧) **કન્નાલીક** : કન્યા સંબંધી. કન્યા સંબંધી જૂઠું શું બોલાય એ વાત વિચારીએ. છતાંને અછતું કહેવું અને અછતાંને છતું કહેવું. તમારી દીકરીનું સગપણ કરવું હોય, તેના શરીરનો બાંધો નાજુક હોય, છોકરી માટે સારો હોંશિયાર ભણેલો છોકરો મળતો હોય, છોકરાની ઉંમર કરતાં છોકરીની ઉંમર છ મહિના મોટી હોય. આ સમયે છોકરો સારો મળવાની ઇચ્છાથી છોકરીની ઉંમર છ મહિના નાની કહો તો કન્યા સંબંધી જૂઠું બોલ્યા કહેવાય. આ રીતે સગપણની બાબતમાં ઉંમર આઘીપાછી કહેવી. અત્યારનાં જમાનામાં તો બરાબર ચકાસણી થાય છે. પહેલાના જમાનામાં કન્યા બાસ જોતા ન હતા, ખાનદાન કુટુંબ, કુળ જોતાં હતા. જ્યારે આજે તો વ્હાઈટ અને હાઈટ, રૂપ અને રૂપિયા જોવાય છે. જો છોકરો ફોરેન રીટર્ન હોય તો માબાપ જલ્દી પાસ કરે છે. તે મનમાં હરખાય છે કે મને ફોરેન રીટર્ન જમાઇ મળ્યો પણ એમાં કંઈક વાર દગા થાય છે અને છોકરી ખૂબ દુઃખી થાય છે. કન્યા સંબંધી કે છોકરા સંબંધી વાતમાં શ્રાવકથી જૂઠું બોલાય નહિ, દગા પ્રપંચ કરાય નહિ. તમારા સંતાનો હોય, ફરજ બજાવવી પડે તો જુદી વાત બાકી બીજા કોઈની સગપણ સંબંધી વાતમાં પડશો નહિ અને પાપના પોટલા બાંધશો નહિ.

(૨) **ગોવાલિક** : ગાય સબંધી. અહીં ગાય, ભેંસ, બકરી, બળદ બધા તિર્યંચો આવી જાય. જાનવરોમાં ગાય શ્રેષ્ઠ ગણાય તેથી અહીં ગાય સંબંધી કહ્યું છે. ગાય-ભેંસ રાખ્યા હોય તેને વેચવા હોય ત્યારે તે દૂધ ઓછું દેતા હોય ને કહે કે વધુ દૂધ આપે છે. લેનાર વ્યક્તિ પૂછે કે જાનવર વસમું છે કે ઠંડું છે ? મનુષ્યમાં જેમ માણસો વસમા હોય છે તેમ ઢોર પણ વસમા હોય છે. તે બાબતમાં ખોટું બોલે. વર્તમાન યુગમાં તો જૈનો ઢોરો રાખતા નથી એટલે તે માટે ખોટું બોલવાનો પ્રસંગ આવે નહિ. જેના જીવનમાં ધર્મ છે, સદાચાર છે, પ્રમાણિકતા છે, સંતોષ છે તે જૂઠું ન બોલે. જેના જીવનમાં સંતોષ નથી, જેને જરૂરિયાત કરતા વધુ મેળવવું છે તેને અસત્ય, અનીતિનું આચરણ કરવું પડે છે. જૈનદર્શન તો એવું અનુપમ દર્શન છે કે એમાં સરકારની એક પણ વસ્તુ લાગુ ન પડે. જરૂરિયાત કરતાં વધુ મેળવવું તેનું નામ પરિગ્રહ. આચારાંગ સૂત્ર બોલે છે " **एवमेव (परिग्गह) एगेसिं महब्भयं भवइ ।** "

પરિગ્રહની મમતા જીવોને મહાભય અને દુઃખનું કારણ બને છે. પરિગ્રહ આત્માને ભયંકર બંધન છે. આ બંધનથી બંધાયેલો પ્રાણી નરકાદિ અધમ ગતિઓમાં જાય છે અને ત્યાં ભયંકર દુઃખ ભોગવે છે. પરિગ્રહની જાળમાં ફસાયેલો માનવી વધુ મેળવવા લાખ પ્રયત્નો કરે છતાં તેનો જેટલો લાભાંતરાય કર્મને ક્ષયોપશમ હોય તેટલું મળે છે. સંતોષ અને શાતા તેનાથી લાખો ગાઉ દૂર રહે છે એટલે કે તે સંતોષ મેળવી શકતો નથી. સંપત્તિ તો તિજોરીમાં રહે છે. અને તેના ચોકિયાત તમારે થવું પડે છે. આ ઓછી ગુલામી છે ? તે સંપત્તિને સાચવવા માનવી બુદ્ધિનો કેવો ઉપયોગ કરે છે ?

બુદ્ધિની કરામત : એક વાર એક વણિક બહારગામથી ખૂબ કમાણી કરીને પોતાના ઘર તરફ જતો હતો. તેની પાસે કિંમતી રત્નો ખૂબ હતા. ઘેર જતાં રસ્તામાં મોટું ભયંકર જંગલ આવતું હતું, જ્યાં ઘણાં લૂંટારાઓ અને ડાકુઓ રહેતા હતા. વાણિયાના મનમાં થયું કે કરવું શું ? આ જંગલમાં તો ચોર લૂંટારાનો ભય ઘણો છે તે મારા રત્નો લૂંટી લેશે. તો આ રત્નોને સાચવવા કેવી રીતે ? વિચાર કરતાં તેને એક રસ્તો જડયો. તેણે રત્નોની પોટલી બાંધીને જમીનમાં દાટી દીધી અને બીજી એક કાંકરાની પોટલી બાંધી. એ પોટલી લઈને જંગલમાં મોટે મોટેથી બૂમો પાડતો જાય છે કે મારી પાસે રત્નો છે રત્નો. તેની બૂમ સાંભળીને લૂંટારાઓ બહાર આવ્યા. તેમના મનમાં થયું કે જેની પાસે રત્નો હોય તે આવી રીતે બૂમો પાડે નહિ. તે તો લપાતો છૂપાતો જતો રહે છતાં જોવા તો દે કે રત્નો કેવા છે એટલે કહ્યું– બોલ, રત્નો કયાં રાખ્યા છે ? ભાઈઓ ! હું રત્નો નહિ આપું, કેટલી મહેનત કરીને આ રત્નો મેળવ્યા છે, તમે લઈ લેશો તો હું મરી જઈશ. માટે મને જવા દો. આ વણિક ભાઇએ તો બરાબર નાટક કર્યું પણ આ લૂંટારાઓ જવા દે શાના ? બધાએ ભેગા થઈને તેની પોટલી લઈ લીધી. બોલીને જોયું તો કાંકરા. અરે ! આ તો કોઈ પાગલ, ગાંડો લાગે છે. જેની પાસે રત્નો હોય તે આવી રીતે બૂમો પાડે ખરો ? બધાએ તેને જવા દીધો.

આ જંગલ એક ગાઉનું હતું. જંગલના એક છેડેથી બીજા છેડા સુધી ત્રણ વાર આ રીતે બૂમો પાડતો ગયો ને આવ્યો. બધાએ તેને પાગલ માન્યો. કોઈ લૂંટવા ન આવ્યું ત્યારે ચોથી વાર સાચા રત્નોની પોટલી લઈને બૂમો પાડતા પાડતા જંગલ પસાર કરી દીધું. ચોર લૂંટારાઓને મૂર્ખ બનાવ્યા અને પોતાની સંપત્તિને સુરક્ષિત રાખી શકયો. લક્ષ્મી સાચવવા કેવી બુદ્ધિ વાપરી ? પૈસા માટે માનવી શું નથી કરતો ? સંપત્તિ સાચવવા માટે જીવની કેટલી જાગૃતિ છે ! કેટલી સાવધાની છે ! એટલી આત્માના ગુણો સાચવવાની છે ? શીલ, સદાચાર, ક્ષમા, સરળતા, સમતા એ આત્માની અમૂલ્ય સંપત્તિ છે. તે તો રત્નો કરતાં મહાકિંમતી છે, પણ હજુ જીવને આ સંપત્તિની કિંમત સમજાઈ નથી. આ સંસારના જંગલમાં આત્માની સંપત્તિ લૂંટવા કષાયો રૂપી ડાકુઓ ફરી રહ્યા છે. આત્માની સજાગ દશા ન રહે તો એ આત્માની સંપત્તિને લૂંટી લે.

આનંદ ગાથાપતિને ત્યાં દશ હજાર ગાયોનું એક ગોકુળ એવા ચાર ગોકુળ એટલે ચાલીસ હજાર ગાયો હતી. અત્યારે તો પશુધન રાખવાનું મોટા ભાગે બંધ થઈ ગયું છે એટલે આ દોષ લાગવાનો સંભવ ઓછો છે. આનંદ ગાથાપતિએ કહ્યું ભગંવત ! આ ગાયો, ભેંસો સંબંધી હું જાવજીવ સુધી કયારે પણ જૂઠું બોલીશ નહિ. "**ભોમાલિક**" ભૂમિ+ અલીક એટલે ભૂમિ સંબંધી જૂઠું બોલવું. ભૂમિના બે પ્રકાર ક્ષેત્ર અને વત્થુ. ક્ષેત્ર એટલે ખુલ્લી જમીન. તે ખેતર, વાડી, બાગ વગેરે. આ જમીન વેચવાનો સમય આવે ત્યારે જમીન ફળદ્રુપ ન હોય તો ફળદ્રુપ કહેવી. ઓછી કિંમતની હોય ને વધુ કિંમત બતાવવી. વત્થુ એટલે ઢાંકેલી જમીન. તે ઘર, દુકાન, બંગલો, હવેલી, વખાર વગેરે. ઘણી વાર એવું બને કે દેશમાં નવું મકાન બાંધ્યું. તે મકાનમાલિક બહાર રહેતા હોય. તે મકાન વર્ષો સુધી ખાલી પડયું રહે. લોકો તે મકાનને ભૂતિયું મકાન કહે છે. અથવા તે મકાન બરાબર નથી એમ કહીને તેની કિંમત ઘટાડી દે છે. પછી તે મકાન વેચે તો કોઈ લેવા તૈયાર થતું નથી. આવા મકાન જ્યારે વેચવાના થાય ત્યારે અસત્ય-ખોટું ન બોલવું.

ખેતરમાં પાક સારો ન આવતો હોય છતાં કહો કે આ ભૂમિ તો એવી રસાળ અને ફળદ્રુપ છે કે તેમાં ખૂબ પાક થાય છે. તો ભોમાલિકનો દોષ લાગે. ભોમાલિકમાં અનાજ, કપડાં, સોનું, ચાંદી વગેરે વસ્તુનો સમાવેશ થઈ જાય છે. જેણે વ્રત આદર્યા છે એવા શ્રાવકો આ બધી બાબતોમાં ઈરાદાપૂર્વક જૂઠું ન બોલે. આ બાબતમાં તેમને જૂઠું બોલવાના પચ્ચકખાણ છે. કદાચ બોલી જાય તો દોષ લાગે. આ રીતે આનંદ ગાથાપતિએ બીજું વ્રત આદર્યું. હજુ આગળ શું ભાવ આવશે તે અવસરે.

ચરિત્ર : ગુણસુંદરી વણઝારાનો વેશ પહેરીને ગોપાલપુરની સફરે જઈ રહી છે. જે ઓળખે છે તે બધા જાણી શકે છે કે આ તો ગુણસુંદરી છે. અજાણ્યા માણસો તો તેની સામે જોઈ રહેતા અને બોલતા, અહા ! શું સોહામણો યુવાન છે ! એની આંખમાંથી જાણે વીરતા નીતરી રહી છે. પ્રવાસ કરતાં જ્યાં સારું ગામ આવે ત્યાં બે દિવસ રહેતા. નાનું ગામ આવે ત્યાં એક દિવસ અને તદ્દન નાનું ગામડું હોય ત્યાં રાતવાસો રહે, જ્યાં રાતનો પડાવ હોય ત્યાં સુરીલા કંઠે મધુર ગીતો લલકારે. તેનો મધુર અવાજ સાંભળી લોકો સાંભળવા દોડી આવતા. ગીત સાંભળતા બધા આનંદિત થઈ જાય અને આગળના પ્રવાસમાં તેને સુવિધા કરી દે.

ગુણસુંદરના ગુણની ફેલાયેલી સુવાસ : ગુણસુંદર કોઇ ગામમાં અંદર જતો નહિ. તે ગામ બહાર ધર્મશાળામાં રહેતો. મોટું ગામ હોય તો ત્યાંના વેપારીઓ સાથે પરિચયમાં આવતો. વસ્તુના ભાવ તાલ પૂછતો. ખરીદવા જેવું હોય તો ખરીદ કરે અને વેચાણ કરવા જેવું હોય તો તે વેચાણ કરે. ગોપાલપુરમાં જઇને સીધો વેપાર કરતાં ન આવડે તેથી તે અત્યારથી વેપારની ટ્રેઈનીંગ લેવા લાગ્યો. રસ્તામાં સાધુ સંતો મળી જાય તો તેમની સેવાભક્તિ કરતા અને ગરીબ માણસોને દાન પણ આપતા. મુસાફરી

કરતાં રસ્તામાં મોટા શહેરો, ગામડાંઓ આવે અને વિકટ જંગલો ય આવે પણ ગુણસુંદર કોઇથી જરાય ડરતો ન હતો. તે રોજ સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર વગેરે કરવાનું ચૂકતો નહિ. ગુણસુંદરની સાથે આવેલા પાંચ મુખ્ય માણસો તો તેનું શૌર્ય, સાહસ, ધૈર્યતા જોઈને સજ્જડ થઇ ગયા. બધાને તેના પ્રત્યે ખૂબ માન વધ્યું. ગુણસુંદર તો જાણે શું બોલ્યો ને શું બોલશે? તેનામાં અભિમાન તો જરાય ન હતું. તેના મોટા વડીલ ભાઈઓ સાથે ખૂબ નમ્રતાથી રહેતો. બધાનો વિનય સાચવતો. નાના મોટા બધાની સાથે પ્રેમથી રહેતો અને બધાનું ખૂબ ધ્યાન રાખતો. બધાના મનમાં થઈ ગયું કે ગુણસુંદર તો ગુણસુંદર છે. તેની વય યુવાન છે પણ ગુણમાં, સમજણમાં પ્રૌઢ છે. તેના વિચારો પરિપકવ માણસો જેવા છે. ગામમાં જતા અજાણ્યા માણસો સાથે તે ખૂબ ભળી જતો પણ સાથે પોતાના ચારિત્રનો ખ્યાલ વિશેષ રાખતો.

ગોપાલપુરની ગોદમાં : ખરેખર ગુણસુંદરી પુરૂષ વેશને બરાબર ભજવી રહી છે. તેના સાથીદાર માણસો તો જોઈ રહેતા કે આ છોકરી પોતાની જાત છતી ન થઈ જાય એ માટે કેટલી તકેદારી રાખે છે! તેણે પોતાના મોટા સાથીદાર માણસોને એ ખાસ ભલામણ કરી છે કે પોતાને બેટી કહીને કોઈએ બોલાવવી નહિ તેથી એણે પોતાનું નામ પણ બદલી નાંખ્યું હતું. તે પોતાના મોટા સાથીદાર ભાઈઓને મોટાભાઈ કહી બોલાવતો. આ રીતે ખૂબ આનંદપૂર્વક પંથ કાપી રહ્યા છે. પંથ કાપતા કાપતા વલ્લભીપુરથી તો ઘણે દૂર નીકળી ગયા. હવે ગોપાલપુર નજીક આવી રહ્યું છે. જે સૌથી મોટા માણેકચંદ હતા તેમણે કહ્યું–બેટા ગુણસુંદર! હવે આપણે થોડા દિવસમાં ગોપાલપુર પહોંચી જઇશું.

પતિની ખોજ માટે મનના તરંગો : વલ્લભીપુર તો ઘણું દૂર પડી ગયું, આપણે ગોપાલપુરની નજીકમાં આવી ગયા છીએ. બે ચાર દિવસમાં તો આપણી સફર પૂરી થશે. ગુણસુંદર કહે–ભાઈઓ! આપણે ત્યાં જઈને બેસી રહેવાનું નથી. મહેનત કરવાની છે. આપણે જે કામે નીકળ્યા છીએ તે કામ અઘરું છે. ત્યાં જઈને આખા ગામમાં ઘુમવાનું છે. ત્યાં ને ત્યાં કેટલા ચક્કર મારવા પડશે. એ થાક ખૂબ લાગશે. બેટા! હવે તો આપણે નિશ્ચિત સ્થાનમાં જઇશું. ત્યાં નગરજનોના પરિચયમાં જવાનું. બાપુજી! એ શેઠ કયાં વસતા હશે. એ શેઠનું નામ ઠામ પણ જાણતા નથી. તેમનું નામ પણ પૂછયું નથી. હવે તમારા જમાઈને શોધવા માટે ગોપાલપુરમાં ભમવાનું રહેશે. મેં તો માત્ર તેમનું મુખ જોયું છે. તેના મુખ ઉપરથી અને હસ્તરેખાઓ પરથી અનુમાન કર્યું હતું કે તે કોઇ સામાન્ય ઘરનો દીકરો નથી પણ મોટા સુખી ઘરનો દીકરો છે. એ દીપક કયા મહેલમાં પ્રકાશતો હશે એની આપણને શી રીતે ખબર પડશે? કોઇ જાતના ભેદભાવ વગર આખા ગામમાં તપાસ કરવાની. બેટા! તું શા માટે આટલી બધી ચિંતા કરે છે? તારું સાહસ, હિંમત જોઇને અમે બધા ગૌરવ અનુભવીએ છીએ. ખરેખર! તું અમારો સાચો દીકરો હોય એવું અમને લાગે

છે. બધાએ કહ્યું– બેટા! તું શ્રદ્ધા રાખ ને હૈયે હામ રાખ. મનમાં પ્રભુનું સ્મરણ કર. પ્રભુના નામ સ્મરણથી પણ કર્મો તૂટી જાય છે. એ શ્રદ્ધાથી આટલો મોટો પ્રવાસ ખેડયો છે. માતા-પિતાનો, બેનોનો બધાનો વિયોગ સહન કર્યો છે. આ શ્રદ્ધા તને જીવનમાં જરૂર સફળતા અપાવશે. આ શ્રદ્ધાથી તો લાંબી મુસાફરી કરતા કરતા આજે ગોપાલપુરની નજીક આવી રહ્યા છીએ. થોડા દિવસમાં તો એ ગામમાં પ્રવેશ પણ કરીશું. વૈશાખ સુદ તેરસે વલ્લભીપુરથી નીકળ્યા છીએ અને અષાઢ મહિનાના પ્રથમ દિવસે શુકલ પક્ષની એકમે તો ગોપાલપુર નજીક પહોંચી ગયા, હવે ગોપાલપુરમાં જઈને પતિને શોધવા કેવા પ્રયત્નો કરશે તે અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૮ને શનિવાર : વ્યાખ્યાન નં. ૬૩ : તા. ૭-૯-૮૫

વિશ્વવંદનીય, ત્રૈલોકય પ્રકાશક, કરૂણાસાગર ભગવંતે ફરમાન કર્યું કે જીવ ચતુર્ગતિ સંસારમાં રખડી રહ્યો છે તેનું કોઈ કારણ હોય તો આજ સુધી જીવ સુખદર્શી બન્યો છે પણ ભદ્રદર્શી એટલે કલ્યાણદર્શી બન્યો નથી. સુખદર્શી એટલે સંસારના સુખો મેળવવા તરફ દૃષ્ટિ અને ભદ્રદર્શી એટલે આત્માના કલ્યાણ તરફ દૃષ્ટિ. ભદ્રદર્શિતા એ મહાન ગુણ છે. આ ગુણ જીવનમાં મોટો દીવો છે. આ ગુણ હોય એટલે આત્માને ઠેર ઠેર પ્રકાશ આપ્યા કરે. દરેક ઠેકાણે ઠેકાણે એની વાણી, વર્તન, વિચાર કલ્યાણ તરફ હોય, ગમે તેવા દુઃખના પ્રસંગમાં એ દુઃખને દુઃખ ન માને, આર્તધ્યાન ન કરે. કોઈ પણ વસ્તુને કે પ્રસંગને કલ્યાણ દૃષ્ટિથી જોતાં આવડવું જોઈએ. સુખના પ્રસંગમાં પણ એ આત્મા મન નહિ બગાડે, પાપમય વિચાર નહિ કરે અને સુખમાં છકી જઈ અભિમાન નહિ લાવે. માનો કે તેનું ભાગ્ય ખુલી ગયું અને સારા પૈસા કમાયા. અરે, લક્ષાધિપતિમાં નંબર લાગી ગયો તો ભદ્રદર્શી આત્મા એ વિચાર કરશે કે પૈસા મળ્યામાં મારા આત્માની મોટાઈ નથી. લોકો ભલે મોટો માને, કારણ કે લોકો તો માત્ર બહારને જુએ છે. અંદરના આત્માને નહિ એટલે એ બહારનું સારું જોઈ મોટાઈ, વિશેષતા માને પણ તેમાં મારા આત્માનું શું ભલું થાય ? માટે લાખોપતિ બનું કે અબજોપતિ બનું તેમાં મારા આત્માની વિશેષતા નથી પણ આત્માને નિર્મળ અધ્યવસાયમાં રાખું એમાં એની વિશેષતા છે. ભદ્રદર્શિતાનો ગુણ આત્માના કલ્યાણ તરફ દૃષ્ટિ કરાવે.

દશાર્ણભદ્ર રાજા પ્રભુ મહાવીર સ્વામીને કોઈએ વાંદ્યા ન હોય એવા હું વાંદું એ અભિમાનથી કોઈએ ન કર્યો હોય એવો ઠાઠમાઠ કરીને પ્રભુને વંદન કરવા નીકળ્યા. ઇન્દ્રે અવધિજ્ઞાનથી જોયું કે આ દશાર્ણભદ્ર રાજા કોઈએ ન કર્યો હોય એવો ઠાઠ કરીને પ્રભુને વંદન કરવા જાઉં એવું ખોટું અભિમાન કરીને પ્રભુની અશાતના કરી રહ્યા છે. પ્રભુનું ગૌરવ હણી રહ્યા છે. જાણે પોતાનાથી વધુ સારી ભક્તિ કરનારા ભક્ત પ્રભુને મળ્યા જ નથી માટે લાવ એને બતાવી દઉં કે આ તો ત્રિભુવન ગુરૂ છે, જેમને ભલભલાને મહાત કરે એવા ભક્તો મળ્યા છે. આ પ્રમાણે વિચારી દશાર્ણભદ્રનું અભિમાન ઉતારવા ઇન્દ્રે મોટો ઠાઠ કર્યો. તેમણે સફેદ રૂના ગાભલા જેવા ૬૪ હજાર હાથી વિકુર્વ્યા. એકેક

હાથીને આઠ આઠ મુખ, આઠ આઠ સૂંઢ, એકેક સૂંઢને આઠ આઠ મોટા દંતશૂળ, એકેક દંતશૂળ પર આઠ આઠ વાવડીઓ, એકેક વાવડીમાં લાખ લાખ પાંદડાવાળું કમળ બનાવ્યું અને તેના પર દેવદેવીઓ નાચ કરે છે. દરેક કમળની મધ્યમાં ઈન્દ્રે પોતાનું રૂપ ગોઠવ્યું છે. આવું દશ્ય ઈન્દ્રે રજૂ કર્યું.

દશાર્ણભદ્ર રાજા નગરની બહાર આવતા જ્યાં ઊંચે આકાશમાં જુએ છે ત્યાં ઈન્દ્રને આવો ઠાઠમાઠ કરીને પ્રભુના સમવસરણ તરફ આવતા જોયા. આ જોતાં દશાર્ણભદ્ર રાજાને શું લાગે ? જો એ ભદ્રદર્શી હોત તો એને પોતાનું અપમાન લાગત. અરે ! પહેલા ઈન્દ્ર કોઈ દિવસ આટલા બધા ઠાઠમાઠ સાથે ભગવાનના દર્શન કરવા આવ્યા હોય એવું સાંભળ્યું નથી અને આજે આ રીતે આવી રહ્યા છે તો એ ચોક્કસ મારું અપમાન કરવા આવ્યો લાગે છે. શું એની પાસે દેવતાઈ શક્તિ છે એટલે શક્તિ વિનાના એવા મારું અપમાન કરવાનું ? ભલે કરે, પણ મનુષ્યોની પંક્તિઓમાં તો હું શ્રેષ્ઠ છું. કોઈ મનુષ્ય મારા જેવા ઠાઠથી પ્રભુને વંદન કરવા આવ્યા નહિ હોય. આ રીતે એક બાજુ પોતાનું અપમાન લાગત અને બીજી બાજુ અભિમાન ઉભું રાખ્યું હોત, પણ દશાર્ણભદ્ર રાજા અભદ્રદર્શી નથી. તે ભદ્રદર્શી છે એટલે આવા કોઈ વિચાર કરતા નથી. તેમણે તો એ વિચાર કર્યો કે મેં બોટું અભિમાન કર્યું છે. પ્રભુને ઊંચા શ્રેષ્ઠ ભક્ત શું હું એક જ મળ્યો છું ? આવા ઈન્દ્ર જેવા તો કંઈક મોટા ભક્તો પ્રભુને છે. પ્રભુનું ગૌરવ ઉતારવાનો મેં અધમ વિચાર કર્યો. એમાં મેં પ્રભુનું અપમાન કર્યું માટે એક તો મારે એનું પ્રાયશ્ચિત કરવું જોઈએ અને બીજું એ કે મેં જે સંકલ્પ કરેલો કે પ્રભુને કોઈએ જે ભક્તિથી વંદન ન કર્યા હોય એવી ભક્તિથી હું વંદન કરું. એ સંકલ્પ કેવી રીતે પાર પાડવો એ પ્રશ્ન છે પણ પાર તો પાડવો જોઈએ.

ભદ્રદર્શિતાનો ગુણ પાપનો પશ્ચાતાપ તથા પ્રાયશ્ચિતના વિચાર લાવે અને શુભ સંકલ્પનો નિર્ધાર કરાવે. સુખદર્શીને પાપનો અફસોસ નહિ. કદાચ થાય તો સ્વાભિમાનને કારણે થાય પણ ગુરૂ પાસે જઈ પાપ પ્રગટ કરવાની તેમજ પ્રાયશ્ચિત લેવાની કોઈ વાત નહિ. આજે આપણું જીવન કેવું જીવાઈ રહ્યું છે. ભદ્રદર્શી કે સુખદર્શી ? તેનો વિચાર કરજો. સુખદર્શી જીવન પોતાને ભારે પડવાનું, એમાં કોઈ આવીને સુધારો કરી શકે નહિ. જો પોતાને ભદ્રદર્શી થવું નથી તો પછી તીર્થંકર ભગવાન પણ એને કેવી રીતે સુધારી શકે ? જમાલી ખુદ ભગવાન મહાવીર સ્વામીનો શિષ્ય અને સંસારી ભાણેજ હતો, છતાંય એ પાછળથી અભદ્રદર્શી બન્યો તો ખુદ મહાવીર સ્વામી પણ એને સુધારી ન શકયા.

આત્માની ઉન્નતિ થવાની હોય ત્યારે એને ભદ્રદર્શી બની આત્માને મહત્ત્વ આપવાનું મન થાય. એ પોતાના શરીરની સુખશાતાનો વિચાર ન કરતા જીવોની સુખશાતાનો વિચાર કરે. જેમ કે બટેટા, કાંદા આદિ કંદમૂળ કેમ ન ખવાય ? એમાં અનંતજીવોને અશાતા પહોંચે છે. એ જીવો મરી જાય છે માટે મને જો થોડા સ્વાદની સુખશાતા

મળતી હોય તો એ શાતા મારે નથી જોઈતી. હું અનંતાજીવોને અભયદાનથી શાતા આપું. આવો જીવદયાનો વિચાર આવ્યો. એમાં શરીરને બદલે આત્માને મહત્ત્વ આપ્યું. અભક્ષ્ય ખાવાથી શરીરને મળતી શાતા જતી કરી અનંત આત્માઓને અભયદાનથી મળતી શાતા આગળ કરી. જીવોની દયા પાળવામાં આત્મા શાંત, શીતળ, આનંદિત બને છે અને જીવો પ્રત્યે ઉપેક્ષા રાખવામાં એ મરે તો ભલે મરે પણ મારે ટેસ્ટ તો કરવાનો. આ રીતે જીવોની અવગણના કરવામાં આત્મા કઠોર, અશાંત અને ઉન્માદી બને છે. જીવોની દયામાં ભદ્રદર્શિતા છે અને જીવોની હિંસામાં અભદ્રદર્શિતા છે. ભદ્રદર્શિતા અને સુખ-દર્શિતાનો વિચાર કરવામાં આવે તો મનને એમ થાય કે અરે! હું આવા કીડા, મંકોડા, પશુઓ કરતાં અતિ ઊંચો માનવ અવતાર પામ્યો તો હવે શું હું અભદ્રદર્શી બનું? સુખદર્શી બનું? ના. કલ્યાણદર્શી-ભદ્રદર્શી બનું. મારા આત્માના કલ્યાણને જોનારો બનું.

ભદ્રદર્શી રાજા દર્શાણભદ્ર પોતે કરેલા અભિમાન માટે ખૂબ પસ્તાવો કરે છે. મૂળ પાપ આ રાજ્યસમૃદ્ધિ છે, એના પર અભિમાન કરી ત્રણ લોકના નાથની અશાતના કરી, માટે પહેલું તો આ સમૃદ્ધિનું પાપ કાઢું. પ્રભુને ઊંચામાં ઊંચી ભક્તિથી વંદન કરવાનો મારો સંકલ્પ છે તો જિનેશ્વર ભગવંતની ઊંચામાં ઊંચી ભક્તિ જિનાજ્ઞાનું પાલન છે. સંસાર ત્યાગી સર્વવિરતિ ચારિત્ર સ્વીકારવામાં ઊંચામાં ઊંચી ભક્તિ છે. માટે અણગાર બનીને પ્રભુને વંદન કરું તો એ ઊંચામાં ઊંચી ભક્તિથી વંદન કર્યું કહેવાય. તો મારી પ્રતિજ્ઞા પળાઈ જાય. આ વિચારમાં પહેલા રાજ્યની વ્યવસ્થા કરી આવું કે રાણીઓને પૂછી આવું એવો કોઈ વિચાર ન કર્યો. તે તો સીધા ભગવાન મહાવીર સ્વામી પાસે પહોંચી સંસારી વેશ બદલીને સાધુવેશ પહેરીને પ્રભુને ત્રણ વાર વંદન કરી પ્રભુની પાસે દીક્ષા લઈ લીધી. હવે ઈન્દ્ર શું કરે? તેના મનમાં કદાચ એમ હશે કે સમવસરણ પહોંચ્યા પછી દર્શાણભદ્ર રાજા મારી સિદ્ધિ જોઈને ઝંખવાણો પડી જશે ને માફી માંગશે, પણ અહીં તો જુદું જ બન્યું. ઈન્દ્રને ચમકારો લાગ્યો. મનુષ્યનું મહાન સામર્થ્ય, મહાન પરાક્રમ કરવાની અલૌકિક શક્તિ દેખાઈ કે જે મોટા દેવ કે ઈન્દ્રમાં નથી. ઈન્દ્ર પણ ભદ્રદર્શી છે. તે શરમ છોડીને નિખાલસ ભાવે મહામુનિ બનેલા દર્શાણભદ્રના ચરણમાં પડી તરત ક્ષમા માંગે છે કે મને ક્ષમા કરજો. તમે જીત્યા ને હું હાર્યો પછી એમના પરાક્રમની પ્રશંસા કરે છે. પોતાની ભૂલનો એકરાર કરવો, ક્ષમા માંગવી અને ગુણોની પ્રશંસા કરવી એ ભદ્રદર્શીતાના ગુણો છે.

જેમનો આત્મા સુખદર્શી મટીને ભદ્રદર્શી બન્યો છે એવા આનંદશ્રાવક બાર વ્રત આદરવા તૈયાર થયા. બીજા વ્રતનો ચોથો બોલ છે "**થાપણમોસો.**" કોઈની થાપણ ઓળવવી. આ દોષ અત્યારે બહુ ઓછો લાગે છે. જૂના જમાનામાં જ્યારે બેંકો ન હતી ત્યારે આવું ઘણી વાર બનતું. કોઈના ઘેર થાપણ મૂકી હોય ને પછી લેવા જાય ત્યારે તદ્દન અસત્ય બોલે કે મારે ઘેર કાંઇ મૂકયું નથી. આ રીતે ધનના લોભે અસત્ય

બોલવાથી અને કોઇને વિશ્વાસઘાત કરવાથી કેટલા કર્મ બંધાય ! વિશ્વાસઘાત જેવું બીજું કોઇ પાપ નથી. જ્ઞાનીએ આઠ પાપી બતાવ્યા છે તેમાં વિશ્વાસઘાતીને મહાપાપી કહ્યા છે. બે જિગરજાન મિત્ર છે. એક મિત્રે કેટલી મહેનત કરી, સાચા બોટા બોલી, અન્યાય અનીતિ કરી થોડી રકમ ભેગી કરી. તેના મનમાં થયું કે આ ધન ઘરમાં રાખીશ તો વપરાઈ જશે પણ જો કોઇના ઘેર મૂકું તો જરૂર પડે ત્યારે મને કામ આવે. એમ માનીને મિત્રના ઘેર થાપણ તરીકે મૂકી. તેનો અંગત મિત્ર એટલે તેના પર અવિશ્વાસ તો હોય જ નહિ, તેથી રકમ આપતી વખતે કોઈ લખાણ કે દસ્તાવેજ કાંઈ કર્યું નહિ. થોડા સમય પછી તેને તે રકમની જરૂર પડી એટલે તેની પાસે લેવા ગયો. ધન દેખીને મિત્રનું મન બદલાઈ ગયું એટલે કહે છે કે તેં મને કયારે આપી હતી ? મને તો એ બાબતમાં કાંઈ ખબર નથી. ધન શું ને વાત શી ? તેણે ખૂબ ખૂબ કહ્યું છતાં મિત્ર નામક્કમ ગયો અને ઉપરથી તેને કહ્યું કે જો તું મારા પર બોટું આળ ચઢાવીશ તો તને કોર્ટ બતાવી દઇશ. આવી રીતે વિશ્વાસઘાત કરવાથી સામાના દિલમાં ખૂબ આઘાત લાગે છે. કોઈ વાર આત્મહત્યા કરી બેસે છે. આવી રીતે થાપણ ઓળવનાર મહાપાપી ગણાય છે. જ્ઞાની કહે છે કે જે થાપણ ઓળવે છે, વિશ્વાસઘાત કરે છે તેની આ લોકમાં નિંદા થાય છે. લોકો તેને ફીટકાર આપે છે, કોઈ તેનો વિશ્વાસ કરતું નથી અને તેની દુર્ગતિ થાય છે. જો જીવનમાં સંતોષ હોય તો આવું પાપ થાય નહિ પણ વધુ મેળવવાના લોભે આવા પાપો થાય છે. ધન પ્રત્યેની મૂર્છા મહાપાપ કરાવે છે. યાદ રાખજો, તમારી બુદ્ધિથી કે પુણ્યથી કદાચ આ ભવમાં બચી જશો પણ પરભવમાં તો ભુક્કા ઉડી જશે. ત્યાં એવા દુઃખો વેઠવા પડશે કે ગમે તેટલું રડશો કે ઝૂરશો પણ કોઈ તમને દુઃખમાં દિલાસો દેવા કે દુઃખથી બચાવવા નહિ આવે. કોઈની થાપણ ઓળવનારો જીવ મોટા ભાગે તિર્યંચમાં જાય છે. તેનો સંસાર વધી જાય છે. જેને પુણ્ય પર વિશ્વાસ છે કે મારા પુણ્યનો ઉદય હશે તો મને સંપત્તિ મળવાની છે. પૂર્વભવમાં સુકૃતો કર્યા હશે તો આ ભવમાં મળવાનું છે પછી મારે કોઈની થાપણ ઓળવીને મહાપાપ શા માટે બાંધવા જોઈએ ? આ રીતે મેળવેલું ધન તમને શાંતિ નહિ આપી શકે. પુણ્યનો ઉદય થશે ત્યારે અણધારી સંપત્તિ મળી જશે.

પુણ્યનું પ્રભાત ખીલે ત્યારે... : એક વાર રાજા રાજસભા ભરીને બેઠા હતા. તે રાજસભામાં એક ભિખારી આવ્યો. રાજસભાનું કામકાજ પૂરું થયું ત્યારે તે ભિખારી રાજાના સિંહાસન પાસે આવ્યો અને સિંહાસન પર બેઠેલા રાજાને લળી લળીને વંદન કરવા લાગ્યો. રાજસભામાં બેઠેલા માણસો તો આ જોઈને આશ્ચર્ય પામ્યા. આ ભિખારી જેવો ભિખારી જેના કપડાના ઠેકાણા નથી એવો છેક રાજાના સિંહાસન સુધી જવાની હિંમત કેમ કરી શકયો ? રાજાની દૃષ્ટિ આ ભિખારી પર ગઇ. રાજા ભિખારી સામે એકીટસે જોવા લાગ્યા. ભિખારીને જોતાં રાજાના મનમાં શું થયું કે બે મિનિટ થઈ ત્યાં તો

રાજાએ પોતાના બજાનચીને કહ્યું કે આપ આ ભિખારીને અત્યારે એક લાખ રૂા. આપી દો. રાજાનો આ હુકમ સાંભળતા આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. રાજાએ એકદમ આ શો ધડાકો કર્યો ? સો-બસો નહિ, બે પાંચ હજાર નહિ ને એક લાખ ! તે આ ભિખારીને ! રાજાને શું થઈ ગયું છે ? પણ આ તો રાજાની આજ્ઞા. કોણ તેમની સામે આંગળી ઉંચી કરી શકે ? તેમની સામે બોલવા જાય તો કદાચ બીજાને શિક્ષા થાય. રાજાની આજ્ઞાથી બજાનચીએ ભિખારીને એક લાખ રૂા. દઈ દીધા. જ્યારે પુણ્યનું પ્રભાત ખીલે ત્યારે ગમે તે રીતે સંપત્તિ મળે. ભિખારીના પુણ્યનો જોરદાર ઉદય થયો હશે તો જ રાજાને તેને લાખ રૂા. દેવાનું મન થયું ને.

ભિખારી તો ખુશ થઈ ગયો. ભીખ માંગતા જે રોટલા પૂરા ન મળતા હોય ત્યાં લાખ રૂપિયા મળે ત્યારે કેવો આનંદ થાય ? એ તો અનુભવે તેને ખ્યાલ આવે. ભિખારી લાખ રૂપિયા લઇને જેવો રાજદરબારમાંથી બહાર નીકળ્યો કે તરત દરબારીઓ તેની પાછળ ગયા. ભિખારીને લાખ રૂપિયા મળ્યા તે દરબારીઓને ખટકતા હતા. તેઓ તેની ચારે બાજુ વીંટળાઈ ગયા, પછી તેને પૂછયું-રાજાએ તને વગર માંગે લાખ રૂા. કેમ આપ્યા ? અમે આટલા વર્ષોથી રાજાની આજ્ઞામાં રહીએ છીએ, રાજાની સેવા કરીએ છીએ, ખડા પગે તેમનું કામ બજાવીએ છીએ; છતાં અમને કોઈ દિવસ લાખ તો નહિ પણ દશ પંદર હજાર રૂપિયા પણ નથી આપ્યા અને તેં તો માંગ્યા નથી છતાં લાખ રૂા. કેમ આપ્યા ?

ભિખારીએ કહ્યું-મારી સ્થિતિ જ એવી હતી કે જોતાં રાજાને દયા આવી ગઈ અને મને આપવાની ઇચ્છા થઈ. બંધુઓ ! જેના જીવનમાં કરૂણા છે, દાક્ષિણ્યતા છે તેને દુઃખી જીવોને જોઇને તેનું દુઃખ દૂર કરવાની ભાવના થાય છે. દુઃખી જીવોને જોઈ ને તેનું દિલ દ્રવી જાય છે. દાક્ષિણ્ય ગુણવાળો માણસ કદાચ પોતાની શક્તિ કે સંયોગ ન હોય, સામાને કંઈક આપી શકે તેવી સ્થિતિ ન હોય તોય મીઠા શબ્દોથી આશ્વાસન કે સહાનુભૂતિ તો જરૂર બતાવશે પણ ખોટા મહેણાં ટોણાં નહિ મારે.

સાત્ત્વિક વિચારણાથી સ્નેહસભર શબ્દો : એક ગરીબ ભિખારી ભીખ માંગી રહ્યો હતો. માબાપ ! મને કંઈક આપોને ! જગતમાં બધા માણસો સરખા હોતા નથી. કંઈક જીવો એનો તિરસ્કાર કરે તો કંઈકને દયા પણ આવે. તેના શરીર પર માત્ર એક કપડું હતું. ઠંડી ખૂબ પડતી હતી એટલે ઠંડીના કારણે તે ધ્રુજતો હતો. તેને જોતાં દયા આવી જાય એવી તેની કફોડી સ્થિતિ હતી. રસ્તેથી જતાં એક દયાળુ માણસને તેની દયા આવી. તે ભિખારીને કંઈક આપવાના હેતુથી તે માણસે પોતાના ખીસામાં હાથ નાંખ્યો, હાથ નાંખતાં તેનું મોઢું પડી ગયું. આ શું ? અરે ! મારું તો ખીસ્સુ કપાઈ ગયું છે. તેની આંખમાં આંસુ આવી ગયા. ભિખારીને કહ્યું-ભાઈ ! તારી સ્થિતિ જોઈ ને તને કંઈક આપવાની પૂરી ઈચ્છા હતી પણ લાચાર છું કે આજે મારું ખીસ્સુ કપાઇ ગયું. ફરી કયારેક આ રસ્તે નીકળીશ તો જરૂર તને કંઈક આપી જઈશ. આ

શબ્દો સાંભળતા ભિખારીનું હૈયું ભરાઈ આવ્યું. તે ગદ્‌ગદ કંઠે કહેવા લાગ્યો-શેઠ ! તમે આજે પૈસા ભલે નથી આપ્યા પણ મને ઘણું આપ્યું છે. અત્યાર સુધીમાં મને કોઈ ભાઈ કહેનાર મળ્યું નથી. આજે તમારા મુખે પ્રેમભર્યો ભાઈ શબ્દ સાંભળ્યો. આપે જે પ્રેમ અને સદ્‌ભાગણી આપી છે. એવો પ્રેમ આજ સુધીમાં કોઇના તરફથી મને મળ્યો નથી. કોઇ કોઈ મને પૈસા આપે છે તે ય સદ્‌ભાગણીથી નહિ પણ તિરસ્કારથી. આજે આપે મને જે આપ્યું છે તે હું તો જિંદગીમાં કયારે પણ નહિ ભૂલું. ભાઈ ! પૈસા ભરેલું મારું પાકીટ કોઈ ખિસ્સુ કાપીને લઇ ગયો એનું દુઃખ નથી પણ તારે અત્યારે જરૂરિયાત છે છતાં હું મદદ ન કરી શકયો એનું મને દુઃખ છે. શેઠનું દિલ કેટલું ઉમદા બન્યું હશે ત્યારે આવી સાત્ત્વિક વિચારણા મનમાં આવે ! આવા સ્નેહસભર શબ્દો મુખમાંથી સરી પડે.

આપણે વાત ચાલતી હતી કે રાજાનું દિલ કેટલું કરૂણાસભર બન્યું હશે કે ભિખારીને લાખ રૂા. દઇ દીધા. દરબારી પૂછે છે રાજાએ તને માંગ્યા વગર લાખ રૂા. કેમ આપ્યા ? ભિખારીએ કહ્યું-ભાઈ ! મારી સ્થિતિ જ એવી છે કે રાજાને આપવાનું મન થાય. આપ મારા શરીર સામું તો જુઓ. ત્રણ ત્રણ દિવસથી ભૂખ્યો છું તેથી પેટ તો સાવ ઊંડું ઉતરી ગયું છે, ચાલતાં પણ લથડીયા આવે છે, હાથ પગ ધ્રુજે છે, કપડાં તો સાવ ફાટી ગયા છે. આવી કરૂણ સ્થિતિ જોતાં દયાળુ માણસને કંઈક આપવાનું મન થાય એ તો સહજ છે. તેમજ હું મહારાજા પાસે અસહાય, અશરણ બનીને ગયો હતો. મારી અને રાજાની દૃષ્ટિ એક થઇ ગઈ. રાજાએ મને બરાબર નિહાળ્યો અને વગર માંગ્યે મને લાખ રૂપિયા આપ્યા. મને કલ્પના ન હતી કે રાજા મને આટલું બધું આપશે. મારી કલ્પના બહારનું રાજાએ મને આપ્યું છે. આ સાંભળતા રાજસેવકો તો છક થઈ ગયા. આપણે કેટલા વર્ષોથી રાજાની સેવા કરીએ છીએ, તેમની ભક્તિ કરીએ છીએ, તેમની આજ્ઞામાં જીવન વીતાવીએ છીએ, છતાં આ ભિખારી જેટલું આપણને કયારેય મળ્યું નથી અને આ ભિખારી માત્ર એક વખતના સંગમાં આટલું બધું મેળવી શકયો એ આશ્ચર્ય નહિ તો બીજું શું ?

આપણા આત્માની પણ આ જ સ્થિતિ છે. ભિખારી જે રીતે રાજા પાસે ગયો તે રીતે આપણે આટલા ભવોમાં કયારેય પ્રભુ પાસે ગયા નથી ? બરોબર ભિખારીની જેમ અશરણ, અસહાય બનીને ગયા હોત તો આપણું ભિખારીપણું ગયા વિના રહ્યું ન હોત. કદાચ પ્રભુ પાસે ગયા હોઇશું તો અભિમાનને ફાલ્યોફૂલ્યો રાખીને ગયા હોઈશું. નમ્ર બનીને ગયા નથી. અજ્ઞાન અંધકારમાં ડૂબેલો માનવી પુણ્યોદયે મળેલી સામગ્રીઓ અને શક્તિઓને શરણભૂત માને છે. જ્ઞાની ભગવંત ફરમાવે છે કે

वित्तं पसवो य नाइओ, तं बाले सरणं ति मन्नइ ।
एए मम तेसुवी अहं, नो ताणं सरणं न विज्जइ ॥ સૂય.અ.૨.ઉ.૩.ગા.૧૬

અજ્ઞાની જીવો ધન, પશુઓ તથા સ્વજન વર્ગ એ બધાને પોતાના રક્ષક માને છે. દુઃખથી બચાવનાર સમજે છે પણ મૃત્યુ સમયે કે રોગ સમયે કોઈ ત્રાણ શરણ થતાં નથી તથા નરક તિર્યંચ આદિ ગતિમાં જતાં કોઈ સ્વજનો રક્ષા કરવા સમર્થ થતાં નથી.

જ્યારે જ્યારે જીવનમાં આપત્તિઓ આવે છે, કષ્ટો આવે છે ત્યારે એ સામગ્રીઓના શરણે જાય છે પણ જ્યારે એ સામગ્રીઓ આપત્તિઓને દૂર કરવામાં સફળ બનતી નથી, એ સહાયક બનતી નથી પછી પ્રભુના શરણે જાય છે પણ તેમાં પૂરી શ્રદ્ધા હોતી નથી પછી એ શરણ જીવને તારણ બને અરું ? ના.

પેલા દરબારીઓ આટલા વર્ષોથી રાજાની આજ્ઞામાં રહીને રાજાની ખૂબ સેવા કરતા હતા. રાજાના નામની છડીઓ પુકારતા હતા. રોજ સારા ભભકાદાર કપડાં પહેરીને જતા હતા છતાં તેઓ રાજાની કૃપા ન પામી શકયા; કારણ કે તે બધા નમ્ર બનીને કે અસહાય બનીને ગયા નથી. આપણી હાલત આ દરબારીઓ જેવી છે આપણે જ્યારે પ્રભુ પાસે ગયા હોઇશું ત્યારે નમ્ર બનીને ગયા નથી પણ અક્કડ બનીને ગયા છીએ. ઇન્દ્રભૂતિ સૌ પ્રથમ ભગવાનની પાસે જવા નીકળ્યા ત્યારે આવા દરબારી થઇને અહં લઇને નીકળેલા પણ જ્યાં પ્રભુના દર્શન કર્યા અને પ્રભુના મુખે માત્ર બે શબ્દો સાંભળ્યાં પેલું અહંનુ દરબારીપણું ઓગળી ગયું. પ્રભુ પાસે તેમને પોતાનો આત્મા અસહાય લાગ્યો ત્યારે પ્રભુએ તે સમયે ઇન્દ્રભૂતિને જે આપ્યું તે કલ્પના બહારનું અનુપમ જ્ઞાન આપ્યું. જે જ્ઞાને ગૌતમને શાશ્વત કાળ માટે સુરક્ષિત બનાવી દીધા એટલું જ નહિ પણ કેટલાય આત્માઓને માટે અશરણના શરણ બની ગયા. સમજવા જેવી વાત છે કે તમે જેને શરણ માનો છો એ તમને દુઃખ આવે, કષ્ટ આવે શરણભૂત બને છે ખરા ? ના. જે પોતે અશરણરૂપ છે તે બીજાને શરણ કેવી રીતે આપશે ? અરે, ખુદ આપણું શરીર પણ સુરક્ષિત નથી, પોતે રોગાદિના ભયોથી ઘેરાયેલું છે પછી એ બીજાને શાંતિ કેવી રીતે આપી શકશે ? આ દુનિયાનો એક પણ પદાર્થ એવો નથી કે જેના પર વિનાશીપણાનું કલંકિતનું લેબલ ન લાગ્યું હોય ! જ્યારે શરણભૂત માનેલા પદાર્થો અશરણરૂપ લાગશે અને અશરણ બનીને પ્રભુનું શરણ સ્વીકારીશું ત્યારે વગર માંગ્યે આત્મગુણોની ઝોળી ભરાઈ જશે. વધુ અવસરે.

ચરિત્ર : ગોપાલપુરમાં ગુણસુંદરનો પ્રવેશ : ગુણસુંદર પ્રવાસ કરતો છેક ગોપાલપુરમાં આવી પહોંચ્યો. અહો ! આ તો મારા પતિદેવની પવિત્ર ભૂમિ ! ગુણસુંદરનું મન ખૂબ હરખાઈ ગયું જાણે કેટલાય વર્ષોથી એ ધરતી સાથે સંબંધ ન હોય તેમ એનું હૈયું પુલકિત થઈ ગયું. આ તો પવિત્ર પુણ્યભૂમિ. એની ધૂળ મારે મસ્તકે ચઢાવવી જોઇએ. સાંઢણી ઉપરથી નીચે ઉતરી અને ચપટી ધૂળ લઈ ભાવભીના હૈયે તેને મસ્તકે ચઢાવી અને પોતાના પતિને મનથી પ્રણામ કર્યા. થોડે દૂર ગયા ત્યાં નિર્મળ નદીનો પ્રવાહ વહી રહ્યો હતો. નદીને જોતાં મનમાં વિચાર આવ્યો કે મારા પતિએ આ નદીમાં સ્નાન કર્યું હશે. એટલે આ પાણી પણ પવિત્ર ! તેણે એ પાણી લઇને અંજલી

ભરી મસ્તકે ચઢાવી. પત્નીને પતિ કેટલો વહાલો હોય છે! પતિને એ કેટલા પુણ્યશાળી માને છે કે તેની ભૂમિ રજ મસ્તકે ચઢાવી અને પાણીથી અંજલી ભરી.

ગુરૂકુળ જોતાં ગુણસુંદરને યાદ આવતો પુણ્યસાર : થોડે દૂર ગયા ત્યાં એક ગુરૂકુળ આવ્યું. એ ગુરૂકુળમાંથી શ્લોકોનો પવિત્ર અવાજ આવી રહ્યો હતો. આ અવાજ સાંભળતા ઘડી ભર તે થંભી ગયો અને વિચારવા લાગ્યો કે આ ગુરૂકુળમાં તેઓ ભણ્યા હશે. તેમણે તેમના જીવનનું ચણતર અને ઘડતર આ સ્થાનમાં કર્યું હશે. કેવી પવિત્ર જગ્યા છે! અહો! આ તો મારા પતિની શિક્ષણ ભૂમિ! સંસ્કારભૂમિ. એમ કહીને તે ભૂમિને વંદન કર્યા. ગામમાં પ્રવેશ કરતાં પનીહારીઓ મળી. ગાયો સામી મળી. માણેકચંદ શેઠ કહે, બેટા! શુકન તો બહુ સારા થયા છે. મારું અંતર કહે છે કે જરૂર આપણું કાર્ય સફળ થશે. બરાબર તે સમયે તેની ડાબી આંખ ફરકવા લાગી; એટલે ગુણસુંદરનો મનમયૂર તો ખૂબ નાચવા લાગ્યો. બસ, હવે તો મારું કાર્ય જરૂર સિદ્ધ થશે. આ રીતે જુદા જુદા સ્થાન જોતાં જોતાં ગામમાં આવ્યા. ગામમાં કયાંય ઉતારો તો કરવો પડશે ને? કારણ કે સામાન ઘણો છે. ખાવાપીવા માટેનું અનાજ છે અને વેપાર કરવા માટે પણ ઊંચો માલ લઇને આવ્યા છે એટલે બહાર કયાં સુધી રાખે? ગામમાં મકાનની તપાસ કરતાં હમણાં ચાલુ થોડા સમય માટે એક હવેલી હતી તે રાખી. તેમાં ઉતારો કર્યો નીચે મોટી વખાર હતી તેમાં માલ બધો ભરી દીધો અને ઉપરના મકાનમાં બધા રહ્યા. ગુણસુંદરના મનમાં તો એ જ વિચારો રમે છે કે હવે શું કરવું. કેવી રીતે પતિના સમાચાર મેળવવા. માણેકચંદ શેઠના મનમાં પણ આ પ્રશ્ન ગુંચાયા કરે છે. હવે ગામમાં તો આવી ગયા પણ ખરું કામ તો બાકી છે. જમાઇનો પત્તો મેળવવાનો છે.

રાજાને રીઝવવા માટેનો ઉપાય : ગુણસુંદરે તો બરાબર વેપારીનો પહેરવેશ પહેરી લીધો. નીચેની વખારમાં ધંધો શરૂ કર્યો. ગુણસુંદરના મુખના તેજ છાના રહેતા નથી. રસ્તે આવતા જતા લોકો બધા તેને જોઇને શું કહે છે! આ તો જાણે કોઇ મોટો વહેપારી આવ્યો લાગે છે. તેની દુકાનમાં તો કિંમતી માલ ભર્યો છે. માણેકચંદ શેઠને બધા મોટા શેઠ કહેતા અને ગુણસુંદરને નાના શેઠ કહીને બોલાવતા. ગુણસુંદર કહે છે કે આ બધું કાર્ય કરતા પહેલા મારી એક ઇચ્છા છે કે આપણે આ નગરના રાજા પાસે જલ્દી જઇએ. ત્યાં જઇને તેમને ભેટણું કરીએ અને રાજાને ખુશ કરીએ. આપણે રાજાને કહીશું કે અમે આપની ખ્યાતિ સાંભળીને અહીં વેપાર કરવા ને ફરવા માટે આવ્યા છીએ. આ બહાને રાજાનો પરિચય થાય અને તેમની આજ્ઞાથી કામ કરીએ તો જલ્દી થાય. રાજાને ભેટ ધરવા માટે પિતાજીએ આપેલા મૂલ્યવાન હીરા, રત્નો વગેરેમાંથી સારા પસંદ કરી થાળ ભરી તૈયાર કર્યો.

માણેકચંદ શેઠ કહે–બેટા! આજે આપણે જવું નથી. ખૂબ થાકી ગયા છીએ. આપણે આરામ કરીએ જેથી પ્રવાસનો થાક ઉતરી જાય. આજે સાંજે આપણે નગરમાં થોડા રસ્તા જોઈ આવીશું અને કાલે ભેટણું લઇને રાજા પાસે જઇશું. ગુણસુંદર કહે–

મારી ઇચ્છા તો એવી છે કે આપણે એવા ચૌટામાં મકાન લઇએ કે જ્યાં નગરના સુખી અને શ્રીમતો વેપાર કરતા હોય. શેઠ કહે–શાબાશ બેટા ! શાબાશ ! ધન્ય છે તારી બુદ્ધિને ! પિતાજી ? આ બધો પ્રતાપ આપનો ને પિતાજીનો છે. જો પિતાજીએ મને શિક્ષણ–કેળવણી ન આપી હોત તો મારામા આ બુદ્ધિ કયાંથી આવત ? આપે આ પ્રવાસમાં મને વેપારનું જ્ઞાન કરાવ્યું. આપના અનુભવનું અમૃત મને મળ્યું ન હોત તો આ વિચાર મને આવત નહિ. સાથે મને એ વિચાર પણ આવે છે કે ભેટણું ધરવા માટે કયા રસ્તેથી જવું તે માટે આપણે ભોમિયો સાથે લઇને પહેલા માર્ગ જોઈ આવીએ. હવે ભોમિયો લઇને નગરચર્યા કરવા નીકળશે ને શું બનશે તે વાત અવસરે.

દ્વિ શ્રાવણ વદ ૯ને રવિવાર : વ્યાખ્યાન નં. ૬૪ : તા. ૮–૯–૮૫

" જન્માષ્ટમી "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આ સંસારમાં સૌથી વધુ બળવાન કોઈ હોય તો કર્મસત્તા છે. રાજસત્તા એ આગંતુક સત્તા છે. રાજસત્તાને ગિરફ્તારમાં નાંખનારા પણ છે કર્મસત્તા એવી છે કે એમાં ધર્મસત્તા સિવાય કોઇનું ચાલે નહિ. કર્મસત્તાને હરાવવાની પ્રચંડ તાકાત ધર્મસત્તામાં છે. ગમે તેવી યોજનાઓ ઘડી હોય પણ જો અશુભ કર્મનો ઉદય હોય તો એ ઉંધી વળ્યા વિના નહિ રહે. કર્મસત્તા આગળ ભલભલા વકીલો, બેરીસ્ટરો કે મોટા જજનું પણ ન ચાલે. કોઇના પૈસા લાવ્યા હોય, તમારી ચાલાકીથી એ પૈસા પચાવી પાડો અને હોંશિયારીથી કદાચ પ્રમાણિક કહેવાઈ જાવ એવું બને પણ કર્મસત્તાએ ભીખ મંગાવાનું નક્કી કર્યું હોય તો બંગલા ખાલી કરીને નીકળવું પડે. રોટલાના ય સાંસા પડે. કર્મસત્તાની ભયંકરતા તો જુઓ. જેની હાકે ધરતી ધ્રુજે, શત્રુઓ ભાગે તેવા સમ્રાટો પણ કર્મો વિફરે છે ત્યારે રાંક–દીન બની જાય છે. ભીખ માંગતા રોટલાનો ટુકડો મળતો નથી. બંગલા દેશના અધિપતિ જેની હાકથી પાકિસ્તાન ધ્રુજતું હતું એવા સત્તાધીશોને પણ તેમના સાથીદારોએ એકાએક મશીનગનથી ઉડાડી દીધા. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ કેનેડી ક્ષણવારમાં ગોળીથી વીંધાઈ ગયા. આ બધા પાછળ એક મહાસત્તા કામ કરી રહી છે. એ છે કર્મસત્તા.

કર્મસત્તા ગમે ત્યારે શરીરને રોગગ્રસ્ત બનાવી શકે છે, સંપત્તિ લૂંટાવી શકે છે, પરિવારને બેવફા બનાવી શકે છે, અડધી રાત્રે દેવાળિયા બનાવી શકે છે, પહેરેલા કપડે ઘરની બહાર કઢાવી શકે છે. દોમદોમ સાહ્યબી વચ્ચે આપઘાત કરવો પડે એવી પરિસ્થિતિ પણ સર્જી શકે છે. અરે, એની શી વાત કરવી ? એણે કંઈક માંધાતાઓને આ દુનિયામાંથી બૂરે હાલે વિદાય કર્યા છે. જગતવિજેતા નેપોલિયનને રિબાવી રિબાવીને માર્યો છે, દુનિયાને સાત્ત્વિક વિચારોની ભેટ ધરનાર ટોલ્સટોયને એણે રેલ્વે સ્ટેશન પર કરૂણ દશામાં મોતની ભેટ ધરી છે. આ કર્મસત્તાથી બચવા માટે

ધર્મસત્તાનું શરણું સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. ધર્મસત્તા એ એવી સત્તા છે કે કર્મસત્તા ગમે તેટલી પ્રબળપણે વર્તી રહી હોય છતાં એનાથી આત્માને મુંઝાવા દેતી નથી. ધર્મસત્તાને શરણે ગયેલા કર્મસત્તાને હંફાવી શકે છે.

કર્મસત્તા શરીરમાં રોગો પેદા કરાવી શકે છે તો ધર્મસત્તા એ ભયંકર રોગો વચ્ચે મસ્ત સમાધિ રખાવી શકે છે. કર્મસત્તા સંપત્તિ લૂંટાવીને ભિખારી બનાવી શકે છે તો ધર્મસત્તા એવી સ્થિતિમાં દિલની અમીરી બક્ષી શકે છે. કર્મસત્તા પરિવારને બેવફા બનાવી શકે છે તો ધર્મસત્તા એવા સમયે આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવાનું સત્ત્વ પેદા કરી શકે છે. કર્મસત્તા બાહ્ય સામગ્રીઓ લૂંટી શકે છે પણ ધર્મસત્તા એવા કપરા સંયોગોમાં આંતરિક સમૃદ્ધિ અખંડ રાખી શકે છે. કર્મસત્તા એક્કો છે તો ધર્મસત્તા જોક્કર છે. જોક્કર એક્કાને હરાવી દે તેમ ધર્મસત્તા કર્મસત્તાને હરાવી શકે છે. મહાન પુરૂષોને આ ધર્મસત્તાએ કર્મસત્તા સામે જીતવાના મહાન પરાક્રમો કરી બતાવ્યા છે. ગજસુકુમાલ મુનિ, મેતારજમુનિ, અર્જુનમાળી, સુકોશલમુનિ, સનત્કુમાર ચક્રવર્તી, ચંદનબાળા, સ્થુલીભદ્ર આદિ મહાન પુરૂષોને ધર્મસત્તાએ કર્મસત્તા પર વિજય અપાવ્યો છે.

ધર્મસત્તા ત્રણ કોલ આપે છે : **(૧) નિયમા મુક્તિ આપે (૨) મુક્તિ ન મળે અને સંસારમાં રહીએ ત્યાં સુધી દુઃખી ન થવા દે એટલું જ નહિ પણ જીવ સંસાર સુખમાં ફસાય એવું સંસાર સુખ ન આપે. (૩) પૂર્વના અશુભ કર્મના ઉદયથી ગમે તેવી આફત આવે કે દુઃખ આવે તો ય મૂંઝાવા ન દે.** ધર્મસત્તાનું શરણ સ્વીકારીને એના શરણે બરાબર ટકયા રહેવું જોઈએ. જે ધર્મ સંસાર સુખની અભિલાષાથી થયા તે ધર્મ નથી. જે ધર્મ મોક્ષની અભિલાષાથી થાય એ જ ધર્મ કર્મસત્તાથી છોડાવી શકે છે. કર્મસત્તા માનો કે ન માનો પણ ભોગવવી પડે છે. જો ભોગવવાની આવડત ન હોય તો કર્મસત્તાથી વધુ બંધાતા જાય છે અને ભોગવવાની આવડત હોય એ છૂટતા જાય છે. કર્મસત્તાને નાશ કરનારી માત્ર એક ધર્મસત્તા છે.

આ જગત ઉપર કર્મસત્તાનું શાસન જબરજસ્ત ચાલે છે. **" ધર્મ એ રાજા છે અને કર્મસત્તા એ ન્યાયાધીશ છે. "** આ કર્મસત્તા ન્યાયાધીશ એવી છે કે ગુનેગારને અથવા ધર્મરાજાની આણ ભાંગનારને બેહાલ કરી નાંખે એટલું નહિ પણ ધર્મરાજાની આણ પાળનારને ન્યાલ પણ કરી દે છે. ઠેઠ ક્ષપક શ્રેણીથી માંડી કેવળજ્ઞાન પામવા માટે જે શુકલધ્યાનનું મનોબળ અને કાયિક વજ્રઋષભનારાચ સંઘયણનું બળ જોઈએ તે પણ આપે છે. કર્મસત્તા જીવને એ પ્રશ્ન પૂછે છે કે તું ધર્મરાજાની આણ માને છે કે ભાંગે છે ? ક્રોધાદિ કષાય, રાગદ્વેષ નહિ આચરવા જોઈએ અને ક્ષમા, સરળતા, નિર્લોભતા સંતોષ આદિ રાખવા જોઈએ એવી ધર્મરાજાની આજ્ઞા છે એ આજ્ઞા પાળનારને ઈનામ દેવાનું અને આજ્ઞા ભાંગનારને દંડ દેવાનું કામ કર્મસત્તા કરે છે. વિશ્વના ગમે તે ખૂણામાં જઈ ને ધર્મરાજાની આજ્ઞા ભાંગી તો કર્મસત્તાનો દંડ ઊભો થઈ ગયો. પણ એટલી ખૂબી છે કે જેમ ન્યાયાધીશ દેહાંતદંડની શિક્ષા કરી હોય પણ રાજાની

મહેરબાની થાય તો એ શિક્ષાને ઘટાડી શકે તેમ જીવ જો ધર્મરાજાને શરણે જાય તો ધર્મરાજા સજા ઓછી તો શું માફ પણ કરી આપે. તપધર્મનું શરણું લેવાથી જન્મોજન્મના કર્મો નાશ પામે છે તો એ શિક્ષા શું માફ થઇ જ કહેવાય ને ! આમ તો **કર્મનો દંડ ભોગવતા ડચો નીકળી જાય એના બદલે તપ ધર્મે કર્મનો કુચો કાઢી નાંખ્યો.**

જ્યારે જીવનમાં ધર્મસત્તા આવે ત્યારે એ આત્મા પૌદ્ગલિક સામગ્રીથી અળગો રહે. મહાપુરૂષો સમજાવે છે કે દુનિયાના પદાર્થોને મેળવવાની ઇચ્છા એ પાપ છે, એ આર્તધ્યાનનો પાયો છે અને દુનિયાના પદાર્થો આવ્યા પછી સાચવવાની ઇચ્છા એ રોદ્રધ્યાનનો પાયો. આજે દુનિયામાં જોવા મળે છે કે લાખ કમાયા પછી ઝૂંપડી ન ગમે પછી તો બંગલો, બગીચો, કંપાઉન્ડ અને તે સાચવનાર ભૈયો આ બધું આવે પણ જેના હૃદયમાં ધર્મસત્તાનું સ્થાન છે તેવો આત્મા તો આ સ્થિતિમાં ગભરાય. પાપમાં પ્રેરનાર સામગ્રીથી એ અળગો રહેવા ઇચ્છે. મુક્તિની અભિલાષાથી જે ધર્મ કરાય એ ધર્મના યોગે સામગ્રી એવી મળે કે જે પાપમાં પ્રેરનારી ન હોય. એ સામગ્રી આત્માને ભાન ન ભૂલાવે. જો ધર્મસત્તાના પક્ષમાં રહીને કર્મસત્તા સામે લડશો તો વિજય નિશ્ચિત છે અને ધર્મસત્તાને એક બાજુમાં રાખીને લડવા જશો તો પરાજય નિશ્ચિત છે. અનંતકાળથી આપણો આત્મા હારતો આવ્યો છે. હવે આ મનુષ્યભવમાં એવો નિર્ણય કરીએ કે હવે મારે હાર આવી નથી પણ જીત મેળવવી છે અને તે જીત મેળવવા માટે ધર્મસત્તાનું શરણું જ સ્વીકારવું છે.

જેણે ધર્મસત્તાનું શરણું સ્વીકાર્યું છે એવા આનંદ શ્રાવક ભગવાન મહાવીર સ્વામીની પાસે ૧૨ વ્રત રૂપી કિંમતી માલની ખરીદી કરી રહ્યા છે. બીજા વ્રતનું સ્વરૂપ સમજાવતાં ભગવાન કહે છે કે મારો શ્રાવક કન્યા સંબંધી, ગાય, ભેંસ, સંબંધી, ખેતી, મકાન, જમીન, સંબંધી જૂઠું બોલે નહિ તેમજ કોઈની થાપણ ઓળવે નહિ. હવે પાંચમો બોલ છે. **'ખોટકી કૂડી સાખ'**. એટલે કોર્ટમાં કે બીજે ખોટી સાક્ષી આપવી. તમને કોઈ કોર્ટમાં સાક્ષી પૂરવા લઈ જાય ત્યાં તમે ખોટો પૂરાવો કે ખોટી સાક્ષી આપો કે આ અપરાધી છે, હું એના બધા કામ જાણું છું. આવી રીતે સાક્ષી આપીને એક પક્ષને સારા થાય અને તમને ૫૦૦૦ રૂપિયા મળી ગયા તેથી હરખાઈ જાવ પણ વિચાર કરો કે આ ૫૦૦૦ કેટલી જિંદગી માટે ? કોઈ વાર તો એ ૫૦૦૦ તમે ભોગવી શકતા નથી પણ કર્મો તો તમારા ભેગા આવવાના ને ? આ રીતે ખોટી સાક્ષી આપવાથી સામી વ્યક્તિને કોઈ વાર જિંદગીની જેલ મળી જાય, કોઈ વાર ફાંસીની, મૃત્યુની શિક્ષા અપાઈ જાય તો નિમિત્તભૂત બની જઇએ માટે આ રીતે કોઇના પંજામાં ફસાશો નહિ. કદાચ ફાંસી કે જેલ ન મળે પણ કોર્ટમાં તે ખોટો ઠર્યો એટલે તેના સગા સંબંધી, મિત્રો બધા તેને ખોટો માને છે. તે બધે હડધૂત થાય છે. વ્રતધારી

શ્રાવકે મહેરબાની કરીને જુબાની દેવા જવું જ નહિ. તમારે કહેવું કે મારે પચ્ચક્ખાણ છે તો આવા પાપથી બચી જશો.

આજના પવિત્ર દિવસનું નામ છે જન્માષ્ટમી. આજનો દિવસ આપણને શું સૂચના કરે છે? આજના પવિત્ર દિવસે કૃષ્ણજીનો જન્મ થયો હતો. આજે કૃષ્ણજીના ભક્તો તેમની ભક્તિમાં ઓતપ્રોત બની જાય છે. જેમ કોલસા પર રાખ વળી ગઈ હોય તો તે ઉડાડવા માટે ભૂંગળીની જરૂર છે તેમ આપણા જીવન પર કષાયો તથા દુર્ગુણોની રાખ વળી ગઈ હોય તો મહાપુરૂષોની જન્મજયંતી રાખ ઉડાડવાનું કામ કરે છે. ભગવાને ત્રણ પ્રકારના પુરૂષો બતાવ્યા છે : (૧) ધર્મપુરૂષ (૨) ભોગપુરૂષ (૩) કર્મપુરૂષ

(૧) ધર્મપુરૂષ : અરિહંત-તીર્થંકર ભગવાનને ધર્મપુરૂષ કહેવાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ચોવીસ ચોવીસ તીર્થંકર મહાપુરૂષો થાય છે. જેમના જન્મથી ત્રણે લોકમાં અજવાળા થાય છે. તે સંસારના સમસ્ત સુખોને છોડીને દીક્ષા લે છે. અઘોર સાધના કરે છે, પછી સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને ચાર તીર્થની સ્થાપના કરે છે. સેંકડો જીવોને ધર્મ પમાડે છે અને સંસારમાંથી બહાર કાઢી સંયમ માર્ગનું પ્રદાન કરે છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ પંચશીલનો ઉપદેશ આપે છે. જેમના ચરણોમાં દેવો-ઇન્દ્રો નમન કરે છે. આવા તીર્થંકર મહાપુરૂષોને ધર્મપુરૂષ કહેવાય છે.

(૨) ભોગપુરૂષ : ચક્રવર્તીને ભોગપુરૂષ કહેવાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં બાર બાર ચક્રવર્તીઓ થાય છે. તે પોતાના ભૂજાબળથી છ ખંડો પર વિજય પતાકા ફરકાવે છે. તેમની સેવામાં સોળ હજાર દેવો હોય છે. તેમને ૬૪ હજાર રાણીઓ હોય છે, ૧૪ રત્ન અને નવ નિધાન હોય છે. ચક્રવર્તીની રિદ્ધિની વાત વાંચીએ ત્યારે એમ થાય કે શું તેમની રિદ્ધિ છે? તે ચાલતા હોય ને તડકો હોય તો તેમના માથે છત્ર થઈ જાય. તેઓ યુદ્ધ કરવા જતા હોય ને ગુફાના દ્વાર બંધ હોય તો ઉઘડી જાય. વચ્ચે નદી આવતી હોય તો પાણીના બે ભાગ થઇ જાય અને વચ્ચે રસ્તો થઈ જાય. આ રીતે ચૌદે રત્ન પોતપોતાનું કામ બરાબર બજાવે. ચક્રવર્તીને આવી ધોમ સાહ્યબી હોય છતાં તેનો ત્યાગ કરી દીક્ષા લે. ૧૨ ચક્રવર્તીમાં ૧૦ ચક્રવર્તીઓએ દીક્ષા લીધી. સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તી સંસારમાં ખૂંચ્યા, દીક્ષા ન લીધી તો મરીને નરકમાં ચાલ્યા ગયા.

(૩) કર્મપુરૂષ : વાસુદેવને કર્મપુરૂષ કહેવાય છે. તે દરેક ઉત્સર્પિણી, અવસર્પિણીમાં નવ નવ હોય છે. તેઓ ત્રણ ખંડ પર પોતાનું શાસન ચલાવે છે તેથી એમને અર્ધ ચક્રવર્તી પણ કહેવાય છે. તેમને સાત રત્નો હોય છે, તે ચક્રરત્ન, ખડ્ગરત્ન, ધનુષ્ય, મણિ, દેવોએ આપેલી કરમાય નહિ એવી પુષ્પમાળા, કૌમુદી નામની ગદા અને પંચજન્ય શંખ એ સાત રત્નો બધા વાસુદેવને હોય છે. પ્રતિવાસુદેવ લડાઇઓ કરીને મેળવે અને ભોગવે વાસુદેવ. વાસુદેવના હાથે પ્રતિવાસુદેવ મરાય અને પછી તેનું રાજ્ય વાસુદેવ ભોગવે. કૃષ્ણજી પણ વાસુદેવ હતા.

આજનો દિવસ એવા કર્મવીર પુરૂષ કૃષ્ણજીનો જન્મ દિવસ છે. વૈષ્ણવો તેને ગોપીઓના સ્વામી અને કૃષ્ણલીલા તરીકે માને છે. જ્યારે જૈનદર્શન કૃષ્ણજી નેમનાથ ભગવાનના પરમ ભક્ત હતા અને તેમણે ધર્મની દલાલી ખૂબ કરી તે દૃષ્ટિથી યાદ કરીએ છીએ. કૃષ્ણજી પિતા વસુદેવ અને માતા દેવકીના પુત્ર હતા. તેમના માતાપિતા મથુરામાં રહેતા હતા.

કંસે પિતા પર ગુજારેલ જુલમ : તે સમયે મથુરાના રાજા ઉગ્રસેન હતા. તેમનો પુત્ર કંસ નાનપણથી અનીતિવાન, અત્યાચારી અને સાધુનો કટ્ટર દુશ્મન હતો. તે સમયે પ્રતિવાસુદેવ જરાસંધ હતો. કંસ મોટો થતાં તેના પરાક્રમોની વાત સાંભળીને જરાસંધે પોતાની દીકરી જીવયશાને કંસ સાથે પરણાવી. લગ્ન સમયે કંસને ખુશી કરવા માટે કહે છે હું ત્રણ ખંડનો એક છત્રી રાજા છું માટે આપની આજે જે ઈચ્છા હોય તે માંગી લો, ત્યારે કંસે કહ્યું–મારી એક ઈચ્છા છે કે હું મથુરાનો રાજા બનું. જરાસંધે કહ્યું– મથુરાનું રાજ્ય તો તમારા પિતાની પાસે છે. તમારા પિતાની સંપત્તિ એ તમારી સંપત્તિ છે ને ? એ રાજ્ય પછી તમને જ મળવાનું છે માટે આપ બીજી કોઈ વસ્તુ અથવા બીજું રાજ્ય માંગો. આ સાંભળીને કંસને ગુસ્સો આવ્યો. તેણે કહ્યું–મથુરાનું રાજ્ય તો મારા પિતાના મૃત્યુ પછી મને મળે ને ! હું તો અત્યારે મથુરાનો રાજા બનવા ઇચ્છું છું. જો આપ મને કંઈક આપવા માંગો છો તો એ આપો. જરાસંધને જમાઈને નારાજ કરવા તે સારું ન લાગ્યું, તેથી કંસે કહ્યું હતું તે પ્રમાણે ફરમાન લખી દીધું. કંસ જીવયશાને લઈને મથુરામાં આવ્યા. કંસે પિતાની સાથે ઘણું અરાબ વર્તન કરવા માંડ્યું. પરિણામે એક દિવસ બાપને રાજગાદી ઉપરથી ઉઠાડીને પોતે રાજા બન્યો, એટલેથી અટકયું નહિ તે પોતાના પિતાને પિંજરામાં પૂર્યા.

કંસ નાનપણથી આવા કુકર્મો કરનારો હતો. પિતાને પાંજરામાં પૂરીને તે પાંજરું રાજમહેલના દરવાજે રખાવ્યું. જેથી આવતા જતા બધા લોકો દેખે. કેટલો અન્યાય ! કેવો અત્યાચાર ! રાજ્યના લોભે પિતાની કેવી દશા કરી ! તે માને કે મેં સારું કર્યું પણ લોકો આવતાં જતાં આ જુએ એટલે બધા એની નિંદા કરવા લાગ્યા. ગાળો દેવા લાગ્યા. શું આ દીકરો કહેવાય ! કે રાજ્યના અલ્પ સુખ ખાતર પિતાને પાંજરામાં પૂર્યો ! તેણે પિતાની આવી દશા કરી ? બાપને દુઃખી કર્યા અને પ્રજાને પણ ત્રાસ આપવા લાગ્યો. જે પોતાના પિતાની સાથે આવો નિર્દય વ્યવહાર કરે તે પ્રજાની સાથે કરે એમાં આશ્ચર્ય શું છે ? કંસને અભિમાન હતું. તેને પોતાના સસરાનું વિશાળ રાજ્યબળ અને પોતાના પરાક્રમનો નશો હતો. તેમાં યૌવન અને ધનનો નશો વિશેષ ચઢી ગયો. એક શ્લોકમાં કહ્યું છે કે

यौवन धन संपत्तिः पुभुत्वमविवेकता ।
एकैकमप्यनर्थायकिमु यत्र चतुष्टम् ॥

યૌવન, ધન, સંપત્તિ, પ્રભુત્વ, અધિકાર અને અવિવેક એ ચારમાંથી એક હોય ત્યાં પણ અનર્થ થવાની સંભાવના રહે છે. તો ચારે જ્યાં ભેગા થાય ત્યાં પૂછવાનું જ શું ?

કંસની પાસે આ ચારે વસ્તુ હતી. ખીલેલી યુવાનીનું જોમ હતું, ધન હતું, રાજ્યનો સ્વામી હતો અને અવિવેકની તો કમી ન હતી. આ ચંડાળ ચોકડી હોય ત્યાં અનર્થ થયા વગર રહે નહિ. તેના ક્રૂરતાપૂર્ણ વ્યવહારથી અને અત્યાચારથી પ્રજા તો ત્રાસ ત્રાસ પોકારી ગઈ. કંસનો નાનો ભાઈ તો કંસના ત્રાસથી ખૂબ ત્રાસી ગયો. કંસ લોકોને સતાવે, મારે, કંઈક જીવોને મારી નાંખે એ નાના ભાઈથી સહન ન થયું. તેને થયું કે હું અહીં રહું તો મારે એની પાપકારી આજ્ઞાનું પાલન કરવું પડે ને ? મારે પાપ બાંધવા પડે ને ! આવો પાપમય સંસાર મારે ન જોઈએ, તેમજ મારા પિતાને પાંજરામાં પૂરે આ મારાથી જોવાતું નથી એટલે તેણે તો સંસારથી વિરકત થઈને દીક્ષા લઇ લીધી. અઘોર તપ કર્યા અને તેના પ્રભાવે તે મહાન શક્તિધારી, લબ્ધિધારી બની ગયા. કેટલાય વર્ષો તે ફરતા ફરતા આ ગામમાં પધાર્યા અને ગૌચરી લેવા માટે નીકળ્યા. મુનિ ફરતા ફરતા તે રાજ્યમાં આવી ચઢયા.

જીવયશાએ કાઢેલા કચેણુ : આ સમયે જીવયશા દેવકીનું માથું ઓળી રહી હતી. તે ખૂબ અભિમાની હતી. અભિમાન કેવા અનર્થો કરી દે છે ! જીવયશાએ મુનિને જોયા એટલે ઓળખી ગઈ ને ઘમંડથી કહેવા લાગી તમારા ભાઈ રાજ્યના છત્રપતિ હોય, એક હાકે ધરતી ધ્રુજાવતા હોય ને તમે ઘર ઘર ભીખ માંગવા નીકળ્યા છો ? તમને લજ્જા નથી આવતી ? તમે અમારી બદનામી કરી છે. હવે આ ભીખ માંગવી છોડી દો.

માનને માંચડે ચઢેલી જીવયશાએ મુનિને કેવા શબ્દો કહ્યા ? સંતને સંતાપવાથી મહાન કર્મ બંધાય છે. ભગવાન દશવૈકાલિક સૂત્રમાં બોલ્યા છે કે

सिया हु से पावय नो डहिज्जा, आसीविसो वा कुविओ न भक्खे ।
सिया विसं हालहलं न मारे, न यावि मोक्खो गुरु हीलणाए ॥ અ.૯.ઉ.૧.ગા.૭

કદાચિત્ અગ્નિ પર પગ રાખવાથી તે પુરૂષના પગને તે અગ્નિ ન બાળે, કોપિત બનેલો દૃષ્ટિવિષ સર્પ પણ ન કરડે, ભયંકર વિષ પોતાની અસર ન બતાવે એટલે વિષ ખાવાવાળાને ન મારે, વિદ્યા, બળ, મંત્ર આદિથી એ વાતો શકય બને પણ ગુરૂની હીલણા કરવાવાળાને તો કયારે પણ મોક્ષ પ્રાપ્ત થતો નથી.

જીવયશાએ મુનિને ન કહેવાના શબ્દો કહ્યા. સંત કહે છે કે જીવયશા ! તું ધીરજ રાખ. અભિમાન ઓછું કર. તું જેનું માથું ઓળી રહી છે એનો સાતમો બાળક તારા કુળનો ઉચ્છેદ કરનારો બનશે. આટલું કહીને મુનિ તો ચાલ્યા ગયા પણ જીવયશાને આ શબ્દો ખૂબ લાગી આવ્યા. સાથે તેને એ શ્રદ્ધા તો હતી કે સંત બોલે નહિ અને બોલે તો તેના શબ્દો કદી નિષ્ફળ જાય નહિ. તે ઉદાસ થઈ ગઇ. કંસ તેને ઉદાસ જોઇને પૂછે છે તું ઉદાસ કેમ છે ? જીવયશા કહે હવે આપણું પુણ્ય ખૂટયું છે, પણ છે શું ? તમારા ભાઈએ દીક્ષા લીધી હતી તે આવ્યા હતા ને મને આ પ્રમાણે કહી

ગયા છે. કંસના દિલમાં ચટપટી પેઠી. તેણે સારા જ્યોતિષીઓને બોલાવ્યા અને પૂછયું કે શું આ સંસારમાં કોઈ એવો બળવાન છે કે મારો પરાજય કરીને મને હરાવે! કોઈ મારો નાશ કરી શકશે ખરો? જ્યોતિષીઓના મનમાં થયું–અરે! આને કેટલું અભિમાન છે! એને જરા પણ ભાન નથી કે હું આટલો અહંકાર કયાં કરું છું! કંઈક રાખમાં રોળાઈ ગયા. તો મારું અભિમાન કયાં ટકવાનું છે! આ અભિમાન મને ભોંય પછાડી દેશે. આવા માણસોને ડાહ્યા પુરૂષો હિતશિખામણ આપે તો પણ તેને ગમે નહિ.

કૃષ્ણ જન્મના એંધાણ : કંસે પૂછયું ત્યારે થોડી વાર જ્યોતિષીઓ મૌન રહ્યા. કંસ કહે– કેમ બોલતા નથી? જ્યોતિષીઓને થયું એનો અભિમાન ઉતારવા દે. એટલે એક જ્યોતિષીએ કહ્યું હું સત્ય વાત કરું છું. તેને હરાવનાર, તારો નાશ કરનાર કોઈ બળીયો થશે. અત્યારે તે પુરૂષનો જન્મ થયો નથી; પણ તે વીરપુરૂષ હવે જન્મવાનો છે. તે એવો ભડવીર થશે કે તમારા સસરાને હરાવીને તેમનું રાજ્ય લઈ લેશે. તે યાદવ કુળનો ઉદ્ધારક થશે અને તમારા કુળનો નાશકર્તા થશે. કંસ કહે, તેનો જન્મ-કોને ત્યાં થશે? તેની કંઈક નિશાની તો બતાવો. જ્યોતિષીઓએ કહ્યું– તારા બે મલ્લયુદ્ધો છે તેને ચપટીમાં ચોળી નાંખશે, કાળીનાગનું માથું ઉડાડશે. તારા બે બળદોને મારશે, શંખ ધનુષ્યને ચઢાવશે. તે ત્રણ ખંડ પર રાજ્ય કરશે અને તમારો નાશ કરશે, પણ આપ એ તો કહો કે તે કોના ઘેર જન્મ લેશે? જ્યોતિષીઓએ કહ્યું– આપ એ વાત ન પૂછશો. એ વાત જાણવાની જરૂર નથી. તે મહાપુરૂષ અતિશય પુણ્યશાળી અને પ્રભાવશાળી થશે. તેમની સામે કોઈનું કાંઇ ચાલશે નહિ અંતમાં તે તમારો વિનાશ કરશે. કંસે ખૂબ કહ્યું એટલે જ્યોતિષીએ કહ્યું– આ તમારી બેન દેવકીનો સાતમો ગર્ભ કુળનો ઉચ્છેદ કરશે. આ ભવિષ્યવાણી સાંભળીને કંસનું હૈયું ધ્રુજવા લાગ્યું. જ્યોતિષી અને મુનિની વાત સરખી આવે છે માટે વાત સાચી પડશે તેને જ્યોતિષીને વિદાય કર્યો અને પોતાની પ્રાણરક્ષાનો ઉપાય શોધવા લાગ્યો.

સમય જતાં દેવકી મોટી થઇ અને તેના લગ્ન વસુદેવ સાથે થયા. કંસે વસુદેવની મિત્રાચારી બાંધી અને તેમને જુગાર રમવા બેસાડયા. જુગાર બહુ ખરાબમાં ખરાબ છે. આજે મહાન પવિત્ર પુરૂષની જન્મજયંતિ ઉજવે અને બીજી બાજુ જુગાર રમે. મહાપુરૂષોના જન્મ દિવસે જુગાર રમાય ખરો? સારા ઘરના પુરૂષો અને હવે તો બૈનો પણ જુગાર રમે છે તેવું સાંભળ્યું છે. જુગાર જેવું કોઇ મહાપાપ નથી. એ તો ખાસ છોડવા જેવું છે. પાંચ પાંડવોને દ્રૌપદીને હોડમાં મૂકવી પડી તે પણ જુગારના કારણે જ ને? જુગારથી ખાનપાન ધનમાલની બરબાદી થઇ જાય છે માટે આજે આપ એટલા પચ્ચકખાણ લેજો કે મારે જાવજીવ સુધી જુગાર રમવો નહિ. કંસે કપટથી વસુદેવને જુગાર રમવા બેસાડયા. તેમાં શરત એવી કરી કે જો વસુદેવ હારે તો દેવકીની સાત સુવાવડ મારે ત્યાં કરવાની. સાતમી સુવાવડ વખતે વસુદેવને હું રાખું તેમ રહેવાનું અને હું હારું તો મારે રાજ્ય તમને દઈ દેવાનું– વસુદેવે હા પાડી દીધી. તે જુગાર રમવા

બેઠા. તેમાં હારી ગયા અને શરતનો સ્વીકાર કરવો પડયો. સમય જતાં દેવકીજીને સુવાવડનો પ્રસંગ આવ્યો એટલે શરત પ્રમાણે તે પિયર આવી.

પુણ્યાત્માના રક્ષણ માટે દેવની સહાય : દેવકીજીના સાત પુત્રોમાં કૃષ્ણજી સિવાય છ જીવો તો મોક્ષગામી ચરમશરીરી જીવો છે. કૃષ્ણજી એકાવતારી છે. આવા પવિત્ર જીવોને દેવ મરવા દે ખરા ? આ પુણ્યાત્માઓના પ્રભાવે દેવનું આસન ડોલાયમાન થયું. અવધિજ્ઞાનથી વાત જાણી લીધી. હરિણગમેષી દેવ દેવકીજીને પુત્ર આવે છે તે જ સમયે ભદ્દિલપુર નગરમાં નાગ ગાથાપતિની પત્ની સુલસાની કુક્ષીમાં મરેલી દીકરીઓ આવે છે. તેની અદલાબદલી કરી લે છે. સુલસાને કે દેવકીને આ વાતની ખબર પડવા દેતા નથી. દેવકીજી જાણે કે મરેલી પુત્રી આવી અને સુલશા જાણે કે મારે દીકરા આવ્યા. સુલશા કેવી ભાગ્યવાન ને પુણ્યવાન કે છ છ છોકરાઓ એને ત્યાં આવ્યા ! કંસને ખબર પડી કે મરેલી પુત્રીઓ આવી છે છતાં તેના બે પગ પકડીને તેની પથ્થરની શીલા સાથે ઝીક મારે છે અને તેની ખોપરી ફોડી નાંખે છે. તેના મનથી તો જાણે કે મેં જીવતાને માર્યા છે. કેવા ઘોર પાપ બાંધે છે ! આ રીતે છ છોકરીઓ મરેલી આવી. બધાને આ રીતે શીલા સાથે પછાડીને ખોપરી ફોડી નાંખે. સાધુ સત્ય જાણતાં હોવા છતાં ન બોલે. આ સાધુ ભૂલી ગયા ને બોલ્યા તેનું પરિણામ કેવું ભયંકર આવ્યું !

મહાપુરૂષોના જન્મનો અદ્ભૂત પ્રભાવ : આમ કરતા દેવકીજીને સાતમી સુવાવડનો પ્રસંગ આવ્યો. દેવકીજીએ સાત સ્વપ્ન જોયા, તેથી દેવકીજીના મનમાં થયું કે આ બાળક ખૂબ તેજસ્વી, પરાક્રમી થશે માટે કોઈ પણ ઉપાયે તેની રક્ષા કરવી જોઈએ. આથી દેવકીજીએ વિચાર કર્યો કે ગોકુળમાં નંદની પત્ની યશોદા મારી સખી છે તે પણ ગર્ભવંતી છે માટે પહેલેથી સંતાન બદલવાની વાત કરી લઉં. એક દિવસ દેવકીજીએ વસુદેવની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને તે તલવાર લઇને ચાલવા લાગી. વસુદેવે તેને હાથ પકડીને રોકી રાખી અને કહ્યું– તલવાર લઇને કયાં જાવ છો ? ત્યારે દેવકીએ કહ્યું કે હું કંસને મારવા જઈ રહી છું. આ ગર્ભમાં રહેલા બાળકનું બળ અને શક્તિ હતા. સમય જતાં સાત માસ થયા ને કંસે વસુદેવને જેલમાં પૂર્યા. સમય પૂરો થતાં દેવકીજીનો પ્રસૂતિનો સમય નજીક આવ્યો. કંસે વસુદેવને અને દેવકીજીને નજરકેદમાં રાખ્યા છે. બરાબર ચોકીપહેરો ગોઠવી દીધો છે. એક ઝોકું પણ આવાનું નહિ, પણ મહાપુરૂષોનો પ્રભાવ તો જુઓ. બરાબર મધરાત થઈ એટલે બધા ચોકીયાતો ઘસઘસાટ ઊંઘી ગયા. વસુદેવના બંધન તૂટી ગયા. બરાબર શ્રાવણ વદ ૮ ના રાત્રે આ મહાપુરૂષનો જન્મ થયો. મહાપુરૂષોના જન્મ હંમેશા રાત્રે થાય છે. તે પોતાની માતાની મર્યાદા સાચવે છે.

વસુદેવ બાળકને ટોપલામાં લઇને ગોકુળમાં ગયા. વચ્ચે નદી આવતી હતી તો તેના બે ભાગ થઈ ગયા, ચાલે તેવો રસ્તો થઈ ગયો. ગોકુળમાં જઇને જશોદાએ મરેલી પુત્રીને જન્મ આપ્યો હતો તેને લઇ લીધી અને કૃષ્ણજીને ત્યાં મૂકયા. આ બધું કાર્ય પતી ગયું. વસુદેવ ગોકુળ જઇને આવ્યા ત્યાં સુધી કોઈ ચોકીયાતો જાગ્યા નહિ પછી બધા

જાગ્યા. કંસ પૂછે છે જલ્દી સમાચાર આપો કે દેવકીજીને શું આવ્યું છે ? તો કહે કે મરેલી દીકરી આવી છે. કંસ મનમાં હરખાવા લાગ્યા કે મુનિના વચન કેવા ખોટા પડયા ? તેણે તો મરેલી દીકરીને પણ પથ્થરની શીલા સાથે પછાડીને માથું ફોડી નાંખ્યું.

કૃષ્ણજીનું પરાક્રમ : આ બાજુ કૃષ્ણજી ગોકુળમાં નંદને ત્યાં મોટા થાય છે. નાનપણથી તેની શક્તિ અજબની હતી. વાદળામાં સૂર્ય છૂપો ન રહે, રણસંગ્રામમાં ગયેલો રજપૂત છૂપો ન રહે તેમ આ બાળક કયાંય છૂપો રહેતો નથી. નાના છોકરાઓની સાથે રમે છે પણ તેનું ક્ષત્રિય તેજ કાંઈ છાનું રહે ખરું ? એક દિવસ કૃષ્ણજીને દહીં ખાવાનું મન થયું તેથી ઊંચે ચઢીને લેવા જાય છે ત્યારે જશોદાથી બોલી જવાયું. તું કયાંય છાનો ન રહે ! ગમે તેમ તો ય તું દેવકીનો જાયો ને ! આ શબ્દ સાંભળતા કૃષ્ણ ચમકયા. હે માતા ! શું હું તારો દીકરો નથી ? શું મારી માતા દેવકી છે ? શું મારી માતા બીજી કોઈ છે ! તેણે શબ્દ બરાબર પકડી રાખ્યો. આ બાજુ કંસને ખબર પડી ગઈ કે મારો શત્રુ ઉછરી રહ્યો છે તેથી પરીક્ષા કરવા પોતાના બે બળદને મોકલ્યા. બળદોએ ગામના લોકોને ખૂબ રંજાડયા છેવટે કૃષ્ણે બળદને શીંગડાથી પકડીને પછાડીને મારી નાંખ્યા, પછી કાળી નાગને છૂટો મૂકયો. તો તેઓ કાળી નાગ પર સ્વાર થઈ ગયા અને તેનો પણ નાશ કર્યો. મલ્લયુદ્ધોને મોકલ્યા તો કૃષ્ણજીએ એમનો પણ પરાજય કર્યો. આથી કંસના પેટમાં તેલ રેડાયું કે હવે મારો દુશ્મન તૈયાર થઈ ગયો છે, છેવટે કૃષ્ણજીએ કંસને માર્યો અને જરાસંધ પ્રતિવાસુદેવને પણ હરાવ્યો અને ત્રણ ખંડનું રાજ્ય મેળવ્યું. આ રીતે કૃષ્ણજીએ ત્રણ ખંડ પર પોતાની સત્તા જમાવી.

કૃષ્ણજી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હતા. તેઓ દીક્ષા લઈ શકતા નહોતા પણ જ્યારે ભગવાન નેમનાથના સમવસરણમાં જતા ત્યારે ભગવાનના સંતો જોઈને તેમની આંખમાંથી આંસુ આવતા. ધન્ય છે આ નાના બાલ અને મોટા મુનિઓને કે જેમણે ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી છે. તે દીક્ષા ન લઈ શકયા પણ ધર્મની દલાલી ખૂબ કરી છે અને ધર્મની દલાલી કરતાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે. આવતી ચોવીશીમાં તેઓ તીર્થંકર થવાના છે. આવા મહાન પવિત્ર આત્માઓની જન્મજયંતિ ઉજવીને આપણા આત્માને પવિત્ર બનાવવાનો છે. તે મહાન પવિત્ર પુરૂષ આજે કેટલાય વર્ષોથી આપણી પાસે નથી છતાં સારી દુનિયા તેમને આજે યાદ કરે છે. તેમનું જીવન ગુણરૂપી ગુલાબના પુષ્પોની સુંગધથી આજે પણ મહેંકી રહ્યું છે. આપણા જીવનમાં પણ તેમના ગુણોની સુવાસ આવે તે જ ભાવના.

દ્વિ. શ્રાવણ વદ ૧૦ને સોમવાર : વ્યાખ્યાન નં. ૬૫ : તા. ૯-૯-૮૫

આનંદ શ્રાવકનો અધિકાર ચાલે છે. આનંદ શ્રાવક હવે ત્રીજું વ્રત આદરે છે, ત્રીજા વ્રતમાં तयाणंतर च णं थुलगं अदिण्णादाणं पच्चक्खाइ जावज्जीवाए दुविहं तिविहेणं न करेमि न कारवेमि मणसा, वयसा, कायसा ।

આનંદ શ્રાવકે સ્થૂલ અદત્તાદાન ચોરીના પ્રત્યાખ્યાન કર્યા કે જાવજીવ સુધી મન, વચન અને કાયાથી સ્થૂલ–મોટી ચોરી કરીશ નહિ અને કરાવીશ નહિ.

ત્રીજા વ્રતમાં એ બતાવે છે કે શ્રાવકે મોટકી ચોરી કરવી નહિ. તૃષ્ણા પર વિજય મેળવે તેને ચોરી કરવાનું મન ન થાય. ચોરીના મૂળમાં કોઇ તત્ત્વ હોય તો અસંતોષ છે. તેને જે મળે તે ઓછું લાગે. તેની દૃષ્ટિ સદાય પોતાના કરતા અધિક સંપત્તિવાન હોય તેની સામે રહે છે. આ દૃષ્ટિ ચોરીના પાપને જીવનમાં લાવ્યા વિના રહેતી નથી આ વાત ખૂબ વિચારવા જેવી છે.

જીવન ટકાવવા માટે આ જીવને અનેક પ્રકારની સામગ્રીઓની જરૂર પડે છે. તેમાંય નીચલી ગતિઓમાંથી જેમ જેમ ઉપરની ગતિઓમાં આવતો જાય છે તેમ તેમ તેને સામગ્રીઓની જરૂરિયાત વધતી જાય છે. જીવ એકેન્દ્રિયમાં ગયો ત્યાં તો પોતાની મેળે હલનચલન કરવાની શક્તિ જ ન હતી એટલે ત્યાં તો કર્મસત્તા જે રીતે રાખે તે રીતે રહેવાનું હતું. ત્યાંથી જીવ વિગલેન્દ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયમાં આવે એટલે જરૂરિયાતો વધે. તે ગતિઓમાં રહેવા માટે ઘર બનાવવા પડે. શરીર ટકાવવા માટે ખોરાકની શોધમાં નીકળવું પડે. ત્યાંથી જીવ સંજ્ઞી પંચેન્દ્રિયપણામાં આવ્યો. પંચેન્દ્રિયના ચાર ભેદ. દેવતા, મનુષ્ય, નારકી, તિર્યંચ. જીવ દેવગતિમાં ગયો તો ત્યાં તો જન્મતી વખતે જેટલી સામગ્રીઓ મળી તેટલી જ સામગ્રીઓ મૃત્યુ સુધી રહે. વધે ઘટે નહિ, છતાં મૂર્છા ઘણી. નરક ગતિમાં તો દુઃખો સિવાય બીજું કાંઇ છે જ નહિ. એક ક્ષણ વાર પણ શાંતિ નહિ. મારા શરીર પર ઓછામાં ઓછા દુઃખો કેમ આવે એ જ ભાવનામાં જીવન પૂરું કરવાનું. તિર્યંચના ભવમાં ગયો ત્યાં પોતાની જરૂરિયાતો ઘણી વધી. રહેવા માટે માળાઓ બનાવવા તણખલા આદિ લાવવા પડે. ખાવાની ચિંતા, ખોરાક માટે ભમવું પડે, તેના બાળબચ્ચાની ચિંતા, ઠંડી ગરમીથી રક્ષણ મેળવવાની ચિંતા અને જીવન નભાવવાની ચિંતા, છેવટે પોતાનાથી બળવાન પ્રાણીઓ આવીને પોતાનું ભક્ષણ ન કરી જાય એટલે મૃત્યુ અટકાવવાની ચિંતા. બસ, આ પ્રવૃત્તિઓમાં તેમની જિંદગી પૂરી કરી દેવાની.

જીવ મનુષ્યભવમાં આવ્યો ત્યારે તેની જરૂરિયાતનું ક્ષેત્ર ખૂબ વધ્યું. મનુષ્યમાં દેવગતિ જેવી સ્થિતિ નથી કે જન્મ થતાં જે સામગ્રીઓ મળી તેટલી મૃત્યુ સુધી ટકી શકે. આ ભવમાં તો સામગ્રીઓમાં વૃદ્ધિ પણ થઇ શકે અને ઓછી પણ થઈ શકે આ ગતિમાં નરકગતિ જેવા દુઃખો નથી જે થોડા ઘણાં દુઃખો છે તે નરકગતિની અપેક્ષાએ તો કાંઈ નથી અને તે દુઃખોમાંય વચ્ચે કયારેક કયારેક સુખો પણ મળ્યા કરે છે. તિર્યંચ ગતિ જેવી વિવેકહીનતા નથી. મળેલી સામગ્રીઓનો સદુપયોગ પણ અહીં થઈ શકે છે અને દુરૂપયોગ થઈ શકે છે. ચારે ગતિમાં મનુષ્ય ગતિની વાત સાવ જુદી છે. અહીંનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે. એટલા માટે સમસ્ત સંસારમાં આ મનુષ્ય ગતિના જન્મ જેવો કોઇ સુંદર જન્મ નથી. જો તેનો સદુપયોગ કરતાં આવડે તો લાભદાયી પણ ખૂબ છે અને સદુપયોગ કરતા ન આવડે તો નુકશાનકારી પણ એટલો છે.

મનુષ્યભવમાં સામગ્રીઓ વધવાની શકયતા છે અને એ સામગ્રીઓના ઉપભોગની માનવી પાસે કળા પણ છે એટલે સામગ્રીઓ વધારવાની તેને ઈચ્છા થયા કરે. આત્મામાં આ વધુ મેળવવાની ઈચ્છા, અસંતોષ, ન્યાયનીતિને નેવે મૂકીને ચોરી કરવા તરફ જીવને આકર્ષે છે. જો જીવનમાં સંતોષ આવે તો અસ્તેય (અચૌર્ય)ની આરાધના થઈ શકે છે. આજે માનવીના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો દેખાય છે કે અસંતોષની આગ ભડકે બળી રહી છે. અપ્રાપ્ત વસ્તુઓને મેળવવા માટે બીજા પાપ કરવા પડે છે. મારી પાસે કેટલું છે એ માનવી નથી જોતો પણ મારી પાસે કેટલું નથી એ તરફ દૃષ્ટિ વધુ રહે છે. તેની પાસે સો ચીજો છે તો તેના તરફ લક્ષ્ય નથી પણ એક બે ચીજનો અભાવ હોય તો મારી પાસે નથી તેમ ઝંખ્યા કરે છે. ગમે તેટલું મેળવે, અરે! કદાચ આખી દુનિયાની સામગ્રી મળી જાય તો ય તેને શાંતિ મળતી નથી. મારી પાસે બધું છે હવે કાંઇ નથી જોઈતું એવું તો તેને થતું નથી. સુભૂમ ચક્રવર્તીને છ ખંડ ઓછા પડયા તે સાતમો ખંડ જીતવા નીકળ્યો. વિજય તો ન મળ્યો પણ અતિ લોભના પાપે સાતમી નરકમાં ચાલ્યો ગયો. કુટુંબ માટે કે પરિવાર માટે તમે પાપ કરીને પૈસા પેદા કરશો પણ એ પાપ તો કરનારને ભોગવવા પડે. કોઈ તેમાં ભાગ નહિ પડાવે.

તમે અહીંથી અમદાવાદ જવા માટે નીકળ્યા. સ્ટેશને ગયા. ગાડીમાં તો ખૂબ ભીડ હતી પણ તમારે અમદાવાદ ગયા વિના ચાલે એવું ન હતું એટલે ગમે તે રીતે ગાડીમાં બેસી ગયા. ગાડી અમદાવાદ પહોંચી ગઈ. તમારે જેને ઘેર જવાનું હતું ત્યાં ગયા. તમને જોઈને તે ઘરના માણસો સ્વભાવિક રીતે પૂછે કે તમે કોણ કોણ આવ્યા છો ? તે ભાઈ તમારા ખૂબ સ્નેહી છે. તે તમને આવકાર આપે. તેના ભાવ એવા નથી કે વધુ આવ્યા હોય તો ભારે પડે પણ આ તો સહજ રીતે પૂછે કે તમે કોણ કોણ આવ્યા છો ? તમારી સાથે કોઇ નથી એટલે તમે શું કહેશો ? હું એકલો આવ્યો છું. હું તમને પૂછું કે ગાડીમાં તમે એકલા હતા ? ના. ગાડીમાં તો હજારો માણસો હતા. તમે તેમની સાથે બેઠા, વાતચીતો કરી, આનંદકિલ્લોલ કર્યો, એમાં સમય પસાર થઈ ગયો. કોઈ વાર તો મુસાફરોની સાથે એવો ગાઢ પ્રેમ બંધાઈ જાય કે જાણે સગા ન હોય ! જતી વખતે તમે કહો પણ ખરા કે મુંબઇ આવો ત્યારે જરૂરથી મારા ઘેર આવજો. પછી કેટલો સંબંધ. તું તારે ઘેર અને હું મારે ઘેર.

અહીં જ્ઞાની સમજાવે છે કે ગાડીમાં તો કેટલાય લોકોનો સાથ હતો. તમે એકલા ન હતા છતાં જ્યારે તમને પૂછયું ત્યારે તમે કહ્યું કે હું એકલો આવ્યો છું. હજારોની વચ્ચે રહીને આવ્યા છતાં કહો છો કે હું એકલો છું. શા માટે ? કારણ કે તે માણસોને મારા માન્યા નથી. તે બધા તો મુસાફરો હતા. મુસાફરીમાં ભેગા થયા હતા. આ જીવ જ્યારે આવ્યો ત્યારે કેટલા ભેગા લઈને આવ્યો હતો અને જશે ત્યારે કેટલા ભેગા લઈ જશે ? જીવ આવ્યો છે એકલો અને જવાનો છે એકલો. અહીં આવીને આ બધી માયાજાળ ઊભી કરી છે. હજારો માનવીઓ સાથે હોવા છતાં તમે એકલા છો તેમ જ્ઞાની કહે છે તમારું કુટુંબ ગમે તેટલું વિશાળ હોય છતાં એકલા છો.

આ સંસાર એક ગાડી છે. આપણે બધા મનુષ્ય જન્મના સ્ટેશને આવ્યા છીએ. અહીં માતા-પિતા, કાકા-કાકી, મામા-મામી, બેન-બનેવી, ભાઈ-ભાભી બધા સંબંધોથી ભેગા થયા છીએ. મુસાફર તેને ઉતરવાનું સ્ટેશન આવે ત્યારે ઉતરી જાય છે તેમ જ્યારે આયુષ્ય પૂર્ણ થશે ત્યારે નાના કે મોટા સૌને જવાનું છે. ત્યાં એમ નહિ કહી શકો કે હજુ મારા દાદા બેઠા છે ને મને કયાં લઈ જાવ છો? મને ન લઈ જાવ. ત્યાં તો કોઈ અપીલ કે દલીલ ન ચાલે. આ સૂત્ર યાદ રાખો. "एगोऽहं नत्थि मे कोइ" હું એકલો છું. કોઈ મારું નથી. તો આ બધી ઝંઝટ મટી જાય. લાખો માનવીઓ વચ્ચે રહેવા છતાં માણસ માત્ર એકલો છે. આ વાત જો બરાબર સમજાઈ જાય તો જીવનની અવળી દિશા બદલાયા વિના ન રહે. જીવનમાંથી ક્ષુદ્રતા રવાના થશે એટલે સાચી દૃષ્ટિ ખુલ્યા વિના નહિ રહે, પછી તો કુટુંબ ખાતર જે અતિ પાપો થતા હતા તે ઓછા થયા વિના નહિ રહે. જ્ઞાની કહે છે કે "संसारमावन्न परस्स अट्ठा" તમે તમારા માટે પાપ કરો કે કુટુંબીજનો માટે કરો; એના કટુ વિપાકો તો જીવને એકલાએ જ ભોગવવા પડશે. તેમાં ભાગ પડાવવા કોઈ આવવાનું નથી. ભગવંત ફરમાવે છે કે

ण तस्स दुक्खं विभयंति नाइओ, ण मित्तवग्गा ण सुया ण बंधवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं ॥ ઉત્ત.અ.૧૩.ગા.૨૩

દુઃખમાં કોઈ જ્ઞાતિજન, મિત્રવર્ગ, પુત્ર, બંધુજનો કોઈ પણ ભાગ પડાવી શકતું નથી. સ્વયં પોતાને એકલા જ ભોગવવા પડે છે કારણ કે કર્મ કર્તાને જ અનુસરે છે. જીવનમાં ક્ષુદ્રતા ન હોય અને ગંભીરતા હોય તો આવી વિચારણા કરવાનું મન થાય અને આવા વિચાર આવે તો પાપોથી છૂટવાનું મન થાય માટે ક્ષુદ્રતા-તુચ્છતા દૂર કરો, પછી જુઓ કે જીવન જીવવાની કેવી મઝા આવે છે! પછી પાપો અને કષાયો પર કંટ્રોલ આવતા વાર નહિ લાગે. કોઈ માણસ દુર્ગંધવાળી ખાઈમાં પડયો હોય તેને કોઈ બહાર કાઢીને તળેટી પર લાવીને મૂકે તો દુર્ગંધ ઓછી થાય. તે રીતે જ્યારે જીવનમાંથી ક્ષુદ્રતાદિ દોષો દૂર થાય પછી તેના વિચારોમાં અવશ્ય પરિવર્તન આવે અને આ સંસારની બધી વસ્તુઓ પ્રત્યેની મમતા ઘટે.

તમારી દીકરીનાં લગ્ન કરી તેને સાસરે મોકલી. છ બાર મહિને જ્યારે તે સાસરેથી પિયર આવતી હોય ત્યારે તેને કોઈ પૂછે કે તું કયાં જાય છે? તો એ કહેશે કે હું મારા પિયર જાઉં છું અને પિયરથી સાસરે આવતી હોય ત્યારે કોઈ પૂછે કે તું કયાં જાય છે? તો એ કહેશે કે હું મારા ઘરે જાઉં છું. જે ઘરમાં આટલા વર્ષોથી રહી છે. નાનપણથી ઉછરીને મોટી થઈ છે એ ઘરને તે પિયર માને છે અને જે ઘરમાં હજુ છ બાર મહિનાથી આવી છે તે ઘરને પોતાનું ઘર માને છે. આનું શું કારણ? એક વ્યક્તિ (પતિ) સાથે પોતાનો બંધાયેલો સંબંધ. જો કન્યાને પતિના ઘરને પોતાનું ઘર માનવા

પ્રેરે અને પોતાના મૂળ ઘરને 'પિયર' માનવા પ્રેરે તો પછી જ્યારે આત્માનો સંબંધ પ્રભુ સાથે થાય ત્યારે ઉપાશ્રયો, ધર્મસ્થાનકો એને પોતાના ઘર સમાન લાગે અને ઘરણાર-દુકાન વગેરે પિયર સમાન લાગે, માટે જીવનમાંથી ક્ષુદ્રતા, અસંતોષ આદિ દોષોની દુર્ગંધ દૂર કરો તો પાપ કરતા અટકશો.

ત્રીજા વ્રતમાં આડખીલ કરનાર હોય તો તૃષ્ણા છે. શ્રાવકના ૨૧ ગુણમાં એક ગુણ છે અક્ષુદ્ર. શ્રાવક ક્ષુદ્ર ન હોય, તુચ્છ વૃત્તિવાળો ન હોય પણ અક્ષુદ્ર એટલે દરિયા જેવો ગંભીર અને વિશાળ દિલનો હોય, સંતોષી હોય.

संतोष तो हि प्रबलं च सौख्यं, सौख्येन कृत्वा भवतीति धर्मः ।
धर्मेण कृत्वा भवतीति मोक्षो, मोक्षे जिनैरुक्त मनतं सौख्यम् ॥

જેના જીવનમાં સંતોષ નથી તે દુઃખી છે અને સંતોષ છે તે સુખી છે. સંતોષ છે તેને ભગવાનના વચનોમાં શ્રદ્ધા છે. ઘણી વાર પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા જીવનમાં કોઇ જુદો ચમત્કાર સર્જી દે છે.

વિલાયતમાં એક બેનને ત્રણ સંતાન હતા. બેનની ઉંમર પાત્રીસ વર્ષની હશે ને તેના પતિ એકાએક ગુજરી ગયો. તેની સ્થિતિ સાવ ગરીબ છે. બેન ખૂબ રડે છે. કમાઈને આપનાર પતિ ચાલ્યો ગયો; હવે આ બાળકોને મોટા કેવી રીતે કરવા? આજીવિકા કેવી રીતે ચલાવવી? આ વિચારથી ખૂબ રડે છે, ઝૂરે છે. તે સમયે એક માનસશાસ્ત્રી ત્યાંથી નીકળ્યો. તેણે પૂછ્યું– બેન! તું શા માટે રડે છે? મારા પતિ ગુજરી ગયા. હવે મારે આ બાળકોને મોટા કેવી રીતે કરવા? ઈશ્વરના રાજ્યમાં કેવું અંધેર ચાલે છે? જેને સંતાન નથી તેને આવું દુઃખ નથી અને ત્રણ ત્રણ સંતાનવાળી મારે વિધવાપણું! અને આ ભૂખે મરવાના કેવા કારમાં દુઃખ! માનસશાસ્ત્રીના મનમાં થયું કે આ બેન સુખી થાય એવું હું કાંઇક કરું, એટલે કહે છે બેન! તું રડે છે એ ખોટું છે. ઈશ્વરના રાજ્યમાં અંધેર નથી પણ અજવાળું છે. તમે પુરૂષાર્થ વગર બેઠા બેઠા ખાતા હતા તે હવે પુરૂષાર્થ વિકસાવવાની તકનું અજવાળું આપ્યું છે.

પ્રાર્થનાનું બળ : અત્યાર સુધી તમે આનંદથી ખાતા પીતા બેઠા હતા અને ઈશ્વરને સાવ ભૂલી ગયા હતા એ અંધારું હતું. તમને ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા નથી. હવે ઈશ્વરને યાદ કરવા, ઈશ્વરની પ્રાર્થના કરવા અને ઈશ્વરના ઉપકારો યાદ કરવાનું અજવાળું મળ્યું છે. હવે ઈશ્વર પર શ્રદ્ધા રાખો તો તમારે કાંઈ દુઃખ નથી. હે ભગવાન! હવે હું તારા ભરોસે છું. મેં તારું શરણું લીધું છે. તારા પ્રભાવે જરૂરથી મારું દુઃખ દૂર થવાનું છે. જેમ સારું થતું જાય તેમ પ્રભુનો ઉપકાર માનતા રહો. લો. હું તમને ૨૫૦ રૂપિયા આપું છું; બિસ્કીટ, પીપરમીટ આદિ લઈને વેચવા બેસજો, સાથે ઈશ્વરને યાદ કરતા રહેજો. તેને ભૂલતા નહિ. તમે ધીમે ધીમે આગળ વધશો. અમે તમને ઘણી વાર કહીએ છીએ કે ૨૪ કલાક અરિહંતનો જાપ જપ્યા કરો. તેના નામનું સ્મરણ સૂતા ઉઠતાં ચાલુ રાખો. આ રીતે જાપ કરવાથી જીવ નરકમાં ન જાય.

શ્રદ્ધાથી પ્રાર્થના કરતી બાઇ : માનસશાસ્ત્રીની વાત સાંભળી બાઇનું મન હળવું થઇ ગયું. તેનામાં હિંમત આવી ગઇ. તેણે એક નાનકડી દુકાન કરી. તે રોજ પ્રભુને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! મેં મારું જીવન તારા શરણે આપ્યું છે. તારો પ્રભાવ અચિંત્ય છે. તારી કૃપાથી મારે સારું જ થવાનું છે. તું જ મારું સર્વસ્વ છે. કુદરતે તે બેનને ધંધામાં સારું મળતું ગયું. ધંધામાં વિકાસ થતો ગયો એટલે એની શ્રદ્ધા હવે વધુ દૃઢ થતી ગઈ. હવે તો તે બેનને લાગ્યું કે ધંધામાં બરોબર ઈશ્વરની દયા કામ કરી રહી છે પછી તો તે રોજ સવાર સાંજ પ્રભુને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! તારી દયા તો અદ્‌ભૂત છે. બેના પ્રભાવે મારે બધું સારું થયા કરે છે. હું તો માનતી હતી કે મારા પતિ ગયા એટલે મારું ભાગ્ય રૂઠ્યું. રૂઠેલું ભાગ્ય મને ધન પણ કયાંથી મળવા દે ? પણ હે પ્રભુ ! તારી દયા, તારી કૃપાનો ગજબ પ્રભાવ છે કે મને પૈસા આદિ બધી જાતની અનુકૂળતાઓ મળી રહી છે. પ્રભુ ! તારો તો હું કેટલો ઉપકાર માનું ! હવે તો બેનનો ધંધો ખૂબ વધી ગયો. નાની દુકાનમાંથી મોટી દુકાન થઈ ગઈ.

આપે મને ઇશ્વર ઓળખાવ્યા : પાંચ સાત વર્ષે તે માનસશાસ્ત્રી ફરતો ફરતો ત્યાં આવી ચઢયો. પેલી બેનને પૂછે છે કેમ શું ચાલે છે ? ભાઇ ! તમે તો મારા માટે બીજા ઇશ્વર છો. એક તો ઈશ્વર છે પણ આપ બીજા ઇશ્વરના અવતાર સમાન છો. તમે તો મારી આંખ ખોલી દીધી છે. બરોબર આપણને સત્ય માર્ગ બતાવનાર એવા ઇશ્વરને હું ભૂલી ગઈ હતી. આપે મને ઈશ્વરની ઓળખાણ કરાવી અને તેની કૃપાએ આજે મારું જીવન વિકસિત બન્યું છે. તેમની કૃપાથી અણધાર્યા કામ પણ સારી રીતે પાર પડી જાય છે. હું દુકાન ખોલું. અડધા કલાક સુધી કોઈ ઘરાક ન આવે ત્યારે મનમાં થાય કે આજે ઘરાકી થશે કે નહિ ? ત્યાં જ ઘરાક હાજર, પછી આખો દિવસ ઘરાકી ચાલુ રહે. કેટલી ઈશ્વરની દયા ! મને મનમાં વિચાર થાય કે બજારમાંથી આ ચીજ મળે તો લાવવી છે તો હું બજારમાં જાઉં કે તરત એ ચીજ મને મળી જાય. બધામાં ઈશ્વરની દયા કામ કરે છે. હવે હું જ્યાં મારું ધાર્યું થાય કે મનધાર્યું મળે ત્યાં ઈશ્વરનો આભાર માનું છું. અરે, ખાવાપીવામાં પણ પ્રભુનો આભાર માનું છું.

આ બેન માનસશાસ્ત્રીને કહે છે કે તમે મને અજબ દયાળુ ઈશ્વરનું ભાન કરાવ્યું. હું આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. એમ કહીને તેમના પગમાં પડી ગઈ. જો કે ધંધો ચલાવવામાં તો બેનની હોંશિયારી કામ કરે છે; છતાં એ નથી માનતી કે આમાં મારી હોંશિયારી કામ કરી રહી છે. તે તો એક જ માને છે કે કમાણી પ્રભુની દયાથી થાય છે. હું પ્રભુનું નામ લઉં છું અને મારું કામ થાય છે. હવે બીજાને પણ એ જ સમજાવું છું કે આપ ભગવાન પર શ્રદ્ધા રાખો, વિશ્વાસ કરો. પ્રભુના નામ સ્મરણમાં પણ અદ્‌ભૂત શક્તિ રહેલી છે. ભકતામર સ્તોત્રમાં કહ્યું છે કે

त्वत्संस्तवेन भवसंतति सन्निबध्धं, पापंक्षणात् क्षय मुपैति शरीरभाजाम् ।
आक्रान्त लोकमलिनीलमशेषमाशु, सूर्यांशुभिन्न मिव शार्वरमंधकारम् ॥

હે પ્રભુ ! તારું સ્તવન કરવાથી સર્વ જીવોના ભવપરંપરાથી બંધાયેલા ગાઢ પાપો ક્ષણવારમાં નાશ પામે છે. લોકમાં સર્વત્ર ફેલાયેલું રાત્રીનું ભ્રમર જેવું કાળું ઘોર અંધારું સૂર્યના એક જ કિરણ વડે ભેદાઇને જલ્દી નાશ પામે છે.

આ માનસશાસ્ત્રીએ બેનને કેટલી શ્રદ્ધા કરાવી ! તમે તમારા બાળકોને આવી શ્રદ્ધા ઠરાવો છો ? તમારી શ્રદ્ધા ડગમગ હોય ત્યાં બીજાને શ્રદ્ધા કયાંથી કરાવી શકો ! તમારી રગેરગમાં અરિહંતના નામનો રણકાર હોવો જોઈએ. શ્વાસોશ્વાસમાં અરિહંતનું સ્મરણ હોવું જોઈએ; તો મોક્ષ તમારાથી દૂર નથી અરિહંત નામનો રણકાર અહંકારના પહાડને ભેદી નાંખશે. આપે સાંભળ્યું ને પેલી બેનના અંતરમાં ઈશ્વરના નામનો જાપ ગૂંથાઈ ગયો તો તેને અભિમાન ન આવ્યું. અહં છે ત્યાં સુધી અર્હન્ બની શકાતું નથી માટે જીવનમાં નમ્રતા, સરળતા લાવો. સરળતા છે ત્યાં સિદ્ધિ છે.

રૂપક : એક વાર નદી હસતી ખીલતી ખૂબ પ્રસન્નતાથી સાગરને મળવા આવી. સાગરે કહ્યું–આજે તું આટલી બધી હસતી હસતી કેમ આવી છે ? નદીએ તો જાણે પોતે મોટું રાજ્ય ન મેળવ્યું હોય એમ મુખ મલકાવતી કહે છે કે કેટલાય વર્ષોથી એક મોટો પર્વત તમને મળવા આવવામાં આડખીલ કરતો હતો, હેરાન કરતો હતો તે પર્વતને મેં આજે તોડી નાંખ્યો. તેને રસ્તાળ કરી દીધો અને ચારે બાજુ જાહેરાત કરતી આવી કે મારા રસ્તામાં મને જે કોઇ અટકાવશે તેના આ પર્વત જેવા બેહાલ થઈ જશે. નદીની વાત સાંભળીને સાગરદેવ હસી પડયા. તેણે કહ્યું–બેન ! તું મારું એક કામ કરીશ ? તેં મોટા પર્વતને ભેદી નાંખ્યો તો આ એક બાજુ નેતરની સોટીઓ ઉગી છે તેમાંથી મને બે ચાર લાવી આપ ને ! તો હું માનું કે તેં સાચો વિજય મેળવ્યો છે. તેના મનમાં અભિમાન છે કે મેં પર્વતને તોડી નાંખ્યો તો આ નેતરની સોટીઓ લાવવી એમાં શું મોટું કામ છે ?

નેતર આગળ નદીની હાર : નદી તો હરખાતી હરખાતી નેતર લેવા ગઈ. તેણે ખૂબ જોરથી નેતર પર આક્રમણ કર્યું પણ નદી જેવી નેતર પર પડી કે તરત જ નેતર લાંબું થઈને સૂઇ ગયું. જેવી નદી પોતાના સ્થાને જવા રવાના થઈ કે તરત નેતર ઊભું થઈ ગયું. આ જોઇને નદીને વધુ ગુસ્સો આવ્યો. તે ડબલ જોશથી નેતર પર કૂદી તો નેતર લાંબું થઈને સૂઇ ગયું. જેવી નદી હાલતી થઇ એવું નેતર તરત ઊભું થઇ ગયું. તે હારીને સાગર પાસે આવી. સાગર કહે કેમ બેન ! નેતર લાવી ? ના. ન લાવી શકી. મને ખબર નથી પડતી કે આમ કેમ થયું ? હું પર્વતને તોડી શકી પણ આ નેતરને ન લાવી શકી. સાગર કહે–બેન ! તું પર્વતને તોડી શકી કારણ કે તે અક્કડ હતો. નેતરને તું તોડી ન શકી કારણ કે તે નમ્ર હતું.

આધ્યાત્મિક ક્ષેત્રમાં આ વાત ખૂબ મહત્ત્વની છે. અક્કડ રહેનારા હારી ગયા છે અને નમી જનારા જીતી ગયા છે. આપણા અરિહંત પ્રભુએ રાગ–દ્વેષ–ઇન્દ્રિય–કષાય, પરિષહ અને ઉપસર્ગ આ છ ને નમાવ્યા છે, તેથી તેઓ નમસ્કાર કરવા યોગ્ય બની ગયા છે. નમ્રતાવાન આનંદ શ્રાવકે ત્રીજું અદત્તાદાન વ્રત ગ્રહણ કર્યું. જે વસ્તુનો જે

ધણી હોય, તેણે આપ્યા વિના વસ્તુ લઈ લેવી તેનું નામ અદત્તાદાન. તેના પણ સૂક્ષ્મ અને સ્થૂલ બે ભેદ છે. રસ્તામાંથી થોડી રેતી લીધી. કાંકરા લીધા જેના કોઇ માલિક નથી તેને લેવા, તળાવમાંથી કે કૂવામાંથી પાણી લાવ્યા તો તળાવની રજા લેવા જતા નથી. આ સૂક્ષ્મ અદત્તાદાન છે. આ લેવામાં સંસારી જીવોને અદત્તાદાનનો દોષ લાગતો નથી કારણ કે તેને મોટકી ચોરી કરવાના પચ્ચક્ખાણ છે. સાધુને તો સર્વથા અદત્તાદાનના પચ્ચક્ખાણ છે. એક સાવરણીની સળી પણ ગૃહસ્થની આજ્ઞા લીધા પહેલા લેવાય નહિ. સાધુ જો એ રીતે લે તો એને ત્રીજા મહાવ્રતમાં દોષ લાગે છે. જે ગ્રહણ કરવાથી ચોરીનો અપરાધ દોષ લાગે એવું બીજા કોઈનું સોનું, પૈસા, જેનું મૂલ્ય કિંમત ગણતરીમાં થાય છે તે બધું સ્થૂલ અદત્તાદાન છે. શ્રાવકે કઈ જાતની ચોરી ન કરવી, તે ચોરી કેટલા પ્રકારની છે તે વાત અવસરે.

ચરિત્ર : ભોમિયા સાથે ગુણસુંદરે કરેલી નગરચર્યા : ગુણસુંદર અને શેઠ બંને સાથે ગામમાં ફરવા નીકળ્યા. ગામનો અનુભવી ભોમિયો સાથે લીધો. ભોમિયાની સાથે બંને વાતો કરતા કરતા રસ્તામાં ચાલ્યા જાય છે. આ ભોમિયો તો વારે ઘડીયે ગુણસુંદર તરફ જોયા કરે છે. શું આ છોકરો છે ! શું તેનું તેજસ્વી મુખ છે ! શું તેની પ્રતિભા છે ! વારંવાર તેના સામું જોયા કરે. તેમાં જ્યારે એ સૂરીલા કંઠે વાતો કરતો, હસતો અને હસાવતો ત્યારે નાના મોટા સૌ તેનામાં અંજાઇ જતા. ભોમિયાને તો એની સાથે વાતો કરવામાં ખૂબ આનંદ આવવા લાગ્યો. તે પૂછે છે શેઠ ! આપનું વતન કયું ? અહીં કયા કારણસર આવ્યા છો ? ભાઈ ! અમારે વતન જેવું કાંઈ નથી. અમે તો વણઝારા. ગામે ગામ ફરવાનો અમારો સ્વભાવ. અમારે ગામે ગામ ઉતારા. અમે આ ગામની ખૂબ ખ્યાતિ સાંભળી છે તેથી અમે અહીં આવ્યા છીએ. તમારું નામ શું છે ? ગુણસુંદર ! વાહ ! ખૂબ સુંદર નામ ! નામ તેવા ગુણ તમારામાં છે. હું તો નખથી માથા સુધી તમને જોયા કરું છું કે બધા ગુણો તમારામાં ગોઠવાઈ ગયા છે. ગુણવાન તો છો જ તેમજ રૂપમાં પણ ખૂબ સુંદર છો. આપ આપના નામને બરાબર ઉજાગર કરી રહ્યા છો. ભાઈ ! મારામાં તો કાંઈ નથી. આ બધાએ ભેગા થઈને મારું નામ પાડ્યું છે.

ગુણસુંદરે કહ્યું–ભાઈ ! આ નગરમાં શું જોવા જેવું છે ? એ પૂછશો નહિ. શું જોવા જેવું નથી, એ જ પૂછો. અમારા ગામમાં ઉપવનો, ગુરૂકુળો, ધર્મસ્થાનકો, જળ સરોવરો, કમળવનો એવા અનેક સહેલગાહના સ્થાનો તથા બીજા અનેક સ્થળો જોવા જેવા છે. આમ વાતો કરતા ચાલે છે. ત્યાં રસ્તામાં એક મોટું સુંદર ઉદ્યાન આવ્યું. એ ઉદ્યાનમાં મોટી વિશાળ પરસાળો હતી. ભોમિયાએ કહ્યું–અમારા ગામમાં જૈન સંતો મોટા સમુદાય સાથે પધારે છે ત્યારે અહીં ઉતરે છે. સંતો પ્રવચન આપે ત્યારે હજારોની મેદની ભરાય છે, ચાતુર્માસમાં તો ભક્તોના ટોળેટોળા ઉભરાય છે. આ વર્ષે કોઈ સંત પધાર્યા નથી એટલે એની શોભા ઝાંખી દેખાય છે. અમારા ગામમાં સૌથી શ્રેષ્ઠ અને પવિત્ર આ ઉદ્યાન છે. ગુણસુંદર કહે–ભલે અત્યારે કોઈ સંતો નથી પણ આ ભૂમિ પવિત્ર સંતોની ચરણરજથી

પવિત્ર બનેલી છે ને ! તેમના પરમાણુઓ પણ અહીં પડેલા છે ને ? આ ભૂમિમાં થોડો સમય આપણે બેસીએ. એ બધા અંદર ગયા. ત્યાં જઈ ને ગુણસુંદરે પાંચ મિનિટ ધ્યાન ધર્યું પછી ધર્મની વાતો કરીને બહાર નીકળ્યા.

ભોમિયાએ પુરંદર શેઠની કરેલી પ્રશંસા : ગુણસુંદરે ભોમિયાને કહ્યું– ભાઈ ! તું આ નગરમાં બધાને ઓળખે છે ? બધાના સ્વભાવ કેવા છે ? અહીંના નગરશેઠ કોણ છે ? ગુણસુંદરકુમાર ! આપ એ શું પૂછો છો ? આ ગામના એક એક માણસને હું ઓળખું છું. દરેકના નામઠામની મને ખબર છે. એ બધા મને પણ સારી રીતે ઓળખે છે. અમારા ગામમાં નગરશેઠ તો ઘણા છે પણ મહારાજા પછી બીજા નંબરે આવે એવા જેની ગામમાં ખૂબ ખ્યાતિ છે એવા પુરંદર શેઠ છે. આ ગામમાં ડગલે ને પગલે દાનમાં તેમનું નામ છે. જ્યાં જુઓ ત્યાં તેમનું દાન તો હોય જ. તેમણે દાન કરતાં પાછું વાળીને જોયું નથી. જુઓ આ ધર્મશાળા છે તે તેમણે બંધાવી છે. વટેમાર્ગુઓ અહીંયા ઉતરે છે. કોઈનું ભાડું લેતા નથી. આ ધર્મશાળા તો મહેલાત જેવી છે. તેમણે આ ગામમાં અનેક ધર્મશાળાઓ, પરબો, ઉદ્યાન, સ્કૂલો વિગેરે બંધાવ્યા છે; છતાં શેઠને જરા પણ અભિમાન નથી. તે સાવ નમ્ર છે.

ભાઈ ! એ નગરશેઠને વેપાર શેનો છે ? ભાઈ ! વેપારનો તો કોઈ હિસાબ નથી. જેટલા વેપાર કહો તેટલા બધા તેમને ત્યાં ચાલે છે. નગરમાં તેમની અનેક દુકાનો છે. દરિયાઈ માર્ગે પણ તેમનો વેપાર ચાલે છે. આ રીતે તેમણે ગામના અનેક જીવોને આશ્રય આપ્યો છે. તેમના આંગણે રડતો ગયેલો હસતો આવે એવા પવિત્ર શેઠ છે. તો અમારે તેમને મળવું પડશે. ભલેને, આપ ખુશીથી મળજો. તેઓ ખૂબ ઉદાર અને પ્રેમાળ છે. આ નગરમાં તેમના જેવો દાનવીર કોઈ નથી. આપ જરૂર જજો. કદાચ આપને કાંઇ જરૂર હશે તો તે બધું આપશે. બિચારા ભોમિયાને કયાં ખબર છે કે આ ગુણસુંદર અહીં શા માટે આવ્યો છે ? તેને એમ કે આ લોકોને પૈસાની થોડી ભીંડ હશે તો જરૂરથી તેમને મળી જશે. અરે, ધંધો પણ કરાવી આપે એવા છે. તેણે એવું માનેલું એટલે એણે આ રીતે કહ્યું. આ સાંભળીને ગુણસુંદરને જરા હસવું આવી ગયું કે મારે કયાં પૈસાની જરૂર છે ! તે કહે–ભલે. આપણે તે શેઠને મળવા જઈશું. ભોમિયો જેવા જેવા સ્થળો બતાવતો જાય છે. હવે શું બનશે તે અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૧૧ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૬૬ : તા. ૧૦–૯–૮૫

આપણા ચાલુ અધિકારમાં આનંદ શ્રાવકે ત્રીજું વ્રત અંગીકાર કર્યું. હવે હું મોટકી ચોરી કરીશ નહિ. આ વ્રત લેવાનો ઉદ્દેશ શો ? આ જીવે ચાર ગતિમાં ભમતાં અનેક ભવો કર્યા છે. નારકીના ભવમાં તો ચોરી જેવું ખાસ કાંઇ હોતું નથી. તિર્યંચના ભવમાં કેટલાક પક્ષીઓ એવા હોય છે કે બીજાના માળામાં આવાનું પડયું હોય તે ખાઈ જાય છે. ગાય–બકરા આદિ ઘરમાં પેસી જઈને અનાજ વિગેરે ખાઇ જાય

છે. તિર્યંચ ગતિમાં પણ આ રીતે ચોરીઓ થાય છે. દેવગતિમાં પણ અમુક લોભી દેવો ચોરી કરે છે. એકબીજાની દેવીઓને ઉપાડી જાય. આભૂષણ, ઘરેણાં ઉપાડી જાય છે. જેની ચીજ ગઈ હોય તે મોટો દેવ હોય અને લેનાર દેવનાનો હોય તો મોટો દેવ તેને પકડીને પોતાની ચીજ પાછી લઈ લે છે અને તેને શિક્ષા પણ કરે છે. કોઇ વાર મોટો દેવ નાના દેવની કોઈ વસ્તુ ઉપાડી લાવે. નાનો દેવ તો મોટા દેવને કંઇ કરી શકે નહિ એટલે તે ઈન્દ્રને ફરિયાદ કરે. ઈન્દ્ર પોતાના દેવો મોકલીને તે મોટા દેવને પકડે અને નાના દેવની ચીજ તેને પાછી અપાવે અને સજા પણ કરે. આ રીતે દેવગતિમાં પણ ચોરીઓ થાય છે. હવે આપણી મનુષ્યની વાત. જૈનકુળમાં જન્મેલા બહુ મોટી કહેવાય એવી ચોરીઓ પ્રાયઃ કરતા નથી. અપેક્ષાએ કોઈ થોડા ઘણાં બરાબ હોય છતાં આપણો આજનો સમાજ મોટી ચોરી કહેવાય એવી ચોરી આ ભવમાં તો નથી કરતો પણ તેથી પૂર્વભવમાં નથી કરી એમ તો ન કહેવાય અને તેથી પૂર્વભવમાં જે ચોરીના ધંધા કર્યા તેના પાપોચાલ્યા આવે છે. તે બધા પાપો અટકાવવા અને સંવરમાં આવવા આ વ્રતો લેવામાં આવે છે.

ત્રીજા વ્રતમાં કઈ કઈ જાતની ચોરી ન કરવી તે બતાવે છે. આ ચોરી ચાર પ્રકારની છે. ચારમાંથી કોઈ પણ પ્રકારની ચોરી કરે તો ત્રીજું વ્રત તૂટે. (૧) **ખાતરખણી :** બાતર પાડીને કોઇ વાર ઘરમાં બખોલા પાડીને, ઘર બોતરીને ચોરી કરે, પહેલાના માણસો બેંક ન હતી ત્યારે જમીન બોદીને ભોંયમાં ધન દાટતા. આવું દાટેલું ધન કાઢી આવે. મહામહેનતે મેળવેલું ધન સાચવવા માટે કોઇ જમીનમાં દાટે, કોઇ તિજોરીમાં છૂપા બાનામાં રાખે. કોઈ ભોંયરામાં છૂપાવી રાખે, અરે ! પોતાનું ધન પોતાને છોડીને ન જાય તે માટે ચોકીપહેરો ગોઠવે છતાં ચોરી કરનારાઓ તો ગમે તે રીતે ગુપ્ત રાખેલા ધનને પણ ઉઠાવી જાય છે. ચોરનું ધ્યાન તો હંમેશા ચોરી તરફ હોય એટલે તેને કોઇ પણ રીતે બધી બાતમી મળી જાય તેથી બાતર પાડીને ચોરી કરી શકે. જેનું ધન ગયું તેને કેટલું દુઃખ થયું હશે કે કેટલો આઘાત લાગ્યો હશે તેની ચિંતા ચોરો કરતા નથી. માનવીએ કાળી મજૂરી કરીને જે થોડી ઘણી મૂડી ભેગી કરી હોય તે જ્યારે આ રીતે ચોરાઈ જાય છે ત્યારે ખૂબ વલોપાત કરે છે કારણ કે આજે ધન વગરના માણસની કિંમત નથી. જૈનના સાધુ પૈસા રાખે તો તેની કિંમત કોડીની અને ગૃહસ્થ પાસે જો ધન ન હોય તો તેની કિંમત કોડીની. ધર્મના જાણકાર શ્રાવકે આ રીતે બાતર પાડીને મોટકી ચોરી કરવી નહિ. ચોરી કરનાર આ લોકમાં નિંદાને પાત્ર બને છે, તેમજ ચોરી ગમે તે પ્રસંગમાં કરી હોય, આર્થિક સ્થિતિ નબળી હોય ને કરી હોય અથવા તો પૈસાવાળા થવા માટે કરી હોય પણ ચોરી એ તો ચોરી જ ને ! ચોરી કરનાર આ લોકમાં પકડાય ત્યારે જેલના, મારપીટના અને ભૂખ–તરસ આદિ દુઃખો આ ભવમાં પણ ભોગવવા પડે છે. નરક, તિર્યંચ ગતિમાં જાય ત્યારે પણ ભયંકર દુઃખો ભોગવવા પડે છે. આ લોકમાં તિરસ્કારને પાત્ર બને છે ને પરલોકમાં દુઃખી થાય છે માટે શ્રાવકોએ મોટકી ચોરી કરવી નહિ. અહીં એક વાત યાદ આવે છે

એક વેશ્યા હતી. વેશ્યા તો સાવ હલકી જાતિની કહેવાય. તેણે ઘણું કર્મો બાંધેલા. એક દિવસ વેશ્યા બહારગામ ગઇ. તે જેને ત્યાં ઉતરી હતી ત્યાં સામે એક જૈનનું મકાન હતું. તે મકાનમાં સંત પધાર્યા હતા. શ્રાવક બહુ ધર્મીષ્ઠ, પ્રેમાળ અને દૃઢ ધર્મી હતો. તે ખૂબ ભક્તિભાવથી ઉલ્લાસથી સંતની સેવાભક્તિ કરે. હજારો માણસો સંતને વંદન કરવા આવે અને પ્રવચન સાંભળવા આવે. સંતે પ્રવચનમાં એ વાત સમજાવી કે તમારા જીવનમાં બીજું ન કરી શકો તો મારે મોટકી ચોરી કરવી નહિ એટલા પચ્ચક્ખાણ તો લો. વેશ્યાને કંઈ કામ હોય નહિ એટલે તે મકાનના ઝરૂખામાં બેઠી બેઠી સાંભળતી હતી. વ્યાખ્યાન સાંભળવા હજારો માણસો આવ્યા છે. ચોરી કરવાથી જીવને કેવા કર્મો બંધાય છે નરક, તિર્યંચ ગતિમાં કેવા દુઃખો ભોગવવા પડે છે તે સુંદર રીતે સમજાવ્યું.

સત્સંગથી વેશ્યા પણ વિરકતા બની : વેશ્યાએ ઝરૂખામાં બેઠા બેઠા સંતનું પ્રવચન સાંભળ્યું. તેના મનમાં થયું કે મેં તો એટલા બધા કર્મો બાંધ્યા છે કે સંતના કહેવા પ્રમાણે હવે નરક સિવાય મારી બીજી ગતિ નથી. નરક ગતિમાં ઓછામાં ઓછા દશ હજાર વર્ષો અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધી દુઃખો ભોગવવા પડે. વેશ્યાના આત્માનું પરિવર્તન થયું. તેને થયું કે કાલે હવે હું ત્યાં જ સાંભળવા જાઉં. સત્સંગ કરવા બધા જઈ શકે છે ત્યાં જાતિભેદ હોતો નથી. સત્સંગ કરવાનો અધિકાર સૌ કોઈનો છે. તેણે મન મક્કમ કર્યું કે કાલે ત્યાં જઈને પ્રવચન સાંભળવા બેસું. બીજે દિવસે તે વ્યાખ્યાનમાં ગઇ. સંતે ત્રીજા વ્રત પર ખૂબ સુંદર સમજાવ્યું. તેમણે ચાર બોલની રજૂઆત કરી બાતર પાડીને ચોરી કરવી નહિ કોઈની બાંધેલી ગાંસડી છોડવી નહિ. એક ચાવી પર બીજી ચાવી લગાડીને ચોરી કરવી નહિ અને પડેલી વસ્તુ બીજાની હોય તો તેને ધણિયાતી જાણી લેવી નહિ. આ ચાર બોલ ખૂબ સમજુતીથી સમજાવ્યા. વેશ્યાને તો આ વાત અંતરમાં આરપાર ઉતરી ગઈ. તેણે કહ્યું - ગુરૂદેવ ! હું તો બહુ પાપી છું. મેં તો જિંદગીમાં ખૂબ પાપો કર્યા છે. મારા પાપો તો એટલા બધા છે કે આપની સામે ઉભા રહેવાનો મારો અધિકાર નથી. હું મારા પાપનું આપની સમક્ષ પ્રકાશન કરું છું. મારે હવે આવા ઘોર પાપ કરવા નહિ અને બીજા પાસે કરાવવા નહિ.

સંત સમાગમ શું નથી કરતો ? સંત સમાગમે ખૂની મુનિ બની ગયા છે. શયતાન સંત બન્યા છે અને પાપી પરમાત્મા બની ગયા છે. સત્સંગની શક્તિ અલૌકિક છે. અહીં વેશ્યા વ્રતી બનવા તૈયાર થઈ. ગુરૂ ભગવંત પાસે પોતાના દોષોની કબુલાત કરી. સંતે ત્રીજા વ્રતની સાથે ચોથા વ્રતનું સ્વરૂપ પણ સમજાવ્યું. વેશ્યાને વાત બરાબર લાગુ પડી ગઈ. તેણે ઊભા થઈને કહ્યું કે હવે મારે જાવજીવ સુધી પરપુરૂષનો ત્યાગ. હવે હું વેશ્યાગમન કરીશ નહિ, કરાવીશ નહિ, મોટકી ચોરી કરીશ નહિ ને કરાવીશ નહિ. એવા પચ્ચક્ખાણ લીધા. લોકો બોલવા લાગ્યા કે આ વેશ્યા શું પચ્ચક્ખાણ પાળશે પણ સંતો તો ગંભીર, ધૈર્યવાન હોય છે. એ તો સમજે છે કે પાપીનું કયારે

જીવન પરિવર્તન થાય છે તે ખબર પડતી નથી. કંઇક જીવો નરકમાં જવાની તૈયારીમાં હોય પણ આયુષ્યનો બંધ ન પાડયો હોય તો તેનું જીવન સુધરતાં દેવલોકમાં જાય છે. રોજના સાત સાત ખૂન કરનારા અર્જુનમાળીને સુદર્શન શ્રાવકનો ભેટો થતાં ભગવાનના શરણે ગયા. તેમના ચરણમાં જીવનનૈયા ઝુકાવી દીધી તો મોક્ષમાં પહોંચી ગયા. તો એક વેશ્યા પામી જાય એમા કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. લોકો ગમે તેમ બોલવા લાગ્યા પણ સંતે તો કાંઈ સાંભળ્યું નહિ.

વેશ્યા ત્રણ દિવસ ત્યાં રહીને પોતાના ઘેર ગઈ. હવે તો તેના જીવનમાં નવું પ્રભાત પ્રગટયું છે. સંત પાસે જે સાંભળીને આવી છે તેનું ચિંતન-મનન કર્યા કરે છે. સારું થયું કે મને ગુરૂ ભગવંત મળ્યા તો હું ઘોર પાપમાંથી છૂટી. તેમના જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. તેમનો તો મારા પર અનંતો ઉપકાર છે. મને ભવોભવના પાપમાંથી છોડાવી. આ ગુરૂ ભગવંત ન મળ્યા હોત તો મારું શું થાત? હવે તેના ઘેર જે પુરૂષો આવતા તેમને કહેતી કે મેં સંત પાસે પરપુરૂષના ત્યાગની પ્રતિજ્ઞા લીધી છે. હવે જગતના દરેક પુરૂષો મારા માટે ભાઈ અને બાપ સમાન છે, હવે હું આપની સાથે વાત પણ નહિ કરું. તેની આ વાત સાંભળીને કંઇક પુરૂષોના દિલ પલટાઈ ગયા. બેન! હવે અમે પણ તારા જેવું જીવન જીવીશું. અમે પણ આ પાપ નહિ કરીએ.

વ્રતમાં દૃઢ રહેતાં વેશ્યાની થયેલી કસોટી : એક દિવસ એક માણસ રત્નજડિત હાર લઇને વેશ્યાને ભેટ આપવા આવ્યો. વેશ્યા કહે છે આ હાર તું કયાંથી લાવ્યો છે? તારો છે કે ચોરી કરીને લાવ્યો છે? હવે હું વેશ્યા મટી શ્રાવિકા બની છું. મેં ત્રીજું વ્રત અંગીકાર કર્યું છે કે હું ચોરી કરીશ નહિ. ચોરી કરનારને મદદ પણ કરીશ નહિ અને ચોરીનો માલ લઇશ નહિ; માટે તું ચોરી કરીને લાવ્યો હોય તો એ હાર મારે ન ખપે. આ માણસ કહે- તમે જેમ વેશ્યાગમન છોડી દીધું, ચોરી કરવાની પ્રતિજ્ઞા લીધી તેમ ભલે, હું આજ સુધી ચોરીઓ કરતો હતો પણ હવે મેં એ ધંધો છોડી દીધો છે. વેશ્યા કહે-તું સત્ય બોલજે. આજે ઘણી વાર માણસો ચોરીનો માલ વેચવા આવે છે. તે ઘણી સસ્તી કિંમતે આપી જાય. સો રૂપિયાનો માલ ૪૦ રૂપિયામાં વેચી જાય. તમે સમજો છો કે બજારમાં આ વસ્તુના ભાવ સો રૂપિયા છે. કદાચ કોઈ ૫-૧૦ રૂપિયા ઓછા કહે પણ ૧૦૦ના સીધા ૪૦ કહે છે માટે આ માલ ચોરીનો હશે. જો આ રીતે જાણવા છતાં તમે તેની પાસેથી વસ્તુ લો તો તમે ચોરને મદદ કરી કહેવાય. વ્રતધારી શ્રાવક શ્રાવિકાને આવો માલ લેવો કલ્પતો નથી.

વેશ્યા કહે છે ભાઈ! તું મને બેન ગણીને ભેટ આપવા આવ્યો છે પણ ચોરી કરીને તો નથી લાવ્યો ને? પેલો માણસ કહે- ના. ચોરી કરીને નથી લાવ્યો. આ હાર મારો છે. ખૂબ ચકાસણી કરી અને નક્કી થયું કે હાર ચોરીનો લાવ્યો નથી એટલે વેશ્યાએ હાર લીધો. એક વાર ગામ બહાર બગીચામાં મોટો વસંતોત્સવ ઉજવાતો હતો. આખું ગામ તે ઉત્સવ જોવા આવ્યું હતું. ખુદ રાજા રાણી પણ આવ્યા હતા. વેશ્યાના

મનમાં થયું કે હવે હું વેશ્યા રહી નથી તો હું પણ ત્યાં જઉં. તે સમયે પેલો હાર પહેરીને તે પ્રસંગમાં ગઈ. હવે બનેલું એવું કે રાજરાણીનો હાર ગુમ થયો છે. ઘણી શોધ કરવા છતાં તે જડયો નથી. વેશ્યાની ડોકમાં પહેરેલો હાર જોતાં રાણી ઓળખી ગઈ કે મારો જે હાર જડતો નથી, ખોવાઇ ગયો છે તે જ આ હાર છે. રાજા પૂછે છે બોલ આ હાર કયાંથી લાવી ? તેં ચોરી કરી છે ? વેચાતો લીધો છે ? વેશ્યા સમજી ગઈ કે નક્કી પેલો માણસ બોટું બોલીને મને આ હાર આપી ગયો છે. આ હાર તે ચોરી કરીને લાવ્યો હશે. મેં ચોરી કરી નથી કે વેચાતો લીધો નથી. હવે મારે કરવું શું ?

બંધુઓ ! આ એક વેશ્યા હોવા છતાં શ્રાવિકા બની છે. તે શું વિચાર કરે છે ? જો હું ચોરનું નામ દઇશ તો રાજા એને શિક્ષા કરશે. કદાચ ફાંસીની શિક્ષા આપે ને તેનું મૃત્યુ થાય તો પંચેન્દ્રિય હત્યામાં હું નિમિત્તભૂત બનુ. તો પછી મારા પહેલા અહિંસા વ્રતનો આદર્શ ન જળવાય, માટે એનું નામ તો નહિ જ લઉં. ભલે મારે મરવું પડે તો મરીશ. જુઓ, એનું અહિંસાનું વ્રત કેવું ! પ્રાણ જાય પણ વ્રત ન જાય. તમારાથી શું આ ન બની શકે કે મારે ચોરીની વસ્તુ પણ ન ખપે અને કોઇની હિંસામાં નિમિત્તભૂત ન બનું ? આ તો વેશ્યા હતી પણ પાછળથી જૈનધર્મ પામી હતી. તમે તો જન્મથી જૈન ધર્મ પામેલા છો તો આટલું ય ન કરી શકો ? આ માનવ જીવનમાં ગુણોની ખુશ્બો ભરવી છે કે દુષ્કૃત્યોની બદબો ભરવી છે ? યાદ રાખજો. જીવન સારું જીવો તો ય પૂરું થવાનું છે અને ખરાબ જીવશો તો પણ પૂરું થવાનું છે. જેટલો પાપનો ત્યાગ કરશો એટલું જીવન પવિત્ર બનશે.

ચોરની કરૂણા કાજે કષ્ટ વેઠતી વેશ્યા : રાજાએ વેશ્યાને ઘણું પૂછયું પણ વેશ્યા મૌન રહી. તેણે કોઈ જવાબ ન આપ્યો એટલે તેને પકડીને હાર લઈ લીધો અને તેને જેલમાં પૂરી દીધી. રોજ ૫૦ ચાબુકના માર મરાવે છે. રાજાનો હુકમ છે કે જ્યાં સુધી તે કબુલાત ન કરે ત્યાં સુધી ખાવાપીવા પણ ન આપશો અને ૫૦ ચાબુક મારજો. વેશ્યા એક માત્ર પોતાના વ્રતનો આદર્શ પાળવા અને ચોરને સુરક્ષિત રાખવા મૃત્યુની તૈયારી સાથે ચાબુકના માર સહન કરે છે. જીવનમાં આ રીતે એકાદ વ્રત પાલન અને દયાદિ ગુણ સાચવ્યો હોય તો એ આત્માને ઘણો ઉંચે લઇ જાય છે. આ ભવમાં જો જીવન વ્રતમય નથી બનાવ્યું તો મનની ભાવના અશુભ રહેવાની. તેમજ જો ગુણની કમાણી કરી નથી તો દોષોનું સેવન રહેવાનું પછી ભવિષ્યમાં ગતિ કેવી મળે ? વેશ્યાને ચાબુકના માર મળે છે છતાં વ્રતમાં કેટલી દૃઢ છે. અહીં તો વેશ્યાએ હાર ચોર્યો નથી પણ ચોરને બચાવવા માટે આ શિક્ષા વેઠી રહી છે, પણ જે આ ભવમાં ચોરી કરે છે તેની જગતમાં ફજેતી થાય છે. તેના હાલહવાલ બૂરા થાય છે અને બીજા ભવમાં પણ શિક્ષા ભોગવવી પડે છે.

આ વાત વાયુવેગે પ્રસરતા પ્રસરતા પેલા ચોરના કાને પહોંચી. તે સમજી ગયો કે મારી ખાતર વેશ્યા માર ખાય છે. હું કેવો નીચ ! કે આ બિચારીને ફસાવી ? તેણે

મને કેટલી વાર પૂછયું કે તું હાર ચોરી કરીને લાવ્યો નથી ને ! તો મેં ખોટું બોલીને એને વિશ્વાસઘાત કર્યો ને એનું વ્રત તોડાવ્યું. છતાં એ કેટલી ઉત્તમ છે કે મને બચાવવા રાજા પાસે મારું નામ બોલતી નથી અને રોજ જેલમાં ૫૦ ચાબુકના માર ખાય છે. લાવ, હવે હું જલ્દી જાઉં ને મારા પાપનું પ્રાયશ્ચિત કરું. એમ વિચારી એ દોડતો સીધો રાજા પાસે જઈને ઊભો રહ્યો અને કહ્યું– મહારાજ ! ગુનેગાર હું છું. ગુનો મેં કર્યો છે. વેશ્યાએ ગુનો કર્યો નથી. એ તો સાવ નિર્દોષ છે. રાણીનો હાર મેં ચોર્યો છે. હું તેને આપવા ગયો ત્યારે મને ખૂબ કહ્યું કે તું સાચું બોલ. આ હાર ચોરી કરીને લાવ્યો નથી ને ? ત્યારે હું ખોટું બોલ્યો કે આ હાર મારો પોતાનો છે એટલે તેણે લીધો. તે બિનગુનેગાર છે. તેને શિક્ષા માફ કરી દો અને મને જે શિક્ષા કરવી હોય તે કરો. રાજાએ વેશ્યાને ધન્યવાદ આપ્યા અને તેને છોડી દીધી અને ચોરને ફાંસીની શિક્ષા આપવાનું જાહેર થયું. તે સાચું બોલ્યો છતાં તેને શિક્ષા માફ ન થઈ. હવે વેશ્યા ગમે તેટલું કહે તો પણ રાજા માને તેમ નથી.

અંતિમ સમયે નવકારમંત્રના આપેલા શરણા : ચોરને ફાંસીએ ચઢાવવા લઇ ગયા. વેશ્યા ત્યાં ગઈ. ફાંસીએ ચઢયો છે, છેલ્લા શ્વાસોચ્છવાસ લઈ રહ્યો છે. વેશ્યા કહે ભાઈ ! આપણા કરેલા પાપ આપણે ભોગવવા પડે છે. તું રાજા સાથે કે કોઈની સાથે વૈરભાવ ન રાખીશ. તેમના પર જરાય ગુસ્સો ન કરીશ. તારા દુષ્કૃત્ય પર તિરસ્કાર કરજે. મને કોઈ ફાંસી આપતું નથી. મારી ભૂલ, મારો ગુનો મને ફાંસી આપે છે. તું નવકારમંત્રનું શરણું લે. એના ધ્યાનમાં રહેજે. તારો ઉપયોગ નવકારમંત્ર સિવાય બીજા કોઇમાં રાખીશ નહિ. વેશ્યાએ નવકારમંત્ર સંભળાવ્યો. શુદ્ધ ભાવે સાંભળતા તે પોતાનું દુઃખ ભૂલી ગયો. વેશ્યાએ કહ્યું– નવકારમંત્ર સાંભળતાં તું સંકલ્પ કરજે કે આવતા જન્મમાં હું રાજાનો પુત્ર થાઉં. જેથી મારે તને શોધવા આવવો ન પડે પછી મારો ને તારો બંનેનો ઉદ્ધાર થાય એવું કરીએ. ચોરને વેશ્યા પર પ્રેમ તો હતો, પાછું બહુમાન અથાગ થયું અને અંતકાળે આ શિખામણ આપી. તેના આયુષ્યનો બંધ પડયો ન હતો તેથી તેના સંકલ્પ–નિયાણાના બળે નવકારમંત્રના પ્રભાવે રાણીના ગર્ભમાં આવીને ઉત્પન્ન થયો. વેશ્યાએ ચોર મરી ગયો તે દિવસથી દિવસ ગણવા માંડયા. બરાબર નવ મહિને રાણીએ પુત્રનો જન્મ આપ્યો. એટલે તેણે નક્કી કર્યું કે નક્કી એ ચોર રાજપુત્ર થયો છે.

વેશ્યાએ આપેલો પ્રતિબોધ : હવે એ રાજપુત્રને પ્રતિબોધ પમાડવો છે તેથી તેની પાસે જઈ ને ઝુલણે ઝુલાવતા હાલરડા ગાય છે. ઝુલો રે ઝુલો ચંડપિંગલ ! યાદ કર યાદ કર પૂર્વભવને ! નવકારમંત્રના પ્રભાવે રાજપુત્ર થયો. રોજ આ રીતે સાંભળતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પોતાનો પૂર્વજન્મ જોયો. થોડો મોટો થતાં વેશ્યાએ એને ધર્મ સમજાવ્યો. એક નવકારમંત્રના પ્રભાવથી તું ચોર મટીને રાજકુમાર બન્યો, હવે તું સતત નવકારમંત્રનું સ્મરણ કરજે, હવે આ જીવનની સફળતા કરવા દીક્ષા લઈ એ;

છેવટે રાજકુમાર અને વેશ્યા બંને દીક્ષા લે છે. વેશ્યાએ ત્રીજું, ચોથું વ્રત લીધું તો એના પ્રભાવે જીવનમાં કેટલી નિર્મળતા આવી !

આનંદ શ્રાવકે મોટકી ચોરીના પચ્ચક્ખાણ કર્યા. તે ચોરી ચાર પ્રકારની છે : પહેલી આગળ આવી ગઈ કે બાતર બણી એટલે બાતર પાડીને કોઈના ઘરમાંથી ચોરી ન કરવી.

(૨) ગાંઠડી છોડી : ગાંઠડી છોડીને તેમાંથી માલ લઈ લેવો એ એક મોટું વિશ્વાસઘાતનું કામ છે. કોઈ વિશ્વાસે પોટલી મૂકી જાય તો છોડીને જોવાય નહિ અને લેવાય પણ નહિ. જેની પોટલી હોય તેના માલિકની ગેરહાજરીમાં તે છોડવાનો કોઈનો અધિકાર નથી.

(૩) તાળા પર કુંચીએ કરી : એક તાળા પર બીજી કુંચી લગાડી ધનમાલ લઈ લેવો. ઘણી વાર શેઠ પોતાના નોકરના વિશ્વાસે આખી દુકાન સોંપી ઘેર જાય ત્યારે નોકરો પાછળથી કબાટના તાળા ખોલી લેવાય એટલું લઈ લે પછી શેઠ પૂછે ત્યારે તદ્દન અસત્ય બોલે અથવા ધન લઈને ભાગી જાય. કોઈ વાર ઘરના નોકરને ઘર સોંપીને રવિવાર જેવા દિવસે બધા માણસો ફરવા જાય. પાછળથી નોકરની દાનત બગડે, કબાટો કે તિજોરીઓને ચાવીઓ લગાડી તાળા ખોલી નાંખે અને લેવાય તેટલો માલ લઈને રવાના થઈ જાય. આ રીતે કરવાથી ત્રીજા વ્રતમાં દોષ લાગે છે. હજુ ભગવાન ચોથા બોલમાં શું ભાવ ફરમાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ભોમિયો ગુણસુંદર અને માણેકચંદ શેઠને ગોપાલપુર ગામની માહિતી આપી રહ્યો છે. બધું બતાવતા બતાવતા સાંજ પડવા આવી એટલે બધા ઘેર પાછા આવ્યા. ઘેર તેમના બધા સાથીઓ રાહ જોતા હતા. શેઠ અને કુમાર બધા આવ્યા એટલે સાથે બેસીને જમ્યા. જમીને ચૌવિહાર કર્યો ને પછી પ્રતિક્રમણ કરવા બેઠા. મુસાફરીમાં પણ ગુણસુંદર પોતાના વ્રત નિયમ ચૂકતો નથી. રાત્રે બધા સૂઈ ગયા. બીજે દિવસે સવારે ઉઠીને પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ કરી. હવે રાજદરબારમાં જવું છે એટલે તે માટેની તૈયારીઓ કરી. પાંચે વેપારીઓએ રાજદરબારમાં શોભે એવા કપડા પહેર્યા અને ગુણસુંદરે રાજપોશાક પહેર્યો. જાણે કોઈ દેવકુમાર ન હોય ! રાજસભામાં જતી વખતે નવકારમંત્રનું સ્મરણ કર્યું. બધા સાથે મળીને ભેટણું લઈને રાજદરબારમાં જાય છે. રાજદરબારની પાસે પહોંચ્યા ત્યારે ચોકિયાત ત્યાં ઊભો હતો. ગુણસુંદરે ચોકિયાતને એક ગીની ભેટ આપી. પછી કહ્યું કે જા મહારાજાને પૂછી આવ કે કેટલાક પરદેશી વેપારીઓ આપને મળવા માટે આવ્યા છે તો તેમની આજ્ઞા હોય તો અમે અંદર આવીએ. ચોકિયાતે જઈને રાજાને વાત કરી. રાજા કહે– ભલે ખુશીથી આવે. આપ તેમનો મધુર વચનોથી સત્કાર–સન્માન કરજો. ચોકિયાતે કહ્યું– પધારો મહેમાનો પધારો ! ગોપાલપુરના મહારાજા આપનું અંતરથી હાર્દિક સ્વાગત કરે છે.

રાજકચેરીમાં ગુણસુંદરનું આગમન : ગોપાલ નરેશની આજ્ઞાથી બધા અંદર ગયા. બધાએ ગુણસુંદરને પરાણે આગળ કર્યો. ગુણસુંદરે વિનયપૂર્વક વંદન

કર્યા ને કહ્યું– હે ગુણાધિરાજ નરેશ ! આપની ખૂબ ખ્યાતિ સાંભળીને આપના દર્શને આવ્યા છીએ. અમારું નાનું ભેટણું સ્વીકારો. મૂલ્યવાન મોતીઓ ટાંકેલો મખમલના ચંદરવાથી ઢાંકેલો સોનાનો થાળ રાજસિંહાસન આગળ મૂકયો. રાજાએ ચંદરવો ખોલ્યો તો સોનાના થાળમાં મોતીઓનો સ્વસ્તિક, તેમાં સુંદર રત્નજડિત હાર હતો. એ થાળમાં અક્ષતથી લખેલું હતું કે ગોપાલપુર નરેશનો જય હો. રાજા તો આશ્ચર્ય પામ્યા. ગુણસુંદરનો વિનય, વિવેક, તેની તેજસ્વી આંખો જોઈને રાજા તો ઠરી ગયા. તમે કોણ છો ? કયાંથી આવ્યા ? શા માટે આવ્યા ? ગુણસુંદર કહે– મારું નામ ગુણસુંદર. હું વણઝારો છું. દેશોદેશમાં આપની ખ્યાતિ સાંભળીને વેપાર કરવાની ઇચ્છાથી આવ્યા છીએ. રાજા કહે– મારી સંપૂર્ણ આજ્ઞા છે. તમારો ૫૦ ટકા કર માફ કરું છું. ગમે લાયક બીજી સેવા હોય તો ફરમાવો. બસ આપની કૃપાદૃષ્ટિ. હવે ગુણસુંદર શું કરશે તે ભાવ અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૧૨ને બુધવાર : વ્યાખ્યાન નં. ૬૭ : તા. ૧૧-૯-૮૫

અનંતજ્ઞાન દર્શનના ધારક, ભવ્ય જીવોના ઉદ્ધારક, સમતાના સાધક એવા ભગવાન ફરમાન કરે છે કે હે આત્માઓ ! જો તમારે પૂર્ણતા પ્રાપ્ત કરવી છે તો ભૌતિક સુખો વધારવાની જે વૃત્તિ છે તેમાં ઘટાડો કરવો પડશે. આજે જગતના જીવો દુનિયામાં જે દુન્યવી પદાર્થો છે એમાં રોજ રોજ વધારો કરવા ઇચ્છે છે. સાચી પૂર્ણતા મેળવવા માટે એ પદાર્થો મેળવવામાં ઘટાડો કરવો પડશે. સંસારમાં લખપતિમાંથી કરોડપતિ બને તેને તમે ભાગ્યશાળી, પુણ્યશાળી માનો છો પણ જેની જ્ઞાનદૃષ્ટિ ખુલી ગઈ છે તે તો એ વિચાર કરશે કે જેટલી સંપત્તિ વધી તેટલો વધુ ઉપાધિમાં ફસાયો. તમને આવો વિચાર આવે છે ખરો ?

પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પાપ આ બેમાંથી તમને કોનો ઉદય વધુ સારો લાગે ? એક માણસ શ્રીમંત છે. એમને ત્યાં ધન અને બાહ્ય પદાર્થોની છાકમછોળ છે. વૈભવ, વિલાસ, ગાડી, મોટર આદિ કોઈ જાતના સુખની કમીના નથી. તમારી દૃષ્ટિએ ગણાતું દુઃખ નામ માત્ર નથી. આવી સંપત્તિ ભોગવે છે. માન–સન્માન પણ ખૂબ ભોગવે છે પણ તે ધર્મની વાતને માનતો નથી. ધર્મનું જ્ઞાન એનામાં બિલકુલ નથી. સાધના, આરાધના કરતો નથી,–પાપનો ભય નથી. આવો આત્મા ભોગવે છે પુણ્ય અને પાપનો બંધ પાડે છે. બીજો એક માણસ ગરીબ છે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવી એની સ્થિતિ છે. માંડ માંડ પોતાનું પૂરું કરે છે તેમાં આનંદ માને છે પણ તેને ધર્મ પ્રત્યે બહુ પ્રેમ છે, પાપનો ખૂબ ડર છે, સાધના, આરાધના ખૂબ કરે છે તેથી પુણ્યનો બંધ કરે છે અને ભોગવે છે પાપ. કદાચ તમારા પર કોઈ દેવ પ્રસન્ન થયો અને કહે આ બેમાંથી તમારે કેવું જીવન જોઈએ છે ? તો તમે શું માંગશો ?

પાપાનુબંધી પુણ્યવાન શ્રીમંત માણસ ભોગવટો પુણ્યનો કરે છે પણ બંધ પાપનો કરે છે તેથી પૂર્વના પુણ્યના જોરે લહેર કરે છે પણ જે પાપ બાંધી રહ્યો તે પાપ એને ભવિષ્યકાળમાં શું આપશે ? (શ્રોતામાંથી અવાજ : દુઃખ). તમે એ સમજો છો ને પાપ દુઃખને જન્માવે. જો સુખ જોઇતું હોય તો આરાધના કરવી જોઇએ. તમે બધા સુખના ઇચ્છુક છો એટલે આરાધના સાધના કરી રહ્યા છો. ગરીબ માણસ પૂર્વના પાપના ઉદયે વર્તમાનમાં દુઃખ ભોગવી રહ્યો છે પણ બંધ પુણ્યનો કરે છે માટે ભાવિમાં સુખ મળવાનું છે. સુખ મળશે એટલે ભવિષ્યમાં માત્ર બંગલા, મોટર આદિ મળશે એમ નહિ. આરાધના, ધર્મસાધના કરવાના ભાવ પણ મળશે, કારણ કે એણે બાહ્ય સુખોની લાલસાથી આરાધના કરી નથી. ધર્મક્રિયાઓ કરો, આરાધના કરો ત્યારે બાસ એ લક્ષ રાખવાનું કે આ આરાધના દ્વારા આ સંસારની સમાપ્તિ થાય અને સિદ્ધ ગતિમાં શાશ્વત, અજર, અમર સુખને પામું. સાચો આરાધક તો આરાધના દ્વારા મોક્ષના સુખને ઇચ્છે. ધર્મક્રિયાઓ કે આરાધના કરો તો તેનાથી સંસારના સુખો કયારે પણ માંગશો નહિ.

પુણ્યાનુબંધી પાપ અને પાપાનુબંધી પુણ્ય આ બેમાંથી તમે કઇ પસંદગી કરશો ? આય કોઠેથી નહિ પણ હૈયાથી જે સાચું લાગે એ જવાબ આપજો. સંપત્તિની છોળો ઉડતી હોય પણ જ્યાં ધર્મ ન હોય એવી સ્થિતિ તમને ગમે કે પૈસા ભલે સાવ ઓછા હોય પણ ધર્મ જીવનમાં રચ્યો હોય, ધર્મ પર દઢ શ્રદ્ધા હોય એવી સ્થિતિ ગમે ?

પુણિયા શ્રાવકની વાત તો ઘણી વાર સાંભળી છે. એની પાસે બાહ્ય વૈભવ ન હતો પણ એનો આંતરિક વૈભવ બીજાના હૈયામાં ઇર્ષ્યા જગાડી જાય એવો હતો. તેનું જીવન કેટલા ઓછા પાપવાળું ! તમને કરોડપતિ બનવું ગમે કે પુણિયા શ્રાવક જેવું બનવું ગમે? જો કરોડપતિ બનવું હોય તો પુણ્યનો સહકાર જોઈશે. કર્મરાજાની મહેરબાની જોઈશે. **કર્મરાજાની મહેર હોય તો વનવગડામાં પણ સુખોની નહેર અને સંસારની પણ લીલાલહેર.** જ્યારે પુણિયા શ્રાવકની રિદ્ધિ જોઈતી હોય તો પુરૂષાર્થથી મળે એ તો આપણા હાથની વાત છે. ધર્મની પ્રાપ્તિ પુણ્યના સહકાર વગર નથી થતી પણ એ માટે તમે પુરૂષાર્થ કેટલો કર્યો ?

આનંદ શ્રાવક દેશવિરતિ બનવા તૈયાર થયા છે. તેમણે બે વ્રત તો આદર્યા. ત્રીજા વ્રતની વાતમાં ચોથો બોલ છે " **પડી વસ્તુ ધણિયાતી જાણી.** " એટલે કોઈની પડી ગયેલી વસ્તુને પોતાની માની લઇ લીધી. જો તમે પાપભીરૂ હશો, તમને ભવ ખટકયા હશે તો લેશો જ નહિ. તમે રોજ પ્રતિક્રમણમાં બોલો છો કે " **પરધન પત્થર સમાન** " જો આ વાત આત્માને સ્પર્શીને બોલાતી હશે તો તમે સમજશો કે આ નોટ લેવાનો મારો અધિકાર નથી. એ મારી માલિકીની નથી. કદાચ લીધી તો તેનો માલિક જો મળી જાય તો આપી દે, માલિક ન મળે તો સંસ્થામાં આપી દેશે. બંધુઓ ! કદાચ સોનાની લગડી કે હીરો પડયો હોય તો ય તમારાથી ન લેવાય. લેશો તો પાપના ભાગીદાર થશો. જેણે વ્રત આદર્યું છે તેને તો કોઇના હજાર કે પાંચસો રૂપિયા હોય તો

પણ લેવા કલ્પતા નથી. વ્રત લેનાર સમજે કે મને ત્રીજા વ્રતમાં દોષ લાગે માટે લે નહિ. કદાચ કોઇ વાર પકડાઇ જવાનો પ્રસંગ આવે ને પછી શિક્ષા ભોગવવી પડે. ચોરી તો ખૂબ જ ભયંકર છે.

એક ખેડૂત બિચારો સાવ ગરીબ હતો. કર્મ તો જીવને કેવા નાચ નચાવે છે. ખેતી કરીને માંડ પોતાની આજીવિકા ચલાવતો હતો. તેમાં ત્રણ વર્ષ સુધી સળંગ દુષ્કાળ પડયો. ખેડૂત સાવ બેહાલ થઇ ગયો. ખેતી કરવા માટે બિયારણ, ખાતર વગેરે લાવેલા તેના પૈસા પણ માથે પડયા. એવી કફોડી સ્થિતિ થઇ કે સાવ ઘસાઈ ગયો. ઘરમાં કોઇ વસ્તુ રહી નહિ, છેવટે ખેતર પણ વેચી દીધું. આ ભાઇને ત્યાં તેની બાળ વિધવા બેન-ત્રણ બાળકોને લઇને આવેલી છે. ભાઈ ખૂબ દયાળુ એટલે બેનને પોતાને ઘેર રાખે છે. બેન ખાતર લગ્ન પણ ન કર્યા.

ત્રણ વર્ષનો દુષ્કાળ પડતા એ સ્થિતિ આવી ગઇ કે એક શેર અનાજ પણ ઘરમાં ન રહ્યું. અરે, બે પૈસા પણ ન રહ્યા. તેના એવા જબ્બર પાપનો ઉદય થયો કે તે મજૂરી કરવા જાય તો કોઇ મજૂરી આપતું નથી. નોકરી કરવા જાય તો કોઇ નોકરી રાખતું નથી. કોથળા ઉપાડવા જાય તો તે પણ મળતા નથી. કર્મના ખેલ વિચિત્ર છે. આ ખેડૂત બિચારો મજૂરી માટે કેટલા ફાંફા મારે છે પણ કોઇ તેને મજૂરી આપતું નથી. છોકરાઓ ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા છે. તે કહે મામા ! અમારે પેંડા બરફી નથી ખાવા પણ એક બટકું રોટલો તો આપો. છોકરાઓ કરૂણ સ્વરે રડી રહ્યા છે. ખેડૂત કહે-તમે રડશો નહિ, હમણાં લાવી આપું છું. જુઓ, ચુલા પર તપેલીમાં ખીચડી રાંધવા મૂકી છે. બાળકો કહે-આ ખીચડી કયારે થશે ? અમને તો બહુ ભૂખ લાગી છે. ઘરમાં કાંઇ છે નહિ. બાળકોને આશ્વાસન આપવા તપેલીમાં પાણી ભરી ચુલા પર મૂકી છે. છોકરાઓ તપેલી જોવા ગયા તો તપેલીમાં તો પાણી છે. ફરી વાર છોકરાઓ કહે મામા ! રોટલાનો એક ટુકડો તો આપો. અમારાથી હવે ભૂખ્યું રહેવાતું નથી.

ભૂખ્યા ભાણેજ માટે ચોરી કરવાનું મન : નાના ફૂલ જેવા બાળકો કેટલા દિવસ ભૂખ વેઠી શકે ! તેમનું રૂદન જોઈ મામાનું હૃદય દ્રવી ગયું. પુણ્યવાનોને ઘેર મોજશોખમાં જેટલા પૈસા ખર્ચાય છે તેટલામાં ગરીબોનું પેટ ભરાય, પણ માનવો પુણ્યના ઉદયમાં બીજાના દુઃખને જોઇ શકતો નથી.

ખાનારૂં જ્યાં કોઇ નથી ત્યાં અન્ન તણા ભંડાર,
પાચન જેને થાય નહીં ત્યાં માલપૂઆ તૈયાર,
રોટીના એક ટુકડા માટે કોઇ કરે તકરાર,
ભૂખ્યા પેટે સૂઇ જાય છે બાળક બેસુમાર,
મળે વધુ માનવથી અહીં શ્રીમંતોના શ્વાનને....શું કહેવું

જ્યાં સુધી કર્મ વિપાક ઉદયમાં આવ્યા નથી ત્યાં સુધી સાધના-આરાધના કરી લો એટલે તે કર્મ ઉદયમાં આવતા સાવ મામૂલી થઈ જાય. ખેડૂત પોતાના ભાણેજોનું

રૂદન જોઈ ન શકયો તેથી તેને આપણે ખાતરબણી આદિ જે ચાર બોલ સમજ્યા તે સેવવાનો વિચાર થયો. બજારમાં જઈને કંઈક શોધી આવું. એમ વિચાર કરી બજારમાં ગયો. ત્યાં કંદોઈની દુકાન જોઈ. તેની દુકાનમાં પેંડા. બરફી બધો તાજો માલ પડયો હતો પણ લેવો કેવી રીતે? રાત્રે કંદોઈ દુકાન બંધ કરશે ત્યારે હું આવીને લઈ જઈશ. રાત્રે ૧૧ વાગે ગયો કંદોઈની દુકાને, તાળું ખોલ્યું અને દુકાનમાંથી ત્રણ કીલો મિઠાઈ લીધી અને તે સાફામાં બાંધી દીધી. મનમાં આનંદ માને છે કે આજે મારા ભાણેજો પેટ ભરીને જમશે; પણ કર્મરાજા કયાં કોઈને જમવા દે તેમ છે. તે દુકાનમાંથી બહાર નીકળ્યો ત્યાં એક પોલીસ તેને ભટકાઈ ગયો અને તેને પકડી લીધો. ખેડૂત તેના પગમાં પડીને ખૂબ કરગર્યો. ભાઈ! મારી વાત તો સાંભળ. મેં આ ચોરી શા માટે કરી છે! પણ તેની વાત કોણ સાંભળે? પાસે મૂડી હોત તો લાંચ આપીને છૂટી જાત પણ તેની પાસે તો એક રોકડીયો પણ નથી તેથી તેને ગુનેગાર ઠરાવીને માર માર્યો ને ત્રણ વર્ષની જેલ આપી.

સામાન્ય ચોરીમાં પણ આવી દશા થઇ. બેન અને ભાણીયા ઘેર રહ્યા ને ભાઈ જેલમાં પૂરાયો. જેલમાં તેને મજૂરી ખૂબ કરવાની, ને રોજ દશ કીલો અનાજ દળવાનું, બેતરમાં બેતી કરવાની. આવા દુઃખો વેઠવાના. આવા દુઃખો વેઠતા બે વર્ષ વીતી ગયા. એક વર્ષ બાકી રહ્યું. તે દુઃખથી ખૂબ અકળાઈ ગયો; તેથી રાત્ર ૧૨ વાગે જાળી તોડીને બહાર નીકળી ગયો. છૂટીને ભાગવા જાય છે ત્યાં પોલીસે પકડયો. જાળી તોડીને નીકળ્યો એટલે ડબલ ગુનો ગણાયો. બીજી ત્રણ વર્ષની જેલ આપી. એની ઉંમર તો હજુ ૨૮ વર્ષની હતી પણ વધુ પડતી મજૂરીના કારણે તેનું શરીર કૃશ થઈ ગયું એટલે ૫૦ વર્ષની ઉંમર જેટલો લાગતો હતો. સમય પસાર થતાં છ વર્ષ પૂરા થયા ત્યારે તેના કપાળમાં ડામ દીધા. આ ડામ જોઇને સૌ જાણી જાય કે આ રીઢો ચોર છે એટલે કોઈ તેને ઊભો રહેવા ન દે. છ વર્ષમાં તો દુઃખના કારણે શરીર હાડપિંજર જેવું બની ગયું. આંખો સાવ પીળી થઇ ગઈ. દુઃખી દુઃખી થઈ ગયો.

મામા આવતા પહેલા બેન અને ભાણેજોએ લીધેલી કાયમી વિદાય: ખેડૂત જેવો જેલમાંથી છૂટયો કે સીધો ઘર બાજુ આવ્યો. મારી બેન અને ભાણેજો શું કરતા હશે? મનમાં એટલો વિચાર પણ નથી આવતો કે ભાણેજોના પાપે મને જેલ મળી. તે સીધો તેના ઘેર આવ્યો. ઘરમાં કોઈ દેખાતું નથી. આડોશી પાડોશીને પૂછે છે મારી બેન અને ભાણેજો કયાં ગયા? પાડોશી કહે ભાઇ? તમે જેલમાં ગયા અને પાછળ તે બધા ભૂખ્યા-તરસ્યા ચીરનિદ્રામાં પોઢી ગયા. આ સાંભળીને તેને ખૂબ આઘાત લાગ્યો. બેન ગઈ, ભાણેજો ગયા હવે હું એકલો રહ્યો! તેના કપાળમાં ડામ દીધા એટલે બધાને ખબર પડે કે આ મોટો ચોર છે એટલે તે જયાં જાય છે ત્યાં કોઈ ઘાટી તરીકે પણ નોકરી રાખતું નથી. બટકું રોટલો પણ આપતું નથી. ગામમાં ચારે બાજુ ભટકે છે. જયાં જાય ત્યાં તિરસ્કાર સિવાય વાત નહિ. તે મનમાં વિચાર કરે છે કે હું આપઘાત કરીને મરી જાઉં, કર્મે કેવા ખેલ કરાવ્યા!

ખેડૂત બિચારો ચારે બાજુ ફરે છે ત્યાં તેને એક દયાળુ માણસનો ભેટો થઈ ગયો. તેનું દિલ દયાથી છલકતું હતું. તેણે કહ્યું– આ ગામથી થોડે દૂર એક પાદરી છે. તે ખૂબ દયાળુ છે, તેને ઘેર જા. તે પોતે જે બંગલામાં રહેતો હતો તે દાનમાં દઈ દીધો છે. એક વાર તે હોસ્પિટલમાં ગયો. બધા દરદીઓની ખબર પૂછી. તેમણે જોયું કે જગ્યા નાની છે અને દરદીઓ ઝાઝા છે તેથી કેટલા ગીચોગીચ રાખવા પડે છે. અતિ ગીચોગીચ રાખવાથી સ્વચ્છતા જેવી જોઈએ તેવી રહી શકતી નથી. આ રીતે રહેવાથી દરદીને કેવી રીતે સુધારો થાય ? મારો બંગલો ઘણો મોટો છે. આપને હું બંગલો આપી દઉં છું. આપ હોસ્પિટલને ત્યાં બદલી નાંખો. અમારે એટલા મોટા મકાનની જરૂર નથી. પાદરીની ભાવના કેટલી વિશાળ કહેવાય ! પાદરીએ પોતાનો બંગલો હોસ્પિટલને આપી દીધો. બંગલાના સ્થાને મોટી હોસ્પિટલ થઈ ગઇ અને તેઓ દવાખાનાની જગ્યામાં રહેવા લાગ્યા. તે પાદરી આવા દયાળુ છે, તું તેમની પાસે જા.

પાદરીની માનવતા : આ ખેડૂત તો ગયો પાદરીની પાસે. દરવાજે દ્વારપાળ ઊભો હતો. તેણે કહ્યું– મારે પાદરીને મળવું છે. પાદરી સાહેબ ખૂબ દયાવંત છે એ સાંભળીને હું તેમની પાસે મદદ લેવા આવ્યો છું. ચોકીયાતની નજર ખેડૂતના કપાળે દીધેલા ડામ પર પડી. તે સમજી ગયો કે આ કોઇ મોટો ચોર છે. તેણે અંદર જઈને કહ્યું– સાહેબ ! એક મોટો ગુનેગાર માણસ આપને મળવા માટે આવ્યો છે તો તેને અંદર આવવા દઇએ. પાદરી કહે– દરેકને માટે મારા બારણાં સદા ખુલ્લા છે. ખેડૂત અંદર ગયો, પાદરી પણ સમજી ગયા કે આ ચોર છે. પાદરીએ કહ્યું– ભાઇ ! તું બહુ ભૂખ્યો લાગે છે ? હા. હું તો કેટલાય દિવસનો ભૂખ્યો છું. હું તને જમવા આપું છું, તે પહેલા તું સ્નાન કરીને કપડા બદલી લે. પાદરીના મુખેથી આજે 'ભાઇ' શબ્દ સાંભળતા જાણે તેને ઘણું મળી ગયું. અત્યાર સુધી તો બધેથી તેને તિરસ્કાર ને તિરસ્કાર મળતો હતો. આજે આદરમાન મળ્યા. ખેડૂતે નાહીને કપડાં બદલ્યા પછી તેને પ્રેમથી, પેટ ભરીને જમાડ્યો. પાદરીના મનમાં થયું કે તેને પૂછું કે તું ચોરી શા માટે કરે છે ? ખેડૂતને તો આજે કેટલાય દિવસે પેટ ભરીને જમવાનું મળ્યું એટલે જમ્યા પછી શાંતિથી તે સૂઇ ગયો. સાંજ પડી છતાં જાગ્યો નહિ. પાદરીના મનમાં થયું કે ભલે સૂતો. હું કાલે તેને બધી વાત પૂછીશ.

બપોરનો સૂતેલો ખેડૂત રાત્રે ૧૨ વાગે જાગ્યો. તેના મનમાં થયું કે આ પાદરી આજે તો મને બચાવે છે પણ કાલે બચાવશે કે નહિ ? કદાચ કાલે ન બચાવે તો પછી મારું શું થશે ? તેને ચોરી કરવાની વૃત્તિ થઇ. પાદરીના જમવાના ટેબલ પર ચાંદીના ૧૨ ચમચા પડયા રહેતા હતા. ખેડૂતે તે ૧૨ ચમચા લઈ લીધા. ચમચા લેવા જતાં એક ચમચો હાથમાંથી પડી ગયો એટલે અવાજ થયો. તેના મનમાં ભય લાગ્યો કે અવાજથી જો કોઈ જાગી જશે તો મારું આવી બનશે પણ કોઇ જાગ્યું નહિ એટલે

ચમચા લઇને તે ઘરની બહાર નીકળી ગયેા. થેાડું ચાલ્યેા, ત્યાં રસ્તામાં પેાલીસ મળી. પેાલીસે તેને પકડી લીધેા. એકૂતના મનમાં થયું કે બસ, હવે તેા મારી જિંદગી પૂરી થઇ. બંધુઓ ! બબ્બે વાર પકડાયેા છતાં ચેારી કરવાનું મન થયું. એ જીવની કેટલી અધમ દશા ! કરેલા કર્મો તેા ભેાગવ્યા વિના છૂટકારેા નથી.

એકૂતને ભયથી મુક્ત કરાવતેા પાદરી : સવાર થતાં પેાલીસે ચમચા પર પાદરીનું નામ વાંચ્યું. તેણે પાદરીને કહેવડાવ્યું કે તમે અહીં આવેા. તમારા ઘરમાંથી ચેારી કરનાર ચેાર પકડાયેા છે. પાદરી આવ્યેા. તેણે શું કહ્યું સાંભળજો. ભાઈ ! મેં તને કાલે ૧૨ ચમચા અને ૧૨ વાડકા બક્ષીસ કર્યાં હતા. તું ૧૨ ચમચા લાવ્યેા ને ૧૨ વાડકા ભૂલી ગયેા લાગે છે. તું મારેા મહેમાન બન્યેા છે એટલે મેં તને ભેટ આપ્યા છે. આવી વાત થઈ એટલે પેાલીસે તેને છેાડી મૂકયેા. પાદરી તેને ઘેર લઈ ગયેા. ચેાર તેના ચરણમાં પડીને ખૂબ રડયેા. ભાઈ ! તું ચેારી શા માટે કરે છે ? એક પેટ માટે આટલા પાપ કરે છે ને ? હવે તું નક્કી કર કે આજથી મારે ચેારી કરવી નહિ. ચેાર કહે આપે તેા મને મૃત્યુના મુખમાંથી બચાવ્યેા છે. હવે આપ જેમ કહેશેા તેમ કરીશ. તું આજથી ચેારી છેાડી દે. તારે રેાટલા માટે આ પાપ કરવા પડે છે. હું તને કેાઈ સર્વીસ અપાવી દઉં. ભલે, આજથી ચેારી કરવાના પચ્ચક્ખાણ કરું છું. ચેારી કરનાર આ લેાકમાં પકડાઈ જાય તેા દુઃખ પામે છે અને પરલેાકમાં પણ દુઃખી થાય છે માટે ભગવાન કહે છે કે તમે આ ચાર બેાલ છેાડેા. ચેાથેા બેાલ છે "પડી વસ્તુ ધણિયાતી જાણી" પડેલી વસ્તુનેા માલિક થઈ જાય. ઘણી વાર વસ્તુનેા માલિક આ છે એમ જાણવા છતાં વસ્તુ રાખી મૂકે તેા દેાષ. આ ચાર પ્રકારની ચેારી વ્રતધારી શ્રાવકથી થાય નહિ. કરે તેા તેના વ્રતમાં દેાષ લાગે છે. આનંદ શ્રાવક તેા વ્રત લઈને એકાવતારી બની ગયા. તેમના અધિકારથી હવે આપને આનંદ બનવાનું છે. હવે આનંદ ભગવાન પાસે ચેાથું વ્રત કેવી રીતે આદરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ગુણસુંદરના પુણ્યનેા પ્રભાવ : ગુણસુંદરના વિનય, વિવેક, તેની બુદ્ધિ, હેાંશિયારી અને તેનું લેટકણું જોઈને રાજા ખૂબ પ્રસન્ન થયા. જેનામાં વિનય-વિવેક હેાય તે વેરીને પણ વશ કરી શકે છે. રાજાએ દિવાનને કહ્યું–આપણું કેાઈ મકાન ખાલી હેાય તેા આ ગુણસુંદર કુમારને રહેવા આપેા. એ આપણા મહેમાન છે. દિવાનજી કહે–મહારાજા ! માણેકચેાકમાં એક મેાટેા બંગલેા ખાલી પડયેા છે; તે બંગલેા આપણા ગામના નગરશેઠ રત્નસુંદર શેઠની હવેલીના સામે છે. ત્યાં હમણાં કેાઈ રહેતું નથી. રાજા કહે–આપ મહેમાનને તે બંગલેા બતાવેા. જો તેમને ગમે તેા રહેવા માટે આપેા. ગુણસુંદરના પુણ્યનેા ઉદય કેટલેા કહેવાય ? રાજા સામેથી વગર ભાડે પેાતાનેા મેાટેા બંગલેા આપવા તૈયાર થયા.

રત્નસુંદર શેઠની સામે બંગલામાં ઉતારેા : ગુણસુંદર કહે–મહારાજા ! ભલે અમે બપેારે જોઈ આવશું. આપ રેાજ રાજસભામાં આવજો. આપના જેવા બુદ્ધિશાળી,

વિનયવંત અતીથિઓથી અમારા નગરની શોભા છે માટે જરૂરથી આવજો. જે કામ હોય તે વિના સંકોચે કહેશો. મહારાજા ! ધન્ય છે આપને ! આપે અમને વસવાટ અને વેપારમાં ખૂબ સહકાર આપ્યો તે બદલ આભાર. પછી રાજાને વંદન કરી બધા ત્યાંથી રવાના થયા. બપોરે બધા મહેલ જોવા ગયા. મહેલ તો મોટો અને સુંદર છે. ગુણસુંદરને આ બંગલો ખૂબ ગમી ગયો. ગુણસુંદરે મહેલને રંગરોગાન કરાવી દીધો. ઘરમાં ઝુમ્મરો બાંધ્યા. બંગલાની રોનક ઓર બદલાઈ ગઈ. ગુણસુંદર, શેઠ બધા માણસો આ બંગલામાં રહેવા આવી ગયા. બધાના મનમાં થાય છે કે આ તો રાજાનો બંગલો છે. કોણ રહેવા આવ્યું છે ! ગુણસુંદર જાતજાતના વેશ બદલીને ગામમાં ફરે છે.

ગોપાલપુરમાં ગુણસુંદરની વ્યાપેલી ખ્યાતિ : આપણા ગામમાં કોઈ પરદેશી વેપાર કરવા આવ્યો છે. તેની ઉંમર તો ૨૦ વર્ષની હોય તેવું લાગે છે પણ શું તેનું રૂપ છે ! શું તેની આંખો છે ! સ્વભાવનો ખૂબ આનંદી અને પ્રેમાળ છે. તેની બુદ્ધિ તો કોઈ ઓર છે. શું તેની બોલવાની છટા છે ! અરે ! તેણે તો આવતાવેંત રાજાને પણ રીઝવી દીધા. રાજાના તેના પર ચાર હાથ છે. જેના પર રાજાની કૃપાદૃષ્ટિ ઉતરી હોય તેવા માણસોના પરિચયમાં આપણે જવું જોઈએ. ગુણસુંદર બધા તો બંગલામાં આનંદથી રહે છે.

ગોપાલપુરમાં ઠેર ઠેર, પ્રશંસા થાય ગુણસુંદરની,
ગુણસુંદરે ગુણકળાથી, જીત્યા સૌના દિલ હો....

ગોપાલપુરમાં ઠેર ઠેર જુદી જુદી વાતો થઈ રહી છે પણ બધા ગુણસુંદરની ખૂબ પ્રશંસા કરે છે. લોકો દૂરદૂરથી બંગલાની પ્રશંસા સાંભળીને બધા બંગલો જોવા આવે છે. ગામના દરેકના મુખે તેનું નામ રમતું થઈ ગયું. પરદેશી છે તો નાનો પણ શું તેની બોલવાની વાચાળતા છે ! રાજાનો પ્રેમ તો એટલો બધો મેળવ્યો છે કે તેને તેડવા રાજા પોતાનું વાહન મોકલે છે અને રાજાની બાજુમાં તેને આસન મળે છે. રાજાએ તેના ૫૦ ટકા ટેકસ માફ કરી દીધો છે. તેણે ગુણથી, આવડતથી આખું ગામ પોતાનું બનાવી દીધું છે. મોટા મોટા અને જૂના વેપારીઓના મનમાં થયું કે આપણે પણ તેને મળવા જવું જોઈએ.

આ વાત ગામના સૌથી મોટા નગરશેઠ, ગામના નાક સમાન અને રાજા પછી તેમનો નંબર છે એવા પુરંદર શેઠ પેઢી પર બેઠા છે તેમણે પણ સાંભળી. જેણે રાજાને પણ રીઝવી દીધા છે તે ખૂબ પ્રભાવશાળી લાગે છે. આખું ગામ તેની પ્રશંસા કરે છે માટે આપણે પણ તેને મળવા જવું જોઈએ. ભલે તે નાનો વેપારી છે પણ બુદ્ધિનો સોદાગર છે. તેમની પાસે જઈએ તો આપણને પણ કંઈક નવું જાણવા મળે. જેથી વેપારમાં વિકાસ વધે. આપણે તેને મળીએ. કેવા શેઠ છે ! ત્યાં જઈએ તો બધી જાણકારી થાય. પુરંદર શેઠ ત્યાં જવાનો વિચાર કરે છે. વધુ અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૧૩ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૬૮ : તા. ૧૨-૯-૮૫

અનંત કરૂણાસાગર ભગવંતે ભવ્ય જીવોના આત્મ ઉત્થાન માટે કહ્યું છે કે આ ભવસાગર અપાર, અમાપ અને અખૂટ છે. આ સંસારને જ્ઞાનીઓએ સાગર સાથે સરખાવ્યો છે. આ સંસાર સાગરમાં દુઃખ રૂપી પાણી છલોછલ ભરેલું છે. સાગરમાં ચારે બાજુ દૃષ્ટિ કરીએ તો પાણી જ દેખાય છે તેમ આ સંસાર સાગરમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં બધા સ્થળે દુઃખ જ દેખાય છે. રાજા હોય, મહેન્દ્ર હોય, શ્રીમંત હોય, નિરાધાર હોય કે ચીંથરેહાલ હોય બધા દુઃખની ફરમી ચીસો પાડી રહ્યા છે. કોઈને સંયોગનું, કોઈને સંયોગ મળ્યા પછી નભાવવાનું, કોઈને વિયોગનું, કોઇને વિયોગ પછી ફરી સંયોગ મેળવવાનું દુઃખ છે. જીવ જ્યાં સુધી નિષ્કર્મી ન બને ત્યાં સુધી પારાવાર દુઃખ દુઃખ ને દુઃખ છે અને એ ભોગવ્યા વિના છૂટકો નથી. મનગમતા સુખો મળ્યા હોય તોય અને અણગમતા દુઃખો મળ્યા હોય તો ય જીવને આકુળતા-વ્યાકુળતા રહે છે, કારણ કે સુખમાં સુખ ચાલ્યું ન જાય તેની અને દુઃખમાં સુખ મેળવવાની ચિંતા છે તેથી ભગવાન બોલ્યા છે "अहो दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतवो" આ સંસાર દુઃખનો દાવાનળ છે જ્યાં જીવો વિવિધ પ્રકારના દુઃખોને પ્રાપ્ત કરે છે.

સાગરમાં જોરદાર પવનનો ઝંઝાવાત ફૂંકાય છે ત્યારે નૌકા ડામાડોળ થઈ જાય છે. નાવડી ચલાવવામાં મુશ્કેલ પડે છે અને પાણી ભરાઈ જતાં તે ડૂબી જાય છે તેમ આ સંસાર સાગરમાં આશા-તૃષ્ણાના જોરદાર પવન ફૂકાય છે તે જીવન રૂપી નૌકાને ડગમગાવી મૂકે છે, કયારેક ડૂબાડી પણ દે છે. સાગરમાં ઉંચા મોજા ઉછળે છે તેમ સંસારમાં કષાયો રૂપી મોજા ઉછળે છે. તેમાં જો જીવ જોડાય તો તેનું પતન થાય છે. જીવન પર્યંત સુંદર ચારિત્રનું પાલન કર્યું હોય પણ કષાયો રૂપી મોજાને આધીન થયા તો જોખમમાં મૂકી દે છે. સાગરમાં ભરતી અને ઓટ આવે છે તેમ સંસારમાં સંકલ્પ વિકલ્પોની ભરતી ઓટ આવ્યા કરે છે. સુવિકલ્પો જાગે ત્યારે કુવિકલ્પોની ઓટ આવે છે અને કુવિકલ્પોની ભરતી આવે ત્યારે સુવિકલ્પોની ઓટ આવે છે. સુસંકલ્પોની ભરતી આવે ત્યારે જીવન નાવ કિનારે આવે છે પણ કુવિકલ્પો જાગે ત્યારે ઓટ આવતા કિનારેથી નાવડી દૂર જઈને પડે છે. સાગરમાં વડવાનલ નામનો અગ્નિ રહે છે તેમ સંસારમાં કામ રૂપી વડવાનલ સળગે છે જે મોહરાજાનો મુખ્ય સૈનિક છે. અજય છે, સાગરમાં મત્સ્યો, મગરો, જળચર પ્રાણીઓ ભરેલા હોય છે તેમ સંસાર સાગરમાં રોગ, શોક, ભય આદિ ભયંકર જળચર પ્રાણીઓ રહેલા છે.

સાગરમાં અનેક નદીઓનો સંગમ થાય છે તેમ આ સંસાર સાગરમાં રાગદ્વેષ આદિ નદીઓનો સંગમ થાય છે. સાગરમાં મોટા વમળો હોય છે તેમ સંસાર સાગરમાં મોહ રૂપી મોટા ભયંકર વમળો છે. મુસાફરોના વહાણો સાગરના વમળોમાં ફસાઈ જાય છે ત્યારે કેટલાય સમય સુધી તે તેમાં અટવાયા કરે છે અને માર્ગ પર આવી શકતા નથી અને જો વમળ બહુ મોટા હોય તો નાવડી પાણીમાં ડૂબી જાય છે.

સંસારમાં મોહ રૂપી વમળો છે. ચૌદ રાજલોકમાં એની આણ વર્તી રહી છે. કોઈ વાર સમય આવતા ત્યાગીઓને પણ એ સંસારમાં પટકાવી દે છે. ધર્મરૂપી સ્ટીમરમાં બેઠેલા મુસાફરોને પણ આ મોહનું મોટું વમળ ફસાવી દે છે. ચાર ગતિમાં રખડાવે છે. આ મોહ રૂપી વમળ વીતરાગીઓને કંઈ કરી શકતું નથી. જો મોહ વમળ ટળે તો જરૂર દુઃખ મટે અને સાચું, સાશ્વત અને સંપૂર્ણ સુખ મળી જાય. સાગરમાં મોટા મોટા પત્થરોના ખડકો હોય છે. જો અંધારામાં એ ખડકો દેખાય નહિ અને નૌકા ચાલતાં એ ખડકો વચમાં આવી જાય તો નાવડીના ભૂક્કે ભૂક્કા ઉડાવી દે છે. આ સંસાર સાગરમાં વિષયવાસનાઓના મોટા ખડકો રહેલા છે. આ ખડકો સાથે જીવનનૈયા અથડાઈ જાય તો અનંતા સંસારમાં જીવને રખડવું પડે છે. જો મન નિર્વિષયી બની જાય તો પછી એના સંસારનો અંત આવી જાય છે અને વિષયોને આધીન બને તો જીવનનો અંત આવે છે. એ વિષયોથી જીવ અનંતા જન્મ મરણ કરે છે. ગરમ કરેલી સોયો એકેક રૂંવાડે કોઈ એકી સાથે ભોંકી દે એવું દુઃખ જન્મ વખતે જીવને વેઠવું પડે છે. મૃત્યુના અંત સમયે આ ભવની અપેક્ષાથી સંસાર સફરની છેલ્લી ઘડી તો કોઈને ય ગમતી નથી. એ સમયે ક્રોડો વીંછીઓ એક સાથે કરડે તેના કરતાં વધારે વેદના જીવને ભોગવવી પડે છે.

સાગરને તળિયું હોય છે એના પર પાણી વહ્યા કરે છે તેમ સંસાર સાગરને વહેવાનો પૃથ્વી પટ એ આઠ કર્મો છે. જેના પર સંસાર સાગર સતત વહ્યા કરે છે. જો કર્મોનો અભાવ થાય તો સંસાર સાગર આપોઆપ સમાપ્ત થઈ જાય. સાગરને પાર થવા માટે સુકાની સારો અને નાવડી સારી હોય તો પાર થઈ શકાય છે તેમ સંસાર સાગરને પાર કરવા માટે જ્ઞાની પુરૂષોએ બે મોટી નાવડીઓ બતાવી છે. આગાર ધર્મ અને અણગાર ધર્મ. આ નાવડીમાં બેઠેલા મુસાફરો સંસારમાં ગોથા ખાતા નથી તે આ સંસાર સાગરને તરી જાય છે.

अणुपुव्वेणं महाघोरं, कासवेण पवेइयं ।
जमादाय इओ पुव्वं, समुदं ववहारिणो ॥ સૂય.૧૧.ગા.૫.

જેમ વ્યાપાર કરનાર વેપારી લોકો વહાણ રૂપી સાધનથી સમુદ્રને પાર કરે છે એટલે સમુદ્ર તરીને પોતાના ધારેલા સ્થળે પહોંચે છે તેમ તીર્થંકર ભગવંતોએ બતાવેલ બે પ્રકારના ધર્મનો-મોક્ષ માર્ગનો આશ્રય લઈ ભૂતકાળમાં ઘણા જીવો આ સંસાર સાગરને તરી ગયા છે અને પોતાના ધારેલા સ્થળ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી ગયા છે.

જેમણે આગાર ધર્મને જીવનમાં અપનાવ્યો છે એવા આનંદ શ્રાવકે પહેલા ત્રણ વ્રત ગ્રહણ કર્યા. ત્રીજું વ્રત લેવું સહેલું છે અને કઠીન પણ છે. જેને પરિગ્રહ પ્રત્યેની મમતા-મૂર્છા છૂટી નથી તેના માટે કઠીન છે અને જેને જીવનમાં સમજાયું છે કે હું શું લઈને આવ્યો છું ને શું લઈને જવાનો છું ? ગમે તેટલા પાપ કરીને લક્ષ્મી ભેગી કરીશ પણ અંતે તો મૂકીને જવાનું છે. તે મેળવવા જે પાપ કર્યા એ જીવની સાથે આવવાના

છે. આ રીતે જેને સમજાયું છે અને પરિગ્રહ પ્રત્યેની મૂર્છા ઘટી ગઈ છે તેને માટે આ વ્રત આદરવું સહેલું છે પણ જેને પરિગ્રહ પ્રત્યેની આસક્તિ છે તેને માટે ઘણું મુશ્કેલ છે.

પૈસો તમને ઉંચે ચઢાવે છે અને નીચે પણ પછાડે છે. પૈસાનું નામ છે દોલત. આ શબ્દ કેવું સરસ સમજાવે છે. દોલત એટલે બે લાત મારે. તે આવે ત્યારે લાત મારે અને જાય ત્યારે પણ લાત મારે. જ્યારે આવે ત્યારે અભિમાન, અહંકાર લાવે કે હું કંઈક છું. હું મોટો ધનવાન. જ્યાં અહં આવ્યો ત્યાં સમજવું કે મારી પ્રગતિ અટકી. અહંકારી આત્મા આત્માનો આનંદ મેળવી શકતો નથી. " **અહં ઓગળે તો આનંદ મળે.** " અહંના કારણે બધી રામાયણ ઊભી થતી હોય છે. અહંના કેટલા બધા રૂપ છે. હું બળવાન, હું કુળવાન, હું બુદ્ધિમાન, હું ધનવાન, હું વિદ્વાન, હું રૂપવાન. આ બધી કલ્પનાઓના જાળામાં જીવ ગૂંચવાઈ ગયો છે અને તેના જીવનમાં અશાંતિ અને અજંપો રહ્યા કરે છે.

જીવનયાત્રાને શાંત અને સુખદ બનાવવા માટે ઉગ્ર તપ કરો. મોટા મોટા દાન આપો પણ હૈયાના ઉંડાણમાં ' અહં ' ની પાર વગરની કલ્પનાઓ ભરી છે ત્યાં સુધી આત્મિક શાંતિનો અણસાર પણ આવવાનો નથી અને મનની પ્રસન્નતાની છાંટ સરખી ય મળવાની નથી. જ્યારે અહંની કલ્પનાઓ સાકાર બનીને આકાર લે છે ત્યારે જરૂર આનંદ થાય છે પણ એ આનંદ ક્ષણજીવી નીવડે છે, અલ્પકાલીન થાય છે. જ્યારે ! ' અહં ' ને ઠોકર વાગે છે, ' અહં ' પર આક્રમણ થાય છે ત્યારે આત્માનો આનંદ મળે છે. આત્માના ઉપવનમાં અવર્ણનીય આંતર પ્રસન્નતા પ્રગટે છે. એ આનંદ, પ્રસન્નતા મેળવવા માટે ' અહં ' ને ઓગાળવો પડશે. સંસારરસીક જીવો પૈસામાં સુખ માને છે પણ જ્ઞાની તો કહે છે કે જેટલો પૈસો વધ્યો એટલું પાપ વધ્યું છે, દુઃખ વધ્યું છે. પૈસો મેળવવામાં પાપ. ને છોડતા સમયે મૂર્છા ન ગઈ તો છોડતા પાપ. ત્રીજું વ્રત પાળવું સહેલું છે અને અઘરું પણ છે. જો મૂર્છા છૂટી ગઇ હશે તો રસ્તા પર ગમે તેવી કિંમતી ચીજ પડી હશે તો પણ તેને અડશો નહિ. પરાયું ધન ઘરમાં લાવવું એ સાપ સંઘરવા જેવું લાગશે. સાપને કોઈ ઘરમાં ન સંઘરે તેમ વ્રતધારી શ્રાવક પરાયી વસ્તુને ઘરમાં રાખે નહિ; પણ જેને પરિગ્રહ પ્રત્યેની મમતા છૂટી નથી તે પૈસા માટે કેવા અનર્થ કરી બેસે છે.

વિલાસ અને વિભાસ નામના બે મિત્રો હતા. તે બંને બાળગોઠીયા હતા. બંનેને એકબીજા વગર ચાલે નહિ. સ્કૂલે જાય તો સાથે ને ઘેર આવે તો સાથે. ધીમે ધીમે મોટા થયા. ઉંમરલાયક થતાં તે બંનેના લગ્ન થયા. એ બંનેની મૈત્રી તાણાવાણાની જેમ વણાઈ ગયેલી હતી. મોટા થતાં બંને ધંધામાં પડી ગયા. થોડું ઘણું કમાયા પણ ગામ નાનું ને વસ્તી ઓછી એટલે આવા ગામડામાં વેપાર કરે તો તે કેટલું કમાય ? ગામમાં ગ્રાહકો જ ન હોય તો માલ કોને આપે ? આ બધા પુણ્ય પાપના ખેલ છે. હવે આ બંને મિત્રોનો પાપનો ઉદય થયો એટલે બાર મહિનાના અંતે જ્યારે સરવૈયું

માંડયું ત્યારે નફા કરતા નુકશાનનું પલ્લું વધુ નમ્યું. ધીમે ધીમે સાવ ધસાઇ ગયા.

લાખોપતિની લાઇનમાં : વિલાસે અને વિભાસે નિર્ણય કર્યો કે આ ગામમાં આપણો ધંધો ચાલતો નથી. અહીં આપણે દુઃખી થઈ ગયા. સાવ બેહાલ બની ગયા માટે કમાવા બીજે ગામ જઈએ. બંનેનો પ્રેમ ઘણો છે. તે કદી જુદા પડે નહિ. બંને સાથે બહારગામ ગયા. એક સારા મોટા શહેરમાં ગયા. સારી નોકરીની શોધમાં ફરવા લાગ્યા. ભાગ્યોદયે બંનેને સારી નોકરી મળી ગઈ. બે ત્રણ વર્ષ નોકરી કરી ધંધાનો અનુભવ લીધો. થોડા પૈસા ભેગા થયા એટલે વિચાર કર્યો કે નોકરીમાં આપણે ઉંચા નહિ આવીએ હવે આપણે આપણું ભાગ્ય અજમાવીએ. બે ત્રણ વર્ષમાં તેમણે પ્રમાણિકતાથી નોકરી કરી એટલે એમની પ્રતિષ્ઠા વધી હતી. લોકોમાં છાપ પણ સારી પડી હતી એટલે ધંધો કરવા તેમને પૈસા આપનારા મળી ગયા. બંને મિત્રોએ ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો. તેમનું ભાગ્ય જોરમાં હતું એટલે કમાણી ખૂબ થવા લાગી. થોડા સમયમાં બજારમાં તેમણે સારી નામના મેળવી. બધા લોકો તેમને શેઠ....શેઠ....કહીને માન-સન્માનથી બોલાવવા લાગ્યા. બે-ત્રણ વર્ષમાં તો તે લાખોપતિની લાઇનમાં આવી ગયા. લક્ષ્મી આવવી અને જવી એ તો દરિયાની ભરતી અને ઓટ જેવું છે.

વિભાસની સંતોષવૃત્તિ : વિભાસે વિલાસને કહ્યું-ભાઇ ! હવે આપણને ઘણું મળી ગયું. હવે અધિક મેળવવું નથી. આપણા ગામમાં જઈએ અને ધર્મારાધના કરીએ. અતિ પૈસો આડા રસ્તે લઈ જશે. જીવનમાં વ્યસનો લાવશે. આપણે ઘેર જઈએ તો પત્ની બાળકોને આનંદ થશે. કુટુંબને સારી રીતે નભાવી શકીએ એટલું મળી ગયું છે. બસ, હવે આપણે સંતોષ રાખીએ. ઉઘરાણી પતાવી દઈએ ને પછી આપણા ગામમાં જઈએ. જેનું નામ વિલાસ છે એને શહેરના ભોગવિલાસની સામે ગામડાનું જીવન કેવી રીતે ગમે ? વિલાસે વિભાસને કહી દીધું કે આવો ધીકતો ધંધો છોડીને દેશમાં જવાની મારી ઇચ્છા નથી. મેરા છોકરાઓને આપણે અહીં બોલાવી લઇશું.

વિલાસને પૈસાનું વળગેલું ભૂત : વિભાસ કહે મિત્ર ! ગામમાં જઈને દુઃખી જીવોને થોડી મદદ કરીશું. તેમને ધંધો શરૂ કરાવી આપીશું. આપણી સ્થિતિ પહેલા કેવી ગરીબ હતી ! એ તો આપણને અનુભવ છે તો તેવા ગરીબોને કાંઇક મદદ કરીશું અને ધર્મધ્યાનમાં થોડા વાપરીશું પણ વિલાસને તો પૈસાનું ભૂત વળગ્યું હતું, એટલે કહે છે કે મારે આવવું નથી, તારે જવું હોય તો જા. હું તને જતો અટકાવી પણ શકું નહિ. તો ભાઈ ! મને મારા ભાગના પૈસા આપી દે એટલે હું દેશમાં જઈશ, પછી તને ફાવે તેમ તું કર. આપણે બંને ભાગીદાર છીએ એટલે હિસાબ કરીને સરખા ભાગે મને આપી દે. વિલાસ કહે લે આ ઉચક પાંચ હજાર રૂપિયા. તારી ઇચ્છા હોય ત્યારે તું જજે, આજથી આપણે જુદા. વિલાસને પૈસાનો લોભ લાગ્યો. જીગરજાન મિત્ર હોવા છતાં પૈસા પ્રત્યેની મમતા શું કરે છે? વિભાસ બુદ્ધિશાળી હતો, પાંચ સાત વર્ષથી બંને સાથે ધંધો કરતા હતા એટલે તેને મિલકતની ખબર તો હોય જ ને !

ઉધરાણીના પૈસા ન ગણો અને રોકડ મિલ્કત પડી છે તે ગણે તો ય એક લાખ રૂા. ભાગમાં આવે છે. વિભાસ કહે ભાઈ ! અત્યાર સુધીના મારા ભાગમાં માત્ર પાંચ હજાર રૂા. આવે છે ? તારી કંઈ ભૂલ તો નથી થતી ને ! ચોપડા જોઈને પછી આપણે ન્યાયથી ભાગ પાડીએ. નાનપણની મૈત્રી પૈસાના કારણે તોડવી પડે તે સારું નથી. તું મને હિસાબ ગણીને આપ. હિસાબમાં ૪૦૦૦ રૂા. આવશે તો લેવા તૈયાર છું અને લાખ રૂા. આવશે તો પણ તૈયાર છું. ઉધરાણી બાકી હોય તે પતે કે ન પતે માટે હું ઉધરાણીની રકમ જતી કરું છું પણ તે સિવાયની મૂડીમાં મારા ભાગે જે હિસ્સો આવે તે આપી દે. વિલાસ કહે–ભલે, અત્યારે વેપારીઓને મળવા જવાનું છે એટલે કાલે બપોરે આપણો હિસાબ પતાવી દઈશું.

વિલાસ વિચાર કરે છે કે હવે કરવું શુ ? વિભાસ નાનપણનો બાલમિત્ર છે એ વાત સાચી છે પણ પૈસા આગળ મૈત્રીનો કોઈ કલાસ છે ? પૈસા હશે તો મિત્રો દોડતા આવશે પણ મિત્રો હશે તો પૈસા આવવાના નથી. વિભાસ કંઈ આપણે આસ કામનો માણસ નથી એટલે એને વચ્ચેથી દૂર કરવો સારો. બીજા દિવસે જ્યારે વિભાસે વિલાસને કહ્યું-ચાલો આપણે હિસાબ કરીએ. વિલાસ કહે–મિત્ર ! એસ શી ઉતાવળ છે ? થોડું સરબત પી લઈએ. વિભાસે કહ્યું–મારે સરબત પીવો નથી. મિત્ર ! તું કાલે જવાનો છે પછી કયારે ય તું અહીં આવીશ માટે સરબત પી. ખૂબ આગ્રહ કરીને મિત્રને સરબત પીવડાવ્યો. સરબત પીધા પછી અડધો કલાક થયો ત્યાં તે ઢળી પડયો અને થોડી વારમાં તેના રામ રમી ગયા. જુઓ ! પૈસાએ કેવું પાપ કરાવ્યું ? નાનપણથી મિત્રો હતા. એક માતાના દીકરા હોય તેમ રહેતા હતા. બાલપણથી સાથે હતા તે છોકરાના બાપ થયા તો ય સાથે રહેતા. ૩૮ વર્ષથી સાથે રહેતા હતા પણ પૈસાએ કેવો અનર્થ કરાવ્યો !

અરે પૈસા જગમાંહે ગણાયે તું ભગવાન,
કેવો તું છે કળિયુગમાં, દુષ્ટ મહા શયતાન... અરે
જેની પાસે તું જાએ ત્યાં, સળગે દાવાનળ (૨)
સહોદર ભાઈભાઈનું, કઢાવે તું કાસળ (૨)
તુજ આગળ....(૨) દાન બને છે સહુ રે ઈન્સાન....અરે પૈસા

જીગરજાન મિત્ર હોવા છતાં પૈસા પાછળ મિત્ર પ્રાણ લેતા પાછો ન પડયો. વિલાસે વિભાસની બધી ક્રિયા પતાવી. અહીં તેનું પાપ ખુલ્લું કરનાર કોણ છે ? તેના ઘરવાળીને પણ કોણ કહેવા જાય કે તારો પતિ મરી ગયો છે, વિલાસે આ પાપ તો કર્યું ને ઉપરથી મનમાં ફુલાય છે કે હવે બધી મિલ્કતનો સ્વામી હું બની ગયો. પૈસાનો લોભ શું નથી કરાવતો ? વિભાસ મરી જાય તો મને બધી મિલ્કત મળી જાય ને ! આ પૈસાનો લોભ નહિ તો બીજું શું ! લોભના રસ્તે ચાલવું સહેલું છે પણ તેને રોકવો મુશ્કેલ છે.

એક સ્ટેશન પર એક એંજિન ઊભું હતું. ગાડી આવી ગઈ હતી પણ એન્જિન છૂટું પડી ગયું હતું. ડ્રાઇવર ગરમીથી કંટાળીને થોડી વાર પ્લેટફોર્મ પર ઉતરી ખુલ્લી હવામાં ફરી રહ્યો હતો. એટલામાં તેનો આઠ નવ વર્ષનો બાબો એંજિન પર ચઢી ગયો અને એક પછી એક બધી ચાવીઓ ફેરવવા લાગ્યો. થોડીવારમાં તેનો હાથ એંજિન ચાલુ કરવાની ચાવી પર ગયો અને એંજિન પાટા પર દોડવા લાગ્યું. ડ્રાઇવરના કાને એંજિન ચાલુ થવાનો અવાજ આવ્યો. તેણે જોયું તો પોતાનો છોકરો અંદર ઊભો હતો. ડ્રાઇવરે તેને બૂમ પાડીને કહ્યું કે એંજિન રોક, નહિ તો મરી જઈશ. છોકરાએ કહ્યું– રોકવાની ચાવીની મને ખબર નથી. ત્યારે પિતાએ કહ્યું–તું નીચે કૂદી પડ. પુત્ર કહે– કૂદી પડવાની મારી જીગર ચાલતી નથી. એટલામાં થોડે દૂર જતાં એંજિન અથડાયું. એંજિનના ટુકડે ટુકડા થઇ ગયા અને છોકરાના તો હાડકા પણ હાથ ન આવ્યા. આ જ રીતે જીવો કષાયના પાટા પર દોડવાનું શીખ્યા છે પણ રોકવાનું શીખ્યા નથી. લોભ કરવાની કળા જાણો છો પણ તેના પર વિજય મેળવવાની કળા જાણતા નથી, માટે કષાયના પાટે ચાલવા કરતાં લોભને રોકવાની કળા શીખવાની જરૂર છે.

અતિ લોભ પાપનું મૂળ : વિલાસના જીવનમાં લોભ ન હોત, તેણે લોભને જીત્યો હોત ને સંતોષના ઘરમાં આવ્યો હોત તો મિત્રને મારી નાંખત ખરો ? મિત્રને મારીને બંનેની સંપત્તિનો માલિક બની ગયો. તેણે પોતાના કુટુંબને ત્યાં બોલાવી લીધું અને ખૂબ ધમધોકાર ધંધો ચલાવે છે. જ્ઞાની કહે છે કે કરેલા કર્મો કોઇને ભોગવ્યા વગર છૂટકો નથી. સંપત્તિ માટે જે ઘોર કર્મ કર્યું તે કર્મ નહિ છોડે. અહીં બેસીને પાપ કર કે પાતાળમાં બેસીને પાપ કર પણ તને જોનારા ઘણા છે અને તે કર્મ તારે ભોગવવું પડશે. કોઈ ને આજે તો કોઈ ને કાલે તો કોઈ ને બીજા ભવે પણ ભોગવવા પડે છે. વિલાસને એક દીકરો છે. તે ભણવામાં ખૂબ હોંશિયાર છે. તેની બુદ્ધિ પણ ખૂબ છે. ભણીગણીને હવે તો તેના પિતાના ધંધામાં જોડાઈ ગયો. થોડા સમયમાં તો ધંધામાં પણ ખૂબ હોંશિયાર થઈ ગયો છે. તે બજારમાંથી આવતો હતો ત્યાં અચાનક એક ઝેરી સર્પ નીકળ્યો અને છોકરાને ડંખ માર્યો. જેવો ડંખ માર્યો એવી તરત તેણે રાડ પાડી. ઘણાં ઉપચારો કર્યા. ઝેર ઉતારનારને બોલાવવા ગયા પણ તે આવે તે પહેલાં તો તેનું પ્રાણપંખેરું ઉડી ગયું. પોતાનો યુવાન હોંશિયાર દીકરો મરી જાય ત્યારે કયા માબાપને આઘાત ન લાગે ? અરે, પથ્થર જેવા કઠણ હૃદય પણ હચમચી જાય છે. વિલાસને સમજાઈ ગયું કે મેં વિના કારણે વિલાસને મારી નાંખ્યો. ભલે સરકારી શિક્ષામાંથી બચી ગયો પણ કર્મના પંજામાંથી જીવ ક્યાં છૂટી શકવાનો છે ? વિલાસનું આ ભવમાં ને આ ભવમાં જ પાપકર્મ ઉદયમાં આવ્યું, એક તો પુત્ર ચાલ્યો ગયો. હજુ તે ઘા ભૂલાયો નથી ત્યાં થોડા સમયમાં ધંધામાં મોટી ખોટ આવી. કરેલા કર્મો તો ભોગવ્યા વિના છૂટકો નથી.

કર્મો રે....કર્મો રે....આ ભવમાં જીવને કેવા નાચ નચાવે રે....
પાપ કર્મનો ઉદય થાતાં, રહે ન કોઇ સાથે,
જ્યાં જાયે ત્યાં હડધૂત થાયે, અપયશ પણ ફેલાયે....કર્મો રે....

વિલાસને એવું કર્મ ઉદયમાં આવ્યું કે જાહોજલાલીના દિવસો પાયમાલીમાં ફેરવાઈ ગયા. લાખોપતિ ગણાતો રાણપતિ બની ગયો. ભિખારી જેવા બનેલા વિલાસને ઘરબાર છોડવાનો વખત આવ્યો. તે હવે એક નાનકડી ઝૂંપડીમાં રહેવા લાગ્યો. તેના કર્મો એટલેથી ન અટકયા તે એના શરીરમાં ભયંકર રોગ ઉત્પન્ન થયો અને રીબાઈ રીબાઈને મર્યો; માટે પાપ કરતાં અટકો–પાપથી પાછા વળો. હવે આનંદ શ્રાવકને ચોથા વ્રતનું સ્વરૂપ સમજાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ગુણસુંદર કુમારને પુણ્યાનુબંધી પુણ્યનો જોરદાર ઉદય છે તેથી સારા ગામમાં તેની યશોકીર્તિ ફેલાઈ ગઈ. આખા ગામમાં ગલીએ ગલીએ, ચૌટે ચૌટે અને નાકે નાકે તેની ખૂબ પ્રશંસા થાય છે. આ વાત પુરંદર શેઠના કાને પહોંચી. તેમણે કહ્યું–આ ગુણસુંદર કુમારમાં એટલી હોંશિયારી કે બુદ્ધિ હશે તો જ વાતો થતી હશે ને ! દરેકનું પુણ્ય સ્વતંત્ર છે. તેના પુણ્યનો જબ્બર ઉદય અને પ્રમાણિકતા, સજ્જનતા હશે તો જ આટલો પ્રભાવ પડયો ને ! મેં તો હજુ તેને જોયો નથી. મારે પણ તેને મળવા જવું છે.

પુરંદર શેઠ કહે બેટા પુણ્યસાર ! એ ગુણસુંદર હજુ તારા જેટલી ઉંમરનો છે. કદાચ નાનો હશે, તો તું આવતા જતાં તેના પરિચયમાં આવજે. કોઈ ગામના વેપારી આવે તો દરેક વેપારીની ફરજ છે કે આપણે તેમનું હાર્દિક સ્વાગત કરવું જોઈએ. આપણા ઘેર જમવા પણ બોલાવવા જોઇએ પણ એક વાર તેમને મળી આવીએ તો ખરા. તેમને કયારે મળવા જવું ? એકલા જવું કે સાથે જવું તે પછી તને કહીશ. ભલે તે નાનો છે પણ હોંશિયાર તો હશે જ ! તેથી તેની આટલી પ્રશંસા થાય છે. તેની પાસે જશું તો વેપારની કંઇક નવીન કળા જાણવા મળશે.

રત્નસાર શેઠ તિહાં વસે, દેખે સબ દશ્ય,
હવેલી ગુણકુમારની સામે, લોક સબ આયે જાય હો....

રત્નસાર શેઠની હવેલી ગુણસુંદરની બરાબર સામે છે એટલે એને તો કંઇ જોવા જવાનું નથી. કેટલાય લોકો ત્યાં આવે છે ને જાય છે. ગુણસુંદર તો શું બોલ્યો ને શું બોલશે ! રત્નસુંદરીના કાને બધી વાતો તો આવતી હતી. તેમના મનમાં થયું કે અમારા ગામમાં કેટલાય મોટા વેપારીઓ છે, નગરશેઠ છે છતાં તેમના આટલા ગુણ ગવાતા નથી અને આ ગુણસુંદરના જ આટલા ગુણ ગવાય છે, માટે મારે તેને જોવો તો જોઈએ. તેને જોવા જવાનું મન થઈ જાય પણ જવાય કેવી રીતે ? જો ગુણસુંદરની પત્ની હોય તો મારી બેનપણી બનાવી દેત પણ આ તો એકલો છે. તેના ઘરમાં બધા

પુરૂષો જ છે, કોઈ સ્ત્રી નથી. ગુણસુંદરને જોવા માટે તે ઝરૂખામાં ઊભી રહેતી પણ કોઇ દિવસ તેનું મુખ જોવા મળ્યું નહિ.

રત્નસુંદરીએ પોતાના અંગત માણસને બોલાવીને કહ્યું કે હું તને જે વાત કરું છું તે તું પિતાજીને કે કોઇને કહીશ નહિ. સામેના મકાનમાં એક મોટો વેપારી આવ્યો છે. તેની ગામમાં કીર્તિ ખૂબ પ્રસરી છે. તે મહેલમાંથી કયારે બહાર જાય છે ? કયા રસ્તેથી પાછા આવે છે ? એ ખબર પડતી નથી, માટે તું જઈને એટલી તપાસ કરી આવ કે તે સવારના કેટલા વાગે ઘેરથી નીકળે છે અને કેટલા વાગે પાછો આવે છે ? અને કયા રસ્તેથી એ જાય છે ? માણસે કહ્યું–બેન તમારે તેનું શું કામ છે? આખું ગામ તેના વખાણ કરે છે તો હું પણ જોઉં તો ખરી. ભલે, તે માણસ તપાસ કરવા ગયો. જેવો મહેલમાં ઉપર ગયો તેવો સામે ગુણસુંદર બેઠો હતો, તેને જોતાં તે માણસના મનમાં થયું કે અહો ! આ બેઠો છે તો તેના મુખ પર કેટલી તેજસ્વીતા છે ! શું તેનું શૌર્ય અને પરાક્રમ છે ! એક વાર રાજાને પણ હઠાવી દે તેવો છે. માણસ જઈને તેમને પગે લાગ્યો; પછી કહ્યું–આપની કીર્તિ ખૂબ સાંભળીને હું આપના દર્શન કરવા આવ્યો છું. તેનો પ્રભાવ એવો પડયો કે તેને થયું કે અહીં તો પૂછાય તેમ નથી. તે તેમનો તાપ ઝીલી ન શકયો.

ચારિત્રશીલ ગુણસુંદર માટે તેના માણસોને પણ ગૌરવ : ગુણસુંદરની સાથે બીજા જે માણસો આવ્યા હતા તેમને પૂછયું કે અમારી બહેનને આપના શેઠને મળવું છે તો તે કયારે મળે? તે કેટલા વાગે બહાર જાય છે ? તે માણસોએ કહ્યું–ભાઈ ! મહેરબાની કરીને આપને કહી દઉં છું કે આપ આ વાત પૂછશો નહિ. અમારા શેઠ સ્ત્રીઓને એકાંતમાં મળતા નથી. ઊંચી દૃષ્ટિ પણ કરતા નથી એટલે એમને મળવાની વાત કરશો નહિ. જો અમારા શેઠ આ વાત જાણશે તો ચંપલ લઈને ફરી વળશે. તે બહાર નીકળે છે ત્યારે નીચી દૃષ્ટિ રાખીને ચાલે છે માટે આપ મળવાની કોઈ વાત કરશો નહિ. તે માણસ તો આ સાંભળતા સીડી ઉતરી ગયો. રત્નસુંદરીએ પૂછયું–તું શું સમાચાર લાવ્યો ? માણસના મુખ પરથી પરખાઈ જાય કે સારા સમાચાર છે કે ખોટા ? માણસ કહે–બેન ! આપ કૃપા કરીને હવે મને ત્યાં મોકલશો નહિ. હું તો એ શેઠનો તાપ ઝીલી ન શકયો. હું એમને તો સીધી વાત પૂછી ન શકયો. એમના માણસોને પૂછયું ત્યારે એમણે કહ્યું–આપ આ વાત કરશો નહિ. અમારા શેઠ કોઈ સ્ત્રીને મળવા માંગતા નથી. સ્ત્રીનું મુખ જોતાં નથી. આ વાત સાંભળતા મારા હોજા ગગડી ગયા. એ તમને જોવા મળશે નહિ. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

દ્વિ. શ્રાવણ વદ ૧૪ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૬૯ : તા. ૧૩-૯-૮૫

અનંતજ્ઞાની મહાપુરૂષોએ ફરમાન કર્યું છે કે આ અપાર ભવસાગરમાં મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી મહામુશ્કેલ છે. આ મનુષ્ય જન્મની દુર્લભતા શાથી બતાવી તે બતાવતાં શાસ્ત્રકાર કહે છે કે

णिट्ठियट्ठा व देवा व, उत्तरीए इयं सुयं ।
सुयं च मेयमेगेसिं अमणुस्सेसु णो तहा ॥ સૂય.અ.૧૫.ગા.૧૬.

સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે કે મેં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પાસેથી સાંભળ્યું છે કે મનુષ્ય ગતિ સિવાયની બીજી કોઈ ગતિમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યો જ મનુષ્ય ભવમાં સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના કરીને સર્વ કર્મોનો ક્ષય કરીને મોક્ષગતિને પામે છે. કદાચ કોઈ સાધકને વધુ કર્મો બાકી હોય તો દેવગતિમાં જાય છે પછી મનુષ્યભવને પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે. મોક્ષમાં જવા માટે મનુષ્ય ગતિ ઉપયોગી છે માટે જ્ઞાનીઓએ તેને દુર્લભ કહી છે.

ધનવાન-શ્રીમંતોને દરિદ્રતાના દુઃખોની કલ્પના આવી શકતી નથી તેમ અજ્ઞાનીને માનવભવની મહત્તા સમજાતી નથી. વસ્તુના દર્શન વગર એનું જ્ઞાન થવું ખૂબ મુશ્કેલ છે. માનવજીવનની મહત્તા જ્ઞાની માનવી સમજી શકે છે. પશુઓનું જીવન યાતનામય હોય છે પણ એની એ પીડા કોની પાસે વર્ણવી શકે ? માણસને જરા માથું દુઃખે કે પેટમાં દુઃખે તો એ પોતાનું દુઃખ બીજા પાસે લંબાણપૂર્વક કહેશે. પશુ મૂક બનીને સહન કરે છે જ્યારે માનવી બીજા પાસે ફરિયાદ કરી શકે છે. દુઃખ દૂર કરી શકે છે. માનવને આ કેવી ભેટ છે ! જીવનનું દર્શન કરવું હોય, માનવને સુખના જે સાધનો મળ્યા છે તેની મહત્તા સમજવી હોય તો આપણા કરતા જે ઉતરતી કક્ષામાં છે એવા પશુઓનું જીવન જુઓ તો માનવ જીવનની વિશેષતા સમજાશે પણ આજે તો માનવી નીચે જોવાને બદલે ઊંચે દૃષ્ટિ રાખે છે અને મનમાં બળ્યા કરે છે. બીજાનું વધુ સુખ જોઈને તેને બળતરા થાય છે પરિણામે જીવનમાં જે સુખ મળ્યું છે એને ભૂલી જીવનને એ દુઃખનું ધામ બનાવી દે છે.

માનવીએ પોતાની જિંદગી સુખમય બનાવવી છે કે દુઃખમય, તેનો આધાર પોતાની દૃષ્ટિ પર રહેલો છે વસ્તુમાં સુખ કે દુઃખ રહેલા નથી. જે છે તે મનના ભાવમાં છે. એક વસ્તુ એના મનને સુખ આપે છે અને તે એને પ્રિય બને છે. બીજી વસ્તુ એને દુઃખ આપે છે અને તે એને અપ્રિય ગણે છે. ગઈકાલે મિત્રની કે સગાસંબંધીની જે વાતો આનંદ આપતી હતી તે મિત્રની સાથે ઝઘડો થતાં આજે એની વાતો સાંભળતા અંતરમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠે છે. વિચાર કરશો તો સમજાશે કે વસ્તુ બદલાતી નથી પણ માનવીના મનના ભાવ બદલાય છે. દા. ત. તમને ચા ખૂબ વહાલી છે એના વગર એક દિવસ પણ ચાલતું નથી પણ જ્યારે તાવ આવે ત્યારે એ ચા પણ ભાવતી નથી. રેડિયાના સૂર સાંભળવા ખૂબ ગમે છે પણ જ્યારે શારીરિક અશાતા હોય ત્યારે એ સૂર બેસૂર લાગે છે.

જીવનમાં સુખ-દુઃખ ક્યાં રહેલા છે તે વિચાર કરો. સુખ દુઃખ વસ્તુમાં નથી પણ એને માટે માનવીના મને એમાં રેડેલા ભાવોમાં છે. મન જો શાંત અને પ્રફુલ્લિત

હોય તો ફૂલનું સૌંદર્ય જોઈ એની આંખો હસી જાય છે પણ મનમાં જ્યારે વિષાદ દુઃખ ભરેલું હોય, મન અશાંત હોય ત્યારે આનંદના સ્થાને એ વસ્તુ પર અણગમો થાય છે. ઘડિયાળનું અંદરનું મશીન જો બરાબર હોય તો ઘડિયાળના કાંટા બરાબર સમય બતાવે છે પણ મશીન બરાબર ન હોય તો દેખાવમાં ગમે તેવી આકર્ષક ઘડિયાળ બે કાંટા હોવા છતાં સમય બતાવી શકતી નથી, તેમ આપણા ચિત્તમાં પ્રસન્નતા હોય તો શાંતિ મળે. જેવી રીતે વસ્ત્ર પર બીજો કોઈ રંગ ચઢાવવો હોય તો તે વસ્ત્ર પર પહેલા ચઢાવેલા રંગ અને મેલને દૂર કરવામાં આવે તો વસ્ત્ર પર સારો રંગ ચઢી શકે છે. જો મેલને કે રંગને બરાબર દૂર ન કરીએ તો જેવો રંગ ચઢાવવો હોય તેવો ચઢી શકતો નથી. તેમાં જોઈએ તેવી ચમક આવતી નથી. આ રીતે ચિત્ત પર સંયમ અને મોક્ષનો રંગ ચઢાવવાને માટે અશુભ અધ્યવસાયો અને મનની મલિનતાને દૂર કરવી પડશે તો સારા સંસ્કાર સ્થાપિત કરી શકશો. જેવી રીતે પાટી પર સુંદર અક્ષરો લખવા છે તો પાટી પર પહેલા લખેલા અક્ષરોને ભૂંસ્યા વગર લખી શકતા નથી. સ્પષ્ટ, સ્વચ્છ અક્ષરો લખવાને માટે પાટી ધોઈને સાફ કરવાની જરૂર છે. આ રીતે ચિત્ત રૂપી પાટા પર સંયમના, શાંતિના સુંદર અક્ષરો લખવાને માટે તેના પર પહેલા લખેલા સંસાર સંબંધી અભ્યાસ અને દોષોને સાફ કરવાની જરૂર છે, માટે ચિત્તને દોષોથી મલીન નહિ બનાવતા પ્રસન્નતા રાખતા શીખો.

આ જીવનમાં સુખ પણ આવે અને દુઃખ પણ આવે. આ બંનેનો હસતા મુખે સત્કાર કરો, તેને આવકારો. સુખનો આવકાર તો સૌ કોઈ કરે પણ દુઃખને ય આવકારતા શીખો. જીવનમાં સંયોગ-વિયોગ બંને આવવાના. આ બંનેમાં મનને સમાન કક્ષામાં રાખો. તમે દુનિયાના જીવન તરફ દૃષ્ટિ કરો. તમને એક પણ આત્મા એવો દેખાય છે કે જેને જીવનમાં માત્ર સુખ જ હોય અને દુઃખ ન હોય. માનવીના જીવનમાં સંપત્તિ અને વિપત્તિ બંનેનું સ્થાન છે. ચોમાસા પછી શિયાળો અને શિયાળા પછી ઉનાળો અને ઉનાળા પછી ચોમાસું એમ આવ્યા કરે છે. કુદરતનો એ ક્રમ છે. એકલી મીઠાશ તો જીવનને મારી નાંખશે. મીઠાશનું ખરું મૂલ્ય સમજવા માટે કટુતાનો અનુભવ જરૂરી છે. જ્યારે વિપત્તિના વાદળા ઉતરે છે, જિંદગીની સંધ્યા જ્યારે આવે છે ત્યારે અનંત શાંતિના, અનંત સુખના પુંજ એવા ભગવાન યાદ આવે છે. આ રીતે દુઃખમાં પ્રભુનું સ્મરણ જલ્દી થાય છે. દુઃખ પ્રભુને યાદ કરાવે છે. જો કે સુખ કે દુઃખ કોઈને કાયમ માટે ટકે એવું નથી. રથના પૈડાનો એક ભાગ ઘડીકમાં નીચે જતાં ધૂળથી રગદોળાય છે અને એ જ પૈડું પાછું ફરીને ઉપર આવે છે. જીવનમાં સુખદુઃખ પણ આવા છે. ઘડીકમાં સુખ અને ઘડીકમાં દુઃખ આવ્યા કરે છે. સુખ અને દુઃખ જીવનના બે અંગો છે. જે સિક્કાની બે બાજુ સલામત હોય છે તે ચલણી નાણું બને છે તેમ જીવનના સિક્કામાં એક બાજુ દુઃખ અને બીજી બાજુ સુખ છે. આ બંને પ્રસંગમાં સલામતી જાળવવાની છે. સમતા કેળવવાની છે. એમાં જ માનવની મહત્તા છે. માનવનું

જીવન તો ખૂનીને અને મુનિને બંનેને મળ્યું છે પણ બંનેનો ઉપયોગ જુદો છે. મુનિએ આ જીવનનો ઉપયોગ કર્મબંધન તોડવાની સાધનામાં કર્યો છે. જ્યારે ખૂનીએ કર્મબંધન બાંધવામાં કર્યો છે.

જેને માનવ જીવનની મહત્તા સમજાણી છે એવા આનંદ શ્રાવક ચોથું વ્રત આદરવા તૈયાર થયા. "तयाणंतर चणं सदारसंतोसीए परिमाणं करेई, नन्नत्थ एक्काए सिवानंदाए भारियाए, अवसेसं सव्वं मेहूणंविहिं पच्चक्खवामि"

આનંદે સ્વદારા સંતોષી સંબંધી વ્રતનો સ્વીકાર કર્યો અને એ મર્યાદા કરી કે પોતાની શિવાનંદા નામની પત્ની સિવાય અન્યત્ર એટલે બીજી કોઈ પણ સ્ત્રી સાથે મૈથુન સેવવાના પ્રત્યાખ્યાન કરું છું.

કામવાસના ઉપર વિજય તે જ સાચો વિજય : ચોથા વ્રતની ભૂમિકાએ પહોંચવું છે તો તેનો નકશો તૈયાર કરવો જોઈએ. આ જગતમાં બે અક્ષરોની એક ચીજ છે. તેણે આખા સંસારના ધનવાનો, ગરીબો, પશુઓ, પક્ષીઓ અને દેવોને પણ પોતાને આધીન કર્યા છે તે છે કામ. આખો સંસાર કામને વશીભૂત બનેલો છે. કામવાસના સૌથી પ્રબળ વાસના છે અને તેથી તેના પરિણામમાં ઘોર-ભયંકર દુઃખો ભોગવવા પડે છે. દુનિયાના ઇતિહાસો જોઇશું તો ખબર પડશે કે મોટા મોટા શક્તિશાળી, પરાક્રમી અને શૂરવીર યોદ્ધા સમ્રાટો પણ એની જળમાં ફસાઇને કમોતે મરી ગયા છે. લંકાનો પ્રતાપી રાજા રાવણ પણ કામવાસનાનો શિકાર બન્યો હતો. કામિનીઓ માટે આ પૃથ્વી પર ઘણા યુદ્ધો થયા છે અને હજારો-લાખો નવયુવાન યોદ્ધાઓના લોહીની નદીઓ વહી છે. એક મનુષ્યની કામવાસનાની પ્રચંડ આગમાં લાખો કરોડો માનવોના બલિદાન અપાયા છે. કામવાસનાની આગમાં ભસ્મ થયેલા લોકોની રાખ એકઠી કરવામાં આવે તો ન જાણે કેટલા કૈલાસ પર્વત બની જાય. લેખક તો લખે છે કે તે બધા કૈલાસ પર્વતોને તલના દાણા જેટલા માનીને આ પૃથ્વી પર સ્થાપિત કરવામાં આવે તો સારી પૃથ્વી ભરાઈ જાય.

વાસના પાછળ બરબાદી કરતા જીવો : કામવાસના માનવીને કેટલા દુઃખમાં નાંખે છે. આ વાસનાથી પ્રેરિત થઇને મનુષ્ય કોઈ સ્ત્રી સાથે પોતાનો સંબંધ જોડે છે પછી સંતાનો થાય, પરિવાર વધી જાય, તેમના ભરણપોષણ માટે જીવનભર વિવિધ પ્રકારના દુઃખો વેઠીને ધન ઉપાર્જન કરે છે. બળદની માફક ભાર ખેંચે છે. સમુદ્ર યાત્રા કરે છે. નોકરી કરીને માલિકના અપમાન અને તિરસ્કાર સહન કરે છે. કંઇક વાર માનવી પોતાના પરિવારનું પાલનપોષણ ન કરી શકે તો ચોરી કરે છે. બીજાના ખીસ્સા કાપે છે. જ્યારે પકડાઈ જાય છે ત્યારે પોલીસના દંડાના માર ખાવા પડે છે અને વર્ષો સુધી જેલના દુઃખો ભોગવવા પડે છે. જ્યાં સુધી ન પકડાય ત્યાં સુધી પણ પકડાવાનો ભય તો તેના મનમાં રહ્યા કરે છે એટલે એક મિનિટ પણ નિશ્ચિતતાથી સુખ ભોગવી શકતો નથી. કામને વશીભૂત બનેલો માનવી કેટલા ભયંકર અનર્થો કરે છે. તે હિત અહિતને સર્વથા ભૂલી જાય છે. એક શ્લોકમાં કહ્યું છે કે

दिवा पश्यति नो लूकः, काको नक्तं न पश्यति ।
अपूर्वः कोऽपि कामान्धो, दिवा नक्तं न पश्यति ॥

ઘુવડ દિવસે જોઈ શકતું નથી. કાગડો રાત્રે જોઈ શકતો નથી પણ કામાંધ પુરૂષ તો ઘુવડ અને કાગડાથી પણ ઉતરતો છે. તે તો રાત્રે અને દિવસે બંને સમયે અંધ છે. આ કામને ઉત્તેજિત કરનાર સ્વાદિષ્ટ માદક ખોરાક અને બેકાર જીવન. આવા જીવોને આ ચોથું વ્રત પાળવું ઘણું કઠીન છે.

જ્ઞાની તો કહે છે કે સૌથી ઉત્તમ આત્મા તે છે કે જેણે જીવનભર નવ કોટીએ સર્વથા અબ્રહ્મના પચ્ચક્ખાણ કર્યા છે એવા વીતરાગી સંતો. વેપારી સારો ગ્રાહક આવે તો ઊંચામાં ઊંચી કોટીનો માલ બતાવે. તેમાં નફો વધારે થાય. ૮૪ લાખ જીવાયોનિમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ગ્રાહક માનવ છે તેને અમે ઊંચી કોટીનો માલ બતાવીએ ને? આગમમાં તમને શ્રમણોપાસક કહ્યા છે એટલે શ્રમણની બાજુમાં વસનારા-તમારું ગુણસ્થાન પાંચમું છે અને અમારું છઠ્ઠું ગુણસ્થાનક છે. તમે અમારાથી એક પગથિયે ઉતરતા છો. તીર્થંકર, ચક્રવર્તી જેવા શૂરવીર અને ધીરપુરૂષો પાંચમું ગુણસ્થાન સ્પર્શતા નથી અને સાતમે-છઠ્ઠે ગુણસ્થાનકે જાય છે. પ્રભુ મહાવીરનો તો એ જ ઉપદેશ છે કે સર્વથા બ્રહ્મચર્ય પાળો પણ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી શકે તેવા મનુષ્યો બહુ ઓછા હોય. સર્વથા બ્રહ્મચર્ય પાળવું એ સહેલ વાત નથી. શ્રાવક શ્રાવિકાએ ભાવના તો સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાની રાખવી જોઈએ પણ સંયોગ અનુસાર સર્વથા ન પાળી શકે તો સ્વદારા સંતોષીએ એવું વ્રત તો લો. આ વ્રતમાં કોઈ છૂટ કે બારી નથી, પછી તેની સામે રૂપરૂપના અંબાર જેવી નવયૌવના આવી જાય, કદાચ ઈન્દ્રાણી આવી જાય તો ધીર-વીરપુરૂષો કાયા કુરબાન કરે પણ શીલને આંચ આવવા દે નહિ. પ્રાચીન યુગની મહાન, શીલવાન નારીઓનો જીવંત વારસો આપણને મળ્યો છે. શીલવ્રતનું પાલન આત્માની ઉન્નતિ કરે છે. શીલ એ શ્રેષ્ઠ કોટીનું અલંકાર છે. આપણા દેશમાં અનેક મહાસતીઓ થઈ છે. તે મહાસતીઓએ શીલધર્મની અખંડ આરાધના કરી. આપત્તિ કાળમાં શીલને છોડયું નથી પણ પ્રાણ છોડયા છે તેથી આજે પણ જગતમાં તે મહાસતીઓનો યશપડહ વાગી રહ્યો છે.

એક વાર અકબર બાદશાહ રાજદરબાર ભરીને બેઠા હતા ત્યારે અકબરે કહ્યું-જૈન ઈતિહાસમાં અનેક મહાસતીઓની વાતો આવે છે તેમજ હિન્દુ ધર્મમાં પણ ઘણી સતીઓની વાતો આવે તો આજે એવી સતીઓ હશે ખરી? આ સાંભળીને ઘણાના મનમાં થયું કે અમારે ઘેર પત્ની સતી જેવી છે. તે પતિ માટે જાન દઈ દે પણ પરપુરૂષ સામે દૃષ્ટિ પણ ન કરે, પણ જો રાજાની પાસે બોલીએ તો રાજા ધમધમાટી બોલાવી દે; તેથી બધા મૌન રહ્યા. સતીઓ છે તે સતીઓ રહેવાની છે પણ રાજા પાસે સરપાવ લેવાની જરૂર નથી. તે વખતે જૂંદીકોટાનો રાજા ચાંપરાજા હાડા ગૌરવભેર ઊભો થયો અને વિવેકપૂર્વક બોલ્યો. મહારાજા! બહુરત્ના વસુંધરા છે. તે કયારે નિર્વંશ

બનતી નથી. આજે પણ એવી મહાન સતીઓ છે. મારી પત્ની સોના તે સાચી સતી છે. આપને પરીક્ષા કરવી હોય તો કરી શકો છો. સોના દેવીને ચલિત કરાવવાની કોઈની શક્તિ નથી.

પરીક્ષા કરવા તૈયાર થયેલો અકબર : બાદશાહે સભામાં કહ્યું–અહીં છે કોઈ માઈનો પૂત કે સતીના સતીત્વની પરીક્ષા કરે? સતીત્વની કસોટી કરવી એ કાંઈ નાના બાળકના ખેલ નથી. કોઈ ન નીકળ્યું. ફરી અકબરે ખૂબ જોરશોરથી કહ્યું ત્યારે એક માણસ નીકળ્યો. તેનું નામ શેરખાં હતું. તેને પાનો ચઢયો ને બીડું ઝડપ્યું કે હા, સાહેબ! હું તેની પરીક્ષા કરીશ અને તેને ચલિત કરી આવીશ. બધા રાજાઓ સોનાના સતીત્વને જાણતા હતા પણ શેરખાંને તો હાડાની ઈજ્જત લેવી છે અને સોનાને શીલથી ચલિત કરવી છે. તેણે કહ્યું મહારાજા! હું બુંદીકોટા જાઉં છું. આપ મને છ મહિનાની મુદત આપો. હું છ મહિનામાં મારું કામ સફળ કરીને આવીશ. કેવું પાપ કરવા ઊભો થયો? બાદશાહે કહ્યું– એક શરત યાદ રાખજે. જો તું સોનાને શીલથી ચલિત કરી શકે તો હાડાનું માથું લેવાનું અને જો તેમ ન કરી શકે તો તારે માથું આપવાનું. શેરખાં આ શરતનો સ્વીકાર કરી બુંદીકોટા ગયો. રાજાએ હાડાને કહ્યું તમારે બુંદીકોટા નહિ જવાનું. તમારે અહીં રહેવાનું.

સોના તો દેવી છે દેવી! : શેરખાં બુંદીકોટા પહોંચી ગયો. તે ગામમાં ફરવા લાગ્યો કે સોના બાબતના સમાચાર કયાંકથી મેળવું. ગામના બધા સમાચાર માલણને ત્યાંથી મળે. માલણ બધાને ઘેર ફૂલ આપવા જાય એટલે તેને બધી ખબર હોય. શેરખાં માલણ પાસે ગયો. તેને પૂછયું કે સોનારાણી બાબતમાં આપનો શું અભિપ્રાય છે? ભાઈ! આપ સોના માટે પૂછો છો? એ તો અમારા ગામની દેવી છે દેવી! અમારું ગામ સુખેથી જીવતું હોય તો તે સોનાદેવીનો પ્રભાવ છે. તેને પગે લાગીએ તો અમારા પાપ ધોવાઈ જાય. તેના નાવણનું પાણી છાંટવાથી પણ રોગ શાંત થઈ જાય છે. માલણે તો સતીના ખૂબ ખૂબ વખાણ કર્યા દરેક જગ્યાએ તેની પવિત્રતાની પ્રસિદ્ધિ સાંભળીને તે હતાશ થઇ ગયો. તેના મનમાં થયું કે આ સતીને ચલિત કરવી તે ઘણું કઠીન કામ છે. તે ગામમાં ચારે બાજુ તપાસ કરે છે, મહેનત કરે છે પણ કાંઈ દાવ ફાવતો નથી. મહિનો, બે મહિના, પાંચ મહિના પૂરા થવા આવ્યા. ઘણી મહેનત કરી ઘણી કળાઓ વાપરી, પૈસા વાપરવામાં તો બાકી ન રાખ્યું છતાં સોનાને ચલિત કરવા તો શું પણ તેનું મોઢું જોવા ય ન પામ્યો. સતી કાંઇ બજારમાં ફરે છે કે તેના દર્શન થાય? શેરખાંના તો હાજા ગગડી ગયા.

પૈસા આપીને તૈયાર કરેલી વેશ્યા : હાડાને તો સોનારાણી પર પૂરો વિશ્વાસ છે. **" મેરૂ ડગે ધરતી ક્ષુબ્ધે સૂર્ય કરે અંધકાર તો પણ મારી સોના શીલ ન ચૂકે તલભાર."** શેરખાંએ સોનાને ફસાવવા ઘણા ઉપાયો અજમાવ્યા પણ કોઈ રીતે તેની સોગઠી વાગી નહિ. છેવટે સાવ નીચી કક્ષામાં ઉતરી ગયો અને પાપણી ગણિકાનો આશરો લીધો. તેને ખૂબ ધન આપ્યું ને કહ્યું હવે મારી જિંદગી તારા હાથમાં છે.

હવે મારા હાથમાં જીવવાની કોઇ બારી નથી. તું લાખ–બે લાખ જેટલા માંગે તેટલા આપીશ પણ તારે મારું કામ કરવું પડશે. ગણિકા કહે બોલ–તારે શું કામ છે? સોનારાણીને શીલથી ચલિત કરવા તેની પાસેથી મુખ્ય બે ચીજ લાવી આપવાની છે, તો મારું જીવન બચે. ગણિકા કહે ઓહ! એમાં શી મોટી વાત છે? ધનના લોભે તે આવું અધમ પાપ કરવા તૈયાર થઈ. તે બુંદીકોટામાં રહેતી હતી એટલે સોનારાણીને બરાબર જાણતી હતી. તેને લાગ્યું કે છળકપટ કર્યા વગર આ કાર્ય સિદ્ધ નહિ થાય, તેથી જરૂરી વસ્તુઓ લઈ રજપૂતાણીનો સ્વાંગ સજીને તેના ઘેર ગઇ. બહારથી ઘૂમ પાડી સોના....સોના! સોનાને થયું કે મને કોણ બોલાવતું હશે? તેના મનમાં એમ કે હું મારા પતિની રોજ રાહ જોઉં છું તે આવ્યા હશે?

સોનાએ બારણું ખોલ્યું પછી પૂછ્યું કે તમે કોણ છો? બેટા! તું મને શેની ઓળખે? તું કયાં સગપણ રાખે છે? હું તારી ફઈબા છું. સોના વિચાર કરવા લાગી કે મારે કે મારા પતિને ફઈબા છે જ નહિ, તો આ ફઈબા કયાંથી ચમકયા? છતાં તેણે ખૂબ આવકાર આપ્યો. સોના તો ખૂબ ભલીભોળી છે. ફઈબાએ મીઠું મીઠું બોલીને પ્રેમ લગાડયો. ખાય પીવે ને જલસા કરે છે. વાણીની મીઠાશથી તેણે સોનાનું મન જીતી લીધું. હવે તો છ મહિનામાં ૧૫ દિવસ બાકી રહ્યા છે. ફઈબા ખૂબ મૂંઝાવા લાગ્યા. હવે શું કરવું? એક દિવસ સોના સ્નાન કરીને કપડા બદલી રહી છે. ભીના કપડા ચોંટી ગયા હતા. તે સમયે આ ફઈબાએ તેના જમણા પગની જાંઘ પરનું લાલ લાખું જોઈ લીધું. સોનાને આ વાતની ખબર નથી. ફઈબા મનમાં હરખાયા કે એક નિશાની તો મળી ગઈ પણ બીજી વસ્તુ મેળવવી કેવી રીતે? એટલે એક યુક્તિ રચી.

કપટની જાળ પાથરતી ફઈબા : આ ફઈબા કહે–સોના! હવે હું ઘેર જઈશ. ફઈબા! આપના ભત્રીજા હવે આવવાના છે તો આપ તે આવે એટલે તેમને મળીને જજો, પછી તમને એમ થશે કે મને ભત્રીજો મળ્યો નહિ. ફઈબા કહે–હવે હું વધુ રોકાઈ શકું તેમ નથી. ધૂતારાને ધતીંગ કરતાં બહુ આવડે. તે તો ખૂબ રડવા લાગ્યા. આવા માણસોને બધા નાટક કરતાં આવડે. ફઈબા તો હીબકા ભરી ભરીને રડવા લાગ્યા. સાથે સોના પણ રડવા લાગી. સોના ફઈબાને છાના રાખે છે પણ છાના રહેતા નથી. છેવટે સોનાને કહે છે સોના! હું જાઉં છું. મારો ભત્રીજો મને મળી ન શક્યો પણ તેની યાદમાં કંઈક આપ. શું આપું? મારા દીકરાનો રૂમાલ અને તલવાર મને આપ તો મને તેને મળ્યા જેટલો આનંદ થશે. આ સાંભળતા સોનાના હાજા ગગડી ગયા. તે મૂંઝવણમાં મૂકાઈ ગઈ, કારણ કે તેના પતિ જયારે બહારગામ જતા ત્યારે તે તલવાર અને રૂમાલ યાદમાં આપીને જતા. પતિની ગેરહાજરીમાં સોના તલવારનું પૂજન કરતી અને રૂમાલ તેની સ્મૃતિ માટે રાખતી. આ બે ચીજો સોનાને વહાલામાં વહાલી હતી. આટલા દિવસ ઘરમાં રહીને ફઈબાએ આ જાણી લીધું તેથી આ વસ્તુઓની માંગણી

કરી. સોનાએ કહ્યું–આ બે ચીજો તો મારા પતિના પ્રેમનું પ્રતીક છે. તે મને ખૂબ વહાલી છે માટે તે નહિ આપું. બાકી આ ઘરમાંથી તમારે જે જોઈએ તે લઈ જાવ. આ બે ચીજો જોઈને હું પતિ મળ્યા જેટલો સંતોષ માનું છું માટે એ બે વસ્તુ તો નહિ આપું.

આ સાંભળતા ફઈબા તો જાણે ગળાબૂડ દુઃખમાં હોય તેવો દેખાવ કરવા લાગ્યા. તેમણે કહ્યું કે મેં આ પ્રતિક પ્રેમથી માંગ્યા છે. ન આપે તો કાંઈ નહિ. સોના આ સાંભળીને ઢીલી પડી ગઈ અને બંને વસ્તુઓ આપી દીધી. ભોળી સોનાને ભોળવીને આ બે વસ્તુઓ લઇ લીધી. સોનાને છોડતી વખતે ઢોંગ કરીને ખૂબ રડયા. સોના કહે–ફઇબા! મારી કાંઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો. ફઇબા તો આ વસ્તુઓ લઈને ઘેર ગયા. હવે તો છ મહિના પૂરા થવામાં ગણુતરીના દિવસો બાકી રહ્યા હતા. શેરખાના મનમાં તો ચિંતા થતી હતી. હવે શું કરીશ? ત્યાં ફઈબા જઇ ચઢયા. શેરખાં કહે–આપના કાર્યમાં સફળતા મળી? હા, હું જાઉં ને કામ ન થાય તો ખલાસ! એક તો પાપના કામ છે ને ઉપરથી ફાંકો લઇને ફરે છે. આ પાપ ભોગવવાના આવશે ત્યારે રોતા રોતા પૂરા નહિ થાય. ગણિકા કહે–જો હું સોનાને વહાલામાં વહાલી, તેના પતિ બહારગામ જાય ત્યારે પ્રેમના પ્રતિક રૂપે આપીને જાય છે એ બે ચીજો તલવાર અને રૂમાલ હું લઈને આવી છું અને સોનાના ગુપ્ત ચિન્હની પણ વાત કરી.

સોના રાણીને ખોટી આળ ચઢાવતો શેરખાં : શેરખાંના રોમેરોમમાં ઉલ્લાસ વ્યાપી ગયો. તેને તો આનંદનો પાર નથી. તે મનમાં મલકાવા લાગ્યો કે મારા સોળે પાસા સવળા પડયા. તેણે ગણિકાને મોં માંગ્યું ધન આપ્યું ને પોતે દિલ્હી જવા રવાના થઈ ગયો. હાડાને તો છ માસ સુધી દિલ્હીમાં રોકવામાં આવ્યો હતો. હવે છ માસમાં ત્રણ ચાર દિવસ જ બાકી રહ્યા હતા. ત્યાં શેરખાં દિલ્હી પહોંચી ગયો અને રાજદરબારમાં હાજર થયો. શેરખાં તો જાણે મોટું રાજ્ય મેળવીને આવ્યો હોય એટલો એના મુખ પર આનંદ હતો. એના મુખ પર આનંદ જોઈને બધા રાજપૂતો આશ્ચર્યમાં પડી ગયા. ચાંપરાજ હાડાને પણ ચિંતા થઈ છતાં તેને આત્મવિશ્વાસ હતો ને માનતો હતો કે કદાચ કોઈ દેવ નીચે આવે તો પણ સોનાને ચળાવી શકે નહિ. તે પ્રાણ દે પણ શીલ દે તેવી નથી.

રાજદરબાર ઠઠ ભરાયો છે. શેરખાં ત્યાં હાજર છે. અકબર બાદશાહે પૂછયું–શેરખાં! શું કરી આવ્યો? સફળતા મેળવીને આવ્યો? મહારાજા! શું આ શેરખાં જેવો તેવો છે! હું કોણ? શેરખાં? બધાના મનમાં વિશ્વાસ છે કે સોના તો ખરેખરી સાક્ષાત્ દેવી છે. સતી શિરોમણિ છે. આ શેરખાં એના માટે શું કહેશે? સોના સતીની શીલની સુગંધ ચારે બાજુ પ્રસરી રહી એટલે બધાને તેનામાં દૃઢ વિશ્વાસ છે. અકબરે પૂછયું ત્યારે શેરખાં ગર્વભેર કહે છે સાહેબ? આપની શરતનો બીજો શો જવાબ હોય? હું બુંદીકોટા ગયો પછી ચાંપરાજના મહેલમાં ગયો. મહેલમાં સોના સાથે લગભગ પાંચ માંહના

રહ્યો, તેની સાથે અમનચમન કર્યા ને ખૂબ જલસા ઉડાવ્યા. અરે, સોનારાણી તો મને છોડતી નહોતી. તે તો મારી પાછળ ગાંડી બની હતી. હવે મારો હાડો જોઈ તો નથી. બાદશાહ કહે–હું તારી વાત માનવા તૈયાર નથી. તારી વાતની સાબિતી શી ? જુઓ, હું તેની પાસેથી તલવાર અને રૂમાલ બે વસ્તુઓ લાવ્યો છું. હાડો ક્ષોભ પામી ગયો. વસ્તુ પોતાની હતી એટલે બોટું બોલાય એમ હતું નહિ. પોતાનું શિર જાય તો વાંધો ન હતો પણ સતીનું શીલ અને પોતાનું વચન મૃત્યુ કરતાં વધારે મહત્ત્વના હતા.

મિત્ર માટે પ્રાણ આપવાની તૈયારી : આ સમયે હાડાનો મિત્ર ત્યાં બેઠો હતો. તેને સોનાના શીલ પર અખૂટ વિશ્વાસ હતો. તેને થયું કે આ બાબતમાં કંઈક કાવત્રુ રચાયું હોય તેમ લાગે છે. તેણે ઊભા થઈને કહ્યું કે આ બે વસ્તુ તો ચોરીને પણ લાવી શકાય. હું કેવી રીતે વાત સાચી માનું ? શેરખા કહે, આ વાત આપને બોટી લાગતી હોય તો હું હાડાને પૂછું છું કે સોનાની જમણી જાંઘ પર લાલ લાખુ છે ને ? આ સાંભળતા હાડો ધ્રુજી ઉઠ્યો. બધાના મનમાં થયું કે હાડા શરતમાંથી પાછો પડે તેમ ન હતો, અને સોના શીલથી પાછી પડે તેમ ન હતી તો આવું બન્યું કેવી રીતે ? સાબિતી સહિત વાત થઈ એટલે બાદશાહે કહ્યું–હાડા હવે તમારો પરાજય થયો છે. શરત પ્રમાણે તમારું માથું ઉડાડવામાં આવશે. હાડાએ કહ્યું–બાદશાહ ! હું માથું દેવા તૈયાર છું. માથું દેવાની મને જરાય ચિંતા નથી પણ મરતાં પહેલાં એક વાર સોનાને મળવાની ઈચ્છા છે, હું આપની પાસે ત્રણ દિવસની મુદત માગું છું. બાદશાહ કહે–તને રજા તો આપું પણ તું જઈને પાછો આવે એવો શું વિશ્વાસ ! ત્યાં તેનો મિત્ર બેઠો હતો તે કહે સાહેબ ! શેરખાં ગમે તેમ કહેતો હોય પણ હું કહું છું કે સોના તેના શીલથી ચલિત થઈ નથી. ગમે તે રીતે ચોરી છૂપીથી એણે લાખું જોયું છે અને તે નિશાની આપે છે તો હાડાને આપ જવા દો. એ ત્રણ દિવસમાં જરૂર આવી જશે. કદાચ નહિ આવે તો તેના બદલે હું મારું માથું આપી દઈશ. હું એનો જામીન છું, આનું નામ સાચો મિત્ર. આજના મિત્રો તો પૈસા ભારે તો મિત્રો ઘણા અને ખીસ્સા ખાલી તો કોઈ નહિ.

ચારિત્ર માટે હાડાનું ઉછળતું ઝનૂન : હાડાને બદલે ત્રણ દિવસ મિત્ર કેદમાં પૂરાયો. હાડો તો ઉપડ્યો બૂંદીકોટા તરફ. તેના મનમાં એક જ વિચાર છે કે હું પહોળો થઈને ગર્વથી બોલ્યો હતો કે સોના તો સોના છે, તેને કોઈ ચલિત કરી શકે તેમ નથી. મારું આ વચન ગયું–ને ? હવે સોનાને બરાબર ઠપકો આપું. એમ વિચારીને હાડા સોનાને મળવા ગયો. આ બાજુ તો બિચારી સોના પતિની રાહ જોઈને બેઠી છે. હજુ મારા પતિ કેમ ન આવ્યા ? બિચારી સોનાને તો એની જીવનલીલામાં શું બની ગયું તેની ગંધ સરખી પણ આવી નથી. હાડાએ જઈને બારણું બખડાવ્યું. સોનાએ દ્વાર બોલ્યું તો તેના પતિને જોયા. સોના તો કાંઈ વાત જાણતી નથી. પતિને તો ગુસ્સો ખૂબ હતો એટલે ક્રોધના આવેશમાં માત્ર એટલું બોલ્યો–સોના ! તને ધિક્કાર છે !

"તારું શીલ ગયું અને તારા પાપે દિલ્હીના દરબારમાં મારું માથું જશે." સોના પતિની મુખમુદ્રા જોઈને કંપી ગઈ. તે હજુ કંઈક પૂછવા જાય છે તે પહેલા તો હાડા રવાના થઈ ગયો. સોના શું કહે છે તે સાંભળવા ઊભો ન રહ્યો, તેને તો ફક્ત સોનાને ધિક્કાર આપવાનું પ્રયોજન હતું. સોનાને ધિક્કાર આપીને ચાલ્યો ગયો. સોના તો ગભરાઈ ગઇ છતાં ગમે તેમ તોય તે ક્ષત્રિયાણી હતી.

પતિના રક્ષણ માટે સોનાનું શૌર્ય : સોના સમજી ગઈ કે પેલા ફઇબા બનીને આવ્યા હતા તે કંઈક કરી ગયા લાગે છે. નક્કી મારા પતિને માથે આફત આવી છે. મારા ખાતર શિર આપવાનો સમય આવ્યો છે. મનમાં હિંમત એકઠી કરી ઘર બંધ કરી સાંઢણી પર બેસી રવાના થઈ ગઈ. માર માર કરતાં સાંઢણી લીધી. પતિથી બીજો રસ્તો લીધો અને હાડાના પહેલા ત્યાં પહોંચી ગઈ ને નર્તકીનો વેશ લઈ લીધો. આ બાજુ હાડાની રાહ જોવાય છે. હાડાનો શિરચ્છેદ કરવાનો માંચડો બધું ત્યાં તૈયાર થઇ ગયું છે. ત્યાં કોઈ એ આવીને સંદેશો આપ્યો કે બુંદીકોટાથી એક નર્તકી આવી છે તે પોતાની કળા રજૂ કરવા માંગે છે. રાજા તો આ બાબતના ખૂબ શોખીન હતા એટલે તેમણે કહ્યું કે ભલે આવે. હજુ હાડો આવ્યો નથી. તેને ચાર કલાક મોડી શિક્ષા કરીશ પણ નૃત્યની કળા ક્યાં વારંવાર જોવા મળવાની છે? નર્તકીએ પોતાની કળા રજૂ કરી. બરાબર તે સમયે હાડો ત્યાં આવી પહોંચ્યો. તેની નજર નર્તકીના મુખ પર પડી.

સોનાને જોતાં આંખમાં ચક્કર આવી ગયા. તે ક્રોધથી ધમધમી ઉઠ્યો. આ શું? સોના? મારા પહેલા દરબારમાં કેવી રીતે પહોંચી ગઈ? તેને એટલો બધો ક્રોધ ચઢ્યો કે આ રાંડને મારી જ નાંખું. તલવાર ઉગામવા ગયો પણ બધા માણસો વચ્ચે તેનું શું ચાલે? એક તો શીલધર્મને લૂંટાવી દીધો છે ને વળી પાછી અહીં નાચવા આવી છે? બસ હવે તો એને મારીને મરીશ. નાચ કરતાં કરતાં તેનું ધ્યાન પતિ તરફ ગયું. તે પતિના મુખના ભાવ સમજી ગઈ. એ સાચી ક્ષત્રિયાણી હતી. તે મૃત્યુથી ડરે તેમ ન હતી. બધાને શીલનું સ્વરૂપ સમજાવી પતિના શિરને બચાવવું હતું. રાજા સોનાની નૃત્ય કળા પર પ્રસન્ન થયા અને કહ્યું માંગ માંગ માંગે તે આપીશ. મહારાજા મારે કાંઈ જોઈતું નથી. હું આપની પાસે એક વાત માગું છું કે આપનો કોઈ માણસ બુંદીકોટા આવીને મારી પાંચ લાખ સોનામહોરો ચોરી ગયો છે તે મારી પાછી અપાવો. બાદશાહ કહે-તું એને ઓળખી શકે ખરી? હા. તમારી બાજુમાં બેઠો છે તે શેરખાં. બીજું કોઈ નહિ. આ સાંભળતા શેરખાં ધ્રુજી ઉઠ્યો. તેના મોતિયા મરી ગયા. હવે મારું આવી બન્યું.

શેરખાંના પ્રગટ થયેલા પાપ : અકબરે કહ્યું-શેરખાં! સત્ય બોલ, તું આ સ્ત્રીની પાંચ લાખ સોનામહોરો ચોરીને લાવ્યો છે? મહારાજ! આ તો કોઈ કાવત્રું રચાયું લાગે છે. આ સ્ત્રીને તો હું ઓળખતો પણ નથી. તેને કોઈ દિવસ જોઈ પણ નથી. તે કાળી છે કે ધોળી, જાડી છે કે પાતળી તે ય મને ખબર નથી. મેં ચોરી કરી નથી. આ વાત સાવ ખોટી લાગે છે. સોના કહે બાદશાહ! એને પૂછો તો ખરા કે

એ પાંચ મહિના મારે ત્યાં રહ્યો હતો કે નહિ ? શેરખાં કહે હું મારા કુરાનના સોગંદ ખાઈને કહું છું કે એનું મુખ પણ મેં જોયું નથી, ત્યારે સોનાએ સાચી ક્ષત્રિયાણી બનીને કહ્યું–મહારાજા ! એને પૂછો કે આ વાત સાચી છે ને ! એણે ચોરી કરી નથી ને ? તો મહારાજા ! એ કહે છે કે મેં મુખ જોયું નથી તો પછી પાંચ મહિના રહીને અમનચમન કર્યા તો તે વાત કેવી રીતે સાચી મનાય ? માટે તેની વાત સાવ ખોટી છે. સોનાએ બધી વાત સત્ય કહી દીધી. મારે ભરસભામાં નૃત્ય કરવું પડયું તે મારા પતિ ચાંપરાજ હાડાનું શિર બચાવવા માટે. જો આમ ન કર્યું હોત તો જગતને અને પતિને સતી પરનો વિશ્વાસ ઉઠી જાત. મારા પતિનુ મૃત્યુ થાત તો હું તેમની પાછળ મારા પ્રાણ તજી દેત તેની મને ચિંતા ન હતી પણ ચિંતા હતી મારા સતીત્વની.

રાજા કહે–શેરખાં ! બોલ હવે જે હોય તે સત્ય બોલી જા. તેને ખૂબ માર પડવા લાગ્યો એટલે બધી સત્ય વાત કહી દીધી. બધા એને ફિટકાર આપવા લાગ્યા અને ધિક્કાર વરસાવા લાગ્યા. દિલ્હીના દરબારમાં હાડાને બદલે તેનું માથું ઉડી ગયું. બધા સતીને ધન્યવાદ આપવા લાગ્યા. ધન્ય છે ધન્ય છે સતી સોના રાણીને ! તેના જયજયકાર થયો. આવી સતીઓ સમય આવે પ્રાણ દઈ દે પણ શીલમાં જરાય આંચ આવવા દેતી નથી. ચોથું વ્રત છે સ્વદારા સંતોષીએ. પતિએ પોતાની સ્ત્રીમાં સંતોષ માનવો અને સતીએ પોતાના પુરૂષમાં સંતોષ માનવો. આ વ્રતમાં આગળ હજુ ભગવાન શું સમજાવશે તે ભાવ અવસરે.

દ્વિ. શ્રાવણ વદ અમાસ ને શનિવાર : વ્યાખ્યાન નં. ૭૦ : તા. ૧૪-૯-૮૫

ત્રિલોકીનાથ વીતરાગ પ્રભુની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. આગમની વાણીના નાદે જ્ઞાની પુરૂષો અનાદિકાળથી અજ્ઞાનમાં આથડતા જીવોને સાદ કરે છે કે હે જીવો ! હવે જાગો. સંસારના રસીક બનીને વિનશ્વર આનંદ ઘણો મેળવ્યો પણ સ્વાનુભૂતિનો આનંદ હજુ મેળવ્યો નથી. બહારના આનંદથી તારા ભવની ભૂખ ભાંગશે નહિ. જો તારે શાશ્વત સંપત્તિ અને આનંદ જોઈતા હોય તો જ્ઞાની પુરૂષો જેવો પુરૂષાર્થ આદરી અંતરમાં રહેલા મિથ્યાત્વ અને અજ્ઞાનના અંધારા ઉલેચીને સમ્યક્ દર્શન અને સમ્યક્ જ્ઞાનના દીપક પ્રગટાવ. વિભાવથી પાછો વળ. સ્વરૂપમાં સ્થિર થા અને સત્ સ્વરૂપને પામી જા. તારા અંતરમાં અનાદિકાળથી વાસનાના જે કુસંસ્કારો પડેલા છે તેને અંતર દૃષ્ટિથી અવલોકન કરીને દૂર કર પણ દબ-ન કર.

અનાદિકાળની કર્મની કાલિમાને દૂર કરવાનું સાધન હોય તો તે માનવભવ છે. આત્મા ઉપર બે ચાર ભવના નહિ પણ ભવોભવમાં બાંધેલા કર્મોના થર જામ્યા છે તે અહીં સાફ થશે. બીજા ભવોમાં આ મેલ દૂર કરવાનું પાણી નથી. આ માનવભવમાં સમતાની શીલા ઉપર સમજણનો સાબુ લઈ વીતરાગ વાણીના પાણી વડે આત્મા રૂપી કપડા ઉપર લાગેલા ડાઘને ધોઈ નાંખો. અનાદિની દુઃખ પરંપરા ટાળવા માટે મળેલી

અમૂલ્ય ઘડી પળને વધાવી લો અને સ્વાનુભૂતિનો આનંદ મેળવો. આ સંસારને તરવા માટે જો કોઈ માર્ગ હોય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે. અનંત પુણ્યોદયે જીવ માનવભવ રૂપી રત્નદ્વીપમાં આવ્યો છે. આ રત્નદ્વીપમાં આવીને રત્નત્રયીનું શાશ્વત ધન ભેગું કરી લેવાનું છે. જેને રત્નત્રયીનું શાશ્વત ધન મળ્યું તેનું દ્રવ્ય અને ભાવ દરિદ્ર ગયું સમજી લો. રત્નત્રયી એ અમૂલ્ય અને અપૂર્વ ચિંતામણી છે.

દેવાનુપ્રિયો ! તમે કયું ધન મેળવવા રાત દિવસ ધમાલ કરી રહ્યા છો ? શાશ્વત કે નાશવંત ? શાશ્વત ધન મેળવશો તો શાશ્વત સુખ મળશે અને નાશવંત ધન મેળવશો તો નાશવંત સુખ મળશે. તમારે કયું ધન મેળવવું છે તે વિચાર કરજો. અનાદિકાળથી અર્થ-કામની વૃત્તિઓએ આત્મા ઉપર અહો જમાવ્યો છે. તેને જિનવાણીના શ્રવણથી દૂર કરી આત્માને પર ઘરમાંથી સ્વઘરમાં લાવવાનો છે. મોહના ઘરમાંથી મહાવીરના ઘરમાં લાવવાનો છે. જે રત્નત્રયીમાં રમણતા કરે તે શીવસુંદરી સાથે સદા રમણતા કરે. તમારી પાસે ધન ન હોય તો સંસારસુખમાં અધૂરાશ દેખાય છે પણ જ્ઞાની કહે છે કે હે આત્મા ! રત્નત્રયી વિના તને જીવનમાં ભારે ઉણપ લાગવી જોઈએ. ગમે તેટલો વૈભવ હોય પણ એક રત્નત્રયી ન હોય તો સમકિતી આત્મા તેને તણખલા સમાન ગણે. રત્નત્રયી વિના સમકિતી આત્માને જીવન એકાર લાગે. આ જીવનમાં પ્રાપ્ત કરવા જેવું કાંઈ હોય તો રત્નત્રયી છે. રત્નત્રયી આત્માને શાશ્વત શાંતિ આપે છે.

રત્નત્રયી પ્રાપ્ત કરવાની લગની લાગી છે એવા આનંદ શ્રાવકે ચોથું વ્રત સ્વદારા સંતોષીએ તે અંગીકાર કર્યું. એટલે તેમની પત્ની શિવાનંદા તે સ્વદારા, તે સિવાયની બધી બેનો માતા અને બેન સમાન. ચોથું વ્રત ફક્ત એક કરણ અને એક યોગથી પાળવાનું હોય છે એટલે કે પરસ્ત્રી સાથે સોયદોરાના ન્યાયથી કાયાથી મૈથુન સેવવું નહિ એટલી બંધી આ વ્રતમાં હોય છે. ચાર ગતિમાં મૈથુન સંજ્ઞા મનુષ્ય ગતિમાં વધારે હોય છે. મૈથુન સેવન કરતાં અસંખ્યાતા સમુચ્છિમ મનુષ્યોની અને ઉત્કૃષ્ટ નવ લાખ સંજ્ઞી ગર્ભજ મનુષ્યોની હિંસા થાય છે, તેથી ઘણાં કર્મો બંધાય છે; માટે વ્રતમાં આવવાની જરૂર છે. આ વ્રતમાં મુખ્ય બે વાત સમજવાની છે. જીવનભર પરસ્ત્રીનો સંપૂર્ણ ત્યાગ કરવો અને પોતાની પત્નીમાં સંતોષ માનવો. તેમાં પણ બને તેટલું બ્રહ્મચર્ય પાળવું. જેટલું બ્રહ્મચર્ય પાળશો તેટલો આત્મા ઊંચો આવશે. કદાચ શરીર પાતળું હોય પણ જો જીવનમાં બ્રહ્મચર્ય હશે તો તેની શક્તિ ખૂબ વધશે અને કદાચ શરીર જાડું હોય પણ જો બ્રહ્મચર્ય નથી તો તેની તાકાત ખલાસ થઈ જાય છે. બ્રહ્મચર્યનો પ્રભાવ અલૌકિક છે-

देव दानव गंधव्वा, जक्ख रक्खस किण्णरा ।
बंभयारि नमंसंति दुक्करं जे करंति तं ॥ ઉ.અ.૧૬.ગા.૧૬

બ્રહ્મચર્ય વ્રત પાળે છે તેમને દેવ, દાનવ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, કિન્નર બધા દેવો નમસ્કાર કરે છે. શીલ એ ધર્મનો સાચો શણગાર છે. શીલની સાધના વિના કોઈ

પણ ધર્મનો યોગ દીપતો નથી. આપણા પ્રભુએ જીવોના કલ્યાણ માટે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. દાન ધનાદિના ઉપયોગથી સાધ્ય છે. તપ શરીરથી સાધ્ય છે. શીલ ઇન્દ્રિયોના સંયમથી સાધ્ય છે અને ભાવ એ મનના વશીકરણથી સાધ્ય છે. જગતમાં જે વિટંબણાઓ છે તે ઇન્દ્રિયોની સ્વચ્છંદતાનું પરિણામ છે. સામાન્ય અર્થમાં શીલ એટલે બ્રહ્મચર્ય. પરસ્ત્રી ત્યાગ અને સ્વસ્ત્રી સંતોષ છે. વિશાળ અર્થમાં એક પણ ઇન્દ્રિયનો અસંયમ તે અશીલ છે અને ઇન્દ્રિયોનો સંયમ તે શીલ છે.

આત્માએ આત્માના સ્વભાવમાં રમવું તેનું નામ શીલ. જેને પોતાના સ્વભાવમાં આવવાનું મન થાય તેને પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે તિરસ્કાર છૂટે. વિષયો સંસારમાં રખડાવનાર છે તેમ તેને લાગે. વિષયોનો રસ બેઠો છે ત્યાં કષાયોનો જુલમ ચાલે છે. મૈથુન સંજ્ઞા. વિષયોનો રસ ચાર ગતિમાં છે. જીવ નરકગતિમાં ગયો ત્યાં સ્ત્રી વેદ કે પુરૂષ વેદ નથી. માત્ર નપુંસક વેદ છે. બધા નારકી નપુંસક હોય છે છતાં તેમને કામની આગ લાગેલી છે. દેવગતિમાં ગયો ત્યાં અમુક દેવલોક સુધી કામવાસના છે. તિર્યંચ ગતિમાં પણ મૈથુન સંજ્ઞા છે અને મનુષ્યભવમાં પણ છે. અનંત પુદ્ગલ પરાવર્તન કાળથી જીવ ભોગનો ભિખારી બની ભટકયો છે. હવે સ્વદારા સંતોષીએ એટલા વ્રતમાં આવો તો જે પાપનો પ્રવાહ આવી રહ્યો છે તે રોકાઈ જશે. આ જન્મ પામીને એટલો તો નિર્ણય કરો કે હું સંપૂર્ણ વ્રત લઈ શકું તેમ નથી તો મરતા પહેલાં તેના પગથીયે તો ચઢતો જાઉં. કામશત્રુને દબાવતો જાઉં. તેના પર વિજય મેળવતો જાઉં. આ જીવે સાંભળ્યું છે તો ઘણું છતાં વ્રત ગ્રહણ કેમ કરી શકતો નથી ?

આત્મશાંતિ માટે ફકીરે બતાવેલ ઇલાજ : એક જિજ્ઞાસુ માણસે ફકીરને કહ્યું–ફકીરજી ! હું આ દુનિયામાં બહુ ફર્યો, બહુ રખડયો છતાં મને શાંતિ મળતી નથી. આપ મને આત્મશાંતિનો સંદેશો સમજાવી શકશો ? મારે આપની પાસે એ વાત સમજવી છે. યુવકના મુખ સામે જોતાં ફકીરને લાગ્યું કે આ ભાઈ ખૂબ જિજ્ઞાસુ છે. એટલે કહ્યું–ભાઈ ! જો તારે આત્મશાંતિનો સંદેશો જાણવો છે તો આજે સાંજે આ ગામના પાદરમાં કૂવો છે ત્યાં આવજે. ભલે, ફકીરના કહ્યા પ્રમાણે તે ટાઈમસર કૂવા કાંઠે પહોંચી ગયો. ફકીર પણ ત્યાં આવી ગયા હતા. તે બે સિવાય કૂવા પર કોઈ ન હતું. ફકીરે એક ડોલને દોરડું બાંધી કૂવામાં ઉતારી પછી જિજ્ઞાસુને કહે–અહીં આવ. તું કૂવામાં જો, ડોલ પાણીથી ભરાઈ ગઈ લાગે છે ? હા, ગુરૂદેવ ! તું હવે એ ડોલને ઉપર ખેંચી લે. ડોલ ઉપર આવી ત્યારે તેમાં ટીપું ય પાણી ન હતું, પછી ફરી વાર ડોલ કૂવામાં નંખાવી. નાંખે ત્યારે ભરેલી લાગે પણ ઉપર પાછી ખેંચે એટલે ટીપું ય પાણી ન હોય. ૨૦ થી ૨૫ વાર ફકીરે આ રીતે કરાવ્યું એટલે જિજ્ઞાસુ અકળાઈ ગયો. તેના મનમાં થયું કે ૫૦૦ વાર આ ડોલને કૂવામાં નાંખશો તો ય પાણીથી ભરાવાની નથી છતાં આ ફકીર કોણ જાણે આ દ્વારા મને શું સમજાવવા માંગે છે ?

અકળામણના ઉકેલ માટે જિજ્ઞાસુની જોરદાર જિજ્ઞાસા : છેવટે જિજ્ઞાસુએ કહ્યું–ગુરૂદેવ ! આખી જિંદગી સુધી આપ ડોલ કૂવામાં નાંખશો ને બહાર કાઢશો તો ય ટીપું પાણી પણ મળવાનું નથી કારણ કે ડોલના તળિયામાં ૨૦–૨૫ કાણાં છે પછી તેમાં પાણી કેવી રીતે ટકે ? આપ શા માટે આવી ખોટી મહેનત કરો છો ? જિજ્ઞાસુની આ વાત સાંભળતા ફકીર ખીજાઈ ગયા. મેં તને–કામ બતાવ્યું તેમાં તારે દલીલ કે અપીલ નહિ કરવાની. હું કહું તેમ તારે કરવાનું. આટલી વારમાં તું અકળાઈ ગયો. એક દિવસની ધીરજ રાખવાની તારી તૈયારી નથી ! ચાલ્યો જા અહીંથી. હવે અહીં આવીશ નહિ. તું જાણવાને લાયક નથી. મને ખબર હોત કે તારામાં આટલી બધી અધીરાઇ છે તો હું તને આ વાત સમજાવવા માટે પ્રયત્ન ન કરત. જિજ્ઞાસુ કહે–ગુરૂદેવ ! મારી ભૂલ થઈ ગઈ. હું આપની માફી માંગુ છું. હવે આપ જેમ કહેશો તેમ કરીશ. ફરી વાર તે જિજ્ઞાસુને કહ્યું તું ડોલ કૂવામાં નાંખ અને પાછી કાઢ. લગભગ સો વાર આ રીતે ડોલ કૂવામાં નાંખી અને પાછી કાઢી છતાં જિજ્ઞાસુ એક શબ્દ બોલ્યો નહિ. તે સમજ્યો કે આ રીતે કરવામાં ગૂઢ રહસ્ય હશે. ગુરૂને જેમ યોગ્ય લાગે તેમ કરે. ફકીર સમજી ગયો કે હવે તેનામાં સમતા, ધૈર્યતા આવી છે તેથી એક શબ્દ પણ બોલતો નથી.

વાસનાઓનો વિરામ એ શાંતિનું ધામ : ફકીરે જિજ્ઞાસુને કહ્યું– ભાઈ ! તું આ ડોલ કૂવામાં નાંખે છે છતાં પાણી ભરાતું નથી તેમાં દોષ ડોલનો કે કૂવાનો ? ગુરૂદેવ ! કૂવો તો પાણીથી છલોછલ ભરેલો છે એટલે દોષ કૂવાનો નથી પણ ડોલનો છે. ડોલના આખા તળિયામાં કાણાં પડયા છે એટલે પાણીમાં મૂકો ત્યારે ભરેલી દેખાય પણ ઉપર ખેંચીએ એટલે ખાલી. ડોલ કાણી છે એટલે પાણી આવતું નથી માટે દોષ ડોલનો છે. બસ, આ જ રીતે જીવનનું છે. તું બે મહિનાથી શાંતિની શોધ માટે ફરે છે. તને શાંતિ મળી ખરી ? ના. શાંતિ બહાર શોધવા કરતાં આત્મામાં તું શોધ. કાણાં વાળી ડોલ જેવી વાસનાઓ છે અને દુનિયાની તમામ સામગ્રીઓ કૂવા જેવી છે. એક જન્મ નહિ પણ કેટલાય જન્મો સુધી આ સામગ્રીઓના ભોગવટા દ્વારા વાસનાને તૃપ્ત કરવા પ્રયત્નો કર્યા છે પણ હજુ સુધી એ વાસનાઓ તૃપ્ત થતી નથી કારણ કે તેમાં દોષ કૂવા સમાન સામગ્રીઓનો નથી પણ ડોલ સમાન વાસનાઓનો છે. અજ્ઞાની જીવો એમ માને કે મારી પાસે સામગ્રીઓ ઓછી છે એટલે વાસનાઓ પૂરી થતી નથી. આ ગણિતથી આત્મા સામગ્રીઓ વધારવાની મહેનતમાં પોતાની અણમોલી જિંદગી પૂરી કરી દે છે. નાની રૂમમાં રહેતા હતા. પરિવાર વધતા ત્યાં અશાંતિ લાગી એટલે બ્લોક લીધો. આવક ઓછી છે એટલે આવક વધારવા પુરૂષાર્થ કર્યો. દશ જોડી કપડાં હોવા છતાં એમાં મનને આનંદ ન લાગ્યો. તો બીજા વીસ જોડી કપડાં વસાવ્યા. આખી ભારતની મુસાફરી કરી છતાં સંતોષ ન થયો તો દુનિયાની સફરે ઉપડયા.

કૂવામાંથી પાણી મેળવવું છે તો કાણાવાળી ડોલને બદલી નાંખો તો જરૂર પાણી

તેમાં ભરાશે પણ આજના જીવો ડોલ બદલવાને બદલે જાણે કૂવાઓ ન બદલાતા હોય તેવી કાર્યવાહી કરતા હોય તેવું દેખાય છે. પરિણામે તે જીવો દુઃખી થાય છે છતાં દુઃખના મૂળ તરીકે વાસના દેખાતી નથી પણ સામગ્રીઓની અધૂરાશ દેખાય છે. દોષ સામગ્રીઓની અલ્પતાનો નથી પણ વાસનાનો છે. બસ જો આ વાત બરાબર સમજાઈ જાય તો આત્મશાંતિનો માર્ગ દૂર નથી. વાસનાના આ ગણિતને બરાબર નજર સામે રાખીએ તો સમજાશે કે અનંતકાળની વાત તો બાજુમાં રાખીએ પણ આ જન્મમાં કેટલી કેટલી સામગ્રીઓ મળી છે છતાં તેના ભોગવટાથી જીવને તૃપ્તિ થઈ હોય એવું દેખાતું નથી. ડોલ કૂવાના પાણીમાં છેક નીચે ગઇ ત્યારે તે ભરાયેલી લાગતી હતી પણ ઉપર આવતા તો ખાલી થઇ જતી હતી. એ રીતે સામગ્રીઓના ભોગવટામાં થોડી વાર તૃપ્તિનો અનુભવ થાય પણ થોડા સમયમાં પાછી એ અતૃપ્ત વાસનાઓ હેરાન કર્યા કરે. આવા અનુભવ બે ચાર વાર નહિ પણ કેટલીય વાર થયા છતાં એ રસ્તો છોડવાનું મન થતું નથી. આ વાત જો બરાબર મગજમાં ઠસી જાય તો ચોથા વ્રતનું પાલન સરળ બની જાય.

બાર વ્રતમાં ચોથા વ્રતને સાગરની ઉપમા આપી છે. વાસનાઓ પર જેણે વિજય મેળવ્યો છે તે આત્માઓને માટે આ વ્રત કઠીન નથી. સર્વ વ્રતોમાં શીલ વ્રત એ શ્રેષ્ઠતમ છે. મનુષ્ય જીવનમાં ચારિત્રનું જેટલું મૂલ્ય આંકીએ એટલું ઓછું છે. શીલ અને સદાચારની સુરક્ષા કાજે સંગ્રામ ખેલવાનો અને જાણીજાણીને ઝેરની પ્યાલી ગટગટાવી જવાનો એક સુવર્ણ યુગ તો જાણે વર્ષો પૂર્વે આથમી ગયો. એ સુવર્ણયુગની સવાર પુનઃ ક્યારે ખીલશે ? એ સુવર્ણયુગના ઇતિહાસની એક પરાક્રમી વાત છે; જેમાં સગાઇથી પણ સવાઈ ગણાતી શીલ રક્ષા કાજે ખૂનખાર જંગ ખેલાયા છે.

રાજસ્થાનમાં જેસલમેર અને બાડમેર ગામની આ વાત છે. બાડમેરમાં કીર્તિસિંહની રાજ્ય તરીકે ખૂબ બોલબાલા હતી. તેમને બે પુત્રીઓ હતી. રૂપાદેવી અને વિમળાદેવી. બંને દીકરીઓ ખૂબ રૂપવાન હતી. મોટી દીકરી રૂપાદેવીના લગ્ન થઈ ગયા હતા. નાની દીકરી માટે સારા કુમારની શોધ ચાલતી હતી. શોધતાં શોધતાં બધાની નજર જેસલમેર રાજાના પાટવીપુત્ર પર પડી. આ પુત્ર ગુમાનસિંહ રૂપે રંગે સારો હતો પણ સાવ નાલાયક અને નિષ્ઠુર હતો. દારૂમાં ચકચૂર રહેતો હતો. તેની અંદરની આ વાતની કોઈને ખબર ન પડી. રૂપરંગમાં સારો જોઈને વિમળાદેવીનું સગપણ કરી દીધું. છોકરો જોવા જનારાઓએ એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે જે દારૂમાં ચકચૂર હોય એવો છોકરો પાસ ન કરવો જોઈએ. અરે, મહિનામાં એકાદ વાર પીતો હોય તો પણ પાસ ન કરવો. આજે એક વાર પીવે છે પછી ભવિષ્યમાં મહિનામાં ચાર, છ, દશ વાર પીતો થઈ જશે. આવા વ્યસની છોકરા સાથે પરણવાથી છોકરીની જિંદગી બરબાદ થઈ જાય છે.

વિવાહ મંડપમાં વિષયાસક્તિએ વાવેલા વિષના વાવેતર : વિમળાદેવીના લગ્ન નક્કી થયા. ગુમાનસિંહ ધામધૂમથી ઠાઠમાઠથી પરણવા આવે છે. અહીં રાજદરબારમાં

પણ ખૂબ ઉત્સવ છે. નૃત્યકળા, સંગીતકળા આદિ જલસો મચી રહ્યો છે. આ કુમાર પરણવા આવ્યો ત્યારે પણ દારૂ પીને નશો ચઢાવીને આવ્યો છે. તેની આંખો પરથી રાજા સમજી ગયા કે આ નશો ચઢાવીને આવ્યો લાગે છે. જોવા જનારે શું જોયું ? છોકરાના રૂપરંગ જોયા ? દારૂમાં ચકચૂર રહે છે એ કાંઈ જોયું નથી લાગતું ? પહેલાનો જમાનો એ હતો કે સગપણ કર્યું એટલે ત્યાં પરણાવવી જ પડે. લગ્ન સમારંભનો મોટો જલસો ઉજવાઈ રહ્યો છે. નર્તકી નાચ કરી રહી હતી. દારૂના નશામાં ચકચૂર બનેલો ગુમાનસિંહ નર્તકીને મોહી ગયો. એના સૌંદર્યનું પાન કરતા કરતા તેણે એના મિત્રને કહ્યું– મિત્ર ! વન ઉપવનમાં નહિ, ઉકરડામાં પણ કયારેક કેવા સુંદર ફૂલો ખીલતા હોય છે. આ નર્તકીના સૌંદર્યની સરખામણીમાં કોઇ ઊભું રહી શકે એમ દેખાતું નથી. ઉચ્ચ ગણાતા કુળો આગળ નર્તકીનું કુળ તો ઉકરડા જેવું જ ગણાય ને ? આ નર્તકી કેવી સૌંદર્યવાન છે ! મને એમ થાય છે કે હું એને રાજમહેલમાં લઈ જાઉં ! આ સમયે જો સારો મિત્ર હોત તો પ્રેરણાનું પાણી છાંટીને વાસનાની આ ચિનગારીને ઓલાવી દેત પણ આ કલ્યાણમિત્ર ન હતો. તેણે તો પ્રગટેલી ચિનગારીમાં ઘી નાંખ્યું. મિત્ર ! આ નર્તકીનું રૂપ તો કાંઈ નથી. આનાથી કંઇ ગણું ચઢી જાય એવું અથાગ રૂપ તમારી સાળી રૂપાકુમારીનું છે. આપની પત્ની વિમળદેવી જો કે રૂપનો ભંડાર છે પણ એની મોટી બેન રૂપાદેવી તો સૌંદર્યની સૃષ્ટિની સૌથી શ્રેષ્ઠ સામ્રાજ્ઞી છે.

ગુમાનસિંહની કુદૃષ્ટિએ કરેલો કાળો કેર : એક તો દારૂનો નશો ચઢેલો હતો. તેમાં આ ચિનગારી ચંપાઈ. વાસનાની ધગધગતી જ્વાળાઓમાંથી જાણે આદેશ છૂટયો. અત્યારે ને અત્યારે મારે રૂપાદેવીને જોવી છે. એને તરત હાજર કરો. આ પ્રસંગ પછી આગળ વધશે. આ સાંભળતા બધા સજ્જડ થઈ ગયા. તે વિમળદેવીને પરણવા આવ્યો છે તો એને રૂપાદેવીને જોવાની શી જરૂર ? પણ વરરાજાનું વચન કેવી રીતે ઉલ્લંઘન થાય ? તરત રૂપાદેવી હાજર થઇ પણ એને કલ્પના ય ન હતી કે હું એક ભોગ ભૂખ્યા સિંહની સામે જઈ રહી છું. તેનાં મનમાં તો કોઇ પાપ ન હતું એટલે આવી કલ્પના આવે જ કયાંથી ? રૂપાદેવી મંડપમાં આવી પણ ત્યાંનું વાતાવરણ જોતાં તેના હૃદયમાં ધ્રાસકો પડયો. તેણે કહ્યું– મને અહીં કોણે બોલાવી છે ? મને જોવાની શી જરૂર છે ? તારા બનવીએ તને બોલાવી છે. રૂપાદેવી કંઇક વિચાર કરવા જાય ત્યાં ભાન ભૂલેલા ગુમાનસિંહે તેની આંગળી પકડી.

આ રૂપાદેવી કાંઇ જેવી તેવી ન હતી. શીલની રક્ષા માટે પ્રાણ છોડવા એ તો તેને માટે સામાન્ય હતું. તેણે એક ઝાટકે હાથની આંગળી ખેંચી લીધી. તેનું શૌર્ય એકદમ ઉછળ્યું. તેને કહેવા લાગી અરે, અભાગીયા ! તું શું સમજે છે ? જરાય શરમ છે કે નહિ ! રાજકુમાર થઈને ય વિવેક મર્યાદાનો બારખડીનો પહેલો અક્ષર પણ ઘૂંટયો નથી લાગતો ? લાજ મર્યાદાને નેવે મૂકી મોતને ભેટવા નીકળ્યા છો ? ખબરદાર ! મારા અંગને અડયા છો તો ? તમારા સ્પર્શથી મારી આંગળી અભડાઇ ગઇ છે. અરાબ

થઇ ગઈ. તારો સ્પર્શ મારી આંગળીમાં રહે તો એ આખા શરીરમાં પહોંચી જાય. હવે બતાવી દઉં તને! એમ કહી તલવારથી તે આંગળી કાપી નાંખી અને તેમાંથી જે લોહી નીકળ્યું તે ગુમાનસિંહના શરીર પર છાંટયું અને ગર્જનાથી બોલી, તમારા પાપનું પ્રાયશ્ચિત હું ન કરું તો મારો ધર્મ લાજે. જે આંગળીને તમારા વિકારનો ચેપ અડયો એ આંગળીને હું કાપી ન નાંખું તો આખું શરીર કદાચ ચેપથી ઘેરાઇ જાય. લોહીના આ છાંટણા તમારા ઉપર મેં એટલા માટે નાંખ્યા છે કે લોહીની આ લાલાશ ધોતા ધોતા તમારા કાળજાની કાળાશ ધોવાની પ્રેરણા મળે. આ દૃશ્ય જોતાં ગુમાનસિંહને તો ધરતીમાં સમાઇ જાય તેવું થયું. કાપો છતાં લોહી ન નીકળે તેવી સ્થિતિ થઇ.

બહાદુરસિંહે બતાવેલું પરાક્રમ : આવો પ્રસંગ બનતા લગ્નના રંગમાં ભંગ પડયો. કીર્તિસિંહ રાજાનો આનંદ ઓસરી ગયો. જેમ તેમ કરીને મામલો થાળે પાડયો. રૂપા ત્યાંથી જતી રહી અને વિમળદેવીના લગ્ન થયા. આ લગ્નમાં હવે શું આનંદ હોય! જેમ તેમ કરીને મંગળફેરા ફેરવી દીધા અને લગ્ન પતાવ્યા. જાનને અને દીકરીને વિદાય આપી. રાજા ખૂબ રડયા. વિમળદેવીના અંતરમાં જરાય આનંદ ન હતો પણ હવે ગયા વગર છૂટકો ન હતો. તે પણ માનતી હતી કે મારા પતિએ જે પાપ કર્યું છે એની શિક્ષા તો એને જરૂર મળવી જોઈએ. મારી બહેનનો પતિ કાંઈ બાયલો નથી કે શીલ ધનને લૂંટવાની ચેષ્ટાને તે મૂંગે મોઢે સહન કરી લે. સમાચાર મળતા જરૂર એ મારતે ઘોડે આવશે. જાન અડધા રસ્તે પહોંચી હશે ત્યાં રૂક જાવ, તૈયાર થાવ. એવો અવાજ આવ્યો. જાન વિદાય થયા પછી રૂપાદેવીનો પતિ બહારગામથી આવી ગયો. રૂપાની આંગળી કપાયેલી જોઈને પૂછયું આ બધું શું? રૂપાએ બનેલી સત્ય વાત કહી દીધી તેથી તે મારતે ઘોડે લશ્કર લઇને જાનની પાછળ ગયો. દૂરથી જાનને જતી જોઈને તેણે અવાજ કર્યો કે રૂક જાવ.

શીલનો સપુત એવો બહાદુરસિંહ ત્યાં જઇને કહે છે કે શીલધર્મની ધજા સાથે અડપલું કરનારને જો સજા ન થાય તો આ પૃથ્વી પાપોથી ઉભરાઇ જાય. તું મર્દ હોય તો આવી જા મેદાનમાં! પરનારી ઉપર કુદૃષ્ટિ અને કુચેષ્ટાનો પરચો જોવો છે ને? સગાઇને ભૂલી જઈને ધર્મ ખાતર એ લડાઇ લડવા આવ્યો હતો. બંને વચ્ચે સામાસામી લડાઇ થઈ. ગુમાનસિંહના પક્ષમાં તો જાનૈયા હતા. લશ્કર હતું નહિ અને બહાદુરસિંહ તો લશ્કર લઈને આવ્યો હતો તેથી ગુમાનસિંહ તેની સામે ટકી શકયો નહિ. યુદ્ધમાં ખૂબ ખરાબ રીતે ઘવાયો, પીસાયો અને એ જ યુદ્ધભૂમિ એના માટે મૃત્યુભૂમિ બની ગઈ અને પરણ્યાના પાનેતરે નિર્દોષ વિમલદેવી વિધવા બની.

સાળી પાસે ક્ષમા માંગતા બહાદુરસિંહ : બહાદુરસિંહે વિમલદેવી પાસે આવીને માફી માંગતા કહ્યું—મારી બેન સમી સાળી! મેં તમારો અક્ષમ્ય અપરાધ કર્યો છે. હું આપની પાસે માફી માંગુ છું. ધર્મની સગાઈ સાચવવા મેં સંસારની સગાઈને વધેરવાનું કામ કર્યું છે અને તમારા પતિદેવને....આટલું બોલતાં બોલતાં તેને ડૂમો

ભરાઈ આવ્યો અને ચોધાર આંસુએ બહાદુરસિંહ નાના બાળકની જેમ રડી પડયો. ધર્મની લડાઈ ને વેરની વડવાઈ ઉગવાનું નિમિત્ત બનવા દે એવી આ વિમળદેવી નહોતી. તેણે કહ્યું–ધર્મના અવતાર સમા મારા બનેવી ! માફી આપવા જેવો કોઈ અપરાધ તમે કર્યો નથી પણ પ્રશંસા પામે એવું કર્તવ્ય તમે કર્યું છે. જે ઇતિહાસના પાને સોનેરી અક્ષરે અંકિત થશે. તમારા તો જેટલા ઓવારણાં લઉં તેટલા ઓછા છે. એક સતી તરીકે મારા પતિદેવનું હું વાંકું બોલું એ યોગ્ય ન ગણાય છતાં હું કહું છું કે આપે જે કાર્ય કર્યું છે તે માફી આપવા જેવું નહિ પણ માન આપવા જેવું કર્યું છે.

પ્રાણ છોડયા પહેલા વિમળદેવીનો અંતિમ સંદેશો : હવે મારી ઇચ્છા એ છે કે પતિની કાયામાં છાયાની જેમ સમાઈ જાઉં. મારી નાની ઉંમરમાં શીલ સાચવવું એ જોખમભર્યું છે તેથી શીલની રક્ષા કરવી મારી એ ઇચ્છા છે. મારો ધર્મ પણ એ છે. બહાદુરસિંહ કહે–બહેન ! એક નહિ, અનેક અરમાનોનું સન્માન કરવા હું તૈયાર છું. તારા જેવી સતી નારી માટે મારા પ્રાણ આપવા તૈયાર છું. વિમળાદેવીએ કહ્યું–મારી અંતિમ ઇચ્છા મારી મોટી બેનને મળવાની છે વિમળદેવી આ વાકય બોલે છે ત્યાં રૂપાદેવી બહેનની સામે આવીને ઊભી રહી. તેનો પતિ અહીં આવ્યો ત્યારે તેના પગલે પગલે રૂપાદેવી પડછાયો બનીને અહીં આવી હતી. બંને બહેનો છાતી સરસી ભેટી પડી, પછી વિમળદેવીએ કહ્યું–મારી વહાલી બેન ! તું ઘેર જઈને પિતાજીને મારા વતી એટલો સંદેશો આપજે કે આપની નાની દીકરીને આખી જિંદગી સુધી સાચવવી ભારે પડે તેથી અને તેના શીલની રક્ષા ખાતર તેણે પોતાના પ્રાણની આહુતિ આપી છે. માતાપિતાને મારા છેલ્લા વંદન કહેજે–રૂપાદેવી કહે બહેન ! તું સતી થાય એ પહેલા મારી એક વિંનતી સ્વીકારીશ ? સતી થવાની તારે પસંદગી કરવી પડી એનું મૂળ કારણ હું પોતે છું. મેં મારા પતિદેવને લગ્નમંડપમાં બનેલો આ બનાવ કહ્યો ન હોત તો તારો સંસાર આમ અકાળે સળગી ન જાત ! કુલ સમી કોમળ બેન ! તારે આ રીતે કરમાઈ જવાનો પ્રસંગ ન આવત. મેં તારો મોટો અપરાધ કર્યો છે. લે આ તલવાર. તું સતી પછી થજે. તે પહેલા મારું અને તારા બનેવીનું માથું ધડથી ઉડાવી દે.

બહાદુરસિંહ જ્યારે અહીં આવ્યો ત્યારે એ સમજતો હતો કે હું ગુમાનસિંહને મારીને વિમળદેવીને પરણ્યાના દિવસે રંડાપો આપીશ તો વિમળદેવી મને માફ કરશે કે કેમ ? એ તેના મનમાં શંકા હતી તેથી એ પોતાની જાતનું બલિદાન દેવું પડે તો દઈ દઈશ એ તૈયારી સાથે આવ્યો હતો. એની પાછળ રૂપાદેવી આવી હતી પણ વિમળદેવી માટે ધાર્યા કરતાં જુદું નીકળ્યું. રૂપાદેવીએ કહ્યું–તું આ તલવારથી અમારા બંનેના મસ્તક ઉડાવી દે, ત્યારે વિમળદેવીએ કેવો સુંદર જવાબ આપ્યો ? "**કર્તવ્ય કાજે કાળને કાંડામાં ભરાવીને ધર્મયુદ્ધ ખેલનારા તમારા જેવા ધર્મવીરોથી આ ધરતી ધન્ય બની છે.**" અપરાધ વગર તમને શિક્ષા આપનાર હું કોણ ? હું વિષયોથી ચગદાઈને ભવિષ્યમાં અઘરિત કૃત્ય ન કરી બેસું તે માટે હું મોતને ભેટું છું એમ

કહીને બનેવીના હાથમાંથી તલવાર લઈને પોતાની જાતે છાતીમાં ખોસી દીધી અને પ્રાણનું બલિદાન દઈ દીધું. રાજપૂતોમાં પતિની પાછળ પત્ની સતી થાય એવો રિવાજ હતો પણ વિમળદેવીએ એ માટે નહિ પણ શીલ સાચવવા પોતાનું બલિદાન દઈ દીધું. એક આંગળીનો સ્પર્શ કર્યો એ માટે ધર્મયુદ્ધ ખેલાયા અને શીલની રક્ષા માટે બલિદાન દેવાયા. આવો જમાનો પહેલાનો હતો.

આજનો યુગ તો એવો વિષમ આવ્યો છે કે છોકરાનો મિત્ર છોકરી હોય અને છોકરીનો મિત્ર છોકરો હોય. આ બધા અધઃપતનના રસ્તા છે. બાકી બ્રહ્મચર્યનો-શીલનો પ્રભાવ અલૌકિક છે. શીલવ્રત પરલોકમાં સંસારના દુઃખો અને દુર્ગતિરૂપ પર્વતોને લાંબા સમય સુધી વજ્રની જેમ ભેદીને પરંપરાએ મુક્તિના સુખ આપનાર થાય છે. જેમ વેગ વિનાના ઊંચા ઘોડા પણ આનંદ આપનાર બનતા નથી તેમ શીલ વગરના મનુષ્યો લોકોમાં શોભાસ્પદ બનતા નથી માટે આપ ચોથા વ્રતમાં આવો. પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરો અને પોતાની પત્નીમાં સંતોષ માનવો. તેમાં પણ બને તેટલી મર્યાદામાં આવવું ચોથા વ્રતમાં ભગવાને આ ભાવ સમજાવ્યા. હવે પાંચમા પરિગ્રહ વ્રતમાં ભગવાન કેવા ભાવ સમજાવશે તે અવસરે.

ચરિત્ર : ગુણસુંદરને જોવા માટે જહેમત ઉઠાવતી રત્નસુંદરી : રત્નસુંદરીએ ગુણસુંદર કુમારને મળવા માટે કયા સમયે મળાય તે માટે અંગત માણસને મોકલ્યો પણ તે માણસ ત્યાંથી નિરાશ થઈને પાછો આવ્યો. તેણે એક જ વાત કરી કે તે કુમારના માણસોએ કહ્યું કે ગુણસુંદરને દેશ-પરદેશ ફરવાનો શોખ છે. સ્ત્રી પ્રત્યે કોઈ આસક્તિ નથી, તેથી તે કોઈ સ્ત્રીનું મુખ જોતાં નથી. રત્નસુંદરી વિચાર કરવા લાગી કે હવે કરવું શું ? તેને તો હવે ગુણસુંદરને જોવાનો કેડો લાગ્યો છે. તે તો દરરોજ ગેલેરીમાં ઊભી રહેતી. જ્યાં સુધી ગુણસુંદર કુમાર બહાર ન નીકળે ત્યાં સુધી ગેલેરીમાં ઊભી રહે, જ્યારે બહાર જાય અને જતાં દેખે પછી તે ઘરમાં આવે. ગુણસુંદર તો નીચી દૃષ્ટિએ ચાલ્યો જાય છે. તે તો ઉંચે દૃષ્ટિ કરતો નથી. ગુણસુંદરને જોતાં રત્નસુંદરીના મનમાં થયું કે છોકરો પ્રભાશાળી અને બુદ્ધિશાળી તો છે. તે નીચી દૃષ્ટિએ આવે છે ને જાય છે. કયાંય આડી અવળી નજર કરતો નથી. કેટલાક દિવસ સુધી રત્નસુંદરીએ એ રીતે ગુણસુંદરને જોયો એટલે તેનું આકર્ષણ આસક્તિમાં બદલાઈ ગયું. તે મનથી તેને ઈચ્છવા લાગી. રાત દિવસ તેના વિચારો મગજમાં ઘુમવા લાગ્યા. આસક્તિ અને આકર્ષણ એક ગજબ ચીજ છે. માનવીનું મન તેમાં એક વાર ફસાઈ જાય છે પછી તેમાંથી છૂટવું મુશ્કેલ બને છે.

રત્નસુંદરીની યુવાની ખૂબ ખીલેલી છે. તેનું રૂપ તો અથાગ છે. પૈસાની કમીના નથી. એકની એક દીકરી છે એટલે ખૂબ લાડકોડમાં ઉછરેલી છે. સ્વભાવમાં સ્વતંત્ર વિચારની છે. તે ગુણસુંદરીને રોજ જુએ ને વિચાર આવે. અહા ! શું તેનું યૌવન છે ! શું તેનું રૂપ છે ! તે ચાલે છે તો ય જાણે કેશરીસિંહ ચાલતો ન હોય ! તેનું મુખ પણ

કેવું સોહામણું છે! અહા! જો એ મારો પતિ બને તો સ્વર્ગ જાણે નીચે ઉતર્યું હોય એવું થાય! રાત્રે સ્વપ્નામાં પણ એના જ વિચારો આવતા. તેણે મનમાં નિર્ણય કર્યો કે ગમે તેમ કરીને ગુણસુંદરનો પરિચય તો કરવો.

રત્નસુંદરી ઝરૂખે ઊભી, ગુણસુંદરને નિહાળતી
ગુલાબનું ફૂલ નાંખતી, ગુણસુંદરને આશ્ચર્ય થાય હો...

એક દિવસ રોજના સમયે ગુણસુંદર ત્યાંથી નીકળ્યો ત્યારે તે ઝરૂખા પાસે ઊભી હતી. જેવો ગુણસુંદર ત્યાંથી નીકળ્યો કે તરત જ રત્નસુંદરીએ ઉપરથી બરાબર કુમારના માથા પર ગુલાબનું ફૂલ નાંખ્યું. ગમે તે વસ્તુ માથા પર પડે એટલે સ્વાભાવિક દૃષ્ટિ ઊંચે જાય. ગુણસુંદરના માથા પર ફૂલ પડયું એટલે એણે ઊંચે જોયું તો રત્નસુંદરીને જોઈ. તેના મનમાં થયું કે સ્ત્રીઓ આવું જ કરતી હોય છે અને ભલભલા પુરૂષોને ફસાવી દે છે. તેણે તો તે તરફ ધ્યાન ન આપ્યું. તરત જ ત્યાંથી નીચી દૃષ્ટિથી ચાલ્યો ગયો. પણ મનમાં વિચારવા લાગ્યો કે તે છોકરીએ ફૂલ શા માટે નાંખ્યું હશે! બીજે દિવસે પણ એ રીતે રત્નસુંદરીએ ગુલાબનું ફૂલ નાંખ્યું પણ ગુણસુંદરે ઊંચે જોયું નહિ. આ રીતે લાગલગાટ સાત દિવસ સુધી ગુલાબનું ફૂલ નાંખ્યું પણ ગુણસુંદરે તો જોયું ન જોયું કર્યું. રત્નસુંદરી વિચારવા લાગી કે આ જબરો લાગે છે. સાત સાત દિવસ તેના પર ફૂલ નાંખ્યું છતાં સામું જોતો નથી.

પથરાયેલા પ્રશંસાના પુષ્પો: આઠમે દિવસે રત્નસુંદરીએ બીજો કિમિયો શોધ્યો. તેને સંબંધ કરવો છે એટલે તેના બાપુજીને કહે છે! આપણા સામેના બંગલામાં બહુ હોંશિયાર વેપારી લાગે છે? બેટા! તું ગુણસુંદરની વાત પૂછે છે? હા, પિતાજી. બેટા! તેની તો શી વાત કરું! ઉંમરમાં નાનો છે પણ તેની હોંશિયારીથી આખા માણેકચોકમાં તેનો પહેલો નંબર આવે છે. આપણા ગામમાં મોટો વેપારી પુરંદર શેઠ છે. તેના કરતાં ગુણસુંદરની દુકાને ઘરાકોની ભીડ વધુ જામે છે. શું તેની વેપાર કરવાની બુદ્ધિ અને કળા છે! આખા માણેકચોકમાં નહિ પણ સારા ગોપાલપુરમાં તેની પ્રશંસાના પુષ્પો પથરાઈ રહ્યા છે. પિતાજી! જો તે આટલો બધો હોંશિયાર છે તો આપ તેમને આપણા ઘેર જમવાનું આમંત્રણ આપો ને! છોકરી કયા ભાવથી કહે છે તે રત્નસાર શેઠને ખબર નથી.

રત્નસાર શેઠ કહે બેટા! તને આ વિચાર સારો સૂઝયો. આ વિચાર તને કેમ આવ્યો? પિતાજી! તે ખૂબ હોંશિયાર વેપારી છે. વળી તે પરદેશી છે તો આપણે વેપારી તરીકે આપણા ઘેર બોલાવવો જોઈએ. દીકરી! તારી વાત સાચી છે. તેની સાથે સંબંધ બાંધવામાં લાભ છે. તે આપણે ત્યાં જમવા આવે તો આપણે તેની નજીકમાં જઈએ. તેની સાથે સંબંધ વધે. પ્રેમ વધે, ભલે. આપણે તેને જમવાનું આમંત્રણ આપીશું પિતાએ હા પાડી તેથી રત્નસુંદરીને ખૂબ આનંદ થયો. હવે રત્નસાર શેઠ ગુણસુંદરને જમવાનું આમંત્રણ આપવા જશે ને શું બનશે તે ભાવ અવસરે.

ભાદરવા સુદ ૧ને રવિવાર : વ્યાખ્યાન નં. ૭૧ : તા. ૧૫-૯-૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અવનીના અણગાર, શાસનના શણગાર, આગમના રત્નાકર, દર્શનના દિવાકર એવા જિનેશ્વર ભગવાનની વાણી સાંભળીને આનંદ ગાથાપતિને પોતાના આત્માની ઓળખાણ થઈ. તેમના દિલમાં એ ભાવ આવ્યો કે અહો ભગવાન ! અત્યાર સુધી અજ્ઞાન દશામાં સંસારના અનેક પદાર્થોની ઓળખાણ કરી, બધાની પિછાણ કરી પણ આત્માની ઓળખાણ કરી નહોતી. હવે કલ્પવૃક્ષ, રત્નચિંતામણી જેવા પ્રભુ ! આપની વાણીથી મને આત્માનું સ્વરૂપ સમજાયું છે. તમે કોઈક દિવસ તો એકાંતમાં બેસીને વિચાર કરો કે "કે અહં આસિ ? કે વા ઇઓ ચુઓ ઇહ પેચ્ચા ભવિસ્સામિ ? " હું કોણ હતો ? કયાંથી આવ્યો છું અને અહીંથી મરીને પરલોકમાં કયાં જવાનો છું ? મારું સ્વરૂપ શું છે ? અરે કંઈક જીવોને એટલું પણ જ્ઞાન નથી કે હું આત્મા છું, તેવા આત્માઓને પૂછવામાં આવે કે ભાઈ ! તમે કોણ છો ! ત્યારે તે શું કહેશે ? હું આટલી સંપત્તિનો માલિક ફલાણા શેઠ ! હું આટલી મિલોનો ધણી ! હું આ ફેકટરીનો મેનેજર ! હું આ ગામનો વતની ! હું પી. એચ. ડી.ની ડીગ્રીવાળો ! અરે, મારું નામ તો જગજાહેર છે. મને તો બધા ઓળખે. આપે મને ન ઓળખ્યો કે હું કોણ છું ? આ બધી કોની ઓળખાણ આપી ? દેહની કે આત્માની ? મારો આત્મા અનંત શક્તિનો ધણી. શહેનશાહનો શહેનશાહ અને ચક્રવર્તીનો પણ ચક્રવર્તી ! એવી આત્માની ઓળખાણ કયારે પણ આપી છે ? અનંત જ્ઞાનદર્શનનો ખજાનો આત્મામાં ભરેલો છે. સુખમાં જરા પણ દુઃખ ન હોય એવું સુખ જોઈતું હોય તો આત્માની દુકાનેથી મળશે. પંચ પરમેષ્ટી પદનો પરમ વૈભવ આત્મામાં ભરેલો છે. સ્વર્ગનો મોટો ઇન્દ્ર હોય કે મોટો ચમરબંધી સમ્રાટ હોય કે પછી ભિખારી હોય પણ જેને આત્માની ઓળખાણ નથી આત્મસ્વરૂપનું ભાન નથી તે અજ્ઞાની છે.

એક વાર એક મુનિ રસ્તા પરથી જઈ રહ્યા હતા. સામેથી એક હૃષ્ટપુષ્ટ માનવી અભિમાનમાં અક્કડ થઈને આવી રહ્યો હતો. અજાણતાં તેને મુનિનો જરા ધક્કો વાગ્યો, તે ચમકયો અને એકદમ આવેશમાં આવીને બોલવા લાગ્યો કે અરે જોગટા ! તું જોતો નથી કે હું કોણ છું ? તને ખબર નથી ? સાધુને વંદન કરવાનું અને શાતા પૂછવાનું તો દૂર રહ્યું પણ તે તો આંખો કાઢીને મુનિની સામે બોલવા લાગ્યો. શાંતમૂર્તિ મુનિએ બધું સમભાવે સાંભળ્યું. તેના પર જરા પણ રોષ કે ખેદ ન કર્યો. તેને સામો જવાબ પણ ન આપ્યો. અગ્નિ સામે જળ આવે તો જવાળા પણ જળ બની જાય. મુનિ જળ જેવા ઠંડા ને શીતળ હતા. તેમની સમતાના પ્રભાવે પેલો માણસ ઠંડો પડયો ત્યારે મુનિએ કહ્યું– ભાઈ તું કોણ છે તે હું જાણું છું પણ તારે જાણવું છે કે તું કોણ છે ? સાંભળ. કાળા માથાનો માનવી ! તું આટલું બધું અભિમાન શા માટે કરે છે ? તને ભાન છે કે તું કયાંથી આવ્યો છે ?

તું કોણ છે ? : એક વખત અનાદિ નિગોદ અવ્યવહાર રાશીમાં હતો ત્યાં અનંતો કાળ વીતાવ્યો. નરક કરતાં નિગોદના દુઃખો વધારે છે. એક અંતર્મુહૂર્તમાં નિગોદના જીવો જઘન્ય એક ઉત્કૃષ્ટ ૬૫૫૩૬ ભવો કરે, પ્રત્યેક વનસ્પતિના જીવો જ–એક ઉ–૩૬૦૦૦ ભવો કરે. વિચાર કર કે ત્યાં જન્મ મરણના કેવા ભયંકર દુઃખો ! ત્યાંથી આગળ વધતાં તું પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરામાં આવ્યો, ત્યાં અસંખ્યાતો કાળ રહ્યો. પૃથ્વી પાણી અગ્નિ વાઉ એક અંતર્મુહૂર્તમાં જ–૧ ઉ–૧૨૮૨૪ ભવો કરે. ત્યાંથી અકામ નિર્જરા કરતા લઘુકર્મી થતાં બેઇન્દ્રિય શંખ, કોડા આદિમાં આવ્યો. તે જીવો અંતર્મુહૂર્તમાં જ–૧ ઉ–૮૦ ભવો કરે. ત્યાંથી કીડી મંકોડામાં આવ્યો. તે જીવો જ–૧ ઉ–૬૦ ભવો કરે, ત્યાંથી ચૌરેન્દ્રિય માંખી, મચ્છર, ડાંસ, પતંગિયા આદિમાં આવ્યો, ત્યાં તે જીવો જ–૧ ઉ–૪૦ ભવો કરે, ત્યાંથી અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ગયો, ત્યાં જ–૧ ઉ–૨૪ ભવો કરે, પછી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય સાપ, નોળીયા, વીંછી, સિંહ, હાથી, ઘોડા રૂપે થયો. સિંહ, વાઘ આદિ યોનિઓમાં ક્રૂર કર્મો કર્યા તેથી નરકમાં ગયો, ત્યાં ઘોર ભયંકર દુઃખો વેઠયા. પરમાધામીઓએ તારા બારીકમાં બારીક ટુકડા કર્યા, વૈક્રય શરીર એટલે પાછો તું પારાની જેમ ભેગો થઈ ગયો. આ રીતે ભયંકર દુઃખોમાં તેં ઓછામાં ઓછા દશ હજાર વર્ષો અને ઉ–૩૩ સાગરોપમની કેદ ભોગવી. આ રીતે અનંત કાળથી ભમતા એવી કોઈ ગતિ, કોઈ જાતિ, કોઇ યોનિ કે કુળ નથી કે જ્યાં જીવ ગયો ન હોય ! અરે ! વિષ્ટામાં કીડા રૂપે પણ ઉત્પન્ન થઇ આવ્યો છે.

હવે જરા સાંભળ. આ રીતે અનંત જન્મ મરણો કરી ચોર્યાશી લાખ જીવાયોનિમાં ભમી માતાના ગર્ભમાં આવ્યો. ગર્ભના કેટલા દુઃખો વેઠયા ! જ્ઞાની બતાવે છે કે જેમ કોઇ પુરૂષનું શરીર કોઢ તથા પતના રોગથી નીંતળતું હોય, તેને સાડા ત્રણ કોઠ સોય અગ્નિમાં ધખાવીને તેના સાડા ત્રણ કોઠ ઇંવાડામાં પરોવે, તેના ઉપર ખાર ને ચુનાના પાણી છાંટે, પછી આળા ચામડાથી મઢીને તડકે નાંખે ને દડાની જેમ અથડાવે તે સમયે કેટલી પીડા થાય ? આવી પીડા પહેલે મહિને ભોગવવી પડે તેથી બીજે મહિને બમણી અને નવમા મહિને નવ ગણી પીડા ભોગવી. અત્યારે તું શા માટે આટલું બધું અભિમાન કરે છે ? દેવોનું, ચક્રવર્તીઓનું કે રાજા રાવણનું પણ અભિમાન રહ્યું નથી તો પછી તારી શી વાત ! વનસ્પતિમાં તું ભાજીમૂળા રૂપે હતો ત્યારે ટકાનો ત્રણ શેર વેચાયો અને જ્યાં ત્યાં પગ નીચે ચગદાયો, ખુંદાયો એ તું જ છે ને ! નરકગતિમાં તેં પરમાધામીના ઘણા પ્રહારો ખાધા અને અત્યારે એક મુનિના સહજ ધક્કાથી તું આટલો બધો ગરમ થાય છે !

મુનિની જ્ઞાનભરી મર્મકારી, શાંત વાણી સાંભળીને પેલો તો આભો બની ગયો. ગુરૂદેવ ! મને માફ કરો. ક્ષમા કરો. હું મહાન અપરાધી છું. એમ કહીને તે મુનિના ચરણમાં પડી ગયો. **" ગુરૂદેવ ! આપના ધક્કાએ મારી ભવપરંપરાને ધક્કો માર્યો છે. "** આપે મને જાગૃત કર્યો છે. આજે મને મારી સ્થિતિનું ભાન થયું છે. હું હવે કંઇક સમજ્યો છું. આપ મને જાગૃત કરો ! જાગૃત કરો, ઉપદેશામૃત સીંચી

મારા આત્માનો ઉદ્ધાર કરો. હે કરૂણાસાગર ! આપે અમીદૃષ્ટિથી વાણીસુધાની વૃષ્ટિ કરી મને ભવદાવાનળમાંથી બળતો બચાવ્યો. મુનિ તો કૃપાનિધાન હતા. તેમણે મીઠી વાણીથી ઉદ્‌બોધન કરતાં કહ્યું હે ચેતન ! આત્મામાં અનંતી તાકાત છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચતુષ્ટયી અનંત કર્મોના ગાઢ આવરણથી દબાઇ ગયા છે અને આત્મા પુદ્‌ગલાનંદી બની ગયો છે. નરક નિગોદના અનંતા દુઃખો સહીસહીને લક્ષ ચોરાશીમાં ભમીને અકામ નિર્જરા કરતો કરતો મહાપુણ્યોદયે માનવ દેહ મળ્યો છે. વિપુલ રિદ્ધિસિદ્ધિમાં મ્હાલનારા દેવો પણ જે નરદેહની વારંવાર માંગણી કરે છે એ ઉત્તમ દેહ તું પામ્યો છે તો હવે પ્રમાદનો ત્યાગ કરી આત્મસાધના કરી લે. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર એવા ગૌતમ સ્વામીને પણ ભગવાન મહાવીર સ્વામી " खणं जाणाहि पंडिए, समयं गोयम मा पमायए। " એ સૂત્રોથી વારંવાર જાગૃત કરતા હતા. એકેક સમય મહામૂંઝવણી જાય છે. જે સમય ગયો તે પાછો આવતો નથી. જેણે આત્માને ઓળખ્યો છે, જે આત્મસાધનામાં પોતાનો સમય વીતાવે છે તેનું જીવન સફળ બને છે માટે પ્રમાદનો ત્યાગ કરી આત્મકલ્યાણની દિશાએ કદમ ભર, પ્રમાદ છે ત્યાં પતન છે અને જાગૃતિ છે એટલી જીવનની ઉજ્જવળતા છે. પ્રમાદ જીવને પછાડે છે, જાગૃતિ ઊંચે ચઢાવે છે માટે હું એટલે આત્મા. આત્માની ઓળખાણ કરી તારો પુરૂષાર્થ તેમાં જોડી અનંત સુખના ભોક્તા બનવા પુરૂષાર્થ કર તો જરૂર તું શાશ્વત સુખને પામી શકીશ.

જેમને આત્માની ઓળખાણ થઈ છે એવા આનંદ ગાથાપતિએ ચાર વ્રત સમજણ સહિત અંગીકાર કર્યા છે. સમજણ જ્ઞાન સહિતની ક્રિયામાં કેટલો લાભ છે. બાલ તપસ્વી અજ્ઞાની કરોડો વર્ષો કષ્ટ સહન કરીને જેટલા કર્મો નાશ કરે છે તેટલા કર્મો જ્ઞાનીના સમજણપૂર્વકની સાધનામાં ક્ષણ વારમાં સાફ થઈ જાય છે. ભગવાન બોલ્યા છે

जे या बुद्धा महाभागा, वीरा असम्मत्त दंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं, सफलं होइ सव्वसो ॥ સૂય.અ ૮.ગાથા૨૨.

જે પુરૂષ જગતમાં પૂજનીય ગણાતો હોય, મહાભાગ્યવાન ગણાતો હોય, શત્રુની સેનાનો નાશ કરવામાં સમર્થ હોય, શાસ્ત્રોમાં તથા વ્યાકરણ આદિમાં કુશળ હોય, પંડિત કહેવાતો હોય, બાહ્ય તપ ત્યાગ આદિ કરતો હોય પણ ધર્મના સ્વરૂપને જાણતો ન હોય, સમ્યગ્‌દર્શનથી રહિત હોય, મિથ્યાત્વી, અજ્ઞાની હોય તો તે કર્મનિર્જરા કરી શકતો નથી.

આનંદ ગાથાપતિએ હૈયાના ઉલ્લાસથી, અંતરના આનંદથી, સાચી સમજણથી શ્રદ્ધાપૂર્વક વ્રતો ગ્રહણ કર્યા. સંસારનો આનંદ તો મળેલો હતો, હવે આત્માનો આનંદ પ્રાપ્ત કરવા માટે પાપના ભયથી વ્રતો લેવા તૈયાર થયા. હવે તેમને મોક્ષનો અનુપમ

આનંદ મેળવવાની લગની લાગી છે. તે આનંદ મેળવવા માટે સમજણ સહિતની સાધના જોઈએ.

એક વાર વણઝારો ગધેડા પર માલની પોઠો નાંખીને બહાર જઈ રહ્યો હતો. તે સમયે ગાડી, મોટરો, બટારા ન હતા એટલે આ રીતે ગધેડાની પીઠ પર માલ નાંખીને નીકળતા. ગધેડા પર એટલો બધો માલ નાંખ્યો હતો કે ગધેડાની કેડ ભાંગી જાય. ચાલતા ચાલતા રસ્તામાં એક તળાવડી આવી. એક ગધેડો ખૂબ તરસ્યો થયો હતો. તે તળાવડીમાં પાણી પીવા ગયો. તે ખૂબ થાકી ગયો હતો. જેવો તે પાણી પીવા ગયો તેવો ભીની માટીમાં તેનો પગ લપસી ગયો એટલે ત્યાં પડી ગયો ને પાણીમાં બેસી ગયો. તેના પર વજનદાર પોઠ નાંખેલી હતી એટલે ઊભો થઈ શકયો નહિ. માલિક આવે તો બહાર કાઢે પણ માલિકને ખબર પડે ત્યારે ને ?

ઈર્ષાનું ફળ : વણઝારો ઝાડ નીચે વિસામો ખાઇને જવા તૈયાર થયો. તેણે પોતાના ગધેડા ગણ્યા તો એક ગધેડો ઓછો થયો. તપાસ કરતાં જોયું તો એક ગધેડો પાણીમાં બેસી ગયો છે. માલિકે આવીને તેને પરાણે ઊભો કર્યો. વણઝારાએ ગધેડાને હાંકયા. બધા ગધેડા ચાલતા હતા પણ આ ગધેડો મનમાં હરખાતો ચાલતો હતો કારણ કે તેની પીઠ પરથી વજન ઓછું થઈ ગયું છે. તે માને છે કે હાશ, સારું થયું. પાણીમાં પડયો તો વજન તો ઓછું થઈ ગયું ! એટલે તે હલકો થઇ ગયો હતો તેથી હરખભેર જલ્દી ચાલતો હતો. આપણા આત્મા પરથી જ્યારે કર્મોના ભાર ઓછા થશે ને આત્મા હલકો બનશે ત્યારે મોક્ષ માર્ગ પર જલ્દી ચાલવા લાગશે. આ ગધેડો જલ્દી ચાલવા લાગ્યો. તેને જોઈને બીજા ગધેડાને ઈર્ષ્યા આવી. આ ગધેડો પાણીમાં પડયો તો તેનું વજન ઓછું થઈ ગયું તેથી કેવો સરસ ચાલે છે. હું પણ હવે તેમ કરું. ચાલતા ચાલતા બીજી તળાવડી આવી. તે ગધેડો જાણીજોઈને તેમાં લપસી પડયો ને બેસી ગયો. જેમ સમય જતો ગયો તેમ પોઠ વધુ વજનદાર બનતી ગઇ. તેનો માલિક શોધતો શોધતો ત્યાં આવ્યો. ગધેડો ઊભો થઈ શકતો નથી. માલિકે દંડા માર્યા. મહામુશીબતે પાણીમાંથી બહાર કાઢયો પણ પરાણે પરાણે ચાલે છે. તે વિચાર કરે છે કે પેલો ગધેડો પાણીમાં પડયો તો હલકો બની ગયો અને હું તો વધુ ભારે બની ગયો. કોઈનું સારું જોઈ શકીએ નહિ અને તેના પર ઈર્ષ્યા કરીએ તો પોતાની દશા ખરાબ થાય. આ ગધેડો હલકો કેમ ન થયો ? પહેલા ગધેડાની પીઠ પર મીઠું હતું એટલે મીઠું પાણીમાં ઓગળતું ગયું તેમ વજન હલકું થતું ગયું, જ્યારે બીજા ગધેડાની પીઠ પર કપાસીયા હતા. કપાસીયા જેમ પાણીમાં પલળે તેમ તેનું વજન વધતું જાય, તેથી બીજા ગધેડાની પીઠ પર વજન વધતું ગયું. બીજા પર ઈર્ષ્યા કરી તો દંડાના માર ખાવા પડયા અને વજન વધુ ઉપાડવું પડયું.

તમારી દશા પણ આવી છે. તમે પાપ રૂપી કપાસીયાની ગુણો લઈને ફરો છો. હવે તમારે હલકા થવું છે ? તો સંસાર પ્રત્યેથી મમતા ઘટાડો. આ જિંદગી ગંજીપાના મહેલ જેવી છે. એક પવનનો સૂસવાટો આવ્યો કે એ મહેલ ઊડી જવાનો, માટે આ

ભવમાં નિર્ણય કરો કે આ મનુષ્યભવમાં મારે આત્માને ઓળખીને કંઈક પામીને જવું છે. તમારું પુણ્ય હશે તો પૈસો મળવાનો છે. પૈસો પ્રારબ્ધને આધીન છે જ્યારે ધર્મ પુરૂષાર્થને આધીન છે પણ તમે અવળી ખતવણી કરી છે. ધર્મ પ્રારબ્ધને આધીન માન્યો છે અને ધન પુરૂષાર્થને આધીન માન્યું છે. ધર્મસાધના કરવાની આ તક ફરી ફરીને નહિ મળે.

આનંદ શ્રાવક પાંચમું વ્રત આદરવા તૈયાર થયા. પાંચમા વ્રતનું નામ છે પરિગ્રહ. પરિગ્રહ એવી ચીજ છે કે ભલભલા મનુષ્ય તેમાં લપટાઈ ગયા છે માટે તેનાથી દૂર રહેવાની જરૂર છે. તમે સંસારી છો એટલે પૈસાની જરૂર તો પડે પણ જરૂરિયાત કરતાં અધિક ભેગું કરવાની મમતા છોડો. પરિગ્રહ સંજ્ઞા ચારે ગતિમાં છે. જીવ જ્યાં ગયો ત્યાં એણે સંગ્રહ કર્યો છે. એક પણ યોનિ એવી નથી કે જ્યાં જીવને પરિગ્રહની લોલુપતા ન હોય. તે મેળવવા માટે જીવ અથડાયો, કૂંડાયો, પકડાયો અને મરાયો. કીડીના ભવમાં ગયો ત્યાં એણે કણ કણ લઈ જઈને દરમાં સંગ્રહ કર્યો. કૂતરાના ભવમાં રોટલાના ટુકડાઓ સંઘરી રાખ્યા. સિંહની ગુફામાં કંઈક વાર જોવા મળે છે કે દાગીનાઓ પડ્યા હોય છે. તે માણસને મારીને દાગીના ગુફામાં મૂકી રાખે છે. તેને તો દાગીના કંઈ કામના નથી છતાં સંગ્રહ કરે છે. મનુષ્ય ભવમાં તો માનવી જુદી જુદી અનેકવિધ સામગ્રીઓના સંગ્રહ કરવામાં પોતાની જિંદગીનો મોટા ભાગનો સમય વેડફી નાંખે છે. પરિગ્રહને જ્ઞાનીઓએ પાપ અને દુઃખનું કારણ કહ્યું છે.

ગુણવંતલાલ નામના શેઠ રૂના મોટા વેપારી હતા. તેમને રૂનું મોટું કામ હતું. તે ખૂબ સરળ, ભદ્રિક, ન્યાયી, પ્રમાણિક અને સદાચારી હતા. શ્રીજનમાં તો રોજ કેટલાય ગાડાઓ ભરીને રૂ આવે. બજારમાં વેપારીઓ તો ઘણાં હતા પણ આ ગાડાવાળાઓ એક ગુણવંતલાલ શેઠને જ માલ આપે. બીજા વેપારીઓને ન આપે એટલે બીજા વેપારીઓ તેમને કહે, શું ગુણવંતલાલ એક જ વેપારી છે? અમે બીજા કોઈ વેપારી નથી? શું ગુણવંતલાલ તમને પૈસા આપે છે તો અમે તમને કાંકરા આપીએ છીએ? ગાડાવાળા વિનયથી કહે–શેઠ સાહેબો! તમે બધા અમને પૈસા આપો છો. ગુણવંતલાલ શેઠ કાંઈ અમને સોનું નથી આપી દેતા; એ પણ અમને પૈસા આપે છે પણ અમારે મન એ ભગવાન છે. અમને તેમનામાં ખૂબ વિશ્વાસ છે. શેઠ કદાચ અમને ઓછા ભાવ આપે તો ય અમને વાંધો નથી. તે ન્યાય–નીતિ, પ્રમાણિકતાના દરિયા છે અને દયાના ભંડાર છે. બરોબર તેમનું નામ–છે તેવા ગુણો તેમનામાં છે.

પડતી દશામાં પણ શેઠની આનદાની : બજારમાં આ શેઠનું નામ ખૂબ ગવાય છે. લોકો બે મોઢે તેમની પ્રશંસા કરે છે. કંઈક વેપારીઓથી આ પ્રશંસા સહન ન થઈ. શેઠ સવારમાં પોતાનો નિત્ય નિયમ કરીને બજારમાં આવે ત્યારે ઈર્ષ્યાળુ વેપારીઓ બોલે, જુઓ, આ આવ્યો મોટો ધર્માત્મા! કેવો લટકમટક કરતો આવે છે! ગુણવંતલાલ શેઠ તો તેમની ઈર્ષ્યાભરી આંખને પણ પ્રેમથી જોતા. લીંબુના ખાટા રસમાં આંબા

નાંખો તો સરબત બની જાય તેમ આ શેઠીયાઓની ઇર્ષ્યા રૂપી ખટાશમાં ગુણવંતલાલ મીઠાશ ઉમેરી સરબત બનાવતા. બધા વેપારીઓ પર તે પ્રેમના ઝરણા વહાવતા પણ એક સરખા દિવસ સહુના જતા નથી. જીવન એ પુણ્ય પાપનો ખેલ છે. ઘડીકમાં ભરતી તો ઘડીકમાં ઓટ આવ્યા કરે છે. શેઠના પાપનો ઉદય થયો. મોટા સોદાગર કહેવાતા શેઠને કર્મનો જબ્બર ઉદય થયો. વેપારમાં ખૂબ નુકશાન થયું. અંદરથી ખાલી થઇ ગયા પણ શેઠ આબરૂદાર છે. તેમના મનમાં થયું કે હવે મારી પડતી દશા આવી રહી છે તો હવે જેનું જેનું દેણું હોય તે બધું ચૂકતે કરી દઉં. મારે કોઇનું દેણું રાખવું નથી. શેઠે પોતાની પાસે દાગીના આદિ જે હતું તે બધું વેચી દીધું અને બધા દેણદારોનું દેણું ચૂકવી દીધું. આજે તો માનવી આવી સ્થિતિ આવે ત્યારે નાદારી નોંધાવી દે છે. નામ બદલાવી નાંખે છે પણ જ્ઞાની કહે છે કે અહીં નામ બદલાવી શકશો પણ બીજા ભવમાં નહિ બદલાવી શકો. ત્યારે વ્યાજ સહિત આપવું પડશે. શેઠના મિત્રો અને સ્વજનો બધાને ખબર પડી કે શેઠની આ દશા થઈ છે તેથી શેઠના મિત્રો, સ્વજનો બધા તેનાથી દૂર ભાગે છે, છતાં શેઠ તો એક જ વિચારે છે કે મારા દુઃખથી મારે બીજાને દુઃખી શા માટે કરવા ?

" શેઠ શેઠાણીએ જીવનનો અંત લાવવા માટે કરેલો વિચાર :" શેઠ ન્યાયી અને પ્રમાણિક છે, છતાં એવો ગોઝારો દિવસ આવ્યો કે ઘરમાં શેર જાર, બાજરીના પણ સાંસા પડયા. કર્મો જીવને કેવા નાચ નચાવે છે ? ઇર્ષ્યાળુઓના મનમાં આનંદ છે. મલિનોની મુરાદ સફળ થઇ છે. આજે શેઠને કોઈ સહારો દેનાર નથી. કેવા મોટા ધનાઢય વેપારી ! છતાં આજે ઘરમાં શેર અનાજ નથી. છોકરાઓ ભૂખ્યા થાય એટલે રડે છે પણ તેમને આપવું કયાંથી ? લાવવું કયાંથી ? બાળકોનું રૂદન જોયું જતું નથી. શેઠ શેઠાણીને કહે છે આપણે હવે આપણી જિંદગી ટૂંકાવી દઈએ. ઘરમાં ચાર રોટલા બનાવ્યા હતા તેમાંથી ત્રણ બાળકોને એકેક ખવડાવ્યા અને ચોથો રોટલો રહ્યો છે તેના પર અફીણ લાવીને ચોપડયું છે. શેઠ શેઠાણી બંનેએ નક્કી કર્યું કે આજે રાત્રે આપણા જીવનનો અંત લાવવો. તેઓ કોઈ દિવસ રાત્રે ખાતા નથી, ચૌવિહાર કરે છે પણ આ વસ્તુ દિવસે ખવાય કેવી રીતે ? એટલે ચૌવિહાર ન કર્યો. આ બંને માણસો સૂતા સૂતા આ વાતો કરે છે કે બાળકો ઊંઘી જાય પછી ત્રણ વાગે આપણે બંનેએ અડધો અડધો રોટલો ખાઇ લેવો ને જીવનનો અંત લાવવો. હવે હું દુનિયામાં મોઢું શું બતાવું ? આજે આ બાળકોને રોટલો આપ્યો. હવે કાલે શું આપીશું ? માટે આપણે ચીર નિંદ્રામાં પોઢી જઈએ. આપણે નહિ હોઈએ તો કોઈક દયાળુ બાળકોનો હાથ ઝાલનાર મળી જશે.

આપઘાતના માર્ગેથી અટકાવતા બાળકો : શેઠનો મોટો દીકરો નવ વર્ષનો હતો. તે સૂતા સૂતા બધી વાત સાંભળી ગયો ને પથારીમાંથી ઊઠીને મા બાપ પાસે આવીને ખૂબ રડવા લાગ્યો, બા-બાપુજી ! તમને મરી જવા દઇશું નહિ. તે તો ધ્રુસ્કા

ભરીને રડવા લાગ્યો. તેના અવાજથી બીજા બે બાળકો પણ જાગી ગયા. તેઓ પણ આ વાત સમજી ગયા એટલે તેઓ પણ ખૂબ રડવા લાગ્યા. મા બાપને વળગી પડયા. બા-બાપુજી તમને નહિ મરવા દઈએ. નહિ મરવા દઈએ. બાળકોના રૂદનથી મા-બાપના હૈયા પણ તૂટી પડયા. તેમના હૈયા ભરાઇ ગયા ને છાતી ફાટ રૂદન કરવા લાગ્યા. હંમેશા બધાને બહુમાનપૂર્વક આદર આપનાર આ શેઠના પરિવારમાં ઉના આંસુ સિવાય કાંઈ દેખાતું નથી. આ ભોળા ભુલકાંઓ માતાપિતાને આત્મઘાતના માર્ગે ન જવા વિનવી રહ્યા છે. તેમના ઘરમાં રોકકળ મચી ગઈ. બાળકો તો ડુસકા ભરી ભરીને રડે છે. બા–બાપુજી ! આપ જાવ પછી અમારું કોણ ? માટે આપને મરવા તો નહિ દઈ એ.

કરૂણ રૂદનથી આવેલી કરૂણતા : આ બધાના રૂદનનો અવાજ શેઠના ઘરની બાજુમાં રહેતા ચીમનભાઈના કાને પહોંચ્યો. ઘડીકમાં રૂદન તો ઘડીકમાં ડુસકા. તેમના મનમાં થયું કે શેઠના ઘરમાં કાંઈક છે. તેમણે તેમના પત્ની વિમળાબેનને જગાડયા. તું જો તો ખરી. તું કાન માંડ. શેઠના ઘરમાંથી રૂદનનો અવાજ આવે છે. આટલા વર્ષોથી તે આપણી બાજુમાં રહે છે પણ કોઈ દિવસ એક થાળી સરખી ખખડી નથી. કોઈ દિવસ ઊંચા સાદે બોલતાં સાંભળ્યા નથી અને આજે આ શું ? નક્કી કાંઈક છે. વિમળાબેન કહે– ઘર છે, કાંઈક થયું હશે. ના, એમ નથી. તું બરાબર કાન માંડીને સાંભળ. બધા ડુસકા ભરીને કાળા પાણીએ રડે છે. આપણે ત્યાં જઈએ. આપણાથી બની શકે તેમ હશે તો તેમને દુઃખમાંથી બચાવીશું. ચીમનભાઈ અને વિમળાબેન બંને તેમના ઘેર આવ્યા. બારણા ખખડાવ્યા. બારણાની તિરાડમાંથી સ્પષ્ટ શબ્દો સંભળાય છે. બા બાપુજી તમે આ રોટલા ન ખાતા. તમને મરવા તો નહિ દઈએ. ત્યારે શેઠ શેઠાણી કહે છે અરે, પ્યારા બાલુડાઓ ! તમે આવી હઠ શા માટે કરો છો. અમને ખાવા દો. અમારા પાપો.... એટલું બોલતાં હૈયાફાટ રૂદન કરે છે. આ બધું ચીમનભાઈ શેઠ અને શેઠાણીએ તીરાડમાંથી સાંભળ્યું.

શેઠની વહારે આવેલા પુણ્યાત્માઓ : ચીમનભાઈએ બારણાં ખૂબ ખખડાવ્યા છતાં કોઈ બોલતા નથી. જીવનની અંત ઘડી આણવી છે પછી બારણા કયાંથી બોલે ? ચીમનભાઈ એ તો બારણાં ખૂબ ધમધમાવ્યા છેવટે છોકરાએ જઇને બારણું બોલ્યું. ચીમનભાઇ શેઠ અને શેઠાણી અંદર આવ્યા. ઘરમાં રૂદન....રૂદન...રૂદન શેઠના હાથમાંથી રોટલો ઝૂંટવી લીધો. નાના ભૂલકાંઓને પ્રેમથી ગળે વળગાડી દીધા; પછી શેઠ શેઠાણીને કહ્યું– તમે આ શું કરો છો ? તમારાથી આવું થાય ? શેઠ કહે– હવે અમારા માટે આ બરાબર છે પણ છે શું ? તે તો તમે કહે પણ શેઠ બોલી શકતા નથી. તેમનું હૈયું ભરાઇ ગયું છે. બાળકો કહે, કાકા ! આ રોટલા પર ઝેર ચોપડયું છે અને મરી જવા તૈયાર થયા છે. ગુણવંતલાલ કહે ભાઇ ! ઘરમાં ત્રણ ત્રણ દિવસથી બધા ભૂખ્યા છે. કોઇને આવા મળ્યું નથી. કાલે બટકું રોટલો જેમ તેમ કરીને ખવડાવ્યો. આ બાળકોનું રૂદન મારાથી જોયું જતું નથી. આવા દિવસો હું કયાં સુધી કાઢીશ !

દુનિયામાં હું મોટું શું બતાવું ? બધાનું દેવું તો ચૂકતે કરી દીધું છે. અત્યારે હું કોઇ પણ વેપારીના પાસે જાઉં તો કોઈ મને પૈસા ધીરવા તૈયાર નથી. નોકરી શોધું છું તો નોકરી પણ મળતી નથી. તો મારા કર્મો મને ભોગવવા દો. દુઃખની તાકાત છે કે **ટૂંકી જિંદગીને પણ ધરતીના છેડા જેવી લાંબી કરી દે છે.**

નાના બાળકો કહે છે કાકા ! આપ અમારા બા-બાપુજીને મરવા ન દેશો. તેમના વિના અમે શું કરીશું ? અમે તેમને ઘણી ના પાડી કે હે માતા-પિતા ! અમે તમને મરવા નહિ દઈએ છતાં તેઓ અમારી વાત સાંભળતા નથી. તેઓ ચાલ્યા જાય પછી અમારું શું ? એમ કહીને ડુસકા ભરીને રડવા લાગ્યા. ચીમનભાઈનું હૈયું પણ આ દૃશ્ય જોતાં પીગળી ગયું. બેટા ! હવે તમે ચિંતા ન કરશો. હું તેમને બચાવવા માટે આવ્યો છું. હવે તેમને મરવા નહિ દઉં. ચીમનભાઈના મનમાં વિચાર થયો કે બરોબર, આ બધાની જિંદગી બચાવવાનો મોકો મળ્યો છે. તેમણે કહ્યું-ભાઈ ! હું પણ કેવાન બન્યો છું. હું પાડોશી હોવા છતાં તમારી સ્થિતિને ઓળખી શક્યો નહિ. મારો વહાલો સ્વધર્મી ભાઈ આટલો બધો રીબાતો હશે તેવી મને કલ્પના પણ ન હતી. હું જાણતો હતો કે તમે કંઈક નબળા પડયા છો પણ તે આટલી હદ સુધી, તે મને ખબર નહિ.

ધનની સાચી કિંમત કયારે ? : આ બંને શેઠના મકાનનો કરો એક હતો. ચીમનભાઈ કહે- મારું ઘર એ તમારું ઘર છે અને તમારું ઘર એ મારું ઘર છે. તમે આવતી કાલથી મારી દુકાને આવી જજો. તમારા ઘરની આજીવિકાની સગવડ હું કરી આપીશ. ચીમનભાઈએ આ શેઠને પોતાની દુકાને બેસાડી દીધા અને પાંચ પાંચ જીવોના પ્રાણ બચાવી લીધા. આનું નામ ધન મળ્યું કહેવાય અને સાચો ધર્મ સમજ્યા કહેવાય. જ્ઞાની કહે છે કે તમારી પાસે સુખ વધે ત્યારે તમે તેમાં એવા મસ્ત ન બની જશો કે દુઃખીનો અવાજ પણ સાંભળી ન શકો. ગુણવંતલાલ શેઠના પાપનો ઉદય થતાં પડતી દશા આવી. પુણ્ય-પાપ સામાસામી છે. પુણ્યનું પડળ ખસી જાય ત્યારે પાપનો ઉદય ચાલુ થાય. જીવ કર્મ બાંધતા વિચાર કરતો નથી પણ ઉદયમાં આવે ત્યારે ગભરાઈ જાય છે માટે કર્મ બાંધતી વખતે ખૂબ સાવધાન રહેવાની જરૂર છે; પછી કર્મ નાનું હોય કે મોટું હોય. સાપનો કણો નાનો હોય તો પણ એ કરડે એટલે ઝેર ચઢવાનું તે ચઢવાનું; તેમ કર્મ નાનું હોય કે મોટું હોય પણ તે ભોગવવાનું એટલે ભોગવવાનું પછી તે કર્મ તમારા માટે કરો કે પરને માટે કરો પણ જે કરે તેને ભોગવવું પડે છે. સગાસંબંધી સ્વજનો બધાને જેને મારા મારા માનો છો તે કોઈ કર્મ ભોગવવામાં ભાગ પડાવવા નહિ આવે.

એક વાર પાંચ વર્ષનો નાનો બાબો તેના પપ્પાને કહે છે પપ્પા ! તમારો જન્મ કયાં થયો હતો ? બેટા ! મારો જન્મ મદ્રાસમાં થયો હતો. મારી મમ્મીનો જન્મ કયાં થયો હતો ? કલકત્તામાં, અને મારો જન્મ કયાં થયો હતો ? મુંબઈમાં. તો પપ્પા હું તમને એક વાત પૂછું ? પૂછ. આપણે બધા એક જગ્યાએ કેમ ન જન્મ્યા ? આ બતાવે છે આ સંસારમાં પંખીના મેળાની જેમ કોઈ કયાંથી ને કોઈ કયાંથી આવીને અહીં બધા

ભેગા થયા છે. આયુષ્ય પૂરું થતાં સૌ પોતાના કર્માનુસાર ગતિમાં જાય છે અને ત્યાં સુખ દુઃખ ભોગવે છે. જ્યાં સુધી કર્મો છે ત્યાં સુધી ચાર ગતિની ચોપાટ ખેલ્યા કરવાની છે. જીવને સંસારમાં રખડાવનાર કર્મો છે. આ સંસારમાં જેટલા જીવો છે તે બધા કર્મના યોગવાળા તો ખરા. કર્મના યોગવાળા જીવોની સ્થિતિ કેવી હોય ?

સંસારના જીવો મોટા ભાગે કર્મના રમકડા જેવા છે. એ જીવોને કર્મો જેમ રમાડે તેમ રમવાનું. કર્મના રમાડ્યા જીવ રમ્યા કરે અને એમને ખબર પણ ન પડે કે આપણે કર્મના રમાડ્યા રમી રહ્યા છીએ. આ સંસારમાં એવા જીવો તો ઘણી અલ્પ સંખ્યામાં છે કે જેમને એટલો પણ ખ્યાલ આવી ગયો છે કે આપણો આત્મા અનંત શક્તિનો ધારક હોવા છતાં કર્મનો રમાડ્યો રમી રહ્યો છે. આ રીતે જે પોતાના આત્માને ઓળખે છે અને આત્મા ઉપર અનંતકાળથી સત્તા જમાવી બેઠેલા કર્મને ઓળખે છે તે કર્મસત્તાને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. ધીમે ધીમે એ આત્મા પરથી કર્મો સર્વથા વિખૂટા પડી જાય છે. બાકી તો કર્મોને પરવશ બનેલા જીવો આ સંસારમાં ભટક્યા કરે છે અને મોટા ભાગે દુઃખ વેઠ્યા કરે છે. આપણને પણ કર્મો અનંતકાળથી રમાડતા આવ્યા છે. કર્મની સત્તામાં પડેલા જીવોએ સુખ ભોગવ્યું હશે તો તે અલ્પ અને દુઃખ ઘણું ભોગવેલું. તુચ્છ ક્ષણિક સુખોમાં આસક્ત બનેલા જીવોને આ વાત ન સમજાય. બાકી તો સંસાર એવો છે કે એમાં જીવોને મોટા ભાગે દુઃખ છે. સંસારનું કોઇ પણ સુખ એવું નથી કે જેમાં દુઃખનો અંશ સર્વથા હોય નહિ. સુખી તો તે છે કે જે સંસારથી મુક્ત બને. જેઓ સંસારથી સર્વથા મુક્ત બની ગયા તેઓ તો મહાસુખમાં સદાને માટે મહાલ્યા કરે છે

આનંદ શ્રાવક દેશવિરતિપણું અંગીકાર કરી રહ્યા છે. તેમણે ચાર વ્રતો આદર્યા. હવે પાંચમાં વ્રતમાં પરિગ્રહની મર્યાદા કેવી રીતે કરશે તે વાત અવસરે.

ચરિત્ર : આમંત્રણ આપતા રત્નસાર શેઠ : રત્નસુંદરીના કહેવાથી બીજે દિવસે રત્નસાર શેઠ બનીઠનીને ગુણસુંદરને જમવાનું આમંત્રણ દેવા ગયા. નોકરોએ શેઠની ખૂબ આગતાસ્વાગતા કરી. પછી શેઠે નોકરોને પૂછ્યું, તમારા શેઠ ક્યાં છે ? તેમને કહો કે રત્નસાર શેઠ આપને મળવા માટે આવ્યા છે. નોકરોએ ઉપર જઈને કહ્યું– ગુણસુંદર કુમાર ! રત્નસાર શેઠ આપને મળવા માટે આવ્યા છે. ગુણસુંદર તરત ઉપરથી નીચે આવ્યો. આવીને શેઠને વિનયપૂર્વક નમસ્કાર કર્યા. રત્નસાર શેઠના મનમાં થયું કે શું આનો વિનય–વિવેક છે ! જેનું ગામમાં આટલું બધું માન છતાં તે મારા પગમાં પડે છે. કેવો ગુણીયલ છોકરો છે. ગુણસુંદર કહે, પધારો....પધારો શેઠ ! આપે મારા ઘેર પધારીને મને ધન્ય બનાવ્યો છે. આપ જેવા મોટા શેઠના પુનિત પગલા મારે ત્યાં ક્યાંથી ? પછી નોકરની પાસે કેસરીયા દૂધ મંગાવી શેઠને આપ્યું. રત્નસાર વિચારે છે કે આ મારું કેટલું સન્માન કરે છે ! મારા કરતાં વ્યવહારમાં વિનય–વિવેકમાં ચઢી જાય તેવો છે. ગુણસુંદરે કહ્યું– આપ મારા લાયક જે કામ સેવા હોય તે ફરમાવો રત્નસારે

કહ્યું–હું આપને મારે ત્યાં જમવાનું આમંત્રણ આપવા માટે આવ્યો છું. ગુણસુંદર કહે–આપની વાત મને શિરોમાન્ય છે પણ હું કોઈના ઘેર જમવા જતો નથી. જો હું આપને ત્યાં જમવા આવું તો પછી ગામના બધાના આમંત્રણ મારે સ્વીકારવા પડે.

આમંત્રણનો સ્વીકાર : રત્નસાર કહે, આપે તો અમારા ગામમાં આવીને વેપારીઓની શોભા વધારી છે, અમારા ગામનું નામ રોશન કર્યું છે. બધા વેપારીઓમાં આપની બુદ્ધિ કોઈ અજબગજબની છે. આપ અમારા મહેમાન છો. આપને તો જરૂર આવવું પડશે. માણેકચંદે કહ્યું–બેટા ગુણસુંદર ! શેઠનો ખૂબ આગ્રહ છે તો હા પાડી દો ને. કદાચ બીજા આમંત્રણ દેવા આવશે તો એમાં શું વાંધો છે ? છેવટે ગુણસુંદરે રત્નસાર શેઠનું આમંત્રણ સ્વીકાર્યું, પછી રત્નસાર શેઠ ઘેર ગયા. તેમને વળાવવા માટે ગુણસુંદર ઠેઠ શેરીના નાકા સુધી ગયો. શેઠ તો આ જોઈને સજ્જડ થઇ ગયા, કેવો મોટો વેપારી ! મને વળાવવા જાતે જ આવ્યો. જેનામાં આટલો વિનય વિવેક, વ્યવહાર, બોલવાની મધુરતા હોય તેની ગામમાં પ્રશંસા થાય એમાં નવાઇ શી ! તેને પોતાના ગુણોથી રાજાના અને ગામની પ્રજાના દિલ જીતી લીધા છે; આ રીતે ગુણસુંદર રત્નસાર શેઠના મનમાં વસી ગયો. હવે ગુણસુંદર રત્નસાર શેઠને ત્યાં જમવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

બાદરવા સુદ ૨ને સોમવાર : વ્યાખ્યાન નં. ૭૨ : તા. ૧૬-૯-૮૫

અનંત જ્ઞાન દર્શનના ધારક, જગતના ઉદ્ધારક, સદ્‌ગુણના સાધક, મમતાના મારક એવા જિનેશ્વર ભગવંતે ભવ્ય જીવોને કલ્યાણનો માર્ગ બતાવતા સમજાવ્યું કે હે જીવો ! આ સંસાર એક ભયંકર અટવી છે. અરિહંત દેવો આ અટવીને પાર કરવાનો માર્ગ બતાવનારા ભોમિયા છે. આ માર્ગ બે જાતનો છે. સીધો અને વાંકોચૂકો. સાધુપણાનો માર્ગ સીધો પણ કઠીન છે. શ્રાવકપણાનો માર્ગ વાંકોચૂંકો પણ થોડો સહેલો છે. અંતે તો શ્રાવકે પણ સંયમ માર્ગ સ્વીકારવાનો છે. સંયમ વિના સિદ્ધિ નથી. શ્રાવકપણામાંથી સીધા મોક્ષે ન જવાય. શ્રાવક વધુમાં વધુ ૧૨મા દેવલોક સુધી જાય. મોક્ષમાં જવાની એની તાકાત નથી. મોક્ષમાં જવા માટે તો ચારિત્રની અવશ્ય જરૂર છે. ભલે અત્યારે તમે શ્રાવકપણામાં છો પણ ત્યાં રહીને અમારા સંયમ માર્ગમાં આવવાનો અભ્યાસ કરવાનો છે. જો તમે શ્રાવક ધર્મમાં પણ ન આવ્યા હોય તો મને લાગે છે કે તમે વાંકાચૂંકા માર્ગે નથી પણ સાવ ઊંધા માર્ગે છો. સંસારમાં રહેવા છતાં તમને સંસાર ગમતો ન હોય તો તમે વાંકાચૂંકા માર્ગે છો એમ કહી શકાય.

જ્ઞાની કહે છે કે તમારો નંબર સરવાળામાં રાખવો છે કે બાદબાકીમાં ? સરવાળો કોનો થાય ! મીંડાઓ એકલા ગમે તેટલા હશે પણ મીંડાનો સરવાળો નહિ મંડાય. સરવાળો રકમનો થાય. રકમ સાથે મીંડા જોડાય તો સરવાળો મોટો થાય. જો તમારો નંબર સરવાળામાં રાખવો છે તો પહેલા તમે રકમ રૂપ બનો અથવા રકમ સાથેના મીંડા

રૂપ બનો. જો આત્મામાં સરવાળો માંડવો છે તો કોઈ પણ રીતે પાપથી અટકો, પાપથી પાછા વળો. જો સમકિત સહિત સર્વવિરતિમાં આવો, સંયમી જીવનનો સ્વીકાર કરો તો તે સૌથી મોટી કક્ષાનો સરવાળો છે. સંયમી જીવનને અપનાવી શકો એટલી તમારી શક્તિ ન હોય તો સમકિત સહિત ૧૨ વ્રતમાં આવો અથવા ૧૨ વ્રત પૈકી ગમે તે વ્રત લો, તે મધ્યમ કક્ષાનો સરવાળો છે. સમ્યક્ત્વ આવે એટલે અનંતાનુબંધી ચોકડી અને દર્શન મોહનીયની ૩ એ સાત પ્રકૃતિઓનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ થયો. સમ્યક્ત્વ સહિત બાર વ્રતને કે કોઈ પણ વ્રતને તથા પંચમહાવ્રત રૂપ સંયમી જીવનને સ્વીકારવા માટે જેનો આત્મા તલસતો હોય, તરફડતો હોય એવા શ્રાવક શ્રાવિકા તથા કોઈ પણ આત્મા ભગવાનના સંઘમાં છે. બાકીનાની એમાંથી બાદબાકી થઈ જાય છે. મારે બાદબાકી નથી કરવી પણ તમારો નંબર સરવાળામાં રાખવો છે.

શ્રાવક શ્રાવિકા અર્થ–કામની વચ્ચે રહેવા છતાં એના શત્રુ હોય. તે શ્રાવકના વ્રતો આદરે છતાં મનમાં માને કે હું કાયર છું કે સંયમ લઈ શકતો નથી. લેવા જેવો હોય તો સંયમ છે. એવો તેના આત્મામાં ઉલ્લાસ હોય. તે સંસારમાં બેઠા હોય છતાં રાત દિવસ તેમની એ ઝંખના હોય કે કયારે હું આ પાપમય સંસારથી છૂટું ? કેદી કેદખાનામાં બેઠા હોય, ત્યાં બધી સગવડતા હોય છતાં તેની ભાવના તો સતત એ જ હોય કે કયારે હું આ જેલમાંથી છૂટું ! તેમ આત્માર્થી જીવની ભાવના સંસારથી છૂટવાની હોય.

મનુષ્ય જીવન પામીને કરવો સદ્‌ગુણનો સરવાળો
સાધુ કે શ્રાવક બની શકો ના, નિષ્ફળ છે જન્મારો....

આ મનુષ્ય જીવન પામીને સાધુ કે શ્રાવક એકેમાં નંબર ન લાગે તો સમજવું કે જીવનમાં શૂન્યનો સરવાળો છે માટે સંયમી ન બની શકો તો શ્રાવક તો બનો. શ્રાવક બજારમાં કમાવા જતો હોય તો એ ન છૂટકે જતો હોય. એના પંજામાંથી છૂટી શકાય એમ હોય તો બજારમાં જાય જ નહિ. પેઢીમાં ખોટ આવતી હોય છતાંય વેપારીને એ પેઢી ચલાવી લેવી પડતી હોય છે કારણ કે પેઢી ચાલુ રાખે તો બગડેલી બાજી સુધરવાની તક રહે પણ એના મનમાં ખોટનું દુઃખ તો સતત રહેતું હોય. સમકિતી શ્રાવકની સ્થિતિ પણ આવી હોય. કર્મના ઉદયે સંસારમાં રહેવું પડે તો એ રહે પણ એની બેચેની એને સતત રહ્યા કરે. *નાની પેઢી ચલાવતી વખતે આંખ સામે મોટી પેઢી તરવરતી* હોય. નાની પેઢીમાંથી મોટી કરવાની ભાવના હોય તેમ શ્રાવક શ્રાવકના વ્રતો પાળે પણ એ શ્રાવકની આંખ સામે સર્વવિરતિ ધર્મ તરવરતો હોય એટલે શ્રાવકપણું પાળવા છતાં અંતરમાં ઉલ્લાસ તો એ હોય કે કયારે હું સર્વવિરતિને ગ્રહણ કરું !

આ માનવજીવન જ એવું છે કે જેમાં આત્મા સદ્‌ગુણનો સરવાળો કરી શકે છે. આ મુંબઈ જેવા મોટા શહેરમાં કેટલાક મૂડી કમાવા માટે આવે છે અને ઘણાં મેળવેલી લક્ષ્મીને ગુમાવી પણ દે છે તેમ આ માનવ જીવનમાં આવનારા બધા જીવોનો નંબર સરવાળામાં મંડાતો નથી. એવા જીવો આ દુનિયામાં બહુ અલ્પ છે. કેટલાકનો નંબર

બાદબાકીમાં લાગે છે તેવા જીવો પાપનો ઢગલો કરી દુર્ગતિઓમાં રખડવા ચાલ્યા જાય છે. બરાબર સમજવા જેવી વાત છે કે **આ મનુષ્ય જન્મમાં આપણને કોઈએ મોકલ્યા નથી. કોઈને અહેસાન ચડાવવા નથી આવ્યા તેમજ કોઈએ આમંત્રણ આપ્યું હોય ને આમંત્રણ સ્વીકારીને કે કોઈને કાગળ લખીને નથી આવ્યા કે અમે આવીએ છીએ, અમારા માટે ભોજનોખની બધી સામગ્રીઓ તૈયાર રાખજો પણ કર્મરાજાએ આપણને મોકલ્યા છે.** આ મનુષ્ય જન્મમાં કોઈનો જન્મ શ્રીમંતના ઘેર થાય, કોઈનો જન્મ મધ્યમ વર્ગમાં થાય અને કોઈનો જન્મ ગરીબ ઘરમાં થાય. સુખ-દુઃખ મળવું તે કર્મને આભારી છે.

માનો કે તમને કોઈએ જમવાનું આમંત્રણ આપ્યું. તેના આમંત્રણથી તમે જમવા ગયા. ત્યારે કોઈએ 'આવો' એટલું પણ ન કહ્યું કે તમારો આદરસત્કાર ન કર્યો. આવ્યા છે એટલે જમાડવા પડે એવા ભાવથી જમાડયા તો તમને દુઃખ થાય કે નહિ ! થાય. બીજી વાત તમે વગર આમંત્રણે કોઈને ત્યાં ગયા. તેમને ઘેર રોટલો અને છાશ અથવા તો જે ચાલુ રસોઈ હતી તે તમને જમાડી દીધી. તમે સહેજે જઈ ચઢયા એટલે આદરસત્કાર પણ ન મળ્યો તો તમને દુઃખ થાય ખરું ! ના. ત્યાં તો સામી વ્યક્તિ જે સગવડ આપે તેમાં સંતોષ માનો. આ રીતે મનુષ્ય ભવમાં કોઈના આમંત્રણથી નથી આવ્યા માટે કર્મો જે સ્થિતિમાં રાખે તેમા સંતોષ, આનંદ માનવાનો, જેથી નવા કર્મો ન બંધાય. જો આત્મા ધર્મ સમજયો હશે. કંઈક જાણપણું હશે તો આવી રીતે ખતવણી કરશે.

જેમના જીવનમાં કંઈક જાણપણું છે એવા આનંદ શ્રાવક ભગવાન મહાવીર સ્વામી પાસે પાંચમું વ્રત આદરવા તૈયાર થયા છે. જગતના તમામ જીવો સર્વથા પરિગ્રહના બંધનોને છોડીને મુક્ત ન થઈ શકે એટલે જૈનદર્શને સર્વત્યાગની ભાવનાને પાયામાં રાખીને સંસારીઓ માટે પરિગ્રહની મર્યાદા બતાવી છે તે છે પાંચમું અણુવ્રત. પરિગ્રહની મર્યાદા કરવાથી જીવનધોરણનો પ્રશ્ન હલ થઈ શકે છે. જે લોકો સંસારમાં રહે છે, સંસારના સુખદુઃખનો અનુભવ કરે છે અને સંસારના પરિબળો વચ્ચે પોતાનું જીવન ચલાવે છે. તે બધા સંસારીઓને જીવવાની જે જળ લાગેલી હોય છે એ જંજાળને સુખરૂપ બનાવવા માટે ધન-ધાન્ય, મકાન, વાહન, ઔષધો, વસ્ત્રો, વૈભવ વિલાસના સાધનો એમ અનેક વસ્તુઓ જાળવી રાખવી પડે છે, મેળવવી પડે છે અને એ મેળવવા માટે મથવું પડે છે. ઘણી વાર તો એમ દેખાય છે કે આ મેળવવા અને ભોગવવા માટે જાણે આ જીવન પ્રાપ્ત થયું હોય એમ માનવી પોતાના જીવનનો સમય ખર્ચી નાંખતો હોય છે.

જીવો સામગ્રીઓમાં મોહાંધ બની તેના દાસ બનીને પોતાનું મૂલ્યવાન માનવ જીવન એળે ન ગુમાવે એટલા માટે ભગવંતે પરિગ્રહ પરિમાણની મર્યાદા બતાવી છે. પરિગ્રહની મર્યાદા કરવી એ માનવતાનું પહેલું પગથિયું છે; ત્યાગના માર્ગ પર ચાલવાનું બળ મેળવવાની પહેલી ચાવી છે. માનવી પોતાના ખોરાકની મર્યાદા ન રાખે

તો માંદો પડે તે રીતે જે માણસ જીવન જરૂરિયાતની મર્યાદા નક્કી ન કરે તો એની શી ગતિ થાય ? ભૌતિક સુખો અને સાધનો પાછળ માણસ અમર્યાદિત બનીને દોડયા કરે તો તેને વધુ ને વધુ લાલસા પ્રગટે છે, લોભ સંજ્ઞા જોર કરે છે પરિણામે તેને પાપ કરવા પડે છે. પાંચ હજારની મૂડી થાય એટલે મન દશ હજાર મેળવવા દોડે છે. પછી તો લાખ, કરોડ અને વિશ્વની સંપત્તિ પોતાની બનાવવા માટે ફાંફા મારતું હોય છે. જીવન જરૂરિયાતના સાધનોની મર્યાદા નક્કી કરવામાં ન આવે તો લોકો પરિગ્રહના પહાડ નીચે દબાતા જાય છે. એનામાંથી સંતોષ અસ્ત થાય છે. પ્રેમભાવ નષ્ટ થાય છે. માનવતા મરી પરવારે છે. ભગવાન બોલ્યા છે કે

आउक्खयं चेव अबुज्झमाणे, ममाति से साहसकारि मन्दे ।
अहो य राओ परितप्पमाणे, अट्ठेसु मूढे अजरामरेव्व ॥ સૂય.અ.૧૦.ગા.૧૮

આરંભમાં આસક્ત બનેલા અજ્ઞાની જીવો પોતાનું આયુષ્ય ક્ષય થવાનું છે એ વાતને જાણતા નથી એટલે કે આયુષ્ય પૂર્ણ થયે મારે અહીંથી જવાનું છે એ વાત જાણે સાવ ભૂલી ગયા હોય તે રીતે સ્વજન, સંપત્તિ, ધન આદિમાં મમતા રાખી તેને વધુ મેળવવા માટે પાપ કર્મો કરતા જરા પણ ડરતા નથી અને રાત દિવસ ધનની ચિંતા કરે છે અને પોતે અજર અમર હોય એમ માની ધન સંપત્તિમાં આસક્ત બની અમૂલ્ય માનવ જીવનને નિરર્થક ગુમાવી દે છે, માટે ભગવાને પાંચમા વ્રતમાં પરિગ્રહની મર્યાદા કરવાનું બતાવ્યું છે.

સંસારમાં ગૃહસ્થાશ્રમમાં વસેલા દરેક જીવોને પૈસાની તો કાયમ જરૂર રહે છે. કહેવાય છે કે **"સાધુ કોડી રાખે તો કોડીનો અને ગૃહસ્થ પાસે કોડી ન હોય તો કોડીનો."** જો સાધુ પૈસા રાખે તો એની કિંમત કોડી જેટલી અને ગૃહસ્થ પાસે જો કોડી-પૈસા ન હોય તો તેની કિંમત પણ કોડી જેટલી. ગૃહસ્થને પોતાનું અને કુટુંબનું ભરણપોષણ કરવા, સંતાનોને ભણાવવા, વેપારધંધા કરવા, સારાખોટા પ્રસંગો સાચવવા વગેરે અનેક પ્રસંગોમાં પૈસાની જરૂર પડે છે પણ તેની કાંઈક મર્યાદા હોવી જોઈએ. જરૂરિયાત જેટલું રાખીને બીજાની મર્યાદા કરો. જેમ કોઈ તળાવને પાળ ન હોય તો ગમે તેટલું નવું પાણી ચાલ્યું આવે તો પણ તે તળાવ કોઇ દિવસ ભરાતું નથી તેમ ગૃહસ્થને જો ધનની મર્યાદા ન હોય તો ગમે તેટલું ધન હોય તો પણ તેને તૃપ્તિ થતી નથી. તે જીવે ત્યાં સુધી ધન મેળવવામાં મશગુલ રહે છે. કયાંથી મેળવું અને કેવી રીતે મેળવું ? તૃષ્ણાના પુરમાં તે નીતિ-અનીતિ, સાચું-ખોટું કાંઈ જ જોતો નથી. અનેક પાપો કરીને તે દુર્ગતિમાં ચાલ્યો જાય છે. શ્રાવક પોતાને જરૂરિયાત જેટલા ધનની મર્યાદા કરે તો ગૃહસ્થાશ્રમ સુખેથી ચાલી શકે તેમજ તે સંતોષના ઘરમાં આવી ગયો તેથી ધર્મધ્યાન પણ સારી રીતે કરી શકે.

જ્ઞાની કહે છે કે તમને તમારી જરૂરિયાત પૂરતું મળી ગયું હોય તો તમે પૈસા કમાવાની બજારમાંથી રાજીનામું આપો. પરિગ્રહની મર્યાદા કરવાથી ઇચ્છાઓ મર્યાદિત

થઈ જાય છે, તેથી તેની ઈચ્છાઓ આકાશ સમાન અનંતી હતી તેમાં મોટો કાપ મૂકાઇ જાય છે, એટલે તે માણસ અન્યાય, અનીતિ કે છળકપટ, દગા કંઇ કરતા નથી પ્રમાણિકતાથી–નીતિથી પોતાનું જીવન જીવે છે.

આનંદ શ્રાવકને ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામી જેવા ભોમિયા મળી ગયા એટલે આત્માનો સાચો રાહ બતાવ્યો. ભગવાને બતાવેલા આગાર ધર્મને અંગીકાર કરવા તૈયાર થયા. ચાર વ્રત તો અંગીકાર કર્યા. હવે પાંચમું પરિગ્રહ પરિમાણનું વ્રત અંગીકાર કરે છે. તેમણે પાંચમાં વ્રતમાં કેટલી વસ્તુઓની મર્યાદા કરી તે શાસ્ત્રકાર બતાવે છે. "**तयाणंतरं च णं इच्छाविहिं परिमाणं करेमाणे हिरण्ण सुवण्णविहिं परिमाणं करेइ । नन्नत्थ चउहिं हिरण्णकोडीहिं निहाण पउत्ताहिं चउहिं-वुड्ढिपउत्ताहिं, चउहिं पवित्थर पउत्ताहिं अवसेसं सव्वं हिरण्ण सुवण्णविहिं पच्चक्खामि ।**" ત્યાર પછી આનંદ ગાથાપતિએ ઈચ્છાવિધિનું પરિણામ કરતાં હિરણ્ય સુવર્ણનું પરિમાણ કર્યું કે ખજાનામાં રાખેલી ચાર કરોડ હિરણ્યો (મહોરો), વહેપારમાં રોકેલી ચાર કરોડ મહોરો, ઘરસંબંધી ઉપકરણોમાં રોકાયેલી ચાર કોડ મહોરો એમ કુલ ૧૨ કોડ સિવાય બીજા બધા સુવર્ણના પ્રત્યાખ્યાન કરું છું.

આનંદ શ્રાવકે પ્રભુને કહ્યું હે ભગવાન ! જાવજીવ સુધી બાર કોડ મહોરોથી વધુ ભેગી કરવી નહિ. વાપરવી નહિ. એનાથી અધિક મિલકત મારે વધારવી નહિ. ૧૨ કોડ મિલકતની છૂટ રાખીને જાવજીવ સુધી હું બધા પચ્ચક્ખાણ કરું છું. આજે પણ વ્રત લેનાર તો હોય છે પણ પોતાની પાસે જે મિલકત હોય એનાથી કંઈક ગણી અધિક મિલકતની છૂટ રાખે છે. ૫૦ લાખ રાખનારા મળે છે અને એક કોડ, બે કોડ રાખનાર પણ મળે છે. કદાચ પુણ્યયોગે એટલા મળી ગયા તો પણ જીવનમાં સંતોષ નથી. પોતાની મર્યાદા જેટલી રકમ મળી જાય પછી પત્ની, છોકરા, પરિવારના નામે કરે છે. મર્યાદા કર્યા પછી આ બધું કરાય નહિ. કુટુંબ પ્રત્યેની મમતા આવું બધું કરાવે છે. તમે પણ તમારે ધનની જેટલી જરૂર હોય તેટલી છૂટ રાખીને વ્રતમાં આવો. કપડાની, દાગીનાની મર્યાદા કરો. બીજું પાપ આવતું તો અટકે. ભૂલેશ્વરમાં જશે ને નવી સાડી જોશે તો લેવાનું મન નહિ થાય. એટલે એટલી તૃષ્ણા પર કાપ મૂકાયો ને ! આ લઉં, તે લઉં. એ તો બંધ થઇ જશે. જો મર્યાદા નહિ હોય તો લેવાનું મન થઈ જશે. इह दुप्पूरए इमे आया તૃષ્ણાને પૂરવી ખૂબ મુશ્કેલ છે.

લક્ષ્મી આવ્યા પછી મનુષ્ય ત્રણ પ્રકારના બને છે : **(૧) લક્ષ્મીદાસ (૨) લક્ષ્મીનંદન (૩) લક્ષ્મીપતિ.** કેટલાક લોકો ધનસંપત્તિ આવતા તેના દાસ કે ગુલામ બની જાય છે. જીવનપર્યંત તેની સેવા કર્યા કરે છે. બીજા નંબરવાળા લક્ષ્મીના દીકરા હોય છે. પુત્ર જેમ પિતાની આજ્ઞા પ્રમાણે ચાલે તેમ લક્ષ્મી જેમ હુકમ કરે તેમ ચાલે. ત્રીજા નંબરના જે લક્ષ્મીના સ્વામી–માલિક છે તે તો છૂટા હાથે ખુલ્લા મને લક્ષ્મીનો ખૂબ સદુપયોગ કરે છે. આ ત્રણમાં તમારો નંબર શેમાં આવે છે ? (શ્રોતામાંથી અવાજ–

લક્ષ્મીપતિ) લક્ષ્મીપતિ હો તો ઘણું સારું પણ એ શબ્દ બોલવા પૂરતો છે બાકી મોટા ભાગના જીવો આજે લક્ષ્મીના દાસ છે. લક્ષ્મી નચાવે તેમ નાચે છે. ધર્મને ભૂલી જાય છે અને વધુને વધુ મેળવવા માટે પ્રયત્ન કરતા રહે છે. આજે ગરીબ હોય કે શ્રીમંત હોય બધાના જીવનમાં અસંતોષની આગ ભડકે બળી રહી છે.

પૈસા મેળવવા માટે જેટલા કાવાદાવા કરવા પડે એટલા કરે છે ને પાપનો ઢગલો ભેગો કરે છે. સંતાનોને મળવાનો એની પાસે ટાઈમ નથી. ખાવાપીવાની તો ફુરસદ નથી. આ જોતા એમ લાગે છે કે થોડામાં સંતોષ માનવો એ હજી કદાચ અઘરું હશે પણ ઘણામાં સંતોષ માનવો એ તો અશકય છે. નાનાને થોડી હાયવોય છે મોટાને ઘણી હાયવોય છે. નાનાને થોડી ભૂખ છે, મોટાને મોટી ભૂખ છે. જેના જીવનમાં સંતોષ નથી તેને ભૂખ-ભૂખ ને ભૂખ છે.

એક ગરીબ ભિખારી રોજ પ્રભુને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! તું મારા પર પ્રસન્ન થા અને મારી ગરીબી મટાડ. એક વાર તે રાત્રે સૂતો હતો. તેને રાતના સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે સાક્ષાત્ ભગવાનને જોયા. ભગવાનના દર્શન થતાં ભિખારી તો ખૂબ હરખાઈ ગયો. બસ, હવે મારું કામ થઈ ગયું. મારું દારિદ્ર હવે ટળી ગયું સમજો ને ! કેટલીય વાર સાંભળ્યું છે કે જેને ભગવાનના દર્શન થાય એ સમ્રાટ બન્યા વિના ન રહે. ભિખારીએ ભગવાનને જોયા એવા તે તેમના ચરણમાં પડયો. પછી કહ્યું-ભગવાન ! આપે મારા પર ખૂબ કૃપા કરી. હવે મારું કામ થઈ ગયું. આપ મને કંઈક આપો. આજે શ્રીમંત હોય, મધ્યમ હોય, ગરીબ હોય કે ભિખારી હોય બધાની એક જ વાત છે આપો-આપો ને આપો. એ ભિખારી કહે છે પ્રભુ ! મને કંઈક આપો. ત્યારે ભગવાને કહ્યું- તેં તો બધાની પાસે ઘણું માંગ્યું છે પણ તેં કોઇને આપ્યું નથી. આજે હું તારી પાસે ભીખ માંગું છું. તું મને કંઈક આપ. આજે તો તારે મને કાંઇને કાંઇ આપવું પડશે.

ભગવાન દેવાને બદલે લેવાની વાત કરે ? : પ્રભુના આ શબ્દો સાંભળતા ભિખારી તો બિચારો પરસેવાથી રેબઝેબ થઇ ગયો. તેના મનમાં થયું કે હું માનતો હતો કે આજે મને ભગવાન મળ્યા એટલે મારું કામ થઈ ગયું પણ આ તો જુદું જ બન્યું. આપવાની વાત તો બેર ગઇ પણ આ તો મારી પાસે માંગે છે ! ભગવાન તો ગરીબને શ્રીમંત બનાવે કે ગરીબને વધુ ગરીબ બનાવે ? આ વિચાર આવતા તેણે ભગવાનને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, પ્રભુ ! હું તો વર્ષોથી આપને ઝંખતો હતો. આજે મને સાક્ષાત્ આપના પ્રત્યક્ષ દર્શન થયા છે તો હવે મારું ભિખારીપણું ટાળી દો કે મને વધુ ભિખારી બનાવો ? આપ મારી પાસે માંગો છો પણ આપને આપવા જેવું છે શું મારી પાસે ? ભગવાન કહે-તેં લીધું છે ઘણું પણ કોઇને દીધું નથી માટે આજે મારે તારી પાસેથી લેવું છે. તું મને કંઈક આપ. પણ મારી પાસે છે જ શું ? જો તારી પાસે ચોખાની પોટલી પડી છે તેમાંથી મને થોડા ચોખા આપ. ભિખારીને થયું કે

મારી પાસે આટલા ચોખા છે તે પણ ભગવાનની નજરમાં આવી ગયા. દેવાને બદલે લેવા આવ્યા છે. માંગ્યા છે તો કાંઈ ના પડાય ? આ લીધા વિના નહિ રહે. તેણે પોટલી ખોલીને ચોખાનો એક દાણો કાઢીને ભગવાનને આપ્યો. જેવો દાણો આપ્યો તેવા ભગવાન અદૃશ્ય થઈ ગયા અને તેની આંખ ખુલી ગઈ.

તૃષ્ણાથી થયેલો પસ્તાવો : ભિખારી કહે ભગવાન કયાં ગયા ? તે ખૂબ રડવા લાગ્યો. ભગવાન તો જતા રહ્યા હતા. તેણે બાજુમાં પડેલી ચોખાની પોટલી ખોલી. તો તેમાં એક દાણો ચકમક ચકમક થતો હતો કારણ કે એક દાણો સોનાનો થઈ ગયો હતો. હવે તો પોક મૂકીને રડવા લાગ્યો. કેમ રડયો તે મારે તમને સમજાવવું પડે બરું ? ના. તમે બધા સમજી ગયા. ભિખારીને થયું કે અભાગીયો સમજ્યો નહિ. તેમણે મને આ પ્રમાણે કહ્યું હોત તો હું આખી પોટલી આપી દેત. તો બધા દાણા સોનાના થઈ જાત. હું કેવો મૂર્ખનો સરદાર ! ભગવાન જેવા ભગવાન મળ્યા. તેમણે મારી પાસે સામેથી ચોખા માંગ્યા છતાં હું કેવો લોભીયો કે મેં ભગવાનને એક જ દાણો આપ્યો. આવા વિચાર કયાંથી આવ્યા ? તૃષ્ણાને કારણે ચોખાનો એક દાણો સોનાનો થઈ ગયો. તેથી બધા ચોખાના દાણા સોનાના કરાવવાની ભાવના થઈ. તૃષ્ણા તો અનંતી છે. આ વાત ભિખારીની કરી પણ જગતના જીવોની દશા કેવી છે ? ભિખારી જેવી બેકાર જિંદગી છે તેઓ ભિખારીની જેમ આખી જિંદગી જાણે ભીખ માંગ્યા કરતા હોય તેવું લાગે છે. સંસારમાં માંગ....માંગ કરતા જીવોને જોઈને આશ્ચર્યનો પાર રહેતો નથી. માંગવા-મેળવવા સિવાય બીજી કોઈ વાત નથી. ધર્મસ્થાનકમાં સંતો પાસે માંગલીક સાંભળવા આવે તો પણ ઊંડે ઊંડે એવી ભૂખ હોય છે કે મારા પાસા સવળા પડે.

આજે માનવીના જીવનનું એક જ લક્ષ્ય હોય છે બસ જેટલું મળે તેટલું ભેગું કરવું. જરૂરિયાત હોય કે ન હોય.તૃષ્ણાનો હડકવા લાગ્યો છે. કયાંથી મેળવું ને કેમ ભેગું કરું ! મહાપુરૂષો કહે છે **"રે પૈસા તારા પાપે."** આ પૈસાએ તો મોટા મોટા અનર્થો સર્જ્યા છે. પૈસા ખાતર પિતા-પુત્ર, ભાઈ-ભાઈ-મા-દીકરી, સાસુ-વહુ અને દેશ દેશ લડે છે. આજે વર્તમાનકાળમાં થઈ રહેલા અને ભવિષ્યકાળમા થનાર તમામ યુદ્ધોના મૂળમાં કોઈ ભયંકર તત્ત્વ પડયું હોય તો તે છે સંગ્રહવૃત્તિ. શ્રીમંતો સંપત્તિ વધારતા ગયા. રાજાઓ પોતાના રાજ્યની હદને વધારતા ગયા. સત્તાધારીઓ પોતાના સત્તાના **ક્ષેત્રને વિશાળ કરવા ગયા. સર્વ ક્ષેત્રોમાં** વધી ગયેલી તૃષ્ણાએ તમામ પ્રકારના પાપોને ખુલ્લો દોર આપી દીધો.

આનંદ શ્રાવકે ધનમાં ૧૨ કોડ સોનામહોરોની છૂટ રાખી. પશુઓમાં દશ હજાર ગાયોનું એક ગોકુળ એવા ૪ ગોકુળ એટલે ૪૦ હજાર ગાયોની છૂટ રાખી. આથી અધિક પશુ ધન રાખવું નહિ. પોતાની પાસે જેટલી સંપત્તિ, પશુધન હતું તેટલી છૂટ રાખીને બાકીના પ્રત્યાખ્યાન કર્યા. હજુ આગળ કેવી કેવી પ્રતિજ્ઞાઓ લેશે તે અવસરે.

ચરિત્ર : ગુણસુંદર રત્નસારની હવેલીએ આવ્યો. રત્નસારે તેમનું ઉમળકાભેર આદર

સન્માન કર્યું, મીઠો આવકાર આપ્યો પછી બધા સાથે જમવા બેઠા. રત્નસુંદરી જાને પીરસવા આવી, ત્યારે ગુણસુંદરની નજર તેના પર પડી ગઈ. તેને જોઇને તે ઓળખી ગયો કે નક્કી આ કન્યા તો તે જ છે કે જે રોજ મારા પર ગુલાબનું ફૂલ નાંખતી હતી. પછી તો રત્નસુંદરી વારંવાર પીરસવા આવતી પણ ગુણસુંદર તેના તરફ ઉંચી દૃષ્ટિ પણ કરતો નથી. રત્નસુંદરીના મનમાં થયું કે આ કુમાર કઈ જાતનો છે કે તેને ઊંચું જોવાનું કે વાત કરવાનું ય મન થતું નથી. રત્નસાર શેઠ અને ગુણસુંદર કુમાર વેપાર ધંધાની વાતો કરી રહ્યા છે. રત્નસુંદરી અંદર રૂમમાં ઊભી રહીને સાંભળે છે. મોહદશા કેવી ભયંકર છે ! રત્નસુંદરી ગુણસુંદર પ્રત્યે ખૂબ આકર્ષાઈ છે. તેણે મનથી નિશ્ચય કર્યો છે કે ગુણસુંદર કુમાર કુંવારા હોય તો મારે તેમની સાથે લગ્ન કરવા એટલે તેમની વાતો સાંભળવામાં પણ તેને મઝા આવે છે. રત્નસાર શેઠે સારી રીતે આગ્રહપૂર્વક જમાડ્યો. જમીને ઉઠ્યા બાદ ગુણસુંદર કહે શેઠ ! હવે હું જાઉં છું, આપ થોડી વાર તો અહીં બેસો ! શેઠના કહેવાથી પાંચ મિનિટ બેસીને તે રવાના થયો.

પિતા પુત્રી વચ્ચે વાર્તાલાપ : ગુણસુંદરના ગયા પછી રત્નસાર શેઠ રત્નસુંદરીને પૂછે છે બેટા ! આ છોકરો તને કેવો લાગ્યો ? પાણીદાર છે ને ! તારા વિચાર જાણી લઉં. બાપુજી ! મારે શું જોવાનું હોય ? હું તેમને જોવા માટે નહોતી આવી પણ એક મોટા વેપારી આપણે ત્યાં જમવા આવ્યા હોય તો પીરસવા આવવું જોઈએ એવા ભાવથી આવી હતી. રત્નસુંદરીએ આખી વાત કેવી બદલી નાંખી ? શેઠ કહે–જો તને આ વાતમાં રસ ન હોત તો તેને જમવાનું આમંત્રણ આપવાનું તું મને કહેવા આવી ન હોત ! પિતાજી ! એ તો મેં આપની અને આપણા નગરની શોભા વધે માટે કહ્યુ હતું. ભલે જે હોય તે પણ હું તને પૂછું છું કે તને આ છોકરો કેવો લાગ્યો ? કદાચ તારી સગાઇ કરું તો ? રત્નસુંદરીએ કાંઈ જવાબ ન આપ્યો પણ તેનું મુખ મલકી ગયું. એટલે શેઠ સમજી ગયા કે દીકરીની ઇચ્છા છે.

ગુણસુંદરને જમવાનું આમંત્રણ આપવાનો પુરંદર શેઠનો વિચાર : ગુણસુંદર રત્નસાર શેઠને ત્યાં જમવા ગયા છે એ વાત ગામમાં જેમના ખૂબ ગુણ ગવાય છે, રાજાની બાજુમાં જેની કુરશી પડી છે એવા મોટા પુરંદર શેઠે સાંભળી. તેમણે પુણ્યસારને બોલાવીને કહ્યું, બેટા ! આપણે ગુણસુંદરને જમવાનું આમંત્રણ આપવું જોઇએ. આપણે સૌથી મોટા વેપારી છીએ. આપણી ફરજ છે કે ગામમાં આવા કોઇ મોટા વેપારી આવે તો આપણે તેમને જમવા બોલાવવા જોઈએ. પિતાજી ! તમે તો મારા વડીલ શિરછત્ર છો. આપ જેમ કહો તેમ કરવા તૈયાર છું. બેટા ! આપણે જમવા બોલાવીએ તો એ બહાને આપણને તેનો પરિચય થશે. તે છોકરો ઘણો હોંશિયાર–બુદ્ધિશાળી છે. તે કયા ગામનો છે તે કહેતો નથી. તે કહે છે કે મારું ગામ નથી. અમે તો વણઝારા છીએ. પણ મને તો લાગે છે તે કોઇ સારા કુળનો હશે. તો હું તેને જમવાનું આમંત્રણ આપવા માટે જાઉં. પુણ્યસાર કહે પિતાજી ! હું બેઠો હોઉં

ને આપને જવાનું ન હોય. ગમે તેમ તો ય તમે મોટા શેઠ અને એ તો નાના શેઠ. ગામમાં આપની તોલે કોઈ ન આવે. આપ જાવ તે સારું ન લાગે, આપ કહો ત્યારે હું જઈશ. આવતી કાલે તેમને જમવાનું આમંત્રણ દેવા જવાનું.

પુણ્યસારના આમંત્રણથી ગુણસુંદરને થયેલો હર્ષ : બીજે દિવસે પુણ્યસાર બે ચાર નોકરોને લઈને ઠાઠમાઠથી રથમાં બેસીને ગુણસુંદરની હવેલીએ આવ્યો. આ તો ઘણા મોટા શેઠનો દીકરો એટલે એકલો આવે તો સારું ન લાગે તેથી નોકરોને લઈને આવ્યો. રથ નીચે ઊભો રાખ્યો. પછી બધા ઉપર ગયા. ગુણસુંદરના અનુચરોએ તેમનું સ્વાગત કર્યું. પાણી આપ્યું પછી પુણ્યસારે માણસોને પૂછયું–ગુણસુંદર કુમાર ક્યાં છે ? આપ તેમને એટલા સમાચાર આપો કે પુરંદર શેઠના દીકરા આપને જમવાનું આમંત્રણ દેવા આવ્યા છે. માણસોએ ગુણસુંદર પાસે જઈને વાત કરી. તે તમારા જેવા જ યુવાન છે. આપ બંને સાથે ઊભા રહો તો જાણે સરખા જ દેખાવ ! તે ખૂબ પ્રભાવશાળી છે. તેની બોલવાની ચાલવાની છટા કોઈ જુદી છે. તે આપને જમવાનું આમંત્રણ દેવા આવ્યા છે. આપ નીચે પધારો. આ સાંભળતા ગુણસુંદરનું હૈયું નાચી ઉઠયું. કારણ કે આવો અવસર તેના માટે પહેલી વાર હતો કે તેને તેડવા કોઈ યુવાન આવે અને તે મોટા નગરશેઠનો દીકરો ! એટલે તેનો આનંદ સમાતો ન હતો. તે જલ્દીથી નીચે આવ્યો. જ્યાં પુણ્યસાર બેઠો હતો ત્યાં આવ્યો. બંનેને એકબીજાને જોતાં હૈયા ખૂબ હરખાઈ ગયા છે. હવે તેઓ વાત કરશે ને શું બનશે તે ભાવ અવસરે.

ભાદરવા સુદ ૩ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૭૩ : તા. ૧૭-૯-૮૫

રાગદ્વેષના વિનાશક, સત્યના સર્જક, પરમપંથના પ્રકાશક, તીર્થંકર ભગવંતોએ ભવ્ય જીવોને સંસારથી તરવા માટે આગમમય વાણી પ્રકાશી. આપણા ચાલુ અધિકારમાં આનંદ શ્રાવક પાંચમું વ્રત પરિગ્રહ પરિમાણ વિરમણ વ્રત આદરે છે. આ વ્રત આત્માના ભિખારીપણાને દૂર કરાવે છે. પરિગ્રહ સંજ્ઞા બધા જીવોને છે. અનાદિકાળથી આ સંસારમાં પરિભ્રમણ કરી રહેલો આત્મા જે ગતિમાં ગયો છે તે ગતિમાં પોતાના જીવનને ટકાવી રાખવામાં સહાયક બનતી વસ્તુઓનો સંગ્રહ કરતો રહ્યો છે. કીડીના ભવમાં કણ કણ ભેગા કરી દરમાં સંગ્રહ કર્યો. કૂતરાના ભવમાં પણ સંગ્રહ કર્યો છે અને મનુષ્ય ભવની તો વાત જ શી કરવી ? તે બધી વસ્તુઓ ભેગી કરવામાં પોતાનો સમય ગુમાવી રહ્યો છે.

જ્ઞાની પુરૂષોએ અહીં બે વાત રજૂ કરી છે. એક છે આવશ્યકતા અને બીજી છે ઇચ્છા. આવશ્યકતા જુદી ચીજ છે અને ઈચ્છા જુદી ચીજ છે. આવશ્યકતાઓ સદાને માટે મર્યાદિત હોય છે. જ્યારે ઈચ્છાઓ હંમેશા અમર્યાદિત હોય છે. માનવીને જેટલી આવશ્યકતા છે તેટલું તો મળી રહે છે. આવશ્યકતા ભિખારીની ય પૂરી થઈ જાય છે જ્યારે ઈચ્છાઓ તો કરોડપતિની ય અધૂરી રહી જાય છે. તમારી આવશ્યકતાઓ કેટલી

અને ઇચ્છાઓ કેટલી ? તમારી આવશ્યકતાઓનું લીસ્ટ કરો અને ઇચ્છાઓનું લીસ્ટ કરો. આવશ્યકતાઓનું લીસ્ટ મોટું નહિ બને પણ ઇચ્છાઓનું લીસ્ટ તો એટલું મોટું બનશે કે લાખો વર્ષોની જિંદગી હોય તો ય તે ઇચ્છાઓ પૂરી નહિ થાય. કરોડ રૂપિયા મળ્યા તો પાંચ કરોડની ઇચ્છા થાય. પાંચ કરોડ મળી ગયા તો ૨૫ કરોડની ઇચ્છા થશે. આ રીતે જેમ મળતું જશે તેમ ઇચ્છાઓ વધતી જશે કારણ કે આવશ્યકતાઓ મોટા ભાગે શરીર કેન્દ્રિત છે જ્યારે ઇચ્છાઓ મોટા ભાગે મન કેન્દ્રિત હોય છે.

તમે વિચાર કરો કે તમારી જરૂરિયાત કેટલી ? આવશ્યકતાનું લીસ્ટ બનાવશો તો સામાન્ય થશે. તમારે બાવા ચાર રોટલી જોઈએ. શરીર ઢાંકવા બે કપડા જોઈ એ. સૂવા માટે પાંચ છ ફૂટ જગ્યા જોઇએ.. આટલી ચીજ મેળવવા માટે તો બહુ પાપ નહિ કરવા પડે. એટલું તો નીતિથી મળી જશે પણ ઇચ્છાઓનું લીસ્ટ લાંબવા બેસો તો નોટો ભરાઈ જશે. આ બધું પાપ ઇચ્છાઓ પૂરી કરવા માટે છે પણ ઇચ્છાઓ પૂરી કેવી રીતે થાય ? દુનિયાના પદાર્થો અસંખ્યાતા છે અને ઇચ્છાઓ અનંત છે. " **इच्छा हु आगास समा अणंतया** " ઇચ્છાઓ આકાશ જેટલી અનંત છે. જીવન જરૂરિયાતની જે ચીજો છે તેનું નામ આવશ્યકતાઓ.

આ મોજશોખના જમાનામાં એક નવું આશ્ચર્ય એ સર્જાયું છે કે જે આવશ્યકતા પૂરી થઈ શકે તેમ છે એને છોડી દેવા ઘણાં લોકો તૈયાર થઈ જાય છે પણ જે ઇચ્છા પૂરી થઈ શકે તેમ નથી એને છોડી દેવા પ્રાયઃ કોઇ તૈયાર થતું નથી. જેમ કે ગરીબ માણસ મહેનત કરીને પેટ ભરવા માટે ભોજન મેળવી શકે તેમ છે છતાં એને છોડી દેવા માણસ એક વાર તૈયાર થઈ જાય છે પણ જીવન જીવવામાં જેની આવશ્યકતા નથી એવી બિનજરૂરી સિનેમા જોવાની, જુગાર રમવાની ઇચ્છા છોડવા એ તૈયાર થતા નથી. આ બતાવે છે કે **આવશ્યકતા છોડવી હજુ સહેલી છે પણ ઇચ્છા છોડવી કઠીન છે.** " જો માનવી પોતાની આવશ્યકતા પૂરતું મેળવવા માંગે તો મેળવી શકે છે પણ તેની આવશ્યકતા કરતા ઇચ્છાઓ ઘણી મોટી હોય છે અને તે ઇચ્છાઓની પૂર્તિ કરવા માનવી સંગ્રહ કરતો રહે છે. ઇચ્છાઓ પૂરી કરવાના પ્રયત્નો પર કંટ્રોલ નહિ મૂકે ત્યાં સુધી આખા જગતની સામગ્રીઓ કદાચ તેની પાસે આવી જશે તો ય તે સુખી નહિ થાય. શાંતિ નહિ મેળવી શકે, માટે આવશ્યકતા કેટલી છે. તે પૂરી થઈ જાય એટલે ત્યાંથી અટકી જાવ પણ ઇચ્છાઓનું બખ્ખર પૂરવાના પ્રયત્નો ન કરો. ઇચ્છાઓના બખ્ખર પૂરવા માટે તો માનવી કેટલા પાપો કરે છે !

પરિગ્રહની ભૂખ શું નથી કરાવતી ? : હીરોસિમા અને નાગાસાકી પર જ્યારે બોંબ ફેંકાયા ત્યારે એક લાખ માણસોનો કચરઘાણ વળી ગયો. હિટલરે એક કરોડ જેટલા યહુદીઓને રંસી નાંખ્યા. આટલી ઘોર હિંસા થવાનું કારણ શું ? બધુ દેશ મેળવવાની ભૂખ બાતર ને ? આઈકમેને ૬૦ લાખ યહુદીઓને સાફ કરી નાંખ્યા.

ધરતીના એક ટુકડા ખાતર ને? લાખો-કરોડો માણુસોનો સંહાર! એક જમાનો એ હતો કે ગાડા નીચે કૂતરું આવી જાય તો લોકો એના પર તૂટી પડતા. આજે અહિંસાનો જમાનો ગયો અને હિંસાવાદનો જમાનો આવ્યો. અપરિગ્રહવાદનો જમાનો ગયો ને પરિગ્રહવાદ-મૂડીવાદનો જમાનો આવ્યો. પરિગ્રહવાદના કારણે દુનિયામાં મોટી મોટી લડાઈઓ અને સંગ્રામો ખેલાયા છે. પહેલા તો હાથથી લડતા હતા ત્યારે સંગ્રામ ખેલતા સૈનિકો મરાતા હતા. બીજા નિર્દોષ જીવો મરાતા ન હતા. આજના વિજ્ઞાનના યુગમાં જે એટમ બોંબ, હાઇડ્રોજનબોંબ આદિ જે બોંબો બન્યા છે તે ઘરમાં સૂતેલાને પણ મારી નાંખે. પહેલા રાજાઓ સામસામી લડતા અને પછી ભેગા થઈને છાવણીમાં બેસતા. તે લડાઇ દિવસે ચાલતી અને રાત્રે બંધ થઈ જતી. આજે તો બોંબથી લડાઇ થઈ ગઈ એટલે લાખો અને કરોડો માણુસોનો કચ્ચરઘાણ વળી જાય. પાકિસ્તાનના આગાખાને ૩૦ લાખ માણુસોને મારી નાંખ્યા. બધા દેશોના તમામ નેતાઓ એક બાજુ વિશ્વશાંતિની વાતો કરે છે તો બીજી બાજુ એક સાથે લાખો જીવોની કતલ કરી નાંખે તેવી પ્રચંડ શક્તિવાળા ભયંકર એટમ બોંબ બનાવે છે. આ બોંબોથી ફૂરતાભર્યા ભયંકર યુદ્ધો ધરતી પર થઈ રહ્યા છે. તેનું મૂળ કારણ ધરતીની ભૂખ છે. આ પરિગ્રહ જેટલા અનર્થ ન કરાવે તેટલા ઓછા. આજે માનવી પૈસા પાછળ પાગલ બન્યો છે.

અતિ ત્યાં દુઃખ અને મર્યાદિત ત્યાં સુખ : ભગવાન મહાવીર દેવે આપણને એ સમજાવ્યું કે તમારે સુખી થવું છે કે દુઃખી થવું છે? જો સુખી થવું હોય તો અધિક સંગ્રહ કરવાની વૃત્તિ ભૂલી જાઓ અને મર્યાદામાં આવો. જ્યાં અતિ થાય છે ત્યાં અનર્થ થાય છે. નદીમાં જો મર્યાદિત ભરતી આવે તો તે પૂજનીય બને છે પણ અતિ ભરતી આવે તો ભયંકર હોનારત સર્જી દે છે. તે કલંક વર્ષો સુધી ભૂલાતું નથી. મર્યાદિત-માપમાં સારું. પગમાં પહેરવાના બૂટ કે ચંપલ જો અતિ મોટા હશે તો પડી જવાશે. તે પગના માપના જોઇએ. વધેલા નખ જો યોગ્ય સમયે કાપવામાં ન આવે તો બેડોળ લાગે. એમાં મેલ પણ ભરાય અને રોગની વૃદ્ધિ થાય, તેવી રીતે જરૂરિયાત કરતા સંપત્તિ અતિ વધી જાય અને સત્કાર્યોમાં ન વપરાય તો અનર્થનું કારણ બને છે. મોટો થયેલો નખ નહિ કાપવાથી ઠેસ વાગતાં કયારેક આખો નખ ઉખડી જાય છે ત્યારે પારાવાર વેદના થાય છે તેમ સંપત્તિનો સંગ્રહ કરનાર જીવનનો બધો આનંદ ગુમાવી દે છે. મર્યાદિત ધન હોય તો તેને કોઈ પણ હેરાન કરતું નથી.

તૃષ્ણાનો તાગ કેમ નથી આવતો? : એક જિજ્ઞાસુએ જ્ઞાની ગુરૂ ભગવંતને પ્રશ્ન કર્યો કે આ સંસારમાં જીવોને સુખેથી ખાઈ શકે તેમ દાળ-ભાત-રોટલી-શાક અને મિષ્ટાન્ન મળે, પહેરવા સારા કપડા મળે, રહેવા માટે સારું ઘર મળે છતાં જીવોને સંતોષ કેમ થતો નથી? શા માટે એ પરિગ્રહનો વધુ ને વધુ સંગ્રહ કરે છે? જરૂરિયાત કરતાં વધુ સંગ્રહ કરવાનું મન કેમ થાય છે? જ્ઞાની ભગવંતે કહ્યું છે કે એ જીવોને અસંતોષવૃત્તિ

છે. **"આ જીવોને પોતાના પુણ્ય પર વિશ્વાસ નથી."** મારું પુણ્ય હશે તો મારી જીવન જરૂરિયાતની બધી ચીજો મને અવશ્ય મળી જશે. જીવોને આટલો પુણ્ય પર વિશ્વાસ નથી. મારું પુણ્ય હશે તો કદાચ ભૂખ્યો ઉઠીશ પણ ભૂખ્યો સૂવાનો નથી અને પુણ્ય ખલાસ થઈ ગયું હશે તો ભાણા પર બેઠા હશો, બધું પીરસાઈ ગયું હશે તો ય ખાઈ શકશો નહિ. ઘણી વાર એવું નથી બનતું કે જમવા બેઠા, ભાણું તૈયાર છે પણ એવા કોઈ સમાચાર આવી જાય કે બાધા વિના ઊભા થઈ જવું પડે. જેને પુણ્ય પર વિશ્વાસ નથી તેને એ ભય રહે છે કે મને જરૂરિયાત જેટલું નહિ મળે તો ? આ ભય જીવને વધુ સંગ્રહ કરાવે છે. એક વાર જરૂરિયાતથી આગળ જવાની વૃત્તિ ઊભી થઇ પછી તો તેની કોઈ મર્યાદા રહેતી નથી કે કેટલા પ્રમાણમાં સંગ્રહ કરવો ? બસ, પછી તો એક જ લક્ષ રહે છે કે આખી દુનિયાની ચીજો એકઠી કરી લેવા દો. આ રીતે સંગ્રહવૃત્તિ કરવાના મુખ્ય બે કારણો છે એક તો પોતાના પુણ્ય પર વિશ્વાસ નથી અને બીજો ભય. જો આ બે તત્ત્વો દૂર થઈ જાય તો સંગ્રહવૃત્તિના આ પાપ પર જરૂર કાપ મૂકાશે. માનવીની સંગ્રહવૃત્તિ તો કેટલી હદ સુધી હોય છે!

પિતાએ ભાવિ માટે ભાવેલી ભયાનક ભાવના : એક કંજુસ શેઠ મરણ પથારીએ પડ્યા ત્યારે દીકરાના મનમાં થયું કે મારા પિતાજીએ તેમની આખી જિંદગીમાં સારી રીતે ખાધું નથી કે સારી રીતે પહેર્યું નથી તો હું આજે ઓછામાં ઓછું તેમના શરીર કરતાં ડબલ મોટું કફન ઓઢાડું. આ વાત શેઠના કાને પડી. છોકરાની વાત સાંભળતા ધીમેથી આંખ ખોલીને પિતાએ કહ્યું– બેટા ! તારી વાત બરાબર નથી. આવો ખોટો ખર્ચો કરવાની શી જરૂર ? તું મોટું કફન લાવ્યો છે તેમાંથી તું અડધું કરીને અડધું કપડું સાચવીને મૂકી રાખજે. તે નકામું નહિ જાય. તું જ્યારે મરી જઈશ ત્યારે તે કામ આવશે. સાંભળ્યું ને ! અંતિમ સમયે પણ સંગ્રહવૃત્તિની કેવી ભાવના છે ! અને દીકરા માટે કેવું વિચાર્યું ! જેને પુણ્ય પર વિશ્વાસ છે તે બીજા દિવસની પણ ચિંતા કરતો નથી.

પુણીયા શ્રાવક પાસે કાંઇ ન હતું, છત, જીવનમાં સંતોષ હતો. તેની પાસે બાહ્ય વૈભવ ન હતો પણ આંતર વૈભવ વધી ગયો હતો તો ખુદ મગધાપતિ નરેશ શ્રેણિક રાજા તેની પાસે માંગણી કરવા ગયા. બાહ્ય વૈભવ અહીં પડ્યો રહેશે જ્યારે આંતર વૈભવ તમારી સાથે આવશે. બાહ્ય વૈભવ ગમે તેટલો ભેગો કરશો છતાં તેનામાં એ તાકાત છે કે મૃત્યુ અટકાવી શકે ? રોગ મટાડી શકે ? કોઈને કેન્સર જેવું ભયંકર દર્દ થયું હોય તેને ચાંદીની પાટ પર સુવાડવામાં આવે તો તેના દર્દમાં શાંતિ મળે ખરી ? ના. તે રોગ મટાડવા સમર્થ નથી. હા. તે રોગની દવા લાવવી પડે તે દવા લાવવામાં સહાયક બની શકે પણ રોગ મટાડવામાં સમર્થ કોઈ હોય તો તે ધર્મ છે. જો જીવનમાં ધર્મનો મર્મ બરાબર સમજ્યો હશે તો અશાતામાં પણ શાતાનો અનુભવ કરી શકાશે.

કર્મની ફોજ સામે માણેલી આત્મ મસ્તીના મોજ : ખંધક મુનિને

ચડચડ ચામડી ઉતારે છે ત્યારે તેમણે કેવી અતવણી કરી ? ચડચડ ચામડી ઉતરે ત્યારે કેટલી ભયંકર વેદના થાય છતાં શું કહે છે હે આત્મા ! તું મોજ કર. મોજ કર. તું આત્માની મોજ માણી લે. બંધુઓ ! ચડચડ ચામડી ઉતરે ત્યાં મોજ માણવાની હોય ? છતાં કેવા સુંદર વિચારો કર્યા ! મને કેવા સરસ સાથીદારો મળ્યા ! હું કેવો ભાગ્યવાન ! બે ઘડીના કષ્ટમાં મોક્ષ મળવાનો છે ! તો તું તે કષ્ટ સહન કરી લે. તું કારેલામાં ગયો ત્યારે છીણીથી છણાયો. નરકગતિમાં ગયો ત્યારે જઘન્ય ૧૦ હજાર વર્ષ ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સુધી કેટલીય વાર છેદાયો, ભેદાયો, પરમાધામીએ કેટલા દુઃખ દીધા છતાં તારો મોક્ષ ન થયો. અહીં તો તને કેવા સરસ સાથીદારો મળ્યા છે કે તને જલ્દી મોક્ષમાં જવામાં સહાયક બન્યા છે. આ સાથીદારો મળ્યા તો તારા કર્મો કેટલાય વર્ષો સુધી શુદ્ધ ચારિત્ર પાળત ને ખપત. તે કર્મો આજે બે ઘડીમાં ખપી જશે. આ સાથીદારોનો તો કેટલો ઉપકાર માનું ! કેવી સરસ અતવણી કરી !

આપણી વાત એ છે કે જેને પુણ્ય પર વિશ્વાસ નથી તે સંગ્રહ કર્યા કરે છે. પરિણામે તેની તૃષ્ણા વધતી જાય છે માટે સમજીને મર્યાદામાં આવો. જે ત્યાગે છે તેને મળે છે. આજે તમે સંતોને આદરમાન આટલું બધું કેમ આપો છો ? તે બધું ત્યાગીને નીકળ્યા છે. તેમણે નવ કોટીએ પાપના પચ્ચક્ખાણ કર્યા એટલે પાપનો પ્રવાહ આવતો હતો તે સંપૂર્ણ અટકી ગયો. તમારા ઘેર સંત ગૌચરી પધાર્યા તો તમને વહાલોમાં વહાલી ચીજ પણ સુઝતી હશે તો ઉત્કૃષ્ટ ભાવે દેશો તેથી તમારા અનંતા કર્મોની નિર્જરા અને જો અતિ ઉત્કૃષ્ટ ભાવ આવે તો તીર્થંકર નામ કર્મ પણ બંધાય. જે ત્યાગે છે તેને મળે છે જે માંગે છે તેનાથી તે દૂર ભાગે છે. છ છ ખંડની મહાન સાહ્યબી હોવા છતાં જેઓ ત્યાગ કરીને નીકળી ગયા તો શાશ્વત સુખના ભોક્તા બની ગયા. આપ સંપૂર્ણ ન છોડી શકો તો પરિગ્રહની મર્યાદા કરો. દુનિયામાં કેટલું ધન છે તે બધું તમે મેળવી શકવાના નથી અને ભોગવી શકવાના નથી છતાં જો તમે મર્યાદા નથી કરી તો એ બધો પાપનો પ્રવાહ આવ્યા કરવાનો છે પણ આજે આખી દુનિયા પૈસા પાછળ પાગલ બની છે.

દિવાની દુનિયા આખી બની છે આજ પૈસામાં,
અમીરો ને ફકીરો સૌ બન્યા ગુલતાન પૈસામાં,
જગતમાં માનવી આજે ધરે છે ધ્યાન પૈસાના,
અરેરેરે આ જમાનામાં પવન વાય બસ પૈસાના.

આજે જ્યાં જુઓ ત્યાં પૈસાનો પવન વાઈ રહ્યો છે. રાતદિવસ મને કયાંથી મળે ? કેવી રીતે મળે ? આ રીત પૈસાના ધ્યાન થાય છે. આખી દુનિયા પૈસામાં દિવાની બની છે પણ યાદ રાખજો કે અહીંથી જશો ત્યારે કોઈ એક કોડી પણ સાથે લઈ જવાનું નથી. અંતે આ શરીરની રાખ થવાની છે. શ્રીમંત હશે કે ગરીબ હશે; બધાની એક સરખી રાખ થવાની છે. શ્રીમંતની રાખમાં સુગંધ નહિ આવે અને ગરીબની રાખમાં

દુર્ગંધ નહિ આવે. સારા નરસા કર્મો સિવાય જીવની સાથે કાંઈ જવાનું નથી. જેના જીવનમાં દાનની ભાવના છે, અનાસક્ત ભાવથી જીવે છે તે પોતાનું જીવન ધન્ય બનાવી જાય છે.

એક પટેલ અને પટલાણી હતા. તેમનું જીવન અન્યાય, અનીતિ, અધર્મથી ખરડાયેલું હતું. પટલાણી ગર્ભવંતી બને છે. માતાના સંસ્કાર ગર્ભના બાળકમાં આવે છે. માતાના સંસ્કારનો નકશો ગર્ભના જીવમાં ઉતરે છે. સમય જતાં પટલાણીએ દીકરાને જન્મ આપ્યો. આ સમયે માબાપનું જીવન ધર્મમય સારું ન હતું એટલે એવા સંસ્કાર આ છોકરામાં આવ્યા. છોકરાનું નામ પાડયું રમેશ. રમેશ ધીમે ધીમે મોટો થયો, માતાપિતાના સંસ્કાર તેનામાં આવ્યા. એક વખત પટેલ ગામના પાદરમાં વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં અચાનક એક સંન્યાસી સંત પધાર્યા. સંન્યાસી હતા પણ તેમના આચાર વિચાર સારા હતા. તેમણે પટેલને કહ્યું–આપ કોઈ દિવસ પ્રભુનું નામ લો છો ખરા ? મહારાજ ! મારે ખેતીનું કામકાજ. હું તે કામમાંથી નવરો થતો નથી. મને જરાય ટાઇમ મળતો નથી પછી પ્રભુનું નામ કેવી રીતે લઉં ? હું ભલો ને મારા બૈરી છોકરા ભલા, મારા બળદ અને ખેતર ભલું. તું આ ખેતર ખેડે તેમાં કેટલા કર્મ બંધાય ? તારા કુટુંબ પરિવાર માટે તું કર્મો કરે છે પણ તે કર્મો તારે ભોગવવા પડશે. કર્મો ભોગવવાના આવશે ત્યારે કોઈ તેમાં ભાગ નહિ પડાવે. તું પાપ કરીને ગમે તેટલું ભેગું કરીશ પણ આ બધું એક દિવસ છોડીને જવાનું છે. તારા બાપદાદાઓ ગયા તે કંઈ લઈ ગયા નથી અને તું પણ જઇશ ત્યારે લઈ જવાનો નથી. પટેલનો આત્મા સરળ હતો. તેણે કહ્યું– આપની વાત સાચી છે. હવે આપ કહો તેમ કરું. આપ મારે ત્યાં એક મહિનો રોકાઈ જાવ અને મને કાંઈક સદ્‌બોધ આપો.

સંન્યાસીના સંગનો રંગ : પટેલના કહેવાથી સંન્યાસી તેના ઘેર રોકાઈ ગયા. પટેલને ખરેખર સાચો માનવ બનાવ્યો. તેના આંગણે કોઇ પણ આવે તો તેને મદદ કરે. તેનું આવું પરિવર્તન જોઈને લોકોના મનમાં થયું કે આ પટેલને સાધુડાએ કંઈક કરી નાંખ્યું લાગે છે. લોકો પટેલને કહેવા લાગ્યા– પટેલ ! આ રીતે બધો પૈસો વાપરી નાંખવાનો ન હોય. મહારાજ તો બધું કહે. તે કહે તેમ આપણે કરવાનું નહિ પણ હવે પટેલને સાચો ધર્મ સમજાઈ ગયો છે. તે કોઇની વાતોથી પલળી જાય તેવો નથી. સંન્યાસી કહે પટેલ ! આપને હું એક વાત કરું ? આપ મારી વાત માનશો ? હા. આપ કહેશો તેમ કરવા તૈયાર છું.

પટેલની સંન્યાસી પર અખૂટ શ્રદ્ધા : સંન્યાસીએ કહ્યું : આવતી કાલે મકરસંક્રાંતિનો દિવસ છે. તો તારા ખેતરમાં જે ઊભો પાક છે તે બધો ગાયોને ખવડાવી દે. પટેલે જરા પણ સંકોચાયા વગર કહ્યું– હા. ગુરૂદેવ ! ભલે તેમ કરીશ. પટેલ પટલાણી બંને આ વાતમાં સંમત થયા. ગામમાં બધાને આ વાતની ખબર પડી ગઈ. ગામના ચૌધરીને પણ આ વાતની જાણ થઇ એટલે તે સીધો પટેલ પાસે ગયો, જઈને કહ્યું– પટેલ ! તમારો તે શું 'દિ' ઊઠી ગયો છે ? આખો પાક ગાયોને ખવડાવી દેવાનો છે તો

પછી તું શું કરીશ ? તારું બધું સત્યાનાશ થઈ જશે. સંત તો નવરા છે, એ તો બધું કહે– પટેલ તો પોતાના નિર્ણયમાં અફર હતો. તમે અમારા ઘરના ધણી નથી. માલ બધો અમારો છે. અમને જેમ યોગ્ય લાગે તેમ કરીશું, તમારી વાત અમારે સાંભળવી નથી. પટેલે ચૌધરીની વાત માની નહિ એટલે તેણે રાજાના કાન ભંભેર્યા. રાજાને કાન હોય પણ સાન ન હોય. તે ચૌધરીના ચઢાવ્યા ચઢી ગયા ને આવ્યા પટેલ પાસે. પટેલ ! મેં સાંભળ્યું છે કે વાડીનો બધો પાક તમે ગાયોને બવડાવી દેવાના છો ? હા. સાચી વાત છે. મારો માલ છે. હું તેનું ગમે તે કરી શકું પણ તમારા ખેતરમાં રાજ્યનો ભાગ છે ને ? આપના ભાગના જેટલા પૈસા થાય તે આપી દેવા તૈયાર છું. રાજ્યના માણસોએ તેની કિંમત ૫૦૦ રૂા. આંકી. ખેડૂતે ૫૦૦ રૂા. આપી દીધા અને બધો પાક ગાયોને બવડાવી દીધો. ગાયોએ પેટ ભરીને બાધું. ગામમાં કોઈ પટેલના વખાણ કરે તો કોઈ એને મૂર્ખ પણ કહે. જેને જેમ ફાવે તેમ બોલે. પટેલે બધો પાક બવડાવી દીધો ને કુદરતે બે ચાર દિવસમાં વરસાદ પડયો. ખૂબ વરસાદના કારણે બધાના ખેતરના પાક કોહવાઈ ગયા જ્યારે આ પટેલના ખેતરમાં તો ઉપર ઉપરથી પાક લઈ લીધો હતો પણ તેના મૂળિયા સજીવન હતા એટલે પાક નવપલ્લવિત થયો અને ખેતર લીલુંછમ થઈ ગયું, જે પાક હતો તેના કરતાં ચાર ગણો વધી ગયો. પટેલ પટલાણીને તો ભગવાન પર અને સંત પર વધુ શ્રદ્ધા બેઠી.

માતાપિતાના સંસ્કારનો પ્રભાવ : આ પટેલ તો ખૂબ ધનવાન બની ગયા. હવે તો તે પૈસા ખૂબ દાનપુણ્યમાં વાપરે છે. થોડા સમય પછી તેમને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. હવે તો પટેલ પટલાણી ખૂબ ધર્મિષ્ઠ બની ગયા છે એટલે આ છોકરામાં પણ સારા સંસ્કાર આવ્યા. છોકરાનું નામ સુરેશ પાડયું. રમેશ અને સુરેશ બંને સગા ભાઈ હતા પણ બંનેના જીવનમાં આકાશ પાતાળ જેટલું અંતર હતું. રમેશ સ્વાર્થી હતો જ્યારે સુરેશ પરમાર્થી હતો. રમેશ અધર્મી, નાસ્તિક હતો જ્યારે સુરેશ ધર્મી અને આસ્તિક હતો. સમય જતાં રમેશ અને સુરેશ મોટા થયા. ભણીગણીને તૈયાર થયા પછી બંનેને પરણાવ્યા. બંને છોકરીઓ પરણીને સાસરે આવી. રમેશની વહુનું નામ કડવીબાઇ હતું. જેના વચન હંમેશા કડવા નીકળતા અને સુરેશની વહુનું નામ સુશીલા હતું. સુશીલામાં નામ તેવા ગુણો હતા. બંને પુત્રોના લગ્ન પછી થોડા સમયમાં માતા ગુજરી ગઈ. તે પછી એક મહિને પિતા ગુજરી ગયા. સુરેશને ખૂબ આઘાત લાગ્યો. સુરેશ દાન દે, પરોપકારના કાર્યો કરે તે રમેશને ગમે નહિ. રમેશ અન્યાય, અનીતિથી ધંધો કરે તે સુરેશને ગમે નહિ. છેવટે બંને ભાઈ જુદા થઈ ગયા. પટેલની મિલકત ઘણી હતી એટલે બંનેના ભાગમાં રકમ તો સારી આવી. રમેશ ખૂબ લોભી હતો. યેનકેન પ્રકારથી લક્ષ્મી મેળવવી એ જ તેનું ધ્યેય હતું. તેનો પૂર્વ પુણ્યનો ઉદય એટલે સંપત્તિ વધતી ગઈ, પણ તેની પત્ની એવી કબારજા મળી હતી કે કોઈ દિવસ પતિને સુખે ખાવા ન દે. આ લાવો ને તે લાવો એની ફરિયાદો રોજ ચાલુ હોય. એટલે રમેશની પાસે પૈસો ઘણો હતો છતાં જીવનમાં શાંતિ ન હતી.

આ બાજુ સુરેશ ન્યાય, નીતિથી જીવન જીવતો હતો પણ તે વધુ કમાતો ન હતો પણ ખૂબ ઉદાર હતો. આંગણે આવેલાને કોઈ દિવસ નિરાશ ન કરે. તેનું જીવન ખૂબ પ્રમાણિક હતું. તેની પત્ની સુશીલા પણ ખૂબ ડાહી, ગુણીયલ અને શાંત સ્વભાવની હતી. તેના તરફથી સુરેશને ખૂબ સંતોષ હતો. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એ ઘટમાળ ચાલ્યા કરે છે, નરસિંહ મહેતાએ કહ્યું છે કે–

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યા તે કોઇના નવ ટળે, રઘુનાથના ઘડિયા.....

તેમ અહીં સુરેશનો પુણ્યનો સિતારો અસ્ત થયો ને પાપનો ઉદય થયો એટલે વેપારમાં નુકશાન ગયું. લેણદારોએ પૈસા આપ્યા નહિ, છેવટે ખેતરવાડી બધું વેચાઈ ગયું. ખાવાના પણ સાંસા પડ્યા. ઘરમાંથી બધું સાફ થઈ ગયું. અત્યાર સુધી તેના આંગણે જે કોઈ આવે તેને ખાલી હાથે પાછો કાઢતો ન હતો. કોઇ વાર જમવા બેઠા હોય ને યાચક આવે તો પોતાના ભાણામાંથી રોટલી આપી દે. મોટોભાઈ બાજુમાં રહે છે પણ કોઈ દિવસ તેની ખબર લેતો નથી. તેના સામું જોતો નથી. સુરેશ ને સુશીલા ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા છે છતાં ભાઈ કે ભાભી કોઈ પૂછતું નથી કે શું ખાધું ? દુનિયામાં સૌ સ્વાર્થના સગા છે. સ્વાર્થ સરે ત્યાં સુધી મારા અને સ્વાર્થ સરતો બંધ થાય એટલે કોઈ નથી તારા.

माया पिया ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा ।
णालं ते मम ताणाय, लुप्पंतस्स सकम्मुणा ॥ ઉત.અ.૬.ગા.૩

પોતાના કરેલા કર્મોથી દુઃખી થતાં જીવની રક્ષા કરવાને માટે માતા-પિતા, પુત્રવધૂ, ભાઈ, પત્ની, પુત્ર કોઈ સમર્થ નથી એટલે કોઈ દુઃખમાંથી મુક્ત કરી શકતું નથી.

એક વાર સુરેશ ગામ બહાર જંગલમાં લાકડા કાપવા ગયો હતો. ત્યાં અચાનક એક જૈન સાધુનો ભેટો થયો. સુરેશે સંતને વંદના કરી સુખશાતા પૂછી, પછી સંતે પૂછયું- ભાઈ ! તું શું કરે છે ? ગુરૂદેવ ! હમણાં મારી સ્થિતિ સાવ ખરાબ થઈ ગઈ છે. મારા જીવનની આજીવિકા માટે હું જંગલમાં જઈને લાકડા કાપી તેના ભારા બાંધીને વેચું છું અને અમારું બંનેનું પેટ ભરું છું. સંતે કહ્યું–ભાઈ ! લીલા લાકડા કાપવામાં કેટલું પાપ લાગે છે ? કારણ કે વનસ્પતિમાં પણ જીવ છે. આચારંગ સૂત્રમાં વનસ્પતિની સરખામણી માનવની સાથે કરી છે. "इमंपि जाई धम्मयं, एयंपि जाइ धम्मयं, इमंपि वुड्ढिधम्मयं, एयंपि वुड्ढिधम्मयं जाव इमंपि चओवचइयं एयं पि चओवचइयं, इमंपि विपरिणाम धम्मयं, एयंपि विपरिणाम धम्मयं ।" માનવશરીર ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે તેમ વનસ્પતિ પણ ઉત્પન્ન થવાના સ્વભાવવાળું છે. આપણું શરીર વધે છે તેમ તે પણ વધે છે. આપણા શરીરમાં ચેતન છે તેમ એનામાં પણ ચેતન છે. આ શરીર કાપવા છેદવાથી કરમાઈ જાય છે તેમ વનસ્પતિ પણ કાપવા છેદવાથી કરમાય

છે, શરીરને આહારની જરૂર છે તેમ વનસ્પતિને પણ આહારની જરૂર છે. શરીર અનિત્ય છે તેમ તે પણ અનિત્ય છે. આપણું શરીર અશાશ્વત છે તેમ વનસ્પતિ પણ અશાશ્વત છે. આપણું શરીર વધે ઘટે છે તેમ એનામાં પણ હાનીવૃદ્ધિ થયા કરે છે. આપણા શરીરમાં વિકાર હોય છે તેમ એનામાં પણ વિકાર હોય છે માટે લીલા લાકડાને કાપવાથી, ભેદવાથી, છેદવાથી તેને ખૂબ ખૂબ દુઃખ થાય છે માટે તું પ્રતિજ્ઞા કર કે મારે આ જિંદગીમાં કયારે પણ લીલું લાકડું કાપવું નહિ. સૂકું લાકડું કાપવું. એને વેચીને તારો જીવન નિર્વાહ ચલાવજે. હળુકર્મી જીવ એટલે એને સંતની વાત રૂચી ગઈ. તેણે ત્યાં પ્રતિજ્ઞા કરી કે મારે જીવનભર લીલું લાકડું કાપવું નહિ. મારા પ્રાણ જશે તો પણ પ્રતિજ્ઞા નહિ છોડું.

નહત્ કરેલો ગુરૂનો ઉપદેશ : સુરેશ પ્રતિજ્ઞા લઈને ગુરૂની ચરણરજ મસ્તકે ચઢાવી ઘેર ગયો. જઈને સુશીલાને પ્રતિજ્ઞાની વાત કરી. સુશીલા ખૂબ સંસ્કારી હતી. તે ખૂબ ખુશી થઈ અને કહેવા લાગી આપે ખૂબ સરસ પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા લીધા પછી કોઇ કોઈ વાર સુરેશને અને તેની પત્ની સુશીલાને ઉપવાસ કરવો પડતો, ત્યારે સુશીલા કહેતી પ્રતિજ્ઞા લઇએ તો કસોટી આવે, પણ કસોટીમાં આપણે આપણો ધર્મ ન ચૂકીએ તો સાચો ધર્મ સમજ્યા કહેવાય. આ સુશીલાને બે સંતાન હતા. તે પણ તેના જેવા સમજુ અને સંસ્કારી. કોઇ વાર જો આવાનું ન મળે તો સમજાવતી કે દીકરા ! આજે આપણને સહેજે સહેજે ઉપવાસનો લાભ મળી ગયો. પ્રભુનું નામ લો. રમેશ અને સુરેશ બાજુબાજુમાં રહે. કોઈ વાર સુરેશનો દીકરો રમેશના દીકરાને સારું સારું ખાતા જુએ તો ઘેર આવીને કહે મમ્મી ! જો રમેશકાકા એમના છોકરાઓને કેવું સરસ ખાવાનું લાવીને આપે છે અને તમે તો રોટલા ને છાશ સિવાય કાંઇ આપતા નથી.

સુશીલા બાળકોને સમજાવતી અને આશ્વાસન આપતી. બિચારા નાના ભૂલકાઓને ક્યાં ખબર પડે કે માતાપિતા કઈ સ્થિતિમાં જીવે છે ! રમેશ સુરેશની બાજુમાં રહેવા છતાં નાનાભાઈની કોઈ દિવસ દયા આવતી નથી. પોતે નજરે જુએ છે કે પોતાના ભાઈની સ્થિતિ કેવી છે ! છતાં તેના દિલમાં કરૂણા જાગતી નથી. ભાઈની પત્ની કડવી તો ભાઈ કરતાં પણ કંઈ ગણી ચઢે તેવી છે. તેમનામાં માનવતાનો દીવડો સાવ બુઝાઈ ગયો હતો. અત્યારે પણ એવું જોવા નથી મળતું કે એક ભાઈ સુખી હોય અને એક દુઃખી હોય તો સુખી ભાઈના મનમાં એમ ન થાય કે મારો માડી જાયો વીરો આટલો બધો દુઃખી થતો હોય અને હું લીલાલહેર કરું ! પુણ્ય પાપની બલિહારી છે. આજનો માનવ માનવ નથી રહ્યો પણ દાનવ બની ગયો છે. કોમળ નથી રહ્યો પણ કઠોર બની ગયો છે. ચેતનવંતો હોવા છતાં જડ જેવો બની ગયો છે.

કપરી કસોટીમાં સુરેશ અને સુશીલા : માનવીના પાપનો ઉદય થાય ત્યારે કોઈ સગા સગા રહેતા નથી. વહાલા વેરી બની જાય છે. સુરેશની સ્થિતિ સાવ કફોડી

બની ગઇ છે. જે પ્રતિજ્ઞા લે છે તેની વધુ ને વધુ કસોટી થાય છે. ચાતુર્માસના દિવસો હતા. મુશળધાર વરસાદ પડયો. લાકડા કાપવા જવાય એવી કોઇ સ્થિતિ ન હતી. ચારે બાજુ પાણી પાણી ને પાણી. ઘરમાં કાંઈક થોડું ઘણું પડયું છે તે માતાપિતાએ બાળકોને બવડાવી દીધું. સુરેશ અને સુશીલાને તો ત્રણ ત્રણ દિવસના ઉપવાસ થયા. સુશીલા પતિને કહેતી આ તો આપણી પરીક્ષા છે. આ પરીક્ષામાં પાસ થઈએ ત્યારે સાચા. આપ જરા પણ ગભરાશો નહિ. ચોથા દિવસે વરસાદ બંધ રહ્યો એટલે સુરેશ લાકડા કાપવા ગયો. આખા જંગલમાં કયાંય સૂકા લાકડાનો ટુકડો ય ન મળ્યો. ચોથો ઉપવાસ થયો. અંતે થાકીને ઘેર આવ્યો. ઘેર બાળકો રડી રહ્યા છે. બા! અમને ખાવાનું આપને! અમને ખૂબ ભૂખ લાગી છે. કરૂણ સ્વરે રડી રહ્યા છે. સુશીલા અને સુરેશ હવે કયો રસ્તો વિચારશે શું કરશે તે વાત અવસરે.

ચરિત્ર : મારું હૈયું કેમ હર્ષી રહ્યું છે ? : પુણ્યસાર ગુણસુંદરને જમવાનું આમંત્રણ દેવા આવ્યો છે તેથી ગુણસુંદર નીચે આવ્યા, પ્રણામ કર્યા પધારો....પધારો. પુણ્યસાર કહે મારા પિતાજીએ કહ્યું કે આપણા ગામમાં એક સોદાગર મોટા વેપારી આવ્યા છે તેમને આપણા ઘેર જમવાનું કહેવું છે તેથી હું આપને આમંત્રણ દેવા આવ્યો છું. પુણ્યસાર અને ગુણસુંદર બંને એકબીજાને જોતાં બંનેના હૈયા કોઇ અગમ્ય લાગણીથી ધબકી ઉઠયા. ગુણસુંદરના દિલમાં હર્ષના હિલોળા આવવા લાગ્યા. હૈયામાં કોઈ અપૂર્વ આનંદની લહરીઓ આવવા લાગી. તેનું હૈયું હાથમાં નથી રહેતું. તેને થાય છે કે હું જાણે તેને ભેટી પડું! તેને જોઈને મારું હૈયું આટલું બધું કેમ હરખાય છે! લાગણીઓ આટલી બધી કેમ ઉછળે છે? ગામમાં મેં ઘણાં જોયા પણ કોઈને જોઈ ને આવું નથી થયું ને આજે આ કુમારને જોતાં મને કેમ આમ થાય છે? જાણે હું તેને મારી પાસે જ રાખું એવું થાય છે. તેને છોડવાનું મન થતું નથી. શું આમાં કોઈ સંકેત હશે? મને કાંઇ સમજાતું નથી. હું તો છોકરી છું ને આ તો પુરૂષ છે. હું તો પુરૂષો સાથે કામ પૂરતી વાત કરું છું. બાકી કોઈના સામું જોતી નથી અને આ પુરૂષને જોઇને મારું હૈયું કેમ હર્ષી રહ્યું છે!

આનંદ અને અફસોસ : ગુણસુંદરના મનમાં થયું કે આ છોકરો બુદ્ધિશાળી અને હોંશિયાર લાગે છે માટે તેની સાથે દોસ્તી બાંધવા જેવી છે. મારા કામમાં પણ સહાયભૂત બને. તેમના ઘરનું જમવાનું આમંત્રણ સ્વીકારી લીધું. આવતી કાલે આપને ત્યાં જમવા આવીશ. પુણ્યસાર ઘેર ગયો ને પિતાજીને કહે છે કે આવતી કાલે આપણે ત્યાં જમવા પધારશે. માણેકચંદ શેઠ તો ગુણસુંદરની આ પ્રતિષ્ઠા, માનપાન અને યશોકીર્તિ જોઈને મુગ્ધ બની ગયા. તેમણે કહ્યું પણ ખરું, બેટા! તેં કમાલ કરી છે. અમે જે વર્ષો સુધી ન કરી શકીએ તે તેં આ થોડા સમયમાં કરી બતાવ્યું છે પણ આ બધું મારે શા કામનું? મારે કંઇ થોડો આગળ જિંદગી વેપાર કરવાનો છે? હું જે કાર્ય માટે આવી છું તેમાં મને હજુ સફળતા મળી નથી. નગરના એકેક

માણસને બરાબર ધ્યાનથી નીરખું છું પણ હજુ સુધી કયાંય પતિનો અણસાર જોવા મળ્યો નથી. અહીં આવ્યા બે મહિના થઇ ગયા. કોણ જાણે કયારે એમનું મિલન થશે ? કયારે મારું કાર્ય સફળ થશે ? એમ બોલતાં (૨) આંખમાંથી આંસુની ધાર થઇ. માણેકચંદ ગુણસુંદરને દીકરાની જેમ સાચવતા હતા. દીકરી તું રડ નહિ. હિંમત રાખ. ધૈર્ય ધારણ કર. તારું પરાક્રમ જોતાં મને તો થાય છે કે તું દીકરી નથી પણ દીકરો છે. તારી મહેનત જરૂર સફળ થશે. બાપુજી ! આજે સવારથી મારી ડાબી આંખ ફરકે છે. તો તો જરૂર તને તેમના દર્શન થશે. કહ્યું છે કે ડાબી આંખ ફરકે તો પ્રિય માણસના દર્શન થાય, કાર્ય સિદ્ધ થાય. બીજે દિવસે સમય થતાં પુણ્યસાર રથ લઇને ગુણસુંદરને તેડવા આવ્યો. શું આપ મને તેડવા આવ્યા ? આપ હવે પધારો. બહાર રથ તૈયાર છે. ગુણસુંદર કહે–હું તો આપની પાસે સાવ નાનો કહેવાઉં. કયાં તમે ને કયાં હું ! કયાં કુંજર ને કયાં કીડી ! કયાં સાગર ને કયાં બિન્દુ ! હું તો આપના પગની રજ સમાન છું. આપે મારે ત્યાં આવીને મારું ગૌરવ વધાર્યું છે. પુણ્યસાર ગુણસુંદરની બુદ્ધિ ચાતુર્યથી અંજાઈ ગયો. હવે ગુણસુંદર પુણ્યસારની સાથે પુરંદર શેઠને ત્યાં જમવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ભાદરવા સુદ ૫ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૭૪ : તા. ૧૯-૯-૮૫

અનંત કરૂણાના સાગર, ત્રિલોકીનાથ વીતરાગ ભગવંતો આગમ જ્ઞાનની સરવાણી વહાવતા ફરમાવે છે કે અનંતકાળથી જીવ ચાર ગતિમાં ચક્કર મારી રહ્યો છે, પણ હજુ તે ચક્કરમાંથી બહાર નીકળી શકયો નથી. તેનું કારણ એ છે કે આત્મા જ્યાં ગયો ત્યાં એણે દેહની રક્ષા કરી છે પણ આત્માની રક્ષા કરી નથી. દરેક જન્મમાં દેહની રક્ષા માટે તનતોડ પ્રયત્ન કર્યા છતાં એ બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. કીડીના ભવમાં ગયો ત્યાં દેહની રક્ષા માટે દરો બનાવ્યા. પંખીઓના ભવમાં ગયો તો ત્યાં એણે દેહની રક્ષા માટે ઝાડ પર માળા બાંધ્યા. અચાનક જોરદાર વંટોળિયો આવ્યો ને માળા જમીનદોસ્ત થઇ ગયા. નરકના ભવમાં જીવ ગયો ત્યાં એણે પોતાની રક્ષા માટે અધમ લેશ્યાઓ કરી. પોતાના બચાવ ખાતર સામાને ખતમ કરી નાંખવાના પ્રયત્નો કર્યા, પણ એ ભય એવો ભયંકર હતો કે ત્યાં જીવ સુરક્ષા કરી શકે એવી કોઇ સ્થિતિ ન હતી. દેવના ભવમાં પુણ્યોદયે મળેલા દેવતાઈ વૈભવોને સદા ટકાવી રાખવાના અરમાનો ઘડયા પણ એ બધા અરમાનો ધૂળમાં મળી ગયા. ભલે ત્યાંના વૈભવો શાશ્વત છે પણ ત્યાં જનાર દેવ તો શાશ્વત નથી ને ? તેને તે છોડવું પડે છે. તે સંપત્તિ પ્રત્યેની આસક્તિના કારણે જીવ કોઈ વાર પૃથ્વી, પાણી, વનસ્પતિમાં પટકાઈ ગયો. છેલ્લે આવ્યો માનવ ભવમાં.

આ ભવમાં શરીરની રક્ષા માટે બંગલા બંધાવ્યા. પૈસા, પત્ની, પરિવાર એ બધી વ્યવસ્થા કરી પણ એ બધા દગાખોર નીકળ્યા. ધન યેનકેન પ્રકારે લૂંટાઇ ગયું. બંગલા જમીનદોસ્ત થઇ ગયા. પુત્ર પરિવાર સ્વાર્થી નીકળ્યો. પત્ની બેવફા નીવડી. દેખાતું

નિરોગી શરીર રોગોથી ઘેરાઈ ગયું. છેવટે દીનહીન બનીને દુનિયામાંથી વિદાય થયો. પ્રત્યેક ગતિના પ્રત્યેક ભવમાં સુરક્ષા ખાતર તો જિંદગીની તમામ પળો ખર્ચી નાંખી પણ તેમાંથી એકાદ પળ પણ જીવની રક્ષા ન કરી. ખરેખર પોતે જે સુરક્ષિત ન હોય તે બીજાને સુરક્ષિત કેવી રીતે રાખી શકે? રેતીથી બાંધેલા ઘરો જોરદાર વંટોળ વચ્ચે સલામત શી રીતે રહી શકે? પથ્થરોની વર્ષા થતી હોય ત્યાં કાચના મકાન સુરક્ષિત કેવી રીતે રહી શકે? જોરદાર પવન રેતીના ઘરને પાડી નાંખે, પથ્થરની વર્ષા કાચના મકાનને તોડી નાંખે કારણ કે આ બધું અનિત્ય, નાશવંત છે. શરીર આદિ બધા પુદ્ગલો નાશવંત છે. સંસારના દરેક પદાર્થો સ્વયં પોતે સુરક્ષિત નથી તો પછી બીજાને સુરક્ષિત કેવી રીતે રાખી શકે? ધન સંપત્તિ લૂંટાઇ જવાનો, ચોરાઈ જવાનો ભય છે. મહેલના નિર્માણ પાછળ નાશની ભૂમિકા પડી છે. શરીર ગમે તેવું નિરોગી હોય છતાં સત્તામાં રોગો ભરેલા પડયા છે. કયારે રોગો આવીને સત્તા જમાવશે તે ખબર નથી. આ બધું સુરક્ષિત નથી. નાશવંત છે. માત્ર એક આત્મા શાશ્વત છે. એની રક્ષા માટે પ્રભુનું શરણ સ્વીકારવું જરૂરી છે. જે જીવોએ પ્રભુનું શરણ સ્વીકાર્યું એ બધાને પ્રભુએ તાર્યા છે. તેમના શરણે જવાથી પાપી પુનિત બની ગયા છે. ચંડકૌશિક સર્પ, રોહણીયો ચોર, અર્જુનમાળી, ચંદનબાળા અને સુલસા, શ્રેણિક રાજા આનંદ આદિ શ્રાવકો જે પ્રભુના શરણે ગયા તે બધા ન્યાલ થઈ ગયા, કારણ કે પ્રભુ પોતે સુરક્ષિત હતા તો બીજાના આત્માની રક્ષા કરી શકયા. એવા પ્રભુએ ઉપાસકદશાંગમાં સુંદર ભાવો સમજાવ્યા છે.

ભગવાન આનંદ શ્રાવકને પાંચમા પરિગ્રહ વિરમણની વાત સમજાવી રહ્યા છે. આ દુનિયામાં મોટામાં મોટી પનોતી કોઈ હોય તો તે પરિગ્રહ છે. ગઈ કાલે કહ્યું હતું કે જેને પોતાના પુણ્ય પર ભરોસો છે તે પરિગ્રહની મર્યાદા કરી શકે છે અને જેને પોતાના પુણ્ય પર વિશ્વાસ નથી તે સંગ્રહ કરતો જાય છે. જો તમારું પુણ્ય હશે તો નહિ માંગો તો પણ સામેથી આવીને હાજર થઈ જશે અને પાપનો ઉદય હશે તો ગમે તેટલું સંગ્રહ કરેલું હશે તો પણ ચાલ્યું જશે. સઘળા વિગ્રહોનું મૂળ પરિગ્રહ છે. ઘણી વાર એવું બને છે કે પોતે મેળવેલું હોવા છતાં પોતે ભોગવી શકતો નથી. આચારંગ સૂત્ર બોલે છે "जेण सिया तेण णो सिया, इणमेव नावबुज्झंति जे जणा मोहपाउडा" જે ધનાદિ સામગ્રીથી ભોગોપભોગ થઈ શકે છે તે ધનાદિ સામગ્રી હોવા છતાં તેનો ભોગોપભોગ નથી પણ થઈ શકતો.

જે ધનાદિ સામગ્રીને જીવ ભોગોપભોગનું મુખ્ય કારણ સમજે તે સામગ્રી કલ્પિત સુખ આપી પણ શકે છે અને નથી પણ આપી શકતી. ભોગોપભોગનું મુખ્ય સાધન ધન છે. એમ માનીને માનવી ધન કમાવામાં રાત દિવસ એક કરે છે, વિષમ કષ્ટોને સહન કરે છે પરંતુ એવી પ્રવૃત્તિ કરવાથી અને લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે એ વાત ભૂલી જાય છે અને તે ધનથી ભોગોપભોગ નહિ કરતા માત્ર તેનો સંગ્રહ કરતો જાય છે. ભોગવવાનું લક્ષ્ય જતું રહે છે અને સંગ્રહ

કરવાનો લોભ જાગૃત થાય છે. જ્યાં સંગ્રહવૃત્તિ આવી ત્યાં પોતાને માટે પણ વાપરી શકતા નથી. જેનામાં સંગ્રહ કરવાની ભાવના નથી તે વ્યક્તિ મળેલી સામગ્રીનો ઉપભોગ કરી શકે છે. મમ્મણ શેઠની પાસે કરોડોની સંપત્તિ હતી છતાં તે સુખેથી ન ખાઈ પી શકયા, શુભ કાર્યોમાં તેનો ઉપયોગ પણ ન કરી શકયા. માત્ર તે સંપત્તિના રખેવાળ રહ્યા. તેના માલિક પણ ન બની શકયા. જેમ સરકારી રાજના બંગલાના રખેવાળને માલિક ન કહી શકાય કારણ કે તેમાંથી એક પાઈ પણ લેવાનો તેનો અધિકાર નથી. તે રીતે જે ધન હોવા છતાં તેનો ઉપયોગ ન કરે તે માલિક નહિ પણ રખેવાળ છે. જ્યાં સંગ્રહ કરવાની ભાવના છે ત્યાં વાપરવાની કે ભોગવવાની ઈચ્છા થતી નથી. સંગ્રહવૃત્તિ એ કર્મબંધનનું કારણ છે માટે મર્યાદામાં આવો. જો મર્યાદામાં આવશો તો અધિક સંગ્રહ કરવાનુ મન નહિ થાય.

આનંદ શ્રાવકે પરિગ્રહની મર્યાદા કરી, તેમની પાસે જે સંપત્તિ અને ગોકુળ હતા તેથી વધુ રાખવા નહિ એવી પ્રતિજ્ઞા કરી. બીજી કઈ મર્યાદા કરી તે શાસ્ત્રકાર બતાવે છે.

"तयाणंतरं च णं खेत्तवत्थुविहिं परिमाणं करेइ, नियत्तेण सइएणं हलणं पंचहिं हलसएहिं नन्नत्थ अवसेसं सव्वं खेत्तवत्थुविहिं पच्चक्खामि ।"

ત્યાર પછી આનંદ શ્રાવકે ક્ષેત્ર વાસ્તુનું પરિમાણ કર્યું. તેમણે ભગવાનને કહ્યું– સો વીઘા ભૂમિનો એક હળ એવા ૫૦૦ હળો સિવાય બીજા ક્ષેત્ર વાસ્તુ વિધિના પચ્ચક્ખાણ કરું છું. આનંદ શ્રાવકે એક હળથી સો વીઘા જમીન ખેડાય એવા ૫૦૦ હળોની છૂટ રાખી. તે સિવાયની બીજી જમીન હવે મારે કદ્યે નહિ. તે સમયે તેઓ ખેતીવાડી કરતા હતા એટલે આટલી જમીનની છૂટ રાખીને બીજા પચ્ચક્ખાણ કર્યા.

તેમણે તેમના જીવનમાં આટલી મર્યાદા કરી એટલે તૃષ્ણાઓ પર કાપ મૂકાયો. તૃષ્ણા એ ભયંકર આગ છે. જ્ઞાની ભગવંતે શાસ્ત્રમાં કહ્યું છે કે 'नत्थि जोइसमे सत्थे' । ગમે તેવા શસ્ત્રો હોય પણ અગ્નિ જેવું કોઈ શસ્ત્ર નથી. તલવાર, ભાલા આદિ હથિયારો જેને મારે તેને વાગે, તે બીજાને ન મારે, જ્યારે આગ લાગે ત્યારે તેને જો કંટ્રોલમાં લેવામાં ન આવે તો ચારે દિશામાં ફેલાઇ જાય ને બધું સાફ કરી નાંખે, તેમ તૃષ્ણા પર જો કંટ્રોલ કરવામાં ન આવે તો તે આગની જેમ વધતી જાય છે. તૃષ્ણાનો ખાડો કયારે પણ પૂરી શકાતો નથી. માનવી સંતોષના ઘરમાં આવે તો આ ખાડો પૂરી શકાય.

તૃષ્ણાની આગને ઠારવા માટે મહાપુરૂષોએ એક ઉપાય બતાવ્યો છે. **તમારી પાસે 'જે નથી' એના તરફથી દૃષ્ટિ હટાવો દો અને 'જે છે' એના તરફ દૃષ્ટિને કેન્દ્રિત કરો।"** કોઈ વસ્તુ તમને ગમતી હોય પણ તે ચીજ તમારી પાસે નથી તો એવો વિચાર ન કરો કે આ ચીજ મારી પાસે નથી, મારી પાસે બીજી આટલી બધી વસ્તુઓ છે તો એક ચીજ ન હોય તેમાં મને શું ? તેનાથી ચલાવી લેવું જોઈએ. જો આવા ભાવ

આવે તો મેળવવાની ઈચ્છા નહિ થાય. જો આ દૃષ્ટિ જીવનમાં આવે તો જીવનમાં અઢળક પાપો, અશાંતિ અને ભયંકર સંક્લેશો ઓછા થઈ જશે. જો આ દૃષ્ટિ નહિ હોય તો તમારી પાસે જે વસ્તુ નથી તેને મેળવવાની ઝંખના તીવ્ર બનશે પછી તે મેળવવા પાપ કરવા પડે તો પણ કરવા તૈયાર થશો. પરિણામે આ લોકમાં અઢળક સામગ્રીઓ હોવા છતાં તમે સ્વસ્થતાનો અનુભવ નહિ કરી શકો કારણ કે 'નથી' એ મેળવવા માટે મન રાત દિવસ વલખા માર્યા કરે છે. એ વિચારો તેને શાંતિ આપી શકતા નથી

મનનો સ્વભાવ એવો વિચિત્ર છે કે તેની પાસે જે 'છે' તેના તરફ આકર્ષણ થતું નથી પણ 'જે નથી' એનું સતત આકર્ષણ રહે છે. કબાટમાં બેનો પાસે સો સાડીઓ પડી હોય છતાં જો ભુલેશ્વરમાં ગયા અને નવી ડીઝાઇનની સાડી જોઇ તો તેના મનમાં એ વિચારો આવ્યા કરશે કે આવી સાડી મારી પાસે નથી. કબાટમાં આટલી બધી પડી છે તે વિચાર નહિ આવે. તૃષ્ણાની આગથી બચવું હોય તો **"મારી પાસે આ નથી"** એ વિચારધારાને દૂર કરો અને **"મારી પાસે છે"** એ વિચારધારાને જીવનમાં અપનાવી લો. ગરીબ પુણીયા પાસે સામગ્રીઓનો અભાવ હતો છતાં એ સુખી હતો અને શ્રીમંત મમ્મણ શેઠ અઢળક સામગ્રીઓ હોવા છતાં સુખી ન હતો. જ્ઞાની કહે છે કે તમારે સુખ જોઈએ છે તો જીવનમાં સંતોષ લાવો. સુખનો સંબંધ સામગ્રીઓ સાથે નથી પણ સંતોષ સાથે છે. દુઃખનો સંબંધ અભાવ સાથે નહિ પણ અસંતોષ સાથે છે. જેના જીવનમાં સંતોષ છે તેની જીવન જરૂરિયાતો તો પૂરી થઈ જવાની છે પણ જેના જીવનમાં અસંતોષ છે તેને ગમે તેટલું સુખ મળે તો પણ સંતોષ નહિ થાય.

कसिणंपि जो इमं लोयं, पडिपुण्णं दलेज्ज एक्कस्स ।
तेणावि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ॥ ઉત્ત.અ ૮.ગાથા ૧૬

ધનધાન્યથી ભરેલો આ સંપૂર્ણ લોક જો કોઈ એક જ માણસને આપી દેવામાં આવે તો પણ તેને સંતોષ થતો નથી. આ આત્માને તૃપ્ત કરવો કઠીન છે કારણ કે તૃષ્ણા આકાશ જેવી અનંત છે. તૃષ્ણાવંત માનવી તરી શકતો નથી. સંપત્તિ ગમે તેટલી મળે છતાં જીવનમાં તૃપ્તિ આવી ગઈ તો તે શાંતિ મેળવી શકે છે.

આપણે ગઇ કાલે રમેશ અને સુરેશની વાત કરી હતી. સુરેશને કયાંય સૂકું લાકડું મળ્યું નહિ અને લીલા લાકડા કાપવાની પ્રતિજ્ઞા લીધી છે તેથી સુરેશને અને સુશીલાને ચાર ચાર ઉપવાસ થયા. બાળકો ખાવા માટે રડી રહ્યા છે. સુશીલા ખૂબ ડાહી સમજણી સ્ત્રી છે. તે એમ નથી કહેતી કે તમે આવી બાધા કયાંથી લઈ આવ્યા ? સુરેશ કહે સુશીલા ! હવે શું કરીશું ? ભૂખ ખૂબ સતાવી રહી છે. હવે ભૂખ્યા રહેવાતું નથી. કયાંથી લાવવું ? સુશીલા કહે, ખેતરથી ઘેર આવતાં રસ્તામાં એક મંદિર આવે છે. તે મંદિરના બારણા સૂકા લાકડાના છે. તેને તોડીને વેચી આવો. જે પૈસા આવે તેમાંથી કંઇક લાવીને આપણું પેટ ભરીશું પણ બારણું તોડતા પહેલા આપ મંદિરમાં ભગવાન

પાસે બેસીને દશ મિનિટ પ્રાર્થના કરજો. હે કરૂણાવંત ભગવાન ! હું અહીં ચોરી કરવા કે લૂંટવા નથી આવ્યો પણ અમે ચાર ચાર દિવસથી ભૂખ્યા છીએ. હવે અમે ભૂખ સહન કરી શકતા નથી તેથી આ પાપી પેટને ભરવા અને મારા કુટુંબનું પાલનપોષણ કરવા માટે હું આ બારણું તોડવા આવ્યો છું. મારે આખા બારણાની જરૂર નથી. હું અડધું બારણું તોડીને લઈ જઈશ અને તેને વેચીને મારું પેટ ભરીશ. આ પેટ માટે હું આ પાપ કરવા આવ્યો છું. આપ મને માફ કરજો.

પ્રતિજ્ઞાનો ચમત્કારી પ્રભાવ : સુશીલાએ કહ્યું તે પ્રમાણે સુરેશ મંદિરમાં ગયો. ભગવાન પાસે બેસી દશ મિનિટ પ્રાર્થના કરી, પછી કુહાડો લઈને જેવું બારણું તોડવા જાય છે ત્યાં તેનો હાથ અટકી ગયો, તેને અવાજ આવ્યો, હવે તું બારણું તોડીશ નહિ. દેવે તારી પ્રતિજ્ઞાની પરીક્ષા કરી છે. તું લાકડા લેવા જે જંગલમાં ગયો ત્યાં બધે લીલા લાકડા ન હતા, સૂકા લાકડા હતા પણ તારી પરીક્ષા કરવા આખુ જંગલ લીલુંછમ બનાવી દીધું. તું ચાર ચાર દિવસ ભૂખ્યો રહ્યો છતાં તેં પ્રતિજ્ઞા તોડી નથી તેથી દેવ તારા પર પ્રસન્ન થયા છે. હવે તું જરા પણ ચિંતા ન કરીશ. તારું દુઃખ ગયું. હવે તારે લાકડા કાપવા પણ નહિ જવું પડે. તું અહીંથી ઘેર જા. તારા ઘેર ડામચિયા પર એક તાસ પડયો છે તે રોટલાથી ભરેલો છે. તમે બધા પેટ ભરીને ખાજો. રોજ એ રીતે તું તાસ મૂકી રાખજે. રોજ તે રોટલાથી ભરાઈ જશે. હવે મહેનત મજૂરી કરવાની જરૂર નથી. જે પ્રતિજ્ઞા કરે તેની કસોટી તો આવે છે પણ જે કસોટીમાં દઢ રહે છે, અડગ રહે છે તે પછી સુખ મેળવે છે.

ગરીબીમાં પણ અમીરી : સુરેશ ઘેર ગયો. સુશીલા પૂછે છે નાથ! કેમ કાંઇ લાવ્યા નથી ? સુશીલા ! હું તો ઘણું લાવ્યો છું. ધર્મનો પ્રભાવ તો તું જો. જેને ધર્મ પર શ્રદ્ધા હોય તેના દુઃખ દૂર થયા વિના રહેતા નથી. સુરેશ ગયા પછી સુશીલાએ કુદરતી તાસ ડામચિયા પર મૂકેલો. સુરેશ કહે– તું તાસ ખોલ. સુશીલાએ તાસ જોયો તો આખો તાસ રોટલાથી ભરેલો છે. સુરેશે બધી વાત કરી. બધા પ્રેમથી જમવા બેઠા. રોટલા એકલા ખાય છે છતાં તે રોટલાનો સ્વાદ એવો છે કે રોટલો ને શાક કે ચટણી ખાતા ન હોય ! એકલા રોટલા ભાવે એવા સ્વાદવાળા હતા. સાથે બીજી કોઈ ચીજની જરૂર ન પડે. ચાર માણસોને રોટલા જોઈએ કેટલા ? પેટ ભરીને બાધા તો ય ઘણા વધી પડયા. તે એવો વિચાર નથી કરતા કે કાલે મળશે કે નહિ ? માટે કાલ માટે રહેવા દઈએ. આટલી ગરીબી હોવા છતાં સંગ્રહ કરવાની ભાવના નથી. જેને પુણ્ય પર વિશ્વાસ નથી તે સંગ્રહ કરે પણ વિશ્વાસ છે તે તો કહે છે કે ભેગું કરવાની શી જરૂર ! મારા ભાગ્યમાં હશે તો મળવાનું છે. જે પુણ્ય પર વિશ્વાસ રાખે છે તે કાલની ચિંતા કરતા નથી. જે રોટલા વધ્યા તે ગરીબ, અપંગ અને દુઃખીઓને આપી દીધા. કૂતરાને પણ ખવડાવ્યા.

હવે તો રોજ તાસ મૂકે ને તાસ રોટલાથી ભરાઈ જાય. બધા પેટ ભરીને જમે

અને વધે તે ગરીબો અને દીનદુઃખીઓને આપી દે. સુશીલાને હવે ચુલો સળગાવવો પડતો નથી. અનાજ દળવું પડતું નથી અને રોટલા ઘડવા પડતા નથી. રોજ ઘરમાં સંવત્સરી જેવું એટલે આરંભ સમારંભ બંધ. સુશીલાને કંઈ કામ કરવાનું નહિ એટલે ટાઈમ ઘણો મળે. નવરાશના સમયમાં માળા ગણે, પ્રભુ ભજન કરે અને ધર્મધ્યાન કરે. રોજ આ રીતે રોટલા મળે, બધા જમે, પછી વધે તે બધાને આપી દે. તમે રોટલા કલબ ચલાવો તેમ અહીં રોજ રોટલાના દાન થાય છે. ધીમે ધીમે આ વાત આજુબાજુના ગામમાં ફેલાઈ ગઇ પછી તો ઘણા માણસો આવવા લાગ્યા. સુશીલા બધાને પ્રેમથી રોટલો આપે છે. માણસો રાજી થતા લઈને જાય છે ને આશીર્વાદ આપે છે. રોટલા ખાનારા બધા વિચાર કરે છે કે આ રોટલા જુદી જાતના હોય તેવું લાગે છે. રોટલાની સાથે શાક, મરચું કે ચટણી ખાતા હોય તેવો રોટલાનો સ્વાદ છે. રોટલા લૂખા હોવા છતાં ખૂબ મીઠા લાગે છે.

કડવીબાઇની કડવી ભાવના : આ વાત કડવીબાઈના કાને પહોંચી.. પોતે સુખી હોવા છતાં પોતાના દિયર, દેરાણી ગરીબ સ્થિતિમાં હતા છતાં ખબર લીધી નથી. ખાધું કે ન ખાધું એ કોઈ દિવસ જોયું નથી. સુશીલાની હવે ગામમાં ખૂબ પ્રશંસા થાય છે. બધા તેના ગુણ ગાય છે તે તેનાથી સહન ન થયું. ઈર્ષ્યા બહુ બૂરી ચીજ છે. કોઈનુ સારું જોઈને રાજી થવું એ સહેલ નથી. કડવીબાઈના મનમાં થયું કે સુશીલાના ઘરમાં કોઈ દિવસ ધુમાડો દેખાતો નથી રોટલા ઘડવાનો અવાજ પણ આવતો નથી, તો પછી આટલા બધા રોટલા બધાને ખવડાવે છે કેવી રીતે ? એક વાર જઈને જોઉં તો ખરી. આ કડવીબાઈ હવે મીઠીબાઈ થઈને દેરાણીના ઘેર આવી. સુશીલા તો સરળ અને ભદ્રિક હતી તે જેઠાણીને જોઈને ખુશ ખુશ થઇ ગઈ તેમને આદરમાન આપ્યું. પધારો ભાભી પધારો ! ધન્ય ઘડી ધન્ય ભાગ્ય ! આજે મારું ઘર પાવન કર્યું છે. ચાર ચાર દિવસ બધા ભૂખ્યા રહ્યા, બાળકો ખાવા માટે રોકકળ મચાવતા હતા ત્યારે ખબર લેવા આવી નથી છતાં આજે સુશીલા તેનો કેટલો સત્કાર કરે છે. કડવીબાઇએ થોડી આડીઅવળી વાતો કરી, પછી કહ્યું સુશીલા ! તું આટલા બધા રોટલા કયારે ઘડે છે કે આટલા બધા ગરીબોને ખવડાવે છે ! ભાભી ? હું રોટલા ઘડતી નથી. તો રોટલા આવે છે કયાંથી ? સુશીલાએ બધી વાત કરી. તમારા દિયરને લીલા લાકડા કાપવાની પ્રતિજ્ઞા હતી. ચાર દિવસ કયાંય સૂકા લાકડા મળ્યા નહિ. અગારે ચાર ચાર દિવસના ઉપવાસ થયા. બાળકો ભૂખ્યા રડયા કરે, છેવટે મંદિરનું બારણું તોડવા ગયા. ત્યાં માતાજીએ એને અવાજ આપ્યો કે તારી પ્રતિજ્ઞામાં તું ખૂબ દૃઢ રહ્યો છે એટલે દેવ તારા પર પ્રસન્ન થયા છે. હવે તને રોજ રોટલો મળી જશે. કડવીબાઈને બધી વાત મળી ગઇ. આ તો સાવ સહેલું છે. હમણાં જઇને પતિને વાત કરું. મારે પણ હવે રોટલા ઘડવા નથી. રોટલા ઘડતા હાથ દુઃખવા આવે છે તો સદાને માટે આરામ મળી જાય ને ?

કોઇને દીધું નથી પછી કયાંથી મળે ? : કડવીભાઈ તો ઘેર ગયા. દેરાણીના સુખની ઈર્ષ્યા આવી. એ રોટલા ન ઘડે તો હું મોટી જેઠાણી થઈને શા માટે ઘડું ? રમેશ ઘેર આવ્યો. કડવીભાઇએ તો નામ પ્રમાણે વર્તન ચાલુ કર્યું. રમેશને કહે છે તમે અત્યારે ને અત્યારે કુહાડો લઈને મંદિરમાં જાવ ને મંદિરના બારણાં તોડો. ત્યાં તમારા પર દેવ પ્રસન્ન થઈ ને માંગવાનું કહેશે અથવા અવાજ આપશે. આપ રોટલા માંગજો એટલે તે રોટલા આપશે, પછી રોજ રોટલા મળતા રહેશે. મારે ઘડવાની પંચાત મટી જશે. રમેશ કહે સુરેશ તો ગરીબ હતો. એણે ગરીબ સ્થિતિમાં પણ આંગણે આવેલા કોઈને પાછા કાઢયા નથી. જ્યારે મેં તો મારો સગો ભાઇ આટલો દુઃખી હતો છતાં ખબર લીધી નથી પછી બીજાની તો વાત જ કયાં કરવાની ? કોઈ ને દીધું નથી પછી કયાંથી મળે ? સુરેશ પાસે તો આવાનું કાંઇ રહ્યું નહિ એટલે ગયો હતો પણ આપણી પાસે શું તૂટો છે ? રમેશે પત્નીને ઘણું સમજાવ્યા પણ કડવીભાઈ ન માન્યા. આખરે પત્ની પાસે પતિને નમવું પડયું. આજે પણ સંસારમાં એવું જોવા મળે છે કે પત્ની પાસે પતિને નમવું પડે.

ઇર્ષ્યાનું ખૂરૂં ફળ : છેવટે રમેશને જવું પડયું. તે દેવીના મંદિરે ગયો. જઇને પગે લાગ્યો, પછી કુહાડીથી બારણા તોડવા માંડયા. જેવું બારણું તોડવા જાય છે એવો હાથ ત્યાં ને ત્યાં ઊંચો રહી ગયો. પગ ચોંટી ગયા. ત્યાંથી જરાય ચસકી ન શકે એવું થઈ ગયું. હવે શું કરે ? કોઈ આવે તો છોડાવે ને ? તેના મનમાં થયું કે મારે રોટલાની કયાં જરૂર હતી છતાં પત્નીના કહેવાથી આવવું પડયું તેનું કેવું ફળ મળ્યું ? ત્યાંથી છૂટવા ઘણી મહેનત કરે છે છતાં જરા પણ ખસી શકતો નથી. પગ થાંભલા જેવા થઈ ગયા. ઘણી વાર થઈ છતાં રમેશ આવ્યો નહિ એટલે કડવીભાઈ કહે આ તો ગયા તે ગયા. કેટલી બધી વાર થઇ છતાં તે આવ્યા નહિ. લાવ હું જાઉં. કડવીભાઇ તો ઘૂંઘરાટો કરતા ગયા. દૂરથી જોયું તો રમેશને ઉભેલો જોયો એટલે બોલતી બોલતી આવી. શું ઊભા રહ્યા છો ? જલ્દીથી કુહાડીનો ઘા કરો એટલે આપણું કામ થઇ જાય. રમેશ કહે, શું ઘા કરું ? કુહાડીનો ઘા કરતાં મારી આ દશા થઇ છે. હું ચોંટી ગયો છું હાથ ઊંચા ને ઊંચા રહી ગયા છે. પગ થાંભલા જેવા થઇ ગયા છે. કડવીભાઇ રમેશનો હાથ પકડી ખેંચવા જાય છે તો તે પણ ત્યાં સજ્જડ થઇ ગઇ. રમેશે કડવીભાઇને કહ્યું–જો તારા કહેવા પ્રમાણે કરવા ગયો તો મારી કેવી દશા થઇ ! આપણે કયાં રોટલાનો તૂટો હતો ?

ફરી સામણમાં કરેલી કબૂલાત : બંને જણાએ દેવી પાસે ભૂલની માફી માંગી. ત્રણ દિવસ સુધી ચોંટેલા રહ્યા. ગામના લોકો જોવા ઉમટયા. સુરેશનો વાદ લેવા ગયો ત્યારે આ દશા થઇ ને ! બધા જેમ તેમ બોલવા લાગ્યા; રમેશે અને કડવીભાઇએ દેવીને ખૂબ આજીજી કરી, પ્રાર્થના કરી, મા ! અમને બચાવો ને ! હવે ફરી વાર આવું નહિ કરીએ. દેવીએ કહ્યું–કે ગરીબ સ્થિતિમાં કોઇ દિવસ દિયર દેરાણીની ખબર લીધી છે ? તેમના સામું જોયું નથી. હવે હું કહું તે કબૂલ હશે તો તમને છોડું. બરાબર

ફસામણમાં આવી ગયા છે એટલે કબૂલ તો કરવું પડે ને ? કબૂલ ન કરે તો કયાં જાય ? બંનેએ કહ્યું–તમે કહેશો તે કબૂલ છે. દેવી કહે, પછી બોલેલું ફરાશે નહિ. ના, નહિ ફરીએ. દેવી કહે- મારો સુરેશ લૂખા રોટલા ખાય છે અને તમે જલસા કરો છો. તમને ભાન છે ? આજથી નક્કી કરો કે રોજ સવારે ભેંશનું એક શેર ચોખ્ખું ઘી તારે સુરેશને ઘેર આપી આવવાનું. બોલ, કબૂલ છે ને ? કડવી કહે–શેર નહિ પોણો શેર આપીશ. દેવી કહે–તો હવે સવાશેર. આપ આમ કેમ બોલો છો ? બા, હવે દોઢ શેર. કડવી તો ભડકી. તે સમજી ગઇ કે હવે જો હું દલીલ કરીશ તો વધારે વધતું જશે, માટે જે કહે તે સ્વીકારી લેવામાં મજા છે. દેવી કહે–આપ તેમને પ્રેમથી આપજો. આપતા મનમાં જરા પણ સંકોચ રાખશો નહિ. નહિતર આથી બૂરી દશા કરીશ. કડવીએ દેવીની વાત માન્ય કરી એટલે દેવીએ તેમને છોડી દીધા. ચાર દિવસથી ચોંટી ગયા હતા એટલે પગ સજ્જડ થઇ ગયા હતા તેથી ચાલીને જવાય તેમ ન હતું. તેઓ ગાડામાં બેસીને ઘેર ગયા. બીજા પર કર્ષ્યા કરવા જઈએ તો તેના ફળ મળ્યા વગર રહેતા નથી.

ચમત્કારથી નમસ્કાર : કડવીબાઇ બીજે દિવસે દોઢ શેર ઘીનો લોટો ભરીને સુરેશને ઘેર આપવા ગઇ. સુશીલાને કહ્યું– લે, બેટા ! હું આ ઘી લઇને આવી છું. ભાભી ! અમારે ઘીની જરૂર નથી, આપ ઘી પાછું લઈ જાવ. હું પાછું લઈ જવા લાવી નથી. હું રાત્રે સૂતી હતી ત્યારે વિચાર આવ્યો કે હું મોટી જેઠાણી ! અમે ઘી ચોપડેલું ખાઇએ અને મારી દેરાણી, ફૂલ જેવા બાળકો અને મારા દિયર બધા લૂખું ખાય ? શું આ મને શોભે છે ? કયારે સવાર પડે ને હું તેને ઘી આપી આવું ! આ વિચારમાં મને આખી રાત ઊંઘ નથી આવી. શું કડવીબાઈ આ બધું સાચું બોલે છે ? કેવી બનાવટી વાત કરે છે ? સુશીલાએ ઘણી ના પાડી છતાં કડવી તો મૂકીને ગઇ. સુશીલા દોઢ શેર ઘીને શું કરે ? તેમણે રોટલા ચોપડીને બાધા અને બધાને પણ ચોપડીને રોટલા આપ્યા. કડવીબાઈ રોજ દોઢ શેર ઘી આપી જાય. સુશીલા આ રીતે પોતે ખાય અને બધા ગરીબો, દુઃખીઓને ઘી ચોપડીને રોટલા આપે અને બધાના આશીર્વાદ મેળવે. કડવીબાઇ રોજ દોઢ શેર ઘી આપવા આવે પણ પોતાના પેટની મેલી વાત કરતી નથી. સુશીલાના મનમાં વિચાર આવ્યા કરે છે કે મારા દીકરા ભૂખ્યા ટળવળતા હતાં છતાં એક બટકું પણ આપતા ન હતા તેવા મારા જેઠાણી કર્ણના જેવા ઉદાર કેવી રીતે થઇ ગયા ? તેને કયાં ખબર હતી કે આ તો દેવીનો ચમત્કાર હતો. દેવીએ તેમને ફસામણમાં લીધા એટલે ઉદાર થયા છે,

આ દૃષ્ટાંતથી સમજવાનું એ કે સુખ સંપત્તિમાં નથી પણ સંતોષમાં છે. રમેશ પાસે પૈસો ઘણો હતો છતાં તેના જીવનમાં શાંતિ ન હતી. સુરેશ ગરીબ હતો છતાં સંતોષ હતો તો સુખી હતો. સંતોષ છે ત્યાં પરમ સુખ છે જેણે પોતાના જીવનમાં

પરિગ્રહના આ કુટિલ પાપ પર કાપ મૂકયો અને સંતોષમાં આવ્યા તે ખરેખર જીવન જીવી ગયા છે. તેમનું જીવન ધન્ય બને છે. ભગવાને બાહ્ય પરિગ્રહ નવ પ્રકારનો બતાવ્યો છે. ક્ષેત્ર, વાસ્તુ, સોનું, ચાંદી, ધન-ધાન્ય, દ્વિપદ, ચઉપદ અને કુવિય. વર્તમાન કાળમાં સૌથી વધુ પરિગ્રહ ધનનો થાય છે. એ ધન મેળવવા માટે પાપ પણ અધિક કરે છે, ધન પોતે બરાબ નથી પણ ધન પ્રત્યેની આસક્તિ, મમતા બરાબ છે. ભરત ચક્રવર્તીને છ ખંડની સાહ્યબી હતી પણ તેમાં મૂર્છા, આસક્તિ ન હતી તો અરીસા ભુવનમાં કેવળજ્ઞાન પામી ગયા. ધનની કાતિલ મૂર્છા જીવને નિર્ગ્રંથ બનાવ્યા વિના રહેતી નથી.

એક વેપારી વિધવા બાઈ પાસે થોડા પૈસા માંગતો હતો. આ બાઈ ને ૧૨ વર્ષનો એક છોકરો હતો, તે હજુ કમાઈ ને લાવતો ન હતો. આ બાઈની ઉંમર તો હજુ ૫૦ વર્ષની હશે પણ દુઃખો આવી પડે ત્યારે નાના હોવા છતાં ઘરડા દેખાય અને ખાનપાન બધું સારું હોય તો ૭૦ વર્ષના હોય છતાં ૫૦ વર્ષ જેવા લાગે. ગરીબ માનવનું આ જગતમાં કયાંય સ્થાન નથી. બધેથી તે હડધૂત થાય છે. આ બાઇ મહેનત મજૂરી કરીને થોડું ઘણું લાવે તેમાંથી થોડું થોડું આ બાઈ ચૂકવી દેતી પણ પૂરી રકમ ભરી શકે તેવી તેની સ્થિતિ ન હતી. શેઠ તેની પાસે વારંવાર ઉઘરાણી કરતો.

આ વિધવા માતાનો એકનો એક દીકરો માંદો પડયો. તેની પાસે દવા કરાવવાના પૈસા નથી કે બે મોસંબીનો રસ આપવા જેટલા પૈસા નથી. એકનો એક દીકરો છે. ચાર ચાર તાવ થઈ જાય છે છતાં તેને એકલો ખાટલામાં સૂવાડીને મજૂરી કરવા જાય છે. તેમાંથી જે મળે તે થોડામાં ચલાવીને પણ વેપારીને થોડા થોડા પૈસા ભરે છે. ત્યારે ધનના નિશામાં ચકચૂર બનેલો વેપારી આંખ કાઢીને કહે છે કાલે બધા પૈસા ભરી જજે. આ બાઈ કહે– શેઠ ! હું ધીરે ધીરે આપના બધા પૈસા ભરી દઈશ ? હમણાં મારો દીકરો માંદો પડયો છે એટલે હું થોડા પૈસા ભરું છું. મારો દીકરો સાજો થશે એટલે અમે બંને મજૂરી કરીને આપના પૈસા ભરી જઈશું, પણ આ ગરીબની વાત સાંભળે કોણ ? ૫૦–૧૦૦ રૂપિયાની વેપારીને કાંઈ જરૂર હતી ? છતાં એટલા પૈસાના લોભે કેવા નિર્દય, અધમ પાપ કરવા ઊઠે છે.

પૈસાના લોભે શેઠે કરેલો કરૂણ અંજામ : વેપારી નોકરને કહે છે ચાલ મારી સાથે. આજે જ તે બાઈ ને ત્યાંથી પૈસા લઇ આવીએ. જો ન આપે તો તેના ઘરની બધી ચીજો જપ્ત કરીને તેની હરાજી કરાવવી. શેઠને દૂરથી આવતા જોયા. બાઈ, શેઠને જોઈ ને ધ્રુજવા લાગી. પોતાનો એકનો એક દીકરો માંદગીના બિછાને પડયો છે. તે પ્રભુને પ્રાર્થના કરે છે હે ગરીબના બેલી ! અનાથના નાથ ! તું મારા સામું જોજે. આંધળાની લાકડી સમાન મારા દીકરાને સારું કરી દેજે. આ બાઈ તો ફફડે છે. આ શેઠ પૈસા માંગશે તો અત્યારે શી રીતે ચૂકવીશ ? ત્યાં તો ધમધમતા શેઠ અંદર આવ્યા. બાઈ તો ખૂબ ધ્રુજે છે. શેઠ કહે–મારા બધા પૈસા અત્યારે ભરી દે. શેઠ ! હું આપને પગમાં પડીને કહું છું કે હું થોડા દિવસ પછી બધા પૈસા ભરી જઈશ. આપ મારા ઘરની

સ્થિતિ તો જુઓ, પણ પૈસાની ગરમી શું નથી કરાવતી ? જો તું અત્યારે પૈસા નહિ આપે તો તારા ઘરની આ બધી વસ્તુની હરાજી કરાવી દઈશ. પાસે પૈસો છે જ નહિ તો આપે ક્યાંથી ? શેઠે તો બાઈની રાહ જોયા વગર ઘરની વસ્તુઓ નોકર મારફત બહાર કાઢી લીધી. વાસણ આદિ બધું લઇ લીધું. બાઈ રડતી રડતી કરગરે છે ભાઈ! આપ બધું લઈ લો છો, પછી હું શું કરીશ ? પણ તેની વાત સાંભળે કોણ ? ખરેખર આ પૈસાનો દૈત્ય નહિ તો કોણ ? પૈસાનું જોર કેટલું ? બધા માણસો શ્રીમંતના ત્રાજવામાં બેસી જાય.

ઘરની બધી વસ્તુઓ લઈ લીધી. એટલેથી પત્યું નહિ, જ્યાં છોકરો ખાટલીમાં ગોદડી નાંખીને સૂતો છે ત્યાં આવ્યો. બાઇ તો હેબતાઈ ગઇ. આ મારા છોકરાને શું કરશે ? ત્યાં તો શેઠે છોકરાને આવડું પકડીને ભોંય પર નાંખી દીધો. એ ખાટલી અને ગોદડી પણ હરાજીમાં મૂકી દીધી. આવા મનુષ્યને માનવ કહેવા કે દાનવ ? પૈસાના લોભે કેવું અધમ કૃત્ય કરાવ્યું ?

પૈસાની કેવી લગન, ગરીબને કરે ખુવાર,
ધનનો કરે ઢગલો, એને દિલથી કરે વંદન....તન અને ધન

આવા માનથી માનવના રૂપમાં હોવા છતાં " मनुष्य रुपेण मृगाश्चरन्ति " પશુ જેવા છે. આકૃતિ માનવની છે પણ વૃત્તિ રાક્ષસની છે. શેઠે ખાટલી ને ગોદડી પણ લઈ લીધી ત્યારે બાઇ પોક મૂકીને રડવા લાગી. તેના હૈયામાં હાય લાગી ગઈ. હવે મારું શું થશે ? આ દીકરાનું શું થશે ? બધી વસ્તુની હરાજી બોલાવી દીધી. બાઈ તો તમરી આઈ ને ઢળી પડી અને પડી એવા તેના પ્રાણ ઉડી ગયા. જ્ઞાની કહે છે ' **રે પૈસા તારા પાપે.** " શેઠે આવું અધમ પાપ કર્યું. પૈસાના પાપે પ્રાણ ગયા છતાં મનમાં મલકાય છે ને કહે છે આ લોકો તો બધા આ જ દાવના છે. એક તો પાપ કર્યું ને તેમાં રસ રેડ્યો એટલે નિકાચિત કર્મ બંધાઈ ગયું. આ શેઠને જો પૈસાની મર્યાદા હોત, જીવનમાં સંતોષ હોત તો આવું પાપ કરવા તૈયાર ન થાત માટે મર્યાદામાં આવો. મર્યાદામાં આવવાથી કેટલા પાપ થતાં અટકી જાય છે આનંદ શ્રાવકે જમીનની મર્યાદા કરી કે એક હળથી સો વીઘા જમીન ખેડાય એવા ૫૦૦ હળથી ખેડાય એટલી જમીનની છૂટ રાખી. તેનાથી વધુ મારે ન કલ્પે, હવે આગળ શી વાત ચાલશે તે અવસરે.

ચરિત્ર : પુરંદર શેઠની હવેલીએ : પુણ્યસાર બે રથ લઇને આવ્યો છે. ગુણકુમારે માણેકચંદ શેઠ સહિત પાંચ મુનિભોને કહ્યું–આપને બધાને પણ મારી સાથે જમવા આવવાનું છે. બધા તૈયાર થયા. ગુણસુંદર અને પુણ્યસાર બંને એક રથમાં બેઠા અને બીજા રથમાં માણેકચંદ શેઠ આદિ મુનિભોને બેસાડ્યા. રથ તો રૂમઝુમ કરતો નગરમાં જાય છે. ગુણસુંદર અને પુણ્યસાર રથમાં બેસીને ખૂબ અલકમલકની વાતો કરી રહ્યા છે. કોઇ વાર પુણ્યસારની વાતથી ગુણસુંદર હસી પડતો તો કોઇ વાર ગુણસુંદરની

વાતથી પુણ્યસાર હસી પડતો. આ રીતે વાતો કરતાં કરતાં રથ પુરંદર શેઠની હવેલી પાસે પહોંચી ગયો. બધી વાતો કરે છે પણ ગુણસુંદરને એવું પૂછવાનું યાદ આવતું નથી કે તમે વલ્લભીપુરમાં આવ્યા હતા ? રથમાંથી જોવા બધાને ઉતરતા જોયા કે પુરંદર શેઠ ઘરની બહાર આવ્યા ને પધારો....પધારો...કહીને સ્વાગત કર્યું. ગુણસુંદર વિચારે છે કે આ તો કેવા મોટા નગરશેઠ કહેવાય, છતાં તેમનામાં નમ્રતા કેટલી છે! બધા સાથે મહેલમાં ગયા. ગુણસુંદરે પુરંદર શેઠને નમસ્કાર કર્યા. શેઠના મનમાં થયું કે આ છોકરામાં કેટલો વિનય-વિવેક છે! બધા દિવાનખાનામાં બેઠા. થોડી વાતચીત કરી એટલામાં પુણ્યશ્રી ત્યાં આવી. પુણ્યસાર કહે, આ મારી પવિત્ર માતા છે. તેમનું નામ પુણ્યશ્રી છે. ગુણસુંદર તરત તેમના પગમાં પડયો...પુણ્યશ્રીએ માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. બેટા ! સુખી થાવ. ગુણસુંદર કહે-હવે તો તમે મારી માતા ને ! આપ જેવો પુણ્યસારને દીકરો માનો છો તેમ મને આપનો દીકરો માનજો. હા બેટા ! જેવો મારો પુણ્યસાર તેવો જ તું. પુણ્યસાર સાથે તને ઘણું ફાવશે. તારી ભાઇબંધી થઈ જશે. આટલું સાંભળતાં ગુણસુંદરને તો ખૂબ જ આનંદ થયો.

ભાવિના ભણકારા : ગુણસુંદરને થાય છે કે હું તો પુરૂષો તરફ દૃષ્ટિ કરતી નથી છતાં પુણ્યસારને જોઈને મને આટલો બધો ઉમંગ કેમ આવે છે ? શું એમાં પૂર્વનો કોઈ સંકેત હશે ! પુણ્યસારના મનમાં એમ થાય છે કે મેં ઘણાં મોટા મોટા વેપારીને જોયા. તેમના પરિચયમાં આવ્યો છતાં આ ગુણસુંદરને જોતાં મને દિલનો ઉભરો આટલો બધો કેમ આવે છે ! આ બાજુ પુણ્યશ્રીએ જમવાની બધી તૈયારીઓ કરી લીધી એટલે કહ્યું-હવે આપ બધા જમવા પધારો. પુણ્યશ્રીએ સોનાના લોટાના પાણીથી જળધારા કરી બધાના હાથ ધોવડાવ્યા. સોનાના થાળ, ચાંદીની વાડકીઓ, રૂપાના ગ્લાસ, ચારે બાજુ અગરબત્તીની મહેંકતી સુગંધ આ બધું જોઈને ગુણસુંદર તો પ્રસન્નચિત્તવાળો બની ગયો. ગુણસુંદરે આ ઘરમાં પગ મૂકયો કે તરત જ ખૂબ શાંતિ વળી છે. પોતાને થાય છે કે મારા પતિ તો જ્યારે મળશે ત્યારે મળશે પણ આ ઘરમાં આવતા જાણે મારું દુઃખ ભૂલાઈ ગયું હોય તેવું લાગે છે. કુદરતનો સંકેત છે એટલે ભાવિના ભણકારા આગળથી વાગી રહ્યા છે પણ ભેદ ખુલ્લો થતો નથી. ગુણસુંદર તો પુરંદર શેઠની સાહ્યબી વૈભવ જોઈને અંજાઈ ગયો. ખૂબ નવાઈ લાગી. સોનાના થાળમાં ઉર જાતના ભોજન પીરસાય છે. ગામમાં જે મઝા છે તેનાં કરતાં હૈયાનો પ્રેમ અદ્‌ભૂત છે. પુણ્યશ્રીએ ખૂબ પ્રેમથી બધાને આગ્રહ કરી કરીને જમાડયા, પછી મુખવાસ આપ્યો.

જમ્યા બાદ પુરંદર શેઠે ગુણસુંદરને અનેક પ્રશ્નો પૂછયા. તમારો દેશ કયો ? તમારું કુળ કયું ? વતન કયું ? કયા કયા દેશોમાં ફરી આવ્યા ? તે દેશોના નવા નવા અનુભવો શું થયા ? ગુણસુંદર કહે- અમે વણઝારા છીએ. અમારું વતન સ્થાયી નથી. તમારા માબાપ કયાંક તો હશે ને ? તેઓ પણ અમારી જેમ ફરે છે. અમે આ દિશામાં આવ્યા છીએ. તેઓ બીજી દિશામાં ગયા છે. શેઠ સમજી ગયા કે આ ગુણસુંદરની

વાતમાં કોઈ ગૂઢ ભેદ લાગે છે. ભલે તે કહે છે અમે વણઝારા છીએ પણ તેની જાતિ તે નથી. તે આનદાન કુટુંબનો નબીરો છે. ગમે તે કારણે ગુપ્ત રહે છે. શેઠે ગુણસુંદરને ઘણાં ઘણાં પ્રશ્નો પૂછ્યા. વચ્ચે કોઈ અધૂરું રહી જાય તો પુણ્યસાર બોલે. પૂછનાર બે છે, જવાબ દેનાર એક છે, છતાં ગુણસુંદરે જડબાતોડ જવાબ દીધા. તેને થયું કે શેઠ તો આટલા હોંશિયાર છે પણ પુણ્યસાર પણ તેટલો જ હોંશિયાર છે. તેને ગાઢ મિત્ર બનાવીશ તો મને કામકાજમાં ટેકો આપશે. મારા કાર્યમાં મને સાથીદાર મદદગાર બનશે. વાતો ઘણી કરી પણ પડદો ખુલ્લો થતો નથી. હવે શું બનશે તે અવસરે.

ભાદરવા સુદ ૮ને શનિવાર : વ્યાખ્યાન નં. ૭૫ : તા. ૨૧-૯-૮૫

બંધુઓ ! આપણે આનંદ શ્રાવકની વાત ચાલે છે. ધોધમાર વરસાદ વરસે ત્યારે કાદવ કીચડ બધું સાફ થઈ જાય છે, તેમ ભગવાનની વાણી સાંભળતા આનંદ ગાથાપતિના મિથ્યાત્વના કચરા, અનંતાનુબંધી કષાયના કાદવ અને દર્શન મોહનીયની પ્રકૃતના કચરા સાફ થઈ ગયા અને જીવનમાં સમકિતનો દીવડો પ્રગટયો. સમકિત સહિત ભગવાન પાસે વ્રત આદરતા પાંચમું વ્રત-પરિગ્રહની મર્યાદા કરે છે. સારામાં સારું જીવન તો એ છે કે જે જીવનમાં કયારે ય ધનની જરૂર ન પડે. એવા જીવનના સ્વામી સર્વવિરતિધરો આજે આનંદથી પ્રસન્નતાપૂર્વક પોતાનું જીવન પસાર કરી રહ્યા છે. તમે લક્ષ્ય તરીકે એ જીવનને સદાય નજર સામે રાખો. લક્ષ્ય જેટલું ઉત્તમ તેટલું જીવન ઉત્તમ. જેનું લક્ષ્ય કરોડપતિ થવાનું છે તેના મનમાં એક જ વાત રમતી હોય છે કે હું કેવી રીતે કરોડપતિ બનું ! એ રીતે સંપૂર્ણ નિષ્પાપ જીવનના સ્વામી બનવું હોય તો એક જ વાત જીવનમાં ઘુંટયા કરો કે જલ્દીમાં જલ્દી એ જીવન કયારે પામું ? અનેક પાપોના પ્રવેશ દ્વાર સમાન આ ધનની જ્યાં જરાય જરૂર ન પડે તેવા જીવનના સ્વામી બનવાનું સૌભાગ્ય મળી જાય તો તેને ગુમાવશો નહિ પણ એટલી તાકાત ન હોય તો આ ધનની પકડ ઢીલી પડે તે માટે એના પર કંટ્રોલ રાખો. મળેલી સંપત્તિનો સ્વેચ્છાએ ત્યાગ કરે છે તે સાચો અમીર બની શકે છે.

મહાપુરૂષો કહે છે કે " **ફકીર તે અમીર અને અમીર તે ફકીર.** " આ શું કહે છે ? શાલીભદ્રનો આત્મા ભરવાડના ભવમાં કેટલો ગરીબ હતો ? એની પાસે કંઈ ન હતું એટલે ફકીર જેવો હતો. માંગીતાગીને દૂધ, ચોખા અને ખાંડ લાવીને ખીર બનાવી હતી. તેના આંગણે સંત પધાર્યા તો એવા ઉત્કૃષ્ટ ભાવે ઉલ્લાસથી તપસ્વી સંતને વહોરાવી. વસ્તુ તો સામાન્ય હતી પણ ભાવના સામાન્ય ન હતી. વસ્તુની કિંમત નથી પણ ભાવની કિંમત છે. વસ્તુ મૂલ્યવાન હોય પણ ભાવના નથી તો તેની કિંમત નથી અને વસ્તુ સામાન્ય હોય પણ ભાવના ઉત્કૃષ્ટ હોય તો તેના મૂલ્ય છે. ભરવાડના ભવમાં ખૂબ ઉત્કૃષ્ટ ભાવે ખીર વહોરાવી તો બીજા ભવમાં અમીર બન્યા. **ફકીરમાંથી અમીર બન્યા.** શાલીભદ્ર બન્યા. કેટલી રિદ્ધિસિદ્ધિ મળી. રોજ દેવલોકમાંથી ૯૯

પેટીઓ આવે. જેનો વૈભવ જોવા ખુદ શ્રેણિક મહારાજા તેના ઘેર ગયા. આવી અમીરી મળી છતાં તેમના જીવનમાં સમજાયું કે આ અમીરી મને તારશે નહિ. મારું કલ્યાણ કરાવશે નહિ. આવી અમીરી તો મારો આત્મા દેવલોકમાં ગયો ત્યાં પણ ભોગવી આવ્યો છે. વળી આ અમીરી સદાકાળ ટકવાની નથી. આયુષ્ય હશે ત્યાં સુધી છે. કોઈની પાસે ૫૦ કોડની કે અબજોની મિલકત હોય પણ તે કયાં સુધી ? આયુષ્ય છે ત્યાં સુધી. તે પણ પુણ્યનો ઉદય હોય તો ટકે, નહિતર આયુષ્ય બાકી રહે ને એ ચાલી જાય. શાલીભદ્રે વિચાર કર્યો કે આ અમીરી આત્માને અમીર નહિ બનાવે પણ ફકીર બનાવશે તેથી તેણે સ્વેચ્છાપૂર્વક એ અમીરી છોડી દીધી અને ફકીરી લીધી એટલે દીક્ષા લીધી. એ ફકીરીમાં એવા મસ્ત રહ્યા કે એ ફકીરીએ અમીરી અપાવી.

શાલીભદ્રનો આત્મા શુદ્ધ સાધુપણું પાળીને કાળ કરીને અનુત્તર વિમાનમાં ગયો. જ્યાં એકાંત સમકિત દૃષ્ટિ છે ત્યાં મિથ્યાદૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ નથી. બાર દેવલોક સુધી ત્રણ દૃષ્ટિ છે. નવ ગ્રૈવેયકમાં બે દૃષ્ટિ સમકિત અને મિથ્યાત્વ અને અનુત્તર વિમાનમાં માત્ર સમકિત દૃષ્ટિ. અનુત્તર વિમાનમાં કેટલું સુખ ! ત્યાંની અમીરી કેવી ? કોઈ લૂંટવા ન આવે. રેડ પાડવા ન આવે. ત્યાંની સંપત્તિ તો શાશ્વતી. પ્રશ્નચર્ચા વિચારણા કરતાં કોઈ શંકા થાય તો તેમને પૂછવા માટે ભગવાન પાસે જવું ન પડે. વચનથી બોલવું ન પડે, મનથી પ્રશ્ન કરે અને મનથી ભગવાન જવાબ આપે. ત્યાંના સુખનું વર્ણન ન થાય એવું સુખ છે. આવું સુખ મળવા છતાં એમાં સાવ નિર્લેપ રહે. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જશે. ત્યાં સંસારની અમીરી છોડીને ફકીરી (દીક્ષા) લેશે. દીક્ષા લીધા વિના મોક્ષ ન મળે. ત્યાં ફકીરી લેશે ને એવી જબ્બર સાધના કરશે કે મોક્ષના સુખની શાશ્વત અમીરી મળશે. એ અમીરી એવી આવશે કે પછી ફકીરી કયારે પણ આવવાની નથી. બોલો, હવે તમારે કયો સોદો કરવો છે ? મોક્ષની અમીરી મેળવવી હોય તો તમારી અમીરી છોડી દો, ધનને છોડો ને ધર્મને જીવનમાં અપનાવો.

તમે કોઈ બજારમાં કાપડ ખરીદવા ગયા. વેપારી તમને જાતજાતનું અને ભાતભાતનું કાપડ બતાવે. કાપડમાં મુખ્ય બે તત્ત્વ હોય, કાપડની ભાત અને કાપડનું પોત. વેપારીએ તમને ખૂબ સુંદર ડીઝાઈનવાળી મનને આકર્ષણ થાય એવી ભાતવાળી સાડી બતાવી. કાપડની શોભા વધારવાનું કામ ભાતનું છે જ્યારે કાપડનું રક્ષણ કરવાનું કામ પોતનું છે. ભાત કરતાં પોત વધુ મહત્ત્વનું અને વધુ ટકાઉ ગણાય છે. તમારી સામે વેપારીએ ભાતવાળી સાડી રજૂ કરી પણ તેનું પોત સારું નથી અને બીજી સાડી છે તેમાં ડીઝાઈન, ભાત સારી નથી પણ પોત ખૂબ સરસ છે. તમે કઈ પસંદ કરશો ? તમે બધા ભભકાને, ડીઝાઇનને જોઈ છો પછી ભલે તેને પાણીમાં બોળો, ધોવો અને રડો, કારણ કે પોત સારું ન હોય એટલે પાણીમાં બોળ્યું, એક વાર ધોયું એટલે બરાબ થઈ જાય. **આજના માનવીને પોત કરતાં ભાતમાં વધુ રસ છે.** રક્ષણ કરતાં શોભાનું

એને વધુ આકર્ષણ છે. **સલામતી કરતાં સરસતા એને વધુ ગમે છે.** સાચી વાસ્તવિકતા કરતાં દેખાવ પાછળ એ વધુ પાગલ છે. પોતમાં માલ ન હોય પણ ભાત જોરદાર હોય તો એની આંખો ને હૈયું નાચી ઊઠે છે. પૈસા ખર્ચીને એ વસ્તુ ખરીદી લે છે પણ પછી દિવસો જતાં ભાતની અસર ઘટતી જાય છે. ડીઝાઇન ભભકો ઝાંખો પડી જાય છે અને નબળું પોત પોતાનું પોત પ્રકાશે છે ત્યારે એ રડવા બેસે છે.

તમે ઘડિયાળ લાવ્યા. તેનું ડાયલ ખૂબ સરસ છે પણ અંદરનું મશીન બંધ છે. ડાયલ સારું જોઈને લઈ આવ્યા પણ મશીન ચાલતું નથી તો લાવ્યા પછી રડવાનો પ્રસંગ આવે છે. ડાયલ કદાચ સારું ન હોય, આકર્ષક કે ફેશનેબલ ન હોય, સાદું હોય પણ મશીન જો સારું છે તો ઘડિયાળ સારી રીતે ચાલશે, માટે ઘડિયાળ લાવતાં ઉપરના દેખાવને ન જુઓ પણ મશીનને જુઓ તો રડવાનો પ્રસંગ નહિ આવે. જો તમારા જીવનમાં શાંતિનો અનુભવ કરવો છે તો પોતને મુખ્ય રાખો અને ભાતને ગૌણ બનાવો. પોત સારું હશે તો કપડાની સલામતી રહેશે; વધુ ટકશે, ઘડિયાળના ડાયલની ચિંતા ન કરો પણ તેના મશીનની ચિંતા કરો. સંસારના નાશવંત, વિનશ્વર પદાર્થોને ગૌણ બનાવો અને આત્માને મુખ્ય રાખો. આત્માની ચિંતા કરો પણ આજે જીવો નશ્વર પદાર્થોને મેળવવાની ચિંતામાં શાશ્વત એવા આત્માને ભૂલી જાય છે.

નેહ ન કરજે નશ્વરનો, વિયોગ થાય વિનશ્વરનો,
પરને ભૂલીને આતમમાં, ઝુલે તો યોગ થાય પરમેશ્વરનો.

નશ્વર પદાર્થોનો ગમે તેટલો નેહ કરશો પણ અંતે તો તેનો વિયોગ થવાનો છે. અનંતકાળથી આત્માએ નશ્વરનો રાગ કર્યો છે ને આત્માને ભૂલી ગયો છે. ભાત સમાન, ડાયલ સમાન ધનસંપત્તિમાં આત્માને વધુ રસ છે તે મળતાં એ આનંદથી નાચી ઊઠે છે પણ એ મેળવતા જે પાપો કર્યા અને એ પાપો જ્યારે પોતાનું પોત પ્રકાશે છે ત્યારે લમણે હાથ દઈને રડવાનો પ્રસંગ આવે છે. પોત સમાન ધર્મ છે. ભલે તે દેખાવમાં ભભકાદાર ન લાગતો હોય પણ તેની તાકાત, તેનું મહત્ત્વ વધારે છે. પોતથી કાપડની સલામતી છે તેમ ધર્મથી આત્માની સલામતી છે. ધનમાં સુંદરતા છે જ્યારે ધર્મમાં સલામતી છે. અનંતકાળથી જીવ રખડી રહ્યો છે તેનું કારણ આ છે જેમાં આત્માની સલામતી છે એવા ધર્મને જીવનમાં અપનાવ્યો નથી અને જેમાં સલામતી નથી એવા ધનની પાછળ જીવ પાગલ બન્યો છે. સંપત્તિ સાચવવા અને મેળવવા આંધળી દોડધામ કરનાર સંસારી જીવોને ખબર નથી કે **આ સંપત્તિ સંતાપનું સ્થાન છે.** સંપત્તિ મળે તો ય સંતાપ, રહે તો ય સાચવવાનો સંતાપ, સંપત્તિ ચાલી જાય તો તો સંતાપનો પાર નહિ. આ સંપત્તિના કારણે સગાએ દગા દીધા છે અને પ્રાણ પણ લીધા છે.

એક નગરશેઠ હતા. જેનું નામ સુંદરલાલ અને શેઠાણીનું નામ હતું લક્ષ્મીબેન. તેમને ત્યાં લક્ષ્મીનો તૂટો ન હતો. સંપત્તિની છોળો ઉછળતી હતી. તેમને સુરસેન નામનો

એક દીકરો હતો. ખૂબ લાડકોડથી ઉછેર્યો, ભણાવ્યો, ગણાવ્યો, અને મોટો થતાં ખૂબ ઠાઠમાઠથી પરણાવ્યો. જીવનમાં તડકા પછી છાંયડો, અને છાંયડા પછી તડકો તેમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ એમ ચાલ્યા કરે છે. શેઠના પાપનો ઉદય થયો. તેમનો દીકરો ખૂબ ઉડાઉ નીકળ્યો. પિતાની સંપત્તિ ખોટા વ્યસનોમાં અને મોજશોખમાં ઉડાડવા લાગ્યો. શેઠ દીકરાને ઘણું સમજાવે છે પણ પુણ્ય પરવારે ત્યારે પોતાનું ધાર્યું કંઈ થતું નથી. છોકરો સમજતો નથી. પાપનો ઉદય થતાં સંપત્તિની સેજમાં સૂઈ જનારાના માથે વિપત્તિના વાદળા વરસવા લાગ્યા. એટલી બધી ખરાબ સ્થિતિ થઈ કે પૈસા બધા ચાલ્યા ગયા અને ખાવાના સાંસા પડવા લાગ્યા. જેમને ત્યાં સંપત્તિની છોળો ઉડતી હતી એવા નામાંકિત શેઠ આજે નિરાધાર જેવી સ્થિતિમાં આવી ગયા. એવા ગોઝારા દિવસ આવ્યા કે એક ટંક પણ પેટ પૂરતું મળતું નહિ.

ધનની લાલસા : શેઠે શેઠાણીને કહ્યું– હમણાં આપણી સ્થિતિ સાવ ઘસાઈ ગઈ છે તો આપ સાસુ વહુ થોડા દિવસ પિયર જાવ. ત્યાં રહેજો. અમે બાપ દીકરો બહાર કમાવા માટે જઈએ છીએ. જ્યારે ઠેકાણું પડશે ત્યારે આપને બોલાવી લઈશું. સાસુ વહુને તેમના પિયર મોકલ્યા. શેઠ પાસે અત્યારે તો એક રાતી પાઈ પણ નથી. બાપ દીકરાએ નિશ્ચય કર્યો છે કે આપણે ભાગ્ય અજમાવવા જઈએ. એક દિવસ જરૂર ભાગ્યનો સિતારો ચમકશે. બંને ચાલતા જાય છે. બે ચાર ગાઉ ચાલ્યા એટલે થાકી ગયા. તેથી એક ઝાડ નીચે સૂતા. થોડી વાર થઈ એટલે ઉઠ્યા. ભૂખ તરસ ખૂબ લાગી છે. જંગલમાંથી વનફળ લાવીને બાપા અને બાજુમાં એક નદી હતી તેમાંથી પાણી પીધું. બાપ–દીકરો જે ઝાડ નીચે વિશ્રામ લેવા બેઠા છે ત્યાં બાજુમાં એક ઝાડ જોયું. બાપ–દીકરો બંને વિજ્ઞાનના જાણકાર હતા. આ ઝાડના અમુક લક્ષણો જોઈને અનુમાન કર્યું કે આ ઝાડ નીચે કંઈક હોવું જોઈએ. બાપ સમજે કે દીકરો જાણતો નથી. મારે એને કહેવું નથી. જો એને કહી દઈશ અને લક્ષ્મી નીકળશે તો તે બધી ઉડાવી દેશે. તે મારી પાસે રહે તો આવા દુઃખના સમયમાં મને કામ આવશે. છોકરો સમજે કે મારા પિતા જાણતા નથી તો મારે જાણ કરવાની શી જરૂર? જો એમને જાણ કરું તો પછી તેઓ મને એક રાતી પાઈ પણ આપશે નહિ. બાપ દીકરા બંનેએ વાત પેટમાં રાખી અને નિર્ણય કર્યો કે કોઈના દેખતાં તે વૃક્ષના મૂળમાંથી સંપત્તિ કાઢવી નહિ. એમ વિચાર કરી ઝાડ નીચે સૂતા. જુઓ ધનની લાલસા શું કરાવે છે? ધન અને ધર્મ બે એક રાશીના શબ્દો છે. ધર્મમાં અડધો અક્ષર વધારે છે. ધર્મની નાવડીમાં બેસનાર તરી જાય છે અને ધનની નાવડીમાં બેસનાર ડૂબી જાય છે.

બાપ અને બેટાની દુર્ભાવના : શેઠ કહે– બેટા! આ ભયંકર જંગલ છે. તું સૂઈ જા. હું જાગું છું. છોકરો કહે– બાપુજી! આપ સૂઈ જાવ. હું જાગીશ. છેવટે શેઠ કહે– તું પહેલી રાતે સૂઈ જા. પાછલી રાત્રે જાગજે પછી હું સૂઇ જઈશ. ખૂબ થાક લાગેલો હતો એટલે છોકરો તો થોડી વારમાં ઉંઘી ગયો. શેઠ તો રાહ જોઇને બેઠા

હતા. કયારે આ ઊંઘી જાય ! શેઠ તરત ત્યાંથી ઊભા થયા ને પેલા વૃક્ષ પાસે પહોંચી ગયા. ઝાડના મૂળને ખોદ્યું તો તેની અંદર ઝગારા મારતો ખૂબ તેજ મારતો રત્નાવલી હાર જોયો. તે હારને લઇ થોડે દૂર જઇ એક ખાડો ખોદીને તેમાં દાટી દીધો. બધું બરાબર વ્યવસ્થિત કરીને સાચવીને આવીને સૂઈ ગયા. પાછલી રાત્રે છોકરો જાગ્યો. તેણે જોયું કે પિતા ઊંઘી ગયા છે– એટલે ધીમા પગલે ઊઠીને ત્યાંથી રવાના થયો. તેને ખબર નથી કે મારા પિતાજી આ વાત જાણે છે એટલે તે તો મનમાં હરખાતો પેલા ઝાડ પાસે ગયો. પિતા સૂઇ ગયા છે તો ખાડો ખોદીને જલ્દી કાઢી લઉં. સુરસેને જઇને જોયું તો તે ઝાડ ઉખડી ગયું હતું. ખાડો ખોદયો તો કાંઇ દેખાયું નહિ. તે સમજી ગયો કે મારા બાપે ખોદીને લઈ લીધું છે. તેમણે અહીંથી લઈ ને બીજી જગ્યાએ દાટી દીધું હશે.

પૈસાના લોભે લીધેલા પ્રાણ : સુરસેન ધનપ્રિય હતો. ધન મેળવવા માટે ગમે તેટલા પાપ કરવા પડે તો પણ તે પાપ કરવામાં પાછી પાની કરતો નહિ. તેને મન ધન સર્વસ્વ હતું. તેને ઝાડ નીચે ખાડો ખોદતાં ન મળ્યું એટલે ક્રોધ આવી ગયો. આવીને પિતાને જગાડીને કહે છે આપને ખાડો ખોદતાં જે મળ્યું છે તે કયાં સંતાડી દીધું છે. જલ્દી કહો; નહિ તો બરાબર બતાવી દઈશ. સુરસેનનો વિવેક તો અભરાઇએ ચઢી ગયો હતો. અવિવેકનો વિષધર જાગૃત બની ગયો. ધનની લાલસા લબકારા મારી રહી હતી. શેઠ કહે– બેટા ! મેં ખાડો ખોદયો નથી. હું કાંઈ જાણતો નથી. આપણે બંને સાથે સૂતા હતા. હું ગયો નથી ને મારી પાસે કાંઇ છે નહિ છતાં છોકરો માન્યો નહિ. તેના શરીરમાં તો ક્રોધનો દાવાનળ સળગ્યો છે. તે કહે અહીં કોઈ આવ્યું નથી. તમે તેમાંથી ધન કાઢયું છે. આપ ગમે તે જગ્યાએ દાટી આવ્યા છો. આપ મને બતાવો. શેઠ ન માન્યા ત્યારે છોકરાએ મોટો પથ્થર લઈ ને પિતાના માથા પર માર્યો. શેઠ તમરી ખાઈ ને પડયા. ત્યાં ને ત્યાં તેમના પ્રાણ ઊડી ગયા.

ધનનો લોભ કેટલો અનર્થ કરાવે છે ! અતિ લોભી માણસની સ્થિતિ ભિખારી જેવી નહિ પણ લૂંટારા જેવી હોય છે. ભિખારી ભીખ માંગવા નીકળે ત્યારે તેના મનમાં એક ઇચ્છા હોય છે કે મને પાંચ સાત રોટલા મળી જાય. પેટ ભરીને ખાવા મળે અને પાન ખાવા કે બીડી પીવાના પૈસા મળી જાય તો બસ; પછી વધારે જરૂર નથી. કાલની વાત કાલે. જ્યારે લૂંટારા લૂંટ કરે ત્યારે તેના મનમાં એણે કોઈ નિર્ણય નથી કર્યો હોતો કે મને આટલું મળી જાય એટલે બસ. એને તો જેટલું મળે તેટલું લૂંટવું છે. પરિગ્રહ પર કોઇ જાતનું નિયંત્રણ ન રાખનાર આત્માની સ્થિતિ લૂંટારા જેવી થાય છે. પૈસાના લોભે પુત્ર પિતાના પ્રાણ લેતા પાછો ન પડયો.

ધનની લાલસા શું નથી કરાવતી ? : હવે સુરસેન બાપે દાટેલું ધન મેળવવા ચારે બાજુ ફરી રહ્યો છે. રાતદિવસ જંગલમાં ભટકે છે. ફળફુલ ખાઈને પોતાનું જીવન વીતાવે છે પણ કયાંય તેને નિધાન મળતું નથી. થોડા સમય ગયા બાદ એક દિવસ

જંગલમાં રખડતા સુરસેને ચંદનઘોને જોઈ. તે રત્નાવલી હાર લઈને રમતી હતી. ચંદન ઘો બીજી કોઇ નહિ પણ સુંદરલાલ શેઠનો જીવ હતો. સુરસેને ચંદનઘોને જોઈ. મારો બાપ કયાંય ઢાટી આવ્યો હશે તે આ ચંદનઘોએ કાઢયું હશે. સુરસેન તો આ હાર જોઇ રાજી રાજી થઇ ગયો. તે ધીમે ધીમે તેની પાસેથી હાર લેવા ગયો એની 'ચંદન ઘો' હાર લઇને ભાગી ગઇ. સુરસેને તેના પર એવો જોરથી પથ્થરનો ઘા કર્યો કે 'ચંદન ઘો' ત્યાં ને ત્યાં મરી ગઈ. રત્નાવલી હાર સુરસેને લઇ લીધો અને મનમાં મલકાવા લાગ્યો. તેના તો સોળે કોઠે જાણે દીવડા પ્રગટયા ! તેને કયાં ખબર છે કે અત્યારે આનંદ મનાવું છું પણ આ કર્મો મારા ભૂક્કા ઉડાડી દેશે. રત્નાવલી હાર મળતાં તો ખૂબ આનંદ થયો. અહાહા.....શું એના તેજ છે. ! આવી દૈવી વસ્તુ તો મેં કોઈ દિવસ જોઇ નથી. હવે મારું દુઃખ સદાને માટે દૂર થઇ જશે. સુરસેને ચંદનઘોને મારીને રત્નાવલી હાર લઇ લીધો. તે સમયે તેનાથી જરા દૂર પણ તેના સામે મુનિ ધ્યાનમાં બેઠા હતા. તે તો પોતાની આત્મ સમાધિમાં મસ્ત હતા પણ સુરસેનના મનમાં થયું કે આ મુનિ મને જોઇ ગયા છે. મારી બધી વાત જાણી ગયા છે. આ મુનિ હારની વાત રાજાને કરશે તો રાજા મારી પાસેથી હાર લઇ લેશે અને ભયંકર શિક્ષા કરશે, માટે આ મુનિનું જ નિકંદન કાઢી નાંખું તો રાજા વાત જાણે નહિ અને હારની જાણ થાય નહિ. ધનની લાલસા કેવા અધમ કૃત્યો કરાવે છે ! લાલસાનો લાવારસ ઝરતો હોય પછી માનવ શાંતિ કયાંથી મેળવી શકે ? આ લાલસા સાધુની પણ ઘાત કરવા તયાર થઇ. આવા પાપ કરીને સુખ મેળવવા માંગે તો સુખ કયાંથી મળે ?

સુખી થવા જીવો સહુ આશા ધરે છે, આશા ધરીને તૃષ્ણાના ચક્કરમાં ફરે છે
જેમ વૈભવનો લાભ વધતો જાયે, તેમ જીવનમાં લોભની વૃદ્ધિ થાયે,
તેથી દુઃખની સદા વૃધ્ધિ કરે છે....સુખી થવા.

એક હાર માટે બાપને માર્યા, ચંદન ઘોને મારી અને હવે સંતને મારવા તૈયાર થયો. આ સંત તો તેમના ધ્યાનમાં હતા. તે તો કોઇના સામું જોતા નથી પણ પોતાના પેટમાં પાપ હોય એટલે બધાને એવા દેખે. જેને કમળો થયો હોય તે બધે પીળું દેખે, તેમ અહીં મુનિને તો આ વાતની ખબર નથી પણ તેના પેટમાં દગો છે. એટલે માન્યું કે મુનિ મને જોઇ ગયા. તે રાજાને કહી દેશે અને મને મારી નંખાવશે. મુનિને મારતા પહેલા સુરસેનને વિચાર આવ્યો કે આ હાર મારી પત્નીને આપી આવું પછી મુનિને મારીશ. સુરસેન ઘેર ગયો. પત્નીને હાર આપી દીધો ને કેવી રીતે મેળવ્યો તે બધી વાત કરી, પછી પાછો આવ્યો.

સુરસેન તો મુનિ પાસે જઇને ઉભો રહ્યો. સંત તો જાણે સમતાના સાગર, દયાના સાગર, શાંત રસની મૂર્તિ ! તેમને તો કોઈના પર રાગ નથી અને દ્વેષ નથી. સુરસેને મુનિને કહ્યું–હે ઢંબી જોગટા ! ખોટા ઢોંગ કરી દુનિયાને ખોટું સમજાવનાર તમને

મારવા માટે હું આવ્યો છું. તમે જ્ઞાની હો તો આપ કહી દો કે મેં આ જીવનમાં શું શું કાર્યો કર્યા છે ? સંતે ધ્યાન પાળ્યું ને કહ્યું–આપે ચંદનઘોને મારી છે. એ પહેલા તમે શું કર્યું છે એ વાત પછી કહીશ. તે પહેલા મારે તમારા પૂર્વભવો કહેવા છે. શું તમે મારા પૂર્વભવો જાણો છો ? હા. સુરસેન ચમકયો. મારી બધી વાત આ જાણતા હશે. ખેર, તે પૂર્વભવ કહે છે તે મને સાંભળી લેવા દે. મુનિ કહે છે ભાઈ ! ક્રોધાદિ કષાયોને વશ થઈ ને જે કુકર્મો કર્યા હોય એ કર્મોના ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.

પૂર્વભવ કહેતા મુનિ : ઘણા ભવો પહેલાં તું જંગલમાં હાથી હતો. તું જંગલમાં મસ્ત રીતે રહેતો અને આનંદથી ફરતો હતો. ત્યાં એકાએક વનરાજ કેશરીસિંહ ત્યાં આવી ચઢયો અને તારા ઉપર ત્રાટકયો ને તને ત્યાં ને ત્યાં મારી નાંખ્યો. સિંહ મરીને નરકમાં ગયો. કેટલાય ભવો ચાલ્યા ગયા પછી હાથીનો જીવ તું સુરસેન થયો અને સિંહનો જીવ ઘણાં ભવો કરી તારા પિતા સુંદરલાલ શેઠ થયા. હાથીના ભવમાં સિંહે તને માર્યો હતો. આ ભવમાં તેં તારા પિતાને માર્યા. રત્નાવલી હાર લઈ ને રમનાર ચંદન ઘો પણ તારો બાપ હતો. તારા બાપે તે ઝાડને ખોદી આ હાર કાઢયો હતો અને તું ન જાણે તે રીતે બીજી જગ્યાએ દાટી આવ્યા હતા. એ હાર પ્રત્યેની તેમની મમતા રહી ગઈ તેથી હાર લઈ ને રમતી હતી. તેને જોઈને તને તે હાર લેવાનું મન થયું. તે હારના લોભે તેં ચંદનઘોને મારી નાંખી. કષાયોની કુટીલતા કેવી ભયંકર છે. તેમાં લોભકષાય તો જેટલા પાપ ન કરાવે તેટલા ઓછા. ભાન ભૂલેલો માનવી કષાયોને વશીભૂત થઈ ને સંપત્તિની સોડમાં છુપાઈને જીવન આનંદમય વીતાવવા ઈચ્છતો હોય છે પણ એના મનની અમૃતવેલ અકાળે કરમાઈ જાય છે. હજી તું વૈરની પરંપરા વધારવા ઈચ્છે છે ? પૂર્વભવોથી વૈર ચાલ્યું આવે છે. તું મને અહીં મારવા આવ્યો છે એ હું જાણું છું, પણ તું તારા ભવોની પરંપરાનો વિચાર કર. મહાન પુણ્યોદયે મળેલા આ માનવભવને હારીને તું કયાં જઈશ ? સંતની મીઠી મધુર વાણીથી સુરસેનના હૃદયમાં ઉથલપાથલ મચી ગઈ.

પશ્ચાતાપની પાવક ધારા ! : તેણે કહ્યું– ભગવાન ! હું ભૂલ્યો. મેં મારું જીવન પાપોથી બરડી દીધું છે. હવે મને આમાંથી બચવાનો ઉપાય બતાવો. મારી ભવપરંપરા વધે એ હવે મને પોષાય તેમ નથી. હવે શું કરવું તે આપ મને સમજાવો. પશ્ચાતાપના આંસુઓથી સંતના ચરણ ધોઈ નાંખ્યા. સંત કહે– ભાઇ ! તારે ગભરાવાની જરૂર નથી. જિનેશ્વર પ્રણીત ધર્મ ભવભવમાંથી ઉગારનાર છે. સર્વથા પાપોથી મુક્ત થવું હોય તો તું સંયમનો માર્ગ ગ્રહણ કર. ભગવાન ! વૈરની વણઝાર વોસરાવી હવે મારે દીક્ષા લેવી છે. ઘેર જઈને પત્નીને વાત કરી. પત્ની પણ દીક્ષા લેવા તૈયાર થઇ. રત્નાવલી હાર રાજાને આપી દીધો. બંનેએ દીક્ષા લીધી. સંતનો સંગ જીવનમાં શું નથી કરતો ? પાપીને પુનિત બનાવે, ખૂનીમાંથી મુનિ બનાવે, શયતાનને સંત બનાવે. એક વખતનો ખૂની જેવો સુરસેન સંતના સંગથી મુનિ બની ગયો. સત્સંગનો પ્રભાવ અદ્‌ભૂત છે.

જરા સત્સંગ કર લે પ્યારે, સત્સંગ જીવનકા સાર હૈ,
બને પાપી પુરૂષ ધર્માત્મા, સત્સંગ કી મહિમા અપાર હૈ.

સત્સંગ કરવાથી પાપી ધર્મી બની જાય છે. સુરસેન હવે સર્વ જીવોના અભયદાતા એવા સંયમી બની ગયા. સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધનામાં મશગૂલ બની ગયા. પોતે કરેલા પાપોને ખપાવવા માટે ઉત્કૃષ્ટ તપની આરાધના કરવા લાગ્યા. તપ કરીને કાયા સૂકવી નાંખી. તે ગ્રામાનુગ્રામ વિચરતા એક વાર પોતાના ગામની બહાર પધાર્યા. તે કાઉસગ્ગ કરીને ધ્યાનમાં બેઠા છે. આ બાજુ ગામના રાજાના રાણી સ્નાન કરવા માટે ગયા. તે સમયે રાણીએ તે હાર દાસીને આપ્યો. દાસી હાર લઈને ઊભી છે દાસી હાર ત્યાં મૂકીને કંઈક કામે ગઈ. ત્યાં અચાનક સમડી આવી અને તે હાર લઇને જતી રહી. સાધુ ધ્યાનમાં ઊભા હતા ત્યાં જઇ તેની ડોકમાં તે હાર પહેરાવી દીધો.

સંત ઉપર ચઢાવેલી આળ : રાણી સ્નાન કરીને બહાર આવ્યા તો હાર ન જોયો. મારો હાર કોણ ચોરી ગયું હશે ? ચારે બાજુ તપાસ કરાવી, પણ કોઇ ઠેકાણે પત્તો ન પડયો. નગરીના ચોરે ને ચૌટે રત્નાવલી હારની વાત ચર્ચાઇ રહી છે. હારની શોધ કરતાં કરતાં એક રાજસેવકે મુનિના ગળામાં રત્નાવલી હાર જોયો. તેણે આવીને રાજાને કહ્યું કે સાધુની ડોકમાં હાર છે. રાજાએ કહ્યું– સોનું દેખીને સાધુનું મન ચળી ગયું હશે. આપ તેમને અહીં લઇ આવો. સાધુનો વેશ પહેરીને ચોરીના કામ કરે છે. સૈનિક મુનિનો તિરસ્કાર કરતાં કરતાં નગરમાં લાવે છે. રાજા કહે બોલ જોગટા ! તેં હાર ચોર્યો છે ? સાધુના સફેદ કપડાં પહેરી આવા કાળા કામ કરે છે ? સાધુને તલવાર મારવા જાય છે ત્યાં તલવારના બે ટુકડા થઇ ગયા. અહો ! આ તો કોઇ જાદુગર લાગે છે. મંત્રને જાણતો હશે તેથી તલવારના બે ટુકડા થઇ ગયા, પછી લાકડી મારવા જાય છે. તે લાકડીના બે ટુકડા થઇ ગયા. રાજા કહે આ મહાધૂર્ત લાગે છે. ચમત્કારના પ્રયોગોને જાણતો લાગે છે. હવે તેને શૂળીની શિક્ષા આપી દો.

શૂળીએ જતાં સંતને આત્મ સાક્ષાત્કાર : મુનિને શૂળીએ ચઢાવવા લઇ જતાં પહેલા રાજા મુનિને પૂછે છે હે જોગટા ! તારે રત્નાવલી હારની બાબતમાં કાંઈ કહેવું છે ? સાધુ તો કાંઈ બોલતાં નથી. મૌનપણે થાય તે થવા દે છે. તે વિચાર કરે છે કે મેં પાપીએ કેવા અધમ પાપો કર્યા છે ! આ જિંદગીમાં મારા ઉપકારી પિતાને મારી નાંખ્યા. ચંદનબાને મારી નાંખી. આ પાપ મારા ઉદયમાં આવ્યા છે તો હે આત્મા ! તું સમભાવે સહન કરી લે. આ બધું શરીરને થાય છે. શરીર તો પર છે. શરીર આત્માથી ભિન્ન છે. જે થાય તે પાડોશી બનીને તું જોયા કર. જે કર્મો ઉદયમાં આવ્યા છે તે બધા તું હસતા ભોગવી લે. મુનિ કાંઈ બોલતા નથી એટલે તેમને શૂળીએ ચઢાવવા લઇ જાય છે. તો શૂળી ભાંગીને ભૂક્કો થઈ ગઇ. મુનિ તો શુદ્ધ અધ્યવસાયના

શિખરે ચઢતા પાપોનો પશ્ચાતાપ કરતા કરતા આઠમા ગુણસ્થાને જઇ ક્ષપક શ્રેણી માંડી. બારમા ગુણ. પહોંચીને તેરમાના પહેલા સમયે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી દીધી.

આકાશમાં દેવદુંદુભી વાગવા લાગી. દેવો કેવળીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા આવ્યા. શૂળીના સ્થાને સુવર્ણકમળ થઇ ગયું છે તેના પર બેસીને દેશના આપે છે. રાજાએ તે કેવળી ભગવંતને પૂછયું– આ રત્નાવલી હાર મુનિની ડોકમાં કયાંથી આવ્યો ? કોણ તેમની ડોકમાં નાંખી ગયું ? મુનિએ બધી પૂર્વભવોની વાત કરી. સમડી હાર નાંખી ગઇ તે ચંદનબોનો આત્મા હતો. સમડી સામે ઝાડ પર બેઠી હતી. તેણે આ બધી વાત સાંભળી. સાંભળતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. કેવલી ભગવંત પાસે આવીને મુનિના પગમાં પડી પોતાના પાપનો કરાર કરી ત્યાં શ્રાવકપણું અંગીકાર કર્યું. જે મનુષ્યભવમાં ન પામી તે તિર્યંચના ભવમાં પામી ગઇ. ત્યાંથી મરીને તે દેવલોકમાં ગઇ. આ દૃષ્ટાંતથી બે વાત સમજવા મળે છે. એક તો ધન કેવા અનર્થો કરાવે છે ! બીજુ સત્સંગ જીવનમાં શું કામ નથી કરતો ? રાજાએ મુનિને જે કષ્ટ આપ્યું હતું તે બદલ માફી માંગી અને ત્યાં ધર્મ પામી ગયા.

આનંદ શ્રાવકે ધનની, પશુધનની અને ભૂમિની મર્યાદા કરી પછી તેમણે શકટ એટલે બળદ ગાડીઓનું પરિમાણ કર્યું કે ૫૦૦ ગાડીઓ બીજે ગામ જવા યાત્રા કરવા માટે અને ૫૦૦ માલસામાન લઈ જવા લાવવા માટે, તે સિવાયના બીજા બધા શકટોના પ્રત્યાખ્યાન કર્યા. તે સમયે મોટર ગાડી આદિ સાધનો ન હતા એટલે માલ લાવવા લઈ જવા માટે તેમજ યાત્રા માટે શકટ–બળદગાડીઓનો ઉપયોગ થતો હતો એટલે તેમણે પોતાની પાસે જેટલા શકટ હતા તેટલી છૂટ રાખીને બીજા પ્રત્યાખ્યાન કર્યા. ત્યાર પછી વાહનો–નૌકાનું પરિમાણ કર્યું. ચાર જહાજ વહાણ પરદેશમાં માલ લઈ જવા લાવવા માટે અને ચાર વહાણ યાત્રા માટે રાખીને બીજા બધાના પચ્ચક્ખાણ કર્યા. તે સમયે વિદેશો સાથે તેમનો વેપાર ચાલતો હતો. ચાર દિશાઓમાં સમુદ્ર યાત્રા કરતા હતા એટલે તેમણે ચાર માલ લઈ જવા લાવવા માટે અને ચાર યાત્રા માટે રાખ્યા. આનંદ જળ અને સ્થળ બંને માર્ગેથી વેપાર કરતા હતા એટલે સ્થળના માર્ગ માટે એક હજાર બળદગાડીઓ અને જળમાર્ગ માટે ૮ વહાણ રાખ્યા, હવે આગળ શું વાત ચાલશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : પુરંદર શેઠ, ગુણસુંદર અને પુણ્યસાર બધા જમ્યા બાદ ખૂબ પ્રશ્નચર્ચા કરી, ત્યાર બાદ ગુણસુંદર કહે–હવે હું જાઉં છું. પુણ્યશ્રી અને શેઠ કહે–તું જા અરે પણ હવે આ ઘર તારું છે એમ માનીને તું આવતો રહેજે. અમારે ત્યાં જમજે. બા ! હું એકલો નથી. અમારા રસોડે ઘણા માણસો છે. ભલે, તું માણસોને લઈને આવજે. પુણ્યસાર મારો એક દીકરો છે હવે તું મારો બીજો દીકરો, માટે તું અવારનવાર આવતો રહેજે. આ વખતે તો અમે તને આમંત્રણ આપ્યું ને તું જમવા આવ્યો છે પણ હવે ફરી અમારા આમંત્રણની રાહ ન જોઇશ. ગુણસુંદર અને પુણ્યસાર વચ્ચે એવી ગાઢ

દોસ્તી બંધાઈ ગઈ કે તેઓ એકબીજાને કહે છે હવે આપણને રોજ એકબીજાને મળ્યા વગર નહિ ગમે. કાં તો તમે મળવા આવજો અથવા હું તમને મળવા આવીશ. પુણ્યસાર ગુણસુંદરના મહેલે જમવાનું આમંત્રણ આપવા ગયો ત્યારે તો તેને મન અજાણ્યો યુવાન હતો પણ હવે જુદા પડે છે ત્યારે તો બંને વચ્ચે અતૂટ મૈત્રીની ગાંઠ બંધાઈ ગઈ હતી.

ગુણસુંદરને મેળવવા રત્નસુંદરીની ઝંખના : ગુણસુંદર પોતાના મહેલે ગયો. પુણ્યસાર સાથે મૈત્રી બંધાઈ ગઈ પણ ગુપ્ત વાત કરાય કેવી રીતે ? હું બધાના મુખ જોઉં છું પણ મારા પતિ જેવો ફેઈસ કોઈનો દેખાતો નથી. ઘેર આવી પણ તેનું મન ઉદાસ છે. બબ્બે મહિના થયા છતાં પત્તો પડતો નથી તેથી તે ચિંતા કરે છે. હવે રત્નસુંદરીની વાત વિચારીએ. ગુણસુંદરની સામે રત્નસાર શેઠનો મહેલ છે. રત્નસાર શેઠની એકની એક દિકરી રત્નસુંદરી ખૂબ ગમગીન રહેતી હતી. ગુણસુંદર રત્નસાર શેઠને ત્યાં વેપારના કારણે અવારનવાર જતો હતો. ગુણસુંદર તો આ વાત કાંઈ જાણતો નથી કે રત્નસુંદરી તેના માટે નજર પાથરીને બેઠી છે. આ રત્નસુંદરી કંઈ વૈરાગી ન હતી. તેને સંસાર પ્રત્યે વિરતિભાવ નહોતો આવ્યો. તે તો સંસારના સુખો માણવા અને યૌવનના રંગરાગને ખેલવા તલસી રહી હતી. ગુણસુંદરને તો તે પોતાનું દિલ આપીને બેઠી હતી. તેણે તો મનથી નિશ્ચય કર્યો છે કે હું તો પરણું તો ગુણસુંદરને. તેને મેળવવા માટે રાતદિવસ ઝુરી રહી છે, પણ આ વાત કોઈને કહી શકતી નથી. છાની છાની રડે છે. આખો દિવસ સૂનકાર થઈને રહે છે. ખાતીપીતી નથી ને ઊંઘતી નથી. તેના પિતા બોલાવે તો પણ ન છૂટકે જવાબ આપે. ખાધાપીધા વગર ચિંતામાં ને ચિંતામાં તેનું શરીર સાવ સૂકાઈ ગયું.

દીકરી માટે માતાપિતા ચિંતાતુર : પોતાની એકની એક વહાલસોયી દીકરીની આ સ્થિતિ જોઈ માતાપિતા ખૂબ ચિંતાતુર બની ગયા. મારી દીકરીને શું થઇ ગયું ? શેઠે સારા હોંશિયાર ધન્વંતરી વૈદને બોલાવ્યા. વૈદે તેની નાડી તપાસી તો કોઇ રોગ ન દેખાયો. વૈદ કહે–કંઈ રોગ નથી. હું દવા આપું છું, પણ રત્નસુંદરીને રોગ હોય તો ઔષધથી મટે ને ? તેને પ્રેમનો રોગ હતો. રત્નસુંદરી દિવસે દિવસે સૂકાતી જતી હતી. તેનું મુખ નિસ્તેજ બની ગયું. એક વાર છોકરીને રડતી રડતી તેની માતા જોઈ ગઈ. રત્નમંજરીએ પૂછ્યું– બેટા ! તું આટલું બધું કેમ રડે છે ? તને જોઇને મારું કાળજુ કપાઈ જાય છે. જે હોય તે કહે. ગમે તેવી ગુપ્ત વાત હશે તો પણ હું કોઇને નહિ કહું. તને એ ચિંતા થાય છે કે હું મોટી થઈ છું હવે....અમે તારા માટે સારો છોકરો શોધીએ છીએ. રત્નસુંદરી કહે મારા માટે કોઇ છોકરાને શોધવાનો નથી, તો શું તેં કોઈ છોકરાને જોયો છે ને તને ગમ્યો છે ? માતા ! જે મેં શોધ્યો છે તે હાથમાં આવતો નથી. તેં કયો છોકરો શોધ્યો છે ? તમારો જાણીતો છે. જે હોય તે મને કહે. મારાથી તારે શું છુપાવવાનું હોય ? અમે જરૂરથી તે છોકરા સાથે તારા લગ્ન કરાવી આપીશું. રત્નસુંદરીની જીભ ઉપડતી નથી. ત્યાં તો માતાએ કહ્યું– મને યાદ આવે છે કે ગુણસુંદરને

જમવા બોલાવવાનું તેં કહ્યું હતું. બેટા ! તે છોકરો તને પસંદ પડયો છે ? તે બોલી નહિ પણ મુખ જરા મલકી ગયું. એટલે માતા સમજી ગઈ કે તે ગુણસુંદરને ચાહે છે. છોકરો ખૂબ બાહોંશ અને હોંશિયાર છે. ભલે, હવે તું આનંદમાં રહે. તારા પિતાજીને વાત કરીશ.

સાંજે રત્નસાર શેઠ જમવા આવ્યા. જમીપરવારીને બેઠા પછી રત્નમંજરી કહે, હવે આપણી દીકરી મોટી થઈ છે. તમારી આંખ ઉઘડે છે ? કાંઈ સમજણ પડે છે ? શેઠ કહે–નગરશેઠના છોકરા પુણ્યસારનું માગું આવ્યું હતું. તેઓ હાલીચાલીને આપણે ત્યાં આવ્યા હતા ત્યારે છોકરીએ કેવા ઉદ્ધત જવાબ આપ્યા હતા ! એ તો છોકરું કહેવાય કોઈવાર ભૂલ થઈ જાય પણ હવે બીજો નહિ શોધવાનો ? શેઠ કહે–તું કહે ત્યાં કરીએ.

રત્નસુંદરીએ નિશ્ચય કર્યો, ગુણસુંદર પરણું સ્વામ,
અવર પુરૂષને પરણવા, કોઇનું ગમે ન નામ હો....

આપણા ગામમાં આપની હવેલી સામે જે નવો વેપારી ગુણસુંદર આવ્યો છે તે તમને કેવો લાગે છે ? તે દિવસે જમવા તેણે બોલાવ્યો ત્યારથી આપણે સમજી જવાની જરૂર હતી. આપણી દીકરીનું મન એમાં લાગી ગયું છે. બેર ! હવે આપ તેમની પાસે જઈને આપણી દીકરીનું માંગું મૂકો. ભલે. તો હું કાલે ત્યાં જઈશ. બીજે દિવસે શેઠ તૈયાર થઈ ગુણસુંદરને ત્યાં ગયા. નોકરોએ તેમની આગતાસ્વાગતા કરી, પછી પૂછયું, શેઠજી ! કયા કારણસર આપનું આગમન થયું ફરમાવો. મારે ગુણસુંદરકુમારને મળવું છે. અનુચરો ગુણસુંદરને કહેવા ઉપર ગયા કે રત્નસાર શેઠ આપને મળવા આવ્યા છે. આ સમયે ગુણસુંદર સ્વાધ્યાય કરતો હતો. પોતાનો નિત્ય નિયમ કોઈ દિવસ છોડતો ન હતો. તેણે કહ્યું–હું સ્વાધ્યાય કર્યા પછી આવું છું. તેમને બેસાડજો. હવે રત્નસાર અને ગુણસુંદર મળશે ને ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

ભાદરવા સુદ ૯ને રવિવાર : વ્યાખ્યાન નં. ૭૬ : તા. ૨૨-૯-૮૫

અનંતકરૂણાસાગર ત્રિલોકીનાથ ભગવંતે ભવ્ય જીવોને દિવ્ય સંદેશો આપ્યો તસમજાવ્યું કે હે જીવો ! તમે આ કાયા પર જે માયા રાખીને બેઠા છો તે કાયા કેવી છે? આ કાયાના વાસ્તવિક સ્વરૂપનું ચિંતન કરવામાં આવે તો વૈરાગ્ય આવ્યા વિના રહે નહિ. ભગવંત બોલ્યા છે

इमं शरीरं अणिच्चं, असुइ असुइ संभवं ।
असासया वासमिणं, दुक्ख केसाण भायणं ।। ઉત્ત.અ.૧૯.ગા.૧૩

આ શરીર અનિત્ય છે. અશુચિથી ભરેલું છે. તેમાં જીવનું સ્થાન પણ શાશ્વત નથી. આ શરીર દુઃખો અને કલેશનું ભાજન છે.

જ્ઞાની ભગવંત સમજાવે છે કે જે શરીર પ્રત્યે તને ખૂબ રાગ છે. તેને સાચવવા,

શણગાન્વા અનેક પાપો કરે છે પણ તે શરીર કેવું છે ? અનિત્ય છે. અશુચીથી ભરેલું છે. કોઈ કોઢીમાં ગટરનો કચરો ઠાંસી ઠાંસીને ભર્યો હોય અને એની ઉપર રૂપાળું ઢાંકણું હોય તો એ જાણવા છતાં કયો ડાહ્યો માણસ એ કોઢી પર પ્રેમ કરે ? માનવની કાયા ગટરની કોઢી જેવી છે, છતાં એની પાછળ પાગલ ન હોય એવો માણસ સોમાં એક મળવો મુશ્કેલ છે. કાયાની બિભત્સતાનું દર્શન કરાવતા એક શ્લોકમાં કહ્યું છે કે

यदि नामास्य, कायस्य यदन्तस्तद् बहिर्भवेत् ।
दंडमादाय लोकोयं, शुनकाकांश्च वारयेत् ॥

ગંદકીના ગાડવા સમી કાયા પર પ્રેમ કરનારા પાગલો એટલું યાદ રાખો કે જેમ બાંધી મુઠ્ઠી લાખની છે એમ આ કાયા પર ચામડીનું રૂપાળું ઢાંકણું છે ત્યાં સુધી એની શોભા છે. જો કાયા પરથી આ રૂપાળું ઢાંકણું લઈ લેવામાં આવે તો સમડી, ગીધ અને કાગડાના ટોળેટોળા આ દેહની મિજબાની ઉડાવવા ભેગા થાય. એને ભગાડી મૂકવા માણસે હંમેશા લાકડી રાખવી પડે. તમને પૈસા ખૂબ વહાલા, પુત્ર પત્ની વહાલા હોય છતાં એ બધા કરતાં જો સૌથી વધુ પ્રેમ હોય તો કાયા પર છે. ઘરમાં આગ લાગે કે એવો પ્રસંગ બને ત્યારે કાયાને બચાવવા જલ્દીથી ભાગી નીકળશો. આ કાયા પરનો પ્રેમ કંચન, કામિની, કુટુંબ અને કીર્તિ પર પ્રેમ કરાવે છે. જેને પોતાની કાયા પર પ્રેમ નથી, જેને કાયા પરથી રાગ ઊઠી ગયો એને મોટે ભાગે કંચન, કામિની, કુટુંબ અને કીર્તિ પર રાગ ઊઠી જાય છે.

માનવીની કાયાને ટકાવવા કેટલાય જીવોની હિંસા થાય છે. કેટલીય આવશ્યકતાઓ પૂરી થાય ત્યારે આ કાયા ટકે છે. ગાય, ભેંસ ઘાસ જેવી ચીજ ખાઈને તેના બદલામાં દૂધ જેવી મૂલ્યવાન ચીજ આપે છે. એની સામે માનવની કાયાની સરખામણી કરશો તો દેવાળિયા જેવી સ્થિતિ લાગશે. માનવી આ કાયાના કારખાનામાં સારામાં સારા માલદાર પૌષ્ટિક માલ નાંખે તો એ બધા મળ-મૂત્ર રૂપે બહાર નીકળે છે.

આ શરીરના સંગથી સારામાં સારા સુગંધિત ભોજન પણ દુર્ગંધમય બની જાય છે. તેના પર સારામાં સારા વસ્ત્રો ઓઢાડીએ તો એ પણ ગંદા ગોબરા બની જાય છે. ભારે મૂલ્યવાન સાડી એક વાર પહેરી એટલે એની ચમક ઝાંખી થઈ જાય છે. આ કાયા જેવું એવફા કોઈ કારખાનું મળવું મુશ્કેલ છે, છતાં એના પર જેવો આંધળો રાગ છે, પ્રેમ છે, તેવો સંસારના કોઈ પદાર્થો પર નથી; કારણ કે જીવ જે ગતિમાં ગયો ત્યાં જન્મથી મૃત્યુ સુધી એણે મુખ્ય કાર્ય કાયાને પોષવાનું અને એનું રક્ષણ કરવાનું કર્યું છે, તેથી કાયાનો રાગ, કાયાની મમતા છોડવી બહુ મુશ્કેલ છે. કાયાની મમતા બીજા પદાર્થોની મમતાનું મૂળ છે. મૂળ ઊખડી ગયા પછી વૃક્ષ સ્થિર રહી શકતું નથી તેમ જેને કાયા પ્રત્યેની મમતા ઊઠી ગઈ તેને બીજા પદાર્થો પ્રત્યેથી મમતા જવાની છે.

આત્મા કાયા રૂપી કેદખાનામાં પૂરાઈ રહ્યો છે છતાં હજુ તેને છૂટવાનું મન થતું

નથી. આ કાયાનો મોહ આત્માને સંસારમાં ઘણો રખડાવે છે. કેદખાનામાં ભૂખ, તરસ ગંદકી, મજૂરી આદિ દુઃખો સહન કરવા પડે છે. તેમાંથી કયારે છૂટું અથવા લાગ મળે તો સળિયા તોડીને નાસી જાઉં એમ કેદી ઈચ્છે છે તેવી રીતે આ શરીર એ કેદખાનું છે. તેમાં અશુચિ ભરેલી છે. છતાંય તેમાંથી નાસી છૂટવાને બદલે આ મૂઢ જીવ તેને પૌષ્ટિક પદાર્થો ખવડાવી હૃષ્ટપુષ્ટ બનાવે છે. તેને જરા પીડા થાય તો ગાંડોઘેલો થઈ જાય છે. હાયવોય કરી મૂકે છે પણ વિવેકી આત્માએ શરીર પાસે એવી રીતે કામ લેવું જોઈએ કે ફરીવાર આ કાયાની કેદમાં પૂરાવું ન પડે.

જેમને આ શરીર દ્વારા સાધના કરવાની તાલાવેલી જાગી છે એવા આનંદ શ્રાવકે ૧૨ વ્રતમાંથી પડેલા પાંચ વ્રત ભગવાન પાસે અંગીકાર કર્યા. પાંચમું વ્રત " **એગવિહં તિવિહેણું** " એટલે એક કરણ અને ત્રણ યોગથી આદરવાનું છે. આ વ્રતમાં જેટલી મર્યાદા કરી છે તેનાથી અધિક મન, વચન કાયાથી વધારે પરિગ્રહ રાખવો નહિ. આ વ્રત પોતાના પૂરતું છે. પિતા, ભાઈ કે પુત્રો કમાતા હોય તો તેમના પૈસાની સાથે વ્રત આદરનારને કાંઈ સંબંધ નથી. તેઓ જે કમાતા હોય તે તેઓનું જુદું છે. પોતાની મર્યાદા સાથે તેને કાંઈ લેવા દેવા નથી માટે આપ વ્રતમાં આવો. માનવીને પોતાની જરૂરિયાત તો બહુ અલ્પ હોય છે પણ મોટા ભાગે બીજાને માટે એ મેળવવા મથે છે. ઘણી વાર એવું બને છે કે બાપ દીકરાને માટે લાખની, કરોડની મૂડી મૂકીને ગયા હોય પણ દીકરાનું પુણ્ય ન હોય તો લાખપતિની દશા રાખપતિ જેવી થઈ જાય છે અને કંઈક વાર એવું બને છે કે બાપ કંઈ મૂકીને ન ગયા હોય પણ એમના દીકરા મોટા શ્રીમંત થઈ જાય છે. પૈસાનો સંબંધ પ્રારબ્ધ સાથે છે.

માનવી જ્યારે મર્યાદામાં આવે છે, સંતોષમાં આવે છે ત્યારે તેની તૃષ્ણા પર કાબૂ મૂકાય છે. સવારથી સાંજ સુધી કમાવાની ધૂન હતી તે ઓછી થઈ જાય. આરંભ સમારંભ પણ ઓછો થઈ જાય. વ્રતધારી માણસ બીજા પાસે ગમે તેટલી મૂડી હોય તો પણ તેની કોઈ દિવસ ઈર્ષા કરશે નહિ કારણ કે તે સમજે છે કે તેના પુણ્યના ઉદયે તેને પૈસો મળ્યો છે તો મારે શા માટે તેમની ઈર્ષા કરવી જોઈએ ? મને મારા પુણ્ય પ્રમાણે જોઈએ તેટલી સંપત્તિ મળી છે. મને સંતોષ છે. હવે મારે વધારે જોઈતી નથી. વ્રતધારી આત્માને ઘણાં પાપો આવતા અટકી જાય છે. સંતોષમાં જેટલી શાંતિ છે તેટલી સંગ્રહવૃત્તિમાં અશાંતિ છે.

ધન ભૂલાવે ભૂખ અને ઊંઘ : એક મોટા ધનાઢય શ્રીમંત શેઠ હતા. તેમને રાત્રે ઉંઘ આવતી ન હતી. આખી રાત ડનલોપની ગાદીમાં આળોટયા કરે છતાં ઉંઘ ન આવે. એક વાર તેમનો મિત્ર બહારગામથી આવ્યો. તેણે જોયું કે આખી રાત શેઠ ઉંઘ્યા નથી. સવારમાં મિત્રે પૂછયું–ભાઈ ! તમારી પાસે હામ–દામ–ઠામ બધું છે છતાં રાત્રે ઉંઘ કેમ નથી આવતી ? શું તમારી તબિયતની અનુકૂળતા નથી ? ના એવું નથી.

મારી તબિયત તો સારી છે. તમારા માથે કોઇ ચિંતા છે ? ના. હવે કોઇ ચિંતા નથી. તો રાત્રે કેમ ઉંઘતા નથી ? મેં આજે રાત્રે જોયું કે આખી રાતમાં આંખનું એક મટકું માર્યું નથી. મિત્ર ! સંપત્તિ તો અઢળક મળી છે, પણ વાત એમ છે કે મારી ઉંમર ૮૦ વર્ષની થવા આવી છે. છેલ્લા ૫૦ વર્ષોથી મેં ધન મેળવવા માટે દોડધામ કરી છે. માત્ર એક જ ધૂન, એક જ લગની કયાંથી મેળવું ને કેવી રીતે મેળવું ? એ ધૂનમાં ચારે બાજુ દોડધામ કરી છે. નથી જોયો દિવસ કે નથી જોઇ રાત. નથી જોઈ ભૂખ કે નથી લીધી ઉંઘ. કેમ વધારે મેળવું તે કળા શોધતો હતો. ખબર પડે કે અમુક જગાએ મને ધન મળશે તો ત્યાં દોડયો. બસ એક જ લક્ષ કે પૈસો કેમ મેળવાય ? આજે પણ માનવીની એ જ દશા છે. ગમે તેટલું મળ્યું હોય છતાં તેની દોડધામ ચાલુ હોય છે. સાત સાંધે ને તેર તૂટે ! એવી દશા જેની હોય તે દોડધામ કરે તો હજુ કાંઈક વ્યાજબી કહેવાય પણ જેને દુકાને ન જાય તો પણ નોકરો બરાબર કામ કરી શકે છે અને આવક ખૂબ ચાલુ રહે છે છતાં તે જંપીને બેસતો નથી, કારણ કે તેને પુણ્ય પર વિશ્વાસ નથી. ભગવાનના સંતો સવારે લાવેલું ત્રણ પહોર સુધી રાખે અને બીજા કાળે લાવેલું સાંજ સુધી રાખી શકે. સાંજે તો બધું પૂરું કરવું પડે. તેઓ કાલની ચિંતા કરતા નથી. ભગવાનના વચન પર વિશ્વાસ રાખીને જીવનનૈયા આગળ ધપાવે જાય છે.

રડાવ્યા કોણે ? : જેના જીવનમાં સંતોષ છે તે સુખે રહી શકે છે અને મળેલી વસ્તુને સુખે ભોગવી શકે છે. જેને સંતોષ નથી તેને ગમે તેટલું મળે તોય સુખે ભોગવી શકતો નથી. એક વાર ટ્રેઇનમાં શેઠ-શેઠાણી ફર્સ્ટ કલાસમાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે આ શેઠની આંખમાં આંસુ હતા. તે રડતા હતા. તે સમયે તેમની પાસે એક ભાઈ બેઠેલા હતા. તેમણે શેઠાણીને પૂછયું- બેન ! તમારા પતિ કેમ રડે છે ? તેમની આંખમાં આંસુ કેમ છે ? બેન કહે-તમે એમને જ પૂછો ને કે તમે કેમ રડો છો ? તે ભાઈ એ શેઠને પૂછયું-ભાઈ ! તમે કેમ રડો છો ? તમને શું થયું છે ? શેઠ કહે ભાઈ ! અમે ગયા હતા કમાવા પણ આવ્યા ગુમાવીને. તેનો મારા દિલમાં આઘાત છે. આ સાંભળીને શેઠાણી હસવા લાગ્યા. પાડોશી કહે- ભાઈ કમાવા ગયા હતા ને ગુમાવીને આવ્યા તેથી તે રડે છે અને શેઠાણી હસે છે. ભાઇ કહે બેન ! તમારા પતિ રડે છે અને તમે હસો છો કેમ ? ભાઇ, શું વાત કરું ! શું કહું આપને ? અમે કમાવા ગયા હતા. ત્યાં કાંઈ ગુમાવીને નથી આવ્યા પણ કમાણી કરીને આવ્યા છીએ. પેલો ભાઈ વિચારમાં પડયો, આ તો બંનેના વિચારો જુદા પડયા. એક કહે છે ગુમાવીને આવ્યા ને બીજા કહે છે કે કમાઇને આવ્યા. ભાઈએ કહ્યું- બેન ! આપ કહો છો કમાઈને આવ્યા અને ભાઇ કહે છે ગુમાવીને આવ્યા. તમારી બંનેની વાતમાં સાચું શું ? ભાઇ ! તેઓ જયારે કમાવા ગયા હતા ત્યારે તેમણે નિર્ણય કર્યો હતો કે મારે દશ લાખ રૂપિયા કમાવા. તેના બદલામાં તેઓ પાંચ લાખ કમાઇને આવ્યા. દશ લાખને બદલે

પાંચ લાખ કમાઈને આવ્યા એટલે શેઠ રડે છે. બોલો, આ ગુમાવીને આવ્યા કે કમાણી કરીને આવ્યા ? આ વાત સાંભળીને પેલા ભાઈ હસવા લાગ્યા. આ શેઠ તો મૂર્ખ લાગે છે. દશ લાખ કમાવાનો નિર્ણય કરીને ગયા તેથી દશ લાખ કમાઈ જવાય એવું થોડું છે? આ શેઠને રડાવ્યા કોણે ? પરિગ્રહ પ્રત્યેની મૂર્છાએ.

ધનની દોડધામ ભૂલાવે પ્રભુનું નામ : પેલા શેઠને મિત્રે પૂછયું-તમને ઉંઘ કેમ નથી આવતી ? શેઠે કહ્યું- છેલ્લા ૫૦ વર્ષથી મેં દોડધામ કરી છે. મારી પાસે તો કરોડો રૂપિયા થઈ ગયા છે. છોકરાઓ બધા મોટા થઈ ગયા છે. તેમણે કહ્યું- બાપુજી ! આપની ઉંમર ૮૦ વર્ષની થવા આવી છે. આપ હવે આ બધી દોડધામ છોડી દો. આપ શાંતિથી ભગવાનનું નામ લો. મારા દીકરાઓએ મને દુકાને જવાની ના પાડી છે તેથી ઘેર બેઠો છું. હવે નિવૃત્તિ લીધી છે પણ ૫૦-૫૦ વર્ષોથી રૂપિયા એકઠા કરવા માટે કરેલી આ દોડધામે રાતની ઉંઘ અનિયમિત બનાવી દીધી છે તેથી આજે પણ ઉંઘ નથી આવતી. અત્યારે દિવસે નવરા બેઠા હોવાથી દિવસ પણ જતો નથી. કોઈ જાતનું કામ ન હોવાથી મનમાં વિકલ્પોની પરંપરા ચાલુ રહે છે. જેણે આટલી જિંદગીમાં ભગવાનનું નામ લીધું ન હોય તેને ભગવાનનું નામ ગમે ખરું ? કોઇ દિવસ ગુરૂ ભગવંતને જોયા કે સાંભળ્યા નથી તેને નિવૃત્તિકાળ વસમો જ લાગે ને ? જેને ધર્મનું સ્વરૂપ સમજાયું છે, જેને ધર્મ રૂચ્યો છે, ગમ્યો છે તેને તો થાય કે હાશ ! આમાંથી છૂટયો તો ધર્મ કરીશ. તે દીકરાનો આભાર માને કે સારું થયું દીકરાનું કે તેણે મને પાપના પિંજરામાંથી છોડાવ્યો.

આનંદ શ્રાવકને પ્રભુની અમૃતધારા સુણતા જીવનમાં ધર્મ સમજાયો તો પાંચ વ્રત લીધા. પરિગ્રહની મર્યાદા કરી. હવે છઠ્ઠું વ્રત દિશા પરિમાણ. પાંચમાં વ્રતમાં ધન, ધાન્ય, ક્ષેત્ર, પશુ આદિની મર્યાદા કરાય છે. છઠ્ઠા દિશા પરિમાણ વ્રતમાં ખેતી, વહેપાર આદિ માટે ક્ષેત્રની મર્યાદા કરાય છે. છઠ્ઠા વ્રતમાં શ્રાવક એ નિશ્ચય કરે છે કે ઉપરનીચે તથા ચારે દિશાઓમાં ખેતી ઉદ્યોગને માટે તથા ધંધાને માટે નિશ્ચિત કરેલા ક્ષેત્રથી આગળ જવું નહિ. આ દિશાઓમાં ભમવી પરિગ્રહ માટે દોડધામ કરે છે તેથી પાંચમાં વ્રતમાં છઠ્ઠા વ્રતનો સમાવેશ કર્યો છે. અહીં શાસ્ત્રકારે તે વ્રત જુદું બતાવ્યું નથી. છઠ્ઠા વ્રતના પાલનમાં લાભ ઘણા છે. આપણને એમ થાય કે આ વ્રતમાં શી વિશેષતા છે ! ૨૫ માઇલ ગયા કે ૨૫૦૦ માઇલ ગયા તેમાં ફેર શું પડયો ?

જ્ઞાની ભગવંત સમજાવે છે કે આ જગતના તમામ દ્રવ્યો ક્ષેત્રના આધારે છે. જેમ આવાગમનનું ક્ષેત્ર વધારે તેમ એ ક્ષેત્રમાં રહેલા દ્રવ્યોનો પરિચય વધારે. જેટલો દ્રવ્યોનો, પદાર્થોનો પરિચય વધારે તેમ રાગદ્વેષ વધારે થવાના. રાગદ્વેષની પરિણતીને તોડવી હોય તો આવાગમનના ક્ષેત્રને ઘટાડી દો. શારીરિક સ્વસ્થતા તથા માનસિક પ્રસન્નતા લાવવાની તાકાત આ વ્રતનું પાલન કરવામાં છે. આપણે ઘણાં વાત કરી કે શેઠને ઉંઘ આવતી ન હતી. શાથી ? તેમણે ધન મેળવવા દેશ પરદેશમાં એટલી દોડધામ કરી હતી

કે ત્યારે નિયમિત ઉંઘ લીધી ન હતી; તેથી અત્યારે ઉંઘની ગોળીઓ ખાઈ ખાઈને રાત પસાર કરે છે. આ સ્થિતિ થવાનું કારણ વધુ પડતી દોડધામ. છઠ્ઠા વ્રતમાં ચારે દિશામાં અને ઉંચે નીચે કયાં સુધી જવું તેની મર્યાદા બાંધે છે. ક્ષેત્રની મર્યાદા થતાં વસ્તુઓ અને વ્યક્તિઓ સાથેના સંપર્ક તૂટી જાય છે. પરિચય ઓછો થાય છે. પરિચય–સંપર્ક ઓછો થશે એટલા રાગ–દ્વેષ ઓછા થશે. રાગના ક્ષેત્રને ઘટાડયા વિના વૈરાગ્ય પેદા થવો મુશ્કેલ છે માટે જીવનમાં જેટલી જરૂરિયાતો ઓછી હશે તેટલી દોડધામ ઓછી થવાની. યાદ રાખજો. જેટલી જરૂરિયાતો વધારશો તેટલી અશાંતિ વધવાની છે. આજે મોટા ભાગના જીવો દુઃખી દેખાય છે તેનું કારણ એ નથી કે તેમની પાસે જરૂરી વસ્તુઓ નથી. તેનું કારણ તો એ છે કે તેઓએ જરૂરિયાતો ઘણી વધારી દીધી છે. કહ્યું છે કે "**साधु सदा सुखीया कह्या दुःखीया नहि लवलेश.**" ઓછામાં ઓછી જરૂરિયાતે તે પોતાનું જીવન પસાર કરે છે. આવશ્યકતા પર તે અટકી ગયા છે અને ઇચ્છાઓ પર પોતાનું આધિપત્ય જમાવી દીધું છે. એટલે સાધુ સદા સુખી છે. જો જીવનમાં શાંતિ અનુભવવી હોય તો જરૂરિયાતો ઘટાડો અને સંતોષમાં આવો.

જેના જીવનમાં સંતોષ છે તે દુઃખમાં પણ શાંતિથી રહી શકે છે. બાકી આ પરિગ્રહે તો એવો ભરડો દીધો છે કે તેમાંથી બહાર નીકળવું મુશ્કેલ છે. છઠ્ઠું દિશા પરિમાણ વ્રત. માનવી ચારે બાજુ દોડધામ પરિગ્રહ માટે કરે છે. મોટા ઝવેરીઓ હોંગકોંગ, લંડન, એન્ટવર્પ આદિ પરદેશ સુધી દોડાદોડ કરે છે. શા માટે? પરિગ્રહ માટે ને?

ભારે પડી! : એક વાર બે મિત્રો ભેગા થયા. એક મિત્ર બીજા મિત્રને કહે છે ભાઇ! આજે ભારે પડી ગઇ. મિત્ર! શું ભારે પડી? રવિવારનો દિવસ હતો અમે આખું ફેમીલી ચોપાટી ફરવા ગયા હતા. છોકરાઓ ચોપાટીના કિનારે ઊભા ઊભા દરિયાના પાણી જોતા હતા. તેમાં પવન આવતા છોકરાની આંખમાં રેતી પડી. તેની આંખ લાલ થઇ ગઇ. આંખમાંથી પાણી નીકળવા લાગ્યું. ઘણી મહેનત કરી છતાં એ રેતી નીકળી નહિ; છેવટે તેને દવાખાને લઇ જવો પડયો. ડૉકટરે રેતી તો કાઢી પણ ૧૫ રૂપિયાનો ચાંદલો કર્યો. ચોપાટીની સહેલ કરવા જતાં ૧૫ રૂપિયાનો ખર્ચ વધુ થયો. ચોપાટીની સહેલ ભારે પડી ગઇ.

બીજો મિત્ર કહે–ભાઈ! તારે તો ૧૫ રૂપિયાનો ચાંદલો થયો પણ તારા કરતાં મને તો વધુ ભારે પાડી ગઈ. દિશાની મર્યાદા કરનારે તો હરવા ફરવા જવું નહિ. દિશાની મર્યાદા નથી એટલે મોજશોખ માટે ફરવા જવાનું મન થાય. રજાનો દિવસ હોય ને કલાકનો ટાઈમ મળે તો સામાયિક કરું એવા ભાવ થાય છે? ચાલુ દિવસે તો સવારથી સાંજ સુધી વેપાર ધંધો ચાલુ. તેમાં કેટલાય લફરા! સુખે વેપાર કરી શકતા નથી. સુખે ખાઈ શકતા નથી. ત્રાસ, ત્રાસ ને ત્રાસ, છતાં તમને સંસાર સારો લાગે છે. છોડવાનું મન થતું નથી.

બીજો મિત્ર પૂછે છે તને શું ભારે પડી ? ભાઈ! તારા ભાભીએ હઠ લીધી કે તમે મને કોઇ દિવસ બહાર ફરવા લઇ જતા નથી. આજે રજા છે. બહાર લઈ જાવ. અમે બંને બહાર ફરવા નીકળ્યા. ચાલતા ચાલતા વચ્ચે ઝવેરી બજાર આવી ગયું. ઝવેરીને ત્યાં શો કેસમાં નવી નવી ડીઝાઇનના સરસ દાગીના લટકાવેલા હતા. એક જુઓ ને બીજા ભૂલો એવા આકર્ષક હતા તારા ભાભી ત્યાં અટકી ગયા. હું આગળ ચાલતો હતો; પાછું વાળીને જોયું તો તે દુકાન પાસે ઊભા હતા. મેં કહ્યું– કેમ પાછળ પડી ગયા ? તેણે કહ્યું–તમે પાછા આવો. મેં કહ્યું– તમે જલ્દી ચાલો, આપણે ઘણું આગળ જવું છે. આગળ જવાની વાત પછી. તમે એક વાર પાછા આવો ને ! દેવીનું કહ્યું દેવને માનવું પડે. તમે તમારી જાતને પૂછજો કે તમારે આવું થતું નથી ને ? તે ભાઈ પાછા આવ્યા. પત્ની કહે–મને આ મંગળસૂત્ર બહુ ગમી ગયું છે. મારે એ લેવું છે. મેં લેવાની ના પાડી. મેં કહ્યું, હમણાં વેપારમાં મંદી છે. કામકાજ બરાબર ચાલતું નથી. આવું કિંમતી અને ભારે મંગળસૂત્ર લેવાની આપણી તાકાત નથી માટે હમણાં તું આ વાત છોડી દે. તે કહે ગમે તે હિસાબે મારે મંગળસૂત્ર લેવું એ સાચું.

વેપારીને મંગળસૂત્રનો ભાવ પૂછયો. વેપારીએ કહ્યું– ૧૫૦૦ રૂા. આટલું મોંઘું મંગળસૂત્ર આપણે ખરીદવું નથી; પણ માને તો બી શાની ? તે કહે–હું તો અહીંથી પગલું ભરવાની નથી. છેવટે મારે ૧૫૦૦ રૂા. આપીને તે મંગળસૂત્ર ખરીદવું પડયું. બોલ મિત્ર ! કેવી ભારે થઈ ! બહાર ફરવા નીકળ્યા ત્યારે આ દશા થઇને ! અત્યારે ૧૫૦૦ રૂા. ના મંગળસૂત્રની કાંઈ જરૂરિયાત હતી ? ના. બિનજરૂરિયાતના ૧૫૦૦ રૂા. ખર્ચો કરવો પડયો. તારા છોકરાની આંખમાં રેતી પડી એ તો ડોકટર પાસે કઢાવવી પડે. એ તો જરૂરી ખર્ચો કર્યો કહેવાય પણ મારે તો તદ્દન બિનજરૂરી ખર્ચો કરવો પડયો. તારે તો ૧૫ રૂા. ખર્ચો થયો પણ મારે તો તારા કરતાં સો ગણો ખર્ચ થયો. બોલ, તારા કરતાં મને કેટલી ભારે પડી ગઈ ! જો દિશાની મર્યાદા નહોતી ને બહાર ફરવા ગયા તો મંગળસૂત્ર જોયું અને આંખમાં ધૂળ પડી ને ! વગર કારણે આવવા જવાનું ક્ષેત્ર વધાર્યું ને ! માટે દિશાની મર્યાદા કરો. વગર કારણે ચારે બાજુ દોડધામ કરવામાં આત્માનું અહિત છે અને ચાલુ જીવનમાં ય અશાંતિ ઊભી કરે છે. ગામડાના ખેડૂતનું જીવન જુઓ અને મોટા શ્રીમંતનું જીવન જુઓ. તમને દેખાઇ આવશે કે ખેડૂતના જીવનમાં જે મસ્તી છે તેના લાખમાં ભાગની મસ્તી પણ શ્રીમંતના જીવનમાં નથી, કારણ કે ખેડૂતના જીવનમાં ખોટી ઈચ્છાઓ ઊભી થાય તેવા નિમિત્તો બહુ ઓછા છે. જ્યારે શ્રીમંતના જીવનમાં આવા ઘણાં નિમિત્તો ઊભા થાય છે. આ નિમિત્તો તેને ચારે બાજુ દોડધામ કરાવે છે.

ભગવાનની આજ્ઞામાં વિચરતા સંતો તરફ દૃષ્ટિ કરો. તમે જે ચીજોને સુખના અને આનંદના સાધનભૂત માનો છો એવી એક પણ ચીજ તેમની પાસે નથી છતાં તમારા કરતાં મસ્તી કેટલી બધી વધારે છે ! કારણ કે મનને અશાંત બનાવે એવા સાધનો અને

ક્ષેત્રોનો સંપર્ક તેમણે તોડી નાંખ્યો છે. બાહ્ય દુનિયા સાથે સંપર્ક તોડયો છે તો આત્માની દુનિયામાં પ્રવેશ કરી શકયા છે. છઠ્ઠા વ્રતના પાલનથી એ લાભ થાય છે કે તે રાગના ક્ષેત્રને મર્યાદિત બનાવી આધ્યાત્મિક જીવન જીવવાની શકયતા ઊભી કરી આપે છે. આ દુનિયામાં જેટલું વધુ જોશો, જાણશો એટલું વધુ રોવાનું છે. તમે માનો કે ' જાણ્યા કરતાં જોયું ભલું. ' જેટલું વધુ જોશો એટલા વધુ રોશો. આત્મ સાધનાના ક્ષેત્રમાં આ સૂત્ર જચી જાય તો તો કલ્યાણ નજીક છે. માની લો કે તમે ૫૦ હજાર રૂપિયાનું ઝવેરાત લઈને દુકાનેથી નીકળ્યા. તમે સીધા બેંકમાં જાવ કે આડાઅવળા ફરવા જાવ ? આ બાબતમાં તો બહુ કુશળ છો. કોઈ આડાઅવળા ન જાય પણ બેંકમાં જાય કારણ કે આડાઅવળા જવામાં જોખમ, લૂંટાઈ જવાનો ભય છે. આ રીતે જેને આત્મગુણોની કમાણી કરવી છે તેવો આત્મા શું જ્યાં ત્યાં ફરવા જાય ખરો ? આ સંસારમાં તો ચારે બાજુ આત્મગુણોને લૂંટે એવા નિમિત્તો ઊભા છે. આમાંથી બચવું હોય તો એક ઉપાય છે કે ચારે દિશામાં જવા આવવાની મર્યાદા બાંધી દો.

આનંદ શ્રાવકે સાધનાના માર્ગમાં તેજી લાવવા માટે ભગવાને બતાવેલો માર્ગ જીવનમાં અપનાવ્યો. તેમણે એક પછી એક એમ છ વ્રતો પ્રભુની પાસે ગ્રહણ કર્યા. હવે સાતમું વ્રત ઉપભોગ પરિભોગ વિરમણ વ્રત છે તેમાં ભગવાન આનંદ શ્રાવકને શું ભાવ સમજાવશે તે ભાવ અવસરે.

ચરિત્ર : રત્નવતીના કહેણ માટે ગુણસુંદરના મહેલે : રત્નસાર શેઠ રત્નવતીનું કહેણ મૂકવા ગુણસુંદરને ત્યાં આવ્યા છે. ગુણસુંદરના મનમાં વિચાર થાય છે કે શેઠ અત્યારમાં કેમ આવ્યા હશે ? તેના મનમાં અનેક સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. તેણે શેઠને પ્રણામ કરીને કહ્યું કે મારો નિત્ય નિયમ કરવા બેઠો હતો એટલે મને આવતા વાર લાગી. ગુણસુંદરનો વિનય-વિવેક જોઈને શેઠના મનમાં વિચાર આવ્યો કે વાહ દીકરી વાહ ! છોકરો તો ખૂબ સરસ પાસ કર્યો છે ! કેટલો હોંશિયાર છે છોકરો ! શું તેનો વિનય વિવેક છે ! આવા છોકરાને મેળવીને મારી દીકરીનું જીવન ધન્ય બનશે. મારા ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે મને આવો જમાઈ મળશે. ગુણસુંદરે કહ્યું- શેઠજી ! આપ મારા લાયક જે સેવા હોય તે ફરમાવો. રત્નસાર શેઠ કહે-મારે આપને એક કામ સોંપવાનું છે. આપ ખુશીથી સોંપો. મારાથી બનશે તો હું જરૂર કરીશ. ગુણસુંદર બુદ્ધિશાળી છે. શેઠ કહે- તમારાથી થાય તેવું છે. અઘરું નથી. આપ મને વચન આપો. ના. હું વચન તો ન આપું. તમારી દૃષ્ટિએ સહેલું હોય પણ મારી દૃષ્ટિએ અઘરું હોય તો ? શેઠ કહે-આપ મારા ઘેર અવારનવાર આવો છો. આપની સાથે મારે ઘર જેવો સંબંધ થઈ ગયો છે.

મુજ પુત્રી રત્નસુંદરી, પરણવા ચાહે તુજ,
એહ કારણે ઇહાં આવીયો આશ પૂરો તુમે આજ.... હો...

મારે એકની એક પુત્રી રત્નસુંદરી છે. તે આપની સાથે લગ્ન કરવાની ઈચ્છા

રાખે છે તે માટે હું અત્યારે આપને ત્યાં આવ્યો છું. આપ મારી આશા પૂરી કરો. ગુણસુંદર વિચાર કરે છે આ તો ગજબ થઈ ગયો. રત્નસાર શેઠ આ શું બોલે છે? ગુણસુંદરને ભૂતકાળના પ્રસંગો યાદ આવ્યા. મને ખબર નહિ કે રત્નસુંદરી મારા પર મોહિત થઈ છે, તેથી મારા પર ગુલાબના ફૂલ ફેંકતી હશે! આજે તે વાત મને સમજાય છે. આખા ગોપાલપુરમાં કોઈને ખબર નથી કે ગુણસુંદર એ સ્ત્રી છે. બધા મને ગુણસુંદર તરીકે ઓળખે છે. હવે શું કરવું? સ્ત્રીની સાથે સ્ત્રીના લગ્ન કેવી રીતે થઈ શકે? આ વિચારમાં તે મૌન થઈ ગયો, કારણ કે આ તો મોટી મુંઝવણનો પ્રશ્ન છે. ગુણસુંદર! આપ વિચાર શું કરો છો? આપને આ કામ કરવાનું છે. આપ મારી એક વાત સાંભળી લો. રત્નસુંદરી તો મન, વચન, કાયાથી આપને વરી ચૂકી છે. તેણે તો નિર્ણય કર્યો છે કે લગ્ન કરું તો ગુણસુંદર સાથે. જો એ મારો સ્વીકાર નહિ કરે તો આત્મહત્યા કરીશ. તો તમને પંચેન્દ્રિય હત્યાનું પાપ લાગશે.

વિચારોના વમળમાં : ગુણસુંદર વિચાર કરે છે કે હું મારા પતિની શોધમાં ફરું છું. ઉપરથી ઉજળી થઈને ફરું છું પણ અંદરથી તો રાતદિવસ પતિના વિયોગમાં અંતર રડી રહ્યું છે. હું તો દુઃખી છું તો વળી રત્નસુંદરીને કયાં દુઃખમાં નાંખવી! જો હું હા પાડું તો પછી એની જિંદગીનું શું? ના પાડું તો એ આત્મહત્યા કરે તેનું તેના માતાપિતાને અસહ્ય દુઃખ થાય તેવું છે. હા પાડું અને લગ્ન કરું તો વહેલા મોડા ખબર તો પડે કે એ જેને પરણી છે તે તો સ્ત્રી છે તો તેના દિલમાં કેટલો આઘાત લાગે? તો શું કરવું? હા પાડવી કે ના પાડવી? આ વિચારમાં તે મૂંઝાઈ ગયો. જો મને આવી ખબર હોત તો હું અહીં રહેવા જ ન આવત તો આ ઉપાધી ન આવત ને! આ વિચારમાં તે મૌન બેસી રહ્યો એટલે રત્નસારે કહ્યું–આપ વિચાર શું કરો છો? આપને આ વાત તો સ્વીકારવી પડશે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

નોંધ : પાંચ મહિનાનું ચાતુર્માસ હોવાથી અને વ્યાખ્યાનના પાના વધી જવાથી હવે પછીના વ્યાખ્યાનોમાં બબ્બે ત્રણ ત્રણ વ્યાખ્યાનોનો સાર એક એક વ્યાખ્યાનમાં સંક્ષેપથી લખેલ છે.

ભાદરવા સુદ ૧૧ને મંગળવાર : વ્યાખ્યાન ન. ૭૭ : તા. ૨૪-૯-૮૫

અનંત જ્ઞાન દર્શનના ધારક, ભવ્ય જીવોના ઉદ્ધારક એવા ભગવાને ભવ્ય જીવોને આત્માની ઉત્ક્રાંતિનો માર્ગ બતાવતા સમજાવ્યું કે અનાદિ અનંત પુદ્ગલ પરાવર્તનકાળથી આ સંસારમાં ભમતા આત્માને–આ જગતની તમામ ચીજો એક અથવા બીજા રૂપે મળી હતી. આ ભવમાં જીવને આ બધું મળ્યું છે એમ નથી. ચૌદ રાજલોકના પ્રત્યેક આકાશ પ્રદેશે આ આત્માના અનંત જન્મ મરણ થયા છે છતાં દરેક ભવમાં એણે દરેક વસ્તુ મેળવવા પાછળ અને ભોગવવા પાછળ તેણે પોતાની જિંદગી પૂરી કરી છે, છતાં એણે જરાય તૃપ્તિનો આનંદ અનુભવ્યો નથી પણ ઉપરથી અતૃપ્તિ, અશાંતિ વધી છે. અત્યાર સુધી સંસારમાં ભમતા જીવે કેટકેટલી સામગ્રીઓ મેળવી હશે!

યાદ રાખો જો પુણ્યનો ઉદય હશે તો આયુષ્ય પૂરું થતાં સુધી ટકી રહેશે અને જો પુણ્ય પરવાર્યું તો આયુષ્ય પૂરું થતાં પહેલા એ ચીજો રવાના થશે જે સામગ્રીઓ મેળવવા આ અમૂલ્ય માનવ જીવનની કિંમતી ઘડીઓ વેડફી નાંખો છો. એ સામગ્રીઓમાં એ તાકાત નથી કે તમારા આયુષ્યમાં એક સમય પણ વધારી આપે. તેમજ આટલી બધી સામગ્રીઓ હોવા છતાં પરલોકમાં એક પણ ચીજ—તમારી સાથે આવે. કેટલી વિચિત્રતા છે !

સંસારનું આવું સ્વરૂપ સમજતા એક રાજાએ સંન્યાસીની દીક્ષા લીધી. સંન્યાસી બનીને વિચરતા હતા ત્યારે રસ્તામાં એક યુવાને તેની મશ્કરી કરી. તમે આવી ફકીરી કયાંથી ખરીદી ? સંન્યાસીએ કહ્યું–ભાઈ ! આ ફકીરી સસ્તી નથી. મેં રસ્તામાંથી ખરીદી નથી. મેં મારું આખું રાજપાટ આપી દીધું ત્યારે મને આ ફકીરી મળી છે. મેં સમસ્ત રાજ્યનો ત્યાગ કર્યો ત્યારે મને આ વેશ મળ્યો છે. **સંસારના સર્વથા ત્યાગ વિના આ ફકીરી નથી મળતી.** સંન્યાસીની આ વાત સાંભળતા યુવાનની આંખ ઉઘડી ગઈ.

જૈનદર્શનની રીતે સમજીએ તો સાધુપણું કયારે આવે ? બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ છૂટે ત્યારે. માતા, પિતા, સ્વજનો, લાડી, વાડી, ગાડી એ બાહ્ય પરિગ્રહ છે. દીક્ષા લે ત્યારે એ તો સર્વથા છૂટી જાય છે પણ સાથે સાથે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીની ચોકડી એટલે ૧૨ અને ૩ દર્શન મોહનીયની એ ૧૫ પ્રકૃત્તિનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ થાય ત્યારે સાધુપણું આવે. તમારી વાત કરું. તમારું ગુણસ્થાન પાંચમું. આ ગુણસ્થાને આવતા કેટલું છોડયું ? અનંતાનુબંધી ચાર, અપ્રત્યાખ્યાની ચાર અને દર્શન મોહનીયની ૩ એ ૧૧ પ્રકૃતિઓને જીતે ત્યારે પાંચમું ગુણસ્થાન આવે.

આનંદ શ્રાવક હવે સાતમું વ્રત આદરે છે. સાતમા વ્રતનું નામ છે ઉવભોગ પરિભોગ વિરમણ વ્રત. અન્ન, પાણી, પકવાન, અત્તર, પાન વગેરે ચીજો એવી છે કે જે એક વાર વાપરી શકાય તે ઉવભોગ કહેવાય અને કપડાં, ઘરેણાં વાસણ, ગાદલા, ગોદડા આદિ અનેક ચીજો એવી છે કે જે વારંવાર ભોગવવામાં આવે છે તે પરિભોગ કહેવાય છે. આ સાતમા વ્રતમાં મુખ્ય બે મર્યાદા કરવાની છે : (૧) અન્ન, પાણી, વસ્ત્ર અને વેપારની. આ વ્રત એક કરણ અને ત્રણ યોગથી આદરવાનું છે એટલે આ બધી ચીજોની મર્યાદા માત્ર પોતાને માટે હોય. આ વ્રતમાં ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય અને ૧૫ કર્માદાનના ધંધાનો સર્વથા ત્યાગ કરવાનો અને તે સાથે રોજના વપરાશમાં આવતી ભોગોપભોગની સામગ્રીનું પરિમાણ કરવાનું એટલે મર્યાદા કરવાની. તેના ૨૬ પ્રકાર બતાવ્યા છે. **तयाणंतरं च णं उवभोग परिभोग विहिं पच्चक्खायमाणे उल्लणिया विहि परिमाणं करेइ ।** આનંદ ગાથાપતિએ ઉવભોગ પરિભોગ વિધિનું પ્રત્યાખ્યાન કરતાં ઉલ્લણિયા વિહિ એટલે શરીર લૂછવાના રૂમાલ–ટુવાલના પ્રત્યખ્યાન કર્યા, દુનિયામાં ઘણી જાતના રૂમાલ, ટુવાલો હોય છે. કારખાનામાં સેંકડો રૂમાલો, ટુવાલો નીકળતા હોય છે.

તે બનવામાં કેટલી હિંસા થાય છે. જો તમે મર્યાદા ન કરો તો તે બધી ક્રિયા તમને આવે. આનંદ શ્રાવકે ભીના શરીરને લૂછવા માટે એક ગંધકષાય નામના રૂમાલની છૂટ રાખી. બાકીના બીજા બધાના પચ્ચક્ખાણ કર્યા.

(૨) દંતણવિહિ : દાતણની મર્યાદા કરી. દાંત ઘસવા માટે દાતણની મર્યાદા કરી. દુનિયામાં બાવળના, લીમડાના, રાયણના ઘણી જાતના દાતણ આવે છે. વગડામાં અનેક જાતના ઝાડ હોય છે. તમે દિવસમાં એક દાતણ કરતા હોય પણ પચ્ચક્ખાણ ન હોય તો અનેક જાતના ઝાડના દાતણના પાપ તમને લાગે. તેમાં કેટલા જીવોની હિંસા થાય છે. તમે બાધા લો તો નામ પાડીને લેવાની કે મારે આ જાતનું દાતણ ખપે. તે સિવાયના બીજા કોઈ જાતના દાતણ ન ખપે. અત્યારે તો ઘણા દાતણને બદલે ટૂથપેસ્ટ કે પાવડર ઘસે છે, જો તમે દાતણ ન કરતાં હોય તો સંપૂર્ણ દાતણના પચ્ચક્ખાણ કરો જેથી ક્રિયા આવતી અટકી જાય. પાવડર કે ટુથપેસ્ટ ઘસતા હો તો તેની પણ મર્યાદા તો કરો. જો ઉપયોગ રાખો તો આ બધા પાપોથી જરૂર બચી શકાય છે. આનંદ શ્રાવકે કહ્યું-ભગવાન ! મારે એક જેઠીમધના લાકડાનું એક દાતણ ખપે તે સિવાય બીજી કોઈ જાતના દાતણ મારે ન ખપે. જેઠીમધના દાતણ સિવાય બીજા બધા દાતણના હું પ્રત્યાખ્યાન કરું છું.

(૩) **फल विहि परिमाणं** : દરેક જાતના ફળની મર્યાદા કરવી. દુનિયામાં કેટલી જાતના ફળો હોય છે. નારંગી, મોસંબી, સંતરા, સફરજન, ચીકુ, આંબળા આદિ અનેક જાતના ફળો હોય છે. આ ફળમાંથી મારે કયા ફળ ખાવા અને તે કેટલા ખાવા તેની મર્યાદા કરવી. આનંદ શ્રાવકે માત્ર એક મીઠા આંબળાની છૂટ રાખીને બાકીના બધા ફળના પ્રત્યાખ્યાન કર્યા. વિચાર કરો આનંદ શ્રાવકને ત્યાં એટલી બધી ખેતીની જમીન હતી કે એક હળથી સો વીઘા ખેડાય એવા ૫૦૦ હળ જેટલી જમીન હતી. તે જમીનમાં ફળ, શાકભાજી અનાજ વગેરે બધું થતું હતું. તેમને શી વાતનો તોટો હતો ? પણ ભગવાન મહાવીર સ્વામી પાસે ગયા પછી જીવનમાં એ બધો ત્યાગ કર્યો. રસેન્દ્રિય પર કંટ્રોલ મૂકયો. આટલા બધા ફળો પોતાને ત્યાં થતા હતા છતાં માત્ર એક મીઠા આંબળાની છૂટ રાખી બાકીના તમામ ફળનો ત્યાગ કર્યો. ત્યાગ વગર સાચો માર્ગ નહિ મળે. સંયમ ન લઈ શકો તો શ્રાવક વ્રતમાં આવો. બને તેટલી મર્યાદા કરો પણ આજના જીવોની સ્થિતિ એ છે કે છોડવાને બદલે વધુ ને વધુ વળગતા જાય છે. તમારા ઉતારા ક્યાં થશે ? આ મમતા તમને શાંતિથી નહિ રહેવા દે.

એક વાર ગાડીના ડબ્બામાં ટિકિટ ચેકર ચઢયો. બધાની ટિકિટ ચેક કરવા લાગ્યો. તે ડબ્બામાં એક વાણિયો બેઠો હતો. તેની પાસે ટિકિટ માંગી. વાણિયો તો ફાંફા મારવા લાગ્યો અને ગલ્લાતલ્લા કરવા લાગ્યો. ટિકિટચેકર કર સમજી ગયો કે આ ભાઈ પાસે ટિકિટ નથી લાગતી. ટિકિટ ચેકરે પૂછયું- તમારી પાસે ટિકિટ નથી ? છે તો ખરી. તો બતાવતો કેમ નથી ? હોય તો બતાવે નહિ ? ટિકિટ ન હોય તો દંડના પૈસા ભરી દે. વણિક

કહે–ના હું દંડ તો નહિ ભરું. દંડની ના પાડી એટલે તેને જે સ્ટેશન આવ્યું ત્યાં ઉતારી દીધો. ટિકિટચેકરના મનમાં થયું કે માણસ તો સારો દેખાય છે તો ટિકિટ વગર કેમ બેઠો હશે? સ્ટેશને ઉતર્યા પછી ત્યાં જે માણસો હતા તેમને કહ્યું– આ માણસે ટિકિટ લીધી નથી માટે તેના દંડમાં આજે તેને અંધારી કોટડીમાં પૂરી રાખજો. કાલે સવારે તેને રજા આપી દેજો.

ટિકિટ હોવા છતાં કોણ કહે કે નથી? : વણિકને કોટડીમાં પૂરી દીધો. કોટડીમાં પલંગ હતો, પંખો ફરતો હતો એટલે ભાઈ તો નિરાંતે ઊંઘી ગયો. પેલો ટિકિટચેકર આ સ્ટેશનનો હતો. તે ત્યાં આવી ગયો હતો. સવારે તેણે બારણું ખોલ્યું ભાઇને જગાડયો પછી કહ્યું-તું દેખાય છે સારો. તારી પાસે માલસામાન પણ સારો છે તો તું ટિકિટ વગર કેમ બેઠો? ટિકિટ વગર બેઠો તો તારે આ કોટડીમાં પૂરાવું પડયું ને? હવે ઘર ભેગો થઈ જા. ભવિષ્યમાં કયારે પણ ટિકિટ લેવાનું ભૂલતો નહિ. તને હવે સવારની ગાડી મળશે. તું રવાના થઈ જા. વણિક કહે, કોણે કહ્યું કે મારી પાસે ટિકિટ નહોતી? આપને વિશ્વાસ ન હોય તો જોઈ લો આ ટિકિટ. એમ કહીને વાણિયાએ ટિકિટ કાઢીને બતાવી. ટિકિટ જોતાં ટિકિટચેકરને આશ્ચર્ય થયું. અરે ભાઈ! તારી પાસે ટિકિટ હતી તો રાતના બતાવી કેમ નહિ? એક રાતની જેલની હવા શા માટે ખાધી?

જોખમને જાળવવા ઊભી કરેલી માયાજાળ : ભાઈ! વાત એમ છે કે મારી પાસે રૂપિયા દશ લાખનું જોખમ હતું. હું જે ડબ્બામાં બેઠો હતો તે ડબ્બામાં બધા ગુંડાઓ બેઠા હતા એટલે ત્યાંથી છૂટવાનો રસ્તો શોધતો હતો. તમે મને નીચે ઉતાર્યો ને જેલમાં પૂર્યો. જેલમાં મઝાનો સૂવાનો પલંગ હતો, પંખો ફરતો હતો, હું ભાગી ન જાઉં તે માટે ચોકીપહેરો મૂકયો હતો પછી મને શી ચિંતા? હું તો આરામથી ઊંઘી ગયો. તમે મને અહીં ઉતાર્યો તો મારી મૂડી સલામત રહી. હું તો તમારો મહાન ઉપકાર માનું છું કે તમે મને અહીં ઉતારી દીધો. એ ઉપકારનો બદલો કેવી રીતે વાળું? મને અત્યારે ગાડી મળશે ને હું મારા ઘેર પહોંચી જઈશ. આપે મારા દશ લાખના જોખમને બચાવ્યું તેના બદલામાં ૨૫ રૂા. હું તમને ભેટ આપું છું એમ કહી ૨૫ રૂા. આપીને વાણિયો તો ત્યાંથી રવાના થયો. ટિકિટચેકર તો આભો બની ગયો. જોખમ સાચવવા માટે વાણિયાએ કેવી કરામત કરી? જોખમ બચાવવા જેલમાં જવા તૈયાર થયો. માનવી ધન સાચવવા કેટલા વાના કરે છે? જરૂરિયાત કરતાં અધિક ધન મેળવવાની લાલસા જીવને ન કરવાના કામ કરાવે છે તે માટે ગમે તેટલા કષ્ટ વેઠવા પડે તો હસતા મુખે વેઠી લે છે.

આપણે ત્રણ બોલની વાત થઈ હવે ચોથા બોલમાં આવે છે.

(૪) **अब्भंगणविहि :** શરીરે માલીશ કરવાના પદાર્થોની મર્યાદા કરવી. પહેલાના રાજા મહારાજાઓ, મોટા ગર્ભશ્રીમંતો માલીશ કરતા હતા. તેમાં ઘણી જાતના તેલ આવે છે. તો તેમાંથી કયું તેલ અને કેટલું વાપરવું તેની મર્યાદા કરવી. આનંદ શ્રાવક

કહે છે કે પ્રભુ! હું મારા માટે શતપાક તથા સહસ્રપાક તેલની છૂટ રાખીને બાકીના માલીશ કરવાના બધા તેલના પચ્ચક્ખાણ કરું છું.

(૫) **उव्वटण विहि :** શરીરને સ્વચ્છ રાખવા પીઠી વગેરેની મર્યાદા કરવી. આમ પણ આ બોલમાં આવી જાય. માલીશ કર્યા પછી શરીર પરથી ચીકાશ કાઢવા માટે પીઠી આદિનો ઉપયોગ થાય છે. આનંદ શ્રાવકે ઘઉં આદિના લોટથી બનેલી સુગંધિત પીઠી તે અમુક પ્રમાણમાં વાપરવી તેટલી છૂટ રાખી અને તે સિવાયના બીજા બધા પ્રત્યાખ્યાન કર્યા.

(૬) **मज्जण विहि :** સ્નાનના પાણીની મર્યાદા. મહિનામાં કેટલા દિવસ સ્નાન કરવું અને તે કેટલા પાણીથી કરવું તેની મર્યાદા કરવી. આજે કંઈક જીવો દિવસમાં બે વાર, ઉનાળામાં ત્રણ વાર સ્નાન કરતા હોય છે અને એવા જીવો પણ જોયા છે કે જેમને જિંદગીભર સ્નાનના પચ્ચક્ખાણ હોય છે. કોઈના મૃત્યુ નિમિત્તે ફક્ત છૂટ. બાકી સ્નાન કરતા નથી. આપ સંપૂર્ણ ત્યાગ ન કરી શકો તો મહિનામાં દશતીથિ સ્નાન ન કરવું એટલા તો પચ્ચક્ખાણ લો. ચારિત્ર લેવાના ઉત્કૃષ્ટ ભાવ થતા હોય, રાતદિવસ સંયમની ઝંખના હોય તો આટલો તો ત્યાગ કરો. સંતો જિંદગીભર સ્નાન કરતા નથી. સ્નાન કરવાથી કેટલા જીવોની હિંસા થાય છે? જેને જૈનદર્શનનું જ્ઞાન નથી તેવા જીવો નદીમાં, દરિયામાં, તળાવમાં સ્નાન કરવા પડે છે પણ તેમને ખબર નથી કે આ રીતે નહાવાથી મને આખી નદીની કે દરિયાના પાણીની ક્રિયા આવે છે અને કેટલાય ત્રસ જીવોની હિંસા થાય છે. ઘણાં છૂટા નળ નીચે નહાવા બેસી જાય છે તેમાં કેટલું પાણી જતું રહે તેનો શું ખ્યાલ આવે? માટે મર્યાદા કરો. મારે આટલું પાણી વાપરવું, તેથી અધિક ન વાપરવું. આનંદ શ્રાવકે રેંટની ઘડીના આકારની લાંબી ઘડી કે જે પાણીથી મોટો ઘડો ભરાઈ જાય એવા મોટા લોટાના આકારના નાના આઠ કળશીયા ભરાય તેટલા પાણીની છૂટ રાખીને બાકીના બધા પ્રત્યાખ્યાન કર્યા.

(૭) **वत्थविहि :** વસ્ત્રની મર્યાદા, વસ્ત્રની જાત, સંખ્યા અને કિંમત, કઈ જાતના કેટલા અને કેટલી કિંમતના વસ્ત્રો વાપરવા તેની મર્યાદા કરવી. આજે જગતમાં અનેક જાતના કાપડ બને છે. તે સમયે મીલો નહિ હોય, અત્યારે તો જથ્થાબંધ મીલો કાપડની થઈ છે. સૂતરના, ઉનના, શણના, નાયલોન, ટેરીકોટન, ટેરીન, બનારસી, સિલ્ક આદિ અનેક પ્રકારના કાપડ આવે છે. આજે એટલા ભભકાદાર, ફેશનેબલ, કપડાં નીકળ્યા છે કે જો તમે મર્યાદા ન કરી હોય તો તૃષ્ણા બંધ ન થાય. કઈ જાતનું કાપડ અને કેટલું વાપરવું તે નક્કી કર્યા પછી પચ્ચક્ખાણ થાય. આનંદ શ્રાવક ભગવાન પાસે વસ્ત્રનું પરિમાણ-મર્યાદા કરી કે "**नन्नत्थ एगेणं खोमजुयलेणं, अवसेसं वत्थविहिं पच्चक्खामि**"। મારે પહેરવા ઓઢવા માટે ક્ષોમયુગલ અથવા અલસી કે કપાસના બનાવેલા બે જાતના વસ્ત્રો સિવાયના બીજા વસ્ત્રોના પ્રત્યાખ્યાન કરું છું. વિચાર કરો કે આનંદના ઘેર ૧૨ કોડ સોનામહોરો, આલિશાન ભવન આટલો વૈભવ હતો. પહેલા તે જાતજાતના

કપડાં પહેરતા હશે પણ ભગવાનનો ભેટો થતાં બધો મોહ ઉતરી ગયો. માત્ર અલસી કે કપાસના બે જાતના વસ્ત્રની છૂટ રાખી. તે સમયે બહુ બારીક કે પાતળા વસ્ત્રો પહેરતા ન હતા, જાડા પહેરતા હતા તેથી ચાલે વધુ. બે જાતના કપડાથી વધારે રાખવાની મર્યાદા કરી. આ તો આનંદની વાત થઈ. તમે પણ કપડાની જાત નક્કી કરીને મર્યાદા કરી શકો. તેમાં જે ખેાર રેશમના કપડાં આવે છે તે તો શ્રાવકથી પહેરાય-જ નહિ. હજારો રેશમના કીડાઓને ઉના બળબળતા પાણીમાં નાખીને મારી નાંખે છે ત્યારે રેશમી કાપડ બને છે માટે ખેાર રેશમી કાપડ તો પહેરશો નહિ. આનંદ શ્રાવકના જીવનમાં કેટલો સંતોષ આવ્યો ! આટલો વૈભવ હોવા છતાં માત્ર બે જાતના કપડાંની છૂટ રાખી.

(૮) વિલેવણ વિહિ : વિલેપનની મર્યાદા. પહેલા મોટા માણસો વિલેપન કરતા હતાં. તો કયા કયા પદાર્થોનું વિલેપન કરવું અને તે કેટલા પ્રમાણમાં રાખવું તેની મર્યાદા કરતા. આનંદ શ્રાવકે અગર કુમકુમ અને ચંદન સિવાયના બીજા બધા વિલેપનના પ્રત્યાખ્યાન કર્યા. હજુ આનંદ શ્રાવક આગળ કેટલી વસ્તુઓની મર્યાદા કરશે તેના ભાવ અવસરે.

આજે અમારા પરમ ઉપકારી, ક્ષણેક્ષણ સાધનામાં વીતાવી જીવનની સંપૂર્ણ સફળતાને વરનાર, આત્મજ્ઞાનની ગંગોત્રીમાં સ્નાન કરી પવિત્રતાના પયગામ શીખવનાર, ઉપકારોની અમી વર્ષા વરસાવનાર, રત્નત્રયીના રાહે ચઢાવનાર, એવા પરમ પ્રતાપી બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૩૭ મી પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે. સંતોનું જીવન સ્વયં ઉપવન છે. ઉપવનમાં ખુશ્બોનો બાગનો છે. સુગંધનો સાગર છે. સૌન્દર્યનું સરોવર છે. અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતના શાસનમાં અનેક મહાપુરૂષો થઈ ગયા. જેના પ્રભાવે જૈનશાસન જયવંતુ વર્તી રહ્યું છે આવા મહાપુરૂષ ! જેવું નામ હતું તેવા જ તેઓશ્રીમાં ગુણો હતા. એ ગુરૂદેવના જેટલા ગુણો ગાઈએ તેટલા ઓછા છે. આવી વિરલ વિભૂતિઓથી જૈનશાસન આજે ચમકી રહ્યું છે. આજે એવી વિરલ વિભૂતિના ગુણાનુવાદ કરી શ્રદ્ધાંજલીના પુષ્પો એ મહાપુરૂષના ચરણમાં બિછાવું છું.

પૂ. ગુરૂદેવનો જન્મ સાબરમતી નદીના કિનારે ખંભાત તાલુકામાં આવેલા ગદીયાણા ગામે થયો હતો. એ ગામમાં મોટા ભાગની વસ્તી ક્ષત્રિયોની છે. આ ગામમાં વસતા પિતા જેતાભાઈ અને રત્નકુક્ષી માતા જયાકુંવરબેનની કુક્ષીએ સંવત ૧૯૪૨ ના કારતક સુદ ૧૧ ના પવિત્ર દિને પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. જે ભૂમિમાં, જે માતાની કુક્ષીમાં આવા નરરત્નો પાકે છે તે ભૂમિ અને માતા પણ ધન્ય બને છે. "પુત્રના લક્ષણ પારણામાં" એ કહેવત પ્રમાણે બાળકનું તેજસ્વી લલાટ, કપાળની રેખાઓ ભવિષ્યની વીરતાની આગાહી આપતા હતા. તેમનું નામ રવાભાઈ હતું. જેમ નાનકડા રવ જેટલા હીરામાં પણ તેજ હોય છે તેમ આ નાનકડા રવાભાઈના મુખ ઉપર ક્ષત્રિયના તેજ ઝળકતા હતા. તેમજ બેનો જ્યારે વલોણું કરે ત્યારે રવૈયો વચ્ચે ફરતો હોય છે તે જેમ દહીં અને પાણી જુદા

કરે છે તેમ જેના જીવનમાં બાલપણથી સંસાર અને સંયમની ભેદરેખા સમજાવાની છે એવો પુત્ર બીજના ચંદ્રની માફક વધવા લાગ્યા. તેઓ બે ભાઇ અને એક બેન હતા. પાંચ વર્ષની ઉંમરે માતાની મમતા અને પિતાનો પ્રેમ સદાને માટે ગુમાવી દીધો, પછી કાકાકાકીની છત્રછાયામાં મોટા થવા લાગ્યા.

સતીજીના સ્તવને સર્જેલી સદ્‌ભાવના : તેઓ સારી એવી જમીનજાગીરવાળા હતા. તેમનો ધર્મ સ્વામીનારાયણનો હતો. તેમને વારસાગત જૈન ધર્મ મળ્યો ન હતો, છતાં જૈનશાસનને અર્પણ થઈ કેવી સુંદર સાધના અને કાર્યો કર્યા છે તે આપ આગળ સાંભળશો. રવાભાઇના જીવનમાં નાનપણથી વિનય, નમ્રતા, કામ કરવાની ધગશ આદિ ગુણો એવા હતા કે કાકાકાકીને પણ તે ખૂબ પ્રિય થઇ પડયા. તેમને ખેતીનો ધંધો હતો. કાકાકાકીના દરેક કાર્યમાં સાથ અને સહકાર આપતા હતા. ખેતીના કામ માટે રવાભાઈને ઘણી વાર વટામણમાં જવું પડતું. વૈરાગ્યનું પ્રથમ વાવેતર વટામણમાં થયું હતું. એક વાર કામ પ્રસંગે તે વટામણમાં ગયેલા. વટામણમાં જેમને ત્યાં ઉતર્યા હતા તેની બાજુમાં જૈન ઉપાશ્રય હતો. તે સમયે ત્યાં ખંભાત સંપ્રદાયના એક વિદ્વાન સતીજી બિરાજમાન હતા. પ્રતિક્રમણ કર્યા બાદ આધ્યાત્મિક ભાવોથી ભરપૂર એક સુંદર સ્તવન ગાયું. તે સ્તવન રવાભાઈએ સાંભળ્યું. તેમને ખૂબ ગમી ગયું. તેમણે પૂછ્યું– કાકા ! આવા મીઠા મધુર સ્વરે ભાવવાહી ગીત કોણ ગાય છે ? ભાઈ ! આપણી બાજુમાં જૈન ઉપાશ્રય છે ત્યાં સતીજી આવા સુંદર ગીતો ગાય છે. કાકા ! આપણાથી ન જવાય ? સૂર્યાસ્ત પછી આપણાથી ત્યાં ન જવાય. સવારે સૂર્યોદય પછી જવાય. આપણે સવારે ત્યાં જઇશું ? હા. રવાભાઇને તો સ્તવન સાંભળવાની લગની લાગી. કયારે સવાર પડે ને હું ઉપાશ્રયે જાઉં !

પાપથી ભયભીત બનેલો આત્મા : રવાભાઈ રાત્રે સૂઈ ગયા. પ્રભાત થયું ને રવાભાઈ જાગૃત થયા. ખરેખર તેમના જીવનમાં અજ્ઞાનનો અંધકાર દૂર થવાનો હશે અને સત્ય જ્ઞાનનું સોનેરી પ્રભાત પ્રગટવાનું હશે તેથી તેમને સ્તવન સાંભળવાની લગની લાગી. રવાભાઈ સવારે ઉપાશ્રયે ગયા. સતીજીને વંદન કરીને કહ્યું– આપ રાત્રે જે સ્તવન બોલતા હતા તે મારે સાંભળવું છે. રવાભાઈની ભાવના જોઇને સતીજીએ ભજન ગાયું. તે સાંભળતા હૈયું હર્ષના હિલોળે ચઢયું. આપ બીજું સંભળાવો. બે-ત્રણ ભજન સંભળાવ્યા પછી કહે આપ મને કંઇક સમજાવો. તેની જિજ્ઞાસા જોઇને સતીજીએ કહ્યું– તારે કીડી, મચ્છર, માંકડ આદિ કોઇ જીવને મારવા નહિ. લીલા ઝાડના ફળફૂલ તોડવા નહિ. તે બધામાં ઘણું પાપ લાગે છે. સતીજીનો ઉપદેશ તેના દિલમાં કોતરાઈ ગયો. તેનો આત્મા ઉંડા વિચારમાં પડી ગયો કે સતીજી તો કહે છે કે સંસારના બધા કાર્યોમાં પાપ છે. સાચું સુખ આ ત્યાગી સંતોને છે. તો મારે પણ એવું સુખ મેળવવું છે. તેમનો આત્મા પાપથી ભયભીત બન્યો.

પરિગ્રહ ત્યાં પાપ : રવાભાઈ તો બીજે દિવસે ઘેર ગયા. જઈને કાકા કાકીને

કહે છે હવે મારે આ સંસારમાં રહેવું નથી. આ પાપમય સંસારથી છૂટવા મારે જૈન ધર્મની દીક્ષા લેવી છે. તેમના કાકા કાકી કહે આપણો ધર્મ સ્વામીનારાયણનો છે. જો તારે દીક્ષા લેવી હોય તો સ્વામીનારાયણ ધર્મનો સાધુ બન. તે માટે ગઢડા જઈને દીક્ષા લે. રવાભાઇને એક લગની હતી કે મારે દીક્ષા લેવી છે. તે ગઢડા ગયા, જઇને તેમના મુખ્ય મહંતને મળ્યા ને પગમાં પડીને કહ્યું–મારે તમારા જેવું થવું છે. રવાભાઈને જોતાં મહંતને લાગ્યું કે આ છોકરો તેજસ્વી છે એટલે પાસે બોલાવીને પૂછ્યું કે તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? શા માટે મહંત બનવું છે ?

સ્વામીનારાયણ પંથના ગુરૂજી, ગઢડા શહેરમાં આવીને રહ્યા, તે પંથના મહંતે એમ જ કહ્યું, તમારો ભાગ લઇને આવો.

મહંતે રવાભાઈને પૂછ્યું–તમારો ધંધો શેનો છે ? મિલ્કત કેટલી છે ? રવાભાઈએ પોતાની બધી વાત કરી ત્યારે મહંત કહે છે કે જો તારે અમારા જેવા થવું હોય તો તારા ભાગની જે મિલ્કત હોય તે બધી આ ગાદીને સોંપી દે તો તને દીક્ષા આપીશું. હજુ તો માત્ર ઉંમર ૧૩ વર્ષની છે છતાં તેની બુદ્ધિ કેટલી છે ! તેમણે શું વિચાર કર્યો. પેલા મહાસતીજી તો કહેતા હતા કે સાધુથી પૈસાને અડાય નહિ. વાહનમાં બેસાય નહિ અને આ સાધુઓ તો પાસે પૈસા રાખે છે. વાહનમાં બેસે છે. જ્યાં પરિગ્રહ છે, પૈસા છે ત્યાં પાપ છે. આ ત્યાગ સાચો ત્યાગ નથી. અહીં આત્માનું કલ્યાણ કેવી રીતે થાય ? તેર વર્ષના બાલુડાનું કેવું આત્મમંથન ! ત્યાં તેમનું મન ઠર્યું નહિ એટલે પાછા આવીને કાકા કાકીને કહે છે મારે સ્વામીનારાયણની દીક્ષા લેવી નથી. મારે તો જૈન ધર્મની દીક્ષા લેવી છે. એમ કહીને વટામણ આવ્યા. મહાસતીજી પાસે જઇને કહે છે મને તમારો ચેલો બનાવો, હવે મારે સંસારમાં રહેવું નથી. સતીજી કહે–ભાઈ! અમે તો સાધ્વીજી છીએ, તમારે અમારી પાસે ન રહેવાય. જો તમારે દીક્ષા લેવી હોય તો અમારા ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ખંભાતમાં બિરાજે છે આપ ત્યાં જાવ.

દૃઢ વૈરાગી બન્યા સાચા સંયમી : રવાભાઈ તો ગુરૂની છત્રછાયામાં પહોંચી ગયા અને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે ગુરૂદેવ ! મને આપનો ચેલો બનાવો મારે જૈન ધર્મની દીક્ષા લેવી છે. ગુરૂદેવે કહ્યું– તારી ભાવના ખૂબ સર્વોત્તમ છે. તે કયારેક સફળ થશે પણ તે પહેલાં જૈન ધર્મનો થોડો અભ્યાસ કર. દીક્ષા લેવી એ નાના બાળકના ખેલ નથી. દીક્ષા એ તો મીણના દાંતે લોખંડના ચણા ચાવવા જેટલી અઘરી છે. તે માટે પૂરી તૈયારી જોઈશે. ત્યાગ સાથે અર્પણતા પણ જોઈશે. ગુરૂદેવ ! મારી સંપૂર્ણ તૈયારી છે. હવે મને એક ક્ષણ પણ આ પાપના પિંજરામાં પૂરાઈ રહેવું ગમતું નથી. હવે તો આપના ચરણમાં મારી જીવનનૈયા ઝુકાવવી છે. મને દૃઢ શ્રદ્ધા છે કે આપનું સાનિધ્ય મને સિદ્ધિના સોપાને ચઢાવશે. આપની શીતળ છાયા મને સંસારની માયામાંથી મુક્ત કરાવશે. આપનું શરણ મને સત્યના રાહે લઈ જશે. આપના ચરણનો નિવાસ મને આત્માનો પ્રકાશ આપશે. પૂ. ગુરૂદેવ ભાવિના આ છૂપા રત્નને પારખી ગયા કે આ આત્મા

હળુકર્મી છે તે શાસનનું રત્ન બનશે. રવાભાઇએ પૂ. ગુરૂદેવના સાનિધ્યમાં થોડા દિવસમાં સામાયિક, પ્રતિક્રમણ શીખી લીધા. થોકડા આદિ કંઠસ્થ કર્યા. તે ગુરૂદેવને કહે છે-ગુરૂદેવ! હવે મને જલ્દી દીક્ષા આપો. કાકા કાકીની આજ્ઞા મેળવી લીધી અને સંવત ૧૯૫૬ના વસંતપંચમીના દિવસે ખંભાતમાં ભવ્ય રીતે તેમનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. રવાભાઇના ગુણો જોઇને ગુરૂદેવે તેમનું સંયમી નામ "**બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ**" રાખ્યું. પૂ. ગુરૂદેવ છગનલાલજી મ. સા. ક્ષત્રિય હતા અને પૂ. રત્નચંદ્રજી મ. સા. પણ ક્ષત્રિય હતા.

દીક્ષા લીધા પછી રત્નચંદ્રજી મ. સા. પૂ. ગુરૂદેવનો ખૂબ વિનય કરતા અને તેમની સેવા ભક્તિમાં ખડે પગે હાજર રહેતા. ગુરૂઆજ્ઞામાં તો એટલા બધા અર્પણ થઈ ગયા હતા કે બસ, ગુરૂઆજ્ઞા એ જ મારો શ્વાસ અને એ જ મારો પ્રાણ છે. તે કયારે પણ ગુરૂદેવથી દૂર રહેતા નહિ. એ ગુરૂ શિષ્યને જોતાં ભગવાન મહાવીર સ્વામી અને ગૌતમ સ્વામીની જોડલી યાદ આવી જાય! પૂ. ગુરૂદેવની છત્રછાયામાં રહીને સંસ્કૃત, પ્રાકૃતનો ખૂબ અભ્યાસ કર્યો. સાથે આગમનું જ્ઞાન પણ ખૂબ મેળવ્યું.

અર્પણતાનો અજબ નમૂનો, જેથી મેળવ્યો જ્ઞાન ખજાનો.
ક્ષમાની અજોડ મૂર્તિ ગુરૂજી, દેશોદેશમાં પામ્યા રે ખ્યાતિ.

વિનય અને ક્ષમાનો ગુણ તો અજોડ હતો. ગુરૂશિષ્ય વચ્ચે ક્ષીરનીર જેવો અથાગ પ્રેમ હતો. સં. ૧૯૯૫ ના વૈશાખ વદ દશમના દિવસે છગનલાલજી મ. સા. કાળધર્મ પામ્યા એટલે ગુરૂદેવને ખૂબ આઘાત લાગ્યો. ગુરૂ વિયોગ બહુ વસમો છે. પૂ. ગુરૂદેવના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મ. સા. ના હાથમાં આવ્યું. ખંભાત સંઘે તેમને આચાર્ય પદવી અર્પણ કરી એ વર્ષે ગુરૂદેવનું ચાતુર્માસ સાણંદ થયું.

જીવન મહેલમાં કોતરણી કરનાર કાબેલ કલાકાર : પૂ. ગુરૂદેવની ઓજસ-ભરી પ્રભાવશાળી વાણી સાંભળતા ભવ્ય જીવો તપ ત્યાગના રંગમાં રંગાઈ ગયા. ખરેખર એ ચાતુર્માસ મારા માટે તો મહાન યાદગાર બની ગયું. એ ચાતુર્માસમાં પૂ. ગુરૂદેવની અમીધારાની વર્ષા વરસી અને મારા જીવન રૂપી ક્ષેત્રમાં વૈરાગ્યના બીજનું રોપણ થયું. પૂ. ગુરૂદેવે એ બીજને સિંચન આપીને આત્માના ક્ષેત્રમાં ખૂબ વિકસિત બનાવ્યું. પૂ. ગુરૂદેવની વૈરાગ્યરસના ઝરણા વહાવતી ઘોધમાર વાણીની વર્ષાએ મારા અંતરના તાર ઝણઝણી ઉઠયા. તેઓ મારા જીવનના સાચા કલાકાર બનીને જીવનના સારા ઘડવૈયા બન્યા. એવા તારણહાર, જીવનનૈયાના સાચા ખવૈયા પૂ. ગુરૂ ભગવંતનો મારા પર મહાન ઉપકાર છે. એવા જ્ઞાનદાતા, સંયમદાતા, અનંતાનંત ઉપકારી ગુરૂદેવ માટે શું કહું! તેમના ગુણો આ જીભથી કહી શકાય નહિ અને પેનથી આલેખી શકાય નહિ. એવા ઉત્તમ કક્ષાના મહાન આત્માર્થી સાધક હતા. કષાયોની કચરાપેટીમાં અને અજ્ઞાનના અંધકારમાં અથડાતા મને તેમજ મારા ગુરૂબેન પૂ. જસુબાઈ મહાસતીજીને

વૈરાગ્ય વારીનું સિંચન કરી તપત્યાગના બગીચામાં આત્માનું સાચું દિગ્દર્શન કરાવી સં. ૧૯૯૬ના વૈશાખ સુદ ૬ ને સોમવારે આ ગુરૂદેવે સાચા જીવનનો પ્રકાશ આપી પાંચ મહાવ્રત રૂપી અમૂલ્ય રત્નો આપ્યા છે તે ઉપકારને કેવી રીતે ભૂલાય ? પૂ. ગુરૂદેવે સંયમી જીવનનું અમૂલ્ય દાન કર્યું એટલું જ નહિ પણ સંયમી જીવનની અનેક કળાઓ તે ગુરૂદેવે શીખવી છે. વાત્સલ્યતા અને પ્રસન્નતાનો ધોધ સદાય તેમના અંતરમાંથી વહેતો હતો. જેમના જીવન બાગમાં સદાય ગુણપુષ્પોની પમરાટ પ્રસરતી હતી. નિર્મળ જળ જેવો જીવનપ્રવાહ નાના મોટા સહુને આનંદિત કરી દેતો. તેમના ગુણ વૈભવની તો વાત કયાં કરવી ! ક્ષમા, સરળતાની તો સાક્ષાત્ મૂર્તિ જોઈ લો. આવા ગુણસાગર પૂ. ગુરૂદેવના પ્રભાવશાળી પ્રવચનોથી જૈન જૈનતરો ધર્મ પામી ગયા છે. અધર્મીઓ ધર્મી બન્યા છે. તેમની શાંત મુખમુદ્રા જોતાં ક્રોધથી ધમધમતો આવેલો માનવી પાણી જેવો શીતળ બની જાય. પૂ. ગુરૂદેવ અજમેરના સાધુ સંમેલનમાં પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબ સાથે ગયા હતા ને ત્યાં સુંદર ભાગ લીધો હતો તેમજ આ મુંબઈ નગરીમાં ચાતુર્માસ કરી જનતાને ખૂબ જાગૃત કરી હતી.

મૃત્યુ મહોત્સવની ભઝા : સુરતમાં હર્ષદ મુનિને દીક્ષા આપ્યા પછી સુરત, કઠોર, આદિ ચાતુર્માસ કરી સં. ૨૦૦૪ માં પૂ. ગુરૂદેવ ખંભાત તરફ આવતા હતા ત્યારે રસ્તામાં કોઈ એ પૂછયું કે આપનું આ ચાતુર્માસ કયાં છે ? મારું આ છેલ્લું ચાતુર્માસ ખંભાતમાં છે. આવું તેઓ વિહારમાં બોલ્યા હતા. મને અમદાવાદ ચાતુર્માસની આજ્ઞા આપી ત્યારે કહ્યું કે હું તમને આ છેલ્લી આજ્ઞા આપું છું. તેમના શિષ્ય કુલચંદજી મ. સા. ને ૩૫ ઉપવાસ ભાદરવા સુદ દશમે પૂરા થતા હતા. તેમણે કહ્યું– ગુરૂદેવ ! મને શાતા છે. ૪૧ ઉપવાસ કરાવો ને ! ત્યારે કહ્યું કે હું તમને આ છેલ્લું પારણું કરાવું છું. તે ચાતુર્માસમાં ગુરૂદેવે બાલ મરણ અને પંડિત મરણ ઉત્તરાધ્યયન સૂત્રનું પાંચમું અધ્યયન વાંચ્યું. જાણે પોતાને પંડિત મરણે મરવાનું હશે તે માટે જ લીધું હશે ! પૂ. ગુરૂદેવને તો પોતાની અંતિમ ઘડી સૂઝી આવી હતી એટલે પોતે તો બધી તૈયારીઓ કરી લીધી હતી. ભાદરવા સુદ ૧૦ ના દિવસે પોતાના શિષ્યોને ખૂબ શિખામણ આપી. તે દિવસે પ્રતિક્રમણ બાદ રાતના નવ વાગે શરદીનું મોજું ફરી વળ્યું. હાર્ટ ઉપર અસર થવા લાગી. તેઓશ્રીએ સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં રહેજ પણ દોષ લાગવો ન જોઈએ. તે ખાસ લક્ષ રાખજો.

અંતિમ સમાધિ અનેરી ઝળકે, પરમ શાંતિના શબ્દો ઉચ્ચરે,
સ્વરૂપ દશાની મોજને લૂંટે, સમાધિ ભાવે દેહ જ છૂટે.

પૂ. ગુરૂદેવ તો સ્વરૂપ દશાની મોજને લૂંટતા, આત્મશાંતિમાં ઝુલતા, સમાધિ ભાવમાં સ્થિર થયા. પોતાના શિષ્યોને કહ્યું, આપ સ્વાધ્યાય નવકાર મંત્ર બોલો. છેલ્લે સર્વ જીવોને ખમાવી સંથારો કરી ચાર આંગળા ઊંચા કરીને એ સંકેત કર્યો કે આ નશ્વર દેહ ચાર વાગે છૂટવાનો છે. પૂ. ગુરૂદેવની તબિયત બગડી છે એ સમાચાર

મળતાં અંભાતની જનતા રાત્રે પૂ. ગુરૂદેવના દર્શન કરવા ઉમટી પડી. આત્મભાવનાના ઝુલણે ઝુલતાં અમારા સંયમી જીવનના સાચા સુકાની, માતા જેવું વાત્સલ્ય અને પિતા જેવો પ્રેમ આપનાર પૂ. ગુરૂદેવ ભાદરવા સુદ ૧૧ના પ્રભાતે ચાર વાગે નશ્વર દેહનો ત્યાગ કરી સૌને રડતા મૂકી આ ફાની દુનિયામાંથી ચિર વિદાય લઈ ને ચાલ્યા ગયા. ત્રંબાવટીની તિજોરીમાં રહેલું રત્ન ગુમ થયું. સ્થંભનપુરીનો સ્થંભ તૂટી પડયો. અંભાતમાં હાહાકાર મચી ગયો. સવારમાં અમદાવાદમાં આ કારમા દુઃખદ સમાચાર મળ્યા. સાંભળતા કાળજું ચીરાઇ ગયું. અરે ! અંતરના આકાશમાં ચમકતો ચાંદ શું અસ્ત થઈ ગયો ! વડલાના વિસામા, પ્રેરણાના પિયૂષ પાનારા અમને નિરાધાર મૂકીને ગુરૂદેવ ચાલ્યા ગયા ! રત્નસમાન તેજસ્વી, ઓજસ્વી, આચાર્ય ગુરૂદેવ આ અવનીને અલવિદા આપી ચાલ્યા જતા જૈન શાસનમાં ભારે ખોટ પડી છે. આજથી પુણ્યતીથિ નિમિત્તે દશાંગી તપ કરાવ્યો છે. સૌ સારી સંખ્યામાં જોડાયા છે. આપ સૌ આજે સારા પ્રત્યાખ્યાન કરશો તો સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય. ગુરૂદેવ તો ગયા પણ ગુણોની સુવાસ મૂકતા ગયા છે. એમના ગુણોમાંથી એકાદ ગુણ આવી જાય તો જીવન ધન્ય બની જાય.

મહાન ગુણોના સાગર ગુરૂદેવના ચરણમાં કોટી કોટી વંદના.

ભાદરવા સુદ ૧૩ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૭૮ : તા. ૨૬-૯-૮૫

અનંતજ્ઞાની મહાપુરૂષો કર્મોની ફિલોસોફી સમજાવતા કહે છે કે જીવ કર્મો કેવી રીતે બાંધે છે ? આત્મા કયાં કયાં ભૂલો કરી રહ્યો છે ? સંસારના સુખો મળે એ પુણ્યથી મળે છે. પાપનો ઉદય હોય તો એક છાપું ખરીદવા જેટલી અનુકૂળતા ન હોય તો પણ બે કોઇની પાસેથી છાપું વાંચવાની અનુકૂળતા મળી તો એ પુણ્યથી મળી. એ છાપું વાંચતા શું થાય ? વાંચ્યા પછી એનું સ્મરણ થાય એટલે રાગ-દ્વેષ થાય. રાગ-દ્વેષ એ અશુભ ભાવ છે. અશુભ ભાવમાં જેટલી તન્મયતા એટલો અશુભ કર્મોનો જથ્થો થાય. આ તો એક સામાન્ય વાત છે. આવી રીતે બીજી અનુકૂળતાઓ મળે એમાં પણ એ જ અશુભ ભાવ. અશુભ ભાવની રમત ઉપર ભરચક અશુભ કર્મોની કમાણી થાય. **"આ જીવ જાણે ઉકરડાનો ઈજારદાર."** જીવનમાં અશુભ કર્મો એ ઉકરડો છે. જીવ એ ઉકરડાનો ઈજારદાર છે. ઉકરડામાં કાંઈ સારું ન હોય તેમ આ અશુભ કર્મોના સંચયમાં કાંઈ સારું નહિ. ઉકરડો જમીન બગાડે, આરોગ્ય બગાડે, હવામાન બગાડે તેમ આ અનેક પ્રકારના એકત્રિત કરેલા અશુભ કર્મો ઉદયમાં આવે ત્યારે શાતા, યશ, સૌભાગ્ય આદિ કેટલુંય બગાડી નાંખે છે માટે અશુભ કર્મોનો ગંજ એ ઉકરડો છે. અશુભ કર્મોની આવક જીવે સતત ચાલુ રાખી એટલે જાણે એનો ઈજારો રાખ્યો. ઉકરડાના ઈજારદારને આવક ઘણી અને જાવક થોડી. જૂના ઉકરડા સડીને

સૂકાઈને ઓછા થાય એ જાવક અને શહેરમાંથી નવા નવા કચરા આવીને ઠલવાય એ આવક. એટલે કહેવાય છે કે ઉકરડાના ઈજારદારને જાવક થોડી ને આવક ઘણી. બસ, જીવની આ જ દશા છે ને ?

આ મનુષ્યભવમાં મધ્યમ સ્થિતિ છે. આ ગતિમાં નરક કે તિર્યંચ ગતિ જેવા દુઃખ કે ત્રાસ નથી એટલે એમના જેટલો અશુભ કર્મોનો ઉદય નથી. ઉદય નથી એટલે ભોગવાઈને ઓછા થાય નહિ એટલે જાવક થોડી ત્યારે આવક કેટલી બધી ? દિવસ રાત નાની મોટી અનુકૂળતા પ્રતિકૂળતા ભોગવતા અશુભ ભાવ, અશુભ ધ્યાન ચાલુ રહે તેથી અશુભ કર્મોની આવક જોરદાર ચાલુ રહે. ઉકરડાના ઈજારદારને આવક વધારે ને જાવક થોડી. આ માનવભવમાં આત્માએ કેવો ધંધો રાખ્યો છે ? આત્મા છે મોટો વેપારી પણ વેપાર શેનો ? ઉકરડાના ઇજારાનો. સારા આર્ય દેશ, આર્યકુળમાં જન્મ મળ્યો, આત્માની વાતો સાંભળવા મળી પણ એને આત્માનો વિચાર નથી એટલે આત્મહિતના ઉદ્દેશથી અનુકૂળતા કે પ્રતિકૂળતા ભોગવતા આવડતી નથી તેથી સતત અશુભ રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાયો અને દુર્ધ્યાન થયા કરે, પરિણામે લોટબંધ પાપકર્મોની ખરીદી થાય. પુણ્ય વેચીને પાપ ખરીદવાનું છે. પુણ્ય તો ઉદયમાં થોડું છે પણ પાપની અઢળક લોટબંધ આવક ચાલુ છે. અહીં પ્રતિકૂળતા કે દુઃખ આવે તો એ નરક તિર્યંચોના દુઃખ આગળ શી વિસાતમાં ! અહીં દુઃખમાં કે આપત્તિમાં ભાવ સારા રહેતા હોય, ધર્મધ્યાન ચાલતું હોય તો એના પ્રભાવે ઘણું પાપ કર્મો ખરવાના થાય પણ જો ભાવ બગડયા તો દુઃખમાં પાપની જાવક ઓછી અને મનને દુર્ધ્યાનમાં જોડવાથી પાપકર્મોની આવક જંગી. દેવલોકની અપેક્ષાએ અહીં મળતા મામુલી સુખ કે નરકની અપેક્ષાએ અહીં મળતા અલ્પ દુઃખો ભોગવતાં ન આવડે તો પાપકર્મોની જાવક ઓછી અને આવક વધારે. તો પછી જીવ ઉકરડાનો ઈજારદાર કહેવાય ને !

આનંદ ગાથાપતિ આવતા કર્મોના પ્રવાહને રોકવા માટે વ્રતો ગ્રહણ કરી રહ્યા છે. સાતમા વ્રતમાં તેમણે આઠ બોલની મર્યાદા કરી. (૯) **पुप्फविहि** : પુષ્પ, ફૂલની મર્યાદા. દુનિયામાં અનેક જાતના પુષ્પો હોય છે પણ વ્રતો આદર્યા પછી તેમણે કંટ્રોલ મૂકયો. આવા મોટા માણસો જ્યારે રાજસભામાં જાય ત્યારે ફૂલની માળા પહેરતા. એટલે આનંદ શ્રાવકે કહ્યું– મારે ફૂલનો ઉપયોગ કરવો પડે તો શ્વેત કમળ અને માલતીના પુષ્પોની માળા પહેરવી, તે સિવાય બીજા બધા ફૂલોના પ્રત્યાખ્યાન કરું છું. દુનિયામાં અનેક જાતના પુષ્પો છે. તે બધાનો તમે ઉપયોગ કરતા નથી. તો આ રીતે મર્યાદા કરવાથી દુનિયાના તમામ પુષ્પોની ક્રિયા આવતી અટકી જાય છે.

(૧૦) **आभरण विहि** : આભરણ, દાગીનાની મર્યાદા. જેને ત્યાં ૧૨ ક્રોડ સોનૈયા હોય એને ત્યાં દાગીનાનો શો તોટો હોય ! પહેલાના જમાનામાં આનંદ જેવા મોટા માણસો કાને કુંડળ, હાથે બાજુબંધ, વીંટી, કંદોરા અને ડોકમાં હાર પહેરતા હતા. આનંદે એ દાગીનાઓની મર્યાદા કરી કે મારે બે ઉભજવળ કુંડળ અને મારા નામની

વીંટી આ બે સિવાય બધા અલંકારોના પ્રત્યાખ્યાન કરું છું. તમારી પાસે દાગીના કેટલા હોય ! શ્રીમંતોને ત્યાં જાતજાતના દાગીના હોય પણ પહેરવાના કેટલા ? તિજોરીમાં જોવાના ને હરખાવાનું. બેનો પહેરે તો સૌભાગ્યના ચિન્હ રૂપ અને એકાદ સેટ આથી અધિક પહેરવાના છે ? ના. માટે પચ્ચક્ખાણમાં આવો, મર્યાદામાં આવો. જો સુખી થવું હોય તો સંતોષી બનવાની જરૂર છે. જો માનવીમાં સંતોષ નહિ હોય તો ગમે તેટલો સુખી હોવા છતાં તે સુખપૂર્વક રહી શકશે નહિ.

ધનવાન બનવાની ધૂન : એક રાજાનો હજામ રોજ રાજાની હજામત કરવા જાય. રાજાએ તેને એક વર્ષનું વર્ષાસન બાંધી આપેલું. તેનાથી હજામને ખાવાપીવામાં કોઈ જાતનો વાંધો ન આવતો; પણ તેમાંથી કાંઇ બચત ન થાય. તે હજામને ધનપતિ થવાના કોડ જાગ્યા. આ ચિંતામાં તેની ઊંઘ પણ ઊડી ગઇ. હું શું કરું તો ધનવાન બનું. તેણે વિચાર કર્યો કે મને જે પૈસા મળે છે તે મોટા ભાગે ખાવાપીવામાં ખર્ચાઇ જાય છે માટે તેમાં કાપ મૂકીએ તો થોડી બચત થાય. એટલે હજામ તેની પત્નીને કહે છે આપણા બધા પૈસા ખાવાપીવામાં વપરાઈ જાય છે. કોઈ વાર માંદગીનો પ્રસંગ આવે ને જરૂર પડે તો પૈસા ક્યાંથી લાવીશું ? માટે આપણે એક ટંક ખાવાનું ઓછું કરી નાંખીએ તો પૈસા બચશે. જો પૈસા બચશે અને ભેગા થશે તો તને સારો દાગીનો કરાવી આપીશ. દાગીનાની વાત સાંભળી એટલે પત્ની તો હરખાઇ ગઇ. તેણે તો ખૂબ કસકસર કરવા માંડી. બધાએ એક ટંક જમવાનું છોડી દીધું. બરોબર દિવાળીએ જે પૈસા ભેગા થયા તેનાથી એક ઘરેણું લાવી આપ્યું. ખાવામાં કરકસર કરવાથી કાંઈ લખપતિ બની જવાય ? લખપતિ બનતાં તો જિંદગી પૂરી થવા આવે. લખપતિ બને અને જીવન પૂરું થઈ જાય તો ભેગું કર્યાનો શો અર્થ ? થોડી બચતમાં બંગલા અને મોટર ગાડી ક્યાંથી આવે ? તેને તો ખૂબ ચિંતા થવા લાગી. શું કરું તો જલ્દી લખપતિ બનાય ? આ તો રાજાનો હજામ એટલે જો બીજું કાંઈ કરે અને રાજા જાણે તો ય ભારે ઉપાધિ થઈ પડે.

તારે શું જોઈએ છે ? : એક વાર હજામ પાણીનો લોટો લઇને ગામ બહાર જંગલમાં ગયો. તે વિસામો ખાવા એક ઝાડ નીચે ઊભો છે ત્યાં અવાજ આવ્યો. ભાઈ ! તારે શું જોઈએ છે ? તું દુઃખી કેમ છે ? તારે સોનું જોઇએ છે કે પૈસા જોઈએ છે ? હજામ તો ચમકયો. મને આવું કોણ કહેતું હશે ? આ અવાજ ક્યાંથી આવે છે ? ત્યાં બીજી વાર અવાજ આવ્યો કે તારે સોનું જોઈએ છે કે પૈસા ? તેને લાગ્યું કે આ અવાજ ઝાડ પાછળથી આવે છે પણ કોઈ દેખાતું નથી. થોડી વાર વિચાર કરીને કહ્યું, મારે ધનવાન થવું છે. આપ મને કોઇ ઉપાય બતાવો. ભાઇ ! તું ઝાડ પાછળ ખોદ તો તેમાંથી સાત ચરૂ નીકળશે. હજામે ઝાડ પાછળ ખોદયું તો સાત ચરૂ નીકળ્યા. તેમાં છ ચરૂ આખા ભરેલા હતા અને સાતમો ચરૂ અડધો હતો. તે તો ચરૂ લઈને હરખાતો હરખાતો ઘેર ગયો. પત્નીને કહે છે તું જલ્દી બારણું ખોલ. હજામની પત્ની કહે તમે આજે બહુ આનંદમાં છો ! હજામે બધી વાત કરી.

ચરૂ મળવા છતાં ચિંતા : હજામને સાત ચરૂ મળવા છતાં એ બળતરા થઈ કે છ ચરૂ તો આખા ભરેલા છે અને સાતમો અડધો ભરેલો છે. તે જ્યાં સુધી આખો ન ભરાય ત્યાં સુધી મને શાંતિ ન વળે. અત્યાર સુધી પૈસાદાર થવાની ચિંતા હતી, હવે આટલા ચરૂ મળ્યા ત્યારે સાતમો પૂરો કરવાની ચિંતા વધી. બોલો, સુખ વધ્યું કે દુઃખ વધ્યું ? જીવની તૃષ્ણા કેટલી છે ? જ્યારે જુઓ ત્યારે તેના મુખ પર ચિંતા દેખાય. રાજા પાસે હજામત કરવા જાય તો પણ તેનું ચિત્ત ઠેકાણે ન હોય. રાજા સમજી ગયા કે હજામ હમણાં કંઈક ચિંતામાં છે. તે રોજ મારી પાસે આવે છે માટે તેની ચિંતા મારે દૂર કરવી જોઈએ. બે ચાર દિવસ ગયા એટલે રાજાએ તેને પૂછયું– હમણાં તું ખૂબ ચિંતામાં હોય એવું લાગે છે. તું સત્ય વાત કર. રાજાએ ખૂબ પૂછયું ત્યારે કહ્યું– આપે મને વર્ષાસન બાંધી આપ્યા ઘણાં વર્ષો થઈ ગયા. અત્યારે મોંઘવારી ખૂબ વધી છે. પહેલાં તો તે પૈસાથી સારી રીતે આજીવિકા ચાલતી અને થોડી બચત પણ થતી. હવે તો જીવન નભાવવામાં ખેંચ પડે છે. રાજા પ્રસન્ન હતા. તેમણે કહ્યું, જા, આજથી તારું વર્ષાસન ડબલ. બસ હવે તો આનંદ ને ? હજામ તો ખુશ થયો. હવે જલ્દી સાતમો ચરૂ ભરી શકાશે. તેણે પત્નીને વાત કરી. પત્ની માટે પહેલા જે સોનાનો દાગીનો લાવ્યો હતો તે પણ ગળાવીને તેમાં નાંખી દીધો. આવામાં પણ ઘણી કરકસર કરવા લાગ્યો છતાં ચરૂ ભરાતો નથી.

તૃષ્ણાનું તોડેલું ખપ્પર : હજામની ચંતા વધી. રાજાને થયું હજુ આ હજામની ચિંતા ઓછી થઈ લાગતી નથી. એટલે પૂછયું– હજુ તારી ચિંતા કેમ ઓછી થઈ નથી ? શું તારા માથે કોઈ ઉપાધિ આવી પડી છે ? હજામ બોલતો નથી. રાજાએ ઘણું પૂછયું ત્યારે તેણે વાત કરી કે મારી પાસે સોનાના છ ચરૂ ભરેલા છે અને સાતમો અડધો છે. તે પૂરો ભરવા મહેનત કરું છું પણ ભરાતો નથી. ભાઈ ! તે ચરૂ તને કયાંથી મળ્યા ? હજામે બધી વાત કરી. રાજા કહે– ભાઈ ! તે સાતમો ચરૂ કયારે પણ આખો ભરાશે નહિ. મને પણ આ ચરૂઓ મળ્યા હતા. તારી જેમ મેં પણ તેને ભરવા ઘણાં પ્રયત્નો કર્યા પણ કોઈ હિસાબે ન ભરાયો ત્યારે મને સમજાયું કે માનવીની ઈચ્છાઓ કયારે પણ પૂરી થતી નથી તેમ આ ચરૂ પણ કયારે પણ ભરાશે નહિ. પછી જ્યાંથી આ ચરૂઓ મને મળ્યા હતા ત્યાં જઈને મૂકી આવ્યો પછી મને શાંતિ થઈ. હું તો તને કહું છું કે તારે જો સુખેથી આનંદપૂર્વક જીવવું હોય તો તું જ્યાંથી લાવ્યો છે તે જગ્યાએ જઈને મૂકી આવ; નહિ તો આ ચિંતામાં જીવતાં છતાં મરેલા જેવી દશા થશે. રાજાની વાત હજામના ગળે ઉતરી ગઈ. ખરેખર વધુ ધન મેળવવાની લાલચે હું સુખેથી ખાતો નથી ને કોઇને ખાવા દેતો નથી. તેના કરતાં સંતોષથી આનંદપૂર્વક જીવનનો ઉપયોગ શા માટે ન કરવો ? આ તૃષ્ણાનું ખપ્પર તો કયારે પણ ભરાવાનું નથી. હજામ સાતે ચરૂઓને જંગલમાં જ્યાંથી લાવ્યો હતો ત્યાં મૂકી આવ્યો. પછી તેની બધી ચિંતા દૂર થઇ ગઈ અને સંતોષથી સુખેથી ખાઈપીને જીવન ચલાવવા

લાગ્યો. જ્ઞાની કહે છે કે સંતોષ માનવીનું મોટામાં મોટું ધન છે. અસંતોષની આગ ભડકે બળતી હોય તો કોઈ પણ સંયોગોમાં શાંતિ મળી શકવાની નથી.

આનંદ શ્રાવકના જીવનમાં સંતોષ આવી ગયો. તે કહે છે ભગવાન ! અજ્ઞાન દશામાં મને સમજણ ન હતી ત્યારે આ બધી વસ્તુઓ ઘણી મેળવી, ભોગવી અને પાપના ગંજ એકઠા કર્યા પણ હવે પ્રભુ આપની વાણીએ મારા જીવનમાં સત્ય જ્ઞાનનો દિપક પ્રગટાવ્યો. પુણ્ય-પાપ, આશ્રવ-સંવરની ભેદરેખા બતાવી તો હવે હું મારાથી યથાશક્તિ તો પાપનો ત્યાગ કરું. તેથી તેમણે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યા. દાગીનામાં પોતાના માટે બે કુંડળ અને એક પોતાના નામની વીંટી એટલી છૂટ રાખીને બાકીના બધા આભરણના પચ્ચક્ખાણ કર્યા હું તો આપ બધ ને પણ કહું છું કે આપને જેટલી જરૂર હોય તેટલું રાખીને બીજાના પચ્ચક્ખાણ કરો. આ બધી મમતા ઘટાડવા જેવી છે. આ મમતા, મૂર્છા તમને માર બવડાવશે.

(૧૧) ધુવણવિહિ : ધૂપની મર્યાદા. અનેક જાતના ધૂપ થાય છે તેમાં આનંદ શ્રાવકે અગર, લોબાન અને ધૂપ સિવાયના બીજા બધા ધૂપના પચ્ચક્ખાણ કર્યા.

(૧૨) ભોયણવિહિ-પેજ્જવિહિ : ભોજનની અને પીવા લાયક પદાર્થોની મર્યાદા. કઢી, ઓસામણ, રાબ, કાંજી, સોડા, લેમન, જીંજર, શરબત આદિ વસ્તુઓની મર્યાદા કરવી. આજના માનવી જીભના સ્વાદ ખાતર અનેક જાતના પીણા પીવે છે પણ શ્રાવકથી બહારના પીણા પીવાય નહિ. આનંદ શ્રાવકે એક મગનું ઓસામણ અને ઘીમાં શેકેલા ચોખાની કાંજી એ બે વસ્તુની છૂટ રાખીને બાકીના બધા પીવા યોગ્ય પદાર્થોના પ્રત્યાખ્યાન કર્યા. આજે માનવી પીણાં પીવાનો તો જાણે ગુલામ બની ગયો છે.

એક વાર એક કેન્સરનો દર્દી ડૉકટર પાસે ગયો. માનવી કેન્સરનું નામ પડતા ધ્રુજી ઊઠે છે. ડૉકટરે તેને તપાસીને દવા આપી, શું ખાવું અને શું ન ખાવું તે બધી સૂચનાઓ આપી. સાથે એ પણ કહ્યું કે હવે તમારે બીડી પીવાની નહિ, જો બીડી નહિ છોડો તો રોગ વધી જશે. થોડા દિવસ પછી બતાવવા આવજો. આ દર્દીને બીડી પીવાનું ભારે વ્યસન હતું. દર્દી ઘેર ગયો. ખાવાની પરેજી પાળી શકયો પણ બીડી પીવાનું ન છોડી શકયો. થોડા દિવસ પછી તે દર્દી ડૉકટર પાસે ગયો. ડૉકટરે તપાસ્યું તો રોગ ઘટવાને બદલે વધી ગયો હતો. ડૉકટરે તેમને એક વાત કરી કે તમે હવે જેમ બને તેમ વધુ સિનેમા જોવા જાવ. કદાચ એમ કરવાથી તમને રોગમાં રાહત થઇ જાય. દર્દીને તો આશ્ચર્ય થયું.-ડૉકટર સાહેબ ! આપ શું વાત કરો છો ? શું પિકચર જોવાથી રોગમાં રાહત થાય ? હા. કારણ કે થિયેટરમાં બીડી પીવાની સખત મનાઈ હોય છે, બીડી છોડયા વિના તમને રોગમાં રાહત થવી અસંભવ છે. હવે દર્દી શું બોલે ? કહેવાનો આશય એ છે કે માનવીને બહારના પીણા તથા બીડી પીવાની આજે ખૂબ ટેવ પડી ગઈ છે, એ ટેવને પછી તે છોડી શકતો નથી. આનંદ શ્રાવકે કેટલો કંટ્રોલ કર્યો. માત્ર મગનું ઓસામણ અને ચોખાની કાંજીની છૂટ રાખી બાકીના બધા પચ્ચક્ખાણ કર્યા.

(૧૩) **મક્ખવિહિ** : પકવાનની મર્યાદા. આજે દુનિયામાં કેટલી જાતના પકવાન બને છે. પકવાન આરંભ વગર થતા નથી. જ્યાં આરંભ છે ત્યાં પાપ છે. સુબુદ્ધિ પ્રધાન રાજાને ત્યાં જમવા આવ્યા. રાજાએ સારા પકવાન, ફરસાણ વગેરે બનાવડાવ્યું હતું. રાજા અને પ્રધાન જમવા બેઠા. રાજા પ્રધાન સામું જોયા કરે કે હમણાં પ્રધાન પ્રશંસા કરશે કે કેવું સરસ જમણ છે! પણ પ્રધાન કાંઇ બોલતા નથી. છેવટે રાજાએ પૂછયું–પ્રધાનજી! આજે જમણ તમને કેવું લાગ્યું? પ્રધાન કહે, એમાં શું કહેવાનું હોય? છકાયનો ફૂટો થાય ત્યારે એક રોટી બને. પ્રધાનને રાજા પાસે સારું થવાનું હતું છતાં ધર્મ પામેલો જીવ કોઈને સારા થવા માટે પણ આરંભિક ક્રિયાની પ્રશંસા ન કરે. પ્રધાન સમજતો હતો કે જે આરંભ સમારંભનું કાર્ય કરે છે તેની પ્રશંસા કરવાથી તો પાપ બંધાવાનું છે. કહેવાનો આશય એ છે કે પકવાન, મિષ્ટાન્ન કોઈ પણ ભોજન આરંભ વગર થતા નથી, તો જેટલી મર્યાદા કરીએ એટલી પાપની ક્રિયા અટકે. આનંદ શ્રાવકના ઘેર શું તોટો હતો? છતાં તેમણે કહ્યું–પ્રભુ! એક ઘેવર અને બીજા ગળ્યા ખાજા આ બે પકવાનની છૂટ રાખીને બાકીના બધા પકવાનના પ્રત્યાખ્યાન કરું છું.

(૧૪) **ओयणविहि** : ચોખાની મર્યાદા. દુનિયામાં કેટલી જાતના ચોખા આવે છે. કમોદ, બાસમતિ આદિ. તે સમયમાં પણ ઘણી જાતના ચોખા થતા હતા. તે બધા ચોખામાંથી આનંદ શ્રાવકે માત્ર એક કોદ્રવ નામના ચોખાના ભાતની છૂટ રાખી. તે સિવાય બીજા બધા ચોખાના પ્રત્યાખ્યાન કર્યા. કેટલો કંટ્રોલ કર્યો? રસેન્દ્રિય પર વિજય મેળવ્યો હોય તો આટલી મર્યાદા કરી શકાય. બાકી દુનિયામાં કેટલીય ચીજો એવી છે કે જે ખાતા નથી, ભોગવતા નથી, છતાં તેના પચ્ચક્ખાણ નથી તો પાપનો પ્રવાહ આવ્યા કરે છે. એક અનુભવીએ લખ્યું છે કે માણસ જમવા બેસે છે ત્યારે એવી રીતે જમે છે કે જાણે તેને આખા દિવસમાં ફરી ખાવાનું નથી. માનવી જ્યારે મકાન બનાવે છે ત્યારે એવી રીતે બનાવે છે કે આ દુનિયામાંથી જાણે કે એને કયારે ય જવાનું નથી. જ્ઞાની તો કહે છે કે તારી સામગ્રીઓ અહીં રહી જશે ને તું આ દુનિયામાંથી વિદાય લઇને ચાલ્યો જઈશ.

રૂમાલ બદલાય છે, સીટ એની એ : એક વાર એક ભાઇ ટ્રેઇનમાં મુસાફરી કરતા હતા. રસ્તામાં તેમની તબિયતના કારણે જરા ઊઠવું પડયું, ત્યારે એ ભાઇને થયું કે હું જઈને આવું એટલી વારમાં કોઈ મારી જગ્યા લઈ લે તો? માટે હું જગ્યા પર કંઇક મૂકીને જાઉં. એમ વિચાર કરીને તે ભાઈએ પોતાનો રૂમાલ પોતાની જગ્યા પર પાથરી દીધો, પછી તે તેમના કામે ગયા. પાંચ દશ મિનિટમાં જઈને પાછા આવ્યા, ત્યારે જોયું તો પોતાની જગ્યા પર બીજા ભાઈ બેસી ગયા હતા. તેમનો રૂમાલ નીચે પડી ગયો હતો. એ ભાઈને ક્રોધ આવી ગયો. તેણે કહ્યું–ભાઈ! આ જગ્યા પર મેં રૂમાલ પાથર્યો હતો એ તમે જોયો હતો કે નહિ? હા, રૂમાલ તો હતો. તો પછી આપ શા માટે બેસી ગયા? આ સીટ મારી હતી. શું રૂમાલ મૂકવાથી સીટ

તમારી થઈ ગઇ ? હા. તો રાષ્ટ્રપતિ કે કોઇ સારા હોદ્દેદારની ખુરશી ઉપર રૂમાલ પાથરી આવો એટલે એ ખુરશી તમારી થઈ જાય. ભાઇ ! એક વાત યાદ રાખો, આ દુનિયામાં રૂમાલ તો બદલાયા કરે છે પણ સીટ તો સદાને માટે એની એ રહે છે. તમે આજે આ ગાડીમાં આવ્યા પણ તે પહેલા સીટ તો અહીં હતી અને તમે જ્યારે તમારા સ્ટેશને ઉતરી જશો ત્યારે પણ આ સીટ તો અહીં રહેવાની છે, માટે આ સીટ માટે કોઇ ઝઘડો કરવાની કે ક્રોધ કરવાની જરૂર નથી. હવે પેલો ભાઈ શું બોલે ?

માલિક બદલાયા કરે, સામગ્રી એની એ : બસ, આ જ દશા સંસારની છે. તમે સંસારના સુખના જે જે સાધનો વસાવ્યા અને જેના પર માલિકીપણું કરીને બેસી ગયા છો, જે મેળવવા માટે અઢળક પાપો કરો છો તે બધી વસ્તુઓ અહીંને અહીં પડી રહે છે અને તેના પર માલિકીપણું રાખનારા બદલાયા કરે છે. જે સંપત્તિનો, ચીજોનો પહેલા બાપ માલિક હતો તે ચાલ્યો ગયો પછી પુત્ર તેનો માલિક થાય છે. કોઈનું પુણ્ય પરવારે તો તેની હયાતીમાં તે ચીજો ચાલી જાય છે અને રહે તો તેનું આયુષ્ય પૂરું થતાં તે ચાલ્યો જાય છે પણ એ સીટ તો ખાલી કરવી પડે છે, તેથી મહાપુરૂષો કહે છે કે આ જીવ હંમેશા જ્યાં ગયો ત્યાં દેવાળિયાની જેમ જિંદગી વીતાવી છે, ચાહે રાજા હોય કે રંક હોય, નગરશેઠ હોય કે નોકર હોય, સમ્રાટ હોય કે ભિખારી હોય, બધા દેવાળિયા બનીને આ દુનિયામાંથી વિદાય થાય છે. વળી માનવી જે ચીજો ભોગવે છે તેના પર તે એવો આસકત બને છે કે આ બધા પદાર્થો જાણે એને જિંદગીમાં કયારે ય મળ્યા નહોતા. આ ભોગોપભોગની સામગ્રીઓમાં નિયંત્રણ મૂકવા માટે ભગવાને મર્યાદામાં આવવાનું કહ્યું છે.

શરીર એક ફેકટરી છે : આ સંસારમાં સૌથી વધુમાં વધુ રાગ શરીર પર છે. આ શરીરને શોભાવવા, સાચવવા અને તેના રક્ષણ માટે અનેકાનેક ચીજોનો ભોગ ઉપભોગ કરે છે. જો શરીર પ્રત્યેનો રાગ, મમત્વ ઘટે તો બીજી વસ્તુઓ પર મમતા ઘટતા વાર નહિ લાગે. બાકી આ પેટની ગાગર તો એવી છે કે તેની ઊંડાઇનું માપ નીકળી શકે એવું નથી. મોટા મોટા મહાસાગરોની ઊંડાઈના માપ કાઢયા છે પણ આ પેટની ગાગરનું માપ નીકળી શકતું નથી. વિચાર કરો, અત્યારે તમારી ઉંમર ૫૦ વર્ષની, કોઈની ૬૦ વર્ષની થઈ હશે તો આટલા વર્ષોમાં આ પેટમાં કેટલું અનાજ નાંખ્યું હશે ! છતાં અત્યારે તેમાં બેંક બેલેન્સ કેટલું ? શૂન્ય. રોજ સવાર પડે એટલે એની એ જ સ્થિતિ. આ પેટમાં કેટલું અનાજ નાંખ્યું તેનો કોઈ હિસાબ નથી અને જો નવું ન આપો તો હેરાન કર્યા વિના રહે નહિ. તેનો સ્વભાવ તો એવો વિચિત્ર છે કે આ શરીર રૂપી ફેકટરીમાં સારામાં સારો ટેસ્ટદાર માલ પણ અશુદ્ધ અને ખરાબ બદબોમય બની જાય છે આવા શરીર પ્રત્યે રાગ કરીને આ જીવ અનાદિકાળથી ભટકયો છે. આ શરીરને પુષ્ટ બનાવવા માટે જીવે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક રાખ્યો નથી અને અનંતા પાપો બાંધ્યા છે. હવે જો પાપનો ભય લાગ્યો હોય તો મર્યાદામાં આવો.

આનંદ શ્રાવકને ત્યાં આટલો વૈભવ હોવા છતાં માત્ર એક કોલમ જાતિના ચોખાની છૂટ રાખીને બાકીના બધા પ્રત્યાખ્યાન કર્યા.

(૧૫) **સુપવિહિ :** દાળની મર્યાદા. આનંદ શ્રાવકે વટાણા, મગ અને અડદની દાળ સિવાય બાકી બધી દાળોના પ્રત્યાખ્યાન કર્યા. સાધુ જીવન કે શ્રાવક જીવન જો નિર્લેપ રાખવું છે તો જેનાથી ઇન્દ્રિયોના ઘોડા ઉત્તેજિત બને એવા આનપાન નો ત્યાગ કરવો જોઇએ.

(૧૬) **ઘયવિહિ :** ઘીની મર્યાદા કરી કે મારે કેવું ઘી ખાવું. આનંદ શ્રાવકે ગાયનું ઘી ખાવાની છૂટ રાખી. તે પણ તરતનું તાવેલું તાજું ઘી. તે સિવાયના બીજા ઘીના પચ્ચક્ખાણ કર્યા. તેમને ત્યાં તો ૪૦ હજાર ગાયો હતી એટલે તેમનું દૂધ મેળવીને દહીં કરે અને તેમાંથી માખણ કાઢી તરતનું તાવેલું તાજું ઘી મળી શકે. જો માખણ છાશમાં ડૂબેલું રાખો તો તે ખાવામાં પાપ ઓછું લાગે પણ માખણ બહાર કાઢીને રાખી મૂકવાથી બે ઘડી પછી તેમાં અનેક જીવો ઉત્પન્ન થઈ જાય છે. એવું માખણ શ્રાવકથી અખાય નહિ. તે માખણ અભક્ષ્ય ગણાય છે. આનંદ શ્રાવકે તો તરતનું તાવેલું તાજું ગાયનું ઘી ખાવું. તે સિવાય બાકીનો બધો ત્યાગ કર્યો. તમે પણ સમજીને મર્યાદામાં આવો તો કેટલાય પાપમાંથી બચી શકો. તમે એટલો નિર્ણય કરો કે આ જિનશાસન પામ્યા પછી મારે ડૂબવું તો નથી પણ તરવું છે. પાણીથી ભરેલી ડોલમાં તેલનું ટીપું નાંખવામાં આવે તો તે તરતું રહે છે તેમ તમે પણ સંસારમાં અનાસક્ત ભાવે રહો તો તરી જશો. આનંદ શ્રાવક હજુ કઈ કઈ મર્યાદા કરશે તે વાત અવસરે.

ચરિત્ર : રત્નસાર અને ગુણસુંદર વચ્ચે રત્નસુંદરી માટે વાતચીત થઈ રહી છે. ગુણસુંદર કહે–શેઠજી ! આપના જેવા ડાહ્યા, ગંભીર માણસોએ લગ્નના કામમાં ઉતાવળ કરવી ન જોઇએ. આ તો જીવન સાટાના ખેલ છે. તમે મને જેવો માનો છો તેવો હું નથી. આપ જાણીપીછીને આપની દીકરીને કૂવામાં ઉતારી રહ્યા છો. ઉજળું એટલું દૂધ નથી. આંધળીયા થઈને કામ કરવાથી તેનું પરિણામ સારું ન આવે તો એક કરતાં બે ઘર ભાંગે અને બંનેના જીવન અકાળે કરમાઈ જાય. શેઠ કહે–મારે આ વાત સાંભળવી નથી. તમે ભલે તમારી જાતને નાની માનતા હો પણ હું તો જાણું છું કે ગોપાલપુરના બજારમાં તમારી હાક વાગે છે. તમે બધા વેપારીઓને ઝાંખા પાડી દીધા છે. ગુણસુંદર કહે– જગતમાં જે કુલીન પુરૂષો છે તે માતાપિતાની કે વડીલોની આજ્ઞા વિના આ કામ કરે નહિ.

મુજ પિતરો દૂર રહે, ઇહાં થકી અહો શેઠ,
તેહ તણી અનુજ્ઞા વિના, પરણવું તે ગણું વેઠ.

મારા માતાપિતા તો ઘણાં દૂર છે. તેમની આજ્ઞા વિના હું લગ્ન કરું તો મેં અવિવેક કર્યો કહેવાય. વળી મારા માતાપિતા પણ મારી જેમ ફરતા રહે છે તે કયાં હોય તે મને ખબર નથી. શેઠ ! હું આપને કહું છું કે તમારી દીકરીને યોગ્ય છોકરા સાથે પરણાવો તો સુખી થશે. તમે મારું કુળ આદિ કાંઇ જાણતા નથી. કયાં તમારું

કુળ ને કયાં મારું કુળ ! કયાં આપની મોટી હવેલી ને કયાં મારી ઝુંપડી ! કયાં તમે મોટા શેઠ ને કયાં હું રખડતો વણઝારો ! તમે મારું કુળ–વંશ કાંઈ જોતા નથી અને અજાણ્યા પરદેશીને કન્યા આપો છો તો તમારે પસ્તાવાનો વખત આવશે. શેઠ કહે–મેં બધું બરાબર જોઈ લીધું છે તેની મને કોઈ ચિંતા નથી. મારી દીકરી માટે આપના જેવો વર આ નગરમાં કોઇ દેખાતો નથી. કુળ–વૈભવ બધી વાત મારા પર છોડી દો. ગમે તેમ થાય પણ આપને મારી વાત સ્વીકારવી પડશે. ગુણસુંદર કહે, એ વાત તો નહિ બને. તો હું અહીં બેઠો છું. જો આપ હા નહિ પાડો તો હું અહીંથી ઉઠવાનો નથી.

ગુણસુંદર ગૂંચવણમાં : ગુણસુંદરને તો મોટી મુંઝવણનો પ્રશ્ન આવ્યો. સત્ય વાત પ્રગટ કરી શકાય તેમ નથી. ગુણસુંદર તો ઊંડા વિચારમાં પડયો. તો રત્નસાર શેઠે સંમતિ માની લીધી અને તેના હાથમાં શ્રીફળ અને સોનામહોરો આપવા માંડયા પણ ગુણસુંદર તે હાથમાં પકડતો નથી. તે કહે–શેઠ આપ આ વાત છોડી દો પણ રત્નસાર તો કાંઈ સાંભળવા જ ન રહ્યા અને શ્રીફળ ને સોનામહોરો મૂકીને ઊભા થઈ ગયા ને જલ્દીથી દાદરો ઉતરી ગયા. શેઠ તો ચાલ્યા ગયા પણ ગુણસુંદર તો ખૂબ મુંઝાઈ ગયો. હવે કરવું શું ? તે તો હૈયાફાટ રડવા લાગ્યો. ઘરના નોકરો માણસો બધા વિચાર કરવા લાગ્યા કે અરે ! આપણા શેઠને શું થઈ ગયું ?

આ બધું બન્યું ત્યારે માણેકચંદ શેઠ બહાર ગયા હતા. તે આવ્યા ત્યારે ગુણસુંદરને ખૂબ ઉદાસ થયેલો જોયો. શેઠે પૂછયું–દીકરા ! તારું મુખ આજે આટલું બધું ઉદાસ કેમ છે ? તને શું થયું છે ? પણ ગુણસુંદર તો એવી ચિંતામાં પડી ગયો છે કે તે કાંઈ સાંભળતો નથી. સુનમૂન થઈને બેઠો છે. શેઠે કેટલી વાર બોલાવ્યો છતાં જાણે તેનું તેમાં ધ્યાન જ નથી. શેઠ કહે બેટા ! તું આજે આટલો બધો ચિંતાતુર કેમ છે ? મેં ચાર મહિનામાં તને આટલો બધો ઉદાસ કોઇ દિવસ જોયો નથી. આજે આટલું બધું શું છે ? તું બોલતો પણ નથી. દુકાને જવાનો ટાઈમ થયો છતાં ઊભો થતો નથી ને તૈયાર થતો નથી હું સમજું છું કે ચાર ચાર મહિના થયા છતાં આપણે જે કામે આવ્યા છીએ તે કામમાં સફળતા મળી નથી તેથી તારા માથા પર ચિંતાનો બોજો છે. છતાં આટલો બધો ઉદાસ જોયો નથી. આજે આટલો બધો ગમગીન કેમ છે ? તારા માથે ચિંતા છે તેવી મને પણ ચિંતા છે. માણેકચંદ શેઠ ઘણું ઘણું પૂછે છે છતાં ગુણસુંદર કાંઈ બોલતો નથી, તેથી તેમને પણ ખૂબ ચિંતા થાય છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

ભાદરવા સુદ ૧૫ને શનિવાર : વ્યાખ્યાન નં. ૭૯ : તા. ૨૮–૯–૮૫

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, પરમ પંથના પ્રકાશક એવા કરૂણાસાગર ભગવાન ફરમાવે છે

धीरो मुहुत्तमवि नो पमायए, वओ अच्चेइ जोव्वणं च । आचारांग

આર્યદેશ, ઉત્તમકુળ, જૈનશાસન વગેરે જે વસ્તુઓ જીવોને મળવી દુર્લભ છે તેને પ્રાપ્ત કર્યા પછી ધીર પુરૂષ એક મુહુર્તનો પણ પ્રમાદ ન કરે. આ વય અને આ યૌવન એકદમ ઝડપથી પસાર થઈ રહ્યા છે

આ નાના સૂત્રમાં જ્ઞાની ભગવંતે ભાવોની ગૂંથણી ખૂબ સુંદર રીતે કરી છે. મહાન પુણ્યોદયે દુર્લભ સામગ્રી તો મળી ગઇ છે. મળી ગયા બાદ જો એનું રક્ષણ ન કરીએ તો જીવનમાં જે મેળવવા જેવું છે તે મેળવી શકાશે નહિ. પ્રમાદ એટલે પતન. પ્રમાદીપણું પતનની પારાશીશી જેવું છે. પ્રમાદની પરવશતાથી ઘણાં જીવો અધઃપતનની ગર્તામાં ધકેલાઈ ગયા છે. પ્રમાદ જીવને મોક્ષ પ્રાપ્તિના માર્ગથી દૂર રાખે છે, વય વીતતી જાય છે. જન્મ્યા પછી બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા એક પછી એક અવસ્થાના એંધાણ તો એવા છે કે જેમાં માત્ર ગંદકી સાથે ગરબત કરવાની. નાની ઉંમરમાં રેતીના ઘર રમ્યો, યુવાવસ્થામાં માયા સાથે મહોબ્બત કરી, પ્રૌઢાવસ્થામાં પરિવારની પળોજણમાં રહ્યા અને વૃદ્ધાવસ્થામાં પોતાની ગંદકીમાં આળોટયા. આ વય તો ચાલી જાય છે. તેનો સ્વભાવ ચિરસ્થાયી રહેવાનો નથી. જેના સ્થાયીપણામાં શંકા હોય એ વયમાં આનંદ કયાંથી હોય ? ફૂલને ચીમળાઈ જતાં વાર લાગતી નથી તેમ યુવાનીને જતાં વાર લાગતી નથી. સંસારના સુખો અનિત્ય છે, આવું જાણવા છતાં જીવ જો પ્રમાદી બની જાય તો આ જીવન રૂપી ધનને હારી જાય છે.

માનવજીવન એટલે આરાધનાની મોસમ : સંસારના આનંદના અતિરેકમાં આજ સુધી જીવે પાપ કરવામાં બાકી રાખ્યું નથી. હવે એ પાપનો પ્રલય કરી પરમ પદ પ્રાપ્ત કરવા માટે અપ્રમત ભાવને અપનાવવાની જરૂર છે. આજ સુધી જેમાં આસક્તિ ભાવ કેળવ્યો છે તેમાં હવે વિરક્તિ ભાવ કેળવવાનો છે. જડમતિને હવે જીવમતિ બનવવો છે. પ્રમાદના ત્યાગથી જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધના ઉજ્જવળ કોટિની થાય છે. સાધનાના સોપાને ચઢતા મોક્ષમાર્ગે સુખેથી પ્રયાણ કરી શકે છે. બરોબર, પ્રમાદ તો દુશ્મન છે. એને ઓળખી લેવાની જરૂર છે. મોસમનો સમય હોય તે સમયે જો વેપારી લાંબી સોડ તાણીને સૂઈ જાય તો કમાણી કરી શકે ખરો ? ના. ત્યાં તો માનવી રાતદિવસ જોયા વિના લેવડદેવડમાં લાગી જાય છે. ભૂખ-તરસ-ઊંઘ, આળસ બધું દૂર ખંખેરી નાંખે છે. આત્મસાધના માટે માનવજીવન એ મોસમ છે. મો એટલે મોહ અને સમ એટલે શાંત. મોહને શાંત કરે એવી મોસમ એટલે આરાધનાની મોસમ. તે મોસમ આપણા આંગણે આવીને ઊભી હોય તે સમયે આળસ કે પ્રમાદ કરવો તે મૂર્ખાઈ નહિ તો બીજું શું ? આત્મભાવની શુદ્ધિનું સાધન અપ્રમત્ત ભાવ છે. આરાધનામાં ઉદ્યમવંત અપ્રમત્ત આત્મા પાપને પખાળી પુણ્યનું ભાથું બાંધી મોક્ષ માર્ગ તરફ સહેલાઈથી આગળ વધી શકે છે.

આરાધના કરવામાં ઉદ્યમવંત બનેલા આનંદ શ્રાવક દેશવિરતિની આરાધના કરી રહ્યા છે. પ્રભુ પાસે સાતમું વ્રત આદરી રહ્યા છે. તેમણે સોળ બોલની મર્યાદા કરી.

હવે આગળ બતાવે છે. (૧૭) **સાગવિહિ** : શાકની મર્યાદા. આ દુનિયામાં કેટલી જાતના શાક આવે છે. તમે બધાના નામ પણ નથી જાણતા પછી બાવાની વાત કયાં ? પણ બધાના પચ્ચક્ખાણ નથી કરતા ત્યાં સુધી પાપ આવ્યા કરે છે, માટે મર્યાદા કરો. આનંદ શ્રાવકે વથુઆ, ચુરચુ, દૂધી, સૌવરિતક અને મંડૂકિક આ પાંચ શાકની છૂટ રાખીને બધા શાકના પચ્ચક્ખાણ કર્યા.

(૧૮) **માહૂરયવિહિ** : મધુર ફળની મર્યાદા. આનંદ શ્રાવકે પાલંગ (પૂર્વદેશમાં જાણીતા વેલે થતા ફળ અથવા કેરી) માધુરંક સિવાય બાકી બધા ફળના પ્રત્યાખ્યાન કર્યા. દુનિયામાં અનેક પ્રકારના ફળો આવે છે : પપૈયા, કેરી, મોસંબી, સંતરા, સફરજન, દાડમ, કેળા, નાસપતિ, ચીકુ આદિ અનેક જાતના ફળો હોય છે. આટલા બધા ફળોમાંથી આનંદ શ્રાવકે માત્ર કેરીની છૂટ રાખી બાકી તમામ ફળોના પ્રત્યાખ્યાન કર્યા. રસેન્દ્રિય પર કેટલો કંટ્રોલ કર્યો કહેવાય.

(૧૯) **જમણવિહિ** : જમણની મર્યાદા. દાળના બનાવેલા અને ખટાશમાં નાંખેલા જેવા કે દહીંવડા તેનો આગાર રાખ્યો અને બાકીના બીજા બધા જમણના પ્રત્યાખ્યાન કર્યા.

(૨૦) **પાણિયવિહિ** : પાણીની મર્યાદા. નદી, કૂવા, તળાવ, સરોવર, વરસાદ આદિ અનેક જાતના પાણી છે. તેમાંથી આનંદ શ્રાવકે માત્ર વરસાદના પાણીની છૂટ રાખીને બીજા બધા પાણીના પચ્ચક્ખાણ કર્યા છે તે સમયે વરસાદના પાણી ટાંકામાં સંઘરી રાખતા હતા. આજે પણ હજુ કંઈક ગામમાં ટાંકાઓ છે.

(૨૧) **મુખવાસવિહિ** : મુખવાસની મર્યાદા. મુખવાસની ચીજો આ દુનિયામાં ઘણી જાતની અને ટનબંધ હોય છે, તેમાંથી આનંદ શ્રાવકે પાંચ જાતના સુગંધિત પદાર્થોથી યુક્ત મુખવાસની છૂટ રાખી. કંકોલ, કાલમિંચ, એલચી, લવીંગ, કપુર આ પાંચ મુખવાસ સિવાય બીજા સુગંધિત મુખવાસનો તથા પાનનો ત્યાગ કર્યો. પાન ખાવામાં કેટલું પાપ છે ? પાનને વેપારી રોજ પાણીમાં મૂકી રાખે. તે રોજ પાણી બદલતા નથી તેમજ પાન રોજ પાણીમાં રહે તેમાં પાનના કલરની જીવાત ઉત્પન્ન થઈ જાય છે તે આપણી નજરે દેખાતી નથી. તમે પાન માંગો ત્યારે પાનમાં મસાલો ભરીને બીડા વાળી દે. કેટલા જીવોની હિંસા થઈ જાય, માટે પાનનો ત્યાગ કરો. આ રીતે આનંદ શ્રાવકે ૨૧ બોલની મર્યાદા કરી. આ સાતમાં વ્રતમાં જીવન જરૂરિયાતની વસ્તુઓમાં નિયંત્રણ મૂકવાની વાત કરી.

હવે આવશે આઠમું વ્રત અનર્થદંડનું. આ વ્રતમાં જીવન જીવવા માટે જે ચીજોની બિલકુલ જરૂર નથી. માત્ર ઈન્દ્રિયોના ક્ષણિક આનંદ ખાતર અને મનને બહેલાવવા માટે જે જે ચીજોના ઉપભોગની પાછળ જીવ દોડે છે એ ચીજોને છોડવાની વાત આઠમા વ્રતમાં આવશે. શ્રાવકો ૧૨ વ્રત આદરે ત્યારે ૧૧ વ્રતના પચ્ચક્ખાણ લે છે પણ આઠમા વ્રતના પચ્ચક્ખાણ લેતા નથી. આ વ્રત પાળવું બધાને મુશ્કેલ લાગે છે. આઠમા વ્રતનું નામ છે અનર્થદંડ વિરમણ વ્રત. દંડ બે પ્રકારના છે. અર્થદંડ અને અનર્થદંડ. ક્ષેત્ર,

ધન, ઘર, શરીર, દાસ-દાસી, પુત્ર પરિવારને માટે અર્થાત્ પ્રયોજનને માટે જે દંડ દેવામાં આવે છે તે અર્થદંડ છે અને પ્રયોજન વિના જે દંડ અર્થાત્ હિંસા કરાય છે તેને અનર્થદંડ કહે છે અર્થદંડ કરતા અનર્થદંડના પાપો વધુ ખતરનાક છે. અર્થદંડના પાપો એવા છે કે જેના વિના જીવન ચાલે નહિ. મહાપુરૂષોએ પાપના બે પ્રકાર બતાવ્યા છે : (૧) કેટલાક પાપો જીવોની પાછળ પડયા છે. (૨) કેટલાક પાપોની પાછળ આપણે પડયા છીએ.

ખાવું, પીવું, આજીવિકા ચલાવવી, પહેરવા માટે વસ્ત્રો વસાવવા, રહેવા માટે મકાન આ બધા પાપો એવા છે કે જે તમારી પાછળ પડયા છે. સંસારમાં બેઠેલા જીવો આ ચીજો વિના પોતાનું જીવન સમાધીપૂર્વક શાંતિથી જીવી શકતા નથી, તેથી શ્રાવકે અર્થદંડ માટે પાપો કરવા પડે છે પણ તેમાં તલ્લીન બનતો નથી. એ પાપ કરવા પડે માટે કરે છે પણ તેના અંતરમાં પશ્ચાતાપ થાય છે. સદાને માટે તેની એ ભાવના હોય છે કે હું આ પાપમાંથી કયારે છૂટું ? ખાવાપીવા, પહેરવા, રહેવા માટે પૈસાની તો જરૂર પડે છે. તો જરૂરિયાત જેટલું ન્યાય નીતિથી મેળવો. આ રીતે જીવન જરૂરિયાતની ચીજો માટે કરવું પડે તે પણ પાપ તો છે પણ તે અર્થદંડ છે. જયારે અનર્થદંડમાં મનોરંજન, મોજશોખ આદિના જે પાપો છે એ પાપોની પાછળ તો માનવી પડયો છે. એ પાપો એવા નથી કે જેના વિના તમારું જીવન નભી ન શકે. અનર્થદંડના પાપો તો એવા છે કે જેનાં વિના જિંદગી સુખેથી ચાલી શકે છે. તેથી એ પાપો કર્યા પછી એ જીવને પશ્ચાતાપ ઓછો થાય છે. જે પાપો કરવા છતાં દિલમાં તેનો પસ્તાવો ન હોય તો નાના કે મોટા પાપ ભારે ખતરનાક નીવડે છે. અનર્થદંડમાં માનવી વાહવાહી, દેખાદેખીથી કર્મ બાંધે છે. કોઈને ત્યાં સારું ફર્નીચર જોયું તો કહેશે કે મારે આવું ફર્નીચર જોઈએ. કોઈની સારી વસ્તુ દેખે એટલે થાય કે મારે, તો આવું જોઇ એ. તે વસ્તુ પ્રત્યે મમતા જાગી એટલે તે મેળવવા માટે અન્યાય, અનીતિ અધર્મ આદિ અનર્થ કરીને લાવવું પડે. જ્ઞાની કહે છે કે અનર્થદંડ બહુ ખરાબ છે. જાણીપીછીને પાપ કરે તેનું પ્રાયશ્ચિત કેવી રીતે થાય ? જાણીને કોઈનું ગળું કાપી નાખ્યું ને પછી કહો કે મને પ્રાયશ્ચિત આપો તો કેવી રીતે અપાય ? આજનો માનવી પોતાના ક્ષણિક આનંદ ખાતર કેવા કેવા પાપો કરે છે અને અનર્થદંડે દંડાય છે. એક ન્યાય આપું.

અનર્થદંડે ન દંડાવ : યુરોપમાં સ્ટાલીંગ નામના પક્ષીઓ ખૂબ હોય છે. યુરોપના લોકો તે પક્ષીઓને લાવીને પાંજરામાં પૂરે અને તેમની બંને આંખો ફોડી નાંખે. તે પક્ષીઓને કેવું દુઃખ થાય ? આપણને જેટલું દુઃખ થાય તેટલું તે પક્ષીઓને થાય છે. પક્ષીઓ સંજ્ઞીપંચેન્દ્રિય છે. આચારાંગ સૂત્રમાં તો ભગવાને બતાવ્યું છે કે એકેન્દ્રિય જીવોને કોઇ કાપે, છેદે, ભેદે તો તેને પણ માનવ જેટલું દુઃખ થાય છે. જેમ લૂલા, લંગડા, બહેરા, અપંગ, આંધળા કોઈ જીવને તલવારથી મારે, છેદે તો તેને

દુઃખ જરૂર થાય પણ તે બોલી શકતા નથી તેમ એકેન્દ્રિય જીવોને પણ મોટલું દુઃખ થાય છે. પણ કોઇની પાસે કહી શકવાની શક્તિ નથી. એકેન્દ્રિય જીવોને જો આટલું દુઃખ થાય છે તો પંચેન્દ્રિય જીવોને તો દુઃખ થાય એ સ્વાભાવિક છે. જગતમાં એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના દરેક જીવોને જીવવું ગમે છે. કોઈને મરવું ગમતું નથી. अप्पियवहा, पियजीविणो जीविउकामा सव्वेसिं जीवियं पियं ।

આ પક્ષીઓ તિર્યંચ પંચેન્દ્રિય છે. તેમની આંખો ફોડીને પાંજરામાં પૂરી રાખે ત્યારે એ પક્ષી એ વેદનામાં કારમી ચીચીયારીઓ કરે, કલ્પાંત કરે અને કરૂણ સ્વરે રડે. એ કરૂણ સ્વર તે લોકોને સાંભળવો બહુ ગમે. તે સાંભળવાની તેમને મઝા આવે, આનંદ આવે. આ અવાજ સાંભળવા માટે તેઓ આ પંખીઓની આંખો ફોડી નાંખે છે. પોતાના આનંદ માટે આવા પાપ કરવા તે અનર્થદંડ. આ રીતે કરવામાં તેમનો કોઈ સ્વાર્થ સરવાનો નથી. પોતાને ગમતો અવાજ સાંભળવા માટે આ રીતે પાપ કરીને જીવ અનર્થદંડે દંડાય છે. તમે આવા પાપ કરવા જવાના નથી પણ બીજા પાપોથી અનર્થદંડે દંડાઈ રહ્યા છો. કંઇક વાર ભાઈઓ રસ્તામાં ચાલતા હોય અને વચ્ચે મોટું વૃક્ષ આવે તો વિના કારણે ફળ-ફૂલ યાંદડાને તોડે છે. આવું કરવામાં તેનો કોઈ સ્વાર્થ સરે ખરો? વગર કારણે પાપ બાંધે છે. આ અનર્થદંડને સમજવા માટે એક ન્યાય આપ્યો છે.

સાપ અને સાપોલિયામાં ભયંકર કોણ? : સાપ છે અને સાપોલિયું છે. એ બેમાં વધારે ખરાબ કોણ? દેખાવમાં સાપ મોટો દેખાય એટલે તમે બધા કહેશો કે સાપ ખરાબ પણ સાપ કરતાં સાપોલિયું વધારે ખરાબ છે. સાપ દેખાવમાં મોટો દેખાય તેથી જલ્દી દેખાઈ જાય છે. તે કરડે તો તેનું ઝેર પણ ચઢી જાય છે એટલે તેનાથી બધા ખૂબ સજાગ રહે છે. ખૂબ સાવધાની રાખે છે. તેનાથી સાવધાન રહેવું સહેલું છે જ્યારે સાપોલિયું કદમાં નાનું અને પાતળું હોય છે. તે જલ્દી દેખાતું નથી. ગૂંચળું વળીને કયાંય પેસી જાય તે ખબર પડતી નથી, તેથી તેનાથી સાવધાન રહી શકાતું નથી તેથી કયારેક સાપથી બચી જનારા સાપોલિયાથી મરી જાય છે. જે વાત સાપ અને સાપોલિયા માટે છે એ વાત અર્થદંડ અને અનર્થદંડ માટે છે. અર્થદંડ એ સાપ છે અને અનર્થદંડ એ સાપોલિયું છે. તમારો જીવન વ્યવહાર ચલાવવા માટે પૈસા મેળવવા પાપ કરવા પડે એ અર્થદંડ છે. ત્યાં તમને થાય કે સંસારમાં રહ્યો છું તો આવા પાપ કરવા પડે છે ને? તે પાપો પાપ રૂપે સમજાય છે. સાપોલિયું દેખાતું નથી. તે છૂપાતું છૂપાતું આવે અને ડંખ દઇ દે તેમ અનર્થદંડ એ છૂપો દુશ્મન છે. દુશ્મન કે શત્રુ હોય તો તેનાથી ચેતતા રહીએ પણ જે મિત્ર થઈને દુશ્મન બને એનાથી ચેતતા કેવી રીતે રહી શકીએ? દુશ્મન સારો પણ વાલેશ્રી દુશ્મન નહિ સારો. સાપોલિયું દેખાતું નથી તેમ અનર્થદંડ પાપ રૂપે દેખાતું નથી. તેથી જીવ ઘોર પાપ બાંધે છે.

અનર્થદંડ તો ખૂબ ખરાબ છે છતાં તેમાં જીવ દંડાયા કરે છે. ચાર ભાઈઓ કે

બેનો ભેગા થઇને બેઠા. કોઇની નિંદા કરી, અવર્ણવાદ બોલ્યા અથવા તો જ્યાં સાસુ-વહુ પ્રેમથી રહેતા હોય ત્યાં તડ પડાવવાના કામ કર્યા. આ વાતમાં તમને કંઇ મળવાનું નથી છતાં વગર કારણે આવા પાપો કરીને જીવ અનર્થદંડે દંડાય છે અને પાપના પુંજ એકઠા કરે છે માટે સમજો અને પાપથી અટકો. આજે જરૂરી પાપો કરતાં બિનજરૂરી પાપો વધુ થઇ રહ્યા છે. જરૂરી પાપો કરતાં બિનજરૂરી પાપોનું લીસ્ટ મોટું થશે અનર્થદંડના જ્ઞાની ભગવંતે ચાર ભેદ બતાવ્યા છે : (૧) **अवज्झाणा चरियं** : માઠું ધ્યાન ધરવું કે માઠી ચિંતવણા કરવી. ધ્યાન ચાર છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુકલધ્યાન. આ ચાર ધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ખરાબ છે. ધર્મધ્યાન અને શુકલધ્યાન સારા છે. જગતના જીવોમાં મોટા ભાગે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન વધારે હોય છે. એ બે ધ્યાન નરક અને તિર્યંચ ગતિમાં લઈ જાય છે. ધર્મધ્યાન દેવલોકમાં અને શુકલધ્યાન મોક્ષમાં લઇ જાય છે, તેથી પહેલા બે ધ્યાન છોડવા યોગ્ય છે અને પાછળના બે ધ્યાન આદરવા યોગ્ય છે. આ ચારે ધ્યાન જાણવા તો જોઇએ. જો જાણશો તો છોડવા યોગ્ય છોડી શકશો અને આદરવા યોગ્ય આદરી શકશો. એક સાથે ચાર ધ્યાન કોઇને હોય નહિ. પ્રથમના ત્રણ ગુણસ્થાને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન. ચોથા પાંચમા ગુણસ્થાનકે ત્રણ ધ્યાન આર્ત, રૌદ્ર અને ધર્મધ્યાન. છઠ્ઠા ગુણસ્થાનકે આર્ત અને ધર્મધ્યાન, સાતમા ગુણસ્થાનકે એક માત્ર ધર્મધ્યાન અને આઠમાથી ચૌદમા ગુણસ્થાનક સુધી શુકલધ્યાન. અત્યારે પાંચમા આરામાં કોઇને શુકલધ્યાન હોય નહિ.

ધન, સંપત્તિ, સંતાન, સ્વાસ્થ્ય આદિ ઇષ્ટ વસ્તુઓ ન મળવા પર અને સ્વજનોનો આદિ ઇષ્ટનો વિયોગ થવાથી જે માનસિક ચિંતા થાય તે આર્તધ્યાન. મનગમતા પદાર્થોના સંયોગોમાં અને અનિષ્ટના વિયોગમાં રાજી થવું અને ઇષ્ટના વિયોગમાં તથા અનિષ્ટના સંયોગમાં દુઃખી થવું એ આર્તધ્યાન છે. સંપત્તિ તથા શરીરની સુરક્ષા ખાતર બીજાને ખતમ કરી દેવાના વિચારો એ રૌદ્રધ્યાન છે. આત્મા જો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના સ્વરૂપને સમજે તો જરૂર એ પાપથી પાછો વળે. મહાન પુરૂષોને આર્તધ્યાન, રૌદ્રધ્યાન થાય તેવા પ્રસંગો તેમની સામે ઊભા થયા છતાં એ ધીર પુરૂષોએ આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં ફેરવી દીધું. અશુભ ધ્યાનને શુભમાં પલટાવી નાંખ્યું. એ કેવી રીતે કરી શકયા હશે ? તેમણે એવી કઈ કળા અજમાવી હશે ? આ વાત ખૂબ વિચારવા જેવી છે.

દર્દી ડૉક્ટરને દુશ્મન માને કે દોસ્ત માને ? સમજી લો કે કોઇ માણસને ભયંકર બિમારી આવી, નાના ગામમાં નિદાન ન થયું તો તેને મુંબઇ, કલકત્તા જેવા મોટા શહેરમાં લઈ ગયા. અરે, જો સુખી પાર્ટી હોય તો અમેરિકા પણ લઈ જાય. ડૉક્ટરે તપાસીને કહ્યું કે ઓપરેશન કરવું પડશે, પેટ ચીરવું પડશે. પૈસા આપવાના, સામા પગલે જવાનું છતાં મનમાં આનંદ શા માટે ? રોગનો ભય દૂર થશે. ડૉક્ટર તે દર્દીને ટેબલ પર લે, સામે ઓપરેશનના હથિયારો જુએ છતાં દર્દીને ભય લાગે ખરો ?

તે સમયે દર્દી ડૉક્ટર પર ક્રોધ કે રોષ કરે ખરો ? તેમને ગાળો દે ખરો ? ના. તેને મન તો ડૉક્ટર જાણે ભગવાન લાગે. શાથી ? તે સમજે છે કે આ ડૉક્ટર ભલે મારું પેટ ચીરે પણ તે મારો રોગ મટાડવાના છે. તેને મન ડૉક્ટર દુશ્મન નહિ પણ રોગ મટાડનાર દોસ્ત જેવા લાગે. ડૉક્ટર પ્રત્યે તેના સારા ભાવ હોય, તે ડૉક્ટરને ઉપકારી માને. બસ, આ જ વાત મહાપુરૂષોએ જીવનમાં અપનાવી છે તેથી આર્ત–રૌદ્રધ્યાનના સ્થાને ધર્મ–શુકલધ્યાન લાવી શકયા.

મોક્ષાર્થીને મન દુઃખદ તે સુખદ : ખંધક મુનિના શરીરની ચામડી ચડચડ ઉતરી છતાં રાજસેવકો પર રોષ ન આવ્યો, આર્તધ્યાન ન થયું. શા માટે ? તેમણે રાજસેવકોને ડૉક્ટર માન્યા. ભવરોગને દૂર કરવા માટે એ ઓપરેશન માન્યું. આ ઓપરેશનથી ભવનો ભય દૂર થવાનો છે તેથી રાજસેવક પર રોષ કે ક્રોધ ન આવ્યો પણ તેમને ઉપકારી માન્યા. અવંતી સુકુમાલે પોતાના શરીરને શિયાળણીના મોઢે ચવાઈ જવા દીધું. શિયાળણીને શરીરનું માંસ ખાવા દીધું, લોહી પીવા દીધું. મેતારજ મુનિએ સોનીને ચામડાની વાધર પોતાના માથે વીંટવા દીધી. શા માટે ? એમણે કર્મનો રોગ મટાડનાર ડૉક્ટર માન્યા. તેમાં ભવનો રોગ દૂર થતો દેખાયો. આપણા શાસનપિતા ભગવાન મહાવીર સ્વામીને ગોવાળિયાએ કાનમાં ખીલા નાંખ્યા. સંગમે કાળચક્ર મૂકયું. છ છ મહિના સુધી ઉપસર્ગો આપ્યા છતાં બધું હસતા મુખે સહન કર્યું કારણ કે એમાં એમને ભવરોગ દૂર થતા દેખાયા.

ભગવંતે મુનિઓને ઉપસર્ગો સહન કરવાનો ઉપદેશ આપ્યો. તે શા માટે ? સંતો ભવોભવના રોગને મટાડવા સાધના કરે છે. ઉપસર્ગો આવે તો તેમાં ભવના રોગનું ઓપરેશન થયું છે. ઓપરેશન કરનાર ડૉક્ટર પર દર્દીને રોષ થતો નથી. એ તો ઉપકારી લાગે છે તેમ ખંધક મુનિને ઉપસર્ગ દેનાર રાજસેવકો મહાઉપકારી લાગ્યા. મેતારજ મુનિને સોની ઉપકારી લાગ્યો અને અવંતી સુકુમાલને શિયાળણી ઉપકારી લાગી. ઓપરેશન કરતો ડૉક્ટર જો દર્દીને ખરાબ દેખાય, ઉપકારી ન લાગે, દર્દી ડૉક્ટરને ગાળો દે તો તેનું ઓપરેશન બગડી જાય છે તેમ ઉપસર્ગ વખતે ઉપસર્ગ દેનાર જો ખરાબ લાગે, દુશ્મન લાગે, તેના પ્રત્યે ક્રોધ કે રોષ આવે તો સમતા, ક્ષમા તૂટી જાય તો તેનો સંસાર વધી જાય.

દુશ્મનને દુશ્મન માને તેની દુર્ગતિ : ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલ્યા. તે બધાએ પાલકને ઉપકારી માન્યો. ભવરોગ મટાડનાર ડૉક્ટર માન્યો. અમે ઘાણીમાં પીલાતા નથી પણ ખરેખર અમારા કર્મો પીલાય છે. તેમણે હસતા મુખડે આવા ભયંકર ઉપસર્ગને સહન કર્યો તો મોક્ષે પહોંચી ગયા. આ બધા સમતાસાગર મુનિઓએ એ જ વિચાર કર્યો કે જે કર્મો ખપાવવા માટે અમારે કેટલી સાધના કરવી પડત. તે કર્મોને જલ્દીમાં જલ્દી ખપાવવા માટે અમને સારા સહાયક ડૉક્ટર મળી ગયા તો અમારા ભવરોગ જલ્દી દૂર થયા. ૫૦૦ શિષ્યોના ગુરૂ ખંધક મુનિએ પાલકને

ડૉકટર ન માન્યો પણ દુશ્મન માન્યો તેથી તેમને આર્તધ્યાન-રૌદ્રધ્યાન થયું. પરિણામે તેમનો ભવરોગ દૂર ન થયો પણ તેમની ગતિ બગડી ગઈ.

નાનું બાળક હોય તો તે ઓપરેશન હોલમાં જતાં ડરે છે. ચકમકતા શસ્ત્રો અને ડૉકટરને જોઈને ગભરાઈ જાય છે, ચીસ પાડે છે કારણ કે એને રોગની ભયંકરતા અને રોગને મટાડનાર ડૉકટરની ઓળખ થઈ નથી. તેમ જે બાલ-અજ્ઞાની જીવો છે તેમને જરા પણ દુઃખ આવે ત્યાં તે ગભરાઈ જાય છે કારણ કે તેમને એ સમજાયું નથી કે આ ઉપસર્ગ તો મારો ઉપકારી છે. કર્મની શૃંખલાને તોડનાર છે. ભવરોગથી મુક્ત કરનાર છે તેથી જ્યારે ઉપસર્ગ આવે ત્યારે આર્તધ્યાન-રૌદ્રધ્યાન કરીને ભવરોગને વધારે છે. આઠમા વ્રતમાં ઘણી સમજવા જેવી વાતો આવે છે. ભલે તેમાંથી સંપૂર્ણ ન બચી શકો પણ બને તેટલા પાપથી તો અટકો તો અનર્થદંડથી બચી શકશો. હજુ આગળ શું ભાવ ચાલશે તે અવસરે.

ચરિત્ર : ગુણસુંદરને ઉદાસ જોઈને માણેકચંદે પૂછયું બેટા ! તને શું થયું છે ? ત્યારે ગુણસુંદર હંયાફાટ રડવા લાગ્યો. તેની આંખમાંથી આંસુની ધારા વહી.

ગુણસુંદરને રડતો જોતાં, શેઠનું દિલ દુભાય,
શું ચિંતા આવી હશે તેને, ઉત્તર દે નહિ આજ હો.

માણેકચંદે ગુણસુંદરને પૂછયું ત્યારે તે તો હીબકા ભરીને રડવા લાગ્યો, કાંઈ બોલી શકતો નથી. માણેકચંદ શેઠથી આ ગુણસુંદરનું રૂદન જોયું જતું નથી. તેમનું વાત્સલ્ય નીતરતું હૈયું ઉભરાઈ આવ્યું. બેટા ! આજે શું કાંઈ ખાસ બીના બની છે ? જે હોય તે કહે. ગુણસુંદર કાંઈ બોલ્યો નહિ પણ મૌનપણે તેણે શ્રીફળ અને સોનામહોર બતાવ્યા. દીકરા ! આ શું ? આ તો સગાઈના કહેણનું નિશાન છે. આ કોનું કહેણ આવ્યું છે ? બાપુજી ! કહેણ આવ્યું છે એટલું નહિ. આ આપીને લગ્નનું વચન પણ લઈ ગયા છે. બેટા ! આ તું શું બોલે છે ? લગ્નનું વચન પણ લઈ ગયા છે ? આ શું વાત છે ? શું તને તારા પતિ મળી ગયા ? રત્નસાર શેઠ હવેલીએ આવ્યા ને આ બધી વાત કરી ગયા તે માણેકચંદ શેઠ કાંઈ જાણતાં નથી એટલે પૂછે છે શું અમારા જમાઈ મળી ગયા ? શું તેમને ખબર પડી ગઈ કે તું અહીં આવી છે ? તે તેમના માતા-પિતાની હાજરીમાં ફરી વાર લગ્ન કરવા માંગે છે ? બાપુજી ! જો તેઓ હોત તો હું આટલી રડું શા માટે ? તેમનો તો કોઈ પત્તો નથી. ઘણી શોધ કરી છતાં તે જડતા નથી. ચાર ચાર મહિના થયા છતાં તેમના કાંઈ સમાચાર મળતા નથી.

"માણેકચંદ શેઠ મૂંઝવણમાં" : માણેકચંદ શેઠને શ્રદ્ધા છે કે આ ગુણસુંદર કોઈ દિવસ અવિચાર્યું પગલું ભરે નહિ અને કોઈ સ્ત્રી સાથે તો એ લગ્ન કરવાની હા શેની પાડે ? કારણ કે એ તો જાણતા હતા કે ગુણસુંદર એ ગુણસુંદરકુમાર નથી પણ ગુણસુંદરી છે. એટલે તે માનતા હતા કે આ શ્રીફળ તેના પતિ તરફથી આવ્યું હશે. તો જ તે સંમતિ આપે પણ ગુણસુંદરને નિઃસાસો નાંખતા જોઈને સમજી ગયા

કે આ બીજા કોઈનું શ્રીફળ આવ્યું હશે. શેઠ સમજી શકતા નથી કે ગુણસુંદરને શું થયું છે? ગુણસુંદરને શાંત કરવા તેમણે મજાકમાં કહ્યું કે તો આ શ્રીફળ કોણ આપી ગયું? ગુણસુંદરનું હૈયું વધુ ભરાઈ ગયું. અત્યાર સુધી તેણે ખૂબ ધૈર્યતા રાખી હતી. અનેક યુવાનોને જોતી પણ કોઈમાં તેને પતિનો અણસાર દેખાતો ન હતો. પુણ્યસારને જોઈને તેના મનમાં થતું કે તેમનું મુખ અને શરીરની આકૃતિ પતિને મળતી આવે છે પણ તે તે જ છે એવું નક્કી કરી શકતી ન હતી. પુણ્યસારની સાથે ગાઢ મૈત્રી થઈ ગઈ છે તેથી તેની સાથે હરતી ફરતી પણ પોતાના શીલ અને સંસ્કારને સાચવીને પોતાનો વેશ ભજવતી હતી. તેના હૈયામાં તો ઊંડે ઊંડે એ ભાવના હતી કે મારા પતિ મને કયારે મળશે? લગ્નની વાત થતાં તેને પતિની યાદ આવતાં તેનું હૈયું ભરાઈ આવ્યું અને માણેકચંદ શેઠના ખોળામાં માથું નાંખીને હીબકા ભરીને રડવા લાગી.

ગુણસુંદરે વ્યક્ત કરેલી અંતરવ્યથા : માણેકચંદ શેઠ તો ખૂબ ચિંતામાં પડી ગયા કારણ કે ગુણસુંદરીના પિતાએ તેમને ખૂબ ભલામણ કરી છે. આપ તેનું ખૂબ રક્ષણ કરજો એટલે તેમને તો ખૂબ ચિંતા થઈ. એક તો તેમને ખબર નથી કે આજે ગુણસુંદરને શું થયું છે? વળી તે પૂછે છે તો જવાબ આપી શકતી નથી અને વધુ રડે છે, તેથી તેમનું હૈયું પણ ભરાઈ ગયું. હું કેવી રીતે તેને શાંત પાડું? હવે તેને એક વાર રડી લેવા દઉં જેથી તેનું હૈયું હળવું બને. તેને સોડમાં લીધી અને મા-બાપ દીકરીને વાત્સલ્યથી માથે હાથ ફેરવે તેમ માણેકચંદ શેઠે વહાલભર્યો હાથ ફેરવ્યો. થોડી વાર થઈ પછી ગુણસુંદર શાંત થયો. તેના મનમાં થયું કે જો હું આમ રડયા કરીશ તો માણેકચંદ શેઠ વધુ ચિંતાતુર બનશે એટલે તે સ્વસ્થ બની ગયો. માણેકચંદે પૂછયું– બેટા! તું આટલી બધી રડે છે શાથી? શું કાંઈ અશુભ બન્યું છે? બન્યું નથી પણ બનશે એમ લાગે છે. દીકરી! તારી વાતમાં મને કંઈ સમજ પડતી નથી. આજે તું મને બરાબર જવાબ આપતી નથી. હું તારા અંતરની વેદના સમજુ છું. તને તારા પતિની યાદ સતાવે છે પણ આમ હિંમત હારી જવાથી, રડવાથી શું એ મળી જશે? માટે હિંમત રાખ. બેટા! આ શ્રીફળ તને કોણ આપી ગયું? અને કોની સાથે લગ્નનું વચન અપાયું છે? બાપુજી! આપણી સામે રત્નસાર શેઠ છે. તેમને એકની એક દીકરી રત્નસુંદરી છે. હું જ્યારે દુકાને જવા નીકળતો ત્યારે એ મારા પર રોજ ફૂલ નાંખતી. મને શી ખબર કે એ મારામાં આસક્ત બની છે. જો મને પહેલા ખબર પડી હોત તો હું આ ઘર બદલી નાંખત. તેને મારી સાથે લગ્ન કરવા છે. શેઠ કહે પણ તે તો દીકરી છે. તે મારા સિવાય કોઈની સાથે લગ્ન કરવા ઈચ્છતી નથી એટલે આજે સવારે રત્નસાર શેઠ અહીં આવ્યા હતા ને મને આ વળગાડી ગયા છે, મારા વેશપલટાએ એને ભારે દગો દીધો. એ તો નક્કી કરીને બેઠી છે કે પરણીશ

તો એને જ. જો હું ના પાડું તો આપઘાત કરે. હવે મારે શું કરવું ? હું ખુલ્લી થઈ શકતી નથી. મારા મનની વાત કોને કરવી ?

ભીતરનો ભેદ અણખોલ્યો સારો : રત્નસાર શેઠે સગપણની વાત કરી ત્યારે મેં ઘણી ના પાડી, ઘણાં બહાના બતાવ્યા, કેટલીય દલીલો કરી છતાં તે માન્યા નહિ અને શ્રીફળ મૂકીને ચાલ્યા ગયા. મેં શ્રીફળ હાથમાં લીધું નથી. હું તો મૂંઝાઈ ગયો છું; આપ કાંઈ રસ્તો બતાવો. બેટા ! આમાં તો મારી મતિ પણ મુંઝાઈ ગઈ છે. મારી બુદ્ધિ કામ કરતી નથી. હું તને કયો રસ્તો બતાવું ? બાપુજી ! જે બની ગયું છે તે કોયડો ઉકેલવા માટે કંઈક રસ્તો તો શોધવો પડશે. તેમનું શ્રીફળ અને સોનામહોર પાછા મોકલી દઈએ. બેટા ! શ્રીફળ પાછું મોકલવું એ ખાનદાનને શોભતું નથી. તો શું કરવું ? તમારા જમાઈનો પત્તો પડતો નથી. હું તેની સાથે લગ્ન કરું. પછી એને ખબર પડે કે આ છોકરી છે તો તેને કેટલો આઘાત લાગશે ? પછી આ દુનિયામાં મોઢું શું બતાવું ! માણેકચંદ કહે, જો શ્રીફળ પાછું મોકલાવીશું તો રત્નસુંદરી અને એના માબાપ બધાને કેટલો આઘાત લાગશે ! તો હવે મારે કરવું શું ? બેટા ! તું રત્નસુંદરીને એકાંતમાં બોલાવીને સત્ય વાત પ્રગટ કરી દે. ના. એ વાત તો ખુલ્લી કરવી નથી. જેની શોધ માટે અહીં આવ્યા ચાર મહિના થયા, માત્ર બે મહિના બાકી છે. મારા માથે હજુ તલવાર ઝુલી રહી છે માટે ભેદ તો ખુલ્લો કરવો નથી. મારા અંગત મિત્ર પુણ્યસારને પણ આ વાત કરી નથી તો રત્નસુંદરીનો શું વિશ્વાસ રખાય ? તો હવે કરવું શું ?

ગૂંચવણભર્યા કોયડાનો ઉકેલ : માણેકચંદ કહે–તો હવે આવેલા લગ્નને સ્વીકારી લેવા, પણ રત્નસુંદરીને પછી એ ભેદરેખાની જાણ થાય ત્યારે તે એમ નહિ માને કે મને ગુણસુંદરે દગો દીધો. દીકરી ! તું આજે એ ભેદ ખુલ્લો નહિ કરે તો વહેલો કે મોડો ભેદ તો ખુલ્લો થવાનો છે તે સમયે શું કરીશું ? બાપુજી ! આ ભેદ અત્યારે તો ખુલ્લો ન કરાય. સમય આવશે ત્યારે જોયું જશે. આજે આ ગામમાં બધા મને ગુણસુંદર તરીકે ઓળખે છે. છ મહિનામાં મને મારા પતિ નહિ મળે ત્યાં સુધી આ રીતે રહીશ અને પછી નહિ મળે તો મારી પ્રતિજ્ઞા પ્રમાણે અગ્નિસ્નાન કરીશ. બેટા ! તું આવા અમંગળ, અશુભ શબ્દો કેમ બોલે છે ? મને વિશ્વાસ છે. છ મહિનામાં તને તારા પતિ જરૂર મળી જશે, ત્યારે તું તારો ભેદ ખુલ્લો કરજે, પછી આ રત્નસુંદરી તેમને સોંપી દેજે. ત્યાં સુધી તું એનાથી દૂર રહેવા પ્રયત્ન કરજે, અને તારી ગુપ્ત વાતની ખબર પડવા દઈશ નહિ.

કર્મની કિતાબ વિચારતી ગુણસુંદરી : બાપુજી ! તો હવે મારે તેની સાથે લગ્ન કરવા ? તે સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો નથી. ગુણસુંદરી કહે-ભલે, મારા માથે જે વીતવાનું હશે તે વીતશે. જે થવાનું હશે તે થશે પછી દેખા જાયેગા. કર્મની કિતાબ કોઈ જુદી છે. કર્મના કોયડા ઉકેલવા મુશ્કેલ છે. શું કર્મ તારી લીલા છે ! આજે એક સ્ત્રીને સ્ત્રી સાથે પરણવાનું થયું છે ! કર્મરાજા નચાવે

તેમ નાચવાનું છે. મારા પિતાજી એક દેવના વચન પર ઝૂકી ગયા ! તે છોકરો તો જાણે અદ્ધર આકાશમાંથી આવે તેમ આવી પડયો હતો. મારા બાપુજીએ તેનું નામ, ઠામ, ગામ કે જાતિ કાંઈ પૂછયા કર્યા વગર સાતે દીકરીઓને તેની સાથે પરણાવી દીધી ! એ લગ્નની રાતે કર્મે પતિનો વિયોગ કરાવ્યો. આજે કર્મ સ્ત્રીજાતિ સાથે લગ્ન કરવાની ફરજ પાડે છે; તે કરે તેમ મારે કરવાનું રહ્યું. પૂર્વભવમાં કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. તો હવે કર્મે જે સ્થિતિ સર્જી છે તેમાં આનંદથી રહેવાનું. કર્મની સત્તા આગળ ભલભલા ચમરબંધીઓ અને મોટા મોટા સમ્રાટો પણ હાર ખાઇ જાય છે તો પછી મારા જેવીનું શું ગજું ! મારા ભાગ્યમાં જે થવાનું હશે તે થશે. અત્યારે ચિંતા કરવાથી શું ? માણેકચંદ કહે– બેટા ! આ લગ્ન પાછળ કોઇ શુભ પરિણામ પણ હોય ! શા માટે આપણે અશુભની કલ્પના કરવી ? હવે બીજો કોઈ ઉપાય નથી. માટે આ કામને મંગળ માનીને બધી તૈયારી કરવાની. હવે તો શ્રીફળ અને સોનામહોરને વધાવીને લગ્નની તૈયારીઓ શરૂ કરવાની. બેટા ! હવે આપણે લગ્નની તૈયારીઓ કરીએ. હવે શું બનશે તે અવસરે.

ભાદરવા વદ ૧૧ રવિવાર : વ્યાખ્યાન નં. ૮૦ : તા. ૨૯-૯-૮૫

"બદલાતી તસ્વીર"

અનંતજ્ઞાની, અનંતદર્શની એવા તીર્થંકર ભગવંતે જીવોના શ્રેય માટે સિદ્ધાંત રૂપ વાણીનું પ્રકાશન કર્યું. જેમાં શાશ્વત સુખનો મહાસાગર વહી રહ્યો છે. જેના અક્ષર અક્ષરમાં અનંતુ સુખ, શબ્દે શબ્દમાં શાશ્વત શાંતિ, પદેપદમાં પવિત્રતા અને વાક્યે વાક્યમાં વૈરાગ્ય રસના ઝરણા વહી રહ્યા છે. આ વાણી રૂપી જળમાં જે આત્મા શુદ્ધ ભાવથી સ્નાન કરે તે અમર થયા વિના રહે નહિ. રાગીમાંથી વીતરાગી, જનમાંથી જિન અને પાપીમાંથી પુનિત બનાવવાનો વીલપાવર ભગવાનની વાણીમાં રહેલો છે. જિનેશ્વર પ્રભુની ધર્મદેશના એટલે અનુપમ પ્રકારનું સુંદરમાં સુંદર સંગીત. એમ કહીએ તો કહી શકાય. ભગવાનની દેશના માલકોશ રાગમાં અને અર્ધમાગધી ભાષામાં થાય છે. ભગવાનનો સૂર અત્યંત મધુર હોય છે. દેવો તેમાં દુદુંભીના સૂર પૂરે છે. પ્રભુની દેશના સાંભળતા જીવને થાક પણ ન લાગે અને ભૂખ પણ ન લાગે. એવા પ્રભુ ફરમાવે છે કે હે જીવો ! તમને જે માનવદેહ મળ્યો છે તેના દ્વારા તમારા જીવનની તસ્વીર બદલી નાંખો. વ્યવહારમાં તસ્વીરનો અર્થ તમે છબી, ફોટો કે આકૃતિ કરો છો પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં તેનો અર્થ જ્ઞાનીએ જુદો કર્યો છે. તસ્વીરમાં ચાર અક્ષર છે. પ્રથમ અક્ષર છે 'ત' 'ત' એટલે તરી જા. 'સ' એટલે સંસારથી, 'વી' એટલે વીતરાગ વાણી દ્વારા, 'ર' એટલે રમણતા કર. વીતરાગ વાણીના ભાવોમાં રમણતા કરીને તું આ ભયંકર દુઃખમય સંસારને તરી જા, અથવા તારા પાપમય અશુદ્ધ જીવનને વિશુદ્ધ

બનાવ. પ્રકૃતિનું પરિવર્તન અને દુર્ગુણોનું દહન કરીને જીવનની તસ્વીરને બદલી લે આ દેહની તસ્વીર તો જીવે ઘણી બદલી છે પણ આ માનવ દેહ દ્વારા હવે જીવનની તસ્વીર બદલવી છે. આપણા આત્માએ પૃથ્વી, પાણી, તેઉ, વાઉ, વનસ્પતિ રૂપે દેહ ધારણ કર્યો. કીડી, કીડા, મચ્છર, મંકોડા અને માખીના દેહ ધારણ કર્યા. જ્યાં સુધી આત્મા કર્મરહિત ન બને ત્યાં સુધી દેહની તસ્વીર તો બદલાયા કરે છે પણ એ તસ્વીરો એવી મળી હતી કે જે જીવનની તસ્વીર બદલાવી ન શકે. અરે ! દેવભવમાં ગયો ત્યાં એની શારીરિક શક્તિ, બળ ગમે તેટલું હોવા છતાં જીવનની તસ્વીર બદલી શકે એવી એનામાં શક્તિ ન હતી. નારકીના જીવો તો ભયંકર દુઃખમાં પડેલા છે. માત્ર આ માનવ દેહની તસ્વીર એવી મળી છે કે જેના દ્વારા જીવનની તસ્વીર બદલાઈ જાય.

જો જડની તસ્વીર બદલાય તો જીવનની તસ્વીર ન બદલાય ? આ મનુષ્ય દેહમાં પણ તસ્વીર કેટલીય વાર બદલાય છે. તમારો બાળપણનો ફોટો જુઓ, વિદ્યાર્થી જીવનનો ફોટો જુઓ, યુવાનીનો ફોટો જુઓ, એમાં તમને કેટલો ફરક દેખાય છે ? તમારો બાળપણનો ફોટો તો તમે ઓળખી શકશો નહિ. આ બધા ફોટા જો સ્વચ્છ અને સારા આવ્યા હશે તો તમને ગમશે. તેના તરફ આકર્ષણ થશે. એથી આગળ વધતાં ઘડપણનો ફોટો પડાવ્યો હશે તો યુવાનીના ફોટા આગળ એ ફોટો સાવ જુદો લાગશે, કારણ કે યુવાનીના ફોટામાં મુખ પર તેજસ્વીતા અને યૌવનનું નૂર ઝળહળતું હશે. જ્યારે ઘડપણના ફોટામાં એ નૂર નહિ દેખાય. આ જ રીતે આપણા જીવનની તસ્વીર બદલવી છે. ફોટામાં જો હસતું મુખ હશે તો ફોટો સારો આવશે અને ગમગીન મુખ હશે તો ફોટો સારો નહિ આવે તેમ જીવનની તસ્વીર સારી બનાવવી છે કે ખોટી ? એ આપણા હાથની વાત છે. પથ્થરનો ટુકડો કોઈ શિલ્પીના હાથમાં જાય તો એની તસ્વીર બદલાતા સુંદર મૂર્તિ બનતા લાખો લોકોની પૂજનીક બને છે. એક લોખંડનો ટુકડો સારા એંજિનિયરના હાથમાં જાય તો એવી મશીનરી બની જાય કે જેના વેચાણથી રંક શ્રીમંત બની જાય. કાગળના ટુકડાને સરકારે પ્રેસમાં મોકલી તેના પર સરકારી બેંકની છાપ મારી તો કાગળનો ટુકડો કિંમતી બની ગયો. આવી જડ વસ્તુની જો તસ્વીર બદલાઈ જાય છે તો શું આપણા જીવનની તસ્વીર ન બદલી શકીએ ?

અંગુલીમાલ લૂંટારાનું જીવન કેવું હતું ? રસ્તેથી આવતા જતા માનવીની આંગળીઓ કાપીને તેનો હાર બનાવી ગળામાં પહેરતો હતો અને લોકોને ત્રાસ આપતો હતો પણ એક વાર બુદ્ધનો સમાગમ થતાં તેના જીવનની તસ્વીર બદલાઈ ગઈ. હિંસક મટી અહિંસક બન્યો. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૮ મા અધ્યયનમાં વાત આવે છે. સંયતિ રાજા શિકાર કરવા ગયા ત્યાં બાણથી મૃગનો શિકાર કર્યો. એ મૃગ મુનિની પાસે આવીને પડયો હતો, તેથી રાજાને ભય લાગ્યો કે આ મૃગ મુનિનો હશે. જો મુનિ કોપશે તો તેમના પ્રભાવથી કરોડો મનુષ્યોને બાળી નાંખશે, તેથી રાજા મુનિને વંદન કરી પોતાના અપરાધની માફી માંગે છે ત્યારે મુનિ કહે છે હે રાજન ! " અમઓ

पत्थिवा तुब्भं, अभयदाया भवाहि य ।'' જો તારે માફી જોઈતી હોય તો તારા જીવનની તસ્વીર બદલી નાંખ. તારું જીવન જે હિંસામય છે તેને તું અહિંસામય બનાવી દે. પાપથી ખરડાયેલા તારા કાળા જીવનને તું પુનિત અને સ્વચ્છ બનાવી દે, તો તારા જીવનની તસ્વીર કોઈ જુદી જ પલટાઈ જશે. અરેખર મુનિના એક વચને રાજાના જીવનની તસ્વીર બદલાઈ ગઈ. હિંસક મટી અહિંસક બન્યા. ભોગી મટી યોગી બન્યા ને ખૂનીમાંથી મુનિ બન્યા.

અર્જુનમાળી, પરદેશી રાજા બધાએ એક વાર ભગવંતનો અને ગુરૂદેવનો સંગ થતાં પાપના ડાઘાવાળી તસ્વીરને બદલાવી નાંખી. તેમણે દોષોનું દમન કર્યું, દુર્ગુણોનું દફન કર્યું અને સદ્‌ગુણો જીવનમાં કેળવીને એવી તસ્વીર બદલી નાંખી કે જે તસ્વીરને જોતાં બીજાના જીવનની તસ્વીર પણ બદલાઈ જાય. કયાં ચંડકૌશિકની પાપથી ખરડાયેલી તસ્વીર અને કયાં પ્રભુ મહાવીરના સંગથી બદલાયેલી પવિત્ર નિર્મળ તસ્વીર ! **આ માનવ જીવનમાં જો કષાયોનું શમન, વિષયોનું વમન ઇન્દ્રિયોનું દમન અને મોહનું મારણ કરીશું તો જીવનની તસ્વીર એવી બદલાઇ જશે કે પછી ફરી ફરીને આ દેહની તસ્વીરો બદલવાની બંધ થઈ જશે,** માટે આ માનવદેહની જે તસ્વીર મળી છે એનો સદુપયોગ એવો કરો કે જીવનની તસ્વીર બદલાઈ જાય. જો કલાકારના હાથમાં પથ્થર જાય તો એની તસ્વીર બદલાઇ જાય તો આપણી જીવનનૈયા જો ગુરૂદેવના ચરણમાં અર્પણ કરી દઇએ તો શું જીવનની તસ્વીર બદલાયા વિના રહે ખરી ?

પ્રભુ મહાવીર સ્વામીનો ભેટો થતાં, તેમની વાણી સાંભળતા જેણે જીવનની તસ્વીર બદલી એવા આનંદ શ્રાવકે સાત વ્રતો ગ્રહણ કર્યા. હવે આઠમું વ્રત અંગીકાર કરી રહ્યા છે. આઠમું વ્રત અનર્થદંડનું છે. તેના ચાર બોલ છે. પહેલો બોલ છે **' अवज्झाणा चरिय '** એટલે માઠું ધ્યાન કે માઠી ચિંતવણા કરવી. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને શાસ્ત્રકારો અનર્થદંડ કહે છે. જો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના બદલે ધર્મધ્યાન આવી જાય તો તે અવળામાંથી સવળું જોશે. પછી તેના જીવનની તસ્વીર બદલાઈ જશે.

એક માણસ ખૂબ બીડી પીતો હતો. એક વાર સંતે તેને પૂછયું–ભાઈ ! તું રોજની કેટલી બીડી પીવે છે ? ગુરૂદેવ ! હું બહુ નથી પીતો પણ ૭૦ જેટલી પીવું છું. આટલી તને ઓછી લાગે છે ? ઉપાશ્રયમાં આવે ત્યારે બીડી પીનારો અડધા અડધા કલાકે બહાર જઈ આવે. સંત સમજી જાય કે તે શા માટે ઊઠે છે ? સંતો તો તમને નખથી માથા સુધી ઓળખે. સંતે તેને બીડીથી થતા નુકશાનો સમજાવ્યા છતાં તે બીડી ન છોડી શકયો. સંત તો ચાલ્યા ગયા. ચાર પાંચ મહિને ફરી વાર સંતને તે ગામમાં આવવાનું બન્યું. બીડીનો વ્યસની ભાઈ ઉપાશ્રયે આવ્યો. ચાર કલાક થયા છતાં તે ઉઠયો નહિ એટલે સંતના મનમાં થયું કે અડધા અડધા કલાકે ઉઠનારો

આજે ચાર કલાક થયા છતાં તે ઉઠયો નહિ. તેના જીવનનો પલ્ટો થયો લાગે છે. સંતે પૂછયું-ભાઈ ! શું તમે બીડીનો ત્યાગ કર્યો છે ? ગુરૂદેવ ! હવે તો મારી પાસે તેનું નામ ન લેશો. કેમ, એવું તે શું બની ગયું ? માનવીનું જીવન કયારેક બોધ સાંભળીને પરિવર્તન થઈ જાય તો કોઈ વાર સામાન્ય નિમિત્ત મળતા બદલાઈ જાય છે. સંત કહે, ભાઈ, તારું જીવન સુધર્યું કેવી રીતે ?

બીડી માટેની લાચારી જોતાં વ્યસન ત્યાગ : મારા જીવનમાં એક પ્રસંગ બની ગયો. હું એક વાર પાનવાળાની દુકાને ઊભો હતો. ત્યાં એક ભિખારીએ આવીને પાનવાળા પાસે બીડી માંગી. તે ખૂબ કરગર્યો, મને એક બીડી આપો ને ? પાનવાળો કહે, તારે બીડી જોઇતી હોય તો થોડી વાર નાચ કર, પછી તને બીડી આપીશ ભિખારીએ એક બીડી માટે નાચવાનું શરૂ કર્યું. થોડી વાર નાચ્યો, પેટ માટે વેઠ કરવી પડતી હોય તે જુદી વાત છે. આ તો વ્યસનોનો ગુલામ બનેલો નાચ કરવા તૈયાર થયો. ભિખારીએ નાચ કર્યા પછી બીડી માંગી ત્યારે પાનવાળો શું કહે છે ? જો સામે ગટર છે, તેમાંથી ચાર ઘુંટડા પાણી પી આવ પછી તને બીડી આપું. વ્યસનોની ગુલામી શું કરાવે છે ? ભિખારી ગટર પાસે જઈ વાંકો વળીને ચાર ઘુંટડા પાણી પી આવ્યો પછી પાનવાળાએ તેને બીડી આપી.

આ પ્રસંગ જોતાં મારા મનમાં વિચાર આવ્યો કે એક બીડી આટલી લાચારી કરાવે ! ભર બજારમાં નચાવે, ગટરનું ગંદુ પાણી પીવડાવે, મારી પાસે અત્યારે પૈસા છે તો સારું છે. મારે જેટલી બીડી પીવી હોય તેટલી પીવું છું. કાલે મારા પાપનો ઉદય થાય ને પૈસા ચાલ્યા જાય. મારી સ્થિતિ આ ભિખારી જેવી થઈ જાય તો બીડી મારી પાસે નાચ નહિ કરાવે અને ગટરના ગંદા પાણી નહિ પીવડાવે તેની શી ખાત્રી ? આ કરતાં બીડી છોડી દેવી શી ખોટી ? આ બીડીના વ્યસનમાં પૈસાની ખુવારી, શરીરની ખુવારી, અને પાપ બાંધવાના. તે દિવસથી મેં બીડી છોડી દીધી છે. મારું જીવન પરિવર્તન થયું છે. આ બધા વ્યસનોના ગુલામ બનવું, તે માટેના વિચારો કરવા તે આર્તધ્યાન. ધર્મધ્યાન જેના જીવનમાં હોય તેનામાં આવા કુવ્યસનો ન હોય. કોઈનું બરાબ ચિંતવવું, દુશ્મનનું અહિત થતું જોઇને રાજી થવું એ રૌદ્રધ્યાન છે.

આર્તધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા છે : (૧) જે તમને ગમતા નથી તેવા પદાર્થો મળ્યા તો આ કયારે દૂર થાય અને મનગમતા કયારે મળે તેનું ચિંતન કરવું. (૨) કર્મોદયે કોઈ રોગ આવ્યો ત્યારે હાયવોય કરવી અને હવે કયારે જલ્દી મટે તેવી વિચારણા કરવી. (૩) મનગમતા પદાર્થોનો સંયોગ કાયમ ટકી રહે તેનું ચિંતન કરવું. (૪) નિયાણું કરવું. આ બધું અનર્થદંડમાં ગણ્યું છે. આર્તધ્યાન તિર્યંચ ગતિમાં લઈ જાય છે અને રૌદ્રધ્યાન નરક ગતિમાં લઇ જાય છે. આ બંને ધ્યાનથી જીવ અનર્થદંડે દંડાય છે. આ બંને ધ્યાનમાંથી બચવું હોય તો ધર્મધ્યાનના શરણે જાવ. અવળામાંથી સવળું શોધતાં શીખો તો અનર્થદંડથી બચી જશો, માટે જ્ઞાની કહે છે કે સમજો અને

પાપથી અટકો. એક સમય એવો હતો કે ચોરી કરનારા ચોરીનો ધંધો કરવા છતાં તેની નીતિ એવી ચોખ્ખી હતી કે તેને ચોર કહેવો કે શાહુકાર એ સમજાયું ન પડે. ચોરીનો ધંધો કરતા હોવા છતાં કોઇ એને સાચું સમજાવનાર મળી જાય તો પોતાના પાપમય જીવનની તસ્વીર બદલી નાંખતા. હું તમને પૂછું કે તમે ચોર કોને કહેશો અને શાહુકાર કોને કહેશો ? તો તમે તરત કહેશો કે ચોરી કરે તે ચોર અને દુકાન પર બેસી વેપાર કરે તે શાહુકાર. તમે તમારા આત્માને પૂછી જોજો કે તમે ચોર છો કે શાહુકાર ? મારે તમને કોઈને ચોર નથી કહેવા. મારે તો બધાને શાહુકાર કહેવા છે. ચોરી કરનારા બધા ચોર અને દુકાને બેસનારા બધા શાહુકાર હોય છે એવું નથી બનતું. કોઈ ચોર પણ હોય ને કોઈ શાહુકાર પણ હોય.

એક ચોર ઘણી ચોરીઓ કરતો. તે ભારે બહારવટીયા જેવો હતો. ચોરી કરવામાં ઘણો બહાદુર. બધા તેને બહાદુર ચોર કહેતા. એણે કેટલી ભયંકર ચોરીઓ આજ સુધી કરી હતી છતાં કોઈ ચોર તરીકે પકડીને એને કેદ કરી શકતું ન હતું. આ સમયે અવંતીમાં મહારાજા વિક્રમ રાજ કરતા હતા. વિક્રમનું રાજ્ય એટલે મધરાતે બારણા ખુલ્લા મૂકીને સૂઈ જાય તોય કોઈની તાકાત નથી કે એના રાજ્યમાં ચોરી કરી શકે. આ ચોરના મનમાં થયું કે વિક્રમ રાજાના રાજ્યમાં એની સામે ટક્કર ઝીલી ત્યાં ચોરી કરું તો હું સાચો ચોર. એ તો ઉપડયો વિક્રમના રાજ્યમાં ચોરી કરવા. તેના ગામથી અવંતી આઠ ગાઉ દૂર હતું. સાથે કોઈ પણ સાગરીતને લીધા વિના માથે બોકાણું બાંધી વિક્રમ રાજાને પોતાના પરાક્રમનું પાણી પીવડાવવાની ઈચ્છાથી એ નીકળ્યો. બપોરના તડકામાં ચાલતા ચાલતા ખૂબ થાકી ગયો.

ચોરના દિલમાં પણ આતિથ્ય ભાવના : રસ્તામાં મોટો વિશાળ વડલો આવ્યો. જ્યાં જતાં આવતા પથિકો વિસામો લે ને પોતાનો થાક ઉતારે. બાજુમાં પાણીની પરબ હતી એટલે પાણી પીને તૃષા શાંત કરે. આ ચોર વડલા નીચે થાક ઉતારવા બેઠો. તેને ભૂખ કકડીને લાગી હતી. મંદમંદ શીતળ પવન આવતો હતો. ચોર પોતાની પાસે ભાથાનો ડબ્બો હતો તે ખોલીને ખાવા બેઠો. તેના મનમાં વિચાર થયો કે શું હું એકલો ખાઉં ? જો કોઈ આવે તો તેને જમાડીને જમું. ચોર હોવા છતાં ભાવના કેવી સરસ છે ! તે વિચાર કરે છે ત્યાં સામેથી એક માણસ આવતો જોયો. ચોરે વાણિયાને કહ્યું–બેસ ભાઈ ! બંને સાથે બેઠા. વાણિયાને ખબર નથી કે આ ચોર છે નહિ તો ઊભો રહે નહિ. વાણિયાએ તેનો ભાતાનો ડબ્બો ખોલ્યો. બંનેએ સામાસામી એકબીજાનું ભાતું લીધું ને નાસ્તો કર્યો. પરબનું પાણી પીધું. વાતવાતમાં ચોરે વાણિયાને પૂછયું–ભાઈ ! આપ કયાંથી આવ્યા ? અવન્તીની બાજુના ગામડામાં ઉઘરાણી કરીને આવું છું અને અત્યારે અવંતી જાઉં છું. વાણિયો જરા ગભરાયો. એક તો વગડો હતો. પોતે એકલો હતો ને ઉઘરાણી કરીને આવ્યો હતો એટલે અજાણ્યા માણસનો શું વિશ્વાસ !

વણિકના દિલમાં થયેલો ગભરાટ : ગમે તેમ તો ય વણિકની બુદ્ધિ. તેણે વાત બદલી નાંખી. આ તો ગામડામાં મારા એક સંબંધીની તબિયત નરમ હતી એટલે ખબર કાઢવા ગયો હતો. મનમાં હતું કે ઉધરાણી કરતો જાઉં પણ ઉધરાણી જઈ શકયો નહિ. તમે કોણ છો ? તમારું નામ શું છે ? ચોર પણ જબરો સત્યવાદી. તેણે કહ્યું, હું બહાદુર રૂપો ચોર. હું તો નામચીન ચોર છું. ચોરનું નામ પડતા વાણિયાનું હૈયું થડકવા લાગ્યું. તે તો ધ્રુજવા લાગ્યો. તેના શરીરે પરસેવો વળી ગયા. હવે તો ત્યાંથી ઉઠવું ભારે થઈ પડયું. પાસે ધન અને સામે ચોર પછી પૂછવું જ શું ! તેણે તો ઝટપટ બાધું ને ડબ્બો બંધ કરી જવાની તૈયારી કરવા લાગ્યો. ચોર સમજી ગયો કે આ મારાથી ભયભીત બની ગયો છે. તેણે કહ્યું–ભાઈ ! તારે ગભરાવાની જરૂર નથી હું ચોર છું એ વાત સાચી છે પણ મારે પ્રતિજ્ઞા છે કે મહિનામાં એક જ વાર ચોરી કરવી, તેથી વધારે ન કરવી માટે તમને હું નહિ લૂંટું. મને ખબર છે કે તમે ઉધરાણી કરીને આવ્યા છો એટલે તમારી પાસે પૈસા છે પણ મારે જોઈતા નથી. વાણિયાની ઈચ્છા તો વડના છાંયડે આરામ કરવાની હતી પણ હવે આરામ કરવા રહે ખરો ? તે તો જલ્દીથી આવાનું પતાવીને જવાની તૈયારી કરવા લાગ્યો. ચોર કહે ભાઈ ! આપ આટલી બધી ઉતાવળ શા માટે કરો છો ? હું પણ અવંતી આવવાનો છું. આપણે બંને સાથે જઈશું, જંગલમાં એક કરતા બે ભલા; પણ આ વાણિયો હવે ઊભો રહે ખરો ? તે કહે–ના ભાઈ, મારે મોડું થાય છે, માટે હું તો જઈશ.

વિશ્વાસ બેસાડવા કરેલી યુક્તિ : ચોર કહે, તમારે જવું હોય તો જાવ પણ આપણે એક સોદો કરીએ. શાનો સોદો ? સોદાનું નામ પડતા વાણિયો ધ્રુજવા લાગ્યો. ચોર કહે–તમારી પાસે આ લાકડી છે તે મને બહુ ગમી ગઇ છે; તમે કહો તેટલા પૈસા આપું પણ આપ મને તે લાકડી આપો ને ! લાકડીનું નામ પડતા વાણિયો ધુંઆપુંઆ થવા લાગ્યો. ભાઇ ! આ લાકડી તો કોઇને ન અપાય. મારા બાપદાદાના વખતની આ લાકડી છે. આ લાકડીને જોઈને મારા બાપાને, દાદાને યાદ કરું છું. આ તો તેમની યાદગીરી છે. તેના મને કોઈ બે પાંચ લાખ રૂપિયા આપે તો પણ તે ન અપાય. વાણિયા એના પાડી એટલે ચોરે તરાપ મારીને તેના હાથમાંથી ઝુંટવીને લઈ લીધી અને તેના દેખતાં તે લાકડીના બે ટુકડા કરી નાંખ્યા. લાકડી અંદરથી પોલી હતી. લાકડી તૂટી એવા તેમાંથી ચાર કિંમતી રત્નો જમીન પર પડયા. તે ચોરે લઈને વાણિયાને આપી દીધા મેં તમને કહ્યું હતું કે હું ચોર છું પણ તમને લૂંટવાનો નથી છતાં તમને મારા પર વિશ્વાસ ન આવ્યો માટે મેં આ રીતે કર્યું. તારા રત્નો તને મળી ગયા ને ! હવે તમારે જવું હોય તો ખુશીથી જાવ પણ અવંતીનરેશ વિક્રમ રાજાને મારા તરફથી એટલો સંદેશો આપજો કે શુક્રવારે રાત્રે સાડા બાર વાગે રૂપો ચોરી–કરવા આવવાનો છે. તેમને જે વ્યવસ્થા કરવી હોય તે કરે જે ચોકીપહેરો રાખવો હોય તે રાખે. સૈનિકોની ટુકડીને મારા સ્વાગતમાં મોકલવી હોય તો મોકલે. કિલ્લા પર

ભરી બંદુકે સૈનિકો ઊભા રાખવા હોય તો રાખે પણ હું અવંતીને લૂંટયા વિના પાછો જવાનો નથી.

સંદેશો મળતા સજાગ બનેલા વિક્રમ રાજા : આ વાણિયો તો કોઈ પણ રીતે એની પાસેથી છૂટવા માંગતો હતો, એટલે કહ્યું–ભલે. એમ કહીને તે ત્યાંથી ચાલવા લાગ્યો. ચોર દેખાતો હતો ત્યાં સુધી તો ધીમો ચાલ્યો પણ જ્યાં ચોર દેખાતો બંધ થયો કે એણે તો એવી દોટ મૂકી કે ઘરભેગો થઈ ગયો, પછી રૂપાએ મોકલેલો સંદેશો વિક્રમ રાજાને આપ્યો. વિક્રમ રાજાને આશ્ચર્ય થયું કે આ કેવો બહાદુર ચોર કે પહેલા સંદેશો કહેવડાવે ને પછી ચોરી કરવા આવે ? આ તે **ચોર કહેવાય કે કે શાહુકાર** કહેવાય ? આ ચોર ગામમાં ચોરી કરવા નહિ આવતો હોય પણ મારી બુદ્ધિની પરીક્ષા કરવા આવતો હશે પણ આ વિક્રમ કયાં ઓછી બુદ્ધિનો ધણી હતો ! રાજાએ તો બીજે દિવસે ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આપ બધા ઘરના દરવાજા ખુલ્લા મૂકીને સૂઈ જજો. કોઈ કબાટને તાળું કે ચાવી મારશો નહિ. આપની જે માલ–મિલ્કત હોય તેનું આપ લીસ્ટ બનાવો. કદાચ કોઇના ઘેર ચોરી થશે તો ચોરીની રકમ રાજાજી પોતાના ભંડારમાંથી ભરપાઈ કરી આપશે. આજે કોઇને ચોકી કરવાની જરૂર નથી. આજે રાત્રે વિક્રમ રાજા પોતે ચોકી કરશે. પ્રજામાં આનંદ આનંદ છવાઈ ગયો. બધા ચોકીયાતો ઊંઘી ગયા. એ રાત્રે બધા બારણા ખુલ્લા મૂકી આરામથી સૂઈ ગયા.

ચોરને પકડવા માટેનો કિમિયો : શુક્રવારની રાત વિક્રમના માથે આફતના વાદળા સમાન હતી. રાત પડતાં વિક્રમ રાજાએ વેશપલ્ટો કર્યો. ચોરના સ્વાંગ સજ્યા. બુકાની બાંધી ને કમરે તલવાર બાંધી ગામમાં ફરવા લાગ્યો. વિચાર થયો કે અવંતીનો કિલ્લો તો જબરદસ્ત છે. તે કયાંથી આવશે ? આ કિલ્લા પર કોઈ ચઢી શકે નહિ અને કદાચ ચઢે તો ઉતરવા માટે કોઈ સાધન જોઈએ. સાધન વગર ઉતરી શકે તેમ નથી. મને તો લાગે છે કે આ ચોરી કરવા નહિ પણ પરીક્ષા કરવા આવતો હશે. વિક્રમ રાજા કિલ્લાની રાંગે રાંગે ફરતા હતા. ચોર આવે તો કઈ જગ્યાએથી આવે એમ છે ? ફરતા ફરતા કિલ્લાની એક બાજુની દિવાલ તૂટેલી જોઈ. ચોર આવે તો અહીંથી આવશે એમ માનીને ચોરની રાહ જોતા ઊભા રહ્યા. વિક્રમ રાજાની ધારણા સાચી પડી. બરાબર ૧૨।। વાગ્યા ત્યાં રૂપો આવ્યો અને કિલ્લા પર ચઢયો. ધાર તૂટેલી હતી એટલે એમાંથી ધૂળ ખરવા લાગી. રાજા સમજી ગયા કે નક્કી રૂપો આવ્યો. ચોરે ચંદનઘો મૂકીને ધીમે ધીમે ઉતરવા માંડયું. અડધે સુધી ઉતર્યો ત્યાં એણે નીચે કોઇ માણસને ઊભેલો જોયો. એટલે એ પાછો ચઢવા લાગ્યો. એ સમયે વિક્રમ રાજાએ પોતાની બુદ્ધિથી ચોર લોકો ચોરને બોલાવે એવો અવાજ કર્યો. ચોરને થયું મારા જેવો બીજો કોઈ ચોર ચોરી કરવા આવ્યો લાગે છે. ઠીક થયું એક કરતાં બે ભલા. ચોર નીચે ઉતરી ગયો.

આ તો ચોર કે શાહુકાર : વિક્રમ રાજાનો પહેરવેશ, ભાષા બધું ચોર જેવું

હતું એટલે ચોર ઓળખી શકયો નહિ. વિક્રમ રાજા ચોરની સાથે ચોરની જેમ ભળી ગયા. બંને સાથે ગામમાં ગયા. નગરના લોકો રાજાના હુકમ પ્રમાણે ઘરના દરવાજા બધું ખૂલ્લું મૂકીને સૂતા હતા. ચાલતા પહેલો પ્રધાનનો બંગલો આવ્યો. વિક્રમ કહે, આજે આપણે પ્રધાનને ઘેર ચોરી કરીએ. બધાની લાંચ લઇને તેણે ઘણો માલ ભેગો કર્યો છે. પ્રજાને લૂંટવા કરતાં પ્રજાના લોહી ચૂસનારને શા માટે ન લૂંટવો? પ્રધાનના બંગલાના દરવાજા ખુલ્લા હતા. ચોકીયાતો આરામથી સૂતા હતા. વિક્રમ કહે– હું બહાર ચોકી ભરીશ. તું અંદર જઈને લૂંટાય એટલું લૂંટી લાવજે, ગભરાતો નહિ, હું અહીં ઊભો છું. તારો વાળ વાંકો થશે નહિ. ચોર અંદર ગયો પણ બે મિનિટમાં પાછો ફર્યો. વિક્રમ કહે, તું કેમ પાછો આવ્યો? ચોર કહે; ભાઈ! હું પ્રધાનના રૂમમાં ગયો. ત્યાં પ્રધાનના પત્ની સૂતેલા હતા. મારો પગ અડતા તે ઊંઘમાંથી જાગ્યા ને બોલ્યા, કોણ છે ભાઈ? તેણે મને ભાઇ કહ્યો તો એ મારી બેન થઇ. ભાઈ બહેનના ઘેર ચોરી કરે ખરો? ભાઇથી બેનનું લૂંટાય ખરું? હું તો ઉપરથી એના ઓશીકા નીચે એક સોનામહોર મૂકીને આવ્યો છું. હવે ચાલો આગળ જઈએ વિક્રમના મનમાં થયું કે આ તો ચોર કે શાહુકાર? નાદાન કે ખાનદાન? આજના જમાનામાં કંઈક વાર ભાઇ બહેનને લૂંટતો હોય છે. બેને ભાઈને ત્યાં થાપણ મૂકી હોય તે ભાઈ પચાવી પાડે. બેન લેવા જાય ત્યારે કહે કે થાપણ કેવી ને વાત કેવી? વિચાર કરો કે આ તો સગોભાઇ નથી. માત્ર બેન ઊંઘમાં બોલી ગઈ કે કોણ છે ભાઇ? ભાઈ શબ્દ સાંભળતા ચોરી ન કરતાં તે પાછો આવ્યો.

લુણનું ઋણ : ચાલતા ચાલતા આગળ જતાં નગરશેઠનો બંગલો આવ્યો. ન મળે કોઈ ચોકીદાર કે ન કોઈ પહેરગીર. બારીબારણાં પણ ખુલ્લા. વિક્રમ કહે– હું બહાર ઊભો છું. તું અંદર જા. લૂંટાય એટલું બરાબર લૂંટી લેજે. જોજે પાછો ન આવતો. ચોર અંદર ગયો. ઘનઘોર અંધારું છે, તેના મનમાં વિચાર થયો કે બધા કહે છે કે વિક્રમ રાજાના રાજ્યમાં ચોરી કરવી એટલે લોઢાંડના ચણા ચાવવા બરાબર છે પણ અહીં તો કેટલું અંધેર છે? જેટલી ચોરી કરવી હોય તેટલી કરાય તેમ છે. બધા કરતાં અહીં ચોરી કરવી સહેલી છે ચોર ઓરડામાં ગયો ત્યારે પટારા પર એક વાડકી હતી. તેમાં થોડાક સફેદ ગાંગડા પડયા હતા. ચોરના મનમાં થયું કે આ તો સાકર હશે. સાકર તો શુકન કહેવાય. સાકર માનીને ટુકડા મોંમાં નાંખ્યા તો સાકરને બદલે મીઠું હતું. ચોર તો તરત પાછો વળ્યો. વિક્રમ કહે, કેમ ભાઈ! તું પાછો આવ્યો? ભાઇ! તેમના રૂમમાં એક વાડકી પડી હતી તેમાંથી મેં સાકર માનીને એક ટુકડો ખાધો. તો લૂણ નીકળ્યું. જેનું નમક મારા પેટમાં પડયું હોય તેના ઘેર મારાથી ચોરી શી રીતે કરાય? રાજા તો આ સાંભળી રહ્યા. આને તો માણસ કહેવો કે દેવ? ચોર કે શાહુકાર? આજના જીવોની દશા તો એવી છે કે ખાધું હોય એનું જ વાંકુ બોલે. જેનું ખાય એનું નખ્ખોદ વાળે.

ચોરની બુદ્ધિની પરીક્ષા કરતા રાજા : રૂપો ચોર પાછો આવ્યો. વિક્રમ રાજા કહે, ભાઈ ! પ્રધાન અને શેઠના બંગલેથી પાછા આવ્યા. હવે તો આપણે વિક્રમ રાજાના મહેલમાં ચોરી કરીએ. એ મોટા રામરાજાનો ઝંડો લઈને ફરે છે. એને ય ખબર પડે કે એમના રાજ્યમાં કેટલું અંધેર છે ? તેમના મહેલમાંથી ગમે તેટલું લૂંટીએ તો એમને શું ખૂટવાનું છે ? ચોર કહે, તમારી વાત મને બહુ ગમી. બહાર લોકો તો એમ જ બોલે છે કે વિક્રમના રાજ્યમાં ચોરી કરવી એ તો ઘણું અઘરું કામ છે પણ અહીં તો સાવ જુદું લાગે છે. મને તો લાગે છે કે નઘણિયાતું રાજ્ય હોય તો રાજા વિક્રમનું છે. રાજા કહે–સાચી વાત. રાજાના મહેલમાં આપણે બંને સાથે જઈએ. બંને સાથે રાજાના મહેલમાં ગયા. રાજા વિક્રમનો બંગલો એટલે પૂછવું શું ? સાત માળનો આલેશાન ભવન. મહેલ મોટો પણ એકે ય ચોકીદાર નહિ. એકેક માળ ચઢતા સાતમે માળે પહોંચ્યા. ત્યાં તો જાણે સ્વર્ગ બીજું થયું ન હોય ! સોનાના પાયાવાળા પલંગ ઉપર વિક્રમ રાજાના રાણી આરામથી ઘસઘસાટ ઊંઘે છે. વિક્રમ કહે, અહીં શું ચોરી કરીશું ? ચોરની બુદ્ધિની પરીક્ષા કરવા માટે કહ્યું– જો રાણીજી સૂતા છે, ચોરીનો બરાબર લાગ છે. પલંગના ચાર પાયા સોનાના છે તે કાઢી લઈએ પણ રાણી જાગે નહિ ને નીચે પડે નહિ. એ રીતે તું પાયા કાઢે તો હું માનું કે તું સાચો ચોર છે. રૂપો કહે, એમાં શી મોટી વાત ? એ તો મારે મન એક રમત છે.

ચોરની ચતુરાઇ : ચોરે આજુબાજુ નજર કરી તો એક બાજુ ગાદલાનો ઢગલો પડ્યો હતો. ચોરે તેમાંથી એકેક ગાદલા લઈ પલંગ નીચે ગોઠવવા માંડ્યા. તે ગાદલા એવી રીતે ગોઠવ્યા કે બરાબર પલંગની પાટીને અડી ગયા. રાજા તો બાજુમાં ઊભા રહીને જોયા કરે છે કે ચોર શું કરે છે ? ત્યાં તો ચોરે ચપ્પાથી ચારે બાજુની પાટીને સાચવીને કાપી નાંખી. પાટી કપાઈ ગઈ તેવા રાણીજી ગાદલા પર આવી ગયા. રાણીને કાંઈ તકલીફ પડી નહિ. તે તો ઊંઘતા રહ્યા, પછી ચોરે પલંગના સોનાના ચારે પાયા કાઢી લીધા. રાજાના મનમાં થયું કે આ ચોર છે પણ કેટલો ચતુર અને હોંશિયાર છે ! રાણીને ઈજા થઈ નહિ અને વસ્તુ મળી ગઈ. રાજા કહે–ભાઈ ! તારે હજુ વધારે લેવું હોય તો લઇ લે. અહીં કોઇ તૂટો નથી. ચોર કહે, મારે પ્રતિજ્ઞા છે કે મહિનામાં એક વારથી વધુ વાર ચોરી કરવી નહિ. આ ચાર પાયા તો બહુ થઈ ગયા. હવે આપણે અહીંથી રવાના થઈ એ.

પક્ષીએ રાજાની કરાવેલી ઓળખાણ : રાજા અને ચોર બંને મહેલમાંથી ઉતરી ગયા. ગામ બહાર જઈ એક ઝાડ નીચે બેઠા. ચોર કહે–ચાલો, હવે આપણે ભાગ પાડી લઈએ. બે પાયા તમારા ને બે મારા. ચોર છે છતાં નીતિ કેટલી છે ! વિક્રમ કહે–ભાઇ ! હું તો એક બાજુ ઊભો રહ્યો હતો. મહેનત તેં કરી છે માટે ત્રણ તારા ને એક મારો. તમને મળે તો શું કરો ? (શ્રોતા : અરે ! ચારે ચાર લઇ લઈએ.)

ચોર કહે, ના. બે તમારા ને બે મારા. ચોરી કરતા રાણી જાગી ગયા હોત ને આપણે પકડાઇ જાત તો બંનેને શિક્ષા સરખી મળત. તેમાં ઓછી વધતી ન થાત. તો પછી ચોરી કરતાં જે માલ મળ્યો એમાં પણ બે સરખા જ ભાગીદાર ગણાઇએ ને ! આ રીતે બંનેની રકઝક ચાલુ હતી ત્યાં ઝાડ પર એક પંખી બોલ્યું, રાજા અને ચોર ભાગ પાડે છે. માલિક અને ચોર ભાગ પાડે છે. આ ચોર પંખીની ભાષા સમજતો હતો. તેણે પંખીની આ વાત સાંભળી. તરત તે એકદમ ઊભો થઈ ગયો ને રાજાના ચરણમાં પડી ગયો. રાજાના ખોળામાં માથું મૂકી ખૂબ રડયો. આંસુથી રાજાના પગ ધોઈ નાંખ્યા.

આ જોતાં રાજાને તો આશ્ચર્ય થયું. આ ચોર એકાએક આમ કેમ કરે છે ? રાજાએ પૂછયું-ભાઇ ! તને શું થયું છે ? તું આટલો બધો કેમ રડે છે ? ચોર કહે–મહારાજા ! આપ જ અવંતીના નરેશ વિક્રમ રાજા છો. આપે મારી સાથે છૂપા રહીને મને છેતર્યો છે. સાથે રહેવા છતાં આપ પ્રગટ થયા નહિ અને ચોરી કરવા છતાં મને પકડયો નહિ. રાજા કહે, તને શી રીતે ખબર પડી કે હું વિક્રમ રાજા છું. મહારાજા ! હું પંખીની ભાષા જાણું છું. જુઓ, આ ઝાડ પર પંખી બોલે છે કે માલિક અને ચોર ભાગ પાડે છે. આ ચાર પાયા તમારા મહેલના છે માટે તમે એના માલિક છો અને હું ચોર છું, તેથી સમજી ગયો કે આપ વિક્રમ રાજા છો. રાજા અને ચોર બંને ભેટી પડયા, પછી રાજા ચોરને પૂછે છે તમે છો શાહુકાર. તમે સાચા ચોર હો તેવું દેખાતું નથી. તમારે આ ચોરીનો, પાપનો ધંધો કેમ કરવો પડયો ? આપનું કુળ ખાનદાન લાગે છે. તું ચોર હોય એવું મને દેખાતું નથી. તું સત્ય વાત મને કહે.

પ્રમાણિકતાએ અપાવેલી પ્રધાનપદવી : મહારાજા ! હું મોટો શ્રીમંત શેઠનો દીકરો છું. મારા માતા-પિતા નાનપણમાં ગુજરી ગયા. અમલદારે મારી બધી મિલકત લઈ લીધી ને મને ભગવો બનાવીને કાઢી મૂકયો. મને બરાબ મિત્રોનો સંગ થતાં હું ચોરી કરતાં શીખ્યો અને આજે મોટો નામાંકિત ચોર બની ગયો. આ પાપ મને ખટકે છે, તેથી મેં મારી આજીવિકા માટે મહિનામાં એક વાર ચોરી કરવાની છૂટ રાખીને બીજી પ્રતિજ્ઞા કરી છે. ચોરી કરવા છતાં હું કયારે પણ અસત્ય બોલતો નથી. ભાઇ ! તું તે અમલદારને ઓળખે છે ? ચોરે તેની ઓળખાણ આપી એટલે રાજાએ તેને બોલાવ્યો. રાજાએ બધી પૂછપરછ કરી. ભારે શિક્ષાની ધમકી આપી એટલે તેણે બધી સાચી વાત રજૂ કરી. આ ચોરની બધી મિલકત પાછી અપાવી. ચોર ફરી શેઠ જેવો બની ગયો. રાજાને તો તેના પ્રત્યે ખૂબ બહુમાન થયું કે ચોર હોવા છતાં કેટલો ખાનદાન અને પ્રમાણિક છે ! તેને પોતાનું જીવન નભાવવા આવો ધંધો કરવો પડયો પણ તેની નીતિ કેટલી ચોખ્ખી છે ! ચોરી કરવા છતાં તે હૈયાનો ચોર ન હતો પણ શાહુકાર હતો. રાજા કહે–તું આજથી મારા રાજ્યનો પ્રધાન. તારા જેવા સત્યવાદી અને પ્રમાણિક પ્રધાનથી મારું રાજ્ય પણ સારી રીતે ચાલશે.

આ વાતથી સમજવાનું એ છે કે ચોર હોવા છતાં શાહુકારી કેટલી હતી ? રાજાના

સંગથી તેનો ચોરીનો ધંધો છૂટી ગયો. પ્રધાનની પદવી મળી, તેણે જીવનની તસ્વીર બદલી નાંખી. આ માનવજીવન પામીને આપણે પણ આ જીવનની તસ્વીર એવી બદલી નાંખીએ કે પછી દેહની તસ્વીરો વારંવાર બદલવી ન પડે. તે માટે આર્તધ્યાન-રૌદ્રધ્યાન છોડીને ધર્મધ્યાનમાં આવવાની જરૂર છે. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

ભાદરવા વદ ૩ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૮૧ : તા. ૧-૧૦-૮૫

સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાને ઉપાસકદશાંગ સૂત્રના ભાવો સમજાવ્યા. આનંદ શ્રાવક ભગવાનની વાણી સાંભળીને વ્રતધારી શ્રાવક બન્યા. તેમણે સાત વ્રતો આદર્યા. આત્માની વડાઈ વ્રત લેવામાં અને તેનું નિર્મળ રીતે પાલન કરવામાં છે. વ્રતધારી સાચો વીર છે. વ્રત લેવામાં અને પાળવામાં મર્દાનગી છે. વ્રત વિનાનું જીવન પશુ જેવું છે. જેના જીવનમાં વ્રત નથી ત્યાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાની બોલબાલા રહેવાની. આ ચાર સંજ્ઞાની બોલબાલા તો પશુઓમાં પણ છે. જેના પર સંજ્ઞાઓ રૂપી પશુઓ રાજ્ય કરે છે તે પામર છે અને જેણે એ સંજ્ઞાઓ રૂપી પશુઓને વશ કર્યા છે તે સાચો વીર છે, તે વંદનીય છે. આહાર સંજ્ઞા સામે તપની જોરદાર સંજ્ઞા ખડી કરો, ભય સામે ઉત્તમ ભાવ, મૈથુન સામે શીલ અને પરિગ્રહ સામે દાન કરો તો સંજ્ઞાઓ પર વિજય મેળવી શકાશે. માનવીમાં માન અને મૈથુનનું પ્રમાણ ઘણું હોય છે તેથી જે મનુષ્ય મૈથુન અને માનનું મર્દન કરે તે સાચો મહામાનવ કહેવાય. માન અને મૈથુનથી મુક્ત થયા સિવાય મોક્ષ મળવાનો નથી. માન અને મૈથુન આગળ જે આત્માઓ ઝૂકી ગયા તે વારંવાર જન્મ મરણ કરે છે અને જેમણે માન અને મૈથુનને પોતાના ચરણમાં ઝૂકાવ્યા એટલે તેના પર વિજય મેળવ્યો તેના માટે મોક્ષ દૂર નથી. માન અને મૈથુન ગયા એટલે મોક્ષ નજીકમાં છે. આ બે તત્ત્વો અનાદિકાળથી પડેલા છે. આમ તો ચારે સંજ્ઞા જીવને અનાદિ અનંતકાળથી લાગેલી છે. તે સંજ્ઞાઓ પર વિજય મેળવવા માટે વ્રત નિયમની ખાસ જરૂર છે. વ્રત આદરવાથી આવવાની વસ્તુઓ, પરિગ્રહ, મૈથુન બધાની મર્યાદા થઈ જાય છે. વ્રત લેવાથી આત્માની વિશુદ્ધિ વધે છે.

આપણે આઠમા વ્રતની વાત ચાલે છે. તેમાં પહેલો બોલ છે **"अवज्झाणा चरिय"** આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને વશ થઈને કોઈ જાતના પ્રયોજન વિના જીવને દુઃખ પહોંચાડવું ક્રોધાદિ કષાયોથી પ્રેરિત થઈ ને તમારે જેની સાથે અણબોલા હતા તેને કાંઈ નુકશાન થયું; સાંભળો તો ખરી જાવ કે એ તો એ જ દાવનો હતો, તો ત્યાં કેટલા કેટલા કર્મો બંધાઈ જાય ! તેના પૂર્વકૃત કર્મો ઉદયમાં આવ્યા એટલે એ દુઃખી થયો. તે કર્મો મંદ પડશે એટલે તેનું દુઃખ ટળી જશે પણ જે વચન બોલ્યા કે એ તો એ દાવનો હતો એ જે કર્મ બંધાઈ ગયું તે તો ભોગવવું પડશે. આ જીભના બે કામ છે, ખાવાનું અને બોલવાનું. આજે બિનજરૂરી બોલવાનું અને બિનજરૂરી ખાવાનું એટલું વધી ગયું છે કે તેણે શક્તિઓનો નાશ કર્યો છે અને અનેકના જીવનમાં

સંઘર્ષો પેદા કર્યા છે. બોલવું એ બહાદુરી નથી પણ કઇ જગ્યાએ કયા સમયે કેવા શબ્દો બોલવા એ કળા શીખવી એ જીવનની સાચી બહાદુરી છે, આવી કળા કોઈક વિરલા પાસે હોય છે.

ત્રીજો બોલ **"પમાયા ચરિયં"**. પ્રમાદને વશ થઈને અશ્લીલ વચનો બોલવા, બીજાની નિંદા કરવી, બીજાના દોષો જોવા, અવર્ણવાદ બોલવા એ અનર્થદંડ છે. વચનનો સદુપયોગ કરતાં આવડે તો સ્વ-પર અનેકના જીવનમાં સુંદર સમાધિ અને પ્રસન્નતાભર્યું, આનંદમય વાતાવરણ પેદા કરી શકે છે. એવી મીઠી મધુરી ભાષા બોલે કે ગમગીન વાતાવરણ હોય તો તે હસતું બનાવી દે અને જો વાણીનો દુરૂપયોગ થાય, બોલતાં ન આવડે તો શાંત, પ્રસન્ન જીવનને પણ સળગાવી મૂકે. કઠોર અને કડવી વાણી કરવતનું કામ કરે છે, કરવતથી લાકડાના બે ભાગ થાય છે. તેમ કઠોર અને કડવી વાણી કરવતનું કામ કરે છે. કરવતથી લાકડાના બે ભાગ થાય છે તેમ કઠોર અને કડવી વાણીથી માનવી માનવી વચ્ચેના સંબંધના પણ બે ભાગ થઇ જાય છે અને સામાના દિલમાં આઘાત લાગે છે.

સત્તાનો નશો ભયંકર છે : ઇતિહાસમાં ઔરંગઝેબની વાત આવે છે. ઔરંગઝેબે તેના પિતા શાહજહાંને જેલમાં પૂરીને રાજ્ય મેળવ્યું હતું. શાહજહાંને મનમાં એ વિચાર આવ્યા કરતા હતા કે હું કેવો મોટો રાજા ! કેવો સત્તાધીશ ! મારી આ દશા ? મારા દીકરાએ મને દગો દીધો ? તે મારો દુશ્મન બન્યો ને મને આવું દુઃખ આપ્યું ? એમ આર્તધ્યાન કરીને ખૂબ ઝૂરે છે. ઔરંગઝેબે ખાવા માટે એક કોડિયું આપેલું. તેમાં તેમને ખાવાનું આપે. જોઇ લેજો તમારો આ સંસાર ! સાકર જેવો મીઠો લાગે છે ને ! દીકરા માટે કર્મ કરો છો પણ યાદ રાખજો એ દીકરા તમારા રહેશે કે નહિ ? તેની કયાં ખબર છે ? જો પુણ્યનો ઉદય હશે તો સંપત્તિ નહિ હોય છતાં ય દીકરા સેવા કરશે અને પાપનો ઉદય હશે તો અઢળક સંપત્તિ હોવા છતાં સેવા કરશે નહિ. ઔરંગઝેબ મોટો સત્તાધીશ હોવા છતાં ખાવા માટે એક થાળી પણ નથી. માટીના કોડિયામાં ખાય છે. તેમના મનમાં ખૂબ દુઃખ થાય છે, ઉદાસ બની જાય છે. એક વાર તેમના હાથમાંથી કોડિયું છટકી ગયું. જેવું પડ્યું તેવું ફૂટી ગયું, મીઠાવાળી રાબ જેમાં ખાવા આપતો હતો તે કોડિયું ફૂટી ગયું. હવે શું કરે ? તેમણે ચોકીદારને કહ્યું-તું તારા રાજાને જઇને કહેજે કે તમારા પિતાજીને ખાવા માટે જે કોડિયું આપ્યું હતું તે ફૂટી ગયું છે, તો હવે એક નવું મંગાવીને મને મોકલે.

હાથ તો તૂટી નથી ગયા ને ! : સત્તાનો નશો બહુ ભયંકર છે. ઔરંગઝેબે ચોકીયાતને કેવા શબ્દો કહ્યા ? તું જઇને ડોસાને કહેજે કે કોડિયું ફૂટી ગયું છે પણ હાથ તો તૂટી ગયા નથી ને ? બે હાથનો ખોબો બનાવીને લે. હવે તને બીજું કોડિયું મળવાનું નથી. ચોકીયાતે આવીને શાહજહાંને આ શબ્દો કહ્યા ત્યારે તે ચોધારા આંસુએ રડવા લાગ્યા, તેનું હૈયું નંદવાઈ ગયું. બધા અંગોમાં સૌથી કોમળ, પોચું હૃદય છે.

તે કાચના વાસણ જેવું છે. કાચના વાસણને તૂટતા વાર ન લાગે તેમ કોઈએ કડક શબ્દો કહ્યા કે હૈયું તૂટી જાય. શાહજહાંને ખૂબ દુઃખ થયું. શું આ દીકરો છે ? દીકરાએ મારી આવી દશા કરી ? તે આર્તધ્યાન કરતા રહ્યા. જો આત્માને ધર્મ તરફ નહિ વાળો તો આર્તધ્યાન, રૌદ્રધ્યાન થવાનું છે અને આત્મા અનર્થદંડે દંડવાનો છે.

પમાયાચરિયં એટલે પ્રમાદ આચરવાથી. તેલ, ઘી તથા ચીકાશવાળા પદાર્થો તેમજ ચા, દૂધ, કોફીના વાસણો પ્રમાદને વશ થઈને ઉઘાડા મૂકે તો તેમાં જીવજંતુ પડે ને મરી જાય. રસોઈ કરતી વખતે ઉકળતી દાળ, દૂધ, ભાત આદિ ખુલ્લા રાખવાથી તેમાં ઉડતા જીવજંતુઓ પડે ને તેની ઘાત થઈ જાય. ચુલા, સગડી, ગેસ, પ્રાયમસ આદિ ખુલ્લા સળગતા પડયા હોય તો ઉપરથી તેમાં જીવજંતુ પડે ને બળીને ભડથું થઈ જાય. એક જમાનો એ હતો કે રસોઈ કરતા હોય તે સ્થાને ઉપર ચંદરવો બાંધતા હતા. તેથી જીવોની થોડી જતના રહે. પ્રમાદને વશ થઈને આ રીતે વસ્તુઓ ખુલ્લી મૂકવાથી જીવહિંસા થઈ જાય છે અને અનર્થદંડનો દોષ લાગે છે. હું તો મારી બહેનોને કહું છું કે આપ રસોઇ કરતા ખૂબ ઉપયોગ રાખજો. ગેસ, સગડી વાપરો ત્યારે પૂંજીને વાપરવા. પૂંજ્યા વગર લેવાથી પણ કંઈક વાર ત્રસ જીવોની હિંસા થઈ જાય છે. ઉપયોગે ધર્મ છે. વગર ઉપયોગે કરવાથી ઘણી વાર હિંસા થઈ જાય છે ને કર્મ બંધાય છે. એ કર્મો તો જીવને પોતાને ભોગવવા પડે છે. માટે જ્ઞાની કહે છે- **પાપના કાર્યોને વિલંબમાં નાંખજો અને ધર્મના કાર્યો તો હાજરમાં પતાવજો.** અનર્થદંડે તો જીવ ઘણો દંડાઈ રહ્યો છે. તમારે રહેવા માટે મકાન જોઈએ. પછી તે મકાનની શોભા માટે ફર્નીચર, રાચરચીલું વસાવો. પછી જો તેની બરાબર સ્વચ્છતા ન જળવાય તો જીવહિંસાની શકયતા રહે એટલે અર્થદંડમાંથી અનર્થદંડ થઈ જવાનો, માટે સમજીને પાપનો ત્યાગ કરતા શીખો નહિ તો દુર્ગતિમાં તમારા બુરા હાલહવાલ થશે. તમે જમવા બેસો ને એઠું મૂકીને ઊભા થઈ જાવ તો એ હાથ ધોયેલી થાળીમાં બે ઘડી પછી સમુર્છિમ જીવો ઉત્પન્ન થઈ જાય છે માટે થોડી ઉણોદરી કરો પણ એઠું તો ન મૂકશો. આ બધું જીવ પ્રમાદને વશ થઈને કરે છે તેથી અનર્થદંડ લાગે છે. તેમજ પાંચ પ્રકારના પ્રમાદથી પણ જીવ અનર્થદંડે દંડાય છે માટે દરેક કામ ઉપયોગ રાખીને કરવું જેથી નિરર્થક પાપ ન લાગે.

ત્રીજો બોલ છે. **"હિંસપ્પયાણું"** જેનાથી હિંસા થાય એવા હિંસાકારી શસ્ત્રો ઘરમાં વસાવવા અને બીજાને આપવા. ચપ્પુ, કાતર બધું ઘરમાં હોય છતાં બજારમાં જો સારું ચપ્પુ જોયું તો ખરીદશો પણ ખબર નથી કે આ સાધનો તો અહીં રહી જશે અને મૃત્યુ વખતે જો વોસરાવ્યા નહિ તો પાપના ભાથા સાથે લઈને જશો. તમારી છરી તમે કોઇને આપો તો પણ તમે પાપના ભાગીદાર બનશો. આ યુગમાં તો ઘંટીઓ વસાવતા થઈ ગયા પણ યાદ રાખજો જેટલા પાપના સાધનો વસાવશો તેટલું પાપનું ભાથું તમારી સાથે આવશે. તમારે કાતર, ચપ્પુની જે જરૂર હોય તેટલું રાખવું પડે

પણ અધિક નવા ન વસાવશો. તમે બહારગામ જતા હો ને કોઈ તમને કાતર, ચપ્પુ આદિ હથિયારો લાવવાનું કહે તો તમે ચોખ્ખી ના પાડી દેજો. મેં વ્રત આદર્યા છે માટે હું એ નહિ લાવું. માટે હિંસા થાય એવા સાધનો વસાવવાનું કોઈને કહેવું નહિ. તેની અનુમોદના આપવી નહિ. તેની પ્રશંસા પણ કરવી નહિ અને કોઈને એવા હિંસાકારી શસ્ત્રો આપવા પણ નહિ.

કહેવાય છે કે આ દેશમાં મકાન બાંધનારો કડિયો પણ સાત માળનું મકાન બનાવતા પહેલા એ મકાનની પહેલી ઈંટ એ મકાનના માલિક શેઠની પાસે મૂકાવતા. તે સમજતો કે મકાન બાંધવું એ પાપોનું ઘર છે. એની શરૂઆત હું શા માટે કરું ? પોતાની આજીવિકા માટે કામ કરતો હોય છતાં જો તેના મનમાં આવી કોમળતા હોય તો પછી જૈનશાસનને પામેલા આત્મામાં તો કેટલી કોમળતા હોય ? એ સામેથી બીજાને શસ્ત્રો આપવા જાય ખરો ? કે તેની જાહેરાત કરે ખરો ? અનર્થદંડના આ પાપોમાં સામા જીવોના દ્રવ્યપ્રાણ કે ભાવપ્રાણ એ બંનેમાંથી એક પ્રાણની રક્ષા કરવાની કાળજી હોતી નથી. તેથી એ પાપો આત્માને ભારે બનાવી દે છે, માટે જ્ઞાની કહે છે કે જીવોની ઘાત થાય એવા હિંસાકારી સાધનો અધિક વસાવશો નહિ અને બીજાને તેનું દાન કરશો નહિ.

(૪) **"પાવ કમ્મોવએસ"** : એટલે પાપકારી ઉપદેશ આપવો. કંઈક જીવો એવા હોય છે કે પોતાને કાંઈ પણ સ્વાર્થ ન હોય છતાં હિંસાનો ઉપદેશ આપ્યા કરે. જેમ કે યજ્ઞ કરો, હોમ કરો. આ જીભ અનર્થદંડના પાપો બહુ કરે છે. જ્યાં જરૂર નથી ત્યાં પણ બોલ બોલ કરે છે. જે પોતે પાપના કાર્યોમાં મશગુલ હોય છે તેવા જીવો બીજાને પાપનો ઉપદેશ આપવામાં જરા પણ સંકોચાતા નથી પણ એમાં પોતાની હોંશિયારી માને છે. કોઈ કહે– ઘરમાં માંકડ ખૂબ થયા છે. સુખે ઊંઘવા દેતા નથી તો તેને કહેવું કે માંકડ મારવાની દવા મળે છે. આપ છાંટી દો ને તો નિકાલ થઈ જાય. આમાં તમારો કાંઈ સ્વાર્થ છે ? તમારું કાંઈ હિત થવાનું છે ? છતાં આવું બોલ્યા એટલે સમજજો કે ઘોર પાપનો ઢગલો થઈ ગયો. આ રીતે મચ્છર, વાંદા, કીડીઓ, મંકોડા, ઉધઈનો નાશ કરવા માટે કહેવું કે દવા છાંટી દો. બધું સાફ. અરરર....કેટલા ત્રસ જીવોની હિંસાના ભાગીદાર બન્યા ! અત્યારે તો સ્કૂલોમાં એ પ્રચાર થઈ રહ્યો છે કે ઈંડા એ વેજીટેરીયન છે. તે ખાવામાં પાપ નથી. આવું બોલનારા પંચેન્દ્રિય જીવોની હિંસાના ભાગીદાર બને છે. એક જીભના ટેસ્ટ માટે કેટલી હિંસા. આ ટેસ્ટ તમારો સોંસરો નીકળી જશે. આવું બોલનારને ખબર નથી કે આના ગોઝારા પરિણામ કેવા આવશે ?

આવી નિર્દયતાભરી સલાહ આપનારાઓને એ ખબર નથી કે મારા આટલા શબ્દોથી કેટલાય બિચારા નિર્દોષ જીવોની જિંદગી સમાપ્ત થઈ જાય છે. મહાન પુણ્યોદયે મળેલી આ જીભનો ઉપયોગ જેમ તેમ ન કરો. નિર્દોષ જીવોની જિંદગીને નજર સામે

રાખીને જીભનો ઉપયોગ કરજો. નહિતર આ જીભનો દુરૂપયોગ તમારા બીજા ભવોને બગાડી નાંખશે. કઠોર અને કડવી વાણીએ ઘણાંને ધર્મથી વિમુખ બનાવ્યા છે. ભાઇ-ભાઈ વચ્ચે, પિતા પુત્ર વચ્ચે, શેઠ-નોકર વચ્ચે, ગુરૂ શિષ્ય વચ્ચે ઝઘડા અને કલેશ કરાવ્યા છે. કઠોર અને કડવી વાણીથી પ્રાયઃ કાર્યસિદ્ધિ થતી નથી. મીઠી અને કોમળ વાણીથી કાર્યસિદ્ધિ થાય છે. મીઠી વાણીથી લોકોનો પ્રેમ સંપાદન કરી શકાય છે. લોકો આપણા પર પ્રસન્ન રહે છે. **"જીભનો સંયમ એ જીવન જીવવાની જડીબુટ્ટી છે."** જેને વિવેકથી મધુર બોલતાં આવડયું તેનો બેડો પાર થતાં વાર નહિ લાગે. બોલતા પહેલા ખૂબ વિચાર કરવો કે મારા બોલવાનું પરિણામ શું આવશે ? સામી વ્યક્તિ પર મારા બોલવાની છાપ કેવી પડશે તેનો વિચાર કરીને બોલવું. જે બોલતાં શીખ્યો નથી તે જીવન સંગ્રામમાં હાર ખાય છે. ડગલે ને પગલે બીજાને કલેશ પમાડે છે. જો આ ભવમાં જીભનો દુરૂપયોગ કર્યો તો બીજા ભવોમાં પછી બોલવા જીભ નહિ મળે જોવા આંખ નહિ મળે, સાંભળવા કાન નહિ મળે, ગરીબાઈ એવી આવશે કે ભીખ માંગવા છતાં રોટલાનો ટુકડો ય નહિ મળે. દીકરા તમને સુખે જીવવા દે એવા નહિ મળે. કોઈ નોકરીમાં રાખવા તૈયાર નહિ થાય. જીવન અકારું બની જશે. જો આ સ્થિતિ ન લાવવી હોય તો પાપનો ઉપદેશ આપવાનું બંધ કરી દો. આજે માનવી જરૂરિયાત ન હોય છતાં બિનજરૂરી બોલીને પાપ બાંધે છે.

દાખલા તરીકે તમારા સંબંધી કે સ્વજન કોઇ મકાન બાંધે છે, તમે ત્યાંથી નીકળ્યા. તમે બોલ્યા, કેમ ભાઈ ! મકાન બાંધો છો ? આટલું એક માળનું મકાન બાંધીને શા માટે રહેવા દીધું છે ? ઉપર બે ત્રણ માળ બનાવો ને ! અત્યારે મકાનની કેટલી તંગી છે. તમારે ભાડા સારા આવશે. તમારે પૈસાની અગવડ હશે તો હું આપીશ. ટાઇમની અગવડ હોય તો મને સોંપી દો. હું બધું સંભાળી લઈશ. તમારે ભાડાની આવક સારી થશે. એક મકાન બંધાતા કેટલા પાપ થાય છે ? તમને એક રૂમ પણ રહેવા આપવાના છે ? છતાં પાપનો ઉપદેશ આપ્યો. કેટલા કર્મ બંધાયા ? મકાન બનતા જે હિંસા થશે તેની અનુમોદનાના ભાગીદાર બન્યા. આ રીતે વેપાર બાબતમાં કોઈને કહેવું હમણાં આ ધંધો તેજીમાં છે, તું વેપાર કર. તારે પૈસા જોઈતા હશે તો હું આપીશ. તું આ કારખાના, ફેકટરીઓ ખોલ. તારી પાસે પૈસા છે તો બે સંચાના ચાર કર. એક તો પાપનો ઉપદેશ આપ્યો ને વળી ઉપરથી મનમાં મલકાયા કે મેં કેવું સરસ કર્યું ! આ સરસ-તમને કયાં લઈ જશે ? મકાન બાંધવું, વેપાર કરવો એ બધી ક્રિયાઓ પાપમય છે માટે એમાં જરા પણ જીભ વાપરવા જશો નહિ. તમારે જે જરૂર છે, છૂટકો નથી ત્યાં કરવું પડે તો પણ ભાવ તો એ જ હોય કે હું કયારે આમાંથી છૂટું ? માટે પાપની પટલાઈ કરવા જશો નહિ. પાપના કાર્યની પ્રશંસા કરશો નહિ ને અનુમોદના પણ આપશો નહિ.

આરંભનો આદર ન હોય : એક રાજાએ ૧૪ લાખનો મોટો બંગલો બનાવ્યો. તે જમાનામાં ૧૪ લાખ એટલે ઘણાં કહેવાય. બંગલો ખૂબ સુંદર નવી ઢબનો બનાવ્યો. તેમાં દેશ પરદેશથી લાવેલા ફર્નીચરથી બંગલો બરાબર સજાવ્યો. બરાબર તૈયાર થઈ ગયો ત્યારે જાહેરાત કરી કે જેને આ બંગલો જોવો હોય તેને ત્રણ દિવસમાં આવી જવાનું. આખું ગામ જોવા ઉપડ્યું. એમાં તો પૂછવું જ શું ? ન ગયા એક નગરશેઠ. બધાએ મહેલ જોઈને ખૂબ પ્રશંસા કરી. શેઠ ન ગયા એટલે ઈર્ષ્યાળુ માણસોએ રાજાને ચઢાવ્યા. મહારાજા ! આખું ગામ જોવા આવી ગયું પણ એક નગરશેઠ નથી આવ્યા. નગરશેઠ તો જૈન ધર્મના ચુસ્ત અનુયાયી છે. રાજાએ શેઠને બોલાવવા પાલખી મોકલી. શેઠ કહે હું ત્યાં આવતો હતો. શેઠ તો પાલખીમાં બેસીને રાજાના મહેલે આવ્યા. રાજા અને શેઠ બંને સાથે મહેલમાં ગયા. રાજા શેઠને બધું બતાવે છે કે આ ફર્નીચર પરદેશનું છે. આ વસ્તુ આ દેશની છે. આ વસ્તુ ફલાણા દેશની છે. રાજા બોલ બોલ કરે છે. શેઠ બધું મૂંગા મોઢે સાંભળે છે. એક અક્ષર પણ બોલતા નથી.

રાજા મનમાં વિચાર કરે છે કે હું આટલું બોલું છું પણ શેઠ તો કાંઈ બોલતા નથી. પ્રશંસા પણ કરતા નથી. આજના જીવો તો રાજાને સારા થવા માટે હોય એના કરતા સવાયી પ્રશંસા કરે. બીજાને સારા થવા જતાં સારાપણું સોંસરું નીકળી જશે. શેઠ તો કાંઈ બોલ્યા નહિ ત્યારે છેવટે રાજાએ સામેથી પૂછયું–શેઠ ! તમને આ બંગલો કેવો લાગ્યો ? શેઠ કહે, તમે રાજા મહારાજા ! તમારી કાંઈ વાત થાય ? તમારો વાદ કોઈ કરી શકે નહિ. શેઠે સારું છે એમ ન કહ્યું પણ પાપ બંધાય નહિ એવી વિવેકપૂર્વક ભાષા બોલ્યા. જો રાજાને સારા થવા પ્રશંસા કરી હોત તો અનર્થદંડ લાગી જાત.

કોઈ સગાસંબંધીમાં લગ્ન હોય તેને કહો– ભાઈ ! તમારી દીકરી પરણે છે. ગામમાં તમારું ઘર મોખરે કહેવાય, તમારે તો ખૂબ ધામધૂમથી લગ્ન કરવા જોઈએ. ઝાડના પાંદડે પાંદડે લાઈટો મૂકવી જોઈએ. મંડપ તો રોશનીથી ઝળહળી ઉઠવો જોઈ એ. સાત જાતની મીઠાઈ બનાવવી જોઈએ. આ રીતે કહીને ખૂબ પાણી ચઢાવે અને કર્યા પછી પણ તેની ખૂબ પ્રશંસા કરે. શું તમારી રોશની ! શું તમારું જમણ ! આ કેટલા પાપના પોટલા ભેગા થઈ ગયા ! કેટલા અગ્નિકાય, વાઉકાય આદિ છએ કાય જીવોની કેટલી હિંસા થઇ ? આવી સલાહ આપવાથી આત્મા કર્મથી ભારે થાય છે, માટે હું તો આપને કહું છું કે ડાહ્યા થઈને કયાંય કોઈને આવી શિખામણ દેવા જશો નહિ. પાપ બંધાય તેવા ઉપદેશ આપશો નહિ.

આનંદ શ્રાવકે ભગવાનને કહ્યું–હે પ્રભુ ! મારી જાત માટે કે કુટુંબ માટે જે કરવું પડે તે કરીશ. તેમાં પણ ખૂબ ઉપયોગ રાખીશ. મારા વચનને તો હું ખૂબ કંટ્રોલમાં રાખીશ. મન–વચન–કાયા ત્રણેથી અનર્થદંડ લાગે એવું કાર્ય કરીશ નહિ. જો તમને પાપનો ભય લાગ્યો હોય, પાપનો ખટકારો થયો હોય તો વ્રત પચ્ચક્ખાણમાં આવો. વ્રત આદરો તો પાપથી અટકશો. આઠ વ્રત પૂરા થયા હવે નવમા વ્રતમાં શું વાત આવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : રત્નસુંદરીનું હિલોળે ચઢેલું હૈયું : ગુણસુંદરના લગ્ન માટે માણેકચંદે તો તૈયારીઓ કરવા માંડી. આ બાજુ રત્નસાર શેઠે ઘેર જઈને મંગલ વધામણી આપી. આ સાંભળતા રત્નસુંદરીના તો સાડાત્રણ કોઠ રોમરાય ઉલ્લાસિત થઇ ગયા. તેના રોમરોમમાં આનંદ થયો. બસ, આજે મારી આશા પરિપૂર્ણ થઇ. ધન્ય ઘડી ધન્ય દિવસ આજનો કે મારા મનોરથ પૂરા થયા. આ વાત ધીમે ધીમે ગોપાલપુર ગામમાં પ્રસરી ગઈ કે રત્નસુંદરીના લગ્ન થાય છે. એકબીજા એકબીજાને પૂછવા લાગ્યા કે રત્નસુંદરીના લગ્ન કોની સાથે થાય છે ? ભાઇ ! પેલા પરદેશી ગુણસુંદર સાથે. બધા કહે છોકરી ભાગ્યશાળી, પુણ્યશાળી તો ખરી કે આવો સુંદર પતિ મળ્યો ! તેના બાપ ગમે તેટલું બહાર શોધવા જાત તો પણ આવો વર ન મળત. રત્નસુંદરી પણ રૂપ અને ગુણોથી ભરપુર છે.

કઈ સૌભાગ્યસુંદરી સાંપડી ? : આ વાત પ્રસરતા પ્રસરતા પુણ્યસારને પણ પહોંચી કે રત્નસુંદરીના લગ્ન ગુણસુંદર સાથે થવાના છે. આ વાત સાંભળતા તેના હૃદયમાં ખૂબ ખેદ થયો. જે કન્યાની મેં માંગણી કરી હતી તે બીજાને પરણશે ? બીજે દિવસે પુણ્યસાર ગુણસુંદરને ત્યાં ગયો અને કહ્યું કે આજે કાંઇ નવાજૂની છે ? આ રીતે થોડી વાતચીત કરી અને પૂછ્યું કે શું તારા લગ્ન થવાના છે ? જે હોય તે સત્ય કહે. તું મારો અંગત મિત્ર. દોસ્તની સાથે કાંઈ દગો રમાય ખરો ? આજે મારું સગપણ થયું ને હવે થોડા દિવસમાં લગ્ન થવાના છે. કોની સાથે ? કઇ સૌભાગ્ય સુંદરી તને મેળવીને ભાગ્યશાળી બની ? રત્નસાર શેઠની દીકરી રત્નસુંદરી. રત્નસાર શેઠ શ્રીફળ સોનામહોર આપીને લગ્નનું પાકું કરી ગયા છે. હવે લગ્નનો દિવસ જોવડાવવાનો બાકી છે.

પુણ્યસારની ઉદાસીનતા અને ગુણસુંદરની શંકા : રત્નસુંદરીનું નામ સાંભળતા પુણ્યસારને ગુરૂકુળની વાત યાદ આવતા તેના મુખ પર ઉદાસીનતા છવાઈ ગઈ. તેને ઉદાસ જોઈને ગુણસુંદરે પૂછ્યું–મિત્ર ! તું કેમ ઉદાસ થઈ ગયો ? તને આ સંબંધ ન ગમ્યો ? આ કન્યામાં કાંઈ કહેવાપણું હોય તો મને કહે. પુણ્યસાર મૌન રહ્યો એટલે એના દિલમાં ચટપટી થઇ. આ બાબતનો ખુલાસો તો કરવો જોઇએ. આ તો મોટી મુંઝવણ આવી. ગુણસુંદર કહે–મિત્ર ! મારા માતાપિતા તો અહીં હાજર નથી. મારો ભાઇ કહું કે મિત્ર કહું, જે કહું તે તું છે માટે જે સત્ય વાત હોય તે મને કહે. મારાથી કાંઈ છુપાવીશ નહિ. હજુ તો માત્ર શ્રીફળ વિધિ થઈ છે. પુણ્યસાર કહે–મિત્ર ! ના....ના....એવું કાંઈ નથી. તો મારી વાતને હર્ષથી વધાવવાને બદલે તું ઉદાસ કેમ થઈ ગયો ? કન્યાની બાબતમાં એવું કાંઇ નથી. એ છોકરી તો ઘણી સુંદર અને સદ્‌ગુણી છે. પ....ણ.... ગુણસુંદર કહે પુણ્યસાર ' પણ ' શું ? તું અટકી કેમ ગયો ? પ....ણ.... કહે છે એટલે મને વહેમ પડે છે. સાચી વાત કર ને. તારે એની સાથે કાંઇ પરિચય છે ? શું એ છોકરીનું પહેલાં કોઈની સાથે નક્કી થયેલું હતું ? એ કન્યા કોઈના પ્રેમમાં છે ?

શંકાનું સમાધાન : પુણ્યસાર કહે– ના. મને એવો કોઈ ખાસ પરિચય નથી. અમે ગુરૂકુળમાં સાથે ભણતા હતા. એ ત્યાં સંગીત શીખવા આવતી હતી. એ સ્વભાવની જરા તીખી છે; પણ આ તો ઘણા સમયની વાત છે. અત્યારે તો તે મોટી અને સમજુ થઈ છે એટલે શાંત અને સૌમ્ય બની ગઈ હોય. પુણ્યસારે પોતાની મૂળ વાત છૂપાવીને કહ્યું– મિત્ર! તારે ગભરાવવાની જરૂર નથી. ગુણસુંદર કહે કે મને તો એમ કે શું હશે ? થોડીવારમાં તો મને હજારો વિચારો આવી ગયા પણ કંઈ નહિ. કહ્યું એટલે મને શાંતિ છે. હવે મારા લગ્નનું કામકાજ બધું તારે કરવાનું છે. પુણ્યસારે બધી વાત સાંભળી પણ તેમાં તેનું ચિત્ત ન હતું. ઉપરથી મુખ હસતું રાખ્યું હતું પણ અંદરથી તેના આત્મામાં શાંતિ ન હતી. છતાં કહ્યું– તું બેફીકર રહેજે– હું બધું તારું કામ કરીશ, પછી પુણ્યસાર ઘેર ગયો પણ મનમાંથી રત્નસુંદરીના વિચારો જતા ન હતા.

પુણ્યસારનું ચિત્ત ચકડોળે : હવે રત્નસુંદરી બીજાની થઈ ગઈ. તેના મનમાં એક જ વિચાર આવતો હતો કે મેં તેને કહ્યું હતું કે હું તને પરણીને જ રહીશ. એ મારા બોલેલા બોલનું શું થશે ? હવે રત્ના મારા માટે તો પરસ્ત્રી બની ગઈ. મારા મિત્રના લગ્નમાં જઈશ તો એ મને ઓળખી જશે. મને તો એમ જ થાય છે કે લગ્નમાં જવું જ નહિ. ચિત્ત ચકડોળે ચઢયું છે. અરેરે....હે દેવ! તેં આ શું કર્યું ? તેં મને વચન આપ્યું હતું અને અત્યારે મારી કેવી કુર મજાક કરી ? વળી તેં રત્નાને પરણાવી તો ભલે પરણાવી, પણ તેને મારા મિત્ર ગુણસુંદર સાથે શા માટે પરણાવી ? મારે મિત્રની સાથે તેના લગ્નમાં તો જવું પડશે. હું મારી નજરે તેને બીજાને પરણતા કેવી રીતે જોઈ શકું ? તો શું હું આ લગ્ન સમયે બહાર ચાલ્યો જાઉં ? ઘડીકમાં આમ વિચાર થાય છે; વળી પાછું તેનું મન કહે કે તારે બહાર ચાલ્યા જવું એ તને ન શોભે. તેં તો મિત્રને વચન આપ્યું છે. જો હું ગામ છોડીને બહાર જઈશ તો પણ લગ્ન તો થવાના છે. તેના લગ્ન કાંઈ અટકવાના નથી. તેમજ હવે તે ગુણસુંદરની બની એટલે મને તો ખપતી નથી. હવે હું તેને મારી બનાવી શકવાનો નથી; પછી ભાગી જવાનો શો અર્થ ? તો શું કરું ? શું હું રત્નસુંદરીનું અપહરણ કરીને ઉપાડી જાઉં ? અને બળાત્કારે તેની સાથે લગ્ન કરીને મારું વચન સિદ્ધ કરું ? ત્યાં તેના આત્મામાંથી અવાજ આવ્યો. ના....ના એ તો હવે ગુણસુંદરને અપાઈ ગઈ એટલે મારા માટે પરસ્ત્રી થઈ. તેનો સ્પર્શ પણ મારે ન કરાય ગમે તેમ તો ય તે શીલવાન હતો. હવે તે માટે તે શું વિચાર કરશે તે અવસરે,

ભાદરવા વદ ૫ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૮૨ : તા. ૩-૧૦-૮૫

અનંતજ્ઞાની ફરમાવે છે કે ભવવનની ભૂલભૂલામણીમાં આત્મા માર્ગ ભૂલી ગયો છે. તે ભૂલભૂલામણીમાંથી બહાર કાઢનાર આ કાળમાં વીતરાગની વાણી અને તેને સમજાવનાર સદ્‌ગુરૂ ભગવંતો છે. જેમ કોઈ એક માણસ એક શહેરમાંથી બીજા

શહેરમાં પગે ચાલીને જઈ રહ્યો છે. રસ્તામાં તે માર્ગ ભૂલી ગયેા. શહેરમાં જવાના રસ્તાને બદલે જંગલના રસ્તે ચઢી ગયેા. સાંજ પડવાની તૈયારી હતી. થેાડા થેાડા પ્રકાશમાં તે આગળ વધી રહ્યો હતેા. રસ્તા પર તેને કેાઈકના પગલા દેખાયા. તેને એમ કે આ રસ્તેા જંગલની બહાર જતેા હશે તેથી પગલાને આધારે તે આગળ વધવા લાગ્યેા. ત્યાં અચાનક દૂરથી કેાઇકનેા અવાજ સંભળાયેા. તું ત્યાં ઊભેા રહેજે. એક ડગલું પણ આગળ વધીશ નહિ. આ સાંભળી તે યુવક ત્યાં થંભી ગયેા. કેાઈ પ્રૌઢ માણસ જલ્દીથી પેાતાની તરફ આવતેા જોયેા, છેવટે એકદમ નજીક આવીને પૂછયું– ભાઈ! તું કયાં જાય છે? તારે કયાં જવું છે? અરે, ભાઈ! હું તેા ભૂલેા પડયેા છું. રાત પડવાની તૈયારી છે. આવા અઘેાર જંગલમાં રાત કેવી રીતે પસાર કરું? આ વિચારથી જે પગલા દેખાય છે તેના આધારે હું ઝડપથી જઈ રહ્યો છું પણ ભાઈ! તને ખબર છે કે આ રસ્તેા કયાં જાય છે? ના....ના. હું તેા પગલાને આધારે આગળ ચાલી રહ્યો છું. ભાઈ! સાંભળ, આ રસ્તેા તેા સિંહની બેાડમાં જાય છે. સિંહને મારવા શિકારીઓ આ રસ્તે ગયા હશે તેથી તેમના પગલા પડયા છે. સિંહ તેા મયેાં નહિ પણ તેણે શિકારીઓને મારી નાંખ્યા લાગે છે, માટે ભાઈ! તને કહું છું કે તું આ રસ્તેથી પાછેા ફર. હું તને જંગલની બહાર સહીસલામત રીતે પહેાંચાડી દઈશ.

આ સાંભળતા પેલા યુવકને કેટલેા આનંદ થયેા હશે? તેણે પેલા પ્રૌઢ માણસને કયા શબ્દોથી આવકાર્યો હશે? પ્રૌઢ માણસની વાત સાંભળી પેલેા યુવક તેા તેના પગમાં પડી ગયેા ને કહ્યું, અહેા હે ઉપકારી કાકા! તમારેા ઉપકાર આ જન્મમાં તેા નહિ પણ જન્મેાજન્મમાં નહિ ભૂલું. તમે તેા મને મૃત્યુના મુખમાંથી બચાવ્યેા છે. તમે તેા મને જીવતદાન આપ્યું છે. તમે તેા મારા મહાન ઉપકારી છેા. આમ કહીને તે યુવક પેલા પ્રૌઢ માણસની સાથે ચાલ્યેા અને જંગલમાંથી બહાર નીકળી ગયેા. તે સહીસલામત પેાતાના ઇચ્છિત સ્થાને પહેાંચી ગયેા. વનની ભૂલભૂલામણીમાં આવેા કેાઈ ભેામિયેા મળી જાય તેા આનંદનેા પાર રહેતેા નથી. આપણેા આત્મા ભવવનની ભૂલામણીમાં ભૂલેા પડયેા છે ગુરૂ ભગવંતેા આપણા ભેામિયા છે. તેઓ આપણને સમજાવે છે કે હે આત્મા! જો તું પાપના માર્ગે ચાલીશ તેા સિંહની બેાડ સમાન દુર્ગતિના દુઃખેા ઊભા છે અને ભગવાને બતાવેલા ધર્મના માર્ગે ચાલીશ તેા ભવની ભૂલામણીમાંથી બહાર નીકળી શકીશ અને તારા ઇચ્છિત સ્થાન એવા મેાક્ષમાં પહેાંચી શકીશ.

આનંદ શ્રાવકને ભગવાન મહાવીર સ્વામી જેવા ભેામિયા મળી ગયા. તેમણે ભવની ભૂલવણીમાંથી બહાર નીકળવાનેા સાચેા માર્ગ બતાવ્યેા. આનંદ શ્રાવકે એ માર્ગ પર પગલા ભરવા માંડયા. તેમણે આઠ વ્રત સ્વીકાર્યા. આઠમું અનર્થદંડ વ્રત બહુ સમજવા જેવું છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાનને વશ થઈને જીવ અનર્થદંડે દંડાઈ રહ્યો છે પરિણામે દુર્ગતિમાં જવાના કર્મો ઊભા કરે છે, માટે આર્તધ્યાન, રૌદ્રધ્યાનને છેાડીને ધર્મધ્યાનમાં આવેા. જો ધર્મધ્યાનમાં જોડાશેા તેા નરક કે તિર્યંચ ગતિમાં જવું નહિ

પડે. મહાન સાધકોએ આર્તધ્યાન-રૌદ્રધ્યાન થવાના પ્રસંગો ઊભા થયા છતાં તેમાં મનને જોડાવા ન દીધું પણ ધર્મધ્યાનમાં જોડાઈ ગયા. સતી સીતાજીને આ જન્મમાં કર્મરાજાએ ત્રણ વાર ફટકા માર્યા છતાં એ દુઃખના પ્રસંગમાં અશુભ ધ્યાન ન કર્યું કોઇના દોષ ન જોયા પણ સવળી ગતવણી કરી તો જીવનમાં ધર્મધ્યાન આવી શકયું.

સીતાજીને પહેલો ફટકો : સીતાજીને કર્મરાજાએ પહેલો ફટકો એ માર્યો કે સીતાજી પરણીને સાસરે આવ્યા ત્યારે તેમના મનમાં એ આનંદ, ઉમળકો હતો કે મેં કેવા પુણ્ય કર્યા હશે, મારું કેવું સદ્‌ભાગ્ય કે દુનિયાની કોઈ છોકરીને ન મળે તેવા રામચંદ્રજી જેવા પવિત્ર, યશસ્વી પતિ મળ્યા. તે પોતાને મહાભાગ્યશાળી માનતા. આવા પવિત્ર પતિ મળવાથી પોતાના જીવનને ધન્ય માનતા અને તેમાં ગૌરવ અનુભવતા. હું એમની સાથે મહેલમાં આનંદથી રહીશ પણ કર્મે એવો ફટકો માર્યો કે લે તારે રાજમહેલમાં આનંદ કરવો છે તો હવે તને બરાબર બતાવી દઉં. કર્મરાજાએ સીતાનો આનંદ કે હર્ષ ટકવા ન દીધો. ફટ લઇને કૈકયીના વચનથી રામને ૧૪ વર્ષનો વનવાસ અપાવ્યો. રામચંદ્રજીના કર્મો ઉદયમાં આવ્યા તો આવી મતિ સૂઝી. બાકી કૈકયીને આવી મતિ ન થાય. રામે સીતાને કહ્યું- તું અહીં મહેલમાં રહે પણ પતિના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેનારી સીતા મહેલમાં ના રહી પણ રામની સાથે જંગલમાં ગઇ. વનવાસ મળ્યો છતાં કેવો સરસ વિચાર કર્યો ! ભલે મહેલ ગયા પણ પતિ તો મારી પાસે છે. હું મહેલને કે સુખ સગવડને કયાં પરણી છું ! હું તો મારા પતિને પરણી છું તે પતિ તો મારી પાસે છે. જેની સાથે મેં હૃદયના સંબંધ બાંધ્યા એ મારે જો સલામત છે તો બધું સલામત છે. આ રીતે તેમણે મન વાળ્યું ત્યારે કર્મે બીજો ફટકો માર્યો.

કર્મરાજાનો બીજો ફટકો : કર્મરાજાએ કહ્યું, તું માને છે કે મારા પતિ તો સલામત મારી પાસે છે તો લે, હું તને બતાવી દઉં. કર્મે રાવણની મતિ ભ્રષ્ટ કરાવી. રાવણ ત્યાં આવ્યો અને સીતાનું અપહરણ કરીને ઉપાડી ગયો. આ ફટકામાં કયાં તેના પતિ સલામત રહ્યા ? તું પતિમાં આનંદ, સંતોષ માનતી હતી તો લે હવે રામને તારી પાસે રહેવા નહિ દઉં. છ છ મહિના અશોકવાટિકામાં રાખી. રાવણે તેને પોતાની બનાવવા ઘણાં પ્રયત્નો કર્યા પણ આ તો સતી હતી. તે જરાય ચલિત ન થઈ. જો તેનામાં આ સમયે સાચી સમજણ ન હોત તો ઝૂરી ઝૂરીને આર્તધ્યાન- રૌદ્રધ્યાન કરત. આ સ્થિતિ એવી હતી કે આર્ત-રૌદ્રધ્યાન થયા વગર ન રહેત. તે ત્યાં એવા વિચાર કરી શકત કે કૈકયીનો દિનમાન ઉઠી ગયો કે મારા પતિને વનવાસમાં મોકલ્યા ! પતિને વનવાસ મળ્યો તો મારી આ દશા થઈને ? પણ તેણે આવા વિચાર ન કર્યા. ધર્મધ્યાન કર્યું. ધર્મધ્યાન આવે ત્યારે આત્મા દુઃખમાં પણ સુખ માને. તેણે કૈકયીનો કે રામનો દોષ ન જોયો પણ કર્મનો દોષ જોયો.

કર્મરાજાનો ત્રીજો ફટકો : રાવણને હરાવી સીતાને લઇને રામ અયોધ્યામાં આવ્યા. રાજરાણીનું પદ મળ્યું. સુખની ઘડી આવી. મનમાં થયું કે બસ, હવે મારા

દુઃખના દિવસો ગયા. સુખના દિવસો આવ્યા. ત્યાં કર્મે ત્રીજો ફટકો માર્યો. લે, તું માને છે કે હવે મને સુખની ઘડી આવી. દુઃખની ઘડીઓ ગઈ. તો એ બધા દુઃખોને ઓળંગી જાય એવું દુઃખ આપું. લોકોના બોલવાથી રામ ચઢી ગયા અને એકલી અટૂલી ગર્ભવંતી સ્થિતિમાં જંગલમાં તરછોડાવી દીધી.

સતી સીતા સુખે સૂતા, ધોબી વેણ બન્યા ધૂતા,
સીતા મૂકયા વનવાસે, વેણ કવેણુમાં...વચન.

જો સીતાજી સ્વભાવને છોડીને વિભાવમાં ગયા હોત તો પ્રમાદને વશ થઈને નિંદા કરત કે આખી અયોધ્યામાં હું જ એક નજરમાં આવી ? તું મને કયાં જોવા આવ્યો હતો ? આવા વેણ કાઢત પણ ના.... એક શબ્દ ન બોલ્યા. અનર્થદંડે દંડાય એવા પ્રસંગો સામે ખડા થયા છતાં તેનો આત્મા દંડાયો નહિ પણ સજાગ રહ્યો, છેવટે તેના કર્મો પૂરા થયા ને રામ તેને શોધીને અયોધ્યામાં લઈ આવ્યા; છતાં હજુ કર્મ શું કરાવે છે ? લોકો કહે છે આ બધું થયું એ સાચું પણ અમે તો તેમને ત્યારે સાચા માનીએ કે આપ અગ્નિપરીક્ષા કરો. સીતાજીની અગ્નિપરીક્ષા થઈ તેમાં તે પાસ થઇ ગયા. અગ્નિ ફીટી પાણી બની ગયું. રામ-લક્ષ્મણ બધાએ કહ્યું, હવે આપના દુઃખનો અંત આવ્યો. હવે આપ રાજસુખ ભોગવો. સીતાજીના મનમાં એમ નથી. થતું કે હવે મારા દુઃખના દિવસો ગયા અને સુખ આવ્યું તો આનંદથી ભોગવીએ. તેમણે કહ્યું, હવે મારે અયોધ્યાના રાજમહેલમાં આવવું નથી અને રાજસુખ ભોગવવું નથી. મને કર્મરાજાએ ત્રણ ત્રણ ફટકા માર્યા. હવે મહેલમાં રહીને મારે કર્મના ફટકા ખાવાં નથી આપ મને માફ કરો, અનંતા જન્મોમાં મેં કર્મોના અનંતા ફટકા ખાધા. હવે ફટકા ખાવા તૈયાર નથી. કર્મો મને શું ફટકા મારતા હતા ? હું જ ચારિત્ર લઈ ને અહિંસા, સંયમ, તપથી કર્મોને ફટકા મારીશ અને સદાને માટે રવાના કરી દઇશ. તે માટે હું સંયમ માર્ગે પ્રયાણ કરીશ.

આ બધો પ્રતાપ આપનો : રામચંદ્રજી કહે છે કે તમે આવું કેમ બોલો છો ? જો કે અમે તમારો મહાન અપરાધ કર્યો છે. તમારા પર અપકાર કર્યો છે છતાં તમે મોટું મન રાખી અમારા અપરાધને માફ કરો. અમારા પર રીસ ન રાખો. સીતાજી કહે- આપ આ શું બોલ્યા ? તમે અપકારી શેના ? તમે તો મારા મહાન ઉપકારી છો. જો મારા દિલમાં તમે હતા તો અગ્નિનું પાણી થયું, મારા દિલમાં તમારા બદલે જો બીજા કોઈ હોત તો અગ્નિનું પાણી ન થાત પણ સીતાની રાખ થઈ ગઈ હોત. મારા દિલમાં તમારા સ્થાનના પ્રતાપે અગ્નિ પાણી થઈ જાય ને હું બળી ન જાઉં એ તમારો મારા પર ઓછો ઉપકાર છે ? કેવી સબળી દૃષ્ટિ ? કર્મરાજાએ ત્રણ ત્રણ ભયંકર ફટકા માર્યા છતાં જરા પણ આર્તધ્યાન કે રૌદ્રધ્યાન ન કર્યું પણ ધર્મધ્યાન કર્યું. મહાન આત્માઓની આ વિશેષતા છે કે કર્મબંધના સ્થાનમાં કર્મોથી છૂટકારો મેળવે છે.

આનંદ શ્રાવકે આઠ વ્રત આદર્યાં. હવે નવમા વ્રતની વાત વિચારીએ. નવમું સામાયિક વ્રત. તમને કોઈ પૂછે કે સામાયિક કેટલી લાંબી ? ચૌદ રાજલોક જેટલી. ચૌદ રાજલોક જેટલી લાંબી શા માટે કહી ? તમે સામાયિક કરો ત્યારે ચૌદ રાજલોકની પાપની ક્રિયા રોકી દો છો. સામાયિકને સમભાવ રૂપ કહેલ છે. સમભાવ એટલે સમતા. સમતા રસમાં ઝૂલવું તેનું નામ સામાયિક. સામાયિક કરવાનો હેતુ શો ? અનંતકાળથી જીવોને અવ્રત દ્વારા પાપનો પ્રવાહ આવ્યા કરે છે. ચૌદ રાજલોકમાં જેટલી ચીજો છે તે પ્રત્યેની મમત્વ બુદ્ધિના કારણે આશ્રવ ચાલ્યો આવે છે. તે આશ્રવમાંથી, પાપની ક્રિયામાંથી મુક્ત થવા માટે ઓછામાં ઓછી બે ઘડી, ૪૮ મિનિટ સુધી સર્વ પાપકારી કાર્યોનો ત્યાગ કરવા માટે સામાયિક કરવાની છે. સામયિક એ કોઈ સામાન્ય ચીજ કે વસ્તુ નથી પણ મહાન અદ્‌ભૂત ચીજ છે. તે ચારિત્રનો અંશ છે. શ્રાવકની સામાયિક એ સાધુપણાની વાનગી છે. સામાયિક કરવાથી નવા પાપો આવતા બંધ થઈ જાય છે અને ઘણાં જૂના કર્મો ખપી જાય છે. ભગવાને પાંચ પ્રકારના ચારિત્ર બતાવ્યા છે. તેમાં પહેલું છે સામાયિક ચારિત્ર. જો સામાયિક કરવાની તાલીમ લેશો તો સામાયિક ચારિત્રનો થોડો લાભ મળશે.

અમૂલ્ય સામાયિકના અગણિત લાભ : સામાયિકમાં તો કેટલાય લાભો સમાયેલા છે. સામાયિકમાં તપનો સમાવેશ થાય છે તેથી આવતા નવા કર્મો રોકાય છે એટલું નહિ પણ અનંતા ભવોના કર્મો ઊડી જાય છે. ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના એ ૩૨ દોષ ટાળીને શુદ્ધ ભાવથી કરાતી સામાયિક નરક, તિર્યંચ ગતિને અટકાવે છે એટલું જ નહિ પણ મનુષ્યમાં હલકી જાતિમાં અને દેવમાં વાણવ્યંતર કે ભવનપતિમાં જતા નથી. તે સમયે જો આયુષ્યનો બંધ પડે તો વૈમાનિક ગતિનો પડે છે. સામાયિકમાં ૧૮ પાપમાંથી એક પણ પાપ કરાતું નથી. જેટલો સમય સામાયિકમાં હોય તેટલો વખત તો શાતા વેદનીય, ઉચ્ચગોત્ર અને શુભ નામ કર્મ બાંધે ગ્રંથકારો તો કહે છે કે કોઈ દાનેશ્વરી દરરોજ લાખ લાખ ખાંડી સોનાનું દાન કરે અને કોઈ જીવ સામાયિક, કરે તો આ દાનવીરનું દાન સામાયિક કરતાં વધતું નથી. સામાયિકમાં રહેલ શ્રાવક તેટલો વખત સાધુ જેવો છે. સામાયિક સર્વ ગુણોનો આધાર છે. સામાયિક શારીરિક અને માનસિક બધા દુઃખોનો નાશ કરે છે અને મોક્ષ તરફ લઈ જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ ! "सामाइएणं भन्ते जीवे किं जणयइ ?" સામાયિક કરવાથી જીવને શું લાભ થાય ? પ્રભુએ કહ્યું– "सामाइएणं सावज्ज जोग विरइ जणयइ।" સામાયિક કરવાથી સર્વ પ્રકારના સાવદ્ય યોગોથી નિવૃત્તિ થાય છે. એટલે સામાયિક કરવાથી સર્વથા પાપોનો ત્યાગ થાય છે. સમભાવને લાભ થાય છે. સામાયિક અસ્થિર આત્માને સ્થિર કરે છે. સાંસારિક ભાવમાંથી અધ્યાત્મ ભાવમાં લાવે છે. અનંત કર્મોની સાંકળો તોડાવી મહાન નિર્જરા કરાવે છે. હળુકર્મી બનાવે છે, માટે આપ એટલો નિયમ લો કે મારે દરરોજ ઓછામાં ઓછી એક

સામાયિક તો કરવી. એટલે એક વર્ષમાં ૩૬૦ સામાયિકો થાય. કદાચ કોઈ પ્રસંગોવશાત એક સામાયિક કરવી પણ મુશ્કેલ પડે તો એવી રીતે પચ્ચક્ખાણ લઇ શકો કે એક વર્ષમાં મારે ૩૬૦ સામાયિકો કરવી. જો એક દિવસ સામાયિક ન થાય તો બીજા દિવસે વધારે કરી લેવી પણ પચ્ચક્ખાણ હશે તો સામાયિક થશે. નહિ તો પ્રમાદમાં સમય ચાલ્યો જશે.

સમતાને લાવવા અને મમતાને મારવા જ્ઞાની ભગવંતોએ સામાયિકનો મહિમા ખૂબ ગાયો છે. અનાદિકાળથી અવળા અભ્યાસથી મન ઉકળાટવાળું બની ગયું છે. થોડી ઘણી અનુકૂળતા મળે, મનગમતું મળે ત્યાં મન રાગમાં ખેંચાઇ જાય છે અને મનગમતું ન મળ્યું, પ્રતિકૂળ મળ્યું ત્યાં દ્વેષ થઈ જાય છે. આ રાગ-દ્વેષના અનાદિના ઉકળાટને હારી દેવાની તાકાત આ સામાયિકમાં પડી છે. જગતના અનંત અનંત જીવોને બે ઘડી માટે સંપૂર્ણ અભયદાન આપી દેવાની તાકાત સામાયિકમાં રહેલી છે. કંઇક જીવો જે સામાયિકના રહસ્યને જાણતા નથી, તેના હાર્દને સમજતા નથી તેવા જીવો ગામગપાટા મારવામાં, પેપરો વાંચવામાં, બીજાની પંચાત કરવામાં સામાયિકનો અમૂલ્ય લાભ ગુમાવી બેસે છે અને પાપના ભાતા બાંધે છે. અનંતકાળથી રખડતા આત્માને મહાન પુણ્યોદયે આ કિંમતી સમય સાધનાનો મળ્યો છે તો સામાયિક કરવાની ચૂકશો નહિ. સામાયિક આપણને સમભાવના રસમાં ઝૂલાવે છે. સામાયિકથી કેટલા મહાન લાભ થાય છે. સામાયિક સંસારના દુઃખોથી પણ કેવી રીતે બચાવે છે તે માટે અહીં એક વાત યાદ આવે છે.

એક શેઠ ખૂબ શ્રીમંત હતા. તેમનો ધંધો ધમધોકાર ચાલતો હતો પણ પાપનો ઉદય થતાં દુઃખના દિવસો આવ્યા. તેમણે આઠ લાખ રૂપિયાનો માલ ભરી વહાણ પરદેશ મોકલ્યા હતા. રસ્તામાં ભયંકર વાવાઝોડું થતાં વહાણ બધા અધવચ્ચ ડૂબી ગયા. ખબર આવી કે આપે જે વહાણો માલ ભરીને મોકલ્યા છે તેનો પત્તો નથી. આ સાંભળતા શેઠના દિલમાં ખૂબ દુઃખ થયું. જે માલ મોકલ્યો હતો તેમાં પાંચ લાખ રૂપિયા બીજાના લઈને માલ મોકલ્યો હતો. તેમનું કરજ માથે હતું એટલે શેઠના મનમાં એ આઘાત લાગ્યો કે હવે લોકોનું કરજ ચૂકવીશ શી રીતે ? લોકો મારી પાસે લેવા આવશે તો હું મોઢું શું બતાવીશ ? તે સમયે આજના જેવો જમાનો ન હતો કે જલ્દી દેવાળા કાઢે. આજે તો ઘર સાજા રાખીને દેવાળા કાઢે. એક બે વર્ષમાં તો તે ઊંચો આવી જાય. જ્યારે પહેલાના જમાનામાં દેવાળા કાઢવા એ કેટલું લજ્જાસ્પદ લાગતું. દેવાળા કાઢ્યા પછી તે દશ બાર વર્ષ ઊંચા ન આવી શકે.

ઇજ્જત સાચવવા આત્મહત્યા કરવા તૈયાર થયેલા શેઠ : આ શેઠના મનમાં પોતાની મિલ્કત ગઇ એ દુઃખ નથી પણ બીજાનું કરજ શી રીતે ચૂકવીશ તેની ચિંતા હતી. દુકાનેથી ઘેર આવીને શેઠાણીને કહે છે કે તું મને એક વાડકામાં અફીણ ઘોળી આપ. હું પીને સૂઈ જાઉં; પણ છે શું ? શા માટે આમ કરવું પડે ? શેઠે

બધી વાત કરી. શેઠાણી કહે, આમાં મરવું પડે એવું શું છે ? હું બહાર મારું મોઢું શું બતાવું ? લોકો પૈસા માંગવા માટે આવે તો હું ના પાડી શકું તેમ નથી. તેના કરતાં મરી જાઉં તો એ માથાકૂટ ન રહે. શેઠાણી કહે, સ્વામીનાથ ! તમારે તો દીક્ષા લેવી હતી. દીક્ષા તો ન લીધી પણ આપને નિયમ છે કે મારે રોજ સામાયિક કરવી. સામાયિક કર્યા વિના મુખમાં કાંઇ નાંખવું નહિ. તો તમારો નિયમ ક્યાં રહ્યો ? આ રીતે આપઘાત કરવાથી તમારા કેટલા ભવ વધી જશે ? છતાં તમારે અફીણ પીવું હોય તો પહેલા સામાયિક કરો, પછી પીજો. શેઠ કહે–ભલે, હું સામાયિક કરું છું પણ તમે અફીણ હલાવીને તૈયાર કરજો. જો આપ તૈયાર નહિ કરો તો બગીચામાં જઈને પી આવીશ. આટલી બધી મરવાની ઉતાવળ ? આપ જીવતા હશો તો પૈસા ગમે ત્યારે આવી મળશે અને દેવું પતાવી દેવાશે, છતાં આપની ઈચ્છા હશે તેમ કરીશ પણ પહેલા સામાયિક તો કરી લો. શેઠાણીને તો જેમ તેમ કરીને સમય વધારવો છે.

"શું પવિત્ર કપડે પાપ થાય ?" : શેઠ સામાયિક લઇને બેઠા. શેઠાણી પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ ! મારા પતિને બચાવજો. શેઠની સામાયિક થઈ ગઇ. તરત શેઠાણીને કહે છે કે અફીણ હલાવીને વાટકો લાવ. તમારા સામાયિકના પવિત્ર કપડા તો ઉતારો. તે કપડા પહેરીને આવું આત્મહત્યાનું કામ કરવું છે ? પહેલા કપડા બદલો. શેઠ કપડા બદલતા હતા ત્યાં બારણે ટકોરા પડયા. શેઠ તો ધ્રુજવા લાગ્યા. નક્કી કોઈએ રાજાને ચાડી ખાધી હશે કે શેઠ દેવાળું કાઢીને ભાગી જશે માટે મને પકડવા કોઈ આવ્યું હશે ? શેઠાણીના મનમાં થયું કે કદાચ રાજાનો માણસ પકડવા આવ્યો હશે તો પતિને જેલમાં લઇ જશે. મારા પતિ જેલમાં જાય તો ભલે જાય પણ આપઘાત કરતાં તો અટકશે. આપઘાત કરતાં કેવા માઠા પરિણામ આવે ? તેમની ગતિ બગડી જાય તેના કરતાં જેલસારી.

ધબકારાના બદલે ધૈર્યતા : શેઠાણીએ બારણું ખોલ્યું તો રાજાના દિવાનને જોયો. શેઠના ધબકારા ખૂબ વધી ગયા. દિવાનને જોતાં તે વધુ ધ્રુજવા લાગ્યા. દિવાન અંદર આવ્યો. શેઠને કહે આપ ધ્રુજશો નહિ. હું તમને પકડવા નથી આવ્યો. મારી પાસે ૧૨ લાખ રૂપિયાનો દાગીનાનો ડબ્બો છે તે હું આપને ઘેર થાપણ મૂકવા આવ્યો છું. મારા પર કર્મે ઝપાટો માર્યો છે. મારા વિરુદ્ધ કોઈએ રાજાને કાનભંભેરણી કરી કે દિવાન તો તમને મારી નાંખવા માટે કાવત્રુ કરી રહ્યો છે તેથી રાજાએ મનેદેશ નિકાલ કર્યો છે એટલે હું હવે બીજા દેશમાં જાઉં છું. મનમાં થયું કે મારું આ ધન લઈને જાઉં ને રસ્તામાં કોઈ લૂંટીને લઈ લે તો ! તે કરતાં આપના ઘેર મૂકીને જાઉં. શેઠે સત્ય વાત કરી કે અત્યારે મારા પાપનો ઉદય છે. મારે પાંચ લાખનું દેવું છે. તમે તમારી વસ્તુ અહીં મૂકી જાવ તો મને લેવાની વૃત્તિ થઈ જાય. તમારું બધું વપરાઈ જાય માટે આપ મારે ત્યાં ન મૂકશો. દેવાદાર બન્યે છું એટલે તો મરવાની તૈયારી કરી છે.

સામાયિકનો સાક્ષાત્ પ્રભાવ : દિવાન કહે– આપ એટલા માટે મરવા તૈયાર

થયા છો તો તમે આમાંથી જેટલું વાપરવું હોય તેટલું વાપરજો. આપ બધાનું દેવું પતાવજો અને બાકી વધે તો તમે તેમાંથી વેપાર કરજો. આપ પાછું દેવાની ચિંતા કરશો નહિ. હું માનીશ કે મેં મારા સ્વધર્મી ભાઈને મરતાં બચાવ્યો છે. આ રીતે કહીને દિવાન તો ગયા. શેઠાણી કહે, આપ અફીણ પીને સૂઈ ગયા હોત તો પાછળ કોઈ ૨૫ લાખ આપી જાત તો પણ શા કામના ? જુઓ, આ સામાયિકનો પ્રભાવ ! સામાયિક કરવાની બાધા હતી તો બચી ગયા અને સામેથી માલમિલકત આવી ગઇ. શેઠે તો બધાનું દેવું ચૂકવવા માંડયું. શેઠની નીતિ ખૂબ ચોખ્ખી છે. તેમણે પાઈ પાઈ નોંધવા માંડી. પાંચ છ દિવસ થયા ત્યાં ખબર આવ્યા કે શેઠે મોકલેલા વહાણ સહીસલામત રીતે આવી ગયા છે. આપે સાંભળ્યું ને કે સામાયિકની પ્રતિજ્ઞાએ શેઠને મૃત્યુના મુખમાંથી બચાવી દીધા માટે આપ જરૂર નિયમ લેજો કે મારે ઓછામાં ઓછી એક સામાયિક તો કરવી.

દશમું દિશાવગાસિક વ્રત. છઠ્ઠા વ્રતમાં જાવજીવ સુધી દિશાઓની જે મર્યાદા કરી હોય તેમાંથી દશમા વ્રતમાં રોજની મર્યાદા કરવાની અને સાતમા વ્રતમાં ખાવાપીવાની વસ્તુઓની જે મર્યાદા કરી છે તેમાંથી દશમા વ્રતમાં ઓછા કરવાના. તેમાં દરરોજ દ્રવ્યની મર્યાદા કરવાની. ગૌચરી જવાની. ત્યારે એવા ભાવ આવે કે ધન્ય છે સાધુ સાધ્વીઓને કે રોજ તડકામાં આવી રીતે ગૌચરી કરવા જાય. મને એ અવસર કયારે આવશે ? મહાવ્રતધારી સંતોની જેમ ૪૨ તથા ૯૬ દોષ ટાળીને નિર્દોષ ગૌચરી કયારે કરીશ ? બાર વ્રત આદરનારે એક વર્ષમાં ઓછામાં ઓછા બે દશમા વ્રત કરવા જોઈએ. શુદ્ધ ભાવે દશમું વ્રત કરવાથી એક દિવસ માટે સાધુપણાનો અનુભવ થાય છે અને અનંત કર્મોની નિર્જરા થાય છે.

અગિયારમું પોષધ વ્રત. પોષધમાં દેશથી કે સર્વથી આહારનો ત્યાગ, શરીરની શુશ્રુષાનો સર્વથા ત્યાગ અને વેપારનો સર્વથા ત્યાગ કરવાનો હોય છે. સંયમી જીવનનો કંઈક આસ્વાદ કરાવનાર આ પૌષધ એ શ્રાવકનું સુંદર આભૂષણ છે. ૨૪ કલાક માટે આરંભ સમારંભના પાપથી સર્વથા નિવૃત્ત થવાય છે અને અનંતા જીવોને અભયદાન અપાય છે. પૌષધ એટલે આત્માને પોષવો. તમે પતિકમણમાં રોજ બોલો છો કે શ્રાવકો કેવા હોય ? મહિનાના છ છ પૌષધના કરનારા હોય. ધન્ય છે તેવા શ્રાવક શ્રાવિકાઓને ! હું તો કહું છું કે તમે ઉપવાસ કર્યો હોય ત્યારે જો અનુકૂળ સંયોગો હોય તો આપ પૌષધ કરવાનું ચૂકશો નહિ. પૌષધ કરીને તમારા જીવનને ધન્ય બનાવજો. પૌષધમાં બે ટાઈમ કપડાનું અને ગુચ્છાનું પડિલેહણ કરવાનું તેમજ પરઠવવાની ભૂમિ પણ જોઇ લેવી જોઈએ. આ વ્રતો લેતા કોઈ વાર કસોટી આવે પણ સત્ત્વ તો હોવું જોઈએ. જેની પાસે સત્ત્વની જબરદસ્ત મૂડી છે તેને માટે કષ્ટો કષ્ટરૂપ ન બનતા પુષ્પ રૂપ બની જાય છે. આપત્તિઓ આશીર્વાદ રૂપ બની જાય છે. જો સત્ત્વને ટકાવી રાખવું હોય તો

શક્તિઓને વ્રત નિયમમાં જોડી દેા. ૧૧ વ્રતની વાત થઈ હવે બારમા વ્રતમાં શું ભાવ આવશે તે અવસરે.

ચરિત્ર : અધુરી આશાએ આત્મહત્યાના ભાવ : પુણ્યસારને રત્નસુંદરી મળી નહિ અને પેાતાના મિત્ર સાથે તેનું સગપણ થયું તેમાં તેને પેાતાનું સ્વમાન ઘવાતું લાગ્યું, તેથી તેણે એક નિર્ણય કર્યો કે હું માસ–કુળદેવી પાસે જાઉં. ત્યાં જઈને તેના ચરણમાં તલવારથી મારું મસ્તક ઉડાવી દઈશ. તેને કહીશ હે દેવી ! તમે મને વચન આપ્યું હતું કે રત્નસુંદરી તને પરણશે પણ આજે એ વચન ખેાટું પડયું છે. હવે તારા ચરણે મારા પ્રાણ છેાડું છું. આ રીતે વિચાર કરીને માતાપિતાને જાણ કર્યા વગર કુળદેવી પાસે ગયેા. જઈને શુદ્ધ ભાવથી દેવીની સ્તુતિ કરી અને નવકારમંત્ર ગણ્યા. પછી કુળદેવીને કહ્યું–હે મા ! તું મારી એક વિનંતી સાંભળ. હું અત્યારે તારી પાસે આ છેલ્લી અરજી કરું છું. મારા દિલમાં તેા દુઃખનેા દાવાનળ સળગ્યેા છે. મારું કાળજુ ચીરાઈ જાય છે. મારી મનેાવેદનાનેા તેા કેાઈ પાર નથી. વર્ષો પહેલા તેં મને પ્રસન્ન થઈને રત્નસુંદરી સાથે પરણાવવાનું વચન આપ્યું હતું પણ તારું વચન મિથ્યા ગયું છે. રત્નસાર શેઠે તેા ગુણસુંદર સાથે રત્નસુંદરીનું નક્કી કરી દીધું છે. અરે તેના લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ મારાથી સહન થતું નથી. આ દુઃખમાંથી મુક્ત થવાનેા એક જ ઉપાય છે કે તારા ચરણમાં મારા પ્રાણનેા ત્યાગ. તે સિવાય બીજો કેાઈ માર્ગ મને સૂઝતેા નથી. આ રીતે કહી સર્વ જીવેાની સાથે ક્ષમાપના કરી તલવાર ઉપાડીને ડેાક પર મારવા જાય છે ત્યાં શું બન્યું ?

મસ્તક કાપવા તૈયાર થાએ, આસન ચુરીનું કંપે,
અવધિજ્ઞાને જોયું દેવીએ, પુણ્યસારને દીઠેા ત્યાંય હેા....

પુણ્યસારે જ્યાં તલવાર ઉપાડી ત્યાં દેવીનું આસન ડેાલાયમાન થયું. કેાણ મને યાદ કરતું હશે ? કયા દુઃખી જીવે મારી આરાધના કરી હશે ? અવધિજ્ઞાનમાં જોયું તેા પુણ્યસારને દીઠેા. અરે ! આ તેા પુણ્યસાર મરવા તૈયાર થયેા છે. મારે જલ્દી જવું જોઈએ. એમ વિચારી દેવી પ્રત્યક્ષ સામે આવીને ઊભી રહી. પુણ્યસારને કહ્યું–સબૂર કર. સબૂર કર, તારે મરવાનું શું પ્રયેાજન છે ? આવેા ગાંડેા કેમ થયેા છે ? તને આ શેાભે છે ? તું જૈન ધર્મને સમજેલેા છે ને આ રીતે આત્મહત્યા કરવા તૈયાર થયેા છે ?

હે માતા ! શું કરું ? હવે જીવવું નકામું છે. તમે મને વચન આપ્યું હતું તે નિષ્ફળ ગયું છે. મેં તારી પાસે જે સ્ત્રીની માંગણી કરી હતી તે તેા હવે બીજાને પરણી જશે.

દેવી કહે બેટા ! ધીરજ ધર મારું વચન સત્ય માન. પુણ્યસાર કહે–મારી સગી આંખે જોઈ રહ્યો છું. તેનું સગપણ થયું ને લગ્ન થવાના છે. તે હવે મારા માટે પરસ્ત્રી થઈ ગઈ. તે હવે મને ખપતી નથી. દેવી કહે–પુણ્યસાર ! તું મારા પર શ્રદ્ધા રાખ. હું તને સીધી વાત કહું છું કે એ કુંવરી મેં તને આપી છે. મારા વચન પ્રમાણે

એ તારી પત્ની થશે. પુણ્યસારને આ વાત પર શ્રદ્ધા બેસતી નથી છતાં દેવી કહે છે કે તેં આજ સુધી શ્રદ્ધા રાખી છે તો હવે બે મહિના વધુ રાખ. 'જીવતો નર ભદ્રા પામે.' દેવીના અતિ આગ્રહથી વચન માન્ય કર્યું. જેવી આપની આજ્ઞા, પણ જો બે માસમાં આપના કહ્યા પ્રમાણે નહિ થાય તો તારી પાસે આત્મહત્યા કરીશ. એ સમય જ નહિ આવે. અત્યારે હું વધુ કહેવા ઈચ્છતી નથી પણ એટલું જરૂર કહું છું કે રત્નસુંદરી તારી થશે એમ કહીને દેવી અદૃશ્ય થઈ ગઈ. પુણ્યસાર પોતાને ઘેર પાછો આવ્યો. હવે શું નવાજૂની બનશે તે ભાવ અવસરે. (આજે પૂ મહાસતીજીના ગુરૂભાઈ બા. બ્ર પૂ. હર્ષદમુનિ મ.સા.ની ૩૨ મી પુણ્યતીથિ હોવાથી તેમના જીવનમાં રહેલા વિનય, સરળતા, ચારિત્રની દૃઢતા, આદિ ગુણ રૂપી પુષ્પોની પરિમલ પ્રસરાવતા જીવનના સુંદર પ્રસંગો વર્ણવ્યા હતા. જે સાંભળતા શ્રોતાઓની આંખો અશ્રુભીની બની હતી.)

ભાદરવા વદ ૮ને રવિવાર : વ્યાખ્યાન નં. ૮૩ : તા. ૬-૧૦-૮૫

પરમ પંથના પ્રકાશક, ભવોભવના ભેદક, રાગ-દ્વેષના વિનાશક એવા ભગવંત જીવોને સમજાવે છે કે "**कम्म संगेहिं संमुढा**" કર્મના સંગથી મૂઢ બનેલા જીવો સંસારમાં દુઃખ ભોગવતા ચતુર્ગતિમાં પરિભ્રમણ કરી રહ્યા છે. જ્યાં કર્મ છે ત્યાં સંસાર છે. કર્મ નથી ત્યાં સંસાર નથી. તો એ સમજીએ કે કર્મને ઉત્પન્ન કરનાર કોણ છે ?

रागो य दोसो वि य कम्मबीयं, कम्मं च मोहप्पभवं वयन्ति ।
कम्मं च जाइ मरणस्स मूलं, दुक्खं च जाइ मरणं वयन्ति । ઉત્ત.અ.૩૨ગાથા૭

રાગ અને દ્વેષ એ કર્મના બીજ છે. કર્મ મોહથી ઉત્પન્ન થાય છે. કર્મ જન્મ મરણનું મૂળ છે અને જન્મ-મરણ એ દુઃખ છે.

તમે ખેતરમાં એક બીજ નાંખશો તો એકના સો દાણા મળશે પણ બીજ નાંખ્યું નથી તો દાણા ક્યાંથી મળવાના છે ? તમારે કોઈ પણ અનાજ મેળવવું છે તો બીજ હોય તો વાવણી થાય. દા. ત., બાજરાનું બીજ હોય તો બાજરાની વાવણી થશે. જેનું બીજ હશે તેની વાવણી થશે. બીજ વગર ફળની પ્રાપ્તિ થતી નથી, તેમ આ સંસારમાં રખડવાપણું, રઝળવાપણું શાથી થાય છે ? રાગ-દ્વેષના કારણે. રાગ-દ્વેષ એ કર્મના બીજ છે. ડગલે ને પગલે જીવ રાગ-દ્વેષમાં દંડાઈ રહ્યો છે, જીવનમાં રાગ-દ્વેષની આગ ભભૂકી રહી છે. રાગ-દ્વેષ રૂપી બીજના કારણે જીવોનો સંસાર નવપલ્લવિત અને ફૂલ્યોફાલ્યો રહે છે. રાગ-દ્વેષનું બીજ વાવવાથી સંસારની વાવણી થાય અને સમ્યક્ત્વનું બીજ વાવવાથી મોક્ષની વાવણી થાય. માયા અને લોભ રાગના સંતાન છે. ક્રોધ અને માન એ દ્વેષના સંતાન છે. તે રાગ પછી સંસારનો હોય, કુટુંબ પરિવારનો હોય કે ધનનો હોય પણ રાગ જીવને કર્મબંધન કરાવે છે. સંસારના સુખનો રાગ માનવીને બેભાન બનાવે છે, આત્મસ્વરૂપને ભૂલાવે છે અને જીવને અધોગતિમાં લઈ જાય છે.

રાગ એ ભયંકર ધરતીકંપ છે. ધરતીકંપ થાય ત્યારે પર્વત ત્યાં સમુદ્ર અને સમુદ્ર ત્યાં પર્વત થઈ જાય છે. માનવીનું હજારો વર્ષોનું સર્જન ધરતીકંપ એક ક્ષણમાં વિસર્જન કરી નાંખે છે. આવા ભયંકર ધરતીકંપ કરતા સંસાર સુખનો રાગ અતિ ભયંકર ધરતીકંપ છે. આ રાગનો ધરતીકંપ આત્માની અનંતભવની કમાણીનો નાશ કરે છે. આવા ધરતીકંપ ન થાય માટે સંસારના સુખનો રાગ વધારશો નહિ, રાગને સિંહની ઉપમા આપી છે. એક શ્લોકમાં કહ્યું છે કે

जो रागाइण वसे वसंमि, सो सयलदुक्खलक्खण ।
जस्स वसे रागाइ, तस्स वसे सयल सुक्खाइं ।।

જંગલમાં ફરતો કેશરીસિંહ ખૂબ ખતરનાક છે. જ્યારે સરકસનો સિંહ માનવીના પૂરા કબજામાં હોય છે. આપણો રાગ જંગલી સિંહ જેવો છે કે સરકસના સિંહ જેવો છે? આ વાત ખૂબ વિચારવા જેવી છે. આપણો રાગ જો જંગલી સિંહ તરીકે જીવતો હોય તો પળે પળે અને ડગલે ડગલે એનો પંજો આપણા જીવનને બગાડતો રહેવાનો પણ જો રાગને કબજે કરી લઈને સરકસના સિંહ જેવો કે પાળેલા કૂતરા જેવો બનાવી દીધો હોય તો એની તાકાત નથી કે સચ્ચિદાનંદ એવા આત્માની સામે ચૂં ચા કરી શકે.

"આપણા કબજે રાગ એટલે મોક્ષ અને રાગના કબજે આપણે એટલે સંસાર."

જેમણે રાગને કબજે કરી લીધો છે તેવા સંતોને તો શાસ્ત્રકારોએ યોગી કહ્યા છે. જેમ ચોર પોલીસોથી પકડાઈ જાય તો પોલીસો ચોરની સાથે ચારે બાજુ ગોઠવાઈને ચાલે છે અને રાજા બહાર નીકળે તો રાજાની સાથે પણ પોલીસો ચાલે છે, પણ આ બંનેમાં ફરક કેટલો? ખબર છે? ચોરની સાથે પોલીસો ચાલે તેમાં પોલીસોના કબજામાં ચોર છે અને રાજાની સાથે ચાલે તેમાં રાજાના કબજે પોલીસો છે. આ રીતે યોગી અને ભોગીમાં અંતર ઘણું મોટું છે. યોગીઓએ રાગને કબજે કર્યો છે જ્યારે ભોગીઓ રાગના કબજામાં છે. યોગી બનાય તો સૌથી શ્રેષ્ઠ છે છતાં કદાચ યોગી ન બનાય તો હજુ ચલાવી લેવાય પણ ભૌતિક ભોગના ગુલામ તો ન બનશો.

આનંદ શ્રાવક યોગી નથી બન્યા. સંસારમાં રહેવા છતાં ભોગની ગુલામીમાંથી મુક્ત બની શકયા. આપણે ૧૧ વ્રતની વાત કરી ગયા. હવે બારમું અતિથિ સંવિભાગ વ્રત. અતિથિ એટલે જેમની આવવાની કોઈ તિથિ નક્કી નથી તે. સાધુ-સાધ્વી અચાનક તમારા ઘેર પધારે ત્યારે તમને ખૂબ ઉલ્લાસ આવશે. ઉત્કૃષ્ટ ભાવે આહાર પાણી વહોરાવશો. મનમાં એવા ભાવ આવશે કે ધન્ય ઘડી, ધન્ય દિવસ કે આજે મને અપૂર્વ લાભ મળ્યો. આ વ્રત પાળવું સહેલું છે. આ વ્રતમાં જમતા સમયે અતિથિ ચિંતવણા કરજો પણ સંતોને આધાકર્મી કે અસૂઝતો આહાર ન વહોરાવશો. જે સૂઝતું હોય તે ઉત્કૃષ્ટ ભાવે વહોરાવશો તો મહાન લાભ થશે. વસ્તુના મૂલ્ય નથી પણ ભાવનાના મૂલ્ય છે. આ વ્રતમાં કોઈ કારણ કે કોટિ નથી કારણ કે આ વ્રતમાં માત્ર ભાવના ભાવવાની

છે. ઉત્કૃષ્ટ ભાવે દાન દેતાં જીવ તીર્થંકર નામ કર્મ બાંધી શકે છે, તેથી સુપાત્ર દાનનો મહિમા શાસ્ત્રકારોએ ખૂબ વર્ણવ્યો છે. ભગવાન બોલ્યા છે

दुल्लाहाउ मुहादाई, मुहाजीविवि दुल्लहा।
मुहादाई मुहाजीवि, दोवि गच्छन्ति सुग्गइं ॥ દશ.અ.૫.ઉ.૧ગા.૧૦૦

નિઃસ્વાર્થ બુદ્ધિથી દાન દેવાવાળા અને શુદ્ધ ભિક્ષા લેવાવાળા ભિક્ષુ એ બંને દુર્લભ છે. દાન દેનાર, દાન લેનાર અને દાન, બધું જો શુદ્ધ હોય તો દાન દેનાર અને દાન લેનાર બંનેની સુગતિ થાય છે. બારમા વ્રતમાં આ રીતે ભાવના ભાવવાની છે. શાસ્ત્રકાર હવે અતિચારનું સ્વરૂપ સમજાવે છે. વ્રતો ગ્રહણ કર્યા પછી તેમાં અતિચાર ન લાગવા જોઈએ તેનું બારીક ધ્યાન રાખવાનું છે. પ્રથમ સમકિતના પાંચ અતિચાર બતાવતા પહેલા શ્રાવકના બે વિશેષણ બતાવ્યા. તે આનંદ શ્રાવક કેવા હતા? "अभिगय जीवा जीवेणं जाव अणइक्कमणिज्जेणं" અભિગય જીવાજીવેણું એટલે જે જીવ અને અજીવના સ્વરૂપને જાણે છે. તમે પ્રતિક્રમણમાં બોલો છો કે શ્રાવક કેવા હોય? નવ તત્ત્વના જાણકાર હોય. જૈન દર્શનમાં તત્ત્વ નવ બતાવ્યા છે.

નવ તત્ત્વમાં મુખ્ય બે તત્ત્વ છે. જીવ અને અજીવ. બાકીના સાત તત્ત્વ છે. પુણ્ય-પાપ, આશ્રવ-સંવર-નિર્જરા-બંધ અને મોક્ષ. આ સાતે તત્ત્વો જીવોના શુભાશુભ પરિણામોને બતાવે છે. એકાંત આત્મલક્ષે જે સાધના થાય તેનાથી કર્મોની નિર્જરા થાય. આવતા પાપને રોકીને સામાયિક, પૌષધ આદિ કરો તે સંવર. તે ન થાય તો આશ્રવનો પ્રવાહ તો ચાલુ છે. સારા કાર્યો કરવાથી પુણ્ય બંધાય અને ખરાબ કાર્યો જેમાં જીવોની હિંસા થાય એવા કાર્યો કરવાથી પાપ બંધાય. આ બધા તત્ત્વો જીવાતત્વના પરિણામ છે. જે જીવને અને અજીવને જાણતો નથી તે દયા કોની પાળી શકશે. આનંદ શ્રાવક જીવાદિ નવતત્ત્વના જાણકાર હતા. अणइक्कमणिज्जेणं તે વ્યક્તિને તેના પોતાના નિશ્ચયથી કે ધર્મશ્રદ્ધાથી કોઇ ચલિત કરી શકે નહિ. જે વ્રતો લે તેની શ્રદ્ધા એવી મજબૂત હોય કે દેવો ડગાવવા આવે તો પણ ડગે નહિ. આપ એટલું સમજજો કે જે ધર્મકાર્યમાં તમે મન નિશ્ચિત કર્યું, દૃઢ કર્યું તેમાં સંકટ આવે પણ જો તેમાં દૃઢ રહ્યા તો તમારો જરૂર વિજય થવાનો. ધન મેળવવા માટે તમે કેટલા સંકટો વેઠો છો? કેટલી દોડધામ કરો છો? ધન મેળવતાં સંકટો આવે છે તો ધર્મના કાર્યોમાં કષ્ટો આવે પણ જો ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા હોય તો કષ્ટ દૂર થયા વિના રહેતું નથી.

હવે શાસ્ત્રકાર અતિચારની વાત બતાવે છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આનંદ શ્રાવકને કહ્યું કે આનંદ! જીવાજીવને જાણનાર અને ધર્મથી ચલિત નહિ થવાવાળા શ્રમણોપાસકે સમકિતના પાંચ અતિચાર જાણવા જોઈએ પણ તેનું આચરણ કરવું જોઈએ નહિ. અતિચાર એટલે વ્રતમાં કોઇ પ્રકારની સ્ખલના થવી. શ્રદ્ધા તો સમ્યક્ હોય પણ તેમાં કયારેક અતિચાર લાગે છે. અતિચારમાંથી તો મુક્ત થઈ શકાય

પણ અનાચાર દોષ લાગે ત્યારે તો વ્રત તૂટી જાય છે. સમકિત એ ધર્મની આધાર શીલા છે. તેના પાંચ અતિચાર છે.

(૧) **શંકા** : જૈન ધર્મમાં સંદેહ રાખવો. આગમની વાણીના ગહન, ગંભીર ભાવ સાંભળીને શંકા કરવી. સ્વર્ગ-નરક કોણે જોયા છે? તે હશે કે નહિ હોય? પુણ્ય પાપના ફળ હશે કે નહિ? આજે પાપી પૂજાય છે ને ધર્મી સીઝાય છે. યાદ રાખો, પૂર્વના પુણ્ય હોય તો પાપી પૂજાય પણ તેના કટુ ફળ તો તેને ભોગવવા પડશે. ધર્મી જીવોને પૂર્વના પાપના ઉદય હોય તો દુઃખી દેખાય પણ આ જન્મમાં કરેલી સાધના નિષ્ફળ નહિ જાય. વીતરાગની વાણી ત્રણે કાળમાં શાશ્વત છે. **तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं** " જિનેશ્વરની વાણી સત્ય અને નિઃશંક છે. કોઈ વાત ન સમજાય તો આપણી બુદ્ધિની કચાશ સમજવી પણ શંકા તો કરવી નહિ શંકાથી સમકિતનો નાશ થાય છે. (૨) **કંખા** : અન્ય માર્ગના આડંબર અથવા પ્રલોભનોમાં અંજાઈને તે માર્ગની ઇચ્છા કરવી. તેમાં બધું કેવું સરસ ! આ રીતે અન્ય માર્ગની ઈચ્છા કરી હોય. (૩) **વિતિગિચ્છા** : ધર્મના અનુષ્ઠાનોમાં સંદેહ કરવો. આટલી તપશ્ચર્યા કરીને કાયાને કસી નાંખું છું, દાન દઉં છું, આટલી આરાધના કરું છું તો તેનું ફળ મળશે કે નહિ મળે? આ રીતે ક્યારે પણ સંદેહ કરવો નહિ. શુભ કર્મોના સારા ફળ અને અશુભ કર્મોના બરાબ ફળ મળે છે. (૪) **પરપાસંડ પસંસા** : મિથ્યાત્વીની પ્રશંસા કરી હોય. આજે જીવને આડંબર અને ભભકા બહું ગમે છે. જે ધર્મમાં આડંબર, ભભકા હોય તે જોઈને તેની ખૂબ પ્રશંસા કરી હોય પણ યાદ રાખજો કે જ્યાં આડંબર છે ત્યાં આરંભ છે. " **आरंभे नत्थि दया** " આરંભ છે ત્યાં દયા નથી. દયા નથી ત્યાં ધર્મ નથી, માટે ભગવાને પ્રરૂપિત ધર્મ સિવાય બીજા કોઈ ધર્મની પ્રશંસા કરવી નહિ. (૫) **પરપાસંડ સંથવો** : મિથ્યાત્વીનો પરિચય કર્યો હોય. સમકિત કેવી રીતે ચાલ્યું જાય છે ? મિથ્યાત્વીનો ગાઢ રાગ કરવાથી, તેની સાથે રહેવાથી, વારંવાર વાતો કરવાથી સમકિત ચાલ્યું જાય છે કારણ કે પોતે હજુ શ્રદ્ધામાં મજબૂત ન હોય, જૈન સિદ્ધાંતનો બરાબર જાણકાર ન હોય અને બીજા મતનો પરિચય કરે તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવી સ્થિતિ થાય છે. સમકિતને નિર્મળ રાખવું હોય તો મિથ્યાત્વીનો પરિચય કરવો નહિ. કોઈ અતિચાર લાગવા દેશો નહિ.

હવે પહેલા વ્રતનું નામ છે અહિંસાવ્રત, અહિંસા એ ચારિત્રનું સૌથી પ્રથમ અંગ છે. પહેલા વ્રતમાં શ્રાવકોને ત્રસ જીવોને જાણીપ્રીછીને હણવા નિમિત્તે હણવાના પચ્ચક્ખાણ થાય છે. ચાલતાં, ઊઠતા, બેસતા પગ નીચે કીડી આવી જાય તો શૂન્ય ઉપયોગનું પાપ લાગે પણ વ્રત ભાંગે નહિ. પ્રાયશ્ચિત લઈને તે પાપને દૂર કરી શકાય છે. હવે પહેલા વ્રતના અતિચાર સમજાવે છે.

બન્ધે : ત્રસ જીવોને એવા ગાઢ બંધને બાંધવા કે જેથી તેમને દુઃખ થાય. પહેલાના શ્રાવકો ઢોર રાખતા હતા. અત્યારે તો કોઈ રાખતા નથી. ગાય, ભેંસો રાખે

તો એવી રીતે રાખે કે તેને બાંધવા ન પડે. તે છૂટથી રહે, કદાચ ઢોરોને બાંધવા પડે તો એમને ડેલામાં પૂરીને એવી રીતે બાંધે કે અચાનક આગ લાગે તો ઢોર અગ્નિમાં બળી ન જાય પણ પોતાની જાતે ખીલા ઉખાડીને ભાગી જઈ શકે. અરે! કંઈક તિર્યંચ જીવો શ્રાવકના જીવન જોઈને કંઈક પામી જાય. શ્રાવકનું જીવન એવું હોય કે કોઇ પણ જીવને દુઃખ પડે તે તેને ન ગમે. (૨) **વહે** : વધ કરવો. વધનો અર્થ અહીં હત્યા કરવો નથી. હત્યા કરવાથી તો વ્રત સર્વથા તૂટી જાય છે. અહીં વધનો અર્થ નિર્દય રીતે કોરડા, લાઠીઓથી મારે તે. જેથી જીવોના અંગોપાંગને નુકશાન થાય. આ રીતે મારવાથી અતિચાર લાગે. લાકડા, છરી આદિનો કયારે પણ જોરથી છૂટો ઘા કરવો નહિ કારણ કે છૂટો ઘા કરવાથી કોઈ વાર મર્મસ્થાન પર વાગી જાય તો તેનું મૃત્યુ થાય છે. બિન ઉપયોગે કોઈ ચીજ ફેંકવા કે પછાડવાથી કેટલાય ત્રસ જીવોની હિંસા થઈ જાય છે, માટે દરેક કાર્યો ખૂબ ઉપયોગપૂર્વક જતનાથી કરવા જેથી જીવોની રક્ષા થાય. (૩) **છવિચ્છેએ** : હાથ, પગ, નાક, કાન આદિ અવયવો કાપવા. કંઈક વાર ક્રોધના આવેશમાં આવીને કોઇના અંગોને કાપી નાંખે પણ તેને ખ્યાલ નથી કે અંગોપાંગ કાપવાથી તે જીવોને કેટલો ત્રાસ અને વેદના થાય છે માટે કોઈ જીવોને ત્રાસ થાય તેવું વર્તન કરવું નહિ અને કરે તો અતિચાર લાગે. (૪) **અઇભારે** : અતિભાર ભરવો. બળદ, ઘોડા, ઊંટ આદિ પર તેની શક્તિની દરકાર કર્યા વગર ગજા ઉપરાંતનો ભાર ભરવો. તેમજ મનુષ્ય પાસે પણ તેની શક્તિ ઉપરાંત કામ લેવું, બોજો ઉપડાવવો તે અતિચાર છે. દાસ દાસી કે નોકર ચાકરો પાસે પોતાની જાતે ભાર ચઢાવી શકે અને જાતે ઉતારી શકે તેટલો બોજો ઉંચકાવવો પણ તેની શક્તિથી અધિક બોજો ન ઉપડાવવો. (૫) **ભત્તપાણુ વોચ્છેએ** : ભાતપાણીની અંતરાય પાડવી. મૂંગા પશુઓને ભૂખ્યા તરસ્યા રાખે, ટાઈમસર ચારો પાણી ન આપે. પોતાના આશ્રિત રહેલા નોકરોને ટાઈમસર જમવા ન છોડે. પોતે બાર વાગે જમીને આવે અને નોકરોને બે વાગ્યા સુધી જમવા ન મોકલે તો તેને અતિચાર લાગે. જીવ માત્રને વેઠ કરાવે તેવું પેટ છે. પેટમાં ભૂખની આગ બધા જીવોને સતાવે છે. કોઈ વાર ભૂખ એટલી કક્ષા સુધી પહોંચી જાય છે કે ભૂખના દુઃખથી પ્રાણીઓ મરી જાય છે. પશુને કે નોકરને કોઈ રોગ લાગુ પડયો હોય અને તેની ચિકિત્સા માટે ભૂખ્યા રાખવા પડે તો તે જુદી વાત. બાકી કોઈ જીવોને અન્ન પાણીની અંતરાય પાડવી નહિ. આ પાંચ અતિચાર બરાબર જાણવા તેથી પહેલા વ્રતમાં દોષ ન લાગે.

સાચા શ્રાવક તો બીજા જીવોના પ્રાણ ન દુભાય તેની ચિંતા કરતા હોય છે. જે જીવો બીજાના સુખને ઇચ્છે છે તેને સુખ મળે છે. જ્ઞાની કહે છે કે કોઇને અસમાધિ આપનારો સમાધિ મેળવી શકતો નથી. ઝેરના દાન કરનારો અમૃત પામી શકતો નથી. દુઃખના દાન દેનારો સુખ પામી શકતો નથી. બાવળિયા વાવનારો આંબાને મેળવી

શકતો નથી. બે ને બે ચાર જેવી સીધી વાત છે. તમારે જે જોઈતું હોય તે બીજાને આપતા શીખો. બીજાનો પ્રેમ મેળવવો છે તો બીજાને પ્રેમ આપતા શીખો.

એક મોટા ગર્ભશ્રીમંત શેઠ હતા. તેમનો બંગલો તો જાણે આલિશાન ભવન ! બંગલો વિશાળ હોય એટલે ફર્નીચર પણ મોટું હોય. બંગલાને શણગારવા એટલું રાચરચીલું જોઈએ. આ શેઠને ત્યાં દિવાનખાનામાં લગભગ પાંચ હજાર રૂપિયાનું મોટું કાચનું ઝુમ્મર લટકાવેલું હતું. આ શેઠનો સ્વભાવ ખૂબ ગરમ હતો. ઘરમાં કે દુકાનમાં જો કોઇથી સ્હેજ નુકશાન થાય તો તેનું આવી જ બને. એક વાર તેમની બાજુના બંગલામાં સંત પધાર્યા. ઘણાં માણસો તેમના વ્યાખ્યાનમાં આવતા. શેઠના મનમાં થયું કે લાવ, હું પણ વ્યાખ્યાનમાં જાઉં. શેઠની ભવ્યતા ખીલવાની હશે એટલે જવાનું મન થયું. શેઠ ગયા તો એવા ગયા કે સંતની વાણી હૃદયમાં ઉતરતી ગઈ. શેઠના વિચારો, વર્તન અને જીવન બધું બદલાયું. તેમને સમજાયું કે આ બધા પ્રત્યે મમતા, આસક્તિ, મૂર્છા રાખીને હું ખોટા કર્મો બાંધી રહ્યો છું, જ્યારે આ કર્મો ભોગવવાના આવશે ત્યારે મને કોઈ બચાવવા નહિ આવે.

આવેશના બદલે આશ્વાસન : એક દિવસ ઘરનો નોકર ટેબલ પર ચઢીને ઝુમ્મર સાફ કરી રહ્યો હતો. ઝુમ્મર ઊંચું ઘણું હતું. નોકરના હાથ ત્યાં પહોંચી શકતા ન હતા, તેથી લાકડીને કપડું ભરાવીને તેનાથી તે સાફ કરતો હતો. તેમાં અચાનક લાકડી જરા ઝુમ્મરને વાગી ગઈ. ઝુમ્મર નકુચામાંથી નીકળી ગયું અને કડડડ કરતું નીચે પડયું. તેના ટુકડે ટુકડા થઇ ગયા. નોકરનું મુખ તો ઢીલું થઈ ગયું. તે તો ભયથી ધ્રુજવા લાગ્યો. પાંચ હજારનું ઝુમ્મર ફૂટી ગયું. શેઠ સામે સોફા પર બેઠા છે. હવે મારું શું થશે ? શેઠ મને નોકરીમાંથી છૂટો કરી દેશે ? ૫૦૦૦ રૂપિયાના તૂટી ગયેલા ઝુમ્મરની નુકશાની જો મારે ભરપાઈ કરવાની થશે તો ? આ વિચારથી તેની આંખે અંધારા આવવા લાગ્યા. એ જ સમયે સોફા પર બેઠેલા શેઠે કહ્યું–બેટા રામા ! ગભરાઈશ નહિ. હજુ શેઠ આગળ તો પછી કહેશે પણ બેટા રામા ગભરાઈશ નહિ, આટલા શબ્દો બોલ્યા ત્યાં તેનો ગભરાટ શાંત થઈ ગયો, પછી આગળ કહ્યું–તું ટેબલ પરથી ખૂબ સાચવીને નીચે ઉતરજે, પછી ચારે બાજુ જે કાચના ટુકડાઓ પડયા છે તે તને વાગી ન જાય તે રીતે સાચવીને વાળી લેજે.

સંતના પ્રવચને પરિવર્તિત થયેલ જીવન : શેઠના આ શબ્દો સાંભળતા નોકરોનો થડકારો બંધ થઈ ગયો. તેણે શેઠ પાસેથી આવા સરસ મીઠા શબ્દો સાંભળવાની તો કોઇ કલ્પના કરી ન હતી. કરે પણ કયાંથી ? કારણ કે શેઠ એવા ગરમ હતા કે આટલું ભારે મોંઘું ઝુમ્મર તૂટતાં તેમની પારાશીશી ચઢી જાય પણ સંતના વ્યાખ્યાનથી શેઠના જીવનમાં કેટલું પરિવર્તન આવ્યું ? નોકર તો શેઠના શબ્દો સાંભળીને ગદ્‌ગદ્‌ થઈ ગયો. તે ટેબલથી નીચે ઉતર્યો. વેરાયેલા કાચના ટુકડા બધા વાળીઝૂડીને ભેગા કરી દીધા અને એક બાજુ ફેંકી આવ્યો, પછી શેઠે કહ્યું–રામા ! ઝુમ્મર તૂટી ગયું

તેથી તું ગભરાઈશ નહિ. ઝુમ્મર આજે નહિ તો કાલે પણ તૂટવાનું તો હતું. નાશ થવું એ તો પુદ્ગલનો સ્વભાવ છે. આ શરીર જ નાશ થવાનું છે ત્યાં આની તો વાત જ કયાં કરવી? તને કાચ વાગ્યો નથી ને? તું બચી ગયો એ સારું થયું. અમારા કોઇથી ન તૂટતા તારાથી તૂટયું છે પણ એથી તારે ડરવાની જરૂર નથી. આપણે ત્યાં પૈસાનો કયાં તૂટો છે? કાલે નવું ઝુમ્મર આવશે. કદાચ નહિ આવે તો ય એના વિના કાંઈ અટકી જવાનું નથી, માટે તું જરાય ચિંતા ન કરીશ. હું તારો પગાર કાપવાનો નથી કે તને નોકરીમાંથી છૂટો પણ કરવાનો નથી. તારા બદલે અમારા કોઈથી ફૂટી ગયું હોત તો? હવે પછી આવી ચીજોની સાફસૂફી કરતા ખૂબ સાચવીને ધ્યાન રાખીને કરજે.

ક્ષમા રાખો કે ગુસ્સો કરો ? : આ શબ્દો સાંભળતા નોકર કયાં ઊભો રહે? તેને કહેવું પડે કે તું શેઠના પગમાં પડ? નોકર તો તરત શેઠના પગમાં પડી ગયો અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યો. શેઠ કહે–બેટા! તું ઊભો થા. રડ નહિ. તે ઘડી પળે ઝુમ્મરનો નાશ થવાનો હશે. કદાચ મારા હાથે ફૂટયું હોત તો શું કરત? જડના નાશ થવા પર મારે ગુસ્સો કરીને કર્મબંધન શા માટે બાંધવા? હું તારા પર ગમે તેવો ક્રોધ કરું તો પણ જે બની ગયું તે બની ગયું. હવે સુધરવાનું નથી. આનું નામ સાચો ધર્મ સમજયો કહેવાય. આવા સમયે ક્રોધ ન થવા દેવો એ ખૂબ વિશેષતા છે. આ જડ પુદ્ગલોનો સ્વભાવ સડન, પડન, ગલન, વિધ્વંસન છે. એની જો બરાબર જાણકારી હોય તો મગજની સમતુલા બરાબર રહી શકે. આ તો નોકરના હાથે ઝુમ્મર તૂટી ગયું છતાં શેઠે કેટલી ક્ષમા રાખી? માની લો કે તમારા ઘરમાં આ રીતે નોકરથી કોઇ ભારે મૂલ્યવાન વસ્તુ કે ઝુમ્મર ફૂટી જાય તો તમે શું કરો? શેઠની જેમ ક્ષમા રાખો કે ગુસ્સો કરો? ઝુમ્મર તૂટવા કરતાં એ ઝુમ્મર કોના હાથે તૂટયું છે એના આધારે મનમાં કષાયોની વધઘટ થયા કરે છે. નોકરના સ્થાને તમારો વહાલસોયો પુત્ર કે પત્ની હોય તો નોકર જેટલો ગુસ્સો આવે ખરો? ના. ખુદ તમારી જાતે ફૂટયું હોય તો? કષાયની માત્રામાં કેટલો ફેર પડે? જો શેઠ ધર્મ સમજ્યા ન હોત તો આ સમયે ગુસ્સામાં આવીને નોકરને જો કાંઇ આડું અવળું માર્યું હોત તો તેના દિલમાં કેટલું દુઃખ થાત? માટે જ્ઞાની કહે છે કે ગુસ્સાના આવેશમાં આવીને જે કાંઇ કરીએ તેનાથી અતિચાર લાગે છે.

પડેલું વ્રત અહિંસાનું. જીવોની દયા પાળવાનું. પહેલાના સમયમાં આપણે ત્યાં રોજના વ્યવહારમાં પણ ખૂબ કાળજી રખાતી હતી. જીવોની જતના થતી હતી. ઘરમાં રસોડા પર તો ચંદરવા બંધાતા હતા. પાણી ગાળીને વપરાતું હતું. પાણીના સંથારાની પણ રક્ષા થતી હતી. સગડી અને કોલસા પૂંજ્યા વિના કયારે પણ સગડી સળગાવતા નહિ. પાણી પણ ખૂબ લિમિટમાં વાપરતા. કઇ તિથિના દિવસે દળવા, ખાંડવા અને ધોવા આદિ કોઈ પણ કાર્યો કરતા નહિ. પ્રસંગે જીવોને અભયદાન આપવાની વાત પહેલી

કરાતી. જીવોની જતના તો દરેક ક્ષેત્રોમાં કરવા જેવી છે. કપડા ધોવા આપો ત્યારે બરાબર વ્યવસ્થિત જોઇ લેવા કે તેમાં કોઇ માંકડ કે મચ્છર તો ભરાયો નથી ને ? ગેસનો કે માટીનો કોઈ પણ ચૂલો સળગાવતા પહેલા એ ચુલાને પૂંજણીથી પૂંજી લો. પંખા અને લાઇટ ચાલુ ન કરો, કારણ કે તેમાં વાઉકાય અને અગ્નિકાયની ઘોર હિંસા રહેલી છે.

કહેવાય છે કે કુમારપાળ મહારાજા પોતાના ૧૧ લાખ ઘોડાઓને રોજ પાણી ગાળીને આપતા હતા. મહાપુરૂષોના જીવન તરફ દૃષ્ટિ કરીએ તો જણાશે કે કીડીઓને બચાવવા માટે ધર્મરૂચી અણગાર માસખમણને પારણે કડવી તુંબડી વાપરીને પ્રસન્ન ચિત્તે હસતા મુખડે મૃત્યુને ભેટયા તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં પહોંચી ગયા. તેમના જીવનમાં અહિંસાની જ્યોત કેટલી પ્રગટી હશે ! અર્જુનમાળી આચાર્યને ભાલાની અણીએ વીંધ્યા ત્યારે કેવી ભવ્ય ભાવના ભાવી ? આ કેવું પાપિષ્ઠ શરીર મળ્યું છે કે જેના લોહીનું એક ટીપું પાણીના અસંખ્ય જીવોને મોતને ઘાટ ઉતારી રહ્યું છે. આવી ભવ્ય ભાવના ભાવતા ભાવતા અર્જુનમાળી કેવળજ્ઞાની બની ગયા. આપણે પણ એ જ રાહે ચાલીએ. જાગૃતિમય જીવન જીવીએ તો અનંતકાળે મળેલ આ માનવ જન્મની સાર્થકતા થશે. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : લગ્ન કર્યા પછી શું ? : પુણ્યસાર કુળદેવીના વચન પર વિશ્વાસ રાખી બે મહિના ધીરજ રાખવા તૈયાર થયો. ત્યારબાદ મનને મક્કમ કરીને પોતાના મિત્ર ગુણસુંદરને ત્યાં જઈ લગ્નનું કામકાજ ખંતથી અને ઉત્સાહથી કરવા લાગ્યો. દિવસો જતાં ગુણસુંદરના લગ્નનો દિવસ આવી ગયો. પોતે ઠાઠમાઠથી તૈયાર થઈને ઘોડા પર બેઠો ત્યારે જાણે કોઈ સાક્ષાત્ દેવ ન હોય તે રીતે શોભવા લાગ્યો. પોતે જાય છે લગ્ન કરવા પણ તેનું મન ઉંડા વિચાર સાગરમાં ડૂબી રહ્યું છે. લગ્ન કર્યા પછી આ કન્યાનું શું ! એને પૂર્વના સ્મરણો યાદ આવવા લાગ્યા.

છ છ બેનો યાદ આવી, યાદ આવ્યા મા-બાપ,
પતિની યાદ સતાવવા લાગી, મનમાં દુઃખ અપાર....હો....

ગુણસુંદર પોતે વરઘોડે ચઢયો છે પણ અંતરમાં આનંદ નથી. તેને પોતાના લગ્નના સ્મરણો યાદ આવવા લાગ્યા. અમારો પતિ સાત સાત કન્યાઓ સાથે લગ્ન કરીને અમને છોડીને ચાલ્યા ગયા. તેમના દિલમાં કાંઇ થતું નહિ હોય ! મારા મા-બાપ બિચારા પણ કેટલા દુઃખી હશે ! આ રીતે તેનું અંતર દુઃખથી વલોવાઈ રહ્યું છે. વરઘોડો આગળ વધતો જાય છે તેમ તેના વિચારો પણ વધી રહ્યા છે, છતાં મનને દૃઢ કરી પોતાનો ખેલ ભજવી રહ્યો છે. ગુણસુંદરનો વરઘોડો જોવા આખું ગામ ઉમટયું છે. વરઘોડામાં નગરના રાજા, નગરશેઠ બધા પગે ચાલતા હતા. ગુણસુંદરની માતા તો અહીં છે નહિ એટલે પુણ્યસારની માતા એ તેની માતા છે. વરઘોડો ફરતો ફરતો રત્નસાર શેઠના મહેલે આવ્યો. રત્નસાર શેઠની પત્ની રત્નમંજરીએ જમાઈને પોંખ્યા

ને સોનાના બાજોઠ પર બેસાડયા. બ્રાહ્મણે લગ્નની વિધિ શરૂ કરી. લગ્ન સુંદર રીતે પતી ગયા. રત્નસાર શેઠને રત્નસુંદરી એકની એક દીકરી છે, એટલે ખૂબ કરિયાવર કર્યો.

દીકરીની વસમી વિદાય : હવે રત્નસુંદરીને સાસરે વળાવવા માટે વસમી ઘડી આવી. દીકરી તો પારકા ઘરની વસ્તી છે. જે દીકરીને ઉછેરીને મોટી કરી, વર્ષો સુધી જેણે મા-બાપના બોળા ખૂંધ્યા, જે દીકરી મા-બાપને આનંદ આપતી હતી તેવી વહાલસોયી દીકરી આજે સાસરે જાય છે એટલે માતાપિતાનું હૈયું ભરાઈ ગયું. તેમની આંખોમાંથી આંસુની ધાર થઇ. સગાવહાલા સખીઓ બધા રડવા લાગ્યા. હવે તેને નવા નવા માણસો સાથે બધાના સ્વભાવને અનુકૂળ થઈને રહેવાનું. રત્નમંજરી પોતાની વહાલી દીકરીને શિખામણ આપતા કહે છે કે બેટા ! તું અમારું ઘર છોડીને બીજે ઘેર જાય છે ત્યાં તારા સાસુ સસરાને તું મા-બાપ સમાન ગણજે. તારા દિયરને ભાઈ માનજે. નણંદને બેન ગણજે. બધાની સાથે સંપીને પ્રેમથી એકમેક થઈને રહેજે. બંને કુળને દીપાવજે. સાસુ સસરાની સેવા કરજે. પતિની સાથે બાથ ભીડીશ નહિ. રત્નસુંદરી માતાના ખભે માથું નાંખીને ખૂબ રડી. બેટા ! તું ખૂબ સમભાવી સહિષ્ણુ બનજે. તારા શીલ સંસ્કારને જરા પણ આંચ આવવા દઈશ નહિ. ખૂબ હિંમતવાન બનજે. આ રીતે માતાપિતાએ શિખામણ આપી હવે રત્નસુંદરી સાસરે જાય છે ને ત્યાં શું બનશે તે અવસરે.

ભાદરવા વદ ૧૦ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૮૪ : તા. ૮-૧૦-૮૫

ઉપાસકદશાંગમાં આપણે આનંદ શ્રાવકનો અધિકાર ચાલે છે. ભગવાનની એક વાર દેશના સાંભળતા તેઓ આત્મસ્વરૂપમાં ઠરી ગયા. જેમ પવન ખૂબ જોરદાર હોય ત્યાં સુધી પાણીમાં પડેલી વસ્તુ દેખાતી નથી પણ પવન બંધ થાય ને પાણી સ્થિર થાય ત્યારે પાણીમાં પડેલી વસ્તુ તરત દેખાય છે, તેમ આત્મામાં સંકલ્પ વિકલ્પોનો પવન ભરેલો છે. તે જ્યારે બંધ થશે ત્યારે આત્મા સ્વમાં ઠરી જશે અને આત્મામાં પડેલી અનંત શક્તિ દેખાશે. તેનો અનુભવ થશે. જેને આત્માની સ્વાનુભૂતિ થઈ એવા આનંદ શ્રાવકે વ્રત તો લીધા. ભગવાન હવે અતિચારનું સ્વરૂપ સમજાવે છે પહેલા વ્રતની વાત કરી. હવે બીજા વ્રતના અતિચાર સમજાવે છે.

બીજું વ્રત છે સત્યનું. ખરેખર સત્ય એ અમૃત વચન છે. મહાપુરૂષોએ સત્ય વાણીને કામધેનુ ગાયની ઉપમા આપી છે. તે માનવીની મનોકામના પૂર્ણ કરે છે. તે કીર્તિ રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરે છે અને પાપોને નાશ કરે છે. સત્ય એ એક વશીકરણ મંત્ર છે. વકીલ, વેપારી આદિ બધા પોતાના ક્ષેત્રોમાં સત્યનો વ્યવહાર કરે છે. સત્ય બોલનાર વકીલના વચનમાં ન્યાયાધીશને પૂર્ણ વિશ્વાસ હોય છે. સત્યથી ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. સત્ય એ અમૃત સમાન મીઠું મધુર છે. જેના રોમરોમમાં સત્ય રમી રહ્યું છે, જેના સંસ્કારોમાં સત્ય તાણાવાણાની જેમ ગૂંથાઈ ગયું છે તેની પાસે ભૌતિક અને આધ્યાત્મિક ઐશ્વર્ય સુરક્ષિત રહી શકે છે.

સત્યમાં સ્થિર રહેવાથી આત્મા સમસ્ત ગુણો રૂપી કળાઓથી ખીલી ઊઠે છે. સત્યથી મન અને વાણીની શુદ્ધિ થાય છે. મન-વચન શુદ્ધ થતાં આત્મા પણ શુદ્ધ બને છે. હજારો સૂર્યો કરતાં અનંત ગણો પ્રકાશમાન સત્યનો સૂર્ય છે. સત્ય સૂર્ય સમાન છે અને અસત્ય રાહુ સમાન છે. સત્ય એ પ્રકાશ છે અને અસત્ય એ અંધકાર છે. સત્યવાદી માનવી જ્યાં જશે ત્યાં પૂજાશે. બધાને વિશ્વાસપાત્ર બનશે. લોકો તેનો સત્કાર સન્માન કરશે. અસત્ય બોલનારનો કોઈ વિશ્વાસ કરતું નથી. સત્યનિષ્ઠ માનવી પર શત્રુઓને પણ વિશ્વાસ હોય છે. સત્યથી દુનિયા ટકી રહી છે. સત્ય ન હોય તો દુનિયા ટકવાની નથી. આજે મોટા ભાગનો વ્યવહાર સત્યથી ચાલે છે.

તમે બેંકમાં હજારો, લાખો રૂપિયા તથા દાગીનાઓ મૂકો છો તે સત્યના વિશ્વાસથી. જો બેંક તમને સત્યથી બરાબર મૂડી પાછી ન આપતી હોત તો તમે મૂકવા જાવ ખરા ? ના. ત્યાં વિશ્વાસ છે કે બેંક અમારી મિલકત લઈ નહિ લે, લૂંટી નહિ લે, પણ બરાબર મૂડી આપશે તેથી મૂકવા જાવ છો. વેપારી સાથે લેવડ દેવડ કરો છો. તેમના પર વિશ્વાસ છે કે આ મને દગો નહિ દે. તે સાચા છે એવી શ્રદ્ધા છે તો વ્યવહાર કરો છો. પાર્સલમાં લાખો રૂપિયાનો માલ મોકલો છો ત્યાં સરકાર પર વિશ્વાસ છે કે રેલ્વે ખાતું સત્ય પર ચાલે છે. જો સત્યથી ન ચાલતું હોય તો અંધાધૂંધી થઇ જાય. તમે ટપાલ લખીને પોસ્ટમાં નાંખો છો ત્યાં પણ વિશ્વાસ છે કે ત્રણ ચાર દિવસે કાગળ પહોંચાડશે. બધો વ્યવહાર સત્યથી ચાલે છે. સત્યના વ્યવહારથી રાષ્ટ્રોમાં પણ શાંતિ સ્થાપિત કરી શકાય છે. વહેપારી પણ પોતાના સત્ય વ્યવહારથી બધાના વિશ્વાસપાત્ર બની લાખો રૂપિયા કમાઇ શકે છે. સત્યના પ્રભાવથી માનવી અગ્નિમાં બળી શકતો નથી, પર્વત પરથી પડવા છતાં તે મરતો નથી. વિશાળ સમુદ્રમાં ડામાડોળ બનેલું વહાણ સત્યના પ્રભાવથી સ્થિર બને છે. તે પાણીમાં ડૂબી જતું નથી. સત્ય એ મહાન વ્રત છે.

બીજા વ્રતના પાંચ અતિચાર છે. પહેલો અતિચાર છે **સહસ્સાઽભક્ખાણે.** કોઈને ધ્રાસ્કો પડે એવું બોલવા હોય. ઘણાં જીવોનો સ્વભાવ એવો હોય કે તેમાં પોતાનો કોઇ સ્વાર્થ સરતો ન હોય, પોતાનું કોઈ કામ સિદ્ધ થતું ન હોય છતાં મજાક કરવાની ટેવ પડી ગઈ હોય છે. જૈનદર્શન તો કહે છે કે ભલે મનની મજાક હોય પણ એ મજાક કર્મોના માર ખવડાવશે. મજાકથી સામાના દિલમાં ફાળ પડે એવું બોલે. તમે ઉપાશ્રયમાં સામાયિક લઈને બેઠા છો. ત્યાં કોઈએ આવીને કહ્યું-ભાઈ ! તમે હજુ અહીં બેઠા છો ? આ સાંભળતા તમને ધ્રાસ્કો પડશે. શું મારા ઘેર કાંઈ નવાજૂની થઈ હશે ? શું બન્યું હશે ? હવે તેનું ચિત્ત સામાયિકમાં રહે ખરું ? પછી તે વ્યક્તિ વાતને ફેરવવા જાય તો પણ તમે સાચું ન માનો. કોઈ આવીને કહે તમારા ઘેર તાર આવ્યો છે તો પણ ફાળ પડે કે શેનો તાર હશે ? તાર સારાનો આવે ને ખોટાનો પણ આવે પણ ચોક્કસ ખબર નથી એટલે મનમાં થયા કરે કે શેનો તાર આવ્યો હશે ? આ રીતે કોઇને ધ્રાસ્કો પડે કે ફાળ પડે તેવું બોલવાથી અતિચાર લાગે છે માટે તેવી ભાષા

શ્રાવકથી બોલાય નહિ. " **રહસ્યાભ્યાખ્યાને** " કોઈની છાની વાત ઉઘાડી કરવી. બે મિત્ર, સગાસંબંધી કે સ્નેહી વચ્ચે દૂધ સાકર જેવો પ્રેમ હોય તો એકબીજાને પોતાની અંગત વાત કરી હોય પણ જ્યારે બે વચ્ચે તડ પડે ત્યારે તે વાત ખુલ્લી કરી દે તો અતિચાર લાગે. કોઇ સજ્જન માણસ ભીંસમાં આવી ગયો. તે વાત બહાર પડવાથી તેની પેઢીને ધક્કો વાગે એવું છે; તે સમયે તમે તેને મદદ કરી. તે બરાબર લાઈન પર આવી ગયા અને તમને તમારી રકમ પાછી આપી દીધી. તે ભાઇ સાથે તડ પડી ત્યારે કહો કે બેસી રહે ને હવે, તે દિવસો ભૂલી ગયો ? હું ન હોત તો તને બચાવત કોણ ? હું હતો તો તું ઊભો થયો. તારો બાપ કેવો હતો તે મને બધી ખબર છે. સજ્જન માણસની વાત કોઇ જાણતું ન હતું પણ આ રીતે બોલીને તેની ગુપ્ત વાત ખુલ્લી કરી. આ રીતે ગુપ્ત વાત ખુલ્લી કરવાથી સામાના દિલમાં કેટલું દુઃખ લાગે ? ભગવાનના શ્રાવકો તુચ્છ ન હોય પણ સાગર જેવા ગંભીર હોય, મરી જાય તો પણ વાત બહાર ન જાય. આજે માનવીને નાણું મૂકવાની જગ્યા છે પણ વાત કરવાનું ઠેકાણું નથી કે કોઈની પાસે હૈયાની વાત કરી શકે કારણ કે આજે બાપને દીકરા પર, માતાને દીકરી પર, સાસુને વહુ પર કોઇને કોઇના પર વિશ્વાસ નથી. સમય આવે કયારે મેણું મારે ને વાત ખુલ્લી કરી દે આ રીતે કોઈની છાની વાત પ્રગટ કરે તો અતિચાર લાગે. સત્ય વ્રત લેનારને આ અતિચાર ન લાગે તે ખાસ ધ્યાન રાખવું. જેવું બોલો એવું પાળતા શીખો.

કસોટીમાં શેઠની મક્કમતા : ભીમાશાહ નામના શેઠ ખૂબ સત્યવાદી હતા. તેમની સત્યનિષ્ઠાના કારણે તેમનો ધંધો ખૂબ સારો ચાલતો હતો. સત્યના પ્રભાવે તેમણે સમાજમાં નામના સારી મેળવી હતી અને *લક્ષ્મી પણ ઘણી મેળવી હતી.* એક વાર શેઠના સત્યની કસોટી થઈ. શેઠ એકલા કોઈ કારણસર ચાલતા ગામડે જઇ રહ્યા હતા. તે સમયે રસ્તામાં ચોર લોકો સામે મળ્યા. શેઠનું તેજસ્વી મુખડું, ભભકાબંધ સારા કપડા, તેમનો પ્રભાવ જોઈ ને ચોરો સમજી ગયા કે આ મોટા ધનવાન શેઠ લાગે છે. તેમને લૂંટવાના આશયથી ચોરોએ ઘેરી લીધા અને કહ્યું, તમને જવા દઈશું નહિ. તમારી પાસે જે હોય તે આપી દો, જો નહિ આપો તો જાનથી મારી નાખીશું. શેઠ કહે–ભાઈ ! મારી પાસે જે છે તે તમને આપી દઉં છું. હું કયારે પણ અસત્ય બોલતો નથી. તમારે મને મારવાની જરૂર નથી. શેઠે પોતાની પાસે જે હતા તે પૈસા આપી દીધા. ચોરો કહે, આટલા પૈસાને શું કરીએ ? વધારે આપો. તમારે કેટલા જોઈએ છે ? ૫૦૦ સોનામહોરો. ભાઈઓ ! હું મારા પુત્ર પર ચિઠ્ઠી લખી આપું છું. તમે ત્યાં જાવ. તેઓ તમને આપશે. તમે મને બાંધશો કે મારશો નહિ. હું કયાંય નાશી ભાગી નહિ જઉં. આપ લઈ ને આવો ત્યાં સુધી હું અહી બેઠો છું. તમને મારા પર વિશ્વાસ ન બેસતો હોય તો બાંધો. પ્રાણ જાય તો કુરબાન પણ શેઠ કયારે પણ અસત્ય બોલતા ન હતા. ચોરો શેઠને ત્યાં બેસાડીને શેઠને ઘેર ગયા.

શેઠની સત્યનિષ્ઠાથી ચોરોનો જીવનપલટો : શેઠે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે આ બે ભાઇઓ જે આવ્યા છે તેમને તમે ૫૦૦ સોનામહોરો ગણીને આપી દેજો. શેઠે આપેલા એડ્રેસ પ્રમાણે ચોરો ગયા. શેઠે આપેલી ચિઠ્ઠી બતાવી. છોકરાએ વિચાર કર્યો કે મારા બાપુજી મુશ્કેલીમાં મૂકાઈ ગયા લાગે છે તેથી મંગાવી હશે. છોકરાએ ૫૦૦ સોનામહોરો ગણીને આપી દીધી. ચોરો લઈને આવ્યા તો શેઠ તો તે સ્થાનમાં બેઠા હતા. ચોરોના મનમાં એમ કે શેઠ ભાગી ગયા હશે પણ બેઠેલા જોઈને મનમાં થયું કે શેઠ કેટલા સત્યવાદી અને પ્રમાણિક છે. તેમણે કહ્યું–શેઠ ! ચાલો, અમે તમને મૂકવા આવીએ. ચોરો અને શેઠ જાય છે. રસ્તામાં શેઠ કહે છે ભાઈ ! સોનામહોર બતાવને ! ચોરોએ સોનામહોર બતાવી. શેઠ કહે-અરે ! આ તો નકલી સોનામહોરો છે. મારા દીકરાએ તમને ઠગ્યા છે. તમને સાચી સોનામહોરો આપી નથી. બનાવટી આપી છે. હું તમને બીજી ચિઠ્ઠી લખી દઉં છું. તેમાં લખ્યું, દીકરા! બનાવટ કરવાથી ઘોર કર્મો બંધાય છે. ખોટું બોલવાથી બીજું વ્રત ભાંગે છે. આપણે જિંદગીમાં જીવવું છે કેટલું ? તું આ ભાઈઓને ૫૦૦ સાચી સોનામહોરો આપજે. ચોરોને કહ્યું–તમે આ ખોટી પાછી આપી આવો અને સાચી લઇ આવો. ભીમાશાહની આ સત્યતા, પ્રમાણિકતાનો ભીલો પર અદ્‌ભૂત પ્રભાવ પડયો. તેઓ શેઠના પગમાં પડી ગયા ને કહ્યું–શેઠ ! અમારે સોનામહોરો નથી જોઈતી. આજે તો અમને ભગવાનના દર્શન થયા. તમારા દર્શનથી અમે આજે આ પાપની પ્રવૃત્તિનો ત્યાગ કરીએ છીએ. હવે કયારે પણ ચોરી કે લૂંટફાટ કરીશું નહિ. શેઠને ચોરોને કંઈ બોધ આપવો પડયો ? સત્યનો પ્રભાવ કેટલો પડયો ? શેઠ કહે મારી વખારોમાં માલ સાચવવા ચોકીયાત અને નોકરોની જરૂર છે. તમે મારે ત્યાં રહેજો. શેઠને ચોરો પર જરા પણ અવિશ્વાસ ન આવ્યો હું સત્યનિષ્ઠ છું તો બીજામાં અવિશ્વાસ કરાય કેમ ? સત્યનું પાલન કરતાં કસોટી આવે પણ તેમાં મક્કમ રહેવાથી આખરે સત્યનો જય થાય છે.

બીજા વ્રતનો ત્રીજો અતિચાર છે **"સદારામંતભેએ."** પુરૂષે પોતાની પત્નીના અને પત્નીએ પોતાના પતિના મર્મ ખુલ્લા કરવા. પત્ની પતિનું એક અંગ છે. પત્ની માટે પતિ તો સર્વસ્વ છે. તે પતિથી કોઈ વાત ગુપ્ત ન રાખે. પતિ પત્નીથી ગુપ્ત ન રાખે. કદાચ બાલપણમાં કોઈ ભૂલ કરી હોય તો તે છાની ન રાખતા એકબીજાને કહી દીધી હોય તે વાત કયારે પણ ઉઘાડી ન કરે. આ રીતે કરવાથી એકબીજાને ખૂબ આઘાતનું કારણ બને છે. કોઇ વાર ઉશ્કેરાટમાં આવીને ન કરવાનું કરી બેસે છે. આ રીતે સ્ત્રીએ પુરૂષના અને પુરૂષે સ્ત્રીના મર્મ ખુલ્લા કરવાથી આ અતિચાર લાગે છે. (૪) **"મોસોવએસે"** જૂઠો ઉપદેશ આપવો. હિંસાદિ પાંચ આશ્રવ સેવવાનો, હોમ હવન, યજ્ઞ કરવાનો, ફળફૂલ તોડવાનો ઉપદેશ આપવો એ ખોટો ઉપદેશ છે. ખોટી વાતો કરવી, ખોટો પ્રચાર કરવો, બીજાને અવળે રસ્તે ચઢાવવાનો ઉપદેશ આપવો એ અતિચાર છે.

ભણેલી ગણેલી સારા સંસ્કારવાળી વહુ પરણીને સાસરે આવી. તે M.A. સુધી ભણેલી હતી. વહુ એટલી રૂપવાન, સૌંદર્યવાન અને ગુણવાન હતી કે જાણે સાક્ષાત્ દેવી જોઈ લો. માતા-પિતા, દીકરો-વહુ, દીકરી અને નાનો પુત્ર એ છ જણનું કુટુંબ હતું. વહુ ખૂબ ખાનદાન અને કામકાજમાં બધી રીતે હોંશિયાર હતી. તેને એક નાનો દિયર હતો. તેણે કહ્યું-ભાભી! મને અમુક વાત સમજાતી નથી. આપ મને ભણાવશો? હા, ભાઇ! તને ભણાવીશ. મારું ભણેલું શા કામનું? તે દિયરને પ્રેમથી ભણાવે છે. વહુ સમજે છે કે દિયર એટલે નાનો ભાઈ. તે તો દીકરા સમાન ગણાય. જો સંસારને સ્વર્ગ સમાન બનાવવો હોય તો છોકરીએ સાસુ સસરાને પોતાના મા-બાપ સમાન ગણવા જોઈએ. દિયરને ભાઈ સમાન, નણંદને બેન સમાન ગણે અને સાસુ વહુને દીકરી સમાન માને તો સંસાર સ્વર્ગ જેવો બની જાય. તે જીવનમાં આનંદ હોય. દિયરની પરીક્ષા નજીક આવી એટલે ભાભીના મનમાં થયું કે ભણાવવામાં થોડો વધુ ટાઈમ આપું, તેથી રોજ સવારમાં વહેલી ઉઠતી, કામકાજ કરતી. કામ અધૂરું રહે તો પછી કરે પણ પહેલા દિયરને ભણાવવા બેસતી. નીચે અવાજ આવે એટલે ઉપર મેડી પર ભણવા બેસાડે, ભણાવે, સુંદર સંસ્કાર આપે અને જીવનનું સુંદર ઘડતર કરે.

ખોટી ચઢવણીએ જીવનમાં લગાડેલી આગ : સાસુજીનો સ્વભાવ સાવ જુદી જાતનો હતો. તે ઉપાશ્રયે જાય ત્યારે તેમના જેવા ચાર ભેગા થઈને કહે, તમે તો ઉપાશ્રયે બહુ મોડા આવો છો. તમારે શું કામ છે? ટાઈમસર વ્યાખ્યાનમાં કેમ આવતા નથી? તમારી વહુ બહુ હરામી લાગે છે. ઘરનું કામકાજ કરતી નથી લાગતી. વહુ આવી તો ય તમે કામકાજ છોડતા નથી. એક તો વહુ પર મોં ચઢાવીને ફરતી હતી, તેમાં તેમની ટોળકીનો ખોટો ઉપદેશ રોજ સાંભળતી. એટલે તે બરાબર બગડી. હવે વહુના દોષ દેખાવા લાગ્યા. ઘેર જઈને જેમતેમ બોલવા લાગ્યા. વહુ કહે-બા! મારા દિયરને પરીક્ષા છે. તેમનું વર્ષ બગડે નહિ માટે ભણાવવા બેસું છું. આપ કામ કરશો નહિ. હું થોડું મોડું કરીશ. સસરા ઘેર આવ્યા. સાસુને બોલતા જોયા. તેમણે કહ્યું-આપ શા માટે આટલું બોલો છો? આપણી વહુ તો કેવી ગુણીયલ અને ડાહી છે. સાસુએ કહ્યું-તમે બધા તેને ચઢાવો છો. ઘરના ઢસરડા મારે કરવા પડે છે.

વહુ પ્રત્યે વહેમી બનેલા સાસુ : સાસુ છેવટે વહુ પ્રત્યે વહેમીલી બની. કોને ખબર કે વહુ મેડી ઉપર જઈને શું કરે છે? માનવી પોતે શબ્દ બોલતાં કે કોઇના પર ખોટું આળ ચઢાવતાં વિચાર નથી કરતો મને કેટલા કે કર્મ બંધાશે? સાસુ પોતાની નાની દીકરીને કહે છે જા, ઉપર જઈને જોઇ આવ કે તારા ભાઇ-ભાભી શું કરે છે? આ સમયે દિયરને બીજે દિવસે પરીક્ષા હતી તેથી વહુએ લેખ લખીને તૈયાર કર્યો હતો તે દિયરને આપ્યો ને કહ્યું-આપ આ કાલે વાંચી જજો. નણંદે આ જોયું. તેણે નીચે જઈને કહ્યું-ભાભી ભાઈને કાગળ આપે છે. આ સાંભળતા સાસુજી તો બરાબર રૂપમાં આવી ગયા ને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. ત્યાં સસરાજી આવી ચઢ્યા.

સસરાએ કહ્યું-તું સમજ. તારા મહાન ભાગ્યોદયે તને કુળદેવી જેવી વહુ મળી છે. તું શા માટે તેના પર ખોટું આળ ચઢાવે છે ? કેટલા કર્મો બાંધે છે ? તને તારા દીકરા પ્રત્યે વિશ્વાસ નથી ? ત્યાં મોટો દીકરો ઘેર આવ્યો. તેણે કહ્યું– બા ! મને તો લાગે છે કે તેં મને પરણાવ્યો તે ખોટું કર્યું છે. મારા લગ્ન કર્યા ન હતા ત્યાં સુધી તું મારી બા હતી પણ લગ્ન કર્યા અને વહુ ઘેર આવી એટલે તું બા મટીને સાસુ બની. બા હતી ત્યાં સુધી વાંધો ન આવ્યો પણ સાસુ બન્યા એટલે વાંધો આવ્યો. વહુ કહે- હું તો આવી ત્યારથી બા કહું છું, સાસુ કયારે પણ કહેતી નથી પણ મારા પાપનો ઉદય એટલે બા મારા બા નથી રહેતા પણ સાસુના સ્વરૂપમાં રહે છે.

સ્વર્ગ જેવું બનેલું ઘર : બાપુજી ! મારા દિયર સારા માર્કે પાસ થાય તે માટે હું મહેનત કરું છું, તેમને ભણાવું છું. હું વહેલી ઊઠીને કામ કરી લઉં અને પછી ભણાવવા બેસું. ભણાવીને આવ્યા પછી બાકીનું કામ કરું છું. હું તો બાને કહું છું કે આપ કામ કરશો નહિ. થોડું મોડું થશે તો વાંધો નથી. વહુના શબ્દો સાંભળી સાસુજીની આંખ ઉઘડી ગઈ. વહુ તો મારી સારી છે પણ હું જે ચોકઠામાં બેસું છું તેમણે મને ખોટી ખોટી વાતો કરી ચઢાવી. હું ચઢી ગઈ અને વહુ પર આળ ચઢાવવા તૈયાર થઈ. મેં મારું જીવન બગાડી નાખ્યું. દૂધ તો સારું હતું પણ ભરવાનું વાસણ ખટાશવાળું હતું એટલે દૂધ ફાટી ગયું, તેમ સાસુજી તો સારા હતા પણ બીજાના ખોટા ઉપદેશે બગડી ગયા. ત્યારથી સાસુજીએ ચોકઠામાં બેસવાનું બંધ કરી દીધું. તે દિવસથી તેમનું ઘર સ્વર્ગ જેવું બની ગયું, માટે કોઈ ને ખોટો ઉપદેશ આપવો નહિ.

(૫) કુટલેહકરણે : ખોટા લેખ લખવા. ખોટા ખોટા ચોપડા રાખવા. નનામા કાગળો લખવા અને લખીને કોઇના પર આક્ષેપો કરવા. જો વડીલોના હાથમાં કાગળ જાય તો વડીલો ધમધમી ઊઠે. પરિણામે મન-દુઃખ થવાનો પ્રસંગ આવે. કંઈક વાર અભણ, ભોળા માણસોને લૂંટવા કે ફસાવવા માટે ૧૦૦ ના આંકડા પર એક મીંડુ વધારી હજાર કરી દે છે. કંઈક માણસો એવા હોય છે કે સો રૂપિયા ધીરી બસોનું ખાતું પડાવી લે. દેણદારને જ્યારે ખબર પડે ત્યારે તેને ફાળ પડે છે; ત્યારે તે ઠકળાટ કરે પણ લેણિયાત પાસે કંઈ ચાલે નહિ. પરિણામે તે ગરીબ માણસ આબરૂ જાળવવા બિચારો ઘરબાર, દાગીના વેચીને તેનું દેણું ભરપાઈ કરે. આ રીતે ખોટા લેખ લખવાથી અતિચાર લાગે છે અને પાપના ભાગીદાર થવાય છે. ભગવાને આનંદ શ્રાવકને પાંચ અતિચાર સમજાવ્યા. બીજા વ્રતમાં આવા કોઈ અતિચાર લાગવા ન જોઈએ, હવે ત્રીજા વ્રતમાં શું આવશે તે અવસરે.

ચરિત્ર : એક અતિ આનંદમાં અને એક અતિ ચિંતામાં : માતાપિતાએ પોતાની વહાલસોયી દીકરીને ખૂબ શિખામણ આપી, પછી જમાઈરાજને કહ્યું–અમે અમારી લાડલી દીકરી આપના હાથમાં સોંપી છે. કદાચ છોરૂ કછોરૂ થાય તો આપ તેની ભૂલને માફ કરજો. તેને ખૂબ સાચવજો. ગુણસુંદર મનમાં વિચાર કરે છે કે આપ મને

ભલામણ કરે છે પણ હું કેટલો દુઃખી છું તે કોણ જાણે છે ? તેનું હૃદય અંતરથી રડી રહ્યું છે પણ હિંમત રાખીને બહારથી હસતું મુખ રાખીને ફરે છે. તેના મનમાં થાય કે હવે અહીંથી જલ્દી વિદાય આપે તો સારું. માબાપે રડતી આંખે દીકરીને વિદાય આપી. રથમાં બેસીને બંને મહેલે આવ્યા. મહેલે આવીને પુણ્યસારે લગ્નનું બધું કામકાજ પતાવી દીધું પછી તે ઘેર ગયો. રત્નસુંદરીના મનમાં આનંદનો પાર નથી. મારા મહાન ભાગ્યોદયે મને આવો પતિ મળ્યો. જ્યારે ગુણસુંદરના મનમાં ચિંતાનો પાર નથી. અહો ! આ રત્નસુંદરીના મનમાં કેટલા કોડ હશે ! તેના મનમાં આનંદના કેવા તરંગો ઉછળતા હશે ! હવે મારે શું કરવું ? એ વિટંબણામાં ઘેરાઈ ગયો હતો. લગ્ન કરીને તો તેને લઈ આવ્યો પણ હવે તેને કેવી રીતે કહું કે તું મને જે સમજીને આવી છે તે હું નથી. હું પણ તારા જેવી છું અભાગણી છું. મારા લગ્ન થયા પછી લગ્નની રાત્રે મારા પતિ મને છોડીને ચાલ્યા ગયા છે. મને તેમના નામની-ગામની ખબર નથી. આટલા મહિનાઓથી હું તેમની શોધ કરું છું પણ હજુ કયાંય સમાચાર મળતા નથી. મારું દુઃખ કોને કહું ? આમ વિચાર કરતા દિવસ તો પસાર થઈ ગયો. રાત્રે રત્નસુંદરી પતિની રાહ જોતી બેઠી હતી. ત્યાં ગુણસુંદર આવ્યો. તેનું મુખ એકદમ ઉદાસ અને ગમગીન હતું. તે ઊંચું પણ જોતો નથી.

વાત તો આજે કરવી પડે તેવી છે ! : રત્નસુંદરી પૂછે છે લગ્નના પ્રથમ દિવસે આપ આટલા ઉદાસ, ગમગીન કેમ છો ? આપ મારા સામું જોતાં નથી, બોલતા નથી. તે પગમાં પડીને કહે છે-મારો કોઈ દોષ, ગુનો, વાંક હોય તો મને કહો આપે મારી સાથે રિસણા લીધા છે કે મારી સામું ય જોતાં નથી. શું હું આપને નથી ગમતી ? જો એવું હોય તો આપે પહેલા સ્પષ્ટ કહી દેવું હતું ને ? રત્નસુંદરીએ ખૂબ પૂછયું ત્યારે ગુણસુંદરે કહ્યું-હું તને એક વાત કરવા માંગું છું પણ એ વાત એવી છે કે તને દુઃખ લાગશે. તો આજે એ વાત ન કરશો. એ વાત તો આજે કરવી પડે એવી છે. તેની રાહ જોવાય એવી નથી. તને દુઃખ થાય, આઘાત લાગે તો પણ આજે કહ્યા વિના છૂટકો નથી. રત્નસુંદરી કહે-ભલે ! આજે એ વાત કરો. મને એ નથી સમજાતું કે એવી કઈ વાત હશે કે જે સાંભળીને મને દુઃખ થાય. મને તો તમારા પ્રત્યે વિશ્વાસ છે કે આપ મને દુઃખ થાય એવી વાત કરો જ નહિ. ગુણસુંદરે કહ્યું-તને દુઃખી કરવાના મારા કોઈ ભાવ નથી. સાંભળ મારી વાત.

કહે ગુણસુંદર પ્રિયાને તે વાર, મુજ નિયમ આ વાર,
પિતરોને જળ લગમણું નહિ, તળ લગશિયળ પાળવું સહી...

તું કહે છે હું તમને ગમતી નથી, મારો શું વાંક ગુનો ? એવું કાંઈ નથી. મારું ગમગીન થવાનું કારણ હું તને કહી શકતો નથી, છતાં વાત કરું છું. વાત એ છે કે જ્યારે હું માબાપની પાસેથી મુસાફરીએ નીકળ્યો ત્યારે મેં પ્રતિજ્ઞા કરી છે કે હું માબાપની ગેરહાજરીમાં લગ્ન કરીશ નહિ, પણ તારા પિતાનું ખૂબ દબાણ આવ્યું

તેથી સંયોગવસાત્ લગ્ન કરવા પડયા; તેથી મેં મારા માતાપિતાને આપેલા વચનનું ઉલ્લંઘન કર્યું છે. લગ્ન તો કર્યા પણ જ્યાં સુધી હું મારા માતાપિતાને અને અમારા કુળદેવીને પગે ન લાગું ત્યાં સુધી અખંડ બ્રહ્મચર્ય પાળવાનું. આ શરતનો તારે સ્વીકાર કરવો પડશે. નાથ! આ તો ઘણી લાંબી વાત થાશે. આપણે ફરતા ફરતા માબાપ પાસે પહોંચી જઈશું. માતાપિતાને અને કુળદેવીને પગે લાગીશું પછી બધી વાત. આ જ મારી ઉદાસીનતાનું કારણ છે. રત્નસુંદરી કહે–આપની વાત મને મંજૂર છે. તમારી પ્રતિજ્ઞા પાળવામાં હું તમને પૂરો સહકાર આપીશ. લીધેલી પ્રતિજ્ઞા પાળવી જોઈએ એમ હું પણ માનું છું. તમારા સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવું એ મારી ફરજ છે. આપ હવે મન પરથી એ ચિંતા દૂર કરો. ગુણસુંદર કહે–ત્યાં સુધી આપણે ભાઈબેનના સંબંધથી રહેવાનું અને અખંડ બ્રહ્મચર્ય પાળવાનું. રત્નસુંદરીએ ગુણસુંદરની વાતનો સ્વીકાર કર્યો. માણેકચંદના મનમાં પણ થતું હતું કે ગુણસુંદર શું કરશે? ગુણસુંદર ખૂબ ડાહ્યો અને બુદ્ધિશાળી ચારિત્રશીલ છે તે ઈજ્જતને કલંક લગાડે એવો નથી એવો વિશ્વાસ હતો. હવે ત્યાં શું નવાજૂની બનશે તે અવસરે.

આજે અમારા ઉપકારી સ્વ. આચાર્ય ઉગ્રતપસ્વીરાજ પૂ. ગુરૂદેવશ્રી **ગુલાબચંદ્રજી** મ.સા.ની પુણ્યતીથિનો પવિત્ર દિવસ છે [પૂ. તપસ્વી ગુરૂદેવના ચારિત્ર રૂપી ગુલાબની સુવાસથી મઘમઘતા જીવન પર પૂ. મહાસતીજીએ ખૂબ સુંદર પ્રકાશ પાડયો હતો. તે સાંભળતા શ્રોતાજનોની આંખો અશ્રુલીની બની હતી. ધન્ય છે (૨) એવા મહોગ્ર તપસ્વી ગુરૂદેવને!]

ભાદરવા વદ ૧૧ને બુધવાર : વ્યાખ્યાન નં. ૮૫ : તા. ૯-૧૦-૮૫

હે ભવ્યાત્માઓ! આ જીવન પામીને તમારે કંઈક મેળવીને જવું છે કે ગુમાવીને જવું છે? જગતના જીવોની માન્યતા એવી છે કે કોઈ પણ જગ્યાએ કોઈ પણ ચીજ મેળવવી હોય તો જીતવું પડે. જે જીતે છે તે મેળવે છે અને હારે છે તે ગુમાવે છે. તમારી બધાની માન્યતા પણ આવી છે ને? પણ એક કવિએ સાવ જુદી વાત બતાવી છે.

"જે મળે છે હારવાથી. જીતવાથી ના જડે."
જીતવાને દિલ કદાપિ, હારવું તારે પડે.

કવિ કહે છે કે દુનિયાની બધી સામગ્રીઓ કદાચ જીતવાથી મળતી હશે પણ કોઈનું દિલ જીતવું છે તો હારવું પડશે, એટલે તેની પાસે નમ્ર બનીને ઝૂકી જવું પડશે, **"રૂપિયા જીતવાથી મળે પણ લાગણી તો હારવાથી મળે. પદવી જીતવાથી મળે પણ સહૃદયતા હારવાથી મળે."** આ વાત બરાબર લાગે છે ને? રામચંદ્રજી અયોધ્યાનું રાજ્ય છોડીને ગયા છતાં અયોધ્યાવાસીઓના દિલ જીતી ગયા. ગજસુકુમાલ મુનિ સોમિલ સસરા પાસે ઝૂકી ગયા તો મોક્ષ લક્ષ્મીને મેળવી ગયા. મેતારજ મુનિએ

સોનીના ઉપસર્ગને પ્રસન્નતાથી હસતા મુખે સ્વીકારી લીધો તો કલ્યાણ કરી ગયા. ઇન્દ્રભૂતિ પ્રભુ પાસે ગર્વ લઈને આવ્યા હતા પણ વીર ભગવાન પાસે હાર સ્વીકારી તો ગણધર પદવી મેળવી લીધી. ચંદનબાળાએ મૂળા શેઠાણીના ત્રાસ, જુલ્મને સ્વીકાર્યો તો શાસનપિતા ભગવાન મહાવીર સ્વામીના પાંચ માસ અને પચ્ચીસ દિવસની ઉગ્ર તપશ્ચર્યાનું પારણું કરાવવાનો મહાન લાભ મેળવી શકયા. હજારો જીવોને મારનાર ચંડકૌશિક સર્પે પ્રભુ પાસે હાર સ્વીકારી તો આઠમું દેવલોક મેળવ્યું.

હું તમને પૂછું છું કે તમારે દિલ મેળવવું છે કે દોલત મેળવવી છે? દિલ મેળવવું હોય તો હાર સ્વીકારી લો અને દોલત મેળવવી છે તો વિજય માટે સંઘર્ષ કરતા રહો પણ એટલું યાદ રાખજો કે સંઘર્ષો દ્વારા જે વિજય મેળવશો તે વિજયમાં વિષાદ છે, ઉન્માદ છે. જ્યારે ઝૂકી જવાથી મળતા પરાજયમાં આનંદ અને સ્વસ્થતા છે. તેમાં આપણું કલ્યાણ છે. જો આત્માનો આનંદ, નિરોગીતા, સુખ મેળવવું છે તો દિશા બદલવાની જરૂર છે. એક ન્યાયથી સમજીએ.

એક ભાઈ હાથમાં કુહાડી અને લોખંડની ખીલી લઈને દિવાલમાં મારી રહ્યો હતો, તે માટે એટલી મહેનત કરી કે પરસેવાથી તે રેબઝેબ થઈ ગયો. ઘા મારવાનું કામ ચાલુ હતું છતાં ખીલી દીવાલમાં જતી ન હતી. એક સજ્જન ભાઈની નજર આ ભાઈ પર પડી. તેમનાથી સહજ રીતે બોલાઇ ગયું. ભાઈ! ભીંતમાં ખીલી નાંખવી છે તો આ રીતે ન મરાય. તમે ખીલીના અણીદાર છેડાને ઊંધો રાખ્યો છે. આ રીતે ખીલી રાખીને ગમે તેટલા ઘા કરશો તો પણ ખીલી દીવાલમાં જશે નહિ, માટે આપ ખીલીનું શીર્ષાસન કરો. તેને ઉલટાવી નાંખો. આ ભાઈને સજ્જનની વાત સત્ય લાગી પણ તેમણે શું કર્યું? ખીલી જે રીતે પકડી હતી તે રીતે પકડીને સામી દિવાલે ગયા, એટલે ખીલીનો અણીવાળો ભાગ દિવાલ તરફ ગયો બે ત્રણ ઘા કર્યા અને દિવાલમાં લાગી ગઇ. જો તેણે ખીલીને ઉલટાવી હોત તો દિવાલ બદલવાની પણ જરૂર ન હતી.

આ વાત આપણા જીવનમાં સમજવાની છે. ધર્મસાધનાના માર્ગમાં તો દિવાલ પણ બદલવાની જરૂર નથી. માત્ર દિશા અને દૃષ્ટિ, દિમાગ અને દિલ બદલવાની જરૂર છે. મનની ખીલીનું શીર્ષાસન કરવાનું છે. સમ્યક્ દૃષ્ટિ અને સમ્યક્ દિશા તરફ મનને વાળ્યું તો સમજવું કે બેડો પાર. પુદ્ગલના રાગને બદલે પ્રભુ વીતરાગનો અનુરાગ, અવિરતિ તરફની દોટને બદલે વિરતિ જીવન તરફની દોટ અને નશ્વરને બદલે શાશ્વત તરફની દૃષ્ટિ કેળવવાની છે. ખોટી દિશાની અને ખરાબ દૃષ્ટિ તરફની હજારો માઈલની દોટ કરતા સાચી દૃષ્ટિપૂર્વકનો સાચી દિશા તરફનો થોડો પ્રયાસ પણ મુક્તિ મંઝીલ તરફ લઈ જશે.

જેના જીવનમાં સાચી દૃષ્ટિ આવી છે અને જેમનો પ્રયાસ પણ સાચી દિશા તરફનો છે એવા આનંદ શ્રાવકને વ્રતો અદરાવ્યા પછી ભગવાન અતિચારનું સ્વરૂપ સમજાવે છે. વ્રતો લીધા પછી તેમાં કયારે પણ અતિચાર-દોષ લાગવો ન જોઇએ.

નાનો દોષ પણ વ્રત ખંડનમાં કારણભૂત બને છે. હોડીમાં સોય જેટલું નાનું છિદ્ર પડયું હોય, તેને પૂરી દેવામાં ન આવે તો નાનું છિદ્ર પણ હોડીને ડૂબાડી દેશે. તે રીતે જો વ્રત લીધા પછી નાનું સરખું છિદ્ર પડયું તો વ્રત ભંગ થવાનો પ્રસંગ આવશે. હવે આપણે ત્રીજા વ્રતના અતિચાર સમજીએ. ત્રીજું વ્રત છે ચોરી ન કરવી. તમે ચોરી તો કરતા નથી છતાં તેમાં દોષ કેવી રીતે લાગે છે તે સમજાવે છે.

(૧) તિન્નાહડે : ચોરાઉ વસ્તુ લીધી હોય ચોરાઉ વસ્તુ છે તે અબર કેવી રીતે પડે ? તમારે ત્યાં કોઈ માલ વેચવા આવ્યો, પછી તે ચાહે સોના રૂપાની વસ્તુ હોય કે અનાજ જેવી સામાન્ય ચીજ હોય. તમે બજારમાં બેસો છો. તમને અબર છે કે આ વસ્તુની આટલી કિંમત છે. તેના ભાવતાલ જાણો છો. વસ્તુ વેચવા આવ્યો તે કદાચ બાઠ થાય તો ૫-૨૫ રૂપિયા ઓછા કહે પણ સીધી ૫૦ ટકા કિંમત ઓછી ન કહે. ત્યાં તમે સમજો છો કે આ વસ્તુની આટલી ઓછી કિંમત ન હોય અને ઓછી કહે છે માટે ચોરાઉ હશે છતાં સસ્તામાં મળે છે તો લઈ લઉં. એમ માની પૈસાના લોભે જાણવા છતાં વસ્તુ લઈ લો તો તમને અતિચાર લાગે.

(૨) તક્કરપઓગે : ચોરને મદદ કરી હોય. ચોરીનો માલ લઈને આવે ત્યારે કહે કે ભાઈ ! તું રોજ આવી રીતે માલ લઈ ને આવજે. અમારો માળો મોટો છે. તારી બધી વસ્તુ વેચાઈ જશે, આ રીતે ચોરને મદદ કરી હોય. શ્રાવકથી આ રીતે ચોરાઉ વસ્તુ લેવાય નહિ કે ચોરને મદદ કરાય નહિ. પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ચોર અને ચોરીના સાત પ્રકાર બતાવ્યા છે. (૧) જે પોતે ચોરી કરે છે. (૨) જે ચોરોને વસ્તુઓ આપે છે. (૩) જે ચોરોને ચોરી કરવાની સંમતિ આપે છે. (૪) કયારે કોના ઘરમાં કઇ રીતે ચોરી કરવી તે બતાવનાર પણ ચોર છે. (૫) ચોરેલી ચીજો વેચાણ રાખનાર ચોર છે. (૬) ચોરને ખાવાપીવાની, સૂવાની તથા દવા આદિની જે મદદ કરે છે તે પણ ચોર છે. (૭) જે ચોરને પોતાના ઘરમાં આશ્રય આપે છે તે પણ ચોર છે, માટે શ્રાવકે ત્રીજા વ્રતના અતિચાર ન લાગી જાય તેની ખૂબ સાવધાની રાખવાની છે. પરાયી વસ્તુ લેવાની ઇચ્છા કયારે પણ કરશો નહિ. ૫૦-૧૦૦ વર્ષોની અલ્પ જિંદગી છે. તેમાં અનીતિ, ચોરી આદિ પાપો કરીને લક્ષ્મી મેળવવાની મમતા કરશો નહિ. આંખ મીંચાયે ધન ભેગું નહિ આવે પણ કરેલા કર્મો તો જીવની સાથે જાય છે. જે વ્રત લીધું છે તેમાં કદાચ કસોટી આવે પણ તેમાં બરાબર મક્કમ રહેશો તો તમારો વિજય થશે.

પ્રવચનના પ્રભાવે લીધેલી પ્રતિજ્ઞા : એક વાર ગામમાં સંત પધાર્યા. તેમનું વ્યાખ્યાન ખૂબ સચોટ અને આત્મસ્પર્શી હતું. હજારો લોકો તેમના વ્યાખ્યાનમાં આવે. ગામમાં બધે સંતના વ્યાખ્યાનની ખૂબ પ્રશંસા થવા લાગી. ઉપાશ્રયની નજીકમાં એક ભાઇ રહેતા હતા. તે કોઈ દિવસ ઉપાશ્રયમાં પગ ન મૂકે. તેને આજે થયું કે સંતનું વ્યાખ્યાન સરસ છે તો આજે હું પણ સાંભળવા જાઉં. તે ભાઈ ઉપાશ્રયે ગયા. તે દિવસે મહારાજે ત્રીજા વ્રતનું સ્વરૂપ સમજાવ્યું. અણદીધી વસ્તુ લેવી નહિ. રસ્તામાં

પડેલી વસ્તુ આજ્ઞા વગર લેવી નહિ. વ્યાખ્યાન પૂરું થયા બાદ પેલો ભાઈ સંત પાસે આવીને કહે છે ગુરૂદેવ! આજના દિવસ માટે પચ્ચક્ખાણ આપો કે અણદીધી પરાયી ચીજ આજ્ઞા વિના મારે લેવી નહિ. બાજુમાં ઉભેલાં બધા કહે મહારાજ! આ તો આજે ભૂલ્યો પડયો છે. ભાઈ કહે-બાપજી! હું ગરીબ માણસ છું. કાગળની કોથળીઓ બનાવી તેને વેચીને માંડ પેટ પૂરતું મેળવું છું મારા કમભાગ્ય છે કે હું ઉપાશ્રયે આવી શકતો નથી. હું બીજું કાંઇ કરી શકતો નથી માટે અણદીધું લેવું નહિ તેવો એક દિવસનો નિયમ લીધો છે

ચરૂએ ચગડોળે ચઢાવેલું ચિત્ત : તે ભાઈ પ્રતિજ્ઞા લઈને ઘેર આવ્યો. તે દિવસે સાંજે સંડાસ જવા તે ગામ બહાર ગયો. તે ક્રિયા પતાવીને નદીના પાણીમાં હાથ, પગ ધોઈને એક ઝાડ નીચે જઈને બેઠો. બેઠા બેઠા વિચાર કરે છે કે આજે મારો દિવસ કેવો સરસ ઉગ્યો કે આજે સંતના દર્શન થયા. વ્યાખ્યાન સાંભળવા મળ્યું. હું કેવો કમભાગી છું કે રોજ આવો સુંદર લાભ લઈ શકતો નથી. વ્યાખ્યાન સાંભળતા મને એવી મઝા, આનંદ આવ્યો કે ન પૂછો વાત. આ રીતે વિચાર કરે છે. વિચાર કરતાં કરતાં જમીન ખોતરતો હતો. ખોતરતાં જરા વધુ પડતું ખોદાયું, તો તેને લાગ્યું કે અહીં કંઈક છે. તેણે વધારે ખોદયું તો ઝવેરાત અને સોનામહોરોથી ભરેલો ચરૂ જોયો. જેણે કોઈ દિવસ ઝવેરાતના દર્શન કર્યા નથી તેને તો આ મળે તો કેટલો આનંદ થાય. ભાઈનું મન લેવા માટે લલચાયું પણ આજે પ્રતિજ્ઞા કરી છે કે અણદીધું લેવું નહિ તો મારાથી આ આજ્ઞા વિના લેવાય કેવી રીતે? જો કોઈની આજ્ઞા લેવા જાય તો કોઇ જાણી જાય. આ ચરૂ મળી જાય તો તેની જિંદગીનું દરિદ્ર ટળી જાય એવું છે તેથી લેવા માટે તલપાપડ થાય છે. આ જગ્યાએ તમે હો તો શું કરો? સત્ય બોલજો. (શ્રોતા :- આજે મળ્યું છે તો લઈ લઈએ. કાલે ગુરૂ પાસે તેનું પ્રાયશ્ચિત લઈ લઇશું) ભલા પ્રાયશ્ચિત કોનું? જાણીને પાપ કરે તેનું કે અજાણતા પાપ થઈ જાય તેનું? આ ભાઈને લેવાનું મન થયું પણ પચ્ચક્ખાણ છે એટલે લેવાય કેમ રીતે? પહેલા જૈનોના જીવન એવા આદર્શ હતા કે બીજા પર તેની પ્રતિભા પડે. તેમની એટલી છાપ હતી કે ગ્રાહકો સમજતા કે આ જૈન ભાઈને ત્યાં જમવું હોય તો સૂર્યાસ્ત પહેલા જશું તો જમાડશે. સૂર્યાસ્ત પછી તે જમાડશે નહિ. ભલે તે લાખો રૂપિયા કમાતા હોય પણ એટલો વિશ્વાસ કે ધન માટે તે ધર્મને વેચશે નહિ. આજે છે આટલો જૈનો પર વિશ્વાસ? હું તો કહું છું કે જેમનો સ્વતંત્ર ધંધો છે તેમને શા માટે આવા રાત્રી ભોજનના પાપ કરવા પડે! આ જીવન પામીને પાપનો સંગ્રહ ન થાય એટલું તો કરો.

ચરૂએ કરાવેલી ચિંતા : પેલા ભાઈનું મન ચરૂ લેવા લલચાયું, છેવટે હાથમાં લીધો દશ બાર ડગલા ગયો ત્યાં તેનું મન કહે છે આજે તારે બાધા છે માટે ન લેવાય તે પાછો ગયો. ચરૂ મૂકી દીધો. ચાર પાંચ વાર હાથમાં લીધો અને છેવટે સાચવીને મૂકી દીધો, અને ઘેર ગયો. રાત્રે ઊંઘ આવતી નથી. દશ વાગ્યા, અગિયાર વાગ્યા

છતાં ઊંઘ ન આવી. પત્ની કહે છે તમે રોજ તો થાકયાપાકયા આવો છો ને આરામથી ઊંઘી જાવ છો. આજે ઊંઘ કેમ આવતી નથી ? મને એક ચિંતા છે. શી ચિંતા છે ? હું ગામ બહાર શારીરિક કારણે ગયો હતો. પછી ઝાડ નીચે બેઠો હતો ત્યાં હાથથી જમીન ખોતરતા થોડું ઊંડું ખોદાઈ ગયું તો માલમિલ્કતનો ભરેલો મોટો ચરૂ નીકળ્યો, પણ આજે મારે પ્રતિજ્ઞા છે કે અણદીધું લેવું નહિ. કોઈની આજ્ઞા લેવા જાઉં તો એ જાણી જાય. પત્ની કહે–બાધા તમારે હતી પણ મારે કયાં બાધા છે ? મને બોલાવવી હતી ને ? ના. મારાથી તને પણ ન બોલાવાય. હું બરાબર દાટીને આવ્યો છું.

લેવા ગયા ચરૂ પણ મળ્યા વીંછીના ચટકા : આ બંને માણસો જે વાત કરતા હતા તે વાત ઘરની બહાર ઉભેલા બે ચોરોએ સાંભળી. ચોરોના મનમાં થયું કે સારું થયું. આપણે કોઇના ઘર તોડવા મટી ગયા. વગર મહેનતે તૈયાર માલ મળી જશે. નામ, ઠેકાણું બધું બરાબર સાંભળ્યું હતું એટલે ચોરો તો ઉપડી ગયા. જઈને તે જગ્યાએ બોદયું તો કોઇકે ચટકો માર્યો. જોયું તો વીંછી હતો. તેણે બીજા ચોરને વાત ન કરી. હું એકલો દુઃખી થાઉં ? બીજા ભેગા ભલે ને દુઃખી થાય. એટલે તે કાંઇ બોલ્યો નહિ. બીજાએ અંદર હાથ નાંખ્યો તો તેને પણ વીંછીએ ચટકો માર્યો. તેણે કહ્યું કે અહીં તો વીંછીઓ છે. પેલો વાણિયો કેવો પાકો કે તેને ખબર પડી હશે કે ચોરો આવ્યા છે એટલે આપણને કાઢવા માટે જૂઠું બોલ્યો હશે. તેણે આપણને ચરૂનો સ્વાદ બરાબર ચખાડી દીધો. ઘણો પાકો વાણિયો. તે આપણને છેતરી ગયો. હવે તેને બરાબર બતાવી દઈએ. ચોરોએ તે ચરૂને ધૂળથી બરાબર ઢાંકી દીધો.

પ્રતિજ્ઞાનો અદ્‌ભૂત પ્રભાવ : સવારના ચાર વાગતાં ચોરો તે ભાઇના ઘેર આવ્યા. તેનું મકાન નળિયાનું હતું. છાપરા પર ચઢીને નળિયા ખસેડી નાંખ્યા ને વીંછીનો ભરેલો ચરૂ ઊંધો વાળ્યો ને કહ્યું–લે, આ તારો ચરૂ. આ ચરૂ ગાદલામાં પડયો ત્યારે ભાઈ પથારીમાં બેસીને પ્રભુને પ્રાર્થના કરતા હતા કે મેં આજે પ્રતિજ્ઞા લીધી હતી કે અણદીધું લેવું નહિ. તેમાં હું ચલિત થઈ ગયો. હું એને અડયો શા માટે ? મારાથી અડાય નહિ. મારાથી આ પાપ થઇ ગયું ? હું ગુરૂદેવ પાસે જઈ ને પાપનું પ્રાયશ્ચિત લઈ આવું. ચરૂ મારા ભાગ્યમાં હશે તો સવારે મને મળશે. પ્રાર્થના કર્યા બાદ સવારમાં જોયું તો ઝગમગ ઝગમગ દેખાયું. અહો ! આ તો મેં જે જોયું હતું તે છે. પ્રતિજ્ઞાનો પ્રભાવ કેટલો પડયો ! પત્ની કહે–હવે આપ રોજ સાધુ પાસે જતા રહેજો ને નવા નવા પચ્ચક્ખાણ લેતા રહેજો. જેથી રોજ નવા નવા ચરૂ આવ્યા કરે. પતિ કહે, એમ આવે નહિ. હું પ્રતિજ્ઞાથી ચલિત ન થયો, સામેથી મળ્યું છતાં લીધું નહિ તો ઘેર બેઠા આવી ગયું. જો હું લઈને આવ્યો હોત અને કદાચ ચરૂનો માલિક તપાસ કરવા આવત તો હું પકડાઈ જાત અને મારા હાડકા ભાંગી જાત. પ્રતિજ્ઞાનો કેવો અદ્‌ભૂત પ્રભાવ !

ભગવાન સમજાવે છે કે ત્રીજા વ્રતમાં અતિચાર લગાડશો નહિ. ત્રીજે અતિચાર છે.

છે " **विरुद्धरज्जाइक्कमे** " રાજ્ય વિરૂદ્ધ કામ કરવું. ગમે તેવા સંયોગો કે સ્થિતિમાં રાજ્ય વિરૂદ્ધ દાણચોરી કરવી નહિ. જેને પરિગ્રહની મમતા છે તે આવા કામ કરે છે. જેને મમતા નથી તે કરતા નથી. પુણિયા શ્રાવકને મમતા ન હતી તો આવું પાપનું એક પણ કાર્ય કરવું પડતું ન હતું. તેના જીવનમાં સંતોષ હતો. જે નીતિ અને પ્રમાણિકતાથી ચાલે છે તેને મળવાનું છે પણ આજે શ્રદ્ધા – વિશ્વાસ નથી. જો રાજ્ય વિરૂદ્ધ દાણચોરી આદિ કરે તો અતિચાર લાગે. (૪) " **कूडतोले कूडमाणे** " ખોટા તોલ માપ રાખવા. લેવાના કાટલા જુદા અને આપવાના પણ જુદા. લેતી વખતે સવા પાંચ શેરી અને આપતી વખતે પોણા પાંચ શેરી. આ રીતે કરવાથી અતિચાર લાગે છે. (૫) " **तप्पडिरुवग्गववहारे** " સારી વસ્તુ બતાવી બરાબ આપી હોય. ધન પ્રત્યેની મૂર્છા આ પાપ કરાવે છે. ગ્રાહકને ઊંચો, સારો માલ બતાવે અને પછી હલકો માલ આપે. અનાજ બતાવે સારું અને પછી આપે સડેલું, અથવા સારામાં બરાબ ભેળવી દે. આવું કરવાથી ઘોર પાપ બંધાય છે. અલ્પ જિંદગી માટે આવા પાપ શા માટે કરવા ? વ્રત લીધા હોય કે ન લીધા હોય પણ આવા અતિચાર દોષ ન લગાડશો. આ પાપ કરીને જે કર્મો બાંધ્યા તે જીવને પોતાને ભોગવવા પડે છે. આ ત્રીજા વ્રતમાં પાંચ અતિચાર છે.

ચોથું વ્રત છે બ્રહ્મચર્યનું. આ વ્રતને ભગવાને સાગરની ઉપમા આપી છે. જીવનની કિંમત ચારિત્રથી છે. હીરાની કિંમત તો ઘણી હોય છે પણ જો તેમાં કાળી છાંટ પડી તો તેના મૂલ્ય નથી. મોતીમાંથી પાણી ગયું તો તેના મૂલ્ય નથી તેમ જેના જીવનમાં શીલની સૌરભ નથી, ચારિત્રની મહેંક નથી તેની કોઈ કિંમત નથી. આ વ્રત મહાન છે. બીજા વ્રતો નદી જેવા છે અને બ્રહ્મચર્ય વ્રત સાગર સમાન છે. ભગવાન બોલ્યા છે

एए य संगे समइक्कमित्ता, सुदुत्तरा चेव भवन्ति सेसा ।
जहा महासागरमुत्तरित्ता, णई भवे अवि गंगासमाणा ॥ ઉત.અ.૩૨ગા.૧૮

જેવી રીતે મહાસાગરને તરીને પાર થઈ ગયા પછી ગંગા જેવી નદીઓને પાર કરવી સરળ છે તેવી રીતે સ્ત્રીઓ પ્રત્યેની આસક્તિ છૂટી ગયા પછી બીજા પ્રકારની બધી આસક્તિઓ સરળતાથી છૂટી જાય છે એટલે કે જેના જીવનમાં બ્રહ્મચર્ય આવ્યું તેને માટે બીજા વ્રતો લેવા સરળ છે. જેના જીવનમાંથી ચારિત્ર ગયું તેનું બધું ગયું. એક સમય એવો હતો કે માનવીનું મૂલ્ય એના ચારિત્ર ઉપરથી આંકવામાં આવતું. રૂપ, રંગ કે બાહ્ય ભભકા ઉપરથી નહિ. અનેક ગુણો હોવા છતાં જીવનમાં જો ગુણોના શિરોમણિ રૂપ બ્રહ્મચર્ય નથી તો તે જીવન શોભતું નથી. ગમે તેવા કટોકટીના પ્રસંગો આવે પણ ચારિત્ર જવું ન જોઈએ.

એક બહેન તેના પાંચ મહિનાના બાબાને લઈ જીયાણું લઈને સાસરે આવતી હતી. તેના મા–બાપે વેવાઈને ત્યાં કાગળ લખી દીધો હતો કે અમારી દીકરી આ દિવસે આ

ગાડીમાં આવશે માટે આપ સ્ટેશને લેવા આવજો. છોકરી પોતાનું ગામ આવતા ઉતરી ગઈ પણ કાગળ પહોંચ્યો નહિ એટલે સ્ટેશને કોઇ આવ્યું નહિ. છોકરીના મનમાં એમ કે હમણાં કોઈક આવશે. બધા વાહનો જતા રહ્યા. સ્ટેશન ખાલી થઈ ગયું. સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. છોકરીએ વિચાર કર્યો કે કોઈ આવ્યું નહિ. આ અઘોર જંગલમાં રાત્રે એકલી હું શું કરીશ ! ત્યાં એણે એક ઘોડાગાડીવાળાને જોયો. તેણે કહ્યું–ભાઇ ! મને ગામમાં લઇ જઈશ. ? હા, બહેન ! બેસી જાવ. અંધારી રાત હતી. પોતે એકલી હતી. તેમાં તેનું અથાગ રૂપ, દાગીનાથી ઝળહળતું શરીર અને એકાંતવાસ એટલે છોકરીનું હૃદય તો થરથર ધ્રુજતું હતું.

રૂપ અને રૂપિયાએ બગાડેલું મન : બેનનું રૂપ, દાગીના જોઇને ગાડીવાળાનું મન ચલિત થયું, તેથી તેણે રસ્તો બદલ્યો. બહેને કહ્યું–ભાઈ ! આ રસ્તો ગામમાં જવાનો નથી. ગાડીવાળો કહે તે રસ્તે બાડા બોદેલા છે તેથી ફરીને જવું પડે છે. બેને તેની વાત સાચી માની લીધી. થોડા દૂર ગયા ત્યાં તો જંગલ દેખાયું. વીરા ! આ તો જંગલ આવ્યું. આ બાજુ કેમ ગાડી ચલાવો છો ? હવે તમે અહીં ઉતરી જાવ. ગાડીવાળાએ તો બેનને નીચે ઉતારી. બહેન બાબાને ભોંય સૂવાડીને પોતાનો સામાન ઉતારે છે ત્યાં ગાડીવાળાએ બાબાને લઇ લીધો, પછી કહ્યું–તારું તન અને ધન મને અર્પણ કરી દે તો તારો બાબો આપીશ નહિતર આ છરીથી બાળકને મારી નાંખીશ. બહેન સમજી ગઇ કે આ મારું શીલ લૂંટવા માંગે છે. માતાને પોતાના સંતાન કેટલા વહાલા હોય છે. પોતાના સંતાન માટે બધું દેવું પડે તો દઈ દેવા તૈયાર હોય છે. ગાડીવાળાએ બાળકને લઇ લીધો એટલે તે રડવા લાગ્યો. બાળકને પણ સંજ્ઞા છે, તેથી બીજાના સ્પર્શની, ભાવની અસર બાળક પર પડે છે તેથી બાળક રડે છે. આ બેન સમજી ગઇ કે અત્યારે હું એકલી છું. બળથી નહિ પણ કળથી કામ લેવું પડશે.

શીલ સાચવવા શોધેલી યુક્તિ : આ બેને યુક્તિથી વિચારીને કહ્યું, તમે બાબાને નીચે સૂવાડી દો. ધરતી પર કાંકરા બહુ છે તે તેને વાગશે. ઘોડાગાડીમાં ગાદી છે તે લઈ આવો. તેના પર બાબાને સૂવાડો, પછી મારા તન અને ધન આપું. ગાડીવાળો છરી અને ડાંગ ભોંય મૂકીને ગાદી લેવા ગયો. છોકરી વિચાર કરે છે પ્રાણ જાય તો ભલે પણ શીલ તો નહિ જવા દઉં. આ છોકરીએ છરી અને ડાંગ લઈ લીધા. જોવો ગાડીવાળો ગાદી લઈને આવ્યો ત્યાં છોકરીએ એને ડાંગથી બરાબર ફટકારવા માંડ્યો અને છરીના ગોદા મારવા લાગી. તે તો બરાબર રંગમાં આવી ગઈ. જાણે સાપુચંડી ન હોય ! શીલરક્ષા માટે સ્ત્રી એવું ઝનૂન કેળવે છે કે નરપિશાચો એની સામે ટક્કર ઝીલી શકતા નથી. ડાંગના માર અને છરીની અણીઓ વાગી છતાં તેને થયું કે હું મોટો પથ્થર લઈ આવું અને તેનું માથું ફોડી નાંખું. શું એક અબળા આગળ મારી હાર ? ના....ના...એવું તો ન જ બને.

દુષ્ટ કાર્યની દુષ્ટ શિક્ષા : સામે પથ્થરોનો મોટો ઢગલો પડ્યો હતો.

ગાડીવાળો પરાણે પરાણે ઊભો થયો અને મોટો પથ્થર લેવા ગયો. જેવો પથ્થર ઉપાડવા જાય છે ત્યાં એક મોટો ભોરીંગ નાગ નીકળ્યો અને તેના બે પગે વીંટળાઇ ગયો. ફેણ માંડીને તેના સામું જોયા કરે છે. આ બિચારાને તો ગભરાટનો પાર નથી. સતી તો ભગવાનને પ્રાર્થના કરે છે કે મારું સર્વસ્વ જાય તો ભલે જાય પણ મારા શીલને આંચ આવવા દઈશ નહિ. " **શરીરના શણગાર ચાલ્યા જાય તો ભલે ચાલ્યા જાય પણ મારા શીલના શણગાર અખંડ રહેજો.**" આ રીતે પ્રભુને પ્રાર્થના કરે છે ત્યાં એક અમલદાર ગાડી લઇને નીકળ્યો. તે સમયે બાળક રડવા લાગ્યો. અમલદારના મનમાં થયું કે આવી અંધારી રાતમાં બાળકનો રડવાનો અવાજ કેમ આવે છે ? તેણે નીચે ઉતરીને જોયું તો એક બેનને બેઠેલી જોઇ. બેન ! આવા અંધારા જંગલમાં તું એકલી કેમ બેઠી છે ? મારા વીરા ! મારી આ સ્થિતિ થઈ છે. તેણે બધી વાત કરી. તે ગાડીવાળો પથરો લેવા ગયો ત્યાં નાગે તેને ભરડો દીધો છે. અમલદારે કહ્યું–બેન ! તું મારી દીકરી છે. હું તારો બાપ છું. તું હવે જરાય ચિંતા ન કરીશ.

ચારિત્ર ચુંદડીને ચમકાવતી સતી : અમલદારને ગાડીવાળા પર ખૂબ ગુસ્સો આવ્યો. અરે નરાધમ ! તું આવા કામ કરે છે ? ગાડીવાળો કહે, મને મારા પાપની શિક્ષા બરાબર મળી ગઈ છે. મને હવે આ નાગ પાશમાંથી છોડાવો. ભલે નાગ મને કરડતો નથી પણ મને છોડતો ય નથી. હવે હું કયારે પણ પરસ્ત્રી સામે દૃષ્ટિ કરીશ નહિ. જે દિવસે મારી દૃષ્ટિ બગડશે ત્યારે મારી આંખો ફોડી નાંખીશ. તેણે સતીને કહ્યું–બેન હવે તું મને બચાવ. બરેબર તું સાચી સતી છે. આ નાગદેવ તારું રક્ષણ કરવા આવ્યા છે. સતીને તો કોઇના પ્રત્યે વૈરભાવ નથી. તેણે કહ્યું, નાગદેવ ! હવે તેને છોડી દો. એમ કહી નમો અરિહંતાણું બોલી ત્યાં નાગદેવ અદૃશ્ય. અમલદાર તે બેનને ઘેર મૂકવા ગયો. ત્યાં બધા માણસોની વચ્ચે સતીની કસોટીની અને સતીના સતીત્વના પ્રભાવની વાત કરી. આ સાંભળી ઘરના બધા રડી પડયા. બેટા ! તેં અમને ખબર પણ ન આપી ? બાપુજી ! કાગળ તો લખ્યો છે પણ તમને મળ્યો નથી. બધા તેને સતી કહીને પગમાં પડયા. તમારી પાસે બીજા હથિયાર નહિ હોય તો ચાલશે પણ જેની પાસે શીલનું હથિયાર છે તે જ્યાં જશે ત્યાં તેનો વિજય થવાનો છે. સતીએ આટલું કષ્ટ વેઠયું પણ ચારિત્ર ચુંદડીને ડાઘ પડવા દીધો નહિ. આ ચોથા વ્રતના પાંચ અતિચાર છે તે જાણવા પણ આદરવા નહિ.

(૧) **ઇત્તરિય પરિગ્ગહિયા ગમણે** : પોતાની પરણેલી પણ ઉંમરમાં નાની હોય એવી પત્ની સાથે ગમન કર્યું હોય. કરે તો અતિચાર લાગે. (૨) " **અપરિગ્ગહિય ગમણે** " : જેની સાથે સગાઈ થઈ છે પણ લગ્ન થયા નથી તેવી કુંવારી કન્યા સાથે ગમન કરે તો અતિચાર લાગે. આ તો લોક વ્યવહારથી પણ વિરુદ્ધ છે. આજે જમાનો એવો આવ્યો છે કે સગાઈ થઈ એટલે હરવાફરવાનું ચાલુ થઈ જાય છે. તેમાં કોઈ વાર છોકરીની જિંદગી બગડી જાય છે માટે શાસ્ત્ર વિરુદ્ધ આ કામ કરવું નહિ. (૪) **પરવિવાહ**

કરણે : બીજાના વિવાહ મેળવી આપ્યા હોય. ઘણાંને આવો શોખ બહુ હોય છે પણ તેમને ખબર નથી કે આ કામમાં અનુમોદના આપવાથી કેટલા કર્મો બંધાય છે. તમારા સંતાનોને પહેલા સમજાવો. અમે તો આ સંસારમાં પડયા છીએ પણ તમે આ પાપના પિંજરામાં ન પૂરાશો. સાચો માર્ગ ત્યાગનો છે. સત્ય વાત સમજાવવા છતાં ન માને અને તેમનું સગપણ કરવું પડે તો પણ મન કચવાતું હોય. એ કરે તો ઉદાસીન ભાવે કરે, પછી બીજાના વિવાહ કરવાની તો વાત જ કયાં! તમે દલાલી કરો તો ધર્મની કરજો પણ આવી પાપની દલાલી કરશો નહિ. આ રીતે બીજાના સગપણ કરાવવામાં શ્રાવક અનુમોદના આપે નહિ. આપે તો અતિચાર લાગે. **(૫) કામભોગ તિવ્વાભિલાસે** : કામભોગની તીવ્ર અભિલાષા રાખી હોય. કામભોગની તીવ્ર અભિલાષા જીવને દુઃખમાં ધકેલી દે છે. પાંચ ઇન્દ્રિયોમાં કાન અને આંખના વિષયને કામ કહેવાય છે. નાક, જીભ અને સ્પર્શ એ ઇન્દ્રિયોના વિષયને ભોગ કહેવામાં આવે છે.

સમજવા જેવી વાત છે કે ઇન્દ્રિયોના વિકારો જેમ ઓછા તેમ શાતા વધુ. જેમ કે ઉપર ઉપરના દેવલોકમાં. વૈમાનિકના પહેલા બે દેવલોકમાં મનુષ્ય જેવા વિકારો અને શાતા ઓછી. ત્રીજા ચોથા દેવલોકમાં વિકારો ઓછા એટલે સંભોગ નહિ, માત્ર શરીર સ્પર્શથી સંતોષ, એટલે પહેલા બીજા દેવલોક કરતાં વિકારો ઓછા અને શાતા વધારે. ૫-૬ દેવલોકના દેવોને સ્પર્શેન્દ્રિયનો ય વિકાર નહિ. એને ચક્ષુનો વિકાર એટલે એ માત્ર રૂપ દર્શનથી સંતોષ પામે. તેમને નીચેવાળા દેવો કરતાં શાતા વધારે. ૭-૮ દેવલોકના દેવોને શ્રોતેન્દ્રિયનો વિકાર. તે દેવીના ગીતો, મધુરા શબ્દો સાંભળીને સંતોષ પામે. તેમને નીચેના દેવો કરતાં શાતા વધારે. ૯-૧૦-૧૧-૧૨ મા દેવલોકવાળાને એ ય વિકાર નહિ. એમને માત્ર માનસિક વિચાર ઉઠે એટલે દેવીના સ્મરણથી સંતોષ પામે એટલે નીચેના દેવો કરતાં શાતા વધુ. ઉપર ઉપરના દેવલોકમાં દેવોનું પુણ્ય ઊંચું છે. તો ત્યાં શાતા સુખ ઊંચા હોય. જેમ જેમ પુણ્ય ઊંચું ઊંચું તેમ શાતા ઊંચી ઊંચી. જયાં શાતા ઊંચી ત્યાં ઇન્દ્રિયોના વિકારો ઓછા થતા આવે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોને એથી પુણ્ય ઊંચું તેથી શાતા ઊંચી અને એ શાતા ભોગવે નિર્વિકારતાથી. અનુત્તરવાસી દેવોને વીતરાગ સમાન દશા છે તે પરમ શાતાની અપેક્ષાએ. ગુણસ્થાનની વૃદ્ધિથી આ દશા નથી આવી. તેમનું ગુણસ્થાનક તો ચોથું અવિરતિ સમ્યક્‌દૃષ્ટિનું છે. દેશવિરતિનું પાંચમું ગુણ. નહિ પછી સર્વ વિરતિના છઠ્ઠા ગુણ.ની તેમજ આગળના ગુણ.ની વાત જ કયાં? કહેવાનો આશય એ છે કે કામભોગની અભિલાષા જેટલી ઓછી તેટલી શાતા વધારે. હવે પાંચમા વ્રતના અતિચાર અવસરે.

ભાદરવા વદ ૧૩ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૮૬ : તા. ૧૧-૧૦-૮૫

આપણે આનંદ શ્રાવકનો અધિકાર ચાલે છે. આનંદ શ્રાવક આત્માનો સાચો આનંદ માણી રહ્યા છે. ભગવાન તેમને પાંચમા વ્રતના અતિચાર સમજાવે છે. પાંચમું વ્રત છે

પરિગ્રહની મર્યાદા કરવાની. પાંચમું વ્રત કયારે લઈ શકાય ? જીવનમાં સંતોષ આવે ત્યારે. જ્યાં સુધી અસંતોષની આગ જલે છે ત્યાં સુધી વ્રત લઈ શકાતું નથી. અસંતોષના કારણે માનવી એ વિચારે છે કે અમુક અભાવની પૂર્તિ થઈ જશે તો હું સુખી થઈ જઈશ પણ અભાવની સર્વથા પૂર્તિ કયારે પણ થતી નથી અને પરિણામે તે દુઃખી થાય છે. તે કોઇ ને કોઈ અભાવને દુઃખનું કારણ માને છે. તે માને છે કે જો આ અભાવ પૂરો થઈ જાય, અમુક આવશ્યકતા પૂરી થઈ જાય તો સુખી થઇશ પણ જ્યાં એક અભાવ પૂરો થાય ત્યાં બીજો અભાવ સતાવે છે. બીજો પૂરો થાય ત્યાં ત્રીજો. આ રીતે અભાવોનો ક્રમ ચાલુ રહેશે. આજે જો પૈસાનો અભાવ છે તો કાલે સંતાનનો અભાવ મનને દુઃખી કરશે. જો સંતાનનો અભાવ નથી તો સમાજમાં માન-સન્માન, પ્રતિષ્ઠાનો અભાવ જીવને દુઃખી કરે છે. તાત્પર્ય એ છે કે કોઇ ને કોઈ રીતે અભાવ મનુષ્યને દુઃખી કરે છે. જ્યાં અસંતોષ છે ત્યાં અભાવ રહેવાનો. જેનો સ્વભાવ અસંતોષી છે તેને કુબેરનો ખજાનો અને સારી પૃથ્વીનું રાજ્ય મળી જાય તો પણ તે અભાવની પૂર્તિનો અનુભવ કરી શકતો નથી. તે મનમાં મોટી મોટી મહત્ત્વાકાંક્ષાઓ કરે છે પણ તે બધી મહત્ત્વાકાંક્ષા કયારે પણ પૂરી થતી નથી. કહ્યું છે કે

असंतोषं परं दुःखं, संतोषः परमं सुखम् ।
सुखार्थी पुरुषस्तस्मात्, संतुष्टः सततं भवेत् ॥

સંસારમાં દુઃખનું કારણ અસંતોષ છે. સંતોષ એ સુખનું મૂળ છે, માટે જેને સુખની અભિલાષા હોય તે સતત સંતુષ્ટ રહે.

અસંતોષ એક માનસિક જવર (તાવ) છે. જેવી રીતે તાવ આવે છે ત્યારે રોગી શારીરિક અને માનસિક બંને રીતે અશક્ત થઇ જાય છે. ચાલતા ચાલતા તેના પગ લથડિયા ખાય છે, ચક્કર આવવા લાગે છે તેવી રીતે અસંતોષ રૂપી તાવથી પીડાયેલા રોગીની હાલત થાય છે. થોડું સંકટ કે દુઃખ આવે તો તે અશક્ત થઇ જાય છે. બીજાની વધુ ચઢતી દશા જોઈને તેનું મન ક્ષુબ્ધ બની જાય છે. તે મનની સમતુલા ગુમાવી દે છે. તેના મનમાં ઉદ્વેગની અશાંત લહેરો ઉછાળા મારે છે. પ્રગતિના પથ પર આગળ વધવા માટે ધૈર્ય, ગંભીરતા, શાંતિ, સહિષ્ણુતા, સંતોષ આદિ જે ગુણોની જરૂર છે તે ગુણો અસંતોષી માનવથી કેટલાય ગાઉ દૂર થઈ જાય છે. તેનું દિલ અને દિમાગ સંકુચિત હોય છે. આ સંસારની રચના કલ્પવૃક્ષ જેવી નથી કે માનવી જે કાંઈ ઈચ્છા કરે તે વગર મહેનતે મળી જાય.

આ દુનિયા એક પ્રયોગશાળા છે. અહીં દરેકને પરીક્ષાની અગ્નિમાં તપાવું પડે છે. જે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ જાય છે તેને દુનિયા પ્રમાણિક માને છે. જે આત્મા ધૈર્યતાથી અને પ્રમાણિકતાથી પોતાની વિશેષતા અને યોગ્યતાનું પ્રમાણપત્ર મેળવે છે તેને દુનિયા આદર આપે છે, સહયોગ આપે છે અને પ્રગતિના દ્વારમાં પ્રવેશ કરવાની અનુમતિ આપે છે પણ જેનું મન અસંતોષની આગમાં રાત દિવસ બળતું રહે છે તે

લોકોને સન્માન પાત્ર બનતો નથી. માનવીને અસંતોષ થવાનું મુખ્ય કારણ એ છે કે તે પોતાના કરતાં અધિક સંપત્તિવાળા માનવીની સાથે પોતાની સરખામણી કરે છે. તેની પાસે ચાર કાર છે, નોકર-ચાકરો છે, મોટો આલિશાન બંગલો છે અને કરોડોની સંપત્તિ છે જ્યારે મારી પાસે તો તેની સરખામણીમાં કાંઈ નથી. આ રીતે બીજાની અપેક્ષાએ પોતાની સ્થિતિને નીચી માનીને અપ્રસન્ન રહે છે. ઓછું હોવા છતાં જો જીવનમાં સંતોષ છે તો તે ધનવાનો કરતા મહાન સુખી છે. સંતોષ એવું ધન છે કે જેની પાસે ધનની કાંઈ કિંમત નથી.

ભગવાન પાંચમા વ્રતના પાંચ અતિચાર સમજાવે છે: (૧) **ખેત્તવત્થુપમાણાઇક્કમે.** ખેતી કરવા માટે જેટલી ભૂમિ રાખી છે તે અને રહેવા માટે ઘર આદિની જે છૂટ રાખી છે તેનું અતિક્રમણ કરવું-ઉલ્લંઘન કરવું તે અતિચાર છે. શ્રાવકે ખેતી માટે જેટલી ભૂમિની મર્યાદા કરી હોય તેના કરતા વધુ જમીનનો ઉપયોગ કરાય નહિ કે નવી જમીન ખરીદાય નહિ. રહેવા માટે જેટલા ઘરની છૂટ રાખી હોય તેટલા વાપરવાની છૂટ, પછી નવા મકાન લેવાય નહિ કે બંધાવાય નહિ; અથવા ખેતરની બાજુમાં બીજું ખેતર સસ્તામાં મળતું હોય તે લઈને વચ્ચેથી વાડ કાઢીને એક કરી દે. મકાનની બાજુનું મકાન લઈને સાથે ભેળવીને એક કરી દે. આ રીતે કરવાથી અતિચાર લાગે છે. (૨) **હિરણ્ણ સુવણ્ણ પમાણાઇક્કમે.** સોનું, ચાંદી, બહુમૂલ્ય ધાતુઓ, સોનામહોરો આદિની જેટલી મર્યાદા કરી છે તેનાથી અધિક ભેગું કરે તો અતિચાર લાગે. સોના ચાંદીની મર્યાદા કરતાં તોલાનું માપ રાખવું. પડેલા સોનાના ભાવ ઓછા હતા. અત્યારે ઘણાં વધી ગયા છે. તો એ રીતે ધારવું કે દેશ, કાલ પ્રમાણે ભાવ વધે તે રીતે છૂટ. જે પ્રમાણે મર્યાદા કરી હોય તે પ્રમાણે વર્તવું. બને તો જે મર્યાદા કરી છે તેમાં ઘટાડો કરતા જવું પણ વધારાય તો નહિ. પોતાના કુટુંબ, આબરૂ અને સંયોગો જોઈને મર્યાદા કરવી જેથી અતિચાર લાગવાનો ભય ન રહે. આ બધા પ્રત્યેની મમતા જીતવી એ સહેલી નથી.

જગડુશાહનું નામ તો આપ બધાએ સાંભળ્યું છે. તે મહાન દાનેશ્વરી પુણ્યાત્મા હતા. ધર્મીષ્ઠ પણ ખૂબ હતા. તે દરિયા કિનારેથી ગામમાં પાછા વળતા હતા ત્યાં બૂમો સંભળાણી. શેઠ ! ઊભા રહો. ઊભા રહો. બૂમ સાંભળીને શેઠ ઊભા રહ્યા. ત્યાં એક વહાણ નજીક આવ્યું. માણસોએ કહ્યું-તમારા વહાણ અમને સામા મળ્યા. જગડુશાહે કહ્યું-ભાઈઓ ! આપે મને બૂમ શા માટે પાડી ? શેઠજી ! અમે ઘણું રખડ્યા, ઘણું ભટક્યા, ભટકી ભટકીને થાકી ગયા પણ અમારો માલ કોઇએ ખરીદ્યો નહિ. અમને વાત સાંભળવા મળી કે ભદ્રેશ્વર બંદર એવું છે કે ત્યાં કોઇ નિરાશ થાય નહિ. રાજગૃહી નગરીની ખ્યાતિ સાંભળીને વણઝારા રત્નકાંબળ વેચવા આવ્યા હતા તેમ આ વેપારીઓ ભદ્રેશ્વરની ખ્યાતિ સાંભળીને આવ્યા હતા. વહાણના માણસો કહે છે કે અમે અહીં મોટી આશાથી આવ્યા છીએ. આપનું નામ ચારે બાજુ પ્રખ્યાત છે, તેથી આવ્યા

છીએ. જગડુશાહને તો માન હતું નહિ. તેમણે પૂછયું–આપ કયા કામે આવ્યા છો ?

જગડુશાહનું જિગર એટલે જાણે મીણ : માણસોએ કહ્યું–શેઠ ! અમારા વહાણમાં મીણના ચોસલા ભર્યા છે, અમારો માલ કોઈએ ખરીદ્યો નહિ, આપ અમારા પર કૃપા કરીને અમારો માલ ખરીદી લો. આપને લેવું હોય કે ન લેવું હોય પણ આપને ખરીદવું પડશે. અમે પાછા જવાના નથી. શેઠ થોડી વાર વિચારમાં પડી ગયા. તેમણે શું વિચાર કર્યો હશે ? તમને પૂછું તો તમારો બધાનો જવાબ જુદો આવશે. શેઠ વિચાર કરે છે આ મીણનો ધંધો એટલે પાપનો ધંધો છે. જૈન કુળમાં જન્મેલા શ્રાવકોથી આવો પાપનો ધંધો ન કરાય. મારાથી આ મીણ કેવી રીતે લેવાય ? આ માણસો ખૂબ કરગરવા લાગ્યા. જગડુશાહનું જિગર મીણ જેવું હતું. તેમની કાકલૂદી ભરી વાતથી તે પીગળી ગયા. બિચારાને નિરાશ કેમ કરાય ? મારાથી આ ધંધો થાય નહિ પણ જો હું નહિ લઉં તો આ આશાભર્યા અંતરોનું શું ? લોભ માટે નહિ, લાભ માટે નહિ પણ દુભાતા આ દિલોને દિલાસો આપવા માટે આ વહાણ ખરીદવું પડશે. શેઠે ભાવ તાલ કાંઈ પૂછ્યા નહિ. મુનિમજી પર ચિઠ્ઠી લખી દીધી અને મીણનું ગાડું ઘર તરફ રવાના કર્યું. વહાણનો માલિક ખુશ થઈ ગયો. શેઠની દુકાને જઈને ચિઠ્ઠી આપી. મુનિમે બધા પૈસા ચૂકવી દીધા. શેઠને જ્યા જવું હતું ત્યાં ગયા.

આ પાપ મારા ઘરમાં ન જોઈએ : મીણનું ભરેલું ગાડું ઘર તરફ આવ્યું ત્યારે જગડુશાહની પત્ની યશોમતી બારણામાં ઊભી હતી. તેણે ગાડાવાળા ભાઈને પૂછ્યું–શું કામ છે ? ગાડાવાળા ભાઈએ કહ્યું–આ ગાડું આપને ત્યાં ઉતારવાનું છે. કયાં ઉતારીએ ? શેઠે આ ખરીદ્યું છે અને આપને ઘેર ઉતારવાનું કહ્યું છે. યશોમતિએ જોયું તો ગાડામાં મીણના ચોસલા હતા. મીણ જોતાં એના મનમાં એક ઝાટકો લાગ્યો. અરરર....પતિદેવને આ પાપનો વેપાર કેમ સૂઝ્યો ? અમારે કયાં ધનનો તૂટો છે ? તેમને આવી કુમતિ કેમ સૂઝી ? તે તો વિચારોના વમળમાં અટવાઈ ગઈ. જો હું તેમની સાચી ધર્મ પત્ની હોઉં તો તેમની આ ભૂલ સુધારવા માટે કાંઈક કરવું જોઈએ. આ તમારી યશોમતિ જેવી ન હતી. તેને ખૂબ લાગી આવ્યું. તેણે કહ્યું–આ પાપ મારા ઘરમાં નહિ પેસવા દઉં. ઘરની બહાર ચોકમાં ઝાડ હતું ત્યાં ગાડું ઠલવાયું. ઘરના ઓટલા સુધી પણ આવવા દીધું નહિ. આ પાપ ઘરમાં પેસાડીને કરવું છે શું ? આ પાપ મારે ન જોઈએ. તેના મનમાં તો એક દુઃખ છે કે મારા પતિ આ પાપ લાવ્યા જ કેમ ? પૈસા આપીને ખરીદ્યું છે છતાં ઘરમાં ન પેસવા દીધું. ચોકમાં નંખાવી દીધું. જે થવું હોય તે થાય. જીવનમાં પાપનો ભય અને સંતોષ કેટલો છે !

જેના જીવનમાં સંતોષ છે તે પોતાની વર્તમાન સ્થિતિમાં સંતુષ્ટ રહીને ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે પુરૂષાર્થ કરે છે. મોટા મોટા શ્રાવકોએ પરિગ્રહની મર્યાદા કરીને સંતોષપૂર્વક પોતાનું જીવન અધ્યાત્મ સાધનામાં જોડયું છે, પુણીયો શ્રાવક શું લાખોની સંપત્તિ મેળવીને તેનો ઉપભોગ કરી શકતો ન હતા ? શું તે પોતાની

આવશ્યકતાઓ વધારી શકતા નહોતા ? વધારી શકત પણ તેમણે પોતાના જીવનમાં આધ્યાત્મિક ઉન્નતિને માટે એ બધું ગૌણ માન્યું. સંતોષ એ એક એવો ગુણ છે કે બધી વિષમતાઓને ત્યાગના આધ્યાત્મિક વિકાસમાં બદલી દે છે. સંતોષ પ્રકાશ છે. જે આધ્યાત્મિક સાધનાના માર્ગને પ્રકાશિત કરે છે.

મીણ વેપાર માટે નહિ પણ દયા માટે : યશોમતીના જીવનમાં સંતોષ હતો તો પૈસા આપીને ખરીદેલું મીણ પણ પાપનો ધંધો હોવાથી ઘરમાં ન આવવા દીધું. થોડી વાર થઈ ત્યાં શેઠ જમવા માટે આવ્યા. તેમણે મીણને ચોકમાં નાંખેલું જોયું. તે ઘરમાં આવ્યા તો યશોમતી કાંઈ બોલી નહિ. શેઠ સમજી ગયા કે મારી પત્નીને આ ગમ્યું નથી તેથી ચોકમાં ઢગલો કરાવ્યો છે. શેઠ કાંઈ બોલ્યા નહિ, ત્યારે પત્નીએ સામેથી કહ્યું કે તમને ખબર પડી કે મીણનો ઢગલો કયાં કર્યો છે? શેઠ કહે, હું સમજું છું કે આ પાપનો વેપાર છે તેથી તમે ઘરમાં નાંખવા દીધું નથી. સ્વામી ! તો પછી આ પાપ લાવ્યા જ શા માટે ? આપણે ત્યાં ધનનો શું તોટો છે? દેવી ! આ મીણ મેં વેપાર માટે ખરીદયું નથી. મારી કેવી કફોડી સ્થિતિ થઈ હતી તે તને કયાં ખબર છે? મીણનો વેપારી ઘણું ભટકયો છતાં કોઈ માલ ખરીદનાર ન મળ્યું તેથી તેઓ અકળાઇ ગયા, પગમાં પડીને મને કરગરવા લાગ્યા ને કહ્યું આપની નામના સાંભળીને અમે અહીં આવ્યા છીએ માટે આ માલ આપને ખરીદવો પડશે, તેથી દયા ખાતર તેમનું દિલ સાચવવા માટે મેં લીધો છે.

યશોમતીની પાપભીરૂતા : યશોમતી કહે છે તમને દયા આવી તો ભલે આવી. તમે મીણ વેપાર માટે નહિ પણ તેમનું દિલ સાચવવા લીધું એ વાત સાચી પણ દિલ સાચવવાના બીજા રસ્તા કયાં નહોતા? એ મીણની જેટલી કિંમત થાય એટલા પૈસા આપી દેવા હતા અને મીણ એમને પાછું લઈ જવા દેવું હતું; પણ આ પાપ આપણા ઘરમાં લાવ્યા શા માટે? તેને કહેવું હતું કે આ મીણ અમારે ન જોઈએ. આવા કર્મો કરવાથી થશે શું તમારું? આ યશોમતી ધન પાછળ પાગલ ન હતી. અમારી બેનો જો આવી યશોમતી બને તો તેનો પતિ ધર્મવિહોણો રહે ખરો? પણ આજે તો બેનોને લાવો....લાવો ને લાવો; એ સિવાય વાત નહિ; પછી તેના ઠઠારા પૂરા કરવા માટે તમારે પાપ કરવાના. એ પાપના ફળ તો તમારે એકલાને ભોગવવા પડશે. યશોમતીએ તો પતિની ઝાટકણી બરાબર કાઢી. મીણ તો ચોકમાં પડયું છે. સમય જતાં જતાં ચાર મહિના પસાર થઈ ગયા. ચોસલા પડયા છે તે કોઈ લઈ જતા તો નથી ને? કોઈ વિચાર નહિ. કોઈને પૂછતા નથી કે જોતા પણ નથી. તમે જેની પાછળ દોડધામ કરો છો તે પ્રારબ્ધમાં હશે તો મળશે. જોજો, આ શેઠનું પ્રારબ્ધ કેવું કામ કરે છે.

આ તો તાપણું કે સોનું ! : શિયાળાની ઋતુ આવી. કડકડતી ઠંડી પડતી હતી. નાના બાળકો ઠંડી ઉડાડવા માટે લાકડા, છાણા સળગાવીને તાપણી કરવા બેઠા. બાજુમાં મીણના ચોસલાનો ઢગલો પડયો હતો. એક છોકરાના મનમાં થયું કે મીણના આ

ચોસલાઓ મહિનાઓથી પડયા છે તેથી નકામા લાગે છે. તેનાથી તાપણું સરસ સળગશે. એણે એક ચોસલું લઈ ને તાપણામાં નાંખ્યું, મોટો ભડકો થયો. છોકરાઓ તો કૂદવા લાગ્યા. તેમને મઝા પડી. મીણ ઓગળી ગયું અને તેની વચ્ચેથી નીકળેલું સોનું અગ્નિમાં ઝળહળી રહ્યું હતું. આ સમયે યશોમતીની નજર ત્યાં પડી. અહો! આ તો મીણ નથી પણ મીણમાં ઢાંકેલું સોનું છે. તેણે અંદર જઈને પતિને બોલાવ્યા. પતિએ બહાર આવીને જોયું તો આશ્ચર્યથી બોલી ઉઠયા : આ તો તાપણું કે સોનું ? યશોમતીએ કહ્યું, આપણને આ સોનું પણ ન ખપે, પણ નાથ! આ સોનાને વેચીને તેના જે પૈસા ઉપજે તે આપણે પરમાર્થમાં વાપરી નાંખવા. આ પ્રસંગ બન્યા પછી તપાસ કરતાં ખબર પડી કે સોનાના રક્ષણ માટે તેને મીણની વચ્ચે સંતાડયું હતું. જો જગડુશાહના પ્રારબ્ધમાં હતું તો સામેથી આવ્યું. જો ભાગ્યમાં ન હોય તો સોનું માનીને લો ને પિત્તળ નીકળે. જીવનમાં નીતિ અને પ્રમાણિકતા હતી તો મીણ લીધું ને સોનું નીકળ્યું, માટે સંતોષના ઘરમાં આવો અને પાપથી અટકો.

પાંચમાં વ્રતનો ત્રીજો અતિચાર છે " **દુપદ ચઉપદ પમાણાઇક્કમે.** " બે પગવાળા એટલે નોકર ચાકર, દાસ દાસીઓની મર્યાદા કરી હોય તેથી વધુ રખાય નહિ. ચાર પગવાળા એટલે ગાય, ભેંસ, બળદ આદિ. આનંદ શ્રાવકે મર્યાદા કરી કે મારે ચાર ગોકુળ એટલે ૪૦ હજાર ગાયો રાખવી, એથી વધુ મને ન કલ્પે. આ રીતે ગાય, ભેંસ, ઘોડા, બળદ આદિની મર્યાદા કરી હોય તેના કરતાં વધુ રાખે તો અતિચાર લાગે. (૪) " **ધણુધાનપમાણાઇક્કમે.** " મણિ, મુકતા તથા મહોરબંધ નાણું એ બધું ધન છે અને ઘઉં, ચોખા, બાજરી આદિ ૨૪ જાતના અનાજ છે તે ધાન્ય છે. એ બધાની મર્યાદા કરી હોય તેનાથી વધારે રાખે તો અતિચાર લાગે. જ્ઞાની ભગવંત કહે છે કે પરિગ્રહ તો મહા અનર્થકારી છે. દુર્ગતિમાં લઈ જનાર અને ભવની પરંપરા વધારનાર છે. ભગવાન બોલ્યા છે કે

वियाणिया दुक्खविवद्धणं धणं ममत्तबंधं च महाभयावहं ।
सुहावहं धम्मधुरं अणुत्तरं धारेज्ज निव्वाण गुणावहं महं ॥ ઉત્ત.અ.૧૯ગા.૯૮

હે આત્માઓ ! આ ધન કેવું છે ? દુઃખને વધારનાર છે એવું જાણો. જો વસ્તુના સ્વરૂપને બરાબર જાણો તો તેને સમજીને છોડી શકશો. નાના બાળકને એ જ્ઞાન નથી કે સાપ કરડે તો મરી જવાય એટલે એ સાપને જોશે તો પણ પકડવા જશે. તમને જ્ઞાન છે તો સાપથી દૂર રહેશો. તે રીતે સમજો કે ધનની મમતા દુઃખને વધારનાર છે. તમે ધંધો કરો છો તેમાં ખોટ આવી તો તમારું નૂર ઊડી જાય છે. દિવસો બેકાર લાગે છે પણ ધર્મ આરાધના વગરના દિવસો એમ ચાલ્યા જાય તો થાય છે કે મારા દિવસો બેકાર જાય છે. પુણ્યવાન જીવો હશે તેને આવું થતું હશે. બાકી તો જીવોને જેટલી ધન પ્રત્યે પ્રીતિ છે તેટલી ધર્મ પ્રત્યે નથી.

તન અને ધન મને પ્યારા એવો પ્યારો પ્રભુ મને તું નથી,
કહું છું સાચી વાત, માની લે પ્રભુ આજ....તન અને ધન....

ભક્ત કહે છે હે પ્રભુ ! મને તન અને ધન જેટલું વહાલું છે તેટલા પ્રભુ તમે મને પ્યારા નથી. ધનની મમતા ન છૂટે તો આ ભવમાં દુઃખ અને પરભવમાં પણ દુઃખ. મમ્મણ શેઠ પાસે કેટલી સંપત્તિ હતી છતાં એ ભવમાં સુખે ભોગવી શકયો નહિ અને એની તીવ્ર મમતાએ નરકનો મહેમાન બનાવ્યો, તેથી ત્યાં પણ દુઃખ. ધન માટે ભાઇ ભાઇ વચ્ચે, પિતા–પુત્ર વચ્ચે ઝઘડા થાય છે. આ રીતે ધન આ ભવમાં દુઃખદાયક છે, અને ધનને મેળવવા કરેલા પાપોથી પરલોક પણ દુઃખદાયક છે, માટે જ્ઞાની બોલ્યા છે કે ધન એ દુઃખને વધારનાર છે. આજે તમે બધા શું માનો છો ? ધનથી જીવનનું સ્ટાન્ડર્ડ વધી જાય છે પણ હું તો કહું છું કે તેનાથી આત્માના ગુણોનું સ્ટાન્ડર્ડ ઘટે છે.

એક વખત પરદેશમાં ધનકુબેર હેનરીફોર્ડને પૂછવામાં આવ્યું કે દુનિયામાં સૌથી વધુ સુખી તમે છો? ત્યારે તેમણે શું કહ્યું તે સાંભળજો. તેમનો જવાબ સાંભળવા જેવો છે. તેમણે કહ્યું હું તો ધન ઉપાડનાર બાવદ છું. ધનસંપત્તિથી કયારે પણ કોઈને સુખ મળ્યું છે ખરું ? ધનથી પણ વધુ આનંદ આપનાર વસ્તુઓ આ દુનિયામાં છે. જેમ કે સાત આઠ વર્ષથી ખોવાયેલો પુત્ર કે જેની મળવાની આશા છૂટી ગઇ હતી તેવો પુત્ર માતાપિતાને મળે તો કેવો આનંદ થાય ? શું તેમનો તે આનંદ કોઈ પણ કિંમત આપીને ખરીદી શકાશે ખરો ? ના. માટે ધનમાં સુખ છે એ વાત ભૂલી જાવ. હા, જો પુણ્યાનુબંધી પુણ્ય હશે તો ધન વધતાં સાથે આત્માનો વિકાસ વધશે. ધનની સાથે ધર્મની સાધના પણ વધતી જશે. તેનું ચારિત્ર તેજસ્વી બનશે. નમ્રતા, દયા, દાન, પરોપકારની ભાવનામાં ભરતી આવશે. જો પાપનુબંધી પુણ્યવાળી લક્ષ્મી હશે તો ધન વધતાં ધર્મ ભૂલાતો જશે. અભિમાન આવશે અને આત્માની અવનતિ થશે. એવી લક્ષ્મી દુઃખના સાગરમાં ધકેલી દે છે. જૈનદર્શનમાં દૃષ્ટિ કરો. જે સ્થાન સવા રૂપિયાની પૂંજીવાળા પુણીયા શ્રાવકનું છે તેવું સ્થાન બ્રહ્મદત્ત ચક્રવર્તીને કયાં મળ્યું છે? જીવનમાં કિંમત ધનની નથી પણ ધર્મની છે, માટે પ્રભુએ સમજાવ્યું છે કે હે જીવો ! ધન એ દુઃખને વધારનાર છે. વળી તે મમત્વનું બંધન કરાવનાર છે.

"ममत्तबन्धं च महाभयावहं" મમત્વનું બંધન એ મહાભયનું કારણ છે. જગતના જીવો ભયથી ગ્રસ્ત બનેલા છે. ચારે બાજુ ભય, ભય અને ભય. તમે તમારા અંતરને પૂછો કે તમે ભય વિના જીવો છો ? સવારે પથારીમાંથી ઉઠયા ત્યારથી ભયની દુનિયામાં રહેતા છો. રાત્રે સૂવાના સમયે પણ ભય. કેવી કરૂણ દશા છે ? જેની પાસે અબજો, કરોડો અને લાખોની સંપત્તિ છે તેને કેટલો ભય ? તે જીવતાં ભયથી જીવે, મરે તો ય ભય અને ફફડાટમાં મરે. પૈસો ભેગો કરવા માટે તેને કેટલા ભયમાંથી પસાર થવું પડે. ટેકસ બચાવવા તથા સરકારની નજરમાંથી બચવા કેટલા કાળા ધોળા કરવા પડે ? કદાચ પકડાઇ જાય તો કેટલો ભય ? હાથકડી અને જેલના સળિયા ગણવાના. રેડ પડવાની ઓચિંતી ખબર પડે તો ભરેલું ભાણું મૂકીને ઊઠી જાય. ફોન ઉપર ફોન કરે. દુકાનના ઓટલે

ઊભેલા પોતાના માણસોમાં પણ ઓફીસરોની કલ્પના કરી ભયભીત બની જાય અને પરસેવા છૂટી જાય. ભગવાને ફરમાવ્યું છે

तंपि से एगया दायाया वा विभयन्ति, अदत्तहारो वा से अवहरन्ति, रायाणो वा से ।
विलुंपंति, णस्सति वा से, विणस्सति वासे, अगारदाहेण वा से डज्झइ ।। આચારાંગ સૂત્ર

આ સંપત્તિમાં સ્વજનો ભાગ પડાવે છે અથવા ચોર લોકો તે સંપત્તિને લૂંટી જાય છે, રાજા છીનવી લે છે અથવા વહેપારમાં નુકશાન લાગતાં નાશ થાય છે અથવા અગ્નિનો ઉપદ્રવ થતાં બળીને નાશ થઇ જાય છે. ઘણાં પ્રયત્ને ભૂખ, તરસ, ઠંડી. ગરમી વેઠીને કાળ અકાળની પરવા કર્યા વિના મેળવેલી લક્ષ્મીનો નાશ થતાં તે આત્મા દુઃખોને અનુભવે છે. ધનની કારમી આસક્તિ અને પરિગ્રહ પરનું મમત્વ ભાવ દુઃખોને આમંત્રણ આપે છે. કરોળિયો પોતાના મુખમાંથી લાળ કાઢીને તેની જાળ બિછાવી તેમાં ફસાઈને અંતે પોતાના હાથે પોતાનું મોત નોતરે છે. તેને કદાચ કોઈ સમજાવવા જાય તો પણ તે ન સમજે કારણ કે તે અજ્ઞાન છે પણ માનવી તો બુદ્ધિમાન પ્રાણી છે. તે મમત્વની જાળમાં ફસાયેા, પરિગ્રહની પાતળી લાળ પણ જો ન છૂટી તો તેના માટે ઘણું ભયાવહ છે. મમત્વના બંધન પાછળ દુર્ગતિનો, જન્મ મરણનો, દુઃખનો અને આત્માની બેહાલ દશા થવાનો ભય છે. ધન પ્રત્યેની મમતા આ ભવમાં પણ જીવને કેટલી દુઃખદાયી બને છે !

એક ભાઈ પાંચ લાખ રૂપિયાની મિલ્કત લઈ ને ટ્રેઈનમાં મુસાફરી કરતો હતો. તે મનનો નબળો હતો. તેના મનમાં એ ભય હતો કે મારી પાસે પાંચ લાખ રૂા. જેવી મિલ્કત છે. કદાચ ઊંઘી જાઉં ને મારું આ ધન કોઇ લૂંટી લે તો ? તેના મનમાં ગભરાટ પેદા થયેા. સ્ટેશને ગાડી રોકાઈ ત્યાં તે ભાઈ ડબ્બામાંથી ઉતરી ગયેા અને એંજિન ડ્રાયવર પાસે ગયેા. ડ્રાયવર કહે, કેમ શેઠ ! શું કામ છે ? ભાઈ ! મારી પાસે પાંચ લાખની મિલ્કત છે તેથી ભય લાગ્યેા કે કોઈ મારું ધન લૂંટી જાય કે ચોરી જાય તો ? માટે અહીં આવ્યેા છું. મને તમારી પાસે બેસાડો. મારું સ્ટેશન આવશે ત્યાં ઉતરી જઈશ. ગાડી તો સડસડાટ ઉપડી. ડ્રાયવર કહે, ભાઈ ! આ વેરાન જંગલ છે. અંધારી રાત છે માટે તમારી પાસે જે પાંચ લાખ રૂપિયા છે તે બેગમાં મૂકી દો. ભાઈએ પૈસા બેગમાં મૂકી દીધા. તે એટલું સમજતો નથી કે પાંચ લાખ જોઈને આ ડ્રાયવરની બુદ્ધિ પણ ચોખ્ખી રહેશે કે કેમ ? પૈસો તો ભલભલાની બુદ્ધિ બગાડે છે. ડ્રાયવરે ભાઈની પાસે પૈસા બેગમાં મૂકાવી દીધા પછી તે ભાઈ ને ઊંચકીને જે મોટો ભઠ્ઠો ભડભડ સળગતો હતો તેમાં ફેંકી દીધેા. પેલા ભાઇએ ઘણી બૂમો પાડી. ભાઈ ! શા માટે મને ફેંકી દો છો ? તેણે ઘણી બૂમો પાડી પણ ગાડીના અવાજમાં કોણ તેની બૂમો સાંભળે ? ભાઇ તો અગ્નિમાં બળીને ભડથું થઈ ગયા. બંધુઓ ! પૈસાની લાલસા કેવા ભયંકર પાપ કરાવે છે ! માટે જ્ઞાની કહે છે કે મર્યાદામાં આવો.

આ અતિચારમાં એ સમજવાનું છે કે તમે જેટલી ધનની છૂટ રાખી હોય તેનાથી અધિક ન વપરાય. વ્રત લેતા પહેલાં જેટલી છૂટ રાખવી હોય તેટલી રાખો કે પછી અતિચાર લાગવાનો ભય ન રહે. તમે એક કોડ રૂપિયાની છૂટ રાખી. ભાગ્યોદયે કદાચ કોડ કરતાં વધી જાય તો તમારાથી લેવાય નહિ. જો મર્યાદા કરતાં વધુ સંગ્રહ કરો તો અતિચાર લાગે. ૨૪ જાતના ધાન્ય છે તેની જિંદગીભરની મર્યાદા ન કરી શકો તો એક વર્ષ માટે મર્યાદા કરો કે એક વર્ષમાં મારે ઘઉં, બાજરી, ચોખા આદિ આટલા વાપરવા. દુનિયામાં કેટલી જાતના અનાજ થતા હોય છે. કંઈકના નામ પણ જાણતા નથી. જરૂરિયાત પૂરતા રાખીને બીજાના પચ્ચક્ખાણ કરો તો પાપનો પ્રવાહ આવતો અટકી જાય. આ રીતે ધનની અને ધાન્યની મર્યાદા કરી હોય તેના કરતા અધિક વાપરે તો અતિચાર લાગે.

"कुवियपमाणाइक्कमे." શય્યા, આસન, વસ્ત્ર, પાત્ર આદિ ઘરવખરીના સામાનની જે મર્યાદા કરી હોય તેનું ઉલ્લંઘન કરવું તે અતિચાર છે. આ રીતે પાંચમા વ્રતના અતિચાર સમજાવ્યા. આ વ્રતમાં ભગવાને એ વાત સમજાવી કે શ્રાવકે પોતાની જરૂરિયાતથી અધિક ભૂમિ, મકાન ન રાખવા. ધન ધાન્યનો વધુ સંગ્રહ ન કરવો. પશુ આદિ મર્યાદાથી વધુ ન રાખવા. તેના પર મમત્વ ન રાખવું. "से हु दिट्ठपहे मुणी जस्स नत्थि ममाइयं।" જેને મમત્વ નથી તે સાચો મોક્ષ માર્ગનો જ્ઞાતા છે, માટે ધનને દુઃખ વધારનાર અને મહાભયનું કારણ સમજીને હે આત્મા તું "सुहावहं धम्मधुरं अणुत्तरं" સાચા સુખને આપનાર એવા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મહાન જ્ઞાનદર્શનાદિ ગુણોને અને મોક્ષને આપવાવાળી એવી ધર્મની ધુરાને ધારણ કરો, તો શાશ્વત એવા મોક્ષના સુખોને પામી શકશો. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : ગુણસુંદરના લગ્ન થઈ ગયા. માણેકચંદના મનમાં મુંઝવણ હતી કે આ છોકરી શું કરશે ? પણ ગુણસુંદરે પોતાની બુદ્ધિથી રત્નસુંદરીને જે જવાબ આપ્યો તે બાદ પડતાં તેમના આનંદનો પાર ન રહ્યો. શું તેની બુદ્ધિ છે! રત્નસુંદરી ડાહી, ગુણીયલ છોકરી હતી. ગુણસુંદરની આ વાતનો તરત સ્વીકાર કર્યો. ગુણસુંદરે કહ્યું-મને આશા ન હતી કે તું મારી આ વાતનો આટલી જલ્દીથી સ્વીકાર કરીશ. એ વાત હવે ત્યાં રહી. રત્નસુંદરીના માતાપિતાને સંતોષ થયો કે રત્નના લગ્ન સારી રીતે થઈ ગયા. જમાઈ પણ સારો મળ્યો. રત્નસુંદરી પણ સંતોષ માને છે અને આવા પતિ મળવા બદલ પોતાની જાતને ભાગ્યશાળી માને છે પણ આનંદ નથી ગુણસુંદરને.

મનોરથોનો કકડભૂસ થતો મહેલ : પોતાના પતિ ચાલ્યા ગયા પછી ભીષ્મ પ્રતિજ્ઞા કરીને તેણે પુરૂષવેશ પહેર્યો હતો. આ વેશમાં રહીને તેણે ગોપાલપુરની જનતાનો પ્રેમ જીતી લીધો હતો. આબરૂ ખૂબ વધારી અને અને લગ્ન પણ કર્યા પણ આ બધું તેને વ્યર્થ લાગતું હતું. ચાર ચાર મહિના વીતવા છતાં હજુ તેની ઈચ્છા પૂર્ણ થઈ નથી. સારા ગામના લોકો પ્રશંસા કરતા હતા છતાં એને મન ઠાંઈ ન હતું. તેનું દિલ રાતદિવસ રડી રહ્યું હતું. સમય જતાં વાર નથી લાગતી. પાંચ મહિના થયા. સાડા પાંચ મહિના થયા.

હવે તો ૧૫ દિવસ બાકી રહ્યા. ઘણા પ્રયત્નો કરવા છતાં પતિ દેખાતા નથી. તેની આંખ સામે મોત ઝઝૂમવા લાગ્યું. રત્નસુંદરી ખૂબ બુદ્ધિશાળી હતી. તે પતિના મુખ સામે જોતા સમજી ગઈ કે મારા પતિ ભલે મને વાત કરતા નથી, મને બહાના બતાવે છે પણ ઊંડે ઊંડે તેમના દિલમાં કોઈ ભારે ચિંતા હોય તેવું લાગે છે. જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ તેમના મુખ પર ચિંતાની રેખા વધતી જાય છે. તે ઘણું પૂછે છે પણ કાંઈ કહેતા નથી. તે તો કહે મને કાંઈ નથી. દિવસો જતાં છ મહિના પૂરા થવાનો હવે એક જ દિવસ બાકી હતો. હવે તેનું હૈયું તૂટી પડ્યું. તેની આશાઓ ધૂળમાં મળી ગઈ. મનમાં મનોરથનો મહેલ કકડભૂસ થઇ ગયો. બસ, હવે તો પતિ મળે કયાંથી ! પણ તેની પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા તેમાં કાંઈ ફેરફાર થાય નહિ.

ગુણસુંદર કહે માણેકચંદને, સાંભળો મારી વાત,
મારી ચિતા તૈયાર કરાવો, કાલ સવારે અગ્નિસ્નાન હો...

ગુણસુંદરે માણેકચંદને કહ્યું-પિતાજી ! છ મહિના પૂરા થવામાં આજનો એક દિવસ બાકી છે. મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ નથી માટે કાલે સવારે અગ્નિસ્નાન કરવાનું. આપ મારા માટે સ્મશાનમાં ચિતા તૈયાર કરવા લાકડા મંગાવો. તે માટેની તૈયારી કરો. મારે કાલે સવારે અગ્નિસ્નાન કરી જીવનનો અંત આણવાનો છે.

અગ્નિસ્નાન શબ્દ સાંભળતા આંખમાં આંસુની ધારા : ગુણસુંદરની વાત સાંભળી માણેકચંદે કહ્યું-બેટા ! તું આ શું બોલે છે ? મારાથી આ શબ્દો સંભળાતા નથી. એમ બોલતા ઢગલો થઈને પડ્યા. થોડી વારે ભાનમાં આવ્યા. પછી બોલ્યા બેટા ! તારા પિતાજી તો દેશમાં છે. અત્યારે તો હું તારો બાપ છું. તારું આ કામ મારાથી નહિ બને. મેં તને ઉછેરી છે. તારું પાલનપોષણ કર્યું છે. તારા માથે વાત્સલ્યભર્યો હાથ ફેરવ્યો છે. એ હાથેથી તારી ચિતા કેવી રીતે બાળી શકાય ? શું કહું તને જીવતા બાળી મૂકું ? ના....ના.... મારાથી એ તો નહિ જ બને. આવું ભયંકર પાપ કરવાનું તું મને કયારે પણ કહીશ નહિ. કેટલા ઘોર કર્મો બંધાય ! આટલું બોલતાં તેમની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યા. પિતાજી ! આપણે ઘેરથી નીકળ્યા ત્યારે પિતાજીને શું કહ્યું છે ? ત્યારે તેમની પાસે મેં પ્રતિજ્ઞા કરી છે કે છ મહિનામાં જો પતિ મળી જશે તો હું તમને સંદેશો મોકલાવીશ. જો પતિ નહિ મળે તો હું અગ્નિસ્નાન કરીશ. તે પ્રતિજ્ઞાથી હું ચલિત નહિ થાઉં. મારો નિયમ એટલે નિયમ. એ સિવાય હવે કોઇ રસ્તો નથી. હવે પતિ મળવાની કોઇ આશા નથી, પછી મારે જીવીને શું કામ છે ? હવે માણેકચંદ શેઠ ગુણસુંદરને શું કહેશે તેના ભાવ અવસરે.

ભાદરવા વદ અમાસને રવિવાર : વ્યાખ્યાન નં. ૮૭ : તા. ૧૩-૧૦-૮૫

જિનેશ્વર ભગવંતના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. જિનવાણીના નિરંતર શ્રવણથી આત્મામાં ભરાઇ ગયેલા દોષો અને દુર્ગુણોની પિછાણ થાય. અજ્ઞાન

ટળતું જાય અને નિત્ય નવો તત્ત્વ પ્રકાશ ને ગુણ વિકાસનું માર્ગદર્શન મળતું રહે. જિનવચન તો અનાદિના બંધા આત્મરોગોનું ચિકિત્સા શાસ્ત્ર છે. એના નિત્ય પ્રયોગથી મિથ્યાત્વ, અવિરતિ, ક્રોધાદિ કષાયો, વિષયાસક્તિ, ઈર્ષા વગેરે રોગો મટાડી શકાય છે. એ રોગો મટાડવા માટે દાન, તપ, ત્યાગ, વ્રતનિયમો વગેરે ઔષધો બતાવી નવો ઉત્સાહ જગાડે છે. આ ઔષધિઓનું સેવન માત્ર મનુષ્ય ભવમાં થઈ શકે છે, માટે જ્ઞાની કહે છે કે હે જીવો ! તમે જાગૃત થાવ.

इओ विद्धंसमाणस्स, पुणो संबोहि दुल्लहा ।
दुल्लहाओ तहच्चाओ, जे धम्मट्ठं वियागरे ॥ સૂય.સૂ.અ.૧૫ગાથા.૧૮

જે જીવો સાધના, આરાધના કર્યા વિના આ મનુષ્ય-શરીરથી ભ્રષ્ટ થઈ જાય છે તેને ફરી સમ્યક્ બોધની પ્રાપ્તિ થવી દુર્લભ છે, સમ્યક્ દર્શનને યોગ્ય અંતઃકરણના શુદ્ધ પરિણામ થવા તે અતિ દુર્લભ છે. ધર્મ પ્રાપ્ત કરવા યોગ્ય શુભ લેશ્યાની પ્રાપ્તિ પણ દુર્લભ છે. પ્રથમ વાર સમકિત મનુષ્ય ભવમાં પામી શકાય છે.

મનુષ્ય જન્મ એ મોક્ષમાં જવા માટેનો પાસપોર્ટ છે : આધુનિક યુગમાં પરદેશની યાત્રા તો ઘણી વધી ગઈ છે. કોઇ ફરવા માટે, કોઈ ધંધા માટે, કોઇ ભણવા માટે, તો કોઈ રાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેવા માટે પરદેશ જાય છે. પરદેશ જવા માટે બે ચીજની જરૂર પડે છે. એક પાસપોર્ટની અને બીજી વિદેશી હુંડિયામણની. જો પાસપોર્ટ ન મળે તો પરદેશની મુસાફરી થઈ શકતી નથી. પાસપોર્ટ હોય અને પરદેશી ચલણ-નાણું ન હોય તો પરદેશની સફરની મઝા માણી શકાતી નથી. આ પાસપોર્ટ યોગ્ય અધિકારીને અપાય છે. અનેક વિધિમાંથી પાર ઉતર્યા પછી પાસપોર્ટ મળે છે. આ રીતે આપણો આત્મા પણ ચાર ગતિ રૂપ પરદેશની યાત્રાએ નીકળ્યો છે અને કર્મોનો સર્વથા ક્ષય ન કરે ત્યાં સુધી તે ગતિઓમાં ફરવાનો છે. આયુષ્ય એ નાણું છે. આયુષ્ય રૂપી નાણું ખૂટી જશે એટલે બીજી ગતિમાં જવું પડશે. પરદેશ જવાનો પાસપોર્ટ યોગ્ય અધિકારીને અપાય છે. તેમ મોક્ષ જવા માટેનો પાસપોર્ટ ચાર ગતિના જીવોમાંથી માત્ર ૧૫ કર્મભૂમિના પર્યાપ્ત મનુષ્યોને મળે છે. જો મોક્ષ ગતિની સફર કરવી હોય તો જીવનમાં સમતા, સંવેગ, તપ અને આત્માનું જ્ઞાન જોઈશે. તમારા પરદેશના પાસ-પોર્ટમાં તો લાગવગ ચાલશે પણ અહીં તો કર્મરાજા સાથે છેતરપિંડી નહિ ચાલે. દેખાવ ત્યાગનો કરી ભોગ ભોગવતા હશો તો મોક્ષનો પાસપોર્ટ નહિ મળે. વૈરાગ્યનું સર્ટીફિકેટ લઈ ને સંસારની મોજ માણશો તો તમારો પાસપોર્ટ જપ્ત થઈ જશે. પછી પરિણામ શું આવશે ? ફરીફરીને જન્મમરણના ફેરામાં ફરવું પડશે અને વિવિધ યોનિઓમાં ભટકવું પડશે. જો આ જન્મમાં મુક્તિનો પાસપોર્ટ નહિ મેળવો તો પછી બીજી કોઈ ગતિમાં નહિ મળે, માટે આ જીવન મહાન કિંમતી છે.

તમારે એક નાનું કે મોટું મકાન બનાવવું હોય તો પહેલા એનો પ્લાન તૈયાર કરો. આર્કીટેકટની સલાહ લેવા જાવ. આર્કીટેકટ પૂછે કે મકાન બાંધવા પાછળ તમારે

કેટલા રૂપિયા ખર્ચવા છે ? મકાન બંધાવનાર આંકડો કહે તે પ્રમાણે આર્કીટેકટ મકાનનો પ્લાન બનાવી આપે. થોડા સમય માટે જે મકાનમાં વસવાટ કરવો છે તેની આટલી ચિંતા કરો છો પણ આ જીવન રૂપી મકાનની ચિંતા કરી છે ખરી ? આ જીવન એક મકાન છે. આ મકાનનો કોઈ પ્લાન તૈયાર કર્યો છે ? મોટા ભાગના આ મકાનો આજે બેઘાટ અને બેડોળ છે, આઉટ ઓફ ડેટ છે કારણ કે માનવીએ પોતાના જીવન રૂપી મકાનનો પ્લાન તૈયાર કર્યો નથી. આ જીવન દ્વારા કેવી ગતિમા જવું છે તેનું લક્ષ્ય નક્કી કર્યું નથી. **" પ્લાન વિના મકાન નહિ તેમ લક્ષ્ય વિના જીવન નહિ."** જો જીવનની સુંદર મહેલાત ઊભી કરવી હોય તો જીવન જીવવાનો પ્લાન બનાવો. જીવનનો પ્લાન ગુરૂ ભગવંત રૂપી આર્કીટેકટ તમને બનાવી આપશે. વીતરાગ ભગવંતના આ આર્કીટેકટ જે પ્લાન બનાવી આપશે તેમાં તમને સુખ અને શાંતિ મળશે. અત્યારે એવા ગુરૂ ભગવંતો રૂપી આર્કીટેકટ તમને મળ્યા છે. તેમની પાસે જીવન રૂપી મકાનનો એવો પ્લાન બનાવી દો કે પછી વારંવાર નવા મકાન બનાવવા ન પડે.

જેમને શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી જેવા આર્કીટેકટ મળી ગયા એવા આનંદ શ્રાવકને જીવનનો સુંદર પ્લાન ઘડી આપ્યો. ભગવાન હવે આનંદ શ્રાવકને અતિચારની સમજુતી આપે છે. પાંચ વ્રતના અતિચાર સમજ્યા. હવે છઠ્ઠું દિશાવ્રત પાંચમા વ્રતની સાથે સંબંધ ધરાવે છે. દિશાઓમાં જીવ દોડધામ શા માટે કરે છે ? પરિગ્રહ–ધન મેળવવા માટે ને ? દિશાઓની મર્યાદા કર્યા પછી ગમે તેટલો લાભ થતો હોય તો પણ દિશાઓનું જે પરિણામ કર્યું છે તેને ઓળંગીને આગળ જવાય નહિ. જો જાય તો અતિચાર લાગે.

(૧) **ઉર્દ્ધદિસિ પમાણાઇક્કમે** (૨) **અધોદિસિ પમાણાઇક્કમે.** ઊંચી અને નીચી દિશાની જે મર્યાદા કરી છે તે દિશામાં મર્યાદા બહાર લાભનું કારણ હોય તો પણ જવાય નહિ. જાય તો અતિચાર લાગે. (૩) **તિરિયદિસિ પમાણાઇક્કમે.** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ આ ચારે દિશામાં જવાની જેટલી મર્યાદા કરી છે તેનાથી અધિક જવાય નહિ. ગમે તે પ્રસંગ હોય કે ધંધામાં લાભ થતો હોય તો પણ જવાય નહિ. વ્રત લીધા પછી દીકરો પરદેશ ગયો. જો તમે આગાર રાખ્યો ન હોય તો જવાય નહિ. જો જાય તો અતિચાર લાગે. (૪) **ખેત્તવુદ્ધિ.** એક દિશાની મર્યાદા ઘટાડીને બીજી દિશા વધારી હોય. માનો કે તમારે પૂર્વ દિશામાં બસો માઈલની મર્યાદા છે. અને બીજી દિશામાં ૮૦૦ માઈલની છૂટ રાખી છે. બસો માઈલની મર્યાદા પૂરી થઈ ગઈ પછી તે દિશામાં આગળ જવાય નહિ. ત્યારે એવો વિચાર ન કરાય કે મારે પૂર્વ દિશાની મર્યાદા પૂરી થઈ છે તો બીજી દિશાના ૮૦૦ માઈલમાંથી ૨૦૦ માઈલ તેમાં ઉમેરીને ૪૦૦ માઈલ જાઉં. આ રીતે ન કરાય. એક દિશાના માઈલ ઘટાડીને બીજી દિશાના માઈલ વધારે તો અતિચાર લાગે. (૫) **સઇ અંતરધાએ.** સંદેહ પડવા છતાં આગળ ચાલ્યા ગયા હોય. જે મર્યાદા કરી છે તે યાદ રહ્યું ન હોય તેથી મનમાં સંદેહ

થાય કે મેં જે માઇલની મર્યાદા કરી છે તે ૪૦૦ માઇલની છે કે તેથી વધારે છે? એ ચોક્કસ યાદ ન હોય તો ૪૦૦ માઇલથી વધારે જાય તો અતિચાર લાગે. વ્રત લીધા પછી અતિચાર ન લાગે તે માટે ખૂબ સજાગ રહેવાની જરૂર છે. જેટલી પરિગ્રહની મમતા વધારે તેટલી દિશાઓમાં દોડધામ વધારે. જૈનદર્શનમાં તો પરિગ્રહની આસક્તિ અનર્થકારી કહી છે પણ અન્ય દર્શનમાં ય પરિગ્રહની મમતા છોડીને અકિંચન બનવાનું કહ્યું છે, છતાં જે આત્મા પરિગ્રહની આસક્તિ વધારે છે તે આત્માની કેવી દશા થાય છે? અન્ય દર્શનમાં એક વાત આવે છે.

બૌદ્ધ ધર્મની આ વાત છે. દરેક દર્શનમાં ત્યાગની મહત્તા સમજાવી છે. એક વાર બૌદ્ધ ધર્મના બે શિષ્યો ગુરૂની આજ્ઞા લઇને ધર્મપ્રચાર માટે નીકળ્યા. બંને વિહાર કરીને સાથે જાય છે. આગળ ચાલતાં બે રસ્તા ફંટાયા. બંનેએ એકબીજાને કહ્યું આપણે અહીંથી જુદા પડી જઈએ. જો સાથે વિચરશું તો ઓછા ક્ષેત્રોને લાભ આપી શકીશું અને જુદા વિચરીશું તો વધુ ક્ષેત્રોને લાભ મળશે. એમ વિચારીને બંને ભિક્ષુક જુદા પડી ગયા. બંને અલગ અલગ સ્થાનમાં જઇને લોકોને ધર્મનો ઉપદેશ આપે છે. આ રીતે વિચરતા વિચારતા દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર થઈ ગયા. બાર વર્ષો થયા છતાં બંને ભિક્ષુકને ભેગું થવાનું ન બન્યું.

ભક્તજનોથી ભિક્ષુમાં આવેલી શિથિલતા : આ બંનેમાં જે નાના ભિક્ષુ હતા તે જ્ઞાનમાં, ભણવામાં ખૂબ હોંશિયાર થઈ ગયા. તેમની વકતૃત્વ કળા એટલી આકર્ષક હતી કે લોકોના ટોળેટોળા તેમનું પ્રવચન સાંભળવા આવતા. તેમના ભક્તો પણ ઘણાં બન્યા. પહેલા તેમની પાસે માટીના પાત્ર, બે ચાર કપડા અને ભણવાના પુસ્તકો સિવાય કાંઈ ન હતું, પણ હવે ભક્તો ખૂબ વધી ગયા. તેમને એક વસ્ત્રની જરૂર હતી તેના બદલે બે થયા. બેમાંથી વધતા વધતા ધીમે ધીમે આઠ દશ વસ્ત્રો, કામળી આદિનો સંગ્રહ વધતો ગયો. ભક્તો વધ્યા તેમ માયા વધતી ગઇ. પહેલા સામાન્ય કિંમતના વસ્ત્ર પહેરતા હતા. હવે મૂલ્યવાન વસ્ત્રો પહેરવા લાગ્યા, તે સિવાય નવા નવા પાત્ર તથા નવા સાધનો એકઠા કરવા લાગ્યા. પહેલા તેઓ ઘરઘરમાં ભિક્ષાચરી કરીને આહાર લાવતા હતા. હવે ભક્તોના ટોળા વધ્યા એટલે ભક્તો જમવાનું આમંત્રણ આપવા લાગ્યા. ભિક્ષા કરીને જમવા કરતાં આપ અમારા ઘેર જમવા આવો. ઘણી વાર ભક્તો એવા અંધ બની જાય છે કે ગુરૂના આચાર વિચાર જોઈ શકતા નથી. જેને ધર્મનો રંગ ઉપરનો હોય તે કાંઇ જોતા નથી. જેને ધર્મનો રંગ અંતરનો હોય તે આચાર વિચારને ધ્યાનમાં રાખીને ભક્તિ કરે.

સુખશીલતામાં મોટા ગુરૂભાઈની વિસ્મૃતિ : આ ભિક્ષુ તો ભક્તોના આમંત્રણથી તેમને ત્યાં જમવા ગયા. પછી આગળ વધતાં તો જમવા જવાનું બંધ થયું. ભક્તો રોજ તેમના માટે સવારે દૂધ–નાસ્તા અને બપોરે મિષ્ટાન આપવા આવવા લાગ્યા. બે ત્રણ ભક્તો તો તેમની સેવામાં સાથે રહે. લૂણા સૂકા આહાર ભિક્ષુ જીવનને વધુ દૃઢ બનાવે. સારા મિષ્ટાન્ન, મીઠા ભોજનો તથા બધી સુવિધાઓ ભિક્ષુ જીવનને પ્રમાદી

બનાવે છે. પરિણામે પતનને નોતરે છે. આ ભિક્ષુ તો ખૂબ સુખશીલ બની ગયા. દેશદેશમાં વિચરવાનું બંધ કરી દીધું. એક સ્થાનમાં રહેવા લાગ્યા. આ રીતે બાર વર્ષમાં તો તેમણે સારા સારા દાગીના, વસ્ત્રો, પાત્રો એટલું બધું ભેગું કર્યું કે જાણે મોટો શ્રીમંત ન હોય! અત્યાર સુધી પોતાના મોટા ગુરૂભાઇ ક્યાં વિચરે છે? શું કરે છે? તે બધું પોતાના સુખમાં ભૂલી ગયા. તેમનું સ્મરણ પણ આવતું ન હતું.

મોટાભાઈએ આપેલી સમજણ-સાચો ભિક્ષુ કોણ?: બાર બાર વર્ષો વીત્યા બાદ એક દિવસ તેમને વિચાર આવ્યો કે મારા ગુરૂભાઈ ક્યાં વિચરતા હશે? મારે તો રહેવા માટે સુંદર મઠ છે, બાવાપીવાનું સરસ મળે છે. ભક્તો તરફથી આદર સત્કાર પણ ખૂબ થાય છે એટલે મને તો આનંદ આનંદ છે પણ મારા ગુરૂભાઈ ક્યાં હશે? તેમની તપાસ કરું. તે પોતાનો મઠ છોડીને ગુરૂભાઈને શોધવા નીકળ્યા. ફરતા ફરતા ગામથી ૧૦-૧૨ ગાઉ દૂર એક ઝાડ નીચે તેમને ધ્યાન ધરીને બેઠેલા જોયા. આ ભિક્ષુની બાજુમાં તરપંડી પડી છે અને જે વસ્ત્ર પહેર્યું છે તે પણ ફાટલું છે. નાના ભિક્ષુને તો આશ્ચર્ય થયું કે આ ભિક્ષુને રહેવા માટે મઠ નથી, પહેરવા સારા વસ્ત્ર નથી. ફાટલા કપડા પહેર્યા છે. તરપંડી સિવાય કોઈ પાત્ર નથી. આ શું? આટલા વર્ષો વીત્યા છતાં તે તો એવા ને એવા રહ્યા છે. આ મોટા ભિક્ષુકે સમય થતાં ધ્યાન પાળ્યું એટલે આ ભિક્ષુએ પોતાના વિચારો દર્શાવ્યા. તેમણે મોટા ભિક્ષુને પૂછયું-તમે રહેવા માટે મઠ કે આશ્રમ પણ નથી બાંધ્યો? આપની પાસે સારા કપડા કે પાત્ર પણ દેખાતા નથી. મોટા ભિક્ષુએ કહ્યું-ભાઈ! મઠ બાંધીને એક સ્થાનમાં રહેવાથી પ્રમાદ, સુખશીલતા આવી જાય છે, ધર્મને ભૂલી જવાય છે અને પતનના માર્ગે પહોંચી જવાય છે. ભાઈ! તમારી વાત મને બરાબર લાગતી નથી. એક સ્થાનમાં રહેવાથી લોકોને ઉપદેશ સારી રીતે રોજ ટાઈમસર આપી શકાય છે. હું તો મઠમાં રહીને રોજ લોકોને ધર્મોપદેશ આપું છું. હવે મારે ભિક્ષા લેવા માટે ઘર ઘર ફરવાની જરૂર નથી. મારા ભક્તો રોજ સવાર, બપોર, સાંજે સારું સારું ગરમ ગરમ જમવાનું આપી જાય છે. મોટા ભિક્ષુએ કહ્યું-ભાઈ! આ તું જે બધું કરે છે તે આપણા ભિક્ષુ જીવનમાં થાય નહિ. ભિક્ષુનો અર્થ એ છે કે ભિક્ષાચરી કરીને બાવું અને લોકોને ઉપદેશ આપીને તેમના આત્માનું શ્રેય કરાવવું. ઉપદેશ લોકોને મનોરંજન માટે નહિ પણ તેમનું કલ્યાણ થાય તે ઉદ્દેશથી કરવાનો છે. આ ભિક્ષુના મનમાં થયું કે મારા ગુરૂભાઇ તો હજુ જૂના વિચારો કરે છે તેથી તેમને મારી વાત ગમતી નથી.

નાના ભિક્ષુનું જીવન જોતાં થયેલ દુઃખ: નાના ભિક્ષુને ભૂખ ખૂબ લાગી હતી એટલે કહ્યું-ભાઇ! મને ભૂખ ખૂબ લાગી છે. કંઈક જમવાનું આપોને. ભાઈ! તું થોડી વાર બેસ. હું હમણાં ભિક્ષા કરીને લઈ આવું છું, પછી તને જમાડીશ. ભાઇ! શું તમે ભિક્ષા લેવા જશો? મને તો લોકો દિવસમાં ચાર ચાર વાર ભોજન મારા

મઠમાં આપી જાય. મોટા ભિક્ષુ તો પોતાનું પાત્ર લઈને ગામમાં ભિક્ષા લેવા ગયા. થોડી વારમાં જાડી રોટલી અને બાફેલું શાક લઈને આવ્યા. રોટલીમાં ઘી ન હતું અને શાકમાં તેલ મસાલા ન હતા. તેમણે નાના ભિક્ષુને કહ્યું-લો, આહાર આવી ગયો. આપ આહાર કરો. લુખી જાડી રોટલી હાથમાં લીધી ને કહ્યું-ભાઇ ! આ જાડી લુખી રોટલી ને બાફેલું શાક મારા ગળે ઉતરશે નહિ. આ સાંભળતા મોટા ભિક્ષુને ખૂબ દુઃખ થયુ. મારો નાનો ગુરૂભાઈ એમ બોલે કે આ રોટલી મારા ગળે ઉતરશે નહિ !

एगंतरत्ते रुइरे रसम्मि, अतालिसे से कुणइ पओसं ।
दुक्खस्स संपीलं मुवेइ बाले, ण लिप्पई तेण मुणी विरागो ॥ ઉત્ત.અ.૩૨.ગા.૬૫

ભગવાન બોલ્યા છે જે જીવ મનોજ્ઞ રસોમાં અત્યંત અનુરક્ત બને છે. અમનોજ્ઞ (નહિ ગમતા) રસોમાં દ્વેષ કરે છે તે અજ્ઞાની જીવ અત્યંત દુઃખ અને પીડાને પ્રાપ્ત કરે છે. વીતરાગી મુનિ તે દુઃખથી લેપાતા નથી. એટલે તેમને મન તો મનોજ્ઞ, અમનોજ્ઞ બંને સમાન છે. મનોજ્ઞ રસ પર રાગ નથી અને અમનોજ્ઞ પર દ્વેષ નથી.

નાના ભિક્ષુ સારા સારા મનોજ્ઞ રસોમાં આસક્ત બન્યા એટલે તેમને આ રોટલી અને શાક પ્રત્યે અણગમો થયો. મોટા ભિક્ષુના મનમાં થયું કે આ નાના ભિક્ષુએ આ બાર વર્ષમાં સારા ભિક્ષુ જીવનને ધૂળમાં રગદોળી નાંખ્યું. નાના ભિક્ષુ કહે, આપ એક વાર મારા મઠમાં આવો. ત્યાંનો બધો ભભકો જુઓ. મારા ભક્તો તો એટલા બધા છે કે મારે ભિક્ષા લેવા જવું પડતું નથી. મને લાગે છે કે તમે તમારા જ્ઞાનનો પ્રભાવ જનતા પર પાડી શકયા નથી. મારી અને તમારી વચ્ચે કેટલું અંતર છે? ભાઈ! મારે તારે ત્યાં જોવા આવવાની જરૂર નથી. મને તો આ જીવનમાં આત્મમસ્તી છે. તું તારા જીવનનો ખૂબ ઊંડાણથી વિચાર કર. તેં દીક્ષા લીધી તો તારે ત્યાં ઘર, પલંગ આદિ હતું કે નહિ? ઘરમાં ખાવાનું શું ન હતું? મોજ મોઢાઇ ન હતા? તારી પાસે ઘરબાર, માલ મિલ્કત, જમીન, સુખના સાધનો બધું હતું છતાં તેં આ બધાનો ત્યાગ શા માટે કર્યો? આ બધું છોડીને દીક્ષા શા માટે લીધી? છોડેલી વસ્તુઓને ફરી ભોગવવા માટે? તેં સમજીને, વિચારીને છોડયું છે અને હવે ફરી તેને ભોગવવા તૈયાર થયો છે? ત્યાગી મટીને ભોગી બની ગયો?

"भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ।"

ભોગી આત્મા સંસારમાં ભમે છે અને અભોગી આત્મા સંસારથી મુક્ત થાય છે. તમે પોતાને બૌદ્ધ ભિક્ષુ કહો છો. આપણા બુદ્ધ ભગવાનની આજ્ઞા છે કે ભિક્ષુઓએ પક્ષીની જેમ વિચરણ અને ભિક્ષાચર્યા કરવી જોઇએ. જેવી રીતે પક્ષીઓ કોઇ વસ્તુનો સંગ્રહ કરતા નથી તેવી રીતે ભિક્ષુઓએ કોઈ વસ્તુનો સંગ્રહ કરવો જોઈએ નહિ તારી બુદ્ધિ કયાં ગઈ? અખૂટ સુખ સંપત્તિને છોડીને શું લોકોના માન-સન્માન, આદર સત્કાર અને ભક્તોના ટોળા જમાવવા માટે દીક્ષા લીધી છે? સંસારનો ત્યાગ કરીને

આમાં લપટાઇ ગયા ? તમે સ્વ-પર કલ્યાણ કેવી રીતે કરી શકશો ? તમારા આત્માનું કલ્યાણ પણ કેવી રીતે થશે ? માર્ગ ભૂલેલાને સાચા રાહે લાવવા માટે મોટા ભિક્ષુએ નાના ભિક્ષુની ખૂબ ઝાટકણી કાઢી. નાના ભિક્ષુના હૃદયમાં ગુરૂભાઈની વાત ગળે ઉતરી ગઈ, તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે કહ્યું-- મોટાભાઈ ! આપની વાત સત્ય છે. મારા અંધકારમય બનેલા જીવનમાં આપે જ્ઞાનનો પ્રકાશ આપ્યો છે. સાચા ભિક્ષુ તો સંસારથી નિર્લેપ થવાને માટે સંસારનો ત્યાગ કરીને અકિંચન બને છે. ખરેખર, હું ભાન ભૂલી ગયો. અજ્ઞાનતાના કારણે છોડેલા પરિગ્રહમાં ફરી વાર ફસાઈ ગયો અને મારી અકિંચન દશાને ભૂલી ગયો. બસ, હવે મારે મારા મહમાં જવું નથી. આપની સાથે વિચરીશ. કહેવાનો સાર એ છે કે આ પરિગ્રહ કોઇ વાર ત્યાગીને પણ પોતાની માયાજાળમાં ફસાવી દે છે, માટે પરિગ્રહ પ્રત્યેની મમતા ઘટાડશો તો વ્રતમાં આવી શકશો. છઠ્ઠા વ્રતના અતિચારની વાત થઈ. હવે સાતમા વ્રતમાં શું વાત ચાલશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : મારી પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા : ગુણસુંદરીને પોતાનો પતિ ન મળવાથી પોતાની પ્રતિજ્ઞા મુજબ અગ્નિસ્નાન કરવા તયાર થઈ; ત્યારે માણેકચંદે કહ્યું- બેટા ! આ રીતે અગ્નિસ્નાન કરવાથી તને શું લાભ ? તું ધીરજ રાખ. તારા પતિ ગોપાલપુરમાં છે, તું જીવતી હશે તો કયારેક પતિને મેળવીશ. તું સુખી થઈશ ને આ રત્નસુંદરી પણ સુખી થશે. **" જીવતો નર ભદ્રા પામે. "** મરણ પછી તો બધો ખેલ ખતમ. પિતાજી ! અહીં છ મહિનાથી આવી છું. બહારથી ઉજળી થઈ ને ફરું છું. લોકો મારું માન સન્માન કરે છે. બધા બમ્મા બમ્મા કરે છે. તમે માનતા હશો કે મારી દીકરી સુખી છે પણ હું તો પતિના વિરહની આગમાં રાત દિવસ બળી રહી છું. રોજ ચિંતામાં બળવા કરતા ચિતામાં બળી મરવું શું ખોટું ? જેથી બીજી વેદના સહન કરવી ન પડે. હવે તો તેમની શી આશા રાખવી ? ને મને મળવાના હોત તો છ છ મહિનામાં મળી ગયા ન હોત ? માણેકચંદ ગુણસુંદરને ઘણું સમજાવે છે પણ ગુણસુંદર કોઇ રીતે માનતો નથી. તે તો એક જ પકડ પકડીને બેઠો છે કે તમે મારા માટે ચિતા ખડકાવો. હું કાલે સવારે અગ્નિસ્નાન કરીશ. મારી પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા. તમારે મારી આ વાત માનવી પડશે.

માણેકચંદનું તૂટેલું હૃદય : માણેકચંદે ઘણું સમજાવ્યો છતાં ગુણસુંદર ન માન્યો એટલે તૂટેલા હૃદયે અને ભાંગ્યા પગે માણેકચંદ શેઠ ઉઠયા. તેમના દિલમાં તો ખૂબ દુઃખ છે. રડી રડીને આંખો સુઝી ગઈ છે, છતાં ગુણસુંદરે કહ્યું એટલે ન છૂટકે રહતા દિલે ચિતા માટે લાકડાની ખરીદી કરવા ચાલ્યા. તેમના પગ સાવ ભાંગી ગયા છે. ચાલતા ચાલતા વિચાર આવે છે કે મારી દીકરીને જીવતી બાળવા માટે લાકડા લેવા હું જાઉં ? મારાથી એ નહિ બને. તેના બાપુજી મને પૂછશે તો હું તેમને શું જવાબ આપીશ ?

લાકડા માંગતા વેપારીને થયેલું આશ્ચર્ય : માણેકચંદ મોટા લાકડાવાળાની દુકાને ગયા. ત્યાં વિચારે છે કે મારી દીકરીને અગ્નિસ્નાન માટે શું સાદા લાકડા

હોય ? થોડા સુખડના અને થોડા બીજા એમ લઉં. તેમણે વેપારીને કહ્યું-મારે થોડા સુખડના અને થોડા બીજા લાકડા જોઈએ છે. લાકડાનો વેપારી માણેકચંદ અને ગુણસુંદરને ઓળખતો હતો. માણેકચંદ શેઠે લાકડા માંગ્યા એટલે એ ચમકયો. અરે શેઠ ! તમે ? કોના માટે આવ્યા છો ? વેપારીને ખબર હતી કે ગુણસુંદરને ત્યાં કોઈ બાંદુ ન હતું. અચાનક શું બન્યું હશે ? શું કોઈનું હાર્ટ બેસી ગયું હશે ? અથવા બહારથી કોઈ આવ્યું હશે તેનું કંઈક બન્યું હશે ? એટલે વેપારીએ પૂછયું-માણેકચંદ ! કોણ ગયું ? આ શબ્દ સાંભળતા માણેકચંદ તો છૂટી પોકે રડયા. તેમનું હૈયું તો ભરાયેલું હતું. રડતા હૃદયે આવ્યા હતા એટલે આ શબ્દ સાંભળતા તેમનું હૈયું તૂટી પડયું. મહામુસીબતે બાંધી રાખેલો આંસુનો બંધ તૂટી પડયો. લાકડાનો વેપારી આ જોતાં આભો બની ગયો. તેણે માણેકચંદને છાના રાખવા ખૂબ પ્રયત્નો કર્યા. શેઠ ! શા માટે રડો છો ? વેપારીએ તેમને ખૂબ આશ્વાસન આપ્યું. શેઠ ! રશોડા નહિ. આપ શાંત થાવ. શું બન્યું છે તે વાત કરો. માણેકચંદ શેઠનું હૈયું ભરાઈ ગયું છે તેથી બોલી શકતા નથી. હવે ત્યાં શું બનશે તે અવસરે.

આસો સુદ ૨ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૮૮ : તા. ૧૫-૧૦-૮૫

જ્ઞાની ભગવંતે ગૃહસ્થ જીવનને સુંદર અને વ્યવસ્થિત બનાવવાને માટે ચાર પુરૂષાર્થનું વર્ણન કર્યું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. માનવજીવનમાં પુરૂષાર્થ કરવાને માટે ચાર સાધન બતાવ્યા છે. શરીર, મન, બુદ્ધિ અને આત્મા. આ ચાર સાધના ચાર પુરૂષાર્થોની પ્રાપ્તિથી સંતુષ્ટ થાય છે શરીર અર્થથી સંતુષ્ટ થાય છે. મન કામથી સંતુષ્ટ થાય છે. બુદ્ધિ ધર્મથી સંતુષ્ટ થાય છે અને આત્મા પોતાનું ચરમ લક્ષ્ય મોક્ષને મેળવીને સંતુષ્ટ થાય છે. આ ચાર પુરૂષાર્થમાં ધર્મ પુરૂષાર્થને સૌથી આગળ રાખ્યો છે અને મોક્ષને છેલ્લે રાખ્યો છે. જેવી રીતે રેલગાડીમાં સૌથી આગળ એંજિન હોય છે. ગાડી ચલાવનાર ડ્રાયવર તેમાં રહે છે. ગાડીના છેલ્લા ડબ્બામાં ગાર્ડ હોય છે. વચ્ચે યાત્રિકોના ડબ્બા હોય છે. ડ્રાયવર ગાડીને સારી રીતે ચલાવે છે. યાત્રિકોને કયાંય દૂર સુધી તેના સ્થાને પહોંચાડે છે. ગાર્ડ ગાડીની દેખભાળ રાખે છે. બસ, આ રીતે આ ચાર પુરૂષાર્થ જીવનની રેલગાડી સમાન છે. આ રેલગાડી દ્વારા મોક્ષમાં પહોંચવું છે. આ ગાડીમાં સૌથી આગળ ધર્મ એ એંજિન ડ્રાયવર છે. જે સૌથી આગળ છે. તે આત્માઓને આત્મ સાધનાના માર્ગે આગળ લઇ જાય છે. આ ગાડીમાં વચ્ચે અર્થ, કામરૂપી જીવન યાત્રીઓના ડબ્બા છે. તે કયાંય ભટકાઈ ન જાય, માર્ગથી ભ્રષ્ટ ન થઇ જાય એટલા માટે આ ડબ્બાઓનું નિયંત્રણ ધર્મરૂપી ડ્રાયવરના હાથમાં છે. છેલ્લે મોક્ષના પુરૂષાર્થી ગાર્ડ સમાન વીતરાગી સંતો છે. જેઓ આ જીવનગાડીમાં કયાંય ગરબડ થાય, જીવનયાત્રા વિપરીત દિશામાં જતી રહે અથવા માર્ગમાં કયાંય ખતરા થાય તો તેઓ માર્ગદર્શન આપે છે.

આપે ઘણી વાર જોયું હશે કે જે વૃક્ષનું મૂળ સૂકાઈ જાય છે તેના પાંદડાં અને ડાળીઓને ગમે તેટલું સિંચન કરવામાં આવેતો વૃક્ષ હર્યુંભર્યું રહી શકતું નથી. આ

જીવન રૂપી વૃક્ષનું મૂળ ધર્મ છે. અર્થ અને કામ તેની ડાળીઓ અને પાંદડા છે. જે માનવી અર્થ રૂપી પાંદડા અને કામ રૂપી ડાળીઓને પાણીનું સિંચન કરે છે તેનું જીવન હર્યું ભર્યું રહી શકતું નથી. જો ધર્મ રૂપી મૂળને સિંચન કરવામાં આવે તો જીવનમાં સુખશાંતિ મળતી રહેશે અને આત્માની ઉન્નતિ થતી રહેશે. વસંતઋતુમાં વૃક્ષો કેવા હર્યાભર્યા હોય છે. તેની છાયામાં મુસાફરો પોતાનો થાક ઉતારે છે. પક્ષીઓ પણ દૂર દૂરથી આવીને તેના પર આશ્રય મેળવે છે. જ્યારે પાનખર ઋતુ આવે છે ત્યારે એ ઝાડની ડાળીઓ સૂકાઈ જાય છે અને પાંદડાં ખરી પડે છે પછી તેની પાસે કોઈ પક્ષી કે મુસાફર આવતા નથી. તે જંગલમાં એકલું ઊભું હોય છે પણ જો તેનું મૂળિયું સજીવન હશે તો ફરી વાર તે નવપલ્લવિત થઇ જાય છે. આ રીતે જીવન રૂપી વૃક્ષના મૂળ ધર્મને સજીવન રાખવાનું છે. આ જીવનમાં કયારેક અર્થની પાનખર પણ આવે છે. કયારેક કામવાસનાની ગરમ લૂ તેને સતાવે છે. અનીતિ, અન્યાયથી ધન મેળવવાના પ્રલોભનો પણ આવે છે. તે સમયે જીવન વૃક્ષના ધર્મ રૂપી મૂળને સુરક્ષિત રાખ્યું હશે તો આ પ્રલોભનો, અર્થની પાનખર કે કામવાસનાની લૂ તેને સતાવી શકશે નહિ અને એક દિવસ તે આત્માની અનુપમ વસંતને ખીલવી શકશે, માટે ધર્મને સુરક્ષિત રાખવાની જરૂર છે. ધર્મનો પાયો મજબૂત બનાવવાનો છે.

માની લો કે એક મહેલની દિવાલો ખૂબ મજબૂત છે. તેના પર રંગરોગાન ખૂબ સુંદર કર્યા છે. ફર્નીચર પણ સરસ અને સુંદર ગોઠવ્યું છે પણ તે મકાનનો પાયો કાચો છે તો આવો સુંદર મહેલ કેટલા દિવસો સુધી ટકશે ? જોરદાર વંટોળ આવતા તે ધરાશાયી થઈ જશે. આ રીતે જીવન મહેલની ધનસંપત્તિ રૂપી દિવાલો ઘણી મજબૂત છે. તેમાં વિષય સુખોનું રંગરોગાન કર્યું છે પણ જીવન મહેલનો ધર્મ રૂપી પાયો ખૂબ કાચો છે. બહારથી ધર્માનુષ્ઠાનો કરો છો પણ અંદર પોલમપોલ છે. ધર્મ રૂપી મજબૂત પાયા વિના જીવન મહેલ કેટલા દિવસ ટકી શકશે ? ધર્મ વિનાનું જીવન લગામ વિનાના ઘોડા જેવું છે માટે જીવનમાં ધર્મ પુરૂષાર્થની અવશ્ય જરૂર છે. ધર્મનું પલ્લું અર્થ અને કામના પલ્લા કરતા વજનદાર હોય ત્યારે જીવન સુખશાંતિમય બની શકે છે.

જેમનું જીવન ધર્મ પુરૂષાર્થમાં આગળ વધી રહ્યું છે એવા આનંદ શ્રાવકની વાત ચાલે છે. ભગવાન તેમને સાતમા વ્રતના અતિચાર સમજાવે છે. સાતમા વ્રતનું નામ છે ઉવભોગ પરિભોગ. જે એક વાર ભોગવાય તે ઉવભોગ અને વારંવાર ભોગવાય તે પરિભોગ. આનંદ શ્રાવકે ૨૧ બોલની મર્યાદા કરી. તમે પણ રોજ રોજ માટે ૨૬ બોલની મર્યાદા કરી શકો છો. મર્યાદા નથી તેથી પાપનો પ્રવાહ તો આવ્યા કરે છે. સાતમા વ્રતમાં પાંચ અતિચાર અને ૧૫ કર્માદાનનું સ્વરૂપ સમજાવ્યું છે. પહેલો અતિચાર છે (૧) **सचित्ताहारे :** સચેત વસ્તુ ખાધી હોય. અહીં સચિત્તાહારનો અર્થ એ સમજવો જોઈએ કે શ્રાવકે પાણી, ફળ આદિ સચેત વસ્તુઓની જે મર્યાદા કરી છે તેનાથી અધિક વાપરે તો અતિચાર લાગે. (૨) **सचित्तपडिबद्धाहारे :**

સચેતની સાથે લાગેલ અચેત વસ્તુ ખાધી હોય. વૃક્ષની સાથે લાગેલ લીંબડાનો ગુંદર આદિ ખાધું હોય, સચેત વસ્તુની મર્યાદા કરનારને આવી વસ્તુઓ ન ખવાય. (૩) **અપ્પોલિઓ સહિ ભક્ખણુયા** : જેમાં જીવના પ્રદેશ રહી ગયા હોય એવી વસ્તુ ખાધી હોય કાકડી આદિ શાક ચુલે મૂકીને તરત ઉતારી લીધું હોય તેથી તે બરાબર અચેત થતું નથી માટે શ્રાવકોથી આવો કાચાપાકા શાક આદિ ન ખવાય. ખાય તો અતિચાર લાગે. (૪) **દુપ્પોલિઓ સહિ ભક્ખણુયા** : બરાબ રીતે પકવેલો આહાર કર્યો હોય. ભડથા, ઉંધીયા વગેરે. ઉંધીયામાં ઘણી વાર આખી પાપડી આદિ જોયા વિના નંખાય છે, તેથી જીવોની જતના રહેતી નથી. આ શાકમાં ઘણી વાર જીવાતો હોય છે. તેને જો આખા ને આખા બાફી દેવામાં આવે તો કેટલા જીવોની હિંસા થઇ જાય. આવો અભક્ષ આહાર કરે તે શ્રાવક કહેવાય બરો? સાચો શ્રાવક તો એ જ વિચાર કરે કે મારે જીવન નભાવવા ખાવું પડે છે પણ તે ખાતાં પાપ કેમ ઓછા લાગે તે રીતે ખાવું જોઈએ. આવા આહાર કરવાથી અતિચાર દોષ લાગે છે. આ બધા પાપ જીભના સ્વાદ માટે થાય છે. એક રસેન્દ્રિયના સ્વાદ માણવા જતાં જીવની દશા કેવી થાય છે?

એક વાર એક ભાઈ તૈયાર થઈને બહાર જવા નીકળતો હતો, ત્યાં તેને ત્રણ ચાર છીંક આવી. પત્ની કહે, ઉભા રહો. તમે બહાર ન જશો. તમને શરદી થઈ લાગે છે. હું તમને મશાલાવાળી ગરમ ગરમ ચા બનાવી આપું છું. આ ભાઇ જીભના સ્વાદીયા ઘણા હતા. તે તો મનમાં હરખાઈ ગયા કે આજે ટેસ્ટદાર મસાલાવાળી ચા પીવા મળશે. પત્નીએ મસાલાવાળી ચા બનાવી આપી અને ભાઈએ ટેસ્ટથી પીધી. તેને તો શરદી થઈ ન હતી પણ ચાના સ્વાદમાં લલચાયો એટલે કહ્યું નહિ કે મને શરદી થઈ નથી. ચા પીને તે બહાર નીકળવા ગયો ત્યાં બીજી વાર બે ત્રણ છીંક આવી. પત્ની કહે-તમને ભારે શરદી થઈ ગઇ છે. ઊભા રહો, બીજી વાર ચા બનાવી આપું. પત્નીએ બીજી વાર મસાલાવાળી ચા બનાવી. પતિને બે કપ ચા પીવડાવી પછી કહ્યું-આટલી બધી શરદી થઈ ગઇ છે. આજે બહાર જવું નથી. બહારની હવા લાગશે તો વધારે શરદી થશે. હું તમને બામ ઘસી દઉં. તમે ઓઢીને સૂઈ જાઓ.

આ ભાઈને શરદીના બહાને બબ્બે વાર ગરમ ચા પીવા મળી એટલે તે ખુશ થયો પણ બામ લગાડવાનું કહ્યું તે ન ગમ્યું. મને શરદી તો છે નહિ અને ગરમી ઘણી છે. બામ કેવી રીતે સહન થાય? પણ આ તો શ્રીમતીની આજ્ઞા એટલે માનવી પડે. ભાઈ તો સૂઈ ગયા. પત્નીએ બામ લગાડી દીધો. બામ લગાડીને ત્રણ ચાર ધાબળા ઓઢાડયા. આ ભાઈનું તો આવી બન્યું. એક તો ધોમધખતો ઉનાળો. વૈશાખ મહિનાના ભડકા જેવા તડકા. તેમાં ગરમ ચા પીવડાવી, બામ ઘસી અને ઉપર ગરમ ખૂંચે તેવા ધાબળા ઓઢાડયા. પછી શું બાકી રહે? તે તો પરસેવાથી રેબઝેબ થઈ ગયો. શરીરમાંથી પાણી ટપકવા લાગ્યું. તેનાથી સહન ન થયું. તેણે તો ધાબળા કાઢી નાંખ્યા ને બેઠો થઈ ગયો. પત્ની કહે-હું ઉઠવા નહિ દઉં. ધાબળા ઓઢીને સૂઇ જશો એટલે શરદી

મટી જશે. ભાઇએ કહ્યું–મારાથી આ ગરમીમાં ધાબળા નથી સહેવાતા. પરસેવાથી રેબઝેબ થઇ ગયો છું. મને કાંઈ એવી શરદી થઈ નથી. પત્ની કહે, શરદી થયા વગર આટલી બધી છીંકો આવે નહિ માટે મારું કહ્યું માનો. બામ લગાડયો છે એટલે કામળા ઓઢીને સૂઇ જવાથી શરદી મટી જશે.

ભાઇ તો શ્રીમતીજી પાસે કાંઇ બોલી શકયા નહિ. ભાઇને સૂઈ જવું પડયું. પત્નીએ તો ચાર ગરમ ધાબળા ઓઢાડયા. ભાઇ તો એવા ગભરાઈ ગયા કે મારું તો આવી બન્યું. અરરર.... આને પત્ની કહેવી કે શું કહેવું ? ભાઇએ તો પાંચ મિનિટમાં ધાબળા કાઢીને ફેંકી દીધા. પરસેવો તો એટલો બધો વળ્યો હતો કે પાણી ટપકતું હતું. પત્ની કહે, જુઓ, આ પરસેવા વાટે બધી શરદી બહાર નીકળી ગઈ. અરે, શું શરદી બહાર નીકળી ગઈ ? હું તો મરી ગયો. ગભરામણ થઇ ગઈ. તારી બે કપ ચાએ તો નગ્રોઢ વાળી દીધું. મનમાં તો થાય છે કે કયાં ભોગ લાગ્યા કે હું ચાના ટેસ્ટમાં લલચાયો. મારો ટેસ્ટ તો બરાબર નીકળી ગયો. ચાનો સ્વાદ માણવા ઊભો રહ્યો ન હોત તો મારી આ દશા ન થાત ને ?

જેણે રસેન્દ્રિય જીતી છે તે બરાબ રીતે પકવેલો આહાર ખાય નહિ. પાંચમો અતિચાર છે **તુચ્છો સહિ ભક્ખણયા** : જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઝાઝું એવી વસ્તુ બાધી હોય. શેરડી, સીતાફળ આદિ. આ ચીજોમાં ખાવાનું થોડું ને ફેંકી દેવાનું વધારે હોય છે. શેરડીના કૂચા આદિ જ્યાં નાંખવામાં આવે ત્યાં કીડીઓ અને માખીઓ ખૂબ થાય છે. જો તેના પર માણસનો કે પશુનો પગ આવી જાય અથવા કોઇ વાહન નીકળે તો તે જીવોનો કચ્ચરઘાણ નીકળી જાય છે માટે આવી વસ્તુ શ્રાવકોએ બાવી નહિ. આ પાંચ અતિચાર છે. હવે ૧૫ કર્માદાન કયા છે તે સમજીએ. કર્મોને ગ્રહણ કરવામાં જે કારણ રૂપ બને છે અર્થાત્ જેના દ્વારા કઠીન કર્મોનું ગ્રહણ થાય છે તેને કર્માદાન કહે છે. આ કર્માદાનના વેપાર એવા છે કે જેમાં ઘોર હિંસા થાય છે જેમાં કર્મના ઢગ ભેગા થાય છે. અર્થાત્ આવા વેપારથી જ્ઞાનાવરણીય આદિ કર્મોનો પ્રબળ બંધ થાય છે. આ કર્માદાનોનું સેવન શ્રાવકોએ પોતે કરવું નહિ, બીજા પાસે કરાવવું નહિ અને કરતાને અનુમોદન પણ આપવું નહિ. તે કર્માદાન આ પ્રમાણે છે.

(૧) **ઇંગાલકમ્મે** : લાકડા બાળીને કોલસો બનાવવાનો ધંધો કરવો. લાકડાને બાળવાથી અગ્નિકાય, વાઉકાય અને વનસ્પતિકાયની જબ્બર હિંસા થાય છે. અગ્નિ ભોંય પડે ત્યાં કીડી, મંકોડા આદિ કેટલાય ત્રસ જીવોની હિંસા થાય છે. તેમાં ઘોર પાપ બંધાય છે અને દુર્ગતિની ટિકિટ ફાટે છે. હું તો કહું છું કે ગરીબ રહેવાનું પસંદ કરજો પણ કર્માદાનના વેપાર તો કરશો નહિ. (૨) **વણકમ્મે** : વનોના વૃક્ષોને કપાવીને લાકડા આદિ વેચવા. જે વૃક્ષ પર ઘણાં પક્ષીઓ આવીને બેસતા હતા તે ઝાડ કપાઈ જવાથી તે પંખીઓ કેટલા નિસાસા નાંખે. કોઈનું મકાન અચાનક તૂટી પડે ને બીજે કોઇ સ્થાને રહેવાની જગ્યા ન હોય તો માનવીને કેવા નિસાસા પડે છે. હવે

હું કયાં જાઉં ? તેમ પંખીઓ પોતાનું આશ્રયસ્થાન તૂટી જતાં નિસાસા નાંખે છે. કોઈ વાર પંખીઓએ માળા બાંધ્યા હોય તો ઝાડ કાપી નાંખતા માળા પડી જાય અને પંચેન્દ્રિય જીવોની હિંસા થઈ જાય માટે આવા વેપાર કરશો નહિ. (૩) **સાડીકમ્મે :** બળદગાડી, ગાડા, રથ આદિ બનાવીને વેચવાનો ધંધો કરવો, અથવા આથા વગેરે નાંખીને વસ્તુ બનાવી વેચવાનો વેપાર કરે. (૪) **ભાડીકમ્મે :** બળદ, ઘોડા આદિને ભાડે આપવાનો વેપાર કરવો. (૫) **ફોડીકમ્મે :** ખાણો ખોદાવવી, કૂવા, તળાવ વગેરે ખોદાવવા, પૃથ્વીને ખોદાવી મોટી સુરંગો કરાવવી. આવા ધંધા કરવામાં ઘોર પાપ બંધાય છે. (૬) **દંતવાણિજ્જે :** હાથીદાંતનો વેપાર કરવો. હાથીદાંત મેળવવા માટે હાથીઓની કેવી કરૂણ દશા થાય છે અને તે મરણને શરણ થાય છે માટે હાથીદાંતની બાંગડી આદિ કોઈ ચીજ પહેરવી નહિ. (૭) **લક્ખવાણિજ્જે :** લાખનો વેપાર કરવો. આસામ બાજુ લાખ બહુ થાય છે. અમુક જીવડા થાય છે તેને મારી નાંખીને આ લાખ બનાવાય છે. ભગવાનનો શ્રાવક કર્માદાનનો એક પણ વેપાર ન કરે.

(૮) **રસવાણિજ્જે :** મદિરા આદિ રસનો વેપાર કરવો તે. આ ધંધામાં કદાચ લાખોની કમાણી થતી હોય તો પણ ભગવાનના શ્રાવકો આ વેપાર કરે નહિ. (૯) **વિસવાણિજ્જે :** અફીણ, ઝેર, વિષ આદિનો વેપાર કરવો. આ વસ્તુઓ આવાથી માણસ મરી જાય છે. કોઈ વાર અફીણ, ઝેર આદિ પીને આપઘાત પણ કરે છે, તેમજ તલવાર, બંદુક, રાઈફલ, ધનુષ્યબાણ આદિ જે હિંસક હથિયારો છે તેનો સમાવેશ પણ આ બોલમાં થઈ જાય છે. (૧૦) **કેસવાણિજ્જે :** ચમરી ગાયના વાળ આદિનો વેપાર કરવો. આ ચમરી ગાયના વાળ ઉતારે ત્યારે તેને કેટલી વેદના થાય છે, તેમજ દાસ-દાસી, ગુલામ કે પશુ પક્ષીઓને વેચવાનો ધંધો કરવો. આ બધા વેપાર કરવાથી મહાન પાપના ભાગીદાર થવાય છે. (૧૧) **જન્તપીલણકમ્મે :** ઘાણી આદિ યંત્રોથી તલ, મગફળી, સરસવ વગેરે પીલવાનો ધંધો કરવો. લોટ દળવાની નાની મોટી ઘંટીઓ વગેરે વેચવાનો ધંધો કરવો. જેમાં ચોવીસે કલાક એકેન્દ્રિય જીવો પીસાયા કરે, તેમજ અનાજમાં કોઈ કોઈ વાર ઘનેડા, કંયળ આદિ હોય છે. જો જીવોની જતના કર્યા વગર અનાજ દળાવે તો ત્રસસ્થાવર જીવોની હિંસા થઈ જાય છે. શ્રાવકોથી મોટા મોટા કારખાના પણ નંખાય નહિ. (૧૨) **નિલ્લંછણકમ્મે :** બળદ, ગાય આદિના અવયવો છેદાવવા, તેમને ડામ દેવા. (૧૩) **દવગ્ગિદાવણયા :** દાવાનળ સળગાવવો. જંગલની ભૂમિને ખેતીલાયક બનાવવા દાવાગ્નિ લગાડવો. આ આગમાં ત્યાં રહેલા ત્રસ અને સ્થાવર જીવોનો સંહાર થઈ જાય છે. (૧૪) **સરદહતલાગસોસણયા :** સરોવર, દ્રહ, નાવ, કૂવા, તળાવો આદિના પાણીને ઉલેચાવવા, ખાલી કરાવવા કે સૂકવી દેવા. જ્યાં પાણી હોય ત્યાં લીલ, ફૂગ કે સેવાળ હોય, તેમજ પાણીના આશ્રયે પોરા આદિ ત્રસ જીવો હોય છે. જળાશયોના પાણી ઉલેચાવવાથી આ બધા ત્રસ જીવોની હિંસા થાય છે. (૧૫) **અસઇજણપોસણયા :** હિંસક જીવ પાળી પોષીને વેપાર કર્યો હોય. શિકારી

બિલાડા, કૂતરા આદિ હિંસક જીવોને પાળીને હિંસાના કામ કરાવે તેમજ તેને વેચવાનો વેપાર કરે. (કુલટા સ્ત્રીઓને રાખી તેમની પાસે વેશ્યાના કામો કરાવી આજીવિકા ચલાવે.)

આનંદ શ્રાવકે પંદર કર્માદાનના વેપારના પચ્ચક્ખાણ કર્યા. ભગવાનના શ્રાવકો અથવા જેમને પાપની ભીતી લાગે એવા આત્માઓથી કર્માદાનનો એક પણ વેપાર કરાય નહિ. ધનની આસક્તિ માટે, ધનના વધુ સંગ્રહને માટે આવા કર્માદાનનો એક પણ વેપાર કરશો નહિ. તેવા ધંધામાં પૈસા ધીરશો નહિ અને કરતાને અનુમોદન પણ આપશો નહિ. આ બધા પાપ પ્રાયઃ બીજા માટે કરો છો. તમારે તો કેટલું જોઇએ ? " कडाण कम्माण न मोक्ख अत्थि ! " કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. આ કર્માદાનના ધંધાથી પાપના પટારા ભરાય છે. જીવ ભારે કર્મી બને છે. સાતમા વ્રતના પાંચ અતિચાર અને ૧૫ કર્માદાન જાણવા પણ આદરવા નહિ. આપ બધા કર્માદાનનું સ્વરૂપ સમજ્યા. હવે આપ એટલો નિર્ણય કરજો કે ગમે તેવી સ્થિતિમાં કે ગમે તેવા સંયોગોમાં પણ મારે કર્માદાનના વેપાર તો કરવા નહિ. ગોશાલકના શ્રાવકો કર્માદાનનું વેપાર કરે નહિ, કંદમૂળ ખાય નહિ તો પછી તમે બધા તો શાસન શિરોમણિ ભગવાન મહાવીર સ્વામીના શ્રાવકો છો તો તમારાથી કર્માદાનના વેપાર થાય ખરા ? કંદમૂળ ખવાય ખરું ? ના....ના.... આવા મહાપાપના ધંધા કરશો નહિ, કરાવશો નહિ, જે કરે તેને ત્યાં પૈસા ધીરવા જશો નહિ. જો પૈસા ધીરશો તો પણ તમે પાપના ભાગીદાર બનશો. આ રીતે સાતમા વ્રતમાં કર્માદાનનું સ્વરૂપ સમજ્યા. હવે આઠમા વ્રતમાં શું ભાવ ચાલશે તે વાત અવસરે.

ચરિત્ર : હિબકા ભરતા માણેકચંદ શેઠ : માણેકચંદ શેઠ ચિતા માટે લાકડા લેવા વેપારીને ત્યાં ગયા. વેપારીએ પૂછ્યું–શેઠ ! કોણ ચાલ્યું ગયું ? આ સાંભળતા હૈયું ખૂબ ભરાઈ ગયું, તેમની આંખમાંથી તો શ્રાવણ ભાદરવો વહી રહ્યો છે. વેપારીએ ખૂબ ખૂબ પૂછ્યું–શેઠ ! બોલો તો ખરા કે શું થયું ? છતાં શેઠ શાંત થતા નથી ને હીબકા ભરીને રડે છે. તેમનું હૈયું શાંત થાય કેવી રીતે ? આ કંઇ થોડું કોઈનું મૃત્યુ થયું છે ? આ તો જીવતાની ચિતા સળગાવવાની હતી. તે બીજા કોઇની નહિ પણ પોતાના શેઠની વહાલસોયી, હોંશિયાર, લાડીલી દીકરીની ! તેથી તેમનું અંતર વધુ રડી રહ્યું છે. આ વાત કોઈને કરવી કેવી રીતે ? શેઠને રડતા જોઈને આજુબાજુથી લોકો ભેગા થઈ ગયા. બધા એકબીજાને પૂછે છે શું થયું ? હજુ તો બે મહિના પહેલા માણેકચંદે દીકરાને પરણાવ્યો છે. એકાએક શું થયું ? બધાએ લાકડાના વેપારીને પૂછ્યું–વેપારીએ કહયું, મને ખબર નથી. તે લાકડા લેવા આવ્યા ત્યારે મેં પૂછ્યું કે શેઠ ! કોણ ગયું ? આ શબ્દ સાંભળતા તેઓ હૈયાફાટ રડવા લાગ્યા. બધાએ ખૂબ પૂછ્યું. શેઠની બોલતા જીભ ઉપડતી નથી છતાં રડતા રડતા કહ્યું–મારો વહાલો દીકરો ગુણસુંદર જીવતા અગ્નિસ્નાન કરે છે. શું ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે ? શા માટે ? ગુણસુંદરની ગોપાલપુરમાં કીર્તિ ખૂબ હતી. તેના યશોગાન ગવાતા

હતા એટલે ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે. એ સાંભળતા બધાના હૈયે હાથ પડી ગયા. નાના મોટા બધાની આંખમાં આંસુ આવ્યા.

વેપારીએ પાડેલી બૂમો બચાવો....બચાવો : વેપારીએ તો લાકડા આપવાની ના પાડી દીધી. તે તો દુકાન ખુલ્લી મૂકીને બજારમાં ચૌટા વચ્ચે જઈને બૂમો મારવા લાગ્યો. બચાવો....બચાવો. બધાના મનમાં થયું કે શું વેપારીની દુકાને કાંઇ થયું છે? 'બચાવો'ની બૂમો કેમ પાડે છે? ત્યાં તો વેપારી બોલ્યો બચાવો...ગુણસુંદર આત્મહત્યા કરે છે. વેપારીની કરૂણ ચીસો સાંભળીને બધા વેપારીઓ દુકાનો ખુલ્લી મૂકીને આવ્યા. કોઈ તિજોરી કે દુકાન બંધ કરવા ન રહ્યા. ગામમાં હાહાકાર મચી ગયો. કોઇ કહે કે ગુણસુંદર તો મોટો વેપારી છે. તેની આ ગામમાં ખ્યાતિ ઘણી છે. તે શા માટે અગ્નિસ્નાન કરવા ઇચ્છે છે? શું કારણ હશે? કોઈ કહે તેને વેપારમાં મોટી ખોટ આવી હશે! બધાના પૈસા ચૂકવી શકે એવા સંયોગો નહિ હોય તેથી પોતાની આબરૂ, લજ્જા માટે મરવાનું ઇચ્છતો હશે! કંઇ કારણ વિના ભરયુવાનીમાં આત્મહત્યા ન કરે. લોકોમાં જાતજાતની વાતો થવા લાગી. પાણીમાં તેલનું ટીપું નાંખો તો પાણીમાં પ્રસરી જાય તેમ જોતજોતામાં આ વાત આખા ગામમાં પ્રસરી ગઈ કે ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે.

કર્ણોપકર્ણે ચાલતી વાત, પહોંચી નરવર પાસ
નરેશ ઘરથી ચાલી આવ્યો, ભેદ જાણવા ખાસ હો....

એક કાનેથી બીજે કાને જતાં જતાં વાત નગરનરેશના કાને પહોંચી ગઇ. તેમના મનમાં થયું કે આવો નામાંકિત, યશનામી ગુણસુંદર અગ્નિસ્નાન શા માટે કરે છે? ગુણસુંદરે રાજાનું દિલ જીતી લીધું હતું. રાજા તો મારતે ઘોડે કોઈને સાથે લીધા વિના એકલા ગુણસુંદરના મહેલે આવ્યા. ગુણસુંદરના મહેલે તો માણસોની ઠઠ જામી છે. માણસોની ભીડ જોઈને રત્નસાર શેઠે પૂછ્યું–શું છે? કેમ આટલા બધા માણસો એકત્ર થયા છે? શેઠ! તમારા જમાઈ ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે. અરે...આપ શું કહો છો? હજુ તો મારી દીકરીના લગ્ન કર્યા બે મહિના થયા છે ત્યાં આ દુઃખ! તે તો ભાન ગુમાવી બેઠા. પાણી છાંટીને ભાનમાં લાવ્યા. તે પણ રડતા રડતા મહેલે આવ્યા ગુણસુંદરના મહેલમાં કરૂણ રૂદનનો અવાજ આવતો હતો. રત્નસુંદરી પણ બેભાન થઇને પડી. હવે ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

આસો સુદ ૪ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૮૯ : તા. ૧૭-૧૦-૮૫

અનંતજ્ઞાની જિનેશ્વર ભગવંતે આ સંસારમાં ચાર જાતના માનવ બતાવ્યા. (૧) પરમાર્થી (૨) સ્વાર્થની સાથે પરમાર્થ કરનારા (૩) સ્વાર્થી (૪) અધમ. પરમાર્થી સત્પુરૂષ તે છે કે જે પોતાનો સ્વાર્થ ન જોતાં બીજાના હિતને માટે પ્રયત્ન કરે છે. બીજી કોટિના જે સામાન્ય વ્યક્તિ છે તે પોતાનો સ્વાર્થ સાધે અને બીજાના સુખ માટે

પણ પ્રયત્ન કરે. જે સ્વાર્થી છે તે પોતાના સ્વાર્થ માટે બીજાના સુખનો નાશ કરે અને જે અધમ છે તે તો કોઇ જાતના પ્રયોજન વિના બીજાના હિતનો નાશ કરે. સ્વાર્થી મનુષ્ય માત્ર પોતાનો લાભ જુએ છે. તે માટે બીજાનું ગમે તેટલું નુકશાન થાય, તેને ગમે તેવું કષ્ટ પડે તો પણ તેની પરવાહ નથી કરતા. આ સંસારમાં સંઘર્ષો, દ્વેષ, ઇર્ષ્યા, લોભ, લાલસા આદિ સમસ્ત દોષોનું મૂળ કારણ સ્વાર્થ છે. એવો સ્વાર્થી માનવ પોતાના સદ્‌ગુણોને ધીમે ધીમે ગુમાવી બેસે છે. સ્વાર્થપૂર્ણ જીવન સૌથી વધુ દુઃખમય જીવન છે.

સ્વાર્થ અને પરમાર્થમાં ઘણું અંતર છે. જે શરીરની સુવિધા આપે પણ આત્માની ઉપેક્ષા કરે તેને સ્વાર્થ કહેવાય છે. પરમાર્થમાં આત્મકલ્યાણનું ધ્યાન રાખવામાં આવે છે. સાંસારિક સુખોનો ઉપભોગ કરવાથી શારીરિક સુખો મળે છે પણ આત્મા સુખી નથી બનતો. પરોપકાર અને પરમાર્થના કાર્યો કરવાથી આત્મા સુખી થાય છે. જે વિવેકશીલ આત્મા છે તે સાચું સુખ મેળવવાને માટે સ્વાર્થ સુખની અપેક્ષા કરતાં પરમાર્થ સુખને અધિક મહત્વ આપે છે. પરમાર્થ સુખને માટે તે સ્વાર્થ સુખનો ત્યાગ કરે છે, કારણ કે તે સમજે છે કે શારીરિક સુખ તો ક્ષણિક છે જ્યારે આત્મિક સુખ, સત્ય, શાશ્વત અને યથાર્થ છે. પરમાર્થ પૂર્ણ જીવન સ્વર્ગીય સુખ શાંતિનો ભંડાર છે. પરમાર્થ બુદ્ધિ રાખનાર વ્યક્તિનું જીવન ખૂબ સુખી અને સંતોષી હોય છે. પરમાર્થી આત્મા તો સંતોષી હોય પણ તેના સંપર્કમાં આવવાવાળા જીવો પણ સંતુષ્ટ અને પ્રસન્ન રહે છે, તેથી આત્માનો આનંદ વધી જાય છે. બધા લોકો તેમની પ્રશંસા કરે છે. જ્યારે સ્વાર્થી માણસ અધિક અધિક વસ્તુઓ મેળવવા અને પોતાનો સ્વાર્થ પૂરો કરવા સંઘર્ષો કરે છે.

કંઈક એવા જીવો છે કે પોતાનો અને પરિવાર આદિનો સ્વાર્થ સાધે અને બીજા જીવો પર પરમાર્થ પણ કરે. ખેતી, ધંધા કરવા એમાં પોતાનો સ્વાર્થ તો છે પણ જો તેમાં ભાવના ઊંચી હોય તો પરમાર્થનો લાભ પણ મળી શકે. જેમ એક ખેડૂત ખેતી કરે છે. તે વિચારે છે કે આ ખેતીની મને જે આવક થશે તેનાથી મારા પરિવારની આજીવિકા ચાલી રહેશે, જીવન જરૂરિયાતની બધી વસ્તુઓ મને મળી રહેશે. સાથે ખેડૂત એ પણ વિચાર કરે છે કે ખેતી કરવી એ મારું કર્તવ્ય છે. આ ખેતીમાંથી દેશને, રાષ્ટ્રને અનાજ મળશે. મારી જરૂરિયાત પૂરી થયા પછી જે અનાજ બચશે તે હું સમાજને સેવા માટે યોગ્ય ભાવમાં આપીશ તેથી મને લાભ થશે. જીવન નભાવવા પૈસાની જરૂર છે તેથી યોગ્ય ભાવમાં વેચીને પૈસા મેળવીશ પણ વધુ કમાવા માટે ભાવ વધારે નહિ વધારું, આનું નામ સ્વાર્થ સાથે પરમાર્થ. આવા જીવો સ્વાર્થની સાથે પરમાર્થનું પુણ્ય પણ ઉપાર્જન કરી શકે છે. આ સંસારમાં ઉત્થાન અને પતનના બે માર્ગ છે. એકને પરમાર્થ કહે છે અને બીજાને સ્વાર્થ કહે છે. સ્વાર્થી જીવનનું પરિણામ દુઃખ, કલેશ, અશાંતિ અને કર્મબંધન છે જ્યારે પરમાર્થી જીવનનું પરિણામ

સુખ, શાંતિ, સ્વર્ગ, પ્રશંસા આદિ છે. આ ચાર પ્રકારના જીવનમાં સૌથી શ્રેષ્ઠ જીવન પરમાર્થી જીવન છે.

પરમાર્થી જીવન જીવનારા આનંદ શ્રાવકને ભગવાન હવે આઠમા વ્રતના અતિચાર સમજાવે છે. આઠમું વ્રત છે અનર્થદંડ. જેમાં જીવને કોઇ લાભ ન હોય છતાં બોલવું, કાર્ય કરવું જેથી આત્મા મલીન થાય તે અનર્થદંડ. આ વ્રતમાં ખૂબ સાવધાની રાખવાની છે. વગર કારણે જીવ ખૂબ દંડાઇ જાય છે અને કર્મના ભાતા બાંધે છે. આઠમા વ્રતના પાંચ અતિચાર છે. તે જાણવા પણ આદરવા નહિ. (૧) **કંદપ્પે** : કામવાસના સંબંધી વાતો કરવી, ચેષ્ટાઓ કરવી તે અતિચાર. આજે તો એવી નોવેલો બહાર પડી છે કે જે વાંચતા જીવનું પતન થાય. બહાર ભીંતો પર પોસ્ટરો પણ એવા ચોડવામાં આવે છે કે કામવાસના ઉત્પન્ન થાય, તેમજ સિનેમા, ટી.વી. અને વીડિયો એ બધું શ્રાવકથી જોવાય નહિ. મોટા ભાગે તે પિકચરોમાં કામ વધે એવી કુચેષ્ટાઓ હોય છે. એ જોવાથી ઝેર ચઢે છે. ભગવાન બોલ્યા છે કે

कंदप्प कुक्कुयाइं, तह सील सहावहासविगहाहिं ।
विम्हावेंतो य परं, कंदप्प भावणं कुणइ ॥ અ.૩૬.ગા.૨૬૯

વિષય વિકાર ઉત્પન્ન કરે તેવી વાતો કરવી, ભાંડ સમાન બીજાને હસાવે એવા વચનો બોલવા, મુખ, આંખો આદિ દ્વારા વિકારી ભાવ પ્રગટ થાય એવી ચેષ્ટા કરવી. શીલ સ્વભાવ (અહીં શીલનો અર્થ હાસ્યને ઉત્પન્ન કરાવવાની ચેષ્ટા) હાસ્ય, વિકથા આદિ કરવું. આ ચેષ્ટાઓથી બીજાને વિસ્મય કરતો જીવ કંદર્પ ભાવ કરે છે માટે ભગવાન કહે છે કે શ્રાવકનું જીવન એવું ન હોવું જોઈએ કે જેના વર્તન, વિચાર, વચનથી કોઈને વિકારી ભાવ ઉત્પન્ન થાય.

(૨) **કુક્કુઈએ** : મુખ, નાક, હાથ આદિની કુચેષ્ટાઓ કરવી તે અતિચાર. આવી ચેષ્ટાઓ કરવાથી કયારેક ચારિત્રથી પડવાઇ થઈ જાય છે. (૩) **મોહરિએ** : વગર વિચાર્યું સામાને દુઃખ થાય એવું જેમ તેમ બોલી નાંખવું. ઘણી વાર હાંસી મજાકમાં બોલવાથી પણ સામાના હૃદયને પ્રત્યાઘાત પહોંચે છે. દુઃખ થાય છે માટે જીભ પર ખૂબ કંટ્રોલ રાખવાની જરૂર છે. બને તેટલું મૌન રાખવું. જેથી કર્મ ઓછા બંધાય. આપણા શાસનપિતા ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન ન થયું ત્યાં સુધી મૌન રહ્યા. ગમે તેવા ઉપસર્ગો, પરિષહો આવ્યા છતાં બધું મૌનપણે સહન કર્યું. મૌન રહેવામાં કલેશ કંકાસથી બચી જવાય છે. જો જીભ પર કંટ્રોલ ન હોય તો ૨૫ ઇંચની જીભ સાડા પાંચ ફૂટના માનવીના પ્રાણ પણ લઇ લે છે. તેને ખબર નથી કે આ રીતે બોલવાથી મને કેટલા કર્મો બંધાશે જીવનમાં થોડું જ્ઞાન મેળવો. સમજો કે કર્મ કેવી રીતે બંધાય છે. જો થોડું જ્ઞાન હશે તો કર્મ બાંધતા અટકશો. જ્ઞાન નહિ હોય તો કર્મના બંધન ગાઢ કરતા જશો.

એક શેઠ ભણેલા થોડું પણ બુદ્ધિ વધારે હતી. વેપાર ધંધામાં તો એક્કા હતા. ધંધામાં પુણ્યોદયે લાખો રૂપિયા કમાયા. તેમને એક દીકરો હતો. તે તો કોલેજમાં ભણે, અપટુડેટ થઈને ફરે. મોજશોખમાં બાપના પૈસા બગાડે. તે ભણ્યો પણ ગણ્યો ન હતો. આખો દિવસ સિનેમાં, હોટલોમાં ફરતો ને પૈસા ઉડાવતો. શેઠ ઘણી વાર કહે કે તું દુકાને આવ. ધંધામાં મદદ કર પણ સાંભળે જ નહિ. આથી બાપને ખૂબ દુઃખ થતું, અને રેડિયાના રંગે તો એવો રંગાયેલો કે બાપની શિખામણ પથ્થર ઉપર પાણી. રેડિયો સાંભળવો ને ગીતો લલકારવા એ તેનું કામ.

સંત સામે મનમાં થયેલી ઉથલપાથલ : એક દિવસ ગામમાં ત્યાગી તપસ્વી સંત પધાર્યા. આઠમનો દિવસ હતો. શેઠ કહે-બેટા ! આજે મારે વ્યાખ્યાનમાં જવું છે; તું દુકાને બેસીશ ? જો હું ન આવું ત્યાં સુધી બહાર જઈશ નહિ. જો કોઇ ઘરાક આવે તે રોકડે માલ લઈ જાય તો રોકડે લખજે અને ઉધાર લઈ જાય તો ઉધાર લખજે. ભૂલ ન કરતો. છોકરો કહે બાપુજી ! આપ ખુશીથી વ્યાખ્યાનમાં જાવ. ચિંતા ન કરશો. આપ વ્યાખ્યાન સાંભળીને ન આવતા. પૌષધ કરવો હોય તો પૌષધ કરજો. બાપા સમજે છે કે કયાં પૌષધ કરું ! તું કેવો છે તે મને બધી ખબર છે. શેઠ પણ કોઈ દિવસ ઉપાશ્રયે જતા ન હતા. આજે ગયા છે. શેઠ તો વ્યાખ્યાન સાંભળવા બેઠા. વ્યાખ્યાન સાંભળતા સાંભળતા દુકાન યાદ આવી જાય છે. દુકાને બેઠા બેઠા સાધુ કે ઉપાશ્રય યાદ ન આવે પણ અહીં ઉપાશ્રયમાં આવો ત્યારે ઘર, દુકાન બધું યાદ આવે. શેઠ વ્યાખ્યાન સાંભળે છે પણ મનમાં થાય છે કે છોકરો શું કરશે ? કાંઇ ઊંધુચત્તુ તો નહિ કરે ને ? રવિવારનો દિવસ હતો. સંતે તો બે કલાક વ્યાખ્યાન ચલાવ્યું. ૧૧ વાગે પૂરું થયું. શેઠના મનમાં તો ઉથલપાથલ થવા લાગી. તેમને એમ હતું કે ૧૦ વાગે વ્યાખ્યાન પૂરું થશે એટલે જતો રહીશ પણ વ્યાખ્યાનમાં ઉઠાય કેવી રીતે ? ન છૂટકે ૧૧ વાગ્યા સુધી બેસવું પડયું. વ્યાખ્યાન પૂરું થયું એટલે શેઠ તો ઉતાવળા ઉતાવળા દુકાને આવ્યા.

શેઠ કહે બેટા ! કોઈ આવ્યું હતું ? હા. આપના ગયા પછી થોડી વારે એક ભાઈ પાશેર ખાંડ લેવા આવી. મેં તેને ખાંડ આપી. તેં ચોપડામાં લખ્યું છે ને ? આ ભાઈને નામું કેવી રીતે, કેમ લખાય એ આવડતું ન હતું. તેણે ભાઈનું નામ પણ પૂછ્યું ન હતું. આખો દિવસ રેડિયાના ગીતો સાંભળતા ગીતો બનાવતો હતો. તેણે ચોપડામાં લખ્યું " **રાતે સાડલે રાંડ, ને લઇ ગઈ પાશેર ખાંડ.** " લખીને હરખાયો કે કેવો સરસ પ્રાસ મળી ગયો. થોડી વાર થઇને તે ભાઇ પાછી તેલ લેવા આવી. છોકરાએ તેલની પળી ભરીને બાઇને તેલ આપ્યું. બાઇ ગયા પછી ભાઈએ ચોપડા ખોલ્યા. નામું લખતા આવડતું નથી. તેને પ્રાસવાળી કડી બનાવીને ચોપડામાં લખ્યું, " **વળતા પાછી વળી, લઇ ગઇ પાશેર તેલની પળી.**" શેઠે પૂછ્યું ત્યારે છોકરાએ કહ્યું-ભાઈ ઉધાર લઈ ગઈ છે. તે મેં ચોપડામાં લખી દીધું છે. આપ

વાંચો તો ખુશ થઇ જશો. શેઠે ચોપડો ખોલ્યો. વાંચેલું જોયું ત્યારે કપાળ કૂટવા લાગ્યા. ધૂળ પડી તારી કડીમાં ને તારા ચોપડામાં. તેં લખ્યું છે રાંડ આવી હતી તે પાશેર ખાંડ ને તેલ લઈ ગઈ, પણ તેનું નામ ઠામ તો લખ્યું નથી. મારે ઉધરાણી કયાં જવું ? પૈસા કયાંથી લાવવા ? કવિતા કરવાની હોંશિયારીથી ચોપડા ન લખાય. ધંધો ય ન થાય. તને વેપાર સોંપું તો તું મને બાર મહિનામાં દેવાળું કઢાવે.

શેઠના મનમાં થયું કે હું કયાં વ્યાખ્યાન સાંભળવા ગયો ? પાશેર ખાંડ અને પાશેર તેલની કિંમત કેટલી ? છતાં તેમને થયું કે હું વ્યાખ્યાન સાંભળવા ગયો તો મને કેટલું નુકશાન થયું ! મેં કેટલું ગુમાવ્યું ? તેમને પાશેર તેલ અને ખાંડની કિંમત સમજાણી તેટલી આત્માની ન સમજાણી. તેમને એમ ન થયું કે મને આ માનવ જીવન મળ્યું છે તેની કિંમતી ઘડી પળોમાં કાંઈ સાધના કરતો નથી તો મેં કેટલું ગુમાવી દીધું ? ભલે, મારો છોકરો ધંધો જાણતો નથી. ૧૦ વાગ્યા સુધી દુકાન બંધ રાખીશ પણ જિનવાણી સાંભળવા જાઉં અને આત્માની કંઈક કમાણી કરું આવા ભાવ ન આવ્યા. ધનની મમતામાં ધર્મ સાવ ભૂલી ગયા. અર્થની કિંમત સમજાણી તેટલી આત્માની નથી સમજાઈ.

આ પૈસાની પ્રીતમાં રે, ધર્મને તું ભૂલી ગયો,
હવે જાગી વહેલા.... (૨) આવજો રે.... અમૂલો લાભ લઇ લો.

જીવ પૈસાની પ્રીતમાં પ્રભુને ભૂલી ગયો છે. આ જાગવાનો અવસર છે. તો આત્મ સાધનાનો અમૂલ્ય લાભ લઈ લો. અનર્થદંડના પાપ ન લાગે તે માટે સજાગ રહો. (૪) **સંજુતાહિગરણે :** કુહાડી, ફરસી, તલવાર, મૂસલ, છરી, ચપ્પા આદિ હથિયારોનો સંગ્રહ કરવો. ઘરમાં એક બે ચપ્પા હોય છતાં ઘણાંને એવો શોખ હોય કે બજારમાં જાય ને સારું ચપ્પું, કાતર દેખે તો નવા લઈ આવે. તમારે જરૂરિયાત હોય ને ન છૂટકે લાવવું પડે એ જુદી વાત પણ નવા નવા અધિક ભેગા કરશો નહિ. નવા હથિયારો ભેગા કરવાથી અધિકરણકી ક્રિયા લાગે. આ શસ્ત્રોથી જીવહિંસા થવાની છે. આ ભવમાં તમે વસાવ્યા તેનાથી જે હિંસા થાય તે પાપના ભાગીદાર તો ખરા અને આ દેહ છોડતાં જો વોસરાવાય નહિ તો બીજા ભવમાં પણ તેની પાપની ક્રિયા આવ્યા કરે માટે નવા નવા હથિયારોનો સંગ્રહ કરશો નહિ. કરે તો અતિચાર લાગે (૫) **ઉવભોગ પરિભોગ અઇરિત્તે :** એક વાર ભોગવાય તેવા ખાન પાન આદિ અને વારંવાર ભોગવાય તેવા વસ્ત્ર, પાત્ર, દાગીના આદિ તેના પર નિયંત્રણ રાખવું અને તે જરૂરિયાતથી વધારે ન રાખવા જોઇએ. તેમાં આસકત ન બનવું જોઇએ. જરૂરિયાતથી અધિક રાખવાથી અતિચાર લાગે. તમે તમારા દીકરાઓ માટે ભેગું કરવા પાપના પોટલા ન બાંધશો. પાપના કાર્યો વાયદે રાખતા શીખો. આજના જીવોની દશા એ છે કે ધર્મને વાયદે રાખે છે અને સંસારના કાર્યોમાં વાયદો નથી રાખતા. તમે દરજીની દુકાને કપડા સીવવા આપ્યા. તેને શું કહેશો ? મને એક બે દિવસમાં મળી જવા જોઇએ. કોઈ

વસ્તુ આવાનું મન થયું તો કહેશો કે આ વસ્તુ તો આજે જ બનાવજો. કાલની વાત કાલે. પિકચર જોવાનું મન થયું તો કહેશો કે આજની ટિકિટ લઈ આવજો. ન મળે તો બ્લેકની પણ લાવજો. સંસારની પાપની ક્રિયા વાયદે નથી રાખતા પણ ધર્મની વાત આવે ત્યાં વાયદા મૂકાય છે.

એક વાર ફકીર જતા હતા. રસ્તામાં એક યુવાન છોકરો મળ્યો. ફકીરે કહ્યું–ભાઈ! કયાં જઈ આવ્યો? વીમો ઉતરાવવા ગયો હતો કોનો? મારો. તું તો હજુ ૨૫–૩૦ વર્ષનો છે અને અત્યારથી વીમો? બાપુ! આ જિંદગીનો શો ભરોસો? રસ્તે ચાલતા ઠેસ વાગે ને પડી જઈએ તો મૃત્યુ થઈ જાય, એકસીડન્ટ થઈ જાય તો મોત. ઘડીકમાં હાર્ટ બેસી જાય ને મોત. આજના જમાનામાં તો ડગલા નીચે મોત છે તો વીમો શા માટે ઉતરાવ્યો? જે પૈસા આવે તે પત્નીને મળે ને? રસ્તામાં બંને થોડું ચાલ્યા. ચાલતાં આડીઅવળી વાતો કરી પછી ફકીરે કહ્યું–ભાઈ! ભગવાનનું નામ દે છે ખરો? કાંઈ ધર્મધ્યાન કરે છે ખરો? યુવાન કહે, શું આ ઉંમર ધર્મધ્યાનની લાગે છે? આ ઉંમર મોજમજા કરવાની છે. હજુ તો જિંદગી ઘણી બાકી છે. ઘડપણમાં શું કરવાનું છે? નિરાંતે ભગવાનનું નામ લેશું. વીમો ઉતરાવો છો ત્યાં કહે છે જિંદગીનો ભરોસો નથી, અને ધર્મધ્યાનની વાત આવે ત્યાં કહે છે હજુ જિંદગી ઘણી બાકી છે. જ્ઞાની કહે છે પાપના કાર્યો વાયદે રાખો અને ધર્મના કાર્યો હાજર તરત કરો. ધર્મ કરવાની આ અમૂલ્ય ઘડી છે.

"લાખો જનમ પૂરા કરી, આપણ સૌ આવ્યા અહીં,
જો આ ભવે જાગ્યા નહિ તો ફરીશું ચક્કર મહીં."

કેટલા જન્મો કરતા કરતા મહાન પુણ્યોદય થયો ત્યારે આ મનુષ્ય જન્મમાં આવ્યા છીએ. જો આ ભવમાં જાગશો નહિ તો આ ચાર ગતિના ચક્કરમાં ફરવાનું. આનંદ શ્રાવકનો આત્મા જાગી ગયો. તેમણે વ્રત અંગીકાર કરી લીધા. ભગવાને આઠ વ્રતના અતિચાર સમજાવ્યા. હવે નવમા વ્રતના અતિચાર સમજાવે છે. આનંદ શ્રાવકે જ્યારે આઠ વ્રતોનો સ્વીકાર કર્યો તે સમયે નવ, દશ, અગીયાર અને બારમું વ્રત આ ચાર શિક્ષાવ્રતો સમસ્ત જીવનને માટે નથી હોતા. તે બે ઘડી, ચાર ઘડી દિવસ–રાત આદિ નિશ્ચિત શિક્ષાવ્રતનું નિરૂપણ કર્યું નથી. તેનું કારણ એ છે કે સામાયિક આદિ કાલને માટે હોય છે અને તે તમારી સ્થિરતા હોય તે રીતે ગ્રહણ કરાય છે તેથી વ્રત લેતી વખતે આ શિક્ષાવ્રતોનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

નવમા વ્રતનું નામ છે સામાયિક વ્રત. સામાયિક એ કોઈ સામાન્ય ચીજ નથી પણ ચારિત્રનું અંગ છે. સામાયિકનો અર્થ છે જીવનમાં સમતા–સમભાવ કેળવવો. જીવનમાં રાગ–દ્વેષના કારણે વિષમતા આવે છે. તે વિષમતાને છોડીને શુદ્ધ આત્મ સ્વરૂપમાં રમણતા કરવી તેનું નામ છે સામાયિક. સામાયિકથી રાગદ્વેષ આદિ વિકૃતિઓ શાંત થાય છે અને જ્ઞાન, દર્શન આદિ ગુણોની વૃદ્ધિ થાય છે. સંતોની સામાયિક જાવજીવની હોય છે; શ્રાવકોની સામાયિક બે ઘડી ૪૮ મિનિટની હોય છે, પછી સ્થિરતા

હોય તો ચાર ઘડી, છ ઘડી કરી શકે. સામાયિકમાં સમસ્ત પાપ ક્રિયાઓનો ત્યાગ કરાય છે. સામાયિકનો નંબર નવમો છે. આગળ આઠ વ્રત આવી ગયા. તે આઠ વ્રતમાં જો તારી સ્થિરતા આવી હશે તો નવમું વ્રત સામાયિક બરાબર શુદ્ધ ભાવે કરી શકીશ. જેમ કોઈને બાથમાં દાખલ થવું હોય તો તે ચામડીના ડૉકટરને બતાવવું પડે. ડૉકટર સર્ટીફિકેટ આપે કે ચામડીનો રોગ નથી તો બાથમાં જવા મળે છે. બાથમાં જતાં પહેલાં બહારના નળે સ્નાન કરીને જાય જેથી બરાબ જમ્સ બીજા કોઈને લાગે નહિ. સામાયિક એ આત્માનો બાથ છે. તે બાથમાં સમભાવનું સ્નાન કરવાનું છે. આ બાથમાં જતાં પહેલાં એ સર્ટીફિકેટ લાવવું પડે કે સામાયિકમાં ચાર કથા કરીશ નહિ, ૧૦ મનના, ૧૦ વચનના અને બાર કાયાના કુલ ૩૨ દોષ લગાડીશ નહિ. જો આટલું સર્ટીફિકેટ મળ્યું હશે તો આત્માના બાથમાં સમભાવનું સ્નાન કરી શકશો. સામાયિક કરો તો એવી કરો કે કર્મના ઢગલા બનીને ખાખ થઇ જાય. એક સામાયિકમાં એવી શક્તિ છે કે તે એકાવતારી બનાવી શકે. ભગવંત ફરમાવે છે

अगारि सामाइयंगाणि, सड्ढी काएण फासए ।
पोसहं दुहओ पक्खं, एगरायं न हावए ॥ ઉત્ત.અ.૫.ગા.૨૩.

શ્રદ્ધાવાન શ્રાવક ગૃહસ્થની સમ્યક્ત્વ, શ્રુત અને દેશવિરતિ રૂપ સામાયિક અને તેના અંગોનું મન, વચન, કાયાથી પાલન કરે. એક પક્ષ-પખવાડિયામાં બે પૌષધ કરે. એક રાત્રી માટે પણ પૌષધ છોડે નહિ. આવો સુવ્રતી શ્રાવક ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં દેવલોકમાં જાય છે. આજે તો ઘણી વાર જોવા મળે છે કે જૈન કુળમાં જન્મ્યો હોય છતાં એક સામાયિક આવડતી ન હોય. કેટલા ખેદની વાત છે! કરોડોના વેપાર કરતાં આવડે તેમાં તો બહાદુર અને હોંશિયાર પણ એક સામાયિક ન આવડે. શ્રાવક કુળમાં જન્મ મળવા છતાં જો સામાયિક, પ્રતિક્રમણ આવડતું ન હોય, જીવાદિ નવ તત્ત્વોનું જ્ઞાન ન હોય તો ભલે વ્યવહારથી શ્રાવક કહેવાય પણ તે સાચો શ્રાવક ન કહેવાય. દીકરાને નામું ન આવડે તો કલાસ કરાવો. ભણવામાં એક વિષયમાં કાચો હોય તો ૧૦૦-૨૦૦ રૂપિયાના ટયુશન કરાવો અને છોકરાને તેમાં બરાબર તૈયાર કરો પણ તમે તમારી તૈયારી કેટલી કરી છે? જો સંસારમાં સુખેથી જીવન પસાર કરવું હોય તો આપ વ્રતમાં આવો. આનંદ શ્રાવકને હવે ભગવાન નવમા વ્રતના અતિચાર સમજાવશે. આજે આપણે ત્યાં એક દંપતિ આજીવન બ્રહ્મચર્ય વ્રત લેવાના છે તેમને પ્રતિજ્ઞા અપાય છે.

ચરિત્ર : રત્નસુંદરીનું કારમું રૂદન : ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે તે વાત સાંભળતા રત્નસુંદરીને હાય લાગી. આઘાતમાં તે બેભાન થઇને ઢળી પડી. ઉપચાર કરીને તેને ભાનમાં લાવ્યા, પછી તેણે ગુણસુંદરને કહ્યું-તમે શા માટે આવું કરો છો? મેં તમારી પ્રતિજ્ઞા ભંગ કરાવી નથી. તમે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે મેં મંજુર કર્યું છે. મારો કોઈ વાંક ગુનો છે? આપના વિના મારી શી સ્થિતિ થશે? એટલું બોલતાં છાતીફાટ રડવા લાગી. ફરી વાર બેભાન થઇ ગઈ. તેને પાણી છાંટીને ભાનમાં લાવ્યા. માણેકચંદ શેઠ કહે-બેટા! હિંમત રાખ. અમે ગુણસુંદરને મરવા નહિ દઈએ.

રાજાએ કહ્યું–મૂર્ખ ! તને ભાન છે કે નહિ ? તું આ શું કરવા ઉઠયો છે ? જાણે તને કોઈ કહેનાર જ નથી. ગુણસુંદરે ઊંચું જોયું તો ગામના નરેશને જોયા. ઉઠીને તરત રાજાના પગમાં પડયો. ગુણસુંદરને જોતાં રાજા વિચારમાં પડી ગયા. શું આ ગુણસુંદર છે ? તેની તેજસ્વીતા, શૌર્ય, બધું કયાં ગયું ? તેનું સૌંદર્ય તો જાણે સાવ ફિક્કું પડી ગયું છે. તેનું મુખ તો સાવ કરમાઈ ગયું છે. તેનું શરીર ઘુજી રહ્યું છે. શું થયું હશે ? તેના માથે શું આપત્તિ આવી પડી હશે કે તે આત્મહત્યા કરવા તૈયાર થયો છે ?

આત્મહત્યાનું કારણ પૂછતા નગરનરેશ : રાજાએ કહ્યું–બેટા ગુણસુંદર ! તારી તેજસ્વીતા, તારું શૌર્ય, મુખનું હાસ્ય બધું કયાં ગયું ? શું તું અગ્નિસ્નાન કરવા તૈયાર થયો છે ? તને એવું શું ભયંકર દુઃખ આવ્યું છે કે તું આ રીતે આત્મહત્યા કરવા તૈયાર થયો છે ? તારા જેવા *સજ્જન ડાહ્યા પુરૂષને આવું ઘોર કૃત્ય કરવું શોભે* છે ? બેટા ! જે હોય તે કહે. તારી જે મુંઝવણ હશે, તારું જે દુઃખ હશે તે હું દૂર કરીશ. રાજા ઘણું ઘણું પૂછે છે પણ ગુણસુંદર કાંઈ જવાબ આપતો નથી. મહેલના ચોકમાં તો માણસોની મેદનીનો પાર નથી. કોમળ હૃદયવાળા માનવી બધા પોક મૂકીને રડે છે. અરેરે ...હે કર્મરાજા ! તમને જરા પણ દયા નથી આવતી ? આ ગુણસુંદર તો અમારા ગોપાલપુરનું એક રત્ન છે. તે આ રીતે અકાળે ચાલ્યું જશે તો ગામમાં કાળો કેર વર્તાઈ જશે. આ રીતે ઓલંભો આપે છે પણ કોઈને સાચી વાતની અબર પડતી નથી. રાજા તેને અગ્નિસ્નાનનું કારણ પૂછી રહ્યા છે પણ ગુણસુંદર તો કાંઈ બોલતો નથી. હવે ત્યાં શું બનશે તે અવસરે.

આસો સુદ ૫ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૯૦ : તા. ૧૮-૧૦-૮૫

વિશ્વવંદનીય, ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન, કેવળદર્શનનો દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કર્યા પછી આગમનો અણમોલ બોધનો આપણી સામે રજૂ કર્યો. કર્મો સામે કેસરિયા કરવામાં વીરતાપૂર્વક કષ્ટોને સહન કર્યા. તો તે સાચા વીર કહેવાયા. વીર પુરૂષ કોને કહેવાય ?

विरया वीरा समुट्ठिया, कोहकायरियाइपीसणा ।
पाणे न हणंति सव्वसो, पावाओ विरयाऽभिनिव्वुडा ॥ સૂય.અ.૨.ઉ.૧.ગા.૧૨

જે હિંસાદિ પાપોથી દૂર છે, ક્રોધ, માયાદિ કષાયોનું વિદારણ કરવાના કારણે વીર છે, તથા સમસ્ત આરંભોને છોડીને મોક્ષ માર્ગમાં ચાલવાને માટે સમુત્થિત થયેલા છે, જે બેઇન્દ્રિયાદિ જીવોને મન-વચન કાયાથી સર્વથા મારતા નથી. એવા સમસ્ત પાપ કર્મોથી રહિત પુરૂષ મુક્ત જીવોના સમાન શાંત હોય છે. તે વીર પુરૂષ છે.

વીર કોને કહેવાય ? : જે યુદ્ધમાં લાખો જીવોનો સંહાર કરે છે, જેની એક આંખ પડે ને હજારો માણસો ધ્રુજવા લાગે છે, જે પોતાના મોજશોખને માટે લાખો નિર્દોષ પ્રાણીઓને મારી નાંખે છે તે કદાચ ભૌતિક ક્ષેત્રમાં તો વીર કહેવાતા હોય પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો વીર તેમને માનવામાં આવે છે કે જે હિંસાદિ પાપોથી વિરક્ત છે, કર્મોનું વિદારણ કરવાને કારણે તે સાહસી વીર છે, ક્રોધાદિ કષાયોને જેણે સંપૂર્ણ જીતી લીધા છે. સર્વથા આરંભને છોડીને સંયમી જીવનના ચીર પહેર્યા છે, જે મન-વચન, કાયાથી કોઈ પણ જીવોની હિંસા કરતા નથી, પાપોથી નિવૃત્ત છે તે સાચા વીર કહેવાય છે.

ભગવાન મહાવીર સ્વામી આનંદ શ્રાવકને બાર વ્રતનું સ્વરૂપ સમજાવ્યા પછી અતિચારનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. આપણે નવમા-વ્રતની વાત ચાલે છે. સામાયિક એટલે શું ? સમભાવના સરોવરમાં સ્નાન કરવું તેનું નામ સામાયિક. ખુદ શ્રેણિક રાજા પુણીયા પાસે એક સામાયિકનું ફળ લેવા આવ્યા. તે માટે પોતાનું રાજ્ય દઈ દેવા તૈયાર થયા પણ તે એક સામાયિકનું ફળ ખરીદી શકયા નહિ ? સામાયિક એ આત્માનો ગુણ છે. તે કેવી રીતે ખરીદી શકાય ? સામાયિક તો અહીં બેઠેલા લગભગ કરતા હશો. સામાયિક તો કરી પણ તેના અતિચાર જાણવા જોઈએ. પહેલો અતિચાર છે " **મણુદુપ્પણિહાણે** " સામાયિકમાં મન માઠું પ્રવર્તાવ્યું હોય, બરાબ ચિંતવણા કરી હોય, આત્મા વચનથી અને કાયાથી જેટલા કર્મો નથી બાંધતો તેટલા મનથી બાંધે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મનથી સાતમી નરક સુધી જવાના કર્મો બાંધ્યા અને ઉપયોગમાં આવ્યા તો મનથી તોડયા. મોક્ષનું કારણ મન છે અને નરકનું કારણ મન છે. આજે માનવી ગરમીથી બચવા પોતાના મકાનને એરકંડીશન બનાવે છે. બહારના અવાજથી દૂર રહેવા મકાનને સાઉન્ડ પ્રુફ બનાવે છે. આવા મકાનમાં રહેવા છતાં તેમને શાંતિથી ઊંઘ આવતી નથી. તેમના મનમાં શાંતિ નથી. આજનો માનવી આવા મકાનમાં શીતળતા અને શાંતિ શોધે છે પણ તેને શાંતિ મળતી નથી. જો શાંતિ મેળવવી હોય તો મનને એરકંડીશન બનાવો એટલે મનને સંસારની કામનાઓ, વાસનાઓથી ઠંડું કરો તો જ્યાં જશો ત્યાં બધે શાંતિ અને શીતળતા મળશે. મગજને સાઉન્ડ પ્રુફ કરો. અશુભ વિચારો અને વિકારોના અવાજને મગજમાં પેસવા ન દેશો. મોહના બુમરાટને મગજમાં દાખલ થવા ન દો તો નિરવ શાંતિની મોજ માણી શકશો માટે મનને એરકંડીશન બનાવો. મન ઘણી વાર નકામા અને અશુભ વિચારો કર્યા કરે છે. અશુભ વિચારો બહુ ભયંકર છે.

નિંદકને કયાંય સ્થાન ન હોય : એક વેપારી પોતાની દુકાનમાં બેઠો હતો. બપોરનો સમય એટલે ઘરાકી ન હતી. તે એકલો સૂનમૂન થઈને બેઠો હતો. તે સમયે અપટુડેટ એક માણસ ત્યાં આવ્યો. તેણે જેવો દુકાનના પગથિયા પર પગ મૂકયો તેવી વેપારીએ તેને ના પાડી દીધી. ખબરદાર ! જો આ દુકાનમાં આવ્યો તો. તેને દુકાન ઉપર ચઢવા ન દીધો. તે સમયે એક વિચારક ત્યાં ઊભો હતો તેણે વેપારીને પૂછયું કે ભાઈ ! પેલો માણસ કોણ હતો ? શું તે ચોર હતો ? ના, તે ચોર ન હતો પણ

નિંદાખોર હતો. તેને નિંદા કુથલી કરવી બહુ ગમે છે. તેને ધંધો કે નોકરી કરવી ગમતી નથી. આવા માણસના સંગથી દૂર રહેવું સારું છે.

વિચારો શુભ તો મન સત્વશીલ : આ વાત આપણે સમજવી છે. આપણું મન એ દુકાન છે. જેનો સંગ સારો નથી, વિચારો સારા નથી તેને દુકાનમાં પેસવા દેતા નથી, તેને દુકાન ઉપરથી ઉતારી મૂકે છે તો અશુભ વિચારોને મનમાં પેસવા દેવાય ખરા ? જો દુર્ગુણી માણસો દુકાનમાં પેસી જાય અને ધંધામાં નુકશાન થાય તો આ ભવ પૂરતું થશે પણ મન રૂપી દુકાનમાં જો દુષ્ટ, બરાબ વિચારો પેસી ગયા તો આ ભવ બગાડશે ને બીજા ભવ પણ બગાડશે માટે અશુભ વિચારો મનમાં પેસી ન જાય તે માટે ખૂબ સાવધાની રાખવાની છે. જો એક અશુભ વિચારને પેસવા દીધો તો પછી બીજો આવવાનો છે. સારા વિચારોથી મન સાત્વિક બને છે અને બરાબ વિચારોથી મન નિઃસત્વ બને છે. એક વાર જો બરાબ, અશુભ વિચારોથી મન નિઃસત્વ બની ગયું પછી એને સારા વિચારોમાં રમતું કરવું એ ઘણું દુઃશકય છે. આ મનમાં કચરા જેવા એટલા બધા નકામાં વિચારો બડકયા છે કે જેથી મન એક પણ સારો વિચાર કરી શકતું નથી. કયારેક કોઇ સારું નિમિત્ત મળી જાય તો શુભ વિચારો આવે છે પણ તે લાંબા સમય સુધી ટકતા નથી. આજે સંસારમાં ઠગલાબંધ અશુભ નિમિત્તો છે કે જેથી શુભ વિચાર આવવા મુશ્કેલ બની ગયા છે. આવા વાતાવરણમાં પણ એવા સદ્ભાગી આત્માઓ છે કે જે અશુભ નિમિત્તો વચ્ચે પણ પોતાના મનને શુભ વિચારોથી ભાવિત કરે છે. અશુભ વિચારોને દૂર કરવા જો આત્મા પ્રયત્ન કરે તો તેને દૂર કરીને જરૂર શુભ વિચારો લાવી શકે પણ અફસોસ છે કે માનવી નકામા માણસોને પોતાના ઘરમાં કે દુકાનમાં પેસવા દેતા નથી અને મહા કિંમતી મન રૂપી દુકાનમાં અશુભ વિચારો પેસી જાય ત્યારે બેફિકર રહે છે. એક વાત યાદ રાખજો. દુર્ગુણી માણસને દુકાનમાં કે ઘરમાં આવતા રોકવામાં જેટલો લાભ છે તેના કરતા અનેક ગણો લાભ નકામા વિચારોને મનમાં પેસતા અટકાવવામાં છે.

અત્યાર સુધી નકામા અને નુકશાનકારક વિચારો કરીને મનને નિઃસત્વ બનાવી દીધું છે. હવે સારા અને હિતકારક વિચારો કરવામાં મુશ્કેલી લાગશે પણ એ મુશ્કેલીની પરવા કર્યા વિના મનને શુભ વિચારો તરફ વાળવાનો પ્રયત્ન જો ચાલુ રાખીશું તો જરૂર મન સત્વશીલ બની શકશે. ઉત્તરાધ્યયન સૂત્રનાં ૨૩ મા અધ્યયનમાં કેશી સ્વામીએ ગૌતમ સ્વામીને પ્રશ્ન કર્યો કે ભયાનક દુષ્ટ ઘોડો ચારે બાજુ દોડાદોડ કરે છે તેને આપે કેવી રીતે વશમાં કર્યો છે ? ત્યારે ગૌતમ સ્વામીએ કહ્યું :

मणो साहसिओ भीमो, दुट्ठस्सो परिधावई ।
तं सम्मं तु णिगिण्हामि, धम्मसिक्खाइ कंथगं ॥ ગાથા ૫૮

મન રૂપી સાહસિક અને ભયાનક દુષ્ટ ઘોડો ચારે બાજુ ભાગાભાગ કરી રહ્યો

છે. જાતિવાન ઘોડો શિક્ષા દ્વારા સુધરી જાય છે તેવી રીતે આ મન રૂપી ઘોડાને સમ્યક્ રીતે ધર્મની શિક્ષા દ્વારા વશમાં કરું છું. તેને શ્રુતજ્ઞાન રૂપી લગામથી બાંધું છું તેથી તે મને ઉન્માર્ગે લઈ જતો નથી પણ સન્માર્ગમાં પ્રવૃત્તિ કરે છે.

મનની માવજતમાં મોક્ષની પ્રાપ્તિ છે જ્યારે એની જાળવણીની ઉપેક્ષામાં જન્મ મરણની પરંપરા ચાલુ છે. મનમાં પ્રવેશી જતાં અશુભ વિચારોને અટકાવવા હોય તો મનમાં સતત નવકાર મંત્રનું સ્મરણ ચાલુ રાખો. જો સામાયિકમાં મનમાં બરાબ વિચારો કર્યા હોય, બરાબ ચિંતવણા કરી હોય તો અતિચાર લાગે. **(૨) વયદુપ્પડિહાણે :** અસત્ય બોલવું અથવા બીજાને દુઃખ થાય તેવું વચન બોલવું. બરેબર તો સામાયિકમાં સ્વાધ્યાય, ધ્યાન, શાસ્ત્રવાંચન કરવું. કાંઇ ન આવડે તો માળા ગણવી. બને ત્યાં સુધી સામાયિકમાં મૌન રાખવું જેથી અતિચાર કે દોષ લાગે નહિ. વાણી તો જીવનમાં દાવાનળ સળગાવે છે અને નંદનવન પણ બનાવે છે. વાણીને પાણી સાથે સરખાવી છે.

ચાતુર્માસમાં વર્ષાઋતુમાં મુશળધાર વરસાદ વરસે છે. એ પાણીથી આખી ધરતી ભીની ભીની થઈ જાય છે. વરસાદના કારણે ઠેર ઠેર વૃક્ષો લીલાછમ બની જાય છે. ઘાસ અને છોડવાઓ થઇ આવે છે. જાણે ભયંકર જંગલ ન હોય ! વર્ષાઋતુમાં ચારે બાજુ પાણીના ખાબોચિયા ભરાઈ જાય છે. એ પાણી ઉપર લીલ જામી જાય છે. બીજી વાત આ વરસાદનું પાણી બગીચામાં પડે છે. બગીચાનો માળી વ્યવસ્થિત રીતે છોડવાઓને પાણી પાય છે, ત્યારે એ બગીચો એકદમ હર્યોભર્યો અને આકર્ષક લાગે છે. લોકોને ત્યાં જઈને બેસવાનું મન થાય એવો બગીચો ભવ્ય બની જાય છે. બગીચાની ભવ્યતા માળીની કુશળતા અને પાણીને આભારી છે. વર્ષાઋતુમાં પાણી ધરતી પર પડયું અને બગીચામાં પડયું પણ પરિણામમાં અંતર કેટલું બધું પડી ગયું ? ધરતી પર પડેલા પાણીએ જંગલ બનાવી દીધું જ્યારે માળીએ વ્યવસ્થિત રીતે ચોગ્ય જગ્યાએ નાંખ્યું તો તે પાણીએ બગીચો બનાવી દીધો.

વાણી વન સર્જે અને નંદનવન પણ બનાવે : આપણી વાણી પણ પાણી જેવી છે. વાણી ભયંકર જંગલ પણ પેદા કરી શકે છે અને સુંદર બગીચો પણ ઊભો કરી શકે છે. બધો આધાર છે વાણીના ઉપયોગ પર. ખૂબ ઊંડાણથી વિચારીશું તો જણાશે કે વાણીનો ઉપયોગ મોટા ભાગે જંગલો ઊભા કરવામાં થયો છે. બગીચો બનાવવામાં તો વાણી નિષ્ફળ ગઈ છે. અનંતકાળે મળેલી આ વાણીની પ્રચંડ શક્તિનો આપણને ખ્યાલ નથી. જીવ એકેન્દ્રિયમાં ગયો ત્યારે તો વાણી મળી ન હતી. વિકલેન્દ્રિયમાં જીભ મળી પણ એ જીભ દ્વારા બોલાતી વાણી સ્પષ્ટ હોતી નથી. સંજ્ઞી પંચેન્દ્રિયમાં જીવ આવ્યો ત્યારે સ્પષ્ટ વાણી બોલી શકે છે. આ વાણી બળતા બળતા અંતરને શીતળતા પણ આપી શકે છે અને શાંત આત્માઓના જીવનને સળગાવી પણ શકે છે. વિચાર કરીશું તો સમજાશે કે પાણી કરતાં વાણીની શક્તિ વધારે છે. કેવી રીતે ! આપણે સારું કે

ખોટું જેવું બોલીએ તેની અસર બીજાને થાય છે અને બીજા બોલે તો તેની અસર આપણને થાય છે. સારું બોલીએ તો બીજાને આનંદ થાય, એના મનના ઉકળાટ શાંત થાય અને ખરાબ બોલીએ તો સામા જીવોને દુઃખ થાય, કષાય આવે. નિર્દોષને ગુનેગાર ઠરાવવો અને ગુનેગારને નિર્દોષ ઠરાવવો આ કામ વાણીનું છે. અસમાધિવાળાને સમાધિ અને સમાધિવાળાને અસમાધિ કરવાનું કામ પણ વાણી કરી શકે છે.

ધરતી પર પાણી પડવાથી જે જંગલો ઊભા થઈ જાય છે તે જંગલો ઘણી વાર એટલા ગીચ હોય છે કે માનવી ત્યાં ભૂલો પડી જાય છે. સાચી દિશા તેને સૂઝતી નથી તેમ વાણીનો જેમ તેમ ઉપયોગ કરીએ, જરૂર વિના બોલબોલ કરીએ, ધર્મકથાને બદલે વિકથાઓ કરીએ, સામાના દિલમાં આઘાત પહોંચે તેવી વાણી બોલીએ તો તેનાથી કર્મ બંધાય છે, પછી તે આત્મા ચાર ગતિ રૂપ સંસારના જંગલમાં ભૂલો પડી જાય છે અને આ ભવમાં પણ ઉપયોગ રહિત વાણી બોલવાથી કેટલાય સંઘર્ષો પેદા થાય છે, બગીચામાં માનવી જઈને બેસે તો તેના દિલના ઉકળાટ શાંત થાય છે. તેને તાજગીનો પ્રસન્નતાનો અને સુગંધનો અનુભવ થાય છે. જંગલમાં જવાનું કોઈને મન થતું નથી, કારણ કે ત્યાં પ્રસન્નતા મળતી નથી. કદાચ જો ત્યાં ભૂલા પડી ગયા તો એમ થશે કે અહીંથી જલ્દી બહાર નીકળી જાઉં તો સારું. બગીચામાં જવાનું નાના મોટા સૌને ગમે છે. ત્યાં ગયા પછી ત્યાંથી ઉઠવાનું મન થતું નથી. જાણે અહીં બેસી રહીએ એવું થાય છે. આ જ રીતે જેની વાણી મીઠી ,હિતકારક અને કોમળ છે તેની પાસે આવનારને શીતળતા મળે છે. અશાંત હૃદયને શાંતિ મળે છે. જે આત્મા વાણીનો ગમે તે રીતે ઉપયોગ કરે છે, કર્કશ, કઠોર અને સામાને દુઃખકારક વાણી બોલે છે તેની પાસે જવાનું કોઈને મન થતું નથી. કદાચ એવા આત્મા પાસે જવું પડયું હોય તો ત્યાંથી જલ્દી છૂટી જવાનું મન થાય છે. જે આત્મા પાસે વાણીનો ઉપયોગ કરવાનો વિવેક છે તેની પાસે જવાનું સૌ ઇચ્છે છે. બધાને તેની પાસે જવાનું મન થાય છે. ગયા પછી તેની પાસેથી ઉઠવાનું મન થતું નથી. કર્કશ, કટુ વાણી માનવીના હૈયામાં અશાંતિ, દુઃખ ઊભા કરે છે.

કાઢે લોખંડના કાંટા, ક્ષણિક દુઃખ ઉપજે,
કટુ વાણી તણા કાંટા, જન્માવે વૈર ને ભય.

લોખંડની ખીલી કે કાંઈ વાગ્યું હોય તો તે ન નીકળે ત્યાં સુધી દુઃખ કરે પણ નીકળી ગયા પછી થોડા સમયમાં સારું થઈ જાય છે પણ કટુવાણી રૂપી કાંટા તો એકબીજા સાથે વેર અને ભય ઉત્પન્ન કરાવે છે માટે વાણીનો ખૂબ કંટ્રોલ રાખવાની જરૂર છે. એના સદુપયોગ માટે માણી બનીને વાણીનો વિવેકથી ઉપયોગ કરીશું તો જીવન જરૂર બગીચા જેવું બની જશે. આ જીવનને વન નહિ બનાવતા જો નંદનવન બનાવવું હોય તો વાણીનો સદુપયોગ કરતા શીખો. મહાન પુણ્યોદયે આ વચન શક્તિ મળી છે તો

તેના દ્વારા અરિહંત ભગવંતોના તથા ગુરૂ ભગવંતોના ગુણગ્રામ કરીએ, તેમની સ્તુતિ-સ્તવન કરીએ તો પણ આપણે કેટલાય પાપોથી બચી શકીશું. અરિહંત, સિદ્ધ આદિના ગુણગ્રામ કરવાથી તો જીવ તીર્થંકર નામ કર્મ બાંધી શકે છે. એ પ્રભાવ છે વાણીનો, માટે સામાયિકમાં બોલવું પડે તો સારી ભાષા બોલો. કોઇને દુઃખ થાય તેવી બરાબ કટુ ભાષા બોલાઈ જાય તો અતિચાર લાગે.

(૩) **કાયદુપ્પડિહાણે** : સામાયિકમાં કાયા માઠી રીતે પ્રવર્તાવી હોય. સામાયિક લીધા પછી વગર કારણે ઉઠ બેસ થાય નહિ. આંટા મરાય નહિ કે દોડાદોડી થાય નહિ. કારણવશાત ઉઠ બેસ કરવી પડે તો પૂંજીને કરાય. બિનઉપયોગે હલનચલન કરવાથી જીવોની હિંસા થઈ જાય છે.

जहा कुम्मे सअंगाई, सए देहे समाहरे ।
एवं पावाइं मेहावी अज्झप्पेण समाहरे ॥ સૂય.અ.૮ગાથા૧૬

જેવી રીતે કાચબો પોતાના હાથ પગ, મુખ આદિને સંકુચિત કરી પોતાના દેહમાં ગોપવે છે તે રીતે આત્માર્થી સાધક ધર્મધ્યાનની ભાવનાથી પોતાના અંગોને ગોપવીને સ્થિર રાખવા ઉપયોગ રાખે જેથી બીજા કોઇ જીવોને દુઃખ ન થાય. સામાયિકમાં મન, વચન, કાયાને જો બરાબ રીતે પ્રવર્તાવે તો અતિચાર લાગે. સામાયિકમાં તો સમભાવમાં રહેવું જોઇએ. (૪) **સામાઇયસ્સ સઇઅકરણુયા** : સામાયિક કરી છે કે નથી કરી તેની બબર રહી ન હોય. કેટલા વાગે સામાયિક લીધી છે અને કેટલા વાગે થાય છે તે યાદ ન હોય અને જો વહેલી પળાઈ જાય તો દોષ લાગે. હજુ સામાયિકમાં જીવને રસ જાગ્યો નથી, માટે આ સ્થિતિ થાય છે અને અતિચાર લાગે છે. (૫) **સામાઇયસ્સ અણવટ્ઠિયસ્સ કરણુયા** : સામાયિકનો સમય પૂરો થયા પહેલા પાળી લીધી હોય. સામાયિક કરનારે પોતાના વ્રતમાં બરાબર વફાદાર રહેવું જોઈએ જેથી અતિચાર ન લાગે. નવમા વ્રતના આ પાંચ અતિચાર છે. હવે દશમા વ્રતના અતિચાર સમજાવે છે.

દશમા વ્રતનું નામ છે દિશાવગાસિક વ્રત. એનો અર્થ એવો છે કે અમુક નિશ્ચિત સમય માટે ક્ષેત્રની મર્યાદા કરવી. તે મર્યાદા બહારની કોઈ પણ સાંસારિક પ્રવૃત્તિ ન કરવી. છઠ્ઠા વ્રતમાં દિશાઓની મર્યાદા જાવજીવ સુધીની છે. તે મર્યાદામાં ઘટાડો કરીને રોજરોજની મર્યાદા કરવી, તેમજ સાતમા વ્રતમાં જે દ્રવ્યોની મર્યાદા કરી છે તેમાંથી ઓછા કરીને રોજ દ્રવ્યોની મર્યાદા કરવી. જેના જીવનમાં તૃપ્તિ આવે છે, સંતોષ આવે છે તેવા જીવો આવી મર્યાદા કરી શકે છે. જેના જીવનમાં તૃપ્તિ નથી તે મર્યાદામાં આવતા નથી ને પાપથી અટકતા નથી. દશમા વ્રતના પાંચ અતિચાર છે.

(૧) **આણવણપ્પઓગે** : હદ બહારની વસ્તુ મંગાવી હોય. આ વ્રતમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ આ ચાર દિશાની મર્યાદા કરી કે મારે આજે આ ચાર દિશામા બે ગાઉ ઉપરાંત જવું નહિ. આ મર્યાદા કર્યા પછી કોઇની પાસે હદ બહારની

વસ્તુ મંગાવી શકાય નહિ. મંગાવે તો અતિચાર લાગે. દશમું વ્રત કર્યું હોય ત્યારે ચારે દિશામાં જેટલી છૂટ રાખી હોય તેનાથી વધુ દૂર સુધી ગૌચરી જવાય નહિ. **(૨) પેસવણુપ્પઓગે :** દિશાઓની મર્યાદા કરી છે તેના કરતાં અધિક આગળ નોકરોને મોકલી તેની પાસે વસ્તુ મંગાવે તો અતિચાર લાગે, કારણ કે કરવું, કરાવવું અને અનુમોદવું તેમાં પાપ તો લાગે છે. **(૩) સદ્દાણુવાએ :** સાદ કરીને બોલાવે અથવા મર્યાદાના ક્ષેત્રથી બહારનું કામ કરાવવું હોય તો છીંક, ઉધરસ ખાઈને, બોંગારો ખાઈને કે ઇશારો કરીને કાર્ય કરાવે તો અતિચાર લાગે. **(૪) રૂવાણુવાએ :** પોતાનું રૂપ બતાવી કોઈને બોલાવી મર્યાદાથી ક્ષેત્રની બહાર કામ કરાવવું. **(૫) બહિયા પુગ્ગલ પક્ખેવે :** કાંકરો, પત્થર આદિ ફેંકીને બીજાને સંકેત કરી હદ બહારની વસ્તુ મંગાવે તો અતિચાર. આ અતિચારો જાણવાના પણ આદરવાના નહિ. આપને દિશાની મર્યાદામાં જેટલી જરૂર હોય તેટલી રાખો પણ મર્યાદા કર્યા પછી તે મર્યાદા ઓળંગીને કોઈની પાસે મંગાવો તો અતિચાર લાગે. હવે જો પાપનો ભય લાગ્યો હોય તો વ્રતમાં આવો.

આપણો આત્મા અનંતકાળથી દુઃખથી ભયભીત બન્યો છે. મને દુઃખ કેમ ન આવે તે માટે ભય લાગ્યો છે પણ પાપનો ભય લાગ્યો નથી. દુઃખ માટે રડયો છે પણ પાપ થઈ જાય તે માટે રડયો નથી. આપ એટલું યાદ રાખજો કે **" દુઃખથી દુઃખી તે બીજા ભવમાં સુખી નહિ પણ પાપથી દુઃખી તે બીજા ભવમાં સુખી.** આનંદ શ્રાવકને ભગવાને દશમા વ્રતના અતિચાર સમજાવ્યા, પછી તેમણે ભગવાનને કહ્યું– પ્રભુ ! હું મારા વ્રતમાં અતિચાર નહિ લાગવા દઉં. તે માટે ખૂબ સાવધાન રહીશ. આવતી કાલે આયંબીલની ઓળી શરૂ થાય છે માટે બધા તપમાં જોડાજો. બધુ ભાવ અવસરે.

ચરિત્ર : કાંઈ ઊંડું કારણ લાગે છે : ગુણસુંદર અગ્નિસ્નાન કરે છે આ સમાચારથી ગામમાં હાહાકાર મચી ગયો છે. નાના મોટા સૌની આંખોમાં આંસુ છે. રાજાએ ખૂબ કહ્યું છતાં ગુણસુંદર બોલતો નથી. રાજા કહે–ગુણસુંદર ! તું આવું સાહસ શા માટે કરે છે ? આ રીતે મરવાથી તારું જીવન અલેખે જશે. તને શું દુઃખ છે ? મારા રાજ્યમાં કોઈ એ તારી આજ્ઞા ખંડિત કરી છે ? કોઈ એ તારું અપમાન કર્યું છે ? તારી વસ્તુ કોઈએ ચોરી લીધી છે ? તારા માથે એવું કયું દુઃખ આવી પડયું છે કે તારે આ રીતે આત્મહત્યા કરવી પડે છે ? કારણ જાણ્યા વિના અમે ઉકેલ કેવી રીતે લાવીએ ? માટે જે હોય તે તું બધું નિઃસંકોચપણે જલ્દીથી મને કહે તો હું તારું દુઃખ તરત મટાડી દઉં. રાજાએ આટલું કહ્યું છતાં ગુણસુંદર કાંઈ ન બોલ્યો, તેથી રાજા વિચારવા લાગ્યા કે ગમે તે પણ કોઈ ઊંડું કારણ લાગે છે એટલે તે કાંઈ બોલતો નથી. તેની ગંભીરતા કેટલી છે ! આ પૃથ્વીમાં ઘણાં વીરરત્નો પાકે છે તેમાંનું આ એક રત્ન છે. તે પોતાની વાત અંતરમાં ગોપવી રાખે છે પણ કોઇને કહેતો નથી.

અમે તમને મરવા તો નહિ જ દઇએ : ગુણસુંદરે રાજાને કાંઈ જવાબ ન આપ્યો એટલે નગરશેઠ પુરંદર શેઠ બોલ્યા. ગુણસુંદર ! જે હોય તે અમને કહો. શું

તમારા માથે દેવું વધી ગયું છે? તમારો ધંધો દેવું થાય એવો છે નહિ. તમે કોઇ એવા ખોટા રસ્તે નથી કે દેવાદાર બની જાવ છતાં દેવામાં ડૂબી ગયા હોય અને તમને એમ થતું હોય કે મારી આબરૂ, ઇજ્જત શી ? આ કારણથી તમે મરવા ઊભા થયા હોય તો અમે તમારી પડખે ઊભા છીએ. તમારા દુઃખમાં સહાયક બનીશું પણ તમને મરવા તો નહિ દઇએ. રત્નસાર શેઠ પણ ત્યાં આવ્યા છે. તે વિચાર કરે છે મને તો આમાં બીજું કોઇ કારણ લાગતું નથી. તેમના ઘરનું કોઈ કારણ હશે તે બે વચ્ચે કંઈક થયું લાગે છે એમ વિચારીને કહ્યું– બેટા! તમે તો મારા જમાઇ છો અને દીકરા જેવા છો. આપ કેમ કંઈ બોલતા નથી. જો મારો કંઈ અપરાધ થયો હોય તો મને કહો. હું માફી માંગું. શું મારી દીકરીએ તમારું કાંઇ અપમાન કર્યું છે.

વળી રત્નસુંદરી મુજ પુત્રીએ, દુભવ્યા હોય જો તુજ,
તેહ ગુન્હો તમે મુજને પ્રકાશો, તો હું સમજું ગુઝ હો....

રત્નસુંદરીએ તમારું મન દુભવ્યું છે? શું તેણે અઘટિત પગલું ભર્યું છે? તમારા કહ્યા પ્રમાણે નથી ચાલતી ? તમારી ઇચ્છા ન હોય ને પરાણે લગ્ન કર્યા હોય તેથી ફસામણમાં આવી ગયા છો ? આપને એવું શું દુઃખ આવી પડ્યું છે કે આપ અગ્નિસ્નાન કરવા તૈયાર થયા છો. આપ જે હોય તે વ્યક્ત કરો પણ આત્મહત્યા ન કરો. અમે કોઈ તમને અગ્નિસ્નાન તો નહિ કરવા દઈએ. અમારા કે રત્નસુંદરીના કોઇ પણ ગુના હોય તે બધા માફ કરો. કયા દુઃખે તમે મૃત્યુને વધાવી રહ્યા છો? રત્નસાર શેઠે ઘણું પૂછ્યું પણ ગુણસુંદર તો કાંઈ બોલતો નથી.

મારી તો દોસ્તી ય લજવાય : આ સમયે પુણ્યસાર કોઈ પ્રસંગે બહાર ગયો હશે તે આવ્યો. આખું ગામ હિલોળે ચઢ્યું છે પણ તેને કાંઈ ખબર પડી નથી. આખા ગામમાં બધાને એ વાતની ખબર છે કે પુણ્યસાર ગુણસુંદરનો જિગરજાન મિત્ર છે. જેવો એ ગામમાં આવ્યો કે બધાએ તેને કહ્યું–પુણ્યસાર ! તું કંઈ જાણે છે? શું છે ભાઇ ? તારો મિત્ર ગુણસુંદર અગ્નિસ્નાન કરવા તૈયાર થયો છે. શું અગ્નિસ્નાન ? આ સાંભળતા તે ઘેર ન ગયો. સીધો હાંફળો ફાંફળો થતો શ્વાસભેર ગુણસુંદરના મહેલે આવ્યો. ગુણસુંદરના મહેલ પાસે તો હજારોની મેદની હતી. બધા વચ્ચેથી પસાર થઈને મહેલ સુધી પહોંચવું પણ મુશ્કેલ હતું. તે તો બધાને આઘા ખસેડતો (૨) ગુણસુંદરના મહેલે પહોંચ્યો. નગરશેઠ, નગરનરેશ બધા આવી ગયા છે. પુણ્યસારે ગુણસુંદર પાસે જઈને એની બોચી પકડીને કહ્યું–અરે ગાંડા આ શું લઇને બેઠો છે ? તને ભાન છે કે નહિ ? તું જૈનનો દીકરો છે. જૈન કુળમાં જન્મેલાને આપઘાતનો વિચાર કરવો એ પણ મહાપાપ છે. આત્મહત્યા સ્ત્રીઓ કરે, પુરૂષ ન કરે. તારામાં પુરૂષપણું છે કે નહીં ? પુરૂષને ગમે તેવા સંકટ આવે, દુઃખ આવે તો પણ આપઘાત ન કરે. તું આમ કરે તો મારી દોસ્તી પણ લજવાય છે. બધા મને કહેશે કે તારો મિત્ર આવો કાયર કે આત્મહત્યા કરવા ઉઠ્યો ? હું ગઈ કાલે તો તારી પાસે આવ્યો હતો.

તેં મને કાંઈ વાત કરી નથી અને આજે એકાએક આ શું કરવા ઉઠયો છે ? ઊઠ, ઉભો થા. કહી દે કે હું અગ્નિસ્નાન નહિ કરું. આ રીતે સમજાવે છે ને શું બનશે તે અવસરે.

આસો સુદ ૭ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૯૧ તા. ૨૦-૧૦-૮૫

જ્ઞાની ભગવંત ફરમાવે છે કે હે જીવાત્મા ! આ જીવનમાં શું કરવાનું છે.

इह जीविए राय ! असासयम्मि, धणियं तु पुण्णाइं अकुव्वमाणो ।
से सोयई मच्चुमुहोवणीए, धम्मं अकाउण परम्मि लोए ॥ ઉત્ત.અ.૧૩ગા.૨૧

આ જીવન શાશ્વત નથી પણ અશાશ્વત છે. કંઇક જીવોને ધર્મધ્યાન કરવાનું કહીએ ત્યારે કહે છે કે હજુ જિંદગી ઘણી બાકી છે. જ્ઞાની કહે છે કે આ જીવન અશાશ્વત, ક્ષણભંગુર છે. આવા અશાશ્વત જીવનમાં જે મનુષ્ય નિરંતર ધર્મના કાર્યો, પુણ્યના કાર્યો કરતો નથી તે મનુષ્ય જ્યારે મૃત્યુના મુખમાં પહોંચે છે ત્યારે આ દુનિયામાં તો શોક કરે છે અને પરલોકમાં જાય ત્યારે ત્યાં પણ દુઃખી થાય છે પછી પશ્ચાતાપ કરે છે કે મેં મનુષ્ય જીવનમાં કાંઇ ધર્મારાધના કરી નહિ. જો ધર્મારાધના કરી હોત તો દુઃખો ભોગવવાનો સમય ન આવત.

એક વિચારકે માનવ જીવનને એક કારખાનાની ઉપમા આપી છે. આજના ઔદ્યોગિક યુગમાં ઘણાં કારખાના છે. કારખાનામાં જુદી જુદી જાતના લાખો રૂપિયાની કિંમતના માલનું ઉત્પાદન થાય છે તેથી દેશની આબાદી વધે છે. આ કારખાનું તેના માલિકને ધનવાન બનાવે છે તેમજ તે કારખાનામાં કામ કરતા હજારો કામદારો અને મજૂરોને રોજી પણ આપે છે. આ કારખાનામાં ઉત્પાદન બંધ થઇ જાય તો તે કારખાનુ બની જાય છે. ઉત્પાદન બંધ થતાં તેના માલિકને, મજૂરોને અને રાષ્ટ્રને પણ નુકશાન થાય છે. આ રીતે મહાન પુણ્યોદયે આપણને પાંચ ઇન્દ્રિયોવાળું અપટુ ડેટ કારખાનું મળ્યું છે. હાથ, પગ, આંખ, નાક, જીભ અને મન રૂપી સમૃદ્ધ યંત્રસામગ્રી મળી છે. ઘણી વાર એવું બને છે કે સમૃદ્ધ વિશાળ કારખાનું મળી જવા છતાં તે સમૃદ્ધ બની શકતો નથી કારણ કે કારખાનાના સંચા એમ જ રહેવા દીધા છે. પડયા પડયા યંત્રોને પણ કાટ લાગે છે, પછી કારખાનામાં માલનું ઉત્પાદન થતું નથી. તેના માલિકને કંઈ આવક થતી નથી અને જો ભાડે લીધેલું હોય તો વધારામાં ભાડું ચઢે છે.

જીવન કેવું બનાવશો ? કારખાનું કે કાટખાનું ? : આ જ રીતે શરીર રૂપી કારખાનું તો સુંદર રીતે મળી ગયું છે. પાંચ ઇન્દ્રિયો, મન, હાથ, પગ રૂપી યંત્રો પણ મળ્યા છે પણ જો આ યંત્રો દ્વારા આત્માની કમાણીનું નવું ઉત્પાદન ન કરીએ, ધર્મધ્યાન ન કરીએ, સારી ભાવનાઓ ન ભાવીએ. હાથ દ્વારા સુપાત્રદાન ન દઈએ, આંખ દ્વારા ગુરૂ ભગવંતોના દર્શન ન કરીએ, શાસ્ત્રોનું કે સારા પુસ્તકોનું વાંચન ન કરીએ, કાન દ્વારા વીતરાગની વાણી ન સાંભળીએ, કોઈ દુઃખી કે ગરીબોની

આપવીતી ન સાંભળીએ, કાયા દ્વારા પરમાર્થના કાર્યો ન કરીએ, જીભ દ્વારા મીઠા વચનો બોલીને કોઈના બળતા હૃદયને શાંતિ ન આપીએ. પ્રભુના કે ગુરૂ ભગવંતના ગુણગ્રામ ન કરીએ તો આ જીવન રૂપી કારખાના દ્વારા આત્માને કોઇ શુભ કર્મોની કમાણી થશે નહિ અને વધારામાં અશુભ કર્મોના ભાડા ચઢતા જશે. આ માનવ શરીર રૂપી કારખાનાના આ પાંચ ઇન્દ્રિયો અને મન રૂપી યંત્રો દ્વારા સંવેગ અને વૈરાગ્યનું આધ્યાત્મિક ઉત્પાદન કરવાનું છે. ધર્મની કમાણી કરવાની છે અને પુણ્યની આવક વધારવાની છે. પ્રેમ, કરૂણા, મૈત્રી, શાંતિ, ક્ષમા, સમતા વગેરે ઊંચી જાતનો માલ ઉત્પન્ન કરવાનો છે. જો આ જાતના શુભ કાર્યોની કમાણી કરી નહિ હોય તો મૃત્યુ આવે ત્યારે પસ્તાવાનો વખત આવશે અને પરલોકમાં પણ અશુભ કર્મોના કારણે દુઃખો ભોગવવા પડશે માટે આ જીવનમાં ધર્મઆરાધના કરી લો.

ધર્મ વિનાનું જીવન તારું ફોગટ ચાલ્યું જાય છે,
કરી નહિ ભાઈ એમાં કમાણી, પાછળથી પસ્તાય છે.
જિંદગી-બહુ ટૂંકી છે ને ફુરસદ નથી કામથી,
બે ઘડીનો સમય પ્રેમ કરી લે પ્રભુ નામથી.
ધન દૌલત બધું અહીં રહેશે, જીવડો ચાલ્યો જાય છે....ધર્મ

સમય તો ધર્મીનો જાય છે ને અધર્મીનો પણ જાય છે પણ અધર્મીનો સમય નિષ્ફળ જાય છે અને ધર્મીનો સમય લેખે જાય છે. જેણે ધર્મ કર્યો નથી તે મૃત્યુનો સમય આવે ત્યારે કહે કે કાળરાજા ! ઘડીક રોકાઈ જાવ, હું ધર્મ કરી લઉં ? તો તે રોકાવાનું નથી. તે તો કોઈની રાહ જોશે નહિ. અત્યારે કરવાની કિંમતી તક છે તો હે આત્મા ! તું કાંઈક કરી લે. આરાધનાના દિવસોની મંગલ શરૂઆત થઈ છે. નવ દિવસની આયંબીલની ઓળી છે. કંઈક હળુકર્મી જીવો સો સો આયંબીલ સાથે કરે છે. આ તો માત્ર નવ દિવસ આરાધના કરવાની છે. તો આજથી આરાધનામાં જોડાઈ જજો. આપણી આરાધના સફળ કયારે બને ? આજે ઘણાં કહે છે કે અમે તો ઘણી આરાધના કરી. તપ, જપ કર્યા. સામાયિકો કરી પણ અમને તેનું ફળ કંઈ દેખાતું નથી. આરાધના કરો પણ સાથે શ્રદ્ધાનો દીપક પ્રગટયો હશે અને લક્ષ મોક્ષ તરફનું હશે તો આરાધના સફળ બની શકશે. એક ન્યાયથી સમજીએ.

એડ્રેસ ખોટું તો પત્ર કયાંથી મળે ? : બે મિત્રો હતા. ગાડીમાં ત્રણ દિવસ સાથે રહેવાથી ઘણી જ મિત્રતા થઇ ગઈ. હવે એક મિત્રનું ગામ આવવાથી બીજાને કહે છે કે તું ઉતરી જા અને મારા ઘેર ચાલ. બંને મિત્રો સાથે જાય છે. ચાર દિવસ રહે છે. એકબીજાનો સ્નેહ ખૂબ વધે છે છેવટે જે દૂર ગામનો મિત્ર હતો તે જાય છે. પછી તેને ગયા બાદ આ મિત્ર તેના પત્રની રાહ જુએ છે પણ પત્ર નથી આવતો. મહિનો થયો પણ પત્ર ન આવ્યો તેથી આ મિત્ર પ્રેમ અને સ્નેહથી નીતરતો ૨૨ પાનાનો કાગળ મિત્રને લખે છે પણ તેનો જવાબ ન આવ્યો તેથી નિરાશ થાય છે

છેવટે બીજો પત્ર લખે છે પણ જવાબ નથી આવતો તેથી મિત્રના પ્રેમ પાછળ અધીરો બનેલો મિત્ર ખૂબ જ મનથી દુઃખી થાય છે. પત્રની રાહ જોતો રહે છે તેમાં એકાએક મિત્ર પોતે જ આવે છે. તેથી તેને અનેરો આનંદ થાય છે. આખો દિવસ ખૂબ જ આનંદથી પસાર કરે છે. રાત્રે પૂછે છે કે હે મિત્ર ! મેં તને બે પત્રો લખ્યા તેં જવાબ કેમ ના આપ્યો ? મિત્ર કહે કે મને એક પણ પત્ર મળ્યો નથી. આ કહે કે મેં બે પત્રો લખ્યા છે. ભાઈ ! સરનામું શું કર્યું હતું ? ભાઈએ જે એડ્રેસ કર્યું હતું તે કહ્યું અરે ! ભાઇ ! આ સરનામું જ ખોટું કર્યું છે. તેં ફ્રોમ (From) કર્યું હતું ? ના. જો ફ્રોમ કર્યું હોત તો છેવટે પત્ર પાછો તને મળત.

આ તો કાગળની વાત કરી હવે આપણી વાત કરીએ. આપણે આરાધનાઓ ઘણી સરસ કરીએ છીએ. ઉપવાસ, આયંબીલ આ બધી આરાધનાઓ જેવી તેવી નથી. આ આરાધનાઓ ૨૨ પાનાના કાગળ કરતાં ઘણી ચઢી જાય તેવી છે. સાધના, આરાધનાઓ ઘણી કરો છો પણ સરનામું ખોટું કર્યું છે એટલે લક્ષ ખોટું છે. આરાધનાઓ કરવા છતાં જો લક્ષ સાચું ન હોય તો એ આરાધનાઓ આપણને જોઈએ તેવી ફળદાયી બનતી નથી. કવર પરનું સરનામું કાગળના લખાણની અપેક્ષાએ ખૂબ ટૂંકું હોય છે છતાં કાગળની સફળતા અને નિષ્ફળતાનો આધાર સરનામા પર છે. આ રીતે ઘણી ઉગ્ર તપસ્યાઓ, આરાધના, સાધનાનો આધાર તેના લક્ષ પર છે. આત્મલક્ષે મોક્ષના લક્ષે કરેલી આરાધના સફળ છે. ભૌતિક સુખોના લક્ષે કરેલી આરાધના મોક્ષનો હેતુ બની શકતી નથી.

સંભૂતિ મુનિની આરાધના કેટલી જબ્બર હતી. આ વાત તો સાધુને પણ સમજવા જેવી છે. ખોટા સરનામાવાળો કાગળ યથાસ્થાને પહોંચે નહિ તેમ ચારિત્ર લીધું પણ લક્ષ જો ખોટું તો આત્મા મોક્ષ ગતિએ પહોંચે નહિ. સંભૂતિ મુનિની સાધના એટલી અઘોર હતી કે ન પૂછો વાત. એક વાર ચક્રવર્તી અને તેમની સ્ત્રીરત્ન મુનિના દર્શન કરવા આવ્યા. બન્ને વંદન કરે છે. વંદન કરતાં સ્ત્રીરત્નના માથામાંથી વાળની લટ છૂટી પડી ગઈ. સ્ત્રીરત્નના માથામાં તો ઊંચી જાતના કિંમતી સુગંધી તેલ નાંખેલા હોય છે. જેવી તે વંદન કરવા વાંકી વળી તેવી આ છૂટી પડેલી લટમાંથી સુગંધી તેલનું ટીપું તેમના અંગુઠા પર પડતાં મુનિનો ક્રોધ શાંત થયો. તેના શરીરમાં શીતળતા લાગી. મુનિએ નજર કરી તો ચક્રવર્તીને અને સ્ત્રીરત્નને જોઈ. મુનિની આરાધના જબ્બર હતી પણ જીવનનું લક્ષ ચૂકી ગયા. સરનામું ખોટું કર્યું, આટલા વર્ષોથી ચારિત્ર અને તપની સુંદર આરાધના કરી પણ ચક્રવર્તીને અને સ્ત્રીરત્નને જોતાં પોતાનું લક્ષ ચુમાવી દીધું, ત્યાં નિયાણું કર્યું કે મારા તપ અને સંયમનું ફળ હોય તો આવતા જન્મમાં હું ચક્રવર્તી બનું અને મને આવા સ્ત્રીરત્નની પ્રાપ્તિ થાય. મુનિ ભાન ભૂલી ગયા કે મેં દીક્ષા શા માટે લીધી છે ? કર્મો ખપાવીને મોક્ષમાં જવા માટે; પણ સરનામું ખોટું કર્યું. પોતાના કરેલા તપના ફળને વેચી નાંખ્યું. આ માંગણી

પાછળની ભયંકર નુકશાની તેમની નજરમાં ન આવી. જ્ઞાની કહે છે કે હે સાધક ! તું ધ્યાન રાખજે. તેં સાધના, આરાધના તો ઘણી કરી પણ સરનામું ખોટું ન થઇ જાય.

સાધક રે.... પ્રભુના શાસનમાં જોજે કર્મના બંધાય,
સાધના કરવાથી સિદ્ધિ સધાય....(૨)....

જ્ઞાની આપણને એ ટકોર કરે છે કે આરાધનાનો પત્ર તો સરસ લખ્યો છે પણ સરનામું ખોટું કર્યું તો મોક્ષમાં પહોંચી શકીશ નહિ. સંભૂતિ મુનિએ નિયાણું કર્યું. કર્મસત્તાએ નિયાણા પ્રમાણે તેને ચક્રવર્તી પદ આપ્યું. તે બ્રહ્મદત્ત ચક્રવર્તી બન્યા. તે ચક્રવર્તીના સુખોના બદલામાં કર્મે તેમને સાતમી નરકનો પાસપોર્ટ આપી દીધો. નિયાણું કર્યા પછી તેની આલોચના ન કરે, પ્રાયશ્ચિત ન લે તો નિયાણા પ્રમાણે સુખો મળે પણ બીજા ભવમાં ચારિત્રના ભાવ ન આવે. ચિત્ત મુનિએ બ્રહ્મદત્તને કેટલું સમજાવ્યા પણ બ્રહ્મદત્ત ચક્રવર્તીપણું છોડી શકયા નહિ અને સાધુપણું લઈ શકયા નહિ. તમે કાગળ પર સરનામું ખોટું કર્યું તો તેમાં નુકશાન એટલું થશે કે કાગળ નિશ્ચિત સ્થાને પહોંચી શકશે નહિ અને ગમે ત્યાં અટવાઈ જશે પણ આરાધના પાછળ જો લક્ષ ચૂકી ગયા તો એ જે નુકશાન થશે તે તો કલ્પના બહારનું હશે. એ માત્ર મોક્ષ નહિ પહોંચાડે એટલું નહિ પણ ઘણા કાળ સુધી સંસારમાં રખડાવશે.

બીજી વ્યક્તિના દિલમાં પ્રેમ ટકાવી રાખવા માટે લાગણીસભર ભાવભર્યો કાગળ અને સરનામું સાચું આ બંને જરૂરી છે, તેમ પરમપદની પ્રાપ્તિ માટે વિશુદ્ધ આરાધના અને મોક્ષ તરફનું લક્ષ આ બંને જરૂરી છે. આ બંનેમાંથી જો એક પણ બરાબર નહિ હોય તો આત્મકલ્યાણ થવું મુશ્કેલ છે. જીવ આરાધના તો ઘણી કરે છે, પણ તેનું લક્ષ બરાબર નથી. પરિગ્રહનો મોહ છોડી દાન તો ઘણું દીધું પણ તેનું લક્ષ કીર્તિ, પ્રશંસા મેળવવાનું છે. બ્રહ્મચર્યનું પાલન કર્યું પણ બીજા ભવમાં ભોગસામગ્રી સારી મળે તે આશાથી. અરે! અભવી આત્મા ચારિત્ર તો લે છે પણ તેનું લક્ષ મોક્ષનું નથી પણ દેવલોકના ભૌતિક સુખો મેળવવાનું છે, તેથી નવમી ગ્રૈવેયક સુધી જઈ શકે છે પણ મોક્ષે જઈ શકતો નથી. આનું મુખ્ય કારણ એ છે કે આરાધનાનો કાગળ તો ઘણો લાંબો લખ્યો પણ તેના પર મોક્ષનું સરનામું ન કરતાં સંસારનું સરનામું કર્યું. આ ખોટા સરનામાએ આરાધનાના ઉત્તમ કાગળની મહેનતને નિષ્ફળ બનાવી દીધી માટે કોઈ પણ આરાધના કરો તો લક્ષ મોક્ષનું હોવું જોઇએ; પછી જોજો તમારા પત્રનો જવાબ મળે છે કે નહિ ? એ આરાધના જરૂર આપણને મોક્ષ પહોંચાડશે. બેડૂત ખેતરમાં ઘઉં વાવવા જાય તો તેનું લક્ષ ઘઉં મેળવવાનું છે તો ઘઉંની સાથે ઘાસ તો ઉગવાનું છે, તેમ આપણી સાધના, આરાધનાનું લક્ષ તો મોક્ષનું હોવું જોઇએ. એ લક્ષે સાધના કરતા પુણ્ય રૂપી ઘાસ તો ઉગવાનું છે અને તમારા માનેલા ભૌતિક સુખો મળવાના છે. જૈનદર્શનના સિદ્ધાંત પ્રમાણે શુભાશુભ કર્મો અનુસાર જીવને સુખ દુઃખ મળવાના છે. કોઈ કોઈને સુખ આપી શકતું નથી અને કોઈ કોઇને દુઃખ આપી શકતું નથી.

" अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य । " કર્મનો કરનારો આત્મા છે ને ભોગવનારો આત્મા છે. સુખ દુઃખનો કરવાવાળો પણ આત્મા છે. જો આ સૂત્ર હૃદયમાં ઠસી જાય તો આપણે કોઈને શત્રુ કે મિત્ર માનીશું નહિ.

એક વખત રિપુમર્દન રાજા રાજસભા ભરીને બેઠા હતા. તે પોતાની બડાઈ, ડંફાસ મારતા હતા કે હું સારી રીતે રાજ્ય ચલાવું છું તેથી આખા નગરના લોકો અને રાજપરિવાર આટલું સુખ ભોગવે છે. જો હું ધારું તો ઘડીના છઠ્ઠા ભાગમાં તેમનું સુખ ઝૂંટવી શકું તેમ છું. આજના લાખપતિને ઘડીકમાં રાખપતિ બનાવી શકું છું. મારાથી બધા સુખી છે. સર્વત્ર મારી બોલબાલા વર્તાય છે. જે કર્મના સિદ્ધાંતને સમજતા ન હોય તે રાજાની વાતને હા જી હા કરે અને તેમના વચનને વધુ પ્રોત્સાહન આપે.

સુખ દુઃખ તો પુણ્ય પાપ પ્રમાણે : આ સભામાં રાજાની દીકરી બેઠેલી હતી. તેના પિતા જે વચનના બાણ ફેંકી રહ્યા હતા તે તેને ગમતા ન હતા. તે જૈન દર્શનના કર્મવાદને બરાબર સમજતી હતી, એટલે તેના મનમાં થયું કે બાપુજી ! તમે શું કરી શકો તેમ છો ? સૌ સૌના કર્મ સ્વતંત્ર છે. દરેકને પોતાના શુભાશુભ કર્મો પ્રમાણે સુખ દુઃખ મળે છે. માનવ માત્ર તેમાં નિમિત્ત રૂપ છે. છોકરીનું નામ હતું મંદિરા. રાજાની નજર તેમની લાડકી દીકરી મંદિરા પર પડી. તેને ડોકું ધુણાવતી જોઈ એટલે રાજા સમજી ગયા કે મંદિરાને મારી વાત ગમતી નથી. એટલે રાજાએ પૂછયું– બેટા મંદિરા ! તું માથું કેમ ધુણાવે છે ? પિતાજી ! મારો અપરાધ થાય તો માફ કરજો. હું આપને એ કહું છું કે આપ કહો છો કે બધાને સુખ દુઃખ આપનારો હું છું પણ હું તો કહું છું કે સુખ–દુઃખ તો જીવોને પોતાના પુણ્ય, પાપ પ્રમાણે મળે છે. સુખનો કરવાવાળો આત્મા છે તો દુઃખનો કરવાવાળો પણ આત્મા છે. આત્મા જેવા કર્મ બાંધે છે તેવા તેને ભોગવવા પડે છે. આપ તો નિમિત્ત માત્ર છો આપનું આ અભિમાન ખોટું છે.

કર્મવાદને માનતી મંદિરા : આ સાંભળતા રાજાને ગુસ્સો આવ્યો. ભરસભામાં તને પિતાનું અપમાન કરતાં શરમ નથી આવતી ? હું ધારું તો તને એક સારા રાજકુમાર સાથે પરણાવી સુખ સાહ્યબીમાં મહાલતી કરી દઉં અને હું ધારું તો એક કુષ્ટિ ભિખારીને આપી તને રસ્તાની રઝળતી ભિખારણ બનાવી શકું. હું ધારું તો દરિદ્રને પળવારમાં ધનવાન બનાવું અને ધનવાનને પળવારમાં દરિદ્ર બનાવી દઉં. સમજી ? માટે તને હજુ કહું છું કે તું મારા વિચારમાં સંમત થા. મંદિરાએ કહ્યું– પિતાજી ! આપના ગર્વનો આ ઉન્નત ગિરો તમને ઊંડી ગર્તામાં ફેંકી દેશે. આપ મારા માટે સારો રાજકુમાર શોધશો પણ જો મારું પુણ્ય પરવાર્યું હશે તો તે પણ રસ્તાનો ભિખારી બની જશે. આપ મને ભાવ દરિદ્ર ભિખારી જેવા સાથે પરણાવશો પણ મારા પુણ્યનો સિતારો ચમકશે તો તે રાજ્યનો માલિક બની જશે. પુણ્ય પાપના સંયોગથી આત્મા સુખ દુઃખનો ભોક્તા બને છે. એ વાત તદ્દન સત્ય અને નિઃશંક છે. પુત્રીની વાત સાંભળતા રાજા ધમધમી ઉઠયા કારણ કે અભિમાન છે કે હું કહું તે સાચું.

દીકરીએ તેમની વાતનો સ્વીકાર ન કર્યો એટલે ક્રોધ આવ્યો. ક્રોધથી ધૂંધવાતા મહારાજા ગર્જી ઉઠયા. અહીં કોઈ હાજર છે કે નહિ ? તરત દ્વારપાળ હાજર થયો. ફરમાવો મહારાજા ! આપની શી આજ્ઞા છે ?

ગર્વમાં ઉન્મત્ત બનેલ રાજાએ પુત્રી પર કરેલો પ્રકોપ : રાજાએ તો વચન બાણ ફેંકયું. આ છોકરી કહે છે આપ કોઇને સુખી દુઃખી કરી શકતા નથી. સૌ પોતાના કર્મો પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. તો હવે તેને બરાબર બતાવી દઉં. આપ ગામમાં જાઓ. સાવ ગરીબમાં ગરીબ ભિખારી હોય તેને શોધી લાવીને મારી પાસે હાજર કરો રાજાના સેવક પણ તેવા જ હતા. તે ગામમાં જઈને એક તદ્દન દુઃખી, કંગાલ માણસને શોધી લાવ્યા. જેને એક ઠાર નથી. નાકની નસ્કોરી એક છે, એક આંખે કાણો છે, એક હાથે પગે ટૂંઠો છે, હાથ પગ કામ કરતા નથી. ચાલે તો લાકડીના ટેકે ચાલે છે, આખા શરીર પર ગુમડાનો પાર નથી, ગુમડામાંથી લોહી, પરૂ વહ્યા કરે છે, તેના શરીર પર માખીઓ બણબણ કર્યા કરે છે, દેખાવમાં સાવ બિહામણો લાગે છે, સાત દિવસનો ભૂખ્યો છે એટલે પેટ તો પાતાળમાં ઉતરી ગયું છે, ભીખ માંગે છે છતાં તેને કોઈ દેતું નથી. રાજા કહે– બસ, આ છોકરી માટે આ બરાબર મળી ગયો છે. રાજસભા તો આ જોતાં અવાક્ બની ગઇ. રાજા આ શું કરે છે ? રાજહઠ અને બાળહઠ વચ્ચેનો આ ગજગ્રાહ ! હવે શું થશે. ? આ જોવા માટે બધાનું મન અધીરું બન્યું. ક્રોધથી ધમધમતા રાજાએ મંદિરાને કહ્યું–દીકરી ! હજુ હું તને કહું છું કે પુણ્ય પાપના આ ખોટા લવારા છોડી દે અને મારી વાતનો સ્વીકાર કર, નહીતર આ દીન, ગરીબ માનવને હું મારા હાથે તારું કન્યાદાન આપું છું. તારા કર્મે એ તને મળે છે તો તેનો પતિ તરીકે સ્વીકાર કરી લે.

મદાંધી રાજાના અન્યાયે મચાવેલી રોકકળ : મંદિરા કહે છે પિતાજી ! હું કર્મના સિદ્ધાંતને માનું છું. તમારી વાતને નહિ માનું. હું તમને ખોટા મસ્કા નહિ લગાડું. આપની ઇચ્છા મારા સારા માટે હોય. આજે મારા કર્મ મને આપના હાથે જે અપાવે તે સ્વીકારવામાં મને આનંદ છે. આખી સભા આ દૃશ્ય જોતાં રડી પડી. ક્યાં રાજકુમારી અને ક્યાં આ દુઃખી કંગાળ માણસ ! રાજાએ કહ્યું– તેં જે દાગીના પહેર્યા છે તે બધા કાઢી નાંખ. મારી આજ્ઞા એ જ છે કે તદ્દન સાદા વેશમાં મેં તને જેને અર્પણ કરી છે તેની સાથે આ ગામ છોડીને ચાલી જા. મારી હદમાં રહીશ નહિ. જા, તારા કર્મો તું ભોગવી લે. ભલે પિતાજી ! આપના આ બધા દાગીના આપને મુબારક હો. હવે આપની આજ્ઞા પ્રમાણે જાઉં છું. આખી રાજસભામાં રોકકળ મચી ગઈ. રાજકુમારીની આ દશા ! રાજાને એકની એક દીકરી છે છતાં કઈ સ્થિતિમાં મૂકાઈ ?

દુઃખમાં સુખ માનતી મંદિરા : મંદિરા તો એ ગરીબ માણસનો હાથ પકડીને રાજસભામાંથી બહાર નીકળી ગઇ. આ માણસના મનમાં દુઃખ થાય છે ક્યાં રાજકુમારી અને ક્યાં હું ! મંદિરા કહે, મારા પિતાએ મને તમને અર્પણ કરી એટલે તમે મારા

પતિ થઈ ચૂકયા. હવે તમે મારા સર્વસ્વ છો. બંને ચાલતા ચાલતા જાય છે. રાત પડવા આવી. ત્યાં એક મંદિર આવ્યું. તેમાં બંને બેઠા. મંદિરા પોતાના ભાવિ જીવનનો વિચાર કરતી પતિના પગ પાસે બેઠી છે. મંદિરાના પતિની આંખમાં આંસુ આવી ગયા. એક રાજકુમારીની આ દશા મંદિરા કહે આપ શા માટે રડો છો ? મારા પિતાજી તો નિમિત્ત માત્ર છે. મારા કર્મમાં આ સર્જાયેલું હશે. તેનો પતિ કહે છે દેવી ! મહારાજાને કોપાયમાન કરીને હાથે કરીને મારા જેવા દીન પતિને સ્વીકારવામાં તમે મોટી ભૂલ નથી કરી ? હું હજુ કહું છું કે હું મારું દુઃખ ભોગવી લઈશ. તમને સાથે રાખવાથી મારે વધારે દુઃખ ભોગવવું પડશે. આજ સુધી હું ગમે ત્યાં પડયો રહેતો હતો. હવે તમારી ચિંતા વધી. બંનેનું પેટ પૂરતું કેવી રીતે થશે ? તમે રાજમહેલમાં છલકતા વૈભવોમાં ઉછરેલા છો આ દુઃખો કેવી રીતે વેઠી શકશો ? માટે હું તો કહું છું કે તને બીજો સારો પતિ મળે તો શોધી લે. નાથ ! મારા પિતાએ બધાની સમક્ષમાં મને જોને આપી તે મારો પતિ. પછી તે ગમે તેવો હોય, ગમે તે સ્થિતિમાં હોય તો ય મારા માટે પૂજનીય અને સર્વસ્વ છે. આપ સિવાયના જગતના તમામ પુરૂષો મારા માટે ભાઇ અને બાપ સમાન છે. આપ કયારે પણ આવા વચન ફરીને બોલશો નહિ. આપણું જીવન નભાવવા માટે આ દાસી ગમે તેવા મુશ્કેલીભર્યા કામો કરતા શરમાશે નહિ. હવે તો આપની સેવા એ મારા માટે મેવા છે. મારે આભૂષણ કે દાગીનાની જરૂર નથી. શીલવ્રત એ મોટામાં મોટું કિંમતી આભૂષણ છે. મને શ્રદ્ધા છે કે મારું ભાગ્ય આપણા જીવનને સાચી દિશા બતાવશે. મંદિરાને કર્મ પર કેટલો વિશ્વાસ છે અને ધર્મ પ્રત્યે કેટલી અપૂર્વ શ્રદ્ધા છે. તે કર્મની ફિલોસોફીને બરાબર સમજે છે એટલે આવા દુઃખમાં પણ દુઃખ માનતી નથી ને રડતી નથી. મંદિરના ઓટલા પર બંને સૂઈ ગયા.

શીલની પરીક્ષા કરતી દેવી : રાત પૂરી થઈ. સૂર્યના સોનેરી કિરણો પૃથ્વીને ચમકાવવા લાગ્યા. સવાર પડતાં બંને ઊઠયા ને ચાલવા લાગ્યા. રસ્તામાં જે કંઈ ફળ મળે તે ખાઇ લે અને પાણી પીને તરસ છીપાવે. રાત્રે એક મંદિરમાં ઉતર્યા છે. તે સમયે એક દેવી એક પુરૂષને લઈને આવી. દેવીએ કહ્યું–હે કુમારી ! ભૂલને પાત્ર તો સૌ છે. તેં ભૂલ કરી તેથી તને આવો પતિ મળ્યો છે. હું આ નગરની અધિષ્ઠાત્રી દેવી છું. તારા પર મને કરૂણા આવી છે તેથી તારા માટે આવો રૂપરૂપનો અંબાર રાજપુત્ર લઈને આવી છું. તારો પતિ તો કેવો છે ? જોને એક આંખ નથી, એક કાન કે એક નસકોરી નથી, હાથ પગ કામ કરતા નથી. શરીરમાંથી લોહી, પરૂ વહ્યા કરે છે. આ મારાથી જોવાતું નથી એટલે તારા માટે સારો છોકરો શોધી લાવું છું. તું એનો સ્વીકાર કર. દેવી ! હું તમને પગમાં પડીને કર જોડીને કહું છું કે આપ આવી અઘટિત વાત કરશો નહિ. મારા પિતાએ સભાની સમક્ષ મને જોને અર્પણ કરી તે મારો પતિ છે. તે જ મારું સર્વસ્વ છે, મારો જાન જાય તો કુરબાન પણ મારું શીલ તો ખંડિત નહિ થવા દઉં. કદાચ ઈન્દ્રથી પણ અધિક તેજસ્વી પુરૂષ હોય પણ મારા

આ પતિ સિવાય કોઈને પણ ઈચ્છીશ નહિ. તે બધા મારા ભાઈ અને બાપ સમાન છે. આપ આ શબ્દ કયારે પણ બોલશો નહિ. કૃપા કરીને આપ જ્યાંથી આવ્યા હો ત્યાં પાછા સિધાવો.

કારમી કસોટીમાં પણ મંદિરાની મક્કમતા : દેવી કહે-તું મારી વાત પણ નહિ માને ? તો તને બતાવી દઉં. એમ કહીને દેવીએ ક્રોધના આવેશમાં આવીને કુંવરીને પકડી થોડે દૂર લઈ જઈ દડાની જેમ અદ્ધર ઉછાળી અને નીચે પડતા ત્રિશુળ પર ઝીલી લીધી અને કહ્યું-હે મૂર્ખી ! હવે તો મારું માન. નહિ માને તો હજુ ખૂબ કસોટી આવશે, દૃઢ વ્રતધારી મંદિરાને શીલવ્રતથી ચલિત કરવા દેવીએ આ બધું કર્યું પણ મંદિરા તો પોતાના વ્રતમાં અડગ હતી. તેણે કહ્યું-હે દેવી ! મને શીલ વ્રતથી ચલિત કરવાની તમારી આ કળાને હું ઓળખી ગઇ છું પણ યાદ રાખજો મને મૃત્યુનો ડર નથી. આપ મને મારી નાંખશો તો કબૂલ પણ મારા શીલ વ્રતને તો છોડીશ નહિ. મંદિરાની મક્કમતા જોઈને દેવી ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ. શીલની સુવાસ તેના જીવનમાં કેટલી મ્હેંકી રહી છે. શીલ માટેની કેટલી દૃઢતા અને કર્મના સિદ્ધાંત પર કેટલી અડગ શ્રદ્ધા !

મારા પતિ કયાં ગયા ? : મંદિરા ધીમે ધીમે પોતાના પતિ પાસે ગઈ. આવીને જુએ છે તો જ્યાં પતિને બેસાડયા હતા ત્યાં એ પતિ નથી. તેને બદલે રૂપરૂપનો અવતાર એક પુરૂષ બેઠો છે. અરે ! મારા પતિ કયાં ગયા ? તેમના સ્થાને આ કોણ આવીને બેસી ગયું ? હવે હું કયાં જાઉં ? શું કરું ? તેના મનમાં અનેક તર્કવિતર્કો થવા લાગ્યા. આ કૌતુકભર્યા બનાવથી તેના મગજમાં વિચારોની પરંપરા ચાલુ થઈ. તે મનમાં નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. ત્યાં તે પુરૂષે કહ્યું-મંદિરા ! તું ગભરાઇશ નહિ. હું જ તારો પતિ છું. મંદિરા કહે-ના, તમે મારા પતિ નથી. મારા પતિને તો એક આંખ નથી, એક કાન નથી, કુબડો છે. આ દિવ્ય પુરૂષે કહ્યું-તું મારી વાત સાંભળ. હું તારો કોઢિયો પતિ છું.

વિદ્યાધર રાજાએ કરેલું રૂપ પરિવર્તન : હું વૈતાઢય પર્વત પર મણિપુર નગરનો વિદ્યાધર રાજા છું. મારું નામ મણિચૂડ છે. તારા પિતાના નગરમાં હું નગરચર્યા જોવા માટે આવ્યો હતો. રાજાએ સભામાં કહ્યું-હું બધાને સુખી દુઃખી કરી શકું છું. તેં આ વાતનો સ્વીકાર ન કર્યો. તેં કહ્યું-જીવ પોતાના શુભાશુભ કર્મો પ્રમાણે સુખી દુઃખી થાય છે. તારી વાતથી રાજાને ગુસ્સો આવ્યો ને હુકમ કર્યો કે જાવ કોઈ ભિખારીને શોધી લાવો. આ બધું મેં જોયું તેથી હું રૂપ પરિવર્તન કરીને બહાર બેઠા હતે. ત્યાં રાજાના માણસો આવ્યા ને મને રાજસભામાં લઈ ગયા. તારા પિતાએ મને અર્પણ કરી. તારી પરીક્ષા કરવા દેવીએ રૂપવાન છોકરાને તારી સામે રજૂ કર્યો ને લગ્ન કરવા કહ્યું. તેણે કસોટી કરી પણ તું તારા વ્રતમાં અખંડ રહી છે. કર્મના સિદ્ધાંતથી ચલિત થઈ નથી. આ બધું કરનાર હું છું, રાજાએ તને મને સોંપી પણ

તારા પુણ્યબળે તું બાજી જીતી ગઈ છે અને રાજા છેતરાઈ ગયો છે. મેં તારી પરીક્ષા કરી એમાં તું પાસ થઈ છે, તેથી મને ખૂબ આનંદ થયો છે. મને પણ હવે સમજાઈ ગયું કે કોઈ બીજાને સુખી દુઃખી કરી શકતું નથી. કર્મો જીવને સુખી દુઃખી કરે છે. બીજા તો નિમિત્ત માત્ર છે. તને જો વિશ્વાસ બેસતો ન હોય તો પહેલા હતું તેવું રૂપ કરી બતાવું એટલે મંદિરાને વિશ્વાસ બેઠો. પછી પોતાનું સાચું રૂપ ધારણ કર્યું. વિદ્યાધર. કહે-તને પામીને હું ધન્ય બની ગયો છું. તને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે. નાથ ! આપ મારી પ્રશંસા ન કરો. પૂર્વજન્મમાં મેં સુકૃત્યો કર્યા હશે જેથી આપના જેવા પતિને પામી હું કૃતાર્થ બની છું.

ધર્મકર્મની શ્રદ્ધા કરાવવા બતાવેલો પરચો : વિદ્યાધર કહે, દેવી ! તારા પિતાને અભિમાન ઘણું છે. તું કહે તો તારા બાપને બતાવી દઉં. નાથ ! તે આપણા પૂજ્ય વડીલ છે. આપણે તેમને કંઈ બતાવવું નથી કે દુઃખ દેવું નથી પણ ધર્મકર્મના સિદ્ધાંતને માનતા નથી તેથી એવો પરચો આપો કે જેથી તે ધર્મ કર્મને માને. તેમનું ખોટું અભિમાન ઉતરી જાય. આપ તેમને બેડૂતના વેશમાં બોલાવો. એ વેશમાં આવીને તેઓ કર્મની ગતિને જુએ એવી મારી ઈચ્છા છે. તરત વિદ્યાધરે પોતાના સૈનિકોને મોકલ્યા ને કહેવડાવ્યું કે વિદ્યાધર રાજા ચઢાઈ લઈને આવ્યા છે, જો તમારી લડાઈ કરવાની શક્તિ ન હોય તો બેડૂતના રૂપમાં આવી તેમના ચરણમાં પડો; નહિતર મોટો રણસંગ્રામ બેલાશે. આ સમાચાર સાંભળતા રાજા બરાબર ધમધમ્યા. રાજાએ તપાસ કરાવી તો બબર પડી કે શત્રુ રાજાનું સૈન્ય આપણા કરતાં ચાલીસ ગણું છે. આપણે તેમની સામે પહોંચી શકીશું નહિ માટે બેડૂતના રૂપમાં જઈને તેમને નમસ્કાર કરવા શું બોટા ? રાજા બેડૂતનો વેશ પહેરીને વિદ્યાધર રાજાને નમવા માટે આવ્યો. વિદ્યાધરની બાજુમાં પોતાની દીકરી મંદિરાને બેઠેલી જોઈ. રાજા દીકરીને જોતાં આશ્ચર્યમાં પડી ગયા. મેં તો મંદિરાને કુબડા સાથે પરણાવી છે. તે તો કેવો બિહામણો હતો અને આ છોકરો તો દેવરૂપ જેવો કેવો સોહામણો છે ! શું મંદિરા બીજાને પરણી હશે ? વાતો તો કર્મની મોટી મોટી કરતી હતી. તેણે આ શું કર્યું ? તેણે શા માટે કુબડાને છોડીને રાજકુમાર સાથે લગ્ન કર્યા હશે ?

મંદિરાએ પિતાજીને કરાવેલી ધર્મકર્મની શ્રધ્ધા : રાજાને વિચારમાં અટવાયેલા જોઈને વિદ્યાધરે કહ્યું-રાજન્ ! તમે અફસોસ ન કરશો. શંકા કુશંકા ન કરશો. તમારી દીકરી સાચી સતી છે. તેનો કર્મનો સિદ્ધાંત સાચો છે. આપે તેને જેની સાથે પરણાવી છે તે હું જ છું. આપે તો તેને દુઃખના દરિયામાં નાંખી હતી પણ તેના પુણ્યબળે, શીલના પ્રભાવે તે દુઃખમાંથી મુક્ત થઈ છે. જો આપને વિશ્વાસ ન બેસતો હોય તો આપને તે રૂપ કરી બતાવું. વિદ્યાધરે તરત કુબડાનું રૂપ લીધું. જુઓ, હવે આપને શ્રદ્ધા થઈને ? પછી તરત રૂપ બદલી નાંખ્યું. આજે આપ આપની દીકરીને

સુખમાં જોઈ શકો છો. હવે તો કર્મના સિદ્ધાંતને માનશો ને ? કોઇ કોઇને સુખી દુઃખી કરી શકતું નથી. હવે રાજાની આંખ ઉઘડી ગઇ. પોતાના જમાઈની સાચી વાત જાણીને ખુશ થયા. પછી મંદિરાના વિધિપૂર્વક વિદ્યાધરની સાથે લગ્ન કર્યા અને કન્યાદાનમાં રાજાએ ઘણું ઘણું આપ્યું. વિદ્યાધર મણિચૂડ રાજા અને મંદિરાએ થોડો સમય સંસારમાં રહી પછી દીક્ષા લઇ આત્મકલ્યાણ કર્યું. આ દૃષ્ટાંતથી એ વાત જાણવાની મળે છે. કોઈએ ફાંકો રાખવો નહિ કે હું છું તો બધું મારાથી થાય છે. સૌ પોતપોતાના કર્મો પ્રમાણે સુખ દુઃખ ભોગવે છે. ભલે તમે કમાવ છો પણ તેમાં કુટુંબના કોઇનું પુણ્ય મદદગાર બનતું હોય છે. બીજી એ વાત કે તમે બીજા માટે ગમે તેટલા કર્મો કરશો તો પણ કર્મો તો કરનારને ભોગવવા પડશે.

આજથી આયંબીલ તપની ઓળી શરૂ થાય છે. આયંબીલ એ મહાન તપ છે. તેનાથી ભલભલાના રોગો મટી જાય છે. ગમે તે આરાધના કરો, સાધના કરો પણ લક્ષ મોક્ષનું રાખજો તો તમારી સાધના સિદ્ધિ અપાવશે. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

આસો સુદ ૮ ને સોમવાર : વ્યાખ્યાન નં. ૯૨ : તા. ૨૧-૧૦-૮૫

અનંતજ્ઞાની, કરૂણાના કિમિયાગર, દર્શનના દિવાકર, એવા જિનેશ્વર ભગવાન ફરમાવે છે કે આ સંસારમાં મુખ્ય બે તત્ત્વોની રમણાણ ચાલે છે. જીવતત્ત્વ અને અજીવતત્ત્વ. જીવ એટલે ચેતન અને અજીવ એટલે જડ. દુનિયામાં જીવ સિવાયના જેટલા પદાર્થો છે તે બધા જડ છે. અનાદિકાળથી આત્માએ જડ પદાર્થોનો સંગ કર્યો છે, જડ સાથે પ્રીતિ કરી છે.

જડ માટે ઝઝૂમી મરે, કોહીનૂરની કદર ન કરે,
કષાય કાજળ આંખે ધરે, અમૂલ્ય રત્નો અળગા કરે.

ચૈતન્ય એવો આત્મા અજ્ઞાનના કારણે જડ પદાર્થોને જે પોતાના થયા નથી, થતા નથી અને થશે નહિ એવા પદાર્થોને મેળવવા માટે તેની પાછળ ઝઝૂમી રહ્યો છે અને કોહીનૂર સમાન ચૈતન્ય આત્માને ભૂલી ગયો છે. જડ પદાર્થો બધા નાશવંત, અનિત્ય અને અશાશ્વત છે. તેના સંગથી આત્મા ઘડીકમાં સુખી તો ઘડીકમાં દુઃખી થાય છે. મનગમતા પદાર્થો મળે તો આનંદ થાય, સુખ થાય અને મનગમતા ન મળે તો દુઃખ થાય. તે મેળવવા માટે જીવ રાતદિવસ પ્રયત્ન કરે છે, પાપ કરે છે છતાં ન મળે તો જીવને આર્તધ્યાન થાય. જડ પદાર્થો પાછળ ઝઝૂમતો આત્મા આર્તધ્યાનની આગમાં શેકાતો હોય છે અને તેનો વિયોગ થતાં રૌદ્રધ્યાન કરે છે, માટે જડ પદાર્થોનો સંગ છોડીને ચેતન એવા આત્માનો સંગ કરો. આત્મા તો નિત્ય, શાશ્વત અને ધ્રુવ છે, પણ નાશવંત, અનિત્ય સુખો મેળવવા માટે નિત્ય એવા આત્માને ભૂલી ગયો છે.

તેની આંખે જડવાદના એવા ચશ્મા ચઢી ગયા છે કે જેથી તે પરને પોતાના માને છે. જે પોતાનું નથી તેને પોતાના માનવા એ કેટલી મોટી ભૂલ છે ! જ્ઞાની કહે છે કે આ જડવાદના ચશ્મા દૂર કરો. આ જડવાદે જીવોને પરાશ્રયી અને ગુલામ બનાવ્યા છે. જડવાદ દૂર થશે તો ચૈતન્યના દર્શન થશે. જ્યારે ચેતન શક્તિનું ભાન થશે ત્યારે અઢળક ધન વૈભવો કે ભોગવિલાસો પોતાના તરફ આકર્ષિત નહિ કરી શકે. તેને એ સત્ય સમજાશે કે આ બધા જડ પદાર્થોને છોડીને મારે જવું પડશે અથવા તો એ મને છોડીને ચાલ્યા જશે. એના પર વિશ્વાસ કરવા જેવો નથી, માટે નાશવંતનો નેહ નહિ કરતાં શાશ્વત આત્માનો નેહ કરો. જેણે આત્માના અખૂટ નિધિને જાણી લીધો હોય તે પગલે પગલે પાપથી ડરતો હોય. તે આત્મા જડના રાગમાં ન રંગાય. તે સમજે કે શાશ્વત કોઈ હોય તો મારો એક આત્મા છે. બીજું બધું અશાશ્વત છે.

एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।
सेसा मे बाहिरा भावा, सव्व संजोग लक्खणा ॥ પરચુરણ ગાથા

આ દુનિયામાં શાશ્વત કોઈ હોય તો જ્ઞાનદર્શનથી યુક્ત એવો મારો આત્મા શાશ્વત છે. બાકી બધા બાહ્ય ભાવો છે, માટે કહ્યું છે કે

"આત્મતત્ત્વ અમૂલ્ય રત્ન, સદા કરજે તું તેનું જતન,
અપ્રમત બની જા પ્યારા ચેતન, મળી જશે તને તારું વતન."

રત્નોથી અધિક મૂલ્યવાન એક આત્મતત્ત્વ છે. તેનું જતન કરવા જેવું છે. તેની સરભરા કરવા જેવી છે, પણ જીવ જેટલી જડ એવા દેહની સરભરા, માવજત કરે છે એટલી આત્માની નથી કરતો. દેહની સરભરા કર્મો બંધાવશે જ્યારે આત્માની સરભરા શાશ્વત સુખો અપાવશે.

એક દિવસ ધર્મગુરૂ હિલેલને રસ્તામાં તેમના શિષ્યનો ભેટો થઈ ગયો. તેમણે શિષ્યને પૂછ્યું-તું ક્યાં જઈ રહ્યો છે ? શિષ્યે કહ્યું-ઘરમાં મહેમાન છે એમની સરભરા કરવા. શું તારા ઘેર રોજ મહેમાન હોય છે? હા, ગુરૂદેવ. આત્મા એ શરીરનો મહેમાન નથી તો શું છે? આજે આ દેહમાં છે તો કાલે બીજા દેહમાં ચાલ્યો જશે. ગુરૂ આ શિષ્યનો જવાબ સાંભળી એને ભેટી પડ્યા, અને કહ્યું-જે આત્માની સરભરા કરે છે તેની સરભરા આખું જગત કરે છે. આજે આત્મા દેહની સરભરા પાછળ પોતે પોતાને ભૂલી ગયો છે. જ્ઞાની કહે છે કે જડના વિકાસમાં આત્માનો વિનાશ રહેલો છે. **"જડ જેટલું ખીલે એટલો આત્મા કરમાતો જાય."** જેમ કે કોઈ આત્માનો રાજપુત્ર તરીકે અવતાર મળ્યો, સમય જતાં તે રાજા બન્યો, રાજા બન્યા પછી તે ભૌતિક સુખમાં અને રાજ્યમાં ગરકાવ બન્યો તો તેની ગતિ કઈ? નરક ગતિ. આનું નામ જડનો વિકાસ અને આત્માનો વિનાશ.

ચક્રવર્તીને છ ખંડની મહાન રિદ્ધિ સિદ્ધિ હોય પણ એ સુખમાં જો રચ્યાપચ્યા રહે અને જડ સુખોને છોડે નહિ તો સાતમી નરક સુધી પહોંચી જાય. આ શું છે? જડના વિકાસથી આત્માનો વિનાશ. જડ વિકાસના અંજામણમાં જીવ એવો અંજાઈ જાય છે કે જેથી તે પોતાનું ભાન ભૂલી જાય છે. જડ સુખને વધારવાની પ્રવૃત્તિ કરનારને પૂછો કે છેવટે પરિણામ શું? તો કહેશે ખૂબ ધન કમાયા. પછી? જીવનમાં ઘણી સગવડો મળી, માન સન્માન મળ્યા પણ પછી? તો તે કાંઇ જવાબ નહિ આપી શકે. આ સ્થિતિ જડ વિકાસની છે. જ્યારે આત્માના વિકાસીને આ પ્રશ્ન પૂછશો તો કહેશે કે પૈસાથી શુભ કાર્યોમાં વાવેતર કર્યું પછી? ઉત્તમ સાધના અને સાધનાથી છેવટે મોક્ષ. જડના વિકાસમાં બધા આત્મગુણો કચરાઈ જાય છે. જેમ કિમિયાગર વૈદ્ય ઝેરી અફીણમાંથી જીવાડનારું ઔષધ બનાવે છે તેમ હે આત્મા! તું પણ વિકસેલા જડ પદાર્થોમાંથી આત્મહિતના કાર્યો કરી લે, કે જેથી ભવિષ્યમાં સારી ગતિ મળે. જો આવી સાવધાની આવે તો જીવ ભાવિ અનંતકાળને ઉજ્જવળ કરે એવી અવસ્થા પ્રાપ્ત કરી લે. જો ચક્રવર્તી જડના વિકાસમાં મરે તો નરકે જાય. એવા જડના વિકાસને ભરત ચક્રવર્તીએ અરીસા ભવનમાં એવો સંકોચી લીધો કે એમાં આત્માના ગુણોની અનુપમ ખીલવટ થઈ અને કેવળજ્ઞાનનો અપૂર્વ વિકાસ પામ્યા.

જડનો વિકાસ જીવના ગુણોનો ઘાતક બને છે અને જડનો સંકોચ જીવનો ઉદ્ધારક બને છે. દેવલોકના દેવો રત્નો, વાવડીઓ વગેરે પર મોહ રાખે છે તો પ્રથમ બે દેવલોક સુધીના દેવો ત્યાંથી ચવીને પૃથ્વી, પાણી અને વનસ્પતિમાં ફેંકાઈ જાય છે. કેવી કારમી સજા! માટે જડની જરૂરિયાતો ઓછી કરો અને આત્મોન્નતિની જરૂરિયાતો વધારો. જેટલી જડની જરૂરિયાત ઓછી એટલો આત્મવિકાસ વધતો જશે. અનાદિકાળથી જીવ જડનો રાગ કરતો આવ્યો છે. તેના સંયોગથી જીવને સુખ અને તેના વિયોગથી જીવને દુઃખ થાય છે. પુદ્ગલ એવા જડ પદાર્થો કેવા છે?

"જે આજે છે તે કાલે નથી, ઘડીએ ઘડી પલ્ટાય છે,
એથી જ આ સંસારમાં, સુખ નહિ જણાય છે."

જડ પદાર્થોની જે શોભા આજે દેખાય છે તે કાલે દેખાતી નથી, કારણ કે ઘડીએ ઘડીએ તેની પર્યાયો પલ્ટાયા કરે છે. યુવાનીમાં માનવના જે રૂપ, રંગ અને તેજસ્વીતા દેખાય છે તે ઘડપણમાં દેખાતી નથી. કપડું પણ જો વધુ સમય મૂકી રાખો તો પડ્યું પડ્યું કહોવાઈ જાય છે ને ફાટી જાય છે માટે જડ પદાર્થોનો રાગ છોડવા જેવો છે અને આત્માનો રાગ કરવા જેવો છે તેથી કહ્યું કે સમ્યક્ દર્શન, જ્ઞાનથી યુક્ત એવો મારો આત્મા શાશ્વત છે. આત્મા સિવાયના બીજા બધા ભાવો બહિર્ભાવ છે, માટે અમૂલ્ય એવા આત્માનું જતન કરજો તો આત્માનું શાશ્વતું વતન એવો મોક્ષ મળી જશે. જેને આત્માનો રાગ થાય છે તેવા જીવો ધર્મથી વિમુખ બનેલા પોતાના સંતાનોને આત્માનો

રાગ કેમ થાય, તેઓ ધર્મ કેમ પામે તે માટે રાતદિવસ ચિંતા કરે છે. અહીં મને એક વાત યાદ આવે છે.

સંત એટલે વાતનો વિસામો : એક શેઠ રોજ વ્યાખ્યાનમાં પહેલી લાઈનમાં બેસે અને જિકારો આપે. તેમનું મુખ જોઈને સંત સમજી ગયા કે શેઠ રોજ ઉપાશ્રયે આવે છે પણ તેમના મુખ પર ઉદાસીનતા દેખાય છે. તેમને ઊંડે ઊંડે કોઇ ચિંતા હોય એવું લાગે છે. તમારા ડૉકટર તો એક રોગના નિષ્ણાત હોય. આંખના ડૉકટર હોય તે ગળાનું ન જાણે અને ગળાના ડૉકટર હોય તે આંખનું ન જાણે. સંતો તો તમને પગથી માથા સુધી જાણે. આ આત્મા કયા ભાવથી અહીં આવ્યો છે તે બધું સમજે ખરા પણ બોલે નહિ. સંત સમજી ગયા કે શેઠ દિલના દુઃખી છે. તેમને કોઇ ચિંતા કોરી ખાય છે. એક દિવસ સંતે તેમને પૂછયું–શેઠ તમે પૈસેટકે સુખી છો, વેપાર ધંધો સારો ચાલે છે, ગામમાં તમારી આબરૂ પણ સારી છે છતાં તમારું મુખ ઉદાસ કેમ દેખાય છે? તમે આટલા ગમગીન કેમ રહો છો? ગુરૂ મહારાજ ! હું એક વાતે દુઃખી છું. આપને શું દુઃખ છે?

દુઃખનું કારણ દુર્વ્યસની દીકરો : આ વાત સાંભળતા શેઠ રડી પડયા. ગુરૂદેવ ! મારે એક દીકરો છે. પહેલાં ઘણાં વર્ષો સુધી સંતાન ન હતું. સંતાન માટે શેઠાણીએ થાય એટલા વાનાં કર્યા. કેટલાય જ્યોતિષીઓને પૂછયું. અમારા ભાગ્યમાં હશે તેથી એક દીકરો થયો. તે પણ દેવરૂપ જેવો. એકનો એક દીકરો એટલે શેઠાણીએ ખૂબ લાડ લડાવ્યા. હું ઘણી વાર શેઠાણીને કહેતો કે તમે દીકરાને ખોટા લાડ ન લડાવશો. સોનાની કટાર કેડે ખોસાય પણ મરાય નહિ. મેં ઘણું કહ્યું પણ શેઠાણી સમજ્યા નહિ. ધીમે ધીમે દીકરો મોટો થયો. તે જેટલા પૈસા માંગે એટલા વાપરવા આપે. દીકરો ૧૮ વર્ષનો થતાં તે બધા વ્યસનોમાં પૂરો થઇ ગયો. શેઠાણીના અતિ લાડ અને અતિ છૂટનું પરિણામ એ આવ્યું કે તે વ્યસની બની ગયો. તેનામાં કોઈ જાતના સંસ્કાર નથી. હું તેને કંઈક કહેવા જાઉં તો શેઠાણી તેનું ઉપરાણું લે. પરિણામે અમારો સંસાર સળગી ઉઠયો છે. અત્યારે તો મારા ઘરમાં બધું છે પણ હું મરી જઈશ પછી આ દીકરો દેવાળું કાઢે એવો પાકયો છે. મારું આ દુઃખ કોને કહું? દુઃખમાં દિલાસો દેનાર કોઈ નથી. આ દીકરાના લગ્ન કરું તો આવનાર છોકરીનો ભવ બગડે એટલે મારી ઈચ્છા તેના લગ્ન કરવાની ન હતી પણ શેઠાણીએ કહ્યું, લગ્ન કરીશું એટલે છોકરો ઠેકાણે આવી જશે, એમ માનીને તેને પરણાવ્યો, છતાં તે ન સુધર્યો. બિચારી છોકરીની જિંદગી બરબાદ થઈ ગઇ. તમારા દીકરાનું નામ શું છે? રમેશ.

શેઠનું દુઃખ દૂર કરવા સંતે કરેલો ઉપાય : સંતે શેઠને દિલાસો આપતા કહ્યું–શેઠ ! આપ ચિંતા ન કરશો. તમે એને એક દિવસ મારી પાસે મોકલજો. બાપજી ! તે ૨૦ વર્ષનો થયો પણ ઉપાશ્રય કઈ દિશામાં છે તે પણ તેને ખબર નથી. કોઈ દિવસ તે ઉપાશ્રયે આવ્યો નથી. હું તેને ઉપાશ્રયે આવવાનું કહું તો મને મારવા ઊઠે,

ગાળો દે. તેને કેવી રીતે મોકલવો ? સંતના મનમાં થયું કે આ શેઠનું દુઃખ દૂર કરવું એ સાચું. તેમણે શેઠને બધું પૂછી લીધું કે તે કેવો છે ? કેવા કપડા પહેરે છે ? બધી માહિતી જાણી લીધી. સાથે એ પણ જાણ્યું કે એ કયારેક એના ભાઈબંધો સાથે આ રસ્તેથી નીકળે છે. સંત કહે–ભલે, એક દિવસ રમેશ એના મિત્રો સાથે જઈ રહ્યો છે, અચાનક સંતની નજર એના પર પડી ગઈ. સંતે કપડા ચશ્મા આદિ પરથી અનુમાન કર્યું કે આ રમેશ હશે. સંતે બૂમ પાડી. રમેશ ! અહીં આવ. રમેશના મનમાં થયું કે મને કોણ બોલાવે છે ? તેણે ઊંચે જોયું તો સંતને જોયા. આ સાધુ મને શા માટે બોલાવતા હશે ? ચંડકૌશિક ઉડતા પંખી પાડતો હતો. કેટલાય જીવોના પ્રાણ લેતો હતો છતાં એની ભવિતવ્યતા જાગી તો ભગવાન મહાવીર સ્વામીને સામેથી જવાનું મન થયું. ભગવાનના બે શબ્દોથી ચંડકૌશિક પામી ગયો તેમ રમેશની ભવિતવ્યતા જાગવાની હશે એટલે મનમાં થયું કે સાધુ બોલાવે છે તો મારે જવું જોઈએ. તેણે સાધુને ગાળો ન દીધી પણ સંત પાસે ગયો.

રમેશને સુધારવા કરેલો કીમિયો : રમેશે કહ્યું–મહારાજ ! તમારે મારું શું કામ પડયું ? મને શા માટે બોલાવ્યો છે ? રમેશના મુખમાંથી મહારાજ શબ્દ સાંભળતા સંતને સંતોષ થયો. એ સમજી ગયા કે આ જીવ પુણ્યશાળી છે. જો એને સમજણ આપીએ તો સુધરતા વાર નહિ લાગે. સંતે પૂછયું–તારું નામ રમેશ ? હા. મારે તારી સાથે થોડી વાત કરવી છે. મહારાજ ! મને જરાય ટાઈમ નથી. બે મિનિટ તો બેસ. ભલે, સંતે પૂછયું–રમેશ ! તારા માતા પિતા તને દુઃખ આપે છે ? તને કોઈ દિવસ કડવા શબ્દો કહીને તારું અપમાન કરે છે ? ના. તેઓ તો મને ખૂબ સારી રીતે સાચવે છે. કોઈ દિવસ મને કાંઇ કહેતા નથી. તારી માતા, પત્ની બધા તને કેવું સાચવે છે ? એ બધા મને ખૂબ સાચવે છે. કયારે પણ ઊંચા સાદે બોલાવતા નથી. જે માંગુ તે બધું મને આપે છે. તો તું તારા બાપને કેવા સાચવે છે ? મારા પિતા મને કંઈ કહેવા આવે તો તેમને હું મારવા દોડું, ગાળો દઉં. તારા પિતા તને આટલું સાચવે છતાં તું તેમને મારવા જાય છે ? તું આટલું પામ્યો છતાં તારા પિતા તારા પર ગુસ્સો કરે છે ખરા ? ના, મહારાજ. મારા બાપુજી તો કયારે પણ મારા પર ગુસ્સો કરતા નથી. તો પછી તારાથી ગુસ્સો થાય ખરો ? આજે એટલો નિયમ લે કે તારે તારા બાપુજીને કે કોઈને મારવા નહિ અને કોઈના પર ગુસ્સો કરવો નહિ, મહારાજ ! મારાથી એ તો નહિ બને. કેમ ન બને ? તું તારા મા–બાપને એકનો એક દીકરો છે. તારી કાંઈ ફરજ ખરી કે નહિ ? તું તો મહાભાગ્યશાળી છે. શેઠ જેવા ધર્મીષ્ઠ, સંસ્કારી, ક્ષમાવાન પિતા મળ્યા છે માટે આટલું તો કર ?

સંતનો પ્રભાવ : સંતના વચનનો રમેશ પર પ્રભાવ પડયો. જેના જીવનમાં આચરણ હોય તે કંઈ કહે તો સામા પર પ્રભાવ પડયા વિના રહે નહિ. આ સંત કયારે પણ ક્રોધ કરતા ન હતા એટલે તેમના વચનોથી રમેશનું હૃદય ભેદાઈ ગયું.

તેણે કહ્યું-હું માતાપિતાને મારીશ નહિ અને ક્રોધ પણ કરીશ નહિ. રમેશ નિયમ લઈને ગુરૂને વંદન કરીને ઘેર ગયો. આયંબીલની ઓળી ચાલતી હતી. આઠમનો દિવસ હતો. શેઠાણીએ વહુને કહ્યું-બેટા ! આજે વ્યાખ્યાન સાંભળવા જવું છે. આજે એકલી ખીચડી કરવી છે. તે સગડી પર મૂકી છે એ ઉતારી લેજો. વહુના મનમાં થયું કે આજે આઠમ છે. ખીચડી સિવાય કાંઈ બનાવવાનું નથી. તો હું પણ ઉપાશ્રયે જાઉં. તેને થયું કે સાસુએ ખીચડીમાં મીઠું નાંખ્યું હશે કે નહિ ? તેથી તેણે મીઠું નાંખ્યું. પછી તે પણ ઉપાશ્રયે ગઇ. વ્યાખ્યાન સાંભળીને સાસુ વહુ બંને ઘેર આવ્યા. ખીચડીમાં સાસુ મીઠું નાંખીને ગયા હતા, વહુને ખબર નહિ એટલે તેણે પણ નાંખ્યું. ડબલ મીઠું થઈ ગયું.

પચ્ચક્ખાણથી ચમત્કાર : એટલામાં રમેશ ઘેર આવ્યો. તેણે કહ્યું-બા ! રસોઈ થઈ ગઈ છે ? બા શબ્દ સાંભળતા તે અદ્ધર થઈ ગઈ. તેને ખૂબ આનંદ થયો. આજે મારા રમેશે મને બા કહી ! તે તો ખુશ થઈ ગઈ. તેણે કહ્યું-બેટા ! આજે એકલી ખીચડી બનાવી છે. કાંઈ વાંધો નહિ. રમેશની પત્નીએ રમેશના ભાણામા ખીચડી પીરસી. રમેશે કહ્યું-કઢી બનાવી છે ? ના. રમેશે ખીચડી મોંમાં મૂકી. ડબલ મીઠું પડી ગયું છે એટલે ખારી ખારી લાગી. જો પ્રતિજ્ઞા કરીને ન આવ્યો હોત તો થાળી પછાડત પણ આજે બાધા લઇને આવ્યો છે એટલે ગુસ્સો ન કર્યો. તેણે કહ્યું કે ઘરમાં દહીં, છાશ છે કે નહિ ? ખીચડીમાં દહીં, છાશ નાંખે તો ખારી ઓછી લાગે. શેઠાણીએ તેને દહીં આપ્યું. ખીચડી ને દહીં ખાઈને તે ઊભો થઈ ગયો. એક શબ્દ પણ બોલ્યો નહિ. તેના મનમાં થયું કે આવી ખારી ખીચડી હોય તો બાની સામે થાળી પછાડું પણ આજે ગુરૂએ મને કેવો મંત્ર આપ્યો કે મારા દિલમાં જરા પણ ગુસ્સો ન આવ્યો. એક જ વાર બોલાવવાથી ગયો તો પણ મારા જીવનનો આટલો પલ્ટો થયો. બરોબર સંતોનો સંગ કરવા જેવો છે સત્સંગથી જીવનમાં દુર્ગુણોની દુર્ગંધ હોય તો દૂર થાય છે અને સદ્ગુણોની સૌરભ મ્હેંકી ઉઠે છે.

આપે નદી કિનારો તો જોયો છે ને ? નદી કિનારે કેટલી લીલી હરિયાળી વનસ્પતિ ઉગે છે ! ત્યાં વનસ્પતિ ઉગાડવા કોણ ગયું હશે ? ત્યાં બીજ કોણે રોપ્યા હશે ? એ બીજની માવજત કોણે કરી હશે ? કોઇ વાવનાર કે ઉછેરનાર નથી. તો એ વનસ્પતિ કયાંથી ઉગી ? વિચાર કરીશું તો સમજાશે કે નદીના પાણીનો એ પ્રભાવ છે કે તેનાં કાંઠે જે આવે તેને શીતળતા આપે છે. ભૂમિના પેટાળમાં દટાયેલા બીજને તે પોષણ આપે છે; તેની વૃદ્ધિ કરે છે અને પક્ષી બીજ ધરતીને ચીરીને બહાર આવે છે. નદીના પવિત્ર સ્પર્શથી તે આનંદનું ગીત ગાય છે. સત્સંગનો પ્રભાવ આવો છે. સંતોની પાસે બેસો, તેમની વાતો સાંભળો તો તમારું જીવન મ્હેંકી ઉઠશે; ભીતરમાં દટાયેલી શુભ લાગણીઓ આત્માના ગીત ગાતી બનશે.

રમેશનો જીવનપલ્ટો : રમેશનું જીવન એક વખતના સત્સંગથી પલટાઈ ગયું.

બપોરે ખીચડી ને દહીં જમીને વગર બોલાવે ગુરૂ પાસે પહોંચી ગયો. શેઠ જમવા આવ્યા. આઠમ હોવાથી તેમને એકાસણું હતું. શેઠ જમવા બેઠા. ખીચડી મોઢામાં મૂકી. ખીચડી બારી બહુ લાગી. શેઠે કહ્યું– રમેશ જમવા આવી ગયો ? હા. તે કાંઈ બોલ્યો નહિ ? ના. તેણે દહીં માંગ્યું હતું. ખીચડી ને દહીં બાઈને જતો રહ્યો. તે એક શબ્દ પણ બોલ્યો નથી. જમીને તે રવાના થઈ ગયો છે. શેઠને બબર નથી કે રમેશ ઉપાશ્રયે ગયો હતો ને તેનું જીવન પરિવર્તન થયું છે. બે ત્રણ વાગ્યા છતાં રમેશ ઘેર ન આવ્યો. માબાપને ખૂબ ચિંતા થવા લાગી. આજે એ કાંઈ બોલ્યો નથી પણ બહાર જઈને કાંઈ નવાજૂની તો નહિ કરે ને ? દીકરો મા–બાપને ગમે તેટલું પજવે, હેરાન કરે છતાં માબાપ સંતાનને ભૂલતા નથી. બરેબર સંતાનો ઉપર માતાપિતાનો અસીમ ઉપકાર છે. તે ભૂલવો જોઈએ નહિ.

ભૂલશો નહિ કદી મા–બાપને રે, તેમના અનંત છે ઉપકાર (૨) ભૂલશો
અડસઠ તીરથ ઘરના આંગણે રે, સેવા કરજો સદાયે અમાપ–ભૂલશો

રમેશના માતાપિતાને ખૂબ ચિંતા થવા લાગી કે આપણો રમેશ કયાં ગયો હશે ? આખા ગામમાં શેઠે શોધ કરાવી પણ કયાંય રમેશ મળ્યો નહિ. તેમને કલ્પના પણ કયાંથી આવે કે તે ઉપાશ્રયે ગયો હશે. ત્યાં એક ભાઈ શેઠને પ્રતિક્રમણ કરવા બોલાવવા આવ્યા. શેઠને ચિંતાતુર જોઈને પૂછયું કેમ ચિંતામાં છો ? ભાઈ ! મારો રમેશ જડતો નથી. અરે શેઠ, તે તો ઉપાશ્રયમાં ગુરૂ પાસે બેઠો છે. વાતો કરે છે અને પાપની આલોચના કરે છે. શેઠ ઉપાશ્રયે ગયા. રમેશ સંત પાસે બેઠો હતો. તેણે જેવા પિતાને જોયા તેવો ઊભો થઈને તેમના ચરણમાં પડી ગયો. પિતાજી ! મેં આપને ખૂબ દુઃખી કર્યા છે. હવે મારા બધા અપરાધોની મને ક્ષમા આપો. રમેશનું હૃદય પરિવર્તન જોઈને શેઠને ખૂબ આનંદ થયો. એક વખતનો અધર્મી ધર્મી બની ગયો. પાપી પુનિત બની ગયો. સંતના સમાગમથી રમેશનું જીવન સુધરી ગયું. ઘરમાં માતાને, પત્નીને બધાને ખૂબ આનંદ થયો.

પ્રભુ મહાવીર સ્વામીના એક વાર દર્શનથી અને ભગવાનની દેશનાથી આનંદ ગાથાપતિનું જીવન પણ બદલાઈ ગયું. બાર વ્રત તો અંગીકાર કર્યા પણ તેમાં દોષ ન લાગે તે માટે પ્રભુ અતિચાર સમજાવી રહ્યા છે. દશ વ્રતના અતિચાર સમજ્યા. હવે અગ્યારમું પૌષધ વ્રત. આ પૌષધ વ્રત એક અહોરાત્રીનું છે. જ્યારે પૌષધ કરવો હોય ત્યારે ઘેર આરંભ સમારંભના કોઈ કાર્યો કરાય નહિ. કાચા પાણી કે અગ્નિને અડાય નહિ. જેટલા વાગે લીધો હોય તેટલા વાગે બીજા દિવસે પળાય. આ વ્રતમાં ચાર વસ્તુનો ત્યાગ કરવામાં આવે છે. અસણું, પાણું આદિ ચારે આહારનો ત્યાગ (૨) શરીરને વેશભૂષા, સત્કાર આદિનો ત્યાગ. મૈથુનનો ત્યાગ અને સમસ્ત પાપોનો ત્યાગ કરવામાં આવે છે. ૨૪ કલાક માટે સર્વ પાપોને તિલાંજલી અપાય છે. શુદ્ધ ભાવથી આત્મલક્ષે

કરેલો પૌષધ અનંતા કર્મોની સેણડો તોડે છે અને નિર્જરા કરાવે છે. આ પૌષધ વ્રતના પાંચ અતિચાર છે.

(૧) **અપ્પડિલેહિય દુપ્પડિલેહિય સેજ્જા સંથારે** : બરાબર પડિલેહણ કર્યું ન હોય અથવા કર્યું હોય તો માઠી રીતે કર્યું હોય. પૌષધમાં તમારે સૂવા માટેના જે ઉપકરણો છે, ગુચ્છો છે તેનું બે ટાઈમ પડિલેહણ કરવું જોઈએ. તેને બરાબર જોવા જોઇએ. પછી તે શય્યાનો ઉપયોગ કરાય. (૨) **અપ્પમજ્જિય દુપ્પમજ્જિય સિજ્જા સંથારે** : પૂંજ્યા વિના અથવા સારી રીતે પૂંજ્યા વિના શય્યાનો ઉપયોગ કરે તો અતિચાર લાગે. (૩) **અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચાર પાસવણ ભૂમિ (૪) અપ્પમજ્જિય દુપ્પમજ્જિય ઉચ્ચાર પાસવણ ભૂમિ** : જોયા વિના, પૂંજ્યા વિના અથવા સારી રીતે જોયા વિના લઘુનીતિ અથવા વડીનીતિ માટે સ્થાનનો ઉપયોગ કરવો. પૌષધ વ્રત લેતા પહેલા લઘુનીતિ કે વડીનીતિના સ્થાનને બરાબર જોઈ લેવું જોઈએ. અને પરઠવવા જાવ ત્યારે પણ કીડી, મંકોડા કોઇ જીવજંતુ ન હોય તે રીતે પરઠવવું જેથી કોઇ જીવોની હિંસા ન થાય તે ખાસ લક્ષ રાખવું. (૫) **પોસહોવાસસ્સ સમ્મં અણણુપાલણયા** : સમ્યક્ રીતે વિધિપૂર્વક પૌષધનું પાલન કર્યું ન હોય તો અતિચાર લાગે. અતિચાર રહિત સમ્યક્ શ્રદ્ધાપૂર્વક પૌષધ કરવાથી ઘણો લાભ થાય છે. હું તો મારી બહેનોને કહું છું કે તમે ઉપવાસ કર્યો હોય ત્યારે જો ઘરની અનુકૂળતા હોય તો પૌષધ કરવાનું ચૂકશો નહિ. ઉપવાસમાં તમારા પોતાના માટે પાપ બંધ થયું પણ બીજા માટે કરવું પડે છે. જ્યારે પૌષધમાં તો ૨૪ કલાક સુધી પાપનો તમામ બોજો ઉતરી જાય છે અને અનંતા કર્મોની નિર્જરા થાય છે. પૌષધ કરો ત્યારે અતિચાર ન લગાડશો. હવે બારમા વ્રતમાં શું ભાવ ચાલશે તે અવસરે.

ચરિત્ર : જરૂર પડી છે દેવને મારા પ્રાણની : પુણ્યસારે ગુણસુંદરને આત્મહત્યાનું શું કારણ છે તે માટે ઘણું ઘણું પૂછ્યું પણ કાંઇ બોલતો નથી. માંડ તેણે ઊંચું જોયું. પુણ્યસાર કહે-મિત્ર ! તને એવું શું દુઃખ આવી પડયું છે ! જે હોય તે મને કહે. મારા સામું તાકી-તાકીને શું જુએ છે ? શું તને વળગાડ વળગ્યો છે કે આમ મારા સામું જો જો કરે છે ? વળગાડ વળગ્યો હોય એવું પણ માનવા તૈયાર નથી. વળગાડ મોટે ભાગે સ્ત્રીઓને વળગે, પુરૂષોને ન હોય. તને અચાનક શું થયું ? પુણ્યસારે ખૂબ કહ્યું ત્યારે ગુણસુંદર બોલ્યો- મારા વહાલા મિત્ર ! મારા દુઃખનો પાર નથી. એ દુઃખને કોઈ દૂર કરી શકે તેમ નથી. દેવે મારી આ હાલત કરી છે. તેને મારા પ્રાણની જરૂર પડી છે. પુણ્યસારના મનમાં થયું કે અહીં કયા દેવ આવી પડયા ? દેવ મારી પાસે આવે છે ને એની પાસે આવે છે. મારા દેવે તો મને મરવા ન દીધો અને આનો દેવ મારવા ઉઠયો છે ? આ બધું શું છે ? કાંઇ સમજ પડતી નથી. પુણ્યસારે કહ્યું-મિત્ર ! આપઘાત કરવાથી જો દુઃખનો અંત આવી જાત તો ઘણા આપઘાત કરીને મરી જાત પણ આપઘાત કરવાથી તો આપણા ભવ વધે છે.

દુર્ગતિના દુઃખો ભોગવવા પડે છે. તારા જેવા ગુણવાન, સજ્જન અને ડાહ્યા છોકરાને આ શોભે છે બરું ?

શું ધણીને વહાલાનો વિયોગ હોય ? : રાજાએ આ બધી વાત સાંભળી. તેઓ ગુણસુંદરની પાસે આવ્યા ને કહ્યું–બેટા ! તને શું દુઃખ છે ? જે દુઃખ હોય તે કહે. ગુણસુંદરે કહ્યું–મહારાજા ! કોઈએ મારું અપમાન કર્યું નથી. મારા માથે દેવું પણ થયું નથી. રત્નસુંદરી તરફથી પણ કાંઈ મનદુઃખ થયું નથી પણ મારું દુઃખ જુદું છે. હું કોઈને કહી શકતો નથી. કયાં જાઉં ? કોને કહું ? કોઈને કહેવામાં પણ સાર નથી. રાજા કહે–જે હોય તે કહે. ત્યારે કહ્યું–હે રાજા ! હું મારા વહાલાના વિયોગથી દુઃખી છું તેથી અગ્નિસ્નાન કરવું છે. આ સાંભળતા લોકો શંકાશીલ બન્યા. વહાલો તો ધણીને કહેવાય. આ તો છોકરો છે તેને કોનો વિયોગ હશે ? કદાચ કોઈ વડીલોનો વિયોગ હશે. રાજા કહે–તો તેં અત્યાર સુધી વિયોગ કેમ ન બતાવ્યો અને આજે જ આત્મહત્યા કરવા ઉઠયો છે, તો શું બહારગામથી કોઈ સમાચાર આવ્યા છે ? આ પ્રશ્નનો જવાબ ગુણસુંદર ન આપી શકયો. તે પુણ્યસારના સામું જોવા લાગ્યો. બધા કહે એની નજર પુણ્યસાર સામે છે. એ એની પાસે દિલ ખોલીને વાત કરશે. રાજાએ કહ્યું–પુણ્યસાર ! ગુણસુંદર તારો જિગરજાન દોસ્ત છે એ તને બધી વાત કરશે. હું તને આજ્ઞા આપું છું કે તું એને એક રૂમમાં લઈ જઈને બધી વાત પૂછ. અમે બધા બહાર બેઠા છીએ. હવે પુણ્યસાર ગુણસુંદરને રૂમમાં લઈ જઈ ને બધી વાત પૂછશે ને ત્યાં શું નવાજૂની બનશે તે ભાવ અવસરે.

આસો સુદ ૯ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૯૩ : તા. ૨૨-૧૦-૮૫

સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન આત્મસાધના કરવા માટે જીવોને એલાર્મ આપીને જગાડતાં કહે છે કે હે આત્માઓ ! જ્યાં સુધી જીવનનો સૂર્ય પ્રકાશી રહ્યો છે ત્યાં સુધી તું ધર્મનું આચરણ કરી લે. સમય વીતી જશે પછી પસ્તાવાનો પાર નહિ રહે. ધર્મ કરવાનો અવસર વારંવાર મળતો નથી. પાપ કરવાના અવસર તો આ જીવને હલકા કુળોમાં અને હલકી જાતિઓમાં જન્મીને અનંતી વાર મળ્યા પણ ધર્મ કરવાનો, જન્મ મરણના ત્રાસથી છૂટવાનો અવસર વારંવાર મળવો મુશ્કેલ છે. દેહ રૂપી માળામાં આત્મા રૂપી હંસલો ક્રીડા કરે છે ત્યાં સુધી સકલ દુઃખોનો નાશક અને સકલ સુખોનો સાધક ધર્મ તું સાધી લે. આ જન્મમાં જોરદાર પુરૂષાર્થથી એવો ધર્મ કરો કે ટપોટપ કર્મની જંજીરો તૂટીને જમીનદોસ્ત બની જાય. ભગવાન બોલ્યા છે

से आयवं नाणवं वेयवं धम्मवं बंभवं पन्नाणेहिं परियाणइ लोयं,
मुणीति वुच्चे, धम्मविउति उज्जू आवट्टसोए संगमभिजाणइ ॥ આચારાંગ.અ.૩૩.૧

મુમુક્ષુ પુરૂષ આત્મ સ્વરૂપને જાણે છે. તે જ્ઞાનયુક્ત છે, આગમોના જ્ઞાતા છે,

ધર્મને જાણનારા છે, બ્રહ્મ સ્વરૂપ આત્માને જાણે છે. મતિ-શ્રુત આદિ જ્ઞાનોથી લોકના સ્વરૂપને જાણે છે તેમને મુનિ કહેવાય છે. ધર્મના સ્વરૂપના જ્ઞાતા સરળ આત્મા સંસાર ચક્રને સારી રીતે જાણે છે. જે ધર્મના સ્વરૂપને જાણે છે તે સંસારને જાણે છે. જે સંસારના સ્વરૂપને જાણે છે તે તેનાથી મુક્ત થઈ શકે છે અને કર્મની જંજીરોને તોડી શકે છે. ધર્મ રૂપી મહેલ યોગ્ય મન-વચન-કાયાની પ્રવૃત્તિના પાયા પર ઉભેલો જોઈએ. જો આ પાયો સલામત ન હોય તો અર્થાત્ એ ત્રિવિધ યોગનો વર્તાવ અયોગ્ય હોય તો ધર્મ મહેલ જમીનદોસ્ત અને કકડભૂસ થતાં વાર નહિ લાગે. ધર્મ તો જીવન રૂપી ભૂમિ પર અમૃતવૃક્ષ છે પણ જો ભૂમિ વિષમય હોય તો ધર્મવૃક્ષ અમૃતવૃક્ષ ક્યાંથી બની શકે? મન, વચન, કાયાનો ઉપયોગ જો અયોગ્ય હોય તો એવું જીવન વિષભૂમિ જેવું છે. એમાં ઉગેલું ધર્મવૃક્ષ પણ વિષમય બનવાનું, મન, વચન, કાયાના યોગ્ય ઉપયોગથી જે જીવન ભૂમિ અમૃતમય બને એમાં ઉગેલ ધર્મવૃક્ષ અમૃતવૃક્ષ બની અમૃતફળ પેદા કરી શકે અને આત્માનું ઉત્થાન થઇ શકે; માટે જીવનમાં ધર્મની ખૂબ જરૂર છે. ધર્મ આ ભવમાં અને પરભવમાં આત્માને હિતકર્તા છે.

તમે ગાડીમાં મુસાફરી કરો તો ફરજિયાત ટિકિટ લો છો. ટિકિટ લીધા વિના મુસાફરી કરો એ સરકારનો ગુનો છે. જે ટિકિટ લીધા વિના મુસાફરી કરે છે એ પકડાઈ જાય છે. તેને દંડ કરવામાં આવે છે. ગાડીમાં હજારો મુસાફરો બેઠા હોય છે; તેમાં ટિકિટ લીધા વિનાના મુસાફરો પણ હોય છે. તેના દેખાવ પરથી ભાગ્યે જ ખબર પડે કે તે ટિકિટ લીધા વિના મુસાફરી કરે છે. તે દેખાવમાં તો બીજા મુસાફરો જેવા દેખાય છે પણ તેના હૈયામાં સતત ફફડાટ હોય છે. તેની આંખો ટિકિટચેકર તરફ સાવધાનીથી જોતી હોય છે. ટિકિટ ચેકરને જોતાં તેનું હૈયું ધ્રુજતું હોય છે. ટિકિટ વિના હું ગાડીમાં બેસી ગયો છું પણ પકડાઇ જઈશ તો? મારી આબરૂ જશે અને સજા થશે. આવા અનેક ભયજનક વિચારો તેના મગજમાં ઘૂમ્યા કરે છે. આ સંસારમાં મોટા ભાગના મુસાફરો ટિકિટ લીધા વિનાના મુસાફરો જેવા છે. જીવ ચાર ગતિની મુસાફરી કરવા નીકળ્યો છે. તેને કયારેક જ વિચાર આવે છે કે ધર્મ રૂપી ટિકિટ વિના મારું શું થશે ? કર્મરાજા મને મોટી સજા કરશે તો ? મરી જઈશ તો હું મારી પાછળ પત્ની અને છોકરાઓનું શું થશે ? આવા અનેક ભયથી માનવી અંદર ધ્રુજી રહ્યો છે. આવા ભયથી તે જીવે છે તેથી જીવન જીવવાનો સાચો આનંદ તે માણી શકતો નથી. શાંતિથી તે જીવી શકતો નથી. આવો માનવી ભયથી અશાંત છે.

ધર્મ રૂપી ટિકિટથી જીવનની સાચી મુસાફરી : જીવનની મુસાફરી આનંદથી પૂરી કરવી હોય તો ધર્મની ટિકિટ લઈને મુસાફરી કરો. ધર્મની ટિકિટ જેની પાસે છે એને ભય રાખવાનું કોઈ કારણ નથી. જેની પાસે ટિકિટ હોય તેને ટિકિટ ચેકર સતાવતો નથી તેમ જેની પાસે ધર્મની ટિકિટ હશે તેને કર્મરાજા રૂપી ટિકિટ

ચોર સતાવશે નહિ. ધર્મ રૂપી ટિકિટ પાસે હશે તો જીવનની મુસાફરી સુખશાંતિથી પૂરી કરી શકશો. જેની પાસે ટિકિટ હોતી નથી તેને દંડ થાય છે, સજા થાય છે તેમ જેની પાસે ધર્મ રૂપી ટિકિટ નથી તેને દુર્ગતિઓના દુઃખોનો દંડ થાય છે અને ભારે શિક્ષા થાય છે. ટિકિટ લઈને મુસાફરી કરવા નીકળેલો માનવી પોતાના ધારેલા સ્થળે પહોંચી શકે છે તેમ જેણે ધર્મની ટિકિટ લીધી છે તે પોતાના શાશ્વત ઘરને મેળવી શકે છે માટે એટલું યાદ રાખજો કે ટિકિટ વિના મુસાફરી ન કરાય. **સંસારમાં વેપાર વિના જો પૈસા નથી મળતા તો ધર્મના વેપાર વિના પરલોકમાં સુખ, સગવડ કે શાંતિ કયાંથી મળવાના છે ?**

જેમણે આગાર ધર્મને જીવનમાં અપનાવ્યો છે એવા આનંદ શ્રાવકને ભગવાન બારમા વ્રતના અતિચાર સમજાવે છે. બારમા વ્રતનું નામ છે અતિથિ સંવિભાગ વ્રત. ૧૨ વ્રતમાં ૧૧ વ્રત સ્વતંત્ર છે. સામાયિક, પૌષધ કરવાનું મન થાય તો તમે ધારો ત્યારે કરી શકો છો પણ બારમું વ્રત પરતંત્ર છે. તમારી દાન દેવાની ઈચ્છા ઘણી હોય પણ સંતો તમારે ત્યાં પધારે તો દાન દઈ શકો. સંતો તમારા આંગણે પધારે ત્યારે નિર્દોષ સૂઝતા આહાર પાણી વહોરાવજો પણ અસૂઝતા આહાર પાણી વહોરાવશો નહિ. તમે ભાગ્યવાન છો કે તમને સુપાત્ર દાન દેવાનો અવસર મળ્યો છે. જે જીવો પરદેશમાં જાય છે તેમને ત્યાં સુપાત્ર દાનનો લાભ કયાંથી મળવાનો છે ? સંતના દર્શન પણ કયાંથી મળે? ત્યાં સંતો છે નહિ તો દર્શનનો અને સુપાત્ર દાનનો લાભ કેવી રીતે મળે ? ભરવાડના ભવમાં તપસ્વી મુનિને ઉત્કૃષ્ટ ભાવે ખીર વહોરાવી તો શાલિભદ્ર બન્યો. શંખરાજા અને જશોમતી રાણીએ ઉત્કૃષ્ટ ભાવે દ્રાક્ષ ધોયાનું પાણી વહોરાવ્યું તો તીર્થંકર નામ કર્મ બાંધ્યું. વસ્તુના મૂલ્ય નથી પણ ભાવનાના મૂલ્ય છે. ચંદનબાળાએ ભગવાન મહાવીર સ્વામીને ઉત્કૃષ્ટ ભાવે અડદના બાકળા વહોરાવ્યા હતા. દાન દેનારના ભાવ શુદ્ધ હોય, દાન શુદ્ધ હોય તો તેને ઘણો લાભ મળે છે. બારમા વ્રતના પાંચ અતિચાર છે. (૧) **સચિત્તનિક્ખેવણયા** : અચેત વસ્તુમાં સચેત વસ્તુ નાંખવી અથવા કલ્પનીય વસ્તુઓમાં સચેત વસ્તુ મેળવી દેવી. કેરીનો રસ અચેત છે પણ તેમાં ગોટલો મૂકેલો છે અથવા ફ્રીજમાં મૂકેલો છે તો તે રસ અચેત હોવા છતાં સચેત થઈ ગયો. તે રસ સાધુને વહોરાવવો કલ્પતો નથી. (૨) **સચિત્ત પેહણયા** : સચેત વસ્તુને અચેતથી અને અચેત વસ્તુને સચેતથી ઢાંકી દેવી. દાળ, શાક, શાક આદિ બધી વસ્તુઓ સૂઝતી છે પણ તેના ઢાંકણા પર લીલા મરચા કે લીમડો પડયો છે તો તે વસ્તુ અચેત હોવા છતાં સચેતથી ઢાંકેલી વહોરાવે તો અતિચાર લાગે. (૩) **કાલાઇક્કમે** : કાળ વીતી જવા છતાં વહોરાવ્યું હોય. સાધુનો આકાર પણ થઈ જાય અને સારો આહાર આપવો પણ ન પડે એવી ભાવનાથી વસ્તુનો કાળ આવી જવા છતાં વસ્તુ વહોરાવી હોય. લોટ, બાળરા, મીઠાઈ આદિ વસ્તુઓનો અમુક દિવસનો કાળ છે. તે કાળ થઈ ગયો હોય છતાં વહોરાવે તો અતિચાર

લાગે. (૪) **પરોવએસે** : પોતે સૂઝતા હોવા છતાં બીજાને વહોરાવવાનું કહ્યું હોય. તમારા કેટલા ભાગ્યોદય હોય ત્યારે સંત તમારા ઘેર પધારે; ત્યારે જો તમે સૂઝતા હો તો કયારે પણ બીજાને વહોરાવવાનું ન કહેશો. ધન્ય ઘડી ધન્ય દિન હોય ત્યારે તમને વહોરાવવાનો લાભ મળે. તમારા કર પવિત્ર થાય. રસોઈયાને કયારે પણ ઓર્ડર ન કરશો કે મહારાજ ! મહારાજ આવ્યા છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જાય એવી આ વાત છે. સુપાત્ર દાનનો મહિમા કેટલો છે.

પ્રજાને દુષ્કાળથી બચાવવા રાજાએ ઉઠાવેલી જહેમત : કમલપુર નગરમાં એક રાજા રાજ્ય કરતા હતા. તે ખૂબ ન્યાયથી રાજ્ય ચલાવતા હતા. તે ધર્મીષ્ઠ પણ ખૂબ હતા. પ્રજાનું સુખ એ મારું સુખ અને પ્રજાનું દુઃખ એ મારું દુઃખ એમ સમજતા હતા. એક દિવસ જ્યોતિષી ત્યાં આવ્યા. પહેલાના જ્યોતિષીઓ જે કહે તે મોટા ભાગે સાચું પડે. તે જ્યોતિષીએ કહ્યું– બાપુ ! આપને એક વાત કરવા આવ્યો છું. મારા જ્યોતિષશાસ્ત્રના આધારે કહું છું કે આ નગરમાં અને તેની આસપાસના વિસ્તારમાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે. બંધુઓ ! ચાલુ વર્ષે દેશમાં વરસાદ થયો નથી અને દુષ્કાળ જાહેર કર્યો ત્યારે કેવી રાડ પડી ગઇ હતી. એ તો કુદરતે થોડો વરસાદ થયો. જ્યોતિષીના મુખે બાર વર્ષનો દુષ્કાળ સાંભળતા આખી સભા છક થઈ ગઈ. રાજા, મંત્રી બધાને આ વાત સાંભળતાં ખૂબ દુઃખ થયું. હું કરીશ શું ? મારી પ્રજાને જીવાડીશ કેવી રીતે ? કુદરતની સામે કોણ બાથ ભીડી શકે ? શું કરવું ? કોઈને સૂઝ પડતી નથી. રાજાએ તો પૈસા ખર્ચીને ભરાય તેટલા અનાજના કોઠારો ભરવા માંડયા. જેટલો થાય તેટલો અનાજનો સંગ્રહ કર્યો જ્યોતિષી શિયાળામાં કહી ગયો. ચોમાસું આવતાં પહેલાં તો રાજાએ પ્રજાને જીવાડવા માટે અનાજનો ખૂબ સંગ્રહ કર્યો.

દુષ્કાળના બદલે સુકાળ : ઉનાળો પૂરો થયો. અષાઢ માસ આવ્યો કોઈને વરસાદની આશા નથી. અષાઢ પૂરો થવા આવ્યો ત્યાં તો એકાએક વાદળા થવા લાગ્યા. વીજળીઓ ઝબૂકવા લાગી અને મૂશળધાર વરસાદ વરસ્યો. બંબાકાર પાણી પડયું. નગરજનો આશ્ચર્ય અને આનંદ સાથે નાચવા લાગ્યા. બધા લોકો બોલવા લાગ્યા કે પેલો જ્યોતિષી ખોટો પડયો. રાજાને તો આ જ્યોતિષીના જ્ઞાન ઉપર ખૂબ શ્રદ્ધા હતી. એમને તો એ આશ્ચર્ય લાગ્યું કે શું મહાપંડિત, પ્રાજ્ઞનું ગણિત ખોટું પડયું ? ના....ના.... એ તો બને નહિ પણ બન્યું કેમ એ આશ્ચર્ય છે. તેના પર શ્રદ્ધા રાખીને મારા ધનના ભંડારો ખાલી કર્યા અને ધાન્યના ભરપૂર ભંડારો ભર્યા. હવે હું આટલા બધા અનાજને કરીશ શું ? ખરેખર આ જ્યોતિષીને તો શિક્ષા કરવી જોઈએ. તે મને ખોટું કહી ગયો ?

સજ્જની શંકાનું સમાધાન : તે સમયે તે ગામમાં ચાર જ્ઞાનના ધારક ગુરૂ ભગવંત ત્યાં ચાતુર્માસ પધાર્યા હતા. રાજા તેમની દેશના સાંભળવા ગયા. દેશના પૂરી થયા બાદ રાજાએ કહ્યું-ગુરૂદેવ ! હું આપને એક પ્રશ્ન પૂછું ? પૂછો. અમારે ત્યાં એક જ્યોતિષી આવ્યો હતો તે કહી ગયો હતો કે તમારે ત્યાં ૧૨ વર્ષનો દુષ્કાળ પડશે અને

અત્યારે તો વરસાદ થયો તો શું તે જ્યોતિષી સાચો છે કે ખોટો ? રાજન્ ! તે જ્યોતિષી ખોટો નથી પણ સાચો છે. એ વખતે એવા ગ્રહ હતા કે બાર વર્ષનો દુષ્કાળ પડે. તો પ્રભુ ! આમ કેમ બન્યું ? દુષ્કાળ કયાં ભાગી ગયો ? રાજન્ ! એક મહા પુણ્યવંતના પોતા પગલાએ ગગનના ગ્રહોને વેરવિખેર કરી નાંખ્યા. આ સાંભળતા રાજાને ખૂબ આશ્ચર્ય થયું. રાજા ! તમારા નગરમાં મહાપુણ્યશાળી આત્મા માતાના ગર્ભમાં આવ્યો છે. જેના વિશિષ્ટ પુણ્ય કર્મના અણુઓએ ભયંકર દુષ્કાળને ધક્કો મારી દઈને સર્વત્ર સુકાળ ફેલાવી દીધો. ગુરૂદેવ ! એવી કઈ માતા ભાગ્યવંતી છે કે જેને ત્યાં આવો પુણ્યાત્મા આવીને ઉત્પન્ન થયો છે ? તે પુણ્યાત્મા કોણ છે ? તેણે પૂર્વ જન્મમાં એવું શું પુણ્ય કર્યું છે કે જે માતાના ગર્ભમાં આવતા દુષ્કાળ દૂર થયો ? હે રાજન્ ! એ આત્માના પૂર્વભવની કહાની તું સાંભળ.

પૂર્વભવની કહાની : પૂર્વભવમાં એનું નામ પ્રવરદેવ હતું. નાનપણમાં એના મા-બાપ મરી ગયા. એ બાઉધરો ખૂબ હતો. જે મળે તે ખાવાની એને ટેવ પડી ગઈ હતી. તેને ભૂખ બહુ લાગે. ખાઉ ખાઉ સિવાય વાત નહિ. અતિ પડતું આવું એ રોગને આમંત્રણ આપવા જેવું છે પ્રવરના આખા શરીરમાં કોઢ વ્યાપી ગયો. ચેપી કોઢથી એનું શરીર ફદફદી ગયું. બધા લોકો એને અછૂત ગણવા લાગ્યા. બધા એનો તિરસ્કાર કરતા. તે જ્યાં જાય ત્યાં બધા એને હડધૂત કરતા. માંગે તો કોઈ રોટલી પણ ન આપે. કોઇ ઓટલે ઊભો રહેવા પણ ન દે. હડકાયા કૂતરા કરતા ય એની બરાબ સ્થિતિ થઈ. તેના મનમાં થયું કે આ સ્થિતિમાં જીવીને શું કરવું છે ? આપઘાત કરીને મરી જાઉં. તે ગામ બહાર આપઘાત કરીને મરવા ગયો. ત્યાં એક મહાજ્ઞાની, મહાતપસ્વી મુનિએ તેને જોયો. તેને પાસે બોલાવ્યો ને કહ્યું-પ્રવર ! તું આપઘાત શા માટે કરે છે ? પ્રવરદેવ મુનિના ખોળામાં માથું મૂકીને ચોધારા આંસુએ રડવા લાગ્યો. પછી ગદ્ગદ્ સ્વરે કહ્યું-ભગવાન ! આ કુષ્ટ રોગે મારા જીવનને ત્રાસમય બનાવી દીધું છે. લોકો કૂતરા જેવા પ્રાણીને હાથ ફેરવીને પંપાળે છે અને માણસ જેવા માણસને થૂંકે છે. મને કોઈ બટકું રોટલો ય આપતા નથી. અરે ! કોઇ ઓટલે ઉભા રહેવા દેતું પણ નથી. આ રોગ હવે મારાથી સહન થતો નથી. હું કંટાળી ગયો છું તેથી આપઘાત કરવા તૈયાર થયો છું. ઓ કરૂણાસાગર ભગવંત ? મારા ઉપર કૃપા વરસાવો ને દુઃખમાંથી બચાવો.

દુઃખ રૂપી દર્દને કાઢવા પાપ રૂપી કુપથ્યનો ત્યાગ : ગુરૂ ભગવંતે કહ્યું-ભાઈ ! તું દુઃખને શા માટે રડે છે ? આ દુઃખ આવ્યું કયાંથી ? જબ્બર પાપનો ઉદય હશે ત્યારે આવું દુઃખ આવ્યું ને ? તારે રડવું હોય તો તું પાપોને રડ કે જેણે આમંત્રણ આપીને આ દુઃખોને બોલાવ્યા છે. આપણી પણ આ જ દશા છે. આપણે દુઃખોને રડીએ છીએ પણ પાપ માટે કયારે પણ રડતા નથી. જેટલી મહેનત આત્મા દુઃખોને દૂર કરવા કરે છે તેટલી મહેનત પાપોને કાઢવા માટે કરે તો કોઈ દુઃખ રહે ખરું ? **દુઃખનું કારણ પાપ,** પાપને પલાયન કરો એટલે દુઃખ તો દૂર જવાનું છે. આ તો એવી

વાત છે કે રોગ મટાડવો છે પણ કુપથ્ય ખાવાનું બંધ કરવું નથી. પછી રોગ જાય કેવી રીતે ? તેમ દુઃખ રૂપી દર્દને કાઢવા માટે પાપ રૂપી કુપથ્યનો ત્યાગ કરવો પડે. જો દુઃખ ગમતું નથી તો પાપ પણ ન ગમવું જોઈએ. જે પાપને છોડે છે તેને દુઃખ પણ છોડી દે છે. પાપ તો કહે છે કે જે મને પકડી રાખશે તેને દુઃખ પકડી રાખશે. આત્મા જેટલો દુઃખથી ડરે છે તેટલો જો પાપથી ડરે તો દુઃખ રહે કયાંથી ? **"દુઃખનો ડર તે દુર્ગુણ છે અને પાપનો ડર તે સદ્ગુણ છે."** મિથ્યાત્વીઓ, અજ્ઞાનીઓ દુઃખથી ડરે અને સમકિત આત્માઓ પાપથી ડરે. આપણો આત્મા પણ ચારે ગતિમાં ગયો ત્યાં દુઃખ માટે રડયો છે પણ પાપ માટે આંસુના બે બૂંદ પણ પડયા નથી. હવે આ ભવમાં દુઃખોનો ડર છોડીને પાપના ડરવાળા બનીને પાપોને તિલાંજલી આપી દો, પાપોને તિલાંજલી આપશો એટલે દુઃખોને પણ તિલાંજલી મળવાની છે.

ત્યાગના તેજ કિરણે પ્રગટેલો પુણ્ય સિતારો : ગુરૂ ભગવંત પ્રવરને એ જ કહી રહ્યા છે કે તું દુઃખોને રડીશ નહિ પણ દુઃખ આપનાર પાપોને રડ. સર્વ દુઃખોનું મૂળ અવિરતિનું પાપ છે. આ મૂળિયા પર ઘા કર. પાપનું મૂળ બળી જશે, પછી દુઃખના ઝાડની સલામતી રહી શકતી નથી. એ સૂકાઈ જઇને તૂટી પડે છૂટકો. પાપ જાય એટલે દુઃખ જાય. પાપને ધોવા માટે તપ કર. તપ કરવાથી તારા પાપો ધોવાઇ જશે. શ્રુતગંગાના આ નિર્મળ જળનું પાન કરતાં પ્રવરને ખૂબ આનંદ થયો. ઘણાં વર્ષે એને તો જાણે મા મળી ! સાચો ભાઈ, સાચો મિત્ર મળ્યો હોય એવું લાગ્યું. મુનિએ અવિરતિનું સ્વરૂપ સમજાવ્યું અને વિરતિનું મહત્ત્વ સમજાવ્યું. પ્રવરે કહ્યું–ગુરૂદેવ ! દુઃખ રહે તો ભલે ને જાય તો ભલે પણ પાપના મૂળને હું અત્યારે દૂર કરીશ. આપ મને પ્રતિજ્ઞા આપો. જીવનપર્યંત એક અન્ન, એક વિગય અને એક શાકથી વધુ ખાવું નહિ. તે પણ એક વાર ખાવું. કાચું પાણી પીવું નહિ. પ્રવરે એક શાક સિવાય તમામ શાક, ફળ, ફૂટ બધાનો ત્યાગ કર્યો. સંત કહે– ભાઈ ! એક શાકની છૂટ પણ શા માટે રાખે છે ? બને તો તું આયંબીલ કર. પ્રવરે એક વર્ષ સુધી આયંબીલ કર્યા ને પછી જીવનભર માટે પચ્ચક્ખાણ કર્યા કે મારે એક વિગય, અમુક શાક અને એક અનાજ વાપરવું. એક અનાજમાંથી બનતી બધી વસ્તુ નહિ પણ એક જ વસ્તુ કલ્પે. તપ કરવાથી, આ રીતે વસ્તુઓનો ત્યાગ કરવાથી તેનું શરીર સારું થઈ ગયું. તેનો રોગ સંપૂર્ણ ચાલ્યો ગયો. તપથી તો ભલભલાના રોગો મટી જાય છે. પ્રવરના કર્મો ખપતા ગયા. તેને સારું થઈ ગયું. હવે બધા તેને નોકરી બોલાવવા લાગ્યા. ધંધો બતાવનાર મળ્યા. છેવટે એવી સ્થિતિ આવી કે તે મોટો વેપારી થઈ ગયો. તેનો પુણ્યસિતારો એવો ચમકયો કે તે લાખોપતિ થઇ ગયો.

પુણ્યાત્માના સૂક્ષ્મ બળે હચમચાવેલું સ્થૂલ જગત : પ્રવરના રોગો તો શાંત થઈ ગયા પણ સાથે ભોગવાસનાઓ પણ શાંત થઇ ગઇ. તેણે નક્કી કર્યું કે હવે મારે લગ્ન કરવા નથી. તે પોતાનું ધન પરમાર્થમાં વાપરવા લાગ્યો. એક વાર ભયંકર દુષ્કાળ પડયો. પ્રવરદેવે પોતાના અનાજના ભંડાર ખુલ્લા મૂકી દીધા. કેટલાય સ્વધર્મીઓની

ભક્તિ કરી, સ્વધર્મી ભક્તિ માટે તેણે રસોડા ખોલ્યા. કહેવાય છે કે તેણે એક લાખ સ્વધર્મીઓની ભક્તિ કરી. સ્વધર્મી માટે રસોડા ચાલતા હતા તેમાં કેટલાય સંતોને સુપાત્ર દાન આપ્યું. હજારો મુનિઓને અંતરના ભાવથી ખૂબ ઉત્કૃષ્ટ ભાવે સુપાત્ર દાન આપ્યું. તેણે દાન દેતાં પાછું વાળીને જોયું નથી. એક તો ઉત્કૃષ્ટ ભાવે સુપાત્ર દાન દીધું, સ્વધર્મી ભક્તિ કરી અને આજીવન અખંડ બ્રહ્મચર્ય વ્રત પાળ્યું. તેના પ્રભાવે તે મરીને સૌધર્મ દેવલોકમાં સામાનિક દેવ થયો. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરીને તે આ નગરમાં શુદ્ધબોધ શેઠની પત્નીની કુક્ષીમાં આવ્યો. પૂર્વજન્મમાં ઉત્કૃષ્ટ ભાવે આપેલા સુપાત્ર દાનના પ્રભાવે તેણે એવું જબ્બર પુણ્ય બાંધ્યું કે તમારા નગરમાં દુષ્કાળના કાળા ઓળા ઉતારવા સજ્જ બની ચૂકેલા ગ્રહો વિખરાઈ ગયા. તેના દાનના પ્રભાવે બાંધેલા જબ્બર પુણ્યોદયે નગરજનોના અશુભ કર્મોને ધક્કો મારીને હડસેલી મૂકયા. પરિણામે મૂશળધાર વરસાદ વરસ્યો અને ધરતીને હરિયાળી બનાવી દીધી. એ માતાની કુક્ષીમાં આવેલા એ મહાન પુણ્યાત્માના સૂક્ષ્મ બળે સ્થૂલ જગતને હચમચાવી મૂકયું. આ બધો પ્રભાવ હોય તો સુપાત્ર દાનનો છે.

દાનધર્મની જ્વલંત જ્યોતિ નિશદિન જગમાં જલ્યા કરે,
ટમટમ થાતા દીવડાઓને, નવી જિંદગી મળ્યા કરે.

સુપાત્ર દાનનો મહિમા અપૂર્વ છે પણ એટલું યાદ રાખજો કે દાન શુદ્ધ હોવું જોઈએ. ભાવ પણ શુદ્ધ હોવા જોઈએ. તો તે દાન મહાન લાભનું કારણ બને છે. નદી પર્વત પરથી નીકળી કલકલ વહેતી વહેતી તે સાગરને મળે છે. નદીઓનું પાણી મીઠું છે અને સાગરનું પાણી ખારું છે. નદીઓના પાણી પીને લોકો પોતાની તૃષા શાંત કરે છે. એ જ નદીઓના મીઠા પાણીથી બનેલા સાગરનું પાણી માનવીને ભાવતું નથી. પર્વતની ગોદમાંથી નીકળેલી નદી જ્યાં જ્યાં વહે છે ત્યાં ત્યાં તે પોતાના પાણીનું દાન આપતી આપતી આગળ વધે છે, નદી દાન કરે છે, ઉદારતાથી આપે છે તેથી લોકો તેને પૂજે છે. સાગર કોઈને દાન કરતો નથી, સ્વેચ્છાથી કોઈને આપતો નથી. તે સંગ્રહખોર છે, કંજુસ છે, આથી તેનું પાણી સદાય ખારું હોય છે. નદી સ્વેચ્છાએ બીજાને આપે છે તેથી તેનું પાણી મીઠું છે. આ રીતે જે આત્મા ઉદાર ભાવનાથી દાન આપે છે તેનુ જીવન મીઠું બને છે અને જે સંગ્રહ કરે છે પણ દાન આપતો નથી તેનું જીવન સાગર જેવું ખારું બને છે.

દાન માત્ર પૈસાથી જ નથી થતું. દાન તો શક્તિનું, બુદ્ધિનું અને સમયનું પણ થઇ શકે છે. આપણે સુપાત્ર દાનની વાત ચાલે છે. બારમા વ્રતમાં અન્ન, પાણી, વસ્ત્ર આદિનું દાન આપવાનું છે, આ દાન આપતાં અતિચાર ન લાગે તે ધ્યાન રાખવાનું છે. તેનો છેલ્લો અતિચાર છે **" મચ્છરીયાએ "** દાન આપીને અહંકાર કરવો. દાન આપીને કયારે પણ અભિમાન ન કરશો. દાન દઇને તેનું પ્રદર્શન પણ ન કરશો. આ રીતે

કરવાથી અતિચાર લાગે છે. ૧૨ વ્રત પૂરા થયા. આનંદ શ્રાવક ૧૨ વ્રત અતિચાર સહિત બરાબર સમજ્યા અને અંગીકાર કર્યા. તેમણે કહ્યું–અહો ! મારા ત્રિલોકીનાથ પ્રભુ ! હું ૧૨ વ્રતમાં અતિચાર નહિ લગાડતા ખૂબ સુરક્ષિત રીતે સાચવીશ. તેમને તો રોમેરોમમાં આનંદ થયો કે આજે મારું જીવન ધન્ય બની ગયું.

જ્ઞાની કહે છે કે વ્રત લીધા પછી વ્રત લીધાનો આનંદ હોવો જોઈએ. વ્રતથી સુખ છે અને અવ્રતથી દુઃખ છે એવો નિશ્ચય થઈ જાય તો વ્રતના પાલનમાં આનંદ આવે. વ્રત મારા આત્મા માટે હિતકારી છે એવી શ્રદ્ધા હોવી જોઈએ. વ્રતથી વિપત્તિઓ ભાગે અને અવ્રતથી યાતનાઓ વધે. વ્રત પર પૂર્ણ પ્રેમ જોઈએ અને અવ્રત પર ભારે નફરત જોઈએ તો વ્રતનું પાલન વિશુદ્ધ થઈ શકે. ૧૨ વ્રત મળવાથી હું ધનવાન બની ગયો એવો ભાવ આવવો જોઈએ. વ્રત પાલન કરતાં ગમે તેવી મુશ્કેલીઓ આવે તો જરા પણ મૂંઝાવું ન જોઈએ. પ્રાણ જાય તો ભલે પણ વ્રત જવું ન જોઈએ. **અવ્રતની અકળામણ થાય તો વ્રતનો આનંદ આવે.**

નિષ્પાપ જીવન જીવવા માટે આ માનવજીવન મળ્યું છે. વ્રતોને ગ્રહણ કરીએ તો નિષ્પાપ જીવન જીવી શકાય. વ્રતો પાપથી બચાવે; વ્રતો કષાયોથી, વાસના વિકારોથી અને દુર્ગતિ ગમનથી બચાવે. વ્રતો સ્વર્ગ અને સિદ્ધિ સુધી પહોંચાડે. **"સર્વ સુખનું મૂળ વ્રત અને સર્વ દુઃખનું મૂળ અવ્રત."** વ્રત લીધા પછી ઉત્તરોત્તર આનંદ વૃદ્ધિ પામતો રહેવો જોઈએ. વ્રતનું મહત્ત્વ મનમાં વસી જાય તો મોક્ષ દૂર ન રહે. વ્રતમાં વેદનાનો અનુભવ ન થતાં વિનોદ (આનંદ)નો અનુભવ થવો જોઈએ. વ્રતથી અવિરતિનું પાપ રોકાય. ઇન્દ્રિયો કાબૂમાં આવે અને મન વશ થાય. વ્રત પાળવામાં પ્રમોદ રાખવો પણ પ્રમાદ ન રાખવો. આનંદ શ્રાવકે વ્રત લીધા, તેમને તો જાણે અપૂર્વ નિધાન મળ્યું હોય એવો અપૂર્વ આનંદ છે. તેમણે પ્રભુ પાસે શ્રદ્ધાપૂર્વક ૧૨ વ્રતો અંગીકાર કર્યા. હવે શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : રાજાએ કહ્યું– પુણ્યસાર ! તું તારા મિત્રને રૂમમાં લઈ જઈને બધી વાત પૂછી આવ. સજ્જન, ગુણવાન વેપારી આપણા નગરમાં આપઘાત કરે તે આપણા માટે કલંક છે. તેના માતાપિતા જાણે તો કહે કે રાજા, નગરશેઠે કોઈએ ન બચાવ્યો, માટે આપણે તેને બચાવવો છે. તું તેને પૂછજે; કદાચ પૈસાની જરૂર હોય તો મારા ભંડાર ખુલ્લા છે. બે ચાર કરોડ જેટલા જોઈએ તેટલા દેવા તૈયાર છું. તું સંકોચ ન રાખીશ. આપણે તો તેને કોઈ પણ હિસાબે બચાવવો છે આ રીતે રાજાએ ખૂબ ભલામણ કરી.

પોશાક અને દાઢીનામાં પતિનો આભાસ : પુણ્યસારે ગુણસુંદરનો હાથ પકડીને કહ્યું– ઉઠ, ઊભો થા. ગુણસુંદર કહે મારે આવવું નથી. પુણ્યસારે પરાણે ઊભો કર્યો અને તેને અંદર રૂમમાં લઈ જઈને ખુરશી પર બેસાડ્યો. મિત્ર ગુણસુંદર ! હવે

તું જે હોય તે મારી પાસે વ્યક્ત કર ગુણસુંદર તો પુણ્યસારે પહેરેલી વીંટી અને નવસેરા હાર તરફ ધારી ધારીને જુવે છે. મિત્ર ! તું મારા સામું શું જોઈ રહ્યો છે ? તું તો ગાંડો થઈ ગયો છે કે શું. તારું ચસ્કી ગયું છે? હું તને અજાણ્યો લાગું છું ? હું મારા મિત્રના લગ્નમાં ગયો હતો તેથી આ દાગીના પહેરી ગયો હતો. તારા આ સમાચ્યાર સાંભળતા ઘેર ન જતાં સીધો અહીં આવ્યો છું. ત્યારે ગુણસુંદરે કહ્યું– મિત્ર ! મારું ચસ્કી ગયું નથી. હું ગાંડો થયો નથી, પણ તારી સામે એ જોઉં છું કે છ છ મહિનાથી જેના માટે તપ કરું છું તે તમે નથી ને ? મિત્ર ! તારી આવી ગોળ ગોળ ભાષા હું સમજી શકતો નથી. મને સમજ પડે એવું બોલ. તું કયા દુઃખથી આપઘાત કરવા ઉઠ્યો છે તે મને જલ્દી કહે. મારો તો જીવ અદ્ધર થઈ ગયો છે, તું જે હોય તે કહે તો વાતનો ફેંસલો થાય.

મારા પતિ છે એ ચોક્કસ કરવા ગુણસુંદરે પૂછેલા પ્રશ્નો : ગુણસુંદરે કહ્યું– મિત્ર ! આ વીંટી, નવસેરો હાર તેં તારા પહેર્યા છે કે બીજા કોઈના પહેર્યા છે ? તું એમ શા માટે પૂછે છે ? મેં પહેર્યા છે એટલે મારા જ હોય ને ! તને વીંટી અને હારનો મોહ લાગ્યો છે તો તે હું તને ઉતારી આપું. તુ મારા જેવો શ્રીમંત છે મારાથી ઉતરે એવો નથી ને તારો જીવ એમાં ભરાઈ ગયો ! શું હું ભિખારી છું કે કોઈની પાસેથી ઉછીના લઈ આવું. આ હાર અને વીંટી મારા છે. તે બાબતમાં તારે શું કહેવું છે ? મિત્ર ! તારા પિતાજીએ બનાવેલા છે કે તને કોઈએ ભેટ આપ્યા છે ! પુણ્યસાર કહે– આ દાગીના મારા પિતાએ બનાવેલ નથી. જો તારા પિતાએ ઘડાવ્યા નથી તો ક્યાંથી લાવ્યો છે ? નિમિત્ત નૈમિત્તિક સંબંધ કેવો ભેગો થાય છે ! પુણ્યસારે આ દાગીના અને આ પોશાક તેના લગ્ન પછી પહેર્યા ન હતા. આજે જ પહેર્યા. આ તો તેના મિત્રના લગ્નમાં ગયો હતો એટલે આ પોશાક અને દાગીના પહેરી ગયો હતો. ગુણસુંદરની આપઘાતની વાત જાણી એટલે તે ઘેર ન ગયો. એ પોશાકે સીધો અહીં આવ્યો છે. આ પોશાક અને દાગીના જોતાં ગુણસુંદરને શંકા પડી કે આ પુણ્યસાર છે પણ વાત ચોક્કસ કરવા માટે આ બધા પ્રશ્નો પૂછી રહ્યો છે. હવે ત્યાં શું બનશે તે ભાવ અવસરે.

આસો સુદ ૧૦ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૯૪ : તા. ૨૩-૧૦-૮૫

આપણે આનંદ શ્રાવકનો અધિકાર ચાલે છે. તેમણે ભગવાન પાસે ૧૨ વ્રતો આદર્યા ને તેના અતિચાર પણ જાણ્યા. હવે સંથારાની વાત આવે છે. મરણ બે પ્રકારના છે. સકામ મરણ અર્થાત્ પંડિત મરણ અને અકામ મરણ અર્થાત્ બાલમરણ. આપણે કયા મરણે મરવું છે? બાલમરણે તો જીવ અનંતી વાર મર્યો છે. કૂવામાં રેંટ ફરે ત્યારે પાણીથી ડોલ ભરાય અને ઠલવાય તેમ ચારે ગતિમાં જીવ અનંતી વાર અકામ મરણે મર્યો છે. પંડિત મરણ માત્ર સાધુઓને થાય છે એવું નથી પણ વ્રતોનું પાલન કરવાવાળા

અને સદાચારથી જીવન જીવનારા ગૃહસ્થોનું પણ થાય છે એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા બધાને પંડિત મરણની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવોનું અકામ મરણ વારંવાર થાય છે. પંડિત પુરૂષોનું સકામ મરણ ઉત્કૃષ્ટ (કેવળજ્ઞાનીની અપેક્ષાએ) એક વાર થાય છે. ભૂતકાળમાં તો અકામ મરણે ઘણી વાર મર્યા પણ જો વર્તમાનકાળને સુધારીશું તો ભવિષ્યકાળ સુધરવાનો છે. ભલે આ પાંચમાં આરામાં અહીંથી સીધા મોક્ષમાં ન જવાય પણ એકાવતારી બની શકાય એવી સાધના, આરાધના તો કરી શકીએ છીએ. આ જીવ બાલમરણે શાથી મરે છે ?

बाल मरणाणि बहुसो, अकाम मरणाणि चेव य बहूणि ।
मरिहंति ते वराया, जिणवयणं जे न जाणंति ॥ ઉત્ત.અ.૩૬ગાથા ૨૬૭

જે જિનવચનને જાણતો નથી, સમજતો નથી તે બિચારો અનેક વાર બાલમરણથી અને અનેક વાર અકામ મરણથી મરણ પામશે.

મૃત્યુ કોને કહેવાય ? : મૃત્યુનો અર્થ છે આત્માનો દેહ ત્યાગ. શરીરનો ત્યાગ કરીને આત્મા ચાલ્યો જાય છે ત્યારે દુનિયા કહે છે કે આનું મૃત્યુ થઈ ગયું. જ્યાં સુધી આત્મા કર્મોથી જકડાયેલો છે ત્યાં સુધી મૃત્યુ અનિવાર્ય છે. નિશ્ચિત છે. આઠે કર્મોના બંધન તોડીને આત્મા જ્યારે સિદ્ધ, બુદ્ધ, શુદ્ધ અને મુક્ત બની જશે ત્યારે મૃત્યુ નહિ થાય. સંસારી બધા જીવોના જન્મ અને મૃત્યુ થાય છે. મૃત્યુ નથી થતું માત્ર એક કર્મમુક્ત સિદ્ધ આત્માઓનું. જ્યાં સુધી આત્મા કર્મોથી સંપૂર્ણ મુક્ત ન બને ત્યાંસુધી જન્મ-મરણનું વિષચક્ર ચાલ્યા કરે છે માટે સર્વજ્ઞ પુરૂષે કર્મના બંધન તોડવાનો ઉપદેશ આપ્યો છે. ધર્મ પુરૂષાર્થ પાછળ લક્ષ કર્મબંધન તોડવાનું હોવું જોઈએ. જેણે જીવનમાં અનેક પ્રશંસનીય ગુણોની સમૃદ્ધિ મેળવીને અહીંથી પ્રયાણ કર્યું છે એના માટે મૃત્યુ પણ મહોત્સવ રૂપ બની રહે છે. મૃત્યુ એ શરીરની અને તમામ સંબંધોની ક્ષણભંગુરતાનો ખ્યાલ આપે છે.

दुर्लभं प्राप्य मानुष्यं, विधेयं, हितमात्मनः ।
करोत्यकांड एवेह मृत्युः सर्वं न किंचन ॥

મૃત્યુ સાવ અચાનક આત્મા પર આક્રમણ કરી બેસે છે અને જાણે કંઈ હતું જ નહિ એમ બધું સાફ કરી મૂકે છે, માટે દુર્લભ એવા મનુષ્ય જીવનને પામીને આત્મહિત કરી લેવું જોઈએ. જાણે આવતી કાલે મૃત્યુ આવી પહોંચશે એમ સમજીને જીવવાનું છે. મૃત્યુની કલ્પનાથી ડરવાનું નથી પણ જાગવાનું છે.

વિરક્ત માણસ મૃત્યુથી ગભરાતો નથી. એ ડરે છે જન્મથી એ સમજે છે કે જન્મ છે ત્યાં દુઃખો રહેલા છે. આ સમજણથી જે પોતાના જીવનમાં ધર્મ પુરૂષાર્થ કરે છે તે કયારે પણ મૃત્યુથી ડરતો નથી. એ તો પળે પળે મૃત્યુનું સ્વાગત કરવા તૈયાર હોય છે. મૃત્યુને જો મહોત્સવ રૂપ બનાવવું હોય તો જીવનની પ્રત્યેક પળ

જાગૃતિના અજવાળામાં જીવવી પડશે. પાપોના પડછાયા તન, મન અને જીવનને ઘેરી ન વળે એની સતત તકેદારી રાખવી પડશે. જે આત્માર્થી સાધકો છે તેમને તો મૃત્યુ મહોત્સવ રૂપ બને છે. આગમમાં વાંચીએ તો જાણવા મળે છે કે કંઈક જીવોએ એક વાર પ્રભુની દેશના સાંભળીને દીક્ષા લીધી અઘોર તપ કર્યા અને છેલ્લે સંથારા કર્યા, અ.પણને વિચાર થાય કે એ જીવો કેવા હળુકર્મી હશે કે એક વાર દેશના સાંભળતા બૂઝી ગયા દીક્ષા લીધી. ગજસુકુમાલ, મેઘકુમાર વગેરે તે કેવી રીતે બૂઝી ગયા હશે? તમે રોજ વ્યાખ્યાન સાંભળો છો છતાં વૈરાગ્ય નથી આવતો. આનું શું કારણ ? એક ન્યાયથી સમજીએ.

કાગળ કેટલો લખશો ? પા, અડધો, કે પોણો ? : એક માણસ કાગળ લખવા બેઠો. તેણે ૦ા કાગળ લખ્યો ત્યાં ઊંઘ આવી એટલે કાગળ લખવાનો મૂકી દીધો, બીજે દિવસે સવારે તેણે તે કાગળ પૂરો કર્યો. બીજો માણસ કાગળ લખવા બેઠો. તેણે અડધો કાગળ લખ્યો ને ઊંઘ આવી. બીજે દિવસે સવારે તેણે કાગળ પૂરો કર્યો. ત્રીજા માણસે આખો કાગળ પૂરો કર્યો. માત્ર સરનામું બાકી હતું ને ઊંઘ આવી. તેણે બીજે દિવસે સરનામું કર્યું. જેને માત્ર સરનામું બાકી છે તેને સરનામું કરતાં કેટલી વાર લાગે ? પાંચ મિનિટ. જેને અડધો કાગળ બાકી છે તેને સરનામું બાકી હતું તેના કરતાં કાગળ પૂરો કરતાં વધારે વાર લાગે અને જેને ૦ા કાગળ બાકી છે તેને તો વિશેષ વધારે વાર લાગે. આખો કાગળ પૂરો કર્યો છે તેને માત્ર સરનામું બાકી હતું. અડધો કાગળ લખ્યો છે તેને અડધો કાગળ અને સરનામું બાકી અને ૦ા કાગળ લખ્યો છે તેને પોણો કાગળ લખવાનો બાકી અને સરનામું બાકી એટલે એક કરતાં એકને વધારે વાર લાગે.

જો પત્રનો પ્રારંભ તો પૂર્ણતાની પ્રાપ્તિ : આ ન્યાય આપણે સમજવાનો છે. આપણે કેટલો કાગળ બાકી રાખીને આવ્યા છીએ ? મને તો લાગે છે કે સાવ કોરો કાગળ મૂકીને આવ્યા છીએ. એક લીંટી પણ લખવાની શરૂ કરી નથી. જેમને માત્ર સરનામું બાકી હતું એવા ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ. તેમણે પૂર્વ જન્મમાં જબ્બર સાધના કરી, તનતોડ પુરૂષાર્થ કર્યો; તે લોક ગવેષણા માટે નહિ, માન-સન્માન કે પ્રશંસા માટે નહિ, કોઈને સારા થવા માટે નહિ પણ એકાંત આત્મલક્ષે ઉત્કૃષ્ટ આરાધના કરેલ. આરાધનાનો કાગળ આખો લખીને પૂરો કરેલો પણ સરનામું બાકી રહ્યું હોય એટલા અલ્પ કર્મો બાકી રહ્યા એટલે આ મહાન સાધકોએ નાની ઉંમરમાં દીક્ષા લઈને સરનામા પૂરા કરવા સમાન સાધના કરીને કર્મોને ખપાવી દીધા. આ મનુષ્યભવ અને જૈનશાસનમાં આવીને આપણે બધાએ એવી સાધના કરવી છે કે માત્ર સરનામું બાકી રહે. જેમને સરનામું બાકી હતું તે તો સાધના કરીને મોક્ષે ગયા પણ જેમને અડધો કાગળ બાકી હતો તેઓ એકાવતારી થયા. સરનામું બાકી હતું તેના કરતાં અડધો કાગળ લખેલાને પૂરો કરતા વાર લાગે તેમ આ જીવોનો સંસારકાળ તે

જીવો કરતાં વધારે હતો એટલે તેઓ એકાવતારી થયા. પરદેશી રાજા કેટલા પાપી હતા. જેમના હાથ લોહી ખરડયા રહેતા હતા છતાં એક વાર કેશી સ્વામીનો સમાગમ થતાં તે પરદેશી મટી સ્વદેશી બની ગયા અને એકાવતારી થઈ ગયા. જેમનો ૦ા કાગળ બાકી હતો તેમને અડધા કાગળ કરતાં વધારે વાર લાગે તેમ તે જીવોનો સંસાર અડધા કાગળ સમાન જીવો કરતાં વધારે બાકી હતો, મોક્ષ જવામાં વધુ વાર હતી એટલે તે જીવો ત્રીજે, સાતમે કે પંદરમા ભવે મોક્ષે ગયા. દૂંકમાં જેમણે લખવાની શરૂઆત કરી હતી તે પામી ગયા. આપણે બધા અહીં ભેગા શા માટે થઈએ છીએ ? કાગળ લખવા માટે. જેની જેટલી જાગૃતિ હશે તેટલો કાગળ લખાશે પણ એક વાર લખવાની શરૂઆત તો કરવી છે. શરૂઆત કરીશું તો પામીશું.

સંલેખણા એટલે શું : શ્રાવક રોજ સવારમાં ઉઠીને ત્રણ મનોરથ ચિંતવે. હે ભગવાન ! હું આરંભ પરિગ્રહનો ત્યાગ કયારે કરીશ ? પંચ મહાવ્રતધારી સાધુ કયારે બનીશ ? સર્વ પાપોને આલોવી સંથારો કયારે કરીશ ? સાધુના પણ ત્રણ મનોરથો હોય છે : (૧) હું બહુસૂત્રી કયારે બનીશ ? (૨) બારમી પડિમા કયારે વહન કરીશ ? (૩) ભક્ત પ્રત્યાખ્યાન, ઇંગિત અને પાદોપગમન આ ત્રણ સંથારામાં પાદોપગમનનો ધારક કયારે બનીશ ? સાધુ હોય કે શ્રાવક હોય બંને સંથારાનો પંડિત મરણનો મનોરથ તો ચિંતવે. સંથારો કરતાં પહેલા સંલેખણા કરે, સંથારો અને સંલેખણા એ બેમાં ફરક છે. સંલેખણા એટલે શું ? સંલેખણામાં તન-મનને ઘસી નાંખવા પડે. કાયાની સુખશીલતા અને મનની કાયરતા ફગાવી દેવી પડે. તન તોડી નાંખવું પડે અને મન મોડી નાંખવું પડે. એવા કઠીન માર્ગે ચાલતા મને આ નથી ગમતું, આ નથી ફાવતું એવું ન રખાય. ગમે તેવા ભારે કષ્ટ આવે તો પણ મનને ગમાડવા પડે. તે કષ્ટ સહન કરતા જરા પણ ખેદ કે અરૂચી નહિ પણ તેને ખુશીથી વધાવી લેવા પડે. ત્યારે મન મોડી નાંખ્યું કહેવાય. તનને તોડવું એટલે કાયાને તપશ્ચર્યાથી કસવી. કાયાને કસી નાંખવી એટલે શુ ? આ કાયા કાંઈ સુખડનું લાકડું નથી કે તેને ઘસી નાંખીએ. કાયાને કસવી એટલે તપ આદિથી તેને કૃશ કરવી. તે માટે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ કરવા. તપના પારણાને દિવસે વિગયને તથા રસોને ઓછા કરે, તેનો ત્યાગ કરે. પારણાને દિવસે અભિગ્રહો ધારે. કદાચ રોગ આવે તો દવા ન લે. નિર્દોષ ગૌચરી ન મળે તો દિવસોના દિવસો વીતી જાય પણ આધાકર્મી આહાર ન લે પણ ઉપવાસ કરે. ડાંસ, મચ્છર વગેરે પરિષહો સહન કરી કાયાને કસે, રાત્રે કાઉસગ્ગ ધ્યાનમાં રહે અને સ્વાધ્યાય તો રાત દિવસ સતત ચાલુ રાખે. આ બધે મનની મક્કમતા એવી કેળવે કે કયાંય મન ન બગડે. જરા પણ ખેદ ન થાય. કોઇ ઉપસર્ગ આવે તો જરા પણ કષાય ન કરે. આ રીતે કાયાને કસે. એ તન તોડી નાંખ્યું કહેવાય. તન-મનને ઘસી નાંખ્યા એ સંલેખણા કરી કહેવાય. સંલેખણાનો કાળ ભગવાને આ પ્રમાણે બતાવ્યો છે.

बारसेव उ वासाइं, संलेहुक्कोसिया भवे ।
संवच्छरं मज्झिमिया, छम्मासा य जहण्णिया ॥ उत्त.अ.३६गाथा२५७

ઉત્કૃષ્ટ સંલેખણા બાર વર્ષોની, મધ્યમ સંલેખણા એક વર્ષની અને જઘન્ય સંલેખણા છ માસની હોય છે.

દ્રવ્યની અપેક્ષાએ શરીરને તથા ભાવની અપેક્ષાએ કષાયોને કૃશ કરવા એનું નામ સંલેખણા છે. આ સંલેખણા ઉત્તમ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારની હોય છે. બાર વર્ષ પ્રમાણ કાળ સુધી જે સંલેખણા ધારણ કરવામાં આવે છે તે ઉત્તમ સંલેખણા છે. એક વર્ષ પ્રમાણ કાળ સુધી જે ધારણ કરવામાં આવે છે તે મધ્યમ સંલેખણા છે અને છ મહિના સુધી જે આચરવામાં આવે છે તે જઘન્ય સંલેખણા છે. ઉત્કૃષ્ટ સંલેખણામાં પહેલા ચાર વર્ષમાં દૂધ આદિનો ત્યાગ કરે, પછી બીજા ચાર વર્ષમાં એક, બે અને અઠ્ઠમ આદિ વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરે. પારણાના દિવસે કલ્પતી બધી વસ્તુઓ લઈ શકે છે, પછી બે વર્ષ એકાંતર ઉપવાસ કરે અને પારણામાં આયંબીલ કરે. પછીના અગ્યારમા વર્ષે છ મહિના સુધી અઠ્ઠમ, ચાર કે પાંચ ઉપવાસ રૂપ કઠીન તપ ન કરે. પછીના છ મહિનામાં અઠ્ઠમ, ચાર, પાંચ ઉપવાસ રૂપ કઠીન તપશ્ચર્યા નિયમથી કરે. આ ૧૧મા વર્ષમાં તે પરિમિત થોડા આયંબીલ કરે. બારમા વર્ષમાં મુનિ કોટિ સહિત આયંબીલ તપ કરે. કોટિ એટલે એક દિવસ આયંબીલ કરીને બીજે દિવસે કોઈ બીજો તપ કરીને પછી ત્રીજે દિવસે આયંબીલ કરવું. આ કોટિ સહિત તપ કહેવાય છે. આ રીતે તપ કરીને પછી એક મહિનો અથવા પંદર દિવસ સુધી આહારનો ત્યાગ કરીને અણસણ અથવા સંથારો કરે.

સંથારાનું સ્વરૂપ : સંથારો એટલે જીવતા કાયાને વોસરાવવાની. સંથારો કર્યા પછી અંતિમ સમય સુધી તેનું લક્ષ્ય બદલાવું ન જોઈએ. બીજનો ચંદ્ર નાનો હોય છે. દરરોજ એકેક કળા વધતા તે પુનમે પૂર્ણ થાય છે તેમ સંથારો કરે ત્યારે બીજના ચંદ્ર જેવા ભાવ હોય પણ જેમ જેમ દિવસો જતા જાય તેમ તેમ તેની ભાવના વધતી જાય. શરીર ઉપરની મમતા, આસક્તિ છૂટે તો સંથારો કરાય. સંથારામાં ચારે આહારના સંપૂર્ણ પચ્ચક્ખાણ હોય છે. સંથારાના ત્રણ પ્રકાર છે : (૧) ભક્ત પ્રત્યાખ્યાન (૨) ઇંગિત સંથારો અને (૩) પાદોપગમન સંથારો. આ ત્રણે અણસણ જીવનપર્યંત માટે હોય છે. તેમાં ફરક એટલો છે કે ભક્ત પ્રત્યાખ્યાનમાં આહાર અને કષાયનો ત્યાગ હોય છે. આ સંથારામાં સાધક એક સ્થાનથી બીજા સ્થાનમાં જઈ શકે (૨) ઇંગિત સંથારા માટે કહ્યું છે કે ગીતાર્થ મુનિ તેનો સ્વીકાર કરી શકે છે. આ અણસણમાં ભૂમિની મર્યાદા હોય છે. તે મર્યાદિત ભૂમિથી બહાર આવજા કરી શકે નહિ. આ અણસણને શ્રુતજ્ઞાન સંપન્ન, દૃઢ સંઘયણવાળા જીવો ગ્રહણ કરી શકે છે. આ વાતને બતાવવા માટે આચારાંગમાં **दवियस्स वियाणओ** એ શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. ભક્ત પ્રત્યાખ્યાન કરતાં ઇંગિત મરણની સાધના વધારે છે. આ અણસણ સ્વીકાર કર્યા પછી જો શરીરમાં રોગ ઉત્પન્ન

થાય તો તે વેદનાને સમભાવપૂર્વક સહન કરવી જોઈએ. તે તેની મર્યાદિત ભૂમિમાં ફરી શકે, બેસી શકે પણ મર્યાદાનું ઉલ્લંઘન ન કરી શકે. ત્રીજો છે પાદોપગમન સંથારો. આ સંથારો આગળના બે સંથારા કરતાં ઘણો કઠીન છે. આ સંથારામાં વૃક્ષની છૂટી પડેલી ડાળી જેમ સ્થિર પડી રહે છે તેમ સાધક બિલકુલ સ્થિર રહે છે. પડખાભેર સૂતો હોય તો તેમ ને તેમ રહે. જે સ્થાનપર જે આસનથી બેઠેલા કે સૂતેલા અણસણનો સ્વીકાર કર્યો હોય તે રીતે અંતિમ શ્વાસ સુધી રહે છે. આમતેમ ફરવાનું તો દૂર રહ્યું પણ શરીરનું હલનચલન પણ કરી શકે નહિ. કદાચ કષ્ટો-પરિષહો આવે તો સમભાવપૂર્વક સહન કરે. આ ત્રણ પ્રકારના સંથારામાં પાદોપગમન સર્વ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. ઇંગિત સંથારો મધ્યમ સ્થિતિનો છે અને ભક્ત પ્રત્યાખ્યાન સામાન્ય કોટિનો છે. સાધનાની દૃષ્ટિએ ત્રણ મરણ મહત્ત્વપૂર્ણ છે.

હું તમને પૂછું કે તમારે કયું મરણ જોઈએ છે ? પંડિત મરણ કે બાલ મરણ ? તમે કહેશો કે પંડિત મરણ. આ બોલવું સહેલું છે પણ અમલમાં લાવવું ઘણું મુશ્કેલ છે. પંડિત મરણ માટે કેટલી તૈયારીઓ જોઇશે ? મન, વચન, કાયાને નિર્મળ બનાવવા પડશે. ચાર સંજ્ઞા પર વિજય મેળવવો પડશે. રાગ-દ્વેષને મંદ કરવા પડશે. રાગ-દ્વેષ છે ત્યાં સંસાર છે. જેના રાગ-દ્વેષ ગયા તેનો સંસાર ગયો. જેના પ્રત્યે જીવને રાગ હોય તેનું બધું કરી છૂટવા તૈયાર અને રાગ ન હોય તેની સંભાળ પણ ન લેવાય. આ સંસાર અને સ્વજનો પ્રત્યેના રાગના કારણે જીવ અનંતકાળથી સંસારમાં ભમી રહ્યો છે. દ્વેષના કારણે તો આત્માએ ન કરવાના કામો કર્યા છે, પછી પંડિત મરણ ક્યાંથી આવે ? પંડિત મરણ જોઈએ છે તો આ બધું છોડવું પડશે. આ મરણ જોઈએ છે તો રાગ-દ્વેષ ઓછા કરી ભવનિર્વેદ લાવવો પડશે. દ્વેષ બુદ્ધિવાળો આત્મા પોતાની આજુબાજુના સુખી માણસોના સુખને જોઈ શકતો નથી. પોતાનાથી અધિક સુખી જોઈને બળી જાય છે, દુઃખી થાય છે. પાડોશી સુખી છે તો એમાં એને કાંઈ નુકશાન થવાનું છે ? ના. જો પાડોશી સુખી હશે તો કોઈ વાર બીજાના દુઃખમાં સહાયક બનશે પણ ઈર્ષ્યાળુ માણસ બીજાનું સુખ જોઈ શકતો નથી. જો તે દુઃખી થાય તો રાજી થાય છે. તે બહાર નીકળ્યો. રસ્તામાં મિત્રનો સારો બંગલો જોયો. તેનો ધીકતો વેપાર ધંધો જોયો. જોઇને તેના મનમાં બળતરા થઈ કે આ મારો મિત્ર મારા પછી ઉભો થયો તો ય મારા કરતાં ચઢી ગયો ? મારા કરતાં આગળ વધી ગયો ? જો આવા ભાવ આવે તો પંડિત મરણ ક્યાંથી આવે ? ઈર્ષ્યાના કારણે પોતે સુખી હોવા છતાં સુખ ભોગવી શકતો નથી. મને અહીં એક વાત યાદ આવે છે.

ધનની મૂર્છાથી કરેલો તપ : અન્યદર્શનોની આ વાત છે. એક ગરીબ માણસને ધનવાન બનવાના કોડ જાગ્યા. તે માણસ એક મંદિરમાં ગયો. જઇને તેણે દેવીની ઉપાસના કરી. ૧૫ દિવસ સુધી ભૂખ તરસનો ત્યાગ કર્યો. અમે તમને એક ઉપવાસ કરવાનું કહીએ તો કહેશો કે અમારાથી ન થાય પણ જો લક્ષ્મી મળતી હોય

તો અઠ્ઠમ કરવા પણ તૈયાર થઈ જાય. ધન પ્રત્યેની કેટલી મૂર્છા ! વાસનાઓ પાછળ કાયાને હોમી દીધી; હવે આત્મકલ્યાણ માટે કાયાને કસો. આ માણસ સતત ૧૫ દિવસ ભૂખ્યો, તરસ્યો, ઊંઘ જોયા વગર દેવીની સામે બેઠો. અન્યદર્શન બતાવે છે કે દેવી તે માણસ પર પ્રસન્ન થઈ અને કહ્યું, માંગ ...માંગ....માંગે તે આપું. તે માણસે કહ્યું– આપ મારા પર પ્રસન્ન થયા હો તો મને એવું વચન આપો કે જ્યારે હું જે માંગું તે મને આપજો. દેવીએ કહ્યું–તથાસ્તુ; પણ મારી એક વાત સાંભળ. તેં જેમ મારી ભક્તિ કરી છે તેમ તારા પાડોશીએ મારી ભક્તિ કરી છે. તેણે તો એકાગ્ર ચિત્તે તારા કરતાં વધુ ભક્તિ કરી છે એટલે તને કહું છું કે તું જે માંગીશ તે તો તને મળશે પણ તારા પાડોશીને તારાથી ડબલ મળશે. પહેલા દેવીએ તેને વચન આપ્યું ત્યારે તે ખુશ ખુશ થયો પણ પાડોશીને ડબલ મળવાની વાત સાંભળતાં તેના મોઢા પરનું નૂર ઉડી ગયું. તેનો આનંદ અદશ્ય થઇ ગયો. તેના મનમાં થયું કે આના કરતાં દેવી પ્રસન્ન ન થઈ હોત તો સારું હતું. મને એક મળે ને પાડોશીને ડબલ મળે એ મારાથી સહન કેવી રીતે થાય ? આગ લાગે તો ઓલવવા માટે બંબો આવે પણ આ ઈર્ષ્યાની આગને કોણ ઓલવે ? આજે મોટા ભાગે માનવીને પોતાને જે જોઈએ છે એ બીજા કોઇને ન મળે એવી તેની ઈચ્છા હોય છે. આ ઇચ્છા તેને વધુ દુઃખી કરે છે કારણ કે સામાને જે કાંઇ મળે છે એ તેના પુણ્યથી મળે છે. તો સુખી થનાર વ્યક્તિ પર ઈર્ષ્યા કરવાની શી જરૂર ? છતાં જીવની અનાદિની એવી ટેવ છે કે બીજા જેમ સુખી થાય તેમ પોતાને ઈર્ષ્યાની કાળી બળતરા થાય છે. તે બીજાનું સુખ જોઈ શકતો નથી.

ઈર્ષાની આગે જલાવે જીવન બાગ : પેલો માણસ ઈર્ષ્યાની આગથી દુઃખી થઈ ગયો. તેની પ્રસન્નતા, આનંદ બલાસ થઈ ગયા. તે દુઃખીત હૃદયે ઘેર આવ્યો. તેના મનમાં થયું કે દેવી જે કહી ગઈ છે તેની એકવાર પરીક્ષા તો કરવા દે. અઠવાડિયું પૂરું થયા બાદ તેણે દેવી પાસે માંગણી કરી કે મારા ઘરના આંગણે એક ફર્સ્ટ કલાસ સુંદર મોટર હાજર થઇ જાય. તરત જ મોટર હાજર થઈ ગઇ. તેણે ઘરની બહાર નજર કરી તો મોટર જોઈ અને તરત પાડોશીના ઘર તરફ જોયું તો ત્યાં બે મોટર જોઈ. તેને ખાત્રી થઈ કે દેવીની વાત સાચી છે. આવી સુંદર મોટર મળવા બદલ આનંદ થવો જોઇએ તેના બદલે દુઃખ થયું. મારે એક મોટર અને પાડોશીને બે મોટર ? આ બળાપામાં હવે તેને ચેન પડતું નથી. હવે દેવી પાસે બીજી વસ્તુ માંગતો નથી અને જે સુખ મળ્યું છે એ આનંદથી ભોગવી શકતો નથી. આ બળાપામાં ખાવું પીવું કે વાતચીત કરવી ગમતી નથી. તેનું શરીર ઘટવા લાગ્યું. તેનો સ્વભાવ ક્રોધી બની ગયો.

ઉદાસીનતાનું કારણ પૂછતો મિત્ર : એક દિવસ રસ્તા પરથી તે જઈ રહ્યો હતો. તેને એક મિત્ર મળ્યો. મિત્રે પૂછયું–કેમ દોસ્ત ! કયાં જાય છે ? તું ઉદાસ કેમ લાગે છે ? તારા મુખ પર આનંદ કેમ નથી ? શું થયું છે ? પેઢી ડૂલ થઈ છે

કે શું ? મિત્ર ! ના. એવું કાંઈ નથી. એનાથી વિશેષ દુઃખની વાત છે. એ મારી કહેવાય એવી નથી, પેઢી ડૂબી જાય એને તો હું ગૌણ માનું છું. બંધુઓ ! આપે સાંભળ્યું ને? પાડોશીને ડબલ મળે એમાં એને કંઈ નુકશાન ખરું ? ના. છતાં ઈર્ષ્યાના કારણે એને મન એ વિશેષ લાગ્યું અને પેઢી ડૂબી જાય એ ગૌણ લાગ્યું. તમે તમારા જીવનનો હિસાબ તપાસજો. તમારા મનમાં આવા વિચારો આવતા નથી ને ? કોઈનું સુખ જોઈને રાજી થાવ છો કે નારાજ થાવ છો ? પંડિત મરણ જોઈએ છે તો આવા વિચારોને દૂર કરવા પડશે. મિત્રે કહ્યું–ભાઈ ! તારે જે દુઃખ હોય તે કહે, હું તને રસ્તો બતાવીશ. મિત્ર ! મેં દેવીની ઉપાસના કરી. તે મારા પર પ્રસન્ન થઈ અને મને વરદાન આપ્યું કે તું જ્યારે જે માંગીશ તે તને આપીશ; પણ સાથે દેવીએ એ વાત કરી કે તારા પાડોશીએ પણ તારા કરતાં મારી વધુ ઉપાસના કરી છે માટે તને જે મળશે તેના કરતાં ડબલ તારા પાડોશીને મળશે. તેના વચન પ્રમાણે મેં એક મોટર માંગી તો તેને ત્યાં બે થઇ ગઇ. મારે એક બંગલો તો તેને બે બંગલા. ભાઇ ! આમાં તું શું દુઃખી થઈ ગયો ? મારી પાસે તેનો ઇલાજ છે. હું તારો રસ્તો ચોખ્ખો કરી આપું. મિત્ર ! જલ્દી બતાવ, કયો ઈલાજ છે ?

પરનું બૂરું કરવા આપેલી સલાહ : મિત્રે કહ્યું–તું દેવી પાસે માંગજે કે મારી એક આંખ ફૂટી જાવ. તો તારા પાડોશીની બે આંખો ફૂટી જશે. તે આંધળો થઇ જશે. મિત્રની વાત સાંભળતા આ ભાઈ તો ખુશ ખુશ થઈ ગયો. મિત્ર ! હજુ તને વધુ બતાવું. તું માંગજે કે મારા ઘરની સામે એક ઊંડો કૂવો થઈ જાય એટલે પાડોશીને ત્યાં બે ઊંડા કૂવા થઇ જશે. બસ, પછી તે આંધળો બહાર નીકળશે કે તરત બેમાંથી એકાદ કૂવામાં પડી જશે. જેવો પડશે એવા રામ રમી જશે, પછી તારે કોઈ ચિંતા નહિ રહે. મિત્રની આ સલાહથી પેલા ભાઈને તો એવો આનંદ થયો કે જાણે મિષ્ટાન્ન ખાઈને ન બેઠો હોય ! પણ તેને ખબર નથી કે હું આમાં આનંદ મનાવું છું પણ મને કેવા ચીકણા કર્મો બંધાશે ? તેણે કહ્યું–મિત્ર ! મને આવો વિચાર કેમ સ્ફુર્યો નહિ ? હું આજે જ આ પ્રયોગ કરું છું અને એને મોતને ઘાટ ઉતારું છું. આ પ્રમાણે કહીને એ હરખાતો હરખાતો ઘેર ગયો.

પાપ કરવા છતાં પ્રસન્નતા : તે ભાઈએ ઘેર જઈને દેવી પાસે માંગ્યું કે મારી એક આંખ ફૂટી જાવ. તરત તેની આંખ ફૂટી અને પાડોશીની બે આંખ ફૂટી. તે તો બિચારો આંધળો થઈ ગયો. તેને તો કાંઈ ખબર નથી કે કોઈના પ્રત્યે દ્વેષ નથી. આ ભાઈ પાડોશીને ઘેર જોવા ગયો. પાડોશીની બંને આંખો ફૂટી ગઇ હતી. આ જોઈને તેને તો ખૂબ આનંદ થયો. અહો મિત્ર ! તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.–એક તો પાપ કર્યું ને વળી હર્ષ મનાવ્યો. કેવા ચીકણા કર્મો બંધાય ? અઠવાડિયા બાદ તેણે દેવી પાસે માંગણી કરી કે મારા ઘરની સામે એક કૂવો થઈ જાવ. તરત કૂવો થઈ ગયો. પાડોશીના ઘરની સામે બે ઊંડા કૂવા થઈ ગયા. પેલા

કાણિયાએ જોયું કે પાડોશીના ઘરની સામે બે કૂવા થયા. બસ, હવે તો મારું કામ ફતેહ. પાડોશીને આંખો નથી. તેને ખબર પણ નથી કે મારા ઘર પાસે બે ઊંડા કૂવા થયા છે. તે સંડાસ જવા નીકળ્યો. આંખ નહિ હોવાથી કૂવો દેખાયો નહિ એટલે તે કૂવામાં પડી ગયો. તે બિચારાના તો રામ રમી ગયા. કાણિયાએ તે દિવસે બરાબર પેટ ભરીને ખાધું

જીવોની દશા પણ આવી છે. આત્માએ પોતાને વિચારવાની જરૂર છે કે કાણિયા જેવા કર્મો તો આપણે નથી કરતા ને ? અનંતકાળમાં જીવે આવા કામો કર્યા છે. આપણાં કરતાં અધિક સુખીને તો જોઈ શકતા નથી પણ આપણા સમાન સુખીને પણ આપણે જોઈ શકતા નથી, તેથી કયાંય પણ આપણાં કરતા વધુ સુખીને જોઈ એ ત્યાં તેને પછાડવાના પ્રયત્નો કરીએ છીએ. માનવના મનની આ વિચિત્રતા છે કે એ દુઃખીને જોઈને સહાનુભૂતિ બતાવે છે પણ પોતાના કરતાં બીજાને વધુ સુખી જોઈને ઈર્ષ્યાળુ બની જાય છે. ઈર્ષ્યાના કારણે પેલા ભાઈએ કેવા કર્મો બાંધ્યા ? જો આપણું જીવન આવું હોય તો પંડિત મરણ કયાંથી આવે ? પંડિત મરણની વાત તો બાજુમાં રહી પણ માનવતાનો ગુણ મેળવવો પણ મુશ્કેલ છે. બાલ મરણે તો જીવ અનંતીવાર મર્યો છે. પરિણામે અનંતો સંસાર વધાર્યો છે. જ્યારે પંડિત મરણથી જીવ જન્મ મરણના પ્રવાહને સમાપ્ત કરી નિર્વાણ પદને પામે છે.

સંથારો કરતાં ગમે તેવા કષ્ટો આવે તો દેહ કુરબાન કરે પણ વ્રતને છોડે નહિ. માસખમણ કરવા સહેલા છે પણ જીવતા કાયાનો મોહ છોડવો, કાયાને વોસરાવવી એ ઘણું કઠીન છે. ધન્ય છે જે આવા સંથારા કરે છે તેને ! આપણી પણ એ જ ભાવના હોય કે હું પંડિત મરણે કયારે મરું ? આપણે બોલીએ છીએ.

છેલ્લા શ્વાસ સુધી નિરંતર રહો આ સંયમી ભાવના,
આધ્યાત્મ સ્થિતિમાં વહો મુજ ઉરે, કલ્યાણની સાધના.

જ્યારે આત્માનો રંગ લાગશે ત્યારે રગરગમાં આ ભાવનાનું ગુંજન રહેશે. હે પ્રભુ ! મારા પર વિપત્તિ આવે, સંકટ આવે તેની મને પરવા નથી પણ મારા પરિણામની ધારા અંત સમય સુધી બદલાવી ન જોઈએ. હળુકર્મી જીવો હોય તે સંથારો કરી શકે બાકી કંઈક જીવો એવા પડયા છે કે મરવાની ઘડી સુધી દવા, ઈંજેકશન છોડી શકતા નથી. ગમે તેટલું કરો પણ આયુષ્ય પૂરું થયા પછી દેહ રૂપી દેવળમાંથી હંસલો ઉડી જતાં વાર નહિ લાગે. આ વિરાટ વિશ્વમાં આજ સુધી એક પણ વિજેતા એવો જન્મ્યો નથી કે જેણે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કર્યો હોય. અનંત ચક્રવર્તીઓ અનંત ધનકુબેરો, સમ્રાટો થઈ ગયા પણ બધાને એક દિવસ મૃત્યુ તો આવ્યું. રાજા અને રંક, સમ્રાટ અને સેવક, મોટા અને નાના બધાની સાથે મૃત્યુ સરખો વ્યવહાર કરે છે. સંસારની કોઈ પણ શક્તિ મૃત્યુને રોકી શકતી નથી મૃત્યુ પાસે કોઈની લાગવગ ચાલતી નથી બધા પર તેનું સમાન રૂપથી શાસન ચાલે છે પણ તેના પર કોઈનું શાસન ચાલતું નથી. તે કયારે અને કયા સમયે આવશે તેની ખબર નથી.

કોને ખબર કયારે ધમણ આ ચાલતી અટકી જશે,
તેજસ્વી લોચનની કીકી આ હાલતી અટકી જશે,
થંભી જશે જિહ્વા મુખે મીઠા વચન ઉચ્ચારતી,
ખોપરી વિજ્ઞાનની થંભી જશે વિચારતી.

માટે મૃત્યુ આવતા પહેલા જો સાધના કરી હશે તો મૃત્યુનો ભય નહિ લાગે. મૃત્યુ આવે રડવાનો પ્રસંગ નહિ આવે પણ મૃત્યુને મહોત્સવ માનશે. જે આત્માએ સાધના, આરાધના દ્વારા પોતાનું ભાવિ જીવન સુખમય બનાવ્યું છે તેને પંડિત મરણના ભાવ આવે. હવે સંથારાના પાંચ અતિચાર સમજાવે છે.

(૧) **ઈહલોગાસંસપ્પઓગે** : સંથારો ગ્રહણ કર્યા પછી મરીને હું મનુષ્ય લોકમાં ચક્રવર્તી થાઉં, રાજા થાઉં, રાજમંત્રી થઉં એવી ઈચ્છા કરવી. (૨) **પરલોગાસંસપ્પઓગે** : *'અહીંથી મરીને હું મોટો વૈભવશાળી દેવ બનું, ઈન્દ્ર બનું'* એવી પરલોક સંબંધી ઈચ્છા કરવી. (૩) **જીવિઆસંસપ્પઓગે** : વધુ જીવવાની ઈચ્છા કરવી. જો હું વધુ જીવું, મારો સંથારો લાંબો ચાલે તો વાત વધુ પ્રસરે. લોકો મારી વાહ વાહ બોલે, લોકોમાં મારી પ્રશંસા ખૂબ થાય આવી ઈચ્છા કરે તો અતિચાર લાગે. (૪) **મરણાસંસપ્પઓગે** : મરી જવાની ઈચ્છા કરી હોય. સંથારો કર્યો અને લાંબો ચાલ્યો. હવે ભૂખ વેઠાતી નથી, મને કંઈક થઈ જાય છે, હવે ઝટ મરી જાઉં તો સારું એવો વિચાર પણ ન લાવે. (૫) **કામભોગાસંસપ્પઓગે** : કામભોગની અભિલાષા કરવી. સંથારો કર્યા પછી પણ જો આ જાતની ભાવનાઓ કરે તો અતિચાર લાગે છે. તેનો સંથારો લૂંટાઈ જાય છે. આવો સંથારો એ સાચો સંથારો નથી સંથારો આ લોકના સુખ માટે કે પરલોકના સુખ માટે નથી કરવાનો, કીર્તિ, માન–સન્માન કે પ્રશંસા માટે નથી કરવાનો; માત્ર એકાંત કર્મ નિર્જરા માટે કરવાનો છે. એ લક્ષથી કરેલો સંથારો એ સાચો સંથારો છે. તેમાં અનંતાકર્મોની નિર્જરા થાય છે. બાર વ્રત અને સંથારાના અતિચાર પૂરા થયા. આનંદ શ્રાવકે ૧૨ વ્રત આદર્યા અને અતિચાર પણ સમજ્યા. તેમણે કહ્યું–ભગવાન ! હું મારા વ્રતોમાં દોષ લગાડીશ નહિ હવે આગળ શું વાત ચાલશે તેના ભાવ અવસરે.

આજના દિવસનું નામ છે વિજયાદશમી. આમ તો દરેક તીથિ મહિનામાં બે વાર આવે છે. દશમ પણ તેવી રીતે આવે છે પણ આજની આ તીથિના પહેલા 'વિજય' શબ્દ લગાડવામાં આવ્યો છે. આ શબ્દનો પ્રયોગ આખા વર્ષમાં આ આસો માસની દશમ માટે થાય છે આનું કારણ એ છે કે આજના દિવસે મહાન ધર્માવતાર રામચંદ્રજીએ રાવણ પર વિજય પ્રાપ્ત કર્યો છે. જો કે રાવણની પાસે અપાર, દોલત, શક્તિ પણ વધારે અને સૈન્યબળ મોટું હતું. રામની પાસે કાંઇ ન હતું પણ ધર્મ, ન્યાય, નીતિ અને મર્યાદા પાલનની ભાવના જબ્બર હતી તે બળના કારણે સોનાની લંકાના સ્વામી રાવણ પર આજના દિવસે રામે વિજય મેળવ્યો હતો.

આ પર્વ આપણને એ સૂચન કરે છે કે રામે રાવણ પર વિજય મેળવ્યો તેમ તમે મિથ્યાત્વ રૂપી રાવણને મારીને સમ્યક્ત્વને પ્રગટાવો. આ શત્રુને જીતવો ઘણો મુશ્કેલ

છે તે માટે મહાન આધ્યાત્મિક બળ અને સાધનાની આવશ્યકતા છે. મોક્ષાર્થી સાધકને માટે મિથ્યાત્વ રૂપી રાવણને જીતવો તથા કષાયો પર વિજય મેળવવો એ સાચી વિજયા દશમી મનાય છે. રામની પાસે સત્યતા, નીતિ, ન્યાય અને ધર્મ હતો એટલે આજે સૌ કોઈ રામને યાદ કરે છે. રાવણના જીવનમાં અધર્મ, અનીતિ હતી તેથી લોકો તેના પર નફરત કરે છે. આ દિવસે લોકો રાવણનું બનાવટી પૂતળું બનાવી તેની સામે લડવા જતાં હોય એવું દૃશ્ય ઊભું કરે છે. રામના જીવનમાં ધર્મ હતો તો તેમનો વિજય થયો અને રાવણના જીવનમાં અધર્મ હતો તેથી તેનો પરાજય થયો. આપણે જીવનમાં મિથ્યાત્વ રૂપી રાવણ પર વિજય મેળવીને સમ્યક્ત્વનો દીપક પ્રગટાવીએ એ જ ભાવના સહિત વિરમું છું.

આસો સુદ ૧૧ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં. ૬૫ : તા. ૨૪-૧૦-૮૫

તીર્થંકર ભગવંતોએ જેને અર્થથી કહી, ગણધરોએ જેને સૂત્રથી ગૂંથી અને આચાર્યોએ લખી એવી દ્વાદશાંગી તો આ દુનિયાની દીવાદાંડી છે. સર્વજ્ઞ ભગવંતો અને એમની દ્વાદશાંગી વાણી સિવાય સંસારના સાચા સ્વરૂપને ઓળખાવનાર કોઇ નથી. બલિહારી એ તારક તીર્થંકરોની કે જેમણે ઘોર અંધકારમાં દ્વાદશાંગીનો દીપક પ્રગટાવ્યો. આ સંસાર સાગરમાં દ્વાદશાંગી એક દીવાદાંડીની જેમ પ્રકાશ પાથરી રહી છે. જે એને જોઈ શકે, સમજી શકે એનું જીવન રૂપી જહાજ સામે કિનારે પહોંચી શકે. આ દીવાદાંડીના પ્રકાશની જે અવજ્ઞા કરે એના ભાગ્યમાં ચોરાશીના ચક્કરમાં અથડાવા સિવાય બીજું શું હોય ?

આનંદ શ્રાવકે ભગવાનની વાણી સાંભળી, ભગવાનના સ્વમુખેથી બાર વ્રત ધારણ કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું. બાર વ્રત રૂપ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પછી આનંદ શ્રાવકે ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

नो खलु मे भन्ते ! कप्पइ अज्जप्पभिइं अन्नउत्थिय वा अन्नउत्थिय देवयाणि वा अन्नउत्थिय परिग्गहियाण चेइयाइं वा वंदित्तए वा, नमंसित्तए वा ।

હે પૂજ્ય ભગવાન ! આ શબ્દ કેટલો પૂજ્યભાવ બતાવે છે. આ શબ્દ બોલતા આત્મામાં અપૂર્વ આનંદ થાય છે. આનંદ શ્રાવકે પહેલા ભગવાનને વંદન કર્યા. આપણા વડીલોને કાંઈ પણ પૂછવું હોય કે જ્ઞાન લેવું હોય તો પહેલા વંદન કરવાના અને પ્રશ્નનો જવાબ આપે પછી પણ વંદન કરવાના. વાંચણી લીધા પહેલા વંદન કરે અને વાંચણી લીધા પછી પણ વંદન કરે. જ્ઞાન ટકે કયારે અને પચે કયારે ? વિનય સહિતનું જ્ઞાન ટકી શકે છે. જેનામાં વિનય, વિવેક, સરળતા, નમ્રતા છે તેને કદાચ ઓછું જ્ઞાન હશે તો પણ વિકાસ વધુ પામશે. વિનયથી તો વૈનયિકા બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વિનય એ જિનશાસનનું એક ઝવેરાત છે. આ ઝવેરાત એવું છે કે તે આત્માને કર્મક્ષય

આદિ અનેકાનેક લાભ આપે છે. વિનય એ એક આભ્યંતર તપ છે. ભગવાનના પટ્ટ શિષ્ય અને પ્રથમ ગણધર ગૌતમ સ્વામીએ ગુરૂ ભગવંત મહાવીર સ્વામી પ્રત્યે એવો વિનય ધર્મ બજાવ્યો કે એમાં અંતે કેવળજ્ઞાન પામી ગયા. વીતરાગ સર્વજ્ઞ બની ગયા. ગૌતમ સ્વામી શ્રુતજ્ઞાનના પારગામી હતા છતાં વિનય ગુણમાં એવા પાવરધા હતા કે પ્રભુને જે પૂછવું હોય એનો જવાબ સ્વયં પોતે જાણતા હોય છતાં વિનયપૂર્વક પ્રભુને વિસ્મયભર્યા હૃદયે, આતુરતા ભર્યા દિલથી પૂછતા કે ભગવાન ! આનું આમ કેમ હશે ? પોતાની જાણકારી કરતાં ગુરૂની જાણકારી ઊંચી બતાવવી એ ગુરૂનો વિનય કર્યો કહેવાય. એથી પોતાના શિષ્યો એમ માને કે અમારા ગુરૂ ગૌતમ સ્વામી જે ભણાવે છે એના પર પ્રભુએ છાપ મારેલી છે માટે એ બરાબર છે. ગુરૂને પોતાના કરતાં ઊંચા જાણકાર બતાવવા, ગુરૂનું માન વધારવું. ગુરૂને યશ અપાવવો, તેમની મુખાકૃતિ વગેરે પરથી એમની ઇચ્છા જાણીને યોગ્ય કરી લઈએ આ બધો વિનય છે.

વિનય એ મહાન આભ્યંતર તપ ધર્મ છે. આ ધર્મ બજાવતા રહેવાથી આર્તધ્યાનથી બચી જવાય છે. અવિનયમાં આર્તધ્યાન છે, વિનયમાં ધર્મધ્યાન છે. વિનય ભાવમાં આગળ વધતાં આવડે તો એ શુભધ્યાન વધતું રહે. વિનય દ્વારા અહંકાર તૂટે અને ધર્મના દરવાજા ખુલી જાય માટે કહેવાય છે કે **"विणयमूलोधम्मो"** વિનય એ ધર્મ વૃક્ષ ઉગવા માટેનું મૂળ છે. મૂળ હોય તો ઝાડ થાય. વિનય એ ધર્મનગરનો દરવાજો છે. દરવાજામાં પેસીને નગરમાં જવાય. જો દરવાજો તૂટી જાય તો બહારના ચોર, ડાકુ, લૂંટારા અંદર પ્રવેશી નગરને ખેદાનમેદાન કરી નાંખે તેમ વિનય રૂપી દરવાજો તૂટી જતાં અભિમાન આદિ ડાકુઓ પેસીને ધર્મને નષ્ટ કરી નાંખે.

બધા ધર્મોનું મૂળ દયા છે તેમ બધા ગુણોનું મૂળ વિનય છે. વિનય ન હોય તો કરેલું બધું નકામું જાય છે માટે બાળકોને સર્વ પ્રથમ વિનય શીખવવામાં આવે છે. વિનય એટલે સીધું પાત્ર અને અવિનય એટલે ઊંધું પાત્ર. પાત્ર સીધું હોય તો વસ્તુ એમાં રહી શકે છે અને ઊંધું પાત્ર હોય તો વસ્તુ ઢોળાઈ જાય છે. આ પ્રમાણે જેનામાં વિનય છે એનામાં કાંઈ પણ નાંખો તો તરત ઝીલી લેશે અને અવિનયવાળા માણસમાંથી એ ઢોળાઈ જશે. અર્થાત્ તેનામાં ગુણો ટકી શકશે નહિ. જેમ જેમ વિનય કેળવશો તેમ તેમ જ્ઞાન જીવનમાં નવો રંગ લાવશે. શ્વેત કપડા ઉપર ગમે તે રંગ ચઢાવશો તો જલ્દી ચઢી જશે તેમ જેનું મન વિનયશીલ છે તેના ઉપર જ્ઞાનનો રંગ જલ્દીથી ચઢી શકે છે. તેને જ્ઞાન જલ્દી આવડે છે. જેનામાં વિનય છે તે આગળ વધી શકે છે. વિનય એ તો મોક્ષનું એક સાધન છે. વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે. એ મોક્ષનો અધિકારી બને છે. વિનય માટે કહ્યું છે કે

विणओ जिणसासण मूलं, विणओ निव्वाण साहगो ।
विणओ विप्पमुक्कस्स, कुओ धम्मो कुओ तवो ॥

વિનય જિનશાસનનું મૂળ છે. વિનય નિર્વાણસાધક છે. જેનામાં વિનય નથી તેનામાં ધર્મ અને તપ કેવી રીતે ટકી શકે ? કોઈ મનુષ્યમાં સેંકડો ગુણો હોય પણ વિનય ગુણ નથી તો તે બધા ગુણો ઝાંખા દેખાય છે. વિનયી આત્મા જ્યાં જાય છે ત્યાં માન સન્માન પામે છે. વિનયથી વૈરી પણ વશ થાય છે. વિનય એ એવું વશીકરણ છે કે જે બધાને પોતાના બનાવી શકે છે માટે ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનમાં સૌથી પ્રથમ વિનયનું અધ્યયન બતાવ્યું છે.

આજે સંસારમાં ક્યાંય શાંતિ નથી. ક્યાંય પ્રસન્નતા નથી, ક્યાંય સુમેળભર્યું વાતાવરણ નથી. કદાચ શાંતિ અને પ્રસન્નતા દેખાતી હોય તો તમાચો મારીને ગાલ લાલ રાખવા જેવી. આ બધા કલુષિત વાતાવરણમાંથી બહાર નીકળવું હોય તો વિનયને આત્મસાત્ કરી લો. જ્યાં મર્યાદા જાળવવાની છે ત્યાં મર્યાદા જાળવો, પછી જુઓ, વિનયી જીવનનો કેવો ચમત્કાર થાય છે ? વિનયમાં એક વાત છે. નાનામાં નાના અને મોટામાં મોટા થઈને રહેશો. લાખો કરોડો નદીઓને પોતાનામાં સમાવી લેતો સાગર હંમેશા નદીઓથી નીચો હોય છે છતાં એ લાખો, કરોડો નદીઓ કરતાં મોટો ગણાય છે. મોટા બનવા માટે નાના બનવાની તૈયારી રાખો. એક વાર આ વિનયી જીવનથી સર્જાતા ચમત્કારનો અનુભવ કરી જુઓ, પછી જિંદગીમાં કયારેય વિનય છોડવાનું મન નહિ થાય. જ્યાં વિનય છે ત્યાં નમ્રતા છે.

પોતાના જ્ઞાનના અભિમાનનું પ્રદર્શન : અન્યદર્શનની એક વાત છે.... એક વખત એક શિષ્ય ખૂબ વિદ્વતા પ્રાપ્ત કરીને પોતાના શિષ્ય પરિવાર સાથે ગુરૂને મળવા માટે આવી રહ્યો હતો. જ્ઞાન ઘણું મેળવ્યું પણ જીવનમાં અભિમાન આવી ગયું. રસ્તામાં તેને જે મળે તેની સાથે સમાચાર મોકલાવે કે મારા ગુરૂને કહેજો કે હું ખૂબ જ્ઞાન મેળવીને આપની પાસે આવી રહ્યો છું. ગુરૂને આ સમાચાર મળતાં તેઓ સમજી ગયા કે મારા શિષ્યે જ્ઞાન ઘણું મેળવ્યું છે પણ એ જ્ઞાન એને ફળ્યું નથી પણ ફૂટયું છે પણ કાંઈ વાંધો નહિ. એક વાર મારી પાસે આવી જાય, પછી બીજી વાત. શિષ્ય તો ગામના પાદર સુધી આવી ગયો. તેના મનમાં એ અભિમાન છે કે હું કેટલું જ્ઞાન ભણ્યો છું. તેનો ખ્યાલ ગુરૂને કેવી રીતે આવે ? માટે સીધા ગુરૂ પાસે નહિ જતાં કોઈ એવી યુક્તિ કરું કે ગુરૂના મનમાં થઈ જાય કે દુનિયામાં જ્ઞાનનો ઈજારો માત્ર મારો નથી પણ બીજાનો પણ હોઈ શકે છે. આવો વિચાર કરીને તે શિષ્યે પાણીનો ગ્લાસ છલોછલ ભરીને પોતાના શિષ્યને આપ્યો ને ગુરૂદેવ પાસે મોકલ્યો. ભરેલો ગ્લાસ મોકલવા પાછળ તેનો આશય એ હતો કે પાણીનો ગ્લાસ છલોછલ ભરેલો છે; તેમાં હવે એક ટીપું પાણીની પણ જગ્યા નથી તેમ હું જ્ઞાનથી છલોછલ ભરેલો છું. હવે મારામાં જરાય જ્ઞાન સમાય એવી જગ્યા નથી. શિષ્ય પાણીથી ભરેલો ગ્લાસ લઈને ગુરૂદેવ પાસે ગયો.

અહંને ઓગાળવા ગુરૂએ કરેલો કીમિયો : આ ગુરૂ પણ કાંઈ શિષ્યથી જ્ઞાનમાં ઉતરે તેવા ન હતા. શિષ્યનો આ પાણી ભરેલો ગ્લાસ મોકલવા પાછળનો આશય

ગુરૂદેવ સમજી ગયા. આ ગ્લાસ લાવનારા શિષ્યને થોડી વાર ઊભો રાખ્યો. ગુરૂ બગીચામાં જઈને નીચે પડેલું એક તાજું ફુલ લઈ આવ્યા અને તે ફુલને ગ્લાસના પાણીમાં તરતું મૂકી દીધું; પછી કહ્યું–જા, તારા ગુરૂને કહેજે કે તમારા ગુરૂદેવે આ સંદેશો મોકલાવ્યો છે શિષ્ય તો પાણીનો ગ્લાસ લઈને ગુરૂ પાસે પહોંચી ગયો. પાણીનો ગ્લાસ ગુરૂના હાથમાં આપ્યો ને કહ્યું, આપના ગુરૂદેવે આ સંદેશો મોકલાવ્યો છે. શિષ્ય તો પાણી પર તરતા પુષ્પને જોઈને સ્તબ્ધ થઈ ગયો, કારણ કે ગુરૂદેવ તરફથી આવેલા આ પુષ્પમાં માત્ર સંદેશો નહોતો પણ પોતાના અભિમાનના ચૂરેચૂરા હતા. પાણીમાં પુષ્પ મૂકીને ગુરૂદેવે એ બતાવ્યું હતું કે ભલે ને તું જ્ઞાનથી પોતાને પૂર્ણ માનતો હોય પણ એ તારા જ્ઞાનમાં તો ઘણું જ્ઞાન સમાઈ શકે તેમ છે.

ગુરૂની ગંભીરતાથી શિષ્યની ઠકાણે આવેલી શાન : ગુરૂની ગૂઢ સમસ્યા સમજતા તેમની બધી આશાઓ ધૂળમાં મળી ગઈ પણ જ્ઞાનનો ઘમંડ ખૂબ છે. તે પોતાના શિષ્યો સાથે ગુરૂ પાસે ગયો. ગુરૂ ઉપકારી છે, વંદનીય છે છતાં અંતરના ભાવથી વંદન કરવાનું પણ મન થતું નથી. વ્યવહારથી વંદન કર્યા. ગુરૂએ તેની સાથે વાતચીતો કરવા માંડી. થોડી વાર થઈ ત્યારે શિષ્યે કહ્યું–ગુરૂદેવ ! આ બધી વાતો આપણે આકાશમાં ઉડતા ઉડતા કરીએ. ગુરૂ તો શિષ્યના ભાવ સમજી ગયા. આમ કહીને શિષ્ય મને એ કહેવા માંગે છે કે મને આકાશમાં ઉડવાની કળા આવડે છે. તમારી પાસે આ કળા છે? ગુરૂદેવ ખૂબ ધીર, ગંભીર હતા. તેમના મનમાં એ ભાવના હતી કે મારો શિષ્ય ભાન ભૂલ્યો છે તેને ઠેકાણે લાવવો છે, એટલે કહ્યું–શિષ્ય ! આકાશમાં ઉડતા ઉડતા વાતો કરવી તે કરતાં પાણી પર ચાલતાં વાતો કરીએ તો સારું. શિષ્ય સમજી ગયો કે મારા કરતાં ગુરૂદેવ જ્ઞાનમાં ઘણા ચઢિયાતા છે. મારું અભિમાન મોટું છે. તેને પોતાની ભૂલનો પસ્તાવો થયો તે ગુરૂદેવના ચરણમાં નમી પડયો. ગુરૂદેવ ! મને માફ કરો. આપના જ્ઞાનને હું પિછાણી શકયો નહિ. ગુરૂએ કહ્યું–શિષ્ય ! આકાશમાં ઉડવાનું તો પંખીને આવડે છે અને પાણીમાં ચાલતા તો માછલાને ય આવડે છે. જિંદગીના ઝાઝા વર્ષો તેં આવી કળા મેળવવા પાછળ વેડફી નાંખ્યા ? એના બદલે જો અંતર્મુખ બન્યો હોત, આત્મકલ્યાણ કઈ રીતે થઈ શકે એવું જ્ઞાન મેળવ્યું હોત તો તારો પુરૂષાર્થ સફળ થયો હોત. ખેર, જે થયું તે થયું. હવે તું એવું ભણ કે જે ભણતર તને તારે અને તારા સંગમાં આવતા બીજા જીવોને પણ તારે. એક વાત યાદ રાખજે. ઝાડ પર જેમ જેમ આંબા આવતા જાય છે તેમ તેમ એ ઝાડ વધુ નમતું જાય છે. એ રીતે તું જેમ જેમ જ્ઞાન મેળવતો જાય તેમ વધુ નમ્ર બનતો જજે. ગુરૂદેવની આવી ગંભીર વાણી સાંભળીને શિષ્યે ત્યાં પ્રતિજ્ઞા કરી કે હવે જિંદગીમાં કયારે પણ અભિમાન કરવું નહિ. આપણી વાત એ છે કે વિનય ગુણ સર્વપ્રધાન છે. જ્યાં વિનયનું પાલન નથી ત્યાં ધર્મમય જીવનની શકયતા નથી.

આનંદ શ્રાવકે વિનયપૂર્વક પ્રભુને વંદન નમસ્કાર કર્યા. તેમને આત્માના અદ્‌ભૂત

આનંદની અનુભૂતિ થઈ. આત્મસ્વરૂપની પીછાણ થઈ. મિથ્યાત્વનો અંધકાર દૂર થયો અને સમ્યક્ત્વનો પ્રકાશ ઝળહળી ઉઠયો. ભગવાન અને ભગવાનના વચનોમાં અપૂર્વ શ્રદ્ધા જાગી. તેમણે ભગવાનને વિનયપૂર્વક કહ્યું–અહો! હે ભગવાન હવે આજથી મને વીતરાગ સંઘથી ભિન્ન સંઘવાળાઓને, વીતરાગ સંઘથી ભિન્ન દેવને, અન્યતીર્થિક સાધુઓને એટલે અવસન્ન પાર્શ્વસ્થાને વંદન નમસ્કાર કરવા કલ્પતા નથી. તેઓએ બોલાવ્યા વિના તેમની સાથે બોલવાનું, વારંવાર બોલવાનું કલ્પતું નથી, તેમજ તેમને તારણહાર ગુરૂ છે એ દૃષ્ટિથી આહાર પાણી આપવા કલ્પતા નથી પણ જે વીતરાગની આજ્ઞા પ્રમાણે ચારિત્રનું યથાતથ્ય પાલન કરે છે, જે શાસનના સાચા શણગાર છે, પોતે તરે છે અને બીજાને તારે છે એવા શ્રમણ નિર્ગ્રંથોનો સત્કાર સન્માન કરીશ. તેમને નિર્દોષ આહાર, પાણી, મેવા, મુખવાસ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પગ લૂંછવાનું વસ્ત્ર, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, ઔષધ, ભેષજ આદિ ૧૪ પ્રકારનું દાન આપીશ આ ૧૪ પ્રકારના દાનમાં પ્રથમના ૮ બોલ પાઢીયારા નથી એટલે આપ્યા પછી પાછા લેવાય નહિ અને પીઠ ફલક આદિ છ વસ્તુ પાઢીયારી છે, દવા આદિ જરૂર હોય તો લાવીએ અને જરૂર ન હોય તો પાછી આપી દેવાય. આનંદ શ્રાવકે કહ્યું કે હું વીતરાગી સંતોને નિર્દોષ સૂઝતા આહાર પાણી આદિ ઉત્કૃષ્ટ ભાવે વહોરાવીશ. અન્ય તીર્થિઓને તરણતારણ માનીને વહોરાવીશ નહિ. અનુકંપા નિમિત્તે આપીશ તેમાં અમુક આગાર રાખું છું.

रायाभिओगेणं રાજાના અભિયોગથી અભિયોગનો અર્થ છે બલપ્રયોગ. જો રાજાની આજ્ઞાને વશ થઈને અન્ય મતાવલંબીઓની સાથે બોલવું આદિ કરવું પડે તો તેની છૂટ. (અહીંયા પૂ. મહાસતીજીએ કાર્તિક શેઠનો ન્યાય આપ્યો હતો.)

गणाभिओगेणं, बलाभिओगेणं, देवयाभिओगेणं, गुरु निग्गहेणं. वित्तिकान्तारेण.

ગણના અભિયોગથી, સેનાના અભિયોગથી, દેવોના અભિયોગથી, ગુરૂના અભિયોગથી અને આજીવિકાના અભાવથી કરવું પડે તો છૂટ, આનંદ શ્રાવકની શ્રદ્ધા કેટલી દૃઢ છે! માત્ર એક વખત ભગવાનની દેશના સાંભળી, તેનું મંથન કર્યું અને દેશવિરતિ ધર્મની આરાધના કરી. તમે આરાધનાઓ ઘણી કરો છો પણ સાચા આરાધક બની શકયા નથી. એક ન્યાયથી સમજીએ.

રસ્તામાં ચાલતા ચાલતા પગમાં કાંટો વાગી ગયો. કાંટો વચ્ચે વાગ્યો હોય તો બહાર પણ ન પડે અને પાનીમાં વાગે તો પીડા ખૂબ થાય. પગ મંડાય પણ નહિ. જેટલો કાંટો ઊંડો હોય તેટલી સોય વધુ ઊંડી જવા દેવાની. કાંટો કાઢવા માટે કાંટો કાઢનાર શરૂઆતમાં આજુબાજુનો ભાગ ખોતરશે, છતાં અંદર રહેલો કાંટો બહાર દેખાશે નહિ તો એ ભાગમાં ઊંડુ ખોતરશે. કાંટો જુનો અને ઊંડો છે એટલે પીડા તો ઘણી થશે. કાંટો કઢાવવો છે એટલે સહન કર્યા વિના ચાલે તેમ નથી. ઘણી મહેનતે ઘણું સહન કર્યું ત્યારે કાંટો નીકળ્યો. જો કાંટો પગમાં રહી જાય તો ૨૪ કલાકમાં કોઈ વાર

પાકી પણ જાય માટે સહન કરીને કાંટો બહાર કઢાવે છૂટકો કરશો. પગના છેક ઊંડાણ સુધી ગયેલા કાંટાને બહાર કાઢવા કેટલું બધું ઊંડે સુધી ખોતરવું પડયું ? ભલે પીડા અસહ્ય થઈ પણ ઊંડે સુધી ખોતર્યા વિના કાંટો નીકળત નહિ. આ ન્યાયથી ભગવાન આપણને સમજાવે છે

अवसोहिय कंटगापहं, ओहणो सि पहं महालयं ।
गच्छसिमग्गं विसोहिया, समयं गोयम मा पमायए ॥ ઉત્ત.અ.૧૦ ગા.૨૬

હે ગૌતમ ! તમે કાંટા પથરાયેલા માર્ગને છોડીને રાજમાર્ગ પામ્યા છો. એ માર્ગ શોધીને જવામાં સમય માત્રનો પ્રમાદ ન કરો.

ભગવંતે આ ગાથામાં દ્રવ્ય કાંટા અને ભાવ કાંટાની વાત સમજાવી છે. પગમાં જે વાગે છે તે દ્રવ્ય કાંટા છે અને મિથ્યાત્વ, અવિરતિ, ૧૮ પાપસ્થાનક આદિ ભાવકાંટા છે. દ્રવ્ય કાંટા પગમાં ભોંકાય છે અને ભાવ કાંટા આત્મામાં ભોંકાય છે. દ્રવ્ય કાંટા ક્ષણિક દુઃખ આપે છે, ભાવકાંટા એક વાર ભોંકાઈને ભવોભવમાં દુઃખ આપે છે. દ્રવ્ય કાંટ સ્થૂલ છે અને એનાથી બચવું મુશ્કેલ નથી, ભાવ કાંટા સૂક્ષ્મ છે અને એનાથી બચવું ઘણું મુશ્કેલ છે. દ્રવ્ય કાંટા ભોંકાવાથી જે વેદના થાય છે તે સમભાવે સહન કરાય તો કર્મોની નિર્જરા થાય છે. ભાવકાંટા નવીન કર્મબંધનું કારણ હોય છે. પાપના કાંટા અનાદિકાળના જુના છે. ડગલે ને પગલે આ કાંટા વાગ્યા કરે છે. ૧૮ પાપસ્થાનક તો જાણે જીવના મિત્ર બની ગયા છે. એક તો જીવ કર્મ કરે છે અને શાહુકાર થઈને ફરે છે કે મેં પાપ કર્યા નથી. યાદ રાખજો. તમે પાપ કરીને કહેશો કે મેં પાપ કર્યા નથી પણ કર્મો તો કોઈને છોડતા નથી. કર્મો તેનો અબાધાકાળ પૂરો થશે એટલે ઉદયમાં આવ્યા વિના નહિ રહે. ઉદયમાં આવેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો થવાનો નથી. એ કર્મોને મૂળમાંથી કાઢવા માટે ઊંડે સુધી ગયા વિના ચાલે તેમ નથી.

"આ સંસારમાં તો પગલે પગલે પાપ અને કદમે કદમે કર્મ બંધાય છે." માની લો કે તમને મનગમતી ટ્રેસ્ટફુલ વસ્તુ ખાવા મળી ત્યારે તો એ ખાવામાં જાણે એવા મસ્ત થઇ જાવ છો કે જાણે કોઈ દિવસ એ વસ્તુ ખાધી નથી. એમાં આસક્ત બનતા જીવ કર્મ બાંધે છે. અરે, ઉપવાસ કર્યો હોય તો પણ ઘણી વાર ખાવાના વિચારો આવે છે. સંપત્તિની હાજરીમાં તો અનેક પાપો થાય છે પણ એના અભાવમાં ય એ મેળવવાના પાપ વિચારો ઓછા થતા નથી. ધર્મ સામગ્રીઓનો સદ્‌ભાવ હોય કે પાપ સામગ્રીઓનો અભાવ હોય છતાં મન પાપમય વિચારોથી મુક્ત બની શકતું નથી કારણ કે આ પાપોનો વારસો અતિ જુનો અને ઊંડો છે. તમે માનો કે બે ચાર ઉપવાસ આયંબીલ, એકાસણા, ૨૦૦-૫૦૦ સામાયિકો કે નવકારવાળી ગણી લઈએ; એટલે અમારા કર્મો ખપી જશે પણ એમ કર્મો નહિ ખપે. સાધના કરવા છતાં જો રાગ-દ્વેષ, કષાયો

ગયા નથી તો પાપ કર્મોના મૂળ વધુ ઊંડા જતા જશે. જો કાંટો કઢાવવાની લગની લાગી તો સોયના ઘા સહન કર્યા તેમ કર્મના કાંટા દૂર કરવા માટે કષ્ટો સહન કરવા પડે.

મહાપુરૂષોના જીવન સામે દૃષ્ટિ કરો. મેતારજ મુનિને વાઘરી વીંટાળી ત્યારે એમને કંઈ નહિ થયું હોય ? ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલ્યા. ગજસુકુમાલને માથે અંગારા મૂકાયા. આપણા શાસનપિતા ભગવાન મહાવીર સ્વામીને શૂલપાણી યક્ષે, વ્યંતરી દેવીએ ઉપસર્ગો આપ્યા. આ બધા મહાપુરૂષો પાસે તેમને હરાવવાની શક્તિ કે બળ ન હતું ? આજે દુનિયામાં પૈસાવાળા પૈસાથી, સત્તાવાળા સત્તાથી, કુટુંબનું બળ હોય તો કુટુંબના બળથી બીજાને દબાવી રહ્યા છે, જ્યારે આ મહાપુરૂષોને ઉપસર્ગો આવ્યા ત્યારે શું વિચાર કર્યો ? કાંટો ઊંડો છે તો સોય ઊંડી જવા દેવી પડશે તેમ કર્મો ઊંડા છે તો સાધના પણ ઊંડી-જબ્બર જોઇશે. તે સાધના કરતાં જે ઉપસર્ગો આવે તે સહન કરવા પડશે. આ ઉપસર્ગો દેનાર તો સોય બનીને અમારા કર્મના કાંટા કાઢવા આવ્યા છે. તો કર્મોના કાંટા કાઢતા જે પીડા-દુઃખ થાય તે હસતા મુખે ભોગવી લેવું જોઈએ. આ બધા મહાપુરૂષો પાસે શક્તિ તો હતી પણ તેમણે શક્તિનો ઉપયોગ સ્વમાં-કર્મના કાંટા કાઢવામાં કર્યો. આપણે શક્તિનો ઉપયોગ પરમાં કરી રહ્યા છીએ. કોઈ આપણને એક શબ્દ કહે તો સામાને દશ શબ્દો ન કહીએ તો શ્વાસ નીચો ન બેસે. પરિણામે કર્મના કાંટા વધુ ને વધુ ઊંડા જાય છે અને જે કર્મ હતું તેના કરતાં કેટલા ગણું કર્મ બંધાઈ જાય છે.

આ તો મારા કર્મના કાંટા કાઢનાર સોય છે. : મૃત્યુના મુખમાંથી બચાવનાર સગા બાપ શ્રેણિકને જેલમાં પૂરી રોજના ૫૦૦ ચાબૂકના માર મરાવનાર કોણિક ઉપકારી પિતાના ઉપકારને ભૂલી ગયો પણ શ્રેણિક રાજાને કોણિક પ્રત્યે જરા પણ રોષ કે રીસ ન હતા. તેમણે તો માન્યું કે આ કોણિક તો સોય બનીને મારા કર્મોના કાંટા કાઢી રહ્યો છે. મારા આત્મા પરથી અનંત અનંત દુષ્ટ કર્મો વિદાય લઇ રહ્યા છે. મને મગધની રાજગાદી છોડાવીને મોક્ષની નજીક લાવી દીધો છે. આવા દુઃખમાં આવા સુંદર ભાવ રહેવા સહેલા છે? તેમણે શત્રુને શત્રુ ન માન્યા પણ અનંતકાળના કર્મોના કાંટા કઢાવનારા મહાન ઉપકારી માન્યા. આ તાકાત, આ પરાક્રમ, ધૈર્ય, સહનશીલતા, મર્દાનગી અને ક્ષમાથી કેવા ચમત્કારો સર્જાઈ ગયા ! આક્રમણનો જવાબ આક્રમણથી આપવામાં આવે તો શત્રુ પરાજિત થાય પણ આક્રમણનો જવાબ આક્રાન્ત બનીને આપીએ તો શત્રુતા પરાજિત થઈ જાય. શત્રુના પરાજયમાં શત્રુતા તો એવી ને એવી રહે છે, બલ્કે વધુ મજબૂત થાય છે જ્યારે શત્રુતાના પરાજયમાં તો નથી શત્રુ ઉભા રહેતા કે નથી શત્રુતા કાયમ ટકતી. **"જગતનો રાહ શત્રુને ખતમ કરવાનો છે અને જગત્પતિનો રાહ શત્રુતાનો નાશ કરવાનો છે."** આપણે જગતનું નહિ પણ જગત્પતિ પ્રભુનું શરણું સ્વીકાર્યું છે તો આપણું જીવન ચંદન જેવું બનાવીએ. કુહાડી ચંદનવૃક્ષને કાપી શકશે પણ સુગંધને નહિ તેમ પરિષહો, ઉપસર્ગો કરનારા શરીરને

કષ્ટ આપી શકે પણ આત્માના આનંદને, પ્રસન્નતાને જરા પણ ખંડિત કરી શકે નહિ. કર્મના કાંટાને મૂળમાંથી કાઢીને કેવળજ્ઞાન રૂપી અમૂલ્ય રત્ન મેળવવું છે તો તે મેળવવા માટે તેના મૂલ્ય પણ ઘણાં ચૂકવવા પડે. મહાન પુરૂષોને ઉપસર્ગો આવ્યા. તે અત્યંત ઉલ્લાસથી પ્રસન્ન ચિત્તે સહન કર્યા તો કર્મના કાંટાને દૂર કરી શકયા.

આનંદ શ્રાવકને વ્રતો અંગીકાર કરતાં અધિક ઉલ્લાસ આવ્યો. તેમણે પ્રભુને કહ્યું, મને આપના વચનોમાં યથાર્થ શ્રદ્ધા જાગી છે. હવે દેવ મારા અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ મુનિ અને ધર્મ કેવળી પ્રરૂપિત આ ત્રણ તત્ત્વ સિવાય હવે મને કોઈની શ્રદ્ધા નથી. હવે આગળ તે ભગવાનને શું કહેશે તેનો ભાવ અવસરે.

ચરિત્ર : પુણ્યસારનો પોશાક અને દાગીના જોતાં ગુણસુંદરને શંકા પડી કે આ પુણ્યસાર છે તેથી વાતને ચોક્કસ કરવા માટે પ્રશ્નો પૂછી રહ્યો છે

ગુણસુંદર મન ચિંતવે, જિમ વચન તિમ આકાર,
દાગીના પોશાક છે એમના, એમાં ન ફેરફાર.

ગુણસુંદરના મનમાં થયું કે પુણ્યસારની વચન ચાતુરી, દેખાવ બધું મારા પતિ જેવું જ છે. જો હું ભૂલતી ન હોઉં તો મને તો એ જ લાગે છે. વળી આ દાગીના અને પોશાક તેમણે લગ્ન સમયે પહેર્યા હતા તે જ છે. ચોક્કસ ખાત્રી કરવા માટે પૂછે છે કે આ પોશાક, દાગીના લગ્ન પ્રસંગે ભેટ મળ્યા હતા ને ? આ સાંભળી પુણ્યસાર તો સન્નજડ થઈ ગયો. મારા લગ્નની વાત તો મેં કોઈને કરી નથી. મારા લગ્ન થયા છે એ કોઈ જાણતું નથી. ગુણસુંદર મારા ઘેર આવે છે તેને ખબર છે કે પુણ્યસારની પત્ની તો છે નહિ; તો તે કયાંથી એમ કહે છે કે તને લગ્નપ્રસંગે ભેટ મળ્યા છે. વળી તે મક્કમતાથી કહેતો હોય એમ કહે છે. તે પુણ્યસાર કહે તને આ વાતની કયાંથી ખબર પડી ? તારા લગ્ન વલ્લભીપુરમાં થયા હતા ને ? તેં આ જાણ્યું કેવી રીતે ? પુણ્યસારના મનમાં થાય છે કે મારા માતપિતાને મારા લગ્ન વલ્લભીપુરમાં થયા એટલી વાતની ખબર છે પણ કઈ છોકરી સાથે એ કાંઈ ખબર નથી. આ મિત્રને બધી વાતની ખબર કયાંથી પડી ? ગુણસુંદર તો પુણ્યસારને જવાબ આપવાને બદલે નવા નવા પ્રશ્નો કરતો જાય છે. તેણે કહ્યું-તું એક નહિ પણ સાત સાત છોકરીઓને પરણ્યો છે ને ? લગ્ન કરીને સાતેને રઝળતી-રડતી મૂકીને તે રાત્રે ભાગી ગયો હતો તે જ તું કે બીજો ? આટલું બોલે છે છતાં પુણ્યસારને ખબર પડતી નથી કે આ મારી પત્ની છે.

ખુલાસો કરતો ગુપ્ત પડદો : પુણ્યસાર સમજે છે કે તે છોકરીઓના ઘરનો કોઈ માણસ હશે અથવા તેનો ભાઈ હશે. તે શું શોધ કરવા આવ્યો હશે ? ગુણસુંદર તો તેની વાત ચાલુ રાખે છે. તેણે કહ્યું-પરણ્યા પછી તમે સાતમાંથી કોઈની સાથે બોલ્યા ચાલ્યા નથી. નામ, ઠામ કે જાત બતાવી નથી. પરણીને થોડી વાર થઈ ત્યાં તમે કહ્યું કે મને પેટમાં દુઃખે છે. એવું બહાનું કાઢીને ઊંધા પડી પેટ દબાવીને બેઠા હતા, પછી

સંડાસ જવાનું બહાનું કાઢીને તમે ઘેરથી ભાગ્યા. જતી વખતે બાર સાખ પર લોક લખીને ગયા છો ને ? ગુણસુંદરે તો પાયામાંથી વાત કરી. બધી વાત સત્ય છે એટલે પુણ્યસાર શું બોલે ? બધા પ્રશ્નનો જવાબ હકારમાં તો આપવો પડયો. આ રીતે ગુણસુંદરે પ્રશ્નો કર્યા. પુણ્યસાર મૂંઝવણમાં મૂકાયો છે. હવે ત્યાં શું બનશે તે અવસરે.

આસો સુદ ૧૪ને રવિવાર : વ્યાખ્યાન નં. ૯૬ : તા. ૨૭-૧૦-૮૫

"સારા દેખાવું છે કે સારા બનવું છે ?"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે આ અમૂલ્ય માનવજીવન પામીને તમારે શું કરવું છે ? જ્ઞાનીએ બે વાત બતાવી છે. આ જીવનમાં તમારે સારા દેખાવું છે કે સારા બનવું છે ? આ બેમાંથી તમને કઈ વાત ગમે ? (શ્રોતા : સારા દેખાવાનું) જગતના મોટા ભાગના જીવો હું કેમ સારો દેખાઉં તે માટે પ્રયત્ન કરે છે. સારા બનવા માટે પ્રયત્ન નથી કરતા. જે જ્ઞાની આત્મા છે, જેમને સમકિત સ્પર્શી ગયું છે, જેનો આત્મા જાગૃત બન્યો છે તેવા જીવો સારા દેખાવા માટે પ્રયત્ન નહિ કરે. તેમનો પ્રયત્ન સારા બનવા માટે હોય છે. સારા દેખાવું એ બાહ્ય ભાવ છે અને સારા બનવું એ આધ્યાત્મ ભાવ છે. આજે દુનિયા સારા દેખાવા માટે દોડી રહી છે. આજની ટાપટીપ, ભભકો, આડંબર એ બધું સારા દેખાવા માટે થઈ રહ્યું છે. કોઈ લગ્નપ્રસંગ, મોટો ઉત્સવ કે સમારંભો હોય ત્યારે માનવી કરજદાર બનીને પણ સારા દેખાવા પ્રયત્ન કરે છે. તેના મનમાં એ ભાવ હોય છે કે દુનિયા મને જોતી રહે અને કહે કે ફલાણા ભાઈ એટલે કોણ ? સારા દેખાવા માટે તો જીવે ટાપટીપ કરવામાં બાકી રાખી નથી. જેટલી મહેનત સારા દેખાવા માટે કરી છે તેની અંશ મહેનત સારા બનવા માટે કરી નથી. સારા બનવા માટે શરીરને સજાવવાની કોઈ જરૂર નથી. તે માટે તો આત્માને ગુણોથી શણગારવાનો છે. જેના જીવનમાં ગુણોની સુવાસ છે તે સારો બની શકે છે.

એક સજ્જન માણસ હતો. તેને સારા દેખાવું હતું. એક વાર ધંધાના કારણે તેને અમેરિકા જવાનું થયું, તેથી પાસપોર્ટમાં મૂકવા સારો ફોટો તો જોઈએ ને ? તે સારો ફોટો પડાવવા માટે ૧૦ થી ૧૨ જેટલી સ્ટુડીઓમાં ફર્યો અને ફોટો પડાવ્યો પણ તેનો એકે ફોટો સારો આવ્યો નહિ. જે સ્ટુડીઓ ગામમાં પ્રખ્યાત હતી તેના ફોટોગ્રાફર પાસે ગયો. ત્યાં પણ ફોટો સારો ન આવ્યો, પછી તેણે કોઈ સારા માણસને પૂછયું– ભાઈ ! તમારી નજરમાં કોઈ સારો ફોટોગ્રાફર હોય તો મને તેનું એડ્રેસ અને નામ આપો. હું ત્યાં જાઉં. ગમે તે હિસાબે મારે સારો ફોટો પડાવવો છે. મારે મારા ફોટાની બાસ જરૂર છે. હું તો કેટલી સ્ટુડીઓમાં ફરી આવ્યો છતાં મારા ફોટાનું ઠેકાણું પડતું નથી. હું તો કંટાળી ગયો છું. તે ભાઈએ કહ્યું–તમે જે ફોટા પડાવ્યા છે તે મને બતાવો. તે ભાઈએ તેના ફોટા બતાવ્યા. ફોટા જોઈને તે ભાઈએ કહ્યું–ભાઈ ! આ

ફોટા તો આબેહૂબ તમારા જેવા છે. આ ફોટાને તમે ખરાબ કહો છો ? તમે અઢાર નહિ પણ અડસઠ સ્ટુડીયોમાં જશો કે ૧૦૮ ફોટોગ્રાફર પાસે જશો તો પણ ફોટો તો આવો જ આવશે. તેમાં સ્ટુડીયોનો કે ફોટોગ્રાફરનો દોષ નથી. સ્ટુડીયોવાળો તો બરાબર છે પણ તમારું મોઢું એવું છે તેમાં ફોટોગ્રાફર બિચારો શું કરે ? આ ભાઈનો ફેઈસ બરાબર ન હતો પણ તેનો પ્રયત્ન હું સારો કેમ દેખાઉં એવો હતો.

આધ્યાત્મિક જગતમાં વાત સાવ જુદી છે. અહીં તો કુરૂપમાં કુરૂપ વ્યક્તિ પણ પોતાની કુરૂપતાને પ્રસન્ન ચિત્તે સ્વીકારે તો એનો આત્મા સ્વરૂપવાન બની જાય. હરિકેશી મુનિની વાત આવે છે. તેઓ નાના હતા ત્યારે બાળકો સાથે રમવા ગયા. બીજા બાળકો કહે તું અહીંથી દૂર બસ, આઘો જા. તેમનું મુખ દેખાવમાં સારું ન હતું. શાસ્ત્રકાર તો બોલે છે "दित्तरुवे काले विकराले" અત્યંત બિભત્સ રૂપવાળા, કાળા રંગવાળા, વિકરાળ, અદર્શનીય એટલે કોઈને જોવા યોગ્ય નહિ, એવું તેમનું ભયંકર બિહામણું રૂપ હતું. છોકરાઓએ તેમને ના પાડી એટલે દૂર ઊભા રહીને જોવા લાગ્યા. તેમને સારા દેખાવું ન હતું પણ સારા બનવું હતું. તે જોવે છે કે આ નિર્દોષ બાળકો પ્રેમથી આનંદ કિલ્લોલ કરે છે. તે બધા કેવા સારા છે. હું સારો નથી માટે મને રમવા ભેગો ન રાખ્યો. તેઓ એકમેક થઈને રમે છે. જેને સારા બનવું છે તે બીજાના દોષ ન જુએ પણ પોતાના દોષ જુએ. હરિકેશી વિચાર કરે છે ત્યાં બધા છોકરાઓ રમતા હતા ત્યાંથી એક સાપ પસાર થયો. છોકરાઓએ પથ્થરો મારી તે સાપને મારી નાંખ્યો. ત્યાં બીજો સાપ નીકળ્યો. બધા કહે તેને જવા દો. આ જોઈને હરિકેશીને વિચાર થયો કે એક સાપને માટે કહે છે જવા દો અને બીજા સાપને માટે કહે છે એને મારી નાંખો. આનું શું કારણ હશે ? એક સાપ વિષથી ભરેલો હશે અને બીજો સાપ નિર્વિષ હશે. હું વિષ ભરેલા સાપ જેવો છું તેથી છોકરાઓ મને રમાડતા નથી. તેમાં છોકરાઓનો દોષ નથી. દોષ મારો છે. તેમણે સ્વદોષ જોયા. ત્યાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું અને દીક્ષા લઈ ઉગ્ર તપ કરી આત્માનું કલ્યાણ કર્યું.

જેને સારા બનવું છે તેની કોઈ પ્રશંસા કરે તો તેને નહિ ગમે પણ આજે તો સ્વપ્રશંસાની એટલી ભૂખ છે કે એને સંતોષવા માટે દંભ કરવા પડે તો દંભ કરે છે. જેટલો સ્વપ્રશંસાનો રસ છે એટલો સ્વનિંદા પ્રત્યેનો દ્વેષ છે. આપણામાં ગુણ હોય કે ન હોય છતાં ખોટી પ્રશંસા કરે તો ગમે છે. જ્યારે સાચી નિંદા આપણને કડવી ઝેર જેવી લાગે છે. પ્રશંસા પતન કરાવે છે. એ લીસ્સા પગથિયા જેવી છે. લીસ્સા પગથિયા પરથી જલ્દી બસી જવાય છે, તેમ પ્રશંસા આપણને ઊંચે ચઢવા દેતી નથી. પ્રશંશાથી અભિમાન આવે છે. તેમાં આત્માના ગુણોની મહામૂલી મૂડી ખોવાઈ જાય છે. અહં આત્માના દોષો તરફ દૃષ્ટિ કરવા દેતો નથી. પ્રશંસા આપણી જાતને ઓળખવા દેતી નથી, જ્યારે સ્વનિંદા પોતાને ઓળખાવ્યા વિના રહેતી નથી. પ્રશંસા અહંને પોષે છે જ્યારે સ્વનિંદા અહંને તોડે છે. પ્રશંસા "હું આવો સારો, મારા બધા ગુણ ગાય

છે" આવા ભાવ જગાડે છે જ્યારે સ્વનિંદાથી "હું આટલો બધો અવગુણી, હું આવો અધમ" આવા ભાવ આવે છે. જેને સારા બનવું છે તે તો પોતાની નિંદા કરનારને દુશ્મન કે અપકારી નહિ માને પણ પરમ મિત્ર અને ઉપકારી માનશે. જો સારા દેખાવું નથી પણ સારા બનવું છે તો તમારી કોઈ નિંદા, ટીકા કરે તો સહન કરવું પડશે.

પથ્થરમાંથી એક મૂર્તિ બનાવવી હોય તો પથ્થરને કેટલા ટાંકણા સહન કરવા પડે છે ત્યારે તે મૂર્તિ બને છે. તો સારા બનવું છે તો કોઈ નિંદા કરે, અપમાન કરે, હડધૂત કરે, વાંક ન હોય છતાં નિંદા કરે તો સહન કરવું પડે. ઘણાંને એવી ટેવ હોય છે કે તેનું મનગમતું ન કરી શકયા તો તે આપણી નિંદા કરવાના. તે સહન કરતાં શીખીશું તો સારા બની શકીશું. સોનાને તેજાબમાં પડવું પડે છે, તેની અગ્નિ પરીક્ષા થાય છે તો તેના મૂલ્ય અંકાય છે. હીરાને પહેલા તોડે, કકડા કરે પછી સરાણે ચઢાવે, પાસા પાડે, આટલું સહન કરે ત્યારે તેની કિંમત થાય છે. સારા બનવું છે તો કસોટી તો આવે પણ સમભાવે સહન કરીએ તો સારા બની શકાય. કોઈ આપણને સારા કહે તેથી સારા બની જવાના નથી. સારા બનવું એટલે કેવા થવું ? તમે સારો કોને કહેશો ? ખોખાને કે ખોખાના માલિકને ? ખોખાનું સારાપણું એટલે શરીરની સુંદરતા, નિરોગીતા, કોઈ પ્રશંસા કરે આ શરીરનું સારાપણું છે, તેથી સારા દેખાવ છો. સારા બનવા માટે દાન, શીલ, દયા, ક્ષમા વગેરે ગુણોને મહત્ત્વ આપવાનું છે. જેને માત્ર સારા દેખાવાની ભાવના છે પણ સારા બનવું નથી તેવા જીવો બહારથી દાની, દયાળુ હોવાનો દેખાવ કરશે. સારા દેખાવા માટે પૈસા છોડવા પડશે તો છોડી દેશે.

એક શેઠ હતા. તેમને સારા બનવાની ભાવના હતી. તે ખૂબ સરળ, ભદ્રિક હતા અને સ્વધર્મીની ભક્તિ કરતા. કોઈ સ્વધર્મી તમારે આંગણે આવે તો જ્ઞાનચર્ચા કરવાનો લાભ મળે. જ્ઞાનગોષ્ઠી કરતા આત્માનો વિકાસ થાય. કોઈ વાર એવા પુણ્યાત્મા આવી જાય તો ઘરનું આખું વાતાવરણ સુધારી દે. આ શેઠને વિચાર થયો કે મારી પાસે સંપત્તિ ઘણી છે તો સ્વધર્મી ભક્તિનો લાભ લઉં. મારા આંગણે શ્રીમંત સ્વધર્મી તો આવે પણ બિચારા ગરીબ ખાસ કોઈ આવતા નથી. હું સ્વામીવાત્સલ્ય કરું તો મારા આંગણે શ્રીમંત–ગરીબ બધાના પગલા થાય. શેઠ સારા દેખાવા માટે આ નથી કરતા પણ સારા બનવા માટે કરે છે. તે કોઈ આશાથી આ કરતા નથી. તેમના મનમાં એક જ ભાવ છે કે સ્વધર્મીઓને જમાડીને હું લાભ લઉં.

સ્વધર્મીની ભક્તિ કરતા પવિત્ર શેઠ : આ શેઠને સ્વધર્મીની સેવા કરવાનું મન થયું. ગામમાં જાહેર કર્યું કે આજે સ્વામી વાત્સલ્ય છે. શેઠ પોતાનું નામ પણ જાહેર કરતા નથી. બધા એકબીજાને પૂછે છે આજે કોના તરફથી સ્વામી વાત્સલ્ય છે ? કોણ જમાડે છે ? બધા કહે, ખબર નથી. બધા જમવા આવ્યા. થાળી વાડકા મૂકાઈ ગયા. શેઠ સાવ સાદા વેશમાં બધાને પીરસવા નીકળ્યા. બધાના મનમાં થયું કે આ શેઠ તરફથી સ્વામી

વાત્સલ્ય હોવું જોઇએ. નામઠામ વગર આવી રીતે શુદ્ધ ભાવે સ્વધર્મી ભક્તિ કરનાર બહુ ઓછા વિરલ આત્મા હોય છે. શેઠના મનમાં તો આનંદ છે. આજે હું પવિત્ર બન્યો. આટલા બધા સ્વધર્મીના મારા આંગણે પુનિત પગલા થયા. મારું જીવન ધન્ય ધન્ય બન્યું.

શેઠની કોમળતા અને ભાઇની કઠોરતા : બધાના ભાણામાં બધી વસ્તુ પીરસાય છે. જમણમાં પાપડ પણ જેને જોઈએ તેટલો પ્રેમથી અપાય છે. પાપડ પીરસતા પીરસતા અડધો પાપડ ટોપલામાં રહ્યો. પંક્તિમાં છેલ્લો જે ભાઈ બેઠો હતો તેના ભાણામાં અડધો પાપડ પીરસ્યો ને કહ્યું-ભાઈ ! પાપડ પીરસતા બલાસ થયા એટલે અડધો મૂકું છું અને પછી બીજો લઈ આવું છું. શેઠ લોભી ન હતા. ખૂબ ઉદાર હાથે પીરસતા હતા. તેમના મનમાં તો એવા કોઈ ભાવ ન હતા કે આ ભાઈને અડધો પાપડ આપું પણ સામા ભાઈના મનમાં માન આવી ગયું. તે મને ઓળખતો નથી. તે તેના મનમાં શું સમજે છે ? આટલા બધા માણસો વચ્ચે મારું આવું હડહડતું અપમાન ! આ માન ઊભું કર્યું કોણે ? તેણે પોતે ઊભું કર્યું. તેનું અપમાન કરવાના તો શેઠના ભાવ હતા જ નહિ. તેમણે કહ્યું-અડધો પાપડ આપું છું અને બીજો લઈ આવું છું. એમાં શું અપમાન કર્યું કહેવાય ? પણ જેવું મનમાં ભર્યું હોય તેવું બહાર આવે. પેલા શેઠ તો બિચારા બીજો પાપડ લઈને આવ્યા ને કહ્યું લો ભાઇ પાપડ ! પણ આ ભાઈએ તો લીધો નહિ ને થાળી પરથી ઊભો થઈ ગયો.

મનમાં માનની ઉઠેલી આગ : આ ભાઇના મનમાં થયું કે આજે શેઠે મારું અપમાન કર્યું છે તો હું એમના કરતાં ઉતરું એવો નથી. હું તેમનાથી સવાયો થાઉં અને શેઠને બરાબર બતાવી દઉં. આ વિચાર કરતાં કરતાં તે ઘેર ગયો. ઘેર જઇને દુકાનની તમામ મિલકતનો હિસાબ કર્યો તો ગામ જમાડવા જેટલા પૈસા ન થયા આ ભાઈને સારા દેખાવું છે. તેણે બધી મિલકત ભેગી કરી, દાગીના, જર-ઝવેરાત જે હતું તે બધું ભેગું કર્યું. બરાબર ધમધમાટી બોલાવી દીધી. મરદપણું બરાબર બતાવ્યું. પત્ની કંઈ કહેવા જાય તો ચાર તમાચા ચઢાવી દે. ભાઈએ પત્નીને કહ્યું-તારા સાસરા, પિયરના જે દાગીના હોય તે બધા આપી દે. પુરૂષ આગળ સ્ત્રીનું શું ચાલે ? પત્નીને બધું આપી દેવું પડયું. બધા દાગીના ભેગા કરીને વેચી આવ્યા ને મૂડી ભેગી કરી. શેઠ કરતાં સવાયો જમણવાર કરવો છે એટલે મૂડી તો જોઈએ ને ? પેલા શેઠે સારા બનવા માટે સ્વામીવાત્સલ્ય કર્યું હતું. આ ભાઈ તો સારા દેખાવા માટે કરી રહ્યા છે. આ ભાઈએ તો શેઠ કરતાં શ્રેષ્ઠ અને બેસ્ટ જમણ કર્યું. બધા જમવા આવ્યા. કંઇક લોકો કહે, શું જમણનો સ્વાદ છે ! કંઇક લોકો કહે, આવા જમણ જમીને શું કરવું છે ? ઘર બાળીને તીર્થ કરવા ઉઠયો. રૂપિયાનો માલ ૧૪ આનામાં વેચી નાંખ્યો છે. એના ઉપરથી સમજાઈ જાય છે કે તેની પાસે પૈસા નથી. આજે ચોકસીને ત્યાં સોનું વેચવા આવ્યા હતા. મેં તેમને જોયા હતા. કોઈ કહે આજે ઝવેરીને ત્યાં પત્નીના હીરાના બુટીયા વેચવા આવ્યા હતા. આવું બધું કરીને જમાડવાનો શો અર્થ ! આપણને તો આ

જમવામાં આનંદ નથી આવતો.

અક્ષુદ્રતાના ગુણને ખીલવો : સ્વામીવાત્સલ્ય છે એટલે નાના મોટા સર્વે આવે. પેલા સજ્જન શેઠ પણ આવ્યા છે. તે જમવા બેઠા છે. પીરસનાર ટોપલામાં પાપડ લઈને નીકળ્યો. તેણે ઈરાદાપૂર્વક બે પાપડ આપ્યો. શેઠ કહે ભાઇ ! મને તો પાપડ વગર ચાલશે, છતાં પીરસનારે તો બે પાપડ શેઠના ભાણામાં મૂકયો. બધાને આપ્યો પાપડ અને મને બે જ કેમ આપ્યો ? શેઠને તો આવો કાંઇ વિચાર નથી આવતો. જરાય ગુસ્સો ન આવ્યો. તેમના મુખ પરની રેખા જરાય બદલાઈ નહિ. જ્ઞાની અને અજ્ઞાનીમાં આટલો ફરક છે. ગમે તેવા સંયોગોમાં જ્ઞાની હસતા રહે છે. તે સમજે છે કે આ બધી વિભાવ દશા છે. આ ભાઈએ બે પાપડ આપ્યો છતાં મનના ભાવ જરા પણ ન બગાડયા. શ્રાવકના ૨૧ ગુણમાંથી શેઠના જીવનમાં અક્ષુદ્રતાનો ગુણ બરાબર ખીલેલો છે. અક્ષુદ્રતા એટલે ગંભીરતા. ગંભીરતાવાળો માનવી દુનિયામાં સાચું માન મેળવી જાય છે. જીવનનું સાચું દર્શન ગંભીરતા વિના થઇ શકતું નથી. શેઠના જીવનમાં ગંભીરતા હતી અને આ ભાઇના જીવનમાં ક્ષુદ્રતા–તુચ્છતા હતી. જીવનમાં જો ગંભીરતા ન હોય તો માનવી નાની બાબતોને મોટું સ્વરૂપ આપી દુઃખી થાય છે. વર્ષો જુનો સ્વજનોનો પ્રેમ એક દિવસમાં બગાડી નાંખે છે. તેનું ધાર્યું ન થયું, કોઈએ બરાબર આવકાર ન આપ્યો તો તેના ક્ષુદ્ર મનમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠે છે. તરત તે ગમગીન બની જાય છે અને મનમાં દુઃખી થાય છે. જો ગંભીરતા ન હોય તો તે આવેશમાં આવી જાય છે અને મગજ પરનો કંટ્રોલ ગુમાવે છે પછી પરિણામ વિપરીત આવે ને પસ્તાવાનો પાર રહેતો નથી.

આ ભાઈના જીવનમાં તુચ્છ વૃત્તિ હતી. તેને બદલે પાપડ મળ્યો, તેમાં શેઠના તેના અપમાન કરવાના ભાવ ન હતા. પીરસતા પીરસતા સહજ રીતે બદલે વધ્યો તે આપ્યો હતો અને બીજો લાવવાનો કહ્યો હતો છતાં પોતે તેમાં પોતાનું અપમાન સમજીને પોતાની તમામ માલમિલકત, દાગીના વેચીને શેઠને હલકા પાડવા સ્વામી વાત્સલ્ય કર્યું. તેણે શેઠનું અપમાન કરવા ઈરાદાપૂર્વક બે પાપડ આપ્યો પણ શેઠના જીવનમાં ગંભીરતા હતી એટલે તે તો બધું પચાવી ગયા. તેમને સારા બનવું હતું. તેમણે કહ્યું મને પાપડ નહિ હોય તો પણ ચાલશે.

આજે માનવીનું જીવન સ્વાદિષ્ટ ખાણાપીણા બાબામાં પસાર થઈ રહ્યું છે. જો સારા બનવું છે તો એ વિચાર કરો કે મારે જીવવા માટે ખાવાનું છે પણ ખાવા માટે જીવવાનું નથી. પાપડ આવ્યો તો ભલે અને ન આવ્યો તો ભલે. આ વાત તમને બરાબર લાગે છે ? આયંબીલની ઓળીના પવિત્ર દિવસો ચાલે છે. બોલો, આ નવ દિવસ લીલોતરી શાક કોણે છોડયું ? આટલી મોટી સભામાં પાંચદશ જણા. શું નવ દિવસ લીલોતરી વગર ન ચાલે ? આવા આરાધનાના દિવસોમાં લીલોતરી શાકને અભયદાન આપી શકતા નથી ? તમે ત્રણ વાત શીખી જાવ. **ગમશે, ચાલશે અને ભાવશે.** જે હશે તે બધું મને ગમશે.

ઠનકોપની ગાદી હોય તો ય ચાલશે અને કઠોર ભૂમિ હશે તો ય ચાલશે. મને જે હશે તે ખાવાનું ભાવશે. દૂધપાક હશે તો ભાવશે અને રોટલો ને છાશ હશે તો પણ ભાવશે. આવું જીવન કેળવાશે તો જમવા છતાં તપ છે. તમે દુકાનેથી જમવા ગયા, બેનને રસોઇ કરતાં મોડું થઈ ગયું. તેના મનમાં ગભરાટ છે. પતિને ભાવતું શાક બનાવી શકી નથી. તમે કહ્યું–ગભરાશો નહિ. જે હશે તે મને ચાલશે. તો પત્નીના હૃદયમાં કેવી ઠંડક વળશે? આ ત્રણ વાત જીવનમાં આવી જાય તો સારા બન્યા વિના રહીએ નહિ.

બીજાનું અપમાન કરવા જતાં પોતાની થયેલી ખુવારી : ભાઇએ શેઠનું અપમાન કરવા ઇરાદાપૂર્વક ૦ા પાપડ આપ્યો. તેમના મનમાં એમ હતું કે શેઠનું મોઢું બગડશે પણ શેઠનું મોઢું જરા પણ ન બગડયું. જમણવાર તો પતી ગયો. સૌ જમીને રવાના થયા. ભાઇના મનમાં થયું કે જેનું અપમાન કરવા મેં બધી મિલ્કત ફના કરી દીધી, દાગીના વેચી દીધા અને કરજ કર્યું છતાં તે શેઠની રેખા પણ ન બદલાઈ. તેણે જમણનો બધો હિસાબ કર્યો તો મૂડી બધી સાફ થઈ ગઈ, દાગીના વેચાઈ ગયા ને ઉપરથી કરજ થયું. પેલા શેઠે તો પોતાની પાસે અઢળક સંપત્તિ હતી તેથી સ્વામી વાત્સલ્ય કર્યું હતું. આ ભાઈ પાસે તો એટલી મૂડી હતી નહિ છતાં તુચ્છ વૃત્તિવાળા! એ શેઠનું અપમાન કરવા કરજ કરીને પણ જમણ કર્યું. હવે તો ખાવાના સાંસા પડયા. ત્રણ દિવસમાં ગામમાં વાત ફેલાઈ ગઈ. બધાને ખબર પડી કે આ ભાઈએ પોતાની તમામ મૂડી ખર્ચીને અને કરજ કરીને સ્વામી વાત્સલ્ય કર્યું પણ હવે ખાવાના સાંસા પડયા છે. આ વાત ફેલાતા ફેલાતા શેઠના કાને પહોંચી ગઈ. હવે જોજો શેઠની ગંભીરતા કેટલી છે!

કયાં શેઠની ગંભીરતા અને કયાં મારી તુચ્છતા : શેઠે વિચાર કર્યો કે મેં જમણ કર્યું તો આટલો ખર્ચો આવ્યો હતો ત્યારે આ ભાઈએ તો મારાથી સવાયું કર્યું છે માટે તેમને આટલો ખર્ચો આવ્યો હશે! એટલા રૂપિયા લઈને શેઠ તે ભાઈના ઘેર આવ્યા. આ ભાઈની આંખમાં આંસુ હતા. શેઠે પૂછયું–દીકરા કેમ રડે છે? તને શી મૂંઝવણ છે? આજે તો દુનિયામાં આટલા મીઠા બે શબ્દોના પણ સાંસા પડયા છે. શેઠે કહ્યું–ભાઈ! તું રડ નહિ. લે આ પૈસા; ઉઠ ઊભો થા. આ પૈસાથી ધંધો ચાલુ કર, બેકાર બેસી ન રહે. આ જોતાં ભાઇના મનમાં થયું કે મેં શેઠનું અપમાન કરવા જમણવાર કર્યો ત્યારે આ શેઠ તો કેટલા ગંભીર કહેવાય? તેમને તો મનમાં પણ અપમાન લાગ્યું નહિ ને ઉપરથી મને આટલી સહાય કરવા આવ્યા. કયાં એમની ગંભીરતા અને કયાં મારી તુચ્છતા! આ ભાઈએ સારા દેખાવા પ્રયત્ન કર્યો અને શેઠે સારા બનવા પ્રયત્ન કર્યો. આજે જીવો સારા દેખાવા શું કરે છે? માથાના વાળ સફેદ થઈ ગયા તો તેને કાળા કરવા માટે કલપ લગાડે પણ એ કયાં સુધી રહેશે? આ કાયાને ગમે તેટલી જાળવશો તો પણ અંતે રાખ થવાની છે માટે સારા દેખાવા કરતાં સારા બનવાની જરૂર છે. સારા બનવા માટે કદાચ કષ્ટો આવે તો પણ ચિત્તની પ્રસન્નતા છોડવી ન જોઈએ.

કેવા બનશો?: રૂપક : એક કુહાડી પડી હતી. તેની ધાર સુગંધથી મહેંકી

રહી હતી. બાજુમાં બીજી એક કુહાડી પડી હતી. તેણે પૂછયું–આટલી બધી સુગંધ તારામાં કયાંથી આવી ? સુગંધવાળી કુહાડી રડવા લાગી. કેમ બેન રડે છે ? બેન ! શું કહું તને ? આ સુગંધ મારી પોતાની નથી. હું તો જંગલમાં ચંદનના લાકડા કાપવા ગઈ હતી. મેં મારી ધારથી ચંદનના લાકડા કાપ્યા. ચંદનના લાકડાએ કપાતા કપાતા ય મારામાં તેની સુગંધ મૂકી. તેણે ઘા વેઠયા. તે કપાઈ ગયા છતાં મને સુગંધ આપી. ચંદનને કાપી નાંખો, છોલી નાંખો, ઘસો તો એ બધું વેઠીને બીજાને સુગંધ આપે છે. તેણે સુગંધ આપવાનો સ્વભાવ ન છોડયો અને કુહાડીએ કાપવાનો સ્વભાવ ન છોડયો. ચંદને આટલા કષ્ટો વેઠયા તો જગતમાં સૌરભ પ્રસરાવી છે. અનંતકાળમાં અનંતીવાર કુહાડી બન્યા છીએ. હવે આ જન્મમાં ચંદન બનીને જવું છે. કાપવા આવનારને ય સુગંધનું દાન કરવું છે. જો આવું જીવન બનશે તો સારા બની શકાશે.

બહારથી સારા દેખાવા સારા કામ કરે તો કદાચ સુખસગવડવાળી સદ્‌ગતિ મળે પણ ત્યાં સદ્‌બુદ્ધિ ન મળે. પરલોકમાં સદ્‌બુદ્ધિ સારા બનવાથી મળે. જે અહીં સારો બન્યો નથી એટલે ખરાબ ભાવો હૈયામાં રમતા હોય તો પરભવમાં એ સાથે જાય. આપ એટલું યાદ રાખજો કે સારા દેખાવું એ ધર્મનું ફળ નથી પણ સારા બનવું એ ધર્મનું ફળ છે. આ આત્માએ અનંતકાળથી સારા દેખાવા માટે મહેનત કરી છે પણ સારા બનવા માટે નથી કરી. જે મહાપુરૂષો થઈ ગયા તેમણે સારા બનવા માટે મુખ્ય એક રસ્તો અપનાવ્યો. કોઈના સારા ખોટા અભિપ્રાયોની અસર મન પર થવા દીધી નહિ. કોઈ સારું બોલે, પ્રશંસા કરે તો ફુલાઈ ગયા નહિ અને કોઈ નિંદા કરે તો અકળાયા નહિ. બંનેમાં સમભાવ રાખ્યો. આ વાતને લક્ષમાં રાખીને તેઓ જીવન જીવ્યા, ન માનને વધાવ્યું, ન અપમાનને તિરસ્કાર્યું, ન પ્રશંસાને સારી માની, ન નિંદાને ખરાબ માની, ન સુખ પાછળ દોડયા, ન દુઃખથી ભાગ્યા. જો જીવનને સારું બનાવવું છે તો દોષમુક્ત બનાવો. તમારી નિંદા કરે તેને તિરસ્કારો નહિ પણ આવકારો. સારા બનવું છે તો બીજાની પ્રશંસા કરજો અને પોતાના દુષ્કૃત્યોની નિંદા કરજો.

આનંદનો ઉલ્લાસ જોતા શિવાદેવીએ કરેલો પ્રશ્ન : આનંદ શ્રાવક પોતાના જીવનને સારું બનાવવા માટે વ્રતધારી બનીને ઘેર જવા તૈયાર થયા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ વાર વંદન નમસ્કાર કરી દ્યુતિપલાશ ઉદ્યાનથી બહાર નીકળ્યા. આનંદ શ્રાવકની પત્ની શિવાનંદા બારણામાં રાહ જોઈને ઊભી છે. હજુ મારા પતિ કેમ ન આવ્યા ? ત્યાં તેણે પતિને દૂરથી આવતા જોયા. અહો ! આજે મારા પતિના મુખ પર જે આનંદ, ઉલ્લાસ અને ઉમંગ છે તેવો આનંદ ઉલ્લાસ મેં કયારે પણ જોયો નથી. તે વિચાર કરે છે કે તેમના મુખ ઉપર આજે આટલો બધો ઉલ્લાસ કેમ દેખાય છે ? આજે તો કોઈ અનેરો આનંદ ઝળહળી રહ્યો છે. તમારા મુખ પર આટલો આનંદ કયારે હોય ? તમે ખૂબ કમાણી કરીને આવ્યા હોય ત્યારે. ઉપાશ્રયથી ઘેર જાવ ત્યારે આટલો આનંદ હોય ખરો ? દેહ અને આત્માનું ભેદ જ્ઞાન થશે ત્યારે સમજાશે કે

આ બધું તો મારે મૂકીને જવાનું છે. આ બધું છોડવા જેવું છે. મને એવો અવસર કયારે આવે કે હું આ પાપમાંથી છૂટું. ઉપવાસ આદિ ધર્મક્રિયા કરવામાં ઉલ્લાસ આવશે તો અનંતા કર્મોની નિર્જરા થશે.

આનંદ શ્રાવકનો અતિ ઉલ્લાસ, આનંદ, હર્ષ જોઈને શિવાનંદા પૂછે છે નાથ! આટલી જિંદગીમાં મેં કયારે પણ તમારા મુખ પર આટલો આનંદ કે ઉલ્લાસ જોયો નથી. તો આજે શું છે? આનંદ શ્રાવકે કહ્યું–તને શું વાત કરું! હું આજે ભગવાનના સમોસરણમાં ગયો હતો. ત્યાં ભગવાનના દર્શન કર્યા. તેમની વાણી સાંભળી, વાણી સાંભળતા મારા મિથ્યાત્વના ઝેર નીકળી ગયા. સમ્યક્ત્વનો દીપક આત્મામાં પ્રગટી ગયો. દર્શન કરતા દેશના સાંભળતા રોમેરોમમાં આનંદ પ્રગટયો; તેથી અધિક આનંદ મનો અંગીકાર કરતા આવ્યો. જે આનંદ અવર્ણનીય, અકથનીય છે. આપણી પાસે ૧૨ ક્રોડ સોનામહોરો છે. ચાલીસ હજાર ગાયો છે. મકાન, માલમિલકત, ખેતીવાડી અને અઢળક વૈભવો છે એમાં મને જે આનંદ નથી આવ્યો તેવો અનુપમ આનંદ આજે આવ્યો છે. શિવાદેવી જિજ્ઞાસાથી પૂછે છે નાથ! તમને આટલો ઉલ્લાસ છે તો ભગવાન પાસેથી શું લઈને આવ્યા છો? તમારી શિવાનંદા તમને શું પૂછે? તમે બજારમાં ગયા હતા તો શું લાવ્યા છો? પરદેશ ગયા હતા તો મારા માટે શું નવીન લાવ્યા છો? કયારે પણ તે એવું પૂછે છે કે આજે તમે ગુરૂ ભગવંતના દર્શને ગયા હતા અને વ્યાખ્યાન સાંભળ્યું તો તમે શું લઈને આવ્યા? શિવાનંદાએ ઉમળકાભેર જિજ્ઞાસાથી આનંદ શ્રાવકને પૂછયું. હવે આનંદ શ્રાવક શું કહેશે તે અવસરે.

ચરિત્ર : પોશાકે પતિનો પાકો કરાવેલો નિર્ણય : ગુણસુંદરે પુણ્યસારને ઘણા પ્રશ્નો કર્યા. પુણ્યસારને થયું કે ગુણસુંદરે મારી બધી વાત કયાંથી જાણી? હું સાત સાત છોકરીઓને પરણીને બધાને છોડીને ભાગી આવ્યો છું તો શું તેમના પિતાએ કોઇ ગુપ્તચરને શોધ કરવા મોકલ્યો હશે? છેવટે તેણે ગુણસુંદરને કહ્યું–તારે આ બધા પ્રશ્નો સાથે શું નિસ્બત છે? અત્યારે તું મને એ વાત કરને કે મરવાની હઠ લઈને કેમ બેઠો છે? અત્યારે આ બધી વાતો કરવાની કે પ્રશ્નો પૂછવાના નથી. આ બધા પ્રશ્નો તું મને નિરાંતે પૂછજે. તારી મરવાની વાતથી મારું તો કાળજું કંપી રહ્યું છે અને તને તો કંઈ દેખાતું નથી. બધી વાત છોડીને પહેલા તારી વાત કર. મિત્ર! થોડી વાર ધીરજ ધર. તારું હૈયું કંપી રહ્યું છે, રડી રહ્યું છે, તેને હમણાં થોડી વારમાં શાંત કરું છું. મારું એક કામ કર. તું ઉપર જઈને મારી બેગમાં લીલા કપડે બાંધેલી એક પોટલી છે તે લઈ આવ. પુણ્યસાર કહે–હું નહિ જાઉં. તને મૂકીને હું ઉપર જાઉં ને પાછળ તું બળી મરે તો મારે બધાને જવાબ શું આપવો? ગુણસુંદર કહે તને વચન આપું છું કે હું કાંઈ નહિ કરું. તું મારું આ કામ કર.

ગુણસુંદર અને પુણ્યસારનો ખુલ્લો થયેલો ભેદ : પુણ્યસારને કાંઇ સમજ પડતી નથી કે આ બધું અત્યારે શા માટે કરાવે છે? ખેર. એમ કરવાથી તેની

આત્મહત્યા શા માટે છે એ વાત જો જાણવા મળતી હોય તો ભલે કામ કરું. એમ વિચારીને જલ્દીથી ઉપર ગયો ને પોટલી લઈને જલ્દી નીચે આવતો રહ્યો. બસ, હવે છેલ્લું એક કામ કર. મિત્ર! તું બતાવે તો એક નહિ પણ હજાર કામ કરવા તૈયાર છું પણ હવે તું જલ્દી તારા દુઃખની વાત કર. બહારથી બારણું ખોલવા માટે ઉતાવળ કરે છે. બધા ધૂમાધૂમ કરે છે કે જલ્દી બારણું ખોલો. બહાર બધા તારી રાહ જોઇ રહ્યા છે. હવે તું પાંચ મિનિટ બાજુના રૂમમાં જતો રહે. શા માટે? તું બધા આવા નવા નવા બહાના કાઢીને મને છેતરવા માંગે છે. મને દૂર કરીને તું બળી મરે તો? હું તારો મિત્ર, તેથી બધાએ મારા પર વિશ્વાસ રાખીને અંગત વાત જાણવા અંદર મોકલ્યો છે. તું મને દૂર કરીને કંઇ કરે તો મારે રાજાને મોઢું શું બતાવવું? જવાબ શું આપવો? બધા મને મુર્ખ જ કહે ને! પુણ્યસાર! હું તને કોલ આપું છું કે હું કાંઈ નહિ કરું. તું થોડી વાર રૂમમાં જા.

ગુણસુંદરના કહેવાથી પુણ્યસાર ગયો તો ખરો. આ બાજુ ગુણસુંદરે પોટલીમાંથી કપડા કાઢ્યા. તેણે પુરૂષ વેશ ફગાવી દીધો અને લગ્નને દિવસે જે પોશાક પહેર્યો હતો તે કપડાં પહેરી લીધા. સ્ત્રીના કપડા પહેરીને પુણ્યસાર જ્યાં ઉભો હતો ત્યાં જઈને ચરણ સ્પર્શ કર્યો. અરે! તું તો ગુણસુંદરીને! તું મારી પત્ની! તે ઓળખી ગયો.

પ્રિયા તુમારી તમે જે પરણી, તોરણ દ્વાર તજી આવ્યા.
તુમ ચે કારણ વેશ રચ્યો, આવી તુમ શોધણ કારણ...

ગુણસુંદરીએ કહ્યું–હા સ્વામી! લગ્ન કરીને અડધી રાત્રે બધાને રડતા મૂકીને ચાલ્યા ગયા હતા તે અભાગણી હું છું. તમને શોધવા માટે મેં આ પુરૂષ વેશ પહેર્યો હતો. ગુણસુંદરી અને પુણ્યસાર વચ્ચે બધો ખુલાસો થયો. હવે અગ્નિસ્નાન કરવાનું બંધ રહ્યું. બહાર રાજા, નગરશેઠ બધા અકળાઈ ગયા છે. નગરશેઠે બારણું ખખડાવ્યું પુણ્યસાર કહે–અત્યારે વાત કરવાનો સમય નથી. જો બહારથી બારણું ખખડાવે છે. બધા રાહ જોઇને બેઠા છે. પુણ્યસારે બારણું ખોલ્યું. નગરશેઠ પૂછે છે બેટા! તને કંઇ વાત જાણવા મળી કે નહિ? પિતાજી! હું બહાર આવું છું. એમ કહીને પુણ્યસાર અને ગુણસુંદરી બંને સાથે બહાર ગયા. લોકો તો આ જોઇને આશ્ચર્યમાં પડી ગયા. આ સ્ત્રી કોણ છે? તે વળી કયાંથી આવી? બધા કહે–પુણ્યસાર! તારી સાથે આ કોણ છે? ગુણસુંદર કયાં ગયો? તુ વળી આ સ્ત્રીને લઇને કયાંથી આવ્યો? બધા બોલવા લાગ્યા. ગુણસુંદર કયાં? ગુણસુંદર કયાં ગયો? પુણ્યસારે પોતાની બધી વાત કરી. આ જ ગુણસુંદર છે. અત્યાર સુધી તેણે પોતાની જાતને છૂપાવી હતી. તે તેના પતિને શોધવા છ છ મહિનાથી સ્ત્રીનો વેશ બદલીને પુરૂષનો વેશ પહેરીને આવી હતી. તેણે પ્રતિજ્ઞા કરી હતી કે છ મહિનામાં જો મારો પતિ મળે તો ઠીક. ન મળે તો અગ્નિસ્નાન કરવું પણ હવે તે તેમ નહિ કરે. તે મારી પત્ની ગુણસુંદરી છે. હવે પુણ્યસાર શું વાત કરશે તે અવસરે.

આસો સુદ પૂનમને સોમવાર : વ્યાખ્યાન નં. ૯૭ : તા. ૧૮-૧૦-૮૫

મહાન મંગલકારી આરાધનાના મંગલ દિવસોમાં આજે આયંબીલની ઓળીનો

છેલ્લો દિવસ તો આવી ગયો. જેમણે આરાધના કરી છે તેમણે તો આત્માનો આનંદ મેળવ્યો છે. આત્માનો આનંદ મેળવવા માટે આ માનવદેહ એ અણમોલ સાધન છે. ભગવાન ફરમાવે છે કે

सरीरमाहु नावत्ति, जीवो वुच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ॥ ઉત્ત.અ.૨૩ગા.૭૩

શરીર એક નૌકા છે, જીવ તેનો નાવિક છે, સંસાર એ સમુદ્ર છે. મહર્ષિ સાધકો આ નૌકા દ્વારા સંસાર સાગરને તરી જાય છે.

આ ગાથામાં ભગવંતે સુંદર ભાવો રજુ કર્યા છે. દરિયો છે. સ્ટીમર છે અને તેને ચલાવનાર કપ્તાન છે નાના હોડકા સામાન્ય કામ કરે છે. વિશાળ સમુદ્રને તરવા માટે સ્ટીમરની જરૂર છે. એક વાર દરિયામાં એક સ્ટીમર પાણીને કાપતી કાપતી સડસડાટ આગળ જઈ રહી હતી. યાત્રિકો એકબીજા સાથે વાતો કરતા હતા. કપ્તાન તેની કેબીનમાં બેસીને દરિયાના પાણીને અને મોજાને જોઈ રહ્યો હતો. સ્ટીમર તો પાણીમાં સડસડાટ ચાલી રહી છે. કેબીનમાં બેઠેલા કપ્તાનને પાણીની તરસ લાગી. તેણે એક માણસની પાસે પીવાનું પાણી મંગાવ્યું. સ્ટીમરમાં પાણીનું માટલું ભરેલું હતું. નોકરે તેમાંથી કપ્તાનને ગ્લાસ ભરીને પાણી આપ્યું. કપ્તાને પાણી પીને તૃષા શાંત કરી. અહીં સમજવા જેવી વાત છે. કપ્તાન દરિયામાં મુસાફરી કરી રહ્યો છે. તેને તરસ લાગી તો દરિયાનું પાણી કામ ન આવ્યું પણ માટલાનું પાણી કામ આવ્યું તે પાણી પીધું તો તેની તૃષા શાંત થઈ, તેને શાંતિ વળી. કપ્તાન માટે માટલાનું પાણી બરાબર છે અને સ્ટીમર માટે દરિયો ઉપયોગી છે. માટલાના પાણીથી સ્ટીમર ચાલી શકે નહિ ને દરિયો તરાય નહિ. સ્ટીમર માટે માટલાનું પાણી નકામું છે અને કપ્તાનને પાણી પીવા માટે દરિયો નકામો છે.

આ વાત આપણે આત્મા સાથે ઘટાવવી છે. આપણું શરીર એ સ્ટીમર છે, આત્મા કપ્તાન છે, સંસાર એ દરિયો છે. માટલાના પાણી સમાન જિનવાણી છે. આ ભવસાગરથી બહાર નીકળવા માટે અને ભવનો અંત કરવા માટે જિનવાણી સમાન માટલું પડયું છે. રોજ એમાંથી ઘૂંટડો ઘૂંટડો પાણી પીશો તો પણ તૃષા શાંત થશે. સ્ટીમરની અને કપ્તાનની જરૂરિયાતો અલગ અલગ છે તેમ આત્મા અને શરીરની જરૂરિયાતો અલગ અલગ છે. શરીર માટે બાહ્ય સામગ્રીઓની જરૂર છે અને આત્માનું સૌંદર્ય એ બધી સામગ્રીઓ પ્રત્યેની અનાસક્તિમાં છે. સ્ટીમર અને કપ્તાન એક નથી પણ અલગ છે, તેમ શરીર અને આત્મા અલગ છે. આત્મા તે શરીર નથી અને શરીર તે આત્મા નથી પણ આજે આત્મા ભાન ભૂલી ગયો છે. શરીરને પોતાનું સર્વસ્વ માન્યું છે. શરીરને મનગમતું અનુકૂળ મળે તો રાજી અને મનગમતું ન મળે તો જીવ દુઃખી થાય છે. શરીર પાછળ આત્માને ખોઈ બેઠો છે. સવારથી ઉઠયા ત્યારથી રાત્રે સૂવો ત્યાં સુધી પૂજા આ શરીરની થાય છે. ૨૪ કલાકમાં આત્માની પૂજા કયારે કરો છો ? ભાગ્યશાળી આત્માઓ રોજ એકાદ સામાયિક કરતા હશે કે જિનવાણી સાંભળતા હશો. મોટા ભાગના જીવો શરીરને સર્વસ્વ

માની તેની સરભરામાં પડયા છે. આત્માનું પતન કયાં થઈ રહ્યું છે? શરીર પાછળ જીવ પોતાના આત્માને ભૂલી ગયો છે. કદાચ સ્ટીમરને નુકશાન થાય તો કપ્તાન તેનું સમારકામ જરૂર કરે પણ તેની ઉપેક્ષા ન કરે. કયારેક દરિયામાં ભયંકર તોફાન થાય તો કપ્તાન સ્ટીમરને બચાવવા તેનાથી થાય તેટલા પ્રયત્નો કરે પણ કર્મયોગે એવું બને કે સ્ટીમરને બચાવવાની કોઇ બારી ન રહે તો કપ્તાન સ્ટીમરને છોડીને પાણીમાં કૂદી પડે અને પાણીમાં તરીને પોતાની જાતને બચાવી લે પણ સ્ટીમર બચાવવા માટે પોતાના પ્રાણ ન ગુમાવે.

સ્ટીમર દરિયાને પાર કરવામાં સાધનભૂત છે પણ કટોકટીનો પ્રસંગ આવે ત્યારે કપ્તાન સ્ટીમરને છોડીને પોતાના પ્રાણ બચાવે છે, તેમ આ શરીર ભવસાગરને તરવા માટે સાધનભૂત છે, આ શરીર દ્વારા સાધના થઇ શકે છે માટે તેને સાચવવાનું છે. શરીર જ્યારે કામ ન આપે, કોઇ સાધના થઇ શકે એવા સંયોગો ન રહે તો જીવતા કાયાની મમતા છોડી શરીરને વોસરાવી સંથારો કરી દેવો. જે જે મહાપુરૂષો થઇ ગયા તેમણે અઘોર સાધનાઓ કરી પણ જ્યારે લાગ્યું કે આ શરીરથી હવે કાંઈ સાધના થઈ શકતી નથી ત્યારે તેમણે જીવતા કાયાને વોસરાવી સંથારા કરી દીધા. જો અંતિમ સમય સુધારવો છે, સંથારાના ભાવ લાવવા છે તો અત્યારથી આત્મામાં જ્ઞાન-દર્શનનો જ્ઞાનો ભરી દો. ભેદજ્ઞાન મેળવી લો કે સ્ટીમર તે કપ્તાન નથી અને કપ્તાન તે સ્ટીમર નથી તેમ શરીર તે આત્મા નથી અને આત્મા તે શરીર નથી. આત્મા શરીરથી જુદો છે. આત્મા સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે તેનું કારણ એ છે કે દરેક ગતિમાં દરેક ભવમાં આત્માએ શરીરને જીવનનું સર્વસ્વ માન્યું છે તેથી ચાર ગતિમાં ભટકી રહ્યો છે. આખો દિવસ કામ કરો તો કહેશો કે થાકી ગયા. દીકરીના લગ્ન હતા. આઠ દિવસ લગ્નનું કામકાજ કર્યું પછી કહેશો કે હાશ, હવે થાકી ગયા. આપણો આત્મા કેટલા કાળથી ભટકે છે. તેનો થાક લાગ્યો છે? ત્યાં કોઇક દિવસ તો બોલો કે હાશ, હવે થાકી ગયો છું.

ભટકવું કયાં લગી તારે, પ્રવાસી પંથ બદલી લે (૨)
પહોંચવા મુક્તિના દ્વારે, પ્રવાસી પંથ બદલી લે (૨)

હવે ભટકવાનો થાક લાગ્યો હોય અને મુક્તિ મંઝીલે પહોંચવું હોય તો તારો પંથ બદલી લે. યાદ રાખજો કે સ્ટીમર ગમે તેવી સારી હોય પણ કપ્તાન ન હોય તો નકામી છે. સ્ટીમર વિના કપ્તાન દરિયામાં તરીને સામે પાર જઈ શકે છે. સ્ટીમર વિના હજુ કપ્તાનને ચાલશે પણ કપ્તાન વિના સ્ટીમર તો નહિ ચાલે. દરિયો, સ્ટીમર અને કપ્તાન આ ત્રણેમાં મહત્વનું કોઈ હોય તો એક કપ્તાન છે. કપ્તાન હોય તો સ્ટીમર વિરાટ સાગરને પાર લઈ જાય છે. કપ્તાન વગર સ્ટીમરની કોઇ કિંમત નથી. દરિયા સમાન સંસાર, સ્ટીમર સમાન શરીર, અને કપ્તાન સમાન આત્મા આ ત્રણેમાં મુખ્ય આત્મા છે. આત્માની ભવોભવની તૃષા શાંત કરનાર માટલાના મીઠા પાણી સમાન જિનવાણી છે.

જિનવાણી વિભાવને દૂર કરી સ્વભાવને પ્રગટ કરવામાં સહાયક બને છે. જિનવાણી સિવાયના તત્ત્વો બહારથી ગમે તેવા આકર્ષક અને સારા હોય તો આત્મા માટે નકામા છે. અહિંસા, સત્ય, ક્ષમા, સરળતા, કરૂણા, સમતા, બ્રહ્મચર્ય આદિ ગુણો આત્માને માટે મીઠા પાણી જેવા છે. શરીર રૂપી સ્ટીમર આ ભવસાગરમાં તરતી મૂકી છે. હવે સાચવણી કોની કરવી છે! સ્ટીમરની કે કપ્તાનની ? શરીરની કે આત્માની ? અત્યાર સુધી શરીરને સાચવ્યું છે. તેને સાચવવા માટે થાય તેટલા પાપ કર્યા છે. પરિણામે તેના કટુ ફળો ભોગવીએ છીએ. આ સમજણવાળો ભવ મળ્યો છે તો પંથ બદલવાની જરૂર છે. હવે કપ્તાનને સાચવીએ. તેને સાચવતા કદાચ શરીરનો નાશ થાય તો ભલે પણ આત્માને બરાબર સાચવવો છે. ગજસુકુમાલ મુનિ, ઝાંઝરીયા મુનિ આદિ મહાપુરૂષોએ ઉપસર્ગોના ઝંઝાવાતો આવ્યા છતાં આત્માને સાચવ્યો. આત્માને સાચવતા શરીર રૂપી સ્ટીમરના ભુક્કા ઉડી ગયા. સ્ટીમર બચવાની શકયતા ન હોય તો કપ્તાન દરિયામાં કૂદી પડે અને તરીને બહાર નીકળી જાય તેમ આ મહાપુરૂષોને લાગ્યું કે આ શરીર હવે ટકી શકે એવું નથી એટલે સાધનાના સાગરમાં કૂદી પડયા અને સંસાર સાગરને તરીને મોક્ષના કિનારે પહોંચી ગયા.

આનંદ શ્રાવકને ભગવાનની અમૂલ્ય વાણીથી ભાન થઇ ગયું કે સ્ટીમર સમાન આ શરીર મને ભવસાગર તરવા માટે મળ્યું છે તો આ શરીર દ્વારા થાય તેટલી આરાધના કરી લઉ. વ્રત લઈને આનંદ શ્રાવક ઘેર ગયા. તેમના મુખ પર અતિ ઉલ્લાસ જોઈને શિવાદેવીએ પૂછયું-નાથ! આપ આજે પ્રભુ પાસેથી શું મેળવીને આવ્યા છો? આનંદ કહે-દેવી! તને શું વાત કરું ? એ ભગવાનની મારા પર કેટલી કરૂણા! કેવો અનંત ઉપકાર! તેમના કેટલા ગુણ ગાઉં ? પ્રભુના ગુણ ગાવાની મારામાં શક્તિ નથી. **શબ્દમાં સમાય નહિ એવો તું મહાન, કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણગાન (૨) ગજું નથી મારું એવું કહે આ જબાન.... કેમ કરી ગાઉં.....**

પ્રભુના ગુણ ગાવાનું મારું ગજું નથી. શિવાનંદાના મનમાં થાય કે મારા પતિ જે બોલી રહ્યા છે તે બોલવામાં પણ તેમનો કેટલો આનંદ છે? તો પ્રભુ પાસે ગયા, દર્શન કર્યા ત્યારે તો તેમનો આનંદ કોઈ અપૂર્વ હશે! આનંદ શ્રાવકે તેમની પત્ની શિવાનંદાને કહ્યું-

"तं गच्छ णं तुमं देवाणुप्पिए । समणं भगवं महावीरं वंदाहि जाव पज्जुवासाहि समणस्स भगवओ महावीरस्स ---अंतिए पंचाणुव्वइयं सत्तसिक्खावइयं दुवालसविहं गिहिधम्मं पडिवज्जाहि ।"

હે દેવાનુપ્રિયા ! મેં ભગવાન પાસેથી જે ધર્મશ્રવણ કર્યું તે મને ખૂબ ગમી ગયું છે માટે તમે પણ ભગવાન પાસે જાવ. ભગવાનને વંદન કરી તેમની પર્યુપાસના કરો અને તેમની પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપી બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકાર કરો. આનંદ શ્રાવકની એ ભાવના છે કે હું કંઇક પામ્યો છું તેમ શિવાનંદા

પણ પામી જાય તો સારું. શિવાનંદાને પતિની વાત સાંભળતાં ખૂબ ઉલ્લાસ આવ્યો. તેમનો આત્મા ભગવાનના દર્શને જવા ઉત્સુક બન્યો. ઘરઘરમાં પતિ આવા બને તો પત્નીનું જીવન પલટાઇ જાય અને પત્ની આવી બને તો પતિનું જીવન પલટાઈ જાય. આનંદ શ્રાવક સાંભળીને આવ્યા પણ આત્મામાં એ જ વાતો ઘૂંટાયા કરે છે. જિનવાણી શ્રવણનો અર્થ શું ? જે જિનવાણી સાંભળતા આત્મા જિન બની-જાય. જિન બનવા માટે તો જિનવાણી માર્ગ બતાવે છે પણ જિન બનાય કયારે ? જગતને અને જગતના ભાવોને છોડયા વગર જિન બની શકાય એમ નથી. એકને પામવું છે તો બીજાને છોડવું પડે.

નશ્વર બંગલો છોડો તો શાશ્વત બંગલો મળે : એક શેઠે મોટો બંગલો બાંધ્યો, પછી તેમણે બહાર પાડયું કે જે માણસ બંગલામાં આટલા ટાઇમમાં પહેલા પહોંચે તેને બંગલો બક્ષિસ કરી દઈશ. આવી જાહેરાત થાય ત્યાં કોણ ન જાય ? કેમ કે બંગલા પ્રત્યેની મોહદશા કોને ન હોય ? ગામમાંથી ઘણાં માણસો બંગલે આવવા નીકળ્યા. આ શેઠે શું કર્યું છે ? બધા પોતાના ઘેરથી બંગલા સુધી પહોંચે તે રસ્તામાં લોકોને આકર્ષણ કરે એવા ચિત્રો, રમતો બધું ગોઠવ્યું છે કે બધા મોહમાં પડી જાય અને તે જોવા માટે અટકી જાય. બધાને થાય કે આટલું જોતો જાઉં. બધા જોવામાં પડી ગયા ને કોઇ ટાઇમસર પહોંચી શકયું નહિ, કોઇ બંગલો મેળવી શકયા નહિ. આપણે બધાને મોક્ષનો બંગલો જોઇએ છે. મોક્ષના બંગલે પહોંચતા પહેલા રસ્તામાં પુત્ર-પરિવાર, માતા-પિતા, ભાઇ-બહેન, બધા ગોઠવી દીધા છે. આ બધાની મમતામાં જીવ એવો લપટાઇ જાય છે કે તેમાંથી બહાર નીકળી શકતો નથી અને મોક્ષનો બંગલો મેળવી શકતો નથી. આ બધાનો મોહ છૂટે નહિ તો મોક્ષ મળે કેવી રીતે ? ચક્રવર્તીને ૬૪૦૦૦ સ્ત્રીઓ હતી. તેમનો પરિવાર કેટલો મોટો હતો ? છતાં મોહ છોડી દીધો તો મોક્ષનો બંગલો મેળવી લીધો. તમારે તો એક પત્ની અને બે, ચાર સંતાનો હોય છતાં મોહ છૂટતો નથી. તમારા આ નશ્વર બંગલા છોડો તો શાશ્વત બંગલો મળે. છોડો તો એવું છોડવું કે ફરીને કયારે એનું સ્મરણ પણ ન આવવું જોઈએ.

આનંદ શ્રાવકે શિવાનંદાને કહ્યું, તું પણ ભગવાન પાસે જા. શિવાનંદાએ કહ્યું- ભલે, હું જાઉં છું. તેના મનમાં હવે એ લગની લાગી કે મારા પતિ ભગવાન પાસે ગયા ને કંઈક પામીને આવ્યા તો હવે હું પણ જલ્દી જલ્દી જાઉં. ભગવાનની વાત કરતાં પતિના દિલમાં આટલો હર્ષ, ઉમંગ છે તો તે ભગવાન કેવા મહાન હશે ! તેણે કૌટુંબિક પુરૂષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું, હે દેવાનુપ્રિયો ! તમે જલ્દીથી ' લઘુકરણ રથ ' એટલે જેમાં ખૂબ ઝડપથી ચાલે એવા બળદો જોડયા હોય એવો ધાર્મિક રથ તૈયાર કરીને અહીં લાવો, મારે જલ્દીથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના દર્શન કરવા જવું છે. આનંદ ગાથાપતિ અને શિવાનંદા વારસાગત જૈન ધર્મી નથી છતાં કેવા હળુકર્મી આત્મા કે આનંદ શ્રાવકે ભગવાનના એક વાર દર્શનથી ભવનો છેડો કાઢી લીધો. જયારે જીવનમાં ધર્મ આવે છે ત્યારે ધર્મની એવી તાકાત છે કે કદાચ દુઃખના પ્રસંગો આવી જાય તો દુઃખને દુઃખ ન માને પણ દુઃખમાં સમભાવ રાખે, કારણ કે તે આત્મા સમજે

છે કે આ દુઃખ મારા કર્મોથી આવ્યું છે. મેં પૂર્વ જન્મોમાં દુઃખને આમંત્રણ આપ્યું હશે તો આ ભવમાં ઉદયમાં આવ્યું છે તો હસતા મુખે તેનું સ્વાગત કરવું જોઈએ. દુઃખમાં પણ ધર્મ આવી ભાવના રખાવશે. જીવનમાં ધર્મ હશે તો સહન કરવાની શક્તિ પણ વધે છે. અહીં એક પ્રસંગ યાદ આવે છે.

શ્રીદેવી નામની એક છોકરી હતી. તેનું રૂપ તો જાણે અપ્સરાને પણ ઘડીભર થંભાવી દે. તેના માતાપિતાએ તેના જીવનનું સુંદર ઘડતર કર્યું. લાકડાના ટુકડાને સુથાર ઘડે તો સુંદર ફર્નીચર બની જાય. લોખંડના ટુકડાનું લુહાર સુંદર ઘડતર ઘડે તો મશીનરી બની જાય. કોઈ પણ વ્યક્તિ કે વસ્તુનું ઘડતર સુંદર થાય તો એનું જીવન સુંદર બને છે. શ્રીદેવીના જીવનમાં સંસ્કારોનું સિંચન સરસ થયું હતું. જેટલું સુંદર રૂપ હતું તેટલા સદ્‌ગુણો પણ તેનામાં ભરપૂર ભર્યા હતા. નિર્ગ્રંથ મહાન ત્યાગી સતીજીઓનો પરિચય પણ ખૂબ કરેલો, તેથી તેને દીક્ષા લેવાના ભાવ જાગ્યા પણ તેના ચારિત્ર મોહનીય કર્મનો ઉદય હશે એટલે માબાપે દીક્ષા લેવાની ના પાડી. તું અમારી એકની એક દીકરી છે માટે દીક્ષા તો નહિ લેવા દઈએ. તું સંસારમાં રહીને શ્રાવક ધર્મનું પાલન કરજે. તેના ભોગાવલી કર્મનો ઉદય એટલે માબાપ આડા પડ્યા. તે કોઈ હિસાબે સમજ્યા નહિ અને એક ભણેલા ગણેલા, રૂપવાન શ્રીમંત છોકરા સાથે શ્રીદેવીના લગ્ન કર્યા. એક જ દીકરી હતી એટલે માતાપિતાએ ઘણો કરિયાવર કર્યો અને રડતા દિલે દીકરીને સાસરે વળાવી.

ક્રોધની જ્વાળા સામે ટક્કર ઝીલતી શ્રીદેવી : શ્રીદેવી પરણીને સાસરે આવી. સાસરું ખૂબ શ્રીમંત છે. તેની સાસુનું નામ નાગીલા હતું. ખરેખર નાગીલા એટલે જાણે નાગણ જોઈ લો. શ્રીદેવીને આવ્યા હજુ અઠવાડિયું ન થયું ત્યાં તો નાગીલા શ્રીદેવીના છિદ્રો જોવા લાગી. વગર વાંકે આખો દિવસ તેને ધમકાવ્યા કરે. આખા દિવસમાં ઝઘડો ન કરે તો તેનું નામ નાગીલા નહિ પણ શ્રીદેવી તો એવી શાણી, સંસ્કારી અને સહનશીલ હતી કે સાસુ ગમે તેટલું બોલે તો પણ એક અક્ષર તે બોલતી નહિ. આખો દિવસ મનમાં નવકારમંત્ર ગણ્યા કરતી. તે સમજતી હતી કે જ્ઞાનીઓએ કહ્યું છે કે આ સંસાર એવો છે "खणमित्त सुक्खा बहुकाल दुक्खा" જેમાં ક્ષણમાત્રનું સુખ અને ઘણા કાળનું દુઃખ રહેલું છે. તેને તો દીક્ષા લેવી હતી પણ માતાપિતા માન્યા નહિ અને સંસારમાં પડવું પડ્યું. આ રીતે શ્રીદેવીના દિવસો દુઃખમાં પસાર થઈ રહ્યા છે. તે એક શબ્દ પણ બોલે નહિ એટલે સાસુને લડવામાં મઝા આવતી નથી. શ્રીદેવી બોલે નહિ તો એમ કહે કે તારા મોંમાં મગ ભર્યા છે તે ફાટતી નથી, છતાં શ્રીદેવી તો એક અક્ષર ન બોલે. નાગીલા જેવા સ્વભાવની સ્ત્રીઓને સજ્જન પુરૂષો શિખામણ આપે તો પણ સુધરે નહિ.

આયંબીલની ઓળીના મંગલ દિવસો આવ્યા. શ્રીદેવી કહે બા ! આપ રજા આપો તો હું આયંબીલની ઓળી કરું. આ સાંભળતા સાસુજી તો ધડૂકી ઉઠ્યા. લોકોનું બાવા

નથી જવું. બા ! એ લોકોનું ન કહેવાય, છતાં ત્યાં આપણે જેટલા પૈસા આપવા હોય તેટલા આપી શકાય. આપ મને જવા દો ને ! છતાં નાગીલાએ હા ન કહી એટલે શ્રીદેવીએ કહ્યું–બા ! ઘેર આયંબીલ કરું. બાજરીનો એક રોટલો બનાવીને પાણી સાથે ખાઇ લઈશ. સાસુએ કહ્યું–ભલે, તે રીતે કર. આ શ્રીદેવી ઘરનું બધું કામકાજ કરે. તેમાંથી નવરી પડે ત્યારે એક રોટલો બનાવીને પાણી સાથે ખાઈ લે. અત્યારે તો આયંબીલમાં ઘણી વસ્તુઓ વધી ગઇ છે. શ્રીદેવીએ આ રીતે ઓળી કરી પણ રોજ સાસુનો કકળાટ તો ચાલુ જ હોય. શ્રીદેવીનું પિયર તે ગામમાં હતું. તે કોઈ વાર પિયર જાય ત્યારે તેને સૂકાયેલી જોઈને મા–બાપ પૂછે, દીકરી ! તું સૂકાઈ કેમ ગઈ છે ? તને દુઃખ તો નથી ને ? ત્યારે તે કહેતી, બા ! શરીરનો સ્વભાવ છે. મને કાંઈ દુઃખ નથી. સાસુ માટે તે એક અક્ષર પણ ખરાબ બોલતી નહિ. તે તો કહેતી મારા સાસુ સસરા દેવ જેવા છે. મને તો દીકરીની જેમ રાખે છે. તે જરા પણ દુઃખની વાત કરતી નહિ. શ્રીદેવી એટલી ખાનદાન છે કે એના માથે ગમે તેવું દુઃખ પડે પણ વાત જરાય બહાર જવા દેતી નહિ. તેની બહેનપણીઓ પૂછે તો પણ બધાનું સારું બોલતી. તે એક જ સમજતી કે આ પૂર્વકૃત કર્મોના ફળ છે. આટલા દુઃખમાં તેણે કોઈ દિવસ મોઢું ચઢાવ્યું નથી. સદા પ્રસન્ન મુખમુદ્રા અને એ જ મીઠું મંદ હાસ્ય વેરતું મુખ. કેટલી સહનશીલતા ! જો આ ગુણ ન હોત તો આપઘાત કરી બેસત.

નાગીલાએ વીંટી માટે ચોરીનું ચઢાવેલું આળ : એક દિવસ એવો ગોઝારો આવ્યો કે સસરાની વીંટી પડી ગઈ ને ખોવાઇ ગઈ. તેમણે કહ્યું–વહુ બેટા ! મારી વીંટી પડી ગઈ છે; મેં ઘણી શોધી પણ મળી નથી આપ કચરો કાઢો ત્યારે જોજો. ભલે બાપુજી ! શેઠ તો બહાર ગયા. સવારમાં તેણે કચરો વાળ્યો ત્યારે વીંટી કચરામાંથી જડી ગઇ. તે સમયે સસરા હતા નહિ અને સાસુજી બાથરૂમમાં સ્નાન કરવા ગયા હતા એટલે તેણે વીંટી એક પાટીયા પર મૂકી દીધી અને પોતાનું કામ કરવા લાગી. શ્રીદેવી એક મજુરણની જેમ આખા ઘરનું બધું કામ કરતી છતાં સાસુને કયારે પણ દયા ન આવે. સાસુ નાહીને બહાર આવ્યા ત્યારે શ્રીદેવીએ કહ્યું–બાપુજીની વીંટી મને કચરો વાળતા જડી છે. તે મેં પાટિયા પર મૂકી છે. બસ, સાસુને તો આટલું જ જોઇતું હતું. તે તો નાચવા લાગી અને વહુ પ્રત્યે જેમ તેમ ગાળોનો વરસાદ વરસાવવા લાગી. અરેરે....છપ્પરપગી ! ચોરટી ! તેં જ વીંટી ચોરી લીધી છે. ઘરમાં રહીને આવી રીતે ચોરી કરાય ? જા, નીકળ ઘરની બહાર. આવા ધંધા કરવા આવી છે ? બસ, ચોરી કરી કરીને બાપનું ઘર ભરવામાં સમજી છે. આ પ્રમાણે નાગીલાએ તો વચનના બાણોની ઝડી વરસાવવા માંડી છતાં એક પણ શબ્દ બોલ્યા વિના તે ઘરનું કામ કરતી.

શ્રીદેવી ઉપર ગુજારેલો કેર : નાગીલા આ રીતે બોલી રહી હતી ત્યાં શ્રીદેવીનો પતિ આવ્યો. તેને ઉશ્કેરવા નાગીલા વિશેષ બોલવા લાગી. વીંટી ખોવાયાની વાત કરી. વીંટી શ્રીદેવીએ છૂપાવી હતી. સાસુએ તો મીઠું મરચું ભભરાવીને બરાબર

વાત કરી. શ્રીદેવી પર તેના પતિનો ઘણો સ્નેહ હતો. તે ઘણી વાર પત્નીનું ઉપરાણું લેતો પણ આજે માતાની ચઢવણીથી ચઢી ગયો. હાથમાં જોરદાર લાકડી લઈને શ્રીદેવીના માથા ઉપર નિર્દયપણે પ્રહાર કરવા લાગ્યો. ધડાક ! ધડાક ! ક્રોધાવેશમાં પતિ ભાન ભૂલી ગયો કે આ હું કોને મારી રહ્યો છું. અતિ પડતા મારના અવાજથી લોકો ભેગા થઈ ગયા. લાકડીઓના ઘા વાગતા માથામાંથી તો લોહીની ધાર થવા લાગી. શ્રીદેવી બેભાન થઈ ગઈ. દવા, ઉપચાર કરતાં ભાનમાં આવી ત્યારે બોલી, બાપુજી ! મેં ચોરી કરી નથી. કચરો વાળતા મારા હાથમાં આવી છે. પતિ કહે-હવે તું મારા ઘરમાં જોઈતી નથી. આ વાત ફેલાતા શ્રીદેવીના માતાપિતાને ખબર મળી. બધા કામ પડતા મૂકીને તેઓ શ્રીદેવી પાસે દોડી આવ્યા. દીકરીની આ સ્થિતિ જોતાં માબાપ રડવા લાગ્યા. પોતાની વહાલસોયી લાડીલી દીકરીની આ સ્થિતિ જોતાં આઘાત લાગે એ સહજ છે. માબાપ કહે-દીકરી ! અમે તને તેડવા આવ્યા છીએ. શ્રીદેવી કહે-બાપુજી ! આપ શા માટે તેડવા આવ્યા છો ? ઘર છે તો વાસણ ખખડે. એમાં શું થઈ ગયું ? બાપુજીની વીંટી ખોવાઈ ગઈ હતી એટલે જરા ઊંચું નીચું થઈ ગયું. બેટા ! તારી વાત ઠીક છે પણ તારા માથામાંથી તો હજુ લોહી નીકળે છે. બેભાન થઈ ગઈ હતી છતાં તું કહે છે કે મને કાંઈ થયું નથી.

શ્રીદેવી કહે-પિતાજી ! એમાં કોઈનો દોષ નથી. દોષ માત્ર મારા કર્મોનો છે. આપે ઘણી વાર સાંભળ્યું છે કે " **कडाण कम्माण न मोक्ख अत्थि** " કરેલા કર્મો ભોગવ્યા સિવાય છૂટકારો નથી. સંસાર છોડીને સંયમી બને તો પણ એને કર્મો ભોગવવા પડે છે. તમે શા માટે આવું માનો છો ? છેવટે માબાપ શ્રીદેવીને દવા કરાવવા ઘેર લઈ ગયા.

દુઃખની ઝડી વરસાવનાર પ્રત્યે પણ શુભ ભાવના : આ બધું બન્યું ત્યારે આયંબીલની ઓળીનો આઠમો દિવસ હતો. શ્રીદેવીએ ઓળી કરી હતી. છેલ્લા દિવસે તેને ઉપવાસ હતો, તેથી પૌષધ લઈને બેસી ગઈ. પ્રભુને પ્રાર્થના કરે છે કે પ્રભુ ! મેં જે કર્મો કર્યા છે તે હું સમભાવે ભોગવી લઈશ પણ મારા નિમિત્તે બીજા જીવોને કર્મ બાંધવા પડે એવું ન કરીશ. સાસુએ, પતિએ આટલું કષ્ટ આપ્યું છતાં મનમાં એવો વિચાર નથી આવતો કે મને આ બધાએ આટલું દુઃખ આપ્યું. તે તો એ વિચાર કરે છે કે મારા કારણે બીજા જીવોને કર્મ બંધાય છે. મારા સાસુ તો મારા કારણે રોજ કર્મો બાંધે છે. તે કર્મો બાંધતા અટકી જાય. તેમના જીવનમાં સદ્‌બુદ્ધિ આવે. મારે બીજું કાંઈ જોઈતું નથી. પ્રભુ ! હું આપની પાસે આ એક માંગણી કરું છું. આટલા દુઃખમાં પણ કોઈનો દોષ ન જોવો એ કેટલી ઉત્તમ ભાવના ! તેણે તો મૌન પૌષધ કર્યો હતો. આખો દિવસ સતત નવકારમંત્રના જાપ કર્યા. તેનો પ્રભાવ એવો પડયો કે સાસુનું હૃદય પલટાઇ ગયું.

સહનશીલતાએ સહુના પલટાવેલા દિલ : સાસુજી તરત ઉઠયા અને શ્રીદેવીના પિયર આવ્યા. શ્રીદેવી પાસે જઈને કહે છે દેવી ! તું તો ખરેખર દેવી છે.

સહનશીલતાનો સાચો શણગાર છે. ક્ષમાની મૂર્તિ છે. હું અભાગણી આવી દેવી જેવી વહુને ઓળખી શકી નહિ. આટલું કરવા છતાં મેં તને કોઈ દિવસ સારી તો કહી નથી પણ તારા છિદ્રો જોઇને રોજ ઝઘડો કર્યો છે. હવે ચાલો આપણા ઘેર. હું મારા બધા અપરાધોની વારંવાર માફી માંગું છું. શ્રીદેવીની બા કહે, તેણે તો આજે મૌન પૌષધ કર્યો છે એટલે તમારી સાથે કાંઈ વાત કરશે નહિ સાસુ તો ચાલ્યા ગયા. બીજે દિવસે પૌષધ પાળીને શ્રીદેવી માબાપને સમજાવી તેમની આજ્ઞા લઈ સાસરે ગઇ. જઇને સાસુ સસરાના ચરણમાં પડી. બા! આમાં તમારો દોષ નથી. દોષ મારા કર્મોનો છે. મારા કારણે આપને વગર પ્રયોજને કર્મો બાંધવા પડ્યા. હું આપને ખમાવું છું. પતિના ચરણમાં પડી તેમની માફી માંગી. પતિ કહે છે દેવી ! માફી તો મારે માંગવાની છે. કોણ જાણે હું કેવો નિષ્ઠુર બની ગયો કે તને મારતાં પાછું વાળીને જોયું નથી. એ તો પુણ્યનો ઉદય કે તને બીજું કાંઈ થયું નહિ. નહિતર હું આવી દેવી જેવી પત્ની ગુમાવી બેસત. બધાના દિલ પલ્ટાઇ ગયા. જ્યાં કલેશમય વાતાવરણ હતું ત્યાં પ્રેમના ઝરણા વહેવા લાગ્યા. કહેવાનો આશય એ છે કે શ્રીદેવીના જીવનમાં ધર્મ હતો તો આવા દુઃખમાં પણ ધીરજ રાખી શકી અને સમતાથી જીવન ટકાવી શકી. ધર્મનો પ્રભાવ અલૌકિક છે. વધુ ભાવ અવસરે.

ચરિત્ર : અરે ગુણસુંદર કયાં ? : પુણ્યસાર સાથે ગુણસુંદરને બદલે સ્ત્રીને જોતા બધા નવાઈ પામી ગયા. આ સ્ત્રી કોણ છે? ગુણસુંદર કયાં ગયો? પુણ્યસારે પોતાની બધી વાત કરી. આ જ ગુણસુંદર છે. જ્યારે મને મારા પિતાએ કાઢી મૂકયો ત્યારે હું ઝાડની બખોલમાં બેઠો. તે ઝાડ ઉડયું. વલ્લભીપુર પહોંચ્યું ત્યાં એકાએક હું સાત કન્યાને પરણ્યો, પછી મને થયું કે મારા મા-બાપનું શું થશે? એટલે તે સાતેને છોડીને ચાલ્યો આવ્યો. મેં તેમને મારું નામ-ઠામ સ્થળ કાંઈ કહ્યું નહીં. માબાપ પાસે આવ્યો. તેમણે લગ્નનો પોશાક જોયો. એટલે મને પૂછ્યું તું લગ્ન કરીને આવ્યો છે? મેં કહ્યું હા. મારી શોધ કરવા ગુણસુંદરી વેશ બદલીને અહીં આવી. મારો પત્તો પડયો નહિ એટલે તે અગ્નિસ્નાન કરવા તૈયાર થઇ. પુણ્યસારે બધી વાત કરી. બધાને આશ્ચર્ય થયું. અહો! એક સ્ત્રી પણ કેટલી બહાદૂર! ચોરે ને ચૌટે બધે આ વાત ફેલાઈ ગઈ. બધા કહેવા લાગ્યા ગુણસુંદરી કેટલી હોંશિયાર! તેણે પોતાની બુદ્ધિથી, ગુણોથી આખા ગામને પોતાનું બનાવ્યું. પણ કોઈને ખબર પડી નહિ કે આ સ્ત્રી છે. બધા ગુણસુંદરીના આ સાહસની પ્રશંસા કરવા લાગ્યા.

રત્નસાર શેઠની ચિંતાને દૂર કરતા નગરનરેશ : માણેકચંદ શેઠને તો આનંદનો પાર નથી. રત્નસાર શેઠ ચિંતામાં પડી ગયા કે મારી રત્નસુંદરીનું હવે શું થશે? સ્ત્રીનો સ્ત્રી સાથે સંસાર થોડો ચાલે? હવે તેની જિંદગીનું શું? રાજાએ કહ્યું-હવે એ પુણ્યસારની પત્ની થઈ ચૂકી. જ્યાં ગુણસુંદરી ત્યાં રત્નસુંદરી. રત્નસુંદરી તરત પુણ્યસારના ચરણમાં પડી. પુણ્યસારને તો વિશેષ આનંદ થયો. કેમ કે એક તો પોતાની

પત્ની મળી અને પોતે જેની સાથે લગ્ન કરવા ઇચ્છતો હતો તે રત્નસુંદરી પણ મળી ગઈ. તેનો વટ રહી ગયો. ગમે તેમ થયું પણ ઘેર તો આવી ને! દેવીનું વચન સાચું પડયું. રત્નસુંદરીના મનમાં બાલપણમાં જે શબ્દો બોલી હતી તે માટે દુઃખ થયું. પતિના પગમાં પડીને તેણે માફી માંગી. હું તે સમયે અજ્ઞાન હતી. સારું ખોટું સમજતી ન હતી તેથી બોલી હતી તો આપ મને માફ કરો. પુણ્યસારે કહ્યું–મને તો કાંઈ છે નહિ. તે સમયે બાલભાવ હતો. પુણ્યસારે હવે મનમાંથી તે વાત કાઢી નાંખી તેના પર જરા ય રોષ ન રાખ્યો. બધા આનંદથી રહેવા લાગ્યા.

વલ્લભીપુરની વાટે સાંઢણી : હવે ગુણસુંદરીએ પતિને કહ્યું–હું જ્યારે ઘેરથી નીકળી ત્યારે મારા બા બાપુજી અને છ બેનોને કહ્યું હતું કે છ મહિનામાં જો પતિ મળશે તો તેમને લઈને અહીં આવીશ અથવા સમાચાર મોકલાવીશ. જો નહિ મળે તો અગ્નિસ્નાન કરીશ. તેઓ પણ દિવસો ગણતા હશે, માટે હવે આપ એક સાંઢણી તૈયાર કરીને વલ્લભીપુર છ બેનોને અને પિતાને સમાચાર મોકલાવો. નહિતર કદાચ છ એ બેનો પણ બળી મરે તો ? તરત ગુણસુંદરીની જે પવનવેગી સાંઢણી હતી તે તૈયાર કરી. પુણ્યસારનો એક માણસ અને માણેકચંદ શેઠનો એક માણસ બંને માણસોને મોકલવા તૈયાર કર્યા. બંને માણસો સાંઢણી પર રવાના થયા. ગુણસુંદરી કહે–પિતાજી! હું અહીં વેપાર કરવા માટે નહોતી આવી. મારું લક્ષ્ય તમારા દીકરાને શોધવાનું હતું. તમારો દીકરો મારો જિગરજાન મિત્ર બનીને રહ્યો છતાં હું મારા અંતરાયના કારણે ઓળખી શકી નહિ. મારી અંતરાય તૂટી એટલે તે દિવસે તેઓ લગ્નનો પોશાક અને વીંટીઓ પહેરીને મિત્રના લગ્નમાં ગયા. આજ દિન સુધી કયારે પણ તેમણે તે વીંટી પહેરી ન હતી. જો કોઈક દિવસ પહેરી હોત તો પણ હું ઓળખી જાત. ખેર, જે થયું તે સારા માટે.

દીકરીનું અજોડ સાહસ : સાંઢણી લઈને માણસો જાય છે. ભાંગેલા પગે જવાનું હોય તો જવામાં આનંદ કે ઉત્સાહ ન હોય પણ અત્યારે તો કામ સિદ્ધ કરીને જાય છે તેથી પગમાં જોર છે. મનમાં આનંદ છે. સાંઢણી વલ્લભીપુરમાં પહોંચી ગઈ. ધનસાર શેઠને ત્યાં જઈને ઉભા રહ્યા. પૂછયું કે આપ કયાંથી આવ્યા છો? ગોપાલપુરથી. ગોપાલપુર નામ સાંભળતા શેઠને થયું કે નક્કી મારી દીકરીનું કામ સિદ્ધ થયું હશે, તેથી આ માણસો આવ્યા હશે. શેઠે તેમનું સ્વાગત કર્યું; પછી બંને માણસોએ બધી વાત કરી. પોતાની દીકરીનું આવું અજોડ સાહસ સાંભળતા પિતાને ખૂબ આનંદ થયો. શેઠે ઘેર જઈને શેઠાણીને અને છ એ બેનોને વાત કરી.

વાત સર્વ સુણાવી શેઠે, હર્ષ ધરીને આ વાર,
શેઠાણી અને પુત્રીઓ સાંભળી થઈ રળિયાત આ વાર જો....

માતા અને છ એ બેનો આ સમાચાર સાંભળતા ખૂબ આનંદિત થયા. ધન્ય છે

ગુણસુંદરીને ! તેણે કેવી વીરતાથી કાર્ય સિદ્ધ કર્યું. શેઠના મનમાં થયું કે હવે આ છ એ દીકરીઓને સાસરે મોકલવી જોઈએ. છ એ બેનોએ પણ કહ્યું–પિતાજી ! અમારા પતિ અને અમારી બેન ગુણસુંદરી ગોપાલપુરમાં રહે છે માટે અમને પણ હવે ત્યાં મોકલો. શેઠ અને છ એ દીકરીઓ બધા સાંઢણી પર બેસીને ગોપાલપુરમાં આવ્યા. પુરંદર શેઠે બધાનું ખૂબ સ્વાગત કર્યું. છ એ બેનો પોતાના સાસુ, સસરા અને પતિના ચરણમાં પડી. સાસુએ આશીર્વાદ આપ્યા, પછી છ એ બેનો ગુણસુંદરીને ભેટી પડી. બેન ! તું અમારા કરતાં ઉંમરમાં નાની છે પણ કામ મોટું કર્યું છે, તારો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. રાતે ભેગા થઈને બધાએ સુખદુઃખની વાતો કરી. ધનસાર શેઠને ખૂબ આનંદ થયો. વેવાઈ ખૂબ સંસ્કારી, સદાચારી અને ધર્મીષ્ઠ મળ્યા છે. બધો રૂડો પ્રતાપ ધર્મનો છે. થોડા દિવસ રોકાઈને ધનસાર શેઠે વિદાય માંગી. પિતાએ પોતાની દીકરીઓને સુંદર શિખામણ આપી. બેટા ! તમે સાત બેનો એક થઈને રત્નસુંદરીને કયારે પણ જુદી ન પાડશો. તમે સાત નહિ પણ આઠ બેનો છો તે રીતે રહેજો. સાસુ સસરાની ખૂબ સેવા કરજો. પતિની આજ્ઞામાં રહેજો. આ રીતે હિતશિખામણો આપીને શેઠે વિદાય લીધી. આ અગીયાર માણસો ખૂબ સુખશાંતિથી આનંદમાં રહે છે. ધર્મધ્યાન કરે છે. તે નગરીના મહાન ભાગ્યોદયે મહાન વિદ્વાન આચાર્ય સંતનું આગમન થયું. ગામજનો, નરેશ, પુરંદર શેઠ, પુણ્યશ્રી શેઠાણી, પુણ્યસાર, તેની આઠ પત્ની બધા સંતના દર્શન કરવા ગયા. સંતે વ્યાખ્યાનની અમી વર્ષા વરસાવી, પુરંદર શેઠ અને પુણ્યશ્રીએ પુણ્યસારને ઘરનો બધો કારભાર સોંપીને દીક્ષા લીધી. સમય જતાં પુણ્યસારને ત્યાં દીકરો થયો. તેને ખૂબ સારા સંસ્કાર આપી ભણાવ્યો, ગણાવ્યો અને પરણાવ્યો. હવે તો તે ઘરનું, દુકાનનું કામકાજ બરાબર સંભાળે તેવો થયો એટલે પુણ્યસાર અને તેની આઠે પત્નીઓએ દીક્ષા લીધી. દીક્ષા લઈને સુંદર તપજપની આરાધના કરતા વિશુદ્ધ સંયમનું પાલન કરી આયુષ્ય પૂર્ણ થતાં કાળધર્મ પામી દેવલોકમાં ગયા, પછી અલ્પ ભવો કરી મોક્ષે જશે. (પૂ. મહાસતીજીએ અનંત ઉપકારી સ્વ. ગુરૂણીદેવ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના જ્ઞાન, દર્શન, ચારિત્રની સુવાસથી ઝગમગતા જીવન પર સુંદર પ્રકાશ પાડયો હતો. જે સાંભળતા શ્રોતાઓની આંખો અશ્રુભીની બની હતી.)

આસો વદ ૨ ને બુધવાર : વ્યાખ્યાન નં. ૯૮ : તા. ૩૦-૧૦-૮૫

આપણે ચાલુ અધિકારમાં આનંદ શ્રાવકની વાત ચાલે છે. આનંદ શ્રાવકની વાત સાંભળીને શિવાનંદા ભગવાનના દર્શનને જવા ઉત્સુક બની. શિવાનંદાની આજ્ઞા થતાં કૌટુંબિક પુરૂષોએ રથ તૈયાર કરી દીધો. ચાર ઘંટા વાગવા લાગ્યા શિવાનંદા રથમાં બેસીને પ્રભુના વંદને જાય છે. તેમના દિલમાં એવો અપૂર્વ આનંદ અને ઉલ્લાસ છે કે આજે મને ભગવાનના દર્શન થશે. તેમની વાણીનું શ્રવણ કરવાનો લાભ મળશે. એવા ઉલ્લાસથી જઈ રહ્યા છે. પ્રભુ પાસે પહોંચી ગયા. પ્રભુનું મુખ જોતાં એનું દિલ ઠરી

ગયું. શું પ્રભુનું તેજ છે! ઉરના ઉલ્લાસથી, હૈયાના હર્ષથી ભગવાનને વંદન કર્યા, પછી ભગવાને શિવાનંદાને અને પરિષદને ધર્મકથા કહી. ભગવાનની અમોઘ દેશના સાંભળતા તેમને ખૂબ આનંદ આવ્યો. અહાહા....શું ભગવાનની ધર્મકથા છે ! આ અમૃત રસના ઘૂંટડા પીધા જ કરીએ ! જગતના કોઈ સુખમાં જે આનંદ નથી એ ધર્મકથામાં રહેલો છે. ધર્મકથાથી આત્માનો જ્ઞાન પ્રકાશ પ્રગટે છે. ધર્મકથા સાંભળવાનો આનંદ અલૌકિક છે. ચંદન જેમ જેમ ઘસાતું જાય છે તેમ તેમ એમાંથી વધુ ને વધુ સુગંધ પ્રગટે છે તેમ માણસ આવી ધર્મકથામાં લીન બને છે ત્યારે એના જીવનમાં નવી સુવાસ પ્રગટ થવા માંડે છે. આ ધર્મકથા કોને પીરસાય ? જેને એમાં રસ હોય તેને તે આપી શકાય. જે આત્માનો અર્થી હોય તેનામાં આ માટેની તમન્ના જાગે.

ભગવાને જે ધર્મકથા કરી તેમાં શિવાદેવી લીન બની ગયા. ભગવાનની દેશના સાંભળીને વ્રત અંગીકાર કરવાની ભાવના જાગી. ભગવાન પાસે તેમણે ખૂબ સમજીને વિચારીને, આત્માના ઉલ્લાસથી ગૃહસ્થ ધર્મ એટલે શ્રાવકના ૧૨ વ્રત અંગીકાર કર્યા. વ્રત અંગીકાર કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં પાછા ગયા, પછી શું બન્યું ? બજારમાં જે માલ મળતો હોય તેની પૃચ્છા થાય. કાપડીયાની દુકાને જાવ તો કાપડ બતાવે, ઝવેરીની દુકાને જાવ તો ઝવેરાત બતાવે. જેનો જે વેપાર હોય તે બતાવે તેમ અહીં શિવાનંદાના ગયા પછી ગૌતમ સ્વામી ભગવાન પાસે આવ્યા. વંદન નમસ્કાર કરીને પૂછે છે હે મારા ત્રિલોકીનાથ પ્રભુ ! " **आणंदे समणोवासए देवाणुप्पियाणं अंतिए मुण्डे जाव पव्वईत्तए** " આનંદ શ્રાવક અને શિવાનંદાએ આપની પાસે આવીને સમ્યક્ત્વ રત્ન પ્રાપ્ત કર્યું અને બાર વ્રતધારી શ્રાવક બન્યા તો હવે તે આત્માઓ આપની પાસે દીક્ષા લેશે ? તેઓ પ્રવર્જિત બનવામાં સમર્થ છે? ભગવાને કહ્યું-હે ગૌતમ ! **णो इणट्ठे समट्ठे** । આ અર્થ સમર્થ નથી એટલે તેઓ દીક્ષા લેશે નહિ. ગૌતમસ્વામી ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધણી હતા. તેઓ પોતે આ પ્રશ્નનું સમાધાન પોતાના જ્ઞાનથી કરી શકે તેમ હતા, પણ તેમનામાં વિનય હતો. હું મારા ભગવંતને પ્રશ્ન પૂછું તો મને તેમના મુખેથી જવાબ સાંભળવા મળે ને! ભગવાનને પ્રશ્ન પૂછવા જવાથી કેટલા લાભ થાય ? એક તો ભગવાન પાસે જવાનું મળે. પ્રશ્ન પૂછવા છે એટલે વંદન કર્યા વિના તો પૂછાય નહિ તેથી વંદન કરવાનો લાભ મળે, તેમના મુખેથી જવાબ સાંભળવા મળે અને ગુરૂભક્તિ મળે. પ્રશ્ન પૂછવા જવાથી આટલા લાભો મળે. પોતે જાતે પ્રશ્નનું સમાધાન કરી લે તો આ લાભો કયાંથી મળત ?

ગૌતમ સ્વામીએ પૂછયું-આનંદ શ્રાવક અને શિવાનંદા દીક્ષા લેશે ? પ્રભુએ કહ્યું- ના. બંધુઓ ! સંયમની આરાધના સહેલી નથી. ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો હોય તો ચારિત્ર લઈ શકાય. જેમ કોઇ માણસને પારસમણિ મળ્યો. તેના ઘરમાં લોખંડની કોઠીઓ હતી તેમાં નાંખ્યો. તેના મનમાં એમ કે પારસમણિ કોઠીઓમાં નાંખવાથી કોઠીઓ સોનાની થઈ જશે. અઠવાડીયું થયું છતાં કોઠીઓ સોનાની ન થઈ.

કેમ આમ બન્યું ? કોઠીઓ કેટલાય વર્ષોથી અવાવરી પડી હતી. તેમાં જળા બાઝી ગયા હતા. પારસમણિ તે જળામાં પડયો એટલે કોઠીનો સ્પર્શ થયો નહિ પછી કોઠી સોનાની કેવી રીતે બને ? આ રીતે આત્મા સંસારની માયાજાળના જાળામાં એવો અટવાઈ ગયો છે કે ગુરૂ ભગવંતો રૂપી પારસમણિનો સ્પર્શ થતો નથી. જો ગુરૂ ભગવંતોના શરણમાં આત્મા અર્પણ થઈ જાય તો જરૂરથી તેનો આત્મા પરમાત્મા બની શકે. આનંદ શ્રાવક અને શિવાનંદા ભગવાનના શરણે ગયા તો સાચા શ્રાવક શ્રાવિકા બની ગયા. આત્માનું સાચું જ્ઞાન પામી ગયા. કહ્યું છે કે

તત્ત્વ પામી તૃપ્ત બની જા, વિષયોથી વિરકત બની જા,
સત્યને પામી સ્વસ્થ બની જા, દૃશ્ય જોઈ સાચો દૃષ્ટા બની જા.

જો આત્માનું સાચું સુખ જોઈતું હોય તો તત્ત્વજ્ઞાનના રસથી આત્માને તૃપ્ત કર. વિષયોથી વિરકત બન. સત્યને પામીને આત્માને સ્વસ્થ બનાવ. ગમે તેવા દૃશ્યો જોવામાં આવે તો પણ તું સાચો આત્માનો દૃષ્ટા બની જા. આત્મા મોક્ષમાં જાય પછી ત્યાં કોઈ અતૃપ્તિ નથી, ઇચ્છા કે આકાંક્ષા નથી.

ગૌતમ સ્વામીએ પ્રશ્ન કર્યો ત્યારે પ્રભુએ કહ્યું–આનંદ શ્રાવક અને શિવાનંદા પ્રવર્જિત બનશે નહિ. તે સંસારમાં રહીને આદર્શ શ્રાવકપણું શુદ્ધ રીતે પાળશે. વ્રતોમાં બરાબર વફાદાર રહેશે. આ રીતે અનેક વર્ષો સુધી શ્રાવક ધર્મનું પાલન કરશે અને આયુષ્ય પૂર્ણ કરીને સૌધર્મ નામના પહેલા દેવલોકમાં અરૂણાભ વિમાનમાં ઉત્પન્ન થશે. ત્યાં ઘણાં દેવોનું આયુષ્ય ચાર પલ્યોપમનું છે. આનંદ શ્રાવકનું આયુષ્ય પણ ચાર પલ્યોપમનું થશે. દેવોના ચાર ભેદ છે. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. સમકિત પામ્યા પછી આયુષ્યનો બંધ પડયો હોય તો ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, નરક, તિર્યંચ, સ્ત્રીવેદ અને નપુંસકવેદમાં ન જાય. વૈમાનિકમાં જાય. ત્યાં દેવ બને પણ દેવી ન બને. આટલો સમકિતનો પ્રભાવ છે.

સમ્યક્ત્વ ગુણ કંઈ રસ્તામાં રઝળતો પડયો નથી કે મહેનત કર્યા વિના એની પ્રાપ્તિ થઈ જાય. દુઃખને વધાવો, સુખને તરછોડો અને પાપના પડછાયાથી દૂર રહો. આ ત્રણ ચીજો અમલમાં મૂકાય અને અનંતાનુબંધી કષાય અને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિ જીતાય ત્યારે સમ્યક્ત્વ ગુણ પ્રગટે. જગતના જીવો આનાથી ઊલ્ટી રીતે વર્તે છે. એમણે નક્કી કર્યું છે કે ' દુઃખને ગમે તે રીતે દેશવટો આપવો, સુખ ગમે તે રીતે મેળવવું અને આ બે વાતની સિદ્ધિ માટે જે કોઈ પાપ કરવું પડે તે કરવું'. જો સમ્યક્ત્વ રત્ન મેળવવું હશે તો આ વિચારધારાને બદલવી પડશે. શાસ્ત્રમાં સમ્યક્ત્વ ગુણનો મહિમા ખૂબ ગવાયો છે, કારણ કે એનો સહારો જીવને જાગૃત રાખનારો છે. સમકિત પામ્યા પહેલા દુર્ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય અને દુર્ગતિમાં જવું પડે એ જુદી વાત છે. બાકી સમકિતી આત્મા દુર્ગતિમાં ન જાય. અગ્નિનો સ્વભાવ બાળવાનો

છે છતાં બેનો રસોઈ કરતાં એની સાથે કેટલી સાવધાનીથી રહે છે તેથી અગ્નિ એને બાળી શકતો નથી. આ રીતે સમકિતી આત્મા સંસારમાં રહેવું પડે તો ખૂબ સાવધાનીથી રહે છે. સમકિત દરેક પળમાં, દરેક પ્રસંગમાં જીવને સજાગ રાખીને જીવન જીવવાની કળા શીખવે છે. સમકિતની લહેજત અલૌકિક છે.

આનંદ શ્રાવક માટે ભગવાને કહ્યું કે તે વર્ષો સુધી આરાધના કરીને પહેલા દેવલોકમાં અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવ થશે, પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અન્ય જનપદોમાં વિહાર કરતા અનેક જીવોને પ્રતિબોધતા ધર્મોપદેશ આપતા થકા વિચરવા લાગ્યા. तए णं से आणंदे समणोवासए जाए अभिगय जीवाजीवे जाव पडिलाभेमाणे विहरइ । ત્યાર પછી આનંદ શ્રાવક જીવાજીવ આદિ તત્ત્વોને જાણવા વાળા થઈ ગયા અને સાધુ સાધ્વીઓને પ્રાસુક, અચેત આહારાદિનું દાન કરતા થકા વિચરવા લાગ્યા. શિવાનંદા પણ સાચી શ્રમણોપાસિકા બની ગઇ અને તે પણ સાધુ સાધ્વીઓની આહાર, પાણી, વસ્ત્ર આદિથી સેવા કરતા જીવન વ્યતીત કરવા લાગ્યા.

આનંદ શ્રાવક શ્રાવકપણું લીધા પછી જ્ઞાન પ્રાપ્ત કરવા લાગ્યા. જીવ, અજીવ આદિ નવ તત્ત્વોના યથાર્થ સ્વરૂપના જાણકાર બની ગયા. જેટલું જ્ઞાન વધે એટલું સાધુપણું અને શ્રાવકપણું દૃઢ રીતે પાળી શકાય. વીરના શાસનને પામેલા શ્રાવકોમાં નવતત્ત્વ અને છકાયનું જ્ઞાન તો અવશ્ય હોવું જોઈએ. તમે પ્રતિક્રમણમાં રોજ બોલો છો કે શ્રાવકો કેવા હોય ? નવતત્ત્વના જાણકાર હોય. જે આત્મા જીવને નથી જાણતો, અજીવને નથી જાણતો તે દયા કોની પાળી શકશે ? આનંદ શ્રાવક જીવાજીવાદિ નવ તત્ત્વોના જ્ઞાતા બની ગયા. આનંદ શ્રાવક અને શિવાનંદા બંને પોતાના ગામમાં જે સાધુ સાધ્વીઓ આવે તેમને ખૂબ ઉત્કૃષ્ટ ભાવે, ઉલ્લાસ ભાવથી સૂઝતા નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર આદિ વહોરાવે છે. દાન દેવાથી લાભ તો થાય પણ ઉત્કૃષ્ટ ભાવે અંતરના ઉમળકાથી કોઈ જાતની આકાંક્ષા રાખ્યા વગર આપે તો અનંતા કર્મોની નિર્જરા થાય. દાન દેતાં, વ્રતનું પાલન કરતાં ક્ષણે ક્ષણે પ્રભુના ઉપકારોને યાદ કરે છે. અહો હે મારા ત્રિલોકીનાથ કૃપાળુ ભગવંત ! આપ મને જો મળ્યા ન હોત તો આ દાન દઈને કર પાવન ક્યાં કરત ? આપનો ભેટો થયો ન હોત મને પાપમાંથી બચાવત કોણ ? આ રીતે ડગલે ને પગલે ભગવાનને યાદ કરે છે.

પરદેશી રાજાને તેમની સૂરીકંતા રાણીએ ઝેર આપ્યું અને મૃત્યુ નજીક દેખાયું છતાં તેના પર જરા પણ દ્વેષ ન કર્યો કે મરી જવાનો અફસોસ ન કર્યો. સંથારો કર્યો ત્યારે ત્રણ નમોત્થુણં બોલ્યા. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાનનું નમોત્થુણં ગણતાં આંસુ ન પડયા પણ ત્રીજું નમોત્થુણં ગુરૂ ભગવંતનું ગણતાં આંખમાંથી આંસુની ધાર થઈ. ખૂબ રડયા. હે મારા ઉપકારી ગુરૂ ભગવંત ! આપ જ્યાં બિરાજતા હો ત્યાં મારી વંદણા હો. હું કેવો ક્રૂર પાપી હતો ! આપે મારા પર કૃપાદૃષ્ટિ કરી મને સુધાર્યો. જો આપ મને મળ્યા ન હોત તો મારું શું થાત ? મારી કઈ ગતિ થાત ? મારા પર

આપનો તો અનંતો અનંતો ઉપકાર છે. ભલે, આપ મારાથી દૂર હો પણ આપનું સ્થાન મારા હૃદયમાં છે. આ રીતે દાન આદિ ક્રિયા કરતા આનંદ શ્રાવક અને શિવાનંદા પ્રભુના ઉપકારોને યાદ કરે છે. ખૂબ ઉત્કૃષ્ટ ભાવે સંતોને સુપાત્ર દાન આપી પોતાના જીવનને ધન્ય માને છે.

પિતાની લક્ષ્મીનો ભોજન માટે દુરૂપયોગ કરતો ભંડારી : એક ભંડારી પર રાજાની ખૂબ કૃપાદૃષ્ટિ, અમીદૃષ્ટિ હતી એટલે રાજા તેને ખૂબ ધન આપતા, તેથી તેની પાસે ઘણું ધન ભેગું થયું હતું. લાખો, કરોડો ગમે તેટલા ભેગા કરો પણ અંતે તો બધું મૂકીને જવાનું છે. લક્ષ્મી તો કોઈની સાથે જવાની નથી. આ રીતે આયુષ્ય પૂર્ણ થતાં ભંડારી તો મરી ગયો પણ તેના પુત્રને ખબર નથી કે મારા બાપની મિલ્કત કેટલી છે ? ભંડારીનો મિત્ર ખૂબ સજ્જન, પ્રમાણિક અને ખાનદાન હતો. તેણે છોકરાને બોલાવીને ભંડારીની અઢળક સંપત્તિ બતાવી દીધી. છોકરો તો તે જોતાં આભો બની ગયો. આટલી બધી મિલ્કત ? મહામહેનતે મેળવેલી આટલી બધી મિલ્કત છોડીને તે ચાલ્યા ગયા ! કોઈ ધનના ભંડાર સાથે ન લઈ ગયા ! કોઇ ભોગવવા પણ ન રહ્યું ! મારે પણ બધું છોડીને મરી જવાનું ને ! જીવની સાથે તો પોતે કરેલા સત્કૃત્યો અને દુષ્કૃત્યો જાય છે. તેણે મનમાં વિચાર કર્યો કે મારે પણ છોડીને જવાનું છે તો મારે લક્ષ્મીનો સંગ્રહ કરવો નથી. તેણે તો એ વિચાર કર્યો કે ખાઈપીને જલસા કરું, મોજમઝા ઉડાવું ને આનંદથી રહું. તે બાવાનો ખૂબ શોખીન હતો એટલે તેણે ઠાઠમાઠથી ભોજન જમવાનું નક્કી કર્યું. તેણે લાખો રૂપિયાના ખર્ચે મોટો બંગલો બનાવ્યો. તેમાં તેણે જમવાનો રૂમ ખૂબ ભભકાદાર, ઝાકઝમાળ બનાવ્યો. તે બનાવવામાં લાખ રૂપિયા અર્ચ્યા. થાળી મૂકવા માટેનો બાજોઠ રત્નજડિત બનાવ્યો અને જમવાનો થાળ સોનાનો બનાવ્યો. આવા મહેલમાં અપૂર્વ ઠાઠમાઠથી તે ભવ્યતાથી ભોજન કરે છે.

ભંડારીપુત્રને જમવા માટે જે બિરંજ બનાવતા તેમાં કસ્તુરી, કેસર આદિ અનેક જાતના ઉત્તમ અને સુગંધી પદાર્થો નાંખતા. તેના એક ટંકના ભોજન પાછળ હજારો રૂપિયાનો ખર્ચો થતો. તેની સુગંધ તો બહાર પણ કયાંય સુધી મહેંકતી. જેણે એક વાર સુગંધ લીધી હોય તે ભૂલે નહિ. ભંડારીનો અદ્‌ભૂત ભોજન વૈભવ તૈયાર થઈ જાય ત્યારે નગરીમાં ઉદ્‌ઘોષણા કરાવે કે જેને ભંડારીનો ભોજનથાળ જોવા આવવું હોય તે આવજો. તેનો મહેલ તો એવો ભવ્ય હતો કે બધા તે જોવા આવતા હતા. દૂર ઊભા હોય તો પણ બિરંજની સુગંધ આવે. એક ભાઇને ત્યાં બહારગામથી કોઇ મહેમાન આવેલા. તે ભાઇએ તેમને કહ્યું–હું ભંડારીના પુત્રનો ભોજનથાળ જોવા જવાનો છું. તમારે આવવું છે ? ભંડારી જમે એમાં શું જોવાનું છે ? અરે, એ જોવું એ જીવનનો એક લ્હાવો છે. આપણે ૧૦ કૂટ દૂર ઉભા હોઈએ ત્યાં એની સુગંધ આવે છે.

રસના પાછળ પાગલ બનેલ માનવી : આ બંને ભાઈ જોવા ગયા. બહારથી જે ભાઈ આવ્યા હતા તે તો સુંગધથી લલચાઈ ગયા. તેની લૂલી લબકારા

મારવા લાગી. અહાહા–આ ભોજનનો આનાર કેટલો ભાગ્યશાળી ! એ બિરંજનો સ્વાદ તો કોણ જાણે કેવો અદ્‌ભૂત હશે ! એનું મન તો એ ખાવા તલપાપડ બની ગયું. તેણે ભાઈને કહ્યું–મિત્ર ! ભંડારીના ભાણામાં રહેલો બિરંજ ખાવાનું મન થયું છે. અરે, તારું ખસી ગયું તો નથી ને ! એવું મન કરે શું વળે ? તેનો એક દાણો પણ કોઈને ન મળે. આ તો એવો કંજુસીયો છે કે પ્રદર્શન કરે પણ કોઈને આપે નહિ. મિત્ર ! ગમે તેમ કરીને મને લાવી આપ. મને તો એવું મન થયું છે કે જો મને ચાખવા નહિ મળે તો કદાચ મારા પ્રાણ ચાલ્યા જશે. આ રસેન્દ્રિયને જીતવી સહેલી નથી. ખૂબ કઠીન છે. આ ભાઇ રસેન્દ્રિય પર કંટ્રોલ ન રાખી શકયો ત્યારે આ દશા થઇ ને ! પેલા ભાઇએ ભંડારીને કહ્યું–મારી સાથે બહારનો જે માણસ આવ્યો છે તેને આપના બિરંજનો સ્વાદ લેવાનું મન થયું છે. આપ કૃપા કરીને એક કોળિયો તો આપો. તે કહે છે કે મને ચાખવા નહિ મળે તો મારા પ્રાણ ઉડી જશે ભંડારી કહે–આ બિરંજના એક કોળિયાનું મૂલ્ય સો રૂપિયાનું થાય છે. તેનું તને ભાન છે ? જેટલા માંગે તેટલાને આપું તો મારે બાવા શું રહે ? પણ સ્વામી ! આ તો પ્રાણ બચાવવાની વાત છે.

સ્વાદની પાછળ સ્વીકારેલી ગુલામી : ભાઈની વાત સાંભળતા ભંડારીનું મન થોડું પીગળ્યું. તેણે કહ્યું–જો બિરંજના સ્વાદ વિના એના પ્રાણ જાય એવો ભય હોય તો મારી એક શરત સ્વીકારે તો તેને તે બાવા મળશે. ત્રણ વર્ષ મારે ત્યાં એને નોકરી કરવી પડશે. રાત્રે–દિવસે જ્યારે હું કામ બતાવું ત્યારે કરવું પડશે. તેના કામમાં કાંઈ બાકી નહિ આવે ને મને સંતોષ થશે તો મારો આખો ભોજનનો થાળ એને આપી દઈશ. આ ભાઈ તો ઘરબાર, માતા-પિતા, પત્ની, પરિવાર બધાને છોડીને અહીં રહ્યા. ત્રણ વર્ષ સુધી ઘરમાં કે જંગલમાં, દિવસે કે રાત્રે ગમે તે કામ સોંપ્યું તો તેણે એક નિષ્ઠાથી કર્યું. જરા પણ બાકી આવે એવો પ્રસંગ આવવા દીધો નહિ. આ રીતે તનતોડ મહેનત કરતા તેના ત્રણ વર્ષ પૂરા થયા. ત્રણ વર્ષ આવી રીતે દાસપણામાં વીતાવવા એ ઘણું મુશ્કેલ છે.

મહામહેનતે મેળવેલા ભોજનને ઉમદા ભાવે દેવાની વૃત્તિ : ત્રણ વર્ષ પૂરા થયા એટલે ભંડારીએ તેને સ્નાન કરવા સુગંધી જળ આપ્યું. સારા કપડા આપ્યા અને તે દિવસ માટે નોકર ચાકરો આપ્યા. સવાર સાંજના નાસ્તા માટે બે હજાર સોના મહોરોનો ખર્ચો કર્યો. નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે સેવકે ત્રણ વર્ષ સુધી ઘણી મહેનત કરી ભંડારીનો ભોજન વૈભવ મેળવ્યો છે તો જેને જોવા આવવું હોય તે આવજો. આ ઘોષણા સાંભળતા હજારો લોકો જોવા આવ્યા. સારા વસ્ત્રાલંકારોથી સજ્જ થઈને તે રત્નજડિત આસન ઉપર બેઠો. તેના ભાણામાં સેવકોએ બિરંજ પીરસ્યો કે જેના માટે ત્રણ વર્ષ કાળી મહેનત કરી જાત નિચોવી નાંખી છે. બિરંજનો કોળિયો હાથમાં લીધો ત્યાં તેને વિચાર આવ્યો કે બહાર આટલા બધા માણસો ઉભા છે તેમાં મારી જેમ કોઈને બાવાની ઈચ્છા નહિ થઇ હોય ને ? તો હું બહાર જાઉં. કોઇને ઈચ્છા થઇ હોય તો

હું થોડો આપું. મારે કોઈની પાસે મજુરી કરાવવી નથી પણ કોઈ કહેતું નથી કે મને આપો, કારણ કે તેમને સામે ત્રણ વર્ષની મજુરી દેખાય છે, તેથી કોઈ આવાતું મન કરતું નથી.

રસનાનો ત્યાગ અને ભિક્ષુને દેવાનો ભાવ : બહાર નજર કરતાં કરતાં એક બૌદ્ધ ભિક્ષુને જોયા. તેના વિચારોમાં એકદમ પલટો આવ્યો. આ બિરંજનું ભોજન પૂરું થતાં વૈભવનો અંત આવવાનો છે. જેના માટે ત્રણ ત્રણ વર્ષ પરસેવો પાડ્યો, લોહી રેડયું પણ ઘડી પછી તો હતો તેવો ને તેવો. લોકો બધું ભૂલી જશે. માત્ર એક ટંકનું ભોજન પણ પછી તો એ જ ગદ્ધામજુરી. તો શા માટે આ ભોજન પેલા પવિત્ર ભિક્ષુને ભિક્ષામાં ન આપી દેવું ? એક પણ કોળિયો જમ્યા વિના ભોજનનો થાળ લઈને પેલા ભિક્ષુ પાસે ગયો. ભિક્ષુ કહે, મારે નથી જોઈતું. ભાઇ ! તેં ત્રણ વર્ષ મજુરી કરી ત્યારે આ ભોજન મેળવ્યું છે. તે ગરીબ માણસે ખૂબ આગ્રહ કર્યો. આપ મને થોડો લાભ આપો તો મારું જીવન ધન્ય બને. આવો અવસર મને ક્યાંથી મળે ? ભિક્ષુ કહે–ભાઈ ! તું થોડું આપજે. થોડું તારે ખાવા માટે રાખજે. તેણે અડધું બિરંજ આપ્યું, પછી ભિક્ષુએ કહ્યું–બસ, ભાઈ ! હવે રહેવા દે પણ તેણે કહ્યું કે આ તો અધૂરું દાન થયું. મારી પુણ્ય કમાવાની ભાવના મને પૂરી કરવા દો. મારા માટે જરા પણ રાખવાની ઈચ્છા નથી. તેણે તો બધો બિરંજ ભિક્ષામાં આપી દીધો. શાલીભદ્રના આત્માએ પૂર્વભવમાં માંગીને લાવેલી વસ્તુની ખીર બનાવડાવી હતી પણ મુનિ પધાર્યા તો ઉત્કૃષ્ટ ભાવે બધી ખીર આપી દીધી, તેમ આ માણસે ત્રણ વર્ષની કાળી મહેનત બાદ બિરંજ મેળવી હતી પણ ભિક્ષુને જોતાં ખૂબ ઉલ્લાસથી બધી બિરંજ તેમને આપી દીધી. પોતાને ખાવા એક કોળીયો પણ ન રાખી.

દાનની ભવ્ય ભાવનાનો પડેલો અદ્‌ભૂત પ્રભાવ : ભિક્ષુએ તેને આશિષ આપી. તારી બધી મનોકામનાઓ પૂર્ણ થાઓ. બધા પ્રેક્ષકોએ તાળીઓથી અને ધન્યવાદથી તેને વધાવ્યો. અવાજ સાંભળતા ભંડારીને થયું કે નક્કી કંઈક ધમાલ થઈ લાગે છે. તે માણસ મળેલા વૈભવ અને ઠાઠને ભોગવી શકયો નહિ હોય, તેથી બધા તેની હાંસી મજાક કરતા લાગે છે. તેણે સેવકોને તપાસ કરવા મોકલ્યા તો ખબર પડી કે તેણે તો બધો બિરંજ ભિક્ષુને આપી દીધો. ભંડારીએ કહ્યું–ધન્ય છે ભાઇ ધન્ય તને ! ત્રણ ત્રણ વર્ષની તનતોડ મહેનતના પરિણામે મળેલા અમૂલ્ય ફળનું તેં એક ક્ષણમાં ભિક્ષુને દાન કરી દીધું અને હું અઢળક સમૃદ્ધિનો સ્વામી હોવા છતાં એક કોળિયો પણ કોઈને ન આપી શકયો. હવે મારી સંપત્તિનો અડધો ભાગ તને ભેટ આપું છું. આ ભાઇ કહે, મારે કાંઈ નથી જોઈતું. ભાઈ ! તારી આ ભાવના જોઈને મારું જીવન પણ પલટાઈ ગયું છે. હવે હું આ બધા ખાણાપીણા, મોજમઝા છોડીને સત્કાર્યોમાં મારા ધનનો સદુપયોગ કરીશ. ગરીબ ભાઈની દાનની ભવ્ય ભાવનાનો ભંડારી પર કેટલો પ્રભાવ પડયો ?

આનંદ શ્રાવક અને શિવાનંદા બંને ખૂબ ઉત્કૃષ્ટ ભાવે સાધુસંતોને સુપાત્ર દાન

આપે છે અને અનંતા કર્મોની નિર્જરા કરે છે. આ રીતે આનંદ શ્રાવક બાર વ્રતનું નિરતિચાર પાલન કરતાં ગૃહસ્થાશ્રમમાં આનંદથી દિવસો પસાર કરે છે. વ્રતોમાં કોઇ દોષ લગાડતા નથી. સમય જતાં ચૌદ વર્ષો પસાર થઈ ગયા. ચૌદ વર્ષમાં આનંદ શ્રાવકે નાની મોટી તપશ્ચર્યા, સાધના, આરાધનાઓ ઘણી કરી. પંદરમાં વર્ષમાં પ્રવેશ કર્યા પછી ધર્મજાગ્રિકા કરતા એક દિવસ વિચાર આવ્યો. હું ચૌદ વર્ષોથી શ્રાવકપણું પાળું છું, ધર્મધ્યાન કરું છું પણ જો આ રીતે આરાધના કરતો રહીશ તો મારું જે લક્ષ્ય છે ત્યાં પહોંચી શકીશ નહિ. આ સંસાર વ્યવહારમાં રહીશ તો મારે જે પામવું છે તે પામી શકાશે નહિ. તો હવે હું શું કરું ? આનંદ શ્રાવક ગૃહસ્થાશ્રમમાં હતા અને તમે પણ ગૃહસ્થાશ્રમમાં છો, છતાં તમે આનંદ શ્રાવક જેટલા ધર્મને વફાદાર છો ? તેની જેમ ધર્મજાગ્રિકા કરો છો ખરા ? આજના જમાનામાં તો આ બધું ભૂલાઈ ગયું છે. સવારમાં ઉઠીને પ્રતિક્રમણ કરનારા કેટલા ? પ્રતિક્રમણ ટાઇમે પણ ઉઠી શકતા નથી પછી ધર્મજાગ્રિકાની વાત જ ક્યાં !

આજે તો માનવી ભાન ભૂલી ગયો છે. ધર્મજાગ્રિકાને ભૂલીને કર્મજાગ્રિકા કરતો થઇ ગયો છે. સવારમાં ઉઠે એટલે એ જ વિચાર કે ક્યાં જવું છે ? શું લાવવું છે ? કોની ઉઘરાણી બાકી છે ? મારે કેટલાને પૈસા ચૂકવવા જવાનું છે ? બસ, આ જ વિચાર કે બીજા વિચાર આવે ? અરે, રાત્રે ઊંઘ ન આવતી હોય તો પણ સંસારના, ઘરના અને દુકાનના વિચારો આવ્યા કરે. કોઈને કેમ ફસાવવા, માયાકપટથી અને અન્યાય, અનીતિથી પૈસા કેમ ભેગા કરવા, આ બધા વિચારો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના છે, અનાદિકાળથી આત્મા આશ્રવમાં પડ્યો છે. તેના મનમાં એ ભાવ છે કે મારો સંસારનો બગીચો સૂકાઈ જવો ન જોઈએ. આત્માનો બગીચો ભલે સૂકાઈ જાય પણ યાદ રાખજો કે સંસારનો બગીચો લીલોછમ રાખવા ગમે તેવા પ્રયત્નો કરશો અને પાપ બાંધશો પણ અહીંથી ગયા પછી કોઈ જોવા આવવાનું નથી, છતાં જીવ આત્મ બગીચાને ભૂલીને કર્મ બગીચાને વિકસાવી રહ્યો છે.

ધર્મજાગ્રિકામાં કરેલી ધર્મચિંતવણા : આનંદ શ્રાવક ધર્મજાગ્રિકા કરતાં એ વિચાર કરે છે કે આ વાણિજ્ય ગામમાં રાજા, રાઈસર, તલવર, શેઠ, સેનાપતિ બધાનો હું આધારભૂત છું, આલંબનભૂત છું, અનેક કાર્યોમાં બધા મને પૂછવા, મારી સલાહ લેવા આવે છે તેથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે મેં જે દેશવિરતિ ધર્મ સ્વીકાર્યો છે તેનું પાલન બરાબર થઈ શકતું નથી; માટે આ બધી પ્રવૃત્તિઓથી મારે નિવૃત્તિ લેવી જોઇએ; તો જ મારી સાધના બરાબર કરી શકીશ. હવે મારા માટે એ જ શ્રેયકર, હિતકર છે કે કાલે સવારે સૂર્યોદય થાય ત્યારે વિપુલ પ્રમાણમાં અશન, પાન આદિ તૈયાર કરાવીને મિત્ર, પરિવાર, કુટુંબીજનોને ભોજન જમાડીને પૂરણ શેઠની જેમ બધાની સમક્ષમાં મારા સૌથી મોટા દીકરાને કુટુંબનો, ઘરનો, દુકાનનો બધો ભાર સોંપી દઉં. પહેલાના સમયમાં આવા સુખી મોટા માણસો જ્યારે આવું સારું કાર્ય કરે

ત્યારે તે પહેલા ચાર જાતના આહાર બનાવી કુટુંબીજનોને તથા પરિવારને બધાને જમવા બોલાવે અને પછી જે કાર્ય કરવું હોય તે કરે. સિદ્ધાંતમાં ઘણાં દાખલાઓ મળે છે. આનંદ શ્રાવકે પણ તેમ કરવાનો સંકલ્પ કર્યો. હવે સંસારના કોઇ કામોમાં તેમને રસ કે આનંદ નથી. હવે તો એક જ લગની, એક જ ધૂન છે કે હું સંસારથી જલ્દી નિવૃત્ત થાઉં.

શાસ્ત્રમાં કહ્યું છે કે પૂરણની જેમ આનંદ શ્રાવકે કર્યું એટલે પૂરણે જેમ પોતાના ઘરનો તમામ ભાર પોતાના જ્યેષ્ઠ પુત્રને સોંપીને તાપસપણું લીધું હતું તેમ આનંદ શ્રાવકે પણ એવો વિચાર કર્યો. આનંદ શ્રાવકને હવે જડ અને ચેતન પરિગ્રહ પ્રત્યેથી સંપૂર્ણ મમતા ઉતરી ગઇ તો જ આવો વિચાર આવે ને ? સરોવરની પાળ તૂટતાં સરોવરનું પાણી ચાલ્યું જાય છે તેમ આત્મ સરોવરમાં ભરાયેલા પાપ રૂપ પાણીનો નિકાલ કરવા માટે પરિગ્રહની પાળ તોડવી પડશે. તો પાપ રૂપી પાણી ચાલ્યું જશે. જ્યારે એ પાળ તૂટી જશે, પાપનું પાણી ચાલ્યું જશે ત્યારે સ્વાનુભૂતિનો કોઇ જુદો અનુભવ થશે, જ્યારે આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે તેનું જીવન કેવું બને છે ?

બે પાડોશી રાજાએ પોતાના નગરમાં બગીચા બનાવવાનો વિચાર કર્યો. બંને રાજાએ પોતાના બગીચા માટે એક એક સારો માળી નિયુક્ત કર્યો. બંને માળીઓએ એક સાથે બગીચાનું કામ શરૂ કર્યું. એક માળીને સોંપેલો બગીચો થોડા સમયમાં ફળફૂલથી હર્યોભર્યો થઈ ગયો. આખો બગીચો સુગંધથી અને સુંદરતાથી ખીલી ઉઠયો. જે આ બગીચામાં આવે તેનું મન શાંત થઈ જાય, હૃદય પ્રફુલ્લિત બને અને બગીચાની સુંદરતા જોતાં આંખો તૃપ્ત થઇ જાય. બગીચો જોનારને એમ થાય કે કેટલો સુંદર બગીચો છે ! તેનો માળી કેટલો કુશળ હશે ? બગીચો આટલો સુંદર થવાનું શું કારણ ? માળીએ તન મનથી અને ખૂબ ખંતથી આ કામ કર્યું હતું. બગીચાની ખૂબ સંભાળ રાખી હતી. રાજા પણ આ બગીચો જોઈને ખૂબ પ્રસન્ન થયા. બીજા રાજાના માળીએ બગીચાની સંભાળ ન રાખી. તેણે કયારીઓ બરાબર ન કરી, મૂળિયાને પોષણ ન આપ્યું તેથી બગીચો ઉજ્જડ વન જેવો સાવ શુષ્ક દેખાતો હતો. આવો બગીચો ન કોઈના મનને આનંદ આપે, ન કોઈને પ્રસન્ન કરે કે ન કોઈને સુગંધ આપે, તેને જોઈને કોઇને એમ થાય કે આ બગીચો છે કે વન છે ? રાજા પોતાના બગીચાની આ સ્થિતિ જોઇને ગુસ્સે થયા.

જીવનને વન બનાવશો કે નંદનવન બનાવશો : આ વાત આપણે સમજવાની છે. પહેલા માળી સમાન આત્મા જ્યારે પોતાના સ્વભાવમાં રમણતા કરે છે ત્યારે તે જીવન રૂપી બગીચાને સારી રીતે સંભાળી શકે છે. તે કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ કાંટાના ઝાડો ઉગેલા હોય તેને ઉખાડીને ફેંકી દે છે અને અહિંસા, સત્ય, અચૌર્ય સમતા, ક્ષમા આદિના સુંદર વૃક્ષોની રોપણી કરે છે. જેમાં સદ્ગુણોના પુષ્પો ખીલે છે, સત્કાર્યો રૂપી ફળ આવે છે. આવા જીવન રૂપી બગીચાને જોઇને તેમના

સંપર્કમાં આવવાવાળા જીવનબાગના માળી એવા આત્માની પ્રશંસા કરે છે પણ જે બીજા માળીની જેમ જીવન રૂપી બગીચાની સંભાળ રાખતા નથી, રાગ–દ્વેષ, કષાયોના કાંટાને દૂર કરતા નથી, સત્સંગનું પાણી સીંચતા નથી, સત્ય, અહિંસાના વૃક્ષોને રોપતા નથી. હિંસા આદિના ઝેરીલા વૃક્ષો જે દેખાવમાં સુંદર હોય પણ ખાવામાં ઉપયોગી ન હોય એવા વૃક્ષો વાવે છે તેનો જીવન બગીચો ઉજ્જડ વન જેવો બની જાય છે. આવા જીવન બગીચાની પ્રશંસા કોણ કરે ? જે આ માનવજીવન રૂપી બગીચો મેળવીને બેપરવાહ રહે છે તેનું જીવન વન જેવું વેરાન બની જાય છે.

આનંદ શ્રાવકે પોતાના જીવન બગીચાને ખૂબ સુંદર રીતે ખીલવ્યો છે. તેમના જીવન બગીચામાં ભગવાનની વાણીનું સિંચન મળ્યું તો મિથ્યાત્વના કાંટા ઉખાડીને ફગાવી દીધા અને સમ્યક્ત્વ વૃક્ષની રોપણી કરી. તેમાં બાર વ્રતો રૂપી સુંદર પુષ્પો ખીલ્યા. તેમનું જીવન સદ્‌ગુણોની સૌરભથી મ્હેંકી ઉઠયું. દેશવિરતિ ધર્મને અપનાવવાથી પણ જો જીવન આટલું સૌરભવંતુ બની શકે છે તો પછી જે પાપના, અવિરતિના કાંટાને સર્વથા દૂર કરી સર્વવિરતિ ધર્મને અપનાવે છે તેના જીવનની સુંદરતા માટે તો કહેવું જ શું ? આનંદ શ્રાવકે હવે સંસારના બંધનથી છૂટવા માટે પોતાના દીકરાને બધી જવાબદારી સોંપવાનો વિચાર કર્યો. હવે કેવી રીતે પુત્રને ભલામણ કરશે અને તેઓ શું કરશે તેના ભાવ અવસરે.

આસો વદ ૬ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૯૬ : તા. ૩-૧૧-૮૫

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે

जमाहु ओहं सलिलं अपारगं, जाणाहि णं भवगहणं दुमोक्खं ।
जंसी विसन्ना विसयंगणाहिं, दुहओऽवि लोयं अणुसंचरंति ॥ સૂયઅ.૧૨ગાથા૧૪

આ સંસાર સાગરને તરવો એ સ્વયંભૂરમણ સમુદ્રને તરવા સમાન દુસ્તર છે. કોઈ જળચર કે સ્થળચર આ સમુદ્રને ઓળંગી શકે નહિ એવી રીતે સમ્યગ્‌દર્શન વિના ૮૪ લાખ જીવાયોનિનાં સ્થાન રૂપ સંસારને પાર કરવો મુશ્કેલ છે. સ્ત્રી રૂપ કીચડમાં અને કામભોગ રૂપી વિષયોમાં ફસાયેલા આસક્ત જીવો ચાર ગતિઓ અને ચૌદ રાજલોકમાં વારંવાર જન્મ મરણ કર્યા કરે છે.

બંધુઓ ! આ માનવ જીવનનો શ્રેષ્ઠતમ પુરૂષાર્થ હોય તો પોતે સંસાર સાગર તરવો અને બીજા જીવોને તારવા. ગંગા–જમના આદિ નદીઓને તરવા માટે પણ જ્ઞાન અને ક્રિયાની જરૂર છે. નદીને તરવાની કળા શીખ્યા હોય તો પુરૂષાર્થ દ્વારા તરી શકાય પણ તરવાની કળા જાણતા ન હોય તો ડૂબી જવાય. આ સંસાર સાગર તો ખૂબ ભયંકર, તોફાની અને ભીષણ છે. એને તરવા માટે જ્ઞાન અને ક્રિયાની અવશ્ય જરૂર છે. જ્યાં સુધી આ ભવસાગર ખૂબ શાંત, સુખદાયી અને સારો લાગે ત્યાં સુધી

જીવ તે માટેનું જ્ઞાન મેળવવાનો પુરૂષાર્થ કરતો નથી. જો ભીષણ ભવસાગર તરવો છે તો એ સાગરના સ્વરૂપનું જ્ઞાન કર્યા વિના કેવી રીતે તરી શકાય? જેમના સહારે તરવું છે એવા પરમકૃપાળુ પરમાત્મા અને ગુરૂ ભગવંતોની સાચી ઓળખાણ પણ કરવી પડે. જેમાં બેસીને સામે પાર જવું છે એવા સંયમ રૂપી જહાજની પણ પૂર્ણ માહિતિ મેળવવી પડે. આ સમુદ્રમાં સફર કરતાં કદાચ વિઘ્નો આવે તો કેવી સાવધાની રાખવી આ બધું જ્ઞાન મેળવવું જોઈએ તો સાગરને પેલે પાર થઈ શકીએ.

ભવસાગરને તરવા માટે ભગવંતે જે ક્રિયાઓ કરવાની બતાવી છે તે કરવામાં ઉત્સાહ અને ઉમંગ હોવો જોઇ એ. તેમાં પ્રમાદ કરે ન ચાલે. તે માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના આચારોનું યથાવિધિ પાલન કરવું જોઈ એ. ભવસાગરને તરવા માટે જ્ઞાન હોય, સાથે ક્રિયાઓ હોય પણ જો ઉપશમ, સમતા નથી તો ભવસાગર તરવામાં નિષ્ફળતા મળે છે. ક્રોધ અને રોષ આવતા બધી સાધના પ્રાણહીન બની જાય છે અને સાગર પરથી પ્રયાણ કરતું જહાજ ત્યાં અટકી જાય છે. જો એ ક્રોધ, રોષ, ઈર્ષ્યા, માન, લોભ, રાગને દૂર ન કર્યા અને આત્મામાં લાંબા સમય સુધી સંઘરી રાખ્યા તો એ સંયમ રૂપી વહાણમાં છિદ્ર પાડી દે છે. એ છિદ્રથી પાપ રૂપી પાણી વહાણમાં ભરાય છે, છેવટે પરિણામ એ આવે છે કે એ વહાણ પાણીમાં ડૂબી જાય છે, માટે ભવસાગર તરવાની ઈચ્છા હોય તેનામાં ક્ષમા, સમતા હોવા જોઈ એ. ભવસાગર તરવા નીકળેલા આત્માએ પોતાની ઇન્દ્રિયોને વશમાં, કાબૂમાં રાખવી જોઈ એ. બેકાબૂ બનેલી ઇન્દ્રિયો આત્માને સંયમ રૂપી જહાજમાંથી સંસાર સમુદ્રમાં ફેંકી દે છે. જેના જીવનમાં આટલી વાતો હોય તે આત્મા સંસાર સાગર તરી જાય છે અને જેના જીવનમાં આ વાતો નથી તે સંસાર સાગરમાં ડૂબી જાય છે, માટે ભવસાગરથી તરવા માટે જ્ઞાન, ક્રિયા, ક્ષમા અને જિતેન્દ્રિયપણું આટલા ગુણો કેળવવા જોઈ એ.

જેમના જીવનમાં સમ્યક્જ્ઞાન, દર્શન, તપની આરાધના છે. ચારિત્રની અલ્પાંશ એટલે દેશવિરતિની આરાધના છે, ક્ષમા છે અને જિતેન્દ્રિયપણું છે એવા આનંદ શ્રાવકે સંસાર સાગરને જલ્દી તરવા માટે સંસારને ફારગતિ દેવાનો નિર્ણય કર્યો, તેથી મોટા પુત્રને ઘરની તમામ જવાબદારી આપવાનો સંકલ્પ કર્યો. મોટા પુત્રને કુટુંબનો બધો ભાર સોંપીને " **मित्ते जाव जेट्ठ पुत्तं च आपुच्छित्ता, कोल्लाए सन्निवेसे नायकुलंसि पोसहसालं पडिलेहिता समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं पण्णतिं उवसंपज्जिताणं विहरित्तए।** મિત્રો તથા જ્યેષ્ઠ પુત્રને પૂછીને કોલ્લાક સંનિવેશમાં જ્ઞાતકુલની પૌષધશાળાનું પ્રતિલેખન કરી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે સ્વીકારેલા ધર્મ પ્રજ્ઞપ્તિનું યથાવિધિ પાલન કરું.

આનંદ શ્રાવકને રાત્રે ધર્મજાગ્રિકા કરતા કેવો સુંદર વિચાર આવ્યો ! તેમને થયું કે હું અહીં આ રીતે રહીશ તો બધા મને પૂછવા આવશે. પણ હું પૌષધશાળામાં જઈ ને રહું તો મને કોઇ પૂછવા આવે નહિ અને મારે પાપમાં દંડાવું ન પડે, માટે મિત્રોને,

કુટુંબીજનોને તથા મારા જ્યેષ્ઠ પુત્રને પૂછીને તેમની સંમતિ મેળવીને આ રીતે ધર્મનું પાલન કરું. આનંદ શ્રાવક સંસારથી નિવૃત્ત થવા માટે બધી જવાબદારી સોંપવા તૈયાર થયા. તે સંસારથી અને સંસારના તમામ કાર્યોથી છૂટકારો લેવા માંગે છે. તે છૂટવા ઇચ્છે છે જ્યારે આજે કંઈક બાપાઓ મોટી ઉંમરે પહોંચવા છતાં તેનો મોહ છોડી શકતા નથી. કંઈક દીકરાઓ એવા સારા સંસ્કારવાળા હોય છે તેઓ કહે કે પિતાજી ! *તમે અત્યાર સુધી અમારા માટે ઘણું કર્યું છે. અમારા માટે ઘણું મેળવ્યું છે.* તમે અમને ભણાવ્યા, પરણાવ્યા ને ધંધામાં હોંશિયાર કર્યા. આપનો અમારા પર મહાન ઉપકાર છે, હવે આપને આ કામ કરવા દેવું નથી. આપ ધંધામાંથી નિવૃત્તિ લો. ધર્મધ્યાન કરો. દીકરાઓ આટલું સંભાળવા તૈયાર હોય છતાં બાપાઓને મોહ છૂટતો નથી. તેમને ધુંસરીએ જોડાવું ગમે છે. તે કહે-બેટા ! તું હજુ નાનો છે માટે મારે હમણાં નિવૃત્તિ લેવી નથી. પોતાની વૃત્તિઓ જીતાણી નથી એટલે દીકરાને કહે છે કે તું નાનો છે. તને સમજણ ન પડે પણ યાદ રાખજો કે સંપત્તિ મળવી એ પુણ્યની કમાણી છે. દીકરાના ભાગ્યમાં હશે તો તમે જશો કે નહિ જાવ તો પણ મળવાનું છે, પણ હવે દીકરો તમને કહે છે તો પાપથી નિવૃત્તિ લો. પાપથી અટકો અને ધર્મની પ્રવૃત્તિ કરો. ધર્મ જીવનમાં શું કામ કરે છે ?

પ્રવચન સાંભળતા પાપનો થયેલો પસ્તાવો : એક વાર એક સાળવી ગુરૂદેવનું વ્યાખ્યાન સાંભળવા આવ્યો. ગુરૂદેવ તો ઉપદેશ આપે છે. ઘણાં શ્રોતાઓ વ્યાખ્યાન સાંભળે છે. આ સાળવી પણ સાંભળે છે. સાળવી જેમ જેમ સાંભળતો જાય છે તેમ તેમ તેની આંખમાંથી દડ દડ આંસુ પડે છે. તે વ્યાખ્યાન સાંભળતો જાય ને રડતો જાય. સંત વ્યાખ્યાન આપે એટલે એમની દૃષ્ટિ તો શ્રોતાઓ પર પડે. તે શ્રોતાઓના મુખ પરથી સમજી જાય કે આ એક ચિત્તે પ્રેમથી સાંભળે છે કે તેનું મન ચંચળ છે. વ્યાખ્યાન પૂરું થયું એટલે પાંચ દશ મિનિટમાં બધા વિખરાઇ ગયા પણ આ સાળવી બેસી રહ્યો. ગુરૂદેવે પૂછયું-ભાઈ ! તું આટલો બધો રડે છે કેમ ? આ મનુષ્યજીવન મળ્યું છે તો અહિંસા આદિ ધર્મ પાળે છે કે નહિ ? બંધુઓ ! આ શરીરની બબર લેનારા સ્વજનો ઘણાં મળશે પણ આત્માની બબર લેનારા ગુરૂદેવો જલ્દી નહિ મળે. તમે દર્શન કરવા જશો ત્યારે એ ધનની કે પુત્ર પરિવારની કોઇ વાત નહિ પૂછે પણ ધર્મધ્યાનમાં કેટલા આગળ વધ્યા તે પૂછશે. તમારા બંગલા, મોટરથી મુનિ પ્રસન્ન નહિ થાય પણ તમારી આરાધનાની પ્રગતિ જાણીને એ ખુશ થાય. ગુરૂદેવે સાળવીને પૂછયું-ભાઈ ! તું શા માટે આટલું બધું રડે છે ? ત્યારે સાળવીએ કહ્યું-ગુરૂદેવ ! મારું શું થશે ? આટલું બોલતાં તો જાણે તેના માથે આભ તૂટી પડયો હોય એવું એને થયું. મારા માટે હવે કોઈ રસ્તો નથી. આપનું વ્યાખ્યાન સાંભળ્યા પછી તો મને ચેન પડતું નથી. મેં તો ખૂબ પાપ કર્યા છે અને હજુ કરી રહ્યો છું. આપે વ્યાખ્યાનમાં

સમજાવ્યું કે કયા કર્મના કેવા ફળ જીવને ભોગવવા પડે છે, આપે કર્મનું જે સ્વરૂપ સમજાવ્યું તે સાંભળતા મારો આત્મા કકળી ઉઠયો છે. હવે મારું શું થશે ? મારો ઉદ્ધાર કેવી રીતે થશે ?

મને જ્યાં જવાનું મન ત્યાં મુજને જવા દે નહિ
મારા કર્મો કઠણ કેવા મારી મુક્તિ થવા દે નહિ....મને

મારા કર્મો એવા કઠીન છે કે મારી મુક્તિ થવા દેતા નથી. તમે કેટલા વ્યાખ્યાન સાંભળ્યા. કયારે એવું થયું કે વ્યાખ્યાન સાંભળ્યા પછી આવાનું ન ભાવ્યું હોય કે નિરાતે ઊંઘ આવી ન હોય ! માની લો કે તમે ડૉકટર પાસે ગયા. ડૉકટરે કેન્સરના સ્પેશ્યાલીસ્ટને બતાવવાનું કહ્યું. હજુ ચોક્કસ ખબર નથી કે કેન્સર છે છતાં ભૂખ અને ઊંઘ ઊડી જાય. પાપ રૂપી કેન્સરના રોગોએ ચારે બાજુથી હુમલો કર્યો છે એવું વ્યાખ્યાનમાં સાંભળ્યા પછી ઊંઘ અને ભૂખ ઊડી જાય છે ખરી ?

સંતે દારૂ ત્યાગ માટે બતાવેલી 'ગંઠસી 'ની પ્રતિજ્ઞા : આ સાળવીએ એક વાર વ્યાખ્યાન સાંભળ્યું ને હીબકા ભરીને રડવા લાગ્યો. તેણે કહ્યું–ભગવાન ! મારા બધા પાપો મારી આંખ સામે દેખાય છે. તેના કટુ ફળ હું કેવી રીતે ભોગવી શકીશ ? એના વિચારો મગજમાં રમ્યા કરે છે. હવે હું આપની પાસે કરાર કરું છું કે દગા, પ્રપંચ, ઝઘડા, અન્યાય, અનીતિ આદી પાપો જીવનમાં કયારે પણ કરીશ નહિ. આ બધું તો છોડી શકીશ પણ મને દારૂનું વ્યસન છે તે છોડી શકું તેમ નથી. આપે સમજાવ્યું તે પ્રમાણે જો વ્યસન નહિ છોડું તો દુર્ગતિ છે અને છોડવા જાઉં તો એ વ્યસન કોઇ હિસાબે છૂટે તેમ નથી. મને તો આંખ સામે નરક દેખાય છે. નરકની વેદનાને હું કેવી રીતે ભોગવીશ ? મારું શું થશે ? આ પાપ મને કયાં લઇ જશે ? ગુરૂદેવ કહે–ભાઇ ! તું દારૂ કેવી રીતે પીવે છે ? ગુરૂદેવ ! દારૂને તો મારી સાથે લઇને ફરું છું. તરસ લાગે ને પાણી પીએ તે રીતે હું થોડી વાર થાય એટલે પી લઉં છું. જો દારૂ પીવામાં થોડી વાર લાગે તો મારી નસે નસો તૂટી જાય ને હું મરી જઈશ એવું થાય છે. કોઇ સંયોગમાં હું છોડી શકું તેમ નથી. મારા પાપો મને ડંખે છે. મેં આપની પાસે મારું પાપ ખુલ્લું કરી દીધું છે. સંત કહે–ભાઇ ! તું એમ કર. તું 'ગંઠસી' ની પ્રતિજ્ઞા લે. એક સૂતરની દોરી રાખવાની. તારે કંઇ પણ મુખમાં નાંખવું હોય ત્યારે ગાંઠ છોડીને નાંખવાનું, પછી ગાંઠ વાળી દેવાની. આટલો નિયમ હશે તો તું પળે પળે મુખમાં કાંઇ નહિ નાંખે. સાળવીને થયું. આ નિયમ લેવામાં શું વાંધો છે ? ગમે તેટલી વાર ખાવાપીવાનો વાંધો નથી. માત્ર દોરીની ગાંઠ મારવાની અને છોડવાની. તેણે કહ્યું–ગુરૂદેવ ! આ નિયમ મને આપો. હું તેને બરાબર પાળીશ. સાળવીએ નિયમ લીધો. નિયમનું બરાબર પાલન કરે છે. દારૂ પીને ગાંઠ મારે અને પીવાનું મન થાય ત્યારે છોડે છે.

પ્રતિજ્ઞા પાલન માટે દેહત્યાગ અને મળેલ દેવગતિ : ગુરૂ ભગવંત તો વિહાર કરીને બીજે ગયા. નિયમનું પાલન કરવામાં સાળવીને એક દિવસ કસોટી આવી. દારૂ પીને એવી ગાંઠ મારી કે કોઈ હિસાબે છૂટતી નથી. સરકડા ગાંઠને બદલે મડા ગાંઠ લાગી ગઈ ઉકેલી ઉકલે જ નહિ. તેને દારૂ પીવાનું મન થયું. અડધો કલાક થયો ત્યાં તો દારૂ વગર એની નસેનસો ખેંચાવા લાગી. ચેન પડતું નથી. જીવ ગભરાવા લાગ્યો. તેની હાલત તો ગંભીર થઈ ગઇ. બધા ભેગા થઈ ગયા. તેમણે કહ્યું-તું દારૂ પી લે ને. ના. મારે ગાંઠીનો નિયમ છે. તે છૂટે તો પીશ, અને નહિ છૂટે તો નહિ પીઉં. સગાવહાલા કોઈ જૈન ધર્મને સમજતા નથી. તેઓ કહે તારી બાધાને હમણાં બાજુમાં મૂકી દે. ના. એ તો નહિ બને. ગાંઠ છૂટે તો જ પીશ. નહિ છૂટે ને મરી જવાશે તો કબૂલ પણ ગુરૂ પાસે લીધેલો નિયમ તો છોડીશ નહિ. તે પ્રતિજ્ઞામાં ખૂબ દઢ રહ્યો. એક વાર મરવાનું તો છે જ. એ રીતે નિયમમાં દઢ રહ્યો. ત્યાં તેના પ્રાણ ઉડી ગયા ને મરીને દેવ થયો. નરક ગતિમાં જવા યોગ્ય કર્મો તેણે કર્યા હતા પણ એક સામાન્ય નિયમે તેને દેવગતિમાં મોકલી દીધો. પાપનો પશ્ચાતાપ અને એક નિયમે તેને નરકને બદલે દેવગતિ અપાવી.

સાક્ષાત્ દેવરૂપ પ્રગટ કરી પ્રતિજ્ઞાનો બતાવેલ પ્રભાવ : દેવગતિમાં ગયા પછી અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુએ છે હું દેવ કેવી રીતે થયો ? ગુરૂદેવ મને મળ્યા ન હોત અને નિયમ આપ્યો ન હોત તો મારી ગતિ શી થાત ? નરકમાં જવાને બદલે દેવગતિમાં આવ્યો એ બધો પ્રભાવ ગુરૂદેવનો છે. તરત તે મનુષ્યના રૂપમાં ગુરૂદેવ પાસે આવે છે અને ગુરૂદેવને વંદન કરે છે, ગુરૂદેવ પૂછે છે ભાઈ ! તું કોણ. તરત સાક્ષાત્ દેવરૂપ પ્રગટ કર્યું ને કહ્યું-હું તમારો સાળવી. આપે મને ગાંઠનો નિયમ આપ્યો હતો. એક દિવસ ગાંઠ છૂટી નહિ પણ હું તેમાં મક્કમ રહ્યો તો મરીને દેવ થયો. આવી વાત સાંભળીને પાપથી પાછા વળો. સાળવીને ગમે તેવી કસોટી થઈ. પ્રાણ ગયા પણ નિયમથી ચલિત ન થયો. ધર્મ બરાબર જાળવી રાખ્યો તો દેવ થયો. ધર્મનો પ્રભાવ અલૌકિક છે.

કુટુંબ પાસે રજુઆત કરતા આનંદ શ્રાવક : ધર્મ પામેલા આનંદ શ્રાવકે સંસારના આરંભ સમારંભથી છૂટવા માટે મોટા પુત્રને બધી જવાબદારી સોંપીને પૌષધ-શાળામાં જવાનો વિચાર કર્યો, તેથી બીજે દિવસે મિત્રવર્ગ તથા કુટુંબીજનોને બોલાવીને વાત કરી અને કહ્યું-અત્યાર સુધી સંસારમાં મેં શ્રાવક ધર્મનું પાલન કર્યું છે પણ આ રીતે રહેવાથી મારી સાધના બરાબર થઈ શકતી નથી, તેથી હું મારા જ્યેષ્ઠ પુત્રને બધો ભાર સોંપીને પૌષધશાળામાં જઈને ભગવાનની પાસે સ્વીકારેલા ધર્મનું પાલન કરું. આનંદ શ્રાવકે જે બધાને બોલાવ્યા તે બધાને સારા સારા ભોજન જમાડયા. જમ્યા પછી મુખવાસ આપ્યા. તે ઉપરાંત બધાને સારા વસ્ત્રો, માળા આદિ વસ્તુઓ ભેટમાં આપીને તેમનો ખૂબ સત્કાર કર્યો. બધાને બોલાવીને જમાડયા એટલું નહિ પણ ખાલી

હાથે પાછા ન મોકલ્યા પણ બધાને ભેટો આપી.

ત્યાર પછી તે બધાની વચ્ચે પોતાના જ્યેષ્ઠ સૌથી મોટા પુત્રને બોલાવીને કહ્યું– બેટા ! આ વાણિજ્ય ગામમાં હું રાજા, તલવર, શેઠ, સેનાપતિ તથા કુટુંબીજનોને માટે આધારભૂત છું. તે બધા દરેક કાર્યોમાં મને પૂછવા માટે મારી સલાહ લેવા માટે આવે છે તેથી જે રીતે ધર્મનું પાલન કરવું જોઇએ તે રીતે થઇ શકતું નથી. હવે તું મોટો થયો છે. દુકાનનો તથા ઘરનો બધો ભાર ઉપાડે તેવો તૈયાર થયો છે, એટલે હવે કુટુંબના પાલન પોષણની જવાબદારીનો ભાર તને સોપું છું અને હું આ સંસારના આરંભ સમારંભથી નિવૃત્ત થવા માગું છું. આનંદ શ્રાવકની બધી વાત સાંભળીને જ્યેષ્ઠ પુત્રે વિનયપૂર્વક તેને 'તહત્તિ' કહીને વધાવી લીધી. આપ કહો છો તે પ્રમાણે તમારું કામ સારી રીતે કરીશ. આપની જેમ ન્યાય, નીતિ અને પ્રમાણિકતાથી જીવન જીવીશ. સદાય સત્ય માર્ગનું આચરણ કરીશ. આપના આપેલા સંસ્કારોને હું જીવનમાં બરાબર ટકાવી રાખીશ. જેના માતાપિતા સંસ્કારી હોય, ધર્મના રંગે રંગાયેલા હોય તેના સંતાનોમાં એ વારસો આવ્યા વિના રહે નહિ. આનંદ શ્રાવકનો પુત્ર પણ સંસ્કારી છે તેણે પિતાની આજ્ઞાને માથે ચઢાવી અને વિનયપૂર્વક શિરોમાન્ય કરી.

ત્યાર પછી તે આનંદ શ્રાવકે મિત્ર, જ્ઞાતિબંધુ આદિની સમક્ષમાં જ્યેષ્ઠ પુત્રને કુટુંબ વિષે સ્થાપિત કર્યો અને કહ્યું–હે દેવાનુપ્રિયો ! આજથી ગૃહવ્યવસ્થા સંબંધી, ઘરના કામકાજ સંબંધી, વ્યવહાર સંબંધી, કોઈ વાતમાં મને પૂછવા કે મારી સલાહ લેવા આવશો નહિ. રાજ્ય સંબંધી, જ્ઞાતિ સંબંધી કોઇ પણ કામમાં મને પૂછશો નહિ. સારા કે ખોટા કામમાં હું હવે માથું મારીશ નહિ. હું સંસારના પાપોથી સર્વથા છૂટવા માંગું છું. સારા કામોમાં હું હર્ષ મનાવીશ નહિ અને ખોટા કામોમાં શોક કરીશ નહિ. કેટલી બધી મમતા છૂટી હોય ત્યારે આટલા ઊંચા ભાવ આવે અને કરી પણ શકે. બાકી મમતા છોડવી સહેલી નથી.

ઓ પંખી રે....બાંધે શું મમતાના માળા (૨) ઉડી જનાર છું માળો મૂકીને

જ્યાં જીવ ગયો ત્યાં એણે મમતાના માળા ઉભા કર્યા છે. એક સુખી કુટુંબ હતું. બધા સારી રીતે ધર્મધ્યાન કરતા હતા. માતાપિતાને ત્યાં સંપત્તિ અઢળક હતી. એકનો એક લાડકવાયો, વહાલસોયો દીકરો હતો એટલે માતાપિતાએ એને સુખી કરવા પાછળ પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાંખ્યું હતું. માતાપિતાના મનમાં મોટી આશા હતી કે એક દીકરો છે તો તે અમારો ધનનો અને ધર્મનો વારસો સાચવશે. માનવીની ઇચ્છાઓ આકાશ જેટલી હોય છે અને જિંદગી તણખલા જેવી નાની છે. સંસારમાં બધા દિવસો કોઈના સરખા જતા નથી. માનવ જાત અજંપો, અશાંતિ, અને દુઃખના ત્રિભેટે હંમેશ માટે આથડતી રહી છે. એના જીવનમાં શાંતિ, સુખ તો અલ્પ હોય છે. દુઃખ, અશાંતિ પ્રાયઃ એના કર્મમાં લખાયેલા હોય છે.

માતાપિતાની છાંયડી ગુમાવતો નિખિલ : આ છોકરાનું નામ નિખિલ હતું. તે પાંચ વર્ષનો થયો ત્યાં એની માતા માંદી પડી. આઠ દિવસની બિમારીમાં માતા મરી ગઇ. છોકરો ખૂબ રડે છે. પિતા તેને છાનો રાખે છે. બેટા ! તું રડીશ નહિ. હું તો છું ને ? હું તને માતાની જેમ સાચવીશ. બાપ દીકરો બંને રડે છે. દિલમાં ખૂબ આઘાત છે. હજુ તો દીકરાની આંખમાં આંસુ સૂકાયા નથી ત્યાં પિતા માંદા પડયા અને તે પણ બે દિવસની બિમારીમાં ચાલ્યા ગયા. મા-બાપ બંને ચાલ્યા ગયા એટલે છોકરો તો ચોધાર આંસુએ રડે છે. નિખિલ તો નોંધારો બની ગયો. માતાપિતા બંનેમાંથી એક ચાલ્યા જાય તો પણ છોકરા દુઃખી થઈ જાય છે તો જેના મા-બાપ બંને ચાલ્યા જાય એના દુઃખની તો વાત જ શી કરવી ? ભલે રોટલી ને દાળ ખાવા મળતાં હોય છતાં માબાપ હોય તો બેટા કહીને વહાલભર્યો હાથ ફેરવે. નિખિલ માબાપ વિનાનો થઈ ગયો. ઘણાં સગાવહાલાઓ સગપણ કાઢીને આવ્યા. દૂરદૂરના સગાઓ નિખિલને સાચવવા પોતાની ઓફર મૂકવા લાગ્યા. ઓફર નિખિલને સાચવવાની નહિ પણ નિધાન સાચવવાની હતી. મધપૂડો હોય ત્યાં માખીઓ દોડી આવે તે રીતે ઘણાં માણસો આવ્યા. ડાહ્યા માણસો સમજી ગયા કે આ બધા ધન માટે દોડીને આવ્યા છે, જો ધન ન હોત તો કોઈ સગું થવા ન આવત. આ પાંચ વર્ષના બાળકને જ્ઞાન નથી કે મારા બાપની મિલકત કેટલી છે. બધાએ ભેગા થઇને નિખિલને મામાને ત્યાં રાખવાનું નક્કી કર્યું.

બહારથી પ્રેમ, અંદરથી કપટ : મામા મામી નિખિલને સારી રીતે ઉછેરે છે. ભાણાભાઇ શું બોલ્યા અને શું બોલશે ? નિખિલ બહાર રમતો હોય તો તેને ઉંચકી લે મહોલ્લાવાળા બધા જાણે કે મામા મામી ભાણાને કેવો સરસ સાચવે છે. જમવાનો ટાઈમ થાય એટલે બધા જાણે તે રીતે બૂમ પાડે કે ભાણાભાઇ ! રોટલી ગરમ થાય છે ચાલો જમવા. સમય પસાર થતાં નિખિલ ૧૫ વર્ષનો થયો. ડાહ્યા માણસો નિખિલને કહેતા નિખિલ ! તું ધ્યાન રાખજે. આ બધા તારા પૈસા પચાવી ન પાડે. નિખિલના ઘણા પૈસા મામાના ઘરમાં આવી ગયા. નિખિલના બાપની દુકાન તે સંભાળે છે, હવે મામી મામાને કહે છે કે મારા દીકરાને હું સાચવી શકતી નથી. ત્યાં આ પારકી વેઠ ક્યાંથી લાવ્યા ? આ શબ્દો સાંભળતા નિખિલ સમજી ગયો કે હવે શરૂઆત થવા લાગી. મામા કહે તું હમણાં બોલીશ નહિ. હજુ બધું આવી ગયું નથી. થોડું બાકી છે. તું વેઠ બોલીશ નહિ. મામાએ તો બધી મિલકત ખેંચી લીધી. દુનિયાને તે એમ કહેતા કે મારે મારા ભાણા માટે બધું કરી છૂટવાનું છે. મારા ઘર સામું નહિ જોઉં પણ ભાણાને સુખી કરીશ. એ યોગ્ય ઉંમરનો થાય પછી બધું એને સોંપી દેવાનું છે.

નિખિલની મિલકતને હજમ કરતા મામા મામી : મામાના બોલવાના શબ્દો જુદા હતા અને વર્તન તદ્દન જુદું હતું. માયાવીને કોણ પહોંચી શકે ? ધીમે ધીમે સુરંગ ચાંપનાર મામાને બધા સારી રીતે ઓળખતા હતા. જે જાણતા ન હતા તે એને 'દયાના દેવ' માનતા હતા. એક દિવસ મામાએ નવો પેંતરો રચ્યો. પેઢીમાંથી

મુદ્દામાલ ઘર ભેગો કરી દીધો અને પેઢી પર નિખિલના પિતાના નામનું જે પાટિયું હતું તે પણ કાઢી નાંખ્યું. લાખોની મૂડી હજમ કરી જનાર મામાએ બધાને એવી વાત કરી કે નિખિલના પિતા કેટલા કરજદાર હતા. તેમનું બધું દેવું મેં ચૂકતે કરી દીધું છે. તેમની બધી મૂડી સાફ થઇ ગઈ. નિખિલને તેના પિતાનો એક પૈસો ન બતાવ્યો. હવે તો નિખિલ જમવા બેસે તો પણ વેરોવંચો થવા લાગ્યો. મામી રોજ કકળાટ કરવા લાગી. નિખિલને કાંઈ કહીએ તો સામો થઈ જાય છે. જેમ તેમ બોલવા લાગી. એક દિવસ નિખિલને કહે છે કે અમારે ત્યાં રહી ખાઈપીને અલમસ્ત થયો છે અને અમારા સામો થઈ જાય છે. ઘરબાર નીકળી જા. મામા મામીએ નિખિલને બહાર કાઢ્યો.

નિખિલે મામા સામે કરેલો કેસ : નિખિલ હજુ ૧૮ વર્ષનો હતો. ભણવામાં ખૂબ હોંશિયાર હતો. પોતાની પાસે તો પૈસો છે નહિ પણ લોકોની રહેમ દૃષ્ટિ ખૂબ હતી. તેને ભણવામાં સ્કોલરશીપ મળતી અને ટયુશન કરતો. તે રીતે પોતાની આજીવિકામાં વાંધો આવતો ન હતો. તે ૨૦ વર્ષનો થયો. હવે તેને પોતાની સ્થિતિનો બધો ખ્યાલ આવી ગયો. તે હોંશિયાર અને ભણેલો હતો. તેણે વકીલની સલાહ લીધી. મામા સામે કેસ કર્યો. નિખિલના પક્ષમાં જામીન રહેનારા ૨૦-૨૫ ઊભા થયા જ્યારે મામાના પક્ષમાં કોઈ ન હતું; નિખિલનું પુણ્ય જોર કરતું હતું અને મામાના પાપનો ઘડો ભરાઇ ગયો હતો. નિખિલ વેરનો બદલો લેવા તલસી રહ્યો હતો. મામાએ પોતાની જે દશા કરી લાખોની મૂડી પચાવી પાડી છે એમને બરાબર બોધપાઠ આપવો જોઈએ. જેથી બીજા પણ આવું કરતાં અટકી જાય, છેવટે મામા જેલમાં જાય એ સ્થિતિ આવી ગઈ. બીજાની પાયમાલી કરી જે સંપત્તિ મેળવી હોય તે કેટલો ટાઈમ ટકી શકે ? કહેવાય છે કે અનીતિનું ધન વધુ ૧૦ વર્ષ સુધી રહે અને પછી જાય ત્યારે પોતાની મૂડી પણ સાથે લઈને જાય.

ખાસ કામ છે માટે મારે જવું જોઈએ : એક વાર નિખિલ મામાના ઘર પાસેથી નીકળ્યો. તેણે મામાના ઘર સામે નજર કરી તો બધાના મુખ ઉદાસ થઈ ગયા છે, આથી નિખિલને આનંદ થયો. મામાના કેસનો કાલે ચુકાદો આવવાનો છે. ચુકાદામાં તેમને જેલ મળવાની છે. તેના આગલા દિવસે નિખિલને રસ્તામાં એક સંત ભેટી ગયા. નિખિલ કોલેજમાં ભણતો હતો ત્યારે આ મુનિનો પરિચય થયેલો. ત્યાગી, તપસ્વી, ક્ષમામૂર્તિ આ મુનિના જીવનથી તે ખૂબ પ્રભાવિત બન્યો હતો. સંતને જોતાં નિખિલે વંદન કર્યા. ગુરૂદેવ ! આપ અહીં પધાર્યા છો ? હા. નિખિલ ! મારે તારું ખાસ કામ છે માટે તું ઉપાશ્રયે આવજે. 'ખાસ કામ' એ શબ્દ આજે જાણે જુદી રીતે બોલ્યા હોય એવું દેખાતું હતું. સંત ઉપાશ્રયે ગયા. નિખિલ ઘેર આવ્યો. તેના મનમાં થયું કે સાધુને ખાસ કામ ન હોય છતાં આજે ગુરૂએ મને કહ્યું કે નિખિલ ! મારે તારું ખાસ કામ છે માટે તું જેમ બને તેમ વહેલો આવજે, તો મારે આજે જ જવું જોઈએ.

સંતની શિખામણ સાંભળતો નિખિલ : નિખિલ ઉપાશ્રયે ગયો ત્યારે સંત

ગૌચરી કરીને આવ્યા હતા. સંતને થયું નિખિલ અત્યારે આવ્યો છે તો ગૌચરી ભલે થોડી વાર પડી રહે, પહેલા એની સાથે વાત કરી લેવા દે. નિખિલના મનમાં થયું કે એટલું બધું ખાસ કામ શું હશે કે ગૌચરી મૂકી રાખીને વાત કરવા માટે બેઠા. મહારાજે કહ્યું–નિખિલ! હું તને એક વાત કરું? તને બોટું તો નહિ લાગે ને? નિખિલે કહ્યું– ના. ગુરૂદેવ! આપ તો લાગણી અને પરોપકારથી મને કહો છો. સંતો માયાકપટ ન કરે. જે કરે તે સંત નહિ. સંતો જે કાંઈ કહે તે નિખાલસ ભાવે કહે- ગુરૂદેવ! આપને જે કહેવું હોય તે કહો. સંતે કહ્યું–તારા માતાપિતા ગુજરી ગયા પછી તને મોટો કોણે કર્યો? મામા મામીએ. તેમને ત્યાં કેટલા વર્ષ રહ્યો? ૧૩ વર્ષ. અત્યારે કયાં રહે છે? મારા મકાનમાં. મારા મામા અને મામીએ મને કાઢી મૂકયો. સંતે કહ્યું– તને શું થયું? ગુરૂદેવ! તમને સંસારની વાત શી કરું? તમારે ખાસ કામ હોય તે મને કહો ને. નિખિલ! મારે તને એક વાર બધી વાત પૂછવી છે. નિખિલે કહ્યું–ગુરૂદેવ! મારા મામા મામીએ મારી બધી સંપત્તિ પચાવી પાડી છે તેથી મેં તેમની સામે કેસ કર્યો છે. તેનો ચુકાદો કયારે આવવાનો છે? આવતી કાલે. તેનું પરિણામ તને કેવું દેખાય છે? મામાને જેલના સળિયા ગણવા પડશે એવું લાગે છે. મારી બધી મિલ્કત પાછી આવશે. મારા મામા હવે ફફડી ઉઠયા છે.

આ કોર્ટ અને કર્મની કોર્ટના ચૂકાદા કોઇ જુદા જ હોય : સંતે કહ્યું– નિખિલ! પૈસો કોઈ દિવસ કોઈનો થયો નથી, થવાનો નથી અને થશે પણ નહિ. યાદ રાખજે. લક્ષ્મી તો અનર્થનું મૂળ છે. આજે દુનિયામાં વેરઝેર, ઝઘડા, કલેશ જે બધું થાય છે તે પૈસાને આભારી છે. તારા મિત્ર પરેશનું શું થયું એ તો તને ખબર છે ને? હા. પરમ દિવસે ગુજરી ગયો. તેને શું થયું હતું? મારા જેવું થયું હતું. તેની બધી સંપત્તિ કાકાના દીકરાઓએ પચાવી લીધી હતી. કોર્ટમાં કેસ ગયો. પરેશ જીતી ગયો. તેની બધી મિલ્કત તેને મળી ગઈ અને બીજે દિવસે મરણ પામ્યો. નિખિલ! મળેલી સંપત્તિને પણ તે ભોગવી ન શકયો અને પરલોકમાં રવાના થઈ ગયો, આ કોર્ટમાં ચુકાદો આવશે પણ કર્મની કોર્ટના ચુકાદા તો કોઇ જુદા જ હશે. તારા મામાએ અન્યાય, અનીતિ કર્યા હશે એ હું કબૂલ કરું છું. અમે જોયું નથી. સમાજ કહે તે સાંભળ્યું છે; પણ આ રીતે કરવાથી વેર વધશે કે ઘટશે? અત્યારે તું એને શત્રુની દૃષ્ટિથી દેખે છે અને તારા મામા તને શત્રુની દૃષ્ટિથી જુએ છે. કેસ લડીને તારી મિલ્કત પાછી મેળવીશ અને મામાને જેલ અપાવીશ એમાં તારું વેર વધવાનું છે. તું માનતો હોઈશ કે હું મામાને બરાબર બોધપાઠ આપી રહ્યો છું પણ અનેકોની 'આહ' ઉપર ઊભી કરાયેલી સુખની ઇમારત કેટલો ટાઇમ ટકી શકશે? વેરની વસૂલાત કદી વેરથી થતી નથી પણ ક્ષમાથી થાય છે. તેં જો ક્ષમા રાખી હૈયાને વિશાળ બનાવ્યું હોત તો તારા જીવનમાં શાંતિના દીવડા ઝગમગતા હોત. કદાચ તને સંપત્તિ મળી જાય તો તું લખાણુ કરી આપે છે કે એ મિલ્કત ભોગવ્યા પછી હું મરીશ. એ સંપત્તિ સાથે તું

સદા માટે રહી શકીશ ખરો? સુખની માનેલી ઈમારતો કકડભૂસ થતાં વાર લાગતી નથી. માનવી લોભામણા સુખો તરફ આંખ ફાડીને બેઠો છે પણ એ સુખો તેને દગો દઈને ચાલ્યા જાય છે. એ વાતને નિખિલ તું કેમ ભૂલી જાય છે? તને લાગે છે કે મામાએ મને દગો કર્યો, વિશ્વાસઘાત કર્યો છે તેથી મામાને જેલ અપાવું છું પણ નિખિલ! આ બધું તને શોભે છે?

વેરના સ્થાને વૈરાગ્ય : નિખિલ કહે, ગુરૂદેવ! તો હું શું કરું? તું સમજી જા. એક જ શબ્દમાં કહું તો ક્ષમા એ તારો ધર્મ છે. તું આ સંપત્તિ મેળવીશ પણ તારા અંતરમાં અજંપો ચિરસ્થાયી બનશે. તે તને સુખેથી જીવવા નહિ દે. તું સ્વાર્થના માર્ગથી પાછો ફર એ જ મારી મોટી હિતશીક્ષા છે. આ રીતે કરવાથી બંને વચ્ચે વેરની પરંપરા ચાલુ થશે. આ 'ખાસ કામ' માટે મેં તને બોલાવ્યો હતો. તારી વાત હું જાણતો હતો. ગુરૂદેવના આત્મસ્પર્શી ઉદ્‌ગારો સાંભળતા નિખિલના મનમાં એક જબ્બર આંચકો લાગ્યો. એને સમજાઈ ગયું કે જે સંપત્તિને મેળવવા હું તલસી રહ્યો છું વેરની આગ વધારી રહ્યો છું તેનાથી મને લાભને બદલે નુકશાન થવાનું છે. તેણે કહ્યું–ગુરૂદેવ! આપે કહ્યું તે બધું સાચું છે પણ આ બધું સંસારમાં રહીને બની શકે તેમ નથી. આ માટે તો બધી સંપત્તિનો ત્યાગ કરી સંયમ લઉં તો જ બની શકે. હવે હું મારો કેસ પાછો ખેંચી લઉં છું. સંતની વાણીની નિખિલ ઉપર જાદુઈ અસર થઈ. તે ત્યાંથી ઉઠીને મામાને ઘેર જઈ મામા મામીના પગમાં પડયો. મામા મામી તમે મારા મહાન ઉપકારી છો. હું આપને ખમાવું છું. મારે પૈસા જોઈતા નથી. મારો કેસ પાછો ખેંચી લઉં છું એકાએક નિખિલના જીવનપલ્ટાથી બધાને ખૂબ આશ્ચર્ય થયું. બીજે દિવસે કેસ પાછો ખેંચાઈ ગયો હતો. બંને વચ્ચે સમાધાન થઈ ગયું. વેરની આગ ભભૂકી ઉઠી હતી ત્યાં શાંતિના ઝરણા વહેવા લાગ્યા. નિખિલે લગ્ન કર્યા નથી. તેણે એ બધો મોહ છોડી દીધો. તેનું મન સંસાર પ્રત્યે ઉદ્વિગ્ન બન્યું. સંસારના ભાવો પ્રત્યે પૂરી નફરત જાગી. મામાને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

નિખિલે ગુરૂ પાસે જઈને સંસારના બંધનો છોડીને સંયમનો માર્ગ સ્વીકાર્યો. સંસારની સ્વાર્થજાળને તોડી નાંખી. એનો જીવનપલ્ટો જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. નિખાલસ દિલનો નિખિલ સાચો ત્યાગી બની ગયો. પોતાની મિલકત દગો કરીને પચાવી પાડી હતી તેથી નિખિલે મામા સામે કેસ કર્યો. કેસ તેની ફેવરમાં આવ્યો. બીજે દિવસે પોતાની બધી મિલકત મળી જવાની હતી અને મામાને જેલ મળવાની હતી છતાં ગુરૂદેવના એક શબ્દે એણે કેટલું છોડયું? તમામ સંપત્તિનો આ રીતે મોહ છોડવો સહેલો નથી. સંપત્તિ છોડી સાથે કષાય પણ છોડી. વેરની વણઝારને વધતી અટકાવી. આજે જીવો જરા પણ જતુ કરવા તૈયાર નથી, જ્યારે નિખિલે કેટલું જતુ કર્યું? અપરાધીના અપરાધની સામે પણ આંખ ઉંચી કરવાની ઈચ્છા ન જાગે ત્યારે જીવનમાં સાચી ક્રાન્તિ સધાય છે. તેનું જીવન ધન્ય બની જાય છે.

આનંદ શ્રાવકને પણ હવે બધા પ્રત્યેથી મમતા ઉતરી ગઈ છે, તેથી બધાથી મુક્ત થઈ પૌષધશાળામાં જવા તૈયાર થયા. પુત્રને બધી જવાબદારી સોંપી દીધી અને બધાને કહી દીધું કે હવે સંસારના કોઈ પણ કાર્યમાં મને પૂછવા આવશો નહિ. હું કોઇને જવાબ આપીશ નહિ, તેમજ મારા માટે અશન, પાન આદિ ભોજન સામગ્રી તૈયાર કરશો નહિ. હવે આનંદ શ્રાવક પૌષધશાળામાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આસો વદ ૮ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૧૦૦ : તા. ૫-૧૧-૮૫

અનંતજ્ઞાની ભગવંતે કર્મોની વિચિત્રતા સમજાવી છે. કર્મોના કારણે જીવો રસ્તામાં રખડતા ભિખારી બની જાય, ભીખ માંગવા છતાં ભિક્ષા ન મળે. જે સમ્રાટોની હાકે ધરતી ધ્રુજી ઉઠે, શત્રુઓના હાજા ગગડી જાય તેવા રાજાઓ, મહારાજાઓ અને સમ્રાટો જ્યારે કર્મો વિફરે છે ત્યારે રાંક, દીન અને ગરીબ બની જાય છે. પ્રાચીન ઇતિહાસમાં એવા અનેક રાજા, મહારાજાઓની વાતો આવે છે. કોઈની વાત વાંચતા તમારું દિલ દ્રવી ઉઠશે, કરૂણાથી છલકાઇ જશે ત્યારે કોઇની વાત વાંચતા તમને એવું થશે કે આ એવા જ લાગનો હતો. આ વાંચતાં ક્યારેય એવો વિચાર આવે છે કે જેનું નામ દુનિયાના દેશોદેશમાં ગાજતું હતું તેની આવી પડતી દશા શાથી થઈ ? રશિયામાં જે કુશ્ચેવ થઈ ગયો એનાથી અમેરિકાના માંધાતાઓ પણ ધ્રુજતા હતા. એના આગ ઝરતા શબ્દો વિશ્વના માનવીને બાળતા હતા. જેણે રશિયાના સ્ટાલીન અને લેનીન જેવા સમ્રાટોની કબરો ખોદી નાંખી હતી. એવા કુશ્ચેવનું એક રાતમાં પતન થઈ ગયું. એનું નામનિશાન ન રહ્યું. અમેરિકાના કેનેડી ક્ષણવારમાં ગોળીથી વીંધાઈ ગયા. આ પૃથ્વીના પટ ઉપર અનેક વાર જીવોના પતન અને વિનાશ થાય છે તેમાં કર્મો કામ કરી રહ્યા છે.

સારો યશ મળવો, નામના કે ખ્યાતિ મળવી, કીર્તિ, સત્તા, બળ મળવું એ બધા શુભ કર્મોના ફળ છે. એ શુભ કર્મોની કાળમર્યાદા હોય છે પણ તેને સામાન્ય માનવી જાણી શકતો નથી, તેથી તે માને છે કે આ બધું લાંબો સમય રહેશે પણ જ્યારે શુભ કર્મો પૂરા થઈ જાય છે અને અશુભ કર્મોનો ઉદય આવે છે ત્યારે વિકાસમાંથી વિનાશ, પ્રગતિમાંથી પતન, યશોકીર્તિને બદલે અપયશ મળે છે. અપયશ, નિર્બળતા અને અપકીર્તિ એ બધું અશુભ નામકર્મનું પરિણામ છે. હા, એટલું છે કે અશુભ કર્મોની સ્થિતિ પૂરી થતાં શુભ કર્મ ઉદયમાં આવી શકે છે. સાથે બીજી એ પણ વાત છે કે અશુભ કર્મોનો ઉદય ચાલુ હોય ત્યારે અમુક શુભ કર્મો પણ ઉદયમાં હોઈ શકે. જેમ કે યશ નામકર્મનો ઉદય હોય ત્યારે તેના પ્રતિપક્ષી અપયશ નામકર્મ ઉદયમાં ન આવી શકે પણ રોગીપણું કે જે અશુભ કર્મ છે તેનો ઉદય હોઈ શકે. કર્મો જ્યાં સુધી અનુકૂળ હોય છે ત્યાં સુધી ભલે જીવ ગર્વ કરે; પરંતુ જ્યાં કર્મોની વિષમતા પેદા થઈ ત્યાં જીવના ગર્વ ગળી જાય છે, માટે જ્યારે સુખદુઃખ આવે ત્યારે કર્મોનો વિચાર કરવો તો જીવને આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન થાય.

કર્મોના બંધનમાંથી મુક્ત થવાની જેને તાલાવેલી જાગી છે એવા આનંદ શ્રાવકે પોતાના ઘરનો બધો ભાર પોતાના જ્યેષ્ઠ પુત્રને સોંપ્યો. तए णं से आणंदे समणोवासए जेट्ठं पुत्तं मित्तं, नाइं आपुच्छइ २ त्ता सयाओ गिहाओ पडिणिक्खमइ २ त्ता वाणिय गामं नयरं मज्झं मज्झेणं निग्गच्छइ २ त्ता । પછી આનંદ શ્રાવક પોતાના મોટા પુત્ર, મિત્ર તથા જ્ઞાતિજનોની અનુમતિ લઈને ઘરની બહાર નીકળ્યા. વાણિજ્ય ગામ નગરની મધ્ય મધ્યમાં થઈને જ્યાં કોલ્લાક સંનિવેશ હતો, જ્યાં જ્ઞાતકુલ તથા જ્ઞાતકુલની પૌષધશાળા હતી ત્યાં પહોંચ્યા. પૌષધશાળાની ભૂમિનું પ્રતિલેખન કર્યું તેમજ ઉચ્ચાર પાસવણ ભૂમિનું પ્રતિલેખન કર્યું; પછી દાભના સંથારા પર બેસીને પૌષધ લઈને ભગવાન મહાવીરે બતાવેલા ધર્મનું પાલન કરવા લાગ્યા.

આજે જીવો ઘણી વાર વાતો મોટી મોટી કરે છે પણ આચરણ કરતા નથી. આનંદ શ્રાવકે બધાની સમક્ષ જેવી વાત કરી તેવું તરત આચરણ કર્યું. તેમણે સંસારની સર્વ પ્રવૃત્તિઓથી નિવૃત્તિ લીધી. શો કેશના રમકડાથી ભૂખ ન ભાંગે તેમ માત્ર વાતો કરવાથી કલ્યાણ ન થાય પણ આચરણમાં લઈએ તો કલ્યાણ થાય. ડૉકટરની પાસે દર્દીઓ આવે અને મિત્રો પણ આવે. મિત્રો કે વેપારીઓ ઓછા આવે અને દર્દીઓ ઝાઝા આવે. આ બંને જાતના માણસો ડૉકટર સાથે વાત કરશે પણ તેમની વાતોમાં, વિચારોમાં મતભેદ હશે. દર્દીઓ ડૉકટર પાસે પોતાના દર્દની વાત કરશે; મને આ રોગ થયો છે. તે જલ્દી મટે તેવી મને દવા આપો. ડૉકટર દર્દીની વાત સાંભળશે, તેના રોગનું નિદાન કરશે અને યોગ્ય દવા આપશે. મિત્રો કે વેપારી આવે છે તે ડૉકટરને મળવા અને વાતો કરવા માટે આવે છે. તે દુનિયાભરના વેપારની, ધંધાની વાતો કરશે. તે ડૉકટરની બાજુમાં બેઠા છે છતાં પોતાના રોગની વાત નહિ કરે. રોગ હોવા છતાં રોગની વાત ન કરે તો રોગ જવાનો નથી.

તમે કેવી રીતે જશો ? દર્દી રૂપે કે મિત્ર રૂપે : જ્ઞાની ભગવંતો આપણને એ સમજાવે છે કે ગુરૂ ભગવંતો ભાવરોગના ડૉકટર છે. તમે તેમની પાસે કેવી રીતે જાઓ છો ? દર્દી તરીકે કે મિત્ર રૂપે ? દર્દી બનીને કયારેય ગયા છો ખરા ? ગુરૂદેવો પાસે જઈને મનના કે આત્માના રોગોની વાત કરી છે ખરી ? વાત કરી તો હસતા હસતા કે રડતા રડતા ? તે રોગને દૂર કરવાની દવા માંગી છે ખરી ? જો દર્દી બનીને જશો તો તમારા ભાવરોગનું નિદાન થશે. તેમની પાસે દર્દની રજુઆત કરવી પડશે. હે ગુરૂ ભગવંત ! મારો આત્મા અનંતકાળથી જન્મમરણ કરી રહ્યો છે અને ચાર ગતિમાં રંટની માફક ફરી રહ્યો છે. હવે હું આ ભવભ્રમણના રોગથી કંટાળી ગયો છું. હવે મારે આ દર્દથી છૂટકારો લેવો છે. મને હવે કોઈ તૃષ્ણા, ઇચ્છા કે જિજ્ઞાસા નથી. આપ મને ભવનો રોગ મટે એવી ઔષધિ બતાવો. અનંતકાળથી જીવ રખડે છે તેનું કારણ એ છે કે તેને ભવરોગ હજુ ખટકયો નથી. તીર્થંકર કે કેવળી ભગવંત પાસે ગયા હશું પણ ભવરોગ મટાડવાની વાત કરી નથી. કદાચ વાત કરી હશે તો આચરણ કર્યું

નથી, તેથી સંસારમાં રખડી રહ્યો છે. જેને પોતાનો રોગ સાલે છે તે દૂર કરવા માટે ડૉકટર પાસે જાય છે. કદાચ ડૉકટરને કોઈ રોગ હોય પણ દર્દીને ડૉકટરનો રોગ દેખાતો નથી. તેની દૃષ્ટિ પોતાના દર્દ તરફ હોય છે. રોગી ડૉકટર પણ બીજાને નિરોગી બનાવી શકે છે પણ જે નિરોગી બનવા જાય તેને નિરોગી બનાવે પણ ગામગપાટા મારવા જાય તેને નિરોગી કેવી રીતે બનાવી શકે ? તમે સંતો પાસે વાતો કરવા આવો છો કે રોગ મટાડવા ? વીતરાગની આજ્ઞામાં વિચરતા સાચા સંતો મળ્યા છે તો રોગીમાંથી નિરોગી બની જાવ અને સાચા સુખને પામી જાવ.

ઓ ગુરૂજી રે.... ચીંધોને સુખની કેડી (૨)
દુનિયાને ભૂલીને, ધર્મ કરીને, લેવી છે મુકિતની મેડી....ચીંધોને સુખની

જ્યારે ભવરોગ ખટકશે ત્યારે આત્મા પોકાર કરશે; હે ગુરૂદેવ ! આપ મને સુખની કેડી બતાવો. હવે મને બીજું કાંઈ નથી જોઈતું. હું ખૂબ ભટકયો છું. હવે મને આત્માની ભૂખ લાગી છે, જ્યારે ભવ ખટકશે ત્યારે આત્મા પાપથી અટકશે. પાપથી અટકશે ત્યારે ભવરોગમાંથી મુક્તિ મેળવશે.

પાપથી સર્વથા અટકવા માટે આનંદ શ્રાવક પૌષધશાળામાં ગયા. ભૂમિ આદિનું પ્રતિલેખન કરીને દાભનો સંથારો કર્યો. બેસવાનું આસન પણ દાભનું બનાવ્યું. દેવાનુપ્રિયો ! જેને ત્યાં કેટલી સંપત્તિ હતી. મશરૂની રજાઈમાં સૂનારા આજે દાભની પથારીમાં સૂવા તૈયાર થયા. દેહનો રાગ કેટલો છૂટયો હશે ત્યારે આટલું બધું છોડી શકે ? આનંદ શ્રાવક પૌષધશાળામાં એકલા છે છતાં તેમને હવે એવું નથી લાગતું કે હું એકલો છું. જેને આત્માનો રંગ લાગે તે બધાની વચ્ચે રહેવા છતાં હું એકલો છું એમ ચિંતન કરે. આ જગતમાં મારું કોઈ નથી. હું કોઈનો નથી. હું એકલો આવ્યો છું ને એકલો જવાનો છું. જ્યારે એકલો હોય ત્યારે મનમાં એમ વિચારે કે હું એકલો નથી. મને, મારી ભૂલને જોવાવાળા અનંતા સિદ્ધ ભગવંતો, તીર્થંકર ભગવંતો અને કેવળી ભગવંતો છે. આ રીતે આનંદ શ્રાવક પૌષધશાળામાં પૌષધ લઈને ધર્મચિંતનમાં લીન બની ગયા અને ભગવાને બતાવેલ ધર્મપ્રજ્ઞપ્તિ એટલે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધના કરવા લાગ્યા, ત્યાર પછી આનંદ શ્રાવક શ્રાવકની ૧૧ પડિમા ધારણ કરીને રહેવા લાગ્યા. તેમાં પહેલી છે દર્શન પડિમા.

અભિગ્રહ વિશેષને પડિમા કહે છે. દર્શનનો અર્થ છે શ્રદ્ધા અથવા સમ્યક્ દૃષ્ટિ. આત્મ ઉત્થાન માટે પહેલા સમ્યક્ દૃષ્ટિ એટલે સમ્યક્ત્વની જરૂર છે. દર્શનપડિમાનો અર્થ એ છે કે દેવ અરિહંત, ગુરૂ પંચ મહાવ્રતધારી ગુરૂ અને કેવળી પ્રરૂપિત ધર્મ તેમાં ~~દૃઢ વિશ્વાસ~~, દૃઢ શ્રદ્ધા, શંકા, કંખા આદિ પાંચ અતિચાર રહિત સમ્યક્ત્વનું પાલન કરવું તે પહેલી દર્શન પડિમા. આ પડિમા એક માસની હોય છે. આનંદ શ્રાવક ઘરમાં હતા ત્યારે સમ્યક્ત્વ અંગીકાર કરતા રાજા, ગણ, માતાપિતા આદિના આગ્રહથી કંઈક

કરવું પડે તો તેની છૂટ રાખી હતી પણ હવે પડિમા ધારણ કરી એટલે કોઈ જાતના આગાર રહિત સમ્યક્ત્વનું પાલન કરે છે. એ રીતે સમ્યક્ત્વનું પાલન કરતાં દેવ, માનવ કે તિર્યંચના ઉપસર્ગો આવે તો શ્રદ્ધાથી જરા પણ ચલિત ન થાય અને તેમના માર્ગમાં આગળ પ્રગતિ કરતા રહે. તે ક્રિયાવાદી, અક્રિયાવાદી નાસ્તિક મતો તેમજ બધા દર્શનોના મતોને સારી રીતે જાણીને વિધિપૂર્વક સમ્યક્ત્વનું પાલન કરે. દુનિયામાં બે જાતના જીવો છે. આસ્તિક અને નાસ્તિક. જીવાદિ પદાર્થોમાં અસ્તિત્વની મતિ રાખે છે એટલે તેનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે છે તે આસ્તિક કહેવાય છે. તેનો આત્મા ધર્મના રંગે રંગાઇ ગયા છે. તે સમકિતના પાંચ લક્ષણોથી યુક્ત હોય છે.

નાસ્તિક મત એટલે ચાર્વાક મતવાળા જીવો પુણ્ય-પાપ, સ્વર્ગ, મોક્ષ, પરલોક, અરિહંત, તીર્થંકર આદિ કોઈને માનતા નથી. સારા ખોટા કર્મોનું ફળ પણ માનતા નથી. તે તો કહે છે કે પંચભૂતથી આત્મા ઉત્પન્ન થયો છે અને એના નાશે આત્માનો નાશ થવાનો છે, પછી ધર્મ આદિ કરવાની જરૂર શી ? આ ભવમાં જે સુખો મળ્યા છે તેને આનંદથી ભોગવી લો. કદાચ પૈસા ન હોય તો કરજ કરીને પણ જલસા કરો. પરદેશી રાજા કેવા નાસ્તિક હતા. તે દેહ અને આત્માને એક માનતા હતા. તે સાબિત કરવા માટે કેટલા જીવોની હત્યા કરતા હતા પણ એક વાર કેશીસ્વામીનો સમાગમ થયો. કેશીસ્વામીએ તેમને ખૂબ સુંદર ન્યાયો આપીને શરીર અને આત્માની ભિન્નતા સમજાવી. પરિણામે પરદેશી રાજા નાસ્તિકમાંથી આસ્તિક બન્યા. પરદેશી મટીને સ્વદેશી બની ગયા અને વીતરાગ માર્ગની યથાર્થ શ્રદ્ધા થઈ. જે આસ્તિક છે તે નવતત્ત્વ, સ્વર્ગ, મોક્ષ, આત્મા બધું માને છે. કર્મના ફળને પણ માને છે. આનંદ શ્રાવક આ બધાનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે છે. તેમને લાગ્યું કે ઘરમાં રહીને પડિમા વહન ન થાય, તેથી પૌષધશાળામાં આવીને પહેલી દર્શન પડિમા વહન કરી. તેમના મનમાં એ ભાવો રમી રહ્યા છે કે હું મુનિ બની શકયો નહિ. સંયમ માર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે. તેના વિના સિદ્ધિ નથી પણ હું લઈ શકયો નહિ તે મારી કાયરતા છે. શ્રાવકના દિલમાં સતત આ ભાવના રમતી હોય. તમે પણ આવું માનો છો કે નહિ ? એક કાલ્પનિક વાતથી સમજીએ.

ધર્મને આવકારશો કે ધનને આવકારશો ? : માનો કે તમારે બે દીકરા છે. તે બે દીકરાને બહારગામ કમાવા માટે મોકલ્યા. તેમને ગયા પાંચ વર્ષ થઈ ગયા પછી દીકરાનો પત્ર આવ્યો. પિતાજી ! આપની મીઠી અમી દૃષ્ટિથી અને આશીર્વાદથી પાંચ વર્ષમાં મેં કાંઈક પ્રાપ્ત કર્યું છે અને હવે હું દેશમાં આવું છું. આ પત્ર વાંચતા તમારા રૂંવાડા ઊભા થઇ જશે. તમને ખૂબ આનંદ થશે. દીકરાએ મેળવીને મેળવ્યું શું ? બનબનીયા જ ને ? દીકરો આવ્યો ત્યારે ખબર પડી કે તે ૧૦ લાખ રૂપિયા કમાઇને આવ્યો છે, પછી તો તમારા આનંદનું પૂછવાનું જ શું ? આ એક દીકરાની વાત કરી. બીજો દીકરો છે તેનો પત્ર આવ્યો કે પિતાજી ! હું કંઈક લેવા માટે આવું છું. ત્યાં

તમે શું વિચાર કરશો ? (શ્રોતા : પૈસાની જરૂર હશે એટલે લેવા આવતો હશે. અકર્મી ગયો હતો તેવો પાછો આવ્યો.) અકર્મી કોને કહેવાય ? સમજો છો ? જેના આઠે કર્મો ખપી ગયા હોય તેને અકર્મી કહેવાય. તે છોકરો આવ્યો. તેણે કહ્યું– પિતાજી ! આપે મને કમાવા મોકલ્યો એ વાત સાચી છે. ત્યાં ગયા પછી મને એક સંતનો ભેટો થયો. તેમનો પરિચય થયો. તેમનું વ્યાખ્યાન સાંભળ્યું. આ જીવન જે મળ્યું છે તેમાં સાધના કરી લો. જેમ સ્કૂલમાં ઘંટ વાગે ત્યારે છોકરાઓ ગમે તે કામ કરતા હોય, રમતા હોય છતાં દોડીને કલાસમાં દાખલ થઈ જાય છે તેમ સંત મહાત્માએ મને ઘંટ વગાડીને કહ્યું–હે મહાનુભાવ ! આ અવસર, આ વીર શાસન અને જૈન ધર્મ તમને વારંવાર નહિ મળે. જીવનની એકેક ક્ષણ લાખેણી જાય છે. તેમની અમીધારાએ મારું જીવન પલ્ટાઇ ગયું. હું પાંચ વર્ષ રહ્યો. મેં વેપાર કર્યો નથી, એવા આરંભ સમારંભના પાપો કર્યા નથી. મારી આજીવિકા પૂરતું મેળવતો હતો. આનંદથી રહેતો હતો. તમારી મૂળગી મૂડી પાછી આપી દઉં છું. તમારા આશીર્વાદ ફળ્યા. હું દીક્ષાની આજ્ઞા લેવા આવ્યો છું.

હવે હું તમને પૂછું છું કે એક દીકરો ૧૦ લાખ મેળવીને આવ્યો છે અને એક દીકરો કમાઈને નથી આવ્યો પણ દીક્ષાની આજ્ઞા લેવા આવ્યો છે. તમને કયો દીકરો વહાલો લાગે ? દીક્ષાની વાત તમને ગમશે નહિ કારણ કે રૂંવાડે રૂંવાડે મોહ ભર્યો છે. જો તમારામાં સમ્યક્ત્વ સ્પર્શ્યું હશે અથવા મિથ્યાત્વ સાવ મંદ પડી ગયું હશે તો દીક્ષાની વાતથી તમારું હૈયું હરખાઈ જશે. દશ લાખ કમાઈને આવ્યો એણે પાપની મૂડી ભેગી કરી. તે દશ લાખ તો અહીં રહી જશે. બીજો દીકરો ભલે કમાઈને નથી આવ્યો પણ આત્માના ગુણોની મૂડીમાં વધારો કરીને આવ્યો છે. તે દીક્ષાની આજ્ઞા લેવા આવ્યો છે. ત્યાં તમને થશે કે આજે હું ભાગ્યશાળી છું કે આવા દીકરાનો બાપ બન્યો. હું તો દીક્ષા લઈ શકયો નહિ પણ મારો દીકરો તો એ માર્ગે જાય છે. ધન્ય છે તેને ! સંયમ એ સુખનો માર્ગ છે. એવું માનનારને દીક્ષાની આજ્ઞા લેવા આવનાર વહાલો લાગે અને મુનિ પણ વહાલા લાગે. આપણા આત્માએ સંતને જે રીતે જોવા જોઇએ એ રીતે જોયા નથી. તેમના દર્શન કરો તો એવી રીતે કરો કે એમની શાંતિ અને એમના મુખ પરની પ્રસન્નતા તમને આકર્ષ્યા વગર રહે નહિ.

આનંદ શ્રાવક ભગવાનના દર્શન કરતાં, વાણી સાંભળતા પામી ગયા. તેમણે પહેલી દર્શન પડિમા આદરી. બીજી પડિમાનું નામ છે **"વ્રત પડિમા"**. સમ્યક્ દૃષ્ટિ જીવ નાના મોટા જુદા જુદા વ્રત નિયમોનું નિર્દોષ રીતે પાલન કરે છે તેને વ્રત પડિમા કહે છે. આ પડિમામાં તે ચારિત્ર શુદ્ધિ તરફ ઝૂકીને કર્મક્ષય કરવાનો પ્રયત્ન કરે છે. આ પડિમા બે માસની હોય છે. આ પડિમામાં આખો દિવસ જુદા જુદા નિયમો, પ્રત્યાખ્યાન ચાલુ હોય છે. પડિમા ધારણ કર્યા પછી તે જગત તરફ દૃષ્ટિ કરતા નથી. તે રાત દિવસ આરાધનામાં મસ્ત રહે છે. રાત્રે કાઉસગ્ગ કરે, ધ્યાન કરે,

કાઉસગ્ગ, ધ્યાન, સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત એ આભ્યંતર તપ છે. કર્મબંધન તોડવાનું અપૂર્વ સાધન તપ છે. કર્મોનો ક્ષય કરવા માટે તપશ્ચર્યા કરવાની છે. "कर्मणां तापनात् तपः" કર્મોને તપાવે તે તપ. તપાવે એટલે નાશ કરે, ક્ષય કરે, કર્મોનો ક્ષય કરવા માટે આભ્યંતર તપની અવશ્ય જરૂર છે, તેથી તમે એમ નહિ માની લેતા કે બાહ્ય તપની જરૂર નથી. આભ્યંતર તપ આવે ત્યાં બાહ્ય તપ આવવાનો છે. છ પ્રકારના આભ્યંતર તપમાં સ્વાધ્યાયને શ્રેષ્ઠ તપ બતાવ્યો છે કારણ કે સ્વાધ્યાયથી વિપુલ કર્મોનો ક્ષય થાય છે. સ્વાધ્યાય કરો તો ચિત્તની એકાગ્રતા તો જોઇએ. સ્વાધ્યાય કરતાં તે ગાથાઓની અનુપ્રેક્ષા કરતાં તેમાં સ્થિર બની જવાય. સ્વાધ્યાય કરવાથી जीव नाणावरणिज्ज कम्मं खवइ । જ્ઞાનાવરણીય કર્મોને ખપાવે છે.

સ્વાધ્યાય કરવા માટે આહાર પર કંટ્રોલ આવે, જો વધુ પડતું ખાવામાં આવે તો સ્વાધ્યાય સારી રીતે થઈ શકે નહિ. આહાર પર કંટ્રોલ આવ્યો એટલે વૃત્તિસંક્ષેપ તપ થયો. ઓછી વસ્તુઓ ખાવાથી, સ્વાદનો ત્યાગ કરવાથી, કાયાને કષ્ટ આપવાથી, એક સ્થાને સ્થિર બેસવાથી આભ્યંતર તપમાં વેગ આવે છે. ઉપવાસ કરવાથી સ્વાધ્યાયમાં પ્રગતિ થતી હોય તો ઉપવાસ કરવો જોઈએ. આભ્યંતર તપમાં જે આગળ વધારે, પ્રગતિ કરાવે તે બાહ્ય તપ તો સાથે કરવો જરૂરી છે. ઉપવાસ આદિ બાહ્ય તપ કરવાની શક્તિ ન હોય તો આભ્યંતર તપ દ્વારા કર્મોનો ક્ષય કરી શકાય છે. જ્યાં સુધી કર્મોનો ક્ષય કરી આત્મસ્વરૂપને નહિ પ્રગટાવીએ ત્યાં સુધી દુઃખોનો અંત નહિ આવે. કર્મોનો અંત થાય તો દુઃખોનો અંત થાય. આનંદ શ્રાવકે આભ્યંતર તપ કાઉસગ્ગ, ધ્યાન, સ્વાધ્યાય આદિ કરતાં સાથે બાહ્ય તપનું પાલન કરતાં બીજી વ્રત પડિમા આદરી. હવે ત્રીજી પડિમામાં શું આવશે તેના ભાવ અવસરે.

આસો વદ ૧૧ ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૧૦૧ : તા. ૮-૧૧-૮૫

આપણે આનંદ શ્રાવકનો અધિકાર ચાલે છે. આનંદ શ્રાવકે બે પડિમા આદરી. બીજનો ચંદ્ર દિવસે દિવસે તેની કળામાં વધારો કરતો જાય છે તેમ આનંદ શ્રાવક પણ આત્મસાધનામાં આગળ ને આગળ પ્રગતિ કરી રહ્યા છે. તેમની દરેક ક્રિયા સમકિત સહિતની છે. મહાપુરૂષો કહે છે કે શ્રાવક જીવનની અને સાધુ જીવનની પવિત્ર ક્રિયાઓ ઉત્તમ ભોજન છે, પરંતુ એ ભોજન કરતા પહેલા આત્મા રૂપી થાળીમાં પડેલી પાપક્રિયાઓના એંઠવાડને સાફ કરી નાંખવો જોઇએ. અર્થાત્ પાપક્રિયાઓનો ત્યાગ કરીને ધર્મક્રિયાઓ કરવામાં આવે તો તેના અપૂર્વ સ્વાદનો અનુભવ થાય. તમે ભોજન કરો પછી મુખવાસ ખાવ છો ને ? તેમ સુંદર સાધના, આરાધનાના અમૃત ભોજન જમ્યા પછી સમતા એ મુખવાસ છે. આરાધનાઓ, ધર્મક્રિયાઓ સુંદર હોય પણ જો સમતાનો મુખવાસ નહિ હોય તો તૃપ્તિનો ઓડકાર નહિ આવે.

આનંદ શ્રાવકે સર્વ પાપમય પ્રવૃત્તિઓના એંઠવાડને સાફ કર્યો અને શ્રાવકની પડિમાઓ રૂપી પવિત્ર ક્રિયાઓનું ભોજન કરી રહ્યા છે. તેમણે ત્રીજી પડિમા આદરી. તેનું નામ છે " **સામાયિક પડિમા** ". આ પડિમામાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસમાં પોતાના આત્માને સ્થાપિત કરે છે. તે સામાયિક અને દેશાવગાસિક વ્રતોની આરાધના યોગ્ય રીતથી કરે છે. આ પડિમા ધારણ કરે તેને દિવસમાં અમુક સામાયિક તો અવશ્ય કરવી એવો નિયમ હોય છે. સામાયિક એટલે જે કરવાથી રાગ-દ્વેષ શાંત થાય તથા આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્રનો લાભ થાય તેનું નામ સામાયિક. આ પડિમાધારી શ્રાવક કદાચ પર્વાદિ દિનોમાં પૌષધવ્રતની આરાધના સમ્યક્ રીતે ન કરી શકે પણ સવાર સાંજ સામાયિક વ્રતની આરાધના સારી રીતે કરી શકે છે. સામાયિક એટલે આત્મ સ્વરૂપમાં રમણુતા. સામાયિકની સાધના જો સમભાવ વધારે, મમતાને ઘટાડે અને અહંને ઓગાળે તો સમજવું કે આત્મા ભગવાને બતાવેલી સામાયિકની સાચી દિશામાં પ્રગતિશીલ છે.

સામાયિકમાં આત્મા સમભાવમાં ઝૂલતો હોય. તેની સામાયિક બે ઘડી, ચાર ઘડીની હોય પણ તેના મનમાં રાત દિવસ બે ઝંખના હોય કે હું જાવજીવની સામાયિક કયારે કરીશ ? સામાયિક પાળવી પડે તો તેને દુઃખ થાય. સામાયિકમાં તેને એવો રસ હોય કે બે ઘડી કયાં ચાલી જાય તે ખબર પડે નહિ. કેરીની સીઝનમાં તમે કેરીનો રસ ખાવ છો. તમને કોઈ પૂછે કે રસ કેવો ? તો કહેશો કે બહુ મીઠો. દાઢમાં રહી જાય એવો. તમે કોઈના ઘેર જમવા ગયા. ત્યાં જમણુ, ફરસાણુ, શાક બધું ખૂબ સ્વાદિષ્ટ હતું. તમે જમીને ઘેર ગયા. તમને કોઈ પૂછે કે આજે તમે જમવા ગયા હતા તો જમણુ કેવું લાગ્યું ? ત્યારે તમે શું કહેશો ? ભાઈ ! શી વાત કરું ? શું તેનો સ્વાદ ? શું તેની મીઠાશ ! સામાયિક કરતા આવો સ્વાદ કે મીઠાશ આવે છે ? તેના સમભાવનો સ્વાદ આત્મામાં રહી જાય છે ખરો ? સામાયિક કરીને ઘેર જાવ તો તેનો પ્રભાવ પડવો જોઈએ. આનંદ શ્રાવકે ત્રીજી સામાયિક પડિમા આદરી. તેમને દિવસમાં અમુક સામાયિક તો અવશ્ય કરવાની. આ ત્રીજી પડિમા ત્રણ માસની હોય છે.

આનંદ શ્રાવક થોડું કરીને અટકી જતા નથી. તે તો આગળ આગળ પ્રગતિ કરતા જાય છે. તેમણે ચોથી ' **પૌષધ પડિમા** ' આદરી. આ પડિમા ચાર માસની હોય છે. ચોથી પડિમામાં શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસમાં પોતાના આત્માને સ્થાપે છે. તે સામાયિક, દેશાવગાસિક વ્રતનું યોગ્ય રીતે પાલન કરે છે. આઠમ, ચૌદશ પૂનમ અને અમાસના પડિપૂર્ણ પૌષધ વ્રતનું પાલન કરે છે. આ પડિમા ધારણ કરે એટલે મહિનામાં છ પૌષધ તો અવશ્ય કરવાના. તમે પૌષધ તો કરો પણ તબિયતનું કોઇ કારણ આવે કે વ્યવહારિક કામ આવે તો પૌષધ ન પણ કરો, પરંતુ આ પડિમા વહન કરે તેની કદાચ તબિયત બગડે, સ્વાસ્થ્ય સારું ન હોય, ગમે તેવી કસોટી આવે તો પણ મહિનામાં છ પૌષધ તો કરવાના. તે તેમના નિયમમાં અડગ રહે અને આત્મસાધના

કરે. જેણે જીવનમાં આવી અદ્‌ભૂત સાધના સાધી છે તેની બીજી ગતિ પણ સુખમય બનવાની છે. મૃત્યુ આવે ત્યારે એ આત્મા, પ્રસન્નતાથી, આત્મા મસ્તીથી જતો હોય છે. મહાપુરૂષો અનેક ન્યાયો આપીને આપણને સમજાવે છે. એક વિચારકે એક વાત રજુ કરી.

એક મકાનમાં છોકરો જોરશોરથી રડતો હતો, ચીસો પાડતો હતો. બચાવો... બચાવોની બૂમો પાડતો હતો. વિચારકના મનમાં વિચાર થયો કે છોકરો આટલો બધો કેમ રડતો હશે ને બૂમો પાડતો થશે ? વિચારક ત્યાં જોવા ગયા. તેમણે જોયું તો એક ગુંડા જેવો માણસ ૮-૧૦ વર્ષના છોકરાને મારીને કપડા ઉતરાવી રહ્યો હતો. છોકરો રડતો રડતો કહેતો હતો કે મારા કપડા ન ઉતરાવો, છતાં ગુંડા આગળ બિચારા કુલ જેવા બાળકનું શું ચાલે ? ગુંડાએ તેને લૂંટયો તો લૂંટયો પણ એટલે સુધી કે તેના બધા કપડા ઉતારી નિર્વસ્ત્ર કરી નાંખ્યો, પછી છોકરાને ધક્કો મારીને કાઢી મૂકયો. આ દૃશ્ય જોતાં વિચારકનું દિલ દ્રવી ગયું. થોડી વાર થઈ ત્યાં બીજા મકાનમાં વિચારકની નજર પડી. ત્યાં એક છોકરો હોંશે હોંશે કપડા ઉતારી રહ્યો હતો. કપડા ઉતારતા એ રડતો ન હતો પણ તેના મુખ ઉપર પ્રસન્નતા હતી. આ દૃશ્ય જોતાં તેમના મનમાં થયું કે એક છોકરો કપડા ઉતારતાં રડતો હતો જ્યારે બીજો છોકરો હસતા હસતા કપડા ઉતારે છે, શાથી આમ બન્યું ? બીજા છોકરાએ કપડા ઉતાર્યા પણ તેને નવા કપડા પહેરવા મળ્યા. એ નવા કપડા ખૂબ હોંશથી તેણે પહેર્યા અને હસતો હસતો તે બહાર નીકળ્યો.

હસતા હસતા કોણ જાય ? આ વાત તો નાના બાળકો સમજે એવી છે પણ આપણે આ વાતમાંથી કંઈક સમજવું છે. બંને બાળકોએ કપડા ઉતાર્યા પણ ઉતારવામાં ફરક હતો. એકના કપડા ઉતારી લીધા, ઉતારવા પડયા માટે ઉતાર્યા જ્યારે બીજાએ હોંશે હોંશે ઉતાર્યા અને નવા વસ્ત્રો પહેરી લીધા. મહાપુરૂષો આપણને અહીં એ સમજાવે છે કે આ દુનિયામાંથી વિદાય થનારા જીવો પણ બે પ્રકારના છે. જેનો જન્મ છે તે બધાને વિદાય તો થવાનું છે. કેટલાકને વિદાય થવું પડતું હોય છે જ્યારે કેટલાક વિદાય થતા હોય છે. જેને વિદાય થવું પડતું હોય છે તે રડતા રડતા જતા હોય છે અને જે વિદાય થતા હોય છે તે હસતા હસતા જતા હોય છે. જેમણે પોતાના જીવનમાં ખૂબ સાધના, આરાધના કરીને આત્મગુણોની ખીલવણી કરી છે, બીજા જીવોના સુખ શાંતિ માટે પોતાના સુખોનો ત્યાગ કર્યો છે, જડ પુદ્‌ગલોની બોલબાલા કરતાં જિનેશ્વરની આજ્ઞાને પ્રધાનતા આપી છે તેવા જીવો દુનિયામાંથી હસતા હસતા વિદાય લે છે કારણ કે તેમને જુના વસ્ત્રો ઉતાર્યા પછી નવા વસ્ત્રો પહેરવા મળવાના છે. આ ગતિ કરતાં બીજી સારી ગતિ મળવાની છે. તેવા આત્માને છેલ્લા સમયે ડૉકટર કહે કે ભાઈ ! તું બે પાંચ મિનિટનો મહેમાન છે. ભગવાનનું નામ લઈ લે, ત્યારે તે કહેશે કે હું આ પૃથ્વી પર આવ્યો ત્યારથી મહેમાન છું. જેટલું આયુષ્ય હશે ત્યાં સુધી મહેમાન રૂપે રહેવાનું છે પછી બીજી ગતિમાં જવાનું છે, જન્મ છે તેનું મૃત્યુ તો અવશ્ય છે.

રડે કોણ : દેવાનુપ્રિયો ! જેણે જીવનમાં આત્મસાધના કરી છે તેને મૃત્યુનો ડર હોતો નથી. તેમ જે જીવોને તો આ ચરમભવ છે, અથવા તો ત્રીજે, પાંચમે ભવે પણ જેનો મોક્ષ થવાનો છે તેઓ તો હસતા હસતા જાય છે. તેમને સારી ગતિ મળવાની છે પછી રડે શા માટે ? જેમણે જિંદગીમાં આત્મગુણોની ખીલવણી થાય તેવી કોઈ સાધના કરી નથી, પોતાના સ્વાર્થ ખાતર બીજા જીવોને દુઃખી કરવામાં પાછી પાની કરી નથી, આત્માને ઓળખ્યો નથી અને જડ પદાર્થોની અંજનમણમાં અંજાઈ ગયા છે એવા આત્માઓ દુનિયામાંથી વિદાય લેતી વખતે અફસોસ કરે છે, રડે છે, કારણ કે તેને આ વસ્ત્રો ઉતાર્યા પછી નવા વસ્ત્રો મળવાના નથી. તેવા જીવોને નરક, તિર્યંચ ગતિમાં જવાનું હોય છે એટલે રડે છે. મૃત્યુ વખતે અકળામણ કોને થાય ?

અકળામણ કોને થાયે મરતાં મરતાં ? જિંદગી ગાળી જેણે ખોટું કરતાં
જીવનભર જે નાચે, પાપોની સંગાથે છેલ્લી ઘડીઓમાં એને કૃત્યો સાંભળતા,
પરંતુ પાવન પ્રવૃત્તિમાં જીવન જેનું જાય,એવા સત્કર્મીને મીઠું લાગે મોત....જેણે

મૃત્યુ આવવાનું છે એ તો નિશ્ચિત છે. તેને અટકાવવાની કોઈની શક્તિ નથી પણ પુરૂષાર્થ કરીએ તો અવશ્ય સુધારી શકાય ખરું. જો મૃત્યુને સુધારવું છે તો જીવનને આત્મગુણોની સુવાસથી મહેકતું બનાવી દો. મહાન પુણ્યોદયે જે ઉત્તમ સામગ્રીઓ મળી છે તેનો સદુપયોગ કરવા માટે સદ્બુદ્ધિની જરૂર છે. જ્યાં સદ્બુદ્ધિ નથી ત્યાં સદ્ગતિ નથી. જેની પાસે સદ્બુદ્ધિ છે અને સાધના ખૂબ કરી છે તે તો જતી વખતે આનંદથી જાય છે એટલું જ નહિ પણ તેના જીવનમાં આત્માની મસ્તી ખૂબ હોય છે. તેને મન તો જીવન અને મરણ બંને સમાન હોય છે પણ જેણે જીવનમાં કોઈ સાધના કરી નથી અને અનેક પ્રકારના પાપો અધર્મ કરીને સંસારની જે સામગ્રીઓ મેળવી છે તેને છોડીને જતાં દુઃખ થાય છે. તેને બીજા ભવમાં સારું મળવાની સંભાવના નથી એટલે તે રડતો જાય છે.

આપણે આપણા જીવનનો હિસાબ મૂકવાનો છે. આપણે કેવું જીવન જીવીએ છીએ ? હસતા જઈએ તેવું કે રડતા જવું પડે તેવું ? રડતા રડતા કપડા ઉતારીશું કે હસતા હસતા ઉતારીશું ? તમારા આત્માને પૂછો. આ સંસારમાં બધા માટે વેઠ ઘણી કરી, કુટુંબ, પરિવાર, સમાજ માટે ઘણું કર્યું પણ આત્મા માટે શું કર્યું ? તમે ધર્મધ્યાન કરો છો પણ એટલેથી અટકી ન જાવ પણ આનંદ શ્રાવકની માફક આગળ પ્રગતિ કરો. તમે અહીં એક બે કલાક માટે આવો ત્યારે સંપૂર્ણ આસક્તિ છોડીને આવો. છોડો તો એવું છોડો કે એટલા સમયમાં અનંતા કર્મોની ભેખડો તૂટી જાય. જેમ પાણીના ભરેલા લોટાને ચૈત્ર વૈશાખ માસના તડકામાં મૂકી રાખો તો તે પાણી સૂકાતા ઘણો સમય લાગે પણ તે લોટાના પાણીને બપોરે ધાબામાં નાંખી દો તો પાંચ દશ મિનિટમાં બધું સૂકાઈ જશે, તેમ જે સાધના કરો તે એવા ઉત્કૃષ્ટ ભાવે

ઉલ્લાસથી કરો કે કર્મોના કચરા સાફ થઈ જાય. તમારી સાધનામાં કોઈ નુકશાન તો થવાનું નથી પણ જો સંસારની આસક્તિ છૂટી નહિ હોય તો કર્મોના કચરા સાફ થતા વાર લાગશે. પરિગ્રહની આસક્તિ, મમતા છૂટવી મુશ્કેલ છે. ચાહે ધન, માલમિલ્કત આદિ અચેત પરિગ્રહ હોય કે કુટુંબ પરિવાર આદિ સચેત પરિગ્રહ હોય, ગમે તે પરિગ્રહ હોય પણ એના પ્રત્યેની આસક્તિ કેટલો અનર્થ કરાવે છે.

એક ખેડૂત હળ લઇને ખેતરમાંથી ઘર તરફ જતો હતો. રસ્તામાં તેણે એક ઘરડા ડોશીમાને બેભાન પડેલા જોયા. તેના દિલમાં દયા આવી. પોતે ખૂબ ભૂખ્યો તરસ્યો થયો હતો, જવાની ઉતાવળ હતી છતાં ડોશીની આ સ્થિતિ જોઇને ઉભો રહ્યો. તેણે હવા નાંખી, પાણી છાંટયું, ઘણાં ઉપચારો કરતાં ડોશી ભાનમાં આવ્યા. તેમણે પાસે ખેડૂતને ઉભેલો જોયો. તેને અંતરના આશીર્વાદ આપ્યા; દીકરા ! મારું તો કોઇ નથી. તું તો મારા દીકરા કરતાં વધી ગયો. તેં મને મૃત્યુના મુખમાંથી બચાવી છે. હું તારા ઉપકારનો બદલો કેવી રીતે વાળી શકીશ ? તેં મારી સેવા ખૂબ કરી છે. અત્યારે મારી પાસે આ એક વીંટી છે. તે તારા પુણ્યયોગે મારી પાસે રહી ગઈ છે; તે હું તને ભેટ આપું છું. ખેડૂત કહે–માડી ! મારે કાંઈ જોઈતું નથી. દીકરા ! આ વીંટી તો ના તોલાની છે પણ એ ચમત્કારી વીંટી છે. એને પહેરીને તું જે વસ્તુની ઇચ્છા કરશે તે તને મળી જશે પણ આ એક જ વાર આવું બનશે. બીજી વાર નહિ બને. ઢગલાબંધ સોનું જોઇશે તો મળશે પણ તેનો ઉપયોગ એક વાર કરવાનો.

સોનીએ વીંટી માટે કરેલી માયા : ખેડૂત વીંટી લઇને ઘેર ગયો. ઘેર જઇને તેણે પત્નીને વાત કરી. બંને માણસો સંતોષી હતા. તેઓ કહે, આપણે હમણાં કાંઈ જરૂર નથી. બાપેપીઘે સુખી છીએ, સોનાની જરૂર નથી. કોઇ વાર એવો સમય આવશે ત્યારે થઇ પડશે. બંને માણસો આ વાત કરતા હતા તે વાત તેમની બાજુમાં રહેલો સોની સાંભળી ગયો પણ ખેડૂતને કે તેની પત્નીને ખબર નહિ કે અમારી વાત સોની સાંભળી ગયો છે. વીંટીની વાત સાચી છે કે ખોટી તે અખતરો કરવાનું ખેડૂતને મન ન થયું. ખેડૂતે હાથે વીંટી પહેરી રાખી. સોનીના મનમાં રાત દિવસ એ વિચારો આવે છે કે ખેડૂત પાસેથી વીંટી કેવી રીતે પડાવી લેવી ? તે વીંટી મળે તો મારું કામ થઇ જાય. સોની ખેડૂતને ત્યાં આવવા જવા લાગ્યો. તેની સાથે મિત્રતા કરી લીધી. થોડા દિવસો ગયા પછી એક દિવસ સોની કહે છે ભાઈ ! તમારી પત્ની માટે દાગીના ઘડાવવા હોય તો કહેજો. હું ઘડામણ નહિ લઉં. ખેડૂત કહે–ભાઈ ! મારી પાસે જુના દાગીના છે નહિ અને નવા ઘડાવવા નથી. અમને દાગીનાનો મોહ નથી. મારી પત્ની તો દાગીના પહેરવાની ના પાડે છે. મારી પાસે માત્ર આ એક વીંટી છે. સોની કહે–તે મેલી ખૂબ થઈ ગઈ છે. લાવો, હું પૉલિસ કરી દઉં. ભાઈ ! મારે વીંટી ઉજળી કરવી નથી. આ તો મને ડોશીમાએ પ્રેમના પ્રતીક રૂપે આપી છે. મારે તેને પૉલિસ કરવી નથી. ખેડૂતે ઘણી ના પાડી છતાં સોનીએ ખૂબ આગ્રહ કરીને વીંટીને ધોવાના

બકુલને વીંટી લઈ લીધી અને તેને ઘેર ગયો. તે વીંટી ધોઈને સોનીએ લઇ લીધી અને તેના બદલામાં તેના જેવા જ ઘાટની તેટલા માપની બીજી વીંટી બેડૂતને આપી ગયો. બેડૂતને બબર નથી કે મારી વીંટી બદલાઈ ગઈ છે.

ધનની મૂર્છાથી થયેલો અનર્થ : તે બેડૂત ભલો ભોળો હતો. વણિક જેવો પાકો ન હતો. જો તે પાકો હોત તો અજમાશ કરત પણ તેણે તો કાંઈ કર્યું નહિ. એક મહિના પછી સોનીના મનમાં થયું કે લાવ, હું વીંટીનો અજમાશ કરી જોઉં. બીજાની વસ્તુ પચાવી પાડવાથી સુખી થવાતું નથી. પુણ્ય પ્રબળ હોય તો સુખી થવાય છે. અહીં સોનીના પુણ્યમાં પોકળતા હતી છતાં સુખના સોડામણા સ્વપ્ના કોને સતાવતા નથી ? વીંટી મળી એટલે માંગવાનું મન થયું. માંગ્યું મળવાનું છે તો ઓછું શા માટે માંગવું ? સોનીભાઈ બીજું શું માંગે ? સોનું જ ને ? કોઈને બબર ન પડે તે રીતે તેણે અડધી રાત્રે માંગવાનો વિચાર કર્યો. બાર વાગ્યા પછી તેણે ચિંતવણા કરી કે મારા ઘરમાં સોનાની ઇંટોનો વરસાદ પડે. આ તો ચમત્કારિક વીંટી હતી. સોનીએ માંગવામાં મર્યાદા ન કરી એટલે ધડાધડ સોનાની ઇંટો પડવા લાગી. એટલી બધી ઇંટો પડી કે ઘરના બધાના માથામાં ઇંટો વાગી અને ઇંટો નીચે દબાઈ ગયા. બધાના માથા ફૂટી ગયા અને ત્યાં ને ત્યાં રામ રમી ગયા. ઇંટો પડવાના અવાજથી બેડૂત જાગી ગયો. તેને થયું કે બાજુમાં કંઇક થયું લાગે છે. જઈને જોયું તો સોનાની ઇંટો ધડાધડ પડતી હતી. બેડૂત સમજી ગયો કે નક્કી આ સોનીએ મારી વીંટી બદલી લીધી લાગે છે. આ બધો ચમત્કાર વીંટીનો છે. એક તો બીજાને છેતરીને વસ્તુ લઈ લીધી. બીજાનું સુખ લૂંટવા ગયો તો પોતે લૂંટાઈ ગયો. તેની બરાબ દાનત બદલ ત્યાં ને ત્યાં એના પાપનું ફળ પ્રત્યક્ષ મળ્યું. જો તેણે માંગવામાં લોભ કર્યો ન હોત અને મર્યાદા રાખી હોત તો આ દશા ન થાત ને ? અતિ લોભે કેટલો અનર્થ કર્યો ? બેડૂતના મનમાં થયું કે મારે તો આટલી બધી ઇંટો જોઈતી નથી. હું સંતોષથી રહું છું એમાં મને આનંદ છે. તેણે થોડી ઇંટો લીધી. તેણે રાજાને બધી સત્ય વાત કરી. રાજાએ ખુશ થઈને બધી ઇંટો ડોને આપી દીધી. બેડૂતને પુણ્યયોગે ઘણું મળ્યું પણ એણે સોનાનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે ન કરતાં પરમાર્થના કાર્યો કરવા માટે પુણ્યની પરબ ચાલુ કરી. બેડૂત દાનેશ્વરી તરીકે પંકાવા લાગ્યો. આપણે તો એ સમજવું છે કે ધનની આસક્તિએ કેટલો અનર્થ કર્યો ?

આનંદ શ્રાવકે બધા પ્રત્યેથી આસક્તિ ઉઠાવી લીધી અને પૌષધશાળામાં જઈને પડિમા વહન કરવા લાગ્યા. તેમણે ચોથી પૌષધ પડિમા ધારણ કરી. તે ચાર માસની હોય છે. પાંચમી પડિમા **" કાયોત્સર્ગ પડિમા "**. આ પડિમામાં શીલવ્રત, સામાયિક, દેશાવગાસિક વ્રત તથા ચૌદશ, પૂનમ, આઠમ આદિના પૌષધવ્રતની આરાધના કરે છે. આ પડિમામાં વિશેષતા એ છે કે એક રાત્રી કાઉસગ્ગ અને ધ્યાનમાં રહે. સાંસારિક બધી પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને આખી રાત આત્મચિંતનમાં વ્યતીત કરે છે. આ પડિમા

પાંચ માસની હોય છે. તેમાં પાંચ વાતોનું ખાસ પાલન કરવાનું હોય છે. પાંચ માસ સુધી સ્નાન નહિ કરવાનું, રાત્રીભોજનનો સંપૂર્ણ ત્યાગ, ધોતીને કાછડી ન વાળે, દિવસે બ્રહ્મચર્ય વ્રત પાળે અને રાત્રીની મર્યાદા કરે. પગરખાનો ત્યાગ કરે, ગમે તેવા પ્રસંગમાં પણ આ પાંચ બોલનું દૃઢતાપૂર્વક પાલન કરે. આ પડિમા વહન કરનાર પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે. પ્રમાદ તથા ઊંઘને સ્થાન આપતા નથી. શરીર પ્રત્યેની મમતા ઉતરે તો આવી કઠીન પડિમા વહન કરી શકે. આગળની પડિમાઓનો આ પડિમામાં સમાવેશ થઈ જાય છે.

"છઠ્ઠી બ્રહ્મચર્ય પડિમા." આ પડિમામાં પૂર્વોક્ત બધા વ્રતોનું સમ્યક્ રૂપથી પાલન કરે છે અને બ્રહ્મચર્ય વ્રતનું સર્વથા પાલન કરે છે. સ્ત્રીઓના શૃંગાર, ચેષ્ટાઓ જોવા તથા બિનજરૂરી વાર્તાલાપ કરવા એ બધું સર્વથા વર્જિત છે. **"સાતમી સચિત્તાહાર વર્જિત પડિમા."** આ પડિમાને ધારણ કરે તે પહેલી પડિમાથી લઈને આગળની બધી પડિમાઓનું નિરતિચાર પાલન કરે છે. આ પડિમા ધારણ કરનાર સચેત આહારનો અને સચેત પાણીનો સર્વથા ત્યાગ કરે છે. તેમનાથી સચેત કોઈ વસ્તુ ખવાય નહિ. સચેત પાણી પણ પીવાય નહિ. આનંદ શ્રાવકના દિલમાં એ જ ભાવના છે કે હું પાપથી કેમ મુક્ત બનું. સાધુપણું તો લઈ શકતો નથી પણ એટલી કક્ષાએ પહોંચાય એટલી તૈયારી તો કરું. કોલેજમાં જનાર વિદ્યાર્થીને પહેલા પ્રાયમરી સ્કુલમાં ભણવું પડે. મેટ્રીક સુધી પહોંચે પછી કોલેજમાં જઈ શકે તેમ આનંદ શ્રાવકને પણ સાધનાની કોલેજમાં આગળ જવું છે એટલે આ અભ્યાસ કરે છે. સૈનિકમાં ભરતી કરવી હોય તો તેને પહેલા તાલીમ લેવી પડે છે. તેમાં પાસ થાય તો સૈનિકમાં ભરતી કરે છે. આનંદ શ્રાવક તાલીમ લઈ રહ્યા છે. તમે પણ અભ્યાસ કરશો તો દેહાધ્યાસ છૂટશે. જો આ તાલીમ મેળવી હશે તો ઉપસર્ગ પરિષહ આવશે તો સમભાવમાં સ્થિર રહી શકશો.

આનંદ શ્રાવકે સાતમી પડિમામાં સચેત આહાર પાણીનો સર્વથા ત્યાગ કર્યો. આજે કંદમૂલ જીવોને કાચી ડીલેાતરી જેવી કે મોગરી, કાકડી, આદિ વસ્તુઓ ખાવાની ટેવ હોય છે. તેના કકડા કરીને તેમાં મીઠું, મસાલો નાંખીને ટેસ્ટથી ખાતા હોય છે પણ ખાનારાઓને ખબર નથી કે આ ટેસ્ટ અવળા નીકળી જશે. શ્રાવક કુળમાં જન્મ્યા છો, પુણ્ય-પાપનું ભાન છે તો આટલું તો કરો કે મારે સચેત વનસ્પતિ ન ખાવી. આનંદ શ્રાવકનું જીવન સાંભળીને એટલો તો નિર્ણય કરો કે હું આનંદ શ્રાવકની જેમ પડિમા તો ધારણ કરી શકું તેમ નથી પણ હવે મારે જીવનમાં સચેત વસ્તુઓ, કાચી વનસ્પતિ ન ખાવી, તો પણ પાપથી અટકશો. આનંદ શ્રાવકે સાત પડિમા અંગીકાર કરી. સાતમી પડિમા સાત માસની હોય છે. હવે આઠમી પડિમા અંગીકાર કરશે તેના ભાવ અવસરે.

આસો વદ ૧૩ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૧૦૨ : તા. ૧૦-૧૧-૮૫

આપણા ચાલુ અધિકારમાં આનંદ શ્રાવક પડિમા વહન કરી રહ્યા છે. તેમણે સાત

પડિમા અંગીકાર કરી. હવે આઠમી પડિમાનું નામ છે. **"આરંભ પરિત્યાગ પડિમા."** આ પડિમામાં ઉપરોક્ત બધા નિયમોનું પાલન કરે છે. વિશેષતા એ કે તે ખેતી, વેપાર આદિ કોઈ પણ પ્રકારનો આરંભ પોતે કરતા નથી. કોઇ ચીજ મળે કે ન મળે પણ જાતે આરંભ કરવો નહિ, પાપ કરવું નહિ. જ્યાં આરંભ છે ત્યાં હિંસા છે. આ પડિમામાં પોતાની આજીવિકા અથવા જીવન ટકાવવા માટે બીજા પાસે કરાવવાનો ત્યાગ નથી હોતો. તે પોતે સ્વયં આરંભના કાર્યો કરે નહિ. આ પડિમા આઠ માસની હોય છે. નવમી પડિમા **"પેશારંભ."** આ પડિમામાં આરંભ કરવો અને કરાવવાનો ત્યાગ હોય છે પણ ઉદ્દિષ્ટ ભક્તનો ત્યાગ હોતો નથી, એટલે તેમના નિમિત્તે બનાવ્યું હોય છે તેને ગ્રહણ કરે છે. તે પોતે આરંભ કરતા નથી, બીજા પાસે કરાવતા નથી પણ અનુમતિ દેવાનો ત્યાગ હોતો નથી. આ પડિમા નવ માસની હોય છે.

"દશમી અણારંભ પડિમા." આ પડિમામાં પોતાના નિમિત્તથી બનાવેલા ભોજનનો પણ ત્યાગ કરે છે. જે તેમના માટે વસ્તુ બનાવી હોય એવી કોઈ વસ્તુને ગ્રહણ કરતા નથી. તેમને સાંસારિક કાર્યોના વિષયોમાં કોઇ એક વાર પૂછે કે અનેક વાર પૂછે ત્યારે બે પ્રકારના ઉત્તર આપે છે. જો તે વાતને જાણતા હોય તો કહે કે હું એને જાણું છું, જો ન જાણતા હોય તો કહે કે હું નથી જાણતો. માત્ર 'હા' કે 'ના' જ ઉત્તર આપે, તેથી અધિક બોલવાની આજ્ઞા નથી. આ પડિમામાં સર્વથા સાવદ્યયોગના પચ્ચક્ખાણ કરી દે છે. ગમે તેવી તપશ્ચર્યા હોય છતાં મનથી પણ એ વિચાર ન કરે કે આજે પારણું છે તો આ મળે તો સારું, પછી કોઈને કહેવાની તો વાત જ કયાં ? આ પડિમામાં અસ્ત્રાથી કેશલુંચન કરાવે છે. કોઇ કોઇ ગૃહસ્થના ચિન્હ રૂપ શિખાને ધારણ કરે છે. આ પડિમા દશ મહિનાની હોય છે. આનંદ શ્રાવકના જીવનમાં કેટલો ત્યાગ આવી ગયો હશે ! દેહાધ્યાસ કેટલો છૂટી ગયો હશે ?

અગિયારમી પડિમા વહન કરતા આનંદ શ્રાવક : આનંદ શ્રાવકને સંસાર ખટકયો છે, પાપની ભીતિ લાગી છે એટલે કેવી અદ્‌ભૂત આરાધનામાં જોડાઈ ગયા. આનંદની વાતો સાંભળીને તમને વિચાર આવે છે કે હું પણ આનંદ શ્રાવકની જેમ પડિમા કયારે ધારણ કરીશ ? એટલું ન કરી શકો તો બને તેટલા પાપથી અટકો અને વ્રતમાં આવો. આનંદ શ્રાવકે દશ પડિમા આદરી. હવે અગિયારમી પડિમાનું નામ છે **"સમણભૂય પડિમા."** આ પડિમાને ગ્રહણ કરનાર આત્મા આગળની દશ પડિમાઓનું વિધિપૂર્વક પાલન કરે છે. આ પડિમામાં શ્રાવક સાધુના જેવો વેશ પહેરે છે. ચોલપટો પહેરે છે, મુહપત્તિ બાંધે છે, હાથમાં રજોહરણ રાખે છે પણ તેમના રજોહરણમાં લાકડીને કપડું વીંટાળવાનું નહિ. સાધુની જેમ તે ભંડોપગરણ રાખે છે. પોતાની શક્તિ હોય તો જાતે કેશલુંચન કરે અને શક્તિ ન હોય તો શસ્ત્રથી મુંડન કરાવે છે. આ પડિમામાં સાધુની જેમ નિર્દોષ, અચેત ગૌચરી લાવવાની. ફરક એટલો છે કે સાધુ બાર કુળમાં ગૌચરી કરે. જ્યારે પડિમાધારી શ્રાવકને પોતાના જ્ઞાતિવર્ગનો, સગા

અણંધીઓનો રાગ સર્વથા છૂટયો નથી એટલા માટે તેઓ જ્ઞાતિના લોકોના ઘરમાં ગોચરી કરવા જાય. તે ચાલે તો સાધુની જેમ ધૂંસરા પ્રમાણે જોઇને જતનાપૂર્વક ચાલે. તેમનો સાધુ જેવો વેશ જોઇને કોઈ પૂછે કે આપ કોણ છો? ત્યારે તે કહે કે હું પડિમાધારી શ્રમણોપાસક છું. ત્યારે વાત ગોપવે નહિ કે અસત્ય બોલે નહિ. આ રીતે આનંદ શ્રાવકે ૧૧ પડિમાઓનું વિધિવિધાન સહિત સુંદર રીતે પાલન કર્યું. આ કાળમાં પડિમાઓ વહન કરવી મુશ્કેલ છે, છતાં તેનો સ્વાદ ચાખવા એકાદ દિવસ તો દશમું વ્રત કરી ઘરઘરમાં ગોચરી જાવ તો કયારેક સાધુપણાના ભાવ આવશે. આનંદ શ્રાવકે આ પ્રમાણે કષ્ટદાયક પ્રયત્નો કરીને તથા કઠીન તપ કરીને " **तवेा कम्मेणं सुक्के जाव किसे धमणिसंतए जाए** " શરીરને સુકકેભૂકકે કરી નાંખ્યું. તેમના શરીરની બધી નસેનસો દેખાવા લાગી. આનંદ શ્રાવકે શરીર તો કૃશ કર્યું પણ સાથે ક્રોધાદિ ચારે કષાયો, રાગ-દ્વેષ બધું કૃશ કરી દીધું. કષાયો સાવ મંદ પડી ગઇ. તે ક્ષમાના સાગર બની ગયા. આનંદ શ્રાવકનું શરીર સુકકેભૂકકે થઈ ગયું. આનંદ શ્રાવકે કેવી જબ્બર સાધના કરી! તેમના શરીરમાંથી લોહી માંસ સૂકાઇ ગયા. નસો દેખાવા લાગી. સંસારમાં રહીને પણ કેવી અઘોર સાધના કરી! અનંતા કર્મોની ભેખડો તોડી નાંખી. તેમને એક લગની છે કે સંસારની જડ કેમ ઉખડી જાય? મારે જલ્દી મારા શાશ્વતા ઘર મોક્ષમાં જવું છે. કર્મના બંધન તોડવા છે. કર્મ છે ત્યાં સુધી સંસાર છે.

બંધુઓ! પૂર્વના શુભાશુભ કર્મના યોગે જીવનમાં સુખદુઃખના ચક્રો સદાય ગતિમાન રહે છે, છતાં જેઓ પોતાના પાપના ઉદયે દુઃખનો ભોગવટો કરતી વખતે અદીન બનીને જાગૃતિપૂર્વક તેને સહી લે છે અને સુખમાં લીન બન્યા વિના જેઓ પુણ્યના ઉદયને ભોગવે છે તે આત્માઓ સંસારને તરી જાય છે પણ દુઃખની વેદનાઓ ભોગવ્યા પછી સુખના સમયે જે પોતાના ભૂતકાલીન જીવનને ભૂલી ઉન્મત્ત બની બીજાઓને તુચ્છકારે છે, દુઃખી કરે છે તે જરૂર અધઃપતનના માર્ગે જાય છે. કર્મો જીવને કેવા નાચ નચાવે છે. આજે સંસાર તરફ દૃષ્ટિ કરીએ તો દેખાય છે કે કંઇક જગ્યાએ માતાપિતા દુઃખી છે. કંઈક જગ્યાએ સંતાનો દુઃખી છે. તેમાં જેના માબાપ નથી તેવા સંતાનોને એવું દુઃખ હોય છે કે તે દુઃખ જોતાં આપણુ હૃદય રડી જાય. તેમનું દુઃખ જોયું જતું નથી. મને અહીં એક કહાની યાદ આવે છે.

માતાપિતાને એક દીકરો હતો. છોકરાનો જન્મ બીજના દિવસે થયો હતો અને ચંદ્ર જેવો દેદિપ્યમાન હતો એટલે માબાપે તેનું નામ ચંદ્રકાંત પાડયું. તે બહુ શ્રીમંત ધનાઢય ન હતા પણ આનંદથી તેમનું જીવન નભાવતા હતા. ચંદ્રકાંત બીજના ચંદ્રની કળાની જેમ દિવસે દિવસે વધતો ગયો હજુ છ સાત વર્ષનો થયો ત્યાં તેના માતાપિતા એક અઠવાડિયાના આંતરે કાળના કારમા મુખમાં ધકેલાઇ ગયા. ચંદ્રકાંત બિચારો નિરાધાર થઈ ગયો. તે ખૂબ રડે છે. સાત વર્ષનો છે એટલે સમજણવાળો છે. તેને ખૂબ આઘાત લાગ્યો. હે ભગવાન! હવે હું મમ્મી, પપ્પા કોને કહીશ? બહારથી આવું

ત્યારે મારી મમ્મી આવ્યો બેટા ! કહીને વહાલથી બોળામાં બેસાડતી હતી હવે મને કોણ વહાલભર્યા શબ્દોથી આવકારશે ? ભલે સ્થિતિ સાધારણ હતી પણ માતાપિતાનો પ્રેમ અને વાત્સલ્ય તો હતું ને ! ચંદ્રકાંતના મામા દયાળુ હતા. તે કહે મારા બેન બનેવી ચાલ્યા ગયા. મારા ભાણીયાને હું મારા ઘેર લઈ જઈશ. મામા તેને લઈ ગયા. મામાની તેના પર ખૂબ રહેમ દૃષ્ટિ હતી. ચંદ્રકાંતને પોતાના દીકરાની જેમ રાખે છે. ચંદ્રકાંત ત્યાં આનંદથી રહે છે મામાએ તેને સ્કૂલમાં ભણવા મૂક્યો. બેટા ! તું ખાજે, પીજે, રહેજે ને *આનંદથી ભણજે*. શરૂઆતમાં તો મામી પણ સારી રીતે રાખે છે. તેને માતાપિતાનું બોધું આવવા દેતા નથી. ચંદ્રકાંત પણ કહેતો મામા મામી ! તમે મારા મા-બાપ છો. નાના બાળકો પ્રેમના ભૂખ્યા હોય છે. એમને પ્રેમ મળે એટલે રાજી રાજી થઈ જાય.

ભાણેજ ઉપર જુલમ ગુજારતી મામી : આ રીતે મામાની અમી દૃષ્ટિથી ચંદ્રકાંત આનંદથી રહેતો પણ બે ત્રણ મહિના થયા એટલે મામીની આંખમાં કણાની જેમ ખૂંચવા લાગ્યો. મામી હવે વારંવાર ચંદ્રકાંતના છિદ્રો જોવા લાગી. તેનો મિજાસ જવા લાગ્યો. વધતાં વધતાં તેનું કામ એટલું વધી ગયું કે બિચારા નિર્દોષ ચંદ્રકાંતને વગર વાંકે ઠપકો આપે ને માર મારે. હવે તો તેને ચંદુડિયો કહીને બોલાવતી. તને આવું ગમે છે પણ કામ કરવું ગમતું નથી. એ રીતે રોજ મ્હેણાં મારે. રોજ સવારે ૪॥ વાગે ઉઠાડી તેની પાસે બધું કામ કરાવે. મામી તો ચંદ્રકાંતને દુઃખી કરવા થાય એટલું કરે છે. ચંદ્રકાંત તો એક જ વિચાર કરે છે કે આમાં દોષ મામીનો નથી પણ મારા કર્મનો છે. જો મારા ભાગ્યમાં સુખ હોત તો નાનપણમાં મારા મા-બાપ ચાલ્યા જાત શા માટે ? મેં પૂર્વભવમાં કર્મો કરવામાં બાકી રાખ્યું નથી, તો હવે મારે ભોગવી લેવા જોઈએ. મામી આટલું કામ કરાવે પણ પૂરું ખાવા પણ આપે નહિ. એક ઘાટી ન કરે એટલું કામ ચંદ્રકાંત કરે છે. ૧૦ વાગે કામ કરીને સ્કૂલમાં જાય. કોઈ વાર તેનું હૈયું ભરાઈ જાય. મારા મા-બાપ જતા રહ્યા ત્યારે મારી આ સ્થિતિ આવી ને ?.

ઓ પંખીડા.... (૨) જાને માતાને દેશ, મારી માતાને કહેજે,
તું જઇને તારા લાલને લઈ આવ, તારો દીકરો દુઃખ વેઠે અપાર.

ચંદ્રકાંતનું હૈયું ભરાઈ જાય ત્યારે પોકાર કરે કે ઓ પંખીડા ! ઓ પંખીડા ! તું જઇને મારી માતાને એટલો સંદેશો આપી આવ કે તારો દીકરો ખૂબ દુઃખી છે. ભોજનને બદલે પ્રહાર મળે છે. તું સ્વર્ગમાં સુખ ભોગવે છે. તને તારા દીકરાની દયા નથી આવતી ? તું કેમ કાંઈ બોલતી નથી ? એક વાર તો તું નીચે આવ ને જો કે તારો દીકરો કેવો દુઃખી છે. આ રીતે કરૂણ સ્વરે પોકાર કરતો. આ દુઃખમાં ભણવામાં તેનું ચિત્ત રહેતું નહિ. ભણીને ઘેર આવે ત્યારે મામી કટુ શબ્દોનો અને મારનો વરસાદ વરસાવે, છતાં એટલું સારું હતું કે તેના મામા તેના હતા, એટલે મામા પાસે

વાત કરે. મામી મને બહુ મારે છે. ત્યારે મામા કહેતા બેટા ! તું મોટો થાય એટલે તને સ્વતંત્ર દુકાન કરી આપીશ. હવે પાંચ વર્ષની વાર છે. મામાના આટલા શબ્દોથી તેને થોડું આશ્વાસન મળતું, પણ મામી રોજ મામાને ચંદ્રકાંતની બાબતમાં ખોટી કાનભંભેરણી કરતી, તેથી મામા પણ બગડ્યા. મામાનો પ્રેમ હવે રોષના સ્વરૂપમાં ફેરવાઈ ગયો. મામાનું કોમળ હૃદય નિષ્ઠુર ને નિર્દય બની ગયું. હવે મામા, મામી બંનેનો ત્રાસ થવા લાગ્યો. ચંદ્રકાંત બિચારો એકલો પડી ગયો.

નિરાધાર ચંદ્રકાંત માટે આંસુ સિવાય શું ? : આખા ઘરમાં ચંદ્રકાંતને દિલાસો આપનાર કે ભૂખ્યા તરસ્યાની સંભાળ લેનાર કોઈ ન હતું. બધા જમ્યા પછી વધ્યું ઘટ્યું તેને બાવા મળતું. કોઈ વાર ન પણ મળે. હજુ તો સવારે કામ કરીને ચા પીવા પણ ન મળી હોય ત્યાં તો મામીના વચનોનો પ્રહાર શરૂ થઈ જતો. આ શાહેબજાદાને કહીએ ત્યારે ઉઠીને કામ કરે. આવા અનેક વચનો સવારમાં ચંદ્રકાંતને સાંભળવા પડતા છતાં નિઃસહાય ચંદ્રકાંત બધું મૂંગે મોઢે સહન કરી લેતો. મામા મામીના અસહ્ય જુલ્મથી ચંદ્રકાંત ખૂબ મૂંઝાવા લાગ્યો. જ્યારે એકલો પડે ત્યારે માતાપિતાના વાત્સલ્યને, સ્નેહને યાદ કરીને ખૂબ રડતો પણ અત્યારે તેના માટે આંસુ સિવાય શું ?

તાવની ભઠ્ઠીમાં શેકાતા ચંદ્રકાંત ઉપર લાકડીના પ્રહારો : એક દિવસ ચંદ્રકાંતને ઠંડી વાઈને ખૂબ તાવ આવ્યો તેથી સવારમાં ઉઠી ન શકયો. ત્યાં મામી તાડૂકી, ભાન છે કે નહિ ? ઉઠવાનો સમય થયો છતાં ઉઠતો નથી. બિચારો તરત ઉઠી ગયો. ઠંડીથી શરીર ધ્રુજે છે છતાં કામ કર્યા વિના ચાલે તેમ ન હતું. લાકડી પર કપડું બાંધીને બધું ઝાપટતો હતો. શરીર ધ્રુજવાના કારણે લાકડી તેના હાથમાંથી પડી ગઇ અને મામીના પગમાં જરા અથડાઈ. બસ, હવે તો પૂછવાનું શું ? એ જ લાકડી લઇને મામી ચંદ્રકાંત પર તૂટી પડી. કમભાગી ! લાકડીનો ઘા કરે છે ? એ તો જેમ તેમ બોલતી જાય ને માર મારતી જાય. તાવ ખૂબ હતો. ભૂખ-તરસનું દુઃખ તો હતું. મામીના અતિ પડતા મારથી ચંદ્રકાંત બેભાન થઇ ગયો. બેભાન થતાં પહેલા તેના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ. કોણ એની ચીસ સાંભળે ? નિર્દય મામી તો ત્યાંથી ચાલી ગઇ. ચીસ સાંભળીને આડોશી પાડોશી દોડી આવ્યા. ચંદ્રકાંતની આવી કફોડી સ્થિતિ જોતાં બધાની આંખમાં આંસુ આવી ગયા. બિચારો આખો દિવસ કામ કરે છે છતાં તેની આ દશા ! આપણાથી આ દુઃખ જોવાતું નથી. બધું જાય તો ભલે જાય પણ કોઇના માબાપ ન જશો.

બાલવયમાં કોઇના મા-બાપ મરશો નહિ,
માબાપ વિનાના બાળકોને દુઃખનો પાર નહિ.

આડોશી પાડોશીના મનમાં ખૂબ દુઃખ થયું પણ થાય શું ? થોડી વારે ભાનમાં આવ્યો ત્યારે એકાંતમાં જઇને ખૂબ રડ્યો. નિરાધાર, નિર્દોષ બાળકનું રૂદન જોઇને જાણે

ભીંતો પણ કકળવા મંડી. ખરેખર કર્મને કોઇની શરમ નથી આવતી. આવી સ્થિતિમાં પણ બધું કામ કરીને ભૂખ્યો તરસ્યો સ્કૂલે ગયો. મામીના મારની અસહ્ય વેદના અને તાવના કારણે તેનું ચિત્ત ભણવામાં રહેતું નથી તેથી ટીચરે ગણિત લખાવ્યું તો લખી શકયો નહિ, તેથી ટીચરે પણ જેમ તેમ શબ્દો કહ્યા અને માર માર્યો. કર્મના ખેલ અજબ છે. ટીચર સ્કૂલેથી છૂટીને ઘેર જતાં હતાં ત્યાં રસ્તામાં મામી ભેટી ગયા. ટીચરે ફરિયાદ કરી કે તમારો ભાણિયો ભણતો નથી. બિચારો ચંદ્રકાંત ભણે કેવી રીતે? મામીના કામમાંથી નવરો પડે ત્યારે સ્કૂલનો અભ્યાસ કરે ને? મારકૂટના કારણે ભણવામાં તેનું ચિત્ત ચોટતું નથી. તેમાં ટીચરે આજે ફરિયાદ કરી એટલે મામીને તો જોઇતું મળી ગયું. આ ગરીબડા બિચારા ચંદ્રકાંતને તે અસહ્ય યાતનાની ભયંકર ચક્કીમાં પીસવા તૈયાર થઈ.

ચંદ્રકાંતનું દુઃખ જોતાં કકળી ઉઠેલા પાડોશીઓ : મામા ઘેર આવ્યા એટલે મામી કહે, આ નવાબજાદા સ્કૂલમાં બરાબર જતા નથી ને ભણતા નથી. ઘરનું પૂરું કામ કરતા નથી. ખાઈપીને પાડા જેવું થવું અને ભણવું કે કામ કરવું નહિ. મામીની વાત સાંભળતા મામાનો પિત્તો ગયો. તેમણે કહ્યું–અકર્મી ! કામ કરતો નથી ને ભણતો નથી. બાજથી પારેવું ફફડે, બિલાડીથી ઉંદર ફફડે તેમ મામા પાસે ફફડતા બોલ્યો–મામા ! બે ત્રણ દિવસથી તાવ ખૂબ આવે છે; મામીનું કામ કરતાં સ્કૂલમાં જવાનું થોડું મોડું થઇ જાય છે અને ઘેર લેશન કરવાનો ટાઈમ મળતો નથી. મામા કહે–કમબ્જાત ! મફતનું ખાવું, કામ કરવું નહિ અને ઉપરથી મારા સામું બોલે છે ? એમ કહીને ચંદ્રકાંતને ખૂબ માર્યો. તે બેહોશ જેવો બની ગયો. તેના માટે ઉપર આભ ને નીચે ધરતી સિવાય કોઈ નથી. નિરાધાર ચંદ્રકાંતનું રૂદન જોઇને પાડોશીઓના હૃદયમાં અરેરાટી થતી. બધાના મનમાં થાય કે આ છોકરાની મા મરી ગઈ ત્યારે સાથે એના કુલને લઈ ગઈ હોત તો શું ખોટું ? જો કોઈ તેનું સગું ન હોત તો આડોશીપાડોશી કોઈ જોનાર નીકળત પણ આ તો તેના સગા એટલે કોઇ બોલી શકતું નથી અને તેનો ત્રાસ જોવાતો નથી. બધાને ખૂબ લાગી આવ્યું પણ કરે શું ?

ચંદ્રકાંતે મામાના ઘરનો કરેલો ત્યાગ : મામા મામીના અતિ જુલ્મથી ચંદ્રકાંત કંટાળી ગયો. ઘરના નાના મોટા બધા તેનો તિરસ્કાર કરતા હતા. હવે ભડકાર સિવાય કોઇ શબ્દ સાંભળવા મળતો ન્હોતો. પૂરું ખાવાપીવા, પહેરવા કે પાથરવા ઓઢવા મળતું ન હતું. એ સ્થિતિમાં રહેવું કેવી રીતે ? તાવ શરીરમાં ઘર કરી ગયો હતો. અશક્તિ તેની સહચારિણી બની હતી, શાંતિ દૂર ગઈ ખાવું ભાવતું નથી અને નિદ્રા દેવી પણ પલાયન થઇ ગઈ હતી. તેના મનમાં થયું કે હવે જીવીને શું કામ છે ? એના કરતાં મરી જાઉં તો શું ખોટું ? તે રાત્રે તે ઘરની બહાર ઓટલા પર સૂઈ ગયો. કોઈએ તેને ખાવા માટે પૂછયું નહિ અને સંભાળ લીધી નહિ. તે રાત્રે ૧૨ વાગે ઉઠીને મામાના ઘરને છેલ્લી સલામ ભરીને અંધારી રાત્રે ચંદ્રકાંત એકલો સદાને માટે ઘર છોડીને ચાલી નીકળ્યો. સ્ટેશને જઇને ગાડીમાં બેસી ગયો. કયા ગામ જવું તે

નક્કી નથી. કર્મ જ્યાં લઈ જાય ત્યાં જવું છે. પાસે ટિકિટ લેવાના પૈસા નથી છતાં ટિકિટ વગર ગાડીમાં બેસી ગયો. એના હૈયામાં કંઇક ઠંડક વળી પણ કર્મ કયાં એની ઠંડકને ટકવા દે તેમ હતા.

ટિકિટ ચેકરનો ત્રાસ : ટિકિટચેકર ટિકિટ ચેક કરવા આવ્યા. બિચારા ચંદ્રકાંતનું હૈયું ધ્રુજવા લાગ્યું, હવે શું કરીશ ? ત્યાં ચેકરે કહ્યું–મિસ્ટર ! તમારી ટિકિટ બતાવો પણ ટિકિટ બતાવે કયાંથી ? ચેકરને ખબર પડી કે એની પાસે ટિકિટ નથી એટલે તેણે ગુસ્સે થઇને કહ્યું–ઉતરી જાવ. ટિકિટ વિના મુસાફરી ન થાય. બિચારો નાનો ચંદ્રકાંત શું સમજે ? એને શી ખબર કે હજુ પોતાને માથે કેવા દુઃખો પડવાના છે. અડધી રાત્રે નાના ગામમાં ચંદ્રકાંતને ઉતારી મૂકયો. કર્મરાજા કેવા કેવા ખેલ કરાવે છે ? જ્ઞાની કહે છે કે અનુકૂળ સંયોગો છે. આરાધના કરવાની તક છે અને પુણ્યનો ઉદય છે ત્યાં સુધી આરાધના કરી લો. જીંદગીને વ્યર્થ ન ગુમાવો. કર્મરાજા કયારે કઇ સ્થિતિમાં મૂકી દેશે તેની ખબર નથી, માટે મળેલી અમૂલ્ય ઘડીને વધાવી લો.

ઘોર અટવીમાં નિઃસહાય ચંદ્રકાંત : ચંદ્રકાંતને નાના સ્ટેશન પર ઉતારી દીધો. ઘનઘોર અંધારું છે. ગાડી તો ઉપડી ગઈ. એકલો અટૂલો, નિઃસહાય દશા, ભયંકર રાત્રી, જંગલ જેવું ભયાનક સ્ટેશન, તેથી નાનો બાળ મુંઝી રહ્યો હતો. કયાં જાઉં ? શું કરું ? ચાલતાં ચાલતાં થાંભલા સાથે અથડાયો. માથામાં જોરદાર વાગતાં લોહીની ધાર થવા લાગી. બેભાન થઇને પડયો છે. અડીં તેની સંભાળ લેનાર કોઇ નથી. કોણ તેને પૂછે કે બેટા ! તને શું થયું ? તેં શું ખાધું પીધું ? જીવ તિર્યંચના ભવમાં ગયો ત્યારે તો તેં શું ખાધું પીધું ? એટલું પૂછનાર કોઇ ન હતું પણ આ તો મનુષ્યભવમાં પણ ચંદ્રકાંતને કર્મે એવી સજા ફટકારી કે કોઈ તેની સંભાળ લેનાર નથી. કેટલું દુઃખ ભોગવે છે ? જે સાંભળતા આપણું હૈયું કંપી જાય. ગાડી તો ગઈ. પછી એક કલાકે ચંદ્રકાંતને ભાન આવ્યું. ધીમે ધીમે ઉઠીને બાકડા પર બેઠો.

માની હતી 'હાશ' અને મળી 'હાય' : ગાડી આવવાનો ટાઈમ થયો એટલે બધા માણસો આવ્યા. બાકડા પર આ છોકરાને બેઠેલો જોયો. તેમણે પૂછયું–બેટા ! તું એકલો અડીં કેમ બેઠો છે ? તારા સગાવહાલા કોઈ નથી ? ભાઈ ! મારા માતાપિતા નાનપણમાં ગુજરી ગયા છે. મારું કોઇ નથી. હું નિરાધાર છું. એક ભાઇને થયું કે હું આ છોકરાને મારે ઘેર લઇ જાઉં પછી તેને વેચું તો મને સારા પૈસા મળશે. એમ માનીને તેને ઘેર લઈ ગયો. થાર દિવસ સારી રીતે ખવડાવ્યું, પીવડાવ્યું. ચંદ્રકાંતના મનમાં થયું કે હાશ, અડીં મને જરા શાંતિ મળી. સારી રીતે ખાવાપીવા આપે છે પણ કર્મ કયાં તેને શાંતિથી બેસવા દે તેમ છે. આ ભાઈએ ચંદ્રકાંતને પૈસા લઇને વેચ્યો. તે જેને ત્યાં વેચાયો ત્યાં તો દુઃખ પડવાનું શરૂ થયું. કહેવત છે કે **'ઘરના ઉઠયા વનમાં ગયા તો વનમાં લાગી આગ.'** ઘરમાંથી છૂટવા વનમાં ગયા તો વનમાં આગ લાગી, પછી કયાં જવું ? તેમ ચંદ્રકાંત બિચારો દુઃખથી છૂટવા

ઇચ્છે છે પણ જ્યાં જાય ત્યાં તેના લમણે દુઃખ ઝીંકાયેલું છે. જેણે ચંદ્રકાંતને વેચાતો લીધો તે તો સવારથી સાંજ સુધી તેની પાસે કાળીમજુરી કરાવે છે. ચંદ્રકાંતને બળદીયાની જેમ ખેતરમાં કામ કરવાનું. હવે તેની ઉંમર ૧૩ વર્ષની થઇ છે એટલે તેનામાં થોડી હિંમત આવી છે. આખો દિવસ મજુરી કરાવે ત્યારે માત્ર ચાર આના આપે છે. ચાર આનામાં જે મળે તે લાવીને ખાઇ લેતો અને પેટ ભરતો. તેને વેચાતો લીધો છે એટલે પૈસા તો વસૂલ કરવા જોઇએ ને ? તેથી કાળી મહેનત કરે છે.

ચંદ્રકાંતને સંતની મળેલી શીતળ છાંયડી : એક વાર તેને ખબર પડી કે આ ગામમાં જૈનના સંત પધાર્યા છે પણ જાય કેવી રીતે ? નોકરીમાંથી છૂટી મળે ત્યારે જઇ શકે ને ? એક દિવસ તે શાકભાજી લેવા ગયો હતો. ત્યાંથી સીધો ઉપાશ્રયે ગયો. ગુરૂને વંદન કરી ત્યાં બેઠો. ચંદ્રકાંતના મુખ પરથી દેખાઇ આવ્યું કે આ છોકરો છે સારો પણ દુઃખી હોય તેવું દેખાય છે, એટલે પૂછયું– ભાઈ ! તું કોણ છે ? ક્યાં રહે છે ? ગુરૂદેવ ! હું એક દુઃખીયારો છોકરો છું. મારા પાપ કર્મોથી હું દુઃખ ભોગવી રહ્યો છું. હું છ વર્ષનો હતો ત્યારે એક અઠવાડિયામાં મારા મા–બાપ બંને મને નિરાધાર રડતો મૂકીને ચાલ્યા ગયા, પછી મારા મામા મામી મને લઈ ગયા. તેમણે મને આ રીતે દુઃખી કર્યો. તેણે પોતાના દુઃખની બધી વાત કરી. ચંદ્રકાંતની કરૂણ કથની સાંભળતાં સંતને પણ દુઃખ થયું, જૈનકુળમાં જન્મેલા છોકરાની કર્મે આ દશા કરી ? કર્મે તેને કેવા નાચ નચાવ્યા. ગુરૂદેવે કહ્યું–ભાઈ ! સુખ–દુઃખ મળવા એ શુભાશુભ કર્મોનું ફળ છે. તું રોજ શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્ર ગણજે. અમે આ ગામમાં ચાતુર્માસ આવીશું પછી તારી ખબર લઇશું. તને આ બંધનમાંથી છોડાવીશ. સંતના મીઠા મધુરા શબ્દો સાંભળતા તેના હૈયામાં શાંતિ થઇ. જાણે આજે તેને માબાપ ન મળ્યા હોય ! એવો અપૂર્વ આનંદ થયો. પછી ચંદ્રકાંત તો ઘેર ગયો. કામ કરે છે. ને મનમાં નવકારમંત્રનો જાપ કરે છે.

બે ત્રણ માસ વીત્યા બાદ સંત ચાતુર્માસ આવ્યા. સંતે સંઘને બોલાવીને કહ્યું– ભાઈઓ ! અમુક ભાઈએ એક છોકરાને વેચાતો લીધો છે તો તેને છોડાવી આવો અને તેને સ્થાનકીયા તરીકે રાખો. સંતે તે છોકરાની બધી કહાની કહી એટલે બધાને દયા આવી અને પૈસા આપીને છોકરાને ત્યાંથી છોડાવી લીધો. ચંદ્રકાંત આવીને ગુરૂના ચરણમાં પડયો ને કહ્યું– ગુરૂદેવ ! આપનું સારું થજો, આપે મને બંધનમાંથી છોડાવ્યો એમ કહેતા ખૂબ રડયો. તેને સ્થાનકીયા તરીકે ત્યાં નોકરી અપાવી. ઉપાશ્રયનું કામકાજ કરે અને ગુરૂદેવ પાસે સામાયિક પ્રતિક્રમણ શીખે. સંતની સાથે ગૌચરી જાય અને શ્રાવકોને ઘેર જમે. ચંદ્રકાંતને તો જાણે સ્વર્ગનું સુખ મળી ગયું હોય તેવો આનંદ થયો. તે સંતની ખૂબ સેવાભક્તિ કરે. દિવસે ટાઈમ મળે ત્યારે સામાયિક લઈને બેસી જાય. કયારેક પૌષધ પણ કરે. તે ખૂબ આરાધનામાં જોડાઈ ગયો.

ધર્મથી પામ્યો મહાસુખ : એક વાર દાનવીર સજ્જન શેઠના મનમાં વિચાર

થયો કે આ છોકરો તેના કર્મે દુઃખી થયો છે પણ તે ખૂબ સારા કુળનો અને સદ્‌ગુણી છોકરો દેખાય છે. તેને સ્થાનકીયા તરીકે રાખવા જેવો નથી. તેને હું મારે ઘેર લઈ જાઉં. તે સુખી થશે. આ શેઠને કોઈ સંતાન ન હતું. તેમને આ છોકરો મળી ગયો. છોકરો પણ ખૂબ ડાહ્યો અને વિવેકી છે એટલે શેઠને પોતાના દીકરા જેવો વહાલો લાગ્યો. શેઠ ચંદ્રકાંતને પોતાના દીકરાની જેમ રાખે છે. ચંદ્રકાંતને ગમે તેવું સુખ મળ્યું પણ તે ધર્મને છોડતો નથી. તે સમજે છે કે ધર્મના પ્રતાપે હું સુખી થયો છું. ત્યાં તે ખૂબ આનંદથી રહે છે. શેઠને દીકરો હતો નહિ એટલે આ છોકરાને દત્તક લઇ લીધો તેને ઘરની બધી સંપત્તિનો માલિક બનાવ્યો. આ વાત ધીમે ધીમે મામાના કાને પહોંચી. ચંદ્રકાંત ઘર છોડીને ગયો તે પછી કોઇ દિવસ મામા મામીએ ખબર લીધી નથી કે ચંદ્રકાંત ક્યાં ગયો ? શું ખાધું કે ન ખાધું ? તેને શું થયું ? પણ તેમને ખબર મળી કે ભાણાને દત્તક લીધો છે એટલે મામી મામાને કહે છે કે ચાલો, આપણે જઇએ. તે તો ગયા. જઇને શેઠને કહે કે આ તો મારો ભાણીયો છે તમે દત્તક લેનાર કોણ ? આપ તેને મને સોંપી દો. ચંદ્રકાંતે કહ્યું–આપે મને મોટો કર્યો તે માટે આપનો આભાર; પણ હવે આ મારા સાચા મા-બાપ છે. શેઠ ચંદ્રકાંતની બધી કહાની જાણતા હતા. એટલે તેને આપવાની ના પાડી. ચંદ્રકાંત તો હવે સુખના સાગરમાં ઝુલે છે. તે ધર્મને ભૂલતો નથી. કહેવાનો આશય એ છે કે કર્મો જ્યારે રૂઠે છે ત્યારે કોઇ સગું થતું નથી. કરેલા કર્મો જીવને પોતાને ભોગવવા પડે છે. જ્યારે જીવ ધર્મનું શરણું લે છે ત્યારે કર્મને હંફાવી શકે છે, માટે જીવનમાં ધર્મને કયારે પણ ભૂલતા નહિ. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે. (પાના વધી જવાથી બબ્બે, ત્રણ ત્રણ વ્યાખ્યાનનો સાર ભેગો લખ્યો છે.)

આસો વદ અમાસ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૧૦૩ : તા. ૧૨-૧૧-૮૫

" દિવાળી "

પરમ તત્ત્વના પ્રણેતા, શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીએ આ દીપાવલીના પવિત્ર દિવસોમાં અરિહંત પદમાંથી સિદ્ધ પદમાં જતાં પહેલા સોળ પ્રહર સુધી ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્રની દેશનાનો ધોધ વહાવ્યો. આ પર્વ સમસ્ત હિન્દુ કોમ ઉજવે છે પણ સહુ સહુનો ઉદ્દેશ જુદો છે. જૈનો દિપાવલી ઉજવે છે તે કયા ઉદ્દેશથી તે આપણે વિચારીએ. દિવાળીના ત્રણ દિવસમાં પહેલો દિવસ ધનતેરસ. ધનતેરસના દિવસે ભરત મહારાજાની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. જેમને છ ખંડ સાધવા જવાનું હોય તેમને ચક્રરત્નની પૂજા કરવી પડે. એક વધામણી ચક્રરત્ન ઉત્પન્ન થયાની આવી. બીજી વધામણી એ આવી કે ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું છે. ત્રીજી વધામણી આવી કે પટરાણીએ પુત્રને જન્મ આપ્યો. આ ત્રણ વધામણી એક સાથે આવી. તમારી પાસે આવી ત્રણ વધામણી આવે તો ખિસ્સામાંથી નોટ કાઢીને કોને આપશો ?

(શ્રોતા– કેવળજ્ઞાનની વધામણી દેનારને.) સાચું બોલો છો ને? બોલો. સંસારની વધામણી ને મુખ્ય ગણશોને?

પહેલો આવકાર કોને? સંહારક ચક્રરત્નને કે અભયદાયી કેવળજ્ઞાનને? : ભરત મહારાજા ક્ષણ વાર તો તમારા જેવા બની ગયા. મનમાં થયું કે જેનાથી છ ખંડ સધાય એવા ચક્રરત્નની પૂજા પહેલી કરવી જોઇએ માટે તેની પૂજા કરી લઉં. પછી ભગવાનને કેવળજ્ઞાન થયું છે ત્યાં જાઉં. આટલો વિચાર આવ્યો પણ ક્ષણવારમાં એ વિચારથી પાછા વળ્યા. પહેલી પૂજા ચક્રરત્નની કે કેવળજ્ઞાનની? આ વિચાર આવતાની સાથે વિવેકી ભરત મહારાજાને પશ્ચાતાપ થયો કે અરે! મેં આ શું કર્યું? કેવો મૂઢતાભર્યો વિચાર કર્યો? કોની સાથે કોની તુલના કરી? કોની હરોળમાં કોને બેસાડયું? ધિક્કાર છે મારા આત્માને! મેં કેવો અધમ વિચાર કર્યો? હું સંસારના સુખમાં લોલુપ્ત બન્યો? ચક્રરત્ન ઉત્પન્ન થયું છે એ તો હિંસાનું સાધન છે. હું છ ખંડ સાધવા જઈશ ત્યારે કેટલી લડાઇઓ કરવી પડશે અને કેટલા જીવોનો સંહાર થશે? કેટલા પાપ બંધાશે? તેનાથી મળશે તો સંસારનું સુખ જ ને! કયાં જગતના સૂક્ષ્મ પણ અનંતા જીવોને અભયદાન દેનારું કેવળજ્ઞાન અને કયાં મોટા દુશ્મન જીવોના સંહાર કરવાનું ચક્રરત્ન! મેં કેવી મૂર્ખતા કરી કે આવા સંહારક ચક્રરત્ન સાથે અભયદાયી કેવળજ્ઞાનની સરખામણી કરી! ધિક્કાર છે મારી આ અધમ ભાવનાને કે જેણે મને મહાન વિવેક ચૂકાવ્યો? પહેલો આવકાર કેવળજ્ઞાનને આપવો જોઇએ કે જે કેવળજ્ઞાની ભગવાનથી મારા આત્માના દ્વાર ખુલવાના છે અને મારા ઉદ્ધાર માટે પણ તેમનું શરણું લેવું પડશે એવી વધામણીને મેં પહેલી યાદ ન કરી! અને હિંસાકારી વધામણીને યાદ કરી!

ભરત મહારાજાનો કેવો અદ્‌ભૂત વિવેક : ભરત મહારાજાએ કેવી સુંદર ખતવણી કરી. આ ખતવણી કરતાં નક્કી કર્યું કે હવે પહેલો ઉત્સવ કેવળજ્ઞાનનો કરું. એમાં ચક્રરત્નને રહેવું હોય તો રહે ને જવું હોય તો જાય. ક્ષણવાર વીજળીના ઝબકારા જેવા કુવિચાર પછી તરત પ્રગટેલો ભરત મહારાજાનો આ વિવેક આપણા જીવનમાં કંઈક બોધપાઠ આપે છે. ખૂબી તો એ છે કે જે ચક્રરત્નના બળ પર છ ખંડના વિજેતા ચક્રવર્તી બનવાનું છે. એ ચક્રરત્નની ઓળખ એ છ ખંડની સમૃદ્ધિ દેનાર તરીકે નહિ પણ જીવસંહારક તરીકે કરે છે. શા માટે? ચક્રરત્ન કરતા કેવળજ્ઞાનની કિંમત અનંત ગણી સમજાઈ છે. તીર્થંકર ભગવાનના કેવળજ્ઞાનનું અનંત જીવોને અભયદાયિત્વ તેમની આંખ સામે તરવરે છે. એની મોટી વિશેષતા એમને દેખાય છે. તેથી ચક્રરત્નની અને પુત્ર જન્મની વધામણીને ગૌણ કરી અને કેવળજ્ઞાનની વધામણીને મુખ્ય માની. અહો! મારા પિતા એવા ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થયું? આ સમાચારથી તેમનું હૈયું એવું હરખાઈ ગયું, એવો આનંદ આવ્યો કે કદાચ તમને ૨૫ લાખની લોટરી લાગી જાય ને જે આનંદ આવે તે પણ ભરત મહારાજાના આનંદની તોલે ન આવે. એવો આનંદ આવ્યો કે તે તરત દર્શન કરવા ગયા ને સાથે મરૂદેવી

માતાને પણ લઈ ગયા. મરૂદેવી માતા હાથીની અંબાડીએ કેવળજ્ઞાન પામ્યા ને મોક્ષે ગયા. એ બધી વાત આપ જાણો છો. કંઈક જીવો બોલે છે કે મરૂદેવા માતાને હાથીની અંબાડીએ અને ભરત મહારાજાને અરીસા ભુવનમાં કેવળજ્ઞાન થયું તો અમને પણ એવી રીતે થઇ જશે. દેવાનુપ્રિયો ! આ આત્માઓ પૂર્વજન્મમાં કેવી જબ્બર સાધના કરીને આવ્યા છે ત્યારે આ રીતે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે. એમ જ થયું નથી સાધના વગર સિદ્ધિ નથી.

આપણા ચાલુ અધિકારમાં આનંદ શ્રાવકે ૧૧ પડિમાઓનું વહન કર્યું. બાહ્ય અને આભ્યંતર તપ સાધના કેટલી કરી ! શરીર કૃશ થઈ ગયું સાથે કષાયોને પણ કૃશ કરી દીધી. જેટલી કષાયો મંદ પડે તેટલી આત્મજાગૃતિ વધતી જાય. જાગૃતિ આવે એટલો જીવનમાં પ્રકાશ થાય. રાત્રે ઊંઘ આવે ન આવે છતાં તમારી જેમ ગોળી ખાવાનો વિચાર ન કર્યો પણ ધર્મજાગ્રિકા કરી. રાત્રે સૂતા સૂતા ધર્મમંથન, ચિંતન કરતાં (૨) વિચાર આવ્યો કે તપશ્ચર્યાના કારણે મારું શરીર સાવ કૃશ થઇ ગયું છે. શરીરમાં નસે નસો દેખાવા લાગી છે. છતાં હજુ ઉત્થાન, બળ, વીર્ય, કર્મ, પુરૂષાર્થ, શ્રદ્ધા, ધૃતિ. અને સંવેગ વિદ્યમાન છે એટલે હજુ મારામાં ઉત્થાન છે, શક્તિબળ છે તો તેને ગોપવવા નહિ. તેમણે એવો વિચાર ન કર્યો કે શરીર સાવ અશક્ત કૃશ થઇ ગયું છે તો હવે હું ઘેર જઈને માલમલીદા ખાઇને શરીરને સારું બનાવું. ના. હોં. એવો વિચાર આવે કયાંથી ? તેમને તો એક જ લગની છે કે કર્મના બંધનથી મુક્ત થવું છે, તેથી શું વિચાર કર્યો ? " मे धम्मायरिए धम्मोवएसए समणे भगवं महावीरे जिणे सुहत्थी विहरइ, ताव ता मे सेयं कल्ल जाव जलंते अपच्छिम मारणांतिय संलेहणा झुसणा झुसियस्स । "

જ્યાં સુધી મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવાન મહાવીર રાગદ્વેષ રહિત થઇને સુહસ્તિની જેમ વિચારે છે ત્યાં સુધી હું અંતિમ મારણાંતિક સંલેખના અંગીકાર કરું એ જ મારા માટે શ્રેયકર છે. તેમણે ભગવાન વિચરે છે ત્યાં સુધી સંથારો કરવાનો વિચાર કર્યો. તેનું કારણ એ છે કે ધર્માનુષ્ઠાનને માટે ગુરૂદેવની ઉપસ્થિતિ હોવી અત્યંત ઉપયોગી છે તેથી ઉત્સાહ વધે છે અને કોઈ પ્રકારનો સંશય કે મુશ્કેલી ઉત્પન્ન થાય તો તેનું નિવારણ થઈ જાય છે. તેમણે એક વિચાર કર્યો કે આ જીવન એક સાધન છે. સાધ્ય નથી. આ સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ કરવાની છે. જ્યાં સુધી આ સાધન સાધ્ય પ્રાપ્તિમાં સહાયક બને ત્યાં સુધી એને સાચવવાનું. જ્યારે આ સાધન સાધ્ય પ્રાપ્તિમાં બાધા કરે, સહાયભૂત ન બને ત્યારે એને છોડી દેવું યોગ્ય છે. રોગ, અશક્તિ, અથવા બીજા કારણોથી જ્યારે એમ લાગે કે હવે આ શરીર વિકાસને બદલે પતન તરફ લઈ જશે, મનમાં ઉત્સાહ ન રહે, ભાવના મલીન બને, અનેક ચિંતાઓ સતાવે, આવી સ્થિતિ આવતા પહેલાં શરીરનો ત્યાગ કરવો, સંથારો કરવો એ યોગ્ય છે. આનંદ શ્રમણોપાસકે પણ આ નિશ્ચય કર્યો જ્યાં સુધી મારામાં થોડી શક્તિ છે ત્યાં સુધી હું

અંતિમ સંલેખણા અંગીકાર કરું. આ રીતે વિચાર કરીને બીજે દિવસે સવારે તેમણે સંલેખણાનો સ્વીકાર કર્યો.

સંથારો એ જીવનનું અંતિમ વ્રત છે. જીવનનું માપકયંત્ર છે. સંથારો કર્યા પછી મંકોડા, કીડી કે કોઈ જીવજંતુ આવીને શરીર પર ચઢી જાય તો હાયવોય ન કરે કે રાડો ન પાડે. પહેલા મહાપુરૂષો પર્વતો પર જઈને સંથારા કરતા હતા. આનંદ શ્રાવકને દેહાધ્યાસ છૂટી ગયો, તેથી છેલ્લા શ્વાસોચ્છવાસ ચાલે ત્યાં સુધી શરીરને વોસરાવી દીધું અને નવકોટીએ પચ્ચકૂખાણ કર્યા. મૃત્યુની આકાંક્ષા ન કરતા થકા શાંત ચિત્તથી ચિંતન, મનનમાં પોતાનો અંતિમ સમય વ્યતીત કરવા લાગ્યા. માત્ર આત્મ ચિંતનમાં લીન બની ગયા. જેવી રીતે જીવવાની આકાંક્ષા છોડી તેવી રીતે મરવાની ઈચ્છાનો પણ ત્યાગ કર્યો. અર્થાત્ તેમણે એવું પણ ન વિચાર્યું કે ભૂખ તરસના કારણે કષ્ટ થાય, દુઃખ થાય છે તેથી મૃત્યુ જલ્દી આવે તો સારું એવો પણ વિચાર ન કર્યો. જીવન, મરણ, યશ, કીર્તિ આ લોકના સુખ કે પરલોકના સુખ આદિ બધા ઈચ્છાઓથી નિવૃત્ત થઈને માત્ર આત્મચિંતનમાં મસ્ત બની ગયા.

આ દિવાળીના દિવસોમાં ચૌદશ અને અમાસના ભગવાનની દેશના સાંભળવા માટે નવમલ્લી અને નવ લચ્છી ૧૮ દેશના રાજાઓ છઠ્ઠ પૌષધ કરીને આત્મમસ્તી સહિત બેસી ગયા. તેમના દિલમાં એ આઘાત હતો કે હવે આપણા પ્રભુ મોક્ષે પધારશે. આપણા મનમાં સંશયનું સમાધાન કોણ કરશે ? આ ભરતક્ષેત્રમાં અરિહંત ભગવાનનો આપણને વિયોગ પડશે. આ દિવસોમાં જૈનદર્શનમાં એટલે મહત્વ છે કે ભગવાન શાસનપતિ મહાવીર સ્વામી મોક્ષે પહોંચ્યા અને ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું. તમે તેલના કોડિયા પ્રગટાવો છો તેમાં કેટલા જીવોની હિંસા થાય છે. ગૌતમ સ્વામીએ જ્ઞાનના દીવડા પ્રગટાવ્યા. જે દીપકનો પ્રકાશ કયારે ય ઝાંખો થાય નહિ ને બૂઝાય નહિ.

દિવાળી કેવી ઉજવશો ? : આ દિવાળીમાં વહેપારીઓ વર્ષભરની આવક જાવકના હિસાબ ચોખ્ખા કરે છે. બેસતા વર્ષથી નવા હિસાબ લખાય છે. દિવાળી એ શ્રી પ્રભુ મહાવીર દેવના નિર્વાણનું પર્વ છે-વહેપારના સરવૈયા ઘણા કાઢયા હવે આ દિવસોમાં આત્માનું સાચું સરવૈયું કાઢો. બાર મહિનામાં આત્મા ચઢયો કેટલો ? અથવા ચઢયો કે પાછો પડયો. ? કામનું સ્થાન સંયમે, ક્રોધનું સ્થાન પ્રેમે, લોભનું સ્થાન ઉદારતાએ, મોહનું સ્થાન અનાસક્તિએ અને અભિમાનનું સ્થાન નમ્રતાએ લીધું ખરું ? વર્ષભરમાં આપણા રાગદ્વેષ વધ્યા કે ઘટયા? ? સ્વાર્થી બન્યા કે પરમાર્થી ? સંકુચિત બન્યા કે વિશાળ ? આખા વર્ષમાં આત્મગુણની પ્રાપ્તિ થઈ કે હાનિ થઈ ? ઉદારતા, સદાચાર, સહનશીલતા, વિવેક, કરૂણા અને સહિષ્ણુતા આદિ ગુણો વધ્યા કે ઘટયા ? આ મેળ કાઢયો છે ખરો ? વેપારીઓ ચોપડાની ચિંતા કરે તો આપણે આ દિવસે જીવનનો હિસાબ તપાસવાની ચિંતા કરવી જોઈએ. પ્રકાશના આ મહાન પર્વમાં આપણામાં અવગુણ રૂપી અંધારું કયંક છુપાઈને પડયું રહે તે કેમ ચાલે ? બાહ્ય જગતમાં ઘર

ઘરમાં દીવડાની હારમાળા ગોઠવાઇ ગઈ હોય. દ્રવ્ય પ્રકાશ ઝળહળતો હોય પણ આત્મામાં અંધકાર હોય તે કેમ ચાલે ? દિપાવલીનું પર્વ આપણને એ સૂચન કરે છે કે આત્મામાં ઝાકમઝોળ કયારે થશે ? આ પર્વ ઘરના ઉંબરા પર મૂકેલા દીવા જેવું છે ઉંબરા પર મૂકેલો દીવો અંદરના અને બહારના બંને ખંડને પ્રકાશિત કરે છે. તેમ આ મહાન પર્વ ભૂતકાળને ઝીણવટથી તપાસ કરવાનું અને ભવિષ્યકાળને ઉજ્જવળ કરવાનું પર્વ છે.

દિવાળીના દિવસે બધા ચોપડાપૂજન કરીને શું માંગશો ? ધન્ના શાલીભદ્રની રિદ્ધિ. સમ્યગ્દૃષ્ટિ આત્મા શું નાશવંત રિદ્ધિ માંગે ? ના. આ દિવસોમાં તો પ્રભુએ દેશનાનો ધોધ વહાવ્યો. એવા દિવસે સમકિતી આત્મા નાશવંત લક્ષ્મી માંગે ? જે દિવસે વૈરાગ્યનાં ફુવારા ઉછળ્યા હતા, ત્યાગના ધોધ વહી રહ્યા હતા એવા દિવસે ધન્ના શાલીભદ્રની રિદ્ધિ માંગવાની હોય ? જે રિદ્ધિનો તેઓએ ત્યાગ કર્યો હતો તેને તમે માંગી રહ્યા છો. એ માંગવાથી તો સમ્યક્ત્વ મલિન થાય. આ મહાત્માઓ પાસે માંગવા લાયક ઘણું છે. માંગો તો એમની પાસે દાન અને ત્યાગ માંગો. ગૌતમ સ્વામીની લબ્ધિ માંગો છો પણ વિચાર કરો કે એ લબ્ધિ આવી કયાંથી ? ગુરૂભક્તિ ન હોત તો એ લબ્ધિ કયાંથી આવત ! માટે એમની ગુરૂભક્તિ માંગો.

ગ્રંથકાર કહે છે કે ભગવાનના નિર્વાણના સમાચાર સાંભળતા ગૌતમ સ્વામી નાના બાળકની જેમ ક્ષુસ્કે ક્ષુસ્કે રડી પડયા. શું મારા ભગવાન ચાલ્યા ગયા ? વીર....વીરના રટણથી રાગ દૂર થયો અને વીતરાગતા પર એમની દૃષ્ટિ સ્થિર થઈ અને ત્યાં ઘાતી કર્મોના ભૂક્કા ઉડાડયા અને કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. તેમના જીવનમાં ત્રણ મહાન ગુણો હતા—સરળતા, નિર્દોષતા અને સમિર્પતતા. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાગૃકાર હતા. દ્વાદશાંગીના સ્વયં રચયિતા અને પ્રથમ ગણધર હોવા છતાં એ પવિત્ર પુરૂષ પાસે સરળતા, નિર્દોષતા અને સમર્પિતતાના જે ગુણો હતા તે અજબગજબ કોટિના હતા. એ ત્રણ ગુણો આપણને પ્રેરણા આપે છે કે તમે ગમે તેટલા મોટા બનો, જ્ઞાની બનો પણ ગુરૂ ભગવંત પાસે સરળ, નિર્દોષ અને સમર્પિત રહેજો. આ ત્રણ ગુણો હશે તો કલ્યાણ દૂર નથી અને તેમની લબ્ધિ પણ મળવાની, માટે એ તારકની ગુરૂભક્તિ માંગો. અભયકુમારની ધર્મબુદ્ધિ માંગો. કયવન્નાં શેઠનો સદાચાર માંગો. અને બાહુબલીજીનું વિવેકવાળું બળ માંગો. આ સાથે પુણિયા શ્રાવકની સામાયિક, ધન્ના અણગારનો તપ, સ્થૂલીભદ્ર સ્વામીનું બ્રહ્મચર્ય અને પ્રભુ મહાવીર સ્વામીની ક્ષમા પણ માંગજો.

આ દિવાળી એવી ઉજવો કે આવતી દિવાળીએ જીવન આવું ને આવું જડપ્રેમી ન રહે. તમારી ઉજવણી અને હું જે ઉજવણી કહું છું તેમાં ફરક છે. દિવાળીમાં નવા નવા કપડા પહેરવા, સારું સારું જમવું, ફટાકડા ફોડવા આ બધું કરીને તમે દિવાળી ઉજવશો. કંઈક માનવીઓ તો જૂનું કાઢી નાંખશે અને નવું વસાવશે. કપડા, વસ્તુ બદલાવી નાંખશે પણ જ્ઞાની કહે છે કે આ બધું બદલાવા કરતાં એક ' સ્વભાવ ' ને

બદલવાની જરૂર છે. સામાન્ય બાબતમાં જીવને ક્રોધ આવી જાય, તેના મનમાં ઉકળાટ આવી જાય, મન અશાંત બની જાય છે તે સ્વભાવને બદલવાનો છે. જો આપણે સ્વભાવને બદલીશું તો સાચી દિવાળી ઉજવી કહેવાય. આ દિવસોમાં હિસાબના ચોપડા ચોખ્ખા થઈ ગયા પણ કષાયના ચોપડાઓ એવા ને એવા ગોટાળાવાળા રહ્યા તો શું કરવાનું? ફટાકડાઓ ફોડીને આનંદ મનાવો પણ વિચાર તો કરો આ ફટાકડા કેટલા જીવોના દિલમાં ફફડાટ પેદા કરાવે છે. કેટલા જીવોની હિંસા થાય છે? ફટાકડા ફોડો તો કુસંસ્કારોના અને રાગ-દ્વેષના ફોડો કે જેમાં બધા પાપો બળીને સાફ થઈ જાય. આજે તમે એ ધ્યેય નક્કી કરો કે હવે આવતી દિવાળી પહેલા નિર્વેદ અને વૈરાગ્યના કુવારા જીવનમાં ઉડે. આર્યદેશ, ઉત્તમ કુળ, વીરનું વિરાટ શાસન મળ્યું છતાં દુનિયાના પદાર્થો જો જીવને ગાંડાઘેલા બનાવે. એ પદાર્થોના જીવ સરવૈયા કાઢે અને આત્માના સરવૈયાની વાત ન કરે તો આત્માને શું લાભ થાય? આ દિવસોમાં ભગવાન મહાવીર સ્વામીએ કેવો અપૂર્વ લાભ અને શાશ્વત આનંદ મેળવ્યો.

अणुत्तरग्गं परमं महेसी, असेसकम्मं स विसोहइत्ता ।
सिद्धि गइ साइमणंतपत्ते, नाणेण सीलेण य दंसणेण ॥ સૂય.અ.૬.ગા.૧૭

મહર્ષિ ભગવાન મહાવીર સ્વામી સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રના શુદ્ધ પાલનથી જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોને ક્ષય કરીને સર્વોત્તમ સિદ્ધિપદને પ્રાપ્ત કરી, જેની આદિ છે પણ અંત નથી એવી પાંચમી ગતિના શાશ્વત સુખોને પામ્યા અને ગૌતમ સ્વામીએ કેવળજ્ઞાનની અદ્ભૂત જ્યોત પ્રગટાવી. આ કારણથી જૈનો દિવાળીના પર્વની ઉજવણી કરે છે. આ પર્વની ઉજવણી તપ ત્યાગથી કરવાની છે. આપણે ત્યાં અઠ્ઠમ, છઠ્ઠ ઘણા મોટા પ્રમાણમાં થયા છે. માતાપિતાના વિયોગ કરતા અરિહંત ભગવાનનો વિયોગ અસહ્ય છે. મોજશોખ કરી, કોડિયાના દિપક પ્રગટાવી, ફટાકડા ફોડી, ઘૂંઘરા, ચુંવાળી ખાઈને દિવાળી ઉજવો એ સાચી દિવાળી નથી પણ કર્મના કીટાણુઓને દૂર કરવા અહિંસાના દારૂગોળા ફોડો, સંયમના શસ્ત્રો સજો, ત્યાગ, વૈરાગ્ય અને બ્રહ્મચર્ય રૂપી રંગબેરંગી બંપોરિયા પ્રગટાવો, અજ્ઞાન અંધકારને દૂર કરવા જ્ઞાનનો પ્રકાશ પાથરો, શુદ્ધ ભાવનાના સાથિયા પૂરો અને રત્નત્રયની રંગોળી પૂરી ચારિત્રના તેજ ઝળકાવો તો સાચી દિવાળી ઉજવી કહેવાય. નૂતન વર્ષના મંગલ પ્રભાતે નૂતન જીવન જીવવાનો સંકલ્પ કરો એ શુભેચ્છા સહિત વિરમું છું.

(પૂ. મહાસતીજીએ ભગવાનના નિર્વાણ ઉપર ખૂબ વિસ્તારથી કહ્યું હતું પણ વ્યાખ્યાનના પાના વધી જવાના કારણે કાળીચૌદશ અને દિવાળીનું વ્યાખ્યાન ટૂંકમાં ભેગું લખ્યું છે.)

કારતક સુદ ૫ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૧૦૪ : તા. ૧૭-૧૧-૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આજે જ્ઞાન પંચમીનો પવિત્ર દિવસ છે. અનંતજ્ઞાની ભગવંતોએ જ્ઞાનની મહત્તા ખૂબ ગાઈ છે. જ્ઞાનને જેટલી ઉપમાઓ, જેટલા વિશેષણો આપીએ તેટલા ઓછા છે, આચાર્યો ફરમાવે છે

पीयूषम् समुद्रोत्थं, रसायन मनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणे ॥

સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું છતાં એવું જ્ઞાન અમૃત છે. ઔષધિઓના પ્રયોગથી નહિ બનેલું છતાં જ્ઞાન એ રસાયણ છે અને અન્યની અપેક્ષાવાળું નહિ છતાં જ્ઞાન એ ઐશ્વર્ય છે.

જ્ઞાની કહે છે કે જ્ઞાન એ અમૃત છે. દુનિયા જેમ માને છે કે અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થાય છે તેવી રીતે ઉત્પન્ન થયેલું આ અમૃત નથી. આ તો સ્વતઃ અમૃત છે. રસાયણ ઔષધોથી ઉત્પન્ન થાય છે પણ આ જ્ઞાનને તો ઔષધની જરૂર નથી. દુનિયાનું ઐશ્વર્ય બીજી સામગ્રીઓમાં છે પણ આ જ્ઞાનને બીજી સામગ્રીઓની જરૂર નથી. એટલે કે સ્વતઃ ઐશ્વર્ય છે. પ્રભુના શાસનમાં જ્ઞાની કોણ અને અજ્ઞાની કોણ ? જેણે ઘણાં પુસ્તકો વાંચ્યા હોય, દુનિયામાં મોટો વિદ્વાન ગણાતો હોય, ઘણી ડીગ્રીઓ મેળવી હોય છતાં જેનું ધ્યેય મોક્ષનું નથી એને જૈનદર્શન જ્ઞાની તરીકે સ્વીકારવાની ના પાડે છે અને જેનામાં મોટા મોટા પુસ્તકો ભણવાની, વાંચવાની કે સમજાવવાની શક્તિ ન હોય છતાં જેનું ધ્યેય માત્ર મુક્તિની સાધના છે તે જ્ઞાની છે. મારો આત્મા મોક્ષને કયારે મેળવશે ? કઈ રીતની મારી પ્રવૃત્તિ હોય તો મોક્ષ પમાય, એ જાતની ભાવનાને જૈન દર્શન ઉત્કૃષ્ટ જ્ઞાન કહે છે. જ્ઞાની તે છે કે જેને સંસાર પ્રત્યે અરૂચી અને મોક્ષ પ્રત્યે રૂચી પેદા થઈ હોય. જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી પણ જો રાગાદિ શત્રુઓ વધતા રહે અને કષાયો ઘટતી ન હોય તો તે જ્ઞાન સાચું જ્ઞાન નથી. સૂર્ય ઉદયમાન થવા છતાં જો અંધકાર રહે તો કહેવું પડે કે હજુ સૂર્ય ઉગ્યો નથી તેમ જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે કહેવાય કે રાગાદિ શત્રુઓ અને ક્રોધાદિ દુર્ગુણો રૂપી અંધકારનો નાશ થતો જાય, માટે જૈન દર્શન કહે છે કે મુક્તિપદની ભાવના તે સમ્યગ્ જ્ઞાન અને એ ભાવના જેનામાં હોય તે જ્ઞાની. **"જ્ઞાનનું દાન પામેલા આત્માઓને સંસારનો સંનિપાત ન હોય, તુચ્છ પદાર્થોની ખેંચતાણ ન હોય."** આવા સમ્યક્ જ્ઞાનથી આત્માને શું લાભ થાય ?

ज्ञानदानेन जानाति, जन्तुस्तस्य हिताहितम् ।
वेत्ति जीवादितत्त्वानि, विरति च समश्नुते ॥

જ્ઞાનદાનથી આત્મા તેના હિતાહિતને જાણે છે. જીવાદિ તત્વોને જાણે છે અને વિરતિને પામે છે. જ્ઞાનથી જીવ કલ્યાણના માર્ગને અને પાપના માર્ગને જાણે છે. પછી

બંનેમાંથી જે માર્ગ શ્રેય લાગે તેનું આચરણ કરે છે. જેમના જીવનમાં સમ્યક્ જ્ઞાનનો દીપક પ્રગટયો છે એવા આનંદ શ્રાવકે સંથારો કર્યો. સંથારામાં ખૂબ આત્મચિંતન, શુદ્ધ અધ્યવસાય અને આત્મસમાધિમાં મસ્ત બની ગયા. સંસારની તમામ ઝંઝટ છોડી આત્મમસ્તીની મોજ માણી રહ્યા છે.

तएणं तस्स आणंदस्स समणोवासगस्स अन्नया कयाइ सुभेणं अज्झवसाणेणं सुभेणं परिणामेणं,लेसाहिं विसुज्झमाणेहिं तयावरणिज्जाणं कम्माणंखओवसमेणं ओहिनाणं समुपन्ने । આ રીતે ધર્મચિંતન કરતા થકા આનંદ શ્રાવકને એક દિવસ શુભ અધ્યવસાય શુભ પરિણામ અને વિશુદ્ધ લેશ્યાના કારણે અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થઈ ગયો અને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

આનંદ શ્રાવક તેમની સાધનામાં આગળ ને આગળ વધતા રહ્યા. તેમને લેશ્યા પણ શુભ એટલે તેજુ, પદ્મ, શુકલ આ ત્રણે શુભ લેશ્યા અને સારા શુભ અધ્યવસાયના કારણે એમનો આત્મા વધુ ને વધુ નિર્મળ બનતો ગયો. પરિણામે તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. અવધિજ્ઞાનના સ્વામી ચારે ગતિમાં હોય. નારકી અને દેવોને ભવઆશ્રી અવધિજ્ઞાન છે. એટલે ત્યાં ઉત્પન્ન થાય કે તરત થઈ જાય. તેમાં જીવ સમકિતી હોય તો અવધિજ્ઞાન થાય અને મિથ્યાત્વી હોય તો વિભંગજ્ઞાન થાય. મનુષ્ય અને તિર્યંચને ક્ષયોપશમથી થાય તે ગુણઆશ્રી છે. જ્ઞાન પાંચ પ્રકારના છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તમને કોઈ પૂછે કે એક જીવને એક સાથે કેટલા જ્ઞાન હોય ? બે, ત્રણ અને ચાર. બે હોય તો મતિ અને શ્રુત જ્ઞાન. નંદીસૂત્રમાં ભગવંતે કહ્યું છે કે " जत्थ आभिणिबोहियनाणं तत्थ सुयनाणं जत्थ सुयनाणं तत्थाऽभिणि बोहियनाणं दोऽवि, एयाइं अण्णमण्णमणुगयाइं । જ્યાં મતિજ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન હોય, જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં મતિજ્ઞાન હોય. એ બે જ્ઞાન સાથે હોય. ત્રણ જ્ઞાન હોય તો મતિ, શ્રુત, અવધિ અથવા મતિ શ્રુત, અને મનઃપર્યવ. ચાર હોય તો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને એક હોય તો કેવળજ્ઞાન. કેવળજ્ઞાન જેવું કોઈ નથી. " केवलनाणी सव्व दव्वाइं, सव्वं खित्तं, सव्वं काल, सव्वे भावे जाणइ पासइ " । કેવળજ્ઞાની સર્વ દ્રવ્યો, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવને જાણે છે અને દેખે છે.

આજે જ્ઞાનપંચમીનો દિવસ છે. આપણા અધિકારમાં પણ જ્ઞાનની વાત આવી છે. આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું. અવધિજ્ઞાનના ભગવાને છ પ્રકાર બતાવ્યા છે. (૧) आणुगामियं : તમે ગમે ત્યાં બેસો, ફરો, ફરો, ગમે ત્યાં જાવ પણ આ આનુગામિક અવધિજ્ઞાન સાથે ને સાથે જાય. તેના બે પ્રકાર છે. અંતઃગત અને મધ્યગત. અંતઃગતના ત્રણ પ્રકાર (૧) પુરતઃ અંતઃગત તે શરીરના આગલા ભાગના ક્ષેત્રમાં જાણે દેખે. (૨) માર્ગતઃ અંતઃગત તે શરીરના બાજુના ભાગના ક્ષેત્રમાં જાણે દેખે. (૩) પાર્શ્વતઃ અંતઃગત. તે શરીરના બે પાર્શ્વ ભાગના ક્ષેત્રમાં જાણે દેખે. તે જે તરફ જાણે, દેખે તે બાજુ તરફ સંખ્યાતા, અસંખ્યાતા, યોજન સુધી જાણે દેખે. મધ્યગત અવધિજ્ઞાન તે સર્વ દિશા,

વિદિશા તરફ સંખ્યાતા યોજન સુધી જાણે દેખે. આ આનુગામિક અવધિજ્ઞાન. (૨) **અણાણુગામિયં** : તે જે સ્થાનમાં, જે ક્ષેત્રમાં અવધિજ્ઞાન થયું હોય ત્યાં આવે તો દેખે. બીજા સ્થાનમાં જાય તો ન દેખે. (૩) **વદ્ધમાણયં** : વર્ધમાનક અવધિજ્ઞાન. પ્રશસ્ત લેશ્યાના અધ્યવસાયે કરી તથા વિશુદ્ધ ચારિત્રના પરિણામે કરી સર્વ પ્રકારે અવધિજ્ઞાનની વૃદ્ધિ થાય તેને વર્ધમાનક અવધિજ્ઞાન કહે છે. (૪) **હિયમાણયં** : હીયમાન અવધિજ્ઞાન. તે અપ્રશસ્ત લેશ્યાના પરિણામે કરી અશુભ ધ્યાને કરી અવિશુદ્ધ ચારિત્રના પરિણામથી આવેલું અવધિજ્ઞાન થોડું થોડું ઘટતું જાય તેને હીયમાન અવધિજ્ઞાન કહેવાય. (૫) **પડિવાઇયં** : પ્રતિપાતી અવધિજ્ઞાન. જે અવધિજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચાલ્યું જાય તે પ્રતિપાતી અવધિજ્ઞાન. (૬) **અપડિવાઇયં** : અપ્રતિપાતી અવધિજ્ઞાન. જે અવધિજ્ઞાન આવ્યા પછી જાય નહિ તે અપડિવાઈ અવધિજ્ઞાન. નારકી અને દેવતાને આનુગામિક, અપ્રતિપાતી અને અવસ્થિત એ ત્રણ પ્રકારનું અવધિજ્ઞાન હોય. મનુષ્ય અને તિર્યંચને બધા પ્રકારનું અવધિજ્ઞાન હોય.

ચોથું મનઃપર્યવજ્ઞાન. મનઃપર્યવજ્ઞાની અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવને જાણે દેખે. મનઃપર્યવજ્ઞાન કોને થાય ? સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યના પર્યાપ્તાને થાય. તેમાં પણ સમકિતી, અપ્રમત્ત સંયતિ અને લબ્ધીધારી હોય તેને થાય. અવધિજ્ઞાન ચારે ગતિમાં થાય પણ મનઃપર્યવજ્ઞાન તો માત્ર મનુષ્યોને થાય. મનુષ્યમાં પણ જેનામાં આટલા બોલ હોય તેને થાય. મનઃપર્યવ જ્ઞાનના બે ભેદ. ઋજુમતિ અને વિપુલમતિ. ઋજુમતિવાળો કદાચ પડે પણ વિપુલમતિવાળો ન પડે. કેવળજ્ઞાન તો ચાર ઘાતી કર્મોનો ક્ષય કરે ત્યારે થાય.

આજના દિવસનું નામ છે જ્ઞાનપંચમી. આજે જ્ઞાનની આરાધના કરવાની છે. ભગવાન બોલ્યા છે કે " **પઢમં નાણં તઓ દયા** । " પહેલું જ્ઞાન અને પછી દયા. જ્ઞાન પહેલું શા માટે કહ્યું ? જો જ્ઞાન હશે, જીવાજીવને, પુણ્યપાપને જાણતો હશે તો તે જીવોની દયા પાળી શકશે, જ્ઞાન નહિ હોય તો દયા કોની પાળશે ? આપણા આત્માએ પૂર્વ ભવમાં જ્ઞાની પર દ્વેષ કર્યા હોય, તેના અવર્ણવાદ બોલ્યા હોય, જ્ઞાનીના ઉપકાર ઓળવ્યા હોય, જ્ઞાન ભણતાં અંતરાય પાડી હોય, તેની સાથે ઝઘડા કર્યા હોય તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય. તેના કારણે જીવને મૂંગાપણું, બોબડાપણું આવે, ભણતર ન ચઢે માટે જ્ઞાન આવડે તેવા પ્રયત્નો કરવા. જ્ઞાન જેવું કોઈ સુખ નથી ને અજ્ઞાન જેવું દુઃખ નથી. અજ્ઞાનનું અંધારું તો ભયંકર હોનારત સર્જે છે.

અંધકારે સર્જેલો અનર્થ : એક ભાઇ રસ્તામાં ચાલ્યો જતો હતો. રસ્તામાં એક સુખી, શ્રીમંત, મહાવૈભવશાળી કુટુંબનો દીકરો ડુસ્કે ડુસ્કે રડતો જોયો. તેને ઘેર કોઈ કમીના ન હતી, છતાં આટલું બધું રડતો જોઈ તે ભાઇને વિચાર થયો કે આ છોકરો આટલો બધો કેમ રડે છે ? તે નાનો નથી. યુવાન છે. તેનું શરીર તંદુરસ્ત દેખાય છે. તેના પર એવું કયું દુઃખ આવી પડયું હશે કે જેથી તે આટલું બધું રડે છે ? છેવટે તે ભાઇ તેની પાસે ગયો. જઈને તેના માથે હાથ મૂકીને પૂછયું—બેટા ! તું આટલો બધો કેમ રડે છે ? તારે માબાપ છે, સંપત્તિ ખૂબ છે, શરીર નિરોગી છે

છતાં આટલું બધું રડવાનું કારણ શું ? ત્યારે તે છોકરાએ રડતા રડતા કહ્યું-ભાઈ ! મારા મિત્રનું મૃત્યુ થયું છે. તેનો મને ખૂબ આઘાત છે. તે ભાઈએ કહ્યું-છોકરા ! જેનો જન્મ છે તે બધાને મૃત્યુ તો એક દિવસ આવવાનું નિશ્ચિત છે. મોડા કે વહેલા સૌને જવાનું છે.

છોકરાએ કહ્યું-તે મારો જિગરજાન દોસ્ત હતો. બે દિવસ પહેલા અમે બંને એક મિત્રને મળવા જતા હતાં. તે મિત્રનું મકાન ત્રીજે માળે હતું. બે માળ અમે ચઢી ગયા ને એક માળ બાકી હતો ત્યાં એકાએક લાઈટ જતી રહી. ઘનઘોર અંધારું થઈ ગયું. દાદર તો દેખાય નહિ. થોડી વાર અમે ઉભા રહ્યા પણ લાઈટ તો ન આવી. દાદર ગોળ વાંકોચૂકો હતો. ત્યાં અંધારામાં સહેજ આભાસમાં દોરડા જેવું લટકતું જોયું. અમે વિચાર કર્યો કે દોરડું પકડીને ઉપર ચઢી જશું, વાંધો નહિ આવે. મારો મિત્ર દોરડું પકડીને ચઢવા ગયો પણ કોણ જાણે શું થયું કે જેવું દોરડું પકડયું તેવી તેના મુખમાંથી ઠારમી ચીસ નીકળી ગઇ અને ભોંય પડી ગયો. બરાબર તે સમયે લાઇટ આવી ગઇ. હું જોવા ગયો કે મારા મિત્રને શું થયું ? પાસે જઈને જોયું તો તેનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

આ દશ્ય જોતાં હું તો હેબતાઈ ગયો કે બે મિનિટમાં મારા મિત્રને શું થયું ? આમ કેમ બની ગયું ? વિચાર કરતાં નજર દોરડા પર પડી કે જે દોરડાને મારા મિત્રે ઉપર જવા માટે પકડયું હતું, પણ ખરેખર તે દોરડું ન હતું, સાપ ન હતો પણ ઇલેકટ્રીક વાયરોનું દોરડું હતું. એમાંથી વાયરો છૂટા પડી ગયા હતા. દાદરની ભીંત પર મોટા અક્ષરે લખ્યું હતું કે અડીં ઇલેકટ્રીક વાયરો તૂટી ગયેલા છે. તેને કોઈએ હાથ લગાડવો નહિ. તેને અડવામાં જાનનું જોખમ છે. ઘનઘોર અંધારામાં આ લખેલું દેખાયું નહિ, તેથી તેને દોરડું માની લીધું. તે ઇલેકટ્રીક દોરડાને અડતા તેને સોટ લાગી ગયો અને તેનું મૃત્યુ થઈ ગયું. મૃત્યુ થવાનું કારણ ઇલેકટ્રીકના દોરડાને કાથીનું દોરડું માન્યું. મારા મિત્રે તે અંધારામાં પકડયું અને પરિણામે તેનું મૃત્યુ થયું. અત્યારે મને એ દશ્ય યાદ આવે છે, તેથી હું રડી રહ્યો છું. મિત્રના વિયોગનો ઘા મારા દિલમાંથી જતો નથી. શું મારો મિત્ર આ રીતે ચાલ્યો ગયો ! તેને આશ્વાસન આપીને તે ભાઈ તો ચાલ્યો ગયો.

આ વાતમાંથી આપણને ઘણું સમજવા ને જાણવા મળે છે. પેલા મિત્રને તો અંધારામાં ખબર પડી નહિ કે કાથીનું દોરડું નથી પણ ઇલેકટ્રીક વાયરોનું દોરડું છે. સોટ લાગતા પ્રાણપંખેરું ઉડી ગયું. તે તો એક વાર મૃત્યુને ભેટયો પણ આપણે તો અનંત વાર મૃત્યુને ભેટયા છીએ તેનું કારણ અજ્ઞાન છે. ભગવાન બોલ્યા છે

जावन्तऽविज्जा पुरिसा, सव्वे ते दुक्ख संभवा ।
लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणंतए ॥ ઉત્ત.અ.૬.ગા.૧

આ સંસારમાં જેટલા અવિદ્યાવાળા, અજ્ઞાની આત્મા છે તે બધા દુઃખ ભોગવવાવાળા છે. હિતાહિતના વિવેકથી રહિત અજ્ઞાની જીવો અનંત સંસારમાં વારંવાર પરિભ્રમણ કરે છે અને દુઃખોથી પીડિત થાય છે. અજ્ઞાનને કારણે વિનશ્વર ચીજોને શાશ્વત માની છે. એને સાચવવા, રક્ષણ કરવા શાશ્વત એવા આત્માના જ્ઞાનાદિ અનંત ગુણોની ઉપેક્ષા કરી છે અને એ ઉપેક્ષા કરવાથી ૫-૨૫ વાર નહિ પણ અનંતીવાર જીવ મૃત્યુને ભેટયો છે અને દુર્ગતિના દુઃખો ભોગવવા ગયો છે. આત્માએ મોટી ભૂલ કયાં કરી છે? જે જે પદાર્થોને ઉન્નતિના સાધન રૂપ માન્યા હતા એ બધા પદાર્થો નીચે પાડનારા હતા. પણ મોહના, અજ્ઞાનના ગાઢ અંધકારે એ સત્ય વાત સમજવા દીધી નથી. એ પદાર્થો નાશવંત તો છે એટલું નહિ પણ તેના પર આસક્તિ કરી તો આત્માના ભાવપ્રાણોની હતલ થવાની છે. અજ્ઞાનના અંધકારમાં જીવ અટવાઈ ગયો છે. જ્યાં સુખ નથી ત્યાંથી સુખ મેળવવા ફાંફા માર્યા છે. "**खणमित्त सुक्खा बहुकाल दुक्खा**" જ્યાં ક્ષણ માત્રના સુખની પછળ અનંતકાળનું દુઃખ ઊભું છે. જેને સુખના સાધનો માન્યા છે તેમાંથી સુખ તો ન મળ્યું પણ દુઃખ મળ્યું છે.

નાશવંત પદાર્થોના રાગે છ ખંડના માલિક એવા ચક્રવર્તીઓને નરકમાં મોકલ્યા છે. શ્રુતકેવલી તરીકે એક વાર ખ્યાતિ પામેલ ચૌદ પૂર્વમાં ઊણા એવા જીવોને નિગોદમાં ધકેલી દીધા છે. મોહના ગાઢ અંધકારના કારણે જીવને સત્ય વાત સમજાતી નથી અને અજ્ઞાનના કારણે તે વિનશ્વર પદાર્થો પ્રત્યે રાગ કરે છે ને તેમાં સુખ માને છે. જ્યાં બારો દરિયો છે ત્યાં અમૃત કયાંથી મળવાનું છે? પેલા યુવકે ઇલેકટ્રીક વાયર અજાણતાં પકડયો છતાં તેની સજામાં તેના જીવનની સમાપ્તિ થઈ. ત્યારે અજ્ઞાન દશાથી જીવ જે ભૂલો કરી રહ્યો છે તેની સજામાં અનંતા જન્મ મરણની સજા મળી છે. હજુ પણ જો એ રસ્તેથી પાછા નહિ વળો તો ભાવિ ભયંકર સર્જાશે.

જ્ઞાનદૃષ્ટિથી દુઃખ દૂર અને આવે સુખના પૂર : આપણા શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીના આત્માએ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું. ત્યારે તો અજ્ઞાન દશા હતી. જ્ઞાન ન હતું પણ દેખો, અજ્ઞાન દશામાં બાંધેલું કર્મ પણ ભોગવ્યા વિના છૂટકો નથી. કર્મનો કાયદો અટલ છે. જ્ઞાનદશામાં કર્મ કર્યા હોય કે અજ્ઞાન દશામાં કર્મો કર્યા હોય પણ તે તો તેનો બદલો લેવાનો. અજ્ઞાન દશામાં બાંધેલું કર્મ ભગવાન મહાવીર સ્વામીના ભવમાં ઉદયમાં આવ્યું. ભગવાનના કાનમાં ખીલા ઠોકાણા ત્યારે પ્રભુએ એ વિચાર કર્યો કે અજ્ઞાન દશામાં બાંધેલું કર્મ જ્ઞાનદશામાં ભોગવવાનું આવ્યું છે. તેમણે જો જ્ઞાનદૃષ્ટિ કેળવી તો ભયંકર ઉપસર્ગોમાં સમતા રાખી શકયા. કર્મ એવો વિચાર નહિ કરે કે આ જીવે અજ્ઞાન દશામાં કર્મ બાંધ્યું છે માટે એને માફ કરું. જેમની સેવામાં કરોડો દેવો હાજર હતા, તીર્થંકર નામકર્મનો ભોગવટો થઈ રહ્યો હતો છતાં જે કર્મો બાંધ્યા હોય તે ભોગવ્યા વિના છૂટકારો નહિ થાય. રેતીનો ઢગલો હોય તો જોરદાર વંટોળ આવતાં ઘડી વારમાં સાફ થઇ જાય છે તેમ આ

મહાપુરૂષોને કષ્ટા, ઉપસર્ગો આવ્યા ત્યારે એ વિચાર્યું કે આ તો બે ઘડીનું દુઃખ છે. આ કર્મના ઢગલાને ઉડાડવા માટે જો સમતાનો, ક્ષમાનો જોરદાર પવન આવશે તો મારા કર્મના ગંજ બળીને સાફ થઈ જશે. આ હતી તેમની જ્ઞાનદૃષ્ટિ.

અજ્ઞાનથી અંધકાર અને જ્ઞાનથી પ્રકાશ : આ અજ્ઞાને તો જીવનમાં કેની હોનારત સર્જી છે. કુંડરિક મુનિ એક હજાર વર્ષ સંયમની સાધના કર્યા બાદ રસવંતા ભોજનમાં આસક્ત બન્યા, માન-સન્માનમાં મસ્ત બન્યા, જ્ઞાનદૃષ્ટિ છૂટી ગઈ, અજ્ઞાનમાં અટવાઈ ગયા, પરિણામે સંયમ દુઃખકારક લાગ્યો અને ચારિત્ર છોડીને રાજ્યના રાગમાં રંગાઈ ગયા, છેવટે મરીને નરકમાં ચાલ્યા ગયા. જો જીવનમાં જ્ઞાનનો પ્રકાશ હોત તો આ સ્થિતિ ન આવત, માટે પ્રત્યેક પળે પળે સાવધાની રાખવાની છે. જે પળમાં આ સાવધાની જાય છે, જાગૃતિ ઓછી થાય છે એ પળ આત્માને માટે ભારે ખતરનાક બની જાય છે. આજે જ્ઞાનપંચમીના દિવસે ઉપવાસ કરો, જેટલો ટાઈમ મળે તેટલા સમયમાં એકાગ્ર ચિત્તથી ભણો, જ્ઞાનીનું બહુમાન કરવાથી, એના ગુણગાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ તૂટે છે. જ્ઞાન દેનાર ગુરૂના ઉપકારને તો કયારે પણ ભૂલશો નહિ. જ્ઞાનદાન એ મહાન દાન છે, માટે જ્ઞાનદાતા ગુરૂની બને એટલી સેવા કરવી પણ તેમના ઉપકારને કયારે પણ ભૂલવા નહિ. અહીં મને એક વાત યાદ આવે છે.

જીવણભાઈ નામના એક ટીચર સ્કુલમાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા. આ ટીચર ખૂબ પ્રમાણિક હતા. આજે તો એવો સમય છે કે વિદ્યાર્થી ઠોઠ હોય પણ ક્લાસના ટીચરનું ટયુશન રાખ્યું હોય તો ઠોઠ પણ પાસ થઇ જાય અને જો બીજા ટીચર રાખ્યા હોય તો ચિંતાનો પાર નહિ. આ જીવણભાઈ બધાને પ્રેમથી ભણાવતા અને સારા સંસ્કારોનું સિંચન કરતા. જે વિદ્યાર્થીઓ ભણવામાં નબળા હોય તેમને રાત્રે બોલાવતા ને ભણાવતા. કોઈની પાસે પૈસો લેતા નહિ. આ રીતે ભણાવતાં તેમની ઉંમર થઈ ગઇ એટલે સરકારે તેમને છૂટા કર્યા. તેમને પેન્શન મળતું અને આજીવિકા માટે ટયુશન કરતા. આ ટીચરને એક દીકરી હતી. તે મોટી થઇ. દીકરી યુવાન થઈ. એટલે માબાપને ચિંતા તો થાય ને! દીકરીના પુણ્યોદયે સારા ઘેર સગપણ થયું. હવે તેના લગ્ન કરવાના હતા. જીવણભાઇ વિચારે છે કે લગ્ન કરવા પાંચ હજાર રૂપિયા જોઈશે તે કયાંથી લાવીશ? શું કરીશ? તેમને વિચાર આવ્યો કે મારા હાથ નીચે ભણેલા કંઈક છોકરાઓ સુખી થઈ ગયા છે. કોઈ એંજીનિયર, કોઈ ડોકટર બન્યા છે તો હું તેમની પાસે જાઉં ને ૫૦૦૦ રૂ. ઉછીના લઈ આવું. એમ વિચાર કરી નીલેશ નામના વિદ્યાર્થી પાસે ગયા. તે મોટો ધનવાન બની ગયો છે. નીલેશે દૂરથી જોયું કે આ તો મારા ટીચર આવે છે. તરત તે તેમના સામે ગયો. મીઠો આવકાર આપ્યો. પધારો સાહેબ પધારો! નીલેશ ભલે મોટો વહેપારી બન્યો છે પણ એનામાં વિનય હતો! આજે તો વિનયને દેશવટો દઈ દીધો છે. નીલેશને ટીચર માટે માન હતું. તેણે તેમનો સત્કાર કરીને બેસાડયા, પછી તેમને પૂછયું-અહો સાહેબ! આજે આપને કયા કારણસર અહીં

આવવાનું બન્યું ? ધન્ય ઘડી ધન્ય ભાગ્ય કે મારા જ્ઞાનદાતા ગુરૂના પગલા થયા. મારા લાયક જે સેવા હોય તે ફરમાવો.

ટીચરે વિદ્યાર્થી પાસે કરેલી રજૂઆત : ટીચરે કહ્યું–નીલેશ ! મારે તારું ખાસ કામ પડયું છે. બે મિનિટ મારે તારી સાથે વાત કરવી છે. બોલો ને સાહેબ ! જે હોય તે કહો. ભાઈ ! મારી દીકરી મોટી થઈ છે. તેના લગ્ન—કરવા છે. તે માટે મારે ૫૦૦૦ રૂા. જોઇએ છે. નીલેશ પાસે પૈસો ઘણો હતો પણ લોભીયો હતો, પણ ટીચરને ના તો કેવી રીતે પડાય ? એટલે સહેજ વાર વિચાર કરીને કહ્યું–સાહેબ કાલે આવજો. ભલે. તને ઠીક લાગે ને બીજાને વાત કરવી હોય તો કરજે. ટીચર તો ઘેર ગયા. નીલેશ તેની સાથે ભણતા મીનેષને ત્યાં ગયો. જઇને વાત કરી કે આપણા ટીચરની આવી સ્થિતિ છે. તેમણે આપણને સંસ્કાર આપ્યા છે, જ્ઞાનદાન આપ્યું છે અને સદાચારી બનાવ્યા છે માટે તેમના ઋણમાંથી મુક્ત થવા માટે તેમને આવી સ્થિતિમાં મદદ તો કરવી જોઇએ તેમને ૫૦૦૦ રૂા. ની જરૂર છે. હું ૨૫૦૦ આપું અને તું ૨૫૦૦ આપે તો બંને ભેગા થઈને ૫૦૦૦ રૂા. આપી શકીએ. મીનેષે કહ્યું–ભલે. આપણા ટીચર ખૂબ પ્રમાણિક છે. આપણે તેમની પાસે જ્ઞાનધન પ્રાપ્ત કર્યું છે તો હું જરૂર આપીશ. બંનેએ મળીને ટીચરને ૫૦૦૦ રૂા. આપ્યા. ટીચરે કહ્યું-લગ્ન પતી જશે અને મને મળશે ત્યારે પાછા આપી દઈશ. નીલેશ કાંઈ બોલ્યો નહિ. માસ્તરે ધામધૂમથી દીકરીના લગ્ન કર્યા. દીકરી પરણીને સાસરે ગઇ. સાસરે બે મહિના રહીને પાછી પિયર આવી.

લોભવૃત્તિ શું નથી કરતી ? : નીલેશના મનમાં થયું કે બે અઢી મહિના થયા છતાં સાહેબ તો દેખાતા નથી. પૈસા દેવા માટે એમની દાનત સારી લાગતી નથી. તો હવે તેમની પાસે જઈને વાત કરું. નીલેશ બહાર જતો હતો ત્યાં રસ્તામાં ટીચર મળી ગયા. તેમણે કહ્યું–નીલેશ ! તમારા પૈસા મારા ધ્યાનમાં છે. હું થોડા સમયમાં તને જરૂર આપી જઇશ. નીલેશ કહે–ભલે, પણ આપ ઉતાવળ રાખજો. બેટા ! મારે રાખવા નથી. તેં મારો પ્રસંગ પતાવ્યો તે બદલ આભાર. મીનેષ તો આ બાબતમાં કાંઇ વિચાર પણ કરતો નથી. પૈસાને યાદ કરતો નથી. એક મહિનો થયો એટલે નીલેશને થયું કે હજુ ટીચર તો પૈસા દેવા આવ્યા નહિ, લાવ, હું તેમને ઘેર જાઉં. નીલેશને પૈસાનો ક્યાં તૂટો હતો છતાં લોભવૃત્તિ શું કરે છે ? તે તો સાહેબને ઘેર ગયો. જીવણભાઈ *સમજી ગયા કે આ ઉઘરાણી કરવા આવ્યો છે. તેમણે કહ્યું–ભાઇ ! મારી પાસે પૈસા* નથી પણ મારી પાસે એક પ્લોટ છે તે તને લખી આપું છું ને તને છૂટો કરું છું. પ્લોટ તો ઘણો મોટો હતો. તેની કિંમત તો ઘણી થતી હતી, છતાં કાંઈ વિચાર કર્યા વિના પ્લોટ લખી દીધો. નીલેશે એ પ્લોટ વેચી નાંખ્યો. તેને ૪૦ હજાર રૂપિયા આવ્યા. નીલેશે ટીચરને તો માત્ર ૨૫૦૦ રૂપિયા આપ્યા હતા, તેના બદલે એ પ્લોટના તેને ૪૦ હજાર રૂ. મળ્યા. તેના મનમાં તો આનંદ છે, હર્ષનો પાર નથી પણ એમ નથી થતું કે મારા ટીચરની સ્થિતિ ૫૦૦૦ રૂ. આપી શકે તેવી નથી તો હું મારા પૈસા

લઈ ને બાકીના તો તેમને આપી દઉં. લોભ બહુ ભયંકર છે.

નીલેશને ઠપકો આપતી પત્ની : નીલેશના મુખ પર આનંદ જોઈને તેની પત્ની પૂછે છે કે આજે આપના મુખ પર ખૂબ આનંદ દેખાય છે તો આજે શું છે? નીલેશે વાત કરી. હું ટીચર પાસે પાંચ હજાર માંગતો હતો. હું ઉઘરાણી કરવા ગયો ત્યારે તેમણે મને પ્લોટ લખી દીધો. તે પ્લોટ મેં વેચી દીધો. તેના મને ૪૦ હજાર રૂ. મળ્યા. પત્ની કહે તમે આમાં હોંશિયારી માનો છો પણ તેમની આંતરડી કેટલી દુભાણી હશે. જેની ૫૦૦૦ રૂ. આપવાની શક્તિ નથી તેને પ્લોટ આપતા કેવું થયું હશે! આ અણહક્કના પૈસા મારે નથી જોઈતા. જાવ, આપ તેમને પાછા આપી આવો. તમે આ પૈસા ઘરમાં રાખવા ઈચ્છો છો પણ હું તમને નહિ રાખવા દઉં. કાં તો પૈસાને છોડો, કાં તો મને છોડો. પત્ની આવું કહે પછી ભાઈ સાહેબ સીધા દોર થઈ જાય, પત્ની કહે છતાં તમારે લેવા હોય તો તમારા ૨૫૦૦ લઈ લો અને ૩૭૫૦૦ રૂ. પાછા આપી આવો.

મિનેષની ઉચ્ચ ભાવના : નીલેશ તો ત્યાંથી મિનેષ પાસે ગયો. ત્યાં જઈને મિનેષને કહ્યું–હું ટીચર પાસે આપણા પૈસાની ઉઘરાણી કરવા ગયો હતો. તેમણે મને પ્લોટ લખી દીધો. તે પ્લોટને મેં વેચ્યો તો રૂ. ૪૦ હજાર આવ્યા. તારા હક્કના ૨૫૦૦ રૂ. લઈ લે. મિનેષ કહે–ભાઈ! મારે તો એક પાઈ પણ જોઈતી નથી. જે ટીચરે આપણને ભણાવ્યા, જ્ઞાન આપ્યું, તેમને જરૂર પડી ને આપણે કંઈક આપ્યું તો પાછું લેવાય ખરું? જેમણે આપણને આટલા દરજ્જે પહોંચાડયા તેમનો ઉપકાર તું ભૂલી ગયો? તેમના દુઃખમાં સહભાગી થવું એ તો આપણું પરમ સૌભાગ્ય છે.

મને વિદ્યા દેનારા ગુરૂને મેં શું આપ્યું? દક્ષિણા દેવાનું યાદ નથી રાખ્યું, કદી ભેટો થઈ જતાં હું મોં સંતાડું છું, ઉપકાર કર્યા એના ગુણ હું વિસારું છું

તને ઉપકારી ગુરૂ પાસે ૫૦૦૦ રૂ. ની ઉઘરાણી કરવા જતાં વિચાર ન થયો? તે ૫૦૦૦ આપી શકે એવી શક્તિ નહિ હોય ત્યારે આ પ્લોટ લખી દીધો હશે ને? તેમની આંતરડી કેવી કકળી હશે? તેમની આંખમાંથી આંસુ કેવા આવ્યા હશે? તેં આવું પાપ કર્યું અને હવે મને તે પાપ વળગાડવા આવ્યો છે? આપણે એક પૈસો લેવાનો નથી. આપણાથી બને તો ટીચરને કંઈક આપીને આપણે ઊંચા લાવવા જોઈએ તેના બદલે તું લેવાની વાત કરે છે? છતાં તારે રાખવા હોય તો તારા ૨૫૦૦ લઈ લે અને ૩૭૫૦૦ રહ્યા તે તું પાછા આપી આવ. મિનેષે નિલેશની એવી ઝાટકણી કાઢી કે નિલેશ ત્યાંથી સીધો ટીચરના ઘેર ગયો. ટીચર કહે, કેમ ભાઈ! મારું શું કામ પડયું? સાહેબ! આપે મને જે પ્લોટ આપ્યો તેને મેં વેચી દીધો. તેના ૪૦ હજાર રૂ. આવ્યા છે. મિનેષ તો તેના ૨૫૦૦ રૂ. લેવાની ના પાડે છે. મેં મારા ૨૫૦૦ લઈ લીધા અને ૩૭૫૦૦ રૂ. તમારા છે તે તમને આપવા માટે આવ્યો છું.

ગરીબીમાં પણ અમીરી : ટીચરે કહ્યું-ભાઇ ! મેં તને પ્લોટ લખી દીધો. એટલે પ્લોટના જે પૈસા આવ્યા તે તમારા, તે પૈસા હું પાછા નહિ લઉં. તેને હાથ પણ અડાડીશ નહિ. જુઓ, ગરીબીમાં પણ કેટલી અમીરી છે ? કંઈક વાર શ્રીમંતોમાં જે અમીરી જોવા મળતી નથી તે ગરીબમાં જોવા મળે છે. ટીચરે કહ્યું-મારે એક પૈસો પણ ન જોઇએ. નીલેશે કહ્યું-સાહેબ ! તમે પ્લોટની કિંમત-નહિ જાણતાં હોય એટલે મારી ઉધરાણીના બદલામાં પ્લોટ આપી દીધો પણ તેના પૈસા આટલા આવ્યા છે માટે આપ લઈ લો. આ બધી વાત સાહેબની પત્નીએ સાંભળી, તેણે કહ્યું, ૩૭૫૦૦ રૂા. જેટલી મોટી રકમ જતી ન કરાય. તમારા પ્લોટના પૈસા છે તે તમારાથી કેમ ન લેવાય ? બધા ન લો તો થોડા તો લઈ લો. જીવણભાઈ કહે, આપણે પૈસા સંઘરી રાખીશું પણ જો પાપનો ઉદય હશે તો યેનકેન પ્રકારે ચાલ્યા જશે. જો ભાગ્યમાં હશે તો ગમે તે રીતે મળવાના છે. ટીચરને ત્યાં તેમની પત્ની સારી નથી નીલેશને ત્યાં તેની પત્ની સારી છે તો પતિ સારો નથી, લોભી વૃત્તિનો છે. હવે ટીચર કહે મારે ન જોઈએ. નીલેશ કહે મારે ન જોઇએ, છેવટે ત્રણેએ મળીને નિર્ણય કર્યો કે આ પૈસા નિરાધાર, ગરીબ બાળકોને ભણવામાં આપી દઇએ. જીવણભાઈ ટીચરની કેટલી ગરીબી હતી ! છતાં પૈસામાં લલચાયા નહિ ને તેનો મોહ છોડી દીધો. આ રીતે આપ બધા પણ ધનના મોહને છોડી અનાસક્ત ભાવ કેળવો એ જ ભાવના. વધુ ભાવ અવસરે.

કારતક સુદ ૮ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૧૦૫ : તા. ૧૯-૧૧-૮૫

અનંતજ્ઞાની ભગવંતે જગતના જીવોને આત્માની ઉન્નતિનો માર્ગ બતાવ્યો. જગતના દરેક જીવોને ઉન્નતિ ગમે છે. અવનતિ કોઈને ગમતી નથી. અવનતિ દૂર કરવા મહેનત કરે છે અને ઉન્નતિના ઉપાયો કરે છે, પણ ઉન્નતિ થતી નથી અને અવનતિ ટળતી નથી. સંસારમાં વસેલા અજ્ઞાની જીવો નાશવંત શરીરની, ધનની ઉન્નતિના વિચાર કરે છે પણ અવિનાશી આત્માની ઉન્નતિના વિચાર નથી કરતા. તેને ધનની, તનની ઉન્નતિ ગમે છે, એ માટે પ્રયત્નો પણ ખૂબ કરે છે પણ એમાં ય એ પાછો પડે છે. ભૌતિક ઉન્નતિ પુણ્યને આભારી છે. જો પુણ્ય હોય તો સંપત્તિમાં ભરતી થતાં વાર લાગતી નથી અને પાપનો ઉદય હોય તો ગમે તેટલો પુરૂષાર્થ કરે છતાં સંપત્તિ મળતી નથી, એટલે પસ્તાવો થાય છે. આ પસ્તાવાનું કારણ એ છે કે આત્માની ઉન્નતિ થાય એવો આ ઉત્તમ મનુષ્ય જન્મ મળ્યો છે તેને આત્મા ભૂલી ગયો ને ભૌતિક ઉન્નતિ કરવા ગયો.

દેવાનુપ્રિયો ! આત્માની ઉન્નતિ ધર્મથી થાય છે. જેનું લક્ષ્ય આત્માની ઉન્નતિનું છે તેને ભૌતિક સંપત્તિ પ્રાપ્ત ન થાય તો દુઃખ ન થાય. તેને તનની કે ધનની એવી ચિંતા નથી કે જેથી તે આર્તધ્યાન કર્યા કરે, કારણ કે ભૌતિક ઉન્નતિ કરવા જતાં કેટલા પાપ કરવા પડે છે તેનું તેને જ્ઞાન છે, એટલે તે આત્મા પાપથી ડરે છે. તેને

પુણ્ય પાપ પર વિશ્વાસ છે. શરીર માંદુ પડે કે લક્ષ્મી ઓછી થાય તો એ વિચાર કરે કે સમુદ્રમાં ભરતી અને ઓટ આવે છે. પાંદડાઓથી ખીચોખીચ ભરેલા ઝાડના પાન ખરી પડે છે તો પછી સંપત્તિમાં ઓટ આવે એમાં શી નવાઈ ! મોટા ચક્રવર્તીઓના છ ખંડના રાજ્ય ચાલ્યા ગયા, બળવાનોના બળ ખતમ થઈ ગયા તો પછી મારી સંપત્તિ જાય કે શરીર માંદુ પડે એમાં અફસોસ શા માટે કરવો ? એમાં મારા આત્માની ઉન્નતિ અટકી જવાની નથી. આ પ્રમાણે વિચારીને એ ધર્મમાં આગેકૂચ કર્યા કરે.

જેમણે સંસારના સમસ્ત સંબંધોનો, ધનનો અને દેહનો પણ મોહ છોડીને આત્માની ઉન્નતિમાં આગળ વધતાં વધતાં નિર્મળ અધ્યવસાયો, શુભ પરિણામ અને વિશુદ્ધ લેશ્યાના કારણે અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું એવા આનંદ શ્રાવકે અવધિજ્ઞાન દ્વારા કેટલું જોયું ?

पुरत्थिमेणं लवणसमुद्दे पंच जोयणसयाइं खेत्तं जाणइ, पासइ, एवं दक्खिणेणं पच्चत्थिमेणं य । उत्तरेणं जाव चुल्ल हिमवंतं वासधरं पव्वयं जाणइ पासइ । उड्ढं जाव सोहम्म कप्पं, अहे जाव इमीसे रयणप्पभाए पुढवीए लोलुयच्चुयं नगरं चउरासीइ वाससहस्स ट्ठिइयं जाणइ पासइ ।

પૂર્વ દિશામાં લવણ સમુદ્રની અંદર ૫૦૦ યોજન ક્ષેત્ર જાણવા અને જોવા લાગ્યા. એ જ પ્રમાણે દક્ષિણમાં અને પશ્ચિમમાં પણ ૫૦૦ યોજન જાણવા અને જોવા લાગ્યા. ઉત્તર દિશા તરફ ચુલ્લહિમવંત વર્ષધર પર્વતને, ઉર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી અને નીચી દિશામાં પહેલી નરકના ૮૪ હજાર વર્ષની સ્થિતિવાળા લોલુપાચ્યુત નરક સુધી જાણવા અને જોવા લાગ્યા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં આનંદ શ્રાવકને કેટલું મોટું અવધિજ્ઞાન થયું ! તેમનો આત્મા કેટલો વિશુદ્ધ, નિર્મળ અને પવિત્ર બન્યો હશે ત્યારે આટલું મોટું અવધિજ્ઞાન થયું. આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું તેનો ક્રમ બતાવ્યો છે. તપશ્ચર્યા, ધર્મચિંતન આદિના કારણે *તેમના અધ્યવસાય શુદ્ધ થયા, પછી* તેમના પરિણામ શુદ્ધ થયા, પરિણામ શુદ્ધ થવા પર લેશ્યા શુદ્ધ થઈ. લેશ્યા શુદ્ધ થવા પર અવધિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ થયો અને તેમને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે અવધિજ્ઞાનમાં તેમણે કેટલું વિશાળ ક્ષેત્ર જોયું ! ઊંચે સૌધર્મ દેવલોક કયાં આવ્યું તે ખબર છે ? અહીંથી ૯૦૦ યોજનનું જ્યોતિષ ચક્ર છે. ત્યાંથી અસંખ્યાતા કોડાકોડ યોજન ઊંચા જઈએ ત્યારે પહેલું સૌધર્મ દેવલોક આવે. ઊંચી દિશામાં આટલે દૂર સુધી જોયું. લવણ સમુદ્ર કયાં આવ્યો ? મનુષ્ય ક્ષેત્ર અઢીદ્વીપ જેટલું છે. તેની મધ્યમાં જંબુદ્વીપ છે. જેમાં આપણે વસીએ છીએ. તે એક લાખ જોજનનો લાંબો, પહોળો અને ગોળાકાર છે. તેને ફરતો બે લાખ જોજનનો લવણ સમુદ્ર છે. તે લવણ સમુદ્રમાં ૫૦૦ જોજન સુધી જોયું. આ જંબુદ્વીપની વચ્ચે મેરૂ પર્વત છે. મેરૂ પર્વતથી દક્ષિણ તરફ ભરત આદિ છ ખંડો છે વર્ષધર પર્વત આ ખંડોને વિભક્ત કરે છે. આનંદ શ્રાવકે ઉત્તર દિશામાં વર્ષધર પર્વત સુધી જોયું.

આનંદ શ્રાવક આત્માનો આનંદ અનુભવી રહ્યા છે. આ આનંદ બાહ્ય પદાર્થોનો

નથી પણ ચેતન આત્માનો છે. જેમ કાચના ટુકડા પર સૂર્યના કિરણો પડે ત્યારે એ ખૂબ ઝગમગે છે પણ સૂર્ય આથમી જાય પછી એ ટુકડાને અંધારામાં મૂકો તો નહિ ચમકે, કારણ કે એનો પ્રકાશ પોતાનો નથી પણ બહારથી આવેલો છે હીરા અને મણિનો પ્રકાશ પોતાનો છે. તો તે રાતમાં પણ ચમકે છે. તમારો આનંદ પરપ્રકાશિત છે કે સ્વપ્રકાશિત ? તમારો આનંદ કાચના ટુકડા જેવો ક્ષણિક તો નથી ને ? સમુદ્રમાં ભરતી આવે ત્યારે પાણી કયાં ને કયાં સુધી પથરાએલું દેખાય છે પણ એ પાણીનો વિસ્તાર અલ્પ સમય પૂરતો હોય છે. થોડી વાર પહેલાં જ્યાં પાણી દેખાતું હતું ત્યાં થોડી વાર પછી રેતી દેખાવા લાગે છે તેમ તમારો આનંદ, પ્રસન્નતા ક્ષણિક છે. જ્યારે વીતરાગી સંતોનો આનંદ, પ્રસન્નતા ચિરસ્થાયી છે. તેમના મુખ પર જ્યારે જુઓ ત્યારે પ્રસન્નતા દેખાય.

પહેલા જૂનું એક ગીત બોલાતું હતું તેમાં બધા બોલતા હતા કે **" સાધુ તો સુખિયા ઘણા, દુઃખિયા નહિ લવલેશ. "** સાધુ તો સદાય સુખી હોય છે. તેમને દુઃખનો અંશ પણ નથી. સંતો સુખી શાથી છે ? તમે જેમાં સુખ માનો છો એ બાહ્ય સમૃદ્ધિ, બધી ઉપાધિઓ તેમણે છોડી દીધી છે, માટે તેઓ સુખી છે. આ વાત તમને બરાબર લાગે છે ? બાહ્ય સમૃદ્ધિ તમને ઉપાધિ રૂપ લાગે છે કે સુખરૂપ લાગે છે ? બાહ્ય સમૃદ્ધિથી મળતો આનંદ ક્ષણિક છે. એ આનંદ કયારે શોકમાં ફેરવાઈ જશે તેની ખબર નથી. માની લો કે કોઈ વેપારીએ ઓછા ભાવે માલ લીધો, પછી ભાવ ખૂબ વધ્યો એટલે માલ વેચી દીધો ને સારો નફો મેળવ્યો. એને તો ખૂબ આનંદ થયો. થોડા દિવસ પછી જે ભાવે માલ વેચ્યો એના ડબલ ભાવ થઈ ગયા, તેથી વેપારીનું મુખ ઉદાસ થઈ ગયું. કેમ ? કલ્પનાનો નફો એને દુઃખી કરી રહ્યો છે.

એક વેપારીને ત્યાં મહેમાન આવ્યા. તેમની સારી રીતે આગતાસ્વાગતા કરી સારા સારા મિષ્ટાન્ન બનાવી પ્રેમથી ખૂબ આગ્રહ કરીને જમાડયા. મિષ્ટાન્ન જમે એટલે ઊંઘ આવે. હલકો ખોરાક માપસર ખાધો હોય તો સ્વાધ્યાય, ધ્યાન, કામકાજ કરવામાં સ્ફૂર્તિ રહે. મહેમાન તો જમીને ઊંઘી ગયા. બે કલાક થયા તો ય પથારીમાંથી ઉઠવાનું મન થતું નથી. માદક આહાર જીવને પ્રમાદી બનાવે છે. પ્રમાદ આવે એટલે પતન કરાવે. ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને કેટલીવાર ટકોર કરી. **" સમયં ગોયમ મા પમાયએ. "** હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કરીશ. આ સૂત્રથી આપણે બધાએ પ્રમાદ દૂર કરીને જાગૃત બનવાનું છે.

કલ્પનાનો હલવો : પેલા મહેમાન તો પલંગમાં સૂતા છે. ત્યાં શેઠાણી શેઠને પૂછવા આવ્યા કે મહેમાન રહેવાના હોય તો સાંજે શું રસોઇ બનાવીએ ? શેઠાણીએ ધીમે રહીને કહ્યું-દૂધપાક, પુરી, દાળ, ભાત બધું ઘણું વધ્યું છે. દાળ-ભાત ગરમ કરી દઇશું પણ બીજું શું કરીએ ? શેઠે કહ્યું-હલવો. બીજી કાંઈ જરૂર નથી. મહેમાને સૂતા સૂતા હલવો શબ્દ સાંભળ્યો. સાંભળીને તે ખુશ ખુશ થઈ ગયા. વાહ....વાહ ! આજે

સાંજે હલવો ખાવા મળશે. પેટમાં તો જરાય ભૂખ નથી. હલવો ભાવે છે ખૂબ પણ પેટમાં સમાય એમ નથી, મકેમાનને સાંજે ખાવાનું જરાય મન ન હતું પણ હલવો સાંભળીને ખાવાનું મન થયું. એ તો ઉઠયા. મોં ધોયું ને પછી વેપારીને કહ્યું–હું બે કલાક ગામમાં ફરીને આવું છું. થોડું ફરી આવું તો ખાધું પચે ને સાંજે હલવો ખવાય. એ ભાવથી ફરવા ગયા. પેટમાં જગ્યા થાય તો હલવો ખાવાની મઝા આવે ને ?

શેર દોઢ બે કલાક ફરીને આવ્યા પછી સાંજે જમવા બેઠા. ભાણામાં તો દાળ, ભાત ને પૂરી આવ્યા. મકેમાન તો કંઈ ખાતા નથી. આ ખાઉં તો પછી હલવો ન ખવાય, તેમના મનમાં એમ કે હમણાં હલવો આવશે પણ હલવો બન્યો જ હતો કયાં કે એમના ભાણામાં આવે ! મને હલવો આપો એમ તો કહેવાય નહિ, દાળ, ભાત બધું આવી ગયું પણ હલવો ન આવ્યો. હવે તો જમીને ઉભા થવાનું હતું. હલવો ખાવાની લાલચમાં બીજું પણ ન જમ્યા. રાત્રે વાતવાતમાં ખબર પડી કે હલવો એટલે સવારની રસોઈ ખૂબ વધી છે તે સાંજે હલાવી દો એટલે ચલાવો. કાઠીયાવાડી ભાષામાં ચલાવો ને બદલે હલાવો કહે. કલ્પનાના હલવાએ દાળ ભાતની મઝા મારી નાંખી. કલ્પનાના નફ્ફાએ વેપારીને રડાવ્યો. આ બધામાં જો સુખ હોય તો દુઃખ કયારેય આવે નહિ પણ આ સુખની પાછળ દુઃખ ઊભું છે. આત્માએ બાહ્ય પદાર્થોમાં રસ ઘણો કેળવ્યો છે. નથી મેળવ્યો આત્મસાધનાનો રસ.

ભોગ અને ભોજન મળ્યા ભવોભવમાં, ત્યાગ અને સંયમ મળ્યો આ ભવમાં;
મનને મનાવીને હવે તૈયાર કરી લે, ભવપાર કરી લે,
મુક્તિ તણાં સ્વપ્ના જોયા ઘણા ભવમાં, હવે આ ભવે સ્વપ્ના સાકાર કરી લે.

ભોગ અને ભોજન તો જીવ જ્યાં ગયો ત્યાં મેળવ્યા હતા. ત્યાગ અને સંયમ તો આ ભવમાં મળ્યા છે, માટે આરાધના કરી લો. આનંદ શ્રાવકે કેટલી આરાધના કરી. અદ્‌ભૂત આરાધનાના બળે એમને અવધિજ્ઞાન થયું. તે તો આત્મમસ્તીમાં ઝુલી રહ્યા છે. તે સમયે કેવો સંયોગ મળ્યો ! તે કાળ અને તે સમયે એટલે ચોથા આરામાં વાણિજ્ય ગામમાં આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું છે તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા ધર્મદેશના આપતા આપતા વાણિજ્ય ગામની બહાર દ્યુતિપલાશ ઉદ્યાનમાં પધાર્યા. જ્યાં તીર્થંકર ભગવાનના પુનિત પગલા થાય ત્યાં શું બાકી રહે ? ગામની જનતાને ભગવાન પધાર્યાના સમાચાર મળ્યા એટલે બધા ભગવાનના દર્શન કરવા અને તેમની દિવ્ય દેશના સાંભળવા ગયા. જીવના મહાન અહોભાગ્ય હોય ત્યારે તીર્થંકર ભગવાનની દેશના સાંભળવા મળે. ભગવાને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુલક્ષીને દેશના આપી. તીર્થંકર ભગવાનની દેશનાનો પ્રભાવ એવો છે કે જીવો કંઈક ને કંઈક પામીને જાય. કોઈ સર્વવિરતિ બને, કોઈ દેશવિરતિ બને, કોઈ સમકિતી બને પણ કંઈક મેળવીને જાય. જેટલા બને તેટલા ત્યાગમાં આવે. ત્યાગ વિના ભવસાગર તરાય નહિ. ત્યાગ વિના ત્રિકાળી બનાય નહિ. જીવનમાં ત્યાગની અવશ્ય જરૂર છે.

રાજસુખો ત્યાગી રાજા વગડાની વિષમ વાટે : એક રાજાને રાજસુખો ભોગવતા ભોગવતા વિચાર આવ્યો કે મેં રાજસુખ, વૈભવ વિલાસો, સુખો ઘણાં ભોગવ્યા. હવે આ રાજપાટ બધું છોડીને હું ત્યાગ માર્ગ અપનાવી લઉં. તેમણે મંત્રીને, પુત્રને બધાને વાત કરી. બધાએ કહ્યું–આપને માટે ત્યાગ માર્ગ કઠીન છે. આપ રાજ્યમાં રહો ને ધર્મારાધના કરો. બધાએ ઘણું સમજાવ્યા પણ રાજા તો તેમના નિર્ણયમાં અડગ હતા, છેવટે બધાએ રડતી આંખે રાજાને સંન્યાસી બનવા વિદાય આપી. રાજાએ નોકરને સાથે લીધા ખાવાપીવાની સામગ્રી, સાધનો, સૂવા માટે ગાદી, જરૂરની બધી વસ્તુઓ સાથે લઈને રાજા ખુલ્લા પગે ચાલી નીકળ્યા. નગરજનો, પ્રધાનો, રાજપુત્રો બધા રાજાને વળાવવા માટે ગયા. રાજાને ખુલ્લા પગે જતાં જોઈને દીકરાની આંખમાં આંસુ આવી ગયા. તેણે કહ્યું–પિતાજી ! આપ કોઈ દિવસ ખુલ્લા પગે ચાલ્યા નથી. જ્યાં જાવ ત્યાં આપ વાહનમાં ફરો છો. અત્યારે આપ ખુલ્લા પગે જાવ છો. રસ્તામાં કાંટા કાંકરા, ઝાંખરા વાગશે માટે આપ પગમાં કંઈક પહેરો. રાજા કહે, ભાઈ ! સમસ્ત રાજ્ય છોડયું પછી પગરખાની શી મમતા ?

દ્રવ્ય દૃશ્ય જોતાં મળેલી દિવ્ય દૃષ્ટિ : રાજા ચાલતા ચાલતા દૂર નીકળી ગયા. થાક ખૂબ લાગ્યો છે....તરસ પણ ખૂબ લાગી હતી એટલે રાજા અને નોકર બંને ઝાડ નીચે વિસામો ખાવા માટે બેઠા. નોકરને પાણી લેવા મોકલ્યો.... ત્યાં રાજાની નજર સામે પડી, ત્યાં શું જોયું ? ખળખળ ઝરણું વહી રહ્યું હતું. ત્યાં એક ખેડૂત કાંઠે બેસીને ખોબે ખોબે પાણી પીતો હતો.... આ દૃશ્ય જોતાં રાજાને આશ્ચર્ય થયું. આ ખેડૂત પાસે લોટો, ગ્લાસ કાંઈ નથી છતાં ખોબે ખોબે પાણી પીધું. જો એને ગ્લાસ વગર ચાલી શકે તો મારે રાખવાની શી જરૂર ? હું રાજસુખોને છોડીને સાધના કરવા આવ્યો છું તો મારાથી આટલો મોહ ન છૂટે ? તરત રાજાએ પાણી પીવાના સાધનનો ત્યાગ કર્યો અને નોકરને કહ્યું–આ પાણી પીવાના સાધનો કોઈ ગરીબ માણસને આપી દો.

રાજા તો ઝાડ નીચે વિસામો લેવા બેઠા છે. નોકર જમવા માટે રસોઇ બનાવે છે. ત્યાં એક ખેડૂતને જમતો જોયો, તેની પાસે થાળી વાડકો કાંઈ નથી. તેની પાસે રોટલો ને મરચું છે. એક હાથમાં રોટલો ને મરચું રાખીને બીજા હાથે ખાય છે. જમીને ઝરણાનું પાણી પીધું, પછી હાથનું ઓશીકું બનાવીને સૂઈ ગયો. રાજાના મનમાં થયું કે આ ખેડૂતને કાંઈ જરૂર છે ? તે સંસારી છે છતાં ત્યાગી જેવો છે. હું સંસાર છોડીને આવ્યો છું છતાં તેના જેટલો ત્યાગ મારામાં નથી. રાજાએ નોકરને કહ્યું–આ બધા વાસણ ગરીબોને વહેંચી દે. નોકરે બધા વાસણ ગરીબોને વહેંચી દીધા, પછી રાજાને વિચાર થયો કે મારે આત્માનું કલ્યાણ કરવું છે તેથી રાજ્ય છોડી જંગલમાં આવ્યો છું, તો મારી સાથે નોકરને આ દુઃખ વેઠવાની શી જરૂર ? એટલે તેમણે નોકરને કહ્યું–ભાઈ ! તારે ઘેર જવું હોય તો જા. રાજાના કહેવાથી નોકર તો ચાલ્યો ગયો. આ ત્યાગી રાજા તો સંસારની બધી માયા ત્યાગીને પ્રભુભક્તિમાં મસ્ત બની ગયા.

વનવગડામાં ફળફૂટ જે કાંઈ મળે તે ખાઇને જીવન નભાવતા, છેવટમાં સંન્યાસી સંત દિવસમાં એક વાર ખાઇને પ્રભુ ભજનમાં લીન બની જતા.

ત્યાગના પ્રભાવે મળેલી દિવ્ય વસ્તુઓનું દાન : રાજાનો આવો ત્યાગ જોઈને દેવના મનમાં થયું કે રાજાનો કેટલો ત્યાગ છે ! તે પ્રભુભક્તિમાં કેટલા મસ્ત છે કે તેમને ભૂખ તરસ પણ યાદ નથી આવતા. ખાવાપીવાની પણ મમતા નથી. નથી ખાવાપીવા માટે કોઈ વાસણ કે નથી સૂવા માટે કોઇ વસ્ત્ર. દેવે તેના અનુચરને હુકમ કર્યો કે તે જે જગ્યામાં રહે છે તે જગ્યા તું સાફ કરી આવ. અનુચર દેવ આવીને આ સંન્યાસી બેઠા છે તે જગ્યા સાફ કરે છે. ત્યાં રાજાએ ધ્યાન પાળ્યું. તેમણે કહ્યું– ભાઈ ! તું શા માટે આ કામ કરે છે ? દેવ કહે, મને મારા મોટા દેવની આજ્ઞા છે તેથી સાફ કરવા આવ્યો છું. સંન્યાસીએ કહ્યું–આપ મારા માટે ન કરશો. મારે કોઇની સેવાની જરૂર નથી. મારું કામ હું જાતે કરીશ. આપ આવતા નહિ. દેવ તો ચાલ્યા ગયા. બીજે દિવસે દેવ ચાંદીની થાળીમાં સારા સુગંધિત સ્વાદિષ્ટ ભોજન લઇને રાજાને આપવા માટે આવ્યા. રાજા કહે–હું તો ત્યાગી છું. મારે આવા ભોજન ન ખપે. હું તો લૂખો સૂકો આહાર કરું. ફળફૂટ જે મળે તે ખાઇને જીવન નભાવવાનું. આપ એ ભોજન ગરીબોને ખવડાવી દો. આ રીતે રોજ સુગંધિત ભોજનની થાળી આવે પણ આ સંન્યાસી લેતા નથી. રોજ ગરીબોને વહેંચાવી દે. આ રીતે રોજ થાળી આવે ને ગરીબોને સુગંધથી ભરેલું ભોજન મળે. ધીમે ધીમે આ સંન્યાસીની પ્રશંસા ખૂબ થવા લાગી. સંન્યાસીને મધમધતું ભોજન મળે છે છતાં પોતે ખાતા નથી ને ગરીબોને વહેંચાવી દે છે. શું એ ભોજનનો સ્વાદ છે ! શું એની ભેંક છે !

સ્વાદિષ્ટ ભોજન માટે સંસાર ત્યાગ : આ ભોજનનો સ્વાદ ચાખ્યા પછી એક ખેડૂતના મનમાં થયું કે આ સંન્યાસી તો આ ભોજન ખાતા નથી, ગરીબોને વહેંચી દે છે, તો હું આ સંન્યાસી જેવો ત્યાગી બની જાઉં તો મને આ ભોજન ખાવા મળે. ભોજનની લાલચે ત્યાગી બનવાનું મન થયું. ઘેર જઇને પટલાણીને વાત કરી કે મારે તો ત્યાગી બનવું છે પણ જતાં પહેલાં સારામાં સારું ભોજન બનાવીને જમાડ. પટલાણીએ પટેલને સારું ભાવતું ભોજન બનાવીને જમાડ્યું, પછી પટેલ તો ત્યાગી રાજા પાસે જઇને બેસી ગયો. બીજે દિવસે અનુચર દેવ થાળી લઇને આવ્યો. થાળી ત્યાગી પાસે મૂકી. ખેડૂતને ઊંડે ઊંડે એ આશા હતી કે આ ત્યાગીની જેમ મારા માટે પણ ભાતભાતના ભોજન આવશે પણ દેવે તેની પાસે ભોજનનો થાળ મૂક્યો નહિ. એટલે તેણે કહ્યું, તમે જેમ આ ત્યાગીને આપો છો તેમ મને પણ આપો ને. હું પણ ત્યાગી બન્યો છું. દેવ કહે આ તારા માટે નથી. તારા માટે તો રોટલો ને મરચું છે. હું તો સેવક છું. મારા માલિક ઇન્દ્ર દેવ મને કહેશે તો હું તારા માટે સારું ભોજન લઇ આવીશ. બીજે દિવસે પણ ખેડૂત માટે તો રોટલો ને મરચું આવ્યું. ખેડૂતે તો ખાવાની ના પાડી. તેણે કહ્યું–મેં પણ આ રાજાની જેમ બધો ત્યાગ કરીને સંન્યાસ

લીધો છે માટે મને પણ આ ત્યાગીની જેમ બધું જાતજાતનું સુગંધિત ભોજન મળવું જોઈએ. દેવે કહ્યું–જેનો જેવો ત્યાગ હોય તેવું ફળ મળે છે. રાજાએ જે ત્યાગ કર્યો છે તે માત્ર આત્મકલ્યાણ માટે કર્યો છે અને અત્યારે છોડયા પછી જે મળે છે એનો પણ ત્યાગ કરે છે, જ્યારે તમે સુગંધથી મઘમઘતા ભોજન માટે, ખાવાની લાલચે બધું છોડયું છે. જ્યાં વાસ્તવિક ત્યાગ હોય, સાચો વૈરાગ્ય હોય એની સામે આવી બનાવટ શા કામની? રાજા સંપત્તિ વૈભવના ખડકલા પર બેઠા હતા છતાં જીવનમાં ત્યાગ માર્ગ અપનાવ્યો. તે સાચા ત્યાગી બની ગયા.

ભગવાનની દેશના સાંભળી બધાને અપૂર્વ આનંદ થયો. યથાશક્તિ વ્રત નિયમ આદર્યા, પછી જેવી રીતે પરિષદ આવી હતી તેવી રીતે પાછી ચાલી ગઈ. તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના સૌથી વડેરા શિષ્ય ગૌતમસ્વામી ઇન્દ્રભૂતિ નામના અણગાર ભગવાનની સાથે વિચરી રહ્યા હતા. ગૌતમસ્વામી ભગવાનના પ્રથમ ગણધર અને ૧૪૦૦૦ શિષ્યોમાં સૌથી વડેરા સંત હતા. તેમનામાં વિનય, સરળતા, અર્પણતા આદિ ગુણો અજોડ હતા. ચાર જ્ઞાન અને ચૌદપૂર્વના જાણકાર હોવા છતાં હંમેશા નાના બાળકની જેમ ભગવાનને પ્રશ્નો પૂછતા પણ કયારેય પોતે ઉપયોગ મૂકતા નહિ. આવા ગૌતમ સ્વામી કેવા હતા તેનું શાસ્ત્રકાર વર્ણન કરતાં કહે છે કે તેમના શરીરની ઊંચાઈ સાત હાથની હતી. તેમનું નામ ઇન્દ્રભૂતિ હતું પણ તેમનું ગોત્ર ગૌતમ હતું એટલે ગોત્રના નામથી ગૌતમ નામ પ્રસિદ્ધ થયું છે. ભગવાને પણ તેમને હે ગૌતમ, એ શબ્દ દ્વારા સંબોધન કર્યું છે ગૌતમસ્વામીને છ સંઘયણમાં સર્વ શ્રેષ્ઠ વજ્રઋષભનારાચ સંઘયણ હતું. સંઘયણ એટલે શરીરની મજબૂતાઈ. છ સંઠાણમાં સર્વશ્રેષ્ઠ સમચઉરસ સંઠાણ હતું. સંઠાણ એટલે શરીરની રચના. સમચઉરસ સંસ્થાન એટલે માથાથી લઈને પગ સુધી સમસ્ત અંગો એકબીજાને અનુરૂપ અને સુંદર હોય. હજુ ગૌતમ સ્વામીનો આત્મા કેવા ગુણોથી સુશોભિત હતો તે ભાવ અવસરે.

કારતક સુદ ૧૦ ને ગુરૂવાર : વ્યાખ્યાન નં ૧૦૬ : તા. ૨૧-૧૧-૮૫

અવનીના અણગાર, શાસનના શણગાર એવા જિનેશ્વર ભગવંતે ઉપાસકદશાંગમાં આનંદ શ્રાવકના અધિકારનું નિરૂપણ કર્યું. તેમાં આપણે ગૌતમ સ્વામી કેવા હતા, તેમનામાં ગુણો કેવા હતા તે બતાવતાં શાસ્ત્રકાર બતાવે છે કે **कण्णगोरे** તેમનું શરીર કસોટી પર ચઢાવેલા સોનાની જેમ તેજસ્વી હતું અને તેમના શરીરનો વર્ણ કમલ સમાન ગૌર અને વિશિષ્ટ સૌંદર્યથી યુક્ત હતો. આ તો તેમના શરીરની વાત કરી પણ શરીર જેવું સૌંદર્યવાન હતું એવો તેમનો આત્મા પણ મહા તેજસ્વી અને સૌંદર્યયુક્ત હતો. તેમના આત્માના ગુણોની પ્રશંસા કરતા બતાવે છે કે તેઓ **उग्गतवे, दित्ततवे, घोरतवे, महातवे** હતા. તેઓ કેવા તપસ્વી હતા, તે માટે શાસ્ત્રકાર બતાવે છે. તેઓ ઉગ્રતવે એટલે કઠોર તપસ્વી હતા. તેઓ ઘોર તપસ્વી હતા. 'ઘોર' નો અર્થ પણ કઠોર થાય છે. અહીં ઘોર તપસ્વી લખવાનું પ્રયોજન એ છે કે તેઓ ઉગ્ર તપ

કરતા હતા એટલું જ નહિ પણ તપ કરીને પોતાના શરીરની મમતા ઉતારી દીધી હતી. તે કર્મોને ખપાવવામાં કઠોર હતા પણ બીજા માટે દયાળુ હતા. તેઓ મહા તપસ્વી હતા. તેઓ બાહ્ય તપની સાથે આભ્યંતર તપની આરાધના પણ ખૂબ જોરદાર કરતા હતા. આ દૃષ્ટિથી ગૌતમ સ્વામી માટે ઉગ્રતપે, ઘોરતપે, દિપ્તતપે અને મહાતપે આ શબ્દો વપરાયા છે.

ગૌતમ સ્વામીએ અઘોર તપ દ્વારા આત્માને દેદિપ્યમાન બનાવ્યો હતો. તે ઉદાર અર્થાત્ વિશાળ હૃદયવાળા હતા. દરેક કાર્યમાં તેમની દૃષ્ટિ ઉચ્ચતમ લક્ષ્ય મોક્ષ તરફ હતી. " ઘોર ગુણે " તે મહાન ગુણોના ધારક હતા. તે જ્ઞાન-દર્શન, ચારિત્ર, તપ, ક્ષમા, નમ્રતા, સરળતા આદિ અનેક ગુણોના અજાનાભૂત હતા. તેઓ ભગવાનના ચૌદ હજાર સંતોમાં સૌથી વડેરા હતા છતાં કયારે પણ મનમાં એવો વિચાર નથી આવ્યો કે હું બધામાં સૌથી મોટો છું. વિનય તો તેમનામાં અજોડ હતો. બાહ્યતપની સાથે આભ્યંતર તપ વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય ધ્યાન આદિ અદ્ભૂત હતા. " ઘોર તવસ્સી " તે એવા અઘોર ઉગ્ર તપસ્વી હતા કે તેમની તપશ્ચર્યા જોઇને કાયર માણસો તો કંપી જાય. સામાન્ય માણસ તો તે તપનો વિચાર પણ ન કરી શકે. તેમણે શરીરની સંપૂર્ણ મમતા છોડીને દુષ્કર બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું હતું. તપ તથા ધર્મધ્યાનની જવાળાથી કર્મોના મોટા વનને બાળી રહ્યા હતા. ઉગ્ર તપ, ભીષ્મ બ્રહ્મચર્ય વ્રત અને અદ્ભૂત સંયમની સાધનાના બળે તેમને તે જુલેશ્યા પ્રાપ્ત થઈ હતી. ગૌતમ સ્વામીની આરાધના કેટલી બધી ઉત્કૃષ્ટ અને અજોડ હતી. આવી આરાધના કરવી એ સહેલી નથી.

જુના જમાનામાં લાઇટો ન હતી ત્યારે દીપક પ્રગટાવવા માટે કેટલી મહેનત પડતી હતી. દીવો સળગાવવા માટે કોડિયું તેલ, વાટ અને દિવાસળી જોઇએ. વધુ પવન ન હોય એવી જગ્યા જોઇએ. દીવો સળગાવ્યા પછી કેટલી સાવધાની હોય ત્યારે લાંબા સમય સુધી એ દીવો સળગેલો રહે છે, પણ એ દીવાને બૂઝવવો હોય તો એક ફૂંક મારો એટલે દીવો બૂઝાઈ જાય. દીવો સળગાવવો કઠીન છે પણ બૂઝાવવો સહેલો છે. આ રીતે આરાધના શરૂ કરતા તો ખૂબ મહેનત પડે છે. અનાદિની અસત્ અવળી પ્રવૃત્તિઓને અટકાવી સત્પ્રવૃત્તિમાં મનને જોડવું એ મુશ્કેલ છે. કેટલી મુશ્કેલીઓમાંથી પસાર થયા બાદ આરાધનાનો દીપક પ્રગટે છે. એ દીપક પ્રગટયા પછી ખૂબ જાગૃતિ રાખવી પડે છે. જો જાગૃતિ ન રાખી તો દીપક બૂઝાતા વાર નહિ લાગે. કુંડરિક મુનિએ એક હજાર વર્ષો સુધી સાધના કરી આસધનાનો દીપક પ્રગટાવ્યો પણ જો જાગૃતિ ગુમાવી તો આરાધનાનો દીપક બૂઝાતા વાર ન લાગી. આરાધનાનો આનંદ અલૌકિક હોય છે, એક ન્યાય આપું.

છાપામાં ફોટો જોઇને સહાય લેવા આવેલો ભાઇ : બોકસીંગની રમતમાં એક બોકસર વિજેતા થયો. તેને ત્રણ લાખ રૂપિયાનું ઈનામ લાગ્યું. છાપાઓમાં તેના રંગબેરંગી ફોટા આવ્યા અને મોટા અક્ષરે તેનું નામ ઝળહળ્યું. બોકસીંગની રમતમાં

આ બોકસર જીત્યો છે તેને ૩ લાખ રૂ. નું ઈનામ લાગ્યું છે આ બોકસરના ખૂબ સન્માન થયા. તેના પર ચારે બાજુથી અભિનંદનના તાર આવવા લાગ્યા. એક ભાઈએ પેપરમાં આ સમાચાર વાંચ્યા કે બોકસરને ૩ લાખનું ઈનામ લાગ્યું છે તેથી તે બોકસર પાસે ગયો. જઈને તેમને કહ્યું- સાહેબ ! મારે તમને મળવું છે. બોકસરે કહ્યું- ભાઈ ! તારે શું કામ છે ? મેં આજે છાપામાં આપનો ફોટો જોયો અને વાંચ્યું કે આપને ૩ લાખ રૂ. નું ઈનામ લાગ્યું છે, તેથી હું આપની પાસે એક નાનકડી માંગણી કરવા આવ્યો છું. મારે એક જ દીકરી છે. તેને કેન્સર થયું છે. તે મરવાની અણી પર છે. ડૉક્ટરે કહ્યું કે જો આ છોકરીને તરત ટીટ્રમેન્ટ મળે તો બચી જાય તેમ છે પણ તે માટે રૂ. ૩૦૦૦ જોઈશે. ભાઈ મારી પાસે તો દવા લાવવાના પૈસા નથી, આપને ઈનામમાં ૩ લાખ રૂ. મળ્યા છે તો મને ૩૦૦૦ રૂ આપો તો મારી દીકરી બચી જાય. તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવાની છે. આપ કૃપા કરીને મને ૩૦૦૦ રૂ. આપો.

મારા પૈસા પડી ગયા નથી પણ સફળ થયા છે : બોકસરને વિચાર થયો કે મને ૩ લાખ રૂ. મળ્યા છે, આ ભાઈ બિચારો રડે છે. તેને ૩૦૦૦ રૂ. આપવાથી જો છોકરી બચી જતી હોય તો મને મહાન લાભ થશે. બોકસરે તેને ૩૦૦૦ રૂ. આપી દીધા. ત્યાં ઊભેલા બધા માણસોએ આ જોયું કે પેલો ભાઇ ૩૦૦૦ રૂ. લઈ ગયો. બીજે દિવસે ખબર પડી કે પેલો માણસ બનાવટી ઢોંગી હતો. છોકરીને કેન્સર થયું નથી. તે બનાવટ કરીને પૈસા લઈ ગયો છે. એક માણસે કહ્યું- સાહેબ ! તમે છેતરાઈ ગયા. તમારા પૈસા પડી ગયા. ભાઇ ! પડી ગયા એટલે શું ? બનાવટી માણસ આવીને તમને લૂંટી ગયો. તેની છોકરીને કેન્સર નથી. આ વાત સાંભળી છતાં બોકસરને જરા પણ દુઃખ ન થયું કે ખેદ ન થયો. તેમણે કહ્યું- મારા પૈસા પડી ગયા નથી. તમે એમ માનો છો કે એ છોકરીને જો કેન્સર હોત તો મારા પૈસા સફળ થાત ? મેં તે ભાઈને ૩૦૦૦ રૂ. આપ્યા; કદાચ છોકરીને કેન્સર હોત તો જીવત કે ન જીવત તેનો વીમો હતો પણ તેને કેન્સર નથી. આ સમાચાર સાંભળીને મને અપૂર્વ આનંદ થયો છે. ૩૦૦૦ રૂ. તો કદાચ આપેલા પાછા આવી શકત પણ એની છોકરીને જો કેન્સર હોત અને મરી ગઇ હોત તો તેણી તેને પાછી કયાં મળવાની હતી ? તેથી ભાઇ ! મારા પૈસા પડી ગયા નથી પણ સફળ થયા છે. હવે કહેવા આવનાર ભાઇ શું બોલે ? બોકસરના દિલમાં બીજા પ્રત્યે કેટલી કોમળતા, સહાનુભૂતિ હશે ત્યારે આવા શબ્દો બોલાયા હશે ! જેનું દિલ સાવ તુચ્છ અને ક્ષુદ્ર હોય તેને આવા ભાવ આવે નહિ.

આરાધના એટલે પ્રચંડ અગ્નિની જ્વલંત જ્યોત : જ્ઞાની કહે છે કે જીવો આરાધના ઘણી કરે છે પણ કંઇક જીવો બોલે છે કે આરાધના કરી પણ પડી ગઈ. સામાયિક, પૌષધ આદિ ધર્મક્રિયાઓ કરીએ પણ ચિત્ત સ્થિર રહેતું નથી તેથી બધું નિષ્ફળ જાય. દેવાનુપ્રિયો ! એવો વિચાર ન કરશો. માનો કે તમે સામાયિક કરી. સામાયિક ૩૨ દોષ ટાળીને કરવી જોઈએ છતાં કદાચ કોઇ દોષ લાગ્યો તો પણ કાયાથી

તો પાપ કરવા જવાના નથી. જેટલી વાર સામાયિકમાં બેસો તેટલી વાર પાપની ક્રિયા તો અટકી ગઇ. જેમ જેમ સમજણ આવશે તેમ તેમ તે દોષ ઓછા લગાડશે. દીપક પવનથી બૂઝાઇ ન જાય માટે તેને પવનથી દૂર રાખો છો પણ એ દીપકને પવનથી કયાં સુધી સાચવવો પડે છે ? જ્યાં સુધી એ પ્રચંડ અગ્નિના રૂપમાં પ્રગટ થતો નથી. જેવું અગ્નિએ પ્રચંડ રૂપ ધારણ કર્યું પછી તો પવન તો શું કે વંટોળિયો ફૂંકાય, તો પણ એ અગ્નિને બૂઝવી શકતો નથી. બૂઝવવાની વાત તો બાજુમાં રહી પણ એ પવન અગ્નિને વધુ ને વધુ પ્રજ્વલિત કરે છે.

આ રીતે હજુ જેની આરાધના દીપક સમાન છે તેને પવન સમાન સામાન્ય નિમિત્ત મળતાં અથવા કોઈ તોછડાઈભર્યા શબ્દો કહે અને આરાધના કરતા તેને તોડી પાડવાના શબ્દો બોલે તો એનો આરાધનાનો દીપક બુઝાઇ જાય છે. જેમ કોઈ દાન દેતા હોય તો તેને કહે કે દાન દઈને શું કરવું છે ? તેને દાન દેતા રોકે તો પછી દાન દેનાર દાન દેતા અટકી જાય. જે જીવોને આરાધના પોતાના જીવન ધન સમાન વહાલી છે તેની રગરગમાં આરાધના પ્રત્યે શ્રદ્ધા છે. જેની આરાધના દીપકમાંથી પ્રચંડ અગ્નિ સમાન આગળ વધી છે તેની પાસે વંટોળ સમાન કોઈ કઠોર કે કડક ખરાબ શબ્દો બોલે, કષ્ટ આપે તો પણ તેની શ્રદ્ધા તૂટતી નથી પણ વધુ ને વધુ મજબૂત થાય છે અને આરાધનામાં આગળ વધે છે પણ જેની આટલી શ્રદ્ધા નથી તે તો સામાન્ય અશુભ નિમિત્ત મળતાં આરાધનામાં આગળ વધવાને બદલે કયારેક આરાધનાને છોડી દે છે, માટે સામી વ્યક્તિની આરાધનામાં જોમ આવે, આગળ પ્રગતિ થાય તેવું બોલજો પણ આરાધનાથી પીછેહઠ થાય એવું કયારે પણ ન બોલશો. કોઇ પણ ધર્મ ક્રિયામાં ઉત્કૃષ્ટ ભાવે, ઊંચો વિચાર રાખજો તમારી નજર સામે બે ભય રાખજો. એક ભવનો ભય અને બીજો પાપનો ભય. જેને ભવનો ભય લાગે તેને પાપનો ભય લાગે પણ હજુ જીવને ભવનો ભય લાગ્યો નથી. તમે ૫૦, હજારનું જોખમ લઇને ટ્રેઈનમાં મુસાફરી કરતા હો ત્યારે રાતનો સમય હોય છતાં ઝોકા કે ઊંઘ આવે ખરી ? ના....ના....ત્યાં તો ઊંઘ ઊડી જાય અને દિવસે માળા ગણતાં ઝોકા કેમ આવે ? ધન વહાલું છે એટલો ધર્મ વહાલો લાગ્યો નથી.

ધનની સુરક્ષા માટે દિનભર કરેલો પગપાળા પ્રવાસ : જે જમાનામાં વાહનવ્યવહાર ન હતા તે સમયની વાત છે. બે મિત્રો જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. જંગલમાં ચોર લૂંટારાનો ભય ઘણો હતો. જંગલ ખૂબ લાંબુ હતું. બંને પૂર ઝડપે ચાલી રહ્યા હતા. સવારથી સાંજ સુધી ચાલ્યા. રાત પડી ગઈ, પાસે જોખમ ઘણું હતું. રાતના એક ઝાડ નીચે સૂતા. બંનેએ નક્કી કર્યું કે આપણે વારાફરતી જાગવું ને જોખમની રક્ષા કરવી. આ રીતે બંનેએ રાત પસાર કરી. સવાર પડતાં ચાલવાનું શરૂ કર્યું. આ વિસ્તારમાં ચોરનો ભય વધુ હતો એટલે ખૂબ ઝડપથી ચાલવા લાગ્યા. બંનેની પાસે નાસ્તાનો ડબ્બો સાથે હતો છતાં ખાધા પીધા વિના ભૂખ્યા ને તરસ્યા ચાલ ચાલ કર્યું ! શું તેમને ભૂખ-તરસ લાગી નહિ હોય ? લાગે પણ પાછળ લૂંટારાનો ભય છે.

ચાલતાં ચાલતાં રસ્તામાં સાંજના ચાર વાગ્યા. હવે તો એકાદ કિલોમીટર જેટલું જંગલ બાકી રહ્યું. ત્યારે એક મિત્ર કહે છે ભાઇ ! હવે તો મને ભૂખ-તરસ ખૂબ લાગી છે. મને તો લથડિયા આવે છે. ચક્કર આવે છે. એક ડગલું પણ ચલાય તેમ નથી, માટે એ ઝાડ નીચે બેસીને થોડો નાસ્તો કરી લઈએ. પછી આગળ જઈએ. બીજા મિત્રે કહ્યું- અરે ભાઈ ! હવે તો એક કિલોમીટર પણ બાકી નથી. ચાલી ચાલીને આટલું બધું ચાલ્યા ને અંતે થોડા માટે લૂંટાઈ જઈશું, માટે તું ગમે તેમ કરીને આટલું ચાલી નાંખ. મિત્ર ! મહેરબાની કરીને કહું છું કે એક પગલું પણ ચલાય તેમ નથી છતાં તારે જવું હોય તો જા. હું નાસ્તો કરીને આવું છું.

ભય જગાડે સુષુપ્ત શક્તિને : મિત્રની વાત સાંભળીને તેનો મિત્ર પણ તેની સાથે નાસ્તો કરવા બેઠો. ડબ્બો ખોલીને હજુ જ્યાં બટકું મોંમાં મૂકવા જાય છે ત્યાં પકડો....પકડો**ની ચીસ** પડી, બોલો, હવે ખાવા બેસી રહેશે ખરા ? ભૂખ ખૂબ લાગી છે, એક ડગલું પણ ચલાય તેમ ન હતું છતાં ડબ્બા બંધ કરી બંને એવા શ્વાસભેર દોડ્યા કે પાંચ દશ મિનિટમાં **તો** જંગલ પૂરું થઈ ગયું ને તેઓ બહાર નીકળી ગયા. એક પગલું ચલાય એવું નહોતું તો એક કિલોમીટર જેટલું દોડ્યા કેવી રીતે ? આત્મામાં સત્તામાં તો શક્તિ અને બળ પડેલા છે. ડાકૂઓનો ભય લાગ્યો કે જો આવશે તો જાન, જોખમ બધું લૂંટાઈ જશે એટલે બધી શક્તિ કેળવીને દોડ્યા તો જંગલ ઓળંગી ગયા ને સલામત રીતે પહોંચી ગયા. તમને અઠ્ઠમ, છઠ્ઠ કરવાનું કહીએ તો કહેશો કે મારાથી ન થાય પણ એવી મુશ્કેલીમાં આવી ગયા કે ત્યારે જો અમે કહીએ કે એક અઠ્ઠમ કરીને ત્રણ દિવસ ધ્યાનમાં બેસી જાવ, ત્યારે તમે કહો ખરા કે મારાથી અઠ્ઠમ નહિ થાય ? ત્યારે તો અઠ્ઠમ કરવા તૈયાર થઈ જાવ. આ બતાવે છે કે જીવને જ્યાં ભય લાગે છે ત્યાં સુષુપ્ત પડેલી શક્તિ પ્રગટ થયા વિના રહેતી નથી. તમને દીક્ષા લેવાનું મન કેમ થતું નથી ? ચારિત્ર મોહનીયનો ઉદય છે એ વાત થોડી ખરી પણ સાચું પૂછીએ તો હજુ આત્માને ભવનો ભય લાગ્યો નથી. પેલા મિત્રોને ગુંડાઓની ચીસ સાંભળીને ભય લાગ્યો તેમ જો નરક ગતિમાં ભોગવેલા ભયંકર દુઃખો નજર સામે દેખાય તો દીક્ષા લેવાની શક્તિ, બળ આપોઆપ આવી જાય. જ્યાં ભવભીરૂતા આવે ત્યાં પાપભીરૂતા આવ્યા વિના રહેતી નથી. પાપભીરૂતા આવે એટલે આરાધના કરવામાં ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. જો આત્મા ભવભીરૂ બને તો આ સંસારનું ભયંકર વન પણ ઓળંગતા વાર ન લાગે. તમને જેનો ભય લાગે છે તેને જ્ઞાનીઓએ ભય કહ્યો નથી.

જન્મ જરા મરણના ફેરા મીટાવો પ્રભુ મારા,
સિદ્ધ ગતિના સીમાડાની સફરે જવું છે પરમારા....જન્મ

જ્ઞાની પુરૂષોએ તો જન્મ, જરા અને મૃત્યુને મોટા ભય કહ્યા છે પણ જીવોને એ ભય નથી અને ભગવાને બતાવેલી ધર્મ આરાધનાઓ પ્રત્યે સદ્‌ભાવ નથી, તેથી ધર્મની આરાધનામાં જોઈએ તેવો ઉલ્લાસ આવતો નથી. ગૌતમ સ્વામીને ભવનો ભય

લાગ્યો તો ભવ ભ્રમણથી મુક્ત થવા માટે ભગવાન પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. તેમને લાગ્યું કે કર્મ લૂંટારાઓ મારી પાછળ પડયા છે માટે આરાધનામાં એવી દોટ મૂકું કે જેથી જલ્દી ભવવનને ઓળંગી જાઉં. ગૌતમ સ્વામીનું જીવન વાંચીએ ત્યારે આપણી આંખો ઠરી જાય. કેવો અદ્‌ભૂત વિનય ! ગુરૂ ચરણમાં કેટલી અર્પણતા ! ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધારક હતા. તે સામાન્ય ન હતા. બધા ચૌદ પૂર્વધારી પણ સમગ્ર શ્રુતના ધારક હોતા નથી. તેમાં ષટ્‌ગુણ હાનિ વૃદ્ધિ થાય છે પણ ગૌતમ સ્વામી ચાર જ્ઞાન સંપન્ન હતા. તેમના માટે "सव्वक्खर सन्निवाइ" સર્વાક્ષર સંનિપાતિ શબ્દ વપરાયો છે. એટલે તેમનું જ્ઞાન એટલું નિર્મળ, વિશુદ્ધ અને વિશિષ્ટ હતું કે સંસારમાં જેટલી પદ્માનુપૂર્વી અને વાકયાનુપૂર્વી સંભવી શકે છે તે બધાનો સમાવેશ તેમના જ્ઞાનમાં થઈ જતો હતો. એક પદ અથવા એક વાકય માત્ર કહેવાથી સમસ્ત વિષયોને સમ્યક્‌ પ્રકારથી જાણી લેતા. ગૌતમ સ્વામી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર સંપન્ન હોવા છતાં પણ નિરભિમાની અને વિનયની જીવતી જાગતી મૂર્તિ હતા, તેથી પ્રભુથી અતિ દૂર નહિ ને અતિ નજીક નહિ એવી રીતે સંયમ અને તપથી આત્માને સુવાસિત કરતા થકા ભગવાન મહાવીર પ્રભુની સાથે વિચરતા હતા.

આ બધા ગુણો તથા કઠીન તપશ્ચર્યાના પ્રભાવે બીજાને ભસ્મ કરી દે તેવી તેજુલેશ્યા પ્રાપ્ત થઈ હતી પણ કયારેય તેનો પ્રયોગ કર્યો નથી. 'छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं' ગૌતમ સ્વામીએ દીક્ષા લીધી ત્યારથી છઠ્ઠ છઠ્ઠની તપશ્ચર્યા કરીને અનંતા કર્મોની નિર્જરા કરતા હતા. તપની સાથે ક્ષમા પણ ખૂબ હતી. શરીરની મમતા તો સાવ ઉતારી દીધી હતી. છઠ્ઠના પારણે પણ એક ટંક ગોચરી કરતા હતા. તેઓ જાતે ગોચરી જતા હતા. છઠ્ઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કરે. સ્વાધ્યાય એ આભ્યંતર તપ છે. सज्झाएणं नाणावरणिज्जं कम्मं खवेइ । સ્વાધ્યાય કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે.

वायणा पुच्छणा चेव, तहेव परियट्टणा ।
अणुप्पेहा धम्मकहा, सज्झाओ पञ्चहा भवे ।। उत्त.अ.३०गाथा३४

વાચના, પૃચ્છના, પરિયટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા. ભગવાનની દેશના સાંભળવી એ સ્વાધ્યાય છે. ભગવાન જે ધર્મકથા કહે છે તેને ગૌતમ સ્વામી સાંભળે છે. આત્માના ઉલ્લાસથી, શુદ્ધ ભાવથી ધર્મકથા સાંભળતા કેટલાય કર્મો ખપી જાય છે, આત્મામાં ગુણોની સમૃદ્ધિ વધે છે. બીજા પ્રહરે ગૌતમ સ્વામી ધ્યાન કરે. આજે ભગવાને દેશનામાં શું ફરમાવ્યું ? મને ભગવાને શું સમજાવ્યું ? મારે શું કરવાનું છે ? મારામાં કયાં કયાં ખામી છે ? ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર હોવા છતાં કેટલી સરળતા છે ! બીજા પ્રહરે ભગવાનની દેશના સાંભળી હોય તેનું ધ્યાન કરે. જ્ઞાની ભગવંતે બધાને ધ્યાનની વાત બતાવી છે. ધ્યાનમાં એવી વિચારણા કરે.

जो पुव्वरत्तावरत्त कालेे, संपिक्खए अप्पगमप्पएणं ।
" किं मे कडं ? किं च मे किच्चसेसं ? किं सक्कणिज्जं न समायरामि ॥

ચુલિકા વર્ગ.૨ ગા.૧૨

સાધક રાત્રીના પહેલા પ્રહરમાં અને પાછલા પ્રહરમાં ધ્યાન કરીને એ વિચારણા કરે કે મેં આજે શું કર્યું છે ? મારે શું કરવાનું બાકી છે ? મારાથી થઇ શકે તેવું હોવા છતાં મેં શું નથી આચર્યું ? આ રીતે આત્મનિરીક્ષણ કરે. આ વિચારણા સંસારની નથી કરવાની પણ આત્મા માટે કરવાની છે. અનાદિકાળથી જીવે પરની વિચારણા કરી છે. પર પદાર્થોની પળોજણમાં આત્મા પોતાને ભૂલી ગયો છે.

ગૌતમ સ્વામીએ બીજા પ્રહરે ધ્યાન કર્યું. "अतुरियं, अचवलं" શીઘ્રતારહિત એટલે ઉતાવળથી નહિ પણ ધૈર્યતાપૂર્વક, ચપળતા રહિત, શાંત ચિત્તથી મુખવસ્ત્રિકા, પાત્રો અને વસ્ત્રોનું પ્રતિલેખન કર્યું. અહીં શાસ્ત્રકાર એ બતાવે છે કે ગૌતમ સ્વામી છઠ્ઠ છઠ્ઠના પારણા કરતા હતા છતાં સંયમી જીવનની દૈનિક ક્રિયા સ્થિરતા અને ધૈર્યતાપૂર્વક કરતા હતા. તેમાં જરા પણ ઉતાવળ કરતા નહિ. ચપળતા અને ગભરાટ વિના શાંત ચિત્તે બધું કરતા હતા. પારણું હોવા છતાં આહાર કરવાની ઉતાવળ નહિ. ભગવાને સાધકને કહ્યું છે કે હે મારા સાધકો ! વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તિ આદિનું પ્રતિલેખન ખૂબ જતનાપૂર્વક કરજે. પડિલેહણ કરતા પહેલા ગુરૂદેવની વડેરાની આજ્ઞા લઈને પછી કરવાનું. પડિલેહણ કરતાં બોલાય નહિ. જો ભગવાનની આજ્ઞા પ્રમાણે આત્મા વર્તે તો કલ્યાણ દૂર નથી. જતનાપૂર્વક પડિલેહણ કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મોને ખપાવે છે. પડિલેહણ કર્યા બાદ ગૌતમ સ્વામીને ત્રીજા પ્રહરે ગૌચરી જવું છે તેથી હવે ભગવાન પાસે આજ્ઞા લેવા જશે ને શું બનશે તે અવસરે.

કારતક સુદ ૧૧ને શુક્રવાર : વ્યાખ્યાન નં. ૧૦૭ : તા. ૨૨-૧૧-૮૫

સ્વ. આચાર્ય. બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની "જન્મ શતાબ્દી દિન."

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાનના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. આગમ વચનની શક્તિ અલૌકિક છે. દૃષ્ટિમાંથી વિષનો લાવારસ ઓકતા ચંડકૌશિકને શાંત કોણે બનાવ્યો ? અભિમાનના આભલે ચઢેલા ઇન્દ્રભૂતિને પરમ વિનયી અને દ્વાદશાંગીના પ્રણેતા કોણે બનાવ્યા ? અહીં જરૂર કહેવું પડશે કે આગમના વચને. આત્માને મહાત્મા અને પરમાત્મા બનાવનાર જિનવચન છે. અંધકારભર્યા માર્ગમાં મુસાફરી કરનાર માનવી બેટરી સાથે રાખે છે કારણ કે પગમાં કાંટો વાગવાનો કે ખાડામાં પડવાનો ભય દૂર કરવા તે બેટરીને ખૂબ મહત્ત્વનું સાધન સમજે છે. તે રીતે આગમ જ્ઞાનની બેટરીની જરૂર છે. જો આ બેટરી પાસે ન હોય તો અજ્ઞાનના ખાડામાં પગ પડી જાય, રાગના કાંટા પગને આરપાર વીંધી નાંખે, મિથ્યાત્વના પથ્થરો સાથે અથડાઇ ન જવાય માટે

જ્ઞાનનો દીપક સાથે રાખો. આત્મા પર પથરાયેલી અનંતકર્મોની જાળની રચના જાણ્યા વિના કર્મના બંધનો કેવી રીતે તોડી શકશો ? જો સમ્યક્ જ્ઞાનનો દીપક પાસે નહિ હોય તો કર્મની જાળમાં અટવાઈ જશો, માટે આગમજ્ઞાનની ખૂબ આવશ્યકતા છે. *જીવનની દરેક પ્રવૃત્તિમાં આગમે આપણને માર્ગદર્શન આપ્યું છે. આધ્યાત્મિક નાની મોટી બધી પ્રવૃત્તિઓ કેવી રીતે કરવી* તે વાત આગમે આપણને સ્પષ્ટ અને સુંદર બતાવી છે.

આપણા અધિકારમાં ગૌતમ સ્વામીની વાત ચાલે છે. ગૌતમસ્વામીએ છઠ્ઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરે સ્વાધ્યાય પછી બીજા પ્રહરે ધ્યાન કર્યું. ત્યાર બાદ પાત્રનું અને વસ્ત્રોનું પડિલેહણ કરી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે ગયા. જઈને ત્રણ વાર તિક્ખુતોનો પાઠ ભણી વંદન નમસ્કાર કર્યા. ગૌતમ સ્વામીમાં વિનયનો ગુણ કેટલો અદ્ભૂત ને અજોડ છે. કહ્યું છે કે "**सीसस्स सोहा विणए पवत्ति**" શિષ્યની શોભા વિનય પ્રવૃત્તિમાં છે. ગુરૂની આજ્ઞાનું શ્રદ્ધા, ભક્તિ અને વિનયની સાથે પાલન કરવું એ શિષ્યનું મુખ્ય કર્તવ્ય છે. ગુરૂ શિષ્યની ઉન્નતિ, હિત અને તેના કર્તવ્યનું ખૂબ ધ્યાન રાખે છે. ગુરૂના દિલમાં શિષ્ય માટે ઉચ્ચ ભાવના, ઉચ્ચ આશય અને તેના જીવન નિર્માણની તમન્ના હોય છે. જીવનમાં ગુરૂનું સ્થાન બહુ મહત્ત્વનું છે.

રામાયણમાં એક વાત આવે છે. મહારાજા દશરથના મનમાં એ ઈચ્છા થઈ કે હું મારા મોટા પુત્ર રામને રાજગાદી સોંપીને મારું જીવન તપ અને સંયમની સાધનામાં વીતાવું. તેમની આ ભાવના ખૂબ પવિત્ર હતી પણ કુળપરંપરા એ હતી કે રાજાના મૃત્યુ બાદ તેમના મોટા પુત્રનો રાજ્યાભિષેક કરીને તેને રાજા બનાવાય. આ કુળ પરંપરામાં પરિવર્તન તેમના કુળગુરૂની રજા વિના થાય નહિ. તેમના કુળગુરૂ વશિષ્ઠ ઋષિ હતા. દશરથ રાજાએ કુળગુરૂ વશિષ્ઠને બોલાવી તેમની આ સમસ્યા રજુ કરી. કેટલો વિચાર કર્યા બાદ વશિષ્ઠ ઋષિએ કહ્યું–કે ચાર વર્ણ એટલે બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય, શુદ્ર અને પાંચમા બ્રાહ્મણ ગુરૂવર્ગને જો આ વાત સારી લાગે તો આપ રામને રાજતિલક કરીને રાજા બનાવી શકો છો. દરેક ધર્મમાં ગુરૂનું સ્થાન તો આગળ છે. અહીં આ વાતમાં એ બતાવે છે કે જો ગુરૂને આ વાત ગમે તો પછી કાર્ય કરવામાં વાંધો નહિ. ગુરૂ જે કહે તે બધો આગળ પાછળનો વિચાર કરીને કહે.

આજનો દિવસ પણ અમારા પરમ ઉપકારી, જીવન રથના સારથી શાસનના ચમકતા સિતારા **સ્વ. આચાર્ય બ્રા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની** ગુણગાથા ગાવાનો પવિત્ર દિવસ છે. પૂ. ગુરૂદેવનો જન્મ થયા આજે સો વર્ષો પૂરા થયા એટલે જન્મ શતાબ્દીનો મહાન દિવસ છે. આ પૃથ્વીના પટ ઉપર અનેક જીવો જન્મે છે ને મરે છે પણ દુનિયા તેમને યાદ કરે છે, તેમના ગુણ ગાય છે કે જેમને જીવન જીવતાં આવડયું છે. તેઓ જીવન જીવી ગયા અને આપણને જીવન જીવવાની કળા શીખવાડતા ગયા તો તેમના ગુણોની સૌરભ આજે પણ મહેંકી રહી છે. આજે અમે પૂ. ગુરૂદેવને યાદ કરી તેમના ગુણોનું સ્મરણ કરીએ છીએ કારણ કે તેમનો મારા

પર અનંતો ઉપકાર છે. આ પંચમ આરામાં તીર્થંકર કે કેવળી ભગવંતો, મનઃપર્યવજ્ઞાની કે પરમ અવધિજ્ઞાની કોઈ નથી. આપણને કોઈ આધારભૂત હોય તો જિનવાણી અને જિનવાણીનું મંથન કરીને સત્ય સમજાવનાર ગુરૂ ભગવંતો છે. સંતો એ જીવતું જાગતું તીર્થ છે. જો ગુરૂદેવ મળ્યા ન હોત તો આ જીવન નાવડી ભવસાગરમાં કયાંય અથડાતી હોત. દરિયામાં ખાડા ટેકરા અડકો સાથે નૌકા અથડાઈ ન જાય તે માટે દીવાદાંડી રાખવામાં આવે છે. દીવાદાંડી એ સૂચન કરે છે કે આ બાજુ ભય છે માટે સાવધાની રાખજો. આપણું આ જીવન એક નૌકા સમાન છે. આ નૈયા ક્રોધ, માન, માયા, લોભ આદિ બડકો સાથે અથડાયા કરે છે. ગુરૂ ભગવંતો દીવાદાંડી બનીને આપણને સૂચન કરે છે કે હે આત્માઓ ! તમે આ રસ્તે ન જશો. પેલી નૈયા જો બડકો સાથે અથડાઈ જાય ને ભાંગી જાય તો નૌકામાં બેઠેલાનો એક ભવ બગડે છે પણ આપણી જીવન નૈયા જો કષાયો રૂપી બડકો સાથે અથડાઈ ગઈ તો ભવોભવ બગાડે છે.

મારી નૈયા માગે સહારા, (૨) કોઇને કોઈ દિન આશા છે કે પહોંચે કિનારા....
મારી જીવન નૈયા તારે ભરોસે, આંધી ભયંકર ચઢી છે આકાશે,
હો...ઘડીને ઘડી શું યે ઉછળી રહ્યા નીર બારા....મારી નૈયા

નૈયા ગમે તેવી સારી હોય પણ નાવિક ન હોય તો નૌકા તરી શકશે નહિ. તેમ આ જીવન એક નૈયા છે અને ગુરૂદેવ તેના નાવિક છે. આ આત્મા અજ્ઞાનની આંધીમાં અટવાઈ ગયો હતો તેને ગુરૂદેવે જ્ઞાનનો પ્રકાશ આપ્યો. મિથ્યાત્વની ગ્રંથીને તોડી સમ્યક્ત્વ પામવાની લાઈનદોરી બતાવી. સાચા શબ્દોમાં કહું તો ગુરૂદેવ જીવનના સાચા ઘડવૈયા છે. ઘડો માટીમાંથી બને છે પણ એ બન્યો કેવી રીતે ? કુંભાર માટી લાવે, તેનાં પાણી નાંખીને તેનો પિંડ બનાવે, પછી તેને ચાક પર ચઢાવે, ચાકને ફેરવે અને ઘડાનો આકાર બનાવે, છેવટે કાચા ઘડાને અગ્નિમાં પકાવે ત્યારે ઘડાની કિંમત થાય છે. હીરો બાણમાં પડયો હોય ત્યાં સુધી તેની કિંમત થતી નથી. ઝવેરી તે કાચા માલને લઈ આવે, તેને ઘસાવે, સરાણ પર ચઢાવે અને તેમાં પાસા પાડે ત્યારે તે હીરાની કિંમત અનેક ગણી વધી જાય છે. સરકસમાં જંગલી જાનવરો કેવા આશ્ચર્યજનક ખેલો બતાવે છે. જો તે જાનવરોને ટ્રેનીંગ આપીને અભ્યાસ ન કરાવ્યો હોય તો તેનું ઘડતર થઈ શકતું નથી અને પરાક્રમો બતાવી શકતા નથી.

ગુરૂ એટલે નૂતન જીવનના નવનિર્માતા : બસ, આ રીતે ગુરૂદેવો શિષ્યોના જીવનનું નવસર્જન કરે છે, તેનું ઘડતર ઘડે છે. અજ્ઞાન, અસંસ્કારી જીવનને ઘડી ઘડીને સુસંસ્કારી, ગુણવાન અને પરાક્રમી બનાવે છે અને તેના જીવનનું નવનિર્માણ કરે છે. વાલ્મિકી ઋષિનું પૂર્વજીવન કેવું હતું ? તે ભયંકર લૂંટારો હતો. અણઘડ, અસંસ્કારી અને નિરંકુશ હતો. બીજા જીવોને ત્રાસ આપતો હતો પણ તેના ભાગ્યોદયે જંગલમાં પવિત્રતાની મૂર્તિ સમા નારદ મુનિનો તેને ભેટો થયો. પહેલા તો તેમની સામે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું પણ નારદ ઋષિએ સમયોચિત બરાબર ઉપદેશ આપ્યો

તો તેની આંખ ખુલી ગઈ. તેનું હૃદય પરિવર્તન થઈ ગયું. તે નારદમુનિનો શિષ્ય બની ગયો. સમય જતાં તે વાલ્મિકી ઋષિ બની ગયો. આ બધો પ્રતાપ ગુરૂદેવ નારદ ઋષિનો હતો. પરદેશી રાજાનું જીવન કેટલું અસંસ્કારી, અણઘડ અને હિંસામય હતું ! એક વાર ગુરૂ કેશીસ્વામીનો સમાગમ થયો તો તેમનું પાપમય જીવન પવિત્ર બની ગયું. ગુરૂદેવે તેમને સંસ્કારી બનાવ્યા. તેમનું ઘડતર એવું ઘડયું કે પોતાની પત્નીએ પોતાને ઝેર આપ્યું છતાં તેના પર રોષ કે ક્રોધ ન કર્યો. તેના દોષ ન જોયા પણ કર્મનો ઉદય માનીને કેવી અપૂર્વ ક્ષમા રાખી શકયા ! ગુરૂદેવ શિષ્યના જીવનની કાયાપલટ કરે છે.

સાચા ગુરૂ તે છે કે જે અંધકારમાંથી પ્રકાશમાં લાવે. કયારેક શિષ્ય ભૂલ કરે તો ગુરૂ તેને પ્રાયશ્ચિત આપી તેને સાચું સમજાવી તેના આત્માની શુદ્ધિ કરાવે છે. પરદેશી રાજા ત્રીજું નમોત્થુણં બોલતાં શું કહે છે અહો હે ગુરૂ ભગવંત ! આપ જો મને મળ્યા ન હોત તો મારી કઈ ગતિ થાત ? આજે આ ઉપસર્ગમાં પણ મને જે ક્ષમા રહી છે તે મારી નથી પણ તમારી છે ! આ પાવર તમારો છે. તમારા ઘરમાં જે લાઈટ ઝળહળે છે તે શાથી ? પાવર હાઉસ સાથે કનેકશન જોડેલું છે તો ગમે તેટલા દૂર હશો તો પણ લાઈટ ઝળહળી ઉઠશે, અને પાવર હાઉસની બાજુમાં ઝૂંપડી હશે પણ કનેકશન જોડેલું નહિ હોય તો બાજુમાં વસવા છતાં અંધારું રહેવાનું છે, તેમ પૂ. ગુરૂદેવની આજ્ઞા, તેમની શિખામણ સાથે જો કનેકશન જોડયું હશે તો આપણું જીવન ઝળહળી ઉઠશે. અને કનેકશન જોડયું નહિ હોય તો તેમની સાનિધ્યમાં વસવા છતાં આ જીવન રૂપી ઝૂંપડીમાં અંધારું રહેવાનું છે. આવા ગુરૂદેવના અનંત અનંત ઉપકારો છે.

અનંત અનંત ઉપકાર હૈ ગુરૂજી તુમ્હારા, હો ગુરૂજી તુમ્હારા....
દીર્ઘભ્રમ હોકર ભટક રહી થી પાયા શરણ તુમ્હારા....અનંત

જે ગુરૂદેવે અમારી સંસારમાં ડૂબતી નૈયાને કિનારે લાવી સંયમના સાગરમાં તરતી કરી છે તે ગુરૂદેવના ઉપકારોને કેવી રીતે ભૂલાય ? માતાપિતાનો, શેઠનો ઉપકાર આ ભવ પૂરતો છે પણ ગુરૂદેવનો ઉપકાર તો ભવોભવ પૂરતો છે. માતાપિતા તો માત્ર જીવન આપે છે જયારે ગુરૂદેવ તો સુંદર રીતથી જીવન જીવવાની કળા શીખવાડે છે. પણ આ બધા ભાવ જીવનમાં આવે કયારે ? શિષ્યમાં વિનય ગુણ હોય તો. જે શિષ્યમાં વિનયનો ગુણ પ્રધાન છે તેનામાં નિરહંકારતા, નમ્રતા, મૃદુતા, સરળતા, સેવાભક્તિ અને સમર્પણભાવ આવે છે. વિનયથી કીર્તિ, શાસ્ત્રજ્ઞાન અને જલ્દીથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. વિનય એ શિષ્યના જીવન મહેલનો પાયો છે. જો તેના જીવન મહેલનો વિનયનો પાયો મજબૂત છે તો તેનામાં સેવા, દયા, ક્ષમા, સમતા આદિ સદ્ગુણો આવવાના છે. કહ્યું છે કે " **विनयायत्ताश्च गुणाः सर्वे** " સમસ્ત ગુણો વિનયને આધીન છે. વિનયથી માનવી સંસારમાં પણ લોકપ્રિય બની જાય છે. વિનયનું મહત્ત્વ બતાવતા દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે

तहेव सुविणीअप्पा, लोगंसि नरनारीओ ।
दीसंति सुहमेहंता, इड्ढिपत्ता महायसा ॥ अ.૯.ઉ.૨.ગા.૯

લોકમાં જેટલા સુવિનિત નરનારીઓ છે તેઓ સુખસંપન્ન, સમૃદ્ધ અને મહા-યશસ્વી દેખાય છે.

ગુરૂદેવોની વિનય ભક્તિથી તેમના આશીર્વાદ મેળવીને કોણ શિષ્ય એવો છે કે જે ગુણોથી સમૃદ્ધ, મહાયશસ્વી ન બન્યો હોય ! અર્થાત્ બને જ. વિનય તો એક એવું આભૂષણ છે કે જેથી શિષ્યનું જીવન, ગુણ, જ્ઞાન, યશ આદિથી ઝળહળી ઉઠે. તેના કારણે બધા ગુણો ખીલી ઉઠે છે. આવો વિનયનો ગુણ જેનામાં શોભી રહ્યો છે એવા ગૌતમ સ્વામી ભગવાન પાસે ગયા. સંસારી હોય કે સાધુ હોય, દુકાનમાં કે ઓફીસમાં જેનામાં વિનય ગુણ છે તે વેરીને પણ વશ કરી શકે છે. જેનામાં વિનય-વિવેક છે તે જ્યાં જશે ત્યાં તેનો વિજય થવાનો છે. ગૌતમ સ્વામીને ગૌચરી જવું છે એટલે ભગવાન પાસે આવીને વિનય સહિત વંદન કર્યા. ગૌતમ સ્વામીએ ભગવાનને વંદન કરીને આ પ્રમાણે કહ્યું-

"इच्छामिणं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए छट्ठखमण पारणंगसि वाणियगामे नयरे उच्चनीय मज्झिम्माइं कुलाइं घर समुदाणस्स भिक्खायरियाए अडित्तए ।"

હે ભગવાન ! હે પૂજ્ય ! આપની આજ્ઞા હોય તો હું છઠ્ઠના પારણાને માટે વાણિજ્ય ગામમાં ઊંચ-નીચ અને મધ્યમ બધા કુળોમાં સામૂહિક ઘરોમાં ભિક્ષાચર્યા-ગૌચરી કરવા જવાની ઇચ્છા રાખું છું. બોલવામાં કેટલી મીઠાશ અને નમ્રતા છે ! વિનીત શિષ્ય કયારે પણ એમ ન કહે કે મારી આમ ઇચ્છા છે. તે તો એમ જ કહે કે ગુરૂદેવ ! આપની આજ્ઞા હોય તો મારી આ ઇચ્છા છે. ગૌતમ સ્વામીએ કહ્યું-ભગવાન ! આપની આજ્ઞા હોય તો ગામમાં ઊંચ-નીચ એટલે શ્રીમંત, ગરીબ કે મધ્યમ કોઈ જાતના ભેદભાવ વગર સામુદાનીકી ગૌચરી માટે જાઉં. સામુદાનીકી એટલે ગૌચરી કરતાં લાઈનબંધ જે ઘરો બંધતા હોય તે ઘરો વચ્ચે છોડયા વિના ક્રમબદ્ધ ઘરોમાં ગૌચરી કરવી. સંતોને ૧૨ કુળની ગૌચરી ખપે છે, એટલે ગૌતમ સ્વામી ભગવાનને પૂછે છે આપની આજ્ઞા હોય તો આજે પારણાને દિવસે બંધતા કુળોમાં કોઈ જાતના ભેદભાવ વગર ગૌચરી માટે જાઉં, ત્યારે ભગવાને કહ્યું-"अहा सुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।" હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. ભગવાનની આજ્ઞા મળતાં ગૌતમસ્વામી દ્યુતિપલાશ ઉદ્યાનથી નીકળ્યા. ચાલવામાં પણ કેટલો ઉપયોગ અને સાવધાની છે. ઈર્યાસમિતિ જોતાં જોતાં ચાલે છે. अतुरियं ઉતાવળથી નહિ પણ ચપળતા રહિત, ઉદ્વેગ રહિત જે ચાલે ચાલતા હોય તે રીતે જીવોની જતના કરતાં થકા ચાલે. ઉતાવળથી ચાલતા જીવોની જતના રહેતી નથી.

से गामे वा नगरे वा, गोअरग्गगओ मुणी ।
चरे मंदमणुव्विग्गा, अव्वक्खित्तेण चेयसा ॥ દશ.અ.૫.ઉ.૧ગા.૨

ભગવાને દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યું છે કે ગામમાં હોય કે નગરમાં હોય પણ ગૌચરી માટે ગયેલો સાધક ઉદ્વેગ રહિત, અવિક્ષિપ્ત ચિત્તથી, વ્યાકુળતા રહિત ધીમે ધીમે ધૂંસરા પ્રમાણે સાડા ત્રણ હાથ સુધી દૃષ્ટિ કરતાં કરતાં ધૈર્યતાથી સચેત બીજ, વનસ્પતિ, પાણી, માટી તથા જીવજંતુઓ જોતાં થકા ઉપયોગપૂર્વક ચાલે પણ ઊંચું નીચું કે આડુંઅવળું જોતાં ન ચાલે. વરસાદ વરસતો હોય, ધુમ્મસ હોય, મોટો વાયરો વાતો હોય, ધૂમ્ર ધૂળ ઉડતી હોય કે માખી, મચ્છર આદિ અનેક ત્રસ જીવો ખૂબ ઉડતા હોય તો સાધુથી ગૌચરી લેવા ન જવાય સૂર્યોદય પહેલા કે સૂર્યાસ્ત પછી ગૌચરી ન જવાય.

ગૌતમ સ્વામી કોઈ જાતની ચપળતા કે ગભરાટ વિના શાંતિથી સાડા ત્રણ હાથ પ્રમાણ જોતાં જોતાં દ્રવ્યથી છકાય જીવની હિંસા ન થાય તે રીતે ઈર્યાસમિતિને આગળ કરીને ગૌચરી માટે ગયા. વાણિજ્ય ગામમાં ઉચ્ચ-નીચ અને મધ્યમ કુળોમાં ગૌચરીની ગવેષણા કરવા માટે ઘૂમવા લાગ્યા. સાધક ૪૨ તથા ૯૬ દોષરહિત ગૌચરી કરે. તેમાં કોઈ દોષ-ન લગાડે તો અનંતાકર્મોની નિર્જરા કરે છે. ભ્રમર પુષ્પમાંથી રસ ચુસે પણ પુષ્પને કિલામના ન ઉપજાવે તેમ સંતો ભ્રમરની જેમ ગૃહસ્થને ઘેર ગૌચરી જાય પણ કોઈને પીડા ન પહોંચાડે. તે બહારથી ધર્મલાભ કહેતા અંદર ન જાય. ચોરની જેમ પેસે ને શાહુકારની જેમ નીકળે. સાધુને માટે બનાવેલ આધાકર્મી, ઉદ્દેશિક, વેચાતું લાવેલું તેમને ન કલ્પે. બે વ્યક્તિ જમવા બેઠી હોય, તે બંનેમાંથી એકની ઈચ્છા આપવાની હોય અને એકની ન હોય તો તે આહાર લેવો કલ્પતો નથી. બંનેની ઈચ્છા હોય તો તે આહાર લેવો કલ્પે છે. ગૌતમસ્વામી નિર્દોષ આહારની ગવેષણા કરતા થકા ઘૂમી રહ્યા છે.

ગૌતમસ્વામી મહાન પવિત્ર સંત છે. આજનો દિવસ પણ મારા જીવનમાં અમીવર્ષા વરસાવનાર, અસીમ ઉપકારોની હેલી કરનાર પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબની જન્મ શતાબ્દીનો મંગલ દિવસ છે. જૈનશાસનના નભોમંડળમાં અનેક તેજસ્વી હીરલા અને વીરલા જેવા ઝળહળતા રત્નોએ સંયમ અને તપની સાધના દ્વારા આ પૃથ્વી પર પ્રકાશ પાથર્યો છે. તેમાં પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ પણ જૈન શાસનના તેજસ્વી રત્ન હતા. નામ તેવા ગુણો તેમનામાં હતા. રત્ન પોતાના કિરણો ચારે બાજુ પ્રસરાવે છે તેમ પૂ. ગુરૂદેવે સમ્યક્ સંયમની સાધના, જ્ઞાનની આરાધના અને દર્શનની દિવ્યતા દ્વારા સંયમના સોનેરી કિરણો ચારે બાજુ પ્રસરાવ્યા છે. આજે પૂ. ગુરૂદેવનું નામ સ્મરણ કરતાં રોમેરોમમાં આનંદ થાય છે. એ ગુરૂદેવના જીવનમાં ગુણોનો સાગર હિલોળા મારી રહ્યો હતો. તેમના ગુણોનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી છતાં તેમના પ્રત્યેની ભક્તિ, તેમના અનંત ઉપકારો મને તેમની ગુણગાથા ગાવા પ્રેરે છે. પૂ. ગુરૂદેવ તો ખરેખર ગુરૂદેવ હતા. તેમના જીવનમાં શાસ્ત્રોનું, થોકડાનું, સંસ્કૃતનું અને ન્યાયદર્શનનું જ્ઞાન અદ્ભૂત હતું. વૃક્ષની છાયા નીચે વિસામો લેવા બેસનાર પથિકના તન મનના તાપ શમી જાય છે તેમ પૂ. ગુરૂદેવના સંયમનો, બ્રહ્મચર્યનો, અદ્ભૂત

પ્રભાવ જેના પર પડે તેને અપૂર્વ શાંતિ અને શીતળતાનો અનુભવ થતો હતો.

પૂ. ગુરૂદેવે મને સંયમ માર્ગનું જે સચોટ, સરળ અને સર્વોચ્ચ કોટિનું જે માર્ગદર્શન આપ્યું છે તે ભવોભવ ભૂલી શકાય તેમ નથી. પૂ. ગુરૂદેવનો જન્મ તો ગુજરાતના નાનકડા ગામ ગલિયાણામાં થયો હતો. જન્મ થયો ત્યારે કોને ખબર હતી કે આ ચીંથરે બાંધેલું રત્ન હશે ! ક્ષત્રિય જાતિ, સ્વામીનારાયણ ધર્મ, જૈન સંતોથી સાવ અજાણ છતાં તેમની ભવિતવ્યતા જાગવાની હશે એટલે વટામણમાં ધંધા માટે આવવાનું બન્યું. વૈરાગ્ય રસથી ભરપૂર, આત્માના ભાવોને જગાડતું પૂ. મહાસતીજીનું ભાવવાહી ગીત સાંભળ્યું. ખરેખર એક ગીતે તેમના આત્મામાં વૈરાગ્ય ભાવોની ગૂંથણી કરી, સંયમી જીવનનો આનંદ લૂંટવાની મસ્તી પેદા કરી, તેમની અંતરવીણાના તાર ઝણઝણી ઉઠયા. છેવટે ૧૪ વર્ષની છોટી ઉંમરે પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ પાસે પ્રવર્જિત બન્યા. ભાવિના ભીતરમાં આ રત્ન જૈન શાસનમાં અનોખા તેજ પાથરવાના હશે એટલે ગુરૂદેવે તેમનું નામ બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાડયું.

પૂ. ગુરૂદેવના જીવનમાં ક્ષમા, સરળતા, વિનય, વિવેક, નમ્રતા, ગુરૂભક્તિ, ગુરૂચરણમાં અર્પણતા આ ગુણોનો તો અખૂટ ખજાનો હતો. જો ગુરૂદેવ મળ્યા ન હોત તો આ જીવનનૈયા આ ભીષણ સંસારમાં કચાંય અથડાતી હોત. આ સંસારમાંથી ડૂબતી નૈયાને બહાર કાઢી સંયમી જીવનની અણમોલ ભેટ આપનાર, કરમાતી જીવનવાડીને અમી વર્ષાના સિંચનથી નવપલ્લવિત કરનાર, અજ્ઞાનની આલમમાં અટવાતા જીવનને જ્ઞાનનો પ્રકાશ આપનાર, મિથ્યાત્વના મહાવનમાં ભટકતી અબૂધ બાળાને સાચું માર્ગદર્શન આપનાર, સંસારના વાઘા ઉતારી સંયમના સાજ સજાવી સિદ્ધ માર્ગના સોપાને ચઢાવનાર અનંત અનંત ઉપકારી ગુણનિધિ પૂ. ગુરૂદેવના ઉપકારોને કેવી રીતે ભૂલાય ? આજે અરિહંત પ્રભુની ગેરહાજરીમાં ગુરૂ એ જીવનના આધાર છે.

गुरु ब्रह्मा गुरु विष्णु, गुरु देवो महेश्वरः ।
गुरु साक्षात् परब्रह्म, तस्मैं श्री गुरवे नमः ॥

ગુરૂ એ જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે તેથી ગુરૂદેવને કોટી કોટી નમસ્કાર છે. ગુરૂ દ્વારા પરમ ગુરૂ એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે. ગુરૂની ઉપેક્ષા કરનારો ગમે તેટલી મહેનત કરે તો ય મોક્ષ મહેલમાં પ્રવેશ ન કરી શકે. સાધના ગમે તેટલી કરો પણ કેન્દ્રમાં સદ્‌ગુરૂ હશે તો સાધના સફળ. પૂ. ગુરૂદેવના ઉપકારોને જો સ્મરણમાં લાવીએ તો એ ઉપકાર એટલો બધો છે કે તેનો બદલો કરોડો ભવે પણ વાળી શકાય તેમ નથી. આટલી બધી ગુરૂની મહત્તા કેમ ગાઈ હશે તેનો શાંત ચિત્તે વિચાર કરજો. તેમના દિલની કૃપા મેળવવા કેટલો ભોગ આપવો પડે તે સમજવવું નહિ પડે.

જે ગુરૂદેવની કૃપાને પામે છે તેને સ્વાધ્યાય કરતા શબ્દોના અર્થો ઉકેલવા નહિ પડે. શબ્દોની પાછળ રહેલા અર્થના પ્રકાશનો સાગર આપોઆપ દેખાશે. બંધ આંખે પણ એ પ્રકાશ તમારા અંતરમાં એવા સીધા લીસોટા પાડશે કે આત્મામાં ઉઘાડ ઉઘાડ

થઈ જશે. ગુરૂકૃપાને પાત્ર બની ચૂકેલા આત્માનું જીવન સુગંધથી સુવાસિત હોય. એ જ્યાં જ્યાં વિચરે ત્યાં એના ગુણોની સુવાસ મૂકતો જાય. એની સૌમ્યતા, સફળતા, કોમળતા, પ્રેમાળ મીઠા વચન બધાને આકર્ષણ કરે. બધાને અવશ્ય ગમી જાય એવું તેનું સુમધુર આકર્ષક વ્યક્તિત્વ હોય. એ બધાનો લાડકવાયો બને. તે અજાતશત્રુનું જીવન જીવતો હોય. ધર્મ રહે છે ગુરૂ ભક્તના અંતરમાં, એ ફાલેફૂલે છે ને ખીલે છે ગુરૂભક્તના અંતરના ઉપવનમાં, માટે આત્મસાત્ કરો ગુરૂભક્તિના ગુણને, જીવનસાત કરો ગુરૂ બહુમાનના શ્વાસને, પછી ધૂલિસાત થઈ જશે અવગુણોના પહાડ, ગુરૂકૃપા વિનાનો ધર્મ એકડા વિનાના મીંડા જેવો છે, માટે જીવનમાં મેળવવા જેવું કંઈ હોય તો ગુરૂકૃપા છે.

પરમ ઉપકારી પૂ. ગુરૂદેવની કૃપાથી અને તેમની અમીદૃષ્ટિથી અમારી સંયમની નાવડી સડસડાટ ચાલી રહી છે. ગુરૂદેવની કૃપા વિના જીવનમાં કાંઈ કરી શકવાની અમારામાં શક્તિ નથી. ભલે, આજે ગુરૂદેવ હાજર નથી પણ તેમના સદ્ગુણોની સુવાસથી તો તેઓ અમર છે. પૂ. ગુરૂદેવે ચીંધેલા માર્ગે આગળ આગળ પ્રગતિ કરતા રહીએ. તેમના જીવનમાં જે અમૂલ્ય ગુણોનો ભંડાર હતો તે ગુણોમાંથી યત્કિંચિત ગુણોને જીવનમાં અપનાવીએ. તેમના આપેલા સદ્બોધને જીવનમાં જડી, મનમાં મઢી, સ્વભાવમાં સજી, વિભાવને વમી જીવનમાં વણવા સદ્ભાગી બનીએ તો સાચી જન્મ શતાબ્દી ઉજવી સાર્થક ગણાય. આજે આપણું એ પરમ સૌભાગ્ય છે કે પૂ. ગુરૂદેવની જન્મ શતાબ્દી ઉજવવાનું સદ્ભાગ્ય આપણને પ્રાપ્ત થયું.

આ જન્મ શતાબ્દીના મંગલ પ્રસંગે આપણે ત્યાં અખંડ અઠ્ઠમની આરાધના કરાવી છે. ઘણી મોટી સંખ્યામાં ભાઈબહેનો અંતરના ઉમળકાથી તે તપમાં જોડાયા છે. તપ કરનારે ઉત્સાહથી તપ કર્યા, જેનાથી તપ નથી થઈ શકયો તે બધાએ તપસ્વીનું બહુમાન કરવામાં ઉદાર દિલે ધનનો સદુપયોગ કર્યો છે. આ બતાવે છે કે પૂ. ગુરૂદેવના જીવનનો પ્રભાવ એવો અદ્ભૂત પડયો છે કે બધાને દાન કરવાનું, તપ કરવાનું મન થયું. જન્મ શતાબ્દી નિમિત્તે ૧૦૦ લોગ્રસ્સનો કાઉસગ્ગ પણ રાખ્યો છે. તેમજ રોજ વ્રતનિયમ, જાપ આદિ ધર્મધ્યાનથી ત્રણ દિવસ ગાજતા રહ્યા છે. અંતમાં પૂ. ગુરૂદેવના ગુણો તો અનંતા છે. આ લેખનથી લખી શકાય નહિ. જીભથી બોલી શકાય નહિ. તેમના ગુણોને જીવનમાં અપનાવી તેમના ચીંધેલા રાહે ચાલીએ તો સાચી જન્મ શતાબ્દી ઉજવી કહેવાય

અનંત ઉપકારી સ્વ. આચાર્ય બા. બ્ર. પૂ. ગુરૂદેવના ચરણકમળમાં કોટી કોટી વંદન.

કારતક સુદ ૧૩ ને રવિવાર : વ્યાખ્યાન નં. ૧૦૮ : તા. ૨૪-૧૧-૮૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! રાગદ્વેષના વિજેતા મોક્ષમાર્ગના પ્રણેતા ભગવાન ફરમાવે છે કે

बिभेषि यदि संसारात् मोक्ष प्राप्ति च कांक्षसि ।
तदिन्द्रिय जयं कर्तुं, स्फोरय स्फार पौरुषम् ।।

હે આત્મા ! જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષપ્રાપ્તિની આકાંક્ષા (ઇચ્છા) રાખે છે તો ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરવા માટે તારું પરાક્રમ ફોરવ.

જ્ઞાની ભગવંત કહે છે કે હે આત્માઓ ! તમને સંસારનો ભય લાગ્યો છે ? ચાર ગતિમાં થતી ભયંકર વિટંબણાઓથી હવે ત્રાસી ગયા છો ? આવા બિહામણા સંસારમાંથી મુક્ત થવાની ભાવના જાગી છે ? પાંજરામાં પૂરાયેલા સિંહને પિંજરામાંથી મુક્ત થવાની ભાવના અને એના ધમપછાડા જોયા છે ? તે છૂટવા માટે રાતદિવસ પ્રયત્ન કરે છે. સિંહની જેમ સંસારના પિંજરામાંથી મુક્ત થઇને મોક્ષમાં જવું છે ? મોક્ષની અનંત ગુણ સમૃદ્ધિ, અનંત જ્ઞાન અને અનંતદર્શન મેળવવાની તમન્ના જાગી હોય તો મહાન પુરૂષાર્થ ખેડવો પડશે. ભાગ્યના ભરોસે બેસી રહેવાથી કે કાળના બહાના કાઢવાથી નહિ મળે. એ માટે આરામને હરામ કરવો પડશે ને મન વચન કાયાથી પુરૂષાર્થ કરવો પડશે. પાંચ ઇન્દ્રિયો પર નિયંત્રણ કરવું પડશે.

સંસારથી મુક્તિ અને મોક્ષની પ્રાપ્તિ માટે ઇન્દ્રિય વિજયનો પુરૂષાર્થ અનિવાર્ય છે. જીવ જેમ જેમ ઇન્દ્રિયોને મનગમતા વિષયો આપીને પોષે છે તેમ આત્મામાં દુષ્ટ-મલિન વિકારો પુષ્ટ થતા જાય છે. જેમ જેમ વિકારો પુષ્ટ થતા જાય છે તેમ તેમ જીવ પર મોહની પકડ દૃઢ થતી જાય છે. પરિણામે તે અનેક પ્રકારના દુઃખો અને અશાંતિનો ભોગ બની જાય છે અને નરકાદિ દુર્ગતિઓમાં ભટકતો થઈ જાય છે. ગંગા જમના જેવી હજારો નદીઓ સાગરમાં ઠલવાય છે છતાં સાગરને કયારે પણ તૃપ્તિ થતી નથી. તે કયારે પણ કહેતો નથી કે હવે મારે જરૂર નથી, તેમ ઇન્દ્રિયો રૂપ સાગરનું તળિયું ખૂબ ઊંડાણવાળું છે. અનંતકાળથી જીવ પોતાની ઇન્દ્રિયોને તૃપ્ત કરવા પૌદ્ગલિક વિષયો આપતો આવ્યો છે, છતાં ઇન્દ્રિયોએ કયારે પણ તેનો ઇન્કાર કર્યો નથી. એને જેમ જેમ અનુકૂળ વિષયો મળતા જાય તેમ તેમ વિષયોની અધિક ઇચ્છા કરતી રહે છે. આ ઇન્દ્રિયોને તમે કોઇ સામાન્ય વસ્તુ ન સમજતાં. એ દેખાવમાં ભલે સીધીસાદી લાગતી હોય પણ એ તમને વફાદાર નથી. મોહ સમ્રાટની એ આજ્ઞાંકિત સેવિકાઓ છે. મોહ સમ્રાટ આ કુશળ વફાદાર સેવિકાઓ દ્વારા અનંતા જીવો પર પોતાની સત્તા ચલાવી રહ્યો છે. આત્મા પોતે સમ્રાટ હોવા છતાં ઇન્દ્રિયોનો ગુલામ બની ગયો છે. ઇન્દ્રિયોએ આત્મા પર આધિપત્યપણું જમાવી દીધું છે તેથી આત્મા સાચું સુખ અને આનંદ પ્રાપ્ત કરી શકતો નથી. આત્મા પોતે સમ્રાટ હોવા છતાં જો ઇન્દ્રિયોનો ગુલામ બનીને રહે તો આનંદ કેવી રીતે મેળવી શકશે ? એક ન્યાયથી સમજીએ.

રંકમાંથી બનેલો રાજા : એક ગરીબ ભિખારી ગલીઓમાં ભીખ માંગી રહ્યો હતો. બિચારો માબાપ ! એક રોટી આપો. એમ બધાને કરગરતો હતો. પાપનો ઉદય હોય ત્યારે ભીખ માંગતા બટકું રોટલો ય ન મળે. પાપના અંધકારમાં કયારે પુણ્યનો

સૂર્ય પ્રકાશે છે તે ખબર પડતી નથી. અચાનક તે ગામમાં રાજાનું મૃત્યુ થયું. હવે રાજા કોને બનાવવા તે મોટો પ્રશ્ન થઈ પડયો, કારણ કે રાજાને દીકરો હતો નહિ. બધાએ નક્કી કર્યું કે આપણે હાથણી ફેરવીએ. તે જેના પર કળશ ઢોળે તેને રાજા બનાવવો. હાથણી આખા ગામમાં ફરતી ફરતી પેલો ભિખારી ગામ બહાર સૂતો હતો ત્યાં આવીને કળશ ઢોળ્યો. બધાના મનમાં થયું કે હાથણીએ ભિખારીને કળશ ઢોળ્યો ? છતાં શરત પ્રમાણે ભિખારીને ત્યાંથી ઉઠાડીને લઈ ગયા. સારા કપડા, અલંકારો પહેરાવી તેને સિંહાસને બેસાડયો. તેના મસ્તક પર રત્નજડિત રાજમુગટ પહેરાવ્યો, રાજસેવકોએ તેના માથે છત્ર ધર્યું. તેની બંને બાજુ ચામર વીંઝાવા લાગ્યા. બધાએ જયજયકારના નાદ સાથે તેનો રાજ્યાભિષેક કર્યો.

રાજ મળ્યું પણ માન અને સ્થાન નહીં : ભિખારી રાજા બન્યો પણ તેના મનમાંથી ભિખારીપણું ગયું ન હતું એટલે રાજા બનવા છતાં તેને આનંદ ન હતો. બીજે દિવસે પ્રધાન તેની પાસે આવ્યો તો ભિખારી બનેલા રાજાના મનમાં એ ગભરાટ થયો કે આ મને કંઈ કહેશે તો ? મારું અપમાન કરશે તો ? કોઈ કોઈ વાર તેને કોઈ વાતમાં બોલવાનું મન થાય પણ બોલી શકે નહિ. એક વાર હિંમતથી કંઈક બોલ્યો ત્યારે મંત્રી હસવા લાગ્યો અને કહ્યું કે તમને કોઈ વાતમાં સમજણ પડતી નથી ને વચ્ચે શા માટે બોલો છો ? તમારે ચૂપચાપ બેસી રહેવાનું. અમે બધું કામ સંભાળી લઈશું. શસ્ત્રોથી સજ્જ થઈને સેનાધિપતિ આવ્યો તો તેને જોઈને રાજા ધ્રુજવા લાગ્યો. તેને જોઈને રાજાના મનમાં થયું કે આને કંઈ કહેવા જઈશ તો મારી બરાબર ખબર લઈ લેશે એટલે કંઈ બોલ્યો નહિ. આ રાજાને મળવા નગરના પ્રતિષ્ઠિત માણસો, નગરશેઠ, વિદ્વાન બધા આવે છે પણ આ રાજા તો ચૂપચાપ બધાની સામે જુએ છે પણ કંઈ બોલતા નથી. તેથી બધા તેના તરફ જોઈને હસે છે, તેની મજાક ઉડાવે છે. આવું જોઈને રાજાના મનમાં વિચાર થયો કે ભિખારી જીવનમાં તો ઘણાંના અપમાન સહન કરતો હતો પણ અત્યારે તો રાજા બન્યો છું છતાં બધા મારી મજાક ઉડાવે; મારું અપમાન કરે તે કેવી રીતે સહન થાય ? આ કરતાં ભિખારી જીવન સારું હતું. રાજા બનવા છતાં અપમાન થાય એ તો અસહ્ય છે પણ તે કોઇને કાંઈ કહી શકતા નથી. મનમાં બધું સમજે છે અને અપમાનના કડવા ઘૂંટડા પીને રહે છે. આ રાજા બહાર નીકળે તો દ્વારપાળ, દરવાન કોઈ તેનું સ્વાગત ન કરે, તેના સામું ન જુએ. આવા વ્યવહારથી રાજાના મનમાં ખૂબ દુઃખ થતું.

આવા રાજા બનવાનું કોણ પસંદ કરે ! : તમને કોઈ કહે કે તમે રાજા બનો, તમને સોનાનું સિંહાસન બેસવા મળશે, રત્નજડિત મુગટ મળશે, ચામર ઢોળાશે, તમારો જયજયકાર બોલાશે પણ કોઈ તમારી આજ્ઞાને માનશે નહિ. ચૂપચાપ જે થાય તે બધું જોયા કરવાનું. બધા તમારું અપમાન કરશે, હાંસી મશ્કરી કરશે, તો શું આવા રાજા બનવાનું તમે પસંદ કરો ખરા ? (શ્રોતા : ના..ના.) કોઈની સ્થિતિ સાવ ગરીબ હોય

તો પણ આવા રાજા બનવાનું પસંદ નહિ કરે. ઠાઠમાઠ ભલે રાજશાહી મળે પણ જેની સત્તા બિલકુલ ચાલે નહિ, કોઇ આજ્ઞા માને નહિ, માન-સન્માનને બદલે અપમાન મળે તો તેવી પદવીને કોણ સમજુ હોંશિયાર માણસ સ્વીકાર કરે ? આ માનવજીવનની શોભા પૌદ્ગલિક સંપત્તિના ઠઠારાથી નથી પણ આત્મિક વૈભવ પ્રાપ્ત કરવાથી છે.

ઇન્દ્રિયોના ગુલામ નહિ બનતા ઇન્દ્રિયોને ગુલામ બનાવો : આ ન્યાય આપણા જીવન સાથે ઘટાવવો છે. તમે પોતે તમારા જીવનના સમ્રાટ રાજા છો. આત્મા રૂપી રાજાને પાંચ ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, હાથપગ રૂપી રાજવૈભવ મળ્યો છે. આત્માએ આટલું સામ્રાજ્ય મેળવ્યું છે છતાં તેનું સંચાલન બરાબર ન કરી શકે, તેનો ઉપયોગ કેવી રીતે કરાય તે ન સમજે. ઇન્દ્રિયો, મન તેની સત્તામાં હોવા છતાં તેનાથી ભયભીત રહે, મનને અને ઇન્દ્રિયોને શુભ અધ્યવસાયમાં, આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં જોડવા ઇચ્છે છે છતાં તે જોડી ન શકે અને આત્મા રૂપી રાજાની વાત સાંભળી ન સાંભળી કરીને વિષયો તરફ દોડે તો આત્માની સ્થિતિ પોતે સમ્રાટ રાજા હોવા છતાં ભિખારી જેવી જ કહેવાય ને ? ભિખારી રાજા હોવા છતાં બધાથી ડરતો હતો કારણ કે રાજા બનવા છતાં ભિખારી વૃત્તિ તેમના મનમાંથી ગઈ ન હતી. રાજાની પદવી મળવા છતાં તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજણ ન હતી, તેથી તેના જીવનમાં રાજા બનવા છતાં રાજાનો આનંદ મેળવી શકયો નહિ પણ દુઃખી થયો. આ રીતે જે આત્મા ઇન્દ્રિયો અને મનથી દબાયેલો રહે છે તે પોતાના જીવનનો વાસ્તવિક સમ્રાટ નથી. ખૂબ ઊંડાણથી વિચારીશું તો લાગશે કે આત્મા પોતે પોતાને ભૂલી ગયો છે. તેને પોતાની ઓળખાણ નથી તેથી મન અને ઇન્દ્રિયોએ તેને ગુલામ બનાવ્યો છે. જ્યારે આત્માની ઓળખાણ થશે ત્યારે તેને પોતાની અનંત શક્તિનું ભાન થશે એટલે તે ઇન્દ્રિયોનો ગુલામ નહિ બને પણ ઇન્દ્રિયોને ગુલામ બનાવશે.

જેમણે ઇન્દ્રિયોને ગુલામ બનાવી છે અને જીવનના સમ્રાટ બન્યા છે એવા ગૌતમસ્વામી વાણિજ્ય ગામમાં ગૌચરી માટે ફરી રહ્યા છે. છઠ્ઠનું પારણું છે છતાં જરા પણ ઉતાવળ નથી. નિર્દોષ ગૌચરીની ગવેષણા કરી રહ્યા છે. સુપાત્ર દાન એવું છે કે લેનાર અને દેનાર બંનેના કર્મોની નિર્જરા કરાવે છે. અસૂઝતા આહારપાણી વહોરાવવાથી જીવ ટૂંકું આયુષ્ય બાંધે છે. ઠાણાંગ સૂત્રમાં ત્રીજે ઠાણે બતાવ્યું છે કે ત્રણ કારણે જીવ ટૂંકું આયુષ્ય બાંધે છે. (૧) **पाणे अइवाइत्ता भवइ** (૨) **मुसं वइत्ता भवइ** (૩) **तहारुवं समणं वा, माहणं वा, अफासुएणं अणेसणिज्जेणं असणं पाणं खाइमं साइमेणं पडिलाभित्ता भवइ** । જીવહિંસા કરવાથી. ઘરમાં કીડી, મંકોડા, માંકડ થયા હોય ને દવા છંટાવો તો કેટલા જીવોની હિંસા થઈ જાય. કંઈક શોખીન જીવડા ઘરના કંપાઉન્ડમાં બગીચા બનાવે, તેમાં જે લીલી વનસ્પતિ ઉગી હોય તેને સરખી રાખવા રોજ મશીન ફેરવાવે અને માને કે હવે કેવું સરસ દેખાય છે. જાણે જાજમ પાથરી ન હોય ! પણ તેને ખબર નથી કે આવા પાપ કરીને હું કયાં જઈશ ? આવા પાપ કરવાથી તેમજ પંચેન્દ્રિય આદિ જીવોની હિંસા કરવાથી અલ્પ આયુષ્યનો બંધ પાડે.

(૨) અસત્ય બોલવાથી, (૩) તથારૂપ શ્રમણ, માહણને અસૂઝતા આહાર પાણી વહોરાવવાથી. આ ત્રણ કારણોથી ટૂંકું આયુષ્ય બંધાય છે. જે આત્મા જીવોની દયા પાળે છે, સત્ય બોલે છે ને સૂઝતા આહારપાણી વહોરાવે છે તે લાંબુ આયુષ્ય બાંધે છે.

ગૌતમ સ્વામી શુદ્ધ આહારની ગવેષણા કરતા કરતા તેમની ગોચરી પૂરી થઈ ગઈ ત્યારે તે વાણિજ્ય ગામની બહાર નીકળી જ્યાં કોલ્લાક સંનિવેશ છે ત્યાં આવે છે ત્યારે ઘણા માણસો વાતો કરે છે અને બોલે છે તે સાંભળ્યું. **समणस्स भगवओ महावीरस्स अंतेवासी आणंदे नाम समणोवासए पोसहसालाए अपच्छिम जाव अणवंकखमाणे विहरइ।** શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના અંતેવાસી આનંદ નામના શ્રમણોપાસક છે. આનંદ શ્રાવકને ભગવાન પ્રત્યે કેટલો સદ્‌ભાવ, કેટલી ભક્તિભાવના હશે ત્યારે એક શ્રાવક માટે અંતેવાસી શબ્દ વપરાયો હશે ! શિષ્ય માટે તો અંતેવાસી શબ્દ વપરાય પણ શ્રાવક માટે અંતેવાસી શબ્દ વપરાય ત્યારે સમજવું કે તેમની ભગવાન પ્રત્યે કેટલી ભક્તિ હશે કે ભગવાનના હૃદયમાં તેમનું સ્થાન હશે ! ગૌતમ સ્વામીએ લોકોના મુખેથી સાંભળ્યું કે ભગવાનના અંતેવાસી દૃઢધર્મી, પ્રિયધર્મી આનંદ શ્રાવકે પૌષધશાળામાં અંતિમ મારણાંતિક સંથારો કરેલો છે. તે સંથારો પણ કેવો ? મૃત્યુની આકાંક્ષા વગર, મને જલ્દી મૃત્યુ આવે તો સારું, એવી કોઈ પણ જાતની ભાવના વગર સંથારો કર્યો છે, તેમનું શરીર કેવું કૃશ થઈ ગયું છે તે વાત આગળ આવશે. આનંદ શ્રાવકે પ્રભુ મહાવીર સ્વામીનું શરણું લઈને સંથારો કર્યો છે, એટલે તેમને બળ અને શક્તિ મળ્યા હતા. જેણે ત્રિલોકીનાથ પ્રભુનું શરણું લીધું હોય તેને શી ચિંતા હોય !

અશરણમાં વિશ્વાસ અને શરણમાં વિશ્વાસ નહિ ! : આપણો આત્મા અનંતકાળથી આ સંસાર સાગરમાં ઓલા ખાઈ રહ્યો છે. તેનું કારણ એક જ છે કે પ્રભુના શરણની અપેક્ષા રાખી નથી પણ તેની ઉપેક્ષા કરી છે અને સંસારભાવની અપેક્ષા રાખી છે. એટલું નહિ પણ ત્યાં દૃઢ શ્રદ્ધા પણ રાખી છે. માની લો કે તમારે બે પાંચ લાખનું જોખમ લઈને દુકાનેથી ઘેર જવું છે. તો તમે ચાલીને જશો કે ટેક્સી કરશો ? કોઈ એવો મૂર્ખ ન હોય કે જોખમ લઈને ચાલીને જાય. કોઈ પણ જાતની ઓળખાણ વિના ટેક્સી ડ્રાઈવર પર વિશ્વાસ રાખીને ટેક્સીમાં બેસીને જશો. ત્યાં તમે અજાણ્યા ટેક્સી ડ્રાઈવર પર કેટલો વિશ્વાસ રાખ્યો ? વાળ કપાવવા માટે તમે હેરકટીંગ સલૂનમાં જાવ ત્યારે હજામ જે પ્રમાણે કહે તે રીતે માથું રાખવા તૈયાર થાવ છો. ત્યાં શ્રદ્ધા છે કે હજામ ધારદાર અસ્ત્રો મને વગાડશે નહિ; પણ હું તમને કહું છું કે તમે જે ટેક્સી ડ્રાયવર પર વિશ્વાસ રાખીને બેઠા તે ડ્રાયવરે કંઈકના એક્સીડન્ટ કર્યા છે અને તે ટેક્સીમાં બેસનારના ધનમાલ અને જાન લૂંટી લીધા છે. ઘણા હજામે વાળ કપાવનારને લોહી કાઢ્યા છે છતાં તમને તેમના પર વિશ્વાસ. મને તો તમારી દયા આવે છે. તમને ડ્રાયવર, હજામ, ડૉકટર, વકીલ, વેપારી, ઘાટી, નોકર આ બધામાં વિશ્વાસ અને ભગવાનના

વચન પર વિશ્વાસ નહિ ! પણ યાદ રાખજો કે આ બધાના શરણે ગયેલા કંઈક વાર જોખમમાં મૂકાયા છે પણ જિનેશ્વર પ્રભુના શરણે ગયેલા એક પણ સાધકને ભગવાને કયારે પણ મુશ્કેલીમાં મૂકયા નથી. અરે, મુશ્કેલીમાં મૂકયા નથી એટલું જ નહિ પણ એ તારકે તો તેમને કલ્યાણનો માર્ગ બતાવી કલ્યાણ કરાવ્યું છે.

પ્રભુશરણ સ્વીકારવામાં સુખ અને શરણ ત્યાગમાં દુઃખ : એક સાથે ચાર ચાર જીવોની હત્યા કરનારા દઢ પ્રહારીનું ભાવિ જીવન કેવું ભયંકર હોય ? એના માટે દુર્ગતિ હોય પણ જ્યાં ગુરૂ ભગવંતનું શરણ સ્વીકાર્યું ત્યાં તો અજબ ચમત્કાર થઈ ગયો. પાપી પુનિત બની ગયો. સંયમ છોડીને સંસારમાં જવા તૈયાર થયેલા મેઘકુમાર, અભિમાની ઈન્દ્રભૂતિ ગૌતમ, કુરૂક્ષેત્રના યુદ્ધમાં લાખો જીવોને મોતને ઘાટ ઉતારનાર પાંચ પાંડવો, મહા કલ્યાણકારી ભગવંતના શરણે ગયા તો કષાયોથી મુક્ત બની ગયા. કેવો અદ્‌ભૂત ચમત્કાર ! અર્જુનમાળી, ચંડકૌશિક, ઝાંઝરીયા મુનિની ઘાત કરનાર રાજા જેવા પાપી આત્માઓ પણ ભગવાનના શરણે ગયા તો તેમના જીવનમાં પણ ચમત્કાર સર્જાઈ ગયો, તો પછી આપણા જીવનમાં શા માટે ન સર્જાય ? જરૂર સર્જી શકીએ પણ તે માટે સમયે સમયે જિનાજ્ઞાને સામે રાખી દરેક પ્રવૃત્તિ કરવી. સાથે એ વાત પણ યાદ રાખજો કે એક વાર જિનેશ્વર ભગવંતને કે ગુરૂદેવને પામ્યા પછી જેણે તેમનું શરણ છોડી દીધું છે તેના કર્મે ભૂરા હાલહવાલ કર્યા છે. મહાતપસ્વી કુંડરિક મુનિ, ઉત્કૃષ્ટ વૈરાગી જમાલિ અણગાર એ બધા દૃષ્ટાંતો આપણી સામે મોજુદ છે. કુંડરિક મુનિએ વર્ષોની સાધના કરી છતાં ગુરૂ ભગવંતનું શરણ છોડયું તો નરક ગતિમાં ફેંકાઈ ગયા અને જમાલિ મુનિએ ભગવાનના વચન ઉથાપ્યા તો કિલ્વિષીમાં ફેંકાઈ ગયા. પ્રભુનું શરણ સ્વીકારવામાં આપણા જન્મજન્માંતરોની સુરક્ષા છે. હવે તમારે જન્મો જન્મના બંધનથી છૂટવું છે કે રખડવું છે ? તમને મોક્ષમાં જવાની લગની કયારે લાગશે ?

જીવોને મોક્ષ કેમ મળતો નથી ? : એક શિષ્યે ગુરૂને પ્રશ્ન કર્યો કે હે ગુરૂદેવ ! સિદ્ધાંતમાં લખ્યું છે અને આપ બોલો છો કે મોક્ષમાં તો મહાસુખ છે. આચારાંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે उवमा न विज्जइ । મોક્ષના સુખને ઉપમા આપાય એવા કોઈ શબ્દો નથી. એવું મહાન અનંત સુખ છે. શિષ્યે કહ્યું–ગુરૂદેવ ! આપ કહો છો કે મોક્ષમાં તો શાશ્વત સુખ છે. જે સુખની પાછળ કયારે પણ દુઃખની છાયા નથી. મોક્ષમાં જવાનો અધિકાર અભવી સિવાય જગતના તમામ જીવોને મળેલો છે. આપ મોક્ષના સ્વરૂપની વાતો કરો છો તો જગતના બધા જીવોને મોક્ષ કેમ મળતો નથી ? આટલા બધા જીવો સંસારમાં કેમ રખડે છે ? ગુરૂદેવે કહ્યું–તારો પ્રશ્ન ઠીક છે. આપણું શાશ્વત ઘર મોક્ષ છે. જે ઘરમાં ગયા પછી કયારેય બહાર ન મળે. આપણું શરીર એ ભાડૂતી ઘર છે. તે કયારે, કયા સમયે, કઈ મિનિટે ખાલી કરવું પડશે તેની ખબર નથી. આજના સરકારી કાયદા પ્રમાણે તો ભાડૂતીને રહેવા પણ દેશે પણ આપણું આયુષ્ય પૂર્ણ થશે ત્યારે તો સરકારી લાંચરૂશ્વત, વકીલાત કે સોફારસ નહિ ચાલે. એ તો મુદત પૂરી થાય એટલે તરત ખાલી કરવું પડશે. માત્ર મોક્ષનું ઘર એવું છે કે કયારે પણ ખાલી ન કરવું પડે.

મુક્તિની મનીષા વિના મંજિલ દૂર : ગુરૂએ કહ્યું–હે વહાલા શિષ્ય ! તારો પ્રશ્ન સાચો છે; પણ મોક્ષ ગમે છે કોને ? મોક્ષમાં જાય કોણ ? ઇલેકટ્રીક કરંટ લાગે ત્યારે કેવી અણુઅણાટી થાય છે ? જ્યારે જીવોને એવો કરંટ લાગે કે હું અનંતકાળથી રખડી રહ્યો છું. હવે મારી સંસારથી મુક્તિ કયારે થશે ? સોટ લાગે તો તરત ઉપચાર કરીએ છીએ, તેમ જો મોક્ષ મેળવવાનો સોટ લાગ્યો હોય તો તે માટે ગુરૂદેવ કહે તેમ કરવું પડશે. તો પછી મોક્ષમાં જવાનું અઘરું નથી પણ સહેલું છે. મોક્ષની લગની લાગશે ત્યારે જડ પુદ્ગલો તરફની દોટ ઓછી થઈ જશે. ગુરૂ કહે છે હે શિષ્ય ! તું પૂછે છે કે મોક્ષમાં જવાનો અધિકાર બધાને મળ્યો છે છતાં જીવો સંસારમાં કેમ રખડે છે ? પણ મોક્ષ જોઇએ છે જ કોને ? એક વાર તું આ ગામમાં જઇને બધાને પૂછી આવ કે તમારે શું જોઈએ છે ? શિષ્ય તો ગામમાં ગયો. પહેલા શ્રીમંતને ઘેર જઈને પૂછયું, તમારી શી ઇચ્છા છે ? તમારે મોક્ષમાં જવું છે ? ના ભાઈ મારે મોક્ષમાં જવું નથી. તો તમારે શું જોઈએ છે ? ભાઈ ! મારે ત્યાં પૈસો ઘણો છે પણ પારણે ઝૂલનાર કોઈ નથી. બીજાને ઘેર ગયો તો કહે બધું સારું છે પણ પત્ની સારી જોઇએ છે. કોઈ કહે મારે બધું સારું છે પણ શરીરની તંદુરસ્તી જોઇએ છે, તો કોઈ કહે કે મારે મનની મસ્તી જોઇએ છે. સાંજ સુધીમાં આ શિષ્ય ૨૦૦ થી ૩૦૦ ઘર ફર્યો પણ કોઈ એવું કહેનાર ન મળ્યું કે મારે મોક્ષ જોઇએ છે. શિષ્ય સાંજે પાછો આવ્યો. ગુરૂ કહે વહાલા શિષ્ય ! તું બધાને પૂછી આવ્યો ? હા, ગુરૂ ભગવંત હું ઘણાં ઘર ફર્યો. મેં બધાને પૂછયું– તમારે શું જોઈએ છે ? એક પણ માણસ એવો ન નીકળ્યો કે જેણે એમ કહ્યું હોય કે મારે મોક્ષ જોઈએ છે. કોઈને પૈસા, કોઇને પત્ની, કોઈને છોકરા, કોઈને મોટર, કોઇને તંદુરસ્તી તો કોઇને મનની મસ્તી જોઇએ છે. બસ, મોક્ષને છોડીને બધું જોઇએ છે. શિષ્ય ! હવે તને સમજાયું ને કે બધા જીવોને મોક્ષમાં જવાનો અધિકાર હોવા છતાં સંસારમાં કેમ રખડે છે. તેનું કારણ સ્પષ્ટ છે કે તેઓને હજુ મોક્ષ જોઇતો નથી. તેમની તૃષ્ણાઓનો અંત આવતો નથી.

જેમની રગેરગમાં મોક્ષની લગની લાગી છે એવા ગૌતમસ્વામીએ લોકોના મુખે સાંભળ્યું કે પ્રભુના અંતેવાસી આનંદ શ્રાવકે જીવનની, મરણની કે માન સન્માનની કોઈ જાતની આકાંક્ષા રહિત સંથારો કર્યો છે તો હું પણ તેમની પાસે જાઉં અને આનંદ શ્રાવકને જોઉં. આનંદ શ્રાવક પાસે જવાની તેમને તીવ્ર ઉત્કંઠા થઈ. આ પ્રમાણે વિચાર કરીને ગૌતમ સ્વામી કોલ્લાક સંનિવેશમાં પૌષધશાળામાં જ્યાં આનંદ શ્રાવક હતા ત્યાં ગયા. આનંદ શ્રાવકના કેટલા ભાગ્યોદય કહેવાય કે પોતે સંથારો કર્યો છે તે જ નગરમાં તેમના ધર્મોપદેશક, પરમોપકારી તીર્થંકર ભગવંત મહાવીર સ્વામી પધાર્યા છે અને તેમના અંતેવાસી પ્રથમ શિષ્ય, ઉગ્ર તપસ્વી, મહાજ્ઞાની, વિનય વિવેકની અજોડ મૂર્તિ એવા ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને સંથારામાં દર્શન દેવા માટે આવ્યા. બડા ભાગ્ય હોય ત્યારે આવા સમર્થ ગુરૂદેવના દર્શન મળે. ગૌતમસ્વામી આનંદ શ્રાવક પાસે ગયા.

तए णं से आणंदे समणोवासए भगवं गोयमं एज्जमाणं पासइ पासित्ता हट्ठतुट्ठे जाव हियए भगवं गोयमं वंदइ नमंसइ ।

આનંદ શ્રાવકે ગૌતમ સ્વામીને આવતા જોયા ત્યાં તેમના સાડા ત્રણ ક્રોડ રોમરાય ઉલસી ગયા. તે ખૂબ હર્ષિત અને પ્રસન્ન બની ગયા. અહો !-મારા જ્ઞાનદાતા, મને મોક્ષનો માર્ગ બતાવનારા મારા ભગવાનના અંતેવાસી ગૌતમસ્વામી પધાર્યા ! આજે હું દર્શન કરીને કૃતાર્થ બનીશ. મારું જીવન ધન્ય બની જશે. આનંદ શ્રાવકના હૈયામાં ઉલ્લાસ સમાતો નથી.

બધી મિલકત તને ધરું તો પણ તારી કરૂણાની તોલે ના આવે,
જિંદગીભર તને ભજું તો પણ તારા ઉપકારની તોલે ના આવે.

હે પ્રભુ ! મારું સર્વસ્વ તારા ચરણે ધરું તો પણ તમારી કરૂણાની તોલે કોઈ ન આવે. આ રીતે ગૌતમસ્વામીને જોતાં આનંદ શ્રાવકના આનંદનો પાર ન રહ્યો. તેમણે બેઠા બેઠા ત્રણ વાર તિક્ખુત્તોનો પાઠ ભણી ગૌતમસ્વામીને વંદન નમસ્કાર કર્યા, પછી કહ્યું-હે ગુરૂ ભગવંત ! હું આપના ચરણમાં મારું મસ્તક નમાવું છું. મારું શરીર સાવ કૃશ થઇ ગયું છે. હું એકદમ અશકત બની ગયો છું. હું મારા આસન પરથી ઉઠીને આપની પાસે આવીને વંદન નમસ્કાર કરું એટલી મારી શક્તિ નથી. દેવાનુપ્રિયો ! વિચાર કરજો કે તેમનું શરીર કેટલું કૃશ બની ગયું હશે કે આસન પરથી ઉઠવાની શક્તિ પણ રહી નથી, છતાં જરા પણ અભિમાન નથી. કેટલી નમ્રતાથી બોલે છે ! ભાષામાં કેટલી મીઠાશ અને મધુરતા છે ! જો ભાષામાં મીઠાશ ન હોય તો શાંત માનવને અશાંત બનાવી દે. એવી ભાષા કર્મબંધનનું કારણ બને છે. મીઠી ભાષા કર્મની નિર્જરા કરાવે છે

એક વાર એક છોકરો બીજા છોકરાને કહે છે કે મારી મમ્મી તો એવી હોંશિયાર છે કે એને કોઈ સામાન્ય નિમિત્ત મળી જાય તો કલાકો સુધી એનું લેકચર ચલાવે રાખે. બીજો છોકરો કહે તારી મમ્મી તો નિમિત્ત મળે ત્યારે બોલે પણ મારી મમ્મી તો એવી હોંશિયાર છે કે એને તો નિમિત્ત ન મળે તો પણ કલાકો સુધી બોલ્યા કરે. જો કાલની વાત કરું. મારા પપ્પા દુકાનેથી થાકીને આવ્યા હતા એટલે કંઈ બોલ્યા વગર શાંતિથી બેઠા હતા. ત્યાં મારી મમ્મીએ કહ્યું-કેમ શાંત બેસી રહ્યા છો ? કાંઇ બોલતા કેમ નથી ? શું તમને જીભનો લકવો થઈ ગયો છે ? બસ, પછી તેનું લેકચર સાડા ચાર કલાક ચાલ્યું. બોલ હવે તારી મમ્મી કરતાં મારી મમ્મી વધુ હોંશિયાર ખરી કે નહિ ? હવે પેલો છોકરો શું બોલે ? વચનશક્તિનો કેવો ભયંકર દુરૂપયોગ ? વચન બોલતા પહેલા ખૂબ તોલો ને પછી બોલો.

આનંદ શ્રાવકે મીઠા શબ્દોથી ગૌતમ સ્વામીને કહ્યું-હે ભગવંત ! મારા શરીરની અશક્તિના કારણે હું આપની પાસે આવીને ત્રણ વાર વંદન નમસ્કાર કરીને આપની ચરણરજ લેવા માટે અસમર્થ છું માટે આપ મારી પાસે પધારો તો હું વંદન કરી

આપની ચરણરજ મસ્તકે ચઢાવું. કેટલી સરળતા ! કેટલો વિનય વિવેક ! આ રીતે કહેવામાં આનંદ શ્રાવકને થોડો સંકોચ થતો હતો છતાં ગુરૂ પ્રત્યેનો આદર અને ભક્તિ ભાવના કારણે આ પ્રમાણે કહ્યું. આનંદ શ્રાવકના કહેવાથી ગૌતમસ્વામી ત્યાં ગયા. આનંદ શ્રાવકે વંદન કરી ચરણરજ મસ્તકે ચઢાવી. હવે આનંદ શ્રાવક ગૌતમસ્વામીને શું પ્રશ્ન પૂછશે તેના ભાવ અવસરે.

કારતક સુદ ૧૫ ને મંગળવાર : વ્યાખ્યાન નં. ૧૦૯ : તા. ૨૬-૧૧-૮૫

આજે ચાતુર્માસ પૂર્ણાહુતિનો પવિત્ર દિવસ છે. આજે આપણો ચાલુ અધિકાર પણ પૂર્ણ કરવો છે. આપણા અધિકારના નાયક આનંદ શ્રાવકે સંથારો કર્યો છે. ગૌતમ સ્વામી તેમની પાસે ગયા અને આનંદ શ્રાવકે તેમને ખૂબ ઉત્કૃષ્ટ ભાવે વંદન નમસ્કાર કરી ચરણ સ્પર્શ કર્યો, પછી પૂછયું-હે ગુરૂ ભગવંત ! ગૃહસ્થપણામાં રહેતા સંસારી જીવોને અવધિજ્ઞાન થાય ખરું ? ગૌતમસ્વામીએ કહ્યું-હા. આનંદ ! આચાર વિચારની શુદ્ધિ હોય અને તેની આરાધના જોરદાર હોય તો અવધિજ્ઞાન થઈ શકે છે. આનંદ શ્રાવકે કહ્યું- ભગવાન ! જો ગૃહસ્થને અવધિજ્ઞાન થઈ શકે તો મને પણ અવધિજ્ઞાન થયું છે. તે અવધિજ્ઞાનથી પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં ૫૦૦ યોજન સુધી લવણ સમુદ્રમાં જોઉં છું. ઉત્તર દિશામાં ચૂલહિમવંત પર્વત સુધી, ઊંચી દિશામાં પહેલા સુધર્મા દેવલોક સુધી અને નીચે અધોદિશામાં પહેલી નરકના લોલુપાચ્યુત નામના પાથડામાં રહેલા ૮૪ હજાર વર્ષની સ્થિતિવાળા નારકીઓને હું જોઉં છું અને જાણું છું.

સત્યની સમસ્યા સામે દૃઢ નીડરતા : આનંદ શ્રાવકની અવધિજ્ઞાનની વાત સાંભળીને ગૌતમ સ્વામી તો સન્નજડ થઈ ગયા. શું શ્રાવકને આટલું મોટું અવધિજ્ઞાન હોય ? તેમની ધારણા એવી હતી કે ગૃહસ્થને આટલું મોટું અવધિજ્ઞાન ન થાય, તેથી તેમણે આનંદ શ્રાવકને કહ્યું-હે દેવાનુપ્રિય ! ગૃહસ્થવાસમાં રહેતા જીવોને અવધિજ્ઞાન તો ઉત્પન્ન થઈ શકે છે પણ તમે કહો છો તેટલા મોટા, વિશાળ ક્ષેત્રનું નહિ. તમે અસત્ય બોલો છો માટે તેની આલોચના કરો, પ્રાયશ્ચિત લો. આનંદ શ્રાવકને ભગવાનના પટ્ટ શિષ્ય, પ્રથમ ગણધર, ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જાણકાર એવા ગૌતમ સ્વામીએ કહ્યું-છતાં મનમાં શંકા ન થઈ કે આવા વીર પુરૂષ મને કહે છે તો તેમનું સાચું હશે કે મારું સાચું હશે ? તેમણે ગૌતમ સ્વામીને કહ્યું-હે પ્રભુ ! શું જિન પ્રવચનમાં સત્ય, તાત્વિક, તથ્ય અને સદ્‌ભૂત ભાવોને માટે પણ આલોચના કરવામાં આવે છે ? અર્થાત્ શું સત્ય વાત માટે પ્રાયશ્ચિત કે આલોચના હોય ખરી ? ગૌતમ સ્વામીએ કહ્યું-ના. આ અર્થ બરાબર નથી. તો હે પ્રભુ ! મેં અવધિજ્ઞાનમાં જેટલું જોયું છે તેટલું સત્ય આપની પાસે કહ્યું છે. જરા પણ વધુ કે ઓછું કહ્યું નથી, માટે ભગવાન ! આ વિષયમાં મને પ્રાયશ્ચિત નથી આવતું પણ આપને આવે છે. આપ આલોચના કરો. આનંદ શ્રાવકની વાત સત્ય હતી એટલે આવા ઉત્તમ પુરૂષને કહેતા જરા પણ ભય ન લાગ્યો. ગણધર જેવા વીર પુરૂષ હતા છતાં આનંદ શ્રાવકે જેવું હતું તેવું નીડરતાથી

કહી દીધું. આનંદ શ્રાવકે ભલે દીક્ષા લીધી નથી. તે શ્રાવકપણામાં હતા, તેમનો વેશ ગૃહસ્થનો હતો પણ તેમની સાધનાની દૃષ્ટિથી તે સંયમી જીવનની અવસ્થા સુધી પહોંચી ગયા હતા તેથી આગમની ભાષામાં તેમને "**समणुभूया**" શ્રમણ જેવા કહ્યા છે.

આનંદ શ્રાવકે ગૌતમસ્વામીને કહ્યું–પ્રાયશ્ચિત આપને આવે. આલોચના તમે કરો. મને પ્રાયશ્ચિત આવતું નથી. તમને કદાચ કોઈ આવું કહેનાર મળે તો તમારા મનમાં શું થાય ? ગુસ્સો આવે. તું મને વળી આવું કહેનાર કોણ ? પણ ગૌતમસ્વામી તો ધીર વીર આત્મા છે. તેમના મનમાં જરા પણ એવા ભાવ ન આવ્યા કે એક શ્રાવક મને આવું કહે ? આવું મને કહેનાર તું વળી કોણ ? તેમણે મનમાં જરા પણ દુઃખ ન લગાડયું. ઓછું ન લાવ્યા. તેમના પર રોષ કે ક્રોધ ન કર્યો પણ આનંદ શ્રાવકની વાત સાંભળ્યા પછી શંકા, કાંક્ષા અને વિચિકિત્સા થઈ પણ સાથે એ વિચાર કર્યો કે મારે શંકા, કંખા કરવાની જરૂર શી ? અમારા બંનેની વાતનો ન્યાય કરનાર ભગવાન જેવા વકીલ બેઠા છે માટે ત્યાં જઈને અમારો સંદેહ દૂર કરીશું. તેમણે જરા પણ તંત પકડી ન રાખ્યો કે મારી વાત સાચી છે. તમે શ્રાવક થઈને મને પ્રાયશ્ચિત લેવાનું કેમ કહી શકો ? તેઓ તો ચાર જ્ઞાનના ધણી હતા. જો તે સમયે ઉપયોગ મૂકયો હોત તો ત્યાં વાતનો ફેંસલો થઈ જાત પણ તેમણે તો એક જ વિચાર કર્યો કે મારા ત્રિલોકીનાથ પ્રભુ બિરાજે છે માટે તેમની પાસે જઈને શંકાનું સમાધાન કરીશ.

આજે સૂત્ર બોલવાની અસજ્ઝાય છે માટે સૂત્રના માત્ર ભાવ બોલવાના. ગૌતમ સ્વામી આ પ્રમાણે વિચાર કરીને આનંદ શ્રાવક પાસેથી નીકળીને દ્યુતિપલાશ ઉદ્યાનમાં જ્યાં શ્રમણ ભગવાન બિરાજતા હતા ત્યાં ગયા. જઈને ગૌચરી જતાં આવતાં જે ક્રિયા લાગતી હોય તે માટે ઇરિયાવહિયા કિયા કરી. સાધુ, ગૌચરી, પાણી કે કોઈ કામ માટે ઉપાશ્રયથી બહાર પગ મૂકે એટલે આવીને તરત ઇરિયાવહિયા ક્રિયા કરવાની. વિચાર કરો તો સમજાશે કે એક ઇરિયાવહિયાના પાઠમાં એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય કોઈ પણ જીવોને દુઃખ પહોંચાડયું હોય તો બધા પાપની આલોચના થાય છે. ગૌતમ સ્વામીએ ઇરિયાવહિયા પડિક્કમીને ભગવાનને વંદન નમસ્કાર કરીને કહ્યું– હે પ્રભુ ! હું આપની આજ્ઞા લઈને વાણિજ્ય ગામમાં ગૌચરી માટે ગયો હતો. ગૌચરી માટે બધા લાઈનબંધ ઘર લેતા લેતા નિર્દોષ ગવેષણા કરતા મારી ગૌચરી પર્યાપ્ત થઇ ગઈ, પછી હું ગામ બહાર આવ્યો; ત્યારે લોકોના મુખેથી મેં સાંભળ્યું કે ભગવાન મહાવીર સ્વામીનો પરમભક્ત , અંતેવાસી આનંદ શ્રાવકે સંથારો કર્યો છે. આ સાંભળીને હું ત્યાં ગયો. તેનું શરીર એટલું બધું જીર્ણ, સુકકેભુકકે થઈ ગયું છે કે તેણે મને કહ્યું– હું મારા સ્થાનેથી ઉઠીને વંદન કરી શકું એટલી મારામાં શક્તિ નથી, માટે પ્રભુ આપ નજીક આવો, હું તેમની પાસે ગયો.

ભગવાન તો કેવળી છે. તે તો બધી વાત જાણે છે છતાં કહેતા નથી કે હે ગૌતમ! આ બધી વાત હું જાણું છું. તેમણે ગૌતમ સ્વામીની બધી વાત સાંભળી. ગૌતમ સ્વામીએ કહ્યું– પ્રભુ ! તે આનંદ શ્રાવકે મને વંદન કર્યા અને પછી પ્રશ્ન કર્યો કે હે ભગવાન !

ગૃહસ્થવાસમાં રહેતા જીવોને અવધિજ્ઞાન થાય ખરું ? મેં કહ્યું– હા. તેમણે મને કહ્યું કે મને અવધિજ્ઞાન થયું છે ને હું આટલું ક્ષેત્ર જોઉં છું. મેં કહ્યું, શ્રાવકને અવધિજ્ઞાન થાય પણ આપ કહો છો તેટલું મોટું ન થાય. આપ અસત્ય બોલો છો માટે તેની આલોચના કરો ને પ્રાયશ્ચિત લો. તેમણે કહ્યું– હું અસત્ય બોલતો નથી. જિન આગમમાં પ્રાયશ્ચિત સત્યનું હોય કે અસત્યનું ? મેં કહ્યું– અસત્યનું. ત્યારે તેમણે મને કહ્યું– પ્રાયશ્ચિત મને નથી આવતું પણ તમને આવે છે. આ વાતમાં મને શંકા થઈ છે તો હે પ્રભુ ! તે પાપની આલોચના મારે કરવી જોઈએ કે આનંદ શ્રાવકે કરવી જોઇએ ? જેમ નાનો બાળક પોતાની માતા પાસે સરળતાથી બધી વાત કરે તેમ ગૌતમસ્વામીએ બધી વાત ભગવાનને કરી. ગૌતમ સ્વામી ભગવાનના પટ્ટશિષ્ય, પ્રથમ ગણધર અને ચૌદ હજાર સંતોમાં સૌથી વડેરા સંત છે. આનંદ શ્રાવક ગમે તેમ તો ય સંસારી છે તો ભગવાન શું શિષ્ય પ્રત્યેના રાગ ભાવમાં તણાય ખરા ? ના....હોં. જરાય નહિ. સાચા ગુરૂ તો શિષ્યને ભૂલ સમજાવી સાચા રાહે લઈ જાય પણ તેના પ્રત્યેના રાગમાં તણાય નહિ. આ જીવન નૈયા જો ભગવાનને કે ભગવાનની આજ્ઞાના આરાધક એવા ગુરૂના ચરણમાં સોંપીએ તો નૈયા તરી જાય અને કુગુરૂને સોંપીએ તો નૈયા ડુબી જાય.

માની લે કે કોઈ એક માણસને મોટર મળી ગઈ. મોટર મળવી એ વિશેષ વાત નથી. વિશેષતા તો એ છે કે તેને ચલાવવી, તેની સંભાળ રાખવી અને કયારેક બગડી જાય તો સુધારવાની કુશળતા, નિપુણતા પ્રાપ્ત કરવી. મોટર મળી ગઈ પણ જો તેને બરાબર ચલાવતા નથી આવડતી તો તે મોટરને આડીઅવળી ચલાવીને તેનું મશીન તોડી નાંખશે, મોટર બગાડી નાંખશે અને એકસીડન્ટ કરી દેશે. જેને મોટર ચલાવતા આવડે છે તેની પાસે કદાચ મોટર નહિ હોય તો પણ તે ડ્રાયવર બનીને મોટર ચલાવી પોતાની આજીવિકા ચલાવી શકે છે કારણ કે તેને મોટર ચલાવવાની, તેને સંભાળવાની અને બગડે તો સુધારવાની કળા આવડે છે.

માનવજીવન એક મોટર છે : આ માનવજીવન એક કિંમતી મોટર સમાન છે. તમારી મોટરમાં ને આ મોટરમાં એટલી વિશેષતા છે કે તમારી મોટર ચલાવવા માટે ડ્રાયવર જોઇએ છે જ્યારે આ જીવન રૂપી મોટર ચલાવવાને માટે બીજા કોઈ ડ્રાયવરની જરૂર પડતી નથી. એને ચલાવવા માટે તો સ્વયં પોતાને ડ્રાયવર બનવું પડે છે. સૌ પ્રથમ આ જીવન રૂપી ગાડીની સારી રીતે તપાસ કરવાની જરૂર છે કે આ ગાડી કયાંય તૂટીફૂટી તો નથી ને ? બગડી ગઇ તો નથી ને કે જેથી રસ્તામાં અધવચ્ચ ભયમાં મૂકી દે. મોટરમાં ડીઝલ કે પેટ્રોલની જરૂર છે તેમ આ જીવનગાડીને તપ-ત્યાગ, સેવા, પરોપકાર અને પરમાર્થના કાર્યો કરવા માટે આહાર, પાણી આપવા એ અનિવાર્ય છે. સાથે સાથે એ ખ્યાલ રાખવાનો છે કે આ જીવન રૂપી ગાડી વિધિપૂર્વક ચલાવતા આવડે છે કે નહિ. જો ચલાવવામાં બેદરકાર રહ્યા અથવા બરાબર વિધિથી ચલાવતા ન આવડે તો લાભને બદલે નુકશાન પણ થઈ જાય. સાથે એ જાણવું પણ

જરૂરી છે કે આ જીવન શા માટે મળ્યું છે ? અને તેનો ઉપયોગ કેવી રીતે કરવાનો છે ? મોટર કોઈ અનાડી, અબૂધના હાથમાં સોંપવામાં આવે તો તે મોટરને નુકશાન પહોંચાડે અને કયારેક પોતાની જાતને પણ જોખમમાં મૂકી દે તેમ આ જીવન રૂપી મોટર કુગુરૂને સોંપવામાં આવે તો લાભને બદલે વધુ નુકશાન થવાની શકયતા રહે છે પણ જો સદ્‌ગુરૂના ચરણે સોંપવામાં આવે તો આપણી જીવન મોટરને–સલામત રાખશે, કયારેક આડા રસ્તે જશે તો પણ તેઓ સુધારશે.

ગૌતમસ્વામીને તો ત્રણ જગતના નાથ એવા ગુરૂ ભગવંત મળી ગયા છે. ગૌતમ સ્વામીએ ભગવાન પાસે પોતાની વાત રજુ કરી. આ તો કેવળી ભગવંત હતા. પોતાના પટ્ટ શિષ્ય હોવા છતાં તેમની ભૂલ છે તો ભૂલ કહેવામાં જરાય–સંકોચ ન રાખ્યો. તેમની જરા જેટલી ભૂલ પણ ઢાંકી નહિ. અરે, આપણા શાસનનાયક ભગવાનનો જીવન ઇતિહાસ તપાસો. તેમણે કયાંય પોતાના દોષને છૂપાવ્યા નથી. ભગવાને ગૌતમ સ્વામીને કહ્યું– હે ગૌતમ ! આનંદ શ્રાવકની વાત સાચી છે. તેમણે તમને અવધિજ્ઞાનમાં જેટલું જોયાની વાત કરી તેટલું તેમણે જોયું છે. તેમને એવું વિશાળ અવધિજ્ઞાન થયું છે, માટે હે ગૌતમ ! તે આનંદ શ્રાવક સાચા છે. તે પ્રાયશ્ચિતના અધિકારી નથી પણ તમે તેમને કહ્યું કે શ્રાવકને આટલું અવધિજ્ઞાન થાય નહિ, તેમ તમે બોલ્યા માટે તેનું તમને પાપ લાગ્યું છે માટે પ્રાયશ્ચિતના અધિકારી તમે છો. તમે એમની અશાતના કરી છે માટે તમે ત્યાં જાવ ને આનંદ શ્રાવકને ખમાવો. એની પાસે ક્ષમાયાચના કરો.

ગુરૂ આજ્ઞામાં કેટલી અર્પણતા : બંધુઓ ! આવા ચાર જ્ઞાનના ધારક ગૌતમ સ્વામીને પ્રભુએ કહ્યું–તમે આનંદ પાસે ભૂલની ક્ષમા માંગો. અહાહા....આવા ઉત્તમ પુરૂષને એક શ્રાવક પાસે ક્ષમા માંગવા જવું એ સામાન્ય કામ નથી. તમારે કોઈની સાથે સામાન્ય બાબતમાં મનદુઃખ થયું હોય તો પણ ક્ષમા માંગવા તૈયાર નથી. જ્યારે આ તો સાધુએ શ્રાવકને ખમાવવા જવાનું છે. ગૌતમસ્વામીને છઠ્ઠનું પારણું છે. હજુ ગૌચરી કરીને આવ્યા છે. ભગવાને કહ્યું–તમે આનંદ પાસે જઈને તેને ખમાવી આવો. તેમના મનમાં વિચાર પણ ન આવ્યો કે હું પારણું કરીને જઈશ. પ્રભુની આજ્ઞા થતાં તરત ઊભા થઈ ગયા. ગુરૂ આજ્ઞામાં કેટલી અર્પણતા ! કેટલો વિનય ! મનમાં જરાય ખેદ કે દુઃખ નહિ. કોઈ અપીલ કે દલીલ નહિ. તે સમજે છે કે મારા ભગવાન મને જે કંઈ કહે તે મમ લાભોત્તિ પેહાએ મારા લાભ માટે, મારા શ્રેય માટે અને કલ્યાણ માટે છે. જો ભગવાન મને મારી ભૂલ ન સમજાવે તો મને ભૂલનું ભાન કયાંથી થાય ? મારા ભગવાન તો કેવળી છે. તેમના વચનમાં જરાય શંકા હોય નહિ.

જ્યારે આત્મા પોતાના દોષોનું દર્શન કરશે ત્યારે એની નાવડી તરતા વાર નહિ લાગે અને બીજાના દોષો જોશે તો નાવડી તરવાની નથી. જીવે જે કર્મો બાંધ્યા તે ઉદયમાં તો આવવાના છે. અરે ! કર્મરાજાએ તો આપણા પર કેટલી કૃપા કરી છે. જે કર્મ બાંધ્યું તેનો અબાધાકાળ પડે. જે કર્મની જેટલી કોડાકોડ સાગરોપમની સ્થિતિ

હોય તેટલા હજાર વર્ષનો ઉત્કૃષ્ટ અબાધાકાળ પડે. અબાધાકાળ એટલે તેટલા સમય સુધીમાં તે કર્મ આપણને બાધા, પીડા ન ઉપજાવે. જો નિકાચિત કર્મ ન હોય તો તપ, ત્યાગ, ઉદીરણા આદિ કરીને તે કર્મોને દૂર કરી શકાય. કર્મે એટલી મહેર કરી છે કે અબાધાકાળ પૂરો ન થાય ત્યાં સુધી તે ઉદયમાં આવવાના નથી. ત્યાં સુધીમાં તારે દેવું ચૂકવવું હોય તો ચૂકવી દેજે. જેમ કોઈ માણસ બીજા પાસે પૈસા માંગતો હોય, તે માણસ બધી રકમ સાથે ભરપાઈ કરી શકે તેમ નથી તો હપ્તા પાડી આપે કે તું મહિને, બે મહિને આટલા આટલા ભરી જજે, તો તે વેપારીને ભારે ન પડે તેમ કર્મોએ આપણા પર કૃપા કરી અબાધાકાળ પાડયો છે. ત્યાં સુધીમાં દેવું ચૂકવાય તો ચૂકવી દે. પછી તે કર્મો ઉદયમાં નહિ આવે. બાકી કર્મ ઉદયમાં આવે ત્યારે સુખ પણ દુઃખમાં પલટાઈ જાય છે. એક વાર જેની ખમ્મા ખમ્મા થતી હોય છે તેનો પાપનો ઉદય થતાં કોઈ ખબર રાખનાર રહેતું નથી.

એક ગંગામા હતા. તેમને એક દીકરો હતો. તેનું નામ ધર્મેશ હતું. તેમની સ્થિતિ સાવ સાધારણ હતી. ધર્મેશના પિતા સામાન્ય માંદગીમાં સ્વર્ગવાસ પામ્યા. જે થોડી મૂડી હતી તે પતિની માંદગીમાં ખર્ચાઈ ગઈ. ગંગામાને તો પતિ ગયા અને પૈસા પણ ગયા. તેમને ખૂબ આઘાત લાગ્યો. સગાવહાલાં બધા તેમને આશ્વાસન આપે છે. પાસે મૂડી નથી અને અનાજ પણ અઠવાડિયું ચાલે તેટલું માંડ છે. કોઈનું દળવાનું, સીવવાનું, ભરવાનું લાવીને પોતાની આજીવિકા ચલાવે છે. માતાના મનમાં તો ધર્મેશને ડૉકટર બનાવવાના કોડ છે. તે માટે કાળી મજુરી કરીને દીકરાને ભણાવે છે, છેવટે માતાની આશા ફળી ને દીકરો ડૉકટર બન્યો. આટલી ગરીબાઈમાં દીકરાને ડૉકટર બનાવતા માતાને કેટલી મહેનત પડી હશે ? ધર્મેશ ડૉકટર થયો પણ માતાની સેવા ખૂબ કરે છે. માતાનો પડયો બોલ ઝીલે છે ને તેના ચરણ ધોઈને પીવે છે. તે સમજે છે કે મારી માતાએ મને કઈ સ્થિતિમાં આટલી ઊંચી કક્ષા સુધી પહોંચાડયો છે. માતાના મનમાં હવે એક આશા છે કે દીકરો ડૉકટર થઈ ગયો. હવે સારું કમાશે, સારા ઘરની વહુ આવશે ને મારી પાછલી જિંદગી આનંદમાં જશે.

સાસુની શિખામણ પણ વહુને મન કટકટ : ધર્મેશ ડૉકટર થયો એટલે સારા ઘરની છોકરીઓના કહેણ આવવા લાગ્યા. ધર્મેશ કહે–બા ! મારી પ્રેકટીશ બરાબર જામે, આપણું ઘર સારી રીતે ચાલી શકે પછી હું લગ્ન કરીશ. માતાએ કહ્યું–બેટા ! મારા લગ્ન થયા ત્યારે તારા પિતા પાસે શું હતું ? છતાં આટલો ઊંચો આવ્યો ને ? માતાના કહેવાથી શ્રીમંત શેઠની ભણેલી છોકરી નીલા સાથે સગપણ કર્યું અને લગ્ન પણ થયા. ગંગામા વહુને કંઈ સારી વાત કહે તો પણ વહુને કટકટ લાગવા માંડી. લગ્ન પછી અઠવાડિયે કહ્યું–બેટા ! ચુલો પૂંજીને સળગાવજો. નીલા ભણેલી હતી પણ ગણેલી ન હતી. તેનામાં આવું બધું જ્ઞાન ન હતું. પાણી ગળ્યા વિના વાપરે એટલે સાસુએ કહ્યું–બેટા ! તમારા પિતાનું ઘર તો ધર્મિષ્ઠ અને સંસ્કારી છે.

આપણું પણ જૈન છીએ. પાણી ગળ્યા વિના વપરાય નહિ. નીલા કહે તમને કહી દઉં છું કે તમારે કટકટ કરવી નહિ. ગંગામા સમજી ગયા કે મારો નંબર કટકટમાં આવી ગયો. હવે કાંઈ બોલવું નહિ પણ વહુ ચુલો પૂંજે નહિ, પાણી ગળે નહિ તે મારાથી જોવાશે નહિ, છતાં નક્કી કર્યું કે કામ થાય તો જાતે કરવું અને ન થાય તો બોલવું નહિ. ધર્મેશને ખબર પડી ગઈ કે સાસુ વહુને બનતું નથી પણ તેણે નક્કી કર્યું કે મારે કોઈની બાબતમાં માથું મારવું નહિ.

ભિખારણે લીધેલી હઠ : એક દિવસ તેમના આંગણે એક ભિખારણ આવી. તેણે કહ્યું–હું બૂબ ભૂખી છું, મને કંઈક આપો ને. ગંગામા ગરીબ હતા પણ તેમના આંગણેથી કોઈ દિવસ ગરીબને પાછો ન જવા દે. તે સમજતા હતા કે મેં પૂર્વભવમાં દીધું નથી એટલે આ ભવમાં મળ્યું નથી. હવે આ ભવમાં તો કંઈક આપું, એમ વિચારીને તે આપતા હતા પણ આજે ભિખારણ ઘણું કરગરી છતાં નીલા કહે છે કે આજે તને એક બટકું પણ નહિ આપું. ભિખારણ કહે છે તારા સાસુ મને કોઈ દિવસ પાછી કાઢતા ન હતા અને તું આવું કેમ કરે છે? પણ વહુ એવી હઠે ચઢી કે હું આપીશ નહિ અને ભિખારણ એવી હઠે ચઢી કે હું લીધા વિના જવાની નથી, છેવટે ગંગામાને કહ્યું–મને થોડું તો આપો. બાઈ! હવે મારો હક્ક નથી. હું આપું તો મારા ઘરમાં હોળી સળગે. તું કાલે આવજે પણ ભિખારણ એવી હઠે ચઢી કે બે કલાક થયા તો પણ બસી નહિ; છેવટે ગંગામાના મનમાં થયું કે કાલની વાસી રોટલી પડી છે. લાવ તેને આપું. એમ વિચારીને વહુને પૂછ્યા વિના પાંચ રોટલી ભિખારણને આપી. ભિખારણે મુખ પર એવા ભાવ બતાવ્યા કે નીલાભાભી! મારો વટ રહી ગયો ને! હું પાંચ રોટલીઓ લઈ મારો વટ રાખીને જાઉં છું. એનો વટ રાખવા જતાં ઘરમાં વટ થઈ ગયો.

બા ત્યાં હું નહિ અને હું ત્યાં બા નહિ : નીલા તો ખાટલો ઢાળીને સૂઈ ગઈ. ગંગામાના મનમાં થયું કે હમણાં મારો દીકરો થાકયો પાકયો, ભૂખ્યો તરસ્યો આવશે અને મારું મુખ પડેલું જોશે તો મને પૂછશે. હું કાંઇ કહેવા જઇશ તો ભડકો થશે. એ કરતાં હું પણ અંદર જઈને સૂઈ જાઉં. ગંગામા ઓઢીને સૂઈ ગયા. થોડી વાર થઈ ત્યાં ધર્મેશ આવ્યો. નીલાને સૂતેલી જોઈને પૂછયું–તને શું થયું છે? નીલા તો ડુસ્કે ડુસ્કે રડવા લાગી. સાસુ માટે જેમ તેમ બોલવા લાગી અને કહ્યું– બા ત્યાં હું નહિ અને હું ત્યાં બા નહિ. કાં તો મને રાખો, કાં તો બાને રાખો. બાનો જુલ્મ હવે મારાથી સહન થતો નથી. તેણે તો સાસુના વિરુદ્ધમાં એવી વાતો કરી કે તે પતિના ગળે ઉતરી ગઈ. તરત ત્યાંથી ઉઠયો ને બાની પાસે જઇ તેનું ઢાંકું પકડીને કહ્યું– તું ઘરની બહાર નીકળી જા. જે દીકરો એક વખત માતાને તીર્થ સમાન માનતો હતો તે દીકરો આજે માતાને ઘર બહાર કાઢવા તૈયાર થયો. માતાએ કહ્યું– બેટા! તું મને *ઘર બહાર કાઢીશ તેમાં તારી ઈજ્જત, આબરૂ જશે. બા! તમે એની ચિંતા ન કરશો.* તમે ઘરની બહાર નીકળી જાવ.

બેનપણીએ બેનપણીનો સાંભળેલો કરૂણ સાદ : ધર્મેશે તો ઘરડી માતાને ઘરની બહાર કાઢી. ગંગામા સામા ઓટલા પર જઈને બેઠા. બેઠા બેઠા ડુસ્કે ડુસ્કે રડે છે. મારી પાછલી જિંદગીમાં દીકરાએ મારી આ દશા કરી ? ઘડપણમાં જવું કયાં ? તેના ઘરથી ત્રણ ચાર ઘર દૂર તેમની બેનપણીનું ઘર છે. બેનપણીએ ગંગામાનો રડવાનો અવાજ સાંભળ્યો. તેણે દીકરાને કહ્યું– તું જા. જો તો ખરો. આ તો તારા માસીનો રડવાનો અવાજ લાગે છે. તરત છોકરો ત્યાં ગયો. જઈને કહ્યું– માસી કેમ રડો છો ? આજે તમને શું થયું છે ? ગંગામા શું બોલે ? ઘરની વાત કોને કહેવાય ? તેમણે વાત બદલીને કહ્યું– બેટા ! મને ઠીક નથી. અરે માસી ! તમે તમારા દીકરાને ડૉકટર બનાવ્યો છે. તમને ઠીક નથી તો દીકરો ઇલાજ કરતો નથી ? બેટા ! હવે તેને માતાની જરૂર-નથી. તે ઈલાજ શા માટે કરે ? ચાલો માસી, મારી બા તમને બોલાવે છે. ગંગામા કહે, મારે તારે ઘેર આવવું નથી. આ સમયે ધર્મેશ જમવા બેઠો હતો તેની નજર રડતી મા પર પડી. એક મિનિટ તો આંચકો લાગ્યો. તેના હાથમાંથી બટકું પડી ગયું. નીલા કહે–બહાર શું જુઓ છો ? ધર્મેશે વાત છૂપાવી દીધી. તેના મનમાં થયું કે જો નીલા વાત જાણશે તો બરાબર આગ લાગી જશે. તેથી તેણે વાત ગોપવી દીધી.

સાચી બેન બનીને આપેલ આશ્વાસન : ગંગામા બેનપણીને ઘેર જવા તૈયાર થયા. જતાં જતાં ઘર સામે અને દીકરા તરફ દૃષ્ટિ પડતાં તેમનું હૈયું ભરાઈ આવ્યું. અરેરે....જે દીકરાને મેં મારી જાત નીચોવીને ભણાવ્યો, ડૉકટર બનાવ્યો, જે દીકરો તીર્થની જેમ મારી પૂજા કરતો હતો તે દીકરાએ મારી આ દશા કરી ? જે ઘરમાં મારી જિંદગી પૂરી થવા આવી એ જ ઘરમાંથી સગો દીકરો મને જકારો દેશે એવી તો કલ્પના પણ ન હતી. કર્મરાજા ! તારી કેવી બલિહારી છે, છેવટે દુઃખિત હૈયે ગંગામા બેનપણીને ઘેર ગયા. બેનપણીએ પૂછયું– ગંગાબેન ! શું થયું ? આ બેનપણી સાચી બેનપણી હતી. દુઃખમાં ભાગ પડાવે એવી હતી. આજના મિત્રોને બેનપણીઓ તો બધા કહેવાના, બિસ્સા ભારે તો મિત્રો રહેવાના અને બિસ્સા ખાલી તો મિત્રો નહિ. સાચા મિત્રો અને બહેનપણીઓ તો તે છે કે જે દુઃખમાં ભાગ પડાવે. આ બેનપણીએ પૂછયું– બેન ! શું થયું ? કાંઇ નહિ. બેન ! કાંઈ કારણ વિના ઓટલે બેસીને રડો ખરા ? બેન ! મારા પતિ તો નાનપણમાં ચાલ્યા ગયા. કાળી મહેનત કરીને પેટે પાટા બાંધીને દીકરાને ડૉકટર બનાવ્યો. તે દીકરાએ મને ઘરમાંથી કાઢી મૂકી. બેનપણી કહે–બેન ! આ તો સંસાર છે. ચાલ્યા કરે. ધર્મેશે ભલે આજે ભૂલ કરી પણ કાલે તેને જરૂર ભૂલ સમજાશે. બધું સારું થશે. આપ મનમાં દુઃખ ન ધરશો. આ ઘર તમારું છે એમ માનીને મારા ઘેર રહો. બે ચાર દિવસ થયા છતાં દીકરાને એમ નથી થતું કે મારી બા ક્યાં ગઈ હશે ? એનું શું થયું હશે ? આ તમારો સંસાર ! તમે જેને મારા માનીને વળગી પડયા છો પણ કોણ કોનું છે ?

મારું મારું કરી કરીને, જગતમાં મોહી રહ્યો,
જ્યાં કોઈ નથી કોઈનું, તું રાગ શું કરે.....

ગંગામા બેનપણીને ઘેર રહે છે. બેનપણી, તેમના દીકરાઓ બધા મામીને શી વાતે રાખે છે પણ ગંગામાને પોતાનું દુઃખ ભૂલાતું નથી. એક વાર ગંગામાને ખૂબ તાવ આવ્યો. બેનપણી ગંગામાને લઈને ધર્મેશ ડૉકટરના દવાખાને ગઇ. ડૉકટરને કહ્યું, આ ગંગામાને ખૂબ તાવ આવે છે અને છાતીમાં દુઃખે છે. તમારે જે ફી લેવી હોય તે લેજો, જે બીલ કરવું હોય તે કરજો પણ ગંગામાને જલ્દી સારું થાય તેમ કરજો. ડૉકટર ગંગામાને તપાસતા હતા. તે સમયે મા દીકરાની આંખ મળી ગઇ. ગંગામાની આંખમાંથી આંસુ સરી પડયા. બેટા! મેં તને કઈ આશાથી મોટો કર્યો, ભણાવ્યો. નીલા ભૂલી તો ભલે ભૂલી પણ તું ય મને ભૂલી ગયો? તું ભણતો હતો ત્યારે કહેતો હતો કે બધાની સેવા કરીશ. સેવા કરવાને બદલે મને ધક્કા મારીને ઘરમાંથી પણ કાઢી મૂકી. આપણા આંગણે એક ભિખારણ આવી હતી. તે કહે, કંઈક આપો. નીલા કહે, હું તને બટકું રોટલો ય નહિ આપું અને ભિખારણ કહે હું લીધા વિના જવાની નથી. બંને હઠે ભરાયા. મેં કહ્યું–તું કાલે આવજે પણ તે ત્યાંથી બસી નહિ ત્યારે મને થયું કે કાલની વાસી રોટલી ઘણી પડી છે. લાવ, તેમાંથી આપું. મેં વહુને પૂછ્યા વિના પાંચ રોટલી ભિખારણને આપી. આથી નીલા ગમે તેમ બોલવા લાગી ને પછી સૂઇ ગઈ. બેટા! આમાં મારો કાંઈ વાંક ગુનો છે?

ડોકટરની અને નીલાની ખુલેલી દૃષ્ટિ : માતાની વાત સાંભળતા ડૉકટરનું દિલ દ્રવી ગયું. અરેરે....હું કયાં ભૂલ્યો! મારી માતાએ કેટલા દુઃખ વેઠીને મહેનત મજુરી કરીને મને મોટો કર્યો, ભણાવ્યો ને ડૉકટર બનાવ્યો. એ માતાને મેં ઘરની બહાર કાઢી! ડૉકટર તરત ઉભા થઇ ગયા ને માતાના ચરણમાં પડી ગયો. માતા! મને માફ કર, માફ કર! હું ખરેખર તારા ઉપકારને ભૂલ્યો છું. પત્નીનો ચઢાવ્યો ચઢી ગયો ને તારી આ સ્થિતિ કરી. મને માફ કર. તરત ધર્મેશ માતાને ગાડીમાં બેસાડી ઘેર લઈ ગયો. પત્નીને કહી દીધું, જો તને મારી માતા ગમતી હોય તો ખુશીથી રહે અને ન ગમતી હોય તો પિયર ભેગી થઈ જા. હવે નીલા શું બોલે? તે સમજી ગઈ કે હવે મારું ચાલશે નહિ. તેણે કહ્યું– તમારી બા એ મારી બા. બધા આનંદથી રહેવા લાગ્યા. ઘર સ્વર્ગ જેવું બની ગયું. છેવટે દૃષ્ટિ ખુલી ગઇ. કહેવાનો આશય એ છે કે જેની એક વાર અમ્મા અમ્મા થતી હોય પણ તેના અશુભ કર્મનો ઉદય થાય ત્યારે અંગજાત દીકરો પણ ઘરની બહાર કાઢી મૂકે છે. જેના પડયા બોલ ઝીલાતા હતા તેની ખબર પૂછવાના પણ સાંસા પડી જાય છે.

મહાન જ્ઞાની હોવા છતાં અમાપ નમ્રતા : ગૌતમ સ્વામીને ભગવાને કહ્યું– તમે આનંદ શ્રાવકને ખમાવી આવો. ભગવાનની આજ્ઞાને વિનયપૂર્વક તહત કરીને તરત ઊભા થઇ ગયા. ત્યાંથી રવાના થયા. એક શ્રાવકને ખમાવવા ગૌતમ સ્વામી જાય. તેમની કેટલી સરળતા! કેટલી લઘુકર્મીતા! ગૌતમ સ્વામી આનંદ શ્રાવક પાસે ગયા. જઈને

આનંદ શ્રાવકને કહ્યું–તમારી વાત સાચી છે. મારી ભૂલની ક્ષમાપના કરવા આવ્યો છું. હું તમને ખમાવું છું. બંને પાત્ર ઉત્તમ છે. ગૌતમ સ્વામી મહાતપસ્વી, મહાજ્ઞાની હોવા છતાં તેમને શ્રાવકને ખમાવવા જતાં જરા પણ સંકોચ ન થયો. હું આવો મોટો અને શ્રાવકને ખમાવું એવા ભાવ પણ ન આવ્યા. તેમનામાં નમ્રતા અને સરળતા હતી. આનંદ શ્રાવકના મનમાં પણ એવું અભિમાન ન આવ્યું કે ભગવાનના પ્રથમ ગણધર મને કેવા ખમાવવા આવ્યા! અંતે તો હું સાચો પડ્યો ને! ના....ના...હોં, જરાય એવા ભાવ ન આવ્યા.

ગૌતમ સ્વામી આનંદ શ્રાવકને ખમાવીને ગયા, પછી ભગવાન મહાવીર સ્વામીએ વાણિજ્ય ગામમાંથી વિહાર કર્યો અને ધર્મોપદેશ આપતા થકા બીજા દેશોમાં વિચરવા લાગ્યા. આનંદ શ્રાવક પોતાની આત્મસમાધિમાં મસ્ત રહેવા લાગ્યા. તેમણે ૨૦ વર્ષો સુધી શ્રાવકપણું પાળ્યું. ચૌદ વર્ષો સુધી શ્રાવકપણામાં ઘરમાં રહ્યા પછી ઘર છોડીને પૌષધશાળામાં જઈને શ્રાવકની ૧૧ પડિમાઓ સ્વીકારી. જેમ જેમ સાધનામાં આગળ વધતા ગયા તેમ તેમ તેમનો ઉત્સાહ વધતો ગયો. છેવટે શરીર કૃશ થઈ ગયું ત્યારે જીવન-મરણ, માન-સન્માન કોઈ જાતની આકાંક્ષા વગર સંથારો કર્યો. એક માસ સંથારો ચાલ્યો. પ્રભુના એકેક વચનને યાદ કરતાં સંથારામાં મસ્ત રહ્યા. સંથારામાં અંતિમ આલોચના કરી આયુષ્ય પૂર્ણ થતાં સમાધિ ભાવે મૃત્યુ પામીને પ્રથમ સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન છે. તેમાં ઈશાન ખૂણામાં રહેલા અરૂણ નામના વિમાનમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાં ઘણા દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે. આનંદ શ્રાવકનું આયુષ્ય પણ ત્યાં ચાર પલ્યોપમનું છે.

પછી ગૌતમ સ્વામીએ પૂછ્યું– હે ભગવાન ! તે આનંદ દેવ આયુષ્ય તથા ભવ સ્થિતિ પૂરી કરીને દેવ શરીરને છોડીને કયાં જશે અને કયાં ઉત્પન્ન થશે ? ભગવાને કહ્યું– હે ગૌતમ ! તે આનંદ દેવ દેવસ્થિતિ પૂરી કરીને મહાવિદેહ ક્ષેત્રમાં ખૂબ સુખી, સમૃદ્ધ, વૈભવશાળી કુટુંબમાં જન્મશે. સંસારનું આઠલું સુખ મળવા છતાં તેમાં તે નિર્લેપ રહેશે, પછી મોટા થતાં લોગને તિલાંજલી આપી ત્યાગ માર્ગને અંગીકાર કરશે. ખૂબ ઉત્કૃષ્ટ ભાવે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની આરાધના કરી ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામશે. ઘણાં જીવોને તારશે. આયુષ્ય પૂર્ણ થતાં સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

આપે પાંચ પાંચ મહિના સુધી એકધારું આનંદ શ્રાવકનું જીવન સાંભળ્યું. તમે શ્રાવક છો અને એ પણ શ્રાવક હતા. ભલે એ દીક્ષા ન લઈ શકયા પણ સાધુ જેવું આદર્શ જીવન જીવી ગયા અને જીવન ઉજ્જવળ બનાવી ગયા. એકાવતારીનું પદ મેળવી ગયા. આત્માનો સાચો આનંદ પ્રાપ્ત કરી લીધો આ અધિકારમાંથી ઘણું ઘણું જાણવા મળે છે. સંસારમાં રહીને પણ આદર્શ જીવન કેમ જીવાય તે કળા આ અધિકારમાંથી જાણવા મળે છે. આ અધિકાર સાંભળીને ગૌતમ સ્વામી જેવા ગુણો, વિનય, સરળતા, ગુરૂભક્તિ, અર્પણતા આપણા જીવનમાં કેળવવાના છે. આનંદ શ્રાવક સંસારમાં રહેવા છતાં કેવું આદર્શ જીવન

જીવી ગયા. સંસારમાં રહેવા છતાં કેટલી નિર્લેપતાથી રહ્યા ને આત્માનો આનંદ મેળવ્યો, તે રીતે આપ પણ આનંદ શ્રાવક જેવા બનો અને આત્માનો આનંદ પ્રાપ્ત કરો એ જ અભ્યર્થના. (જૈન ધર્મના પ્રાણ લોંકાશાહે પૃથ્વીના પટ પર જન્મીને જૈન ધર્મની કેવી ક્રાંતિ કરી, શિથિલાચારને દૂર કરી બધાને ભગવાનના સાચા સિદ્ધાંતોનો ખ્યાલ આપી જૈન ધર્મની ખૂબ ઉન્નતિ કરી છે. આ વિષયમાં પૂ. મહાસતીજીએ લોંકાશાહના જીવન પર સુંદર પ્રકાશ પાડયો હતો.)

આજે ચાતુર્માસ પૂર્ણાહુતિનો અને અમારી ક્ષમાપનાનો પવિત્ર દિવસ છે. પાંચ પાંચ મહિનાના ચાતુર્માસ દરમ્યાન આપને સમજાવવાની બુદ્ધિથી વ્યાખ્યાનમાં કયારેક વધુ ન બોલ્યા હોય, કયારે [illegible] પ્રમાણસર શ્રી સંઘના ભાઈબહેનોના મન દુભાણા આનંદ પ્રાપ્ત કરી આનંદ શ્રાવક જેવા બનો એ શુભેચ્છા સહિત વિરમું છું.

આ પ્રસંગે શ્રી સંઘના કાર્યકર્તાઓ શ્રી રમણીકભાઇ કોઠારી તથા હરીભાઈ વોરાએ પૂ. મહાસતીજીએ સાડા પાંચ મહિના વીરવાણીનો જે અસ્ખલિત પ્રવાહ વહાવ્યો છે અને તેમની ઓજસ્વી, તેજસ્વી જોશીલી વાણીના પ્રભાવથી કેસરવાડી (કાંદાવાડી) સંઘને તપ, આનંદ પ્રેરિત વ્રત નિયમોના સુમનોથી સૌરભવંતો બનાવ્યો છે, જે સૌરભ કેસરની જેમ

આ પ્રસંગે શ્રી સંઘના કાર્યકર્તાઓ શ્રી રમણીકભાઇ કોઠારી તથા હરીભાઈ વોરાએ પૂ. મહાસતીજીએ સાડા પાંચ મહિના વીરવાણીનો જે અસ્ખલિત પ્રવાહ વહાવ્યો છે અને તેમની ઓજસ્વી, તેજસ્વી જોશીલી વાણીના પ્રભાવથી કેસરવાડી (કાંદાવાડી) સંઘને તપ, ત્યાગ અને વ્રત નિયમોના સુમનોથી સૌરભવંતો બનાવ્યો છે, જે સૌરભ કેસરની જેમ ચૌદિશામાં પ્રસરી છે. આવું અલૌકિક, યશસ્વી, યાદગાર ચાતુર્માસ, પ્રાપ્ત કરીને શ્રી [illegible] આ બધો યશ મહા વિદુષી પૂ. શારદાબાઇ મહાસતીના સંઘને મળે તેવી આગ્રહભરી વિનંતી કરી હતી.

તા. ક. પૂ. મહાસતીજીએ વ્યાખ્યાન પાંચે મહિના દરરોજ એકધારા ફરમાવ્યા છે પણ પાના વધી જવાથી પાછળથી કંઈક બબ્બે ત્રણ ત્રણ વ્યાખ્યાનનો સાર ભેગો કરી એકેક વ્યાખ્યાનમાં લખ્યો છે. શારદા શિરોમણિ પુસ્તકમાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી હોય તો વ્યાખ્યાનકારકની કે લખનારની નથી પણ મુદ્રણ દોષ છે. તો આ માટે

તા. ક. પૂ. મહાસતીજીએ વ્યાખ્યાન પાંચે મહિના દરરોજ એકધારા ફરમાવ્યા છે પણ પાના વધી જવાથી પાછળથી કંઈક બબ્બે ત્રણ ત્રણ વ્યાખ્યાનનો સાર ભેગો કરી એકેક વ્યાખ્યાનમાં લખ્યો છે. શારદા શિરોમણિ પુસ્તકમાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી હોય તો વ્યાખ્યાનકારકની કે લખનારની નથી પણ મુદ્રણ દોષ છે. તો આ માટે વાંચકોને વિનંતી કરવામાં આવે છે કે આપને વ્યાખ્યાન છાપવામાં પ્રેસની કોઈ ભૂલ દેખાય તો શુદ્ધિપત્રકમાં જોશો, છતાં કોઈ ભૂલ દેખાય તો વાંચકોને સુધારીને વાંચવા નમ્ર વિનંતી છે

॥ શારદા શિરોમણિ-સમાપ્ત ॥

શારદા શિરોમણિ પુસ્તકના અગાઉથી ગ્રાહક થનારની નામાવલી

પુસ્તકની સંખ્યા	નામ	
૪૦૧	વી. ડી. કોર્પોરેશન એચ. એન. દોશી એન્ડ આર. એન. દોશી	મુંબઈ
૩૦૦	મણીલાલ શામજીભાઈ વિરાણી	મુંબઈ
૩૦૦	નગીનદાસ જયસુખલાલ દોશી	સિંગાપુર
૨૫૦	સ્થા. જૈન સંઘ	મલાડ
૨૩૭	સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ	અમદાવાદ
૨૦૧	ગીરજાશંકર ખીમચંદ શેઠ	મુંબઈ
૨૦૧	સ્થા. જૈન સંઘ હ. મુળચંદભાઈ ખંભાત	
૨૫૧	અ. સૌ. કુસુમબેન નેમચંદ શાહ	નવસારી
૧૦૧	સવિતાબેન જયકીસનદાસ	નવસારી
૧૫૧	માલિની એન. શાહ	મુંબઈ
૧૦૧	છગનલાલ શામજીભાઈ વિરાણી	મુંબઈ
૨૦૧	સ્થા. જૈન સંઘ	કાંદીવલી
૧૫૦	નવરંગપુરા સ્થા. જૈન સંઘ	અમદાવાદ
૧૦૧	સ્થા. જૈન સંઘ	બોરીવલી
૧૦૧	પ્રાણલાલ વીરચંદ ભખાઈ એન્ડ સુખલાલ ડોસાભાઈ	
૧૦૦	સુનીલાલ મુળજીભાઈ મોટાણી	મુંબઈ
૧૦૦	ધીરજલાલ વ્રજલાલ મહેતા	મુંબઈ
૧૦૦	સગરામપુરા છ કોટી સ્થા. જૈન સંઘ	સુરત
૧૦૧	બાબુલાલ પૂનમચંદ ગાંધી	સુરત
૧૦૧	અ. સૌ. સુભદ્રાબેન રમણલાલ શાહ	અમદાવાદ
૧૦૦	રજનીકાંત નારણદાસ ખાંડીયાવાળા	ઘાટકોપર
૧૦૦	રવીચંદ સુખલાલ શાહ	દાદર
૧૦૦	નટવરલાલ તલકચંદ શાહ	મલાડ
૧૦૧	અજવાળીબેન પ્રાણલાલ છગનલાલ દેસાઈ	
૧૦૧	અ. સૌ. શાંતાબેન જયંતિલાલ મહેતા	વાલકેશ્વર
૧૦૧	નાનચંદ શાંતિદાસ સ્થા. જૈન સંઘ	સાણંદ
૧૦૧	ચીમનલાલ મુળચંદ દોશી	
૧૦૦	સુભદ્રાબેન રસીકલાલ હરીલાલ ઝવેરી	મુંબઈ
૧૦૦	સુનીલાલ ગગલદાસ	મુંબઈ
૧૦૦	અલકાબેન શાહ (C.S.V.)	
૧૦૦	જીતેન્દ્ર કાંતીલાલ લક્ષ્મીચંદ મોદી	મુંબઈ
૧૦૧	છ કોટી સ્થા. જૈન સંઘ હ. મણીભાઈ	અમદાવાદ
૧૦૧	ભાઈલાલ જાદવજી શેઠ	કોલ્હાપુર
૧૦૧	મણીભાઈ દાજીભાઈ પટેલ	નાયરોબી
૭૪	સુરતના ભાઈઓ	
૧૬	સાણંદ શ્રી સંઘના ભાઈઓ	સાણંદ

પુસ્તકની સંખ્યા	નામ	
૫૧	વર્ધમાન સ્થા. જૈન સંઘ	મુલુન્ડ
૫૧	વાડીલાલ છગનલાલ શાહ હ. તેમના સુપુત્રો નટવરભાઈ તથા પ્રાણભાઈ	સાણંદ
૫૧	નીલાબેન વિનયચંદ્ર દેસાઈ	ચીંચપોકલી
૫૧	તેજબાઈ વસનજી ગાલા	મુંબઈ
૫૧	સુરજમલ રીખવચંદ ગાંધી	ધાનેરા
૫૧	ચાંદમલાઈ કકલભાઈ છત્રાણી	ધાનેરા
૫૧	સ્થા. જૈન સંઘ	કઠોર
૫૧	સુભદ્રાબેન દલપતભાઈ ઝવેરી	મુંબઈ
૫૧	માણેકબેન ગોવિંદજી લાઠીયા	મલાડ
૫૧	સેમીબેન પુનમીયા	
૫૧	તારાબેન મફતલાલ પટેલ	મુંબઈ
૫૧	હીરજી સોજપાલ કપાયાવાળા	મુંબઈ
૫૧	ધીરજલાલ તારાચંદ દેસાઈ	
૧૦૧	રમેશભાઈ વાડીલાલ શાહ	પાર્લા
૫૧	મફતભાઈ જીવાભાઈ પટેલ	સાણંદ
૫૦	કુસુમબેન મનસુખભાઈ તુરખીયા	મુંબઈ
૫૦	ધીરજલાલ તલકચંદ શાહ	મલાડ
૫૦	વેરશી દેવજી રાંભીયા	મુંબઈ
૫૦	નાનચંદભાઈ રણછોડભાઈ ચોકસી	સુરત
૫૦	મણીનગર સ્થા. જૈન સંઘ	અમદાવાદ
૫૮	સ્થા. જૈન સંઘ	બોડેલી
૫૦	લતાબેન પ્રવિણચંદ્ર પટેલ તથા દીપકબેન જયંતીલાલ પટેલ	અમદાવાદ
૫૦	સ્થા. જૈન સમાજ પૂર્વ વિભાગ	સુરેન્દ્રનગર
૫૦	મોંઘીબેન જેઠાલાલ	
૪૦	શ્રી સ્થા. જૈન સંઘ	ખેડા
૩૫	ચીમનલાલ છોટાલાલ શાહ	ખંભાત
૩૧	હેમકુંવરબેન પોપટલાલ પારેખ	
૩૧	માંગીલાલ ઉદયરામ	સુરત
૩૧	વિનોદચંદ્ર અંબાલાલ શાહ	મુંબઈ
૨૬	આણંદજી પ્રેમજી અનાજવાળા	
૨૫	ભવાનજી મેઘજી પંચરત્ન	મુંબઈ
૨૫	મણીલાલ ખેંગારભાઈ મહેતા	બારડોલીવાળા
૨૫	આણંદજી પ્રેમજી	
૨૫	વિમળાબેન જયંતીલાલ મહેતા	
૨૫	અમીચંદ ઓધવદાસ સંઘવી	
૨૫	સ્થા. જૈન સંઘ	સુરેન્દ્રનગર

પુસ્તકની સંખ્યા	નામ	
૨૫	રસીકલાલ સૌરાષ્ટ્ર ઇલેકટ્રીક ઈકિવુમેન્ટ કું.	
૨૫	ઉમરશી ભીમશી વીરા	મલાડ
૨૫	હરકીશનદાસ શામળજી પારેખ	
૨૫	વિનોદચન્દ્ર રતીલાલ પારેખ	
૨૫	નવીનચંદ્ર બચુભાઈ કોઠારી	
૨૫	ચુનીલાલ વીરપાલ કામદાર	
૨૫	કેશવલાલ નરસિંહદાસ મહેતા	સુરત
૨૫	દમયંતીબેન બાબુલાલ વલાણી	સુરત
૨૫	જીવણલાલ પદમશીભાઈ સંઘવી	સુરેન્દ્રનગર
૨૫	[illegible]	મુંબઈ
૨૫	પોપટલાલ મોહનલાલ	[illegible]
૨૫	પાનચંદભાઈ તુરખીયા	
૨૫	કુમુદબેન રમણીકલાલ સંઘવી	દહેર
૨૪	ચંદ્રિકાબેન ભદ્રકાંત પારેખ	
૨૧	કલકત્તા જવેલર્સ હ. કાંતીભાઈ ધાનેરાવાળા	
૨૧	હરીલાલ અનુપચંદ શાહ	ખંભાત
૨૧	વર્ધમાનભાઈ પ્રભુદાસ તુરખીયા	
૨૧	ખુશાલચંદ મોતીચંદ બાવીસી	
૨૧	શાંતાબેન ધનજીભાઈ શાહ	
૨૧	પાલનપુરી બે બેનો (હ. તારાબેન)	સુરત
૨૧	તારાબેન ચીમનલાલ શાહ	સાણંદ
૨૧	ચીમનલાલ હીરાચંદ શાહ	સાણંદ
૨૧	સવાઈલાલ એમ. શેઠ	લીંબડી
૨૦	કાંતીલાલ લલ્લુભાઈ શાહ	
૨૦	[illegible]	[illegible]
૨૦	શંકરલાલ રંગલાલ શાહ	સુરત
૨૦	પ્રેમચંદ ઉજમશી શાહ	
૨૦	વિમળાબેન જયંતીલાલ મહેતા	
૨૦	ભરતકુમાર વજલાલ શાહ હ. કીર્તિ	ઝાટકીયા
૧૭	શ્રી વસો સ્થા. જૈન સંઘ	વસો
૧૬	રમણીકલાલ શેઠ જૈન સૌરભ	
૧૫	ગગુભાઈ મોણસી ગાલા	
૧૫	રતનશી લધુભાઈ શાહ	
૧૫	અબેરા / પુનશી છેડા	
૧૫	એ. સૌ. જસુબેન વસંતલાલ પટેલ	ખંભાત
૧૫	તારાચંદ દીપચંદ અવલાણી	માટુંગા
૧૫	લલિતાબેન સુમનભાઈ શેઠ	માટુંગા
૧૫	ચંચળબેન ધરમચંદ ઝોબાળીયા	માટુંગા
૧૫	નરેન્દ્રકુમાર સાકરલાલ સાડીવાળા	સુરત
૧૫	બચુભાઈ વીરચંદ શાહ	ઉધના-સુરત
૧૫	રશ્મીકાંત શામજી	સુરત
૧૫	જયંતીલાલ ભોગીલાલ શાહ	સુરત
૧૫	ચીમનલાલ લલ્લુભાઈ ભાવસાર	સુરત

પુસ્તકની સંખ્યા	નામ	
૧૫	કનીભાઈ રાજાભાઈ ધાનેરાવાળા	સુરત
૧૫	ચીનુભાઈ જેઠાલાલ શાહ	ખંભાત
૧૫	પાલીતાણા હીરાલાલજી ચોપડા	પાલી
૧૫	પ્રાગજી મેઘજી નેશનલ સ્ટોર્સ	
૧૪	મોહનલાલ લાલચંદ કામદાર	
૧૨	શાંતીલાલ જેચંદભાઈ દેસાઈ	
૧૩	નાનજી નેનશી શાહ	
૧૩	નરસિંહ વીજપાર	
૧૧	ન્યાલચંદ હીરાચંદભાઈ શાહ	સાણંદ
૧૧	[illegible]	[illegible]
૧૧	નેમચંદ સ્વરૂપચંદ શાહ	ખંભાત
૧૧	ભોગીલાલ ચીમનલાલ રાજા	ખંભાત
૧૧	મુકેશકુમાર ચંપકલાલ શાહ	ખંભાત
૨૩	ખંભાતના ભાઈઓ તરફથી	છૂટક
૧૧	છ કોટી સ્થા. જૈન સંઘ	વીરમગામ
૧૧	લાલાજી પરમલાલ અમૃતલાલ	માલકસ
૧૧	શ્રી સ્થા. જૈન સંઘ ઉધના હ. બચુભાઈ	સુરત
૧૧	શાંતીલાલ મગનલાલ ખાટડીયા	ઉધના-સુરત
૧૧	ભેરૂમલ વચ્છરાજજી શાહ	સુરત
૧૧	ધુડાલાલ એચ. મહેતા	સુરત
૧૧	ડૉ. આનંદલાલ બી કોઠારી	સુરત
૧૧	રોશનલાલ ચંપાલાલ શાહ	સુરત
૧૧	તારાચંદ કાલીદાસ શાહ	સુરત
૧૧	તારાચંદ વેલચંદ ઝોગાણી	સુરત
૧૧	[illegible]	[illegible]
૧૧	હિંમતભાઈ કકલભાઈ ધાનેરાવાળા	સુરત
૧૧	તારાબેન હિંમતભાઈ ધાનેરાવાળા	સુરત
૧૧	દમયંતીબેન કમલકાંત શાહ	સુરત
૧૧	વી. પ્રકાશ એન્ડ કું.	સુરત
૧૧	મોતીલાલ અમીચંદજી	સુરત
૧૧	અમૃતલાલ ખીમચંદ શેરદલાલ	સુરત
૧૧	લાલચંદ કરમચંદ શેઠ બસવાળા	સુરત
૧૧	કંતિલાલ ખુમાનશીંગજી કોઠારી	સુરત
૧૧	વેણીચંદ ચુનીલાલ શાહ	સુરત
૧૧	આશાબેન ભેરૂલાલજી શાહ	સુરત
૧૧	ચુનીલાલ સવરાજ વોરા	સુરત
૧૧	મહેન્દ્રકુમાર લલ્લુભાઈ રંગરેજ	સુરત
૧૧	ઉમીયાબેન પુનમચંદ રંગરેજ	સુરત
૧૧	જયંતિલાલ શાંતિલાલ સંઘવી	સુરત
૧૧	વાલચંદ કરસનદાસ પારેખ	સુરત
૧૧	ખીમજી પોપટલાલ મોરબીયા	માટુંગા
૧૧	શાંતિલાલ ચુનીલાલ પટેલ	મુંબઈ

પુસ્તકની સંખ્યા	નામ	
૧૧	તલકચંદ પાનાચંદ તેજાણી	
૧૧	પ્રમોદભાઈ કંચનલાલ તલસાણીયા	મલાડ
૧૧	જીતેન્દ્રકુમાર વ્રજલાલ શાહ	અંધેરી
૧૧	અ. સૌ. રંજનબેન કિશોરચંદ	ઘાટકોપર
૧૧	વકીલ ગુલાબચંદ હીરાચંદ	સંઘાણી અમદાવાદ
૧૧	ફાવર્ડ સ્ટુડિયો	
૧૧	નટવરલાલ હરખચંદ શાહ	માટુંગા
૧૧	કલ્યાણજી કપુરચંદ શાહ	મુંબઈ
૧૧	જયંતીલાલ તારાચંદ શાહ	ઘાટકોપર
૧૧	કાંતિકુમાર તેજપાલ	દોશી પ્રોફેસર અમદાવાદ
૧૧	જયંતીલાલ મગળદાસ શાહ	અમદાવાદ
૧૧	કાંતિલાલ પટેલ	ખંભાતવાળા
૧૧	જગદીશચંદ્ર કેશવલાલ	ઝામદાર
૧૧	વનિતાબેન દિલિપકુમાર	નવસારીવાળા
૧૧	ઈન્દ્રા જગદીશચંદ્ર	ઝામદાર
૧૧	હિંમતભાઈ બી.	અદાણી
૧૧	નટવરલાલ શીવલાલ	કાપડીયા મુલુન્ડ
૧૧	લક્ષ્મીબેન ટોકરશી	ગાલા વડાલા
૧૧	રસીકલાલ દલપતભાઈ શાહ	
૧૧	જીતેન્દ્રકુમાર ન્યાલચંદ	સંઘવી
૧૧	શારદાબેન ધીરજલાલ શાહ	
૧૧	કાકુભાઈ વીજપાર શાહ	માટુંગા
૧૧	આશા અમૃતલાલ શાહ	ઘાટકોપર
૧૧	કેશવજી હેમરાજ	કારીયા
૧૧	ભાઈલાલ રણછોડભાઈ શાહ	
૧૧	શાંતિલાલ મુળજી	ગાંધી વીરમગામ
૧૧	દિલીપકુમાર પ્રાણલાલ	મુનવ
૧૧	અરવીંદભાઈ પ્રભુદાસ	શેઠ
૧૧	કાંતિલાલ મંગળદાસ શાહ	
૧૧	હુકમીચંદ તારાચંદ	દોશી અંધેરી
૧૦	સુંદરલાલ માણેકચંદ	શેઠ
૧૦	કોરશી હીરજી	
૧૦	સ્વ નાગરદાસ માણેકચંદ	લખતરવાળા
૧૦	ઝવેરીબેન શાંતિલાલ	
૧૦	મુળજીભાઈ મણીલાલ	ઝામદાર
૧૦	વેરશી જીવરાજ	સાવલ
૧૦	શાંતિભાઈ લલ્લુભાઈ	
૧૦	ભાણાભાઈ ધનજી લાલજી	કચ્છ બીદડાવાળા
૧૦	નાગરદાસ વલ્લભદાસ	ઘાટલીયા
૧૦	પાનાચંદ ત્રંબકલાલ શાહ	લીમડીવાળા
૧૦	વિનોદરાય સોમચંદ	વોરા
૧૦	કમળાબેન બાલચંદ શાહ	મુંબઈ
૧૦	રમણીકલાલ મોહનલાલ	

પુસ્તકની સંખ્યા	નામ	
૧૦	લત્તાબેન કાંતીલાલ	
૧૦	રંજનબેન સુરેશભાઈ શાહ	
૧૦	ધનવંતીબેન ચંપકલાલ શાહ	મુંબઈ
૧૦	વેલજી મોરશી	ગાલા સદાડિ
૧૦	નાનચંદ ચકુભાઈ	મહેતા
૧૦	રામજી હેમરાજ	કારીયા
૧૦	ગીરધરલાલ અમુલખ	ડુવાવાળા
૧૦	જયાબેન વ્રજલાલ વાડીલાલ	તાળાવાળા
૧૦	નંદલાલ નેમચંદ	
૧૦	ગાંગભાઈ માવજી નાનજી	બીદડાવાળા
૧૦	હરકીશનદાસ ન્યાલચંદ	ઉદાણી
૧૦	કમળાબેન નાનાલાલ	સંઘરાજકા
૧૦	રવીચંદ અંબાવીદાસ	પટેલ
૧૦	જયશ્રીબેન હિંમતલાલ	દફ્તરી
૧૦	રમણીકલાલ મંગળજી	અવલાણી
૧૦	સુરેશચંદ્ર મોતીલાલ	અજમેરા
૧૦	રજનીકાંત ચીમનલાલ	ઝવેરી
૧૦	વ્રજલાલ દયારામ	શેઠ
૧૦	અનીલાબેન	શાહ
૧૦	ભોગીલાલ કકલભાઈ	શાહ ધાનેરા
૧૦	કાંતીલાલ રાજાભાઈ	શાહ ધાનેરા
૧૦	દેવજી તેજશી	
૧૦	લાલજીભાઈ લાધાભાઈ	સોની
૧૦	મેઘજી હસુભાઈ	
૧૦	શામજીભાઈ તેજશી	નંદુ
૧૦	મનસુખલાલ દોશી	
૧૦	રસીકલાલ માણેકલાલ	પારેખ
૧૦	અમરશી વીરજી	મોરબીઆ દાદર
૧૦	રતનશી નૈયા	
૧૦	સ્થા. જૈન	સંઘ પોઈસર
૧૦	ભવાનજી દેવજી	છેડા
૧૦	ગુણવંતી અમૃતલાલ	શાહ
૧૦	હરકીશન વ્રજલાલ	શાહ
૧૦	હિંમતભાઈ ભગવાનજી	શેઠ
૮	ભાઈચંદ વજેચંદ	શાહ ખંભાત
૮	ખેમચંદ નરસીંહદાસ	શાહ સાણંદ
૭	મોરારજી હીરજી	શાહ
૭	કમળાબેન કે.	સંઘવી
૭	રાજમલ કે.	શાહ
૭	પાલણ ભીમશી	
૭	અનંતરાય જીવણદાસ	ગાંધી
૭	કુસુમબેન કાંતિલાલ	

પુસ્તકની સંખ્યા	નામ	
૭	ચંચળબેન તલસાણીયા	
૭	ઠી. ઉમેદલાલ કંપની હ. બચુભાઈ	
૬	ચીમનલાલ મોહનલાલ ખંભાતવાળા	મુંબઈ
૬	રતનશી આનંદજી	
૬	હરખચંદ આનંદજી શાહ	
૬	નટવરલાલ વી. શેઠ	ભીવંડી
૬	આનંદરાજ જૈન	
૬	હરજીવન કેશવજી ટીંબડીયા	
૬	મૃદુલાબેન ઝાકરલાલ મહેતા	
૫	સુરેશકુમાર ચંપકલાલ શાહ	
૫	મેઘજી મારન ગાલા	
૫	લખમશીભાઈ છાડવા	
૫	કીર્તીકુમાર ઝાટકીયા	
૫	ચુનીલાલ પરસોતમ દૂધવાળા	
૫	બાલચંદ ખુશાલચંદ ખંભાતવાળા	
૫	દલીચંદ જૈન શેઠ	
૫	વાડીલાલ ધનજી શાહ	
૫	રમણીકલાલ બે. સંઘવી	
૫	અ. સૌ. હસુમતીબેન વિનયચંદ્ર સંઘવી	
૫	રાઘવજી શામજી ગાલા	
૫	સમજુબેન વ્રજલાલ મહેતા	
૫	કાંતાબેન જયંતીલાલ વોરા	
૫	મધુબેન વોરા	
૫	હરીલાલ અનુપચંદ શાહ	મુંબઈ
૫	ગોમીબાઈ રામજી ગાલા	
૫	મનુભાઈ નેણસી પારેખ	
૫	ચંપકલાલ ચુનીલાલ શાહ	
૫	ત્રિભોવનદાસ શામજી પટેલ	
૫	કાન્તાબેન મગનલાલ દોશી	
૫	મનસુખલાલ વીકમશી દોશી	
૫	પ્રભાવતી અમૃતલાલ શેઠ	
૫	રજનીકાંત છોટાલાલ શાહ	
૫	બચુભાઈ ખંભાતવાળા	
૫	મણીબેન પુનશી ગાલા	
૫	બંસીલાલ જી. પારેખ	
૫	કેશવજી જીવરાજ ગોગરી	
૫	કાન્તિલાલ જેચંદભાઈ સંઘવી	
૫	અનુપચંદ વિઠલજી સંઘવી	
૫	ભીમજી હાજાભાઈ નીસર	
૫	પ્રવીણભાઈ હીરાભાઈ બીલખીયા	
૫	નવીનચંદ રાઘવજી	
૫	ગંગાબેન ખુશાલચંદ ચોવટીયા	
૫	લાલજી પ્રેમજી	
૫	મહેન્દ્રકુમાર એન્ડ કંપની	
૫	જયસુખલાલ ભુરાલાલ રૂપાણી	
૫	શીવલાલ કે. રૂપાણી	
૫	રતનબેન રતનશી કોરાણી	

પુસ્તકની સંખ્યા	નામ	
૫	ઉષા હરેન્દ્ર મહેતા	
૫	શીવલાલ જેતશી સંઘવી	
૫	શામજી વીજપાલ	
૫	કાનજી પાસુ હ. નંદલાલભાઈ	
૫	સુરજમલ જોહરમલ	
૫	પ્રેમજી રાયસી ગાલા	
૫	પુનમચંદ કેકલભાઈ શા	
૫	કાળીદાસ મયાચંદ ભણ...	
૫	હીરજી રવજી દડીયા	
૫	અમૃતલાલ જીવણદાસ શેઠ	
૫	શાંતિલાલ શીવલાલ ખંભાતવાળા	મુલુન્ડ
૫	વ્રજલાલ સંઘરાજ બાવીસી	
૫	વાડીલાલ પીતાંબર સંઘવી	મુંબઈ
૫	શાંતિલાલ દેવજી નંદુ	
૫	અંબાલાલ મણીલાલ શાહ	
૫	રાઘવજી શામજી ગાલા	
૫	ઠાકોરલાલ સી. શાહ	ખંભાત
૫	મહેશકુમાર પરસોત્તમદાસ શાહ	મુંબઈ
૫	ચંદ્રકાંતભાઈ ચુનીલાલ સંઘવી	
૫	બાપુલાલ મોહનલાલ ગાંધી	ખંભાત
૫	પ્રવીણચંદ્ર દેવીદાસ શાહ	ખંભાત
૫	મનસુખલાલ કે. શેઠ	
૫	એક સદ્‌ગૃહસ્થ	
૫	મનસુખલાલ નાગરદાસ દોશી	
૫	પાલી રાજસ્થાન	
૫	ધીરજલાલ સાંકળચંદ સોમાણી	
૫	નરસીંહદાસ વખતચંદ સંઘવી	ધાંગધ્રા
૫	કેતનકુમાર મુળચંદ ખંભાતવાળા	
૫	તારાબેન હરજીવનદાસ ગાંધી	
૫	મોણસી મેઘજી ગાલા	
૫	અમુલખ હીમજી ગાંધી	મલાડ
૫	ભીખાલાલ નાગરદાસ	સાણંદ
૫	જેઠાલાલ ત્રિભોવનદાસ	સાણંદ
૫	મહાસુખભાઈ ડોસાભાઈ	સાણંદ
૫	સૂર્યકાંત જીવણલાલ ગાંધી	સાણંદ
૫	નારણદાસ ધરમશી સંઘવી	સાણંદ
૫	માણેકલાલ ભીખાભાઈ ગાંધી	ધાનેરાવાળા
૫	હેમંતકુમાર બેંગાર મહેતા	સુરત
૫	ચંદ્રકાંત નગીનદાસ ભાવસાર	સુરત
૫	શાંતિલાલ શીવલાલ જૈન	સુરત
૫	મનોજકુમાર લાલચંદ શાહ	સુરત
૫	વ્રજલાલ મણીલાલ કામદાર	સુરત
૫	વાડીલાલ ત્રિભોવનદાસ ગાંધી	સુરત
૫	કેશરીચંદજી ભીમરાજજી મહેતા	સુરત
૫	કાનજી પાસુ જેઠા હ. મનુભાઈ	પારેખ

શુદ્ધિ પત્રક

વ્યા.	નં.	પાનુ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
		૫	૪	શકાતો	શકતો
		૬	૧૨	વભાવ	વૈભવ
			૮	નયી	નથી
			૧	ઉછળતા	ઉછરતા
૪		૩૪	૨૭	ચોવાઈ	ચોવાઇ
૪		૩૪	૨૮	ખોવાઈ	ચોરાશી
૪		૩૬	૧	શાલોયિકાપિતા	સાલિહાપિયા
૫		૪૦	૩૨	આત્માનું ચિંતન	આત્મચિંતન
૫		૪૨	૧૦	બાકાત	બકાત
૫		૪૩	૮	સંશ્રામદ્વાએ	સંજમદ્વાએ
૫		૪૩	૨૨	સમ્મન	સમ્મત્ત
૫		૪૪	૧૦	નામં	નામં
૬		૪૭	૨૨	શત્રઓએ	શત્રુઓને
૬		૪૯	૩૨	મા	મા
૬		૫૨	૨	આવે	આવે,
૬		૫૪	૫	બીજાની	બીજાથી
૭		૫૬	૧૪	સંસાર છે	સંસાર છે.
૭		૬૦	૨૦	આલોકના	આ લોકના
૯		૭૬	૧૩	સમકિતને	સમકિતીને
૯		૭૬	૧૯-૩૨	સમકિત	સમકિતી
૯		૭૬	૨૦	સમકિતનો	સમકિતીનો
૯		૭૬	૩૧	સમકિતથીની	સમકિતથી
૧૦		૮૩	૧૧	પરિવરના	પરિવારના
૧૧		૬૮	૨૧	વ્યાખ્યાના	વ્યાખ્યાન
૧૨		૬૬	૨૧	આત્મ	આત્મા
૧૨		૧૦૫	૨	પ્રમણે	પ્રમાણે
૧૨		૧૦૫	૫	દ્વપ	દ્વેષ
૧૩		૧૧૨	૧૬	હયું	હૈયું
૧૩		૧૧૫	૧૮	ક્યુરિક	ક્યારેક
૧૪		૧૨૦	૧૧	અવધિજ્ઞાનથી	જાતિસ્મરણ જ્ઞાનથી
૧૪		૧૨૧	૩૩	રૌદ્રલીલા !	રૌદ્રલીલા
૧૫		૧૨૮	૩૨	હે મારા	હે મારા સાવકો ! આવી ભાષા
૧૬		૧૩૭	૬	શિવાનંદના	શિવાનંદાના
૧૭		૧૩૯	૮	સિધ્ધ	સિધ્ધા
૧૮		૧૪૮	૨૬-૩૧	૫૧	૬૪

વ્યા.	નં.	પાનુ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૯		૧૬૨	૨૬	મુકાને	મુકામે
૨૦		૧૬૩	૧૦	સૂયગડાંય ગ	સૂયગડાય ંગ
૨૨		૧૮૪	૧૬	બંધાતા	બંધાતા
૨૨		૧૮૪	૧૭	લટ્ટુ	લટ્ટુ
૨૪		૨૦૧	૩૦	જીવનન	જીવનને
૨૪		૨૦૩	૧૦	બહ્મ	બહ્મમાં
૨૪		૨૦૩	૧૧	આપણું	આપણું
૨૪		૨૦૬	૩	ન.હ	નહિ
૨૫		૨૧૮	૧૪	પુરંદર	પુણ્યસાર
૨૭		૨૩૧	૫	જિતશત્રુ	જિતશત્રુ
૨૭		૨૩૫	૨૭	ધેર	ઘર
૩૦		૨૬૧	૧૩	કુરબાન	કુરબાન
૩૧		૨૬૯	૧૨-૧૪	રૌનિક	સૈનિક
૩૨		૨૭૮	૪	તમાર	તમારા
૩૪		૩૦૨	૩	દિવસનો	દિવસ તો
૩૫		૩૦૬	૯	નહિ	નહિ..
૩૫		૩૦૮	૧૫	ચરિત્ર	ચારિત્ર
૩૫		૩૧૨	૪	તેડાવ્યા	બોલાવ્યા
૩૭		૩૧૪	૨૮	શત્ર	શત્રુ જ્યાં જ્યાં શત્ર હોય ત્યાં શત્ર
૩૬		૩૧૪	૩૦	શત્રુઓ	શત્રુઓ
૩૬		૩૧૮	૯	જીવનને	જીવને
૩૭		૩૨૪	૨	૨ લાક	કલાક
૩૮		૩૩૩	૨૩	અતૃપ્તિ	અતૃપ્તિ
૩૯		૩૪૩	૧૩	સાંભળવાનું	સંભાળવાનુ
૩૯		૩૪૫	૨૫	ધરિગ્રહ	પરિગ્રહ
૩૯		૩૪૭	૩	હયું	હૈયું
૪૦		૩૫૩	૧૭	સોદો કરવા	સોદો કરાવવા
૪૧		૩૬૦	૨૬	વીતરાગ	વીતરાગી
૪૧		૩૬૦	૩૦	ઉકેયકાલે	ઉવેયકાલે
૪૧		૩૬૧	૨૮	તયાર	તૈયાર
૪૧		૩૬૧	૩૨	અપ્યા	અપ્યા
૪૧		૩૬૨	૧૯	દી રો	દીકરો
૪૧		૩૬૩	૪	ઘ્રણા કરીએ	ઘૃણા કરી એ
૪૧		૩૬૪	૪	મયુનનો	મૈથુનનો
૪૨		૩૬૯	૪	પર્વાને	પર્વને
૪૨		૩૭૭	૨૪	કાઉસઝા	કાઉસગ્ગ
૪૩		૩૮૨	૨૨	સંતૃપ્ત	સંતપ્ત

વ્યા.	ન.	પા.	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૪૩	૩૮૪		૨૬	સંધાય	સધાય
૪૩	૩૮૬		૧૩	ધેયના	ધૈર્યતા
૪૪	૩૯૬		૨૨	દોસોડ	દોસોડ
૪૪	૪૦૨		૪	રવભાવ	સ્વભાવ
૪૪	૪૦૪		૨૬	ગાય ?	ગાય,
૪૫	૪૧૦		૮	તયાર	તૈયાર,
૪૫	૪૨૧		૨	લખ્યા છે	લખાયા છે.
૪૫	૪૨૧		૧૪	રાજ્ઞઓને	રાજ્યને
૪૬	૪૨૫		૧૨	હયામાં	હૈયામાં
૪૬	૪૩૬		૬	સમકિત	સમકિતી
૪૬	૪૩૮		૬	સૂયગડાયંત્ર	સૂયગડાયંગ
૪૭	૪૩૮		૧૨	સુહી હિય	સુહીહિ ય
૪૬	૪૪૧		૩	વહનું	વૈહનું
૪૬	૪૪૧		૪	એકાવતારી	ભતી મોક્ષે
૪૮	૪૫૨		૨૨	સુખ ?	સુખ
૪૮	૪૬૦		૧૭	તયાર	તૈયાર
૪૯	૪૬૪		૩૨	પીગળવા	પીગળાવી
૪૯	૪૬૮		૧૨	ક્રોધન	ક્રોધ ન
૪૯	૪૬૯		૨૦	જ્ઞવ, થાદી	જ્ઞય જ્ઞય, થાકી જ્ઞવ
૪૯	૪૭૦		૨૦	મુનિઓને	મુનિઓએ
૫૦	૪૭૬		૧	તાકાત	તાકાત.
૫૦	૪૭૬		૨૮	જ્યરો	જ્યારે
૫૦	૪૭૭		૨૩	ક્રાધથી	ક્રોધથી
૫૧	૪૮૩		૧૫	સૂય'	સૂય.
૫૧	૪૮૩		૧૦	ક્ર૨	ક્૨
૫૩	૫૦૮		૧૫	કરી	કહી
૫૪	૫૧૧		૧૩	દૌપ	દોસ
૫૪	૫૧૨		૧૬	ડગે	ડૂબે
૫૪	૫૧૩		૧	શાસ્ત્રામાં	શાસ્ત્રોમાં
૫૪	૫૧૫		૧૪	તયારી	તૈયારી
૫૫	૫૧૬		૨૦	વિરવિ	વિરતિ
૫૫	૫૨૪		૭	તયાર	તૈયાર
૫૬	૫૨૮		૧૨	એગેસુહિ	એગેહિં
૫૬	૫૨૯		૧૭	સમકિત	સમકિતી
૫૭	૫૩૬		૮	પરી	પુરી
૫૭	૫૩૬		૩૦	પડિત	પંડિત
૬૧	૫૮૦		૧૦	હોથમાં	હાથમાં
૬૪	૬૦૦		૪	ડચો	ડૂબ્યો
૬૪	૬૦૨		૩૧	પુભુત્વ	પ્રભુત્વ
૬૪	૬૦૪		૨૦	હયું	હૈયું
૬૭	૬૨૪		૧૬	રાત્ર	રાત્રે
૬૯	૬૪૩		૨	મારો	મારે

વ્યા.	ન.	પા.	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૬૯	૬૪૩		૨૩	પેસા	ખિસ્સા
૭૦	૬૫૨		૩૩	અધરિત	અઘટિત
૭૧	૬૫૬		૨૦	નીતળતું	નીતરતુ
૭૨	૬૬૭		૧૦	મૂઢે	મૂઢે
૭૨	૬૭૬		૨૫	પડી છે	પડે છે
૭૫	૬૯૮		૧૭	તયાર	તૈયાર
૭૬	૭૦૩		૧૩	આપાત	આપતાં
૭૬	૭૦૪		૫	લોકમાં	શ્લોકમાં
૭૭	૭૧૩		૩૧	ટિકિટચે કર	ટિકિટ ચેકર
૭૭	૭૧૬		૨૫	લીગપાણા	ગલીયાણા
૭૮	૭૨૭		૭	અ ગળ	આગળ
૭૮	૭૨૨		૨૬	શ્રાવદે	શ્રાવકે
૭૮	૭૨૪		૧૭	ચંતા	ચિંતા
૭૮	૭૨૫		૯	બધ ને	બધાને
૮૦	૭૪૪		૨૫	વાણિયા એના પાડી	વાણિયા એ ના પાડી
૮૨	૭૬૨		૨૭	મનેદેશ	મને દેશ
૮૩	૭૬૬		૩૨	કારણ	કરણ
૮૩	૭૬૭		૨૦	જીવાતત્ત્વના	જીવતત્ત્વના
૮૬	૭૮૯		૧૬	સંતુષ્ટઃ	સંતુષ્ટેઃ
૮૬	૭૯૭		૮	મનમાં	મનના
૮૬	૭૯૭		૨૧	કહું	હું
૮૭	૮૦૦		૧૪	વિચારતા	વિચરતા
૮૭	૮૦૨		૭	રુડરે	રુડરે
૮૭	૮૦૪		૧૧	રશેડા	રડશો
૮૮	૮૦૪		૧૭	સાધના	સાધનો
૮૯	૮૧૧		૧૭	પણ	અને
૯૦	૮૧૭		૨૫	સમુદિયા	સમુદ્દિયા
૯૦	૮૧૮		૧૨	નહિ ?	નહિ.
૯૧	૮૨૫		૧૮	કારખાનું	કાટખાનું
૯૧	૮૩૨		૩૦	હતે	હતો.
૯૨	૭૩૭		૧૪	દાકરો	દીકરો
૯૩	૮૪૭		૭	સમકિત	સમકિતી
૯૩	૮૪૯		૧૬	મળ	મૂળ
૯૩	૮૫૦		૫	સાચો	સીચો
૯૪	૮૫૬		૧૯	આગે	આગ
૯૫	૮૬૩		૧૦	ઠકાણે	ઠેકાણે
૯૫	૮૬૪		૧૭	શયાભિઓગેણં	રાયાભિઓગેણં
૯૫	૮૬૫		૫	ઓહણો	ઓઇણ્ણો
૯૫	૮૬૫		૧૩	કાંટ	કાંટા
૯૬	૮૭૩		૧૪	વૃત્તિવાળા ?	વૃત્તિવાળા
૯૬	૮૭૫		૧૨	અગ્યો	આગ્યો
૯૭	૮૬૮		૮	સધનભૂત	સાધનભૂત